DICTIONARY OF PROPER NAMES

FOUND IN THE

BIBLE

WITH EXPLANATORY NOTES.

પવિત્ર શાસ્ત્રને લગતો વિશેષ નામ કોષ

સટિક [illegible]

કર્તા

દિપસિંગ શામભાઇ.

પહેલી આવૃત્તિ—૫૦૦ નકલ.

ગુજરાતની પુસ્તકપ્રસારક મંડળીને સારૂ
એચ. આર. સ્કોટે સુરત મિશન પ્રેસમાં છાપ્યું.

૧૯૧૨.

કિંમત રૂ. ૨.

પવિત્ર શાસ્ત્રનો કોષ.

અ.

અક્કાન = સેઇર હોરીના પુત્ર એસેરના ત્રણ પુત્રોમાંનો એક હતો, તેને ૧ કાળ. ૧ ; ૪૨માં યાઅકાન કહે છે (ઉત્પ. ૩૬ ; ૨૭).

અખાઇકસ = કરીંથની મંડળીનો એક સભાસદ હતો. સ્તેફાનસ તથા ફોર્તુનાતસની સાથે તે પાઉલને એફેસસમાં આવી મળ્યો હતો. (૧ કરીં. ૧૬ ; ૧૭). તે આખાયાનો વતની હતો અને કદાપિ સ્તેફાનસના કુટુંબનો હતો.

અગાગ = અગ્નિની જ્વાળા. જેમ મિસર દેશના બાદશાહો ને ફારૂન કહેતા હતા તેમ અમાલેકીઓના રાજાને અગાગ નામ આપતા હતા. (૧) ગણના ૨૪; ૭ માં આ નામના અમાલેકીઓના એક રાજા વિષે બલઆમ બોલે છે, જે નિર્ગમનના વખતમાં હયાત હતો. (૨) વળી આજ નામના અમાલેકીઓના એક બીજા રાજાની વાત આવે છે, જેને શમૂએલે નિર્ગ. ૧૭; ૧૪ પ્રમાણે ગિલ્ગાલમાં યહોવાહની આગળ કાપીને ટુકડા કરી નાખ્યા (૧ શમૂ ૧૫; ૮-૩૩. સરખાવો નિર્ગ. ૧૭; ૧૧. ગણ. ૧૪; ૪૫). વળી હામાન કે જે એસ્તેરના વખતમાં યહુદીઓનો મોટો શત્રુ હતો તેના પિતાને અગાગી કહે છે. તેથી કરીને કેટલાક યહુદીઓના ધારવામાં એવું છે કે હામાન તે અગાગના વંશનો હતો અને તેથી કરીને તેણે યહુદીઓની સાથે એવી દુશ્મનાઇ બતાવી હશે (એસ્ત. ૩ ; ૧, ૧૦ : ૭; ૩, ૫).

અઝ્ઝુર = મદદગાર (નહે. ૧૦ ; ૧૭).

અઝ્ઝાન = મજબુત (ગણ. ૩૪; ૨૬).

અઝાઝયાહ = જેને યહોવાહ બળવાન કરે છે. (૧) મંદિરમાં વીણા વગાડનાર એક લેવી હતો (૧ કાળ. ૧૫; ૨૧). (૨) હોશીઆનો પિતા જે એફ્રાઇમપુત્રોનો આગેવાન હતો (૧ કાળ. ૨૭; ૨૦). (૩) મંદિરમાં અર્પણો ચઢાવનારામાંનો એક હતો (૨ કાળ. ૩૧; ૧૩).

અઝાન્યાહ = જેનું પ્રભુ સાંભળે છે (નહે. ૧૦ ; ૯).

અઝારએલ = જેને પ્રભુ મદદ કરે છે (નહે. ૧૨ ; ૩૬. ૧ કાળ. ૧૨ ; ૬).

અઝાર્યાહ = જેની પ્રભુએ સાહ્ય કીધી છે. આ નામના કેટલાક પુરૂષની વાત શાસ્ત્રમાં આવે છે. (૧) યહુદાહ કુળના એથાનનો પુત્ર (૧ કાળ. ૨ ; ૮). (૨) અખીયાહ અને આસાની રાજ્ય કારકીર્દીમાં યોહાનાનનો પુત્ર અઝાર્યાહ પ્રમુખયાજક હતો (૧ કાળ. ૬; ૧૦). (૩) અહીમાઆસનો પુત્ર જે પોતાના દાદાની જગ્યાએ પ્રમુખયાજકનું કામ કરતો હતો (૧ કાળ. ૬; ૯. ૧ રાજા. ૪; ૨) એટલે સુલેમાને યરૂશાલેમમાં જે ઘર બાંધ્યું તેમાં યાજકપદ બજાવતો હતો (૧ કાળ. ૬; ૧૦). (૪) યહુદાહના રાજા ઉઝ્ઝીયાહના વખતમાં તે પ્રમુખયાજક હતો (૨ રાજા. ૧૪; ૨૧. ૨ કાળ. ૨૬; ૧૭-૨૦). તે યશાયાહ, આમોસ અને યોએલ ભવિષ્યવાદીનો સમકાળિક હતો. (૫) રાજા હિઝ્કીયાહના વખતમાં સાદોકના ઘરના મુખ્ય યાજકોમાંનો એક હતો (૨ કાળ. ૩૧; ૧૦-૧૩). (૬) દાનીયેલની સાથે જે યહુદી જુવાનો હતા તેમાંનો એક અબેદ-નગો હતો. તેનું પુરાતન નામ અઝાર્યાહ હતું (દાની. ૧ ; ૬, ૭, ૧૧, ૧૯). તે યહુદાહ કુળનો રાજ્યવંશી પુરૂષ હતો.

(૭) ઓદેદનો પુત્ર. જે રાજા આસાના વખતમાં પ્રખ્યાત ભવિષ્યવાદી હતો (૨ કાળ. ૧૫; ૧). (૮) ઉઝઝીયાહ જે યહુદાહનો રાજા (૨ રાજા. ૧૪; ૧૩. ૨ કાળ. ૨૬). તેને કોઢ વળગ્યો (૨ રાજા. ૧૫; ૬). (૯) આ નામના બીજા કેટલાએક યાજકો અને લેવીઓ હતા (૨ કાળ. ૬; ૩૬. એઝ. ૭; ૧. ૧ કાળ. ૯; ૧૧. નહે. ૩; ૨૩).

અઝઝાહ = મજબુત. (૧ કાળ. ૭; ૨૮). ગાઝાહનોનું હેબ્રી નામ (જુઓ ગાઝઝાહ).

અઝીએલ = જેને પ્રભુ બળવાન કરે છે. અલામોથ રાગે સતારો સહિત ગાનારા લેવીઓમાંનો એક હતો. કલમ ૧૮ માં આવેલ યઅઝીએલનું આ ટુંકું નામ છે. (૧ કાળ. ૧૫; ૨૦).

અઝીઝા = બળવાન. એઝરાના વખતમાં જેઓ પરદેશી સ્ત્રીઓ સાથે પરણ્યા તેમાંનો એક હતો (એઝ. ૧૦; ૨૭).

અઝુબાહ = ઉજડ, વેરાન. (૧) યહોશાફાટ ઇસ્રાએલના રાજાની માનું નામ હતું (૧ રાજા. ૨૨; ૪૨. ૨ કાળ. ૨૦; ૩૧). (૨) કાલેબની સ્ત્રી (૧ કાળ. ૨; ૧૮, ૧૯).

અઝેકાહ = ખોદી નાખવું. યહુદાહના નીચ પ્રદેશમાં આવેલું એક ગામ હતું (યહો. ૧૫; ૩૫). અહિં અમોરીઓના પાંચ સંપેલા રાજાને યહોશુઆએ હરાવ્યા. આ વખતે આકાશથી પત્થર ફેંકાયા અને તેમના સૈન્યનો સંહાર કરવામાં આવ્યો (યહો. ૧૦; ૧૦). વળી યહુદીઓમાંથી જે લોકો બંદીપ્રવાસથી પાછા ફર્યા તેઓમાંના કેટલાએક આ ગામમાં વસ્યા (નહે. ૧૧; ૩૦).

અટારાહ = મુગટ. યહુદાહ કુળની એક સ્ત્રી જે યરાહમએલની બીજી સ્ત્રી અને ઓનામની મા હતી (૧ કાળ. ૨; ૨૬).

અટારોથ = તાજ, મુગટો. (૧) યરદનની પૂર્વમાં આવેલ એક શહેર હતું જે ગિલઆદથી બહુ દૂર ન હતું. તે રેઉબેન તથા ગાદપુત્રોના ચારાની જગ્યા હતી (ગણ. ૩૨; ૩). (૨) એફ્રાઇમ તથા બિન્યામીનની સરહદ ઉપર આવેલું એક શહેર હતું (યહો. ૧૬; ૨, ૭) તેને યહો. ૧૬; ૫ : ૧૮; ૧૩ માં આટ્રોથ-આદ્દાર કહે છે. (૩) કાલેબના વંશજોએ એક શહેર વસાવ્યું હતું તેને આટ્રોથ-બેથ-યોઆબ કહે છે (૧ કાળ. ૨; ૫૪).

અંત્યોખ = અંત્યોખસના નામ ઉપરથી. (૧) આસિયામાં ભૂમધ્ય સમુદ્રથી આસરે ૧૬ મૈલ ઉપર ઓરૉન્તસ નદીના તટ ઉપર આ શહેર આવેલું છે. આ શહેર યરૂશાલેમ શહેરથી ઉત્તરમાં ૩૦૦ મૈલ ઉપર આવેલું છે. સેલ્યુકસ નિકાતોરે ઇ. સ. પૂ. ૩૦૦ માં તેને વસાવ્યું હતું. પુરાતન વખતમાં આ શહેર તે સિરિયાની રાજ્યધાનીનું શહેર હતું. પણ પછીથી રૂમી રાજ્યના આસિયા પ્રાંતનું મુખ્ય શહેર થયું. રૂમીઓના જમાનામાં દુનિયાનાં મોટાં શહેરોમાં અંત્યોખ ત્રીજા નંબરે ગણાતું હતું. પણ એક પછી એક ઘણીએક આફતો આ શહેર ઉપર આવી પડી તેથી કરીને આજ કાલ ત્યાંના મહેલો, મંદિરો અને સુંદર ઇમારતોને બદલે માટીનાં ઘરો જોવામાં આવે છે. યરૂશાલેમમાં જે સાત સેવકો ઠરાવવામાં આવ્યા તેમાંનો એક અંત્યોખનો નિકોલાસ કરીને હતો. ખ્રીસ્તી ધર્મ પહેલાં ત્યાં ફેલાયો, અને શિષ્યો પહેલાં અંત્યોખમાં ખ્રીસ્તી કહેવાયા (પ્રે. કૃ. ૧૧; ૨૬). સુવાર્તા સંબંધીનો પુરાતન ઇતિહાસ અંત્યોખની સાથે જોડાયલો છે (પ્રે. કૃ. ૬; ૫: ૧૧; ૧૯, ૨૭, ૨૮, ૩૦ : ૧૨; ૨૫ : ૧૫; ૨૨-૨૫. ગલા. ૨; ૧૧, ૧૨ : ૬; ૫). વિદેશીઓમાં સુવાર્તા પ્રગટ કરવાનું તે મધ્ય બિંદુ હતું. આ શહેર તે પ્રખ્યાત ધર્મપિતૃ ખ્રિસસ્તોમ (૪૦૭) ની જન્મભૂમિ હતી. બાર્નાબાસ અને સાઉલ અંત્યોખથી મોકલાયા (પ્રે. કૃ. ૧૩; ૧ : ૧૪; ૨૬). પત્ર અંત્યોખ મોકલાવ્યું (પ્રે. કૃ. ૧૫; ૨૨-૩૫ : ૧૮; ૨૨. ગલા. ૨; ૧૧). હાલ આ શહેર તુર્ક લોકને તાબે છે ને તેનું હાલનું નામ 'આન્તાકીઆ' છે. (૨) **પીસીદીનું અંત્યોખ.**

આ શહેર પણ આન્તાકીઆ સેલ્યુકસ નિકાતોરે વસાવ્યું. તે એસિયામેનરના પીસીદી પ્રાંતમાં ઉત્તર સીમા પર આવેલું હતું. પાઉલ અને બાર્નાબાસ પોતાની પહેલી મુસાફરીમાં ત્યાં ગયા હતા (પ્રે. કૃ. ૧૩; ૧૪). અહિંના સભાસ્થાનમાં પાઉલે ભાષણ આપ્યું, અને ઘણા લોક પાઉલનું સાંભળીને તેની ગમના થયા. પણ યહુદીઓએ લોકોની ભીડ જોઇને પાઉલની અદેખાઇ કરી અને ધાર્મિક તથા કુલીન બાઇઓને તથા શહેરના અધિકારીઓને ઉશ્કેરીને પાઉલ તથા બાર્નાબાસ સામે સતાવણી ઉભી કરી અને પોતાની સીમોમાંથી તેમને કાઢી મુક્યા, જેથી તેઓ ઇકોનીમાં ગયા. અને મુસાફરીથી પાછા ફરતાં ફરીને તેઓ શિષ્યોને દૃઢ કરવા આ શહેરમાં આવ્યા (પ્રે. કૃ. ૧૪; ૨૧). હાલ આ શહેર 'યાલોબાત્ચ' નામથી ઓળખાય છે અને એફેસસની પૂર્વમાં આવેલું છે. (પ્રે. કૃ. ૧૩; ૧૪: ૧૪; ૧૯-૨૧. ૨ તીમો. ૩; ૧૧).

અથાખ = રહેવાની જગ્યા. દાઉદે સિકલાગમાંથી આણેલી લૂટ અથાખવાસીઓને ત્યાં પણ મોકલાવી હતી. નહે. ૧૧; ૪ માં યહુદાહ પુત્રોમાંના એકને અથાયાહ કહે છે (૧ શમૂ. ૩૦; ૩૦).

અથાલ્યાહ = જેને યહોવાહે દુઃખી કીધો છે. (યહુદાહના રાજા યહોરામની રાણી અને આહાબ તથા ઇઝએલની દીકરી હતી. (૨ રાજા. ૮; ૧૮. ૨ કાળ. ૨૧; ૬, ૭). લખ્યું છે કે યહોરામે આહાબનાં ઘરનાંઓની પેઠે કીધું, કારણ કે અથાલ્યાહની સાથે તેણે લગન કીધું હતું. પોતાના ધણીના તથા પુત્ર અહાઝયાહના મરણ પછી ખાલી પડેલી ગાદી ઉપર બેસવાને તેણે ઠરાવ કર્યો, તેથી તેણે સર્વે રાજ્યવંશનો વિનાશ કર્યો. પણ અહાઝયાહનો એક યોઆશ નામના દીકરાનો તેમાં બચાવ થયો હતો (૨ રાજા. ૧૧; ૧, ૨). તેને અથાલ્યાહની જાણ બહાર શતાધિપતિઓએ રાજા ઠરાવી તેને અભિષિક્ત કીધો ને અથાલ્યાહને 'રાજાના ઘર આગળ' મારી નાખી (૨ રાજા. ૧૧; ૨૦. ૨ કાળ. ૨૧; ૬: ૨૨; ૧૦-૧૨: ૨૩; ૧૫). તેણીએ છ વર્ષ રાજ્ય કીધું. (૨) ૧ કાળ. ૮; ૨૬. (૩) એઝ ૮; ૭.

અદામાહ = લાલ ભૂમિ. નાફતાલીપુત્રોનું વતનગામ હતું, જે કોટવાળું નગર હતું. ઘણું કરીને તિબેરીઅસ સમુદ્રની પશ્ચિમે આવેલું હાલનું 'દામીક' શહેર તે પુરાતન અદામાહ હશે (યહો. ૧૯; ૩૩, ૩૬).

અદામી-નેકેબ (અદામી = માણસ જેવું). નાફતાલી પુત્રોને મળેલી જમીનની સરહદમાં આ નગર આવેલું હતું (યહો. ૧૯; ૩૩).

અદાયાહ = પ્રભુનો શણગારેલો. (૧) બોસ્કાથનો વતની હતો. તે રાજા યોશીયાહની માનો બાપ હતો (૨ રાજા. ૨૨; ૧). (૨) ૧ કાળ. ૬; ૪૧. (૩) ૧ કાળ. ૮; ૨૧. (૪) ૨ કાળ. ૨૩; ૧. (૫) નહે. ૧૧; ૫. (૬) ૧ કાળ. ૯; ૧૨. (૭) એઝ. ૧૦; ૨૯, ૩૪.

અદાર = લાંબું હેબ્રીઓના રાજ્યનો છઠ્ઠો માસ અને ધાર્મિક બારમો માસ (એસ. ૩; ૭, ૧૩: ૮; ૧૨: ૯; ૧, ૧૫, ૧૭, ૧૯, ૨૧). આ માસ માર્ચની બીજથી એપ્રીલની બીજ સુધી ગણાતો. તેઓના મહિના તે ચાંદ્રમાસ હતા, તેથી કરીને સૌર્ય વર્ષ સાથે તેમનું વર્ષ મેળવવાને હિંદુ માસની માફક એક અધિક માસ ઉમેરતા તેને વેઅદાર કરીને કહેતા હતા. ઇસ્રાએલીઓ બંદિપ્રવાસથી પાછા આવ્યા ત્યાર બાદ અદાર નામ ચાલુ થયું હતું. આ માસની તા. ૧૪ અને ૧૫ મીએ પુરીમ પર્વ પાળવામાં આવતું હતું (એસ. ૩; ૭: ૯; ૧૧-૨૪).

અદાલ્યા = પ્રમાણીક (?). શુશાન મહેલમાં એસ્તેરના વખતમાં યહુદીઓએ જે ભારે કતલ ચલાવી હતી તેમાં ઘણા માણસો કતલ થયા હતા તેમાંનો આ યહુદીઓના મુખ્ય શત્રુ હામાનના દસ પુત્રોમાંનો એક હતો (એસ. ૯; ૮).

અદીએલ = દેવનું આભુષણ. (૧) દાઉદના વખતમાં રાજાના ભંડારો પર આઝમાવેથ

નામનો એક અધિકારી હતો તેનો પિતા (૧ કાળ. ૨૭; ૨૫). (૨) ૧ કાળ. ૪; ૩૬. (૩) ૧ કાળ. ૯; ૧૨.

અદીથાઇમ = બમણું આભુષણ. યહુદાહના નીચ પ્રદેશમાં આવેલાં ચૌદ નગરોમાંનું એક હતું (યહો. ૧૫; ૩૬).

અદીના = ખૂશનુમા. રેઉબેની શીઝાનો પુત્ર જે દાઉદના સૈન્યના યોદ્ધાઓમાંનો એક હતો. (૧ કાળ. ૧૧; ૪૨).

અદીનો = ૨ શમૂ. ૨૩; ૮. દાઉદના શૂરવીરોમાં મુખ્ય સરદાર હતો. તેણે એકીવેળા ૮૦૦ ને માર્યા હતા. કેટલાએક ધારે છે કે આ કલમમાં આવતો યોશેબ અને અદીનો એક ને એકજ માણસનું નામ છે, અને અદીનો એ ખાસ નામ નથી. ૧ કાળ. ૧૧; ૧૧ માં આવતું યાશોબઆમ નામ પણ એ ને એજ પુરૂષનું છે.

અદુમ્મીમ = લાલ, રાતું (માણસ?). યહુદાહ તથા બિન્યામીન કુળોના ભાગની સરહદ પર આવેલો એક ઘાટ કે માર્ગ હતો (યહો. ૧૫; ૭: ૧૮; ૧૭). આ જગ્યા યરૂશાલેમ અને યરેખોની વચ્ચે આવેલી હતી તેને હાલ 'તા-લાટ-એદ-દેમ' કહે છે. આ જગ્યાનું નામ ઘણું કરીને ત્યાંના લાલ રંગના પત્થર પરથી થયું હશે. આપણા પ્રભુ ઇસુએ સારા સમારીના દૃષ્ટાંતમાં કદાપિ આજ રસ્તાનો ઇસારો કીધો હોય એમ દેખાય છે (લુક ૧૦; ૩૩-૩૭). પહેલાંથી તે આજ સુધી આ રસ્તો ઉજડ અને ચોરોને માટે પ્રસિદ્ધ છે.

અદુલ્લામ = લોકોનો ન્યાય. યાકુબના સંબંધે આ શહેરનું નામ પહેલવહેલું શાસ્ત્રમાં આવે છે (ઉત્પ. ૩૮; ૧, ૧૨, ૨૦). ત્યાર પછી યહોશુઆના વખતમાં આ શહેર કનાનીઓની રાજધાનીના શહેરોમાંનું એક હતું (યહો. ૧૨; ૧૫: ૧૫; ૩૫. જમીનની વહેંચણી વખતે આ શહેર યહુદાહના ભાગમાં આવ્યું. રહાબઆમે તેને એક ખુબસુરત શહેર બનાવ્યું, પછી તે ઇસ્રાએલના ગૌરવનું શહેર ગણાયું (૨ કાળ. ૧૧; ૭. મીખા. ૧; ૧૫). ઇસ્રાએલીઓ બંદીપ્રવાસમાં લઇ જવાયા ત્યારે આ શહેર વેરાન થયું હતું, પણ જ્યારે તેઓ પાછા આવ્યા ત્યારે ફરીને વસાવવામાં આવ્યું (નહે. ૧૧; ૩૦). તે એલાહ કે જ્યાં દાઉદે ગોલ્યાથ ઉપર ફતેહ મેળવી હતી તે ખીણમાં જુના 'રોમન સડક' પર આવેલું હતું (૧ શમૂ. ૧૭; ૪), જે ગાથથી બહુ દૂર ન હતું. હાલ તેને 'એઇદ-એલ-મા' કહે છે. અદુલ્લામની ગુફા—તે દાઉદની એલાહની રંગભૂમિથી આસરે બે મૈલ દક્ષિણ ઉપર અને બેથલેહેમની પશ્ચિમે ૧૩ મૈલ ઉપર પત્તો લાગ્યો છે. આ જગ્યામાં એક ડુંગર આવેલો છે જે આસરે ૫૦૦ ફીટ ઉંચો છે, તેની અંદર સંખ્યાબંધ ગુફાઓ આવેલી છે. તેમાંની કોઇએકમાં દાઉદ અને તેનાં માણસો સંતાઇ રહેતાં હતાં (૧ શમૂ. ૨૨; ૨). આ ગુફાઓમાંની કેટલીક એવી મોટી છે કે જેમાં ૨૦૦-૩૦૦ માણસ સંતાઇ રહી શકે. દંતકથા એવી ચાલે છે કે દાઉદ જે ગુફામાં સંતાઇ રહ્યો હતો તે બેથલેહેમ અને મૃતસમુદ્રની વચ્ચે આવેલ 'ખારેઇટુન' નો નીચ પ્રદેશ છે, પણ તે બંધ બેસ્તી જગ્યા નથી. બેથલેહેમથી આસરે ૬ મૈલ દૂર એક ગુફા આવેલી છે ત્યાં છાવણીની જગ્યા દેખાય છે, પણ ત્યાં જવું ઘણુંજ મુશ્કેલ છે. સંકડાસને લીધે એકજ માણસ ત્યાં જઇ શકે એવો રસ્તો છે. એ વાત પર નજર કરીને દાઉદે કદાપિ કહ્યું હોય કે "તું મારી સંતાવાની જગ્યા છે," "તું મારો ખડક તથા કિલ્લો છે." આ ગુફામાં જતાં પાણીનો એક ઝરો છે જેનાં પાણી ખારાં છે. અને કદાપિ જો દાઉદ ને તેનાં માણસો આ જગ્યામાં સંતાયાં હોય તો દાઉદે બેથલેહેમનું પાણી મંગાવ્યું તેનું કારણ કદાપિ એજ હોય.

અદુલ્લામ (યહો. ૧૨; ૧૫: ૧૫; ૩૫. ૨ કાળ. ૧૧; ૭. નહે. ૧૧; ૩૦. મીખા. ૧; ૧૫). અદુલ્લામી (ઉત્પ. ૩૮; ૧, ૧૨, ૨૦).

અદોનીકામ = શત્રુનો સરદાર, શેઠ. બાબેલની ગુલામગીરીમાંથી પાછા આવનારાઓમાં

અદોનીકામના પુત્રો ૬૬૬ હતા (એઝ. ૨; ૧૩:૮; ૧૩. નહે. ૭; ૧૮).

અદોની-બેઝેક = બેઝેકનો સરદાર. કનાનીઓનો રાજા હતો. તેણે પોતાની આસપાસના સિત્તેર રાજાઓને હરાવ્યા અને યહુદાહ તથા શિમઓનના લશ્કર સામે લડવાને નીકળ્યો. પણ તેમાં હાર્યો ગયો અને કેદી કરીને તેને યરૂશાલેમ આણવામાં આવ્યો, અને તેના હાથના તથા પગના અંગુઠા કાપી નાખ્યા. આ વખતે તેણે કબૂલ કર્યું કે, "અંગુઠા કાપેલા સિત્તેર રાજાઓ મારી મેજ તળેથી ટુકડા વિણી ખાતા હતા, મેં જેમ કર્યું છે તેવોજ બદલો દેવે મને આપ્યો છે." એજ સ્થિતિમાં તે યરૂશાલેમમાં મરણ પામ્યો (ન્યાય. ૧; ૪-૭. ૧ શમૂ. ૧૫; ૩૩ સરખાવો).

અદોનીરામ = ઉંચ સરદાર. રાજા સુલેમાનના રાજ્યમાં આબ્દાનો દીકરો અદોનીરામ વસુલાત ખાતાનો અધિકારી હતો. ઇસ્રાએલીઓએ તેને પત્થરે મારીને મારી નાખ્યો હતો (૧ રાજા ૪; ૬:૫; ૧૪:૧૨; ૧૮).

અદોની-સેદેક = ન્યાયીપણાનો સરદાર (પ્રભુ). ઇસ્રાએલીઓ જ્યારે પાલેસ્ટાઇન દેશ પર ચઢી આવ્યા ત્યારે એ વખતમાં અદોની-સેદેક યરૂશાલેમમાં રાજા હતો (યહો. ૧૦; ૧, ૩). તેણે બીજા કનાની પાંચ રાજાઓ સાથે સંપ કરી ઇસ્રાએલીઓ સામે લડવાને ગિબઓનમાં આવ્યો. યહોશુઆએ તેને સખત હાર ખવાડી તેનો મોટો સંહાર કીધો. આ વખતે પ્રભુએ આકાશથી પત્થર વરસાવી યહોશુઆને મદદ કીધી ને "સૂર્ય સ્થિર રહ્યો અને ચંદ્ર થંભ્યો." પછી યહોશુઆએ એ પાંચે રાજાને મારી નાખ્યા અને તેમની લાસોને ઝાડ પર ટાંગી (યહો. ૧૦; ૧, ૩-૫, ૨૨-૨૭. સરખાવો પુન. ૨૧; ૨૩).

અદોમ=લાલ. (૧) એસાવનું બીજું નામ છે. જ્યારે એસાવે પેલા લાલ શાકમાંથી પોતાના ભાઇ પાસે ખાવાનું માગ્યું ત્યારથી તેનું નામ અદોમ પડયું, કેમકે અદોમ એટલે લાલ (ઉત્પ. ૨૫; ૩૦). (૨) અદોમ દેશ-'સેઇર દેશ જે અદોમની ભૂમિ છે' (ઉત્પ. ૩૨; ૩:૩૬; ૯. પુન. ૨; ૫, ૧૩, ૨૨). સેઇર દેશ તે પહાડી મુલક હતો (ગણ. ૮; ૯, ૧૩, ૨૧) તેથી દેશને વળી સેઇરનો પહાડ પણ કહેતા હતા. પૂર્વમાં અરાબાહ સુધી આ ડુંગરા પથરાએલા છે. આ દેશ મૃત સમુદ્રની દક્ષિણે છે. આ દેશમાં પહેલાં હોરી લોક રહેતા હતા અને તેમના એક પૂર્વજનું નામ 'સેઇર' હતું તે પરથી આ દેશનું નામ સેઇર કહેવાયું. પણ એસાવ જે અદોમ કહેવાય છે તેના હાથમાં જ્યારે આ દેશ આવ્યો ત્યારે તેનું નામ અદોમ પડયું. આ હોરી લોકને કદોરલાઓમેરે હરાવ્યા (ઉત્પ. ૧૪; ૬), પણ એસાવપુત્રોએ આખરે તેમનો નાશ કરી તેમની જગ્યા લીધી (પુન. ૨; ૧, ૨). આ દેશની પુરાતન રાજધાની બોસ્રાહ હતી અને બીજું મુખ્ય નગર સેલાહ કે પેટ્રા હતું (યશા. ૬૩; ૧). અદોમના રહેવાસીઓએ પોતાના ભાઇ ઇસ્રાએલને પોતાના દેશમાં થઇને જવા દીધા નહિ, માટે તેઓને આ દેશનો ફેરો ખાઇને જવું પડયું (ગણ. ૨૦; ૧૪, ૨૨). આ વખતથી માંડીને ૪૦૦ વર્ષ સુધી અદોમનો શો હાલ થયો તે જાણવામાં આવ્યું નથી, પણ ત્યાર પછી રાજા શાઉલે તેમને ત્રાસ પમાડ્યો (૧ શમૂ. ૧૪; ૪૭), અને ત્યાર પછી ૪૦ વર્ષ બાદ દાઉદ રાજાના દિવસોમાં તેમની ભારે ખુનરેજી થએલી જોવામાં આવે છે; એટલે દાઉદે અદોમના પ્રત્યેક માણસને માર્યો હતો (૧ રાજા. ૧૧; ૧૫, ૧૬). ત્યાર પછી ઇસ્રાએલ તથા યહુદાહના રાજાઓ સાથે તેમને કાયમ વિખવાદ ચાલતો (૨ રાજા. ૮; ૨૦. ૨ કાળ. ૨૮; ૧૭). અને જ્યારે નબૂખાદનેસ્સા યરૂશાલેમ ઉપર ચઢી આવ્યો અને તેને ઘેરા ઘાલ્યો ત્યારે અદોમીઓએ ખાલ્દી લોકને લડાઇમાં મદદ કરી, ને આ વખતમાં તાલી પાડીને કહેતા કે "તેને જડ મૂળથી ઉખેડી નાંખો" (ગીત. ૧૩૭; ૭). આ દુશ્મનાઇને લીધે પ્રભુએ પેગંબરોની હસ્તકે તેમને શાપ આપ્યો "કે

તેમની ભૂમિ લોહીથી પીધેલી થશે, ને તેમની ધૂળ મેદથી રસદાર થશે" (યશા. ૩૪; ૫-૭. વળી ૬૩; ૧-૪. યિર્મે. ૪૯; ૧૭. હઝ. ૨૫; ૧૨-૧૪). આખરે અદોમ ખાલ્દીઓના કબજામાં આવ્યો (યિર્મે. ૨૭; ૩, ૬). અને ત્યાર પછી ઇ સ. ૧૦૫ માં તે રૂમીઓના હાથમાં ગયો. હાલ ભવિષ્યવાત પ્રમાણે આ જગ્યા વેરાન થઇ ગઇ છે, અને ત્યાંના લોકોનો કે તેમની ભાષાનો કોઇ પણ દેખાવ જોવામાં આવતો નથી. હાલ ત્યાં કોઇ વસતું નથી, પક્ષીઓ અને ઘૂવડની રહેવાની જગ્યા થઇ છે.

અદોમ—એસાવનું નામ (ઉત્પ. ૨૫; ૩૦. તેના વંશજો ઉત્પ. ૩૬. ૧ કાળ. ૧). તેઓનો દેશ (ઉત્પ. ૩૨; ૩: ૩૬; ૯. પુન. ૨; ૫, ૧૨). દેશમાં થઇ ઇસ્રાએલને જવાની મના કરી. (ગણ. ૨૦; ૧૪: ૨૧; ૪. ન્યાયા. ૧૧; ૧૭. ગણ. ૩૪; ૩. યહો. ૧૫; ૧, ૨૧). એમનો તિરસ્કાર ન કરવો (પુન. ૨૩; ૭. ૧ શમૂ. ૧૪; ૪૭: ૨૧; ૭: ૨૨; ૯, ૧૮). દાઉદે તેમને તાબે કર્યા (૨ શમૂ. ૮; ૧૪. ૧ કાળ. ૧૮; ૧૧-૧૩. ૧ રા. ૯; ૨૬: ૧૧; ૧૪: ૨૨; ૪૭. ૨ રા. ૩; ૮-૨૬). તેમનું બંડ (૨ રા. ૮; ૨૦-૨૫. ૨ કાળ. ૨૧; ૮). અમાસ્યાહે તેમને તાબે કર્યા (૨ રા. ૧૪; ૭, ૧૦. ૨ કાળ. ૨૫; ૧૪). યહુદાહને હરાવ્યા (૨ કાળ. ૨૮; ૧૭. યિર્મે. ૪૦; ૧૧. આમો. ૧; ૬, ૯: ૨; ૧). તેના વિષેનું ભવિષ્ય (યિર્મે. ૨૫; ૨૧: ૨૭; ૩: ૪૯; ૭-૨૨. વિલા. ૪; ૨૧. હઝ. ૨૫; ૧૨. દાની. ૧૧; ૪૧. યોએ. ૩; ૧૯. આમો. ૧; ૧૧: ૯; ૧૨. ઓબા. વળી મલા. ૧; ૪ અને નિર્ગ. ૧૫; ૧૫. ગણ. ૨૪; ૧૮. ન્યાયા. ૫; ૪. યશા. ૬૩; ૧. ગીત. ૬૦: ૮૩; ૬: ૧૦૮; ૯, ૧૦: ૧૩૭; ૭. જુઓ એસાવ, દોએગ અને હદાદ).

અદોરાઇમ (૨ કાળ. ૧૧; ૯). રહાબઆમે જે કિલ્લાવાળાં નગરો બાંધ્યાં તેમાંનું તે એક હતું.

અદોરામ (જુઓ અદોનીરામ). (૨ શમૂ. ૨૦; ૨૪. ૧ રા. ૧૨; ૧૮. વળી ૧ રા. ૪; ૬ની સાથે ૨ કાળ. ૧૦; ૧૯ સરખાવો).

અનાક = લાંબી ગરદનવાળો. આ માણસ આર્બાનો દીકરો હતો જે આર્બાએ કિર્યાથ આર્બાને પોતાનું નામ આપ્યું. આ શહેર પછીથી હેબ્રોન કહેવાયું (યહો. ૧૫; ૧૩: ૨૧; ૧૧).

અનાકપુત્રો = આર્બા અનાકીઓ મધ્યે સૌથી મોટો પુરૂષ હતો (યહો. ૧૪; ૧૫). પણ તેનો દીકરો તેથી પણ વધારે માનવંતો હશે, કેમકે તેની આખી કોમ ઉપર અનાકનું નામ ઉતરેલું છે. આ લોકને ઇસ્રાએલી જાસુસોએ જોઇને કહ્યું કે, "રાક્ષસોથી જન્મેલા રાક્ષસોને એટલે અનાકપુત્રોને અમે જોયા, અને અમે પોતાની દૃષ્ટિમાં તીડોના સરખા દેખાયા (ગણ. ૧૩; ૧૩). વળી જાસુસી કરતાં તેમને માલમ પડ્યું કે અનાકપુત્રો ત્રણ ટોળીમાં છે, એટલે અહીમાન, શેશાય તથા તાલ્માય (ગણ. ૧૩; ૨૨). જો કે આ લોકો ઘણા જોરાવર હતા તો પણ પ્રભુએ ઇસ્રાએલીઓ આગળથી તેમનો નાશ કીધો (આમો. ૨; ૯). યહોશુઆએ તે સઘળાનો સંહાર કીધો, ને થોડા લોકો પલિસ્તી લોકોમાં જઇને વસ્યા; એટલે ગાઝ્ઝાહ, ગાથ અને આશ્દોદમાં (યહો. ૧૧; ૨૨) રહ્યા. આ પલિસ્તી યોદ્ધા કે વીરપુરૂષોની લડાઇમાં દાઉદની મુલાકાત થઇ હતી (૨ શમૂ. ૨૧; ૧૫-૨૨) અને તેઓ અનાકવંશી હતી. અનાક (ગણ. ૧૩; ૨૨, ૨૮, ૩૩. પુન. ૯; ૨. યહો. ૧૫; ૧૩, ૧૪: ૨૧; ૧૧. ન્યાયા. ૧; ૨૦). અનાકપુત્રો (પુન. ૧; ૨૮: ૨; ૧૦, ૧૧, ૨૨: ૯; ૨). યહોશુઆએ તેમને કાપી નાખ્યા (યહો. ૧૧; ૨૧, ૨૨: ૧૪; ૧૨, ૧૫).

અનાથ = પ્રાર્થનાનો જવાબ. શામ્ગાર ન્યાયાધીશનો પિતા. શામ્ગારે બળદ હાંકવાની પરાણીથી છસેં પલિસ્તીઓને મારી નાખ્યા હતા (ન્યાય. ૩; ૩૧).

અનાથોથ = જવાબ દે, પ્રાર્થના કરવી. બિન્યામીનના ભાગમાં આવેલું યાજકોને આપેલું એક શહેર હતું (યહો. ૨૧; ૧૮). આ શહેર યિર્મેયાહ ભવિષ્યવાદીની જન્મભૂમિ હતી તેથી કરીને ઘણું પ્રસિદ્ધ છે. જો ત્યાંનાં માણસોએ ભવિષ્યવાદીની વાતોનો વિચાર કીધો હોત તો જરૂર તેઓ બચી જાત, પણ તેથી ઉલટું તેને મારી નાખવાને તેઓએ કોશિષ કીધી, તેથી શહેર પર આફત આવી પડી (યશા. ૧૦; ૩૦. યિર્મે. ૧; ૧: ૧૧; ૧૮-૨૩). ઘણાએક યાજકો આ શહેરમાંથી ઉત્પન્ન થયા હશે. દાઉદના ૩૦ યોદ્ધાઓમાંનો એક અબીએઝેર (૨ શમૂ. ૨૩; ૨૭) તથા યેહૂ નામનો એક બીજો શૂરવીર, આ ગામના (૧ કાળ. ૧૨; ૩) રહીશ હતા. સેનાખરીબની ફોજથી તેને ઘણું ખમવું પડયું અને બંદીપ્રવાસથી માત્ર ૧૨૮ માણસ આ ગામમાં પાછા આવ્યા. યરૂશાલેમથી આ ગામ માત્ર ત્રણ મૈલ ઉત્તરમાં આવેલું હતું. પહેલાં આ શહેર કિલ્લાદાર હોઇ મજબૂત હશે એમ દેખાય છે કેમકે હજી સુધી ભાગેલા કોટની નિશાણીઓ નજરે પડે છે. હાલ આ શહેર અનાતા નામના નાના ગામડાથી ઓળખાય છે કે જેમાં આસરે ૧૦૦ માણસની વસ્તી છે. અનાથોથ (૧ કાળ. ૭; ૮. નહે. ૧૦; ૧૯. યિર્મે. ૨૧; ૧૮. ૧ રા. ૨; ૨૬. ૧ કાળ. ૬; ૬૦. એઝ. ૨; ૨૨. નહે. ૭; ૨૭: ૧૧; ૩૨. યશા. ૧૦; ૩૦. યિર્મે. ૧; ૧: ૧૧; ૨૧, ૨૩: ૩૨; ૭-૯). અનાથોથી—અનાથોથના રહીશને અનાથોથી કહેતા હતા (૨ શમુ. ૨૩; ૨૭. ૧ કાળ. ૧૧; ૨૮: ૧૨; ૭: ૨૭; ૧૨).

અનાની = અનાન્યાનું ટુંકું નામ. દાઉદવંશી એલ્યોએનાયના સાત પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૩; ૨૪).

અનાન્યાહ = યહોવાહે રક્ષણ કીધું. બિન્યામીનના ભાગમાં આવેલું એક શહેર કે જે નોબ અને હઝોરની વચ્ચે આવેલું હતું (નહે. ૧૧; ૩૨). આ શહેર તે ઘણું કરીને યરૂશાલેમની ઉત્તરમાં આસરે ત્રણ મૈલ ઉપર આવેલું હાલનું 'બેઇત-હાનીના' નામનું નાનું ગામ છે તે હશે.

અનાન્યા = જેને પ્રભુએ કૃપા કરીને આપ્યો. (હનાન્યા) અનાન્યાનું ગ્રીક નામ હનાન્યાહ છે (દાની. ૧; ૧૯), અને યહુદી લોકોમાં એ નામ સાધારણ હતું. (૧) યરૂશાલેમની મંડળીનો એક સભાસદ હતો. પુરાતન મંડળીના વખતમાં એવી રીત હતી કે સુવાર્તા પ્રસારને અર્થે તથા ગરીબ ભાઇઓને સારૂ પોતાની સંપત પ્રભુને અર્પણ કરતા હતા. આ અનાન્યાએ જમીનના વેચાણમાંથી કેટલુંક ભાઇઓથી છુપાવી લોભિષ્ટ મને જુઠું બોલ્યો, અને એમ પવિત્ર આત્માનો પુરો પ્રકાશ પામ્યા છતાં તે જુઠું બોલ્યો માટે તે મરણ પામ્યો. અને તેની વહુ સાફીરા પણ એજ પ્રમાણે જુઠું બોલ્યાને લીધે એકાએક મરણ પામી. ઉપલો બનાવ પ્રેરિત પીતરની રૂબરૂમાં બન્યો હતો (પ્રે. કૃ. ૫; ૧-૬). (૨) અનાનિયા નામનો દમસકમાં એક શિષ્ય હતો જે દર્શનથી ચેતાઇને પાઉલ જે ઘરમાં હતો ત્યાં ગયો અને તેને દેખતો કીધો (પ્રે. કૃ. ૯; ૧૦). અનાન્યા પોતે ક્યારે અને કોણથી ખ્રીસ્તી થયો તે આપણે જાણતા નથી. પણ શાસ્ત્રથી આપણે શિખીએ છીએ કે અનાનિયા પોતે "નિયમશાસ્ત્રને ધોરણે સુભક્ત હતો અને તેના વિષે સઘળા યહુદીઓ સારૂં બોલતા હતા" (પ્રે. કૃ. ૨૨; ૧૨). (૩) આ નામનો એક પ્રમુખ યાજક હતો. તે દોલતમંદ અને જુલમી હતો. એકવાર તેના ઉપર કંઇ તહોમત આવવાથી તેને કેદી કરી રૂમ લઇ ગયા, પણ કલૉદિયસ કાઇસારે તેને નિર્દોષ ઠરાવ્યો, તેથી પોતાની જગ્યાપર ફરીને આવ્યો. રૂમીઓએ જ્યારે યરૂશાલેમને ઘેરો ઘાલ્યો ત્યારે કેટલાક યહુદીઓએ બંડ કરી આ પ્રમુખ યાજકનું ઘર સળગાવી દીધું પણ તેમાંથી નીકળીને નાઠો. લોકો પાછળ પડ્યા અને એક નહેરમાં સંતાઇ ગયો હતો ત્યાંથી શોધી

કાઢી તેને મારી નાખ્યો. આજ પ્રમુખ યાજક પાસે પાઉલને લઇ જવામાં આવ્યો, અને જે વખતે પાઉલે જણાવ્યું કે "હું આજ સુધી શુદ્ધ અંતઃકરણથી દેવપ્રત્યે વર્ત્યો છું" આ સાંભળી અનાનિયાએ તેના મ્હોપર મારવાની આજ્ઞા કીધી આ અપમાનથી પાઉલે કહ્યું કે, "એ ધોળેલી ભીંત, દેવ તને મારશે" (પ્રે. કૃ. ૨૩; ૧-૫, ૨૪). પણ જ્યારે પાઉલ જાણે છે કે તે પ્રમુખ યાજક છે ત્યારે કહે છે કે, "ભાઇઓ, એ પ્રમુખયાજક છે તે હું જાણતો નહોતો." કદાપિ કોઇ કહે કે આવા પ્રસિદ્ધ અધિકારી વિષે પાઉલ અજાણ હોય તે અજાયબ જેવી વાત છે. પણ કારણ કદાપિ એમ હોય કે, (અ) પાઉલ બોલ્યો કે તરત તેને યાદ આવ્યું કે મારે તેમને માન આપવું જોઇએ. (આ) કેટલાક ધારે છે કે પાઉલ મરોડમાં બોલ્યો હતો. તેનું કહેવું એવું હતું કે આ કામ પ્રમુખ્યયાજકનું હોય! શું દેવનો યાજક આવું કામ કરે! (ઇ) પાઉલની જોવાની ખામીને લીધે કદાપિ એમ હોય કે પાઉલે જાણ્યું નહિ કે આ કોણ બોલે છે.

અનાબ = દ્રાક્ષનું નામ. યહુદાહના પહાડી મુલકનું એક ગામ હતું, જ્યાંથી યહોશુઆએ અનાકીઓનો સંહાર કીધો હતો (યહો. ૧૧; ૨૧: ૧૫; ૫૦). હજી સુધી આ ગામનું એ નામ જોવામાં આવે છે, તે હેબ્રોનથી નૈરૃત્ય કોણમાં ૧૦ મૈલ દૂર ડુંગરામાં આવેલું છે.

અનામીમ (ઉત્પ. ૧૦; ૧૩. ૧ કાળ. ૧; ૧૧). મિસરની એક કોમને આ નામ આપવામાં આવ્યું છે તેના પૂર્વજનું નામ મિસરાઇમ હતું.

અનામ્મેલેખ = રાજાની મૂર્તિ (?), (બાવલું). સફાર્વીઓ કે જેઓ સમારીઆમાં રહેતા હતા, તેમના એક દેવતાનું નામ છે (૨ રાજા. ૧૭; ૩૧). તેઓ તેની આગળ પોતાનાં બાળકોનું અર્પણ કરતા હતા. આ દેવતા તે ચંદ્રદેવી છે અને આદ્રામેલેખ તે સૂર્યદેવતા હતો.

અનાયાહ = પ્રભુએ જવાબ આપ્યો છે. (૧) નહે. ૮; ૪. (૨) ૧૦; ૨૨.

અનાહ = બોલી. (૧) સેઇરપુત્રોમાંનો એક હતો. તેનાથી અદોમી થયા જેમને હોરીઓ કહે છે. આ કુળની દરેક શાખાને તેમની રહેવાની જગ્યા સેઇર પહાડ પરથી તેમને સેઇર કહેતા હતા (ઉત્પ. ૩૬; ૨૦, ૨૯. ૧ કાળ. ૧; ૩૮). (૨) સિબઓનનો પુત્ર અને એસાવનો સસરો (ઉત્પ. ૩૬; ૧૮, ૨૪). (૩) ૧ કાળ. ૧; ૩૮-૪૧.

અનોશ = માણસ. તે શેથનો દીકરો હતો (ઉત્પ. ૪; ૨૬). જ્યારે શેથ ૧૦૫ વર્ષનો થયો ત્યારે તેણે અનોશને જન્માવ્યો અને અનોશના જન્મ પછી શેથ ૮૦૭ વર્ષ જીવ્યો. જ્યારે અનોસ ૯૦ વર્ષનો થયો ત્યારે તેણે કનાનને જન્માવ્યો. અનોસના સર્વ દહાડા ૯૦૫ વર્ષના હતા (ઉત્પ. ૫; ૬-૧૧). લુકની સુવાર્તામાં ખ્રીસ્તની વંશાવળી આપતાં આ નામ આવે છે (લુક ૩; ૩૮. અને ૧ કાળ. ૧; ૧). શેથને જ્યારે અનોશ જન્મ્યો ત્યારે લોક યહોવાહનું નામ લેવા લાગ્યા (સરખાવો યાકુ. ૪; ૪. ૧ યોહ. ૨; ૧૫, ૧૬. રૂમી. ૮; ૭. એફે. ૨; ૧૫, ૧૬).

અફીઆહ (૧ શમૂ. ૯; ૧). શાઉલના પિતા કીશનો પૂર્વજ હતો.

અફેક = બળ. (૧) આશેરનું એક શહેર હતું. (યહો. ૧૩; ૪: ૧૯; ૩૦). પણ આશેરે ત્યાંના રહેવાસીઓને મારી કાઢયા નહિ (ન્યાયા. ૧; ૩૧). આ શહેરમાં સીરીઅન લોક અફ્રોદિત દેવીની માર્ગી લોકની માફક પુજા કરતા હતા. મંદિરનું ખંડેર હજી સુધી જોવામાં આવે છે. હાલ આ શહેરને આફકા કહે છે જે લબાનોનના ઉત્તર ઢોળાવપર અદોનીસ નદીના મૂળ ઉપર આવેલું છે. આ નદી તે ઇબ્રાહીમની નહેર કહેવાય છે, જે ગેબાલથી પૂર્વમાં ૧૨ મૈલ ઉપર આવેલ છે. (૨) યિઝ્રએલના ઝરાની પાસે ઇસ્સાખારનું એક શહેર હતું (૧ શમૂ.

૪; ૧: ૨૯; ૧. સરખાવો ૨૮; ૪). આ જગ્યાએ પલિસ્તીઓએ ઇસ્રાએલ સામે છાવણી કીધી હતી જેમાં એલીના બે દીકરા લડાઇમાં મરાયા હતા અને કોષ પલિસ્તીઓ પાસે ગયો હતો. (૩) દમસ્કથી પાલેસ્ટાઇન જવાની સડક પર આ નામનું એક બીજું શહેર આવેલું હતું. જ્યાં આગળ ઇસ્રાએલીઓએ બેન-હદાદને હરાવ્યો હતો (૧ રાજા. ૨૦; ૨૬. ૨ રાજા. ૧૩; ૧૭). હાલ તે ગાલીલ સમુદ્રની પૂર્વમાં ૬ મેલ ઉપર ફીક નામના ગામથી ઓળખાય છે.

અબ્યાથાર = પુષ્કળતાનો પિતા. પ્રમુખ યાજક અહીમેલેખનો પુત્ર. તે દસમો પ્રમુખ યાજક તથા એલીની પેઢીનો ચોથો પ્રમુખ યાજક હતો. જ્યારે તેનો પિતા નોબના બીજા યાજકોની સાથે કપાઇ મુઓ ત્યારે અબ્યાથાર એફોદ સાથે દાઉદ પાસે નાસી ગયો અને ત્યાર પછી અદુલ્લામની ગુફામાં તેની સાથે રહ્યો (૧ શમૂ ૨૨; ૨૦-૨૩: ૨૩; ૬). આ વખતે શાઉલે તે દિવસે નોબમાં એફોદ પહેરેલા પંચાસી યાજકોને કાપી નાખ્યા હતા ને નોબને પણ તલવારની ધારથી કતલ કર્યું. અબ્યાથાર દાઉદની પાસે રહ્યો અને જે ટુકડી દાઉદે તેને સોંપી તેનો યાજક થયો (૧ શમૂ. ૩૦; ૭). અને દાઉદ જ્યારે યહુદાહની ગાદીએ બેઠો ત્યારે અબ્યાથારને પ્રમુખ યાજક કીધો (૧ કાળ. ૧૫; ૧૧. ૧ રાજા. ૨; ૨૬) એટલુંજ નહિ પણ આગળ જતાં દાઉદનો મંત્રી થયો (૧ કાળ. ૨૭; ૩૩). પણ ત્યાર પછી અબ્યાથારે અદોનીયાહને ગાદીએ બેસાડવામાં ભાગ લીધો માટે સુલેમાને તેને પદભ્રષ્ટ કીધો અને તેના વતન અનાથોથમાં મોકલી દીધો. અને એ પ્રમાણે હારૂનપુત્ર ઇથામારના વંશમાંથી યાજકપદ બંધ થયું (૧ શમૂ. ૨; ૩૦-૩૬. ૧ રાજા. ૧; ૧૯: ૨; ૨૬, ૨૭). હવે સાદોક પુરી રીતે પ્રમુખ યાજક થયો. માર્ક. ૨; ૨૬ માં લખ્યું છે કે, "અબ્યાથાર મુખ્ય યાજક હતો." પણ આપણે જોઇએ છીએ કે જે બનાવ વિષેની વાત માર્કની સુવાર્તામાં લખવામાં આવી છે, તે બીના બની ત્યારે અબ્યાથાર નહિ પણ તેનો પિતા અહીમેલેખ પ્રમુખ યાજક હતો. બીજા કેટલાક ધારે છે કે બનાવ બન્યો ત્યારે અબ્યાથાર યાજક હતો અને 'અર્પેલી રોટલી' તેના કબજાની હતી તે તેણે દાઉદને તથા તેના સાથીઓને ખાવાને આપી (માર્ક. ૨; ૨૬). અબ્યાથાર શાઉલથી બચાવ પામ્યો (૧ શમૂ. ૨૨; ૨૦). દાઉદ પાસે જઇ રહ્યો (૧ શમૂ. ૨૩; ૬, ૯: ૩૦; ૭). કોષને યરૂશાલેમ આણ્યો (૨ શમૂ. ૧૫; ૨૪-૩૬: ૧૭; ૧૫: ૧૯; ૧૧). અદોનીયાહના બંડમાં ભાગ લીધો (૧ રાજા. ૧; ૭). મુખ્ય યાજક પદથી બરતરફ થયો (૨ રાજા. ૨; ૨૭-૩૫. માર્ક. ૨; ૨૬). અહીમેલેખ અને અબ્યાથાર બાપદીકરાનાં નામ અદલબદલ થયાં છે એમ દેખાય છે (૨ શમૂ. ૮; ૧૭. ૧ કાળ. ૧૮; ૧૬: ૨૪; ૩, ૬, ૩૧. ૨ શમૂ. ૨૦; ૨૫).

અબાગ્થા = દૈવયોગે આપેલો. રાજા અહાશ્વેરોશના દરબારમાં જે સાત ખવાસ હજૂરિયા ચાકર હતા, તેમાંનો તે એક હતો (એસ્તે. ૧; ૧૦: ૨; ૧૧).

અબાદ્દોન = નાશ, વિનાશ. ઉંડાણનો દૂત. તેને હેબ્રી ભાષામાં અબાદ્દોન કહે છે (પ્રક. ૯; ૧૧). ગ્રીક ભાષામાં તેને આપલ્યોન એટલે વિનાશક કહે છે. આ શબ્દને બદલે વિનાશ તરજુમો કેટલીક જગ્યામાં કરવામાં આવ્યો છે (અયૂ. ૨૬; ૬: ૨૮; ૨૨: ૩૧; ૧૨. દષ્ટાં. ૧૫; ૧૧: ૨૭; ૨૦).

અબાનાહ = પત્થરવાળી. દમસ્કની મુખ્ય નદીનું નામ છે (૨ રાજા. ૫; ૧૨). તેનું હાલનું નામ બરાદા છે. આ નદી આન્ટીલબાનોનમાંથી દમસ્કની વાવ્ય કોણમાં ૨૩ મેલ પરથી નીકળીને દક્ષિણમાં થોડે દૂર વહીને તેના ત્રણ ફાંટા પડે છે. વચલો ફાંટો દમસ્કની વચ્ચે થઇને વહે છે અને બાકીના બન્ને શહેરની બન્ને બાજુ થઇ આગળ વધે

છે. નદી આગળ વધી મર્સી સરોવર જે શહેરની પૂર્વમાં આવેલું છે તેમાં બંધ થાય છે.

અબારીમ = (યરદનની) પૂર્વનો પ્રદેશ. આ નામનો પર્વત કે પર્વતની હાર યરેખોની સામે મોઆબ દેશમાં મૃત સમુદ્રની પૂર્વ અને અગ્નિ કોણે આવેલ છે (ગણ. ૨૭; ૧૨. પુન. ૩૨; ૪૯). આ પર્વતના એક શિખરને પિસ્ગાહ કે નબો કહે છે કે જે પર ચઢીને મુસાએ વચનનો દેશ જોયો હતો (પુન. ૩; ૨૭: ૩૨; ૪૯) અને ત્યાં તે મરણ પામ્યો (પુન. ૩૪; ૧, ૩). આ પર્વત આગળ ઇસ્રાએલીઓએ અરણ્યની મુસાફરીમાં છાવણી કરી હતી (ગણ. ૩૩; ૪૭, ૪૮).

અબીઆસાફ = એકઠાં કરનાર, સભાપતિ. કોરાહના ત્રણ પુત્રોમાંનો સૌથી નાનો પુત્ર હતો (નિર્ગ. ૬; ૨૪). તેને ૧ કાળ. ૬; ૩૭ માં એબ્યાસાફ કહે છે.

અબી—(અબીયાહનું ટુંકું રૂપ) = યહોવાહનો સેવક; રાજા હિઝ્કીયાહની માનું નામ હતું. તેના પિતાનું નામ ઝખાર્યાહ હતું (૨ રાજા. ૧૮; ૨).

અબી-આલ્બોન = બળનો બાપ; દાઉદના ત્રીસ શૂરવિરોમાંનો એક જે તેનો અંગરક્ષક હતો (૨ શમૂ. ૨૩; ૩૧). ૧ કાળ. ૧૧; ૩૨ માં તેને અબીએલ કહે છે.

અબીઉદ—(અબીહૂદનું ટુંકું નામ) = યહુદાહનો બાપ. માત્થી ૧; ૧૩ માં તેનું નામ આવે છે, તેના પુત્રનું નામ એલીયાકીમ છે. આ અબીઉદને બદલે લુક ૩ માં યહુદાહનું નામ આવે છે.

અબીએઝ્રી = મદદનો બાપ. અબીએઝેરના વંશના (ન્યાયા. ૬; ૧૧, ૨૪: ૮; ૩૨).

અબીએઝેર = મદદ આપનાર, મદદદાતા. (૧) ગિલઆદની બહેન હામ્મોલેખેથના ત્રણ પુત્રોમાંનો બીજો પુત્ર હતો. ગિલઆદ તે તો મનાશ્શેહનો પૌત્ર હતો (૧ કાળ. ૭; ૧૮). આ અબીએઝેરના વંશમાં ગિદઓન થયો (યહો. ૧૭; ૨. તેની સાથે ૬; ૩૪: ૮; ૨. સરખાવો). (૨) દાઉદના યોદ્ધાઓમાંનો એક ૨ શમૂ. ૨૩; ૨૭. સાથે ૧ કાળ. ૨૭; ૧૨. સરખાવો). (૩) નિર્ગમનના વખતમાં દાન કુળનો સરદાર હતો (ગણ. ૧; ૧૨).

અબીએલ = ભગત, પરમેશ્વરનો સેવક. (૧) શાઉલના દાદા નેરનો પિતા (૧ શમૂ. ૧૪; ૫૧. ૧ કાળ ૮; ૩૩: ૯; ૩૯). ૧ શમૂ. ૯; ૧ માં તેને કીશનો પિતા કહે છે. પણ ઘણું કરીને ત્યાં દાદાનો અર્થ છે. (૨) દાઉદના યોદ્ધાઓમાંનો એક હતો તેને આર્બાથી કહે છે (૧ કાળ. ૧૧; ૩૨). તેને ૨ શમૂ. ૨૩; ૩૧ માં અબી-અલ્બોન કહે છે.

અબીગાઇલ = નૃત્ય પતિ. (૧) દાઉદની બહેન અને ઇસ્રાએલી યિથ્રાની સ્ત્રી (૧ કાળ. ૨; ૧૬, ૧૭). તેનાથી અમાસા જન્મ્યો (૨ શમૂ. ૧૭; ૨૫). (૨) કાર્મેલી નાબાલની સ્ત્રી હતી (૧ શમૂ. ૨૫; ૩). મુસિબતીના વખતમાં તેણીએ પોતાના ધણીને ઘણી ઉત્તમ સલાહ આપી હતી. તે બુદ્ધિવાન અને સીધા મનની સ્ત્રી હતી. નાબાલના મરણ પછી તે દાઉદની સ્ત્રી થઇ. (૧ શમૂ. ૨૫; ૧૪–૪૨. અને ૧ શમૂ. ૨૭; ૩: ૩૦; ૫. ૨ શમૂ. ૨; ૨). અને દાઉદથી તેને જે પુત્ર થયો તેનું નામ કિલઆબ (૨ શમૂ. ૩; ૩); કોઇ જગ્યાએ તેને દાનીયેલ કહે છે (૧ કાળ. ૩; ૧).

અબીટાલ = ઝાકળનો પિતા, ધણી. 'તાજુ' દાઉદની પાંચમી સ્ત્રી (૨ શમૂ. ૩; ૪). તેને પેટે દાઉદને શફાટયાહ થયો.

અબીટૂબ = ભલાઇનો પિતા. બિન્યામીની હુશીમનો પુત્ર (૧ કાળ. ૮; ૧૧).

અબીદા = જ્ઞાનનો પિતા. મિદ્યાનના પાંચ પુત્રોમાંનો એક હતો. આ મિદ્યાન તે કટૂરાહને પેટે ઇબ્રાહીમથી થએલો પુત્ર છે (૧ કાળ. ૧; ૩૩), અને આરબ કુળનો મુખ્ય છે (ઉત્પ. ૨૫; ૪).

અબીદાન = ન્યાયનો પિતા. નિર્ગમનના વખતમાં બિન્યામીન કુળનો સરદાર હતો (ગણ. ૧; ૧૧: ૨; ૨૨).

અબીનાદાબ = ઉત્તમતાનો પિતા. (૧) પલિસ્તીઓના દેશમાંથી કોષ પાછો લાવ્યા પછી કિર્યાથ-યઆરીમના એક લેવીના ઘરમાં મૂક્યો હતો, તે લેવીનું નામ અબીનાદાબ હતું (૧ શમૂ. ૭; ૧). આ કોષ તેને ઘેર ૨૦ વર્ષ સુધી રહ્યો ને ત્યાર પછી દાઉદ ત્યાંથી યરૂશાલેમ લાવ્યો (૧ શમૂ. ૭; ૧, ૨. ૧ કાળ. ૧૩; ૭). (૨) યિશાઇના આઠ પુત્રોમાંનો બીજો હતો (૧ શમૂ. ૧૬; ૮). પલિસ્તીઓની સામે જે લડાઇમાં ગોલ્યાથ મરાયો તે લડાઇમાં શાઉલની સરદારી નીચે યિશાઇના ત્રણ પુત્ર લડાઇમાં ગયા હતા, તેમાંનો એક (૧ શમૂ. ૧૭; ૧૩). (૩) શાઉલના દીકરાઓમાંનો એક હતો, જે પોતે તથા તેના બે ભાઇ પોતાના પિતાની સાથે ગિલ્બોઆની લડાઇમાં માર્યા ગયા (૧ શમૂ. ૩૧; ૨. ૧ કાળ. ૧૦; ૨). (૪) સુલેમાન રાજા તથા તેના ઘરનો ખોરાક પુરો પાડવામાં જે કારભારીઓ નિમાયા હતા, તેમાંનો એક દોરના સર્વ પહાડી મુલકનો અધિકારી અબીનાદાબ કરીને હતો (૧ રાજા. ૪; ૧૧).

અબીનોઆમ = પ્રીતિ કે દયાનો પિતા. બારાકનો પિતા (ન્યાયા. ૪; ૬: ૫; ૧.

અબીમાએલ = માએલનો પિતા. ઉત્તર અરબસ્તાનેમાં રહેનાર યોકટાન વંશી અબીમાએલ લોક.

અબીમેલેખ = મારા પિતા રાજા, કે રાજાનો પિતા. પલિસ્તીઓમાં આ નામ તે રાજાનું સાધારણ નામ ગણાતું હતું. જેમ મિસરના રાજાને ફારૂન કહેતા હતા તેમજ પલિસ્તીઓના રાજાને અબીમેલેખ કહેતા હતા. (૧) ઇબ્રાહીમના જમાનામાં ગરારનો રાજા અબીમેલેખ હતો (ઉત્પ. ૨૦; ૧-૧૮). ઇબ્રાહીમે જ્યારે ગરારમાં મુકામ કીધો ત્યારે ઇબ્રાહીમે પોતાની સ્ત્રી સારાહ વિષે કહ્યું કે તે મારી બહેન છે, પણ પ્રભુએ તે વાત રાજાને સ્વપ્નમાં જાહેર કરી ને રાજાએ એ વિષે ઇબ્રાહીમને ઠપકો આપ્યો અને એક હજાર રૂપીઆ ઇબ્રાહીમને પડદારૂપ આપ્યા, અને પોતાના દેશમાં રહેવાની જગ્યા આપી. એક હજાર રૂપીઆ ઇબ્રાહીમને રાજાએ આપ્યા તે સારાહનું નિર્દોષપણું જાહેર કરવાને માટે હતું. કદાપિ રાજાએ દૃષ્ટિમાં પાપ કીધું તેના દંડ તરીકે આપ્યા હોય. પછી બેરશેબામાં અબીમેલેખ અને ઇબ્રાહીમ વચ્ચે કરાર થયો. આ કરાર તે પહેલામાં પહેલો કરાર છે કે જે વિષે નોંધ લેવામાં આવી છે (ઉત્પ. ૨૧; ૨૨-૩૪). (૨) ઇસ્હાકના વખતમાં ગરારનો રાજા હતો. આ અબીમેલેખ તે ઘણું કરીને ઉપરના ઇબ્રાહીમના વખતના અબીમેલેખનો દીકરો હશે. ઇસ્હાકે દુકાળને લીધે તેના દેશમાં આસરો લીધો હતો. આ વખતે ઇસ્હાકે પણ પોતાના પિતા ઇબ્રાહીમની માફક પોતાની સ્ત્રી રિબકાહ વિષે કર્યું હતું (ઉત્પ. ૨૬; ૧-૨૨) અને અબીમેલેખે તે વિષે ઇસ્હાકને ઠપકો દીધો. પછી ઇસ્હાક દેશમાં રહ્યો અને પાક પુષ્કળ થયો તેથી પલિસ્તીઓ અદેખાઇ કરવા લાગ્યા, અને દેશમાંથી તેને કાઢયો તેથી ઇસ્હાક ગરારના નીચાણમાં ગયો અને પોતાના પિતાના વખતમાં જે કુવા ખોદાવ્યા હતા તે ફરીને ઉઘાડયા. (૩) ગિદઓનનો પુત્ર (ન્યાયા. ૯; ૧) હતો. પોતાના પિતાના મરણ પછી પોતાને રાજા જાહેર કીધો (ન્યાયા. ૮; ૩૩: ૯; ૬). તેનું પોતાનું પહેલામાં પહેલું કામ તે એ હતું કે પોતાના સિત્તેર ભાઇઓને 'એક પત્થર' પર ઓફ્રાહ આગળ મારી નાખ્યા. કેવળ યોથામ નામનો એક નાનો દીકરો નાસીને બચાવ પામ્યો. અબીમેલેખ લોભી અને પ્રજાની સાથે હમેશાં લડાઇમાં ઉતરતો હતો. જ્યારે તેણે તેબેસ સામે છાવણી કરી હતી અને લોકો કિલ્લામાં ભરાઇ ગયા હતા ત્યારે અબીમેલેખ છેક કિલ્લાના બારણા આગળ ધસી ગયો અને તે વખતે કિલ્લા

ઉપરથી એક સ્ત્રીએ ઘંટીનું ઉપલું પડ તેના માથા પર નાંખીને તેને મારી નાખ્યો અને એ પ્રમાણે પોતાના ભાઇઓની હત્યાનો બદલો દેવે તેને આપ્યો (ન્યાયા. ૯; ૫૪-૫૭. સરખાવો ૨ શમૂ. ૧૧; ૨૧). (૪) દાઉદના વખતમાં અબ્યાથાર નામનો મુખ્ય યાજક હતો તેનો પુત્ર (૧ કાળ. ૧૮; ૧૬). ૨ શમૂ. ૮; ૧૭ માં તેને અબીમેલેખ કહે છે. (૫) ગાથના રાજા આખીશને ગીત ૩૪ના મથાળામાં અબીમેલેખ નામ આપ્યું છે (૧ શમૂ. ૨૧; ૧૦-૧૫).

અબીયામ = સમુદ્રનો પિતા. રાજાઓના પુસ્તકમાં યહુદાહના રાજા તરીકે તેનું નામ આવે છે જેને અબીયાહ કહે છે (૧ કાળ. ૩; ૧૦). જુઓ અબીયાહ (૫).

અબીયાહ = યહોવાહનો ભક્ત. (બાપ). (૧) બિન્યામીની બેખેરનો પુત્ર (૧ કાળ. ૭; ૮). (૨) (૧ કાળ. ૨; ૨૪). (૩) શમૂએલનો બીજો પુત્ર (૧ શમૂ. ૮; ૨. ૧ કાળ. ૬; ૧૨) હતો. તેની ચાલચલગત તેના બીજા ભાઇઓના જેવી સારી ન હતી. તેઓ બેરશેબામાં ન્યાયાધીશ હતા. (૪) હારૂનના પુત્ર એલઆઝારના વંશનો એક માણસ હતો. દાઉદે જે વારાટોળીઓ ઠરાવી હતી તેમાંની ચોવીસ વારાટોળીઓમાંનો એક મુખ્ય હતો (૧ કાળ. ૨૪; ૧૦). જે યાજકો બંદિપ્રવાસથી પાછા ફર્યા તેમાંનો અબીયાહ ન હતો (એઝ. ૨; ૩૬-૩૯. નહે. ૭; ૩૯-૪૨: ૧૨; ૧). (૫) રહાબઆમનો પુત્ર જે તેની પછી ગાદીએ બેઠો (૧ કાળ. ૩; ૧૦). તેને અબીયામ પણ કહે છે (૧ રાજા. ૧૪; ૩૧: ૧૫; ૧-૮). તેણે યરૂશાલેમમાં ત્રણ વર્ષ રાજ્ય કર્યું; તેની માનું નામ મીખાયાહ હતું જે ગિબઆહના ઉરીએલની પુત્રી હતી. યરોબઆમ રાજાને અરાઢમે વર્ષે તે યહુદાહપર રાજ્ય કરવા લાગ્યો. તેને યરોબઆમ સાથે લડાઇ જાગી; બન્નેની વચ્ચે ભારે લડાઇ થઇ; લડાઇ થવા પહેલાં અબીયાહે યરોબઆમ તથા સર્વ ઇસ્રાએલની આગળ જે ભાષણ આપ્યું તે ૨ કાળ. ૧૩; ૫-૧૨ માં આપવામાં આવ્યું છે. આ લડાઇમાં ઇસ્રાએલના પાંચ લાખ પુરૂષો કપાઇ મુઆ. તેના વિષે લખવામાં આવ્યું છે કે તે પોતાના બાપના પાપમાં ચાલ્યો (૧ રાજા. ૧૫; ૩. ૨ કાળ. ૧૩; ૨૦-૨૨). ૧ રા. ૧૫; ૨ માં વાંચીએ છીએ કે તેની માનું નામ "માઅખાહ એ અબીશાલોમની દીકરી હતી,' પણ ૨ કાળ. ૧૩; ૨ માં લખ્યું છે કે તેની માનું નામ "મીખાયાહ જે ગિબઆહના ઉરીએલની દીકરી હતી." હવે તેનો ખુલાસો એવો કરવામાં આવે છે કે મીખાયાહ નામનું રૂપાંતર માઅખાહ થએલું છે, અને અબીશાલોમ તે આબ્શાલોમ છે. અને એમ હોય કે ગિબઆહના ઉરીએલે આબ્શાલોમની દીકરી તામાર સાથે લગ્ન કર્યું હોય (૨ શમૂ. ૧૪; ૨૭) અને તેથી માઅખાહ થઇ. અને એ પ્રમાણે ૧ રા. ૧૫; ૨ માં દીકરી શબ્દમાં કેટલીક બીજી જગ્યાઓની માફક આપણે દીકરી નહિ પણ દીકરીની દીકરી સમજવું. (૬) ઇસ્રાએલનો પહેલો રાજા. તેના બાપનું નામ યરોબઆમ હતું. જ્યારે અબીયાહ માંદો પડ્યો ત્યારે તેના બાપે પોતાની સ્ત્રીને વેશ બદલાવીને શીલોહમાં અહીયાહ ભવિષ્યવાદીની પાસે મોકલી હતી. ભવિષ્યવાદી વૃદ્ધાવસ્થાને લીધે બરાબર જોઇ શકતો ન હતો. યરોબઆમની રાણી તેની પાસે આવી તે પહેલાં પરમેશ્વરે ભવિષ્યવાદીને બધી ખબર આપી. તેથી સ્ત્રી ભવિષ્યવાદી પાસે આવી ત્યારે ભવિષ્યવાદીએ જણાવ્યું કે, "હું યરોબઆમના ઘર પર આપત્તિ લાવીશ," ને તું પાછી ફરીને નગરમાં પગ મૂકશે કે બાળક મરણ પામશે, અને "સર્વ ઇસ્રાએલ તેને સારૂ શોક કરશે" (૧ રા. ૧૪; ૧-૧૮). (૭) ઝખાર્યાહની પુત્રી (૨ કાળ. ૨૯; ૧. યશા. ૮; ૨) અને હીઝકીયાહની મા થાય. તે આગળ જતાં આહાઝની સ્ત્રી થઇ. તેણીને (૨ રા. ૧૮; ૨) અબી પણ કહે છે. (૮) નહેમ્યાહના વખતમાં એક યાજક હતો

કે જેણે મુદ્રા પર સહી કરી હતી (નહે. ૧૦; ૭: ૧૨; ૪).

અબીરામ = મગરૂર. (૧) અલીઆબના પુત્રોમાંનો એક હતો. તેણે મુસા તથા હારૂનની વિરૂદ્ધ કોરાહ તથા દાથાનની સાથે બંડ કર્યું. તેથી પૃથ્વી પોતાનું મુખ ઉઘાડી તેમને તથા તેમના ઘરખટલાને ગળી ગઇ (ગણ. ૧૬; ૧-૨૭: ૨૬; ૯. ગીત. ૧૦૬; ૧૭). (૨) બેથેલી હીએલનો જયેષ્ઠ પુત્ર હતો. તેનો ભોગ આપીને તેના પિતાએ યરેખોનો પાયો નાખ્યો (૧ રાજા. ૧૬; ૩૪), અને એમ યહો. ૬; ૨૬ માં લખેલી વાત પુરી પડી. (જુઓ યરેખો).

અબીશાગ-શૂનામ્મી = આપેલો, શકમય. શૂનેમની એક સ્ત્રી હતી. સુંદરતામાં તે પ્રસિદ્ધ હતી. દાઉદની વૃદ્ધાવસ્થામાં તેની સેવા કરવાને આ સુંદર કાંતિની કુમારિકાને રાખવામાં આવી હતી. તે પછી દાઉદની સ્ત્રી થઇ (૧ રાજા. ૧; ૩, ૪, ૧૫). દાઉદના મરણ પછી સુલેમાનની મા બાથ-શેબા પાસે અદોનીયાહે અબીશાગની સાથે પરણવાને માગણી કરી ને તે રાજા સુલેમાનની પરવાનગી અપાવે. પણ સુલેમાને તે વાત માની નહિ, પણ તેથી ઉલટું તેને યહોયાદાના દીકરા બનાયાહને હુકમ કર્યો કે તેને મારી નાખ, ને તેણે તેના પર તુટી પડી તેને મારી નાખ્યો (૧ રાજા. ૨; ૧૭-૨૫).

અબીશાય = બક્ષિસનો બાપ. આ બહાદુર પુરૂષ દાઉદની બહેન સરૂયાહનો જેષ્ઠ પુત્ર અને આબ્શાય તથા યોઆબનો ભાઇ થાય (૨ શમૂ. ૨; ૧૮. ૧ કાળ. ૨; ૧૬). આ ત્રણે ભાઇઓ પોતાના મામા દાઉદની બારવટીઆ સ્થિતિમાં તેની સાથે સંપીલા હતા. પલિસ્તીઓએ જ્યારે બેથલેહેમમાં થાણું કર્યું હતું ત્યારે જે ત્રણ યોદ્ધાઓ છાવણીમાંથી પસાર થઇ દાઉદને માટે પાણી લાવ્યા હતા તેમાંનો એક અબીશાય હતો. આ વખતે તેણે ઘણી બહાદુરી કરી હતી; એટલે ૩૦૦ માણસોને પોતાના ભાલાએ વિંધી નાખ્યા હતા; એ કારણ માટે તેને નાયકની જગ્યા આપવામાં આવી હતી (૨ શમૂ. ૨૩; ૧૮). એક વખતે શાઉલ ગાડાંના બનાવેલા કોટની અંદર સુતો હતો, ત્યારે દાઉદ છાવણીમાં ગયો અને શાઉલનો ભાલો તથા ચંબુ ત્યાંથી લઇ આવ્યો. આ વખતે અબીશાય પોતાના જીવને જોખમમાં નાખીને દાઉદ સાથે છાવણીમાં ગયો હતો અને શાઉલને મારી નાખવાને દાઉદની તેણે રજા માગી હતી (૧ શમૂ. ૨૬; ૧-૧૨). એક વખતે પલિસ્તીઓ ઇસ્રાએલ સામે લડતા હતા ત્યારે અબીશાયે એક પલિસ્તી વીરપુત્ર યિસ્બીબનોબ જે ઘણો પ્રસિદ્ધ શૂરવીર હતો, અને તેણે દાઉદને મારવાનો વિચાર કીધો, માટે અબીશાયે તેને કાપી નાખ્યો (૨ શમૂ. ૨૧; ૧૫-૧૭) હતો. અબીશાય (૧ શમૂ. ૨૬; ૬-૯. ૨ શમૂ. ૨; ૧૮, ૨૪: ૩; ૩૦: ૧૦; ૧૦, ૧૪: ૧૬; ૯: ૧૮; ૨, ૫: ૧૯; ૨૧: ૨૦; ૬, ૧૦: ૨૧; ૧૭: ૨૩; ૧૮. ૧ કાળ. ૨; ૧૬: ૧૮; ૧૨: ૧૯; ૧૧).

અબીશાલોમ = શાંતિનો પિતા. અબીશાલોમ આ નામ દાઉદના ત્રીજા પુત્ર આબ્શાલોમનું રૂપાંતર થએલ નામ છે (૧ રાજા. ૧૫; ૨, ૧૦. સરખાવો ૨ કાળ. ૧૧; ૨૦). જુઓ આબ્શાલોમ.

અબીશૂર = કડિયા કે ભિંતનો બાપ. યહુદાહ પુત્રોમાંના શામ્માયના બે પુત્રોમાંનો આ એક હતો (૧ કાળ. ૨; ૨૮, ૨૯).

અબીહાઇલ = બળનો પિતા. (૧) મરારીનાં કુટુંબોના બાપોનાં ઘરોનો અધિપતિ સૂરીએલ હતો તેનો પિતા (ગણ. ૩; ૩૫). (૨) (૧ કાળ. ૨; ૨૯). અબીશૂરની સ્ત્રી. (૩) (૧ કાળ. ૫; ૧૪). ગાદપુત્રોમાંનો એક. (૪) રાજા રહાબઆમની બીજી સ્ત્રી જે દાઉદના મોટા ભાઇ એલીઆબના વંશની હતી (૨ કાળ. ૧૧; ૧૮). (૫) અબીહાઇલ જે એસ્તેરનો પિતા અને મોર્દખાયનો કાકો (એસ્તે. ૨; ૧૫).

અબીહુ—તેનો પિતા=દેવનો પુજારી. હારૂનના પુત્રોમાંનો બીજો પુત્ર હતો (નિર્ગ. ૬; ૨૩. ગણ. ૩; ૨: ૨૬; ૬૦. ૧ કાળ. ૬; ૩). પોતાના ભાઇઓની સાથે યાજક પદનું તેને તેડું થયું (નિર્ગ. ૨૮; ૧). મુસાની સાથે પર્વત ઉપર પોતાના પિતા તથા વડીલ ભાઇ અને સિત્તેર વડીલો સાથે ગયો હતો (નિર્ગ. ૨૪; ૧, ૯). એક વખતે તેણે પોતાના ભાઇ નાદાબ સાથે પારકો અગ્નિ લઇ યહોવાહ આગળ ધૂપ ચઢાવ્યો. તેથી કરીને તેઓ છાવણીની બહાર માર્યા ગયા અને અસન્તાન રહ્યા (લેવી. ૧૦; ૧–૧૧. તેની સાથે સરખાવો ગણ. ૩; ૪: ૨૬; ૬૧. ૧ કાળ. ૨૪; ૨).

અબીહૂદ=કીર્ત્તિનો બાપ. (૧) બિન્યામીનના પુત્ર બેલાના પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૮; ૩). કલમ ૭ માં તેને અહીહૂદ કહે છે. (૨) એલિયાકીમનો પિતા જે ઝરૂબ્બાબેલના વંશનો હતો (માત્થી ૧; ૧૩). લુક ૩; ૨૬ માં તેને યોદા કહે છે. અને ૧ કાળ. ૩; ૨૧ માં ઓબાધાહ કહે છે.

અબેદ-નગો = નગો (= નબો) નો ચાકર. દાનીએલના ત્રણ સાથીઓમાંનો એક જે અઝાર્યાહ હતો તેનું ખાલ્દી નામ અબેદ-નગો હતું. શાદ્રાખ તથા મેશાખની સાથે તેને પણ પરમેશ્વરે અગ્નિથી બચાવ્યો હતો (દાની. ૨; ૪૯: ૩; ૧૨-૩૦. અને ૧; ૭).

અમામ=રાજધાની (?). અદોમની સરહદની ગમ યહુદાહપુત્રોના કુળનાં છેવાડાં નગરોમાંનું એક હતું (યહો. ૧૫; ૨૬).

અમાર્યાહ=યહોવાહે કહ્યું. (૧) હારૂનના પુત્ર એલઆઝારના વંશનો આ માણસ હતો (૧ કાળ. ૬; ૭, ૫૨). તે ઘણું કરીને એલાઝાર વંશના મુખ્ય યાજકોમાંનો છેલ્લો હતો. (૨) મુસાની પેઢીમાં હેબ્રોનપુત્રોમાંનો એક લેવી (૧ કાળ. ૨૩; ૧૯: ૨૪; ૨૩). (૩) યહુદાહના રાજા યહોશાફાટે જે ધર્મસુધારો કર્યો તેમાં આ મુખ્ય યાજક હતો અને આગળ પડતો ભાગ લીધો હતો (૨ કાળ. ૧૯; ૧૧). ઘણું કરીને આજ માણસ વિષે ૧ કાળ. ૬; ૯ માં વાત આવે છે. (૪) હિઝકીયાહના વખતમાં મુખ્ય યાજકોમાંનો એક હતો (૨ કાળ. ૩૧; ૧૫). (૫) (૧ કાળ. ૬; ૧૧. એઝ. ૭; ૩). (૬) (સફ. ૧; ૧). (૭) (નહે. ૧૧; ૪). (૮) (નહે. ૧૦; ૩). (૯) (એઝ. ૧૦; ૪૨).

અમાલેક=નીચ પ્રદેશનો રહેનાર. એસાવના પુત્ર અલીફાઝનો પુત્ર (ઉત્પ. ૩૬; ૧૨. અને ૧ કાળ. ૧; ૩૬). આ અમાલેક તે અદુમીઓનો મુખ્ય પુરૂષ હતો (ઉત્પ. ૩૬; ૧૬). તેની મા તે હોરી હતી.

અમાલેકીઓ = આ કોમ મૃત સમુદ્ર અને લાલ સમુદ્રની વચ્ચે આવેલ અરબસ્થાનના એક ભાગમાં રહેતી હતી. તેઓ તો ઉપરના અમાલેકના વંશજો નથી, કેમકે તેઓ તો ઇબ્રાહીમના જમાનામાં હતા (ઉત્પ. ૧૪; ૭). એટલે એસાવના પૌત્ર અમાલેકનાની પૂર્વે ૨૦૦ વર્ષથી તેઓની વાત તો આવે છે. આ કોમનો પૂર્વજ કોણ હતો તે નક્કી ઠરાવી શકાય તેમ નથી. પણ ઘણું કરીને આ કોમ ઇરાની અખાત પરથી નીકળીને અરબસ્તાનમાં આવી વસેલી હશે. "નેગેબ પ્રાંતમાં અમાલેકીઓ રહે છે, હવીલાહથી તે મિસર સામેના સૂર સુધી." અમાલેકીઓને શાઉલે માર્યા (ગણ. ૧૩; ૨૯. ૧ શમૂ. ૧૫; ૭). બીજી કોમોની માફક આ કોમ કોઇ અમૂક ઠેકાણે વાસો કરીને રહેતી નહિ, પણ દરેક મોસમમાં તંબુઓમાં રહેતી અને આમતેમ રખડ્યા કરતી હતી. લડાઇના વખતમાં અમૂક ફોજ તૈયાર કરીને તેઓ લડવાને મોકલતા નહિ, પણ નાનાં મોટાં, બાયડી છોકરાં, બધાં લડાઇમાં તીડોની માફક તુટી પડતાં હતાં (ન્યાયા. ૬; ૩-૫). તેમના રાજાને હમેશાં અગાગ નામ આપતા હતા (ગણ. ૨૪; ૭. ૧ શમૂ. ૧૫; ૮). ઇસ્રાએલીઓ

જ્યારે કનાનમાં જતા હતા ત્યારે આ લોકોએ પોતાની સરહદમાં થઇને તેમને જતાં અટકાવ્યા હતા (પુન. ૨૫; ૧૮). વળી રફીદીમમાં તેઓએ ઇસ્રાએલની સાથે યુદ્ધ કીધું (નિર્ગ. ૧૭; ૮-૧૩. સરખાવો પુન. ૨૫; ૧૭. ૧ શમૂ. ૧૫; ૨). ત્યાર પછી તેઓએ ઇસ્રાએલીઓ ઉપર હોર્માહ આગળ ચઢાઇ કરી (ગણુ. ૧૪; ૪૫). વળી આપણે વાંચીએ છીએ કે તેઓ મિધાનીઓ તથા મોઆબીઓ સાથે સંપ કરી ઇસ્રાએલીઓની સામે લડતા હતા (ન્યાયા. ૩; ૧૩ : ૬; ૩). શાઉલે તેમની સત્તા તથા તેમના દેશનો નાશ કીધો (૧ શમૂ. ૧૪; ૪૮ : ૧૫; ૩). ત્યાર પછી તેઓ ઇસ્રાએલના શત્રુ તરીકે નાબુદ થયા તોપણ દાઉદના વખતમાં એકવાર ફરી ચઢી આવ્યા હતા, પણ દાઉદે તેમની પાછળ પડી બધી લૂટ પાછી મેળવી હતી (૧ શમૂ. ૩૦; ૧૯, ૨૦). તેઓ ઇસ્રાએલની સામે લડ્યા (નિર્ગ ૧૭; ૮-૧૩). તેમના નાશ વિષે ભવિષ્ય (નિર્ગ. ૧૭; ૧૪-૧૬. ગણુ. ૨૪; ૨૦). તેમને આપેલી તાકીદ (પુન. ૨૫; ૧૭-૧૯. ગણુ. ૧૩; ૨૯ : ૨૪; ૨૫, ૪૩-૪૫. ન્યાયા. ૩; ૧૩ : ૫; ૧૪). ગિદઓને હરાવ્યા (ન્યાયા. ૬; ૩, ૩૩ : ૭; ૧૨-૧૦; ૧૨ : ૧૨; ૧૫). શાઉલે હરાવ્યા ૧ શમૂ. ૧૪; ૪૮ : ૧૫). દાઉદે હરાવ્યા (૧ શમૂ. ૨૭; ૮ : ૩૦; ૧-૧૮. ૨ શમૂ. ૮; ૧૨. ૧ કાળ. ૧૮; ૧૧). શિમઓનીઓએ હરાવ્યા (૧ કાળ. ૪; ૪૩. ઉત્પ. ૧૪; ૭. ૧ શમૂ. ૨૮; ૧૮. ૨ શમૂ. ૧; ૧, ૮, ૧૩. ગીત. ૮૩; ૭).

અમાસ્સાય = બોજારૂપ. અઝારએલનો પુત્ર જેને નહેમ્યાહે મંદિરના કામમાં દાખલ કર્યો હતો (નહે. ૧૧; ૧૩).

અમાસ્યાહ=યહોવાહનો બોજો (=થી પળાતો). (૧) આ નામનો એક લેવી ઝિખ્રીનો પુત્ર જે રાજીખુશીથી યહોવાહને અર્પણ થયો હતો. રાજા યહોશાફાટના વખતમાં તેની સાથે બે લાખ પરાક્રમી શૂરવીરો હતા (૨ કાળ. ૧૭; ૧૬. સરખાવો ન્યાયા. ૫; ૨૯). (૨) આ નામનો એક લેવી હતો તેના બાપનું નામ હિલ્કીયાહ હતું, જે મરારી વંશનો હતો (૧ કાળ. ૬; ૪૫). (૩) યહુદાહના રાજા યોઆશનો પુત્ર કે જે તેની પછી યહુદાહની ગાદીએ બેઠો. યહુદાહની ગાદી ઉપર તે આઠમો રાજા હતો (૨ રા. ૧૪; ૧-૪). ગાદીએ બેઠા પછી પોતાના પિતા રાજાને મારી નાંખનર પોતાના ચાકરોને મારી નાંખ્યા (૨ રા. ૧૪; ૫-૭. ૨ કાળ. ૨૫; ૩-૫). તેણે અદોમીઓની સામે લડાઇ કરવાને ૧,૦૦,૦૦૦ ઇસ્રાએલીઓને પગારે રાખ્યા, એવું કામ પહેલાં કોઇએ કીધું ન હતું (૨ કાળ. ૨૫; ૫, ૬). એ કામ સંબંધી પરમેશ્વર નારાજ હતો તેથી એક ઇશ્વરભક્તે રાજાને આવીને તેમને પાછા મોકલવાની સલાહ આપી. તે માની ઇસ્રાએલી સૈન્ય પાછું મોકલ્યું (૨ કાળ. ૨૫; ૧૪-૧૬). અદોમીઓની જે મૂર્તિઓ અમાસ્યાહ લાવ્યો હતો તેની પૂજા કરવા લાગ્યો, અને આથી કરીને તેણે પોતાનો નાશ કીધો. અદોમીઓ પર જીત મેળવતાં અમાસ્યાહ ફુલી ગયો અને ઇસ્રાએલના રાજા યહોઆશ સાથે લડાઇમાં ઉતર્યો. આ વખતે તે હારી ગયો. પછી રાજા સામે યરૂશાલેમના લોકોએ દંગો કર્યો ત્યારે પોતે લાખીશ નાસી ગયો. પણ ત્યાં તેને મારી નાંખ્યો અને તેના શબને ઘોડા પર નાંખીને યરૂશાલેમમાં આણ્યું અને ત્યાં રાજપકબરસ્તાનમાં તેને દફનાવ્યો (૨ રા. ૧૪; ૮-૧૪, ૧૯, ૨૦. ૨ કાળ. ૨૫; ૨૭, ૨૮). (૪) બેથેલમાં સોનાના વાછરડાનો એક પુજારી આ નામનો હતો (આમો. ૭; ૧૦-૧૭). (૫) શિમઓની યોશાહનો પિતા આ નામનો રાજા હિઝકીયાહના દિવસોમાં હતો (૧ કાળ. ૪; ૩૪).

અમાસા = બોજો. (૧) દાઉદ રાજાની બહેન અબીગાઇલનો પુત્ર, જેને દાઉદે યોઆબની જગ્યા પર તેને સેનાપતિ નીમ્યો હતો

(૧ કાળ. ૨; ૧૭. ૨ શમૂ. ૧૭; ૨૫:૧૯; ૧૩. ૧ રા. ૨; ૫). પણ ત્યાર પછી યોઆબે કપટથી અમાસાને તરવાર ભોંકીને મારી નાખ્યો (૨ શમૂ. ૨૦; ૪-૧૨). (૨) રાજા આહાઝના વખતમાં એફ્રાઇમપુત્રોનો આ પુરૂષ મુખ્ય હતો, તેના બાપનું નામ હાદ્લાઇ હતું (૨ કાળ. ૨૮; ૧૨).

અમાસાય = બોજારૂપ. (૧) આ નામનો એક લેવી હતો, તેના પિતાનું નામ એલ્કાનાહ હતું (૧ કાળ. ૬; ૨૫, ૩૫). (૨) એક ટોળીનો આગેવાન હતો જે દાઉદને ઘણું કરીને અદુલ્લામની ગુફામાં આવીને મળ્યો (૧ કાળ. ૧૨; ૧૮). (૩) જ્યારે કરારકોષ ઓબેદ-અદોમના ઘરમાંથી લાવતા હતા ત્યારે કરારકોષની આગળ જે યાજકો રણશિંગડાં વગાડતા હતા તેમાંનો આ એક હતો (૧ કાળ. ૧૫; ૨૪). (૪) રાજા હિઝકીયાહના વખતમાં મંદિરને સ્વચ્છ કરવાને આ લેવી કહાથીએ આગળપડતો ભાગ લીધો હતો (૨ કાળ. ૨૯; ૧૨).

અમિત્તાય = સાચો. યૂના ભવિષ્યવાદીનો પિતા (૨ રા. ૧૪; ૨૫. યૂના ૧; ૧).

અમીજાબાદ = મારા લોકે ભેટ આપી. દાઉદના ત્રીસ યોદ્ધાઓમાંનો એક જે હતો તેનો પુત્ર (૧ કાળ. ૨૭; ૬).

અમોર = ગધેડો. જેને પ્રે. કૃ. ૭; ૧૬ માં માઅમોર કહે છે તેને ઉત્પ. ૩૩; ૧૯ માં હમોર કહે છે, જેની પાસેથી યાકુબે ૧૦૦ રૂપીએ જમીનનો એક ટુકડો વેચાતો લીધો હતો, અને જેમાં યુસફને દફનાવ્યો હતો. (જુઓ હમોર).

અમોરી = પહાડી પ્રદેશમાં વસનાર. કનાનના પુત્રોમાંના એકના વંશજોને અમોરીઓ કહે છે (ઉત્પ. ૧૪; ૭). જે કોમોનો દેશ ઇબ્રાહીમનાં સંતાનને પરમેશ્વરે આપવાનું વચન આપ્યું તેમાંની એક કોમને આ નામ આપવામાં આવ્યું છે (ઉત્પ. ૧૫; ૨૧). લડાઇમાં જે ત્રણ જણે ઇબ્રાહીમની સાથે સંપ કરી મદદ કરી તેઓ અમોરી હતા (ઉત્પ. ૧૪; ૧૩, ૨૪). યહુદાહના પહાડી પ્રદેશના દક્ષિણ ઢોળાવને અમોરીઓનો પહાડી મુલક કહે છે (પુન. ૧; ૭: ૧૯; ૨૦). તેઓએ પુરાતન વખતમાં મૃત સમુદ્રની પશ્ચિમથી તે હેબ્રોન સુધીનો કબજો લીધો હતો (ઉત્પ. ૧૪; ૭ની સાથે ૧૩; ૮. પુન. ૩; ૮: ૪; ૪૮ સરખાવો). એટલે આખું ગિલ્આદ તથા આખું બાશાન (પુન ૩; ૧૦). અને યરદન નદીનો પૂર્વ પ્રદેશ જેમાં અમોરીઓના બે રાજાઓ સીહોન તથા ઓગ રહેતા હતા (પુન. ૩૧; ૪. યહો. ૨; ૧૦: ૯; ૧૦), અમોરીઓના પાંચ રાજાને યહોશુઆએ સખત હાર ખવાડી (યહો. ૧૦; ૧૦). જે વખતે યહોવાહ યહોશુઆના પક્ષનો થઇને લડયો. વળી મેરોમ સરોવરની પાસે ફરીને યહેશુઆએ તેમને હરાવીને સંહાર કીધો. તેમના ઘોડાઓની જાંગની નસો કાપી લીધી અને તેઓના રથ અગ્નિથી બાળી નાંખ્યા (યહો. ૧૧; ૮). શમૂએલના દિવસોમાં ઇસ્રાએલ સાથે આ કોમને સલાહ હતી એમ વાંચીએ છીએ (૧ શમૂ. ૭; ૧૪). પુન. ૧; ૪૪ અને ગણ. ૧૪; ૪૫ આ બંને કલમોમાં અમોરી અને અમાલેકી બંને નામ કનાનીને બદલે લાક્ષણિક રીતે લખવામાં આવ્યાં છે; અને એજ પ્રમાણે હિવ્વી ને અમોરી પણ લખવામાં આવ્યું છે (સરખાવો ઉત્પ. ૩૪; ૨:૪૮; ૨૨. યહો. ૧૦; ૬: ૧૧; ૧૯. ને ૨ શમૂ. ૨૧; ૨. સાથે). અને વળી ગણ. ૧૪; ૪૫ સાથે પુન. ૧; ૪૪. એ પરથી જણાય છે કે આ નામ તે કાઇ બીજી દેશજાતિનું નામ નથી, પણ આ પ્રસિદ્ધ અને સત્તાયુક્ત કોમનું નામ બીજી કોમોને પણ કોઇ કોઇ વખત આપવામાં આવ્યું છે. અમોરી પહાડોમાં રહેનારી અને લડવામાં બહાદુર કોમ હતી. અમોરીઓની ભાષાનો એક શબ્દ શાસ્ત્રમાં આવે છે એટલે હેર્મોનને તેઓ 'સનીર' કહેતા હતા (પુન. ૩; ૯). અમોરી—(ઉત્પ. ૧૦; ૧૬: ૧૪; ૭, ૧૩: ૧૫; ૧૬, ૨૧:

૪૮; ૨૨. નિર્ગ. ૩; ૮, ૧૭: ૧૩; ૫: ૨૩; ૨૩: ૩૩; ૨: ૩૪; ૧૧. ગણું. ૧૩; ૨૯). ઇસ્રાએલીઓએ તેમનો બધો કબજો લઇ લીધો (ગણુ. ૨૧; ૧૩-૩૪: ૨૨; ૨: ૩૨; ૩૩, ૩૯. પુન. ૧; ૪-૪૪: ૨; ૨૪: ૩; ૨, ૮, ૯: ૪; ૪૬, ૪૭: ૭; ૧: ૨૦; ૧૭: ૩૧; ૪. યહો. ૨; ૧૦: ૩; ૧૦: ૫; ૧: ૭; ૭: ૯; ૧, ૧૦). તેમના પાંચ રાજા (યહો. ૧૦; ૫-૧૨: ૧૧; ૩: ૧૨; ૨-૮: ૧૩; ૪, ૧૦, ૨૧: ૨૪; ૮-૧૮. ન્યા. ૧; ૩૪-૩૬: ૩; ૫: ૬; ૧૦: ૮; ૧૧: ૧૧; ૧૯-૨૩. ૧ શમૂ. ૭; ૧૪. ૨ શમૂ. ૨૧; ૨. ૧ રાજા. ૪; ૧૯: ૯; ૨૦: ૨૧; ૨૬. ૨ રાજા. ૨૧; ૧૧. ૧ કાળ. ૧; ૧૪. ૨ કાળ. ૮; ૭. એઝ. ૯; ૧. નહે. ૯; ૮. ગીત. ૧૩૫; ૧૧: ૧૩૬; ૧૯. હઝ. ૧૬; ૩, ૪૫. આમો. ૨; ૯, ૧૦).

અયૂબ = સતાવણી પામેલ. તે એક અરબસ્તાનનો ધર્મપિતૃ હતો. તે પાલેસ્ટાઇનની પૂર્વે અને અદુમની ઉત્તરે આવેલા ઉસ દેશમાં રહેનાર હતો. આ પ્રભુભક્તનું વખાણ કરતાં પ્રભુ પોતેજ કહે છે કે "પૃથ્વી ઉપર તેના જેવો સંપૂર્ણ માણસ તથા પ્રમાણીક, દેવથી ડરનાર તથા દુષ્ટતાથી દૂર રહેનાર બીજો કોઇ પુરૂષ નથી" (અયૂ. ૧; ૮). એટલુંજ નહિ પણ તેની નેકી નુહ તથા દાનીએલની બરોબર ગણવામાં આવી છે (હઝ. ૧૪; ૧૪). તેનાં હાથોનાં કામને પ્રભુએ એવાં આશીર્વાદિત કીધાં કે દેશમાં તેની સંપત્તિ ઘણી વધી ગઇ હતી. જ્યારે શેતાન તેનામાં કંઇ પણ દોષ શોધી કાઢી શક્યો નહિ ત્યારે તેના ઉપર તહોમત મુકીને કહેવા લાગ્યો કે અયૂબ સ્વાર્થી માણસ છે ને સ્વાર્થને લીધે તે પરમેશ્વરની સેવા કરે છે. તેથી પરમેશ્વરે શેતાનને તેની પરીક્ષા કરવાની પરવાનગી આપી. અને શેતાને તેના ઉપર તથા તેની માલમીલકત ઉપર સખત માર લાવી તેની પરીક્ષા કીધી, જે વિષે અયૂબના પુસ્તકમાં લખવામાં આવ્યું છે. તો પણ તેણે તે સઘળું ધીરજથી સહન કીધું. અને એમ દુઃખસહન કરવા વિષે તથા ધીરજ રાખવા વિષે પરીક્ષણ પછી અયૂબ નમુનારૂપ થયો છે (યાકુ. ૫; ૧૧). પરીક્ષણ અને દુઃખોના હુમલાનો ભેદ શેતાન અને જગત જાણતું નથી. શાસ્ત્રમાં વાંચીએ છીએ કે "સુભક્તિ સઘળાને સારૂ ઉપયોગી છે. તેને હમણાંના તથા આવતા કાળના જીવનનું વચન છે" (૧ તીમો. ૪; ૮). "જેઓ ખ્રીસ્ત ઇસુમાં સુભક્તિથી ચાલવાને ચાહે છે તેઓ સઘળા સતાવણી પામશે" (૧ તીમો. ૩; ૧૨). અયૂબ તે કાંઇ કલ્પિત માણુસ છે એમ નહિ સમજવું. તે આદી પિત્રીઓના જમાનામાં સુભક્તિશિલ માણુસ હતો એવું તેના પુસ્તક પરથી સ્પષ્ટ દેખાઇ આવે છે. તોપણ આ પુસ્તક રચનારના જમાનાની કેટલીક સુચના જોવામાં આવે છે. તેની પરીક્ષા થયા પછી અયૂબ ૧૪૦ વર્ષ જીવ્યો, ને પોતાના પુત્રો તથા પૌત્રો હા, ચાર પેઢીઓ તેણે જોઇ. એમ અયૂબ સંપૂર્ણ વૃદ્ધ વયે મરણ પામ્યો (અયૂ. ૪૨; ૧૬). **અયૂબનું પુસ્તક**:—આ પુસ્તક કઇ સાલમાં રચવામાં આવ્યું હશે તે નક્કી થઇ શકે તેમ નથી, પણ એટલું તો નક્કી જણાય છે કે પુસ્તક જે જમાનામાં રચાયું અને અયૂબ જે જમાનામાં હૈયાત હતો તે બંનેની વચ્ચે ઘણો વખત ગયો છે. કેટલાક ધારે છે કે આ પુસ્તક મુસાના જમાનામાં રચાયું. બીજા કેટલાક કહે છે કે દાઉદના જમાનામાં કે સુલેમાનના જમાનામાં રચાયું હશે. પણ યશા. ૪૦-૬૬ (ઇ. સ. પૂ. ૫૮૬) ની સાથે સરખાવી જોઇએ તો તેની સાથે આ પુસ્તક ઘણી વાતે મળતું જણાય છે. એ પરથી જણાય છે કે જે વખતે યશા. અ. ૪૦-૬૬ રચવામાં આવ્યા તેજ પ્રસંગમાં કદાપિ આ પુસ્તક રચવામાં આવ્યું હોય, એટલે ઇ. સ. પૂ. ૫૮૬ પછી. આ પુસ્તકના કર્ત્તા વિષે પણ કશું નક્કી કહી શકાય તેમ નથી; કેટલાક કહે છે કે અયૂબ પોતેજ આ

પુસ્તકનો રચનાર છે. બીજા અલીહૂ, મુસા, સુલેમાન, યશાયાહ, હઝકીયાહ, યિર્મેયાહ કે તેના લહિયા બારૂખનું નામ આપે છે. જુના કરારમાં નનામાં પુસ્તકો ઘણાં સમાયલાં છે, કેમકે તેઓ બોધ આપવાને બહુ આવેશી હતા પણ નામના ભૂખ્યા ન હતા. જ્ઞાન વર્ગનાં જે પુસ્તકો કહેવાય છે તેમાં અયૂબનું પુસ્તક સમાયલું છે. એટલે અયૂબ, દૃષ્ટાંતવચન, સભાશિક્ષક અને હબાક્કૂક. એઓમાં કેટલીક ભેદીક બાબતોની ચરચા કરવામાં આવી છે. જેમકે, ન્યાયી તથા દયાળુ પ્રભુ શા માટે ન્યાયી માણસ પર દુઃખ આવવા દે છે? શા સારૂ દુષ્ટ માણસને એકદમ શિક્ષા કરતો નથી? વળી દુષ્ટ માણસ આબાદી ભોગવે છે અને ન્યાયી માણસ દુઃખમાં હોય છે તેનું શું કારણ? **પુસ્તકમાં સમાયલો બોધ:**—ઇશ્વર મનુષ્યનો શિક્ષક થઇ તર્ક વિદ્યાને ધોરણે શિક્ષણ આપે એમ તો નહિ, પણ સૃષ્ટિ ચલાવવા સંબંધી માણસના મનમાં ગુંચવણ અને ગભરાટ થાય ત્યારે વધારે જ્ઞાન પ્રકાશ આપીને આપણું મન શાંત કરે છે, અને મનના સઘળા વિચારોમાં અને વર્તણુકમાં પોતાનું પ્રકટીકરણ આપે છે. હા, પોતાની વાણી વંટોળીઆમાંથી પણ સંભળાવે છે. જો કે એવી વાણી સાંભળતાં સવાલનો જવાબ નહિ મળે તોપણ ઉત્પન્ન થએલો ગભરાટ દૂર થાય છે. ગુંચવણમાં પડેલા માણસને પ્રભુ એટલોજ જવાબ આપે છે કે, "હું છું, બીહો મા." જ્યારે આવી વાણી સાંભળીએ ત્યારે અવાચ્ય આનંદથી ભરપુર થઇએ છીએ એટલુંજ નહિ, પણ ગતકાળમાં પરમેશ્વર વિષે જે અણઘટતો વિચાર કીધો તેથી કંટાળો ઉપજે છે. એ પ્રમાણે જે તકરાર કે ગુંચવણનો જવાબ પ્રભુ આપે છે તે તર્કવિદ્યા પ્રમાણે નહિ પણ અંતઃકરણને લાગુ પડે એવો પ્રેમરૂપી જવાબ આપે છે. થોમાની વાતનો વિચાર કરો; તેનો ગભરાટ બંધ કરવાને ઇસુએ એવો જવાબ આપ્યો કે જે સાંભળીને થોમા બોલવા લાગ્યો કે, "મારા પ્રભુ ને મારા દેવ." **પુસ્તકનો સાર:**—૧-૨. અયૂબની વર્તણુક તથા શેતાનથી આવેલા દુઃખનું વર્ણન કરવામાં આવ્યું છે. ૩-૩૧. અયૂબના મિત્રો તેને જણાવે છે કે કેવળ અન્યાયી માણસ પર દુઃખ આવે છે. તારાં પાપને લીધે પ્રભુએ આ દુઃખ તારા પર મોકલ્યું છે માટે તું પસ્તાવો કર અને સુધર. તેમને અયૂબ જવાબ આપે છે કે ન્યાયી માણસ પર પણ દુઃખ આવે છે માટે તમારાં તહોમત ખોટાં છે. હું ન્યાયી છું કોણ જાણે પ્રભુ શા માટે મારા પર દુઃખ આવવા દે છે? ૩૨-૩૭. એલીહુ કહે છે કે ન્યાયી માણસ કંઇ ખાસ પાપમાં ન પડયો હોય તો પણ ઘણી વાર પ્રભુ પોતાની પ્રીતીને લીધે તેને વિશેષ શુદ્ધ કરવાને માટે તેના ઉપર દુઃખ આવવા દે છે. વળી અયૂબે પોતાને અતિ ન્યાયી ઠરાવ્યો હતો તેથી તેને ઠપકો આપતાં દેવની પ્રકૃતિ તથા વ્યવસ્થાના ધોરણ વિષે ભાષણ કરે છે. ૩૮-૪૧. આ છેલ્લા ભાગમાં પ્રભુનું ભાષણ આવે છે, તેમાં તે પોતાની વૃત્તિની રીત વિષે ખુલ્લાસો આપતો નથી પણ પોતાનું પરાક્રમ તથા જ્ઞાન કેટલું છે તે પ્રગટ કરે છે. અને છેલ્લા અધ્યાયમાં જણાવવામાં આવ્યું છે કે અયૂબે પોતાની અજ્ઞાનતા વિષે પસ્તાવો કર્યો ત્યાર બાદ પ્રભુએ ફરી એને આબાદાની બક્ષી.

અરબસ્તાન = જળ રહીત, સૂકું. આ વિશાળ દેશ એશિયા ખંડની નૈરૃત્ય કોણમાં ઇરાન દેશની પશ્ચિમ દિશામાં આવેલો છે. એની અને આફ્રિકાની વચ્ચે લાલ સમુદ્ર આવેલો છે. દેશની સિમા—પશ્ચિમે સુએઝની સામુદ્રધુની અને લાલ સમુદ્ર, પૂર્વે ઇરાની અખાત અને ફ્રાત નદી, ઉત્તરે સિરિયા અને મેસોપતામીઆ અને દક્ષિણે હિંદી મહાસાગર આવેલો છે. આ દેશની લંબાઇ ૧૫૦૦ માઇલ અને પહોળાઇ ૧૨૦૦ માઇલની છે. પુરાતન વખતથી દેશના ત્રણ

ભાગ પાડવામાં આવેલ છે. (૧) ફેલિક્ષ જેને સુખી અરબસ્તાન કહેતા હતા, કારણ કે આ પ્રાંત ઘણો ફળદ્રુપ હતો, તેને હાલ અરબસ્તાન કહે છે. અરબ લોક તેને યમન કહે છે. તે લાલ સમુદ્ર અને ઇરાની અખાતની વચ્ચે આવેલો છે. (૨) અરબસ્તાનનું રણ. આ વેરાન પ્રદેશ તે પૂર્વ ભાગમાં આવેલો છે. (૩) પેટ્રીઆ એટલે પહાડી. એ નામ આપવાનું કારણ એ છે કે આ ભાગમાં આવેલી જમીન પહાડી અને પથરાવાળી છે. અરબસ્તાનના ઉત્તર પશ્ચિમના મોટા ભાગને આ નામ આપવામાં આવ્યું છે. બીજા બધા ભાગો કરતાં મુસાફરો આ ભાગને ઘણી સારી રીતે જાણે છે. હાલના ભૂગોળ લખનાર અરબસ્તાનના બીજી રીતે ત્રણ ભાગ પાડે છે. (૧) અરબિયન દ્વીપકલ્પ. (૨) અરબસ્તાનનું રણ. (૩) પશ્ચિમ અરબસ્તાન. આ ત્રીજા ભાગમાં પેત્રાનું રણ અને સિનાઇ દ્વીપકલ્પનો સમાવેશ થાય છે. જ્યાં હોરી લોક પુરાતન વખતમાં રહેતા હતા (ઉત્પ. ૧૪) પણ ત્યાર પછી એસાવવંશી રહેતા, તે દેશને અદોમ કહે છે. આખા દેશમાં જુદી જુદી કોમો (ઉત્પ. ૧૦) જેવી કે ઇશ્માએલીઓ, અરબી, અદુમી, અને હોરી પુરાતન વખતમાં રહેતી હતી. પણ ત્યાર પછી તેઓ મિશ્ર થઇ અરબ નામથી ઓળખાવા લાગી. હાલની વસ્તી તે ઇશ્માએલી છે. ધર્મપિતૃ અયુબની જન્મભૂમિ આ દેશ હતી. હિંયાં મુસાએ બળતું ઝાડવું જોયું હતું અને પ્રભુની વાણી સાંભળી હતી. ઇસ્રાએલીઓ ૪૦ વર્ષ આ દેશમાં રખડયા હતા. સુલેમાન રાજાના વખતમાં આ દેશ સાથે વેપાર ચાલતો હતો (૧ રાજા. ૧૦; ૧૫. ૨ કાળ. ૯; ૧૪ : ૧૭; ૧૧). પચાસી પર્વે અરબસ્તાનના માણસો પણ યરૂશાલેમ આવ્યા હતા (પ્રે. કૃ. ૨; ૧૧). પાઉલ ખ્રીસ્તી થયા પછી આ દેશમાં થોડો વખત જઇ રહ્યો હતો (ગલા. ૧; ૧૭). આ દેશ વિષે ભવિષ્યવાદીઓ ઘણી વખતે પોતાના ભવિષ્યમાં બોલે છે (યશા. ૨૧; ૧૧ : ૪૨; ૧૧. યિર્મે. ૨૫; ૨૪. વિગેરે). આ દેશના લોકને અરબો કહે છે (૨ કાળ. ૧૭; ૧૧ : ૨૧; ૧૬ : ૨૨; ૧ : ૨૬; ૭. નહે. ૨; ૧૯ : ૪; ૭ : ૬; ૧. યશા. ૧૩; ૨૦. યિર્મે. ૩; ૨. પ્રે. કૃ. ૨; ૧૧).

અરા = સિંહ (?) (૧ કાળ. ૭; ૩૮).

અરાદ = જંગલી ગધેડું. (૧) આ કનાની શહેરને હાલ 'તેલ-અરાદ' કહે છે, જે હેબ્રોનની દક્ષિણે ૨૦ માઇલ ઉપર આવેલું છે. જ્યારે કનાની અરાદના રાજાએ ઇસ્રાએલપુત્રોના આવવા વિષે સાંભળ્યું ત્યારે તેણે ઇસ્રાએલ વિરૂદ્ધ લડાઇ કરી અને તેઓમાંના કેટલાકને પકડી કેદ કીધા (ગણ. ૨૧; ૧ : ૩૩; ૪૦. ન્યાયા. ૧; ૧૬). પણ ત્યાર પછી યહોશુઆએ તેમનો પુરો પરાજય કીધો (યહો. ૧૨; ૧૪). (૨) બિન્યામીની બરીઆહના પુત્રોમાંનો એક (૧ કાળ. ૮; ૧૫).

અરાન = જંગલી બકરો. સેઇર હોરીના વંશના એક પુરૂષને આ નામ આપવામાં આવ્યું છે (ઉત્પ. ૩૬; ૩૮).

અરાબ = શત્રુ પર હુમલો કરવાને ભરાઇ રહેવાની જગ્યા. યહુદાહના પહાડી પ્રદેશમાં આવેલું એક શહેર હતું જેને હાલ 'એર' કહે છે (યહો. ૧૫; ૫૨).

અરાબાહ = સપાટ. આ નામની એક અજાયબ જેવી ખીણ છે કે જેમાં યરદન નદી ગાલીલ સરોવરમાંથી વહીને મૃત સમુદ્રમાં પડે છે. તેને હાલ આરબ લોકો 'એલ-ઘોર' કહે છે. પણ આ નામ ઘણી વખતે મૃત સમુદ્રની દક્ષીણના પ્રદેશને પણ આપવામાં આવે છે. એટલે મૃત સમુદ્રથી તે લાલ સમુદ્ર પરના અકાબાહના અખાત સુધીનો નીચ પ્રદેશ. અરાબાહ (યહો. ૧૮; ૧૮. પુન. ૧; ૧ : ૨; ૮ : ૩; ૧૭ : ૪; ૪૯. યહો. ૩; ૧૬ : ૮; ૧૪ : ૧૧; ૨ : ૧૨; ૧, ૩. ૧ શમૂ. ૨૩; ૨૪. ૨ શમૂ. ૨; ૨૯ : ૪; ૭. ૨ રા. ૧૪; ૨૫ : ૨૫; ૪. યિર્મે. ૩૯; ૪ : ૫૨; ૭. પુન. ૧૧; ૩૦. હઝ. ૪૭; ૮).

અરામ = ઉંચ પ્રદેશ. શેમના પુત્રોમાંનો એક હતો (ઉત્પ. ૧૦; ૨૨). અને ઉત્પ. ૨૨; ૨૧ મુજબ નાહોરનો પૌત્ર થાય. માત્થી ૧; ૩, ૪. અને લુક ૩; ૩૩ માં તેને આરામ કહે છે. જે આમીનાદાબનો બાપ (૧ કાળ. ૨; ૧૦). અરામ, આ શબ્દનો અર્થ ઉંચ કે ઉંચ પ્રદેશ એવો થાય છે. અને પાલેસ્ટાઇનની ઇશાન દિશાનો ફ્રાત નદી સુધીનો ઉંચ પ્રદેશ આ નામથી ઓળખાય છે. કદાપિ શેમના પુત્ર અરામના વંશજો હિંઆ રહેતા હતા તેથી કે નહિ તો આ પ્રદેશ પહાડી અને ટેકરાવાળો હોવાથી તેનું નામ અરામ પડયું હશે. આ દેશનો વહેવાર સુરીઆ અને મેસોપતામિયા સાથે ચાલતો હતો (ઉત્પ. ૨૫; ૨૦ઃ ૩૧; ૨૦, ૨૪. પુન. ૨૬; ૫). અરામ કે સુરીયા તે એક ને એકજ છે. અરામનું મુખ્ય શહેર તે દમસ્કસ છે, ઇબ્રાહીમનો નોકર અલીએઝેર તે અહિંનો વતની હતો (ઉત્પ. ૧૫; ૨). આ શહેર તે વખતમાં ઘણુંએક નાનાં નાનાં અરામી કે સુરીઆનાં રાજ્યોનું રાજધાનીનું શહેર ગણાતું હતું. આ અરામ દેશની સીમા—ઉત્તરે તૌરસ પહાડ, પૂર્વે ફ્રાત નદી, દક્ષિણે પાલેસ્ટાઇન તથા અરબસ્તાન અને પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર. લીબાનસ અને આંટી લીબાનસ તેમાં આવેલા પહાડો છે. તાદમોર, હેલ્બોન, રીબ્લાહ, હમાથ, અંત્યોખ, અને સલુકીઆ તેનાં શહેરો છે. અરામી બાદશાહત ઇ. સ. પૂ. ૮૭૦-૭૫૦ સુધી હતી. રઝોન, બેનહદાદ પહેલો, બેનહદાદ બીજો, હઝાએલ બેનહદાદ ત્રીજો, અને રસીન આ રાજ્યના રાજા થયા. (સુરીઆનું હેબ્રી નામ અરામ છે). અરામી ભાષાના કેટલાક શબ્દ નવા કરારમાં આવે છે (માર્ક ૧૫; ૩૪. માત્થી ૨૭; ૪૬ : ૫; ૨૨. માર્ક ૭; ૩૪. ૧ કરીં. ૧૬; ૨૨ (= મારાનઆથા). આ દેશના લોકોને અરામીઓ કહે છે (૨ શમૂ. ૮; ૧૩). તેમની અને ઇસ્રાએલીઓની વચ્ચે ઘણી લડાઇઓ ચાલતી હતી (૧ રા. ૧૦; ૨૯ઃ ૧૧; ૨૫ : ૨૦; ૨૨. ૨ રા. ૬; ૨૪ઃ ૭; ૮-૧૩ : ૧૩; ૭ઃ ૧૬; ૯. ૨ કાળ. ૧૮ : ૨૪; ૨૩ : ૨૮; ૨૩. યશા. ૭; ૨. હઝ. ૨૭; ૧૬. હોશ. ૧૨; ૧૨. આમો. ૧; ૫). એમને સુવાર્ત્તા પ્રગટ થઇ. માત્થી ૪; ૨૪. પ્રે. કૃ. ૧૫; ૨૩ : ૧૮; ૧૮. ગલા. ૧; ૨૧. પણ ધીમે ધીમે તેમને આશ્શૂરીઓએ દબાવ્યા, ને તેઓ બાબેલના રાજાઓને તાબે થયા. પછી યુનાનીઓના અધીકાર નીચે તેઓ ગયા અને સીકંદર આવ્યો ને ત્યાર પછી બીજાં રાજ્યો તેની સાથે જોડી દઇને તેને સુરીઆ નામ આપ્યું.

અરામ-નાહરાઇમ = બે નદીઓ વચ્ચેનો અરામ (ઉત્પ. ૨૪; ૧૦). તૈગ્રીસ અને યુફ્રતીસ નદીના વચલા પ્રદેશને આ નામ આપવામાં આવેલ છે. તેને મેસોપતામીઆ અને અરામનું મેદાન એવાં નામ પણ આપવામાં આવે છે. આ દેશની લંબાઇ ૭૦૦ મૈલ અને પહોળાઇ ૨૦થી ૨૦૦ મૈલની છે. દક્ષિણ ગમ મોટું મેદાન છે જ્યાં અનાજ, ઘાસ અને બેસુમાર રંગબેરંગી ફૂલો થાય છે. મેદાન ઘણું સુંદર દેખાય છે. આ દેશમાં ઇબ્રાહીમનો ભાઇ નાહોર રહેતો હતો. અહિં યાકુબ પોતાના મામાને ત્યાં ૨૦ વર્ષ રહ્યો હતો. અહિંથી બલઆમને બોલાવવામાં આવ્યો હતો. અહિંથી કૂશાન-રિશઆથાઇમને ઇસ્રાએલીઓને સજા કરવાને બોલાવવામાં આવ્યો હતો (ઉત્પ. ૨૪; ૨૦ : ૨૫; ૨૦ : ૨૮; ૨ : ૩૧; ૧૮. નિર્ગ. ૨૩; ૪. ન્યાયા. ૩; ૮. ૧ કાળ. ૧૯; ૬). દેશનો ઉત્તર ભાગ પાણીનાં નાળા અને ઝરાઓથી ભરપૂર છે. એમ દેખાય છે કે પુરાતન વખતમાં ઇ. સ. પૂ. ૮૮૦ સુધી જૂદી જૂદી કોમો, આ દેશ ઉપર હકુમત કરતી હતી. પણ ત્યાર પછી આશ્શૂરે પોતાના રાજ્યમાં તેને જોડી દીધું. અરામ-નાહરાઇમ તે અરામ દેશનો એક ભાગ છે. ઉત્પ. ૪૮; ૭ માં આ દેશને પાદ્દાન નામ આપવામાં આવ્યું છે.

અરામ-માઅખાહ = માઅખાહનું અરામ. ૧ કાળ. ૧૯; ૬. જુઓ માઅખાહ.

અરામ-સોબાહ = સોબાહનું અરામ. ઘણું કરીને ફ્રાત અને ઓરંટસ નદીની વચ્ચેનો પ્રદેશ. ગીત. ૬૦ ના મથાળામાં આવે છે. સોબાહ (૨ શમૂ. ૧૦; ૬, ૮). જુઓ સોબાહ.

અરારાટ = પવિત્ર ભૂમિ, કે ઉંચી જમીન. આર્મિનીઆ પ્રાંતના એક ભાગને આ નામ આપવામાં આવ્યું છે કે જે દેશના એક પહાડ પર નુહાનું વહાણ થંભ્યું હતું (ઉત્પ. ૮; ૪). જે પહાડની વાત પવિત્ર શાસ્ત્રમાં આવે છે તે ઘણું કરીને આર્મિનીઆની દક્ષિણમાં આવેલ કુર્દિસ પહાડોમાંનો એક છે. ૨ રા. ૧૯; ૩૭. યશા. ૩૭; ૩૮.માં 'અરારાટ દેશ' આ પ્રમાણે લખવામાં આવ્યું છે; પણ જુના તરજુમામાં 'આર્મિનીયા' લખવામાં આવ્યું છે. આ કુર્દિસ પહાડોમાં બે ઘણાં ઉંચા શિખરો છે જે એક બીજાથી સાત માઇલને અંતરે આવેલાં છે. એક ૧૪,૩૦૦ ફીટ ઉંચું અને બીજું ૧૦,૩૦૦ ફીટ ઉંચું છે. શિખરોનાં મથાળાં ૩ હજાર ફીટ સુધી બરફથી ઢંકાયલાં રહે છે. તેમને 'કુહ-ઇ-નુહ' = નુહાનો પહાડ એવું નામ ઇરાની લોકો આપે છે. આટલાંટિક અને પાસિફીક મહાસાગરની મધ્ય ભાગે આ પહાડ આવેલો છે. હાલ આ પહાડ રૂસિઆ-તુર્કસ્તાન અને ઇરાનની સરહદ વચ્ચે આવેલો છે.

અરાવ્નાહ = પેટી, વહાણ. આ નામનો એક યબૂસી માણસ હતો, જેની ખળીઓ મોરીયાહ પહાડ પર હતી તે દાઉદે ૬૦૦ શેકેલ સોનું આપી લીધી. અરાવ્નાહ દાઉદને તે મફત આપવા માગતો હતો પણ દાઉદે તેમ લીધી નહિ. કેટલાએક ધારે છે કે અરાવ્નાહ યબૂસીઓનો રાજવંશી પુરૂષ હતો, કેમકે દાઉદની સાથે તેણે ખળીઓ આપવા વિષે જે વાત કરી તે કોઇ રાજવંશી પુરૂષ કરે તેવી હતી (૧ કાળ. ૨૧; ૧૮-૨૭). આ ખળીમાં ઉભા રહીને દૂતે, દાઉદે જે ગણત્રીકરી પાપ કીધું હતું તેને માટે યરૂશાલેમનો નાશ કરવાને પોતાનો હાથ તેની વિરૂદ્ધ લંબાવ્યો હતો (૨ શમૂ. ૨૪; ૧૬, ૧૭). આ જગ્યા ઉપર ત્યાર પછી સુલેમાન રાજાએ મંદિર બાંધ્યું (૨ શમૂ ૨૪; ૧૬. ૨ કાળ. ૩; ૧). અરાવ્નાહને ૧ કાળ. ૨૧; ૧૫માં ઓર્નાન કહે છે.

અરીએલ = દેવનો સિંહ. (૧) એઝરા શાસ્ત્રીએ દેવના ઘરને સારૂ સેવકો લાવવાને માટે જે મુખ્ય માણસો મોકલ્યા તેમાંનો આ એક હતો (એઝ. ૮; ૧૬). (૨) યરૂશાલેમ યહુદાહની રાજધાનીનું શહેર થયું ત્યારે આ લાક્ષણિક નામ કે ખિતાબ તેને આપવામાં આવ્યો છે (યશા. ૨૯; ૧, ૨, ૭): કેમકે યહુદાહ કુળની ધ્વજા પર સિંહની છબી ચીતરવામાં આવી હતી (ઉત્પ. ૪૯; ૯). વળી દહનીયાર્પણની વેદીને મારજીનમાં હઝ. ૪૩; ૧૫, ૧૬ માં અરીએલ નામ આપવામાં આવ્યું છે. સબબ ઇસ્રાએલના સિંહ સમાન બળનું મધ્યબિંદુ આ ગણવામાં આવેલું હતું. (૨) મોઆબી અરીએલ જેના બે દીકરાને યહોયાદાના દીકરા બનાયાહે માર્યા હતા (૨ શમૂ. ૨૩; ૨૦).

અરીદાથા, અરીદાય, અરીસાય :— હામાન જે એસ્તરનો તથા યહુદીઓનો મોટો શત્રુ હતો તેના દસ પુત્રો કે જેમને યહુદીઓએ શૂશાન મહેલમાં મારી નાખ્યા તેમાંના એ ત્રણ હતા (એસ્ત. ૯; ૮, ૯).

અરૂબ્બોથ = બારીઓ. રાજા સુલેમાનના રાજ્યનો એક પ્રાંત હતો જે પ્રાંતનો કારભારી બેન-હેસેદ હતો (૧ રા. ૪; ૧૦). જુઓ અરૂમાહ.

અરૂમાહ = ઉંચું કરેલું. આ શહેર અને અરૂબ્બોથ તે ઘણું કરીને એક ને એકજ શહેર હશે. આ શહેરમાં અબીમેલેખ રહેતો હતો, અને તે શેખેમની પાસે આવેલું હતું (ન્યાયા. ૯; ૪૧).

અરૈઓપાગસ = નુકસાનનો પહાડ. આથેન્સમાં આ નામનો અરેસ નામના દેવતાનો એક પહાડ હતો. આ પહાડ ઉપર આથેનીઓની સદર કોર્ટ હતી. આ કોર્ટ સોલોનના વખતથી તે રૂમી કાઇસારના દિવસો સુધી નામવાર ગણાતી હતી કે અત્રેથી મળતો ઇન્સાફ અને હુકમ તે વાજબી અને વજનદાર ગણાતો હતો. આ પહાડપરની કોર્ટ છાપરા વગર ખુલ્લી હવામાં હતી. પહાડ પર ચઢવાને પત્થરમાં ખોદી કાઢેલાં પગથીઆં હતાં. આ પહાડ સિવાય આથેન્સમાં બીજા ત્રણ પહાડ હતા, જેમાંના એકનું નામ આક્રોપોલીસ હતું. તે ઉપર ઘણાં ઉમદા આરસપહાણનાં મકાનો બાંધવામાં આવ્યાં હતાં. આ આક્રોપોલીસની પશ્ચિમે અરૈઓપાગસ ઉંચો પહાડ આવેલો હતો. પાઉલ જ્યારે આ શહેરની મુલાકાતે ગયો ત્યારે શહેર ઘણું રોનકદાર અને સુંદર હતું, પણ દેવદેવીઓનાં ઘણાં મંદિર તે વખતે હતાં. આ જોઇ પાઉલનો આત્મા બળી ઉઠયો; સભાસ્થાનોમાં તથા ચૌટાંઓમાં તેણે સુવાર્તા પ્રગટ કરવા માંડી; એ જોઇ પાઉલને તેઓ અરૈઓપાગસમાં તેનું સાંભળવાને લઇ ગયા. અને પાઉલે ત્યાર પછી અરૈઓપાગસની વચ્ચે ઉભા રહી ભાષણ આપ્યું (પ્રે. કૃ. ૧૭; ૨૨-૩૧). આ ભાષણથી દીઓનુસીઅસ અદાલતનો એક માણસ તથા એક બાઇ દામારીસ તથા બીજા કેટલાએકે વિશ્વાસ કીધો (પ્રે. કૃ. ૧૭; ૩૩).

અરોએર = નાસ, ખંડેર. (૧) આર્નોન નદીની ઉત્તર ગમ (પુન. ૪; ૪૮. ન્યાયા. ૧૧; ૨૬. ૨ રાજા. ૧૦; ૩૩), સીહોન રાજ્યની દક્ષિણ સરહદ પર આ શહેર આવેલું હતું. હાલ તેને અરાઇર કહે છે, જે મૃત સમુદ્રની પશ્ચિમે ૧૩ મૈલ ઉપર આવેલ છે (૧ કાળ. ૫; ૮. યિર્મે. ૧૮; ૧૯. યહો. ૧૨; ૨). (૨) ગાદપુત્રોએ રાબ્બાહની સામે આ નામનું એક શહેર બંધાવ્યું હતું (ગણ. ૩૨; ૩૪. યહો. ૧૩; ૨૫). રાબ્બાહ તે આમોનીઓની રાજધાનીનું શહેર હતું. અરોએર, યફ્તાહ (ન્યાયા. ૧૧; ૩૩) અને દાઉદના (૨ શમૂ. ૨૪; ૫) વખતમાં પ્રખ્યાત ગણાતું હતું (જુઓ યશા. ૧૭; ૨. ૨ રાજા. ૧૫; ૨૮). (૩) આજ નામનું એક ત્રીજું શહેર યહુદાહની દક્ષિણમાં બેરશેબાની નૈરૃત્ય કોણમાં ૧૧ મૈલ ઉપર આવેલું હતું. દાઉદે સિકલાગમાંથી આણેલી લૂટ અહિંના લોકોને ભેટદાખલ મોકલાવી હતી (૧ શમૂ. ૩૦; ૨૬, ૨૮). દાઉદના યોદ્ધાઓમાંના બેનું આ શહેર વતન ગામ હતું (૧ કાળ. ૧૧; ૪૪). હાલ આ શહેરને આરસારાહ કહે છે.

અરોદ = જંગલી ગધેડું. ગાદપુત્રોમાંનો એક હતો (ગણ. ૨૬; ૧૭) જેના વંશજોને અરોદી (ઉત્પ. ૪૬; ૧૬) કે અરોદીઓ કહે છે.

અલફી = ઉત્તરાધિકારી, વારસ. (૧) યાકુબ પ્રેરિત જે યાકુબના પત્રનો લખનાર તેનો પિતા (માત્થી ૧૦; ૩. માર્ક ૩; ૧૮. લુક ૬; ૧૫. પ્રે. કૃ. ૧; ૧૩) અને મરિયમનો વર (યોહા. ૧૯; ૨૫). હેબ્રી ભાષામાં અલફીને ક્લીઓપાસ કે ક્લોપાસ કહે છે. (૨) માત્થી કે લેવી તેનો પિતા (માર્ક. ૨; ૧૪).

અલમાદામ = વિસ્તાર (?) ઇસુની વંશાવળીમાં આ નામ આપવામાં આવ્યું છે (લુક ૩; ૨૮).

અલીઆથાહ = જેનો પ્રભુ પ્યાર કરે છે. ભવિષ્યદર્શક હેમાનના ૧૪ પુત્રોમાંનો એક હતો. આ હેમાન તે લેવી હતો અને દાઉદના વખતમાં મંદિરની સેવાનું કામ કરનાર હતો (૧ કાળ. ૨૫; ૪).

અલીઆબ = જેનો પિતા પરમેશ્વર છે. (૧) યિશાય બેથલેહેમીનો વડો દીકરો અને દાઉદનો ભાઇ. તે ખુબસુરત અને કદાવર પુરૂષ હતો (૧ શમૂ. ૧૬; ૬). જ્યારે દાઉદ ગોલ્યાથ સામે લડાઇ કરવાને નીકળતો હતો ત્યારે તેણે દાઉદ ઉપર ગુસ્સે થઇને તેને ધમકી આપી હતી (૧ શમૂ. ૧૭; ૨૮).

રહાબઆમે તેની દીકરી સાથે લગ્ન કીધાં હતાં (૨ કાળ. ૧૧; ૧૮). વળી ૧ શમૂ. ૧૭; ૧૩, ૨૮. ૧ કાળ. ૨; ૧૩. જુઓ. (૨) રેઉબેન વંશી, અને દાથાન તથા અબીરામનો પિતા (ગુન. ૧૧; ૬. ગણુ ૧૬; ૧, ૧૨: ૨૬; ૮, ૯). (૩) અરણ્યમાં ઇસ્રાએલીઓની ગણના થઇ તે વખતે ઝબુલૂનના કુટુંબના હેલોનનો પુત્ર હતો (ગણુ. ૧; ૯: ૨; ૭). (૪) દાઉદ જ્યારે શાઉલથી સંતાતો હતો ત્યારે સિક્લાગમાં જે સાહ્ય કરનાર શૂરવીરો તેને આવી મળ્યા તેઓમાં કેટલાએક ગાદવંશી હતા. તેમાંનો એક કેળવાયલો યોદ્ધો આ નામનો હતો (૧ કાળ. ૧૨; ૯).

અલીએઝેર = પ્રભુ મારી સહાય. (૧) તે દમસ્કનો વતની અને ઇબ્રાહીમના ઘરનો કારભારી હતો (ઉત્પ. ૧૫; ૨, ૩). ઘણું કરીને આજ માણસને ઇબ્રાહીમે પોતાના જુના વતન પાદ્દનારામમાં પોતાના દીકરા ઇસ્હાકને સારૂ બાયડી લાવવાને મોકલ્યો હશે (ઉત્પ. ૨૪). (૨) મુસાના બે દીકરાઓમાંનો એક હતો. તેને આ નામ આપવાનું કારણ એ હતું કે "તેણે કહ્યું કે મારા પિતાના દેવે મારી સાહ્ય થઇને ફારૂનની તરવારથી મને બચાવ્યો." મુસાના ઉપલા બંને દીકરા મિદ્યાનમાં જન્મ્યા હતા. આ બંને દીકરાઓને લઇને મુસા જ્યારે મિસર દેશમાંથી આવતો હતો ત્યારે તેનો સસરો યિથ્રો અરણ્યમાં જ્યાં આગળ ઇસ્રાએલીઓની છાવણી હતી ત્યાં આગળ આવ્યો હતો. અને મુસા પોતાના સસરાને તથા પોતાના બંને દીકરાઓને મળ્યો (નિર્ગ. ૧૮; ૪. અને ૧ કાળ. ૨૩; ૧૫, ૧૭: ૨૬; ૨૫). (૩) યહોશાફાટ રાજાના વખતમાં આ નામનો એક ભવિષ્યવાદી હતો કે જેણે રાજા યહોશાફાટ વિરૂદ્ધ ભવિષ્ય કહ્યું હતું કે, "તેં અહાઝ્યાહની સાથે સંપ કીધો છે માટે યહોવાહે તારાં કામોનો નાશ કીધો છે" (૧ કાળ. ૨૦; ૩૭). (૪) બેખેરનો પુત્ર અને બિન્યામીનનો પર પુત્ર થાય (૧ કાળ. ૭; ૮). (૫) જ્યારે દેવનો કોશ યરૂશાલેમમાં લાવતા હતા ત્યારે કોશની આગળ જે યાજકો રણશિંગડાં વગાડતા હતા તેમાંનો તે એક હતો (૧ કાળ. ૧૫; ૨૪). (૬) દાઉદના વખતમાં ઇસ્રાએલનાં કુળો ઉપર જે અમલદારો હતા તેમાંનો તે એક હતો. એટલે રેઉબેનીઓનો અમલદાર ઝિખ્રીનો પુત્ર અલીએઝેર હતો (૧ કાળ. ૨૭; ૧૬). —એ સિવાય આજ નામના બીજા કેટલાએક માણસોની વાત શાસ્ત્રમાં આવે છે (એઝ. ૮; ૧૬: ૧૦; ૧૮: ૨૩; ૩૧. અને લુક ૩; ૨૯).

અલીએનાય = યહોવાહમાં મારી આંખો ઉંચી કરાઇ (?). બિન્યામીની એક પુરૂષ હતો (૧ કાળ. ૮; ૨૦).

અલીએલ = જેનું બળ યહોવાહ છે. (૧) યરદન નદીની પૂર્વમાં મનાશ્શેહના અર્ધા કુળના વંશજો જે રહ્યા, તે વંશના નામાંકિત પુરૂષોમાંનો એક (૧ કાળ. ૫; ૨૪). (૨) દાઉદ જ્યારે શાઉલથી સંતાતો હતો ત્યારે સિક્લાગમાં જે શૂરવીરો તેને આવી મળ્યા તેમાંનો એક ગાદી અલીએલ નામનો હતો (૧ કાળ. ૧૨; ૧૧). (૩) રાજા હિઝકીયાહના વખતમાં જે અર્પણો પ્રભુના ઘરમાં આવતાં હતાં તે ઉપર આ માણસ મુકાદમ હતો (૨ કાળ. ૩૧; ૧૩). (૪) ૧ કાળ. ૬; ૩૪ માં જેને અલીએલ કહે છે તેને ૨૭ મી કલમમાં અલીઆબ કહે છે તે દાઉદના વખતમાં યહોવાહના ઘરમાં ગાયન સેવા પર હતો. તે સિવાય બીજા કેટલાક માણસો આ નામના હતા (૧ કાળ. ૮; ૨૦, ૨૨: ૧૧; ૪૬, ૪૭: ૧૫; ૯, ૧૧).

અલીકા = દેવ તેનો નકારનાર છે. દાઉદના સાડત્રીસ શૂરવીરોમાંનો એક હતો, જેને અલીકા હરોદી કહે છે (૨ શમૂ. ૨૩; ૨૫).

અલીદાદ = પ્રભુનો વહાલો. બિન્યામીન કુળમાંનો કિસ્લોનનો પુત્ર હતો. જ્યારે કનાન દેશનો વારસો વહેંચી આપવામાં આવ્યો

ત્યારે પ્રત્યેક કુળમાંથી એક એક અધિપતિ નિમાયો હતો. અને બિન્યામીન કુળને અધિપતિ અલીદાદ હતો (ગણુ. ૩૪; ૨૧).

અલીફ્લેહૂ = જેને પ્રભુ ઓળખે છે, પ્રખ્યાત કરે છે. જ્યારે યહોવાહનો કોષ દાઉદના નગરમાં લાવતા હતા ત્યારે "સમીનીથ રાગે ચઢાવેલા વીણાઓ સહિત રાગ કાઢવા સારૂ" જે લેવીઓ નિમાયા હતા તેમાંનો એક હતો (૧ કાળ. ૧૫; ૧૮, ૨૧).

અલીફાઝ = પ્રભુ જેનું બળ છે. (૧) અયૂબની વિપત્તિમાં તેને જોવા આવનાર ત્રણ મિત્રોમાંનો એક છે. તે અયૂબના ત્રણ મિત્રોમાં શાન્ત, ઠરેલ અને વૃદ્ધ જણાય છે. એનામાં ભવિષ્યદર્શક ચક્ષુ રહેલી છે. અયૂબની માંદગીનું કારણ તેનું ખાસ પાપ છે એમ જણાવે છે. તે અલીફાઝ-તેમાની કહેવાય છે (અયૂ. ૨; ૧૧). હવે તેમાન તે જગ્યાનું નામ છે અને કોઇ વખતે અદુમ દેશના સંબંધે આવે છે. તેમાનના રહેવાસીઓ તેમના ડહાપણને લીધે પ્રસિદ્ધ હતા. (જુઓ ઓબા. ૧; ૮. યિર્મે. ૪૯; ૭. હઝ. ૨૫; ૧૩). અલીફાઝનું ભાષણ (અયૂ. ૪; ૫, ૧૫: ૧૫; ૧૨-૧૬). તેનું દહનીયાર્પણ (૪૨; ૭, ૯). (૨) એસાવનો આદાહને પેટે થએલો દીકરો જે અદોમી કોમનો પિતા કહેવાય છે (૧ કાળ. ૧; ૩૫, ૩૬. ઉત્પ. ૩૬; ૪, ૧૦, ૧૧, ૧૬).

અલીફાલ = જેનો પ્રભુ ન્યાય કરે છે. ૧ કાળ. ૧૧; ૩૫ માં બતાવ્યું છે કે તે દાઉદના સૈન્યના યોદ્ધાઓમાંનો એક હતો. તેના પિતાનું નામ 'ઉર' હતું. તેને ૨ શમૂ. ૨૩; ૩૪ માં અલીફેલેટ કહે છે.

અલીફેલેટ = પ્રભુ મારો છુટકારો. (૧) તે દાઉદના પ્રખ્યાત શૂરવીરોમાંનો એક હતો. (૨ શમૂ. ૨૩; ૩૪). ૧ કાળ. ૧૧; ૩૫ માં તેને અલીફાલ કહે છે. (૨) દાઉદને જે પુત્રો યરૂશાલેમમાં થયા તેમાંનો એક હતો (૧ કાળ. ૩; ૬). અને તેને ૧ કાળ. ૧૪; ૫ માં જુની આવૃત્તિમાં 'એલ્પેલેટ' કહે છે. (વળી જુઓ ૧ કાળ. ૩; ૮. ૨ શમૂ. ૫; ૧૬. ૧ કાળ. ૧૪; ૭). (૩) શાઉલ રાજાના વંશનો અને યોનાથાનની પેઢીનો આ માણુસ હતો. તે પોતાના બાપ એસેકનો ત્રીજો પુત્ર હતો (૧ કાળ. ૮; ૩૯). (૪) (એઝ. ૮; ૧૩: ૧૦; ૩૩).

અલીમેલેખ = પ્રભુ મારો રાજા. તે યહુદાહના વંશનો અને બેઆઝના સગાઓમાંનો હેબ્રોની માણસ હતો. ન્યાયાધીશોના દિવસોમાં એવું બન્યું કે, યહુદાહ દેશમાં દુકાળ પડયો તેથી આ માણસ પોતાના વતન બેથલેહેમમાંથી નીકળી મોઆબ દેશમાં ગયો જ્યાં તે પોતાના બે દીકરાને તથા તેની સ્ત્રી નાઓમીને મૂકીને મરી ગયો અને ત્યાર પછી તેના બે દીકરા પણ મરી ગયા. તેથી નાઓમી પોતાની પુત્રવધુ રૂથને લઇને પાછી બેથલેહેમ આવી (રૂથ ૧; ૨: ૨; ૧, ૩: ૪; ૩, ૯).

અલીસાફાન = પ્રભુ મારી સંભાળ. (૧) કહાથીઓના કુટુંબના બાપોના ઘરનો અધિપતિ અને ઉઝ્ઝીએલનો દીકરો હતો (ગણુ. ૩; ૩૦. ૧ કાળ. ૧૫; ૮). (૨) તે ઝબુલૂનપુત્રોના કુળનો અધિપતિ અને પાર્નાખનો પુત્ર હતો (ગણુ. ૩૪; ૨૫). (૩) એક લેવી (૨ કાળ. ૨૯; ૧૩).

અલીશામા = પ્રભુ મારો સાંભળનાર. (૧) એફ્રાઇમ કુળનો અધિપતિ, આમ્મીહૂદનો દીકરો અને યહોશુઆનો ઘરડો બાપ થાય (ગણુ. ૧; ૧૦: ૨; ૧૮: ૭; ૪૮, ૫૩: ૧૦; ૨૨. ૧ કાળ. ૭; ૨૬). (૨) દાઉદ રાજાને યરૂશાલેમમાં જે દીકરા થયા તેઓમાંનો એક (૨ શમૂ. ૫; ૧૬. ૧ કાળ. ૩; ૮: ૧૪; ૭. અને જુઓ અલીશૂઆ). (૩) દાઉદને બાથ-શૂઆના પેટે જે બીજા દીકરા થયા તેમાંનો એક હતો (૧ કાળ. ૩; ૬). (૪) રાજા યહોશાફાટે પોતાના રાજ્યને ત્રીજે વર્ષે યહુદાહના નગરોમાં બોધ કરવાને લેવીઓની સાથે જે યાજકો મોકલ્યા તેમાંનો એક હતો (૨ કાળ.

૧૭; ૮). (૫) યહોયાકીમ રાજાના વખતમાં ઉપવાસ પર્વને દિવસે જ્યારે બારૂખે યિર્મે-યાહનાં વચનો રાજાની રૂબરૂમાં વાંચી સંભળાવ્યાં ત્યારે સભામાં ચિટણીસ અલી-શામા નામનો એક માણુસ હતો (યિર્મે. ૩૬; ૧૨-૨૧). (૬) ગદાલ્યાહ હાકેમને જે ઇસ્માએલ રાજવંશીએ મારી નાખ્યો તે ઇસ્માએલનો અલીશામા ધરડો બાપ થાય (યિર્મે. ૪૧; ૧. ૨ રાજા. ૨૫; ૨૫). (૭) શેશાનપુત્રોમાંનો એક (૧ કાળ. ૨; ૪૧).

અલીશૂઆ = પ્રભુ મારૂં તારણ. દાઉદના પુત્રોમાંનો એક (૨ શમૂ. ૫; ૧૫). અને ૧ કાળ. ૧૪; ૫ માં તેને અલીશામા કહે છે.

અલીશેબા = પ્રભુના સમ. તે હારૂનની સ્ત્રી અને આમ્મીનાદાબની દીકરી તથા નાહ-શોનની બહેન થાય (નિર્ગ. ૬; ૨૩).

અલીશાફાત = પ્રભુ મારો ન્યાયાધીશ. જ્યારે યહોયાદા યાજકે અથાલ્યાહની સામે થઇ યોઆશને ગાદીએ બેસાડયો ત્યારે સો શતાધિપતિઓમાંનો એક આ હતો (૨ કાળ. ૨૩; ૧).

અલીસૂર = પ્રભુ મારો ખડક છે. રેઉબેન કુળનો મુખ્ય પુરૂષ. શદેઉરનો પુત્ર (ગણ. ૧; ૫: ૨; ૧૦: ૭; ૩૦, ૩૫: ૧૦; ૧૮).

અલીહૂ = જેનો પ્રભુ તે છે. અયૂબના મિત્રો-માંનો એક હતો, જે રામના કુટુંબના બારાખએલ બૂઝીનો પુત્ર હતો. તે જુવાન માણુસ હતો અને અયૂબની તથા તેના ત્રણુ મિત્રોની વાત સાંભળીને તપી ગયો, કેમકે અયૂબના મિત્રોએ અયૂબને જણાવ્યું કે તારાં પાપને લીધે પ્રભુએ આ દુઃખ તારા પર મોકલ્યું છે. અને તે સાથે અયૂબ પોતાને ન્યાયી ઠરાવે છે, ત્યારે અલીહૂ કહે છે કે ન્યાયી માણુસ કંઇ ખાસ પાપમાં ન પડયો હોય તોપણુ ધણી વાર પ્રભુ પોતાની પ્રીતિની ખાતર તેને વિશેષ શુદ્ધ કરવાને અર્થે તેના પર દુઃખ આવવા દે છે (અયૂ. ૩૨--૩૭). અને ત્યાર પછી દેવની પ્રકૃતિ અને વ્યવસ્થાના ધોરણુ વિષે ભાષણુ કરે છે. આ અલીહૂ બૂઝી હતો. ઉત્પ. ૨૨; ૨૧ પરથી જણુાય છે કે નાહોરને બે દીકરા નામે ઊસ તથા બૂઝ હતા. અને યિર્મે. ૨૫; ૨૩ માં 'તેમા' નામની સાથે બૂઝ નામ પણુ આવે છે અને તે અરબી કુળનો જણુાય છે (અયૂ. ૬; ૧૯). અને એમજ તે ઇબ્રાહીમના ભત્રિજા બૂઝની કોમનો કદાપિ હશે. (૨) તે તોહૂનો દીકરો અને એલ્કાનાહનો ધરડો બાપ હતો (૧ શમૂ. ૧; ૧). તેને ૧ કાળ. ૬; ૩૪ માં અલીએલ અને ૧ કાળ. ૬; ૨૭ માં અલીઆબ કહે છે. (૩) દાઉદને સાહ્ય કરવાને જે શૂરવીરો સિકલાગમાં આવ્યા તેમાંનો આ માણુસ મનાશ્શેહના સહસ્ત્રાધિપતિઓમાંનો એક હતો (૧ કાળ. ૧૨; ૨૦). (૪) ઓબેદ અદોમના કુટુંબનો એક માણુસ કે જે દાઉદના વખતમાં મંદિરના દ્વારપાળોની વારા-ટોળીઓમાંનો એક હતો (૧ કાળ. ૨૬; ૭). (૫) દાઉદના વખતમાં ઇસ્રાએલનાં કુળો ઉપર અમલદારો નિમાયા હતા તેમાં યહુદા-હનો અધિપતિ અલીહૂ દાઉદના ભાઇઓમાંનો એક હતો (૧ કાળ. ૨૭; ૧૮).

અલીહોરેફ = જેનો બદલો પ્રભુ છે. રાજા સુલેમાનના વખતમાં અલીહોરેફ તથા અહીયાહ ચિટણીસો હતા (૧ રા. ૪; ૩).

અલૂલ (નહે. ૬; ૧૫). યહુદી લોકમાં ચાલતો લૌકિક વર્ષનો બારમો માસ અને ધાર્મિક વર્ષનો છઠ્ઠો માસ હતો. તે ૨૯ દિવસનો છે અને તેજ વખતે અંગ્રેજી માસ ઑગષ્ટ અને સપ્ટેંબર છે, અને ગુજરાતી માસ તેજ વખતે ભાદરવો છે.

અવી (ગણુ. ૩૧; ૮. યહો. ૧૩; ૨૧). મિદ્યાની પાંચ રાજાઓમાંનો એક હતો. આ પાંચે રાજાની સામે લડાઇ કરવાને મુસાએ ઇસ્રાએલી બાર હજાર માણુસ એલઆઝાર યાજકના દીકરા ફીનહાસની સરદારી નીચે મોકલ્યા. પાંચે રાજા મરાયા. અને આ વખતે બેઓરના દીકરા બલઆમને તરવારથી મારી નાખ્યો, અને મિદ્યાનીઓ પાસેથી ધણી લૂટ લીધી.

અશીમા (૨ રા. ૧૭; ૩૦). હામાથનાં માણસોની એક મૂર્તિ હતી કે જે તેઓએ સમરૂનમાં ઉભી કરી હતી. એ સંબંધી કંઇ જાણવામાં આવ્યું નથી, પણ એમ લાગે છે કે આ મૂર્તિ બકરાના આકારની હતી. મિસરીઓ અને યુનાનીઓના એવા દેવતા હતા. મિસરીઓ તેને 'મેનદેશ' અને યુનાનીઓ 'પાન' કહેતા હતા.

અશૂરીઓ (૨ શમૂ. ૨; ૯). શાઉલનો દીકરો ઇશ-બોશેથ જે લોકોનો રાજા થયો તેઓમાં અશૂરીઓનું નામ આવે છે.

અશેરા કે અશેરાહ = સ્તંભ કે ઝાડ. કનાનીઓની આસ્તારોથ દેવીનું આ એક નામ છે. તે ઝાડ કે લાકડાની બનાવવામાં આવતી હતી (પુન. ૧૬; ૨૧. ૧ રા. ૧૬; ૩૩: ૧૮; ૧૯. ૨ રા. ૧૮; ૪. વળી ઉત્પ. ૨૧; ૩૩. ૨ રા. ૨૩; ૧૪. ૨ કાળ. ૧૪; ૩: ૧૭; ૬: ૩૪; ૩). આ મૂર્તિ કોઇ વખતે રૂપાની કે પત્થરની પણ બનાવવામાં આવતી હતી (૨ રા. ૨૧; ૭). જુઓ આસ્તારોથ—અશેરાનું બહુવચન અશેરીમ છે (૨ રા. ૧૭; ૧૦).

અસ્ની (૨ શમૂ. ૨૩; ૮). દાઉદના યોદ્ધાઓમાંનો મુખ્ય સરદાર હતો, જેને અસ્ની-અદીનો કહે છે, તેજ માણસને યોશેબ-બાશ્શેબેથ કહે છે, જેણે એકીવેળાએ ૮૦૦ ને માર્યા હતા.

અસલી (લુક ૩; ૨૫). અસલી તે ઘણું કરીને અઝાલિયા છે. લુકની સુવાર્તામાં ઇસુ ખ્રીસ્તની વંશાવળી આપતાં આ નામ આવે છે.

અસાયાહ = પ્રભુએ બનાવ્યો છે. આ નામના પાંચ પુરૂપની વાત શાસ્ત્રમાં આવે છે (૨ રા. ૨૨; ૧૨, ૧૪. ૨ કાળ. ૩૪; ૨૦. ૧ કાળ. ૪; ૩૬: ૬; ૩૦: ૯; ૫: ૧૫; ૬, ૧૧).

અસારએલ = જેને પ્રભુએ બાંધ્યો છે. યહુદાહ પુત્રોમાંનો એક (૧ કાળ. ૪; ૧૬).

અસાલ્યાહ (૨ રા. ૨૨; ૩). રાજા યોશીયાહના ચિટણીસ શાફાનનો પિતા.

અસાહેલ = જેને પ્રભુએ બનાવ્યો. દાઉદની બેન યરૂયાહનો સૌથી નાનો પુત્ર. તે દોડવામાં હુશિયાર હતો. લખ્યું છે કે તે "રાની હરણના જેવો પગનો ચંચળ હતો" (૨ શમૂ. ૨; ૧૮). ગીબઓનની લડાઇમાં જ્યારે ઇશ-બોશેથની સામે યોઆબ ફોજ લઇને નીકળ્યો ત્યારે અસાહેલને તેના જક્કીપણાને લીધે ભાલો મારીને આબ્નેરે મારી નાખ્યો. તેનું નામ દાઉદના ૩૭ યોદ્ધાઓમાં આવે છે (૨ શમૂ. ૨૩: ૨૪. ૧ કાળ. ૧૧; ૨૬). આજ નામના બીજા માણસોનાં નામ પણ શાસ્ત્રમાં આવે છે (૨ કાળ. ૧૭; ૮: ૩૧; ૧૩. એઝ. ૧૦; ૧૫).

અસીએલ=દેવે ઉત્પન્ન કીધો (૧ કાળ. ૪; ૩૫).

અહલાબ = ફળદ્રુપ (ન્યાયા. ૧; ૩૧). આશેરનું એક શહેર હતું કે જે ફેનીકીઓની નહિ જીતાએલી સરહદમાં ગાલિલ સમુદ્રની વાયવ્ય કોણમાં આવેલું હતું. પાછળથી તેનું નામ ગીસકાલા પડ્યું, પણ હાલ 'એલ-જીશ' નામથી ઓળખાય છે.

અહાઝયાહ = જેને યહોવાહે ઉંચો કીધો છે. (૧) રાજા આહાબનો પુત્ર અને તેની પછી ગાદીએ બેસનાર હતો. તે પોતાના પિતા આહાબના જેવો દુરાચારી હતો, અને પોતાની મા ઇઝેબેલના પગલામાં ચાલનાર હતો. તેના ગાદીએ બેઠા પછી મોઆબનો રાજા મેશા જે ઇસ્રાએલના રાજાને એક લાખ હલવાન તથા એક લાખ મેંઢાંનું ઉન ખંડણી દાખલ આપતો હતો તેણે આહાબના મરણ પછી દંગો કીધો (૨ રા. ૧; ૧: ૩; ૫-૭). તેણે યહુદાહના રાજા યહોશાફાટ સાથે સંપ કરી વેપાર કર્યો (૨ કાળ. ૨૦; ૩૫-૩૭). તે બારીમાંથી પડી જવાથી માંદો પડ્યો, ત્યારે પોતે સાજો થશે કે કેમ તે જાણવાને માટે એક્રોનના દેવ બઆલ-ઝબૂલને પુછવાને માણસ મોકલ્યો. આ માણસ પુછવાને જાય છે એટલામાં યહોવાહના દૂતે એલીયાહ ભવિષ્યવાદીને તેની સામે મોકલીને કહેવડાવ્યું કે "જે પલંગ ઉપર તું ચઢયો છે,

તે પરથી તું નહિ ઉતરશે, પણ નિશ્ચય મરણ પામશે.” આ વાત પ્રમાણે તેનો પરિણામ આવ્યો (૨ રા. ૧ વાંચો). (૨) યહુદાહના રાજા યહોરામનો પુત્ર જે યહુદાહની ગાદી પર છઠ્ઠો રાજા થયો (૨ રા. ૮; ૨૫: ૯; ૨૧, ૨૭). તેને ૨ કાળ. ૨૧; ૧૭: ૨૫; ૨૩ માં યહોઆહાઝ કહે છે. તેની માનું નામ અથાલ્યાહ હતું, તે ઓમ્રીની દીકરી હતી. તે આહાબના ઘરનાંના માર્ગમાં ચાલ્યો, અને યહોવાહની દૃષ્ટિમાં જે ભુંડું તે તેણે કીધું. તેણે પોતાના કાકા યહોરામ સાથે સંપ કરીને દમસ્કના રાજા હઝાએલની સામે યુદ્ધ કીધું, પણ તેમાં તે હાર્યો અને મગિદ્દોમાં નાસતાં ગુરઘાટ આગળ શત્રુઓએ તેને માર્યો. તેના ચાકરો તેને રથમાં ઘાલી યુરૂશાલેમ લઇ ગયા અને દાઉદના નગરમાં તેને દાટયો. તેણે માત્ર એક વર્ષ રાજ્ય કર્યું (૨ રાજા. ૯; ૨૨–૨૮). યહુદાહનો રાજા (૨ રા. ૮; ૨૫–૨૯: ૯; ૧૬-૨૯: ૧૦; ૧૩: ૧૨; ૧૮. ૧ કાળ. ૩; ૧૧. ૨ કાળ. ૨૨; ૧–૧૧).

અહુર્હેલ—હારૂમનો પુત્ર (૧ કાળ. ૪; ૮).

અહાશ્વેરોશ = રાજા (?). પવિત્ર શાસ્ત્રમાં આ નામથી ત્રણ રાજા ઓળખાય છે. (૧) દાની. ૯; ૧ માં આવતો માદી દાર્યાવેશ રાજાનો પિતા. તે ઘણું કરીને એસ્ત. ૧; ૧ માં આવતો અહાશ્વેરોશ કે ક્ષેર્ક્ષેસ હશે. તે માદીનો રાજા અને નીનવેહનો જીતનાર હતો (ઇ. સ. પૂ. ૬૩૪). (૨) એઝ. ૪; ૬ માં આ નામના એક બીજા રાજાની વાત આવે છે. તે ઘણું કરીને કામબુસેસ હશે (ઇ. સ. પૂ. ૫૨૯–૫૩૭), જે કોરેશ રાજાનો પુત્ર અને તેની પછી ગાદીએ બેસનાર હતો. યહુદીઓએ તેના પર મંદિર વિષે અરજ કીધી. (૩) એસ્તરના પુસ્તકમાં જે નામ આવે છે તે દાર્યાવેશ હિસ્તારપેસનો પુત્ર હશે. તે ઇરાન, માદી અને બાબેલ ઉપર રાજ્ય કરતો હતો. આ બાદશાહ અને ઇરાનનો ક્ષેર્ક્ષેસ બાદશાહ તે એક ને એકજ છે. હિંદુસ્તાનથી કુશ સુધી ૧૨૭ પ્રાંતનો તે રાજા હતો (એસ્ત. ૧; ૧). રાજ્ય કારકીર્દીને સાતમે વર્ષે તેણે એસ્તેર સાથે લગ્ન કીધું અને બારમે વર્ષે હામાને યહુદીઓને કતલ કરવાની યુક્તિ રચી. તેણે ઇ. સ. પૂ. ૪૮૬-૪૬૫ સુધી એકવીસ વર્ષ રાજ્ય કીધું. તેણે ગ્રીસ દેશ પર વીસ લાખ માણસની ફોજ લઇને ચઢાઇ કરી પણ કેવળ પાંચ હજાર માણસ સાથે તે પાછો ફર્યો હતો. આ લડાઇમાંથી પાછા આવીને તેણે એસ્તેરની સાથે લગ્ન કીધાં.

અહાસ્બાય = હું પ્રભુની ગમ ન્હાસું (?) (૨ શમૂ. ૨૩; ૩૪).

અહી = ભાઇ. અહીયાહનું સંક્ષિપ્ત નામ છે. (૧) (૧ કાળ. ૫; ૧૫). (૨) (૧ કાળ. ૭; ૩૫).

અહીઆમ = માનો ભાઇ. દાઉદના ૩૦ યોદ્ધાઓમાંનો એક હતો (૨ શમૂ. ૨૩; ૩૩. ૧ કાળ. ૧૧; ૩૫).

અહીએઝર = મદદગાર, મદદનો ભાઇ. (૧) નિર્ગમનના વખતમાં દાનકુળનો એક મુખ્ય પુરૂષ હતો (ગણ. ૧; ૧૨: ૨; ૨૫: ૧૦; ૨૫). (૨) દાઉદને જે પુરૂષો સીકલાગમાં આવીને મદદગાર થયા તેમાંનો એક બિન્યામીની (૧ કાળ. ૧૨; ૩).

અહીકામ = મદદગાર, આધારનો ભાઇ. યહુદાહના રાજા યોશીયાહની કારકીર્દીમાં પ્રભુના મંદિરમાંથી નિયમશાસ્ત્રનું પુસ્તક મળ્યું તે વિષે હુલ્દાહ ભવિષ્યવાદેણ પાસે પુછવાને જે પાંચ માણસો રાજાએ મોકલ્યા હતા તેમાંનો આ એક હતો (૨ રાજા. ૨૨; ૧૨–૧૪. ૨ કાળ. ૩૪; ૨૦. ૨ રાજા. ૨૫; ૨૨). તે રાજાના ચિટણીસ શાફાનનો પુત્ર અને યરૂશાલેમનો નાશ થયા પછી યહુદાહનો જે ગવર્નર બાબેલના રાજાએ ઠરાવ્યો તે હાકેમ ગદાલ્યાહનો પિતા થાય (૨ રાજા. ૨૫; ૨૨. યિર્મે. ૪૦; ૫-૧૬: ૪૩; ૬). એક વખતે યહોયાકીમ રાજાના વખતમાં આ માણસે યિર્મેયાહનો પક્ષ ધરીને બારીક પ્રસંગમાં સારી મદદ કરી હતી.

અહીટૂબ = સારો, ભલાઇનો ભાઇ. (૧) એલીના પુત્ર ફીનહાસનો પુત્ર. પોતાના દાદાના મરણ પછી તે પ્રમુખયાજક થયો. અને તેના મરણ પછી તેનો પુત્ર અહીઆહ પ્રમુખ યાજક થયો (૧ શમૂ. ૧૪; ૩: ૨૨; ૯, ૧૧, ૧૨, ૨૦). (૨) સાદોકનો પુત્ર. દાઉદના વખતમાં તે તથા અબ્યાથારનો દીકરો અહીમેલેખ યાજક હતા (૧ કાળ. ૬; ૭, ૮. ૨ શમૂ. ૮; ૧૭). (૩) ૧ કાળ. ૯; ૧૧. નહે. ૧૧; ૧૧. ૧ કાળ. ૬; ૧૧, ૧૨).

અહીથોફેલ = મૂર્ખ, બેસ્વાદીપણાનો ભાઇ. તે દાઉદનો મંત્રી અને ગીલોહનો વતની હતો. તેની ચતુરાઇને લીધે યહુદી લોકમાં તે ઘણો નામવાર ગણાયો છે. દાઉદ તેને પોતાના સરખા દરજાનો અને પોતાનો ભાઇબંદ અને પરિચિત ગણતો હતો. પણ જ્યારે આબ્શાલોમે બળવો કીધો ત્યારે અહીથોફેલ દાઉદને બેવફા થયો (ગીત. ૪૧; ૯: ૫૫; ૧૨-૧૪. ૨ શમૂ. ૧૫; ૧૨). દાઉદે પોતાના જુના મિત્ર હૂશાયને અહીથોફેલ પાસે મોકલ્યો કે તે જઇને અહીથોફેલની આપેલી સલાહ બદલાવી નાખે. અને હુશાયે એ પ્રમાણે કીધું ત્યારે અહીથોફેલ ગુસ્સે થઇને આબ્શાલોમને મુકીને પોતાના નગરમાં ગયો ને ત્યાં ફાંસો ખાઇને મરી ગયો અને પોતાના બાપની કબરમાં દટાયો (૨ શમૂ. ૧૭; ૧-૨૩). તે યહુદા ઇસ્કારીઓતનો નમુનો કે ઉપમા હતી (ગીત. ૪૧; ૯).

અહીનાદાબ = સ્વતંત્ર, સ્વેચ્છક. રાજા સુલેમાને પોતાને તથા પોતાના ઘરને ખોરાક પુરો પાડવાને જે બાર કારભારીઓ નીમ્યા હતા તેમાંનો એક તે માહનાઇમનો કારભારી ઇદ્દોનો પુત્ર હતો. આ માહનાઇમ પ્રાંત યરદનની પૂર્વે ગમ આવેલો હતો (૧ રાજા. ૪; ૧૪).

અહીનોઆમ = ખુશનુમા, ખુશીનો ભાઇ. (૧) અહીમાઆસની દીકરી અને શાઉલ રાજાની સ્ત્રી (૧ શમૂ. ૧૪; ૫૦). (૨) દાઉદ રાજાની પહેલી સ્ત્રી જેને યિઝ્રએલી અહીનોઆમ કહે છે (૧ શમૂ. ૨૫; ૪૩: ૨૭; ૩). તે દાઉદના દીકરા આમ્નોનની મા થાય (૨ શમૂ. ૩; ૨. ૧ શમૂ. ૩૦; ૫, ૧૮. ૨ શમૂ. ૨; ૨).

અહીમાઆસ = ક્રોધનો ભાઇ. (૧) શાઉલની સ્ત્રી અહીનોઆમનો પિતા (૧ શમૂ. ૧૪; ૫૦). (૨) સાદોક યાજકનો પુત્ર જે તેની પછી યાજકપદ પામ્યો (૧ કાળ. ૬; ૮, ૫૩). આબ્શાલોમે જ્યારે બંડ કીધું ત્યારે તે દાઉદ પ્રત્યે વફાદાર રહ્યો. યરૂશાલેમમાં જે જે બનતું તે બધી ખબર યોનાથાન તથા અહીમાઆસ પુરી પાડતા હતા (૨ શમૂ. ૧૫; ૨૪–૩૭: ૧૭; ૧૫–૨૧). દોડવામાં તે ઘણો હોંશિયાર હતો (૨ શમૂ. ૧૮; ૧૯–૩૩).

અહીમાન = ઇનામનો ભાઇ = સ્વતંત્ર. (૧) કાલેબ અને બીજા જાસુસો હેબ્રોન પાસે પહોંચ્યા ત્યારે તેમને ત્રણ રાક્ષસ ભાઇઓ મળ્યા જેમને અનાકપુત્રો કહે છે (ગણ. ૧૩; ૨૨), તેમાંનો એક અહીમાન હતો. પાલેસ્ટાઇન દેશ જીતાયો ત્યારે આ અનાક પુત્રોને દેશમાંથી હાંકી કાઢી કાપી નાખ્યા (યહો. ૧૫; ૧૪. ન્યાયા. ૧; ૧૦). (૨) બંદીપ્રવાસ પછી મંદિરનો એક દ્વારપાળ હતો (૧ કાળ. ૯; ૧૭).

અહીમેલેખ = રાજાનો ભાઇ. અહીટૂબનો પુત્ર અને અબ્યાથારનો પિતા (૧ શમૂ. ૨૨; ૨૦-૨૩). ઇથામારની પેઢીનો અને એલીના વંશનો આ પુરૂષ હતો. ૧ કાળ. ૧૮; ૧૬માં જેને અબીમેલેખ કહે છે અને ૧ શમૂ. ૧૪; ૩, ૧૮માં જેને અહીયાહ કહે છે તેઓ બંને અહીમેલેખ હશે. તે બારમો પ્રમુખયાજક હતો અને નોબમાં તે પોતાનું યાજકપદ બજાવતો હતો. જ્યારે દાઉદ અને તેના સાથીઓ શાઉલથી નાસતા હતા ત્યારે નોબના આ યાજકે તેમને અર્પેલી પવિત્ર રોટલી ખાવાને આપી હતી (૧ શમૂ. ૨૧; ૧-૯). પણ અહીમેલેખે દાઉદ ઉપર આ

મહેરબાની બતાવી તેથી કરીને શાઉલે નોબ શહેર જે યાજકોનું શહેર તેનો તથા ત્યાંના ૮૫ એફોદ પહેરનાર યાજકોનો અહીમેલેખ સાથે બહુ ક્રૂર રીતે નાશ કીધો. આ ભારે કતલ કરવાને દોએગ અદોમીએ માથે લીધું હતું. આ અહીમેલેખનો એક પુત્ર અબ્યાથારનો બચાવ થયો હતો તેનો એક છોકરો હતો જેનું નામ અબીમેલેખ હતું. કેટલાએક એમ ધારે છે કે આ છોકરાના બે નામ હતા એટલે અબીમેલેખ અને અહીમેલેખ (૨ શમૂ. ૮; ૧૭. ૧ કાળ. ૧૮; ૧૬ : ૨૪; ૩, ૬, ૩૧). જુઓ અહીયાહ (૩).

અહીમોથ = મરણનો ભાઇ. લેવીપુત્ર એલ્કાનાહના બે પુત્રોમાંનો એક (૧ કાળ. ૬; ૨૫).

અહીયાહ = યહોવાહનો મિત્ર (ભાઇ). (૧) બિન્યામીનના પુત્ર બેલાના પુત્રોમાંનો એક (૧ કાળ. ૮; ૭). (૨) યહુદાહવંશી યરાહમએલના પાંચ પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૨; ૨૫). (૩) અહીટૂબનો પુત્ર જેને ૧ શમૂ. ૧૪; ૩ માં અહીઆહ કહે છે. આજ માણસ તે ઘણું કરીને શાઉલના વખતમાં નોબનો જે પ્રમુખયાજક અહીમેલેખ હતો તેજ હશે (૧ શમૂ. ૨૨; ૧૧). કેટલાક એમ ધારે છે કે અહીમેલેખ તે અહીયાહનો ભાઇ હતો, અને તેઓ બન્ને પ્રમુખયાજકનું કામ કરતા હતા; એટલે અહીમેલેખ નોબમાં અને અહીયાહ કીરીયાથ-યારીમમાં. (૪) દાઉદના યોદ્ધાઓમાંનો એક હતો (૧ કાળ. ૧૧; ૩૬). તેને ૨ શમૂ. ૨૩; ૩૪ માં અલીઆમ કહે છે. (૫) એક લેવી મંદિરની પવિત્ર વસ્તુના ભંડારનો કારભારી હતો (૧ કાળ. ૨૬; ૨૦). (૬) સુલેમાન રાજાના સેક્રેટરીઓમાંનો એક હતો (૧ રા. ૪; ૩). (૭) યરોબઆમના દિવસોમાં સીલોહનો એક ભવિષ્યવાદી હતો (૧ રા. ૧૧; ૨૯ : ૧૪; ૨). તેણે બે પ્રસિદ્ધ ભવિષ્ય કહેલાં તેની નોંધ શાસ્ત્રમાં આપણે વાંચીએ છીએ. પહેલું ૧ રા. ૧૧; ૩૧-૩૯ માં બતાવ્યું છે કે સુલેમાનના હાથમાંથી રાજ્ય ખુંચવી લઇને યહોવાહ કહે છે કે તને દસ કુળો આપીશ. બીજું ૧ રા. ૧૪; ૬-૧૬ માં રાજાના પુત્ર અબીયાહના મરણ વિષે તથા યરોબઆમના આખા ઘર પર આવી પડનાર આપત્તિ વિષે તેણે ભવિષ્ય કહ્યું.

અહીરા = દુષ્ટ માણુસનો ભાઇ. નાફતાલી કુળનો મુખ્ય પુરૂષ જે સિનાય પહાડ આગળ લોકોની ગણના કરવામાં મુસા તથા હારૂનનો મદદગાર હતો (ગણુ. ૧; ૧૫).

અહીરામ = ઉંચા માણુસનો ભાઇ. બિન્યામીનપુત્રોમાંનો એક મુખ્ય પુરૂષ હતો જેના કુટુંબને અહીરામીઓ કહે છે (ગણુ. ૨૬; ૩૮).

અહીલૂદ = (૨ શમૂ. ૮; ૧૬ : ૨૦; ૨૪. ૧ રા. ૪; ૩, ૧૨. ૧ કાળ. ૧૮; ૧૫). દાઉદ રાજાના રાજ્યમાં યહોશાફાટ ઇતિહાસક જે હતો તેનો પિતા (૨ શમૂ. ૮; ૧૬).

અહીશાર = ગવૈયો. સુલેમાન રાજાના રાજ્યનો એક અધિકારી હતો જે સુલેમાનના ઘરનો 'કારભારી' હતો (૧ રા. ૪; ૬).

અહીશાહાર = ઉદય. બિન્યામીનના પુત્ર યદીઅએલના પુત્રોમાંનો એક પુરૂષ હતો (૧ કાળ. ૭; ૧૦).

અહીશામાખ = મદદ. અરણ્યમાં મંડપ ઉભો કરવાને બસાલએલ તથા ઓહલીઆબ નામના બે માણસોને પ્રભુએ જ્ઞાન આપ્યું હતું. તેમાંના બીજાના એટલે ઓહલીઆબના બાપનું નામ (નિર્ગ. ૩૧; ૬ : ૩૫; ૩૪ : ૩૮; ૨૩).

અહીહૂદ = મેળાપ રાખનાર. (૧) બિન્યામીની બેલાનો પુત્ર (૧ કાળ. ૮; ૭). (૨) કનાન દેશની વહેંચણી કરવાના જે માણસો મુસાએ નિમ્યા તેમાંનો એક આશેરના કુળનો મુખ્ય પુરૂષ અહીહૂદ હતો (ગણુ. ૩૪; ૨૭).

અહુઝઝામ = તેઓનો કબજો. યહુદાહ પુત્રોમાંનો એક જે નાઅરાહનો પુત્ર (૧ કાળ. ૪; ૬).

અહુઝાથ = કબજો. પલિસ્તીઓના રાજા અબીમેલેખનો મિત્ર (ઉત્પ. ૨૬; ૨૬).

અહોઆહ = ભાઇપણું. બિન્યામીનના દીકરા બેલાનો દીકરો (૧ કાળ. ૮; ૪). કલમ સાતમાં તેને અહીયાહ કહે છે, અને ૧ કાળ. ૭; ૭ માં તેને ઇરી કહે છે. તેના વંશજોને અહોહી કહે છે (૨ શમૂ. ૨૩; ૯, ૨૮).

અહોહી =અહોઆહના વંશજો. (૨ શમૂ. ૨૩; ૯, ૨૮. ૧ કાળ. ૧૧; ૧૨ : ૨૭; ૪). દોદો, એલઆઝાર, શાલ્મોન આ ત્રણ યોદ્ધાઓ આ વંશના હતા.

આ.

આક્કાદ = ઉંચી જગ્યા, પહાડો. (ઉત્પ. ૧૦; ૧૦). શિનાર દેશમાં આવેલું એક પુરાતન શહેર હતું, જેનું ખંડેર બાબેલની ઉત્તરે ૫૦ મૈલ ઉપર આવેલા "અક્કેરકૂફ" નામના માટીના ઢગલાથી ઓળખાય છે. રાજા નિમ્રોદના રાજ્યમાં આવેલાં શહેરોમાંનું તે એક હતું. આ શહેર ફ્રાત નદીના કિનારાથી બહુ દૂર ન હતું. તેની સામે સિપ્પારા શહેર આવેલું હતું (જુઓ સફાર્વાઇમ). જે દેશનું આ શહેર મુખ્ય શહેર હતું તે દેશને પણ આજ નામ આપવામાં આવ્યું છે, એટલે બાબેલના ઉત્તર ભાગને આ નામ આપવામાં આવેલ છે. આક્કાદીઓ પૂર્વના પહાડો કે જ્યાં નુહાનું વહાણ થોભ્યું હતું ત્યાંથી આ તરફ ઉતર્યા હતા. બાબેલના જે લેખો મળી આવે છે તેમાં આ કોમને "કાળા માથાના કે કાળા મોઢાના લોક" એવું નામ આપવામાં આવ્યું છે, કેમકે બાબેલોનીઓ તેમનાથી ગોરા હતા. બાબેલોનીઓએ આ લોકનો દેશ ચઢાઇ કરી જીતી લીધો અને આક્કાદીઓની ભાષા બોલાતી બંધ થઇ, તોપણ બાબેલના વિદ્વાન વર્ગના માણસો આ ભાષા શીખતા હતા. એક મોટી ઈંટ નીનવેહના ખંડેરમાંથી હાથ આવી છે, જે પર આક્કાદીઓની ભાષા અને તે સામે સીરી ભાષામાં તેનો તરજુમો લખવામાં આવ્યો છે, જે પરથી આ ગુમ થએલી ભાષા ઉપર ફરીને પ્રકાશ પડ્યો છે. એવા પ્રકારના બીજા કેટલાક લેખ એ ભાષાના હાથ આવ્યા છે જેમાં ઉત્પત્તિના પુસ્તક સાથે ઘણી વાતો બંધબેસ્તી છે.

આક્કૂબ = યાકુબની બીજી જોડણી. (૧) નથીનીમના કુટુંબનો એક મુખ્ય પુરૂષ હતો (એઝ. ૨; ૪૫). (૨) બાબેલના બંદીપ્રવાસ પછી મંદિરનો એક લેવી દ્વારપાળ (૧ કાળ. ૯; ૧૭. એઝ. ૨; ૪૨. નહે. ૭; ૪૫). (૩) દાઉદના વંશનો એક પુરૂષ (૧ કાળ. ૩; ૨૪).

આક્કો = ઉકળાટવાળું, રેતાળ. ફેનીકેનું શહેર અને બંદર હતું, જે આશેરના ભાગમાં આવ્યું હતું, પણ તેઓથી તે કદી જીતાયું નહિ (ન્યાયા. ૧; ૩૧). ઇ. સ. ૧૦૦ માં આ શહેરને મિસરના રાજા ટોલેમીએ ફરીને બંધાવ્યું અને પોતાનું નામ તેને આપ્યું. તે પરથી તેને તાલેમાઇસ કહે છે. અહિં પાઉલ પોતાની ત્રીજી મુસાફરીમાં ગયો હતો (પ્રે. કૃ. ૨૧; ૭), અને ત્યાં એક દિવસ રોકાયો હતો. ક્રુસેડની લડાઇ પછી તેને 'આકરા' કહેતા. તે તુરની દક્ષિણે ૩૦ મૈલ ઉપર અને કાર્મેલ પહાડની ઉત્તરે ૧૦ મૈલ ઉપર આવેલું છે. જો કે આ બંદર છે તોપણ દરેક રૂતુમાં વહાણ ત્યાં બંદર કરી શકતાં નથી, પણ કાર્મેલ પહાડ પાસેના એક બંદરે વહાણ તે વખતે લંગર કરે છે. ઇ. સ. ૧૨૯૧ માં આ શહેર મુસલમાનોના હાથમાં આવ્યું. વળી ઇ. સ. ૧૭૯૯ માં ત્યાં એક બીજી લડાઇ પણ થઇ હતી. હાલ તે તુર્કી બાદશાહતનું શહેર છે અને આશરે ૧૦,૦૦૦ માણસની વસ્તી છે.

આક્રાબ્બીમ = વિંછુ. મૃત સમુદ્રની દક્ષિણે અને સીન અરણ્ય વચ્ચે આવેલી પહાડની એક ધાર હતી. કનાનની સરહદ સીમા તેમજ અમોરીઓની હદ આ ધારથી ગણવામાં આવતી હતી (ગણ. ૩૪; ૪. યહો. ૧૫; ૩). તેને વિંછુઓ આ નામ આપવાનું કારણ એ છે કે ત્યાં વિંછુ આજ સુધી પણ ઘણા માલમ પડે છે.

આકલ્દમા = યહુદીઓએ ઇસુને પરસ્વાધીન કરનાર શિષ્ય યહુદાના રૂપીઆથી જે કુંભારનું ખેતર વેચાતુ લીધું હતું તેને આ નામ આપવામાં આવ્યું છે. આ નામનો અર્થ 'લોહીનું ખેતર' એવો છે. અને તેનું કારણ એ છે કે જે નાણાંથી આ ખેતર ખરીદવામાં આવ્યું તે નાણાં લોહીનાં હતાં. વળી યહુદા ઇશ્કારીઓતે જે જગ્યામાં પોતાનો આપઘાત કીધો તે જગ્યા પણ ઘણું કરીને આજ છે. એ બે કારણથી તેને લોહીનું ખેતર કહેતા હતા (માત્થી ૨૭; ૭, ૮. પ્રે. કૃ. ૧; ૧૯). આ જગ્યા યરૂશાલેમની બહાર સિયોન પહાડની દક્ષિણ ગમ આવેલી હતી. યહુદીઓએ આ ખેતર પરદેશીઓને દાટવાને ખરીધું હતું. આસરે બસો અઢીસો વર્ષથી ત્યાં કોઇને દફનાવવામાં આવતા નથી. આ ખેતરની માટી લોકોની સમજમાં પવિત્ર ગણાતી હતી, તેથી કેટલાક માણસો આ માટી પરદેશ લઇ જતા હતા. આ વહેમ ઉભો થવાનું કારણ કદાપિ એમ હોય કે આ ખેતરની માટી એવી હતી કે દાટેલું શબ જલદી માટી સાથે મળી જઇ નાશ પામતું હતું. બસો અઢીસો વર્ષ પહેલાં આ જગ્યા આર્મિની ખ્રીસ્તીઓના કબરસ્તાન તરીકે વપરાઇ હતી. હાલ તેને 'હાક-એદ-દામ' કહે છે.

આકુલા = ગરૂડ. આ એક યહુદી માણસ હતો અને તે પંતસનો વતની હતો. તે તંબુ સીવવાનું કામ કરનાર હતો. તેની સ્ત્રીનું નામ પ્રિસ્કીલા હતું. કરીંથ શહેરમાં પાઉલની તેમની સાથે પહેલી મુલાકાત થઇ, કેમકે પાઉલ જ્યારે કરીંથ ગયો ત્યારે (ઇ. સ. ૫૦) રૂમના બાદશાહ ક્લાદીઅસે રૂમ શહેરમાંથી બધા યહુદીઓને નીકળી જવાનો હુકમ કીધો હતો, તેથી કરીને આકુલા તથા તેની સ્ત્રી આ વખતે રૂમથી નીકળી કરીંથમાં આવ્યાં હતાં. આ સ્ત્રી પુરૂષનું નામ શાસ્ત્રમાં હમેશાં સાથે લખવામાં આવ્યું છે. અહિ કરીંથમાં પાઉલની મુલાકાત થતાં તેઓ પોતાનો ધંધો ભેગો ચલાવવા લાગ્યાં. અને ૧૮ માસ પછી પાઉલ જ્યારે કરીંથથી નીકળી એફેસસ ગયો ત્યારે આ લોકો પણ તેની સાથે એફેસસ ગયા (પ્રે. કૃ. ૧૮). તેઓ ક્યારે ખ્રીસ્તી થયાં તે આપણે જાણતા નથી પણ એફેસસમાં તેઓ બંને પાઉલની સુવાર્તા સંબંધી મદદગાર હતાં એમ દેખાય છે (૧ કરીં. ૧૬; ૧૯). ત્યાર પછી આ માણસને આપણે રૂમમાં જોઇએ છીએ (રૂમી. ૧૬; ૩). અને ત્યાર પછી ત્યાંથી તેઓ એફેસસમાં પાછાં આવ્યાં, કેમકે પાઉલ જ્યારે તીમોથીને પત્ર લખે છે ત્યારે તેમને સલામ મોકલે છે (૨ તીમો. ૪; ૧૯). તેઓ જ્યારે રૂમમાં ગયાં ત્યારે ત્યાં અને એફેસસમાં રહેતાં ત્યારે પણ તેમની પડોસના લોકને સુવાર્તાની વાતો શીખાડતાં હતાં. તેની સ્ત્રી પ્રભુના કામમાં બધી રીતે તેના ધણીને મદદ કરતી હતી. તેઓએ એફેસસમાં આપોલસને ખ્રીસ્ત વિષે શીખવ્યું હતું (પ્રે. કૃ. ૧૮; ૨૬).

આખ્ઝીબ = ઠગનું, જૂઠ. (૧) યહુદાહના સપાટ પ્રદેશમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૪૪). ઘણું કરીને ઉત્પ. ૩૮; ૫ માં ખઝીબ નામ જે આવે છે તે આજ શહેર હશે. (૨) ફેનીકીઓનું એક શહેર હતું. જો કે તે આશેરપુત્રોના ભાગમાં આવ્યું તોપણ ફેનીકીઓને તેમણે કાઢી મુક્યા નહિ (યહો. ૧૯; ૨૯. ન્યાયા. ૧; ૩૧). હાલ આ શહેર 'એસ-ઝીબ' નામથી ઓળખાય છે, કે જે આક્કોની ઉત્તરે આસરે ૧૦ મૈલ ઉપર ભૂમધ્ય સમુદ્ર પર આવેલું છે.

આખ્બોર = ઉંદર. (૧) આ નામનો એક અદોમી રાજા હતો (ઉત્પ. ૩૬; ૩૮. ૧ કાળ. ૧; ૪૯). (૨) યોશીયાહ રાજાએ મંદિરમાંથી જે નિયમશાસ્ત્ર મળી આવ્યું હતું તે વિષે પુછવાને જે માણસોને હુલ્દાહ ભવિષ્યવાદેણ પાસે મોકલ્યા તેમાંનો એક મીખાયાહનો પુત્ર આખ્બોર નામનો હતો (૨ રાજા. ૨૨; ૧૨, ૧૪). ઘણું કરીને

તેનેજ ૨ કાળ. ૩૪; ૨૦ માં આબ્દોન કહે છે.

આખ્સાફ = જાદુ, નજરબંદી. પાલેસ્ટાઇનની ઉત્તરે કનાનીઓની રાજધાનીનું એક શહેર હતું (યહો. ૧૧; ૧: ૧૨; ૨૦: ૧૯; ૨૫). આશેર કુળના ભાગની તે પૂર્વ સરહદ હતી. હાલ આક્કોની ઇશાન કોણમાં 'યાસીફ' નામનું એક ગામનું ખંડેર આવેલું છે, તે પુરાતન આખ્સાફ હશે એવું ધારવામાં આવે છે.

આખ્સાહ = કલ્લું. કાલેબની એકની એક દીકરીને આ નામ આપવામાં આવેલું છે (૧ કાળ. ૨; ૪૯). આ દીકરીના લગ્ન વિષે તેના પિતાએ ઠરાવ્યું હતું કે જે કોઇ માણસ દબીર કે કિર્યાથ-સેફેરને મારીને સર કરે તેને હું મારી દીકરી આખ્સાહ પરણાવીશ. અને કાલેબના નાના ભાઇ કનાઝના દીકરા ઓથ્નીએલે તેને જીતીને સર કર્યું. માટે તેની સાથે તેને પરણાવી (યહો. ૧૫; ૧૬-૧૯. ન્યાયા. ૧; ૯-૧૫).

આખાન = તરદી આપનાર, હેરાન કરનાર (૧ કાળ. ૨; ૭). યરેખો શહેર જ્યારે ઇસ્રાએલીઓએ જીતી લીધું ત્યારે યરેખો તથા તેના સર્વસ્વનો નાશ કરવાને પ્રભુએ ફરમાવ્યું હતું પણ યહુદાહના વંશમાંના ઝેરાહના પુત્ર ઝાબ્દીના પુત્ર કાર્મીના પુત્ર આખાને એ કરાર તોડી શ્રાપિત વસ્તુમાંથી કંઇ લીધું તેથી કરીને યહોવાહનો કોપ ઇસ્રાએલપુત્રો પર સળગ્યો (યહો. ૭). અને એથી કરીને આયની લડાઇમાં ઇસ્રાએલીઓ હાર્યા, અને આ હારનું કારણ યહોવાહે યહોશુઆને જણાવ્યું. યહોશુઆએ ચિઠ્ઠીઓ નાખી આ માણસને શોધી કાઢ્યો અને તેને તથા તેની શ્રાપિત વસ્તુઓ અને તેના સર્વસ્વને આખોરની ખીણમાં લઇ જઇ તેને પત્થરે માર્યો, અને તેનાં સર્વસ્વને અગ્નિથી બાળી નાખ્યું, અને તે રાખના ઢગલા ઉપર પત્થરનો મોટો ઢગલો કીધો. અને યહોવાહ પોતાના ક્રોધથી ફર્યો માટે તે ઠેકાણાનું નામ આખોરની ખીણ પડ્યું.

આખાયા = પુરાતન વખતમાં આખાયા એ નામ ગ્રીસ દેશના એક નાના પ્રાંતને આપવામાં આવ્યું હતું. એને જુના કરારમાં યવન નામ આપવામાં આવે છે, કારણ કે યાફેતના ચોથા પુત્ર યવનના વંશજો અહીં રહેતા હતા (ઉત્પ. ૧૦; ૨. યશા. ૬૬; ૧૯). પહેલાંના વખતમાં ગ્રીસ દેશના બે ભાગ હતા, એકને આખાયા અને બીજાને માકેદોન્યા કહેતા હતા (પ્રે. કૃ. ૧૯; ૨૧. રૂમી. ૧૫; ૨૬. ૧ કરીં. ૧૬; ૫, ૧૬. ૨ કરીં. ૯; ૨. ૧ થેસ્સા. ૧; ૭, ૮). પણ આખાયા રૂમીઓને તાબે થયા પછી તેના ઉપર એકજ પ્રકારના અધિકારીઓ ન હતા. કેમકે કેટલાક પ્રાંત કાઇસારના ખાસ કબજામાં રહેતા અને બીજા કેટલાક ત્યાંના અમીરોને સોંપેલા હતા. આખાયા પહેલાં અમીરોના કબજામાં હતો અને ત્યાંના સુબાને 'પ્રોકોન્સલ' કહેતા હતા. પણ ઇ. સ. ૧૬ માં તિબેરીઅસ કાઇસારે તે બદલીને આ પ્રાંતને પોતાનો ખાસ પ્રાંત ઠરાવ્યો, અને તે ઉપર પોતાનો એક અધિકારી નીમ્યો. પણ તેનો કરેલો બંદોબસ્ત ક્લૉદિયસ કાઇસારને પસંદ પડ્યો નહિ માટે આખાયા ફરીને અમીરોના કબજામાં આવ્યો. પાઉલની સામે કરીંથ શહેરમાં હંગામો કરી જ્યારે તેને ન્યાયાસનપાસે લઇ ગયા ત્યારે અમીરો તરફથી ઠરાવેલો ગાલીઓ આખાયાનો અધિકારી હતો (પ્રે. કૃ. ૧૮; ૧૨). નવા કરારમાં આથેનાય, કરીંથ અને કેંખ્રીઆને આ પ્રાંતનાં શહેરો ગણેલાં છે. પાઉલે પોતાની બીજી મુસાફરીમાં આખાયામાં પહેલી ખ્રીસ્તી મંડળી સ્થાપી.

આખીમ = યાખીન (ઉત્પ. ૪૬; ૧૦) નું ટુંકું નામ (મા. ૧; ૧૪).

આખીશ = ગુસ્સે થવું. ઘણું કરીને પલિસ્તીઓના રાજાનો આ ખિતાબ હતો. (૧) શાઉલથી જ્યારે દાઉદ નાસતો હતો ત્યારે આ ગાથના રાજાનો તેણે આશ્રો લીધો હતો (૧ શમૂ. ૨૧; ૧૦-૧૫). ગીત. ૩૪ માં તેને અબીમેલેખ નામ આપવામાં આવ્યું છે.

આજ ગાથના રાજાએ દાઉદને સિકલાગ ગામ આપ્યું હતું કે જ્યાં દાઉદ પોતાના ૬૦૦ માણસ સાથે રહેતો હતો (૧ શમૂ. ૨૭; ૫-૧૨). ગાથના રાજા આખીશનો ભરોસો દાઉદ ઉપર ઘણો હતો, પણ પલિસ્તી સરદારોએ દાઉદને પોતાની સાથે લડાઇમાં ઉતરવાને મના કીધી (૧ શમૂ. ૨૯; ૨-૧૧). દાઉદ આ ગાથના રાજા આખીશ પાસે સવા વર્ષ રહ્યો હતો. (૨) ગાથના એક બીજા રાજાને પણ આ નામ આપવામાં આવ્યું છે. જેને ત્યાં શિમઇના બે ચાકરો નાસી ગયા હતા અને તેમને તેડવાને શિમઇ રાજાની આજ્ઞા ઉલ્લંઘીને ત્યાં ગયો હતો, જેથી રાજા સુલેમાને તેને મારી નંખાવ્યો હતો (૧ રા. ૨; ૩૯-૪૬). આ રાજા તે કદાપિ નંબર ૧ લાનો પૌત્ર હશે.

આખોર = સંકટ. આ નામની એક ખીણ યરેખોની પાસે હતી. ઇસ્રાએલીઓને માટે કનાનમાં દાખલ થતી વખત આ ખીણ દુઃખ અને સંકટની જગ્યા થઇ હતી પણ આખાનને તથા તેના સર્વસ્વને પત્થરે મારીને આ ખીણમાં બાળી નાખ્યાં, ત્યાર પછી યહોવાહનો કોપ ઇસ્રાએલીઓ પરથી ઉતર્યો અને ત્યાર પછી તેઓ એક પછી એક જીત મેળવવા લાગ્યા (યહો. ૭; ૨૪, ૨૫). આ જગ્યા વિષે દ્રષ્ટાંતિક રીતે યશા. ૬૫; ૧૦ માં કહે છે કે દુઃખને હું સુખરૂપ કરીશ. અને તેજ અર્થે હોશીઆ ૨; ૧૫ માં આ ખીણને 'આશાનું દ્વાર' એવું નામ આપ્યું છે. હાલ આ ખીણને 'કેલ્ટની ખીણ' કહે છે.

આગ્રીપા પહેલો (૧) મહાન હેરોદનો તે પૌત્ર હતો. તેનાં માબાપનું નામ આરિસ્તોબુલસ અને બેરનીકે હતું. રૂમના બાદશાહ કાલીગુલાએ તેના ઉપર ઘણી મહેરબાની બતાવી; ફિલીપનાં પ્રગણાં પર તેને પહેલો ગવર્નર નીમ્યો; ત્યાર પછી લીસાનીયાસને ત્રાખીનો અને પછી ધીમે ધીમે તેને હેરોદ રાજાનો ખિતાબ આપી આન્ટીપાસ જેને દેશનિકાલ કરવામાં આવ્યો હતો તેની જગ્યાએ તેને નીમી સમારીઆ અને યહુદાહ પણ તેના કબજામાં આવ્યા અને એમ આખા પાલેસ્તાઇનનો તે હાકેમ થયો. આ રાજા પુરાતન મંડળીનો સતાવનાર હતો. તેણે યાકુબને કતલ કરાવ્યો અને પીતરને બંદીખાનામાં નંખાવ્યો (પ્રે. કૃ. ૧૨; ૧-૪). તે કાઇસારીમાં દુઃખી થઇ કીડાથી ચવાઇ મરણ પામ્યો (પ્રે. કૃ. ૧૨; ૨૩). ઇ. સ. ૪૪. (જુઓ હેરોદ આગ્રીપા પહેલો). (૨) આગ્રીપા બીજો તે હેરોદ આગ્રીપા પહેલાનો પુત્ર હતો, અને રૂમ શહેરમાં ઇ. સ. ૨૭ માં જન્મ્યો હતો. બેરનીકે અને દ્રુસીલા તેની બહેનો હતી. બાદશાહ કલૌદિયસે તેને યરૂશાલેમના મંદિરનો વહિવટદાર ઠરાવ્યો ને તે સાથે તેને કાલ્કીસનો ગવર્નર પણ નીમ્યો કે જે જગ્યાએ તે પહેલાં તેનો કાકો હેરોદ હતો (ઇ. સ. ૫૦). ત્યાર પછી તેને રાજાની પદવી આપવામાં આવી અને ફિલીપ અને લીસાનીયાસ જેઓ તેત્રાર્ખ હતા તેમની જગ્યાએ તે ગવર્નર નીમાયો (પ્રે. કૃ. ૨૫; ૧૩: ૨૬; ૨, ૭). પાઉલે તેની આગળ ભાષણ કીધું હતું (પ્રે. કૃ. ૨૬). તેણે યહુદીઓની વિરૂદ્ધ રૂમીઓ સાથે સંપ કીધો હતો. તેની ખાનગી જીંદગી સ્વચ્છંદી હતી. તે રૂમમાં આસરે ૭૦ વર્ષની ઉમરે ઇ. સ. ૧૦૦ માં મરણ પામ્યો (જુઓ હેરોદ આગ્રીપા બીજો).

આગાબાસ = હાગાબની ગ્રીક જોડણી. ખ્રીસ્તના ૭૦ શિષ્યોમાંનો કદાપિ આ એક હતો, તે ભવિષ્યવાદી હતો. તેણે અંત્યોખમાં દુકાળ વિષે અને ત્યાર પછી ઘણે વર્ષે પાઉલ ઉપર આવનાર દુઃખ વિષે કાઇસારીઆમાં ભવિષ્ય કહ્યું (પ્રે. કૃ. ૧૧; ૨૭, ૨૮: ૨૧; ૧૦–૧૨).

આગૂર = એકઠું કરનાર. દ્રષ્ટાં. ૩૦ માં તેને કહેત્રતોનો બનાવનાર કહે છે, એ સિવાય આપણે તેના વિષે બીજું કંઇ જાણતાં નથી.

આગે = હલકું, ઉડી જાય તેવું. દાઉદના શૂરવીરોમાંનો એક શામ્માહ નામનો હતો તેનો પિતા (૨ શમૂ. ૨૩; ૧૧).

આઝગાદ (આસ્તાદ) = નસીબદાર. બાબેલના બંદીપ્રવાસમાંથી જે લોકો પાછા આવ્યા તેમાં આઝગાદના પુત્રો ૧૨૨૨ હતા (એઝ. ૨; ૧૨. નહે. ૭; ૧૭:૧૦; ૧૫).

આઝઝુર = મદદગાર. (૧) હનાન્યાહ નામનો એક જુઠો ભવિષ્યવાદી હતો તેના બાપનું નામ આઝઝુર હતું (યિર્મે. ૨૮; ૧). (૨) યાઅઝાન્યાહનો પિતા (હઝ. ૧૧; ૧). (૩) (નહે. ૧૦; ૧૭).

આઝનોથ–તાબોર = તાબોરનું શિખર. નાફ્તાલી પુત્રોના ભાગની સરહદ પર આવેલી એક જગ્યા હતી (યહો. ૧૯; ૩૪).

આઝબૂક (નહે. ૩; ૧૬).

આઝમાવેથ = મરણ જેવું બળવાન. (૧) દાઉદના ૩૦ યોદ્ધાઓમાંનો એક હતો (૨ શમૂ. ૨૩; ૩૧). (૨) દાઉદ અને સુલેમાન રાજાના વખતમાં રાજાના ભંડારો પર મુકાદમ હતો (૧ કાળ. ૨૭; ૨૫). (૩) યરૂશાલેમ પાસે યહુદાહનું એક શહેર હતું (નહે. ૧૨; ૨૯. એઝ. ૨; ૨૪). (૪) (૧ કાળ. ૮; ૩૬). નહે. ૭; ૨૮ માં તેને બેથ-આઝમાવેથ કહે છે. (વળી ૧ કાળ. ૯; ૪૨:૧૧; ૩૩:૧૨; ૩:૨૭; ૩૫ જુઓ).

આઝ્રીએલ = જેને પ્રભુ મદદ આપે છે. મનાશ્શેહના અર્ધ કુળનો આ માણસ હતો અને પોતાના કુટુંબનો મુખ્ય પુરૂષ હતો (૧ કાળ. ૫; ૨૪:૨૭; ૧૯. યિર્મે. ૩૬; ૨૬).

આઝ્રીકામ = શત્રુ સામે મદદ (૧ કાળ. ૩; ૨૩:૮; ૩૮:૯; ૧૪, ૪૪. ૨ કાળ. ૨૮; ૭. નહે. ૧૧; ૧૫).

આઝાઝ = મજબુત. રેઉબેન પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૫; ૮).

આઝોટ = આશ્દોદની ગ્રીક જોડણી. પલિસ્તીઓનું એક શહેર છે. જુના કરારમાં તેને આશ્દોદ કહે છે જે જોપ્પા અને ગાઝઝાહની વચ્ચે ભૂમધ્ય સમુદ્રથી આસરે ત્રણ મૈલ ઉપર આવેલું છે. દાગોન દેવતાની ત્યાં મુખ્ય જગ્યા હતી (૧ શમૂ. ૫; ૫. યહો. ૧૫; ૪૭). નવા કરારમાં તેનું નામ એકજ વખત આવે છે અને ત્યાં તેને આઝોટ કહે છે (પ્રે. કૃ. ૮; ૪૦). (જુઓ આશ્દોદ).

આઝોર = મદદગાર (માત્થી ૧; ૧૩).

આટ્રોથ-સોફાન = ગુપ્ત મુગટ. ગાદપુત્રોનું એક કિલ્લાવાળું નગર યરદનની આ બાજુ હતું (ગણ. ૩૨; ૩૫).

આટાડ = કાંટો. યુસફ તથા તેના ભાઇઓ પોતાના બાપનું શબ લઇને તેને દફનાવવાને હેબ્રોન ગયા. રસ્તામાં યરદન પાર આટાદની ખળી છે ત્યાં જ્યારે તેઓ પહોંચ્યા ત્યારે 'ભારે વિલાપથી રૂદન કર્યું.' અને ત્યાં પોતાના બાપને સારૂ સાત દિવસ શોક કીધો. એ કારણથી તે દેશના કનાનીઓએ તે જગ્યાનું નામ આબેલ-મિસરાઇમ પાડયું (ઉત્પ. ૫૦; ૧૦, ૧૧). આ ખળી ઘણું કરીને હેબ્રોનની પાસે હતી. ન્યાયા. ૯; ૧૪, ૧૫ માં આ શબ્દને ઝાંખરાં તરીકે વાપર્યો છે અને ગીત ૫૮; ૯ માં તેને કાંટા શબ્દ વાપર્યો છે.

આટેર = બંધ કરવું, લંગડો. (૧) (એઝ. ૨; ૧૬). (૨) (એઝ. ૨; ૪૨). (૩) (નહે. ૧૦; ૧૭).

આતાલી (પ્રે. કૃ. ૧૪; ૨૫). પામ્ફુલ્યા પ્રાંતનું એક શહેર હતું. પાઉલ તથા બાર્ણાબાસ પોતાની પહેલી મુસાફરી પછી આ બંદરેથી વહાણે બેસી અંત્યોખ ગયા. પેરગામસના બાદશાહ આત્તાલુસે આ શહેર બંધાવ્યું હતું. તેનો વિચાર એવો હતો કે મિસર અને સુરિયાનાં વહાણ આ બંદરે આવે. વળી આ શહેરને તેણે પોતાનું નામ પણ આપ્યું. પછીથી તે 'સત્તાલીઆ' કહેવાયું. અને હાલના વખતમાં આ શહેરનાં કેવળ ખંડેર જોવામાં આવે છે.

આત્તાય = તક. (૧ કાળ. ૨; ૩૫, ૩૬:૧૨; ૧૧. ૨ કાળ. ૧૧; ૨૦).

આથ્લાય = આથાલીઆનું સંક્ષિપ્ત. (એઝ. ૧૦; ૨૮).

આથેનાય. અખાયા કે ગ્રીસ દેશ માકેદોનિયાની દક્ષિણે આવેલો છે, તેમાં ત્રણ મોટાં

શહેર છે, એટલે આથેનાય, કરીંથ, કેંખ્રીઆ. આથેનાય શહેર પુરાતન દુનિયાનું એક પ્રસિદ્ધ શહેર છે. તે યુનાન દેશની આંખ ને શિલ્પવિદ્યા અને પંડિતોની માતા કહેવાતું હતું. આ નગર ગ્રીક લોકનું સર્વોત્તમ અને શ્રેષ્ઠ કાર્યોના અદ્ભુત સંગ્રહનું ઠેકાણું હતું. પેરિયસ નામનું આ શહેરનું એક બંદર જે સાલામીસની ખાડી ઉપર શહેરથી છ મૈલ દૂર આવેલું હતું, ત્યાંથી તે શહેર સુધીના રસ્તાની બંને બાજુએ ૪૦ ફુટની ઉંચાઇમાં બાંધેલી હતી, અને તે ઉપર અનેક દેવ દેવતાઓ અને બીજી સુંદર પ્રતિમાઓ કોતરેલી હતી. તેઓમાં એક 'મિનરવાહ' દેવી હતી જે કન્યાકુમારી, બુદ્ધિ, સંગ્રામ અને શિલ્પવિદ્યાની દેવી ગણાતી હતી. તેની એક પ્રતિમા ૨૬ ફુટ ઉંચી સોના તથા હાથીદાંતની બનાવેલી હતી. એવું કહેવાય છે કે તેમાં સોનું એકલું ૧૨ લાખ રૂપીઆનું વપરાયું હતું. આથેનાઇ દેવીના નામ ઉપરથી આ નગરનું નામ આથેન્સ કે આથેનાય પડયું છે. આ શહેરમાં પાઉલ પ્રેરિત પોતાની બીજી મુસાફરીમાં ગયો હતો. અને આ અગણીત દેવદેવીઓને જોઇને શહેરમાં આવેલા એક ઉંચા ટેકરા પર ઉભા રહીને પાઉલે આથેનીઓને એક પ્રસિદ્ધ ભાષણ આપ્યું. આ ટેકરાને અરેઓપાગસ કહેતા હતા. પાઉલના ભાષણથી દીઓનુસીઅસ અરેઓપાગસી, અને દામરીસ નામની એક બાયડીએ વિશ્વાસ કીધો. પાઉલે આ ભાષણ સમયાનુસાર ઘણી વિદ્વત્તાથી તથા હુશિયારીથી આપ્યું હતું (પ્રે. કૃ. ૧૭; ૨૨–૩૪. ૧ થેસ્સા. ૩; ૧). જુઓ અરેઓપાગસી.

આદઆદાહ = ફળદ્રુપ (?). યહુદાહપુત્રોના કુળનું એક નગર હતું, જે વિષે યહો. ૧૫; ૨૨ માં વાત આવે છે.

આદાર = વિસ્તીર્ણ. બિન્યામીની બેલાનો પુત્ર (૧ કાળ. ૮; ૩). તેને ઉત્પ. ૪૬; ૨૧ માં આર્દ કહે છે.

આદોન = નીચું, હલકું. બંદીપ્રવાસમાંથી જેઓ પાછા આવ્યા તેમાંનો એક હતો અને તેઓ ઇસ્રાએલ વંશના છે કે નહિ તે વિષે પોતાનું કુળ બતાવી શક્યા નહિ (નહે. ૭; ૬૧. એઝ. ૨; ૫૯).

આદના = ખુશી. (એઝ. ૧૦; ૩૦).

આદનાહ = ખુશી થવું. (૧) મનાશ્શેહ કુળનો મુખ્ય પુરૂષ કે જે દાઉદને સિક્લાગમાં આવીને મળ્યો (૧ કાળ. ૧૨; ૨૦). (૨) રાજા યહોશાફાટનો એક ત્રણ લાખ શૂરવીર પુરૂષોનો સરદાર હતો (૨ કાળ. ૧૭; ૧૪).

આદબએલ = પ્રભુનો ચમત્કાર. ઇશ્માએલનો ત્રીજો પુત્ર (ઉત્પ. ૨૫; ૧૩. ૧ કાળ. ૧; ૨૯).

આદમ = લાલ, માણસ. આ ખાલ્દી ભાષાનો શબ્દ છે અને સામાન્ય નામ છે. હેબ્રી અને આશ્શૂરી ભાષામાં પણ એ શબ્દનો એજ અર્થ છે. પરમેશ્વરે જે પહેલું માણસ ઉત્પન્ન કીધું તેને આ નામ આપવામાં આવેલું છે. પ્રભુએ પોતાના સ્વરૂપ પ્રમાણે માણસને (આદમ) ઉત્પન્ન કીધું અને દેવે પોતે તેમાં જીવનનો શ્વાસ ફુંક્યો. 'તેણે તેઓને નરનારી ઉત્પન્ન કીધાં.' આ માણસ વિષે ઉત્પ. ૧-૫ સુધી વાત લખવામાં આવી છે. પ્રભુએ આદમને માટીમાંથી ઉત્પન્ન કરી તેમાં જીવનનો શ્વાસ ફુંક્યો, અને તે જીવતો પ્રાણી થયો, અને બીજા બધા ઉપર પ્રભુએ તેને અધિકાર આપ્યો. માણસની આ વખતની સ્થીતિ દેવના ગુણ પ્રમાણે પુરી પવિત્ર હતી. પછી દેવે તેમને એક એદન નામની સુંદર વાડીમાં મુક્યાં. ત્યાં તેઓ ઘણાં સુખી હતાં. આ પવિત્ર સ્થિતિનો ભોગવટો તેમણે કેટલો વખત કીધો તે માલમ નથી. પણ લખેલું છે કે વાડીમાં ગયા પછી કેટલીક મુદતે તેઓએ પરમેશ્વરનો હુકમ તોડયો અને આ પવિત્ર સ્થિતિ તેઓએ ખોઇ નાખી. જ્યાં સુધી તેઓ પોતાના ધણીની મરજી પ્રમાણે ચાલ્યાં હતાં ત્યાં સુધી તેઓ બહુજ સુખી હતાં. આ જોડાથી આખી પૃથ્વીનાં માણસ ઉત્પન્ન થયાં છે (પ્રે. કૃ. ૧૭; ૨૬.

સરખાવો રૂમી. ૫; ૧૨-૨૧. ૧ કરીં. ૧૫; ૨૨-૪૭). અને એમ આ પ્રથમ માબાપનું પાપ તે સઘળી માણુસ જાતને માથે ઉતરેલું છે કે જેને મૂળ પાપ કહે છે. આ પાપે કરીને તેઓએ એદન વાડી ખોઇ નાખી. પણ ધન્ય ત્રિધન્ય આપણા પ્રભુને કે આ વાડીમાં ફરી પેસી શકાય માટે બીજો આદમ આપણે વાસ્તે મોકલાયો કે જેણે પહેલા આદમની જગ્યામાં આવીને સંપૂર્ણ આજ્ઞાપાલન તથા દુ:ખસહન કીધુ. જગતમાં પાપનો પ્રવેશ થતાં બચાવનું વચન પણ તેજ વખતે આપવામાં આવ્યું (ઉત્પ. ૩; ૧૫). આદમ તથા હવા જ્યારે એદન વાડીમાં હતાં ત્યારે જાનવરોની સાથે તેમનો પુરો સુરાગ હતો. તેઓ તેમને કંઇ પણ હરકત કરે નહિ. આદમનું પહેલામાં પહેલું જે કામ નોંધમાં લેવામાં આવ્યું છે તે એ હતું કે તેણે "સર્વ ગ્રામપશુનાં, આકાશનાં પક્ષીઓનાં તથા સર્વ વનપશુઓનાં નામ પાડ્યાં." જેવો સુરાગ એદન વાડીમાં જાનવરો સાથે માણુસનો હતો તેવો એક જમાનામાં ફરીને થશે. યશા. ૧૧; ૫, ૯: ૬૫; ૨૫. એદન વાડીમાંથી નીકળ્યા બાદ આદમને ઘણાંએક છોકરાં થયાં હશે, પણ શાસ્ત્રમાં કાઇન, હાબેલ અને શેથ એ ત્રણ પુત્રની વાત આવે છે. આદમ ૯૩૦ વર્ષની ઉમરે મરણ પામ્યો. આ એદન વાડીમાં (ઉત્પ. ૨; ૧૫) તેણે જાનવરનાં નામ પાડ્યાં ને તેની સ્ત્રીને હવા નામ આપ્યું (ઉત્પ. ૨; ૧૯-૨૩: ૩; ૨૦). તે પાપમાં પડયો (૩; ૪: ૧; ૨૫: ૫; ૧-૫). આદમ=માણુસ (ઉત્પ. ૨; ૧૯. ૧ કાળ. ૧; ૧). તે દેવનો પુત્ર (લુક ૩; ૩૮). માનવપુત્ર (પુન. ૩૨; ૮. વળી અયૂ. ૩૧; ૩૩. રૂમી. ૫; ૧૪. ૧ તીમો. ૨; ૧૩. યહુદા ૧૪). ખ્રીસ્ત બીજો આદમ (૧ કરીં. ૧૫; ૨૨, ૪૫. રૂમી. ૫; ૧૪-૧૯).

આદમાથા (એસ્તે. ૧; ૧૪). ઇરાનના રાજા અહાશ્વેરોશના રાજ્યમાં જે સાત સરદારો પહેલી બેઠકના હકદાર હતા તેમાંનો એક હતો.

આદમાહ=જમીન. (૧) સપાટીનાં પાંચ શહેરોમાંનું તે એક હતું. શિનાબ રાજાની રાજધાનીનું શહેર હતું. પ્રથમ આ શહેર પર લડાઇને લીધે ભારે આફત આવી ને ત્યાર બાદ બીજાં શહેરો એટલે સદોમ અને ગમોરાહની સાથે આગ અને ગંધકથી નાશ પામ્યું. આ શહેરની સાથે હમેશાં સબોઇમ શહેરનું નામ આવે છે (ઉત્પ. ૧૪; ૨, ૩: ૧૪; ૧-૧૧. પુન. ૨૯; ૨૩. હોશ. ૧૧; ૮. ઉત્પ. ૧૦; ૧૯). (૨) નફતાલીના ભાગમાં આવેલું એક આબાદ શહેર હતું જે ૧૯ નગરો-માંનું એક હતું. હાલ ઘણું કરીને તેને 'દામીએહ' કહે છે જે તિબેરીઅસ સમુદ્રની પશ્ચિમ ગમ આવેલ છે (યહો. ૧૯; ૩૩, ૩૬).

આદરીઆ. જુઓ હાદરીઆ (પ્રે. કૃ. ૨૭; ૨૭).

આદલાય=ન્યાયી. ઢોરનાં ટોળાં ચરાવવા પર જે અધિકારી દાઉદના વખતમાં હતો તેનો પિતા (૧ કાળ. ૨૭; ૨૯).

આદામ (યહો. ૩; ૧૬). આ નામનું એક શહેર યરદન નદીના પશ્ચિમ કિનારા પર યરેખોથી ઉપર આસરે ૧૮ મૈલ ઉપર આવેલું હતું. ઇસ્રાએલીઓ જ્યારે નદી ઓળંગતા હતા ત્યારે યરદનનું પાણી આ જગ્યાએ 'એક ઢગલો થઇને ચઢયું' અને સમુદ્ર ગમનું વહી ગયું (યહો. ૩; ૧૬). હાલ આ શહેરની જગ્યા બતાવી શકાતી નથી. પણ કેટલાક ધારે છે કે શેખેમની અગ્નિ કોણમાં 'કુર્ન સુરટાબેહ' નામની જગ્યા જે છે ત્યાં આગળ પુરાતન આદામ હતું.

આદાહ=ઘરેણું. (૧) લામાખની બે સ્ત્રીઓ-માંની આ પહેલી હતી, તેને પેટે બે પુત્રો થયા, યુબલ અને યાબલ. પહેલો વાજીંત્ર વગાડનાર અને બીજો પશુપાળક હતો (ઉત્પ. ૪; ૧૯, ૨૦, ૨૩). (૨) એસા-વની ત્રણ સ્ત્રીઓમાંની પહેલી હતી. તેના બાપનું નામ એલોન હિત્તી હતું (ઉત્પ. ૩૬; ૨, ૪). તેને બાસમાથ પણ કહે છે (ઉત્પ. ૨૬; ૩૪).

આદી = ઘરેણું (?). પ્રભુ ઇસુ ખ્રીસ્તની વંશાવળીમાં આ નામ આવે છે (લુક ૩; ૨૮).

આદીન = ખુશનુમા. (૧) બાબેલથી જેઓ પાછા આવ્યા તેમાં આદીનપુત્રો ૪૫૪ હતા (એઝ. ૮; ૬ : ૨; ૧૫). (૨) (નહે. ૧૦; ૧૬).

આદોનીયાહ = યહોવાહ મારો પ્રભુ. (૧) દાઉદનો ચોથો પુત્ર (૨ શમૂ. ૩; ૪) જે હેબ્રોનમાં જન્મ્યો. તેની માનું નામ હાગ્ગીથ હતું. પોતાના વડા ત્રણ ભાઇઓ આમ્નોન, કિલઆબ અને આબ્શાલોમના મરણ પછી તેણે ગાદીનો દાવો કીધો. અને જો કે પરમેશ્વરના ઠરાવ મુજબ ગાદી સુલેમાનને મળવાની હતી એમ છતાં અદોનીયાહે પોતે એનરોગેલની પાસેના ઝોહેલેથ પત્થરની પાસે મોટી મીજબાની સાથે પોતાને રાજા જાહેર કીધો. અદોનીયાહ પોતાના ભાઇ આબ્શાલોમની માફક દેખાવડો અને યુક્તિબાજ હોવાથી તેણે ઇસ્રાએલી માણસોનાં મન હરી લઇ પોતાની ગમ ઘણાઓને કરી લીધા. અબ્યાથાર યાજક તથા સેનાપતિ યોઆબ પણ તેના પક્ષમાં થઇ ગયા. આ ખબર દાઉદ રાજાને પડતાં સાદોક યાજકને તથા નાથાન ભવિષ્યવાદીને ગીહોન મોકલી ત્યાં સુલેમાનને રાજા તરીકે અભિષિક્ત કીધો. આથી કરીને અદોનીયાહની સાથે જે બધા ગયા હતા તે આ ખબર સાંભળીને નાઠા અને અદોનીયાહ પોતે નાસીને મંદિરમાં જઇને વેદીનાં શિંગ પકડ્યાં અને સુલેમાન આગળ માફી માગી. રીત પ્રમાણે સુલેમાન બંડ ઉઠાવનાર બધાઓને કતલ કરે તો પણ વાજબી હતું. પણ સુલેમાને તે પ્રમાણે નહિ કરતાં તેમના ઉપર મહેરબાની દેખાડી. પણ અદોનીયાહના મનમાંથી ગાદી મેળવવાની વાત ગઇ નહિ. અને બે વર્ષ પછી ફરી રાજ્ય મેળવવાને લલચાયો. આ વખતે તેને પકડયો અને યહોયાદાના દીકરા બનાયાહે તેને મારી નાખ્યો (૧ રાજા. ૧; ૫-૫૩ : ૨; ૧૩-૨૫). (૨) રાજા યહોશાફાટે પોતાના રાજ્યમાં, એટલે યહુદાહમાં ધર્મ સુધારો કરવાને માટે મુખ્ય અમલદારો સાથે જે લેવીઓને નિયમશાસ્ત્રનું પુસ્તક લોકને શિખાડવાને મોકલ્યા તેમાંનો એક હતો (૨ કાળ. ૧૭; ૮). (૩) બંદીપ્રવાસ પછી જે માણસો પાછા આવ્યા તેઓમાંનો એક મુખ્ય પુરૂષ હતો (નહે. ૧૦; ૧૬).

આદ્રામીતિયમ = (પ્રે. કૃ. ૨૭; ૨). મીસીયાના કિનારા પર આશિયામૈનરનું એક પ્રસિદ્ધ બંદર હતું. પહેલાના વખતમાં તેને 'ઇઓલીસ' કહેતા હતા. પાઉલ કેદીને જ્યારે રૂમ મોકલવામાં આવ્યો ત્યારે સુબેદારે તેને પ્રથમ આદ્રામીતિયમ વહાણ પર ચઢાવ્યો. તેમાં બેસીને તે મુરા સુધી ગયો અને ત્યાંથી વહાણ બદલીને આલેકસાંદ્રીઆના વહાણમાં બેઠો હતો, કે જે વહાણ ઇટાલી જનાર હતું. આજકાલ આ શહેર બહુ પ્રસિદ્ધ નથી તોપણ ત્યાં નવાં વહાણ બનાવવામાં આવે છે અને વેપારી વર્ગના લોકો પણ રહે છે.

આદ્રામ્મેલેખ = રાજાનું તેજ, રાજાનો અગ્નિ. આ તો સૂર્ય દેવતાની એક મૂર્તિ છે. અને સફાર્વાઇમના લોકો તેની પૂજા કરતા હતા (૨ રા. ૧૭; ૩૧). આ મૂર્તિને સફાર્વાઇમમાંથી સમારીઆમાં લાવવામાં આવી હતી.

આદ્રીએલ = દેવનું મંડળ. આ માણસ શાઉલની જ્યેષ્ઠ પુત્રી મેરાબ કે જેની સાથે દાઉદને પરણવાનો હક હતો તેની સાથે પરણ્યો હતો. તેના પિતાનું નામ બાર્ઝિલ્લાય મહોલાથી હતું (૧ શમૂ. ૧૮; ૧૯). આ જોડાથી પાંચ દીકરા ઉત્પન્ન થયા, જેઓને રાજાના હુકમથી ગિબઓનીઓએ ફાંસી દઇ મારી નાખ્યા (૨ શમૂ. ૨૧; ૮, ૯). આ કલમોમાં મેરાબને બદલે મીખાલ લખવામાં આવ્યું છે એમાં આપણે સમજવું કે કદાપિ મીખાલે તેમને મોટા કીધા હશે અથવા તો તેમની સાથે મીખાલ માની સમાન વર્તી હશે. નહિ તો આપણે અહિં મીખાલને બદલે ૧ શમૂ. ૧૮; ૧૯ મુજબ મેરાબ વાંચવું જોઇએ, કેમકે ૨ શમૂ. ૬; ૨૩ માં લખ્યું છે કે "શાઉલની દીકરી મીખાલને તેણીના મરણના દિવસ સુધી કંઇ છોકરૂં થયું નહિ."

આનાન = વાદળ. બાબેલના બંદીપ્રવાસથી જેઓ પાછા આવ્યા અને કરાર પર મુદ્રા કીધી તેમાંનો એક ઇસ્રાએલી હતો (નહે. ૧૦; ૨૬).

આનાસ કે આન્નાસ = હનાનીયાહની ગ્રીક જોડણી. ઇ. સ. ૭-૧૪ સુધી તે પ્રમુખ યાજક હતો. ઇ. સ. ૨૫ માં પ્રમુખ યાજક કાયાફાસે તેની દીકરી સાથે લગન કીધાં. અને આ સંબંધે કરીને આન્નાસ ઉંચી પદવીએ પહોંચ્યો, એટલે સાનેદ્રીમ સભાનો પ્રમુખ ઘણું કરીને થયો અથવા તો કાયાફાસનો મદદનીશ તરીકે નિમાયો. એટલા માટે તેને પ્રમુખ યાજક કહે છે (લુક ૩; ૨). મુસાના નિયમશાસ્ત્ર મુજબ પ્રમુખ યાજક પદ જીંદગી પર્યંત કાયમ રહેતું હતું (ગણ. ૩; ૧૦) તેથી કરીને રોમન પ્રોક્યુરેટરે જોકે તેને પદભ્રષ્ટ કીધો હતો તોપણ યહુદીઓ કાયદાસર તેને પ્રમુખ યાજક કહેતા હતા. આપણા પ્રભુ ઇસુને પ્રથમ આન્નાસ પાસે લાવવામાં આવ્યો ત્યારે આન્નાસે કેટલાક સવાલો પુછ્યા, પછી ઇસુને કાયાફાસની પાસે મોકલાવ્યો (યોહ. ૧૮; ૧૯-૨૩). ત્યાં કાયાફાસ પાસે સાનેદ્રીમ સભાના કેટલાક સભાસદો હાજર થયા અને ત્યાં પ્રભુ ઇસુ ખ્રીસ્તની પહેલી તપાસ શરૂ થઇ (માત્થી ૨૬; ૫૭-૬૮). આન્નાસ પાસે થએલી તપાસ માત્ર યોહાનની સુવાર્તામાં લખેલી છે. આન્નાસ આગળ પીતર અને યોહાનને લાવવામાં આવ્યા ત્યારે તે સાનેદ્રીમ સભાનો પ્રમુખ હતો (પ્રે. કૃ. ૪; ૬).

આનીમ = ઝરા. યહુદાહના પહાડોમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૨૦). હાલ હેબ્રોનની અગ્નિ કોણમાં ૧૦ મૈલ ઉપર 'એલ-ઘુવેઇન' નામની જગ્યા આ નામથી ઓળખાય છે.

આનૂબ = સાથે બંધાયલા (?). યહુદાહના પુત્રોમાંનો એક હાક્કોસનો પુત્ર (૧ કાળ. ૪; ૮).

આનેમ = બે ઝરા. યિસ્સાખારના કુળમાં આવેલું લેવીઓનું એક શહેર હતું (૧ કાળ. ૬; ૭૩). તેને યહો. ૧૯; ૨૧ માં એન-ગાન્નીમ કહે છે. તે હાલનું 'જેનીન' છે.

આનેર = છોકરો. (૧) કનાની એક મુખ્ય માણસ હતો. તેનાં માણસોએ ઇબ્રાહીમ સાથે સંપ કરી કદોરલાઓમેરની પછવાડે પડયા અને તેને હરાવ્યો (ઉત્પ. ૧૪; ૧૩, ૨૪). (૨) મનાશ્શેહના ભાગમાં આવેલું એક શહેર હતું, જે લેવીઓને આપવામાં આવ્યું હતું (૧ કાળ. ૬; ૭૦).

આંતીપાત્રસ. મહાન હેરોદે આ શહેર પોતાના પિતા આંતીપાતરના માનાર્થે બંધાવી તેને પોતાના પિતાનું નામ આપ્યું. આ શહેર કાઇસારીઆ અને લુદ્દાની વચ્ચે કાઇસારીઆથી યરૂશાલેમ જવાના મોટા રૂમી સરીઆમ માર્ગ પર આવેલું છે. પાઉલને જયારે કાઇસારીઆ લઇ જતા હતા ત્યારે સિપાઇઓ રાતોરાત તેને આ શહેરમાં લાવ્યા હતા કે જે કાઇસારીઆથી ૨૮ મૈલ દૂર અને યરૂશાલેમથી ૪૨ મૈલ દૂર હતું. હાલ આ શહેર 'રાસ-એલ-આઇન' નામથી ઓળખાય છે કે જ્યાં આગળથી પાણીનો એક મોટો ઝરો ઉત્પન્ન થાય છે.

આંતીપાસ = આંતીપાતરનું સંક્ષિપ્ત નામ. (૧) તેને હેરોદ આંતીપાસ કહે છે. તે મહાન હેરોદનો પુત્ર હતો, જુઓ હેરોદ આંતીપાસ. (૨) આ નામનો એક વિશ્વાસુ સાક્ષી હતો જેના વિષે પ્રક. ૨; ૧૩ માં વાત આવે છે. તે સિવાય તેના વિષે વધુ આપણે કંઇ જાણતા નથી.

આંદ્રયા = બળવાન માણસ. આ ગ્રીક ભાષાનું નામ છે અને આપણા પ્રભુ ઇસુના બાર શિષ્યોમાંનો એક હતો. તેનું વતન ગામ બેથ-સાયદા હતું (યોહા. ૧; ૪૪). સીમોન પીતર તેનો ભાઇ હતો (માત્થી ૪; ૧૮; ૧૦; ૨). તે પ્રથમ યોહાન બાપ્તિસ્મા કરનારનો શિષ્ય હતો. પણ એક વખતે જયારે યોહાને ઇસુને જોઇને સાક્ષી આપી કે "જુઓ, દેવનું હલવાન જે જગતનું પાપ હરણ કરે છે (યોહા. ૧; ૨૯) આ સાંભળીને તે ઇસુનો શિષ્ય થયો

અને પોતાના ભાઇને પણ ઇસુની પાસે લાવ્યો (યોહા. ૧; ૩૫-૪૨). પછી બંને ભાઇઓ પ્રેરિત નિમાયા (માર્ક ૧; ૧૬-૧૮) તે પોતાના ભાઇને એક જુવાન કે જેની પાસે રોટલી અને માછલી હતી અને કેટલાક હેલેનીઓને ઇસુની પાસે લાવ્યો (યોહા. ૧; ૪૨ : ૬; ૮ : ૧૨; ૨૨). તે પરથી તે કેવો માણસ હતો તેનો ખ્યાલ આપણને થાય છે. ઇસુના ફરીને પાછા આવવા વિષે ખાનગીમાં પીતર, યાકુબ અને યોહાન સાથે તેણે ઇસુને પુછ્યું હતું (માર્ક ૧૩; ૩). ઇસુ ખ્રીસ્તના પુનરૂત્થાન પછી બીજા શિષ્યોની સાથે તે પણ મેડી ઉપર પ્રાર્થના કરવાને તત્પર દેખાય છે (પ્રે. કૃ. ૧; ૧૩). ત્યાર પછી પવિત્રશાસ્ત્રમાં તેનું કંઇ બ્યાન કરવામાં આવ્યું નથી. એવું ધારવામાં આવે છે કે ગ્રીસ દેશમાં ખ્રીસ્તની સાક્ષી પુરતાં × આવા આકારના સ્તંભ પર મરણ પામ્યો. એ કારણ માટે એવા સ્તંભને ભક્ત આંદ્રીયાનો વધસ્તંભ કહે છે.

આંદ્રોનીકસ = જીતનાર માણસ. આ નામનો એક યહુદી ખ્રીસ્તી હતો જેને પાઉલ પોતાનો 'સાથી બંદીવાન' (રૂમી. ૧૬; ૭) કહે છે. રૂમીઓને પત્ર લખતાં પાઉલ તેને સલામ લખે છે.

આન્ના = કૃપા. આ નામની એક વૃદ્ધ આશેરના કુળની ફાનુએલની દીકરી ભવિષ્યવાદેણ હતી. જે પ્રમાણે મુસાની બહેન મરિયમ, દબોરાહ અને હુલ્દાહ (૨ કાળ. ૩૪; ૨૨) ભવિષ્યવાદેણો હતી તેમ. લગ્ન પછી સાત વર્ષે તેણીનો ધણી મરી ગયો. તેથી કરીને તે પોતાના વિધવાપણામાં હમેશાં મંદિરમાં પ્રાર્થના કરવાને જતી હતી. જ્યારે તે ૮૪ વર્ષની ઉમરની હતી ત્યારે એમ બન્યું કે શિમઓન નામનો ધાર્મિક પુરૂષ આત્માની પ્રેરણાથી મંદિરમાં આવ્યો અને ત્યાં ઇસુ બાળકને હાથમાં લઇને દેવની સ્તુતિ કરતાં પોતાનું પ્રસિદ્ધ ગીત ગાયું. આ વખતે આન્ના "જે રાત દિવસ ઉપવાસ તથા પ્રાર્થનાઓ સહિત ભક્તિ કર્યા કરતી હતી" તે પણ મંદિરમાં આવી, અને તેણે પણ પ્રભુની સ્તુતિ કીધી અને જેઓ યરૂશાલેમના ઉદ્ધારની વાટ જોતા હતા તેઓ સર્વને તેણે ઉપલી વાત જણાવી (લુક. ૨; ૩૬, ૩૭).

આપલોની (પ્રે. કૃ. ૧૭; ૧). માકેદોનીયામાં આમ્ફીપોલીસ અને થેસ્સાલોનીકાની વચ્ચે આવેલું એક શહેર છે. બંને શહેરો વચ્ચે ૩૬ મૈલનું અંતર છે. પાઉલ અને સીલાસ થેસ્સાલોનીકામાં જતાં ત્યાં ગયા હતા.

આપલ્યોન = વિનાશક. ઉંડાણના દૂતને આ નામ આપવામાં આવ્યું છે જે ઉંડાણનાં તીડો જેવી પ્રજાનો રાજા છે. આપલ્યોન તે હેબ્રી અબાદ્દોનનો તરજુમો છે (પ્રક. ૯; ૧૧).

આપીફોરમ = આપ્પીઅસની બજાર. રૂમ શહેરથી બ્રિન્દીસી જવાના આપ્પિઅન માર્ગ પર ઇટાલીમાં આ શહેર આવેલું હતું, જે રૂમ શહેરથી ૪૩ મૈલ દૂર હતું. રૂમ જતાં આ જગ્યાએ રૂમના કેટલાક ખ્રીસ્તી ભાઇઓ પાઉલને મળ્યા હતા. રૂમ જવાના બે રસ્તા આ જગ્યાએ જોડાતા હોવાથી સ્વભાવિક રીતે મુસાફરો આ જગ્યાએ મળતા હતા (પ્રે. કૃ. ૨૮; ૧૫).

આપેલેસ = રૂમની મંડળીનો એક ખ્રીસ્તી ભાઇ હતો (રૂમી. ૧૬; ૧૦). તેને પાઉલ 'ખ્રીસ્તમાં માનવંતો' એવા શબ્દો લખી સલામ મોકલે છે.

આપોલસ = આપોલસ જાતે યહુદી કુળનો અને આલેકસાંદ્રીઆ તેની જન્મભૂમિ હતી. ઇ. સ. ૫૪માં તે એફેસસમાં આવ્યો ને ત્યાં રહીને બોધ આપવામાં વક્તા જેવો જણાયો. પ્રભુ વિષેની વાતો બોલતાં બહુ ચોકસાઇથી ઉપદેશ કરતો હતો, પણ કેવળ યોહાનનું બાપ્તિસ્મા તે જાણતો હતો, છતાં તે ઘણી નિર્ભયતાથી સભાસ્થાનમાં બોધ કરતો હતો; એવામાં પ્રિસ્કીલા તથા આકુલાએ તેને દેવ વિષેનું વધારે જ્ઞાન પમાડયું. પછી આખાયામાં (એટલે કરીંથમાં) જવાની

તેને ઇચ્છા થઇ, માટે એફેસસની મંડળી તરફથી ભલામણપત્ર લઇને ઇ. સ. ૫૪-૫૫ માં અખાયામાં આવ્યો અને ત્યાં જેમણે દેવની કૃપાથી વિશ્વાસ કીધો હતો તેમને ઘણી સહાય કીધી. વળી ઇસુ તેજ ખ્રીસ્ત છે એ સાબિત કરી બતાવવાને ધર્મલેખોમાંથી પ્રમાણો ઉતારીને તે યહુદીઓના મતનું ખંડન કરતો હતો (પ્રે. કૃ. ૧૮; ૨૪—૧૯; ૧). વળી ૧ કરીં. ૧; ૧૨: ૩; ૪-૬, ૨૨: ૪; ૬ પરથી જણાય છે કે કરીંથની મંડળીના કેટલાક સભાસદોએ આપોલસના નામનું તડ ઉભું કીધું હતું (ઇ. સ. ૫૬). એ વિષે પાઉલે તેમના ઉપર ઠપકો લખી મોકલ્યો હતો, પણ તે સાથે પાઉલે કબુલ કીધું કે મેં જે વાવ્યું તે આપોલસે પાયું છે (૧ કરીં. ૩; ૬). વળી ૧ કરીં. ૧૬; ૧૨ માં પાઉલ જણાવે છે કે ભાઇઓની સાથે (તીતસ તથા તેનો સાથી) આપોલસ પણ તમારી પાસે આવે માટે મેં તેની બહુ વિનંતી કીધી, પણ હાલમાં આવવાની તેની કંઇ ઇચ્છા નથી; જયારે સારો પ્રસંગ મળશે ત્યારે આવશે. વળી તીત. ૩; ૧૩ પરથી અટકળ બાંધી શકાય કે તે ક્રેટ ટાપુમાં તીતસની સાથે ધર્મસેવા બજાવતો હતો. કેટલાક ધારે છે કે હેબ્રીઓને પત્રનો રચનાર આપોલસ છે, કેમકે તે યહુદી કોમનો, બોલવામાં વક્તા, અને યુનાની તત્વજ્ઞાન વિષે વધતો ઓછો માહિતગાર હતો.

આપ્પાઇમ = નસ્કોરૂં. યહુદાહપુત્રોમાંના નાદાબના પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૨; ૩૦).

આફીઆ=વધવું. આ બાઇ કલોસી મંડળીની ખ્રીસ્તી હતી. કેટલાક એમ ધારે છે કે આ બાઇ તે ફિલેમોનની સ્ત્રી હશે. દંતકથા એવી ચાલે છે કે આ બંને જણ કલોસી શહેરમાં ખ્રીસ્તની સાક્ષી પુરતાં મરણ પામ્યાં. અને કદાચ એમ હોય કે આર્ખીપસ તે તેમનો દીકરો હોય (ફિલે. ૧).

આબ્દએલ = દેવનો ચાકર. બારૂખ લહિયાને તથા યિર્મેયાહને પકડવાને માટે જે માણસોને રાજાએ મોકલ્યા તેમાંનો એક શેલેમ્યાહ હતો જે આબ્દએલનો પુત્ર (યિર્મે. ૩૬; ૨૬).

આબ્દા = ચાકર. (૧) રાજા સુલેમાનના રાજયમાં વસુલાત ખાતાનો અધિકારી અદોનીરામ હતો, તેનો પિતા (૧ રાજા. ૪; ૬). (૨) યદૂથૂનના કુટુંબનો એક લેવી હતો (નહે. ૧૧; ૧૭). તેને ૧ કાળ. ૯; ૧૬ માં ઓબાદ્યાહ કહે છે.

આબ્દી = મારો ચાકર. (૧) (૧ કાળ. ૬; ૪૪). (૨) (૨ કાળ. ૨૯; ૧૨). (૩) (એઝ. ૧૦; ૨૬).

આબ્દીએલ = દેવનો ચાકર. ગાદપુત્રોમાંનો એક મુખ્ય પુરૂષ હતો (૧ કાળ. ૫; ૧૫).

આબ્દોન = પરાધીન, ખુશામતીયું. (૧) હિલ્લેલનો પુત્ર જે ઇસ્રાએલનો દસમો ન્યાયાધીશ હતો (ન્યાયા. ૧૨; ૧૩-૨૫). આ માણસ તે ઘણું કરીને ૧ શમૂ. ૧૨; ૧૧ માંનો બદાન હશે. (૨) બિન્યામીની ગીબઓનનો જેષ્ઠ પુત્ર (૧ કાળ. ૮; ૩૦: ૯; ૩૬). (૩) રાજા યોશીયાહે જે માણસો પસંદ કરીને જડેલા પુસ્તક સંબંધી હુલ્દાહ ભવિષ્યવાદેણ પાસે યહોવાહની સલાહ પુછવાને મોકલ્યા હતા તેમાંનો એક મીખાહનો પુત્ર આબ્દોન હતો (૨ કાળ. ૩૪; ૨૦). તેને ૨ રાજા. ૨૨; ૧૨ માં આખ્બોર કહે છે. (૪) બિન્યામીની શાશકપુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૮; ૨૩). વળી લેવીના કુટુંબોમાંના ગેરશોનપુત્રોને આશેરના કુળમાંથી જે શહેર મળ્યાં તેમાંના એક શહેરને આ નામ આપવામાં આવ્યું છે (યહો. ૨૧; ૩૦. ૧ કાળ. ૬; ૭૪). આક્રોની ઉત્તરપૂર્વમાં ૮ મૈલ ઉપર 'આબ્દેહ' નામના ખંડેરમાં આ શહેરનાં નિશાન જણાય છે.

આબ્નેર = પ્રકાશોનો બાપ, પ્રકાશ. શાઉલના કાકા નેરનો પુત્ર જે શાઉલના સૈન્યનો સેનાપતિ હતો (૧ શમૂ. ૧૪; ૫૦: ૧૭; ૫૫: ૨૦; ૨૫). પલિસ્તી ગોલ્યાથનો સંહાર

કીધા પછી તેણે પહેલવહેલી દાઉદની મુલાકાત શાઉલ સાથે કરાવી (૧ શમૂ. ૧૭; ૫૭). શાઉલના મરણ પછી દાઉદ યહુદાહ પર રાજા થયો અને હેબ્રોનમાં રાજ્ય કીધું, પણ યહુદાહ સિવાય બીજાં કુળો સાથે મળી આબ્નેરે શાઉલના પુત્ર ઇશ-બોશેથને ઇસ્રાએલ પર રાજા કીધો (૨ શમૂ. ૨; ૮), તેથી આ બંને રાજા વચ્ચે લડાઇ ચાલી. ઇશ-બોશેથ તરફથી આબ્નેર ચઢી આવ્યો અને દાઉદ રાજા તરફથી સરૂયાહનો દીકરો યોઆબ આવ્યો, અને તેઓ બંને ગિબઓન આગળ એકઠા થયા (૨ શમૂ. ૨; ૧૨). યુદ્ધ ઘણું ઉગ્ર મચ્યું ને આબ્નેર તથા ઇસ્રાએલના માણસો દાઉદના ચાકરો આગળ પરાજિત થયા અને આબ્નેર નાઠો અને યોઆબ તથા અબીશાયનો ભાઇ અસાહેલ કે જે દોડવામાં "રાની હરણ જેવો પગનો ચપળ હતો" તે તેની પછવાડે પડયો, જેને આબ્નેરે પોતાના ભાલાનો દાંડો ઘોંચી મારી નાખ્યો (૨ શમૂ. ૨; ૧૮-૩૨). ત્યાર પછી એમ બન્યું કે આબ્નેરને ઇશ-બોશેથે પોતાના પિતા શાઉલની ઉપપત્ની સાથે ખોટું કામ કરવા સંબંધી ઠપકો આપ્યો, તેથી કરીને આબ્નેર ઇશ-બોશેથ ઉપર ગુસ્સે થયો અને ઇશ-બોશેથ પાસેથી નીકળીને દાઉદને જઇ મળ્યો અને દાઉદ રાજા સાથે સલાહ કરી. તેથી દાઉદે ખુશી થઇને આબ્નેરને પોતાના લશ્કરનો સેનાપતિ નિમવાને વચન આપ્યું. આ વખતે યોઆબ ગેરહાજર હતો અને ઘેર પાછા આવ્યા પછી ઉપલા ઠરાવની વાત સાંભળી યોઆબે આબ્નેરને પાછો બોલાવવાને હલકારા મોકલ્યા. અને તેઓ તેને સીરાહના હોજ પાસેથી પાછા લાવ્યા, પણ દાઉદ આ વાત જાણતો ન હતો. અને આબ્નેર પાછો હેબ્રોનમાં આવ્યો અને યોઆબે તેને એકાંતમાં મળવા બોલાવીને પોતાના ભાઇ અસાહેલના ખૂનનો બદલો લેતાં આબ્નેરના પેટમાં ખંજર ભોંકીને મારી નાખ્યો (૨ શમૂ. ૩; ૨૭, ૩૧-૩૯: ૪; ૧૨. અને સરખાવો ૧ રા. ૨; ૫, ૩૨). દાઉદ રાજાએ જ્યારે આબ્નેરના મરણની ખબર સાંભળી ત્યારે તે પોક મુકીને રડયો. દાઉદે કહ્યું કે "તમે નથી જાણતા કે આજ ઇસ્રાએલમાં એક સરદાર તથા મહાન પુરૂષ મરાયો છે?" (૨ શમૂ. ૩; ૩૩-૩૮: ૪; ૧, ૧૨. ૧ રા. ૨; ૫, ૩૨. ૧ કાળ. ૨૬; ૨૮: ૨૭; ૨૧).

આબ્રોનાહ = માર્ગ, વાટ. ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનું એક મુકામ હતું, જે એસ્યોન-ગેબેરની પાસે હતું (ગણ. ૩૩; ૩૪, ૩૫).

આબ્શાલોમ = શાંતિનો પિતા, શાંતિવાળો. દાઉદનો પુત્ર, તેની માનું નામ માઅખાહ હતું જે ગશૂરના રાજા તાલ્માયની દીકરી હતી (૨ શમૂ. ૩; ૩ સાથે ૧ રા. ૧; ૬ સરખાવો). આબ્શાલોમ ઇસ્રાએલમાં સુંદરતામાં પ્રસિદ્ધ હતો. તેના વિષે લખેલું છે કે "સર્વ ઇસ્રાએલમાં કોઇ પણ માણસ સૌંદર્યની બાબતે આબ્શાલોમના જેવો પ્રશંસાયોગ્ય ન હતો; તેના પગના તળિયેથી તે તેના માથાની તાલ સુધી તેના અંગમાં કંઇ એબ ન હતી, અને જ્યારે તે પોતાનું માથું મુંડાવતો ત્યારે તે પોતાના માથાના વાળ તોળતો, ને તેનું વજન રાજાના તોલ પ્રમાણે બસેં શેકેલ થતું (૨ શમૂ. ૧૪; ૨૫, ૨૬). આબ્શાલોમ વિષે જે પહેલી વાતની નોંધ લેવામાં આવી છે તે એ છે કે, તેના મોટા ભાઇ આમ્નોને તેની બહેન તામાર સાથે વ્યભિચાર કીધો, તેથી કરીને તેણે તેને બઆલ-હાસોરમાં બોલાવી કપટ કરી પોતાના ચાકરોની હસ્તકે તેને મારી નંખાવ્યો. આ ખબર દાઉદને મળતાં તે પોક મૂકીને રડયો અને ઉપલું અઘોર કૃત્ય કરીને આબ્શાલોમ પોતાની માના બાપને ત્યાં એટલે ગશૂરના રાજા તાલ્માયને ત્યાં નાસી ગયો અને ત્યાં વર્ષ રહ્યો (૨ શમૂ. ૩; ૩: ૧૩; ૨૩-૩૮). પછી યોઆબે જાણ્યું કે દાઉદ રાજાનું મન

આબ્શાલોમ તરફ છે, તેથી કરીને યોઆબે તકોઆમાંથી એક ચતુર સ્ત્રીને બોલાવી અને તેને શોકનાં વસ્ત્ર પહેરાવી રાજા પાસે યુકતીથી આબ્શાલોમને પાછો બોલાવવા વિનંતી કરવા મોકલી. રાજા યોઆબની બધી વાત સમજી ગયો અને આબ્શાલોમને પાછો બોલાવવાની પરવાનગી આપી (૨ શમૂ. ૧૪; ૨૮), પણ બે વર્ષ સુધી દાઉદ રાજાએ તેની મુલાકાત લીધી નહિ. આબ્શાલોમ પોતાના ભાઇના મરણ પછી ગાદીનો હકદાર વારસ હતો, તેથી તેને રાજ્ય લેવાનો લોભ ઉત્પન્ન થયો, તેથી છળ કપટ કરીને ઇસ્રાએલી લોકોનાં મન તેણે પોતાની ગમ કરી લીધાં (૨ શમૂ. ૧૫; ૭), અને યહુદાહની જુની રાજધાની જે હેબ્રોન ત્યાં ઘણાં માણસો સાથે જઇને પોતાને રાજા જાહેર કીધો. દંગો એવો ભારે ઉઠયો કે દાઉદ રાજાને યરૂશાલેમ છોડીને યરદન નદીની પાર માહનાઇમમાં નાસી જવું પડયું. આથી કરીને આબ્શાલોમ યરૂશાલેમ આવ્યો અને વગર લડાઇએ રાજગાદી મેળવી. અહીથોફેલ જે દાઉદનો મુખ્ય સલાહકારક હતો તે આબ્શાલોમને મળી ગયો અને હૂશાય પણ આબ્શાલોમના પક્ષનો થયો હતો, પણ એમ કરવામાં તેનો ઇરાદો કેવળ દાઉદના પક્ષમાં અહીથોફેલની સલાહ બદલી નાખવાનો હતો. અને એ કામમાં હૂશાય ફતેહમંદ પણ થયો, કેમકે અહીથોફેલની સલાહ વિરૂદ્ધ આબ્શાલોમે પોતાના પિતાની સામે ચઢાઇ કરવાને ઢીલ કરી દાઉદને નાસી જવાનો પ્રસંગ આપ્યો (૨ શમૂ. ૧૭). આખરે આબ્શાલોમે પોતાના પિતા ઉપર ચઢાઇ કરી. આ વખતે દાઉદની ફોજનો સેનાપતિ યોઆબ હતો. એફ્રાઇમના વનમાં યુદ્ધ મચ્યું. ત્યાં ઇસ્રાએલી લોકોએ દાઉદના માણસો સામે માર ખાધો. આબ્શાલોમનાં વીસ હજાર માણસોનો સંહાર થયો, અને બાકીનાં નાઠાં. આબ્શાલોમ પોતે એક પાણીદાર ખચ્ચર ઉપર સ્વાર થઇ નાસતો હતો, એટલામાં તેનું ડોકું આલોનવૃક્ષની ઘીચ ડાળીઓમાં ભરાઇ ગયું અને ખચ્ચર ચાલ્યું ગયું. આબ્શાલોમની આવી હાલત સાંભળીને યોઆબ તેની પાસે ગયો અને ભાલો મારી તેને મારી નાખ્યો. ત્યાર પછી તેનું શબ ત્યાંથી ઉતારી વનના એક મોટા ખાડામાં નાખ્યું, અને તેના ઉપર પત્થરનો એક મોટો ઢગલો કીધો અને સર્વ ઇસ્રાએલ પોતપોતાના તંબુએ નાસી ગયા (૨ શમૂ. ૧૮). દાઉદ રાજા આ લડાઇની ખબર સાંભળવાને માહનાઇમના કિલ્લા ઉપર આતુરતાથી વાટ જોતો હતો. એવામાં તેને ખબર આપવામાં આવે છે કે જુવાન આબ્શાલોમ માર્યો ગયો છે. આ ખબર સાંભળીને તેણે મોટો વિલાપ કીધો અને કહ્યું કે "ઓ મારા દીકરા આબ્શાલોમ, મારા દીકરા, મારા દીકરા આબ્શાલોમ, તારે બદલે હું મુઓ હોત, તો કેવું સારૂં થાત! ઓ આબ્શાલોમ મારા દીકરા, મારા દીકરા!" (૨ શમૂ. ૧૮; ૩૩. એની સાથે નિર્ગ. ૩૨; ૩૨. રૂમી. ૯; ૩ સરખાવો). આબ્શાલોમને ત્રણ પુત્ર અને એક તામાર નામની પુત્રી હતી. ત્રણે પુત્રો તેના મરણ પહેલાં મરી ગયા હતા, કેવળ તામાર એકલી જીવતી હતી, કે જે અબિયાહ (માત્થી ૧; ૭)ની દાદી થઇ. ૨ શમૂ. ૧૫; ૭ માં આબ્શાલોમ વિષે લખ્યું છે કે ૪૦ વર્ષ પછી એમ થયું કે...... ઇત્યાદિ. હવે એ સંબંધી નકલ કરનારાઓની ભૂલ થઇ હોય એમ લાગે છે કેમકે ચાર ને બદલે ચાળીસ લખાયાં છે. અને જો ૪૦ વર્ષ ખરાં હોય તો દાઉદ રાજા મુકરર થયો ત્યારથી ગણવાં જોઇએ.

આબ્બા = બાપ. આ અરામી કે ખાલ્દી શબ્દ ત્રણ વખત નવા કરારમાં વાપરવામાં આવ્યો છે (માર્ક ૧૪; ૩૬. રૂમી. ૮; ૧૫. ગલા. ૪; ૬). અને દરેક વખતે તે સાથે ગ્રીકમાં બાપ શબ્દ સાથે મુકેલો છે. અસલ શબ્દમાં ઘણાજ પ્યારનો અર્થ રહેલો છે.

આબિલેને = સપાટ, સાફ. આન્ટિ-લીબનાન પર્વતના પૂર્વ ઢોળાવ પર આવેલું એક પ્રગણું

હતું. આ પ્રગણામાં આવેલા આબિલા નામના મુખ્ય શહેર પરથી આ પ્રગણાને ઉપરનું નામ આપવામાં આવ્યું છે. આ મુખ્ય શહેર હેલીઓપોલીસ અને દમસ્કસની વચમાં બારાદાના નીચ પ્રદેશમાં દમસ્કસથી ૧૮ મૈલ દૂર આવેલું હતું, અને લુસાનયસ આ પ્રાંતનો ગવર્નર કે રાજા હતો (લુક. ૩; ૧).

આબીયાહ = પ્રભુમાં મારો બાપ. અબિયાહની ગ્રીક જોડણી આબિયાહ છે (માત્થી ૧ ; ૭). લુક ૧ ; ૫ માં ચોવીસ વારાટોળીઓમાંની આઠમી ટોળીનો મુખ્ય પુરૂષ બતાવ્યો છે (૧ કાળ. ૨૪ ; ૧૦ જુઓ).

આબીબ = કાપણીનો મહિનો. યહુદી લોકમાં ચાલતો ધાર્મિક વર્ષનો પહેલો મહિનો અને લૌકિક વર્ષનો સાતમો મહિનો હતો. જે વખતે આપણો અંગ્રેજી માર્ચ અને એપ્રિલ મહિનો છે (નિર્ગ. ૧૩ ; ૪: ૨૩ ; ૧૫: ૩૪; ૧૮), કેમકે માર્ચની ૨૧ મી તારીખે આ મહિનો શરૂ થાય છે. બંદીપ્રવાસ પછી તેને નીસાન કહે છે (નહે. ૨ ; ૧). આ માસની ૧૫ મી તારીખે કાપણી શરૂ કરી તેની પુળીઓ તા. ૧૬ મીએ અર્પણને માટે લાવતા (લેવી. ૨૩ ; ૪-૧૧). આજ માસની ૧૫ મી તારીખે યહુદીઓનું પારખા પર્વ હતું.

આબીશૂઆ = ભાગ્યશાળી. (૧) બિન્યામીનનો પૌત્ર (૧ કાળ. ૮ ; ૪). (૨) ફીનહાસનો પુત્ર (૧ કાળ. ૬; ૪, ૫, ૫૦. એઝ. ૭ ; ૫).

આબેલ = બીડ, ઘાસવાળી જગ્યા (૨ શમૂ. ૨૦; ૧૪). આ શબ્દને હેબ્રીમાં 'આભેલ' કહે છે જેનો અર્થ બીડ એવો થાય છે. નીચેના શબ્દો સાથે આ શબ્દ જોડેલો છે.—

આબેલ-બેથ-માઅખાહ = માઅખાહના ઘરનું બીડ. પાલેસ્ટાઇનની ઉત્તરમાં નાફતાલી કુળમાં દાનની પાસે આ શહેર આવેલું હતું. ત્યાંના રહીશોના બળને લીધે આ શહેર નામવાર ગણાતું હતું. વળી તેને ઇસ્રાએલની મા કહે છે (૨ શમૂ. ૨૦; ૧૯). આ શહેરને એક વખતે યોઆબે (૨ શમૂ. ૨૦ ; ૧૪), એક વખતે બેનહદ્દાદે (૧ રા. ૧૫; ૨૦), એક વખતે તિગ્લાથ-પિલેસેરે (૨ રા. ૧૫; ૨૯) આસરે ખ્રિ. સ. પૂ. ૭૩૪ માં ઘેરો ઘાલ્યો હતો. કોઇ જગ્યા પર આ શહેરને આબેલ-માઇમ કહે છે (૨ કાળ. ૧૬ ; ૪). હાલ આબીલ નામની જગ્યા ઉપલા શહેરને નામે દાનથી ૭ મૈલ દૂર બતાવવામાં આવે છે.

આબેલ-મહોલાહ = નૃત્ય બીડ, નાચનું બીડ. એલીશા ભવિષ્યવાદીની જન્મભૂમિ અને રહેઠાણનું આ શહેર હતું, જે ચિસ્સાખારના કુળમાં બેથ-શઆનની પાસે આવેલું હતું. અહિં એલીશા હળ ખેડતો એલિયાહને મળ્યો, અને એલિયાહે પોતાનો ઝભ્ભો તેના ઉપર નાખ્યો અને એલીશા એલિયાહની પાછળ ગયો (૧ રા. ૧૯; ૧૬. વળી ન્યાયા. ૭; ૨૨. ૧ રા. ૪ ; ૧૨).

આબેલ-માઇમ = પાણીઓનું બીડ (૨ કાળ. ૧૬ ; ૪). જુઓ આબેલ-બેથ-માઅખાહ.

આબેલ-મિસરાઇમ = મિસરનું બીડ, મિસરનો વિલાપ. આ જગ્યા યરદન નદીની પશ્ચિમે આટાદની ખળી પાસે આવેલી હતી. આ જગ્યાએ મિસરીઓએ યાકુબના મરણને લીધે સિત્તેર દિવસ શોક પાળ્યો હતો (ઉત્પ. ૫૦ ; ૪-૧૧).

આબેલ-શિટ્ટીમ = બાવળનાં ઝાડનું બીડ કે મેદાન. ઘણી વખતે આ જગ્યાને કેવળ શિટ્ટીમ કહે છે (ગણ. ૨૫ ; ૧. યહો. ૨ ; ૧. મીખા. ૬ ; ૫). આ શહેર યરદન નદીની પૂર્વમાં મોઆબના મેદાનમાં યરેખોની સામે નદીથી ૬ કે ૭ મૈલ દૂર આવેલું હતું. કનાનમાં દાખલ થતાં પહેલાંનો ઇસ્રાએલીઓનો આ ૪૨ મો મુકામ હતો (ગણ. ૩૩ ; ૪૯: ૨૨ ; ૧ : ૨૬; ૩: ૩૧; ૧૨. સરખાવો ૨૫; ૧: ૩૧ ; ૧૬).

આમઆદ = અનંત લોક (?). આશેરપુત્રોને મળેલી જમીનની સરહદ પર આ શહેર આવેલું હતું (યહો. ૧૯; ૨૬).

આમાનાહ = કાયમ, આખું વર્ષ રહેનાર. (૧) હેબ્રી શાસ્ત્રમાં ૨ રા. ૫; ૧૨ માં તેને બીજી રીતે લખવામાં આવેલ છે એટલે આબાનાહ જે દમસ્ક પાસે પાણીની એક નદી હતી. (૨) આ નામનો એક પર્વત હતો. આન્ટિ-લીબનાનના દક્ષિણ શિખરને આ નામ આપવામાં આવ્યું છે. આ પર્વતના મૂળ આગળથી આબાનાહ નદી ઉત્પન્ન થાય છે (ગીતોનું ગી. ૪; ૮).

આમાલ=મહેનત, શોક. આશેર વંશી હેલેમના પુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૩૫).

આમી = વિશ્વાસુ (એઝ. ૨; ૫૭).

આમીનાદાબ=રાજાનો સગો. (માત્થી ૧; ૪).

આમોક = ઉંડું (નહે. ૧૨; ૭).

આમોન = બાંધનાર. (૧) ઇબ્રાહીમના ભત્રીજા લોટના દીકરા બેન-આમ્મીના વંશજોને આમોનપુત્રો કે આમોનીઓ કહે છે (ઉત્પ. ૧૯; ૩૮). અને લોટને મોટી દીકરીને પેટે મોઆબ જન્મ્યો તેથી મોઆબ વંશ ઉત્પન્ન થયો (ઉત્પ. ૧૯; ૩૭, ૩૮). પવિત્ર શાસ્ત્રમાં આ બંને કોમ વિષે વખતે એવું બન્યું છે કે એકનું નામ બીજી કોમને આપેલું છે (યૂબ ૨; ૧૯. ગણ. ૨૩; ૩, ૪. એની સાથે ઉત્પ. ૨૨: ૨૩ સરખાવો). આ લોકનું વતન ક્યાં હતું તે બતાવવું મુશ્કેલ છે, કેમકે આ લોક આમ તેમ ભટકનારા લોક હતા તેથી શહેર કે ગામ વસાવીને રહેતા ન હતા, પણ તેથી ઉલટું મોઆબી લોક અમુક જગ્યામાં રહેતા હતા. આમોનીઓ મોઆબીઓની સાથે દોસ્તી ધરાવતા હતા (ન્યાયા. ૧૦; ૧૧. ૨ કાળ. ૨૦; ૧. સફ. ૨; ૮). આ બંને કોમે ઇસ્રાએલીઓને શાપ આપવાને માટે બેઓરના દીકરા બલઆમને અરામ-નાહરાઇમના પથોરથી બોલાવ્યો. આમોનીઓએ ઇસ્રાએલીઓ સાથે કનાનમાં પેસતાં કંઇ પણ મિત્રાચારી બતાવી નહિ, માટે તેઓ વિષે ઠરાવ થયો કે "આમ્મોની કે મોઆબી... છેક દસમી પેઢી સુધી તેમનું કોઇ પણ યહોવાહની મંડળીમાં કદી પ્રવેશ ન કરે" (પુન. ૨૩; ૩). એમ આ કોમ તથા ઇસ્રાએલ વચ્ચે કેટલાક વખત સુધી દુશ્મનાઇ જારી રહી, અને એહૂદ, યફતાહ અને શાઉલના વખતમાં તેઓએ ઇસ્રાએલીઓ પર ભારે જુલમ કીધો (ન્યા. ૩; ૧૩: ૧૦; ૭-૧૮: ૧૧; ૧-૩૩. ૧ શમૂ. ૧૧; ૧-૧૧). પણ ત્યાર પછી યફતાહે તેમને હરાવી તેમનાં ૨૦ નગરો જીતી લીધાં (ન્યા. ૧૧; ૩૩). વળી શાઉલે તેમને ભારે હાર ખવાડી (૧ શમૂ. ૧૧; ૧૧). તેમજ દાઉદ રાજાએ તેમને તથા અરામીઓને સખત હાર ખવાડી, આમ્મોનીઓની રાજ્યધાનીનું શહેર રાબ્બાહ જીતી લીધું (૨ શમૂ. ૧૦; ૧૪: ૧૨; ૨૬-૩૧), ત્યાર પછીનો તેમનો ઇતિહાસ ૨ કાળ. ૨૦; ૨૫: ૨૬; ૮. યિર્મ. ૪૯; ૧. હઝ. ૨૩; ૩, ૬ માં આવે છે. રાજા સુલેમાને નાઅમાહ આમ્મોનેણ સાથે લગ્ન કર્યું હતું અને તેથી રહાબઆમ ઉત્પન્ન થયો (૧ રા. ૧૪; ૩૧. ૨ કાળ. ૧૨; ૧૩). ઇસ્રાએલ સાથેની આમ્મોનીઓની શત્રુવટને લીધે ભવિષ્યવાદીઓએ તેમની વિરૂદ્ધ નાશકારક ભવિષ્યો જાહેર કર્યાં છે (સફ. ૨; ૮. યિર્મ. ૪૯; ૧-૬. હઝ. ૨૫; ૧-૫, ૧૦. આમો. ૧; ૧૩-૧૫). આમ્મોનીઓ મોલેખ કે મિલ્કોમ દેવતાની પુજા કરતા હતા અને તેમની આગળ મનુષ્યવધ પણ કરતા હતા (૧ રા. ૧૧; ૫, ૭). સુલેમાને પોતાની આમ્મોનેણ રાણીની મરજી પુરી કરવાને આ દેવતાના ઉંચસ્થાનો બંધાવ્યાં હતાં જે રાજા યોશીયાહના વખત સુધી હસ્તી ધરાવતાં હતાં (૨ રા. ૨૩; ૧૩).

આમોસ = વેઠેલું, બોજો. બાર નાના ભવિષ્યવાદીઓમાંનો એક આમોસ હતો. આમોસ તકોઆનો વતની હતો, જે યરૂશાલેમથી બાર મૈલ દૂર હતું (આમો. ૧; ૧. ૨ શમૂ. ૧૪; ૨. ૨ કાળ. ૧૧; ૬). હાલનું તકોઆ તે બેથલેહેમથી અગ્નિ કોણમાં ૬ મૈલ ઉપર આવેલું છે. જાતે

ગરીબ વર્ગનો માણસ હતો. તે ભવિષ્યવાદી કે ભવિષ્યવાદીનો શિષ્ય ન હતો, પણ એક ગોવાળીઓ તથા ગુલર વૃક્ષોનો સોરનાર હતો (૭; ૧૪); પણ પ્રભુએ તેને તેડયો (૩; ૮: ૭; ૧૫). યહુદાહના રાજા ઉઝ્ઝીયાહના દિવસોમાં તેણે ભવિષ્યો કહ્યાં. યશાયાહ અને હોશીઆ ભવિષ્યવાદીનો સમકાળિક ભવિષ્યવાદી આમોસ હતો (આમો. ૧; ૧: ૭; ૧૪, ૧૫. ઝખ. ૧૪; ૫). યરોબઆમ બીજાના વખતમાં જો કે દેખીતી રીતે લોકોની આબાદી હતી પણ અંદરખાને બગાડ હતો. ત્યારે પ્રભુએ પોતાના નિયમો ફરીને યાદ કરાવવાને તથા લોકોને પસ્તાવો ઉપજાવવાને આમોસ ભવિષ્યવાદીને યહુદાહમાંથી ત્યાં મોકલ્યો. ભવિષ્યવાદીને મુસાના પુસ્તક સાથે સારો પરિચય હતો એમ તેના પુસ્તક પરથી માલમ પડે છે.

આમોસનું પુસ્તક.—આમોસના પુસ્તકના ૯ અધ્યાયમાં ત્રણ મુખ્ય ભાગ છે. (૧) (૧; ૧–૨; ૩). આસપાસની દેશજાતિઓનાં પાપને લીધે થનાર શિક્ષા. (૨) (૨; ૪-૬; ૧૪). યહુદાહની ને ખાસ કરીને ઇસ્રાએલની આત્મિક હાલતનું બયાન. (૩) (૭; ૧–૯; ૧૦). પાંચ ભવિષ્યદર્શન. એટલે (૧) ટીડ. (૨) અગ્નિ. (૩) ઓળંબો. (૪) ફુલની ટોપલી. (૫) યહોવાહ. આ પુસ્તકમાંથી નવા કરારમાં ઉતારેલાં વાક્યો.

આમો. ૫; ૨૫-૨૭. = પ્રે. કૃ. ૭; ૪૨, ૪૩.
,, ૯; ૧૧, ૧૨. = ,, ૧૫; ૧૬-૧૮.
,, ૩; ૭. = પ્રક. ૧૦; ૭.

આમ્નોન = વિશ્વાસુ. (૧) એઝ્રાહવંશી યિશઇના પુત્રોમાંનો એક (૧ કાળ. ૪; ૨૦). (૨) દાઉદની સ્ત્રી અહીનોઆમ યિઝ્રએલીથી થએલો દાઉદનો જેષ્ટ પુત્ર હતો. આબ્શાલોમે પોતાની બહેન તામારની સાથે આમ્નોને વ્યભિચાર કરવાથી તેને કતલ કરાવ્યો (૨ શમૂ. ૧૩; ૨૮, ૨૯: ૩; ૨).

આમ્પ્લિઆસ = વધારો (?). રૂમી. ૧૬; ૮ માં પાઉલ રૂમની મંડળીના સભાસદોને ક્ષેમકુશળ કહેતાં વહાલા આંપ્લિઆસને કુશળતા મોકલે છે.

આમ્ફીપોલીસ = બંને બાજુનું શહેર, ઘેરેલું શહેર. શહેરને આ નામ આપવામાં આવ્યું છે, કેમકે શહેર લગભગ ચારે બાજુએથી 'સ્ટ્રાયમોન' નદીથી ઘેરાયલું હતું. આ શહેર માકેદોનીયામાં રૂમી લશ્કરી છાવણીનું શહેર હતું. પાઉલ અને સીલાસ ફિલિપીથી થેસ્સાલોનીકા જતાં આ શહેરમાં થઇને ગયા હતા (પ્રે. કૃ. ૧૭; ૧). શહેર સમુદ્રથી ૩ મૈલ અને ફિલિપી શહેરથી ૩૩ મૈલ દૂર હતું. ઘણાં વર્ષોથી શહેરનો નાશ થએલો છે. હાલ તેનાં ખંડેર ઉપર એક ગામ વસેલું છે જેને નવું ગામ કહે છે.

આમ્માહ = હાથ. યોઆબ અને અબીશાય આબ્નેરની પાછળ લાગતાં આ જગ્યા પર આવ્યા ત્યારે સૂર્ય અસ્ત થયો (૨ શમૂ. ૨; ૨૪). આ નામનો પર્વત ગિબઓનના રાનના માર્ગ પર પૂર્વમાં આવેલો હતો.

આમ્મી = મારા લોક. યહોવાહે ઇસ્રાએલી લોકને આ નામ આપ્યું છે (હોશ. ૨; ૧, ૨૩. સરખાવો ૧; ૯. હઝ. ૧૬; ૮. રૂમી. ૯; ૨૫, ૨૬. ૧ પી. ૨; ૧૦).

આમ્મીએલ = દેવના લોક. (૧) કનાન દેશની જાસુસી કરવાને જે બાર માણસો મોકલવામાં આવ્યા હતા તેમાંનો એક (ગણ. ૧૩; ૧૨) હતો જે બીજા દસની સાથે ખોટા સંદેશાને લીધે મરકીથી માર્યો ગયો હતો (ગણ. ૧૪; ૩૭). (૨) લો-દબારના માખીરનો બાપ જેને ઘેર મફીબોશેથને રાખવામાં આવ્યો હતો (૨ શમૂ. ૯; ૪, ૫: ૧૭; ૨૭). (૩) ઉરીયાહ હિત્તીની સ્ત્રી બાથ-શેબા કે જે પછીથી દાઉદ રાજાની રાણી થઇ તેનો પિતા. તેને એલીઆમ પણ કહે છે (૧ કાળ. ૩; ૫. ૨ શમૂ. ૧૧; ૩). (૪) ઓબેદ-અદોમના પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૨૬; ૫).

આમ્મીનાદાબ = રાજાનાં સગાં. (૧) નાહશોન કે જે યહુદાહ કુળનો મુખ્ય હતો તેનો બાપ (ગણ. ૧; ૭: ૨; ૩: ૭; ૧૨, ૧૭:

૧૦; ૧૪). તેની દીકરી એલીશેબા હારૂન સાથે પરણી હતી (નિર્ગ. ૬; ૨૩). (૨) લેવીના બીજા પુત્ર કોહાથનો પુત્ર (૧ કાળ. ૬; ૨૨). (૩) ઉઝ્ઝીએલ લેવીના ૧૧૨ ભાઇઓમાંનો મુખ્ય (૧ કાળ. ૧૫; ૧૦, ૧૧).

આમ્મીશાદ્દાય = પરમેશ્વરના લોક. નિર્ગમનના વખતમાં દાન કુળનો મુખ્ય પુરૂષ અહીએઝેર હતો તેનો પિતા (ગણ. ૧; ૧૨: ૨; ૨૫). શાદ્દાય = સર્વસમર્થ.

આમ્મીહૂદ = સ્તુતિમાન લોક. (૧) નિર્ગમનના વખતમાં એફ્રાઇમના કુળનો મુખ્ય એલીશામાનો પિતા (ગણ. ૧; ૧૦: ૨; ૧૮: ૭; ૪૮, ૫૩). (૨) (ગણ. ૩૪; ૨૦). (૩) (ગણ. ૩૪; ૨૮). (૪) ગશૂરના રાજા તાલ્માય કે જેની પાસે દાઉદ નાસી ગયો હતો તેનો પિતા (૨ શમૂ. ૧૩; ૩૭). (૫) ઓમ્રીનો પુત્ર અને ઉથાયનો પિતા (૧ કાળ. ૯; ૪).

આમ્મોન (ગીત. ૮૩; ૭). બેન-આમ્મી જે લૂતનો પુત્ર તેનું બીજું નામ (ઉત્પ. ૧૯; ૩૮) તેના વંશજોને આમ્મોનીઓ કહે છે. જુઓ આમોન.

આમ્મોનીઓ (ઉત્પ. ૧૯; ૩૮. ગણ. ૨૧; ૨૪. પુન. ૨; ૧૯, ૨૦, ૩૭: ૩; ૧૧, ૧૬). મંડળીમાં દાખલ કરવાની મના (પુન. ૨૩; ૩. વળી યહો. ૧૨; ૨: ૧૩; ૧૦, ૨૫. ન્યાયા. ૩; ૧૩). યફતાહે હરાવ્યા (ન્યાયા. ૧૦; ૬-૧૨; ૩). શાઉલે હરાવ્યા (૧ શમૂ. ૧૧; ૧-૧૧: ૧૨; ૧૨: ૧૪; ૪૭. ૨ શમૂ. ૮; ૧૨). દાઉદના ચાકરોનું અપમાન અને દાઉદે તેમને તાબે કર્યા (૨ શમૂ. ૧૦: ૧૧; ૧: ૧૨; ૯, ૨૬, ૩૧: ૧૭; ૨૭: ૨૩; ૩૭. ૧ કાળ. ૧૧; ૩૯: ૧૮; ૧૧: ૧૯: ૨૦; ૩. ૧ રા. ૧૧; ૧, ૫, ૭, ૩૩. ૨ રા. ૨૩; ૧૩: ૨૪; ૨. ૨ કાળ. ૨૦; ૧-૨૫: ૨૬; ૮: ૨૭; ૫. એઝ. ૯; ૧. નહે. ૨; ૧૦, ૧૯: ૪; ૩, ૭: ૧૩; ૧, ૨૩). તેમના વિષે ભવિષ્ય (યશા. ૧૧; ૧૪. યિર્મે. ૯; ૨૬: ૨૫; ૨૧: ૨૭; ૩: ૪૦; ૧૧, ૧૪: ૪૧; ૧૦, ૧૫: ૪૯; ૧-૬. હઝ. ૨૧; ૨૦, ૨૮: ૨૫; ૨-૧૦. આમો. ૧; ૧૩. સફા. ૨; ૮-૧૧. દાન. ૧૧; ૪૧. ગીત. ૮૩; ૭). (૨) રાજા આહાબના વખતમાં સમરૂનના એક સૂબાને આ નામ આપવામાં આવ્યું છે. ભવિષ્યવાદી મીખાયાહને કેદ કરી આ સૂબાને સોંપવામાં આવ્યો હતો (૧ રા. ૨૨; ૨૬. ૨ કાળ. ૧૮; ૨૫). (૩) યહુદાહનો ૧૪ મો રાજા. તેના બાપનું નામ મનાશ્શેહ અને તેની માનું નામ મશુલ્લેમેથ હતું. જ્યારે તેને રાજ્ય મળ્યું ત્યારે તે ૨૨ વર્ષની વયનો હતો, તેણે બે વર્ષ રાજ્ય કર્યું. તે યહોવાહના માર્ગમાં ચાલ્યો નહિ અને પોતાના બાપની માફક મૂર્તિઓની પૂજા કરવા લાગ્યો. અને પોતાના બાપે તોડી નાખેલી મૂર્તિઓ ફરીને ઉભી કરી (સફ. ૧; ૪: ૩; ૪, ૧૧. ૨ રા. ૨૧; ૧૮-૨૫). પોતાના બે ચાકરોએ તેને મારી નાખ્યો (૨ કાળ. ૩૩; ૨૦-૨૫). અને તેના પછી તેનો દીકરો યોશીયાહ રાજા થયો. (૪) મિસરના એક દેવતાને આ નામ આપવામાં આવેલું છે. આ દેવતાનું શરીર માણસનું અને મ્હો મેંઢાનું હતું (યિર્મે. ૪૬; ૨૫). વળી નાહુ. ૩; ૮ માં પણ એજ દેવતાની વાત જોડાએલી છે. ઉપલો દેવતા તે મિસરનો જુપીટર હશે. (૫) (નહે. ૭; ૫૯).

આમ્રાફેલ = દેવોને રાખનાર (?). શિનઆરનો રાજા જે ઇબ્રાહીમના વખતમાં હતો (ઉત્પ. ૧૪; ૧-૪).

આમ્રામ = યહોવાહનો મિત્ર. (૧) લેવીના પુત્ર કહાથનો પુત્ર આમ્રામ. તે હારૂન, મુસા અને મરિયમનો બાપ. તેણે પોતાના બાપની બહેન યોકેબેદ સાથે લગ્ન કીધાં હતાં (નિર્ગ. ૬; ૧૮. ગણ. ૩; ૧૯). તે ૧૩૭ વર્ષની ઉમરે મિસર દેશમાં મરણ પામ્યો (નિર્ગ. ૬; ૨૦). તેના વંશજોને આમ્રામીઓ કહે છે (ગણ. ૩; ૨૭. ૧ કાળ. ૨૬; ૨૩). (૨) (એઝ. ૧૦; ૩૪).

આમ્સી = મજબુત, જોરાવર (૧ કાળ. ૬; ૪૬).

આય = ખંડેર. આય કનાનીઓની રાજ્યગાદીનું શહેર હતું (યહો. ૧૦; ૧. ઉત્પ. ૧૨; ૮: ૧૩; ૩). આ શહેર યહોશુઆની હાર અને ત્યાર પછી જીતનું સ્થળ હતું. ઇસ્રાએલીઓએ કનાનીઓનાં જે શહેર જીત્યાં તેમાં આ બીજું હતું (યહો. ૭; ૨-૫: ૮; ૧-૨૯). બિન્યામીનીઓએ આ શહેર ફરી બાંધીને વસાવ્યું (એઝ. ૨; ૨૮. નહે ૭; ૩૨: ૧૧; ૩૧). બેથેલની પૂર્વમાં આ શહેર આવેલું હતું. આ શહેરનું ખંડેર બેથેલની પૂર્વમાં બે મૈલ દૂર બતાવવામાં આવે છે. (નહે. ૧૧; ૩૧ માં આયા શહેર અને યશા. ૧૦; ૮ માંનું આયાથ શહેર તે આય છે). (૨) આમોનીઓના સંસ્થાનમાં આ શહેર આવેલું હતું (યિર્મે. ૪૯; ૩). કેટલાક ધારે છે કે અહિં આયને બદલે આર વાંચવું જોઇએ (યશા. ૧૫; ૧).

આયા અને આયાથ. (નહે. ૧૧; ૩૧. યશા. ૧૦; ૨૮). જુઓ આય.

આયાલોન = મૃગસ્થળ. (૧) આ શહેર તથા ખીણ દાનકુળના લોકે પ્રથમ તાબે કરી પણ તેમાંથી આમોરીઓને તેઓ કાઢી શક્યા નહિ (ન્યાયા. ૧; ૩૫). આ શહેર લેવીઓનાં શહેરોમાંનું એક હતું કે જે કહાથીઓને આપવામાં આવ્યું હતું (૧ કાળ. ૬; ૬૯). બેથ-શેમેશથી આ શહેર બહુ દૂર ન હતું (૨ કાળ. ૨૮; ૧૮). યહુદાહ અને ઇસ્રાએલી રાજ્યની સરહદ પર આ શહેર આવેલું હતું, અને તેથી કરીને યહુદાહના ઇતિહાસમાં આ શહેરની વાત વખતો વખત આવે છે (૨ કાળ. ૧૧; ૧૦. ૧ શમૂ. ૧૪; ૩૧. ૧ કાળ. ૮; ૧૩). યહોશુઆના પ્રસિદ્ધ શબ્દો આ શહેર સાથે જોડાએલા છે. "સૂર્ય, ગિબઓન ઉપર તું સ્થિર રહે; ચંદ્ર, આયાલોનની ખીણ ઉપર તું સ્થિર રહે" (યહો. ૧૦; ૧૨). હાલમાં યરૂશાલેમથી ૧૪ મૈલ ઉપર યોપાની સડકની ઉત્તરે 'યાલો' નામની જગ્યા આયાલોનના નામથી ઓળખાય છે. (૨) ઝબુલુન કુળનું એક શહેર (ન્યાયા. ૧૨; ૧૨) હાલ તે જાલુન નામથી ઓળખાય છે.

આયાહ (ઉત્પ. ૩૬; ૨૪. ૨ શમૂ. ૩; ૭) = શકરો. (૧) શાઉલની ઉપપત્નિ રિસ્પાહની મા (૨ શમૂ. ૩; ૭: ૨૧; ૮-૧૧). (૨) સિબઓનના પુત્રોમાંનો એક (ઉત્પ. ૩૬; ૨૪. ૧ કાળ. ૧; ૪૦).

આયિન = આંખ, ઝરો. (૧) યહુદાહપુત્રોનાં કુળનાં છેવાડાં નગરોમાંનું એક (યહો. ૧૫; ૩૨). (૨) (ગણ. ૩૪; ૧૧).

આર = શહેર. મોઆબીઓનું મુખ્ય શહેર હતું (ગણ. ૨૧; ૨૮. પુન. ૨; ૯, ૧૮, ૨૯) કે જે આરનોન નદી ઉપર આવેલું હતું (પુન. ૨; ૧૮, ૨૪. ગણ. ૨૧; ૧૩-૧૫). એમ દેખાય છે કે સીહોનના રાજાએ તેને બાળી મુક્યું (ગણ. ૨૧; ૨૮). તેના આવનાર નાશ વિષે યશાયાહે ભવિષ્ય કહ્યું કે, "આર મોઆબ ઉજડ થયું છે, નષ્ટ થયું છે; કેમકે રાત્રે કીર-મોઆબ ઉજડ ઉજડ થયું છે." ધર્મપિતૃ જેરોમ એ વાતનો ખુલાસો કરે છે કે રાતના કોઇ ધરતિકંપથી શહેરનો નાશ થયો હશે. આ શહેરને વળી રાબ્બાહ કે રાબ્બાથ પણ કહે છે, જે આમ્મોનના રાબ્બાથથી જુદું છે. હજી સુધી આ શહેરની જગ્યા મૃત સમુદ્રની પૂર્વમાં ૧૭ મૈલ ઉપર અને આર્નોન નદીની દક્ષિણમાં ૧૦ મૈલ ઉપર બતાવવામાં આવે છે. શહેરનાં ખંડેરમાં બે રૂમી દેવળો અને કેટલાંક સરોવરો જોવામાં આવે છે.

આરએલી = શૂરવીર. ગાદપુત્રોમાંનો એક (ઉત્પ. ૪૬; ૧૬. ગણ. ૨૬; ૧૭).

આરકી = હામના પુત્ર કનાનના વંશજોને આ નામ આપવામાં આવ્યું છે (ઉત્પ. ૧૦; ૧૭. ૧ કાળ. ૧; ૧૫).

આર્કી = એરેકનો વતની. દાઉદના મિત્ર હુશાયને આ નામ વખતો વખત આપવામાં આવે છે (૨ શમૂ. ૧૫; ૩૨: ૧૭; ૫, ૧૪. ૧ કાળ. ૨૭; ૩૩). હુશાય દાઉદનો 'પ્રિવી કૌન્સિલર' હતો.

આર્કીઓ = આર્કીના રહીશો. એફ્રાઇમ અને બિન્યામીનની સરહદ પર બેથેલ અને બેથ-હોરોનની વચ્ચે આ આર્કી શહેર આવેલું હતું. ત્યાંના રહીશોને આ નામ આપવામાં આવેલ છે (યહો. ૧૬ ; ૨).

આર્ખીપાસ = ઘોડાનો શિક્ષક. આર્ખીપાસ કલોસે તથા ત્યાંની આસપાસની મંડળીમાં ધર્મસેવા બજાવતો હતો. પાઉલ તેના વિષે કહે છે કે "પ્રભુથી જે સેવા તને મળી છે તે પુરી કરવાને તારે સાવધાન રહેવું" (કલો. ૪; ૧૭). આ આર્ખીપાસ તે કદાપિ ફિલેમોનનો પુત્ર હતો.

આર્ખેલાઉસ = લોકનો અધિકારી. હેરોદ મોટા કે મહાન હેરોદનો તે દીકરો હતો. તેની માનું નામ માલથાસ હતું, તે એક સમારી સ્ત્રી હતી. તેણે પોતાના ભાઇની સાથે રૂમ શહેરમાં અભ્યાસ કીધો હતો. તે પોતાના પિતાના રાજ્યનો ત્રીજા ભાગનો વારસદાર કે રાજા હતો, એટલે અદુમ, યહુદાહ અને સમારીઆ. તે કારણ માટે માત્થી ૨; ૨૨ માં તેને રાજા કહેવામાં આવ્યો છે. તે ઘાતકી અધિકારી હતો અને પ્રજા પ્રત્યેના જુલમને લીધે તેને પદભ્રષ્ટ કરવામાં આવ્યો, અને ગાલ દેશના વિએનામાં તેને દેશનિકાલ કીધો, ત્યાં તે મરણ પામ્યો. આ વખતે યુસફ અને મરિયમ મિસર દેશથી પાછાં ફરી નાઝરેથમાં આવ્યાં. તેના મરણ પહેલાંના થોડા દિવસ સુધી હેરોદે પોતાની પછી ગાદીએ બેસનારને આન્ટિપાસ નામ આપ્યું હતું, પણ તેના મરણ વખતે આર્ખેલાઉસ નામ આપવામાં આવ્યું (જુઓ હેરોદ).

આર્ગોબ = પત્થરનો ઢગલો, પત્થરનો બેટ. બાશાનનો આ ઉંચ પ્રદેશ દમસ્કની દક્ષિણ ગમ આવેલો છે, જે બાશાનની સપાટીથી ૩૦ ફીટ ઉંચાઇમાં છે. આ ઉંચ પ્રદેશમાં ૬૦ કિલ્લાબંધ શહેર આવેલાં હતાં (પુન. ૩; ૪) જેના પર ઓગ રાજા રાજ્ય કરતો હતો. નવા કરારમાં આ પ્રાંતને ત્રાખોનીતી દેશ (લુક ૩; ૧) એવું નામ આપવામાં આવ્યું છે. આ દેશ ૨૨ મૈલ લાંબો અને ૧૪ મૈલ પહોળો છે. હાલ તે 'લીયાહ' નામથી ઓળખાય છે. આ પ્રાંતમાં આવેલાં કિલ્લાબંધ શહેરો ઇસ્રાએલીઓએ જીતી લીધાં હતાં (પુન. ૩; ૪. ૧ રા. ૪; ૧૩). ઉપલાં શહેરનાં ખંડેર હજી સુધી ૩૦૮ ચોરસ મૈલમાં જોવામાં આવે છે. ઘરોની બાંધણી તદન પત્થરની જોવામાં આવે છે. એટલે ભીંતો, દરવાજા, બારીઓ, છાપરૂં વગેરે સઘળું મજબુત મોટા પત્થરોથી બાંધવામાં આવેલું છે. દેશના દેખાવ મુજબ હજી સુધી તેને 'રાક્ષસોનો દેશ' એવું નામ આપવામાં આવે છે. ખંડેરોમાં કેટલાંક ઘરો તો આજ સુધી જેવાં ને તેવાંજ જોવામાં આવે છે, એમ છતાં ૫૦૦ વર્ષથી તેમાં કોઇ વસનાર નથી, અને એમ આ દેશ વિષે ભવિષ્યવાદીએ જે ભવિષ્ય કહ્યું હતું તે પુરૂં પડયું છે (યશા. ૨૪; ૩ : ૩૩; ૮). રાજા સુલેમાનના વખતમાં ફરીને ઉપલાં ૬૦ શહેરોની વાટ આવે છે અને સુલેમાનના ૧૨ અધિકારીઓમાંનો એક આ પ્રાંતમાં રહેતો હતો (૧ રા. ૪; ૧૩). રૂમીઓના વખતમાં ત્રાખોનીતીનો સરદાર એક પ્રસિદ્ધ ચોર હતો, તેનાથી તથા તેના લોકોથી કાઇસારને ઘણું નુકસાન પહોંચ્યું તેથી કરીને કાઇસાર ઑગસ્તસે આ પ્રાંત મહાન હેરોદને એવી સરતે આપ્યો કે ત્યાંના બધા ચોરોને વશ કરીને તેમને દબાવે. તેના મરણ પછી તેના પુત્રના હાથમાં તે પ્રાંત આવ્યો (લુક ૩; ૧).

આર્તાહશાસ્તા = મહાન બાદશાહ, ઘણો બહાદુર. (૧) એમ દેખાય છે કે આ ઇરાનના બાદશાહોનો એક ખિતાબ છે. વિદ્વાનો ધારે છે કે આ આર્તાહશાસ્તા તે કામ્બીસેસનો ભાઇ સ્મરદીસ હશે. આઠ મહિના રાજ્ય ભોગવી તે કતલ થયો. તેણે યહુદાહ અને બિન્યામીનના શત્રુઓની અર્જી માનીને મંદિર બાંધવાનું કામ બંધ પાડયું (એઝ. ૪; ૨૩, ૨૪). (૨) વિદ્વાનોની સમજમાં આ બાદશાહ લોંગીમાનસ છે જે

અહાશ્વેરોશ (એસ્તે. ૧ ; ૧) નો પુત્ર છે. તેણે ઇરાનમાં ઇ. સ. પૂ. ૪૬૪-૪૨૫ સુધી રાજ્ય કીધું. એમ દેખાય છે કે તેણે ઇ. સ. પૂ. ૪૫૮ માં એઝરાને યરૂશાલેમ જવાની રજા આપી (એઝ. ૭; ૭) અને ૧૪ વર્ષ બાદ નહેમ્યાહને યરૂશાલેમ મોકલ્યો (નહે. ૨; ૧-૬ : ૫ ; ૧૪ : ૧૩ ; ૬). બાદશાહ સ્વભાવે દયાળુ અને ચાલાક હતો.

આર્તેમિસ = રક્ષક, પાળનાર. રૂમી લોકો આ દેવીને ડીઆના અને યુનાનીઓ તેને આર્તેમિસ કહેતા હતા. પુજારી લોકની સમજમાં આ મહાદેવીને આખો આસિયા અને જગત પૂજે છે એમ હતું (પ્રે. કૃ. ૧૯; ૨૭). કોઇ કોઇ વખતે આકાશથી પત્થર રૂપે મોટા મોટા કરા પડે છે. એવા એકાદ પત્થરને ઉભો કરીને લોકોએ તેને દેવી ઠરાવી હશે, કેમકે લોકની સમજમાં આ દેવી આકાશથી પડી છે એવું હતું. પ્રથમ લોકો એવા એક પત્થરને દેવી તરીકે પૂજતા હતા પણ પાછળથી લાકડા ઉપર આ દેવીનો આકાર કોતરવામાં આવ્યો. ત્યાર પછી આખરમાં તેના દેખાવમાં ઘણો ફેરફાર કરવામાં આવ્યો. તેના આખા શરીર પર જુદી જુદી છબીઓ કોતરવામાં આવી. તેના માથા પર મુગટ મુક્યો હતો અને માથાના પાછલા ભાગ પર ચંદ્ર કોતરવામાં આવ્યો હતો. એફેસીઓની સમજમાં આ દેવી દરિયો, તળાવ અને બંદરનું રક્ષણ કરનાર ગણાતી હતી, એ કારણ માટે આ દેવીનું મંદિર બંદર કાંઠે બાંધવામાં આવ્યું હતું. મંદિર બાંધવામાં ઘણા રૂપિયા ખરચ થયા હતા અને ઘણું સુંદર અને જોવા લાયક થયું હતું. પણ આ મંદિરને એક માણસે પોતાનું નામ જગતમાં કાયમ રાખવાની લાલચે બાળી મુક્યું. જે રાત્રે મંદિર બાળી મુકવામાં આવ્યું તેજ રાત્રે મહાન સિકંદર જન્મ પામ્યો. આ મંદિર બળી ગયા બાદ કેટલાંક વર્ષો પછી લઘુ એસિયાના બધાં માણસો પાસે પૈસા ઉઘરાવી એફેસીઓએ એક એવું મંદિર બંધાવ્યું કે તે દુનિયાની સાત અજાયબીઓમાંનું એક ઠર્યું. આ મંદિરની લંબાઇ ૩૪૨ ફુટ અને પહોળાઇ ૧૬૪ ફુટ હતી. તેનું છાપરૂં ૧૨૭ સુંદર થાંભલા પર બાંધેલું હતું. દરેક થાંભલાની ઉંચાઇ સાઠ સાઠ ફુટની હતી. અને એમજ આ મંદિર તે શિલ્પવિદ્યાનો એક નમુનો હતો. કામ એક કારીગરના હાથનું ન હતું પણ દેશના સઘળા હુશિયાર કારીગરોને એકઠા કરવામાં આવ્યા હતા. આ સુંદર મંદિરની અંદર ઉપલી મહાન દેવી મુકવામાં આવી હતી. આ મંદિરની સંભાળ એટલી બધી રાખવામાં આવતી કે ધનવાનો અને રાજાઓ પોતાનો ખજાનો આ મંદિરમાં રાખતા હતા. મેળાના દિવસોમાં ચારો તરફના દેશોમાંથી લોકો આવી એકઠા થતા અને શહેરમાં મોટી ધામધુમ થતી હતી. અને મેળામાંથી પાછા વળતાં બધા લોકો મંદિર કે દેવીની યાદગારીમાં કંઇ ને કંઇ લઇ જતા હતા. એ કારણ માટે એફેસસના કારીગર આ દેવીનું નાનું રૂપાનું મંદિર બનાવીને મેળામાં વેચતા હતા (પ્રે. કૃ. ૧૯; ૨૪), અને તેમાં તેઓ ઘણું કમાતા હતા. દેવીની પૂજામાં લોહી વાપરવામાં આવતું નહિ, મંદિરમાં તરવાર કે કોઇ બીજા હથિયાર સાથે લઇ જવાની મના હતી. આ મંદિરના આખર હાલ વિષે એવું જણાય છે કે નેરો કાઇસારે એ મંદિર લૂટયું અને ગોથ લોકોએ તેને બાળી મુક્યું. પાઉલ જ્યારે એફેસસમાં હતો ત્યારે તેણે તે મંદિર જોયું હશે કેમકે ત્યાં તે બે વર્ષ રહ્યો હતો. કહે છે કે આ મૂર્તિ હાલ નેપલ્સના મ્યુઝીયમમાં રાખવામાં આવી છે.

આર્તેમાસ = આર્ટેમીદોરસનું ટુંકુ રૂપ. આ નામ માત્ર શાસ્ત્રમાં એકજ વખત એટલે તીત. ૩ ; ૧૨ માં આપવામાં આવ્યું છે. તે એક આસ્તિક શિષ્ય હતો. પાઉલે નિકોપોલીસમાં શિયાળો કાઢવાનું ઠરાવ્યું હતું માટે તે તીતસને વિનંતી કરે છે કે તું મારી પાસે આવ અને તારી જગ્યાએ કામ કરવાને

આર્તેમાસને નહિ તો તુખીકસને મોકલીશ. ૨ તીમો. ૪; ૧૨ પરથી જણાય છે કે તુખીકસ એફેસસ ગયો હતો માટે આર્તેમાસ આ પ્રસંગે ક્રેત ટાપુ ગયો હશે.

આર્દ = ઉતરવું, ઢાળ. બિન્યામીનનો પૌત્ર (ગણ. ૨૬; ૩૮-૪૦). ૧ કાળ. ૮; ૩ માં તેને આદાર કહે છે, તેના વંશજોને આર્દીઓ કહે છે (ગણ. ૨૬; ૪૦).

આર્દોન = વંશજ. કાલેબની પ્રથમ સ્ત્રી અઝૂબાહથી થએલા ત્રણ પુત્રોમાંનો છેલ્લો હતો (૧ કાળ. ૨; ૧૮).

આર્નાન = ચંચળ. દાઉદને હેબ્રોનમાં જે છોકરાં થયાં તેના વંશમાંનો એક (૧ કાળ. ૩; ૨૧).

આર્નોન = મંડપ, બરબડવું. આ નદી કે નહેર મોઆબ અને અમોરીઓના દેશમાં હતી. યરદન પાર ઇસ્રાએલી મુલકની દક્ષિણ હદ તેથી થએલ છે (પુન. ૩; ૮,૧૬). પવિત્ર શાસ્ત્રમાં આ નદીનું નામ ચોવીસ વખત આવે છે. ગીલઆદના પહાડોમાંથી ઉત્પન્ન થઇ ૮૦ મૈલને અંતરે મૃત સમુદ્રને તે મળે છે (ગણ. ૨૧; ૧૩). નદી ઉનાળાના દિવસોમાં સુકાઇ જાય છે. ભવિષ્યવાદી નદીના ઓવારા વિષે યશા. ૧૬; ૨ માં વાત કરે છે. વરસાદના દિવસોમાં નદીમાં પુષ્કળ પાણી રહે છે ને પત્થરોમાં થઇને ઘણી ઝડપથી વહે છે. રૂમી લોકના વખતમાં જ્યારે નાળાં અને નહેરો દુરસ્ત કરવામાં આવી ત્યારે આ નદી ઉપર એક પૂલ બાંધેલો તે તુટેલી હાલતમાં જોવામાં આવે છે. હાલ આ નદીને એલ-મોજેબ કહે છે.

આર્પાકશાદ (ઉત્પ. ૧૦; ૨૨). જળપ્રલય થયા પછી શેમને જે પુત્રો થયા તેમાંનો એક હતો. ૪૩૮ વર્ષની વયે તે મરણ પામ્યો (ઉત્પ. ૧૧; ૧૦-૧૩. ૧ કાળ. ૧; ૧૭,૧૮. લુક ૩; ૩૬). તે મેસોપતામીઆમાં રહેતો હતો. અને યહુદી ઇતિહાસક જોસેફસના કહેવા મુજબ તે ખાલ્દી કોમનો પૂર્વજ છે.

આર્પાદ = ટેકો, સહાય. આર્પાદ (યશા. ૧૦; ૯: ૩૬; ૧૯: ૩૭; ૧૩). અરામનું એક શહેર હમાથની પાસે આવેલું છે (૨ રાજા. ૧૯; ૧૩: ૧૮; ૩૪. યિર્મે. ૪૯; ૨૩). આશ્શૂરના રાજા તિગ્લાથ પિલેસર બીજાએ તેને ત્રણ વર્ષ ઘેરો ઘાલી જીત્યું (ઇ. સ. પૂ. ૭૪૨). હાલ તેને તેલ-એરફાદ કહે છે.

આર્બાથી = અરાબાહના રહીશો. આ નામ અબી-આલ્બોન કે આબીએલ નામના કોઇ શૂરવીરને આપવામાં આવ્યું છે (૨ શમૂ. ૨૩; ૩૧. ૧ કાળ. ૧૧; ૩૨). ઘણું કરીને અરાબાહના વતનીઓને આર્બાથી કહે છે. આ અરાબાહ યહુદાહના અરણ્યમાં આવેલું હતું (યહો. ૧૫; ૬૧).

આર્મોની = કિલ્લાના રહીશો. રિસ્પાહથી થએલા શાઉલના બે દીકરાઓમાંનો એક હતો. તેઓ બંનેને દાઉદે ગીબઓનીઓના હાથમાં સોંપ્યા અને તેઓએ તેમને પર્વત ઉપર યહોવાહ આગળ ફાંસીએ દીધા. (૨ શમૂ. ૨૧; ૮, ૯).

આર્યેહ = સિંહ. (૨ રાજા. ૧૫; ૨૫). પકાહ્યાહ ઇસ્રાએલના રાજાને પેકાહે દંગો કરીને રાજાના ઘરમાં અંગરક્ષક આર્ગોબ તથા આર્યેહ સુદ્ધાં માર્યો.

આર્યોખ = સિંહના જેવો, માનયોગ્ય. (૧) એલ્લાસારના રાજા કે જેણે સદોમ અને ગમોરાહ સામે કદોરલાઓમેરની સાથે સંપ કીધો (ઉત્પ. ૧૪; ૧, ૯). (૨) બાબેલના રાજાની રક્ષક ટુકડીનો નાયક હતો (દાની. ૨; ૧૪).

આર્વાદ = રખડવું. અરામના કિનારા પર એક નાનો ટાપુ અને શહેર આ નામનું આવેલ હતું. ત્યાંના વતનીઓને આરવાદી કહે છે, કે જેઓ કનાનના છોકરાઓમાંના એકના વંશજો છે (ઉત્પ. ૧૦; ૧૮. હઝ. ૨૭; ૮).

આર્સા (૧ રા. ૧૬; ૯). બાઅશાનો દીકરો એલાહ તિર્સાહમાં ઇસ્રાએલ પર રાજ્ય કરતો હતો ત્યારે ચાકર ઝિમ્રીએ તેની વિરૂદ્ધ દંગો

કીધો અને તિર્સાહમાં તેને મારી નાખ્યો. આ એલાહનો તિર્સાહમાંના તેના ઘરનો કારભારી આર્સા નામનો હતો (૧ રા. ૧૬; ૯).

આરાહ = ભટકવું (૧ કાળ. ૭; ૩૯). આશેરના પુત્રોમાંનો એક હતો, જે મુખ્ય અધિકારી હતો.

આરીમથાઇ. યહુદીઓનું એક શહેર હતું (લુક ૨૩; ૫૧). યુસફ કે જેની કબરમાં પ્રભુ ઇસુનું શબ મુકવામાં આવ્યું હતું, તે યુસફની આ જન્મભૂમિ હતી (માત્થી ૨૭; ૫૭, ૬૦. યોહા. ૧૯; ૩૮). ઘણું કરીને એજ શહેર રામાથાઇમ-સોફીમ છે કે જ્યાં શમૂએલ જન્મ્યો હતો (૧ શમૂ. ૧; ૧, ૧૯). બીજા કેટલાક ધારે છે કે આજ શહેર, તે દાન કુળમાં આવેલ રામલેહ અને બિન્યા-મીન કુળનું રામા હશે (માત્થી ૨; ૧૮).

આરીસ્તબુલસ (રૂમી. ૧૬; ૧૦). રૂમી-ઓના પત્રમાં પાઉલ તેના ઘરનાંને ક્ષેમકુશળ મોકલે છે, એ પરથી જણાય છે કે રૂમી મંડળીનો આ એક માનવંતો સભાસદ હતો.

આરીસ્તાર્ખસ = સૌથી સારો અધિકારી. થેસ્સાલોનીકીનો વતની, અને પાઉલની ત્રીજી મુસાફરીમાં તેનો સાથી હતો (પ્રે. કૃ. ૨૦; ૪: ૧૯; ૨૯: ૨૭; ૨). વળી તે પાઉલનો રૂમમાં 'સાથીબંદીવાન' અને તેનો 'સાથી કામદાર' હતો (કલો. ૪; ૧૦. ફિલે. ૨૪).

આરેત = ખેડુત (?). અરબસ્તાનના ઉત્તર ભાગના પેટ્રીઆ પ્રાંતનો તે રાજા હતો. આ નામના અરબસ્તાનમાં ઘણાએક રાજા થઇ ગયા, પણ પવિત્ર શાસ્ત્રમાં આ એક વિષે વાત લખવામાં આવી છે. આ આરેત રાજા તે હેરોદ આન્ટિપાસનો સસરો હતો. હેરોદ આન્ટિપાસે પોતાના ભાઇ હેરોદ-ફીલીપની સ્ત્રી હેરોદીઆસ સાથે વ્યભિચાર કીધો, એ કારણને માટે તેની પોતાની સ્ત્રી પોતાના પિતા આરેત પાસે ચાલી ગઇ (લુક ૩; ૧૯, ૨૦. માર્ક ૬; ૧૭. માત્થી ૧૪; ૩), એ કારણ માટે સસરા જમાઇ વચ્ચે લડાઇ જાગી. હેરોદ આન્ટિપાસ આ લડાઇમાં હારી ગયો (ઇ. સ. ૩૬). આ અરસામાં વળી કાઇસાર તિબેરીઅસ મરણ પામ્યો (ઇ. સ. ૩૭), તેથી કરીને આરેત રાજાએ દમસ્ક ઉપર ચઢાઇ કરી તે પોતાના કબજામાં કર્યું (૨ કરીં. ૧૧; ૩૨. સરખાવો પ્રે. કૃ. ૯; ૨૪). આ વખતે પાઉલ અર-બસ્તાનથી દમસ્ક આવ્યો હતો.

આલૂશ (ગણ. ૩૩; ૧૩). સીનના અરણ્યમાં દોફકાહ અને રફીદીમની વચ્ચે આવેલ આલૂશમાં ઇસ્રાએલીઓએ છાવણી કરી હતી (ગણ. ૩૩; ૧૩).

આલેકસાંદર = રક્ષણ કરનાર. (૧) મહાન આલેકસાંદર તે ગ્રીસ દેશનો રાજા હતો. તેને ૨૦ વર્ષની નાની ઉમરે રાજ્ય મળ્યું હતું. તે ઘણો બહાદૂર અને હોંશિયાર લડવૈયો હતો. તેણે એશિયામેનર તથા ઇરાનનો તમામ મુલક જીતી લીધો હતો. ત્યાર પછી તેણે અફઘાનિસ્તાન અને તુર્કસ્તાન દેશો પુરા જીત્યા, ને ખૈબર ઘાટને માર્ગે તે હિંદમાં પેઠો. દાની. ૨; ૩૨ માં જે મૂર્તિની વાતમાં 'પિત્તળનું પેટ' આવે છે તેમાં ઘણું કરીને આલેકસાંદર દર્શાવવામાં આવ્યો છે. વળી દાની. ૭; ૬: ૧૧; ૩, ૪ માં દીપડો અને બકરાની જે ઉપમા આપવામાં આવે છે તેમાં પણ આલેકસાંદર બતાવવામાં આવ્યો છે. તે ઇ. સ. પૂ. ૩૨૩ માં મરણ પામ્યો, અને તેનું રાજ્ય તેના ચાર સરદારોમાં વહેંચાઇ ગયું. (૨) આન્નાસ પ્રમુખ યાજકના સગા-માંનો એક હતો. પીતર અને યોહાનને જ્યારે સાનેદ્રિમ સભામાં તેમની તપાસ કરવાને બોલાવવામાં આવ્યા ત્યારે આ માણસ ત્યાં સભાસદ તરીકે હાજર હતો (પ્રે. કૃ. ૪; ૬). (૩) ઇસુ ખ્રીસ્તનો વધ-સ્તંભ જેની પાસે વેઠે ઉંચકાવ્યો તે માણસનો એટલે સીમોન કુરેનીનો તે આલેકસાંદરનો તથા રૂફસનો બાપ હતો (માર્ક ૧૫; ૨૧). (૪)

એફેસસનો એક યહુદી હતો. અને જ્યારે પાઉલ વિરૂદ્ધ એફેસસમાં હુલ્લડ થયું ત્યારે તેમાં આગેવાની ભાગ તેણે લીધો હતો (પ્રે. કૃ. ૧૯ ; ૩૩). (૫) આ નામનો એક કંસારો હતો. પાઉલ કહે છે કે તેણે મને ઘણું દુઃખ દીધું છે. તે તથા હુમનાય પુનરૂત્થાન વિષે લોકોને ખોટું શિખાડતા હતા. તેઓને પાઉલે શેતાનને સોંપ્યા કે તેઓ દુર્ભાષણ ન કરવાનું શીખે (૧ તીમો. ૧ ; ૧૯. ૨ તીમો. ૪ ; ૧૪. વળી ૧ તીમો. ૧ ; ૨૦. સાથે સરખાવો ૧ કરીં. ૫ ; ૫).

આલેકસાંદ્રિયા = આલેકસાંદરના નામ પરથી પડેલું શહેરનું નામ. પુરાતન ઉત્તર મિસરની રાજ્યધાનીનું શહેર આલેકસાંદ્રિયા હતું. તેને મહાન આલેકસાંદરે આસરે ઇ. સ. પૂ. ૩૩૩ માં વસાવ્યું, તે કારણ માટે આ શહેરનું નામ આલેકસાંદ્રિયા આપવામાં આવ્યું છે. આ શહેર લાંબા વખત સુધી બહુ મોટું ગણાયું કેમકે નીનવેહ અને બાબેલોન શહેરનો આ વખતે નાશ થયો હતો, અને રૂમ શહેર હજી પ્રસિદ્ધિમાં આવ્યું ન હતું. લગભગ ૨૦૦ વર્ષ સુધી મિસરના રાજાઓની રાજ્યધાની આ શહેરમાં હતી. જુના કરારમાં આ શહેર વિષે કશી વાત આવતી નથી પણ નવા કરારમાં આ શહેર સાથે કેટલીક વાત જોડાએલી જોવામાં આવે છે. શહેર સમુદ્ર કાંઠે હોઇ મોટું બંદર હતું, બંદર પર એક મોટો મિનારો હતો જે આજ સુધી દુનિયાની સાત અજાયબીઓમાંની એક ગણાય છે. શહેરમાં એક બહુ મોટી લાયબ્રેરી હતી, અને તેમાં સાત લાખ પુસ્તકનો લગભગ મોટો જથો રાખવામાં આવ્યો હતો. પણ દુઃખની વાત કે ઉમર ખલીફના અમલમાં ઇ. સ. ૬૪૨ માં તે લાયબ્રેરી બાળી મુકવામાં આવી. આ શહેરમાં દરેક કોમના વિદ્વાનો રહેતા હતા. યહુદી વિદ્વાન ફીલો અને ઓરીજેન, ક્લેમેન્ટ અને આથેનેસીયસ આ શહેરના હતા. શહેરની અંદર એક વખતે એવું કહેવાય છે કે ૧૦,૦૦૦ યહુદીઓ રહેતા હતા. આપોલસ નામનો એક યહુદી વિદ્વાન જે ખ્રીસ્તી થયો તે આજ શહેરનો વતની હતો (પ્રે. કૃ. ૧૮ ; ૨૪). વળી અહિંના યહુદીઓનું એક સભાસ્થાન યરૂશાલેમમાં હતું અને જ્યારે સ્તેફન સામે સતાવણી થઇ ત્યારે આ સભાસ્થાનના યહુદીઓએ પણ તેમાં ભાગ લીધો હતો (પ્રે કૃ. ૬ ; ૯). દંતકથા ઉતરી છે કે માર્કે આ શહેરમાં પ્રથમ સુવાર્તા સંભળાવી હતી. પ્રેરિતોના વખતમાં આ શહેર રૂમી સરકારને તાબે હતું, અને અહિંથી ઘણુંજ અનાજ દરસાલ રાજધાની રૂમમાં મોકલવામાં આવતું હતું. એવા એક વહાણમાં સુબેદારે પાઉલને રૂમ શહેર જવાને મોકલાવ્યો હતો (પ્રે. કૃ. ૨૭ ; ૬). કહે છે કે પાઉલ સાથે તે વખતે બીજાં ૨૭૫ ઉતારૂ વહાણમાં હતાં. પવિત્ર શાસ્ત્રનો હેબ્રી ભાષાનો તરજુમો ગ્રીક ભાષામાં આ શહેરમાં કરવામાં આવ્યો છે, જે તરજુમાને 'સપ્ટુએજીન્ટ' (Septuagint) તરજુમો કહેવામાં આવે છે. એવું કહેવાય છે કે ૭૦ વિદ્વાનો એ કામ કરવાને કામે લાગ્યા હતા અને એકી વખતે નહિ પણ ઇ. સ. પૂ. ૨૮૦ માં તે કામ શરૂ થયું અને ઇ. સ. પૂ. ૨૦૦ કે ૧૫૦ માં તે કામ પુરૂં થયું છે.

આલેમેથ = આચ્છાદન, વીંટવું. (૧) બિન્યામીની બેખેરના પુત્રોમાંનો એક. (૧ કાળ. ૭ ; ૮). (૨) બિન્યામીની યહોઆદ્દાહના પુત્રોમાંનો એક (૧ કાળ. ૮ ; ૩૬). (૩) બિન્યામીની, હારૂનપુત્રોને આપેલું શહેર (૧ કાળ. ૬ ; ૬૦). યહો. ૨૧ ; ૧૮ માં તેને આલ્મોન કહે છે. હાલ તેને 'આલ્મીત' કહે છે, જે પુરાતન અનાથોથની ઇશાનમાં એક મૈલ ઉપર છે.

આલોન = એક નામનું ઝાડ. (૧) આ નામનું એક પ્રસિદ્ધ ઝાડ સાઅનાન્નીમની પાસે આવેલું હતું. તે નાફતાલી પુત્રોની જમીનની હદ પર આવેલ હતું (યહો. ૧૯ ; ૩૩). (૨) શિમઓનવંશી યદાયાહનો પુત્ર (૧ કાળ. ૪ ; ૩૭).

આલોન-બાખૂથ = વિલાપનું વૃક્ષ. દબોરાહ રિબ્કાહની દાઇ મરી ગઇ ત્યારે તેને આ ઝાડ નીચે દાટી હતી, જે બેથેલની પાસે આવેલ હતું (ઉત્પ. ૩૫ ; ૮).

આલ્મોદાદ = અમાપ. શેમવંસી યોકટાનના પુત્રોમાંનો પહેલો (ઉત્પ. ૧૦ ; ૨૬), અને આરબ કોમનો સ્થાપનાર હતો.

આલ્મોન = સંતાડેલું. યાજકોને આપેલાં નગરોમાંનું એક બિન્યામીની નગર હતું (યહો. ૨૧ ; ૧૮). તેને ૧ કાળ. ૬ ; ૬૦ માં આલ્લેમેથ નામ આપવામાં આવ્યું છે.

આલ્મોન-દિબ્લાથાઇમ = સંતાડેલી બે રોટલી (?). મોઆબ દેશમાં આવેલું એક શહેર હતું. ત્યાં ઇસ્રાએલીઓએ છાવણી પણ કીધી હતી. તે દીબોનની ઉત્તરમાં આવેલું હતું (ગણ. ૩૩ ; ૪૬). વળી યિર્મે. ૪૮ ; ૨૨ માં તેને બેથ-દિબ્લાથાઇમ કહે છે.

આલ્લામ્મેલેખ = રાજાનું એક ઝાડ. આશેર અને ઝબુલૂન પ્રાંતની સરહદ ઉપર આવેલી એક જગ્યાને આ નામ આપવામાં આવેલ હતું (યહો. ૧૯ ; ૨૬) જે કીશોન નાળાની જમણી બાજુ પર હતું.

આલ્વાન = ઉંચું. સેઇર હોરીના વંશમાંનો એક હતો (ઉત્પ. ૩૬ ; ૨૩). ૧ કાળ. ૧ ; ૪૦ માં તેને આલ્યાન કહે છે.

આલ્વાહ (ઉત્પ. ૩૬ ; ૪૦). એસાવના સરદારોમાંનો એક હતો (ઉત્પ. ૩૬ ; ૪૦).

આવેન = કંઇ નહિ, અમથું. (૧) ભવિષ્યવાદી હોશીઆ તેને "આવેનનાં ઉચ્ચસ્થાનો" (હોશી. ૧૦ ; ૮) કહે છે. ત્યાં ભવિષ્યવાદીના કહેવાનો અર્થ બેથેલ છે. વળી તેને બેથ-આવેન (= અમથું નકામું ઘર) કહે છે કેમકે યરોબઆમે ત્યાં સોનાનો વાછરડો ઉભો કીધો હતો (૧ રા. ૧૨ ; ૨૮). (૨) મિસરનું એક શહેર (હઝ. ૩૦ ; ૧૭). (૩) (આમો. ૧ ; ૫). અરામનું શહેર, હાલ જેને બઆલબેક કહે છે.

આવ્વા. (૨ રા. ૧૭ ; ૨૪). આશ્શૂરમાં આવેલું એક ગામ હતું. ત્યાંનાં માણસોને સમરૂનમાં લાવીને વસાવ્યા (૨ રા. ૧૭; ૨૪). ઘણું કરીને એજ શહેરને (૧૮ ; ૩૪ : ૧૯ ; ૧૩. યશા. ૩૭ ; ૧૩) ઇવ્વાહ કહે છે. હાલ ફ્રાત નદી પર 'હીત' નામની જગ્યા ઉપલા શહેરથી ઓળખાય છે.

આવ્વીમ = નાશ. બિન્યામીન કુળના ભાગમાં આવેલાં નગરોમાંનું એક હતું (યહો. ૧૮; ૨૩).

આશૂરીમ. (ઉત્પ. ૨૫; ૩). ઇબ્રાહીમની સ્ત્રી કટૂરાહના પુત્ર યોકશાનનો પૌત્ર અને દદાનનો પુત્ર.

આશેર = સુખી, ભાગ્યશાળી. યાકુબના પુત્રોમાંનો આઠમો પુત્ર, જે લીયાહની દાસી ઝિલ્પાહને પેટે થયો હતો (ઉત્પ. ૩૦ ; ૧૩). આશેર કુળનો તે મુખ્ય પુરૂષ (ઉત્પ. ૩૫ ; ૨૬ : ૪૬ ; ૧૭. નિર્ગ. ૧ ; ૪). અરણ્યની મુસાફરીમાં ૩૮ વર્ષ માં ૨૯ ટકા જેટલી તેમની વસ્તી વધુ થઇ. એટલે ૪૧,૫૦૦ થી વધીને ૫૩,૪૦૦ થઇ. મુસાફરીમાં કુચ કરતાં તેમની જગ્યા નાફતાલી અને દાન કુળની વચ્ચે હતી (ગણ. ૨ ; ૨૭). જે જમીન તેમને આપવામાં આવી હતી તે પાલેસ્તાઇનમાં કેટલીક જગ્યા કરતાં ઘણી ઉત્તમ હતી. તેમનો ભાગ ભૂમધ્ય સમુદ્રના કાંઠા ઉપર ઉત્તર ગમ આવેલો હતો. તેમના ભાગમાં આવેલા દેશનાં શહેરો યહો. ૧૯ ; ૨૪–૩૧. ન્યાયા. ૧ ; ૩૧, ૩૨ માં બતાવવામાં આવ્યાં છે. યરદનની પશ્ચિમ ગમ આવેલાં કુળોમાંથી સીમઓન અને આશેર એ બે કુળોમાંથી કોઇ ન્યાયાધીશ કે શૂરવીર પુરૂષ થયો નથી. આન્ના ભવિષ્યવાદેણ તે આ કુળમાંની હતી (લુક. ૨ ; ૩૬).

આશેર—(ઉત્પ. ૩૦ ; ૧૩). કુળ અને તેની સીમા (યહો. ૧૭; ૭, ૧૦, ૧૧ : ૧૯; ૨૪–૩૧, ૩૪). લેવીઓનાં શહેર (૨૧ ; ૬, ૩૦. ન્યાયા. ૧ ; ૩૧, ૩૨). આશેરીઓ (૫; ૧૭ : ૬ ; ૩૫ : ૭ ; ૨૩. ૧ રાજા. ૪ ; ૧૬. ૧ કાળ. ૬ ; ૬૨, ૭૪). તેના વંશજો (૧ કાળ. ૭; ૩૦–૪૦ : ૧૨ ;

૩૬. ૨ કાળ. ૩૦; ૧૧. હઝ. ૪૮; ૨, ૩, ૩૪. લુક. ૨; ૩૬).

આશ્કનાજ (ઉત્પ. ૧૦; ૩). ગોમેરના ત્રણ પુત્રોમાંનો એક હતો (ઉત્પ. ૧૦; ૩), તેથી યાફેથવંશી એક કોમ ઉભી થઇ. આ નામ અરારાટ અને મિન્નીની સાથે આવે છે (યિર્મે. ૫૧; ૨૭), તેથી કરીને એમ દેખાય છે કે તેમનું મૂળ વતન આરમેનિયામાં કાળા સમુદ્રની પાસે હશે.

આશ્કલોન = વિદેશગમન. પલિસ્તીઓનાં પાંચ પ્રખ્યાત શહેરોમાંનું એક હતું (યહો. ૧૩; ૩. ૧ શમૂ. ૬; ૧૭). તે ગાઝ્ઝાહની ઉત્તરે ૧૨ મેલ ઉપર ભૂમધ્ય સમુદ્ર પર આવેલું હતું. કેટલાક લેખો પરથી જણાય છે કે આ શહેર તે મિસરના કારનાક પાસે હતું, જેને રામસેસ બીજાએ જીતી લીધું. ન્યાયાધીશોના વખતમાં (ન્યાયા. ૧; ૧૮). યહુદીએ આ શહેર પોતાના તાબામાં કીધું, પણ પછીથી થોડા વખતમાં પલિસ્તીઓએ પાછું પોતાના કબજાનાં લીધું. અને મહાન આલેકસાંદરના વખત સુધી તે પુરેપુરૂં તાબે થયું નહિ. શામશૂન તિમ્નાહથી ત્યાં જઇ ૩૦ માણસોની કતલ કરી તેમને લૂટી લાવ્યો હતો (ન્યાયા. ૧૪; ૧૯. ૨ શમૂ. ૧; ૨૦). તેના વિષે ભવિષ્યવાત (યિર્મે. ૨૫; ૨૦: ૪૭; ૫, ૭. આમો. ૧; ૮. સફ. ૨; ૪, ૭. ઝખ. ૯; ૫). આ શહેર આગળ ઘણી લડાઇઓ થઇ હતી. તેને ઇંગ્લાંડના પાદશાહ રીચર્ડ પહેલાએ ઘેરો ઘાલી ક્રુસેડની લડાઇમાં તાબે કર્યું હતું. રાજા મહાન હેરોદ આ શહેરમાં જન્મ્યો હતો. અને જો કે આ શહેર તેના કબજામાં ન હતું તો પણ શહેરની શોભા તેણે વધારી. એના મરણ પછી એની બહેન સાલોમે ત્યાં રહેતી હતી. વળી આ શહેરમાં વેનસ દેવીનું એક મંદિર હતું. પહેલાંના વખતમાં આ શહેર અંગુર, જૈતુન, દાડમ વિગેરે ફળફળાદીને માટે પ્રસિદ્ધ હતું. ભવિષ્યવાત પ્રમાણે શહેર વેરાન થએલું જોવામાં આવે છે, માત્ર આમતેમ કિલ્લાનો કોઇ ભાગ અને એક સુંદર થાંભલો નજરે પડે છે. આ શહેરના રહીશોને આશ્કલોનીઓ કહે છે (યહો. ૧૩; ૩).

આશતરોથ-કારનાઇમ = બે શિંગવાળી આશતરોથ. રફીઓનું રેઠાણુ આ જગ્યા હતી (ઉત્પ. ૧૪; ૫). ઘણું કરીને આ જગ્યા તે આશ્તારોથ શહેર હશે, જે બાશાનમાં ઓગના રાજ્યમાં આવેલ હતું (પુન. ૧; ૪. યહો. ૧૨; ૪: ૧૩; ૧૨: ૯; ૧૦). જુઓ આશ્તારોથ.

આશ્તારોથ = અશ્તોરેથની પ્રતિમા. (૧) ઓગના રાજ્ય બાશાનમાં આવેલ એક શહેર હતું (પુન. ૧; ૪. યહો. ૯; ૧૦: ૧૨; ૪: ૧૩; ૧૨: ૯; ૧૦. ૧ કાળ. ૬; ૭૧). મનાશ્શેહના અર્ધકુળમાં આ શહેર આવેલું હતું (યહો. ૧૩; ૧૨), અને તે લેવીઓને આપવામાં આવેલ હતું (૧ કાળ. ૬; ૭૧). દાઉદના સૈન્ય યોદ્ધાઓમાંનો એક આ શહેરનો હતો (૧ કાળ. ૧૧; ૪૪). આ શહેર ક્યાં હતું તે સાફ માલમ નથી, પણ કદાચ હાલનું હોરાનનું મુખ્ય શહેર બુસરાહ તે પુરાતન આશ્તારોથ હશે. યહો. ૨૧; ૨૭ માં તેને બઍશ્તરાહ કહે છે. (૨) સીદોનીઓ અને પલિસ્તીઓ (૧ રા. ૧૧; ૫, ૩૩. ૧ શમૂ. ૩૧; ૧૦) ની એક મુખ્ય દેવીનું નામ છે, તેને એકવચનમાં આસ્તોરેથ અને બહુવચનમાં આસ્તારોથ કહે છે. આ દેવીની પૂજા પુરાતન કાળથી ચાલતી હતી એમ દેખાય છે, કેમકે ઇબ્રાહીમના વખતમાં આ દેવીના નામનું એક શહેર ઉત્પ. ૧૪; ૫ માં આવે છે. યહોશુઆના મરણ પછી ઇસ્રાએલીઓએ આ દેવીની સેવા કરી પાપ કીધું (ન્યા. ૨; ૧૩). વળી સુલેમાન પોતે આ મૂર્તિના પાપમાં પડયો (૧ રા. ૧૧; ૫) પણ રાજા યોશીયાહે તેને ભાંગી નાખી (૨ રા. ૨૩; ૧૩). આ લોકોની સમજમાં બઆલ સૌથી મોટો દેવતા હતો અને સૂર્યને ઠેકાણે આ દેવતાની પૂજા

ચાલતી હતી. એજ પ્રમાણે આસ્તારોથ સૌથી મોટી દેવી ગણાતા હતા અને ચંદ્રની ખુબસુરતી અને તેના ફાયદા આ દેવીની પૂજા કરતાં યાદ કરતા હતા. બંનેનાં નામ ઘણું કરી હમેશાં સાથે આવે છે. તેને યિર્મે. ૪૪; ૨૫ માં 'આકાશની રાણી' એવું નામ આપવામાં આવ્યું છે. ઇસ્રાએલીઓ તેની સેવામાં ગાંડા જેવા બની ગયા હતા (યિર્મે. ૪૪; ૧૬-૨૫). પહેલાંના વખતમાં તેની પૂજા કોઇ બાગમાં થતી હતી અને ત્યાં ઘણા બેશર્મી કામો થતાં હતાં (૧ રા. ૧૪; ૨૩. યશા. ૧; ૨૯: ૬૫; ૩. યિર્મે. ૨; ૨૦: ૩; ૧૩. હોશી. ૪; ૧૩). અશેરાહ (૨ રા. ૨૧; ૭) તે આ દેવીની સાથે ખાસ સંબંધ રાખે છે; કેટલાક એમ ધારે છે કે આ દેવીનું નામ અશ્તારોથ છે અને તેની પ્રતિમાને અશેરાહ કહે છે. આહાબના દિવસોમાં બઆલના ૪૫૦ ભવિષ્યવાદીઓ અને ઇઝેબેલની મેજ પર જમનારા ૪૦૦ અશેરાહ દેવીના ભવિષ્યવાદીઓ હતા (૨ રા. ૨૧; ૭). કેટલીક વખતે આ દેવીનું માથું ગાયનું જોવામાં આવે છે અને બીજી કેટલીક વખતે એક સુંદર સ્ત્રી નવો ચંદ્ર પહેરેલી દેખાય છે.

આશ્દોદ = કિલ્લો. ભૂમધ્ય સમુદ્રથી ત્રણ મૈલ ઉપર યોપ્પા અને ગાઝાહની વચ્ચે પલિસ્તીઓનું આ શહેર આવેલું હતું (યહો. ૧૫; ૪૭). દાગોન દેવતાનું તે મુખ્ય મથક હતું (૧ શમૂ. ૫; ૫) તે યહુદાહ કુળના ભાગમાં આવેલું હતું (યહો. ૧૫; ૪૭), પણ તે શહેર કદી સંપૂર્ણ તાબે થયું નહિ. મિસરથી પાલેસ્ટાઇનના ધોરી રસ્તા ઉપર આ શહેર આવેલું હતું (૨ કાળ. ૨૬; ૬. યશા. ૨૦; ૧). રાજા ઉઝીયાહે થોડા વખતને માટે તેને તાબે કીધું પણ તેના મરણ પછી ૫૦ વરસે આશ્શૂરીઓએ તેને તાબે કીધું (ઇ. સ. પૂ. ૭૫૮) અને ત્યાંના રહીશોને બંદીવાન કરીને આશ્શૂર લઇ જવામાં આવ્યા. માત્ર એકજ ઠેકાણે નવા કરારમાં આ શહેર વિષે વાત આવે છે જ્યાં તેને આઝોટ કહે છે (પ્રે. કૃ. ૮; ૪૦). હાલ આ શહેરને 'એસ્દુદ' કહે છે.

આશ્નાહ = કાંટાની ઝાડી. યહુદાહના નીચ પ્રદેશમાં આવેલાં બે જુદાં જુદાં શહેર છે (યહો. ૧૫; ૩૩, ૪૩).

આશ્બેઆ = સોગન ઘાલવા. યહુદાહપુત્રોમાંનો એક. તેના ઘરના માણસ સણના ઝીણાં લુગડાં બનાવનાર હતાં (૧ કાળ. ૪; ૨૧).

આશ્બેલ = ઠપકો (?). બિન્યામીનના પુત્રોમાંનો એક (ઉત્પ. ૪૬; ૨૧. ગણ. ૨૬; ૩૮).

આશ્વાથ = (૧ કાળ. ૭; ૩૩). આશેર વંશી યાફ્લેટના પુત્રોમાંનો એક.

આશ્શૂર = જે કૃપાળુ છે (?). નુહના દીકરા શેમનો પુત્ર આશ્શૂર હતો (ઉત્પ. ૧૦; ૨૨. ૧ કાળ. ૧; ૧૭). તેના નામ પરથી કદાપિ બાબેલની ઉત્તરના તીગ્રીસ નદીના ઉત્તરના પ્રદેશને આશ્શૂર નામ આપવામાં આવ્યું હશે. પણ વિદ્વાનોએ સાબીત કર્યું છે કે આશ્શૂર દેશમાં આ પહેલાં દેશની રાજ્યધાનીનું નામ આશ્શૂર હતું અને તેથી કરીને દેશને આ નામ આપવામાં આવ્યું છે. અને આજ સુધી આ શહેરનું નામ 'કાલાહ શરઘાટ' જે તીગ્રીસ નદીના પશ્ચિમ કિનારા પર આવેલું છે તેને આપવામાં આવે છે. સીમા—ઉત્તરે આર્મેનીઆ, પૂર્વે માદાય તથા ઇરાન, દક્ષિણે બાબેલ, અને પશ્ચિમે મેસોપતામ્યા અનેતીગ્રીસ. પુરાતન વખતમાં આશ્શૂર દેશ તે બાબેલ દેશના તાબાનો દેશ હતો, અને બાબેલથી એક વાઇસરોય આશ્શૂર દેશ પર અધિકાર કરવાને નિમાતો હતો. આ વખતે આ દેશની રાજ્યધાની આશ્શૂર હતું અને તે તીગ્રીસ નદીના કિનારા પર આવેલું હતું. પહેલાંનો આશ્શૂર મુલક તે બહુ મોટો ન હતો, તે ૫૦૦ મૈલ લાંબો અને ૩૦૦-૧૦૦ મૈલ પહોળો હતો. ઇ. સ. પૂ. ૬ઠ્ઠા કે ૭મા સૈકામાં આશ્શૂરે બાબેલની ઝુંસરી તોડી નાખી અને પોતે સ્વતંત્ર થયું

અને આસિયાનો ઉત્તર ભાગ બધો તાબે કીધો. આ દેશના આશ્શૂરીઓ તે શેમવંશી હતા પણ આગળ જતાં દેશની બીજી કોમો સાથે તેઓ ભળી ગયા. આ કોમ તે લડાઇમાં શૂરવીર કોમ ગણાતી હતી. ઇ. સ. પૂ. ૧૧૫૦ માં તિગ્લાથ-પિલેસેર પહેલો (૨ રા ૧૫ ; ૨૯ : ૧૬ ; ૧૦. ૧ કાળ. ૫ ; ૨૬) આશ્શૂરનો મહાન બાદશાહ ફ્રાત નદી ઓળંગીને હિત્તીઓના રાજાઓને હરાવી કાર્કેમીશ શહેર જીતી લીધું અને ભૂમધ્ય સમુદ્રના કિનારા સુધી આગળ વધ્યો. આ બાદશાહ તે આશ્શૂરી બાદશાહતનો સ્થાપનાર કહેવાય. ઇસ્રાએલી રાજા આહાબના વખતમાં આશ્શૂરનો રાજા અરામ દેશ ઉપર ચઢી આવ્યો. સંપીલા સૈન્યને હરાવી 'કારકાર' તાબે કીધું. આ પ્રસંગે રાજા આહાબે દમસ્કની ઝુંસરી ભાંગી નાખી યહુદાહના રાજા સાથે સંપ કીધો. ત્યાર પછી કેટલાંક વર્ષ વીતી ગયા બાદ આશ્શૂરનો રાજા અરામના રાજા હઝાએલ ઉપર ચઢી આવ્યો ને દમસ્કને ઘેરો ઘાલી સર કીધું અને યેહુને ખંડીઓ કીધો. આ બનાવ પછી આસરે સોએક વર્ષ બાદ ઇ. સ. પૂ. ૭૪૫ માં પુલ કે તિગ્લાથ-પિલેસેર બીજો ગાદીએ બેઠો. તેણે અરામ પર ચઢાઇ કરી આર્પાદને ત્રણ વર્ષ ઘેરો ઘાલી તાબે કર્યું (ઇ. સ. પૂ. ૭૪૦) અને હામાથ કબજે કીધું. આ હામાથના રાજા સાથે યહુદાહનો રાજા ઉઝીયાહ મળેલો હતો માટે તેને પણ ખંડીઓ કીધો. ઇ. સ. પૂ. ૭૩૮ માં ઇસ્રાએલના રાજા મનાહેમના વખતમાં પૂલ કે તિગ્લાથ-પિલેસેર બીજો ઇસ્રાએલ ઉપર ચઢી આવ્યો અને તેના ઉપર ભારે ખંડણી નાખી. વળી ઇસ્રાએલનો અને અરામનો રાજા સંપ કરી યહુદાહના રાજા આહાઝ ઉપર ચઢી આવ્યા ત્યારે તેણે આશ્શૂરના રાજાને પૈસા આપી મદદમાં બોલાવ્યો (૨ રા. ૧૬ ; ૮). તેથી આશ્શૂરના રાજાએ દમસ્ક ઉપર ચઢાઇ કરી તેને સર કર્યું અને ત્યાંના લોકને પકડીને કીર લઇ ગયો અને રસીનને મારી નાખ્યો (૨ રા. ૧૬ ; ૮). આ તિગ્લાથ-પિલેસેર ઇ. સ. પૂ. ૭૨૭ માં મરણ પામ્યો અને તેની જગ્યાએ શાલ્માનેસર ચોથો (૨ રા. ૧૭ ; ૩-૬ : ૧૮ ; ૯-૧૨) ગાદીએ બેઠો. તેણે ઇ. સ. પૂ. ૭૨૨ સુધી રાજ્ય કીધું. ત્યાર પછી ઇસ્રાએલના રાજા હોશીઆએ આશ્શૂર વિરુદ્ધ બંડ કરી ખંડણી ભરવાનું બંધ કર્યું તેથી શાલ્માનેસેર ચોથો અરામ પર ચઢી આવ્યો. ત્રણ વર્ષ ઘેરો ઘાલી તેણે હોશીઆના રાજ્યને નવમે વર્ષે સમરૂન સર કર્યું, અને એમ ઇસ્રાએલી રાજ્યનો અંત આણ્યો. સમરૂનના માણસોને બંદીવાન કરીને આશ્શૂરમાં પકડી લઇ ગયો અને તેમને માદીઓના નગરોમાં રાખ્યા (ઇ. સ. પૂ. ૭૨૨) (૨ રા. ૧૭ ; ૧-૬ : ૧૮ ; ૭-૯). વળી તે આવીને આખા યહુદાહમાં ફરી વળ્યો અને યરૂશાલેમ જીતી લીધું (યશા. ૧૦ ; ૬, ૧૨, ૨૨, ૨૪, ૩૪). ત્યાર પછી સાર્ગોનનો પુત્ર સાન્હેરીબ રાજા થયો (ઇ. સ. પૂ. ૭૦૫) (૨ રા. ૧૮ ; ૧૩ : ૧૯ ; ૩૭. યશા. ૭ ; ૧૭, ૧૮). અને ત્યાર પછી સાન્હેરીબનો પુત્ર એસાર-હાદ્દોન ગાદીએ બેઠો (યશા. ૩૭ ; ૩૮) તેણે યહુદાહના રાજા મનાશ્શેહને પકડીને બાબેલમાં કેદ કીધો, ને કેટલોક વખત સુધી ત્યાં તેને બંદીખાનામાં રાખ્યો. ઇસ્રાએલીઓના અધર્મને લીધે પ્રભુએ તેમને આશ્શૂરના હાથમાં સોંપીને સજા આપી (યશા. ૧૦ ; ૫, ૬). તોપણ જ્યારે તેઓ યહોવાહની ગમ પોકારતા ત્યારે યહોવાહ તેમનો અજાયબ રીતે બચાવ કરતો હતો (૨ રાજા. ૧૯). આખરે એ દિવસો પણ આવ્યા કે અશ્શૂર પોતે બિલકુલ નષ્ટ થઇ ગયું, કેમકે તેમની ભુંડાઇ ઘણી હતી (નાહૂ. ૩ ; ૧૮, ૧૯). યહોવાહના કહેવા મુજબ કે, "હું તારી કબર બનાવીશ" (નાહૂ. ૧ ; ૧૪). તેજ પ્રમાણે નીનવેહનો નાશ થયો. અને ઘણાં વર્ષ લગી ભવિષ્ય મુજબ શહેર કબરની માફક બંધ રહ્યું પણ ત્યાર પછી વિદ્વાનોએ ઘણું ખરચ કરી તેને

ખોદાવી ખંડેર હસ્તીમાં આણેલ છે. દિવાલો પર ઘણી છબીઓ જોવામાં આવે છે જેમાં આશ્શૂર રાજ્યનો ઇતિહાસ હાથ આવે છે, કેમકે એ લોકમાં એવો નિયમ હતો કે એવી બિનાઓ એટલે લડાઇ, હાર, તેમનું ખાવું પીવું, મોજ મઝા, કારીગરી, સોદાગીરી અને ખેતીવાડી એ બધું તો ભીંતપરની છબીઓમાં ચીતરવામાં આવતું હતું (જુઓ નીનવેહ). માદી તથા કાસ્દીઓએ નીનવેહનો નાશ કીધો. આશ્શૂર (ઉત્પ. ૧૦; ૨૨. ૧ કાળ. ૧; ૧૭. ઉત્પ. ૨; ૧૪: ૨૫; ૧૮). ઇસ્રાએલ પાસેથી ખંડણી લીધી (૨ રા. ૧૫; ૧૯). તેમને બંદીપ્રવાસમાં લીધા (૧૫; ૨૯: ૧૭; ૩-૨૭: ૧૮; ૭-૧૨. ૧ કાળ. ૫; ૬, ૨૬). આહાઝ સાથે સંપ કીધો (૨ રા. ૧૬; ૭-૧૦, ૧૮. ૨ કાળ. ૨૮; ૧૬-૨૧). યહુદાહ પર ચઢી આવ્યા ને તેમની ફોજનો નાશ (૨ રાજા. ૧૮; ૧૩-૧૯, ૩૬. ૨ કાળ. ૩૨; ૧-૨૨. યશા. ૩૬; ૩૭. ૨ રા. ૨૦; ૬: ૨૩; ૨૯. ૨ કાળ. ૩૦; ૬: ૩૩; ૧૧. એઝ. ૬; ૨૨. નહે. ૯; ૩૨. યશા. ૩૮; ૬: ૫૨; ૪. વિર્મે. ૨; ૧૮, ૩૬: ૫૦; ૧૭. વિલા. ૫; ૬. હઝ. ૧૬; ૨૮: ૨૩; ૫-૧૨, ૨૩: ૩૧; ૩. હોશી. ૫; ૧૩: ૭; ૧૧: ૮; ૯: ૯; ૩: ૧૦; ૬: ૧૧; ૫, ૧૧: ૧૨; ૧. નાહૂ. ૩; ૧૮). તેના વિષે ભવિષ્યવાત (યશા. ૭; ૧૭-૨૦: ૮; ૪, ૭: ૧૦; ૫-૨૪: ૧૧; ૧૧, ૧૬: ૧૪; ૨૫: ૧૯; ૨૩-૨૫: ૨૦; ૨૩: ૨૭; ૧૩: ૩૦; ૩૧: ૩૧; ૮. મીખા. ૫; ૫, ૬: ૭; ૧૨. સફ. ૨; ૧૩. ઝખ. ૧૦; ૧૦. વળી ગણ. ૨૪; ૨૨, ૨૪. હઝ. ૨૭; ૨૩: ૩૨; ૨૨. હોશી. ૧૪; ૩. એઝ. ૪; ૨. ગીત. ૮૩; ૮).

આસનાથ = સૂર્ય દેવતાની બક્ષિસ. ઓનના યાજક પોટીફારની દીકરી અને યુસફની સ્ત્રી (ઉત્પ. ૪૧; ૪૫). તેણીથી યુસફને બે દીકરા થયા, એટલે મનાશ્શેહ અને એફ્રાઇમ (ઉત્પ. ૪૧; ૫૦-૫૨: ૪૬; ૨૦).

આસા = વૈદ્ય. અબીયામનો પુત્ર અને રહાબઆમનો પૌત્ર. તેણે યહુદાહની ગાદી ઉપર ૪૧ વર્ષ રાજ્ય કીધું. તે યહુદાહનો ત્રીજો રાજા હતો. તે સારો રાજા હતો. તેણે દેશમાંથી સર્વ મૂર્ત્તિઓ દૂર કરી એટલુંજ નહિ પણ તેની માતા માઅખાહને અશેરાહ મૂર્તિને લીધે રાજમાતાની પદવી પરથી બરતરફ કીધી. અને એમ "આસાના સર્વ દિવસો પર્યંત તેનું હૃદય યહોવાહ પ્રત્યે સંપૂર્ણ હતું" (૧ રા. ૧૫; ૮-૧૪). અને તેથી પ્રભુએ પણ તેને આરામ અને સમૃદ્ધિ આપ્યાં હતાં. તોપણ તેના વિષે એવું લખવામાં આવ્યું છે કે જ્યારે તે ઘરડો થયો ત્યારે તેના પગમાં ભારે રોગ થયો, ત્યારે તેણે "યહોવાહને નહિ પણ વૈદોને શોધ્યા" (૨ કાળ. ૧૬; ૧-૧૩ સાથે વિર્મે. ૧૭; ૫ સરખાવો). તે પોતાના રાજ્યને ૪૧ મે વર્ષે મરી ગયો અને તેની પછી તેનો દીકરો યહોશાફાટ ગાદીએ બેઠો. આસા—(૧ રા. ૧૫; ૮-૨૪. ૨ કાળ. ૧૪—૧૬. ૧ રા. ૨૨; ૪૧, ૪૩, ૪૬. ૧ કાળ. ૩; ૧૦. ૨ કાળ. ૧૭; ૨: ૨૦; ૩૨: ૨૧; ૧૨. વિર્મે. ૪૧; ૯. માત્થી ૧; ૭, ૮. ૧ કાળ. ૯; ૧૬).

આસાફ = ભેગું કરનાર, પ્રમુખ. (૧) આ નામનો એક લેવી હતો તેના બાપનું નામ બેરેખ્યાહ હતું. દાઉદે જે લેવીઓને પ્રભુના ઘરમાં ગાયનસેવા પર નીમ્યા હતા તેઓમાંનો એક આસાફ હતો (૧ કાળ. ૬; ૩૯). ગીત ૫૦ મું અને ૭૩-૮૩ સુધીનાં ગીત તેના નામથી ઓળખાય છે. ગાયન કળામાં તે લગભગ દાઉદની બરોબરી કરી શકતો હશે (૨ કાળ. ૨૯; ૩૦. નહે. ૧૨; ૪૬). તેના વંશનાનો કે ગાયન ટોળીનો તે મુખ્ય હતો. આસાફ—(૧ કાળ. ૬; ૩૯: ૧૫; ૧૭, ૧૯: ૧૬; ૫, ૭, ૩૭: ૨૫; ૧-૯. ૨ કાળ. ૫; ૧૨: ૨૦; ૧૪: ૨૯; ૧૩, ૩૦: ૩૫; ૧૫. એઝ. ૨; ૪૧: ૩; ૧૦. નહે. ૭; ૪૪: ૧૨; ૩૫, ૪૬. ગીત ૫૦: ૭૩-૮૩).

(૨) રાજા હિઝ્ઝકીયાહના વખતમાં યોઆહ નામનો એક પુરૂષ ઇતિહાસક હતો તેના બાપનું નામ આસાફ હતું (૨ રા. ૧૮; ૧૮, ૩૭. યશા. ૩૬; ૩, ૩૨). (૩) રાજા આર્તાહશાસ્તાનો વન ખાતાનો એક અધિકારી હતો. તેના ઉપર નહેમ્યાહે રાજા પાસે હુકમ કઢાવ્યો કે તેને જે ઇમારતી લાકડું જોઇએ તે આપવું (નહે. ૨; ૮).

આસુનક્રિતશ = નહિ સરખાવાય એવું. રૂમી મંડળીના એક સભાસદને પાઉલ સલામ મોકલે છે. (રૂમી. ૧૬; ૧૪).

આસેલ = ઉમદા, પર્વતની તળેટી. (૧) બિન્યામીમપુત્રોમાંનો એક (૧ કાળ. ૮; ૩૭: ૯; ૪૩, ૪૪). (૨) (ઝખ. ૧૪; ૫). કેટલાક ધારે છે કે આ કાંઇ ખાસ જગ્યા નથી પણ એમાં એ અર્થ છે કે, "ન્હાસવાનો રસ્તો સહેલ થશે." અને જો તે કોઇ ખાસ જગ્યા હોય તો તે યરૂશાલેમની પાસે ખીણુની પશ્ચિમ બાજુએ હશે.

આસોસ (પ્રે. કૃ. ૨૦; ૧૩). આસિયાના મિસીઆ પ્રાંતનું એક બંદર હતું, જે આદ્રામિતીયમ અખાતના ઉત્તર કિનારા પર આવેલ હતું. પાઉલ ત્રોઆસથી અહિં સુધી ૨૦ મૈલની મુસાફરી પગે કરીને આવ્યો હશે. આસોસથી લેસ્બોસ નામનો બેટ તેની સામે ૭ મૈલ દૂર આવેલો છે. એ શહેરનો હાલ નાશ થઇ ગયો છે પણુ કેટલાંક ભવ્ય ખંડેરો હજી સુધી જોવામાં આવે છે.

આસ્નાહ (એઝ. ૨; ૫૦). બાબેલ બંદીપ્રવાસથી જેઓ પાછા આવ્યા તેમાં આસ્નાહના પુત્રો પણુ હતા.

આસ્પનાઝ. બાબેલના રાજા નબુખાદનેસ્સારના ખવાસોમાંનો એક મુખ્ય ખવાસ હતો (દાનિ. ૧; ૩).

આસ્પાથા (એસ્ત. ૯; ૭). યહુદીઓના વૈરી હામાનના દસ પુત્રોમાંનો એક હતો.

આસ્મોન (ગણુ. ૩૪; ૪). કનાન દેશની દક્ષિણુ સીમા પર આવેલ એક જગ્યા હતી.

આસ્રીએલ = દેવનો નિષેધ, અટકાવ. યુસફના કુટુંબીઓમાંનો એક હતો, તેના વંશજોને આસ્રીએલીઓ કહે છે (ગણુ. ૨૬; ૩૧. યહો. ૧૭; ૨. ૧ કાળ. ૭; ૧૪).

આસ્સીર = બંધન. લેવીપુત્ર કહાથના પુત્રોમાંનો એક હતો (નિર્ગ. ૬; ૨૪. ૧ કાળ. ૬; ૨૨, ૨૩, ૩૭).

આહઝાય (નહે. ૧૧; ૧૩).

આહબાન = ભાઇપણું (૧ કાળ. ૨; ૨૯.)

આહમથા=કિલ્લો (?). (એઝ. ૬; ૨). વજનદાર લખનારાઓ તેને 'એક્બાટાના' કહે છે જે ઉત્તર માદાય પ્રાંતનું મુખ્ય શહેર હતું. અહિં પુરાતન માદાય રાજાઓનો તેમજ કોરેશ અને કામ્બુસેસ રાજાઓનો રાજ્યમહેલ હતો. એઝરાના વખતમાં ઇરાની રાજાઓ ઘણું કરીને સુસા કે બાબેલમાં રહેતા હતા પણુ કોરેશ આહમથામાં રહેતો હતો. કહે છે કે કિલ્લો સાત નાની મોટી દિવાલોમાંથી બાંધવામાં આવ્યો હતો. યુનાનીઓ અને રૂમીઓના દિવસોમાં આ શહેર જેવું ને તેવું જોવામાં આવતું હતું. શહેરની બેહદ દોલત જોઇને તેઓએ તેને 'ખજાનાનું શહેર' એવું નામ આપ્યું હતું, પણુ મુગલોની ચઢાઇ પછી તેની પડતી આવી. આજ શહેરમાં રહીને કોરેશ રાજાએ ઠરાવ કીધો હતો કે યરૂશાલેમમાં દેવનું ઘર બાંધવું ને તેનો ખરચ રાજાના ઘરમાંથી આપવો (એઝ. ૬; ૨).

આહયો = ભાઇપણું. (આહ્યો). (૧) બરીયાહના પુત્રોમાંનો એક (૧ કાળ. ૮; ૧૪). (૨) યેઇએલ ગિબઓનીના પુત્રોમાંનો એક (૧ કાળ. ૮; ૩૧: ૯; ૩૭). (૩) અબીનાદાબના બે પુત્રોમાંનો એક. દેવનો કરારકોષ ગિબઆહમાંથી જ્યારે લાવતા હતા ત્યારે આહ્યો ગાડાની આગળ ચાલતો હતો અને તેનો ભાઇ ઉઝ્ઝાહ ગાડાની પાછળ ચાલતો હતો (૧ કાળ. ૧૩; ૭. ૨ શમૂ. ૬; ૩, ૪).

આહરાહ = ભાઇની પછી. બિન્યામીની બેલાનો ત્રીજો પુત્ર (૧ કાળ. ૮; ૧). તેને ગણુ. ૨૬; ૩૮ માં અહીરામ કહે છે.

આહલાય = મીઠું (?). (૧) યહુદાહવંશી શેશાનપુત્રોમાંનો એક (૧ કાળ. ૨ ; ૩૧). (૨) ઝબાદનો બાપ (૧ કાળ. ૧૧ ; ૪૧).

આહવા = પાણી. બાબેલથી યરૂશાલેમ પાછા વળતાં યહુદીઓ જે નદીના કિનારા પર એકઠા થયા તે નદીનું નામ આહવા હતું. ઘણું કરીને આ નદી તે મેસોપતામીઆમાં આવેલાં વહેળાઓમાંનો એક વહેળો કે ઝરો છે કે જે બાબેલની વાયવ્ય કોણમાં ફ્રાત નદીને મળે છે (એઝ. ૮ ; ૨૧). એમ છતાં એમ દેખાય છે કે આ નામની એક જગ્યા હતી (એઝ. ૮ ; ૧૫) કે જેને હાલ 'હીત' (Hit) કહે છે કે જે ફ્રાત નદી ઉપર દમસ્કની પૂર્વમાં આવેલ છે.

આહાઝ = કબજે કરનાર. (૧) યોનાથાનનો પૌત્ર (૧ કાળ. ૮ ; ૩૫ : ૯ ; ૪૨). (૨) યહુદાહના રાજા યોથામનો દીકરો આહાઝ પોતાના પિતા પછી ગાદીએ બેઠો (૨ રા. ૧૬. યશા. ૭ ; ૯. ૨ કાળ. ૨૮). આ રાજા પોતાના પિતા દાઉદના માર્ગમાં ચાલ્યો નહિ પણ તે ઇસ્રાએલી રાજાઓના માર્ગમાં ચાલી મૂર્તિપૂજામાં પડયો. એટલે સુધી કે મૂર્તિઓની સેવામાં પોતાના દીકરાઓને આગમાં ચલાવ્યા. રાજા આહાઝના વખતમાં અરામનો રાજા રસીન તથા ઇસ્રાએલનો રાજા પેકાહ સંપ કરી યરૂશાલેમ ઉપર ચઢી આવ્યા. જ્યારે યહુદાહનાં માણસોએ સાંભળ્યું કે અરામ એફ્રાઇમ સાથે મળી ગયો છે ત્યારે તેઓ ભયભીત થયા અને વનના ઝાડની માફક હાલવા લાગ્યા. પણ એવામાં યહોવાહ તરફથી યશાયાહે તેને ઘણો સમજાવ્યો પણ તેનું મન પ્રભુની ગમ વળ્યું નહિ. અને પ્રભુની પાસે મદદ નહિ માગતાં આસ્શૂરના રાજા તિગ્લાથ-પિલેસેર ત્રીજાની મદદ માગી તેને તાબે થયો. ઉપલાં સંપીલાં સૈન્યની વચ્ચે જે લડાઇ થઇ તેને 'સીરો-એફ્રાઇમી' લડાઇ (ઇ. સ. પૂ. ૭૩૪-૭૩૨) કહે છે. રાજા આહાઝે પોતાના રાજ્યમાં ઘણા પ્રકારની મૂર્તિપૂજા દાખલ કરી દીધી હતી (યશા. ૮ ; ૧૯ : ૨૮ ; ૮. ૨ રા. ૨૩ ; ૧૨). ઇ. સ. પૂ. ૭૪૦-૭૨૪ સુધી એટલે સોળ વર્ષ રાજ્ય કરી ૩૫ વર્ષની ઉમરે તે મરણ પામ્યો. તેની પછી તેનો દીકરો હિઝકીયાહ ગાદીએ બેઠો. તેની ભુંડાઇને લીધે તેને રાજાઓના કબરસ્તાનમાં દાટવામાં આવ્યો નહિ (૨ કાળ. ૨૮ ; ૨૬, ૨૭). આહાઝ ગાદીએ બેઠો ત્યારે તે ૨૦ વર્ષની ઉમરનો હતો એમ લખ્યું છે, પણ જો એમ હોય તો તેના પુત્ર હિઝકીયાહના જન્મ વખતે તેની ઉમર માત્ર અગીઆર વર્ષની હોવી જોઇએ. માટે નકલ કરનારાથી એ આંકડામાં કંઇ ભૂલ થઇ છે. આહાઝ = યહુદાહનો (૨ રાજા ૧૬. ૨ કાળ. ૨૮). મૂર્તિઓ (૨ રા. ૧૬ ; ૧૦). યશાયાહનો સંદેશો (યશા. ૭. વળી ૨ રા. ૨૦ ; ૧૧–૨૩ ; ૧૨).

આહાબ = બાપનો ભાઇ. (૧) તે ઇસ્રાએલનો સાતમો રાજા હતો. તેના પિતાનું નામ ઓમ્રી હતું. આ રાજાનો ઇતિહાસ ૧ રા. ૧૬–૨૨ સુધીમાં લખવામાં આવ્યો છે. આ રાજાનો સ્વભાવ કોઇ કોઇ બાબતમાં સારો હતો પણ તે સીદોનીઓના રાજા એથ્બઆલની દીકરી ઇઝબેલ સાથે પરણ્યો હતો. તેને છેક આધીન થઇને મૂર્તિપૂજાના ભારે પાપમાં પડયો અને તેની અગાઉના સર્વ રાજાઓ કરતાં યહોવાહની નજરમાં તેણે વધારે ભુંડું કીધું. આ તેની ભુંડાઇ વિષે ભવિષ્યવાદી એલીયાહે ઘણી ઘણી ચેતવણી અને નસીયત તેને આપી પણ તેથી પોતે સુધર્યો નહિ પણ ઉલટો ભવિષ્યવાદીને મારી નાખવાને શોધતો હતો. આ કારણ માટે સાડાત્રણ વર્ષ સુધી દેશ પર દુકાળ પડયો અને કાર્મેલ પર્વત ઉપર પ્રભુએ બતાવ્યું કે મૂર્તિઓ તે કંઇ નથી (૧ રા. ૧૮). રાજા આહાબની કારકીર્દીમાં અરામના રાજા બેન-હદાદે ત્રણ સ્વારીઓ કીધી. પહેલી બે લડાઇઓમાં આહાબ ઇશ્વરની મહેરબાનીથી જીત્યો અને અરામી રાજા બેન-હદાદ તથા તેની સાથે સંપીલા ૩૨ રાજાઓનો ભારે ખુવારી સાથે પરાજય

થયા. અને બેન-હદાદે ઇસ્રાએલનાં લીધેલા નગરો પાછાં આપ્યાં અને દમસ્કમાં ચાટાં બંધાવવાની પરવાનગી આપી (અ. ૨૦). ઇશ્વરની ઉપલી મહેરબાનીથી પણ તેનું મન ઇશ્વર પ્રત્યે સીધું થયું નહિ. ત્રણ વર્ષ શાંતમાં ગયા બાદ આહાબે રામોથ-ગિલઆદનું નિમિત્ત શોધી લડાઇ ઉભી કીધી. આ વખતે ભવિષ્યવાદી મીખાયાહે જણાવ્યું કે આ લડાઇમાં તું નહિ જીતશે પણ હારી જશે અને સર્વ ઇસ્રાએલ પાળક વગરનાં ઘેટાંની માફક વિખરાઇ જશે. પણ રાજાના બઆલના ૪૦૦ ભવિષ્યવાદીઓ તેથી ઉલટું સમજાવી રાજાને હિમ્મત આપતા હતા. અને મીખાયાહનું નહિ માની તે લડાઇમાં ગયો અને બિચારા ભવિષ્યવાદીને પકડી કેદ કરાવ્યો. રાજા આહાબ તથા યહુદાહના રાજા યહોશાફાટે સંપ કરીને રામોથ-ગિલઆદ ઉપર ચઢાઇ કરી. આ વખતે એક માણસે અનાયાસે ધનુષ્ય તાણીને આહાબને કવચના સાંધાની વચમાં બાણ માર્યું. તોપણ તે પોતાના રથમાં સાંજ સુધી બેસી રહ્યો ને સાંજે મરણ પામ્યો, ને તેને સમરૂનમાં લાવ્યા અને ત્યાં દાટ્યો. પેલો લોહીઆળ રથ પછી સમરૂનના તળાવમાં ધોયો અને એલીયાહના ભવિષ્ય પ્રમાણે કુતરાંએ તેનું લોહી ચાટ્યું (૧ રા. ૨૧; ૧૯). તેણે ૨૩ વર્ષ રાજ્ય કીધું. આ રાજા પોતાની ભુંડાઇને માટે ભુંડા રાજાઓના નમુનો હતો (૨ રા. ૮; ૧૮. ૨ કાળ. ૨૨; ૩. મીખા. ૬; ૧૬). (૨) આ નામનો એક જુઠો ભવિષ્યવાદી હતો કે જેના વિષે યિર્મેયાહ ૨૯; ૨૨ માં વાત કરે છે.

આહૂમાય = પાણી પાસે રહેનાર (પાણીનો ભાઇ). યહુદાહના પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૪; ૨).

આહેર = પાછળ જવું. બિન્યામીની પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૭; ૧૨).

આહ્યાન – મનાશ્શેહ પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૭; ૧૯).

ઇ

ઇએઝેર (ગણ. ૨૬; ૨૯). ગીલઆદનો પુત્ર તેના કુટુંબીઓને ઇએઝેરીઓનું કુટુંબ કહે છે.

ઇકોની = પુરાતન લુકાની પ્રાંતનું મુખ્ય શહેર. પાઉલ પોતાની પહેલી મુસાફરીમાં બાર્નાબાસને પોતાની સાથે લઇને પીસીદીના અંત્યોખમાંથી નીકળી ઇકોનીમાં ગયો (પ્રે. કૃ. ૧૩; ૫૦, ૫૧). અહિં અતિઘણા યહુદીઓએ તથા હેલેનીઓએ વિશ્વાસ કીધો. પણ કેટલાક અવિશ્વાસી યહુદીઓએ વિદેશીઓને ઉશ્કેરીને તેઓનાં મન ભાઇઓને ઉલટાં કીધાં તેથી તેઓને શહેર બહાર કાઢી મુક્યા. તેથી તેઓએ લુકાનીનાં બીજાં શહેરો એટલે લુસ્ત્રા તથા દેરબેમાં અને આસપાસના પ્રાંતોમાં ફરીને સુવાર્તા પ્રગટ કીધી. ત્યાર પછી પાઉલ તથા તેનો સાથી ફરીને ઇકોનીમાં ગયા (પ્રે. કૃ. ૧૪; ૨૧, ૨૨). વળી એમ જણાય છે કે પાઉલ ત્રીજી વખત પોતાની ત્રીજી મુસાફરીમાં સીલાસ સાથે ત્યાં ગયો હતો (પ્રે. કૃ. ૧૮; ૨૩: ૧૬; ૨. ૨ તીમો. ૩; ૧૧). આ શહેરને હાલ 'કોનીએહ' કહે છે, કે જે ભૂમધ્ય સમુદ્રથી ૧૨૦ મૈલ ઉપર 'તોરસ' પહાડની તળેટીમાં આવેલ છે.

ઇક્કેશ = હઠીલું. દાઉદના ૩૭ અંગરક્ષકોમાંનો એક હતો (૨ શમૂ. ૨૩; ૨૬. ૧ કાળ. ૧૧; ૨૮: ૨૭; ૯).

ઇખાબોદ = અપકીર્તિવાન (ગૌરવ ગયું છે). આ માણસના જન્મ સિવાય તેના જીવનચરિત્ર વિષે કંઇ લખવામાં આવ્યું નથી, તોપણ તેના જન્મ વિષે વિચિત્ર વાતની નોંધ લેવામાં આવી છે. જ્યારે ઇસ્રાએલીઓ એબેન-એઝેરની લડાઇમાં પલિસ્તીઓની સાથે લડતા હતા ત્યારે લડાઇ વિષેના સમાચાર એલી તેમજ એલીની પુત્રવધુ, જે ફીનહાસની પત્નિ ગર્ભવતી હતી, તે પણ પોતાના ધણીના સમાચારની રાહ જોતી બેઠી હતી; એટલામાં એક માણસે શીલોહમાં આવીને ખબર આપી કે પલિસ્તીઓની

સામે ઇસ્રાએલીઓએ સખત હાર ખાધી છે, દેવનો કરારકોષ શત્રુના હાથમાં ગયો છે અને એલીના બે દીકરા હોફ્નીં તથા ફીનહાસ માર્યા ગયા છે. આ દુઃખદાયક ખબર સાંભળતાં એલી આસન પરથી પડી ગયો ને તેની ગરદન ભાગી ગઇ, અને તે મરણ પામ્યો. અને ફીનહાસની સ્ત્રીએ જ્યારે સાંભળ્યું કે તારો સસરો તથા વર મરણ પામ્યા છે ત્યારે તે વાંકી વળીને જણી. જે સ્ત્રીઓ તેની પાસે ઉભી હતી તેઓએ કહ્યું કે, બીહી મા, તને દીકરો જન્મ્યો છે. પણ તેમની વાત પર તેણીએ કંઇ ધ્યાન આપ્યું નહિ અને તેણે છોકરાનું નામ 'ઇખાબોદ' એટલે ઇસ્રાએલથી ગૌરવ ગયું છે, એવું નામ પાડયું. ઉપલા શબ્દો તેના મુખમાં હતા એટલામાં ઇખાબોદની માતુ મરણ પામી (૧ શમૂ. ૪; ૧૯, ૨૨ : ૧૪; ૩).

ઇઝેબેલ = સતિ, પવિત્ર. આ શાપિત સ્ત્રી રાજા આહાબની રાણી અને સીદોનીઓના રાજા એથ્બઆલની કુંવરી હતી (૧ રાજા. ૧૬; ૩૧). મૂર્તિપૂજક કુંવરી સાથે ઇસ્રાએલ રાજાઓમાં આ પહેલુંજ લગ્ન હતું, અને આ સંબંધથી ભારે સંકટ આવી પડયું. આ શાપિત સ્ત્રીના વ્યભિચાર તથા જાદુકર્મને લીધે તેણીના ઘરપર તથા રાજ્ય પર ભારે શિક્ષા આવી પડી (૨ રા. ૯; ૨૨, ૩૪). ઇતિહાસમાં ઇઝેબેલ દગાખોર, કપટી, કીનાબાજ, ખૂની અને ઘાતકી ગુણોથી પ્રસિદ્ધ છે. આ રાણીએ પ્રથમ પ્રભુના લોકોની સતાવણી કરવાની ઉશ્કેરણી કીધી. તેની દીકરી અથાલ્યાહ પણ પોતાની માના જેવી દુષ્ટ હતી (૨ રા. ૧૧; ૧). ઇઝેબેલે યહોવાહની ભક્તિ બંધ કરી તેને બદલે બઆલ અને આશેરાહ મૂર્તિની સેવા ઉભી કરી. અને પ્રભુના ભવિષ્યવાદીઓને કતલ કરાવી બઆલના ૪૫૦ અને આશેરાહના ૪૦૦ ભવિષ્યવાદીઓને ઠરાવ્યા. એટલે સુધી તેણે કતલ ચલાવી કે લોકો એમ સમજવા લાગ્યા કે એક માણસ એટલે એલીયાહ સિવાય બઆલના દેવતાને નહિ માનનારો બીજો કોઇ નથી. પણ આપણે જાણીએ છીએ કે બઆલને નહિ માનનારા બીજા ૭,૦૦૦ માણસ ગુપ્તમાં હતાં. તેણીએ યિઝ્રએલી નાબોથને તેની દ્રાક્ષવાડી લઇ લેવા માટે મોટું કાવતરૂં કરી મારી નંખાવ્યો. રાજમાં બીજા અમલદારોની સાથે દુષ્ટ દોસ્તી હોવાને લીધે તેણીનું ચલણ ઘણું હતુ, માટે તેની બધી ભુંડાઇને લોકો તરફથી સારી પુષ્ટિ મળતી હતી. ભવિષ્યવાત પ્રમાણે તેનો આખર હાલ બહુ ભુંડો થયો. જ્યારે યેહૂ યિઝ્રએલ આવ્યો ત્યારે રાણીએ સાભળ્યું અને પોતાની આંખમાં અંજન ઘાલીને તથા માથું ઓળીને બારીમાંથી ડોકીઆં કરવા લાગી. અને જ્યારે યેહૂ દરવાજામાં પેઠો ત્યારે તેણે કહ્યું કે, "હે પોતાના ધણીનું ખૂન કરનાર ઝીમરી, શું શાંતિ છે?" એવું કહેતાં યેહૂના કહેવા મુજબ રાણીની તહેનાતમાં રહેનાર ખોજાઓએ તેને બારીમાંથી રસ્તા ઉપર નીચે ફેંકી દીધી ને યેહૂએ તેને ઘોડાના પગ નીચે ખુંદી ને શેરીના કુતરાઓએ તેનું માંસ ખાધું. ને તેને દાટવા સારૂ ગયા ત્યારે ખોપરી, પગ અને હાથની હથેલીઓ સિવાય બીજું કાંઇ હાથ આવ્યું નહિ. ને એ પ્રમાણે યહોવાહનું વચન જે તેણે પોતાના સેવક તિશ્બી એલીયાહ હસ્તક બોલીને કહ્યું હતું તે પુરૂ થયું કે "ઇઝેબેલનું માંસ યિઝ્રએલના વાંટામાં કુતરાં ખાશે ને ઇઝેબેલની લાસ યિઝ્રએલના વાંટાના ખેતરમાં ખાતરરૂપ થશે, એવી કે લોકો એમ નહિ કહે કે, આ ઇઝેબેલ છે" (૨ રાજા. ૯; ૩૬, ૩૭). કેટલાંક વર્ષ અગાઉ તેણે સાંભળ્યું હતું કે મારા પર પ્રભુની સજા આવનાર છે (૨ રા. ૨૧; ૨૩ : ૯; ૩૦-૩૭), પણ પશ્ચાત્તાપ કરવાનો ખ્યાલ તેના મનમાં આવ્યો નહિ. એવા અધર્મી અને મગરૂર લોકોને "જીવતા દેવના હાથમાં પડવું" એ કેવું બિહામણું છે. જુઓ આ એક રાજાની કુંવરી, રાજાની રાણી, અને રાજાની માના કેવા હાલ થયા!

(હેબ્રી. ૧૦ ; ૩૦, ૩૧). ઇઝેબેલનું નામ ભુંડાઇને માટે પ્રસિદ્ધ છે, એ કારણ માટે ભુંડી સ્ત્રીઓને માટે ઇઝેબેલ નમુનો છે (પ્રક. ૨ ; ૨૦). એમ કહેવાય છે કે તે કાર્થેજ શહેરના સ્થાપનાર દિદોની વડી કાકી હતી. ઇઝેબેલ આહાબની સ્ત્રી (૧ રા. ૧૬; ૩૧: ૧૮; ૪, ૧૩, ૧૯ : ૧૯; ૧, ૨ : ૨૧; ૫, ૭, ૧૧, ૧૪, ૧૫, ૨૩, ૨૫. ૨ રા. ૯; ૭, ૧૦, ૨૨, ૩૦, ૩૬, ૩૭. પ્રક. ૨ ; ૨૦).

ઇતાલી (પ્રે. કૃ. ૧૮; ૨). આદ્રિઆટીક સમુદ્રની પશ્ચિમે યુરોપ ખંડમાં આ પ્રસિદ્ધ મુલક આવેલો છે. પવિત્ર શાસ્ત્રમાં આ દેશનું નામ ચાર વખત આવે છે (પ્રે. કૃ. ૧૦; ૧ : ૧૮ ; ૨ : ૨૭; ૧. હેબ્રી. ૧૩ ; ૨૪). રૂમી રાજ્યના વખતમાં કનાન દેશ ઇતાલીના કાઇસાર સરકારના તાબામાં હતો. ઇતાલીની મુખ્ય શહેર રોમ છે, જ્યાં પોપ રહે છે. કેટલાક વિદ્વાનો ધારે છે કે ઇતાલીમાં ઘણાએક યહુદીઓ રહેતા હતા પણ ક્લોદિયસ કાઇસારે તેમને ત્યાંથી કાઢી મુક્યા. પ્રેરિત પાઉલના વખતમાં પણ ત્યાં કેટલાએક ખ્રીસ્તીઓ રહેતા હતા એમ જણાય છે (પ્રે. કૃ. ૨૮ ; ૨. હેબ્રી. ૧૩ ; ૨૪).

ઇતુરાઈ = યેટુર પરથી ઉતરેલું નામ. પાલેસ્ટાઇનની ઇશાન કોણમાં આ દેશ આવેલો હતો. એમ ધારવામાં આવે છે કે આ દેશ ઇસ્માએલપુત્ર યટુરે વસાવ્યો (ઉત્પ. ૨૫; ૧૫). પણ ૫૦૦ વર્ષ બાદ ઇસ્રાએલીઓએ તેમને હાંકી કાઢયા અને મનાસ્સેહના કુળના લોકો ત્યાં વસ્યા (૧ કાળ. ૫ ; ૧૯, ૨૩). પણ પછીથી ધીમે ધીમે અસલ કોમ જોર પર આવી પોતાના મુલકમાં ફરીથી વસી હશે એમ દેખાય છે. કેમકે ઇ. સ. પૂ. ૧૦૦ માં યહુદી બાદશાહ આરિસ્તોબુલસે આ દેશ તરફના જે લોકોને હરાવ્યા તેઓ ઇસ્માએલીઓ હતા, કે જેમને તેણે કહ્યું કે ગમે તો યહુદી ધર્મ સ્વીકાર કરો યા ગમે તો દેશ મુકી ચાલ્યા જાઓ. એ પરથી ઘણાએક ઇસ્માએલીઓ યહુદી થઇ ગયા, અને કેટલાએક હરમોન પહાડમાં ભરાઇ ગયા. ઇતુરાઇના લોકો તિરંબાજ અને લૂટારા હતા, એમ કેટલાએક કહે છે. આખરે આ દેશ રૂમી સરકારના હાથમાં આવ્યો (ઇ. સ. પૂ. ૨૦), અને કાઇસારે આ દેશ મહાન હેરોદના હાથમાં સોંપ્યો, અને મહાન હેરોદે મરતી વખતે આ પ્રાંત હેરોદ ફીલીપને આપ્યો (લુક ૩ ; ૧). હાલના વખતમાં ઇતુરાયને 'યેદૂર' કહે છે ; તેની સીમા, ઉત્તરે દમસ્કનું મેદાન, દક્ષિણે ગોલાનિટીશ, પૂર્વે માઓનિટીશ, અને પશ્ચિમે હારમોન પહાડ આવેલો છે. આ પ્રાંતમાં ૩૮ શહેર અને ગામ આવેલાં છે પણ તેમાંનાં ૧૦ શહેર બીલકુલ વેરાન થઇ ગયાં છે, અને બાકીનાં તેમાં પણ થોડીજ વસ્તી જોવામાં આવે છે.

ઇત્તાય = પાસે, ખેડુત. (૧) જ્યારે દાઉદ રાજા આબ્શાલોમથી ન્હાસતો હતો, ત્યારે પલિસ્તીઓના ગાથ શહેરમાંથી ૬૦૦ ગિત્તીઓ દાઉદની સાથે થયા, તેમાં ઇત્તાય ગિત્તી પણ હતો. ૬૦૦ ગિત્તીઓથી દાઉદ રાજાનું એક લશ્કર બન્યું (૨ શમૂ. ૧૫; ૧૯-૨૧ સાથે ૧ શમૂ. ૨૩; ૧૩ : ૨૭; ૨ : ૩૦; ૯, ૧૦ સરખાવો). ઇત્તાય આગળ જતાં દાઉદ રાજાનો એટલે સુધી વફાદાર થયો કે તેને સરદાર યોઆબ અને અબીશાયની સાથે ત્રીજા હિસ્સાની ફોજની ટુકડીનો સરદાર બનાવ્યો (૨ શમૂ. ૧૮; ૨, ૫, ૧૨). (૨) વળી એજ નામનો બીજો માણસ દાઉદના શૂરવીરોમાં એક હતો કે જે બિન્યામીનપુત્રોના ગીબઆહના રીબાયનો પુત્ર હતો (૨ શમૂ. ૨૩ ; ૨૯).

ઇથામાર = ખજુરીનો ટાપુ. હારૂનનો સૌથી નાનો અને ચોથો પુત્ર હતો (૧ કાળ. ૬ ; ૩. અને નિર્ગ. ૬ ; ૨૩). તે પોતાના ભાઇઓની સાથે યાજકપદ પામ્યો હતો (નિર્ગ. ૨૮ ; ૧, ૪૦, ૪૩). પોતાના ભાઇ નાદાબ તથા અબીહૂના મરણ પછી પોતાના ભાઇ એલઆસારની સાથે પોતાના

પિતા હારૂનની હજુરમાં યાજકપદમાં સેવા બજાવતો હતો (ગણ. ૩; ૪. લેવી. ૧૦; ૬, ૧૨). તેના વંશનો એલી પ્રમુખયાજક થયો, ત્યાં સુધી તેના તથા તેના કુટુંબના હાથમાં પ્રમુખયાજકપદ તો નહિ, પણ સામાન્ય યાજકપદ રહ્યું હતું (૧ રાજા. ૨; ૨૭). એવું કારણ શું હશે તે દેખાતું નથી. મુલાકાત મંડપમાં ગેર્શોનના પુત્રોનાં કુટુંબોની સેવાનું કામ ઇથામારના હાથ તળે મુકવામાં આવ્યું હતું (ગણ. ૪; ૨૧-૩૩). ઇથામાર—હારૂનનો પુત્ર (નિર્ગ. ૬; ૨૩: ૨૮; ૧: ૩૮; ૨૧. લેવી. ૧૦; ૬, ૧૧, ૧૬. ગણ. ૩; ૪: ૪; ૨૮, ૩૩: ૭; ૮: ૨૬; ૬૦. ૧ કાળ. ૬; ૩: ૨૪; ૧, ૨, ૪-૬. એઝ. ૮; ૨).

ઈથાય = હોવું, ટકવું. દાઉદ રાજાના ત્રીસ યોદ્ધાઓમાંનો એક બિન્યામીની રીબાયનો પુત્ર (૧ કાળ. ૧૧; ૩૧).

ઇથીએલ = પ્રભુ મારી સાથે છે. (૧) બંદીપ્રવાસ પછી પ્રાંતના જે આગેવાનો યરૂશાલેમમાં વસ્યા તેમાં બિન્યામીની યશાયાહનો પુત્ર ઇથીએલ હતો (નહે. ૧૧; ૭). (૨) યાકેહના દીકરા આગુરને બે શિખ્યો હતા, એટલે ઇથીએલ તથા ઉકાલ. પણ દૃષ્ટાં. ૩૦; ૧ માં સમાયલાં નામ વિષે કોઇ ઇતિહાસ હાથ આવ્યો નથી. કેટલાક પંડિતો દૃષ્ટાં. ૩૦; ૧ નો તરજુમો આ પ્રમાણે કરે છે, એટલે "યાકેહના દીકરા આગૂર જે માસાનો રાજા." હવે તે તરજુમો જો બરોબર હોય તો, આગૂર ઇસ્માએલી વંશના માસ્સા કુળનો હશે (ઉત્પ. ૨૫; ૧૪). આ માસ્સા કુળના લોકો ઉત્તર અરબસ્તાનમાં રહેતા હતા. વળી કેટલાક ધારે છે કે ઉપલાં નામ તે ખાસ નામ કે વિશેષ નામ નથી.

ઈદ્દો = વખતસર, સુંદર. (૧) અહીનાદાબનો પિતા જે સુલેમાન રાજાના વખતમાં એક કારભારી હતો (૧ રા. ૪; ૧૪). (૨) આ નામનો એક યહુદાહનો ભવિષ્યવાદી હતો, તેણે રાજા રહાબઆમ અને અબીયાહનો ઇતિહાસ લખ્યો હતો (૨ કાળ. ૧૨; ૧૫: ૯; ૨૯: ૧૩; ૨૨). (૩) બેરેખ્યાહનો બાપ અને ઝખાર્યાહ ભવિષ્યવાદીનો ઘરડો બાપ થાય. જેઓ બંદીપ્રવાસથી પાછા આવ્યા તેમાંનો તે એક હતો (એઝ. ૫; ૧: ૬; ૧૪. ઝખ. ૧; ૧, ૭. નહે. ૧૨; ૪, ૧૬). (૪) બંદીપ્રવાસથી પાછા આવી જ્યારે ઇસ્રાએલીઓ આહવા નદી ઉપર મુકામ નાખી પડયા હતા, ત્યારે સેવા કરવાને લેવીઓને બોલાવવાનું કામ કાસિફ્યા નામે જગ્યાના મુખ્ય ઇદ્દોને સોંપવામાં આવ્યું હતું (એઝ. ૮; ૧૭). (જુઓ વિદ્દો).

ઇબ્રામ = મહાપિતા (ઉત્પ. ૧૧; ૨૬).

ઇબ્રાહીમ = બહુ લોકનો પિતા. આ પુરૂષને 'દેવનો મિત્ર' એવું નામ શાસ્ત્રમાં આપવામાં આવે છે (યા. ૨; ૨૩), તેથી તેના જીવનચરિત્ર પર ધ્યાન આપવાની વિશેષ જરૂર છે. તે કાસ્દીઓના ઉરમાં મૂર્તિપૂજક લોકમાં ઉત્પન્ન થયો, કેમકે તેનો પિતા તેરાહ 'અન્ય દેવો'ની સેવા કરતો હતો (યહો. ૨૪; ૨). ઇબ્રાહીમ શેમની નવમી પેઢીમાં આસરે ઇ. સ. પૂ. ૧૯૯૬ માં જન્મ્યો. ઉત્પ. ૧૧; ૨૭ માં તેરાહના ત્રણ પુત્રોનાં નામ આપવામાં આવ્યાં છે જેમાં ઇબ્રાહીમનું નામ પ્રથમ લખવામાં આવ્યું છે, એમાં આપણે નહિ સમજવું કે ઇબ્રાહીમ તેરાહનો જ્યેષ્ટ પુત્ર હતો, પણ તે તેરાહનો ત્રીજો પુત્ર હતો. પણ તેનું નામ પહેલું લખવામાં આવ્યું છે, કેમકે તે વચનનો વારસ હતો. ઇબ્રાહીમ ૭૦ વર્ષનો થયો ત્યાં સુધી પોતાના વતન ખાલ્દી દેશમાં રહ્યો પણ પછીથી પોતે તથા પોતાનો પિતા અને ઘરખટલા સાથે ખાલ્દીના ઉરમાંથી નીકળીને ઉત્તરમાં ૩૦૦ મૈલ દૂર હારાનમાં જઇ રહ્યો અને ત્યાં તે પંદર વર્ષ રહ્યો. હવે આ પ્રમાણે પરદેશમાં જવાનું કારણ તે ઇબ્રાહીમને પરમેશ્વર ગમનું તેડું હતું (પ્રે. કૃ. ૭; ૧, ૨). જુના કરારમાં આ પ્રથમ તેડા વિષે કંઇ લખ્યું નથી, પણ

ઉત્પ. ૧૨ ; ૧, ૨ માં લખ્યું છે કે ઇબ્રાહીમ જ્યારે ખારાનમાં આવી રહ્યો ત્યારે તેનો પિતા તેરાહ ૨૦૫ વર્ષની ઉમરે મરણ પામ્યો. તે વખતે પ્રભુએ ઇબ્રાહીમને કહ્યું કે "તું પોતાનો દેશ તથા પોતાના સગાં તથા પોતાના બાપનું ઘર મુકીને જે દેશ હું તને દેખાડીશ તેમાં જા." આ તો ઇબ્રાહીમનું **બીજું તેડું** હશે જેમાં ઘણી સ્પષ્ટ વાત કહેવામાં આવી છે. આ તેડાને આધીન થઇને "પોતે ક્યાં જાય છે તે ન જાણતાં" (હેબ્રી. ૧૧ ; ૮), વચન આપી તેડું કરનાર યહોવાહ ઉપર ભરોસો રાખી પોતાની સ્ત્રી સારાયને તથા ભત્રીજા લોટને તથા પોતાનાં સઘળાં માણસ જેઓ તેને હારાનમાં પ્રાપ્ત થયાં હતાં તેઓને તેમજ પોતાની સઘળી સંપત લઇને ઇબ્રાહીમ હારાનથી નીકળ્યો. આ વખતે તેની ઉમર ૭૫ વર્ષની હતી (ઉત્પ. ૧૨ ; ૫). આ વખતે ઇબ્રાહીમની સાથે લગભગ એક હજાર માણસનું મોટું ટોળું પરદેશમાં ફરી તંબુઓમાં જીંદગી ભોગવવાને નીકળ્યું. ઇબ્રાહીમે પોતાની મુસાફરીનો પહેલો તંબુ કનાન દેશમાં એબાલ તથા ગેરેજીમ પહાડની વચ્ચે યાબોકના નીચ પ્રદેશમાં શેખેમની જગ્યામાં મોરેહના એલોન ઝાડ તળે માર્યો. અહિં ઇબ્રાહીમને યહોવાહે દર્શન આપીને કહ્યું કે, "હું તારાથી એક મોટી કોમ કરીશ" આ તો ઇબ્રાહીમને યહોવાહનું **ત્રીજું દર્શન** હતું. આ દર્શનમાં આપેલું વચન તે કેવળ સંસારિક ન હતું પણ તેમાં આત્મિક ઉંડો અર્થ સમાયલો હતો. એટલે ઉત્પ. ૩ ; ૧૫ માં આપેલા વચનના મોટા તારનારનો પણ ઇબ્રાહીમ પૂર્વજ હતો. કોઇ કારણને લીધે ઇબ્રાહીમે અહિંથી મુકામ ઉપાડી બેથેલની પૂર્વગમ જે પર્વત છે ત્યાં ગયો અને ત્યાં પોતાનો તંબુ માર્યો અને બેથેલની પૂર્વે અને આયની પશ્ચિમે તેણે યહોવાહને સારૂ વેદી બાંધી અને પ્રાર્થના કીધી. ત્યાર પછી ત્યાંથી તે નેગેબ ગયો પણ આ વખતે દુકાળ પડવાથી નેગેબથી નીકળીને મિસર દેશમાં ગયો. અહિં મિસરમાં ઇબ્રાહીમની સ્ત્રી સારાયને લીધે ઇબ્રાહીમ પર ભારે દુઃખ આવ્યું (ઉત્પ. ૧૨ ; ૧૮). પછી ત્યાંથી મિસરના રાજા ફારૂનના હુકમ મુજબ મિસર દેશમાંથી નીકળી કનાન દેશની દક્ષિણ ગમ એટલે નેગેબમાં ગયો. આ વખતે ફારૂન રાજાએ ઢોર તથા સોનું રૂપું ઘણું બક્ષીસ આપેલું હતું તેથી જ્યારે તે કનાન દેશમાં પાછો આવ્યો ત્યારે તે ઘણો ધનવાન હતો. પછી નેગેબથી નીકળી તેણે પ્રથમ જ્યાં તંબુ માર્યો હતો ત્યાં એટલે બેથેલમાં ફરીને પોતાનો તંબુ માર્યો (ઉત્પ. ૧૨ ; ૮ : ૧૩ ; ૨. સરખાવો ગીત. ૧૦૫ ; ૧૩, ૧૪). અહિં ઇબ્રાહીમના ગોવાળીઆ અને લોટના ગોવાળીઆ વચ્ચે તકરાર પડી, તેથી ઇબ્રાહીમે પોતાના ભત્રીજા લોટને જુદા થવા તથા પોતાની મરજીમાં આવે તેવી ચારાની જગ્યા પસંદ કરવાને સોંપ્યું. ત્યારે લોટે જ્યાં પાણી પુષ્કળ હતું તેવી ચારાની જગ્યા કે જ્યાં સદોમ ગમોરાહ આવેલ હતાં, તે જગ્યા પસંદ કરી પૂર્વ ગમ ગયો અને એ રીતે કાકો ભત્રીજો જુદા થયા. આ પ્રસંગે ઇબ્રાહીમને અહિં **ચોથું દર્શન** થયું. અને દેવે કહ્યું કે "પૃથ્વીના રજ જેટલો હું તારો વંશ વધારીશ, અને તું જે દેશ જુએ છે તે દેશ હું તારા વંશને સદાને માટે આપીશ." ત્યારે ઇબ્રાહીમ પોતાનો તંબુ ઉપાડીને 'મામરેનું એલોન ઝાડ' જે હેબ્રોનમાં છે ત્યાં આવીને રહ્યો, અને ત્યાં યહોવાહને સારૂ તેણે વેદી બાંધી (ઉત્પ. ૧૩ ; ૧૮). કનાન દેશમાં ઇબ્રાહીમનો આ ત્રીજો મુકામ હતો. ૧૪ વર્ષ પહેલાં જ્યારે ઇબ્રાહીમ ખાલ્દી દેશમાં હતો ત્યારે એલામના રાજા કદોરલાઓમેરે પાલેસ્તાઇન દેશ ઉપર ચઢાઇ કરી સપાટીનાં પાંચ શહેરોને ખંડિયાં કીધાં હતાં, પણ આ ખંડણી ત્યાંના રહેવાસીઓને ભારે પડી તેથી કરીને તેરમે વર્ષે તેઓએ દંગો કીધો. તેથી કરીને એલામનો રાજા કદોરલાઓમેરે બીજા ચાર રાજાઓને પોતાની સાથે લઇને સપાટીના શહેરો પર ચઢાઇ કરી.

ઇબ્રાહીમનો ભત્રીજો લોટ તે આ જગ્યામાંજ રહેતો હતો. લડાઇ સિદ્દીમના નીચાણમાં થતાં સપાટીનાં શહેરોના રાજાઓ હારી ગયા અને એલામનો રાજા તેમની સર્વ સંપત તથા ખોરાક સાથે ત્યાંના રહીશોને કેદ કરી સાથે લઇ ગયો. આ વખતે લોટ પણ કેદી કરાયો. આ વાત ઇબ્રાહીમે સાંભળી ત્યારે પોતાના ઘરકુટુંબી ૩૧૮ કવાયત શીખેલાં માણસોને તથા અમોરીના મુખ્યો એશ્કોલ તથા આનેર તથા મામરેને સાથે લઇને એલામના રાજા કદોરલાઓમેરની પછવાડે પડયો. અને યરદન નદીના નાળા આગળ તેમને પકડી પાડયા, અને હોબાહ લગી તેમની પુંઠે લાગી કદોરલાઓમેર તથા તેની સાથેના ચાર રાજાને હરાવી સર્વ સંપત તથા પોતાના ભત્રીજા લોટ તથા તેના કુટુંબને પાછાં લાવ્યો. રસ્તે પાછા આવતાં રસ્તામાં શાલેમનો રાજા (યરૂશાલેમનો) મેલ્ખીસેદેક જે "પરાત્પર દેવનો યાજક હતો" તે ખોરાક લઇને ઇબ્રાહીમને મળ્યો. ઇબ્રાહીમે તેને લૂટમાંથી દસમો ભાગ આપ્યો. અને મેલ્ખીસેદેકે તેને આશીર્વાદ આપ્યો (ઉત્પ. ૧૪; ૧૮-૨૦). કેટલાક ધારે છે કે આ મેલ્ખીસેદેક તે ઇસુનું દૂતરૂપી ઇબ્રાહીમને દર્શન હતું. ઇબ્રાહીમ ઘેર આવ્યો કે અહિં મામરેમાં યહોવાહનો શબ્દ દર્શનમાં ઇબ્રાહીમની પાસે આવ્યો અને કહ્યું કે, "તું બીહી મા, હું તારી ઢાલ તથા મહા મોટું તારૂં પ્રતિદાન છું (ઉત્પ. ૧૫; ૧). વળી એટલુંજ નહિ પણ સંતાન વિષે વચન આપ્યું, અને તેને દઢ કરવા ચિન્હ તથા સ્વપ્ન આપ્યું (ઉત્પ. ૧૫). ત્યાર પછી ઇબ્રાહીમ સારાયની સુચના પ્રમાણે પોતાની દાસી હાગારની પાસે ગયો, અને તેણે ગર્ભ ધારણ કીધો, અને ત્યાર બાદ દીકરો જણી, જેનું નામ ઇશ્માએલ (દેવ સાંભળનાર) પાડયું, જે વખતે ઇબ્રાહીમ ૮૬ વર્ષની ઉમરનો હતો. પછી ઇબ્રાહીમ જ્યારે ૯૯ વર્ષની વયનો થયો ત્યારે તેને છઠ્ઠું દર્શન થયું, જે વખતે ઇબ્રામ નામ બદલી ઇબ્રાહીમ પાડયું; તેમજ સારાયનું નામ બદલી સારાહ (શાહજાદી) પાડયું, સુનતનો વિધી સ્થાપ્યો અને ઇસ્હાકના જન્મ વિષેનું વચન આપવામાં આવ્યું (ઉત્પ. ૧૭). ઇબ્રાહીમની સુનત થઇ ત્યારે તે ૯૯ વર્ષનો હતો. ત્યાર પછી 'મામરેના એલોન' ઝાડ તળે, જ્યાં તેનો તંબુ આ પહેલાં આસરે પંદરેક વર્ષ સુધી રહ્યો હતો ત્યાંજ તેને સાતમું દર્શન થયું. આ વખતે સપાટીનાં શહેરોનો નાશ થવાની વાત ઇબ્રાહીમને જણાવવામાં આવી, અને તેના બચાવ વિષે ઇબ્રાહીમે વિનંતી કરી. આ ત્રણ દૂતોના દર્શન વખતે ઇસ્હાકના જન્મ વિષેનું વચન દઢ કરવામાં આવ્યું (ઉત્પ. ૧૮). પછીથી ઇબ્રાહીમે અહિંથી પોતાનો તંબુ ઉઠાવી દક્ષિણ ભણી પલિસ્તીઓના દેશમાં, કાદેશ તથા શૂરની વચ્ચે ગરારમાં પોતાનો મુકામ કીધો. અહિં રાજા અબીમેલેખે સારાહને લીધી પણ ઇશ્વરના સુચવ્યા પ્રમાણે ઇબ્રાહીમને પાછી સોંપી. ત્યાંથી નીકળી ઇબ્રાહીમ પછીથી દક્ષિણની એક ફળદ્રુપ ખીણમાં રહેવા ગયો. આ જગ્યા બેરશેબાથી ૨૫ મૈલ દૂર આવેલ હતી. અહિં સારાહને ઇસ્હાકને જન્મ્યો, જે વખતે ઇબ્રાહીમ ૧૦૦ વર્ષનો ને ઇશ્માએલ ૧૩ વર્ષનો હતો (ઉત્પ. ૨૧; ૧-૭). સારાહને પુત્રપ્રાપ્તિ થઇ ત્યારે હાગાર વિષે તેણે અદેખાઇ કીધી. અને હાગાર તથા તેના પુત્રને ઇબ્રાહીમે ઘરમાંથી કાઢી મુક્યા (જુઓ હાગાર). આ તો ઇબ્રાહીમની એક મોટી તપાસણી દેવે કીધી (ઉત્પ. ૨૧; ૧૨). આ તો ઇબ્રાહીમનું આઠમું દર્શન કહેવાય. પછી ઇબ્રાહીમે બેરશેબામાં અબીમેલેખ રાજાની સાથે કરાર કર્યો. આ મુજબ આસરે ૨૫ વર્ષ બેરશેબામાં સુખમાં તથા આનંદમાં ગુજાર્યા બાદ ઇબ્રાહીમને પોતાના એકના એક દીકરા ઇસ્હાકનું અર્પણ કરવાનો હુકમ થયો, પણ તેમાં તે પુરો વિશ્વાસુ જણાયો (હેબ્રી. ૧૧;

૧૭-૧૯). માટે પરમેશ્વરે તેના યજ્ઞની મના કીધી અને દીકરાને બદલે ઘેટાનો યજ્ઞ કીધો. આ જગ્યાનું નામ ઇબ્રાહીમે "યહોવાહ-યિરેહ" યહોવાહ જોશે કે પુરૂં કરશે, એવું નામ પાડ્યું. આ વખતે ઇબ્રાહીમને પ્રભુએ **નવમું દર્શન** દઇને કહ્યું કે, "તારા બીજમાં પૃથ્વીના સર્વ લોકો આશીર્વાદ પામશે" (ઉત્પ. ૨૨; ૧૫-૧૯). પછી ઇબ્રાહીમ મોરીયાહ પર્વત ઉપરથી છોકરા સાથે નીચે ઉતરી પોતાના મુકામે એટલે બેરશેબા પાછો ગયો. અહિં કેટલાંક વર્ષ રહ્યા પછી ઇબ્રાહીમે પોતાનો મુકામ બદલી હેબ્રોન તરફ કીધો. અહિં સારાહ ૧૨૦ વર્ષની ઉમરે મરણ પામી. આ વખતે ઇબ્રાહીમે એફ્રોન હિત્તીની પાસેથી હેબ્રોન પાસે માખ્પેલાહનું ખેતર વેચાતું લીધું, ને ત્યાં પોતાની સ્ત્રીને દાટી (ઉત્પ. ૨૩). પછીથી ઇબ્રાહીમે પોતાના ઘરકારભારી એલીએઝેરને પોતાના દીકરા ઇસ્હાકને માટે વહુ શોધવાને માટે, હારાન (ખારાન) મોકલ્યો (પ્રે. કૃ. ૭; ૨). ઇસ્હાક ઇબ્રાહીમના ભાઇ નાહોરના દીકરા બથૂએલની દીકરી રિબ્કાહની સાથે પરણ્યો (ઉત્પ. ૨૪). ત્યાર પછી ઇબ્રાહીમે પોતે કતૂરાહની સાથે બીજાં લગ્ન કીધાં, કે જે લગ્ને કરીને ઇબ્રાહીમને છ છોકરાં થયાં જેઓ, "પૂર્વ દિશાના લોકો" નામથી ઓળખાય છે (ન્યાયા. ૬; ૩). આખરે ઇબ્રાહીમ ૧૭૫ વર્ષની ઉમરે (ઇ. સ. પૂ. ૧૯૯૬–૧૮૨૧), મરણ પામ્યો અને પોતાના પૂર્વજોની સાથે મળી ગયો. અને તેના દીકરા ઇસ્હાકે તથા ઇસ્માએલે માખ્પેલાહની ગુફામાં તેને દાટ્યો (ઉત્પ. ૨૫; ૧-૧૦).

ઇબ્રાહીમ = દેવનો મિત્ર (યાકુ. ૨; ૨૩). વિશ્વાસુ ઇબ્રાહીમ (ગલા. ૨; ૯). આપણા સઘળાનો પૂર્વજ (રૂમી. ૪; ૧૭). ઇબ્રામ (ઉત્પ. ૧૧; ૨૬-૧૭; ૫). ઇબ્રાહીમ (ઉત્પ. ૧૭; ૫-૨૫; ૧૦). તેડું (૧૧; ૧). કનાન જાય છે (૧૨; ૪-૧૦). સારાહને બહેન કહે છે (૧૨; ૧૧-૨૦). લોટથી જુદા પડવું (૧૩; ૫-૧૩). લોટનો બચાવ (૧૪; ૧૪). મેલ્ખીસેદેકનો આશીર્વાદ (૧૨; ૨: ૧૩; ૧૪: ૧૫; ૧, ૫, ૧૩, ૧૮, ૨૦). નામ બદલાયું, સુનતનો વિધી સ્થાપ્યો (૧૭). ત્રણ દૂતોનું દર્શન (૧૮). હાગારને કાઢી (૨૧; ૧૦. ગલા. ૪; ૨૨). ઇસ્હાકનું અર્પણ (ઉત્પ. ૨૨. હેબ્રી. ૧૧; ૧૭). માખ્પેલાહની ગુફા ખરીદી (ઉત્પ. ૨૩: ૪૯; ૩૦: ૫૦; ૧૩). મરણ તથા દફન (૨૫; ૮). આપેલાં વચનો (૨૬; ૩: ૨૮; ૪ ઇ.) તથા ઇસ્હાકને આપેલ વચન (૩૫; ૧૨ ઇ.). ઇસ્હાક તથા યાકુબને આપેલ વચન (૫૦; ૨૪. નિર્ગ. ૨; ૨૪: ૬; ૩-૮, ૩૨: ૩૩; ૧. લેવી. ૨૬; ૪૨. ગણ. ૩૨; ૧૧. પુન. ૧; ૮: ૬; ૧૦: ૯; ૫, ૨૭: ૨૯; ૧૩: ૩૦; ૨૦: ૩૪; ૪. ૨ રાજા. ૧૩; ૨૩. ૧ કાળ. ૧૬; ૧૬. નહે. ૯; ૭. ગીત. ૧૦૫. મીખા. ૭; ૨૦). દેવનો મિત્ર (૨ કાળ. ૨૦; ૭. યશા. ૪૧; ૮. યાકુ. ૨; ૨૩. યહો. ૨૪; ૨. ગીત. ૪૭; ૯. યશા. ૨૯; ૨૨: ૫૧; ૨: ૬૩; ૧૬. યિર્મે. ૩૩; ૨૬. હઝ. ૩૩; ૨૪). તેના સંતાન (૨૫; ૧-૧૮. ૧ કાળ. ૧; ૨૭-૩૪. માત્થી ૧; ૧-૧૭. લુક ૩; ૩૪. હેબ્રી. ૨; ૧૬). નવા કરારમાં તેને આપેલાં વચનો (લુક ૧; ૫૫, ૭૩. પ્રે. કૃ. ૩; ૨૫: ૭; ૨-૧૭. રૂમી. ૯; ૭. હેબ્રી. ૬; ૧૩). ઇબ્રાહીમનો વિશ્વાસ (રૂમી. ૪. ગલા. ૩. હેબ્રી. ૧૧; ૮, ૧૭. યાકુ. ૨; ૨૧). તે યહુદીઓનો પિતા (લુક ૧૩; ૧૬: ૧૯; ૯. પ્રે. કૃ. ૧૩; ૨૬. રૂમી. ૧૧; ૧. ૨ કરીં. ૧૦; ૨૨). ઇબ્રાહીમ અમારો બાપ છે (માત્થી ૩; ૯. લુક ૩; ૮. યોહા. ૮; ૩૩-૫૮). તેની સાથે સરખાવો રૂમી. ૪; ૧૬. ગલા. ૩; ૭, ૨૯: ૪; ૨૨, ૨૮. ઇબ્રા. અને હાગાર (ગલા. ૪). ઇબ્રા. અને મેલ્ખીસેદેક (હેબ્રી. ૭; ૧-૧૦). ઇબ્રાહીમની સોડ (લુક ૧૬; ૨૨-૩૦). ઇબ્રા. ઇસ્હાક અને યાકુબ (માત્થી ૮; ૧૧. લુક ૧૩; ૨૮. પ્રે. કૃ. ૩; ૧૩: ૭; ૩૨. ૧ પી. ૩; ૬). ઇબ્રાહીમનો દેવ

(ઉત્પ. ૨૬; ૨૪). ઇસ્હાક તથા ઇબ્રા. નો દેવ (ઉત્પ. ૨૮; ૧૩: ૩૨; ૯: ૩૧; ૪૨, ૫૩: ૪૮; ૧૫). ઇબ્રા. ઇસ્હાક તથા યાકુબનો દેવ (નિર્ગ. ૩; ૬, ૧૫: ૪; ૫. માત્થી ૨૨; ૩૨. માર્ક ૧૨; ૨૬. લુક ૨૦; ૩૭. ૧ રા. ૧૮; ૩૬). ઇબ્રા. ઇસ્હાક તથા ઇસ્રાએલનો દેવ (૧ કાળ. ૨૯; ૧૮. ૨ કાળ. ૩૦; ૬).

ઇબ્રી = બીજી બાજુથી. રાજા દાઉદના વખતમાં લેવીઓમાંનો હતો (૧ કાળ. ૨૪; ૨૭).

ઇબ્સાન = પ્રખ્યાત. ઇસ્રાએલનો દસમો ન્યાયાધીશ (ન્યાય. ૧૨; ૮-૧૦). તેણે ૭ વર્ષ સુધી ઇસ્રાએલીઓનો ન્યાય કીધો. તેને ૩૦ દીકરા અને ૩૦ દીકરીઓ હતી. એવું ધારવામાં આવે છે કે, તે ઝબુલૂન પ્રાંતમાં આવેલા બેથલેહેમમાં રહેતો હતો.

ઇમાનુએલ = દેવ આપણી સાથે. ઇમાનુએલની જોડણી જુના કરારમાં 'ઇમ્માનૂએલ' કરવામાં આવી છે. ઇમાનુએલ એ ગ્રીક ભાષાની રચના છે. જુના કરારમાં આ નામ કેવળ બે વખત આવે છે (યશા. ૭; ૧૪: ૮; ૮). ઘણાખરા ટીકાકારનું એવું માનવું છે કે, આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્ત વિષેની આ ભવિષ્યવાત છે અને એજ પ્રમાણે ખ્રીસ્ત જન્મ્યો (માત્થી ૧; ૨૩). આપણા પ્રભુ ઇસુનું સૌથી સારૂં વર્ણનાત્મક નામ તે ઇમાનુએલ છે. દેવ માનવી અવતાર ધરીને આપણી સાથે રહ્યો, આપણામાં વસ્તી કીધી, આ બધી વાતમાં ઇમાનુએલ નામ દિપતું આવે છે. જે શિખરરૂપી ઇમાનુએલ તે કુંવારીનો પુત્ર ઇસુ છે, અને એજ ઇસુમાં આ ભવિષ્ય સંપૂર્ણ થનાર છે.

ઇમાશ = ન્હાવાનું ગરમ પાણી. તારનાર પ્રભુ ઇસુના પુનરૂત્થાનને પહેલે દિવસે આ ગામથી યરૂશાલેમના રસ્તા ઉપર ચાલતાં બે શિષ્યોની સાથે તેઓ નહિ ઓળખે એવી રીતે ઇસુએ વાતચીત કીધી હતી (લુક ૨૪; ૧૩). આ નામનું ગામ યરૂશાલેમથી આસરે ચાર ગાઉ દૂર આવેલું હતું. યરૂશાલેમથી આસરે સાત મૈલ દૂર "એલકુબૈબેહ" (= નાનો મુગટ) નામનું એક ખંડેર જોવામાં આવે છે, તે વિષે વિદ્વાનોનું એવું ધારવું છે કે એજ તો પુરાતન ઇમાશ હશે. વળી 'ખૂરબેટ-ખમાસા' (= ખમાસાનું ખંડેર) નામનું એક ખંડેર યરૂશાલેમથી નૈરૂત્યમાં ૮ મૈલ દૂર આવેલ છે, તે વિષે પણ એવું ધારવામાં આવે છે કે તે પુરાતન ઇમાશ હશે.

ઇમ્મેર = બોલકણું. (૧) યાજક કોમનો મુખ્ય પુરૂષ હતો (૧ કાળ. ૯; ૧૨: ૨૪; ૧૪. એઝ. ૨; ૩૭: ૧૦; ૨૦. નહે. ૩; ૨૯: ૭; ૪૦: ૧૧; ૧૩. યિર્મે. ૨૦; ૧). (૨) આ નામની એક જગ્યા હતી કે જ્યાં બંદિપ્રવાસ પછી ઇસ્રાએલીઓ કેટલોક વખત ત્યાં રોકાયા હતા (એઝ. ૨; ૫૯. નહે. ૭; ૬૧).

ઇમ્રી = બહાર પડવું. (૧) યહુદાહપુત્ર પેરેસના વંશનો બાનીનો પુત્ર (૧ કાળ. ૯; ૪). (૨) યરૂશાલેમના કોટની મરામત કરવામાં ઇમ્રીનો પુત્ર ઝાક્કૂર હતો (નહે. ૩; ૨).

ઇયીમ = નાશ, ખંડેર. (૧) યહો. ૧૫; ૨૯. આ નામનું એક શહેર યહુદાહની દક્ષિણે આવેલું છે. (૨) ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનો એક મુકામ હતો કે જ્યાંથી ઉપડી તેઓએ દીબોન-ગાદમાં છાવણી કીધી હતી (ગણ. ૩૩; ૪૫).

ઇયે-અબારીમ = અબારીમનાં ખંડેર. ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનો ૪૭ મો મુકામ હતો, કે જે મોઆબ દેશની સરહદ પર આવેલો હતો (ગણ. ૨૧; ૧૧: ૩૩; ૪૪).

ઇયોન = ઢગલો, ખંડેર. નાફતાલીનું એક શહેર હતું. ઇસ્રાએલના રાજા આસાની સાથે સંપ કરતાં અરામના રાજા બેન-હદાદે ચઢાઇ કરી યહુદાહના રાજા બાઅશાની પાસેથી આ શહેર લીધું (૧ રા. ૧૫; ૨૦). અને ત્યાર પછી ઇસ્રાએલના રાજા પેકાહના વખતમાં આરશૂરના રાજા તિગ્લાથ-પિલેસેરે નાફતાલીનો આખો દેશ લેતાં ઇયોન પણ લીધું (૨ રા. ૧૫; ૨૯. ૨ કાળ. ૧૬; ૪). હાલ આ શહેર 'એલ-ખીઆમ' નામથી ઓળખાય છે.

ઇર = શહેર. બિન્યામીની પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૭; ૧૨). એટલે બિન્યામીનના પુત્ર બેલાના પાંચ પુત્રોમાંનો એક હતો. તેને ૧ કાળ. ૭; ૭ માં ઇરી કહે છે.

ઇરનાહાશ = સર્પનું શહેર. તહિન્નાહનો પુત્ર (૧ કાળ. ૪; ૧૨). માર્જીનમાં તેના વિષે લખ્યું છે કે નાહાશનું શહેર.

ઇર-શેમેશ = સુરજનું શહેર. દાનપુત્રોના ભાગની સરહદ પર આવેલું એક શહેર હતું (યહો. ૧૯; ૪૧).

ઇરા = જોનાર, જાગૃત. (૧) દાઉદ રાજાનો મુખ્ય કારભારી, જેને ઇરા-યાઇરી કહે છે (૨ શમૂ. ૨૦; ૨૬). (૨) દાઉદ રાજાના શૂરવીરોમાંનો એક હતો, જેને ઇરા-વિથી કહે છે (૨ શમૂ. ૨૩; ૩૮. ૧ કાળ. ૧૧; ૪૦). (૩) દાઉદના ત્રીસ યોદ્ધાઓમાંનો એક હતો. તેના બાપનું નામ તકોઇ હતું (૨ શમૂ. ૨૩; ૨૬. ૧ કાળ. ૧૧; ૨૮: ૨૭; ૯).

ઇરાદ = દોડનાર, જંગલી ગધેડો. આદમના દીકરા કાઇનનો પૌત્ર અને હનોખનો પુત્ર હતો (ઉત્પ. ૪; ૧૮).

ઇરાન = પુરાતન ઇરાનનું રાજ્ય, સિંધુ નદીથી થ્રેસ સુધી અને કાસ્પિયન સમુદ્રથી માંડીને લાલ સમુદ્ર સુધી અને ઇરાની અખાત સુધી હતું. હાલનું ઇરાન તે ઉપલા પુરાતન ઇરાનનો એક માત્ર ભાગ કહેવાય. એની સીમા ઉત્તરે માદાય, પૂર્વે કાર્મોનીઆ, દક્ષિણે ઇરાની અખાત અને પશ્ચિમે આશ્શૂર તથા બાબેલ આવેલાં છે. એલામ, આ રાજ્યનો એક ભાગ છે કે જેનું મુખ્ય શહેર શૂશા કે શૂશાન, ઉલાય નદીને કાંઠે હતું. કોરેશ રાજાના વખત સુધી ઇરાન માદાયનું તાબેદાર રાજ્ય ગણાતું હતું, પણ કોરેશે તેને ચઢતી સ્થિતિમાં આણી સ્વતંત્ર કીધું (ઇ. સ. પૂ. ૫૮૮), અને તેની હદ ઘણી વધારી દીધી. રાજા અહાશ્વેરોશે એસ્તેર સાથે લગ્ન કીધું હતું અને આર્તાહશાસ્તા રાજાનો પાત્રવાહક નહેમ્યાહ હતો. રાજા મહાન આલેકસાંદરે ઇરાની રાજ્યનો અંત આણ્યો. હાલનું ઇરાની રાજ્ય ૫૦૦,૦૦૦ ચોરસ મૈલ છે જેમાં આશરે એક કરોડ માણસની વસ્તી છે. **ઇરાની બાદશાહત** (ઇ. સ. પૂ. ૫૩૮-૩૩૧). (૧) દાર્યાવેશ (દાની. ૬; ૭). (૨) કોરેશ (દાની. ૬; ૨૮. એઝ. ૧. યશા. ૪૪; ૪૫). (૩) અહાશ્વેરોશ (એઝ. ૪; ૬). (૪) આર્તાહશાસ્તા (એઝ. ૪; ૭-૨૪). (૫) દાર્યાવેશ (એઝ. ૫; ૬. હાગ. ૧; ૧. ઝખ. ૧; ૧). (૬) અહાશ્વેરોશ (એસ્ત. ૧; ૧૦). (૭) આર્તાહશાસ્તા (એઝ. ૭; ૧. નહે. ૨; ૧). (૮) દાર્યાવેશ (નહે. ૧૨; ૨૨). ઇરાન (૨ કાળ. ૩૬; ૨૦. એઝ. ૧; ૧-૮: ૩; ૭: ૪: ૬; ૧૪: ૭; ૧: ૯; ૯. એસ્ત. ૧; ૩, ૧૪, ૧૮: ૧૦; ૨. હઝ. ૨૭; ૧૦: ૩૮; ૫. દાની. ૮; ૨૦: ૧૦; ૧, ૧૩, ૨૦: ૧૧; ૨). ઇરાની (નહે. ૧૨; ૨૨. દાની. ૬; ૨૮. એસ્ત. ૧; ૧૯. દાની. ૫; ૨૮: ૬; ૮, ૧૨, ૧૫).

ઇરામ = શહેરવાસી. સેઇર પહાડમાં જે અદોમી કોમ રહેતી હતી, તેમાંનો એક સરદાર હતો (ઉત્પ. ૩૬; ૪૩. ૧ કાળ. ૨; ૫૪).

ઇરી = શહેરને લગતું. બિન્યામીની બેલાના પાંચ પુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૭).

ઇરૂ = સાવધ. યફૂન્નેહના પુત્ર કાલેબનો પુત્ર (૧ કાળ. ૪; ૧૫).

ઇલાય = પરાત્પર. ઇલાય અહોહી તે દાઉદના મુખ્ય લડવૈયામાંનો એક હતો (૧ કાળ. ૧૧; ૨૯). તેને ૨ શમૂ. ૨૩; ૨૮ માં સાલ્મોન અહોહી કહે છે.

ઇલુરીકમ (રૂમી. ૧૫; ૧૯). માકેદોન્યાની વાયવ્ય કોણમાં આ દેશ આડ્રિઆટીક સમુદ્રના છેક પૂર્વ કિનારા ઉપર આવેલો હતો. હાલ દલમાતીઆ પ્રાંતમાં તેનો સમાવેશ કરેલો છે, કે જે દલમાતીઆ પહેલાંના વખતમાં ઇલુરીકમનો દક્ષિણનો ભાગ હતો (૧ તીમો. ૪; ૧૦). પાઉલ પ્રેરિતે પોતાની ત્રીજી મુસાફરીમાં આ દેશમાં જઇને સુવાર્તા પ્રગટ કીધી હતી (રૂમી. ૧૫; ૧૯). પાઉલની

મુસાફરીમાં સૌથી દૂરની જગ્યા તે આ પ્રાંત હતો. હાલ આ પ્રાંત ઑસ્ટ્રિઆના બાદશાહના કબજામાં છે.

ઇવ્વાહ = ઉંધું વાળવું. આસ્શૂરનું એક શહેર હતું, કે જે સમરૂન તોડી તેમાંની કેટલીક વસ્તીને આ શહેરમાં વસાવવામાં આવી હતી (૨ રા. ૧૮; ૩૪: ૧૯; ૧૩). તે ફ્રાત નદી ઉપર સફાર્વાઇમ અને હેના વચ્ચે આવેલું હતું. કેટલાક ધારે છે કે 'આહવા' હશે (એઝ. ૮; ૧૫).

ઇશ-બોશેથ = બેશરમો, બઆલનો પુજારી. શાઉલના ચાર પુત્રોમાંનો સૌથી નાનો પુત્ર ઇશ-બોશેથ હતો. પિતાના મરણ પછી તે એકલોજ બચ્યો હતો (૨ શમૂ. ૨; ૪). તેનું પ્રથમ નામ એશબઆલ હતું (૧ કાળ ૮; ૩૩: ૯; ૩૯). જ્યારે ગીલબોઆની લડાઇમાં તેનો પિતા તથા ત્રણ ભાઇ માર્યા ગયા, ત્યારે તેની ઉમર ૪૦ વર્ષની હતી. પોતાના પિતાના મરણ પછી પોતાના કાકા આબ્નેરની મદદથી પોતાના પિતાની ગાદી ઉપર બેસી યહુદાહ સિવાય સર્વ ઇસ્રાએલ ઉપર રાજ્ય કર્યું (૨ શમૂ. ૨; ૯). તેની રાજ્યગાદીનું શહેર 'માહનાઇમ' હતું કે જે યરદન નદીની પૂર્વમાં આવેલું હતું. માહનાઇમમાં બે વર્ષ રાજ્ય કીધા બાદ, તેને પોતાના બે રક્ષક ચાકરોએ (રેખાબ તથા બાઅનાહ) તેના શયનગૃહમાં પેસી તેને મારી નાખ્યો, અને તેનું માથું કાપી નાખ્યું. દાઉદે આ ખબર સાંભળતાં બંને ચાકરોને બહુ ક્રૂર રીતે મારી નંખાવ્યા, ને ઇશબોશેથનું માથું લઇને દાઉદ રાજાએ હેબ્રોનમાં આબ્નેરની કબરમાં દટાવ્યું (૨ શમૂ. ૪; ૧૨).

ઇશી = મારા ધણી. હોશી. ૨; ૧૬ માં સમાયલું યહેવાહનું લાક્ષણિક નામ છે. જુઓ બાઅલી.

ઇશ્માએલ = દેવ સાંભળનાર. ઇબ્રાહીમનો હાગારને પેટે થએલો વડો પુત્ર ઇશ્માએલ હતો. તેના જન્મ વખતે ઇબ્રાહીમ ૮૬ વર્ષની ઉમરનો હતો. અને કનાનમાં આવ્યાને હાલ અગિયાર વર્ષ થયાં હતાં (પ્રે. કૃ. ૧૬; ૧૫: ૧૭; ૨૩. અને ૧૬; ૩: ૨૧; ૫). જ્યારે ઇશ્માએલ ૧૩ વર્ષની ઉમરનો થયો ત્યારે તેની સુનત થઇ (ઉત્પ. ૧૭; ૨૫), તેર વર્ષ સુધી ઇબ્રાહીમ એમ સમજ્યો કે તે વચનનો પુત્ર છે, પણ ઇસ્હાક જનમતાં જાણવામાં આવ્યું કે વચનનો પુત્ર તો ઇસ્હાક છે. ઇસ્હાકના જન્મ પછી સારાહનો મિજાજ બદલાયો, અને એક વખત જ્યારે ઇબ્રાહીમે ઇસ્હાકના દૂધ છોડ્યા પર મિજબાની કીધી, ત્યારે ઇશ્માએલને સારાહે ચેષ્ટા કરતાં દીઠો, એ સારૂ તેણે ઇબ્રાહીમને કહ્યું કે, દાસીને તથા તેના પુત્રને કાઢી મૂક, કેમકે તે મારા પુત્ર સાથે વારસ નહિ થશે. ઇબ્રાહીમ એમ કરવાને નાખુશ હતો, પણ દેવના કહેવા પ્રમાણે ઇબ્રાહીમે તેમ કીધું (ઉત્પ. ૨૧). ઇશ્માએલ પોતાની માની સાથે ઇબ્રાહીમથી જુદો પડી, ખારાન અરણ્ય અને સિનાઇ પહાડની વચ્ચે આવેલા પહાડી મુલકમાં જઇ રહ્યો. "દેવ તે છોકરાની સાથે હતો, ને તે વધ્યો ને અરણ્યમાં રહીને તિરંદાજ થયો" (ઉત્પ. ૨૧; ૯-૨૧). પછીથી અરણ્યનો તે એક મુખ્ય પુરૂષ જેવો થયો પણ તેનો ઇતિહાસ બહુ નોંધવામાં આવ્યો નથી. જ્યારે તે ૯૦ વર્ષની ઉમરનો હતો ત્યારે તેનો પિતા ઇબ્રાહીમ મરણ પામ્યો. આ વખતે ફરી ઇશ્માએલની વાત આવે છે. લખ્યું છે કે, "ઇબ્રાહીમને ઇસ્હાક તથા ઇશ્માએલે માખ્પેલાહની ગુફામાં દાટયો" (ઉત્પ. ૨૫; ૯). ઘણી લાંબી મુદતે ઇશ્માએલ પોતાના ભાઇ ઇસ્હાકને આ પ્રસંગે મળ્યો. આ પછી ઇશ્માએલ વિષે આપણે એટલુંજ જાણીએ છીએ કે તે ૧૩૭ વર્ષની ઉમરે મરણ પામ્યો, પણ તે ક્યાં મરણ પામ્યો અને તેને ક્યાં દાટયો તે જાણવામાં આવ્યું નથી (ઉત્પ. ૨૫; ૧૭). તેને બાર દીકરા હતા કે જેથી બાર કુળો થયા. તેઓ ઉત્તર અરબસ્તાનમાં એટલે લાલ સમુદ્રથી ફ્રાત નદી સુધીના

અરણ્યમાં વસતા હતા. તેનાથી ઇશ્માએલી તથા અરબ લોક, અને તુર્ક લોકમાંના કેટલાએક ફિરકા ત્યારથી આજ દીન સુધી નભી રહેલા છે. આ કોમ પોતાના પૂર્વજની માફક બહુ જોરાવર છે. આ લોકો પાણીના ઝરાઓ પાસે બેસીને મુસાફરોને લૂટી પોતાનું ગુજરાન ચલાવે છે. પ્રેરિત પાઉલ દૃષ્ટાંત આપી કહે છે કે જેઓ નિયમ તળે રહેવા ચાહે છે અને કરણીઓ પર ભરોસો રાખે છે તેઓ દાસીના દીકરા છે. પણ જેઓ પોતાની કરણીઓ પર ભરોસો નહિ રાખતાં કેવળ મશીહના કામ પર પોતાનો બધો આધાર રાખે છે તેઓ દાસીપુત્ર નહિ, પણ ઇસ્હાકની માફક વચનથી જન્મેલા સ્વતંત્રણીના પુત્રો છે (ગલા. ૪; ૨૧-૩૧). ઇશ્માએલ (ઉત્પ. ૧૬; ૧૧, ૧૫, ૧૬: ૧૭; ૧૮, ૨૦, ૨૩, ૨૫, ૨૬: ૨૫; ૯, ૧૨, ૧૩, ૧૬, ૧૭: ૨૮; ૯: ૩૬; ૩. ૧ કાળ. ૧; ૨૮, ૨૯, ૩૧). ઇશ્માએલીઓ (ઉત્પ. ૩૭; ૨૫, ૨૭: ૩૯; ૧. ન્યાયા. ૮; ૨૪. ગીત. ૮૩; ૩). (૨) આમેલના પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૮; ૩૮: ૯; ૪૪). (૩) યહુદાહના ઘરના અધિકારી ઝબાધાહનો પિતા (૨ કાળ. ૧૯; ૧૧). (૪) યહોહાનાનનો પુત્ર (૨ કાળ. ૨૩; ૧). (૫) પાશહૂરનો પુત્ર (એઝ. ૧૦; ૨૨). (૬) નથાન્યાહનો પુત્ર જે યહુદાહ વંશનો રાજ્યવંશી પુરૂષ હતો તેની તથા આમ્મોનના રાજા બાઅલીસની વચ્ચે મિત્રાચારી હતી એમ દેખાય છે, એ પરથી કેટલાકનું ધારવું છે કે તેની મા આમ્મોની હતી. અહીકામના પુત્ર ગદાલ્યાહને બાબેલના રાજા તરફથી યહુદાહનો હાકેમ ઠરાવવામાં આવ્યો હતો. તેને વિરૂદ્ધ ઇશ્માએલે કેટલાંક માણસને પોતાની સાથે લઇને બંડ ઉઠાવ્યું (યિર્મે. ૪૦; ૮, ૧૫). અને ૭૦ યાજકોને તથા બીજાં ઘણાંએક માણસોને મારી નાખી દસ માણસને કેદ કરી આમ્મોનપુત્રની ગમ નાસી ગયો (૨ રા. ૨૫; ૨૫). આ દસમાંનો એક કદાપિ યિર્મેયાહ ભવિષ્યવાદી હતો. નાસતાં નાસતાં ઇશ્માએલ શત્રુના હાથમાં આવી પડયો, તેથી જે સઘળું ઇશ્માએલ લઇ જતો હતો તે પડાવી લીધું, કેવળ આઠ માણસ સાથે ઇશ્માએલ આમ્મોનપુત્રોની પાસે ગયો (યિર્મે. ૪૧.). આ બનાવ બન્યા પછી યહુદી લોક બાબેલના રાજાથી ઘણા બીવા લાગ્યા, અને કાસ્દીઓથી બીહીને મિસર દેશમાં નાસી જવાનો ઠરાવ કીધો. આ વખતે યિર્મેયાહ જે તેમની સાથે હતો, તેણે જણાવ્યું કે આપણે અહિંજ રહેવું ને મિસર દેશમાં જવું નહિ; પણ લોકોએ માન્યું નહિ. અને એમ ધારવામાં આવે છે કે તેઓ પોતાની સાથે યિર્મેયાહને પણ જબરદસ્તી કરીને લઇ ગયા.

ઇશ્હોદ = કીર્તિવાન. મનાશ્શેહના પુત્રોમાંનો એક હતો, તેની માનું નામ હામ્મોલેખેથ હતું (૧ કાળ. ૭; ૧૮).

ઇસકારીઓત = કારીઓતનો રહીશ. (માત્થી ૧૦; ૪. માર્ક ૩; ૧૯. જુઓ યહુદા).

ઇસુ ખ્રીસ્ત = અભિષિક્ત તારનાર. ઇસુ એ હેબ્રી યહોશુઆ નામથી થએલું ગ્રીક ભાષાનું વિશેષ નામ છે. યહોશુઆ = યહોવાહની સાહ્ય કે તારણ. તેથી કરીને આ ઇશ્વરી અવતારને ઇસુ (= તારનાર), એવું નામ આપવામાં આવ્યું છે. ખ્રીસ્ત, આ ઇસુનું પદવીસૂચક નામ છે, જેમ યોહાન બાપ્તિસ્મી, સીમોન માગસ વિગેરે. ખ્રીસ્ત એટલે અભિષિક્ત. ઇસુ નામ યહુદીઓમાં સાધારણ હતું (પ્રે. કૃ. ૧૩; ૬. કલો. ૪; ૧૧) તેથી કરીને બીજાં નામોથી ઇસુનું નામ જુદું પાડતાં, 'ઇસુ નાઝારી' (યોહા. ૧૮; ૭), 'યુસફનો દીકરો' (યોહા. ૬; ૪૨), એવાં નામ આપવામાં આવ્યાં છે. ઇસુ આ નામ આકાશથી દૂત તરફથી આપવામાં આવ્યું છે જેમાં જે કામ કરવાને તે આવવાનો હતો તે તેના નામમાં દર્શાવવામાં આવ્યું છે (માત્થી ૧; ૨૧). ઇસુ ખ્રીસ્ત, અચાનક જન્મી, ઇશ્વરી અવતાર

તરીકે જાહેર થયો એમ નહિ, પણ ઘણા વર્ષો અગાઉ કહેલી ભવિષ્યવાત પ્રમાણે 'સમયની સંપૂર્ણતા' આવી ત્યારે મહાન હેરોદની કાર્કીર્દિને છેલ્લે વર્ષે, એટલે ઇ. સ. પૂર્વે ૪ માં પુરાતન દુનિયાના મધ્યબિંદુમાં એટલે યહુદાહ દેશના બેથલેહેમ ગામમાં તેનો જન્મ થયો. પ્રભુ ઇસુની જીંદગીના બે મુખ્ય ભાગ પાડી શકાય. (૧) ખાનગી જીંદગી જેમાં તેના જીવનના પહેલાં ત્રીસ વર્ષનો સમાવેશ થાય છે. (૨) જાહેર જીંદગી જેમાં તેના જીવનનાં છેલ્લાં ત્રણ વર્ષ સમાયલાં છે. તેના જન્મ વખતે ભરવાડોને તથા માગીઓને ખબર આપવામાં આવી કે ઇસુ જન્મ્યો છે, જે પરથી તેઓએ આવીને આ 'યહુદીઓના રાજાનું' દર્શન કીધું (માત્થી ૨; ૧-૧૨). રાજા હેરોદના ભયથી યુસફ અને મરિયમ ઇસુને લઇને મિસર દેશમાં નાસી ગયાં, અને હેરોદના મરણ પર્યંત ત્યાંજ રહ્યાં (માત્થી ૨; ૧૩-૨૩). જ્યારે ત્યાંથી પાછાં આવ્યાં ત્યારે ગાલીલના નાઝરેથમાં ગયાં ને ત્યાં રહ્યાં (માત્થી ૨; ૨૩. લુક ૪; ૧૬. યોહા. ૧; ૪૬). બાર વર્ષની ઉમરે તે પોતાનાં માબાપ સાથે યરૂશાલેમમાં પાસ્ખા પર્વ પાળવાને ગયો, જ્યાં મંદિરમાં ઉપદેશકોની વચમાં બેસીને સવાલ જવાબ કરતો આપણા જોવામાં આવે છે. ત્યાર પછી તે નાઝરેથ પાછો આવ્યો. ત્યારથી ૧૮ વર્ષનો ઇતિહાસ લખવામાં આવ્યો નથી, પણ એટલુંજ લખ્યું છે કે, 'ઇસુ જ્ઞાનમાં તથા તથા કદમાં, ને દેવના તથા માણસના પસંદ પડવામાં વધતો ગયો' (લુક ૨; ૫૨). ત્રીસ વર્ષનો થયો ત્યારે જાહેર ધર્મસેવા કરવાને બહાર નીકળ્યો. આ વખતે તિબેરીયસ કાઇસારની કારકીર્દીનું પંદરમું વર્ષ હતું; અને પંતિયસ પીલાત યહુદાહનો અધિપતિ (ગવર્નર) હતો. પીલાત ઇ. સ. ૨૬-૩૬ સુધી હાકેમ રહ્યો. ઇસુની કરેલી ધર્મસેવા ત્રણ વર્ષની હતી ત્યાર પછી પાપીઓનું તારણ પૂર્ણ કરતાં વધસ્તંભે જડાઇ નિશાન માસની તા. ૧૫ મી શુક્રવારના સાંજના છ વાગ્યે મરણ પામ્યો. આસરે તેજ વખતે યહુદીઓનો સાબ્બાથવાર બેઠો. ઇ. સ. ૩૦ માં ઇસુ ૩૩ વર્ષની ઉમરે મરણ પામ્યો. સાબ્બાથનો આખો દિવસ ઇસુ કબરમાં રહ્યો, અને અઠવાડિયાને પહેલે દિવસે મોટી સવારમાં તે કબરમાંથી સજીવન થઇને ઉઠયો. ૪૦ દિવસ પૃથ્વી પર રહ્યો દરમ્યાનમાં અગીઆર વખત લોકોના જોવામાં આવ્યો અને ત્યાર બાદ તે આકાશમાં ચઢી ગયો, ને હાલ પોતાના નિવડેલા લોકોને સારૂ વકાલત કરે છે અને રાજ્ય પણ કરે છે, ત્યાંથી તે મહિમામાં ફરીને પાછો આવશે. ઇસુના જન્મ દિવસને નાતાલ નામ આપવામાં આવે છે અને તે દિવસ ડિસેંબર તા. ૨૫ મી ગણવામાં આવે છે. રૂમ શહેર બાંધ્યા પછી ૭૫૦ મી સાલે ઇસુ ખ્રીસ્તનો જન્મ થયો એમ કહેવાય છે. ઉપલી તા. ૨૫ ની સાથે ધર્મ પિતૃ આથેનેસિયસ (૩૭૩), આમ્બ્રુસ (૩૯૭), અને જેરોમ (૪૨૦) મળતાં આવે છે. ખ્રીસ્ત કે મસિહા આ પદવી સૂચક નામ નવા કરારમાં ૫૧૪ વખત આવે છે, તેજ દેખાડી આપે છે કે ઇસુ તે તારણનું મહાભારત કામ કરવાને બોધક, યાજક તથા રાજા નિમાયો છે. નીચેનાં નામમાં ખ્રીસ્ત કે મશીહા દેખાડવામાં આવ્યો છે. સ્ત્રીનું સંતાન (ઉત્પ. ૩; ૧૫), ઇબ્રાહીમનું બીજ (ઉત્પ. ૨૨; ૧૮), મુસાના જેવો ભવિષ્યવાદી (પુન. ૧૮; ૧૫) મેલ્ખીસેદેકના ધારા પ્રમાણે સનાતન યાજક (ગીત. ૧૧૦; ૪), યિશાઇનાં ઠુંઠામાંથી ફણગો (યશા. ૧૧; ૧, ૧૦), ઇમાનુએલ, કુંવારીનો પુત્ર (યશા. ૭; ૧૪), યહોવાહનો અંકુર (યશા. ૪; ૧. અને કરારનો દૂત (મલા. ૩; ૧). **મિથ્યા ખ્રીસ્ત** = આપણા પ્રભુ ઇસુએ તેમના વિષે અગાઉથી પોતાના શિષ્યોને ખબર આપી હતી (માત્થી ૨૪; ૨૪). એવું કહેવાય છે કે, સત્તરમા સૈકા સુધીમાં એવા મિથ્યા ખ્રીસ્ત ઓછામાં ઓછા ૨૪ સુધી ઉઠયા છે.

પ્રભુ ઇસુ (માત્થી ૧; ૨૧. લુક ૨; ૧૧. યોહા. ૧; ૪૧. પ્રે. કૃ. ૫; ૩૧. રૂમી ૫; ૧, ૧૧ : ૬; ૨૩. ૧ કરીં ૧; ૨, ૩, ૭, ૧૦. એફે. ૫; ૨૩. ફિલી. ૩; ૨૦. ૧ તીમો. ૧; ૧, ૧૨. ૨ તીમો. ૧; ૧૦. તીત. ૧; ૪. હેબ્રી ૧૩; ૮, ૨૧. યાકુ. ૧; ૧. ૧ પીત. ૧; ૩. પ્રક. ૨૨; ૨૧). **દેવનો દીકરો** (માત્થી ૨; ૧૫: ૩; ૧૭: ૪; ૩, ૬. લુક ૧; ૩૨, ૩૫: ૩; ૨૨. યોહા. ૧; ૩૪, ૪૦: ૫; ૨૨: ૧૨; ૨૬: ૧૩; ૩: ૧૪; ૧૩. રૂમી. ૧; ૯: ૫; ૧૦. ૧ કરીં. ૧; ૯. ગલા. ૧; ૧૬: ૪; ૪, ૬. કલો. ૧; ૧૩. ૧ થેસા. ૧; ૧૦. હેબ્રી. ૧; ૨, ૫, ૮: ૭; ૩. ૧ યોહા. ૪; ૧, ૩, ૭) ઇત્યા. **માણસનો દીકરો** (હઝ. ૨; ૧. માત્થી ૮; ૨૦: ૯; ૬: ૧૦; ૨૩: ૧૧; ૧૯: ૧૨; ૮, ૩૨, ૪૦. માર્ક ૮; ૩૮: ૯; ૧૨: ૧૩; ૧૪. લુક ૨; ૨૪: ૬; ૨૨: ૯; ૨૨: ૧૧; ૩૦: ૧૨; ૮: ૧૭; ૨૨: ૧૮; ૮. યોહા. ૧; ૫૧: ૩; ૧૩: ૫; ૨૭: ૬; ૨૭: ૮; ૨૮: ૧૨; ૨૩, ૩૪: ૧૩; ૩૧. પ્રે. કૃ. ૭; ૫૬. પ્રક. ૧; ૧૬) ઇત્યા. **ઈમાનુએલ** (યશા. ૭; ૧૪: ૮; ૮. માત્થી ૧; ૨૩). **તારનાર** (લુક ૨; ૧૧. યોહા. ૪; ૪૨. પ્રે. કૃ. ૫; ૩૧: ૧૩; ૨૩. એફે. ૫; ૨૩. ૨ પીત. ૧; ૧: ૩; ૨. ૧ યોહા. ૪; ૧૪. યહુદા ૨૫). **શબ્દ** (યોહા. ૧; ૧, ૧૪. પ્રે. કૃ. ૨૦; ૩૬. ૫; ૭. પ્રક. ૧૯; ૧૩). **દેવનું હલવાન** (યોહા. ૧; ૨૯, ૩૬. પ્રક. ૫; ૬: ૬; ૧, ૧૬: ૧૨; ૧૧: ૧૩; ૮: ૧૫; ૩: ૧૯; ૭: ૨૨; ૧, ૩). **મધ્યસ્થ** (ગલા. ૩; ૧૯. ૧ તીમો. ૨; ૫. હેબ્રી. ૨; ૧૭: ૭; ૨૫: ૮; ૬: ૯; ૧૫: ૧૦; ૧૦: ૧૨; ૨, ૨૪: ૧૩; ૧૫). **દેવ આપણું ન્યાયીપણું.** (યિર્મે. ૨૩; ૬: ૩૩; ૧૬. મલા. ૪; ૨. પ્રે. કૃ. ૧૭; ૩૧. રૂમી. ૫; ૧૮. ફિલી. ૧; ૧૧. હેબ્રી. ૭; ૨, ૧૭: ૩; ૧. પ્રક. ૧; ૫: ૧૧; ૧૫: ૧૫; ૩: ૧૭; ૧૪: ૧૯; ૧૬). **મહિમાનો પ્રભુ.** (૧ કરીં. ૨; ૮. યાકુ. ૨; ૧). **રાજાઓનો રાજા અને પ્રભુઓનો પ્રભુ.** (પ્રક. ૧૯; ૧૬. જુઓ મશીહ). **બોધક, યાજક અને રાજા.** (પુન. ૧૮; ૧૫. યશા. ૪૯: ૫૦: ૫૧: ૫૨. નહે. ૧; ૧૫. માત્થી. ૨; ૨: ૨૪; ૪. લુક ૪; ૧, ૧૫, ૧૬, ૧૮, ૨૪: ૫; ૩, ૧૭, ૩૨: ૧૯; ૪૧. યોહા. ૧૮; ૩૭: ૧૯; ૧૪, ૧૯. પ્રે. કૃ. ૧૭; ૭. ૧ તીમો. ૧; ૧૭: ૬; ૧૫. હેબ્રી. ૧; ૮: ૨; ૧૭: ૩; ૧. પ્રક. ૧; ૫: ૧૧; ૧૫: ૧૫; ૩: ૧૭; ૧૪: ૧૯; ૧૬ ઇત્યાદી.—**આલ્ફા તથા ઓમેગા** (પ્રક. ૨૧; ૬: ૨૨; ૧૩).

ઇસ્રાએલ = દેવની સાથે મલ્લયુદ્ધ કરનાર. યાકુબે જ્યારે પનીએલ (દેવનું મુખ) માં દેવની સાથે મલ્લયુદ્ધ કીધું ત્યારે દેવે તેનું નામ બદલી 'ઇસ્રાએલ' પાડયું (ઉત્પ. ૩૨; ૨૮: ૩૫; ૧૦. હોશી. ૧૨; ૩, ૪). યાકુબના આ નામ પરથી તેના સઘળા વંશજોને ઇસ્રાએલીઓ કહે છે. બારે કુળના સઘળા લોકને 'ઇસ્રાએલ' (યહો. ૩; ૧૭: ૭; ૨૫. ન્યાયા. ૮; ૨૭), 'ઇસ્રાએલનું ઘર' (નિર્ગ. ૧૬; ૩૧: ૪૦; ૩૮), 'ઇસ્રાએલપુત્રો' (યિર્મે. ૩; ૨૧) એવાં નામ આપવામાં આવ્યાં છે. કોઇ વખતે પ્રભુના ખરા લોકને આ નામ આપવામાં આવે છે (ગીત. ૭૩; ૧. યશા. ૪૫; ૧૭: ૪૯; ૩. યહો. ૧; ૪૭. રૂમી. ૯; ૬: ૧૧; ૨૬). શાઉલ રાજાના મરણ પછી દસ કુળના લોક પોતાને ઇસ્રાએલ નામથી ઓળખાવા લાગ્યા. અને આ દસ કુળ ઉપર રાજ્ય કરનાર રાજાને 'ઇસ્રાએલના રાજા' (૨ શમૂ. ૨; ૯, ૧૦, ૧૭, ૨૮: ૩; ૧૦, ૧૭: ૧૯; ૪૦-૪૩) એવું નામ આપવામાં આવ્યું. અને યહુદી કુળ ઉપર રાજ્ય કરનાર રાજાઓને "યહુદાહના રાજા" એવું નામ આપવામાં આવ્યું છે. પણ ઇસ્રાએલ નામ અહિં સુધી માન્ય કરવામાં આવ્યું કે બાબેલના બંદીપ્રવાસ પછી જે

લોકો પાછા આવ્યા તેમાં જો કે કેટલાક યહુદાહ કુળના હતા, તોપણ તેઓ પોતાને ઇસ્રાએલ કહેતા હતા (એઝ. ૬; ૧૬: ૯; ૧: ૧૦; ૨૫. નહે. ૧૧; ૩). પ્રભુ ઇસુના વખતમાં તેમને 'યહુદીઓ' કહેતા હતા (માત્થી ૧૮; ૧૫. યહો. ૩; ૨૫). હકીકતમાં 'ઇસ્રાએલ' તે એક પવિત્ર ખિતાબ છે કે જે હરેક સાચા ઇમાનદારને આપવામાં આવે છે (રૂમી. ૯; ૬: ૧૧; ૨૬). ઇસ્રાએલનો ઇતિહાસ તે હાલ ખરા ખ્રીસ્તીઓને માટે ચિન્હરૂપ છે (૧ કરીં. ૧૦; ૧-૧૧. ૨ કરીં. ૩; ૭-૧૫. ગલા. ૪; ૨૨-૩૧).

ઇસ્રાએલની બાદશાહત = (ઇ. સ. પૂ. ૯૭૫-૭૨૨). સુલેમાન રાજાના મરણ પછી અહીયાહ ભવિષ્યવાદીની વાત પ્રમાણે (૧ રા. ૧૧; ૩૧-૩૫) રાજ્યના બે ભાગ પડ્યા. સુલેમાનના મરણ પછી ઇસ્રાએલની સઘળી જમાતે આવીને સુલેમાનના પુત્ર રહાબઆમને પોતા ઉપર રાજા થવાને તથા પોતા પરની ભારે ઝુંસરી હલકી કરવાને કહ્યું. પણ રહાબઆમે વડીલોની શિખામણ નહિ માનતાં કહ્યું કે "મારા બાપે તમારી ઝુંસરી ભારે કરી પણ હું તમારી ઝુંસરી વધારીશ." આથી કરીને બળવો ઉઠ્યો અને કહેવા લાગ્યા કે "દાઉદમાં અમારે શો ભાગ છે? ને યિશાઇના પુત્રમાં અમારો વારસો નથી; હે દાઉદ, તારૂં ઘર તું સંભાળજે; હે ઇસ્રાએલ, તમારા તંબુઓએ જાઓ" (૧ રા. ૧૨). અને તેઓએ એફ્રાઇમી નબાટના દીકરા યરોબઆમને મિસરમાંથી બોલાવી સર્વ ઇસ્રાએલ પર રાજા કર્યો. રહાબઆમ નાસી યરૂશાલેમ ગયો અને યહુદાહ ઉપર તેણે રાજ્ય કર્યું. યરોબઆમે એફ્રાઇમના પહાડી મુલકમાં શેખેમ બાંધ્યું અને પોતાના રાજ્યની રાજ્યધાનીનું શહેર કીધું (૧ રા. ૧૨; ૨૫). ત્યાર પછી તિર્સાહ થયું (૧ રા. ૧૪; ૧૭) ને ત્યાર પછી સમરૂન નગર વસાવવામાં આવ્યું, અને ત્યાં રાજધાની કરી, અને જ્યાં સુધી આશ્શૂરના રાજાએ આવીને સમરૂન લઇ લીધું ત્યાં સુધી સમરૂન ઇસ્રાએલની રાજ્યધાનીનું શહેર ગણાતું હતું (૨ રા. ૧૭; ૫). રાજા સુલેમાનના વખતમાં ફેનીકીઓનો મુલક બાદ કરતાં પાલેસ્ટાઇન ૧૩,૦૦૦ ચો. મૈલ હતો તેમાં ઇસ્રાએલનું રાજ્ય ૯,૩૭૫ ચો. મૈલનું અને યહુદાહનું રાજ્ય ૩,૪૩૫ ચો. મૈલનું હતું. ઇસ્રાએલની ગાદી ઉપર ૧૯ રાજા થઇ ગયા. છેલ્લા રાજા હોશીઆ (૨ રા. ૧૭; ૧-૬) ના વખતમાં આશ્શૂરનો રાજા શાલ્માનેસેર ચઢી આવ્યો અને સમરૂન શહેરને ત્રણ વર્ષ ઘેરો ઘાલ્યો. એટલામાં શાલ્માનેસેર મરણ પામ્યો, ને તેની જગ્યાએ સાર્ગોન રાજા થયો; તેણે સમરૂન શહેર જીતી લીધું અને ત્યાંના ૨૭,૨૮૦ માણસોને કેદ કરી આશ્શૂર લઇ ગયો (૭૨૨). આ પ્રમાણે ૨૫૩ વર્ષે ઇસ્રાએલી રાજ્યનો અંત આવ્યો. આ ઇસ્રાએલી રાજ્યનો યહુદાહની સાથે મુકાબલો કરતાં નીચેની ચાર વાતનું જુદાપણું દેખાય છે. (૧) અમુક કોઇ મુકરર મુખ્ય શહેર કે ધર્મવિદ્યાનું મધ્યબિંદુરૂપ શહેર ન હતું. (૨) લશ્કર શિરજોર અને માથાનું ફરેલ હતું. (૩) ગાદી ઉપર બેસનાર રાજાઓ વંશપરંપરા ઉતરેલા ન હતા, પણ તેથી ઉલટું ઇસ્રાએલી ૧૯ રાજા જુદા જુદા નવ વંશના હતા. (૪) પહેલા રાજા યરોબઆમે ઇસ્રાએલમાં મૂર્તિપૂજા સ્થાપી કે જે આગળ જતાં પાયારૂપી ગણાઇ. તેણે બેથેલ તથા દાનમાં સોનાના બે વાછરડા બનાવી મુકયા ને કહ્યું કે, 'તમારો જે દેવ મિસર દેશમાંથી તમને કાઢી લાવ્યો તે આ છે.' લેવીપુત્રો સિવાય બીજા બધા વર્ગમાંથી તેમની પૂજાને સારૂ યાજકો પસંદ કરવામાં આવ્યા (૧ રા. ૧૨; ૨૫-૩૩). ઇસ્રાએલ અને યહુદાહના રાજાઓનો સાલવાર કોઠો આ સાથે આપવામાં આવ્યો છે તે જુઓ:—

કેટલાં વર્ષ રાજ્ય કીધું	ઇસ્રાએલના રાજાઓ.	ખ્રીસ્ત પહેલાંનાં વર્ષ.	યહુદાહના રાજાઓ.	કેટલાં વર્ષ રાજ્ય કીધું
૨૨	યરોબઆમ (૧ રાજા. ૧૨; ૨૦, ૨૫, ૩૩: ૧૩; ૧-૩૪: ૧૪; ૧-૨૦) ...	૯૭૫	રહાબઆમ (૧ રા. ૧૨; ૨૧-૨૪: ૧૪; ૨૧-૩૧. ૨ કાળ. ૧૦-૧૭)... ...	૧૭
		૯૫૮	અબીયા (૧ રા. ૧૫; ૧-૮. ૨ કાળ. ૧૩).	૩
		૯૫૫	આસા (૧ રા. ૧૫; ૯-૨૪. ૨ કાળ. ૧૪; ૧-૧૬: ૧૪)	૪૧
૨	નાદાબ (૧ રાજા. ૧૫; ૨૫-૨૭, ૩૧) ...	૯૫૪		
૨૪	બાઅશા (૧ રા. ૧૫; ૨૮-૩૪: ૧૬; ૧-૭).	૯૫૩		
૨	એલાહ (૧ રા. ૧૬; ૮-૧૪)	૯૩૦		
...	ઝીમ્રી (૧ રા. ૧૬; ૧૧, ૧૨, ૧૫-૨૦)...	૯૨૯		
૧૨	ઓમ્રી (૧ રા. ૧૬; ૨૩-૨૮)... ...	૯૨૯		
૨૨	આહાબ (૧ રા. ૧૬; ૨૯-૨૨, ૪૦. ...	૯૧૮		
		૯૧૪	યહોશાફાટ (૧ રા. ૨૨; ૪૧-૫૦. ૨ કાળ. ૧૭; ૧-૨૧; ૧)...	૨૫
૨	અહાઝયાહ (૧ રા. ૨૨; ૫૧-૫૩. ૨ રા. ૧).	૮૯૮		
૧૨	યહોરામ (૨ રા. ૩; ૧-૯, ૨૬). ...	૮૯૬		
		૮૯૨	યહોરામ (૨ રા. ૮; ૧૬-૨૪. ૨ કાળ. ૨૧)	૮
		૮૯૫	અહાઝયાહ (૨ રા. ૮; ૨૫-૨૯: ૯; ૧૬-૨૯. ૨ કાળ. ૨૨; ૧-૯). ...	૧
૨૮	યેહુ (૨ રા. ૯; ૧-૩૭: ૧૦; ૧-૩૬) ...	૮૮૪	અથાલ્યાહ (૨ રા. ૧૧; ૧-૩. ૨ કાળ. ૨૨; ૧૦-૧૨)	૬
		૮૭૮	યહોઆશ (૨ રા. ૧૧; ૪-૧૨. ૨ કાળ. ૨૩; ૨૪)	૪૦
૧૭	યહોઆહાઝ (૨ રા. ૧૩; ૧-૯). ...	૮૫૬		
૧૬	યહોઆશ (૨ રા. ૧૩; ૧૦-૨૫: ૧૪; ૮-૧૬)...	૮૪૧		
		૮૩૯	અમાસ્યાહ (૨ રા. ૧૪; ૧-૨૦. ૨ કાળ. ૨૫)	૨૯
૪૧	યરોબઆમ બીજો (૨ રા. ૧૪; ૨૩-૨૯).	૮૨૫		
		૮૧૦	ઉઝીયાહ (૨ રા. ૧૪; ૨૧, ૨૨: ૧૫; ૧-૭. ૨ કાળ. ૨૬)	૫૨
૧૧	કોઇ રાજા ન હતો	...		
...	ઝખાર્યાહ (૨ રા. ૧૫; ૮-૧૨). ...	૭૭૩		
...	શાલ્લુમ (૨ રા. ૧૫; ૧૩-૧૫). ...	૭૭૨		
૧૦	મનાહેમ (૨ રા. ૧૫; ૧૬-૨૨). ...	૭૭૨		
૨	પકાહ્યાહ (૨ રા. ૧૫; ૨૩-૨૬) ...	૭૬૧		
૨૦	પેકાહ (૨ રા. ૧૫; ૨૭-૩૧ : ૧૬; ૨)...	૭૫૯		
		૭૫૮	યોથામ (૨ રા. ૧૫; ૩૨-૩૮. ૨ કાળ. ૨૭).	૧૬
		૭૪૨	આહાઝ (૨ રા. ૧૬. ૨ કાળ. ૨૮) ...	૧૬
૯	ફરી કોઇ રાજા ન હતો	...		
૯	હોશીઆ (૨ રા. ૧૭; ૧-૬)... ...	૭૩૦		
		૭૨૬	હીઝકીયાહ (૨ રા. ૧૮; ૧-૨૦; ૨૧. ૨ કાળ. ૨૯; ૧-૩૨; ૩૩) ...	૨૯
	સમરૂન જીતી લીધું (૨ રા. ૧૭; ૧૮) ...	૭૨૧		
		૬૯૮	મનાશ્શેહ (૨ રા. ૨૧; ૧-૧૮. ૨ કાળ. ૩૩; ૧-૨૦)	૫૫
		૬૪૩	આમોન (૨ રા. ૨૧; ૧૯-૨૬. ૨ કાળ. ૩૩; ૨૧-૨૫)	૨
		૬૪૧	યોશીયાહ (૨ રા. ૨૨; ૧-૨૦: ૨૩; ૧-૩૦. ૨ કાળ. ૩૪; ૩૫)	૩૧

કેટલાં વર્ષ રાજ્ય કીધું.	ઇસ્રાએલના રાજાઓ.	ખ્રિસ્ત પૂર્વે સાલ.	યહુદાહના રાજાઓ.	કેટલાં વર્ષ રાજ્ય કીધું.
		૬૧૦	યહોઆહાઝ (૨ રા. ૨૩ ; ૩૧-૩૩. ૨ કાળ. ૩૬ ; ૧-૪)	...
		૬૧૦	યહોયાકીમ (૨ રા. ૨૩ ; ૩૪-૩૭ : ૨૪ ; ૧-૬. ૨ કાળ. ૩૬ ; ૫-૮)	૧૧
		૬૦૬	બે કુળનો બંદીપ્રવાસ (૨ રા. ૨૪) ...	...
		૫૯૯	યહોયાખીન (૨ રા. ૨૪ ; ૮-૧૬. ૨ કાળ. ૩૬ ; ૯, ૧૦)	...
		૫૯૯	સિદકીયાહ (૨ રા. ૨૪ ; ૧૭-૨૦ : ૨૫ ; ૧-૭. ૨ કાળ. ૩૬ ; ૧૧-૨૧) ...	૧૧
		૫૮૮	યરૂશાલેમનો નાશ (૨ રા. ૨૫) ...	

ઇસ્હાક=હસનાર. (૧) ઇસ્રાએલી દસ કુળના રાજ્યને આમોસ ૭ ; ૯, ૧૬ માં ઇસ્હાકનું નામ આપવામાં આવે છે. (૨) ઇબ્રાહીમનો સારાહને પેટે જે પુત્ર થયો તેનું નામ ઇસ્હાક છે (ઉત્પ. ૧૫ ; ૪ : ૩૫ ; ૨૯). જે વખતે તે જન્મ્યો, તે વખતે તેના પિતાની ઉમર ૧૦૦ વર્ષની હતી, અને તેની મા ૯૦ વર્ષની ઉમરની હતી. ઇશ્વરે ઇબ્રાહીમને આ ઉમદા બક્ષીસથી સાબીત કરી આપ્યું કે, મારી નજરમાં કંઇ વાત અશક્ય નથી. જ્યારે ઇસ્હાકના જન્મ વિષે વચન આપવામાં આવ્યું, ત્યારે ઇબ્રાહીમ ઉંધો પડીને હસ્યો (ઉત્પ. ૧૭ ; ૧૭ : ૧૯ ; ૨૧). તેમજ તેની મા પણ બે વખત હસી, એ ઉપરથી પુત્રનું નામ ઇસ્હાક (હસનાર) પાડવામાં આવ્યું હશે. પોતાના પિતાની માફક તે પણ બહુ વિશ્વાસુ હતો. ઇબ્રાહીમ જ્યારે તેનું દહન્યાર્પણ કરવાને જતો હતો, ત્યારે યહોવાહે આકાશથી વાણી કાઢી ઇસ્હાકનો બચાવ કીધો હતો. તેણે પોતાની માના મરણને લીધે ત્રણ વર્ષ સુધી શોક પાળ્યો. ઇશ્વરના બંદોબસ્તની યાદ રાખી તેણે એકજ સ્ત્રી સાથે લગ્ન કીધાં. ૧૭ વર્ષની ઉમરે તેની મા સારાહ મરણ પામી અને ૨૫ વર્ષની ઉમરે ઇબ્રાહીમે તેનો યજ્ઞ કરવાનું કીધું. ૪૦ વર્ષે તેણે રિબ્કાહની સાથે લગ્ન કીધાં. ૬૦ વર્ષની ઉમરે ઇશ્વરના વચન મુજબ તેને યાકુબ અને એશાવ નામના બે પુત્ર થયા. થયા. ૭૫ વર્ષની ઉમરે તેનો પિતા ઇબ્રાહીમ મરણ પામ્યો. તે પોતાના પિતાના મરણ પછી બેર-લ્હાહાય-રોઇ પાસે જઇ રહ્યો. તેના વખતમાં જ્યારે દુકાળ પડયો ત્યારે પલિસ્તીઓના રાજા અબીમેલેખ પાસે ગરારમાં ગયો, ત્યાં તે પોતાની સ્ત્રી વિષે પોતાના બાપની માફક જુઠું બોલ્યો. આ જગ્યાએ યહોવાહે તેને આશીર્વાદ દીધો અને બહુ વધાર્યો. પણ પલિસ્તીઓએ તેની અદેખાઇ કરી તેથી ત્યાંથી તે નીકળી ગરારના નીચાણમાં આવી રહ્યો. પછી ત્યાંથી નીકળી બેર-શેબામાં ગયો (ઉત્પ. ૨૬). અહિં પ્રભુએ તેને બીજું દર્શન દીધું ને કહ્યું કે, "ઇબ્રાહીમને લીધે હું તને આશીર્વાદ દઇશ, અને તારૂં સંતાન વધારીશ." પછીથી પલિસ્તીના રાજા અબીમેલેખે માણસો મોકલી ઇસ્હાકની સાથે દોસ્તીનો કરાર કીધો. પછી ઇસ્હાક જ્યારે ૧૦૦ વર્ષનો હતો, ને એસાવ ૪૦ વર્ષનો થયો ત્યારે એસાવે યહૂદીથ અને બાસમાથની સાથે લગ્ન કીધાં (ઉત્પ. ૨૬ ; ૩૪). જ્યારે ઇસ્હાક ૧૨૩ વર્ષની ઉમરનો થયો ત્યારે તેનો ભાઇ ઇશ્માએલ મરણ પામ્યો ; તે વખતે તેનો મરનાર ભાઇ ૧૩૭ વર્ષનો હતો (ઉત્પ. ૨૫ ; ૧૭).

ઇસ્હાક જ્યારે ઘરડો થયો અને તેની આંખનું તેજ ઘટયું, ત્યારે તેણે પોતાના દીકરાઓને બોલાવીને આશીર્વાદ આપ્યો, જેમાં યાકુબે ઠગાઇથી પોતાના ભાઇ એસાવનો આશીર્વાદ પોતે લીધો, ને યાકુબ હારાન તરફ વિદાય થયો. આ વખતે ઇસ્હાકની ઉમર ૧૩૭ વર્ષની હતી. ૧૫૧ વર્ષની ઉમરે યાકુબને યુસફ જન્મ્યો. ૧૫૭ વર્ષની ઉમરે યાકુબ હારાનથી પાછો આવ્યો. ૧૬૮ વર્ષની ઉમરે પુત્ર યુસફને ખાડામાં નાખી દેવામાં આવ્યો. આખરે ઇસ્હાક ઘણો વૃદ્ધ થઇ, યાકુબ અને તેના સર્વે દીકરાઓની મુલાકાત કરી હેબ્રોનમાં ૧૮૦ વર્ષની વયે મરણ પામ્યો અને માખ્પેલાહની ગુફામાં તેને દાટવામાં આવ્યો (૨૭ : ૨૮ : ૩૫; ૨૭, ૨૮, ૨૯: ૪૯; ૩૧). ઘણી વખતે ઇબ્રાહીમ, ઇસ્હાક અને યાકુબની વાત શાસ્ત્રમાં એક સાથે કરવામાં આવે છે, કેમકે ત્રણેને મશીહ વિષે તથા તેમની કોમ વિષે વચન આપવામાં આવ્યું હતું (નિર્ગ. ૩૩ ; ૧). વળી ખ્રીસ્તે પોતે જણાવ્યું કે તેઓ ત્રણે આકાશના રાજ્યમાં બેઠા છે (માત્થી. ૮; ૧૧. લુક ૨૦ ; ૩૭, ૩૮). ખ્રીસ્તીઓને માટે પણ એ મોટી પદવી છે કે, તેઓ ઇસ્હાકની માફક વચનના વારસ છે (ગલા. ૪; ૨૩-૩૧). ઇસ્હાકને એકલું રહેવું, ઇશ્વરનું ધ્યાન કરવું અને પ્રાર્થના કરવી, એ તેની ખાસ આદત હતી. તે સ્વભાવે શાંત, મિલનસાર અને ધીરજવાન હતો.

ઇસ્હાક = વચનનો પુત્ર (ઉત્પ. ૧૭; ૧૯, ૨૧ : ૨૧; ૩-૫, ૮, ૧૦, ૧૨). અર્પણ (ઉત્પ. ૨૨; ૨, ૩, ૬, ૭, ૯). રિબ્કાહ સાથે લગ્ન (ઉત્પ. ૨૪; ૪, ૧૪, ૬૨, ૬૩, ૬૬, ૬૭ : ૨૫; ૫, ૬, ૯, ૧૧, ૧૯-૨૧, ૨૬, ૨૮). અબીમેલેખ સાથે (૨૬ ; ૧, ૬, ૮, ૯, ૧૨, ૧૬-૨૦, ૨૭, ૩૧, ૩૨, ૩૫). યાકુબે ઠગ્યો (૨૭; ૧, ૫, ૨૦-૨૨, ૨૬, ૩૦, ૩૨, ૩૩, ૩૭, ૩૯, ૪૬ : ૨૮; ૨૭-૨૯). બીજી જગ્યા (૪૬; ૧ : ૪૮; ૧૫, ૧૬ : ૪૯; ૩૧ : ૫૦; ૨૪. નિર્ગ. ૨ ; ૨૪: ૩; ૬, ૧૫, ૧૬ : ૪; ૫ : ૬; ૩, ૮: ૩૨ ; ૧૩ : ૩૩; ૧. લેવી. ૨૬ ; ૪૨. ગણ. ૩૨ ; ૧૧. પુન. ૧; ૮ : ૬; ૧૦ : ૯; ૫, ૨૭ : ૨૯; ૧૩ : ૩૪; ૪. યહો. ૨૪; ૩, ૪. ૧ રા. ૧૮ ; ૩૬. ૨ રા. ૧૩ ; ૨૩. ૧ કાળ. ૧ ; ૨૮, ૩૪ : ૧૬; ૧૬ : ૨૯; ૧૮. ૨ કાળ. ૩૦ ; ૬. ગીત. ૧૦૫; ૯. યિર્મે. ૩૩ ; ૨૬. આમો. ૭ ; ૯, ૧૬). નવા કરારમાં આવતી વાત (માત્થી ૧; ૨ : ૮; ૧૧ : ૨૨; ૩૨. માર્ક ૧૨ ; ૨૬. લુક ૩ ; ૩૪ : ૧૩ ; ૨૮ : ૨૦ ; ૩૭. પ્રે. કૃ. ૩ ; ૧૩ : ૭; ૮. રૂમી. ૯; ૧૦. ગલા. ૪; ૨૮. હેબ્રી. ૧૧ ; ૯, ૧૭, ૨૦. યાકુ. ૨ ; ૨૧.

ઉઝીએલ = દેવની ઇચ્છા (?). બાનીના પુત્રોમાંનો એક કે જેણે પરદેશી સ્ત્રી સાથે લગ્ન કીધું હતું (એઝ. ૧૦ ; ૩૪).

ઉક્કાલ = હું જીત મેળવીશ. દર્ષ્ટાં. ૩૦ ; ૧ માં એક માણસનું નામ આપવામાં આવ્યું છે કે જેની આગળ આગૂરનાં વચનો કહેવામાં આવ્યાં છે.

ઉઝાય (નહે. ૩ ; ૨૫). યરૂશાલેમનો કોટ બાંધવામાં જેણે ભાગ લીધો તેનો એટલે પાલાલનો પુત્ર (નહે. ૩ ; ૨૫).

ઉઝાલ = ભટકનાર. યોકટાનવંશી એક માણસ હતો (ઉત્પ. ૧૦ ; ૨૭. ૧ કાળ. ૧ ; ૨૧) જે અરબની એક કોમનો પૂર્વજ હતો. વળી આ કોમે જે દેશ વસાવ્યો હતો, તેનું તથા તેના મુખ્ય શહેરનું પણ એજ નામ ઘણું કરીને પાડયું હતું. આ શહેર અરબસ્તાનના યમન પ્રાંતનું મુખ્ય શહેર છે જેને પહેલાં ઉઝાલ કહેતા હતા. પણ પાંચમા સૈકાથી તેનું નામ 'સાનઆ' છે. પહેલાંના વખતમાં શહેરની શોભા અને આબાદી હાલના કરતાં ઘણી સારી હતી. હાલ પણ તેના વિષે જોનારા કહે છે કે, બગીચા તથા ફળફળાદી અને પાણીનાં નાળાંને લીધે શહેર દમસ્ક જેવું સુંદર દેખાય

છે. કહે છે કે, તે કોટબંધ અને કિલ્લેદાર શહેર છે. અને યમન પ્રાંતનાં બીજાં બધાં શહેરો કરતાં આ શહેર ખુબસુરત છે.

ઉઝ્ઝા = શક્તિ. (૧) યરૂશાલેમમાં રાજ્ય મહેલ આગળ આ નામની એક વાડી હતી, જ્યાં રાજા મનાશ્શેહને અને તેના પુત્ર આમોનને દાટયા હતા (૨ રા. ૨૧; ૧૮, ૨૬). (૨) (૧ કાળ. ૮; ૭). એક બિન્યામીની. (૩) (૧ કાળ. ૧૩; ૭, ૯-૧૧. જુઓ ઉઝ્ઝાહ). (૪) ગુલામગીરીમાંથી જેઓ પાછા ફર્યા તેમાં ઉઝ્ઝાના પુત્રો પણ હતા (એઝ. ૨; ૪૯. નહે. ૭; ૫૧).

ઉઝ્ઝાહ = બળ. (૧) અબીનાદાબ કે જેને ઘેર કિર્યાથ-યઆરીમના માણસોએ પલિસ્તીઓના દેશમાંથી કરારકોષ પાછો આણી મુક્યો હતો (૧ શમૂ. ૭; ૧). તે અબીનાદાબનો પુત્ર ઉઝ્ઝાહ હતો. દાઉદ જ્યારે આ કરારકોષ અબીનાદાબને ત્યાંથી યરૂશાલેમમાં લાવતો હતો, ત્યારે ઉઝ્ઝાહ તથા તેનો ભાઇ આહ્યો ગાડું હાંકતા હતા; રસ્તામાં જ્યારે આવતા હતા ત્યારે નાખોનના ખળા પાસે બળદોએ ઠોકર ખાધી, ને કોષ ડગ્યો ત્યારે ઉઝ્ઝાહે કોષને હાથ લગાડયો. અને એમ પ્રભુનો નિયમ (ગણ. ૪; ૧૫) તોડવાથી ઉઝ્ઝાહ ત્યાંજ માર્યો ગયો. અને ત્યાર પછી તે જગ્યાનું નામ 'પેરેસ-ઉઝ્ઝા' પડયું છે (૧ કાળ. ૧૩; ૧૧). દાઉદને આ બનાવથી યહોવાહનો ડર લાગ્યો, ત્યારે કરારકોષ યરૂશાલેમ નહિ લઇ જતાં ઓબેદ-અદોમ ગિત્તીના ઘરમાં મુક્યો (૨ શમૂ. ૬; ૨, ૧૧. ૧ કાળ. ૧૩; ૬-૧૩). (૨) (૧ કાળ. ૬; ૨૯).

ઉઝ્ઝી = મારૂં બળ પ્રભુ છે. (૧) હારૂનવંશી બુક્કીનો પુત્ર (૧ કાળ. ૬; ૫, ૫૧. એઝ. ૭; ૪). (૨) યિસ્સાખારના પુત્ર તોલાનો પુત્ર (૧ કાળ. ૭; ૨, ૩). (૩) બિન્યામીની મુખ્ય પુરૂષ (૧ કાળ. ૯; ૮). (૪) બિન્યામીનનો પૌત્ર અને બેલાનો પુત્ર (૧ કાળ. ૭; ૭). (૫) બાનીનો પુત્ર જે ગુલામગીરીમાંથી આવ્યા પછી લેવીઓનો ઉપરી હતો (નહે. ૧૧; ૨૨). (૬) યદાયાહના ઘરનો મુખ્ય પુરૂષ જે યાજક હતો (નહે. ૧૨; ૧૯). (૭) યરૂશાલેમના કોટની પ્રતિષ્ઠામાં ભાગ લેનાર એક યાજક હતો (નહે. ૧૨; ૪૨).

ઉઝ્ઝીએલ = પ્રભુનું બળ. (૧) કહાથના પુત્રોમાંનો એક અને હારૂનનો કાકો (નિર્ગ. ૬; ૧૮, ૨૨. લેવી. ૧૦; ૪. ગણ. ૩; ૧૯, ૩૦. ૧ કાળ. ૬; ૨, ૧૮: ૧૫; ૧૦: ૨૩; ૧૨, ૨૦: ૨૪; ૨૪). (૨) શિમઓની સરદાર (૧ કાળ. ૪; ૪૨). (૩) બિન્યામીનનો પૌત્ર અને બેલાનો દીકરો (૧ કાળ. ૭; ૭). (૪) વાજીંત્ર વડે સેવા કરવાને દાઉદે જે માણસોની નીમણુક કરી તેમાંનો એક હેમાનનો પુત્ર (૧ કાળ. ૨૫; ૪). કલમ ૧૮ મી તેને અઝારએલ કહે છે. (૫) યદૂથૂનના પુત્રોમાંનો એક ઉઝ્ઝીએલ (૨ કાળ. ૨૯; ૧૪). (૬) હાર્હયાહનો પુત્ર (નહે. ૩; ૮). ઉઝ્ઝીએલીઓનું કુટુંબ (ગણ. ૩; ૨૭. ૧ કાળ. ૨૬; ૨૩).

ઉઝ્ઝીયા = પ્રભુ મારૂં બળ છે. દાઉદના સૈન્યના યોદ્ધાઓમાંનો એક (૧ કાળ. ૧૧; ૪૪).

ઉઝ્ઝીયાહ = પ્રભુ મારૂં બળ છે. (૧) લેવીપુત્રોમાંનો એક (૧ કાળ. ૬; ૨૪). (૨) દાઉદના ભંડારોના ઉપરી યહોનાથાનનો પિતા (૧ કાળ. ૨૭; ૨૫). (૩) એક યાજક (એઝ. ૧૦; ૨૧). (૪) યરૂશાલેમમાં જેઓ રાજી ખુશીથી વસ્યા તેમાંના અથાયાહનો પિતા (નહે. ૧૧; ૪). (૫) યહુદાહનો રાજા ઉઝ્ઝીયાહ (૨ રા. ૧૫; ૧૩. ૨ કાળ. ૨૬; ૨૨. જુઓ અઝાર્યાહ ૨ રા. ૧૪; ૨૧: ૧૫; ૫. ઇત્યાદી).

ઉઝ્ઝેન-શેઅરાહ (૧ કાળ. ૭; ૨૪). એફ્રાઇમની દીકરી શેઅરાહે આ શહેર વસાવ્યું, અને પોતાના નામ પરથી આ શહેનું નામ શેઅરાહ પાડયું. ઘણું કરીને આ શહેર બેથ-હોરોન પાસે આવેલું હતું.

ઉથાય = મદદગાર. (૧) યહુદાહના પુત્ર પેરેસના વંશજોમાંનો આમ્મીહૂદનો પુત્ર (૧ કાળ. ૯ ; ૪). (૨) એઝરાની સાથે જેઓ બાબેલથી નીકળી આવ્યા હતા તેમાંનો બિગ્વાયનો પુત્ર (એઝ. ૮ ; ૧૪).

ઉન્ની = દુ:ખી. (૧) ઓબેદ-અદોમના ઘરથી જ્યારે કરારકોશ યરૂશાલેમમાં લાવવામાં આવ્યો ત્યારે આ લેવીએ તેમાં ભાગ લીધો હતો (૧ કાળ. ૧૫; ૧૮, ૧૯). (૨) ઝરૂબ્બાબેલની સાથે જે બંદીપ્રવાસી પાછા આવ્યા તેમાંનો એક લેવી (નહે. ૧૨ ; ૯). ત્યાં તેને 'ઉન્નો' કહે છે.

ઉફાઝ = એક જાતનું સોનું. ઓફિરનું બીજું નામ ઘણું કરીને છે (યિર્મે. ૧૦ ; ૯. દાની. ૧૦ ; ૫). એમ છતાં કેટલાક ધારે છે કે દક્ષિણ અરબસ્તાનના યમન પ્રાંતમાં આવેલું એક સંસ્થાન છે.

ઉમ્માહ = સમીપતા. આશેરપુત્રોનાં બાવીસ નગરોમાંનું એક (યહો. ૧૯ ; ૩૦).

ઉર = ચંદ્રનગર. કાસદીઓનું એક શહેર હતું. ઇબ્રાહીમના ભાઇ હારાનની તે જન્મભૂમિ હતી (ઉત્પ. ૧૧ ; ૨૮, ૩૧). ઉત્તર ખાલ્દી કે સિનારનું આ સૌથી મોટું નગર હતું. અને જેમ હકુમતમાં તેમ વેપાર રોજગારનું આ નગર તે દેશનું મધ્યબિંદુ હતું. ફ્રાત નદીના મુખની પશ્ચિમ બાજુ પર તે આવેલું હતું. આ શહેર શિલાજીત નામના રસના ઢગલાને માટે પ્રસિદ્ધ હતું, તેથી તેને 'શિલાજીતનું શહેર' પણ કહેતા. હાલ તે દરિયાકાંઠાથી ૧૫૦ મૈલ ઉપર અને ફ્રાત નદીથી ૬ મૈલ દૂર આવેલું છે. પણ પહેલાંના વખતમાં આ શહેર દરિયાકાંઠાનું ગણાતું હતું, કેમકે ઇરાની અખાતનું પાણી ત્યાં સુધી પહોંચતું હતું. ઉર બાબેલનું બંદર હતું. ત્યાંથી અખાત પર આવેલી વસ્તી સાથે અને દેશાવર જેમ કે હિંદુસ્તાન, ઇથીઓપીઆ અને મિસર સાથે આ બંદરોનો વેપાર સંબંધ ચાલતો હતો. હાલ તે "મુધેઇર"=શિલાજીત નામથી ઓળખાય છે. ખંડેરોમાં જે ઈંટો માલમ પડે છે, તે પર જોતાં માલમ પડે છે કે ઉરનું પુરાતન નામ 'હુર' હતું. હુર તે ચંદ્રનું નામ છે, અને તે દેવીનું મંદિર પણ ત્યાં બાંધવામાં આવ્યું હતું. વળી ઈંટો ઉપર 'ઉરૂખ' બાદશાહનું નામ છે. અને ઇ. સ. પૂ. ૨૦૦૦ પહેલાં તે વસાવવામાં આવ્યું હશે એમ દેખાય છે. એવું ધારવામાં આવે છે કે, ૨૦૦ વર્ષ સુધી ઉર રાજધાનીનું શહેર રહ્યું હતું. ઇ. સ. પૂ. ૫૦૦ માં તેનો નાશ થયો કહેવાય છે. પણ લાંબા વખત સુધી એટલે આસરે ૧૮૦૦ વર્ષ સુધી તે જગ્યા એરેખ (ઉત્પ. ૧૦ ; ૧૦) ની માફક કબરસ્તાનની જગ્યા થઇ, અને પુરાવામાં ઘણીએક કબરો હજી સુધી ત્યાં માલમ પડે છે. આ જગ્યા દફનને માટે લોકો બહુ પવિત્ર ગણતા હતા. ઉર વિષે વિદ્વાનો એક મતના નથી. કેટલાક કહે છે કે તે હાલનું 'મુધેઇર' છે. બીજા કેટલાક કહે છે કે તે વૉર્કા અથવા તો પુરાતન એરેખ (ઉત્પ. ૧૦ ; ૧૦) કે એદેસ્સા છે. ઇબ્રાહીમ કાસ્દીઓનાં આ શહેરમાં જન્મ્યો હતો, અને આ શહેરથી તે કનાનમાં જવાને રવાના થયો હતો (ઉત્પ. ૧૧ ; ૨૮, ૩૧ : ૧૫ ; ૭. નાહ. ૯ ; ૭. પ્રે. કૃ. ૭ ; ૨, ૪). (૨) ઉર (૧ કાળ. ૧૧ ; ૩૫). દાઉદના સૈન્યના યોદ્ધા અલીફાલનો બાપ.

ઉરી = વિજળીક. (૧) મંડપ બાંધવાનું કામ જે બે જણને સોંપવામાં આવ્યું તેમાંના બસાલએલનો પિતા (નિર્ગ. ૩૧ ; ૨). (૨) ગેબેરનો પુત્ર (૧ રા. ૪ ; ૧૯). (૩) એક લેવી (એઝ. ૧૦ ; ૨૪).

ઉરીએલ = પ્રભુ મારૂં અજવાળું. (૧) કહાથ વંશનો એક લેવી હતો (૧ કાળ. ૬ ; ૨૪). (૨) દાઉદના વખતમાં કહાથીઓમાંનો એક મુખ્ય પુરૂષ હતો, જેણે કરારકોશ યરૂશાલેમ લાવવામાં ભાગ લીધો હતો (૧ કાળ. ૧૫ ; ૫, ૧૧). (૩) રાજા રહાબઆમની રાણીઓમાંની એક મીખાયાહ, જે અબીયાહ રાજાની મા, તેનો પિતા (૨ કાળ. ૧૩ ; ૨).

ઉરીયાહ = પ્રભુ મારૂં અજવાળું. (૧) દાઉદના શૂરવીર પુરૂષોમાંનો એક તે હતો. જાતે હિત્તી હતો. તેની સ્ત્રીનું નામ બાથ-શેબા હતું જે ઘણી ફુટડી હતી, દાઉદ તેને જોઇ મોહિત થયો અને તેણીની સાથે પાપ કીધું. અને ત્યાર પછી દાઉદે ઉરીયાહને લડાઇમાં મરાવી નંખાવ્યો, અને બાથ-શેબાને ઘરમાં રાખી (જુઓ બાથ-શેબા ૨ શમૂ. ૧૧). ઉરીયાહ (૨ શમૂ. ૧૧; ૩, ૬, ૧૭ : ૧૨; ૯ : ૨૩; ૩૯. ૧ રા. ૧૫; ૫. ૧ કાળ. ૧૧; ૪૧. માત્થી. ૧; ૬). (૨) આ નામનો એક મુખ્ય યાજક હતો કે જે ઝખાર્યાહ ભવિષ્યવાદીની સાથે માહેર-શાલાલ-હાશ-બાઝ વિષે સાક્ષિ પુરી (યશા. ૮; ૨). ભવિષ્યવાદી યશાયાહે પ્રથમ તેને સારો માણસ ગણ્યો, પણ પછીથી રાજા આહાઝને ખુશી કરવાને માટે મૂર્તિપૂજકોના નમૂના પ્રમાણે વેદી બાંધી. અને યહોવાહના ઘરની જે ખાસ વેદી, તેને ખસેડીને આ નવી વેદી તેની જગ્યાએ મુકી તે પર યજ્ઞો ચઢાવવા લાગ્યો (૨ રા. ૧૫; ૧૦-૧૬). અને એમ આ યાજક આહાઝની બધી મૂર્તિ-પૂજામાં ભાગ્યો થયો હશે (૨ રા. ૧૬; ૧૭, ૧૮ : ૨૩; ૫, ૧૧, ૧૨. ૨ કાળ. ૨૮; ૨૩-૨૫). (૩) યિર્મેયાહ ભવિષ્યવાદીના વખતમાં એક ભવિષ્યવાદી હતો, જે કિર્યાથ-યઆરીમના વતની શમાયાહનો પુત્ર હતો. ભવિષ્યવાત કહેવાથી યહોયાકીમ તેને મારી નાખવાનો હતો, તેથી તે મિસર દેશમાં નાસી ગયો. પણ ત્યાં તે બચી શક્યો નહિ, કેમકે રાજાએ ત્યાંથી પકડી મંગાવી તેને પોતે કતલ કર્યો. અને તેનું અપમાન કરવાને "નીચ લોકોની કબરોમાં તેનું મુડદું નાખ્યું" (યિર્મે. ૨૬; ૨૦—૨૩). આ વખતે યિર્મેયાહનો પક્ષ શાફાનના પુત્ર અહીકામે લીધો હતો. (૪) લેવી મરેમોથનો પિતા હતો (એઝ. ૮; ૩૩. નહે. ૩; ૪, ૨૧). (૫) (નહે. ૮; ૪).

ઉર્બાનસ = વિનયશીલ. રૂમની મંડળીનો એક ખ્રીસ્તી હતો, કે જેને પાઉલ સલામ મોકલે છે. પાઉલ તેના વિષે કહે છે કે, ખ્રીસ્તમાં મારી સાથે કામ કરનાર (રૂમી. ૧૬; ૯).

ઉલામ = અવલ. (૧) મનાશ્શેહપુત્રોમાંના પેરેશનો ભત્રિજો (૧ કાળ. ૭; ૧૬, ૧૭). (૨) બિન્યામીની અશેકનો જ્યેઠ પુત્ર (૧ કાળ. ૮; ૩૯, ૪૦).

ઉલાય = વહેળીયું (દાની. ૮; ૨, ૧૬). કોરપર નદીના પૂર્વ ફાંટાને આ નામ આપવામાં આવ્યું હતું. આ નદી પર શૂશાન શહેર આવેલું હતું. નદીના આ બે ફાંટા શૂશાન શહેરની ઉત્તરે આશરે ૨૦ મૈલ ઉપર થયા હતા. દાનીએલને જે સંદર્શન થયું તે આ બે ફાંટાની વચ્ચે થયું હતું. ઇરાનના બાદશાહોની સમજમાં આ નદીનું પાણી ઘણું ઉત્તમ ગણાતું હતું, જેથી બીજી નદી કે કુવાનું પાણી તેઓ નહોતા પીતા. જો લડાઇમાં કે બીજા કારણસર બહાર ગામ જાય તો આ નદીનું પાણી તેઓ સાથે લઇ જતા હતા.

ઉલ્લા = જુંસરી. આશેરપુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૩૯).

ઉસ = ફળદ્રુપ પ્રદેશ. (૧) શેમનો પૌત્ર અને અરામનો પુત્ર (ઉત્પ. ૧૦; ૨૩. ૧ કાળ. ૧; ૧૭). (૨) ઇબ્રાહીમના ભાઇ નાહોરનો વડો પુત્ર (ઉત્પ. ૨૨; ૨૧). (૩) હોરી સેઇરના પુત્રોમાંનો એક જે અદોમ દેશનો સરદાર હતો (ઉત્પ. ૩૬; ૨૮. ૧ કાળ. ૧; ૪૨). (૪) ઉસ દેશ કે જ્યાં અયૂબ રહેતો હતો (અયૂ. ૧; ૧. યિર્મે. ૨૫; ૨૦. વિ. ૪; ૨૧). ફકત આ ત્રણ જગ્યામાં આ નામ આવે છે. ઘણું કરીને અદોમની ઉત્તરે પાલેસ્ટાઇનના અગ્નિ કોણમાં કોઇ જગ્યાએ આ દેશ આવેલો હતો. કદાપી તે દેશ શેમના પૌત્રે વસાવ્યો હશે (ઉત્પ. ૧૦; ૨૩).

એકેર (૧ કાળ. ૨; ૨૭). યહુદાહ વંશમાંના યરાહમએલના જ્યેષ્ટ પુત્ર રામના ત્રણ પુત્રોમાંનો ત્રીજો પુત્ર હતો.

એક્રોન=સત્યાનાશ, વિદેશગમન. પલિસ્તીઓનાં પાંચ મશહુર શહેરોમાંનું એક હતું, જે ગાથ શહેરની ઉત્તરે ૧૧ મૈલ ઉપર આવેલું હતું. તે પ્રથમ યહુદાહના ભાગમાં આવેલું હતું (યહો. ૧૩; ૩). પણ ત્યાર પછી દાન કુળના કબજામાં આવ્યું (યહો. ૧૯; ૪૩). અને ત્યાર પછી પલિસ્તીઓના કબજામાં પુરી રીતે આવ્યું (૧ શમૂ. ૫; ૧૦). કરાર-કોષના સંબંધમાં એક્રોન પ્રસિદ્ધ છે. કોષ પલિસ્તીઓના દેશમાં સાત મહિના રહ્યો અને છેલ્લામાં છેલ્લો એક્રોનમાં હતો. આ વખતે પલિસ્તીઓનો ભારે ઘાણ વળ્યો તેથી કરીને કોષને ઇસ્રાએલીઓના દેશમાં મોકલી દીધો. એક્રોનથી સાત મૈલ દૂર બેથ-શેમેશ ગામ આવેલ હતું ત્યાં યહોશુઆ બેથ-શેમેશીના ખેતરમાં કોષનું ગાડું આવીને થોભ્યું હતું. એક્રોન બઆલ-ઝબૂલ દેવતાની પવિત્ર તિર્થની જગ્યા હતી (૨ રા. ૧; ૨, ૩, ૬, ૧૬). પલિસ્તીઓનાં બીજાં શહેરો સાથે આ શહેરના નાશ વિષે ભવિષ્ય કહેવામાં આવ્યું છે (યિર્મે. ૨૫; ૨૦. આમો. ૧; ૮. સફા. ૨; ૪. ઝખા. ૯; ૫, ૭). હાલ આ મશહુર શહેરની જગ્યાએ કેવળ એક ગામડું જોવામાં આવે છે જેને 'અકીર' કહે છે. તેમાં હાલ ૪૦ કે ૫૦ માટીના ઘર માત્ર જોવામાં આવે છે. પણ બે પુરાતન કુવા જોઇને લોકો આગલા એક્રોનને યાદ કરે છે.

એગ્લાઇમ=બે કુંડ. યશા. ૧૫; ૮ માં આ નામ આવે છે. હઝ. ૪૭; ૧૦માં તેને એન-એગ્લાઇમ કહે છે. તે જગ્યા મૃત સમુદ્રની પાસે આવેલી હતી.

એગ્લાહ=વાછરડી. તે દાઉદની સ્ત્રી અને દાઉદના છઠ્ઠા પુત્ર યિથ્રઆમની મા હતી (૨ શમૂ. ૩; ૫. ૧ કાળ. ૩; ૩). યહુદી લોકની દંતકથા પ્રમાણે આ એગ્લાહ તેજ દાઉદની સ્ત્રી મીખાલ છે.

એગ્લોન = આખલો, વાછરડાની જગ્યા. (૧) મોઆબી કુળનો એક રાજા હતો. યહોવાહે ઇસ્રાએલીઓની ભુડાઇને લીધે, તેમને આ રાજાના હાથમાં સોંપ્યા. આ રાજાએ આમ્મોન તથા અમાલેકપુત્રો સાથે સંપ કરીને ઇસ્રાએલીઓને માર્યા, ને 'ખજુરીઓનું નગર' જીતી લીધું. અત્યાર સુધી યરેખો (=ખજુરીઓનું નગર) પુરી રીતે બંધાયું હતું, છતાં કિલ્લાની માફક નહિ. મોઆબી રાજા એગ્લોને આ શહેર તાબે કરી તેને રાજ્યધાનીનું શહેર બનાવ્યું, અને ૧૮ વર્ષ સુધી ઇસ્રાએલીઓએ મોઆબની તાબેદારી કરી, પણ જ્યારે ઇસ્રાએલપુત્રોએ યહોવાહ ભણી પોકાર કીધો ત્યારે યહોવાહે બિન્યામીની ગેરાના પુત્ર એહૂદને મોકલી ઇસ્રાએલીઓને તેના હાથથી છોડાવ્યા. એહૂદે એગ્લોનને કટારથી માર્યો. (૨) આજ નામનું એક શહેર યહુદાહ પ્રાંતમાં લાખીશ શહેરની પાસે આવેલું હતું (યહો. ૧૦; ૩-૩૭: ૧૨; ૧૨: ૧૫; ૩૯). આ શહેરનો રાજા યહોશુઆની સામે થયો, પણ તેને યહોશુઆએ તમામ હરાવ્યો અને તેનો તથા શહેરનો નાસ કીધો. આજ સુધી આ શહેરનું ખડેર, 'અઝા'થી ૧૪ મૈલ દૂર જોવામાં આવે છે જે હાલ 'ટેલ-હેસી' નામથી ઓળખાય છે.

એઝબાય (૧ કાળ. ૧૧; ૩૭). દાઉદના યોદ્ધાઓમાંના નાઅરાય નામના એક યોદ્ધાના બાપનું નામ એઝબાય હતું.

એઝરા=સાહ્ય, મદદ. એઝરા શાસ્ત્રી કે જેણે પવિત્રશાસ્ત્રનું એક પુસ્તક લખ્યું છે. એઝરા બાબેલના બંદીપ્રવાસમાંથી યહુદીઓનો બીજો કાફલો લઇને યરૂશાલેમ આવ્યો (ઇ. સ. પૂ. ૪૫૯). આ વખતે બાબેલમાં આર્તાહ-શાસ્તા કરીને રાજા હતો (ઇ. સ. પૂ. ૪૬૫-૪૨૪). એઝરા સરાયાહનો પુત્ર કે પૌત્ર હતો (૨ રા. ૨૫; ૧૮-૨૧). આ સરાયાહ હારૂનના પૌત્ર ફીનહાસના વંશનો હતો (એઝ. ૭; ૧-૫). તેનો પોતાનો ઇતિહાસ એઝરાના પુસ્તકના છેલ્લા ચાર અધ્યાયોમાં અને નહે. ૮ અને ૧૨; ૨૬ માં સમાએલો છે. આર્તાહશાસ્તા રાજાના રાજ્યને સાતમે

વર્ષે એઝરાને ઇસ્રાએલી કાફલા સાથે યરૂશાલેમ જવાને રજા મળી (એઝ. ૮). આ વખતે રાજાએ એઝરા શાસ્ત્રી ઉપર ઘણી મહેરબાની દેખાડી, અને તેની બધી માગણીઓ પુરી પાડી. મંદિર બાંધવાને ઘણા પ્રકારની ભેટો આપી. પછી એઝરાએ ઇસ્રાએલ બંદીપ્રવાસીઓમાંના આસરે ૫,૦૦૦ માણસોને આહવા નદી ઉપર કૂચ કરવાને માટે તૈયાર કીધા, અને ત્યાં ત્રણ દિવસ રહીને ચાર મહિને યરૂશાલેમ પહોંચ્યા. ત્યાં ગયા પછી તેણે ધર્મનું તથા રાજ્ય સંબંધીનું જે કામ કીધું તે પુસ્તકમાં લખવામાં આવ્યું છે. ત્યાર પછી આસરે ૧૪ વર્ષ એટલે ઇ. સ. પૂ. ૪૪૫ સુધી એઝરાએ શું કીધું તેની કંઇ નોંધ શાસ્ત્રમાં લેવામાં આવી નથી. પણ ઇ. સ. પૂ. ૪૪૫ માં આપણે ત્યાં નહેમ્યાહ ભવિષ્યવાદીને ઇસ્રાએલી બંદીપ્રવાસીઓનો ત્રીજો કાફલો લઇને આવેલો જોઇએ છીએ. યરૂશાલેમ આવ્યા પછી તેણે પર દિવસમાં યરૂશાલેમનો કોટ બાંધ્યો, અને કેટલીક બાબતમાં ધર્મનો સુધારો કીધો. "એઝરા મુસાના નિયમશાસ્ત્રમાં પ્રવિણ હતો." અને પોતે યાજકના કામ કરતાં શિક્ષકનું કામ ઘણું સારી રીતે કરી શકતો હતો. તેના છેવટના હાલ વિષે કંઇ જાણવામાં આવ્યું નથી. કાળવૃતાંતનું પુસ્તક પણ તેણેજ લખ્યું હશે. સોળમા સૈકા પહેલાં એઝરા નહેમ્યાહ એ પુસ્તક જુદાં ગણાતાં નહિ પણ એકજ પુસ્તક ગણાતું. અને હસ્તલેખ આલેફ, એ અને બીમાં પણ બંને પુસ્તકોનું એકજ પુસ્તક ગણાતું હતું. (૨) ઝરૂબ્બાબેલની તથા યેશુઆની સાથે જે યાજકો યરૂશાલેમ પાછા આવ્યા તેમાંનો એક હતો (નહે. ૧૨ ; ૧). (૩) એઝરાહ (૧ કાળ. ૪ ; ૧૭. નહે. ૧૨ ; ૧૩, ૨૬, ૩૩, ૩૬).

એઝરાનું પુસ્તક (અધ્યાય ૧-૬). કોરેશ રાજાની રાજ્યકારકીર્દીને પહેલે વર્ષે (ઇ. સ. પૂ. ૫૩૬) ઇસ્રાએલી બંદીપ્રવાસીઓ પહેલવહેલા ઝરૂબ્બાબેલની સરદારી નીચે

યરૂશાલેમમાં આવ્યા, ત્યાંથી માંડીને દારીયસ હિસ્તાસ્પસ (ઇ. સ. પૂ. ૫૧૨) ના છઠ્ઠા વર્ષ સુધીનો ઇતિહાસ. છઠ્ઠા અધ્યાયના અંતથી સાતમા અધ્યાય સુધીનો આસરે ૬૦ વર્ષનો ઇતિહાસ લખવામાં આવ્યો નથી. આ ભાગમાં ઝરૂબ્બાબેલ તથા મંદિર વિષે વાત છે. (૨) અધ્યાય ૭–૧૦. એઝરા શાસ્ત્રીની સરદારી નીચે બંદીપ્રવાસીઓનો બીજો કાફલો આર્તાહશાસ્તા રાજાના રાજ્યને સાતમે વર્ષે યરૂશાલેમ આવ્યો. અને ત્યાં આવ્યા પછી જે જે વાતો બની તે આ અધ્યાયોમાં સમાયલી છે. આ બીજા ભાગમાં એઝરા તથા ધર્મસુધારા વિષેની વાત સમાયલી છે.

એઝેર = સાહ્ય. (૧) હોરી સેઇરના પુત્ર કે જેઓ અદોમ દેશમાં સરદારો હતા તેમાંનો એક (ઉત્પ. ૩૬ ; ૨૧ : ૨૭; ૩૦. ૧ કાળ. ૧ ; ૩૮). (૨) હુસાહનો પિતા (૧ કાળ. ૪ ; ૪). (૩) એફ્રાઇમપુત્રોમાંનો એક (૧ કાળ. ૭ ; ૨૧). (૪) દાઉદને શીકલાગમાં જે શૂરવીરો આવી મળ્યા તેમાંનો એક (૧ કાળ. ૧૨ ; ૯). (૫) કોટની મરામત કરનાર એક લેવી (નહે. ૩ ; ૧૯). (૬) એક યાજક (નહે. ૧૨ ; ૪૨).

એઝેલ = જુદા પડવું. શાઉલના ઘરની પાસે ગિબયાની આગળ એક ખેતરમાં આ નામનો પત્થર કે પત્થરનો ઢગલો હતો, જે જગ્યાએથી યોનાથાન તથા દાઉદ એક બીજાને મળીને વિદાય થયા (૧ શમૂ. ૨૦ ; ૧૯, ૪૨).

એઝ્રાહી (૧ રા. ૪; ૩૧). ગીત ૮૯ અને ૮૮ નું મથાળું ઝેરાહના બે દીકરા એથાન અને હેમાનનું તે પદવીસૂચક નામ છે (૧ કાળ. ૨ ; ૬).

એઝ્રી = યહોવાહની સાહ્ય. દાઉદના વખતમાં જમીનના ખેડાણ માટે ખેતરનું કામ કરનારાઓનો ઉપરી કબૂલનો દીકરો એઝ્રી હતો (૧ કાળ. ૨૭; ૨૬).

એટામ = શિકારી પક્ષીઓનું રહેઠાણ. (૧) શિમઓન કુળનું એક શહેર છે (૧ કાળ. ૪ ;

૩૨). શામશૂન પલિસ્તીઓનાં બધાં ખેતરોનો આગળથી સંહાર કરીને એટામ ખડકની ખોહમાં આવી રહ્યો (ન્યાયા. ૧૫; ૮, ૧૧). આ શહેર પહાડોમાં બાંધેલું હતું, તેથી કરીને કુદરતિ રીતે કિલ્લાબંધ થએલું હતું. હાલ શોરાહ અને એસ્તાઓલની પાસે બેથલેહેમની પશ્ચિમે 'બેત-અટાબ' નામનું એક ગામ છે કે જેને લોક પુરાતન એટામ કહે છે. (૨) રહાબઆમે યરૂશાલેમમાં રહીને યહુદાહમાં રક્ષણને અર્થે જે નગરો બાંધ્યાં તેમાંનું એક એટામ હતું (૨ કાળ. ૧૧; ૫). યુસેફસના ઇતિહાસથી માલમ પડે છે કે રાજા સુલેમાને નહેર બનાવીને ત્યાંનું સઘળું પાણી યરૂશાલેમના બાદશાહી બાગ બગીચામાં વાળ્યું હતું. કહે છે કે, 'ઉરતાસ ખીણ'ની પાસે 'એન-અટાન' નામનું એક ગામ આવેલ છે, તે પુરાતન એટામ છે તે બેથલેહેમથી દોઢ મૈલ દૂર છે. ત્યાં કેટલાએક પાણીના ઝરા તથા પહાડોની ખોહ જોવામાં આવે છે.

એડ્રેઇ = બળવાન, જોર. (૧) બાશાનના રાજ્યનું મુખ્ય શહેરોમાંનું તે એક હતું (યહો. ૧૨; ૪, ૫) અહિં બાશાનનો રાજા ઓગ ઇસ્રાએલીઓથી હાર્યો (ગણ. ૨૧; ૩૩-૩૫). આ શહેર થોડો વખત સુધી મનાશ્શેહને કબજે રહ્યું પણ ત્યાર પછી બારવટીઆ અને લૂટારાનું રહેઠાણ થયું (યહો. ૧૩; ૩૧). ઉપલી લડાઇ ઇ. સ. પૂ. ૧૪૫૨ માં થઇ હતી, ત્યાર પછી આ શહેરનું નામ પવિત્ર શાસ્ત્રમાં ફક્ત બે વાર આવે છે (પુન. ૫; ૪. યહો. ૧૨; ૪); પણ ઇતિહાસથી માલમ પડે છે કે ૨૦૦૦ વર્ષ સુધી એટલે ઇ. સ. ૯૦૦ સુધી આ શહેર મશહુર હતું. એદ્રાનાં અસલ મકાનો હાલ જોવામાં આવે છે કે જેનાં બારીબારણાં, ભીંતો અને છાપરા સર્વે પત્થરે બાંધેલાં આવે છે. સપાટીથી શહેરની ઉચાઇ ૨૦ ફીટ, લંબાઇ ૨ાા માઇલ અને પહોળાઇ ૧ાા મૈલની છે. ઇ. સ. ૧૮૫૪ માં આ શહેરમાં ૫૦ ઘર મોજુદ જોવામાં આવ્યાં હતાં. (૨) આ શહેર નાફતાલીના ભાગમાં આવેલું હતું (યહો. ૧૯; ૩૭). આ શહેર કાદેશની પાસે હતું એમ લાગે છે. હાલ કાદેશથી ૨ મૈલ દૂર જે શહેરના ખંડેરો જોવામાં આવે છે તે ઘણું કરીને એડ્રેઇ શહેરજ હશે.

એથ-કાસીન = ઝબુલૂન પુત્રોના વતનની સરહદ પર ગાદ-હેફેરની પૂર્વગમ આ જગ્યા આવેલી હતી (યહો. ૧૯; ૧૩).

એથાન = કઠણ, દઢ. (૧) આ નામનો એક લેવી હતો (૧ કાળ. ૨; ૬, ૮). તેને એથાન એઝ્રાહી કહે છે. જ્ઞાનમાં તેની કીર્ત્તિ ફેલાઇ હતી (૧ કાળ. ૪; ૩૧). ગીત ૮૯નો તે કર્ત્તા જણાય છે. (૨) મરારીપુત્રોમાંનો એક. યહોવાહના ઘરમાં ગાયનસેવા ઉપર હતો (૧ કાળ. ૬; ૪૪: ૧૫; ૧૭, ૧૯). અને ૧ કાળ. ૯; ૧૬: ૨૫; ૧, ૬ માં તેને 'યદૂથૂન' કહે છે. આ યદૂથૂન ગીતશાસ્ત્રમાંનાં ૩૯, ૬૨, ૭૭ ગીતોનો કર્ત્તા જણાય છે. કેટલાક માણસો આ બંને પુરૂષોને એક ને એકજ ધારે છે.

એથામ = સમુદ્રની સરહદનો પ્રદેશ. કદાચ પુરાતન મિસરી ભાષાના 'આટીઓમ' શબ્દ ઉપરથી એથામ શબ્દ થયો હશે. અને એમ હોય તો તેનો અર્થ 'સમુદ્રની સરહદ' કે 'સમુદ્રનો પ્રાંત' એવો થાય છે. ઇસ્રાએલીઓએ મિસરમાંથી નીકળીને પોતાનો ત્રીજો મુકામ અહિં કીધો હતો (નિર્ગ. ૧૩; ૨૦. ગણ. ૩૩; ૬). તેમનો આ મુકામ હાલના 'ઇસમાલીઆ'ની થોડે દૂર પશ્ચિમે હતો. અહિં આગળ ઇસ્રાએલીઓને હુકમ મળ્યો કે તમો પાછા વળીને બાલસફોનની સામેના પીહાહીરોથમાં છાવણી કરો (નિર્ગ. ૧૪; ૨).

એથેર = પુષ્કળ. શિમઓનપુત્રોના કુળનાં વતન ગામોમાંનું એક હતું કે જે યહુદાહપુત્રોના વતન મધ્યે નવ નગરોમાંનું એક હતું (યહો. ૧૫; ૪૨: ૧૯; ૭).

એથ્નાન = બક્ષિસ. યહુદાહપુત્રોમાંના હલઆહનાપુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૪; ૭),

અને ૧ કાળ. ૬; ૪૧ માં દાઉદે યહોવાહના ઘરમાં ગાયનસેવા પર જેમની નેમણુક કીધી તેઓમાંનો એક એથ્નીનો પુત્ર હતો.

એથ્બઆલ = બઆલની સાથે રહેનાર. તે સીદોનીઓનો રાજા, અને ઇસ્રાએલી રાજા આહાબની સ્ત્રી ઇઝેબેલનો બાપ હતો. તેણે ઈ. સ. પૂ. ૯૪૦–૯૦૮ સુધી રાજ્ય કીધું (૧ રા. ૧૬; ૩૧). તે ૩૨ વર્ષ રાજ્ય કરી ૬૮ વર્ષની વયે મરણ પામ્યો. પોતાના પિતાની માફક ઇઝેબેલ રાણીએ પણ બઆલની પૂજા કરી, અને જેમ તેનો પિતા સૂરના બાદશાહને કતલ કરી ગાદીએ બેઠો, તેમ તેની દીકરી ઇઝેબેલને પણ કોઇનો જીવ લેવો એ બહુ નાની વાત હતી (૧ રા. ૧૮; ૧૩ : ૧૯; ૨ : ૨૧; ૧૦). કેટલાએક એમ ધારે છે કે એથ્બઆલ તે આસ્તારોથ દેવીનો યાજક હતો.

એદ = સાક્ષી. અસલ હેબ્રી બાયબલમાં તેમજ વલગેટ તરજુમામાં આ નામ આપવામાં આવ્યું નથી, પણ સુધારેલી આવૃત્તિમાં દાખલ કરવામાં આવ્યું છે. યહો. ૨૨; ૩૪ માં આ નામની એક વેદીનું નામ આવે છે, તે યરદન નદીની પૂર્વમાં ગીલઆદ દેશમાં ઉભી કરવામાં આવી હતી. તે દહનીયાર્પણ કે યજ્ઞો ચઢાવવાને સારૂ નહિ પણ પૂર્વમાં રહેનાર રેઉબેનપુત્રો તથા ગાદપુત્રો તથા મનાશ્શેહપુત્રો અને પશ્ચિમ ગમ રહેનાર બાકીના કુળોની વચ્ચે તે સાક્ષીરૂપ હતી, કે "યહોવાહ એજ દેવ છે." અને એમજ તેમની પેઢીઓમાં સાક્ષ્યરૂપ થવાને માટે આ વેદી ઉભી કરવામાં આવી હતી.

એદન = સુંદર, ખુશનુમા. આ નામનો એક બગીચો હતો કે જ્યાં આપણાં પ્રથમ માબાપને મુકવામાં આવ્યાં હતાં (ઉત્પ. ૨; ૮). આ વાડીને 'યહોવાહની વાડી' એવું નામ આપવામાં આવ્યું છે (ઉત્પ. ૧૩; ૧૦). કેમકે તેણે તેને બનાવી અને માણસ સાથે પહેલવહેલો ત્યાં તે ફરતો હતો. આ વાડી બાએલમાં ઇરાની અખાતની વાયવ્ય કોણમાં હશે. વાડી ચાર નદીઓથી વીંટળાયલી હતી, જેમાંની બે પ્રસિદ્ધ છે, એટલે તીગ્રીસ (=હીદ્દેકેલ) અને ફ્રાત અને બીજી બે પીશોન અને ગીહોન છે. એ ઉપરથી જણાય છે કે વાડી આર્મિનિયામાં તીગ્રીસ અને ફ્રાત નદીઓની વચ્ચે આવેલી હશે. વાડી સર્વ પ્રકારનાં ઝાડોથી ભરપુર હતી કે જેનાં ફળ જોવામાં સુંદર તથા ખાવામાં સારાં હતાં. વાડીની વચ્ચે 'જીવનનું વૃક્ષ' તથા 'ભલું ભૂંડું જાણવાનું વૃક્ષ' હતું. અફસોસની વાત કે આદમ તથા હવાએ પ્રભુની આજ્ઞા તોડી તેથી તેમને આ વાડીની બહાર કાઢવામાં આવ્યાં. આ વાડી આપણે તર્ક બાંધીએ તે કરતાં ઘણી સુંદર હતી. તેનો ખરો અનુભવ આદમ હવાને જ્યારે વાડીથી દૂર કર્યાં ત્યારે થયો હશે! શાસ્ત્રમાં કોઇ પણ સુંદર જગ્યાને એદનની ઉપમા આપવામાં આવે છે (ઉત્પ. ૧૩; ૧૦. યશા. ૫૧; ૩. હઝ. ૨૮; ૧૩ : ૩૧; ૯, ૧૬: ૩૬; ૩૫. યોએ. ૨; ૩. કેટલીક જગ્યામાં એદેન લખ્યું છે).

એદેન = આ નામનું એક શહેર હતું, કે જ્યાંના લોકો સૂરના લોક સાથે સોદાગરી કરતા હતા. અને તેમની બજારોમાંથી કીમતી કિનખાબ વિગેરે સામાન ખરીદતા હતા, પણ આ શહેર ક્યાં હતું તે હાલ માલમ નથી; પણ એટલું તો જણાય છે કે ત્યાંના રહેવાસીઓ મૂર્તિપૂજક હતા (હઝ. ૨૭; ૨૩). (૨) બેથ-એદેન (આમો. ૧; ૫). (૩) લેવીપુત્રોમાંનો એક હતો; તેના પિતાનું નામ યોઆહ હતું (૨ કાળ. ૨૯; ૧૨). (૪) (૨ કાળ. ૩૧; ૧૫).

એદેર = ટોળું, ટોળાનો બુરજ. (૧) આ નામનો એક બુરજ હતો, જે બેથલેહેમ અને હેબ્રોન વચ્ચે આવેલો હતો. બેથલેહેમ મુક્યા પછી યાકુબે આ જગ્યાએ પહેલો મુકામ કીધો હતો (ઉત્પ. ૩૫; ૨૧). મીખાહ ૪; ૮ માં અલંકારિક રીતે બેથલેહેમને 'ટોળાનો બુરજ' એવું નામ આપ્યું

છે, ને કહે છે કે તારાથી એક રાજા નીકળી રાજ્ય કરશે. (૨) નેગેબમાં અદોમની સરહદ ગમ યહુદાહપુત્રોના કુળનાં છેવાડાં નગરોમાંનું એક હતું (યહો. ૧૫; ૩૧). (૩) મુશીના ત્રણ પુત્રોમાંનો બીજો હતો. આ મુશી તે મરારીનો બીજો પુત્ર હતો (૧ કાળ. ૨૩; ૨૩ : ૨૪; ૩૦: ૮; ૧૫).

એનયસ (પ્રે. કૃ. ૯; ૩૩, ૩૪). લુદામાં એક પક્ષઘાતી માણસ હતો, તેને પાઉલે સારો કીધો. ઇસુ ખ્રીસ્તના નામે પીતરે તેને હુકમ કીધો કે "ઉઠ, ને તારૂં બિછાનું પાથર, એટલે તે તરત ઉઠયો." આ ચમત્કાર જોઇને લુદા તથા શારોનના બધા રહેવાસીઓ પ્રભુની ગમ ફર્યા.

એનાન=આંખવાળો. નાફતાલીપુત્રોના અધિપતિ અહીરાનો પિતા એનાન નામનો હતો (ગણ. ૧; ૧૫: ૨; ૨૯: ૭; ૭૮: ૧૦; ૨૭).

એનામ = બે ઝરા. યહો. ૧૫; ૩૪ માં આવનાર એનામ અને એનાઇમ એક ને એકજ છે (ઉત્પ. ૩૮; ૧૪, ૨૧). જુઓ એનાઇમ.

એનોન = ઝરા. સાલીમની પાસે આ નામની એક જગ્યા હતી જ્યાં ઘણા પાણીના ઝરા હતા. યોહાન બાપ્તિસ્મા કરનાર ત્યાં બાપ્તિસ્મા આપતો હતો. આ ઝરાઓનાં પાણી યાબોક નાળાના મુખથી સામી બાજુ યરદન નદીને મળતાં હતાં. એ જગ્યા હાલ 'આઇનુન' નામથી ઓળખાય છે જે પુરાતન એનોન હશે. તે જગ્યા ઉપલા ઝરાઓથી ઉત્તરમાં ચાર મૈલ ઉપર આવેલ છે.

એન-એગ્લાઇમ = બે વાછરડાનો કુવો કે ઝરો. આ નામ કેવળ હઝ. ૪૭; ૧૦ માં આપવામાં આવ્યું છે. આ નામનો એક કુવો અને એક પ્રગણું મૃત સમુદ્રની પશ્ચિમે કોઇ જગ્યા પર આવેલ હતું. કહે છે કે હાલ તે જગ્યાએ ગરમ પાણીનો ખારો ઝરો છે.

એન-ગાન્નીમ = બગીચાનો ઝરો. (૧) યહુદાહના મેદાનમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૩૪), જે યરૂશાલેમની વાયવ્ય કોણમાં ઝાનોઆહ અને તાપ્પુઆહની વચ્ચે આવેલું હતું, જેને હાલ "ઉમ-જીના" કહે છે. (૨) આ નગર યિસ્સાખારમાં આવેલું લેવીઓના કુટુંબોમાંના ગેર્શોનના પુત્રોને આપવામાં આવ્યું હતું (યહો. ૧૯; ૨૧ : ૨૧; ૨૯) જેને ૨ રા. ૯; ૨૭માં 'બગીચાનું ઘર' કહે છે. હાલ તે નગર 'જેનીન' નામથી ઓળખાય છે; તેમાં ૪૦૦૦ માણસની વસ્તી છે. તાબોર પહાડની દક્ષિણે ૧૫ મૈલ ઉપર યઝરીએલથી જવાના સમારીઆ અને યરૂશાલેમના રસ્તા ઉપર આવેલું છે. જ્યારે યહુદાહનો રાજા અહાઝયાહ યેહુની બીકથી નાઠો, ત્યારે આ નગરને માર્ગે નાઠો હતો. તે વખતે યેહૂએ તેની પાછળ પડીને તેને રથમાં માર્યો અને ત્યાર પછી અહાઝયાહ ત્યાંથી ૨૦ મૈલ દૂર મગિદ્દોમાં નાસી ગયો અને ત્યાં મરણ પામ્યો (૨ રા. ૯; ૨૭, ૨૮). હાલ ત્યાંની જમીન બહુ ફળદ્રૂપ અને પાણીના ઝરાઓથી ભરપુર અને ઠેરઠેર બાગબગીચા જોવામાં આવે છે.

એન-ગેદી = બકરીના બચ્ચાનો ઝરો. આ જગ્યાની જાણ ૪૦૦૦ વર્ષથી પરેલી છે. પ્રથમ તેને હાસસોન-તામાર કહેતા હતા, કે જ્યાં ખજુરીના છોડવાની કલમ કરવામાં આવતી હતી. આ જગ્યામાં અમોરીઓ રહેતા હતા કે જેમને કદારલાઓમેર તથા તેની સાથેના માણસોએ હરાવ્યા હતા (ઉત્પ. ૧૪; ૭. ૨ કાળ. ૨૦; ૨). આ શહેર યહુદાહના અરણ્યમાં મૃત સમુદ્રના પશ્ચિમ કિનારા ગમ આવેલું હતું (યહો. ૧૫; ૬૨). દાઉદ જ્યારે શાઉલના ભયથી નાસતો હતો ત્યારે આ જગ્યાએ ગયો હતો (૧ શમૂ. ૨૪; ૪). રાજા સુલેમાનના દિવસોમાં આ જગ્યા દ્રાક્ષવાડીઓને માટે પ્રસિદ્ધ હતી (સુ. ગી. ૧; ૧૪). તે મૃત સમુદ્રની પશ્ચિમે યરૂશાલેમથી ૩૦ મૈલ દૂર આવેલ હતું. ત્યાં એક ઝરો આવેલો હતો, કે જેના નામ પરથી આ શહેરને એન-ગેદી એવું નામ આપવામાં આવ્યું છે. પાણીનો આ ઝરો સમુદ્રની

સપાટીથી ૬૦૦ ફીટ ઉંચેથી પડે છે. આ પાણીનો ધોધ ઉંચેથી પત્થરો પર પડે છે તેથી કરીને પાણીનું ઘણું ફીણ બની આજુબાજુનો ઝાડપાલો બધો ફીણ ફીણ થઇ રહે છે. અને આખરે આ પાણી ઘણા જોરથી વહીને મૃત સમુદ્રમાં પડે છે. જે પહાડમાંથી પાણી વહે છે તે ઝરા પાસે પુરાતન ઘણાંએક ખંડેર જોવામાં આવે છે, અને આજ કાલ અરબ લોકો આ વહેતા પાણીના કિનારા પર તંબુઓ તાણી કોઇ કોઇ વખત રહે છે અને ખેતીવાડી પણ કરે છે. યહોશાફાટના દિવસોમાં યોઆબપુત્રો તથા આમ્મોનપુત્રો એક મોટી ફોજ એકઠી કરીને એન ગેદીમાં આવ્યા હતા (૨ કાળ. ૨૦). ત્યાંના પહાડોમાં બેસુમાર ઘરો ખોદી કાઢેલાં છે, જેમાં દાઉદ અને તેના સાથીઓ વાસો કરીને રહેતા હતા (૧ શમૂ. ૨૩; ૨૯: ૨૪; ૧). આજ કાલ પણ કેટલાક માણસો આ જગ્યાએ એવો આસરો લે છે. ભવિષ્યવાદી હઝકીએલ એ સંબંધી વર્ણન કરતાં કહે છે કે એન-ગેદીથી તે એન-એગ્લાઇમ સુધી જાળો પાથરવાની જગ્યા થશે (હઝ. ૪૭; ૧૦). કેટલાક વિદ્વાનોનું એવું ધારવું છે કે ન્યાયા. ૧; ૧૬ માં જે 'ખજુરીઓનું નગર' અને ગણ. ૨૪; ૨૧, ૨૨ માં "તારો માળો ખડકમાં બાંધેલો છે" એ બંને વાત કદાપિ એન-ગેદીને લગાડવામાં આવી હશે.

એન-તાપ્પુઆહ (યહો. ૧૭; ૭). ઘણું કરીને તાપ્પુઆહ અને એન-તાપ્પુઆહ તે બંને એક ને એકજ હશે. એન-તાપ્પુઆહ એ યાસૂફની પાસેના ઝરાઓમાંનો એક હશે. આ નામમાં બીજાં બે શહેરોની વાત આવે છે. જુઓ તાપ્પુઆહ (યહો. ૧૫; ૩૪: ૧૬; ૮: ૧૭; ૮).

એન-દોર = બારણાનો ઝરો. પહેલાં આ જગ્યા યિસ્સાખારના ભાગમાં હતી પણ પછીથી તે મનાશ્શેહના કબજામાં આવી (યહો. ૧૭; ૧૬). આ જગ્યાએ એક પ્રખ્યાત લડાઇ થઇ હતી, કે જેમાં સીસરા તથા યાબીનને કીશોન નદી આગળ સખત હાર ખવાડી હતી (યહો. ૧૭; ૧૧ ગીત. ૮૩; ૧૦). આજ જગ્યાએ પેલી ભૂતવૈદ સ્ત્રી રહેતી હતી કે જેની પાસે શાઉલ રાજા ગયો હતો (૧ શમૂ. ૨૮; ૭). હાલ ગીલ્બોઆથી સાત આઠ મેલ દૂર આ નામનું એક ગામડું આવેલું છે, જેમાં ખંડેર થએલાં ૨૦ ઘર જોવામાં આવે છે. હાલ તેમાં વસ્તી નથી. આ ગામમાં જવાનો માર્ગ ઘણો મુશ્કેલ છે, તેથી કરીને શાઉલને ત્યાં જતાં ઘણી મુશ્કેલી પડી હશે.

એન-મિશ્પાટ = અદાલતનો ઝરો (ઉત્પ. ૧૪; ૭). જુઓ 'કાદેશ.' એન-મિશ્પાટ એટલે કાદેશ.

એન-રીમ્મોન = રીમ્મોનનો ઝરો. યહુદાહની પશ્ચિમે આ નામનું એક શહેર આવેલું છે (નહે. ૧૧; ૨૯). ઘણું કરીને આ શહેર અને યહો. ૧૫; ૩૨: ૧૯; ૭: ૨૧; ૧૬. ૧ કાળ. ૪; ૩૨ માં જે બે શહેરો "આયિન તથા રીમ્મોન" સાથે સાથે આવે છે, તે બન્ને એક ને એકજ છે. એટલે આયિન-રીમ્મોનને બદલે આયિન અને રીમ્મોન બે લખ્યાં છે. માટે જે જગ્યામાં આયિન એકલું આવે અથવા રીમ્મોન તેની સાથે આવે, તોપણ તે બન્ને એક ને એકજ સમજવું. આ શહેર શિમઓન કુળને સારૂં હતું.

એન-રોગેલ = ધોબીનો ઝરો. તેને ધોબીનો ઝરો કહેવાનું કારણ એ છે કે ત્યાં આગળ ધોબી લોક પોતાનાં કપડાં ધોતા હતા. આ ઝરા આગળ યોનાથાન તથા અહીમાઆસ જયારે આબ્શાલોમથી દાઉદ નાસતો હતો ત્યારે સંતાઇ રહ્યા હતા, અને અહીથોફેલની સલાહ રદ થઇ હતી (૨ શમૂ. ૧૭; ૧૭). વળી આ જગ્યાએ અદોનીયાહે રાજા થવાને ઉજાણી કીધી હતી. અને યહુદાહના સર્વ માણસોને નોતર્યા હતા (૧ રા. ૧; ૯). આ ઝરો યહુદાહ અને બિન્યામીનપુત્રોના ભાગોની સરહદ ઉપર આવેલો હતો (યહો. ૧૫; ૭: ૧૮; ૧૬).

હાલ આ ઝરાને બદલે વિદ્વાનો 'કુંવારીનો ઝરો' તથા 'બીર-એયુબ' જે કિદ્રોન અને હિન્નોમની સરહદ પર શીલોઅમના કુંડની દક્ષિણે આવેલ છે, તે બતાવે છે; પણ ડૉ. બોનાર સાહેબ કહે છે કે, ઉપલી બંને જગ્યા કરતાં જેને હાલ લોકો 'આઇન-ઉમેલ-દરાજ' કહે છે, તેજ ઘણું કરીને પુરાતન 'એન-રોગેલ' હશે, કે જેનું પાણી શીલો-અમના કુંડમાં વહે છે. ઇતિહાસથી પણ માલમ પડે છે કે યાકુબ ન્યાયીને જ્યારે યરૂશાલેમમાં હુલ્લડ થયું ત્યારે બુરૂજ પરથી પાડી નાખી એક રંગરેજ કે ધોબીએ તેને ડંગોરો મારી મારી નાખ્યો. હવે એ ઉપરથી જણાય છે કે યાકુબને મારી નાખ્યો તે જગ્યા તે આ એન-રોગેલ હશે, કેમકે ધોબી લોક ત્યાં ધોતા હતા. અને આજ દિન સુધી સ્ત્રીઓ 'આઇન-ઉમેલ-દરાજ' નામના ઝરામાં કપડાં ધૂએ છે માટે આજ ઝરો તે પુરાતન એન-રોગેલ હશે.

એન-શેમેશ = સૂર્યનો ઝરો. આ ઝરો યહુદાહ અને બિન્યામીનની સરહદ ઉપર ગિલ્ગાલની સામે એન-રોગેલની પૂર્વમાં આવેલો હતો (યહો. ૧૫; ૭ઃ ૧૮; ૧૭). યરૂશાલેમથી યરેખોના રસ્તા ઉપર આ એકજ ઝરો આવેલો છે કે જે બેથાનીથી પૂર્વમાં આસરે એક મૈલ ઉપર છે. હાલ આ ઝરાને 'આઇન-હૌદ' (=પ્રેરિતનો કુવો) કહે છે.

એન-હાક્કોરે = હાંક મારનારનો ઝરો. યહુદાહમાં આવેલું એક શહેર છે (ન્યાયા. ૧૫; ૧૯). જ્યારે શામશૂન તૃષિત થયો ત્યારે તેણે તૃષાથી બચાવ પામવાને યહોવાહની વિનંતી કીધી, ત્યારે યહોવાહે લહીમાં એક ખાડો હતો ત્યાંથી પાણી વહેતું કીધું. અને શામશૂને જ્યારે આ જોયું, ત્યારે આ જગ્યાનું નામ એન-હાક્કોરે પાડયું. હાલના વખતમાં ઝોરેહની પાસે 'અયુન-કારા' નામથી આ ઝરો ઓળખાય છે.

એન-હાદ્દાહ = તીવ્રતાનો ઝરો. આ નામનું શહેર યિસ્સાખારના ભાગમાં આવેલું હતું (યહો. ૧૯; ૨૧) જે એન-ગાન્નીમથી ત્રણ મૈલ દૂર સમારીઆ અને ગાલીલની સરહદ પર આવેલું છે.

એન-હાસોર = તે ગામનો ઝરો. નાફતાલી-પુત્રોના ભાગમાં આવેલી જમીનમાં કોટવાળાં નગરોમાંનું એક હતું જેનું નામ એદ્રેઇની સાથે જોડાયલું છે (યહો. ૧૯; ૩૭).

એપાઇનેતસ = સ્તુતિપાત્ર. રૂમી મંડળીનો એક ખ્રીસ્તી ભાઇ હતો જેના ઉપર પાઉલ રૂમીઓને પત્ર લખતાં સલામ મોકલે છે (રૂમી. ૧૬; ૫). 'તે આખાયાનું પ્રથમ ફળ' કહેવાય છે. પાઉલ તેને સલામ લખતાં 'વ્હાલો એપાઇનેતસ' કહે છે.

એપાફ્રા = પ્યારો. કલોસી મંડળીનો સ્થાપનાર તથા ધર્મપાળક ઘણું કરીને એપાફ્રા હતો. જ્યારે પાઉલ પ્રેરિત કલોસીમાં જતાં રોકાયો ત્યારે તેણે પોતાને બદલે એપાફ્રાને ત્યાં મુક્યો હતો (કલો. ૧; ૭ઃ ૪; ૧૨). આ કલોસી મંડળીમાં એક નવો ઉપદેશક આવ્યો હતો, જે નમ્રતાનો વેશ ધરી તથા દેહદમન કરી ઘણાઓને ભુલાવતો હતો (કલો. ૨; ૧૬, ૧૮, ૨૩). એ કારણથી એપાફ્રા મનમાં વ્યાકુળ થઇને પાઉલને મળવાને રૂમ આવ્યો હતો, કેમકે તેના મનમાં ધાસ્તી લાગી કે, આ માણસ મંડળીમાં ફાટફૂટ પાડી લોકોને ભુલાવશે; તેથી પાઉલ પાસે રૂમમાં સલાહ લેવાને આવ્યો. એ વાત સાંભળીને પાઉલે કલોસી મંડળીને પત્ર લખ્યો, અને તે પત્રમાં તે પાખંડી ગ્નોસ્ટીક મત વિરૂદ્ધ બોધ આપ્યો. કલો-સીઓને પત્ર સિવાય ફિલેમોનના પત્રમાં કલમ ૨૩ માં એપાફ્રાનું નામ આવે છે કે જ્યાં પાઉલ તેને "મારો સાથી બંદીવાન" કહે છે; અને કલો. ૧; ૭ માં પાઉલ તેને "ખ્રીસ્તનો વિશ્વાસુ સેવક" કહે છે. એપાફ્રા આ નામ 'એપાફ્રોદીત'નું સંક્ષિપ્ત નામ છે.

એપાફ્રોદીત = વેનસ કે આફ્રોદીતે દેવીના સંબંધનું નામ. એપાફ્રોદીત અને એપાફ્રા આ બંને નામમાં આફ્રોદીતે નામની યુનાની

દેવીની સંજ્ઞા સમાયલી છે. એપાફ્રા અને એપાફ્રોદીત જોકે બંને નામ સરખાં છે, તો પણ નવા કરારમાં જેને એપાફ્રા કહે છે તે એપાફ્રોદીતથી જૂદો છે. આ નામ ફિલિ. ૨; ૨૫:૪; ૧૮ માં આવે છે. જ્યારે પાઉલ (ઇ. સ. ૬૩ માં) બંદીવાન હતો ત્યારે ફિલિપી મંડળી તરફથી દાનસેવા લઇને એપાફ્રોદીત રૂમમાં પાઉલ પાસે આવ્યો હતો, અને આ ધર્મસેવા બજાવતાં તે જીવના જોખમમાં પણ પડયો (ફિલિ. ૨; ૨૬) આ એપાફ્રોદીત કદાચ ફિલિપી મંડળીના અધ્યક્ષોમાંનો એક હતો. કેમકે ત્યાંની મંડળી ઉપર તે ઘણો પ્રેમ રાખતો હતો. અને જ્યારે તેને માલમ પડયું કે, મારા મંદવાડની ખબર ફિલિપી સુધી પહોંચી છે ત્યારે રૂમથી ત્યાં પાછા જવાની અપેક્ષા થઇ. એ કારણ માટે પાઉલે કશો વિલંબ કર્યા વિના એકદમ તેને પાછો મોકલ્યો, અને તેની સાથે ફિલિપીઓને પત્ર પણ મોકલ્યો. પાઉલ તેને “મારો ભાઇ તથા સાથે કામ કરનાર તથા સહયોદ્ધો” કહે છે (ફિલિ. ૨; ૨૫).

એપીકુરી = એપીક્યુરસના શિષ્યો. એપીક્યુરસ નામના એક યુનાની તત્ત્વજ્ઞાનીના શિષ્યોને તેમના ગુરૂના નામ પરથી એપીકુરી કહેતા હતા. એપીક્યુરસનો જન્મ ઇ. સ. પૂ. ૩૪૪ માં આનેકા પ્રાંતના ગરગેતસ શહેરમાં થયો હતો અને ઇ. સ. પૂ. ૨૭૦ માં આથેન્સમાં મરણ પામ્યો હતો. તે નાનપણમાં સારો વિદ્યાભ્યાસ કરી ઘણાંએક શહેરોમાં ફર્યો અને ૩૬ વર્ષની ઉમરે મરણ પામ્યો. આ તત્ત્વજ્ઞાનીનાં ધર્મ સિદ્ધાંતો ઘણાંખરાં નાસ્તિક મતને મળતાં હતાં. તેઓ વિશેષે કરીને એમ માનતા કે માણસનું પરમસુખ તેની ખુશીમાં રહેલું છે. એટલે મનુષ્યે એવી રીતે ચાલવું કે પોતાને પુરી ખુશી ઉપજે. તેઓ બે પ્રકારની ખુશી માનતા. (૧) સઘળા પ્રકારની ફિકરચિંતા તથા દુઃખદરદથી મુક્ત થઇ માણસે ખુશી આનંદમાં રહેવું. અને એ કારણ માટે તેઓ સઘળા પ્રકારના અધિકારને નકારતા હતા. (૨) બીજા પ્રકારની ખુશી તે એ હતી કે મન અને તનને જે જોઇએ તે પુરૂં પાડી ખુશી રાખવાં. આ મતના માનનારા અસલના વખતમાં કેટલાક રૂમ શહેરમાં પણ હતા. વળી આથેન્સમાં આ મતના શિક્ષકોને સરકાર તરફથી દરમાયો મળતો હતો. અને કદાચ એજ કારણ માટે જ્યારે પાઉલ સુવાર્તાની નવી વાત આથેન્સમાં પ્રગટ કરવા લાગ્યો, ત્યારે એપીક્યુરી તથા સ્તોઇકી પંડિતો તેની સામે થયા અને તેને ‘બડબડીઓ’ કહેવા લાગ્યા (પ્રે કૃ. ૧૭; ૧૮).

એફ્ફાથા = ઉઘડી જા. એ અરામી ભાષાના શબ્દની ગ્રીક રચના છે, જેનો અર્થ ઉઘડી જા એવો થાય છે. ઇસુ ખ્રીસ્તે આ શબ્દ એક બહેરા બોબડા માણસને કહ્યો હતો (માર્ક ૭; ૩૪). આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના મુખથી ઉતરેલા એવા ઘણાએક શબ્દો માર્ક ઉતારે છે: (જેમકે માર્ક ૩; ૧૭:૫; ૪૧: ૭; ૧૧:૧૪; ૩૬:૧૫; ૩૪).

એફ્લાલ = ન્યાયચુકાદો. ૧ કાળ. ૨; ૩૭ માં આ માણસનું નામ આવે છે, તેના પિતાનું નામ ઝાબાદ હતું. આ માણસને ગણ. ૩૪; ૨૩ માં એફોદ કહે છે. તે મનાશ્શેહના પુત્રોમાંનો એક હતો ને કનાન દેશની વ્હેંચણ કરવામાં તેના દીકરાઓએ ભાગ લીધો હતો.

એફાય = નિર્ગત થવું. મિસ્પાહમાં ગદાલ્યાહની પાસે જે લોકો બંદીપ્રવાસમાં લઇ જવાયા નહોતા, તે આવ્યા, તેમાં એફાયનટોફાથીના પુત્રો પણ હતા. આ નામ માત્ર યિર્મે. ૪૦; ૮ માં આવે છે.

એફાહ = અંધકાર. (૧) મિદ્યાનના પાંચ દીકરાઓમાંનો એક હતો કે જે ઇબ્રાહીમનો પર પુત્ર થાય (ઉત્પ. ૨૫; ૪. ૧ કાળ. ૧; ૩૩). મિદ્યાન તથા સેબાની સાથે એફાહ નામના શહેરની વાત આવે છે. કદાપિ આ શહેરનું નામ સદરહુ અસામીના નામ પરથી પડયું હશે. આ શહેર મૃત સમુદ્રની પૂર્વમાં મિદ્યાન દેશમાં આવેલું છે.

(૨) કાલેબની ઉપપત્નિ (૧ કાળ. ૨; ૪૬). (૩) યેહદાયના પુત્રોમાંનો એક (૧ કાળ. ૨; ૪૭). (૪) પવિત્ર શાસ્ત્રમાં એફાહ નામના એક માપની વાત આવે છે; તે ઇરાની શબ્દ છે અને સુકી વસ્તુ માપવાનું માપ છે. જેમ કાઠિયાવાડમાં માણું, પાલી, પવાલું વિગેરે માપ વપરાય છે તેમ. આ એફાહ તે આસરે ૩૦ શેરનું હતું (નિર્ગ. ૧૬; ૩૬. ૧ શમૂ ૧૭; ૧૭. ઝખ. ૫; ૬).

એફેર = વાછરડો. (૧) ઇબ્રાહીમના દીકરા મિધાનના પાંચ દીકરાઓમાંનો એક હતો (ઉત્પ. ૨૫; ૪. ૧ કાળ. ૧; ૩૩). (૨) એઝ્રાહના પુત્રોમાંનો એક (૧ કાળ. ૪; ૧૭). (૩) મનાશ્શેહના એક કુળના ઘરનો મુખ્ય પુરૂષ હતો, જેને તિગલાથપીલેસેર કેદી કરીને લઇ ગયો (૧ કાળ. ૫; ૨૪).

એફેસદામ્મીમ = લોહીની સરહદ. જ્યારે દાઉદે ગોલ્યાથ સાથે દ્વંદ્વ યુદ્ધ કીધું ત્યારે પલિસ્તીઓએ આ જગ્યામાં છાવણી કીધી હતી (૧ શમૂ. ૧૭; ૧). તેને ૧ કાળ. ૧૧; ૧૩ માં 'પાસ-દામ્મીમ' કહે છે. એફેસ-દામ્મીમ નામના અર્થ પરથી એમ માલમ પડે છે કે, કેવળ આ એકજ વખત ત્યાં લડાઇ થઇ અને લોહી રેડાયું એમ નહિ, પણ વખતોવખત ઇસ્રાએલીઓ અને પલિસ્તીઓ વચ્ચે આ જગ્યાએ લડાઇઓ થતી હશે. હાલમાં આ જગ્યા 'બેત-ફાસદ' નામથી ઓળખાય છે કે જેનો અર્થ 'વહેતા પાણીનું ઘર' એવો થાય છે. તે સોખોહની પૂર્વમાં આસરે ત્રણ મૈલ દૂર આવેલ છે.

એફેસસ = આસિયા મૈનરની પશ્ચિમે આવેલું રૂમી રાજ્યનું આસિયાનું મુખ્ય શહેર હતું. રૂમીઓના વખતમાં આ શહેર આસિયાનું પહેલું અને સૌથી મોટું રાજધાનીનું શહેર ગણાયું હતું. એમ કહેવાય છે કે આ શહેર આથેનિયન કોડ્રસના દીકરા એનડ્રોક્લસે ઇ. સ. પૂ. ૧૧ મા સૈકામાં વસાવ્યું, પણ તે પહેલાં ફેનીકીઓએ ત્યાં વસ્તી કીધી હતી. આ શહેર ત્યાંની આર્તિમસ દેવીના મંદિરને લીધે ઘણું પ્રખ્યાત છે. દેવીનું મંદિર દુનિયાની અજાયબીઓમાંનું એક છે. વળી ત્યાં એક નાટકશાળા કે અખાડો હતો કે જે દુનિયામાં સૌથી મોટામાં મોટું મકાન ગણી શકાય. કેમકે તમાશો જોનાર ૫૦ હજાર માણસો આ ગંજાવર મકાનમાં સમાઇ શકતા હતા. આ મકાન તે વખતની નાટકશાળાઓની માફક છાપરા વગરનું હતું. અહિં જંગલી જનાવરોની તથા માણસો સાથે જાનવરોની લડાઇ થતી હતી (૧ કરીં. ૪; ૯:૯; ૨૪, ૨૫:૧૫; ૩૨). અહિં ઘણાએક યહુદીઓ રહેતા હતા અને પચાસમા દિવસ પછી થોડાજ વખતમાં અહિં સુવાર્તાનાં બીજ વાવવામાં આવ્યાં (પ્રે. કૃ. ૨; ૯: ૬; ૯); કેમકે પચાસમે દિવસે આસિયાના ભાઇઓ પણ આવ્યા હતા. અને પાઉલ જ્યારે પોતાની બીજી મુસાફરી પુરી કરતાં ગ્રીસ દેશથી સુરિયામાં પાછો આવ્યો (પ્રે. કૃ. ૧૮; ૧૮-૨૧) ત્યારે તેણે આ શહેરની પ્રથમ મુલાકાત લીધી હતી—આસરે ઇ. સ. ૫૧ માં. અહિં આવ્યા પછી પોતાની સાથે કરીંથથી આવેલાં આકુલા તથા પ્રિસ્કીલાને એફેસસમાં મુક્યાં, ને પોતે સભાસ્થાનમાં જઇ યહુદીઓની સાથે વાદ-વિવાદ કરવા લાગ્યો. અહિં એફેસસમાં રહેવાની તેઓએ પાઉલની વિનંતી કીધી, પણ તેણે કહ્યું કે આવતું પર્વ મારે યરૂશાલેમમાં પાળવું જોઇએ. જો દેવની ઇચ્છા હશે તો હું ફરીને તમારી પાસે પાછો આવીશ. માટે પોતે ત્યાંથી નીકળ્યો અને આકુલા તથા પ્રિસ્કીલાને દેવની વાત આગળ ચલાવવાને ત્યાં મુક્યાં. ત્યાર પછી પાઉલ જ્યારે ત્રીજી મુસાફરીમાં હતો ત્યારે ઉપલા પ્રાંતોમાં ફરીને એફેસસમાં પાછો આવ્યો હતો (પ્રે. કૃ. ૧૯; ૧. ઉપલા પ્રાંતો એટલે ઘણું કરીને આસિયા-મૈનરના એટો), અને એફેસસમાં લગભગ ત્રણ વર્ષ રોકાયો હતો, અને તેથી "આસિયામાં રહેનાર સર્વે યહુદીઓએ તથા હેલેનીઓએ પણ પ્રભુ ઇસુની વાત સાંભળી (પ્રે. કૃ. ૧૯; ૧૦)." ઘણું કરીને આજ વખતમાં પ્રકટી-

કરણમાં બતાવેલી સાત મંડળીઓ સ્થાપવામાં આવી હશે. કેવળ પાઉલનીજ મહેનતે ઉપલી મંડળીઓ સ્થાપવામાં આવી એમ તો નહિ, પણ બીજા કેટલાક ઉપદેશકોની મદદથી એ કામ થયું હશે. ઇ. સ. ૫૮ માં પાઉલ જ્યારે વહાણે બેસી આસિયા મૈનરના ટાપુઓમાં ફરતો ફરતો મીલેટસમાં આવ્યો ત્યારે તેણે એફેસસના વડીલોને બોલાવી તેમની આગળ વિદાયગીરીનું છેલ્લું ભાષણ કીધું, કે જેમાં પોતાની કરેલી ધર્મ સેવાની યાદ કરાવી ત્યારથી પાઉલની જીંદગીની આખર સુધીમાં એફેસસ શહેરનું નામ આવતું નથી. અંતના વખતમાં તિમોથીને લખતાં એટલુંજ કહે છે કે "એફેસસમાં રહીને કેટલાએકને આજ્ઞા કર કે તેઓ બીજો ઉપદેશ ન કરે" ૧ તીમો. ૧; ૩. વળી પાઉલના બે સોબતીઓ એટલે તુખીકસ અને ત્રોફીમસ તેઓ પણ ઘણું કરીને એફેસસના વતની હતા (પ્રે. કૃ. ૨૦; ૪:૨૧; ૨૯. ૨ તીમો. ૪; ૧૨). પાઉલ તીમોથીને ૨ જો પત્ર લખતાં જણાવે છે કે "ઓનેસીફરસે એફેસસમાં મારી કેટલીક સેવા કીધી એ તું સારી પેઠે જાણે છે (૨ તીમો. ૧; ૧૮). વળી ૨ તીમો. ૪; ૧૨ માં લખે છે કે, "તુખીકસને મેં એફેસસમાં મોકલ્યોછે." પ્રકટીકરણમાં સાત મંડળીઓ સંબંધી એફેસસનું નામ બે વાર આવે છે (પ્રક. ૧; ૧૧: ૨; ૧). પ્રેરિત યોહાન ઘણો વખત એફેસસમાં રહ્યો અને ત્યાંજ મરણ પામ્યો. કહે છે કે ત્યાં તેની કબર આજ સુધી દેખાડવામાં આવે છે. આ શહેરનું ખંડેર હજી સુધી સ્મર્નાથી થોડે દૂર જોવામાં આવે છે. ત્યાં તુર્કી લોકનું 'આસાલુક' નામનું એક ગામડું જોવામાં આવે છે. ખંડેરમાં પુરાતન મકાનોની ભીંતો અને પડી ગએલી બાંધણીઓ હજી સુધી જોવામાં આવે છે.

એફેસીઓને પત્ર. જે ભાઇઓએ મૂર્તિપૂજાનો ત્યાગ કરીને ખ્રીસ્તનો અંગીકાર કીધો હતો તેઓના સંસ્થાપનને અર્થે, અને ગતકાળની ખરાબ હાલતને બદલે આ નવી હાલત કેવી ગૌરવી છે તે જણાવવાને અર્થે પ્રેરિત પાઉલે આ પત્ર લખ્યો છે. આ પત્ર ઇ.સ. ૬૩ માં પાઉલ જ્યારે રૂમ શહેરમાં કેદી હતો ત્યારે લખવામાં આવ્યો છે, અને આસરે તેજ અરસામાં તેની સાથે બીજા ત્રણ પત્રો જેવા કે ફિલિપીઓ, કલોસીઓ અને ફિલેમોનના પત્ર લખાયા છે. અને એમજ આ ચારે પત્રોમાં પાઉલની કેદની સાંકળોનો ખણખણાટ સાંભળવામાં આવે છે (એફે. ૧; ૧૩: ૬; ૧૫. કલો. ૧; ૨૪: ૪; ૧૮. ફિલિ. ૧; ૧૨-૧૪. ફિલે. ૧, ૨, ૯, ૨૩). એફેસીઓને પત્ર ઘણું કરીને તુખીકસની મારફતે મોકલવામાં આવ્યું છે. એફેસીઓને પત્ર અને કલોસીઓના પત્રનું નિકટ મળતાપણું જોવામાં આવે છે. બંને પત્રમાં મતબોધ અને નિતિબોધ સરખો દેખાય છે, પણ કલોસીઓના પત્રમાં મતબોધ તર્કને ધોરણે આપેલો જણાય છે; અને એફેસીઓના પત્રમાં તે મતબોધ મનનરૂપે આપેલો છે.

કલો. ૧; ૧૫—૨; ૨૩. તર્કરૂપી મતબોધ.
,, ૩; ૧—૪; ૬. નીતિબોધ.
એફે. ૧; ૨૦—૩; ૨૧. મનનરૂપી મતબોધ.
,, ૪; ૧—૬; ૨૦. નીતિબોધ.

કલોસીઓના પત્રમાં ખ્રીસ્ત તે સર્વોપરી છે તે વિશેષ બતાવ્યું છે, ત્યારે એફેસીઓના પત્રમાં મંડળી જે ખ્રીસ્તનું શરીર તે ફાટફૂટ વિનાની હોવી જોઇએ, તે વિશેષ બતાવવાને યત્ન કર્યો છે. આ પત્રની પહેલી કલમમાં 'એફેસસમાં' એવા શબ્દો ગુજરાતી તરજુમામાં દાખલ કરવામાં આવ્યા છે પણ મોટા પ્રસિદ્ધ હસ્તલેખોમાં એ શબ્દો જોવામાં આવતા નથી. એ ઉપરથી એવું અનુમાન કરવું વ્યાજબી લાગે છે કે પાઉલે આ પત્ર લખ્યો ત્યારે એફેસસ શબ્દ લખ્યો હશે. પણ પત્રમાંનો બોધ ખાસ એફેસસની મંડળી એકલીનેજ નહિ, પણ અનેક મંડળીઓને સારૂ ઉપયોગી છે, એવું જાણીને એફેસસની મંડળીના લોકોએ પત્રની જુદી જુદી નકલ કરી 'એફેસસ' શબ્દ કાઢી નાખી આસીયા

પ્રાંતનીમાંની મંડળીઓમાં તેમને ફેરવી. આ પત્રની મુખ્ય વાત ઐક્યતા વિષે છે. (૧) મંડળી અને ખ્રીસ્તની વચ્ચે ઐક્યતા. (૨) વિદેશી અને યહુદી ભાઇઓ વચ્ચે ઐક્યતા. (૩) સાર્વત્રિક મંડળીમાં સર્વે સભાસદોની ઐક્યતા. પૃથક્કરણ:—એફે. ૧; ૧–૧૫ પ્રસ્તાવના. (૧) ૧; ૨૦–૩; ૨૧ મતબોધ પ્રકરણ. (૨) ૪; ૧–૬; ૨૦ નીતિબોધ પ્રકરણ. (૩) ૬; ૨૧–૨૪ સમાપ્તિવચનો. આ પત્રમાં આવતા પ્રસિદ્ધ શબ્દો:—(૧) 'કૃપાની સંપત' ૧; ૭: ૨; ૭. (૨) 'મહિમાની સંપત' ૧; ૧૮: ૩; ૧૬). (૩) 'ખ્રીસ્તની અશોધ્ય સંપત' (૩; ૮). (૪) 'મર્મ' ૧; ૯: ૩; ૩, ૪, ૯: ૬; ૧૯).

એફ્રાઇમ = ફળદ્રુપ, સફળ. મિસર દેશમાં જે સાત વર્ષનો મોટો દુકાળ પડયો, તે પહેલાં યુસફને ઓનના યાજક પોટીફેરાની દીકરી આસનાથને પેટે મિસર દેશમાં બે દીકરા જન્મ્યા, તેમાં જ્યેષ્ઠ પુત્રનું નામ મનાશ્શેહ અને બીજા પુત્રનું નામ તેણે એફ્રાઇમ પાડયું. "કેમકે તેણે કહ્યું કે મારા દુઃખના દેશમાં દેવે મને સફળ કીધો છે" (ઉત્પ. ૪૧; ૫૦-૫૩: ૪૬; ૨૦). યુસફના પિતા યાકુબે આ બંને પુત્રને પોતાના પુત્રોમાં સામેલ કીધા. તેણે કહ્યું કે, "રેઉબેન તથા શિમઓનના સરખા તેઓ મારા થશે." વળી તેણે આ બંન્ને પુત્રને આશીર્વાદ આપ્યો એવી રીતે કે મોટાનો આશીર્વાદ નાનાને આપ્યો (ઉત્પ. ૪૮; ૧૦ની સાથે ઉત્પ. ૨૭; ૧ સરખાવો). એમજ એફ્રાઇમ કોમ મોટી તથા શક્તિવાન થઇ, અને તેઓનો દેશ ઘણો ફળદ્રુપ થયો (ગણ. ૧; ૩૩. યહો. ૧૭; ૧૪. હોશી. ૯; ૧૩). વળી જેમ યાકુબ વૃદ્ધાવસ્થામાં યુસફથી ઘણો ખુશી થયો તેમ યુસફ પણ એફ્રાઇમને જોઇ વૃદ્ધ વયમાં ખુશી થયો, કેમકે યુસફે ત્રીજી પેઢી સુધી એફ્રાઇમનાં છોકરાં જોયાં (ઉત્પ. ૫૦; ૨૩). પણ બીચારા એફ્રાઇમે પોતાનું ઘડપણ બહુ શોકમાં કાઢયું (૧ કાળ. ૭; ૨૧-૨૩). અને એવા પણ દિવસો આવ્યા કે, "એફ્રાઇમપુત્રો શસ્ત્ર સજીત તથા ધનુર્ધારી હોવા છતાં લડાઇના દિવસોમાં પાછા હઠયા" (ગીત. ૭૮; ૯). યુસફના પુત્રોથી ઇસ્રાએલમાં બે કુળ ગણાયાં, માટે એક રીતે યાકુબનાં ૧૩ કુળ ગણાય; પણ જ્યારે મનાશ્શેહ અને એફ્રાઇમનાં કુળ જુદાં જુદાં ગણવામાં આવે છે ત્યારે લેવી કુળ પડતું મુકવામાં આવે છે (ગણ. ૧; ૩૨-૩૪. યહો. ૧૭; ૧૪, ૧૫. ૧ કાળ. ૭; ૨૦). જ્યારે અરણ્યમાં ઇસ્રાએલીઓની પહેલી ગણના થઇ ત્યારે એફ્રાઇમ કુળમાં ૪૦,૫૦૦ માણસ હતાં (ગણ. ૧; ૩૨, ૩૩). પણ ચાળીસ વર્ષ પછી બીજી ગણનામાં આ કુળનાં ૩૨,૫૦૦ માણસ થયાં હતાં. મુસાફરીમાં એફ્રાઇમની છાવણીની ધ્વજા પોતાનાં સૈન્યો પ્રમાણે પશ્ચિમ બાજુએ રહેતી, ને એફ્રાઇમપુત્રોનો અધિપતિ આમ્મીહૂદનો પુત્ર અલીશામા હતો (ગણ. ૨; ૧૮-૨૪). પારાન અરણ્યથી મુસાએ જ્યારે કનાન દેશની જાસુસી કરવાને ૧૨ માણસોને મોકલ્યાં તેમાં એફ્રાઇમના કુળમાંથી નૂનનો દીકરો હોશીઆ હતો કે જેણે બીજા દસ જાસુસોની વિરૂદ્ધ થઇ વફાદારી બતાવી (ગણ. ૧૩; ૮). એફ્રાઇમપુત્રોને જે દેશ વહેંચણમાં મળ્યો તેની હદ યહો. ૧૬; ૧–૧૦ સુધીમાં બતાવવામાં આવી છે. આ ભાગને આગળ જતાં સમારીઆ કહેવામાં આવે છે. ઉત્તરે ગાલીલ અને દક્ષિણે યહુદાહની વચ્ચે આ ભાગ આવેલો છે. આ ભાગની જમીન આસરે ૫૫ મૈલ લાંબી અને ૬૦ મૈલ પહોળી છે. સઘળા મુસાફરો આ ભાગની તારીફ કરતા દેખાય છે, કેમકે ત્યાં બેસુમાર નદી નાળાં જોવામાં આવે છે, એટલુંજ નહિ પણ કેટલીક કીમતી ચીજો ત્યાં મળે છે (પુન. ૩૩; ૧૩–૧૭). જો કે ભવિષ્યવાદીઓ ત્યાંના લોકની ભુંડાઇનું બ્યાન કરે છે તોપણ તે મુલકની આગલી ખુબસુરતી ભુલી

જઇ શકતા નહોતા (યશા. ૨૮; ૧). વળી પાલેસ્તાઇનની વચ્ચે જે પહાડની હાર ઉત્તર દક્ષિણ પડેલી છે તેની કેટલીક પ્રસિદ્ધ ટેકરીઓ એફ્રાઇમમાં આવેલી છે; જેમકે સાલમોન, ગેરીઝીમ, એબાલ અને ગીલબોઆ છે. વળી આ ભાગની હદમાં સિલોહ તથા શેખેમ આવેલાં છે. શરૂઆતમાં સઘળો અધિકાર એફ્રાઇમ કુળનો હતો. કેમકે યહોશુઆ તમામ કોમનો સરદાર હતો. વળી સિલોહમાં યહોવાહનો સાક્ષ્યકોષ રહેતો હતો કે જ્યાં સઘળા લોકો ભજન કરવાને આવતા હતા. અહિં યહોવાહનો કોષ ૪૦૦ વર્ષ સુધી રહ્યો. શમૂએલ જો કે લેવી હતો તોપણ એફ્રાઇમના પહાડી મુલકના રામાથાઇમ-સોફીમનો રહીશ હતો. અને શાઉલ બિન્યામીની છતાં યુસફના પુત્રો સાથે સારો સંબંધ રાખતો હતો. પણ જ્યારે "યહોવાહે યુસફના તંબુનો નકાર કીધો, ને એફ્રાઇમના કુળને પસંદ ન કીધું" ત્યારથી તથા સિલોહમાંથી યહોવાહનો કોષ સિયોનમાં આણ્યો ત્યારથી એફ્રાઇમનું જોર નરમ પડયું (ગીત. ૭૮; ૬૭, ૬૮). રાજા સુલેમાનના મરણ પછી રાજ્યના બે ભાગ પડયા, તેમાં ૧૦ કુળનો આગેવાન એફ્રાઇમ હતો. ભવિષ્યવાદી ઘણી વખતે ૧૦ કુળના રાજ્યને એફ્રાઇમી એવું નામ આપે છે (યશા. ૭; ૨. હોશી. ૪; ૧૭). પણ હકીકતમાં એફ્રાઇમનો છેવટનો હાલ અફસોસ ભરેલો થયો. પ્રભુ કહે છે કે "મેં એફ્રાઇમને ચાલતાં શીખવ્યો, મેં તેઓને મારે ખભે બેસાડયા, મેં તેઓને સાજા કીધા, એ તેઓએ જાણ્યું નહિ," પણ પોતાના ભાઇઓ પ્રત્યે અદેખાઇ કરતા રહ્યા. તોપણ પ્રભુએ તેઓને મહા દીલગીરી સાથે આશ્શૂરને સોંપ્યા. "હે એફ્રાઇમ, હું તને કેમ કરીને મુકી દઉં?" તો પણ આ કોમ સંબંધી એક ખુશીની વાત ભવિષ્યવાદીના પુસ્તકથી મળી આવે છે. એટલે મશીહના રાજ્યમાં "એફ્રાઇમની અદેખાઇ મટી જશે, ને યહુદાહને પજવનારા નાબુદ કરાશે, એફ્રાઇમ યહુદાહની અદેખાઇ નહિ કરશે, ને યહુદાહ એફ્રાઇમને નહિ પજવશે" (યશા. ૧૧; ૧૩). એફ્રાઇમ યુસફનો બીજો પુત્ર (ઉત્પ. ૪૧; ૫૨ : ૪૬; ૨૦). એફ્રાઇમ તથા મનાશ્શેહને આપેલો આશીર્વાદ (ઉત્પ. ૪૮; ૧૪). એફ્રાઇમના વંશ ને તેમની ગણના (ગણ. ૧; ૧૦, ૩૨ : ૨; ૧૮ : ૨૬; ૩૫ : ૧ કાળ. ૭; ૨૦). એફ્રાઇમ કુળ તથા દેશ (પુન. ૩૪; ૨. યહો. ૧૪; ૪ : ૧૬; ૫-૧૦ : ૧૭; ૮-૧૦, ૧૪-૧૮. ન્યાયા. ૧; ૨૯). એફ્રાઇમે ગિદઓનને કરેલી મદદ (ન્યાયા. ૭; ૨૪). ગીદઓન સાથે એફ્રાઇમની તકરાર (ન્યાયા. ૮; ૧, ૨ : ૧૦; ૧, ૯). યિફતાહ તથા ગિલઆદ સામે એફ્રાઇમ (ન્યાયા. ૧૨; ૧-૬). જુઓ સિબ્બોલેથ (ન્યાયા. ૧૨; ૧૫. ૨ શમૂ. ૨; ૯. ૨ કાળ. ૯; ૩. ૨ કાળ. ૧૫; ૯ : ૧૭; ૨ : ૨૫; ૭, ૧૦ : ૨૮; ૭, ૧૨ : ૩૦; ૧, ૧૦, ૧૮ : ૩૧; ૧ : ૩૪; ૬, ૯. ગીત. ૬૦; ૭ : ૭૮; ૯, ૬૭ : ૮૦; ૨ : ૧૦૮; ૮). એફ્રાઇમનો અરામી સાથે સંબંધ (યશા. ૭; ૧-૯, ૧૭). એફ્રાઇમ સંબંધી ભવિષ્ય (યશા. ૧૧; ૧૩ : ૧૭; ૩ : ૨૮; ૧-૪. યિર્મે. ૭; ૧૫ : ૩૧; ૯, ૧૮, ૨૦. હઝ. ૩૭; ૧૬-૧૯. હોશી. ૪; ૧૭-૫; ૧૪. ઓબા. ૧૯. ઝખ. ૯; ૧૦, ૧૩ : ૧૦; ૭). એફ્રાઇમનો બંદીપ્રવાસ (૨ રા. ૧૭; ૫. ગીત. ૭૮; ૯, ૬૭. યિર્મે. ૭; ૧૫). એફ્રાઇમના કેદીઓ છુટયા (૨ કાળ. ૨૮; ૧૨). **એફ્રાઈમી** = એફ્રાઇમના રહેવાસીઓ (ન્યાયા. ૧૨; ૫. યહો. ૧૬; ૧૦). **એફ્રાઇમનો પહાડી મુલક.** આ પહાડી પ્રદેશ એફ્રાઇમના મધ્ય ભાગમાં (યહો. ૧૭; ૧૫ : ૧૯; ૫૦ : ૨૪; ૩૦, ૩૩) બેથેલથી તે યજરીલના મેદાન સુધી આવેલો છે. યહોશુઆના વખતમાં આ પહાડી પ્રદેશ કાષ્ટથી ભરપુર હતો (યહો. ૧૭; ૧૮). અને તેમાં ફળદ્રુપ ખીણો હતી (યિર્મે.

૫૦; ૧૯). યહોશુઆને આ પહાડી મુલકના ગાઆસ પર્વતની ઉત્તર બાજુએ તિમ્નાથ-હેરેસમાં દાટયો (ન્યાયા. ૨; ૯). આ પહાડની હારને 'ઇસ્રાએલના પહાડો' (યહો. ૨; ૨૧) અને 'સમરૂનના પર્વતો' કહે છે (યિર્મે. ૩૧; ૫, ૬. આમો. ૩; ૯). **એફ્રાઇમનો દરવાજો.** યરૂશાલેમના દરવાજાઓમાંનો એક ઉત્તર મમનો દરવાજો હતો (૨ રા. ૧૪; ૧૩. ૨ કાળ. ૨૫; ૨૩). **એફ્રાઇમનું વન.** તે યરદન નદીની પૂર્વમાં માહનાઇમની પાસે આવેલું હતું (૨ શમૂ. ૧૭; ૨૪, ૨૬). આ જગ્યાએ આબ્શાલોમ અને દાઉદના સૈન્ય વચ્ચે ભયંકર લડાઇ થઇ હતી, કે જેમાં આબ્શાલોમ પંડે મરાયો (૨ શમૂ. ૧૮; ૬). માલમ નથી કે આ જગ્યાને કેમ એફ્રાઇમ કહેતા હશે. **એફ્રાઇમ શહેર.** યરૂશાલેમની ઉત્તર પૂર્વમાં જે પહાડી મુલક આવેલો હતો તેમાં આ શહેર હતું. લાજરસને સજીવન કર્યા બાદ ઇસુ ખ્રીસ્ત આ શહેરમાં પોતાના શિષ્યો સુદ્ધાં આવીને રહ્યો હતો, જે વખતે યહુદીઓ ઇસુને મારી નાખવાને માંહોમાંહે મસલહત કરતા હતા (યોહા. ૧૧; ૫૪). વળી બઆલ-હાસોરની પાસે આ નામનું એક બીજું શહેર હતું એમ ૨ શમૂ. ૧૪; ૨૩ ઉપરથી દેખાય છે.

એફ્રાથ = ફળદ્રુપ. (૧) આ નામની કાલેબની સ્ત્રી હતી, કે જેનો જ્યેષ્ઠ પુત્ર હુર હતો (૧ કાળ. ૨; ૧૯, ૫૦). (૨) બેથલેહેમનું જુનું નામ એફ્રાથ છે, જેને યહુદાહનું બેથલેહેમ કહે છે (ઉત્પ. ૩૫; ૧૬, ૧૯: ૪૮; ૭). રૂથના પુસ્તકમાં તેને "બેથલેહેમ-યહુદાહ" કહે છે (રૂથ ૧; ૨). પણ ત્યાંના રહેવાસીઓને "એફ્રાથીઓ" કહે છે. અને માત્થી ૨; ૬ માં "યહુદાહ દેશનું બેથલેહેમ" કહે છે. અને ગીત. ૧૩૨; ૬ માં આ શહેર વિષે લખ્યું છે કે દાઉદે પોતાની જુવાની આ શહેરમાં કાઢી. અને "કિર્યાથ-યઆરીમ" માં પ્રભુનો કોષ મળ્યો તે પહેલાં અહિં રહીને તેણે તે વિષે ઘણું સાંભળ્યું હતું, પણ કોષ હજી જોયો ન હતો (૧ શમૂ. ૭; ૧ ની સાથે ૨ શમૂ. ૬; ૩, ૪ સરખાવો). (૩) એફ્રાથી. આ શહેરના રહીશોને એફ્રાથી કહે છે (રૂથ ૧; ૨. ૧ શમૂ. ૧૭; ૧૨), અને એફ્રાએમી પણ કહે છે જુઓ (૧ શમૂ. ૧; ૧. ૧ રા. ૧૧; ૨૬).

એફ્રોન = હરણના બચ્ચા જેવું. (૧) સોહારના પુત્ર એફ્રોન-હેથ નામનો માખ્પેલાહની ગુફાનો ધણી હતો કે જેની પાસેથી ઇબ્રાહીમે રૂપાના ચારસેં શેકેલ આપી ગુફા વેચાતી લીધી હતી (ઉત્પ. ૨૩; ૮-૧૭: ૨૫; ૯: ૪૯; ૨૯: ૫૦; ૧૩). (૨) તે એક ટેકરાની હાર છે કે જે યહુદાહની ઉત્તર હદ ઉપર બાણુની માફક આવેલ છે (યહો. ૧૫; ૯). ઘણું કરીને આ પહાડી ધાર કૈત-યાનીનાની પશ્ચિમ બાજુએ આવેલ છે. (૩) (૨ કાળ. ૧૩; ૯). અબીયાહે યરોબઆમની પાસેથી જે નગરો અને કસ્બા લઇ લીધાં તેમાંનું એક નગર હતું.

એબાલ = પત્થર. (૧) આ નામનો એક પહાડ શેખેમ શહેરની ઉત્તરે અને ગેરીજીમની દક્ષિણે આવેલો છે. તે સમુદ્રની સપાટીથી ૩,૦૭૬ ફીટ ઉંચો, અને ખીણની સપાટીથી ૧,૨૦૦ ફીટ ઉંચો છે. આ પહાડ વિષે મુસાએ છ કુળને આજ્ઞા આપીને કહ્યું કે, તમે જ્યારે યરદન પાર જાઓ ત્યારે છ કુળ એબાલ પહાડ પર શાપ દેવા અને છ કુળ ગેરીજીમ પહાડ ઉપર આશીર્વાદ દેવા ઉભા રહો. અને એ પહાડ પર યહોશુઆના વખતમાં આશીર્વાદ તથા શાપ વાંચવામાં આવ્યા (પુન. ૨૭; ૧૨: ૧૧; ૨૯. યહો. ૮; ૩૩). વળી મુસાના આપેલા હુકમ મુજબ આ પહાડ ઉપર ઇસ્રાએલના દેવ યહોવાહને સારૂ પહેલી મોટી વેદી બાંધવામાં આવી (પુન. ૨૭; ૫-૮. યહો. ૮; ૩૦-૩૫). ત્યાર પછી યહુદીઓના ઇતિહાસમાં આ પહાડ વિષે કશી વાત આવતી નથી. આ પહાડની જમીન ફળદ્રુપ છે, સુંદર બાગ

બગીચા જોવામાં આવે છે, વળી ત્યાં કેટલીક કબરો છે જે મશહૂર છે. બાબેલના બંદીપ્રવાસ પછી સમારીઓએ ગરીઝીમ ઉપર એક મંદિર બાંધ્યું. એબાલ અને ગરીઝીમ બંને પહાડની વચ્ચે એક ખીણ આવેલી છે જે ૩ મૈલ લાંબી અને ૨૦૦ કે ૩૦૦ ફીટ પહોળી છે. ખીણની સામસામી બાજુએ એબાલ અને ગરીઝીમ પહાડ આવેલા છે. જો કોઇ એક પહાડ પરથી બોલે તો બીજા પહાડ પરના માણસો સાંભળી શકે. (૨) હોરી સૈઇરના વંશજોને એબાલ નામ આપવામાં આવ્યું છે (ઉત્પ. ૩૬ ; ૨૩). (૩) એબેરના પુત્રોમાંનો એક આ નામનો હતો (૧ કાળ. ૧; ૨૨, ૪૦).

એબેદ = ગુલામ, ચાકર. (૧) ગાઆલ કે જેણે શેખેમના માણસોને મળીને તેની સાથે સંપ કરી અબીમેલેખ સામે બળવો ઉઠાવ્યો, તેનો પિતા એબેદ હતો (ન્યાયા. ૯; ૨૬-૩૫). (૨) આદીનના પુત્રોમાંના યોનાથાનનો પુત્ર (એઝ. ૮; ૬).

એબેદ-મેલેખ = રાજાનો ચાકર. રાજા સિદકીયાહના ઘરનો એક ખોજો હતો. તે રાજ્ય દરબારમાં કોઇ અમલદાર હતો એમ લાગે છે. અને તેથી આ નામ તે કોઇ પદવીનું નામ છે. યિર્મેયાહ ભવિષ્યવાદીને જ્યારે ગંદા ટાંકામાં નાખી દીધો હતો તેમાંથી તેને બહાર કાઢવા માટે રાજા આગળ આ માણસે વિનંતી કરી હતી. અને તેની વિનંતી મુજબ તેને તેમાંથી કાઢવામાં આવ્યો, અને ચોકીના આંગણામાં તેને મુકવામાં આવ્યો (યિર્મે. ૩૮; ૭-૧૨). ત્યાર પછી યિર્મેયાહની મારફતે યહોવાહનું વચન એબેદ-મેલેખ કૂશીને નગરની વિપત્તિ વિષે આપવામાં આવ્યું (યિર્મે. ૩૯; ૧૬).

એબેન-એઝેર = સહાયનો પત્થર. આ નામનો એક પત્થર શમૂએલે, યહોવાહે પલિસ્તીઓની સામે લડતાં જે અજાયબ મદદ આપી તેની યાદગીરી ખાતર ઉભો કીધો હતો. તે પત્થર મિસ્પાહ તથા શેનની વચ્ચે ઉભો કરેલો હતો (૧ શમૂ. ૭; ૧૦-૧૨). આ પહેલાં ૨૦ વર્ષ અગાઉ પલિસ્તીઓએ ઇસ્રાએલીઓની સામે લડતાં આ જગ્યા ઉપર ઇસ્રાએલીઓનાં ચાર હજાર માણસ માર્યાં હતાં. પછીથી ઇસ્રાએલીઓએ દેવનો કરારકોષ શિલોહથી છાવણીમાં આણ્યો. પછી ઇસ્રાએલીઓ પલિસ્તીઓની સામે ફરી લડ્યા તેમાં પણ તેમણે હાર ખાધી, અને તેમની ફોજનાં ત્રીસ હજાર માણસ પડ્યાં, અને કોષ શત્રુના હાથમાં ગયો, ને એલીના બે દીકરા હોફની તથા ફીનહાસ માર્યા ગયા હતા. પણ ત્યાર પછી ૨૦ વર્ષે આજ જગ્યામાં પલિસ્તીઓનો સંપૂર્ણ સંહાર થયો એ જોઇ શમૂએલે સહાયનો પત્થર યાદગીરી ખાતર ઉભો કીધો. એ પત્થર કઇ જગ્યામાં હતો તે હાલ માલમ નથી (૧ શમૂ. ૪; ૫).

એબેર = સામીબાજુ, પેલેપાર. (૧) નુહના પુત્ર શેમની ત્રીજી પેઢીનો મુખ્ય પુરૂષ તે હતો (ઉત્પ. ૧૦; ૨૧, ૨૪, ૨૫: ૧૧; ૧૪-૧૭. ૧ કાળ. ૧; ૧૮, ૧૯, ૨૫. ગણ. ૨૪; ૨૪). આ માણસ તે હેબ્રી (યહુદી) કોમનો સ્થાપનાર હતો. લુક ૩; ૩૫ માં ઇબ્રાહીમના પૂર્વજોમાં તેનું નામ આપવામાં આવ્યું છે. (૨) ગાદપુત્રોના સાત પ્રખ્યાત માણસોમાંનો તે એક હતો. તેઓ બાશાનમાં વસતા હતા (૧ કાળ. ૫; ૧૩). (૩) બિન્યામીની એલ્પાઆલનો જ્યેષ્ઠ પુત્ર (૧ કાળ. ૮; ૧૨). (૪) બિન્યામીની કોમનો યરૂશાલેમમાં એક મુખ્ય માણસ હતો, જે શાશાકનો પુત્ર થાય (૧ કાળ. ૮; ૨૨). (૫) ઝરૂબ્બાબેલના વખતમાં આમોકના કુટુંબના યાજકોમાંનો મુખ્ય માણસ હતો (નહે. ૧૨; ૨૦).

એબ્યાસાફ = એકઠું કરનાર. કોરાહના ત્રણ પુત્રોમાંનો સૌથી નાનો પુત્ર હતો, અને કોરાહીઓના કુટુંબનો મુખ્ય પુરૂષ હતો. નિર્ગ. ૬; ૨૪ માં તેને અબીઆસાફ કહે છે. અને ૧ કાળ. ૬; ૨૩, ૩૭ માં તથા ૯; ૧૯ માં તેને એબ્યાસાફ કહે છે.

એમીઓ = ભયંકર, દૈત્ય. આ લોકો અનાકી-ઓના જેવા કદાવર તથા ઉંચા હતા, અને અનાકીઓની પેઠે તેઓ પણ રફાઇઓ ગણાય છે. જ્યારે મોઆબીઓએ તેમને જીત્યા ત્યારે તેમને 'એમીઓ' નામ આપ્યું; આમ્મોનીઓ તેમને 'ઝામઝુમ્મીઓ કહે છે' (પુન. ૨; ૨૦). ઇબ્રાહીમના વખતમાં કદોરલાઓમેરે તેમને કિર્યાથાઇમના મેદાનમાં હરાવ્યા હતા. યરદન નદીની પૂર્વે હદ તરફની જમીન મોઆબીઓના હાથમાં આવ્યા અગાઉ તેમાં આ એમીઓ વસતા હતા (ઉત્પ. ૧૪; ૫. પુન. ૨; ૧૦, ૧૧).

એમેક-કસીસ = કાપી નાખવું. બિન્યામીની નગરોમાંનું એક હતું (યહો. ૧૮; ૨૧).

એર = સાવધાન. (૧) યહુદાહ કનાની સ્ત્રી શૂઆ પાસે ગયો ને તેને જે પ્રથમ પુત્ર થયો તેનું નામ તેણે એર પાડયું (ઉત્પ. ૩૮; ૩-૭: ૪૬; ૧૨. ગણ. ૨૬; ૧૯. ૧ કાળ. ૨; ૩). (૨) (૧ કાળ. ૪; ૨૧). (૩) (લુક ૩; ૨૮).

એરાન (ગણ. ૨૬; ૩૬). એફ્રાઇમના પુત્રો-માંનો એક. તેનાથી એરાનીઓનું કુટુંબ થયું.

એરાસ્તસ = વહાલો. (૧) કરીંથ શહેરનો એક કારભારી હતો અને પાઉલ પ્રેરિતનો શિષ્ય થયો (રૂમી. ૧૬; ૨૩). આવા મોટા શહેરનો એક અધિકારી વર્ગનો માણસ ખ્રીસ્તી થયો તેથી સુવાર્તાના પ્રસારને બહુ સારો ટેકો મળ્યો હશે. (૨) આજ નામનો એક બીજો માણસ એફેસસમાં પાઉલ પ્રેરિતનો સાથી હતો કે જેને ભાઇ તિમોથી સાથે માકેદોન્યામાં મોકલ્યો હતો (પ્રે. કૃ. ૧૯; ૨૨). એરાસ્તસનું હમેશનું રહેઠાણ ઘણું કરીને કરીંથ શહેર હતું એમ લાગે છે (૨ તીમો. ૪; ૨૦). કેટલાકના ધારવા પ્રમાણે આ નંબર (૨) અને નંબર (૧) એક ને એક હશે.

એરી = ગાદ પુત્રોમાંનો એક હતો, તેના પુત્રોને એરીઓ કહે છે (ઉત્પ. ૪૬; ૧૬. ગણ. ૨૬; ૧૬).

એરેખ = ચંદ્રનું શહેર (ઉત્પ. ૧૦; ૧૦). શિનઆરના મેદાનમાં નિમરોદના રાજ્યમાં આવેલાં ચાર શહેરોમાંનું એક શહેર હતું. ખાનદાન ઓસ્નાપ્પારે ત્યાંના રહેવાસીઓને લાવી સમરૂન નગરમાં વસાવ્યા. ત્યાંના રહેવાસીઓને 'આર્કવાયેઓ' કહે છે (એઝ. ૪; ૯). આ શહેર ફ્રાત નદીને ડાબે પડખે બાબેલોનથી આસરે ૧૨૦ મૈલ ઉપર ઇશાન કોણમાં આવેલું હતું. આશૂર રાજ્યના વખતમાં આ શહેર ખાલ્દી લોકની પવિત્ર દફનભૂમિ ગણાતી હતી એમ લાગે છે, કેમકે ત્યાં બેસુમાર ઉમદા કબરો જોવામાં આવે છે. હાલ 'વારકા' નામનું એક શહેર બાબેલોનથી પૂર્વમાં ૪૩ મૈલ પર આવેલું છે, કે જે વિષે વિદ્વાનોનું ધારવું એવું છે કે એજ એરેખ શહેર છે. ત્યાં આજ સુધી પુરાતન ખંડેરો જોવામાં આવે છે, અને એક બુરજ ૨૦૦ ચો. ફીટનો દેખાય છે.

એલઆઝાર = પ્રભુ મારી સાહ્ય, પ્રભુની મદદ. (૧) એલઆઝારના પિતાનું નામ હારૂન હતું. અને તેની માનું નામ અલીશેબા હતું. હારૂનના ચાર પુત્રોમાંનો તે ત્રીજો પુત્ર હતો (નિર્ગ. ૬; ૨૩: ૨૮; ૧). આ એલઆઝાર પૂટીએલની પુત્રીઓમાંની એકની સાથે પરણ્યો, ને તેણીને પેટે તેને ફીનહાસ જન્મ્યો (નિર્ગ. ૬; ૨૫). પોતાના ભાઇઓ નાદાબ તથા અબીહૂના મરણ પછી એલઆઝાર પોતાના પિતા હારૂનની હજુરમાં યાજકપદની સેવા બજાવતો હતો (લેવી. ૧૦; ૧૨. ગણ. ૩; ૪, ૩૧). કેટલાંક વર્ષ સુધી તેણે બહુ વફાદારીથી કામ બજાવ્યું, પણ ત્યાર પછી તેનો પિતા હારૂન હોર પર્વત ઉપર મરણ પામ્યો, ત્યારે યહોવાહના હુકમ મુજબ મુસાએ આખી જમાતના દેખતાં હારૂનના વસ્ત્ર ઉતારી તેના પુત્ર એલઆઝારને પહેરાવ્યાં (ગણ. ૨૦; ૨૪-૨૯). પછી મોઆબના મેદાનમાં યરદન નદીને કાંઠે ઇસ્રાએલપુત્રોની ગણના કરવામાં (ગણ. ૧૭; ૧૯-૨૧) યહોશુઆને નિમવામાં

(ગણ. ૩૧; ૨૧, ૨૬) અને કનાન દેશમાં ઇસ્રાએલપુત્રોને વારસો વહેંચી આપવામાં તે સામેલ હતો (યહો. ૧૪; ૧). એવું માલમ પડે છે કે, તેના કુળમાં પ્રમુખયાજકપદ એલીના વખત સુધી રહ્યું. "હારૂનનો પુત્ર એલઆઝાર મરણ પામ્યો, ને તેના પુત્ર ફીનહાસની ટેકરી જે એફ્રાઇમના પહાડી મુલકમાં તેને આપવામાં આવી હતી તેના ઉપર તેઓએ તેને દાટયો" (યહો. ૨૪; ૩૩). ફીનહાસની ટેકરી એટલે ફીનહાસના શહેરમાં તેને દાટયો હશે, કેમકે પાલેસ્તાઇન દેશમાં ઘણાખરાં શહેરો ટેકરી ઉપર બાંધવામાં આવ્યાં હતાં, એ કારણ માટે અહિં ફીનહાસની ટેકરી કહેતા હશે. આ જગ્યા અને તેની કબર હજી સિલોહની ઉત્તરે ૭ મૈલ પર બતાવવામાં આવે છે, પણ તે વિષે નક્કી વાત નથી પણ દંતકથાની વાત છે. હારૂનનો પુત્ર (નિર્ગ. ૬; ૨૩, ૨૫). તેને યાજકપદ મળ્યું (નિર્ગ. ૨૮; ૨૯: ૪૦; ૧૫. લેવી. ૮: ૧૦; ૬, ૧૨, ૧૬. ગણ. ૩; ૨, ૩૨: ૪; ૧૬: ૧૬; ૩૭: ૧૯; ૩). હારૂન પછી પ્રમુખયાજક થયો (ગણ. ૨૦; ૨૫-૨૯: ૨૬; ૩, ૬૩: ૨૭; ૨, ૧૯-૨૨: ૩૧; ૬-૫૪: ૩૨; ૨, ૨૮: ૩૪; ૧૭. પુન. ૧૦; ૬. યહો. ૧૪; ૧: ૧૭; ૪: ૧૯; ૫૧: ૨૧; ૧). મરણ તથા દફન (યહો. ૨૪; ૩૩. ૧ કાળ. ૯; ૨૦: ૨૪; ૧-૬. જુઓ ફીનહાસ). (૨) તે કિર્યાથ-યઆરીમનો વતની હતો, અને તેના પિતાનું નામ અબીનાદાબ હતું. યહોવાહનો કોષ પલિસ્તીઓને ત્યાંથી આવ્યા પછી અબીનાદાબના ઘરમાં રહ્યો ને તેની સંભાળને વાસ્તે એલઆઝારને પ્રતિષ્ઠિત કીધો (૧ શમૂ. ૭; ૧). (૩) દાઉદના ત્રીસ યોદ્ધાઓમાંના ત્રણ મુખ્ય યોદ્ધાઓમાંનો એક હતો. તે બિન્યામીની અહોહીના પુત્ર દોદોનો પુત્ર હતો. તેણે તથા બીજા બે યોદ્ધાઓએ મળી પલિસ્તીઓની છાવણીમાં પેસી દરવાજા પાસેના બેથલેહેમના કુવામાંથી પાણી લઇ આવી દાઉદને પીવાને આપ્યું (૨ શમૂ. ૨૩; ૯. ૧ કાળ. ૧૧; ૧૨). (૪) ફીનહાસનો પુત્ર આ નામનો હતો કે જે બંદિપ્રવાસથી આવેલાં, પ્રભુના ઘરનાં પાત્રો ગણી લેવામાં મરેમોથ યાજકની સાથે હાજર હતો (એઝ. ૮; ૩૩). (૫) લેવી કુળના મરારી પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૨૩; ૨૧, ૨૨). તે સિવાય બીજાં કેટલાંક નામ પવિત્ર શાસ્ત્રમાં આવે છે (૧ કાળ. ૨૪; ૨૮. એઝ. ૧૦; ૨૫. નહે. ૧૨; ૪૨. માત્થી ૧; ૧૫).

એલઆદ = જેને પ્રભુ વખાણે છે. એફ્રાઇમપુત્રોમાંના એમોરનો પુત્ર એલઆદ કરીને હતો. આ એફ્રાઇમના પુત્રોને દેશમાં જન્મેલા ગાથના પુત્રોએ મારી નાખ્યા, કેમકે તેઓ એઓનાં ઢોરો હરી લઇ જવા સારૂ ઉતરી આવ્યા હતા. તેમના મરણને લીધે તેમના પિતા એફ્રાઇમે બહુ વખત સુધી શોક કર્યો (૧ કાળ. ૭; ૨૧).

એલઆદાહ = પ્રભુએ શણગાર્યો. એફ્રાઇમ વંશમાંના તાહાથનો પુત્ર એલઆદાહ કરીને હતો તેના દીકરાનું નામ પણ તાહાથ હતું (૧ કાળ. ૭; ૨૦).

એલઆલેહ = ઉંચ પદે પહોંચેલો. યરદન નદીની પૂર્વમાં રેઉબેનના ભાગમાં આવેલી ચારાની એક જગ્યા હતી (ગણ. ૩૩; ૩, ૩૭). પણ રેઉબેનના કબજામાં આ જગ્યા ક્યાં સુધી રહી તે માલમ નથી. યશાયાહ અને યિર્મેયાહના વખત પછી તેનું નામ દેવામાં આવતું નથી (યશા. ૧૫; ૪: ૧૬; ૯. યિર્મે. ૪૮; ૩૪). હાલ તે ગામ તદન નાશ પામ્યું છે અને તેના ખંડેરને એલ-આઅલ કહે છે. હેસ્બોનથી એક મૈલ દૂર તેનાં પુરાતન ખંડેરો જોવામાં આવે છે.

એલઆસાહ = પ્રભુએ બનાવ્યો. (૧) યહુદાહના પુત્રોમાંના હેસ્રોનના કુટુંબના હેલેશનો દીકરો હતો (૧ કાળ. ૨; ૩૯). (૨) શાઉલ રાજાના વંશના રફાયાહનો દીકરો હતો (૧ કાળ. ૮; ૩૭: ૯; ૪૩). (૩)

જે બે માણસોને રાજા સિદકીયાહે નબુખાદ-નેસ્સાર રાજા પાસે મોકલ્યા તેમાંનો એક સાફાનનો પુત્ર એલઆસાહ હતો. આજ માણસ સાથે યિર્મેયાહે બાબેલમાં પોતાનો પત્ર મોકલ્યો હતો (યિર્મે. ૨૯; ૩). (૪) પાશહૂરના પુત્રોમાંનો એક એલઆસાહ કરીને હતો (એઝ. ૧૦; ૨૨).

એલઉઝાય = પ્રભુ મારૂં વખાણ છે. દાઉદ જ્યારે શાઉલથી સંતાતો હતો ત્યારે દાઉદની સાહ્ય કરનાર શૂરવીરોમાંનો ત્રીસનો ઉપરી હતો અને તે બિન્યામીની શાઉલના ભાઇઓ-માંનો એક હતો (૧ કાળ. ૧૨; ૫).

એલ-એલીઓન = પરાત્પર દેવ. આ શબ્દ સુધારેલી નવી આવૃત્તિના હાંસિયામાં મુકેલો છે અને તેનો તરજુમો ઉત્પ. ૧૪; ૧૮ માં 'પરાત્પર દેવ' એવો કરેલો છે.

એલ-એલોહે-ઇસ્રાએલ = સર્વસમર્થ, ઇસ્રા-એલનો દેવ. યાકુબ પાદ્દાનારામમાંથી આવતાં કનાન દેશના શખેમ સુધી સહિસલામત આવ્યો, ને શહેરની સામા તંબુ તાણ્યો. જે જમીનના ટુકડામાં તેણે તંબુ તાણ્યો હતો તે શખેમના બાપ હમોરના દીકરાઓના હાથમાંથી રૂા. ૧૦૦ આપી વેચાતો લીધો અને ત્યાં તેણે વેદી બાંધી. આ વેદીનું નામ એલ-એલોહે-ઇસ્રાએલ પાડયું (ઉત્પ. ૩૩; ૧૮–૨૦).

એલ્કાનાહ = પ્રભુ પ્રાપ્તિ. (૧) એફ્રાઇમી યરોહામનો પુત્ર અને શમૂએલ ભવિષ્યવાદીનો પિતા હતો. જો કે તે એફ્રાઇમી હતો તોપણ રામાથમાં રહેતો હતો. આ માણસ દ્રવ્યવાન અને ઉંચ પદવીનો માણસ હતો. તેને બે સ્ત્રીઓ હતી એકનું નામ હાન્નાહ અને બીજીનું નામ પનિન્નાહ હતું. તે લેવીપુત્ર કહાથના પુત્રોમાંનો એક હતો એમ છતાં લેવીઓને સોંપેલી સેવામાં રીતસર ભાગ લેતો ન હતો (૧ કાળ. ૬; ૨૭-૩૪). પણ વર્ષમાં એક વાર પોતાનું અર્પણ ચઢાવવા રામાથાઇમ-સોફીનથી શીલોહમાં જતો હતો. એમ લાગે છે કે જ્યાં સુધી દાઉદ રાજાએ લેવીઓની વારા ટોળીઓ પાડી નહિ ત્યાં સુધી લેવીઓ પોતાના કામ વિષે ગાફેલ રહેતા હતા (૧ કાળ. ૨૩; ૬). તોપણ એલ્કાનાહ બહુ દિલદાર માણસ હતો એમાં શક નથી. એનો સ્વભાવ પણ બહુ નેક જણાય છે, કેમકે તેણે પોતાની સ્ત્રી હાન્નાહ પર તથા દીકરા દીકરીઓ પર ઘણી મહેરબાની બતાવી છે. એલ્કાનાહ શમૂએલનો પિતા અને હાન્નાહનો ધણી (૧ શમૂ. ૧: ૨; ૧૧, ૨૦. ૧ કાળ. ૬; ૨૭–૩૪). (૨) કોરાહનો બીજો પુત્ર (નિર્ગ. ૬; ૨૪), અને ૧ કાળ. ૬; ૨૨, ૨૩ થી જણાય છે કે તે કોરાહનો પરપુત્ર હતો. એ સિવાય બીજાં પાંચ છ માણસનાં નામ જુના કરારમાં આવે છે, ૧ કાળ. ૬; ૨૪, ૨૫, ૨૬, ૩૫, ૩૬: ૯; ૧૬: ૧૨; ૬: ૧૫; ૨૩. ૨ કાળ. ૨૮; ૭.

એલ્કોશી = પ્રભુ મારૂં ધનુષ્ય. એલ્કોશી એટલે એલ્કોશનો વતની. નાહૂમ ભવિષ્ય-વાદીની જન્મભૂમિ એલ્કોશ હતી. હવે એલ્કોશ નામના બે ગામ આવેલાં છે, એક ગાલીલ પ્રાંતમાં અને બીજું આશ્શૂરમાં નીનવેહની પાસે આવેલું છે. હવે નાહૂમની જન્મભૂમિ એ બેમાંથી કઇ હશે તે વિષે ખાત્રી પૂર્વક કહી શકાય નહિ. તોપણ તેની લખેલી ભવિષ્યવાતપરથી અનુમાન કરી શકાય કે આ વાત તેણે લખી ત્યાર તે પંડે આશ્શૂર દેશમાં વસતો હતો અને એમજ કદાચ આશ્શૂર બંદિપ્રવાસમાં તેનાં માબાપ લઇ જવાયાં હોય, અને તે વખતે નીનવેહ પાસેના એલ્કોશમાં નાહૂમ ભવિષ્યવાદીનો જન્મ થયો હોય (નાહૂ. ૧; ૧).

એલઝાબાદ = પ્રભુ બક્ષે છે. દ્વારપાળોની વારા ટોળીઓમાં કોરાહી એલ્ઝાબાદ નામનો એક શૂરવીર પુરૂષ હતો જે સમાયાહના પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૨૬; ૭). આજ નામનો બીજો પુરૂષ ૧ કાળ. ૧૨; ૧૨ માં આવે છે.

એલ્તકેહ = પ્રભુ મારી બીક. દાન કુળનું એક શહેર છે, જે લેવીઓને આપેલું હતું

એટલુંજ નહિ પણ તે મનુષ્યઘાતકનું આશ્રય નગર પણ હતું. હાલ તેને "બૈતલીફીઆ" કહે છે (યહો. ૧૯; ૪૪: ૨૧; ૨૩). યહો. ૨૧; ૨૩ માં તેને એલ્તેકેકહે છે.

એલ્તકોન = જેનો પાયો પ્રભુ છે. યહુદાહ પુત્રોના કુળનું વતન જે તેમને મળ્યું તેમાંનાં છ નગરોમાંનું એક હતું (યહો. ૧૫; ૫૯).

એલ્તોલાદ = જેની સંતતિ પ્રભુથી છે. યહો. ૧૫; ૩૦: ૧૯; ૪. અને ૧ કાળ. ૪; ૨૯ માં તેને 'તોલાદ' કહે છે. શિમઓનના દીકરા શિમઇને સોળ પુત્રો તથા છ પુત્રીઓ હતી તેઓના વંશજો જે શહેરમાં રહ્યા તેમાંનું એક હતું. તેમજ વળી યહુદાહપુત્રોના કુળનાં છેવાડાં ઓગણત્રીસ નગરોમાંનું એક હતું કે જે નેગેબમાં અદોમની સરહદ ગમ આવેલાં છે.

એલ્દાઆહ = જેને પ્રભુએ બોલાવ્યો છે. ઇબ્રાહીમની સ્ત્રી કટૂરાહના દીકરા મિદ્યાનના પાંચ દીકરાઓમાંનો એક હતો (ઉત્પ. ૨૫; ૪. ૧ કાળ. ૧; ૩૩).

એલ્દાદ = જેના પર પ્રભુ પ્યાર કરે છે. મુસાએ ઇસ્રાએલીઓ પર જે ૭૦ વડીલો ઠરાવ્યા હતા તેમાંનો એક એલ્દાદ હતો (ગણ. ૧૧; ૨૬, ૨૭). જેમ મુસા પર તેમજ ઉપલા ૭૦ વડીલો પર ભવિષ્યવાદીનો આત્મા ઉતર્યો પણ જ્યારે તેઓ છાવણીમાંથી નીકળી ગયા ત્યાર પછી તેમ થયું નહિ. પણ છાવણીમાં બે પુરૂષ રહી ગયા, એકનું નામ એલ્દાદ અને બીજાનું નામ મેદાદ, તેમના ઉપર આત્મા હજી રહ્યો. અને તેઓ હજી પણ ભવિષ્યવાત કહેતા હતા. આ વાતની અદેખાઇ આણી નુનના દીકરા યહોશુઆએ મુસાને કહ્યું કે, "તેઓને નિષેધ કર," પણ મુસાએ તેને કહ્યું કે, "શું મારી ખાતર તને તેમના ઉપર અદેખાઇ આવે છે? પરમેશ્વર કરે કે યહોવાહના સર્વ લોક ભવિષ્યવાદી થાય." અને નવીન મંડળીમાં મુસા જે પ્રમાણે ચાહતો હતો તે પ્રમાણે થયું છે (ગણ. ૧૧; ૨૪-૩૦ ની સાથે માર્ક ૯; ૩૮. લુક ૯; ૪૯. સરખાવો).

એલ્નાઆમ = આનંદી પ્રભુ. દાઉદ રાજાના સૈન્ય યોદ્ધાઓમાંનો એક (૧ કાળ. ૧૧; ૪૬).

એલ્નાથાન = જેને પ્રભુએ આપ્યો. (૧) યહોયાખીન રાજાની મા નહુશ્તાનો બાપ તે યરૂશાલેમનો વતની હતો (૨ રા. ૨૪; ૮). વળી જે માણસે રાજા યહોયાકીમને યિર્મેયાહની ભવિષ્યવાત લખેલો લપેટો નહિ બાળવા સંબંધી વિનંતી કીધી તે માણસ અને આ માણસ બંને એક ને એકજ હશે. અને એમ હોય તો એલ્નાથાનના બાપનું નામ "આખ્બોર" હશે (જુઓ યિર્મે. ૨૬; ૨૨: ૩૬; ૧૨, ૨૫). (૨) ઇસ્રાએલીઓ બાબેલથી નીકળ્યા પછી આહવા તરફ જે નદી વહે છે ત્યાં ત્રણ દિવસની છાવણી કીધી, અને ત્યાંથી લેવીઓને બોલાવવા જે માણસોને મોકલ્યા તેમાંનો એક એલ્નાથાન હતો (એઝ. ૮; ૧૬).

એલપારાન = પારાનનું ઓક. પારાન અરણ્યને કિનારે આ નામની એક જગ્યા હોરીઓના સંસ્થાનમાં આવેલી છે (ઉત્પ. ૧૪; ૬). કદોરલાઓમેર તથા જે રાજાઓ તેની સાથે હતા તેમણે જે છ કોમોને હરાવી તેમાંના એક હોરીઓ હતા, કે જે સેઇર નામે પર્વતમાં રહેતા હતા, તેઓને એલપારાન લગી મારતા ગયા. હાલ તેને 'એત-તીહ'નું અરણ્ય કહે છે.

એલ્પાઆલ = જેનો બદલો પ્રભુ છે. તે બિન્યામીનપુત્રોમાંનો એક હતો, જે હુશીમને પેટે જન્મ્યો હતો (૧ કાળ. ૮; ૧૧: ૧૨; ૧૮).

એલ્પેલેટ = જેનું તારણ પ્રભુ છે. દાઉદના દીકરાઓમાંનો એક છે. આ નામની બીજી રચના અલીફેલેટ છે (૨ કાળ. ૧૪; ૫). દાઉદના બે પુત્રનું નામ અલીફેલેટ છે, જેમાંના એકને કોઇ કોઇ વખત એલ્પેલેટ કહે છે.

એલ-બેથેલ = બેથેલનો પ્રભુ. જ્યારે યાકુબ પોતાના ભાઇના મ્હો આગળથી નહાઠો ત્યારે જે જગ્યાએ દેવે તેને દર્શન આપ્યું

તે જગ્યાએ તેણે એક વેદી બાંધી, અને તેનું નામ 'એલ-બેથેલ' પાડયું (ઉત્પ. ૩૫; ૭: ૩૧; ૧૩).

એલ્યહોએનાય = યહોવાહની ભણી મારી દૃષ્ટિ છે. આર્તાહશાસ્તા રાજાના રાજ્ય સમયે એઝરા શાસ્ત્રીની સાથે જેઓ બાબેલથી પાછા આવ્યા, તેમાંનો ઝરાહ્યાહનો પુત્ર કુટુંબનો મુખ્ય પુરૂષ હતો, અને તેની સાથે બસેં માણસ આવ્યાં હતાં (એઝ ૮; ૪. ૧ કાળ. ૩; ૨૩).

એલ્યાકીમ = જેને પ્રભુ ચઢાવે છે. (૧) તે હીલ્કીયાહનો પુત્ર અને હિઝકીયાહ રાજાના મહેલનો અધિકારી હતો. તેને જ્યારે આશ્શૂરનો રાજા રાબશાકેહ ચઢી આવ્યો ત્યારે સામે મોકલ્યો હતો, અને એ ખબર યશાયાહ ભવિષ્યવાદીને આપવા પણ તાટ પહેરીને તે ગયો હતો (૨ રા. ૧૮; ૧૮, ૨૬, ૩૭: ૧૯; ૨. યશા. ૩૬; ૩: ૩૭; ૨). આ રાજપદવીની જગ્યા શેબ્નાના હાથમાંથી લઇ તેને આપવામાં આવી હતી (યશા. ૨૨; ૧૫-૨૬). તે માણસ બહુ સારો હતો. જોખમના વખતમાં તે શત્રુ સામે ગયો અને પ્રભુના હુકમ મુજબ દુઃખમાં તાટ પહેર્યું. તેના વિષે યહોવાહ કહે છે કે, તે 'મારો સેવક,' (યશા. ૨૨; ૨૦. ૨ રાજા. ૧૮; ૩૭). તે બહુ માનવંતો અને રાજ્યગાદી સિવાય રાજાની સમાન પદવીનો માણસ હતો. (૨) યહોયાકીમ જે યહુદાહનો રાજા તેનું જુનું નામ એલ્યાકીમ હતું, પણ જ્યારે ગાદીએ બેઠો ત્યારે તેનું નામ યહોયાકીમ પાડયું. તેના પિતાનું નામ યોશીયાહ હતું, તે યહોયાકીમ પહેલાં ગાદી ઉપર હતો (૨ રાજા. ૨૩; ૩૪. ૨ કાળ. ૩૬; ૪). (૩) મેલેઆનો પુત્ર અને ઘણું કરીને નાથાનનો પરપુત્ર થાય (લુક ૩; ૩૦). અહિં એલ્યાકીમની જોડણી એલિયાકીમ કીધી છે. (૪) ઝરૂબ્બાબેલના વંશના અબીઉદનો પુત્ર (માત્થી ૧; ૧૩). (૫) યરૂશાલેમના કોટની પ્રતિષ્ઠાને પ્રસંગે જે લેવીઓએ ઉત્સાહભરેલો ભાગ લીધો હતો તેમાંનો એક (નહે. ૫; ૧૦, ૨૨).

એલ્યાદા = જેને પ્રભુ જાણે છે. (૧) દાઉદને યરૂશાલેમમાં જે તેર છોકરાં થયાં તેમાંનો એક એલ્યાદા હતો (૨ શમૂ. ૫; ૧૬. ૧ કાળ. ૩; ૮). વળી ૧ કાળ. ૧૪; ૭ માં તેને 'બએલ્યાદા' કહે છે. (૨) એક બિન્યામીની પરાક્રમી યોદ્ધો હતો (૨ કાળ. ૧૭; ૧૭). (૩) રાજા સુલેમાનનો એક શત્રુ, જેના દીકરાનું નામ 'રઝોન' હતું (૧ રા. ૧૧; ૨૩).

એલ્યાશીબ = પ્રભુ પાછા લાવશે. (૧) એઝરા અને નહેમ્યાહના વખતમાં એક મુખ્યયાજક હતો, તેણે મેંઢા ભાગળ બાંધી (નહે. ૩; ૧). વળી તે ટોબીયાહ અને સાન્બાલ્લાટના સગામાંનો હતો (નહે. ૩; ૧, ૨૦: ૧૩; ૪, ૭, ૨૮). (૨) દાઉદના વખતમાં એક યાજક ટોળીનો ઉપરી હતો (૧ કાળ. ૨૪; ૧૨). એ સિવાય એજ નામના બીજા માણસોનાં નામ પણ આવે છે (૧ કાળ. ૩; ૨૪. એઝ. ૧૦; ૬, ૨૪, ૨૭, ૩૬. નહે. ૧૨; ૧૦, ૨૨).

એલ્યાસાફ = પ્રભુએ ઉગાર્યો. (૧) ગાદ પુત્રોનો અધિપતિ હતો. તેના પિતાનું નામ દેઉએલ અથવા રેઉએલ હતું (ગણ. ૧; ૧૪: ૨; ૧૪: ૭; ૪૨, ૪૭). (૨) ગેર્શોનીઓના બાપોના ઘરનો અધિપતિ લાએલનો પુત્ર એલ્યાસાફ કરીને હતો (ગણ. ૩; ૨૪).

એલ્યાહબા = દેવ સંતાડે છે. દાઉદના સૈન્ય યોદ્ધાઓમાંનો એક જેને શાઆલ્બોની કહે છે (૧ કાળ. ૧૧; ૩૩. ૨ શમૂ. ૨૩; ૩૨).

એલ્લાસાર = આશ્શૂરનું ઓક કે ઢગલો. આસિયાનો એક પ્રાંત અને ઇબ્રાહીમના દિવસોમાં આર્યોખ ત્યાંનો રાજા હતો (ઉત્પ. ૧૪; ૧, ૯). આ પ્રાંત વિષે એમ ધારવામાં આવે છે કે ખાલ્દી રાજ્યની રાજધાની જે 'લાર્સા' જેને હાલ 'સેનકેરેહ' કહે છે તેજ એલ્લાસાર છે. ફ્રાત નદીને ડાબે પડખે ઉર અને એરેકની વચ્ચે તે આવેલ છે.

વળી કેટલાક વિદ્વાનો એમ ધારે છે કે ૨ રા. ૧૯; ૧૨. યશા. ૩૭; ૧૨ માં જેને "તલાસ્સાર" કહે છે તે અને એલ્લાસાર એક ને એકજ છે; એમ છતાં વળી બીજા કેકલાક એમ માને છે કે બાબેલ દેશનું તે એક શહેર અથવા પ્રગણું છે.

એલ્સાફાન = પ્રભુ મારી સંભાળ. અલીસાફાન નામની બીજી રચના એલ્સાફાન છે. હારૂનના કાકા ઉઝ્ઝીએલના દીકરાઓમાંનો એક હતો કે જેને છાવણીની બહાર કાઢવાનો હુકમ થયો હતો (નિર્ગ. ૬; ૨૨. લેવી ૧૦; ૪).

એલ્હાનાન = દેવની કૃપાથી અપાયલો. (૧) ગોબ પાસે પલિસ્તીઓની સાથે યુદ્ધ થયું ત્યારે આ માણસ દાઉદના વખતમાં એક મોટો શૂરવીર પુરૂષ હતો કે જેણે ગોલ્યાથ ગિત્તીને માર્યો. તેના પિતાનું નામ યાઅરે-ઓરગીમ હતું (૨ શમૂ. ૨૧; ૧૯). પણ ૧ કાળ. ૨૦; ૫ માં લખ્યું છે કે યાઇરના પુત્ર એલ્હાનાને ગિત્તી ગોલ્યાથના ભાઇ લાહમીને માર્યો. હવે ૨ શમૂ. ૨૧; ૧૯ માં આ વાત હાંસિયામાં સુધારેલી આવૃત્તિમાં મુકવામાં આવી છે. (૨) તે દોદો બેથલેહેમીનો પુત્ર હતો અને દાઉદના શૂરવીરોમાંનો એક હતો (૨ શમૂ. ૨૩; ૨૪. ૧ કાળ. ૧૧; ૨૬).

એલાથ = (એલોથ) વધવું, ઝાડો. એલાથનું બહુવચન એલોથ છે (પુન. ૨; ૮. ૨ રા. ૧૪; ૨૨: ૧૬; ૬ ની સાથે ૧ રા. ૯; ૨૬. ૨ કાળ. ૮; ૧૭: ૨૬; ૨. સરખાવો). રૂમીઓ અને યુનાનીઓ તેને 'એલાના' કહે છે. એલાથ તે અદોમનું એક શહેર છે જે અકાબાના અખાતની પૂર્વ ગમ છે; તેની પાસે એસ્યોન-ગેબેર આવેલ છે. પ્રથમ તેનું નામ પુન. ૨; ૮ માં આવે છે. આજ રસ્તે થઇને ઇસ્રાએલીઓ મોઆબના મેદાનમાં આવ્યા હતા. દાઉદે અદોમમાં થાણાં મુક્યાં (૨ શમૂ. ૮; ૧૪. ૨ કાળ. ૮; ૧૭). ત્યાર પછી આસરે ૧૦૦ વર્ષ પછી અદોમીઓએ પોતાને શીર એક રાજા ઠરાવીને દંગો કીધો, પણ બયાન એવું કરેલું છે કે, ત્યાર પછી યોરામે તથા અઝાર્યાહે ફરીને અદોમને યહુદાહની સાથે જોડયો (૨ રા. ૮; ૨૦: ૧૪; ૨૨). ત્યાર પછી આસરે ૬૦ વર્ષ પછી અરામના રાજા રસીને એલાથને પાછું અરામના કબજામાં લીધું (૨ રા. ૧૬; ૬). ત્યારથી તે રૂમીઓના કબજામાં આ શહેર આવ્યું ત્યાં સુધીનો હાલ બીલકુલ માલમ નથી. પુરાતન વખતમાં વેપાર રોજગારને લીધે શહેર બહુ મશહુર હતું પણ હાલ ઘણાએક વખતથી તે અપ્રસિદ્ધ છે. અરબ લોક તેને 'ઐલાહ' કહે છે, અને જે હાજીઓ મક્કા મદિનાની હજ કરવા જાય છે તેઓ એક બે દિવસ અહિં મુકામ કરે છે.

એલામ = આયુષ્ય. (૧) શેમના પુત્રોમાંનો જ્યેષ્ઠ પુત્ર એલામ હતો (ઉત્પ. ૧૦; ૨૨). અને તેના વંશજો જે જગ્યામાં રહ્યા તેને એલામદેશ કહે છે (ઉત્પ. ૧૪; ૧, ૯. યશા. ૧૧; ૧૧: ૨૧; ૨). આ દેશ બાબેલની પૂર્વમાં ઇરાની અખાતની ઉત્તરે આવેલો હતો. ઇબ્રાહીમના વખતમાં એલામનું રાજ્ય બહુ બળવાન ગણાતું હતું (ઉત્પ. ૧૪; ૧–૧૨). દેશ બહુ મશહૂર, રાજા બહુ પરાક્રમી, તો પણ ઇ. સ. પૂ. ૬૪૫ માં આ રાજ્ય આશ્શૂર-બાની-પાલે જીતી લીધું. આ દેશને ત્યાંના લોક 'આનઝાન કે આનસાન' કહેતા હતા અને મુખ્ય શહેર શૂશા કે શૂશાન ઉલાય નદીને કાંઠે હતું. રાજા બેલ્શાસ્સારના વખતમાં બાબેલનું એલામ એક પ્રગણું ગણાતું હતું, અને ત્યાર પછી ઇરાની બાદશાહતનો એક ભાગ ગણાયો. પ્રથમ એલામ અને ઇરાન અલગ પ્રાંત હતા, પણ પાછળથી એલામ ઇરાની રાજ્યનો એક ભાગ ગણાવા લાગ્યો. ઇરાનીઓ શેમના પુત્ર એલામના વંશજ હશે. રાજા કોરેશે ઇરાની રાજ્યને ચઢતી સ્થિતીમાં આણ્યું અને યુનાની સિકંદરે (આલેશાંદર મોટો) ઇરાની રાજ્યનો અંત આણ્યો. એલામીઓ એલામના રહીશો છે. પચાસમે દિવસે જ્યારે પવિત્ર આત્માની વૃષ્ટિ થઇ ત્યારે

યરૂશાલેમમાં એલામીઓ પણ આવ્યા હતા (પ્રે. કૃ. ૨ ; ૯). ઘણું કરીને બાબેલ બંદીપ્રવાસ પછી જે લોકો એલામમાં વસ્યા હશે તેમના વંશજો આ લોક હશે (યશા. ૧૧ ; ૧૧. સરખાવો). (૨) એક યહુદી આ નામનો હતો, જેનાં ૧૨૫૪ માણુસો બંદીપ્રવાસમાંથી પાછાં આવ્યાં (એઝ. ૨ ; ૭ઃ ૮ ; ૭). વળી તે સિવાય એઝ. ૧૦ ; ૨, ૨૬ માં એક નામ આવે છે. વળી જુઓ નહે. ૧૦ ; ૧૪ઃ ૧૨ ; ૪૨. ૧ કાળ. ૮ ; ૨૪ઃ ૨૬ ; ૩. એલામ વિષે ભવિષ્યવાત (યશા. ૧૧ ; ૧૧ઃ ૨૧ ; ૨ઃ ૨૨ ; ૬. યિર્મે. ૨૫ ; ૨૫ઃ ૪૯ ; ૩૪–૩૯. હઝ. ૩૨ ; ૨૪).

એલાહ = ઓક. (૧) ઇસ્રાએલનો એક રાજા હતો (૧ રા. ૧૬ ; ૬-૧૪). તે બાઅશાનો પુત્ર હતો અને ઇ. સ. પૂ. ૯૩૦ માં ગાદીએ બેઠો. આ રાજા બહુ ખરાબ હતો. ગાદીએ બેઠા પછી બીજે વર્ષે જ્યારે તે પીને મસ્ત થયો હતો ત્યારે તેના સેનાપતિ ઝિમ્રીએ બાઅશાના કુટુંબનાં સઘળાં માણુસોને મારી નંખાવ્યાં અને તેમાં યેહૂ ભવિષ્યવાદીનું ભવિષ્ય પુરૂં પડયું (૧ રા. ૧૬ ; ૧-૪, ૮-૧૪). (૨) આ નામની એક ખીણુ સોખોહ અને અઝેકાહની પાસે આવેલી હતી. દાઉદે પલિસ્તી યોદ્ધા ગોલ્યાથને મારી નાખ્યો ત્યારે ઇસ્રાએલીઓની છાવણી આ ખીણુમાં કરવામાં આવી હતી (૧ શમૂ. ૧૭ ; ૨-૧૯). આ ખીણુમાં મોટાં મોટાં ઓકનાં ઝાડો હતાં, પણ હાલ તેને બદલે બાવળનાં ઝાડ જોવામાં આવે છે, તોપણુ કોઇ જગ્યાએ ઓકનાં ઝાડ જોવામાં આવે છે. આ ખીણુની પાસે એક મૈલ લાંબુ મેદાન છે, જ્યાં ઇસ્રાએલીઓની ફોજ એકઠી મળી હશે. ખીણુમાં પાણી પણુ છે, અને તેમાં બેસુમાર નાના મોટા ગોળ પત્થરો હજી માલમ પડે છે, જે જોઇને દાઉદના પસંદ કરેલા ગોફણુના પત્થર યાદ આવે છે. (૩) અદોમી સરદાર (ઉત્પ. ૩૬ ; ૪૧). (૪) યફૂન્નેહના પુત્ર કાલેબના ત્રણ પુત્રોમાંનો બીજો (૧ કાળ. ૪ ; ૧૫). (૫) ઇસ્રાએલના છેલ્લા રાજા હોશીઆનો પિતા (૨ રા. ૧૫ ; ૩૦ઃ ૧૭ ; ૧ઃ ૧૮ ; ૧, ૯. તે સિવાય જુઓ ૧ કાળ. ૧ ; ૫૨ઃ ૯ ; ૮. ૧ રા. ૪ ; ૧૮).

એલિમ = ઝાડ. (ગણુ. ૩૩ ; ૯, ૧૦ અને નિર્ગ. ૧૫ ; ૨૭ઃ ૧૬ ; ૧ માં તેને જુની આવૃત્તિમાં એલામ કહે છે. ઇસ્રાએલીઓએ લાલ સમુદ્ર ઓળંગ્યા પછી બીજો મુકામ એલિમમાં કર્યો હતો. ત્યાં 'પાણીના બાર ઝરા તથા સિત્તેર ખજુરીઓ હતી.' લાલ સમુદ્ર પાસે એત-તીહ નામનો પહાડ આવેલો છે તેમાં ચાર ખીણો આવેલી છે. અને ઘિણાની લોક ધારે છે કે, "ઘુરૂનદેલ" નામની તેમાંની એક ખીણુ તેજ એલિમ છે. આ જગ્યાથી ઉપડી ઇસ્રાએલીઓએ સૂફ સમુદ્રને કિનારે છાવણી કીધી અને ત્યાંથી નીકળી સીન અરણ્યમાં પ્રવેશ કીધો (ગણુ. ૩૩ ; ૧૦-૧૨).

એલી = ચઢાવ, ઉચપદે પહોંચેલો. (૧) હારૂનના ચોથા પુત્ર ઇથામારના વંશનો પહેલો પ્રમુખયાજક એલી હતો. યહોવાહનો કરારકોષ જ્યારે સીલોહમાં હતો ત્યારે એલી ત્યાં પ્રમુખયાજક હતો. એલીના ઘરમાં આ યાજકપદ, આબ્યાથર યાજક કે જેને સુલેમાન રાજાએ પદભ્રષ્ટ કરી સાદોકને નિમ્યો ત્યાં સુધી રહ્યું હતું (૧ રા. ૨ ; ૩૫). વળી એ સિવાય એલીએ શામશૂનના મરણુ પછી ૪૦ વર્ષ સુધી ઇસ્રાએલીઓમાં ન્યાયાધીશપણું પણુ કીધું હતું (૧ શમૂ. ૪ ; ૧૮). એલી બહુ સુખી પુરૂષ હતો, પણુ તેના દીકરા હોફ્નીની તથા ફીનહાસની ભુંડાઇને લીધે એલીના વૃદ્ધપણામાં બહુ ભારે દુઃખ આવી પડયું (૧ શમૂ. ૨ ; ૨૨, ૨૩, ૨૭-૩૬ઃ ૩ ; ૧૮). જ્યારે પલિસ્તીઓએ ઇસ્રાએલીઓ સામે લડાઇ જોડી ત્યારે એફેકમાં પલિસ્તીઓએ છાવણી કીધી હતી. આ લડાઇમાં ઇસ્રાએલીઓની ભારે હાર થઇ અને આસરે ચાર હજાર માણુસ માર્યા ગયા. આ હારને

લીધે ઇસ્રાએલીઓએ યહોવાહનો કરારકોષ સીલોહથી મંગાવ્યો અને હોફ્‌ની તથા ફીનહાસ કરારકોષ સાથે ત્યાં આવ્યા, અને પલિસ્તીઓ સાથે ફરી લડાઇ થઇ, તેમાં પણ ઇસ્રાએલીઓ ફરીને હાર્યા અને પલિસ્તીઓએ તેમની ભારે કતલ કીધી. ઇસ્રાએલી પાયદળમાંથી ૩૦ હજાર માણસ પડ્યાં અને દેવનો કરારકોષ શત્રુના હાથમાં ગયો, એટલુંજ નહિ, પણ એલીના બે દીકરા હોફ્‌ની તથા ફીનહાસ માર્યા ગયા. આ ખબર અહિંથી ૨૦ મૈલ ઉપર સીલોહમાં એલીને પહોંચતાં દરવાજાની બાજુ પાસેના આસન ઉપરથી ચત્તોપાટ પડી ગયો, ને તેની ગરદન ભાંગી ગઇ, ને મરણ પામ્યો. તે વખતે આ ધાર્મિક પુરૂષની ઉમર ૯૮ વર્ષની હતી, અને તેની આંખો વૃદ્ધાવયને લીધે ઝાંખી પડી ગઇ હતી (૧ શમૂ. ૪). માત્થી ૨૭; ૪૬ માં એલી શબ્દ આવે છે તેનો અર્થ મારા દેવ એવો છે; અને માર્ક ૧૫; ૩૪ માં અરામી ભાષામાં 'એલોઇ' કહે છે. એ શબ્દો ઇસુ વધસ્તંભ ઉપર હતો ત્યારે પોતાની સાત વાતમાંની ચોથી વાત હતી.

એલીઆમ = પ્રભુના લોક. (૧) અહીથોફેલનો દીકરો (૨ શમૂ. ૨૩; ૩૪) અને ઉરીયાહ હિત્તીની સ્ત્રી બાથ-શેબાનો પિતા (૨ શમૂ. ૧૧; ૩). ૨ શમૂ. ૨૩; ૩૪ માં તેને 'અલીઆમ' કહે છે અને ૧ કાળ. ૩; ૫ માં 'આમ્મીએલ' કહે છે. (૨) અહીથોફેલ ગિલોનીનો પુત્ર, જે દાઉદના ત્રીસ યોદ્ધાઓમાંનો એક હતો (૨ શમૂ. ૨૩; ૩૪). પણ આ બન્ને માણસ ઘણું કરીને એક ને એકજ હશે એમ લાગે છે.

એલીમાસ = માયાક્રિયા કર્ત્તા. પાઉલ અને બાર્નાબાસ જ્યારે પહેલી મુસાફરીએ નીકળી કુપ્રસ ટાપુના પાફસમાં આવ્યા, ત્યારે આ માણસ તે બેટના અધિકારી સરજીઅસ પાઉલની સાથે હતો. તેને લાગ્યું કે જો આ ટાપુમાં સુવાર્તાની સારી વાતોની અસર થશે તો મારી આબરૂ ઓછી થશે; એમ ધારી તેણે સરજીઅસ પાઉલને વિશ્વાસથી ફેરવવાનું કર્યું, પણ ઇશ્વરની અજાયબ ધારણા પ્રમાણે જે માણસથી તેના વિશ્વાસને ધક્કો લાગે એવું હતું, તેજ માણસ પર થએલા ઇશ્વરના પરાક્રમથી તે અધિકારી વિશ્વાસી થયો. એટલે ઇશ્વરના કરવાથી તે માણસ કેટલાક દિવસ સુધી આંધળો થયો. તે માણસનું બીજું નામ 'બારઇસુ' હતું (પ્રે. કૃ. ૧૩; ૧-૧૨). આ માણસ પર થએલા ચમત્કારમાં એક મોટી શિખામણ રહેલી છે, તે એ કે ઇશ્વરની સજા સાથે કૃપા મળેલી છે, કેમકે તે હમેશને વાસ્તે નહિ પણ થોડા વખતને માટે આંધળો થયો.

એલીયાહ = જેનો દેવ યહોવાહ છે. (૧) બેશક એલીયાહ સ્વભાવે આપણા સરખો માણસ હતો (યાકુ. ૫; ૧૭), એમ છતાં તે એક મોટો પેગંબર ગણાયો, કેમકે આપણા કરતાં તે બહુ વધારે પ્રાર્થના કરતો હતો, તે કારણ માટે તે એવી પદવીએ પહોંચ્યો. પ્રાર્થનામાં તે આપણે માટે નમુનારૂપ છે. તેનાં માબાપ વિષે પવિત્ર શાસ્ત્રમાં કંઇ લખ્યું નથી. તેને તિશ્બી એલીયાહ કહે છે (૧ રા. ૧૭; ૧). તિશ્બી શહેર કાદેશની દક્ષિણે આવેલું હતું, પણ વિદ્વાન લોકો એવું માને છે કે તિશ્બી શહેરનો રહીશ એલીયાહ હશે, કે તેની તે ગામ જન્મભૂમિ હશે (જુઓ તિશ્બી). યહોવાહનું વચન એલીઆહ પાસે આવતાં તે આહાબ રાજા પાસે ગયો ને કહ્યું કે, "ઇસ્રાએલનો દેવ યહોવાહ, જેની સન્મુખ હું ઉભો રહું છું, તેના જીવના સમ કે, આ વર્ષમાં ઓસ તથા વરસાદ કેવળ મારા કહેવા પ્રમાણેજ થશે." ત્યાર પછી તે યહોવાહના વચન મુજબ યરદન સામેના 'કરીથ' નાળામાં સંતાઇ રહ્યો. અહિં યહોવાહે કાગડાની મારફતે રોટલી તથા માંસનો ખોરાક એલીયાહને પુરો પાડ્યો. પણ જ્યારે નાળું સુકાઇ ગયું, ત્યારે યહોવાહના વચન પ્રમાણે ત્યાંથી નીકળીને સિદોનના સારફાથમાં એક વિધવા બાઇને

ત્યાં જઇ રહ્યો. ત્યાં વિધવાએ તેને બે વર્ષ સુધી ખાવાપીવાનું આપ્યું. દરમિયાનમાં આ વિધવાનો દીકરો મંદવાડથી અકસ્માત મરણ પામ્યો, ત્યારે એલીયાહે તેને સજીવન કર્યો (૧ રા. ૧૭; ૨-૨૪). આ પ્રમાણે ઉપલાં બે વર્ષમાં એલીયાહ પ્રભુના કામને માટે તૈયાર થયો. પહાડો અને જંગલોમાં તેને ઇશ્વરની મુલાકાત કરવાનો બહુ સારો પ્રસંગ મળ્યો. હવે ઉપલો દુકાળનો વખત પુરો થવા આવ્યો, ત્યારે ત્રીજે વર્ષે એલીયાહની પાસે યહોવાહની એવી વાણી આવી કે, "તું જઇને આહાબને દેખાં દે, ને ને હું પૃથ્વી પર વરસાદ મોકલીશ." અને જુઓ એમ થયું કે આહાબ રાજાએ પોતાના ઘરના કારભારી ઓબાધાહને પોતાનાં જાનવરોના જીવ બચાવવા સારૂ ઘાસ તથા પાણી શોધવા મોકલ્યો. એજ વખતમાં એલીયાહ તેને મળ્યો, ને કહ્યું કે, "તારા ધણીને જઇને કહે કે એલીયાહ આવ્યો છે." પછી રાજા આવ્યો અને એલીયાહને મળ્યો ને કહ્યું કે, "હે ઇસ્રાએલને દુઃખ દેનાર, એ શું તું છે?" પણ દેવના ભક્ત એલીયાહે રાજાથી ન બીતાં હિમ્મતથી કહ્યું કે, "મેં ઇસ્રાએલને દુઃખ દીધું નથી, પણ તેં તથા તારા બાપના ઘરે તો દીધું છે, કેમકે તમે યહોવાહની આજ્ઞાઓનો ત્યાગ કીધો છે, અને તેં બઆલીમની ઉપાસના કીધી છે." પછી બઆલ ખરો કે પ્રભુ દેવ ખરો છે તે સાબીત કરવાને બઆલના ચારસેં ને પચાસ ભવિષ્યવાદીઓને એકઠા કીધા, અને કાર્મેલ પર્વત ઉપર અર્પણ ચઢાવ્યું. આ શાબિતીમાં બઆલના ભવિષ્યવાદીઓથી કંઇ વળ્યું નહિ, પણ એલીયાહના કહેવા પ્રમાણે દહનીયાર્પણ ભસ્મ થયું. અને સર્વ લોકોએ ઉંધા પડીને કહ્યું કે, "યહોવાહ એજ દેવ છે, યહોવાહ એજ દેવ છે." અને પછી એલીયાહના હુકમ પ્રમાણે બઆલના બધા ભવિષ્યવાદીઓને કિશોન નાળાની પાસે મારી નાખ્યા. ત્યાર પછી થોડી વારમાં એલીયાહની વિનંતીનો જવાબ મળ્યો, એટલે વરસાદ વરસ્યો (યાકુ. ૫; ૧૮). ત્યાર પછી એલીયાહે જે સર્વ કીધું તે આહાબે ઇઝેબેલને કહ્યું ને તેને મારી નાખવાને ખેપિયો મોકલીને કહાવ્યું કે, 'કાલે આસરે આ વેળા સુધીમાં હું તારો જીવ લેવડાવીશ.' ત્યારે એલીયાહ ત્યાંથી નીકળીને યહુદાહના બેરશેબામાં ગયો, ને ત્યાર પછી ત્યાંથી નીકળીને એક દિવસની મજલ પર અરણ્યમાં 'રોતેમવૃક્ષ' તળે જઇને મુકામ નાખ્યો. ત્યાં યહોવાહના દૂતે બે વાર તેને અડકીને કહ્યું કે, 'ઉઠ ને ખા, કેમકે તારે સારૂ આ મજલ વધારે છે." ને તેણે ઉઠીને જોયું તો ઓસીકા પાસે અંગારા પર સેકેલી રોટલી તથા પાણીનો ચંબુ તેના જોવામાં આવ્યાં. પછી તેણે તે ખાધું ને તે ખોરાકના પ્રતાપથી ચાળીસ દિવસ ને ચાળીસ રાત ચાલીને દેવના પર્વત હોરેબ પહોંચ્યો, ને ગુફામાં જઇને ત્યાં ઉતારો કીધો. અહિં યહોવાહ તેને દેખાયો, અને કહ્યું કે, "એલીયાહ, તું અહિં શું કરે છે?" પછી એલીયાહનો જવાબ સાંભળીને યહોવાહે કહ્યું કે, તું હઝાએલને અરામનો રાજા, યેહૂને ઇસ્રાએલનો રાજા અને એલીશાને તારી પોતાની જગ્યાએ ભવિષ્યવાદી ઠરાવ (૧ રા. ૧૯; ૧૩-૨૧ની સાથે ૨ રા. ૮; ૭-૧૫: ૯; ૧-૧૦ સરખાવો). ઉપલી બઆલના જુઠા ભવિષ્યવાદીઓની કતલ થયાથી આહાબ તથા ઇઝેબેલના મન ઉપર કંઇ સારી અસર થઇ નહિ, અને તેથી કરીને એક પછી એક મોટી આફતો તેના કુટુંબ ઉપર આવી પડી. અને એલીયાહે તેને વિરૂદ્ધ તથા તેના પછી ગાદીએ બેસનાર અહાઝયાહ વિરૂદ્ધ ભવિષ્ય કહ્યું (૧ રા. ૨૧; ૧૯-૨૪: ૨૨; ૩૮. ૨ રા. ૧; ૧-૧૬), અને એલીયાહના કહેવા પ્રમાણે આહાબ અને ઇઝેબેલનું ફજેતી ભરેલું મરણ થયું. હવે એલીયાહની જીંદગીનો છેવટનો વખત પાસે આવી પહોંચ્યો (૨ રા. ૨; ૧-૧૨). એલીયાહ એલીશાને લઇને ગિલ્ગાલ ગયો, જ્યાં ભવિષ્યવાદીની પાઠશાળા

હતી. એલીશા પોતાના ગુરૂને છોડવા ચાહતો નહોતો. ત્યાર પછી તેઓ ત્યાંથી બેથેલ અને યરેખો આવ્યા, અને યરદન નદીના પાણી ઓળગતાં પાણીના બે ભાગ થઇ ગયા. નદી ઉતરી તેઓ ગિલઆદની સરહદ પર પહોંચ્યા અને વાત કરતા કરતા આગળ જતા હતા, ત્યારે જુઓ "અગ્નિરથ તથા અગ્નિ ઘોડા દેખાયા, ને તેઓએ તે બેને જુદા પાડી દીધા, ને એલીયાહ વંટોળીઆ થકી આકાશમાં ચઢી ગયો : અને એલીશાએ તે જોઇને બૂમ પાડી કે, મારા બાપરે, મારા બાપરે;" અને ત્યાર પછી એલીશા, એલીયાહનો ઝભ્ભો લઇ પાછો ફર્યો. અને વળતાં યરદન નદીના ઝભ્ભાના યોગે બે ભાગ થઇ ગયા, અને એમ એલીશા ઉપર એલીયાહનો આત્મા આવ્યો. ૨ કાળ. ૨૧; ૧૨-૧૫ પરથી કેટલાક એમ ધારે છે કે આ લખાણ એલીયાહ તરફથી નહિ પણ એલીશા તરફથી લખવામાં આવ્યું છે, કેમકે યહોશાફાટના દિવસોમાં એલીયાહ આકાશમાં ચઢી ગયો હતો માટે નકલ કરનારાથી તેમાં ભૂલ થઇ હોય એમ લાગે છે. પણ તે સાથે યાદ રાખવા જેવું છે કે યહોશાફાટ તેના પિતા યોરામની સાથે રાજ્ય કરતો હતો (૨ રા. ૮; ૧૬ : ૧; ૧૭ : ૩; ૧), તો તે વખતે તો એલીયાહ જીવતો હતો. નવા કરારમાં આ ભવિષ્યવાદીના જેટલી વાત બીજા જુના કરારના કોઇ ભવિષ્યવાદીની વાત આવતી નથી (જુઓ યોહા. ૧; ૨૫). યાજકો તથા લેવીઓ યોહાન બાપ્તિસ્મા કરનાર પાસે આવીને કહેવા લાગ્યા કે 'તું તે ખ્રીસ્ત નથી, અથવા એલીયાહ નથી, તો બાપ્તિસ્મા કેમ કરે છે?' (રૂમી. ૧૧; ૨. યાકુ. ૫; ૧૭. લુક ૩; ૨ : ૪; ૨૫ : ૯; ૮, ૫૪. માત્થી ૩; ૪ : ૧૧; ૧૧, ૧૪. ૧ રા. ૧૭; ૧. ૨ રા. ૧; ૮. ઉપલાં વાક્યોમાં એલીયાહની વાત જોડાયલી છે. એલીયાહ વિષે ઘણા લાંબા વખતે પણ લોકોમાં કેવી ઉંડી છાપ તેના આવવા વિષે બેઠેલી હતી તે માલા. ૪; ૪, ૫ પરથી દેખાય છે. રૂપાંતરના પહાડ પર શિષ્યોના જોવામાં એલીયાહ આવ્યો હતો. આવનાર એલીયાહ તે યોહાન બાપ્તિસ્મા કરનાર હતો. માત્થી ૧૧; ૧૩, ૧૪ : ૧૬; ૧૪ : ૧૭; ૧૦. માર્ક ૯; ૧૧ : ૧૫; ૩૫. લુક ૯; ૭. યોહા. ૧; ૨૧. એલીયાહ પછી જે જે ભવિષ્યવાદીઓ થયા તેમના વિષે તેમના ધારવામાં એમ હતું કે એ એલીયાહ હશે. અને લોકના મનમાં એ વાત એવી રમી રહી હતી કે વધસ્તંભ પર ઇસુએ એલીયાહને બોલાવ્યો એમ તેઓ સમજ્યા (માર્ક ૧૫; ૩૫, ૩૬). એલીયાહના જેવો એક ભવિષ્યવાદી ઉઠયો છે (લુક ૭; ૨૪-૨૮) કે જે એલીયાહના આત્માએ તથા પરાક્રમે ચાલ્યો. એનું દુકાળ વિષે ભવિષ્ય (૧ રા. ૧૭; ૧. લુક ૪; ૨૫. યાકુ. ૫; ૧૭). કાગડાએ ખવાડયું (૧ રા. ૧૭; ૩-૬). વિધવા પાસે મોકલાયો (૧ રા. ૧૭; ૯. લુક ૪; ૨૬). દીકરાને સજીવન કર્યો (૧ રા. ૧૭). બઆલના ભવિષ્યવાદીઓને ખાતરી કરી આપી (૧ રા. ૧૮). હોરેબમાં પ્રભુ દેખાયો (૧ રા. ૧૯; ૧-૧૮. રૂમી. ૧૧; ૨). એલીશાને બોલાવ્યો (૧ રા. ૧૯; ૧૯). આહાબ વિરૂદ્ધ ભવિષ્ય (૧ રા. ૨૧; ૧૭, ૨૮. ૨ રા. ૯; ૩૬ : ૧૦; ૧૭). આકાશથી આગ ઉતરી (૨ રા. ૧. લુક ૯; ૫૪). અગ્નિરથે આકાશે લેવાયો (૨ રા. ૨; ૧-૧૮ : ૩; ૧૧. ૨ કાળ. ૨૧; ૧૨). (૨) (૧ કાળ. ૮; ૨૭). (૩) (એઝ. ૧૦; ૨૬).

એલીશા = તારણનો દેવ, પ્રભુ તેનું તારણ. એલીશા આબેલ-મહોલાહવાસી શાફાટનો દીકરો હતો (૧ રા. ૧૯; ૧૬). તે એલીયાહના મરણ પછી એલીયાહની જગ્યાએ ભવિષ્યવાદી નિમાયો હતો. પ્રભુએ એલીયાહને ત્રણ વાત વિષે હુકમ આપ્યો હતો. તેમાં પહેલી વાતના સંબંધે એલીશાનું નામ પ્રથમ આપણા વાંચવામાં આવે છે. એટલે પ્રભુએ એલીયાહને ફરમાવ્યું હતું કે એલીશાને તારી જગ્યાએ ભવિષ્યવાદી નિમ. અને

જ્યારે શાફાટનો પુત્ર એલીશા તેને હળ ખેડતો મળ્યો ત્યારે એલીયાહે તેના ઉપર પોતાનો ઝભ્ભો નાખ્યો ને એલીશા ત્યાર પછી એલીયાહની પાછળ ગયો, ને તેની ચાકરી કીધી (૧ રા. ૧૯ ; ૧૯-૨૧). ત્યાર પછી સાત આઠ વર્ષ સુધી એલીશા એલીયાહની સાથે રહ્યો. આ બધાં વર્ષોમાં એલીયાહ સાથે તેની કંઇ વાત જોડાયલી છે. પણ એલીયાહના મરણ પછી એલીશાને ઇસ્રાએલીઓએ ભવિષ્યવાદી તરીકે માન્ય કીધો. એલીશાએ એલીયાહના મરણ વખતે એક વાતની માગણી કરી હતી કે, 'કૃપા કરીને તારા આત્માનો બમણો હિસ્સો મારા પર આવે.' અને એ પ્રમાણે તેની માગણી પુરી થઇ, અને આસરે ૬૦ વર્ષ સુધી (ઇ. સ. પૂ. ૮૯૨-૮૩૨) 'ઇસ્રાએલના ભવિષ્યવાદી' (૨ રા. ૫ ; ૮) નું કામ તેણે કીધું. એલીયાહથી જુદા પડયા બાદ એલીશા યરેખો પાછો આવ્યો અને ત્યાં એક ખારા ઝરાને મીઠો કીધો (૨ રા. ૨ ; ૨૧). પછી ત્યાંથી બેથેલ જવા નીકળ્યો. રસ્તામાં કેટલાંક છોકરાં તેની મશ્કરી કરીને કહેવા લાગ્યાં કે, "હે તાલવાળા, આગળ ચાલ." પછી ભવિષ્યવાદીએ યહોવાહને નામે તેમને શાપ દીધો ને તેમાંના ૪૨ છોકરાંને બે રીંછડીઓએ વનમાંથી આવીને તેમને ફાડી ખાધાં (૨ રા. ૨ ; ૨૩-૨૫). ત્યાર પછી આપણે વાંચીએ છીએ કે, યહોરામ રાજાના સૈન્યને અજાયબ રીતે એલીશાએ વરસાદનું પાણી આપ્યું અને તેમના તથા તેમનાં જાનવરોના જીવ બચાવ્યા (૨ રા. ૩ ; ૯, ૧૦), અને ગરીબ વિધવાનું તેલ વધાર્યું (૨ રા. ૪ ; ૧-૭). શૂનેમની સ્ત્રીના પુત્રને ચમત્કારિક રીતે જીવતો કીધો (૪ ; ૧૮-૩૭). વળી જવની વીસ રોટલીથી સો માણસને તેણે ચમત્કારિક રીતે ખવાડયું અને એમ છતાં ખોરાક વધ્યો (૪ ; ૪૨-૪૪). નાઅમાન કોઢીઆને શુદ્ધ કીધો (૫ ; ૧-૨૭). ગેહજીને જુઠું બોલવાથી કોઢીઓ કીધો. યરદન નદીમાં લોઢાની કુહાડી ચમત્કારિક રીતે તરતી કીધી (૬ ; ૧-૭). જ્યારે સમરૂનનો ઘેરો ઘાલવામાં આવ્યો ત્યારે એલીશાએ પુષ્કળ ખોરાક વિષે ભવિષ્ય કહ્યું (૬ ; ૨૪-૨૭). એ પ્રમાણે આસરે ચૌદેક ચમત્કાર એલીશાથી થએલા નોંધવામાં આવ્યા છે. ત્યાર પછી આપણે એલીશાને દમસ્કમાં જોઇએ છીએ, જ્યાં એલીયાહને આપેલો બીજો હુકમ એલીશા પુરો કરે છે, એટલે હઝાએલને અરામનો રાજા કરે છે (૨ રા. ૮ ; ૭-૧૫). અને ત્યાર પછી એલીયાહને કહેવામાં આવેલી ત્રીજી વાત પ્રમાણે એલીશા યેહૂને આહાબને બદલે ઇસ્રાએલનો રાજા ઠરાવે છે (૨ રા. ૯ ; ૧-૧૦). ત્યાર પછી તેના મરણ સુધી આપણે તેના વિષે કંઇ જાણતા નથી. જ્યારે તે મરણને ખાટલે સુતો ત્યારે ઇસ્રાએલનો રાજા યોઆશ તેને મળવાને આવ્યો, અને જેમ એલીશાએ એલીયાહને માટે વિલાપ કરતાં કહ્યું હતું તેમ યોઆશે કહ્યું કે, "મારા બાપ, મારા બાપ, ઇસ્રાએલના રથો તથા તેઓના ઘોડેસ્વારો." પછી એલીશાએ યોઆશને જણાવ્યું કે તું અરામને ત્રણ વાર મારશે. પછી એલીશા મરણ પામ્યો ને તેને દાટવામાં આવ્યો. પણ ત્યાર પછી એક વર્ષ પછી એવું બન્યું કે એક માણસના મુડદાને એલીશાની કબરમાં મુકવામાં આવ્યું, અને જેવું તે એલીશાનાં હાડકાંને અડકવામાં આવ્યું કે તરત "તે માણસ જીવતો થયો ને ઉઠીને ઉભો થયો" (૨ રા. ૧૩ ; ૨૧).

એલીશાહ = તારણનો દેવ. યાવનના ચાર પુત્રોમાંનો વડો (ઉત્પ. ૧૦ ; ૪). કદાપી એમ હોય કે તેના વંશજો ગ્રીસ અને લઘુ એસીઆના ટાપુઓમાં જઇ રહ્યા હોય, તે પરથી તેનું નામ "અલીશાહના બેટો" એવું પડયું હોય (હઝ. ૨૭ ; ૭). અને કદાચ હાલ જે ટાપુઓને 'એલીશ' ટાપુઓ કહે છે, તેજ એ ટાપુઓ હશે.

એલીસાબેત = પ્રભુના સમ. આ બાઇ આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની માની પિત્રાઇ

બહેન થતી હતી (લુક ૧; ૩૫). તે યોહાન બાપ્તિસ્મા કરનારની મા તથા ઝખાર્યાહ યાજકની વહુ હતી (લુક ૧; ૫). આ બાઇ અને તેનો ધણી ઝખાર્યાહ બંને 'દેવની આગળ ન્યાયી હતા' (લુક ૧; ૬). મરિયમ કુંવારીને જ્યારે મસીહ વિષેનું વચન આપવામાં આવ્યું ત્યારે ઉતાવળે તે એલીસાબેત પાસે ગઇ અને એલીસાબેત પવિત્ર આત્માથી ભરપુર થઇ. આ બાઇ હારૂનના કુટુંબની હતી (લુક ૧; ૫-૮૦ વાંચો).

એલીહુદ = યહુદાહનો પ્રભુ. આપણા પ્રભુ ઇસુની માના પિતા યાકુબનો તે વડવો થાય (માત્થી ૧; ૧૪, ૧૫).

એલેફ = બળદ. બિન્યામીન પુત્રોનાં ૧૪ નગરોમાંનું તે એક હતું (યહો. ૧૮; ૨૮).

એલોથ = વધવું. એલાથનું બહુવચન એલોથ છે (૧ રા. ૯; ૨૬. ૨ કાળ. ૮; ૧૭: ૨૬; ૨). અકાબા અખાતની પૂર્વગમ અદોમનું એક શહેર છે, અને તેની પાસે એસ્યોન-ગેબેર આવેલ છે (જુઓ 'એલાથ').

એલોન = ઓક. (૧) હિત્તી કોમનો એસાવની સ્ત્રી બાસમાથનો પિતા (ઉત્પ. ૨૬; ૩૪: ૩૬; ૨). (૨) જે ઇસ્રાએલીઓ મિસરમાં આવ્યા તેમાંનો એક ઝબુલૂનનો દીકરો એલોન હતો (ઉત્પ ૪૬; ૧૪). (૩) ઇસ્રાએલનો અગીઆરમો ન્યાયાધીશ. તેણે દસ વર્ષ સુધી ઇસ્રાએલીઓનો ન્યાય કીધો. તેના મરણ પછી તેને ઝબુલૂનના "આયાલોન" માં દાટ્યો (ન્યાયા. ૧૨; ૧૧. જુઓ આયાલોન). (૪) યહો. ૧૯; ૪૩ માં દાન કુળના એક શહેરનું નામ આવે છે જે બેથેલથી આસરે ૮ મૈલ દૂર આવેલું હતું.

એલોન-બેથ-હાનાન = જે કૃપાનું ઘર તેનું ઓક. એફ્રાઇમના પહાડી મુલકમાં એક શહેર આવેલું હતું તે રાજા સુલેમાનના બાર કારભારીઓમાંના 'બેનદૂર'ને તાબે હતું (૧ રા ૪; ૯).

એવીલ-મરોદાખ = મરોદાખનો માણસ. નબૂખાદનેસ્સારનો પુત્ર જે પોતાના પિતાના મરણ પછી બાબેલની ગાદીએ બેઠો (૨ રા. ૨૫; ૨૭. યિર્મે. ૫૨; ૩૧, ૩૪). એમ દેખાય છે કે તેણે કેવળ બેજ વર્ષ (ઇ. સ. પૂ. ૫૬૧-૫૫૯) રાજ્ય કીધું. તેની રાજ્ય કારકીર્દીને પહેલે વર્ષે તેણે યહુદાહના રાજા યહોયાખીનને બંદીખાનામાંથી બહાર કાઢી ઉંચ પદવી આપી, અને તેની સાથે "માયાળુપણાથી વાત કીધી, અને પોતાની હજુરમાં એટલે બાબેલમાં જે રાજાઓ હતા તેઓનાં આસનો કરતાં તેનું આસન તેણે ઉંચી જગ્યાએ મુક્યું." એવીલ-મરોદાખને તેના સાળા નેરીગ્લીસ્સારે (=નેર્ગાલ-શારએસેર) મારી નાખ્યો, અને પોતે તેની જગ્યાએ ગાદીએ બેઠો (યિર્મે. ૩૯; ૩, ૧૩).

એશઆન = ભરણપોષણ (?). યહુદાહના પહાડોમાં આવેલી એક જગ્યા હતી (યહો. ૧૫; ૫૨). કદાચ તે 'એસ-સિમીયા'નું ખંડેર હશે, કે જે હેબ્રોનની દક્ષિણે દૂમાહની પાસે આવેલું છે.

એશેક = જુલમ. બિન્યામીની પુત્રોમાંના આસેલનો ભાઇ એશેક નામનો હતો, જેને ત્રણ પુત્રો હતા (૧ કાળ. ૮; ૩૯).

એશ્કોલ = લુમ, ઝુમખો. (૧) અમોરી ત્રણ રાજ્ય કુંવરોમાંનો એક. તેણે ઇબ્રાહીમની સાથે સંપીલા થઇને કદોરલાઓમેર પાસેથી લોટની સંપત્તિ પાછી મેળવી (ઉત્પ. ૧૪; ૧૩, ૨૪). (૨) આ નામની એક ખીણ હેબ્રોનની ઉત્તરે આવેલી હતી કે, જ્યાંથી ઇસ્રાએલી જાસુસો દ્રાક્ષાની એક લુમવાળી ડાળી તથા કેટલાંક દાડમો તથા અંજીરો લઇને ઇસ્રાએલી છાવણીમાં પાછા આવ્યા હતા (ગણ. ૧૩; ૨૩, ૨૪. પુન. ૧; ૨૪). ત્યારથી આ ખીણને એશ્કોલ નામ આપવામાં આવ્યું (ગણ. ૧૩; ૨૪). આ વખતે ઇબ્રાહીમના મિત્ર એશ્કોલને પણ યાદ કર્યો હશે કે જે એ તરફ રહેતો હતો. હાલ પણ આ ખીણમાં જે અંજીર પાકે છે તે મશહૂર છે. તેમાં જે બુરૂજ બાંધવામાં આવ્યો હતો તે આજ સુધી જોવામાં આવે

છે (યશા. ૫; ૨). હેબ્રોન અને એશ્કોલ વચ્ચે હાલ કેટલાંક ખેતરો અને બગીચા આવેલાં છે.

એશ્તમોઆ = આજ્ઞાંકિત. (૧) હારૂનપુત્રોને મળેલાં નગરોમાંનું એક હતું (યહો. ૨૧; ૧૪). (૨) એઝ્રાહના કુટુંબનો એક માણસ (૧ કાળ. ૪; ૧૭. જુઓ એશ્તમોહ).

એશ્તમોહ = આજ્ઞાંકિત. હારૂનપુત્રોને આ નગર અને તેની આસપાસનાં ગામ આપવામાં આવ્યાં હતાં (યહો. ૨૧; ૧૪). આ જગ્યાએ દાઉદ અને તેના સાથીઓ આવજા કરતા હતા. અને અમાલેકીઓની લૂટમાંથી દાઉદે અહિંનાં માણસોને ભેટ આપી હતી (૧ શમૂ. ૩૦; ૨૮. ૧ કાળ. ૬; ૫૭). હાલ તે જગ્યામાં એક ગામડું છે, જે 'એસસેમુઆ' નામથી ઓળખાય છે. તેની આજુબાજુ અસલ શહેરનાં ખંડેર જોવામાં આવે છે. આ ગામ સોકાહથી પૂર્વમાં ૩½ મૈલ દૂર અને હેબ્રોનથી સાત આઠ મૈલ દૂર આવેલું છે. તે નેગેબનું મધ્યબિંદુ છે, તેને એશ્તમોઆ પણ કહે છે (યહો. ૧૫; ૫૦).

એશ્તાઓલ = સાંકડી ગલી. યહુદાહના નીચ પ્રદેશમાં આવેલાં શહેરોમાંનું એક હતું (યહો. ૧૫; ૩૩). અને દાન કુળના વતનની સરહદનું શહેર ગણાતું હતું (યહો. ૧૯; ૪૧). અહિં શામશૂને પોતાની બાલ્યાવસ્થા ગાળી, અને તેઓની આગળ પોતાનું પરાક્રમ બતાવ્યું. અને આખરે જ્યારે શામશૂન મરણ પામ્યો ત્યારે તેના ભાઇ તથા તેના બાપના ઘરનાં સર્વ ત્યાં જઇ તેને લઇ આવ્યાં, ને સોરાહ તથા એશ્તાઓલની વચમાં તેના બાપ 'માનોઆહ' ના કબરસ્તાનમાં તેઓએ તેને દાટયો (ન્યાયા. ૧૩; ૨૫: ૧૬; ૩૧: ૧૮; ૨, ૮, ૧૧, ૧૨). હાલ સોરાહની પૂર્વમાં બે મૈલ ઉપર એક ટેકરી આવેલી છે, તેના ઉપર 'યેશૂઆ' નામની એક જગ્યા આવેલી છે, તેને કેટલાક લોકો પુરાતન એશ્તઓલ કહે છે. વળી એક બીજું કિર્યાથ-યઆરીમની પૂર્વમાં 'કુસટૂલ' નામનું ગામ છે તેને કેટલાક એશ્તાઓલ કહે છે. ત્યાંના રહીશોને 'એશ્તાઓલીઓ' કહે છે (૧ કાળ. ૨; ૫૩).

એશ્તોન = સ્ત્રીના જેવું. યહુદાહપુત્રોમાંના મહીરનો પુત્ર (૧ કાળ. ૪; ૧૧, ૧૨).

એશ્બઆલ = બઆલનો માણસ. શાઉલ રાજાનો ચોથો પુત્ર (૧ કાળ. ૮; ૩૩: ૯; ૩૯). તેનું બીજું નામ 'ઇશ-બોશેથ' (૨ શમૂ. ૨; ૮), તેણે બે વર્ષ ઇસ્રાએલ પર રાજ્ય કર્યું (જુઓ ઇશ-બોશેથ).

એશ્બાન—હોરીના પુત્રોમાંનો એક (ઉત્પ. ૩૬; ૨૬. ૧ કાળ. ૧; ૪૧).

એસાર-હાદ્દોન=અગ્નિની બક્ષીસ. આશ્શૂરનો રાજા હતો, પોતાના પિતા સાન્હેરીબના મરણ પછી તે આશ્શૂરની ગાદીએ બેઠો (ઇ. સ. પૂ. ૬૮૧). (૨ રા. ૧૯; ૩૭. યશા. ૩૭; ૩૮). તેણે સમરૂનમાં કેટલાક સંસ્થાનો વસાવ્યાં (એઝ. ૪; ૨. ૨ રા. ૧૭; ૨૪). એ શિવાય પવિત્ર શાસ્ત્રમાં તેના વિષે કંઇ લખવામાં આવ્યું નથી, પણ પુરાતન લેખો ઉપરથી જણાય છે કે, આશ્શૂર રાજ્યના બીજા બધા રાજાઓ કરતાં આ રાજા બહુ પરાક્રમી હતો. તેના રાજ્યની હદ ઇરાની અખાતથી માંડી આર્મિનિયાના પહાડો સુધી અને તિગ્રીસ નદીથી માંડી ભૂમધ્ય સમુદ્ર સુધી હતી, એટલુંજ નહિ, પણ મિસર હબ્સી દેશ, કુપ્રસ અને કિલકીયા વિગેરે દેશો તેના કબજામાં હતા, અને આગળ જતાં બાબેલ દેશ પણ પોતાના રાજ્યમાં જોડી દીધો, અને ત્યાં એક ભવ્ય મહેલ બંધાવ્યો, અને ત્યાર પછી કેટલાક દિવસ બાબેલ અને કેટલાક દિવસ નિનવેહમાં રહેતો હતો. બાબેલ શહેરનો જો કે તેના પિતાએ નાશ કીધો હતો તોપણ તેણે ફરીને લગભગ પહેલાના જેવુંજ શહેર ફરીને બંધાવ્યું હતું. જ્યારે તે બાબેલના રાજ્યમહેલમાં હતો ત્યારે યહુદાહના રાજા મનાશ્શેહને બેડીઓ સહિત પોતાની હજુરમાં મંગાવ્યો (૨ કાળ. ૩૩; ૧૧) અને તેને બંધનથી મુક્ત કરી

યરૂશાલેમ તેના રાજ્યમાં પાછો મોકલ્યો. વળી તેણે એવીજ મહેરબાની બાબેલના રાજા બરોદાખ-બાલઅદાન (૨ રા. ૨૦; ૧૨) ના દીકરા ઉપર કીધી. એ ઉપરથી જણાય છે કે, એસાર-હાદ્દોનનો સ્વભાવ દયાળુ હતો. બાબેલના મહેલ શિવાય તેણે બીજા ત્રણ મહેલ અને ૩૦ મંદિરો બંધાવ્યાં હતાં. કહે છે કે તેના મહેલો સુલેમાનના મહેલો જેવા સુંદર હતા (૧ રા. ૭; ૧-૧૨). બહુ અજાયબ જેવી વાત આ છે કે એસાર-હાદ્દોનના મરણ પછી અઢી હજાર વર્ષે ઉપલા મહેલોની શોધ વિદ્વાનોથી કરવામાં આવી છે. એસારહાદ્દોન ઇ. સ. પૂ. ૬૬૮ માં બાબેલમાં મરણ પામ્યો અને તેની પછી તેનો વડો દીકરો આશ્શૂર-બાની-પાલ ગાદીએ બેઠો.

એસાવ = રૂવાંવાળો, ખરબચડો. ઇસ્હાકના રિબ્કાહને પેટ થએલા જોડ દીકરાઓમાંનો પ્રથમ એસાવ હતો, તેનું બીજું નામ અદોમ છે. (અદોમ = લાલ) કેમકે તેણે યાકુબના લાલ શાકને બદલે પોતાનું જ્યેષ્ઠ-પણું વેચ્યું હતું (ઉત્પ. ૨૫; ૩૦, ૩૧). જેમ હેબ્રી. ૧૨; ૧૬ માં લખ્યું છે કે, "એસાવ જેણે એક ભોજનને સારૂ પોતાનું જ્યેષ્ઠપણું વેચ્યું, તેના જેવો કોઇ ભ્રષ્ટ થાય." પણ ભૂત, ભવિષ્યની દરેક વાતો પ્રભુ જાણે છે. અને એ પ્રમાણે એસાવ સંબંધી જાણીને તેણે કહ્યું કે, "એસાવ પર મને ધિક્કાર ઉપજ્યો" (મલા. ૧; ૨, ૩). નાનપણથી બંને ભાઇઓ વચ્ચે મોટો ફેર દેખાતો હતો, ઇસ્હાક એસાવ પર અને રિબ્કાહ યાકુબ પર પ્રીતિ કરતી હતી. એસાવ શરીરે બળવાન હતો તેથી ઘેટાં ચારવાનું કામ મુકીને જંગલમાં શિકાર કરવાનું કામ તેણે પસંદ કર્યું. શિકાર કરવા જાય ત્યારે શિકાર ન મળે ત્યાં સુધી તે ઘેર પાછો આવતો નહિ. ભૂખ, તરસ અને મંદવાડ શિકારીને વાસ્તે બહુ નાની વાત છે. એમ છતાં પણ જોઇએ છીએ કે એજ ભૂખે પોતાનું જ્યેષ્ઠપણું વેચાવ્યું, કે જેને વાસ્તે પાછળથી પસ્તાવાની જગ્યા રહી નહિ. પાછળથી ખોએલું પદ પાછું મેળવવાને તેણે મહેનત કરી એટલુંજ નહિ, પણ પોતાના ભાઇને કતલ કરવાને પણ તૈયાર થયો. ત્યાર પછી એસાવ જ્યારે ૪૦ વર્ષની ઉમરનો થયો ત્યારે તેણે બે કનાની સ્ત્રી સાથે લગ્ન કીધાં. એક હિત્તી બએરીની દીકરી યહુદીથ તથા હિત્તી એલોનની દીકરી બાસમાથ. પણ તેઓ ઇસ્હાક તથા રિબ્કાહના જીવને કડવાસરૂપ હતી (ઉત્પ. ૨૬; ૩૪, ૩૫: ૨૭; ૪૬). ત્યાર પછી એસાવે એક નાદાની કીધી, એટલે તેને એવું લાગ્યું કે મારા પિતા ઇસ્હાકને કનાન દેશની દીકરીઓ ભુંડી લાગે છે, ત્યારે તેણે ઇબ્રાહીમના દીકરા ઇશ્માએલની દીકરી માહલાથ જે નબાયોથની બહેન, તેને તેણે પોતાની બે સ્ત્રીઓ ઉપરાંત પોતાની સ્ત્રી કીધી. આથી કરીને પોતાનાં માબાપ સાથે અણબનાવ કરી સેઇર દેશમાં રહેવા ગયો હશે, કેમકે જ્યારે યાકુબ પાદ્દાનારામથી પાછો આવ્યો ત્યારે સેઇર દેશમાં ખબર મોકલવામાં આવી હતી (ઉત્પ. ૩૨; ૩). આ વખતે એસાવ ૪૦૦ માણસના રસાલા સાથે આવીને યાકુબને મળ્યો હતો. ત્યાર પછી આસરે વીસ વર્ષે તેમનો પિતા ઇસ્હાક મરણ પામ્યો, તે વખતે આ બંને ભાઇઓ ફરીને બાપની કબર આગળ મળ્યા હશે (ઉત્પ. ૩૫; ૨૯). એસાવ ત્યાર પછી કનાન દેશ મુકીને અદોમ દેશમાં કાયમ રહેવા ગયો, અને ત્યાં જઇ એક જોરાવર આગેવાન બની ત્યાંના અસલ વતની હોરીઓને કાઢીને પોતાના કબજામાં આખો દેશ કીધો. અને જ્યારે એસાવ જેનું બીજું નામ અદોમ તેના હાથમાં આ દેશ આવ્યો ત્યારે તેનું નામ 'અદોમ' પાડયું. ઘણાં વર્ષ પછી જ્યારે યાકુબના વંશજો મિસર દેશથી નીકળી કનાન દેશમાં જતા હતા ત્યારે બંને ભાઇઓની વચ્ચે થએલો જુનો કજીયો યાદ કરીને ઇસ્રાએલીઓને પોતાના દેશમાં થઇને જવા દીધા નહિ

(ગણ. ૨૦; ૧૪-૨૨. જુઓ અદોમ).
એસાવ—(ઉત્પ. ૨૫; ૨૫-૩૪. મલા. ૧; ૨. રૂમી. ૯; ૧૩. હેબ્રી. ૧૨; ૧૬. ઉત્પ. ૨૭: ૨૮; ૬-૯: ૩૨; ૩-૩૩; ૧૬: ૩૫; ૧, ૨૯). તેનો વંશ (ઉત્પ. ૩૬. ૧ કાળ. ૧; ૩૪-૫૪. પુન. ૨; ૪-૧૨, ૨૨, ૨૯. યહો. ૨૪; ૪. યિર્મે. ૪૯; ૮, ૧૦. ઓબા. ૧. જુઓ અદોમ).

એસેક = ઝગડો. ગરારની ખીણમાં ઇસ્હાકના ભરવાડોએ આ કુવો ખોદ્યો હતો. પણ આ વખતે ગરારના ભરવાડોએ ઇસ્હાકના ભરવાડો સાથે લડાઇ કરી માટે ઇસ્હાકે તે કુવાનું નામ એસેક પાડયું (ઉત્પ. ૨૬; ૨૦).

એસેમ = હાડકું. શિમઓનના વંશના વતન સારૂ જે નગરો મળ્યાં તેમાંનું એક આ હતું (૧ કાળ. ૪; ૨૯. યહો. ૧૫; ૨૯).

એસેર = જુઓ એઝેર. (૧ કાળ. ૧; ૩૮. ઉત્પ. ૩૬; ૨૧. ૧ કાળ. ૭; ૨૧).

એસ્તેર = તારા. આ જગત પર અધિકાર ચલાવવાને પ્રભુ દુનિયાના ગરીબોને પણ પસંદ કરે છે, એવો દાખલો એસ્તેર વિષે બન્યો છે (૧ કરીં. ૧; ૨૭-૩૧). કોઇના ધારવામાં ન આવે કે આ એક ગરીબ છોડી અહાશ્વેરોશ રાજાની (ઇ. સ. પૂ. ૪૮૫-૪૬૫) રાણી થાય, કે જેનું રાજ્ય હિંદથી તે કુશ સુધી ૧૨૭ પ્રાંત પર હતું. એસ્તેરનું યહુદી નામ 'હદાસ્સાહ' (=મેંદી) હતું. પણ જ્યારે તે રાજ્યદરબારમાં દાખલ થઇ ત્યારે તેનું નામ એસ્તેર પાડયું (એસ્તે. ૨; ૭). તેના પિતાનું નામ અબીહાઇલ હતું, જે બિન્યામીની કુળનો હતો. તેના કાકાનું નામ મોર્દખાય હતું, જેણે એસ્તેરને પોતાની દીકરી કરી લીધી હતી. આ કુમારિકા સુંદર કાંતિની તથા રૂપાળી હતી. તેણી પોતાનાં માબાપના મરણ પછી પોતાના કાકા મોર્દખાયને ત્યાં ઉછરી મોટી થઇ હતી. દરબારમાં એસ્તેર દાખલ થઇ ત્યારે સર્વની દૃષ્ટિમાં એસ્તેર કૃપા પામી, અને રાજાએ પોતાની રાણી વાશ્તીને બદલે આ કુમારિકાને પસંદ કરી. જેમ એસ્તેર દેખાવમાં ઘણી ઉમદા હતી તેમજ તેનો સ્વભાવ પણ ઘણો ઉમદા હતો. તે ધાર્મિક, વિશ્વાસુ, હિમ્મતવાન, સ્વદેશાભિમાની, સાવધાન અને આજ્ઞાંકિત હતી. એસ્તેર રાજાની રાણી થઇ ત્યાર પછી થોડી વારમાં અગાગી હામાનને રાજ્યમાં સર્વ સરદારોથી મોટી જગ્યા મળી. તેણે એસ્તેરના કાકા મોર્દખાય ઉપર અદેખાઇ કરીને અહાશ્વેરોશના આખા રાજ્યમાંના સર્વ યહુદીઓનો વિનાશ કરવાનો ભયંકર ઠરાવ બહાર પાડયો. પણ એસ્તેર રાણીએ પોતાના સ્વદેશીઓનો બચાવ કરવાને, રાજા પાસે જવું નિયમ વિરૂદ્ધ હતું, તોપણ તે રાજાની હજુરમાં ગઇ અને પોતાના લોકોનો છુટકો કરાવ્યો, અને દુષ્ટ હામાનને મારી નંખાવ્યો. યહુદીઓએ પોતાના થએલા આ ભારે બચાવની યાદ રાખવાને પુરીમ નામનું એક વાર્ષિક પર્વ સ્થાપ્યું.

એસ્તેરનું પુસ્તક = પવિત્રશાસ્ત્રમાં આ બાઇના નામથી એક પુસ્તક ઓળખાય છે જેને એસ્તેરનું પુસ્તક કહે છે. આ પુસ્તકમાં એસ્તેર સંબંધી સઘળી વાત લખવામાં આવી છે. આ પુસ્તક વિષે અજાયબ જેવી વાત એ છે કે, તેમાં બધી મળી ૧૬૭ કલમ આવે છે કે જેમાં ઇરાની રાજાની વાત ૧૯૦ વખત આવે છે, એમ છતાં યહોવાહ કે પ્રભુનું નામ એકે વખત આવતું નથી. તોપણ તે કારણ માટે આ પુસ્તક આપણે નકારવું નહિ જોઇએ, કેમકે (૧) પુરીમ પર્વ બારમા માસની ૧૪મી અને ૧૫મી તારીખે પાળવામાં આવતું હતું, અને તે દિવસોમાં માણસો મોજમઝા મારી આનંદ કરતા હતા; હવે એવી મોજમઝાના દિવસોમાં જે પુસ્તકનું વાંચન થાય તેમાં ઇશ્વરનું ગંભીર નામ દાખલ નહિ કરવું તે તેઓને વાજબી લાગ્યું હશે (લુક ૧૫; ૧૮). (૨) યહુદી લોક જ્યારે બંદીપ્રવાસમાં હતા ત્યારે વિદેશીઓની આગળ યહોવાહનું નામ લેતા નહિ અને આસરે

૧૫૦ વર્ષ સુધી તેમને એવો મહાવરો પડયો હતો. અને એ પ્રમાણે જ્યારે બંદીપ્રવાસ પછી આ પુસ્તક રચાયું ત્યારે યહોવાહનું વહાલું નામ, તેમને પડેલી આદત પ્રમાણે તેમણે પ્રગટ કર્યું નહિ હશે. (૩) આ પુસ્તકમાંનો ઘણો ખરો ભાગ ઇરાની રાજાઓના કાળવૃત્તાંતના પુસ્તકમાંથી ઉતારેલો જણાય છે, અને તેમાં સંસારીક બાબત ઘણી છે, માટે જે નવી વાતો પુસ્તકમાં ઉમેરવામાં આવી તે ઉપલી વાતને અનુસરીને ઉમેરી હશે માટે પ્રભુનું નામ આવતું નથી. તોપણ આ પુસ્તકમાં રહેલી શિખામણ બહુ ઉત્તમ છે, એટલે ઇશ્વર તે નિયંતા દેવ છે, માણસ ગમે તે મસલહત કરે પણ પ્રભુ તે બધાનું જોઇને પોતાનું ઠરાવેલું સફળ કરે છે. વળી આ પુસ્તકથી માલમ પડે છે કે પ્રભુ પંડે અદૃશ્ય છે, તોપણ અદૃશ્ય રીતે સર્વ પર તથા સર્વ મધ્યે પોતાનો અધિકાર ચલાવે છે (એફે. ૪; ૬ સરખાવો).

એસ્બોન (ઉત્પ. ૩૬; ૧૬). (૧) યાકુબના ઘરનાં ૭૦ માણસો જેઓ મિસર દેશમાં આવ્યાં, તેમાં ગાદના સાત દીકરાઓમાનો એક. તેને ગણ. ૨૬; ૧૫ માં 'ઓઝની' અને તેના પુત્રોને 'ઓઝનીઓ' કહે છે. (૨) બિન્યામીની બેલાના પાંચ પુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૭).

એસ્યોન-ગેબેર = રાક્ષસની કરોડ. ઇસ્રાએલીઓએ કાદેશની પહેલાં આ જગ્યાએ છાવણી કીધી હતી. આ બંદર એલાથની પાસે લાલ સમુદ્રની ઉત્તર પૂર્વમાં આવેલું હતું (ગણ. ૩૬; ૩૫. પુન. ૨; ૮). અહિં રાજા સુલેમાને વહાણનો કાફલો તૈયાર કર્યો હતો, અને અહિંથી સુલેમાનના સેવકો ઓફીર ગયા હતા (૧ રા. ૯; ૨૬. ૨ કાળ. ૮; ૧૭). આ જગ્યાએ રાજા યહોશાફાટે સોનું લાવવાને માટે વહાણ મોકલ્યાં હતાં, પણ તે ભાંગી ગયાં હતાં (૧ રા. ૨૨; ૪૮. ૨ કાળ. ૨૦; ૩૬).

એહી = અહીરામનું ટુંકુ નામ. બિન્યામીની પુત્રમાંનો એક (ઉત્પ. ૪૬; ૨૧. ગણ. ૨૬; ૩૮).

એહૂદ = મેળાપ. (૧) બિલ્હાનનો પુત્ર અને બિન્યામીનનો પર પુત્ર (૧ કાળ. ૭; ૧૦: ૮; ૬). (૨) આ નામનો પુરૂષ ઇસ્રાએલીઓના ન્યાયાધીશોમાંનો એક હતો. કાલેબના નાના ભાઇ કનાઝના દીકરા ઓથ્નીએલના મરણ પછી એહૂદ ન્યાયાધીશ થયો. તેણે મોઆબના રાજા એગ્લોનની ૧૮ વર્ષની ગુલામીમાંથી ઇસ્રાએલીઓને છોડાવી ૮૦ વર્ષ સુધી તેમને શાંતિ આપી. તેણે મોઆબના રાજા એગ્લોન પર નજરાણું મોકલી પોતે કંઇ ગુપ્ત વાત કરવા એકાંત કોટડીમાં ગયો. ત્યાં એગ્લોનને કટાર ભોકી મારી નાખ્યો, અને ત્યાર પછી એફ્રાઇમના પહાડી મુલકમાં રણશિંગડું વગાડી ઇસ્રાએલપુત્રોને ભેગા કરી મોઆબ દેશ તરફના યરદન નદીના આરા કબજે કરી કોઇને પણ પાર ઉતરવા દીધો નહિ. આ વખતે મોઆબનાં દસ હજાર માણસોને મારી નાખ્યાં. એહૂદ પછી શામગાર ન્યાયાધીશ થયો, ને તેણે બળદ હાંકવાની પરોણીથી છસેં પલિસ્તીઓને માર્યા (ન્યાયા. ૩; ૧૫–૪; ૧).

ઓક્રાન = દુઃખદાયક. સિનાઇ પહાડની પાસે જ્યારે ઇસ્રાએલીઓની ગણના થઇ, ત્યારે આશેર કુળનો મુખ્ય પુરૂષ ઓક્રાનનો પુત્ર પાગઇએલ હતો (ગણ. ૧; ૧૩: ૨; ૨૭: ૭; ૭૨: ૧૦; ૨૬).

ઓગ = મહાન. બાશાનનો રાજા જેને મુસાએ એડ્રેઇની લડાઇમાં હરાવ્યો અને જે ત્યાં પોતાના પુત્ર સાથે કપાઇ મુઓ (પુન ૧; ૪). બાશાનનું રાજ્ય ૩૦૦૦ ચો. મૈલના વિસ્તારનું હતું. આ દેશ રેઉબેન, ગાદ અને મનાશ્શેહના અર્ધ કુળને વહેંચી આપવામાં આવ્યો (ગણ. ૨૧; ૩૨-૩૫. પુન. ૩; ૧-૨૩). આ લડાઇમાં ઓગની એટલી મોટી હાર થઇ કે તેનું કોઇ પણ બચ્યું નહિ. આ હારની યાદ ઇસ્રાએલમાં લાંબા વખત સુધી રહેલી દેખાય છે (ગીત. ૧૩૫; ૧૧: ૧૩૬; ૨૦). રાજાનો લોઢાનો એક પલંગ હતો,

જે ૯ હાથ લાંબો અને ૪ હાથ પહોળો હતો (જુઓ બાશાન અને સીહોન).

ઓઝની = સાંભળવું. ગાદ પુત્રોમાંનો એક હતો. તેને ઉત્પ. ૪૬; ૧૬ માં એસ્બોન કહે છે (ગણ. ૨૬; ૧૬).

ઓથની = યહોવાહનો સિંહ. શમાયાહનો પુત્ર જે દાઉદના વખતમાં મંદિરની વારાટોળાઓમાંનો એક દ્વારપાળ હતો (૧ કાળ. ૨૬; ૭). તે શૂરવીર પુરૂષોમાંનો એક હતો.

ઓથનીએલ = યહોવાહનો સિંહ. ન્યાયાધીશોમાંનો પહેલો ન્યાયાધીશ તે ઓથનીએલ હતો. તે કાલેબના ભાઇ કનાઝનો પુત્ર હતો. તેની સ્ત્રીનું નામ આખ્સાહ હતું, તે કાલેબની દીકરી હતી (યહો. ૧૫; ૧૬, ૧૭. ન્યાયા. ૧; ૧૩). યહોશુઆના મરણ પછી આસરે ત્રીસ વર્ષે ઇસ્રાએલીઓ મેસોપતામીઆના રાજા કુશાન-રીશાથાઇમના હાથમાં પડ્યા. તેણે તેમને આઠ વર્ષ સુધી દબાવ્યા, પણ ઇસ્રાએલીઓએ યહોવાહ આગળ પોકાર કીધો, ત્યારે યહોવાહે તેમનું સાંભળી, તેમનો બચાવ કરવા સારૂ ઓથનીએલને ઉભો કીધો (ન્યાયા. ૩; ૯-૧૨. ૧ કાળ. ૪; ૧૩). તેણે ૪૦ વર્ષ ઇસ્રાએલીઓનો ન્યાય કીધો. યહુદાહ વંશના આ એકજ ન્યાયાધીશનું નામ આવે છે (તેનો વંશ ૧ કાળ. ૨૭; ૧૫).

ઓદેદ = પુનઃસ્થાપન. (૧) ભવિષ્યવાદી અઝાર્યાહનો પિતા (૨ કાળ. ૧૫; ૧, ૮). (૨) રાજા આહાઝ અને પેકાહના વખતમાં એક ભવિષ્યવાદી આ નામનો હતો (૨ કાળ. ૨૮; ૯-૧૫).

ઓન = સૂર્ય, સૂર્યનું ઘર. (૧) દુનિયાનાં પુરાતન શહેરોમાંનું એક છે. તે નીલ નદીના પૂર્વ કિનારા પર મેમ્ફીસથી થોડા મૈલ ઉત્તરે અને કાયરો શહેરની અગ્નિકોણમાં ૧૦ મૈલને અંતરે આવેલું હતું (ઉત્પ. ૪૧; ૪૫, ૫૦: ૪૬; ૨૦). સૂર્ય દેવતાની મોટી જગ્યા આ શહેરમાં હતી. આ શહેરનું બીજું નામ 'બેથ-શેમેશ' (યિર્મે. ૪૩; ૧૩) અને 'આવેન' (હઝ. ૩૦; ૧૭) હતાં. ઉપલાં બન્ને નામને બદલે વલગેટ તરજુમામાં આ શહેરનું નામ 'હેલીઓપોલીસ' (= સૂર્યનું શહેર) હતું. કેટલાએકના ધારવા પ્રમાણે યશા. ૧૯; ૧૮ માં હેરેસ નામ પણ આજ શહેરને આપવામાં આવે છે. યુસફની સ્ત્રી આજ શહેરની રહીશ હતી (ઉત્પ. ૪૧; ૪૫). ભવિષ્યવાદી હઝકીએલના ભવિષ્ય મુજબ આ શહેરનો નાશ થયો. યશા. ૧૯; ૧૮ માં એવી ભવિષ્યવાત જોવામાં આવે છે કે, સૂર્ય દેવતાના શહેરનો નાશ થશે, એટલે મૂર્તિપૂજા બંધ થશે અને ખરા દેવની સેવા સ્થાપન થશે. પુરાતન વખતમાં આ શહેર સૂર્યદેવતાના ઘણાએક સ્તંભોથી ભરપુર હતું. તેમાંનો એક સ્તંભ હજી સુધી જોવામાં આવે છે. 'Cleopatra's Needle' નામનો એક એવો સ્તંભ ઇ. સ. ૧૮૭૯ માં લંડન મ્યુઝીઅમમાં ત્યાંથી લઇ જવામાં આવ્યો છે, જે સ્તંભ આ શહેરના ટુમ (સૂર્ય) મંદિર આગળ ઉભો કરવામાં આવ્યો હતો. કાઇસાર ઓગસ્ટસ તથા કોન્સટાન્ટીન બાદશાહ ઓન શહેરથી કેટલાએક પત્થર અને સ્તંભ લઇ ગયા હતા. વળી એવી દંતકથા ચાલે છે કે યુસફ અને મરિયમે ત્યાં આવેલાં કેટલાંક પુરાતન ગુલર ઝાડ જે હજી જોવામાં આવે છે ત્યાં મિસર ગયાં ત્યારે વાસો કીધો હતો. (૨) રેઉબેનના પુત્રોમાંનો એક (ગણ. ૧૬; ૧).

ઓનાન = બળવાન. યહુદાહનો બીજો પુત્ર (ઉત્પ. ૩૮; ૪, ૧૦. એની સાથે પુન. ૨૫: ૫. માત્થી ૨૨; ૨૪. સરખાવો). યાકુબ અને તેનું કુટુંબ મિસર દેશમાં ગયું, તે પહેલાં તે મરણ પામ્યો (ઉત્પ. ૩૮; ૪, ૮, ૯: ૪૬; ૧૨. ગણ. ૨૬; ૧૯. ૧ કાળ. ૨; ૩).

ઓનામ = બળવાન. (૧) એસાવવંશી શોબાલનો પુત્ર (ઉત્પ. ૩૬; ૨૩. ૧ કાળ. ૧; ૪૦). (૨) યરાહમએલની બીજી સ્ત્રી અટારાહનો પુત્ર (૧ કાળ. ૨; ૨૬).

ઓનેસીફરસ = લાભદાયક. એફેસસ મંડળીનો

તે એક સભાસદ હતો. જ્યારે પાઉલ રૂમ શહેરમાં હતો ત્યારે તેણે પાઉલ ઉપર ઘણી મમતા દેખાડી હતી, જેથી પાઉલ જ્યારે તીમોથી ઉપર લખે છે ત્યારે તેની નોંધ બહુ માનસાથે લે છે (૨ તીમો. ૧; ૧૬-૨૦ઃ ૪; ૧૯). અને તેને તથા તેનાં ઘરનાંને સલામ મોકલે છે.

ઓનેસીમસ = ઉપયોગી. તે ફિલેમોનનો નાઠેલો દાસ હતો, ને કલોસીનો રહેવાસી હતો. પાઉલ જ્યારે રૂમ શહેરમાં કેદી હતો (ભાડાના ઘરમાં) ત્યારે તે રૂમમાં પાઉલને જઇને મળ્યો, ને પાઉલના ઉપદેશથી તે ખ્રીસ્તી થયો, અને આગળ જતાં તે ઉપયોગી થયો. પાઉલ પ્રેરિત એનાથી વિયોગી થવા ચાહતો ન હતો. ફિલે. ૧૦; ૧૨ માં તેને "મારો દીકરો જેને મેં મારા બંધનમાં જન્માવ્યો" તેમજ "મારૂં હૃદય" એવાં નામ આપે છે. એમ છતાં પણ ઓનેસીમસને પોતાની પાસે રાખવાનો પાઉલને કંઇ હક ન હતો, માટે તેને પોતાના અસલ ધણી ફિલેમોન પાસે પાછો મોકલાવ્યો, અને તેની સાથે ફિલેમોનનો પત્ર પણ રવાના કર્યો. તેમાં પાઉલ ફિલેમોન ઉપર લખે છે કે, "હવે પછી તે દાસના જેવો નહિ, પણ દાસથી અધિક એટલે વહાલા ભાઇના જેવો" છે. વળી પાઉલ લખે છે કે, જે "તે તારો કરજદાર હોય તો તે મારા હિસાબમાં માંડ...તે હું આપીશ." આ પ્રમાણે સંભવિત છે કે, ફિલેમોને પાઉલની વિનંતી સ્વીકારી હશે, નહિ તો પાઉલ કલો. ૪; ૯ માં લખે છે કે, "તેની સાથે ઓનેસીમસ વિશ્વાસુ તથા વહાલો ભાઇ જે તમારામાંનો છે તેને પણ મોકલ્યો," એવી વાત કેમ લખી શકે? આ ઓનેસીમસની વાત પરથી બે વાતનો બોધ મળે છે. (૧) જગતમાં જે જુદી જુદી પદવી મનાય છે તેવી પદવી ખ્રીસ્તી મંડળીમાં ગણકારવામાં આવતી નથી, પણ જ્યાં ખ્રીસ્ત સર્વમાં સર્વે છે ત્યાં દાસ કે સ્વતંત્ર કોઇ નથી (ગલા. ૩; ૨૮). (૨) પાઉલની ખાનગી જીવર્વૃત્તિ વિષે લખીએ છીએ કે તે કેવો પવિત્ર અને સદ્‌ગૃહસ્થ સંત હતો. તેની સભ્યતા, બારીક મમતા અને મિલનસારીપણું કેવું ઉત્તમ હતું?

ઓનો = મજબુત. ઓનો નામનું બિન્યામીનનું એક શહેર ઓનોના મેદાનમાં આવેલું હતું (૧ કાળ. ૮; ૧૨. એઝ. ૨; ૩૩). હાલ 'કેફર-આના' નામથી તે શહેર ઓળખાય છે. જે લુદ્દાથી પાંચ મેલ ઉત્તરે, અને આસરે યરૂશાલેમથી ૩૦ મેલ દૂર વાયવ્ય કોણમાં આવેલું છે. આ શહેરના મેદાનમાં સાન્બાલ્લાટ તથા ટોબીયાહે નહેમ્યાહને દગલબાજીથી મળવાને બોલાવ્યો. ચાર વખતે તેમણે માગણી કરી પણ નહેમ્યાહ ગયો નહિ.

ઓફ્‌ની = ફુગાઇ ગએલું. બિન્યામીની એક શહેર હતું (યહો. ૧૮; ૨૪).

ઓફ્રાહ = હરણનું બચ્ચું. (૧) યહુદાહ પુત્રોમાંનો એક મઓનોથાયનો પુત્ર (૧ કાળ. ૪; ૧૪). (૨) બિન્યામીની ભાગમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૮; ૨૩), જે ઘણું કરીને યોહા. ૧૧; ૫૪ માં બતાવેલું એફ્રાઇમ હશે. પલિસ્તીઓએ તે શહેરનો નાશ કીધો હતો (૧ શમૂ. ૧૩; ૧૭).

ઓફ્રાહ-અબીએઝરી = મનાશ્શેહમાં શખેમની નૈઋત્ય કોણમાં છ મૈલ ઉપર આવેલું એક શહેર હતું, જ્યાં ગિદઓન રહેતો હતો (ન્યાયા. ૬; ૧૧ઃ ૮; ૨૭, ૩૨). મિદ્યાનીઓ પર તેની જીત થયા પછી આ જગ્યાએ તેણે બે રાજાઓને પોતાને હાથે કતલ કીધા હતા (ન્યાયા. ૮; ૧૮-૨૫). વળી ગિદઓને સોનાનાં કુંડળ લોક પાસેથી લઇને એક એફોદ બનાવી આ શહેરમાં મુક્યું હતું (ન્યાયા. ૮; ૨૭), જે ગિદઓનને તથા તેના કુટુંબને આગળ જતાં ફાંદારૂપ થઇ પડયું. ગિદઓનના મરણ પછી તેના કુટુંબને અબીમેલેખે મારી નાખ્યું ત્યાં સુધી આજ શહેરમાં રહ્યું હતું (ન્યાયા. ૯; ૫).

ઓફીર. (૧ રા. ૯; ૨૮ઃ ૨૨; ૪૮). (૧)

પુરાતન વખતથી આ દેશના સોનાનું વખાણુ કરવામાં આવે છે. અને પવિત્ર શાસ્ત્રમાં તેનું વખાણુ ઘણું કરવામાં આવ્યું છે. સુલેમાને આ દેશમાંથી સોનું લેવાને માટે પોતાનાં વહાણો મોકલ્યાં હતાં. રાજા યહોશાફાટે પણ સુલેમાનના નમુના પ્રમાણે ઓફીરથી સોનું મંગાવવાને વહાણ બનાવ્યાં, પણ તેનાં વહાણ ભાંગી ગયાં (૧ રા. ૨૨; ૪૮). આ દેશ કે પ્રગણું ક્યાં હતું તે વિષે વિદ્વાનોમાં જુદા જુદા મત ચાલે છે, અને દરેક પોતપોતાના મતને ટેકો આપવાને સબળ દલીલો આપે છે. કેટલાક ધારે છે કે અરબસ્તાનની ઉત્તરે આ દેશ આવેલો હતો. બીજા કેટલાક કહે છે કે તે 'હિન્દુસ્તાન' છે. જાસેફસ કહે છે કે આ દેશ તે મલાયા દ્વીપકલ્પ છે. એમ જુદા જુદા મત આ દેશ વિષે છે. પણ ઘણાખરાનું ધારવું એવું છે કે તે દેશ અરબસ્તાનની ઉત્તરે કોઇ જગ્યામાં આવેલો હતો. ઓફીર—(૧ રા. ૯; ૨૮: ૧૦; ૧૧: ૨૨; ૪૮. ૧ કાળ. ૨૯; ૪. ૨ કાળ. ૮; ૧૮: ૯; ૧૦. અયૂ. ૨૨; ૨૪: ૨૮; ૧૬. ગીત. ૪૫; ૯. યશા. ૧૩; ૧૨). (૨) યોક્ટાનના તેર પુત્રોમાંનો એક હતો. કહે છે કે તેણે અરબસ્તાનમાં જઇ એક દેશ વસાવ્યો ને તેનું નામ ઓફીર પાડ્યું, અને અહિંના સોના વિષે પવિત્ર શાસ્ત્રમાં વખાણુ કરવામાં આવ્યું છે (ઉત્પ. ૧૦; ૨૯. ૧ કાળ. ૧; ૨૩).

ઓફેલ = ટેકરી, બંધ. (૧) યરૂશાલેમમાં આવેલો આ ઉંચ પ્રદેશ મંદિરની દક્ષિણ ગમ કિદ્રોન નાળાની અને 'તેરોપીઓન' ખાઇની વચ્ચે આવેલો હતો (૨ કાળ. ૨૭; ૩: ૩૩; ૧૪. નહે. ૩; ૨૬: ૨૭; ૧૧–૨૧). શહેરના બીજા ભાગોની માફક આ ભાગ પણ ટેકરા ટેકરીવાળો હતો. લંબાઇમાં ૧૫૫૦ ફુટ અને કોઇ કોઇ જગ્યાએ ૨૯૦ ફુટ પહોળો હતો. હાલ તે ભાગમાં ખેતીવાડી થાય છે. આગળના વખતમાં નથીનીમ ત્યાં રહેતા હતા; હાલની સપાટીથી તે ૪ ફુટ ઉંડાણુમાં છે. ૨ રા. ૫; ૨૪. યશા. ૩૨; ૧૪. ઝખ. ૪; ૮ માં આ નામનો તરજુમો બુરૂજ કરવામાં આવ્યો છે.

ઓબાદ્યાહ = પ્રભુનો સેવક. આ નામના ૧૩ માણસની વાત પવિત્ર શાસ્ત્રમાં જોડાએલી છે, કેમકે હેબ્રી લોકમાં આ નામ બહુ સાધારણ હતું. (૧) બાર નાના ભવિષ્યવાદીઓમાંનો એક આ નામનો હતો, જેના નામથી જુના કરારમાં એક પુસ્તક ઓળખાય છે. તે ભવિષ્યવાદી ઓબાદ્યાહ આ બારમાંનો ચોથો હતો. આ ભવિષ્યવાદીના જીવનચરિત્ર વિષે આપણે કશું જાણતા નથી. તેણે જે પુસ્તક લખ્યું છે તેનું મથાળું 'ઓબાદ્યાહનું સંદર્શન' એવું છે. આ પુસ્તક જુના કરારમાં સૌથી ટુંકુ છે. ઓબાદ્યાહ ભવિષ્યવાદી તે ઘણું કરીને યિર્મેયાહ અને હઝકીએલનો સમકાલિક હતો. તેના પુસ્તકમાં ત્રણ મોટી વાત આવે છે. (૧) અદોમ દેશનો નાશ થશે (૧–૯). (૨) નાશ થવાનું કારણ (૧૦–૧૬). (૩) ઇસ્રાએલીઓની પુનઃસ્થાપના થશે (૧૭–૨૧). પુસ્તક લખવાની સાલ ઇ. સ. પૂ. ૮૪૬ હશે. (૨) રાજા આહાબના ઘરનો એક કારભારી હતો (૧ રા. ૧૮; ૩). તે નાનપણથી પ્રભુની બીક રાખનાર હતો, અને જ્યારે ઇઝેબેલ યહોવાહના ભવિષ્યવાદીઓને મારી નાખતી હતી ત્યારે આ માણસે તેમાંના એકસો ભવિષ્યવાદીઓને ગુફામાં સંતાડી રોટલીથી તથા પાણીથી તેમનું પોષણ કીધું હતું (૧ રા. ૧૮; ૪, ૧૩). રાજા આહાબે તેને માન આપી મોટી પદવીએ ચઢાવ્યો, તોપણ તે પ્રભુની બીકથી ફરી ગયો નહિ. તેના વિષેની છેલ્લી ખબર આપણને મળે છે તે એ છે કે, આહાબ એલીયાહને ઘણા વખતથી શોધતો હતો પણ તેને મળતો ન હતો. પણ ઓબાદ્યાહે એલીયાહના કહેવાથી પોતાના ધણીને તેના વિષે ખબર આપી (૧ રા. ૧૮; ૧૬), એ સિવાય તેના

વિષે કશું બ્યાન કરવામાં આવ્યું નથી. (૩) ઇસ્સાખાર વંશમાંનો એક મુખ્ય પુરૂષ (૧ કાળ. ૭; ૩). (૪) બંદિપ્રવાસ પછીનો એક લેવી (૧ કાળ. ૯; ૧૬). (૫) દાઉદને સિક્લાગમાં આવીને જે માણસો મળ્યાં તેમાંનો એક (૧ કાળ. ૧૨; ૯). (૬) દાઉદના વખતમાં ઝબુલૂન કુળનો એક મુખ્ય પુરૂષ (૧ કાળ. ૨૭; ૧૯). (૭) રાજા યહોશાફાટે નિયમશાસ્ત્રનો બોધ આપવાને માટે જે અમલદારો નિમ્યા તેમાંનો એક (૨ કાળ. ૧૭; ૭). (૮) યોશીયાહના વખતમાં મંદિર સમારવામાં આ માણસ મુકાદમ હતો (૨ કાળ. ૩૪; ૧૨). (૯) એઝરાની સાથે જે માણસો બાબેલથી પાછાં ફર્યાં તેમાંનો એક (એઝ. ૮; ૯). (૧૦) શાઉલના વંશનો એક (૧ કાળ. ૮; ૩૮). (૧૧) આ નામનો એક લેવી હતો (નહે. ૧૨; ૨૫). (૧૨) (નહે. ૧૦; ૫). (૧૩) (૧ કાળ. ૩; ૨૧).

ઓબાલ=ઉભી ટેકરી (?) યોક્ટાનનો આઠમો પુત્ર (ઉત્પ. ૧૦; ૨૮) જેને ૧ કાળ. ૧; ૨૨ માં એબાલ કહે છે.

ઓબીલ = ઉંટ રાખનાર. દાઉદ રાજાના વખતમાં આ ઇસ્રાએલી માણસને ઉંટોનો અમલદાર કરવામાં આવ્યો હતો (૧ કાળ. ૨૭; ૩૦).

ઓબેદ=સેવા કરવી. (૧) બોઆઝ તથા રૂથથી થએલો પુત્ર (રૂથ ૪; ૨૧, ૨૨. ૧ કાળ. ૨; ૧૨). તે યશીનો પિતા અને દાઉદનો દાદો થાય. માત્થી તથા લુકની સુવાર્તામાં તેનું નામ આવે છે (માત્થી ૧; ૫. લુક ૩; ૩૨). એ શિવાય બીજા ચાર માણસની વાત શાસ્ત્રમાં આવે છે. (૨) ૧ કાળ. ૨; ૩૭, ૩૮. (૩) ૧ કાળ. ૧૧; ૪૭. (૪) ૧ કાળ. ૨૬; ૭. (૫) ૨ કાળ. ૨૩; ૧.

ઓબેદ-અદોમ = અદોમનો સેવક. આ ઓબેદ-અદોમને ગિત્તી કહે છે, કેમકે ઘણું કરીને તે ગાથ-રિમ્મોનનો રહીશ હતો, અને કોરાહી વંશનો એક લેવી હતો (૧ કાળ. ૨૬; ૧, ૪-૮: ૧૫; ૧૮). જ્યારે દાઉદ દેવનો કોષ અબીનાદાબનું ઘર જે ગિબઆહમાં હતું ત્યાંથી લાવતો હતો, ત્યારે રસ્તામાં ઉઝ્ઝાહ કોષને અડક્યો અને કોષ આગળ પડી મરણ પામ્યો; ત્યારે તે કોષ યરૂશાલેમમાં નહિ લાવતાં ઓબેદ અદોમના ઘરમાં રાખ્યો હતો. કોષ અહિં ત્રણ મહિના રહ્યો ને 'યહોવાહે ઓબેદ-અદોમને તથા તેના ઘરનાં સર્વને આશીર્વાદ દીધો.' ત્યાર પછી દાઉદે ત્યાંથી તે કોષ ઘણા માન સાથે અને યહોવાહની આજ્ઞા મુજબ યરૂશાલેમમાં આણ્યો અને તેને વાસ્તે જે મંડપ બાંધ્યો હતો તેમાં તે મુક્યો (૨ શમૂ. ૬). એ પ્રમાણે જેઓ યહોવાહની આસ્થા રાખે છે અને તેના ઉપર પ્રીતિ કરે છે તેઓ આશીર્વાદિત થાય છે (ગીત. ૧૨૨; ૬). કોષ ત્રણ માસ તેને ત્યાં રહ્યો (૨ શમૂ. ૬; ૧૦, ૧૨. ૧ કાળ. ૧૩; ૧૩, ૧૪). સિયોનમાં દ્વારપાળ નિમાયો (૧ કાળ. ૧૫: ૧૬; ૩૮). તેનું કુટુંબ મંદિરનો ભંડાર સાચવવાને નિમાયું (૧ કાળ. ૨૬; ૪, ૮, ૧૫. ૨ કાળ. ૨૫; ૨૪).

ઓબોથ=લડાઇઓ. ઇસ્રાએલીઓની અરણ્યમાંની મુસાફરીમાં પિત્તળનો સર્પ બનાવ્યા પછી જ્યાં પહેલી છાવણી કરી તે જગ્યાને ઓબોથ નામ આપવામાં આવ્યું હતું, જે મોઆબની પાસે આવેલું હતું (ગણ. ૨૧; ૧૦, ૧૧: ૩૩; ૪૩, ૪૪).

ઓમાર = સુભાષિત. એસાવના વડા પુત્ર અલીફાઝનો પુત્ર (ઉત્પ. ૩૬; ૧૧-૧૫. ૧ કાળ. ૧; ૩૬).

ઓમેગા = ગ્રીક ભાષાના મૂળાક્ષરોમાંનો છેલ્લો અક્ષર (પ્રક. ૧; ૮: ૨૧; ૬: ૨૨; ૧૩).

ઓમ્રી=યહોવાહનો સેવક. જ્યારે ઝીમ્રીએ દંગો કરી એલાહને મારી નાખ્યો, ત્યારે ઓમ્રી જે એલાહનો સેનાપતિ હતો તે રાજા થયો (ઇ. સ. પૂ. ૯૩૧) (૧ રા. ૧૬; ૧૫-૨૭). આ વખતે તિબ્ની નામે એક બીજો માણસ રાજ્ય લેવાને ઉભો થયો, તેથી રાજ્યમાં બે તડ પડ્યાં; અને એ પ્રમાણે ચાર વર્ષ

ઓમ્રીના રાજ્યમાં ગરબડ રહી; પણ પછીથી ઓમ્રી પ્રબળ થઇ સામા પક્ષને હરાવી રાજા થયો (ઈ. સ. પૂ. ૯૨૭). તિર્સાહમાં ૭ વર્ષ સુધી ઓમ્રીએ રાજ્ય કર્યું, ને ત્યાર પછી તેણે સમરૂન શહેર બંધાવ્યું અને પોતાની રાજ્યધાની ત્યાં કીધી. બાર વર્ષ રાજ કરી સમરૂનમાં મરણ પામ્યો. "ઓમ્રીએ યહોવાહની દૃષ્ટિમાં જે ભુંડું તે કર્યું, અને તેની અગાઉના સઘળા કરતાં તે દુષ્ટ રીતે વર્ત્યો" (૧ રા. ૧૬; ૨૫), અને તેની જગ્યાએ તેના પુત્ર આહાબે રાજ્ય કર્યું. ઓમ્રીના મરણ પછી ૨૦ કે ૩૦ વર્ષ પછી મોઆબમાં જે સ્મરણસ્તંભ ઉભો કરવામાં આવેલ છે તેમાં લખવામાં આવ્યું છે કે, "ઓમ્રીએ મેદેબા દેશ કબજે કીધો અને પોતાના તેમજ પોતાના પુત્રના દિવસો સુધી ૪૦ વર્ષ પોતાને કબજે રાખ્યો" (૨ રા. ૧; ૧ઃ ૩; ૪, ૫. સરખાવો). સમરૂનમાંથી જે લેખો મળી આવ્યા છે તેના ઉપર 'બેથ-ઓમરી' (= ઓમ્રીનું ઘર કે નગર) એ નામ માલમ પડે છે. (૨) બેખેરના પુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૮). (૩) (૧ કાળ. ૯; ૪). (૪) દાઉદના વખતમાં ઇસ્રાએલનાં કુળો ઉપર જે અધિકારીઓ નિમાયા તેમાંનો એક મીખાએલનો પુત્ર જેને ઓમ્રી કહે છે (૧ કાળ. ૨૭; ૧૮).

ઓરેન = એક જાતનું ઝાડ. યહુદાહના પુત્રોમાંના યરાહમએલનો પુત્ર (૧ કાળ. ૨; ૨૫).

ઓરેબ = કાગડો. મિદ્યાનીઓનો એક સરદાર હતો. ગિદઓનની સામે લડતાં મિદ્યાનીઓએ જ્યારે હાર ખાધી ત્યારે આ રાજકુંવરને ઝએબની સાથે મારી નાખવામાં આવ્યો (ન્યાયા. ૭; ૨૦-૨૫ઃ ૮; ૩). અને તેની સાથે ઘણા મિદ્યાનીઓ માર્યા ગયા (ગીત. ૮૩; ૯. યશા. ૧૦; ૨૬).

ઓર્નાન = ઝડપ. આ માણસનું બીજું નામ અરાવ્નાહ છે (૧ કાળ. ૨૧; ૧૫-૨૮. ૨ કાળ. ૩; ૧. સરખાવો ૨ શમૂ. ૨૪; ૧૬-૨૪). યરૂશાલેમ ઇસ્રાએલીઓએ જીતી લીધું, તે પહેલાં આ ઓર્નાન કે અરાવ્નાહ યબુશમાં (યરૂશાલેમ) માં રહેતો હતો. દાઉદ રાજાએ જ્યારે લોકોની ગણત્રી કરી, પરમેશ્વર વિરૂદ્ધ પાપ કર્યું ત્યારે શિક્ષા કરનાર દૂત આર્નાનની ખળી આગળ ઉભો હતો. ભવિષ્યવાદીના સુચવ્યા પ્રમાણે આ ખળી આગળ વેદી બાંધવાને દાઉદે ઓર્નાન પાસે તે માગી અને ઓર્નાન તે મફત આપવાને ખુશી હતો. પણ દાઉદે કહ્યું કે, એમ નહિ પણ હું તેની કિમ્મત આપીને તે ખરીદીશ. "કેમકે મારા દેવ યહોવાહની આગળ મફત મળેલાનું દહનીયાર્પણ હું નહિજ કરીશ." પછી દાઉદે તેની કિમ્મત ભરીને તે ખળી વેચાતી લીધી. આ ખળી મોરીયાહ પહાડ ઉપર હતી. સુલેમાને ત્યાર પછી ત્યાં મંદિર બાંધ્યું (જુઓ અરાવ્નાહ).

ઓર્પાહ = મૃગલી (?). એક મોઆબી સ્ત્રી હતી, તેના ધણીનું નામ કિલ્યોન હતું (રૂથ. ૧; ૪ઃ ૪; ૧૦). જ્યારે તેનો ધણી મરણ પામ્યો ત્યારે તે પોતાની સાસુ નાઓમી સાથે રહી. અને જ્યારે સાસુ મોઆબ દેશમાંથી પોતાના વતન યહુદાહમાં પાછી જવા સારૂ નીકળી, ત્યારે આ પુત્રવધુ બેથલેહેમના થોડા રસ્તા સુધી સાસુ સાથે ગઇ અને પછી તે મોઆબ દેશમાં પાછી આવી, પણ તેની જેઠાણી રૂથ નાઓમી સાથે ગઇ.

ઓલુંપાસ = તેજસ્વી. રૂમી ખ્રીસ્તી જેને પાઉલ સલામ મોકલે છે (રૂમી. ૧૬; ૧૫).

ઓસેમ = બળ. આ નામના યહુદાહના વંશના બે માણસ હતા (૧ કાળ. ૨; ૧૫, ૨૫).

ઓસ્નાપ્પાર = (એઝ. ૪; ૧૦). તે એસારહાદ્દોનનો પુત્ર પોતાના પિતા પછી આશ્શૂરની ગાદીએ બેઠો (ઈ. સ. પૂ. ૬૭૦). તેને "મોટા તથા ખાનદાન ઓસ્નાપ્પાર" કહે છે. તે ભોગવિલાસી, લોભી અને ઘાતકી હતો, તોપણ વિદ્યાનાં પુસ્તકોને આશ્રય આપનાર હતો. તેણે નીનવેહમાં માટીની ઈંટો પર લખેલા લેખોની એક લાયબ્રેરી સ્થાપી હતી, જેમાં એવી ઈંટો આસરે દસ હજાર

સુધી રાખવામાં આવી હતી, તેમાંની કેટલીક હાલ બ્રિટિશ મ્યુઝીઅમમાં મુકવામાં આવી છે. આ લેખો પરથી આશ્શૂરની ઘણીએક ઇતિહાસિક વાતો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. ઓસ્નાપ્પાર બાદશાહને આ મોટા રાજ્યને કબજે રાખવું બહુ મુશ્કેલ હતું. તેના મરણ પહેલાં મિસર તેના તાબેથી મુક્ત થયું હતું અને બાબેલ સ્વતંત્ર થયું હતું. તેના પછી એસાર-હાદ્દોન બીજો જે આશ્શૂરનો છેલ્લો બાદશાહ તે ગાદીએ બેઠો. તેના વખતમાં નીનવેહને ઘેરો ઘાલવામાં આવ્યો અને તેનો નાશ થયો.

ઓહલાહ = તેણીનો તંબુ. લાક્ષણિક રીતે સમરૂનને આ નામ આપવામાં આવેલ છે (હઝ. ૨૩).

ઓહલીઆબ = બાપનો તંબુ. મંડપનું કામ કરવાને પ્રભુએ તેને બોલાવી બુદ્ધિ આપી હતી. તે દાન કુળનો પુરૂષ હતો (નિર્ગ. ૩૧; ૬: ૩૫; ૩૪: ૩૬; ૧, ૨: ૩૮; ૨૩).

ઓહલીબામાહ = ઉંચ જગ્યાનો તંબુ. (૧) એસાવની સ્ત્રીઓમાંની એક હતી જે હિવ્વી સીબઓનની દીકરી અનાહની દીકરી હતી (ઉત્પ. ૩૬; ૨, ૫, ૧૪, ૧૮, ૨૫). તે એસાવ સાથે પરણી ત્યારે તેનું નામ યહૂદીથ પાડયું. અદોમના પહાડી મુલકના એક પ્રગણાને ત્યાર પછી તેનું નામ આપવામાં આવ્યું અથવા તો એમ હોય કે તે પ્રગણાના નામ પરથી તે સ્ત્રીનું નામ રાખવામાં આવ્યું છે. આ પ્રગણું હોર પહાડની પાસે આવેલું હતું. તેણીના ત્રણ પુત્રથી ત્રણ અદોમી કોમ ઉત્પન્ન થઇ છે. (૨) અદોમના સરદારોમાંનો એક હતો (ઉત્પ. ૩૬; ૪૧. ૧ કાળ. ૧; ૫૨).

ઓહલીબાહ = તેણીમાં મારો તંબુ. લાક્ષણિક રીતે યરૂશાલેમને આ નામ આપવામાં આવ્યું છે, અને એમ ઓહલીબાહ (યરૂશાલેમ) અને ઓહલાહ (સમરૂન) એ બંનેને બહેનો કહે છે (હઝ. ૨૩).

ઓહાદ = જોડાયલો. શિમઓનના પુત્રોમાંનો ત્રીજો (ઉત્પ. ૪૬; ૧૦. નિર્ગ. ૬; ૧૫).

ઓહેલ = તંબુ. ઝરૂબ્બાબેલનો ચોથો પુત્ર (૧ કાળ. ૩; ૨૦).

ઔગસ્તસ = પૂજ્ય. રૂમના પહેલા બાદશાહ જુલીયસ કાઇસાર ઓક્ટાવીઆનસની અટક ઔગસ્તસ હતી (ઇ. સ. પૂ. ૩૧–ઇ. સ. ૧૪). તેના અમલમાં પ્રભુ ઇસુ જન્મ્યો (લુક ૨; ૧). તેના તરફથી એવો હુકમ બહાર પાડવામાં આવ્યો હતો કે, "સર્વ દેશોના લોકનાં નામ નોંધાય." અને એજ પ્રમાણે ભવિષ્યવાત મુજબ ઇસુ બેથલેહેમમાં જન્મ્યો (મીખા. ૫; ૨).

ક

કઇલાહ = કિલ્લો. (૧) યહુદાહના નીચ પ્રદેશમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૪૪). આ શહેર દાઉદે પલિસ્તીઓના હુમલાથી બચાવ્યું હતું (૧ શમૂ. ૨૩; ૭). પણ કઇલાહનાં માણસો દાઉદ પ્રત્યે ત્યાર પછી બેઇમાની થયાં. કેમકે જ્યારે દાઉદ આ શહેરમાં સંતાઇ ગયો હતો ત્યારે આ શહેરનાં માણસોએ દાઉદને શાઉલના હાથમાં સોંપી દીધો (૧ શમૂ. ૨૩; ૧–૧૩). આ ઉપરથી દાઉદ અને તેનાં માણસો અહિંથી નીકળીને ઝીફના રાનમાં પહાડી પ્રદેશમાં નાસી ગયાં. આ જગ્યાએ યોનાથાન દાઉદને આવી મળ્યો. આ યોનાથાનની દાઉદની સાથે છેલ્લી મુલાકાત હતી (૧ શમૂ. ૨૩; ૧૬-૧૮). બાબેલથી જ્યારે પાછા આવી યરૂશાલેમના ભાંગેલા કોટની મરામત કરવામાં આવી ત્યારે કઇલાહનાં માણસોએ તેમાં ભાગ લીધો હતો (નહે. ૩; ૧૭, ૧૮). હાલ આ શહેર 'કુરએત-કીલા' નામથી ઓળખાય છે. (૨) આજ નામનો કાલેબ વંશી એક પુરૂષ હતો (૧ કાળ. ૪; ૧૯).

કટૂરાહ = ધૂપ. સારાના મરણ પછી ઇબ્રાહીમ ઘણું કરીને આ સ્ત્રીને પરણ્યો (ઉત્પ. ૨૫; ૧-૬). તેનાથી ઇબ્રાહીમને છ છોકરા થયા. તેમને પૂર્વ ગમના દેશમાં મોકલવામાં આવ્યા (ઉત્પ. ૨૫; ૬). તેના વંશજો વિષે કંઇ જાણવામાં આવતું નથી. કટૂરાહ

સાધારણ રીતે ઇબ્રાહીમની ઉત્પત્તિ કહેવાય છે, પણ આ સ્ત્રીથી ઇબ્રાહીમ ઘણાઓનો પૂર્વજ થયો છે.

કદેમોથ = આરંભ. (૧) રેઉબેન કુળનું એક શહેર છે, તે દીબોન-ગાદની પાસે મૃત સમુદ્રની પૂર્વમાં આવેલું હતું (યહો. ૧૩; ૧૮: ૨૧; ૩૭. ૧ કાળ. ૬; ૭૯). (૨) આજ નામનું એક અરણ્ય હતું (પુન. ૨; ૨૬).

કદોરલાઓમેર = લાઓમેરનો મહિમા (?). (ઉત્પ. ૧૪). એલામનો રાજા. ઇબ્રાહીમના વખતમાં એ બહુ જબરો રાજા હતો. તેણે સદોમ, આદમાહ, સબોઇમ અને બેલા એટલે સોઆરના રાજાઓને ખંડિયા કીધા હતા. આ ખંડિયા રાજાઓ બાર વર્ષ સુધી કદોરલાઓમેરને તાબે રહ્યા, પણ તેરમે વર્ષે રાજા સામે દંગો કરી ખંડણી આપવાનું બંધ કર્યું. એ કારણ માટે કદોરલાઓમેર સંપીલા રાજાઓને સાથે લઇ સપાટીનાં શહેરો ઉપર ધસી આવ્યો. આ વખતે ઇબ્રાહીમ હારાનમાં રહેતો હતો, અને તેનો ભત્રીજો લોટ સદોમમાં રહેતો હતો. આ લડાઇમાં કદોરલાઓમેરે સપાટીના ખંડિયા રાજાઓને હરાવી તેમની સર્વે માલમિલકત લઇને પાછો ચાલતો થયો. આ ખબર ઇબ્રાહીમના સાંભળવામાં આવતાં પોતાનાં ૩૧૮ માણસોને લઇને તેમની પછવાડે પડ્યો, અને લૂટી લેવામાં આવેલી સર્વે સંપત તથા માણસોને તેણે પાછાં આણ્યાં. આ વખતે રસ્તે પાછા આવતાં ઇબ્રાહીમને મેલ્ખીસેદેક મળ્યો, ને તેણે ઇબ્રાહીમને આશીર્વાદ આપ્યો.

કનાઅનાહ = વેપારી. (૧) તે સીદકીયાહનો પિતા હતો (૧ રા. ૨૨; ૧૧, ૨૪. ૨ કાળ. ૧૮; ૧૦, ૨૩). (૨) એક બિન્યામીની માણસ હતો (૧ કાળ. ૭; ૧૦).

કનાઝ = શિકારી. (૧) એલીફાઝના પુત્રોમાંનો એક એસાવનો પુત્ર. આ એસાવ તે અદોમીઓનો પૂર્વજ અને તેનો પૌત્ર કનાઝ તે અદોમના સરદારોમાંનો એક (ઉત્પ. ૩૬; ૧૧: ૧૫; ૪૨. ૧ કાળ. ૧; ૩૬, ૫૩). (૨) કાલેબનો નાનો ભાઇ અને ઓથ્નીએલનો પિતા (યહો. ૧૫; ૧૭. ન્યાયા. ૧; ૧૩: ૩; ૯, ૧૧. ૧ કાળ. ૪; ૧૩). દાઉદના વખતમાં તેના કુટુંબીઓ ઘણી સારી પાયરી પર હતા (૧ કાળ. ૨૭; ૧૫. અને ૧ કાળ. ૪; ૧૫).

કનાથ = કબજો. ગિલઆદનું એક શહેર હતું. તેને નોબાહે આસપાસનાં ગામો સાથે લઇ લીધું અને પોતાના નામ પરથી તેનું નામ નોબાહ પાડ્યું. હાલ તેને 'કુનાવત' કહે છે, જે બસરાથી ૩૦ મૈલ ઉત્તર ગમ આવેલું છે.

કનાન = વેપાર, નીચ પ્રદેશ. (૧) નુહના દીકરા હામનો ચોથો પુત્ર (ઉત્પ. ૧૦; ૬). તેના વંશને નુહાએ શાપ આપ્યો કે "કનાન શાપિત હો, તે પોતાના ભાઇઓને સારૂ દાસનો દાસ થશે" (ઉત્પ. ૯; ૨૫). તે તેનો જ્યેષ્ઠ પુત્ર સીદોન હતો, જે સીદોનીઓ અને ફેનિકીઓનો પૂર્વજ થાય, તેને બધા મળી દસ પુત્રો હતા કે જેમનાથી જુદી જુદી કોમો ઉત્પન્ન થઇ (ઉત્પ. ૧૦; ૧૫-૨૦). આ નામની એક ખાસ કોમનું બયાન કરવામાં આવે છે જે ભૂમધ્ય સમુદ્ર પર તથા યરદનના કિનારા પર રહેતી હતી (ગણ. ૧૩; ૨૯). શેમવંશી ઇસ્રાએલીઓએ કનાનીઓને કતલ કરી તેમને ગુલામ કર્યા (૨ કાળ. ૮; ૭, ૮). અને તે શિવાય કનાની બીજી કોમો રૂમીઓ અને યુનાનીઓના કબજામાં આવી. આ કનાની કોમ વેપારરોજગારને માટે એટલી બધી પ્રસિદ્ધિમાં આવી હતી કે હેબ્રી ભાષામાં વેપારને કનાન શબ્દ લગાડવમાં આવ્યો. (૨) ઉપલા નામ પરથી એક દેશનું નામ કનાન પડ્યું. પ્રથમ ફેનીકીઓએ ભૂમધ્ય સમુદ્રના કિનારાને કે જ્યાં સીદોન શહેર બાંધવામાં આવ્યું હતું તે દેશને આ નામ આપ્યું. પણ ત્યાર પછી મુસા અને યહોશુઆના વખતમાં યર્દન નદી અને મૃત સમુદ્રની પશ્ચિમના બધા મુલકને આ નામ આપવામાં આવ્યું (પુન. ૧૧; ૩૦).

કનાન આ શબ્દનો એક અર્થ નીચપ્રદેશ એવો થાય છે, એ માટે યર્દનની પૂર્વમાં આવેલો ઉચ્ચપ્રદેશ જે પહાડી છે તેથી આ દેશ જૂદો ઓળખાવાને કદાપી આ નામ આપ્યું હશે. કનાનીઓનો આ મુલક ઇશ્વરે ઇસ્રાએલીઓને આપ્યો તેમાં તેનો કોઇ જાતનો અન્યાય નથી. કેમકે કનાની લોક બહુ ખરાબ હતા એટલે સુધી કે તેઓ પોતાની ભુંડાઇને લીધે જમીનની બરદાસ પણ લઇ શકતા નહોતા તોપણ પ્રભુએ ૪૦૦ વર્ષ સુધી તેમના પસ્તાવાની વાટ જોઇ. વળી વિદ્વાનોના કહેવા પ્રમાણે આ મુલકના તેઓ અસલ વતની નહતા, પણ ઇબ્રાહીમ, ઇસ્હાક તથા યાકુબની જમીન તે હતી.

કનાની ભાષા. (યશા. ૧૯; ૧૮) પાલેસ્તાઇન દેશમાં જે યહુદીઓ રહેતા હતા તેઓની ભાષાને આ નામ આપવામાં આવ્યું છે. આ ભાષા અને હેબ્રી ભાષા તે એકને એકજ છે. કનાન વિષે જુઓ શાસ્ત્રમાં—હામનો પુત્ર (ઉત્પ. ૯; ૧૮). નુહાએ શ્રાપ આપ્યો (ઉત્પ. ૯; ૨૫, ૨૬). તેના દીકરા (ઉત્પ. ૧૦; ૧૫. ૧ કાળ. ૧; ૧૩). કનાન દેશ (ઉત્પ. ૧૧; ૩૧ : ૧૩; ૭). ઇબ્રાહીમને દેશ આપવાનું વચન (ઉત્પ. ૧૨; ૫-૭). ઇબ્રાહીમના વંશને તે સદા આપવાનું વચન (ઉત્પ. ૧૭; ૮ : ૨૮; ૪ : ૩૬; ૭ : ૩૭; ૧. નિર્ગ. ૬; ૪). તે દેશ જોવા જાસુસો મોકલ્યા (ગણ. ૧૩). કનાનમાં જવાની કચકચ (ગણ. ૧૪; ૩૨ : ૮–૧૩). મુસાએ નબો પહાડ પરથી કનાન જોયો (પુન. ૩૨; ૪૯). દેશની વહેંચાણ (યહો. ૧૪; ૧૯). યર્દનની પૂર્વ તથા પશ્ચિમનો દેશ (ગણ. ૩૨; ૨૬-૩૨ : ૩૩; ૫૧ : ૩૫; ૧૦, ૨૪. પુન. ૧૧; ૩૦. યહો. ૨૨; ૩૨). દેશની સીમા (નિર્ગ. ૨૩; ૩૧. ગણ. ૩૪. યહો. ૧; ૪. ઉત્પ. ૧૬; ૩ : ૨૧; ૧૮. ગણ. ૩૭; ૧). વળી જુઓ (ઉત્પ. ૪૨; ૫૦. નિર્ગ. ૧૫; ૧૫ : ૧૬; ૩૫. લેવી. ૧૮; ૩ : ૨૫; ૩૮. ગણ. ૨૧; ૧-૩ : ૩૦; ૪૦. પુન. ૧; ૭. યહો. ૫; ૧, ૧૨ : ૭; ૯ : ૯; ૧ : ૧૧; ૩ : ૧૩; ૩ : ૨૨; ૯-૧૧. ન્યા. ૧૯; ૧૮. હઝ. ૧૬; ૩, ૨૯ : ૧૭; ૪. સફ. ૧; ૧૧ : ૨; ૫. માત્થી ૧૫; ૨૨. પ્રે. કૃ. ૭; ૧૧ : ૧૩; ૧૯. યશા. ૨૩; ૧૧. હોશી. ૧૨; ૭). બીજી દેશજાતીઓ સાથે તેમને પણ કાઢયા (ઉત્પ. ૧૫; ૨૧. નિર્ગ. ૩; ૮, ૧૭ : ૧૩; ૫ : ૨૩; ૨૩, ૨૮ : ૩૩; ૨ : ૩૪; ૧૧. પુન. ૭; ૧ : ૨૦; ૧૭. યહો. ૩; ૧૦ : ૯; ૧ : ૧૨; ૮ : ૨૪; ૧૧. નહે. ૯; ૮, ૨૪). તદન કાઢયા નહિ (યહો. ૧૬; ૧૦ : ૧૭; ૧૨. ન્યાયા. ૧; ૨૭-૩૩ : ૩; ૧-૫. નિર્ગ. ૨૩; ૨૯). તેમની દીકરીઓ લેવાની મના (ઉત્પ. ૨૪; ૩ : ૨૮; ૧, ૬-૮ : ૩૬; ૨-૬. પુન. ૭; ૩. એઝ. ૯; ૧૦. ઝખ. ૧૪; ૨૧. માત્થી ૧૦; ૪. માર્ક ૩; ૧૮).

કનાન્યાહ = પ્રભુએ કીધો. ગાયન કરનાર લેવીઓનો ઉપરી હતો (૧ કાળ. ૧૫; ૨૨, ૨૭ : ૨૬; ૨૮). ઘણું કરીને તે કોહાથી હતો, અને એમ હોય તો ૧ કાળ. ૨૬; ૨૯ માં જે એજ નામનો પુરૂષ આવે છે તે બીજો હોવો જોઇએ.

કનિઝ્ઝી = કનાઝના વંશજ. (ગણ. ૩૨; ૧૨. યહો. ૧૪; ૬, ૧૪. ઉત્પ. ૧૫; ૧૯).

કનીદસ = ઇચ્છા. (પ્રે. કૃ. ૨૭; ૭). ડોરીસ દ્વિપકલ્પની પૂર્વ બાજુમાં એક બંદર હતું. પાઉલ પોતાની રૂમની મુસાફરીમાં મુરા મુક્યા પછી આ બંદરે આવ્યો હતો.

કફાર-આમ્મોની = આમ્મોનીનું ગામ. (યહો. ૧૮; ૨૪). બિન્યામીનપુત્રોને મળેલાં ૧૪ નગરોમાંનું એક હતું.

કરીરાહ = ગામ. ગીબઓનનાં ચાર નગરોમાંનું એક હતું (યહો. ૯; ૧૭). અને તે બિન્યામીનનાં ૧૪ નગરોમાંનું એક બિન્યામીની ભાગમાં આવેલું હતું (યહો. ૧૮; ૨૬. એઝ. ૨; ૨૫. નહે. ૭; ૨૯). ગીબઓનના રહેવાસીઓએ જ્યારે યહોશુઆ આગળ ઠગાઇ કરી ત્યારે ઇસ્રાએલીઓએ આ ચાર નગર તેમનાં લઇ લીધાં હતાં.

કબાર = લંબાઇ. આ નામની એક નદી છે, જ્યાં હઝકીએલને દર્શન થયું હતું (હઝ. ૧; ૧, ૩: ૩; ૧૫, ૨૩: ૧૦; ૧૫, ૨૦, ૨૨: ૪૩; ૩). નબુખાદનેસ્સારે યહુદી ગુલામોને આ નદી ઉપર વસાવ્યા હતા (હઝ. ૧: ૧). બીચારા યહુદી ગુલામો અહિં જુદી જુદી નહેરો આગળ રહેતા, અને સિઓનનું સ્મરણ કરતાં વિલાપ કરતા હતા (ગીત. ૧૩૭). તોપણ આવી ઉદાસી હાલતમાં એક માણસને વાસ્તે આ જગ્યા "આકાશનો દરવાજો" બની (હઝ. ૧; ૧: ૩; ૧૫). ઘણા લોક એમ સમજે છે કે, આ નદી 'હાબોર' નદી છે (૨ રા. ૧૭; ૬). હાલ હાબોરને 'ખાબોર' કહે છે. તે નદી ફ્રાત નદીને મળે છે.

કમારીમ = કાળું. બાલના પુજકોનું એક ખાસ નામ જણાય છે. ૨ રા. ૨૩; ૫. હોશી. ૧૦; ૫ માં મૂર્તિપૂજક યાજકોને એ નામ આપવામાં આવ્યું છે (સફ. ૧; ૪).

કમૂએલ = પ્રભુનો મદદગાર. (૧) નાહોરનો ત્રીજો પુત્ર (ઉત્પ. ૨૨; ૨૧). (૨) એફ્રાઇમ પુત્રોના કુળના અધિપતિ શિફટાનનો પુત્ર (નિર્ગ. ૩૪; ૨૪). (૩) આ નામનો એક લેવી હતો (૧ કાળ. ૨૭; ૧૭).

કમોશ = નાશકારક, માછલીનો દેવ. મોઆબીઓનો આ એક ખાસ દેવતા ગણાતો હતો (ગણ. ૨૧; ૨૯. ન્યાયા. ૧૧; ૨૪. યિર્મે. ૪૮; ૭: ૧૩; ૪૬). આમ્મોની લોક પણ તેને દેવતા તરીકે માનતા હતા, પણ તેમનો ખાસ દેવ 'મિલ્કોમ' કરીને હતો (૧ રા. ૧૧; ૫, ૭). સુલેમાન રાજાએ તેની પૂજા યરૂશાલેમમાં જારી કરી (૨ રા. ૨૩; ૧૩). તેના સંબંધી યિર્મેયાહની ભવિષ્યવાત પુરી પડી (યિર્મે. ૪૮; ૭, ૧૩, ૪૬), અને હવે કોઇ તે દેવતાની પૂજા કરતું નથી.

કરીથ = અલગ કરનાર. આ નામનું એક નાળું યરદન નદીને મળતું હતું. આ નાળા પાસે એલીયાહ ઘણોએક વખત રહ્યો હતો. અહિં કાગડો તેને ખાવાનું આપતો અને નાળામાંથી તે પાણી પીતો. પણ વરસાદ બંધ થવાથી નાળું સુકાઇ ગયું ત્યારે તે સીદોનના સારફાથામાં જઇ રહ્યો (૧ રા. ૧૭; ૧-૮).

કરીંથ = મજબુત શીંગ. આ શહેર ગ્રીસ દેશમાં ગ્રીસ અને આખાયાની સંયોગીભુમી ઉપર આથેન્સથી પશ્ચિમે આસરે ૪૦ મૈલ ઉપર આવેલું હતું. પુરાતન કરીંથ શહેરનો રૂમીઓએ ઇ. સ. પૂ. ૧૪૬ માં નાસ કીધો હતો અને તેથી કરીને નવા કરારમાં જે કરીંથ શહેરની વાત આવે છે તે તો નવું કરીંથ છે, કે જે પુરાતન શહેરનો નાશ થયા પછી આસરે સો વર્ષ પછી બાંધવામાં આવ્યું, અને રૂમી સંસ્થાનના છુટેલા ગુલામોથી વસાવામાં આવ્યું છે. ત્યાર પછી તે આખાયાની રાજ્યધાનીનું શહેર ગણાયું. પુરાતન કરીંથ શહેર એક ઉંચા ખડકની પાસે બંધાએલું હતું જે ખડક ૨૦૦૦ ફુટ ઉંચો હતો. લડાઇના વખતમાં લોકો તે ઉપર ચઢીને પોતાનો બચાવ કરતા હતા. વેપાર રોજગારને માટે તેમજ શહેરની સુંદરતા અને ત્યાંના વિદ્વાનોને માટે આ શહેર પ્રસિદ્ધ હતું એટલુંજ નહિ, પણ ત્યાંની મૂર્તિપૂજા અને ત્યાંના લોકોની ભુંડાઇને લીધે પણ પ્રખ્યાત હતું. જો કોઇ દુષ્ટ સ્ત્રી હોય તો તેને કરીંથ એવું નામ આપવામાં આવતું હતું. ત્યાં લગભગ એક હજાર મૂર્તિઓના મંદિર હતાં. આ અસલ શહેરના ખંડેરો હજી જોવામાં આવે છે. જેમ આગલા શહેરમાં ભુંડાઇ ભરેલી હતી તેમ નવા શહેરમાં પણ દરેક જાતની ભુંડાઇ ચાલતી હતી. પાઉલના વખતમાં ક્લાહિયસ કાઇસાર અને ગાલિયો આખાયાનો અધિકારી હતો (પ્રે. કૃ. ૧૮; ૧૨). પાઉલ પોતાની બીજી મુસાફરીમાં કરીંથમાં આવ્યો અને પ્રથમ યહુદીઓ આગળ સુવાર્તા પ્રગટ કરી, પણ તેઓ સામા થયા, ત્યારે હેલેનીઓ પાસે તે ગયો; અહિં પ્રભુએ તેને દર્શન દ્વારે ઉતેજન આપ્યું (પ્રે. કૃ. ૧૮; ૯, ૧૦. ૧ કરીં. ૨; ૩). આ અરસામાં

તેને પ્રીસ્કીલ્લા તથા આકુલ્લા સાથે મુલાકાત થઇ અને તેમની સાથે તંબુ બનાવવાનો ધંધો કરીને પોતાનું ગુજરાન ચલાવતાં તે દોઢેક વર્ષ સુધી આ શહેરમાં રહ્યો (પ્રે. કૃ. ૧૮; ૩ : ૨૦; ૩૪. ૨ કરીં. ૧૧; ૯ : ૧૨; ૧૩, ૧૪). પાઉલના ગયા પછી અપોલો અહિંના લોકને ખ્રીસ્ત વિષે વાત પ્રગટ કરતો હતો (પ્રે. કૃ. ૧૮; ૨૪-૨૮). આ શહેરના જે લોકો ખ્રીસ્તી થયા તેમાંના ક્રીસપસ (પ્રે. કૃ. ૧૮; ૮. ૧ કરીં. ૧; ૧૪), ગાયસ (રૂમી. ૧૬; ૨૩. ૧ કરીં. ૧; ૧૪), સ્તેફાનસના ઘરના (૧ કરીં. ૧; ૧૬ : ૧૫; ૧૭), સોસ્થેનેસ (પ્રે. કૃ. ૧૮; ૧૭. ૧ કરીં. ૧; ૧) એ મુખ્ય હતા. પાઉલ ત્યાર પછી બીજી વખત ત્યાં ગયો, અને ત્રણ માસ ત્યાં રહ્યો (પ્રે. કૃ. ૨૦; ૩), અને આ વખતે અહિં રહીને તેણે ઇ. સ. ૫૫ માં રૂમીઓને પત્ર લખ્યો. ૨ કરીં. ૧૨; ૧૪ : ૧૩; ૫ પરથી કેટલાક અનુમાન કરે છે કે પાઉલ ત્રીજી વખતે પણ કરીંથ ગયો હતો. હાલના વખતમાં કરીંથ તે એક માત્ર ગામ છે, લોકો તેને 'ગોરથો' કહે છે.

કરીંથીઓને ૧ લો પત્ર. પાઉલ ત્રીજી મુસાફરી વખતે જ્યારે એફેસસમાં હતો ત્યારે કેટલાક ભાઇઓએ જણાવ્યું કે કરીંથની મંડળીમાં બીગાડ છે (૧; ૧૧ : ૧૬; ૧૭) વળી મંડળી તરફથી એક પત્ર મળ્યો (૭; ૧) માટે તેમને બોધ આપવા અને પત્રનો પ્રત્યુત્તર વાળવાને આ પત્ર પાઉલે એફેસસથી લખ્યો છે. (૧) અધ્યાય ૧-૬ વખોડવા લાયક બાબતો. ૧-૪ મંડળીમાં તડ છે. ૫ અગમ્યગમન. ૬ વિદેશીઓ આગળ ફરિયાદ, વ્યભિચાર. (૨) ૭-૧૪ પત્રનો પ્રત્યુત્તર. ૭ બ્રહ્મચર્ય વૃત્ત વિષે. ૮-૧૦ નૈવેદ વિષે. ૧૧-૧૪ ભજન સેવા વિષે. (૩) ૧૫ સિદ્ધાંત પ્રકરણ—પુનરૂત્થાન વિષે. (૪) ૧૬ સમાપ્તિ—વિવિધ બોધવચન.

કરીંથીઓને ૨ જો પત્ર. કરીંથીઓને ૧ લો પત્ર લઇને તીમોથી ત્યાં ગયો હતો. હવે આ પહેલા પત્રથી વાંચનારને કેવી અસર થઇ છે તે જાણવાને પાઉલે એફેસસથી તીતસને મોકલ્યો. અને પાઉલ પોતાની મુસાફરીમાં આગળ વધતાં માકેદોન્યામાં આવી પહોંચ્યો ત્યારે અહિં તીતસ કરીંથની ખબર લઇને આવ્યો. તેણે ખબર આપી કે મંડળીમાં સુધારો થયો છે; પણ કેટલાક એવા માણસો છે કે પાઉલના પ્રેરીતપદ વિષે વાંધો ઉઠાવે છે, ને પત્ર વાંચીને નવી ધાલમેલ ઉભી કરે છે. એ જાણીને પાઉલ તેમના ઉપર બીજો પત્ર માકેદોન્યાથી લખે છે, જેમાં બોધ અંગીકાર કર્યો છે તેમને ધર્મજાગૃતિ મળે, વાંધો કાઢનારના મનનું સમાધાન થાય, બધી અવ્યવસ્થા બંધ થાય અને તેમણે ઉઘરાણાની મદદ આપવાને વચન આપ્યું હતું તે તૈયાર કરે, વિગેરે બાબતો તેણે લખી મોકલી છે. (૧) અ. ૧-૭. પાઉલના પોતા વિષે વિરોધીઓને જવાબ. (૨) અ. ૮-૯. ઉઘરાણા વિષે. (૩) અ. ૧૦-૧૩. પાઉલ તથા વિરોધીઓ.

કરીયોથ = શહેર. (૧) યહુદાહની દક્ષિણે આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૨૫). પરસ્વાધીન કરનાર શિષ્ય યહુદાહ તે આ શહેરનો વતની હતો. આ નામની સાથે 'હેસ્રોન' નામ જોડાયું છે. (૨) મોઆબનું એક શહેર હતું (યિર્મે. ૪૮; ૨૪, ૪૧. આમો. ૨; ૨).

કરૂબ = દૂત. (એઝ. ૨; ૫૯. નહે. ૭; ૬૧). બંદિપ્રવાસમાંથી પાછા આવેલામાંનો એક હતો. પણ તેઓ ઇસ્રાએલમાંના હતા કે નહિ તે બતાવી શક્યા નહિ. કરૂબનું બહુવચન કરૂબીમ છે.

કરેથીઓ = કતલ કરનાર. દાઉદ રાજાની ફોજમાં કરેથીઓ અને પલેથીઓ એ એક ખાસ જાતના માણસો હતા. તેઓ દાઉદની ખીજમતમાં હમેશા હાજર રહેતા (૨ શમૂ. ૮; ૧૮) અને રાજાને કોઇ ખાસ માણસને સજા આપવી હોય તો તેને મારી નાંખવાનો તેમને હુકમ આપવામાં આવતો હતો (૧ રા.

૨; ૩૪, ૩૬). આ બન્ને લોકનું વર્ણન શાસ્ત્રમાં કોઇ ખાસ જાત સંબંધે કરેલું જોવામાં આવે છે, અને કેટલાક ધારે છે કે તે પલિસ્તી લોકની કોઇ કોમ હશે.

કર્નેલ્યસ = સૂર્યનાં કીરણ. આ માણસ ઇટાલી કહેવાયલી પલટણુનો સુબેદાર હતો. તે પીતરથી બાપ્તિસ્મા પામ્યો હતો. તેનું બ્યાન પ્રે. કૃ. ૧૦ માં આવે છે. તેના ખ્રીસ્તી થવામાં માલ્થી ૧૩; ૧૨. લુક ૮; ૧૫. યોહા. ૭; ૧૭ નાં વચન પુરાં પડ્યાં છે. આ માણસ પોતાના કુટુંબ સાથે મંડળીમાં મેળવાયો હતો. વિદેશી ખ્રીસ્તીઓમાં પ્રથમ માણુસ કર્નેલ્યસ જોવામાં આવે છે.

ક્રિસ્પસ = ગુચ્છાવાળો. કરીંથના સભાસ્થાનનો એક મુખ્ય માણુસ હતો (પ્રે. કૃ. ૧૮; ૮). તે તથા તેનું કુટુંબ પાઉલથી બાપ્તિસ્મી થયું હતું (૧ કરીં. ૧; ૧૪).

ક્રેતે = સૂર્યને લગતો કોઇ દેવતા. ભુમધ્ય સમુદ્રમાં આવેલો એક ટાપુ છે, જેને હાલ કાન્ડિયા કહે છે. તેની લંબાઇ ૧૪૦ મેલ અને પહોળાઇ ૩૫ મેલની છે. આગળના વખતમાં તેમાં સો શહેર હતાં, અને ઘણા યહુદી લોકો ત્યાં રહેતા હતા. પચાસમે દિવસ અહિંથી કેટલાએક માણુસો આવ્યા હતા (પ્રે. કૃ. ૨; ૨૧). આ બેટના લોકો વિષે તેમના એક કવીએ કહ્યું છે કે, "ક્રેતિઓ સદા જુઠા, ભુંડા પશુ, આળસુ, પેટ ભરૂઓ છે" (તીત. ૧; ૧૨). પાઉલે રૂમની મુસાફરીમાં આ ટાપુની મુલાકત લીધી હતી અને ત્યાં પાઉલે તીતસને મંડળી ઉપર ઠરાવ્યો (તીત. ૧; ૫). કેટલાએક કહે છે કે દાઉદની ફોજમાં જે 'કરેતીઓ' કહેવાતા તે આ બેટના વત્ની હશે (૧ શમૂ. ૩૦; ૧૪. હઝ. ૨૫; ૧૬. સફ. ૨; ૫).

ક્રેસ્કેન્સ = ઉગતું. ઘણું કરીને ખ્રીસ્તના સિત્તેર શિષ્યોમાંનો તે એક હતો. પાઉલનો એક મદદગાર હતો છતાં ગલાતીઆમાં પાઉલને દુઃખમાં મુકીને નાસી ગયો હતો. તે રૂમનો ખ્રીસ્તી હશે (૨ તીમો. ૪; ૧૦).

કલાલ = પુર્ણતા. યાજકોના પુત્રો મધ્યે પરદેશી સ્ત્રીઓ પરણેલામાંનો એક હતો (એઝ. ૧૦; ૩૦).

કલીટા = ઠીંગણો. એઝરાની સાથે જે લેવીઓ નિયમશાસ્ત્ર સમજાવતા હતા તેઓમાંનો એક (એઝ. ૧૦; ૨૩. નહે. ૮; ૭: ૧૦; ૧૦).

કલૂબ = ભેગા જોડાવવું. યહુદાહના પુત્રોમાંના શૂહાહનો ભાઇ, તેના પુત્રનું નામ મહીર હતું (૧ કાળ. ૪; ૧૧).

કલૂબાય = (૧ કાળ. ૨; ૯). હેસ્રોનનો પુત્ર ઘણું કરીને કાલેબ છે.

કલૂહી = એઝ. ૧૦; ૩૦. ૧ કાળ. ૨૭; ૬.

કલોસે = શિક્ષા. આ શહેર એશિયા મેનરની પશ્ચિમે ફ્રુગીઆ પ્રાંતમાં લિકસ નદી ઉપર એફેસસ શહેરના સરીઆમ રસ્તા પાસે લાઓદીકીઆથી ઉત્તરમાં ૧૨ મેલ આવેલું હતું. એફેસસ બંદરથી કલોસે, લાઓદીકીયા અને હીયરાપોલીસ શહેરો પાસે પાસે આવેલાં હતાં. પાઉલે આ શહેર, તેમના પર પત્ર લખ્યો તે પહેલાં જોયું ન હતું, પણ કદાચ એપાફ્રાસે ત્યાં મંડળી સ્થાપી હતી (કલો. ૧; ૭: ૪; ૧૨). પાઉલ ફિલેમોનને પત્ર લખતાં ત્યાં જવાનો ઇરાદો દર્શાવે છે (ફિલે. ૨૨). અને કદાચ રૂમના કેદખાનામાંથી છુટયા બાદ ત્યાં ગયો હશે. આ શહેર ત્યાર પછી નાશ પામ્યું છે અને તેની જગ્યાએ 'કોનાસ' નામનું એક ગામ આવેલું છે. ગામ પાસે પુરાતન શહેરના ખંડેર હજી જોવામાં આવે છે. પુરાતન શહેર બહુ ખુબસુરત જગ્યામાં આવેલું હતું.

કલોસીઓને પત્ર. પાઉલ જ્યારે રૂમમાં કેદી હતો ત્યારે કલોસી મંડળીની ખબર લઇને એપાફ્રાસ રૂમમાં આવ્યો અને તેમના વિશ્વાસ તથા પ્રેમની ખબર પાઉલને આપી (૧; ૪-૮). પણ એ સાથે એપાફ્રાસે જણાવ્યું કે મંડળીમાં કેટલાક ગ્નોસ્ટીક પંથના માણસો આવીને દુર્મત શીખાડે છે ને કહે છે (૧) ખ્રીસ્ત સર્વોપરી નથી; (૨) સૃષ્ટિ સૃજવા તથા ઉદ્ધાર કરવાને દૂતો સામેલ છે માટે

તેઓનું પણ ભજન કરવું; (૩) કર્મક્રિયા અને દેહકષ્ટ કરવાની જરૂર છે. ઉપલી ત્રણે ભુલોનો રદીઓ આપવા અને ખરૂં જ્ઞાન પમાડવા સારૂ પાઉલે આ પત્ર લખી તુખીકસ તથા ઓનેસીમસ સાથે રવાના કર્યો, કેમકે એપાફ્રાસ તો રૂમમાં આવ્યા પર કેદમાં નંખાયો, તેથી તેની સાથે પત્ર મોકલી શક્યો નહિ. (૧) અધ્યાય ૧; ૧—૩; ૪ મત પ્રકરણ. ૧; ૧-૧૨ સલામ, ઉપકારસ્તુતિ અને પ્રાર્થના. ૧; ૧૩-૨૯ ખ્રીસ્તનું વર્ણન. ૨; ૧: ૩; ૪ જુઠા જ્ઞાન તથા કર્મક્રિયા વિષે. (૩) ૩; ૫—૪; ૧૮ કર્ત્તવ્ય પ્રકરણ. ૩; ૫-૧૭ સામાન્ય ફરજ, દેહને મારી નાંખો અને નવું માણસપણું પહેરો. ૩; ૧૮—૪; ૧ પરસ્પર ફરજ, એટલે ધણી-ધણીઆણી, માબાપ અને છોકરાં, શેઠ અને ચાકર. ૪; ૨-૧૮ સમાપ્તિવચન.

કસાલોન = વિશ્વાસ. યહુદાહની સરહદ ઉપર યઆરીમ પર્વતની બાજુમાં આ જગ્યા આવેલી હતી. તે જગ્યા હાલનું 'કેસ્લા' ગામ હશે જે યહુદાહના ડુંગરોમાં આવેલું છે (યહો. ૧૫; ૧૦).

કસીઆહ = એક જાતની તજ. આ તો અયુબની બીજી દીકરી હતી, જે અયુબને તેના પરીક્ષણ પછી પરમેશ્વરે આપી (અયુ. ૪૨; ૧૪).

કસીલ = અધર્મી. યહુદાહની ઉત્તરે આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૩૦). ઘણું કરીને આ શહેર અને 'બથૂલ' (યહો. ૧૯; ૪) તે એકને એકજ હશે. તેમજ ૧ કાળ. ૪: ૩૦ માં બથૂએલ તે બથૂલ હશે.

કસાસ = કાપી નાંખવું. બિન્યામીની નગરોમાંનું એક હતું (યહો. ૧૮; ૨૧).

કસુલ્લોથ = ફળદ્રુપ જમીન. વિરસાખારનું આ શહેર યઝ્રીલ અને શુનેમની વચ્ચે કોઇ પહાડના ઢોળાવ પર આવેલું હતું (યહો. ૧૯; ૧૮).

કહાથ = સભા. લેવીનો બીજો પુત્ર જે આમરામનો બાપ થાય. (ઉત્પ. ૪૬; ૧૧). તે યાકુબની સાથે મિસર ગયો. કહાથ ૧૩૩ વર્ષ જીવ્યો (નિર્ગ. ૬; ૧૮). જુઓ ઉત્પ. ૩; ૧૭, ૧૯, ૨૭, ૨૯: ૪; ૨, ૪, ૧૫: ૭; ૯: ૧૬; ૧: ૨૬; ૫૭, ૫૮: યહો. ૨૧; ૫, ૨૦, ૨૬. ૧ કાળ. ૬; ૧, ૨, ૧૬, ૧૮, ૨૨, ૩૮, ૬૧, ૬૬, ૭૦: ૧૫; ૫: ૨૩; ૬, ૧૨. **કહાથીઓ** (ગણ. ૩; ૨૭, ૩૦: ૪; ૧૮, ૩૪, ૩૭: ૧૦; ૨૧: ૨૬; ૫૭. યહો. ૨૧; ૪, ૧૦. ૧ કાળ. ૬; ૩૩, ૫૪: ૯; ૩૨. ૨ કાળ. ૨૦; ૧૯: ૨૯; ૧૨: ૩૪; ૧૨). ઇસ્રાએલીઓની મુસાફરીમાં કહાથીઓને પરમ પવિત્ર વસ્તુઓના સંબંધમાં કામ સોંપવામાં આવ્યું હતું (ગણ. ૪), એટલે કોષ, મેજ, દીપવૃક્ષ, વેદીઓ વિગેરે સેવા કરવાનાં મંડપ માંહેલા સર્વ સાહિત્યો તથા મંડપને લગતું સર્વ કામ તેઓની સંભાળમાં રહેતું હતું. કુચ કરતાં તથા છાવણી નાંખતાં તેમની જગ્યા મંડપની દક્ષિણ બાજુએ હતી.

કહેલાથાહ = સભા. ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીમાંનું એક સ્ટેશન હતું (ગણ. ૩૩; ૨૨).

કલાઉદા = (પ્રે. કૃ. ૨૭; ૧૬. (કૌદા). ક્રેત બેટની નૈરૃત્ય કોણમાં એક નાનો બેટ છે. પાઉલની રૂમની મુસાફરીમાં તે વચમાં આવ્યો હતો. તે આસરે સાત મેલ લાંબો અને ત્રણ મેલ પહોળો છે. હાલ આ બેટને 'ગોઝો' કહે છે (જુઓ કોદા).

કલાદીઅસ = લંગડો. (૧) કલાદીઅસ કાઇસાર તેણે રૂમમાં ઇ. સ. ૪૧-૫૪ સુધી રાજ્ય કર્યું (પ્રે. કૃ. ૧૧; ૨૮: ૧૮; ૨). તે રૂમનો ચોથો બાદશાહ હતો. તેના વખતમાં જ્યારે યહુદીઓએ બળવો કીધો ત્યારે બધા યહુદીઓને રૂમમાંથી નીકળી જવાનો તેણે હુકમ કીધો. તેણે યહુદીઓની ઘણી સતાવણી કીધી અને હેરોદ આગ્રીપાએ યાકુબને તલવારથી મારી નાંખ્યો. ઇ. સ. ૪૪ (પ્રે. કૃ. ૧૨; ૨) કલાદીઅસના વખતમાં ઘણાએક દુકાળ પડ્યા પણ તેમાંના એકનું બયાન

અગાબાસ કરે છે (પ્રે. કૃ. ૧૧; ૨૮). (૨) ક્લાદીઅસ લુસયસ તે રૂમી ફોજનો સરદાર હતો. જ્યારે પાઉલ વિરૂદ્ધ યરૂશાલેમમાં યહુદીઓએ હુલ્લડ કીધું ત્યારે તેણે પાઉલને ત્રણ વખણ મરણમાંથી બચાવ્યો (પ્રે. કૃ. ૨૧; ૩૧:૨૨; ૨૪:૨૩; ૧૦, ૨૬). ત્યાર પછી તેણે ફેલીક્સ અધિકારી પાસે પાઉલને મોકલ્યો (પ્રે. કૃ. ૨૩; ૨૬) અને સાથે પત્ર લખી મોકલ્યું.

ક્લાદીયા = લંગડું. આ એક સ્ત્રીનું નામ છે ૨ તીમો. ૪; ૧૨ માં તેનું નામ આવે છે. તે ઘણું કરીને એક યુરોપીઅન ખ્રીસ્તી બાઇ હતી, અને પુદેન્સની સ્ત્રી હતી. પાઉલ તેને ક્ષેમકુશળ મોકલે છે.

કલીઓપાસ=અલશીની ગ્રીક રચના. ખ્રીસ્તના પુનરૂત્થાનને દિવસે જે બે શિષ્યો ઇમાસ જતા હતા તેમાંનો એક હતો. તેના વિષે આપણે બીજું કંઇ જાણતા નથી (લુક. ૨૪; ૧૮). જુઓ કલોપાસ.

ક્લેમેંટ = નરમ. આ માણસ ફિલિપીનો ખ્રીસ્તી અને પાઉલનો સાહ્યકારી હતો (ફિલી. ૪; ૩). આજ નામનો એક ધર્મપાત્રી રૂમમાં હતો. તેનું નામ મંડળીના ઇતિહાસમાં ઘણું પ્રસિદ્ધ છે (ઇ. સ. ૨૨૦).

ક્લોએ = લીલોતરી. કરીંથની મંડળીમાં આ નામની એક સ્ત્રી હતી તેના ઘરના કોઇ માણસથી પાઉલને ખબર મળી કે કરીંથની મંડળીમાં કજીયા છે ને મંડળીમાં વિભાગ પડી ગયા છે (૧ કરીં. ૧; ૧૧). આ ખ્રીસ્તી બાઇ વિષે એ સિવાય બીજું કંઇ જાણવામાં આવ્યું નથી.

ક્લોપાસ = બધો મહિમા. જેને ગ્રીક ભાષામાં કલીઓપાસ કહે છે તેને આર્માની ભાષામાં કલોપાસ કહે છે (યોહા. ૧૯; ૨૫) માં લખ્યું છે કે 'કલોપાસની વહુ મરિયમ.' જો એમ હોય તો આ મરિયમ યાકુબ નાનનાની મા થાય અને માત્થી ૧૦; ૩:૨૭; ૫૬ માં આવતો અલ્ફી અને ક્લોપાસ કે ક્લીઓપાસ તે એકને એકજ માણસ હશે.

ક્વાર્તસ = ચોથું. કરીંથ શહેરનો એક ખ્રીસ્તી ભાઇ હતો. પાઉલ રૂમના મિત્રો પર તેની સલામ મોકલે છે (રૂમી. ૧૬; ૨૩).

કાઇન = લાભ થવો, ભોગવટો. (૧) આદમ હવાથી થએલો પ્રથમ પુત્ર કાઇન હતો (ઉત્પ. ૪). તેનો નાનો ભાઇ હાબેલ ઘેટાં-પાળક હતો પણ કાઇન ખેડુત હતો. કાઇન સ્વભાવે અદેખો, આપમતીઓ, ગર્વિષ્ટ અને કીનાબાજ હતો. એક વખતે કદાપી સાબ્બાથ વારે એવું બન્યું કે, કાઇન યહોવાહને સારૂ ભૂમિના ફળમાંથી કંઇ અર્પણ લાવ્યો, પણ હાબેલ પોતાનાં ઘેટાં બકરાંમાંના પ્રથમ જન્મેલાં તથા પુષ્ટ લાવ્યો. હાબેલનું અર્પણ કાઇનના કરતાં શ્રેષ્ટ અને ઇચ્છવા યોગ્ય (હેબ્રી. ૧૧; ૧૪). તેનું અર્પણ માન્ય થયું, પણ કાઇનને તથા તેના અર્પણને યહોવાહે માન્ય નહીં કીધાં. આ કારણ માટે કાઇનને બહુ રોષ ચઢયો અને બન્ને ભાઇ જ્યારે ખેતરમાં હતા ત્યારે કાઇને પોતાના ભાઇ હાબેલ સામે ઉઠીને તેને મારી નાંખ્યો (૧ યોહા. ૩; ૧૨). આ કારણ માટે કાઇન શ્રાપિત થયો, અને યહોવાહે તેને કહ્યું કે 'તું પૃથ્વી પર ભટકતો તથા નાસતો ફરીશ' પછી કાઇનની માગણી મુજબ 'કાઇનને સારૂ યહોવાહે ચિન્હ ઠરાવ્યું રખે તેને જોઇને કોઇ તેને મારે" (ઉત્પ. ૪; ૧૫). પછીથી તે યહોવાહ આગળથી નીકળ્યો ને એદનની પૂર્વગમ નોદ દેશમાં જઇ રહ્યો. ત્યાં તેણે એક શહેર બાંધ્યું અને પોતાના દીકરાના નામ પરથી તે શહેરનું નામ હનોખ પડયું. તેની છઠ્ઠી પહેડીમાં તેના સંતાન ઘણાં વધી ગયાં તેમજ ઘણાં બગડી ગયાં જેથી પરમેશ્વરે જળપ્રલયથી તેમનો સંહાર કર્યો. અનેગેદી ઉપર પહાડની પૂર્વધાર ઉપર આવેલું કેનીઓનું એક શહેર હતું (યહો. ૧૫; ૫૭). ઘણું કરીને, ગણ. ૨૪; ૨૧ માં બલઆમ આજ શહેર વિષે કહે છે કે, 'તારો માળો ખડકમાં બાંધેલો છે.'

કાઇસાર = રાજા. જુલીઅસ કાઇસારની પછી, રૂમના બધા બાદશાહને કાઇસાર નામ આપવામાં આવ્યું છે. જેમ મિસરના રાજાને ફારૂન કહેતા હતા. તેમ નવા કરારમાં કાઇસાર એકલું નામ પણ આપવામાં આવ્યું છે (યોહા. ૧૯; ૧૫. પ્રે. કૃ. ૧૭; ૭). યહુદીઓ કાઇસારને કર આપતા હતા (માત્થી ૨૨; ૧૭). અને રૂમી સરકારની બધી રૈયતને કાઇસારને અપીલ કરવાનો હક હતો (પ્રે. કૃ. ૨૫; ૧૧). નવા કરારમાં નીચેના બાદશાહને કાઇસાર નામ આપવામાં આવ્યું છે. ઑગસ્તસ (લુક ૨; ૧), તીબેરયસ (લુક. ૩; ૧ : ૨૦; ૨૧), કલાદીયસ (પ્રે. કૃ. ૧૧; ૨૮), નીરો (પ્રે. કૃ. ૨૫; ૮. ફીલી. ૪; ૨૨). તીબેરયસ પછી કલીગુલા થયો તેનું નામ આપવામાં આવ્યું નથી.

કાઇસારીઆ — ઑગસ્તસના નામ પરથી. સૂરથી મિસર દેશ જવાના ધોરી રસ્તા ઉપર ભૂમધ્ય સમુદ્રના કિનારા પર યરૂશાલેમથી ઉત્તર-પશ્ચિમમાં ૭૦ મૈલ પર આ શહેર આવેલું હતું. આ શહેર મહાન હેરોદે (ઈ. સ. પૂ. ૧૦) બંધાવ્યું, અને તેને કાઇસાર ઑગસ્તસના નામ પરથી કાઇસારીઆ નામ આપવામાં આવ્યું. યહુદાહના રૂમી ઇલાકાનું તે મુખ્ય શહેર હતું, તેમજ રૂમી ગવર્નરની રાજ્યધાનીનું શહેર અને રૂમી ફોજનું હેડ ક્વાર્ટર્સ હતું. આ શહેરમાં કરનેલ્યસ સુબેદાર જે પોતાના ઘરના સઘળા માણસો સુદ્ધાં દેવનું ભય રાખતો હતો તે પ્રેરિત પીતરની મારફતે ખ્રીસ્તી થયો (પ્રે કૃ. ૧૦; ૧, ૨૪). અને એ પ્રમાણે વિદેશી ખ્રીસ્તીઓમાંનો પહેલો તે કર્નેલ્યસ હતો. સુવાર્તિક ફિલીપ પોતાની ચાર કુંવારી દીકરીઓ સાથે આ શહેરમાં રહેતો હતો (પ્રે. કૃ. ૨૧; ૮). જ્યારે યરૂશાલેમથી પાઉલને નાસવું પડયું ત્યારે આ બંદરથી પાઉલ વહાણે બેસી પોતાના વતન તાર્સસ ગયો હતો (પ્રે. કૃ. ૯; ૩૦). વળી પાઉલ જ્યારે પોતાની બીજી મુસાફરીમાંથી પાછો આવ્યો ત્યારે આ શહેરમાં ઉતર્યો હતો (પ્રે. કૃ. ૧૮; ૨૨). અને રૂમની મુસાફરી પહેલાં તે અહીં બે વર્ષ કેદી રહ્યો (પ્રે. કૃ. ૨૪; ૨૭ : ૨૫; ૧, ૪, ૬. ૧૩). આજ શહેરમાં 'ઠરાવેલે દિવસે' ક્લાદીઅસ બાદશાહના માનમાં એક મેળાવડો થયો ત્યારે હેરોદ આગ્રીપા ૧ લાએ દેવની આગળ મગરૂર થઇ દેવને મહિમા આપ્યો નહિ, માટે પ્રભુના દૂતે તરત તેને માર્યો. ને કીડાથી ખવાઇ જઇને તેણે પ્રાણ છોડયો (પ્રે. કૃ. ૧૨; ૧૯-૨૩). આજ રીતે તેનો ધરડો બાપ હેરોદ મોટો પણ મરણ પામ્યો હતો. આ શહેર હજી સુધી એજ નામથી ઓળખાય છે, પણ તદન વેરાન થઇ ગયું છે અને કોઇ ત્યાં રહેતું નથી, પણ સાપ, વીંછી અને જંગલી જાનવરોનું તે કોતર થયું છે. કહે છે કે યુસેબીઅસ ઇતિહાસક અને ધર્મપિતૃ ઓરિજન આ શહેરના રહીશ હતા.

કાઇસારીઆ ફિલિપી. આ શહેર બહુ ખુબસુરત જગ્યામાં આવેલું હતું. તેની પાસે હેર્મોન પહાડ આવેલો હતો, જે સાત આઠ હજાર ફૂટ ઉંચો હતો. યરૂશાલેમથી ઉત્તરમાં ૧૨૦ મૈલ પર અને ગાલીલ સમુદ્રથી ઉત્તરમાં ૨૦ મૈલ ઉપર પેરીઆ પ્રાંતમાં તે આવેલું હતું. તેનું પુરાતન નામ બઆલ-ગાદ (યહો. ૧૧; ૧૭) કે બઆલ-હેર્મોન (ન્યાયા. ૩; ૩. ૧ કાળ. ૫; ૨૩) હતું. આ શહેરમાં પાન દેવતાની પૂજા થતી હતી તેથી આ શહેરને પાનીઆસ પણ કહેતા હતા. આ શહેરમાં હેરોદે કાઇસાર ઑગસ્તસના માનમાં એક મંદિર બંધાવ્યું હતું. આ શહેરમાં ત્યાર પછી હેરોદ ફિલિપ્પે સુધારો વધારો કર્યો અને શહેર સાથે પોતાનું નામ પણ ઉમેર્યું. અથવા તો કદાપી એમ હોય કે, ભૂમધ્ય સમુદ્ર પરના કાઇસારીઆથી આ શહેર જુદું ઓળખાવવાને એ નામ આપ્યું હોય. હાલ આ શહેરની જગ્યાએ એક ગામ છે જેને 'બાનીયાસ' કહે છે. આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની જાહેર ધર્મસેવાના

સંબંધે આ શહેરનું નામ (માત્થી ૧૬; ૧૩. માર્ક ૮; ૨૭) આવે છે.

કાટ્ટાથ = બહુ નાનું (યહો. ૧૯; ૧૫). જુઓ કાર્ત્તાહ.

કાંડાકી (પ્રે. કૃ. ૮; ૨૭). તે હબશીઓની રાણી હતી અને ઇથીઓપીઆ (ન્યુબીયા) માં તેનું રાજ્ય હતું. તેનો પ્રધાન તથા સઘળા ભંડારનો કારભારી 'ઇન્ડીક' નામનો એક ખોજો હતો, તે ભજનસેવા કરવા સારૂ યરૂશાલેમમાં આવ્યો હતો. તે જ્યારે ગાઝ્ઝાહને માર્ગે પાછો ફર્યો, ત્યારે ફિલીપ આત્માના સુચવ્યા પ્રમાણે તેની પાસે ગયો ને ફિલીપે ઇસુને તેની આગળ પ્રગટ કીધો અને આ વખતે ફિલીપથી તે બાપ્તિસ્મી થયો. ત્યાર પછી તે પોતાના દેશમાં પાછો ગયો, અને એમ હોય કે તેના વસીલાથી રાણી કાંડાકી પોતે ખ્રીસ્તી થઇ હશે. એવું કહેવાય છે કે તેણે આસપાસના મુલકમાં તેમજ અરબસ્તાનમાં સુવાર્તા પ્રગટ કરી, ને ત્યાર પછી લંકામાં ખ્રીસ્તની સાક્ષી પુરતાં મરણ પામ્યો.

કાદ્મીએલ = પ્રભુનો ચાકર. બાબેલથી ઝરૂબ્બાબેલની સાથે જે લેવીઓ આવ્યા તેમાંનો એક (એઝ. ૨; ૪૦ : ૩; ૯. નહે. ૭; ૪૩ : ૯; ૪ : ૧૦; ૯ : ૧૨; ૮, ૨૪).

કાદ્મોનીઓ = પૂર્વવાસીઓ. ઇબ્રાહીમના વખતમાં પાલેસ્તાઇનની ઇશાન કોણમાં જે કનાનીઓ વસતા હતા તેમને આ નામ આપવામાં આવ્યું છે. તેઓ પાલેસ્તાઇન અને ફ્રાતની વચ્ચે વસતા હતા (ઉત્પ. ૧૫; ૧૯).

કાદેશ = પવિત્ર (ઉત્પ. ૨૦; ૧) કે,

કાદેશ-બાર્નેઆ = ભટકવાનું પવિત્ર રણ. કાદેશ કે કાદેશ-બાર્નેઆ નામની જગ્યા, પાલેસ્તાઇનની સરહદ પર અગ્નિકોણમાં હોરેબથી ૧૬૫ મૈલ ઉપર સીનના અરણ્યમાં (ગણ. ૨૦; ૧), અદોમ દેશની સરહદ પર આવેલી છે (ગણ. ૨૦; ૧૬). આ જગ્યામાં પાણીનો એક સુંદર ઝરો હતો માટે તેને 'એન-મિસ્પાટ' પણ કહે છે (ઉત્પ. ૧૪; ૭). ઇસ્રાએલીઓ વચનના દેશમાં પેઠા તે પહેલાં આ જગ્યાએ બે વખત મુકામ કીધો હતો. પહેલી વાર આ જગ્યા જોઇને તેઓ બહુ ખુશી થયા (પુન. ૧; ૧૯-૪૬), અને કનાન દેશની જાસુસી કરવા માટે દરેક કુળમાંથી એક એક માણસ પસંદ કરીને આ જગ્યાએથી રવાના કરવામાં આવ્યા હતા (ગણ. ૧૩; ૧૮-૩૧). દેશની જાસુસી કરીને ચાળીસ દિવસે તેઓ પાછા આવ્યા, પણ કાલેબ તથા યહોશુઆ શિવાય બાકીના દસ માણસોએ દેશ વિષે ખોટી ખબર આપી. આ જુઠી ખબર સાંભળીને ઇસ્રાએલી જમાત નાહિમ્મત થઇ ગઇ અને તેઓ રોવા કુટવા લાગ્યા, અને મિસર દેશમાં પાછા જવાનો વિચાર કરવા લાગ્યા, કેમકે વચનના દેશ વિષેની તેમની બધી આશા ભંગ થઇ. અને એમ યહોવાહને તુચ્છ કરીને પોતાની મરજી મુજબ ચાલવાનું કીધું, તેથી યહોવાહે તેમને મુકી દીધા, અને યહોશુઆ તથા કાલેબ શિવાય યહોવાહને તુચ્છ કરનાર બધી કોમ વિષે ઠરાવ થયો કે, "જેઓએ મને તુચ્છ કીધો છે તેઓમાંનો કોઇ તે દેશને નહિ દેખશે" (ગણ. ૧૪; ૨૩). તેથી તેઓ આમ તેમ ૩૮ વર્ષ સુધી અરણ્યમાં રખડ્યા, ને સજાનો વખત પુરો થતાં ફરીને તેઓ કાદેશ-બાર્નેઆ આવ્યા. આ વખતે દંગાખોર કોમનાં બધાં મરણ પામ્યાં હતાં. અહીં મુસાની બહેન મરિયમ મરણ પામી. અહીં ઇસ્રાએલીઓએ પાણીને માટે કચકચ કીધી, કેમકે જે ઝરો હતો તેમાં આ વખતે પાણી મળ્યું નહિ. આ વખતે મુસાની હસ્તકે યહોવાહે તેમને પુષ્કળ પાણી ચમત્કારિક રીતે આપ્યું, પણ મુસાએ આ વખતે ઇશ્વરઆજ્ઞા તોડી પાપ કીધું (ગણ. ૨૭; ૧૪. પુન. ૯; ૨૩. ગીત. ૧૦૬; ૩૨, ૩૩). તેની સજામાં મુસા તથા હારૂનને દેશમાં પેસવાની મના કરવામાં આવી. ત્યાંથી નીકળી ઇસ્રાએલી જમાતે અદોમ દેશમાં થઇ જવાનું કીધું, પણ અદોમના રાજાએ તેમને પોતાના દેશમાં

થઇને જવાની પરવાનગી આપી નહિ, તેથી તેઓ અદોમ દેશનો ફેરો ખાઇને હોર પર્વત પાસે આવ્યા. આ પર્વત ઉપર મુસાનો ભાઇ હારૂન મરણ પામ્યો (ગણ. ૨૦; ૨૨). ત્યાર પછી કનાની રાજા અરાદ જે નેગેબમાં રહેતો હતો તેણે એવી ખબર સાંભળી કે, ઇસ્રાએલ અથારીમને માર્ગે આવે છે, માટે તેણે ઇસ્રાએલ વિરૂદ્ધ લડાઇ જોડી. પણ તેમાં કનાનીઓનો સંપૂર્ણ સંહાર થયો, અને તે જગ્યાનું નામ હોર્માહ કહેવાયું (ગણ. ૨૧; ૧-૩). આ જગ્યાની આસપાસ ઇસ્રાએલીઓએ પોતાનાં સજાનાં વર્ષ પુરાં કીધાં હતાં. હાલ આ જગ્યા 'આઇન-એલ-કાદેશ' નામથી ઓળખાય છે, જે બેરશેબાથી અગ્નિ કોણમાં ૧૨ મૈલ ઉપર આવેલી છે. કાદેશ (ઉત્પ. ૧૪; ૭: ૧૬; ૧૪: ૨૦; ૧. ગણ. ૧૩; ૨૬: ૨૦; ૧, ૧૪, ૧૬, ૨૨: ૨૭; ૧૪: ૩૩; ૩૬, ૩૭. પુન. ૧; ૪૬: ૩૨; ૫૧. ન્યાયા. ૧૧; ૧૬, ૧૭. ગીત. ૨૯; ૮. હઝ. ૪૭; ૧૯: ૪૮; ૨૮). કાદેશ-બાર્નેઆ (ગણ. ૩૨; ૮: ૩૪; ૪. પુન. ૧; ૨, ૧૯: ૨; ૧૪: ૯; ૨૩. યહો. ૧૦; ૪૧: ૧૪; ૬, ૭: ૧૫; ૩).

કાના = બરૂવાળી જગ્યા. કાપરનાહુમની પાસે આવેલું ગાલીલ પ્રાંતનું એક શહેર હતું. આ ગામમાં આપણા તારનાર પ્રભુ ઇસુ ખ્રીસ્તે પાણીના દ્રાક્ષરસનો પહેલો ચમત્કાર કીધો (યોહા. ૨; ૧-૧૧: ૪; ૪૬). વળી આ જગ્યા તે નાથાનાએલની જન્મભૂમિ હતી (યોહા. ૨૧; ૨). આ શહેરનું નામ જુના કરારમાં આવતું નથી. હાલ આ શહેરને બદલે જુદી જુદી બે જગ્યા બતાવવામાં આવે છે, એકને 'ખુરબેતકાના' કહે છે, જે નાઝરેથની ઉત્તરમાં આઠ નવ મૈલ ઉપર આવેલ છે. બીજા કેટલાએક 'કેફ્ર-કેના' નામની બીજી જગ્યા બતાવે છે, જે નાઝરેથની ઇશાન કોણમાં ૫ મૈલ ઉપર અને તિબેરીઅસ સમુદ્રથી સીધી લાઇનમાં ૧૨ મૈલ પર આવેલી છે. નવા કરારમાં આ શહેરને 'ગાલીલનું કાના' કહે છે, કેમકે એજ નામનું બીજું એક શહેર આશેરમાં આવેલું હતું (યહો. ૧૯; ૨૮).

કાનાહ = બરૂવાળી પાણીની જગ્યા. (૧) મનાશ્શેહ અને એફ્રાઇમ દેશની વચ્ચે તે શહેર આવેલ હતું (યહો. ૧૬; ૮: ૧૭; ૯). (૨) આજ નામનું એક બીજું શહેર આશેરની ઉત્તરે આવેલ હતું (યહો. ૧૯; ૨૮). હાલ તેને આઇન-કાના કહે છે જે સુરથી અગ્નિ કોણમાં ૬ મૈલ ઉપર આવેલું છે.

કાન્નેહ (હઝ. ૨૭; ૨૩). આ નામ માત્ર એકજ વખત પવિત્ર શાસ્ત્રમાં આવે છે. (જુઓ કાલ્નેહ).

કાપરનાહુમ = નાહુમનું શહેર, દિલાસાનું શહેર. ગાલીલનું એક શહેર છે. આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના ઇતિહાસમાં ઘણી વખતે આ શહેરનું નામ આવે છે (માત્થી. ૪; ૧૩: ૮; ૫: ૧૭; ૨૪. માર્ક ૧; ૨૧: ૨; ૧: ૯; ૩૩. લુક ૪; ૨૩, ૩૧. યોહા. ૨; ૧૨: ૪; ૪૬: ૬; ૧૭, ૨૪, ૫૯. માત્થી ૧૧; ૨૩. લુક ૧૦; ૧૫); છતાં જુના કરારમાં આ શહેરનું નામ આપવામાં આવતું નથી. તે ગાલીલ સમુદ્રના પશ્ચિમ કિનારા પર આવેલ હતું. આ શહેર આપણા પ્રભુ ઇસુનું નાઝરેથમાંથી નીકળ્યા પછી પોતાનું નગર કહેવાતું હતું. આ શહેરમાં તેણે ઘણાં ઘણાં ચમત્કારિક કામ કીધાં હતાં, એમ છતાં ત્યાંના લોકોએ પસ્તાવો કીધો નહિ. માટે પ્રભુએ કહ્યું કે, "તું પાતાળ સુધી નીચું નંખાશે.' પીતર અને આંદ્રિઆ આ શહેરના વતની હતા (માત્થી ૮; ૧૪. માર્ક ૧; ૨૯). અહીંથી માત્થીનું તેડું થયું. સુબેદારના છોકરાને તથા પીતરની સાસુને અહીં ઇસુએ સાજી કીધી, અને એમ એ તરફનાં સઘળાં માંદાં તથા દીવાનાંને તેણે સારાં કીધાં (માર્ક ૧; ૩૨-૩૪). ગાલીલ સમુદ્ર પર આવેલાં ત્રણ શહેરો વિષે અફસોસની વાત કહેવામાં આવી છે, અને એમ ત્રણેનું હાલ નામ

નિશાન રહ્યું નથી. હાલ આ શહેરને બદલે 'ટેલ-હુમ' નામનું એક ગામ બતાવે છે જે ગાલીલ સમુદ્રથી બે મૈલ પર આવેલ છે. અહીં અસલ ઇમારતોનાં ખંડેર જોવામાં આવે છે, જ્યાં પુરાતન સભાસ્થાનનું ખંડેર પણ જોવામાં આવે છે (માત્થી ૮; ૫. સરખાવો).

કાપાદોકિયા. (પ્રે. કૃ. ૨; ૯. ૧ પીત. ૧; ૧). આસિયા મૈનરની પૂર્વમાં આવેલો એક મોટો પ્રાંત હતો. આ પ્રાંત પહાડી છે તો પણ પાણીની અછત નથી. ત્યાંના ઘઉં બધી જગ્યામાં વખણાતા હતા. વળી આ પ્રાંતમાં ચારાની બહુ સારી જગ્યા હતી, જેથી કરીને ત્યાંના ઘોડા, ઘેટાં તથા બીજાં જાનવર બહુ પુષ્ટ અને કીમતી ગણાતાં હતાં. જ્યારે પીતરે યરૂશાલેમમાં પહેલું ભાષણ આપ્યું ત્યારે પેન્ટીકોસ્ટના દિવસે આ પ્રાંતનાં માણસો પણ ત્યાં હાજર હતાં. આ દેશમાં ખ્રીસ્તી ધર્મે વહેલો પ્રવેશ પામ્યો હતો (૧ પીત. ૧; ૧), એ વખતે ત્યાં એક રૂમી સુબો હતો. અહીંના લોકો બહુ ભુંડા હતા, પણ ખ્રીસ્તી ધર્મે ત્યાં પ્રવેશ પામ્યા પછી લોકોમાં બહુ મોટો સુધારો થયો હતો. આ દેશમાં 'બાસીલ' નામનો એક પાદરી જન્મ્યો હતો.

કાફતોર = ફુલનો હાર. આ જગ્યાએ પડેલાં પલિસ્તીઓ રહેતા હતા (પુન. ૨; ૨૩. યિર્મે. ૪૭; ૪. આમો. ૯; ૭). કેટલાક ધારે છે કે તે ક્રેત ટાપુ છે, પણ બીજા કેટલાકનું ધારવું એવું છે કે તે મિસર દેશમાં આવેલ હતું. કાફતોરના રહીશોને કાફતોરીમ કહે છે (ઉત્પ. ૧૦; ૧૪. પુન. ૨; ૨૩. ૧ કાળ. ૧; ૧૨. યિર્મે. ૪૭; ૪. આમો. ૯; ૭). જુઓ મિસરાઇમ.

કાબૂલ = કેટલું નાનું (?). નજીવું. (૧) આ શહેર આશેરની પૂર્વ સરહદ તરફ આવેલું હતું. કદાચ સુલેમાને હીરામને આપેલાં શહેરોમાંનું એક હશે (યહો. ૧૯; ૨૭). હાલનું કાબૂલ આકોથી પૂર્વમાં આઠ મૈલ દૂર આવેલું છે. (૨) સુલેમાન રાજાએ ગાલીલમાં હીરામને ૨૦ નગરો આપ્યાં હતાં તેને હીરામે કાબૂલ દેશ એવું નામ આપ્યું હતું, કેમકે તે નગરો તેને ગમ્યાં નહિ (૧ રા. ૯; ૧૩). આ નગરોના બદલામાં ૧૨૦ તાલંત સોનું હીરામે સુલેમાનને આપ્યું હતું. અને ૨ કાળ. ૮; ૨ પરથી માલમ પડે છે કે આ નગરો હીરામે સુલેમાન રાજાને પાછાં આપ્યાં હશે.

કાબ્સએલ = યહોવાહની સભા. નેગેબમાં અદોમની સરહદ ગમ યહુદાહપુત્રોના કુળનાં છેવાડાં નગરોમાંનું એક નગર હતું, જે યહુદાહની ઉત્તરમાં આવેલું હતું (યહો. ૧૫; ૨૧). દાઉદના શૂરવીર બનાયાહની તે જન્મભૂમિ હતી. નહે. ૧૧; ૨૫માં તેને 'યકાબ્સએલ' કહે છે. (વળી ૨ શમૂ. ૨૩; ૨૦. ૧ કાળ. ૧૧; ૨૨).

કામોન = ઇસ્રાએલી ન્યાયાધીશ યાઇરની દફનભૂમિ હતી (ન્યાયા. ૧૦; ૫). એ વિષે એવું ધારવામાં આવે છે કે આ નામનું એક શહેર હતું અને યરદન નદીની પૂર્વમાં ગીલઆદ દેશમાં તે આવેલું હતું.

કાયાફા=હર્ષભંગ (?). યહુદીઓનો પ્રમુખયાજક હતો (ઇ. સ. ૨૭-૩૬). તીબેરિયસ કાઇસારની કારકીર્દીમાં આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની જાહેર ધર્મસેવાની શરૂઆતથી તે તેના મરણ સુધી તે પ્રમુખયાજકની પદવી પર હતો (માત્થી ૨૬; ૩, ૫૭. યોહા. ૧૧; ૪૯: ૧૮; ૧૩, ૧૪). એજ વખતમાં પીલાત યહુદાહનો અધિપતિ હતો (લુક ૩; ૧); તેની સ્ત્રી, આન્નાસ જે કાયાફાનો આસિસ્ટંટ પ્રમુખયાજક, તેની દીકરી હતી. કાયાફા તે સાદુકી પંથનો હતો (પ્રે. કૃ. ૫; ૧૭). વળી તે સાન્હેદ્રીમ સભાનો સભાસદ હતો, અને તેણે પોતાનો અભિપ્રાય આપતાં જણાવ્યું કે ઇસુને મારી નાખવો જોઇએ, કેમકે "લોકોની વતી એક માણસ મરે, ને આખી નાશ ન પામે એ તમારે સારૂ લાભકારક છે. આ પ્રમાણે તેણે વગર વિચાર્યું ભવિષ્ય કહ્યું પણ ભવિષ્ય ખરૂં પડયું કે "વેરાઇ ગએલાં

છોકરાંને" પોતાના મરણે કરીને ઇસુએ દેવની પાસે પાછાં આણ્યાં છે (યોહા. ૧૧; ૫૦). કાયાફાને ઇસુને મરણદંડની શિક્ષા કરવાનો અધિકાર ન હતો, માટે ઇસુને તેણે રૂમી ગવર્નર પીલાત પાસે મોકલ્યો (માત્થી ૨૫; ૨. યોહા. ૧૮; ૧૩, ૨૮). ઇસુના મરણ પછી પણ તે સુવાર્તાની સામે ઉભો રહેનાર દેખાય છે (પ્રે. કૃ. ૪; ૬). જુઓ આન્નાસ.

કારપસ = ફળદ્રુપ. ત્રોઆસનો એક ખ્રીસ્તી ભાઇ હતો, જેને ત્યાં પાઉલે પોતાનો જામો, પુસ્તકો તથા ચર્મપત્રો મુક્યાં હતાં. તેને ત્યાંથી તીમોથીને લાવવાને ભલામણ કરે છે (૨ તીમો. ૪; ૧૩).

કારેઆહ = અલંકાર. (૧) યોહાનાન કે જે ગદાલ્યાહના વખતમાં યરૂશાલેમમાં આવીને વસ્યો હતો (યિર્મે. ૪૦; ૮, ૧૩, ૧૫, ૧૬: ૪૧; ૧૧, ૧૩, ૧૪, ૧૬: ૪૨; ૧, ૮: ૪૩; ૨, ૪, ૫. ૨ રા. ૨૫; ૨૩).

કાર્કેમીશ = કેમોશનો કિલ્લો. ફ્રાત નદીના પશ્ચિમ કિનારા પર આ શહેર આવેલું હતું. ઉત્તર તરફના હિત્તીઓનું તે મુખ્ય શહેર હતું (યિર્મે. ૪૬; ૨. યશા. ૧૦; ૯. ૨ કાળ. ૩૫; ૨૦). આ જગ્યાએ મિસરના રાજા ફરો-નકોને બાબેલના રાજા નબૂખાદનેસ્સારે હરાવ્યો હતો (ઇ. સ. પૂ. ૬૦૭). આ ભારે જીતથી આસિયાનો બધો પશ્ચિમ ભાગ બાબેલના હાથમાં આવ્યો.

કાર્કા = તળિયું. ભૂમધ્ય સમુદ્ર અને મૃત સમુદ્રની લગભગ મધ્યભાગે આ જગ્યા આવેલી હતી (યહો. ૧૫; ૩).

કાર્કાસ = ગરૂડ પક્ષી. આહાશ્વેરોશ રાજાના વખતમાં હજુરીયા ખવાસમાંનો એક. (એસ્ત. ૧; ૧૦).

કાર્કોર = પાયો. આ જગ્યા યરદન નદીની પૂર્વ તરફના અરણ્યમાં આવેલી હતી. જ્યાં આગળ ગિદઓને મિદ્યાનીઓના રાજા ઝેબાહ તથા સાલ્મુન્નાને પકડી કેદ કર્યા અને તેમના સઘળા સૈન્યનો પરાભવ કર્યો હતો. આ જગ્યા સકોથ અને પનુએલથી બહુ દૂર ન હતી (ન્યાયા. ૮; ૧૦).

કાર્તાન = બમણું શહેર. નાફતાલી પ્રાંતનું એક શહેર હતું (યહો. ૨૧; ૩૨). તેને ૧ કાળ. ૬; ૭૬ માં કિર્યાથાઇમ કહે છે. આ શહેર લેવીઓના કુટુંબોમાંના ગેર્શોનના પુત્રોને નાફતાલી કુળમાંથી આપવામાં આવ્યું હતું.

કાર્તાહ = શહેર. આ શહેર ઝબૂલૂનના ભાગમાં આવેલું હતું. અને બાકી રહેલા લેવીઓને એટલે મરારીના પુત્રોનાં કુટુંબોને આપવામાં આવ્યું હતું (યહો. ૨૧; ૩૪). ઘણું કરીને આ શહેર અને કાટ્ટાથ (યહો. ૧૯; ૧૫) અને વળી કદાચ કિટ્રોન (ન્યાયા. ૧; ૩૦) તે બધાં એક ને એકજ હશે.

કાર્મી = દ્રાક્ષલતા સમારનાર. (૧) ઝબ્દીનો પુત્ર અને આખાનનો પિતા (યહો. ૭; ૧, ૧૮. ૧ કાળ. ૨; ૭: ૪; ૧). (૨) રેઉબેનનો ચોથો પુત્ર (ઉત્પ. ૪૬; ૯. નિર્ગ. ૬; ૧૪. ગણ. ૨૬; ૬. ૧ કાળ. ૫; ૩). (૩) યહુદાહપુત્રોમાંનો એક હતો તેને કોઇ જગ્યાએ કાલેબ કહે છે (૧ કાળ. ૪; ૧: ૨; ૧૮).

કાર્મેલ = ફળદ્રુપક્ષેત્ર, શિકાર કરવાનું કોટવાળું મેદાન. (૧) પાલેસ્ટાઇનમાં આ પહાડ આશેરના ભાગમાં આવેલો હતો. એસ્ડ્રાએલોનના મેદાનથી ભૂમધ્ય સમુદ્ર સુધી આસરે ૧૨ મૈલના અંતરમાં આ પહાડ આવેલો છે. પહાડનો પૂર્વ છેડો ૧૭૨૮ ફુટ ઉંચો અને પશ્ચિમ છેડો એકરના અખાત ઉપર સમુદ્રની સપાટીથી ૬૦૦ ફુટની ઉંચાઇ ઉપર આવેલો છે. પૂર્વ છેડાને 'એલ-મુખરાકાહ' = બાળવાની જગ્યા એવું નામ આપવામાં આવ્યું છે, કેમકે એલીયાહે બઆલના સાડી ચારસેં ભવિષ્યવાદીઓને આ જગ્યા પર મારી નાંખ્યા હતા. અને આજ જગ્યાએ યહોવાહના અગ્નિએ એલીયાહનાં દહનીયાર્પણને ભસ્મ કીધાં હતાં (૧ રા. ૧૮). વળી આ જગ્યાએ રાજાનાં

૫૦ માણસોને બાળી મુકવામાં આવ્યાં હતાં. વળી આજ જગ્યાએ શૂનામ્મી સ્ત્રી પોતાના દીકરાના મરણને લીધે એલીશાનો શોધ કરતી આવી હતી (૨ રા. ૪; ૨૫-૩૭). પૂર્વ છેડા કરતાં પશ્ચિમ છેડો ઉજડ અને પહાડી દેખાય છે. ગીતોના ગીતમાં પોતાના પ્રીતમનું શીર કાર્મેલ પહાડ સાથે સરખાવ્યું છે. પહાડમાં પુષ્કળ ચારાની જગ્યા હોવાથી તેને બાશાનની સાથે ગણવામાં આવ્યો છે (યશા. ૩૩; ૯. યિર્મે. ૫૦; ૧૯. આમો. ૧; ૨). પાલેસ્તાઇન દેશમાં આ પહાડ ઘણો ખુબસુરત ગણાતો હતો, અને બધા મુસાફરો આ પહાડની સુંદરતાની તારીફ કરે છે. આ પહાડની અંદર કેટલીએક ગુફાઓ ખડકમાં ખોદી કાઢેલી છે, અને તેમાં પુરાતન વખતમાં ભટકતી દેશજાતિ રહેતી હતી. એલીયાહ તથા એલીશા ઉપલી ગુફાઓમાંની એકમાં રહેતા હતા. આમો. ૯; ૩ માં આ ગુફાઓ વિષે બોલે છે. પહાડમાં પાણીનાં ઘણાંએક નદી નાળાં આવેલાં છે જે કીશોન નાળાને મળે છે. ઘણા ઘણા પ્રકારના મેવાનાં તથા ફુલનાં ઝાડો જોવામાં આવે છે. અરબ લોક કાર્મેલ પહાડને હાલ એલીયાહનો પહાડ એવું નામ આપે છે. કાર્મેલ (યહો. ૧૨; ૨૨: ૧૯; ૨૬: ૧ રા. ૧૮. ૨ રા. ૨; ૨૫: ૪; ૨૫. ગીતોનું ગીત. ૭; ૫. યશા. ૩૩; ૯: ૩૫; ૨. યિર્મે. ૪૬; ૧૮: ૫૦; ૧૯. આમો. ૧; ૨: ૯; ૩. મીખા. ૭; ૧૪. નાહુ. ૧; ૪. ૨ રા. ૧૯; ૨૩. યશા. ૩૭; ૨૪). (૨) યહુદાહના પહાડી પ્રદેશમાં આવેલું એક શહેર (યહો. ૧૫; ૫૫) હતું. આ શહેર નાબાલનું વતન ગામ હતું (૧ શમૂ. ૨૫; ૨, ૫, ૭, ૪૦). અને વળી આ શહેર દાઉદની સ્ત્રી અબીગાઇલની સ્વદેશભૂમિ હતી (૧ શમૂ. ૨૭; ૩). વળી આ શહેરમાં રાજા ઉઝ્ઝીયાહની દ્રાક્ષવાડીઓ હતી (૨ કાળ. ૨૬; ૧૦). આ શહેરનું ખંડેર હજી સુધી જોવામાં આવે છે, અને 'કુરમુલ' નામથી ઓળખાય છે, જે હેબ્રોનથી અગ્નિ કોણમાં ૧૦ મૈલ ઉપર આવેલ છે. કાર્મેલી = કાર્મેલની રહીશ. (૧ શમૂ. ૨૭; ૩: ૩૦; ૫ ૨ શમૂ. ૨; ૨: ૩; ૩: ૨૩; ૩૫. ૧ કાળ ૩; ૧: ૧૧; ૩૭).

કાર્શના (એસ્તે. ૧; ૧૪). અહાશ્વેરોશ રાજાની પાસે ઇરાનના તથા માદાયના પહેલી બેઠકોના સાત સરદારોમાંનો એક હતો.

કાલાહ = પુરાતન. આશ્શૂર દેશનું સૌથી પુરાતન શહેર હતું અને કદાપી ઇ. સ. પૂ. ૯૩૦ થી ૭૨૦ સુધી તે આશ્શૂરની રાજધાનીનું શહેર ગણાયું. પણ ત્યાર પછી સાર્ગોને રાજધાનીનું એક નવું શહેર બાંધ્યું જેને હાલ 'ખોરસાબાદ' કહે છે. એવું ધારવામાં આવે છે કે ઉત્પ. ૧૦; ૧૧ માં જે ચાર શહેરોનાં નામ આવે છે તે ચારેને જોડી દઇને નીનવેહ નામ આપવામાં આવ્યું હશે.

કાલેબ = કુતરો. કાલેબ યહુદાહ કુળના યફુન્નેહનો દીકરો હતો (ગણ. ૧૩; ૬). જ્યારે ઇસ્રાએલીઓ પારાનના અરણ્યમાં આવ્યા ત્યારે ઇસ્રાએલપુત્રોમાંના બાર મુખ્ય માણસોને કનાન દેશની જાસુસી કરવાને મોકલ્યા, તેમાં યહુદાહ કુળમાંથી કાલેબને મોકલવામાં આવ્યો હતો. તે વખતે તેની ઉમર ૪૦ વર્ષની હતી. જાસુસો જઇને પાછા આવ્યા તેમાં કાલેબ તથા યહોશુઆ સત્ય બોલ્યા અને બાકીનાઓ અસત્ય બોલ્યા તેથી યહોવાહની આગળ પીડાપાતથી માર્યા ગયા (ગણ. ૧૪; ૩૭). અરણ્યમાં વીસ વર્ષ અને તેની ઉપરની ઉમરના કાલેબ તથા યહોશુઆ શિવાય બધા માર્યા ગયા. ત્યાર પછી કાલેબ ૮૫ વર્ષની ઉમરનો થયો ત્યારે ફરી આપણે તેના વિષે વાંચીએ છીએ કે તે ગિલ્ગાલમાં યહોશુઆ પાસે આવ્યો. આ વખતે દેશની વહેંચણી કરવામાં આવતી હતી. કાલેબે આવીને યહોશુઆને મુસાની મારફતે જે વચન આપવામાં આવ્યું હતું તે વચન પ્રમાણે દેશમાં પોતે વતન માગ્યું, તેથી તેને કિર્યાર્થ-

આર્બા (હેબ્રોન) વતન તરીકે ભાગમાં આપવામાં આવ્યું (યહો. ૧૪; ૬-૧૫ : ૧૫; ૧૩-૧૫ : ૨૧; ૧૦-૧૨. ૧ શમૂ. ૨૫; ૨, ૩ : ૩૦; ૧૪). કાલેબને યહો. ૧૪; ૬, ૧૪ માં 'કનિઝ્ઝી યફુન્નેહનો દીકરો' એવું નામ આપવામાં આવે છે, તેમાં માત્ર એટલુંજ સમજવું કે 'કેનેઝનો પુત્ર' (ગણ. ૩૨; ૧૨). આ કેનેઝ યહુદાહના પૌત્ર હેસ્રોનના વંશનો હતો (૧ કાળ. ૨; ૫). કેટલાક એમ ધારે છે કે કનિઝ્ઝી કોઇ ખાસ જુદી કોમ હતી, પણ પછી ઇસ્રાએલમાં દાખલ થઇ. (૨) 'એફ્રાથાહના જ્યેષ્ઠ પુત્ર હૂરનો પુત્ર' (૧ કાળ. ૨; ૫૦). આ હૂર તે કાલેબનો બાપ નહિ પણ પુત્ર હતો (૧ કાળ. ૨; ૧૯). (૩) હેસ્રોનના ત્રણ પુત્રોમાંનો એક, તેને ૧ કાળ. ૨; ૯ માં કલૂબાય કહે છે, તેનો વંશ (૧ કાળ. ૨; ૧૮, ૧૯, ૫૦). (૪) યહુદાહના દક્ષિણ ભાગને કાલેબે પોતાનું નામ આપ્યું છે. આ પ્રાંત હેબ્રોન અને કાર્મેલની વચ્ચે આવેલો હતો કે જેને પોતે જીતી લીધો (૧ શમૂ. ૩૦; ૧૪). અને જ્યારે હેબ્રોન શહેર યાજકોને કાલેબે આશ્રય નગર માટે આપ્યું ત્યારે આજુબાજુનો મુલક તેણે પોતાના કબજામાં રાખ્યો (યહો. ૨૧; ૧૧, ૧૨ ની સાથે ૧ શમૂ. ૨૫; ૩ સરખાવો).

કાલેબ-એફ્રાથાહ = આ જગ્યામાં કાલેબનો બાપ હેસ્રોન મરણ પામ્યો હતો. આ નામ કાલેબ તથા તેની સ્ત્રીના નામ પરથી પડેલું છે (૧ કાળ. ૨; ૨૪).

કાલ્કોલ (૧ કાળ. ૨; ૬. ૧ રા ૪; ૩૧) માહોલના પુત્રોમાંનો એક હતો. તેમના જ્ઞાન સાથે રાજા સુલેમાનનું જ્ઞાન સરખાવવામાં આવ્યું છે.

કાલ્નેહ = કિલ્લો. નીમરોદના ચાર નગરોમાંનું એક હતું (ઉત્પ. ૧૦; ૧૦. આમો. ૬; ૨). હાલ તેને 'નીફ્ફર' કહે છે. તે બાબેલથી ૬૦ મૈલ દૂર હતું. આશ્શૂરના કોઇ રાજાએ તેને લઇ લીધું અને ત્યાર પછી તેનો નાશ કીધો. તેને યશા. ૧૦; ૯ માં કાલ્નો કહે છે, અને હઝ. ૨૭; ૨૩ માં કાન્નેહ કહે છે. આ કાલ્નેહ તે ફ્રાત નદીને કિનારે, હાલના પાત્રાથી ૩૦ મૈલ દૂર હતું.

કાહબ્બોન = રોટલી. (યહો. ૧૫; ૪૦). યહુદાહના નીચ પ્રદેશનું એક શહેર હતું.

કાલ્લાય (નહે. ૧૨; ૨૦). જે લોકો ઝરૂબ્બાબેલની સાથે બાબેલથી પાછા આવ્યા તેમાંનો એક હતો.

કાસ્દી દેશ = બાબેલની દક્ષિણના આખા મેસોપતામીયાને કાસ્દીઓનો દેશ કે કાસ્દીમ કહે છે (યિર્મે. ૫૦; ૧૦ : ૫૧; ૨૪. હઝ. ૧૬; ૨૯). આ દેશનું હેબ્રી નામ કાસ્દીમ પણ આશ્શૂરી નામ કાસીદી (= જીતનાર) હતું. ઇરાની અખાત ઉપર કાલદાઇ નામની એક કોમ રહેતી હતી. તેમનો રાજા મરોદાખ-બાલઅદાન કરીને હતો, તેણે જ્યારે આ દેશ જીતી લીધો ત્યારે આખા દેશને તેણે ખાલ્દી (= કાસ્દીઓનો દેશ) એવું નામ આપ્યું (૨ કાળ. ૩૬; ૧૭). શરૂઆતમાં બાબેલના રાજાઓના મુલકને 'શિનઆર' નામ આપવામાં આવ્યું છે (ઉત્પ ૧૦; ૧૦). પણ જ્યારે કાસ્દીઓએ બાબેલમાં રાજ્ય કીધું ત્યારે આ દેશને 'કાસ્દી' નામ આપવામાં આવ્યું. આ દેશ ફ્રાત નદીને જમણે કાંઠે આવેલો હતો, જે આસરે ૪૦૦ મૈલ લાંબો અને ૧૦૦ ફીટ પહોળો હતો. પવિત્ર શાસ્ત્રમાં જે પુરાતન શહેરોનાં નામ પ્રથમ આપવામાં આવેલાં છે, એટલે, બાબેલ, એરેખ, આક્કાદ તથા કાલ્નેહ તે કાસ્દીઓનાં શહેરો હતાં. કાસ્દીઓની શરૂઆતમાં બહુ નાની અને નબળી કોમ હતી, પણ પછીથી 'કરડી તથા ઉતાવળી' 'ભયંકર તથા બિહામણી' (હબા. ૧; ૬-૧૦. સાથે યશા. ૨૩; ૧૩ સરખાવો.) દેશજાતિ ગણાઇ. બાદશાહોની હકુમત તથા દોલતથી દેશમાં ઘણીએક પાણીની નહેરો બનાવવામાં આવી હતી, જેથી આખા દેશને પાણી પુરૂં પાડવામાં આવતું હતું. ત્યાં અનાજ ઘણું સારૂં પાકતું હતું અને ખજુરીની ઘણી વાડીઓ ત્યાં

જોવામાં આવતી હતી. અને એ પ્રમાણે કાસ્દીઓનો આ દેશ બહુ ફળદ્રુપ ગણાતો હતો; પણ અફસોસની વાત કે આ બધું આપનાર જે પરેશ્વર તેને તેઓ ભુલી ગયા હતા, તેથી તેમની જમીન પર શાપ આવ્યો, ને યહોવાહે કહ્યું કે, "હું તેને સાહુડીનું વતન તથા પાણીનાં ખાબોચીઆં કરી નાખીશ, ને નાશના ઝાડુથી તેને ઝાડી કાઢીશ" (યશા. ૧૪; ૨૩). આ દેશનું એક મુખ્ય બંદર 'ઉર' હતું, જ્યાંથી ઘણા દેશો સાથે વેપારરોજગાર ચાલતો હતો. આ શહેરમાંથી પ્રભુએ ઇબ્રાહિમનું તેડું કર્યું હતું. આ વખતે ત્યાં ઘણા પ્રકારની મૂર્તિપૂજા ચાલતી હતી (ઉત્પ. ૧૧; ૩૧). આ કાસ્દીઓ સંબંધી અયૂબની વાત પણ જોડાએલી છે (અયૂ. ૧; ૧૭).

કાસ્દીઓ = જે દેશની રાજ્યધાની બાબેલ શહેર હતું ત્યાંના રહેવાસીઓને આ નામ આપવામાં આવ્યું છે. બંદીપ્રવાસ સુધી તેઓ એજ નામથી ઓળખાય છે (૨ રા. ૨૫. યશા. ૧૩; ૧૯: ૨૩; ૧૩). પણ જ્યારે આપણે દાની. ૫; ૩૦: ૯; ૧ માં આ કોમનું નામ વાંચીએ ત્યારે સમજવું કે કાસ્દીઓની એક ખાસ કોમ આ હતી. તેઓ ભાષામાં અને વિદ્યામાં ઘણા પ્રવિણ વિદ્વાન હતા (દાની. ૧; ૪). અને એ પ્રમાણે કાસ્દીઓની આ એક વિદ્વાનવર્ગની કોમ હતી, જે સાયન્સ અને ધર્મવિદ્યા બહુ સારી રીતે જાણતી હતી. આ કોમને માગીઓ કે જ્ઞાનીઓ એવું નામ આશૂરી મહેલોની ભીંતો પર આપવામાં આવેલું દેખાય છે. કાસ્દીઓની ભાષાને શાસ્ત્રમાં અરામી ભાષા કહે છે, ને તે નીચેનાં વાક્યોમાં સમાયલી છે (દાની. ૨; ૪-૭, ૨૮. એઝ. ૪; ૮-૬; ૧૮: ૭; ૧૨-૨૬. ઉત્પ. ૩૧; ૪૬. યિર્મે. ૧૦; ૧૧. ૨ રા. ૧૮; ૨૬. બાત્થી ૫; ૨૨: ૬; ૨૪: ૧૬; ૧૭: ૨૭; ૪૬. ઇત્યા.). **કાસ્દીઓનું** ઉર (ઉત્પ. ૧૧; ૨૮, ૩૧: ૧૫; ૧૭. નહે ૯; ૭. પ્રે. કૃ. ૭; ૪). તેમનો યરૂશાલેમ પર ઘેરો (૨ રા. ૨૪; ૨: ૨૫: ૨ કાળ. ૩૬; ૧૭. એઝ. ૫; ૧૨. યિર્મે. ૨૧; ૪, ૯: ૨૨; ૨૫: ૨૪; ૫: ૩૨: ૩૩; ૫: ૩૫; ૧૧: ૩૭-૩૯: ૫૨. વળી ૪૦; ૯: ૪૧; ૩, ૧૮: ૪૩; ૩. અયૂ ૧; ૧૭). ભવિષ્યવાત (યશા. ૧૩; ૧૯: ૨૩; ૧૩: ૪૩; ૧૪: ૪૭: ૪૮; ૧૪, ૨૦. યિર્મે. ૨૫; ૧૨: ૫૦: ૫૧. હઝ. ૧; ૩: ૧૧; ૨૪: ૧૨; ૧૩: ૧૬; ૨૯: ૨૩. હબા. ૧; ૬. દાની. ૧; ૪: ૨; ૩: ૮; ૪: ૭; ૫: ૯; ૧. જુઓ બાબેલ).

કાસ્લુહીમ = કિલ્લાદાર. તેઓ મિસરાઇમની કોમના છે. તેઓનું અસલ વતન ઘણું કરીને નીચલા મિસરમાં કોઇ જગ્યાએ હતું (ઉત્પ. ૧૦; ૧૪. ૧ કાળ. ૧; ૧૨).

કાસિફ્યા = રૂપું. બાબેલ અને યરૂશાલેમની વચ્ચે એક જગ્યા હતી કે જેમાં ઇદ્દો રહેતો હતો (એઝ. ૮; ૧૭).

કિટ્રોન = ખરાબ. આ શહેર ઝબુલૂન પ્રાંતમાં આવેલું હતું (ન્યાયા. ૧; ૩૦). યહો. ૧૯; ૧૫ માં જે લીસ્ટ આપવામાં આવ્યું છે તેમાં તેને કાટ્રાથ કહે છે. એમ ધારવામાં આવે છે કે આજ શહેર તે નવા કરારમાંનું ગાલીલનું કાના હશે.

કિત્તીમ = (કુપ્રસ હશે). યાવાનનો પુત્ર તથા યાફેથનો પૌત્ર (ઉત્પ. ૧૦; ૪). ઇતિહાસકર્તા યોસેફસના બ્યાનથી માલમ પડે છે કે, કિત્તીઓએ ફેનીકેથી જઇને કુપ્રસ બેટ વસાવ્યો. આ ટાપુ સૂરના તાબામાં ઇ. સ. પૂ. ૭૨૦ સુધી રહ્યો. આ ટાપુનું મુખ્ય શહેર કિત્તીમ હતું. સૂરના લોકો આ ટાપુથી 'સરકાષ્ટ' મંગાવતા હતા (હઝ. ૨૭; ૬). સિદોનના લોકને કિત્તીમથી વિશ્રામ મળી શકતો નહિ (યશા. ૨૩; ૧૨). જ્યારથી યુનાનીઓની હકુમત કુપ્રસમાં જારી થઇ, ત્યારથી કુપ્રસ તથા તેના તાબાની બધી જમીનને કિત્તીઓનો દેશ એવું નામ આપવામાં આવતું (ગણ. ૨૪; ૨૪. દાની. ૧૧; ૧૩, ૩૦.

યશા. ૨૩; ૧, ૧૨. ચિર્મે. ૨; ૧૦. હઝ. ૨૭; ૬. જુઓ કુપ્રસ).

કિર્યાથીશ = માણસનો કોટ. યહુદાહના મેદાનમાં એક શહેર હતું, જે 'જેલામેહ' નામથી ઓળખાય છે (યહો. ૧૫: ૪૦).

કિદાન = ભાગ, બરછી. આ નામની એક ખળી હતી, તે યરૂશાલેમથી બહુ દૂર ન હતી. ત્યાં આગળ યહોવાહના કોપને અડકવાથી ઉઝ્ઝાહ મરણ પામ્યો (૧ કાળ. ૧૩; ૯). ૨ શમૂ. ૬; ૬ માં આ ખળીને નાખોનની ખળી કહે છે.

કિદ્રોન = કચરાવાળું. યરૂશાલેમની પૂર્વમાં આ નાળું જૈતુન પહાડ અને યરૂશાલેમની વચ્ચે આવેલું છે. આ નાળાના ઉપલા ભાગને યહોશાફાટની ખીણ કહે છે (યોએ. ૩; ૨). સીધી લીટીમાં તેની લંબાઇ ૨૦ મૈલની છે. યહુદાહના અરણ્યમાં થઇને મૃત સમુદ્રને આ નાળું મળે છે. વરસાદના વખતમાં આ નાળામાં પુષ્કળ પાણી વહે છે. કહે છે કે હાલના વખત કરતાં આ નાળું પુરાતન વખતમાં ૪૦ ફુટ ઉંડાઇમાં હતું. નાળાની ઉભી પત્થરવાળી ધારો પુરાતન કબરોથી ભરપુર જોવામાં આવે છે. યહુદી લોકો યોએ. ૩; ૨ નો વિચાર કરી ત્યાં દટાવાને ઘણા ચાહતા હતા. પવિત્ર શાસ્ત્રમાં તેને કિદ્રોનનું નાળું કહે છે. દાઉદ જ્યારે આબ્શાલોમથી નાઠો ત્યારે આ નાળું ઓળંગીને રાનના માર્ગ તરફ પેલેપાર ગયો (૨ શમૂ. ૧૫; ૨૩, ૩૦). નવા કરારમાં આપણે વાંચીએ છીએ કે આપણો પ્રભુ ઇસુ આ નાળું ઓળંગીને પેલે પાર ગયો (યોહા. ૧૮; ૧). યહુદાહના રાજા આસાએ પોતાની માતુશ્રીની અશેરાહની મૂર્તિ કાપી નાખીને, કિદ્રોન નાળા પાસે બાળી મુકી હતી (૧ રાજા. ૧૫; ૧૩). રાણી અથાલ્યાહને અહીં મારી નાખવામાં આવી હતી (૨ રાજા. ૧૧; ૧૬). ત્યાર પછી દરેક નકામી ચીજ ત્યાં નાખવાની જગ્યા ઠરી (૨ કાળ. ૨૯; ૧૬: ૩૦; ૧૪). અને ત્યાર પછી રાજા યોશીયાહના વખતમાં શહેરનું સાધારણ કબરસ્તાન તે જગ્યામાં થયું (૨ રા. ૨૩; ૬. ચિર્મે. ૨૬; ૨૩). આ ખીણ વિષે એક માણસ બયાન કરે છે તે જાણવાજોગ છે, તે એ કે, સબાઅ નામનો એક માણસ આ ખીણની પાસે જન્મ્યો હતો (ઇ. સ. ૪૩૯). તે પાલેસ્તાઇનમાં સુવાર્તા પ્રગટ કરતો હતો. તે ઘણો ધાર્મિક માણસ હોવાથી તેના મનમાં એવું આવ્યું કે દુનિયા છોડીને જંગલમાં જઇને રહેવું; તેથી તે સાહેબ કિદ્રોનના નાળા ઉપર જઇને રહ્યો. ત્યાંનું વર્ણન કરતાં તે માણસ જણાવે છે કે આ ખીણની બંને બાજુએ ખડકો આવેલા છે, ત્યાંની જગ્યા બહુ ભયંકર અને બીહામણી છે. એમ કહેવાય છે કે ત્યાં જ્યારે તે પહેલવહેલો રહેવા ગયો ત્યારે જે ગુફામાં તે પેઠો ત્યાં એક મોટો સિંહ રહેતો હતો. પણ આ માણસના હુકમથી પેલો સિંહ ત્યાંથી નીકળી ગયો, ને તે માણસને તે ગુફા રહેવા સારૂ આપી. ત્યાર પછી આ માણસનું જોઇ ઘણા માણસો ત્યાં જઇને રહેવા લાગ્યા. તેઓનાં ઘરો ખડકમાં ખોદી કાઢેલાં છે. આવી જગ્યા ત્યાં ઘણીએક દેખાય છે. ત્યાં ચઢવું અને જવું બહુજ મુશ્કેલ છે.

કિન્નેરેથ = એક જાતનું તારનું વાજું. નાફતાલીનાં કોટવાળાં નગરોમાંનું એક હતું (યહો. ૧૯; ૩૫. સાથે પુન. ૩; ૧૭ સરખાવો.). કિન્નેરેથ તે એક વચનનો શબ્દ છે, અને તેનું બહુવચન કિન્નેરોથ છે. તેની પાસે આવેલા શહેર ગનેસરેત કે સમુદ્રને અને તે પ્રગણાને પુરાતન વખતમાં આ શહેરના નામ પરથી કિન્નેરેથ કહેતા હતા (ગણ. ૩૪; ૧૧. યહો. ૧૩; ૨૭). વળી ઘણું કરીને છેક પાસે આવેલા ઉત્તરના તિબેરીયસ પ્રગણાને કે જે પાછળથી ગનેસરેત કહેવાયું તેને પણ કિન્નેરોથ નામ આપવામાં આવેલ છે (યહો. ૧૧; ૨). ૧ રા. ૧૫; ૨૦ માં લખ્યું છે કે, "આખું કિન્નેરોથ તથા આખો નાફતાલી દેશ" તેમાં આપણે સમજવું કે, "નાફતાલીનાં

સર્વ ભંડારનગરો" (૨ કાળ. ૧૬; ૪). ગાલીલ સમુદ્રનાં જુદાં જુદાં ચાર નામોમાંનું એક કિન્નેરેથ છે (ગણ. ૩૪; ૧૧. યહો. ૧૩; ૨૭).

કિબ્રોથ-હાત્તાવાહ=કુઇચ્છાની કબરો. ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનો એક મુકામ હતો. આ જગ્યા સિનાય પહાડથી ત્રણ દિવસના રસ્તા જેટલી દૂર હતી. મુસાફરોએ ત્યાંની કબરોની તપાસ કરી છે, પણ કંઇ નામ નિશાન દેખાતું નથી. ઇસ્રાએલીઓની મુસાફરીમાં આ સ્ટેશન પર બે વાર ભારે આફત આવી પડી. એક વખતે 'યહોવાહનો અગ્નિ તેઓ મધ્યે સળગ્યો,' ને છાવણીના છેક છેલ્લા છેડા સુધી બાળીને ભસ્મ કીધું (ગણ. ૧૧; ૨). અને ફરીને ઇસ્રાએલીઓએ માણાથી કંટાળી મિસરની કાકડીઓ, તડબુચ, તથા કાંદા અને માંસ ખાવાની કુઇચ્છા કીધી, જેથી તેમને આશ્ચર્યકારક રીતે માંસ આપવામાં આવ્યું. અને તેઓએ તે ખાધા પછી લોકમાં મરકી ચાલી, ને હજારો માર્યા ગયા. માણસના પાપની તથા યહોવાહના કોપની યાદગીરી સારૂ જે જગ્યાએ તેમનાં મુડદાં નાખવામાં આવ્યાં તેને ઉપલું નામ આપવામાં આવ્યું છે (ગણ. ૧૧; ૩૪, ૩૫: ૨૩; ૧૬, ૧૭. પુન. ૯; ૨૨. ગીત. ૭૮; ૩૦, ૩૧). આ મુકામથી ઉપડીને તેઓ હશેરોથ ગયા.

કિબ્સાઇમ=બે ઢગલા. એફ્રાઇમના ભાગમાં આવેલું એક શહેર હતું, જે કહાથપુત્રોના કુટુંબને આપવામાં આવ્યું હતું (યહો. ૨૧; ૨૨). ૧ કાળ. ૬; ૬૮ માં તેને 'યોકમઆમ' કહે છે.

કિમ્હામ=દુ:ખકારક. બાર્ઝિલ્લાય ગિલઆદીનો સૌથી નાનો દીકરો હતો. દાઉદે બાર્ઝિલ્લાયને આપેલા વચન પ્રમાણે કિમ્હામને બહુ સારી રીતે રાખ્યો હશે (૨ શમૂ. ૧૯; ૩૭-૪૦). અને યિર્મે. ૪૧; ૧૭ પરથી જણાય છે કે દાઉદે બેથલેહેમની પાસે કિમ્હામને નામે કોઇ મકાન કે ધર્મશાળા બંધાવી હશે. અથવા તો 'ગેરૂથ' નામની જગ્યા કે શહેર આ માણસને બક્ષીસ આપી હશે, તે પરથી 'ગેરૂથ-કિમ્હામ' નામ પડયું હશે.

કિર=કિલ્લો. આશ્શૂરના રાજા તિગ્લાથ-પિલેસરે દમસ્ક શહેર જીતી લઇ ત્યાંના લોકોને બંદિવાન કરીને કિરમાં લઇ ગયો (આમો. ૯; ૭. અને ૧; ૫. ૨ રાજા. ૧૬; ૯). યશા. ૨૨; ૬ પરથી જણાય છે કે આ બનાવ બન્યો ત્યારે યશાયાહ હયાત હતો. કેટલાક ધારે છે કે કિર એલામની દક્ષિણમાં આવેલું હતું (જુઓ કિર-હરેસેથ).

કિર્યાથ=શહેર (યહો. ૧૮; ૨૮). બિન્યામીનના ભાગમાં આવેલું એક શહેર હતું. કેટલાકનું ધારવું એવું છે કે, 'કિર્યાથ-યઆરીમ' તે આજ શહેર હશે.

કિર્યાથ-આર્બા=આર્બાનું શહેર. હેબ્રોનનું પુરાતન નામ છે. અનાકી આર્બા નામનો માણસ આ શહેરનો સ્થાપનાર હશે (ઉત્પ. ૨૩; ૨:૩૫; ૨૭. યહો. ૧૫; ૧૩). આ શહેર કાલેબને તેના ભાગમાં આપવામાં આવ્યું હતું. યરૂશાલેમથી ૨૦ મૈલ દૂર યહુદાહ પ્રાંતમાં તે આવેલું હતું. દમસ્ક અને આ શહેર બન્ને દુનિયામાં જુનામાં જુનાં શહેર છે. યહુદી લોકો આદમ, ઇબ્રાહીમ, ઇસ્હાક અને યાકુબ એ ચારે જણ પરથી તેને ચારનું શહેર કહેતા, કેમકે ચારે જણ તેની પાસે રહેતા હતા (જુઓ હેબ્રોન). કિર્યાથ-આર્બા (ઉત્પ. ૨૩; ૨:૩૫; ૨૭. યહો. ૧૪; ૧૫:૧૫; ૧૩, ૫૪:૨૦; ૭: ૨૧; ૧૧. ન્યાયા. ૧; ૧૦. નહે. ૧૧; ૨૫. વળી ઉત્પ. ૩૫; ૨૭. યહો. ૧૫; ૧૩:૨૧; ૧૧).

કિર્યાથ-આરીમ=(એઝ. ૨; ૨૫ જુઓ કિર્યાથ-યઆરીમ).

કિર્યાથ-બઆલ=બઆલનું શહેર. (યહો. ૧૫; ૬૦:૧૮; ૨૪ જુઓ કિર્યાથ-યઆરીમ).

કિર્યાથ-યઆરીમ=જંગલોનું શહેર. બિન્યા-

મીનની સરહદ પર આવેલું ગિબઓનીઓનું શહેર હતું. જે બિન્યામીનપુત્રોને વતન તરીકે આપવામાં આવ્યું હતું (યહો. ૯; ૧૭ : ૧૮; ૧૫, ૨૮). આ શહેરમાં યહોવાહનો કોષ બેથ-શેમેશથી લાવીને અબીનાદાબના ઘરમાં રાખવામાં આવ્યો હતો (૧ શમૂ. ૭; ૧, ૨). અને દાઉદ અહીંથી તેને યરૂશાલેમ લઇ ગયો ત્યાં સુધી તે અહીંજ રહ્યો હતો (૨ શમૂ. ૬; ૨, ૩. ૧ કાળ ૧૫; ૧-૨૯. ગીત ૧૩૨ સરખાવો). શમાયાહનો પુત્ર ઉરીયાહ તે આ શહેરનો વતની હતો. તેને યહોયાકીમ રાજાએ દેશ વિરૂદ્ધ ભવિષ્ય કહેવાથી પોતાના હાથે કતલ કર્યો હતો (યિર્મે. ૨૬; ૨૦). આ શહેરને યહો. ૧૫; ૯ માં 'બાઅલાહ' અને ૧૫; ૬૦ માં 'કિયાર્થ-બઆલ' અને એઝ. ૨; ૨૫ માં કિર્યાથ-આરીમ પણ કહે છે. હાલ આ શહેર 'એરમા' નામથી ઓળખાય છે, કે જે બેથ-શેમેશથી પૂર્વમાં સૌરેકની ખીણ પર આવેલું છે. વળી બીજી એક જગ્યા બેથ-શેમેશથી ૧૦ મૈલ દૂર બતાવવામાં આવે છે જેને 'અંજીરીનું શહેર' કહે છે.

કિર્યાથ-સાન્નાહ = ખજુરીનું શહેર. હેબ્રોનની નૈરૂત્ય કોણમાં ૧૨ મૈલ ઉપર હિત્તીઓના વિદ્યાભ્યાસનું ઘણું કરીને મુખ્ય શહેર હતું. યહો. ૧૫; ૪૯ માં તેને દબીર કહે છે જે યહુદાહમાં કનાનીઓની રાજ્યધાનીનું શહેર હતું. અને યહો. ૧૫; ૧૬. ન્યાયા. ૧; ૧૧ માં તેને 'કિર્યાથ-સેફેર' (=પુસ્તકનું ઘર) કહે છે (જુઓ દબીર).

કિર્યાથ-સેફેર = પુસ્તકનું શહેર. આ શહેરમાં વિદ્વાન વર્ગના માણસો રહેતા હશે અથવા તો ત્યાં કોઇ પ્રસિદ્ધ પાઠશાળા હશે, એ કારણ માટે આ શહેરનું નામ પુસ્તકનું શહેર પડયું હશે. આ શહેર અને કિર્યાથ-સાન્નાહ એક ને એકજ છે (યહો. ૧૫; ૧૫. જુઓ કિર્યાથ-સાન્નાહ).

કિર્યાથ-હુસોથ = ગલીઓનું શહેર. આ એક મોઆબી શહેર ફ્રાત નદીની પેલી બાજુ આવેલું હતું, ત્યાં બલઆમ બાલાકની સાથે ગયો હતો (ગણ. ૨૩; ૩૯).

કિર્યાથાઇમ = બે શહેર કે બમણું શહેર. (૧) નાફતાલી પ્રાંતમાં આવેલું આશ્રયનગર હતું (૧ કાળ. ૬; ૭૬). (૨) ઉત્પ. ૧૪; ૫ પરથી જણાય છે કે કદોરલાઓમેરે આ જગ્યા એમીઓને સજા આપી જીતી લીધી (પુન. ૨; ૯, ૧૦). અને ત્યાર પછી આ શહેર અમોરીઓના હાથમાં આવ્યું. તેમની પાસેથી મુસાએ આ શહેર જીતી લઇ રેઉબેન-પુત્રોને આપ્યું (ગણ. ૩૨; ૩૭). ત્યાર પછી દશ કોમના બંદિપ્રવાસ વખતે આ શહેર ફરીને મોઆબીઓના હાથમાં ગયું (યિર્મે. ૪૮; ૧-૨૩) અને ત્યાર પછી હઝકીએલના વખતમાં મોઆબીઓનાં ચાર પ્રસિદ્ધ શહેરોમાંનું એક ગણાતું હતું (હઝ. ૨૫; ૯). આ શહેર યરદન નદીની પૂર્વગમ આવેલું હતું. હાલ તે 'એલ-કુરિઆત' નામથી ઓળખાય છે કે જે મેદબાની નૈરૂત્યમાં ૧૧ મૈલ ઉપર આવેલ છે.

કિલઆબ = બાપથી સંરક્ષિત. દાઉદને હેબ્રોનમાં નાબાલ કાર્મેલીની વિધવાને પેટે થએલો બીજો પુત્ર છે (૨ શમૂ. ૩; ૩). તેને ૧ કાળ. ૩; ૧ માં દાનીએલ કહે છે. એમ દેખાય છે કે તે જ્યારે જુવાન હતો ત્યારેજ મરણ પામ્યો. તેની માનું નામ અબીગાઇલ હતું.

કિલમાદ. (હઝ. ૨૭; ૨૩). સૂરના વેપારીઓમાંના કેટલાક કિલ્માદના વેપારીઓ હતા. આ જગ્યા ક્યાં આવેલી હતી તે દેખાતું નથી.

કિલયોન = નાશ કરતાં. અબીમેલેખનો નાનો પુત્ર. તેની માનું નામ નાઓમી હતું. તે રૂથની બહેન ઓર્પાહ સાથે પરણ્યો હતો (રૂથ. ૧; ૨, ૫ : ૪; ૯).

કિશ્યોન = મુશ્કેલી. યિસ્સાખારનું શહેર હતું (યહો. ૧૯; ૨૦ : ૨૧; ૨૮). આ શહેરને કીશોન પણ કહે છે (જુઓ કીશોન).

કિસ્લેવ = અવિચાર, કમર. ધાર્મિક વર્ષનો યહુદીઓના વર્ષનો નવમો માસ, અને રાજ્યનો ત્રીજો માસ. આ માસ ત્રીસ દિવસનો

હતો, ૠતુ શિયાળાની હતી. તેજ વખતે આપણો અંગ્રેજી મહિનો નવેમ્બર અને ડિસેમ્બર છે (નહે. ૧ ; ૧. ઝખ. ૭ ; ૧).

કિસ્લોથ-તાબોર = તાબોરની કમર. ઝબુલૂનપુત્રોને મળેલા ભાગની સરહદ પરની જગ્યા હતી, જે સારીદથી પૂર્વ ગમ આવેલી હતી (યહો. ૧૯ ; ૧૨).

કિસ્લોન = આશા. ઇસ્રાએલીઓને કનાન દેશનો વારસો વહેંચી આપવાને દરેક કુળમાંથી એક એક માણસ પસંદ કરવામાં આવ્યો હતો. તેમાં બિન્યામીની કુળમાંથી કિસ્લોનનો પુત્ર અલીદાદ નિમાયો હતો (ગણ. ૩૪ ; ૨૧).

કીનાહ = વિલાપ ગીત. યહુદાહની છેક ઉત્તરે આવેલું યહુદાહપુત્રોના કુળનાં છેવાડાં નગરોમાંનું એક હતું (યહો. ૧૫ ; ૨૨).

કીયૂન = પ્રતિમા. શનિશ્ચર ગ્રહને ઘણું કરીને આ નામ લગાડવામાં આવતું હતું. સ્તેફન તેને પ્રે. કૃ. ૭ ; ૪૩ માં 'રેફાન' કહે છે. આ નામ કેવળ આમો. ૫ ; ૨૬ માં આવે છે. રેફાન આ મિસરી નામ છે, અને કીયૂન તે અરબી ભાષાનું નામ છે. ફેનીકીઓ આ દેવતાની આગળ માણસનું ને વિશેષે કરીને બાળકનું અર્પણ કરતા હતા. ઇસ્રાએલીઓ પર પ્રભુની એટલી બધી મહેરબાની થઇ તો પણ તેઓએ મૂર્તિઓનો ત્યાગ કીધો નહિ (હઝ. ૨૦ ; ૭, ૮ : ૨૩ ; ૩) એ દુઃખની વાત છે.

કીર-મોઆબ. (જુઓ કીર-હરેસેથ યશા. ૧૫ ; ૧).

કીર-હરેસેથ = ઈંટનું શહેર, કિલ્લો. મોઆબનું કિલ્લાદાર મજબુત શહેર હતું. હાલ તે શહેરની જગ્યાએ 'કેરાક' નામનું એક નાનું ગામ છે, જે રાબ્બાથ-મોઆબથી છ મૈલ અને મૃત સમુદ્રથી ૧૦ મૈલ પર આવેલું છે. આ શહેરને કીર-હેરેસ પણ કહે છે (યશા. ૧૬ ; ૭, ૧૧. યિર્મે. ૪૧ ; ૩૧, ૩૬). વળી ઘણું કરીને મોઆબના જે બે મજબુત કિલ્લા હતા એટલે આર અને કીર, તે કીર ઘણું કરીને કીર-હરેસેથ હશે (યશા. ૧૫ ; ૧ ઃ ૧૬ ; ૭). આ કિલ્લો શત્રુના હાથમાં જવો બહુજ મુશ્કેલ હતો, કેમકે ઉભા ખડક પર શહેર બાંધેલું હતું, અને વળી પહાડની આજુબાજુ પાણીની ખાઇ હતી. રાજા આહાબના મરણ પછી મોઆબના રાજા મેશાએ ઇસ્રાએલ વિરૂદ્ધ બંડ કરી ખંડણી આપવી બંધ કરી. આ વખતે ઇસ્રાએલનો રાજા આહાબનો પુત્ર યહોરામ હતો, તેથી રાજા યહોરામે યહુદાહના રાજા યહોશાફાટ તથા અદોમના રાજા સાથે સંપ કરી મોઆબના રાજા સામે લડવા નીકળ્યો. આ જોઇ મોઆબનો રાજા મેશા નાસીને કીર-હરેસેથના કિલ્લામાં ભરાયો. આથી કરીને યહોરામનું સંપીલું સૈન્ય આગળ વધી શક્યું નહિ, પણ દૂરથી પત્થરનો મારો ચલાવ્યો. આ જોઇ મોઆબના રાજા મેશાએ પોતાના ગાદીવારસ પુત્રનો કિલ્લા ઉપર હોમયજ્ઞ કીધો. "અને ઇસ્રાએલ પર મહા ક્રોધ ચઢયો, ને તેની પાસેથી ચાલી નીકળીને તેઓ પોતાના દેશમાં પાછા આવ્યા," અને મોઆબ પોતાના દેશનો સ્વતંત્ર ધણી થયો (૨ રા. ૩ ; ૨૦-૨૭).

કીર-હેરેસ (યશા. ૧૬ ; ૧૧. યિર્મે. ૪૮ ; ૩૧. જુઓ કીર-હરેસેથ).

કીલકી = ખરબચડું, એડોળ. આશિયા મૈનરની અગ્નિ કોણમાં આવેલો એક પ્રાંત હતો. તાર્સસ તેનું મુખ્ય શહેર હતું. તે પાઉલની જન્મભૂમિ (પ્રે. કૃ. ૨૧ ; ૩૯ : ૨૨ ; ૩ : ૨૩ ; ૩૪), અને તત્ત્વવિદ્યાની સ્કુલને માટે શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. આ પ્રાંત યુનાનીઓના હાથમાં આવ્યો ત્યારે ત્યાંનાં હવા પાણી સારાં હોવાને લીધે ઘણા યુનાનીઓ ત્યાં જઇને વસ્યા. આ પ્રાંત રૂમીઓના હાથમાં ઇ. સ. પૂ. ૬૭માં આવ્યો. આ પ્રાંતના યહુદીઓનું એક સભાસ્થાન યરૂશાલેમમાં હતું (પ્રે. કૃ. ૬ ; ૯). પાઉલ ખ્રીસ્તી થયા પછી અહીં ગયો હતો (ગલા. ૧ ; ૨૧. પ્રે. કૃ. ૯ ; ૩૦), અને ફરીને પોતાની બીજી મુસા-

ફરીમાં ત્યાં ગયો હતો (પ્રે. કૃ. ૧૫ ; ૪૧). આ શહેર ત્યાંનાં બકરાંનાં વાળનાં કપડાં માટે પ્રસિદ્ધ હતું. પાઉલ પોતે આ કપડાનો તંબુ બનાવતો હતો.

કીશ = ધનુષ્ય. (૧) મરારીપુત્રોમાંનો એક લેવી હતો. તેના પિતાનું નામ માહલી હતું (૧ કાળ. ૨૩ ; ૨૧ : ૨૪ ; ૨૯). (૨) હઝકીયાહના વખતમાં એક લેવી મરારીપુત્રોમાંનો આબ્દીનો પુત્ર (૨ કાળ. ૨૯; ૧૨). (૩) શાઉલના બાપનો કાકો (૧ કાળ. ૮ ; ૩૦ : ૯ ; ૩૬). (૪) મોર્દખાયના દાદાનો બાપ (એસ્તે. ૨ ; ૫). (૫) શાઉલ રાજાનો પિતા અને અબીએલનો પુત્ર (૧ શમૂ. ૯ ; ૧, ૩ : ૧૦ ; ૧૧, ૨૧ : ૧૪ ; ૫૧. ૨ શમૂ. ૨૧ ; ૧૪. ૧ કાળ. ૮ ; ૩૩ : ૯ ; ૩૯ : ૧૨ ; ૧ : ૨૬ ; ૨૮. પ્રે. કૃ. ૧૩ ; ૨૧).

કીશી કે **કૂસાયાહ** (૧ કાળ. ૬ ; ૪૪ : ૧૫ ; ૧૭). બંને નામ કીશનાં છે (જુઓ કીશ).

કીશોન = વાંકુચુંકું. આ નદી ગીલ્બોઆ તથા તાબોર પહાડમાંથી ઉત્પન્ન થઇ એસ્દ્રાએલોનના મોટા મેદાનમાં પસાર થઇ ભૂમધ્ય સમુદ્રના એકરના ઉપસાગરમાં પડે છે. વરસાદના દિવસોમાં પહાડો ઉપરથી ઘણું પાણી ઉતરવાથી નદી ઓળંગવી બહુ મુસ્કેલ હતી. નદીના મુખ આગળ બહુ સુંદર ખજુરીનાં ઝાડ આવેલાં હતાં. આ નદી આસરે ૭ મૈલ લાંબી છે, તો પણ વરસાદના દિવસોમાં આસરે ૩૦ મૈલ લંબાઇની બને છે. હાલ આ નદી 'નહેર-એલ-મોકાત્તાહ' નામથી ઓળખાય છે, જેનો અર્થ કતલ કરવાની નદી એવો થાય છે ; તેની સાથે ૧ રા. ૧૮ ; ૪૦ સરખાવો. દબોરાહના જયગીતમાં આ નદીને "પ્રાચીન નદી" કહે છે (ન્યાયા. ૫ ; ૨૧). આ નદીનું પાત્ર બહુ ગુંચવણ ભરેલું છે, જેથી ઘણા મુસાફરો ત્યાં ભુલા પડે છે. આ નદીનાં જુદાં જુદાં નામ શાસ્ત્રમાં આવે છે. "મગિદ્દોનાં પાણી" (ન્યાયા. ૫ ; ૧૯). 'કીશોનનું નાળું' (ગીત. ૮૩ ; ૯). આ જગ્યાએ સીસરાએ પોતાનું સૈન્ય એકઠું કીધું હતું (ન્યાયા. ૪ ; ૭, ૧૩ : ૫ ; ૨૧). વળી બઆલના ૪૦૦ ભવિષ્યવાદીઓને એલીયાહે અહીં મારી નાખ્યા હતા (૧ રા. ૧૮ ; ૪૦).

કુપરસ = બેટમાં ઉગતા કોઇ ઘાસના નામ પરથી આ નામ પડયું છે, જેનો અર્થ ચોક્ખું થાય છે. ભૂમધ્ય સમુદ્રમાં આવેલા ટાપુઓમાંનો સૌથી મોટો ટાપુ છે, જે ૧૪૮ મૈલ લાંબો અને ૪૦ મૈલ પહોળો છે. કિનારાથી આસરે ૬૦ મૈલ દૂર આવેલો છે. જુના કરારમાં તેને 'કિત્તીમ' કહે છે (ગણ. ૨૪ ; ૨૪). અસલના વખતમાં તેમાં ફેનીકી લોકો વસતા હતા, પણ ઇ. સ. પૂ. ૪૭૭ માં તે ગ્રીક લોકના હાથમાં આવ્યો, અને ઇ. સ. પૂ. ૫૮ માં તે રૂમી ઇલાકામાં ગણાયો. પહેલાંના વખતમાં અનાજ, તેલ, મેવા, કિમતી લાકડું અને પત્થર, ઇત્યાદિ બહુ થતું હતું. આ ટાપુ ત્યાર પછી તુર્ક લોકના હાથમાં આવ્યો, અને તેમના હાથમાં ઘણોએક વખત રહ્યા પછી ઇ. સ. ૧૮૭૮ માં બ્રિટિશ સરકારના હાથમાં આવ્યો. નવા કરારમાં તેનું પ્રથમ નામ બાર્નાબાસના વતન તરીકે આપવામાં આવ્યું છે (પ્રે. કૃ. ૪ ; ૩૬). પાઉલ પોતાની પહેલી મુસાફરીમાં ત્યાં ગયો હતો. આ વખતે પોતાની સાથે બાર્નાબાસ તથા યોહાન જેની અટક માર્ક તેને સાથે લઇ ગયો હતો (પ્રે. કૃ. ૧૩ ; ૪-૧૩). ત્યાર પછી કેવળ બાર્નાબાસ તથા માર્ક ત્યાં ગયા (પ્રે. કૃ. ૧૫ ; ૩૯). વળી નાશોન નામનો જુનો શિષ્ય જે કદાચ પચાસી પર્વને દિવસે બાપ્તિસ્મી થયો હશે તેનું વતન પણ આજ બેટ હતું.

કુરેનિયસ = રૂમી કુરીનસ ઉપરથી થએલું નામ. તેનું આખું નામ, પબ્લિઅસ-સુલપીસીઅસ-કુરીનસ હતું. ઇતિહાસથી એવું શાબિત થાય છે કે, આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના જન્મ વખતે કુરેનિયસ તે ફીલકી પ્રાંતનો ગવર્નર હતો. અને આ ફીલકી પ્રાંત તે સુરિયાનું પ્રગણું કે પ્રાંત ગણાતો હતો, એ

કારણ માટે લુક ૨; ૨ માં તેને સુરિયાનો હાકેમ કહે છે. અને તેના વખતમાં વસ્તીની પ્રથમ ગણત્રી થઇ હતી. ત્યાર પછી આસરે દસ વર્ષ બાદ તેજ માણસ ફરીને બીજી વાર સુરિયાનો ગવર્નર નિમાયો, અને તે વખતની સાથે પ્રે. કૃ. ૫; ૩૭ ની વસ્તીપત્રકની વાત સરખાવો.

કુરેની = સૂર્યનો ઝરો. ઉત્તર આફ્રિકા ખંડના લિબીયા પ્રાંતમાં આવેલું એક શહેર હતું, જેને હાલ ત્રીપોલી કહે છે. યુનાનીઓએ ઇ. સ. પૂ. ૬૩૦ માં તેને વસાવ્યું. ભૂમધ્ય સમુદ્રની સપાટીથી ૧૮૦૦ ફીટની ઉંચાઇમાં તે આવેલું છે. મહાન સિકંદર રાજાના મરણ પછી તે મિસર દેશના કબજામાં આવ્યું; અને રાજા ટાલેમીએ તેમાં ઘણા યહુદીઓને વસાવ્યા. અને ત્યાર બાદ તે રૂમીઓના કબજામાં આવ્યું. આ પુરાતન શહેરની સાથે ખ્રીસ્તી ધર્મનો પહેલાંનો ઇતિહાસ જોડાયલો છે. સીમોન જેની પાસે ઇસુનો વધસ્તંભ વેઠે ઉંચકાવવામાં આવ્યો, તે આ શહેરનો વતની હતો (માત્થી ૨૭; ૩૨. માર્ક ૧૫; ૨૧. લુક ૨૩; ૨૬). પચાસી પર્વને દિવસે અહીંના યહુદીઓ યરૂશાલેમમાં આવ્યા હતા (પ્રે. કૃ. ૨; ૧૦). વળી આ શહેરના યહુદીઓનું એક સભાસ્થાન પણ યરૂશાલેમમાં હતું (પ્રે. કૃ. ૬; ૯). વળી જે હેલેનીઓને પહેલવહેલાં પ્રભુ ઇસુની સુવાર્તા પ્રગટ કરવામાં આવી તેમાં કુરેનીઓ પણ હતા (પ્રે. કૃ. ૧૧; ૨૦). વળી અંત્યોખમાં જે મંડળી સ્થાપવામાં આવી તેમાં કેટલાક ભવિષ્યવાદીઓ તથા ઉપદેશકો હતા, જેમાંનો લુકીઅસ કુરેનીનો એક વતની હતો (પ્રે. કૃ. ૧૩; ૧).

કૂથ. (૨ રા. ૧૭; ૩૦). બાબેલનું એક શહેર કે પ્રગણું હતું. ત્યાંના માણસોને શાલ્માનેસેર રાજાએ સમરૂનમાં વસાવ્યા હતા. આ લોકે સમરૂનમાં જે મૂર્તિ ઉભી કરી તેનું નામ 'નેર્ગાલ' હતું.

કૂથાહ = જુઓ કૂથ. કૂથાહ અને કૂથ તે એક ને એકજ છે (૨ રા. ૧૭; ૨૪, ૩૦).

કૂન = મજબૂત. સિરીના રાજા હદારએઝેરનાં શહેરોમાંનું આ એક શહેર હતું. દાઉદે ત્યાંથી પુષ્કળ પિત્તળ લીધું હતું, જે પિત્તળથી મંદિરના હોજ તથા સ્તંભો તથા વાસણો સુલેમાને કીધાં હતાં. ૨ શમૂ. ૮; ૮ માં તેને 'બરોથાય' કહે છે, તે શહેર અને હઝ. ૪૭; ૧૬ માં આવતું બરોથાહ તે એક ને એકજ છે.

કૂબ. (હઝ. ૩૦; ૫). રાજા નબૂખાદનેસ્સારના વખતમાં આ લોકે મિસર સાથે સંપ કીધો હતો. આ શબ્દ કેવળ હઝ. ૩૦; ૫ માં આવે છે. આ લોક ઘણું કરીને આફ્રિકાના ઉત્તર ભાગના અથવા મિસરની પાસેના કોઇ જગ્યાના વતની હતા.

કૂશ = કાળું. (૧) કૂશ હામનો ઘણું કરીને જયેષ્ઠ પુત્ર અને નિમ્રોદનો બાપ હતો (ઉત્પ. ૧૦; ૮. ૧ કાળ. ૧; ૧૦). અને તેમણે જે દેશ વસાવ્યો તેને પોતાના નામ પરથી કૂશ દેશ કહેવામાં આવ્યો. એદન વાડીની બીજી નદી ગીહોન, જે વિષે લખ્યું છે કે તે આખા કૂશ દેશને ઘેરે છે (ઉત્પ. ૨; ૧૩), એ પરથી જણાય છે કે આ દેશ ઇસ્રાએલીઓની દક્ષિણમાં આવેલો હશે. કૂશ દેશ તે કયો મુલક હશે તે વિષે વિદ્વાનોનું ધારવું એક મતનું નથી. કેટલાક કહે છે કે કૂશની કોમ વધતાં વધતાં અરબસ્તાનની દક્ષિણ સુધી ગઇ અને ત્યાં વસી (૨ કાળ. ૨૧; ૧૬), અને ત્યાંથી વધી બાબેલમાં અને આશ્શૂરમાં રહેવા લાગી (૨ કાળ. ૧૦; ૯-૧૧). અને એમ જ્યાં જ્યાં તેઓ રહેવા લાગ્યા તે દેશને કૂશ નામ આપવામાં આવ્યું હશે; પણ તે વાત સાબીત થઇ શકતી નથી. આફ્રિકામાં મિસરની દક્ષિણ સરહદ પર આ નામનો દેશ આવેલો હતો, જેને ગ્રીક લોકો ઇથીઓપીઆ કહેતા હતા (હઝ. ૨૯; ૧૦: ૩૦; ૪-૬). હાલ આપણે ઉપલા કૂશ દેશને ન્યુબીઆ અને આબિસીનીઆ નામથી ઓળખીએ છીએ (યશા. ૧૮; ૧. સફા.

૩ ; ૧૦). મિસર દેશના જુના લેખોમાં કૂશ દેશને ઇથીઓપીઆ નામ આપવામાં આવ્યું છે (ગીત. ૬૮; ૩૧. યશા. ૧૮ : ૧. યિર્મે. ૪૬ ; ૯) વિગેરે વાક્યો સાથે સરખાવતાં ઇથીઓપીઆ તે કૂશ દેશ દેખાય છે. કૂશી લોકો કાળા અને કદાવર શરીરના હતા (યિર્મે. ૧૩ ; ૨૩). વળી તેઓ મોટા વેપારી પણ હતા (યશા. ૪૫ ; ૧૪). મિસરીઓ અને કૂશી લોકો વચ્ચે બહુ લડાઇઓ થતી હતી, અને કેટલાક મિસરના બાદશાહ તે કૂશી હતા (૨ રાજા. ૧૭; ૪ : ૧૯; ૯). ઇસુ ખ્રીસ્તના જન્મ પહેલાં થોડા દિવસ પર કૂશી લોક કે કૂશ દેશ પર એક ખાનદાન રાણીનો અમલ હતો, અને તેનો વઝીર ફિલીપ મારફતે ખ્રીસ્તી થયો (પ્રે. કૃ. ૮ ; ૨૭). અને તે તરફ ત્યાર બાદ કેટલાક માણુસો ખ્રીસ્તી થયા હશે, કેમકે એ મુલકમાં ઘણાએક યહુદીઓ રહેતા હતા (યશા. ૧૧; ૧૧) એમ દેખાય છે. મુસાની એક સ્ત્રી કૂશી હતી, અને તેને માટે મરિયમ તથા હારૂને વાંધો લીધો હતો (ગણ. ૧૨ ; ૧). આ કૂશી સ્ત્રી વિષે કેટલાક ધારે છે કે તે ઇથીઓપીઆની કૂશી સ્ત્રી ન હતી, પણ અરબસ્તાનની કૂશી સ્ત્રી હતી (૨ કાળ. ૨૧; ૧૬). પણ તે વાત નક્કી ન કહેવાય. એ પ્રમાણે કૂશ દેશ તે લાલ સમુદ્રની પશ્ચિમ દિશાનો જે અરબસ્તાન તેને પણ કહેવામાં આવે છે (યશા. ૧૧ ; ૧૧. હઝ. ૩૮ ; ૫. યશા. ૪૫ ; ૧૪), અને મિસરની દક્ષિણ હદ પરના ઇથીઓપીઆ દેશને પણ કહેવામાં આવે છે. (૨) ગીત. ૭ ના મથાળામાં એક બીજું નામ આવે છે, જે કદાપી શાઉલનો સાથી અને દાઉદનો મિત્ર હોય.

કૂશાન = કાળો. કદાચ એમ હોય કે કવિતામાં કૂશ દેશને કૂશાન નામ આપ્યું હશે (હબા. ૩ ; ૭), અને તે અરબસ્તાનનો કૂશ દેશ હશે. એમ છતાં કેટલાક ધારે છે કે અરામનો રાજા કૂશાન-રિશઆથાઇમ હશે. એટલે રિશઆથાઇમ નામનો જે પાછલો

ભાગ તે કૂશાનની અટક કદાપી હોય (ન્યાયા. ૩ ; ૮, ૧૦).

કૂશાન-રિશઆથાઇમ = બમણા દુષ્ટપણાનો કૂશ. તે અરામનો રાજા હતો, તેણે આઠ વર્ષ સુધી ઇસ્રાએલીઓ પર જુલમ કીધો (ન્યાયા. ૩ ; ૮–૧૦), પણ કાલેબના નાના ભાઇ કનાઝના પુત્ર ઓથ્નીએલે તેમને છોડાવ્યા. કેટલાકના ધારવા પ્રમાણે હબા. ૩ ; ૭ માં જે કૂશાન નામ આવે છે તે આજ રાજાનું નામ છે, અને તેમાં કૂશ દેશ સમજવો નહિ.

કૂશાયાહ = કીશીનું બીજું નામ (૧ કાળ. ૧૫ ; ૧૭).

કૂશી = કૂશના જેવો અર્થ. (૧) યોઆબે આ માણુસની હસ્તકે રાજાને ખબર આપી કે, આબ્શાલોમ લડાઇમાં મરણ પામ્યો છે (૨ શમૂ. ૧૮ ; ૨૧–૩૨). (૨) શેલેમ્યાહનો પિતા (યિર્મે. ૩૬ ; ૧૪). (૩) ગદાલ્યાહનો પુત્ર અને ભવિષ્યવાદી સફાન્યાહનો પિતા (સફ. ૧ ; ૧). (૪) મુસાએ એક સ્ત્રી સાથે લગ્ન કર્યું તે કૂશી હતી (ગણ. ૧૨ ; ૧. જુઓ કૂશ). (૫) કૂશ દેશના રહેવાસીઓ (૨ કાળ. ૧૪; ૯. ગણ. ૧૨ ; ૧. ૨ રા. ૧૯ ; ૯. એસ્તે. ૧ ; ૧. અયૂ. ૨૮ ; ૧૯. ગીત. ૬૮ ; ૩૧ : ૮૭; ૪. યશા. ૧૮ ; ૨૦ : ૪૩ ; ૩ : ૪૫; ૧૪. યિર્મે. ૪૬ ; ૯. સફ. ૩ ; ૧૦).

કેંખરીઆ = બાજરી. કરીંથની પૂર્વમાં ૯ મૈલ ઉપર આવેલ એક બંદર છે. પાઉલના જમાનામાં આ જગ્યા મશહૂર હતી (પ્રે. કૃ. ૧૮ ; ૧૮). પાઉલ પોતાની બીજી મુસાફરીમાં સુરિયા પાછો આવ્યો ત્યારે આ બંદરેથી વહાણે બેઠો હતો. પાઉલે જ્યારે રૂમીઓને પત્ર લખ્યો ત્યારે આ બંદરમાં એક મંડળી હતી એમ દેખાય છે (રૂમી. ૧૬ ; ૧). કરીંથની પશ્ચિમે જે બંદર હતું તેનું નામ લેકીયુમ હતું, જે શહેરથી દોઢેક મૈલ દૂર હતું. ત્યાંથી ઇટાલી આદી બહારના દેશો સાથે વેપાર ચાલતો હતો.

કેદમાહ = પૂર્વગમ. ઇશ્માએલના દીકરાઓમાંનો છેલ્લો (ઉત્પ. ૨૫; ૧૫. ૧ કાળ. ૧; ૩૧).

કેદાર = કાળી ચામડી. ઇશ્માએલનો બીજો પુત્ર (ઉત્પ. ૨૫; ૧૩). તેનાથી અરબોની ભટકતી કોમ ઉત્પન્ન થઇ, તેને આ નામ આપવામાં આવે છે (યશા ૨૧; ૧૬: ૪૨; ૧૧: ૬૦; ૭. યિર્મે. ૨; ૧૦. હઝ. ૨૭; ૨૧), જે અરબસ્તાનના વાયવ્યકોણમાં રહેતી હતી. તેઓ જે તંબુઓમાં રહેતા હતા તે કાળા વાળના કપડાના બનાવવામાં આવતા હતા (ગીતોનું ગીત. ૧; ૫). 'કેદારના ડેરાઓમાં વસું છું" (ગીત. ૧૨૦; ૫), એટલે ખરા દેવની સેવાથી દૂર થયો છું. નબુખદરેસ્સાર રાજાએ આ કોમને તાબે કરી મારી હતી (યિર્મે. ૪૯; ૨૮–૩૩).

કેદેશ = આશ્રયસ્થાન. (૧) યહૂદાહની દક્ષિણ સરહદ પર આવેલું એક શહેર છે (યહો. ૧૫; ૨૩). ઘણું કરીને આ કાદેશ-બાર્નેઆ હશે. (૨) યિસ્સાખારના ભાગમાં આવેલું એક શહેર હતું (૧ કાળ. ૬; ૭૨). (૩) નાફતાલીનું કિલ્લાદાર નગર હતું, જે આશ્રય નગરમાંનું એક હતું (યહો. ૧૯; ૩૭. ન્યાયા. ૪; ૬). તે ગેર્શોનીઓને આપવામાં આવ્યું હતું (યહો. ૨૧; ૩૨). અસલના વખતમાં આ શહેર કનાનીઓની રાજધાનીનું શહેર હતું (યહો. ૧૨; ૨૨), અને તેમજ શૂરવીર બારાક તેમાં રહેતો હતો (ન્યાયા. ૪; ૬). અહીં સીસરા સામે લડવાને બારાક તથા દબોરાહે ફોજ એકઠી કરી હતી (ન્યાયા. ૪; ૬: ૯; ૧૦). ઇસ્રાએલના રાજા પેકાહના વખતમાં આશ્શૂરનો રાજા તિગ્લાથ-પિલેસેર ચઢી આવ્યો અને તે વખતે આ શહેરના રહેવાસીઓને કેદી કરી આશ્શૂર લઇ ગયો (૨ રા. ૧૫; ૨૯). હાલ 'એલ-હુલેહ' નામના સરોવર પાસે ચાર મેલ ઉપર આ નામનું એક શહેર છે. કેટલાક ધારે છે કે બારાકે પોતાની ફોજ જ્યાં એકઠી કરી તે ઉપલા ગાલીલનું કેદેશ શહેર નહિ હશે, કેમકે એસ્દ્રાએલોનથી તે ૩૦ મેલ દૂર છે, પણ તે કાદેશ તે તાબોરથી ૧૨ મેલ દૂર આવેલું ગાલીલ સમુદ્ર પરના કિનારા પરનું કેદેશ હશે.

કેનાન = કબજો, રૂદન કરનાર. (૧) તેના પિતાનું નામ અનોશ હતું. જ્યારે કેનોશને આ પ્રથમ પુત્ર જન્મ્યો ત્યારે તેની ઉમર ૯૦ વરસની હતી. આ પુત્ર જન્મ્યા પછી તેનો પિતા ૮૧૫ વર્ષ જીવ્યો. કેનાનનો જ્યેષ્ઠ પુત્ર માહલાલએલ હતો. કેનાન ૯૧૦ વર્ષની ઉમરે મરણ પામ્યો (ઉત્પ. ૫; ૯–૧૪. ૧ કાળ. ૧; ૨. લુક ૩; ૩૭). (૨) આર્પાકસાદનો પુત્ર. તેને ઘણું કરીને 'બીજો કેનાન' કહે છે (લુક ૩; ૩૫, ૩૬).

કેનીઓ = લુહારો. દક્ષિણ પાલેસ્તાઇન અને સિનાય પહાડની વચ્ચે આવેલા અરણ્યમાં જે કોમ રહેતી હતી તેને આ નામ આપવામાં આવ્યું છે. મુસાનો સસરો યિથ્રો તે આ કોમનો હતો (ન્યાયા. ૧; ૧૬). તે મિદ્યાની કહેવાય છે (ગણ. ૧૦; ૨૯), તે પરથી જણાય છે કે કેનીઓ અને મિદ્યાનીઓ તે એકજ કોમનાં માણસો છે. આ કોમ અકાબાના અખાતના પૂર્વ કિનારા તરફ સિનાયનો ઉત્તર ગમ આમ તેમ ભટકનારી પ્રજા દેખાય છે (ગણ. ૨૪; ૨૧). ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીમાં તેમણે તેમના ઉપર મહેરબાની દેખાડી હતી, અને વરેઓ સુધી ઇસ્રાએલીઓની સાથે મુસાફરીમાં ગયા હતા (ન્યાયા. ૧; ૧૬). અને ત્યાંથી પાછા ફરી યહૂદાહની દક્ષિણના અરણ્યમાં અમાલેકીઓની સાથે જઇ રહ્યા (૧ શમૂ. ૧૫; ૬). અને જ્યારે ઇસ્રાએલીઓ કનાનમાં જઇ વસ્યા, ત્યારે આ કોમના માણસોએ તેમની સાથે મિત્રાચારીનો સંબંધ રાખ્યો હતો (ન્યાયા. ૪; ૧૧, ૧૭–૨૧. ૧ શમૂ. ૨૭; ૧૦: ૩૦; ૨૯). વળી રેખાબી લોક પણ આ કોમની સાથે સંબંધ ધરાવનાર કોમ છે (૧ કાળ. ૨; ૫૫). તેમની રખડવાની રીત વિષે યિર્મે. ૩૫; ૭–૧૦ માં વાત કરે છે. રાજા શાઉલે તેમને અમા-

લોકીઓમાંથી નીકળવાને કહ્યું, કેમકે તે તેમનો નાશ કરવાનો હતો (૧ શમૂ. ૧૫; ૬). એ પ્રમાણે આપણે એમાંથી મોટો બોધ લેવો કે પરમેશ્વર પોતાના લોકો પ્રત્યે અન્યાયી નથી, કેમકે તેમણે બતાવેલો પ્રેમ તે કદી ભૂલી જતો નથી. આ કોમ વિષે જે છેલ્લામાં છેલ્લી નોંધ પવિત્ર શાસ્ત્રમાં લેવામાં આવી છે તે ૧ શમૂ. ૨૭; ૧૦ છે. સરખાવો ૧ શમૂ. ૩૦; ૨૦.

કેફા = પત્થર. પ્રભુ ઇસુ ખ્રીસ્તે સીમોનને આ અરામી ભાષાનું નામ આપ્યું છે (યોહા. ૧; ૪૨), જેનો અર્થ પત્થર કે ખડક છે. ગ્રીકમાં તેનો તરજુમો 'પીતરોસ' થાય છે. અને લેટીન ભાષામાં 'પીતરસ' થાય છે (યોહા. ૧; ૪૨. ૧ કરી. ૧; ૧૨: ૩; ૨૨: ૯; ૫: ૧૫; ૫. ગલા. ૨; ૯.

કેરેન-હાપ્પૂખ = ખૂબસુરતીની પેટી. અયૂબની પરીક્ષા થયા પછી જે બાળકો તેને થયાં તેમાંની આ ત્રીજી પુત્રી છે. આખા દેશમાં અયૂબની દીકરીઓ જેવી કોઇ ખૂબસુરત ન હતી (અયૂ. ૪૨; ૧૪).

કેરોસ = વાંકુ (?) (એઝ. ૨; ૪૪).

કેલાયાહુ = પ્રભુની સભા. (એઝ. ૧૦; ૨૩. જુઓ કલીટા).

કેસેદ = નફો. ઇબ્રાહીમના ભાઇ નાહોરનો પુત્ર, તેની માનું નામ મિલ્કાહ.

કોઆ = ઉંટડો. શાસ્ત્રમાં આ નામ એકજ વખત હઝ. ૨૩; ૨૩ માં આવે છે, જે બાબેલનું કોઇ પ્રગણું કે તેના તાબાનો કોઇ દેશ હશે. સોઆની સાથે આ નામ આપવામાં આવ્યું છે.

કોઝબી = જુઠું બોલનાર. મિદ્યાનના અધિપતિ સૂરની દીકરી હતી. તેને ફીનહાસે મારી નાખી હતી. તેનો પિતા મિદ્યાનના બાપોના ઘરના લોકનો મુખ્ય પુરૂષ હતો (ગણ. ૨૫; ૧૫, ૧૮).

કોઝેબા = કપટી. આ નામની જગ્યા યહુદાહના નીચ પ્રદેશમાં આવેલી હતી (૧ કાળ. ૪; ૨૨). ખઝીબ (ઉત્પ. ૩૮; ૫), અને આખ્ઝીબ (યહો. ૧૫; ૪૪) તે કોઝેબાનાં બીજાં નામ દેખાય છે.

કોનાન્યાહુ = યહોવાહનો મોકલેલો. આ એક લેવી હતો, જેણે પોતે તથા તેના ભાઇઓએ મળી મંદિરના પારખાર્પણો માટે, પાંચ હજાર ઘેટાં અને પાંચસો બળદ આપ્યા હતા (૨ કાળ. ૩૫; ૯: ૩૧; ૧૨, ૧૩).

કોન્યાહુ = જેને યહોવાહે સ્થાપ્યો. તે યહુદાહનો રાજા હતો (યિર્મે. ૨૨; ૨૪, ૨૮: ૩૭; ૧). તેના પિતાનું નામ યહોયાકીમ હતું. કોન્યાહનું બીજું નામ **યહોયાખીન** હતું. તે ગાદીએ બેઠો ત્યારે તેની ઉમર માત્ર અરાઢ વર્ષની હતી (ઇ. સ. પૂ. ૫૯૯), અને યરૂશાલેમમાં તેણે સો દિવસ રાજ્ય કર્યું (૨ કાળ. ૩૬; ૯). તેનું ત્રીજું નામ યખોન્યાહ હતું (યિર્મે. ૨૪; ૧: ૨૭; ૨૦). તેના પછી તેનો કાકો માત્તાન્યાહ (= સિદકીયાહ) ગાદીએ બેઠો. આ રાજાને તથા તેની માને તથા સરદારોને અને તેની સાથે બધા મળી ૧૩ હજાર માણસોને બાબેલનો રાજા નબુખાદનેસ્સાર કેદી કરીને બાબેલ લઇ ગયો, અને શહેરને તથા મંદિરને લૂટી લીધું. ઉપલા કેદીઓમાં હઝકીએલ તથા મોર્દખાય પણ હતા (૨ રા. ૨૪; ૧૦–૧૬. ૨ કાળ. ૩૬; ૧૦. હઝ. ૧; ૧-૪. એસ્તે. ૨; ૬). સાડત્રીસ વર્ષ બંધનમાં રહ્યા પછી (યિર્મે. ૫૨; ૩૧, ૩૩), બાબેલના રાજા એવીલ-મરોદાખે તેનું સન્માન કરી "બંદીખાનામાંથી બહાર કાઢયો અને તેને સારાં વચનો કહીને જે રાજાઓ તેની સાથે બાબેલમાં હતા તેઓના રાજ્યાસન કરતાં તેનું રાજ્યાસન ઉંચું કીધું" (યિર્મે. ૫૨; ૩૧–૩૪).

કોર-આશાન = ભઠ્ઠીનો ધુમાડો. કોર-આશાન અને આશાન તે એક ને એકજ હશે. પલિસ્તીઓ તથા અમાલેકીઓને હરાવીને દાઉદે જે લૂટ આણી તેને જુદી જુદી જગ્યાએ વહેંચી આપી, તેમાં કોર-આશાનના માણસો પણ હતા. આ જગ્યાએ દાઉદ અને તેનાં

માણસો વખતો વખત જતા આવતા હતા (૧ શમૂ. ૩૦; ૩૦). યહો. ૧૫; ૪૨: ૧૯; ૭ માં આ શહેરને આશાન કહે છે. આ શહેર નેગેબમાં યહુદાહપુત્રોના કબજામાં હતું, એટલે નીચ પ્રદેશનાં નવનગરોમાંનું એક.

કોરાહ=બરફ. (૧) એશાવનો ત્રીજો પુત્ર, તેની માનું નામ ઓહલીબામાહ હતું (ઉત્પ. ૩૬; ૫, ૧૪, ૧૮. ૧ કાળ. ૧; ૩૫). (૨) એશાવનો પૌત્ર (ઉત્પ. ૩૬; ૧૬). (૩) હેબ્રોનનો પુત્ર (૧ કાળ. ૨; ૪૩). (૪) લેવીના પુત્રોમાંનો એક કહાથનો પૌત્ર (નિર્ગ. ૬; ૨૧, ૨૪. ગણુ. ૧૬; ૧, ૫, ૬, ૮, ૧૬, ૧૯, ૨૪, ૨૭, ૩૨, ૪૦, ૪૯: ૨૬; ૯, ૧૦: ૨૭; ૩. ૧ કાળ. ૬; ૨૨, ૩૭: ૯; ૧૯. યહુદા ૧૧. ગીતના મથાળામાં ૪૨: ૪૪–૪૯: ૮૪: ૮૫: ૮૭: ૮૮. તે મુસા તથા હારૂનના બાપ આમ્રામનો ભાઇ થતો હતો. તે સિનાઇ પહાડ આગળ પોતાની સાથે દાથાન તથા અબીરામ તથા જમાતમાંના અઢીસો અધિપતિઓ સાથે, મુસા તથા હારૂન વિરૂદ્ધ ધર્માધિકાર સંબંધી દાવો કરવા લાગ્યો, તેથી કરીને તેઓને પૃથ્વી ગળી ગઇ અને ૨૫૦ અધિપતિઓને યહોવાહે અગ્નિથી ભસ્મ કીધા (ગણુ. ૧૬). ઉપલા બનાવ માટે ઇસ્રાએલીઓએ મુસા તથા હારૂન વિરૂદ્ધ કચકચ કીધી, તેથી યહોવાહે મરકીથી ૧૪,૭૦૦ માણસ માર્યા, અને ત્યાર પછી મુસાના પ્રાયશ્ચિત્તથી મરકી બંધ થઇ.

કોરાહીઓ=કોરાહના વંશજો (ગણુ. ૨૬; ૫૮). તેઓ યહોવાહની સ્તુતિ કરવામાં, કહાથીઓની એક અગત્યની શાખા હતી (૨ કાળ. ૨૦; ૧૯). ગીતશાસ્ત્રમાંના અગીઆર ગીત કોરાહના પુત્રોનાં કહેવાય છે, એટલે (૪૨–૪૯: ૮૪: ૮૫: ૮૭: ૮૮). વળી કોરાહના કેટલાક બીજા પુત્રો તેઓ મંદિરના 'દ્વારપાળ' હતા. કેટલાક "તવાઓ પર સેકેલી ચીજો સંભાળી રાખવાનું" કામ કરતા હતા (૧ કાળ. ૯; ૧૭–૧૯, ૩૧. લેવી. ૨; ૫ સરખાવો).

કોરે=તીતરને મળતું એક પક્ષી. (૧) તે આસાફનો પુત્ર અને શાલ્લુમનો પિતા હતો, અને દ્વારપાળોની વારા ટોળીઓમાંનો એક હતો (૧ કાળ. ૯; ૧૯: ૨૬; ૧). (૨) લેવી દ્વારપાળ જે મંદિરના પૂર્વ દ્વારે કામ કરતો હતો (૨ કાળ. ૩૧; ૧૪. અને ૧ કાળ. ૨૬; ૧૯).

કોરેશ=સૂર્ય. ઇરાન દેશનો પ્રખ્યાત રાજા હતો, તેણે બાબેલ જીતી લીધું અને યહુદીઓને ગુલામીમાંથી છોડાવી દેશમાં પાછા મોકલ્યા (એઝ. ૧; ૧, ૨). તે ઇરાનના રાજા કામ્બુસેસનો પુત્ર હતો. ઇ. સ. પૂ. ૫૯૯ માં આ મહાન પુરૂષ જન્મ્યો હતો. ઇ. સ. પૂ. ૫૫૯ માં તે ઇરાન અને જીતેલા માદાય રાજ્યનો રાજા થયો. કોરેશ બહુ બહાદુર અને લડવૈયો હતો. બાબેલના રાજા બેલ્ટશાસ્સારની મોટી ઉજાણીની રાત્રે બાબેલ શહેર કોરેશની ફોજને શરણ થયું (ઇ. સ. પૂ. ૫૩૮. દાની. ૫; ૩૦), અને ત્યાર પછી આશ્શૂરનું પુરાતન રાજ્ય પણ તે સાથે મેળવાયું (યશા. ૨૧; ૨). જ્યારે દુનિયાના મહાન રાજાઓ યહુદીઓને દબાવતા હતા ત્યારે કોરેશ તેમને માટે "ઘેટાંપાળક" જેવો થયો (યશા. ૪૪; ૨૮: ૪૫; ૧). પરમેશ્વરે તેને યહુદીઓ વિષે પોતાનો મનોરથ પુરો કરવાને સાધનરૂપ કીધો (એઝ. ૧; ૧). "ઇરાનના રાજા કોરેશને પહેલે વર્ષે" એવા શબ્દો લખવામાં આવ્યા છે, જેમાં આપણે નહિ સમજવું કે તે ઇરાન અને માદાયનો રાજા થયો તે વર્ષે, કે બાબેલ શહેર તેને શરણે થયું તે વર્ષે. કેમકે ત્યાર પછી બે વર્ષ સુધી 'માદી-દાર્યાવેશ' બાબેલ રાજ્યનો 'વાઇસરોય' હતો. માટે બે વર્ષ પછી બાબેલ રાજ્યનો જે એક ભાગ પાલેસ્તાઇન થયો હતો તે ઉપર કોરેશ ખરેખરો રાજા થયો. એટલે બાબેલ કોરેશના હાથમાં ઇ. સ. પૂ. ૫૩૮ માં આવ્યું, અને એઝ. ૧; ૧ માં જે લખવામાં આવ્યું છે તે ઇ. સ. પૂ. ૫૩૬ ના સંબંધે છે. યરૂશાલેમ

ફરીને બાંધવા માટે કોરેશ તરફથી જે હુકમ થયો તે સાલ યહુદીઓના ઇતિહાસમાં ઘણી જાણવા જોગ છે (૨ કાળ. ૩૬ ; ૨૨, ૨૩. એઝ. ૧ ; ૧–૪ : ૪ ; ૩ : ૫ ; ૧૩, ૧૭ : ૬ ; ૩). કોરેશનો એ વિષે આપેલો ફેસલો 'આહમથા' નામના માદી પ્રગણાના રાજ્યમહેલમાંથી મળી આવ્યો છે (એઝ. ૬ ; ૨). એઝરા કોરેશ પછી એક સૈકા બાદ લખે છે ત્યારે તેમાં જણાવે છે કે, ઇરાની રાજાઓ બાબેલના સુસાન મહેલમાં હમેશાં દરબાર કે કચેરી ભરતા હતા, અને ભાગ્યેજ કંઇ ખાસ કારણ સર 'આહમથા'માં જતા. પણ કોરેશ પોતાની કચેરી હમેશાં 'આહમથા'માં ભરતો હતો, અને તેથી કરીને ઉપલા ફેસલાનો લેખ સ્વાભાવિક રીતે આહમથામાં મળી આવે (જુઓ આહમથા). કોરેશ નમ્રતા અને ધાર્મિકપણામાં પ્રસિદ્ધ હતો. તે મૂર્તિપૂજાને ધિક્કારતો હતો, અને તેથી કરીને યહુદી સરખા માણસો ઉપર તે મહેરબાની કરે તે સ્વાભાવિક હતું. યહુદીઓને છુટકારો આપ્યો અને એવા પ્રસંગમાં તેમના લાભમાં જે લેખ લખી આપ્યો (એઝ. ૧ ; ૨-૪ : ૬ ; ૩-૫), તેમાં ધર્મ વિષેની તેની ઉત્તમતા અને ઉદારતા દીપતી આવે છે. તે માનતો હતો કે આકાશ અને પૃથ્વીનો દેવ એકજ છે (એઝ. ૧ ; ૨). અને તેની સત્તા તે સર્વોપરી સત્તા છે એમ માની યરૂશાલેમના મંદિરનાં સઘળાં સોના રૂપાનાં પાત્રો તેણે પાછાં આપ્યાં (એઝ. ૧ ; ૭–૧૧ : ૬ ; ૫), અને મંદિર ફરીને બાંધવા માટે રાજ્યના ખજાનામાંથી સઘળો ખરચ આપવાને તેણે હુકમ કીધો (એઝ. ૬ ; ૪), અને સઘળી ઇરાની પ્રજાને મદદ આપવાને ફરમાવ્યું (એઝ. ૧ ; ૪). કોરેશ વિષે એક જાણવા જોગ વાત એ છે કે, તે જન્મ્યો ન હતો તે પહેલાં તેના વિષે ભવિષ્ય કહેવામાં આવ્યું હતું કે, યહુદીઓની સિત્તેર વર્ષની ગુલામીમાંથી તે છોડાવશે. "કોણે પૂર્વમાંથી એકને ઉઠાડયો છે કે જેનાં પગલાંમાં ન્યાયીપણું ચાલે છે!" વળી તે મંદિરને બંધાવશે એવું પણ અગાઉથી કહેવામાં આવ્યું છે કે, "તું મંદિર બંધાવીશ ને મંદિરનો પાયો નાખવામાં આવશે," વળી "તેજ મારૂં નગર બાંધશે," ને "મૂલ્ય વગર મારા પ્રવાસીઓને તે છોડી મુકશે" (યશા. ૪૧ ; ૨-૬ : ૪૪ ; ૨૮ : ૪૫ ; ૧-૪ : ૪૬ ; ૧૧ : ૪૫ ; ૧૩). આ કોરેશ રાજા ૫૨૯ માં લડાઇમાં કતલ થયો, અને તેની કબર આજ સુધી 'મોરઘાબ'માં દેખાડવામાં આવે છે.

કોલહોઝેહ = દરેક માણસ તે દેખે છે. શાલ્લૂન જે મિસ્પાહના જીલ્લાનો અધિકારી હતો તેના બાપનું નામ કોલહોઝેહ હતું (નહે. ૩ ; ૧૫ : ૧૧ ; ૫).

કોલાયાહ = યહોવાહનો પોકાર. (૧) બિન્યામીની માઅસેયાહનો પુત્ર (નહે. ૧૧ ; ૭). (૨) આહાબ નામના જુઠા ભવિષ્યવાદીનો પિતા (યિર્મે. ૨૯ ; ૨૧).

કોસ = ઉન. આ બેટ રોદસથી ૪૦ મેલ દૂર છે. હાલ તેને 'સ્ટાન્કો' કહે છે. આ ટાપુમાં પ્રેરિત પાઉલ પોતાની ત્રીજી મુસાફરીથી પાછા વળતાં રોકાયો હતો (પ્રે. કૃ. ૨૧ ; ૧). આ ટાપુ જોકે ૨૫ મેલ લાંબો ને ૧૦ મેલ પહોળો છે, એમ છતાં આગલા દિવસોમાં તે બહુ મશહૂર હતો. ઘણા યહુદી લોક ત્યાં રહેતા હતા, અને હેરોદ મોટાએ ત્યાંના રહેવાસીઓ પર ઘણી મહેરબાની કરી હતી. ત્યાંનું કાપડ ઘણું વખણાતું હતું. આપેલસ અને હીપોક્રેટસ તેઓ આ બેટના વતની હતા. હાલ કહે છે કે ત્યાં ગ્રીક ચર્ચના ખ્રીસ્તીઓ રહે છે.

કોદા. (પ્રે. કૃ. ૨૭ ; ૧૬). ક્રેત ટાપુની વાયવ્ય કોણમાં એક નાનો બેટ આવેલો હતો, જ્યાં થઇ પાઉલે પોતાની રૂમની મુસાફરી કરી હતી. આ નાનો બેટ ૭ મેલ લાંબો અને ૩ મેલ પહોળો છે. હાલ તેને 'ગોઝઝો' કહે છે.

ખ.

ખઝીબ = કપટી. આ શહેરમાં યહુદાહનો પુત્ર શેલાહ જન્મ્યો હતો (ઉત્પ. ૩૮ ; ૫). ઘણું

કરીને ખઝીબ અને આખ્ઝીબ એક ને એકજ હશે.

ખરાન. (ઉત્પ. ૩૬; ૨૬). સેઇર હોરીના વંશમાંના દીશોનના ચાર પુત્રોમાંનો છેલ્લો પુત્ર (૧ કાળ. ૧; ૪૧).

ખારોન = બહુ સૂકું. હારાનનું બીજું નામ છે (પ્રે. કૃ. ૭; ૨, ૪. જુઓ હારાન).

ખારોનું નગર. (યહો. ૧૫; ૬૨) ઘણું કરીને મૃત સમુદ્રની દક્ષિણમાં ખારની સપાટીમાં આવેલું એક શહેર હતું, જે યહુદાહના ભાગમાં આવેલું હતું.

ખારો સમુદ્ર. જુઓ મૃત સમુદ્ર (યહો. ૩; ૧૬).

ખીઅસ=બરફ. આ નામનો બેટ છે, તે ઇજીઅન સમુદ્રમાં આવેલો છે. પાઉલ અને તેના સાથીઓ ત્રીજી મુસાફરીથી પાછા આવતાં અહીં એક રાત રહ્યા હતા (પ્રે. કૃ. ૨૦; ૧૫).

ખ્રીસ્ત = અભિષિક્ત. હેબ્રી શબ્દનો ગ્રીક તરજુમો છે. ખ્રીસ્ત એ નામ પદવીસુચક છે, જે નામ નવા કરારમાં ૫૧૪ વાર આવે છે, જે પરથી જણાય છે કે તે બોધક, યાજક અને રાજાનું કામ કરવાને અભિષિક્ત થએલો છે (જુઓ ઇસુ ખ્રીસ્ત અને મશીહ).

ખુઝા = જોનાર. હેરોદ આન્તિપાસનો તે કારભારી હતો, તેની સ્ત્રીનું નામ યોહાન્ના હતું. તે સ્ત્રી પોતાની પુંજીમાંથી ખ્રીસ્તની સેવા કરતી હતી (લુક ૮; ૩). જે સ્ત્રીઓ ઇસુની કબરે ગઇ હતી તેમાંની તે ઘણું કરીને એક હતી (લુક ૨૪; ૧૦).

ખોરાજીન = ઢંઢેરો. આ શહેરનું નામ બેથસાયદા અને કાપરનાહુમ સાથે હમેશાં આવે છે. જે શહેરોમાં પ્રભુ ઇસુએ પોતાનાં પરાક્રમી કામો કીધાં છતાં પસ્તાવો કીધો નહિ, તેમાંનું ખોરાજીન એક છે (માત્થી ૧૧; ૨૧. લુક ૧૦; ૧૩). ખોરાજીન અને બેથસાયદા તે ગાલીલ સમુદ્રની પાસે આવેલાં હતાં. કાપરનાહુમ જેને હાલ 'તેલ-હુમ' કહે છે તેથી ૨ કે મૈલ દૂર, ખોરાજીન શહેરના નામથી ઓળખાતું 'કેરાજેહ' નામનું ગામ આવેલ છે.

ગ.

ગદેરોથાઇમ = ઘેટાંના બે વાડા. યહુદાહપુત્રોના કુળમાં નીચ પ્રદેશમાં આવેલાં ચૌદ નગરોમાંનું એક હતું (યહો. ૧૫; ૩૬).

ગદાલ્યાહ = જેને યહોવાહે મોટો કીધો. (૧) યદુથૂનના પાંચ દીકરાઓમાં વડો દીકરો ગદાલ્યાહ હતો. યદુથૂન વીણા વડે આભાર માનવામાં તથા યહોવાહની સ્તુતિ કરવામાં બોધકનું કામ કરતો હતો (૧ કાળ. ૨૫; ૩, ૯. એઝ. ૧૦; ૨૦). (૨) ભવિષ્યવાદી સફાન્યાહનો ધરડો બાપ અને કૂશીનો બાપ (સફા. ૧; ૧). (૩) યિર્મેયાહની સામે જે પાંચ જુદા ભવિષ્યવાદીઓ ઉભા થયા, તેમાંનો એક પાશહૂર કરીને હતો, તેના પુત્રનું નામ ગદાલ્યાહ કરીને હતું (યિર્મે. ૩૮; ૩). (૪) શાફાન શાસ્ત્રીના પુત્ર અહીકામ જે યિર્મેયાહનો મિત્ર હતો તેનો પુત્ર (યિર્મે. ૨૬; ૨૪. અને ૨ રાજા. ૨૫; ૨૨). યરૂશાલેમનો નાશ થયા પછી બાબેલના રાજા નબૂખાદનેસ્સારે યહુદાહનાં નગરો ઉપર તેને હાકેમ (ગવર્નર) ઠરાવ્યો (૨ રાજા. ૨૫; ૨૩ યિર્મે. ૪૦; ૫: ૫૨; ૧૬). યરૂશાલેમના નાશ પછી આસરે ત્રીજે વર્ષે નથાન્યાહનો પુત્ર ઇશ્માએલે, ગદાલ્યાહ વિરૂદ્ધ બંડ કરી તેને મારી નાખ્યો, અને એટલુંજ નહિ પણ ગદાલ્યાહની સાથે જે યહુદીઓ તથા કાસ્દીઓ મિસ્પાહમાં રહેતા હતા તેમને તેણે મારી નાખ્યા (યિર્મે. ૪૧; ૨, ૩). વળી મિસ્પાહમાં લૂટ કરી, કેટલાંક માણસોને કેદ કરી તે નાઠો. પણ યોહાનાન નામનો એક યહુદી લડવૈયો તેની પાછળ પડ્યો અને ગિબઓન આગળ તેમને પકડી પાડી કેદીઓને છોડાવ્યા, પણ માત્ર આઠ માણસ સાથે ઇશ્માએલ યોહાનાનથી છુટી આમ્મોનના પુત્રોની પાસે નાસી ગયો (યિર્મે. ૪૧; ૧૫). આ વખતે કેટલાક યહુદીઓ પોતાની સાથે યિર્મેયાહ ભવિષ્યવાદીને લઇને મિસરદેશમાં નાસી ગયા અને ત્યાં ગયા પછી થોડી વારમાં મૂર્તિપૂજામાં ફસાઇ ગયા (યિર્મે. ૪૪).

ગદેરાહ = કિલ્લો. યહુદાહના નીચ પ્રદેશમાં આવેલું એક નગર હતું (યહો. ૧૫; ૩૬). કનાની અને ફેનીકી લોકોમાં આ નામ ઘણું સાધારણ જેવું હતું. આ નામનું નારી જાતિનું નામ ગેદેર હતું (યહો. ૧૨; ૧૨), અને તેનું બહુવચનનું નામ ગદેરોથ હતું (યહો. ૧૫; ૪૧). એલાહની ખીણમાં ઝોરાહથી ચાર મૈલ ઉત્તરે, આ શહેરનું ખંડેર જોવામાં આવે છે. તેને હાલ 'યદુરેહ' કહે છે. આ શહેરના રહેવાસીઓને ગદેરાથી કહે છે (૧ કાળ. ૧૨; ૪). દાઉદ જ્યારે સિકલાગમાં હતો, ત્યારે આ શહેરનો યોઝાબાદ નામનો શૂરવીર ત્યાં આવી તેને મળ્યો. વળી દાઉદ રાજાના વખતમાં જૈતવૃક્ષો તથા ગુલરવૃક્ષો જે નીચ પ્રદેશમાં હતાં તેઓ ઉપર 'બઆલ-હાનાન' નામનો જે અધિકારી હતો તેને ગદેરી કહે છે, કેમકે તે પણ આ શહેરનો વતની હતો (૧ કાળ. ૨૭; ૨૮).

ગદોર = ભીંત. (૧) યહુદાહના પહાડી પ્રદેશમાં આવેલાં છ નગરોમાંનું એક હતું (યહો. ૧૫; ૫૮). હાલ તે 'યેદાર' નામથી ઓળખાય છે અને યરૂશાલેમ અને હેબ્રોન વચ્ચે આવેલું છે. (૨) બિન્યામીની એક શહેર હતું (૧ કાળ. ૧૧; ૭). ઘણું કરીને આજ શહેરને યહો. ૧૨; ૧૩ માં ગેદેર કહે છે. (૩) અહીં ઘેટાં ચારવાનો ચરો હતો; તેનું પ્રસિદ્ધ નામ ગરાર છે (૧ કાળ. ૪; ૪૯). આજ શહેરને કદાપી યહો. ૧૫; ૩૬ માં ગદેરાહ કહે છે. આ ગરારમાં ઇબ્રાહીમે પોતાનો મુકામ કીધો હતો અને પૂર્વજોની ચારાની જગ્યા હતી (ઉત્પ. ૨૦; ૧, ૧૪, ૧૫: ૨૬; ૧, ૬, ૧૪). (૪) યહુદાહપુત્રોમાંના એકનું નામ (૧ કાળ. ૪; ૪, ૧૮).

ગનુબાથ = ચોરી. અદોમનો રાજવંશી, હદાદ નામનો એક માણસ હતો, તેનો પુત્ર. તેની મા મિસરના રાજા ફારૂનની સ્ત્રી તાહપનેસની બહેન હતી (૧ રાજા. ૧૧; ૨૦).

ગન્નેસારેત = સંપત્તિની વાડી. (ગેનેસારેત). (૧) નાફતાલીનું એક શહેર હતું, જેને યહો. ૧૯; ૩૫ માં 'કિન્નેરેથ' કહે છે અને કોઇ વખતે તેને બહુવચનમાં 'કિન્નેરોથ' કહે છે (યહો. ૧૧; ૨). પાછળથી આ નામ બદલાઇને ગેન્નેસારેત પડયું (લુક ૫; ૧). આ શહેરની આજુબાજુના મુલકને પણ એજ નામ આપવામાં આવ્યું છે, એટલે 'ગેન્નેસારેત દેશ' (માત્થી ૧૪; ૩૪. માર્ક ૬; ૫૩). આ શહેર ગાલીલ સમુદ્રની પશ્ચિમે આવેલું છે; વળી આ શહેરના નામ પરથી જે સમુદ્ર પર તે આવેલું છે તેને ગેન્નેસારેતનું સરોવર એવું નામ આપવામાં આવ્યું છે (લુક. ૫; ૧). હાલ આ શહેરનું નામ નિશાન નથી. આ શહેરની ફળદ્રુપ ભૂમિને લીધે તેને 'ગાલીલનું પારાદાઇઝ' કહેવામાં આવ્યું છે (જુઓ કિન્નેરેથ).

ગબાલ = હાર. (૧) અદોમ દેશની કુદરતિ સરહદ જે પહાડની ધારથી બનેલી છે. હાલ તેને 'જેબાલ' કહે છે (ગીત. ૮૩; ૭). (૨) ફેનીકીઓનું એક શહેર હતું, જે સમુદ્ર કિનારાથી બહુ દૂર ન હતું (હઝ. ૨૭; ૯). આ શહેરના રહીશોને ગબાલીઓ કહેતા હતા (યહો. ૧૩; ૫. ૧ રા. ૫; ૧૮). યુનાનીઓ આ શહેરને 'બીબલોસ' કહેતા હતા.

ગમાર્યાહ = જેને યહોવાહે પૂર્ણ કીધો. (૧) રાજા યહોયાકીમના વખતમાં શાફાનનો પુત્ર ગમાર્યાહ નામનો એક લેવી હતો, જે મંદિરને લગતા ધર્મકાર્યમાં ભાગ લેનાર હતો (યિર્મે. ૩૬; ૧૦. અને ૨ રા. ૧૫; ૩૫). યિર્મેયાહ ભવિષ્યવાદીના લહીયા બારૂખે યિર્મેયાહનાં બોલેલાં ભવિષ્યનો લપેટો ગમાર્યાહના ઘરમાં રહીને વાંચી સંભળાવ્યો હતો. વળી આ માણસે એક બીજી વખતે પણ યિર્મેયાહનાં ભવિષ્યો સાંભળ્યાં હતાં (યિર્મે. ૩૬; ૧૧–૨૦). વળી આ માણસે બીજાં માણસો સાથે મળી બારૂખે વાંચેલો ભવિષ્યવાતનો લપેટો રાજા નષ્ટ ન કરે માટે રાજાની વિનંતી કીધી હતી (યિર્મે. ૩૬; ૨૧–૨૫). (૨) રાજા યોશિયાહે પોતાના રાજ્યમાં ધર્મસુધારો કીધો, ત્યારે આ કામમાં મુખ્ય સહાયકારી

પ્રમુખ યાજક હિલ્કીયાહ હતો. આ માણસ સાથે યિર્મેયાહે પોતાનો ભવિષ્યવાતનો લપેટો બાબેલમાં મોકલ્યો હતો. આ હિલ્કીયાહના પુત્રનું નામ ગમાર્યાહ હતું (યિર્મે. ૨૯; ૩,૪).

ગમાલીએલ = દેવથી આપેલો બદલો. રાબી સિમઓનનો પુત્ર અને પ્રખ્યાત રાબી હિલેલનો પૌત્ર. ગમાલીએલ ફરોશી ન્યાયશાસ્ત્રી હતો અને તેથી કરીને સ્વાભાવીક રીતે સાદુકી તડની સામે હતો. તે એક પ્રસિદ્ધ વિદ્વાન હતો. તિબેરીઅસ, કાલીગુલા અને ક્લાદીઅસ બાદશાહના વખતમાં તે સાનેદ્રીમ સભા (ન્યાયી સભા) નો પ્રમુખ હતો. એવું કહેવાય છે કે તે યરૂશાલેમના નાશ પહેલાં અરાઢ વર્ષ પર મરણ પામ્યો. જ્યારે પ્રેરિતો ઉપર ખ્રીસ્તના પુનરૂત્થાન વિષે શીખવવાનું તહોમત મુકી તેમને સાનેદ્રીમ સભા આગળ ઉભા કીધા, ત્યારે ગમાલીએલે સભાને બહુ સારો બોધ અને ચેતવણી આપીને તેમને મુક્ત કીધા. ગમાલીએલના એ પ્રસંગને લગતા શબ્દો શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. "ઓ ઇસ્રાએલી માણસો, આ માણસોને તમે જે કરવાના છો તે વિષે સાવચેત રહો. ......જો એ મત અથવા એ કામ માણસોથી હશે તો તે ઉથલી પડશે, પણ જો દેવથી હશે તો તમારાથી તેઓ ઉથલાવી નંખાશે નહિ; નહિ તો કદાપી તમે દેવની સામા પણ લડનારા માલમ પડશો" (પ્રે. કૃ. ૫; ૩૪–૪૦). પ્રેરિત પાઉલ ગમાલીએલના શિષ્યવર્ગમાંનો એક હતો (પ્રે. કૃ. ૨૨; ૩).

ગમાલ્લી = ઉંટનો ગોવાળ. મુસાએ યહોવાહના હુકમ મુજબ પારાનના અરણ્યથી કનાન દેશની જાસુસી કરવાને જે માણસો મોકલ્યાં તેમાં દાન કુળનો ગમાલ્લીનો પુત્ર આમ્મીએલ એક હતો (ગણ. ૧૩; ૧૨).

ગમોરાહ = નષ્ટ થવું, ડુબી જવું. સિદીમની સપાટીનાં પાંચ શહેરોમાંનું એક હતું, કે જે શહેરોનો નાશ આગ તથા ગંધકથી થયો હતો (ઉત્પ. ૧૦; ૧૯: ૧૩; ૧૦: ૧૯; ૨૪, ૨૮: ૧૪; ૨–૧૧: ૧૮; ૨૦. પુન. ૨૯; ૨૩: ૩૨; ૩૨. યશા. ૧; ૯, ૧૦: ૧૩; ૧૯. યિર્મે. ૨૩; ૧૪: ૪૯; ૧૮: ૫૦; ૪૦. આમો. ૪; ૧૧. સફ. ૨; ૯. માત્થી ૧૦; ૧૫. માર્ક. ૬; ૧૧. રૂમી. ૯; ૨૯. ૨ પીત. ૨; ૬. યહુદા ૭). આ પાંચ શહેર ઘણું કરીને પાસે પાસે મૃત સમુદ્રની ઉત્તરગમ આવેલાં હતાં. આ શહેરની સાથે હમેશાં સદોમ શહેરનું નામ આવે છે, અને બન્ને શહેર અભક્તિ તથા દુષ્ટતાને માટે ચિન્હરૂપ છે (ઉત્પ. ૧૮; ૨૦. રૂમી. ૯; ૨૯). તેમના નાશ વિષે લખ્યું છે કે "થનાર અભક્તોને ઉદાહરણ આપવા સારૂ સદોમ તથા ગમોરાહ શહેરોને ભસ્મ કીધાં" (૨ પીત. ૨; ૬. યહુદા ૪-૭). તેઓની દુષ્ટાઇ કહેવતરૂપ ગણાય છે (પુન. ૩૨; ૩૨. યશા. ૧; ૯, ૧૦. યિર્મે. ૨૩; ૧૪. જુઓ મૃત સમુદ્ર).

ગરીઝીમ = અરણ્યવાસી. સમરૂન (સમારીઆ) માં આવેલો એક પહાડ છે. તે ભૂમધ્ય સમુદ્રની સપાટીથી ૩,૦૦૦ ફુટ ઉંચો છે. આ પહાડ અને તેની સામે આવેલો એબાલ પહાડ એ બન્નેની વચ્ચે એક ખીણ આવેલી છે. બંને પહાડનાં શિખરો એક બીજાથી બે મૈલને અંતરે આવેલાં છે (પુન. ૨૭. યહો. ૮; ૩૦–૩૫). આ પહાડો ઉપર ઇસ્રાએલીઓને શાપ તથા આશીર્વાદ વાંચી સંભળાવવામાં આવ્યા હતા. એબાલ પર્વત ઉપર છ કુળ અને ગરીઝીમ ઉપર છ કુળ એટલે શિમઓન, લેવી, યહુદાહ, યિસ્સાખાર યુસફ અને બિન્યામીન ઉભાં રહી અનાજ્ઞાંકિત ઉપર શાપ અને આજ્ઞાંકિત ઉપર આશીર્વાદના વચનો પર આમેન બોલતાં હતાં (પુન. ૨૭. યહો. ૮; ૩૦–૩૫). સમરૂની લોક આ પહાડને બહુ પવિત્ર માનતા હતા. જેમ યહુદી યરૂશાલેમને અને મુસલમાન મક્કાને તેમ સમરૂની ગરીઝીમને પવિત્ર માનતા હતા. તેઓ માનતા હતા કે આ પહાડ પર ઇબ્રાહીમે ઇસ્હાકનું અર્પણ કીધું, મેલ્ખીસેદેકે અહીં ઇબ્રાહીમને આશીર્વાદ આપ્યો, અને યાકુબે

અહીં વેદી બાંધી હતી. ઘણું કરીને આજ વખતે એટલે ઇસ્રાએલીઓ યરદન ઓળંગી આ જગ્યા પર આવ્યા ત્યારે તેઓએ યુસફનાં હાડકાં જે તેઓ સાથે લાવ્યા હતા તેને "જે જમીનનો કકરો યાકુબે શખેમના પિતા હમોરના પુત્રોના હાથથી સો રૂપીએ વેચાતો લીધો હતો" તેમાં દાટયાં (ઉત્પ. ૩૩; ૧૯: ૫૦; ૨૫). યુસેફસ ઇતિહાસકના બયાન પરથી જણાય છે કે, "સાન્બાલ્લાટે યરૂશાલેમના યહુદીઓની હરીફાઇ કરી સમરૂનીઓને સારૂ આ પર્વત ઉપર એક મંદિર બંધાવ્યું. આ મંદિર લગભગ ૨૦૦ વર્ષ સુધી ત્યાં રહ્યું, ત્યાર બાદ તેનો નાશ થયો, પણ ત્યાર પછી મહાન હેરોદે તેને ફરીને બંધાવ્યું." હાલ આ પહાડ ઉપર ઘણાંએક ખંડેરો જોવામાં આવે છે કે જેમાંના કેટલાંએક ખ્રીસ્તી બાંધણીઓનાં છે. આ પહાડ સંબંધે સમરૂની સ્ત્રી આપણા ત્રાતા સાથે વાત કરતી હતી (યોહા. ૪; ૨૦). હાલ આ સમરૂની કોમ ઘણી નબળી પડી ગઇ છે તોપણ પ્રભુ ઇસુની, સમરૂની સ્ત્રી સાથે કરેલી વાત નહિ સમજી, હજી સુધી તેઓ ગરીઝીમ પર્વત ઉપર યજ્ઞો ચઢાવે છે. આજ પર્વતના શિખર ઉપર ઉભા રહી યોથામે મોટે સાદે વૃક્ષોનું દ્રષ્ટાંત સર્વ માણસોને કહી સંભળાવ્યું હતું (ન્યાયા. ૯; ૭).

ગલગથા = ખોપરીની જગ્યા. જે જગ્યાએ આપણો પ્રભુ ઇસુ વધસ્તંભે જડાયો, તે જગ્યાનું હેબ્રી નામ ગલગથા છે. સુવાર્તિક તેને ખોપરીની જગ્યા કહે છે (માત્થી ૨૭; ૩૩. માર્ક ૧૫; ૨૧. યોહા. ૧૯; ૧૭). હેબ્રીમાં આ શબ્દ માથાને કે ખોપરીને માટે વપરાય છે (ગણ. ૧; ૨. ૧ કાળ. ૨૩; ૩, ૨૪. ૨ રા. ૯; ૩૫). શા કારણ માટે આ જગ્યાને ઉપલું નામ આપવામાં આવ્યું હશે તે સાફ માલમ પડતું નથી. કેટલાક ધારે છે કે આ જગ્યાએ ઘણાં માણસોને કાપી નાખવામાં આવતાં હતાં અને તેથી કરીને આ જગ્યા પર તેમનાં ખોપરાં ઘણાં પડ્યાં રહેતાં હતાં, તેથી આ જગ્યાને ઉપલું નામ આપવામાં આવ્યું હશે. પણ તે વાત પાયાદાર જણાતી નથી, કેમકે યહુદી લોકમાંનો જો કોઇ હાડકાંને અડકે તો સાત દિવસ સુધી તે અશુદ્ધ ગણાતો હતો (ગણ. ૧૯; ૧૬). એ કારણ માટે તેઓ કોઇ પણ લાસને એકદમ દાટી દેતા હતા. બીજા કેટલાક ધારે છે કે આ જગ્યા પોતે માણસની ખોપરીના આકારની હતી તે કારણ માટે તેને એ નામ આપવામાં આવ્યું છે, અને તે વાત માન્ય કરવા જેવી દેખાય છે. આ જગ્યા દરવાજા બહાર (હેબ્રી. ૧૩; ૧૨) અને શહેર પાસે હતી (લુક. ૨૩; ૨૬). વળી તેની પાસે વાડી હતી (યોહા. ૧૯; ૪૧). હાલ તે જગ્યા પર મંદિર બાંધવામાં આવ્યું છે; પણ તે ખાત્રીની વાત નથી કે આ મંદિર તે તેજ જગ્યા ઉપર છે કે જ્યાં પ્રભુ ઇસુ વધસ્તંભે જડાયો. કોન્સ્ટાન્ટીન બાદશાહની મા હેલેનાએ આ જગ્યાની શોધ કરી ત્યાં ઇ. સ. ૩૩૫ માં એક મંદિર બંધાવ્યું હતું, પણ હાલનું મંદિર તેણીનું બંધાવેલું મંદિર નથી. મંદિર અને ઇસુની કબરને લગતી ઘણીએક દંતકથા અને વહેમની વાતો હાલ સુધી ત્યાં ચાલે છે, પણ તેનું બયાન કરવું અત્રે જરૂરનું જણાતું નથી.

ગલાતીઆ = ગાલ લોકનો દેશ. ઇ.સ.પૂ. ચોથા સૈકામાં ફ્રાન્સ દેશમાંથી કેટલાંક માણસોએ નીકળીને ઇટાલી દેશ ઉપર હુમલો કર્યો અને રૂમ શહેર તેમણે જીતી લીધું, અને ત્યાર પછી ઇ. સ. પૂ. ત્રીજા સૈકામાં તેજ ગાલ લોકે ત્યાંથી નીકળીને ગ્રીસ દેશના ઉત્તર ભાગ અને એશિયામૈનર ઉપર ધસારો કર્યો, અને તેઓમાંના કેટલાએક હેલેસપાન્ટ ઓળંગીને એશિયામૈનરનો ઉત્તર ભાગ લૂટવા લાગ્યા; પણ છેવટે તેઓ ત્યાંજ રોકાયા, અને જે દેશમાં તેઓ વસ્યા તેનું નામ ગલાતીઆ પાડયું. ઘણું કરીને કેલ્ટી અને ગાલી તેઓ એક ને એકજ લોક છે. આ ગાલી લોકનો વસાવેલો દેશ ૨૦૦ મૈલ લાંબો

હતો અને તેમાં મુખ્ય ત્રણ કુળ રહેતાં હતાં. સદરહુ લોકો એશિયામૈનરમાં રહેવા લાગ્યા, અને ત્યાંના સરદારોની પાસે સીપાઇગીરી લીધી. ઇ. સ. પૂ. ૧૮૯ માં આ લોકો રૂમી સરકારને તાબે થયા, અને તેમનો રાજા નિઃસંતાન થવાથી આખરે આ પ્રાંત રૂમી રાજ્યનો એક પ્રાંત થયો, (ઇ. સ. પૂ. ૨૫). વેપારી લોકના કાફલા આ પ્રાંતમાં થઇને જતા આવતા હતા, માટે વેપાર કરવા સારૂ ઘણાએક યહુદીઓ પણ ત્યાં આવીને વસ્યા હતા, માટે આ દેશમાં રહેનારા લોક મિશ્ર હતા. જેમકે, અસલ યુનાની, ગાલી, રૂમી તથા યહુદી. ગાલી કે કેલ્ટી લોકનો સ્વભાવ આવેશી અને ભાવિક હતો. પાઉલ પોતાની બીજી મુસાફરીમાં (ઇ.સ. ૫૨) સીલાસ તથા તીમોથીને સાથે લઇને અહીં આવ્યો હતો (પ્રે. કૃ. ૧૬ ; ૬), અને અહીં મંદવાડને લીધે કેટલોક વખત રોકાયો હતો ; દરમિયાનમાં પાઉલને સુવાર્તા સંભળાવવાનો સારો પ્રસંગ મળ્યો હતો. આ વખતે તેઓએ પાઉલનો બહુ સારો આવકાર કીધો (ગલા. ૪; ૧૩, ૧૫); પણ બીજે વખતે જ્યારે પોતાની ત્રીજી મુસાફરીમાં અહીં આવ્યો ત્યારે એઓમાંના કેટલાએકનાં મન બદલાઇ ગયાં હતાં, અને અત્રે સ્થાપેલી પાઉલની મંડળી ઘણી જોખમમાં આવી ગઇ હતી (ગલા. ૫; ૨૧).

ગલાતીઓને પત્ર—આ પત્ર કેટલાક ધારે છે કે ગલાતીઆ પ્રાંતના ઉત્તર ભાગને, જેને કેલ્ટી-ગલાતીઆ કહે છે તેના ઉપર આ પત્ર લખવામાં આવ્યો, પરંતુ બીજા કેટલાકનો મત જુદો છે. તેઓ કહે છે કે અસલ ગલાતીઆ પ્રાંતના દક્ષિણ ભાગમાં જે ચાર મંડળીઓ, એટલે અંત્યોખ, ઇકોની, લુસ્ત્રા અને દેરબે પાઉલે સ્થાપી હતી, તે ચારે મંડળીઓ પર આ પત્ર લખાયો છે. પાઉલે ઘણું કરીને અંત્યોખથી આ પત્ર લખ્યો છે. યહુદી મત તરફ વળણ રાખનારા કેટલાએક બોધકોએ આ મંડળીઓમાં આવીને એવું સમજાવ્યું કે પાઉલ કંઇ મુખ્ય પ્રેરિત નથી, અને મુસાનું નિયમશાસ્ત્ર અવશ્ય પાળવું જોઇએ; નહિ તો તારણ નથી (જુઓ ૩; ૧-૩ : ૪; ૧૦, ૧૧ : ૫; ૨-૪, ૭, ૧૨ : ૬; ૧૨, ૧૩). ઉપલી બીના જ્યારે પાઉલના સાંભળવામાં આવી ત્યારે તેણે પત્ર લખીને ઉપલા લોકને જવાબ આપતાં પહેલા બે અધ્યાયમાં જણાવ્યું કે મારૂં પ્રેરિતપદ તે ખરૂં છે. અ. ૩-૪. ઉદ્ધારનો ખરો માર્ગ જણાવે છે. અ. ૫-૬. કર્તવ્ય વિષે બોધ આપે છે. 'ગલાતીઆ' (પ્રે. કૃ. ૧૬; ૬ : ૧૮; ૨૩. ૧ કરીં. ૧૬; ૧. ગલ. ૧; ૨ : ૩; ૧. ૨ તીમો. ૪; ૧૦. ૧ પીત. ૧; ૧).

ગશૂર=પૂલ. તિબેરીઅસ સરોવર અને હેર્મોન પહાડની વચ્ચે આવેલા પ્રાંતને આ નામ આપવામાં આવેલું હતું. દાઉદનાં વખતમાં આ રાજ્યનો રાજા 'તાલ્માય' નામનો હતો (૨ શમૂ. ૧૫; ૮. ૧ કાળ. ૨; ૨૩). ગશૂરી લોકો ઘણું કરીને આર્ગોબના પહાડી મુલકના વતની હતા. હાલ તેને 'લેજા' કહે છે, જે બાશાનની ઇશાન કોણમાં આવેલ છે. ગશૂરના રહેવાસીઓને ગશૂરી કે ગશૂરીઓ કહે છે (પુન. ૩; ૧૪. યહો. ૧૨; ૫ : ૧૩; ૧૧-૧૩). આ લોકો ઇસ્રાએલીઓ સાથે મિત્રતાથી વર્તતા હતા. દાઉદનો દીકરો આબ્શાલોમ પોતાના ભાઇ આમ્નોનને મારી નાખીને આ દેશમાં નાસી ગયો હતો, કેમકે તેની માનો પિતા ત્યાં રહેતો હતો (૨ શમૂ. ૧૩; ૩૭ : ૧૪; ૨૩, ૩૨ : ૧૫; ૮. ૧ કાળ. ૨; ૨૩ : ૩; ૨). ગશૂરના રહેવાસીઓ શિવાય પાલેસ્તાઇનની દક્ષિણ-પશ્ચિમ સરહદ પર દેશની એક પુરાતન કોમને પણ એજ નામ આપવામાં આવ્યું છે (૧ શમૂ. ૨૭; ૮).

ગાઆલ=તિરસ્કાર. તેના પિતાનું નામ એબેદ હતું. તેણે શખેમનાં માણસો સાથે સંપ કરી અબીમેલેખની સામે બળવો ઉઠાવ્યો પણ અબીમેલેખે તેને હરાવ્યો (ન્યાય. ૯; ૨૬-

૪૬). એ શિવાય ગાઆલ વિષે આપણે કશું જાણતા નથી.

ગાઆશ = ધ્રુજવું. આ નામનો એક ડુંગર હતો. જેની ઉત્તરે યહોવાહના સેવક યહોશુઆને દાટવામાં આવ્યો હતો (યહો. ૨૪; ૩૦. ન્યા. ૨; ૯). આ ડુંગર એફ્રાઇમના પહાડી મુલકમાં આવેલો છે (૨ શમૂ. ૨૩; ૩. ૨ કાળ. ૧૧; ૩૨. જુઓ, તિમ્નાથ-સેરાહ).

ગાઝા કે ગાઝાહ = મજબુત. ગાઝાહનું હેબ્રી નામ અઝ્ઝાહ છે (૧ કાળ. ૭; ૨૮). દુનિયાનાં પુરાતન શહેરોમાંનું ગાઝાહ તે એક છે (ઉત્પ. ૧૦; ૧૯. યહો. ૧૫; ૪૭). પલિસ્તીઓનાં પાંચ નગરોમાંનું સૌથી જાણવાજોગ પ્રસિદ્ધ નગર આ હતું (૧ શમૂ. ૬; ૧૭). તે ભૂમધ્ય સમુદ્રના કિનારા પર મિસર દેશની સાથેના વેપાર રોજગારનું મુખ્ય બંદર હતું. આ શહેરના પુરાતન વતનીઓ આવ્વીઓ કે હિવ્વીઓ હતા (પુન. ૨; ૨૩). તેઓ કનાનવંશીઓ હતા (ઉત્પ. ૧૦; ૧૭). તેમનો કાફ્તોરીઓ નામની એક પલિસ્તી કોમે આવીને નાશ કીધો, અને તેમનો દેશ લઇને ત્યાં પોતે વસ્યા. આ શહેર કનાન દેશની વહેંચણીમાં યહુદાહના ભાગમાં આવ્યું હતું (યહો ૧૫; ૪૭. ન્યાય. ૧; ૧૮). આજ શહેરના દરવાજા શામશૂન પોતાની ખાંધ પર મુકીને નાસી ગયો હતો (ન્યાય. ૧૬; ૧–૩). વળી આજ શહેરમાં શામશૂનની આંખો ફોડીને તથા પિત્તળની બેડીઓ તેના પગમાં પહેરાવીને બંદીખાનામાં નાખી, દળવાનું કામ સોંપ્યું હતું (ન્યાય. ૧૬). આજ કાલના મુસાફરો ત્યાંની ફરતી ઘંટીઓનો અવાજ સાંભળીને શામશૂનની વાત યાદ કરે છે! આજ શહેરમાં પલિસ્તીઓના દાગોન દેવતાનું મોટું મંદિર હતું. ત્યાં એક વખતે તમાશો કરી શામશૂનને બોલાવવામાં આવ્યો, જ્યાં 'પલિસ્તીઓના સર્વ સરદારો' તથા તમાશો જોનાર સ્ત્રી પુરૂષ મળી આસરે ત્રણ હજાર માણસ હાજર હતા. આ વખતે શામશૂને ઇશ્વર પાસે બળ માગી જે બે થાંભલા ઉપર આ મોટી ઇમારતનો આધાર હતો, તે થાંભલા બન્ને હાથે ઝાલી હલાવ્યા, અને એમ કરતાં આ ગંજાવર ઇમારત તુટી પડી અને શામશૂન સાથે સર્વ પલિસ્તીઓ ચગદાઇને મરણ પામ્યા (ન્યા. ૧૬; ૨૧–૨૩). ભવિષ્યવાદીઓનું આ શહેર વિરૂદ્ધ ભવિષ્ય કહેવામાં આવ્યું છે (યિર્મે. ૨૫; ૨૦: ૪૭; ૫. આમો. ૧; ૬, ૭. સફ. ૨; ૪). પ્રે. કૃ. ૮; ૨૬ માં આ શહેરને લગતી એક વાત આવે છે. પ્રભુના દૂતે ફિલીપને કહ્યું કે, "યરૂશાલેમથી ગાઝાહમાં જવાય છે, તે માર્ગે દક્ષિણની ગમ તું ઉઠીને જા, તે રાન છે." હવે દૂતે જે રાન વિષે વાત કરી તે કયું રાન હશે? ખરી વાત કે તે વખતમાં ગાઝાહ લડાઇઓના સબબથી વેરાન જેવું થયું હતું, પણ યરૂશાલેમથી ગાઝાહ જવાના બે રસ્તા હતા. એક રસ્તો હેબ્રોન આગળથી જતો હતો, અને તે રાનનો રસ્તો હતો. આ રસ્તો ગાડીઓ જવાને સારો હતો, અને તેથી આ સડકે થઇને હબસી ખોજો જતો હશે, માટે દૂતે ફિલીપને એ રસ્તો બતાવ્યો. બીજો એક રસ્તો હતો, જે 'રામલેહ' આગળ થઇ જતો હતો. ચાર હજાર વર્ષથી આ શહેર (ઉત્પ. ૧૦; ૧૯) નામવાર ગણાય છે. ઘણીએક લડાઇઓના સબબે તેને નુકસાન પહોંચ્યું છે, તો પણ હાલ યરૂશાલેમથી મોટું ગણાય છે. તેનું હાલનું નામ 'ઘુઝ્ઝેહ' છે. તેમાં હાલ આસરે દશ હજાર માણસની વસ્તી છે, ને વસ્તીમાંનો ઘણો ભાગ મુસલમાની લોકનો છે. ગાઝાહની જમીન ફળદ્રુપ ગણાય છે. આસપાસનાં ખેતરોમાં બાગબગીચા ઘણા જોવામાં આવે છે. વિશેષે કરીને શહેરમાં જૈતવૃક્ષો ઘણાં જોવામાં આવે છે. લોકો જૈતુનનું તેલ કાઢી સાબુ બનાવે છે, અને તેની ઘણી ખપત થાય છે. શાસ્ત્રમાં આ શહેરના લોકને ગાઝ્ઝીઓ કહે છે (યહો. ૧૩; ૩. ન્યાયા. ૧૬; ૨).

ગાઝેઝ = ઉન કાતરનાર. કાલેબની ઉપપત્ની

એફાહને પેટે ત્રણુ પુત્ર થયા તેમાંનો એક ગઝેઝ હતો (૧ કાળ. ૨ ; ૪૬).

ગાઝઝામ = ખાઇ જનાર. નથીનીમ પુત્રોમાંનો એક (એઝ. ૨ ; ૪૮. નહે. ૭; ૫૧).

ગાડરેનો = ગાડરાના રહેવાસીઓ. ગાલીલ સમુદ્રની પૂર્વમાં આ નામનો એક દેશ આવેલો છે. આ દેશનું નામ, મુલકમાં આવેલા એક ગાડેરા નામના મુખ્ય શહેર ઉપરથી પડેલું છે. આ શહેર પેરિયા નામના રૂમી પ્રાંતનું મુખ્ય શહેર છે, જે ગાલીલ સમુદ્રની અગ્નિકોણુમાં ૭ મૈલ દૂર પહાડના એક શિખર પર આવેલું હતું. રિકથીઓપોલીસ અને તિબેરીયસ નામનાં પ્રખ્યાત શહેર ગાડેરાથી ૧૬ મૈલ દૂર આવેલાં હતાં. ગાડેરા શહેરથી ત્રણુ મૈલ દૂર ગરમ પાણીનો એક કુંડ આવેલો હતો, જેમાં બિમારો ન્હાતા હતા. આજ કાલ આ શહેરમાં જે માણુસો વસે છે તેઓ ખડકમાં ખોદી કાઢેલી કબરોમાં વાસો કરે છે. પ્રભુ ઇસુના વખતથી આજ સુધી ત્યાંની એવી કબરો મશહૂર છે. આ કબરો સફેત ચુનાના પહાડની ધારોમાં ખોદી કાઢેલી છે, કેટલીક કબરો ૨૦ ફુટ પહોળી માલમ પડે છે. ત્યાંના લોકો કેટલાક ગાંડા જેવા જણુાય છે. પ્રભુ ઇસુ ખ્રીસ્ત આવા લોકો પાસે ગયો હતો, અને ત્યાં બે ભૂત વળગેલા માણુસો કબરોમાંથી નીકળી આવ્યા જેમને પ્રભુ ઇસુએ સારા કીધા (માત્થી ૫ ; ૨૮-૩૪). સુવાર્ત્તિક માત્થી બે ભૂત વળગેલાની વાત કરે છે, પણુ માર્ક તથા લુક (માર્ક ૫ ; ૧-૨૦. લુક ૮ ; ૨૬-૪૦.) એવા એક માણુસની વાત કરે છે. પણુ ખરી રીતે જોઇએ તો એવા બે માણુસ હતા. પણુ એ બેમાંથી જે વધારે પ્રસિદ્ધ અને વધારે બિમાર હતો, તેની વાત કેવળ માર્ક તથા લુક કરે છે. પણુ તેથી ઉલટું માત્થી તે બંને માણુસની વાત નોંધે છે. ધર્મપિતૃ ઓરીજનના કહેવાથી માલમ પડે છે કે ગરગસા નામે એક શહેર ઉપલા દેશમાં હતું, જે પરથી આ દેશને ગરગસાનો દેશ પણુ કહેતા હતા. ગાડેરાનું હાલનું નામ 'ઊમકેઇસ' છે, અને હજી સુધી ત્યાંના લોક કબરોમાં રહે છે, જેથી મુસાફરોને ઉપલો દેખાવ બીહામણો લાગે છે.

ગાતામ (ઉત્પ. ૩૬; ૧૧, ૧૬. ૧ કાળ. ૧ ; ૩૬). સેઇર પહાડના અદોમ લોકનો પૂર્વજ એસાવ હતો, તેનો પુત્ર અલીફાજ, તેના પુત્રનું નામ ગાતામ હતું. ગાતામની દાદીનું નામ આદાહ હતું.

ગાથ = દ્રાક્ષકુંડ. પલિસ્તીઓનાં પાંચ મુખ્ય શહેરોમાંનું એક હતું (યહો. ૧૩ ; ૩ : ૧૧ ; ૨૨). યહોવાહનો કોષ આશ્દોદથી આ શહેરમાં લાવ્યા અને તેથી કરીને શહેરનો મોટો સંહાર થયો (૧ શમૂ. ૫ ; ૮, ૯ : ૬ ; ૧૭ : ૭; ૧૪). પલિસ્તી મહાવીર ગોલ્યાથ આ શહેરમાં જન્મ્યો હતો (૧ શમૂ. ૧૭; ૪. ૨ શમૂ. ૨૧ ; ૨૦, ૨૨. ૧ કાળ. ૨૦; ૬, ૮). વળી દાઉદ જ્યારે શાઉલની બીકથી નાસતો હતો ત્યારે ગાથના રાજા આખીશ પાસે તે ગયો હતો, અને તેણે દાઉદ ઉપર મહેરબાની કરી સિક્લાગ ગામ તેને આપ્યું (૧ શમૂ. ૨૧ ; ૧૦-૧૫). ત્યાર પછી દાઉદે આ શહેર પલિસ્તીઓ પાસેથી લઇ લીધું (૧ કાળ ૧૮; ૧). રાજા ઉઝ્ઝીયાહે લડાઇમાં આ શહેરનો કોટ પાડી નાખ્યો હતો (૨ કાળ. ૨૬ ; ૬). પાછલા ભવિષ્યવાદીઓનાં જમાનામાં આ શહેર તદન નષ્ટ થયું હતું એમ લાગે છે, કેમકે તેઓ પલિસ્તીઓના બીજાં શહેરોનું બ્યાન કરતાં આ શહેર પડતું મુકે છે (સફ. ૨ ; ૪. ઝખ. ૯ ; ૫, ૬). શિમઇના બે દાસો ગાથમાં ગયા હતા, તેમને પાછા લેવા માટે શિમઇ આજ્ઞા તોડીને યરૂશાલેમની બહાર ગયો, તેથી કતલ થયો હતો (૧ રા. ૨ ; ૩૮-૪૬). ગાથ અહીં સુધી વેરાન થઇ ગયું કે હાલ તેની જગ્યા શોધી કાઢવી તે બહુ મુશ્કેલ છે ; પણુ બારીક તપાસ કરતાં માલમ પડે છે કે આશ્દોદ તથા એક્રોનથી દસ મૈલ દૂર એક પહાડ ઉપર કેટલાંક ખંડેરો માલમ પડે છે તે પુરાતન

ગાથ હશે એવું ધારે છે. આ શહેર પલિસ્તીઓનાં બીજાં શહેરોની માતા સમાન હતું, અને તે કારણ માટે ૨ શમૂ. ૮; ૧ માં તેને 'મેથેગ-આમ્માહ' કહે છે. ગાથ (૨ કાળ. ૨૬; ૬. ૨ શમૂ. ૧; ૨૦: ૧૫; ૧૮. ૧ કાળ. ૭; ૨૧: ૮; ૧૩. ૨ કાળ. ૧૧; ૮. ગીતશા. ૫૬ નું મથાળું. આમો. ૬; ૨. મીખા. ૧; ૧૦. જુઓ મેથેગ-આમ્માહ).

ગાથ-રિમ્મોન = અનારનો કુંડ. (૧) દાન કુળમાં આવેલું લેવીઓનું એક શહેર હતું (યહો. ૧૯; ૪૫: ૨૧; ૨૪. ૧ કાળ. ૬; ૬૯). (૨) આજ નામનું એક બીજું શહેર યરદન નદીના પશ્ચિમ કિનારા પર મનાશ્શેહના ભાગમાં આવેલું હતું (યહો. ૨૧; ૨૫). ૧ કાળ. ૬; ૭૦ માં આ શહેરને બિલઆમ કહે છે. આ પરથી કેટલાક વિદ્વાનો એવું ધારે છે કે, યહો. ૨૧; ૨૪ માં ગાથ-રિમ્મોન આવે છે, તે જોઇને નકલ કરનારાઓએ કલમ ૨૫ માં બિલઆમને બદલે ગાથ-રિમ્મોન ઉતાર્યું છે.

ગાથ-હેફેર = ડુંગરનો કુંડ. નીચલા ગાલીલનું એક શહેર હતું તે નાઝારેથથી ૫ મૈલ દૂર આવેલું હતું (યહો. ૧૯; ૧૩). ભવિષ્યવાદી યૂનાની આ જન્મભૂમિ હતી (૨ રા. ૧૪; ૨૫). હાલના વખતમાં 'એલ-મેસહદ' નામનું એક ગામ છે, તેને ખ્રીસ્તી લોક તેમજ મુસલમાની લોક યૂનાનું શહેર સમજે છે. વળી આ ગામમાં એક કબર છે જે યૂનાના નામથી ઓળખાય છે.

ગાદ = સૌભાગ્ય, સંગ. (૧) લેઆહની દાસી ઝિલ્પાહને પેટે જન્મેલો, યાકુબનો સાતમો પુત્ર, આશેર તેનો સગો ભાઇ થાય (ઉત્પ. ૩૦; ૧૧-૧૩: ૪૬; ૧૬, ૧૮). ગાદ સંબંધી માત્ર એટલું વર્ણન કરેલું છે કે જ્યારે યુસફ પોતાના ભાઇઓ સાથે ટોળાં ચરાવતો હતો, ત્યારે તેઓનાં ભુંડાં કામોની ખબર યુસફે પોતાના પિતા યાકુબને આપી (ઉત્પ. ૩૭; ૨). પછી જ્યારે યાકુબના ઘરનાં સઘળાં મિસર દેશમાં આવ્યાં ત્યારે ગાદને સાત પુત્ર હતા (ઉત્પ. ૪૬; ૧૬). **ગાદકુળ**–જ્યારે ઇસ્રાએલીઓ મિસર દેશમાંથી નીકળ્યા ત્યારે ગાદ કુળની વસ્તી ૪૫,૬૫૦ ની હતી (ગણ. ૧; ૨૫). વળી ફરીને જ્યારે મોઆબના અરણ્યમાં યરદન નદીને કાંઠે યરેખોની પાસે યુદ્ધમાં જવાને જેઓ શક્તિવાન હતા તેમની ગણના થઇ, તે વખતે આ કુળમાં ૪૦,૫૦૦ માણસ થયાં. અરણ્યમાં કૂચ કરતાં છાવણીમાં તેમની જગ્યા રેઉબેન તથા શિમઓનની સાથે કોષની દક્ષિણગમ હતી (ગણ. ૨; ૧૦, ૧૪). તેમના કુળનો સરદાર એલ્યાસાફ હતો. કનાન દેશની જાસુસી કરવાને દરેક કુળમાંથી એક એકને મોકલવામાં આવ્યો, ત્યારે આ કુળમાંથી ગેઉએલને પસંદ કરવામાં આવ્યો હતો (ગણ. ૧૩; ૧૫). યરદન નદી ઓળંગતાં રેઉબેન તથા ગાદ કુળના લોકે યાઝેરનો તથા ગિલઆદનો દેશ જે ચારાને માટે સારો હતો તે દેશની માગણી મુસા પાસે કીધી. પ્રથમ મુસાએ ના કહ્યું, પણ પછી તેમની હઠને લીધે તે જગ્યા તેમને આપી. તેથી તેઓ યરદનની પૂર્વમાં રહ્યા અને પોતાને સારૂ વતન કીધું (ગણ. ૩૨). પણ લડાઇ કરવાને પ્રત્યેક શસ્ત્રસજીત યરદનની પેલે પાર જાય એવો ઠરાવ થયો. **તેમનું વતન**–ગિલઆદના પહાડી મુલકનો અર્ધો ભાગ વહેંચણીમાં ગાદ કુળને મળ્યો (પુન. ૩; ૧૨). તેની સિમા પૂર્વે અરબી અરણ્ય, પશ્ચિમે યરદન નદી, ઉત્તરે યબ્બૂક નાળું અને દક્ષિણે મનાશ્શેહનો ભાગ. એ પ્રમાણે યરદન નદીની આખી ખીણ ઠેઠ ગાલીલ સમુદ્ર સુધી આ ભાગમાં આવેલી હતી. ગાદ કુળના લોકને ગાદીઓ કહે છે. આ કુળના લોકો બહુ જોરાવર (પુન. ૩; ૧૨) અને લડવૈયા હતા. તેઓ "શૂરવીર તથા યુદ્ધને સારૂ કેળવાયલા ને ઢાલ તથા ભાલા વાપરી શકે એવા, ને સિંહનાં મ્હો જેવા મુખવાળા, ને પર્વત પરના હરણો જેવા ચપળ પુરૂષો હતા (૧ કાળ. ૧૨; ૮: ૫; ૧૯-૨૨). બાર્ઝિલ્લાય (૨ શમૂ. ૧૭;

૨૭), એલીયાહ (૧ રાજા. ૧૭; ૧), અને બીજા કેટલાક પ્રસિદ્ધ પુરૂષો આ કોમના હતા. જે વખતે બીજાં ઉત્તરના રાજ્યનાં કુળ બંદીપ્રવાસમાં ગયાં, તેજ વખતે આ કુળને પણ તિગ્લાથ-પિલ્નેસેર આશ્શૂર લઇ ગયો (૧ કાળ. ૫; ૨૬). યિર્મેયાહ ભવિષ્યવાદીના વખતમાં ગાદ કુળના વતનમાં આમ્મોનપુત્રો વસતા હતા (યિર્મે. ૪૯; ૧). ગાદ કુળનાં મુખ્ય નગરો, રામોથ-ગિલઆદ (આશ્રય-નગર), માહનાઇમ, પનીએલ અને સુક્કોથ હતા. ગાદ (ઉત્પ. ૩૦; ૧૧. પુન. ૪; ૪૩. યહો. ૨૦; ૮: ૨૧; ૩૮. ૧ કાળ. ૫; ૧૧-૧૭: ૧૨; ૮-૧૪. ૨ શમૂ. ૨૩; ૩૬: ૨૪; ૫. ૧ શમૂ. ૧૩; ૭. યિર્મે. ૪૯; ૧). ગાદીઓ (પુન. ૩; ૧૨. ગણ. ૩૨: ૩૪; ૧૪. પુન. ૩; ૧૨-૨૦: ૨૯; ૮. યહો. ૧; ૧૨-૧૮: ૪; ૧૨: ૧૨; ૧-૬: ૧૩; ૮-૧૨. યહો. ૨૨. ૧ કાળ. ૫; ૧૮: ૨૬-૩૨. બંદિપ્રવાસ ૨ રા. ૧૦; ૩૩. ૧ કાળ. ૫; ૨૬. ૨ રાજા. ૧૫; ૨૯: ૧૭; ૬). (૨) આ નામનો એક ભવિષ્યવાદી હતો, તે ખાસ દાઉદને સલાહ આપનાર હતો. તેની સલાહથી દાઉદ શાઉલથી નાસતો હતો ત્યારે હેરેથ વનમાં ગયો (૧ શમૂ, ૨૨; ૫). ત્યાર પછી ઘણાએક વર્ષે ફરી ગાદની વાત, વસ્તીની ગણનામાં દાઉદે પાપ કીધું તે સંબંધે આવે છે (૨ શમૂ. ૨૪; ૧૧-૧૯. ૧ કાળ. ૨૧; ૯-૧૯). ગાદ રાજાનો ભવિષ્ય-દર્શક હતો (૨ શમૂ. ૨૪; ૧૧. ૧ કાળ. ૨૯; ૨૯), અને યહોવાહના ઘરમાં ગાયનની રચના કરવામાં તેણે મદદ કીધી હતી (૧ કાળ. ૨૯; ૨૫).

ગાદી = ભાગ્યશાળી. (૧) બાર જાસુસોમાંનો એક, મનાશ્શેહ કુળનો સૂસીનો પુત્ર (ગણ. ૧૩; ૧૧), (૨) ઇસ્રાએલી રાજા મનાહેમ જેણે સમરૂનમાં ૧૦ વર્ષ રાજ્ય કર્યું તેના પિતાનું નામ (૨ રાજા. ૧૫; ૧૪).

ગાદીએલ = નસીબ. બાર જાસુસોમાંનો એક, ઝબુલૂનના કુળમાંનો સોદીનો પુત્ર. આ જાસુસોને મુસાએ પારાનના અરણ્યથી મોકલ્યા હતા (ગણ. ૧૩; ૧૦).

ગાબ્બાથા = ફરસબંદી. જે જગ્યા ઉપર પિલાતનું ન્યાયાસન હતું અને જ્યાં બેસીને પિલાતે ઇસુને વધસ્તંભે જડવાનો હુકમ કીધો હતો (યોહા. ૧૯; ૧૩, ૧૮-૨૮). આ જગ્યા ચબુતરાની માફક ઉંચી જગ્યા હતી કે જે ઘણું કરીને પ્રિતોરીયમની બહાર ઉઘાડી જગ્યામાં આવેલ હતી. એવું કહે છે કે જુલીઅસ કાઇસાર, આવી ફરસબંદી બાંધ-વાના પત્થરો દેશાવરથી લાવતો હતો, અને પોતાનાં ન્યાયાસન બંધાવતો હતો. અને એમ હોય કે પિલાતને વાસ્તે એવું એક ન્યાયાસન તેણે બંધાવી આપ્યું હશે, જેને હેબ્રી ભાષામાં 'ગાબ્બાથા' કહેતા હતા.

ગાબ્બાય = આગેવાન, હાકેમ. બંદીપ્રવાસ-માંથી પાછા આવ્યા બાદ પ્રાંતના જે આગેવાનો યરૂશાલેમમાં વસ્યા તેઓમાં ગાબ્બાય એક હતો (નહે. ૧૧; ૮).

ગાબ્રીએલ = દેવનો યોદ્ધા કે સરદાર. દાની-યેલને થએલા ઘેટાં તથા બકરાના સંદર્શનનો તેમજ સિત્તેર સપ્તાહનો ખુલાસો કરવાને પ્રભુએ તેને મોકલ્યો હતો (દાની. ૯; ૨૧-૨૭ અને ૮; ૧૬). વળી તે ઝખાર્યાહની પાસે યોહાન બાપ્તિસ્મા કરનારના જન્મ વિષે ખબર આપવા મોકલાયો કે જે વખતે તેનું નામ યોહાન પાડવામાં આવ્યું (લુક ૧; ૧૧). તેમજ એજ દૂત મરિયમ કુંવારીની પાસે પ્રભુ ઇસુના જન્મ વિષે ખબર આપવા મોકલાયો હતો (લુક ૧; ૨૬-૩૬). તે પોતેજ પોતા વિષે નીચેના શબ્દોમાં ખુલાસો આપે છે. "દેવની આગળ ઉભો રહેનાર જબ્રાઇલ હું છું" (લુક ૧; ૧૯).

ગામલીએલ = પ્રભુનું હિત. (૧) સિનાય પહાડની પાસે જ્યારે ઇસ્રાએલીઓની ગણના થઇ ત્યારે મનાશ્શેહ કુળનો બાપોના ઘરનો મુખ્ય ગામલીએલ હતો (ગણ. ૧; ૧૦: ૨; ૨૦: ૭; ૫૪, ૫૯: ૧૦; ૨૩). (૨) રાબ્બી શિમેઓનનો દીકરો અને પ્રખ્યાત

રાબી હિલેલનો પૌત્ર થાય. (જુઓ ગમાલીએલ).

ગામૂલ = ધાવણુ મુકાવેલું. દાઉદ રાજાના વખતમાં યાજકોમાંની વારાટોળીઓમાંની બાવીસમી વારાટોળીનો આગેવાન હતો (૧ કાળ. ૨૪; ૧૭).

ગામ્માદીઓ = શૂરવીર લડવૈયા. શૂરના કોટના બુરજોની સંરક્ષક ટુકડીને આ નામ આપવામાં આવ્યું હતું (હઝ. ૨૭; ૧૧).

ગાયસ = કાયસની ગ્રીક જોડણી. (૧) "માકેદોન્યાનો ગાયસ" (પ્રે. કૃ. ૧૯; ૨૯). પાઉલ જ્યારે ત્રીજી મુસાફરીમાં હતો ત્યારે તે પાઉલનો સાથી હતો, અને એફેસસ શહેરમાં હંગામો થયો ત્યારે પણ તે હાજર હતો. (૨) "કરીંથનો ગાયસ" (રૂમી. ૧૬; ૨૩. ૧ કરીં. ૧; ૧૪). પાઉલને તથા આખી મંડળીને તે પરોણા રાખનાર હતો. ઇ. સ. ૫૮ માં કરીંથ શહેરમાં રહીને પાઉલે રૂમીઓને પત્ર લખ્યો ત્યારે આ ગાયસને ત્યાં પાઉલ ઉતરેલો હતો. આ માણસનું તથા તેના ઘરનાંનું પાઉલે બાપ્તિસ્મા કીધું હતું (૧ કરીં. ૧; ૧૬). (૩) "દેરબેનો ગાયસ" (પ્રે. કૃ. ૨૦; ૪). પાઉલની યરૂશાલેમની ત્રીજી મુસાફરીમાં પાઉલ ગ્રીસ દેશથી નીકળ્યો તે પહેલાં દેરબેનો ગાયસ, તીમોથી તથા તેમની સાથે બીજા કેટલાએક ભાઇઓ ત્રોઆસમાં જઇને પાઉલનીવાટ જોતા હતા. (૪) "વહાલો ગાયસ," જેના ઉપર યોહાન પોતાનો ત્રીજો પત્ર લખે છે. બીજો તથા ત્રીજો ગાયસ તે કદાપી એકને એકજ માણસ હશે. પરંતુ રૂમી રાજ્યમાં ગાયસ નામ એવું સાધારણ હતું કે કદાપી આ ચારે નામ જુદા જુદા માણસનાં હોય. આ ચોથો ગાયસ પહેલા ત્રણમાંનો એક છે. ચોથા ગાયસ વિષે એક વાત જાણવા જોગ છે તે એ કે, ઇ. સ. ૩૫૦ માં "પ્રેરિતની ઠરાવેલી વ્યવસ્થા" નામનું એક પુસ્તક બહાર પાડયું છે, જેમાં લખ્યું છે કે પેરગામસ મંડળીનો પહેલો અધ્યક્ષ ગાયસ નામનો હતો. અને કદાચ એમ હોય કે તેજ ગાયસ ઉપર યોહાને પોતાનો ત્રીજો પત્ર લખ્યો હશે. પણ પત્ર વાંચતાં એમ દેખાય છે કે ગાયસ પદવીજન નહિ પણ સાધારણ મંડળીનો સભાસદ હતો.

ગારેબ = પોપડીવાળું. (૧) દાઉદના ૩૭ યોદ્ધાઓમાંનો એક (૨ શમૂ. ૨૩; ૩૮. ૧ કાળ. ૧૧; ૪૦). (૨) આ નામનો એક ડુંગર યરૂશાલેમની હદ બહાર આવેલો હતો, અને અહીં ઘણું કરીને કોઢીઆઓને રાખવામાં આવતા હતા.

ગાર્મી = જોરાવર (૧ કાળ. ૪; ૧૯).

ગાલાલ = આ નામના ત્રણ લેવીઓ હતા (૧ કાળ. ૯; ૧૫, ૧૬. નહે. ૧૧; ૧૭).

ગાલીઓ = આખાયાનો અધિકારી. તત્ત્વવેત્તા શેનેકાનો વડો ભાઇ હતો, કે જે સેનેકા કેટલોક વખત કાઇસાર નેરોનો શિક્ષક અને મંત્રી હતો. જ્યારે પાઉલ ફરતો ફરતો કરીંથ આવ્યો ત્યારે કાઇસાર ક્લાદિયસના વખતમાં તે આખાયા પ્રાંતનો સુબો હતો (પ્રે. કૃ. ૧૮; ૧૨-૧૭). આખાયા રૂમી રાજ્યનો મધ્ય પ્રાંત હતો, અને એવા પ્રાંતના અધિકારીને રૂમી રાજ્યમાં સુબો (પ્રોકોન્સલ) કહેતા હતા. ગાલીઓનું પહેલું નામ મારકસ આનિયસ હતું. તેના ભાઇ સેનેકાએ ગાલીઓના નામે એક પુસ્તક રચ્યું છે, જેમાં તેના મમતાળુ સ્વભાવ વિષે ઘણીક વાત લખેલી છે. તેનો ભાઇ તેનું બ્યાન કરતાં લખે છે કે આખાયાનાં હવાપાણી તેને માફક નહિ આવવાથી ગાલીઓએ પોતાની નોકરી મુકી દીધી. જ્યારે યહુદીઓ પાઉલને ગાલીઓ પાસે લાવ્યા, અને કહેવા લાગ્યા કે આ માણસ "દેવનું ભજન નિયમશાસ્ત્રથી ઉલટું કરવાનું લોકોને સમજાવે છે." ત્યારે ગાલીઓએ તેમનું કંઇ સાંભળ્યું નહિ, પણ "તેઓને ન્યાયાસન આગળથી કાઢી મુક્યા." તે વખતે યહુદીઓએ સોસ્થેનેસને પકડીને માર્યો. પણ લખ્યું છે કે ગાલીઓએ કંઇ ધ્યાન આપ્યું નહિ (પ્રે. કૃ. ૧૮; ૧૬).

ગાલીલ = ઘેરાવો. સુલેમાન રાજાએ હિરામને વીસ શહેરો આપ્યાં હતાં, તે દેશનું નામ પ્રથમ ગાલીલ હતું (૧ રા. ૯; ૧૧). પણ હીરામને તે બક્ષિસ ગમી નહિ, માટે તેણે તેનું નામ "કાબુલ" પાડયું, પણ પાછળથી એજ નામ મોટા પ્રાંતને લાગુ પડયું. ગાલીલમાં ફેનીકી, અરબ અને ગ્રીક લોકની વસ્તી ઘણી હતી. રૂમી રાજ્યના વખતમાં પાલેસ્ટાઇનના ત્રણ ભાગ પડ્યા, એટલે યહુદા, સમારીઆ અને ગાલીલ (પ્રે. કૃ ૯; ૩૧. લુક ૧૭; ૧૧), અને ત્રણેમાં ગાલીલ સહુથી મોટો ભાગ હતો. આ પ્રાંતમાં આશેર, નાફતાલી, ઝબુલૂન તથા યિસ્સાખારના પ્રદેશ હતા. ગાલીલની ઉત્તર સરહદ પર લીબનાન, દક્ષિણે સમારીઆના પહાડો, પૂર્વે યરદન નદી ને ગાલીલ સમુદ્ર, પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર આવેલો હતો. પુરાતન વખતમાં ગાલીલ દેશમાં ૨૪૦ શહેરો અને તે સિવાય બીજાં મોટાં આબાદ ગામો આવેલાં હતાં. ગાલીલના ઉત્તર ભાગમાં ફેનીકે, અરામી તથા અરબ લોકો રહેતા હતા તેથી તે ભાગને વિદેશીઓનું ગાલીલ કહેતા હતા (માત્થી ૪; ૬). ઉપલી વિદેશીઓની વસ્તીને લીધે આખા ગાલીલ તરફ યહુદીઓ તિરસ્કારની નજરે જોતા હતા (યોહા. ૧; ૪૬). એમની ભાષા પણ હલકા પ્રકારની હતી (માર્ક ૧૪; ૭૦). આ પ્રાંતમાં આવેલાં પ્રસિદ્ધ શહેરો કાપરનાહુમ, બેથસાયદા, ખોરાઝીન, માગદાલા, તીબેરીઅસ, કાના, નાઝારેથ અને નાઇન. ગાલીલ દેશ આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના સંબંધમાં પ્રખ્યાત ગણાય છે. અહીં પ્રભુ ઇસુ ખ્રીસ્ત ત્રીસ વર્ષ રહ્યો હતો. સંદર્શક ત્રણ સુવાર્તા (એટલે માત્થી, માર્ક તથા લુક) પ્રભુ ઇસુની ગાલીલમાં કરેલી ધર્મસેવા અને તેના જીવનચરિત્રથી ભરેલી છે. પ્રભુ ઇસુનાં કહેલાં દૃષ્ટાંતોમાંનાં ૧૯ સુંદર દષ્ટાંતો તથા કરેલા ચમત્કારોમાંથી ૨૫ ચમત્કારો તેણે આ પ્રાંતમાં રહીને કરેલા છે. તેનો પહેલો ચમત્કાર ગાલીલના કાનામાં કરવામાં આવ્યો. તેમજ છેલ્લો ચમત્કાર ગાલીલ સમુદ્રના કિનારા ઉપર કરવામાં આવ્યો (યોહા. ૨૧). અહીં રહીને તેણે પહાડ પરનું ભાષણ આપ્યું. વળી જીવનની રોટલી વિષે, શુદ્ધતા વિષે, માફી વિષે, નમ્રતા વિષે બોધ આપ્યો. અહીંથીજ તેણે પોતાના પહેલા શિષ્યોને બોલાવ્યા. નીકોદેમસની સાથે (યોહા. ૭; ૫૦-૫૩) શાસ્ત્રીઓ તથા ફરોશીઓએ વિવાદ કરતાં કહ્યું હતું કે, "શોધ કરીને જો, કેમકે કોઇ ભવિષ્યવાદી ગાલીલમાંથી ઉત્પન્ન થવાનો નથી." પણ ખરૂં જોતાં શાસ્ત્રીઓ અને ફરોશીઓની આ વાત ઇતિહાસિક પુરાવાથી ખોટી ઠરે છે, કેમકે યૂના અને એલીયાહ ભવિષ્યવાદી ગાલીલના હતા, એટલુંજ નહિ પણ નાહૂમ અને હોશીઆ કદાચ ગાલીલના હતા. ગાલીલ (યહો. ૨૦; ૭: ૨૧; ૩૨. ૧ કાળ. ૬; ૭૬. ૧ રાજા. ૯; ૧૧. યશા. ૯; ૧. વિ.). ગાલીલ (માત્થી ૪; ૧૫. ૨ રા. ૧૫; ૨૯). ઇસુ ગાલીલમાં ગયો (માત્થી ૨; ૨૨: ૩; ૧૩. લુક ૧; ૨૬: ૨; ૪, ૩૯). ગાલીલમાં કરેલી ધર્મસેવા (માત્થી ૪; ૧૨-૨૫: ૧૫; ૨૯: ૧૭; ૨૨: ૧૯; ૧: ૨૭; ૫૫. માર્ક ૧; ૩, ૭: ૭; ૩૧: ૯; ૩૦: ૧૫; ૪૧. લુક ૪; ૫, ૧૭: ૮; ૨૬: ૧૭; ૧૧: ૨૩; ૫, ૪૯, ૫૫: ૨૪; ૬. યોહા. ૧; ૪૩: ૨; ૪: ૬; ૧. પ્રે. કૃ. ૧૦; ૩૭). ઇસુ પુનરુત્થાન પછી ગાલીલમાં (માત્થી ૨૬; ૩૨: ૨૮; ૭-૧૬. માર્ક ૧૪; ૨૮: ૧૬; ૭. યોહા. ૨૧. પ્રે કૃ. ૧૩; ૩૧. ૧ કરીં. ૧૫; ૬. માત્થી ૨૧; ૧૧: ૨૬; ૬૯. માર્ક ૬; ૨૧. લુક ૩; ૧. યોહા. ૧૨; ૨૧. પ્રે. કૃ. ૧; ૧૧: ૫; ૩૭: ૯; ૩૧).

ગાલીલીઓ = ગાલીલના રહેવાસીઓ (લુક ૧૩; ૧. યોહા. ૪; ૪૫). ઇસુના શિષ્યો ગાલીલના કહેવાતા (માર્ક ૧૪; ૭૦. લુક ૨૨; ૫૯: ૨૩; ૬. પ્રે. કૃ. ૧; ૧૧: ૨; ૭).

ગાલીલનો સમુદ્ર (માત્થી ૪; ૧૮: ૧૫;

૨૯). પવિત્ર શાસ્ત્રમાં તેનાં બીજાં ત્રણ નામ આવે છે. (૧) કિન્નેરેથ (ગણ. ૩૪; ૧૧. યોહા. ૧૨; ૩: ૧૩; ૨૭). (૨) ગેન્નસારેત (લુક ૫; ૧). (૩) તીબેરીઅસ (યોહા. ૬; ૧: ૨૧; ૧). હાલના અરબ લોક તેને "બાર-તબારીયહ" કહે છે. સમુદ્ર ઉત્તર દક્ષિણ બાર મૈલ લાંબો, પૂર્વ પશ્ચિમ ચારથી સાત મૈલ પહોળો છે. તેની સપાટી ભૂમધ્ય સમુદ્રની સપાટીથી છસો બ્યાસી ફુટ નીચે છે. તેની ઉંડાઇ એંસીથી એકસો સાઠ ફુટ સુધીની છે. યરદન નદી પોતાનું મૂળ મુકી સાડી છવ્વીસ મૈલને અંતરે આ સમુદ્રમાં પડે છે. ભૂમધ્ય સમુદ્રના કિનારાથી સત્તાવીસ મૈલ દૂર અને યરૂશાલેમથી સાઠ મૈલ દૂર આ સમુદ્ર આવેલો છે. આપણા પ્રભુ ઇસુની જાહેર ધર્મ સેવાની વાત આ સમુદ્ર સાથે જોડાયલી છે. પ્રભુ ઇસુનું પોતાનું "નગર" એટલે કાપરનાહુમ આ સમુદ્રને કાંઠે આવેલું હતું (માત્થી ૯; ૧). આ સમુદ્રમાં સીમોન પીતર તથા તેનો ભાઇ આંદ્રીઆ, યાકુબ તથા તેનો ભાઇ યોહાન માછલાં પકડતા હતા, ત્યાંથી તેમનું તેડું થયું (માત્થી ૪; ૧૮. માર્ક ૧; ૧૬-૨૦. લુક ૫; ૧-૧૧). આ સમુદ્રમાં પ્રભુ ઇસુ શિષ્યો સાથે હોડીમાં હતો ત્યારે તોફાન થયું (માત્થી ૮; ૨૩-૨૭. માર્ક ૪; ૩૫-૪૧). પુનરૂત્થાન પછી આ સમુદ્રને કાંઠે તે શીષ્યોને મળ્યો. હાલ આ સમુદ્ર વેરાન જેવો દેખાય છે. તેને કિનારે જે જે આબાદ ગામો અને શહેરો આપણા તારનારના વખતે ગીચ વસ્તીથી ભરપૂર હતાં તેઓ નાશ પામ્યાં છે.

ગાલ્લીમ = ઢગલો. શાઉલના જમાઇ પાલ્ટીની વતનભૂમિ હતી. ઘણું કરીને આ જગ્યા યરૂશાલેમની ઉત્તરે બિન્યામીનના ભાગમાં આવેલી હતી (૧ શમૂ. ૨૫; ૪૪. યશા. ૧૦; ૩૦).

ગારમૂ = મજબૂત (?). યરૂશાલેમનો કોટ બાંધતાં નહેમ્યાહના જે શત્રુ તેમાં સાનબાલ્લાટ અને ટોબીયાહ તથા કેટલાએક અરબો હતા. ઉપલા અરબોમાંનો એક ગારમૂ હતો કે જે યહુદીઓ પર એવું તહોમત મુકતો હતો કે તેઓ દંગો કરવાનો મનસુબો કરે છે, ગારમૂ અને ગેશેમ (નહે. ૨; ૧૯: ૬; ૧, ૨) એ બંને એક ને એક માણસ હતો.

ગાહામ = સૂરજના તાપથી તપેલું. નાહોરની સ્ત્રી મિલ્કાહની દાસી રઉમાહના ચાર છોકરાંમાંનો એક ગાહામ હતો (ઉત્પ. ૨૨; ૨૪).

ગાહાર = સંતાઇ રહેવાની જગ્યા. નથીનીમના મુખ્ય પુરૂષોમાંનો એક હતો. તેના પુત્રો ઝરૂબ્બાબેલની સરદારી નીચે યરૂશાલેમમાં પાછાં આવ્યા (એઝ. ૨; ૪૭).

ગિત્તાઇમ = બે દ્રાક્ષકુંડ. આ નામનું એક શહેર હતું કે જે ઘણું કરીને બિન્યામીનના ભાગમાં આવેલું હતું. અહીં બએરોથીઓ નાસી આવીને વસ્યા હતા (૨ શમૂ. ૪; ૩. નહે. ૧૧; ૩૩).

ગિત્તીઓ = ગાથના રહેવાસી (યહો. ૧૩; ૩. ૨ શમૂ. ૬; ૧૦: ૧૫; ૧૮, ૧૯. ૧ કાળ. ૨૦; ૫).

ગિત્તીથ—એક જાતનો રાગ. દાઉદનાં ત્રણ ગીત ૮, ૮૧, ૮૪ ના મથાળા પર આ નામનો રાગ લખેલો છે. એનો અર્થ માત્ર એટલોજ છે કે ગિત્તી લોકના રાગ પ્રમાણે અથવા ગિત્તી લોકમાં ચાલતાં વાજા પ્રમાણે.

ગિદઓન = કાપી નાખનાર, શૂરવીર. ઇસ્રાએલી ન્યાયાધીશોમાંનો એક હતો (ન્યાયા. ૬; ૮). તેના બાપનું નામ યોઆશ હતું, ઓફ્રાહ તેનું વતન હતું (ન્યાયા. ૬; ૧૧). જ્યારે મિદ્યાનીઓ અને અમાલેકીઓ તથા પૂર્વ દીશાના લોકો તીડની માફક સંખ્યાબંધ યરદન ઓળંગીને દેશમાં વિનાશ કરવા લાગ્યા ત્યારે યહોવાહે પોતાના લોકો ઉપર મહેરબાની કરીને ગિદઓનને ઉભો કીધો, કે આ લોકને તેઓના શત્રુના હાથમાંથી છોડાવે. ન્યાયાધીશોના ઇતિહાસમાં બીજા જમાનાનો પહેલો ન્યાયાધીશ તે ગિદઓન હતો. તેનું બીજું નામ યરૂબ્બઆલ હતું (ન્યાયા. ૬; ૨૯, ૩૨). તેણે ૪૦ વર્ષ ઇસ્રાએલીઓનો ન્યાય કીધો.

દેખાવમાં તે રાજપુત્ર જેવો (ન્યાયા. ૭; ૧૮), તથા પરાક્રમી શૂરવિર લડવૈયો (ન્યાયા. ૬; ૧૨), અને વિશ્વાસુ (હેબ્રી. ૧૧; ૩૨) હતો. પ્રથમ તેણે યહોવાહના હુકમ મુજબ પોતાનાં દસ માણસો લઇ બઆલની યજ્ઞવેદી તોડી નાખી અને અશેરાહ મૂર્તિ કાપી નાખી, તેથી કરીને મોટી લડાઇ જાગી. આ લડાઇમાં મિદ્યાનીઓ અને અમાલેકીઓ તથા પૂર્વ તરફના લોકોએ પોતાની છાવણી હોરેબ પર્વત આગળ નાખી, અને ઇસ્રાએલીઓએ હારોદના ઝરા આગળ છાવણી નાખી. ઇસ્રાએલીઓ આ જીતથી ફુલાઇ ન જાય તે કારણ માટે બત્રીસ હજાર ફોજમાંથી બાવીસ હજાર ફોજ ગિલઆદ પર્વત આગળથી યહોવાહે પાછી વાળી, અને કેવળ દસ હજાર માણસ સાથે રહ્યાં. તેમાંથી પણ યહોવાહની આપેલી અજમાયશ પ્રમાણે જે લોકે પાણી હાથમાં લઇને લખલખાવ્યું તે કેવળ ત્રણસેં માણસો ગિદઓને સાથે લીધાં; અને મધ્ય રાત્રીના સમયમાં ફોજની ત્રણ ટુકડી બની ગિદઓનની ફોજે મિદ્યાનીઓને ઘેરી લીધા, અને દરેકે પોતાના હાથમાંનો ઘડો ફોડયો, રણશિંગડાં વગાડ્યાં, અને બૂમ પાડી કે, "યહોવાહની તથા ગિદઓનની જે." આ અકસ્માતથી મિદ્યાનીઓ પરસ્પર કપાઇ મુવા, ને તેઓની અગણીત ફોજ છતાં પુરો સંહાર થયો (૧ શમૂ. ૧૨; ૧૧. ગીત. ૮૩; ૧૧. યશા. ૯; ૪: ૧૦; ૨૬. હેબ્રી. ૧૧; ૩૨). તેમાં ઓરેબ તથા ઝએબ નામે બે મિદ્યાની સરદારો પકડાયા. તેમને (ઓરેબને તેજ નામના ખડક પાસે અને ઝયેબને તેજ નામના દ્રાક્ષકુંડ પાસે) મારી નાખ્યા. વળી મિદ્યાનના બે રાજાને પકડીને ગિદઓને મારી નાખ્યા. અને સુક્કોથ તથા પનુએલના રહેવાસીઓને શિક્ષા કીધી. ગિદઓન વૃદ્ધ ઉંમરનો થઇ પોતાની પાછળ સિત્તેર દીકરા મુકી મરી ગયો. તેને અબીએઝરીઓના ઓફ્રાહમાં પોતાના બાપ યોઆશની કબરમાં દાટયો (ન્યાયા. ૮; ૨૮, ૩૨). તેના મરણ પછી ઇસ્રાએલીઓ ફરીને યહોવાહને ભુલી જઇ બઆલની પૂજા કરવા લાગ્યા (ન્યાયા. ૮; ૩૫). આ સિત્તેર દીકરાઓમાંનો એક અબીમેલેખ હતો, તેણે ગિદઓન પછી ત્રણ વર્ષ સુધી ઇસ્રાએલીઓનો ન્યાય કીધો.

ગિદઓની = કાપી, પાડી નાખનાર. નિર્ગમનના વખતમાં બિન્યામીન કુળનો અધિપતિ અબિદાન હતો, જેને ગિદઓનીનો દીકરો કહે છે (ગણ. ૧; ૧૧: ૨; ૨૨). વળી ન્યાયા. ૨૦; ૪૫ પરથી જણાય છે કે આ નામની એક જગ્યા પણ હતી.

ગિન્નથોન = બગીચો (નહે. ૧૨; ૬, ૧૬).

ગિન્નથોય = વાડી. (નહે. ૧૨; ૪).

ગિબઆ = ટેકરી. કાલેબની ઉપપત્ની માઅખાને પેટે ઘણાંક છોકરાં થયાં તેમાં એક ગિબઆનો બાપ હતો (૧ કાળ. ૨; ૪૯).

ગિબઆથ = ડુંગર. એફ્રાઇમના પહાડી મુલકમાં આવેલું એક શહેર હતું. ઘણું કરીને આ શહેર અને ગિબઆહ તે એક ને એકજ હશે (યહો. ૧૮; ૨૮).

ગિબઆહ = પહાડી. (૧) આ બિન્યામીની શહેર (૧ શમૂ. ૧૩; ૨૫) રામાહની દક્ષિણે અને અનાથોથની ઉત્તરે યરૂશાલેમથી આશરે ચાર મૈલ દૂર આવેલું હતું. અહીંના લોક સદોમ તથા ગમોરાહના જેવા ભ્રષ્ટ હતા. તેમણે લેવી સ્ત્રી ઉપર જે બળાત્કાર કીધો હતો, તે ખરેખર ત્રાસ પમાડે એવો ભયંકર હતો (ન્યાયા. ૧૯). આ બનાવને લીધે ગિબઆહમાં (ઇ. સ. ૧૪૦૬) ત્રણ મોટી ભયંકર લડાઇ થઇ. પહેલી લડાઇમાં અગીઆર કુળ હાર્યાં, અને બાવીસ હજાર માણસ માર્યાં ગયાં. બીજી લડાઇ થઇ તેમાં ફરીને અગીઆર કુળ હાર્યાં, ને અરાઢ હજાર માણસ માર્યાં ગયાં, પણ ત્રીજી લડાઇમાં બિન્યામીનીઓ હાર્યા ને તેમના પચ્ચીસ હજાર માણસ માર્યાં ગયાં ને માત્ર છસેં માણસ બચ્યાં (ન્યાયા. ૧૯: ૨૦. ૧ શમૂ. ૧૩; ૨, ૧૫, ૧૬: ૧૪; ૨, ૫, ૧૬. ૨ શમૂ.

૨૩; ૨૯. ૧ કાળ. ૧૧; ૩૧. હોશી. ૫; ૮:૯; ૯:૧૦; ૯). આ શહેર શાઉલનું ગિબઆહ એ નામે ઓળખાય છે (૧ શમૂ. ૧૧; ૪. યશા. ૧૦; ૨૯). શાઉલની જન્મભૂમિ તેમજ તેની રાજધાનીનું શહેર પણ એજ હતું (૧ શમૂ. ૧૦; ૨૬:૧૧; ૪: ૧૫; ૩૩). આ શહેરમાં શાઉલના સાત દીકરાઓને ગિબઓનીઓએ ફાંસી દીધી હતી (૨ શમૂ. ૨૧; ૫, ૬). વળી પુરાતન વખતમાં પાલેસ્ટાઇન દેશમાં ગણાતી પવિત્ર જગ્યાઓમાંની આ પણ એક હતી. હાલ ગિબઆહ, ટેલ-એલ-ફુલ (=શીંગોની ટેકરી) નામથી ઓળખાય છે. ગિબઆહને લગતો બધો ઇતિહાસ તેને મળતો આવે છે. તે યરૂશાલેમથી ઉત્તરે ત્રણ મૈલ ઉપર આવેલું છે. (૨) યહુદાહનું ગિબઆહ (યહો. ૧૫; ૫૭). તે યહુદાહના પહાડોમાં આવેલું હતું. હાલ તેને જેબા કહે છે. તે બેથલેહેમ ગામથી નૈરૃત્ય કોણમાં ૭ાા મૈલ પર આવેલું છે. (૩) ફીનહાસનું ગિબઆહ (યહો. ૧૫; ૫૭). એફ્રાઇમના પહાડી મુલકમાં તે શહેર આવેલું હતું તે ફીનહાસને આપેલું હતું, જેને યહો. ૨૪; ૩૩ માં "ફિનહાસની ટેકરી" કહે છે. અહીં હારૂનના પુત્ર એલઆઝારને દફનાવવામાં આવ્યો હતો. હાલ તેને "ખૂરબેત-જિબ-આહ" કહે છે, જે શેખેમની તરફ ગોફનાહની ઉત્તરે પાંચ મૈલ ઉપર છે.

ગિબઓન = ડુંગર ઉપરનું શહેર. "ગિબઓન રાજકીય નગર જેવું મોટું નગર હતું, ને આય કરતાં મોટું હતું, ને તેના સર્વ માણસો બળવંત હતા" (યહો. ૧૦; ૨). ગિબઓનમાં હિવ્વીઓ રહેતા હતા (યહો. ૧૧; ૧૯). તે બિન્યામીનના ભાગમાં આવેલું હતું અને યાજકપુત્રોને આપવામાં આવ્યું હતું (યહો. ૧૮; ૨૫:૨૧; ૧૭). નોબનો નાશ થયા પછી અહીં યહોવાહનો કોષ રાખવામાં આવ્યો હતો, ને સુલેમાનનું મંદિર બંધાયું ત્યાં સુધી ત્યાંજ રહ્યો. હાલ તેને "એલજીબ" કહે છે, તે આયની નૈરૃત્ય કોણમાં અને યરૂશાલેમની વાયવ્ય કોણમાં આશરે પાંચ મૈલ દૂર આવેલું છે. પવિત્ર શાસ્ત્રની ઘણી પ્રખ્યાત વાતો આ શહેરની સાથે જોડાયલી છે. યહોશુઆએ યરેખો તથા આયને જે કીધું તે આ શહેરના રહેવાસીઓએ સાંભળ્યું, ત્યારે તેઓએ કપટ કરીને યહોશુઆની છાવણીમાં ગિલગાલ ગયા. અને પોતે દૂર દેશથી આવેલા છે એવો ઢોંગ કરી યહોશુઆની સાથે કોલકરાર કર્યો. ત્રણ દિવસ પછી ઇસ્રાએલી જમાતને માલમ પડયું કે તેઓ અમારા પડોશી છે. ઇસ્રાએલીઓએ તેઓને માર્યા નહિ, કેમકે તેમની આગળ તેઓએ "યહોવાહના સમ" ખાધા હતા માટે પોતાના દાસ તરીકે તેઓને રાખ્યા, અને યહોવાહની વેદીને સારૂ લાકડાં ફાડનારા તથા પાણી ભરનારા ઠરાવ્યા (યહો. ૯). દુનિયાના ઇતિહાસમાં આ શહેરના સંબંધે એક જાણવા જેવી વાત નોંધેલી છે. એટલે અદોની-સેદેક યરૂશાલેમના રાજાએ દક્ષિણ કનાનના પાંચ રાજાને બોલાવીને તેમની સાથે સંપ કરી આ શહેરના રહેવાસી હિવ્વીઓને કચરી મારવાનો ઠરાવ કીધો; કેમકે હિવ્વીઓ ઇસ્રાએલીઓને તાબે થયા હતા. આ વખતે હિવ્વીઓએ ગિલગાલમાં યહોશુઆની પાસે જઇને મદદ માગી, તેથી યહોશુઆ ઓચિંતો તેમના ઉપર તુટી પડયો અને તેઓનો સંહાર કીધો, અને અઝેકાહ તથા માક્કેદાહ સુધી તેઓને માર્યા. તેઓ નાસતાં નાસતાં બેથ-હોરોનના ઢોળાવ પર આવ્યા, ત્યારે યહોવાહે યહોશુઆની પક્ષે થઇ તેઓ પર આકાશમાંથી મોટા પત્થર ફેંક્યા તેથી તેઓ માર્યા ગયા. વળી એજ વખતે સૂર્ય સ્થિર રહ્યો અને ચંદ્ર થંભ્યો (યહો. ૧૦; ૧૧, ૧૩). પાંચે રાજાઓ નાસી માક્કેદાહની ગુફામાં ભરાયા, ત્યાં તેઓને કેદ કરી પાંચેને ત્યાંજ ગરદન માર્યા, ને તેમનાં મુડદાં ઝાડ પર ટાંગ્યાં. તેમાં યહોશુઆએ બતાવ્યું કે તમે જે શત્રુઓ સાથે લડશો, તેમાં યહોવાહ એમજ કરશે. વળી આ શહેર બીજી એક લડાઇને માટે પ્રખ્યાત છે. એટલે નેરનો દીકરો આબ્નેર

તથા શાઉલના દીકરા ઇશ-બોશેથના ચાકરો અને સરૂયાહનો દીકરો યોઆબ તથા દાઉદના ચાકરો ગિબઓનમાં ગયા અને બંને તરફના બાર બાર માણસો વચ્ચે દ્વંદ્વયુદ્ધ થયું. તેમાં ચોવીસે લડવૈયા માર્યા ગયા, માટે તે જગ્યાનું નામ હેલ્કાથ-હસ્સુરીમ પાડ્યું (ઇ. સ. પૂ. ૧૦૫૩.-૨ શમૂ. ૨). આબ્શાલોમના મરણ પછી થોડા વખતમાં લાગલાગટ ત્રણ વર્ષ સુધી ભારે દુકાળ પડયો. તેનું કારણ યહોવાહને પુછતાં એવું માલમ પડયું કે, "એ શાઉલ તથા તેના ખૂની ઘરને લીધે છે" (૨ શમૂ. ૨૧; ૧). પછી ગિબઓનીઓની માગણી પ્રમાણે દાઉદે શાઉલના સાત દીકરા એટલે રિસ્પાહના બે અને મીખાલના પાંચ ગિબઓનીઓને આપ્યા, "ને તેઓએ તેમને પર્વત ઉપર યહોવાહ આગળ ફાંસી દીધા" (૨ શમૂ. ૨૧; ૯), અને તેમનાં મુડદાં છ મહિના સુધી ત્યાંજ રહ્યાં. દરમિયાનમાં રિસ્પાહે "દિવસે વાયુચર પક્ષીઓને તથા રાત્રે વનચર પશુઓને તેમના પર ઉતરવા દીધાં નહિ" (૨ શમૂ. ૨૧; ૧૦). પછી દાઉદે તેમનાં હાડકાં મંગાવી શાઉલ તથા યોનાથાનનાં હાડકાં સાથે યાબેશ ગિલઆદમાં દાટયાં (૨ શમૂ. ૨૧; ૧૨, ૧૪). વળી આજ શહેરમાં "મોટા ખડક" આગળ યોઆબે અમાસાને ઠગીને મારી નાખ્યો હતો (૨ શમૂ. ૨૦; ૫-૧૦). વળી અહીંયા યોઆબ નાસીને યહોવાહના મંડપમાં જઇ વેદીનાં શિંગ પકડી બચાવ શોધતો હતો, એટલામાં રાજા સુલેમાનના હુકમથી યહોયાદાના દીકરા બનાયાહે તેને કાપી નાખ્યો હતો (૨ રા. ૨; ૨૮, ૩૪). ત્યાર પછી સુલેમાન ગાદીએ બેઠા પછી ગિબઓનમાં યજ્ઞ કરવા સારૂ ગયો, જ્યાં એક હજાર દહનીયાર્પણ ચઢાવ્યાં, ત્યાં ગિબઓનમાં મુખ્ય ઉચસ્થાન હતું. આજ જગ્યાએ યહોવાહે સુલેમાનને માગવા વિષેનું સ્વપ્ન આપી દર્શન દીધું હતું (૧ રા. ૩; ૫-૧૫. ૨ કાળ. ૧; ૭-૧૨). અને તેણે સમજાુક હૃદય માગ્યું. હનાન્યાહ જે જુઠો ભવિષ્યવાદી કે જેણે યિર્મેયાહની ગરદન ઉપર ઝુંસરી ભાંગી નાખી તે ગિબઓનનો હતો (યિર્મે. ૪૧; ૧૨, ૧૬). વળી આ ગિબઓનમાં રાજા સુલેમાનના વખતમાં મંડપ રાખવામાં આવ્યો હતો (૧ કાળ. ૧૬; ૩૯: ૨૧; ૨૯).

ગિબ્બથોન = ઉંચાઇ. પલિસ્તીઓનું આ શહેર દાન કુળના ભાગમાં આવેલું હતું કે જે કહાથપુત્રોને આપવામાં આવ્યું હતું (યહો. ૧૯; ૪૪: ૨૧; ૨૩). ઇસ્રાએલના રાજા યરોબઆમના દીકરા નાદાબે જ્યારે આ શહેરને ઘેરો ઘાલ્યો હતો, ત્યારે બાઅશાએ તેને કતલ કીધો હતો (૧ રાજા. ૧૫; ૨૭: ૧૬; ૧૫, ૧૭). દસ કુળની ફતેહ પછી ઘણું કરીને આ શહેર પાછું પલિસ્તીઓના હાથમાં ગયું એમ દેખાય છે (૨ કાળ. ૧૧; ૧૩, ૧૪). આ શહેર ક્યાં આવેલું હતું તે હાલ સાફ માલમ નથી, પણ એવું ધારવામાં આવે છે કે, કાઇસારીઆથી સત્તર મૈલ દૂર આવેલું હતું.

ગિબ્બાર = શૂરવીર, પહેલવાન. જે માણસોને રાજા નબુખાદનેસ્સાર ગુલામગીરીમાં લઇ ગયો હતો, તેઓમાંના જે પાછા આવ્યા તેમાં ગિબ્બારના પંચાણુ પુત્રો હતા (એઝ. ૨; ૨૦). આ માણસને નહે. ૭; ૨૫ માં ગિબઓન કહે છે.

ગિમ્ઝો = સીકામોર નામના ઝાડવાળી ફળદ્રુપ જગ્યા. યહુદાહના પ્રદેશમાં આવેલાં શહેરોમાંનું એક હતું (૨ કાળ. ૨૮; ૧૮). હાલ તેને "જીમ્ઝુ" કહે છે, જે લુદાથી નૈઋત્યમાં ત્રણ મૈલ દૂર આવેલું છે.

ગિરગાશીઓ. (ઉત્પ. ૧૦; ૧૬. જુઓ ગિરગાશી).

ગિર્ગાશી = ગોરાડુ જમીનમાં વસનાર. કનાનના પાંચમા દીકરાના વંશજોને આ નામ આપવામાં આવેલ છે (ઉત્પ. ૧૦; ૧૬). ઇસ્રાએલીઓ કનાન દેશમાં ગયા તે પહેલાંની ત્યાંની પુરાતન કોમમાંની એક કોમ હતી (ઉત્પ. ૧૫; ૨૧. પુન. ૭; ૧). આ કોમ

હિવ્વી કોમના મોટા કુટુંબની એક શાખા હતી. તેઓ ક્યાં રહેતા હતા તે ચોક્કસ માલમ નથી, પણ ઘણું કરીને પશ્ચિમ પાલેસ્ટાઇનના કોઇએક ભાગમાં તેઓ રહેતા હશે.

ગિર્ઝીઓ. (૧ શમૂ. ૨૭; ૮). ગશૂરીઓ તથા અમાલેકીઓ સાથે તેનું નામ આવે છે. યહુદાહની દક્ષિણે શૂર અને મિસરના અરણ્ય તરફ વસનાર આ કોમ હતી. ઘણું કરીને આ કોમ ગેરાર નહિ તો કદાચ ગરીઝીમની રહેનાર પણ હોય.

ગિલઆદ = સાક્ષ્યનો પર્વત. (૧) આ નામ યરદન નદીની પૂર્વ તરફના પહાડોને આપવામાં આવ્યું છે (ઉત્પ. ૩૧; ૨૫). વળી આ જગ્યાને ગિલઆદનો દેશ પણ કહે છે (ગણ. ૩૨; ૧), અને કોઇ કોઇ વખતે આ દેશને માત્ર ગિલઆદજ કહે છે (ગીત. ૬૦; ૭. ઉત્પ. ૩૭; ૨૫). આ દેશ સાઠ મૈલ લાંબો તથા વીસ મૈલ પહોળો હતો. દેશના કેટલાક પહાડો બે હજાર ફુટ અને બીજા કેટલાક ત્રણ હજાર ફુટ ઉંચા હતા. ઢોરને માટે ચારાની ઉત્તમ જગ્યા જોઇને રેઉબેન, ગાદ તથા મનાશ્શેહપુત્રોએ તેની માગણી કીધી, તેથી આ જમીન તેમને આપવામાં આવી (પુન. ૩; ૧૩. ગણ. ૩૨; ૪૦). આ દેશની ઉત્તર સરહદ પર બાશાન અને દક્ષિણ સરહદ પર મોઆબ અને આમોન દેશ આવેલા હતા (ઉત્પ. ૩૧; ૨૧. પુન. ૩; ૧૨-૧૭). ગિલઆદ, આ દેશના અર્ધા ભાગ ઉપર સીહોન અને અર્ધા ભાગ ઉપર ઓગ રાજા રાજ્ય કરતો હતો. બંને ભાગ યાબ્બુક નદીથી જુદા પડે છે. આ દેશના અસલ વતનીઓ બહુ જોરાવર હતા. જ્યારે ઇસ્રાએલીઓ મુસાફરીમાં અહીં થઇને જતા હતા ત્યારે આ પરાક્રમી અમોરીઓના રાજા સીહોનની રાજગાદી હેશ્બોનમાં હતી. ન્યાયાધીશોના જમાનામાં યાયીર ને યિફ્તાહ તે ગિલઆદી શૂરવીરો હતા. શાઉલના દીકરા ઇશ-બોશેથે માહનાઇમમાં રાજગાદી કરી બે વર્ષ ગિલઆદ દેશ ઉપર રાજ્ય કીધું, પછી ઇસ્રાએલના રાજા પેકાહના દિવસોમાં એમ થયું કે, આશ્શૂરનો રાજા તિગ્લાથ-પિલેસેર ચઢી આવ્યો, અને ત્યાંના રહેવાસીઓને પકડીને લઇ ગયો (૨ રા. ૧૫; ૨૯). આપણા પ્રભુ ઇસુના વખતમાં આ દેશને પેરિયા નામ આપવામાં આવ્યું છે. આ દેશમાં ગરમ મસાલો અને સુગંધિ દ્રવ્ય થતાં હતાં, કે જેનો વેપાર મિસર અને સૂર દેશ સાથે ચાલતો હતો (ઉત્પ. ૩૭; ૨૫. યિર્મે. ૮; ૨૨ : ૪૬; ૧૧. હઝ. ૨૭; ૧૭). (૨) મનાશ્શેહનો પૌત્ર, તેનાથી ગિલઆદીઓનું કુટુંબ ગણાયું (ગણ. ૨૬; ૨૯ : ૨૭; ૧ : ૩૬; ૧. ૧ કાળ. ૨; ૨૧, ૨૩ : ૭; ૧૪, ૧૭). (૩) ૧ કાળ. ૫; ૧૪ માં આ નામના એક પુરૂષની વાત આવે છે.

ગિલલાય = ગંદકી (?). યાજકપુત્રોમાંનો એક (નહે. ૧૨; ૩૬).

ગિલ્ગાલ=ચક્કર, ફેરો. (૧) એબાલ અને ગરીઝીમ પર્વતની વચ્ચે શખેમની ખીણમાં સઘળા ઇસ્રાએલીઓને ઉભા રાખી મુસાએ નિયમશાસ્ત્રનાં સર્વે વચનો વાંચી સંભળાવ્યા બાદ, ઇસ્રાએલીઓ ત્યાંથી નીકળીને ગિલ્ગાલમાં આવ્યા અને ત્યાં છાવણી નાખી (યહો. ૯; ૬ : ૧૦; ૬). અહીં "મોરેહનું એલોન ઝાડ" હતું, જેની પાસે ઇબ્રાહીમે વેદી બાંધી હતી (ઉત્પ. ૧૨; ૬, ૭). શમૂએલના વખતમાં ઇસ્રાએલીઓમાં ન્યાય કરવાની જે ત્રણ જગ્યા હતી તેમાંની એક ગિલ્ગાલ હતી (૧ શમૂ. ૭; ૧૬). આ ત્રણે જગ્યામાં એટલે બેથેલ, ગિલ્ગાલ અને મિસ્પાહમાં શમૂએલ "વર્ષોવર્ષ.....અનુક્રમે જતો હતો." વળી શમૂએલના વખતમાં આ શહેરમાં યજ્ઞો ચઢાવવામાં આવતા હતા (૧ શમૂ. ૧૦; ૮ : ૧૧; ૧૫ : ૧૩; ૮, ૯-૧૨). વળી આ શહેરમાં ઇસ્રાએલીઓએ શાઉલને રાજા ઠરાવ્યો (૧ શમૂ. ૧૧; ૧૪). પણ અફસોસની વાત કે, જતે દિવસે આ શહેર મૂર્તિપૂજાને માટે પ્રસિદ્ધ થયું (હોશી. ૪; ૧૫ : ૯; ૧૫. આમો. ૪; ૪ : ૫; ૫).

આ શહેરનું ખંડેર હજી સુધી જોવામાં આવે છે જે બેથેલ અને સિલોહથી પાંચ મૈલ દૂર છે. (૨) યરેખોના મેદાનમાં આવેલી એક જગ્યા છે જે યરેખોની પૂર્વ સરહદ પર છે, ત્યાં ઇસ્રાએલીઓએ યરદન નદી ઉતરીને પહેલો મુકામ કીધો હતો (યહો. ૪; ૧૯, ૨૦). કનાન દેશમાં પેઠા બાદ અહીં તેઓએ પ્રથમ પાસ્ખા પાળ્યું (યહો. ૫; ૧૦), તેમજ ઇસ્રાએલીઓની સુનત કરવામાં આવી. વળી અહીંથી મંડપ સિલોહમાં લઇ જવામાં આવ્યો ત્યાં સુધી અહીંજ રહ્યો હતો (યહો. ૪; ૫ : ૧૮; ૧). અહીં ઇસ્રાએલીઓએ યરદન નદી ખુશ્કીને માર્ગે ઓળંગી, માટે યહોવાહના સ્મરણાર્થે બાર પત્થર ઉભા કીધા. ઉપલી જગ્યા 'ટેલ-જીલ-જુલીયેહ' નામથી હાલ ઓળખાય છે, જે યરદનથી પાંચ મૈલ પર આવેલ છે. (૨) ઘણું કરીને એફ્રાઇમના પહાડી મુલકમાં આ નામની એક ત્રીજી જગ્યા આવેલી હતી. ત્યાં ભવિષ્યવાદીઓનું વિદ્યાલય ઉઘાડવામાં આવ્યું હતું (૨ રા. ૪; ૩૮). એલીયાહ તથા એલીશા અહીં રહ્યા હતા, અને અહીંથી નીકળીને તેઓ બેથેલ ગયા હતા (૨ રા. ૨ ; ૧, ૨). આ જગ્યા વિષે પુન. ૧૧; ૩૦ માં પણ વાત આવે છે. બેથેલની ઉત્તરે ૮ મૈલ ઉપર હાલ તે જગ્યા 'જીલજીલીયાહ' નામથી ઓળખાય છે. યહોશુઆએ જે ૩૧ રાજાઓને હરાવ્યા તેમાંનો એક ગિલ્ગાલમાંના ગોઇમનો રાજા હતો (યહો. ૧૨ ; ૨૩).

ગિલ્બોઆ = ગરમ પાણીનો ઝરો. યિઝ્રએલ (એદ્રાએલોન) ના મેદાનની પૂર્વ તરફના પહાડોની ધારને આ નામ આપવામાં આવ્યું છે. આ ધાર પૂર્વ-પશ્ચિમ દસ મૈલ લાંબી છે, અને મેદાનની સપાટીથી આસરે ૧,૭૦૦ ફીટ ઉંચી છે, તે યિસ્સાખારના ભાગમાં આવેલ છે. આ પહાડ પલિસ્તીઓની સાથેની લડાઇમાં શાઉલની જે ભારે હાર થઇ તેને માટે પ્રસિદ્ધ છે. શાઉલ પોતે તથા તેના ત્રણ દીકરા આ જગ્યાએ માર્યા ગયા (૧ શમૂ. ૨૮ ; ૪ : ૩૧ ; ૧, ૮. ૨ શમૂ. ૧ ; ૬, ૨૧ : ૨૧ ; ૧૨. ૧ કાળ. ૧૦ ; ૧, ૮). જ્યારે આ ખબર દાઉદ રાજાને મળી ત્યારે તેણે ચિત્તવેધક શબ્દોમાં વિલાપ કીધો (૨ શમૂ. ૧ ; ૧૯-૨૭). હાલ આ પહાડને "જેબેલ-ફુકુઆ" કહે છે. અને દાઉદના આપેલા શાપ પ્રમાણે હાલ તે વેરાન છે (૨ શમૂ. ૧ ; ૨૧).

ગિશ્પા = ખુશામત. નથીનીમના ઉપરીઓમાંનો એક (નહે. ૧૧ ; ૨૧).

ગીઆહ = ઉછાળાબંધ બહાર આવવું. ગિબ્ઓન જે બિન્યામીનના ભાગમાં આવેલ હતું, તેના રાનના માર્ગ ઉપર આ શહેર આવેલું હતું (૨ શમૂ. ૨ ; ૨૪), અને તેની પાસે આમ્માહ પર્વત હતો. અહીં આબ્નેરની પાછળ અબીશાય લાગ્યો ત્યારે સૂર્ય અસ્ત થયો હતો.

ગીઝોની = ગીઝોહના વતની. યહુદાહના પહાડી મુલકમાં આવેલા ગીઝોહ શહેરના રહેવાસીઓને ઘણું કરીને ગીઝોની કહે છે (૧ કાળ. ૧૧ ; ૩૪).

ગીનાથ = બગીચો. તિબ્નીના પિતાનું નામ ગીનાથ હતું. તિબ્ની તથા ઓમ્રી બંને જણે ઝિમ્રીના મરણ પછી રાજ્ય મેળવવા કોશિશ કીધી, પણ ઓમ્રીના પક્ષકારોએ તિબ્ની પર જય મેળવી ઓમ્રીને ઇસ્રાએલ ઉપર રાજા ઠરાવ્યો (૧ રા. ૧૬ ; ૨૧, ૨૨).

ગીલોની = ગીલોહનો વતની. દાઉદનો મંત્રી અહીથોફેલ ગીલોની કહેવાય છે (૨ શમૂ. ૧૫ ; ૨૨ : ૨૩ ; ૩૪).

ગીલોહ = દેશનિકાલ. યહુદાહના પહાડી મુલકમાં નૈરૃત્ય કોણમાં આ શહેર આવેલું હતું. તે દાઉદના મંત્રી અહીથોફેલનું વતન હતું (યહો. ૧૫ ; ૧૫. ૨ શમૂ. ૧૫ ; ૧૨). અહીં તે પોતે ફાંસો ખાઇને મરી ગયો હતો (૨ શમૂ. ૧૭; ૨૩). હાલ તે હેબ્રોનની ઉત્તરે સાત મૈલ પર 'કુરએતજાલા' નામથી ઓળખાય છે.

ગીહોન = વહેળો. (૧) એદન વાડીમાં વહેનાર ચાર નદીઓમાંની આ બીજી નદી છે, કે જે આખા કૂશ દેશને ઘેરે છે (ઉત્પ. ૨ ; ૧૩). ગીહોન નદી તે પુરાતન અરાક્ષેસ હશે, કે જેને હાલ આરાસ (Arras) કહે છે. તે ફ્રાત નદીમાંથી ઉત્પન્ન થઇ કાસ્પિયન સમુદ્રને મળે છે. આ નદી વિષે લખવામાં આવ્યું છે કે, તે 'કૂશ દેશને ઘેરે છે,' એ પરથી કેટલાએક એમ ધારે છે કે તે મિસરની નીલ નદી હશે; પણ અહીં જે કૂશ દેશ વિષે વાત આવે છે તે એશીઆ ખંડમાં સમજવો જોઇએ (ઉત્પ. ૧૦ ; ૭-૧૦). (૨) યરૂશાલેમની પાસે કે યરૂશાલેમમાં આવેલો પાણીનો એક કુદરતી ઝરો હતો, જેને 'કુંવારીનો ઝરો' કહેતા હતા. આ ઝરો શહેરની બહાર કેદ્રોનની ખીણના પશ્ચિમ કિનારાથી ઉત્પન્ન થયો હતો. આશ્શૂરના રાજા સાન્હેરીબે જ્યારે યહુદાહમાં પેસીને કિલ્લાવાળાં નગરોની સામે છાવણી કીધી, ત્યારે રાજા હિઝકીયાહે શત્રુની ફોજને પાણી ન મળે માટે સર્વે ઝરાઓ તથા દેશમાં થઇને વહેતાં નાળાં પુરી દેવડાવ્યાં, અને એમજ "ગીહોનનાં પાણીના ઉપલા ઝરાને બંધ કરીને તેમને સીધાં દાઉદના નગરની પશ્ચિમે વાળી આણ્યાં" (૨ કાળ. ૩૨ ; ૩૦ : ૩૩ ; ૧૪). તે કારણ માટે આ ઝરો "ઉપલા ઝરા" ના નામથી ઓળખાય છે. આ ઝરામાંથી જમીનમાં રહીને એક નીક દક્ષિણ ભણી વહી શીલોઅમના કુંડને પાણી પુરૂં પાડે છે. આ નીકની લંબાઇ આસરે ૧,૭૦૮ વારની છે. આ નીકે કરીને પાણી બહુ હળવે વહેતું હતું (યશા. ૮ ; ૬). આ નીકની ઉપલી બાજુના ઝરા પર હજી બે કુંડ મોજુદ છે. પહેલો "યાફા દરવાજા" ની પશ્ચિમે આવેલો છે, તેને "બીરકેટ-એલ-મામીલા" કહે છે, ને તેની દક્ષિણે જે બીજો ઝરો તેને "બરકેટ-એસ-સુલતાન" કહે છે. કેટલાકનું ધારવું એવું છે કે, પહેલો તે 'ઉપલો ગીહોન' અને બીજો તે 'નીચલો ગીહોન' નો કુંડ છે (૨ રા. ૧૮ ; ૧૭. યશા. ૭ ; ૩ : ૩૬ ; ૨ : ૨૨ ; ૯). આ ઝરાની પાસે દાઉદના હુકમ મુજબ સુલેમાનનો રાજ્યાભિષેક થયો (૧ રા. ૧ ; ૩૩, ૩૮, ૪૫).

ગુદગોદાહ = ગર્જના (?). ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનું એક સ્ટેશન હતું. જ્યાં હારૂન મરણ પામ્યો તે જગ્યા મોસેરાહ હતી, ત્યાંથી નીકળી તેઓએ આ મુકામ કીધો હતો (પુન. ૧૦ ; ૭).

ગૂની = રંગીત. (૧) નાફ્તાલીનો પુત્ર, જે બિલ્હાહને પેટે જન્મ્યો હતો (ઉત્પ. ૪૬ ; ૨૪. ગણ. ૨૬ ; ૪૮. ૧ કાળ. ૭ ; ૧૩). (૨) ગાદપુત્રોમાંના આબ્દીએલનો પિતા (૧ કાળ. ૫ ; ૧૫).

ગૂર = સિંહનું બચ્ચું. યિબ્લઆમની પાસે આ નામનો એક ઘાટ આવેલો હતો, કે જ્યાં આગળ યેહૂના ચાકરોએ રાજા અહાઝયાહને માર્યો હતો ; ને યેહૂ પોતે મગિદ્દોમાં નાસી ગયો (૨ રા. ૯ ; ૨૭).

ગૂર-બઆલ = બઆલનું રહેઠાણ. આ નામની એક જગ્યા અરબસ્તાનમાં હતી, કે જ્યાં ઘણું કરીને બઆલનું મંદિર હતું (૨ કાળ. ૨૬ ; ૭).

ગેઉએલ = દેવનો મહિમા. મુસાએ પારાનના અરણ્યથી જે બાર માણસોને કનાન દેશની જાસુસી કરવાને મોકલ્યા હતા, તેમાંનો એક ગાદ કુળમાંથી માખીનો પુત્ર ગેઉએલ હતો (ગણ. ૧૩ ; ૧૫).

ગેઝેર = ઉંચો ઢોળાવ. કનાની લોકોનું આ બાદશાહી જુનું શહેર હતું (યહો. ૧૦ ; ૩૩ : ૧૨ ; ૧૨). આ શહેરનો રાજા હોરામ યહોશુઆની સામે થયો, પણ યહોશુઆએ તેને તથા તેના લોકને એટલે સુધી માર્યા કે તેમાંના કોઇને તેણે જીવતું મુક્યું નહિ. આ શહેર પછીથી કહાથપુત્રોને આપવામાં આવ્યું (યહો. ૨૧ ; ૨૧. ૧ કાળ. ૬ ; ૬૭), અને મનુષ્યઘાતકનું આશ્રયનગર ઠર્યું. તે નીચલા બેથ-હોરોન તથા સમુદ્રની વચ્ચે આવેલું હતું (યહો. ૧૬ ; ૩. ૧ રા. ૯ ; ૧૭), ગેઝેરના રહેવાસીઓએ કનાનીઓને છેક

કાઢી મુક્યા નહિ પણુ એફ્રાઇમ મધ્યે તેઓને વેઠ કરનાર દાસો ઠરાવ્યા. બઆલ-પેરેઝીમની લડાઇ પછી આ જગ્યાએ દાઉદે પલિસ્તીઓને છેલ્લામાં છેલ્લી હાર ખવાડી (૨ શમૂ. ૫; ૨૫. ૧ કાળ. ૧૪; ૧૬). આ શહેર પર મિસરના રાજા ફારૂને ચઢાઇ કરી તેને સર કરી આગથી બાળી નાખ્યું હતું, પણ ત્યાર પછી આ શહેર મિસરના રાજાએ પોતાની પુત્રીને સુલેમાન સાથે પરણાવી પલ્લામાં આપ્યું, અને ત્યાર પછી સુલેમાને તેને ફરીથી બંધાવ્યું (૧ રા. ૯; ૧૫, ૧૬). હાલ આ શહેર તેલ-એલ-જેઝર નામથી ઓળખાય છે, જે બેથ-હોરોનની નૈરૃત્યમાં ૧૦ મૈલ ઉપર અને નીકોપોલીસથી ૪ મૈલ ઉપર આવેલ છે.

ગેથસેમાને = તેલની ઘાણી. કિદ્રોન નાળાની પેલી પાર જૈતૂન પહાડની તળેટીમાં જૈતવૃક્ષોના એક બગીચાને આ નામ આપવામાં આવ્યું હતું. પ્રભુ ઇસુ ખ્રીસ્ત અને તેના શિષ્યો આ વાડીમાં વારંવાર જતા હતા (યોહા. ૧૮; ૧, ૨). જાણે કે આ જગ્યા તારનાર અને તેના શિષ્યોનું નિવૃત્તિસ્થાન હતું. અહીં એકાંતમાં લોકની ગરબડથી અલગ થઇ પ્રભુ ઇસુ પોતાના પિતાની મુલાકાત કરતો હતો. અને એમજ "રીત પ્રમાણે" પ્રભુ ઇસુ પોતાના મરણની આગલી રાત્રે પોતાના શિષ્યો સુદ્ધાં આ વાડીમાં ગયો, અને યશાયાહ ભવિષ્યવાદીના કહેવા મુજબ તે ઘણો કષ્ટિત થયો. "મેં એકલાએ દ્રાક્ષકુંડ ખુંદ્યો છે, ને લોકોમાંથી કોઇ માણસ મારી સાથે નહોતું...... ને મારો તમામ પોશાક મેં ડાઘેલ કીધો છે" (યશા. ૬૩; ૩). આખી દુનિયાનાં પાપનો બોજો તેને એટલો બધો અસહ્ય થયો કે, "લોહીનાં ટીપાં જેવો તેનો પરસેવો હતો." જ્યારે પ્રભુ ઇસુ પોતાના લોકને માટે આ વાડીમાં આવી હાલતમાં હતો ત્યારે શિષ્યો પત્થર ફેંકાય એટલે દૂર ઉંઘતા હતા! (લુક ૨૨; ૩૯-૪૬. માત્થી ૨૬; ૩૬. માર્ક ૧૪; ૩૨). હાલ યરૂશાલેમના કોટથી થોડે દૂર એક જગ્યા દેખાડવામાં આવે છે, કે જેમાં આઠ પુરાતન જૈતવૃક્ષો મોજુદ છે. તેને ફરતો હાલ કોટ બાંધવામાં આવ્યો છે. વિદ્વાનોના ધારવા પ્રમાણે આ જગ્યા તે પુરાતન ગેથસેમાને છે. તોપણ બીજા કેટલાક તે વાતની વિરૂદ્ધ થઇ આ વાડીની પાસે એક બીજી જગ્યા છે તે બતાવે છે.

ગેથેર = મેલ. શેમવંશી અરામના ચાર પુત્રોમાંનો એક (ઉત્પ. ૧૦; ૨૩. ૧ કાળ. ૧; ૧૭).

ગેદેર = કિલ્લાવાળી જગ્યા. કદાચ ગેદેર અને ગદેરાહ તે એક ને એક હશે (યહો. ૧૨; ૧૩: ૧૫; ૫૮).

ગેન્નેસારેત = જુઓ ગન્નેસારેત.

ગેબા = ટેકરી. બિન્યામીનના ભાગમાં આવેલું લેવીઓનું એક શહેર હતું જે યરૂશાલેમ તથા મિખ્માશની વચ્ચે આવેલું હતું (૧ રા. ૧૫; ૨૨. ૧ શમૂ. ૧૩; ૧૬: ૧૪; ૫. યહો. ૧૮; ૨૪. યશા. ૧૦; ૨૯). પછીથી ગેબા યહુદાહનાં નગરોમાં ઉત્તર હદનું શહેર ગણાયું. જેમ 'દાનથી બેરશેબા' (૨ રા. ૨૩; ૮. ઝખ. ૧૪; ૧૦). પાલેસ્તાઇન દેશની લંબાઇ ગણાતી, તેમ 'ગેબાથી બેરશેબા' તે આખા યહુદાહ રાજ્યની લંબાઇ ગણાતી હતી. પવિત્ર શાસ્ત્રમાં વારંવાર ગિબઓન અને ગિબઆહની સાથે ગેબા ભેળસેળ થએલું જોવામાં આવે છે, જેમકે ૨ શમૂ. ૫; ૨૫. ૧ કાળ. ૧૪; ૧૬. ૧ શમૂ. ૧૩; ૨, ૧૬ સરખાવો. યહુદાહ અને બિન્યામીનના ભાગમાં એટલા બધા ડુંગરા હતા કે તેમાંના ઘણાએકને ગેબા તથા ગિબઆહ નામ આપવામાં આવ્યું હતું, તેથી કરીને તરજુમામાં ગેબા તથા ગિબઆહને જુદું પાડવું મુશ્કેલ છે. તેમ છતાં યાદ રાખવું કે ગેબા, ગિબઆહ અને ગિબઓન એઓના નામનો જો કે એકજ અર્થ છે તો પણ તેઓ એક બીજાથી જુદાં જુદાં છે. ગેબાને હાલ 'જેબા' કહે છે, જે યરૂશાલેમથી ઉત્તરમાં આસરે પાંચ મૈલ પર આવેલ છે. ગેબા (યહો. ૨૧; ૧૭: ૧૮; ૨૪. ૧ શમૂ. ૧૩;

૩ : ૧૪; ૫. ૨ શમૂ. ૫; ૨૫). આસાએ તે બાંધ્યું (૧ રા. ૧૫; ૨૨. ૨ કાળ. ૧૬; ૬. ૨ રા. ૨૩; ૮. ૧ કાળ. ૬; ૬૦ : ૮; ૬. એઝ. ૨; ૨૬. નહે. ૭; ૩૦ : ૧૧; ૩૧ : ૧૨; ૨૯. ઝખ. ૧૪; ૧૦. ન્યાયા. ૨૦; ૨૩ (જુઓ માઅરેહ-ગેબા).

ગેબીમ = ટાંકી. યરૂશાલેમની ઉત્તરે આ નામની એક નાની જગ્યા આવેલી છે કે જેના રહેવાસીઓ આસ્શૂરની ફોજની ભણી દોડી ગયા હતા (યશા. ૧૦; ૩૧). ઘણું કરીને આ જગ્યા તે હાલનું "એલ-ઇસાવીહે" છે.

ગેબેર = બહાદુર માણસ. (૧) રાજા સુલેમાને ઇસ્રાએલીઓ પર બાર કારભારીઓ નીમ્યા હતા, તેમાં અમોરીઓના રાજા સીહોનના તથા બાશાનના રાજા ઓગના ગિલઆદ દેશમાં ઉરીનો પુત્ર ગેબેર હતો (૧ રા. ૪; ૧૯). (૨) ગેબેરનો પુત્ર બેન-ગેબેર (૧ રા. ૪; ૧૩). તે પણ ઉપલા બાર અધિકારીઓમાંનો એક હતો.

ગેર્શોન = કાઢી મુકવું. લેવીના ત્રણ પુત્રોમાંનો વડો પુત્ર ગેર્શોન હતો (ઉત્પ. ૪૬; ૧૧. નિર્ગ. ૬; ૧૬). અરણ્યમાં ગેર્શોનપુત્રોને મંડપના પડદા, ઓઢો તથા દોરીઓ આદી ઉચકવાનું કામ સોંપવામાં આવ્યું હતું (ગણ. ૪; ૨૨–૨૬) અને દેશની વહેંચણમાં ગેર્શોનીઓને સર્વ મળીને ૧૩ નગરો તેઓનાં પાદરો સુદ્ધાં મળ્યાં હતાં. ગેર્શોનીઓ (ઉત્પ. ૪૬; ૧૧. નિર્ગ. ૬; ૧૬. ગણ. ૩; ૧૭-૨૫ : ૪; ૨૨-૩૮ : ૭; ૭ : ૧૦; ૧૭ : ૨૬; ૫૭. યહો. ૨૧; ૬, ૩૩. ૧ કાળ. ૬; ૧ : ૨૩; ૬ : ૨૬; ૨૧ : ૨૯; ૮. ૨ કાળ. ૨૯; ૧૨).

ગેર્શોમ = પરદેશમાં પ્રવાસી. (૧) મુસા મિસર દેશમાંથી મિદ્યાન દેશમાં નાસી ગયો ત્યારે ત્યાં તેણે મિદ્યાની યાજક યિથ્રો (રેઉએલ) ની દીકરી સિપ્પોરાહની સાથે લગ્ન કીધું, અને તેણીને પેટે પુત્રનો પ્રસવ થયો ત્યારે મુસાએ તેનું નામ ગેર્શોમ પાડયું, કેમકે "તેણે કહ્યું કે હું પરદેશમાં પ્રવાસી થએલો છું." આ તો મુસાના બે પુત્રોમાંનો વડો હતો (નિર્ગ. ૨; ૨૨ : ૧૮; ૩. ન્યાયા. ૧૮; ૩૦. ૧ કાળ. ૨૩; ૧૫, ૧૬ : ૨૬; ૨૪). ત્યાર પછી મુસા જ્યારે કુટુંબ સહિત મિસર દેશમાં જતો હતો ત્યારે મુસા એકાએક બહુ માંદો પડયો. આ વખતે સિપ્પોરાહે ચકમકનો એક પત્થર લઇને પોતાના પુત્ર ગેર્શોમની સુનત કીધી, કેમકે સિપ્પોરાહને એમ લાગ્યું કે, છોકરાની સુનત કરવાની ભુલ થઇ છે, તેથી આ આફત આવી પડી છે (નિર્ગ. ૪; ૨૪–૨૭). ત્યાર પછી મુસાને આરામ થયો. જ્યાં સુધી દેવનું ઘર શિલોહમાં રહ્યું ત્યાં સુધી ગેર્શોમનો પુત્ર યેનાથાન તથા તેના પુત્રો દાન કુળના મીખાહની બનાવેલી મૂર્તિના યાજક હતા (ન્યાયા. ૧૮; ૩૦). (૨) ગેર્શોનને બદલે ગેર્શોમ લખવામાં આવ્યું છે (૧ કાળ. ૬; ૧૬, ૧૭, ૨૦, ૪૩, ૬૨, ૭૧ : ૧૫; ૭). (૩) બાબેલથી જેઓ એઝરાની સાથે નીકળી આવ્યા તેઓમાં ફીનહાસના પુત્રોમાંનો એક ગેર્શોમ હતો (એઝ ૮; ૨).

ગેરા = અનાજ. (૧) બિન્યામીની બેલાનો પુત્ર (૧ કાળ. ૮; ૩, ૫, ૭). (૨) બિન્યામીનના દસ પુત્રોમાંનો એક (ઉત્પ. ૪૬; ૨૧). (૩) એહૂદ ન્યાયાધીશનો પિતા (ન્યાયા. ૩; ૧૫). (૪) શાઉલનો કુટુંબી શિમઇ, તેનો પિતા (૨ શમૂ. ૧૬; ૫ : ૧૯; ૧૬, ૧૮. ૧ રા. ૨; ૮).

ગેરાર = પ્રદેશ, રહેઠાણ, (ગરાર). પાલેસ્ટાઇનની દક્ષિણે આવેલું પલિસ્તીઓનું સૌથી પુરાતન શહેર હતું. તે ગાઝાહની દક્ષિણે આવેલું હતું (ઉત્પ. ૧૦; ૧૯ : ૨૦; ૧, ૨). ઇબ્રાહીમના વખતમાં અહીં અબીમેલેખ રાજા રાજ્ય કરતો હતો. ઇબ્રાહીમ અહીં રહ્યો હતો, અને કદાચ ઇસ્હાકનો જન્મ પણ અહીં થયો હશે. ઇબ્રાહીમ તથા ઇસ્હાક બંનેએ આ જગ્યાએ પોતાની સ્ત્રીઓ વિષે જુઠું બોલી પાપ કીધું હતું (ઉત્પ. ૨૦ : ૨૬). ગેરારની જમીન આસાને

માટે બહુ કીમતી હતી (૨ કાળ. ૧૪; ૧૨-૧૮). ઇસ્હાકે અહીં વાવણી કરી હતી અને તે વર્ષે તે સો ગણું પામ્યો હતો (ઉત્પ. ૨૬; ૧૨). અહીં ઇબ્રાહીમે પાણીના કેટલાએક કુવા ખોદાવ્યા હતા, અને તેને સારૂ ગેરારના ભરવાડો તથા ઇસ્હાકના ભરવાડો વચ્ચે તકરાર ચાલી હતી (ઉત્પ. ૨૬; ૧૫-૨૩).

ગેરાસીનીઓ (માર્ક ૫; ૧. જુઓ ગાડરેનો).

ગેરૂથ-કિમ્હામ (યિર્મે. ૪૧; ૧૭. જુઓ કિમ્હામ).

ગેશેમ = દ્દઢતા. બાબેલથી ઇસ્રાએલીઓ પાછા આવ્યા ત્યારે યરૂશાલેમનો કોટ બાંધવા સંબંધી યહુદીઓના જે શત્રુ હતા તેમાંનો એક અરબી ગેશેમ નામનો માણસ હતો. ઘણું કરીને અરબોમાં તે મુખ્ય હતો (નહે. ૨; ૧૯: ૬; ૧, ૨). તેણે સાન્બાલ્લાટ તથા ટોબીયાહની સાથે યહુદીઓ વિરૂદ્ધ સંપ કીધો હતો.

ગેહજી = સ્વપ્નની ખાણ. એમ માલમ પડે છે કે, ગેહજીએ જ્યાં સુધી નાઅમાનની સાથે દગલબાજી કીધી નહોતી, ત્યાં સુધી એલીશા તેને વફાદાર ચાકર ગણતો હતો (૨ રા. ૧૪; ૩૧:૫; ૨૫: ૮; ૪, ૫). શૂનામ્મી સ્ત્રીના સંબંધે એલીશાએ પોતાના વિશ્વાસુ ચાકર ગેહજીની સલાહ લીધી હતી (૨ રા. ૪; ૧૨, ૧૬). અફસોસની વાત કે, એવા વિશ્વાસુ અને ધાર્મિક પુરૂષની ચાકરી કરવા છતાં તે અધર્મી માલમ પડયો. તેના લોભમાં તે ભુલી ગયો કે ભવિષ્યવાદી મારી કરેલી ઠગાઇ જાણી જશે. ગેહજીએ બે તાલંત રૂપું તથા બે જોડ વસ્ત્રની ખાતર પોતાનું તથા પોતાના સંતાનનું ઉંધું વાળ્યું (૨ રાજા. ૫), એટલે તેને તથા તેના સંતાનને સદા કોઢ વળગ્યો. આવડી મોટી ભારે સજા થવાનું કારણ એજ જણાય છે કે બહારના વિધર્મીઓમાં પ્રભુના નામનું તેણે અપમાન કર્યું. ગેહજી કેટલાક વખત પછી રાજા યોરામ આગળ ફરી દેખાય છે; ત્યાં થએલી વાતચિત પરથી જણાય છે કે, ગેહજીએ એલીશાની ઘણો વખત ચાકરી કરી હતી, કેમકે રાજાએ કહ્યું કે "કૃપા કરીને એલીશાએ જે સઘળાં મોટાં કૃત્યો કર્યાં છે તે મને કહે" (૨ રા. ૮; ૧-૬).

ગેહુના (માત્થી ૫; ૨૨. જુઓ હિન્નોમ).

ગે-હરાશીમ = કારીગરની ખીણ. યહુદાહ-પુત્રોમાંનો એક હતો, તેના પિતાનું નામ યેઆબ હતું, કે જે કારીગર હતો (૧ કાળ. ૪; ૧૪. નહે. ૧૧; ૩૫).

ગોઆહ = નીચાણ. યરૂશાલેમની પાસે આ નામની એક જગ્યા હતી (યિર્મે. ૩૧; ૩૯).

ગોઈમ (ઉત્પ. ૧૪; ૧) એમ ધારવામાં આવે છે કે આ નામની એક કનાની કોમ હતી અને તેનો રાજા તિદાલ હતો. ઇબ્રાહીમના વખતમાં કદોરલાઓમેર તથા તેની સાથેના પાંચ રાજાને ઇબ્રાહીમે હરાવ્યા (યહો. ૧૨; ૨૩).

ગોગ (હઝ. ૩૮ ને ૩૯). (૧) માગોગ દેશનો ગોગ તે, રોશ, મેશેખ તથા તુબાલનો સરદાર હતો. પુનર્સ્થાપિત થએલા ઇસ્રાએલીઓ પર ગોગ તથા તેની સાથે દુનિયામાંની સઘળી દેશજાતિઓ હૂમલો કરશે (હઝ. ૩૮: ૩૯). ઉપર કહેલા ત્રણ દેશ છેક ઉત્તરમાં આવેલા છે, પણ એમની સાથે છેક દક્ષિણ દિશામાં આવેલી દેશજાતિઓ સંપીલી થશે. આ ભવિષ્ય વાતની સંપૂર્ણતા ખ્રીસ્તના રાજ્યનાં હજાર વર્ષ પુરાં થયા પછી થશે (પ્રક. ૨૦; ૮). યહોવાહ વચમાં આવીને અકસ્મિક રીતે ગોગના સૈન્યનો સંહાર કરશે. તેના સૈન્યના શસ્ત્રનું લાકડું સાત વર્ષ સુધી બળતણ થશે, અને તેનાં મુએલાંને દાટતાં સાત માસ લાગશે, અને મૃતસમુદ્રની પૂર્વ ગમ તેમનું કબરસ્થાન થશે. ઉપર-ા પ્રાંતો હિન્દુકુશની ઉત્તરે નીનવેહથી ઇશાનકોણમાં આસરે ૨૦૦૦ મૈલ ઉપર આવેલા છે. (જુઓ માગોગ). (૨) ઇસ્રાએલના જયેષ્ઠપુત્ર રેઉબેનના પુત્રોમાંના શમાયાહનો પુત્ર (૧ કાળ. ૫; ૪).

ગોઝાન (૨ રા. ૧૭; ૬). આ પ્રદેશ મધ્ય આશિયામાં આવેલો હતો, કે જ્યાં આગળ ઇસ્રાએલીઓ બંદીપ્રવાસમાં લઇ જવાય

હતા (૨ રા. ૧૭; ૬. ૧ કાળ. ૫; ૨૬. ૨ રા. ૧૯; ૧૨: ૧૮; ૧૧. યશા. ૩૭; ૧૨). આ પ્રદેશ મેસોપતામીઆમાં હાબોર નદી ઉપર આવેલો હતો (૨ રા. ૧૭; ૬: ૧૮; ૧૧). વળી ૧ કાળ. ૫; ૨૬ માં 'ગોઝાન નદી' ની વાત આવે છે, તેમાં એમ સમજવું કે હાબોર નદીનો ઉપલો ભાગ કે જે ગોઝાન પ્રાંતમાં થઇને વહે છે.

ગોબ = ખાઇ. ૨ શમૂ. ૨૧; ૧૮, ૧૯ માં આ જગ્યાનું નામ આવે છે, અને ૧ કાળ. ૨૦; ૪ માં તેને ગેઝેર કહે છે. કેટલાક તેને ગાથ ધારે છે.

ગોમેર = સંપૂર્ણ. (૧) નુહના પુત્ર યાફેથનો જ્યેષ્ઠ પુત્ર ગોમેર હતો (ઉત્પ. ૧૦; ૨, ૩). યૂરોપ ખંડની અગ્નિકોણની વસ્તીનો મોટો ભાગ ગોમેરવંશી ધારવામાં આવે છે. ગોમેર તે કેલ્ટી અને કિમ્મેરી કોમનો પૂર્વજ ગણાય છે. આ કોમે પુરાતન વખતમાં કાળા સમુદ્રની ઉત્તરમાં વસ્તી કરી હતી, પણ ઇ. સ. પૂ. ૭૦૦ માં સ્કીથીઅન લોકે તેમને ત્યાંથી ખદેડી કાઢયા હતા, તેથી તેઓ લઘુ એસિઆની પશ્ચિમ તરફ આવી વસ્યા, અને રૂમીઓના વખતમાં તેઓ યૂરોપમાં દેખાય છે. (૨) હોશિઆનો સસરો (હોશી. ૧; ૩).

ગોલ્યાથ = કદાવર, જોરાવર. (૧) ગાથનો પલિસ્તી યોદ્ધો. તેણે ૪૦ દિવસ સુધી ઇસ્રાએલીઓનો ખુલ્લો તુચ્છકાર કીધો, પણ આખરે દાઉદે પોતાની ગોફણથી પથ્થર ફેંકી તેને માર્યો, ને તેનીજ તરવારથી તેનું ડોકું કાપી નાખ્યું (૧ શમૂ. ૧૭). તે ઘણું કરીને રફાઇઓના વંશનો હતો (પુન. ૨; ૧૧, ૨૦). તેની ઉંચાઇ છ હાથ અને એક વેંત, એટલે આસરે ૧૦¾ ફુટ હતી. દાઉદે તેનું માથું કાપી યરૂશાલેમ આણ્યું, પણ તેનું કવચ તેણે પોતાના તંબુમાં મુક્યું (૧ શમૂ. ૧૭; ૫૧). તેની તરવાર નોબમાં મુકવામાં આવી (૧ શમૂ. ૨૧; ૯). આ યોદ્ધાને જીત્યા પછી દાઉદને શાઉલે લડવૈયા માણસોનો ઉપરી બનાવ્યો, અને સર્વ લોકની નજરમાં દાઉદ માનવંતો થયો, અને શાઉલના પુત્ર યોનાથાનનો જીવ દાઉદની સાથે એકગાંઠ થઇ ગયો (૧ શમૂ. ૧૮; ૧–૫). (૨) આજ નામનો એક બીજો શૂરવીર હતો જેને ગોલ્યાથ ગિત્તી કહે છે (૨ શમૂ. ૨૧; ૧૯). તેને એલ્હાનાને માર્યો. તેના "ભાલાનો દાંડો વણકરની તોરના જેવો હતો."

ગોલાન = દેશનિકાલ. યરદન નદીને પેલેપાર પૂર્વમાં જે ત્રણ આશ્રયનગર આવેલાં હતાં તેમાંનું એક ગોલાન ગાલીલ સમુદ્રથી ઇશાનકોણમાં બાર મૈલ ઉપર મનાશ્શેહના બાશાનમાં આવેલું હતું (પુન. ૪; ૪૩. યહો. ૨૦; ૮). વળી આ શહેર લેવીઓને આપવામાં આવ્યું હતું (યહો. ૨૧; ૨૭). પવિત્ર શાસ્ત્રમાં આ શહેર વિષે કંઇ વધારે બ્યાન કરવામાં આવ્યું નથી, પણ ઇસ્રાએલીઓના બંદીપ્રવાસ પછી આ બાશાનના ચાર ભાગ પડયા, તેમાંનો એક ગોલાન પ્રાંત હતો, જેને હાલ 'જોલાન' કહે છે. આ પ્રાંત ૩૯ મૈલ લાંબો અને ૧૮ મૈલ પહોળો હતો. પુરાતન વખતમાં ગોલાન પ્રાંતમાં ૧૨૭ ગામ ગામડાં આવેલાં હતાં પણ હાલ તેમાંનાં કેવળ બેજ વસ્તીવાળાં છે. આ પ્રાંતની જમીનમાં ઘાસ ચારો ઉમદા થાય છે. પ્રભુ ઇસુએ બેથસાઇદામાં જે પાંચ હજાર માણસોને જમાડયા તે શહેર આ ઉજડ પ્રાંતમાં આવેલું હતું (લુક ૯; ૧૦).

ગોશેન = પ્રદેશ (?). (૧) મિસર દેશમાં આવેલો એક પ્રાંત હતો, જ્યાં યાકુબ તથા તેનું કુટુંબ નિર્ગમન સુધી ત્યાં રહ્યું હતું (ઉત્પ. ૪૫; ૧૮: ૪૭; ૬: ૪૬; ૨૮: ૨૯; ૩૧). આ પ્રાંતને મિસર દેશનો ગોશાન પ્રાંત કહે છે (ઉત્પ. ૪૭; ૨૭), અને કોઇ વખતે ગોશાન એકલું નામ આવે છે (ઉત્પ. ૪૬; ૨૮), તેમજ કોઇ વખતે તેને 'રામસેસ.' પણ કહે છે (ઉત્પ. ૪૭; ૧૧. નિર્ગ. ૧૨; ૩૭), કેમકે રામસેસ અને પીથોમ બંને શહેરો આ પ્રાંતમાં આવેલાં હતાં. આ પ્રાંત મિસર

દેશની સૌથી સારી અને ઉત્તમ જગ્યા હતી (ઉત્પ. ૪૭; ૬, ૧૧). ઇસ્રાએલીઓ આ ફળદ્રુપ જમીનમાં વસી સફળ થઇ બહુ વધ્યા (ઉત્પ. ૪૭; ૨૭. નિર્ગ. ૧; ૭). આ પ્રાંતમાં તેઓ બસો કરતાં વધુ વર્ષ રહ્યા હતા. એક રીતે ઇસ્રાએલીઓ મિસરીઓથી જુદા રહેતા હતા (નિર્ગ. ૮; ૨૨ : ૯; ૨૬), તો પણ મિસરીઓની જુદી જુદી કોમ ઇસ્રાએલીઓની સાથે ગોશેન પ્રાંતમાં રહેતી હતી એમ દેખાય છે (નિર્ગ. ૧૨; ૧૩ : ૬; ૨૨ : ૧૧; ૨ : ૧૨; ૩૮). આ પ્રાંત નીચલા મિસરની પૂર્વગમ હતો. ચારાને માટે આ જગ્યા ઉત્તમ હતી માટે રાજાનાં કેટલાંક જાનવરોને ત્યાં રાખવામાં આવતાં હતાં (ઉત્પ. ૪૭; ૬). આ દેશની જગ્યાએ હાલ 'તૂમીલાત' નામની ખાઇ આવેલી છે. (૨) પાલેસ્ટાઇનની દક્ષિણમાં (યહો. ૧૦; ૪૧ : ૧૧; ૧૬). ગાઝા અને ગિબઓન વચ્ચે આ નામનું એક પ્રગણું આવેલું હતું. (૩) યહુદાહના પહાડી મુલકમાં આ નામનું એક શહેર આવેલું હતું (યહો. ૧૫; ૫૧).

જ.

જાખરીઆ. માત્થી ૨૩; ૩૫. લુક ૧૧; ૫૧. (જુઓ ઝખાર્યાહ નંબર ૩).

જાખી = શુદ્ધ. આબકારી ખાતાનો તે સુપરિનટેન્ડેન્ટ, અને યરેખો શહેરનો 'મુખ્ય ધાણી' હતો (લુક ૧૯; ૧-૧૦). તે કદમાં ઠીંગણો પણ જાતે શ્રીમંત માણસ હતો. સબબ કે રાજા પાસેથી અમુક રકમે તેઓ અમુક શહેર કે પ્રાંત ઇજારે રાખતા અને તે ઉપર નફો મેળવવાને તેઓ જુલમ પણ કરતા તેથી કરીને એવા લોકો અન્યાય કરવાના જોખમમાં હતા. ઇસુ યરેખોથી યરૂશાલેમ જવાનો હતો, અને એ વાત જ્યારે જાખી સાંભળે છે ત્યારે તેનાં દર્શનક રવાની તેને ઇચ્છા થાય છે, તે પરથી જે માર્ગે થઇ ઇસુ જવાનો હતો તે માર્ગના એક ગુલર ઝાડ ઉપર પોતે ચઢી બેઠો, ઇસુને જોવા શિવાય તેના મનમાં બીજી કોઇ ભાવના ન હતી. અને જે વિશ્વાસથી તે ઇસુનું દર્શન કરવા દોરાયો, તેજ વિશ્વાસે તેના અનુગ્રહનો રસ્તો પણ તેને દેખાડયો. ઇસુ જ્યારે એ જગ્યાએ આવ્યો ત્યારે ઇસુએ ઉંચું જોઇ, જાખીને નામ દઇને બોલાવ્યો ને કહ્યું કે, "જાખી, તુ વહેલો ઉતર, આજે તારે ઘેર મારે ઉતરવું છે." ઇસુએ બારણું ઠોકયું અને જાખીએ એકદમ બારણું ઉઘાડયું, અને ઇસુ તેની સાથે જમવાને ઘરમાં ગયો, ત્યારથી જાખી ઇસુનો શિષ્ય થયો એમાં કંઇ શક નથી. તેના વિષે આપણે વધુ જાણતા નથી.

જાનસ અને જામ્બ્રસ (૨ તીમો. ૩; ૮. નિર્ગ. ૭; ૧૧). આ બંને મિસરી જાદુગર હતા કે જેઓ મુસા તથા હારૂનની સામે થયા હતા.

જીફ્રાહ = નારીજાતિનું પક્ષી. મિદ્યાનના યાજક રેઉએલ (યિથ્રો) ની દીકરી જે મુસાની સ્ત્રી (નિર્ગ. ૨; ૨૧) તેના બે પુત્રો ગેર્શોમ અને એલીએઝર (જુઓ નિર્ગ. ૪; ૨૪-૨૬ : ૧૮; ૨, ૬). જુઓ સિપ્પોરાહ.

જુનીઆ. રૂમની મંડળીનો એક સભાસદ હતો તેને પાઉલ સલામ મોકલે છે (રૂમી ૧૬; ૭).

જુલ્યસ=નરમ, સુંવાળું. બાદશાહ ઓગસ્ટીનનો અંગરક્ષક સિપાઇઓનો ઉપરી હતો, તેના હવાલામાં પાઉલ કેદીને રૂમ મોકલવામાં આવ્યો હતો (પ્રે. કૃ. ૨૭; ૧, ૩, ૪૩). પાઉલ ઉપર તેણે મહેરબાની બતાવી હતી અને તેની સાથે ઘણી વાતે મિત્રતાથી વર્ત્યો હતો.

જુલીયા=જુલ્યસનું નારીજાતિનું નામ. રૂમની મંડળીની એક ખ્રીસ્તી બાઇ હતી. તેના ઉપર પાઉલ પોતાની સલામ મોકલે છે. કેટલાક એમ ધારે છે કે, ફિલોલોગસની સ્ત્રી હશે (રૂમી. ૧૬; ૧૫).

જેલોટીસ. કનાનની બરાબર. (લુક ૬; ૧૫. પ્રે. કૃ. ૧; ૧૩). ઝલોતસ. જુઓ સીમોન ઝલોતસ.

જૈતુન = જૈતવૃક્ષોથી ઢંકાએલો છે માટે. યરૂ-

શાલેમની પૂર્વમાં આ નામનો એક પહાડ કે ડુંગરાઓની ધાર આવેલી છે. તે યરૂશાલેમની છેક પાસે આવેલો છે. શહેર અને પહાડની વચ્ચે કિદ્રોનનું નાળું માત્ર આવેલું છે (૧ રા ૧૧; ૭. હઝ. ૧૧; ૨૩. ઝખ. ૧૪; ૪). પહાડ જૈત વૃક્ષોથી ભરપુર હોવાથી તેને જૈતુન પહાડ એવું નામ આપવામાં આવ્યું છે. શાસ્ત્રમાં આ પહાડના સંબંધે જે પહેલી વાત લખવામાં આવી છે તે દાઉદના સંબંધે છે, એટલે દાઉદ જ્યારે પોતાના પુત્ર આબ્શાલોમથી નાઠો ત્યારે "રડતો રડતો જૈતુન પર્વતના ઢોળાવ પર ચઢયો" (૨ શમૂ. ૧૫; ૩૦). અને ત્યાર પછી ઝખા. ૧૪; ૪ માં તે વિષે વાત આવે છે. અને તે સિવાય જુના કરારમાં આ પર્વત વિષે કેટલીક સુચના આપવામાં આવી છે પણ નામ આપવામાં આવ્યું નથી (૧ રા. ૧૧; ૭. ૨ રા. ૨૩; ૧૩. નહે. ૮; ૧૫. હઝ. ૧૧; ૨૩). નવા કરારમાં વખતો વખત આ પર્વત વિષે વાત આવે છે. જેમ કે માત્થી ૨૧; ૧ઃ ૨૬; ૩૦. માર્ક ૧૧; ૧ઃ ૧૩; ૩. લુક ૨૧; ૩૭. યોહા. ૮; ૧. પ્રે. કૃ. ૧; ૧૨ ઇત્યા. હાલ આ પર્વતને 'યાએલ-એત-તુર' એટલે શિખરનો પર્વત કહે છે, અને કોઇ વખતે જૈતુનનો પહાડ પણ કહે છે. શહેરની સપાટીથી તે ૨૦૦ ફુટની ઉંચાઇમાં આવેલો છે. જુના વખતમાં યરૂશાલેમથી બેથાનીઆ જવાનો માર્ગ આ પહાડ ઉપર થઇને હતો. ઇસુ યરૂશાલેમને જોઇને જે જગ્યાએ રડયો હતો તે આ પહાડ હતો. આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની ખાનગી જીંદગીનો ઘણો ભાગ આ પહાડની સાથે જોડાએલો છે. અહિં તે વખતો વખત એકલો અને પોતાના શિષ્યો સાથે જતો હતો, અને અહિં રહીને પવિત્ર શહેરના નાશ વિષે, પોતાના દુઃખસહન વિષે, પરસ્વાધીન થવા વિષે અને શિષ્યોના ખરેખરા જય વિષે પોતાના શિષ્યોને જણાવ્યું હતું (માત્થી ૨૪). અહિં રહીને તેણે દસ કુંવારીઓ વિષે તથા તાલંત વિષે સુંદર દૃષ્ટાંતો કહ્યાં હતાં. અહિં તે વખતો વખત શહેરની ગરબડથી અલગ થઇ પોતાના પિતાની મુલાકાત કરતો, અને દિવસે કરેલાં ઘણાં કામનો આરામ તે આ જગ્યાએ લેતો હતો (લુક ૨૧; ૩૭). અને વળી પરસ્વાધીન થવાની રાત્રે તે આ જગ્યાએ આવ્યો ને પ્રાર્થના કીધી કે, "ઓ મારા બાપ જો બની શકે તો આ વાટકો મારાથી દૂર કર, તો પણ મારી ઇચ્છા પ્રમાણે નહિ, પણ તારી ઇચ્છા પ્રમાણે થાઓ" (માત્થી ૨૬; ૩૯). અને પ્રભુના કોપનો પ્યાલો પીધા પછી, મરણ અને કબર પર જય પામી પોતાના શિષ્યોને લઇને ફરી "બેથાનીઆ લગી તે તેઓને બહાર તેડી ગયો." અને આ પહાડ પરથી તે આકાશમાં લઇ જવાયો (લુક ૨૪; ૫૦, ૫૧. પ્રે. કૃ. ૧; ૧૨). આ પહાડ આસરે એક મૈલ લાંબો હોઇને તેને ચાર શિખર આવેલાં છે. (૧) ગાલીલીઓનું. આ નામ આપવાનું કારણ દંતકથામાં એવું બતાવવામાં આવે છે કે પ્રે. કૃ. ૧; ૧૧ માં જે દૂત શિષ્યોને દેખાયા તેઓ આ શિખર પર ઉભા હતા. (૨) સ્વર્ગારોહણનું. કેમકે ધારે છે કે આ શિખર પરથી ઇસુ આકાશમાં લેવાયો હતો (લુક ૨૪; ૫૧, ૫૨). (૩) ભવિષ્યવાદીનું. કેમકે તેની પડખે ભવિષ્યવાદીઓની કબરો હતી. (૪) ભ્રષ્ટતાનું શિખર. કેમકે ધારે છે કે રાજા સુલેમાને પરદેશી સ્ત્રીઓને ખુશ કરવાને આ શિખર ઉપર મૂર્તિઓનાં ઉચ્ચસ્થાનો બાંધ્યાં હતાં (૧ રા. ૧૧; ૭, ૮. ૨ રા. ૨૩; ૧૩). એ પ્રમાણે જૈતુન પહાડને જુદાં જુદાં ચાર નામ આપવામાં આવે છે.

જોપ્પા = સુંદરતા. દાન પ્રાંતમાં આવેલું એક બંદર હતું (યહો. ૧૯; ૪૬). વળી આ શહેર વિષે જુઓ (૨ કાળ. ૨; ૧૬. એઝ. ૩; ૭. યૂના ૧; ૧૩. પ્રે. કૃ. ૯; ૩૬, ૩૮, ૪૩ઃ ૧૦; ૫, ૮, ૨૩, ૩૨ઃ ૧૧; ૫, ૧૩). યહુદી લોકની સમજમાં આ શહેર એટલું બધું પુરાતન છે કે, તેઓ એમ કહે છે કે આ

શહેરનું નામ નૂહના પુત્ર યાફેથે પાડયું હશે. પણ એટલું તો ખરૂં છે કે આશિયામાં આ શહેર સોથી પુરાતન શહેરોમાંનું એક શહેર છે. જેમ પહેલાના વખતમાં તેમ આજ પણ યહુદાહ પ્રાંતનું એક મુખ્ય બંદર છે. તે ભૂમધ્ય સમુદ્રના કિનારા પર કિલ્લા પર બાંધવામાં આવ્યું છે. તે ફેનીકી લોકોના કબજામાંથી કદી લેવામાં આવ્યું નહિ, અને યહુદી લોકોના કબજામાં તે કેવળ ઇ. સ. પૂર્વેના બીજા સૈકામાં આવ્યું. જોપ્પાથી યરૂશાલેમ પૂર્વમાં ૩૦ મૈલ દૂર, તથા ઉત્તરમાં કાઇસારીઆ બે દિવસના રસ્તા ઉપર આવેલ છે. આ બંદરથી સૂરના રાજા હીરામે સુલેમાનને ઇમારતી લાકડું પુરૂં પાડયું હતું (૨ કાળ. ૨; ૧૬). અને બીજા મંદિર વખતે ત્યાંથી એરેજ કાષ્ટ મંગાવવામાં આવ્યું હતું (એઝ. ૩; ૭). તેમજ યૂના ભવિષ્યવાદીએ "યહોવાહની હજુરમાંથી નાસી જવા નીકળ્યો" ત્યારે તેણે આજ બંદરથી મુસાફરી કીધી હતી (યૂના ૧; ૩). આજ શહેરમાં પ્રેરિત પિતરે "શિષ્યેણુ તાબીથા" ને જીવતી કીધી હતી, અને આજ શહેરમાં "સીમોન ચામડીઆ" ને ત્યાં પીતર ઘણા દિવસ રહ્યો હતો (પ્રે. કૃ. ૯; ૩૬-૪૩). હાલ આ શહેર 'યાફા' નામથી ઓળખાય છે, અને તુરકી સરકારને કબજે છે. રૂમીઓ, યહુદીઓ અને મુસલમાનોના વખતમાં આ શહેર પર ઘણી આફતો આવી હતી, અને શહેર ઘણી વખતે નષ્ટ પણ થયું હતું. આ શહેર નેપોલીયને ૧૭૯૯ માં ફ્રેંચ સરકારને લાભે કર્યું, અને તેના હુકમથી ચાર હજાર કેદીઓને આ શહેરમાં કાપી નાખવામાં આવ્યા. હાલમાં શહેરની વસ્તી ૮,૦૦૦ માણુસની છે. કહે છે કે હજી સુધી સીમોન ચામડીઆનું ઘર લોકો બતાવે છે. જોપ્પાથી યરૂશાલેમ સુધી ગાડાનો રસ્તો છે, એટલુંજ નહિ પણ ઇ. સ. ૧૮૯૨ માં યરૂશાલેમથી જોપ્પા સુધી રેલ્વે સડક પણ બાંધવામાં આવી છે.

ઝ.

ઝએબ = વરૂ. મિદ્યાનના બે સરદાર, ઓરેબ તથા ઝએબ જ્યારે ઇસ્રાએલીઓ ઉપર ચઢી આવ્યા, ત્યારે એફ્રાઇમીઓએ આ બે સરદારોને નાસતાં પકડયા; અને ઓરેબને ઓરેબ ખડક આગળ, અને ઝએબને ઝએબના દ્રાક્ષકુંડ આગળ કાપી નાખવામાં આવ્યા, અને તેમનાં શીર ગિદઓન પાસે યરદન નદીને પેલે પાર આણ્યા (ન્યા. ૭; ૨૫: ૮; ૩. ગીત ૮૩; ૧૧. યશા. ૧૦; ૨૬).

ઝખાર્યાહ = યહોવાહે સ્મરણ કીધું. (૧) ઇસ્રાએલના રાજા યરોબઆમનો પુત્ર. તેણે પોતાના પિતાની જગ્યાએ સમરૂનમાં માત્ર ૭ માસ રાજ્ય કર્યું. તે પોતાના પિતાના પાપથી દૂર થયો નહિ. યાબેશના પુત્ર શાલ્લુમે તેની વિરૂદ્ધ દંગો કરીને, તેને લોકોની સમક્ષ મારી નાખ્યો અને તેની જગ્યાએ પોતે રાજા થયો, અને એમ યહોવાહે યેહૂને કહેલું ભવિષ્ય પુરૂં પડયું કે, "તારી ચાર પેઢી સુધી તારા પુત્રો ઇસ્રાએલના રાજ્યાસન પર બેસશે, અને તેજ પ્રમાણે થયું" (૨ રા. ૧૪; ૨૯: ૧૫; ૮-૧૨). (૨) યહુદાહના રાજા હિઝકીયાહની મા અબીયાહનો પિતા (૨ રા. ૧૮; ૨. ૨ કાળ. ૨૯; ૧). (૩) રાજા યોઆશ તથા અહાઝયાહના વખતમાં યહોયાદાનો પુત્ર કે પૌત્ર પ્રમુખ યાજક હતો. તેણે પોતાના પિતાના મરણ પછી રાજા તથા પ્રજા વિરૂદ્ધ યહોવાહની સામે દંગો કરવા સંબંધી લોકોને ભારે ઠપકો આપ્યો (૨ કાળ. ૨૪; ૨૦). આથી કરીને તેઓ એટલા બધા નારાજ થયા કે રાજાની આજ્ઞાથી "યહોવાહના ઘરના આંગણામાં" તેને પત્થરે મારીને મારી નાખ્યો. કેટલા બધા દુઃખની વાત કે પ્રભુએ મહેરબાની કરી લોકને પોતાની ગમ ફેરવવાને તથા તેમના પાપ વિષે ચેતવવાને, તેમનો નાશ ન કરતાં ભવિષ્યવાદીઓને મોકલ્યા, ત્યારે કેટલા બધા ભવિષ્યવાદીઓનું લોહી આ પ્રમાણે તેમણે વહેવડાવ્યું! ઇસુ ખ્રીસ્ત આ ખૂન વિષે માત્થી ૨૩; ૩૫. લુક ૧૧;

૫૧ માં ઇસારો કરે છે. માત્થી ૨૩ ; ૩૫ માં લખ્યું છે કે, 'બારખીઆના પુત્ર જાખરીઆ' તેનો ખુલાસો આ પ્રમાણે થઇ શકે છે. બારખીઆ, તે કદાપી યહોયાદાનું બીજું નામ હશે, અથવા તો યહુદી લોકમાં ચાલતા નિયમ મુજબ યહોયાદા જે તેનો દાદો તેને અત્રે બાપ કહેવામાં આવ્યો હશે, અને બાપ તે બારખીઆ હશે. (૪) બાર નાના ભવિષ્યવાદીઓમાંનો તે અગીઆરમો ભવિષ્યવાદી છે (ઝખા. ૧ ; ૧). પુસ્તકની શરૂઆતમાં તે પોતે પોતાને એવી રીતે ઓળખાવે છે કે, "ઇદ્દોના દીકરા બેરેખ્યાહના દીકરા ઝખાર્યાહ ભવિષ્યવાદી." અને એઝ. ૫; ૧ : ૬ ; ૧૪ માં એમ લખ્યું છે કે "ઇદ્દોનો પુત્ર ઝખાર્યાહ" એ પરથી માલમ પડે છે કે, બેરેખ્યાહ ઝખાર્યાહનો પિતા હશે, અને ઇદ્દો તેનો ઘરડો બાપ હશે; કેમકે યહુદીઓમાં ઘરડા બાપને ઘણી વખતે બાપ કહેવામાં આવતો હતો. હવે જો એમ હોય તો નહે. ૧૨ ; ૧૬ પ્રમાણે ઝખાર્યાહ ભવિષ્યવાદી હશે, એટલુંજ નહિ પણ હઝકીએલની માફક તે યાજક પણ હશે. તેણે પોતાનાં ભવિષ્ય, દાર્યાવેશ રાજાની કારકીર્દીને બીજે વર્ષે શરૂ કર્યાં એટલે બંદીપ્રવાસથી પહેલી ટુકડી પાછી ફરી તે પછી સોળ વર્ષે (ઇ. સ. પૂ. ૫૨૦). આ ભવિષ્યવાદી તે હાગ્ગાય ભવિષ્યવાદીનો સમકાળિક ભવિષ્યવાદી હતો. **ઝખાર્યાહનું પુસ્તક.** અધ્યાય ૧–૮ માં સમાએલાં ભવિષ્યો હાગ્ગાયના સમકાળીક ભવિષ્યવાદી ઝખાર્યાહનાં છે, એટલે ઇ. સ. પૂ. ૫૨૦–૫૧૮ સુધીનાં. અધ્યાય ૯–૧૧ માં સમાયલાં ભવિષ્યો ઝખાર્યાહની પોતાની પેઢીને લાગુ પડે એવાં નથી, પણ એથી ઉલટું મીખાહના સમકાળિક જણાય છે. તે પરથી વિદ્વાનો ધારે છે કે આ ત્રણ અધ્યાય સમરૂનનો નાશ થયો તે પહેલાંના રચાયલા હશે ; એટલે ઇ.સ.પૂ. ૭૨૨ પહેલાં. અધ્યાય ૧૨-૧૪: આ છેલ્લા ત્રણ અધ્યાય યિર્મેયાહ ભવિષ્યવાદીના સમકાળિક ભવિષ્યનાં દેખાય છે ; એટલે ઇ. સ. પૂ. ૬૦૫–૫૯૦. આ પુસ્તકનું પૃથક્કરણ :—

(૧) ૧–૮. ઝખાર્યાહનાં ત્રણ ભાષણો.
 ૧ લું ભાષણ.—પસ્તાવો કરો તે વિષે.
 ૨ જું ભાષણ.—આઠ દર્શન વિષે.
  (૧) સ્વાર થએલા દૂતો.
  (૨) શિંગ તથા કારીગર.
  (૩) પુરૂષ તથા દોરી.
  (૪) યહોશુઆ પર તહોમત.
  (૫) દિપવૃક્ષ.
  (૬) ફિંડલું.
  (૭) એફાહમાં સ્ત્રી.
  (૮) ચાર રથ.
 ૩ જું ભાષણ.—ઉપવાસ વિષે.
  (૧) ઉપવાસમાં આજ્ઞાપાલન ઉત્તમ છે.
  (૨) ઉપવાસને બદલે ઉત્સવ પળાશે.
(૨) ૯–૧૧. હાદ્રાખ દેશ વિષે.
  (૧) ૯, ૧૦—મસીહ સંબંધી.
  (૨) ૧૧—નકારાયલો પાળક.
(૩) ૧૨–૧૪. ઇસ્રાએલ વિષે.
  (૧) ઘણા શ્રમ પછી જીત થશે.
  (૨) ઇસ્રાએલનું શુદ્ધિકરણ તથા ગૌરવ.

(૫) દાઉદના વખતમાં યહોવાહના ઘરમાં સેવા કરવાને માટે જે ચોવીસ વારાટોળીઓ ઠરાવવામાં આવી હતી, તેમાંની આઠમી વારાટોળી તે અબીયાહ(૧ કાળ. ૨૪; ૧૦) ની હતી, અને આ અબીયાહના વર્ગનો ઝખાર્યાહ એક યાજક હતો. ઉપલી વારાટોળીઓમાંના કેવળ ચારજ કુટુંબ ગુલામગિરીમાંથી પાછા ફર્યા (એઝ. ૨ ; ૩૬–૩૯), પણ તેઓએ તેમાંથી ફરીને ચોવીસ વારાટોળીઓની ગોઠવણ કરી. યાજકો દર વર્ષે બે વખતે મંદિરમાં સેવા ચલાવતા અને દરેક વખતે એક અઠવાડિયા સુધી સેવા ચાલતી હતી. હવે એ પ્રમાણે ઝખાર્યાહનો વારો સેવા કરવાનો આવ્યો. ઝખાર્યાહ મંદિરને લગતી જે કોટડીઓ હતી તેમાંની એકમાં રહેતો હતો. અને એમ થયું કે તે પોતાના વર્ગના વારા

પ્રમાણે યાજકનું સાધારણ કામ દેવની આગળ કરતો હતો, એવામાં પ્રભુના મંદિરમાં યાજકપણાની રીત પ્રમાણે તેની ચિઠ્ઠી નીકળી કે તે ધૂપ કરે, કેમકે આ ક્રિયા બહુ ઉત્તમ અને ગંભીર ક્રિયા હતી. રોજની ભજન સેવામાં ધૂપ બાળવાની ક્રિયા સાંજ સવાર બે વાર થતી. સવારમાં અર્પણ પહેલાં અને સાંજે અર્પણ પછી. ચિઠ્ઠી નીકળે તે પ્રમાણે ધૂપ ચઢાવવો એ માન યાજકોને કંઇ વખતો વખત મળતું નહિ, પણ આખી જીંદગીમાં કેવળ એકજ વાર તે માન તેને મળતું હતું. હવે એ મુજબ બહાર લોકની આખી સભા પ્રાર્થના કરતી હતી અને ઝખાર્યાહ સોનાની વેદી પર ધૂપ બાળતો હતો, એટલામાં વેદીની જમણી બાજુએ પ્રભુનો એક દૂત દેખાયો. અને તેની સ્ત્રી એલીસાબેતને દીકરો જણવાનું ભવિષ્ય કહ્યું, અને કહ્યું કે, "તેનું નામ યોહાન પાડીશ ... ... અને તે પ્રભુ આગળ મોટો થશે, અને દ્રાક્ષરસ કે દારૂ પીશે નહિ, પણ પોતાની માના પેટથી તે પવિત્ર આત્માએ ભરપુર થશે" (લુક ૧; ૧૨-૧૭). ઝખાર્યાહે એ વાત પર શક બતાવ્યો માટે તેની શિક્ષામાં તે મુંગો થયો. નવ માસ પછી એલીસાબેત પુત્ર જણી અને ઝખાર્યાહે તેનું નામ પાટી ઉપર યોહાન લખ્યું, અને તેનું મ્હો ઉઘડી ગયું અને દેવની સ્તુતિ કરવા લાગ્યો (લુક ૧; ૬૦-૭૦). છોકરો મોટો થયો ને "આત્મામાં સમર્થ થતો ગયો" (લુક ૧; ૮૦). (૬) યશાયાહ જ્યારે માહેર-શાલાલ-હાશ-બાઝનું બયાન કરે છે, ત્યારે ઉરિયાહ યાજકની સાથે યબેરેખ્યાહના પુત્ર ઝખાર્યાહનું નામ આપે છે, અને કહે છે કે તેઓ બંને મારા વિશ્વાસુ સાક્ષીઓ છે (યશા. ૮; ૨). (૭) રાજા ઉઝીયાહના વખતમાં આ નામનો એક ભવિષ્યવાદી હતો, જેને દેવના દર્શનો વિષે સમજણ હતી (૨ કાળ. ૨૬; ૫). (૮) રેઉબેનીઓનો એક મુખ્ય પુરૂષ હતો (૧ કાળ. ૫; ૭). (૯) મુલાકાતમંડપનો દ્વારપાળ હતો (૧ કાળ. ૯; ૨૧). (૧૦) (૧ કાળ. ૯; ૩૭). (૧૧) ઓબેદ-અદોમના ઘરથી પવિત્ર કોષ યરૂશાલેમ લાવવામાં મદદ કરનાર એક લેવી હતો (૧ કાળ. ૧૫; ૨૦-૨૪). (૧૨) લેવી કહાથી (૧ કાળ. ૨૪; ૨૫). (૧૩) મરારી લેવી (૧ કાળ. ૨૬; ૧૧). (૧૪) ઇદ્દોનો બાપ (૧ કાળ. ૨૭; ૨૧). (૧૫) રાજા યહોશાફાટના વખતમાં બોધ કરવાને જે માણસો નિમાયા હતા તેમાંનો એક (૨ કાળ. ૧૭; ૭). (૧૬) આસાફપુત્રોમાંનો એક લેવી (૨ કાળ. ૨૦; ૧૪). (૧૭) યહોશાફાટના પુત્રોમાંનો એક (૨ કાળ. ૨૧; ૨). (૧૮) રાજા હિઝકીયાહની મા અબીયાહનો પિતા (૨ કાળ. ૨૯; ૧). (૧૯) આસાફપુત્રોમાંનો એક (૨ કાળ. ૨૯; ૧૩). (૨૦) દેવના ઘરનો કારભારી (૨ કાળ. ૩૫; ૮). (૨૧) એઝરાના વખતમાં બંદીપ્રવાસથી પાછા આવનારમાં મુખ્ય માણસ (એઝ. ૮; ૧૬) અને ઘણું કરીને તેજ નહે. ૮; ૪ માંનો પુરૂષ હશે. (૨૨) (નહે. ૧૧; ૧૨). (૨૩) (નહે. ૧૨; ૧૬). (૨૪) (નહે. ૧૨; ૩૫. ૪૧). (૨૫) (૨ કાળ. ૩૪; ૧૨).

ઝનાસ = ઝેનોડૉરસનું ટુંકું નામ. આ નામનો એક શિષ્ય તે શાસ્ત્રી હતો (તીત. ૩; ૧૩). પાઉલ તેના વિષે તીતસને સમજાવે છે કે, ઝનાસ શાસ્ત્રીને તથા તેના સાથી અપોલ્લોને કેતથી મારી પાસે મોકલ કે તે કામમાં મને મદદગાર થાય. પછીથી તેના વિષે એવી દંતકથા ચાલે છે કે, સિત્તેર શિષ્યોમાંનો ઝનાસ તે એક હતો; અને દિઓસપોલિસનો બિશપ હતો.

ઝબદી = ઝબાદીયાહનું ટુંકું નામ. આપણા પ્રભુ ઇસુના બે શિષ્ય યાકુબ તથા યોહાનનો પિતા, તથા સાલોમેનો ધણી (માત્થી ૪; ૨૧: ૨૭; ૫૬. માર્ક ૧૫; ૪૦). ઝબદી કાપરનાહુમનો માછી હોઇ ગૃહસ્થ માણસ દેખાય છે, કેમકે તેની પોતાની બે હોડી હતી, તેમજ પોતાના ઘરના નોકર પણ હતા (લુક ૫; ૧૦. માર્ક ૧; ૨૦). તેના દીકરાઓનું

ઇસુએ તેડું કર્યું, ત્યાર પછી તેના વિષે કંઇ વાત આવતી નથી. ઝબદી (માત્થી ૪; ૨૧: ૧૦; ૨ : ૨૦; ૨૦ : ૨૬; ૩૭: ૨૭; ૫૬. માર્ક ૧; ૧૯, ૨૦: ૩; ૧૭: ૧૦; ૩૫. લુક ૫; ૧૦. યોહા. ૨૧; ૨).

ઝબાદ્યાહ = યહોવાહનું ઇનામ. (૧) રાજાની સેવા કરવાને જે વારા ટોળીઓ નિમાઇ હતી તેમાંની ચોથી વારાટોળીનો સરદાર અસાહેલ હતો તેનો પુત્ર (૧ કાળ. ૨૭; ૭). (૨) રાજા યહોશાફાટના વખતમાં જે બોધકો નિમાયા તેમાંનો એક લેવી હતો (૨ કાળ. ૧૭; ૭, ૮). (૩) યહોશાફાટ રાજાએ તકરારોના ફેંસલા કરવાને જે માણસોને ઠરાવ્યા તેમાંનો યહુદાહના ઘરનો અધિકારી ઇશ્માએલનો પુત્ર ઝબાદ્યાહ હતો (૨ કાળ. ૧૯; ૮-૧૧). (૪) બિન્યામીની બરીયાહનો પુત્ર (૧ કાળ. ૮; ૧૫). (૫) આસાફ-વંશી દ્વારપાળોની વારાટોળીઓમાંનો એક (૧ કાળ. ૨૬; ૨). એ શિવાય આ નામના બીજા ચાર પાંચ માણસની વાત શાસ્ત્રમાં આવે છે (૧ કાળ. ૧૨; ૭. એઝ. ૮; ૮: ૧૦; ૨૦ ૧ કાળ. ૮; ૧૭).

ઝબીદાહ = આપેલો. યોશીયાહ રાજાની રાણી અને યહોયાકીમની મા (૨ રા. ૨૩; ૩૬).

ઝબીના = ખરીદેલું. અન્ય કોમ સાથે લગ્નસંબંધ જોડનાર એક માણસ (એઝ. ૧૦; ૪૩).

ઝબુલ = વસવાની જગ્યા. અબીમેલેખનો શખેમ ઉપર નિમાએલો હાકેમ હતો (ન્યાયા. ૯; ૨૮, ૩૦, ૩૬). તેણે પોતાના ધણી અબીમેલેખને ખાનગી બાતમી મોકલાવી કે શખેમના માણસો હામોરની તાબેદારી કરવાને તૈયાર થયાં છે, કેમકે એબેદના દીકરાના દીકરા ગાઆલે લોકોને એવી ઉશ્કેરણી આપી છે. પછી અબીમેલેખ ચઢી આવ્યો અને તેણે શહેરનો નાશ કીધો, અને નગર તરવારની ધારથી માર્યું અને તેમાં મીઠું વેર્યું (ન્યાયા. ૯; ૨૮-૪૫).

ઝબુલૂન = રહેઠાણ. યાકુબ અને લેઆહથી થએલો છઠ્ઠો અને સૌથી નાનો પુત્ર હતો. તેના પોતાના ઇતિહાસ વિષે કંઇ જાણવામાં આવ્યું નથી, તેને ત્રણ પુત્રો થયા (ઉત્પ. ૪૬; ૧૪). ઝબુલૂન કુળની ગણત્રી સિનાય પહાડ આગળ જ્યારે કરવામાં આવી, ત્યારે ૫૭,૪૦૦ ની થઇ હતી (ગણ. ૧; ૩૧). અને કનાન દેશમાં પેસતાં પહેલાં તેઓની સંખ્યા ૬૦,૫૦૦ની થઇ હતી (ગણ. ૨૬; ૨૭). જે કુળોએ કનાનીઓને કાઢી મુક્યા નહિ પણ ખંડિયા કર્યા, તેમાંનું એક કુળ આ હતું (ન્યાયા. ૧; ૩૦). આ કુળ ગિદઓનનો સંદેશો માન્ય કરી તેની સાથે મિદ્યાનીઓ સામે લડવા ગયું હતું (ન્યાયા. ૬; ૩૫). વળી દાઉદને સર્વ ઇસ્રાએલીઓ પર રાજા ઠરાવવાને બીજાં કુળો સાથે તેઓ પણ હેબ્રોનમાં એકઠા થયા હતા. ઉત્તરનાં બીજાં કુળો સાથે આ કુળને પણ આશ્શૂરનો રાજા તિગ્લાથ-પિલેસેર આશ્શૂર દેશમાં કેદ કરી લઇ ગયો હતો (૨ રા. ૧૫; ૨૯). કનાન દેશમાં વતનની વહેંચણીમાં આ કુળને ગાલીલ સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્ર વચ્ચે આવેલો વિસ્સાખારની ઉત્તરનો અને આશેર તથા નાફતાલીની દક્ષિણનો દેશ વતનને સારૂ મળ્યો. પુરાતન ભવિષ્ય પ્રમાણે આપણા પ્રભુ ઇસુની જાહેર ધર્મ સેવાનો ઘણોએક ભાગ આ પ્રાંત સાથે જોડાયલો છે (યશા. ૯; ૧, ૨. માત્થી ૪; ૧૨-૧૬). ઝબુલૂન= યાકુબનો પુત્ર (ઉત્પ. ૩૦; ૨૦). વતન (યહો. ૧૯; ૧૦-૧૬, ૨૭, ૩૪). લેવીઓનાં શહેર (યહો. ૨૧; ૭, ૩૪. ન્યાયા. ૧; ૩૦). દબોરાહ તથા બારાક સાથે લડાઇમાં આ કુળે ભાગ લીધો (ન્યાયા. ૪; ૬, ૧૦: ૫; ૧૪, ૧૮). ગિદઓન સાથે (૬; ૩૫. ૧ કાળ. ૧૨; ૪૦). હિઝકીયાહ સાથે પાસ્ખા પર્વ (૨ કાળ. ૩૦; ૧૦-૧૮. ગીત ૬૮; ૨૭. યશા. ૯; ૧. હઝ. ૪૮; ૨૬, ૨૭, ૩૩ વળી ઉત્પ. ૩૫; ૨૩: ૪૯; ૧૩. ગણ. ૧; ૩૦: ૨૬; ૨૬. પુન. ૩૩; ૧૮. ૨ કાળ. ૩૦; ૧૧, ૧૮. પ્રક. ૭; ૮. એ પ્રાંતમાં ઇસુનો ઉપદેશ, માત્થી ૪; ૧૩. યશા. ૯; ૧).

ઝમીરાહ = પ્રાક્ષલતા સોરનાર. બિન્યામીની બેખેરના પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૭; ૮).

ઝરાહ્યાહ = યહોવાહ તારા પર ઉગશે (યશા. ૬૦; ૨). (૧) લેવી પુત્રોમાંનો એક ઉઝ્ઝીનો પુત્ર (૧ કાળ. ૬; ૬). (૨) ઝરાહ્યાહ (એઝ. ૮; ૪).

ઝરૂબ્બાબેલ = બાબેલમાં જન્મેલો. યહુદીઓ બાબેલના બંદીપ્રવાસથી કોરેશ રાજાએ બાબેલ જીત્યું ત્યાર પછી ત્રણ વિવિધ વખતે સ્વદેશ આવ્યા. તેમાં પ્રથમ ઝરૂબ્બાબેલની સરદારી નીચે ૪૨,૩૬૦ માણસ પાછાં ફર્યાં (એઝ. ૨; ૬૪). અને બીજે વર્ષે તેણે વેદી ઉભી કરી અને નબુખાદનેસ્સારે જે મંદિરનો નાશ કર્યો હતો (એઝ. ૩; ૮-૧૩ : ૪; ૬) તે મંદિરના ખંડેર ઉપર મંદિરનો પાયો નાખ્યો અને ઘણીએક મુશીબતીમાં મંદિર ઉભું કીધું (એઝ. ૫; ૬). તેના પિતાનું નામ શઆલ્તીએલ કે શેઆલ્તીએલ હતું (હાગ. ૧; ૧. માત્થી ૧; ૧૨). વળી તે પદાયાહનો પુત્ર પણ કહેવાય છે (૧ કાળ. ૩; ૧૭-૧૯). અને એમ હોય કે શઆલ્તીએલનો તે પૌત્ર કે ભત્રીજો હશે. તેનું ઇરાની નામ 'શેશ્બાસ્સાર' હતું (એઝ. ૧; ૮,૧૧). જો કે ઝરૂબ્બાબેલ શઆલ્તીએલનો ભત્રીજો હતો, તો પણ પુત્ર સમાન ગણવામાં આવ્યો હતો. અને તેને વારસ પણ ઠરાવ્યો, અને બાદશાહ થવાનો હક પણ તેને આપવામાં આવ્યો. કેમકે કોન્યાહ કે યખોન્યાહ જ્યારે નિઃસંતાન મરણ પામ્યો, ત્યારે શઅલ્તીએલ જે દાઉદના દીકરા સુલેમાનના સગા ભાઇ (૧ કાળ. ૩; ૫) નાથાનનો પુત્ર, તેને ગાદીએ બેસાડવામાં આવ્યો (યિર્મે ૨૨; ૨૮-૩૦. લુક ૩; ૨૭, ૩૧. માત્થી ૧; ૧૨) લુકની વંશાવળીમાં ઝરૂબ્બાબેલના પુત્રને 'રેસા' કહેલો છે, પણ 'રેસા' એ તો કેવળ ઝરૂબ્બાબેલની અટક છે, એટલે ઝરૂબ્બાબેલ જે આગેવાન. એ પ્રમાણે દાઉદની રાજ્યવંશી પેઢીમાં તેનું નામ આપવામાં આવ્યું છે.

ઝલોતસ = જુઓ જેલોટીસ (લુક ૬; ૧૫).

ઝાઅવાન = ત્રાસદાયક. અદોમ સરદારોમાંનો એક. તેના પિતાનું નામ એસેર હતું. (ઉત્પ. ૩૬; ૨૭. ૧ કાળ. ૧; ૪૨).

ઝાક્કર = સાવધ. શામ્મૂઆ, જે બાર જાસુસોમાંનો એક હતો. તેના પિતાનું નામ ઝાક્કર હતું. તે રેઉબેન કુળનો હતો (ગણ. ૧૩; ૪).

ઝાક્કૂર = સાવચેત. (૧) શિમઓનના પુત્ર મિશ્માનો પુત્ર (૧ કાળ. ૪; ૨૬). (૨) મરારીપુત્રોમાંનો એક (૧ કાળ. ૨૪; ૨૭). (૩) આસાફ્પુત્રોમાંનો એક, જે વાજીંત્રો સાથે સેવાના કામમાં નિમાયો હતો (૧ કાળ. ૨૫; ૨, ૧૦. નહે. ૧૨; ૩૫). (૪) ઇમ્રીનો પુત્ર, જે યરૂશાલેમના કોટની મરામત કરવામાં હતો (નહે. ૩; ૩). (૫) એક લેવી (નહે. ૧૦; ૧૨). (૬) માત્તાન્યાહનો પુત્ર (નહે. ૧૩; ૧૩).

ઝાઝા. યહુદાહપુત્રોમાંના યોનાથાનનો પુત્ર (૧ કાળ. ૨; ૩૩).

ઝાત્તૂ = તામસી (?). જેનું કુટુંબ ઝરૂબ્બાબેલની સાથે બંદીપ્રવાસથી પાછું આવ્યું હતું તે (એઝ. ૨; ૮: ૧૦; ૧૭. નહે. ૭; ૧૩: ૧૦; ૧૪).

ઝાનોઆહ = કાદવ કચરાવાળી જગ્યા. (૧) યહુદાહના નીચ પ્રદેશમાં સોરાહની પાસે આવેલ શહેર હતું (યહો. ૧૫; ૩૪). બંદીપ્રવાસ પછી ફરીને તે વસાવવામાં આવ્યું હતું (નહે. ૧૧; ૩૦). (૨) યહુદાહના પહાડી પ્રદેશમાં આવેલ એક શહેર હતું, જે હેબ્રોનથી દસ મેલ ઉત્તર પશ્ચિમમાં આવેલું હતું (યહો. ૧૫; ૫૬). (૩) યહુદાહપુત્રોમાંનો એક પુરૂષ (૧ કાળ. ૪; ૧૮).

ઝાબાદ = બક્ષીસ. (૧) દાઉદના સૈન્યના યોદ્ધાઓમાંનો એક હતો (૧ કાળ. ૧૧; ૪૧). 'એશાનપુત્રો' માંના આહલાયના વંશનો એક પુરૂષ હતો (૧ કાળ. ૨; ૩૧). (૨) એફ્રાઇમી નાહાથ વંશી (૧ કાળ. ૭; ૨૧). (૩) યહુદાહના રાજા યોઆશ વિરૂદ્ધ બંડ કરી તેણે તથા યહોઝાબાદે રાજાને મારી

નાખ્યો (૨ કાળ. ૨૪; ૨૫, ૨૬). તેને ૨ રા. ૧૨; ૨૧ માં યોઝાખાર કહે છે. તે આમ્મોનેણ શિમઆથનો પુત્ર હતો. (૪) (એઝ. ૧૦; ૨૭). (૫) (એઝ. ૧૦; ૩૩). (૬) (એઝ. ૧૦; ૪૩).

ઝાબૂદ = ઇનામ. રાજા સુલેમાનના વખતમાં નાથાનનો પુત્ર ઝાબૂદ, જે રાજાનો મિત્ર હતો (૧ રા. ૪; ૫).

ઝાબ્દી = યહોવાહની બક્ષીસ. (૧) આખાન જેણે શાપિત વસ્તુમાંથી લઇને યહોવાહનો હુકમ તોડયો તેનો દાદો હતો (યહો. ૭; ૧, ૧૭, ૧૮). ૧ કાળ. ૨; ૬ માંનો ઝિમ્રી તે આ ઝાબ્દી હતો. (૨) બિન્યામીની (૧ કાળ. ૮; ૧૯). (૩) દાઉદ રાજાની દ્રાક્ષવાડીઓનો એક અમલદાર હતો જેને 'શિફ્મી' કહે છે (૧ કાળ. ૨૭; ૨૭). (૪) આસાફના પુત્રોમાંનો એક લેવી હતો (નહે. ૧૧; ૧૭). તેને ૧ કાળ. ૯; ૧૫ માં 'ઝિખ્રી' અને નહે. ૧૨; ૩૫ માં તેને 'ઝાક્કૂર' કહે છે.

ઝાબ્દીએલ = દેવનું ઇનામ. (૧) દાઉદના વખતમાં પહેલી વારાટોળીનો અમલદાર યાસોબઆમ, તેનો પિતા (૧ કાળ. ૨૭; ૨). (૨) બંદીપ્રવાસ પછી યાજકોનો એક અમલદાર (નહે. ૧૧; ૧૪).

ઝાબ્બાય = ભટકનાર. (૧) (એઝ. ૧૦; ૨૮). (૨) બારૂખ જે યરૂશાલેમના કોટની મરામત કરનારાઓમાંનો એક હતો, તેનો પિતા (નહે. ૩; ૨૦).

ઝાબ્બૂદ = ઇનામ. એઝરાની સાથે જેઓ બંદીપ્રવાસથી પાછા ફર્યા તેમાંના બિગ્વાયના પુત્રોમાંનો એક (એઝ. ૮; ૧૪).

ઝામઝુમ્મી = આરામ રહિત. આ રાક્ષસી કોમના લોક અનાકીઓની પેઠે કદાવર, ઘણા તથા કદમાં ઉંચા હતા (પુન ૨; ૨૦, ૨૧). આમ્મોનીઓએ તેઓને હરાવ્યા અને તેમને ઝામઝુમ્મીઓ નામ આપ્યું. તેઓને પ્રથમ રફાઇઓ કહેતા હતા, અને તેમના દેશને રફાઇઓનો દેશ કહેતા હતા, પણ પછીથી આમ્મોનીઓએ તે દેશ જીતી લીધો. એવું ધારવામાં આવે છે કે આ કોમ તે હામ-ઝુમીઓ હશે, એટલે જે ઝુમીઓ હામ દેશ જે આશતેરોથની દક્ષિણમાં આવેલો હતો (ઉત્પ. ૧૪; ૫), ત્યાં રહેતા હતા તે. આ આશતેરોથ તે પુરાતન રાબ્બાથ-આમ્મોન છે.

ઝાહામ = અભાવ. સુલેમાનના પુત્ર રહાબઆમનો પુત્ર (૨ કાળ. ૧૧; ૧૯).

ઝિખ્રી = સ્મરણ કીધું. (૧) યિસ્હારના પુત્રોમાંનો એક (નિર્ગ. ૬; ૨૧). (૨) આસાફના પુત્રોમાંનો એક (૧ કાળ ૯; ૧૫). તેને નહે. ૧૧; ૧૭ માં ઝાબ્દી કહે છે. (૩) એક એફ્રાઇમી પરાક્રમી પુરૂષ હતો. તેણે રાજા આહાઝના વખતમાં, રાજાના પુત્ર માઅસેયાહને, આઝ્રીકામને તથા એલ્કાનાને મારી નાખ્યા (૨ કાળ. ૨૮; ૭). વળી એ શિવાય જુઓ (નહે. ૧૧; ૯: ૧૨; ૧૭. ૧ કાળ. ૯; ૧૫, ૨૩, ૨૭: ૨૬; ૨૫: ૨૭; ૧૬. ૨ કાળ. ૨૩; ૧).

ઝિફ્રોન = મીઠી સુગંધ. પાલેસ્ટાઇનની ઉત્તર સરહદ પર આવેલું એક શહેર હતું (ગણ. ૩૪; ૯), જે હામાથની અગ્નિ કોણમાં આવેલું હતું.

ઝિમ્માહ = ઉપદ્રવ. (૧) લેવી ગેર્શોમના કુટુંબનો એક માણસ (૧ કાળ. ૬; ૨૦). (૨) લેવી શિમઇનો પુત્ર (૧ કાળ. ૬; ૪૨). (૩) યોઆહનો પિતા (૨ કાળ. ૨૯; ૧૨).

ઝિમ્રાન = દ્રાક્ષવેલાનો સોરનાર. ઇબ્રાહીમની સ્ત્રી કટૂરાહથી થએલ છોકરાંમાંનો એક હતો (ઉત્પ. ૨૫; ૨. ૧ કાળ. ૧; ૩૨).

ઝિમ્રી = સ્તુતિપાત્ર. (૧) આ નામનો એક શિમઓની સરદાર હતો. તે શિટ્ટીમમાં બધાની સમક્ષ એક મિદ્યાની સ્ત્રી લાવ્યો. આ બનાવ હારૂન યાજકના પૌત્ર ફિનહાસે જોયો, ત્યારે પોતાના હાથમાં ભાલો લઇ ઝિમ્રીની ઓરડીમાં ગયો અને તેઓ બન્ને સ્ત્રીપુરૂષને વિંધી નાખ્યાં (ગણ. ૨૫; ૬-૧૫). (૨) યહુદાહના રાજા આસાને ૨૭ મે વર્ષે

ઇસ્રાએલના રાજા ઝિમ્રીએ તિર્સાહમાં સાત દિવસ રાજ્ય કર્યું. તેણે રાજા સામે બંડ કરી રાજ્ય મેળવ્યું, પણ સેનાપતિ ઓમ્રીએ તિર્સાહને ઘેરો ઘાલી ઝિમ્રીને ઘેરી લીધો. એ જોઇ ઝિમ્રીએ તિર્સાહને આગ લગાડી બાળી મુક્યું, અને પોતે પણ તેમાં બળી મુઓ (૧ રા. ૧૬ ; ૮-૨૦). પછી ઇસ્રાએલમાં બે તડ પડ્યાં. કેટલાકે તિબ્નીને રાજા ઠરાવ્યો, ત્યારે બીજા કેટલાકે ઓમ્રીને રાજા ઠરાવ્યો. ઓમ્રી જીત્યો અને ઇસ્રાએલનો રાજા થયો, અને તિર્સાહમાં છ વર્ષ રાજ્ય કર્યું (૨ રા. ૯ ; ૩૧). (૩) મૂર્તિપૂજક લોક કે જેઓનો ન્યાય યહોવાહ કરશે તે લોકોની ટીપમાં આ નામ પણ આપવામાં આવ્યું છે. બાબેલની ઇશાન કોણમાં આવેલું આ એક પરગણું હતું. આ નામ ઉત્પ. ૨૫; ૨ માં આવેલું કદાપી ઝિમ્રાન હશે. અને એમ હોય તો આ કોઇ અરબ કોમ હશે (યિર્મે. ૨૫ ; ૨૫). (૪) યહુદાહ પુત્રોમાંના ઝેરાહનો પુત્ર (૧ કાળ. ૨ ; ૬). (૫) બિન્યામીની મોસાનો પિતા (૧ કાળ. ૮ ; ૩૬ : ૯ ; ૪૨).

ઝિલ્પાહ = લબડી પડતું. લાબાને પોતાની પુત્રી લેઆહને દાસી થવા સારૂ પોતાની જે દાસી આપી હતી તે. તે આશેર તથા ગાદની માતુ થાય (ઉત્પ. ૨૯; ૨૪ : ૩૦ ; ૯-૧૩ : ૩૫ ; ૨૬ : ૩૭; ૨ : ૪૬ ; ૧૮).

ઝીઆ = બીક. ગાદપુત્રોમાંનો એક (૧ કાળ. ૫; ૧૩).

ઝીઝા = ઠાઠમાઠ. (૧) શિમઓની સરદાર (૧ કાળ. ૪ ; ૩૭-૪૩). (૨) રહાબઆમ આબ્શાલોમની પુત્રી માઅખાહથી થએલો પુત્ર (૨ કાળ. ૧૧ ; ૨૦). (૩) યોનાથાનનો પુત્ર (૧ કાળ. ૨ ; ૩૩).

ઝીઝાહ (૧ કાળ. ૨૩ ; ૧૧).

ઝીના = ઘરેણાં. (૧ કાળ. ૨૩ ; ૧૦).

ઝીફ = વહેવું. (૧) યહુદાહપુત્રોમાંનો એક (૧ કાળ. ૪ ; ૧૬). (૨) યહુદાહની દક્ષિણે આવેલું એક શહેર (યહો. ૧૫; ૨૪). (૩) યહુદાહના પહાડી મુલકમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૫ ; ૫૫). હાલ હેબ્રોનની અગ્નિ કોણમાં પાંચ મેલ ઉપર આવેલું તેલ-એઝ-ઝીફ નામનું ખંડેર એ નામથી ઓળખાય છે. અહિં દાઉદ પોતાના દેશવટામાં સંતાઇ રહ્યો હતો (૧ શમૂ. ૨૩ ; ૧૯. ગીત. ૫૪ મથાળું). વળી જુઓ ૧ શમૂ. ૨૬; ૨. ૧ કાળ. ૨ ; ૪૨. ૨ કાળ. ૧૧ ; ૮. ઝીફીઓ (૧ શમૂ. ૨૩ ; ૧૯ : ૨૬ ; ૧).

ઝીવ = પ્રકાશિત, ફુલોનો મહિનો. હેબ્રીઓનો બીજો મહિનો છે, તે વખતમાં આપણો અંગ્રેજી મહિનો મે છે. ઝીવ નામ તે ખાલ્દી ભાષાનું છે, અને માત્ર ૧ રા. ૬ ; ૧, ૩૭ માં આ નામ આવે છે.

ઝુઝીઓ = આરામ વગરના (ઉત્પ. ૧૪ ; ૫). જુઓ ઝામઝુમ્મીઓ.

ઝૂસ (પ્રે. કૃ. ૧૪; ૧૨ : ૧૯ ; ૩૫). પુરાતન યુનાનીઓ અને રૂમીઓની સમજમાં ઝૂસ દેવતા તે સૌથી મોટો દેવતા હતો. બીજા દેશોમાં પણ આ દેવતાની પૂજા ચાલતી હતી. એફેસસનાં માણસો આર્તેમિસ મૂર્તિને ઝૂસ દેવતા પાસેથી પડેલી સમજતા હતા હતા (પ્રે કૃ. ૧૯; ૩૫). લુસ્ત્રાના માણસો પણ ઝૂસ દેવતાને માનતા અને પૂજતા હતા. આ દેવતાનું મંદિર શહેર બહાર બાંધવામાં આવ્યું હતું. લુસ્ત્રામાં જ્યારે પાંગળો માણસ સાજો થયો ત્યારે તેઓએ બાર્નાબાસને ઝૂસ અને પાઉલને હેર્મેસ કહ્યો.

ઝેખેર = યાદગારી. (૧ કાળ. ૮ ; ૩૧ : ૯ ; ૩૫). અને ૨ કાળ. ૯ ; ૩૭ માં તેને ઝાખર્યાહ કહે છે.

ઝેથાન = જેતુન. એક બિન્યામીની (૧ કાળ. ૭; ૧૦).

ઝેથામ = જેતુન (૧ કાળ. ૨૩ ; ૮ : ૨૬ ; ૨૨).

ઝેથાર = અહાશ્વેરોશ રાજાના સાત હજુરિયા ખવાસોમાંનો એક હતો (એસ્ત. ૧ ; ૧૦).

ઝેબાહ = માણસને મારનાર. ઝેબાહ તથા સાલ્મુન્ના મિદ્યાનીઓના રાજા હતા.

તેઓ ઇસ્રાએલીઓ પર ચઢી આવ્યા ત્યારે ગિદઓને તેમને હરાવ્યા, અને નાસતાં નાસતાં તેમને જીવતા પકડ્યા અને ગિદઓને તેમને કતલ કીધા (ન્યાય. ૮ સાથે ૧ શમૂ. ૧૨; ૧૧. યશા. ૧૦; ૨૬. ગીત ૮૩; ૧૧ સરખાવો).

ઝેરાહ = સૂર્યોદય. (૧) યહુદાહ તથા તામારથી થએલો પુત્ર (ઉત્પ. ૩૮; ૩૦: ૪૬; ૧૨. ૧ કાળ. ૨; ૪. યહો. ૭; ૧, ૨૪: ૨૨; ૨૦). તેના વંશજોને ઝેરાહીઓનું કુટુંબ કહે છે (ગણ. ૨૬; ૨૦). અને ૧ રાજા ૪; ૩૧ માં એઝ્રાહીનું કુટુંબ કહે છે. (૨) એસાવવંશી રેઉએલનો પુત્ર (ઉત્પ. ૩૬; ૧૩, ૧૭. ૧ કાળ. ૧; ૩૭). (૩) શિમઓનનો પુત્ર (ગણ. ૨૬; ૧૩. ૧ કાળ. ૪; ૨૪). તેને ઉત્પ. ૪૬; ૧૦ માં સોહાર કહે છે. (૪) આસા રાજાની સામે ઝેરાહ કુશી દસ લાખ માણસનું લશ્કર લઇને ચઢી આવ્યો હતો. આસાએ તેને હરાવ્યો (૨ કાળ. ૧૪; ૯). આ ઝેરાહ તે મિસરનો ઓસોરકોન બીજો હશે, જે શીશાક પછી ગાદીએ બેઠો. (૫) લેવીપુત્રોમાંનો એક (૧ કાળ. ૬; ૨૧, ૪૧;). ઝેરાહીઓ (ગણ. ૨૬; ૧૩, ૨૦. યહો. ૭; ૧૭. ૧ કાળ. ૨૭; ૧૧, ૧૩).

ઝેરેદ = વેલાવાળો છોડ. ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનું એક મુકામ હતો. મૃત સમુદ્રની ઉત્તર સીમા પર આવેલા નીચાણને આ નામ આપવામાં આવ્યું છે (ગણ. ૨૧; ૧૨. પુન. ૨; ૧૪). તેને 'વેલાવાળું નાળું' કહે છે (યશા. ૧૫; ૮). તેમજ વળી આમોસ ૬; ૧૪ માં તેને 'અરાબાહની નદી' એવું નામ આપવામાં આવ્યું છે. હાલ તેને 'એલ-આક્સે'નું નીચાણ કહે છે.

ઝેરેશ = ખુબસુરતીનો તારો. દુષ્ટ હામાનની સ્ત્રી. તેણીએ પોતાના ધણીને મોર્દખાયને ફાંસી દેવાની સલાહ આપી હતી (એસ્ત. ૫; ૧૦, ૧૪: ૬; ૧૩).

ઝોહેથ = છાનત્રી લેવું. શિમઇ પુત્રોમાંનો એક (૧ કાળ. ૪; ૨૦).

ઝોહેલેથ = સર્પ; લપસણી. સીલોઆમ ગામની આસરે મધ્યમાં પત્થરનો એક ટેકરો આવેલો હતો. તેની પાસે એન-રોગેલ આવેલું હતું. આ પત્થરવાળી ટેકરી ઉપર સ્ત્રીઓ પાણી ભરીને જતાં આશ્રો લેતી હતી (૧ રાજા ૧; ૫-૯). અહિં અદોનીયાહે મોટી બાદશાહી મિજબાની આપી હતી, જેમાં સુલેમાન અને તેનાં માણસોને આમંત્રણ આપવામાં આવ્યું ન હતું. અહિં લોક જમતા હતા એટલામાં નાથાનની મધ્યસ્થીથી સુલેમાનનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. આ સાંભળીને અદોનીયાહ તથા તેના મિજમાનો ગભરાઇને નાઠા. પણ આ ગુન્હાની માફી પછીથી અદોનીયાહને સુલેમાને આપી (૧ રાજા ૧; ૪૯, ૫૦).

ટ.

ટબાલ્યાહુ = જેને યહોવાહ ડુબાડે છે. દ્વારપાળોમાંનો એક (૧ કાળ. ૨૬; ૧૧).

ટલાઈમ = હલવાન. અમાલેકની સામે લડવાને શાઉલે પોતાનું લશ્કર અહિં ભેગું કર્યું અને તેની ગણત્રી કીધી હતી (૧ શમૂ. ૧૫; ૪). કદાપી યહો. ૧૫; ૨૪ માં આવતું ટેલેમ હશે (જુઓ ટેલેમ).

ટાફાથ = ટીપુ. સુલેમાન રાજાની દીકરી હતી (૧ રા. ૪; ૧૧).

ટાબએલ = દેવ સારો છે. યહુદાહના રાજા આહાઝની સામે સીરીઆ તથા સમારીઆના જે બે રાજા ચઢી આવવા તૈયાર થયા હતા તેઓમાંના એકનો તે બાપ હતો (યશા. ૭; ૬-૧૪).

ટાબ્બાઓથ = વીંટીઓ. બંદીપ્રવાસથી જેઓ પાછા ફર્યા તેમાંનું એક કુટુંબ (એઝ. ૨; ૪૩).

ટાબ્બાથ = પ્રખ્યાત. બેથશીનની દક્ષિણે યરદન નદી પાસે એફ્રાઇમના ભાગમાં આવેલું એક શહેર હતું (ન્યા. ૭; ૨૨).

ટાબ્રિમ્મોન = રિમ્મોન ભલો છે. અરામના રાજા બેન-હદાદનો બાપ (૧ રા. ૧૫; ૧૮).

ટાર્પેલાયેઓ. (એઝ. ૪; ૯). ટાર્પેલના માણસો કે જેઓ શમરૂનમાં વસ્યા હતાં.

ટાલમોન = દબાવલો. (૧) મંદિરનો દ્વારપાળ (૧ કાળ. ૯; ૧૭. નહે. ૧૧; ૧૯). (૨) જેના વંશના માણસો બંદીપ્રવાસથી યરૂશાલેમ પાછાં આવ્યાં (એઝ. ૨; ૪૧. નહે. ૭; ૪૫: ૧૧; ૧૯: ૧૨; ૪૫). કદાપી ઉપલા બન્ને માણસો એક ને એકજ હશે.

ટિબ્હાથ = કસાઇનો ધંધો. સોબાહના રાજા હદાર-એઝેરનું નગર હતું (૧ કાળ. ૧૮; ૮) જેમાંથી દાઉદે પુષ્કળ પિત્તળ લીધું, અને સુલેમાને તે વડે મંદિરનો હોજ, સ્તંભો તથા પિત્તળનાં વાસણો બનાવ્યાં. અને નગરને ૨ શમૂ. ૮; ૮ માં બેટાહ કહે છે.

ટેબાહ = કાપાકાપી. નાહોરની દાસી રઉમાહને પેટ થએલો પુત્ર (ઉત્પ. ૨૨; ૪૪).

ટેબેથ. (એસ્ને. ૨; ૧૬). આ ઇરાની જુનો શબ્દ હતો, જે વર્ષનો થંડીનો વખત દર્શાવનો હતો, પણ પછીથી યહુદીઓના પંચાગના દસમા માસને આ નામ આપવામાં આવ્યું છે.

ટેલેમ = દબાણ. એઝરાના વખતમાં મંદિરનો એક દ્વારપાળ હતો (એઝ. ૧૦; ૨૪). કદાપી નહેમ્યાહ ૧૨; ૨૫ માંનો ટાલમોન તે આજ હશે.

ટોઇ = ભટકવું. હમાથનો રાજા જેને સોબાહના રાજા હદાદ-એઝેર સાથે વિગ્રહ ચાલતો હતો. હદાદ-એઝેર પર જ્યારે દાઉદે જીત મેળવી, ત્યારે ટોઇ રાજાએ પોતાના દીકરા યેરામને દાઉદને મુબારકબાદી આપવા મોકલ્યો (૨ શમૂ. ૮; ૯, ૧૦). આ ટોઇને ૧ કાળ. ૧૮; ૯, ૧૦ માં તોઉ કહે છે.

ટોબ. યરદન નદીની પૂર્વમાં ગાલીલ સમુદ્રની અગ્નિ કોણમાં ૧૩ મૈલ ઉપર આવેલું એક પ્રગણું હતું. અહિં યિફ્તાહ પોતાના ભાઇઓ પાસેથી નાસીને આવ્યો હતો (ન્યા. ૧૧; ૩, ૫). તે પ્રગણું પરીઆની ઉત્તર સીમા પર આમોન અને અરામની વચ્ચે આવેલું હતું (૨ શમૂ. ૧૦; ૬, ૮). હાલ તેને તાઇયાબેહ કહે છે.

ટોબ-અદોનીયાહ = પ્રભુને સારૂ. યહોશાફાટે યહુદાહનાં નગરોમાં બોધ આપવાને જે લેવીઓને મોકલ્યા તેમાંનો એક હતો (૨ કાળ. ૧૭; ૮).

ટોબીયાહ = પ્રભુ સારો છે. બાબેલના બંદીપ્રવાસ પછી યરૂશાલેમને બીજી વખત બાંધતા હતા ત્યારે બીજા માણસોની સાથે ટોબીયાહ જે આમ્મોની ચાકર હતો, તે પણ નહેમ્યાહ વિરૂદ્ધ થયો (નહે. ૨; ૧૦). તે ઘણો લાગવગ ધરાવનારો માણસ હતો. તેણે નહેમ્યાહને બીવડાવવા સારૂ પત્રો મોકલ્યા (નહે. ૬; ૧૭-૧૯). નહેમ્યાહની ગેરહાજરીમાં એલ્યાશીબ યાજકે ટોબીયાહને માટે દેવના ઘરના આંગણામાં એક ઓરડો બંધાવ્યો હતો. પણ નહેમ્યાહ જ્યારે પાછો આવ્યો, ત્યારે આ જોઇને તેને ઘણું દુઃખ લાગ્યું; તેથી ઓરડામાંથી નહેમ્યાહે ટોબીયાહનો બધો સામાન બહાર ફેંકી દીધો (નહે. ૧૩; ૭, ૮). ટોબીયાહના પુત્રો (એઝ. ૨; ૬૦. નહે. ૭; ૬૨). આમ્મોની ટોબીયાહ (નહે. ૭; ૧૦, ૧૯: ૪; ૩, ૭: ૬; ૧૭: ૧૩; ૪, ૮). (૨) યહુદાહનાં નગરોમાં બોધ આપવાને યહોશાફાટ રાજાએ જે લેવીઓને મોકલ્યા તેમાંનો એક હતો (૨ કાળ. ૧૭; ૮). (૩) ગુલામગીરીથી જે માણસો પાછાં ફર્યાં, તેમાં ટોબીયાહનાં માણસો હતાં (ઝખ. ૬; ૧૦, ૧૪).

ત.

તકોઆ = તંબુ તાણવો. (૧) યહુદાહમાં આવેલું એક શહેર હતું, કે જે આશરે યરૂશાલેમથી ૧૨ મૈલ દૂર હશે. તે યરૂશાલેમથી નજરે પડતું હતું. આ શહેરમાંથી યોઆબે એક ચતુર સ્ત્રીને બોલાવીને આબ્શાલોમ વિષેની હકીકત દાઉદ રાજા આગળ કહેવડાવી. જે દૃષ્ટાંત પ્રમાણે નાથાન ભવિષ્યવાદીએ દાઉદ આગળ વાત કહી હતી તેજ પ્રમાણે તેણીએ પણ વાત કહી (૨ શમૂ. ૧૨; ૧-૬). તે સ્ત્રીએ જે વાત કહી તે ૨ શમૂ.

૧૪ માં સમાએલી છે. આ શહેર આમોસનું વતન હતું (આમો. ૧; ૧). હાલ બેથલેહેમથી દક્ષિણે ૫ મૈલ પર આવેલું "તેકુઆ" નામનું એક ગામ પુરાતન તકોઆ નામથી ઓળખાય છે. તકોઆ (૨ શમૂ. ૧૪; ૨, ૪). રહાબઆમે તેને બંધાવ્યું (૨ કાળ. ૧૧; ૬). તકોઆનું અરણ્ય (૨ કાળ. ૨૦; ૨૦. યિર્મે. ૬; ૧). તકોઆનો ગોવાળીઓ (આમો. ૧; ૧).

તકોઇ = રણશિંગડાનો નાદ. ઇક્કેશનો પુત્ર ઇરા જે તકોઇના હતો (૨ શમૂ. ૨૩; ૨૬. ૧ કાળ. ૧૧; ૨૮: ૨૭; ૯).

તરાફીમ = ફળવાન કરનાર. માણસના આકારની, કેટલીક માણસ જેવડી મોટી અને કોઇ નાની, પૂજનની મૂર્તિ હતી. શાઉલ રાજાએ જ્યારે દાઉદને મારવાને મારા મોકલ્યા ત્યારે દાઉદની સ્ત્રી મીખાલે દાઉદના બિછાનામાં તરાફીમ મૂર્તિને સુવાડીને, ઓશીકે બકરાના વાળનો તકિયો મુક્યો ને ઉપર લુગડું ઓઢાડીને આવેલાં માણસને જણાવ્યું કે તે માંદો છે (૧ શમૂ. ૧૯; ૧૩-૧૬). એ પ્રમાણે દાઉદને તેણીએ નસાડી મુક્યો. અજાયબ જેવી વાત છે કે, દાઉદના ઘરમાં આવી મૂર્તિ રાખવામાં આવી હતી. કદાપી એમ હોય કે મીખાલ પોતાના બાપના ઘરમાંથી એવી મૂર્તિઓ લાવી હશે. અને શાઉલ પરથી દેવનો આત્મા ચાલ્યો ગયો તેનું એક કારણ એ પણ હોય. અને એજ સાધનથી દાઉદનો બચાવ થયો, એ જોવાજેવી વાત છે. આવા પ્રકારની મૂર્તિઓનો નાશ કરવાને યોશીયાહ રાજાએ પ્રયત્ન કર્યો હતો (૨ રાજા. ૨૩; ૨૪). એફોદ અને તરાફીમ એ બન્ને સાથે નામ, હોશી. ૩; ૪ માં આવે છે. પણ ત્યાં તથા ન્યા. ૮; ૨૪-૨૭ માં આવતું એફોદ તે નિર્ગ. ૨૮; ૬-૧૪ માં આવતું એફોદ નહિ સમજવું સરખાવો (ન્યા. ૧૭; ૧૮. ૧ શમૂ. ૨૧; ૯: ૨૩; ૬, ૯: ૩૦; ૭, ૮).

તલાસ્સાર કે તાલાસ્સાર (૨ રા. ૧૯; ૧૨. યશા. ૩૭; ૧૨). આશ્શુરની અગ્નિ કોણમાં આવેલું એક પરગણું હતું. ઘણું કરીને બાબેલોનમાં આવેલું હતું. કેટલાક ધારે છે કે "તેલ-આફેર" નામની જગ્યા જે મેસોપતામીયામાં આવેલી છે તે હશે.

તહિન્નાહ = દયાને માટે બૂમ પાડવી. યહુદાહ પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૪; ૧૨).

ત્રફાઇના = પસંદ પડે એવું. રૂમની મંડળીની એક મહેનતુ સ્ત્રી કામદાર હતી, જેને પાઉલ પત્ર લખતાં સલામ મોકલાવે છે (રૂમી ૧૬; ૧૨).

ત્રાખોનીતી = પહાડો દેશ. પત્થરવાળી જગ્યા. હેબ્રીમાં આ મુલકને આર્ગોબ કહે છે, અને ગ્રીક ભાષામાં ત્રાખોનીતી કહે છે. આ મુલક યરદનની પૂર્વમાં આવેલો હતો. હાલ તેને "લેજાહ" કહે છે (લુક ૩; ૧). આ પ્રગણામાં પહેલાના વખતમાં શિકારી જાનવર તથા ચોર, લુટારા લોક રહેતા હતા. ઇ. સ. પૂ. ૨૩ માં આ પ્રદેશ ઑગસ્તસ બાદશાહે મહાન હેરોદને આપ્યો, એ માટે કે ત્યાંના લુટારા લોકને વશ કરે. તેણે ૩૦૦૦ અદુમીને ત્યાં વસાવી ઘણાંક શહેર બંધાવ્યાં, જ્યારે હેરોદનાં સંસ્થાનો તેના પુત્રોમાં વહેંચાયાં, ત્યારે ત્રાખોનીતી દેશ ફીલીપના ભાગમાં આવ્યો (લુક ૩; ૧). આ દેશ રૂમી પાંચ પ્રગણામાં વહેંચાયો હતો, જેમાંનું એક ત્રાખોનીતી હતું.

ત્રુફોસા = પસંદ પડ તેવું. રૂમની એક બાહોશ સ્ત્રી કામદાર, જેને પાઉલ સલામ કહે છે (રૂમી. ૧૬; ૧૨).

ત્રોઆસ = પુરાતન ટ્રોઇ ઉપરથી. એશિયા મૈનરની વાયવ્યકોણમાં મુસયાના કિનારા ઉપર આવેલું એક બંદર હતું. પુરાતન ટ્રોય શહેર જે ત્રોઆસથી આસરે ચાર મૈલ દૂર આવેલું હતું તેના નામ પરથી આ શહેરને ત્રોઆસ નામ આપવામાં આવ્યું હતું. રૂમીઓના વખતમાં આસિઆમાં આ શહેર ઘણું પ્રસિદ્ધ હતું. એવું કહેવાય છે કે, પુરાતન ટ્રોય શહેરમાંથી વસ્તી ત્રોઆસમાં આવી વસી હતી. માકેદોન્યા જનારા લોક હમેશાં આ બંદરથી વહાણે બેસી બે ત્રણ

દિવસે ત્યાં પહોંચતા હતા (પ્રે કૃ. ૧૬ ; ૧૧ : ૨૦ ; ૬). હાલ ત્રોઆસના ખંડેરને "એસ્કી-સ્ટામ્બુલ" = પુરાતન કાન્સ્ટાન્ટીનોપલ કહે છે. હાલનાં ખંડેરમાં એકની ઝાડી જોવામાં આવે છે. આ બંદર ૪૦૦ ફુટ લાંબું અને ૨૦૦ ફુટ પહોળું છે. અહિં પાઉલ પ્રેરિત પોતાની બીજી મુસાફરીમાં આવ્યો, ત્યારે "રાત્રે તેણે દર્શનમાં દીઠું કે, માકેદોન્યાના એક જણે ઉભા રહીને વિનંતી કરતાં કહ્યું કે માકેદોન્યામાં આવીને અમને સહાય કર" (પ્રે. કૃ. ૧૬ ; ૮-૧૧). વળી બીજા પ્રસંગોમાં પણ પાઉલે આ શહેરની મુલાકાત લીધી હતી, તેમાંની એક વખત પાઉલે પોતાનો સામાન, જેવો કે જામો, પુસ્તકો તથા ચર્મપત્રો ત્યાં મુક્યાં હતાં (૨ કરીં. ૨ ; ૧૨. ૨ તીમો. ૪ ; ૧૩. પ્રે. કૃ. ૨૦ ; ૫, ૬).

ત્રોગુલ્યા. (પ્રે. કૃ. ૨૦ ; ૫). એશિયા મેનરના પશ્ચિમ કાંઠા પર આવેલું એક શહેર હતું. પાઉલ પોતાની ત્રીજી મુસાફરીમાં આસોસથી મીલેતસ જતાં આ શહેરમાં રહ્યો હતો.

ત્રોફીમસ = ઉછેરી મોટું કરવા રાખેલું છોકરૂં. પાઉલની ત્રીજી મુસાફરીમાં એફેસસનો એક ભાઇ પાઉલની સાથે મુસાફરીમાં નીકળી આસિઆ સુધી તેની સાથે ગયો હતો (પ્રે. કૃ. ૨૦ ; ૪ : ૨૧ ; ૨૯). વળી પાઉલની સાથે તે યરૂશાલેમ પણ ગયો હતો. અને એમ દેખાય છે કે પાઉલ પોતાના આ મિત્રને લઇને મંદિરમાં ગયો, અને એ કારણ માટે શહેરમાં મોટું હુલ્લડ થયું, અને પાઉલને કેદ કરવામાં આવ્યો (પ્રે. કૃ. ૨૧ ; ૨૭-૪૦). ત્યાર પછી પાઉલની સાથે મુસાફરીમાં તેણે ઘણું કામ કીધું હશે, પણ તે લખવામાં આવ્યું નથી. તેના વિષે છેલ્લી ખબર આપણને એટલીજ મળે છે કે, પાઉલ તીમોથીને લખતાં જણાવે છે કે, "ત્રોફીમસને મેં મીલેતસમાં માંદો મુક્યો" (૨ તીમો. ૪ ; ૨૦).

તાઅનાખ = રેતાળ જગ્યા. મગિદોથી દક્ષિણે ચાર મૈલ ઉપર એસ્દ્રા-એલોનના મેદાનની નૈઋત્ય સરહદ પર કનાનીઓનું પુરાતન બાદશાહી નગર હતું, જેને યહોશુઆએ જીતી લીધું હતું (યહો. ૧૨ ; ૨૧). પછી કહાથના પુત્રોને જે દસ નગર મળ્યાં તેમાં આ નગર પણ તેમને આપવામાં આવ્યું (યહો. ૨૧ ; ૨૫). દબોરાહના ગીતમાં તેનું નામ આપવામાં આવ્યું છે (ન્યા. ૫ ; ૧૯). હાલ તે 'તા-આનુક' નામના નાના ગામડાથી ઓળખાય છે (તાઅનાખ યહો. ૧૨ ; ૨૧ : ૧૭ ; ૧૧ : ૨૧ ; ૨૫. ન્યાયા. ૧ ; ૨૭ : ૫ ; ૧૯. ૧ રા. ૪ ; ૧૨. ૧ કાળ. ૭ ; ૨૯).

તાઅનાથ-શીલોહ = શીલોહ નજદીક. એફ્રાઇમની સીમા પર આવેલી એક જગ્યા હતી (યહો. ૧૬ ; ૬), કે જેને ઘણું કરીને હાલ 'તાઆના' કહે છે, કે જે શખેમની અગ્નિ કોણમાં ૭ મૈલ પર આવેલું છે.

તાત્તનાય = બક્ષિસ. ફ્રાત નદી પારનો ઇરાની સુબો હતો. ઘણું કરીને હેબ્રીમાં સુબાને 'પેહાહ' કહે છે. આ પદવી નહેમ્યાહ અને ઝરૂબ્બાબેલને આપવામાં આવી હતી (હાગ. ૧ ; ૧). કોઇ કોઇ વખતે તેમને સરદારની પદવી આપવામાં આવી છે (૧ રા. ૨૦ ; ૨૪. દાની. ૩ ; ૨, ૩), અને કોઇ વખતે ચીટણીસ કહે છે (એસ્ત. ૮ ; ૯ : ૯ ; ૩). આ તાત્તનાય મંદિરને ફરીને બાંધતા અટકાવનારાઓમાંનો એક હતો (એઝ. ૫ ; ૬). પણ દાર્યાવેશ રાજાના હુકમ પ્રમાણે મંદિર બાંધવામાં પછીથી તેણે મદદ કીધી (એઝ. ૬ ; ૧-૧૩).

તાદમોર = ખજુરી. ૨ કાળ. ૮ ; ૪ માં લખ્યું છે કે સુલેમાને અરણ્યમાં તાદમોર બાંધ્યું, જે પાલેસ્ટાઇનની દક્ષિણ હદ પર અરણ્ય ભણી આવેલું હતું (૧ રા. ૯ ; ૧૮. ૨ કાળ. ૮ ; ૪. સરખાવો હઝ. ૪૭ ; ૧૯ : ૪૮ ; ૨૮). ગ્રીક અને રોમન લોક તેને પાલમેરા કહે છે. તે આશૂરના અરણ્યમાં દમસ્કથી ૧૭૬ મૈલ અને ભૂમધ્ય સમુદ્રથી

૧૩૦ મૈલ દૂર આવેલું હતું, અને પશ્ચિમ એશિયાના વેપારનું મધ્યબિંદુ હતું અને સુલેમાનના વખતમાં તે લશ્કરી છાવણીનું શહેર હતું. શહેરનું ખંડેર હજુ સુધી જોવામાં આવે છે. શહેરની ઇમારતોની ભીંતો અને સ્તંભો હજી પડી ગએલી સ્થિતિમાં દેખાય છે (જુઓ સુલેમાન).

તાન્હુમેથ = દિલાસો. એક નટોફાથી હતો કે જેણે બીજાઓની સાથે મળી ગદાલ્યાહને મદદ આપી હતી (૨ રાજા. ૨૫; ૨૩. યિર્મે. ૪૦; ૮).

તાપ્પૂઆહ = સફરજનની ઝાડી. (૧) યહુદાહના નીચાણમાં આવેલું એક શહેર હતું. પ્રથમ તે કનાનીઓનું બાદશાહી શહેર હતું (યહો. ૧૨; ૧૭:૧૫; ૩૪). હાલ તે "તુફફૂહ" કહેવાય છે, કે જે યરૂશાલેમની પશ્ચિમે ૧૨ મૈલ પર આવેલું છે. (૨) મનાશ્શેહની સરહદ પર આવેલું એક શહેર હતું (યહો. ૨૭; ૮). (૩) મનાશ્શેહનો પ્રાંત (યહો. ૧૬; ૮). (૪) હેબ્રોનના પુત્રોમાંનો એક (૧ કાળ. ૨; ૪૩).

તાબએરાહ = બળતું, દહન. પારાનના અરણ્યમાં આવેલી એક જગ્યા હતી, જ્યાં ઇસ્રાએલીઓએ યહોવાહ વિરૂદ્ધ કચકચ કરી, અને તેથી કરીને યહોવાહનો અગ્નિ તેઓ મધ્યે પ્રગટયો (ગણ. ૧૧; ૩. પુન. ૯; ૨૨). તેને કિબ્રોથ-હાત્તાવાહ પણ કહે છે.

તાબીથા = હરણી. તાબીથા હેબ્રી ભાષાનું નામ છે. ગ્રીકમાં તેને દરકાસ કહે છે. તે જોપ્પાની શિષ્યેણુ હતી અને રૂડી કરણીઓ તથા દાન આપવામાં પ્રસિદ્ધ હતી. તે મરણ પામી ત્યારે પીતર લુદામાં હતો ત્યાંથી તેને બોલાવવામાં આવ્યો. પીતરે આવીને મુડદા પાસે પ્રાર્થના કરી, પછી મુડદાની ગમ ફરીને કહ્યું કે, "તાબીથા, ઉઠ" ત્યારે તે આંખો ઉઘાડી બેઠી થઇ. પછી પીતરે તેને હાથ દઇને ઉભી કરી, અને પવિત્રો તથા વિધવાઓને બોલાવીને તેને જીવતી સોંપી (પ્રે. કૃ. ૯; ૩૬–૪૩).

તાબોર = ઉંચાઇ. (૧) ગાલીલ સમુદ્રની પશ્ચિમે ઝબુલુન અને ઇસ્સાખારની સરહદ પર બે મૈલ દૂર શંકુ આકારનો એક પ્રસિદ્ધ પહાડ હતો, જે આસરે ૧,૮૪૩ ફુટ ઉંચો છે. હાલ તેને જબલ-એત-તુર કહે છે. અહિં બારાક તથા દબોરાહે સીસરા સામે લડતી વખત છાવણી કીધી હતી (ન્યા. ૪; ૬). એવી પુરાતન દંતકથા ચાલે છે કે, જે પહાડ ઉપર આપણા પ્રભુ ઇસુનું રૂપાંતર થયું તે આજ પહાડ છે, અને આજ સુધી તે વાત ખરી માની કેટલાએક તેને ટેકો આપે છે. ગીતશાસ્ત્રના લખનારાઓએ કહ્યું કે, "તાબોર તથા હેર્મોન તારે નામે હર્ષનાદ કરે છે" (ગીતશા. ૮૯; ૧૨). અને જે માણસો મુસાફરી કરી તાબોર પહાડને જુએ છે તેઓ ઉપલી વાતને બહુ લાયક ઠરાવે છે. પહાડ નીચેથી મથાળા સુધી જૈતુન, ગુલર અને બીજાં કેટલાંક ઝાડો તથા ફળોથી ભરપુર છે. પહાડ ઉપર ચઢી જોનારને ઘણી ખુશી ઉપજે એવી જગ્યા છે. પહાડની પશ્ચિમે કાર્મેલ પહાડ, ને તેથી આગળ ભૂમધ્ય સમુદ્ર; ઉત્તરે લબાનોન અને હેર્મોન પહાડનું બરફથી ઢંકાએલું શિખર દેખાય છે. પૂર્વમાં ગાલીલ સમુદ્ર અને યરદન નદી તથા બાશાનના પહાડ. એ સર્વ શિખર પરથી દેખાય છે. વળી આ પહાડ પરથી ગિલ્બોઆ પહાડ, એન-દોર કે જ્યાં પેલી ભૂત વિદ્યા જાણનારી સ્ત્રી રહેતી હતી તે તથા બેથ-શાન નજરે પડતાં. ત્યાં બનેલો ઇતિહાસ જોનારના મનમાં તાજો થાય છે. પહાડ ઉપર ઇ. સ. પૂ. ૨૨૦–ઇ. સ. ૬૦ સુધી એક શહેર હતું, કે જેનાં ખંડેરો હાલ જોવામાં આવે છે. તાબોર—એસ્દ્રાએલોનના મેદાનની ઇશાન કોણમાં આવેલો પર્વત (ન્યાયા. ૪; ૬: ૮; ૧૮. ગીતશા. ૮૯; ૧૨. યિર્મે. ૪૬; ૧૮. હોશી. ૫; ૧). (૨) ઝબુલૂનનું એક શહેર (યહો. ૧૯; ૨૨. ૧ કાળ. ૬; ૭૭). (૩) તાબોરનાં આલોન વૃક્ષ (૧ શમૂ. ૧૦;

૩). ઘણું કરીને ૩૫; ૮ માં જે આલોન બાખૂદ નામના વૃક્ષની વાત આવે છે તેજ એ હશે (જુઓ હેર્મોન).

તામાર = ખજુરીનો છોડ. (૧) આ નામની એક જગ્યા વિષે હઝ. ૪૭; ૧૯: ૪૮; ૨૮ માં વાત આવે છે. તે પાલેસ્ટાઇનની અગ્નિકોણમાં આવેલી હતી. કદાપિ તે તાદમોર હશે (૧ રા. ૯; ૧૮). (૨) યહુદાહના જ્યેષ્ઠ પુત્ર એરની સ્ત્રી હતી (ઉત્પ. ૩૮; ૬). એરના મરણ પછી તેના ભાઇ ઓનાને તેને લીધી, તે પણ મરણ પામ્યો. ત્યારે યહુદાહે પોતાના પુત્ર શેલાહ સાથે પરણાવવા વચન આપ્યું, પણ તે વાત પુરી થયા પહેલાં યહુદાહ પોતે અજાણતાં તેની સાથે પાપમાં પડયો, અને તેનાથી બે જોડ પુત્ર એટલે ઝેરાહ તથા પેરેશ થયા (ઉત્પ. ૩૮; ૧૨-૩૦. રૂથ ૪; ૧૨. ૧ કાળ. ૨; ૪. માત્થી ૧; ૩). (૩) દાઉદની દીકરી અને આબ્શાલોમની બેન (૨ શમૂ. ૧૩; ૧-૩૨. ૧ કાળ. ૩; ૯). આ તામાર સાથે આમ્નોન પાપમાં પડયો, જેથી આબ્શાલોમે તેને મારી નાખ્યો. (૪) આબ્શાલોમની દીકરી જે સુંદરમુખી હતી તે (૨ શમૂ. ૧૪; ૨૭).

તામ્મૂઝ = જીવનનો સૂર્ય. એમ દેખાય છે કે ફેનીકીઓનો આ દેવતા, અને યુનાનીઓનો અદોનીસ દેવતા, એ બંને એક ને એક છે. જે વખતે આ દેવતાની પૂજા થતી, તેજ વખતે સૂર્યની પણ પૂજા થતી હતી. બાબેલોનની એસ્તાર દેવીનો તે ધણી હતો. ખાલ્દી પંચાગમાં ઉપલા દેવતાના નામનો એક મહિનો આવતો હતો. તે માસમાં ખાસ કરીને આ દેવતાની પૂજા થતી. વળી યહુદીઓના ધાર્મિક માસના ચોથા માસને તથા રાજ્યને લગતા દસમા માસને આ નામ, એટલે 'તામઝ' નામ આપેલું છે, જે જુન, જુલાઇમાં આવે છે. આ માસમાં આ દેવતાના માનમાં મેળો ભરાય છે. અને એક અઠવાડીઆ સુધી તેના ભજનારા આ દેવતાના મરણની વાત યાદ કરીને મોટે સાદે વિલાપ કરે છે (હઝ. ૮; ૧૪). એક નદી લબાનોન પહાડથી વહે છે, તેને આ દેવતાનું નામ આપવામાં આવ્યું છે. હાલ આ નદીને ઇબ્રાહીમની નહેર કહે છે.

તારઅલાહ = લથડીઆં. બિન્યામીનપુત્રોના વતનનું નગર હતું (યહો. ૧૮; ૨૭).

તાર્તાન = લશ્કરી વડો અમલદાર. (૧) આશ્શૂરના રાજા સાન્હેરીબે રાજા હિઝકીયાહ પાસે સંદેશીઆ મોકલ્યા તેમાંનો એક આ હતો (૨ રા. ૧૮; ૧૭). (૨) આશ્શૂરના રાજા સાર્ગોનનો સેનાપતિ હતો (યશા. ૨૦; ૧).

તાર્ત્તાક = અંધારાનો સરદાર. આશ્શૂરના રાજા શાલ્માનેસેરે ઇસ્રાએલપુત્રોને બદલે સમરૂનમાં જે લોકોને વસાવ્યા તેમાંના આવ્વીઓનો દેવતા હતો (૨ રા. ૧૭; ૩૧).

તાર્શીશ = દરિયા કિનારો. (૧) યાવાનના પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૧; ૭: ૧૦; ૪). (૨) આ નામનું એક શહેર હતું. અને સુલેમાનના વખતમાં આ શહેર વિષે પહેલામાં પહેલી વાત આવે છે (૧ રા. ૧૦; ૨૨). આ શહેર સ્પેન દેશના કિનારા પર આવેલું ફેનીકીઓનું બંદર છે, જે ગોદાલ-ક્વીવર (Guadalquivir) નદીના બે મુખની વચ્ચે આવેલું છે. કાર્થેજના લોકોએ તે વસાવ્યું હતું, અને સૂર (ટાયર) ના વહાણવટીઓનું સૌથી છેવાડું બંદર હતું. યૂના ભવિષ્યવાદી જોપ્પાથી નીકળી આ બંદરે જનાર વહાણમાં બેઠો હતો. એથી ઉલટું કેટલાક ધારે છે કે હિંદુસ્તાનમાં પૂર્વના કિનારા પર આવેલું કોઇ શહેર હતું, અને લાલ સમુદ્ર પર આવેલા એસ્યોનગેબેરથી "તાર્શીશનાં વહાણો" ત્યાં જતાં હતાં (૧ રા. ૯; ૨૬: ૨૨; ૪૮. ૨ કાળ. ૯; ૨૧). કેટલાક ધારે છે કે કાર્થેજને એ નામ આપવામાં આવ્યું છે. વળી એમ દેખાય છે કે કોઇ વખતે "તાર્શીશનાં વહાણ" આ શબ્દોમાં કોઇ જગ્યા દર્શાવ-

વામાં આવી નથી, પણ લાંબી મુસાફરી કરનાર કોઇ પણ કાફલાને "તાર્શીશનાં વહાણ" (યશા. ૨૩; ૧, ૧૪), એવું નામ આપવામાં આવ્યું છે. વળી સુલેમાનનાં વહાણોને એવું નામ આપવામાં આવ્યું છે (૧ રા. ૧૦; ૨૨ : ૨૨; ૪૯). કહેવાય છે કે યાવનના પુત્ર તાર્શીશે આ શહેર વસાવ્યું હશે (ઉત્પ. ૧૦; ૪). ઘણું કરીને સ્પેનનું તાર્શીશ (૧ રા. ૧૦; ૨૨. ગીત. ૪૮; ૭. યશા. ૨; ૧૬ : ૨૩; ૧ : ૬૦; ૯. હઝ. ૨૭; ૨૫). તાર્શીશના રાજા (ગીત. ૭૨; ૧૦). તાર્શીશના વેપારીઓ (હઝ. ૨૭; ૧૨ : ૩૮; ૧૩. યશા. ૬૬; ૧૯. યિર્મે. ૧૦; ૯. યૂના. ૧; ૩ : ૪; ૨). હિંદી મહાસાગરમાંનું તાર્શીશ (૧ રા. ૨૨; ૪૮ ૨ કાળ. ૯; ૨૧ : ૨૦; ૩૬).

તાર્સસ (પ્રે. કૃ. ૨૧; ૩૯). કીલ્કી પ્રાંતનું મુખ્ય શહેર હતું, ત્યાંનાં ધન, દોલત તથા વિદ્યાલયને માટે પ્રસિદ્ધ હતું. આથેન્સ અને આલેક્ષાન્દ્રીઆથી પણ તે ચઢીઆતું ગણાતું હતું. તેના વિષે શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે કે, તે કંઇ "અપ્રસિદ્ધ શહેર ન હતું." પ્રેરિત પાઉલની તે જન્મભૂમિ હતી (પ્રે. કૃ. ૨૧; ૩૯). તે કીદ્નસ નદી ઉપર ભૂમધ્ય સમુદ્રથી ૧૨ મૈલ ઉપર આવેલું હતું. એવું કહેવાય છે કે, આશ્શૂરના રાજા સારદાનાપલુસે તે બંધાવ્યું. હાલ તેના ખંડેરને તુર્કી લોક "તેરસઉસ" કહે છે (જુઓ પાઉલ). કીલ્કીનું તાર્સસ (પ્રે. કૃ. ૯; ૧૧, ૩૦ : ૧૧; ૨૫ : ૨૧; ૩૯ : ૨૨; ૩).

તાલ્માય = પુષ્કળ ચાસ. (૧) હેબ્રોનમાંના અનાક પુત્રોમાંનો એક હતો. કાલેબની સરદારી નીચે યહુદીઓએ તેને કતલ કર્યો હતો (ગણ. ૧૩; ૧૨. યહો. ૧૫; ૧૪. ન્યાયા. ૧; ૧૦). (૨) ગશૂરનો રાજા કે જેની દીકરી માઅખાહ સાથે દાઉદ પરણ્યો હતો, જેનાથી દાઉદનો ત્રીજો પુત્ર આબ્શાલોમ થયો. આબ્શાલોમ આમોનને મારી નાખીને ગશૂર દેશમાં નાસી ગયો હતો (૨ શમૂ. ૩; ૩ : ૧૩; ૩૭. ૧ કાળ. ૩; ૨).

તાલેમાઇસ = ટોલેમીનું શહેર. ગાલીલ પ્રાંતનું દરિયા કાંઠાનું આ શહેર હતું. તેનું પુરાતન નામ આક્કો હતું (ન્યાયા. ૧ : ૩૧), પણ તાલેમાઇ શહેરના નામ પરથી તેનું નામ તાલેમાઇસ પડ્યું. મહાન આલેકસાંદરના વખતમાં આ શહેર ઘણું પ્રસિદ્ધ હતું. ઇ. સ. પૂ. ૩૧૨ માં તાલેમાઇ લાગસે તેનો નાશ કીધો. પણ ત્યાર પછી તાલેમાઇ ૨ જા કે તાલેમાઇ સૌટરે તે વસાવ્યું, અને પોતાના નામ પરથી તે શહેરનું નામ તાલેમાઇસ પાડ્યું. પ્રેરિત પાઉલ જ્યારે ત્રીજી મુસાફરીમાં સૂરથી નીકળી કાઇસારીઆ જતો હતો, ત્યારે રસ્તામાં આ શહેરની મુલાકાત કીધી હતી (પ્રે. કૃ. ૨૧; ૭). આ નામનું એક બીજું શહેર મધ્ય મિસર દેશમાં નીલ નદીના પશ્ચિમના એક વહેળા પર આવેલું હતું, જે ત્યાંનાં ગુલાબને માટે પ્રસિદ્ધ હતું. વળી મિસરવંશી બાદશાહોને તાલેમાઇસ નામ આપવામાં આવેલું છે. જેમ રૂમના બાદશાહોને કાઇસાર કહે છે તેમ. આ વંશનો પહેલો બાદશાહ તાલેમી લાગસ નામનો હતો.

તાહખમોની (૨ શમૂ. ૨૩; ૮). ૧ કાળ. ૧૧; ૧૧ માં તેને હખ્મોની કહે છે, તે દાઉદનો યોદ્ધો હતો.

તાહતીમ-હોદશી = નવા વતનીઓનો દેશ. ઘણું કરીને યરદનની પૂર્વમાં ને ગિલઆદની ઉત્તરે આવેલા એક પ્રદેશને આ નામ આપવામાં આવ્યું છે (૨ શમૂ. ૨૪; ૬).

તાહપનેસ = દેશનો શિરપતિ. ફારૂન રાજાની રાણીની બેન, જેને રાજાએ હદાદ સાથે પરણાવી હતી (૧ રાજા. ૧૨; ૧૯, ૨૦).

તાહપાન્હેસ = દેશનો શિરપતિ. ગ્રીક ભાષામાં આ શહેરને "દાફને" કહેતા હતા, અને હાલ "તેલદેફનેહ" કહે છે. નીલ નદીની ટાનિટીક શાખા ઉપર આવેલું મિસર દેશનું એક પુરાતન શહેર હતું, જે "પેલુસીયુમ" થી આશરે ૧૬ મૈલ ઉપર આવેલું હતું. ગદા-

લ્યાહના મરણ પછી યહુદીઓ આ શહેરમાં નાસી ગયા હતા (યિર્મે. ૨; ૧૬ : ૪૩; ૭: ૪૪; ૧: ૪૬; ૧૪. હઝ. ૩૦; ૧૮). ફારૂન રાજાના પુરાતન રાજ્ય મહેલના આંગણા આગળનો ફરસબંદીનો ઈંટોનો બાંધેલો ભાગ આ શહેરમાં પછી આવેલો છે (જુઓ યિર્મે. ૪૩; ૮-૧૦). ત્યાં યહુદીઓના દેખતાં "પત્થરોને છોથી બેસાડ્યા," અને ભવિષ્ય કહેવામાં આવ્યું કે "બાબેલનો રાજા નબુખાદરેસ્સાર...જે પથરો મેં સંતાડયા છે, તેઓ પર તેનું રાજ્યાસન ઉભું કરીશ.

તાહરેઆ = લુચ્ચો. મીખાહના પુત્રોમાંનો એક (૧ કાળ. ૯; ૪૧), જેને ૧ કાળ. ૮; ૩૫ માં તારેઆ કહે છે.

તાહાથ = બદલો. (૧) લેવીપુત્રોમાંનો એક (૧ કાળ. ૬; ૨૪). (૨) એફ્રાઇમ પુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૨૦). (૩) ઇસ્રાએલીઓનું મુસાફરીનું એક સ્થાન હતું (ગણ. ૩૩; ૨૬).

તાહાન = છાવણી. એફ્રાઇમના પુત્રોમાંનો એક હતો. તેના કુટુંબને તાહાનીઓનું કુટુંબ કહે છે (ગણ. ૨૬; ૩૫. ૧ કાળ. ૭; ૨૫).

તાહાશ = એક જાતનું ચોપગું જનાવર. નાહોરનો પુત્ર, ઇબ્રાહીમનો (ભત્રીજો) (ઉત્પ. ૨૨; ૨૪).

તિકવાહ = આશા. (૧) હુલ્દાહ ભવિષ્યવાદેણનો સસરો (૨ રા. ૨૨; ૧૪). (૨) યાહઝયાહનો બાપ (એઝ. ૧૦; ૧૫).

તિગ્લાથ-પિલેસેર. (૧) તિગ્લાથ-પિલેસેર ૧ લો. આશ્શૂરના આ બાદશાહનું નામ શાસ્ત્રમાં આવતું નથી. આશ્શૂરના પ્રથમ રાજ્યનો તે બહુ પ્રસિદ્ધ અને પ્રખ્યાત બાદશાહ હતો (ઇ. સ. પૂ. ૧૧૧૦). તેના મરણ પછી આસરે ૨૦૦ વર્ષ સુધી આશ્શૂરનું રાજ્ય પડતી સ્થિતિમાં રહ્યું. દાઉદ અને સુલેમાનનો ઇતિહાસ આ કાળ સાથે સંબંધ રાખે છે. તેના પછી તેનો પુત્ર શાલ્માનેસેર બીજો ગાદીએ બેઠો. તે પછી રાજ્ય આબાદીમાં આવ્યું, અને તે બીજું આશ્શૂરી રાજ્ય કહેવાયું. (૨) તિગ્લાથ-પિલેસેર ત્રીજો. તેના વિષે આશ્શૂરના લેખોમાં એવું વર્ણન કરવામાં આવ્યું છે કે, તેના રાજ્યને ૫ મે વર્ષે (ઇ. સ. પૂ. ૭૪૧), યહુદાહના આઝારીયાહ (=ઉઝીયાહ, ૨ કાળ. ૨૬; ૧), કે જેના બળ વિષે ૨ કાળ. ૨૬; ૬-૧૫ માં વર્ણન કર્યું છે તેના ઉપર જીત મેળવી. શાસ્ત્રમાં તેનું નામ પ્રથમ ઇસ્રાએલના રાજા પેકાહ અને અરામના રાજા રસીન પર જય મેળવનાર તરીકે આવે છે. તેણે ઉપલા સંપીલા રાજાઓમાં રસીન અને અહાઝની મદદે જઇ દમસ્ક ઉપર ચઢાઇ કરી, અને દમસ્ક સર કરી રસીનને મારી નાખ્યો, અને પેકાહને સજા કરી, અને રાજ્યનો જાણવા જોગ ભાગ સર કરી સંખ્યાબંધ માણસોને કેદ કરી આશ્શૂર લઇ ગયો (૨ રા. ૧૫; ૨૯: ૧૬; ૫-૯, ૨૨. ૧ કાળ. ૫; ૬, ૨૬. ઇ. સ. પૂ. ૭૩૪). અને રેઉબેનીઓ, ગાદીઓ તથા મનાશ્શેહના અર્ધ કુળને ગોઝાનમાં વસાવ્યા. આશ્શૂરના દફતરો પરથી જણાય છે કે, બાદશાહ દમસ્ક જીતી અરામથી પાછો ફર્યો તે પહેલાં દમસ્કમાં તેણે થાણું (કોર્ટ) બેસાડયું, અને આસપાસના રાજાઓને તાબે કરી ખંડણી ઉઘરાવી. તેમાં સમરૂનનો રાજા પેકાહ તથા યહુદાહનો રાજા યેહુ-ખાઝી (આહાઝ) હતા. (સરખાવો ૨ રા. ૧૬; ૧૦-૧૬. ૨ કાળ. ૨૮; ૨૦). આશ્શૂરનો આ બાદશાહ બીજા આશ્શૂર રાજ્યનો સ્થાપનાર હતો. તે ઇ. સ. પૂ. ૭૨૭ માં મરણ પામ્યો, અને તેની જગ્યાએ ફોજનો સેનાપતિ શાલ્માનેસેર ચોથાનું નામ ધારણ કરી ગાદીએ બેઠો.

તિદાલ = ભય. એલામના રાજા કદોરલાઓમેરની સાથે સંપીલા રાજાઓમાંનો એક ગોઇમનો રાજા તિદાલ હતો (ઉત્પ. ૧૪; ૧-૧૦). કેટલાએક ધારે છે કે ગોઇમમાં 'ગુતીયુમ' કે 'કુરદીસ્તાન' દેશ દર્શાવવામાં આવ્યો છે. તે બાબેલની ઇશાનમાં છે.

તિફસાહ = ઉપર થઇ જવું. સુલેમાનના

રાજ્યની સીમા પર આવેલું એક શહેર હતું (૧ રા. ૪; ૨૪. ૨ રા. ૧૫; ૧૬). ઘણું કરીને ફ્રાત નદીના પશ્ચિમ કિનારા પર આવેલું 'થાપ્સાકુસ' જે ઘણું મોટું અને આબાદ હતું તે હશે. તાદમોરની નૈરૂત્ય કોણમાં ૧૦૦ મૈલ દૂર આવેલું હતું. પૂર્વ અને પશ્ચિમના વેપારનું તે મધ્યબિંદુ હતું. ઇસ્રાએલના રાજા મનાહેમે તિફસાહ ઉપર ચઢાઇ કરી તે જીતી લીધું હતું, અને તિફસાહ તથા તેના સર્વે રહેવાસીઓને માર્યા (૨ રા. ૧૫; ૧૬). આ ચઢાઇથી ઇસ્રાએલી રાજ્યનું બળ કેવું હતું તે સહેજ દેખાશે, કેમકે તિર્સાહ તથા તાદમોરથી લશ્કર તિફસાહ આવે તો આસરે ૨૦૦ મૈલ દૂર હતું, અને જો આલેપ્પોને માર્ગે આવે તો આસરે ૪૦૦ મૈલ દૂર હતું. નદીના બંને કાંઠા પર પાકી સડક હોય તેવું હાલ માલમ પડે છે, તેમજ શહેરનાં ખંડેરો દેખાય છે. હાલ તેને 'ખુરએત તાફસાહ' કહે છે, અને શખેમથી ૬ મૈલ દૂર પશ્ચિમમાં આવેલું છે.

તિબ્ની = પરાળ. ઝિમ્રીના મરણ પછી લોકનાં બે તડ પડ્યાં. અર્ધા ભાગના લોક ગીનાથના પુત્ર તિબ્નીને રાજા કરવા સારૂ તેની કુમકે ગયા, અને બાકીના અર્ધા ભાગના લોક ઓમ્રીના પક્ષના થયા. ઓમ્રીની સાથે તેણે રાજ્ય મેળવવા ૪ વર્ષ મહેનત કરી, પણ આખરે ઓમ્રી જીત પામી ઇસ્રાએલ પર રાજા થયો, ને તિબ્ની માર્યો ગયો (૧ રા. ૧૬; ૧૫-૨૩).

તિમ્ના = અગમ્ય. (૧) અમાલેકની મા, અને એસાવના દીકરા અલીફાઝની ઉપપત્ની હતી (ઉત્પ. ૩૬; ૧૨, ૨૨). (૨) લોટાનની બહેન તિમ્ના હતી (૧ કાળ. ૧; ૩૯). (૩) અલીફાઝના પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૧; ૩૬).

તિમ્નાથ-સેરાહ = બાકીનો ભાગ. એફ્રાઇમના પહાડી મુલકમાં આવેલું એક શહેર હતું, કે જ્યાં યહોશુઆનું દફન થયું હતું. આ શહેરને તિમ્નાથ-હેરેસ કહે છે (યહો. ૧૯; ૫૦: ૨૪; ૩૦ સાથે ન્યા. ૨; ૯ સરખાવો). હાલ આ શહેર "કેફર-હારીશ" નામથી ઓળખાય છે. તે શખેમની નૈરૂત્યમાં ૧૦ મૈલ ઉપર આવેલું છે. શહેરની સામી બાજુ એક ટેકરો છે, તેની ઉત્તર બાજુ પર ઘણીક કબરો આવેલી છે, તેમાંની એક કબર યહોશુઆના નામથી ઓળખાય છે. કબર ઉપર સૂર્યની આકૃતિ કોતરેલી છે, કારણ કે તેના હુકમથી સૂર્ય થોભ્યો હતો. હારીશ એટલે સૂર્ય. તે કારણથી તિમ્નાથ-સેરાહનું નામ બદલાઇને તિમ્નાથ-હારીસ પડ્યું હશે.

તિમ્નાથ-હેરેસ = સૂર્યનો ભાગ. યહોશુઆની દફન ભૂમિ (ન્યા. ૨; ૯). એફ્રાઇમના પહાડી મુલકમાં શખેમની નૈરૂત્ય કોણમાં ૧૦ મૈલ ઉપર આવેલું છે.

તિમ્નાહ = ભાગ. (૧) યહુદાહનું એક નગર હતું (ઉત્પ. ૩૮; ૧૨, ૧૩. યહો. ૧૫; ૧૦). આહાઝ રાજાના વખતમાં પલસ્તીઓએ યહુદાહની દક્ષિણનાં નગરો પર ચઢાઇ કરી જીતી લીધાં, ત્યારે તિમ્નાહ પણ તેમના કબજામાં આવ્યું (૨ કાળ. ૨૮; ૧૮). યરૂશાલેમની પશ્ચિમે આશરે ૨૦ મૈલ ઉપર તે આવેલું છે. હાલ તે દાનનું તિમ્નાહ કહેવાય છે (યહો. ૧૯; ૪૩. સાથે ન્યા. ૧૪; ૧, ૫ સરખાવો). (૨) યહુદાહના પહાડી પ્રદેશમાં આવેલું એક શહેર (યહો. ૧૫; ૫૭). જેબાની પાસેનું તિમ્નાહ કહેવાય છે.

તિમ્ની = તિમ્નાહનો માણસ. શામશૂનના સસરાને આ નામ આપવામાં આવ્યું છે (ન્યા. ૧૫; ૬).

તિરઆથીઓ = (૧ કાળ. ૨; ૫૫).

તિર્શાથા = સખત. યહુદાહના ઇરાની સુબા (ગવર્નર) નું પદવી સુચક નામ છે (એઝ. ૨; ૬૩. નહે. ૭; ૬૫, ૭૦). નહેમ્યાહને આ પદવી આપવામાં આવી છે (નહે. ૮; ૯: ૧૦; ૧: ૫; ૧૮).

તિર્સાહ = ખુશકારક, આનંદી. (૧) સલોફહાદની નાની દીકરીનું નામ હતું (ગણ. ૨૬; ૩૩: ૨૭; ૧: ૩૬; ૧૧. યહો. ૧૭;

૩). (૨) કનાનીઓનું પુરાતન બાદશાહી સુંદર શહેર હતું. તેનો યહોશુઆએ નાશ કીધો (યહો. ૧૨ ; ૨૪). ત્યાર પછી ૫૦૦ વર્ષ સુધી તેના વિષે કંઇ લખવામાં આવ્યું નથી. તે પછી યરોબઆમ રાજાએ તેને રાજ્યધાનીનું શહેર બનાવ્યું. અને શખેમથી ત્યાં આવી રહ્યો. અને ત્યાર પછી ઓમ્રીએ સમરૂન લીધું, ત્યાં સુધી ઇસ્રાએલીઓનું રાજ્યધાનીનું શહેર હતું (૧ રા. ૧૪; ૧૭: ૧૫; ૨૧ : ૧૬; ૬, ૮). અહિં ઝિમ્રી, રાજ્યમહેલને આગ લગાડી પોતે બળી મુઓ હતો (૧ રા. ૧૬; ૧૮). અહિં મનાહેમે શાલ્લૂમને મારીનાખ્યો (૨ રા. ૧૫; ૧૪, ૧૬). તેની સુંદરતા વિષે સુલેમાન ગીતોના ગીતમાં કહે છે કે, "હે મારી પ્રિયા, તું તિર્સાહ જેવી સુંદર છે." (સુ. ગીત ૬; ૪). આજ સુધી તિર્સાહ ક્યાં હતું તે નક્કી થયું નથી. કેટલાક વિદ્વાનો ધારે છે કે, શખેમની પાસે "તેઇઆસીર" નામનું ગામ, તે પુરાતન તિર્સાહ હશે. બીજા કેટલાક ધારે છે કે સમરૂનની પૂર્વમાં "તેલ્લુઝા" નામનું એક ગામ જે આશરે ૬ મૈલ દૂર છે તે પુરાતન તિર્સાહ હશે. તિર્સાહ (યહો. ૧૨; ૨૪. ૧ રા. ૧૪; ૧૭: ૧૫; ૨૧, ૩૩ : ૧૬; ૮, ૧૫, ૧૭, ૨૩. ૨ રા. ૧૫; ૧૪-૧૬. સુ. ગીત ૬; ૪.

તિર્હનાહ = કચકચ કરવી. કાલેબની ઉપપત્ની માઅખાહનો પુત્ર (૧ કાળ. ૨; ૪૮).

તિર્હાકાહ = અંતર. હબ્શી વંશનો મિસરનો બાદશાહ હતો. તે મિસરના બાદશાહ સોનો સાળો હતો. તે આશરે ઇ. સ. પૂ. ૬૯૨ માં મિસરનો રાજા થયો, તે પહેલાં કુશ (હબ્શી) દેશનો રાજા હતો (૨ રા. ૧૯; ૯. યશા. ૩૭; ૯). તે હિઝકીયાહનો સમકાલિક રાજા હતો. તે એક લડવૈયો હતો, પણ તેના વિષે બહુ થોડું જાણવામાં આવ્યું છે. આશ્શૂરના રાજા સાન્હેરીબને તથા આશ્શૂરબાનીપાલને તેણે હરાવ્યા. એ પરથી જણાય છે કે તે મોટો બળવાન હતો.

તિશ્બી = તિશ્બેનો રહીશ. એલીયાહ ભવિષ્યવાદીને આ નામ આપવામાં આવ્યું છે (૧ રા. ૧૭; ૧ : ૨૧; ૧૭, ૨૮. ૨ રા. ૧; ૩, ૮ : ૯; ૩૬). *કેટલાક ૧ રા. ૧૭; ૧ માં લખેલા તિશ્બી શબ્દમાં "પરદેશી" અર્થ સમજે છે. બીજા કેટલાક સમજે છે કે તિશ્બી એ એલીયાહ ભવિષ્યવાદીની જન્મભૂમિ હતી, તેથીજ એલીયાહ તિશ્બી કહેવાય છે. યહુદી ઇતિહાસક જોસેફસ ધારે છે કે તિશ્બી નામની એક જગ્યા ગિલઆદમાં આવેલી હતી, જે હાલ એલઇશ્તીબ નામથી ઓળખાય છે, અને ગાલીલ સમુદ્રની દક્ષિણે ગિલઆદના પહાડોમાં ૨૨ મૈલ ઉપર આવેલું છે ત્યાંનો એલીયાહ હતો.

તીખીકસ (૨ તીમો. ૪; ૧૨. તીત. ૩; ૧૨) જુઓ તુખીકસ.

તીતસ = માનવંતો. તીતસ "સામાન્ય વિશ્વાસ પ્રમાણે" પાઉલ પ્રરિતનો "ખરો પુત્ર" હતો (તીત. ૧; ૪), એ પરથી જણાય છે કે તે પાઉલથી ખ્રીસ્તી થયો હતો. પાઉલ ખ્રીસ્તની ગમ ફર્યો, ત્યાર પછી "ચૌદમે વર્ષે" પાઉલ તથા બાર્ણાબાસ યરૂશાલેમ ગયા, અને આ પ્રસંગે તીતસ અંત્યોખથી યરૂશાલેમ તેમની સાથે ગયો (ગલા. ૨; ૧-૩. પ્રે. કૃ. ૧૫; ૧). તેનું નામ પ્રેરિતના કૃત્યમાં કોઇ જગ્યાએ આવતું નથી. કદાપી તીતસ અંત્યોખનો રહીશ હશે. તીતસ જાતે હેલેની હતો અને વિદેશીઓમાં કામ કરવાને મુખ્યત્વે કરીને નિમાયો હતો. એના ઉપર સુન્નતની ઝુંસરી નાખવામાં આવી નહિ (ગલા. ૨; ૧-૬). પણ તીમોથીની સુન્નત થઇ હતી (પ્રે. કૃ. ૧૬; ૧-૪). ત્યાર પછી તીતસને પાઉલ તથા તીમોથીની સાથે આપણે એફેસસમાં જોઇએ છીએ. ત્યાંથી પાઉલ તીતસને "કરીંથીઓને પહેલો પત્ર" પહોંચાડવાને કરીંથ મોકલે છે. તીતસ પોતાને સોંપેલું કામ પુરૂં કરીને માકેદોન્યામાં આવીને પાઉલને મળે છે (૨ કરીં. ૭; ૬-૧૫). ત્યાર પછી પાઉલના પહેલા બંધન સુધી તેનું નામ

આવતું નથી. પછી ખ્રીસ્તી મંડળી ક્રેત ટાપુમાં સ્થપાઇ, તેનું પાળણુ કરવાનું કામ પાઉલ તરફથી તીતસને સોંપવામાં આવ્યું (તીત. ૧ ; ૫): તેના વિષેની છેલ્લી ખબર આપણને ૨ તીમો. ૪ ; ૧૦ માં મળે છે. એટલે પ્રેરિત પાઉલ જ્યારે બીજી વખત રૂમમાં કેદી હતો ત્યારે તીતસ તેની સાથે હતો, અને ત્યાંથી પાઉલે તેને દલમાતીઆ કંઇ ખાસ કામને માટે મોકલ્યો હતો. કદાપિ સુવાર્તાનો ખાસ સંદેશો હશે. તીતસના મરણુ વિષે કંઇ ખબર નથી, દંતકથા એવી ચાલે છે કે, દલમાતીઆથી પાછો ફરીને ક્રેતમાં ગયો અને ત્યાં ઘણાં વર્ષ સુધી સુવાર્તાનું કામ કરીને વૃદ્ધ વયે મરણ પામ્યો.

તીતસનો પત્ર. આ પત્ર ઘણું કરીને ઇ. સ. ૬૬ માં કરીંથથી લખ્યો હશે. પાઉલ કેદી થઇ રૂમ જતો હતો (પ્ર. કૃ. ૨૭; ૭) ત્યારે તે ક્રેતમાં કેટલોક વખત રહ્યો હતો. વળી પચાસી પર્વે અહિંના માણસો પણ યરૂશાલેમ આવ્યા હતા. અને પાઉલે રૂમથી છુટયા બાદ અહિં આવીને ખ્રીસ્તને પ્રગટ કર્યો હતો. ઉપલાં કારણોને લીધે અહિં મંડળી સ્થાપન થઇ હતી. આ મંડળી ઉપર પાઉલે તીતસને અધ્યક્ષ ઠરાવ્યો હતો, તેના ઉપર પાઉલ કરીંથથી પત્ર લખે છે, જેમાં નીચેની ત્રણ પ્રકારની બાબત વિગતવાર લખે છે. (૧) મંડળી ઉપર કેવા પ્રકારના વડીલો ઠરાવવા. (૨) પાખંડી બોધકો સાથે કેવી રીતે વર્તવું. (૩) મંડળીના સભાસદોને કઇ કઇ બાબત વિષે ખાસ શિક્ષણુ આપવું. પહેલો તીમોથી અને તીતસના પત્રનું ઘણું સરખાપણું છે.

૧ તીમો. ૧ ; ૨, ૩. તીત. ૧ ; ૧, ૫.
„ ૧ ; ૪. „ ૧ ; ૧૩, ૧૪ : ૩ ; ૯.
„ ૪ ; ૧૨. „ ૨ ; ૭, ૧૫.

તીબેરયસ કાઇસાર. રૂમના ઇતિહાસમાં તેને તીબેરયસ-ક્લાદિયસ નેરો કહે છે. માત્ર પવિત્ર શાસ્ત્રમાં લુક ૩ ; ૧ માં તેનું નામ આવે છે. બાદશાહ ઑગસ્તસ કાઇસારનો તે સાવકો દીકરો હતો, તેની પછી તે ગાદીએ બેઠો. ઇ. સ. ૧૪-૩૭ સુધી તેણે રાજ્ય કર્યું. તેના રાજ્યને ૧૫મે વરસે યોહાન બાપ્તિસ્મા કરનારે જાહેર ધર્મ સેવા કરી. તેનાજ વખતમાં આપણા પ્રભુ ઇસુએ જાહેર ધર્મ સેવા કરી, દુ:ખ ભોગવ્યું ને મરણુ પામ્યો. કોઇ કોઇ વખતે શાસ્ત્રમાં તેનું નામ નહિ આપતાં માત્ર કાઇસાર કહે છે (માત્થી ૨૨ ; ૧૭, ૨૧. માર્ક ૧૨ ; ૧૪, ૧૬, ૧૭. લુક ૨૦ ; ૨૨, ૨૪, ૨૫ : ૨૩ ; ૨. યોહા. ૧૯ ; ૧૨, ૧૩). ગાદી પર બેસતાં બધા લોક તેને બહુ સારો ગણતા હતા, પણ પાછળથી તે ઘણો ખરાબ નીવડયો. તે જુલમી, કિનાબાજ અને આળસુ હતો અને પોતાનો ઘણોખરો વખત મોજમઝામાં ગાળતો હતો.

તીબેરીઅસ શહેર. તીબેરીઅસ સમુદ્રના પશ્ચિમ કિનારા પર આ શહેર આવેલું હતું, તેને હાલ ‘તુબારીખ’ કહે છે. એવું કહેવાય છે કે હેરોદ આન્ટિપાસે (ઇ. સ. ૧૬) પુરાતન રાક્કાથ શહેરના ખંડેર પાસે આ શહેર બંધાવ્યું, અને રૂમના બાદશાહના માન ખાતર તેને તીબરીઅસ નામ આપ્યું. આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના ઇતિહાસ સંબંધે આ શહેરનું નામ ત્રણ વખત માત્ર જોડવામાં આવેલું છે (યોહા. ૬ ; ૧, ૨૩ : ૨૧ ; ૧). આ શહેર યરૂશાલેમથી આસરે ૯૦ મેલ અને નાઝારેથથી આશરે ૨૦ મેલ ઉપર આવેલું છે. કોઇ વખત લખવામાં આવ્યું નથી કે પ્રભુ ઇસુ આ શહેરમાં ગયો, કારણુ કદાપિ એ હોય કે શહેર મૂર્તિપૂજક હતું. ઇ. સ. ૧૮૩૭ માં ધરતીકંપ થવાથી વસ્તીનો અર્ધો ભાગ માર્યો ગયો, ને એક બે ઘર શિવાય બીજાં બધાં જમીનદોસ્ત થઇ ગયાં. હાલની વસ્તી આસરે બે હજારની છે, તેમાંના અર્ધા યહુદીઓ છે. યરૂશાલેમનો નાશ (ઇ. સ. ૭૦) થયા બાદ યહુદીઓનું પાલેસ્ટાઇનમાં તે મુખ્ય મથક ગણાયું, અને ૩૦૦ વર્ષ કરતાં વધુ વખત તેમની રાજ્યધાનીનું શહેર રહ્યું. આસરે ઇ. સ. ૧૫૦ માં

અહિં સાન્હેદ્રિમ સભા સ્થાપન થઇ, અને ત્યાં રાબીઓની નિશાળ સ્થાપવામાં આવી, તે પ્રસિદ્ધ હતી. શહેરથી એક મૈલ દૂર ગરમ પાણીનો એક ઝરો આવેલો છે, તેમાં હમેશાં પાણી ગરમ રહે છે. ઘણાં માંદાં માણસ તેમાંથી પાણી પીતા, અને તેમાં નાતા હતા.

તીબેરીઅસ સમુદ્ર. આ સમુદ્રને એ શિવાય બીજાં ત્રણ નામ આપવામાં આવ્યાં છે. (૧) ગાલીલનો સમુદ્ર. (૨) ગેન્નેસારેતનો સમુદ્ર. (૩) કિન્નેરેથ કે કિન્નેરોથનો સમુદ્ર. તીબેરીઅસ સમુદ્ર એવું નામ એકલો યોહાન તેને આપે છે (યોહા. ૨૧; ૧). કારણ કદાચ એ હોય કે બહારના બીજી કોમના લોક એ નામથી વાકેફ હતા. બીજું કારણ એ હોય કે યોહાનની સુવાર્તા બીજી સુવાર્તાઓથી મોડી લખવામાં આવી છે. આ વખતે યરૂશાલેમનો નાશ થયો હતો, અને તીબેરીઅસ શહેર વધુ પ્રસિદ્ધિમાં આવ્યું હતું. અને તે કારણથી સ્વભાવિક રીતે આ સમુદ્રને એ નામ આપવામાં આવ્યું હોય. (જુઓ ગાલીલનો સમુદ્ર).

તીમાય = વટાળવું કે બગાડવું. આંધળા બારતીમાયનો બાપ (માર્ક ૧૦; ૪૬).

તીમોથી = પ્રભુથી માન પામેલો. પ્રેરિત પાઉલનો પ્રિય તથા વિશ્વાસુ મિત્ર હતો. પાઉલ તેને પોતાના દીકરા તરીકે ઓળખાવે છે (૧ કરીં. ૪; ૧૭. ફિલી. ૨; ૧૯–૨૨). અને એમ પાઉલ તીમોથીનો ધર્મપિતા હતો (૧ તીમો. ૧; ૧, ૮. ૨ તીમો. ૧; ૧). પાઉલ જ્યારે પહેલી મુસાફરીમાં લુસ્ત્રામાં આવ્યો ત્યારે તીમોથી તેનો ઉપદેશ સાંભળીને ખ્રીસ્તી મંડળીમાં મેળવાયો હશે (૧ તીમો. ૧; ૨. ૨ તીમો. ૩; ૧૧). તીમોથીની મા યુનીકે એક વિશ્વાસુ યહુદેણ બાઇ હતી, પણ તીમોથીનો બાપ જાતે વિદેશી હતો (૨ તીમો. ૧; ૫. પ્રે. કૃ. ૧૬; ૧). તેના બાપનું નામ આપ્યું નથી. પાઉલ જ્યારે બીજી મુસાફરીમાં ફરતો ફરતો લુસ્ત્રામાં આવ્યો ત્યારે તીમોથીની તેને ફરી મુલાકાત થઇ. આ વખત લુસ્ત્રા તથા ઇકોનીના ભાઇઓ તીમોથી વિષે સારી સાક્ષી પુરતા દેખાયા, માટે પાઉલે પોતાની સાથે મુસાફરીમાં તેને લેવાની ઇચ્છા કીધી. અને પ્રાંતોમાંના યહુદીઓને લીધે તીમોથીની સુન્નત કરાવી, કેમકે સર્વે જાણતા હતા કે તેનો બાપ હેલેની હતો (પ્રે. કૃ. ૧૬; ૧-૩). ત્યાર પછી વડીલ સભાથી દિક્ષિત થઇ (૧ તીમો. ૪; ૧૪) પાઉલ સાથે મુસાફરીમાં ગયો, અને તેઓ ફ્રુગીયા, ગલાતી, મુસયા, ત્રોઆસ, સામોથ્રાકી, નેઆપોલીસ અને ફિલિપીમાં ગયા. ફિલિપીમાં લુક તથા તીમોથીને મુકીને પાઉલ તથા શીલાસ આમફીપોલીસ, આપલોની, થેસ્સાલોનીકા તથા બેરીઆ ગયા. પછી તીમોથી ફિલિપી મુકીને પાઉલને બેરીઆમાં આવી મળ્યો. પછી પાઉલ જળમાર્ગે આથેનાય ગયો અને તીમોથી તથા સીલાસ બેરીઆમાંજ રહ્યા (પ્રે. કૃ. ૧૭; ૧૦-૧૫). પછી તીમોથી પાઉલ પાસે આથેનાય આવ્યો પણ પાઉલ તીમોથીને થેસ્સાલોનીકા મોકલીને પોતે કરીંથ ગયો. પાઉલ કરીંથમાં હતો ત્યારે તીમોથી પોતાનું કામ કરીને કરીંથમાં પાઉલને આવી મળ્યો (પ્રે. કૃ. ૧૭; ૩૨-૩૪. ૧ થેસ્સા. ૩; ૧, ૨. પ્રે. કૃ. ૧૮; ૧-૧૧). આ વખતે થેસ્સાલોનીકાની મંડળીની ખબર તીમોથી પાસેથી સાંભળીને પાઉલે તે મંડળી ઉપર પોતાનો પહેલો પત્ર લખ્યો, અને ત્યાર પછી થોડીક મુદત બાદ બીજો પત્ર લખ્યો, કેમકે પાઉલ કરીંથમાં ૧૮ માસ રહ્યા. આ બંને પત્ર લખતી વખતે તીમોથી પાઉલની સાથે હતો. ત્યાર પછી તીમોથી કેટલાંક વર્ષ દેખાતો નથી પણ ફરીને ત્રીજી મુસાફરી વખતે તે એફેસસમાં પાઉલને મળે છે, જે વખતે તીમોથી તથા એરાસ્તસને માકેદોન્યા (ફિલિપી) મોકલે છે, પણ પોતે આસીયા (એફેસસ)માં રહે છે (પ્રે. કૃ. ૧૯; ૨૨). આ વખતે કદાપિ પાઉલનો એવો વિચાર હશે કે તે બન્ને ભાઇઓ ઠેઠ કરીંથ સુધી જાય

(૧ કરીં. ૪; ૧૭). પણ કંઇ ખાસ હરકતને લીધે તીમોથીથી કરીંથ જવાયું નહિ, માટે પાઉલે તીતસની મારફતે "કરીંથીઓનો પહેલો પત્ર" પહોંચતો કીધો (૧ કરીં. ૧૬; ૧૦, ૧૧. ૨ કરીં. ૨; ૧૩:૭; ૧૩-૧૬). પછી પાઉલ એફેસસ મુકી ત્રોઆસ થઇને માકેદોન્યા (ફિલિપી) ગયો, ત્યાં તીમોથી એને આવી મળ્યો (પ્રે. કૃ. ૨૦; ૧. ૨ કરીં. ૧; ૧, ૧૯). આ વખતે તીતસ કરીંથની સારી ખબર લઇને આવ્યો અને પાઉલે "કરીંથીઓને બીજો પત્ર" લખી તીમોથી તથા બીજા બે ભાઇઓ સાથે કરીંથ રવાને કર્યો (૨ કરીં. ૮; ૧૬-૧૯). પછી પાઉલ ત્યાંથી નીકળી ઇલુરીકમમાં ફરી કરીંથ ગયો. અહિં આવીને તેણે રૂમીઓને પત્ર લખ્યો. આ વખતે પાઉલનો સાથી તીમોથી હતો. પછી પાઉલ હેલાસમાં (કરીંથ) ત્રણ મહિના રોકાઇને માકેદોન્યા (ફિલિપી) પાછો ગયો, અને ત્યાંથી લુકને સાથે લઇને ત્રોઆસ ગયો, ત્યારે તીમોથી કરીંથથી નીકળી ત્રોઆસમાં પાઉલને આવી મળ્યો (પ્રે. કૃ. ૨૦; ૪-૬). પછી પાઉલ રૂમમાં બે વર્ષ કેદી થયો ત્યારે તીમોથી તેની સાથે હતો. (ફિલિ. ૧; ૧. કલો. ૧; ૧. ફિલે. ૧). પાઉલનો વિચાર એવો હતો કે મારા મુકરદમાનો ફેંસલો બહાર પડશે ત્યારે એ ખબર ફિલિપી મંડળીને આપવાને તીમોથીને મોકલીશ, અને તીમોથી પાછા વળતાં ત્યાંની મંડળીની ખબર પણ લેતો આવશે (ફિલિ. ૨; ૧૯). પાઉલે તીમોથીને પહેલો પત્ર લખ્યો ત્યારે તીમોથી એફેસસની મંડળીનો ધર્મ પાળક હતો એવું સંભવે છે (૧ તીમો. ૧; ૩). અને પાઉલ જ્યારે રૂમમાં બીજી વાર કેદી કરાયો ત્યારે તેણે તીમોથીને બીજો પત્ર લખ્યો, તેમાં તે એવી વિનંતિ કરે છે કે "મારી પાસે વહેલો આવવાને તું યત્ન કર." શિઆળા પહેલાં આવવાને યત્ન કર. (પણ શિઆળો બેસતાં પહેલાં પ્રેરિત પાઉલ દૈહિક મુસાફરી પુરી કરી સદાના વિશ્રામમાં ગયો. ૨ તીમો. ૪; ૯, ૨૧). હેબ્રી. ૧૩; ૨૩ માં લખ્યું છે કે "તીમોથી છુટો થએલો છે" એ વાક્ય પરથી તીમોથી કેદી કરાયો હતો પણ થોડી મુદ્દત પછી છુટો થયો એમ જણાય છે; પણ તે કયાં, અને ક્યારે કેદી કરાયો તે આપણે જાણતા નથી. દંતકથા એવી ઉતરી આવી છે કે તીમોથી એફેસસ મંડળીનો પહેલો ધર્મ-પાળક થયા, અને ત્યાંના મૂર્તિપૂજકોને કોઇ વાતમાં ખાસ ઠપકો આપ્યો, તેથી તેઓએ તેને મારી નાખ્યો. એફેસસમાં તીમોથીના નામથી એક કબર ઓળખાય છે. ૧ લો તથા બીજા તીમોથી તથા તીતસ પાળકધર્મ વિષયક પત્રો કહેવાય છે. તેમાં મંડળીનુ પાળણું કરવા વિષે ફરજ તથા ધર્મપાળકોને વિશેષ શોભતાં લક્ષણો જણાવ્યાં છે. તેમજ આખી મંડળીના ઉપયોગમાં આવે એવો ઘણો બોધ ત્રણે પત્રોમાં સમાવલો છે (તીત. ૩; ૧૫. ૨ તીમો. ૪; ૨૨), તેથી પાળકોને તેમજ મંડળીને ઉપયોગી થાય એવા આ પત્રો છે.

તીમોથી વિશ્વાસમાં પાઉલનો ખરો દીકરો (૧ તીમો. ૧; ૨, ૧૮. ૨ તીમો. ૧; ૨). તેની મા એક વિશ્વાસુ યહુદેણ (પ્રે. કૃ. ૧૬; ૧. ૨ તીમો. ૧; ૫). પાઉલે પોતાની સાથે લીધો (પ્રે. કૃ ૧૬; ૩. ફિલિ. ૨; ૨૨). તીમોથી બેરીઆમાં રહ્યા (પ્રે. કૃ. ૧૭; ૧૪). થેસ્સાલોનીકામાં મોકલવામાં આવ્યો (૧ થેસ્સા. ૩; ૨). પાઉલ સાથે કરીંથમાં (૧ થેસ્સા. ૧; ૧. ૨ થેસ્સા. ૧; ૧). માકેદોન્યા મોકલ્યો (પ્રે. કૃ. ૧૯; ૨૨). કરીંથ મોકલ્યો (૧ કરીં. ૧૬; ૧૦). કરીંથીઓને બીજો પત્ર લખતાં સાથે હતો (૨ કરીં. ૧; ૧, ૧૯). કરીંથમાં પણ હતો (રૂમી. ૧૬; ૨૧). ત્રોઆસ પાઉલની સાથે હતો (પ્રે. કૃ. ૨૦; ૪, ૫). રૂમમા પાઉલની સાથે હતો (ફિલિ. ૧; ૧: ૨; ૧૯. કલ. ૧; ૧. ફિલે. ૧). એફેસસમાં હતો (૧ તીમો. ૧; ૩). પાઉલ તેને રૂમ બોલાવે છે (૨ તીમો. ૪; ૯, ૨૧). તીમોથી છુટો થયો (હેબ્રી. ૧૩; ૨૩).

તીમોથીઅસ કે તીમોથેઅસ = (પ્રે. કૃ. ૧૬ ; ૧ : ૧૭ ; ૧૪). તીમોથીનું એક નામ છે.

તીમોન = માનવંતો. યરૂશાલેમના સાત સેવકોમાંનો એક (પ્રે. કૃ. ૬ ; ૫). તેના વિષે બીજું કંઇ જાણવામાં આવ્યું નથી.

તીર્યા = બીક. બિન્યામીની યહાલ્લેલનો પુત્ર (૧ કાળ. ૪ ; ૧૬).

તીરાશ = શાપ આપવો. યાફેથનો સૌથી નાનો પુત્ર (ઉત્પ. ૧૦ ; ૨. ૧ કાળ. ૧ ; ૫).

તીલોન = બક્ષીસ. સીમોનના પુત્રોમાંનો એક (૧ કાળ. ૪ ; ૨૦).

તીસી = (૧ કાળ. ૧૧ ; ૪૫). દાઉદના શૂરવીરોમાંનો એક યોહાતીસી નામે માણસ હતો.

તુખીકસ = દૈવયોગે બનેલું. આસીઆનો "પ્રિય ભાઇ તથા પ્રભુમાં વિશ્વાસુ સેવક" (એફે. ૬ ; ૨૧, ૨૨), કે જે ત્રોફીમસની સાથે, માકેદોન્યાથી યરૂશાલેમ સુધી પાઉલનો સાથી હતો (પ્રે. કૃ. ૨૦ ; ૪). વળી તેના વિષે કલો. ૪ ; ૭. તીત. ૩ ; ૧૨. અને ૨ તીમો. ૪ ; ૧૨ માં જે વાત કહેવામાં આવી છે તે પરથી આપણે શીખીએ છીએ કે તુખીકસ પાઉલની સાથે રૂમમાં હતો, ત્યાંથી તેને એફેસસમાં મોકલવામાં આવ્યો, એ માટે કે ત્યાં મંડળી બાંધે અને ત્યાંના ભાઇઓને વિશ્વાસમાં દૃઢ કરે.

તુબાલ = રજુ કરવું, રજુઆત. (૧) યાફેથનો પાંચમો પુત્ર. (ઉત્પ. ૧૦ ; ૨. ૧ કાળ. ૧ ; ૫). (૨) આ નામની એક કોમની વાત શાસ્ત્રમાં આવે છે. તે ઘણું કરીને યાફેથના પુત્ર તુબાલના વંશજો છે. યાવાન (યશા. ૬૬ ; ૧૯) સાથે અને મેશેખ (હઝ. ૨૭ ; ૧૩), સૂરના વેપારીઓ સાથે અને ગોગ (હઝ. ૩૮ ; ૨, ૩ : ૩૯ ; ૧) સાથે અને જે દેશજાતિઓનો થનાર નાશ બતાવવામાં આવે છે (હઝ. ૩૨ ; ૨૬) તેમની સાથે આ દેશ જાતિનું નામ આપવામાં આવ્યું છે. આ લોક સૂરની બજારમાં પ્રસિદ્ધ વેપારી હતા. વિદ્વાનો કહે છે કે આ કોમ કાળા સમુદ્રની પૂર્વમાં કૉકેસસ પર્વતની દક્ષિણ સરહદ પર રહેનારી કોમ છે.

તુર = ખડક. જુઓ સૂર.

તુરાનસ = રાજકુમાર. આ નામનો એક યુનાની ભાષાશાસ્ત્રી હતો. તેણે એફેસસમાં ભાષણનો એક હૉલ રાખ્યો હતો. તેને તુરાનસની નિશાળ કહેવામાં આવી છે. અહિં પાઉલ બે વર્ષ સુધી નિત્ય વાદ કરવા જતો હતો (પ્રે. કૃ. ૧૯ ; ૯), તેથી આશિયામાં રહેનાર સર્વ યહુદીઓએ તથા હેલેનીઓએ પ્રભુ ઇસુની વાત સાંભળી. કેટલાક એમ ધારે છે કે તે યહુદી હતો, અને આ "નિશાળ" તે ખાનગી સભાસ્થાન હતું.

તૂબાલ કાઈન = હથિયાર બનાવનાર. લામેખ અને સિલ્લાહથી થએલો પુત્ર હતો. તે ત્રાંબા તથા લોઢાનાં હથિયાર ઘડનાર પહેલો કારીગર હતો (ઉત્પ. ૪ ; ૨૨). તેની બહેનનું નામ નાઅમાહ હતું.

તેર્તુલસ. તરતીઅસનું વૃદ્ધિ પામેલું નામ છે. તેર્તુલસ રૂમી વકીલ હતો, તેને યહુદીઓએ પાઉલની વિરૂદ્ધ કાઇસારીઆની કોર્ટમાં મોકલ્યો હતો (પ્રે. કૃ. ૨૪ ; ૧-૯). તેણે પાઉલના ઉપર નીચે પ્રમાણે ત્રણ તહોમત મુક્યાં. (૧) આ માણસ પીડા દેનાર તથા આખા જગતમાં બધા યહુદીઓમાં હંગામો ઉઠાવનાર છે. (૨) નાઝારીઓના તડનો આગેવાન છે, અને યહુદીઓના ધર્મને હરકત કરનાર અને નવા દેવો તરફ ફેરવનાર છે. (૩) મંદિરને અશુદ્ધ કરવા તેણે યત્ન કર્યો, જે વિષેની શિક્ષા કરવાનો યહુદીઓને અધિકાર છે. તેણે મુકેલાં ઉપલાં તહોમત એવી રીતે પાઉલ વિરૂદ્ધ યોજી કાઢયાં હતાં કે, આસપાસના સંજોગ જોતાં એક નહિ તો બીજામાં તે દોષિત ગણાય.

તેબેસ = ચળકાટ. તેબેસ નગર શખેમની ઇશાન કોણમાં બે મૈલ ઉપર સ્કીથોપોલીસની સડક પર આવેલું હતું, હાલ તેને "તાબાસ" કહે છે. અબીમેલેખ આ શહેર પર લશ્કર લઇને ચઢી આવ્યો હતો, અને જેવો કિલ્લાના

બારણાની છેક નજદીક આવી આગ લગાડવાનો હતો, તેવામાં એક સ્ત્રીએ ઘંટીનું ઉપલું પડ તેના ઉપર ફેંકી તેની ખોપરી ફોડી નાખી, તેથી રાજા પડયો અને પોતાનાં હથીઆર પકડનારની વિનંતી કરવાથી તેણે તેને મારી નાખ્યો (ન્યાયા. ૯; ૫૦-૫૭. ૨ શમૂ. ૧૧; ૨૧).

તેમની. આશ્હૂરપુત્રોમાંનો એક, તેના બાપનું નામ તકોઆ હતું (૧ કાળ. ૪; ૬).

તેમા = દક્ષિણ, અરણ્ય. ઇશ્માએલના પુત્રોમાંનો એક, જે પોતાના કુટુંબનો મુખ્ય પુરૂષ કે સરદાર હતો (ઉત્પ. ૨૫; ૧૫. ૧ કાળ. ૧; ૩૦. અયૂ. ૬; ૧૯. યશા. ૨૧; ૧૪. યિર્મે. ૨૫; ૨૩). તેણે જ્યાં વસ્તી કરી તે જગ્યાને પોતાનું નામ આપ્યું, જે અદોમની અગ્નિ કોણમાં ૨૫૦ મૈલ પર દમસ્ક અને મક્કાની વચમાં આવેલું છે, તેને હાલ 'તેઇમા' કહે છે (યશા. ૨૧; ૧૪).

તેમાન = દક્ષિણ. (૧) એસાવનો પૌત્ર અને અદોમનો સરદાર (ઉત્પ. ૩૬; ૧૧, ૧૫, ૪૨. ૧ કાળ. ૧; ૩૬. યિર્મે. ૪૯; ૭. ૨૦. હઝ. ૨૫; ૧૩. આમો. ૧; ૧૨. ઓબા. ૯. હબા. ૩; ૩). વળી આ નામનો અદોમની દક્ષિણે આવેલો એક પ્રદેશ હતો, જેને પૂર્વના પુત્રોનો પ્રદેશ કહે છે. તેનું નામ જુના કરારમાં વખતે વખતે આવે છે. ત્યાંના લોક વિવેક તથા ડહાપણ માટે વખણાતા હતા. અરાબાહના નીચાણથી પારાનના ડુંગરો તેને જુદો પાડે છે. (૨) અયૂબના ત્રણ મિત્રોમાંનો એક અલીફાઝ હતો. તે તેમાન દેશનો હતો માટે તેને તેમાની કહે છે (અયૂ. ૨; ૧૧). વળી હુશામ અદોમનો સરદાર (ઉત્પ. ૩૬; ૩૪), તે પણ તેમાન દેશનો હતો.

તેમાહ = આનંદ. ગુલામગીરીથી જેઓ પાછા આવ્યા તેમાં તેમાહના પુત્રો પણ હતા (એઝ. ૨; ૫૩. નહે. ૭; ૫૫).

તેરતીઅસ = ત્રીજો. પાઉલ પ્રેરિતનો લહિયો, તેની પાસે રૂમીઓનો પત્ર પાઉલે લખાવ્યો (રૂમી. ૧૬; ૨૨).

તેરાહ. (૧) નાહોરનો બાપ તેરાહ હતો (ઉત્પ. ૧૧; ૨૪). (૨) ઇસ્રાએલીઓની મુસાફરીનું સ્ટેશન હતું (ગણ. ૩૩; ૨૭).

તેરેશ = ભારે. રાજા અહાશ્વેરોશના દરબારના બે ખવાસો હતા, તેમાંનો એક તેરેશ હતો. તેઓએ રાજાને મારી નાખવાની કોશિશ કીધી. આ વાત મોર્દખાયે જાણી, તેણે રાજાને ખબર આપી, રાજાએ તેઓને ફાંસીએ દીધા (એસ્તે. ૨; ૨૧: ૬; ૨), તે વાત દફતરમાં નોંધી.

તેલ-આબીબ = ચારાની જગ્યા, અનાજનો ઢગલો. કબાર નદી પર આવેલી એક જગ્યા હતી, ત્યાં હઝકીએલ રહેતો હતો (હઝ. ૩; ૧૫). આ જગ્યા ક્યાં હતી તે ખબર નથી.

તેલ-મેલાહ=મીઠાનો ઢગલો. બાબેલમાં આવેલી એક જગ્યા હતી, કે જ્યાંથી યહુદીઓ બંદીપ્રવાસથી પાછા ફર્યા હતા (એઝ. ૨; ૫૯. નહે. ૭; ૬૧).

તેલ-હાર્શા = વનનો ટેકરો. બાબેલની એક જગ્યા (નહે. ૭; ૬૧. એઝ. ૨; ૫૯).

તેલાહ. એફ્રાઇમી એક પુરૂષ હતો (૧ કાળ. ૭; ૨૫).

તોઆહ. (૧ કાળ. ૬; ૩૪). યહોવાહના ઘરમાં ગાયનસેવા પર જેઓની નીમણુક દાઊદે કીધી તેમાંનો એક કોહાથી (૧ કાળ. ૬; ૩૪).


તોઉ. (૧ કાળ. ૧૮; ૯, ૧૦). તેને ૨ શમૂ. ૮; ૯, ૧૦ માં ટોઇ કહે છે (જુઓ ટોઇ).

તોકહાથ. (૨ કાળ. ૩૪; ૨૨). આ હુલ્દાહ ભવિષ્યવાદેણનો સસરો તિક્વાહ છે (૨ રા. ૨૨; ૧૪).

તોખેન = એક સરખું. શિમઓનનું એક નગર હતું (૧ કાળ. ૪; ૩૨).

તોગાર્માહ = ખરબચડું. (૧) યાફેથનો પૌત્ર અને ગોમેરનો પુત્ર (ઉત્પ. ૧૦; ૩. ૧ કાળ. ૧; ૬). (૨) આ નામની એક કોમ સૂર સાથે ઘોડા, રેવંતો તથા ખચ્ચરોનો વેપાર કરતી હતી (હઝ. ૨૭; ૧૪: ૩૮; ૬).

તેરાહની વંશાવળી. (ઉત્પ. ૧૧ ; ૨૪-૩૨. પહો. ૨૪ ; ૨. અને યાકુબથી દાઉદ સુધીની વંશાવળી, ઉત્પ. ૩૮. રૂથ ૪ ; ૧૮-૨૨).



(+ લગ્નનું ચિન્હ સમજવું.)

આ કોમ તે કદાપિ આર્મેની કે સ્કીથીઅન લોક હશે, તેઓ તોગાર્મોહના વંશજો છે.

તોફેથ = ઢોલનો અવાજ. હિન્નોમની ખીણનો એક ભાગ હતો. ત્યાં મોલેખ દેવતાના ધગધગતા હાથમાં બાળકોને બાળી મુકવામાં આવતાં હતાં. જુઓ હિન્નોમ. તોફેથ (૨ રા. ૨૩; ૧૦. યશા. ૩૦; ૩૩. યિર્મે. ૭; ૩૧, ૩૨: ૧૯; ૬, ૧૧-૧૪).

તોફેલ = ચુનો. સિનાયના અરણ્યમાં આવેલી એક જગ્યા હતી (પુન. ૧; ૧). અદોમી પહાડોની પશ્ચિમે "તુફીલેહ" નામની જગ્યા આવેલી છે, તેને તોફેલ કહે છે.

તોલા = કીરમજી જીવડો. (૧) યિસ્સાખારનો જ્યેષ્ઠ પુત્ર (ઉત્પ. ૪૬; ૧૩. ગણ. ૨૬; ૨૩. ૧ કાળ. ૭; ૧, ૨). (૨) યિસ્સાખાર કુળનો ઇસ્રાએલીઓનો એક ન્યાયાધીશ થયો હતો. તે એફ્રાઇમના પહાડી મુલકના શામીરમાં રહેતો હતો. તેણે ૨૩ વર્ષ ઇસ્રાએલીઓનો ન્યાય કીધો. તે મરી ગયો ત્યારે શામીરમાં દટાયો. તેના પછી યાઇર ન્યાયાધીશ થયો (ન્યા. ૧૦; ૧).

તોલાદ = ફળદ્રુપ. યહુદાહની દક્ષિણમાં આવેલું શિમઓનનું એક શહેર હતું (૧ કાળ. ૪; ૨૯).

તોહુ = પોકળપણું. શમૂએલના પૂર્વજોમાંનો એક હતો (૧ શમૂ. ૧; ૧. ૧ કાળ. ૬; ૩૪). તેને તોઆહ કહે છે.

થ

થયુદા = ઉપકાર માનવો. ગમાલીયલ નામના ફરોશી ન્યાયશાસ્ત્રીએ યરૂશાલેમમાં સભાની આગળ ભાષણ આપતાં આ માણસની ઇતિહાસિક વાતનો દાખલો આપ્યો હતો (પ્રે. કૃ. ૫; ૩૬). તેણે રૂમી સરકારની સામે બળવો ઉઠાવ્યો હતો, એ શિવાય આપણે તેના વિષે વધારે જાણતા નથી.

થાદી = છાતીવાળો. બાર પ્રેરિતોમાંનો એક યહુદા નામનો હતો ખરો, પણ તે યાકુબનો ભાઇ નહિ પણ યાકુબનો પુત્ર હતો, એવું સંભવે છે. (અંગ્રેજી તરજુમાની સુધારેલી આવૃત્તિમાં લુક ૬; ૧૬. પ્રે. કૃ. ૧; ૧૩ જુઓ). આજ યાકુબનો પુત્ર જે યહુદા હતો તેને લેબી કે થાદી કહેતા હતા એવું માત્થી ૧૦; ૩ થી જણાય છે. એજ યહુદા પ્રેરિત સીરીના એડેસ્સામાં ધર્મપ્રસાર કરતો હતો, એવી દંતકથા બધે ફેલાઇ છે. હવે સીરી દેશમાં પેશીટો તરજુમો વિશેષ લોકપ્રિય હતો, પણ તે તરજુમામાં યહુદાનો પત્ર નથી. એ પરથી દેખાય છે કે યહુદાનો પત્ર આ યહુદાથી નહિ પણ યાકુબના ભાઇ યહુદાથી લખાયો છે.

થુઆતીરા (પ્રે. કૃ. ૧૬; ૧૪. પ્રક. ૧; ૧૧: ૨; ૧૮). એશિયા મૈનરનું એક શહેર છે, જે હાલ "આક-હીસ્સાર" (સફેદ કિલ્લો) નામથી ઓળખાય છે. અહિં સાત મંડળીઓમાંની એક સ્થાપન થએલી હતી (પ્રક. ૧; ૧૧: ૨; ૧૮-૨૯). આ શહેર સાર્દિસથી ૨૭ માઇલ દૂર પેરગામસના રસ્તા ઉપર લીકસ નદીને કિનારે આવેલું છે. ઇ. સ. પૂ. ૧૯૦ માં આ શહેર રૂમી બાદશાહતમાં આવ્યું, તે વખતે શહેર મશહૂર ગણાતું હતું. આ શહેરની લુદીઆ નામની સ્ત્રી પાઉલનું ભાષણ સાંભળીને ખુશી થઇ, તેનું અંતઃકરણ પ્રભુએ ઉઘાડયું, અને તેનું તથા તેના ઘરનાંનું બાપ્તિસ્મા થયું (પ્રે. કૃ. ૧૬; ૧૪). જેમ પુરાતન વખતમાં તેમ હાલ પણ ત્યાં રંગરેજ લોક રહે છે. રંગારાની બાબતમાં શહેર જાણીતું છે. આજકાલ પણ વેપારી લોક કીરમજી કપડાંનો વેપાર સ્મર્નાના સાથે ચલાવે છે. પહેલાંના વખતમાં શહેરમાં મૂર્તિપૂજા ઘણી ચાલતી હતી. અપોલો દેવતાની પૂજા તેઓમાં મશહૂર હતી. હાલ આશરે ૨૦૦૦ ઘર શહેરમાં છે, તેમાનાં ૩૦૦ ઘર યુનાની ખ્રીસ્તીઓનાં તથા ૩૦ ઘર આર્મેની ખ્રીસ્તીઓનાં અને બાકીનાં તુર્ક લોકોનાં છે. ત્યાં એક મસજીદ તથા એક ખ્રીસ્તી મંદિર છે. પુરાતન શહેર ખંડેર અવસ્થામાં છે.

થેઓફીલ = દેવનો મિત્ર, દેવનો વહાલો.

"ઓળખાણ" નામનું ક્લેમેંટનું પુસ્તક જે આશરે બીજા સૈકાને અંતે પ્રસિદ્ધ થયું હતું, તેમાં લખ્યું છે કે, થેઓફીલ અંત્યોખમાં બહુ વજનદાર માણસ હતો, તેમજ વગવસીલાવાળો પણ હતો. તેના ઉપર લુકની સુવાર્તા અને પ્રેરિતોનાં કૃત્ય લખવામાં આવ્યાં છે (લુક ૧; ૩. પ્ર. કૃ. ૧; ૧). તેના ઉપર સુવાર્તા લખવામાં આવી તે પહેલાં તે ખ્રીસ્તી ધર્મનો શોધક હતો, અને જે વચનો વિષે તે શિખવાયલો હતો, તેની નિશ્ચયતા તે જાણે એ હેતુથી લુકે તેના પર સુવાર્તા લખી મોકલી (લુક ૧; ૩, ૪). લુક તેને શ્રેષ્ઠ કહે છે. એજ પદવી પાઉલે ફેલીક્સ (પ્રે. કૃ. ૨૩; ૨૬: ૨૪; ૩) અને ફેસતસ (પ્રે. કૃ. ૨૬; ૨૫) ને આપી છે. બીજા કેટલાક ધર્મશાસ્ત્રીઓનો મત એવો છે કે, "થેઓફીલ" એ નામ બહુ સાધારણ હતું, માટે થેઓફીલ નામના કોઇ અમુક માણસ પર લુકની સુવાર્તા તથા પ્રેરિતોનાં કૃત્યનાં પુસ્તક લખવામાં આવ્યાં નથી, પણ જે જે દેવના મિત્ર હોય, તેમને "થેઓફીલ" નામ આપીને તેમના લાભને વાસ્તે બન્ને પુસ્તકો રચાયાં હતાં.

થેસ્સાલોનીકા (પ્રે.કૃ. ૧૭; ૧-૪. ૧ થેસ્સા. ૧; ૯). આ શહેરનું અસલ નામ થેર્મા હતું, અને હાલમાં તેને સાલોનીકા કહે છે. કાસાંદર કરીને એક હાકેમ ઇ. સ. પૂ. ૨૯૭ માં મરણ પામ્યો. તેણે થેસ્સાલોનીકા નામની સિકંદર મોટાની સાવકી બેન સાથે લગ્ન કર્યાં હતાં. તે રાણીની યાદગીરીમાં આ શહેરને તેનું નામ આપવામાં આવ્યું. આગળ જતાં એ શહેર બહુ આબાદ થવા લાગ્યું, અને લાંબી મુદત સુધી તે માકેદોનિયા પ્રાંતનું મુખ્ય શહેર ગણાયું. એની પૂર્વે ઇજીયન સમુદ્ર અને પશ્ચિમે આદ્રિઆટીક સમુદ્ર આવેલો છે. અને બન્ને સમુદ્ર વચ્ચેનો એક રાજમાર્ગ થેસ્સાલોનીકામાં થઇને જતો હતો, તે કારણ માટે આ શહેર વેપારનું મોટું મથક થયું. હાલ આ શહેરમાં બધા મળી ૮૫,૦૦૦ માણસની વસ્તી છે. પાઉલ બીજી મુસાફરીમાં હતો ત્યારે તે તથા સીલાસ આ શહેરમાં ગયા, અને તેઓએ ત્રણ સાબ્બાથવાર સુધી ઉપદેશ કરીને સાબિત કર્યું કે, જે મસીહ વિષે ભવિષ્યવાદીઓ બોલ્યા હતા તેજ ઇસુ છે. પણ યહુદીઓ વાદવિવાદમાં પાઉલને હરાવી શક્યા નહિ ત્યારે તેઓએ શહેરમાં હંગામો ઉઠાવ્યો, અને જ્યારે પાઉલ તથા સીલાસ ન જડ્યા ત્યારે યાશોન તથા બીજા કેટલાક ભાઇઓને પકડીને તેમની પાસેથી જામીનખત લખાવી લીધું. અને હંગામો બંધ થયા પછી પાઉલ શિષ્યોને તેડીને માકેદોનિયાના બેરીઆ જવા સારૂ નીકળ્યો. પણ તેઓમાંના ઘણાએ દેવની વાત માની લીધી તેથી અહિં મંડળી સ્થાપન થઇ (૧ થેસ્સા. ૨; ૧૩). તેમના ઉપર પાઉલે પોતાના બે પત્રો લખ્યા છે. માકેદોનિયાનું શહેર, પાઉલે અને સીલાસે ત્યાં સુવાર્તા પ્રગટ કરી (પ્રે. કૃ. ૧૭; ૧). થેસ્સાલોનીકાનો આરીસ્તાર્ખસ (પ્રે. કૃ. ૧૭; ૨. ફિલી. ૪; ૧૬. ૨ તીમો. ૪; ૧૦).

થેસ્સાલોનીકીઓને ૧ લો પત્ર. પાઉલે આથેનાય જઇને થેસ્સાલોનીકાના ભાઇઓને વિશ્વાસમાં દૃઢ કરવા સારૂ તીમોથીને મોકલ્યો (૧ થેસ્સા. ૩; ૧, ૨). અને તીમોથીએ કરીંથમાં આવીને થેસ્સાલોનીકીઓ વિષે પાઉલને સારી ખબર આપી. આ સાંભળી પાઉલ ખુશી થયો (૧ થેસ્સા. ૩; ૬-૯). આ વખતે મંડળીમાં બે ભૂલ પેઠી હતી. (૧) પાઉલે બોધમાં કહ્યું હતું કે ખ્રીસ્ત ફરીને આવનાર છે, માટે જાગતા રહો. તે પરથી તેઓએ એવી ભૂલ ખાધી કે તે એકાએક આવશે, માટે આપણે કામ ધંધો મુકીને તેની વાટ જોયા કરીએ (૫; ૨-૧૧). વળી પ્રભુ ઇસુ પાછો આવશે તે સમયના વૈભવમાં પોતાનાં મરી ગએલાં સગાં વહાલાં ભાગ નહિ લઇ શકશે એવું ધારીને કેટલાક દુઃખી થતા હતા (૪; ૧૪-૧૭). આવે પ્રસંગે પાઉલનું મન ત્યાં જવાનું હતું પણ જઇ શક્યો નહિ (૨; ૧૭, ૧૮), તેથી તેમને

ઉત્તેજન આપવા તથા તેઓની ભૂલ સુધારવા પાઉલે કરીંથથી આ પત્ર લખ્યો. નવા કરારમાં યાકુબનો પત્ર બાદ કરતાં સૌથી પહેલો આ પત્ર લખાયો છે, તેમાં ઇસુનું ઇશ્વરત્વ માન્ય કરેલું છે; આશરે ૨૫ વખત ઇસુને પ્રભુ કહેલો છે.

થેસ્સાલોનીકીઓને ૨ જો પત્ર. પહેલો પત્ર લખ્યા પછી થોડાક મહિના બાદ કરીંથથી બીજો પત્ર લખી મોકલ્યો, કેમકે ખ્રીસ્તના પાછા આવવા સંબંધી ભૂલ વધવા લાગી, અને કેટલાક કહેવા લાગ્યા કે અમને પ્રકટીકરણુ થયાં છે (૨ થેસ્સા. ૨; ૨). તેના ટેકામાં પાઉલનો (બનાવટી) પત્ર પણ બતાવતા હતા. તે ભૂલ સુધારવા અને ચેતવણી આપવા આ બીજો પત્ર લખ્યો. આ પત્રમાં ત્રણ વાત સમાયલી છે: (૧) પાપનું માણસ. (૨) ઇસુના આવવાનો સમય. (૩) ઉદ્યોગી થવાની જરૂર.

થોમા = જોડ. બાર પ્રેરિતોમાંના બીજા વર્ગમાં થોમાનું નામ આવે છે (માત્થી ૧૦; ૨-૪. માર્ક ૩; ૧૬-૧૯. લુક ૬; ૧૪-૧૬. પ્રે. કૃ. ૧; ૧૩). તેને યોહા. ૧૧; ૧૬: ૧૪; ૪, ૫ માં દીદીમસ કહે છે. તેના વિષે યોહા. ૧૧; ૧૫, ૧૬: ૧૪; ૪, ૫: ૨૦; ૨૪-૨૯: ૨૧; ૨ માં જે લખ્યું છે તે પ્રસિદ્ધ છે. તેનો સ્વભાવ એવો હતો કે ખાતરી કર્યા વગર કંઇ માનતો નહિ, અને ખાતરી કર્યા પછી માનેલી વાત છોડતો નહિ. થોમાનું નામ હમેશાં માત્થી તથા યાકુબ જે અલ્ફીનો દીકરો તેમની સાથે શાસ્ત્રમાં શિષ્યોની ટીપમાં આવે છે, તે પરથી કેટલાક ધારે છે કે તેઓ ત્રણે ભાઇ હશે, અને ત્રણેનો બાપ અલ્ફી હશે, પણ તે વિષે કંઇ ખાતરીપૂર્વક વાત નથી. થોમા વિષે કેટલીક દંતકથા ચાલે છે. કેટલાક ધારે છે કે તેણે પારથીઆમાં સુવાર્તા પ્રગટ કરી, અને બરછીથી તેને મારી નાખવામાં આવ્યો, અને એડેસ્સામાં તેને દાટવામાં આવ્યો. બીજા કહે છે કે તેણે હિંદુસ્તાનમાં સુવાર્તા પ્રગટ કરી, અને અહિંજ સાક્ષી પુરતાં મરણ પામ્યો. મલબારના ખ્રીસ્તીઓ હજી સુધી પોતાને થોમા પ્રેરિતના શિષ્યો કહેવડાવે છે, અને ત્યાં એક કબર થોમાના નામથી મશહૂર છે. વળી થોમાની સુવાર્તા નામનું એક આપોકીફાનું પુસ્તક છે, જે આસરે બીજા સૈકાનું છે, તેમાં ઇસુની બાલ્યાવસ્થાનું બહુજ ચમત્કારિક બ્યાન કરવામાં આવ્યું છે. વળી થોમા "પ્રેરિતનાં કૃત્યો" નામનું એક બીજું આપોકીફાનું પુસ્તક છે તે પણ એજ અરસામાં રચાયલું છે.

દ

દકાપલીસ = દસ શહેર. દસ શહેરનું પ્રગણું. આ પ્રાંત ગાલીલ સમુદ્રની પૂર્વે અને અગ્નિ કોણમાં આવેલો છે. તેમાં મુખ્ય દસ શહેર આવેલાં છે, અને વિદેશીઓ તેમાં રહેતા હતા. પ્લીનીના બ્યાનથી માલમ પડે છે કે આ દેશ ૧૦૦ માઇલ લાંબો અને ૬૦ માઇલ પહોળો હતો. નવા કરારમાં આ પ્રાંતનું નામ ત્રણ વખત આવે છે (માત્થી ૪; ૨૫. માર્ક ૫; ૨૦: ૭; ૩૧). દસે શહેરનાં નામ નીચે પ્રમાણે છે. (૧) સ્કીથોપોલીસ, એટલે સીથીઅન લોકનું શહેર. દસે શહેરમાં આ સૌથી મોટું હતું. તેનું પુરાતન નામ બેથ-સાન છે. આ એકજ શહેર યરદનની પશ્ચિમ ગમ આવેલું હતું, બીજાં બધાં પૂર્વમાં આવેલાં હતાં (૧ શમૂ. ૩૧; ૧૦). (૨) ગાડરા, આ પ્રસિદ્ધ શહેર આગળ ઇસુએ એક અશુદ્ધ આત્માને કે જેનું નામ 'સૈના' હતું તેને એક માણસમાંથી કાઢયો હતો. ગાડરા, ગરગસાથી બહુ દૂર ન હતું, માટે તે કોઇ વખતે ગરગસા નામથી પણ ઓળખાતું હતું. તેને ગેરાસીનીઓનો દેશ એવું નામ આપવામાં આવ્યું છે (માર્ક ૫; ૧. માત્થી ૪; ૨૫). (૩) હીપ્પોસ (Hippos). (૪) પેલ્લા. (૫) ફિલાદેલફિયા, તેનું પુરાતન નામ રાબ્બાથ-આમ્મોન હતું. (૬) ગેરાસા (Gerasa). (૭) દીઓન. (૮) કનાથા (Canatha). (૯) રફાના. (૧૦) દમાસ્કસ. જ્યારે રૂમી લોકે સીરિયા જીતી લીધું (ઇ. સ.

પૃ. ૬૫) ત્યારે તેઓએ આ શહેરો ફરીને બંધાવ્યાં અને તેમને દકાપલીસ નામ આપ્યું. હાલ આ પ્રાંત વેરાન થઇ ગયો છે, અને દસમાંના છ શહેરો તદન નાબૂદ થઇ ગયાં છે. સ્કીથીઓપોલીસ–ગાડરા કનાથામાં થોડી ઘણી વસ્તી છે, પણ દમસ્કસ આબાદ છે.

દદાન = નીચ પ્રદેશ. (૧) રાઅમાહનો પુત્ર (ઉત્પ. ૧૦; ૭). તેના સંતાનોને દદાનીઓ કહે છે (યશા. ૨૧; ૧૩. હઝ. ૨૭; ૧૫). આ કોમ ઘણું કરીને ઇરાની અખાતની વાયવ્ય કોણમાં કૂશના પુત્રોની સાથે વસી હતી. (૨) યોકશાનનો પુત્ર, અને આ યોકશાન તે ઇબ્રાહીમની ઉપપત્ની કટરાહનો પુત્ર (૧ કાળ. ૧; ૯, ૩૨. ઉત્પ. ૨૫; ૩). આ કોમ અદોમમાં રહેતી હતી પણ ઘણે ભાગે આ કોમ આમ તેમ રખડનારી હતી. (૩) યિર્મે. ૨૫; ૨૩ : ૪૯; ૮. હઝ. ૨૫; ૧૩ : ૨૭; ૧૫, ૨૦ : ૩૮; ૧૩).

દદાનીઓ = દદાનના વંશજો. જુઓ દદાન.

દબીર = દેવવાણી, શહેર. (૧) યહુદાહના ઉંચ પ્રદેશમાં આવેલાં અગીઆર શહેરોમાંનું એક શહેર હેબ્રોનની પશ્ચિમે આવેલું હતું (યહો. ૧૦; ૩૮ : ૧૧; ૨૧ : ૧૨; ૧૩ : ૧૫; ૧૫. ન્યાયા. ૧; ૧૧. યહો. ૧૫; ૪૯ : ૨૧; ૧૫. ૧ કાળ. ૬; ૫૮). પુરાતન વખતમાં આ શહેર અનાકપુત્રોનું હતું (યહો. ૧૫; ૧૫. તેને 'કિર્યાથ-સેફેર' તથા 'કિર્યાથ-સાન્નાહ' નામ આપવામાં આવ્યાં છે (યહો. ૧૫; ૧૫, ૪૯). કાલેબે આ શહેર તથા હેબ્રોનનું પ્રગણું જીતી લીધું (યહો. ૧૪; ૬, ૧૫). કાલેબે વચન આપ્યું હતું કે "જે કોઇ કિર્યાથ-સેફેરને મારીને તેને જીતી લેશે" તેને હું મારી દીકરી આખ્સાહને પરણાવીશ, અને કાલેબના નાના ભાઇ કનાઝના દીકરા ઓથ્નીએલે તે લીધું ને આખ્સાહ સાથે પરણ્યો, અને દબીર તેને આપવામાં આવ્યું એટલુંજ નહિ પણ કાલેબે ઉપરના તથા હેઠળના ઝરા પણ આપ્યા. (૨) યરૂશાલેમ અને યરેખોની વચ્ચે યહુદાહની ઉત્તર સરહદ પર આખોરની ખીણ પાસે આ નામની એક જગ્યા આવેલી હતી (યહો. ૧૫; ૭). (૩) એગ્લોનનો રાજા આ નામનો હતો, તે કનાની પાંચ રાજાઓમાંનો એક હતો. તે પાંચે રાજાને યહોશુઆએ ઝાડ પર ટંગાવ્યા પછી જે ગુફામાં તેઓ સંતાઇ ગયા હતા, એટલે માક્કેદાહ ગુફામાં તેમને પુર્યા, અને ગુફાના મ્હો પર મોટો પત્થર મુક્યો (યહો. ૧૦; ૩, ૨૩, ૨૬).

દબોરાહ = મધમાખી. (૧) રિબ્કાહની દાસી હતી. જ્યારે રિબ્કાહ પોતાના પિતાના ઘરમાંથી, એટલે પાદ્દાનારામમાંથી નીકળી ત્યારે દબોરાહ તેની સાથે આવી હતી, ને પછી ઘણા વખતે તે મરણ પામી, તેને બેથેલ પાસે આલોન વૃક્ષ તળે દાટી. તે વૃક્ષનું નામ "આલોન-બાખથ" એટલે વિલાપનું વૃક્ષ એવું નામ પાડયું (ઉત્પ. ૩૫; ૮ : ૨૪; ૫૯). (૨) આ નામની એક બીજી સ્ત્રી ભવિષ્યવાદેણ હતી. તેના ધણીનું નામ લાપીદોથ હતું. જ્યારે ઇસ્રાએલીઓને કનાની રાજા યાબીને ૨૦ વર્ષ સુધી દબાવ્યા, ત્યારે પ્રભુએ આ સ્ત્રીને તેમના છુટકારાને માટે ઉભી કરી. તેણે કેદેશ-નાફતાલીથી અબીનોઆમના પુત્ર બારાકને બોલાવ્યો. તે નાફતાલી તથા ઝબુલૂન પુત્રોમાંથી દસ હજાર પુરૂષને લઇને યાબીનની ફોજના સેનાપતિ સીસરાની સામે ચઢી આવ્યો, તેની સાથે દબોરાહ લડાઇમાં ઉતરી, અને દબોરાહે લડાઇનું નિશાણ બતાવતાં બારાક દુશ્મનો ઉપર તુટી પડયો. કનાની સઘળું લશ્કર હાર્યું ને માર્યું ગયું. એમ પ્રભુએ એક સ્ત્રીની મારફતે જબરા દુશ્મનોનો ઘાણ વાળ્યો. આ દબોરાહ એફ્રાઇમના પહાડી મુલકમાંના રામાહ તથા બેથેલની વચમાં ખજુરી હેઠળ રહેતી હતી. દબોરાહે કનાનીઓ પર મેળવેલી જીત બહુ ભારે હતી. ન્યા. ૫ માં આ જીત વિષે દબોરાહનું ગીત આવે છે. દબોરાહ ઇસ્રાએલીઓની માતુ ગણાઇ (ન્યા. ૪; ૬, ૧૪ : ૫; ૭).

દમસ્ક = ચંચળાઇ. સીરિયાની રાજ્યધાનીનું શહેર છે, જે પૂર્વ તરફનાં સૌથી પુરાતન શહેરોમાંનું એક કહેવાય (યશા. ૭; ૮ : ૧૭; ૩). યરૂશાલેમથી ઉત્તરમાં ૧૩૩ માઇલ ઉપર આ શહેર આવેલું છે. તેનું હાલનું નામ 'એશ-શામ' છે. ઇ. સ. ૬૩૪ માં આ શહેર મુસલમાનોના હાથમાં આવ્યું, અને ઇ. સ. ૧૫૧૬ માં તુર્ક લોકને તાબે થયું. શહેર બે માઇલ લાંબું અને ઘણું પહોળું છે. શહેર બહુ સુંદર જગ્યામાં બાંધવામાં આવ્યું છે. કહે છે કે પશ્ચિમ આસિયાનું સૌથી સુંદર શહેર આ છે. તેની આજુબાજુનો બધો પ્રદેશ બહુ ફળદ્રુપ છે. શહેરની બન્ને બાજુ તથા મધ્યમાં થઇને અબાના નદીના ત્રણ ફાંટા વહે છે, તેથી શહેરની સુંદરતામાં નદીએ વધારો કીધો છે. શાસ્ત્રમાં આ શહેર વિષે જે પહેલી વાત લખવામાં આવી છે તે ઇબ્રાહીમના સંબંધે છે. કદોરલાઓમેર તથા તેની સાથેના રાજાઓને ઇબ્રાહીમે હરાવ્યા ત્યારે લખ્યું છે કે દમસ્કની ડાબી ગમના હોબાહ લગી ઇબ્રાહીમ તેમની પછવાડે ગયો (ઉત્પ. ૧૪; ૧૫). વળી ઇબ્રાહીમના ઘરનો કારભારી અલીએઝેર તે આ શહેરનો વતની હતો (ઉત્પ. ૧૫; ૨), ત્યારથી માંડીને દાઉદના વખત સુધી શહેર વિષે કંઇ વાત લખવામાં આવી નથી. દાઉદે જ્યારે સોબાહના રાજા હદાદએઝેરને હરાવીને ભારે લૂટ મેળવી ત્યારે દમસ્કના અરામીઓ સોબાહના રાજાની મદદે આવ્યા. દાઉદે તે વખતે અરામીઓના ૨૨ હજાર માણસને માર્યા અને દમસ્કના અરામમાં થાણાં બેસાડ્યાં, અને એમ અરામીઓ દાઉદના તાબેદાર થયા અને ખંડણી આપવા લાગ્યા (૨ શમૂ. ૮; ૫. ૧ કાળ. ૧૮; ૫). રાજા સુલેમાનના જમાનામાં એલ્યાદાનો પુત્ર રઝોન હદાદએઝેરની પાસેથી નાસી આવી સુલેમાન વિરૂદ્ધ બળવો કરી અરામીઓને એકઠા કરી તેમનો રાજા થયો, અને દમસ્કમાં તેણે રાજ્ય કીધું. સુલેમાનના સર્વ દિવસોભર તે ઇસ્રાએલનો શત્રુ થઇ રહ્યો. પાછલા વખતમાં અરામીઓ ઇસ્રાએલની સાથે મળી યહુદા વિરૂદ્ધ થયા એમ દેખાય છે (૨ રા. ૧૫; ૩૭). આશ્શૂરનો રાજા દમસ્ક પર ચઢી આવ્યો, દમસ્ક સર કર્યું, અને ત્યાંના રહેવાસીઓને કેદી કરી આશ્શૂર લઇ ગયો (૨ રા. ૧૬; ૭-૯. યશા. ૭; ૮ સરખાવો). એમાં યશા. ૧૭; ૧. આમો. ૧; ૪. યિર્મે. ૪૯; ૨૪ની ભવિષ્યવાત પુરી થઇ છે. દમસ્ક, નીનવેહ માદીઓના હાથમાં ગયું (ઇ. સ. પૂ. ૬૨૫) ત્યાં સુધી આશ્શૂરનું એક પ્રગણું ગણાતું હતું. રૂમીઓ ઇ. સ. પૂ. ૬૪ માં સીરિયા પર ચઢી આવ્યા અને દમસ્ક રૂમી સરકારનું મુખ્ય શહેર ગણાયું. ઇ. સ. ૩૭ માં અરબસ્તાનના રાજા અરેતસની હકુમત દમસ્ક પર ચાલતી હતી. પાઉલના ખ્રીસ્તી થવા સંબંધી આ શહેર પવિત્ર શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે (પ્રે. કૃ. ૯; ૧-૨૫). પાઉલ ત્યાં જઇ 'પાધરા નામના રસ્તામાં' યહુદાના ઘરમાં ઉતર્યો હતો, જ્યાં અનાનિયા તેને જઇ મળ્યો. આ પાધરા નામના રસ્તાને હાલ 'રાણીની શેરી' કહે છે, ને શહેરમાં તે મુખ્ય શેરી ગણાય છે. અરબસ્તાનથી પાછા ફરતાં પાઉલ ફરીને આ શહેરમાં ગયો હતો (ગલા. ૧; ૧૬, ૧૭). ખ્રીસ્તી ધર્મના ફેલાવનું તે મધ્ય સ્થળ હતું (પ્રે. કૃ. ૯; ૨૦). ત્યાંથી આજુબાજુના દેશમાં સુવાર્તા પ્રગટ કરવામાં આવી. હાલ તુર્ક સરકારના હાથમાં છે, અને તુર્કી સરકારનું આસીઆમાં મોટું શહેર ગણાય છે. શહેરની વસ્તી દોઢ લાખ માણસની ગણાય છે, અને તેમાં દસ હજાર માણસ ખ્રીસ્તી છે. એલીશાનું તેના વિષે ભવિષ્ય (૨ રા. ૮; ૭). તિગ્લાથ પિલેસેરે લીધું (૨ રા. ૧૬; ૯). યરોબઆમે લીધું (૨ રા. ૧૪; ૨૮). આહાઝે ત્યાંની મૂર્તિનો નમુનો લીધો (૨ રા. ૧૬; ૧૦). ત્યાંના રહીશોને દમસ્કીઓ કહે છે (૨ કરીં. ૧૧; ૩૨).

દરકાસ = હરણી. જોપ્પા શહેરની એક ધાર્મિક ખ્રીસ્તી વિધવા હતી. તે બાઇ 'રૂડી કર-

ણીઓ તથા દાન કરવામાં પુરી હતી.' પ્રેરિત પીતરે તેને મરણમાંથી સજીવન કરી હતી (પ્રે. કૃ. ૯; ૩૬-૪૩). આ બાઇ હેલેની ખ્રીસ્તી હતી. યહુદીઓ તેનું હેબ્રી નામ 'તાબીથા' કહી બોલાવતા, અને યુનાનીઓ તેનું ગ્રીક નામ 'દરકાસ' કહી બોલાવતા.

દલમાતીઆ = ઝાંખો પ્રકાશ. આ પ્રાંત વેનીસના અખાતની પૂર્વ ગમ આવેલો હતો. ઇ. સ. ૯ માં તે રૂમી ઇલુરીકમ ઇલાકામાં આવ્યો. અહિં પાઉલે ખ્રીસ્તની સુવાર્તા સંપૂર્ણ પ્રકારે પ્રગટ કરી હતી (રૂમી. ૧૫; ૧૯). અને એમ ધારવામાં આવે છે કે, પાઉલે ત્યાં કામ કરવાને કદાચ તીતસને મોકલ્યો હશે (૨ તીમો. ૪; ૧૦). હાલના વખતમાં આ પ્રાંત ઓસ્ટ્રિયાના રાજાને તાબે છે, અને રાજાને 'દલમાતીઆનો રાજા' એવી અટક આપવામાં આવી છે.

દલાયાહુ = જેને યહોવાહે છોડાવ્યો. (૧) યાજકવર્ગની ૨૩ મી ટોળીનો ઉપરી (૧ કાળ. ૨૪; ૧૮). (૨) શમાયાહનો પુત્ર. કોર્ટના જે સરદારોની આગળ યિર્મેયાહની ભવિષ્યવાત બારૂખે વાંચી સંભળાવી હતી તેમાંનો એક મુખ્ય માણસ હતો (યિર્મે. ૩૬; ૧૨). અને યિર્મેયાહનું ભવિષ્યપુસ્તક નહિ બાળવા સંબંધી તેણે અને બીજા કેટલાકે વિનંતિ કરી હતી, પણ રાજાએ તે માન્યું નહિ (યિર્મે. ૩૬; ૨૫). (૩) ઝરૂબ્બાબેલની સાથે જે માણસો યરૂશાલેમમાં પાછાં આવ્યાં તેમાંના એક ટોળાનો ઉપરી હતો (એઝ. ૨; ૬૦. નહે. ૭; ૬૨). (૪) (નહે. ૬; ૧૦).

દલીલાહુ = નાજુક. આ નામની એક પલિસ્તી સ્ત્રી હતી. તે સોરેકની ખીણમાં રહેતી હતી (ન્યા. ૧૬; ૪-૨૦). તેણીની સાથે શામશૂનની પ્રીતિ બંધાઇ હતી. પાલસ્તી સરદારોએ તેણીને સમજાવ્યું હતું કે, શામશૂનનું મહા બળ શામાં રહેલું છે તે જો તું અમને જણાવે તો અમો તને અગિયારસેં રૂપિયા આપીશું. ત્રણ વખત તેણીએ શામશૂન પાસે એ જાણવાને યત્ન કર્યો, પણ ત્રણે વખતે શામશૂને તેને ઠગી હતી, પણ છેવટે શામશૂને ખરી વાત જણાવી; એટલે તેના માથાના વાળ ઉતારવા. પલિસ્તીઓએ એ મુજબ શામશૂનને વશ કર્યો અને તેને પકડીને તેની આંખો ફોડી નાખી. એમ એક દુષ્ટ સ્ત્રીના પ્યારમાં પડી પોતાનું દિલ તેની આગળ ખોલવાથી તેનું મહાબળ જતું રહ્યું અને તે શત્રુઓના હાથમાં આવી પડયો. "એવી સ્ત્રીઓનું ઘર મૃત્યુ ભણી અને તેના પથ મૃતાવસ્થાની તરફ ઢળતા છે." "તારા માર્ગ તેનાથી દૂર રાખ......રખે તું તારી આબરૂ બીજાઓને અને તારો માર્ગ ઘાતકીઓને સ્વાધીન કરે."

દાઉદ = વહાલો, મહાબુબ. બેથલેહેમના રહીશ યિશાઇનો સૌથી નાનો અને આઠમો પુત્ર દાઉદ હતો (૧ શમૂ. ૧૬; ૧૦). એમ દેખાય છે કે યિશાઇ તે ગરીબ વર્ગનો માણસ હતો. તેની માનું નામ શાસ્ત્રમાં આપવામાં આવ્યું નથી. કેટલાક ધારે છે કે ૨ શમૂ. ૧૭; ૨૫માં આવતી નાહાશ હશે. તે દેખાવમાં "લાલચોળ તથા સુંદર ચહેરાનો તથા દેખાવમાં ફુટડો હતો" (૧ શમૂ. ૧૬; ૧૨: ૧૭; ૪૨). નાનપણમાં તે પોતાનાં બાપનાં ઘેટાં ચારતો હતો, એટલે યહુદાહના ઉંચ પ્રદેશમાં ગોવાળનું કામ કરતો હતો. આગળ જતાં દાઉદની જીંદગીમાં આપણે ઘણી ઉપયોગી વાતો જે શીખીએ છીએ તેનો અનુભવ તે હાલની ઘેટાંપાળકની જીંદગીમાં આમ તેમ ફરતાં ઘણા દેખાવો ઉપરથી શીખ્યો હશે એમ લાગે છે. એના વિષે જે પહેલું મહત્વદર્શક કામ નોંધવામાં આવ્યું છે તે એ છે કે, જ્યારે તે પોતાનાં ઘેટાંને સાચવતો હતો ત્યારે એક સિંહ તથા એક રીંછે આવી ટોળામાંથી એક હલવાન લીધું, ત્યારે દાઉદે તેની પછવાડે લાગીને તેને મારી તેના મુખમાંથી તે પડાવ્યું, અને એમ કરતાં જ્યારે સિંહે દાઉદ ઉપર હુમલો કીધો ત્યારે તેની દાઢી પકડીને દાઉદે તેને કેવળ પોતાને હાથે ઠેર માર્યો; અને

એમ સિંહ તથા રીંછ બન્નેને માર્યાં. જ્યારે દાઉદ જુવાન થયો અને ઉપલું ઘેટાં ચારવાનું કામ હજી કરતો હતો, એવામાં શમૂએલ ભવિષ્યવાદી કોઇ પણ ન જાણે એવી રીતે, યહોવાહના સુચવ્યાથી બેથલેહેમ આવ્યો (૧ શમૂ. ૧૬; ૧-૧૩), અને ત્યાં યજ્ઞાર્પણ ચઢાવવાને આવ્યો છું એમ કહી, વડીલોને તથા યિશાઇ અને તેના પુત્રોને યજ્ઞકાર્યમાં બોલાવ્યા. સર્વે હાજર થયા, પણ જેને ભવિષ્યવાદી શોધતો હતો તે ગેરહાજર હતો; એટલે દાઉદ તો ખેતરમાં ઘેટાં ચારવા ગયો હતો. દાઉદને તેના પિતાએ બોલાવ્યો, તેને જોતાં યહોવાહના સુચવ્યા પ્રમાણે શમૂએલ ભવિષ્યવાદીએ ઉભા થઇ, શાઉલની જગ્યાએ દાઉદને રાજા થવાને અભિષેક કીધો, ને તે દિવસથી માંડીને જો કે દાઉદ પોતાનું ઘેટાંપાળકનું કામ કરવા ગયો, તો પણ આ જુવાન ઉપર "યહોવાહનો આત્મા પરાક્રમ સહિત આવ્યો," અને તે સાથે "યહોવાહનો આત્મા શાઉલ પાસેથી જતો રહ્યો" (૧ શમૂ. ૧૬; ૧૩, ૧૪), કેમકે પ્રભુએ શાઉલને ઇસ્રાએલ પર રાજા હોવાથી નકાર્યો હતો ને દાઉદને પસંદ કીધો હતો. એમ દેખાય છે કે જુવાનીમાં દાઉદને ગાવા વગાડવાનો અને ઇશ્વરી ગીતો ગાવાનો શોખ હતો, એટલે સુધી કે લોકોમાં તે એક ગવૈયા તરીકે ગણાતો હતો, તેથી દાઉદનો શમૂએલે ખાનગીમાં અભિષેક કર્યા બાદ થોડા વખતમાં શાઉલ રાજાએ તેને પોતાની પાસે બોલાવ્યો. કારણ એ હતું કે યહોવાહનો આત્મા શાઉલ ઉપરથી જતો રહી દુષ્ટ આત્મા તેના ઉપર ઉતરી તેને હેરાન કરતો હતો, માટે પોતા પાસે એવા પ્રસંગે કોઇ વાજું વગાડી ખુશ કરનાર માણસ જોઇતો હતો. તપાસ કરતાં દાઉદ વિષે એવી શાહેદી મળી કે "દાઉદ વગાડવામાં કુશળ ને પરાક્રમી યોદ્ધા તથા લડવૈયો, બોલવે શાણો તથા ફુટડો છે ને યહોવાહ તેની સાથે છે," તેથી દાઉદને બોલાવ્યો ને તેણે શાઉલની કૃપા પ્રાપ્ત કરી, પણ ત્યાર પછી દાઉદ પોતાના બાપ પાસે જઇ રહ્યો હોય એમ દેખાય છે. પણ ત્યાર પછી થોડા વખતમાં બેથલેહેમની નૈરૃત્ય કોણમાં ૧૬ માઇલ ઉપર પલિસ્તીઓ સાથે એલાહની ખીણમાં જ્યારે ઇસ્રાએલીઓને લડાઇ થાય છે ત્યારે દાઉદ ત્યાં ફરી દેખાય છે, કેમકે તેના પિતાએ દાઉદને, ત્રણ ભાઇઓ જેઓ લડાઇમાં ગયા હતા તેમને માટે ખોરાક લઇને ત્યાં મોકલ્યો હતો (આ વખતે દાઉદ આશરે ૨૦ વર્ષની ઉમરનો હશે). એવામાં શત્રુ ભણીથી એક પલિસ્તી યોદ્ધા ગોલ્યાથ, જે ઉંચાઇમાં ૭ હાથ અને એક વેંત હતો, તે પલિસ્તીઓની છાવણી બહાર આવીને "ઇસ્રાએલી સૈન્યનો તુચ્છકાર કરતાં" કહેવા લાગ્યો કે, મારી સાથે દ્વંદ્વ યુદ્ધ કરવાને તમારામાંથી એકને મોકલો. આ સાંભળી શાઉલ તથા ઇસ્રાએલી સૈન્ય ગભરાટમાં પડયું. આ વખતે દાઉદ તેની સાથે લડાઇમાં ઉતર્યો અને પોતાના અનુભવી હથિયારથી એટલે ગોફણના ગોળાથી તેને ઠેર માર્યો અને તેનીજ તરવારથી તેનું ડોકું કાપી નાખ્યું. ઇસ્રાએલીઓની ભારે જીત થઇ અને પલિસ્તીઓને, ગાથ તથા એક્રોન સુધી ઇસ્રાએલીઓએ માર્યા (૧ શમૂ. ૧૭). આ ભારે જીતથી શાઉલના અંતઃકરણમાં દાઉદ વિષે અદેખાઇ ઉત્પન્ન થઇ અને કહેવા લાગ્યો કે, રાજ્ય શિવાય હવે તેને બીજા શાની કમી રહી છે? આ જીત થયાથી દાઉદને જે માન મળ્યું "ત્યારથી શાઉલે દાઉદને નજરમાં રાખવા માંડયો" (૧ શમૂ. ૧૮; ૬-૧૬), અને ઘણી ઘણી રીતે દાઉદને મારી નાખવાનો તેણે યત્ન કર્યો (૧ શમૂ. અધ્ય. ૧૭-૩૦). પણ ઇસ્રાએલી માણસોનાં મન દાઉદ ઉપર હતાં અને શાઉલના દીકરા યોનાથાનનું મન દાઉદ સાથે એક થયું હતું.

(૧) **દાઉદનો દેશવટો.** શાઉલની અદેખાઇને લીધે, દાઉદને આમતેમ ઘણું રખડવું પડયું. એક વખતે તે શાઉલના ભાલાથી બચી ગયો, પણ બીજે દિવસે સવારમાં તેને મારી નાખવાનો હતો એવામાં તે રામાહમાં શમૂએલ

પાસે નાસી ગયો (૧ શમૂ. ૧૯; ૧૩-૧૮). ત્યાં ભવિષ્યવાદીઓના શિષ્યોની સાથે શમૂએલની સંભાળ નીચે રહ્યો. કેટલાક ધારે છે કે આ વખતે તેણે ૬ ઠું, ૭ મું અને ૧૧ મું ગીત રચ્યાં. આ જગ્યા શાઉલ રહેતો હતો ત્યાંથી માત્ર ત્રણ માઇલ દૂર હતી, તેથી કરીને શાઉલે દાઉદને શોધી કાઢી પાછો લાવવાને યત્ન કર્યો. યોનાથાને પોતાના બાપનું મન દાઉદ ઉપર ખેંચવાને ઘણો યત્ન કર્યો પણ નિષ્ફળ ગયો, તેથી દાઉદ આખરે દૂર નાસી જવામાં સલામતી છે એમ ધારી નોબમાં નાસી ગયો (૧ શમૂ. ૨૧; ૧). અને ત્યાર પછી આપણે તેને પલિસ્તીઓના મુખ્ય શહેર ગાથમાં જોઇએ છીએ, અને ત્યાં તેણે ગાંડા માણસ જેવો દેખાવ કીધો (૧ શમૂ. ૨૨; ૧-૪. ૧ કાળ. ૧૨; ૮-૧૮). અને ત્યાંથી નીકળીને તે અદુલ્લામની ગુફામાં નાસી ગયો, અને ત્યાં આશરે ૪૦૦ માણસ એકઠાં થયાં અને તેઓનો સરદાર દાઉદ બન્યો. અહિં 'બેથલેહેમના દરવાજા પાસેના કુવા'નું પાણી પીવાનું તેણે મન કીધું, અને ત્રણ યોદ્ધાઓ પલિસ્તીઓના સૈન્યમાં થઇને પસાર થયા ને બેથલેહેમના કુવાનું પાણી લઇ આવ્યા; પણ પછીથી તેણે તે નહિ પીતાં 'યહોવાહ આગળ રેડી દીધું' (૨ શમૂ. ૨૩; ૧૩-૧૭). શાઉલ દાઉદને મારી નાખવાના બધા યત્નોમાં નિષ્ફળ ગયો, ત્યારે ઝનુની બની તેણે નોબમાંના યહોવાહના યાજકોને કતલ કરાવ્યા, અને એમ દોએગ અદોમીએ "સણનો એફોદ પહેરેલા પંચ્યાશી પુરૂષોને મારી નાખ્યા," અને યાજકોના નગર નોબને પણ તેણે તરવારની ધારથી કતલ કર્યું. આ વાતની ખબર અહીમેલેખનો દીકરો અબ્યાથાર લઇને દાઉદ પાસે આવ્યો, કેમકે તે એકલો બચી ગયો હતો (૧ શમૂ. ૨૨; ૧૭-૨૩ સાથે ગીત. ૫૨ સરખાવો). દાઉદે સાંભળ્યું કે, પલીસ્તીઓ કઈલાહ વિરૂદ્ધ ચઢી આવ્યા છે અને તેમને લૂંટે છે, તેથી દાઉદ પલિસ્તીઓ સામે ચઢી આવ્યો અને તેમનો મોટો સંહાર કરી કઇલાહવાસીઓને બચાવ્યા (૧ શમૂ. ૨૩; ૧-૧૪). પછી શાઉલના ભયથી દાઉદ ત્યાંથી નાસી યહુદાહના પહાડી પ્રદેશમાં ભરાયો (સરખાવો ગીત. ૩૧). આ વખતે શાઉલનો દીકરો યોનાથાન દાઉદને આવીને મળ્યો અને હિંમત આપતાં કહ્યું કે, "બીશ મા, કેમકે મારા બાપ શાઉલનો હાથ તને ખોળી કાઢી શકશે નહિ, ને તું ઇસ્રાએલ પર રાજા થશે, ને હું તારાથી બીજે દરજ્જે હોઇશ" (૧ શમૂ. ૨૩; ૧૬-૧૮). પછી દાઉદ ત્યાંથી નીકળીને એન-ગેદીના રાનમાં ગયો, જે રાન મૃત સમુદ્રની પશ્ચિમ સીમામાં આવેલું હતું. અહિં શાઉલ તેની શોધમાં આવ્યો અને દાઉદના હાથમાં પડયો, પણ દાઉદે વિચાર કર્યો કે, યહોવાહના અભિષિક્ત ઉપર હાથ ઉઠાવવો સારો નથી. ત્યાંથી શાઉલ પાછો ફરે છે અને દાઉદ તથા તેની સાથેનાં માણસો ચઢીને માઓનમાં ગયાં, જ્યાં દાઉદ સાથે ૬૦૦ માણસ હતાં. અહિં ૧ શમૂ. ૨૫ માં સમાએલી નાબાલ તથા તેની સ્ત્રી અબીગાઇલની વાત દાઉદના સંબંધે જોડાએલી છે. નાબાલના મરણ પછી તેની સ્ત્રી અબીગાઇલ સાથે દાઉદે લગ્ન કીધાં. શાઉલ ફરીને દાઉદની સતાવણી કરવા નીકળ્યો. આ વખતે દાઉદ હખીલાહના પર્વતમાં સંતાઇ ગયો હતો. આ પ્રસંગે પણ શાઉલ દાઉદના હાથમાં આવી ગયો, ને દાઉદે શાઉલનો ભાલો અને પાણીનો ચંબુ ઉપાડી લઇ તેને બચાવ્યો. આ વખતે શાઉલ શરમાઇને પાછો ફર્યો અને દાઉદ તેને માર્ગે ચાલ્યો ગયો (૧ શમૂ. ૨૬).

(૨) **ઇસ્રાએલીઓ સામે દાઉદ.** શાઉલના ભયથી આમતેમ નાસી જતાં તેના મનમાં વિચાર આવ્યો કે, હવે એક દિવસ હું શાઉલના હાથથી માર્યો જઇશ, એવો વિચાર કરી ઇસ્રાએલી દેશ છોડી તે પલિસ્તીઓના દેશમાં, એટલે ગાથમાં નાસી ગયો અને ત્યાંના રાજા આખીશે તેના પર કૃપા દેખાડી અને તેને તથા તેનાં માણસોને રહેવા માટે સિકલાગ ગામ તેને આપવામાં આવ્યું. અહિં દાઉદ

પોતાનાં માણુસોનો સરદાર થઇ સ્વતંત્ર રીતે રહ્યો. આ વખતે અમાલેકીઓની સાથે તથા યહુદાહની દક્ષિણ સરહદ પરની દેશજાતિઓ સાથે તેને વખતો વખત લડવું પડયું (૧ શમૂ. ૨૭). દાઉદ સિકલાગમાં હતો એવામાં પલિસ્તીઓના રાજા આખીશે દાઉદને ઇસ્રાએલીઓના રાજા શાઉલ સામે લડવાને તેનાં માણુસો સાથે તેડાવ્યો. દાઉદ ગયો પણુ પલિસ્તી સરદારોને દાઉદ વિષે વફાદારીનો વહેમ આવવાથી આખીશે તેને ઘેર પાછો મોકલ્યો. દાઉદની ગેરહાજરીનો લાભ લઇ અમાલેકીઓ સિકલાગ ઉપર ચઢી આવી તેને આગ લગાડી બાળી મૂકી, તેમાંનાં નાનાં મોટાંનું હરણુ કરી પોતાને રસ્તે ચાલ્યા ગયા હતા. દાઉદ અને તેનાં માણસો અમાલેકીઓની પછવાડે પડી તેમને પકડી પાડ્યા અને ૪૦૦ માણુસો જેઓ નાસી છટયા તે શિવાય બધાને મારીનાખ્યા, અને જે સઘળું લૂટી ગયા હતા તે બધું પાછું આણ્યું. સિકલાગમાં પાછા આવ્યા બાદ, શાઉલ રાજાના મરણુની ખબર દાઉદને મળી (૨ શમૂ. ૧). એક અમાલેકી શાઉલ રાજાનો મુગટ અને તેના હાથનાં કડાં લઇને દાઉદ પાસે આવ્યો. આ ખબર સાંભળતાં દાઉદે ખબર લાવનારને કતલ કરાવ્યો, અને તેણે તથા તેનાં માણુસોએ પોતાનાં વસ્ત્ર ફાડ્યાં અને શાઉલને માટે શોક કીધો. દાઉદે શાઉલ અને તેના પુત્ર યોનાથાનના મરણુને લીધે એક વિલાપગીત રચ્યું, જે બહુ ઉત્તમ છે (૨ શમૂ. ૧; ૧૮-૨૭). તે 'ધનુષ્યગીત' નામથી ઓળખાય છે અને "યાશારના પુસ્તકમાં લખ્યું છે."

(૩) દાઉદ, યહુદાહ ઉપર રાજા. દાઉદ યહોવાહની સલાહ પુછી યહુદાહના હેબ્રોન નગરમાં ગયો, અને તેની સાથે તેનાં માણુસો પણુ પોતપોતાના પરિવાર સાથે ત્યાં જઇ રહ્યાં. યહુદાહનાં માણુસો આવ્યાં અને તેઓએ દાઉદને યહુદાહના કુળ પર રાજા તરીકે અભિષિક્ત કીધો. આ વખતે દાઉદ આશરે ત્રીસ વર્ષની ઉમરનો હતો, પણુ ગાદી વિષે વાંધો હતો, કેમકે શાઉલના સેનાપતિ આબ્નેરે શાઉલના દીકરા ઇશ્બોશેથને લઇ માહનાઇમમાં રાજા ઠરાવ્યો (૨ શમૂ. ૨). પછી ઇસ્રાએલીઓમાં લડાઇ જાગી. ગિબઓનમાં દાઉદના સરદાર યોઆબ અને આબ્નેરનાં માણુસો વચ્ચે ભારે યુદ્ધ થયું, અને આબ્નેર તથા ઇસ્રાએલનાં માણુસો દાઉદના ચાકરો આગળ પરાજિત થયા. એમ દાઉદના ઘરની તથા શાઉલના ઘરનાંની વચ્ચે લાંબા વખત સુધી વિગ્રહ ચાલ્યો, પણુ દાઉદનો પક્ષ અધિકાધિક બળવાન થતો ગયો. એમ દાઉદે યહુદાહ કુળ ઉપર હેબ્રોનમાં સાડાસાત વર્ષ રાજ્ય કીધું. પછી આબ્નેર દાઉદના પક્ષમાં આવ્યો, પણુ યોઆબે પોતાના ભાઇ અસાહેલના ખૂનનો બદલો વાળતાં આબ્નેરને ઠગીને તેના પેટમાં ખંજર ભોકી મારી નાખ્યો (૨ શમૂ. ૩). દાઉદે આબ્નેર માટે મોટો શોક કીધો. આ બનાવ પછી થોડા વખતમાં રિમ્મોન બએરોથીના દીકરાઓએ ઇશ-બોશેથને મારી નાખ્યો (૨ શમૂ. ૪) અને એમ હવે દાઉદ આખા ઇસ્રાએલ પર રાજા થયો.

(૪) દાઉદ ઇસ્રાએલનાં સર્વ કુળો પર રાજા થયો (૨ શમૂ. ૫; ૧-૫. ૧ કાળ. ૧૧; ૧-૩). ઇસ્રાએલના સર્વ વડીલો દાઉદ પાસે હેબ્રોનમાં આવ્યા અને તેઓએ દાઉદને ઇસ્રાએલના રાજા તરીકે અભિષેક કીધો, અને રાજ્યધાની હેબ્રોનથી બદલીને યરૂશાલેમ કીધી. પ્રથમ અહિં યબૂસીઓ રહેતા હતા તેઓને મારીને દાઉદે સિયોનનો કિલ્લો હાથ કીધો, ને મિલ્લોથી માંડીને અંદરની તમામ જગ્યામાં દાઉદે ઇમારતો ઉઠાવી, અને પોતે તેમાં રાજ્યમહેલ બંધાવ્યો, જેમાં સૂરના રાજાએ દાઉદને લાકડાં તથા કારીગરો વિગેરેની મદદ આપી. દાઉદ આખા ઇસ્રાએલ પર રાજા થયો છે અને સિયોનના કિલ્લામાં છે એ વાત જયારે પલિસ્તીઓએ સાંભળી, ત્યારે તેઓ દાઉદ ઉપર ચઢી આવ્યા. દાઉદે તેમનો એ વખતે ભારે સંહાર કીધો અને ઇસ્રાએલીઓને શત્રુના હાથથી બચાવ્યા.

હવે દાઉદે વિચાર કીધો કે, દેવનો કરારકોષ નવી રાજ્યધાનીમાં લાવવો (૨ શમૂ. ૬), કેમકે પલિસ્તીઓએ કોષને પાછો મોકલાવી દીધો ત્યારથી માંડીને ઘણાં વર્ષોથી તે યરૂશાલેમથી સાત મૈલ દૂર આવેલા કિર્યાથ-યઆરીમમાં અબીનાદાબના ઘરમાં રાખવામાં આવ્યો હતો. પણ ગણ. ૪ પ્રમાણે માત્ર લેવીઓજ કોષને હાથ લગાવે તે વાતનો ઉપયોગ નહિ થતાં ઉઝ્ઝાહ કોષને અડક્યો અને ત્યાં માર્યો ગયો, માટે દાઉદને માઠું લાગ્યું અને યહોવાહનો ડર લાગ્યો માટે કોષને યરૂશાલેમ નહિ લાવતાં, ઓબેદ-અદોમ ગિત્તીના ઘરમાં રાખ્યો. પણ ત્યાર પછી ત્રણ માસે દાઉદ આ કોષને ઓબેદ-અદોમના ઘરમાંથી યરૂશાલેમ લાવ્યો (ગીત. ૨૪ સરખાવો). અહિં દાઉદે કોષને માટે નવો તંબુ કે મંડપ ઉભો કીધો હતો તેમાં લાવીને મુક્યો. સીલોહ મધ્યે જુનો મુલાકાતમંડપ જે આસરે ૭૦ વર્ષ રહ્યો હતો (એટલે તે પલિસ્તીઓના હાથમાં ગયો ત્યાં સુધી) તે હાલ ગિબઆહમાં હતો, અને સાદોક યાજક હતો. દાઉદે હાલ નવો મંડપ યરૂશાલેમમાં ઉભો કીધો અને કરારકોષ તેમાં મુક્યો, અને સઘળી ધર્મસેવાની નવી વ્યવસ્થા પ્રમુખયાજક અબ્યાથાર સાથે મળીને કરી (૧ કાળ. ૧૬). (૫) **દાઉદનાં યુદ્ધો.** ૨ શમૂ. ૮ માં બતાવ્યા મુજબ દાઉદ હવે એક પછી એક જીત મેળવી ફતેહ પામવા લાગ્યો, અને રાજ્યને ઘણું બળવાન કરીને વધાર્યું. થોડાં વર્ષોમાં ફ્રાત નદીથી માંડીને મિસરની નિલ નદી સુધી, અને પશ્ચિમે ગાઝ્ઝાહથી માંડીને પૂર્વમાં થાપસાકુસ (Thapsacus) સુધીનો આખો પ્રદેશ દાઉદ રાજાની હકુમત નીચે આવ્યો (૨ શમૂ. ૮; ૩-૧૩; ૧૦). (૬) **દાઉદનું પાપ.** દાઉદ જ્યારે પુરો આબાદ અને નામવાર ગણાયો, જ્યારે આજુબાજુની દેશજાતિઓને દબાવી પોતાનું રાજ્ય ઘણું વધાર્યું, રાજ્યધાનીનું શહેર બીજા દેશોની લૂટથી શણગારી સુંદર કર્યું, ત્યારે દુઃખની વાત કે તે વ્યભિચારના ભારે પાપમાં પડયો (૨ શમૂ. ૧૧; ૨-૨૭), અને એક પાપે તેને બીજા પાપમાં પડવાને દોરી ઉરીયાહનું ખૂન કરાવ્યું. એમ ઉરીયાહને મરાવી તેની સ્ત્રી બાથશેબાને તેણે રાખી. આ વાત દરેક માણસને માટે બોધને માટે નમુનારૂપ છે, કે માણસ જ્યારે પુરો આબાદ અને સુખી થાય ત્યારે પરમેશ્વરને ભુલી જઇ પાપમાં પડવાનું જોખમ તેને છે, અને એક પાપ તે માણસને બીજા પાપમાં પાડે છે. આ વખતે દાઉદને પાછો ઠેકાણે લાવવાને પ્રભુ એક નાથાન નામના ભવિષ્યવાદીને તેનું પાપ જણાવવાને દાઉદ પાસે મોકલે છે. દાઉદ પોતાનું પાપ કબૂલ કરીને પુરા અંતઃકરણપૂર્વક પસ્તાવો પ્રભુ આગળ કરે છે. એ સંબંધી દાઉદનું ૩૨ મું અને ૫૧ મું ગીત પ્રસિદ્ધ છે. ઉરિયાહના મરણ પછી બાથશેબા દાઉદની સ્ત્રી થઇ, અને તેને જે પ્રથમ દીકરો જન્મ્યો તે પ્રભુના વચન પ્રમાણે મરણ પામ્યો. ત્યાર પછી બાથ શેબાને બીજો પુત્ર થયો, તેનું નામ દાઉદે સુલેમાન પાડયું, જે તેના પછી ગાદીવારસ થયો (૨ શમૂ. ૧૨; ૨૪, ૨૫). (૭) **મંદિર બાંધવાની મના.** લડાઇઓનું આખું પ્રકરણ ફતેમંદ રીતે પુરૂં થયા પછી દાઉદ પ્રભુને સારૂ મંદિર બાંધવાનો વિચાર કરે છે. પણ તે કામ કરવાની પ્રભુ તરફથી તેને પરવાનગી આપવામાં આવી નહિ, કેમકે તેણે પુષ્કળ લોહી વહેવડાવ્યું હતું ને મોટાં યુદ્ધો કીધાં હતાં, માટે પ્રભુએ ઠરાવ્યું કે આ કામ તેના "શાંતિશીલ પુત્ર" સુલેમાનને માટે મુલતવી રાખવું (૧ કાળ. ૨૨; ૯: ૨૮; ૩. ૨ શમૂ. ૭; ૧-૧૬. (૮) **દાઉદના દુઃખના દિવસો.** દાઉદની ફતેહમંદ જીંદગીમાં, તેનો જ્યેષ્ઠ પુત્ર આમ્નોને પોતાના ભાઇ આબ્શાલોમની સગી બહેન તામર સાથે વ્યભિચાર કરીને બહુ શરમભરેલું પાપ કીધું (૨ શમૂ. ૧૩). આ તો દાઉદની આખર જીંદગીની પહેલી વિપત્તિ કે દુઃખ છે. બે વર્ષ પછી આબ્શાલોમે

પોતાની બહેનનું વેર લેતાં ભાઇ આમ્નોનને મારી નાખ્યો, આથી દાઉદના અંતઃકરણને ભારે ઘા લાગ્યો. આબ્શાલોમ પોતાના ગુન્હાની બીકમાં યરદનની પેલે પાર ગશૂરના રાજા તાલ્માયની પાસે નાસી ગયો, અને ત્યાં ત્રણ વર્ષ રહ્યો. ત્યાર પછી યોઆબની યુક્તિથી તે પાછો આવ્યો (૨ શમૂ. ૧૪). આ બનાવ પછી દેશમાં ત્રણ વર્ષનો ભારે દુકાળ પડયો (૨ શમૂ. ૨૧; ૧-૧૪). ત્યાર પછી થોડી વારમાં દાઉદે અભિમાન કરીને લોકોની ગણત્રી કરી (૧ શમૂ. ૨૪), તેથી ત્રણ દિવસમાં ૭૦,૦૦૦ માણસ મરકીથી માર્યાં ગયાં. (૯) **આબ્શાલોમનો બળવો.** આબ્શાલોમ દેખાવે સુંદર, બોલવે બાહોશ હોવાથી ચાલાકી કરી લોકોને આડું અવળું સમજાવી, ઇસ્રાએલના માણસોનાં મન તેણે હરી લીધાં. એક વખતે હેબ્રોનમાં માનતા ઉતારવાનું બહાનું કાઢી ત્યાં ગયો, અને આગળથી કરેલી પોતાની બધી ગોઠવણ પ્રમાણે ત્યાં પોતાને રાજા જાહેર કર્યો. આ કામમાં દાઉદનો મંત્રી અહીથોફેલ ગીલોની આબ્શાલોમની કુમકે ફરી ગયો હતો, અને એમ ફિસાદ જોરાવર થયો. યહુદાહના મુખ્ય નગર હેબ્રોનમાં બળવો ઉઠયો અને આબ્શાલોમે પોતાને ત્યાં રાજા જાહેર કીધો. એ વાત જ્યારે દાઉદ સાંભળે છે ત્યારે ગભરાઇ જાય છે, અને યરૂશાલેમ છોડીને દાઉદ નાસી જાય છે (૨ શમૂ. ૧૫; ૧૩-૨૦). ઇસ્રાએલમાં આ દિવસ વજનદાર ગણાયો હતો અને જુના કરારના ઇતિહાસમાં તે જાણવાજોગ હતો. દાઉદ પોતાના સાથીઓ સાથે યરદનની પૂર્વગમ માહનાઇમમાં નાસી ગયો. કેટલાંક અઠવાડિયાં બાદ આબ્શાલોમે ફોજ સાથે ગિલઆદ દેશમાં પોતાના પિતા વિરૂદ્ધ છાવણી કીધી. એફ્રાઇમના વનમાં લડાઇ ચાલી, ત્યાં ઇસ્રાએલીઓ દાઉદના ચાકરોની સામે લડતાં હાર્યા. આબ્શાલોમ પોતે નાઠો, પણ નાસતાં નાસતાં તેનું ડોકું એક આલોન વૃક્ષની માંહે ભરાઇ ગયું, અને તેનું ખચ્ચર ખસી ગયું તેથી તે લટકી પડયો (૨ શમૂ. ૧૮; ૧-૮). યોઆબે તેને મારી નાખ્યો (૧૮; ૯-૧૮). લડાઇની ઉપલી ખબર જ્યારે દાઉદ સાંભળે છે ત્યારે પોતાના દીકરા આબ્શાલોમના મરણને લીધે ઘણોજ દુઃખી થાય છે, અને બોલે છે કે, "મારા દીકરા આબ્શાલોમ, મારા દીકરા આબ્શાલોમ, તારે બદલે હું મુઓ હોત તો કેવું સારૂં થાત! ઓ આબ્શાલોમ મારા દીકરા, મારા દીકરા!" ત્યાર પછી દાઉદ રાજા યરૂશાલેમ આવ્યો. આ વખતે યહુદાહનાં માણસ તથા ઇસ્રાએલ વચ્ચે કંઇ વાંધો ઉઠયો (૧૯; ૪૧-૪૩), અને બિન્યામીની બિખ્રીના દીકરા શેબાએ બંડ કીધું, પણ યોઆબે તેની પાછળ લાગી બેથ-માઅખાહમાં તેને ઘેરી લીધો, અને એક સ્ત્રીની ચતુરાઇથી અંદરનાં માણસોએ તેનું માથું યોઆબ પાસે કોટ પરથી નાખ્યું (૨ શમૂ. ૨૦), અને એ પ્રમાણે બળવાનો અંત આવ્યો. (૧૦) **દાઉદની જીંદગીનો છેવટ હાલ.** આબ્શાલોમ અને શેબાના બળવા પછી આશરે દસ વર્ષ દાઉદે સલાહ શાંતિમાં ગાળ્યાં. દરમિયાનમાં મંદિર બાંધવાના સરસામાનની તેણે બધી તૈયારી કીધી, કે જે મંદિર પોતાની પછી સુલેમાન બાંધવાનો હતો (૧ કાળ. ૨૨: ૨૮: ૨૯). આ વિષે સુલેમાનના મનમાં એવું હતું કે, મંદિર "સર્વે દેશોમાં કીર્ત્તિમાં તથા જાહોજલાલીમાં અતિ મોટું થવું જોઇએ" (૧ કાળ. ૨૨; ૫). યોઆબની ઇચ્છા એવી હતી કે અદોનીયાહને દાઉદ પછી રાજા ઠરાવવો, પણ તે ચાલ્યું નહિ. સુલેમાનને યરૂશાલેમ બોલાવી તેનો અભિષેક કીધો (૧ રાજા. ૧; ૧૧-૫૩), અને સુલેમાન પોતાના પિતા દાઉદના રાજ્યાસન પર બેઠો. દાઉદનાં છેલ્લાં વચનો ૨ શમૂ. ૨૩; ૧-૭ માં નોંધવામાં આવ્યાં છે. ૪૦ વર્ષ અને ૭ માસ રાજ્ય કરી (૨ શમૂ. ૫; ૫. ૧ કાળ. ૩; ૪) દાઉદ મરણ પામ્યો (ઇ. સ. પૂ. ૧૦૧૫). આ વખતે તેની

ઉમર ૭૦ વર્ષની હતી. તે મરણ પામ્યો અને તેને દાઉદના શહેરમાં દાટયો. સિયોન પહાડ ઉપર હજી સુધી તેની કબર દેખાય છે. ધાર્મિક અને રાજકિય બંને બાબતો તરફ જોતાં દાઉદ મસીહનો ચિન્હરૂપ હતો (૧ શમૂ. ૧૬ ; ૧૩). ગીતશાસ્ત્રને દાઉદનાં ગીત એવું નામ આપવામાં આવે છે, કેમકે ગીતમાંનાં ઘણાં ખરાં ગીતનો રચનાર (આસરે ૮૦) દાઉદ પોતે છે. દાઉદને ઇસ્રાએલનો મધુર ગીતકર્ત્તા કહે છે (૨ શમૂ. ૨૩ ; ૧).

દાઉદનું શહેર. (૧) દાઉદે યબૂસી લોક પાસેથી સિયોનનો કિલ્લો જીતી લીધો "અને દાઉદ કિલ્લામાં રહ્યો. એ માટે તેઓએ તેનું નામ દાઉદનું નગર એવું પાડયું" (૧ કાળ. ૧૧ ; ૭). ત્યાર પછી એ નામ સિયોન પહાડ પરના બાદશાહી મહેલને આપવામાં આવ્યું. અને એમ દાઉદનું નગર અને યરૂશાલેમ જુદાં થયાં (૧ રાજા. ૩ ; ૧ : ૮ ; ૧). 'દાઉદનું નગર' યરૂશાલેમની પશ્ચિમ બાજુ પર મંદિર વાળા પર્વતની સામે આવેલું હતું, અને બંને વચ્ચે એક ખાડી આવેલી હતી. દાઉદના નગરથી (કિલ્લાથી) મંદિરમાં જવાને એક પૂલ બાંધેલો હતો. (૨) બેથલેહેમને 'દાઉદનું નગર' એવું નામ આપવામાં આવ્યું છે (લુક ૨ ; ૪, ૧૧), કેમકે ત્યાં દાઉદનો જન્મ થયો હતો, અને બાળપણમાં ત્યાં ઉછર્યો હતો (૧ શમૂ. ૧૭ ; ૧૨).

દાગોન = દાગ = માછલી ; દાગોન = માછલીનો દેવ. પલિસ્તીઓનો એક દેવતા હતો (૧ શમૂ. ૫ ; ૨-૭). તેનું માથું તથા હાથ માણસના આકારના હતા, પણ શરીર તે માછલીના આકારનું હતું. આ દેવતાનાં મંદિર ઠેકાણે ઠેકાણે હતાં (યહો. ૧૫ ; ૪૧ : ૧૯ ; ૨૭), પણ તેનું સૌથી પ્રખ્યાત મંદિર 'ગાઝ્ઝાહ' માં અને 'આશ્દોદ' માં હતાં (૧ શમૂ. ૫ ; ૫, ૭). ખરૂં જોતાં આ દેવતા આશ્શૂર અને બાબેલનો હતો, અને પલિસ્તીઓમાં તેની સેવા ખાલ્દીઓથી દાખલ થએલી જણાય છે. લડાઇમાં જીત પામી કોઇ પણ શૂરવીર પુરૂષનું નિશાણ આ દેવતા આગળ પલિસ્તીઓ રાખતા હતા, અને એ પ્રમાણે 'કરારકોષ' તથા શાઉલનું માથું તેઓએ દાગોનના ઘરમાં મુકયાં હતાં (૧ કાળ. ૧૦ ; ૧૦. ૧ શમૂ. ૫ ; ૨). કરારકોષને લીધે દાગોન ઉંધો પડયો અને આશ્દોદનાં માણસોમાં 'ગાંઠીઓ' રોગ ચાલ્યો. આ પહેલાં વીસ વર્ષ અગાઉ શમૂએલે ગાઝ્ઝાહનું મંદિર તમાસાના દિવસે પાડી નાખ્યું હતું (ન્યાય. ૧૬ ; ૩૦), પણ ત્યાર પછી તે દુરસ્ત થયું હશે. આ દેવતાની પૂજા ઘણાં વર્ષોથી ચાલતી હતી. આજકાલ હિંદુસ્તાનમાં પણ વિષ્ણુની મૂર્તિ લગભગ માછલી જેવી બનાવે છે. વળી જુઓ બેથ-દાગોન.

દાથાન = ઝરાને લગતું. તે રેઉબેન કુળના અલીઆબનો પુત્ર હતો. કોરાહ તથા અબીરામની સાથે તેણે પારકો અગ્નિ ચઢાવવામાં ભાગ લીધો હતો (ગણ. ૧૬ ; ૧ : ૨૬ ; ૯. પુન. ૧૧ ; ૬. ગીત. ૧૦૬ ; ૧૭).

દાન = ન્યાયાધીશ. (હેબ્રો. દાનાજી = ન્યાયાધીશ). (૧) દાન યાકુબનો પાંચમો પુત્ર હતો. તેની મા રાહેલની દાસી બિલ્હા હતી (ઉત્પ. ૩૦ ; ૬). દાનને એક પુત્ર હતો જેનું નામ હુશીમ હતું. તે શિવાય દાન વિષે આપણે વધુ જાણતા નથી (ઉત્પ. ૪૬ ; ૨૩). યાકુબના આશીર્વાદોમાં દાનને આશીર્વાદ દેતાં જણાવ્યું છે કે, "દાન પોતાના લોકોનો ન્યાય કરશે" (ઉત્પ. ૪૯ ; ૧૬), અને તે વાત શામશૂનમાં પુરી પડેલી દેખાય છે, કેમકે શામશૂન તે દાનકુળનો પુરૂષ હતો. મિસર દેશમાંથી નીકળતાં ઇસ્રાએલીઓની પહેલી ગણના થઇ, તેમાં દાન કુળના વીસ વર્ષ ઉપરાંતની ઉમરના પુરૂષ ૬૨,૭૦૦ હતા, અને જ્યારે યરદન ઓળંગતાં બીજી ગણત્રી થઇ ત્યારે આ કુળના લોક ૬૪,૪૦૦ હતા (ગણ. ૧ ; ૩૮, ૩૯ : ૨૬ ; ૪૨, ૪૩). (૨) **દાનકુળને મળેલું વતન.** તે ભૂમધ્ય સમુદ્ર પર આવેલું હતું. દેશની ઉત્તરે એફ્રાઇમ, દક્ષિણે યહુદાહ અને પૂર્વે

બિન્યામીનનો ભાગ આવેલો હતો. દાન કુળને મળેલો ભાગ બહુ નાનો હતો, ઘણો ફળદ્રુપ હતો. તેમાં આવેલાં મુખ્ય શહેરો, (૧) આયાલોન. આ નામની એક પ્રસિદ્ધ ખીણ હતી (યહો. ૧૦; ૧૨). (૨) જોપ્પા જે યરૂશાલેમથી ૪૦ માઇલ દૂર હતું (યૂના. ૧; ૩. પ્રે. કૃ. ૧૦; ૯). (૩) સોરાહ, અહિં શામશૂન જન્મ્યો હતો (ન્યા. ૧૩; ૨, ૨૪). (૪) તિમ્નાહ, અહિં શામશૂને સિંહને માર્યો (ન્યા. ૧૪; ૫). તે શિવાય લાઇશ નગર દાનકુળનાઓએ જીતીને તેને પોતાનું નામ આપ્યું છે (ન્યા. ૧૮). (૩) **દાન શહેર.** દાનકુળના માણસોએ પોતાના વતનને સારૂ સોરાહ તથા એશ્તાઓલથી દેશની જાસુસી કરવા સારૂ પાંચ માણસોને મોકલ્યા. અને તેઓ ગયા અને યરદન નદીના મૂળ પાસે લાઇશ આવ્યા, ત્યાં તેમને માલમ પડયું કે, આ લોક અહિં શાંત તથા નિર્ભય રીતે રહે છે, અને તેમને સીદોનીઓ સાથે કંઇ વહેવાર નથી. તેઓએ બધી ખબર કાઢી પાછા આવી લોકોને ખુશ ખબર આપી, તેથી યુદ્ધશસ્ત્ર સજનાર છસેં માણસોએ નીકળીને લાઇશ ઉપર ચઢાઇ કરી. રસ્તામાં મીખાહના ઘરમાં પેસીને તેની મૂર્તિઓ લૂટી લીધી, અને યાજકને પણ પોતાની સાથે લીધો. લાઇશના રહીશોને તરવારની ધારથી માર્યાં અને નગરને અગ્નિથી બાળ્યું. આ લાઇશ બેથ-રહોબની પાસેના મેદાનમાં આવેલું હતું. દાનીઓ પછીથી નગર બાંધીને ત્યાં રહ્યા અને પોતાના પૂર્વજ દાનના નામ પરથી તેઓએ નગરનું નામ દાન પાડયું, અને દાન લોકોએ જે મૂર્તિઓ લૂટી આણી હતી તેની પ્રતિષ્ઠા ત્યાં કીધી, ને દેશની ગુલામગીરીના વખત સુધી ત્યાં રહી. મુસાના પુત્ર ગેર્શોમનો દીકરો યોનાથાન તથા તેના પુત્રો દાનકુળના યાજક હતા (ન્યાય. ૧૮). આ નવું શહેર દાન તેમનું નવું વતન થયું. પાલેસ્ટાઇનની ઉત્તર દક્ષિણ હદ જણાવવી હોય તો સાધારણ રીતે લોકોમાં એવું બોલવામાં આવતું કે, દાનથી બેર-શેબા સુધી. મતલબ કે દાનથી બેર-શેબા, એટલે આખો પાલેસ્ટાઇન દેશ. દાનથી બેર-શેબા સુધીનું અંતર ૧૪૪ માઇલનું હતું. આ ઉત્તર સરહદના શહેરને હાલ 'ટેલ-એલ-કાદી' કહે છે (એટલે ન્યાયની ટેકરી). તે કાઇસારીઆ ફિલીપીની દક્ષિણમાં ચાર માઇલ ઉપર આવેલ છે. (૪) **દાનકુળ**—દાનકુળના લોકોની છાવણી અરણ્યની મુસાફરીમાં મંડપની ઉત્તર ગમ હતી. કનાન દેશમાં જેઓને વતનને સારૂ છેલ્લામાં છેલ્લો ભાગ મળ્યો તે આ કુળના લોક છે (યહો. ૧૯; ૪૦-૪૮). આ કુળના લોક તેમની આજુબાજુ ચાલતી મૂર્તિપૂજામાં પડી ગયા, અને તેમાંથી તેઓ કદી બહાર નીકળ્યા નહિ. એમ ઇસ્રાએલીઓના ઇતિહાસમાંથી તેઓ દૈહિક રીતે તેમજ આત્મિક રીતે નાબુદ થઇ ગએલા દેખાય છે. અને એમજ પ્રક. ૭ માં બીજાં કુળોની સાથે તેનું નામ પડતું મુકવામાં આવ્યું છે.

દાનયાઆન = જંગલનું દાન. આ જગ્યા યરદન નદિના મૂળ આગળ, દાનની પાસે આવેલી હતી (૨ શમૂ. ૨૪; ૬). દાઉદે ઇસ્રાએલીઓની ગણના કરાવી, તે સંબંધે આ જગ્યાનું નામ પવિત્ર શાસ્ત્રમાં આવે છે.

દાનીયેલ કે દાનીએલ = યહોવાહ મારો ન્યાયાધીશ. (૧) રાજા દાઉદનો બીજો પુત્ર. તેની માનું નામ અબીગાઇલ હતું (૧ શમૂ. ૨૫; ૩૯). તેનું બીજું નામ કિલઆબ હતું (૧ શમૂ. ૩; ૩. ૧ કાળ. ૩; ૧). એના વિષે કંઇ બીજું બયાન કરવામાં આવ્યું નથી, તેથી કદાચ એમ જણાય છે કે, તે નાનપણમાં મરણ પામ્યો હશે. (૨) ઇથામાર પુત્રોમાંનો એક હતો. આર્તાહશાસ્તા રાજાના રાજ્યને સમયે, જેઓ એઝરા શાસ્ત્રી સાથે બાબેલથી નીકળી આવ્યા તેમાંનો એક એ હતો (એઝ. ૮; ૨. નહે. ૧૦; ૬). (૩) દાનીયેલ ભવિષ્યવાદી. દાનીયેલ ચાર મોટા ભવિષ્યવાદીઓમાંનો એક ગણાય છે,

એમ છતાં જુના કરારમાં તેને એકેવાર ભવિષ્યવાદી કહેવામાં આવ્યો નથી. પણ માત્થી ૨૪; ૧૫ માં તેને ભવિષ્યવાદી કહે છે. તેની ભવિષ્યવાતો અને જીવનચરિત્ર, દાનીયેલના પુસ્તકમાં આપવામાં આવેલ છે. દાનીયેલ તે યહુદાહ કુળનો કોઇ રાજ્યવંશી પુરૂષ હતો (દાની. ૧; ૩). રાજા યેહોયાકીમના વખતમાં દાનીયેલ આસરે ઈ. સ. પૂ. ૬૨૩ માં યરૂશાલેમમાં જન્મ્યો હતો. ઈ. સ. પૂ. ૬૦૬ માં બાબેલના રાજા નબૂખાદનેસ્સારે યહુદીઓનો પહેલો બંદીપ્રવાસ કીધો તે વખતે આ દાનીયેલને બીજા ત્રણ યહુદી અમીર જુવાનો સાથે બાબેલ લઇ ગયો. આ વખતે મંદિરનાં પવિત્ર પાત્રો પણ તેમની સાથે બાબેલ લઇ જવામાં આવ્યાં. દાનીયેલને ત્યાં બાબેલમાં રાજાની નોકરીમાં દાખલ થવાની ફરજ પડી. ત્યાં તેનું નામ બદલીને બેલ્ટશાસ્સાર=બેલનો કુંવર કે બેલ, રાજ્યકુંવરનું રક્ષણ કરો, એવું નામ પાડવામાં આવ્યું. બાબેલમાં તેને ઘણું કરીને નબૂખાદનેસ્સારના મહેલમાં રાખવામાં આવ્યો. હાલ્લ નદીની જમણી બાજુ પર આવેલો એક માટીનો ઢગલો ઉપલા મહેલનું ખંડીએર ગણાય છે. દાનીયેલને કારદીઓની વિદ્યા તથા ભાષામાં પ્રવિણ થવાને માટે બાબેલની જ્ઞાનીઓની શાળામાં તેને ભણવા મુક્યો (દાની. ૧; ૪), એ માટે કે તે રાજ્યની નોકરીને માટે તૈયાર થાય. તે શાળામાં હતો તે દરમિયાનમાં દાનીયેલ ભક્તિભાવમાં અને મુસાનું નિયમશાસ્ત્ર પાળવામાં પ્રસિદ્ધિ પામ્યો અને પોતાના ઉપરીની પણ પ્રસન્નતા મેળવી. ત્રણ વર્ષનો ઠરાવેલો અભ્યાસ પુરો થતાં દાનીયેલના ઉત્તમ જ્ઞાને કરીને તે ઉંચી પાયરીએ ચઢયો. થોડા વખતમાં ઇશ્વરની મદદથી અને પોતાની હુશિયારીથી તે સર્વ સંદર્શનો તથા સ્વપ્નોનો મર્મ જાણનારો ગણાયો (દાની. ૧; ૧૭: ૨; ૧૪), અને બાબેલ પ્રાંતનો ગવર્નર તથા આખા બાબેલ દેશના જ્ઞાની મંડળોમાંનો મુખ્ય તે ગણાયો. નબૂખાદનેસ્સાર રાજાના સ્વપ્નનો ખુલાસો તેણે આપ્યો (અ. ૨), અને ત્યાર પછી ઘણાં વર્ષે જ્યારે તે ઘરડો થયો હતો ત્યારે બેલ્શાસ્સારની મિજબાની વખતે રાજ્યમહેલની ભીંત ઉપર જે આશ્ચર્યકારક લેખ લખાયો હતો તેનો ખુલાસો કરવાને રાણીની (નબૂખાદનેસ્સારની દીકરી નીટીક્રીસ) સલાહથી દાનીયેલને બોલાવવામાં આવ્યો હતો, અને તેણે લેખ વાંચ્યો અને તેમાં રહેલી ભયંકર વાતનો ખુલાસો પણ તેણે કરી આપ્યો હતો. (અ. ૫). આથી દાનીયેલને મોટું ઇનામ આપવામાં આવ્યું હતુ અને "રાજ્યમાં ત્રીજો અધિકારી" તેને ઠરાવવામાં આવ્યો. ત્યાર પછી દાનીયેલના ખુલાસા મુજબ "તેજ રાત્ર બેલ્શાસ્સાર કાસદીઓનો રાજા માર્યો ગયો અને તેનું રાજ્ય માદી દાર્યાવેશના હાથમાં ગયું." કોરેશે બાબેલ જીતી લીધું અને આખા આસિયાનો રાજા થયો. બે વર્ષ સુધી માદી દાર્યાવેશ આ પ્રાંતનો કોરેશ તરફથી હાકેમ રહ્યો (જુઓ કોરેશ). તે દરમિયાનમાં દાનીયેલ રાજ્યનો ત્રીજો અધિકારી રહ્યો. અને રાજ્યનાં દરેક મુખ્ય કામોમાં તેણે ભાગ લીધો હશે, અને એમ યહુદીઓના છુટકાની આશામાં તે હર્ખાતો હશે (દાની. ૯). અને એમ યહુદીઓનો છૂટકારો જોઇને તે ઘણો ખુશી થયો પણ પોતપોતાના દેશમાં ન જતાં બાબેલમાંજ રહ્યો. ત્યાર પછી તેના ભક્તિભાવ વિષે સતાવણી થતાં તેને સિંહોના બીલમાં નાખવામાં આવ્યો. ત્યાંથી પરમેશ્વરે દાનીયેલને અજાયબ રીતે સિંહોનાં મ્હોં બંધ કરી તેને છોડાવ્યો. એ પરથી દાર્યાવેશે દાનીયેલના દેવને મહિમા આપતાં પોતાના આખા રાજ્યમાં એક નિયમ સ્થાપ્યો કે, "મારા આખા રાજ્યમાં દાનીયેલના દેવથી ધ્રુજવું તથા બીવું, કેમકે તેજ જીવતો તથા સદા અચળ દેવ છે." દાનીયેલને અંતના સમય સંબંધી એક બહુ ગંભીર સંદર્શન થયું છે, જે છેલ્લા અધ્યાયમાં નોંધવામાં આવ્યું છે; એ

પણ તેના જીવનચરિત્રની એક મોટી પ્રસિદ્ધ વાત છે. દાનીયેલ આસરે ૮૫ વર્ષની પુરી વયે સુસામાં મરણ પામ્યો. તેના મરણ વિષેની કંઇ ખાતરીપૂર્વક વાત હાથ આવી નથી, પણ કદાપિ સુસામાં તે મરણ પામ્યો હશે. હજી સુધી તેની કબર ત્યાં બતાવવામાં આવે છે. હઝ. ૧૪; ૧૪, ૨૦ માં નૂહ અને અયૂબની સાથે દાનીયેલની નેકી ગણવામાં આવી છે. અને હઝ. ૨૮; ૩ માં તેનું જ્ઞાન કેવું તે બતાવ્યું છે. (૪) **દાનીયેલનું પુસ્તક.** આ પુસ્તકનો કેટલોક ભાગ અરામી ભાષામાં લખેલો છે (૨; ૪-૭, ૨૮). પુસ્તકમાં બે મુખ્ય ભાગ જોવામાં આવે છે, એટલે પહેલા છ અધ્યાય તે ઇતિહાસિક છે અને છેલ્લા છ તે ભવિષ્યદર્શક કે પ્રકટીકરણરૂપ છે. પહેલા છ અધ્યાયમાં ત્રીજા પુરૂષ સર્વનામે દાનીયેલને દર્શાવ્યો છે, અને છેલ્લા છ અધ્યાયમાં દાનીયેલને માટે પહેલો પુરૂષ સર્વનામ લખવામાં આવ્યું છે. લખાણ ઝખાર્યાહના કેટલાક ભાગને તથા પ્રકટીકરણના પુસ્તકને મળતું આવે છે. હઝકીએલમાં પોતાને 'માનવપુત્ર' કે 'આદમપુત્ર' શબ્દ વાપર્યો છે. પણ આ પુસ્તકમાં એજ શબ્દ આવનાર મસીહને લાગુ પાડેલો જણાય છે, અને સુવાર્તામાં ૬૦ કરતાં વધુ વખતે એ નામ પ્રભુ ઇસુને આપવામાં આવ્યું છે (દાની. ૭; ૧૩). વળી જુઓ પ્રે. કૃ. ૭; ૫૬. પ્રક. ૧; ૧૩: ૧૪; ૧૪. પૃથક્કરણ. (I) ઇતિહાસિક. (૧) ચાર હેબ્રી. (૨) મહાન મૂર્તિ. (૩) આગની ભઠ્ઠી. (૪) મહાન વૃક્ષ. (૫) ભીંત પરનો આશ્ચર્યકારક લેખ. (૬) સિંહોનું બીલ. (II) પ્રકટીકરણ. (૭) ચાર પ્રાણી. (૮) બકરો તથા ઘેટો. (૯) સિત્તેર સપ્તાહ. (૧૦-૧૨) છેલ્લું દર્શન. પુસ્તકનો કર્તા દાનીયેલ પોતેજ છે, એવી સાક્ષી પુસ્તકમાંથી મળી આવે છે (૭; ૧, ૨૮: ૮; ૨: ૯; ૨: ૧૦; ૧, ૨: ૧૨; ૪, ૫).

દાન્નાહ = બરડવું. યહુદાહના પહાડી મુલકમાં હેબ્રોનથી અગ્નિ કોણમાં આઠ માઇલ ઉપર આ નામનું એક શહેર હતું (યહો. ૧૫; ૪૯).

દાબરાથ = ચારો. ઝબુલૂનની સરહદ પર આવેલું લેવીઓનું એક શહેર હતું. તાબોર પર્વતની પશ્ચિમ ગમ આજ નામનું એક નાનું ગામ હાલ જોવામાં આવે છે, જેને 'દાબુરાહ' કહે છે (યહો. ૧૯; ૧૨: ૨૧; ૨૮. ૧ કાળ. ૬; ૭૨).

દાબ્બેશેથ = શબ્દ, વસ્તુ. ઝબુલૂનપુત્રોના વતનની સરહદના પશ્ચિમ ભાગ પર આ નામની જગ્યા આવેલી હતી (યહો. ૧૯; ૧).

દામારીસ = વાછરડી. આ નામની એક આથેનાની સ્ત્રી હતી. તે પાઉલના ઉપદેશથી ખ્રીસ્તી થઇ હતી (પ્રે. કૃ. ૧૭; ૩૪). કેટલાએક એમ ધારે છે કે દીઓનુશીઅસ અરેઓપાગસીની તે સ્ત્રી હતી.

દારા = દુષ્ટની કોમ (૧ કાળ. ૨; ૬). ૧ રાજા. ૪; ૩૧ માં આ માણસને દાર્દા કહે છે. તે ચાર પ્રસિદ્ધ જ્ઞાનીઓમાંનો એક હતો (જુઓ દાર્દા).

દાર્કોન (એઝ. ૨; ૫૬. નહે. ૭; ૫૮).

દાર્દા = જ્ઞાનનાં મોતી. જે ચાર માણસોની સાથે સરખાવતાં માલમ પડયું કે, સુલેમાનનું જ્ઞાન તેઓથી શ્રેષ્ઠ છે, તે ચારમાંનો એક દાર્દા હતો (૧ રા. ૪; ૩૧). આ માણસ અને ૧ કાળ. ૨; ૬ માં આવતો 'દારા' તે બન્ને એક ને એકજ છે.

દાર્યાવેશ = પાળનાર. આ નામના કેટલાક ઇરાની બાદશાહ હતા. (૧) માદી દાર્યાવેશ (દાની. ૧૧; ૧), જે માદીઓના વંશના અહાશ્વેરોશનો દીકરો હતો (દાની. ૯; ૧). રાજા બેલ્શાસ્સારના મરણ પછી તે કોરેશ બાદશાહ તરફથી બાબેલના રાજ્યનો 'સુબો' નિમાયો (દાની. ૫; ૩૦). તેની ટુંકી રાજ્યકાર્કિર્દિમાં દાનીયેલ રાજ્યના ત્રણ મુખ્ય સરસુબાઓમાંનો એક હતો. એ વખતમાં તેના દુશ્મનોએ તેને સિંહોના બીલમાં નંખાવ્યો, પણ તેમાંથી પ્રભુએ દાનીયેલને આશ્ચર્યકારક રીતે છોડાવ્યો. તે વાતથી

દાર્યાવેશ ખુશી થઇ દાનીયેલના દેવને પોતાની પ્રજામાં ઘણું માન આપ્યું (દાની. ૬ ; ૨૬). દાર્યાવેશ બે વર્ષ બાબેલ દેશનો હાકેમ રહ્યો (ઇ. સ. પૂ. ૫૩૮-૫૩૬). કેટલાકનો અભિપ્રાય આ દાર્યાવેશ વિષે એવો છે કે, તે માત્ર એક હોદ્દાનું નામ છે. અને લેખો પરથી જણાય છે કે, તેનું ખરૂં નામ કદાપિ 'ગોબ્રીઆસ' હશે. (૨) ઇરાનનો રાજા દાર્યાવેશ. 'આકીમેનીડી' (Achæmenidæ) નામના બાદશાહી કુટુંબના હિસ્તાસ્પસનો તે દીકરો હતો. તે એકદમ કોરેશ પછી ગાદીએ બેઠો નથી, પણ તેના પહેલાં બે રાજા, એટલે 'કામ્બીસેસ' (એઝરાના વખતનો અહાશ્વેરોશ) કોરેશ રાજાનો પુત્ર, જેણે ઇ. સ. પૂ. ૫૨૯-૫૨૨ સુધી રાજ્ય કર્યું, અને તેના પછી 'સ્મેરદીસ' નામના એક રાજાએ માત્ર દસ માસ અમલ કીધો, અને ત્યાર પછી આ દાર્યાવેશ ગાદીનશીન થયો (ઇ. સ. પૂ. ૫૨૧-૪૮૬). 'સ્મેરદીસ' જાતે માગી હતો, તેથી કરીને કોરેશ અને તેનો પુત્ર કામ્બીસેસ જે રીતે યહુદીઓ સાથે વર્તતા હતા તેમ તે વર્તતો ન હતો. તેણે યરૂશાલેમ તથા મંદિર બાંધવાનું મુલતવી રાખવાનો હુકમ આપ્યો (એઝ. ૪; ૧૭-૨૨). પણ ત્યાર પછી થોડા વખતમાં તે મરણ પામ્યો અને દાર્યાવેશ ગાદી ઉપર બેઠો, ત્યારે યહુદીઓએ પોતાનું કામ શરૂ કર્યું. રાજા દાર્યાવેશે, કોરેશ રાજાએ યહુદીઓને મંદિર તથા શહેર બાંધવાને આપેલી પરવાનગીનો લેખ આહમથાના ભંડારમાંથી શોધી કઢાવી, પોતે નવો લેખ લખી 'નદી પારના' રાજ્યના સુબાઓ પર મોકલતાં જણાવ્યું કે, એ લોકો દેવનું ઘર બાંધે છે તેમને તમારે કોઇ પણ રીતે છેડવા નહિ, પણ તેઓના વડીલોને તમારે બધી જાતની મદદ આપવી, અને "હું હુકમ કરૂં છું કે રાજાની મિલકતમાંથી, એટલે નદીપારની ખંડણીમાંથી એ માણસોને બનતી તાકીદે ખરચ આપવો, કે તેઓને અટકાવ ન થાય" (એઝ. ૬ ; ૧-૧૫). આ રાજાના વખતમાં યહુદીઓ ઘણા સુખશાંતિમાં રહ્યા હતા. તેના પછી અહાશ્વેરોશ જેને યુનાનીઓ ક્સેર્ક્સેસ (Xerxes) કહેતા હતા, તેણે એકત્રીસ વર્ષ રાજ્ય કીધું. (૩) ઇરાની દાર્યાવેશ (નહે. ૧૨ ; ૨૨). ઘણું કરીને તે દાર્યાવેશ બીજો છે, એટલે આરતાક્ષેક્સેસ લોંગીમેનસનો પુત્ર (નોથસ). આ આરતાક્ષેક્સેસ તે અહાશ્વેરોશ (ક્સેર્ક્સેસ) નો પુત્ર અને તેની પછી ગાદીએ બેસનાર હતો. પણ બીજા કેટલાએક ધારે છે કે તે દાર્યાવેશ ત્રીજો (કોડોમાન્નુસ) જે મહાન આલેકઝાંદરનો દુશ્મન તે છે.

દાલમાનુથા = રંડાપો. આ નામ માત્ર માર્ક ૮ ; ૧૦ માં આવે છે. ચાર હજાર માણસને જમાડવાનો ચમત્કાર કરીને લખ્યું છે કે 'ઇસુ હોડી પર ચઢીને દાલમાનુથાની સીમોમાં આવ્યો.' ગાલીલ સમુદ્રની પશ્ચિમે આ નામની જગ્યા આવેલી હતી. માત્થી ૧૫; ૩૯ માં આ જગ્યાને 'માગદાનની સીમ' એવું નામ આપવામાં આવ્યું છે, કેમકે દાલમાનુથા માગદાનથી દૂર ન હતું, કદાપિ એક માઇલનું અંતર હતું, તેથી બંને સુવાર્તામાં એવો ફેર માલમ પડે છે. હાલના દિવસોમાં માગદાનની પાસે આઇન-એલ-બારીદેહ (= ઠંડા પાણીનો ઝરો) નામનો એક ઝરો અને ખંડેરો જોવામાં આવે છે, તેની આસપાસ સુંદર બગીચા ખેતરોમાં માલમ પડે છે. કદાપિ તેજ પુરાતન દાલમાનુથા હશે એમ કેટલાક ધારે છે.

દાલ્ફોન (એસ્ત. ૯ ; ૭). રાણી એસ્તેરના વખતમાં વજીર હામાનના દસ પુત્રો, જેઓ શૂશાન મહેલમાં માર્યા ગયા તેમાંનો તે એક હતો.

દિઓસ્કુરી = (અશ્વિનીકુમાર). ગ્રીક અને રોમન દેવતાના બે શૂરવીરોને આ નામ આપવામાં આવ્યું હતું. આલેકસાંદ્રિયાના લોકો દિઓસ્કુરીની પૂજા કરતા હતા, અને તેથી તેમના એક વહાણને આ ખાસ

નિશાણીથી ઓળખાવે તો તેમાં કંઇ નવાઇની વાત નથી (પ્રે. કૃ. ૨૮; ૧૧). ઉપલા એક વહાણમાં પાઉલ રૂમ જતાં બેઠો હતો. તેઓ જ્યુપીટરના પુત્રો હોઇ ખલાસી લોકના દેવતા મનાતા હતા.

દિકલાહ=ખજુરીનું ઝાડ. શેમવંશી યોક્ટાનનો પુત્ર (ઉત્પ. ૧૦; ૨૭. ૧ કાળ. ૧; ૨૧).

દિદીમસ=જોડ (હેબ્રીમાં થોમા) (યોહા. ૧૧; ૧૬: ૨૦; ૨૪: ૨૧; ૨).

દિબ્રી=યહોવાહનું વચન. દિબ્રી તે દાનકુળની હતી અને તેની દીકરીનું નામ સલોમીથ હતું. તેના દીકરાએ 'નામનું' દુર્ભાષણ કરીને શાપ દીધો હતો, જે તકરાર મુસા પાસે આવી હતી (લેવી ૨૪; ૧૧).

દિબ્લાઇમ = અંગુરની બે રોટલી. હોશીઆની સ્ત્રી અને ગોમેરની મા હતી (હોશી. ૧; ૩).

દિમ્નાહ (યહો. ૨૧; ૩૫). ઝબુલૂન કુળમાંથી મરારીના પુત્રોના કુટુંબોને આ શહેર આપવામાં આવ્યું હતું.

દિયત્રેફે = જેનું પોષણ જ્યુપીટર કરે છે. ૩ યોહા. કલમ ૯, ૧૦ માં આ માણસનું નામ આવે છે. તે એશિયા પ્રાંતની કોઇ પણ મંડળીનો હોદ્દેદાર માણસ હતો એમ દેખાય છે, એમ છતાં પણ પ્રેરિત યોહાનનો અધિકાર તે તુચ્છ ગણતો હતો, અને યોહાન તથા તેના સાથીઓ વિરૂદ્ધ ભુંડી વાતો બકતો હતો પ્રેરિત યોહાન તેને ઠપકો આપતાં જણાવે છે કે ભાઇઓ, એવાને નહિ પણ સારાને અનુસરો.

દિલઆન (યહો. ૧૫; ૩૮). યહુદાહના નીચ પ્રદેશમાંનાં ૧૬ નગરોમાંનું એક.

દીઓનુશીઅસ = પ્રકાશિત; સૂર્ય; આથેનાયમાં પાઉલને હાથે જે ખ્રીસ્તીઓ થયા તેમાંનો તે એક હતો. તે અરેઓપાગસી હતો (પ્રે કૃ. ૧૭; ૩૪).

દીઝાહાબ = સોનાનો પ્રદેશ. સિનાયના અરણ્યમાં આ નામની એક જગ્યા આવેલી હતી, તે સમુદ્રની પૂર્વ બાજુ પર હતી. હાલ તે 'દહાબ' નામથી ઓળખાય છે. તે ઇસ્રાએલીઓની મુસાફરીનો એક મુકામ હતો (પુન. ૧; ૧).

દીનહાબાહ = લૂટારાની ગુફા. આ એક અદોમી શહેર હતું, અને રાજા બેલાની રાજધાનીનું મુખ્ય શહેર હતું (ઉત્પ. ૩૬; ૩૨). ઘણું કરીને હાલ પેતરાની પાસે આવેલું 'દીઅદીબા' તે પુરાતન દિનહાબાહ હશે.

દીનાયેઓ = દિનાના વંશજો (એઝ. ૪; ૯).

દીનાહ = ન્યાયી કીધો. યાકુબની સ્ત્રી લેઆહને પેટે આ દીકરી જન્મી હતી અને લેવી અને શિમઓનની બહેન હતી (ઉત્પ. ૩૦; ૨૧). જ્યારે યાકુબનો તંબુ શખેમની પાસે મારવામાં આવ્યો હતો, ત્યારે દીનાહ દેશની બાયડીઓને મળવા બહાર નીકળી. અને એમ થયું કે, હિવ્વી હમોર, જે દેશનો સરદાર હતો, તેના દીકરા શખેમે તેને દીઠી અને તેના ઉપર બળાત્કાર કીધો. પછી હમોરે યાકુબ પાસે આવીને લગનની માગણી કીધી. ત્યારે યાકુબના દીકરાઓએ કપટથી કહ્યું કે, તમો સર્વ સુનતી થાઓ તો એ વાત બની શકે. એ પરથી શખેમના ઘણા માણસો સુનતી થયા. અને જ્યારે તેઓ સુનતના દર્દથી પીડાતા હતા ત્યારે દીનાહના ભાઇ શિમઓન તથા લેવી પાતપોતાની તરવાર લઇ નગર ઉપર ઓચિંતા તુટી પડયા, અને બે ત્રણ માણસ શિવાય (ન્યા. ૯; ૨૮) સર્વ પુરૂષોને મારી નાખ્યા (ઉત્પ. ૩૪), અને તેઓની સ્ત્રીઓ, બાળકો અને સર્વ દ્રવ્ય લૂટ દાખલ લીધું. દીનાહની વાત પરથી જુવાન સ્ત્રીઓને મોટો બોધ મળે છે કે, 'સ્ત્રીઓએ ઘરમાં રહેવું' (તીત. ૨; ૫). દીનાહે એ વાતનો ભંગ કીધો તથી કેટલું બધું વેઠવું પડયું? ત દેશની સ્ત્રીઓમાં શું જોવાનું હતું? દીનાહની નાદાનીથી કેટલા બધાનું લોહી વહેવડાવવામાં આવ્યું!! અને વળી પોતાના ભાઇઓ શાપિત થયા! (ઉત્પ. ૪૯; ૫-૭). પછીથી દીનાહ પોતાના પિતાની સાથે મિસરમાં ગઇ, અને

ત્યાર બાદ તેના વિષે આપણે કશી વાત જાણુતા નથી (ઉત્પ. ૪૬; ૮-૧૫).

દીફાથ (૧ કાળ. ૧; ૬). ઉત્પ. ૧૦; ૩ માં તેને 'રીફાથ' કહે છે. ગોમેરપુત્રોમાંનો એક.

દીબોન = રૂદન, વેરાન. (૧) મોઆબનું એક શહેર હતું. તેને દીબોન-ગાદ પણ કહે છે (ગણ. ૨૧; ૩૦: ૩૩; ૪૫). દીબોન-ગાદ કહેવાનું કારણ એ છે કે, તેને દીબોન અને ગાદે બંધાવ્યું હતું (યશા. ૧૫; ૯). હાલનું દીબોન આર્નોનની ઉત્તરે ત્રણ માઇલ ઉપર અને મૃત સમુદ્રની પૂર્વમાં બાર માઇલ ઉપર આવેલું છે. (૨) યહુદાહ કુળનું એક શહેર હતું, જે બંદીપ્રવાસથી પાછા આવી વસાવ્યું હતું (નહે. ૧૧; ૨૫). તેને વળી દીમોનાહ પણ કહે છે (યહો. ૧૫; ૨૨). ઘણું કરીને હાલનું 'એદ્-દેઇબ' તેજ આ પુરાતન દીબોન હશે.

દીબોન-ગાદ = ગાદનું વેરાન. (ગણ. ૩૩; ૪૫. જુઓ દીબોન).

દીબ્લાહ (હઝ. ૬; ૧૪). આ નામ શાસ્ત્રમાં એકજ વખત આવે છે, અને ઘણું કરીને રિબ્લાહનું અપભ્રંશ થએલું નામ છે (ગણ. ૩૪; ૧૧). તે પાલેસ્ટાઇનની ઉત્તર સરહદ પર ઘણું કરીને આવેલું હતું. (જુઓ રિબ્લાહ).

દીમોન = વેરાન (યશા. ૧૫; ૯). આ નામનું પાણીનું કોઇ નાળું હશે, જેનાં પાણી મૃત સમુદ્રમાં પડતાં હતાં. તે મોઆબના સંસ્થાનમાં આવેલ હતું. કદાપિ તે દીબોન હશે.

દીમોનાહ. યહુદાહની દક્ષિણમાં આવેલું એક શહેર હતું (યહો ૧૫; ૨૨). (૨) દીબોન તે આ દીમોનાહ હશે.

દીશાન = હરણ. દીશાન અને દીશોન એઓ બન્ને હોરી સેઇરના પુત્ર હતા અને અદોમી કોમના સરદાર હતા (ઉત્પ. ૩૬; ૨૧-૩૦. ૧ કાળ. ૧; ૩૮-૪૨).

દુમાહ = શાન્ત. (૧) ઇશ્માએલનો ચોથો પુત્ર. તેનાથી એક કોમ પણ ઉત્પન્ન થઇ (ઉત્પ. ૨૫; ૧૪. ૧ કાળ. ૧; ૩૦). (૨) અરબસ્તાનની વાયવ્ય કોણમાં એક શહેર હતું. અને એમ માનવામાં આવે છે કે ઇશ્માએલના દીકરા દુમાહે તે બાંધ્યું હશે (યશા. ૨૧; ૧૧). (૩) યહુદાહના નીચ પ્રદેશમાં એક શહેર આવેલું હતું (યહો. ૧૫; ૫૨). તેને હાલ 'એલ-દોમે' કહે છે, જે હેબ્રોનથી દસ માઇલ દૂર આવેલ છે.

દુરા = ચક્કર. આ નામનું એક મેદાન બાબેલની પાસે આવેલું હતું, જ્યાં આગળ નબૂખાદનેસ્સારે સોનાની મૂર્તિ ઉભી કરી હતી (દાની. ૩; ૧), એજ નામથી આ જગ્યા હાલ પણ ઓળખાય છે.

દૂઉએલ = યહોવાહની વિનંતિ. દેઉએલનો દીકરો એલ્યાસાફ ગાદપુત્રોનો અધિપતિ હતો (ગણ ૧; ૧૪: ૭; ૪૨, ૪૭: ૧૦; ૨૦). દેઉએલને ગણ. ૨; ૧૪ માં રેઉએલ કહે છે.

દેમાસ = લોકપ્રિય. સુવાર્તા પ્રસિદ્ધ કરતાં તે પાઉલનો સાથી હતો (કલો. ૪; ૧૪. ફિલે. ૨૪). પણ જ્યાં સુધી સખત અજમાયશ ન થઇ, ત્યાં સુધી બધા ભાઇઓમાં તે સાચો ખ્રીસ્તી ગણાયો. પણ "જો કોઇ જગત પર પ્રેમ કરે તો તેમાં બાપ પરનો પ્રેમ નથી" (૧ યોહા. ૨; ૧૫), એ વાતનો દેમાસને જલદી ફેંસલો કરવો પડયો. અને અફસોસની વાત એ છે કે, દેમાસ હાલના જગત ઉપર પ્રીતિ કરીને પાઉલને મુકી ચાલ્યો ગયો (૨ તીમો. ૪; ૧૦).

દેમેત્રિઅસ = દાણા. (૧) એફેસસનો એક સોની હતો. તેનો મુખ્ય ધંધો આર્તિમસ દેવીનાં રૂપાનાં દેવસ્થાનો બનાવવાનો હતો. અને આ દેવસ્થાનો આસિયા મૈનરના ઘણા લોકો લઇ જતા હતા. તેથી આ ધંધાથી તેને ઘણી સંપત પ્રાપ્ત થઇ હતી. એફેસસમાં તથા આજુબાજુના દેશમાં પાઉલ સુવાર્તા પ્રગટ કરવા લાગ્યો ત્યારે આ માણસ ઘણો ગભરાયો, અને તેણે બીજા કારીગરોને પાઉલ વિરૂદ્ધ ઉશ્કેરીને બહુ મોટું હુલ્લડ મચાવ્યું.

અને આખા એફેસસ શહેરમાં ગરબડ ઉભી થઇ, પણ આલેકસાંદ્ર હોશિયારીથી લોકોને શાંત કીધા. અને પાઉલ આ હંગામો બંધ થયા પછી માકેદોન્યા જવા નીકળ્યો (પ્રે. કૃ. ૧૯; ૨૪-૪૧). (૨) એવા એક માણુસનું નામ ૩ યોહા. ૧૨ માં આવે છે. એજ માણુસ એ પત્ર ગાયસ પાસે લઇ ગયો હશે.

દર્બે = એક જાતનું ઝાડ. આ શહેર આસિયા-માઇનરના ઇકોની પ્રાંતની પૂર્વે તરફ લુસ્ત્રાથી ૨૦ માઇલ દૂર આવેલું હતું. પાઉલ પોતાની બીજી અને કદાચ ત્રીજી મુસાફરીમાં આ શહેરમાં ગયો હતો (પ્રે. કૃ. ૧૬; ૧ઃ૧૮; ૨૩ઃ૧૯; ૧). જ્યારે પાઉલ ઇકોનીમાં હતો ત્યારે ત્યાંના લોકો તેને સતાવવા તથા પત્થરે મારવા લાગ્યા, ત્યારે પાઉલ ત્યાંથી નીકળીને લુકાનીનાં શહેરો લુસ્ત્રા તથા દેર્બેમાં નાસી ગયો. આ વખતે પાઉલે પહેલે ફેરે દેરબેની મુલાકાત લીધી હતી. પાઉલના એક સાથી ગાયસનું આ વતન-ગામ હતું (પ્રે. કૃ. ૨૦; ૪). આ શહેરમાં પાઉલને સતાવણી વેઠવી પડી નથી (૨ તીમો. ૩; ૧૧).

દેહાયેઓ = ગ્રામવાસી. આ એક આશ્શૂરી કોમ હતી, જેને ઓશનાપ્પારે સમારીઆમાં ફરીને વસવા મોકલ્યા હતા (એઝ. ૪; ૯). આ લોક તે ઘણું કરીને ઇરાની કોમના છે, કે જેઓ કારપીઅન સમુદ્રની પૂર્વમાં ઘેટાંનાં ટોળાં લઇ રખડતા હતા.

દોએગ = ભયાનક. શાઉલના ચાકરોમાંનો મુખ્ય માણસ હતો, તે અદોમી હતો (૧ શમૂ. ૨૧; ૭). આ માણસે દાઉદ વિષે શાઉલ આગળ ચાડી ખાધી; અને જ્યારે બીજા ચાકરો પ્રભુથી બીને યાજકોને મારવાને પાછા હટયા ત્યારે દોએગે નોબના યાજકો પર તુટી પડી "સણનો એફોદ પહેરેલા" ૮૫ પુરૂષોને મારી નાખ્યા, અને પ્રમુખયાજક અહીટૂબના દીકરા અહીમેલેખને પણ મારી નાખ્યો. તે સિવાય વળી યાજકોના નગર નોબનો તથા ત્યાંની સ્ત્રીઓ તથા બાળકો તથા ધાવણાં તથા ઢોરઢાંખર સુદ્ધાંનો તરવારની ધારથી સંહાર કીધો (૧ શમૂ. ૨૨; ૯-૨૭) ગીત પર ની સાથે સરખાવો.

દોથાન = બે કુવા. આ એક પ્રખ્યાત ચારાની જગ્યા હતી, જ્યાં યુસફે પોતાના ભાઇઓને ઘેટાં ચરાવતાં જોયા હતા. અહિં યહુદાહની સલાહ મુજબ યુસફના ભાઇઓએ યુસફને ઇશ્માએલી વેપારીઓને વેચ્યો હતો, જેઓ યુસફને મિસર દેશમાં લઇ ગયા (ઉત્પ. ૩૭; ૧૭). આ જગ્યાએ એલીશાના ચાકરની આંખો પરમેશ્વરે ઉઘાડી અને તેણે દર્શનમાં જોયું કે, "એલીશાની આસપાસ અગ્નિ-ઘોડાઓથી તથા અગ્નિરથોથી પર્વત ભરાઇ ગયો છે." અહિં એલીશાની પ્રાર્થનાથી અરામી ફોજ આંધળી થઇ ગઇ હતી. આ જગ્યા તે એલીશાની રહેવાની જગ્યા હતી (૨ રાજા. ૬; ૧૩). હાલ આ જગ્યા 'ટેલ-દોથાન' નામથી ઓળખાય છે, જે સમારીઆની ઉત્તરે ૧૨ માઇલ ઉપર ગીલ-બોઆના ડુંગરાઓમાં આવેલ છે. બન્ને કુવા આજ સુધી જોવામાં આવે છે, જેમાંના એકને 'યુસફનો ખાડો' એવું નામ આપવામાં આવેલું છે.

દોદાનીમ = અગ્રેસર. આ કોમ યાવાનથી ઉતરેલી છે (ઉત્પ. ૧૦; ૪), તેઓનું અસલ વતન ઇલુરીકમ હતું. ૧ કાળ. ૧; ૭માં તેમને રોદાનીમ કહે છે, અને તેમાં કદાચ એવો અર્થ રહેલો છે કે તેઓ રોડ્સ બેટના રહીશ હશે માટે તેમને રોદાનીમ કહેતા હશે.

દોદાય = પ્રભુનો પ્યારો. દાઉદના યોદ્ધાઓ-માંનો એક, જે બીજા મહિનાની વારાટોળીનો ઉપરી દોદાય અહોહી હતો (૧ કાળ. ૨૭; ૪).

દોદાવાહૂ = પ્યારો. યહુદાહના રાજા યહોશા-ફાટે ઇસ્રાએલના રાજા અહાઝ્યાહની સાથે સંપ કીધો, ત્યારે દોદાવાહૂના પુત્ર અલીએઝરે યહોશાફાટ વિરૂદ્ધ ભવિષ્ય કહ્યું. આ દોદા-વાહૂ તે મારેશાહનો રહીશ હતો (૨ કાળ. ૨૦; ૨૭).

દોદો = પ્રીતિજનક. (૧) ઇસ્સાખારવંશી એક

પુરૂષ જે તોલા ન્યાયાધીશનો ધરડો બાપ (ન્યાયા. ૧૦; ૧). (૨) દાઉદના ત્રણ શૂરવીર પુરૂષોમાંનો એક એલઆઝાર કરીને હતો. તેના પિતાનું નામ અહોહી દોદો કરીને હતું (૨ શમૂ. ૨૩; ૯. ૧ કાળ. ૧૧; ૧૨). આજ માણસને ૧ કાળ. ૨૭; ૨૪ માં દોદાય કહે છે. (૩) દાઉદના ત્રીસ યોદ્ધાઓમાંનો એક એલ્હાનાન કરીને હતો તેનો પિતા, જે બેથલેહેમી હતો (૨ શમૂ. ૨૩; ૨૪).

દોફકાહ = ખખડાવવું. ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનો એક મુકામ હતો, જે સીનના અરણ્યમાં લાલ સમુદ્રની પૂર્વગમ આવેલો હતો. ત્યાંથી ઉપડીને આલૂશમાં છાવણી નાખવામાં આવી હતી (ગણ. ૩૩; ૧૩).

દોર = રહેઠાણ. કનાનીઓ અને રૂમીઓની પુરાતન રાજધાની આ શહેરમાં હતી (યહો. ૧૧; ૧, ૨ : ૧૨; ૨૩). સીરિયાના કિનારા પર ફેનીકીઓનું સૌથી દક્ષિણ સરહદ પર આવેલું આ શહેર હતું. શહેરની પુરાતન વસ્તી બહુ જોરાવર હતી, તેમને કોઇ હરાવી શકતું નહિ, પણ દાઉદે તેમને ખંડીઆ કીધા. રાજા સુલેમાનના મોદીખાતાનું આ પ્રગણું ગણાતું હતું (ન્યાયા. ૧; ૨૭. ૧ રા. ૪; ૧૧). હાલ આ શહેરની જગ્યામાં જે ગામ આવેલું છે તેને 'ટાનટુરા' કહે છે, અને કારણ કદાપિ એવું હોય કે ત્યાં એક પુરાતન બુરજ હજી સુધી છે, તેનું નામ ટાનટુરા છે, અને તે બુરજના નામ પરથી આ ગામનું નામ પડયું હશે. આ ગામ કાઇસારીઆથી ૯ માઇલ દૂર છે. જુના શહેરનાં ઘણાંએક ખંડેર હજી સુધી જોવામાં આવે છે. ત્રાસ ચાળીસ ઘરો આગલા શહેરના પત્થરોથી બાંધવામાં આવેલાં છે.

દ્રુસીલા = ઝાકળ. હેરોદ આગ્રિપા પહેલાની સૌથી નાની અને ત્રીજી દીકરી હતી (પ્રે. કૃ. ૧૨; ૧-૧૪, ૨૦-૨૩). તેને ફેલીક્સ જે યહુદાહનો રૂમી અધિકારી હતો તેણે, પોતાના અસલ ધણી 'અઝીઝૂસ' જે ઇમેસાનો રાજા હતો તેને મુકી દઇ પોતાની સાથે લગ્ન કરવા સમજાવ્યું, અને તે પ્રમાણે કરવા તેણે કબુલ કીધું. જ્યારે પ્રેરિત પાઉલ ફેલીક્સ આગળ આવનાર ન્યાયકાળ સંબંધી બોલતો હતો ત્યારે આ દ્રુસીલા ફેલીક્સની સાથે હતી (પ્રે. કૃ. ૨૪; ૨૪). દ્રુસીલા અને તેનો પુત્ર વિસુવિયસ પહાડના ફાટવાના અકસ્માતમાં બંને મરણ પામ્યાં (ઇ. સ. ૭૦).

ન

નઆર્યાહ = યહોવાહનો ચાકર. (૧) દાઉદપુત્રોમાંના શમાયાહના છ પુત્રોમાંનો એક (૧ કાળ. ૩; ૨૨, ૨૩). (૨) શિમઇના ચાર સરદારોમાંનો એક (૧ કાળ. ૪; ૪૨).

નકો = જીતનાર (?) લંગડો (?) યહુદાહના રાજા યોશીયાહનો સમકાળીક મિસર દેશનો ફારૂન નકો કરીને હતો, તેને નકો બીજો કહે છે. તના પિતા પ્સામ્મેટીકસ (Psammetichus) ની પછી તે મિસરની ગાદીએ બેઠો. તેણે ઇ. સ. પૂ. ૬૧૦-૫૯૪, એટલે પંદર વર્ષ રાજ્ય કીધું. કોઇ કારણસર તેણે આશ્શૂરના રાજા સામે લડાઇ જોડી. મહાન લશ્કર સાથે તેણે ઉત્તરમાં કૂચ કરી, પણ યહુદાહના રાજાએ પોતાના દેશમાં થઇ જવાની ના પાડી, તેથી મગિદ્દો આગળ ભારે લડાઇ થઇ અને યહુદાહનો રાજા યોશીયાહ કપાઇ મુઓ (૨ કાળ. ૩૫; ૨૦-૨૪). કેટલાક વિદ્વાનોનું એવું ધારવું છે કે, આ વખતે ફારૂન નકો પોતાનું લશ્કર દરિયા વાટે લઇ મગિદ્દો પાસે દોર નામના ફેનીકી ગામની પાસે આવેલા કોઇ બંદરે મિસરમાંથી લશ્કર લઇને ઉતર્યો હતો. (યહો. ૧૧; ૨ : ૧૨; ૨૩). ઉપલી મગિદ્દોની લડાઇ પુરી થયા પછી નકો આગળ વધી કાર્કમિશમાં ગયો અને ત્યાં આગળ લડાઇ થતાં આશ્શૂરી લશ્કરને તેણે હરાવ્યું. અને એ પ્રમાણે પાલેસ્ટાઇન સાથે સિરિયાના બધા પ્રાંતો તેના રાજ્યમાં આવ્યા. યોશીયાહના મરણ પછી યહુદાહના લોકોએ યોશીયાહના પુત્ર યહોઆહાઝને યહુદાહની

ગાદીએ બેસાડયો હતો. પણ જ્યારે નકો આશ્શૂરની ફોજનો પરાજય કરી પાછો ફર્યો ત્યારે યહોઆહાઝને પદભ્રષ્ટ કરી તેના વડા ભાઇ એલ્યાકીમને યોશીયાહની જગ્યાએ રાજા ઠરાવ્યો, અને તેનું નામ બદલીને યહોયાકીમ પાડયું, અને રાજા યહોઆહાઝને કેદ કરી મિસર લઇ ગયો (૨ રા. ૨૩; ૩૧-૩૫. ૨ કાળ. ૩૬; ૧-૪), ને ત્યાં મરણ પામ્યો. ફારૂન નકો, આ બનાવ પછી ચાર વર્ષે ફરીને ફોજ સાથે ફ્રાત નદી આગળ આવ્યો, પરંતુ આ વેળા ખાલ્દી (બાબેલ)ના રાજા નબૂખાદનેસ્સારે તેનો પરાજય કરી ફ્રાત નદીથી તે મિસરની નદી સુધીનો બધો પ્રદેશ હસ્તગત કરી તેણે જીતી લીધેલો બધો દેશ પાછો મેળવ્યો (ઇ. સ. ૬૦૫) (યિર્મે. ૪૬; ૨. ૨ રા. ૨૪; ૭, ૮). આ બનાવ પછી થોડા વખતમાં નકો મરણ પામ્યો અને તેની પછી તેનો પુત્ર પ્સામ્મેટીકસ બીજો ગાદીએ બેઠો.

નકોદા = ગોવાળીઓ. (૧) (એઝ. ૨; ૪૮. નહે. ૭; ૫૦). (૨) (એઝ. ૨; ૬૦. નહે. ૭; ૬૨).

નકોહ = જુઓ નકો (૨ રા. ૨૩; ૨૯).

નટાઇમ (૧ કાળ. ૪; ૨૩). આ નામની એક જગ્યા યહુદાહમાં ગદેરાહની પાસે આવેલી હતી.

નટોફાહ = શુદ્ધ કરવું. યહુદાહમાં આવેલું એક ગામ જે ઘણું કરીને બેથલેહેમની પાસે આવેલું હતું (નહે. ૭; ૨૬. એઝ. ૨; ૨૨. ૧ કાળ. ૨; ૫૪). દાઉદની રક્ષક વારાટોળીઓના બે સરદારો આ ગામના રહીશ હતા, જેમને નટોફાથી કહે છે. હાલ બેથલેહેમની ઇશાન કોણમાં 'મેટોબા' કે 'ઉમ-ટોબા' નામનું ખંડેર ઉપલા નામથી ઓળખાય છે. અહિંના રહીશોને **નટોફાથી** કે **નટોફાથીઓ** કહેતા હતા (નહે. ૧૨; ૨૮. ૨ શમૂ. ૨૩; ૨૮, ૨૯. ૧ કાળ. ૧૧; ૩૦: ૨૭; ૧૩, ૧૫. ૨ રા. ૨૫; ૨૩. યિર્મે. ૪૦; ૮. ૧ કાળ. ૨; ૫૪: ૯; ૧૬).

નથાનએલ = દેવની બક્ષીસ. (આપેલો). આ નામના દસ માણસની વાત પવિત્ર શાસ્ત્રમાં જોડાએલી છે. (૧) યિસ્સાખાર કુળનો મુખ્ય પુરૂષ સુઆરનો પુત્ર, તે ઇસ્રાએલીઓના નિર્ગમન વખતે હતો (ગણ. ૧; ૮: ૨; ૫: ૭; ૧૮, ૨૩: ૧૦; ૧૫). (૨) દાઉદના ભાઇઓમાંનો એક (૧ કાળ. ૨; ૧૪). (૩) જ્યારે દેવનો કોષ યરૂશાલેમ લાવવામાં આવ્યો ત્યારે કોષની આગળ રણશિંગડાં વગાડનારી ટોળીમાંનો એક યાજક હતો (૧ કાળ. ૧૫; ૨૪). (૪) એક લેવી (૧ કાળ. ૨૪; ૬). (૫) દ્વારપાળોની વારાટોળીઓમાંનો એક કોરાહી હતો (૧ કાળ. ૨૬; ૪). (૬) રાજા યહોશાફાટે યહુદાહનાં નગરોમાં બોધ કરવાને જે મુખ્ય અમલદારોને નિમ્યા હતા તેમાંનો એક અમલદાર હતો (૨ કાળ. ૧૭; ૭). (૭) રાજા યોશીયાહના વખતમાં એક લેવી હતો (૨ કાળ. ૩૫; ૯). (૮) (એઝ. ૧૦; ૨૨). (૯) (નહે. ૧૨; ૨૧). (૧૦) યરૂશાલેમના કોટની પ્રતિષ્ઠા પ્રસંગે જેઓ રણશિંગડાં વગાડતા હતા તેઓમાંનો એક યાજકપુત્ર હતો (નહે. ૧૨; ૩૬).

નથાન્યાહ = યહોવાહનો આપેલો. (૧) આસાફના પુત્રોમાંનો એક હતો, તેને દાઉદે મંદિરની સેવાને સારૂ નિમ્યો હતો (૧ કાળ. ૨૫; ૨, ૧૨). (૨) આ નામનો એક લેવી હતો, જેને રાજા યહોશાફાટે નિયમશાસ્ત્રના બોધક તરીકે બીજા લેવીઓની સાથે મોકલ્યો હતો (૨ કાળ. ૧૭; ૮). (૩) યિર્મેયાહના લહીઆ બારૂખે યિર્મેયાહનાં વચનો જે સરદારોની આગળ વાંચી બતાવ્યાં હતાં તે સરદારોમાંનો એક (યિર્મે. ૩૬; ૧૪). (૪) બાબેલના રાજાએ યરૂશાલેમમાં ગદાલ્યાહ નામના એક સુબાને નીમ્યો હતો, તેને ઇશ્માએલ નામના એક રાજવંશીએ બીજા દસ માણસોની આગેવાની નીચે મારી નાખ્યો, તે ઇશ્માએલનો પિતા નથાન્યાહ

નામનો હતો (૨ રા. ૨૫; ૨૩, ૨૫. યિર્મે. ૪૦; ૮, ૧૪, ૧૫: ૪૧).

નથીનીમ = અર્પણ થઇ જવું. આ નામ પવિત્રશાસ્ત્રમાં દેશનિકાલ પછી લખાયલાં બધાં પુસ્તકોમાં મંદિરની સેવા કરનારાઓને આપવામાં આવ્યું છે. નામનો અર્થ અર્પણ થએલો, એટલે મંદિરની સેવાને અર્થે જુદો થએલો એવો થાય છે. આ નામ શાસ્ત્રમાં સત્તર વખત આવે છે. દંતકથા એવી છે કે તેમનું અસલ નામ ગિબઓની છે, (યહો. ૯; ૨૭) અને ત્યાર પછી આ નામ આપવામાં આવ્યું છે. બંદિપ્રવાસ પછી તેમની ગણના વધી. દાઉદે મંદિરની સેવાને સારૂ આ લોકને લેવીઓને મદદ કરવાને આપ્યા હતા (એઝ. ૮; ૨૦). માત્ર ૬૧૨ નથીનીમ બાબેલ બંદિપ્રવાસથી પાછા ફર્યા (એઝ. ૨; ૫૮: ૮; ૨૦). આ વખતે તેઓ પોતાનાજ સરદારની સરદારી નીચે આવ્યા હતા (એઝ. ૨; ૪૩. નહે. ૭; ૪૬). નથીનીમનું નામ નવા કરારમાં આપવામાં આવ્યું નથી, કેમકે આ કોમ યહુદીઓની મોટી કોમમાં આગળ જતાં મળી ગઇ છે (નથીનીમ = ૧ કાળ. ૯; ૨. એઝ. ૨; ૪૩, ૫૮, ૭૦: ૭; ૨૪: ૮; ૧૭, ૨૦. નહે. ૩; ૨૬, ૩૧: ૭; ૪૬, ૬૦, ૭૩: ૧૦; ૨૮: ૧૧; ૩, ૨૧).

નદાબ્યાહુ = યહોવાહનું મુક્તદાન. યકોનીયાહના પુત્રોમાંનો એક (૧ કાળ. ૩; ૧૮).

નદી = ફ્રાત કે યુફ્રતિસ (જુઓ ફ્રાત). નીચેનાં વાક્યોમાં, જ્યાં નદી શબ્દ આવેલો છે ત્યાં ફ્રાત નદી સમજવી (ઉત્પ. ૩૧; ૨૧: ૩૬; ૩૭. નિર્ગ. ૨૩; ૩૧. ગણ. ૨૨; ૫. યહો. ૨૪; ૨, ૩, ૧૪, ૧૫. ૨ શમૂ. ૮; ૩: ૧૦; ૧૬. ૧ રા. ૪; ૨૧, ૨૪: ૧૪; ૧૫. ૧ કાળ. ૧૯; ૧૬. ૨ કાળ. ૯; ૨૬. ગીત. ૭૨; ૮: ૮૦; ૧૧. યશા. ૭; ૨૦: ૮; ૭: ૧૧; ૧૫: ૨૭; ૧૨. યિર્મે. ૨; ૧૮. મીખા. ૭; ૧૨. ઝખ. ૯; ૧૦).

નફીસીમ = વિસ્તાર. (એઝ. ૨; ૫૦).

નફૂશસીમ (નહે. ૭; ૫૨).

નબાટ = દેખાવ. ઇસ્રાએલના રાજા યરોબઆમનો પિતા (૧ રાજા. ૧૧; ૨૬: ૧૨; ૨, ૧૫: ૧૫; ૧: ૧૬; ૩, ૨૬, ૩૧: ૨૧; ૨૨: ૨૨; ૫૨. ૨ રાજા. ૩; ૩: ૯; ૯: ૧૦; ૨૯: ૧૩; ૨, ૧૧: ૧૪; ૨૪: ૧૫; ૯, ૧૮, ૨૪, ૨૮: ૧૭; ૨૧: ૨૩; ૧૫. ૨ કાળ. ૯; ૨૯: ૧૦; ૨, ૧૫: ૧૩; ૬).

નબાયોથ = ઉંચાણ. ઇસ્રાએલનો જ્યેષ્ઠ પુત્ર (ઉત્પ. ૨૫; ૧૩) અને ઇસ્રાએલી કુળનો સરદાર (ઉત્પ. ૨૫; ૧૬. ૧ કાળ. ૧; ૨૯) હતો. માહાલાથ નામની તેની એક બહેન હતી જે એસાવની સ્ત્રીઓમાંની એક હતી (ઉત્પ. ૨૮; ૯: ૩૬; ૩). તેના વંશજો નબાયોથ નામથી ઓળખાય છે (યશા. ૬૦; ૭).

નબાલ્લાટ = ગુપ્તમાં ભુંડાઇ. દાન કુળના ભાગમાં આવેલું એક શહેર હતું (નહે. ૧૧; ૩૪), જે લુદાથી ઉત્તરમાં ૪ માઇલ ઉપર હતું, તેમાં બંદિપ્રવાસમાંથી પાછા આવી કેટલાક બિન્યામીનીઓ વસ્યા હતા. હાલ તેને 'નેબાલા' કહે છે.

નબૂખાદનેસ્સાર = નબો, જે મુશીબતથી બચાવનાર. ખાલ્દી ભાષામાં આ નામની શુદ્ધ જોડણી 'નબૂ-કુદુરી-ઉત્સુર' થાય છે, જેનો અર્થ નબો મુશીબતીથી બચાવનાર છે. જુના શિલાલેખોમાં તે પોતાને 'નબોનો વહાલો' એવો ખેતાબ આપે છે. તે નાબોપલાસરનો પુત્ર અને તેની પછી બાબેલની ગાદી ઉપર બેસનાર હતો. બાબેલના સઘળા રાજાઓમાં તે પરાક્રમી અને મહાન ગણાય છે. તેણે બાબેલને આશ્શૂરના કબજામાંથી મુક્ત કરી નીનવેહનો નાશ કીધો. તેણે સીઆક્ષરસ (Cyaxares) ની પુત્રી સાથે લગ્ન કીધાં જેથી કરીને બાબેલોનીયન અને માદી વંશ જોડાઇ ગયા. નબૂખાદનેસ્સારનું માથું કોતરેલી એક કાળી તખ્તી હાલ બર્લિનના સંગ્રહસ્થાનમાં જોવામાં આવે છે

તેના માથાની આસપાસ તિરકસ અક્ષરો કોતરવામાં આવ્યા છે, જેનો અર્થ કે તરજુમો એવો થાય છે કે, "બાબેલના રાજા નબૂખાદનેસ્સારની કાર્કીર્દીમાં મહાન મરોદાખના માન ખાતર આ બનાવવામાં આવ્યું છે." મિસરનો રાજા ફારૂન નકોહ જેને નકો ૨ જો કહે છે તે આશ્શૂરના રાજા સામે સ્વારી લાવ્યો અને જ્યારે મિસરનું સૈન્ય સિરીયામાં થઇને કૂચ કરતું હતું ત્યારે યહુદાહનો રાજા યોશીયાહ તેની સામે ગયો અને પોતાના દેશમાં થઇ જવાની તેને મના કરી. માગિદ્દોની આગળ ભારે લડાઇ થઇ, તેમાં યોશીયાહ માર્યો ગયો; અને મિસરના સૈન્યે આગળ વધી કારકેમિસ આગળ આશ્શૂર સામે લડાઇ કરી ભારે ફતેહ મેળવી, જેથી આશ્શૂરનાં સંસ્થાનો પાલેસ્ટાઇન સુદ્ધાં મિસર દેશના રાજા નકોના કબજામાં આવ્યાં, ને આશ્શૂર રાજ્યનાં બાકીનાં પરગણાં બાબેલ અને માદાય રાજ્યમાં વહેંચાઇ ગયાં. પણ નબોપલાસરે અરામનાં પશ્ચિમ ગમનાં પરગણાં મિસરના રાજા પાસેથી ફરીને પાછા મેળવવા, મિસરના રાજા નકો સામે પોતાના દીકરા નબૂખાદનેસ્સારની સરદારી નીચે મોટું લશ્કર એકઠું કરી સ્વારી મોકલી (દાની. ૧ ; ૧). બન્ને લશ્કર કાર્કેમિશ આગળ એકઠાં થયાં અને ભયંકર લડાઇ થઇ, તેમાં મિસરીઓનો પુરો સંહાર થયો, નકોને પાછો હાંકી કાઢયો (યિર્મે. ૪૬ ; ૨-૧૨), અને સિરીયા તેમજ ફેનીકી બાબેલની સત્તા નીચે આવ્યાં (ઇ. સ. પૂ. ૬૦૬). "ત્યાર પછી મિસરનો રાજા કોઇ વેળા પોતાના દેશમાંથી નીકળી આવ્યો નહિ, કેમકે બાબેલના રાજાએ મિસરની નદીથી તે ફ્રાત નદી સુધી જે સઘળું મિસરના રાજાને તાબે હતું તે લઇ લીધું" (૨ રાજા. ૨૪ ; ૭). વળી નબૂખાદનેસ્સારે આખો પાલેસ્ટાઇન દેશ કબજે કરી યરૂશાલેમ જીતી લીધું, અને રાજા યહોયાકીમને ખંડિયો કર્યો ને ત્યાર પછી ઘણા યહુદીઓને કેદ કરીને બાબેલ બંદિપ્રવાસમાં લઇ ગયો. આ વખતે દાનીયેલ અને તેના સાથીઓને પણ બાબેલ લઇ ગયા. આ તો યહુદીઓનો પહેલો બંદિપ્રવાસ (ઇ. સ. પૂ. ૬૦૬) હતો. બંદિપ્રવાસનાં સિત્તેર વર્ષ અહિંથી શરૂ થાય છે. ત્રણ વર્ષ પછી રાજા યહોયાકીમે, મિસરના રાજાની મદદનો આધાર રાખી (૨ રા. ૨૪; ૧) બાબેલના રાજ્ય વિરૂદ્ધ બંડ કીધું, તેથી નબૂખાદનેસ્સાર યરૂશાલેમ પર ચઢી આવ્યો. રાજા યહોયાકીમ તેના હાથમાં પડયો ને માર્યો ગયો. આ વખતે બાબેલના રાજા નબૂખાદનેસ્સારે યહોયાકીમના પુત્ર યહોયાખીનને ગાદી ઉપર બેસાડયો. ત્યાર પછી ત્રીજી વાર નબૂખાદનેસ્સાર યરૂશાલેમ પર ચઢી આવ્યો. રાજા યહોયાખીનને પદભ્રષ્ટ કરી તેને તથા તેની સાથે ભવિષ્યવાદી હઝકીએલ તથા મોર્દખાયને તથા દેશનાં ૧૮ હજાર મુખ્ય માણસોને પકડીને બાબેલ બંદિપ્રવાસમાં લઇ ગયો. આ વખતે મંદિર તથા રાજ્યમહેલ લૂટી સઘળાં કિમતી પાત્રો તથા ભંડાર હરી ગયો, ને યહોયાખીનની જગ્યાએ તેના કાકા માત્તાન્યાહ ઉર્ફે સિદકીયાહને રાજા ઠરાવ્યો. આ તો યહુદીઓનો બીજો બંદિપ્રવાસ કહેવાય (ઇ. સ. પૂ. ૫૯૯). ત્યાર પછી યહુદાહના રાજા સિદકીયાહે બાબેલના રાજા વિરૂદ્ધ બળવો કીધો; તેથી તે ફરીને યરૂશાલેમ પર ચઢી આવ્યો. અઢાર માસ સુધી યરૂશાલેમને ઘેરો ઘાલી શહેર હસ્તગત કીધું, ને રાજા સિદકીયાહ યરેખો તરફ નાસતો હતો એવામાં તેને પકડી પાડયો અને નબૂખાદનેસ્સાર પાસે તેને રિબ્લાહમાં મોકલાવી દીધો, ત્યાં તેની રૂબરૂમાં તેના પુત્રોને મારી નાખ્યા (૨ રા. ૨૫; ૧-૭), ને રાજાની આંખો ફોડી નાખી કેદ કરીને બાબેલ મોકલી દીધો, જ્યાં તે જીંદગી પર્યંત રહ્યો. આ વખતે નબૂખાદનેસ્સારના એક સરદાર નબૂઝારઅદાને યરૂશાલેમમાં પ્રવેશ કરી મંદિર, રાજ્યમહેલ અને શહેરની મુખ્ય ઇમારતો આગ લગાડી બાળી મુકયાં. અને શહેરના કોટને પાડી નાખી લગભગ સર્વે

રહેવાસીઓને કેદ કરી બાબેલ બંદિપ્રવાસમાં લઇ ગયો, અને સિત્તેર કરતાં વધારે મુખ્ય માણસોને નબૂખાદનેસ્સારની પાસે રિબ્લાહમાં મોકલાવ્યાં અને તે સર્વ માર્યાં ગયાં. આ તો બાબેલનો ત્રીજો બંદિપ્રવાસ હતો (ઇ. સ. પૂ. ૫૮૬). ત્યાર પછી નબૂઝારઅદાન બાકી રહેલા દરિદ્રી યહુદીઓમાંના ૭૪૫ માણસને કેદ કરી બાબેલ લઇ ગયો. આ તો બાબેલેનો યહુદીઓનો ચોથો બંદિપ્રવાસ છે (ઇ. સ પૂ. ૫૮૧. યિર્મે. ૫૨; ૩૦). 'બ્રિટિશ સંગ્રહસ્થાન'માં તેની લડાઇઓ વિષે એક લેખ મળી આવ્યો છે, તે રાખવામાં આવ્યો છે. તેમાં લખવામાં આવ્યું છે કે, "બાબેલ દેશનો રાજા નબૂખાદનેસ્સાર પોતાની કાર્કીર્દીના સાડત્રીસમે વર્ષે મિસર દેશ સાથે લડાઇ કરવાને ગયો. મિસરના રાજા અમાસીસે લશ્કર ભેગું કરી તથા કૂચ કરી યુદ્ધવ્યૂહ રચ્યો." એ પ્રમાણે યિર્મે. ૪૬; ૧૩-૨૬. હઝ. ૨૯; ૨-૨૦માં કહેલી વાત પુરી થઇ છે. મિસર સાથેની લડાઇમાં જીત થયા પછી તેણે બાબેલ શહેર ફરી બાંધ્યું અને શણગાર્યું (દાની. ૪; ૩૦), અને એ પ્રમાણે તેણે રાજ્ય ઘણું વધાર્યું અને આબાદ કીધું (દાની. ૨; ૩૭ : ૩; ૨, ૩, ૩૭). બાબેલ તથા તેની આસપાસનાં જે પુરાતન શહેરનાં ખંડિયેર હાલ ખોદવામાં આવે છે તેમાંની ઘણી ઈંટો પર રાજાના નામની મુદ્રા મારેલી જોવામાં આવે છે, તેથી ખરેખર તે આવા શબ્દો વાપરી શકે કે, "આ મહાન બાબેલ કે જે મેં રાજ્યગૃહ થવા બાંધ્યું છે, તે શું મારા બળના પરાક્રમથી તથા મારા મહાત્મ્યના પ્રતાપને માટે નથી? (દાની. ૪; ૩૦). ત્રણ હેબ્રી જુવાનોને તેણે બળતી ભઠ્ઠીમાં નાખ્યા, ત્યાર બાદ કેટલીક મુદતે તેના અહંકારને લીધે પ્રભુએ તેને અસાધારણ શિક્ષા કીધી, એટલે તે માણસના રૂપમાંથી બદલાઇ પશુ સમાન થયો (દાની. ૪; ૩૩). આ મંદવાડને અંગ્રેજીમાં (Lycanthropy) લીકાનથ્રોપી, એટલે વરૂના રૂપમાં બદલાઇ જવું કહે છે. આ ભયંકર માંદગીમાંથી નબૂખાદનેસ્સાર જ્યારે સારો થયો, ત્યારે તેણે પરમેશ્વરનો ઉપકાર માનતાં 'બોરશિપ્પા'ના મહાન મંદિરમાં પોતા તરફથી કાંસાનું એક સુંદર પગથીયું બનાવી મુક્યું હતું, જે હાલ મળી આવ્યું છે, અને શાસ્ત્રની વાતને મોટો ટેકો મળ્યો છે. માંદગીમાંથી સાજા થયા બાદ તેણે કેટલાંક વર્ષ સુધી રાજ્ય કીધું, ત્યાર બાદ તે ૮૩ કે ૮૪ વર્ષની ઉમરે, એટલે રાજ્યકાર્કીર્દીને ૪૩ મે વર્ષે મરણ પામ્યો (ઇ. સ. પૂ. ૫૬૨). તેની પછી તેનો પુત્ર એવીલ-મરોદાક ગાદીએ બેઠો, તેણે માત્ર બે વર્ષ રાજ્ય કીધું. તેની પછી નેરી-ગ્લેસર (ઇ. સ. પૂ. ૫૫૯-૫૫૫) અને નબુનાદીઅસ (ઇ. સ. પૂ. ૫૫૫-૫૩૮) ગાદીએ બેઠા. નબૂખાદનેસ્સારના મરણ પછી આશરે પચ્ચીસ વર્ષ બાદ બાબેલ કોરેશ રાજાના હાથમાં આવ્યું. નબૂખાદનેસ્સારને **નબૂખાદરેસ્સાર** પણ કહે છે (યિર્મે. ૨૧; ૨, ૭ : ૨૨; ૨૫ : ૨૪; ૧ : ૨૫; ૧, ૯ : ૨૯; ૨૧ : ૩૨; ૧, ૨૮ : ૩૫; ૧૧ : ૩૭; ૧ : ૩૯; ૧, ૫, ૧૧ : ૪૩; ૧૦ : ૪૪; ૩૦ : ૪૬; ૨, ૧૩, ૨૬ : ૪૯; ૨૮, ૩૦ : ૫૦; ૧૭ : ૫૧; ૩૪ : ૫૨. હઝ. ૨૬; ૭ : ૨૯; ૧૮, ૧૯ : ૩૦; ૧૦).

નબૂઝારઅદાન = નબો આબાદાની આપે છે. તે નબૂખાદનેસ્સાર રાજાનો મુખ્ય અમલદાર, જે રાજાથી બીજી પદવીનો અધિકારી હતો, તેને 'રક્ષક ટુકડીનો સરદાર' કહેવામાં આવ્યો છે. યરૂશાલેમને જ્યારે નબૂખાદનેસ્સારે ઘેરો ઘાલ્યો ત્યારે મુખ્ય કરતા હરતા તે પોતે હતો (૨ રા. ૨૫; ૮-૨૧. યિર્મે. ૩૯; ૧૧ : ૪૦; ૨-૫). તેણે રાજાના હુકમ મુજબ યિર્મેયાહ ઉપર મહેરબાની દેખાડી (યિર્મે. ૪૦; ૧). પાંચ વર્ષ પછી ફરીને તે યરૂશાલેમ ઉપર ચઢી આવ્યો અને ૭૪૫ માણસને બંદિવાન કરીને બાબેલ લઇ ગયો, જે યહુદીઓનો ચોથો બંદિપ્રવાસ

કહેવાય (ઇ. સ. પૂ. ૫૮૧. યિર્મે. ૫૨ ; ૩૦. વાંચો ૨ રા. ૨૫ ; ૮ : ૧૧ ; ૨૦. યિર્મે. ૩૯ ; ૯, ૧૧, ૧૩ : ૪૦ ; ૧ : ૪૧ ; ૧૦ : ૪૩ ; ૬ : ૫૨ ; ૧૨, ૧૫, ૧૬, ૨૬, ૩૦).

નબૂશાઝબાન = નબો મને તારે છે. તે બાબેલ રાજ્યનો રાબ-સારીસ કે મુખ્ય સરદાર હતો. યરૂશાલેમના કેદખાનામાંથી યિર્મેયાહને છોડવા સારૂ રાજાએ જે માણસોને મોકલ્યા તેમાંનો તે એક હતો. જો રાબ-સારીસ તે હોદ્દાનું નામ ન હોય તો તે નામનો કોઇ માણસ હતો એમ સમજવું.

નબો = ભવિષ્ય પ્રગટ કરનાર. (૧) આ નામનો ખાલ્દી લોકોનો એક દેવતા હતો. આશ્શૂરમાં તેની પૂજા આશ્શૂરના રાજા પુલે દાખલ કરી હતી (યશા. ૪૬ ; ૧. યિર્મે. ૪૮ ; ૧). તેનું ભવ્ય મંદિર 'બીર-નિમરૂદ' માં આવેલું હતું, જેનું ખંડિયેર હજી સુધી જોવામાં આવે છે. નબો દેવતાની મૂર્તિ આશ્શૂરના રાજા પુલે કાલેહ (નિનવેહ) માં ઉભી કરી હતી, તે હાલ હાથ આવી છે, જેને બ્રિટિશ સંગ્રહ-સ્થાનમાં રાખવામાં આવી છે. તે માણસના આકારની છે. આ દેવતા ભવિષ્યજ્ઞાન આપ-નાર ગણાતો હતો. આ દેવતાનું નામ બાબે-લના રાજાઓ અને ઓફીસરોનાં નામોમાં બહુ સાધારણ થઇ ગયું હતું, એમ છતાં હાલ તેનું નામ પણ કોઇ જાણતું નથી ; તેજ પ્રમાણે સઘળા દેવ દેવતાઓ નષ્ટ થશે. (૨) મોઆબ દેશમાં આ નામનો એક પર્વત આવેલો હતો, જેના શિખર પરથી મુસાએ વચનનો દેશ દૂરથી જોયો (પુન. ૩૨ ; ૪૯ : ૩૪; ૧). હાલ તે હેશ્બોનની નૈરૃત્ય કોણમાં આસરે પાંચ માઇલ દૂર મૃત સમુદ્રના પૂર્વ કિનારા પર 'યાએલ-નબાહ' નામથી ઓળ-ખાય છે. અબારીમ પહાડોમાંના પીસ્ગાહ પહાડના એક શિખરને આ નામ આપવામાં આવ્યું હતું. તેની ઉંચાઇ આસરે ૨,૬૪૩ ફીટની છે. તેની નીચે મોઆબનું મેદાન આવેલું હતું, જ્યાં બલઆમે અને ત્યાર પછી મુસાએ ઇસ્રાએલીઓના તંબુ જોયા હતા. કહે છે કે આ નબો શિખર ઉપર પુરાતન વખતમાં નબો દેવતાનું દેવસ્થાન હતું, અને એમ હોય તો એ કારણથી આ શિખરનું નામ નબો પડયું હોય. (૩) યરદન નદીની પૂર્વે ગમ આવેલું એક શહેર હતું, જેને રેઉબેન-પુત્રોએ જીતી લઇને ફરી વસાવ્યું હતું (ગણ. ૩૨ ; ૩, ૩૮. ૧ કાળ. ૫ ; ૮). આ શહેર હેશ્બોનથી દક્ષિણે આઠ માઇલ ઉપર આવેલું હતું. (સરખાવો યશા. ૧૫ ; ૨. યિર્મે. ૪૮ ; ૧, ૨૨). (૪) બાબેલ બંદિ-પ્રવાસથી જેઓ પાછા આવ્યા તેમાં નબોના પુત્રો બાવન હતા. તેઓ પાછા આવી જે શહેરમાં વસ્યા તેનું નામ નબો હતું, જે ઘણું કરીને બિન્યામીનના ભાગમાં આવેલું હતું, જે હાલ હેબ્રોનની પાસે સાત માઇલ ઉપર 'બઇત-નુબા' નામથી ઓળખાય છે (એઝ. ૨ ; ૨૯. નહે. ૭ ; ૩૩).

નમૂએલ = પ્રભુનો દિવસ. (૧) શિમઓનના પાંચ પુત્રમાંનો એક (૧ કાળ. ૪ ; ૨૪. ગણ. ૨૬ ; ૧૨. નિર્ગ. ૬ ; ૧૫). ઉત્પ. ૪૬ ; ૧૦ માં તેને યમૂએલ કહે છે. (૨) રેઉબેન કુળના અલીઆબનો પુત્ર અને દાથાન તથા અબિરામનો ભાઇ (ગણ. ૨૬ ; ૯). શિમઓનના પુત્ર નમૂએલના વંશજોને **નમૂ-એલીઓ** નામ આપવામાં આવ્યું છે (ગણ ૨૬ ; ૧૨).

નસીઆહ = જીત (?) (એઝ. ૨ ; ૫૪. નહે. ૭ ; ૫૬).

નસીબ = સ્તંભ. યહુદાહના નીચ પ્રદેશમાં આવેલું એક ગામ હતું (યહો. ૧૫ ; ૪૩). હાલ સૂરની ખીણમાં યરૂશાલેમની નૈરૃત્ય કોણમાં ચૌદ માઇલ ઉપર 'બૈત-નુઝીબ' નામનું એક ગામ આવેલ છે તેને પુરાતન નસીબ ધારવામાં આવે છે.

નહુશ્તા = પિત્તળ. યહુદાહના રાજા યહોયા-ખીનની રાણી હતી. તેના પિતાનું નામ એલ્નાથાન હતું, જે યરૂશાલેમમાં રહેતો હતો (૨ રા. ૨૪ ; ૮).

નહુશ્તાન = પિત્તળનો. મુસાએ રાનમાં જે

પિત્તળનો સર્પ ઉંચો કર્યો હતો (ગણ. ૨૧; ૮) તેને એક હજાર વર્ષ વીત્યા બાદ, યહુદી લોક પવિત્ર ગણીને તેની પૂજા કરતા હતા. રાજાએ તેમને ઉપલી મૂર્તિપૂજાથી છોડાવવા સારૂ તેને નહુશ્તાન, એટલે માત્ર પિત્તળનો ટુકડો એવું નામ આપી તેનો નાશ કર્યો હતો (૨ રા. ૧૮; ૪).

નહૂમ = દિલાસો. (નહે. ૭; ૭ જુઓ રહૂમ) (એઝ. ૨; ૨).

નહેમ્યાહ = યહોવાહ દિલાસો દે છે. (૧) (એઝ. ૨; ૨. નહે. ૭; ૭). (૨) (નહે. ૩; ૧૬). (૩) હખાલ્યાહનો પુત્ર, તે ઘણું કરીને યહુદાહ કુળનો (નહે. ૧; ૧) અને તેનું કુટુંબ યરૂશાલેમનું વતની હશે (નહે. ૨; ૩). તે 'વેરાઇ ગએલા યહુદીઓ' માંનો એક હતો. જુવાનીમાં તે આર્ત્તાહશાસ્તા રાજાના શૂશાન મહેલમાં રાજાના મુખ્ય પાત્રવાહકની જગ્યાએ નિમાયો. નોકરીનું કામ તેણે સંતોષકારક રીતે કીધું, એ પરથી રાજાએ તેની નોકરીની પીછાન કરતાં તેના ઉપર મહેરબાની દેખાડી. જ્યારે તેના ભાઇ હનાની તરફથી તથા યહુદીઓમાંના કેટલાક માણસો તરફથી (નહે. ૧; ૨ઃ ૨; ૩) યરૂશાલેમ જે પવિત્ર નગર તેની નષ્ટ થએલી હાલત સંબંધી તથા ત્યાં રહેલાં થોડાં માણસની સંકટ ભરેલી હાલત સંબંધીની વાત તેણે સાંભળી ત્યારે તેણે ઘણો શોક કીધો, અને ઘણા દહાડા સુધી ઉપવાસ તથા પ્રાર્થના સાથે પોતાના પિતૃઓની કબરો માટે તે રડયો. આખરે એમ થયું કે, એક દિવસે તેના ઉદાસીપણાનું કારણ રાજાએ પુછયું ત્યારે તેણે ઉપલી બધી હકીકત રાજાને વિદિત કીધી. પછી રાજાએ નહેમ્યાહની માગણી પ્રમાણે તેને યરૂશાલેમ જવાની પરવાનગી આપી. પરવાનગી મુજબ નહેમ્યાહ એઝરા પછી બારમે વર્ષે યહુદાહનો તીરસાથા કે સુબો નિમાઇને ગયો, અને પોતાની સાથે રસ્તામાં આવતાં સંસ્થાનોના સુબાઓ પર તથા વનરક્ષક આસાફ ઉપર રાજાનાં ભલામણપત્રો લઇ ગયો (ઇ. સ. પૂ. ૪૪૬). શહેરમાં પહોંચ્યા પછી આખા શહેરનું તેણે અવલોકન કીધું અને શહેરની પુનઃસ્થાપનાનો નકશો તેણે તૈયાર કીધો. જે નકશો તૈયાર કરવામાં આવ્યો હતો તે મુજબ તેણે બધું કામ ૭ માસમાં પુરૂં કીધું. તે યહુદાહમાં તેર વર્ષ સુધી સુબો રહ્યો, દરમિયાનમાં યહુદીઓનો ઘણો સુધારો કર્યો. મતલબ કે, જે કામ એઝરા શાસ્ત્રીએ ત્યાં શરૂ કર્યું હતું તે પૂર્ણ કર્યું, અને શહેરના સંરક્ષણને માટે ઘણો સારો બંદોબસ્ત કર્યો. ત્યારબાદ તે ઇરાન પાછો આવી પોતાના ધણી રાજાની નોકરીમાં ફરી દાખલ થયો. થોડા વખત પછી આશરે બે વર્ષ બાદ યરૂશાલેમના લોકોમાં બગાડ ફરીને દેખાયો (નહે. ૧૨ અને એઝરાનું પુસ્તક). એ અરસામાં તેઓમાં માલાખી ભવિષ્યવાદીએ સુધારાનું કામ કીધું, અને નહેમ્યાહ ફરીને ઇરાનથી પાછો આવ્યો, અને પોતાની ગેરહાજરીમાં થએલો ભારે બગાડ જોઇ બહુ દુઃખી થયો, અને જાહેર ભજનસેવા તથા ધર્મક્રિયાનો મુસાના નિયમશાસ્ત્રને અનુસરીને સુધારો કીધો; ત્યાર પછીના તેના ઇતિહાસ વિષે આપણે અજાણ છીએ. ઘણું કરીને તે પોતાના મરણ પર્યંત આ હોદ્દા ઉપર યહુદાહમાંજ રહ્યો. તે પાકી ઉમરે ઇ. સ. પૂ. ૪૧૩ માં મરણ પામ્યો. તેના મરણ વિષે તેમજ દફન વિષે આપણે કશું જાણતા નથી. તેના ગુણલક્ષણ જાણવા સારૂ નહે. ૧; ૧૧ઃ ૨; ૧૨, ૧૮ઃ ૪; ૯, ૧૪ઃ ૫; ૧૫ઃ ૭; ૫ઃ ૯; ૬-૩૩ઃ ૧૩; ૧૮ વાંચો, જે પરથી જણાય છે કે તેની આસ્થા અને ભક્તિભાવ એઝરા જેવાં હતાં પણ કામ કરવાને ઘણો ઉતાવળો દેખાય છે. વિચાર કરવાને નહિ પણ કૃત્યો કરવામાં તે આગળ પડતો દેખાય છે. યરૂશાલેમનો કોટ બાંધવામાં અને વિરોધીઓ પ્રત્યે તેની વર્તણુકમાં તેનું ડહાપણ અને હિમ્મત જણાઇ આવે છે. હમેશા બધા સંજોગોમાં તે પ્રભુ ઉપર ભરોસો રાખતાં પોતાની નજર અન્ય બાબતો તરફ ફેરવતો

નહતો. ઇરાની દરબારમાંથી યહુદાહમાં આવેલો તે છેલ્લામાં છેલ્લો સુબો કે હાકેમ હતો. તેનાપછી યહુદાહ પ્રાંત સિરિયાના તાબામાં ગયો, અને સિરિયાના સુબાના હાથ નીચે રહી યહુદી પ્રમુખ યાજક પોતાના દેશનો વહિવટ ચલાવતો હતો.

નહેમ્યાહનું પુસ્તક. આ પુસ્તકનો લખનાર ઘણે ભાગે નહેમ્યાહ પોતે હતો એમ દેખાય છે, કેમકે કેટલાંક વાક્યોમાં લખનાર પોતાને પહેલા પુરૂષ સર્વનામથી ઓળખાવે છે (નહે. ૧; ૧-૭: ૧૨; ૨૭-૪૩: ૧૩; ૪-૩૧), પણ કેટલાંક વાક્યોમાં ત્રીજો પુરૂષ સર્વનામ વાપરવામાં આવ્યું છે (નહે. ૧૨; ૪૪-૧૩; ૩), તેથી કદાપિ આ ભાગ કોઇ બીજા માણુસથી લખવામાં આવ્યો હોય. આ પુસ્તક લખવામાં જુના લેખોનો ઉપયોગ કીધેલો જોવામાં આવે છે (નહે. ૩: ૧૦; ૧, ૨૭: ૧૧; ૩-૩૬: ૧૨; ૧-૨૬). હેબ્રી શાસ્ત્રમાં એઝરા નહેમ્યાહ બન્ને પુસ્તકોને એકજ પુસ્તકમાં ગણુવામાં આવ્યાં છે. ઇરાનથી નહેમ્યાહ જ્યારે બીજી વાર પાછો આવ્યો ત્યારે તેણે આ પુસ્તક લખ્યું હશે, એટલે ઇ. સ. પૂ. ૪૩૧-૪૩૦. પુસ્તકનું પૃથક્કરણ. (૧) યરૂશાલેમનો કોટ ફરી બાંધ્યો તેનું વર્ણન અને બાબેલથી આવેલા બંદિવાનોની નોંધ (૧-૭). (૨) યહુદીઓની ધાર્મિક સ્થિતિ (૮-૧૦). (૩) યરૂશાલેમના વતનીઓનો વધારો, લોકોની ગણુના, અધિકારીઓ, યાજકો અને લેવીઓની ટીપ (૧૧, ૧૨). (૪) કોટની પ્રતિષ્ઠા, મંદિરના અમલદારોની ગોઠવણુ અને નહેમ્યાહનો ધર્મસુધારો (૧૩). માલાખી ભવિષ્યવાદી તે નહેમ્યાહનો સમકાળિક હતો, તેથી કરીને આ પુસ્તકથી જુના કરારનો ઇતિહાસ બંધ થાય છે.

નાઅમાથી = નાઅમાહનો વતની. અયૂબના ત્રણુ મિત્રોમાંનો એક હતો, તેનું નામ સોફાર હતું. તેને નાઅમાથી કહે છે, કેમકે ઘણું કરીને આ નામનું કોઇ ગામ અરબસ્તાનમાં આવેલું હશે ત્યાંનો વતની હશે, તે પરથી તેને ઉપલી અટક આપવામાં આવી હશે (અયૂ. ૨; ૧૧: ૧૧; ૧. જુઓ સોફાર).

નાઅમાન = આનંદી. (૧) ઇસ્રાએલના રાજા યોરામના વખતમાં તે અરામના રાજા બેન-હદાદ બીજાનો સેનાપતિ હતો. તેની મારફતે યહોવાહે અરામને જીત પમાડી હતી, તેથી કરીને તે પોતાના ધણી આગળ રાજ્યમાં મોટો માણુસ તથા માનવંતો ગણુાતો હતો; પણુ દુઃખની વાત કે તે બિચારો કોઢિયો હતો. યહુદીઓની રીત પ્રમાણે કોઢિયા માણુસને અલગ કરવામાં આવતો હતો; પણુ નાઅમાન માટે તેમ થયું ન હતું, પણુ તેથી ઉલટું રાજાના દરબારમાં જતો અને રાજાની સાથે બેસતો હતો; તો પણુ આ ખરાબ રોગ વિષે તે ઘણો ગભરાતો હશે, કેમકે જ્યારે તેના ઘરમાં પાળેલી એક ઇસ્રાએલી નાની છોડીએ સલાહ આપી કે, "આપણો શેઠ સમરૂનમાંના ભવિષ્યવાદીની પાસે જાય તો કેવું સારૂં! કેમકે ત્યારે તો તે તેનો કોઢ મટાડે," તે પ્રસંગે અરામના રાજાએ તે વિષે કેટલી બધી ફિકર કરી! ઇસ્રાએલના રાજા પર તેણે ભલામણુપત્ર લખી મોકલ્યો, અને ખુદ નાઅમાન પોતે દસ તાલંત રૂપું (ત્રીસ હજાર રૂપીઆ), તથા સોનાની છ હજાર મહોર (રૂા. ૬૦૦૦), અને દસ જોડ વસ્ત્ર લઇને ગયો હતો, એ માટે કે તે સાજો થાય. ઇસ્રાએલના રાજાએ એ સાંભળી પોતાનાં વસ્ત્ર ફાડીને કહ્યું કે, "શું મારવાને તથા જીવાડવાને હું દેવ છું?" એ પરથી જણુાય છે કે, ઇસ્રાએલના રાજાના મનમાં એવું આવ્યું કે અરામનો રાજા મારી વિરૂદ્ધ નિમિત્ત શોધે છે; પણુ ઇશ્વરભક્ત એલીશાએ તે વાત સાંભળી ત્યારે રાજાને કહાવી મોકલાવ્યું કે શા માટે તેં પોતાનાં વસ્ત્ર ફાડ્યાં છે? તેને મારી પાસે મોકલ, ને તે જાણુશે કે ઇસ્રાએલમાં ભવિષ્યવાદી છે. નાઅમાન ભવિષ્યવાદી પાસે ગયો અને તેનો

શુદ્ધ થવાનો ઉપાય પ્રથમ તેને બહુ નજીવો લાગ્યો, પણ પછીથી તેના કહેવા પ્રમાણે યરદન નદીમાં સાત વાર ડુબકી મારવાથી તે સાજો થયો. એ વિષે ૨ રા. ૫ માં બધી વાત લખવામાં આવી છે. આ બનાવથી નાઅમાન કેટલો બધો ખુશી થયો હશે! તેનો પોતાનો કોઢ મટયો એટલુંજ નહિ, પણ એલીશાએ તેની પાસેથી કંઇ પૈસા કે ભેટ લીધી નહિ. એજ પ્રમાણે પાપથી મુક્ત થવાનો ઉપાય પણ માણુસની નજરે બહુ નજીવો દેખાય, પણ ઇસુ ખ્રીસ્ત પર જે વિશ્વાસ કરે તે તારણ પામે. એક બાજુ વિશ્વાસથી માણુસ શુદ્ધ થાય છે ત્યારે બીજી બાજુ દ્રવ્યલોભથી માણુસ અશુદ્ધ થાય છે, તે વાત ગેહજીની વાત પરથી જણાય છે. એલીશાના ચાકર ગેહજીએ લલચાઇને બે તાલંત રૂપું (રૂા. ૬૦૦૦) અને બે જોડ વસ્ત્ર લીધાં. પરમેશ્વરનું કામ આવી રીતે બગાડવાને કારણે ગેહજી પોતે કોઢિયો થઇ ગયો. નાઅમાનના સાજા થવા વિષે પ્રભુ ઇસુ લુક ૪; ૨૭ માં ઇસારો કરે છે. નાઅમાન સાજો થયા પછી પોતાના દેશમાં જઇ મૂર્તિપૂજા છોડી કે નહિ, (રમ્મોન દેવતાના ઘરમાં ફરી ગયો કે નહિ એ વિષે કશી ખબર નથી. નવ દસ વર્ષ બાદ જ્યારે એલીશા દમસ્કમાં ગયો ત્યારે અરામના રાજા બેનહદાદે પોતાના સાજા થવા વિષે એલીશાને પુછયું હતું. (૨) બિન્યામીનના પુત્રોમાંનો એક (ઉત્પ. ૪૬; ૨૧. ૧ કાળ. ૮; ૪, ૭). (૩) બિન્યામીની બેલાના દીકરા નાઅમાનથી નાઅમીઓનું કુટુંબ થયું (ગણ. ૨૬; ૪૦).

નાઅમાહ = સુંદર. (૧) લામેખ તથા સિલ્લાહની દીકરી (ઉત્પ. ૪; ૨૨). (૨) રાજા આમ્મોનની દીકરી અને સુલેમાન રાજાની સ્ત્રીઓમાંની એક હતી. તેને એક પુત્ર થયો જેનું નામ રહાબઆમ હતું (૧ રા. ૧૪; ૨૧, ૩૧. ૨ કાળ. ૧૨; ૧૩). (૩) યહુદાહના પ્રદેશમાં આવેલું એક શહેર (યહો. ૧૫; ૪૧). કેટલાક એમ ધારે છે કે માક્કેદાહની અગ્નિ કોણમાં પાંચ માઇલ ઉપર નાઅનેહ ગામ આવેલ છે તેજ તે હશે.

નાઅરાન = છોકરવાદ. એફ્રાઇમ પ્રાંતમાં બેથેલ તથા યરેખો વચ્ચે આવેલું એક ગામ હતું (૧ કાળ. ૭; ૨૮).

નાઅરાય = જુવાનપણું. દાઉદના લશ્કરમાં એક મુખ્ય સરદાર હતો (૧ કાળ. ૧૧; ૩૭). તેને ૨ શમૂ. ૨૩; ૩૫ માં પાઅરાય કહે છે.

નાઅરાહ = છોડી. (૧) આશ્શૂરની બે સ્ત્રીઓમાંની બીજી, જે યહુદાહ કુળની હતી (૧ કાળ. ૪; ૫, ૬). (૨) આ નામની એક જગ્યા હતી (યહો. ૧૬; ૭).

નાઆમ = આનંદી. યફુન્નેહના પુત્ર કાલેબના ત્રણ પુત્રોમાંનો એક (૧ કાળ. ૪; ૧૫).

નાઈન = ખુશનુમા; બીડ. આ ગામની ભાગળ ઇસુએ વિધવાના પુત્રને સજીવન કર્યો. 'જબલદુહી' પહાડના વાયવ્ય ઢાળાવ ઉપર તાબોર પર્વતથી ચાર માઇલ દૂર અને કાપરનાહુમ શહેરની નૈરૃત્ય કોણમાં પચ્ચીસ માઇલ દૂર નેઇન નામનું એક ગામ આવેલું છે, તેજ કદાચ પુરાતન નાઇન હશે. પ્રભુ ઇસુએ જે ત્રણને મુએલાંમાંથી જીવતા કીધા તેમાંનો આ પહેલો છે (લુક ૭; ૧૧–૧૭).

નાઓમી = દિલપસંદ. અલીમેલેખની સ્ત્રી અને માહલોન અને કિલ્યોનની મા અને રૂથની સાસુ થાય (રૂથ ૧; ૨, ૨૦, ૨૧ : ૨; ૧). તેનું વતનગામ બેથલેહેમ-યહુદાહ હતું. દુકાળને લીધે તે સહકુટુંબ મોઆબ દેશમાં ગઇ, અને ત્યાંની દીકરીઓમાંથી પોતાના દીકરાઓને માટે કન્યાઓ લીધી. પાછળથી તેનો ધણી અને તેના બે દીકરા મરણ પામ્યા, ત્યારે ત્રણે વિધવા થઇ. નાઓમી પોતાને દેશ જવા નીકળી ત્યારે એની બે પુત્રવધુઓમાંની એક, એટલે રૂથ એની સાથે બેથલેહેમ આવી, અને ત્યાર પછી બોઆઝની સાથે તેણે લગ્ન કીધાં.

નાખોન = તૈયાર કીધેલું. આ માણુસની ખળી પાસે ઉઝ્ઝાહ મરણ પામ્યો (૨ શમૂ. ૬; ૬). એને ૧ કાળ. ૧૩; ૯ માં કીદોન કહે છે.

નાગાઇ = પ્રકાશિત કરનાર. ખ્રીસ્ત ઇસુના પૂર્વજોમાંનો એક (લુક ૩ ; ૨૫).

નાજીર = અલગ કરાએલો ; વૈરાગવત. ઇસ્રાએલીઓમાંના જેઓ ગણ. ૬ ; ૨-૨૧ માં બતાવેલા નિયમો માથે ચઢાવી બીજા બધાથી જુદા થઇ યહોવાહને અર્પણ થતા હતા તેઓને નાજીર કહેતા હતા. પુરૂષ તેમજ સ્ત્રી આ વ્રત લઇ શકતાં હતાં. કેટલાંક માણસો કંઇ ખાસ કારણને માટે મહિનો કે ત્રણ મહિના આ વ્રત માથે ચઢાવતા હતા, પણ બીજા ખાસ પ્રભુને માટે આખી જીંદગી અર્પણ કરી આ વ્રત પાળતા હતા. પવિત્ર શાસ્ત્રમાં બતાવેલા શામશૂન, શમૂએલ અને યોહાન બાપ્તિસ્મા કરનાર એવા પ્રકારના નાજીર હતા (ન્યા. ૧૩ ; ૪, ૫. ૧ શમૂ. ૧ ; ૧૧. લુક ૧ ; ૧૫). જે કોઇ આ વ્રત લે તેણે નીચેના ત્રણ નિયમો પાળવા જોઇએ. (૧) દ્રાક્ષરસ કે દારૂ પીવો નહિ. (૨) માથાના વાળ કદી મુંડાવવા નહિ. (૩) મુડદાને અડકવું નહિ. અમુક મુદતને માટે ઇસ્રાએલીઓમાંના ઘણુએક આ વ્રત લેતા હતા એમ દેખાય છે, કેમકે એ સંબંધીના નિયમો તેમજ તેથી છુટવાના નિયમો લખવામાં આવ્યા છે (ગણ. ૬. આમો. ૨ ; ૧૧, ૧૨) ; પણ આખી જીંદગીભર જેઓ નાજીર થયા તેઓમાં તો ઉપર બતાવેલા ત્રણજ પુરૂષ હતા. જ્યારે આ વ્રતના દિવસો પુરા થાય ત્યારે 'મુલાકાતમંડપના દ્વાર'ની પાસે નાજીર પોતે હાજર થાય અને નીચેનાં ત્રણ અર્પણ ચઢાવે. (૧) દહનીયાર્પણને સારૂ પહેલા વર્ષનું ખોડ વિનાનું નર હલવાન. (૨) પાપાર્થાર્પણને સારૂ પહેલા વર્ષની ખોડ વિનાની એક ઘેટડી. (૩) શાંત્યર્પણને સારૂ ખોડ વિનાનો એક ઘેટો. તેઓને યાજક યહોવાહની આગળ રજુ કરે ને ત્રણે અર્પણ ચઢાવે ; ત્યાર બાદ મુલાકાતમંડપના દ્વાર પાસે નાજીર પોતાનું માથું મુંડાવે અને પોતાના માથાના વાળ શાંત્યર્પણના યજ્ઞમાં બાળી નાખે. હાલના વખતમાં નાજીરવ્રતના બંધનમાં ખ્રીસ્તી માણસ નથી, કેમકે પવિત્ર આત્માથી ચેતાઇને પ્રેરિતોએ ઠરાવ્યું કે, ઝુંસરી આપણે તથા આપણા પૂર્વજો સહી શકતા નથી, તે અન્ય કોમો પર બોજારૂપ નાખવી નહિ (પ્રે. કૃ. ૧૫ ; ૧૦) ; તોપણ યહુદીઓને ખુશ કરવા ખાતર મુસાના નિયમને કોઇ વખત અનુસરતા હતા. પાઉલ જ્યારે કરીંથમાં હતો ત્યારે કોઇ કારણસર તેણે આ વ્રત પોતાને માથે લીધું હતું અને સિરિયા જતાં કેંખરીઆમાં તેણે પોતાના વાળ ઉતાર્યા હતા, અને યરૂશાલેમમાં આવી રીતસર તેણે ઉતારેલા વાળની ઠરાવેલી ક્રિયા કીધી હતી (પ્રે. કૃ. ૧૮ ; ૧૮). વળી એક બીજી વખતે (પ્રે. કૃ. ૨૧ ; ૨૩-૨૬), એટલે પચાસી પર્વે તેણે આ વ્રત લીધું હતું. અને આ વ્રતનો ત્યાગ કર્યા બાદ ઘણા દિવસ પછી જ્યારે તે યરૂશાલેમમાં આવ્યો ત્યારે બીજા ચાર માણસોની સાથે તેણે ઠરાવેલો વિધિ પુરો કરી શુદ્ધ થયો હતો. જો કે આ વ્રત પાળવા આપણે બંધાયલા નથી તોપણ અવિશ્વાસીઓની સાથે નાલાયક સંયોગ નહિ કરતાં ખ્રીસ્તનો વધસ્તંભ ઉંચકીને તેની પાછળ જવું (માત્થી ૧૬ ; ૨૪. રૂમી. ૧૨ ; ૧. ૨ કરીં. ૬ ; ૧૭. કલો. ૨ ; ૨૦-૨૩. યાકુ. ૧ ; ૨૫. ૧ પીત. ૨ ; ૧૬).

નાઝારી=નાઝારેથનો વતની. આ સંજ્ઞાસુચક શબ્દ ઇસુ ખ્રીસ્તને માત્ર એક વખત લગાડવામાં આવ્યો છે (માત્થી ૨ ; ૨૩), અને બીજાં બધાં વાક્યોમાં નાઝરેથનો ઇસુ એ દર્શાવવાને નાઝારી શબ્દ મુકવામાં આવ્યો છે (માર્ક ૧ ; ૨૪ : ૧૦ ; ૪૭ : ૧૪ ; ૬૭ વિગેરે). પ્રથમ પ્રભુ ઇસુને જ્યારે આ વિશેષણ લગાડવામાં આવ્યું ત્યારે તેમાં એટલોજ અર્થ દર્શાવવામાં આવેલો હતો કે તે નાઝરેથનો રહીશ ; પણ પાછળથી એ શબ્દ તિરસ્કારને અર્થે વાપરવામાં આવ્યો એમ દેખાય છે. કેટલાક વિદ્વાનો ધારે છે કે, આ શબ્દમાં હેબ્રી ભાષાનાં 'નેતસર' (=અંકુર) શબ્દની સુચના કરવામાં આવી છે (યશા. ૧૧ ; ૧). ઇસુ ખ્રીસ્તના શિષ્યોને આ

નામ આપવામાં આવ્યું છે (પ્રે. કૃ. ૨૪; ૫). પાલેસ્ટાઇન અને સિરિયામાં હજી સુધી ખ્રીસ્તીઓને આ નામ આપવામાં આવે છે. મુસલમાનો ખ્રીસ્તીઓને 'નસારા' કહે છે અને તેમાં આજ શબ્દનો અર્થ રહેલો છે. (વ્રત વિષે જુઓ નાઝીર).

નાઝારેથ = અલગ થએલું. ઘણું કરીને એવું ધારવામાં આવે છે કે, હેબ્રી શબ્દ 'નેતસર' ની એક રચના નાઝારેથ કરવામાં આવી હોય. હેબ્રી નેતસરનો અર્થ અંકુર કે અલગ કરવું એવો થાય છે. બીજા કેટલાક એવું ધારે છે કે, આ શહેરની પાછળ એક ડુંગર આવેલો છે, કે જે પરથી પાલેસ્ટાઇનનો બધો સુંદર દેખાવ જોઇ શકાય છે. હવે તે ડુંગરનું નામ હેબ્રીમાં 'નોતસેરાહ' છે, જેનો અર્થ તપાસનાર કે નજર રાખનાર એવો છે. તે ડુંગરના નામ પરથી આ શહેરનું નામ નાઝારેથ પડયું હોય. આ શહેરનું નામ જુના કરારમાં આવતું નથી. તે આપણા પ્રભુ ઇસુનું વતનગામ અને મરિયમ તથા યુસફનું 'પોતાનું શહેર' હતું (લુક ૨; ૩૯). અહિં ખ્રીસ્તના જન્મ વિષે ખબર આપવા ગાબ્રીએલ દૂત કુમારિકા મરિયમ પાસે આવ્યો હતો (લુક ૧; ૨૬–૨૮). ઇસુ મિસરમાંથી પાછો આવી અહિં રહ્યો અને ત્યાંજ મોટો થયો હતો (લુક ૪; ૧૬). વળી અહિંજ તેણે સભાસ્થાનોમાં પોતાની જાહેર ધર્મ-સેવાનો આરંભ કીધો (માત્થી ૧૩; ૫૪). એક વખતે તે નાઝારેથના સભાસ્થાનમાં બોધ કરતો હતો ત્યારે લોકો એટલા બધા તેની સામે થયા, કે જે 'પહાડ પર શહેર બાંધેલું હતું' તે પહાડ પર લઇ જઇ તેને હેઠળ પાડી નાખવાનો તેમણે ઠરાવ કીધો (લુક ૪; ૨૯). બે વાર તેઓએ પોતાની હદમાંથી તેને બહાર કાઢી મુક્યો (લુક ૪; ૧૬-૨૯. માત્થી ૧૩; ૫૪-૫૮). પછી ઇસુ આ શહેરમાંથી નીકળી ગયો અને તેઓના અવિશ્વાસને લીધે તેણે ત્યાં ઘણાં પરાક્રમી કામ ન કીધાં (માત્થી ૧૩; ૫૮), અને ત્યાંથી નીકળી કાપરનાહુમમાં આવી રહ્યો. આ શહેર લબાનોન પહાડની દક્ષિણ ધારોમાં તાબોર પહાડની પશ્ચિમે ૭ માઇલ ઉપર અને ગાલીલ સમુદ્રથી આસરે ૧૪ માઇલ ઉપર પહાડના ઉભા ઢોળાવ ઉપર આવેલું હતું. આ શહેર હાલ 'એન-નાઝી-રાહ' નામથી ઓળખાય છે, તેમાં ૬,૦૦૦ માણસની વસ્તી છે. ઘરોની બાંધણી પત્થરોની જોવામાં આવે છે. શહેરમાં મુસલમાનોની વસ્તી થોડી પણ ખ્રીસ્તીઓની વધુ જોવામાં આવે છે, અને યહુદીઓ બીલકુલ નથી. આ શહેરની ચારે બાજુ પર પહાડોની ધારો આવેલી છે, તેથી કરીને શહેર કુદરતી રીતે કિલ્લાબંધ બનેલું છે. મિસર અને મધ્યઆશિયાની સરિયામ સડક આ શહેરની આગળ થઇ જાય છે. આ શહેરને લગતી એવી કેટલીક જગ્યાઓ બતાવવામાં આવે છે કે જેની સાથે ઇસુ ખ્રીસ્ત અને તેની માતુની વાત જોડાયલી છે. એક જગ્યા એવી બતાવવામાં આવી છે કે, આ જગ્યાએ ગાબ્રીએલ દૂતે મરિયમને દર્શન દીધું હતું, પણ એવી વાતો માનવાને કંઇ પણ શાબીતી નથી. આ શહેરને લગતો પાણીનો એક ઝરો છે, શહેરની જમીન ફળદ્રુપ ને રસાળ છે. પહાડો પર રંગબેરંગી ફૂલો ખીલી પહાડોની રમણીયતામાં વધારો કરે છે. 'શું નાઝરેથમાંથી કંઇ સારૂં નીકળી શકે?' (યોહા. ૧; ૪૬). આ શબ્દો પરથી કેટલાક માણસો એમ ધારે છે કે, નાઝારેથ તે વખતમાં અપમાનિક અને હલકું શહેર ગણાતું હતું એટલુંજ નહિ, પણ ગાલીલનાં માણસો અણસુધરેલ અને ગામડીઆ હોઇ બહારના વિદેશીઓ સાથે મળી ગયા હતા, અને ધર્મ અને નીતિની બાબતમાં પાછળ પડેલા હતા, માટે યોહ. ૧; ૪૬ માં નાથાનાએલે એમ કહ્યું હશે. ઇસુ ખ્રીસ્તના જમાનામાં આ શહેરની વસ્તી ઘણું કરીને પંદરથી વીસ હજાર માણસોની હતી, અને એમ ખ્રીસ્તના વખતમાં શહેર મોટું અને આબાદ

હતું. નાઝારેથ—ઇસુનું વતન (માત્થી ૨; ૨૩ઃ ૪; ૧૩ઃ ૨૧; ૧૦. માર્ક ૧; ૯. લુક. ૧; ૨૬ઃ ૨; ૪, ૩૯, ૫૧ઃ ૪; ૧૬. યોહા. ૧; ૪૬). નાઝારેથનો ઇસુ (માત્થી ૨૬; ૭૧. માર્ક ૧; ૨૪ઃ ૧૦; ૪૭ઃ ૧૪; ૬૭ઃ ૧૬; ૬. લુક. ૪; ૩૪ઃ ૧૮; ૬૭ઃ ૨૪; ૧૯. યોહા. ૧; ૪૬ઃ ૧૮; ૫, ૭ઃ ૧૯; ૧૯. પ્રે. કૃ. ૨; ૨૨ઃ ૩; ૬ઃ ૪; ૧૦ઃ ૬; ૧૪ઃ ૧૦; ૩૮ઃ ૨૨; ૮ઃ ૨૬; ૯. માત્થી ૨૬; ૭૧. માર્ક ૧૪; ૬૭ઃ ૧૬; ૬.

નાથાન=આપેલું. (૧) દાઉદ તથા સુલેમાનના જમાનાનો એક ભવિષ્યવાદી હતો (૨ કાળ. ૯; ૨૯). મંદિર બાંધવા સંબંધી દાઉદે જે વ્યવસ્થા કરી તેના સંબંધે નાથાનનું નામ પ્રથમ જોવામાં આવે છે (૨ શમૂ. ૭; ૨, ૩, ૧૭). બાથશેબા સાથે દાઉદે જે પાપ કીધું તે વિષે દાઉદને તેણે ઠપકો આપ્યો હતો (૨ શમૂ. ૧૨; ૧-૧૪). દાઉદના પુત્ર સુલેમાનને કેળવણી આપવાનું કામ નાથાનને સોંપવામાં આવ્યું હતું (૨ શમૂ. ૧૨; ૨૫). તેની રાજ્યાભિષેક ક્રિયામાં નાથાને મુખ્ય ભાગ લીધો હતો (૧ રાજા ૧; ૮, ૧૦, ૧૧, ૨૨-૪૫). નાથાનના બે પુત્રો, એટલે ઝાબાદ (૧ કાળ. ૨; ૩૬) અને અઝાર્યાહ (૧ રાજા ૪; ૫) દરબારમાં માનવંતી જગ્યાઓ પર હતા. નાથાને ભજનસેવાની વ્યવસ્થા કરવામાં દાઉદને મદદ આપી હતી (૧ કાળ. ૨૯; ૨૫). વળી તેણે દાઉદનું તેમજ સુલેમાન રાજાનું વૃત્તાંત લખ્યું હતું (૧ કાળ. ૨૯; ૨૯. ૨ કાળ. ૯; ૨૯ ગીત. ૫૧નું મથાળું). (૨) દાઉદથી બાથશેબાને પેટ થએલો એક પુત્ર (૨ શમૂ. ૫; ૧૪), તેનું નામ પ્રભુ ઇસુની વંશાવળીમાં આવે છે (લુક. ૩; ૩૧). (૩) (એઝ. ૮; ૧૬ઃ ૧૦; ૩૯. ૧ રાજા ૪; ૫). (૪) (૨ શમૂ. ૨૩; ૩૬. ૧ કાળ. ૧૧; ૩૮). (૫) (૧ કાળ. ૨; ૩૬). ચોથા તથા પાંચમા નંબરનો તેજ ત્રીજા નંબરનો માણસ હશે.

નાથાન-મેલેખ=રાજાનું દાન. રાજા યોશીયાહનો એક ખવાસ હતો (૨ રાજા. ૨૩; ૧૧).

નાથાનાએલ=દેવનું દાન. આ માણસ ગાલીલના કાનાનો વતની હતો (યોહા. ૨૧; ૨). એના વિષે પ્રભુ ઇસુએ સાક્ષી પુરી કે "જુઓ, આ ખરેખરો ઇસ્રાએલી કે જેનામાં કંઇ કપટ નથી" (યોહા. ૧; ૪૭). પ્રભુ ઇસુના પુનરૂત્થાન પછી તિબેરિયસ સમુદ્ર પર તેને ઇસુનું દર્શન થયું. નાથાનાએલનું નામ સંદર્શક સુવાર્તામાં આવતું નથી પણ કેટલાક એમ ધારે છે કે બારથોલોમી તે એજ હશે. તે ફિલિપને પ્રભુ ઇસુ પાસે લાવ્યો.

નાદાબ=ઉદાર. (૧) હારૂનના ચાર પુત્રોમાંનો જેષ્ઠ પુત્ર. (નિર્ગ. ૬; ૨૩. ગણ. ૩; ૨). તેને તથા તેના ભાઇઓને અને તેના પિતાને યહોવાહની સેવા કરવાને યાજકપદ આપવામાં આવ્યું હતું (નિર્ગ. ૨૮; ૧). તેણે દહનીયાર્પણની વેદી ઉપર પારકો અગ્નિ ચઢાવ્યો તેથી પોતાના ભાઇ અબીહુ સાથે માર્યો ગયો (લેવી. ૧૦; ૧, ૨. ગણ. ૩; ૪ઃ ૨૬; ૬૦). (૨) યરોબઆમનો પુત્ર તથા ઇસ્રાએલનો રાજા (૧ રાજા. ૧૪; ૨૦). એની રાજ્ય કારકીર્દીને બીજે વર્ષે એણે દક્ષિણ દાનમાં આવેલા ગિબ્બથોન ગામને ઘેરો ઘાલ્યો (યહો. ૧૯; ૪૪). તે વખતે તેના લશ્કરમાં બંડ ઉઠયું અને અહીયાહના દીકરા બાઅશાએ તેને માર્યો ને પોતે રાજા થયો ને રાજગાદી ઉપર આવ્યો કે તેણે યરોબઆમના ઘરનાં સર્વને માર્યાં. અને એમ શીલોની અહીયાહનું ભવિષ્ય પુરૂં પડયું (૧ રાજા. ૧૫; ૨૫-૩૨). નાદાબે બે વર્ષ રાજ્ય કીધું (ઇ. સ. પૂ. ૯૫૪-૯૫૩). (૩) યહુદાહવંશી એક પુરૂષ (૧ કાળ. ૨; ૨૮, ૩૦). (૪) એક બિન્યામીની, જેના વંશમાં શાઉલ આવ્યો (૧ કાળ. ૮; ૩૦ઃ ૯; ૩૬).

નાફતાલી=બાથ ભીડવી. યાકુબનો પાંચમો પુત્ર; તેની મા બિલ્હાહ જે રાહેલની દાસી (ઉત્પ. ૩૦; ૮). જ્યારે યાકુબ મિસરમાં

ગયો ત્યારે નાફ્તાલીને ચાર પુત્રો હતા (ઉત્પ. ૪૬ ; ૨૪). એના વિષે શાસ્ત્રમાં કંઇ ખાસ બિના લખવામાં આવી નથી.

નાફ્તાલી કુળ. આ કુળની ભવિષ્યની હાલત સંબંધી યાકુબના આપેલા આશીર્વાદમાં બતાવવામાં આવ્યું છે કે, "નાફ્તાલી છુટી મુકેલી સાબરી, તે ઉત્તમ શબ્દ આપે છે" (ઉત્પ. ૪૯ ; ૨૧). નિર્ગમનમાં તેઓની સંખ્યા ૫૩,૪૦૦ પુરૂષોની હતી (ગણુ. ૧ ; ૪૩). અને નિર્ગમનને અંતે બીજી ગણના થઇ ત્યારે તેઓની સંખ્યા ૪૫,૪૦૦ની હતી (ગણુ. ૨૬ ; ૪૮–૫૦). અરણ્યમાં દાન, આશેર અને નાફ્તાલી એ ત્રણેની એક છાવણી દાન નામથી ઓળખાતી હતી અને મંડપની ઉત્તર ગમ તેમનો પડાવ નાખવામાં આવતો હતો (ગણુ. ૨ ; ૨૫–૩૧). નાફ્તાલી કુળને વતનને માટે જે જમીન મળી, તે યહો. ૧૯ ; ૩૨–૩૯ માં બતાવવામાં આવી છે. આ વતનભૂમિની સીમા પૂર્વે યરદન નદી, ગાલીલ સમુદ્ર અને મેરોમ સરોવર ; પશ્ચિમે આશેરનો મુલક ; ઉત્તરે સિરિયા અને દક્ષિણે ઇસ્સાખાર અને ઝબુલૂનનો મુલક. દેશનું ક્ષેત્રફળ ઇસ્રાએલના કરતાં બમણું, એટલે ૮૦૦ ચોરસ માઇલ છે. બધાં કુળોને મળેલી જમીન કરતાં આ કુળને મળેલી જમીન ફળદ્રુપ ને રમણીય હતી. એમાં કાદેશ નામનું શહેર જે આવેલું હતું તેની આસપાસના પ્રદેશને ગાલીલ કહેતા હતા, પણ પાછળથી પાલેસ્ટાઇનના તમામ ઉત્તર ભાગને એ નામ આપવામાં આવ્યું. અહિં ઘણા પરદેશીઓ આવીને વસ્યા હતા તેથી શાસ્ત્રમાં તેને "વિદેશીઓનું ગાલીલ" કહે છે (માત્થી ૪ ; ૧૫, ૧૬). નાફ્તાલીના દક્ષિણ ભાગને "પાલેસ્ટાઇનની વાડી" કહેતા હતા. કેદેશ શહેર તે આશ્રયનગર હતું. બારાક ન્યાયાધીશ તેમાં રહેતો હતો (ન્યાયા. ૪ ; ૬). પ્રભુ ઇસુની કરેલી ધર્મસેવાનો ઘણોખરો ભાગ આ કુળની જગ્યાની સાથે સંબંધ રાખે છે. તેનાં કહેલાં દૃષ્ટાંતો અને કરેલા ચમત્કારોમાંના ઘણા ખરા આ પ્રાંતમાં બન્યા છે. ઇસ્રાએલના રાજા બાઅશા અને યહુદાહના રાજા આસાના વખતમાં અરામના રાજા બેનહદાદે ચઢાઇ કરી ત્યારે સૌથી પહેલું જોખમ આ કુળને વેઠવું પડયું હતું (૧ રા. ૧૫ ; ૨૦. ૨ કાળ. ૧૬ ; ૪). ઇસ્રાએલના રાજા પેકાહના વખતમાં આશ્શૂરના રાજા તિગલાથ પિલેસેરે ઇસ્રાએલના આખા ઉત્તર ભાગ ઉપર ચઢાઇ કરી લોકોને બંદિપ્રવાસમાં લઇ ગયો (૨ રા. ૧૫ ; ૨૯). તેમાં નાફ્તાલી કુળ બંદિપ્રવાસમાં લઇ જવાયું અને થોડાં વર્ષ પછી આખા ઇસ્રાએલ રાજ્યનો અંત આવ્યો (ઇ. સ. પૂ. ૭૨૨). જે ભૂમિ એક વખત બહુ ફળદ્રુપ અને રમણીય હતી તે હાલ લગભગ વેરાન થઇ ગએલી છે. નાફ્તાલી કુળ (ઉત્પ. ૩૩ ; ૨૫ : ૪૬ ; ૨૪ : ૪૯ ; ૨૧. નિર્ગ. ૧ ; ૪. ગણુ. ૧ ; ૧૫, ૪૨, ૪૩ : ૨ ; ૨૯ : ૭ ; ૭૮ : ૧૦ ; ૨૭ : ૧૩ ; ૧૪ : ૨૬ ; ૪૮, ૫૦ : ૩૪ ; ૨૮. પુન. ૨૭ ; ૧૩ : ૩૩ ; ૨૩. ન્યાયા. ૧ ; ૩૩ : ૪ ; ૬, ૧૦ : ૫ ; ૧૮ : ૬ ; ૩૫ : ૭ ; ૨૩. ગીત. ૬૮ ; ૨૭. હઝ. ૪૮ ; ૩, ૪, ૩૪. પ્રક. ૭ ; ૬). તેમનું વતન (પુન. ૩૪ ; ૨. યહો. ૧૯ ; ૩૨–૩૯. ન્યા. ૭ ; ૨૩. ૧ રા. ૪ ; ૧૫ : ૭ ; ૧૪ : ૧૫ ; ૨૦. ૨ રા. ૧૫ ; ૧૯. ૧ કાળ. ૨ ; ૨ : ૭ ; ૧૩ : ૧૨ ; ૩૪, ૪૦ : ૨૭ ; ૧૯. ૨ કાળ. ૧૬ ; ૪ : ૩૪ ; ૬. યશા. ૯ ; ૧. માત્થી ૪ ; ૧૩, ૧૫). લેવીનાં નગર (યહો. ૨૦ ; ૭ : ૨૧ ; ૬, ૩૨. ૧ કાળ. ૬ ; ૬૨, ૭૬).

નાફ્તુહીમ = સરહદ પરના લોક. મિસરની એક કોમ હતી, તેઓ હામના પુત્ર મિસરાઇમના વંશજો હતા (ઉત્પ. ૧૦ ; ૧૩. ૧ કાળ. ૧ ; ૧૧). એવું ધારવામાં આવે છે કે લિબીયાના 'નાપાતા' શહેરના તેઓ વતનીઓ છે. આ શહેર ઘણા સૈકા સુધી વેપાર રોજગારમાં ઘણું આબાદ ગણાયું હતું. ઑગસ્તસ બાદશાહે ઇ. સ. પૂ. ૨૨ માં તેને લઇ લીધું અને પેટ્રાનીયસે તેનો નાશ કીધો. દંતકથા એવી ચાલે છે કે કાન્ડાકી રાણીની

રાજધાની આ શહેરમાં હતી. આજ સુધી શહેરનું ખંડિયેર જોવામાં આવે છે.

નારીસ = તાજગી આપનાર. આ નામનો એક ઇશ્માએલી વંશનો પુરૂષ હતો (ઉત્પ. ૨૫; ૧૫. ૧ કાળ. ૧; ૩૧ : ૫; ૧૯).

નાબાલ = મૂર્ખ. આ માણસ કાલેબના વંશનો માઓન ગામનો વતની હતો. તે ગામને હાલ માઇન કહે છે, જે હેબ્રોનની અગ્નિ કોણુમાં સાત માઇલ ઉપર આવેલ છે. નાબાલ ઘણો મોટા માણુસ હતો, તેની પાસે ત્રણુ હજાર ઘેટાં તથા એક હજાર બકરાં હતાં...પણુ સ્વભાવે તે અસભ્ય તથા પોતાના વહેવારમાં દુષ્ટ હતો (૧ શમૂ. ૨૫; ૩, ૪). એક વેળા દાઉદ જ્યારે શાઉલથી ન્હાસતો હતો ત્યારે તેણે પોતાનાં દસ માણુસોને તેને ત્યાં મોકલ્યાં હતાં, તેઓની સાથે તેણે ઘણી અસભ્યતા વાપરી હતી (૧ શમૂ. ૨૫; ૧૦, ૧૧), પણુ તેની સ્ત્રી અબીગાઇલના જાણુ-વામાં જ્યારે તે વાત આવી ત્યારે તેણીએ દાઉદનું મન મનાવ્યું (૧ શમૂ. ૨૫; ૧૮). ત્યાર પછી બીજે દિવસે તેણીએ જ્યારે પોતાનો ધણી દારૂની અસરથી મુક્ત થયો ત્યારે તેણીએ તેની કરેલી બધી અસભ્યતા કહી બતાવી એટલુંજ નહિ, પણુ તેથી જે નુકસાન થવાનું હતું તેથી પણુ તેને વાકેફગાર કર્યો. એ બધું સાંભળીને નાબાલના હોશ-કોશ ઉડી ગયા, ને તે પત્થર જેવો થઇ ગયો; ને આશરે દસ દિવસ પછી એમ થયું કે યહોવાહે નાબાલને એવો માર્યો કે તે મરી ગયો (૧ શમૂ. ૨૫; ૩૭, ૩૮). થોડા દિવસ પછી તેની સ્ત્રી અબીગાઇલ સાથે દાઉદ પરણ્યો (જુઓ ૧ શમૂ. ૨૭; ૩: ૩૦; ૫. ૨ શમૂ. ૨; ૨ : ૩; ૩).

નાબોથ = ફળ. નાબોથ યિઝ્રએલીની જમીન યિઝ્રએલ પહાડના પૂર્વ ઢોળાવ પર આવેલી હતી (૨ રા. ૯; ૨૫, ૨૬). એની પાસે માત્ર આ એકજ ટુકડો જમીન હતી એમ દેખાય છે. આ જમીનમાં નાબોથની દ્રાક્ષ-વાડી હતી. આ વાડી ‘આહાબના મહેલ પાસે’ હતી (૧ રા. ૨૧; ૧, ૨) તેથી કરીને આહાબે તે વાડી રાખવાની ઇચ્છા કીધી, પણુ નાબોથે કોઇ પણુ સરતે તે વાડી આહાબને આપવાને ના પાડી (૧ રા. ૨૧; ૨-૪), કેમકે તે જમીન તેના પિતૃઓનું વતન હતું, અને એવી જમીન મુસાના નિયમશાસ્ત્ર પ્રમાણે વેચવાની મના હતી (લેવી. ૨૫; ૨૩); એથી કરીને આહાબ રાજાની રાણી ઇઝેબેલે કુયુક્તિ કરીને નાબોથ તથા તેના પુત્રોને મારી નંખાવ્યા (૧ રા. ૨૧; ૯–૧૪. ૨ રાજા. ૯; ૨૬), અને પોતાના ધણી આહાબને આ વાડીનો કબજો લેવાને મોકલ્યો; પણુ એવામાં યહોવાહના ચેતવ્યા મુજબ તિશ્બી એલીયાહ ભવિષ્યવાદી ત્યાં તેની પાસે આવ્યો (૧ રા. ૨૧; ૧૭, ૧૮), અને તેના તથા તેના ઘરનાંના નાશ વિષે ભવિષ્ય કહ્યું (૧ રા. ૨૧; ૧૭–૨૪). આ વખતે આહાબની સાથે યેહૂ અને બિદકાર હતા. યેહૂના મનમાં એલીયાહના શબ્દો બરોબર ઠસી ગયા હતા (૨ રા. ૯; ૨૫, ૨૬). એજ યેહૂની મારફતે પ્રભુએ એલી-યાહ ભવિષ્યવાદીના કહેવા પ્રમાણે આહાબ તથા ઇઝેબેલ અને તેના આખા ઘરનો નાશ કરાવ્યો (૨ રા ૯; ૩૦-૩૭: ૧૦; ૧૧). એલીયાહના શબ્દો સાંભળી આહાબ નમ્ર થયો (૧ રા. ૨૧; ૨૮, ૨૯), એ માટે પ્રભુએ એલીયાહનું ભવિષ્ય આહાબના પુત્ર યોરામના વખતમાં પુરૂં પાડયું (૨ રાજા. ૯; ૨૫). ઉપલી વાતથી આપણે શીખીએ છીએ કે, દરેક માણુસનો યોગ્ય બદલો યોગ્ય વખતે પ્રભુ વાળી આપે છે (ગીત. ૧૦૯; ૧૭, ૧૮).

નાયોથ = રહેઠાણુ. રામાહની પાસે શમૂએલે ભવિષ્યવાદીઓની એક કાલેજ સ્થાપી હતી તેને આ નામ આપવામાં આવ્યું છે. દાઉદ જ્યારે શાઉલ આગળથી નાસતો હતો ત્યારે અહિં તેણે થોડાં અઠવાડીઆં આશ્રા લીધો હતો (૧ શમૂ. ૧૯; ૧૮, ૧૯, ૨૨, ૨૩: ૨૦; ૧. ગીત. ૧૧ સાથે સરખાવો).

ભવિષ્યવાદીઓના પુત્રોને માટે આ જગ્યા તે સામાન્ય હતી.

નારકીસસ = અક્કલહીન. રૂમની મંડળીનો એક સભાસદ હતો, તેનાં ઘરનાંને પાઉલ ક્ષેમકુશળ મોકલે છે (રૂમી. ૧૬; ૧૧). દંતકથા એવી ચાલે છે કે ક્લાદિયસ કાઇસારનો તે ખાનગી વહિવટદાર હતો, પણ તે વાત ખાતરી ભરેલી નથી.

નાસોન = યાદ દેવડાવનાર. તે યરૂશાલેમનો એક ખ્રીસ્તી ભાઇ હતો, તેને ત્યાં પાઉલે ઉતારો લીધો હતો (પ્રે. કૃ. ૨૧; ૧૬). બાર્ણાબાસની માફક તે કુપ્રસ બેટનો વતની હતો (પ્રે. કૃ. ૧૧; ૧૯, ૨૦) અને કાઇસારીઆના ખ્રીસ્તીઓમાં એ પ્રખ્યાત માણસ ગણાતો હતો. તેને 'જુઓ શિષ્ય' કહે છે, તે પરથી જણાય છે કે તે યરૂશાલેમની મંડળીની સ્થાપના થઇ ત્યારનો ખ્રીસ્તી થએલો હશે.

નાહબી = ગુપ્ત રાખેલું. કનાન દેશની જાસુસી કરવા માટે જે બાર માણસો મોકલવામાં આવ્યા હતા તેમાં નાફતાલી કુળનો એક માણસ હતો (ગણ. ૧૩; ૧૪).

નાહમાની = દિલાસો દેનાર. બંદિપ્રવાસમાંથી જેઓ પાછા આવ્યા તેમાંનો એક (નહે. ૭; ૭). એઝ. ૨; ૨ માં તેનું નામ આપવું જોઇએ પણ ત્યાં તેનું નામ દાખલ કરવામાં આવ્યું નથી.

નાહરાય = ઉંઘમાં નસકોરાં વગાડનાર. દાઉદના સૈન્ય યોદ્ધાઓમાંનો એક જે યોઆબનો શસ્ત્રધાર હતો (૧ કાળ. ૧૧; ૩૯. ૨ શમૂ. ૨૩; ૩૭).

નાહલાલ = બીડ. યિસ્સાખારની સરહદ ઉપર આવેલું એક ગામ હતું (યહો. ૧૯; ૧૫), તેને ન્યા. ૧; ૩૦ માં નાહલોલ કહે છે. આ ગામ લેવીઓને આપેલું હતું.

નાહલીએલ=દેવની ખીણ. ઇસ્રાએલપુત્રોએ અરણ્યમાં મુસાફરી કરતી વખતે અહિં છાવણી કીધી હતી (ગણ. ૨૧; ૧૯). આ જગ્યા મોઆબમાં આવેલી છે.

નાહશોન = જાદુગર. અરણ્યમાં ઇસ્રાએલપુત્રોની પહેલી ગણના થઇ, ત્યારે યહુદાહપુત્રોમાં આમ્મીનાદાબ નામનો જે સરદાર હતો તેનો પુત્ર નાહશોન હતો (નિર્ગ. ૬; ૨૩). તેની બહેન અલીશેબાએ હારૂન સાથે લગ્ન કીધું હતું. નાહશોન અરણ્યમાં મરણ પામ્યો (ગણ. ૨૬; ૬૪, ૬૫). તેનું નામ પ્રભુ ઇસુની વંશાવળીમાં આવે છે (માત્થી ૧; ૪. લુક ૩; ૩૨).

નાહાથ = આરામ. (૧) એસાવના પુત્ર રેઉએલના ચાર પુત્રોમાંનો વડો પુત્ર (ઉત્પ. ૩૬; ૧૩, ૧૭). (૨) કહાથી વર્ગમાંનો એક લેવી હતો (૧ કાળ. ૬; ૨૬), તેને ૧ કાળ. ૬; ૩૪ માં 'તોઆહ' કહે છે, અને ૧ શમૂ. ૧; ૧ માં 'તોહૂ' કહે છે. (૩) યરૂશાલેમના મંદિરમાં જે અર્પણો ચઢાવવામાં આવતાં હતા તેની દેખરેખ રાખનાર એક લેવી હતો (૧ કાળ. ૩૧; ૧૩).

નાહામ = દિલાસો. આ નામનો એક યહુદી હતો (૧ કાળ. ૪; ૧૯).

નાહાશ = સર્પ. (૧) શાઉલના વખતમાં આમ્મોનપુત્રોનો એક રાજા હતો. તેણે યાબેશ-ગિલઆદના માણસો સામે ચઢાઇ કરી હતી. તે વખતે શાઉલ રાજા યાબેશ-ગિલઆદનાં માણસોની કુમકે ગયો અને તેમના પક્ષમાં રહીને એવી રીતે લડયો કે, સવારના પહોરમાં તેઓએ છાવણી મધ્યે પેસી જઇને આમ્મોનીઓને તડકો ચઢતાં સુધી માર્યા; અને એમ થયું કે જેઓ રહ્યા તેઓ એવા વિખેરાઇ ગયા કે કોઇ ઠેકાણે બે જણ ભેગા મળે નહિ (૧ શમૂ. ૧૧; ૧-૧૧: ૧૨; ૧૨). (૨) આ નામનો આમ્મોનપુત્રોનો એક બીજો રાજા હતો. તેણે દાઉદને દુઃખના વખતમાં મદદ આપી હતી (૨ શમૂ. ૧૦; ૨). એની પછી તેનો પુત્ર હાનુન ગાદીએ બેઠો, તેને દિલાસો દેવા માટે દાઉદે કેટલાક એલચીઓને મોકલ્યા, તેમનું હાનુને ભારે અપમાન કીધું, એ કારણ માટે બન્ને વચ્ચે લડાઇ જાગી. આમ્મોનીઓ

અરામીઓનું સંપીલું સૈન્ય લઇને 'હરવાજાના નાકા' આગળ, એટલે કદાચ મેદબા આગળ એકઠા થયા (૨ શમૂ. ૧૦; ૬-૧૪). દાઉદ રાજા તરફથી અરામીઓની સામે યેઆબ તથા તેનો ભાઇ અબીશાય સૈન્ય સાથે ગયા હતા. અરામીઓની સખત હાર થઇ, એમ છતાં બીજું લશ્કર બેલાવીને ફરી લડ્યા, તેમાં પણ તેઓની ભારે ખુવારી સાથે મોટી હાર થઇ અને ઇસ્રાએલીઓ જીત્યા (૨ શમૂ. ૧૦; ૧૭. ૧ કાળ. ૧૮; ૩). તેથી અરામીઓ અમ્મોનપુત્રોને ત્યાર પછી મદદ કરતાં બીતા હતા (૨ શમૂ. ૧૦; ૧૯: ૧૭; ૨૭). (૩) આબ્શાલોમના લશ્કરના સેનાધિપતિ અમાસાનો પિતા (૨ શમૂ. ૧૭; ૨૫). વિશાઇની સ્ત્રીએ પહેલાં આ માણસ સાથે લગ્ન કીધું હશે, અને તેથી કરીને અબીગાઇલ અને સરૂયા નામની બે દીકરીઓ ઉત્પન્ન થઇ હશે. તેથી કરીને આ તરફ જોતાં તે બે દીકરીઓ દાઉદની સાવકી બહેનો કહેવાય (સરખાવો ૧ કાળ. ૨; ૧૬).

નાહુમ=દિલાસો. નાના બાર ભવિષ્યવાદીઓમાંનો તે સાતમો હતો. ભવિષ્યવાદીને 'નાહૂમ એલ્કોશી' કહે છે. આ એલ્કોશ ગામ ગાલીલ પ્રાંતમાં આવેલું હતું. આજ નામનું એક બીજું ગામ નીનવેહની પાસે તિગ્રીસ નદીના પૂર્વ કાંઠા પર આવેલું હતું. કેટલાંક ધારે છે કે નાહૂમ ત્યાં રહેતો હતો. આ ભવિષ્યવાદી વિષે જે કંઇ આપણે જાણીએ છીએ તે તેના પુસ્તક પરથી છે. પુસ્તક પરથી આપણે અનુમાન કરી શકીએ છીએ કે, જે વખતે તેણે આ ભવિષ્યવાત લખી હશે તે વખતે તે આશ્શૂર દેશમાં રહેતો હશે. તેણે શહેરને દીઠું હતું, તેમજ શહેરમાં ચાલતો ભ્રષ્ટાચાર તથા મહિમા તેણે નજરે જોયો હશે. યૂનાના બોધ પરથી નિનવેહે પસ્તાવો કીધો હતો, પણ પાછળથી તેમણે પ્રભુનો ત્યાગ કીધો તેની આબાદી અને બળ જોઇને યહુદાહ બીતું હતું; તેવામાં નાહૂમ તેમને દિલાસો દેતાં જણાવે છે કે, નિનવેહ નાશ પામશે. થોડાં વર્ષ પછી એવું ભવિષ્ય સફાન્યાહે પ્રગટ કીધું (સફ. ૨; ૧૩-૧૫), અને હઝકીએલ જણાવે છે કે એનો નાશ થઇ ગયો છે (હઝ. ૩૧; ૩-૧૪). નાહૂમ ઇ. સ. પૂ. ૬૬૦-૬૦૭ સુધીમાં હતો, અને તે વખતે યહુદાહ પર યોશીયાહ રાજા હતો (૨ રા. ૨૧; ૨૨. ૨ કાળ. ૩૩; ૩૪).

નાહૂમનું પુસ્તક. જે ભવિષ્યવાદીનું નામ આ પુસ્તકને લગાડવામાં આવ્યું છે તેજ ભવિષ્યવાદીએ આ પુસ્તક લખ્યું છે. ભવિષ્યવાદીના નામનો અર્થ જેમ દિલાસો દેનાર છે, તેમજ આ પુસ્તકની વાત પણ દિલાસો દેનાર છે. આશ્શૂરી રાજ્યે ઇસ્રાએલી રાજ્યનો નાશ કીધો હતો અને ત્યાંના રહેવાસીઓને બંદિપ્રવાસમાં લઇ ગયું હતું, તેથી યહુદાહના રાજ્યને મોટો ભય ઉત્પન્ન થયો હતો. એ ભય દૂર કરતાં ધાસ્તીમાં આવેલા લોકોને નાહૂમ પ્રગટ કરે છે કે, એનાથી બીશો મા અને તેની ચઢતી જોઇને તેનાથી ભયભીત થશો મા, કેમકે તેણે જે જુલમ, ક્રૂરતા, રક્તપાત અને દેવ વિરૂદ્ધ દુર્ભાષણો કીધાં છે તેને લીધે જો કે તે આકાશ સુધી ઉંચું ચઢેલું છે પણ તે પાતાળ સુધી નીચું નંખાશે. આ પુસ્તકનો સાર બે શબ્દમાં સમાયલો છે, એટલે "નિનવેહનો નાશ." આ પુસ્તક પરથી જણાય છે કે, નાહૂમ જ્યારે આ ભવિષ્યવાત બોલતો હતો ત્યારે નો-આમોન કે થેબ્સ શહેરનો નાશ થઇ ગયો હતો (ઇ. સ. પૂ. ૬૬૦), અને નિનવેહનો નાશ ભવિષ્ય પ્રમાણે ઇ. સ. પૂ. ૬૦૭ માં થયો. ૬૬૦-૬૦૭ ની વચ્ચે નાહૂમ ભવિષ્યવાદી થયો તે નિઃસંદેહ વાત છે. વળી વધારે બારીક રીતે જોતાં પુસ્તકમાં એવી સુચના મળે છે કે, આશ્શૂરની ફોજે યહુદાહ દેશ ઉપર થોડા વખત પર હુમલો કરેલો હતો (ઇ. સ. પૂ. ૬૪૮), અને આશ્શૂરનું રાજ્ય ઇ. સ. પૂ. ૬૨૬ પછી નબળી સ્થિતિમાં આવતું ગયું; તો એ બે સાલની વચ્ચે,

એટલે આસરે ઇ. સ. પૂ. ૬૪૦માં નાહૂમે આ પુસ્તક લખ્યું હશે એ સંભવિત ગણીએ તો તેમાં ખોટું નથી. **પુસ્તકની મુખ્ય વાતો.** (૧) નિનવેહનો ન્યાયદંડ (અધ્યાય ૧). (૨) નિનવેહનો ઘેરો તથા લૂટ (અધ્યાય ૨). (૩) નિનવેહનો છેવટનો નાશ (અધ્યાય ૩). આ પુસ્તકમાંથી એક વાક્ય નવા કરારમાં ઉતારવામાં આવ્યું છે (નાહૂ. ૧ ; ૧૫ = રૂમી. ૧૦ ; ૧૫. સરખાવો યશા. ૫૨ ; ૬, ૭). વળી નાહૂ. ૧ ; ૭ની સુચના ૨ તીમો. ૨ ; ૧૯માં આપવામાં આવી છે. (૨) નાહૂમ (લુક ૩ ; ૨૫).

નાહોર = ફુંફાડો મારવો. (૧) ઇબ્રાહીમના પિતા તેરાહનો બાપ (ઉત્પ. ૧૧ ; ૨૨–૨૫. લુક ૩ ; ૩૪). (૨) તેરાહનો પુત્ર અને ઇબ્રાહીમનો વડો ભાઇ નાહોર હતો (ઉત્પ. ૧૧ ; ૨૬, ૨૭. યહો. ૨૪ ; ૨). તેણે પોતાના ભાઇ હારાનની પુત્રી મિલ્કાહ સાથે લગ્ન કીધાં, અને હારાનમાં ફ્રાત નદીની પૂર્વ બાજુએ રહ્યો (ઉત્પ. ૧૧ ; ૨૭–૩૨). યાકુબના વખત સુધી એને તથા ઇબ્રાહીમના સંતાનને પરસ્પર વહેવાર ચાલતો હતો, પણ યાકુબ જ્યારથી હારાન છોડીને પાલેસ્ટાઇનમાં આવ્યો, ત્યારથી એ બેઉ કુટુંબના સંબંધનો અંત આવ્યો (ઉત્પ. ૩૧ ; ૪૬). તેના દીકરા બથુએલની દીકરી રિબકાહે ઇસ્હાકની સાથે લગ્ન કીધું હતું (ઉત્પ. ૨૪ ; ૬૭).

નિકાનોર = જીતનાર. સાત સેવકોમાંનો એક હતો (પ્રે. કૃ. ૬ ; ૫).

નિકોપોલીસ = જીતનું શહેર. અહિં પાઉલે શિયાળો ગાળવાનું ઠરાવ્યું હતું (તીત. ૩ ; ૧૨). આ નામનાં બીજાં કેટલાંક પુરાતન શહેરો આવેલાં હતાં. પણ આ શહેર ઘણું કરીને એપીરસમાં આવેલું નિકોપોલીસ છે. કાઇસાર ઔગસ્તસે એક્ટ્યુમ (Actium)ની લડાઇ (ઇ. સ. પૂ. ૩૧)ની જીતના સ્મરણાર્થે બંધાવ્યું હતું, અને પાઉલ ઘણું કરીને તીતસને લખતાં એજ શહેરની વાત કરે છે.

નિનવેહ = નીનસનું રહેઠાણ કે નીન દેવીનું રહેઠાણ. નિનવેહ વિષે પહેલામાં પહેલી વાત ઉત્પ. ૧૦ ; ૧૧માં આવે છે. ત્યાં લખ્યું છે કે "તે આશ્શૂરમાં ગયો, ને નિનવેહ… વસાવ્યું." હવે તે, એ સર્વનામ નિમરોદને લાગે છે, જે પરથી જણાય છે કે નિમરોદે તે શહેર વસાવ્યું. ત્યાર પછી યૂનાના વખત સુધી આ શહેર વિષે કશું લખવામાં આવ્યું નથી. યૂનાના વખતમાં આ શહેર આશ્શૂરની રાજ્યધાનીનું એક ભવ્ય અને આબાદ શહેર ગણાતું હતું (યૂના ૨ ; ૩ : ૪ ; ૧૧. ૨ રા. ૧૯ ; ૩૬. યશા. ૩૭ ; ૩૭). નિનવેહના નાશ વિષે નાહૂમે ભવિષ્ય કહ્યું હતું (નાહૂ. ૧ ; ૧૪ : ૩ ; ૧૯). થોડાં વર્ષ પછી સફાન્યાહ ભવિષ્યવાદીએ એવુંજ ભવિષ્ય પ્રગટ કર્યું હતું (સફા. ૨ ; ૧૩–૧૫). ત્યાર પછી સુવાર્તામાં આ શહેરનું નામ આવે છે, ત્યાં સુધી શાસ્ત્રમાં એ વિષે કશું લખવામાં આવ્યું નથી (માત્થી ૧૨ ; ૪૧. લુક ૧૧ ; ૩૨). નિનવેહ આશ્શૂરની રાજ્યધાનીનું એક પુરાતન મશહૂર શહેર હતું. આ મહાન નગર તિગ્રીસ નદીની ડાબી બાજુ પર આવેલું હતું. એવું કહેવાય છે કે બાબેલોન શહેર કરતાં તે મોટું હતું. શહેરનો ઘેરાવો આશરે ૬૦ માઇલ જેટલો હતો (યૂના ૩ ; ૩). તેની આસપાસનો કોટ ૧૦૦ ફૂટ ઉંચો અને ત્રણ ઘોડાગાડીઓ સાથે દોડી શકે એવો પહોળો હતો. નગરની વસ્તી આશરે છ લાખ માણસની હતી. યૂના. ૧ ; ૨ પરથી જણાય છે કે શહેર ઘણું આબાદ હતું પણ ભુંડાઇ ઘણી ચાલતી હતી, માટે પરમેશ્વર તેનો નાશ કરવા ચહાતો હતો ; તો પણ તેમનાં મન જડ થઇ ગયાં ન હતાં એવાં કે તેઓ પસ્તાવો કરી ન શકે (યૂના. ૩ ; ૫–૧૦. માત્થી ૧૨ ; ૪૧). તેઓએ યૂનાના બોધથી પસ્તાવો કર્યો, અને પ્રભુએ તેમના ઉપર દયા કરી ; તો પણ તેમની ભુંડાઇ વધતી ગઇ અને નાહૂમ ભવિષ્યવાદીના કહેવા મુજબ તેમની ભુંડાઇને લીધે આખરે તેમનો નાશ થયો (નાહૂ. ૩ ; ૧–૧૪ : ૧ ; ૧૪.

યશા. ૧૦; ૧૨). માદી સીઆક્સરસ અને બાબેલના રાજા નબોપલાસરે સંપ કરી તેનો નાશ કર્યો, અને આશ્શૂરી બાદશાહતનો અંત આણ્યો. આશ્શૂરી રાજ્ય માદી અને બાબેલના રાજાએ વહેંચી લીધું. નિનવેહનો નાશ અજાયબ રીતે અને એકાએક થયો, અને તે કામ પ્રભુથી થયું છે (નાહૂ. ૨; ૬–૧૧. યશા. ૧૦; ૫–૧૯). આવું મોટું નગર છતાં ઘણા સૈકા સુધી તે કયે ઠેકાણે બાંધેલું હતું તે વિષે ખાતરી ન હતી, પણ આશરે સાઠેક વર્ષ પર વિલાયતી વિદ્વાનો તેની શોધ કરવા લાગ્યા. અને તિગ્રીસ નદી ઉપર મોસુલ નામનું એક શહેર બાંધેલું છે તેની પાસેની ઉંચી ટેકરીઓ ખોદવામાં આવી, અને ૨૦૦૦ વર્ષ પહેલાં નિનવેહની ભંગિત થએલી અને બાળી મુકેલી તથા જમીનદોસ્ત થએલી ઇમારતો અને રાજ્યમહેલો ફરી જોવામાં આવ્યાં છે. આશ્શૂર દેશના રાજાઓની હકીકત તથા ઇતિહાસ તેમજ તેમના રીતરીવાજ ભીંતો તથા સ્મારકસ્તંભ ઉપર કોતરેલાં હાથ આવ્યાં છે, જે વાંચીને શાસ્ત્રની ઘણી વાતોને ટેકો મળે છે. ખોદી કાઢેલા ખંડિયેરમાં ઘણાએક રાજ્યમહેલો તથા કિર્તિસ્તંભો દેખાય છે, તેમજ સૈનાખરીબના પૌત્ર આશ્શૂર-બાની-પાલની લાયબ્રેરી હાથ લાગી છે, જેમાંથી આશ્શૂરી ભાષામાં લખાયલી દસ હજાર ઈંટો હાથ આવી છે, જે પુરાતન દુનિયાના ઇતિહાસ પર પ્રકાશ પાડે છે. નિનવેહનો ઘણોએક ખોદી કાઢેલો સામાન પારીસ અને લંડન ઇત્યાદી પ્રસિદ્ધ શહેરોના સંગ્રહસ્થાનમાં રાખવામાં આવ્યો છે. ખંડિયેરના એક મિનારા પર એક કબર જોવામાં આવી છે જે યૂનાના નામથી ઓળખાય છે. નિનવેહના નાશ વિષે તથા તેના શોધ વિષે વિદ્વાનોએ ઘણીએક વાતો લખી છે, તો પણ આશ્શૂર રાજ્યની ઘણીએક ઐતિહાસિક વાતો અધુરી છે, અને પ્રગટ થએલી બધી વાતો ભરોસા લાયક છે એમ તો કહી ન શકાય.

નિબ્શાન = ફળદ્રુપ. યહુદાહના અરણ્યમાં આવેલું એક ગામ હતું. જે ઘણું કરીને એનગેદીની પાસે આવેલું હતું (યહો. ૧૫; ૬૨).

નિબ્હાઝ = ભસનાર. આ એક મૂર્તિનું નામ છે. તેને સમરૂનમાં આવ્વીઓએ ઉભી કરી હતી (૨ રા. ૧૭; ૩૧). આ મૂર્તિનો આકાર ઘણું કરીને કુતરા જેવો હતો.

નિમ્રાહ = ચોક્ખું. યરદનની પૂર્વમાં આવેલ એક શહેર હતું (ગણ. ૩૨; ૩). ઘણું કરીને યહો. ૧૩; ૨૭ માં જે બેથ-નિમ્રાહ આવે છે તે આજ હશે. હાલ યરેખોની પાસે ‘નાહાર-નિમરીન’ નામનો યરદન નદીનો એક આરો એ નામથી ઓળખાય છે.

નિમ્રીમ = વાઘનો વહેળો. આ નામનો એક ઝરો મોઆબ દેશમાં આવેલો હતો (યશા. ૧૫; ૬. યિર્મે. ૪૮; ૩૪). હાલ ઘણું કરીને મૃતસમુદ્રની અગ્નિકોણમાં ‘એન-નિમેરાહ’ નામની જે ખાઇ આવેલી છે તે એજ હશે.

નિમ્રોદ = દંગાખોર, હિમ્મતવાન. કુશનો પુત્ર અને નૂહના દીકરા હામનો પૌત્ર (ઉત્પ. ૧૦; ૮-૧૨). દુનિયામાં પહેલામાં પહેલી “પૃથ્વી પર બળવાન” એ પદવી નિમ્રોદને આપવામાં આવી છે. એમ હોય કે પ્રથમ પોતે બળવાન હોઇ ફાડી ખાનાર જંગલી જાનવરોનો શિકાર કરી, આસપાસની પ્રજાને સુખી કરી, પોતે પ્રસિદ્ધિમાં આવ્યો, અને ત્યાર પછી જેમ જાનવરોને તેમ માણસોને તાબે કરવાનો તેણે યત્ન કીધો (યિર્મે. ૧૬; ૧૬. મીખા, ૭; ૨); એ કારણ માટે તેને આ નામ આપવામાં આવ્યું હોય. બાબેલમાં પ્રથમ પોતાની રાજ્યધાની સ્થાપી શિનઆર દેશમાં તેણે ત્રણ નગર બાંધ્યાં, એટલે એરેખ, આક્કાદ તથા કાલ્નેહ; અને આશ્શૂરમાં જઇ તેણે નિનવેહ અને બીજાં ત્રણ શહેરો બાંધ્યાં. મીખા. ૫; ૬ માં આશ્શૂર દેશને નિમ્રોદનો દેશ કહે છે. નિમ્રોદ વિષે ઘણી દંતકથાઓ ચાલે છે; ને કહે છે કે તેણે મૂર્તિપૂજા શરૂ કરી, બાબેલનો બુરૂજ બાંધ્યો વિગેરે. આજ સુધી બાબેલ અને નિનવેહ તરફ નિમ્રોદનું

નામ લોકોને યાદ છે; કહે છે કે તે ઘણો બળવાન હતો.

નિમ્શી = બચેલો. યેહૂના પિતા યહોશાફાટનો પિતા નિમ્શી હતો (૨ રા. ૯; ૨. ૧ રા. ૧૯; ૧૬).

નિસ્રોખ = ગરૂડ. હેબ્રી ભાષાના 'નેશેર' (= ગરૂડ) શબ્દની સાથે આ નામ ઘણું કરીને સંબંધ રાખે છે. આશ્શૂરનાં માણસોનો આ એક દેવતા ગણાતો હતો; તેનું શરીર માણસનું અને મુખ ગરૂડનું હતું. આશ્શૂરનો રાજા સાન્હેરીબ આ દેવતાના મંદિરમાં પૂજા કરતો હતો, એવામાં આદ્રામ્મેલેખે તથા સારએસેરે તેને તરવારથી કાપી નાખ્યો. એવું કહેવાય છે કે નિનવેહનાં ખંડિયેરોમાંથી જે પુતળાં હાથ આવ્યાં છે તેમાં નિસ્રોખ દેવતાની મૂર્તિ પણ હાથ આવી છે (૨ રા. ૧૯; ૩૭. યશા. ૩૭; ૩૮).

નીકોદેમસ = જીત પામેલા લોક; ન્યાયી? તે એક ફરોશી અને સાન્હેદ્રીમ સભાનો સભાસદ હતો. તેના વિષે જે વાત આપણે પ્રથમ વાંચીએ છીએ, તે યોહા. ૩; ૧-૨૧ માં આવે છે. લોકોથી બીને જ્યાં ઇસુએ ઉતારો લીધો હતો ત્યાં રાત્રે તે તેની પાસે આવ્યો, ત્યાં પ્રભુ ઇસુએ તેને નવા જન્મ વિષે વાત કરી. પ્રભુ ઇસુની આ વાતથી નીકોદેમસને સારી અસર થઇ એમ લાગે છે, કેમકે જ્યારે યોહા. ૭; ૫૦-૫૨ માં આપણે તેના વિષે ફરી બીજી વાર વાંચીએ છીએ, ત્યારે સાન્હેદ્રીમ સભાના બીજા સભાસદો ઇસુ વિરૂદ્ધ મસલત કરે છે ને નિકોદેમસ તે વાતની સામે થાય છે. ત્યાર પછી એક ત્રીજી વખતે તેનું નામ ઇસુના દફન સંબંધે આવે છે (યોહા. ૧૯; ૩૯), એટલે સો શેર સુગંધી લઇને ઇસુને દફનાવવા તે આવ્યો. તે ખ્રીસ્તનો ખરો શિષ્ય થયો કે કેમ તે વિષે શક છે, પણ દંતકથા એવી ચાલે છે કે ઇસુના મરણ પછી તે ઉઘાડી રીતે પીતર પ્રેરિતને હાથે બાપ્તિસ્મા પામી ઇસુનો શિષ્ય થયો.

નીકોલાયતીઓ (પ્રક. ૨; ૬, ૧૫). એફેસસમાંની મંડળીનાં વખાણ કરતાં નીકોલાયતીઓનાં કામ પર તું દ્વેષ કરે છે અને પેરગામસની મંડળીને વખોડતાં કહે છે કે, નીકોલાયતીઓનો બોધ ધરનારા તારે ત્યાં છે. નીકોલાયતીઓ પાખંડી મત ધરનાર નિયમવિરોધી હતા. તેઓ પાઉલના મત વિરૂદ્ધ થઇ મંડળીમાં વ્યભિચાર ફેલાવનાર હતા, સરખાવો (૨ પીત. ૨; ૧૫, ૧૬, ૧૭). નીકોલાસ નામના કોઇ માણસના નામ પરથી આ નામ પડ્યું હશે. આ લોક બલઆમપંથીઓ સાથે નિકટ સંબંધ ધરાવનાર હતા (પ્રક. ૨; ૧૪. ૨ પીત. ૨; ૧૨, ૧૮. યહુદા ૭, ૮, ૧૧).

નીકોલાસ = માણસોની જીત. અંત્યોખનો યહુદી ખ્રીસ્તી અને સાત સેવકોમાંનો એક હતો (પ્રે. કૃ. ૬; ૫).

નીગેર = કાળો. સીમોનનું ઓળખાણસુચક નામ હતું (પ્રે. કૃ. ૧૩; ૧), જે ઘણું કરીને તેના શરીરના કાળા રંગ પરથી પડ્યું હશે.

નીલ = કાળું, આસ્માની. શાસ્ત્રમાં કેટલીક જગ્યાએ આ નદીનું નામ આપવામાં આવ્યું નથી, પણ ત્યાં નીલ નદીને બદલે માત્ર નદી કે નદીઓ લખવામાં આવ્યું છે (ઉત્પ. ૪૧; ૧. નિર્ગ. ૧; ૨૨). વળી શાસ્ત્રમાં આ નદી શીહોર (= કાળી) (યિર્મે. ૨; ૧૮) અને મિસરની નદી નામથી પણ ઓળખાય છે. ઘણી એક જગ્યાએ નદીનું નીલ નામ લખવામાં આવ્યું છે (યશા. ૧૯; ૭, ૮: ૨૩; ૩-૧૦. યિર્મે. ૪૬; ૭, ૮. ઝખ. ૧૦; ૧૧). મિસર દેશની આ પ્રસિદ્ધ નદી બે નદીઓથી બનેલી છે. એકને સફેત નીલ કહે છે અને બીજીને આસ્માની નીલ કહે છે. નદી આબિસીનીઆના પહાડોમાંથી ઉત્પન્ન થઇ બન્ને ફાંટા ખારટુમ આગળ મળી ૧૮૦૦ માઇલને અંતરે ભૂમધ્ય સમુદ્રને મળે છે. સમુદ્રને મળતાં પહેલાં કાયરો શહેરથી થોડા માઇલની ઉત્તરે તેના બે ફાંટા બની બે મુખે ભૂમધ્ય સમુદ્રને મળે છે.

એક મુખ ઉપર રોસેત્તા અને બીજા પર દામિયત્તા નગરો આવેલાં છે. આ નીલ નદી પૃથ્વીની બીજી બધી નદીઓ કરતાં લાંબી ગણાય છે.

નીસાન = કાપણીનો મહિનો. યહુદી લોકનો ધાર્મિક વર્ષનો પહેલો મહિનો અને સરકારી વર્ષનો સાતમો મહિનો. બંદિપ્રવાસ પહેલાં તેને અબીબ કહેતા હતા. આ મહિનો આપણા માર્ચ અને એપ્રીલમાં આવે છે. આ માસને પંદરમે દિવસે કાપણીનું કામ શરૂ થતું હતું, અને સોળમે દિવસે પ્રથમફળનું આરત્યાર્પણ કરતા હતા (નહે. ૨; ૧. એસ. ૩; ૭. નિર્ગ. ૧૨; ૨: ૧૩; ૪).

નુમફા = જળદેવી. લાઓદીકીઆની મંડળીના એક સભાસદને, પાઉલ કલોસીઓને પત્ર લખતાં સલામ મોકલે છે (કલો ૪; ૧૫).

નુહ = વિસામો. આદમથી માંડીને નવમી પેઢીમાં નુહ જન્મ્યો. તે લામેખનો પુત્ર અને મથુશેલાહનો પૌત્ર થાય (ઉત્પ. ૫; ૨૫-૩૨). આદમના મરણ વખતે તેની ઉમર ૫૦ વર્ષની હતી. આ પુરૂષ જુની અને નવી દુનિયાને જોડનાર કડીરૂપ અને નવી બીજી દુનિયાનો પૂર્વજ હતો. તેના જન્મ વખતે તેનો પિતા જે શબ્દો બોલ્યો હતો, એટલે "જે ભૂમિને યહોવાહે શાપ દીધો, તેમાં અમારાં કામ તથા હાથોના ઉદ્યોગ સંબંધી એજ અમને દિલાસો આપશે" તે વાત ભવિષ્યરૂપ હતી. તે ધારતો હતો કે હવાને જે વચન આપવામાં આવ્યું છે તે આ પુત્રમાં પુરૂં થશે. અને એમજ, તે ખરો વિસામો અને દિલાસો આપનાર ઇસુ ખ્રીસ્તનો ચિન્હ કે નમુનારૂપ હતો (માત્થી ૧૧; ૨૮). તેના જન્મથી માંડીને ૫૦૦ વર્ષની ઉમર સુધીમાં તેના વિષેનું કશું બ્યાન કરવામાં આવ્યું નથી, તો પણ નાનપણથી તે ઇશ્વરભક્ત પુરૂષ હશે. ૫૦૦ વર્ષની ઉમર પછી તેને ત્રણ પુત્રો થયા, એટલે શેમ, હામ તથા યાફેથ (ઉત્પ. ૫; ૩૨). જો કે 'પોતાના જમાનામાં નુહ ન્યાયી તથા સીધો માણસ હતો, ને દેવની સાથે ચાલતો' તો પણ તે કાળની દુનિયા 'દુષ્ટ થઇ, ને પૃથ્વી જુલમથી ભરપુર થઇ હતી'; તેથી યહોવાહે કહ્યું કે, "જે માણસને મેં ઉત્પન્ન કીધાં તેનો પૃથ્વી પરથી હું સંહાર કરીશ;" પણ નુહ યહોવાહની દૃષ્ટિમાં કૃપા પામ્યો. અને આ મોટા સંહારથી નુહ અને તેના કુટુંબને બચાવવાને પ્રભુએ વચન આપ્યું અને વહાણ બાંધવાનો હુકમ આપ્યો. ત્યારથી ૧૨૦ વર્ષ સુધી (ઉત્પ. ૬; ૩) નુહાએ વહાણનું કામ કીધું અને લોકોને ન્યાયીપણાનો ઉપદેશ આપતાં આવનાર ન્યાયી સંબંધી ચેતવણી આપી (૧ પીત. ૩; ૧૮-૨૦. ૨ પીત. ૨; ૫). અને એમ "દેવે તેને જે સર્વ આજ્ઞા આપી તે પ્રમાણે તેણે કીધું." ઠરાવેલો વખત પુરો થતાં બચાવને સારૂ જે પ્રાણીઓ લેવાનાં હતાં તે, તથા નુહાના ત્રણ દીકરા અને તેમની ત્રણ સ્ત્રીઓ, પોતે અને પોતાની સ્ત્રી મળી આઠ માણસો વહાણમાં પેઠાં, અને એમ "યહોવાહે તેને તેમાં બંધ કીધો" અને આ દુષ્ટ દુનિયા પર ઠરાવેલી ભારે શિક્ષા આવી પડી, અને "તે વેળાનું જગત્ પાણીમાં ડુબી નાશ પામ્યું" (૨ પીત. ૩; ૬). વહાણ પાણી ઉપર દોઢસો દિવસ આમતેમ તરતું રહ્યું અને ત્યાર પછી તે અરારાટના પહાડ પર થંભ્યું (ઉત્પ. ૮; ૩, ૪), પણ જ્યાં સુધી પ્રભુનો હુકમ વહાણમાંથી નીકળવાને મળ્યો નહિ ત્યાં સુધી તે વહાણમાં રહ્યા; અને એ પ્રમાણે નુહ તથા તેનું કુટુંબ એક વર્ષ અને દસ દિવસ વહાણમાંજ રહ્યાં (ઉત્પ. ૮; ૧૪). નુહાએ વહાણમાંથી નીકળીને જે પહેલું કામ કીધું તે એ હતું કે, તેણે "યહોવાહને સારૂ એક વેદી બાંધી" અને સર્વ શુદ્ધ પશુમાંથી તથા સર્વ શુદ્ધ પક્ષીઓમાંથી કેટલાંએકને લઇને વેદી ઉપર હોમ કીધો, અને પ્રભુનો ઉપકાર માની તેની સ્તુતિ કીધી. એ ઉપરથી ખુશી થઇને યહોવાહે આ વખતે નુહ તથા તેના વંશજોની સાથે કરાર કીધો કે, માણસને લીધે હું પૃથ્વીને

ફરી શાપ નહિ દઇશ, અને જેમ મેં સર્વ પ્રાણીઓનો સંહાર કીધો તેમ હું ફરી કદી નહિ કરીશ. અને તે કરારના ચિન્હ તરીકે મેઘધનુષ્ય વાદળમાં મુક્યું; પણ દુઃખની વાત કે નુહ ત્યાર પછી પાપમાં પડયો (ઉત્પ. ૯; ૨૧). નુહા દ્રાક્ષરસની કેફ વિષે જાણતો હતો કે નહિ તે આપણને માલમ નથી. કેટલાક વિદ્વાનો કહે છે કે તે વિષે તે અજાણ હતો. જળપ્રલય પછી નુહા સાડી-ત્રણસેં વર્ષ જીવ્યો, અને સાડીનવસેં વર્ષની ઉમરે મરણ પામ્યો. નુહ લામેખનો પુત્ર (ઉત્પ. ૫; ૨૯, ૩૦, ૩૨). જળપ્રલયથી તેનો બચાવ (ઉત્પ. અ. ૬–૮). પ્રભુએ તેની સાથે કરાર કર્યો (ઉત્પ ૯; ૧–૧૭). પીધેલ થયો (ઉત્પ. ૯; ૨૦). તેના વંશજો (ઉત્પ. ૧૦. ૧ કાળ. ૧; ૪). નુહનાં પાણી (યશા. ૫૪; ૯). નુહ, દાનીયેલ અને અયૂબ (હઝ. ૧૪; ૧૪, ૨૦). નવા કરારમાં નુહ વિષે (લુક ૩; ૩૬: ૧૭; ૨૬, ૨૭. માત્થી ૨૪; ૩૭, ૩૮. હેબ્રી. ૧૧; ૭. ૧ પીત. ૩; ૨૦. ૨ પીત. ૨; ૫). મરણ (ઉત્પ. ૯; ૨૯).

નૂન = માછલી. અરણ્યમાં એફ્રાઇમીઓનો સરદાર હતો. તેના પિતાનું નામ એલીશામા હતું, અને યહોશુઆ જે ઇસ્રાએલીઓનો દોરનાર તેનો પિતા (નિર્ગ. ૩૩; ૧૧. ગણ. ૧; ૧૦). તેના વિષે પવિત્ર શાસ્ત્રમાં જે લખવામાં આવ્યું છે તે શિવાય બીજું કંઇ જાણવામાં આવ્યું નથી (નિર્ગ. ૩૩; ૧૧. ગણ. ૧૧; ૨૮: ૧૩; ૮, ૧૬: ૧૪; ૬, ૩૦, ૩૮: ૨૬; ૬૫: ૨૭; ૧૮: ૩૨; ૧૨, ૨૮: ૩૪; ૧૭. પુન. ૧; ૩૮: ૩૧; ૨૩: ૩૨; ૪૪: ૩૪; ૯. યહો. ૧; ૧: ૨; ૧, ૨૩: ૬; ૬: ૧૪; ૧: ૧૭; ૪: ૧૯; ૪૯, ૫૧: ૨૧; ૧: ૨૪; ૨૯. ન્યા. ૨; ૮. ૧ રા. ૧૬; ૩૪. નહે. ૮; ૧૭. ૧ રા. ૭; ૨૭).

નેઆપોલીસ = નવું શહેર. થ્રેસમાં આવેલું એક શહેર હતું, જ્યાં પાઉલ યુરોપમાં દાખલ થતાં પહેલામાં પહેલો ઉતર્યો હતો (પ્રે. કૃ. ૧૬; ૧૧). તે માકેદોનિયાના મુખ્ય શહેર ફિલિપીનું એક બંદર હતું, જે ફિલિપીથી આસરે ૧૦ માઇલ દૂર હતું. પાઉલ પોતાની છેલ્લી મુસાફરીથી યરૂસાલેમ જવામે આ બંદરથી વહાણે બેઠો હતો (પ્રે. કૃ. ૨૦; ૬). હાલ આ શહેર 'કાવાલ્લા' નામથી ઓળખાય છે.

નેઆહ = ધ્રુજારી. ઝબુલૂનની પૂર્વ બાજુ પર આવેલ એક શહેર હતું, જે રિમ્મોનથી ઘણે દૂર ન હતું (યહો. ૧૯; ૧૩).

નેઇએલ = યહોવાહનો વાસો. આ નામનું ગામ આશેર કુળની હદમાં આવેલું હતું (યહો. ૧૯; ૨૭). હાલ કાઇસારીઆથી ૧૬ માઇલ પૂર્વમાં 'યાનીન' નામનું ખંડિયેર આવે છે તે કદાચ પુરાતન નેઇએલ હશે.

નેફ્તોઆહ = ઉઘાડું. યહુદાહ અને બિન્યામીનની સરહદ પર આવેલો પાણીનો એક ઝરો હતો (યહો. ૧૫; ૮, ૯: ૧૮; ૧૫). યરૂશાલેમની વાયવ્ય કોણમાં અઢી માઇલ ઉપર 'આઇન-લીફ્તા' નામનો એક ઝરો આવેલો છે તેને, અને બીજા કેટલાએક બેથલેહેમની પાસે આવેલ 'આઇન-અટાન' નામના ઝરાને નેફ્તોઆહનો ઝરો ધારે છે.

નેફેગ = અંકુર. (૧) (નિર્ગ. ૬; ૨૧). (૨) (૨ શમૂ. ૫; ૧૫. ૧ કાળ. ૩; ૭: ૧૪; ૬).

નેર = પ્રકાશ. કીશનો પિતા (૧ કાળ. ૮; ૩૩). ૧ શમૂ. ૧૪; ૫૧ ને આ પ્રમાણે વાંચવું જોઇએ; "શાઉલનો બાપ કીશ અને આબ્નેનેરનો બાપ નેર તેઓ અબીએલના દીકરા હતા." અને તેથી કરીને કીશ અને નેર તે બન્ને ભાઇઓ થાય, અને શાઉલ અને આબ્નેર પિત્રાઇ ભાઇઓ થાય. એ વાતની સાથે ૧ કાળ. ૯; ૩૬ સરખાવી જુઓ.

નેરી = યહોવાહ મારૂં અજવાળું. લુક ૩; ૨૭ માં ઇસુની વંશાવળીમાં આ નામ આપવામાં આવ્યું છે.

નેરીઅસ = પ્રવાહી? રૂમી મંડળીનો એક ખ્રીસ્તી ભાઇ હતો, જેને પાઉલ પત્ર લખતાં સલામ મોકલે છે (રૂમી. ૧૬; ૧૫).

નેરીયાહ = યહોવાહ મારૂં અજવાળું. યિર્મે-યાહના લહિયા બારૂખનો પિતા (યિર્મે. ૩૨ : ૧૨, ૧૬ : ૩૬ ; ૪, ૮, ૩૨ : ૪૩ ; ૩, ૬ : ૪૫ ; ૧ : ૫૧ ; ૫૯). આ નેરી-યાહના એક બીજા પુત્રનું નામ યિર્મે. ૫૧ ; ૫૯ માં આપવામાં આવ્યું છે, જે યહુદાહના રાજા સિદકીયાહનો કારભારી હતો.

નેર્ગાલ = મહાન શૂરવીર. નેર્ગાલ નામનો ખાલ્દી-ઓનો એક મુખ્ય દેવ હતો. આશૂરના રાજાએ બાબેલના એક પ્રાંત કુથાહમાંથી ઇસ્રાએલી બંદિપ્રવાસીઓને બદલે કેટલાંક માણસોને સમરૂનમાં વસવાને મોકલ્યાં, ત્યાં સમરૂનમાં તેઓએ પોતાની અસલ મૂર્તિ નેર્ગાલની પૂજા સ્થાપી (૨ રા. ૧૭ ; ૩૦). એમ દેખાય છે કે બાબેલ અને આશૂરના લોકો આ દેવતાને શિકાર અને લડાઇનો દેવતા ગણી પૂજતા હતા. કુથાહમાં આ દેવતાનું એક પ્રસિદ્ધ મંદિર બાંધવામાં આવ્યું હતું. આશૂરનાં પુસ્તકોમાં આ દેવતાનું વર્ણન ઘણું કરવામાં આવ્યું છે. કહે છે કે રાજા પુલ તથા આસૂરહાદનનો પુત્ર આ દેવતાની પૂજા કરતા હતા.

નેર્ગાલ-શારએસેર = અગ્નિનો સરદાર. (૧) બાબેલના રાજા નબૂખાદરેસ્સારની યરૂશાલેમ ઉપરની છેલ્લી લડાઇમાં રાજાનો તે એક સર-દાર હતો. (૨) નબૂખાદરેસ્સારના બીજા મુખ્ય સરદારો જેઓ 'રાબમાગ' પદવીના હતા, તે સરદારોમાંનો તે એક હતો. યિર્મે-યાહને બંધનમાંથી છોડાવવાને માટે જે સર-દારો મોકલવામાં આવ્યા તેમાંનો તે એક હતો. તેમણે જઇને યિર્મેયાહને ચોકીમાંથી કાઢયો અને તેને ઘેર લઇ જવા સારૂ શાફા-નના પુત્ર અહીકામના પુત્ર ગદાલ્યાહના હાથમાં તેને સોંપી દીધો. આ માણસ તે બાબેલની ઉચ્ચ પદવીનો એક ઉમરાવ હતો. કેટલાક લેખો પરથી તેમજ ઇતિહાસ પરથી એમ માનવામાં આવે છે કે, આ સરદાર તે નેરીગ્લાસ્સાર હતો. નબૂખાદરેસ્સારના પુત્ર એવીલ-મરોદાખને મારીને ગાદી લીધી (ઇ. સ.પૂ. ૫૫૯-૫૫૬). તેણે નબૂખાદરેસ્સારની પુત્રી સાથે લગ્ન કીધું (૨ રા. ૧૫ ; ૩૭. યશા. ૩૭ ; ૩૮). તે ઘણુંકરીને આ શાર-એસેરનું બીજું નામ નેરીગ્લાસાર હશે.

નેહેલામી = સ્વપ્ની ? બાબેલના બંદિપ્રવા-સમાં શમાયાહ નામનો એક જુઠો ભવિષ્ય-વાદી હતો તેને આ નામ આપવામાં આવ્યું છે (યિર્મે. ૨૯ ; ૨૪, ૩૧, ૩૨).

નોઆદ્યાહ = પરમેશ્વરનો મેળાપ. (૧) બાબે-લથી પાછો આવેલો એક લેવી હતો (એઝ. ૮ ; ૩૩). (૨) યરૂશાલેમમાં યહુદી લોકની સામે જે જુઠા ભવિષ્યવાદીઓ નહેમ્યાહના વખતમાં ઉભા થયા, એટલે ટોબીયાહ અને સાન્બાલ્લાટ, તેઓની સાથે આ નામની એક ભવિષ્યવાદેણુ હતી (નહે. ૬ ; ૧૪).

નો-આમોન (કે નો) = આમોનનું ઘર (?). નો કે નો-આમોન, તે દક્ષિણ મિસરની રાજધાની થેબ્સનું બીજું નામ છે (નાહૂ. ૩ ; ૮. યિર્મે. ૪૬ ; ૨૫, ૨૬). યિર્મે. ૪૬ ; ૨૫. હઝ. ૩૦ ; ૧૪, ૧૫, ૧૬ માં તેને નો નગર કહે છે. મહાન નગર નિનવેહના જેવું આ મોટું નગર હતું. શહેરને લગભગ સો દર-વાજા હતા. અને શહેર, મંદિર, મહેલો અને ભવ્ય ઇમારતોથી ભરપૂર હતું. શાસ્ત્રમાં તેના સંપૂર્ણ નાશ વિષે ભવિષ્યવાત લખવામાં આવી છે તે શિવાય બીજું કંઇ તે વિષે લખવામાં આવ્યું નથી. શહેર નીલ નદીના બન્ને કાંઠા ઉપર બાંધેલું હતું. આમોન દેવતાની મુખ્ય જગ્યા આ શહેરમાં હતી. પ્રથમ આ શહેર આશૂરના રાજા સારગોને લીધું (યશા. ૨૦). અને ત્યાર પછી નબૂ-ખાદરેસ્સાર તથા આશૂર-બાની-પાલના હાથમાં આવ્યું. ત્યાર પછી ઇરાનના રાજા કામ્બુસેસે તેને આગ લગાડી બાળી મુકયું (ઇ. સ. પૂ. ૨૨૫). અને ત્યાર બાદ ટોલેમાય લાથીરૂસે તેનો સંપૂર્ણ નાશ કીધો (ઇ. સ. પૂ. ૮૧). શહેરનું ખંડિયેર હજી સુધી નીલ નદીની ખીણમાં જોવામાં આવે છે. શહેરનું ખંડિયેર, તે બે હજાર વર્ષ પરના

ઇતિહાસનો ખજાનો છે. તેમાંથી જે જે લેખો અને છબીઓ મળી આવે છે તે પરથી તે વખતના ઇતિહાસ અને રીતરીવાજ ઉપર મોટું અજવાળું પડે છે. નીલ નદીની પશ્ચિમ તરફના શહેરના ખાંડિયેરમાં બેસુમાર ઇમારતોની વચમાં એક મહેલ માલમ પડયો છે, જે કદાચ રામેસેસ બીજાનો હશે. તે મહેલની વચમાં એક ચોક જોવામાં આવે છે અને તેની વચમાં તખ્ત પર બાદશાહની એક આરસપહાણની મૂર્તિ જોવામાં આવે છે. તેની લંબાઇ ૭૫ ફીટની અને વજન ૨૪,૮૩૬ મણનું છે. તેમના હાથ પગની લંબાઇ અજાયબ પમાડે એવી છે.

નોઆહ = રખડવું. સલોફહાદની પાંચ દીકરીઓમાંની એક હતી (ગણ. ૨૬ ; ૩૩ : ૨૭ ; ૧ : ૩૬ ; ૧૧. યહો. ૧૭ ; ૩).

નોગાહ = ભભકો. દાઉદના દીકરાઓમાંનો એક જે યરૂશાલેમમાં જન્મ્યો હતો (૧ કાળ. ૩ ; ૭).

નોદ = રખડવું, દેશનિકાલ. એદનવાડીની પૂર્વમાં જે દેશ આવેલો હતો તેને આ નામ આપવામાં આવેલું હતું, જ્યાં યહોવાહની આગળથી કાઇન નાસી ગયો હતો (ઉત્પ. ૪ ; ૧૬).

નોદાબ = ઉમદા. ઇશ્માએલના એક પુત્રથી આ વંશના લોકો ઉતરી આવેલા હતા (૧ કાળ. ૫ ; ૧૯).

નોફ—મિસરનું શહેર. મધ્ય મિસર દેશની રાજધાનીનું શહેર હતું. નોફ, શહેરનું હેબ્રી ભાષાનું નામ છે (યશા. ૧૯ ; ૧૩. યિર્મે. ૨ ; ૧૬ : ૪૪ ; ૧ : ૪૬ ; ૧૪, ૧૯. હઝ. ૩૦ ; ૧૩, ૧૬). હોશી. ૯ ; ૬ માં નોફને મોફ કહે છે. આ શહેર રાજા મેનેસે બંધાવ્યું હતું, અને શહેર બહુ મોટું હતું, એવું કે શહેરનો ઘેરાવો ૧૯ માઇલ હતો. આ પુરાતન નોફ શહેર નીલ નદીની પશ્ચિમે હાલના કાયરો શહેરની દક્ષિણે નવ માઇલ ઉપર આવેલું હતું. આ શહેરના ખાંડિયેર પાસે 'મીટ્રાહેની' નામનું ગામ આવેલું છે. પુરાતન નોફના ખાંડિયેરો જોતાં ઘણી અજાયબીઓ હાથ આવે છે. શહેરને લગતું એક કબરસ્તાન છે તેમાં ઘણી પુરાતન કબરો માલમ પડે છે. કેટલીક કબરોને ઉઘાડી જોતાં તેમાં મુકાયલાં શબ હજી જોવામાં આવે છે. મિસરી લોકો મુડદાને કોવાણ ન લાગે એવી ઉત્તમ વિદ્યામાં પ્રવીણ હતા (જુઓ મોફ).

નોફાહ = ફુંક (?). મોઆબનું એક શહેર હતું, તે અમોરીઓના કબજામાં હતું, ને મેદબાની પાસે હતું (ગણ. ૨૧ ; ૩૦).

નોબ = ઉંચી જગ્યા. દાઉદના દેશવટાના સંબંધમાં આ શહેરનું નામ પ્રથમ જોડાયલું છે (૧ શમૂ. ૨૧ ; ૧). આ શહેર યાજકોનું હતું, અને દાઉદ જ્યારે શાઉલથી નાસતો હતો ત્યારે તે નોબમાં ગયો. આ વખતે ત્યાં અબ્યાથાર યાજકનો પિતા અહીમેલેખ રહેતો હતો (૧ શમૂ. ૨૨). ત્યાંથી દાઉદને અર્પેલી રોટલી તથા ગોલ્યાથની તરવાર મળ્યાં હતાં. પણ પછીથી શાઉલ રાજાને તે વાતની ખબર પડતાં ૮૫ યાજકોને બહુ ક્રૂર રીતે મારી નાખ્યા, ને યાજકોના આ નગરનો તરવારની ધારથી સંહાર કર્યો. યશા. ૧૦ ; ૨૮–૩૨ પરથી માલમ પડે છે કે આ શહેર યરૂશાલેમની પાસે આવેલું હતું, એટલે યરૂશાલેમની ઉત્તરની સડક પર. બંદિપ્રવાસમાંથી આ શહેરનાં કેટલાંક માણસો પાછાં આવ્યાં હતાં (નહે. ૨ ; ૩૨).

નોબાય = ફળદ્રુપ (નહે. ૧૦ ; ૧૯). જેઓ મુસાના નિયમશાસ્ત્ર પ્રમાણે ચાલવાને કબુલ થયા તેમાંનો આ એક હતો.

નોહાહ = આરામ. બિન્યામીની પુત્રોમાંનો એક (૧ કાળ. ૮ ; ૨).

પ

પકાહ્યાહ = પ્રભુએ તેની આંખ ઉઘાડી. રાજા મનાહેમનો પુત્ર, અને તેની પછી ગાદીએ બેસનાર હતો. તેને સમરૂનના રાજ્યમહેલમાં તેના સેનાપતિ પેકાહે મારી નાખ્યો (૨ રા. ૧૫ ; ૨૩–૨૬). તેણે માત્ર બે વર્ષ રાજ્ય

કીધું (ઇ. સ. પૂ. ૭૬૧-૭૫૯). તેણે યહોવાહની દૃષ્ટિમાં જે ભુંડું તે કર્યું.

પકોદ = મુલાકાત. બાબેલમાં આવેલી એક જગ્યા હતી (યિર્મે. ૫૦; ૨૧. હઝ. ૨૩; ૨૩) એમ છતાં કેટલાએક એવું ધારે છે કે આ શબ્દમાં મુલાકાતનો કે શિક્ષાનો અર્થ સમાએલો છે, અને બાબેલનો થનાર નાશ ચિન્હરૂપે લાક્ષણિક રીતે તેમાં દર્શાવવામાં આવ્યો છે.

પચાસમું પર્વ = પેન્ટેકોસ્ટ. કેવળ આ નામ નવા કરારમાં હાથ આવે છે (પ્રે. કૃ. ૨; ૧: ૨૦; ૧૬. ૧ કરીં. ૧૬; ૮). આ પર્વને નિર્ગ. ૨૩; ૧૬ માં 'કાપણીનું' કે 'પ્રથમ ફળનું' પર્વ કહે છે. અને નિર્ગ. ૩૪; ૨૨ માં ફરીને 'સપ્તાહોનું' પર્વ કહે છે. નિશાન માસની ૧૬ મી તારીખથી, એટલે પારખા પર્વના બીજા દિવસથી દિવસો ગણી પચાસમે દિવસે આ પર્વ પાળવામાં આવતું હતું. આ પર્વ પાળવાની બધી હકીકત લેવી. ૨૩; ૧૫–૧૯, ગણ. ૨૮; ૨૭-૨૯ માં બતાવવામાં આવી છે. પર્વ પાળનાર દરેક માણસ 'એચ્છિકાર્પણ'ની ભેટ પોતાની સાથે લાવતું હતું (પુન. ૧૬; ૯-૧૧). આ પર્વ પાળવાનું કારણ કાપણીની સફળતાને માટે ઉપકાર માનવાનું હતું. વળી સિનાય પહાડ પર પરમેશ્વરે જે નિયમો આપ્યા તેના સંભારણાર્થે પણ હતું. યહોવાહે જે ભૂમિ તેમને આપી હતી તેનાં પ્રથમફળ યહોવાહ આગળ ધરીને વચનની ભૂમિને માટે તથા કાપણીની સફળતાને માટે તે દિવસે પરમેશ્વરનો ઉપકાર માનતા હતા (પુન. ૨૬; ૧-૧૧). નવા ધાન્યની બે ખમીરી રોટલી તથા બે ઘેટાનાં બચ્ચાંનું આરત્યર્પણ કરી પ્રભુનો ઉપકાર માનતા. ખ્રીસ્તી મંડળીમાં પ્રભુનો પવિત્ર આત્મા જે દિવસે ઉતર્યો, અને પ્રેરિત પીતરથી જે દિવસે ત્રણ હજાર માણસો ખ્રીસ્તી થયાં, તે દિવસ પેન્ટીકોસ્ટ કે પચાસમા નામથી પ્રસિદ્ધ છે.

પંતસ = સમુદ્ર. એશિયામૈનરમાં આવેલો એક પ્રાંત હતો. આ પ્રાંત કાળા સમુદ્રની દક્ષિણે આવેલો હતો, અને બીથીનીઆ તેની પશ્ચિમ બાજુએ છે. પ્રેરિતોના વખતમાં આ પ્રાંત રૂમી રાજ્યના તાબામાં હતો. પેન્ટીકોસ્ટને દિવસે આ પ્રાંતમાંથી પણ માણસો યરૂશાલેમ આવ્યાં હતાં (પ્રે. કૃ. ૨; ૯). આ પ્રાંતનાં કેટલાંક માણસો ઉપર પીતરે પોતાનો પહેલો પત્ર લખ્યો (૧ પીત. ૧; ૧). આકુલા આ પ્રાંતનો વતની હતો (પ્રે. કૃ. ૧૮; ૨).

પંતીઅસ = સમુદ્રને લગતું. પીલાતનું નામ છે (મા. ૨૭; ૨. લુક ૩; ૧. પ્રે. કૃ. ૪; ૨૭. ૧ તિમો. ૬; ૧૩).

પથાહ્યાહ = પ્રભુથી છોડાવેલો. (૧) દાઉદના વખતમાં ૧૯મી વારાટોળીનો એક મુખ્ય માણસ હતો (૧ કાળ. ૨૪; ૧૬). (૨) આ નામનો એક લેવી હતો (એઝ. ૧૦; ૨૩). (૩) આ નામનો બીજો લેવી પણ હતો (નહે. ૯; ૫). (૪) યહુદાહવંશી એક પુરૂષ હતો, કે જે ઇરાની કોર્ટમાં કોઇ હોદ્દેદાર હતો (નહે. ૧૧; ૨૪).

પથૂએલ = દેવનું દર્શન. યોએલ ભવિષ્યવાદીનો બાપ (યોએ. ૧; ૧).

પથોર = સ્વપ્નનો ખુલાસો. આરામ દેશમાં આવેલી એક અજાણ જગ્યા છે, કે જ્યાંથી બાલાકે બલઆમને ઇસ્રાએલીઓને શાપ દેવા માટે બોલાવ્યો (ગણ. ૨૨; ૫).

પદાયાહ = દેવનો છુટકારો. (૧) ઝબીદાહ જે યહોયાકીમની મા, અને યોશીયાહની રાણી તેનો બાપ પદાયાહ (૨ રા. ૨૩; ૩૬). (૨) ઝરૂબ્બાબેલનો બાપ (૧ કાળ. ૩; ૧૭-૧૯). (૩) મનાશ્શેહ કુળના યોએલનો બાપ (૧ કાળ. ૨૭; ૨૦). (૪) પારોશનો પુત્ર પદાયાહ હતો (નહે. ૩; ૨૫). (૫) એક લેવી હતો (નહે. ૮; ૪), (૬) એક બિન્યામીની માણસ હતો (નહે. ૧૧; ૭). (૭) બીજો પણ એક લેવી હતો (નહે. ૧૩; ૧૩).

પદાહએલ = પરમેશ્વરનો છોડાવેલો. આમ્મીહૂદનો પુત્ર, જે નાફતાલીપુત્રોના કુળનો અધિપતિ હતો તે (ગણ. ૩૪; ૨૮).

પદાહસૂર = છુટકારાનો ખડક. નિર્ગમનના વખતમાં મનાશ્શેહ કુળના અધિપતિ ગામલીએલનો બાપ (નિર્ગ. ૧; ૧૦ : ૨; ૨૦ : ૭; ૫૪, ૫૯ : ૧૦; ૨૩).

પનિન્નાહ = પરવાળું. એલ્કાનાહની બે સ્ત્રીઓમાંની એક (૧ શમૂ. ૧; ૧, ૨).

પનીએલ = દેવનું મ્હો. આ જગ્યા સુક્કોથથી બહુ દૂર ન હતી. તે યરદન નદીની પૂર્વમાં અને યાબ્બોક નાળાની ઉત્તરે આવેલી હતી, તેને "પનૂએલ" પણ કહે છે. અહિં યાકુબે એક દેવતાઇ પુરૂષ સાથે અરૂણોદય સુધી યુદ્ધ કીધું; તેમાં યાકુબ જય પામ્યો (હોશી. ૧૨; ૪). યાકુબે કહ્યું કે, "મેં દેવને મ્હોડેમ્હોડ જોયો છે." યાકુબે તે જગ્યાનું નામ પનીએલ પાડયું (ઉત્પ. ૩૨; ૨૮–૩૦). ત્યાર પછી આ જગ્યા ઉપર એક શહેર બંધાયું (ન્યા. ૮; ૮. ૧ રા. ૧૨; ૨૫). આ શહેરનાં માણસોએ ગિદઓન તથા તેના સૈન્યને મદદ નહિ આપી, માટે મિદ્યાનીઓને મારીને પાછા વળતાં ગિદઓને આ શહેરની કતલ કરી, અને શહેરનો કિલ્લો તોડી પાડયો (ન્યા. ૮; ૧-૨૧). ત્યાર પછી યરોબઆમે તે શહેર ફરી બાંધ્યું (૧ રા. ૧૨; ૨૫). (૨) આ નામના બે માણસ હતા (૧ કાળ. ૪; ૪ : ૮; ૨૫).

પબ્લિયસ—મેલીટા બેટનો મુખ્ય માણસ હતો. મેલીટા બેટ આ વખતે શીશીલીના તાબાનો હતો. અને તેથી એમ દેખાય છે કે, શીશીલી તરફથી રૂમી હાકેમ તરીકે પબ્લિયસ મેલીટામાં રહેતો હશે. પાઉલનું વહાણ ભાંગવાથી એ અધિકારીની મુલાકાત અણધારી થઇ હતી. પાઉલને ત્રણ દિવસ તેણે મેમાન રાખ્યો. તે અરસામાં પબ્લિયસનો બાપ આમલોહીના મંદવાડથી પીડાતો હતો. તેને પાઉલે સાજો કીધો. અને તે બેટમાં જે બીજા માંદા હતા, તેમને પણ સાજા કીધા. અને તુફાની રૂતુ વીતી ગઇ ત્યાં સુધી, એટલે ત્રણ મહિના પાઉલ આ બેટમાં રહ્યા. પછી આલેકસાંદ્રિયાના વહાણમાં બેસી પાઉલ આગળ ગયો (પ્રે. કૃ. ૨૮; ૭, ૮).

પરાસીમ = પરાજીત (યશા. ૨૮; ૨૧). દાઉદે પલિસ્તીઓને જે પહાડ આગળ ભારે હાર ખવાડી તેજ આ પહાડ છે, જ્યાં તેને બઆલ-પરાસીમ કહે છે (૨ શમૂ. ૫; ૨૦).

પરીઝઝીઓ = ગામડીઆ, ખુલ્લા દેશમાં વસનારા. આ કોમ કનાન દેશમાં રહેનાર અસલ વસ્તીમાંની એક છે, કે જે કાર્મેલ પહાડની દક્ષિણ તથા નૈરૂત્ય કોણમાં રહેતી હતી. પણ અફસોસની વાત કે, બીજી કોમોની માફક આ કોમ પણ એવી અશુદ્ધ હતી, કે ભૂમિએ તેને ઓકી કાઢી (લેવી. ૧૮; ૨૮). એમની ભુંડાઇને સબબે પરમેશ્વરે ફરમાવ્યું કે, આ કોમનો નાશ થાય અને તેમની જમીન ઇસ્રાએલીઓના હાથમાં જાય (ઉત્પ. ૧૫; ૧૬, ૨૦. નિર્ગ. ૨૩; ૨૩). પરમેશ્વરના હુકમ મુજબ યહોશુઆએ આ કોમ સાથે ઘણી વાર લડાઇ કરી, અને યુસફપુત્રોને સલાહ આપી કે તમારે પણ તેઓની સાથે લડાઇ કરવી. અને યહોશુઆના મરણ પછી યહુદાહનાં માણસોએ તેમની સામે લડાઇ કરી સખત હાર ખવાડી (યહો. ૧૧; ૩, ૮ : ૧૨; ૭, ૮ : ૧૭; ૧૪, ૧૫. ન્યા. ૧; ૪, ૫), અને જીતાયલી દેશજાતિઓમાં તેમનું નામ ગણવામાં આવ્યું (યહો. ૨૪; ૧૧). પરંતુ ઇસ્રાએલીઓએ બેઇમાની તથા ગફલત કરી, તેમનો સમૂળગો નાશ કીધો નહિ, કેમકે સુલેમાનના વખતમાં તેઓ ઇસ્રાએલીઓ દર્મિયાન વસતા હતા. બાબેલના બંદિપ્રવાસ પછી પણ તેઓ કનાનમાં રહેતા હતા, અને પ્રભુના લોકને તેઓ પ્રસંગોપાત નુકસાન પહોંચાડતા (૧ રા. ૯; ૨૦. એઝ. ૯; ૧). પરીઝઓ કે પરીઝી = પાલેસ્ટાઇનની એક કોમ (યહો. ૧૭; ૧૫. ઉત્પ. ૧૩; ૭ : ૧૫; ૨૦ : ૩૪; ૩૦. નિર્ગ. ૩; ૮, ૧૭ : ૨૩; ૨૩ : ૩૩; ૨ : ૩૪; ૧૧. પુન. ૭; ૧ : ૨૦; ૧૭. યહો.

૩; ૧૦: ૯; ૧: ૧૧; ૩: ૧૨; ૮: ૨૪; ૧૧. ન્યા. ૧; ૪, ૫. ૧ રા. ૯; ૨૦. ૨ કાળ. ૮; ૭. એઝ. ૯; ૧. નહે. ૯; ૮).

પરીદા કે પરૂદા = (નહે. ૭; ૫૭. એઝ. ૨; ૫૫).

પલાટયાહુ=પ્રભુનો છુટકારો. (૧) હનાન્યાહનો પુત્ર, અને ઝરૂબ્બાબેલનો પૌત્ર (૧ કાળ. ૩; ૨૧). (૨) હઝકીએલે જે પચ્ચીસ રાજકુંવરોને તેમની ભુંડાઇને લીધે તેમના વિરૂદ્ધ ભવિષ્ય કહ્યું તેમાંનો એક હતો (હઝ. ૧૧; ૧-૧૩). (૩) "શિમઓન" પુત્રોનો સરદાર (૧ કાળ. ૪; ૪૨, ૪૩). (૪) કરાર પર સહી કરનાર (નહે. ૧૦; ૨૨).

પલાયાહુ = પ્રભુએ પ્રતિષ્ઠિત કીધો. (૧) દાઉદવંશી એલ્યોએનાયનો પુત્ર (૧ કાળ. ૩; ૨૪). (૨) આ નામનો એક લેવી હતો (નહે. ૮; ૭: ૧૦; ૧૦).

પલાલ્યાહુ = પ્રભુએ ન્યાય કીધો. જે માણસો યરૂશાલેમમાં આવીને ફરીથી વસ્યાં તેમાંનો એક હતો (નહે. ૧૧; ૧૨).

પલિસ્તીઓ = પરદેશીઓ. પલિસ્તીઓ એ ફેનીકીઓના સંબંધી છે. તેઓ અસલ કોમની એક શાખા છે, કે જે લબાનોનના આખા પ્રાંતમાં અને યરદન નદીની ખીણમાં, તથા ક્રેત અને ભૂમધ્ય સમુદ્રના બીજા ટાપુઓમાં ફેલાયલી હતી. કેટલાએક ધારે છે કે આ પલિસ્તીઓ તે રફાઇમની એક શાખા છે. ઇબ્રાહીમના વખતમાં યહુદાહની નૈરૂત્યમાં તેઓ વસતા હતા અને અબીમેલેખ તેમનો રાજા હતો (ઉત્પ. ૨૧; ૩૨, ૩૪: ૨૬; ૧), તોપણ મુસાનાં પુસ્તકોમાં તેમને કનાની કોમો સાથે ગણવામાં આવી નથી (આમો. ૯; ૭. યિર્મે. ૪૭; ૪), તેમને કાફતોર દ્વીપના એટલે ત્યાંથી આવેલા કહે છે, હવે આ કાફતોર દ્વીપ તે કદાપિ ક્રેત હશે. બીજા કેટલાએક ધારે છે કે તે મિસરની નીલ નદીનો ડેલ્ટા હશે. અને એમ હોય તો પલિસ્તી કોમ તે મિસર દેશની એક કોમ ગણાય; પણ તે વિષે વિદ્વાનોમાં મતભેદ છે. નિર્ગમનથી માંડીને શમૂએલના પુસ્તક સુધીમાં તેઓ વિષે જે લખવામાં આવ્યું છે તે પરથી જણાય છે કે, યહુદાહ અને મિસર વચ્ચેનો જે પ્રદેશ તેમાં તેઓ વસતા હતા. નિર્ગ. ૧૩; ૧૭: ૧૫; ૧૪. યહો. ૧૩; ૩. ૧ શમૂ. ૪). આ કોમને પલેશેથવાસીઓ પણ કહે છે (જુઓ પલેશેથ). આ બળવાન દેશજાતિ હેબ્રીઓની સાથે નિરંતર લડાઇ કરતી દેખાય છે, અને એમ આ હેબ્રીઓનો તે મોટો દુશ્મન હતો. તેઓ બન્ને વચ્ચે ઘણી વખત લડાઇ ચાલતી. કોઇ વાર જીત પામતા તો કોઇ વાર ભારે હાર ખાતા. તેમની શત્રુવટ રાજા હિઝકીયાહ સુધી ચાલુ રહી (૨ રા. ૧૮; ૮). આખરે હિઝકીયાહે તેમને પુરી રીતે તાબે કીધા; તોપણ તેઓ પોતાનાં સંસ્થાનોમાં રહ્યા, અને હજી સુધી પણ તેમની જુની અદાવત ઇસ્રાએલીઓ વિષે દેખાય છે (હઝ. ૨૫; ૧૫-૧૭). રૂમીઓએ તેમને પુરી રીતે જીતી લીધા. તેઓની ભાષા વિષે બહુજ થોડું જાણવામાં આવ્યું છે. એવું ધારવામાં આવે છે કે, તેમની ભાષા હેબ્રી ભાષાની સાથે સંબંધ રાખતી હતી. તેમનાં પાંચ મુખ્ય નગરો તેમના પ્રદેશ સાથે હતાં. (૧) એક્રોન. અહિંના વતનીઓ બાલઝબુલની પૂજા કરતા હતા; અને યહોવાહનો કરારકોષ અહિં હતો (૨ રા. ૧; ૨). (૨) ગાથ. ગોલ્યાથ અહિંનો વતની હતો (૨ શમૂ. ૧૭; ૪). દાઉદે તેને જીત્યું (૧ કાળ. ૧૮; ૧). (૩) આશ્દોદ. તેઓનો દેવ દાગોન કરારકોષ આગળ ઉંધો પડયો (૧ શમૂ. ૫). નવા કરારમાં તેને આઝોટ કહે છે. અહિં ફિલીપ હબશી ખોજા આગળથી અલોપ થયો (પ્રે. કૃ. ૮; ૪૦). (૪) આશ્કલોન. પલિસ્તીઓનું મુખ્ય બંદર હતું. હેરોદ મોટાનો જન્મ અહિં થયો એમ કહેવાય છે. (૫) ગાઝાહ. શામશૂને એના દરવાજા ઉંચકી લીધા હતા, અને ત્યાંના મંદિરનો નાશ કરતાં પોતે મરણ પામ્યો (ન્યા. ૧૬).

ઉપલાં નગરોમાં ઘણાક જુદા જુદા રાજાઓની રાજ્યગાદી સ્થાપિત થઇ હતી. પલિસ્તીઓ જોરાવર તથા ઉંચા કદના માણસો હતા, અને રંગે મિસરીઓ કરતાં જરા ઉજળા હતા. કેટલાક ધારે છે કે તેઓ મુગલ લોક હશે (પાલેસ્ટાઇન જુઓ). પલિસ્તીઓ ભૂમધ્યસમુદ્ર અને યહુદાહની વચ્ચે આવેલા મુલકના વતનીઓ (નિર્ગ. ૨૩; ૩૧.) તેઓની ઉત્પત્તિ (ઉત્પ. ૧૦ ; ૧૪. ૧ કાળ. ૧; ૧૨. પિર્મે. ૪૭; ૪. આમો. ૯; ૭. જુઓ કાફ્તોર). તેમનો રાજા અબીમેલેખ (ઉત્પ. ૨૧; ૩૨, ૩૪ : ૨૬). પલિસ્તીઓનો દેશ (નિર્ગ. ૧૩; ૧૭). તેઓના પાંચ સરદારો ઇસ્રાએલથી જીતાયા નહિ (યહો. ૧૩; ૨, ૩. ન્યા. ૩; ૩). તેઓની લડાઇઓ,—શામગાર સાથે (ન્યા. ૩; ૩૧); શામશૂન સાથે (ન્યા. ૧૦; ૬, ૭, ૧૧ : ૧૩; ૧, ૫ : ૧૪; ૧-૪ : ૧૫; ૧૬). પલિસ્તી અને કોષ (૧ શમૂ. ૪—૭). શાઉલ અને પલિસ્તીઓ (૧ શમૂ. ૯; ૧૬ : ૧૦; ૫ : ૧૨; ૯ : ૨૩; ૨૭, ૨૮ : ૨૪; ૧). મિખ્માશ (૧ શમૂ. ૧૩; ૧૪). દાઉદ સાથે લડાઇ (૧ શમૂ. ૧૭; ૧૮ : ૧૯; ૫, ૮ : ૨૧; ૯ : ૨૨; ૧૦ : ૨૩; ૧-૫ : ૨૭; ૧, ૭, ૧૧ : ૩૦; ૧૬. ૨ શમૂ. ૩; ૧૪, ૧૮). ગિલ્બોઆ પહાડ પર શાઉલ સાથે લડાઇ (૧ શમૂ. ૨૮ : ૨૯ : ૩૧. ૨ શમૂ. ૧; ૨૦ : ૨૧; ૧૨). દાઉદની મોટી જીત (૨ શમૂ. ૫; ૧૭–૨૫. સરખાવો યશા. ૨૮; ૨૧. ૨ શમૂ. ૮; ૧, ૧૨ : ૧૯; ૯). દાઉદના સરદાર સામે (૨ શમૂ. ૨૧; ૧૫-૧૯ : ૨૩; ૯-૧૬). ગિબ્બઓનનો ઘેરો (૧ રા. ૧૫; ૨૭ : ૧૬; ૧૫). હિઝકીયાહની તેઓ પર જીત (૨ રા. ૧૮; ૮. ૧ રા. ૪; ૨૧. ૨ રા. ૮; ૨, ૩. ૧ કાળ. ૧૦; ૧૧ : ૧૩; ૧૮ : ૧૨; ૧૯ : ૧૪ : ૧૮; ૧, ૧૧ : ૨૦; ૪, ૫. ૨ કાળ. ૯; ૨૬ : ૧૭; ૧૧ : ૨૧; ૧૬ : ૨૬; ૬, ૭ : ૨૮; ૧૮. ગી. ૫૬). પદવી (ગી. ૮૩; ૭). પલિસ્તીની દીકરીઓ (૨ શમૂ. ૧; ૨૦. હઝ. ૧૬; ૨૭, ૫૭). તેઓ વિષે ભવિષ્ય (યશા. ૧૧; ૧૪, ૧૯. યિર્મે. ૧૫; ૨૦ : ૪૭; ૧, ૪. હઝ. ૨૫; ૧૫, ૧૬. આમો. ૧; ૮. સફ. ૨; ૫. ઝખ. ૯; ૬). બીજી ભવિષ્યવાત (યશા. ૨; ૬ : ૯; ૧૨. સરખાવો ૨ કાળ. ૨૮; ૧૮. આમો. ૬; ૨). પલેશેથ તેમનો દેશ (ગી. ૬૦; ૮ : ૮૭; ૪ : ૧૦૮; ૯. નિર્ગ. ૧૫; ૧૪. ગી. ૮૩; ૭. યશા. ૧૪; ૨૯–૩૧. યોએલ. ૩; ૪. જુઓ પાલેસ્ટાઇન).

પલેથીઓ = દોડનાર કે ખેપીઆ. દાઉદના વખતમાં તેમનું નામ હમેશાં કરેથીઓની સાથે જોડાયલું જોવામાં આવે છે. આ શબ્દનો અર્થ "દોડનારા કે ખેપીઆ" એવો થાય છે, તેથી એમ જણાય છે કે દાઉદના અંગરક્ષકો સાથે તેઓ ખેપીઆનું કામ પણ કોઇ વખતે કરતા હતા (૨ શમૂ. ૮; ૧૮ : ૧૫; ૧૮ : ૨૦; ૭, ૨૩. ૧ રા. ૧; ૩૮, ૪૪. ૧ કાળ. ૧૮; ૧૭). આ લોકો વિષે કેટલાક ધારે છે કે કરેથીઓ તથા પલેથીઓ તેઓ પલિસ્તીઓનાં બે કુળ છે, કે જેમાંથી દાઉદે પોતાના અંગરક્ષક નિમ્યા. ગિત્તીઓની સાથે પણ તેમનું નામ આવે છે, કે જેઓની એક પરદેશી ટુકડી દાઉદે પોતાની પાસે રાખી હતી (૨ શમૂ. ૧૫; ૧૮).

પલેશેથ = પલિસ્તીઓનો દેશ. પ્રાચીન કાળમાં યરદનની પશ્ચિમ ગમના સમુદ્રકાંઠાના દેશને પલેશેથ કહેતા હતા (નિર્ગ. ૧૫; ૧૪. યશા. ૧૪; ૨૯, ૩૧. યોએ. ૩; ૪. ગીત. ૬૦; ૩ : ૮૭; ૪ : ૧૦૮; ૯ : ૮૩; ૭). પણ જુના કરારમાં પાલેસ્ટાઇન દેશને હેબ્રીમાં પલેશેથ એ નામ આપવામાં આવ્યું છે (જુઓ પાલેસ્ટાઇન).

પલોની—દાઉદના બે યોદ્ધાઓને, એટલે હેલેસ તથા અહીયાહને આ નામ આપવામાં આવ્યું છે (૧ કાળ. ૧૧; ૨૭, ૩૬). ૨ શમૂ. ૨૩; ૨૬ માં હેલેસ પાલટી કહેવાય છે, અને કદાપિ એમ હોય કે દક્ષિણ યહુદાહમાં આવેલ

"એથ-પેલેટ" ગામનો માણસ તે શબ્દમાં દર્શાવવામાં આવ્યો હોય, પણ તે માત્ર ધારણા છે. ૧ કાળ. ૨૭ ; ૧૦ માં હેલેસને એફ્રાઇમી કહે છે.

પાઅરાય = પ્રભુનો રસ્તો. તેને આર્બી કહે છે. દાઉદના શૂરવીરોમાંનો એક હતો (૨ શમૂ. ૨૩ ; ૩૫). ૧ કાળ. ૧૧ ; ૩૭ માં તેને નાઅરાય કહે છે.

પાઇ = બેં બેં કરવું. એક અદોમી શહેર હતું, કે જેને હદાદે રાજ્યધાનીનું શહેર કીધું (૧ કાળ. ૧ ; ૫૦). તે શહેરને ઉત્પ. ૩૬ ; ૩૯ માં પાઉ કહે છે.

પાઉલ = નાનો, ઠીંગણો. ઘણું કરીને એમ ધારવામાં આવે છે કે ઇસુના જન્મ વખતે પાઉલનો પણ જન્મ થયો છે. તેનું સુનતી હેબ્રી નામ શાઉલ છે, પણ વિદેશી યુનાની નામ પાઉલ હતું. આશિયામૈનરના અગ્નિ કોણમાં આવેલા કીલકી નામના રૂમી પ્રાંતનું મુખ્ય શહેર તાર્સસ તેની જન્મભૂમિ હતી. આ શહેર કીડનુસ નદીના કાંઠા પર આવેલું હતું કે જ્યાં સુધી વહાણો જઇ શકતાં હતાં, તેથી કરીને ભૂમધ્ય સમુદ્ર પરના ઘણાએક દેશો સાથે આ શહેરનો વેપાર રોજગાર ચાલતો હતો, તે માટે ધનદોલતમાં આ શહેર પ્રસિદ્ધ હતું. વળી તાર્સસમાં એક પ્રસિદ્ધ પાઠશાળા હતી કે જે આથેન્સ અને આલેકસાંદ્રિયાની પાઠશાળા કરતાં માનવંતી ગણાતી હતી (જુઓ તાર્સસ). આ શહેરમાં પાઉલ જન્મ્યો હતો અને અહિં પોતાની જુવાની ગાળી હતી, અને આ પાઠશાળામાં ઉંચા દરજ્જાની કેળવણી લીધી. પાઉલનો બાપ ઇસ્રાએલના સંતાનનો, બીન્યામીનના કુળનો અને ફરોશી પંથનો હતો (પ્રે. કૃ. ૨૩ ; ૬. ફિલી. ૩ ; ૫). પાઉલની મા વિષે આપણે કંઇ જાણતા નથી, પણ પાઉલને જોઇને તે વિષે આપણે એટલું તો કહી શકીએ કે તે બાઇ ભક્તિશીલ અને પોતાના પતિના વિચારને મળતી હતી. પાઉલ વિષે તેણે માતૃધર્મ બરાબર બજાવ્યો હતો, જેથી કરીને પાઉલ કહી શકે છે કે હું "નિયમના ન્યાયીપણા સંબંધી નિર્દોષ" છું (ફિલી. ૩ ; ૬). તેની બેન અને બેનના છોકરા વિષે, તથા તેનાં બીજાં સગાં વિષે શાસ્ત્રમાં વાંચીએ છીએ (પ્રે. કૃ. ૨૩ ; ૧૬. રૂમી. ૧૬ ; ૭, ૧૧, ૧૨). તેનો બાપ જો કે યહુદી હતો તો પણ રૂમી શહેરનો વતની હતો. એ વતન તેણે કેવી રીતે મેળવ્યું હશે તે જાણવામાં આવ્યું નથી. કદાપિ તેણે આ વતન ખરીદ્યું હોય, અથવા તો રાજ્યમાં કોઇ વફાદાર નોકરી કીધી હોય, અને તે બદલ તેને આપવામાં આવ્યું હોય. તેનો દીકરો પાઉલ તો જન્મથી બધી રીતે સ્વતંત્ર હતો. પોતાના પિતાને રૂમી રાજ્યમાં રહેવાને મળેલી પરવાનગી ખરેખર ઘણી કિમતી હતી, અને પાઉલને તે ઘણી ઉપયોગી થઇ પડી. યહુદીઓમાં ચાલતી રીત મુજબ ધર્મવિદ્યાની કોલેજમાં જઇને શીખ્યો તે પહેલાં ચામડાના તથા લુગડાંના તંબુ બનાવવાનો ધંધો જે તાર્સસમાં સાધારણ હતો તે શીખ્યો. તાર્સસની પ્રાથમિક કેળવણી પુરી થતાં તેને યરૂશાલેમમાં યહુદીઓના મોટા ધર્માલયમાં કાયદાનો બારીક અભ્યાસ કરવા મોકલવામાં આવ્યો, તે વખતે તેની ઉમર આસરે ૧૩ વર્ષની હતી. અહિં પ્રખ્યાત રાબ્બી ગમાલીએલનો શિષ્ય થયો, અને કેટલાંએક વર્ષ સુધી તે શહેરનાં દુરાચારથી દૂર રહી ખાંતથી શાસ્ત્રનો અભ્યાસ કર્યો. શિષ્યસમય પુરો થયા બાદ ઘણું કરીને યરૂશાલેમ મુકી તાર્સસ ગયો, અને ત્યાંના કોઇ સભાસ્થાનમાં કામ કરતાં કેટલાંક વર્ષ ગાળ્યાં ; પણ આપણા તારનાર પ્રભુ ઇસુના મરણ પછી થોડાજ વખતમાં આપણે તેને યરૂશાલેમ પાછો આવેલો જોઇએ છીએ. અને અહિં ઇસુને કેવી રીતે મારી નાખ્યો, તથા નવા ખ્રીસ્તી ધર્મની જાગૃતિ થઇ છે, વિગેરે હકીકત તેના જાણવામાં આવી. પેન્ટેકોસ્ટ પછી બેએક વર્ષમાં ખ્રીસ્તી ધર્મની અસર યરૂશાલેમમાં ધીમે ધીમે ભારે થવા લાગી, અને આખરે

સ્તેફન જે સાત સેવકોમાંનો એક, તેણે ઉઘાડી રીતે સાક્ષી આપી કે, ઇસુ તેજ મસીહા છે. એ કારણ માટે યહુદીઓ ઘણા ઉશ્કેરાઇ ગયા અને તેઓના સભાસ્થાનમાં તે વિષે ભારે વાદવિવાદ થયો. સ્તેફન તથા ખ્રીસ્તી ભાઇઓની ભારે સતાવણી થઇ, અને તાર્સસના શાઉલે આ વખતે ખ્રીસ્તીઓની સતાવણી કરવામાં આગળ પડતો ભાગ લીધો. ઘણું કરીને તે આ વખતે સાન્હેદ્રિમ સભાનો સભાસદ હતો. અને ખ્રીસ્તી ધર્મનો સમૂળગો નાશ કરવાને માટે જે અધિકારીઓ નિમાયા હતા તેમના હાથમાં પાઉલ ખ્રીસ્તીઓની સતાવણી કરવાને એક મુખ્ય સાધન તરીકે હતો. પણ સતાવણી કરવાનો તેમનો જે હેતુ હતો તે પાર પડયો નહિ, કેમકે સતાવણીને લીધે વેરાઇ ગએલાઓ સુવાર્તાની વાત પ્રગટ કરતા ચારેગમ ફર્યા. આથી કરીને સતાવણી કરનારાનો ક્રોધ સળગી ઉઠયો. દમસ્ક શહેરમાં આ મતના માનનારા છે એવું સાંભળતાં તે મુખ્ય યાજક પાસેથી દમસ્કની સભાઓ પર પત્રો મેળવી યરૂશાલેમથી દમસ્ક જવા નીકળ્યો. તે પોતાની સાથે કેટલાંક માણસો લઇ ૧૩૦ માઇલ દૂર, જે આસરે છએક દિવસનો માર્ગ, તે ધમકીઓનો તથા હત્યાનો શ્વાસ લેતાં દૃઢતાથી કાપવા લાગ્યો; પણ તેની જીંદગીનો બારીક સમય પાસે આવ્યો. દમસ્ક બરોબર નજરે પડયું, એવામાં તેના પર તથા તેના સાથીઓ પર બપોર છતાં આકાશથી એકાએક મોટો તેજસ્વી પ્રકાશ ચમક્યો. પાઉલ ભયભીત થઇ ભોંય ઉપર પડયો, અને પોતાની સાથે બોલતી એવી એક વાણી સાંભળી કે "શાઉલ, શાઉલ, તું મને કેમ સતાવે છે?" આ વાણી સજીવન થએલા તારનારની હતી. તે વાણી સાંભળતાં સતાવણી કરવાને જે હોંશીલો તે બોલી ઉઠયો કે, "પ્રભુ, તું કોણ છે?" ત્યારે પ્રભુએ કહ્યું કે "હું ઇસુ છું, જેને તું સતાવે છે" (પ્રે. કૃ. ૯; ૫ઃ૨૨; ૮ઃ ૨૬; ૧૫). આ પળ પાઉલની જીંદગીમાં સૌથી ગંભીર પળ ગણાય. કેમકે તેજ પળે તે નવો માણસ થયો. ત્યાર પછી તે ભોંય પરથી ઉઠયો, પણ પેલા મોટા તેજને લીધે તે આંધળો થયો, તેથી કરીને ભોંય પરથી ઉઠી આંખો ઉઘાડતાં તેણે કોઇને દીઠો નહિ, માટે તેના સાથીઓ તેને હાથ પકડીને દમસ્ક લઇ ગયા. ત્યાં ત્રણ દિવસ સુધી દેખ્યા વિના તથા ખાધા પીધા વિના ગંભીર વિચારમાં ગાળ્યા (પ્રે. કૃ. ૯; ૧૧). ત્યાર પછી દમસ્કમાં અનાન્યા નામે એક શિષ્ય રહેતો હતો, તેને પ્રભુએ દર્શનમાં પાઉલમાં જે ફેરફાર થયો હતો તે વિષે જણાવતાં કહ્યું કે, તું તેની પાસે જા, અને બાપ્તિસ્મા દ્વારે તેને મંડળીમાં દાખલ કર. અનાન્યાએ તે પ્રમાણે કીધું, ત્યાર પછી પાઉલની જીંદગીની બધી ધારણાઓ બદલાઇ ગઇ. આ બનાવ બન્યા પછી તે અરબસ્તાનની એકાંત જગ્યામાં ગયો (ગલા. ૧; ૧૭). ઘણું કરીને જે ચમત્કારિક દર્શન તેને દમસ્ક જતાં થયું, તેનો એકાંત અભ્યાસ તથા મનન કરવાને તે અરબસ્તાનના "સિનાય"માં ગયો હશે. પણ આ બાબત વિષે આપણે ખાતરીપૂર્વક જાણતા નથી, પણ એટલું તો ખરૂં કે જે ભારે કામ હવે પછી તે કરવાનો હતો, તેની ગંભીર તૈયારી કરવાની તેને જરૂર હતી. ત્રણ વર્ષ પછી તે દમસ્ક પાછો આવ્યો અને "ઇસુને નામે" નિર્ભયથી વાત પ્રગટ કરી (પ્રે. કૃ. ૯; ૨૭). પણ એટલામાં તેને ત્યાંથી યરૂશાલેમ આવવું પડયું, કેમકે યહુદીઓએ તેને મારી નાખવાનો મનસુબો કીધો (પ્રે. કૃ. ૯; ૨૫. ૨ કરીં. ૧૧; ૩૩). અહિં પણ તેણે ત્રણ અઠવાડિયાં સુવાર્તાનું કામ કીધું, એટલામાં ફરીને હેલેનીઓ તથા યહુદીઓથી સતાવણી થઇ (પ્રે. કૃ. ૯; ૨૮, ૨૯), તેથી કરીને તે પોતાના વતન તાર્સસમાં પાછો આવ્યો (ગલા. ૧; ૨૧). અહિં આસરે ત્રણેક વર્ષ તે રહ્યા એમ જણાય છે, કેમકે વિદેશીઓમાં સુવાર્તા પ્રગટ કરવાનું તેના જીવનનું જે ભારે કાર્ય તે કરવાનો વખત

હજી આવ્યો ન હતો. આખરે સીરીઆના મુખ્ય શહેર અંત્યોખમાં ધર્મપ્રસારનું દ્વાર ખોલવામાં આવ્યું, અને સુવાર્તાનું કામ સારૂં ચાલવા લાગ્યું. બાર્નાબાસ જે સારો માણસ, ને પવિત્ર આત્માએ તથા વિશ્વાસે ભરેલો હતો, તેને અંત્યોખ મોકલવામાં આવ્યો. ત્યાં ગયા પછી બાર્નાબાસ શાઉલનો શોધ કરવા માટે તાર્સસ ગયો અને જડ્યા પછી તે તેને અંત્યોખમાં લાવ્યો. ત્યાં તેઓ આખુ વર્ષ મંડળીમાં એકઠા રહ્યા અને કામમાં ઘણી ફતેહમંદી પામ્યા, શિષ્યો પહેલા અંત્યોખમાં ખ્રીસ્તી કહેવાયા (પ્રે. કૃ. (પ્રે. કૃ. ૧૧; ૨૬). હવે અંત્યોખની મંડળીએ વિદેશીઓમાં સુવાર્તાનું કામ કરવાને ઠરાવ કર્યો, અને પાઉલ તથા બાર્નાબાસની સાથે યોહાન માર્કને તે કામ માટે પસંદ કર્યો. મંડળીના ઇતિહાસમાં આ સાલ બહુ મોટી અને જાણવાજોગ ગણાય. હવે શિષ્યો પોતાના સ્વામીની આજ્ઞા માથે ચઢાવવા લાગ્યા કે, "તમે જઇને સર્વ દેશનાઓને શિષ્ય કરો." પછી ત્રણે સુવાર્તિક પહેલી મુસાફરીમાં નીકળ્યા (ઇ. સ. ૪૭, ૪૮). અંત્યોખથી નીકળીને તેઓ સલુકિયા બંદરે ગયા, અને ત્યાંથી વહાણે નૈરૃત્ય કોણમાં ૮૦ માઇલ દૂર આવેલા કુપરસ બેટમાં ગયા. ત્યાં સાલામીસ તથા પાફસમાં પ્રભુનું કામ કીધું. પાફસમાં સરજીઅસ પાઉલ ખ્રીસ્તી થયો. અહિંથી તેનું શાઉલ નામ બદલાઇ પાઉલ કહેવાય છે. પછી અહિંથી પાઉલ તથા તેના સાથીઓ વહાણે ચઢી પામ્ફુલ્યાના પેર્ગામાં આવ્યા (પ્રે. કૃ. ૧૩; ૧૩). અહિંથી માર્ક તેમને મુકીને યરૂશાલેમ પાછો ફર્યો. પછી પાઉલ તથા બાર્નાબાસે આગળ વધી પામ્ફુલીઆ, પીસીદીઆ અને ઇકોની પ્રાંતમાં આશરે ૧૦૦ માઇલની મુસાફરી કરી. પેર્ગામાંથી તેઓ બન્ને પીસીદી પ્રાંતના અંત્યોખમાં ગયા. અહિં પાઉલે યહુદીઓના સભાસ્થાનમાં નોંધમાં લેવાયા મુજબ પહેલું ભાષણ આપ્યું (પ્રે. કૃ. ૧૩; ૧૬-૪૧). ત્યાર પછી તે ઇકોની, લુસ્ત્રા અને દેર્બમાં ગયા. પછી તેજ રસ્તે તેઓ પાછા ફર્યા, એટલે દેર્બ, લુસ્ત્રા, ઇકોની, પીસીદીનું અંત્યોખ. છેલ્લાં ત્રણ સ્થળે તેમણે વડીલો ઠરાવ્યા, અને ત્યાંના શિષ્યોનાં મન દૃઢ કર્યાં. અંત્યોખથી પામ્ફુલ્યાના પેર્ગામાં આવ્યા, અને પામ્ફુલ્યાના બંદર આતાલીએ થઇને સીરીના અંત્યોખમાં આવ્યા, અને ત્યાંની મંડળીને એકઠી કરીને જે કામ તેઓની મારફતે દેવે વિદેશીઓમાં કરાવ્યું હતું, અને વિદેશીઓમાં વિશ્વાસનું બારણું કેવી રીતે ઉઘાડવામાં આવ્યું હતું તે બધી હકીકત જાહેર કરી ત્યાર પછી અંત્યોખમાં "ઘણા દિવસ" રહ્યા (કદાપિ ૫૦ કે ૫૧ સુધી); બાદ અંત્યોખની મંડળીમાં ખ્રીસ્તી થએલા વિદેશીઓની સુનત કરવા વિષે ભારે તકરાર ઉઠી, માટે તે શમાવવાને સારૂ પાઉલ, બાર્નાબાસ તથા બીજા કેટલાએક ભાઇઓને અંત્યોખની મંડળી તરફથી યરૂશાલેમ ઉપલી તકરારનો ખુલાસો લેવા માટે મોકલવામાં આવ્યા. આ તકરારનો ફેંસલો કરવાને પ્રેરિતો તથા વડીલોની સભા (કોન્સિલ) ભરાઇ. તેમાં યહુદીઓની વિરૂદ્ધ ફેંસલો કરવામાં આવ્યો, અને ઠરાવ થયો કે, જે બોજો આપણા પૂર્વજો સહી શકતા નથી તે આપણે વિદેશી પર શા માટે નાખવો જોઇએ? માટે તેઓએ મૂર્તિઓનાં અમંગળપણાથી, વ્યભિચારથી, ગુંગળાઇને મરેલાથી તથા લોહીથી પરહેજગાર રહેવું, અને સભાથી થયલો આ ફેંસલો રીતસર પ્રગટ કરાય; માટે પાઉલ તથા બાર્નાબાસની સંગાથે યહુદા, જેની અટક બાર્સાબાસ હતી તેને, તથા શીલાસને અંત્યોખ મોકલ્યા (પ્રે. કૃ. ૧૫). અંત્યોખમાં આવી થોડો વિસામો લીધા બાદ પાઉલે બાર્નાબાસને કહ્યું કે, ચાલો, જે હરેક શહેરમાં આપણે પ્રભુની વાત પ્રગટ કીધી તેમાંના આપણા ભાઇઓને મળીને જોઇએ કે તેઓના શા સમાચાર છે. બાર્ના-

બાસે માર્કને સાથે લેવાનું પાઉલને જણાવ્યું, પણ પાઉલે તે વાતની ના પાડી તેથી બન્ને વચ્ચે તે વિષે તકરાર થવાથી તેઓ જુદા પડ્યા. છેવટે બાર્નાબાસ માર્કને લઇને કુપ્રસ ગયો, પણ પાઉલ શીલાસને પસંદ કરીને સીરીઆ તથા કીલકીના પ્રાંતોમાં મંડળીને દઢ કરતો ફર્યો, અને ત્યાર પછી ફરીને તેઓ કદી મળ્યા નહિ. તો પણ પાઉલ પછીથી બાર્નાબાસનું માન રાખીને માર્કને રૂમમાં પોતાની પાસે બોલાવે છે (૨ તીમો. ૪; ૧૧. કલો. ૪; ૧૦). આશરે ઇ. સ. ૫૨ માં પાઉલ સીલાસને લઇને બીજી મુસાફરીમાં નીકળ્યો. આ વખતે તે ખુશ્કીને માર્ગે આશિયામાં જે મંડળીઓ સ્થાપન કરી હતી તેની મુલાકાત લેવા ગયો. ફ્રુગિયા તથા ગલાતી પ્રાંતોમાં ફર્યા પછી આશિયામાં વાત પ્રગટ કરવા સારૂ આત્માએ તેઓને ત્યાં જતા રોક્યા; તેથી તેઓ મુસયા પ્રાંતની હદ પર આવ્યા, અને અહિંથી કાળાસમુદ્રના કાંઠા પર આવેલા બીથુનીઆ પ્રાંતમાં તેઓએ જવા ધાર્યું; પણ ઇસુના આત્માએ ત્યાં પણ જવા દીધા નહિ, ત્યારે તેઓ મુસયાથી ઉપડી ત્રોઆસ બંદરે આવ્યા (પ્રે. કૃ. ૧૬; ૮). અહિં આવ્યા પછી પાઉલને માકેદોન્યાના એક જણનું દર્શન થયું કે જેણે પોતાને ત્યાં આવવાની પાઉલને વિનંતિ કરીને કહ્યું કે, "માકેદોન્યામાં આવી અમને સાહ્ય કર" (પ્રે. કૃ. ૧૬; ૯). દર્શન થયા પછી પાઉલે માન્યું કે અમને સુવાર્તા પ્રગટ કરવા સારૂ પ્રભુ માકેદોન્યામાં બોલાવે છે, તેથી બીજે દિવસે તેઓ જળમાર્ગે સામોથ્રાકી બેટમાં ગયા અને ત્યાંથી માકેદોન્યા પ્રાંતના બંદર નેઆપોલીસ ગયા, અને એમ માકેદોન્યામાં ફિલીપી, થેસ્સાલોનીકા અને બેરીઆમાં મંડળીઓ સ્થાપવામાં આવી. પછી આ પ્રાંત છોડીને તેઓ આખાયા પ્રાંતના આથેનાયમાં ગયા. ત્યાં પાઉલે અરેઓપાગસમાં ભાષણ આપ્યું, ત્યાર પછી પાઉલ કદી આથેનાયમાં ગયો નહિ. ત્યાંથી નીકળીને આખાયાના મુખ્ય શહેર કરીંથમાં ગયો, અને ત્યાં આસરે દોઢ વર્ષ રહ્યો. ત્યાં સુવાર્તાના કામની સફળતા થઇ. પોતે કરીંથમાં હતો એટલામાં તેણે થેસ્સાલોનીકાની મંડળી પર પોતાના પત્રોમાંના સૌથી પહેલા બે પત્ર લખ્યા (ઇ. સ. ૫૩). ત્યાર પછી તે સીરી જવાને ઉપડયો, એ કારણ માટે કે યરૂશાલેમ જઇને પચાસમું પર્વ પાળી શકે; તેથી વહાણે કરીંથથી ઉપડી કુંખરીઆ અને એફેસસ થઇ કાઇસારીઆ ઉતર્યો. અને અહિંથી યરૂશાલેમ જઇ મંડળીને ક્ષેમકુશળ કહી તથા પર્વ પાળી સીરીના અંત્યોખમાં પાછો આવ્યો અને ત્યાં કેટલોએક વખત રહ્યો (પ્રે. કૃ. ૧૮; ૨૦-૨૩). કેટલાક ધારે છે કે કરીંથથી કાઇસારીઆ આવતાં તે એફેસસમાં રોકાયો, ત્યારે દક્ષિણ ગલાતી મંડળીઓની તપાસ કરવાને પાઉલે તીમોથીને મોકલ્યો (પ્રે. કૃ. ૧૮; ૧૯-૨૧). તીમોથી સીરીના અંત્યોખમાં ખબર લઇને આવ્યો, કે ગલાતીની મંડળીઓના લોકનું મન યહુદી મત તરફ જરા વળતું જાય છે. આ માઠા સમાચાર સાંભળીને પાઉલે દક્ષિણ ગલાતીની મંડળીઓ પર પત્ર લખ્યો (ઇ. સ. ૫૩ કે ૫૪). પાઉલની ત્રીજી મુસાફરી ૫૩-૫૭ કે ૫૪-૫૮. ઉપલા પ્રાંતો, એટલે આશિયામૈનરની છેક પૂર્વના ભાગમાં ફરીને તે એફેસસમાં આવ્યો. આ શહેર વેપાર રોજગારને માટે તેની આજુબાજુનાં બીજાં બધાં શહેરો કરતાં પહેલો નંબર ધરાવતું હતું. અહિં પાઉલે આશરે ત્રણ વર્ષ પ્રભુના કામને અર્થે મહેનત કરી. અને એફેસસથી નીકળ્યા પહેલાં થોડી મુદત પર આશરે ઇ. સ. ૫૬ ની શરૂઆતે તેને ક્લોએના કુટુંબનાં માણસો પાસેથી કરીંથ મંડળીની ખબર મળી, તેથી તેણે કરીંથની મંડળી પર પોતાનો પહેલો પત્ર લખ્યો. અહિં દેમેત્રિયસ નામે એક સોની, કે જે રૂપાનાં નાનાં દેવસ્થાનો બનાવી વેચતો હતો, તેણે પાઉલની સામે ભારે હંગામો ઉઠાવ્યો, તે માટે પાઉલ એફેસસથી નીકળીને ત્રોઆસ આવ્યો (૨ કરીં. ૨; ૧૨). આ વેળા પાઉલ માંદો

પડયો (૨ કરીં. ૧; ૮, ૯), પણ જરા તંદુરસ્ત થયા પછી ત્રોઆસથી નીકળી માકેદોન્યા (ફિલીપી) ગયો. અહિં તેને તીમોથીની મુલાકાત થઇ અને તીતસ કરીંથની મંડળીના સારા સમાચાર લઇ પાઉલને આવી મળ્યો, જેથી પાઉલે કરીંથની મંડળી પર પોતાનો બીજો પત્ર લખ્યો. અહિં કેટલોક વખત રહીને પછીથી ફિલીપી, થેસ્સાલોનીકા, બેરીઆ અને આદ્રીઆટીકના કિનારા પર ફરી ત્યાંની મંડળીઓની મુલાકાત કરી (રૂમી. ૧૫; ૧૯). ત્યાર પછી તે ગ્રીસમાં આવ્યો અને ત્યાં ત્રણેક મહિના રહ્યો. અહિં પોતાનો ઘણો ખરો વખત તેણે કરીંથમાં ગુજાર્યો (પ્રે. કૃ. ૨૦; ૨), તે પ્રસંગમાં તેણે રૂમીઓને પત્ર લખ્યો. પછી ત્યાંથી નીકળીને આખાયા અને આશિયા મૈનરમાં થઇને જતાં કારિયા પ્રાંતના મુખ્ય બંદર મીલેતસમાં એફેસસની મંડળીના (૨૦ માઇલ દૂર હતું) વડીલોને બોલાવી તેમની આગળ ચેતવણીરૂપ ચિત્તવેધક ભાષણ કર્યું (પ્રે. કૃ. ૨૦; ૧૭). ત્યાંથી વહાણે બેસી તુર જવા નીકળ્યો. અહિં આવ્યા પછી તે સાત દિવસ થોભ્યો, અને ત્યાંથી યરૂશાલેમ (ઘણું કરીને ઇ. સ. ૫૮ની વસંત રૂતુમાં) પહોંચ્યો. યરૂશાલેમમાં તોફાની યહુદીઓએ પાઉલ વિરૂદ્ધ હંગામો ઉઠાવ્યો, જેથી કલાદિયસ લુસયસ રૂમી સરદારે તેને મુશ્કેલીથી બચાવી કેદી તરીકે કાઇસારીઆ મોકલાવી દીધો. અહિં હેરોદના દિવાનખાનામાં આશરે બે વર્ષ રહ્યો. આ બે વર્ષના દરમિયાન તેણે કંઇ લખાણ કીધું નથી. આશરે વીસેક વર્ષ ખંતથી કામ કર્યા પછી હાલ તે પોતાના કરેલા કામની સફળતા ઇચ્છતાં અભ્યંતર, માનસિક ગંભિર વિચારોમાં આરામ લેતો દેખાય છે. બે વર્ષ પુરાં થતાં ફેલીક્સને બદલે પોર્કીઅસ ફેસ્તસ હાકેમ (ગવર્નર) થઇને આવ્યો, તેની આગળ ફરીને પાઉલનો કેસ ચાલ્યો. આ વખતે કોર્ટમાં થતા ગેરઇનસાફ તરફ જોઇ તેણે રૂમના બાદશાહ આગળ અપીલ કરી (પ્રે. કૃ. ૨૫; ૧૧), તે માટે પાઉલને જુલીઅસ જમાદારની દેખરેખ નીચે રૂમની હજુર કોર્ટમાં મોકલવામાં આવ્યો. જીવના જોખમે લાંબી મુસાફરી પુરી કરી રાજકીય નગર પહોંચ્યો (કદાચ ઇ. સ. ૬૧ ની વસંત રૂતુની શરૂઆતમાં). અહિં તેને ભાડાના ઘરમાં રહેવાની રજા મળી, કેમકે કોઇ પણ રૂમી માણસની કોર્ટમાં તપાસ થયા વિના કેદખાનામાં રાખવાની કોર્ટની રજા નહોતી, અને ઘણું કરીને એજ કાયદા મુજબ પાઉલને ભાડાના ઘરમાં રહેવાની રજા મળી હશે. તો પણ એક સીપાઇ રોજ તેની ચોકી કરતો હતો, પરંતુ સુવાર્તા પ્રગટ કરવાની તેને છૂટ હતી; તેથી કરીને ઘણા માણસો તેના ઉતારામાં આવતા, તેથી યહુદીઓને તેમજ વિદેશીઓને સુવાર્તા પ્રગટ કરવાનો તેને ઉત્તમ પ્રસંગ મળ્યો. હા, "આખા રાજ્યદરબારમાં તથા બધા બીજાઓમાં" ખ્રીસ્તને તેણે પ્રગટ કર્યો (ફિલી. ૧; ૧૩). અને એમ તેનું આ બંધન સુવાર્તાનું દ્વાર, અને તેનું "ભાડાનું ઘર" રૂમ શહેરમાં સુવાર્તા પ્રગટ કરવાનું મધ્યબિંદુ થયું (પ્રે. કૃ. ૨૮; ૨૩, ૩૦, ૩૧). એમ કહેવાય છે કે આ ભાડાનું ઘર યહુદીઓના લત્તામાં આવેલું હતું. તે ભાડાના ઘરમાં હતો તે દરમિયાન નીચેના ચાર પત્ર તેણે લખ્યા. (૧) કલોસીઓને પત્ર. (૨) ફિલેમોનને પત્ર. (૩) એફેસીઓને પત્ર. (૪) ફિલીપીઓને પત્ર. અને કદાપિ હેબ્રીઓને પત્ર (જો પાઉલકૃત હોય તો) પણ તેજ શાલમાં લખવામાં આવ્યું હશે. પાઉલના પહેલા મુકરદમામાં મજબુત સાક્ષીઓ નહિ મળવાથી તે નિર્દોષ ઠરી છુટો થયો. આ વખતે કેદમાંથી મુક્ત થઇ યુરોપના પૂર્વ તથા પશ્ચિમ ભાગમાં તથા આસિયામૈનરમાં ફરીને સુવાર્તાને અર્થે મુસાફરી કીધી. આ છુટકારામાં તેણે તીમોથીને ૧ લો પત્ર તથા તીતસને પત્ર લખ્યો. ત્યાર પછી કાઇસાર નેરોએ ખ્રીસ્તીઓની ભારે સતાવણી કરી. પાઉલ આ સતાવણીમાં પકડાયો, અને રૂમ શહેરમાં બંધવો કરી મોક-

લવામાં આવ્યો. અહિં કેદખાનામાં રહી તેણે તીમોથીને બીજો પત્ર લખ્યો, જે પત્ર પાઉલના જીવનનો છેલ્લો પત્ર છે. પછી નેરો બાદશાહની આગળ તેને ઉભો કરવામાં આવ્યો. આ વખતે શત્રુઓએ કોર્ટમાં તેને ગુન્હેગાર ઠરાવ્યો. અને વૃદ્ધ પાઉલ કે જેણે લોકોના ભલાને અર્થે તથા પ્રભુના મહિમાને અર્થે અત્યાર સુધી મહેનત કરી હતી તેને, તપાસ પુરી થતાં કતલ કરનારને સોંપવામાં આવ્યો. દુષ્ટો તેને સરઘસના આકારમાં શહેર બહાર લઇ ગયા. ત્યાં પાઉલ માણસોને કતલ કરવાના લાકડાના ઢીંમચા આગળ ઘુંટણીએ પડયો. અને કતલ કરનારે પોતાની સતેજ કુવાડીથી તેનું માથું અલગ કરી ધૂળ ભેગું કીધું (ઇ. સ. ૬૬ કે ૬૭). એમ યરૂશાલેમના નાશની ત્રણ ચાર વર્ષ અગાઉ મારાની તરવાર દ્વારે, ટુંકે માર્ગે થઇને પારાદૈસમાં તે પ્રવેશ પામ્યો. કરીંથનો અધ્યક્ષ દીઓનુશીઅસ (૧૭૦) કહે છે કે, પીતર તથા પાઉલ બન્નેએ ઇટાલી સુધી ધર્મોપદેશ કીધો; પછી બન્ને જણે એકી વખતે પ્રાણાર્પણ કીધું. પીતર તથા પાઉલનાં કૃત્યોમાં લખે છે કે, "પવિત્ર તથા આશીર્વાદિત પ્રેરિતો, એટલે પીતર તથા પાઉલ, જુન મહિનાની તારીખ ૨૯ મીએ પૂર્ણાવસ્થાએ પહોંચ્યા. પાઉલ— પ્રેરિત. (પ્રે. કૃ. ૧૩; ૯). તાર્સસનો શાઉલ (પ્રે. કૃ. ૯; ૧૧). ગમાલીએલનો શિષ્ય (પ્રે. કૃ. ૨૨; ૩). સ્તેફનના મરણ વખતે (પ્રે. કૃ. ૭; ૫૮: ૮; ૧). સતાવણી કરનાર (પ્રે. કૃ. ૮; ૩: ૯; ૧. ગલા. ૧; ૧૩. ફિલી. ૩; ૬). ખ્રીસ્ત તરફ ફરવું (પ્રે. કૃ. ૯; ૪–૧૯: ૨૨; ૭: ૨૬; ૧૪. ગલા. ૧; ૧૫, ૧૬). અરબસ્તાનમાં (ગલા. ૧; ૧૭). દમસ્કમાં (પ્રે. કૃ. ૯; ૧૯–૨૫. ૨ કરીં. ૧૧; ૩૨. ગલા. ૧; ૧૭, ૧૮). યરૂશાલેમમાં (૧) (પ્રે. કૃ. ૯; ૨૬-૩૦. ગલા. ૧; ૧૮, ૧૯). યરૂશાલેમમાં (૨) (પ્રે. કૃ. ૧૧; ૩૦: ૧૨; ૨૫). યરૂશાલેમમાં (૩) (પ્રે. કૃ. ૧૫; ૧–૨૯. ગલા. ૨; ૧–૧૦). અંત્યોખ જાય છે (પ્રે. કૃ. ૧૧; ૨૬). ધર્મપ્રસારક પહેલી મુસાફરી (પ્રે. કૃ. ૧૩; ૧૪. ૨ તીમો. ૩; ૧૧). બીજી મુસાફરી (પ્રે. કૃ. ૧૫; ૩૬-૧૮; ૨૨). ત્રીજી મુસાફરી (પ્રે. કૃ. ૧૮; ૨૩–૨૧; ૧૬). યરૂશાલેમની છેલ્લી મુલાકાત (પ્રે. કૃ. ૨૧; ૧૭-૩૦. રૂમી. ૧૫; ૨૫). હંગામો (પ્રે. કૃ. ૨૧; ૩૧–૩૪). ફેલીક્સ આગળ (પ્રે. કૃ. ૨૪). આગ્રીપા ને ફેસ્તસ આગળ (પ્રે. કૃ. ૨૫; ૨૩–૨૬). રૂમ સુધી સફર, વહાણનું ખંડન (પ્ર. કૃ. ૨૭: ૨૮; ૧૫). રૂમમાં (પ્રે. કૃ. ૨૮; ૧૬–૩૧. ફિલી. ૧; ૭, ૧૩. ૨ તીમો. ૧; ૧૫–૧૮: ૪; ૧૦–૧૭). સંકટ (૧ કરીં. ૪; ૯–૧૩. ૨ કરીં. ૬; ૩–૧૦: ૧૧; ૨૩–૨૮: ૧૨; ૭–૧૦. ગલા. ૪; ૧૩–૧૫: ૬; ૧૭). પ્રકટીકરણ (૧ કરીં. ૧૪; ૮: ૧૫; ૮, ૯. ૨ કરીં. ૧૨; ૧, ૪. ગલા. ૧; ૧૬). પત્રોમાં તેના વિષે બીજી વાતો (૧) (૨ કરીં. ૧૧; ૧૨. ગલા. ૧; ૧૩–૨; ૧૬. ફિલી. ૩; ૫, ૬. (૨) ૨ કરીં. ૧૧; ૮–૧૦: ૧૨; ૧૩. ફિલી. ૪; ૧૫, ૧૬). (૩) (રૂમી. ૧૫; ૧૯, ૨૪. ૧ કરીં. ૧૫; ૩૨: ૧૬; ૫–૯. ૨ કરીં. ૨; ૧૨, ૧૩. તીત. ૩; ૧૧). (૪) પાઉલના પત્રો (ફિલે. ૧૦– ૨૨. ૨ કરીં. ૧૦; ૯, ૧૦. ૨ પીત. ૩; ૧૫, ૧૬).

પાગઇએલ = દેવમતિ. અરણ્યમાં આશેરના કુળનો સરદાર (ગણ. ૧; ૧૩: ૨; ૨૭: ૭; ૭૨, ૭૭: ૧૦; ૨૬).

પાત્મસ = (પ્રક. ૧; ૬). ઇજીઅન સમુદ્રમાં આવેલો એક ટાપુ છે. આ ટાપુ વેરાન તથા ઉજડ હોવાથી રૂમી રાજ્યે આંદામાનની માફક દેશનિકાલનો ટાપુ ઠરાવ્યો હતો. આ ટાપુમાં યોહાન દેવની વાતને લીધે તથા ઇસુની સાક્ષીને લીધે દેશનિકાલ કરાયો હતો એવું સંભવે છે. અને ડોમીશીઅન બાદશાહથી તો નહિ, પણ રૂમી રાજ્યને તાબે આશિયા પ્રાંતનો જે હાકેમ હતો, તેના

ફેંસલાથી પ્રેરિત યોહાન દેશનિકાલ કરાયો હશે એ સંભવિત લાગે છે. કેટલાક ધર્મશાસ્ત્રીઓનો મત એવો છે કે, મૂર્તિપૂજા, અને વિશેષે કરીને બાદશાહના પુતળાની પૂજા કરવા વિષે યોહાન ઉલટો બોધ કરતો હતો; માટે રૂમી સરકારના અમલદારોના હાથથી તેને સજા આપવામાં આવે એવો ઘણો સંભવ હતો, તેથી યોહાન પોતે એફેસસથી પાત્મસ બેટમાં આશ્રય પામવા નાઠો ને ત્યાં એકાંતમાં કેટલાંક વર્ષ ગાળ્યાં. આ ટાપુમાં રહીને તેણે પ્રકટીકરણનું પુસ્તક લખ્યું. હાલ આ ટાપુને "પાટમો" કહે છે. ઘેરાવામાં આશરે ૧૫ માઇલ છે. ત્યાં એક ગુફા છે, તે યોહાનના નામથી ઓળખાય છે. ટાપુની વસ્તી ૪ કે ૫, હજાર માણસની છે. ટાપુની પૂર્વમાં એક બંદર છે. "સ્પોરા દેશ" ટાપુઓમાંનો એક છે. પવિત્ર શાસ્ત્રમાં આ નામ પ્રકટી. ૧; ૯ માં ફક્ત આવે છે.

પાતરોબાસ—રૂમની મંડળીનો એક ખ્રીસ્તી હતો, કે જેને પાઉલ સલામ લખે છે (રૂમી. ૧૬; ૧૪).

પાતારા—લુકીઆના કિનારા પર નૈરૃત્ય કોણમાં આ શહેર આવેલું હતું. પાઉલ પોતાની ત્રીજી મુસાફરીમાં આ જગ્યાએ ઉતર્યો હતો (પ્રે. કૃ. ૨૧; ૧, ૨). અહિં પાઉલને ફેનીકેમાં જનાર એક વહાણ મળ્યું, તેમાં બેસી ત્રણ ચાર દિવસે તુર પહોંચ્યા, અને ત્યાં ઉતરી થોડા દિવસ ત્યાં રોકાયા.

પાથરૂસીમ = પાથરોસના રહીશ. પાથરોસી એટલે ઉત્તર મિસરના રહેવાશીને આ નામ આપવામાં આવ્યું છે (ઉત્પ. ૧૦; ૧૪. ૧ કાળ. ૧; ૧૨).

પાથ્રોસ—ઉપલા મિસરને આ નામ આપવામાં આવ્યું છે (યશા. ૧૧; ૧૧. યિર્મે. ૪૪; ૧, ૧૫. હઝ. ૨૯; ૧૪: ૩૦; ૧૪). બાબેલના રાજા નબૂખાદનેસ્સારે યરૂશાલેમનો નાશ કીધો ત્યાર પછી યહુદીઓ જુદી જુદી જગ્યાએ રહેવા લાગ્યા. કેટલાક મિસર દેશના પાથ્રોસમાં વસ્યા, ને બીજા કેટલાક મિસર દેશના બીજા ભાગમાં વસ્યા હતા.

પાદાન = મેદાન. પાદાનારામને બદલે અહિં પાદાન લખવામાં આવ્યું છે, જે કેવળ ઉત્પ. ૪૮; ૭ માંજ આવે છે.

પાદાન = છટકો. જે નથીનીમ બંદિપ્રવાસથી પાછા આવ્યા તેમાંનો એક મુખ્ય પુરૂષ હતો (એઝ. ૨; ૪૪. નહે. ૪; ૪૭).

પાદાનારામ = આરામનું મેદાન. સાધારણ રીતે મેસોપતામીઆના એક પરગણાને કે જે હારાનની આજુબાજુ આવેલું હતું તેને આ નામ આપવામાં આવેલું હતું. રિબ્કાહ તથા રાહેલનું ઘર ત્યાં હતું (ઉત્પ. ૨૫; ૨૦: ૨૮; ૨, ૫, ૬, ૭: ૩૧; ૧૮: ૩૩; ૧૮: ૩૫; ૯, ૨૬: ૪૬; ૧૫). (જુઓ આરામ).

પાફસ (પ્રે. કૃ. ૧૩; ૩, ૧૩). કુપ્રસ બેટનું મુખ્ય શહેર, જેમાં રૂમી હાકેમ રહેતો હતો. પાઉલ અને બાર્નાબાસ પોતાની પહેલી મુસાફરીમાં ત્યાં ગયા હતા (પ્રે. કૃ. ૧૩; ૧, ૧૩). અહિં એક જુઠો ભવિષ્યવાદી જે માયાક્રિયા કરતો હતો તે રહેતો હતો. તેનું નામ બારઇસુ હતું (પ્રે. કૃ. ૧૩; ૬, ૧૩). અહિં સરજીઅસ પાઉલ જે બેટનો સુબો હતો તે ખ્રીસ્તી થયો. આ નામનાં બે શહેર કુપ્રસ બેટમાં હતાં. શાસ્ત્રમાં જેની વાત આવે છે તે નવું પાફસ છે, જે જુના પાફસથી આઠ માઇલ ઉત્તરે બેટના પશ્ચિમ કિનારા પર હતું. આ જુનું પાફસ હાલ 'બાફા' નામથી ઓળખાય છે. જુના પાફસમાં 'વેનીસ' દેવીનું મંદિર હતું, ત્યાં તેની ખાસ પૂજા થતી હતી, તેમજ મેળો પણ ભરાતો હતો. આ દેવીની પૂજા નિમિત્તે ત્યાં ઘણી ભુંડાઇ ચાલતી હતી.

પામ્ફુલ્યા (પ્રે. કૃ. ૨; ૧૦). આશિયામૈનરમાં આવેલો એક પ્રાંત, કે જે પૂર્વે કીલકી અને પશ્ચિમે લુસિયા પ્રાંતોની વચ્ચે, આશિયામૈનરની દક્ષિણે સમુદ્રકાંઠે આવેલો હતો. આ પ્રાંતનું મુખ્ય શહેર પેર્ગા હતું. પાઉલ અને તેના સાથીઓ કુપ્રસના પાફસથી નીકળી વહાણે પામ્ફુલ્યાના પેર્ગામાં

આવ્યા. આ શહેરથી યોહાન માર્ક, પાઉલ તથા બાર્નાબાસને મુકીને યરૂશાલેમ પાછો ફર્યો હતો (પ્રે. કૃ. ૧૩ ; ૧૩). પચાસમે દિવસે જે પરદેશીઓ યરૂશાલેમમાં આવ્યા હતા તેમાં આ પ્રાંતના માણસો પણ હતા (પ્રે. કૃ. ૨ ; ૧૦). પાઉલ આ પ્રાંતમાં પાછો ગયો એવું કંઇ લખવામાં આવ્યું નથી, પણ જ્યારે તે રૂમ જતો હતો ત્યારે પામ્ફુલ્યાના સમુદ્રમાં થઇને તેનું વહાણ હંકારવામાં આવ્યું હતું (પ્રે. કૃ. ૨૭ ; ૫). પામ્ફુલ્યા (પ્રે. કૃ. ૨ ; ૧૦ : ૧૩ ; ૧૩ : ૧૪ ; ૨૪ : ૧૫ ; ૩૮ : ૨૭ ; ૫).

પારથીઓ = પાર્થીઆના લોક. પેન્ટેકોસ્ટને દિવસે જે પરદેશીઓ યરૂશાલેમમાં આવ્યા હતા તેમાં પારથીઆના લોક પણ હતા. ત્યાં તેમનું નામ માદીઓ તથા એલામીઓની સાથે આપવામાં આવ્યું છે (પ્રે. કૃ. ૨ ; ૯). માદાયની પૂર્વે પારથીઆ દેશ આવેલો છે, જે કાસ્પિઅન સમુદ્રથી પોતાને જુદો પાડે છે. આ એક ઘણી જોરાવર કોમ ગણાતી હતી. હાલ આ દેશ ઇરાનનો એક ભાગ ગણાય છે.

પારાન = ગુફાવાળો પ્રદેશ. પારાન નામનું એક અરણ્ય સિનાઇ દ્વિપકલ્પની ઇશાન કોણમાં અરાબાહ અને શૂર અરણ્યની વચ્ચે આવેલું હતું. વાયવ્ય કોણમાં "એલ-આરીશ" નામની ખીણ આવેલી છે; હાલ તેને "બાદી-એતતીહ" (= ભટકવાનું અરણ્ય) કહે છે. સિનાઇ પર્વતથી ઉપડી ત્રીજે દિવસે ઇસ્રાએલીઓ આ અરણ્યમાં આવ્યા (ગણ. ૧૩ ; ૩, ૨૬). આ અરણ્યમાં હાગાર પોતાના દીકરા સાથે હતી (ઉત્પ. ૨૧ ; ૨૧). આ અરણ્યમાંથી કનાન દેશની જાસુસી કરવાને માણસો મોકલવામાં આવ્યા હતા (ગણ. ૧૩ ; ૩, ૨૬). ત્યાર પછી લાંબી મુદતે દાઉદ જ્યારે શાઉલથી નાસતો હતો ત્યારે આ રાનમાં તેણે આશ્રો લીધો હતો (૨ શમૂ. ૨૫ ; ૧, ૪). પારાન (ઉત્પ. ૨૧ ; ૨૧. ગણ. ૧૦ ; ૧૨ : ૧૨ ; ૧૬ : ૧૩ ; ૩, ૨૬. પુન. ૧ ; ૧ : ૩૩ ; ૨. ૧ શમૂ. ૨૫ ; ૧. ૧ રાજા. ૧૧ ; ૧૮. હબા. ૩ ; ૩). એલપારાન (ઉત્પ. ૧૪ ; ૬). પારાન પહાડ-ઘણું કરીને પારાનના અરણ્યની ઉત્તરે જે ટેકરાઓની હાર આવેલી હતી તેને આ નામ આપવામાં આવેલું છે (પુન. ૩૩ ; ૨. હબા. ૩ ; ૩).

પારાહ = વાછરડી કે ગાય. બિન્યામીનના ભાગમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૮ ; ૨૩). હાલ "ફારાહ" નામના ખંડિયેરને ઘણું કરીને એ નામ આપવામાં આવે છે, જે ખંડિયેર યરૂશાલેમથી ઇશાન કોણમાં ૭ માઇલ પર આવેલું છે.

પારૂઆહ = આબાદ. ઇસ્રાએલ પર સુલેમાન રાજાએ જે બાર કારભારીઓ માસિક ખોરાક પુરો પાડવાને નિમ્યા હતા, તેઓમાંનો એક યિસ્સાખાર કુળનો યહોશાફાટ હતો, તેના બાપનું નામ પારૂઆહ હતું (૧ રા. ૪ ; ૧૭).

પારોશ = ચાંચડ. જે બંદિપ્રવાસીઓ ઝરૂબ્બાબેલની સરદારી નીચે પાછા ફર્યા, તેમાં પારોશના કુટુંબનાં ૨,૧૭૨ માણસ હતાં (એઝ. ૨ ; ૩ : ૮ ; ૩ : ૧૦ ; ૨૫. નહે. ૩ ; ૨૫ : ૭ ; ૮ : ૧૦ ; ૧૪).

પાર્નાખ. ઝબુલૂનપુત્રોના કુળનો અધિપતિ. અલીસાફાન, જે દેશનો વારસો વહેંચી આપવાને બીજા અધિપતિઓ સાથે નિમાયો તેનો બાપ પાર્નાખ હતો (ગણ. ૩૪ ; ૨૫).

પાર્બાર = ખુલ્લો વરંડો. યરૂશાલેમના મંદિરને લગતી એક ખુલ્લી જગ્યા હતી (૧ કાળ. ૨૬ ; ૧૮). ઘણું કરીને મંદિરને લગતું જે ફળિયું હતું કે જેને ૨ રા. ૨૩ ; ૧૧ માં "યહોવાહના ઘરની ભાગળ કહે છે," તે હશે; એટલે આંગણાની દિવાલ અને મંદિરની દિવાલની વચ્ચે જે ખુલ્લી જગ્યા હતી તે.

પાર્માશ્તા = ચઢિયાતું કે મજબુત. એસ્તેરના વખતમાં હામાનના દસ પુત્રોમાંનો એક, કે જેને શૂશાન મહેલમાં મારી નાખ્યો (એસ્તે. ૯ ; ૯).

પાર્મેનાસ = સ્થિર, આગ્રહી. સાત સેવકોમાંનો એક હતો (પ્રે. કૃ. ૬ ; ૫). તેના વિષે

બીજું કંઇ બ્યાન કરવામાં આવ્યું નથી. એક એવી દંતકથા ચાલે છે કે, તે સાક્ષી પુરતાં ફિલીપી શહેરમાં માર્યો ગયો.

પાર્વાઇમ = પૂર્વનો પ્રદેશ. આ નામ એક દેશને આપવામાં આવેલું છે, કે જ્યાંથી રાજા સુલેમાને મંદિરને માટે સોનું મંગાવ્યું હતું. કેટલાક માણસો આ દેશને ઓફીર ગણે છે પણ તે કંઇ ખાતરીની વાત નથી, માત્ર એટલુંજ કે પૂર્વમાં આવેલો કોઇએક દેશ હતો (૨ કાળ. ૩ ; ૬).

પાર્શાન્દાથા = નિયમનો ખુલાસો કરનાર. હામાનનો જેષ્ટ પુત્ર, જે શૂશાનમાં કપાયો (એસ્તે. ૯ ; ૭).

પાલ્ટી = દેવનો છુટકારો. (૧) મુસાએ પારના અરણ્યથી કનાન દેશની જાસુસી કરવાને જે બાર માણસને મોકલ્યા હતા, તેમાં બિન્યામીનના કુળમાંથી મુખ્ય પુરૂષ પાલ્ટી હતો (ગણ. ૧૩ ; ૯). (૨) ગાલ્લીમના લાઇશનો દીકરો, જેને શાઉલે પોતાની દીકરી મીખાલ આપી (૧ શમૂ. ૨૫ ; ૪૪). તેને ૨ શમૂ. ૩ ; ૧૫ માં ઘણું કરીને પાલ્ટીએલ કહે છે. (૩) દાઉદના શૂરવીરોમાંનો એક હતો (૨ શમૂ. ૨૩ ; ૨૬) જેને પાલતી કહે છે.

પાલ્ટીએલ = દેવનો છુટકારો (૨ શમૂ. ૩ ; ૧૫. જુઓ પાલ્ટી).

પાલ્લૂ = જુદો થએલો. રેઉબેનનો બીજો પુત્ર (ઉત્પ. ૪૬ ; ૯. ૧ કાળ. ૫ ; ૩. નિર્ગ. ૬ ; ૧૪), જે પાલ્લુઇ કુટુંબનો પિતા (ગણ. ૨૬ ; ૫, ૮).

પાલેસ્ટાઇન = પ્રવાસીઓનો મુલક. પુરાતન કાળમાં પલિસ્તીઓના દેશને, એટલે પાલેસ્ટાઇનના નૈરૂત્ય ભાગને આ નામ આપવામાં આવ્યું હતું (નિર્ગ. ૧૫ ; ૧૪. યશા. ૧૪ ; ૨૯, ૩૧. યોએ. ૩ ; ૪), અને એથી કરીને માત્ર એજ દેશને હેબ્રીમાં પલેશેથ (=પ્રવાસીઓનો મુલક) એવું નામ જુના કરારમાં આપવામાં આવ્યું છે (ગીત. ૬૦ ; ૮ : ૮૩ ; ૭ : ૮૭ ; ૪ : ૧૦૯ ; ૯). પલેશેથને ગ્રીકમાં પાલેસ્ટીના કહે છે, અને એથી કરીને આગળ ઉપર આખા દેશને પાલેસ્ટાઇન કહેવામાં આવ્યો. પાલેસ્ટાઇનને જુદાં જુદાં નામ સતશાસ્ત્રમાં આપવામાં આવ્યાં છે. (૧) હેબ્રીઓનો દેશ (ઉત્પ. ૪૦ ; ૧૫). (૨) પવિત્ર ભૂમિ (ઝખ. ૨ ; ૧૨). (૩) યહોવાહનો દેશ (હોશી. ૯ ; ૩. ગીત. ૮૫ ; ૧). (૪) વચનનો દેશ (હેબ્રી. ૧૧ ; ૯), કેમકે ઇબ્રાહીમને વચન આપવામાં આવ્યું હતું (ઉત્પ. ૧૨ ; ૭ : ૨૪ ; ૭). (૫) કનાન દેશ (ઉત્પ. ૧૨ ; ૫). (૬) ઇસ્રાએલનો દેશ (૧ શમૂ. ૧૩ ; ૧૯). (૭) યહુદાહનો દેશ (યશા. ૧૯ ; ૧૭). (૮) પલેશેથ (નિર્ગ. ૧૫ ; ૪). વચનનો દેશ જે ઇબ્રાહીમના સંતાનને આપવામાં આવ્યો તેની સીમા (ઉત્પ. ૧૫ ; ૧૮-૨૧. ગણ. ૩૪ ; ૧-૧૨). પૂર્વે ફ્રાત નદીથી પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર સુધી ; ને ઉત્તરે હમાથના નાકાથી દક્ષિણે મિસરની નદી સુધી હતી. દેશનો વિસ્તાર આશરે ૬૦,૦૦૦ ચોરસ માઇલનો છે. આ દેશ આખરે દાઉદે જીતી લીધો, અને તેના ઉપર તેના દીકરા સુલેમાને પણ રાજ્ય કીધું (૨ શમૂ. ૮. ૧ કાળ. ૧૮. ૧ રા. ૪ ; ૧, ૨૧). આ મહાન રાજ્ય તે વચનનો દેશ હતો, પણ પાલેસ્ટાઇન તે વચનના દેશનો એક ભાગ હતો. તેની સીમા, ઉત્તરે લબાનોનના પહાડો, દક્ષિણે પારાનનું અરણ્ય, કુલ લંબાઇ આશરે ૧૪૪ માઇલની હતી, અને સરાસરી પહોળાઇ, એટલે ભૂમધ્યસમુદ્રથી યરદન નદીની પેલી ગમ સુધી આશરે ૬૦ માઇલની હતી. ગાઝાહની દક્ષિણમાં ભૂમધ્યસમુદ્રથી માંડી મૃતસમુદ્ર સુધી પશ્ચિમ પાલેસ્ટાઇનની પહોળાઇ ૪૦ માઇલની હતી, અને ઉત્તરમાં સમુદ્રથી માંડી યરદન નદી સુધીની પહોળાઇ ૨૦ માઇલની હતી. દુનિયામાં આ દેશ ઘણો પ્રસિદ્ધ અને બીજા બધા દેશોની મધ્યમાં આવેલો છે (હઝ. ૫ ; ૫). પુરાતન દુનિયાનું તે હૃદય ગણાય છે. મુસા આ દેશનું બ્યાન કરતાં કહે છે કે, "યહોવાહ તારો દેવ તને એક ઉત્તમ દેશમાં લઇ જાય

છે, એટલે પાણીનાં વહેળીઆંવાળા તથા ખીણોમાં અને ઉંચ પ્રદેશમાં ફુટી નીકળતા ઝરાઓ તથા જળનિધીઓવાળા દેશમાં, ઘઉં તથા જવ અને દ્રાક્ષો તથા અંજીરીઓ તથા દાડેમોના દેશમાં, જૈત તેલ તથા મધના દેશમાં, જ્યાં તું અછત વગરનુ અન્ન ખાશે, ને તને કશાની ખોટ પડશે નહિ એવા દેશમાં; જેના પત્થર લોઢાના છે ને જેના ડુંગરામાંથી તું પિત્તળ ખણી શકે એવા દેશમાં લઇ જાય છે" (પુન. ૮; ૭-૯). પુરાતન સમયમાં કનાનના વંશજો આખો દેશ કબજે કરી તેમાં વસ્યા હતા, પણ યહોશુઆએ તેમને જીતી લઇ ઇસ્રાએલનાં બાર કુળને બધો દેશ વહેંચી આપ્યો. અઢી કુળ યરદનની પૂર્વમાં (પુન. ૩; ૧૨–૨૦. ગણ. ૧; ૧૭–૪૬. યહો. ૪; ૧૨, ૧૩) અને બાકીનાં કુળ યરદનની પશ્ચિમમાં વસ્યાં. લગભગ ૪૦૦ વર્ષ સુધી એટલે શાઉલના વખત સુધી, દેશ ઉપર ન્યાયાધીશો અધિકાર ચલાવતા હતા. ૧૨૦ વર્ષ સુધી દેશ ઉપર એકજ રાજ્ય ચાલતું; અને શાઉલ, દાઉદ અને સુલેમાન તે રાજ્યના રાજા થયા; પંણુ સુલેમાનના મરણુ પછી તેનો દીકરો રહાબઆમ ગાદીએ બેઠો. તેની વર્તણુક ઠીક નહિ હોવાથી દસ કુળે બળવો કરી જુદું રાજ્ય સ્થાપ્યું, જેને ઇસ્રાએલનું કે ઉત્તરનું રાજ્ય કહે છે. તેની પ્રથમ રાજ્યધાની શેખેમ, ત્યાર પછી સમરૂનમાં હતી. આ રાજે ૨૫૩ વર્ષ સ્વતંત્રપણે રાજ્ય કર્યું, ત્યાર બાદ ઇ. સ. પૂ. ૭૨૨ માં આસ્શૂરના રાજા શાલ્માનેસેરે તેનો અંત આણ્યો, અને ઇસ્રાએલીઓને બંદિપ્રવાસમાં લઇ ગયો અને તેમના દેશમાં પૂર્વની દેશજાતિને લાવીને વસાવી (૨ રા. ૧૭; ૨૪–૨૯), અને એ પ્રમાણે સમરૂની પ્રજા ઉભી થઇ. બીજું જે રાજ્ય થયું તેને યહુદાહનું રાજ્ય કહેતા હતા. તેની રાજ્યધાની યરૂશાલેમ હતી. આ બે કુળનું સ્વતંત્ર રાજ્ય ઇસ્રાએલી રાજ્યનો નાશ થયા પછી ૧૩૪ વર્ષ ટક્યું, પણ ત્યાર બાદ બાબેલના રાજા નબૂખાદનેસ્સારે તેનો અંત આણ્યો. શહેર તથા મંદિરનું ખેદાન મેદાન કરી નાખી, યહુદીઓને કેદી કરી બાબેલના બંદિપ્રવાસમાં લઇ ગયો (ઇ. સ. પૂ. ૫૮૭), અને ત્યાં તેઓ સિત્તેર વર્ષ સુધી ગુલામીમાં રહ્યા. સિત્તેર વર્ષ પુરાં થયા પછી ઇરાનના રાજા કોરેશની રજાથી તેઓ યહુદાહમાં પાછા આવ્યા (એઝ. ૧; ૧–૪), અને શહેર તથા મંદિર પાછાં બંધાવ્યાં. બંદિપ્રવાસમાંથી પાછા આવ્યા બાદ થોડો વખત ઝરૂબ્બાબેલ, એઝરા, નહેમ્યાહ અને ત્યાર બાદ યાજકો તેઓના અધિકારીઓ હતા, પણ મહાન આલેક્સાંદરના મરણ પછી (ઇ. સ. પૂ. ૩૨૩) તેનું મહાન રાજ્ય ચાર સરદારો વચ્ચે વહેંચાઇ ગયું. તેમાં મિસર, અરબસ્તાન, પાલેસ્ટાઇન અને સીરિયા ટોલેમી લેગસના હાથમાં આવ્યાં, તેથી ટોલેમીએ ઇ. સ. પૂ. ૩૨૦ માં પાલેસ્ટાઇનનો કબજો લીધો અને યરૂશાલેમનાં આશરે એક લાખ માણસોને મિસર દેશમાં લાવીને વસાવ્યાં. તેણે પોતાની રાજધાની આલેક્સાંદ્રિયામાં કીધી. ટોલેમીના પછી ગાદીએ બેસનારના વખતમાં યહુદીઓની સતાવણી થતાં તેઓએ બંડ કરી મિસરની ઝુંસરી ભાંગી નાખી. તેઓ સીરિયાના મહાન આન્ટીઓખસના રાજ્ય નીચે આવ્યા, પણ આન્ટીઓખસની પછી ગાદીએ આવનારના વખતમાં ફરીને યહુદીઓની સતાવણી થઇ; ત્યારે તેઓએ ફરીને બળવો કરી સીરિયાની ઝુંસરી ભાંગી નાખી (ઇ. સ. પૂ. ૧૬૩), ત્યાર પછી પાલેસ્ટાઇનને (ઇ. સ. પૂ. ૬૮) મહાન પોમ્પેએ રૂમ રાજ્યમાં દાખલ કીધો. તેણે યરૂશાલેમનો કોટ જમીનદોસ્ત કરી બાર હજાર માણસોની ભારે કતલ કરી, પણ મંદિરને કંઇ પણ નુકસાન કીધું નહિ; પણ ત્યાર પછી આશરે પચ્ચીસ વર્ષ બાદ યહુદીઓએ રૂમી સરકાર વિરૂદ્ધ બંડ કરી તેની ઝુંસરી ભાંગી નાખી, તો પણ મહાન હેરોદે તેઓનો પરાજય કર્યો; શહેર અને મંદિરનો

નાશ કીધો અને ઘણા રહેવાસીઓને મારી નાખ્યા. ત્યાર પછી આશરે ઇ. સ. પૂ. ૨૦ માં હેરોદે શહેર તથા મંદિર ફરી બંધાવ્યાં (સરખાવો યોહ. ૨ ; ૨૦). તેની પછી તેનો પુત્ર આર્ખેલાઉસ ગાદીએ બેઠો પણ તે પદભ્રષ્ટ થયો, અને પાલેસ્ટાઇન દેશ રૂમી રાજ્યનો એક દેશ ગણાયો; તેથી કરી આ દેશ ઉપર રૂમી સરકાર તરફથી હાકેમોની નિમણુક થતી હતી. પંતીઅસ પીલાત એવો પાંચમો હાકેમ પાલેસ્ટાઇન દેશ ઉપર હતો. તેની નિમણુક ઇ. સ. ૨૫માં કરવામાં આવી હતી. ખ્રીસ્તના જમાનામાં પાલેસ્ટાઇનના ચાર ભાગ પાડવામાં આવ્યા હતા, અને રૂમી સરકારના હાથમાં જ્યાં સુધી રાજ્ય રહ્યું ત્યાં સુધી આ ચાર ભાગ જાણીતા હતા. (૧) યહુદાહ, જે દેશનો દક્ષિણ ભાગ. (૨) સમરૂન, જે દેશનો મધ્ય ભાગ. (૩) ગાલીલ, જે દેશનો ઉત્તર ભાગ. (૪) પેરીયા (=તે ગ્રીક નામનો અર્થ સામી બાજુનો દેશ), જે યરદન નદી અને મૃત સમુદ્રની પૂર્વનો મુલક. આખા પાલેસ્ટાઇનનો વિસ્તાર આશરે ૧૧ હજાર ચોરસ માઇલનો છે. દાઉદ રાજાના વખતમાં દેશની વસ્તી ૫૦ લાખ માણસની હતી.

પાશહૂર = છુટકારો. (૧) ઇમ્મેરનો પુત્ર. ઘણું કરીને આ ઇમ્મેર અને નહે. ૧૦ ; ૩ : ૧૨ ; ૨ માં આવતો અમાર્યાહ તે એક ને એકજ હશે. પાશહૂર તે યહોવાહના ઘરમાં યાજકોની વારાટોળીનો મુખ્ય અધિકારી હતો. હેબ્રીમાં જે શબ્દ વાપરવામાં આવ્યો છે તેનો અર્થ ડેપ્યુટી ગવર્નર એવો થાય છે (યિર્મે. ૨૦ ; ૧, ૨). અને તે પ્રમાણે આ વખતે મંદિરમાં જે મુખ્ય અધિકારી તે સરાયાહ હતો (૧ કાળ. ૬ ; ૧૪), અને પાશહૂર તે એના હાથ નીચેનો અધિકારી હતો. યિર્મેયાહે મંદિરના આંગણા આગળ ઉભા રહી આવનાર સજા વિષે જ્યારે ભવિષ્ય કહ્યું, ત્યારે પાશહૂરે તે સાંભળી મંદિરની પોલીસ પાસે તેને પકડાવ્યો, અને તેને ફટકા મારી મંદિરની પાસે બિન્યામીનની ઉપલી ભાગળે તેને હેડમાં ઘાલ્યો, જ્યાં તે એક રાત રહ્યો (પુન. ૨૫; ૩). સવારમાં જ્યારે યિર્મેયાહને છુટો કીધો ત્યારે તે પાશહૂર પાસે ગયો ને કહ્યું કે, યહોવાહે તારૂં નામ પાશહૂર નહિ પણ માગોર-મિસ્સાબીબ (= ચારે બાજુ ભય) પાડયું છે. તારા મિત્રો પોતાના શત્રુની તરવારે માર્યા જશે અને તું તારી આંખે જોશે. આખો યહુદાહ બાબેલના હાથમાં જશે અને ત્યાં તેઓ તરવારથી માર્યા જશે, અને તું તથા તારા ઘરના બાબેલના બંદિપ્રવાસમાં લઇ જવાશો અને ત્યાંજ મરશો (યિર્મે. ૨૦; ૪-૬). (૨) માલ્કીયાહનો પુત્ર, જે એક યાજક હતો, તેને સિદકીયાહ રાજાએ યિર્મેયાહ પાસે યહોવાહની સલાહ પુછવાને મોકલ્યો (યિર્મે. ૨૧ ; ૧ : ૩૮ ; ૩. નહે. ૧૧ ; ૧૨. ૧ કાળ. ૯ ; ૧૨). તેણે રાજાને સલાહ આપી કે યિર્મેયાહને મારી નાખવો. (૩) ગેદાલીઆનો પિતા (એઝ. ૨ ; ૩૮ : ૧૦ ; ૨૨. નહે. ૭ ; ૪૧ : ૧૦ ; ૩). ઘણું કરીને નંબર ૧ લો અને આ માણસ એક ને એકજ હશે.

પાસ-દામ્મીમ = લોહીની સીમા. તેને ૧ શમૂ. ૧૭; ૧ માં એફેસ-દામ્મીમ નામ આપવામાં આવેલું છે, જે શોખાહ તથા અઝેકાહની વચમાં આવેલું હતું (૧ કાળ. ૧૧ ; ૧૩).

પાસાખ = વહાલું. આશેરકુળના યાફલેટ પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૭; ૩૩).

પાસેઆહ = લંગડાતો. (૧) (૧ કાળ. ૪; ૧૨). (૨) (એઝ. ૨ ; ૪૯. નહે. ૩ ; ૬ : ૭; ૫૧).

પાહાથ-મોઆબ = મોઆબનો હાકેમ. આ માણસનું કુટુંબ બાબેલના બંદિપ્રવાસથી પાછું ફર્યું અને યરૂશાલેમ ફરી બાંધવામાં ભાગ લીધો (એઝ. ૨; ૬ : ૮ ; ૪ : ૧૦ ; ૩૦. નહે. ૩ ; ૧૧ : ૭ ; ૧૧ : ૧૦ ; ૧૪).

પિરઆથોની = સરદાર. પિરઆથોનનો વતની, કે જે એફ્રાઇમમાં આવેલી એક જગ્યા હતી (ન્યા. ૧૨ ; ૧૫). આબ્દોન પિર-

આથોની (ન્યા. ૧૨ ; ૧૩, ૧૫). બનાયાહ પિરઆથોની (૨ શમૂ. ૨૩ ; ૩૦. ૧ કાળ. ૧૧ ; ૩૧ : ૨૭ ; ૧૪).

પિરઆમ = જંગલી ગધેડો. કનાનીઓના શહેર યાર્મૂથનો રાજા હતો, જેને યહોશુઆએ જીતીને મારી નાખ્યો (યહો. ૧૦ ; ૩).

પિલટાય = પ્રભુએ છોડાવ્યો. ઝરૂબ્બાબેલ તથા યેશુઆની સાથે બંદિપ્રવાસથી જેઓ પાછા આવ્યા તેમાંનો એક (નહે. ૧૨ ; ૧૭).

પિલદાશ = પોલાદ. નાહોરથી મિલ્કાહ જે આઠ દીકરા જણી તેમાંનો એક (ઉત્પ. ૨૨ ; ૨૨).

પિલહા = જમીન ખેડનાર (નહે. ૧૦ ; ૨૪).

પિસ્ગાહ = હદ. રેઉબેનના ભાગમાં આવેલ મોઆબ પ્રદેશમાં એક પહાડનું શિખર હતું. અહિં બાલાકે સાત વેદીઓ બાંધીને દહનીયાર્પણ ચઢાવ્યાં (ગણ. ૨૧ ; ૨૦ : ૨૩ ; ૧૪). અહિં રહીને મુસાએ વચનનો દેશ જોયો હતો (પુન. ૩ ; ૨૭ : ૩૪ ; ૧ જુઓ નબો પહાડ). પિસ્ગાહનો ઢોળાવ (પુન. ૩ ; ૧૭. યહો. ૧૨ ; ૩ : ૧૩ ; ૨૦ : ૧૦ ; ૪૦ : ૧૨ ; ૮. પુન. ૪ ; ૪૯) એવો તરજુમો આરદોથ પિસ્ગાહનો સુધારેલી આવૃત્તિમાં કરવામાં આવ્યો છે.

પિસ્પાહ = વિસ્તાર. આશેરવંશી યાથેરનો પુત્ર (૧ કાળ. ૭ ; ૩૮).

પીતર = પત્થર. પીતરનું બીજું નામ સીમોન, એટલે સાંભળનાર એવું હતું. નવા કરારમાં યહુદીઓમાં આ નામ બહુ સાધારણ છે. તેના બાપનું નામ (યોના) યોહાન હતું, તેથી કરીને માથી ૭ ; ૧૬ માં સીમોન પીતરને બાર-યોના કહે છે, એટલે યોનાનો પુત્ર. દંતકથા પરથી જણાય છે કે તેની માનું નામ યોહાન્ના હતું, પણ પવિત્ર શાસ્ત્રમાં આ નામ આપવામાં આવ્યું નથી. તેનું વતન-ગામ ગાલીલ સમુદ્રને કિનારે આવેલું બેથ-સાયદા હતું, જેનો અર્થ માછલાંનું ઘર એવો થાય છે. આ નામનાં બે ગામ હતાં, એ વિષે પુરી ખાતરીની વાત નથી; પણ સમુદ્રની ઇશાન કોણમાં બેથસાયદા જુલીયસ છે. તેજ પ્રેરિત પીતરનું વતનગામ હશે એવું કેટલાક ધર્મશાસ્ત્રીઓનું માનવું છે. અહિં તે મોટો થયો અને ગાલીલ સમુદ્રમાં માછીનો ધંધો શીખ્યો. પીતરનું જન્મનામ સીમોન હશે. વળી તેને શીમઓન પણ કહે છે (પ્રે. કૃ. ૧૫ ; ૧૪. ૨ પીત. ૧ ; ૧), પણ ઇસુએ એ નામ બદલીને કેફા નામ આપ્યું, કે જેનો અર્થ પીતર નામ સાથે મળતો આવે છે. પીતર ખ્રીસ્તી થયા પહેલાં પરણેલો હતો, અને તેઓ બન્ને પીતરની સાસુ સાથે કાપરનાહુમમાં રહેતાં હતાં (૧ કરીં. ૯ ; ૫ સરખાવો). ઘણું કરીને પીતરના બાળપણમાંજ તેનો બાપ મરણ પામ્યો હશે, તેથી તે તથા તેનો ભાઇ આંદ્રિયા, ઝબદી અને તેની સ્ત્રી સાલોમીની સંભાળ નીચે મોટા થયા હોય એમ લાગે છે; અને એમ હોય તો ઝબદીને ત્યાં ચાર જુવાન સાથે નાનપણથી મોટા થયા; એટલે પીતર અને તેનો ભાઇ આંદ્રિયા, યાકુબ અને તેનો ભાઇ યોહાન. પીતર અને તેના ભાઇ આંદ્રિયાએ જો કે કોઇ રાબીની પાસે ખાસ અભ્યાસ કરીને વિદ્યા પ્રાપ્ત કરી નહોતી, તો પણ નાનપણથીજ ધર્મ સંબંધીનું તથા આવનાર મસીહ સંબંધીનું જ્ઞાન તેમને હતું એમાં કશો શક નથી. જુઓ, પીતરને જ્યારે સાન્હેદ્રિમ સભા આગળ લઇ ગયા ત્યારે તે "અભણ તથા અજ્ઞાની" દેખાયો. (પ્રે. કૃ. ૪ ; ૧૩). પીતર ગાલીલનો હતો, અને ગાલીલીઓ તેમની વર્તણુકમાં ખાસ ઓળખાઇ આવે એવા હતા. તેઓ સ્વતંત્રતામાં પોતાનું માન સમજતા હતા, અને સ્વતંત્રતાનો જુસ્સો તેઓમાં ખાસ દેખાતો હતો, અને એમ પીતર ખાસ ગાલીલનો દેખાય છે. તેનું ઉતાવળાપણું, અધીરાપણું, તામસીપણું અને ભોળાપણું એ તેની શાબિતી છે. વળી ગાલીલીઓ પોતાના દેશની ખાસ ભાષા પણ બોલતા હતા, એવી કે, કંઠસ્થાની તથા બીજા કેટલાક ઉચ્ચાર તેઓ બોલી શકતા નહોતા.

એવા ઉચ્ચાર યહૂદાહમાં કઠોર ગણાતા હતા. પીતરના ઉચ્ચાર પણ ગાલીલીઓના જેવા હતા, કેમકે જ્યારે પીતરે પ્રમુખ યાજકની કચેરીમાં ઇસુનો નકાર કર્યો ત્યારે તેની ભાષા પરથી તે ઓળખાયો હતો (માર્ક ૧૪; ૭૦. અને તેની સાથે પ્રે. કૃ. ૨ : ૭ સરખાવો). આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તે જ્યારે પોતાની જાહેર ધર્મસેવા શરૂ કરી ત્યારે પીતર આશરે ત્રીસ વર્ષ કરતાં વધારે ઉમરનો હશે. આ વખતે તે કાપરનાહુમમાં રહેતો હતો, અને તેનું ઘર તેનો ભાઇ તથા તેની સાસુ સાથે રહી શકે એવું મોટું હતું. ઇસુ પણ ત્યાં વખતો વખત જતો અને ઉતારો લેતો હતો (માર્ક ૧; ૨૯–૩૫: ૨ ; ૧). બેથાબારા જે યરદનને પેલે પાર આવેલું હતું, કે જ્યાં યોહાન બાપ્તિસ્મા કરતો હતો, ત્યાં યોહાને સાક્ષી આપતાં કહ્યું કે, "જુઓ, દેવનું હલવાન." પીતર અને તેનો ભાઇ આંદ્રિયા તે સાંભળીને ખ્રીસ્તની પાછળ ગયા અને તેની સાથે રહ્યા (યોહ. ૧ ; ૩૯). અને કૃપાની વાતો તેના મુખથી સાંભળી, કે જે અધિકાર સહિત હતી, તેથી અચરત થયા (લુક ૪; ૨૨. માત્થી ૭; ૨૯). આંદ્રિયા દોડી ગયો અને તેના ભાઇ સીમોનને પહેલો મળ્યો; અને કહ્યું કે, "મસીહ" (જેનો અર્થ ખ્રીસ્ત) અમને મળ્યો છે; અને તે તેને ઇસુની પાસે લઇ આવ્યો; પછી ઇસુએ તે પર ધારીને કહ્યું કે, તું યોનાનો દીકરો સીમોન છે, તું કેફા (પીતર) કહેવાશે. કેફા એ અરામી નામનો અર્થ પત્થર કે ખડકની હાર એવો થાય છે. આ નામે તે ફરીથી ઓળખાતો નથી, પણ હવેથી સીમોન નામથી તે ઓળખાય છે. આપણો પ્રભુ ઇસુ પણ તેને એજ નામ આપે છે (માત્થી ૧૭; ૨૫. માર્ક ૧૪; ૩૭. લુક ૨૨; ૩૧). ખ્રીસ્તની પહેલી મુલાકાતમાં પીતરના મનમાં કેવી અસર થઇ તે આપણે કહી શકતા નથી, પણ જ્યારે આપણે તેને ફરીને ગાલીલ સમુદ્રને કાંઠે જોઇએ છીએ ત્યારે તેના મન પર ખરી અસર થતી દેખાય છે. જુઓ, સીમોન, આંદ્રિયા, યાકુબ અને યોહાને માછલી પકડવાને આખી રાત મહેનત કીધી, છતાં કંઇજ પકડયું નહિ. ઇસુ એકાએક દેખાય છે, સીમોનની હોડીમાં જાય છે અને તેને જાળ નાખવાનું કહે છે. સીમોન તે પ્રમાણે કરે છે અને "માછલાંનો મોટો સમૂહ ઘેરી" લે છે. આ ચોકખો ચમત્કાર જોઇને પીતરના મન પર ભારે અસર થાય છે અને ઇસુના પગ આગળ પડીને બોલી ઉઠે છે કે, "ઓ પ્રભુ, મારી પાસેથી જા, કેમકે હું પાપી માણસ છું." ઇસુ તેને જવાબમાં કહે છે કે, "બી મા, હવેથી તું માણસોનો પકડનાર થશે." પીતર ઇસુની એ વાત કબૂલ કરી એકદમ તેનો શિષ્ય થાય છે, અને બધું મુકીને તેની પાછળ જાય છે. આ બીજા તેડા પહેલાં પીતર પાછો જઇ પોતાને અસલ ધંધે વળગ્યો હશે, પણ બીજા તેડા વખતે તે શિષ્યવર્ગમાં દાખલ થાય છે, અને માનવ જીંદગીરૂપ જગતના તોફાની દરિયાઓમાં તેને માણસોનો પકડનાર ઠરાવે છે, અને ત્યાર પછી આપણા પ્રભુ ઇસુના જીવનની મુખ્ય બાબતોમાં તે આગળ પડતો ભાગ લેતો જણાય છે. કાપરનાહુમ આગળ (યોહા. ૬; ૬૬–૬૯) તથા કાઇસારીઆ ફિલીપી આગળ પોતાના વિશ્વાસની કેવી ઉંચ વૃત્તિ તે દેખાડે છે (માત્થી ૧૬; ૧૩–૨૦. માર્ક ૮; ૨૭–૩૦. લુક ૯; ૧૮–૨૧). કાઇસારીઆ ફિલીપી આગળ ઇસુ તેને આ પ્રસિદ્ધ શબ્દોમાં કહે છે કે, "તું પીતર છે, ને આ પત્થર પર હું મારી મંડળી બાંધીશ." ત્યારથી ઇસુ પોતાના શિષ્યોને પોતા પર આવનાર દુઃખો વિષે જણાવવા લાગ્યો. આ કારણ માટે પીતરે ઇસુને ઠપકો આપ્યો, પણ આપણા પ્રભુ ઇસુએ પીતરને જવાબમાં ઠપકો આપતાં કહ્યું કે, "અરે શેતાન, મારી પછવાડે જા, કેમકે તું મને ઠોકર ખવડાવનાર છે" (માત્થી ૧૬; ૨૧–૨૮. માર્ક ૮; ૩૧). આવો ઠપકો ઇસુએ પોતાના

કોઇ શિષ્યને આપ્યો નહોતો. ત્યાર પછી ઇસુ કાઇસારીઆ મુકીને પીતર, યાકુબ તથા યોહાનને સાથે લઇ "એક ઉંચા પહાડ પર" ગયો, અને ત્યાં તેઓની આગળ તેનું રૂપાંતર થયું. આ વખતે પીતરના મનમાં ભારે અસર થતાં બોલી ઉઠયો કે, "પ્રભુ, આપણે અહિં રહેવું સારૂં છે, જો તારી મરજી હોય તો અહિં અમે ત્રણ માંડવા બનાવીએ" (માત્થી ૧૭; ૧-૧૨). ત્યાર પછી તેઓ કાપરનાહુમમાં આવ્યા, કે જયાં કર લેનારાઓએ પીતર પાસે કરનું નાણું માગ્યું; આ કર ઇસ્રાએલીઓમાં વીસ વરસનો કે તેથી વધારે વયનો જે દરેક પુરૂષ ગણેલાઓમાં દાખલ થાય, તે યહોવાહને આ અર્પણ આપતો હતો (નિર્ગ. ૩૦; ૧૫). ઇસુએ પીતરને કહ્યું, તું સમુદ્રની પાસે જઇને ગલ નાખ, ને તેના મ્હોમાંથી જે રૂપીઓ મળે તે મારે ને તારે સારૂ કર ભર (માત્થી ૧૭; ૨૪-૨૭. દરેક માણસને અર્ધા શેકેલ ભરવાનો હતો). જ્યારે આપણા પ્રભુ ઇસુનો છેવટનો વખત પસે આવ્યો, ત્યારે પીતર અને યોહાનને તેણે પાસ્ખા સિદ્ધ કરવાને મોકલ્યા. ત્યાં જમતી વખતે ઇસુએ પીતર જે ભારે પાપમાં પડવાનો હતો તે વિષે ભવિષ્ય કહ્યું (લુક ૨૨; ૩૧-૩૪). ત્યાર પછી પીતર ઇસુની સાથે ગેથસેમાનેની વાડીમાં જાય છે (લુક ૨૨; ૩૯-૪૬). આ વખતે પીતર, યાકુબ અને યોહાનને બીજા શિષ્યોથી પોતાની સાથે અલગ કરે છે. અહિં કષ્ટિત થઇને આગ્રહથી તે પ્રાર્થના કરે છે, અને "લોહીનાં ટીપાં જેવો" તેને પરસેવો થયો. આ બનાવ પછી વાડીમાં એક ટુકડી ઇસુને પકડવાને આવી. આ વખતે પીતરે તેઓમાંના એક, એટલે મુખ્ય યાજકના ચાકર માલ્ખસનો કાન તરવારનો ઝટકો મારી કાપી નાખ્યો. ઇસુએ તેના કાનને અડકીને તેને સારો કીધો (લુક ૨૨; ૪૭-૫૧). ત્યાંથી ઇસુની પછવાડે ન્યાયની કોર્ટ સુધી તે જાય છે, અને દુઃખની વાત કે ત્યાં તે ઇસુનો ત્રણ વાર નકાર કરે છે (લુક ૨૩; ૫૪-૬૨). પછી પુનરૂત્થાનની મોટી સવારે યોહાન સાથે પીતરને કબર ઉપર જતો ને બહાદુરીથી કબરમાં ઉતરી લુગડાં જોતો આપણે જોઇએ છીએ (યોહા. ૨૦; ૧-૧૦). ઇસુ કબરમાંથી ઉઠયા પછી શિષ્યમાં પહેલામાં પહેલો પીતરને દેખાયો (યોહા. ૨૧; ૧-૧૯. લુક ૨૪; ૩૪. ૧ કરીં. ૧૫; ૫). ત્યાર પછી તીબેરીઅસ સમુદ્રને કાંઠે ફરીને ઇસુને પીતર સાથે વાત કરતાં આપણે જોઇએ છીએ, જયાં ઇસુએ પીતરને ત્રણ વાર પુછયું કે, "યોનાના દીકરા સીમોન, તું શું મારા પર પ્રીતિ કરે છે?" આ વખતે પીતર બીજાઓની સાથે પોતાને સરખાવી પહેલાંની માફક ફુલાશ નથી મારતો, પણ નમ્રતાથી જવાબ આપે છે કે, "પ્રભુ, તું જાણે છે કે હું તારા પર પ્રેમ કરૂં છું." પછી ઇસુ તેને કહે છે કે, "મારાં ઘેટાંને (હલવાનોને) પાળ" (સાચવ). પછી પીતર વધસ્તંભ ઉપર જડાઇ મરણ પામશે, એ વિષે ભવિષ્ય કહે છે (યોહા. ૨૧; ૧૮, ૧૯). આ બનાવ પછી ફરીને બીજા શિષ્યો સાથે તે મેડી ઉપર હાજર થયો, તે દરમિયાન તે શિવાય બીજું શું બન્યું તે આપણે જાણતા નથી. આ વખતે પીતરે યહુદા ઇસ્કારીઓતને બદલે બીજો શિષ્ય નિમવાની દરખાસ્ત કરી (પ્રે. કૃ. ૧; ૧૫-૨૬). પછી પચાસી પર્વને દિવસે ભેગા થએલા શિષ્યો પર પવિત્ર આત્મા ઉતરી આવ્યો, ત્યાર બાદ પીતરે મોટું ભાષણ કર્યું, અને ત્રણ હજાર માણસ મંડળીમાં મેળવાયાં. આ વખતથી પીતરમાં બહુ મોટો ફેરફાર થઇ ગયો, અને યરૂશાલેમ તથા તેની આસપાસ બહાદુરીથી ખ્રીસ્તને પ્રગટ કરવા લાગ્યો. અને ખરેખર હવે તે 'કેફા' થયો, અને હવે પછી આપણે તેને સીમોન નામથી નહિ (માત્ર પ્રે. કૃ. ૧૦; ૫-૩૨: ૧૫; ૧૪. શિવાય) પણ પીતર નામથી ઓળખાતો જોઇએ છીએ. મંદિરના સુંદર કહેવાએલા બારણા આગળ જે ચમ-

ત્કાર પીતરથી બન્યો, તે પછી ખ્રીસ્તીઓની ભારે સતાવણી થઇ, અને પીતરને તથા તેના સાથીને કેદ કરવામાં આવ્યા. ત્યાં પીતરે ઘણો હિમ્મતભર્યો જવાબ આપ્યો, જેથી સભાએ પ્રેરિતોને છોડી મુક્યા (પ્રે. કૃ. ૪; ૧૯, ૨૦). ફરી બીજી વાર પીતર તથા બીજા શિષ્યોને કેદખાનામાં નાખ્યા (પ્રે. કૃ. ૫; ૧૭-૨૮), પણ રાત્રે તેઓને પ્રભુએ અજાયબ રીતે છોડાવ્યા, ને સવારમાં મંદિરમાં ઉભા રહીને લોકોને ઉપદેશ કરતાં તેઓએ જોયા. પછી આ બીજી વખતે સાન્હેદ્રિમ સભા આગળ પીતરે હિમ્મતથી જવાબ આપતાં જણાવ્યું કે, "માણસો કરતાં દેવને અમારે વધારે માનવો જોઇએ" (પ્રે. કૃ. ૫; ૨૯-૩૩). "પછી તેઓએ પ્રેરિતોને બોલાવી મરાવ્યા, ને ઇસુને નામે કંઇ બોલવું નહિ" એવી ધમકી આપીને તેઓને છોડી મુક્યા. પછી યરૂશાલેમ છોડીને પીતરને જવાનો વખત આવ્યો. સમરૂનમાં રહેનારાઓએ દેવની વાતનો અંગીકાર કર્યો છે, એવી ખબર યરૂશાલેમમાં પ્રેરિતોને મળવાથી પીતર તથા યોહાનને નવી મંડળીના ભાઇઓને સ્થિર કરવા મોકલ્યા. ત્યાંથી યરૂશાલેમ આવીને મંડળીનો રીપોર્ટ આપ્યો (પ્રે. કૃ. ૮; ૧૪-૨૫). યરૂશાલેમમાં તે કેટલોક વખત રહ્યા. તે દરમિયાન પાઉલ ખ્રીસ્તી થયા પછી પહેલી વખત તેને મળ્યો (પ્રે. કૃ. ૯; ૨૬-૩૦. ગલા. ૧; ૧૮). ત્યાર પછી યરૂશાલેમ મુકીને ધર્મપ્રસારને અર્થે લુદ્દા અને જોપ્પા તરફ મુસાફરી કીધી (પ્રે. કૃ. ૯; ૩૨-૪૩). તે જોપ્પામાં હતો ત્યારે ફરીને વિદેશીઓને માટે દરવાજો ઉઘડતાં પીતરને મોકલવામાં આવ્યો, અને તેણે જઇને કાઇસારીઆમાં કરનેલ્યસને ખ્રીસ્તી મંડળીમાં દાખલ કીધો (પ્રે. કૃ. ૧૦). કાઇસારીઆમાં કેટલોક વખત રોકાયા બાદ તે યરૂશાલેમમાં આવ્યો (પ્રે. કૃ. ૧૧; ૧-૧૪), અને વિદેશીઓને મંડળીમાં મેળવવા બાબત સુનતીઓએ વાંધો લીધો, તેઓને તે વિષે બનેલી બધી હકીકતથી વાકેફ કીધા અને તેઓ ખુશી થયા. ત્યાર પછી હેરોદ આગ્રીપા પહેલાએ પીતરને કેદમાં નાખ્યો, પણ તેજ રાત્રે દૂતે તેને છોડાવ્યો (પ્રે. કૃ. ૧૨; ૧-૧૯) અને મરિયમને ત્યાં સહિસલામત પહોંચાડયો. ત્યાર પછી યરૂશાલેમની મહાસભામાં ખ્રીસ્તી થએલા વિદેશીઓની તરફેણમાં ભાષણ કરતાં આપણે તેને જોઇએ છીએ. આ વખતે પાઉલની તેને ફરી મુલાકાત થાય છે, ત્યાર પછી પીતર વિષે પ્રેરિતોનાં કૃત્યોમાં કંઇ લખવામાં આવ્યું નથી. મહાસભામાંથી વિદાય થઇ તે અંત્યોખમાં આવેલો દેખાય છે, ને ત્યાં સુનતીઓથી બીને તેણે જે ઢોંગ કર્યો તેમાં દોષિત ઠરવાથી પાઉલે મ્હોડેમ્હોડ ઠપકો આપ્યો (ગલ. ૨; ૧૧-૧૬). આ પછી તે પૂર્વમાં અને ફ્રાત નદીને કાંઠે બાબેલોનમાં સુવાર્તા પ્રગટ કરતો દેખાય છે (૧ પીત. ૫; ૧૩). તે કદી રૂમ ગયો એવી ખાતરીપૂર્વક શાહેદી હાથ આવી નથી; વળી તે ક્યારે અને ક્યાં મરણ પામ્યો તે વિષે પણ શક છે. ઘણું કરીને ઇ. સ. ૬૪-૬૭ સુધીમાં તે મરણ પામ્યો હશે. હવે પીતર વિષેની દંતકથાઓ જાણવા જોગ હોવાથી નવા કરારને લગતા પ્રવેશક બોધમાંથી અત્રે નોંધવામાં આવી છે. પ્રાચીન વખતની દંતકથાઓમાં બતાવ્યું છે કે પીતરે અંત્યોખની મંડળીની સ્થાપના કરી, અને ત્યાં સાત વરસ સુધી અધ્યક્ષપદ ચલાવ્યું. જ્યારે ત્યાંથી નીકળવું પડયું ત્યારે તેણે પોતાને બદલે યુઓદિઅસને (અથવા ઇગ્નાટીઅસને) ત્યાંની મંડળીનો આગેવાન ઠરાવ્યો. ઉપલાં સાત વરસની અંદર તે મંડળીનું કામ ચલાવતાં પ્રવાસ પણ કરતો, અને તેથી એવું થયું કે પાઉલ ખ્રીસ્તની ગમ ફર્યો અને પહેલે ફેરે દમસ્કથી યરૂશાલેમ આવ્યો; તે વખતે પીતર પણ યરૂશાલેમ હતો. પ્રવાસમાં તેની સ્ત્રી પણ સાથે રહેતી હતી. વળી કાળા સમુદ્રના ઉત્તર તથા પશ્ચિમ કિનારા સુધી પર્યટન કરીને જે જે મંડળીઓ પર તેણે પોતાનો પહેલો પત્ર લખ્યો, તે બધાને તેણે

ઉપદેશ કર્યો હશે. ઝબદીનો દીકરો યાકુબ ઈ. સ. ૪૪માં મરાયો, ત્યાર પછી બધા શિષ્યો રૂમી રાજ્યના જુદા જુદા ભાગોમાં વેરાયા, અને પીતરે રૂમની મંડળીમાં આ વખતે ત્યાંની મંડળી સ્થાપી અને તે મંડળીનો પહેલો અધ્યક્ષ થયો. એ વાત ખરી હોય તો પ્રે. કૃ. ૧૨; ૧૭ માં લખ્યું છે કે "પીતર નીકળીને બીજી જગ્યાએ ગયો." તે "બીજી જગ્યા" રૂમ શહેર હશે; પરંતુ ઈ. સ. ૫૦ માં યરૂશાલેમની મહાસભા ભરાઈ ત્યારે પીતર ત્યાં આવ્યો, અને ત્યાંથી પાછો રૂમ ગયો. ત્યાર બાદ તે શહેરમાં રહીને તેણે પોતાના બે પત્ર લખ્યા. ૧ પીત. ૫; ૧૩ માં "બાબેલોનમાંની મંડળી" લખ્યું છે તેમાં રૂમમાંની મંડળી સમજવી જોઈએ. માત્ર લાક્ષણિક રીતે રૂમને બાબેલોન નામ આપેલું છે. પીતરે આખા ઇટાલી દેશમાં તથા પશ્ચિમ તરફના દેશોમાં સુવાર્તા પ્રગટ કરી એટલુંજ નહિ, પણ તે એકલો અથવા પાઉલની સંગાથે ઠેઠ ઈંગ્લાંડ સુધી ગયો, અને ત્યાં ખ્રીસ્તી મંડળી તેણે સ્થાપી. પછી તેઓ રૂમમાં પાછા આવ્યા, ત્યારે સીમોન જાદુગરની સાથે મોટી તકરાર થઈ. આ સીમોને નેરો પાદશાહની રૂબરૂમાં આકાશ તરફ ઉડવાની કોશિશ કીધી, પણ પાઉલ તથા પીતરની પ્રાર્થનાથી સીમોન જમીન ઉપર પછડાયો અને તેનો ભયંકર અંત નિપજ્યો. એ જોઈને નેરો બહુ નાખુશ થયો. વળી રૂમ શહેર બાળવાનો શક પોતા પર ના આવે તે માટે બાદશાહે ખ્રીસ્તીઓ પર સતાવણી ચલાવી (ઈ. સ. ૬૫, ૬૮). આ વખતે કોઈક ભાઈએ પીતરને રૂમમાંથી નાસી જવાનું સમજાવ્યું, તેથી આપીઅસને માર્ગે થઈને તે નાસતો હતો, એવામાં ઈસુએ તેને દર્શન દીધું. પીતર તેને જોઈને વિસ્મિત થયો ને કહેવા લાગ્યો કે, પ્રભુ, તું ક્યાં જાય છે? ત્યારે ઈસુએ કહ્યું કે પીતર, હું તો રૂમમાં જવાનો છું, એ માટે કે ત્યાં ફરી વધસ્તંભે જડાઉં. પીતરે આ વાત સાંભળી ત્યારે તેનું મન પીગળી ગયું, ને પોતે શહેરમાં પાછો ગયો. ને થોડી મુદતની અંદર તે પકડાયો, અને કેદમાં નંખાયો. કેદખાનામાં હતો એટલામાં ચોકીદારોને ખ્રીસ્તની ગમ ફેરવ્યા. તેમને બાપ્તિસ્મા આપવા પાણી જોઈતું હતું, ત્યારે નિર્મળ પાણીનો ઝરો તે જગ્યાએ એકદમ ફુટી નીકળ્યો. પીતર તથા પાઉલ બન્ને (ઈ. સ. ૬૭ માં) એકજ દિવસે માર્યા ગયા. જે જગ્યાને "ત્રણ ઝરા" કહે છે ત્યાં પાઉલનો શિરચ્છેદ કર્યો, પણ પીતરને "જાનીક્યુલમ" નામની ટેકરી પર વધસ્તંભે જડ્યો. તેની ઈચ્છા હતી કે મારા પ્રભુ કરતાં મારૂં મરણ વધારે તિરસ્કાર ભરેલું થાય. માટે સિપાઈઓએ તેની વિનંતિ સાંભળીને તેને ઉંધે મસ્તકે વધસ્તંભે જડયો (યોહા. ૨૧; ૧૮). એ પ્રમાણે રૂમનું અધ્યક્ષપદ ૨૫ વર્ષ (૪૪–૬૭) ચલાવ્યા પછી તેનો અંત આવ્યો. આપીઅસને માર્ગે તેનું મુડદું દાટયું, પણ દોઢ વર્ષ પછી "વાટીકન" નામના ખેતરમાં તેનું શબ આણીને રાખ્યું; ને તેજ જગ્યા પર કોન્સ્ટાન્ટીન બાદશાહે એક ભવ્ય કબર બંધાવી, કે જે રૂમ શહેરના સેંટ પીતર નામના વિશાળ દેવળમાં સમાએલી છે. ઉપલી બધી વાત દંતકથામાં મળી આવે છે ખરી, પણ બધી દંતકથાઓ વિશ્વાસજોગ છે એમ કહેવાય નહિ. પીતર વિષે જે વાત ઉતરી આવી છે તે મુખ્યત્વે કરીને ત્રણ પુસ્તકમાંથી કાઢેલી જણાય છે; એટલે એબીઓની પંથમાં ચાલતાં નવલકથાનાં બે પુસ્તકો, કલેમેન્ટનાં બોધભાષણ, અને કલેમેન્ટનાં સ્મરણપત્રો (ઈ. સ. ૧૭૫–૨૦૦ માં પ્રસિદ્ધ). આપોક્રિફાનું એક પુસ્તક, એટલે પીતર તથા પાઉલનાં કૃત્યો. હવે રૂમના પાપા એવો દાવો ધરાવે છે કે અમે મંડળીના સર્વોપરી છીએ, કેમકે અમે પીતરના સિંહાસન પર બીરાજીએ છીએ. પરંતુ તેઓએ યાદ રાખવું જોઈએ કે પીતર ખરેખર રૂમની મંડળીનો સ્થાપનાર કે આગેવાન હતો, એ વાતનો પાયો બહુજ કાચો છે. જે એબીઓની-

ઓને સાર્વજનિક મંડળીએ પાખંડી ઠરાવ્યા, તે પંથીઓનાં પુસ્તકોમાં મુખ્ય પ્રમાણ સમાયલાં છે. પીતરના બે પત્રો પવિત્ર શાસ્ત્રમાં સમાયલા છે. **પીતરનો પહેલો પત્ર**— આસિયામેનરના જુદા જુદા પ્રાંતોમાં કેટલીએક એવી મંડળીઓ સ્થપાઇ હતી, કે જેમાં ખ્રીસ્તી થએલા યહુદીઓની સાથે વિદેશી ખ્રીસ્તીઓ પણ ભળેલા હતા. તેઓ બધાને "વેરાએલા પ્રવાસીઓ" કહીને પ્રેરિત પીતર આ પહેલો પત્ર લખે છે. પત્ર લખવાની શાલ ૬૫ કે ૬૬ હશે, અને બાબેલોન (રૂમ) શહેરથી લખવામાં આવ્યું છે. **પૃથક્કરણ.** (૧) દઢતા અને સતાવણીમાં ઉદ્ધાર (૧—૨; ૧૦). (૨) પવિત્ર જીંદગીની વ્યવહારોપયોગી ફરજો (૨; ૧૧—૩; ૧૩). (૩) ધીરજતા અને પવિત્રતા વિષે ખ્રીસ્ત ઇસુનો દાખલો આપે છે (૩; ૧૪—૪; ૧૯). (૪) વડીલો, જુવાનો તથા સર્વેને સુચના. **પીતરનો બીજો પત્ર**—૨ પીત. ૩; ૧માં એવા શબ્દો આવે છે કે, "વહાલાઓ, આ બીજો પત્ર હું તમારા પર લખું છું." એ પરથી જણાય છે કે જેણે પહેલો પત્ર લખ્યો તેણેજ, એટલે પીતરે આ બીજો પત્ર પણ લખ્યો છે. અને જેઓને માટે પહેલો પત્ર લખ્યો તેઓનેજ માટે આ બીજો પત્ર પણ લખ્યો છે. આ પત્ર તેણે પોતાના મરણની અગાઉ થોડાજ વખતમાં લખ્યો છે (૧; ૧૪), એટલે ૬૫-૬૭ સુધીમાં લખ્યો છે. આ પત્ર ક્યાંથી લખાયો તે વિષે ખાતરીપૂર્વક વાત નથી, પણ કદાચ જ્યાંથી પહેલો પત્ર લખાયો ત્યાંથીજ આ બીજો પત્ર પણ લખાયો હશે. આ પત્રમાં અગિયાર જુદાં જુદાં વાક્ય જુના કરારમાંથી ઉતારેલાં છે. અને ૩; ૧૫, ૧૬ માં પાઉલનાં પત્રો વિષે જાણવાજોગ શાહેદી પુરેલી છે. કેટલાક ધારે છે કે, આ વાક્ય ૧ થેસ્સા. ૪; ૧૩—૫; ૧૧ ને લાગુ પાડયું છે. **પૃથક્કરણ.** અધ્ય. ૧. વિનંતિ, આત્મિકપણામાં વધતા જાઓ. વિનંતિનું કારણ, ખ્રીસ્ત પાછો આવશે. પાછો આવશે તેની સાબિતી. રૂપાંતર તથા ભવિષ્યવાત. અધ્ય. ૨. પહેલી ચેતવણી, જુઠા બોધકો વિષે. અધ્ય. ૩. બીજી ચેતવણી, ઠઠ્ઠાખોરો વિષે. ચેતવણીનું કારણ, ખ્રીસ્ત પાછો આવશે. કેટલાક શાસ્ત્રીઓ ધારે છે કે પાઉલ તથા પીતર વચ્ચે અણબનાવ હતો, તેથી તેઓનો બોધ એક બીજાથી ઉલટો છે, પણ પીતરના પત્રો વાંચતાં એ વાત ભૂલભરેલી દેખાય છે. નીચેનાં વાક્યો ચોકસાઇથી વાંચો (૨ પીત. ૩; ૧૫, ૧૬. ૧ પીત. ૫; ૧૨. ૨ પીત. ૧; ૧૨: ૩; ૨). એમ પાઉલ સાથે પીતર વિરોધભાવ ધરાવતો હોય એમ લાગતું નથી. પાઉલના રૂમીઓને તથા એફેસીઓને પત્રની સાથે પીતરનું લખાણ નિકટ મળતાપણું જણાવે છે. પીતર વિષે:—પીતરનું તેડું (માત્થી ૪; ૧૮-૨૦. માર્ક ૧; ૧૬-૧૮. લુક ૩; ૧-૧૧. યોહા. ૧; ૪૦-૪૨). પીતરની કબુલાત (માત્થી ૧૬; ૧૬. માર્ક ૮; ૨૯. લુક ૯; ૨૦). નકાર (માત્થી ૨૬; ૩૩-૩૫, ૫૮, ૬૯-૭૫. માર્ક ૧૪; ૨૯-૩૧, ૫૪, ૬૬-૭૨. લુક ૨૨; ૩૧-૩૪, ૫૪-૬૨. યોહા. ૧૩; ૩૭, ૩૮: ૧૮; ૧૫-૧૮, ૨૫-૨૭). પીતર પુનરૂત્થાનની સવારે (માર્ક ૧૬; ૭. લુક ૨૪; ૧૨-૩૪). સીમોન (યોહા. ૨૦; ૨-૭. ૧ કરીં. ૧૫; ૫). પીતર પચાસી પર્વે (પ્રે. કૃ. ૨; ૫). પીતર અને સીમોન જાદુગર (પ્રે. કૃ. ૮; ૧૪-૨૪). પીતર લુદા અને જોપ્પામાં (પ્રે. કૃ. ૯; ૩૨-૪૩). પીતર અને કરનેલ્યસ (પ્રે. કૃ. ૧૦; ૧-૪૮). પીતરની કેદ (પ્રે. કૃ. ૧૨; ૧-૧૯). યરૂશાલેમની મહાસભામાં (પ્રે. કૃ. ૧૫; ૭-૧૧. ગલા. ૨; ૭-૯). પીતર અને પાઉલ અંત્યોખમાં (ગલા. ૨; ૧૧). જુઓ શિમઓન ને કેફા.

પીથોન = સાદું. બીન્યામીની મીખાહનો પુત્ર (૧ કાળ. ૮; ૩૫: ૯; ૪૧).

પીથોમ = ખજાનો. મિસરી ભાષામાં તેને

"પા-ટુમ" કહેતા. ફારૂન રામસેસ બીજાએ ઇસ્રાએલીઓ પાસે જે ખજાનાનાં શહેરો બંધાવ્યાં તેમાંનું એક હતું. ઘણું કરીને તે ગ્રીક ઇતિહાસવેત્તા હીરોડોટસ જે શહેરને 'પોતુમાસ' કહે છે તેજ હશે. હાલ તેને "તેલ-એલ-મારકુલા" કહે છે, કે ઇસ્માલીયાની પશ્ચિમે આશરે ૧૨ માઇલ ઉપર હાલની સુએઝ નહેરના દક્ષિણ કિનારા પર "તેલ-એલ-કેબીર" થી ૨૦ માઇલ ઉપર આવેલું છે. ઇ. સ. ૧૮૮૩ માં આ શહેરનું ખંડિયેર માલમ પડતાં જાણવામાં આવ્યું કે અહિં એક ખજાનાનું શહેર હતું. ખંડિયેર જોઇ ધારવામાં આવે છે કે, આ શહેર ઈંટોથી બાંધવામાં આવ્યું હશે. કેટલાક ધારે છે કે આ શહેરનું સંસારી કે વ્યવહારી નામ સુક્કોથ છે (નિર્ગ. ૧૨ ; ૩૭), અને તેનું ધર્મનું પવિત્ર નામ પીથોમ છે. ઇસ્રાએલીઓની મુસાફરીનું પહેલું સ્ટેશન આ હતું. કેટલાક ધારે છે કે આ શહેર પુરાતન જમાનામાં રાજધાનીનું શહેર હતું.

પીનોન = અંધારૂં. એક અદોમી સરદાર હતો (ઉત્પ. ૩૬ ; ૪૧. અને ૧ કાળ. ૧ ; ૫૨). કદાપિ પુનોન અને આ નામ એક ને એકજ હશે (ગણ. ૩૩ ; ૪૩).

પી-બેસેથ = બિલાડીના આકારનો દેવ. (૧) આ શબ્દનો અર્થ બિલાડી કે બિલાડીના આકારનો દેવતા એવો થાય છે. ગ્રીક લોકો આ દેવતાને "બુબાસ્ટીસ" કહેતા હતા. તેનું ચિત્ર લિપી નામ "પે-બાસ્ટ" એટલે બાસ્ટનું ઘર, એફેસસની આર્તિમસ એવું છે. આ બુબાસ્ટીસનું શહેર પેલ્યુસિયન નદી ઉપર કેલ્ટાના પૂર્વ કિનારા પર આવેલું હતું. તે મિસરીઓની વાર્ષિક પર્વની મુખ્ય જગ્યા હતી. હાલ આ શહેરના ખંડિયેરને "તેલ-બાસા" કહે છે. આ શહેર વિષેની ભવિષ્યવાત હઝ. ૩૦ ; ૧૭ માં આવે છે. (૨) મિસર દેશમાં આવેલું એક શહેર હતું (હઝ. ૩૦ ; ૧૭).

પીલાત = ભાલાબંધ. પીલાત ઘણું કરીને પોન્ટી નામના રૂમી કુટુંબનો સંબંધી હતો. લાટીનમાં તેને 'પીલીએટસ' કહે છે, જેનો અર્થ ટોપી પહેરનાર એવો છે. છુટેલા ગુલામો એવી ટોપી પહેરતા હતા. યહુદાહ પ્રાંત ઉપર પીલાત છઠ્ઠો હાકેમ (ગવર્નર) હતો. પણ તેની બદલી ઉપર થોડા વખતને માટે જે સેબીનસ હાકેમ નિમાયો, તેને ન ગણીએ તો પાંચમો હાકેમ કહેવાય (ઇ. સ. ૨૬-૩૬ સુધી તેણે હકુમત કીધી). તેનું મુખ્ય સ્થાનક કાઇસારીઆમાં હતું, પણ વખતો વખત તેને યરૂશાલેમ જવું પડતું હતું. યહુદાહ પર તેની હકુમત યોહાન બાપ્તિસ્મી તથા ઇસુ ખ્રીસ્તની ધર્મસેવાના જમાના પછી પણ થોડો વખત ચાલતી હતી. આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની તેની આગળ થએલી તપાસ પછી તેનું નામ ઘણું પ્રસિદ્ધિમાં આવ્યું છે. પીલાત પ્રકૃતિમાં ખરેખરો રૂમી હતો. જોકે પહેલાંની રૂમી બાદશાહત ચાલતી ત્યારે રૂમી લોક સારા હતા, તેમના જેવો તે નહિ, પણ તે ચાલુ વખતના રૂમીઓ જેવો જુલમી અને લાંચીઓ હતો. જે યહુદીઓ ઉપર તે હકુમત ચલાવતો હતો તેઓને તે ધિક્કારતો હતો. અને જ્યારે તેને ગુસ્સો ચઢે ત્યારે ઉઘાડી રીતે તેમનું લોહી પણ વહેવડાવતો હતો (લુક ૧૩ ; ૧). તેજ પ્રમાણે યહુદીઓ પીલાતને તેના ગેરબંદોબસ્તથી ચાલતા અંધેરને લીધે તથા તેની ક્રૂરતા અને લૂટને લીધે ધિક્કારતા હતા. રૂમ શહેરનાં નાટકો, હમામખાનાં (નાવાની જગ્યા), જાતજાતની રમતો અને સરતોનું આનંદી મંડળ મુકીને તે ભાગ્યેજ યરૂશાલેમની ઉજડ જગ્યામાં જતો. જ્યારે તે યરૂશાલેમ જતો ત્યારે હેરોદ મોટાના મહેલમાં તે ઉતારો લેતો. કોઇ પણ જીતાયલા દેશમાં રૂમી અધિકારી જતો ત્યારે એ પ્રમાણે તેને ઉતારો મળે એવો રૂમી રાજ્યનો નિયમ હતો. સાન્હેદ્રીમ સભામાં ઇસુની તપાસ થયા બાદ તેને રૂમી હાકેમ પીલાત પાસે મોકલવામાં આવ્યો. આ વખતે પારખાપર્વ હોવાથી પીલાત શહે-

રના બંદોબસ્તને માટે અત્રે આવેલો હતો, અને નિયમ મુજબ આન્ટોનિયા કે હેરોદના મહેલમાં ઉતર્યો હતો. સાન્હેદ્રીમ સભાના પ્રતિનિધિઓ ઇસુને લઇને આ મહેલે પીલાત પાસે આવ્યા. પીલાત મહેલમાંથી બહાર નીકળ્યો. પ્રતિનિધિઓએ (ડેપ્યુટેશને) ઇસુને પીલાત આગળ દોષિત જણાવ્યો. પણ પીલાતને આટલીજ વાતથી તેના દોષિતપણા વિષે સંતોષ વળ્યો નહિ તેથી પ્રતિનિધિઓએ આગળ જણાવતાં કહ્યું કે, (૧) તે લોકોને ભુલાવે છે. (૨) કાઇસારને ખંડણી આપવાને ના પાડે છે. (૩) તે પોતે કહે છે કે હું પોતે ખ્રીસ્ત રાજા છું. આ ત્રણ તોહોમત તેઓએ પીલાત આગળ ઇસુ પર મુક્યાં (લુક ૧૩; ૨). પીલાત આ સાંભળીને ઇસુને મહેલની અંદર એકાંતમાં (યોહા. ૧૮; ૩૩) લઇ ગયો અને ત્યાં તેની ખાનગી તપાસ કીધા પછી (યોહા. ૧૮; ૩૭, ૩૮) તે બહાર આવ્યો, અને આવેલા પ્રતિનિધિઓ, જેઓ હજી બહાર ઉભા હતા, તેઓને જણાવ્યું કે "આ માણસમાં મને કંઇ અપરાધ જણાતો નથી" (લુક ૨૩; ૪). પણ તેઓ આગ્રહથી તેના પર દોષ મુકીને કહેવા લાગ્યા કે, "ગાલીલથી માંડીને અહિં લગી આખા યહુદાહમાં" તે લોકોને ઉશ્કેરે છે. પીલાતે જ્યારે ગાલીલનું નામ સાંભળ્યું ત્યારે ગુન્હેગારને ગાલીલ પ્રાંતના અધિકારી હેરોદ આન્તિપાસની પાસે મોકલાવ્યો, એવું સમજીને કે ગુન્હેગાર સંબંધી જે મુશ્કેલી પોતાને નડી હતી તે દૂર થાય. હેરોદે ઇસુને ઘણાક પ્રશ્ન પુછ્યા પણ ઇસુએ કંઇ ઉત્તર આપ્યો નહિ. પછી હેરોદે પોતાના સીપાઇઓ સહિત તેનો તુચ્છકાર કરીને તથા મશ્કરી અર્થે તેને રંગબેરંગી ઝબ્બો પહેરાવી પીલાત પાસે પાછો મોકલાવ્યો (લુક ૨૩; ૧૧, ૧૨). પીલાતે હવે ધાર્યું કે જેમ મને તેમજ હેરોદને પણ તેનામાં કંઇ અપરાધ જણાતો નથી, માટે હવે તેને છોડી મુકવાનું ઠરાવી છેલ્લો ફેંસલો આપવાને ન્યાયાસન પર બેઠો, એટલામાં તેની સ્ત્રી (ક્લોદિયા પ્રોક્યુલા) તરફથી સંદેશો મોકલવામાં આવ્યો કે, "તે ન્યાયીને તું કંઇ કરતો ના," પણ મુખ્યયાજકોએ તથા વડીલોએ લોકોને સમજાવ્યા કે તેઓ બારાબાસને માગે, કેમકે પર્વમાં કોઇએક ગુન્હેગારને માફી આપી છોડી મુકવાનો હાકેમનો અધિકાર હતો. પણ જ્યારે લોકોએ બૂમ પાડી કે, આ માણસને નહિ પણ બારાબાસને છોડી મુકે, ત્યારે પીલાત ગભરાયો અને ભારે ગુંચવણમાં આવી પડયો અને તેઓને કહેવા લાગ્યો કે, "તો ઇસુ જે ખ્રીસ્ત કહેવાય છે તેને હું શું કરૂં?" તરત ખુમાટો સંભળાયો કે, "વધસ્તંભે જડાય." પીલાત તે સાંભળી દીલગીર થયો, અને હવે મારે શું કરવું તે નહિ જાણતાં કહ્યું, "શા માટે? તેણે શું ભુંડું કર્યું છે?" પણ તેઓએ વધારે બૂમ પાડતાં કહ્યું કે, "એને વધસ્તંભે જડાવ, વધસ્તંભે જડાવ." ત્યારે પીલાતે ઇસુને તેઓની ઇચ્છાને સ્વાધીન કીધો, અને ઇસુને કોરડા મારવાને સોંપ્યો. આવી શિક્ષા કરવાને ખાસ પટાવાળા જેવા માણસો રહેતા હતા, પણ પીલાતની પાસે એવા માણસો નહિ હોવાથી પીલાતના સીપાઇઓને આ ભયંકર શિક્ષા કરવાનું સોંપવામાં આવ્યું (માત્થી ૨૭; ૨૭). તેઓ તેની આસપાસ એકઠા થયા, તેનાં પોતાનાં કપડાં ઉતારી કિરમજી ડગલો તેને પહેરાવ્યો. તેના જમણા હાથમાં સોટી આપી, કાંટાનો મુગટ ગુંથીને તેના માથા ઉપર મુક્યો, તેની આગળ ઘુંટણ ટેકીને તેની મશ્કરી કરી અને ઠઠ્ઠા કરતાં કહેવા લાગ્યા કે, "અરે યહુદીઓના રાજા, સુખી રહે." વળી તેઓએ તે પર થુંકીને, સોટી લઇને તેના માથા પર તથા મ્હો પર મારી અને તેઓથી થાય એટલું તેનું અપમાન તથા તિરસ્કાર કીધો. ત્યાર પછી પીલાત ઇસુની આવી દયામણી સ્થિતિમાં, ફરીને એકવાર ઇસુને બહાર લઇ જઇને યહુદીઓને બતાવતાં કહે છે કે, "જુઓ, આ માણસ." પણ દુષ્ટોનાં વજ્ર જેવાં હૈયાં પર મારેલા કોર-

ડાનો માર, કાંટાના મુગટથી પડતાં લોહીનાં ટીપાં તથા દેવના પુત્ર પર ગુજારેલી જાસ્તીએ કંઇ અસર કીધી નહિ. પણ તેથી ઉલટું તેઓની બૂમ સાંભળવામાં આવે છે કે, "એને વધસ્તંભ પર જડાવ, એને વધસ્તંભ પર જડાવ." અને પીલાતની આગળ આ વખતે એક બીજો દોષ મુકવા લાગ્યા કે, "એણે પોતાને દેવનો દીકરો ઠરાવ્યો છે." પીલાત આ વાત સાંભળીને વત્તો બીધો, અને ફરીને ઉપલી "પ્રેતોરિયમ" કચેરીમાં ઇસુને લઇ જઇને કહે છે કે, "તું ક્યાંનો છે?". પણ ઇસુએ તેને કંઇ ઉત્તર આપ્યો નહિ. પીલાતે ગુસ્સે થઇને કહ્યું કે, "તું જાણતો નથી, કે તને વધસ્તંભ પર જડવાનો અધિકાર મને છે?" ઇસુએ શાંત મને જવાબ આપ્યો કે "ઉપરથી તને અપાયા વગર મારા પર તારો કંઇ અધિકાર ન હોત." ત્યાર પછી ઇસુને છોડી મુકવાને પીલાતે અગાઉ કરતાં વધારે નક્કી ઠરાવ કીધો (યોહા. ૧૯; ૧૨), પણ પેલી યહુદી ટોળી એ જાણી બૂમ પાડી ઉઠી કે, "જો તું એ માણસને છોડી દે, તો તું કાઇસારનો મિત્ર નથી." આથી કરીને પીલાત બાદશાહથી બીધો, અને પાણી મંગાવી તેઓના દેખતાં પોતાના હાથ ધોયા અને કહ્યું કે, "એ ન્યાયીના લોહી સંબંધી હું નિર્દોષ છું." એ જોતાં તોફાની ટોળું તિરસ્કાર સાથે બોલી ઉઠ્યું કે, "એનું લોહી અમારા પર તથા અમારા સંતાન પર થાય." આ અપમાનથી પીલાતના મનને દુઃખનો ભારે આચકો લાગતાં ઇસુને તેમની આગળ બહાર લાવી કહે છે કે, "શું હું તમારા રાજાને વધસ્તંભ પર જડાવું?" ફેંસલાની ભયંકર પળ હવે આવી પહોંચી. મગજ ફરેલ તોફાની ટોળું બોલી ઉઠ્યું, "કાઇસાર વગર અમારો કોઇ રાજા નથી." ત્યારે પીલાતે ઇસુને વધસ્તંભે જડવાને તેઓને સોંપ્યો અને તેઓ ઇસુને પકડીને લઇ ગયા. પીલાતને પોતાના કરેલા અન્યાય અને જુલમની તેને કેવી ભારે બીક હતી તે ઇસુને આપેલા ફેંસલા ઉપરથી જણાય છે. જો યહુદીઓ કાઇસાર તીબેરીઅસને મારા કરેલા અન્યાય અને જુલમ વિષે જણાવશે તો હું પદભ્રષ્ટ થઇશ, એવી બીક રાખીને તેણે ઇસુ વિષે અન્યાય થવા દીધો. આ બાબત વિષે તે યહુદીઓ ઉપર નારાજ હતો તે, અને લખેલો લેખ નહિ બદલાવ્યો તથા ઇસુનું શબ યુસફને તેમની દરકાર કીધા વગર એકદમ સોંપી દીધું તે પરથી સાફ જણાય છે. "કોઇ માણસ પાછળ ધાતો ન હોય, તો પણ દુષ્ટ નાસે છે" એ વાત પીલાતમાં પુરી થાય છે. પણ એથી ઉલટું "નેકીવાનો સિંહના બચ્ચા જેવા હિમ્મતવાન હોય છે." ધર્મપિતૃઓ લખે છે કે, ઇસુના મોતની ખબર કાઇસારને આપવામાં આવી હતી. પીલાતે તેમ કીધું હશે, પણ કોઇ રૂમી પુસ્તકોમાં તે વિષે લખવામાં આવ્યું હોય એમ દેખાતું નથી. પીલાતનું નામ હવે સુવાર્તામાંથી બંધ થાય છે, પણ તે વિષે કંઇ વાત પ્રેરિતોનાં કૃત્યોમાં હાથ આવે છે (પ્રે. કૃ. ૩; ૧૩ : ૪; ૨૭ : ૧૩; ૨૮ તથા ૧ તીમો. ૬; ૧૩). આ બનાવ બન્યા પછી થોડા વખતમાં સમરૂનમાં ભારે બળવો ઉઠ્યો તે પીલાતે સમાવ્યો, પણ ત્યાંના લોકોએ સીરિયાના હાકેમને અરજ કરી તે પરથી આ કેસ રૂમ મોકલવામાં આવ્યો. પીલાત રૂમ પહોંચ્યો ત્યારે તીબેરીઅસ કાઇસાર મરણ પામ્યો હતો. પીલાત ઉપર આવેલી આ આફત વિષે તે પોતે ધારતો હતો કે, ઇસુને વધસ્તંભ પર જડવાનો ગેરવાજબી હુકમ મેં આપ્યો માટે મારા પર આ આફત આવી પડી છે. રૂમ આવતાં તેના ઉપર ભારે તોહોમત લાગુ પાડતાં તેને ગાલ દેશના વીએનામાં દેશનિકાલ કીધો, અને દંતકથા એવી છે કે ત્યાં તે આપઘાત કરીને મરણ પામ્યો (ઇ. સ. ૩૬). તે દસ વર્ષ યહુદીઓનો હાકેમ રહ્યો.

પીશોન = વહેતું નાળું. બાબેલની ભાષાનો આ શબ્દ છે, તેનો અર્થ પીશોન એટલે નહેર એવો થાય છે. જે ચાર નહેરો એદન

વાડીને પાણી પુરૂં પાડતી હતી તેમાંની એ એક છે (ઉત્પ. ૨; ૧૧). એ વિષે વિદ્વાનોમાં જુદા જુદા મત છે. કેટલાક કહે છે કે તે 'ફાસીસ' છે; કોઇ કહે છે કે તે 'હાલીસ' છે; બીજા કહે છે કે તે ગંગા કે સીંધુ નદી છે.

પીસીદી (પ્રે. કૃ. ૧૩; ૧૪). પામ્ફુલ્યાની ઉત્તરમાં આવેલો આસિયામેનરનો એક પ્રાંત હતો. પ્રાચિન કાળમાં આસિયામેનરના ૧૪ પ્રાંત હતા, તેમાંનો એક પીસીદી છે. તેનું મુખ્ય શાહેર અંત્યોખ છે, કે જ્યાં પાઉલ પોતાની મુસાફરીમાં એ વખત ગયો હતો (પ્રે. કૃ. ૧૪; ૨૪).

પીહાહીરોથ = ગુફાનું દ્વાર. મિસરમાં આવેલી એક જગ્યા હતી, કે જ્યાં ઇસ્રાએલીઓએ અરણ્યની મુસાફરી કરતાં ત્રીજો મુકામ કીધો હતો (નિર્ગ. ૧૪; ૨. ગણ. ૩૩; ૭, ૮). ગણ. ૩૩; ૮ માં તેને હાહીરોથ કહે છે. એવું કહે છે કે આ જગ્યાનું નામ ત્યાં થતા એક જાતના ખાસ ઘાસ પરથી પડયું છે. કેટલાક વિદ્વાન ધારે છે કે આ જગ્યા તે 'આજરૂદ'ના કિલ્લા સાથે સંબંધ ધરાવે છે, કે જે એથામ અને સુએજ વચ્ચે આવેલ હતો. આ જગ્યાની આસપાસ બે શાહેર આવેલાં હતાં, એટલે બાલસફોન તથા મિગ્દોલ; તેથી કેટલાક ધારે છે કે આ કોઇ શાહેર નહોતું, પણ તે એક મેદાનનું નામ છે.

પુતીઓલી = કુવા. કામ્પાનિયા અખાતના કિનારા પર આવેલું એક શાહેર હતું, ત્યાંથી રૂમ ૧૭૦ માઇલ દૂર હતું (પ્રે. કૃ. ૨૮; ૧૩, ૧૪). અહિં પાઉલ સાત દિવસ રોકાઇને પોતાની મુસાફરીએ આગળ વધ્યો.

પુદેન્સ = શરમાળ. રૂમી ખ્રીસ્તી હતો, જેની સલામ તીમોથીને મોકલવામાં આવે છે (૨ તીમો. ૪; ૨૧).

પુરાહ = દ્રાક્ષકુંડ. ગિદઓનનો ચાકર હતો (ન્યાયા. ૭; ૧૦, ૧૧).

પૂઆહ = પ્રખ્યાત. (૧) એ હેબ્રી દાઇઓમાંની એક હતી, કે જેઓએ પ્રભુથી બીને મિસરના રાજાની આજ્ઞા ન માની. હેબ્રીઓના દીકરાને જન્મ વખતે મારતી નહોતી (નિર્ગ. ૧; ૧૫-૨૧). (૨) યિસ્સાખારપુત્રોમાંનો એક (ન્યાયા. ૧૦; ૬. ઉત્પ. ૪૬; ૧૩. ૧ કાળ. ૭; ૧. ગણ. ૨૬; ૨૩). એને પુવાહ પણ કહે છે.

પૂટ (૧ કાળ. ૧; ૮). (૧) હામના પુત્રોમાંનો એક હતો (ઉત્પ. ૧૦; ૬). (૨) આફ્રિકાની દેશજાતિ (ઉત્પ. ૨૦; ૬. યિર્મે. ૪૬; ૯. હઝ. ૨૭; ૧૦: ૩૦; ૫: ૩૮; ૫. નાહૂ. ૩; ૯. યશા. ૬૬; ૧૯).

પૂથીઓ (૧ કાળ. ૨; ૫૩).

પૂનીઓ (ગણ. ૨૬; ૨૩). યિસ્સાખારપુત્રોમાંના પૂઆહથી પૂનીઓનું કુટુંબ થયું.

પૂનોન = અંધારૂં. ઇસ્રાએલીઓની મુસાફરીનો મુકામ હતો (ગણ. ૩૩; ૪૨, ૪૩).

પૂર = ચિઠ્ઠીઓ નાખવી. આ શબ્દ ઇરાની છે, તેનો અર્થ ચિઠ્ઠીઓ નાખવી એવો થાય છે. રાણી એસ્તેરના વખતમાં હામાને યહુદીઓનો વિનાશ કરવા માટે પૂર એટલે ચિઠ્ઠીઓ નાખી હતી; પણ એસ્તેર તથા મોર્દખાયે હામાનની આ યોજના ફેરવી નાખી, અને હામાનને તથા તેના પુત્રોને ફાંસીએ ટાંગ્યા; એ માટે યહુદીઓએ તે દિવસને પૂર નામ આપ્યું (એસ્તે. ૯; ૨૪-૩૨). અને તે પરથી યહુદીઓએ પોતાના એ વખતના છુટકારાને માટે જે પર્વ સ્થાપ્યું તેને પુરીમ પર્વ કહે છે (જુઓ પુરીમ).

પૂરીમ = ચિઠ્ઠી. આ પર્વ એસ્તેર તથા મોર્દખાયથી સ્થાપન થએલું છે. હામાને યહુદીઓનો વિનાશ કરવાને ચિઠ્ઠી નાખી ઠરાવ્યું હતું (એસ્તે. ૩; ૭: ૯; ૨૪), પણ તે નાશ હામાન ઉપરજ આવી પડયો અને યહુદીઓનો બચાવ થયો. તે બારે છુટકારાની યાદગીરીમાં બારમા (આદર) માસની તા. ૧૪મી તથા ૧૫મીએ યહુદીઓએ પર્વ પાળ્યું. આ બે દિવસ ઠરાવવાનું કારણ એ હતું કે, શુશાનની બહારના યહુદીઓએ તા. ૧૩મીએ બારે કતલ ચલાવી ને તા. ૧૪મીએ આરામ લીધો;

પણ શૂશાન માંહેલા યહુદીઓએ તા. ૧૩ મી તથા ૧૪ મી બન્ને દિવસ ભારે કતલ ચલાવી ને તા. ૧૫ મીએ આરામ લીધો, તે કારણ માટે ઠરાવ્યું કે તા. ૧૪ મી તથા ૧૫ મીએ આનંદોત્સવ કરવો; અને હામાને યહુદીઓનો નાશ કરવાને પૂર એટલે ચિઠ્ઠીઓ નાખી હતી તેજ નામ આ પર્વને આપ્યું. આ પર્વને દિવસે કોઇ ધાર્મિક ક્રિયા કરવામાં આવતી ન હતી પણ એક બીજાને ભેટ મોકલતા, અને આનંદોત્સવમાં આ દિવસ ગાળતા. આ પર્વ યહુદીઓમાં ફેલાઇ ગયું, અને તે દિવસે એસ્તેરના પુસ્તકનું વાંચન સભાસ્થાનમાં કરવામાં આવતું. આદાર માસની તા. ૧૩ મી નિકાનોરના મરણની યાદગીરી ખાતર પાળવામાં આવે છે. યોહા. ૫; ૧ માં જે પર્વની વાત આવે છે તે પૂરીમ પર્વ હતું.

પૂલ. (૧) આશ્શૂર દેશનો રાજા હતો, તેનું બીજું નામ તિગ્લાથ-પિલેસેર છે, પણ તિગ્લાથ-પિલેસેર બીજો કે ત્રીજો તે વિષે મતભેદ છે; પણ ઘણાક પુરાવા પરથી જણાય છે કે પૂલ તે તિગ્લાથ-પિલેસેર ત્રીજો છે પૂલ તે બાબેલની રાજ્યગાદીનું નામ છે અને તિગ્લાથ-પિલેસેર તે આશ્શૂરની ગાદીનું નામ છે. તેણે લડાઇઓ કરીને પોતાનો દેશ ઘણો વધાર્યો હતો. તેણે ઉત્તર સીરિયા તથા હમાથ જીતી લીધાં અને સીરિયાના રાજાઓ તેના ખંડિયા થયા. તેનો ઇરાદો એવો હતો કે, પશ્ચિમ આશિયામાં એક મોટું રાજ્ય સ્થાપવું અને નીનવેહ દુનિયાની રાજ્યધાનીનું શહેર કરવું. ઇસ્રાએલનો રાજા મનાહેમ સમરૂનમાં રાજ્ય કરતો હતો, પણ તેણે યહોવાહની નજરમાં જે ભુંડું તે કર્યું, માટે તેની વિરૂદ્ધ આશ્શુરનો રાજા પૂલ ચઢી આવ્યો; ત્યારે પૂલનો હાથ પોતાની મદદમાં રાખવા સારૂ મનાહેમે એક હજાર તાલંત રૂપું તેને આપ્યું, તે લઇ પૂલ પાછો ફર્યો (૨ રાજા. ૧૫; ૧૯. ૧ કાળ. ૫; ૨૬). સીરિયા મુકતાં તેણે બાબેલ ઉપર તલપ મારી તે જીતી લીધું. બાબેલનો રાજા કપાયો અને બાબેલ તથા બીજાં ખાલ્દી શહેરો તેણે કબજે કીધાં, અને પૂલ શિનઆર તથા અક્કાદનો રાજા કહેવાયો. તેની પછી શાલ્માનેસેર ૪ થો ગાદીએ બેઠો. (૨) આ નામની એક જગ્યા છે જે માત્ર યશા. ૬૬; ૧૯ માં આવે છે, અને ઉત્પ. ૧૦; ૬. યિર્મે. ૪૬; ૯. હઝ. ૨૭; ૧૦ માં પૂટ કહે છે.

પેઓર = શિખર. (૧) બાલાક બલઆમને ઇસ્રાએલીઓને શાપ દેવાને જે છેલ્લી જગ્યાએ લઇ ગયો તે (ગણ. ૨૩; ૨૮). અહિં રહીને બલઆમે પોતાની નજર ઉંચી કરીને ઇસ્રાએલને તેમનાં કુળો પ્રમાણે રહેતા જોયા, ને તેમને શાપને બદલે જાણવાજોગ આશીર્વાદ આપ્યો (ગણ. ૧૪; ૧-૯). બાલાક બલઆમ પર ઘણો ક્રોધાયમાન થયો અને તેને નાસી જવાનું ફરમાવ્યું, પણ નાસી જતાં પહેલાં બલઆમે આ ભવિષ્ય કહ્યું કે, "યાકુબમાંથી તારો ઝબકી નીકળશે, ને ઇસ્રાએલમાંથી રાજદંડ ઉભો થશે" (ગણ. ૧૪; ૧૪-૧૭). પેઓર એ મોઆબ દેશમાં એક શિખર હતું. (૨) બઆલ-પેઓર મોઆબીઓનો એક પંથ હતો. ઇસ્રાએલીઓએ આ પંથમાં મળીને પાપ કીધું હતું. આ બઆલનું સ્થાન પેઓર શિખર હતું, માટે તેને બઆલ-પેઓર કહે છે (ગણ. ૨૫; ૩, ૫, ૧૮. પુન. ૩; ૨૯ સાથે ગણ. ૩૧; ૧૬. યહો. ૨૨; ૧૭ સરખાવો).

પેકાહ = ઉઘડેલી આંખ. ઇસ્રાએલના રાજા પકાહ્યાહની ફોજમાં ત સરદાર હતા. તેના બાપનું નામ રમાલ્યાહ હતું. તેણે ગિલઆદીઓ સાથે સંપ કરીને પકાહ્યાહની સામો બળવો ઉઠાવી તેને મારી નાખ્યો ને પાત ગાદીએ બેઠો (ઇ. સ. પૂ. ૭૫૮. ૨ રા. ૧૫; ૨૫), અને સત્તર વર્ષ પછી અરામના રાજા રસીન સાથે મળીને યરૂશાલેમને ઘેરો ઘાલવામાં ભાગ લીધો. આ વખતે યહુદાહની ગાદીએ આહાઝ રાજા હતો, તેને મદદ કરવાને આશ્શૂરનો રાજા તિગ્લાથ-પિલેસેર ઇસ્રાએલના રાજા પેકાહ સામે ચઢી

આવ્યો, અને દેશ જીતી લઇને ત્યાંના રહેવાશીઓને કેદ કરી આશ્શૂર લઇ ગયો (૨ રા. ૧૫ ; ૨૯). આ તો ઇસ્રાએલના બંદિપ્રવાસની શરૂઆત હતી. આ બનાવ પછી થોડા વખતમાં એલાહના દીકરા હોશીઆએ પેકાહ વિરૂદ્ધ બળવો કીધો, ને તેને મારી નાખી તેની જગ્યાએ ગાદીએ બેઠો (૨ રા. ૧૫ ; ૩૦ : ૧૬ ; ૧-૯. સરખાવો યશા. ૭ ; ૧૬ : ૮ ; ૪ : ૯ ; ૧૨). કેટલાક તેના વિષે ધારે છે કે ઝખા. ૧૧ ; ૧૬ માં સુચવેલો પાળક તે પેકાહ હશે. પેકાહ—રમાલ્યાહનો પુત્ર, તેણે પોતાના ધણીને મારી નાખ્યો (૨ રા. ૧૫ ; ૨૫–૩૨ : ૧૬ ; ૧). રસીન સાથે મળી સ્વારી કરી (૨ રા. ૧૫ ; ૩૭ : ૧૬ ; ૫. ૨ કાળ. ૨૮ ; ૬. યશા. ૭ ; ૧). હોશીઆએ તેને મારી નાખ્યો (૨ રા. ૧૫ ; ૨૯, ૩૦).

પેરગામસ = ગઢ. આસિયામૈનરમાં આવેલું મીસિયાનું મુખ્ય શહેર હતું. સાત મંડળીઓમાંની એક મંડળી આ શહેરમાં સ્થાપન થએલી હતી (પ્રક. ૧ ; ૧૧ : ૨ ; ૧૨-૧૭). આ શહેર તેની ભુંડાઇને માટે પ્રસિદ્ધ છે. આપણો પ્રભુ તેને "શેતાનની ગાદી કહે છે." આ મંડળીને ઠપકો આપતાં લખે છે કે, "બલઆમનો તથા નીકોલાયતીઓનો બોધ રાખનારા તારે ત્યાં છે." આ મંડળીમાં વિશ્વાસુ સાક્ષી આંતિપાસે લોહી વહેવડાવ્યું હતું. આ શહેર સમુદ્રથી ૨૦ માઇલ ઉપર કાઇકસ નદીના કિનારા પર આવેલું હતું. તેને હાલ 'બેરગામા' કહે છે. તેમાં ૨૦ હજાર માણસની વસ્તી છે, જેમાં ૨,૦૦૦ માણસ ખ્રીસ્તી છે. ચર્મપત્ર પહેલામાં પહેલું આ શહેરમાં બનાવવામાં આવ્યું છે, અને ગ્રીક લોકોએ તેને આ શહેરના નામ પરથી પરગામેને નામ આપ્યું.

પેરેશ. (૧ કાળ. ૭ ; ૧૬).

પેરેસ = ફાટ. (૧) યહુદાહનો પુત્ર (નહે. ૧૧ ; ૪). દાઉદના વખતમાં પહેલા મહિનાને વાસ્તે પહેલી વારાટોળીનો ઉપરી યાશોબઆમ હતો, કે જેની વારાટોળીમાં ૨૪,૦૦૦ માણસ હતાં, તે પેરેસના પુત્રોમાંનો હતો (૧ કાળ. ૨૭ ; ૩). પેરેસના વંશજો જેઓ ઝરૂબ્બાબેલ સાથે બંદિપ્રવાસથી યરૂશાલેમ પાછા આવ્યા તેઓ ૪૬૮ હતા, અને પેરેસ પોતે તેઓમાંનો એક હતો (૧ કાળ. ૯ ; ૪. નહે. ૧૧ ; ૬). (૨) તામાર તથા યહુદાને બે પુત્રો થયા, એકનું નામ પેરેસ અને બીજાનું નામ ઝેરાહ હતું. પેરેસ (ઉત્પ. ૩૮ ; ૨૯ : ૪૬ ; ૧૨. ગણ. ૨૬ ; ૨૦, ૨૧. રૂથ. ૪ ; ૧૨, ૧૮. ૧ કાળ. ૨ ; ૪, ૫ : ૪ ; ૧). તેના વંશજો (૧ કાળ. ૯ ; ૪ : ૨૭ ; ૩. નહે. ૧૧ ; ૪, ૬. માત્થી ૧ ; ૩. લુક ૩ ; ૩૩). લુકમાં તેને ફારેસ કહે છે, તેના વંશને કે કુટુંબીઓને પેરેસીઓ કહે છે (ગણ. ૨૬ ; ૭).

પેરેસ-ઉઝઝાહ=ઉઝઝાહની હાર. આ જગ્યાએ ઉઝઝાહ જે કરારકોષનું ગાડું હાંકતો હતો તે કોષને અડકયો માટે યહોવાહનો ક્રોધ તેના ઉપર સળગ્યો, અને તે જગ્યાએ તેને માર્યો ; તે જગ્યાનું નામ પેરેસ–ઉઝઝાહ પાડવામાં આવ્યું (૨ શમૂ. ૬ ; ૮. ૧ કાળ. ૧૩ ; ૧૫). આ જગ્યા કિર્યાથ-યઆરીમથી બહુ છેટી નથી.

પેર્ગા = આસિયામૈનરના કિનારા પર આવેલું પામ્ફુલ્યા પ્રાંતનું મુખ્ય શહેર હતું. પાઉલ તથા બાર્નાબાસ પહેલી મુસાફરીમાં કુપ્રસથી નીકળી અહિં આવ્યા હતા (પ્રે. કૃ. ૧૩ ; ૧૩, ૧૪). અહિંથી માર્ક તેમને મુકીને યરૂશાલેમ પાછો ફર્યો. કેટલાક વખત પછી પાઉલ અને બાર્નાબાસે ફરીને આ શહેરની મુલાકાત લીધી, અને પ્રભુની વાત તેમને પ્રગટ કરી (પ્રે. કૃ. ૧૪ ; ૨૫). આ શહેર કેસ્ટરસ નદીના કિનારા પર તેના મુખથી ૭ માઇલ ઉપર આવેલું હતું, અને વેપાર રોજગારનું મોટું સ્થાન હતું. હાલ તે ખંડિયેર થએલું છે, ને 'મુરટાના' નામથી ઓળખાય છે.

પેલેગ = વિભાગ. એબેરના દીકરાઓમાંનો

એક હતો. તેનું એ નામ પાડવામાં આવ્યું તેનું કારણ "તેના દહાડામાં પૃથ્વીના વિભાગ થયા" (ઉત્પ. ૧૦; ૨૫). કદાપિ બાબેલથી માણસો વેરાઇ ગયા તે વખતે આ માણસ જીવતો હશે. એટલું તો ખરૂં છે કે બાબેલથી માણસો વેરાઇ ગયા ત્યારે એબેરના એક વંશના લોકો મેસોપતામીઆ અને સીરિયામાં ગયા. અને બીજા એક વંશના લોક અરબસ્તાનના દક્ષિણ ભાગમાં જઇ વસ્યા (ઉત્પ. ૧૦; ૨૫: ૧૧; ૧૬-૧૯. ૧ કાળ. ૧; ૧૮, ૨૫. લુક ૩; ૩૫).

પેલેટ=છુટકારો. (૧) યહુદાહવંશી (૧ કાળ. ૨; ૪૭). (૨) જે બિન્યામીની દાઉદને સિકલાગમાં આવીને મળ્યા તે (૧ કાળ. ૧૨; ૩).

પેલેથ. (૧) મુસા તથા હારૂન સામે ધર્મસેવા સંબંધી જે માણસોએ વાંધો ઉઠાવ્યો હતો, તેમાં રેઉબેન પુત્રોમાંનો એક પેલેથ હતો (ગણ. ૧૬; ૧). (૨) યોનાથાનનો પુત્ર (૧ કાળ. ૨; ૩૩).

પોખેરેથ-હાસ્સબાઇમ = હરણનું બચ્ચું. બાબેલના પ્રવાસથી જેઓ પાછા આવ્યા તેઓમાંનો એક હતો (એઝ. ૨; ૫૭) તેને નહે. ૭; ૫૯ માં પોખેરેથ-હાસ્સબાઇ કહે છે. કોઇ શિકારીનું નામ છે.

પોટીફાર = સૂર્ય દેવતાને અર્પણ કરેલો. મિસરી સૈન્યનો સેનાપતિ હતો. ઇશ્માએલી વેપારીઓએ યુસફને એને ત્યાં વેચ્યો હતો (ઉત્પ. ૩૯; ૧: ૩૭; ૩૬). યુસફે એની મહેરબાની મેળવી માટે એના આખા ઘરનો તે કારભારી નિમાયો. તેની સ્ત્રીએ યુસફ પર તોહોમત મુક્યું, તેથી કરીને પોટીફારે યુસફને કેદમાં નાખ્યો, જ્યાં તે કેટલોક વખત રહ્યો (જુઓ યુસફ).

પોટીફેરા=સૂર્ય સંબંધી. ઓનના યાજક પોટીફેરાની દીકરી આસનાથનું લગ્ન યુસફ સાથે થયું હતું (ઉત્પ. ૪૧; ૪૫, ૫૦: ૪૬; ૨૦).

પોરાથા = ઘણા રથવાળો. હામાનના દસ પુત્રોમાંનો એક હતો (એસ્તે. ૯; ૮).

પોર્કિઅસ—આ નામ ફેસ્તસનું હતું (પ્રે. કૃ. ૨૪; ૨૭). (જુઓ ફેસ્તસ).

પ્રકટીકરણનું પુસ્તક. આ પુસ્તકને પ્રકટીકરણનું પુસ્તક કહે છે, કેમકે તેમાં ગુપ્ત વાનાં પ્રગટ કરવામાં આવ્યાં છે. આ પુસ્તકનો લખનાર ને ચોથી સુવાર્તાનો લખનાર એક ને એકજ હશે, એટલે ખ્રીસ્ત ઇસુનો પ્રેરિત યોહાન. યોહાન પાત્મસ બેટમાં દેશનિકાલ કરાયો ત્યારે ત્યાં રહીને તેણે આ પુસ્તક લખ્યું છે (૧; ૪, ૯: ૨૨; ૮. ઇ. સ. ૯૪-૯૬). જે સાત મંડળીઓ આશિયામાં હતી તેઓ ઉપર આ પુસ્તક લખવામાં આવ્યું હતું, પરંતુ એમ નહિ સમજવું કે માત્ર સાતજ મંડળીઓ પર આ પુસ્તક લખવામાં આવ્યું, કેમકે સાત મંડળીઓમાં સાર્વત્રિક મંડળીની ઉપમા રહેલી છે. સાત તે સંપૂર્ણતાદર્શક સંખ્યા છે. આ પુસ્તકમાં સમાયલી વાતો ભૂત, વર્તમાન ને ભવિષ્યકાળને લગતી વાતો છે. મુખ્ય વાતો નીચે પ્રમાણે:—(૧) દેવ તથા સેતાન, ખ્રીસ્ત તથા ખ્રીસ્ત વિરોધી એમની વચ્ચે લડાઇ ચાલે છે. (૨) સંતો ઉપર ઢોંગીઓ સતાવણી કરે છે, પણ આખરે સંતો બચાવ પામે છે અને ઢોંગીઓનો નાશ થાય છે. ટુંકમાં, શેતાનની સતાવણી, સંતોમાં દુઃખ, પ્રભુનો ન્યાય, સતાવનારનો નાશ, અને સંતોની અલૌકિક ધન્યતા. પ્રકટીકરણમાં આવતી સંખ્યા. પ્રખ્યાત સંખ્યા "૬૬૬" છે (૧૩; ૧૮). પ્રકટીકરણના પુસ્તકમાં જે શ્વાપદની વાત આવે છે, તેમાં રૂમ શહેર તથા રૂમના બાદશાહોની ઉપમા રહેલી છે એવું સાફ દેખાય છે. **સાત સંખ્યા** આ પુસ્તકમાં સામાન્ય છે. (૧) સાત મંડળી (૧; ૪, ૧૧). (૨) સાત આત્મા (૧; ૪: ૪; ૫). (૩) સાત સોનાની દીવી (૧; ૧૨, ૨૦: ૨; ૧). (૪) સાત તારા (૧; ૧૬, ૨૦: ૨; ૧). (૫) સાત દીવા (૪; ૫). (૬) સાત મુદ્રા (૫; ૧, ૯: ૬; ૧, ૧૨: ૮; ૧). (૭) સાત શિંગડા (૫; ૬). (૮) સાત આંખ (૫; ૬). સાત દૂતો (૮; ૨, ૬: ૧૦; ૭: ૧૧; ૧૫: ૧૫; ૬-૮: ૧૬; ૧, ૧૭:

૧૭; ૧ : ૨૧; ૯. (૧૦) સાત રણશિંગડાં (૮; ૨, ૬). (૧૧) સાત ગર્જના (૧૦; ૩, ૪). (૧૨) સાત હજાર માણસ (૧૧; ૧૩). (૧૩) સાત માથાં (૧૨; ૩ : ૧૩; ૧ : ૧૭; ૩, ૭, ૯. (૧૪) સાત મુગટ (૧૨; ૩). (૧૫) સાત છેલ્લા અનર્થ (૧૫; ૧, ૬, ૮ : ૨૧; ૯). (૧૬) સાત સોનાનાં પ્યાલાં (૧૫; ૭ : ૧૬; ૧-૧૭ : ૧૮; ૧ : ૨૧; ૯). (૧૭) સાત પહાડ (૧૭; ૯). (૧૮) સાત રાજા (૧૭; ૧૦). **ચારની સંખ્યા** નીચે પ્રમાણે. (૧) ચાર પ્રાણી (૪; ૬, ૮ : ૫; ૬, ૮, ૧૪ : ૬; ૧, ૬ : ૭; ૧૧ : ૧૪; ૩ : ૧૫; ૭ : ૧૯; ૪). (૨) ચાર દૂત (૭; ૧, ૨ : ૯; ૧૪, ૧૫). (૩) ચાર ખૂણા (૭; ૧ : ૨૦; ૮). (૪) ચાર વાયુ (૭; ૧). (૫) ચાર શિંગડાં (૯; ૧૩). (૬) ચાર ખૂણીયું નગર (૨૧; ૧૬). **બારની સંખ્યા** નીચે પ્રમાણે. (૧) બાર હજાર મુદ્રિત (૭; ૫, ૮). (૨) બાર તારા (૧૨; ૧). (૩) બાર દરવાજા (૨૧; ૧૨). (૪) બાર દૂત (૨૧; ૧૨). (૫) બાર કુળ (૭; ૪ : ૨૧; ૧૨). (૬) બાર પાયા (૨૧; ૧૪). (૭) બાર પ્રેરિતો (૨૧; ૧૪). (૮) બાર હજાર ફર્લાંગ (દોઢ હજાર માઇલ) (૨૧; ૧૬). (૯) બાર પ્રકારનાં ફળ (૨૨; ૨). (૧૦) ૧૨×૧૨ (૭; ૪ : ૧૪; ૧ : ૨૧; ૧૭). **સાડા ત્રણ વર્ષ** = ૪૨ મહિના = ૧૨૬૦ દિવસ (૧૧; ૨, ૩, ૯, ૧૧ : ૧૨; ૬ : ૧૩; ૫). **પુસ્તકનું પૃથક્કરણ.** (૧) ૧-૩. ખ્રીસ્ત તથા સાત મંડળી. (૨) ૪-૨૨. દર્શનો. (*a*) ૪, ૫. દેવ તથા હલવાન. (*b*) ૬-૨૦ યુદ્ધ. (૧) ૬, ૭ સાત મુદ્રા. (૨) ૮-૧૧. સાત રણશિંગડાં. (૩) ૧૨-૧૪. સાત આર્મિક પ્રાણી. (૪) ૧૫, ૧૬. સાત પ્યાલાં. (૫) ૧૭-૨૦. શત્રુઓનો નાશ. (*c*) ૨૧, ૨૨ નવું યરૂશાલેમ.

પ્રિસ્કા ઉર્ફે પ્રિસ્કીલા = પુરાતન. આકુલાની સ્ત્રી હતી. તેનું નામ હમેશાં તેના વરના નામ સાથે આવે છે. તેણીએ તથા તેના ધણીએ પાઉલને ઘણી કિંમતી મદદ આપી હતી (૨ તીમો. ૪; ૧૯. રૂમી. ૧૬; ૩. ૧ કરીં. ૧૬; ૧૯. પ્રે. કૃ. ૧૮; ૨, ૧૮, ૨૬).

પ્રોખરસ = સેવા કરવા નિમાએલો. સાત સેવકોમાંનો એક હતો (પ્રે. કૃ. ૬; ૫). એના વિષે એવી દંતકથા ચાલે છે કે તે ૭૦ શિષ્યોમાંનો એક હતો, અને નીકોમેદીઆનો તે બિશપ થયો.

ફ.

ફરોશી = જેઓ પુનરૂત્થાન માનતા તે યહુદીઓનો પંથ હતો (પ્રે. કૃ. ૨૩; ૯), અને જેમ નિયમશાસ્ત્ર તેમજ દંતકથા તથા રાબીઓની વાતો સ્વીકારતા (માત્થી ૩; ૭). ફરોશીઓ ને ઇસુ (માત્થી ૫; ૨૦ : ૯; ૧૧, ૧૪, ૨૩ : ૧૩; ૧૫; ૧, ૧૨ : ૧૬; ૧, ૧૨ : ૧૯; ૩ : ૨૧; ૪૫ : ૨૨; ૧૫, ૩૪, ૪૧ : ૨૭; ૧૨. માર્ક. ૨; ૧૬, ૧૮, ૨૪ : ૩; ૬ : ૭; ૧, ૩, ૫ : ૮; ૧૧, ૧૫ : ૧૦; ૨ : ૧૨; ૧૩. લુક. ૫; ૧૭–૩૩ : ૬; ૨, ૭ : ૭; ૩૦–૩૯ : ૧૨; ૧ : ૧૩; ૩૧ : ૧૪; ૧, ૩ : ૧૫; ૨ : ૧૬; ૧૪ : ૧૭; ૨૦ : ૧૯; ૩૯. યોહા. ૪; ૧ : ૭; ૩૨, ૪૫–૪૮ : ૮; ૩, ૧૩ : ૯; ૧૩–૧૬, ૪૦ : ૧૧; ૪૬, ૪૭, ૫૭ : ૧૨; ૧૯, ૪૨ : ૧૮; ૩. ઠપકો (માત્થી ૨૩. લુક. ૧૧; ૩૭–૫૪). ફરોશી ને દાણી (લુક. ૧૮; ૧૦, ૧૧). ફરોશી તડનો વિશ્વાસ કરનાર માણસ (પ્રે. કૃ. ૧૫; ૧).

ફરોશીઓ = અલગ થએલા. આન્ટીઓખસ એપીફાનસના વખતમાં જે લોકો મૂર્તિઓ વિરૂદ્ધ થયા, તે હાસ્સીડીઅન લોકો પછી આ લોકો ઉભા થયા, જોસેફસના લેખોમાં યહુદી લોકો જે ત્રણ પંથમાં વેરાઇ ગયા, તેમાંનો એક પંથ તે ફરોશી પંથ હતો (ઇ. સ. પૂ. ૧૫૧) અને બીજા બે એસ્સેનેસ અને સાદુકીઓ હતા. આપણા પ્રભુ ઇસુના જમાનામાં તેઓ ચઢતી કળામાં હતા (યોહા. ૭;

૪૮). તેઓ મુસાનું શાસ્ત્ર બહુ ઝીણી રીતે અને ચોકસાઇથી પાળતા એટલુંજ નહિ, પણ દંતકથાઓ અને જુદા જુદા વડીલોના સંપ્રદાયોને ભારે માન આપતા (માત્થી ૯; ૧૪: ૨૩; ૧૫. લુક ૧૧; ૩૯: ૧૮; ૧૨). પાઉલ જ્યારે યરૂશાલેમની મહાસભા આગળ આવ્યો, ત્યારે તેણે કબુલ કીધું કે હું ફરોશી છું (પ્રે. કૃ. ૨૩; ૬-૮: ૨૬; ૪, ૫). ફરોશી લોકોની બધી નકામી ઝીણી ઝીણી વાતો તાલમૂદમાં લખવામાં આવી છે. આ પુસ્તકના બે ભાગ છે. એટલે મીશ્ના અને ગેમારા. ગેમારા તે મીશ્નાની ટીકા છે. મીશ્ના રાબી યહુદાહનું રચેલું છે. તે આશરે ૧૯૪માં મરણ પામ્યો. નવા કરારમાં તેમના વિષે પ્રથમ વાત માત્થી ૩; ૭માં આવે છે. તેઓને યોહાન બાપ્તિસ્મી સાદુકીઓની સાથે ઠપકો આપતાં સર્પોના વંશ એવું નામ આપે છે. તેઓના અભિમાન અને ન્યાયીપણાને લીધે તેઓ પ્રસિદ્ધ છે (માત્થી ૯; ૧૧. લુક ૭; ૪૪-૪૬: ૧૮; ૧૧). તેઓને વારંવાર પ્રભુ ઇસુથી ઠપકો આપવામાં આવે છે (માત્થી ૧૨; ૩૯: ૧૬; ૧-૪). આપણા પ્રભુ ઇસુની જાહેર ધર્મસેવાની શરૂઆતથી તેઓ તેના દુશ્મન દેખાઇ આવે છે. કોઇ પણ રીતે ઇસુનું કરેલું કામ નાશ પામે એવી તેમની ઇચ્છા હતી. બીજાઓના કરતાં અમે વધારે ન્યાયી તથા સારા છીએ એમ માની ઘણો અભિમાન કરતા હતા, અને બીજાઓથી પોતે અલગ રહેતા. તેઓને પ્રભુ ઇસુએ ઘણીવાર અફસોસવચન કહ્યાં છે (માત્થી ૨૩; ૧૩. લુક ૧૧; ૪૨). પ્રખ્યાત ફરોશી પુરૂષોઃ—નીકોદેમસ (યોહા. ૩; ૧). સીમોન (લુક ૭). ગમાલીએલ રાબી (પ્રે. કૃ. ૫; ૩૪). તાર્સસનો પાઉલ (પ્રે. કૃ. ૨૩; ૬: ૨૬; ૫. ફિલી. ૩; ૫). ધર્મપિતૃ જોસેફસ તે ફરોશી હતો.

ફલેગોન = બળતું. રૂમી મંડળીનો એક ખ્રીસ્તી હતો. જેના પર પાઉલ પોતાની સલામ મોકલે છે (રૂમી. ૧૬; ૧૪).

ફાનુએલ = દેવનું મ્હો. આના ભવિષ્યવાદેણનો બાપ (લુક. ૨; ૩૬).

ફારૂન = સૂર્ય. મિસરના રાજાનું અટકસૂચક નામ. મિસર દેશ યુનાનીઓએ જીતી લીધો (ઇ. સ. પૂ. ૩૩૨) ત્યાં સુધી મિસરની ગાદી પર બેસનાર રાજાઓને ફારૂન કહેતા હતા. મિસરી ભાષામાં "રા" એટલે સુર્ય કે સૂર્ય દેવતા. અને આ નામની વિશેષ્યતા બતાવવાને નામની પૂર્વે "ફે" મુકવામાં આવતો. ત્યારે ફેરા=સૂર્ય દેવતા કે સૂર્ય એવો અર્થ થતો. હવે આ નામ ફારૂન નામની સાથે સંબંધ રાખે છે. પવિત્ર શાસ્ત્રમાં ફારૂન નામના ઓછામાં ઓછા ૧૨ જુદા જુદા માણસોની વાત આવે છે, એ પરથી જણાય છે કે હેબ્રીઓનો વહેવાર મિસર સાથે તેમના ઇતિહાસમાં ઘણો દેખાય છે. (૧) ઇબ્રાહીમ મિસર દેશમાં ગયો ત્યારે આ ફારૂન મિસરનો રાજા હતો (ઉત્પ. ૧૨; ૧૦–૨૦). આ રાજા ઘણું કરીને હિક્સોસ કે ભરવાડ વંશનો હશે. પોતાનાં ઢોર ઇત્યાદી લઇને સીરિયાની જે કોમ રખડતી હતી તેને મિસરીઓ "શોશ" કે "સાસુ" કહેતા હતા, અને તેઓના સરદારને કે રાજાને 'હિક' કહેતા હતા. તે પરથી આ કોમને જીતીને તે રાજા થયો, અને શોશાન રાજ્યધાની કીધી. તે રાજા અને ત્યાર પછીના રાજાઓ હિક્સોસ વંશના રાજા કહેવાતા હતા. તેઓ સેમિટીક હોઇ ઇબ્રાહીમના સંબંધીઓ હતા. (૨) યુસફના વખતમાં જે રાજા હતો તે ઘણું કરીને ફારૂન 'આપેપી' કે 'આપોપીસ' નામનો હિક-શોથી વંશનો છેલ્લો રાજા હતો. આ રાજાએ યુસફ ઉપર મહેરબાની દેખાડી અને યુસફના પિતાનો સારો આવકાર કીધો. "ફારૂને કહ્યું, તારો બાપ અને તારા ભાઇ તારી પાસે આવ્યા છે. મીસર દેશ તારી આગળ છે. દેશમાં ઉત્તમ ઠેકાણે તારા બાપને તથા તારા ભાઇઓને રહેવા દે" (ઉત્પ. ૪૭; ૫, ૬). કેટલાક ધારે છે કે યુસફ મિસરમાં આવ્યો

ત્યારે થોથમેસ ત્રીજો રાજા હતો. (૩) એક 'નવો રાજા' કે જે યુસફને ઓળખતો ન હતો (નિર્ગ. ૧; ૮-૨૨) તે વિષે એવું ધારવામાં આવે છે કે, તે અરાઢમા વંશનો પહેલો રાજા આમોશીસ કે આહમેસ પહેલો હતો. પણ એ વાત નહિ માનતાં બીજા કેટલાએક આ નવા રાજાને 'સેતી' પહેલો કહે છે. ઇસ્રાએલીઓ યુસફની સંભાળ નીચે ૭૦ વર્ષ બહુ સુખમાં રહ્યા, પણ જ્યારે યુસફ મરણ પામ્યો ત્યારે તેમનું જોર નરમ પડયું. હિકસોસ વંશના રાજાઓએ મિસરના ઉત્તર ભાગમાં લગભગ ૫૦૦ વર્ષ રાજ્ય કીધું. તેમની રાજ્યધાનીનું શહેર શોશાન હતું; પણ તે સમયે દક્ષિણ મિસરમાં એતદ્દેશી મિસરીઓનું રાજ્ય ચાલતું હતું, જેમનું મુખ્ય શહેર થેબ્સ હતું. તેમણે હિકસોસ રાજાઓને આગળ જતાં કાઢી મુક્યા અને ત્યાર પછી આમેઝ નામનો રાજા થયો. એનો વંશ ૩૦૦ વર્ષ સુધી ચાલ્યો, અને તે વંશને દબાવીને ૧૯ મો વંશ પ્રબળ થયો; તેમનો પહેલો રાજા રામશેશ પહેલો હતો અને તેના પછી સેતી પહેલો થયો, અને તેણે પોતાની સાથે પોતાના ૧૨ વર્ષના છોકરાને ગાદીએ બેસાડયો; તેનું નામ રામશેશ બીજો હતું. આ સેતીએ પ્રબળ થઇ ૧૯ મા વંશની સ્થાપના કીધી. (૪) રામશેશ બીજો, તેણે સોઆનનાં ખંડિયેરને સમા કરાવી શહેર વસાવ્યું અને તેને રામશેશ નામ આપ્યું. આ રાજાએ ઇસ્રાએલીઓ પર ભારે જુલમ કીધો. તેના મરણની વાત નિર્ગ. ૨; ૨૩ માં આવે છે. તેણે ૬૭ વર્ષ રાજ્ય કીધું. તેના બાપનું નામ સેતી પહેલો હતું. તેની લાંબી કારકિર્દિમાં મુસાએ તેને જોયો હશે. તેના તથા તેના બાપના શબને મસાલો ભરી તેના બાપની સાથે રાજ્ય કબરસ્તાનમાં મુકવામાં આવ્યું હતું. ઇ. સ. ૧૮૮૬ માં આ રાજાનું મસાલો ભરેલું શબ હાથમાં આવ્યું છે, જેનું વિગતવારે વર્ણન વાંચતાં માલમ પડે છે કે તે દેખાવમાં મગરૂર અને બેડોળ હતો. અજાયબ છે કે આશરે ૩૦૦૦ (હજાર) વર્ષ વીતી ગયા છતાં પણ તેમનું શબ હજી સુધી જોવામાં અને ઓળખવામાં આવે. એ પરથી જણાય છે કે મિસરીઓ આ વિદ્યામાં કેવા કુશળ હતા. (૫) જે રાજાના વખતમાં ઇસ્રાએલીઓનું નિર્ગમન થયું તે ફારૂન જે ઘણું કરીને મેનેફ્ટાહ પહેલો હતો, જે રામશેશ બીજાનો ચૌદમો પુત્ર હશે. તે સોઆનમાં રહેતો હતો, અને તેને મુસા તથા હારૂન સાથે ઘણીક વાતચીત થઇ હતી, જે નિર્ગમનના પુસ્તકમાં લખેલી છે. દેઇર-એલ-બહારી કે જયાંથી ઘણાંએક મસાલો ભરેલાં રાજ્યવંશીઓનાં શબ મળી આવ્યાં છે, તેમાં મેનેફ્ટાહ પહેલાનું શબ દેખાતું નથી. હજી સુધી આ વાતનો ફેંસલો થયો નથી કે સેતી બીજો કે તેનો પિતા મેનેફ્ટાહ પહેલો નિર્ગમનના વખતમાં રાજા હતો. (૬) ફારૂન કે જેનું નામ ૧ રાજા. ૧૧; ૧૮-૨૨ માં આપવામાં આવ્યું છે. (૭) સો, મિસરનો રાજા (૨ રાજા. ૧૭; ૪, ૭). (૮) ફારૂન (૧ કાળ. ૪; ૧૮). (૯) ફારૂન કે જેની દીકરી સાથે સુલેમાન રાજાએ લગ્ન કીધાં (૧ રાજા. ૩; ૧: ૭; ૮). (૧૦) હિઝકીયાહ રાજાએ સાન્હેરીબની સાથે લડતાં જેના ઉપર ભરોસો રાખ્યો હતો તે (૨ રાજા. ૧૮; ૨૧). (૧૧) મિસરનો રાજા નખો કે જેની સામે લડતાં યોશીયાહ મગિદ્દોની લડાઇમાં માર્યો ગયો (૨ કાળ. ૩૫; ૨૦-૨૪. ૨ રાજા. ૨૩; ૨૯, ૩૦. જુઓ નકો). (૧૨) જ્યારે બાબેલના રાજા નબૂખાદરેસ્સારે યરૂશાલેમને ઘેરો ઘાલ્યો ત્યારે મિસરથી આ રાજા ચઢી આવ્યો (૨ રાજા. ૨૫; ૧-૪ ની સાથે યિર્મે. ૩૭; ૫-૮. હઝ. ૧૭; ૧૨ સરખાવો). જુઓ હોફ્રા (યિર્મે. ૪૪; ૩૦). મિસર દેશ જેમ ત્યાંના પીરામીડ (મિનારા) ને માટે પ્રસિદ્ધ છે, તેમ ત્યાં મળી આવતાં મસાલા ભરેલાં માણસોનાં શબને માટે પણ પ્રસિદ્ધ છે. પ્રોફેસર માસપેરોની શોધમાં ૧૮૮૧ માં થેબ્સની પાસે દેઇર-એલ-બહારી

આગળથી ખોદકામ કરતાં રાજાઓ, રાજકુંવરો અને રાણીઓનાં ૩૬ શબ હાથ આવ્યાં છે, જેમાં થોથમેશ ત્રીજો તથા સેતી પહેલો અને રામશેશ બીજો, જે પુરાતન રાજવંશીઓ હતા તેમનાં શબ માલમ પડે છે.

ફારૂન = મિસરના રાજાઓનું નામ (૧ કાળ. ૪; ૧૮. સુ. ગી. ૧; ૯). ઇબ્રાહીમ ને ફારૂન (ઉત્પ. ૧૨; ૧૫–૨૦). યુસફ અને ફારૂન (ઉત્પ. ૩૭; ૩૬: ૩૯; ૧: ૪૦–૪૨; ૧૫, ૧૬: ૪૪; ૧૮: ૪૫: ૪૬; ૫, ૩૧, ૩૩: ૪૭: ૫૦; ૪, ૬, ૭. પ્રે. કૃ. ૭; ૧૦-૧૩). નિર્ગમન વખતનો ફારૂન (નિર્ગ. ૧; ૧૧). ઇસ્રાએલીઓને કમી કરવા (નિર્ગ. ૧; ૧૯, ૨૨). મુસા ને ફારૂન (નિર્ગ. ૨; ૧૫: ૩; ૧૦, ૧૧: ૪; ૨૧, ૨૨: ૫-૧૧). ફારૂન ને નિર્ગમન (નિર્ગ. ૧૨; ૨૯, ૩૦: ૧૩; ૧૫, ૧૭: ૧૪: ૧૫; ૪, ૧૯: ૧૮; ૪, ૮, ૧૦. પુન. ૬; ૨૧, ૨૨: ૭; ૮, ૧૮: ૧૧; ૩: ૨૯; ૨: ૩૪; ૧૧. ૧ શમૂ. ૨; ૨૭: ૬; ૬. ૨ રા. ૧૭; ૭. નહે. ૯; ૧૦. ગીત. ૧૩૫; ૯: ૧૩૬; ૧૫. રૂમી. ૯; ૧૭). ફારૂનની દીકરી (નિર્ગ. ૨; ૫–૧૦. પ્રે. કૃ. ૭; ૨૧. હેબ્રી. ૧૧; ૨૪). ફારૂન ને સુલેમાન (૧ રા. ૩; ૧: ૭; ૮: ૯; ૧૬, ૨૪: ૧૧; ૧. ૨ કાળ. ૮; ૧૧. ૧ રા. ૧૧; ૧૮-૨૨). શિશાક, ફારૂન ને યશાયાહ (૨ રા. ૧૮; ૨૧. યશા. ૧૯; ૧૧: ૩૦; ૨, ૩: ૩૬; ૬. ૨ રા. ૨૩; ૩૫. યિર્મે. ૨૫; ૧૯: ૪૬; ૧૭, ૨૫: ૪૭; ૧). જુઓ નકો (યિર્મે. ૩૭; ૫, ૭, ૧૧: ૪૩; ૯: ૪૪; ૩૦. હઝ. ૧૭; ૧૭: ૨૯; ૨, ૩: ૩૦; ૨૧–૨૫: ૩૧; ૨, ૧૮: ૩૨; ૨, ૩૧, ૩૨). જુઓ હોફ્રા (યિર્મે. ૪૪; ૩૦). નકો (૨ રા. ૨૩; ૨૯-૩૫. યિર્મે. ૪૬; ૨). ફારૂન હોફ્રા (યિર્મે. ૪૪; ૩૦). જુઓ હોફ્રા તથા ફારૂન. ફારૂન નકો (૨ રા. ૨૩; ૨૯-૩૫. યિર્મે. ૪૬; ૨. જુઓ ફારૂન તથા નકો).

ફાર્પાર = ઝડપ. અરામ દેશમાં દમસ્કની એક નદી છે (૨ રા. ૫; ૧૨). એ નદી તે હાલની "આવાજ" નામની એક નાની નદી છે તે હશે. આ નદી દમસ્કના આખા પરગણાને પાણી પુરૂં પાડે છે. આ નદીને "વાડી-એલ-અજામ" ઇરાનીઓની ખીણ એવું નામ આપે છે. શા કારણથી એવું નામ આપવામાં આવ્યું હશે તે માલમ નથી. આ નદી દમસ્કની પૂર્વે "બાહરેટહીજાનેહ" નામના સરોવરને મળે છે. આ નદીના એક ફાંટાને "બારેર" નામ આપે છે. ઇસ્રાએલ દેશનાં જળાશયો કરતાં નાઅમાને દમસ્કની અબાનાહ તથા ફાર્પાર નદીઓ વખાણી હતી. શાસ્ત્રમાં આ નદીનું નામ એકજ વાર આવે છે.

ફિલાદલ્ફીઆ = ભાઇ પરની પ્રીતિ. આસિયામૈનરના લુદીઆ પ્રાંતમાં આવેલું એક શહેર હતું, જ્યાં એક મંડળી સ્થાપવામાં આવી હતી (પ્રક. ૧; ૧૧: ૩; ૭). તે સાર્દીસથી અગ્નિ કોણમાં ૨૫ માઇલ ઉપર આવેલું છે. ઇ. સ. ૧૩૯૨ માં તે તુર્કના કબજામાં આવ્યું. એક પછી એક ઘણાક ધરતીકંપ થવાથી તે શહેર ખંડિયેર અવસ્થામાં આવી ગએલું છે. હાલ તેને 'અલ્લાહ શહેર' = (દેવનું શહેર) નામ આપવામાં આવ્યું છે.

ફિલીપ = ઘોડાનો શોખીન. (૧) બાર પ્રેરિતોમાંનો એક હતો. તેનું વતનગામ બેથસાઇદા, એટલે આંદ્રયા તથા પીતરનું શહેર હતું (યોહા. ૧; ૪૪). ઇસુએ તેને બોલાવ્યો કે તરત તેની વાત કબુલ કરીને તે તેની પાછળ ગયો (યોહા. ૧; ૪૩), અને નાથાનાએલ પાસે જઇ તેને ખ્રીસ્તની પાસે લાવ્યો (યોહા. ૧; ૪૫, ૪૬), ત્યારથી તેને પ્રેરિત વર્ગમાં કાયમને વાસ્તે દાખલ કરવામાં આવે છે (માત્થી ૧૦; ૩. માર્ક ૩; ૧૮. યોહા. ૬; ૫-૭: ૧૧; ૨૧, ૨૨: ૧૪; ૮, ૯. પ્રે. કૃ. ૧; ૧૩. લુક ૩; ૧૪). તેની પાછલી જીંદગી વિષે કંઇ નક્કી જાણવામાં આવ્યું નથી. એવું કહેવાય છે કે તેણે ફ્રુગિયામાં

સુવાર્તા પ્રગટ કરી અને હીયરાપોલીસમાં મરણ પામ્યો. (૨) સાત સેવકોમાંનો એક આ નામનો હતો (પ્રે. કૃ. ૬; ૫). તેને પણ સુવાર્તિક નામ આપવામાં આવે છે (પ્રે. કૃ. ૨૧; ૮, ૯). સ્તેફનની સતાવણીમાં જેઓ વેરાઇ ગયા હતા તેમાંનો એક હતો. ફિલીપ પ્રથમ સમરૂનમાં ગયો, અને ત્યાં સુવાર્તાનું કામ ઘણી ફતેહમંદ રીતે ચાલ્યું (પ્રે. કૃ. ૮; ૫-૧૩). અહિંથી પ્રભુના દૂતે યરૂશાલેમથી ગાઝઝામાં જવાય છે તે માર્ગે દક્ષિણની ગમ જવાને તેને ફરમાવ્યું. ત્યાં જતાં રસ્તામાં એક રાન આવે છે, ત્યાં હબશી માણસ ખોજો, હબશીઓની રાણી કાંડાકીનો પ્રધાન હતો, તે યરૂશાલેમથી રથમાં બેસીને જતો હતો, ને યશાયાહ ભવિષ્યવાદીનું પુસ્તક વાંચતો હતો. આત્માથી ચેતાઇને ફિલીપ રથની સંગાથે થયો, ને પુછ્યું કે તું જે વાંચે છે તે શું તું સમજે છે? (યશા. ૫૩; ૬, ૭). ફિલીપ રથમાં ચઢી બેઠો, અને તારનારની આનંદદાયક વધામણીની વાત જે તે વાંચતો હતો તે વિષે સમજણ આપી વાકેફ કીધો. આ હબશી ખોજાએ વધામણીની વાતનો સ્વીકાર કીધો અને બાપ્તિસ્મા પામવાની માગણી કીધી, અને આગળ જતાં પાણી આવ્યું ત્યાં ફિલીપે તેનું બાપ્તિસ્મા કીધું; અને પાણીથી બહાર આવતાં ફિલીપને પ્રભુનો આત્મા લઇ ગયો અને ખોજાએ તેને ફરીથી જોયો નહિ, પણ ત્યાર બાદ તે આઝોટમાં દેખાયો અને ત્યાં કાઇસારીઆ આવતાં સુધી સુવાર્તાનું કામ કીધું. ત્યારથી માંડીને આશરે વીસેક વર્ષ સુધીની તેની કંઇ વાત જાણવામાં આવતી નથી, પણ ત્યાર પછી પ્રે. કૃ. ૨૧; ૮ માં ફરીને તેનું નામ કાઇસારીઆ સંબંધે આવે છે; એટલે પાઉલ અને તેના સાથીઓ યરૂશાલેમ જતાં કાઇસારીઆમાં ફિલીપને ત્યાં રોકાયા હતા, તે પછી ઇતિહાસમાં ફિલીપનું નામ બંધ થાય છે (પ્રે. કૃ. ૬; ૫: ૮: ૨૧; ૮). (૩) યોહાન બાપ્તિસ્મા કરનારને કેદ કરવામાં આવ્યો તે સંબંધે તેનું નામ આવે છે (માત્થી ૧૪; ૩. માર્ક ૬; ૧૭. લુક ૩; ૧૯). તે હેરોદ મોટાનો દીકરો અને હેરોદીઆનો પ્રથમ ધણી અને શાલોમેનો બાપ હતો (જુઓ હેરોદ ફિલીપ પહેલો). (૪) હેરોદ આન્તિપાસનો ભાઇ અને ઇતુરાઇ તથા ત્રાખોનીતી દેશનો રાજા (લુક ૩; ૧). કાઇસારીઆ ફિલીપી શહેરને એ નામ તેના નામ પરથી આપવામાં આવ્યું હશે (માત્થી ૧૬; ૧૩. માર્ક ૮; ૨૭). આ ફિલીપ તે હેરોદ મોટાનો દીકરો હતો (જુઓ હેરોદ ફિલીપ બીજો).

ફિલીપી = ફિલીપનું શહેર. (૧) યુરોપના જે દેશને ગ્રીસ કહે છે તેના પ્રાચીન કાળમાં બે ભાગ હતા. ઉત્તરના ભાગને માકેદોનિયા, અને દક્ષિણના ભાગને આખાયા કહેતા. માકેદોનિયાની ઉત્તરે મીશીઆ, પૂર્વે થ્રાકે તથા ઇજીયન સમુદ્ર, દક્ષિણે આખાયા અને પશ્ચિમે આદ્રીઆટિક સમુદ્ર છે. ફિલીપી શહેર માકેદોનિયા પ્રાંતમાં આવેલું હતું. પહેલાં તેનું નામ ક્રેનીદેશ એટલે ઝરાઓની જગ્યા એવું હતું. તે ઇજીયન સમુદ્રના મથાળા પર 'કાવાલ્લા' ની વાયવ્ય કોણમાં આઠ માઇલ દૂર આવેલું હતું. હાલ તે શહેર ખંડિયેર થએલું છે, અને તે ખંડિયેરને 'ફિલીબેડજીક' કહે છે. માકેદોનિયાનો ફિલીપ કે જે સિકંદરનો પિતા હતો, તેણે ક્રેનીદેશને ફરી બંધાવી, આબાદ કરી, તેને પોતાનું નામ આપ્યું (ઇ. સ. ૩૫૬. ફિલીપ ઇ. સ. પૂ. ૩૫૯-૩૩૬). કાઇસાર ઑગસ્તસના વખતમાં આ શહેર રૂમી પ્રાંતમાં ગણાયું, અને રૂમી લશ્કરી છાવણી ત્યાં કરવામાં આવી. આ શહેરની પાસેના પહાડોમાંથી સોનું, રૂપું પુષ્કળ જડતું. જોકે સમુદ્રથી થોડે દૂર હતું તો પણ તેનો 'દાતોસ' બંદરથી ઘણો વેપાર ચાલતો. પાઉલે બીજી મુસાફરીમાં યુરોપ ખંડમાં પ્રવેશ કરીને તેમાં પહેલી મંડળી ફિલીપીમાં સ્થાપી. થોડી વાર સુધી ત્યાં રહ્યા બાદ પાઉલને ત્યાંથી નીકળવું પડ્યું,

ત્યારે આ મંડળીની સંભાળ કરવા લુક તથા તીમોથીને ત્યાં મુક્યા હતા (પ્રે. કૃ. ૧૬; ૧૩-૪૦). અહિં લુદીઆ ખ્રીસ્તી થઇ, તેથી પાઉલ તથા શીલાસ ઉપર ભારે સતાવણી આવી. તેમને બંદિખાનામાં નાખ્યા, અને પ્રભુએ ચમત્કારિક રીતે તેમને છોડાવ્યા; અને દરોગો ખ્રીસ્તી થયો, ત્યાર પછી પાઉલ તથા તેના સાથી આમફીપોલીસ ગયા. આ મંડળીની સાથે પાઉલનો સંબંધ ઘણો ચાલતો હતો. જો કે ફિલીપી મંડળીના સભાસદો ગરીબ વર્ગના હતા તોપણ (૨ કરીં. ૮; ૧, ૨) તેમણે પાઉલને પૈસાની મદદ વખતો વખત કરી હતી (ફિલી. ૪; ૧). આ મંડળી ઉપર પાઉલે એક પત્ર લખ્યો છે, એટલે ફિલીપીઓને પત્ર. પાઉલ રૂમમાં બંદિવાન થયો ત્યારે ફિલીપી મંડળી તરફથી થોડા પૈસાની મદદ લઇને એપાફ્રોદિતને રૂમ મોકલવામાં આવ્યો. રૂમમાં એપાફ્રોદિત માંદો પડયો પણ સાજો થયા પછી ફિલીપી પાછો જાય છે, ત્યારે મંડળીનો આભાર માનતાં પાઉલ આ પત્ર લખી એપાફ્રોદિતને ફિલીપી મંડળીને માટે આપે છે. આ પત્રનો તાત્પર્ય એવો છે કે, "હું હરખાઉં છું, માટે તમે પણ હરખાઓ." બે મિત્રોનો પરસ્પર ઘણો સ્નેહ હોય ત્યારે જે આનંદમય મનોવિકાર, અને તેથી થતો જે ઉલ્લાસ તેમના મનમાં વાસો કરે છે, તેવું આ પત્રમાં દેખાઇ આવે છે. ફિલીપી (માકેદોનિયાનું) ((પ્રે. કૃ. ૧૬; ૧૨-૪૦. ફિલ. ૧; ૧. ૧ થેસ્સા. ૨; ૨). (૨) હેરોદનો દીકરો ફિલીપ તેત્રાર્ખ જ્યારે ઉત્તરના રાજ્યનો રાજા થયો ત્યારે 'પેનીસ' શહેરને વધારી, આબાદ કરી, તેને બાદશાહના માનમાં કાઇસારી નામ આપ્યું, અને ત્યારથી તેની સાથે પોતાનું નામ જોડવામાં આવ્યું છે, જેથી તે કાઇસારી ફિલીપી નામથી ઓળખાતું હતું (લુક. ૩; ૧. માથી ૧૬; ૧૩).

ફિલેતસ = પ્રિયકર. એફેસસમાં હુમનાયસ પાખંડીની સાથે ફિલેતસ પણ મળી ગયો હતો. તેઓએ આ પાખંડી મત ફેલાવ્યો કે, "પુનરૂત્થાન થઇ ગયું છે" (૨ તીમો. ૨; ૧૭, ૧૮). આ તો નીકોલાયતીઓનો પાખંડી નોસ્ટીક મત હતો. આ સંબંધી પ્રેરિતે તેઓને ભારે ઠપકો આપ્યો, ને તેઓને 'શેતાનને સોંપ્યા' કે તેઓ દુર્ભાષણ ન કરે (૧ તીમો. ૧; ૧૮-૨૦).

ફિલેમોન = વહાલો. ફિલેમોન કલોસે મંડળીનો એક શ્રીમંત સભાસદ હતો. પાઉલનો ઉપદેશ સાંભળીને તે ખ્રીસ્તી થયો (કલમ ૧૯-૨૧). ફિલેમોન મંડળીના ગરીબ ભાઇઓને ઘણી પ્રકારે મદદ કરતો હતો. એના નામ સાથે ૧ લી કલમમાં આપીઆ નામની એક સ્ત્રીનું નામ આવે છે, તે ઘણું કરીને તેની સ્ત્રી હશે. દંતકથા છે કે તે તથા તેની સ્ત્રી બન્ને ખ્રીસ્તની સાક્ષી પુરતાં મરણ પામ્યાં. કલો. ૪; ૧૭ માં આર્ખીપસનું નામ આવે છે. તે ઘણું કરીને એનો દીકરો હશે, જે ત્યાંની આસપાસની મંડળીમાં કંઇ ધર્મસેવાનું કામ કરતો હતો. ફિલેમોન મંડળીમાં ધર્મસેવા સંબંધી કામ કરતો હતો એવું માલમ પડે છે (જુઓ કલમ ૪-૭).

ફિલેમોનને પત્ર—આ પત્ર, કલોસે તથા એફેશીઓની સાથે લખવામાં આવ્યો. ઓનેસીમસ ફિલેમોનનો ગુલામ હતો, જે નાસીને રૂમ ચાલ્યો ગયો હતો; ત્યાં તે પાઉલના બોધથી ખ્રીસ્તી થયો. પાઉલ તેને ફિલેમોન પાસે પાછો મોકલવા માગે છે; તેથી કરીને આ ભલામણ પત્ર લખી આપીને તેને તુખીકસની સાથે કલોસે રવાના કરે છે. આ પત્ર વાંચી ખાતરીથી કહી શકાય કે ફિલેમોને પોતાના ગુલામને છુટો કર્યો હશે. પાઉલના ત્રણ જણ ઉપર લખેલા ખાનગી પત્ર આજ સુધી બચેલા છે; એટલે તીમોથી, તીતસ તથા ફિલેમોન. પણ તીમોથી તથા તીતસ, તેઓ તો મંડળીના હોદ્દેદાર હતા, માટે કેવળ ફિલેમોન પર લખેલો પત્ર તેજ ખાનગી પત્ર લેખાય. આ પત્રમાં પાઉલની ખાસ ખાનગી જીવવૃત્તિ ઉપર પ્રકાશ પાડવામાં

આવે છે. આ પત્ર ત્રણ કારણ માટે વિશેષ ઉપયોગી કહેવાય. (૧) મંડળીનાં બધાં માણસ સરખાં છે. તેમણે એક બીજા પર સરખી પ્રીતિ રાખવી અને સરખું માન આપવું, કોઇને ઉંચ નીચ ગણવો નહિ. (૨) આ પત્રમાં પાઉલ કેવો સભ્યતાવાળો તથા ભલમનસાઇ વાળો હતો કે દેખાય છે. (૩) આ પત્રમાં પાઉલનું હૃદય ખુલું થએલું જણાય છે, જેથી કોઇ પણ રીતે આ પત્ર બનાવટી નથી એટલુંજ નહિ, પણ આ પત્ર કલોસીઓના પત્ર સાથે નિકટ સંબંધ ધરાવે છે, તેથી તે પણ યથામૂલ્ય માનવોજ પડે.

ફિલોલોગસ = શીખવાને શોખીન. આ રૂમી ખ્રીસ્તી ઉપર પ્રેરિત પાઉલ પોતાની સલામ મોકલાવે છે (રૂમી. ૧૬; ૧૫).

ફીકોલ = મોટો. અબીમેલેખની ફોજનો સેનાપતિ હતો. આ અબીમેલેખ પલિસ્તી ગેરારનો રાજા હતો. તેની સાથે ઇબ્રાહીમે સંપ કીધો અને તેઓએ સમખાઇને કરાર કીધો. જે જગ્યાએ આ કરાર થયો તેને બેરશેબા = સમનો કુવો, એવું નામ આપ્યું. (ઉત્પ. ૨૧; ૨૨, ૩૨: ૨૬; ૨૬).

ફીનહાસ = સૂર્યનું મુખ. (૧) પ્રમુખ યાજક હારૂનનો પૌત્ર. એલઆઝાર પુટીએલની પુત્રીઓમાંની એકની સાથે પરણ્યો, અને તેણીને પેટ ફીનહાસ જન્મ્યો (નિર્ગ. ૬; ૨૫). જ્યારે ઇસ્રાએલ શિટ્ટીમમાં રહેતા હતા, ત્યારે મોઆબની દીકરીઓ સાથે લોક વ્યભિચાર કરવા લાગ્યા અને બઆલ-પેઓરના પંથમાં કેટલાક ઇસ્રાએલીઓ ભળવા લાગ્યા, તેથી પરમેશ્વરનો કોપ ઇસ્રાએલીઓ ઉપર સળગી ઉઠયો અને ૨૪ હજાર માણસ મરકીથી માર્યા ગયા. પણ એટલામાં એક ઇસ્રાએલી માણસ એક મિદ્યાની સ્ત્રીને ઇસ્રાએલના મુખ્યોના દેખતાં લાવ્યો, તેને તથા પેલી સ્ત્રીને ફીનહાસે ભાલો મારી મારી નાખ્યાં, ને તે વાતમાં પોતાનો તિરસ્કાર બતાવ્યો. આથી મરકી બંધ થઇ (ગણ. ૨૫) અને ફીનહાસે આસ્થાવાન થઇને ઝીમ્રી તથા કોઝબીનો સંહાર કીધો, માટે યહોવાહથી તે આશીર્વાદ પામ્યો (ગણ. ૨૫; ૧૨). ત્યાર પછી તે મિદ્યાનીઓ સામે લશ્કર લઇને લડવા નીકળ્યો અને તેમને હરાવ્યા (ગણ. ૩૧; ૬-૮). વળી જ્યારે રેઉબેનપુત્રો તથા ગાદપુત્રો તથા મનાશ્શેહના અર્ધ કુળે કનાન દેશના મોખરામાં યરદન પાસેના પ્રદેશમાં એક મોટી વેદી બાંધી, ત્યારે ગેરસમજણથી ઇસ્રાએલીઓમાં પરસ્પર લડાઇ થવાની તૈયારી હતી; પણ ફીનહાસ ઇસ્રાએલના દશ કુળના આગેવાનો સાથે અઢી કુળના માણસ આગળ ગયો અને ત્યાં તેણે ભાષણ આપ્યું (યહો. ૨૨; ૧૬-૨૦), તેથી વાતનું સમાધાન થયું અને તે વેદીનું નામ એદ પાડયું (યહો. ૨૨; ૩૪). ત્યાર પછી ફીનહાસ બિન્યામીનીઓની સાથેની લડાઇમાં મુખ્ય સલાહકાર હતો (ન્યા. ૨૦; ૧૮). ફીનહાસ, ગીત. ૧૦૬; ૩૦, ૩૧ માં તેનું સ્મરણ કરવામાં આવે છે. ફીનહાસ, હારૂનનો દીકરો (નિર્ગ. ૬; ૨૫). બે માણસને મારી નાખ્યા (ગણ. ૨૫; ૭, ૧૧: ૩૧; ૬. ગીત. ૧૦૬; ૩૦). ફીનહાસ ને અઢી કુળ (યહો. ૨૨; ૧૩, ૩૦-૩૨). તેનું ઘર (યહો. ૨૪; ૩૩). પ્રમુખ યાજક (ન્યા. ૨૦; ૨૮. ૧ કાળ. ૬; ૪, ૫૦: ૯; ૨૦). તેના વંશજો (નિર્ગ. ૭; ૫: ૮; ૨, ૩૩). (૨) એલીના દીકરાઓમાંનો એક ફીનહાસ હતો. એલીના દીકરાઓ લાંચમાં તથા કુકર્મમાં ગુન્હેગાર ઠર્યા, તે કારણ માટે એલીના ઘરનો નાશ થયો. પલિસ્તીઓની સામે લડતાં તે માર્યો ગયો (૧ શમૂ. ૪; ૪, ૧૧). તેની સ્ત્રીએ તેના મરણની વાત સાંભળી એક દીકરાનો જન્મ આપ્યો, તેનું નામ ઇખાબોદ પાડયું, ત્યાર બાદ તે મરણ પામી (૧ શમૂ. ૪; ૧૯-૨૨). ફીનહાસ = એલીનો પુત્ર (૧ શમૂ. ૧; ૩: ૨; ૩૪: ૪; ૪, ૧૧, ૧૭). ઇખાબોદનો બાપ (૧ શમૂ. ૪; ૧૯). તેનો પૌત્ર (૧ શમૂ. ૧૪; ૩).

ફુગેલસ = ક્ષણિક. પાઉલ જ્યારે બીજી વાર

રૂમમાં બંદિખાનામાં હતો ત્યારે આસિયામાંના સઘળાએ તેને મુકી દીધો, તેઓમાં ફુગેલસ તથા હેરમોગેનેસ હતા (૨ તીમો. ૧ ; ૧૫), એ શીવાય તેના વિષે બીજું કંઇ જાણવામાં નથી.

ફેનીકે = ખજુરીનું ઝાડ. (૧) ક્રેત ટાપુની દક્ષિણમાં આવેલું એક બંદર છે (પ્રે. કૃ. ૨૭; ૧૨). તેની પૂર્વે 'ફેરહવન' આવેલું છે, હાલ તેને લુટરો કહે છે. તેનું યુનાની નામ ફેનીક્ષ છે. (૨) ફેનીકે આ યુનાની નામ સૂર અને સીદોન નામનાં શહેરો જે મુલકમાં આવ્યાં છે તેને આપવામાં આવ્યું છે. યુનાનીમાં તેને ફોઇનીક્ષ કહે છે (પ્રે. કૃ. ૨૧ ; ૨ઃ ૧૧ ; ૧૫ઃ ૧૫ ; ૩). (ફોઇનીક્ષ = ખજુરી કે ખજુરીનો દેશ). આ દેશ કાર્મેલની ઉત્તરે લબાનોન પહાડ તથા ભૂમધ્યસમુદ્રની વચ્ચે આશરે ૧૨૦ માઇલની લંબાઇ અને ૨૦ માઇલની પહોળાઇમાં આવેલો છે. આ નામ જુના કરારમાં દેખાતું નથી, અને નવા કરારમાં માત્ર ઉપલાં વાક્યોમાં તે વિષે વાત આવે છે. ખ્રીસ્તના વખતમાં તેને સુરફેનીકી કહેતા હતા. આ ફેનીકીઓ હામવંશી કનાનીઓના વંશજ છે (જુઓ માત્થી ૧૫; ૨૨-૨૪. માર્ક ૭; ૨૬). તેમના મોટા શહેર સીદોન પરથી તેમને કોઇ વખત સીદોનીઓ પણ કહે છે (૧ રા. ૫; ૬). મિસરી લેખોમાં આ દેશને 'કેફ્ટ' કહે છે અને દેશના રહીશોને 'કેફા' કહે છે. હવે કાફ્તોર તે નામ નીલ નદીના ડેલ્ટાને આપવામાં આવેલું હતું. અને એમ હોય કે પલિસ્તીઓની સાથે આ કોમ સંબંધ ધરાવતી હતી, કેમકે પલિસ્તીઓનું અસલ વતન કાફ્તોર હતું (સરખાવો પુન. ૨ ; ૨૩. યિર્મે. ૪૭ ; ૪. આમો. ૯ ; ૭). આ નાના મુલકમાં રહેનાર કોમ સેંકડો વર્ષ લગી દુનિયાની મશહૂર કોમ સાથે સંબંધ રાખનારી હતી. આ લોક વહાણ બનાવવામાં કુશળ હતા, અને દરિયાની મુસાફરી કરવાને જે વખતમાં લોકો ડરતા હતા તે વખતમાં આ લોક હિમ્મતવાન દેખાય છે. તેમનો વેપાર ઘણા દૂર દેશો સાથે ચાલતો. ઠેઠ રૂમ અને ઈંગ્લાંડ સુધી તેઓ વેપાર ચલાવતા હતા. તેમના રાજા હીરામ અને દાઉદ વચ્ચે મિત્રાચારી હતી, અને સુલેમાન રાજાને મંદિર બાંધવાને હીરામે ઘણી ઉમદા મદદ કીધી હતી. આ દેશની ખરાબી તથા ખંડિયેર વિષે તે દેશમાં આવેલાં પ્રસિદ્ધ શહેરોનો ઇતિહાસ જોવો.

ફેબી = ચંદ્ર. કરીંથના કેંક્રિઆ બંદરની તે સેવકી હતી, અને કદાપિ રૂમીઓને પાઉલનો લખેલો પત્ર લઇ જનાર આ બાઇ હશે. પાઉલ તેના વિષે ભલામણ કરે છે કે, 'પ્રભુને લીધે તેનો અંગીકાર કરો' કેમકે તે પોતે ઘણાની તેમજ મારી પોતાની મદદગાર થઇ છે (રૂમી. ૧૬; ૧, ૨).

ફેલીક્સ=સુખી. તે જોસેફસના કહેવા પ્રમાણે, વેન્ટીડીયસ કુમાનુસના દેશનિકાલ પછી યહુદાહ પ્રાંતનો રૂમી હાકેમ (પ્રોક્યુરેટર) નિમાયો (ઇ. સ. ૫૨). તેનો ભાઇ પાલાસ (Pallas) કાઇસાર કલાદીઅસ અને નેરો સાથે ઘાડો સંબંધ ધરાવતો હતો. ફેલીક્સે પોતાના અધિકાર દરમિયાન લૂટારા અને ઠગ લોકને દેશમાંથી કાઢી મુકી સુખશાંતિ ફેલાવી હતી. તે વાતના સંબંધમાં (પ્રે. કૃ. ૨૪; ૨) "અનર્થો દૂર કરવામાં આવે છે" એ પ્રમાણે તેર્તુલસ બોલે છે, પણ ખરૂં જોતાં ફેલીક્સ તેવો ન હતો પણ ઘાતકી અને જુલમી હાકેમ હતો, અને તેથી કરીને વખતો વખત બળવો ઉઠતો હતો. વળી તે લાંચીઓ હતો. પાઉલ પાસેથી મને કંઇ પ્રાપ્ત થાય એવા હેતુથી તે પાઉલ સાથે વખતો વખત વાત કરતો હતો. તેના બે વર્ષના અમલ પછી પોર્કિઅસ ફેસ્તસ તેની જગ્યાએ હાકેમ નિમાયો, અને ફેલીક્સ ઉપર કાઇસારીઆના યહુદીઓએ રૂમમાં ફરિયાદ કરી, પણ આ વખતે તે પોતાના ભાઇ પાલાસની ખટપટથી છુટી ગયો. તેણે હેરોદ આગ્રીપા પહેલાની દીકરી દુસીલા સાથે લગ્ન કીધાં હતાં.

દ્રુસીલાને તેના અસલ ધણી અમેસાના રાજા અઝીઝુસના હાથમાંથી ફેલીક્સ છોડાવી લાવ્યો હતો, તેથી કરીને જ્યારે પાઉલે તેની સન્મુખ આવનાર ન્યાયકાળ સંબંધી વાત કરી ત્યારે તે ભયભિત થયો (પ્રે. કૃ. ૨૩; ૨૩ : ૨૪; ૨૭). જ્યારે ફેસ્તસ ફેલીક્સની જગ્યાએ આવ્યો અને પોતે રૂમ ગયો (ઇ. સ. ૬૦) ત્યારે યહુદીઓને ખુશ કરવાને પાઉલને બંધવો મુકીને તે ગયો (પ્રે. કૃ. ૨૫; ૧૪). જ્યારે પાઉલ ફેલીક્સ સાથે વાત કરતો હતો ત્યારે દ્રુસીલા તેની સાથે બેઠી હતી. તેર્તુલ્લસ વકીલે ફેલીક્સ આગળ પાઉલ ઉપર ત્રણ પ્રકારનાં તોહોમત મુક્યાં હતાં. (*a*) હંગામો કરનાર છે. (*b*) નાઝારી પંથનો છે. (*c*) મંદિરને અપવિત્ર કરે છે.

ફેસ્તસ—ફેલીક્સ પછી તે યહુદાહનો રૂમી હાકેમ નિમાયો (ઇ. સ. ૬૦). આ વખતે કાઇસાર નેરો રૂમમાં રાજ્ય કરતો હતો. ફેસ્તસ બે વર્ષ અમલ કરીને યહુદાહમાં મરણ પામ્યો. આ હાકેમ ન્યાયી અને ભલો હતો. પાઉલના સંબંધમાં તેણે જે કર્યું તે વાજબી હતું. તેણે પાઉલને યહુદીઓની માગણી પ્રમાણે કાઇસારીઆથી યરૂશાલેમ લાવવાનું નકાર્યું (પ્રે. કૃ. ૨૫; ૨), અને એ પ્રમાણે પાઉલને મારી નાખવાનો યહુદીઓનો ઇરાદો રદ ગયો. ફેસ્તસ યહુદાહનો હાકેમ નિમાઇ ત્રણ દિવસ પછી કાઇસારીઆ ગયો અને ત્યાં પાઉલનો કેસ ચલાવ્યો. આ વખતે ફેસ્તસે પાઉલને જણાવ્યું કે, યરૂશાલેમમાં જઇને મારી આગળ ન્યાય કરાવવાને રાજી છે? એ સાંભળીને પાઉલે કાઇસાર નેરો પાસે પોતાનો ન્યાય માગ્યો. આ વખતે કાઇસારીઆમાં ફેસ્તસને મળવાને આગ્રીપા બીજો તથા તેની બહેન બેરનીકે આવ્યાં હતાં. તેમણે પાઉલ બંધવા વિષે સાંભળતાં પાઉલના મુખથી તેના વિષે સાંભળવા ચાહ્યું, માટે બીજે દિવસે બહુ ઠાઠમાઠથી સભા ભરાઇ. આ સભામાં રાજા આગ્રીપા બીજો તથા તેની બહેન અને ફેસ્તસ તથા રાજ્યના મુખ્ય સરદારો અને કાઇસારીઆના અમીરો ભેગા થયા (પ્રે. કૃ. ૨૫; ૧૩-૨૬; ૩૨). ફેસ્તસે સભામાં પાઉલનો કેસ રજુ કર્યો ને ત્યાર પછી પાઉલને બોલવાની રજા આપી. પાઉલ ભાષણ આપતો હતો ત્યારે ફેસ્તસ વચમાં પડી બોલી ઉઠયો કે, 'ઘણી વિદ્યાથી તને ઘેલાપણું લાગ્યું છે.' અને રાજા આગ્રીપાએ કહ્યું કે, "ખ્રીસ્તી થવાને તેં મને થોડામાં મનાવ્યો છે." ત્યારે પાઉલે કહ્યું કે, મારી બેડીઓ શિવાય તું અને બીજા બધા મારા જેવા થાઓ એવી મારી પ્રાર્થના છે. ત્યારે આગ્રીપાએ ફેસ્તસને કહ્યું કે, જો એ માણસે કાઇસાર પાસે ન્યાય માગ્યો ન હોત તો તે છોડી મુકાત. અને આખી સભાએ માહોમાંહે કહ્યું કે, આ માણસે મરણદંડ યોગ્ય કંઇજ કર્યું નથી. પછી પાઉલને ફેસ્તસે રૂમ મોકલી દીધો (ઇ. સ. ૬૦), અને ત્યાર પછી બે વર્ષ બાદ ફેસ્તસ યહુદાહમાં મરણ પામ્યો.

ફોર્તુનાતસ = ભાગ્યશાળી. કરીંથની મંડળીનો એક શિષ્ય હતો. તેની મુલાકાત પાઉલને એફેસસમાં થઇ હતી. અને ત્યાર પછી સ્તેફાનસ અને અખાઇકસ જેઓની સાથે કરીંથીઓનું પહેલું પત્ર મોકલવામાં આવ્યું હતું તેમની સાથે તે પાછો કરીંથ ગયો (૧ કરીં. ૧૬; ૧૭).

ફ્રાત = નહેર. આ નદીને હેબ્રી ભાષામાં 'પેરાથ,' આસીરિયન ભાષામાં 'પુરાત' (=નહેર-મોટીન), અને ગ્રીક ભાષામાં 'યુફ્રતિસ' (મીઠું પાણી) કહેતા હતા. પવિત્ર શાસ્ત્રમાં તેને સાધારણ રીતે નદી કે મોટી નદી કહે છે (નિર્ગ. ૨૩; ૩૧. પુન. ૧; ૭). જગતના આરંભથી (ઉત્પ. ૨; ૧૪) આ મોટી નદીનું વર્ણન (પુન. ૧; ૭) કરવામાં આવે છે, અને માલમ પડે છે કે જગતના અંત સુધી તે પ્રખ્યાત રહેશે (પ્રક. ૧૬; ૧૨). આસિયાની એ ખાસ નદીનું ઘણીવાર વર્ણન કરવામાં આવ્યું છે પણ તેનું નામ આપવામાં આવ્યું નથી, પણ માત્ર નદી કે મોટી નદી એવું નામ તેને આપે છે (નિર્ગ. ૨૩; ૩૧.

પુન. ૧ ; ૭. ગીત. ૭૨ ; ૮). તે આર્મીનિયાના પહાડોમાંથી નીકળીને ઇરાની અખાતને મળે છે. તેની કુલ લંબાઇ ૧૭૮૦ માઇલ છે, અને પહોળાઇ આશરે ૧૨૦ ગજથી ૪૦૦ ગજ સુધીની છે, અને ઉંડાઇ ૮ ફુટથી ૧૮ ફુટ સુધીની છે. આ નદીનાં બે મૂળ છે. એક એરઝેરોઉમની ઇશાન કોણમાં ૨૫ માઇલ ઉપર આર્મીનિયાના પહડોમાં છે, જે મૂળને ફ્રાત કે કારા–સુ 'કાળી નદી' કરીને કહે છે. અને બીજું મૂળ જેને 'મુરાદચાઇ' (=મનગમતી નદી કરીને) કહે છે, તે આરારાટ પહાડ પાસેથી નીકળે છે. પહેલું મૂળ ૪૦૦ માઇલ વહીને તથા બીજું મૂળ ૨૭૦ માઇલ વહીને 'કેબ્બાન મેદાન' આગળ તેમનો સંયોગ થાય છે. અને ત્યાર બાદ એકઠાં થએલાં પાણી મોટી નદીના આકારે ૧૪૦ માઇલ વહીને ઇરાની અખાતને મળે છે. સમુદ્ર પાસે આગળ જતાં 'કુરનાહ' આગળ તિગ્રીસ નદી તેને મળે છે. હાલમાં ૧૨૦૦ માઇલ સુધી તેમાં વહાણો આવજા કરે છે. એવું કહેવાય છે કે સીકંદરે તથા કાઇસાર ત્રાજને તથા જુલીયને પોતાનાં વહાણો પ્રથમ આ નદીમાં ચાલતાં કીધાં હતાં. ઈંગ્લાંડના વેપારીઓ જેઓ પહેલવહેલા હિંદુસ્તાનમાં આવ્યા તેઓ ફ્રાત નદીમાં થઇને આવ્યા હતા. બગદાદથી બાબેલ સુધી ઘણાં વહાણો હાલમાં પણ આવજા કરે છે. શરૂઆતમાં નદીના બન્ને કાંઠા ઉંચા છે, પણ આગળ વહેતાં નદી જ્યાં મેદાનમાં પડે છે, ત્યાં નબુખાદરેસ્સારે તથા પલિસ્તીઓએ ઘણું ખરચ કરીને આખા દેશમાં નાળાં બંધાવ્યાં હતાં, તેથી કરીને આખા દેશને પાણી પુરૂં પાડવામાં આવતું હતું. જેમ મિસર દેશની નીલ નદીમાં, તેમ આરશૂર દેશની ફ્રાત નદીમાં દેશનું બળ દર્શાવવામાં આવે છે (જુઓ યશા. ૮; ૭. યિર્મે. ૨; ૧૮). ફ્રાત નદીનું પ્રથમ બ્યાન ઉત્પ. ૨; ૧૪ માં એદન વાડીના સંબંધમાં આવે છે. અને ત્યાર પછી પ્રભુએ ઇબ્રાહીમની સાથે જે કરાર કર્યો (ઉત્પ. ૧૫; ૧૮) તે સંબંધે આવે છે, જ્યાં પ્રભુ વચન આપે છે કે, મિસરની નદીથી તે ફ્રાત સુધી આ દેશ મેં તારા વંશજને આપ્યો છે (સરખાવો પુન. ૧૧; ૨૪. યહો. ૧; ૪). કરારમાં આપેલું વચન ત્યાર પછી દાઉદની જીતમાં પુરૂં પડયું (૨ શમૂ. ૮; ૨–૧૪. ૧ કાળ. ૧૮; ૩. ૧ રા. ૪; ૨૪). આરશૂર, બાબેલ અને મિસર દેશનો પુરાતન ઇતિહાસ "મોટી નદી"ની સાથે જોડાયલો છે. પુરાતન વખતમાં આ નદી બાબેલ શહેરની વચ્ચોવચ થઇને વહેતી હતી, પણ કોરેશ રાજાએ યુક્તિથી તેનું પાણી બીજી બાજુ ખસેડીને ત્યાં ફોજને દાખલ થવાનો માર્ગ કીધો હતો (યિર્મે. ૫૧; ૩૩). ફ્રાત (યુફ્રતિસ) (ઉત્પ. ૨; ૧૪). વચનના દેશની હદ (ઉત્પ. ૧૫; ૧૮. પુન. ૧; ૭: ૧૧; ૨૪. યહો. ૧; ૪. ૨ શમૂ. ૮; ૩. ૧ કાળ. ૫; ૯: ૧૮; ૩. ૨ રાજા. ૨૩; ૨૯: ૨૯; ૭. ૨ કાળ. ૩૫; ૨૦. યિર્મે. ૧૩; ૪-૭: ૪૬; ૨, ૬, ૧૦: ૫૧; ૬૩). "નદી" (ઉત્પ. ૩૧; ૨૧. નિર્ગ. ૨૩; ૩૧. ૨ શમૂ. ૧૦; ૧૬. ૧ રાજા. ૪; ૨૧, ૨૪. ૨ કાળ. ૯; ૨૬. યિર્મે. ૨; ૧૮. યશા. ૨૭; ૧૨). જળપ્રલય (યહો. ૨૪; ૩, ૧૫. પ્રક. ૯; ૧૪: ૧૬; ૧૨).

ફ્રુગિયા = સુકું. આસિયામેનરનું એક અનિયમિત પરગણું હતું, તે બે ભાગમાં વહેંચાયલું હતું. દક્ષિણમાં મોટું ફ્રુજ્યા અને પશ્ચિમે નાનું ફ્રુજ્યા. નવા કરારમાં જે ફ્રુજ્યા વિષે વાત આવે છે તે મોટા ફ્રુજ્યા વિષે વાત છે. તેમાં લાઓદીકીઆ (પ્રક. ૩; ૧૫-૨૨), કલોસે, હીયરાપોલીસ અને ઇકોની શહેરો આવેલાં હતાં. ફ્રુજ્યાના માણસો પેન્તિકોસ્ટને દિવસે યરૂશાલેમ આવેલાં હતાં. આ દેશમાં થઇને પાઉલ બે વખત સુવાર્તા પ્રગટ કરવાને ગયો હતો (પ્રે. કૃ. ૨; ૧૦: ૧૬; ૬: ૧૮; ૨૩).

બ.

બઆલ = માલીક. (૧) આ નામ ફેનીકી-

એના મુખ્ય દેવતાને આપવામાં આવેલું છે. શાસ્ત્રમાં ઘણીએક જગ્યામાં તેનું બહુવચનનું નામ બઆલીમ લખવામાં આવ્યું છે (ન્યા. ૨; ૧૧: ૧૦; ૧૦. ૧ રા. ૧૮; ૧૮. યિર્મે. ૨; ૨૩. હોશી. ૨; ૧૭). હેબ્રીમાં આ શબ્દ સામાન્ય નામને લગાડવામાં આવે છે જેનો અર્થ માલિક કે ધણી એવો થાય છે. પણ જ્યારે આ નામ દેવતા તરીકે વાપરે છે ત્યારે ઓળખાણુ દર્શક શબ્દ તે પહેલાં મુકે છે (= જેમકે the Baal). બાબેલ અને આશ્શૂરના લોકો તેને 'બેલ' કહેતા હતા (યશા. ૪૬; ૧. યિર્મે. ૫૦; ૨). આ દેવતાને બાબેલ, આશ્શૂર, કાર્થેજ, મોઆબ અને મિદ્યાન ઇત્યાદીના લોકો પૂજતા હતા. બઆલ અને મોલેખની સરખી પૂજા થતી હતી (યિર્મે. ૧૯; ૫: ૩૨; ૩૫). ઇસ્રાએલીઓ શમૂએલના વખત સુધી આ મૂર્તિપૂજાના પાપમાં પડ્યા (ન્યા. ૧૦; ૧૦. ૧ શમૂ. ૭; ૪), ત્યાર પછી દોઢસો વર્ષ સુધી એની વાત આવતી નથી. પણ ફરી જ્યારે સુલેમાને સીદોનીઓની દેવી 'આશ્તોરેથ'ની પૂજા કરવા માંડી ત્યારે આ દેવતાની પૂજા પણ સ્થાપી હશે (૧ રા. ૧૧; ૩૩). રાજા આહાબના વખતમાં આ દેવતાની પૂજા બહુ ધામધુમથી ચાલતી હતી, ઠેરઠેર મંદિરો તથા તેને ભજનારા જોવામાં આવતા હતા. ઇસ્રાએલના સર્વ રાજાઓ કરતાં આહાબે યહોવાહને વધારે રોષિત કીધો. આ વખતે બઆલ અને આશેરાહની પૂજા ભેગી ચાલતી હતી. રાણી ઇઝેબેલના ૪૫૦ પૂજારી કે ભવિષ્યવાદી હતા. એલીયાહના હુકમથી તેઓ બધાને કતલ કરવામાં આવ્યા હતા (૧ રા. ૧૮; ૪૦), એમ છતાં ઇઝેબેલના મન પર કંઇજ અસર ન થતાં ત્યાર પછી વીસ વર્ષ સુધી તે દેવતાની પૂજા ચાલતી રહી. આખરે યેહૂએ તેને મારી નાખી અને તેના સઘળા યાજકો અને સેવકોને મારી નાખ્યા અને પૂજા તદન બંધ કરી (૨ રા. ૯; ૩૦-૩૭: ૧૦; ૧૮-૨૮). ત્યાર પછી આ ભુંડી સ્ત્રી ઇઝેબેલની દીકરીએ યહુદી કોમમાં પણ આ મૂર્તિપૂજા મેળવી દીધી અને તેથી કરીને કેટલાએક રાજાઓ આ ખરાબ રસ્તે ચાલ્યા (૨ રા. ૧૬; ૩: ૨૧; ૩. ૨ કાળ. ૨૮; ૨). આ બઆલના નામના સમ પણ લોકો ખાતા હતા (૧ રા. ૧૯; ૧૮. યિર્મે. ૧૨; ૧૬: ૧૯; ૫: ૩૨; ૨૫, ૩૫. હોશી. ૧૩; ૧, ૨). જેમ મોલેખ દેવતાની આગળ બાળકોને, ચઢાવતા હતા તેમ આ દેવતાની આગળ ગોધાનું તેમજ માણસનું બળિદાન પણ કરતા હતા (૧ રા. ૧૮; ૨૬. યિર્મે. ૧૯; ૫). યાજકો અને સેવકો આ મૂર્તિની આગળ નાચતા અને કુદતા હતા, અને જો તેમની માગણી પુરી ન થાય તો પોતાને કાપતા અને લોહી પાડતા હતા. આ દેવતાનું મુખ્ય સ્થળ સૂર (Tyre) માં હતું. સૂરજદેવતા બઆલની સાથે એક ચંદ્રદેવીની પૂજા પણ થતી હતી, તેને આશ્તારોથ કહેતા હતા. શાસ્ત્રમાં બઆલીમ અને આશ્તારોથ નામ ઘણી વખતે સાથે સાથે આવે છે (ન્યા. ૧૦; ૬. ૧ શમૂ. ૭; ૪: ૧૨; ૧૨). બઆલની પૂજા (ગણ. ૨૨; ૪૧. ન્યા. ૨; ૧૩: ૮; ૩૩. ૧ રા. ૧૬; ૩૨: ૧૮; ૨૬. ૨ રા. ૧૭; ૧૬: ૧૯; ૧૮: ૨૧; ૩. યિર્મે. ૨; ૮: ૭; ૯: ૧૨; ૧૬: ૧૯; ૫: ૨૩; ૧૩. હોશી. ૨; ૮: ૧૩; ૧. ઇત્ય.). એની વેદી તથા યાજકોનો નાશ (ન્યા. ૬; ૨૫). એલીયાહથી (૧ રા. ૧૮; ૪૦). યેહૂથી (૨ રા. ૧૦; ૧૮). યહોયાદાથી (૨ રા. ૧૧; ૧૮). યોશીયાહથી (૨ રા. ૨૩; ૪. ૨ કાળ. ૩૪; ૪). (૨) બિન્યામીની યેઇએલનો દીકરો (૧ કાળ. ૮; ૩૦: ૯; ૩૬). (૩) શિમઓન પુત્રોના ભાગમાં આ નામની એક જગ્યા આવેલી હતી. અને ઘણું કરીને યહો. ૧૯; ૮ માં આવતું બાઅલાથ-બએર તે બન્ને એક ને એકજ હશે (૧ કાળ. ૪; ૩૩).

બઆલ-ગાદ = ફોજનો ધણી; નસીબનો

અધિકારી. હેર્મોન પર્વતની તળેટીમાંના લબાનોનની ખીણમાં આ શહેર આવેલું હતું (યહો. ૧૧; ૧૭: ૧૨; ૭: ૧૩; ૫), તેથી તેને બઆલ-હેર્મોન પણ કહે છે (ન્યા. ૩; ૩. ૧ કાળ. ૫; ૨૩). તે યરદન નદીના મૂળ પાસે આવેલું હતું (યહો. ૧૩; ૫). બઆલ દેવતાની થતી પૂજા પરથી આ શહેરને બઆલ-ગાદ કહેતા હશે. યહોશુઆની જીતનું સૌથી ઉત્તરનું નગર તે હતું, હાલ આ શહેરને 'બાનીઆસ' કહે છે. કેટલાએક ધારે છે કે આ શહેર તેજ બઆલ-બી કે 'હેલીઓપોલીસ' (= સૂરજનું શહેર) છે, જે 'લબાનોનના વનનું ઘર' કદાપિ સુલેમાન રાજાના વખતમાં કહેવાતું હતું (૧ રા. ૭; ૨ : ૧૦; ૧૭. ૨ કાળ. ૯; ૧૬).

બઆલ-ઝબૂબ = માખીઓનો દેવ. એક્રોનમાં આ નામનો એક પલિસ્તીઓનો દેવ હતો (૨ રા. ૧; ૨, ૩, ૧૬). આ દેવતા વિષે પલિસ્તીઓની એવી માન્યતા હતી કે આવી પડનાર મરકીની માખીઓનો વિનાશ કરનાર તે છે. રાજા અહાઝયાહે પોતાની માંદગીમાંથી સાજા થવાનું ભવિષ્ય જોવા તે દેવતાની પાસે માણસો મોકલ્યા હતા. પણ એલીયાહે ભવિષ્ય જણાવતાં કહ્યું કે, "તું નિશ્ચે મરશે" (૨ રા. ૧; ૧-૧૦). નવા કરારમાં આ દેવતાને બઆલ-ઝબૂલ કહે છે.

બઆલ-તામર = ખજુરીનો સરદાર (પ્રભુ). બિન્યામીન કુળના ભાગમાં શાઉલના ગિબઆહની પાસે આ નામની એક જગ્યા આવેલી હતી (ન્યા. ૨૦; ૩૩). બઆલની પવિત્ર મનાતી જગ્યાઓમાંની એક આ હશે. આજ જગ્યાને કદાપિ દબોરાહની ખજુરી કહેતા હશે, કે એ નામનો ઇશારો આ નામમાં કરવામાં આવ્યો છે (ન્યા. ૪; ૫).

બઆલ-પરાસીમ = બઆલનો વિનાશ. દાઉદનું પલિસ્તીઓ પરનું જયચિન્હ આ શહેર હતું (૨ શમૂ. ૫; ૨૦. ૧ કાળ. ૧૪; ૧૧). તેને પરાશીમ પર્વત પણ કહે છે (યશા. ૨૮; ૨૧). તે યરૂશાલેમની પશ્ચિમે રફાઇમની ખીણ પાસે આવેલો હતો.

બઆલ-પેઓર = પેઓરનો ધણી. મોઆબીઓનો દેવ હતો (ગણ. ૨૫; ૩ : ૩૧; ૧૬. યહો. ૨૨; ૧૭). તેને બઆલ-પેઓર નામ આપવાનું કારણ એ કે, આ પેઓર પર્વત ઉપર આ દેવતાની પૂજા થતી હતી. ઇસ્રાએલીઓ આ દેવતાની પૂજા કરી પાપમાં પડ્યા હતા (ગણ. ૨૫; ૩, ૫, ૧૮. પુન. ૪; ૩. ગીત. ૧૦૬; ૨૮. હોશી. ૯; ૧૦).

બઆલ-બરીથ = કરારનો પ્રભુ (ધણી). ગિદઓનના મરણ પછી શખેમમાં આ દેવતાની પૂજા થતી હતી (ન્યા. ૮; ૩૩ : ૯; ૪), ૯; ૪૬ માં તેને એલ-બરીથ કહે છે. તેને કરારનો પ્રભુ કહેવામાં આવે છે, કેમકે ઇસ્રાએલીઓ નિર્ગ. ૩૪; ૧૨ નો હુકમ તોડી આ મૂર્તિપૂજા કરી કનાનીઓ સાથે મળી ગયા.

બઆલ-મેઓન = રહેઠાણનો પ્રભુ. રેઉબેનમાં આવેલું એક શહેર હતું (ગણ. ૩૨; ૩૮). તેને યિર્મે. ૪૮; ૨૩ માં બેથ-મેઓન અને યહો. ૧૩; ૧૭ માં બેથ-બઆલ-મેઓન કહે છે. એવું ધારવામાં આવે છે કે એલીશાની તે જન્મભૂમિ હતી. હાલ તેને માઇન કહે છે જે આશરે હેશ્બોનથી ત્રણ માઇલ પર અગ્નિ કોણમાં આવેલું છે.

બઆલ-શાલીશાહ = શાલીશાહનો પ્રભુ. આ જગ્યા ગિલ્ગાલથી બહુ દૂર ન હતી. ત્યાંથી એક માણસ દાઉદને માટે વીસ રોટલી તથા અનાજનાં થોડાં તાજાં કણસલાં લઇને આવ્યો હતો (૨ રાજા. ૪; ૪૨). લૂદ્દાની ઉત્તરે તેર માઇલ ઉપર 'સીરીસીઆ ગાલ' આવેલ છે તેને પુરાતન બઆલ-શાલીશાહ ધારવામાં આવે છે.

બઆલ-હામોન = ઢોળાવની જગ્યા. આ જગ્યામાં રાજા સુલેમાનની એક મોટી દ્રાક્ષવાડી આવેલી હતી (સુ. ગીત. ૮; ૧૧). કેટલાક ધારે છે કે તે બઆલ-ગાદ હશે, નહિ તો આશેર પ્રાંતમાં આવેલ હામ્મોન હશે (યહો. ૧૯; ૨૮).

બઆલ-હાસોર = બઆલનું ગામ. એફ્રાઇમ અને બિન્યામીનની સરહદ ઉપર આવેલી એક જગ્યા હતી, જ્યાં આગળ આબ્શાલોમે મોટી ઉજાણી કરી હતી અને કાતરનારાઓને બોલાવ્યા હતા (૨ શમૂ. ૧૩; ૨૩), અને આમ્નોન વિરૂદ્ધ દંગો કરી તેને મારી નાખવામાં આવ્યો હતો. ઘણું કરીને તે નહે. ૧૧; ૩૩ માં આવેલ હાસોર હશે. હાલ તે 'ટલ-આસુર' નામથી ઓળખાય છે અને બેથેલથી ઇશાન કોણમાં પાંચ માઇલ પર આવેલ છે.

બઆલ-હેર્મોન = હેર્મોનનો પ્રભુ. (૧) હેર્મોન પહાડની પાસે આ નામનું એક શહેર આવેલું હતું, જેમાં એફ્રાઇમીઓ રહેતા હતા (૧ કાળ. ૫; ૨૩). ઘણું કરીને તે બઆલ-ગાદ હશે (યહો. ૧૧; ૧૭). (૨) લબાનોનની પૂર્વમાં આવેલ એક પહાડ હતો (ન્યા. ૩; ૩). આ પહાડ, તે હેર્મોન પહાડનાં ત્રણ શિખરોમાંનું એક હશે.

બઆલીમ = બઆલનું બહુ વચનનું નામ છે. અને બઆલની મૂર્તિને બઆલીમ કહેતા હતા (ન્યા. ૨; ૧૧. ૧ શમૂ. ૭; ૪).

બઆલોથ (૧ રા. ૪; ૧૬). રાજા સુલેમાનના રાજ્યનો એક પ્રાંત હતો. ત્યાં જે કારભારી ખોરાક પુરો પાડવા રાખવામાં આવ્યો હતો તે હૂશાયનો દીકરો બાઅના હતો.

બઆલ્યાહ = જેનો પ્રભુ યહોવાહ છે. એક બિન્યામીની, જે દાઉદના ત્રીસ યોદ્ધાઓમાંનો એક હતો (૧ કાળ. ૧૨; ૫).

બએર = કુવો. (૧) મોઆબના અરણ્યમાં આ જગ્યાએ મુસાના હુકમથી ઇસ્રાએલીઓએ એક કુવો ખોદ્યો હતો. આ જગ્યા તે ઇસ્રાએલીઓની મુસાફરીનો ૪૪મો મુકામ હતો (ગણ. ૨૧; ૧૬–૧૮). (૨) યહુદાહમાં આવેલું એક શહેર હતું, જ્યાં યોથામ અબીમેલેખના ભયથી નાસી ગયો હતો (ન્યા. ૯; ૨૧). કેટલાક આ શહેરને પુન. ૧૦; ૬ માં આવતું બએરોથ ધારે છે.

બએર-એલીમ = શૂરવીરોનો કુવો. જે જગ્યાએ ઇસ્રાએલીઓના અધિપતિઓએ કુવો ખોદ્યો તે જગ્યાને એટલે બએરને આ નામ આપવામાં આવ્યું હશે (ગણ. ૨૧; ૧૬. યશા. ૧૫; ૮).

બએરા (૧ કાળ. ૭; ૩૭). તેને ૧ કાળ. ૫; ૬ માં બએરાહ કહે છે. તે રેઉબેનપુત્રોમાંનો એક હતો.

બએરી = નામાંકિત. (૧) એસાવની સ્ત્રી યહૂદીથનો પિતા જેને હિત્તી બએરી કહેવામાં આવે છે (ઉત્પ. ૨૬; ૩૪). ઘણું કરીને ઉત્પ. ૩૬; ૨ માં જેને અનાહ કહે છે તે તથા બએરી એક ને એક હશે. (૨) હોશીઆ ભવિષ્યવાદીના બાપનું નામ પણ તેજ હતું (હોશી. ૧; ૧).

બએરોથ = કુવા. ઇસ્રાએલીઓ જ્યારે કનાનમાં દાખલ થયા ત્યારે આ શહેર હિવ્વીઓના કબજામાં હતું, પણ પછીથી તે બિન્યામીનપુત્રોને બક્ષીસ આપવામાં આવ્યું. બાઅનાહ તથા રેખાબ ત્યાંના રહીશ હતા (૨ શમૂ. ૪; ૨, ૩). આ શહેરમાં ઘણાએક લોક બાબેલથી પાછા આવી વસ્યા હતા (એઝ. ૨; ૨૫). હાલ તેને એલ-બીરેહ કહેવામાં આવે છે, જે યરૂશાલેમથી દસ માઇલ દૂર છે. એવું કહેવામાં આવે છે કે આ શહેર આગળ ઇસુનાં માબાપ આવ્યાં ત્યારે ઇસુ સંઘમાં નથી એમ માલમ પડયું (લુક ૨; ૪૩–૪૫).

બએરોથ-બેની-યાઅકાન = યાઅકાનનાં છોકરાંનું બએરોથ (પુન. ૧૦; ૬), અને ગણ. ૩૩; ૩૧ માં તેને બની-યાઅકાન કહે છે.

બએરોથી = બએરોથના રહેવાસીઓ. ૨ શમૂ. ૪; ૨–૯: ૨૩; ૩૭ અને ૧ કાળ. ૧૧; ૩૯ માં તેમને બેરોથી પણ કહે છે.

બએલ્યાદા = બઆલ જાણે છે. દાઉદના દીકરાઓમાંનો એક હતો (૧ કાળ. ૧૪; ૭). તેને ૨ શમૂ. ૫; ૧૬ માં એલ્યાદા કહે છે.

બએશતરાહ = આશતારોથનું ઘર. મનાશ્શેહના અર્ધકુળમાંથી લેવી ગેર્શોનના પુત્રોને જે

બે નગરો આપવામાં આવ્યાં તેમાંનું એક (યહો. ૨૧; ૨૭: ૧ કાળ. ૬; ૭૧).

બખોરાથ-બિન્યામીની કીશના વડવાઓમાંનો એક (૧ શમૂ. ૯; ૧).

બટોનીમ = સોપારી. ગાદપુત્રોની સરહદનું એક શહેર હતું (યહો. ૧૩; ૨૬).

બથૂએલ = દેવનું ઘર; દેવનો માણસ; દેવની કુંવારિકા. (૧) રિબ્કાહનો પિતા અને નાહોરનો મિલ્કાહને પેટે જન્મેલો પુત્ર, જે ઇબ્રાહીમનો ભત્રીજો થાય (ઉત્પ. ૨૨; ૨૨, ૨૩: ૨૪; ૧૫, ૨૪, ૪૭, ૫૦: ૨૫; ૨૦: ૨૮; ૨, ૫). (૨) યહુદાહની દક્ષિણમાં આવેલું એક શહેર હતું (૧ કાળ. ૪; ૩૦). તેને યહો. ૧૯; ૪ માં બથૂલ અને ૧૨; ૧૬ તથા ૧ શમૂ. ૩૦; ૨૭ માં બેથેલ કહે છે.

બથૂલ = જુઓ બથૂએલ (યહો. ૧૯; ૪).

બદાદ—અદોમના રાજા હદાદ કે જેણે 'મોઆબના મેદાનમાં મિદ્યાનને' માર્યો તેનો પિતા (ઉત્પ. ૩૬; ૩૫. ૧ કાળ. ૧; ૪૬).

બદાન (૧ શમૂ. ૧૨; ૧૧). ઇસ્રાએલી ન્યાયાધીશોમાંનો તે એક હતો. પણ તે કોણ તે વિષે નક્કી નથી. કેટલાએકનું એવું ધારવું છે કે તે બારાક અથવા તો શામશૂન હશે, પણ ઘણું કરીને તે આબ્દોન હશે (ન્યા. ૧૨; ૧૩).

બનાયાહ = યહોવાહથી બંધાયલું. (૧) પ્રમુખ યાજક યહોયાદાનો પુત્ર (૧ કાળ. ૨૭; ૫). દાઉદે તેને કરેથીઓ તથા પલેથીઓની અંગરક્ષક ટુકડી ઉપર અધિકારી ઠરાવ્યો હતો (૨ શમૂ. ૮; ૧૮. ૧ રા. ૧; ૩૨. ૧ કાળ. ૧૮; ૧૭). તેનાં પરાક્રમી કામો વિષે ૨ શમૂ. ૨૩; ૨૦, ૨૧, ૨૨. ૧ કાળ. ૧૧; ૨ માં લખવામાં આવ્યું છે. રાજા સુલેમાનના વખત સુધી તે વિશ્વાસુપણે રહ્યો, તેથી રાજા સુલેમાને તેને યોઆબની જગ્યાએ સેનાપતિ નિમ્યો (૧ રા. ૨; ૨૫, ૨૯, ૩૦, ૩૪, ૩૫: ૪; ૪). (૨) દાઉદના ત્રીસ યોદ્ધાઓમાંનો એક હતો. તેને બનાયાહ પિરઆથોની કહે છે (૨ શમૂ. ૨૩; ૩૦. ૧ કાળ. ૧૧; ૩૧: ૨૭; ૧૪). (૩) દાઉદના વખતમાં એક લેવી ગવૈયો હતો (૧ કાળ. ૧૫; ૧૮, ૨૦). (૪) જ્યારે યહોવાહનો કોષ યરૂશાલેમમાં લાવવામાં આવ્યો, ત્યારે કોષ આગળ રણશિંગડું વગાડવાને આ નામના એક યાજકને નિમ્યો હતો (૧ કાળ. ૧૫; ૨૪: ૧૬; ૬). (૫) યેઇએલનો પુત્ર અને ઝખાર્યાહનો પિતા (૨ કાળ. ૨૦; ૧૪). એ શિવાય આજ નામના બીજા કેટલાક માણસોની વાત શાસ્ત્રમાં આવે છે, જુઓ ૧ કાળ. ૪; ૩૬: ૧૫; ૨૪: ૧૬; ૫, ૬: ૨૭; ૩૪. ૨ કાળ. ૩૧; ૧૩. એઝ. ૧૦; ૨૫, ૩૦, ૩૫, ૪૩. હઝ. ૧૧; ૧, ૧૩).

બનીનુ (નહે. ૧૦; ૨૩).

બની-બરાક = વિજળીનો પુત્ર. દાનકુળને જે ભાગ વહેંચી આપવામાં આવ્યો તેમાંનું એક શહેર હતું (યહો. ૧૯; ૪૫).

બેની-યાઅકાન = યાઅકાનનાં છોકરાં. આ નામ અને બએરોથ-બની-યાઅકાન તે બન્ને એક ને એકજ છે (પુન. ૧૦; ૬. ગણ. ૩૩; ૩૧).

બનો—લેવીકુળના યાઅઝીયાહનો પુત્ર (૧ કાળ. ૨૪; ૨૬, ૨૭).

બરાખાહ = આશીર્વાદ. (૧) આ નામની એક ખીણ હતી, જે એન-ગેદીની પાસે આવેલ હતી. અહિં આગળ યહોશાફાટે આમ્મોનીઓ અને મોઆબીઓને હરાવ્યા (૨ કાળ. ૨૦; ૨૬). આ ખીણ હાલ 'બેરેઇકુત' નામથી ઓળખાય છે. (૨) બિન્યામીની એક શૂરવીર હતો, જે શાઉલના ભાઇઓમાંનો હતો. તે દાઉદને સિકલાગમાં આવી મળ્યો હતો (૧ કાળ. ૧૨; ૩).

બરાયાહ = પ્રભુએ બનાવ્યો. બિન્યામીની શિમઇનો પુત્ર (૧ કાળ. ૮; ૨૧).

બરીઆહ = દુર્દશા. (૧) આશેરના ચાર પુત્રોમાંનો એક, અને હેબેરનો પિતા (ઉત્પ. ૪૬; ૧૭). (૨) એફ્રાઇમના બીજા પુત્રોને

મારી નાખવામાં આવ્યા ત્યાર પછી બરીઆહ જન્મ્યો. તેનું નામ બરીઆહ પાડવાનું કારણ એ હતું કે, તે વખતે "તેના ઘરની દુર્દશા થઇ હતી" (૧ કાળ. ૭; ૨૦-૨૩). (૩) તે તથા તેનો ભાઇ શેમા આયાલોનના રહેવાસીઓના પિતૃઓના મુખ્ય પુરૂષો હતા. તેમણે ગાથના રહેવાસીઓને નસાડી મુક્યા હતા. તેઓ બિન્યામીની કુળના હતા (૧ કાળ. ૮; ૧૩).

બરીથ = કરાર. (ન્યા. ૯; ૪૬). જુઓ બઆલ-બરીથ.

બરોદાખ-બાલઅદાન = બરોદાખ બઆલનો સેવક. બાબેલનો બાદશાહ હતો. જ્યારે યહુદાહનો રાજા હિઝકીયાહ માંદો હાતો, ત્યારે તેણે તેના ઉપર પત્રો તથા ભેટો મોકલી હતી. આ વખતે હિઝકીયાહે રાજાની મૂલ્યવાન વસ્તુઓનું આખું ઘર તેમને દેખાડયું હતું (૨ રા. ૨૦; ૧૨). યશા. ૩૯; ૧ માં તેને મરોદાખ-બાલઅદાન કહે છે. તેના પિતાનું નામ બાલઅદાન હતું.

બલઆમ = પરદેશી લોકોનો ધણી. મિદ્યાની લોકોમાં તે કોઇ પ્રકારની પદવી ધરાવતો હતો, તેના પિતાનું નામ બેઓર હતું (ગણુ. ૩૧; ૮, ૧૬). તે મેસોપતામીઆના પથોરમાં રહેતો હતો (પુન. ૨૩; ૪, ૭). તે મૂર્તિપૂજક દેશનો રહીશ હતો, તો પણ ખરા દેવ વિષે તેને જ્ઞાન હતું. તેના વિષે લોકો એવું માનતા હતા કે, જેને તે આશીર્વાદ આપે તે આશીર્વાદિત થાય અને જેને શાપ આપે તે શાપિત થાય; તેથી કરીને તે એજ કામ કરતો હતો. ઇસ્રાએલીઓએ જ્યારે મોઆબના મેદાનમાં યરદનને પેલે પાર યરેખોની પાસે છાવણી કીધી, ત્યારે મોઆબીઓ તેઓથી ઘણા બીધા અને તેઓને શાપ દેવાને માટે મોઆબના રાજા બાલાકે ઘણીએક ભેટ સાથે બલઆમને બોલાવવાને માટે માણસો મોકલ્યાં. બલઆમને ઇસ્રાએલીઓને શાપ દેવાની મના પરમેશ્વરથી થઇ, તેથી બાલાકની ઇચ્છા પુરી નહિ કરતાં તેણે ઇસ્રાએલીઓને આશીર્વાદ આપ્યો (ગણુ. ૨૪; ૧૭). બલઆમે જો કે ઇસ્રાએલીઓને શાપ નહિ આપ્યો, તો પણ તેણે એવી કુયુક્તિ મોઆબીઓને બતાવી, કે જેથી કરીને ઇસ્રાએલીઓ પાપમાં પડ્યા (ગણુ. ૨૫. પ્રક. ૨; ૧૪). ઉપલી ઇતિહાસિક વાત ૨ પીત. ૨; ૧૫, ૧૬ માં દાખલ કરવામાં આવી છે. મીખા. ૬; ૫માં બલઆમ અને બાલાક વચ્ચે શો સંબંધ હતો તે દર્શાવવામાં આવ્યો છે. ઇસ્રાએલીઓ અને મિદ્યાનીઓની વચ્ચે લડાઇ થતાં મિદ્યાની પાંચ રાજા મરાયા એટલુંજ નહિ, પણ બલઆમને કતલ કરવામાં આવ્યો. બલઆમે ઇસ્રાએલીઓનો ભવિષ્યહાલ ગણુ. ૨૪; ૫-૯, ૧૭ માં બતાવ્યો છે. બાલાકનું આમંત્રણ (ગણુ. ૨૨; ૧૩). એનો ગુસ્સો (૨૨; ૨૭). ઇસ્રાએલને આશીર્વાદ (૨૩; ૧૯-૨૪). એનાં ભવિષ્ય (૨૩; ૯, ૨૪: ૨૪; ૧૭). એની ભુંડી સલાહ (૩૧; ૧૬. પુન. ૨૩; ૪. વળી યહો. ૨૪; ૯. ન્યા. ૧૧; ૨૫. મીખા. ૬; ૫. ૨ પીત. ૨; ૧૫. યહુદા ૧૧. પ્રક. ૨; ૧૪). એનું મરણ (ગણુ. ૩૧; ૮. યહો. ૧૩; ૨૨).

બલીયઆલપુત્રો = હલકા, નકામું. જુના કરારમાં ઉપલા શબ્દોને વિશેષનામ તરીકે વાપર્યા છે. જુના કરારમાં પુન. ૧૩; ૧૩માં આ શબ્દ પ્રથમ વાપરવામાં આવ્યો છે અને ગુજરાતીમાં તેનો અર્થ 'હલકા માણસો' એવો કરવામાં આવ્યો છે. નવા કરારમાં ૨ કરીં. ૬; ૧૫ માં શેતાનની જગ્યાએ આ શબ્દનો ઉપયોગ કર્યો છે. લખ્યું છે કે, "ખ્રીસ્ત તથા બેલ્યાલનો શો મિલાપ છે?" પુન. ૧૫; ૯. ગીત. ૪૧; ૮: ૧૦૧; ૩. દષ્ટાં. ૬; ૧૨. વિગેરે જગ્યામાં આ શબ્દનો તરજુમો 'દુષ્ટ' એવો કર્યો છે. 'બેલ્યાલપુત્રો' કે બલીયઆલમાણસો એનો અર્થ માત્ર એટલોજ છે કે હલકા કે ભુંડા માણસો (ન્યા. ૧૯; ૨૨: ૨૦; ૧૩. ૧ શમૂ. ૧; ૧૬: ૨; ૧૨: ૧૦; ૨૭. વિગેરે).

બસાલએલ = દેવની રક્ષા નીચે. (૧) યહુદાહ કુળના હૂરનો દીકરો ઉરી અને તેનો દીકરો બસાલએલ હતો (નિર્ગ. ૩૧; ૨). અરણ્યમાં મંડપનું કામ કરવાને પ્રભુએ તેને બુદ્ધિ, સમજણ, જ્ઞાન તથા સર્વ પ્રકારની કળાકૌશલ્યની બાબતમાં આત્મા આપ્યો હતો (નિર્ગ. ૩૧; ૨:૩૫; ૩૦). આ કામમાં અહીસામાખનો પુત્ર ઓહલીઆબ તેનો મદદનીશ હતો (૩૬; ૧, ૨:૩૮; ૨૨). (૨) (એઝ. ૧૦; ૩૦).

બસોદ્યાહ = પ્રભુની ગુપ્ત સલાહ. નહે. ૩; ૬. દરવાજાની મરામત કરનાર મશુલ્લામનો પિતા.

બસોર = ઠંડુ. આ નામનું પાણીનું એક નાળું યહુદાહના નૈરૃત્ય કોણમાં આવેલું હતું. અહિં દાઉદ અમાલેકીઓની પાછળ પડયો હતો ત્યારે પોતાનાં થાકેલાં ૨૦૦ માણસોને રોક્યાં હતાં, અને ૪૦૦ ને નાળું ઓળંગી આગળ વધાર્યાં હતાં (૧ શમૂ. ૩૦; ૯, ૧૦, ૨૧). ઘણું કરીને તે ગાઝાહની દક્ષિણમાં આવેલું હતું.

બાઅના = દુઃખનો પુત્ર. (૧) સુલેમાન રાજાનો એક મોદી હતો (૧ રા. ૪; ૧૨). (૨) હૂશાયનો પુત્ર. તે પણ રાજાના મોદીઓમાંનો એક હતો (૧ રા. ૪; ૧૬). (૩) સાદોકનો પિતા (નહે. ૩; ૪).

બાઅનાહ = દુઃખનો પુત્ર. (૧) બિન્યામીની રિમ્મોન બએરોથીના બે પુત્રોમાંનો એક હતો, જે દાઉદની ફોજનો નાયક હતો (૨ શમૂ. ૪; ૨). તેણે તથા તેના ભાઇ રેખાબે ઇશબોશેથ જે યોનાથાનનો પુત્ર, તેને શયનગૃહમાં પેસીને ખંજર ભોકી મારી નાખ્યો. એ કારણ માટે દાઉદે તેમને કતલ કરાવ્યા અને તેમનાં મુડદાં હેબ્રોનના તળાવની તેડે ઉંચે લટકાવ્યાં (૨ શમૂ. ૪; ૧૨). (૨) દાઉદના ત્રીસ યોદ્ધાઓમાંનો એક હેલેબ હતો તેનો પિતા (૨ શમૂ. ૨૩; ૨૯. ૧ કાળ. ૧૧; ૩૦). (૩) (એઝ. ૨; ૨. નહે. ૭; ૭:૧૦; ૨૭).

બાઅરા—એક બિન્યામીની સ્ત્રી (૧ કાળ. ૮; ૮).

બાઅલાથ = કુંવારિકા (?). દાનપુત્રોનું એક શહેર (યહો. ૧૯; ૪૪. ૧ રા. ૯; ૧૮. ૨ કાળ. ૮; ૬).

બાઅલાથ-બએર = કુવાની સ્ત્રી. શિમઓનનું એક શહેર છે, અને ઘણું કરીને ૧ કાળ. ૪; ૩૩ માં તેને બઆલ કહે છે (યહો. ૧૯; ૮).

બાઅલાહ = શેઠાણી. (૧) યહુદાહની દક્ષિણમાં એક શહેર હતું (યહો. ૧૫; ૨૯). કોઇ જગ્યામાં તેને 'બાલાહ' કહે છે (યહો. ૧૯; ૩) અને કોઇ જગ્યાએ 'બિલ્હાહ' કહે છે (૧ કાળ. ૪; ૨૯). (૨) યહુદાહની ઉત્તર સરહદ પર આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૧૦). તેને 'કિર્યાથ-યઆરીમ' પણ કહે છે (યહો. ૧૫; ૯. ૧ કાળ. ૧૩; ૬). (૩) યહુદાહ અને દાનની વાયવ્ય કોણમાં આવેલો એક પર્વત હતો (યહો. ૧૫; ૧૧).

બાઅલી = મારા પ્રભુ. હોશીઆના પહેલા ત્રણ અધ્યાયમાં ઉપમારૂપે પ્રભુની પ્રીતિ પોતાના લોક પ્રત્યે દર્શાવવામાં આવી છે. ઇસ્રાએલીઓની પુનઃસ્થાપના થતાં તેઓ તેને બાઅલી કહીને નહિ પણ ઇશી (= મારો વર) કહીને બોલાવશે. પ્રભુ કહે છે કે બઆલીમનાં નામો હું તેમના મુખમાંથી દૂર કરીશ. બાઅલી નામ બઆલ દેવતાને લગતું છે (હોશી. ૨; ૧૬). ખ્રીસ્ત ઇસુમાં દેવથી દૂર ગએલા આત્મા જ્યારે પાછા આવી નવી ઉત્પત્તિ પામે છે ત્યારે પ્રભુને પોતાના વહાલા ધણીના જેવો પ્યાર કરે છે. એ વાત ઉપલી ઉપમામાં દેખાય છે.

બાઅલીસ = દિલાસાનો પુત્ર. આમ્મોનપુત્રોનો એક રાજા હતો, તેણે ગદાલ્યાહને મારી નાખવાને નથાન્યાહના પુત્ર ઇશ્માએલને મોકલ્યો હતો (યિર્મે. ૪૦; ૧૪).

બાઅલે-યહુદાહ = યહુદાહના શહેરીઓ. કિર્યાથ-યઆરીમને આ નામ આપવામાં આવ્યું છે (૨ શમૂ. ૬; ૨).

બાઅશા = બહાદુરી; દુષ્ટાઇ. ઇસ્રાએલનો ત્રીજો રાજા. તે અહીયાહનો પુત્ર, ને એફ્રાઇમના કુળનો હતો. તેણે નાદાબ સામે બળવો કરી ગિબ્બથોન પાસે તેને મારી નાખ્યો ને તેને બદલે પોતે રાજા થયો. ૨૪ વર્ષ તેણે રાજ્ય કીધું. તેણે યેરાબઆમને માર્ગે ચાલી ઘણી દુષ્ટાઇ કીધી. યરોબઆમના ઘરનાં સઘળાંને મારી નાખ્યાં. પોતાની રાજધાની તિર્સાહમાં કીધી. તેની દુષ્ટાઇને લીધે યેહૂ ભવિષ્યવાદીએ તેને ભારે ઠપકો આપતાં જણાવ્યું કે, યરોબઆમના ઘરને થયું તેમ બાઅશાના ઘરને થશે. તે મરી ગયો અને તિર્સાહમાં તેને દફનાવ્યો. તેની પછી તેનો પુત્ર એલાહ ઇસ્રાએલ પર રાજા થયો. બાઅશાએ આસા સામે કેટલોક વખત લડાઇ કીધી (૧ રા. ૧૫; ૧૬-૨૨. ૨ કાળ. ૧૬; ૧-૬. યિર્મે. ૪૧; ૯). તેના વિષે યેહૂની ભવિષ્યવાત (૧ રા. ૧૬; ૧-૭). ઝિમ્રીએ બાઅશાના ઘરનાંને મારી નાખ્યાં ને એમ યેહૂની ભવિષ્યવાત પુરી પડી (૧ રા. ૧૬; ૮-૧૩: ૨૧; ૨૨. ૨ કાળ. ૯; ૯).

બાઅસેયાહ (૧ કાળ. ૬; ૪૦). સુલેમાનના વખતમાં ગાયક ગણમાંનો એક હતો.

બાઆલ-હાનાન = કૃપાપતિ. (૧) અદોમનો એક રાજા. તેના પિતાનું નામ આખ્બોર હતું (ઉત્પ. ૩૬; ૩૮. ૧ કાળ. ૧; ૪૯, ૫૦). (૨) દાઉદ રાજાના વખતમાં જૈતવૃક્ષો તથા ગુલરવૃક્ષો જે નીચ પ્રદેશમાં હતાં તેનો દેખરેખ રાખનાર હતો (૧ કાળ. ૨૭; ૨૮).

બાઇથ = ઘર. ઘણું કરીને મોઆબનું એક શહેર હતું જ્યાં મૂર્તિપૂજાનું એક મોટું મંદિર હતું (યશા. ૧૫; ૨), અને આ જગ્યામાં કેવળ ઉપલા મંદિરની વાત આવે છે.

બાકબાક્કાર—એક લેવી હતો (૧ કાળ. ૯; ૧૫).

બાકબુકયાહ = યહોવાહનું વેરાન. બીજા મંદિરમાં ઉપકારસ્તુતિનો આરંભ કરવામાં આ માણસ પોતાના ભાઇઓ મધ્યે બીજો હતો (નહે. ૧૧; ૧૭: ૧૨; ૯, ૨૫).

બાકબૂક = (બાટલી). બાબેલના બંદિપ્રવાસમાં જેઓ લઇ જવાયા તેમાં બાકબૂકના પુત્રો પણ હતા (એઝ. ૨; ૫૧. નહે. ૭; ૫૩).

બાથ-રાબ્બીમ = ઘણાઓની દીકરી. આ નામનો એક હેશ્બોન શહેરનો દરવાજો હતો, તેની પાસે પાણીના કુંડ કે તળાવ હતાં (સુ. ગી. ૭; ૪). પણ આ કંઇ વિશેષ નામ તરીકે વાપરવામાં આવેલ નથી. માત્ર તેનો અર્થ એટલોજ છે કે વસ્તીવાળો દરવાજો. એટલે જે દરવાજે થઇ ઘણા લોકો જાય છે.

બાથ-શૂઆ = ધનની પુત્રી. યહુદાહની સ્ત્રી હતી (૧ કાળ. ૨; ૩ : ૩; ૫) જુઓ બાથ-શેબા.

બાથ-શેબા = સમની પુત્રી. ૧ કાળ ૩; ૫માં તેને બાથ-શૂઆ કહે છે. બાથશેબાના બાપનું નામ એલીઆમ (૨ શમૂ. ૧૧; ૩). કે આમ્મીએલ હતું (૧ કાળ. ૩; ૫), અને તે ઉરીયાહ હિત્તીની સ્ત્રી હતી. દાઉદે તેની સાથે વ્યભિચાર કીધો (૨ શમૂ. ૧૧; ૪, ૫. ગીત. ૫૧) અને તેથી જે છોકરૂં થયું તે મરણ પામ્યું (૨ શમૂ. ૧૨; ૧૫-૧૯). તેના ધણીની કતલ (૧૧; ૧૫) થયા પછી તે દાઉદ સાથે પરણી (૧૧; ૨૭) અને ત્યાર પછી આ લગ્ને કરી તે સુલેમાન રાજાની મા થઇ (૧૨; ૨૪. ૧ રા. ૧; ૧૧ : ૨; ૧૩). સુલેમાનને ગાદીએ બેસાડવા સંબંધી તેણે આગળ પડતો ભાગ લીધો હતો (૧ રા. ૧; ૧૧, ૧૬, ૨૧).

બાની = બંધાયલું. (૧) (૧ કાળ. ૬; ૪૬). (૨) દાઉદના ત્રીસ યોદ્ધાઓમાંનો એક હતો (૨ શમૂ ૨૩; ૩૬). (૩) (એઝ. ૨; ૧૦ : ૧૦; ૨૯, ૩૪, ૩૮). (૪) એક લેવી હતો (નહે. ૮; ૭ : ૯; ૪, ૫). તેના પુત્ર રહૂમે યરૂશાલેમનો કોટ ફરી બાંધવાને મદદ કરી હતી (નહે. ૩; ૧૭).

બાએલ કે બાએલોન = દેવ (એલ) નો

દરવાજો. હેબ્રીમાં તેને બાબેલ એટલે 'દેવનો દરવાજો' એવું નામ આપવામાં આવ્યું. તેનું ગ્રીક નામ બાબેલોન છે. પુરાતન દુનિયાનું સૌથી મોટું અને શોભાયમાન શહેર હતું. તે ખાલ્દી રાજ્યની રાજ્યધાનીનું શહેર હતું. ત્યાં આગળ બાબેલનો બુરૂજ બાંધવામાં આવ્યો હતો અને ત્યાર પછી બુરૂજની આસપાસ આ મહાન શહેર બાંધવામાં આવ્યું હતું (ઉત્પ. ૧૧; ૧-૯). શહેર ફ્રાત નદીના પશ્ચિમ કિનારા પર બગદાદથી દક્ષિણમાં ૫૦ માઇલ ઉપર, ફ્રાત અને તિગ્રીસના સંગમથી ઉત્તરે આશરે ૨૦૦ માઇલ ઉપર બાંધવામાં આવ્યું હતું. વિદ્વાન લોકો ધારે છે કે આ શહેર ઇ. સ. પૂ. ૨૨૩૦ માં બંધાયું. આ શહેરનો ઘેરાવો ૫૬ માઇલનો હતો. શહેરને ફરતા બે કોટ હતા. બહારનો કોટ ૩૩૭ ફીટ ઉંચો અને ૮૫ ફીટ પહોળો હતો. કોટને લગતા ૨૫૦ કિલ્લા બાંધેલા હતા, અને પિત્તળના એક સો દરવાજા હતા (યશા. ૧૪; ૧, ૨). શહેરમાં બે મહેલ બાંધવામાં આવ્યા હતા. પૂર્વનો મહેલ તે ઘણો વિશાળ હતો. તેને ત્રણ કોટ હતા. જાણવું જોઇએ કે આ શહેર હાલનાં શહેરોની માફક બાંધવામાં આવ્યું ન હતું; પણ શહેરની અંદર વાડીઓ અને ખેતરો આવેલાં હતાં, જેથી ઘેરાવામાં તે ઘણું મોટું હતું. વળી શહેરમાં 'બેલુસ' નું એક મહાન મંદિર હતું, જેનું નિશાન હજી સુધી ખંડિયેરોમાં જોવામાં આવે છે. બાબેલોનની પાસે હીલાહ (Hillah) નામનું એક નાનું શહેર બાંધવામાં આવ્યું છે, તે માત્ર ઉપલા એકજ રાજ્યમહેલની ઈંટોથી બાંધવામાં આવેલ છે. બાબેલ તે એક વખતે 'રાજ્યોનું ગૌરવ' (યશા. ૧૩; ૧૯) ગણાતું હતું, તે હાલ ક્યાં આવેલું હતું તે મુશ્કેલીથી સોધી કઢાય છે. શહેરની આબાદીમાં આવા મહાન શહેરના નાશ વિષે ભવિષ્ય કહેવું તે ગાંડા માણસના કહેવા જેવું ગણાય; પણ આપણે જોઇએ છીએ કે પ્રભુનાં વચનો કેવાં સત્ય તથા ખરાં છે! તેના નાશ વિષે ભવિષ્યો કેવાં પુરાં પડ્યાં છે! (યશા. ૧૩; ૪-૨૨. યિર્મે. ૨૫; ૧૨. ૫૦; ૨, ૩. દાન. ૨; ૩૧-૩૮). વિદ્વાન લોકો આ શહેરને રૂમની મંડળીની ઉપમા આપે છે, પણ ૧ પીત. ૫; ૧૩ માં રૂમ સમજવું નહિ, કેમકે જ્યારે પીતરે પત્ર લખ્યો ત્યારે કેટલાક યહુદીઓ બાબેલમાં વસતા હતા. પ્રકટીકરણમાં જ્યાં 'મોટું બાબેલોન' કહે છે ત્યાં રૂમ સમજવું. શહેરની ઘણી ઉથલપાથલ થયા પછી આખરે તે એલામ (ઇરાન) ના રાજા કોરેશના હાથમાં આવ્યું (ઇ. સ. પૂ. ૫૩૮). તેણે જે યહુદીઓ બાબેલમાં હતા તેમને પોતાના દેશ યહુદાહમાં જવાને અને શહેર તથા મંદિર ફરી બાંધવાને પરવાનગી આપી (એઝ. ૧); અને ત્યાર પછી શહેર રાજધાનીનું શહેર રહ્યું નહિ. ત્યાર પછી એક પછી એક ઘણા હુમલા શહેર ઉપર થયા, એટલે સુધી કે શહેર ખંડિયેર અને ખાલી થઇ ગયું.

બાબેલનું રાજ્ય. તેને યિર્મે. ૨૪; ૫. હઝ. ૧૨; ૧૩ માં "કાસ્દીઓનો દેશ" કહે છે. આ વિશાળ પ્રદેશ મધ્ય આસિયામાં તિગ્રીસ નદીના તટ પર ઇરાની અખાતની ઉત્તર તરફ ૩૦૦ માઇલમાં આવેલો હતો. તેની ફળદ્રુપતાને માટે દેશ વખણાતો હતો. દેશની રાજધાની બાબેલ શહેર હતી. તે વેપાર રોજગારનું મધ્યબિંદુ હતું (યિર્મે. ૧૭; ૪. યશા. ૪૩; ૧૪). આ રાજ્ય ઉત્તર બાબેલ કે આક્કાદ અને દક્ષિણ બાબેલ કે શિનઆરથી બનેલું હતું. દુનિયાની મૂળ દેશજાતિ રખડતી રખડતી મધ્યઆસિયાના ઉંચ પ્રદેશથી નીકળી તિગ્રીસ અને ફ્રાત નદીના નીચ પ્રદેશ ભણી વળી શિનઆરના મેદાનમાં વસી અને તેમણે ખાલ્દી રાજ્યની સ્થાપના કરી (ઉત્પ. ૧૧; ૨). પણ એક બીજી કોમ અરબસ્તાનના અરણ્ય ભણીથી આવી આક્કાદમાં વસી. અને આગળ જતાં બન્ને પ્રાંત, એટલે આક્કાદ અને શિનઆર જોડાઇ

ગયા; અને આ સંયુક્ત રાજ્યના રાજાએ 'બે પ્રાંતનો રાજા' એવું નામ ધારણ કીધું. આ રાજ્ય તે બાબેલનું રાજ્ય કહેવાયું. વળી ઉપલી અરબસ્તાનના અરણ્યમાંથી આવેલી પ્રજા તિગ્રીસ નદીના કાંઠા ઉપર ગઇ અને ત્યાં રહી, અને તે આશ્શૂરનું રાજ્ય થયું. પ્રથમ બાબેલ રાજ્યનો 'હાકેમ' તે ઉપર અમલ ચલાવતો હતો. પણ આખરે આશ્શૂરે બાબેલની જુસરી ભાંગી નાખી અને સ્વતંત્ર રાજ્ય બની બાબેલને તાબે કીધું (ઇ. સ. પૂ. ૧૩૫૦), અને આશ્શૂરે પોતાની રાજધાની નીનવેહમાં કરી. બાબેલના રાજા નબૂખાદનેસ્સારે બાબેલને ફરી એકવાર સ્વતંત્ર કર્યું, અને પોતાનું રાજ્ય ઘણું વધારી ઇ. સ. પૂ. ૫૬૧ માં આ મહાન રાજા મરણ પામ્યો. પછી બેલ્શાસ્સારના વખતમાં માદી દાર્યાવેશે (દાની. ૫; ૨૫–૩૧) માદી અને ઇરાની લશ્કર સાથે મોટા વંટોળીઆની માફક ચઢી આવી (યશા. ૨૧; ૧–૯. યિર્મે. ૫૧; ૩૧) બાબેલ જીતી લીધું (દાની. ૫; ૨૫–૩૧). ત્યારથી બાબેલની પડતી આવી અને ત્યાર પછી ઇરાની રાજ્યનો તે એક ભાગ ગણાયું, અને વખત જતાં આ મહાન નગરનો યિર્મે. ૫૧; ૩૭–૫૮ માં વર્ણવ્યા પ્રમાણે નાશ થયો. ઘણાએક યહુદીઓને બાબેલમાં બંદિવાન કરવામાં આવ્યા હતા, તેઓને રાજા કોરેશે પાછા જવાની પરવાનગી આપી ત્યાં સુધી તેઓ ત્યાં રહેતા હતા. યરૂશાલેમનો નાશ થયા પછી બાબેલમાં યહુદીઓની એક નિશાળ સ્થાપવામાં આવી હતી. બાબેલના રાજ્યના આખરી રાજાઓ જેઓનાં નામ શાસ્ત્રમાં આપવામાં આવ્યાં છે તેઓનાં નામ તથા સાલ (આશરે) નીચે મુજબ છે.

ઇ. સ. પૂ.

૨૧૩૦? શિનઆરનો રાજા આમ્રાફેલ જેણે ઇબ્રાહીમના વખતમાં કનાન ઉપર ચઢાઇ કરી હતી (ઉત્પ. ૧૪; ૧–૧૬).

૭૨૦. મરોદાખ-બાલઅદાન જે હિઝકીયાહના જમાનામાં હતો (૨ રા. ૨૦; ૧૨, ૧૩. યશા. ૩૯; ૧, ૨).

૬૦૭. નબૂખાદનેસ્સાર. તેના વખતમાં બાબેલ ઘણું આબાદ અને બળ પર આવ્યું હતું. તેણે યરૂશાલેમનો નાશ કરી બાળી મુકયું હતું (૨ રા. ૨૪: ૨૫; ૧—૨૬. ૨ કાળ. ૩૬. યિર્મે. ૩૯: ૫૨; ૧—૩૦. દાની. ૧: ૨: ૩: ૪).

૫૬૨. એવિલ-મરોદાખ. તેણે યહુદાહના રાજા યહોયાખીનને "બંદિખાનામાંથી કાઢી ઉંચ પદવી આપી" (૨ રા. ૨૫; ૨૭–૩૦. યિર્મે. ૩; ૩૧–૩૪).

૫૪૧. બેલ્શાસ્સાર. જ્યારે બાબેલ લઇ લેવામાં આવ્યું ત્યારે આ રાજા કપાઇ ગયો તેજ રાત્રે તેણે ચમત્કારિક દર્શન દીઠું હતું (દાની. ૫: ૭; ૧: ૮; ૧).

એ શિવાય નાના મોટા રાજા બાબેલ ઉપર ઘણા થઇ ગયા જેઓનાં નામ લેખોમાં મળી આવે છે, પણ જેઓનાં નામ શાસ્ત્રમાં આવે છે તેઓનાં નામ ઉપર આપવામાં આવ્યાં છે.

બામાહ = ઉંચસ્થાન. આ શબ્દ યહુદીઓ જે જગ્યાએ મૂર્તિપૂજા કરતા હતા તે જગ્યા બતાવતાં વાપરવામાં આવ્યો છે (હઝ. ૨૦; ૨૯). બહુવચનમાં તેનો તરજુમો "ઉંચસ્થાનો" કરવામાં આવ્યો છે (ગણ. ૨૨; ૪૧. હઝ. ૩૬; ૨).

બામોથ = ઉંચસ્થાનો. મોઆબના દેશમાં આવેલું ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનું ૪૭ મો મુકામ હતો (ગણ. ૨૧; ૧૯, ૨૦).

બામોથ-બઆલ = બઆલનાં ઉંચસ્થાનો. યરદન નદીની પૂર્વમાં આવેલ આર્નોન નદી ઉપર આવેલી એક જગ્યાને આ નામ આપવામાં આવ્યું છે. અથવા તો જે મેદાનમાં આર્નોન નદી વહે છે તે મેદાનને આ નામ

આપવામાં આવેલ છે (યહો. ૧૩; ૧૭ સાથે ગણ. ૨૧; ૨૮ સરખાવો). કેટલાકનું એવું ધારવું છે કે આ જગ્યા તે બામોથ હશે (ગણ. ૨૧; ૧૯, ૨૦).

બાર-ઈસુ = ઇસુનો પુત્ર. એલીમાસ નામનો એક યહુદી જાદુગર તથા જુઠો ભવિષ્યવાદી હતો, તેનું ઉપનામ બાર-ઇસુ હતું. પાઉલ અને બાર્નાબાસને તે પાફસમાં મળ્યો હતો (પ્રે. કૃ. ૧૩; ૬). એલીમાસ તે અરબી શબ્દ છે અને તેનો મૂળ અર્થ 'ડાહ્યો કે જ્ઞાની' એવો થાય છે.

બારખીઆ = યહોવાહનો આશીર્વાદિત. ઝખાર્યાહ ભવિષ્યવાદીનો પિતા (ઝખ. ૧; ૧, ૭. માત્થી ૨૩; ૩૫).

બારતીમાય = તીમાયનો પુત્ર. યરેખોના બે આંધળા માણસોમાંનો એક હતો, જેને પ્રભુ ઇસુએ તેના વિશ્વાસ પ્રમાણે દેખતો કીધો (માર્ક ૧૦; ૪૬. માત્થી ૨૦; ૩૦).

બારથલમુ = તાલમાઇનો પુત્ર. તે બાર પ્રેરિતોમાંનો એક હતો (માત્થી ૧૦; ૩. માર્ક ૩; ૧૮. લુક ૬; ૧૪. પ્રે. કૃ. ૧; ૧૩). એવું ધારવામાં આવે છે કે બારથલમુ અને નાથાનાએલ તે બન્ને એકજ માણસનાં નામ હશે. પહેલી ત્રણ સુવાર્તામાં ફિલીપ અને બારથલમી હમેશાં સાથે સાથે આવે છે, અને નાથાનાએલનું નામ બીલકુલ આવતું નથી. પણ તેથી ઉલટું ચોથી સુવાર્તામાં ફિલીપની સાથે હમેશાં નાથાનાએલનું નામ આવે છે અને બારથલમુનું નામ બીલકુલ આવતું નથી. ખ્રીસ્તના પુનરૂત્થાન પછી તીબેરીઅસ સમુદ્રને કાંઠે જે શિષ્યોને ઇસુ દેખાયો તેમાંનો એક તે હતો (યોહા. ૨૧; ૨). વળી ખ્રીસ્તના આકાશગમનનો તે સાક્ષી હતો (પ્રે. કૃ. ૧; ૪, ૧૨, ૧૩). તે 'ખરેખરો ઇસ્રાએલી' હતો (યોહા. ૧; ૪૭).

બારયોના = યોનાનો પુત્ર. આ નામ પીતરને લગાડવામાં આવે છે (માત્થી ૧૬; ૧૭. યોહા. ૧; ૪૨), કેમકે તેના પિતાનું નામ યોના હતું. (જુઓ પીતર).

બારાક = વીજળી. તેના બાપનું નામ અબીનોઆમ હતું (ન્યા. ૪; ૬). દબોરાહથી ખબર મળતાં તેણે યાબીન સામે લડાઇ જોડી. જેઝરીલના મેદાનમાં લડાઇ થઇ (ન્યા. ૪; ૧૬) ને યાબીનના સરદાર સીસરાનું સર્વ સૈન્ય તરવારની ધારથી પડ્યું, અને ઇસ્રાએલીઓની પુરી જીત થઇ જે ન્યા. ૫ માં વર્ણવેલ છે. બારાકના વિશ્વાસ વિષે હેબ્રી. ૧૧; ૩૨ માં નોંધ લેવામાં આવી છે. બારાક ભક્તિશીળ હતો, પણ ગિદઓન તથા શામશૂનની માફક પરાક્રમી દેખાતો નથી. હેબ્રી. ૧૧; ૩૪ માં લખેલા "અબળપણામાંથી બળવાન કર્યા" તે શબ્દો તેને લાગી શકે.

બારાખેલ = જેને પ્રભુએ આશીર્વાદ આપ્યો. અયૂબના મિત્ર અલીહૂનો પિતા હતો. તે બૂઝી કહેવાય છે (અયૂ. ૩૨; ૨, ૬).

બારાબાસ = આબાનો પુત્ર. બારાબાસ એક લૂટારો હતો. જ્યારે ઇસુ ખ્રીસ્ત પકડાયો ત્યારે તે ખુની પણ કેદી હતો. રૂમીઓની રીત પ્રમાણે પાસ્ખા પર્વમાં એક ગુન્હેગારને છોડી મુકવાનો રિવાજ હતો. પીલાત ઇસુને છોડી મૂકવા અને આ માણસને મારી નાખવા ચહાતો હતો, પણ યહુદીઓએ પીલાતનું નહિ ચાલવા દેતાં બારાબાસ જે ખુની હતો તેને છોડી મુકાવી ઇસુને મરણસ્તંભે જડવાને આગ્રહ કીધો, અને પીલાતે તેમ કીધું (યોહા. ૧૮; ૪૦. માર્ક ૧૫; ૭. લુક ૨૩; ૧૯. માત્થી ૨૭; ૧૬-૨૬. પ્રે. કૃ. ૩; ૧૪).

બારીઆહ = ક્ષણિક. શમાયાહના પાંચ પુત્રોમાંનો એક (૧ કાળ. ૩; ૨૨).

બારૂખ = મુબારક. (૧) યિર્મેયાહ ભવિષ્યવાદીનો લહીઓ હતો (યિર્મે. ૩૨; ૧૨: ૩૬; ૪). તે યહુદાહ કુળનો હતો (૫૧; ૫૯). બાબેલના બંદિપ્રવાસ વિષેનાં ભવિષ્યવચનો યિર્મેયાહ તેની મારફતે લખાવતો. યહોયાકીમના રાજ્યને ચોથે વર્ષે બારૂખે યહોવાહના ઘરમાં જઇ બાબેલના બંદિપ્રવાસ વિષે જે વચનો તેણે લપેટામાં યિર્મેયાહ પાસેથી ઉતારી

લીધાં હતાં તે વાંચી સંભળાવ્યાં (૩૬). ત્યાર પછી તેજ વચનો તેણે રાજસભાના સભાસદોને વાંચી સંભળાવ્યાં, ને ત્યાર પછી ખાસ રાજાની આગળ લપેટામાંના ત્રણ ચાર પાનાં વાંચવામાં આવ્યાં; પણ રાજાએ ચપ્પુ વડે તે લપેટો કાપીને તેને અગ્નીમાં નાખી આખા લપેટાનો નાશ કર્યો. (૩૬; ૨૩, ૨૪). રાજા નબૂખાદનેસ્સારે જ્યારે યરૂશાલેમનો ઘેરો ઘાલ્યો ત્યારે હનામએલની સાથે યિર્મેયાહે જે વેચાણખત કર્યું હતું તે બારૂખને રાખી મુકવાને આપ્યું હતું (૩૨; ૧૨). ત્યાર પછી બારૂખ યિર્મેયાહની સાથે કેદ કરાયો, અને યરૂશાલેમ (બ. સ. પૂ. ૫૮૬) જીતી લેવાયું ત્યાં સુધી તે ત્યાંજ રહ્યો. ઘણું કરીને તે બાબેલમાં મરણ પામ્યો. (૨) (નહે. ૩; ૨૦: ૧૦; ૬: ૧૧; ૫).

બાર્કોસ = ચિતારો. નથીનીમનો એક માણસ (એઝ. ૨; ૫૩. નહે. ૭; ૫૫).

બાર્ઝિલ્લાય = લોખંડનો. (૧) આદ્રીએલનો પિતા મહોલાથી (૨ શમૂ. ૨૧; ૮). (૨) બાર્ઝિલ્લાય ગિલઆદી નામનો એક ધનવાન માણસ રોગલીમનો રહેવાસી હતો. દાઉદ જ્યારે આબ્શાલોમને લીધે યરૂશાલેમથી નાસતો હતો, ત્યારે તેણે દાઉદ તથા તેના માણસોની સારી પરોણાચાકરી કીધી હતી (૨ શમૂ. ૧૭; ૨૭-૨૯). અને ત્યાર પછી દાઉદ જ્યારે પાછો યરૂશાલેમ જવા નીકળ્યો ત્યારે જો કે તે એંસી વર્ષનો વૃદ્ધ પુરૂષ હતો, એમ છતાં યરદન નદી સુધી તેને મુકવાને આવ્યો. એ વાતથી દાઉદના મન ઉપર ઘણી સારી અસર થઇ અને તેને યરૂશાલેમ પોતાની સાથે લઇ જવા ચાહ્યું, પણ તે નહિ બનતાં તેનો દીકરો કિમ્હામ તેની સાથે ગયો (૨ શમૂ. ૧૯; ૩૧-૪૭). અને વળી દાઉદ જ્યારે મરણના ખાટલામાં હતો ત્યારે પોતાના દીકરા સુલેમાનને તેના ઉપર મહેરબાની રાખવાને ભલામણ કરી (૧ રા. ૨; ૭). (૩) આ નામનો એક યાજક હતો કે જેણે ઉપલા બાર્ઝિલ્લાયની પુત્રી સાથે લગ્ન કીધાં હતાં (એઝ. ૨; ૬૧).

બાર્નાબાસ = દિલાસાનો દીકરો, (સુબોધનો). બાર્નાબાસનું વતન કુપ્રસ બેટ હતું (પ્રે. કૃ. ૪; ૩૬), તેની અટક યુસફ હતી. અંત્યોખની મંડળીમાં ભવિષ્યવાદીઓ અને ઉપદેશકોના નામની યાદીમાં તેનું નામ પ્રથમ આવે છે (પ્રે. કૃ. ૧૩; ૧). તે જમીનદાર માણસ હતો. તેણે જમીન વેચી અને નાણું લાવી પ્રેરિતોના પગ આગળ મુક્યું. લુક તેના વિષે સાક્ષી પુરે છે કે "તે સારો માણસ હતો" (પ્રે. કૃ. ૧૧; ૨૪). તે લેવી કુળના યહુદી કુટુંબમાં જન્મ્યો હતો. તેના શરીરનો દેખાવ ઉમરાવના જેવો હતો (પ્રે. કૃ. ૧૪; ૮-૧૨). જ્યારે પાઉલ ખ્રીસ્તી થયો ત્યારે યરૂશાલેમના પ્રેરિતોની અને ભાઇઓની બાર્નાબાસે ઓળખાણ કરાવી, અને તેમને જણાવ્યું કે પાઉલ કેવી રીતે ખ્રીસ્તી થયો (પ્રે. કૃ. ૯; ૨૭). કદાપિ એમ હોય કે, પાઉલ અને બાર્નાબાસ બન્ને સાથે ગમાલીએલની પાસે અભ્યાસ કરતા હોય ને ત્યારથી તેઓની એકબીજાની સાથે મિત્રાચારી હોય. અંત્યોખની મંડળીની ચઢતી થતી જોઇ યરૂશાલેમના ભાઇઓએ તથા પ્રેરિતોએ બાર્નબાસને તે મંડળીનાં કામ ઉપર દેખરેખ રાખવાને મોકલ્યો. ત્યાં ગયા પછી ત્યાંનું કામ તેને એવું ભારે લાગ્યું કે એ કામમાં પાઉલની મદદ મળે માટે તેની શોધ કરવાને તે તાર્સસ ગયો. શાઉલને લઇને તે અંત્યોખ પાછો આવ્યો, ને પાઉલ તેની સાથે એક વર્ષ રહ્યો (પ્રે. કૃ. ૧૧; ૨૫, ૨૬). ત્યાર પછી અંત્યોખની મંડળીના ભાઇઓએ યરૂશાલેમના ગરીબ ભાઇઓને સારૂ ઉઘરાણું કરી પાઉલ તથા બાર્નાબાસને તે લઇ યરૂશાલેમ મોકલ્યા (૧૧; ૨૮-૩૦). થોડા વખતમાં તેઓ પોતાની સાથે યોહાન જેની અટક માર્ક હતી તેને સાથે લઇને પાછા આવ્યા, અને આસપાસના મૂર્તિપૂજકોને ખ્રીસ્તની સુવાર્તા જણાવવાને તેઓ ત્રણેએ આસિયામાઇનરનાં મુખ્ય શહેરોમાં પહેલી મુસાફરી કરી. પણ

પામ્ફુલ્યાના પેર્ગામાંથી યોહાન પાછો આવ્યો. તેઓ કુપ્રસ તથા આસિયામૈનરનાં ઘણાંએક શહેરમાં પ્રભુની વાત જણાવી અંત્યોખ પાછા આવ્યા. ત્યાં આવ્યા પછી અંત્યોખની મંડળીમાં સુનત કરવા વિષે તકરાર પડી હતી તે પતાવવાને સારૂ શાઉલ તથા બાર્નાબાસને મંડળીએ યરૂશાલેમ મોકલ્યા (પ્રે. કૃ. ૧૫; ૨. ગલા. ૨; ૧). આ વાતનો ફેંસલો થતાં તેઓ અંત્યોખ પાછા આવ્યા જે વખતે પાઉલ બીજી મુસાફરીમાં નીકળ્યો. પણ આ વખતે પાઉલ તથા બાર્નાબાસ વચ્ચે યોહાન માર્કને સાથે લેવા વિષે વાંધો પડયો, તેથી કરીને પાઉલ સીલાસને લઇને અને બાર્નાબાસ યોહાનને લઇને મુસાફરીમાં નીકળ્યા (પ્રે. કૃ. ૧૫; ૩૬-૪૧). યોહાન માર્ક બાર્નાબાસનો પિત્રાઇ ભાઇ થતો હતો (કલો. ૪; ૧૦). બાર્નાબાસના નામની એક સુવાર્તા તથા એક પત્ર લખાયલાં છે.

બાર્સાબાસ = સાબાનો પુત્ર. (૧) યુસફ જે યુસ્તસ તેના નામની અટક બાર્સાબાસ હતી. તેને તથા માત્થીઅસને યહુદા ઇસ્કારીઓતની જગ્યા ઉપર નિમવાને પસંદ કરવામાં આવ્યા, પણ ચિઠ્ઠી નાખતાં માત્થીઅસના નામની ચિઠ્ઠી નીકળી હતી (પ્રે. કૃ. ૧; ૨૩). (૨) યહુદા જે ભવિષ્યવાદી હતો તેની અટક પણ બાર્સાબાસ હતી. તેના વિષે પ્રે. કૃ. ૧૫; ૩૨ માં જે લખવામાં આવ્યું છે તે શિવાય બીજું કંઇ જાણવામાં આવ્યું નથી.

બાહુરૂમી = બાહુરીમના રહેવાસીઓ (૧ કાળ. ૧૧; ૩૩. ૨ શમૂ. ૨૩; ૩૧).

બાલઅદાન = બઆલનો સેવક. બાબેલના રાજા બરોદાખ-બાલઅદાનનો પિતા (૨ રા. ૨૦; ૧૨. યશા. ૩૯; ૧).

બાલઝબુલ = માખીઓનો સંહારક. આ નામ શેતાનને આપવામાં આવ્યું છે અને માત્ર નવા કરારમાં મળે છે (માત્થી ૧૦; ૨૫: ૧૨; ૨૪, ૨૭. માર્ક. ૩; ૨૨). ઘણું કરીને તે અને બઆલ-ઝબૂબ જે એક્રોનનો દેવ તે એક ને એક છે. (જુઓ બઆલ-ઝબૂબ).

બાલસફોન = સફોનનું મંદિર. મિસર દેશનું આ શહેર સુએજના અખાતના કિનારા પર આવેલું હતું (હિઝ. ૧૪; ૧. ગણ. ૩૩; ૭). સુફ સમુદ્ર ઓળંગ્યા પહેલાં ઇસ્રાએલીઓએ તેની સામે છાવણી કરી હતી. હાલ સુએજના અખાત ઉપર "યાબેલ-દીરાજ" નામથી તે ઓળખાય છે.

બાલાક = વિનાશક, ખાલી. મોઆબનો રાજા અને સિપ્પોરનો પુત્ર (ગણ. ૨૨; ૨, ૪). ઇસ્રાએલીઓએ જ્યારે તેના રાજ્યની પાસે આવીને છાવણી કરી, ત્યારે બાલાક ભયભીત થયો અને તેમનો સંહાર કરવાને માટે તેણે બલઆમને બોલાવડાવ્યો, એ માટે કે તે તેઓને શાપ આપે; પણ તેમ કરવાની તેની કોશિષ વ્યર્થ ગઇ (યહો. ૨૪; ૯).

બાલાહ = (યહો. ૧૯; ૩). શિમઓનના કુળમાં આવેલું એક શહેર હતું. કોઇ જગ્યામાં તેને બિલ્હાહ (૧ કાળ. ૪; ૨૯) અને બાઅલાહ પણ કહે છે (યહો. ૧૫; ૨૯).

બાવ્વાય = (નહે. ૩; ૧૮). યરૂશાલેમનો કોટ બાંધવામાં તેણે ભાગ લીધો હતો.

બાશાન = મૂલ્યવાન જમીન. બાશાન વિષે પહેલી વાત ઉત્પ. ૧૪; ૫ સાથે સંબંધ ધરાવે છે. એમ લખવામાં આવ્યું છે કે કદોરલાઓમેર તથા જે રાજાઓ તેની સાથે હતા તેમણે "આશતરોથ-કારનાઇમ દેશના રફીઓને" હરાવ્યા, જ્યાં બાશાનનો રાજા ઓગ રહેતો હતો. વળી જ્યારે ઇસ્રાએલીઓ વચનના દેશમાં પેસતા હતા, ત્યારે બાશાનના રાજા ઓગે તેમનો અટકાવ કર્યો પણ મુસાએ તેમનો પૂર્ણ સંહાર કર્યો (ગણ. ૨૧; ૩૩-૩૫. પુન. ૩; ૧-૩). આ દેશ યરદન નદીની પૂર્વમાં દક્ષિણે ગિલઆદથી માંડી ઉત્તરે હેર્મોન પહાડ સુધી ને પશ્ચિમે યરદન નદીથી પૂર્વે સાલ્કાહ સુધી આવેલો હતો. મનાશ્શેહના અર્ધ કુળને આ દેશમાંથી ભાગ આપવામાં આવ્યો હતો (યહો. ૧૩; ૨૯-૩૧). તેનું એક શહેર ગોલાન મનુષ્યઘાતકનું આશ્રયનગર હતું (યહો. ૨૧; ૨૭).

બાશાનમાંનો આર્ગોબ પ્રાંત રાજા સુલેમાનનો મોદીખાનાનો પ્રાંત હતો (૧ રા. ૪; ૧૩). આ પ્રાંતમાં આવેલાં શહેરો હઝાએલે જીતી લીધાં (૨ રા. ૧૦; ૩૩), પણ થોડા વખત પછી યહોઆશે તે પાછાં તેની પાસેથી લઇ લીધાં (૨ રા. ૧૩; ૨૫). એલીશાના ભવિષ્ય મુજબ ત્રણ વાર અરામે દેશને જીતી લીધો (૨ રા. ૧૩; ૧૯), ત્યાર પછી બાશાનનો ઇતિહાસ બંધ થાય છે. આપણે બાશાનના જંગલી જનાવરો વિષે (હઝ. ૨૭; ૬: ૩૯; ૧૮. ગીત. ૨૨; ૧૨), ત્યાંનાં એરેજવૃક્ષો વિષે (યશા. ૨; ૧૩. ઝખ. ૧૧; ૨), અને વિશાળ મેદાનોની સુંદરતા વિષે (આમો. ૪; ૧. ગીત. ૬૮; ૧૫. યિર્મે. ૫૦; ૧૯) વાંચીએ છીએ. ઉપલી જીત થયા પછી થોડા વખતમાં યરદનની પૂર્વમાં આવેલા આખા પ્રદેશને ગિલઆદ નામ આપવામાં આવ્યું. બંદિપ્રવાસ પછી બાશાનના ચાર પ્રાંત પાડવામાં આવ્યા. (૧) ગોલાન. (૨) હોરાન. (૩) આર્ગોબ. (૪) બતાનિઆ.

બાશાનના પર્વત—જે બાશાનની ઉત્તરમાં આવેલા હતા. ઘણું કરીને હેર્મોનને એ નામ આપવામાં આવેલ છે (ગીત. ૬૮; ૧૫).

બાસમાથ = સુગંધી. (૧) ઇશ્માએલની દીકરી નબાયોથની બહેન અને એસાવની સ્ત્રી હતી (ઉત્પ. ૩૬; ૩, ૪, ૧૩). તેને પેટે રેઉએલ થયો અને તેનાથી ચાર અદોમી કોમ ઉત્પન્ન થઇ. ઉત્પ. ૨૮; ૯ માં તેણીને માહાલાથ કહે છે. (૨) સુલેમાનની દીકરી જે રાજ્યના એક અમલદાર અહીમાઆસની સાથે પરણી હતી (૧ રા. ૪; ૧૫).

બાસ્લીથ (નહે. ૭; ૫૪).

બાસ્લૂથ (એઝ. ૨; ૫૨).

બાહરૂમી (૧ કાળ. ૧૧; ૩૩).

બાહુરીમ = જુવાન માણસ. આ જગ્યા યરૂશાલેમની પૂર્વમાં આવેલી હતી (૨ શમૂ. ૩; ૧૬: ૧૯; ૧૬), એટલે યરદનની ખીણ પર જવાના રસ્તા ઉપર તે આવેલી હતી. અહિં આગળ શિમઇએ દાઉદની નિંદા કરી શાપ આપ્યો હતો (૨ શમૂ. ૧૬; ૫). અહિં યોનાથાન અને અહીમાઆસ એક કુવામાં સંતાઇ ગયા હતા (૨ શમૂ. ૧૭; ૧૯).

બિખ્રી = જ્યેષ્ઠ પુત્ર. તે બિન્યામીની શેબાનો બાપ થાય (૨ શમૂ. ૨૦; ૧-૨૨).

બિગ્થા = દૈવયોગે મળેલો. રાજા અહાશ્વેરોશના સાત હજુરીઆ ખવાસોમાંનો એક હતો (એસ્ત. ૧; ૧૦).

બિગ્થાન = બક્ષીસ. રાજા અહાશ્વેરોશના બે દરવાનો હતા, કે જેમણે રાજાને મારી નાખવાની કોશિષ કીધી હતી તેમાંનો એક હતો. બીજાનું નામ તેરેશ હતું. ઉપલું કાવતરૂં મોર્દખાયે રાજાને જણાવ્યું હતું (એસ્તે. ૨; ૨૧) ૬; ૨ માં તેને બિગ્થાના કહે છે.

બિગ્વાય = આનંદી. આ નામના જૂદા જૂદા ચાર માણસની વાત શાસ્ત્રમાં આવે છે (એઝ. ૨; ૨, ૧૪: ૮; ૧૪. નહે. ૭; ૭, ૧૯: ૧૦; ૧૬).

બિઝયોથ્યાહ (યહો. ૧૫; ૨૮). યહુદાહપુત્રોના કુળનાં છેવાડાં નગરોમાંનું એક હતું.

બિથ્યાહ = પ્રભુનો સેવક. યહુદાહના કોમમાં ફારૂનની દીકરી હતી. તેની સાથે મેરેદ પરણ્યો હતો (૧ કાળ. ૪; ૧૮).

બિથ્રોન = વહેંચાયલો દેશ. યરદન નદીની પૂર્વમાં યરદનની ખીણમાં આ દેશ આવેલો છે (૨ શમૂ. ૨; ૨૯).

બિથુનીઆ = ઝડપથી વહેવું (?). આસિયામેનરનું એક પ્રગણું કે દેશ હતો. તેની ઉત્તરે કાળો સમુદ્ર, દક્ષિણે ફ્રુગિયા, પૂર્વે પાફલાગોનીઆ અને પશ્ચિમે મુસિયા આવેલો હતો. પુરાતન વખતમાં ત્યા મંડળી સ્થાપન થઇ હતી (૧ પીત. ૧; ૧). પાઉલ પોતાની યૂરોપની મુસાફરીમાં (ઇ. સ. ૫૩) જતાં ત્યાં જવાનો હતો, પણ આત્માથી પાઉલને ત્યાં જવાની મના થઇ (પ્રે. કૃ. ૧૬; ૭). ઇતિહાસ પરથી જણાય છે કે આ પ્રાંત ઉપર રૂમી હાકેમ પ્લીની હતો. તે વખતમાં ત્યાં ખ્રીસ્તીઓ ઘણા હતા, અને રૂમનો બાદશાહ

તે વખતે ત્રાજાન હતો (ઇ. સ. ૧૦૭). આ પ્રાંતમાં આવેલાં મુખ્ય શહેરો નીકોમેદીઆ, હેરાકલી, નીસીઆ અને કાલ્સેદોન હતાં. કદાચ ત્રોઆસ અને ગલાતીઆથી સુવાર્તાની વાતો અહિં ફેલાઇ હશે. અને એમ હોય તો કદાચ લુકે ત્રોઆસથી આવીને અહિં સુવાર્તાનાં બીજ વાવ્યાં હોય.

બિદકાર (૨ રા. ૯; ૨૫). તે યેહૂનો સરદાર હતો. તેણે યોરામના શબને ઉંચકીને નાબોથના ખેતરના વાંટામાં નાખ્યું.

બિનઆ = અચાનક બહાર આવવું. બિન્યામીની મોસાનો પુત્ર (૧ કાળ. ૮; ૩૭: ૯; ૪૩).

બિન્નૂઇ. આ નામના જુદા જુદા પાંચ માણસનાં નામ શાસ્ત્રમાં આવે છે (એઝ. ૮; ૩૩: ૧૦; ૩૦, ૩૮. નહે. ૩; ૨૪: ૧૦; ૯: ૧૨; ૮: ૭; ૧૫).

બિન્યામીન = મારા જમણા હાથનો પુત્ર. (૧) યાકુબને રાહેલથી થએલો નાનો પુત્ર બિન્યામીન હતો (ઉત્પ. ૩૫; ૧૮). તેનો જન્મ બેથેલ અને બેથલેહેમની વચ્ચે એફ્રાથ આગળ થયો હતો. એફ્રાથ બેથલેહેમથી બહુ દૂર ન હતું. તેને જન્મ આપતાં તેની મા મરણ પામી હતી, અને મરતી વખતે તેણીએ તેનું નામ "બેનોની" પાડયું, એટલે મારા દુઃખનો પુત્ર. ત્યાર પછી તેના પિતા યાકુબે તે નામ બદલીને બિન્યામીન, એટલે જમણા હાથનો દીકરો એવું નામ પાડ્યું (ઉત્પ. ૩૫; ૧૮, ૧૯). અને તેના કુળને બિન્યામીન પુત્રો કહે છે (૪૯; ૨૭. પુન. ૩૩; ૧૨. યહો. ૧૮; ૨૧). બિન્યામીની કુળ—નિર્ગમનના વખતમાં એક શિવાય બીજાં બધાં કુળો કરતાં તેની ગણના ઓછી હતી, એટલે ૩૫,૪૦૦ પુરૂષો હતા (ગણ. ૧; ૩૬, ૩૭. ગીત. ૬૮; ૨૭). કૂચ કરતાં તેઓની જગ્યા મુલાકાતમંડપની પશ્ચિમે મનાશ્શેહ તથા એફ્રાઇમની સાથે હતી (ગણ. ૧; ૩૭: ૨; ૧૮–૨૪). કનાનમાં પેસતાં આ કુળના ૪૫,૬૦૦ લડવૈયા હતા. કેટલાક એવું ધારે છે કે આ કુળની ધ્વજા ઉપર વરૂનો આકાર પાડવામાં આવતો હતો (ઉત્પ. ૪૯; ૨૭ પરથી). આ કુળ વિષે રૂમી. ૧૧; ૧. ફિલી. ૩; ૫ માં વાત આવે છે. બિન્યામીન કુળનો વારસો—યરદનની પશ્ચિમે યહુદાહ અને એફ્રાઇમની વચ્ચે તેમને દેશ આપવામાં આવ્યો હતો. આ મુલક ૨૬ માઇલ લાંબો અને ૧૨ માઇલ પહોળો હતો. મુલકમાં આવેલાં મુખ્ય શહેરો યહો. ૧૮; ૨૧–૨૮ માં બતાવવામાં આવ્યાં છે. યરૂશાલેમ, યરેખો, આય, અનાથોથ, ગિબઆહ અને મીઝપેહ વિગેરે પ્રખ્યાત શહેરો આ પ્રાંતમાં આવેલાં હતાં. આ કુળના લોકો બીજાં અગિયાર કુળ સામે લડાઇમાં ઉતર્યા અને એથી લગભગ તેમનો નાશ થયો (જુઓ ગિબઆહ. ન્યા. ૨૦; ૨૦: ૨૧; ૧૦). યહુદીઓનો પહેલો રાજા શાઉલ હતો અને તે બિન્યામીની હતો. દાઉદ રાજાના વખતમાં આ કુળ અને યહુદાહ કુળ વચ્ચે સલાહ થઇ (૨ શમૂ. ૧૯; ૧૬, ૧૭), અને દાઉદના મરણ પછી પણ તે સંપ જારી રહ્યો (૧ રા. ૧૧; ૧૩: ૧૨; ૨૦). બંદિપ્રવાસ પછી આ બે કોમ મળી યહુદી મજબૂત કોમ ઉભી થઇ (એઝ. ૧૧; ૧: ૧૦; ૯). આ કોમના લોક ધનુષ્ય મારવામાં (૧ શમૂ. ૨૦; ૨૦, ૩૬. ૨ શમૂ. ૧; ૨૨. ૧ કાળ. ૮; ૪૦: ૧૨; ૨) અને ગોફણ ફેંકવામાં (ન્યા. ૨૦; ૬) પ્રખ્યાત હતા. બિન્યામીનની ભાગળ (યિર્મે. ૩૭; ૧૩: ૩૮; ૭. ઝખ. ૧૪; ૧૦). યરૂશાલેમના એક દરવાજાને ઉપલું નામ આપવાનું કારણ એ હતું કે, યરૂશાલેમની ઉત્તર તરફ બિન્યામીન કુળના ભાગ તરફ આ દરવાજો આવેલો હતો. તેને 'બિન્યામીનની ઉપલી ભાગળ' એવું નામ યિર્મેયાહ આપે છે (૨૦; ૨); વળી તેને "લોકોના પુત્રોની ભાગળ" (૧૭; ૧૯–૨૭) એવું નામ પણ આપવામાં આવ્યું છે (૨ રા. ૧૪; ૧૩).

(નવા કરારમાં તેના વિષે સરખાવો પ્રે. કૃ. ૧૩; ૨૧. રૂમી. ૧૧; ૧. ફિલી. ૩; ૫).

બિમ્હાલ = કોહવાણનો પુત્ર. આશેર પુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૩૩).

બિર્ઝાઇથ (૧ કાળ. ૭; ૩૧).

બિર્શા = દુષ્ટપણાનો પુત્ર. ગમોરાહનો રાજા હતો, જેણે કદોરલાઓમેરની સામે દંગો કર્યો હતો.

બિલઆમ (૧ કાળ. ૬; ૭૦). મનાશ્શેહના અર્ધભાગમાંથી કહાથના પુત્રોને જે નગરો આપવામાં આવ્યાં તેમાંનું એક નગર હતું (જુઓ યિબ્લઆમ).

બિલ્ગાય (નહે. ૧૦; ૮).

બિલ્ગાહ = જયકાર. (૧) મંદિરની સેવાના અનુક્રમમાં તેનો નંબર પંદરમો હતો (૧ કાળ. ૨૪; ૧૪). (૨) બાબેલથી પાછો આવેલો એક યાજક હતો (નહે. ૧૨; ૫, ૧૮).

બિલ્દાદ = પશ્ચાત્તાપનો પુત્ર. આ માણસ અયૂબના ત્રણ મિત્રોમાંનો એક હતો (અયૂ. ૨; ૧૧: ૪૨; ૯). તેનું ભાષણ ૮; ૧૮ અને ૨૫ માં આવે છે. તે બુદ્ધિવંત માણસ હતો, તેને શૂહી કહે છે. હવે શૂઆહ ઇબ્રાહીમની સ્ત્રી કટૂરાહનો છઠ્ઠો પુત્ર હતો. તેને ઇબ્રાહીમે પૂર્વ દિશામાં વાસો કરવાને મોકલ્યો (ઉત્પ. ૨૫; ૨-૧૪). તો કદાપિ આ શૂહી તે શૂઆહના વંશનો હશે. આ માણસ અનુભવ ઉપર વિશેષ આધાર રાખનાર હતો, અને અયૂબની સાથે વાત કરતાં ગત કાળમાં જે જે બન્યું તેનાં પ્રમાણો આપતો હતો. તેણે ત્રણ વાર અયૂબની સાથે દલીલ કીધી.

બિલ્શાન = સુભાષિત. ઝરૂબ્બાબેલની સાથે બાબેલમાંથી જેઓ પાછા આવ્યા તેમાંનો એક હતો (એઝ. ૨; ૨. નહે. ૭; ૭).

બિલ્હાન = પ્રમાણિક. (૧) એસેરના ત્રણ પુત્રોમાંનો જ્યેષ્ઠ પુત્ર (ઉત્પ. ૩૬; ૨૭. ૧ કાળ. ૧; ૪૨). (૨) બિન્યામીન-પુત્રોમાંના યદીઅએલનો વડો પુત્ર (૧ કાળ. ૭; ૧૦).

બિલ્હાહ = શરમાળ. (૧) રાહેલની દાસી હતી. રાહેલના પિતા લાબાને રાહેલની દાસી થવાને તેને આપી હતી (ઉત્પ. ૨૯; ૨૯). આ દાસી આગળ જતાં દાન અને નાફતાલીની મા થઇ (ઉત્પ. ૩૦; ૩-૮). રેઉબેન તેની સાથે સુતો તેથી તેણે પોતાનો આશીર્વાદ ખોઇ નાખ્યો (ઉત્પ. ૩૫; ૨૨: ૪૯; ૪). અને જુઓ ૧ કાળ. ૭; ૧૩. ઉત્પ. ૪૬; ૨૫: ૩૭; ૨. (૨) આજ નામનું એક શહેર શિમઓનના ભાગમાં આવેલું હતું (૧ કાળ. ૪; ૨૯). વળી તેને યહો. ૧૯; ૩ માં બાલાહ કહે છે.

બિશ્લામ = શાન્ત. (એઝ. ૪; ૭). ઇરાનના રાજા ઉપર જે માણસોએ પત્ર લખ્યો તેમાંનો એક હતો. પત્ર અરામી ભાષામાં લખાયો હતો.

બીઝથા. સાત ખવાસ જે આહાશ્વેરોશ રાજાના હજુરિયા નોકર હતા તેમાંનો એક (એસ્ત. ૧; ૧૦).

બુક્કી = ખાલી. (૧) દાનપુત્રોના કુળનો અધિપતિ (ગણ. ૩૪; ૨૨). (૨) લેવીપુત્રોમાંનો એક (૧ કાળ. ૬; ૫, ૫૧. એઝ. ૭; ૪).

બુક્કીયાહ = યહોવાહનું વેરાન. દાઉદ તથા સૈન્યના સરદારે સેવાને સારૂ જે માણસો પસંદ કર્યા તેઓમાંનો એક હતો (૧ કાળ. ૨૫; ૪, ૧૩).

બુન્ની = બાંધ્યું. (નહે. ૯; ૪: ૧૦; ૧૫: ૧૧; ૧૫). ત્રણ માણસ.

બુલ = રજુ કરવું. (૧ રા. ૬; ૩૮). લૌકિક વર્ષનો બીજો અને ધાર્મિક વર્ષનો યહુદીઓનો આઠમો મહિનો હતો. તેનું બીજું નામ 'માર્કેસવાન' હતું. તે ૨૯ દિવસનો હતો. આ ઋતુ ઓરણીની હતી. આજ વખતમાં અંગ્રેજી માસ અક્ટોબર તથા નવેંબર છે.

બૂઝ = ધિક્કાર. (૧) તેનાં માબાપ નાહોર અને મિલ્કાહ હતાં. તેના વડા ભાઇનું નામ ઉસ હતું (ઉત્પ. ૨૨; ૨૧). અયૂબનો મિત્ર અલીહૂ તે આ કોમનો હતો (અયૂ. ૩૨; ૨).

(૨) ગાદપુત્રોમાંનો મુખ્ય પુરૂષ (૧ કાળ. ૫ ; ૧૪). (૩) બૂઝ નામનો અરબસ્તાનમાં એક પ્રાંત હતો (યિર્મે. ૨૫ ; ૨૩).

બૂઝી = મારો ધિક્કાર. ભવિષ્યવાદી હઝકીએલનો પિતા (હઝ. ૧ ; ૩).

બૂનાહ = ડહાપણ. યહુદાહપુત્રોમાંના યરાહમએલના પુત્રોમાંનો બીજો પુત્ર (૧ કાળ. ૨ ; ૨૫).

બેઆલોથ = શહેરીઓ. યહુદાહની દક્ષિણે આવેલું એક શહેર હતું (યહો. ૧૫ ; ૨૪). તે અને બાઅલાથ-બએર ઘણું કરીને એક ને એકજ હશે (યહો. ૧૯ ; ૮). અને ૧ રા. ૪ ; ૧૬ માં તેને બઆલોથ કહે છે.

બેઉલાહ = પરણેલી. આ નામ લાક્ષણિક રીતે યહુદાહને લગાડવામાં આવેલ હતું. "તારા દેશ બેઉલાહ કહેવાશે," એટલે તારો દેશ લગ્ન કરશે; અર્થાત્ યહુદાહ પ્રભુથી આશીર્વાદિત થશે (યશા. ૬૨ ; ૪).

બેઓન = ચારાની જગ્યા. બઆલ-મેઓનનું ટુંકુ નામ છે (ગણ. ૩૨ ; ૩).

બેઓર = બંદર (?). (૧) અદોમના રાજા બેલાનો પિતા (ઉત્પ. ૩૬ ; ૩૨. ૧ કાળ. ૧ ; ૪૩). (૨) બલઆમનો પિતા (ગણ. ૨૨ ; ૫ : ૨૪ ; ૩, ૧૫ : ૩૧ ; ૮. પુન. ૨૩ ; ૪. યહો. ૧૩ ; ૨૨ : ૨૪ ; ૯. મીખા. ૬ ; ૫. નવા કરારમાં ૨ પીત. ૨ ; ૧૫).

બેખેર = પ્રથમજનિત. (૧) બિન્યામીનનો બીજો પુત્ર (ઉત્પ. ૪૬ ; ૨૧). તે યાકુબની સાથે મિસર દેશમાં આવ્યો હતો (૧ કાળ. ૭ ; ૬, ૮). (૨) એફ્રાઇમનો પુત્ર બેરેદ તે બેખેરીઓનો પૂર્વજ હતો (ગણ. ૨૬ ; ૩૫).

બેઝેક = હલકો. (૧) આ નામનું એક શહેર યહુદાહના ભાગમાં આવેલું હતું. તે અદોનીબેઝેકની રાજધાની હતી. યહુદાહે શિમઓનની મદદથી આ શહેર જીતી લીધું અને ત્યાંના રાજા અદોનીબેઝેકને પકડીને તેના હાથના તથા પગના અંગુઠા કાપી નાખ્યા (ન્યા. ૧૦ ; ૩, ૬). હાલ શહેરને 'બેઝકાહ' કહે છે, જે લુદ્દાથી ૭ માઇલ દૂર છે. (૨) જ્યારે શાઉલ નાહાશની સામે લડવા નીકળ્યો ત્યારે બેઝેકમાં સૈન્યની ગણત્રી કીધી. આ વખતે ઇસ્રાએલનાં ત્રણ લાખ અને યહુદાહનાં ૩૦ હજાર માણસ થયાં હતાં (૧ શમૂ. ૧૧ ; ૮). યરદનની પાસે દેશના મધ્ય ભાગમાં કોઇ જગ્યા પર આ શહેર આવેલું હતું. હાલ તેને 'ઇબ્ઝીક' કહે છે, જે શખેમથી ૧૩ માઇલ દૂર આવેલ છે.

બેટેન (યહો. ૧૯ ; ૨૫). આશેરપુત્રોની સરહદનું એક શહેર હતું.

બેથ-અનોથ = જવાબનું ઘર. યહુદાહના પહાડી મુલકનું એક શહેર છે. હાલ તેને 'બૈત-અનુન' કહે છે, જે હેબ્રોનથી ત્રણ માઇલ દૂર આવેલ છે (યહો. ૧૫ ; ૫૯).

બેથ-અરાબાહ = અરણ્યનું ઘર. યહુદાહનાં છ નગરોમાંનું એક હતું ; તે યરદન અને મૃત સમુદ્રની ખીણમાં આવેલ હતું (યહો. ૧૮ ; ૨૨). યહો. ૧૫ ; ૬૧ માં લખ્યું છે કે તે અરણ્યમાં આવેલું છે. પછીથી આ શહેર બિન્યામીનના તાબામાં આવ્યું. યહો. ૧૮ ; ૧૮ માં તેને અરાબાહ કહે છે.

બેથ-આઝમાવેથ = બળવાનનું ઘર. યહુદાહનું એક શહેર હતું, જે યરૂશાલેમની પાસે હતું (નહે. ૭ ; ૨૮). તેને એઝ. ૨ ; ૫૪માં ફક્ત આઝમાવેથ કહે છે. અહિંનાં ૪૨ માણસો ગુલામગીરીથી પાછાં ફર્યાં હતાં.

બેથ-આર્બેલ = પ્રભુની અદાલતનું ઘર. કોઇ લશ્કરી કિલ્લાની જગ્યાને આ નામ આપવામાં આવેલ હતું એમ દેખાય છે, શાસ્ત્રમાં બીજી કોઇ જગ્યામાં આ નામ આવતું નથી (હોશી. ૧૦ ; ૧૪). કેટલાક ધારે છે કે ગાલીલમાં ગેન્નેસારેતની પાસે 'આરબેલા' જગ્યા તે આજ હશે. હોશી. ૧૦ ; ૧૪ માં 'શાલ્માન' નામ આવે છે તે ઘણું કરીને આશ્શૂરનો રાજા શાલ્મેનેસેર હશે (૨ રા. ૧૭ ; ૩ સરખાવો).

બેથ-આવેન = નકામાનું (મૂર્તિનું) ઘર. બેથેલની પૂર્વે, બિન્યામીનના પહાડોમાં આ

નામની જગ્યા આવેલી હતી (યહો. ૭; ૨: ૧૮; ૧૨. ૧ શમૂ. ૧૩; ૫). હોશી. ૪; ૧૫: ૫; ૮: ૧૦; ૫ માં આ જગ્યા બેથેલને બદલે આવે છે, કેમકે બેથેલ (= દેવનું ઘર) થી તે બહુ દૂર ન હતી. બેથ-આવેન તે વાછરડાની પૂજાની જગ્યા હતી.

બેથ-એમેક = ખીણનું ઘર. આશેરપુત્રોની સરહદની જગ્યા (યહો. ૧૯; ૨૭).

બેથ-એસેલ = પડોશીનું ઘર. (મીખા. ૧; ૧૧).

બેથ-કાર = મેંઢાનું ઘર. મિસ્પાહની પશ્ચિમે આ જગ્યા આવેલી હતી. ત્યાં આગળ ઇસ્રાએલીઓએ પલિસ્તીઓને હરાવ્યા હતા (૧ શમૂ. ૭; ૧૧).

બેથ-ગાદેર = કોટવાળું ઘર. આ જગ્યાનો મુખ્ય માણસ કાલેબના પુત્રોમાંનો હારેફ હતો (૧ કાળ. ૨; ૫૧). યહો. ૧૨; ૧૩ માં ગેદેર આવે છે તે આજ બેથ-ગાદેર હશે.

બેથ-ગામૂલ = નાનાં બાળકનું ઘર. મોઆબના સપાટ પ્રદેશનું એક શહેર હતું. તેના શાસન વિષે યિર્મેયાહ ભવિષ્ય કહે છે (યિર્મે. ૪૮; ૨૩).

બેથ-તાપ્પૂઆહ = સફરજન (એપલ) નું ઘર. યહુદાહમાં આવેલું એક નગર હતું. હાલ તેને 'તુપુહ' કહે છે, જે હેબ્રોનથી પશ્ચિમે પાંચ માઇલ પર આવેલું હતું (યહો. ૧૫; ૫૩).

બેથ-દાગોન = દાગોનનું ઘર. (૧) યહુદાહના નીચ પ્રદેશમાં આ શહેર આવેલું હતું (યહો. ૧૫; ૪૧). તેને હાલ 'બેઇત-દાગોન' કહે છે, જે લુદાથી પાંચ માઇલ દૂર આવેલ છે. (૨) પલિસ્તીઓનું એક શહેર આશેરમાં આવેલું હતું (યહો. ૧૯; ૨૭).

બેથ-દિબ્લાથાઇમ = અંજીરની બે રોટલીનું ઘર. મોઆબનું એક શહેર હતું. યિર્મેયાહે તેના નાશ વિષે ભવિષ્ય કહ્યું હતું (યિર્મે. ૪૮; ૨૨). તેને 'આલ્મોન દિબ્લાથાઇમ' (ગણ. ૩૩; ૪૬) અને 'દીબ્લાહ' કહે છે (હઝ. ૬; ૧૪).

બેથ-નિમ્રાહ = મીઠા પાણીનું ઘર. ગાદકુળમાં આવેલું એક શહેર (ગણ. ૩૨; ૩૬. યહો. ૧૩; ૨૭).

બેથ-પાસ્સેસ = વેરાઇ ગએલાનું ઘર. યિસ્સાખારનાં સોળ નગરોમાંનું એક (યહો. ૧૯; ૨૧).

બેથ-પેઓર = બઆલપેઓરનું ઘર. આ નામની જગ્યા મોઆબમાં યરેખોની સામી બાજુ અને યરદન નદીની પૂર્વે આવેલી હતી અને રેઉબેન કુળના ભાગમાં હતી (યહો. ૧૩; ૨૦. પુન. ૩; ૨૯: ૪; ૪૬). આ જગ્યાની પાસે મુસાને દફનાવવામાં આવ્યો હતો (પુન. ૩૪; ૬).

બેથ-પેલેટ = નાસવાનું ઘર. યહુદાહપુત્રોના કુળના છેવાડાં નગરોમાંનું એક (યહો. ૧૫; ૨૭. નહે. ૧૧; ૨૬).

બેથ-ફાગે = કાચાં અંજીરનું ઘર. યરૂશાલેમથી યરેખોની સડક પર જૈતુન પહાડ પર આ નામનું ગામ આવેલું હતું (માત્થી ૨૧; ૧. માર્ક. ૧૧; ૧. લુક. ૧૯; ૨૯). તે બેથાનીઆની છેક પાસે આવેલું હતું. યરૂશાલેમથી સાબ્બાથ દિવસની મુસાફરી જેટલું દૂર આવેલું હતું, એટલે આશરે ૨,૦૦૦ હાથ દૂર. હાલ તેને 'કેફ્રએત-તુર' કહે છે.

બેથ-બઆલ-મેઓન = બઆલ-મેઓનનું ઘર (યહો. ૧૯; ૧૭). જુઓ બઆલ-મેઓન.

બેથ-બારાહ = ઓળંગવાનું ઘર. (પાર ઉતરવું). આ જગ્યા ગિદઓને જે જગ્યાએ મિદ્યાનીઓને હરાવ્યા તેની દક્ષિણ ગમ આવેલ હતી (ન્યા. ૭; ૨૪). તે પ્રગણામાં યરદનનો મુખ્ય આરો ઘણું કરીને આ હતો. યાકુબ જ્યારે મેસોપતામીઆથી પાછો આવ્યો ત્યારે ઘણું કરીને આજ આરે થઇને યરદન નદી તેણે ઓળંગી હતી, જે યાબ્બોક નાળાની પાસે હતો (ઉત્પ. ૩૨; ૨૨). આજ આરો ઓળંગતાં યિફતાહે એફ્રાઇમીઓને કતલ કર્યા હતા (ન્યા. ૧૨; ૪). જુઓ બેથાનીઆ.

બેથ-બીરઇ = મારી સૃષ્ટિનું ઘર. શિમઓન-પુત્રોનું એક શહેર (૧ કાળ. ૪; ૩૧).

બેથ-માઅખાહ = માઅખાહનું ઘર. પાલેસ્તાઇનની ઉત્તરમાં નાફતાલી કુળમાં દાનની પાસે આ શહેર આવેલું હતું. ત્યાંના રહેવાસીઓના બળને લીધે આ શહેર નામચાર થયું હતું. તેને ઇસ્રાએલની મા કહે છે (૨ શમૂ. ૨૦; ૧૯). જુઓ આબેલ-બેથ-માઅખાહ.

બેથ-માર્કાબોથ = રથનું ઘર. યહુદાહપુત્રોના વતનમાંથી શિમઓનને જે નગર આપવામાં આવ્યાં તેમાંનું એક (યહો. ૧૯; ૫. ૧ કાળ. ૪; ૩૧).

બેથ-મેઓન = મેઓનનું ઘર. બેથ-બઆલ-મેઓનનું ટુંકું નામ. જુઓ બેથ-બઆલ-મેઓન (યિર્મે. ૪૮; ૨૩).

બેથ-યશીમોથ = વેરાન ઘર. મોઆબ દેશમાં યરદનની પૂર્વે આબેલ-શિટ્ટીમની પાસે આ નામનું એક ગામ આવેલું હતું. ઇસ્રાએલીઓએ યરદન નદી ઓળંગી તે પહેલાં આ જગ્યાએ મુકામ કીધો હતો (ગણ. ૩૩; ૪૯). તે અમોરીઓના રાજા સિહોનના સંસ્થાનમાં આવેલું હતું (યહો. ૧૨; ૩. હઝ. ૨૫; ૯).

બેથ-રહોબ = રહોબનું ઘર. આમ્મોનપુત્રોએ દાઉદના માણસોની દાઢી કાતરી નાખી ભારે અપમાન કીધું, ત્યારે દાઉદની બીકથી તેમણે બેથ-રહોબના અરામીઓને પોતાની મદદે બોલાવ્યા હતા (ન્યા. ૧૮; ૨૮. ૨ શમૂ. ૧૦; ૬, ૮). જુઓ રહોબ.

બેથ-રાફા = રાફાનું ઘર. યહુદાહપુત્રોમાંનો એશ્તોનનો પુત્ર (૧ કાળ. ૪; ૧૨).

બેથ-લબાઓથ = સિંહણનું ઘર. શિમઓનને યહુદાહપુત્રોના વતન મધ્યેથી જે નગરો મળ્યાં તેમાંનું એક. તે અદોમની સરહદ પર આવેલું હતું (યહો. ૧૯; ૬ : ૧૫; ૩૨).

બેથ-લે-આફ્રાહ = ધૂળનું ઘર (?). (મીખા. ૧; ૧૦).

બેથલેહેમ = રોટલીનું ઘર. (૧) યહુદાહના પહાડી પ્રદેશનું એક શહેર હતું. તેને પુરાતન વખતમાં એફ્રાથ કહેતા હતા (ઉત્પ. ૩૫; ૧૬, ૧૯ : ૪૮; ૭. રૂથ. ૪; ૧૧). વળી તેને મીખા. ૫; ૨ માં 'બેથલેહેમ એફ્રાથાહ.' અને લુક. ૨; ૪ માં 'દાઉદનું શહેર' અને ૧ શમૂ. ૧૭; ૧૨ માં 'બેથલેહેમ યહુદાહ' પણ કહે છે. આ શહેર વિષે પહેલો ઇતિહાસ રાહેલના મરણની જગ્યા સંબંધે જોડાયલો છે (ઉત્પ. ૪૮; ૭). જ્યાં લખ્યું છે કે, "તેને બેથલેહેમના માર્ગમાં દાટી હતી." બોઆએણ રૂથની વાત આ શહેરના પૂર્વ પ્રદેશ સાથે સંબંધ રાખે છે. ત્યાંનાં ખેતરોમાં તે કણસલાં વીણવા ગઇ અને ત્યાં આગળ આવેલા માર્ગે રૂથ તથા તેની સાસુ નાઓમી શહેરમાં આવ્યાં હતાં. અહિં દાઉદનો જન્મ થયો એટલુંજ નહિ, પણ શમૂએલ ભવિષ્યવાદીએ આજ શહેરમાં રાજા થવાને તેનો અભિષેક કીધો હતો (૧ શમૂ. ૧૬; ૪-૧૩). વળી આજ શહેરના કુવામાંથી, દાઉદ જ્યારે અદુલ્લામની ગુફામાં સંતાયો હતો ત્યારે તેના શૂરવીરોએ પોતાનો જીવ જોખમમાં નાખી પાણી આણ્યું હતું (૨ શમૂ. ૨૩; ૧૩–૧૭). પણ બીજા બધાં શહેરોથી આ શહેર પ્રભુ ઇસુના જન્મને માટે વધારે પ્રસિદ્ધ છે (માત્થી ૨; ૬. મીખા. ૫; ૨). ત્યાર પછી હેરોદ રાજાએ આજ શહેરનાં બે વર્ષનાં બાળકોને કતલ કરાવ્યાં હતાં (માત્થી ૨; ૧૬, ૧૮. યિર્મે. ૩૧; ૧૫). બેથલેહેમને હાલ બૈત-લહમ કહે છે. તે સમુદ્રની સપાટીથી ૨,૨૫૦ ફુટ અને યરૂશાલેમથી ૧૦૦ ફુટ ઉંચાઇમાં હોઇ, યરૂશાલેમથી દક્ષિણમાં પાંચ માઇલ પર આવેલ છે. મહાન કોન્સ્ટાન્ટીને બાંધેલું એક મંદિર હજી ત્યાં હયાત છે (ઇ. સ. ૩૩૦). તેની પાસે એક ભોંયરૂં છે, જેને 'પવિત્ર ગુફા' કહે છે; ત્યાં આપણો પ્રભુ ઇસુ જન્મ્યો એમ કહેવાય છે. તેની પાસે એક બીજી ગુફા છે, જ્યાં ધર્મપિતા જેરોમે ૩૦ વર્ષ રહીને શાસ્ત્રનો 'લેટીન વલગેટ' તરજુમો કીધો એમ કહેવાય છે. હાલ શહેરમાં આશરે ૩,૦૦૦ માણસની વસ્તી છે અને શહેરથી બે માઇલ દૂર

રાહેલની કબર આજ સુધી બતાવવામાં આવે છે. (૨) ઝબુલૂન પ્રાંતનું એક શહેર છે, જે વિષે માત્ર યહો. ૧૯; ૧૫ માં વાત આવે છે. તેને હાલ 'બૈત-લહમ' કહે છે. તે નાઝરેથથી વાયવ્ય કોણમાં છ માઇલ ઉપર આવેલું છે.

બેથ-શઆન = વિશ્રામસ્થાન. આ શહેર યરદનની પશ્ચિમ ગમ મનાશ્શેહના ભાગમાં આવેલું હતું (૧ કાળ. ૭; ૨૯). આ શહેરની ભીંત ઉપર શાઉલ તથા તેના છોકરાઓનાં મુડદાં લટકાવવામાં આવ્યાં હતાં (૧ શમૂ. ૩૧; ૧૦, ૧૨. ૨ શમૂ. ૨૧; ૧૨). રાજા સુલેમાનના વખતમાં આ નામ એક પ્રગણાને આપવામાં આવ્યું હતું (૧ રા. ૪; ૧૨). યરૂશાલેમથી દમસ્ક જવાના રસ્તા ઉપર યરદન નદીથી પાંચ માઇલ ઉપર અને ગેન્નેસારેત સમુદ્રની દક્ષિણમાં ચૌદ માઇલ ઉપર તે આવેલું છે. બંદિપ્રવાસ પછી તેને સ્કીથીઓપોલીસ (= સ્કુથી લોકનું શહેર) કહેતા હતા. આ સ્કુથી લોક ઇ. સ. પૂ. ૬૪૦ માં આવી સિરિયાનાં જુદાં જુદાં પ્રગણાંમાં વસ્યા હતા. હાલ તેને 'બૈશાન' કહે છે.

બેથ-શિટ્ટાહ = બાવળનું ઘર. મિદ્યાનીઓનું સૈન્ય ગિદઓનથી હાર ખાઇ બેથ-શિટ્ટાહ સુધી નાઠું હતું (ન્યા. ૭; ૨૨).

બેથ-શેઆન (યહો. ૧૭; ૧૧, ૧૬. ન્યા. ૧; ૨૭). બેથશાન અને બેથ-શેઆન તે એક ને એકજ છે. જુઓ બેથશાન (૧ કાળ. ૭; ૨૯. સરખાવો ૧ શમૂ. ૩૧; ૧૦, ૧૨. ૨ શમૂ. ૨૧; ૧૨).

બેથ-શેમેશ = સૂર્યનું ઘર. (૧) દાનના ભાગમાં આવેલું ધાર્મિક શહેર (યહો. ૨૧; ૧૬. ૧ શમૂ. ૬; ૧૫). યહુદાહની ઉત્તર સીમા પર આવેલું હતું (યહો. ૧૫; ૧૦). આ જગ્યાએ ઇસ્રાએલનો રાજા યહોઆશ તથા યહુદાહનો રાજા અમાસ્યાહ સામસામે યુદ્ધને માટે મળ્યા હતા, તેમાં અમાસ્યાહ કેદી થયો (૨ રા. ૧૪; ૧૧, ૧૩). ત્યાર પછી આ શહેર પલિસ્તીઓના હાથમાં આવ્યું (૨ કાળ. ૨૮; ૧૮). હાલ યરૂશાલેમની પશ્ચિમે ચૌદ માઇલ પર 'આઇન-શેમ્સ' નામનું એક ખંડિયેર એ નામથી ઓળખાય છે. (૨) બેથશાનની દક્ષિણમાં સાડા સાત માઇલ ઉપર યરૂશાલેમની દક્ષિણ સરહદ પર, યરદન નદી અને તાબોર પહાડની વચ્ચે (યહો. ૧૯; ૨૨, ૩૮. ન્યા. ૧; ૩૩) આવેલું છે. (૩) નાફતાલીનું એક કોટબંધ શહેર હતું (યહો. ૧૯; ૩૮). કદાપિ આ અને નંબર (૨) તે એક ને એકજ હશે. (૪) મિસર દેશમાં મૂર્તિપૂજાનું એક મંદિર હતું (યિર્મે. ૪૩; ૧૩). યુનાનીઓ તેને 'હેલીઓપોલીસ' અને મિસરના લોકો તેને 'ઓન' કહે છે (ઉત્પ. ૪૧; ૪૫).

બેથ-સૂર = ખાંડનું ઘર. હેબ્રોનની ઉત્તરમાં ચાર માઇલ ઉપર યહુદાહના પહાડોમાં આ શહેર આવેલું હતું (યહો. ૧૫; ૫૮). આ શહેર રહાબઆમે પોતાના રાજ્યના રક્ષણાર્થે બંધાવ્યું હતું (૨ કાળ. ૧૧; ૭). હાલ 'બૈત-સૂર' નામના ખંડિયેરથી તે ઓળખાય છે.

બેથસૈદા = માછલીનું ઘર. (૧) આ શહેર તિબેરિયસ સમુદ્રની પશ્ચિમ બાજુએ ગાલીલ પ્રાંતના ગેન્નેસારેત પ્રગણામાં આવેલું હતું. પ્રેરિતોમાંના પિતર, આંદ્રયા અને ફિલીપનું તે વતનગામ હતું (માર્ક. ૬; ૪૫. યોહા. ૧; ૪૪: ૧૨; ૨૧). આ શહેરમાં પ્રભુ ઇસુ ખ્રીસ્ત વખતો વખત જતો હતો. તેમના સંબંધે અફસોસનું કારણ એ બતાવે છે કે, "ન્યાયકાળે સૂર તથા સીદોનને તારા કરતાં સહેલ પડશે" કેમકે તે પસ્તાવો કીધો નહિ. હાલ આ શહેરનું કંઇ પણ નામ નિશાન રહ્યું નથી (માત્થી ૧૧; ૨૧. લુક. ૧૦; ૧૩). (૨) આજ નામનું એક બીજું શહેર હતું, જ્યાં આગળ ઇસુએ પાંચ હજાર માણસોને ખવાડવાનો પ્રસિદ્ધ ચમત્કાર કીધો હતો (લુક. ૯; ૧૦. માર્ક. ૬; ૩૧. યોહ. ૬; ૧-૧૭. માત્થી ૧૪; ૧૩-૨૧).

અને આજ જગ્યાએ એક આંધળાને દેખતો કરવામાં આવ્યો હતો (લુક. ૯; ૧૦). આ શહેર ગાલીલ સમુદ્રની પૂર્વે, યરદન નદી સમુદ્રને મળે ત્યાંથી ઉપર બે માઇલ પર આવેલું હતું (માર્ક. ૮; ૨૨. યોહા. ૬; ૧૭. માત્થી ૧૪; ૧૫-૨૧). આ શહેરને જુલિયસ-બેથસૈદા કહે છે, કેમકે ફિલીપે તેને ફરી બંધાવ્યું અને ઘણું વધાર્યું અને ત્યાર પછી કાઇસાર ઑગસ્તસની દીકરી જુલિયસના નામ પરથી તેની યાદગારીમાં આ શહેરને બેથસૈદા જુલિયસ નામ આપ્યું. કેટલાક ધારે છે કે યરદન નદી ગાલીલ સમુદ્રને મળે છે, તે જગ્યા ઉપર નદીની બન્ને બાજુ પર આ એકજ શહેર બાંધવામાં આવેલ હતું, જેનો એક ભાગ પૂર્વમાં અને એક નદીની પશ્ચિમમાં હતો.

બેથ-હાક્કેરેમ = દ્રાક્ષવાડીનું ઘર (યિર્મે. ૬; ૧). આ જગ્યા યહુદાહમાં આવેલી હતી (નહે. ૩; ૧૪). ઘણું કરીને આ જગ્યાને હાલ "આઇન-કારીમ" (= દ્રાક્ષવાડીનો કુવો) કહે છે.

બેથ-હારાન (ગણ. ૩૨; ૩૬). ગાદ-પુત્રોએ વસાવેલાં કિલ્લાવાળાં નગરોમાંનું એક હતું. (જુઓ બેથ-હારામ).

બેથ-હારામ = ખડકનું ઘર. ગાદકોમનું એક શહેર હતું જે યરેખોની સામે યરદન નદીની પૂર્વગમ ત્રણ માઇલ દૂર આવેલું હતું (યહો. ૧૩; ૨૭). ઘણું કરીને બેથ-હારાન અને આ શહેર એક ને એકજ હશે. હાલ તેને 'બૈત-હારાન' કહે છે.

બેથ-હૉગ્લાહ = તિતરની જગ્યા. બિન્યા-મીનપુત્રોની સરહદનું એક શહેર હતું (યહો. ૧૫; ૬: ૧૮; ૧૯, ૨૧).

બેથ-હોરોન = ગુફાનું ઘર. યરૂશાલેમથી જોપ્પા જતાં એફ્રાઇમ પ્રાંતમાં આ નામનાં બે ગામ આવેલાં હતાં (૨ કાળ. ૮; ૫. ૧ કાળ. ૭; ૨૪). તેઓ ઉપરનું બેથ-હોરોન અને નીચેનું બેથ-હોરોન નામથી ઓળખાય છે. ઉપરનું બેથ-હોરોન યરૂશાલેમથી વાયવ્ય કોણમાં ૧૦ માઇલ ઉપર આવેલું હતું. બન્ને શહેર એક બીજાથી બે માઇલને અંતરે આવેલાં છે. બન્ને વચ્ચે આવેલ ચઢાવ અને ઢોળાવને બેથ-હોરોનનો ઘાટ એવું નામ આપવામાં આવ્યું હતું (યહો. ૧૦; ૧૦, ૧૧: ૧૮; ૧૩, ૧૪). આ જગ્યાએ દુનિયાની લડાઇઓમાંની એક પ્રખ્યાત લડાઇ થઇ હતી, એટલે યહોશુ-આએ અમોરીઓના પાંચ રાજાને ચમત્કા-રિક રીતે હરાવ્યા હતા. આ વખતે પ્રભુએ યહોશુઆના પક્ષમાં થઇ આકાશમાંથી અમોરીઓ પર પત્થરનો વરસાદ વરસાવી તેમનો સંહાર કીધો હતો. આ બન્ને શહેર હાલ 'એલ-ફોકા' અને 'એલ-તાહતી' નામથી ઓળખાય છે. (નિર્ગ. ૯; ૧૯, ૨૫. અયૂ. ૩૮; ૨૨, ૨૩. ગીત. ૧૮; ૧૨-૧૪. યશા. ૩૦; ૩૦ સરખાવો).

બેથાનીઆ = ખજુરીનું ઘર. આ ગામ જૈતુન પહાડની અગ્નિ કોણમાં પહાડના ઢોળાવ પર (માર્ક. ૧૧; ૧), યરૂશા-લેમથી પૂર્વમાં આશરે બે માઇલ દૂર યરેખોના રસ્તા ઉપર આવેલું છે; ત્યાં ખજુરીનાં ઘણાં ઝાડ આવેલાં હતાં તે પરથી આ શહેરને એ નામ આપવામાં આવ્યું હશે. આ ગામમાં લાજરસ અને તેની બહેનો રહેતી હતી. આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની જીંદગીના ઘણા બનાવો આ ગામની સાથે સંબંધ ધરાવે છે (માત્થી ૨૧; ૧૭: ૨૬; ૬. માર્ક. ૧૧; ૧, ૧૧, ૧૨: ૧૪; ૩. લુક. ૨૪; ૫૦. યોહા. ૧૧; ૧: ૧૨; ૧). હાલ આ ગામ 'એલ-આઝારિયા' (= લાજરસની જગ્યા) એ નામથી ઓળખાય છે. આ ભંગિત થએલું ગામ દૂરથી બહુ સુંદર દેખાય છે, તેમાં હાલ કેવળ વીસ કુટુંબ રહે છે. ત્યાંના લોક મુસાફર લોકોને લાજરસનું ઘર અને તેની કબર બતાવે છે પણ તે ખાતરીની વાત નહિ કહેવાય. નવી આવૃત્તિમાં યોહા. ૧; ૨૮ માં બેથાબારાને બદલે બેથાનીઆ જુના હસ્તલેખો ઉપર આધાર રાખીને

લખેલ છે. એમ દેખાય છે કે યરદન નદીની પૂર્વમાં આ નામની કોઇ જગ્યા આવેલી હતી. (જુઓ બેથ-બારાહ).

બેથેર = વિચ્છેદન. કોઇ લબાનોન પાસેના ખાસ પર્વતને આ નામ આપવામાં આવ્યું છે (ગીતોનું ગીત. ૨; ૧૭).

બેથેલ = પ્રભુનું ઘર. (૧) મધ્ય પાલેસ્ટાઇનમાં યરૂશાલેમની ઉત્તરે દસ માઇલ ઉપર સિખ્માથ અને આયના માર્ગના મથાળા પર આ જગ્યા આવેલી હતી. પુરાતન વખતમાં કનાનીઓની રાજધાની લૂઝને આ નામ આપવામાં આવ્યું હતું (ઉત્પ. ૨૮; ૧૯). પ્રથમ આ નામ લૂઝની પાસે આવેલા એક મૂર્તિપૂજક મંદિરને આપવામાં આવ્યું હતું, અને એફ્રાઇમ કોમે લૂઝને જીતી લીધું ત્યાં સુધી તે શહેર લૂઝ નામથી ઓળખાતું હતું. જ્યારે ઇબ્રાહીમે કનાન દેશમાં પ્રવેશ કર્યો ત્યારે તેનો બીજો મુકામ બેથેલ અને આયની વચ્ચે હતો (ઉત્પ. ૧૨; ૮). અને મિસરથી પાછા આવતાં બેથેલ તથા આયની વચ્ચે જ્યાં તેણે પહેલવહેલાં તંબુ તાણ્યો હતો ત્યાં યહોવાહની પ્રાર્થના કીધી (ઉત્પ. ૧૩; ૪). વળી યાકુબને અહિં બેરશેબાથી હારાન જતાં સ્વર્ગી સીડીનું દર્શન થયું હતું (ઉત્પ. ૨૮; ૧૦, ૧૯). અને હારાનથી પાછા ફરતાં આજ જગ્યાએ દેવે તેને દર્શન આપ્યું અને યાકુબે તેને સારૂ ત્યાં વેદી બાંધી (ઉત્પ. ૩૫; ૧-૧૫), ને તે જગ્યાનું નામ એલ-બેથેલ પાડયું. યાકુબના આ બીજા દર્શન વિષે હોશી. ૧૨; ૪, ૫ માં ટીકા કરવામાં આવી છે. ઇસ્રાએલીઓ પરમેશ્વરનો ઠરાવ જાણવાને મુશ્કેલીના વખતમાં બેથેલ જતા હતા (ન્યા. ૨૦; ૧૮, ૩૧: ૨૧; ૨). આ જગ્યાએ દેવનો કરારકોષ લાંબા વખત સુધી રહ્યો હતો, અને તે વખતે એલઆઝારનો દીકરો ફીનહાસ યાજક હતો (ન્યા. ૨૦; ૨૬-૨૮). વળી અહિં શમૂએલ ભવિષ્યવાદી વારા પ્રમાણે પોતાની કચેરી ભરતો હતો (૧ શમૂ. ૭; ૧૬). ઇસ્રાએલી રાજ્યના બે ભાગ થયા પછી ઇસ્રાએલના રાજા યરોબઆમે આ જગ્યાએ વાછરડાની પૂજા સ્થાપી હતી (૧ રા. ૧૨; ૨૮-૩૩: ૧૩; ૧), એને લીધે તેને ભવિષ્યવાદી બેથ-આવેન (= મૂર્તિનું ઘર) કહે છે (હોશ. ૪; ૧૫: ૫; ૮: ૧૦; ૫, ૮. આમો. ૫; ૫). ઇસ્રાએલીઓનું રાજ્ય આશ્શૂરીઓએ નષ્ટ કર્યું ત્યાં સુધી બેથેલમાં યાજકો રહેતા હતા (૨ રા. ૧૭; ૨૮, ૨૯). યહુદાહના રાજા યોશીયાહે ત્યાંની મૂર્તિનો તથા ઉંચસ્થાનોનો નાશ કીધો (૨ રા. ૨૩; ૧૫-૧૮). બંદિપ્રવાસ પછી પણ બેથેલ હયાત હતું (એઝ. ૨; ૨૮. નહે. ૭; ૩૨). સિલોહની દક્ષિણમાં ૯ માઇલ ઉપર તેનું ખંડિયેર હજી સુધી જોવામાં આવે છે. તેને 'બૈતીન' કહે છે. (૨) બેથેલની પાસે એક પહાડી પ્રગણાને બેથેલ નામ આપવામાં આવ્યું હતું (યહો. ૧૬; ૧. ૧ શમૂ. ૧૩; ૨). (૩) યહુદાહની દક્ષિણમાં આ નામનું એક શહેર આવેલું હતું (યહો. ૧૨; ૧૬: ૧૫; ૩૦).

બેથેલી = બેથેલના રહેવાસી. બેથેલી હીએલે યરેખો બાંધ્યું (૧ રા. ૧૬; ૩૪).

બેથેસ્દા = કૃપાનું ઘર. યરૂશાલેમમાં ઘેટાંના દરવાજા કે મારકેટ પાસે એક ન્હાવાનો કુંડ હતો, હેબ્રી ભાષામાં તેને બેથેસ્દા અને ગ્રીક ભાષામાં 'કોલુમ બેથરા' (= તરીને ન્હાવાની જગ્યા) કહે છે (નહે. ૩; ૧. યોહા. ૫; ૨). યુસીબિયસ ઇતિહાસક (ઇ. સ. ૩૩૦) તેને 'ઘેટાંનો કુંડ' કહે છે. આ કુંડને લગતી પાંચ પરશાળ હતી જેમાં રોગી, આંધળા, લંગડા અને સુકાઇ ગએલા ઘણા માણસો આવીને 'પાણી હાલવાની વાટ જોતા' પડી રહેતા હતા (યોહા. ૫; ૨). આ કુંડને હાલ 'કુંવારીનો ઝરો' કહે છે જે શીલોઆમના કુંડની પાસે કિદ્રોન નાળાના નીચ પ્રદેશમાં આવેલ છે. બીજા કેટલાક ધારે છે કે આ બેથેસ્દા તે હાલનો 'બરકેટ-ઇસ્રાએલ' કહેવાતો કુંડ હશે, પણ તે વિષે નક્કીપણે બતાવી શકાય તેમ નથી.

બેદયાહ (એઝ. ૧૦ ; ૩૫).
બેન = છોકરો (૧ કાળ. ૧૫ ; ૧૮).
બેનઆમ્મી = મારા ગોત્રનો પુત્ર. લોટની નાની દીકરીનો દીકરો તે આમ્મોનપુત્રોનો આદિ પિતા થાય. તેને આમોન પણ કહે છે (ઉત્પ. ૧૯; ૩૮).
બેન-એબેર (૧ રા. ૪; ૧૩). (ગેબેરનો પુત્ર). સુલેમાનના બાર મુખ્ય અમલદારોમાંનો એક હતો, જે રાજાના મોદીખાનાનો અધિકારી હતો.
બેનઝોહેથ = ઝોહેથનો પુત્ર (૧ કાળ. ૪; ૨૦).
બેન-દેકેર = દેકેરનો પુત્ર (૧ રા. ૪; ૯).
બેન-હદાદ = હદાદનો પૂજારી કે છોકરો. અરામી રાજાઓને આ અટકસૂચક નામ આપવામાં આવતું હતું, અને તેનો અર્થ એવો હતો કે હદાદ જે તેઓની એક મુખ્ય મૂર્તિ (સૂરજ) તેનો સેવક કે છોકરો. મતલબ કે અરામીઓમાં આ અટક બહુ માન ભરેલી ગણાતી હતી. આ નામના ત્રણ પુરૂષની વાત શાસ્ત્રમાં આવે છે. (૧) અરામનો આ નામનો એક રાજા હતો, તેના પિતાનું નામ ટાબ્રિમ્મોન હતું. તેની સાથે યહુદાહના રાજા આસાએ ભેટ મોકલી પોતાના પક્ષનો કરી ઇસ્રાએલના રાજા બાઅશા સામે લડવાને ઉશ્કેર્યો હતો (૧ રા. ૧૫; ૧૮. ૨ કાળ. ૧૬ ; ૨-૪). (૨) તે ઉપરના રાજાનો પુત્ર હતો, તે પણ અરામનો રાજા હતો. તેણે લાંબા વખત સુધી ઇસ્રાએલ સામે લડાઇ જોડી હતી. આ રાજાને ઘણું કરી હઝાએલ કે જે તેની પછી ગાદીએ બેઠો, તેણે તેને મારી નાખ્યો (૨ રા. ૮; ૭-૧૫). તેણે ૩૦ વર્ષ દમસ્કમાં રાજ્ય કીધું. (૩) આ પણ અરામનો રાજા હતો, તેના બાપનું નામ હઝાએલ હતું. તેના બાપની પછી તે ગાદીએ બેઠો (૨ રા. ૧૩; ૩, ૪). લડાઇમાં તે કેવો હારી જશે તે વિષે આમો. ૧; ૪ માં ખબર આપવામાં આવે છે (યિર્મે. ૪૯; ૨૭. સરખાવો). ઇસ્રાએલના રાજા યહોઆશે તેની પાસેથી લડાઇમાં લઇ લીધેલાં બધાં નગરો પાછાં મેળવ્યાં અને ત્રણવાર તેને મારીને કાઢયો હતો (૨ રા. ૧૩ ; ૨૫).
બેન-હાનાન = કૃપાળુનો પુત્ર. યહુદાહના વંશમાંનો એક (૧ કાળ. ૪; ૨૦).
બેન-હાયિલ = સૈન્યનો પુત્ર. યહોશાફાટ રાજાએ યહુદાહનાં નગરોમાં લોકોને બોધ કરવાને પોતાના મુખ્ય અમલદારોને મોકલ્યા તેમાંનો આ એક હતો (૨ કાળ. ૧૭; ૭).
બેન-હેશેદ = હેશેદનો પુત્ર (૧ રા. ૪; ૧૦).
બેની-યાઅકાન (પુન. ૧૦; ૬).
બેનોની = મારા દુ:ખનો પુત્ર. યાકુબના પુત્ર બિન્યામીનનું એક બીજું નામ હતું, જે નામ રાહેલે પોતાના દુ:ખમાં તેને જણી આ નામ આપ્યું હતું. પણ ત્યાર પછી તેના પિતા યાકુબે તે નામ બદલીને બિન્યામીન પાડયું હતું (ઉત્પ. ૩૫; ૧૮).
બેબાય (એઝ. ૮; ૧૧ : ૨; ૧૧ : ૧૦; ૧૮. નહે. ૭; ૧૬ : ૧૦; ૧૫).
બેરનીકે = જેકુંવરી. આગ્રીપા પહેલાની સૌથી મોટી પુત્રી. આ આગ્રીપાને પ્રે. કૃ. ૧૨ ; ૨૦ માં હેરોદ કહે છે, જે કીડાથી ચવાઇને મરણ પામ્યો. બેરનીકે પોતાના પ્રથમ ધણીના મરણ પછી પોતાના કાકા હેરોદની સાથે ફરી લગ્ન કીધાં હતાં. પણ ત્યાર પછી તેનો બીજો ધણી પણ મરણ પામ્યો (ઇ. સ. ૪૦) ત્યારે તે પોતાના ભાઇ આગ્રીપા બીજાની સાથે પ્યારમાં પડી (પ્રે. કૃ. ૨૫; ૧૩, ૨૩ : ૨૬ ; ૩૦) અને રૂમમાં જઇને રહ્યાં.
બેર-લાહાય-રોઇ = જે જીવતો (દેવ) મને જુએ છે તેનો કુવો. આ નામનો એક કુવો હતો કે જ્યાં હાગારને પ્રભુએ દર્શન દીધું હતું (ઉત્પ. ૧૬; ૭-૧૪). ઇબ્રાહીમનો પુત્ર ઇસ્હાક આ કુવાની પાસે રહ્યા હતો (૨૪; ૬૨ : ૨૫; ૧૧). કાદેશ-બારનીઆની પશ્ચિમે આશરે બાર માઇલ ઉપર 'મોઇલાહી' નામની જગ્યા આ કુવાને માટે બતાવે છે.

બેરશેબા = સમનો કુવો. આ કુવો ઇબ્રાહીમે ખોદાવ્યો હતો અને તેને આ નામ આપવાનું કારણ એ હતું કે ઇબ્રાહીમ અને અબીમેલેખની વચ્ચે આ જગ્યાએ પ્રતિજ્ઞા થઇ હતી (ઉત્પ. ૨૧; ૩૧). આ પુરી નાખેલો કુવો ફરી ઉઘાડી ઇસ્હાકે તેને એજ નામ આપ્યું હતું (ઉત્પ. ૨૬ ; ૩૧–૩૩). ઇસ્હાક અને તેનો પિતા ઇબ્રાહીમ આ જગ્યાએ રહેવાને ઘણા ખુશી હતા (૨૧ ; ૩૩ : ૨૨ ; ૧, ૧૯ : ૨૬ ; ૩૩ : ૨૮ ; ૧૦). શિમઓન કુળને જે શહેરો આપવામાં આવ્યાં હતાં તેમાં આ બેરશેબાનું નામ પણ આપવામાં આવ્યું છે (૧૯; ૨. ૧ કાળ. ૪; ૨૮). પાલેસ્ટાઇનની ઉત્તર દક્ષિણ લંબાઇ દાનથી બેરશેબા સુધી ગણવામાં આવતી હતી. દાનથી બેરશેબા સુધી પાલેસ્ટાઇનની લંબાઇ ૧૪૪ માઇલની છે (ન્યા. ૨૦; ૧. ૧ કાળ. ૨૧ ; ૨. ૨ શમૂ. ૨૪; ૨). બંદિપ્રવાસથી પાછા ફર્યા બાદ પાલેસ્ટાઇનની ઉત્તર દક્ષિણની લંબાઇ બેરશેબાથી હીન્નોમની ખીણ સુધી ગણાતી હતી (નહે. ૧૧; ૩૦). દસ કુળના લોક બેરશેબાથી માંડીને એફ્રાઇમના પહાડી મુલક સુધી વસ્યા હતા (૨ કાળ. ૧૯ ; ૪). બેરશેબા આ નામ નવા કરારમાં આવતું નથી. હજી સુધી અરબ લોક તેને 'બીર-એસ-સેબા' (= સાત કુળ) કહે છે, કેમકે હજી સુધી બે મોટા અને પાંચ નાના કુવા ત્યાં માલમ પડે છે. મૃતસમુદ્રની દક્ષિણ સરહદ અને ભૂમધ્યસમુદ્ર એ બેની વચ્ચે તે આવેલ છે.

બેરા = દુષ્ટતાનો દીકરો. તે સદોમનો રાજા હતો અને કદોરલાઓમેરની સાથેના ચાર રાજાઓમાંનો એક હતો (ઉત્પ. ૧૪ ; ૨, ૧૭, ૨૧).

બેરી = (૧ કાળ. ૭; ૩૬). આશેરપુત્રોમાંના સોફાહનો પુત્ર.

બેરીઆ = મુખ્ય ; ભારે. માકેદોનિયાનું એક શહેર હતું. થેસ્સાલોનીકામાં જ્યારે સતાવણી થઇ ત્યારે પાઉલ તથા તેના બે સાથીઓ એટલે સીલાસ તથા તીમોથી ત્યાં ગયા હતા (પ્રે. કૃ. ૧૭; ૧૦, ૧૩). પછી થેસ્સાલોનીકાના યહુદીઓએ બેરીઆમાં આવીને પણ તેઓ વિરૂદ્ધ ગડબડ જગાડી, ત્યારે સીલાસ તથા તીમોથીને ત્યાં મુકી પાઉલ આથેન્સ ગયો (પ્રે. કૃ. ૧૭; ૧૪, ૧૫). પાઉલના સાથીઓમાંનો એક સોપાતર તે આ શહેરનો હતો, અને આ વખતે કદાચ તે મંડળીમાં મેળવાયો હશે (પ્રે. કૃ. ૨૦ ; ૪). હાલ તેને 'વેરીઆ' કહે છે.

બેરેખ્યાહુ = યહોવાહનો આશીર્વાદિત. (૧) આસાફ ગવૈયાનો બાપ (૧ કાળ. ૬ ; ૩૯ : ૧૫ ; ૧૭). (૨) યહુદાહ રાજવંશી ઝરૂબ્બાબેલના પાંચ પુત્રોમાંનો ચોથો પુત્ર (૧ કાળ. ૩ ; ૨૦). (૩) ઝખાર્યાહ ભવિષ્યવાદીનો પિતા (ઝખા. ૧ ; ૧, ૭). (૪) એફ્રાઇમપુત્રોના સાત મુખ્ય પુરૂષોમાંનો મશિલ્લેમોથનો પુત્ર (૨ કાળ. ૨૮ ; ૧૨). એ શિવાય જુઓ (૧ કાળ. ૬ ; ૧૬ : ૧૫ ; ૨૩. નહે. ૩ ; ૪, ૩૦ : ૬ ; ૧૮).

બેરેદ = કરા. (૧) પાલેસ્તાઇનની દક્ષિણે સૂરના અરણ્યમાં એક શહેર આવેલું હતું (ઉત્પ. ૧૬ ; ૧૪). (૨) એક એફ્રાઇમી (૧ કાળ. ૭; ૨૦).

બેરોથાય = મારો કુવો (૨ શમૂ. ૮ ; ૮). હદાદએઝેરનાં બે શહેરોમાંનું એક હતું. તેમાંથી દાઉદ રાજાએ પુષ્કળ પિત્તળ લીધું હતું (૧ કાળ. ૧૮; ૮).

બેરોથાહ = કુવા. પાલેસ્તાઇનના ઉત્તર ભાગમાં આ શહેર આવેલું હતું એમ દેખાય છે (હઝ. ૪૭ ; ૧૬).

બેરોથી (૧ કાળ. ૧૧ ; ૩૯). યોઆબનો શસ્ત્રધાર નાહરાય તે બેરોથી હતો.

બેલ = પ્રભુ. બઆલનું અરામી ભાષાનું નામ છે. તે તો બાબેલની દેશજાતિઓનો એક પ્રખ્યાત દેવતા હતો (યશા. ૪૬ ; ૧. યિર્મે. ૫૦ ; ૨ : ૫૧ ; ૪૪). જુઓ બઆલ.

બેલા = ગળી જવું. (૧) મૃતસમુદ્રને કાંઠે આ નામનું એક શહેર સદોમની પાસે આવેલું

હતું. તેને સોઆર (=નાનું) પણ કહે છે. સપાટીનાં પાંચ શહેરોમાંનું આ એક બચ્યું હતું (ઉત્પ. ૧૯; ૨૦). તેનું પ્રથમ નામ ઉત્પ. ૧૪; ૨, ૮ માં આપવામાં આવ્યું છે. (૨) બિન્યામીનનો જયેષ્ઠ પુત્ર (ઉત્પ. ૪૬; ૨૧. ગણુ. ૨૬; ૩૮). (૩) બેઓરનો પુત્ર જે અદોમનો રાજા (ઉત્પ. ૩૬; ૩૨, ૩૩. ૧ કાળ. ૧; ૪૩), જે જન્મે ખાલ્દી હતો. (૪) રેઉબેની આઝાઝનો પુત્ર (૧ કાળ. ૫; ૮).

બેલ્ટશાસ્સાર = બેલનો કુંવર. નબૂખાદનેસ્સારે આ ખાલ્દી નામ દાનીયેલને આપ્યું હતું (દાની. ૧; ૭).

બેલ્શાસ્સાર = બેલનો કુંવર. બેલ્શાસ્સાર બાબેલનો છેલ્લો રાજા હતો (દાની. ૫; ૧). તેના પિતાનું નામ નબો નાદીયુસ અને તેની માતાનું નામ 'નિતોક્રીસ' હતું. તેની મા તે નેર્ગાલ-શારએસેરની વિધવા અને નબૂખાદનેસ્સારની દીકરી થાય. તે જુવાન હતો એવામાં તેણે પોતાના એક હજાર ઉમરાવોને મોટું ખાણું આપ્યું, અને પોતાનો પિતા (દાની. ૫; ૨) એટલે ઘણું કરીને ઘરડો બાપ, નબૂખાદનેસ્સાર જે પવિત્ર વાસણો યરૂશાલેમના મંદિરમાંથી હરી લાવ્યો હતો તેમાં તે પોતાના ઉમરાવો સાથે દ્રાક્ષરસ પીવા લાગ્યો. જ્યારે તેઓ પીધેલા થયા ત્યારે રાજ્યમહેલની ભીંત ઉપર લેખ લખતો હાથનો એક ભાગ દેખાયો. આ લેખ વિષે રાજાની માના સુચવ્યાથી દાનીયેલને બોલાવી ખુલાસો માગ્યો. અને દાનીયેલે તે લેખ તથા તેનો ખુલાસો કહી આપ્યો. અને દાનીયેલના ખુલાસા મુજબ તેજ રાત્રે બાબેલના રાજ્યનો અંત આવ્યો. બેલ્શાસ્સાર મરાયો (દાની. ૫; ૩૦) અને રાજ્ય માદી દાર્યાવેશના હાથમાં ગયું.

બેસાય. (૧) (એઝ. ૨; ૧૭. નહે. ૭; ૨૩, ૫૨. (૨) (નહે. ૧૦; ૧૮).

બેસેર = સોનારૂપાની ધાતુ. (૧) યરદન નદીની પૂર્વમાં જે ત્રણ આશ્રયનગર હતાં તેમાંનું એક આ હતું, તે રેઉબેનના ભાગમાં આવેલું હતું (પુન. ૪; ૪૩. યહો. ૨૦; ૮: ૨૧; ૩૬. ૧ કાળ. ૬; ૭૮). હાલ 'બુરાસીન' નામનું એક ગામ જે હેશ્બોનથી ઉત્તરે બાર માઇલ ઉપર આવેલું છે તેને વિદ્વાનો પુરાતન બેસેર ધારે છે.

બોઅનેરગેસ = ગર્જનાના પુત્ર. ઝબદીના દીકરા યાકુબ તથા યોહાનની તે અટક હતી. તેમનો ઉત્સાહી સ્વભાવ અને આવેશી ભાવ જોઇને ઇસુએ તેમને આ નામ આપ્યું હતું (માર્ક ૩; ૧૭. લુક ૯; ૫૫).

બોઆઝ = હર્ષ; તેનામાં બળ છે. (૧) બેથલેહેમનો એક ગૃહસ્થ માણુસ હતો. તેણે મુસાના નિયમશાસ્ત્ર પ્રમાણે મોઆબી રૂથની સાથે લગ્ન કીધું હતું. આ રૂથ તે માહલોનની વિધવા હતી (રૂથ. ૪; ૧-૧૩). બોઆઝ તે ઘણું કરીને રૂથથી ઉમરમાં મોટો હતો. બોઆઝ દાઉદ રાજાનો વડવો થાય. તેમજ ખ્રીસ્ત ઇસુનો પૂર્વજ હતો (માત્થી ૧; ૫. લુક ૩; ૩૨). (૨) સુલેમાનના મંદિરની પરશાળના બે થાંભલાઓમાંના એકને આ નામ આપવામાં આવ્યું હતું (૧ રા. ૭; ૨૧. ૨ કાળ. ૩; ૧૭). શા કારણુ માટે એ નામ આપવામાં આવ્યું હશે તે માલમ પડતું નથી. બીજા થાંભલાને યાખીન (=સ્થાપન કરશે) નામ આપવામાં આવ્યું હતું. આ સ્તંભો નબૂખાદનેસ્સાર ભાંગીને બાબેલ લઇ ગયો હતો.

બોખરૂ (૧ કાળ. ૮; ૩૮: ૯; ૪૪).

બોખીમ = રૂદનની જગ્યા. અહિં યહોવાહના દૂતે ઇસ્રાએલીઓને ઠપકો આપ્યો હતો અને તે વખતે તેઓ પોક મુકીને રડ્યા હતા. આ જગ્યા ઘણું કરીને ગિલ્ગાલ અને સીલોહની વચ્ચે આવેલી હતી (ન્યા. ૨; ૧-૫).

બોસરાહ = કિલ્લો. (૧) અદોમના રાજા યોબાબનું એક શહેર હતું (ઉત્પ. ૩૬; ૩૩). પાછલા જમાનામાં ભવિષ્યવાદીઓ આ શહેરનું નામ આપે છે (યશા. ૩૪; ૬. યિર્મે. ૪૯; ૧૩. આમો. ૧; ૧૨. મીખા.

૨; ૧૨). હાલ તેને 'એલ-બુસ્સૈઇરેહ' કહે છે, જે મૃતસમુદ્રની અગ્નિકોણમાં ૨૦ માઇલ ઉપર, 'પેટ્રા' પ્રગણામાં આવેલ છે. (૨) 'સપાટ પ્રદેશ' પર આવેલું મોઆબીઓનું એક શહેર હતું (યિર્મ. ૪૮; ૨૪). મૃતસમુદ્રની પૂર્વમાં હાલ જે 'બુઝરાહ' આવેલ છે તેજ એ પુરાતન મોઆબી બોસ્રાહ હશે. ભવિષ્યવાદીના કહેવા પ્રમાણે હાલ બોસ્રાહ પર આવેલું શાસન નજરે પડે છે, કેમકે હાલ પડી ગએલાં ખંડિયેરોમાં કેવળ વીસજ ઘરમાં વસ્તી દેખાય છે.

બોસેસ = પ્રકાશિત. આ નામની એક કઠણ હતી કે જ્યાં આગળ થઇને યોનાથાને પલિસ્તીઓના લશ્કર પાસે જવા ધાર્યું હતું. ઘણું કરીને આ કઠણ મિખ્માશની સામે ઉત્તર ગમ આવેલી હતી (૧ શમૂ. ૧૪; ૪).

બોસ્કાથ = પત્થરવાળી જમીન. યોશીયાહ રાજાની મા યદીદાહ જે અદાયાહની દીકરી તે બોસ્કાથની હતી (૨ રા. ૨૨; ૧). તે યહુદાહના નીચ પ્રદેશમાં આવેલું એક શહેર હતું.

બોહાન = અંગુઠો (?). રેઉબેનના દીકરા બોહાને કોઇ એવું પ્રાક્રમી કામ કીધું હશે કે જેની યાદગારી ખાતર આ શિલા ઉભી કરવામાં આવી હશે. તેને 'બોહાનની શિલા' એવું નામ આપવામાં આવ્યું હતું. આ પત્થર યહુદાહ અને બિન્યામીનના ભાગની સરહદ પર ઉભો કરવામાં આવ્યો હતો (યહો. ૧૫; ૬ : ૧૮; ૧૭).

બ્લાસ્તસ = ફણગો ફુટવો. હેરોદ આગ્રીપા પહેલાનો મુખ્ય ખવાસ હતો (પ્રે. કૃ. ૧૨; ૨૦). ઘણું કરીને આવા માણસો પોતાના ધણીને હાથ કરી લેતા હતા.

મ

મઆરાહ = ગુફા. પાલેસ્તાઇનની ઉત્તર સરહદ પર આવેલી એક જગ્યા હતી (યહો. ૧૩; ૪). આ ગુફા વિષે એવું ધારવામાં આવે છે કે સીદોનની પૂર્વમાં દસ માઇલ ઉપર દમસ્કના રસ્તા ઉપર જે 'મીન' નામની ગુફા લબાનોનમાં આવેલી છે તે પુરાતન મઆરાહ હશે. બીજા કેટલાકનું ધારવું એવું છે કે તે ગુફા સીદોનની ઉત્તરે આવેલી 'મોઘેઇરીઝેહ'ની ગુફા હશે.

મઓનોથાય = મારૂં રહેઠાણ (૧ કાળ. ૪; ૧૪).

મખેરાથી (૧ કાળ. ૧૧; ૩૬).

મખોનાહ = પાયો; સપાટી. યહુદાહની દક્ષિણમાં આવેલું એક શહેર હતું (નહે. ૧૧; ૨૮). તે સીકલાગથી બહુ દૂર ન હતું. બંદિપ્રવાસ પછી તેમાં ફરી વસ્તી થઇ હતી.

મગિદ્દો = ટોળાંની જગ્યા. મનાશ્શેહનું કનાની રાજ્યકીય શહેરોમાંનું એક પુરાતન શહેર હતું (યહો. ૧૨; ૨૧. ન્યા. ૧; ૨૭). પણ સુલેમાન રાજાના વખત સુધી ઇસ્રાએલીઓ તેને સંપૂર્ણ રીતે તાબે કરી શકયા હોય એવું દેખાતું નથી (૧ રા. ૪; ૧૨ : ૯; ૧૨). મગિદ્દોની ખીણ = એસ્ડ્રાએલોન જે પાલેસ્તાઇનની પ્રસિદ્ધ સંગ્રામભૂમિ ગણાતી હતી તેનો એક ભાગ મગિદ્દોની ખીણ નામથી ઓળખાતો હતો. અહિં બારાકે હાસોરના રાજા યાબીનને તથા તેના સેનાપતિ સીસરાને સખત હાર ખવાડી હતી. સીસરાનું સર્વ સૈન્ય તરવારની ધારથી પડયું ને એકે માણસ બચ્યું નહિ. ત્યાર પછી ઘણાં વર્ષ બાદ (ઇ. સ. પૂ. ૬૧૦) ફારૂન-નકોહ બીજો આશ્શૂરના રાજા સામે ચઢી આવ્યો. આ વખતે રાજા યોશીયાહે મગિદ્દોની ખીણમાં જઇ તેને અટકાવવાનું કીધું તેથી બન્ને વચ્ચે લડાઇ જાગી. આ લડાઇમાં મિસરના રાજાએ યોશીયાહને હરાવ્યો એટલુંજ નહિ, પણ યોશીયાહ તીરથી ઘવાણો ને મરણ પામ્યો; પછી તેના ચાકરોએ તેને રથમાં ઘાલીને યરૂશાલેમ આણ્યો, ત્યાં આવ્યા પછી તેને તેની કબરમાં દાટયો (૨ રા. ૨૩; ૨૯. ૨ કાળ. ૩૫; ૨૨-૨૪), પછી બધા ઇસ્રાએલીઓએ તેને માટે વિલાપ કીધો. આ વિલાપ એવો ભારે હતો કે ત્યાર પછીથી લોકોમાં તે દષ્ટાંતિક રીતે યાદ કરવામાં આવતો હતો (ઝખા. ૧૨; ૧૧, ૧૨).

હાલ મગિદ્દો 'એલ-લેજ્જુન' નામથી ઓળખાય છે, જે કિશોર નાળા ઉપર યેઝરીએલની પશ્ચિમે નવ માઇલ ઉપર આવેલ છે. બીજા કેટલાક ધારે છે કે પુરાતન મગિદ્દો તે 'મુજેદ્દા' હશે, જે બેથશાનની નૈરૃત્ય કોણમાં ચાર માઇલ ઉપર આવેલ છે. (૧) મગિદ્દોનો રાજા (યહો. ૧૨; ૨૧: ૧૭; ૧૧. ન્યા. ૧; ૨૭. ૧ કાળ. ૭; ૨૯). સીસરાની હાર (ન્યા. ૫; ૧૯. ૧ રા. ૪; ૧૨). (૨) સુલેમાને બાંધ્યું (૧ રા. ૯; ૧૫). અહાઝયાહનું મરણ (૨ રા. ૯; ૨૭). યોશીયાહનું મરણ (૨ રા. ૨૩; ૨૯, ૩૦. ૨ કાળ. ૩૫; ૨૨. ઝખ. ૧૨; ૧૧).

મથૂશાએલ = દેવનો માણસ. તે કાઇનવંશી લામેખનો પિતા (ઉત્પ. ૪; ૧૮). તેને દેવનો માણુસ એવું નામ આપવાનું કારણ એ હશે કે કાઇનના વંશમાં પણ દેવે પોતાને સાક્ષી વિના રાખ્યો નથી.

મથૂશેલાહ = બરછીવાળો માણસ. નુહનો દાદો અને હનોખનો પુત્ર. આ માણુસ પોતાની લાંબી ઉમરને માટે પ્રસિદ્ધ છે. બીજા બધા પિતૃઓ કરતાં તેની ઉમર લાંબી હતી. તે ૯૬૯ વર્ષની ઉમરે જળપ્રલયના વખતમાં મરણ પામ્યો (ઉત્પ. ૫; ૨૧-૨૭. ૧ કાળ. ૧; ૩).

મદાન = કજીઓ. ઇબ્રાહીમનો કટૂરાહને પેટે થએલો ત્રીજો પુત્ર (ઉત્પ. ૨૫; ૨. ૧ કાળ. ૧; ૩૨).

મનાએન = દિલાસો આપનાર. અંત્યોખનો એક ખ્રીસ્તી શિક્ષક હતો (પ્રે. કૃ. ૧૩; ૧). શાસ્ત્રમાં તેને હેરોદ રાજાનો (હેરોદ આન્તિપાસ) દૂધભાઇ કહે છે, તે શિવાય તેના વિષે આપણે કશું જાણતા નથી.

મનાશ્શેહ = વિસરાવવું (ઉત્પ. ૪૧; ૫૧). (૧) યુસફના બે પુત્રોમાંનો વડો પુત્ર મનાશ્શેહ હતો. તે, અને તેના ભાઇ એફ્રાઇમને યાકુબે આગળ જતાં પોતાના પુત્રોની સાથે ગણ્યા (ઉત્પ. ૪૮; ૫). તેની સ્ત્રી સંબંધી લખવામાં આવ્યું છે કે, તેની અરામી ઉપપત્નીને પેટે ગિલઆદનો બાપ માખીર થયો (૧ કાળ. ૭; ૧૪). જેમ મનાશ્શેહ તથા એફ્રાઇમને યાકુબે પોતાના દીકરા કરી લીધા હતા તેમ મનાશ્શેહના પુત્ર માખીરના દીકરાઓ યુસફના ખોળામાં ઉછર્યા હતા (ઉત્પ. ૫૦; ૨૩).

મનાશ્શેહકુળ. અરણ્યની મુસાફરીમાં આ કુળની છાવણી મંડપની પશ્ચિમ બાજુએ બિન્યામીન તથા એફ્રાઇમની સાથે નાખવામાં આવી હતી. જ્યારે સિનાય પહાડ આગળ લોકની ગણુના થઇ ત્યારે આ કુળમાં વીસ વર્ષ અને તેથી ઉપરના ૩૨,૨૦૦ લડવૈયા પુરૂષો હતા (ગણુ. ૧; ૧૦, ૩૫: ૨; ૨૦, ૨૧). અને આ કુળનો અધિપતિ પદાહસૂરનો પુત્ર ગમાલીએલ હતો. ચાળીસ વર્ષ બાદ ફરીને જ્યારે તેમની ગણુના થઇ ત્યારે તેમની સંખ્યા આગળ કરતાં વધીને ૫૨,૭૦૦ ની થઇ (ગણુ. ૨૬; ૩૪, ૩૭). અને આ વખતે બીજાં બધાં કુળો કરતાં આ કુળ વધારે આગળ પડતું ગણાતું હતું. જ્યારે ઇસ્રાએલીઓ વચનના દેશમાં પહોંચ્યા ત્યારે રેઉબેન તથા ગાદપુત્રોનો પરીવાર વધારે હોવાથી તેઓએ યરદનની પૂર્વમાં બહોળો પ્રદેશ વતન તરીકે રહેવાને માગ્યો. અને તે વખતે આ મનાશ્શેહના અર્ધકુળે પણ ત્યાં રહેવાની ઇચ્છા જણાવી, તેથી તેમને પણ યરદનની પૂર્વગમ જગ્યા મળી. પણ મુસાએ કુળોની સરહદ ઠરાવી આપવાનું યહોશુઆ ઉપર મુલતવી રાખ્યું હતું (ગણુ. ૩૨; ૧, ૬, ૨૯, ૩૩. યહો. ૧૩; ૭-૧૪). યરદન નદીની પૂર્વનો પ્રદેશ ઘણો રસાળ અને ફળદ્રુપ હતો. આ પૂર્વ પ્રદેશને કોઇવાર "ગિલઆદનો દેશ" (ગણુ. ૩૨; ૨૯) અને કોઇવાર "યરદનની પૂર્વ ગમનો મુલક" કહે છે. મનાશ્શેહના અર્ધકુળને યરદનની પૂર્વમાં જે વતન મળ્યું હતું તે રેઉબેન અને ગાદના વતન કરતાં મોટું હતું. આખો બાશાન તેઓએ વસાવ્યો. આ ભાગની સીમા, દક્ષિણે માહનાઇમ અને ઉત્તરે લબા-

નોન પર્વત આવેલો છે. આખો ગિલઆદ દેશ જીતી લઇને ત્યાં અઢી કુળ વસ્યાં હતાં. વળી આ અઢી કુળોએ યરદન પાર ઉતરીને બીજાં નવ કુળોને દેશ જીતવામાં મદદ કીધી હતી. પશ્ચિમ તરફનો બધો દેશ જીતી લીધા પછી યહોશુઆએ મુસાની આપેલી આજ્ઞા પ્રમાણે તેમને યરદનની પૂર્વ ગમ જવાની રજા આપી. અઢી કુળે પાછા વળતાં કનાન દેશના મોખરામાં યરદન પાસેના પ્રદેશમાં એક વેદી બાંધી અને તેનું નામ 'એદ' પાડયું. (જુઓ એદ. યહો. ૨૨; ૧–૩૪). મનાશ્શેહના બાકીના અર્ધ કુળને પશ્ચિમગમ એફ્રાઇમની સાથે વતન આપવામાં આવ્યું જે પાલેસ્તાઇનની વચ્ચે હોય, ૧,૩૦૦ ચોરસ માઇલના વિસ્તારમાં આવેલું હતું, જે આખા દેશમાં સૌથી મૂલ્યવાન જગ્યા હતી (યહો. ૧૬). યરદનની પૂર્વે જે મનાશ્શેહનો ભાગ આવેલ હતો તેમાં યાબેશ-ગિલઆદ, આશ્તારોથ, એડ્રેઇ, ગોલાન અને બોસ્રાહ એ મુખ્ય શહેરો હતાં. અને પશ્ચિમ મનાશ્શેહમાં સમરૂન, મગિદ્દો, એન-દોર, દોથાન અને બેથશાન આવેલાં હતાં. મનાશ્શેહ કુળ (ગણ. ૨૭; ૧ : ૩૨; ૩૩, ૩૯–૪૧ : ૩૪; ૧૪, ૨૩ : ૩૬; ૧, ૧૨. પુન. ૩; ૧૩, ૧૪ : ૪; ૪૩ : ૨૯; ૮ : ૩૩; ૧૭ : ૩૪; ૨. યહો. ૧; ૧૨ : ૧૨; ૬ : ૧૩; ૨૯, ૩૧ : ૧૪; ૪ : ૧૬; ૪, ૯ : ૧૭; ૨, ૫–૧૨ : ૧૮; ૭ : ૨૦; ૮ : ૨૧; ૫, ૨૫, ૨૭ : ૨૨; ૧, ૭, ૩૦, ૩૧. ન્યા. ૧; ૨૭ : ૬; ૧૫, ૩૫ : ૭; ૨૩ : ૧૧; ૨૯ : ૧૨; ૪ : ૧૮; ૩૦. ૧ રા. ૪; ૧૩. ૨ રા. ૧૦; ૩૩. ૧ કાળ. ૫; ૨૬ : ૬; ૬૧, ૬૨, ૭૦, ૭૧ : ૭; ૨૯ : ૯; ૩ : ૧૨; ૯, ૨૦, ૩૧, ૩૭ : ૨૭; ૨૦, ૨૧. ૨ કાળ. ૧૫; ૯ : ૩૦; ૧, ૧૦, ૧૧, ૧૮ : ૩૧; ૧ : ૩૪; ૬, ૯. ગીત. ૬૦; ૭ : ૮૦; ૨. યશા. ૯; ૨૧. પ્રક. ૭; ૬ ઇત્યા.). (૨) યહુદાહના રાજા હિઝ્કીયાહનો પુત્ર જે પોતાના પિતાની પછી યહુદાહની ગાદી ઉપર બેઠો, તેની માનું નામ હેફસી-બાહ હતું. જ્યારે તે ગાદીએ બેઠો ત્યારે તે માત્ર બાર વર્ષની વયનો હતો. યરૂશાલેમમાં તેણે પંચાવન વર્ષ રાજ્ય કીધું (ઇ. સ. પૂ. ૬૯૮–૬૪૩). જો કે તેણે લાંબા વખત સુધી રાજ્ય કર્યું તો પણ તેના વિષે બહુ થોડું જાણવામાં આવ્યું છે. "તેણે યહોવાહની દૃષ્ટિમાં જે ભુંડું તે કીધું" (૨ રા. ૨૧; ૧–૫). યહુદાહના રાજા આહાઝે જેમ કીધું તેમ તેણે બઆલને સારૂ વેદીઓ ઉભી કરી. અને પોતાના પિતા હિઝ્કીયાહે જે ઉચ્ચસ્થાનોનો નાશ કીધો હતો તે તેણે ફરીને બંધાવ્યાં. વળી તે પોતે અશેરાહની તથા આકાશની ફોજોની, એટલે સૂર્ય તથા ચંદ્રની તથા તારાઓની પૂજા કરતો હતો. વળી મંદિરમાં પણ તેણે મૂર્તિ ઉભી કરી (૨ રા. ૨૧; ૧૦-૧૫) અને એમ તેણે અતિ ઘણી ભુંડાઇ કીધી. વળી તેણે ઘણાંએક નિરપરાધી માણસોને મારી નંખાવ્યાં. યહુદીઓમાં એવી દંતકથાની વાત ચાલે છે કે, યશાયાહ ભવિષ્યવાદીને તેણે એવે પ્રસંગે મારી નંખાવ્યો (૨ રા. ૨૧; ૧૬ : ૨૪; ૩, ૪. (યર્મે. ૨; ૩૦). આ રાજાને 'પાલેસ્તાઇનનો નેરો' એવું નામ આપવામાં આવ્યું હતું. મનાશ્શેહ રાજાની આવી ભુંડી વાતોથી પરમેશ્વર તેના ઉપર બહુ નાખુશ થયો. માટે આશ્શૂરનો રાજા એસારહાદ્દોન ચઢી આવ્યો અને મનાશ્શેહને કેદ કરી બાબેલ લઇ ગયો (ઇ. સ. પૂ. ૬૮૧). ૨ કાળ. ૩૩; ૧૧ માં લખ્યું છે કે, "મનાશ્શેહને સાંકળોથી (જકડી) લઇને તથા બેડીઓ પહેરાવીને તેને બાબેલ લઇ ગયા" એ પરથી જણાય છે કે સેનાપતિ એસારહાદ્દોન મનાશ્શેહને ક્રૂર રીતે કેદી કરીને રાજા પાસે લઇ ગયો હશે. કદાપિ તેના નાકમાં નથ અને મ્હોમાં લગામ ઘાલીને બાબેલના રાજા પાસે લઇ જવામાં આવ્યો હશે (૨ રા. ૧૯; ૨૮ સરખાવો). મનાશ્શેહે આ ભારે દુઃખમાં પોતાનાં પાપ વિષેનો

પસ્તાવો કર્યો (૨ કાળ. ૩૩; ૧૧-૧૩) અને યહોવાહે તેના કાલાવાલા સાંભળીને તેનું રાજ્ય તેને પાછું આપ્યું. આ વખતે તે ધર્મસુધારો કરવા લાગ્યો. મૂર્તિપૂજા બંધ કરી યહોવાહની સેવા સ્થાપી, પણ તે પુરો સુધારો ન હતો. યહુદી બાદશાહતમાં તે સૌથી વધારે વર્ષ રાજ્ય કરી મરણ પામ્યો, અને પોતાના પિતૃઓ સાથે નહિ પણ "પોતાના ઘરની વાડીમાં" એટલે ઉઝ્ઝાહની વાડીમાં દટાયો, અને તેની પછી તેનો પુત્ર આમોન ગાદીએ બેઠો. મનાશ્શેહ યહુદાહનો રાજા (૨ રા. ૨૦; ૨૧—૨૧; ૧૮: ૨૩; ૧૨, ૨૬: ૨૪; ૩. ૨ કાળ. ૩૧; ૩૩: ૩૦; ૨૦, ૨૩. યિર્મે. ૧૫. માત્થી ૧; ૧૦). (૩) હાશુમના પુત્રોમાંનો એક હતો (એઝ. ૧૦; ૩૩). (૪) પાહાથ-મોઆબના પુત્રોમાંનો એક (એઝ. ૧૦; ૩૦).

મનાહેમ = દિલાસો દેનાર. તેણે ઇસ્રાએલના રાજા શાલ્લૂમને મારી તેની જગ્યાએ સમરૂનમાં દસ વર્ષ રાજ્ય કીધું (ઇ. સ. પૂ. ૭૭૧-૭૬૦). તેના પછી તેનો પુત્ર પકાહ્યાહ ઇસ્રાએલનો રાજા થયો. જ્યારે ઇસ્રાએલી રાજ્ય ઉપર આશ્શૂરનો રાજા પુલ ચઢી આવ્યો ત્યારે મનાહેમે તેને ૧,૦૦૦ તાલંત રૂપું આપી પાછો કાઢયો, જે રૂપું તેણે ઇસ્રાએલના ધનવાન માણસોની પાસેથી જોરજુલમથી પડાવ્યું હતું. મનાહેમ મરી ગયો અને પોતાના પિતૃઓની સાથે ઉંઘી ગયો (૨ રા. ૧૫; ૧૪, ૧૬, ૧૯, ૨૦).

મનુહોથ (૧ કાળ. ૨; ૫૨).

મફીબોશેથ = બેશરમો. (૧) શાઉલના બે પુત્ર જે આયાહની દીકરી રિસ્પાહને પેટે થયા હતા તેમાંનો બીજો પુત્ર મફીબોશેથ હતો. તે અને તેનો ભાઇ આર્મોની તથા શાઉલની દીકરી મીખાલના પાંચ પુત્રને દાઉદે ગિબ્યોનીઓના હાથમાં સોંપ્યા, કે જેમણે તે સાતેને યહોવાહની આગળ ફાંસી દીધા અને તેઓનાં શબ પાંચ માસ સુધી દફન કીધા વગર ઉઘાડાં રહ્યાં (૨ શમૂ. ૨૧; ૮-૧૦). (૨) શાઉલના પુત્ર યોનાથાનનો પુત્ર (૨ શમૂ. ૪; ૪). શાઉલ તથા તેનો દીકરો યોનાથાન ગિલ્બોઆ પહાડ ઉપર માર્યા ગયા (૧ શમૂ. ૩૧) ત્યારે મફીબોશેથ માત્ર પાંચ વર્ષની ઉમરનો હતો. શાઉલ તથા તેના પુત્ર યોનાથાનના મરણની ખબર યિઝ્રએલમાં આવી ત્યારે મફીબોશેથને લઇને તેની આયા નાઠી. ન્હાસતાં ન્હાસતાં બાઇ પડી ગઇ અને છોકરો બન્ને પગે લંગડો થયો, અને જીંદગી ભર તે અપંગ રહ્યો (૨ શમૂ. ૧૯; ૨૬: ૯; ૩). ત્યાર પછી તેને ગિલઆદ દેશમાં 'લોદબાર' માં આમ્મીએલના દીકરા માખીરના ઘરમાં લઇ જવામાં આવ્યો અને ત્યાં ઉછર્યો; અને ત્યાંથી દાઉદે તેને પાછો પોતાની પાસે બોલાવ્યો અને તેના ઉપર કૃપા કીધી (૨ શમૂ. ૯). યોનાથાનનો ચાકર સીબા કરીને હતો (૨ શમૂ. ૧૬; ૧-૪) તેણે મફીબોશેથ પરની દાઉદની કૃપા બંધ કરવાનું કાવતરૂં કીધું (૧૬; ૧: ૧૯; ૨૪). પણ મફીબોશેથ દાઉદને જાતે મળ્યો અને સીબાની વાત જુઠી ઠરાવી, દાઉદે તેની વાત માની (૨ શમૂ. ૧૯; ૨૯, ૩૦) અને તેના પરની પોતાની કૃપા જારી રાખી, ત્યાર પછી તેનું નામ ૨ શમૂ. ૨૧; ૭ માં આવે છે. તેનું બીજું નામ 'મરીબ-બઆલ' હતું (૧ કાળ. ૮; ૩૪: ૯; ૪૦).

મબુન્નાય = યહોવાહની બાંધણી. દાઉદના અંગરક્ષકોમાંનો એક હતો (૨ શમૂ. ૨૩; ૨૭. અને તેની સાથે ૨૧; ૧૮ સરખાવો). તેને ૨ શમૂ. ૨૧; ૧૮. ૧ કાળ. ૧૧; ૨૯: ૨૭; ૧૧ માં 'હુશાથી સિબ્બખાય' કહે છે.

મમૂખાન (એસ્ત. ૧; ૧૪).

મરાથાઇમ = બમણો બળવો. ઘણું કરીને બાબેલનું આ લાક્ષણિક નામ છે (યિર્મે. ૫૦; ૨૧).

મરાયાહ = નડતર. પ્રમુખ યાજક યોયાકીમના દિવસોમાં એક યાજક હતો (નહે. ૧૨; ૧૨).

મરાયોથ = બળવો. (૧) સાદોક યાજકનો પિતા અને અહીટૂબનો પુત્ર હતો (૧ કાળ. ૯; ૧૧. નહે. ૧૧; ૧૧). (૨) બંદિપ્રવાસથી જે યાજકો પાછા આવ્યા તેમાંનો એક હેલ્કાય જે મરાયોથનો મુખ્ય હતો (નહે. ૧૨; ૧૫). (૩) અમાર્યાહનો પિતા જે એલઆઝાર વંશનો પ્રમુખ યાજક હતો (૧ કાળ. ૬; ૬, ૭, ૫૨).

મરારી = કડવાસ, દુઃખદાયક. યાકુબના પુત્ર લેવીનો સૌથી નાનો પુત્ર મરારી હતો, અને જે સિત્તેર ઇસ્રાએલીઓ મિસરમાં ગયા તેમાંનો એક હતો (ઉત્પ. ૪૬; ૧૧. નિર્ગ. ૬; ૧૬). લેવીઓના કુટુંબોમાંના એકનો તે મુખ્ય પુરૂષ હતો (નિર્ગ. ૬; ૧૯). મરારી પુત્રો—મરારીના વંશજો (ગણ. ૨૬; ૫૭) ને મરારીપુત્રો કે મરારીઓ એવું નામ આપવામાં આવ્યું છે. જ્યારે તેઓ મિસર દેશમાંથી નીકળ્યા ત્યારે તેમની ગણના થતાં ૬,૨૦૦ થયા, અને તેમાંથી ૩,૨૦૦ માણસો મુલાકાત મંડપમાં સેવા કરવાનું કામ કરવા લાયક ઠર્યા (ગણ. ૩; ૨૦, ૩૩-૩૭: ૪; ૪૨-૪૫). તેઓના કામની વિગત મંડપનાં પાટીઆં, તેની ભુંગળો, તેના સ્તંભો, તેની કુભીઓ, તેની મેખો, તેની દોરીઓ તથા તેને લગતાં બધાં ઓજારો વિગેરે સર્વ સામાન ઉંચકવાનું કામ તેમને સોંપવામાં આવ્યું હતું (ગણ. ૪; ૨૯-૩૩: ૭; ૮. આ કામને માટે તેમને ચાર ગાડાં અને ચાર જોડ બળદ સોંપવામાં આવ્યા હતા. તેઓના કામની એવી ગોઠવણ કરવામાં આવી હતી કે ગેર્શોનીઓ તથા મરારીઓ મંડપ લઇને આગળ જાય ને પછવાડેથી કહાથીઓ પવિત્રસ્થાનને ઉંચકીને છાવણી આગળ આવે અને તે પહેલાં મંડપ ઉભો કરવો જોઇતો હતો (ગણ ૧૦; ૧૭-૨૧). સૈન્યમાં કુચ કરતાં તથા છાવણી નાખતાં મરારીઓની જગ્યા મંડપની ઉત્તર ગમ રાખવામાં આવી હતી. મરારીઓને દેશની વહેંચણમાં રેઉબેન, ગાદ, તથા ઝબુલૂન કુળમાંથી બાર નગરો આપવામાં આવ્યાં હતાં. ઉપલાં બારમાંનું એક રામોથ-ગિલઆદ કરીને હતું તે મનુષ્યઘાતકનું આશ્રયનગર હતું (યહો. ૨૧; ૭, ૩૪-૪૦). દાઉદના વખતમાં જ્યારે કરારકોષને યરૂશાલેમ લઇ ગયા ત્યારે મરારીપુત્રો પણ હતા (૧ કાળ. ૧૫; ૬). દાઉદના વખતમાં તેમના કામમાં ફેરફાર કરવામાં આવ્યો (૧ કાળ. ૨૩; ૫, ૬, અને ૨૧-૩૨). એમ દેખાય છે કે દાઉદે કરેલી ગોઠવણ પ્રમાણે ઘણો વખત કામ ચલાવ્યું, પણ આખરે તમામ કામ બેદરકાર બની; એથી કરીને રાજા હિઝકીયાહે તેમને તથા યાજકોને એકઠા કરી ઠપકો આપ્યો અને તેમણે માન્ય કીધો (૨ કાળ. ૨૯; ૪, ૫, ૧૨, ૧૫). ત્યાર પછી આ કુળની વાત એઝ. ૮; ૧૯માં આવે છે, ત્યાર પછી તેમની કંઇ વાત લખવામાં આવી નથી.

મરારીઓ = મરારીના વંશના (નિર્ગ. ૬; ૧૯. ગણ. ૩; ૨૦, ૩૩, ૩૫. ૧ કાળ. ૬; ૧૯, ૨૯, ૪૪, ૪૭: ૯; ૧૪: ૧૫; ૬, ૧૭: ૨૩; ૨૧-૨૩: ૨૪; ૨૬, ૨૭: ૨૬; ૧૦, ૧૯. ૨ કાળ. ૨૯; ૧૨: ૩૪; ૧૨. એઝ. ૮; ૧૯). સિનાય આગળ ગણના થઇ (ગણ. ૩; ૩૩: ૪; ૨૯, ૩૦, ૪૨-૪૫). તેઓનાં કામ (૩; ૩૬, ૩૭: ૪; ૩૧, ૩૨: ૧૦; ૧૭). તેમનાં ગાડાં (૭; ૮). છાવણીમાં તેમની જગ્યા (૩; ૩૫). કૂચની જગ્યા (૧૦; ૧૭, ૨૧). તેઓનાં શહેરો (યહો. ૨૧; ૭, ૩૪-૪૦. ૧ કાળ. ૬; ૬૩, ૭૭-૮૧). દાઉદના વખતમાં પડેલા ભાગ (૧ કાળ. ૨૩; ૬: ૨૪; ૨૬).

મરિયમ = બંડ (?). (૧) ઇસુની મા અને યુસફની સ્ત્રી, જેને મરિયમ-'કુમારી' કહે છે (માત્થી ૧; ૧૬, ૨૩: ૨; ૧૧. પ્રે. કૃ. ૧; ૧૪). તેણીનો પોતાનો ખાસ ઇતિહાસ બહુ થોડો હાથ આવે છે. તેની વંશાવળી લુક ૩માં આપવામાં આવી છે. એમ જણાય છે કે તે દાઉદના વંશની અને યહુદાહ કુળની હતી (ગીત. ૧૩૨; ૧૧. લુક. ૧; ૩૨). લગ્ને

કરીને તે એલીસાબેતના સંબંધમાં આવી, કે જે હારૂનના કુળની હતી (લુક ૧ ; ૩૬). મરિયમ જ્યારે પોતાનાં માબાપ સાથે નાઝરેથમાં રહેતી હતી, એટલે યુસફ સાથે લગ્ન થયાં નહોતાં તે પહેલાં, ગાબ્રીએલ દૂત તેની પાસે આવ્યો અને ખ્રીસ્ત વિષે ખબર આપતાં જણાવ્યું કે, "પવિત્ર આત્મા તારા પર આવશે, ને પરાત્પરનું પરાક્રમ તારા પર આચ્છાદન કરશે ; માટે જે તારાથી જન્મશે તે દેવનો દીકરો કહેવાશે" (લુક ૧ ; ૩૫). આ પછી તે પોતાની પિત્રાઇ બેન એલીસાબેત કે જે પોતાના ધણી ઝખાર્યાહની સાથે રહેતી હતી તેની પાસે ગઇ. ઘણું કરીને એલીસાબેત આ વખતે માઓનની પાસે આવેલ યૂટ્ટાહમાં રહેતી હતી ; આ જગ્યા નાઝરેથથી આશરે ૧૦૦માઇલ દૂર હતી(યહો. ૧૫ ; ૫૫: ૨૧ ; ૧૬). મરિયમે એલીસાબેતને મળી સલામ કરી, અને એમ થયું કે એલીસાબેતે મરિયમની સલામ સાંભળી ત્યારે બાળક તેના પેટમાં કુદ્યું, ને એલીસાબેત પવિત્ર આત્માથી ભરપુર થઇ. અને જવાબમાં મરિયમે પ્રભુની સ્તુતિ કરતાં જે ગીત ગાયું તેમાં સમાયલું છે (લુક ૧ ; ૪૬–૫૬. ૧ શમૂ. ૨ ; ૧–૧૦ સરખાવો). ત્યાં ત્રણેક મહિના રહ્યા પછી મરિયમ નાઝરેથ પાછી આવી અને યુસફે તેણીની ચાલચલગત વિષે સંદેહ નહિ લાવતાં દૂતના કહેવા મુજબ તેને ઘરમાં રાખી (માત્થી ૧ ; ૧૮–૨૫). એ પછી થોડી વારમાં કાઇસાર ઑગસ્તસના ઠરાવથી વસ્તીપત્રકમાં નામ નોંધાવવાને નાઝરેથથી ૮૦–૯૦ મેલ ઉપર આવેલા બેથલેહેમ ગામમાં તેમને જવું પડયું (લુક ૨ ; ૧. મીખા. ૫ ; ૨). ત્યાં ગયા પછી તેમને ધર્મશાળામાં જગ્યા નહિ મળતાં તબેલામાં ઉતારો લેવાની જરૂર પડી (લુક ૨ ; ૬, ૭). અને ત્યાં મરિયમ પોતાનો પ્રથમ દીકરો જણી (માત્થી ૧ ; ૨૧), જે પોતાના લોકોને તેઓના પાપથી તારનાર હતો. ત્યાર પછી હેરોદ રાજાએ બાળકોને મારી નાખવા વિષેની સતાવણી કરી તેથી દૂતના સૂચવ્યા મુજબ મરિયમ તથા યુસફ મિસર દેશમાં નાસી ગયાં અને ત્યાં કેટલોક વખત રહ્યા પછી નાઝરેથ પાછાં આવ્યાં (માત્થી ૨). ત્યાર પછી ઇસુ જ્યારે બાર વર્ષની ઉમરનો હતો ત્યારે તેનાં માબાપ સાથે તે પર્વ પાળવાને યરૂશાલેમ ગયો (લુક ૨ ; ૪૧–૫૨). ઘણું કરીને ત્યાર પછી યુસફ મરણ પામ્યો હશે, કેમકે ત્યાર પછી યુસફ વિષે કશી વાત લખવામાં આવી નથી. ત્યાર પછી આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની જાહેર ધર્મ–સેવામાં મરિયમની વાત બહુ થોડી લખવામાં આવી છે. તે કાના ગામના લગ્નમાં હાજર હતી. ત્યાર પછી દોઢ વર્ષ બાદ આપણે તેને કાપરનાહુમ શહેરમાં જોઇએ છીએ (માત્થી ૧૨ ; ૪૬, ૪૮, ૪૯), જ્યાં પ્રભુ ઇસુ ખ્રીસ્તને આપણે એમ બોલતો સાંભળીએ છીએ કે, "મારી મા કોણુ છે ? અને મારા ભાઇઓ કોણુ છે ?" પછી તેણે પોતાના શિષ્યોની ગમ પોતાનો હાથ લાંબો કરીને કહ્યું કે, "જુઓ મારી મા તથા મારા ભાઇઓ." ત્યાર પછી આપણે તેને પોતાની બહેન મરિયમ તથા મરિયમ માગદાલેણ તથા સાલોમે અને બીજી સ્ત્રીઓની સાથે વધસ્તંભ પાસે ઉભી રહેલી જોઇએ છીએ (યોહા. ૧૯ ; ૨૫). (જુઓ મરિયમ, કલોપાસની વહુ નંબર ૪). ત્યાર પછી મરિયમને યોહાન પોતાને ઘેર લઇ ગયો. અને આકાશગમન પછી મેડી ઉપર બીજા શિષ્યોની સાથે મરિયમને પણ આપણે જોઇએ છીએ (પ્રે. કૃ. ૧ ; ૧૪), ત્યાર પછી તેનો ઇતિહાસ તદ્દન બંધ થાય છે. તે ક્યારે અને ક્યાં મરણ પામી તે જાણવામાં આવ્યું નથી. મરિયમને કુમારી મરિયમ કહે છે અને એમજ ઇસુના જન્મ પછી તે કાયમ કુમારી રહી. ઇસુના જે ભાઇઓનાં નામ શાસ્ત્રમાં આવે છે તે ઇસુના સગા ભાઇઓ ન હતા. પણ આશીર્વાદ પામેલી બાઇ જે આપણા પ્રભુ ઇસુની મા થઇ તે કાયમ કુમારી રહે તે માનવું

સન્માન ભરેલું છે. આ વાત વિરૂદ્ધ મત હેલ્વીડીયસ નામના ધર્મપિતૂએ કેવળ ચોથા સૈકામાં ચલાવ્યો છે. ઇસુના જે ભાઇઓ હતા તે ઘણું કરીને ઇસુના ઓરમાન ભાઇઓ હશે (જુઓ મરિયમ, નંબર ૪). મરિયમ—એલીસાબેતની પિત્રાઇ બહેન (લુક ૧; ૩૬). યુસફ સાથે વેવીશાળ (માત્થી ૧; ૧૮). લુક ૧; ૨૭). દૂત સાથે વાતચીત (લુક ૧; ૨૬–૩૮). એલીસાબેતની મુલાકાત (લુક ૧; ૪૦-૪૫). મરિયમનું ગીત (લુક ૧; ૪૬–૫૫). મુલાકાત પછી પાછું આવવું (લુક ૧; ૫૬). યુસફે તેણીને મુકી દીધી નહિ (માત્થી ૧; ૧૮–૨૫). બેથલેહેમ ગઇ (લુક ૨; ૪, ૫). વતનભૂમિ (લુક ૨; ૭–૧૬). ભરવાડો (લુક ૨; ૧૬, ૨૦). તેનું શુદ્ધિકરણ (લુક ૨; ૨૧–૩૮). માગીઓ (માત્થી ૨; ૧૧). મિસર ગયા (માત્થી ૨; ૧૩, ૧૪). નાઝારેથ આવ્યા (માત્થી ૨; ^૯–૨૩. લુક ૨; ૩૯). પાસ્ખા (લુક ૨; ૪૧–૫૨). કાના ગામ (યોહા. ૨; ૨–૫). ખ્રીસ્તની સાથે વાત કરવા ચાહી (માત્થી ૧૨; ૪૬. માર્ક ૩; ૩૧. લુક ૮; ૧૯). તેની મા શું મરિયમ નથી કહેવાતી? (માત્થી ૧૩; ૫૪, ૫૫. માર્ક ૬; ૩). યોહાનને સોંપવામાં આવી (યોહા. ૧૯; ૨૫–૨૭). આકાશગમન પછી શિષ્યો સાથે બેઠી પર (પ્રે. કૃ. ૧; ૧૪). (૨) મરિયમ માગદાલેણુ—તીબેરીયસ સમુદ્રના પશ્ચિમ કિનારા પર માગદાલા નામનું એક શહેર આવેલું હતું. તે ગામની આ બાઇ રહીશ હતી માટે તેને મરિયમ માગદાલેણુ કહે છે. આ બાઇનું પ્રથમ નામ, જે બાયડીઓ પોતાની પુંજીથી ઇસુની સેવા કરતી હતી તેમાં આવે છે (લુક ૮; ૩). આજ બાઇમાંથી ઇસુએ સાત ભૂત કાઢયાં હતાં અને ત્યાર પછી આ બાઇ ખ્રીસ્તની શિષ્યેણુ થઇ હતી. વળી ઘણી બાઇડીઓ ઇસુની સેવા કરતી ગાલીલથી યરૂશાલેમ સુધી તેની છેલ્લી મુસાફરીમાં સાથે હતી તેમાંની એક આ મરિયમ હતી (માત્થી ૨૭; ૫૫. માર્ક ૧૫; ૪૧. લુક ૨૩; ૫૫), જે બીજી સ્ત્રીઓની સાથે ઇસુના વધસ્તંભ પાસે ઉભી હતી. એટલુંજ નહિ પણ ઇસુ વધસ્તંભ પર મરણ પામ્યો, તેની લાસ ઉતારવામાં આવી અને તે લાસને યુસફની કબરમાં મુકવામાં આવી આ બધી વાત મરિયમ પાછળ રહીને જોતી હતી. વળી અઠવાડિયાના પહેલા દિવસની પ્રભાતમાં બીજી બાયડીઓની સાથે તે સુગંધીઓ લઇને ઇસુની કબરે આવી હતી (માત્થી ૨૮; ૧. માર્ક ૧૬; ૨). તેઓએ કબર ખાલી દીઠી અને દૂતનું દર્શન થયું (માત્થી ૨૮; ૫). આ જોઇ આ બાઇ પીતરને તથા યોહાનને ખબર આપવા દોડી. આ વખતે ઘણું કરીને પીતર તથા યોહાન સાથે રહેતા હશે (યોહા. ૨૦; ૧, ૨). શિષ્યોને ખબર આપી તે પાછી એકદમ કબર તરફ દોડી અને કબરના મ્હોં આગળ વિલાપ કરતી ઉભી, એટલામાં ઉઠેલો ખ્રીસ્ત તેને દેખાયો પણ પ્રથમ બાઇએ તેને ઓળખ્યો નહિ. ઇસુ તેને કહે છે કે, બાઇ, તું કેમ રડે છે? તું કોને શોધે છે? તો પણ તેણે તેને ઓળખ્યો નહિ. પછી ઇસુ તેને કહે છે કે, મરિયમ, ત્યારે મરિયમ પ્રભુને ઓળખીને કહે છે કે ‘રાબ્બોની’ (= ગુરૂ). આ વખતે મરિયમ તેને પ્રેમથી વળગી પડવા જતી હતી, એટલામાં ઇસુએ કહ્યું કે, “મને અડકમાં, હજી સુધી હું મારા બાપ પાસે ચઢી ગયો નથી.” ત્યાર પછી મરિયમ યરૂશાલેમમાં પાછી આવી. એ શિવાય આ મરિયમ વિષે બીજું કંઇ જાણવામાં આવતું નથી. (૩) લાજરસની બહેન મરિયમ. ‘આપણને જે કૃપા પ્રાપ્ત થએલી છે તે પ્રમાણે જુદાં જુદાં વરદાન આપણને મળ્યાં છે’ (રૂમી. ૧૨; ૬), આ વાત માર્થા અને મરિયમમાં પુરી પડેલી દેખાય છે. માર્થા એક રીતે અને મરિયમ બીજી રીતે પોતાના ગુરૂની સેવા કરતી હતી. તો પણ બન્નેની સેવા એવી હતી કે ઇસુએ તે કબૂલ

કરી અને બન્ને ઉપર પ્યાર બતાવ્યો. ધન્ય છે મરિયમ જેવી સ્ત્રીઓને કે જે ઘણી વાતો વિષે ચિંતા કરતી નથી. પણ આ વાત હમેશાં તે યાદ રાખે છે કે તારણ પ્રાપ્તિ તે સૌથી મોટી અને અગત્યની વાત છે. મરિયમે ખ્રીસ્તની સેવા કરવાનો જે ભાગ પસંદ કીધો તેને 'સારો ભાગ' એવું નામે આપવામાં આવે છે. તેનો સ્વભાવ અને જીવવૃત્તિ કેવી હતી તે તેના ભાઇના મરણ સાથે જોડાએલી તેણીની વાત પરથી જણાઇ આવે છે (યોહા. ૧૧; ૨૦, ૩૧, ૩૩). મરિયમ અને માર્થા બેથાનીમાં રહેતાં હતાં ઇસુ પોતાની છેલ્લી મુલાકાત કરવા બેથાનીમાં ગયો, ત્યારે આ બાઇએ સિમોન કોઢીઆને ત્યાં જમણ વખતે જઇ ૩૦૦ દિનાર (૧૦૬ રૂપિઆ) નું એક શેર અત્તર લઇ, ઇસુના પગ ધોયા અને પોતાના ચોટલાથી તેના પગ લુછ્યા (માત્થી ૨૬; ૬. માર્ક ૧૪; ૩. યોહા. ૧૩; ૨, ૩). અને એમાં તેણીએ પોતાના ગુરૂ પ્રત્યેનો અથાગ પ્રેમ દર્શાવ્યો. ત્યાર પછી તેનો છેવટનો ઇતિહાસ જાણવામાં આવ્યો નથી. તેની છેલ્લી વાત જેમાં તેણે ઇસુ પર પોતાનો પ્યાર જાહેર કર્યો તે પરથી તથા લાજરસની કબર પરથી તથા ઘણા યહુદીઓ લાજરસના મરણ વખતે બહેનોને દિલાસો દેવાને યરૂશાલેમથી આવ્યા (૧૧; ૧૯) તે વાતો પરથી એમ જણાય છે કે આ કુટુંબ તે ધનવાન અને ગૃહસ્થવર્ગનું હતું. (૪) ક્લોપાસની વહુ મરિયમ (યોહા. ૧૯; ૨૫). જે સ્ત્રીઓ વધસ્તંભ પાસે ઉભી હતી તેમાં મરિયમ માગદાલેણ તથા ઇસુની મા મરિયમ સાથે ક્લોપાસની વહુ મરિયમ પણ હતી. માત્થી ૨૭; ૫૬ અને માર્ક ૧૫; ૪૦ સરખાવતાં એમ માલમ પડે છે કે આ મરિયમ અને નાના યાકુબની મા મરિયમ જે આપણા પ્રભુ ઇસુની માની બહેન તે બન્ને એકને એકજ હશે. વળી માત્થી ૨૭; ૬૧. અને માર્ક ૧૫; ૪૭ માં જેને 'બીજી મરિયમ' કહે છે, તે પણ આજ ક્લોપાસની વહુ મરિયમ છે કે જે મરિયમ માગદાલેણ સાથે વિશ્રામવારની મોટી સવારે ઉઠી સુગંધી દ્રવ્ય લઇને કબરે ગઇ હતી. અને પુનરૂત્થાન વિષે તેણે પહેલી શાક્ષી પુરી (માત્થી ૨૮; ૧. માર્ક ૧૬; ૧. લુક ૨૪; ૧). હવે ઉપરની વાત ખરી માનીએ તો યોહા. ૧૯; ૨૫ માં વધસ્તંભ પાસે જે ચાર સ્ત્રીઓ ઉભી હતી તેમાં આપણે ત્રણજ સમજવી એટલે ઇસુની મા, તેની બહેન જે ક્લોપાસની સ્ત્રી અને મરિયમ માગદાલેણ. હવે એ પ્રમાણે શાસ્ત્રનાં નીચેનાં વાક્યો જોતાં (એટલે—માત્થી ૨૭; ૫૬. માર્ક ૧૫; ૪૦–૪૭: ૧૬; ૧. યોહા. ૧૯; ૨૫. માત્થી ૧૦; ૩. ૧૩; ૫૫. માર્ક ૬; ૩. ગલા. ૧; ૧૯) નીચે પ્રમાણેની વંશાવળી કલ્પી શકાય છે.

યાકુબ.

મરિયમ + અલફી કે ક્લોપાસ. મરિયમ.

ઇસુ

યાકુબ યુસફ યહુદા સિમોન દીકરીઓ.

હવે જો ઉપલી ટીકા ખરી હોય તો ઇસુના ભાઇઓ તે તેના મસિયાઇ ભાઇઓ હતા. પણ તે સામે વાંધો એટલો ઉઠે કે એક બાપની બે દીકરીઓનાં નામ એકને એકજ કેમ હોઇ શકે? માટે કેટલાક ટીકાકારો એ વાત વિરૂદ્ધ એક બીજો મત ધરે છે કે યોહા. ૧૯; ૨૫ માં ત્રણ સ્ત્રીઓની વાત નહિ પણ ચાર સ્ત્રીઓની વાત સમાયલી છે એટલે ઇસુની મા, ઇસુની માસી સાલોમી, ક્લોપાસની વહુ મરિયમ જે યાકુબ નાના તથા યોસેની મા, અને મરિયમ માગદાલેણ. હવે જો આ ટીકા ખરી માનીએ તો ઇસુના ભાઇઓ તે મસિઆઇ ભાઇઓ ન હતા પણ ઓરમાન ભાઇઓ હતા. અને એમ માનીએ તો વંશાવળી નીચે મુજબ કલ્પી શકાય.

(નનામી સ્ત્રી) + ... યુસફ .... + મરિયમ.

યાકુબ યુસફ યહુદા સિમોન દીકરીઓ. ઇસુ

પહેલી મરિયમ ના મરણ પછી મરિયમ કુમારી સાથે લગ્ન કર્યું હશે. ને તેથી ઇસુના ભાઇઓ તે ઇસુથી મોટા હતા એ વાતનો ખુલાસો પણ મળે. એ પ્રમાણે આ મરિયમ વિષે વિદ્વાનોમાં ઘણો મત ભેદ છે. (૫) યોહાન માર્કની મા મરિયમ તે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના સૌથી પહેલા શિષ્યોમાંની તે એક હતી. અને કલો ૪; ૧૦ પરથી જણાય છે કે તે બાર્નાબાસની બહેન થતી હતી. આ ભાઇ બહેન જમીન વેચી નાણું મંદિરમાં નાંખી, મંડળીમાં દાખલ થયાં હતાં (પ્રે. કૃ. ૪; ૩૭. ૧૨; ૧૨). અને પાઉલની સાથે ભાઇ બાનાબાસ ગેરકોમોમાં સુવાર્ત્તાનું કામ કરતો હતો. આ ભાઇનું ઘર યરૂશાલેમમાં હતું. જ્યાં શિષ્યો પ્રાર્થના કરવાને એકઠા થતા હતા (માર્ક ૧૨; ૧૨). (૬) મુસાની બહેન મરિયમ (નિર્ગ. ૨; ૪–૧૦. ૧ કાળ. ૬; ૩). તેનું નામ નિર્ગમનના ઇતિહાસમાં પ્રસિદ્ધિ પામેલું છે તેને નિર્ગ. ૧૫; ૨૦, માં ભવિષ્યવાદેણ કહે છે. લાલ સમુદ્ર ઓળંગ્યા બાદ ઇસ્રાએલીઓએ જયાનંદનું જે ગીત ગાયું, તેમાં મરિયમે આગેવાની ભાગ લીધો હતો. મુસાએ જ્યારે એક કુશી સ્ત્રીની સાથે લગ્ન કીધું, ત્યારે મરિયમે તેને ઠપકો દીધો. તેથી તે કહોઢીએણ થઇ. પણ મુસાની વિનંતીથી તે સાજી થઇ (ગણ. ૧૨; ૧–૧૫. પુન. ૨૪; ૯). તે કાદેશમાં મરણ પામીને ત્યાં દટાઇ (ગણ. ૨૦; ૧. મીખા. ૬; ૪). (૭) રૂમની એક ખ્રીસ્તી બાઇ હતી જેનું નામ મરિયમ હતું. તેના વિષે પાઉલ ક્ષમકુશળ લખતાં કહે છે કે "મરિયમ જેણે અમારે સારૂં ઘણી મહેનત કરી" (રૂમી. ૧૬; ૧૬). (૮) યહુદાહના વંશની એક બાઇ હતી જેનું નામ મરિયમ હતું (૧ કાળ. ૪; ૧૭).

મરીબ–બઆલ = બઆલની સાથે લડનાર (૧ કાળ. ૮; ૩૪, ૯; ૪૦). તેને મફીબોશેથ કહે છે (૨ શમૂ. ૪; ૪). તે શાઉલના દીકરા યોનાથાનનો દીકરો હતો. તેના ઉપર દાઉદે કૃપા કીધી હતી (૨ શમૂ. ૯). જુઓ. મફીબોશેથ.

મરીબાહ = ઝઘડો. (૧) સીનના અરણ્યમાં રફીદીમની પાસે એક ઝરો હતો તેને મુસાએ ઉપલું નામ આપ્યું હતું. આ ઝરો હોરેબ ખડકમાંથી પ્રભુની આજ્ઞા પ્રમાણે મુસાએ કાઠી મારી વ્હેતો કીધો હતો (નિર્ગ. ૧૭; ૧–૭). તેને માસ્સાહ (પરિક્ષા) નામ પણ આપવામાં આવ્યું છે. (૨) સીન અરણ્યમાં કાદેશની પાસે એક બીજા ઝરાને ઉપલું નામ આપવામાં આવ્યું હતું. અહિં મુસાએ પ્રભુના હુકમ વિરૂદ્ધ ખડકને બે વાર કાઠી મારી હતી. આ ગુન્હાને લીધે મુસા કનાન દેશમાં પ્રવેશ પામી શકયો નહિ (ગણ. ૨૦; ૧૩, ૨૪. ૨૭; ૧૪). પુન. ૩૩; ૮ માં ઉપલી બન્ને જગ્યા, આ નામમાં બતાવવામાં આવી છે. ગીત. ૮૧; ૭ માં આ એકજ ઝરા વિષેની વાત આવે છે. અરણ્યની મુસાફરી પુરી થતાં ઉપલો બનાવ બન્યો હતો. વળી ગીત. ૯૫; ૮: ૧૦૬; ૩૨. અને હઝ. ૪૭; ૧૯. ૪૮; ૨૮ માં તેને 'મરીબાથ–કાદેશનાં પાણી' એવું નામ આપવામાં આવ્યું છે.

મરેમોથ = ઉંચ દરજ્જે પહોંચેલ. (૧) બાબેલથી જે યાજકો ઝરૂબ્બાબેલ સાથે પાછા આવ્યા તેમાંનો એક યાજક હતો (નહે. ૧૨; ૩). તેની સાથે મંદિરનાં પવિત્ર પાત્રો પાછાં મોકલવામાં આવ્યાં હતાં (એઝ. ૮; ૩૩). તેણે યરૂશાલેમનો કોટ બાંધવામાં ભાગ લીધો હતો (નહે. ૩; ૪, ૨૧). (૨) એઝ. ૧૦; ૩૬. (૩) નહે. ૧૦; ૫.

મરોદાખ = મરણ, કતલ. તે બાબેલ દેશમાં મનાતો એક દેવતા હતો. ઘણું કરીને તે 'બેલ' દેવતાનું બીજું નામ છે. બાબેલ અને આશ્શૂરના કેટલાએક બાદશાહ આ

નામની અટકથી ઓળખાતા હતા. જેમકે મરોદાખ–બાલઅદાન (યિર્મે. ૫૦; ૨. યશા. ૩૯; ૧. ૨ કાળ. ૩૨; ૩૧).

મરોદાખ-બાલઅદાન = મરોદાખનો આપેલો પુત્ર બાબેલનો રાજા અને બાલઅદાનનો પુત્ર (ઈ. સ. પૂ. ૭૨૧–૭૧૦). તેણે બાબેલમાં બાર વર્ષ રાજ્ય કર્યું. તેણે મિત્રાચારી કરવાને યહુદાહના રાજા હિઝકીયાહ જ્યારે માંદો પડયો અને યશાયાહની વિનંતીથી સાજો કરાયો ત્યારે એલચીઓ મોકલીને હિઝકીયાહ રાજાનો બધો ખજાનો જોયો (યશા. ૩૯; ૧. ઈ. સ. પૂ. ૭૧૨–૭૧૧). ઈ. સ. પૂ. ૭૧૦ માં આશ્શૂરના રાજા સારગોને બાબેલ ઉપર ચઢાઈ કરીને મરોદાખ–બાલઅદાનને હરાવી બાબેલ શહેરમાં પ્રવેશ કર્યો. બાબેલ દેશ આ પહેલાં મરોદાખ–બાલઅદાને આશ્શૂરના હાથમાંથી જીતી લીધો હતો (૭૨૧). આશ્શૂરના રાજા સારગોને તેને ગાદી ઉપરથી ઉઠાડી મુકયાબાદ થોડા વખતમાં તેણે ફરીને ગાદી પાછી મેળવી. તેનો પુત્ર અને પૌત્ર આશ્શૂરના રાજા સામે લડ્યા. પણ આખરે બાબેલ આશ્શૂરના તાબામાં ગયું. ૨ રા. ૨૦;૧૨. ૨ કાળ ૨૦; ૩૧ માં તેને 'બરોદાખ–બાલઅદાન'ક હે છે. જુઓ બરોદાખ–બાલઅદાન.

મલખ = મોલેક–મોલેખ. આમ્મોનીઓનો તિરસ્કારપાત્ર એક દેવતા હતો (પ્રે. કૃ. ૭; ૪૩). જુઓ મિલ્કોમ.

મલખી = મારો રાજા. (૧) યાનાઇનો પુત્ર, યુસફનો પૂર્વજ (લુક ૩; ૨૪). (૨) આદીનો પુત્ર અને યુસફનો પૂર્વજ (લુક ૩; ૨૮).

મલાટયાહ = યહોવાહે છૂટો કીધો. યરૂશાલેમના કોટની મરામત જેઓ કરતા હતા, તેઓમાં મલાટયાહ ગિબઓની કરીને એક માણસ હતો (નહે. ૩; ૭).

મશિલ્લેમીથ = બદલો. (૧) બરેખ્યાહનો પિતા (૨ કાળ. ૨૮; ૧૨). (૨) એક યાજક જે ઇમ્મેરનો પુત્ર (નહે. ૧૧; ૧૩). ૨ કાળ. ૨૮; ૧૨ માં તેને મશિલ્લેમોથ કહે છે.

મશીહ = ખ્રીસ્ત. અભિષિક્ત. મશીહ, આ હેબ્રી શબ્દનો અર્થ ગ્રીક ભાષામાં (ΧΡΙΣΤΟS) ખ્રીસ્ત એટલે અભિષિક્ત એવો થાય છે અને જુના કરારમાં એજ અર્થે આ શબ્દ ૩૯ વખત વાપરવામાં આવ્યો છે. (જેમકે ગીત. ૮૪; ૯). આ માનવંતી પદવીની પ્રતિષ્ઠા તેલથી કરવામાં આવતી હતી. અને એજ રીતે યાજકોને (નિર્ગ. ૨૮; ૪૧: ૪૦; ૧૫. ગણ. ૩; ૩), ભવિષ્યવાદીઓને (૧ રા. ૧૯; ૧૬), અને રાજાઓને (૧ શમૂ. ૯; ૧૬: ૧૬; ૩. ૨ શમૂ. ૧૨; ૭) અભિષિક્ત કરવામાં આવતા હતા. પણ સૌથી પરમ ઉંચો આભિષિક્ત તે મશીહ એટલે ખ્રીસ્ત ઇસુ છે. કેમકે તેના સોબતીઓ ઉપર તેને અભિષિક્ત કીધો છે (ગીત. ૪૫; ૭). એટલે ઉપલી યાજક, રાજા અને ભવિષ્યવાદીની ત્રણે પદવી ઇસુમાં મળી આવે છે. નવા કરારમાં ગ્રીક ભાષા પ્રમાણે મશીહ શબ્દ બે વખત વાપરવામાં આવ્યો છે એટલે (યોહા. ૧;૪૧: ૪; ૨૫). અને જુના કરારમાં હેબ્રી ભાષા પ્રમાણે મશીહ આ શબ્દ પણ બેજ વખત વાપરવામાં આવ્યો છે (દાની. ૯; ૨૫. અને ૯; ૨૬). મશીહ વિષે સૌથી મોટું અને પ્રથમ વચન ઉત્પ. ૩; ૧૫ માં આપવામાં આવ્યું છે. અને એ વચન વધતું ઓછુ જુદા જુદા માણસોમાં જુદા જુદા જમાનામાં પુરૂં પડેલું દેખાય છે પણ "સમયની સંપૂર્ણતામાં" આ વચન સંપૂર્ણ રીતે ઇસુ ખ્રીસ્તમાં પુરૂં પડેલું દેખાય છે. તેનામાં બધાં વચનો અને ભવિષ્યવાતો સંપૂર્ણ રીતે પુરાં પડેલાં દેખાય છે. નાઝારેથનો ઇસુ તેજ એકલો ખરો મશીહા અને મોટો તારનાર છે. (સરખાવો માત્થી ૨૬; ૫૪. માર્ક ૯; ૧૨. લુક ૧૮; ૩૧: ૨૨; ૩૭. યોહા. ૫; ૩૯. પ્રે. કૃ. ૨; ૧૬, ૩૧: ૨૬; ૨૨, ૨૩). જુઓ ઇસુ ખ્રીસ્ત.

મશુલ્લામ = મહેરબાની કરવી. આ નામના વીસ કે એકવીશ માણસની વાત શાસ્ત્રમાં આવે છે. (૧) રાજા યોશીયાહના રાજ્યમાં જે શાફાન ચિટણીસ હતો તેનો ઘરડો બાપ મશુલ્લામ કરીને હતો (૨ રા. ૨૨; ૩). (૨) ઝરૂબ્બાબેલના પુત્રોમાંનો એક અને સલોમીથનો ભાઇ જે દાઉદના વંશનો હતો (૧ કાળ. ૩; ૧૯). (૩) ગાદપુત્રોમાંના જે બાષાના ઘરોના મુખ્યો બાશાનમાં રહેતા હતા તેમાંનો એક (૧ કાળ. ૫; ૧૩). (૪) બિન્યામીન પુત્રોમાંનો એક (૧ કાળ. ૮; ૧૭). (૫) બિન્યામીન હોદાવ્યાહનો પુત્ર (૧ કાળ. ૯; ૭. નહે. ૧૧; ૭). (૬) બિન્યામીની શફાટયાહનો પુત્ર (૧ કાળ. ૯; ૮). (૭) આ નામનો એક યાજક હતો. તેના પિતાનું નામ સાદોક અને પુત્રનું નામ હિલ્કીયાહ હતું (૧ કાળ. ૯; ૧૧. નહે. ૧૧; ૧૧). ૧ કાળ. ૬; ૧૨ માં તેને શાલ્લૂમ કહે છે. (૮) યાજક હતો. ઇમ્મેરના પુત્ર મશિલ્લેમીથનો પુત્ર (૧ કાળ. ૯; ૧૨). (૯) રાજા યોશીયાહના વખતમાં મંદિરનું મરામતકામ કરવાને જે માણસો કામે લાગ્યા હતા તેમાંનો એક લેવી હતો (૨ કાળ. ૩૪; ૧૨). (૧૦) એઝરાના વખતમાં એક લેવીઓનો ઉપરી હતો (એઝ. ૮; ૧૬). (૧૧) એઝરાના વખતમાં એક લેવી હતો. (૧૨) (એઝ. ૧૦; ૨૯). (૧૩) બેરેખ્યાનો પુત્ર, યરૂશાલેમના કોટની મરામત કરવામાં હતો (નહે. ૩; ૪, ૩૦). તેની દીકરીને ટોબીયાહના પુત્ર યહોહાનાન સાથે પરણાવી હતી (નહે. ૬; ૧૮). (૧૪) મંદિરના દરવાજાની મરામત કરનાર બસોદ્યાહનો પુત્ર (નહે. ૩; ૬). (૧૫) એઝરા જ્યારે નિયમશાસ્ત્ર વાંચી સંભળાવતો ત્યારે ઇસ્રાએલીઓમાંના જે મુખ્યોએ એઝરાની મદદ કીધી તેમાંનો તે એક હતો (નહે. ૮; ૪). (૧૬) યાજકોનું એક કુટુંબ (નહે. ૧૦; ૭). (૧૭) (નહે. ૧૦; ૨૦). (૧૮) (નહે. ૧૨; ૧૩). (૧૯) (નહે. ૧૨; ૧૬). (૨૦) (નહે. ૧૨; ૨૫. ૧ કાળ. ૨૬; ૧ઃ ૨૬; ૧૪. નહે. ૭; ૪૫). ત્યાં તેને શાલ્લૂમ કહે છે. (૨૧) (નહે. ૧૨; ૩૩).

મશુલ્લેમેથ = મિત્ર. મનાશ્શેહ રાજાની રાણી અને આમોનની મા જે યોટબાહના હારૂસની દીકરી (૨ રા. ૨૧; ૧૯).

મશેઝાબએલ = અવેજ. (૧) બેરેખ્યાહનો પિતા (નહે. ૩; ૪). (૨) નહે. ૧૦; ૨૧. (૩) ઝેરાહના પુત્રોમાંનો પેથાહ્યાહનો પિતા (નહે. ૧૧; ૨૪).

મશેલેમ્યાહ = યહોવાહ સાથે મિત્રાચારી. એક લેવી હતો (૧ કાળ. ૯; ૨૧). ૨૬; ૧, ૨, ૯ અને ૨૬; ૧૪ માં તેને શેલેમ્યાહ કહે છે. દાઉદના વખતમાં તે મંદિરનો દ્વારપાળ હતો.

મશોબાબ = ૧ કાળ. ૪; ૩૪. શિમઓન વંશી.

મશોબાયી = મશોબાનો વતની? દાઉદના સૈન્ય યોદ્ધાઓમાંનો એક યાઅસીએલ નામનો યોદ્ધા મસોબાયી કહેવાતો (૧ કાળ. ૧૧; ૪૭).

મહારાય (૨ શમૂ. ૨૩; ૨૮).

મહીદા (એઝ. ૨; ૫૨. નહે. ૭; ૫૪). નથીનીમના કુટુંબનો પૂર્વજ.

મહીર = કિંમત. યહૂદાહ પુત્રોમાંના કલૂબનો પુત્ર (૧ કાળ. ૪; ૧૧),

મહુમાન = વિશ્વાસુ. રાજા અહાશ્વેરોશના સાત ખોજાઓમાંનો એક હતો. એસ્ત. ૧; ૧૦.

મહુયાએલ = દેવથી મારેલો. મથુશાએલનો પિતા અને ઇરાદનો પુત્ર (ઉત્પ. ૪; ૧૮).

મહેટાબએલ = જેનો ઉપકાર કર્તા ઇશ્વર છે. (૧) દલાયાહનો પિતા અને શમાયાહનો ઘરડો પિતા તેણે નહેમ્યાહ વિરૂદ્ધ સાન્બાલ્લાટ સાથે સંપ કીધો (નહે. ૬; ૧૦). (૨) અદોમી એક રાજા હદાદ (= હદાર) ની સ્ત્રી જે મેઝાહાબની દીકરી હતી (ઉત્પ. ૩૬; ૩૯. વળી ૧ કાળ. ૧; ૫૦).

મહોલાથી (૧ શમૂ. ૧૮; ૧૯).

માઅખાહ (માઅકાહ) = જુલમ; દુઃખ. (૧) નાહોરની રઉમાહને પેટે થએલી દીકરી (ઉત્પ. ૨૨; ૨૪). (૨) ગાથના રાજા આખીશનો પિતા (૧ રાજા. ૨; ૩૯). તેને ૧ શમૂ. ૨૭; ૨ માં 'માઓખ' પણ કહે છે. (૩) ગશૂરના રાજા તાલમાયની દીકરી જે દાઉદની સ્ત્રીઓમાંની એક હતી. આબ્શાલોમની મા (૨ શમૂ. ૩; ૩. ૧ કાળ. ૩; ૧). (૪) આબ્શાલોમની પુત્રી (૨ કાળ. ૨; ૨૦-૨૨). જે રાજા રહાબઆમની ત્રીજી રાણી અને અબીયામની મા થાય (૧ રાજા. ૧૫; ૨, ૧૦. અહિં આબ્શાલોમને અબીશાલોમ કહે છે). ૨ કાળ. ૧૩; ૨ માં તેને 'મીખાયાહ' કહે છે જે ગિબઆહના ઉરીએલની પુત્રી હતી. એ પરથી જણાય છે કે આબ્શાલોમની પુત્રી 'તામાર' સાથે ઉરીએલે લગન કરેલ, અને તે લગનથી માઅખાહ દીકરી થએલ માટે ૨ કાળ. ૧૧; ૨૦-૨૨ માં જ્યાં આબ્શાલોમની પુત્રી લખી છે ત્યાં આપણે તેની પૌત્રી સમજવી. અને ૨ કાળ. ૧૫; ૧૬ માં 'આસા રાજાની મા' લખી છે ત્યાં પણ આપણે ઘરડી મા સમજવું (બાપની મા). (૫) કાલેબની ઉપપત્ની કે જેને પેટે કાલેબને, શેબેર તથા તિર્હનાહ નામના બે પુત્ર થયા (૧ કાળ. ૨; ૪૮). (૬) મનાશ્શેહના પુત્ર માખીરની સ્ત્રી (૧ કાળ. ૭; ૧૫, ૧૬). (૭) ગિબઓનનો પિતા યેઇએલ તેની સ્ત્રી (૧ કાળ. ૮; ૨૯: ૯; ૩૫). (૮) દાઉદના શૂરવીર હાનાની મા (૧ કાળ. ૧૧; ૪૩). (૯) શિમઓની કુળનો જે શફાટ્યાહ અધિકારી હતો તેનો પિતા (૧ કાળ. ૨૭; ૧૬). (૧૦) ગેશૂર પાસે હારાનની પૂર્વે આ નામનું અરામીઓનું એક નાનું રાજ્ય આવેલું હતું (યહો. ૧૩; ૧૩. ૨ શમૂ. ૧૦; ૬, ૮. ૧ કાળ. ૧૯; ૭). ત્યાંના વતનીઓને માઆખાથીઓ કહે છે. ઇસ્રાએલીઓ જો કે આ રાજ્યને પણ પોતાના રાજ્યમાં ગણતાં હતા પણ તેમને તેઓ કાઢી શક્યા ન હતા (પુન. ૩; ૧૪. યહો. ૧૨; ૫. ૨ શમૂ. ૨૩; ૩૪. ૨ રાજા. ૨૫; ૨૩. ૧ કાળ. ૪; ૧૯, ૧૧; ૩૬. યિર્મે. ૪૦; ૮. ત્યાં માઆખાથીઓની વાત આવે છે).

માઅદાય = સણગારેલું. બાનીના પુત્રોમાંનો એક (એઝ. ૧૦; ૩૪).

માઅરાથ = વેરાન. યહુદાહના પહાડી મુલકમાં આવેલું એક નગર હતું (યહો. ૧૫; ૫૯).

માઅરેહ-ગેબા = ગિબઆહનું મેદાન (ન્યા. ૨૦; ૩૩).

માઅસાય = યહોવાહનું કામ. બંદિપ્રવાસ વખતે એક યાજક યરૂશાલેમમાં રહેતો હતો (૧ કાળ. ૯; ૧૨).

માઅસેયાહ = યહોવાહનો આસરો. આ નામનાં વીસ માણસનાં નામ શાસ્ત્રમાં આવે છે. (૧) જુઠા ભવિષ્યવાદી સિદકીયાહનો પિતા (યિર્મે. ૨૯; ૨૧). (૨) સફાન્યાહ યાજકનો પિતા (યિર્મે. ૨૧; ૧: ૨૯; ૨૫: ૩૭; ૩). (૩) દાઉદે મંદિર ઉપર જે દ્વારપાળો નીમ્યા, તેમાંનો એક લેવી હતો (૧ કાળ. ૧૫; ૧૮, ૨૦). (૪) યહોવાહની સાથે રાજા યેઆશને ગાદીએ બેસાડવામાં જે પુરૂષોએ આગેવાની ભાગ લીધો હતો, તેમાં અદાયાહનો પુત્ર આ નામનો હતો (૨ કાળ. ૨૩; ૧). (૫) યહુદાહના રાજા ઉઝ્ઝીયાહના રાજ્યમાં આ નામનો એક કારભારી હતો (૨ કાળ. ૨૬; ૧૧). (૬) "રાજાનો પુત્ર" (૨ કાળ. ૨૮; ૭). ઘણું કરીને આપણે તેમાં રાજા આહાઝનો પુત્ર સમજવો કે જેને ઝિખ્રીએ, જ્યારે ઇસ્રાએલી પેકાહ યહુદાહ પર ચઢી આવ્યો ત્યારે મારી નાખ્યો. (૭) યરૂશાલેમનો એક સુબો હતો જેને રાજા યોશીયાહે મંદિર સમારવાને મોકલ્યો હતો (૨ કાળ. ૩૪; ૮). (૮) શાલ્લુમનો પુત્ર જે દરવાન હતો (યિર્મે. ૩૫; ૪). (૯) લહીઆ બારૂખનો તથા સરાયાહનો દાદો (યિર્મે. ૩૨; ૭૨: ૫૧; ૫૯). (૧૦) એઝ. ૧૦; ૧૮. યાજકોના પુત્રોમાંનો જેઓએ પરદેશી સ્ત્રીઓ પરણી

તેમાંનો એક. (૧૧) (એઝ. ૧૦; ૨૧). હારીમના પુત્રોમાંનો એક. (૧૨) (એઝ. ૧૦; ૨૨). પાશહૂરના પુત્રોમાંનો એક. (૧૩) (એઝ. ૧૦; ૩૦). પાહાથ-મોઆબના પુત્રોમાંનો એક. (૧૪) (નહે. ૩; ૨૩). અનાન્યાહનો પુત્ર અને આઝાર્યાહનો પિતા. (૧૫) (નહે. ૮; ૪). (૧૬) (નહે. ૮; ૭). (૧૭) (નહે. ૧૦; ૨૫). (૧૮) (૧૧; ૫). (૧૯) (૧૧; ૭). (૨૦) (૧૨; ૪૧, ૪૨).

માઆઝયાહ = યહોવાહનું બળ. (૧) જે યાજકોએ મુદ્રા કરી તેમાંનો એક (નહે. ૧૦; ૮). (૨) યાજકોની ચોવીશમી વારા ટોળાંનો મુખ્ય (૧ કાળ. ૨૪; ૧૮).

માઆદ્યાહ = યહોવાહનો સણગાર. ઝરૂબ્બાબેલની સરદારી નીચે જે યાજકો તથા લેવીઓ બંદીપ્રવાસથી પાછા આવ્યા તેમાંનો એક યાજક (નહે. ૧૨; ૫).

માઆય = દયાળુ. આસાફના પુત્રોમાંનો એક ગવૈયો (નહે. ૧૨; ૩૬).

માઆસ = શ્રાપ, ક્રોધ. યહુદાહના પુત્રોમાંના રામનો પુત્ર (૧ કાળ. ૨; ૨૭).

માઓખ = દબાણ. ગાથના રાજા આખીશ જેની પાસે દાઉદે આશ્રો લીધો હતો તેનો પિતા (૧ શમૂ. ૨૭; ૨). ૨ રા. ૨; ૩૯ માં તેને 'માઅખાહ' કહે છે.

માઓન = રહેઠાણ. યહુદાહમાં આવેલું એક શહેર કે જે હેબ્રોનની દક્ષિણે આસરે સાત માઇલ ઉપર હતું (યહો. ૧૫; ૫૫). આ શહેરના નામ પરથી, આ શહેર જે અરણ્યમાં આવેલું હતું તેને પણ એજનામ આપવામાં આવેલું છે. અહિ દાઉદ અને તેનાં માણસો સાઉલથી ન્હાસી સંતાઇ ગયા હતા (૧ શમૂ. ૨૩; ૨૪). વળી નાબાલ તથા તેની સ્ત્રી અબીગાઇલ પોતાના પરીવાર સાથે અહિં રહેતાં હતાં (૧ શમૂ. ૨૫; ૨). આ નાબાલે દાઉદને ખોરાક સંબંધી અસભ્યતા ભરેલો જવાબ આપ્યો હતો (૧ શમૂ. ૨૫).

માઓનીઓ = માઓનના રહીશ (ન્યા. ૧૦; ૧૨). માઓનીઓ તે ૨ કાળ. ૨૬; ૭. એઝ. ૨; ૫૦ માં બતાવેલ મેઉનીઓ કે મેઉનીમ છે. (જુઓ મેઉનીઓ).

માકહેલોથ = ભેગું કરવું. ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનું એક સ્ટેશન હતું (ગણ. ૩૩; ૨૫).

માકાસ = છેડો? સુલેમાન રાજાનો તથા તેના ઘરનો ખોરાક પુરો પાડવાને જે જુદી જુદી જગ્યાએ અધિકારીઓ નિમવામાં આવ્યા હતા તેમાંનો એક માકાસ પ્રાંતમાં હતો (૧ રા. ૪; ૯).

માકેદોનિયા (પ્રે. કૃ. ૧૬; ૯). ગ્રીસ દેશની ઉત્તરે આ પ્રાંત આવેલો છે. નવા કરારના જમાનામાં આ પ્રાંત રૂમી રાજ્યના કબજામાં હતો. અને રૂમી રાજ્ય તરફથી એક ગવર્નર (Proconsul) તેનો હાકેમ હતો. ત્રોઆસમાં પાઉલને દર્શન થયું એવું કે માકેદોનિયાના એક જણે ઉભા રહીને તેને વિનવીને કહ્યું કે માકેદોનિયામાં આવીને અમને સહાય કર. તેથી પાઉલ તથા તેના સાથીઓ માકેદોનિયા જવાને નીકળ્યા. માકેદોનિયાને લગતી સૂચના (પ્રે. કૃ. ૧૮; ૫: ૧૯; ૨૧. રૂમી. ૧૫; ૨૬. ૨ કરીં. ૧; ૧૬: ૧૧; ૯. ફિલી. ૪; ૧૫). માકેદોનયામાં થઇ પાઉલે પોતાની પહેલી મુસાફરી કરી તે વિષે પ્રે. કૃ. ૧૬; ૧૦-૧૭ માં નોંધ લેવામાં આવી છે. આ મુસાફરીને અંતે કરીંથથી તે સુરિયા આવ્યો અને માકેદોનિયામાં થઇને (પ્રે. કૃ. ૨૦; ૧-૬) ફરીને ગયો પણ તે વખતનું બ્યાન શાસ્ત્રમાં કરવામાં આવ્યું નથી. ઘણાં વર્ષ બાદ ફરીને ત્રીજી વખત ઘણું કરીને તે માકેદોનિયામાં ગયો (ફિલી. ૨; ૨૪. ૧ તીમો. ૧; ૩) એમ દેખાય છે. યૂરોપમાં પાઉલને હાથે પ્રથમ ખ્રીસ્તી થએલ, જાંબુઆ વસ્ત્ર વેચનાર બાઇ લુદીઆ હતી (પ્રે. કૃ. ૧૬; ૧૩-૧૫). તે માકેદોનિયાના મુખ્ય શહેર ફિલીપીમાં રહેતી હતી. ગ્રીસ દેશના પ્રાચીન વખતમાં બે ભાગ કરવામાં આવ્યા હતા. ઉત્તર ભાગને માકેદોનિયા અને દક્ષિણ ભાગને

અખાયા કહેતા હતા. માકેદોનિયાની સીમા–ઉત્તરે મિસીઆ, પૂર્વે થ્રાકે તથા ઇજીઅન સમુદ્ર, દક્ષિણે અખાયા અને પશ્ચિમે આદ્રીઆટીક સમુદ્ર. તેમાં આવેલાં મુખ્ય શહેરો: ફિલીપી, નેઆપોલીસ, આમ્ફીપોલીસ, આપલોની, થેસ્સાલોનીકા અને બેરીઆ (પ્રે. કૃ. ૧૬; ૧૧: ૧૭; ૧: ૧૭; ૧૩: ૨૦; ૪, અને રૂમી. ૧૫; ૧૯) હતાં.

માક્કેદાહ=ઘેટાંપાળકની જગ્યા (યહો. ૧૦; ૧૦).

માખી = (ગણ. ૧૩; ૧૫) ગાદ કુળમાંથી ગેઉએલ નામનો જે જાસુસ કનાન દેશમાં મોકલવામાં આવ્યો તેનો પિતા.

માખીર = વેચેલો. (૧) મનાશ્શેહનો પ્રથમ પુત્ર (યહો. ૧૭; ૧) અથવા તેનો એકનો એક પુત્ર (૧ કાળ. ૭; ૧૪, ૧૫. સરખાવો ગણ. ૨૬; ૨૯-૩૩. યહો. ૧૩; ૩૧). તેના વંશજોને માખીરીઓનું કુટુંબ કહે છે. માખીરને પેટે ગિલઆદ થયો અને તેથી ગિલઆદીઓનું કુટુંબ થયું (ગણ. ૨૬; ૨૯). માખીરના પુત્રોએ આમોરીઓને હાંકી કાઢી તેમાં વસ્યા (ગણ. ૩૨; ૩૯, ૪૦. પુન. ૩; ૧૫ સરખાવો. ગણ. ૩૬; ૧-૩. યહો. ૧૭; ૩, ૪). ન્યાય. ૫; ૧૪ માં મનાશ્શેહ કુળને બદલે માખીર નામ લખવામાં આવ્યું છે. (૨) આમ્મીએલનો પુત્ર જે લો-દરબાર રહેલો હતો. આ માણસ પણ ઉપલા આખારના વંશનો હતો. તેણે યોનાથાનના પુત્ર મફીબોશેથને દાઉદની પાસે લાવવામાં આવ્યો ત્યાં સુધી પોતાની સંભાળ નીચે રાખ્યો હતો (૨ શમૂ. ૯; ૪). અને દાઉદ જ્યારે માહનાઇમમાં આવી ભરાયો હતો ત્યારે તેણે દાઉદને પણ મદદ કીધી હતી. (૨ શમૂ. ૧૭; ૨૭).

માખ્તેશ = ગારો. યરૂશાલેમ પાસે એક જગ્યા હતી. જ્યાં ચાંદીના વેપારીઓ વસતા હતા (સફ. ૧; ૧૨). એવું ધારવામાં આવે છે કે કદાપી શહેરની અંદર આ જગ્યા હોય અને તે ભાગ ફેનીકી લોકોનો હોય કે જ્યાં આ કોમના વેપારીઓ વસતા હતા.

માખ્નાદબાય (એઝ. ૧૦; ૪૦).

માખ્પેલાહ = બેવડી ગુફા–બાગ. આ ગુફા તથા ખેતર ઇબ્રાહીમે પોતાના કુટુંબના કબરસ્તાન માટે હિત્તી એફ્રોન પાસેથી વેચાતાં લીધાં હતાં (ઉત્પ. ૨૩). આ ગુફા હેબ્રોનની પૂર્વમાં મામરેની સામે, પહાડના ઢોળાવ ઉપર આવેલી હતી. તેમાં ઇબ્રાહીમ, સારાહ, ઇસ્હાક, રિબ્કાહ, યાકુબ અને લેઆહને દફનાવવામાં આવ્યાં હતાં (ઉત્પ. ૨૩; ૧૯: ૨૫; ૯: ૪૯; ૩૧: ૫૦; ૧૩). આ ગુફા ઉપર પુરાતન વખતમાં ઘણું કરીને રૂમી રાજા જસ્ટિનિયન બાદશાહના વખતમાં ખ્રીસ્તી મંદિર બાંધવામાં આવ્યું હતું. પણ પછીથી આ મંદિરને મુસલમાનોએ મસ્જીદ તરીકે ઉપયોગમાં લીધુ હતું. મંદિર ૨૦૦ ફુટ લાંબુ ૧૧૫ ફુટ પહોળું અને ૫૦ ફુટ ઉંચું હતું. મકાનના બાંધણી અને પત્થરોના કદ અને એક બીજાની સાથે તેના સાંધણ તરફ જોતાં કેટલાક એવુ ધારે છે કે આ મકાન દાઉદ અને સુલેમાનના જમાનામા બંધાયું હશે. પણ બાજા કેટલાકનું ધારવું છે કે તે હેરોદના વખતમાં બંધાયું હશે. ફરસબંદી ઉપર નીચેના ગુફામાં દફનાએલાઓની યાદગારી માટે છ મોટી દેવડીઓ સ્મરણસ્તંભ તરીકે બાંધવામાં આવેલી છે. ઇસ્હાક અને રિબ્કાહના સ્મરણસ્તંભની વચ્ચે માખ્પેલાહની ગુફામાં દાખલ થવા માટે એક બારણું રાખવામાં આવ્યું છે. અહિં યાકુબનું સુગંધી ભરેલું મિસરમાંથી આણેલું શબ રાખવામાં આવ્યું હતું. ઉપલી ગુફામાં મુસલમાનો કોઇને અંદર દાખલ થવા દેતા નથી. પણ મુસલમાન સતાધીકારીઓની ખાસ મહેરબાનીથી ઇ. સ. ૧૮૬૨ માં ઈંગ્લાંડના શેહનશાહ નામદાર એડવર્ડ સાતમાને અંદર જઇ જોવાની પરવાનગી મળી હતી. અને ત્યાર પછી ઇ. સ. ૧૮૬૯ માં જર્મનીના બાદશાહ નામદાર ફ્રેડરીકે તથા ઇ. સ. ૧૮૮૧ માં ઈંગ્લાંડના શેહેનશાહના બે રાજકુંવરોએ આ ગુફાની મુલાકાત લીધી

હતી. મુસલમાન લોકો, ઉપલી ગુફા માંહેલી કબરો વિષે તરેહવાર વ્હેમો માને છે. ઇબ્રાહીમની કબર આગળ એક બાકુ મુકવામાં આવ્યું છે તે વિષે લોકો કહે છે કે કોઇ પણ માણસને કંઇ અરજ કરવી હોય તો તે લખીને તેમાં નાંખવી. તેઓ માને છે કે ત્યાંથી બત્તી રાત્રે તેની મેળે સળગાવવામાં આવે છે. વળી દંતકથા એવી ચાલે છે કે યુસફની લાસ જે પહેલાં શેખેમમાં દાટવામાં આવી હતી (યહો. ૧૪; ૩૨) ત્યાંથી કાઢીને પછીથી માખ્પેલાહમાં મુકવામાં આવી છે. વળી મુસલમાન લોકો એવું કહે છે કે, યુસફની લાસ નીલ નદીમાં દાટવામાં આવી હતી પણ મુસા જ્યારે એક મીસરી સ્ત્રી સાથે પરણ્યો ત્યારે તેની સ્ત્રી તરફથી ઉપલી ગુપ્ત વાત માલમ પડી. પછી મુસાએ ત્યાંથી તે લાસ કાઢીને માખ્પેલાહની ગુફામાં મુકી.

માખ્બાન્નાય = પ્રભુની સાંકળ. ગાદકુળનો એક શૂરવીર હતો કે જે દાઉદને અરણ્યના ગઢમાં આવી મળ્યો હતો (૧ કાળ. ૧૨; ૧૩).

માખ્બેના = સાંકળ. કાલેબની ઉપપત્નિને પેટે શવા જન્મ્યો તેનો પિતા (૧ કાળ. ૨; ૪૯).

માગદાન = બુરૂજ. ગાલીલ પ્રાંતમાં આ નામનું એક ગામ આવેલું હતું. કેવળ માત્થી ૧૫; ૩૯ માં આ શહેરનું નામ આપવામાં આવ્યું છે. એને લગતો ફકરો માર્ક ૮; ૧૦ માં, આ ગામને દાલમાનુથા કહે છે. મરિયમ માગદાલેણની જન્મ ભૂમિ કદાપિ આજ ગામ હશે. શહેર તિબેરીઅસ સમુદ્રના પશ્ચિમ કિનારા પર આવેલું હતું. હાલ તિબેરીઅસ સમુદ્રના વાયવ્યકોણે આસરે ત્રણ માઇલ ઉપર ‘એલ-મેજ દેલ’ નામનું એક ગામ આવેલું છે તેજ ઘણું કરીને પુરાતન માગદાન હશે. તાલ્મુદમાં આ શહેરને ‘રંગનું શહેર’ કહે છે અને તેના કોઇ ખાસ ભાગને ‘રંગારાનો બુરૂજ’ એવું નામ આપવામાં આવે છે. યરૂશાલેમના નાશ થયા બાદ કેટલાએક યહુદી પંડિતો ત્યાં જઇને રહેલા હતા.

માગદાલેણ = માગદાનની વતની. આ અટક મરિયમ નામની સ્ત્રીને તેણીના વતન ગામ માગદાન પરથી આપવામાં આવી છે (માત્થી ૨૭; ૫૬, ૬૧: ૨૮; ૧. માર્ક ૧૫; ૪૦, ૪૭: ૧૬; ૧. લુક ૮; ૨: ૨૪; ૧૦. યોહા. ૧૯; ૨૫: ૨૦; ૧, ૧૮). જુઓ મરિયમ નંબર ૨.

માગોગ = ગોગનો મુલક. પ્રભુનો પ્રદેશ. યાફેથના પુત્રોમાંનો બીજો (ઉત્પ. ૧૦; ૨. ૧ કાળ. ૧; ૫). હઝ. ૩૮; ૨: ૩૯; ૬. પ્રક. ૨૦; ૮માં આ શબ્દ અમુક કોમને માટે વાપરવામા આવેલ છે. આ કોમ કદાસ યાફેથવંશી સ્કિથીઅન કે તાર્તાર હશે. તેઓનું બ્યાન કરતાં જણાવવામા આવે છે કે તેઓ સ્વારી કરવામાં તથા તીર ફેંકવામાં ઘણા કુશળ હતા. ધર્મપિતૃ જેરોમ તેમના વિષે વર્ણન કરતાં જણાવે છે કે ‘આ પ્રજા કૉકેસસ પર્વતની પેલીગમ કારપીઅન સમુદ્રની પાસે રહેતી હતી.’ રોશ, મેશેખ તથા તુબાલ એ તેમની મુખ્ય પ્રજા હતી, અને તેઓ ઉપર માગોગ દેશનો ગોગ સરદાર હતો (જુઓ ગોગ).

માગોર-મિસ્સાબીબ = બધી બાજુથી ભય. ઇમ્મેરના પુત્ર પાશહૂર યાજકને તેના ઉપર આવી પડનાર દુઃખ બતાવતાં ભવિષ્યવાદી યિર્મેયાહ આ લાક્ષણિક નામ તેને આપે છે (યિર્મે. ૨૦; ૩). પાશહૂર બાબેલ લઇ જવામાં આવ્યો અને ત્યાં મરણ પામ્યો.

માગ્દીએલ = દેવનું વખાણ. અદોમી સરદારોમાંનો એક (ઉત્પ. ૩૬; ૪૩. ૧ કાળ. ૧; ૫૪).

માગ્પીઆશ (નહે. ૧૦; ૨૦). આ માણસ અને એઝ. ૨; ૩૦ માં જેને માગ્બીશ કહે છે તે બન્ને એક કે એકજ છે એમ દેખાય છે.

માગ્બીશ = ભેગું કરવું. ગુલામગીરીમાંથી પાછા ફરેલાઓમાં માગ્બીશના પુત્રો ૧૫૬ હતા. ઘણું કરીને તે કોઇ જગ્યાનું નામ હશે (એઝ. ૨; ૩૦).

માટરેદ = આગળ ધસવું. અદોમી રાજા હદાર (હદાદ) ના સાસુ અને મેઝાહાબની દીકરી (ઉત્પ. ૩૬; ૩૯. ૧ કાળ. ૧; ૫૦).

માટ્રી = વરસાદનું. બિન્યામીની એક કુટુંબ હતું (૧ શમૂ. ૧૦ ; ૨૧).

માતાથા = માત્તાન્યાહની ગ્રીક જોડણી; દાઉદનો પૌત્ર (લુક ૩ ; ૩૧).

માતાથિયાસ = માત્તાત્તાહની ગ્રીક જોડણી. (૧) (લુક ૩ ; ૨૫). (૨) (લુક ૩ ; ૨૬).

માત્તનાય = સ્વતંત્ર (?). (૧) (એઝ. ૧૦ ; ૩૩). (૨) (૧૦ ; ૩૭). (૩) (નહે. ૧૨ ; ૧૯).

માત્તાત્તાહ = યહોવાહની બક્ષિસ. (એઝ. ૧૦ ; ૩૩).

માત્તાન = બક્ષિસ. (૧) બઆલનો એક યાજક હતો, તેને યહોયાદાના ધર્મસુધારા વખતે બઆલની વેદી આગળ કાપી નાખવામાં આવ્યો (૨ રા. ૧૧ ; ૧૮. ૨ કાળ. ૨૩ ; ૧૭). (૨) શફાટયાહનો પિતા (યિર્મે. ૩૮ ; ૩).

માત્તાનાહ = ઇનામ. ઇસ્રાએલીઓના અરણ્યની મુસાફરીનો એક મુકામ હતો (ગણ. ૨૧ ; ૧૮, ૧૯), જે મોઆબની સરહદ ઉપર આવેલ હતો.

માત્તાન્યાહ = યહોવાહની બક્ષિશ. (૧) રાજા સિદકીયાહનું જુનું નામ (૨ રા. ૨૪ ; ૧૭). તે યહુદાહનો છેલ્લો રાજા હતો (જુઓ સિદકીયાહ). (૨) આસાફપુત્રોમાંનો એક (૧ કાળ. ૯ ; ૧૫). મંદિરમાં ઉપકાર સ્તુતીનો આરંભ કરવામાં જે મુખ્ય પુરૂષો હતા તેમાંનો એક હતો (નહે. ૧૧ ; ૧૭ : ૧૨ ; ૮). (૩) રાજા યહોશાફાટના વખતમાં આસાફવંશી એક લેવી હતો (૨ કાળ. ૨૦ ; ૧૪). (૪) એલામપુત્રોમાંનો એક (એઝ. ૧૦ ; ૨૬). (૫) (એઝ. ૧૦ ; ૨૭). (૬) (એઝ. ૧૦ ; ૩૭). (૭) (નહે. ૧૩ ; ૧૩). (૮) હેમાનપુત્રોમાંનો એક (૧ કાળ ૨૫ ; ૪. ૧૬). (૯) રાજા હીઝકીયાહના વખતમાં જ્યારે ધર્મસુધારો ચાલ્યો ત્યારે મંદિરમાં કામ કરતા જે લેવીઓ હતા તેમાંનો એક માત્તાન્યાહ નામના આસફપુત્રોમાંનો એક હતો (૨ કાળ. ૨૩ ; ૧૩).

માત્તિથ્યાહ = યહોવાહની બક્ષિશ. (૧) શાલ્લુમ કોરાહીનો જયેષ્ઠ પુત્ર જે એક લેવી હતો. બંદીપ્રવાસ પછી મંદિરમાં જે ચીજો તવાઓમાં રંધાતી હતી તેનો ઉપરી હતો (૧ કાળ. ૯ ; ૩૧).

માત્થાત = દેવની બક્ષિશ. (૧) હેલીનો પિતા અને લેવીનો દીકરો. આ હેલીના પુત્ર યુસફને યાકુબને પેટે પુત્ર ન હોવાથી દત્તક લીધો હતો (લુક ૩ ; ૨૪). (૨) એજ વંશાવળીમાં એક બીજા લેવીના પુત્રનું નામ માત્થાત હતું (લુક ૩ ; ૨૯).

માત્થાન = બક્ષિસ. ખ્રીસ્તની વંશાવળીમાંનો એલીઆઝરનો પુત્ર અને યાકુબનો પિતા. આ યાકુબે યુસફને દત્તક લીધો અને પોતાની દીકરી મરિયમની સાથે વેવીશાળ કીધું (માત્થી ૧ ; ૧૫).

માત્થી = ખુદાબક્ષ. બંદિપ્રવાસ પછી યહુદીઓમાં આ નામ બહુ સાધારણ હતું. માત્થી તે હેબ્રી નામ છે, તેને અંગ્રેજીમા 'થીઓડૉર' કહે છે. તે આલ્ફીનો પુત્ર અને કાપરનાહુમ બંદરમાં દાણીનો ધંધો કરતો હતો (માત્થી ૯ ; ૯. માર્ક ૨ ; ૧–૧૪. લુક. ૫ ; ૨૭). કાપરનાહુમ હેરોદ આન્ટીપાસના સંસ્થાનમાં આવેલુ હતું. અને એમ લાગે છે કે, માત્થી હેરોદ આન્ટીપાસના તાબામાં રહીને કાપરનાહુમમાં નોકરી કરતો હતો. માત્થી ૯ ; ૧૦. માર્ક ૨ ; ૧૫ માં લખ્યું છે કે, માત્થીને, ખ્રીસ્તે પોતાની પાછળ બોલાવ્યો ત્યારે તે દાણની ચોકી ઉપરથી ઉઠીને ખ્રીસ્તની પાછળ ગયો. અને એ વાતની સાથે માત્ર એટલુંજ ઉમેર્યું છે કે "એમ થયું કે તે ઘરમાં જમવા બેઠો ત્યારે" હવે એને મળતી વાત લુક ૫ ; ૨૯ માં મળે છે. ત્યાં લખ્યું છે કે "લેવીએ પોતાને ઘેર ખ્રીસ્તને સારૂ મોટી મિજબાની કીધી." આ મોટી મિજબાની વિષે માત્થી પોતાની સુવાર્તામાં એક શબ્દ પણ લખતો નથી. એમાં માત્થીનો નમ્ર સ્વભાવ દેખાઇ આવે છે. માત્થી ખ્રીસ્તનો શિષ્ય થયો તે પહેલાં

તેનું નામ લેવી હતું (માર્ક ૨; ૧૪). શિષ્યોની ટીપમાં, પોતાની સુવાર્તામાં તથા પ્રે. કૃત્યમાં માત્થીનું નામ આઠમે નંબરે અને માર્ક તથા લુકની સુવાર્તામાં તેનો નંબર સાતમો આવે છે. તે ક્યારે અને કેવી રીતે મરણ પામ્યો તે લખવામાં આવ્યું નથી.

તેના વિષે દંતકથાની વાત— સંભવિત છે કે પાલેસ્તાઇન દેશમાં બીજા શિષ્યો કરતાં માત્થી વધારે મુદત સુધી રહ્યા હતો. યુસેબીઅસ (૩૩૮) કહે છે કે માત્થી પરદેશ જવા નીકળ્યો ત્યાર પહેલાં તેણે અરામી (હેબ્રી) ભાષામાં એક સુવાર્તા પાલેસ્તાઇનની ખ્રીસ્તી મંડળીના ઉપયોગ માટે લખી. વળી દંતકથા એવી પણ ફેલાઇ છે કે તેણે ધર્મ પ્રસાર કરવાને માટે હબશીદેશ, પાર્થીદેશ, મિસરદેશ અને માકેદોન્યા પ્રાંતમાં મુસાફરી કરી હતી. આલેકસાંદ્રીઆનો ક્લેમેંટ લખે છે કે (૨૨૦) માત્થી માંસાહાર કરતો નહોતો, અને તે દેહદમન કરવામાં ઘણો હોંસીલો હતો. વળી વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા પછી તે પોતાના ખાટલા ઉપર શાંતિએ મરણ પામ્યો. પરંતુ પશ્ચિમ દિશાની મંડળીઓમાં (રૂમ, વિએના, ઇત્યાદી) એવી વાત ફેલી ગઇ હતી કે માત્થીએ ખ્રીસ્ત વિષે શાક્ષી પુરતાં પ્રાણાર્પણ કીધું. પુરાતન કાળનાં કેટલાંએક ચિત્રોમાં માત્થીના શિરચ્છેદ ચિતરેલો છે, તેથી ઉપલી દંતકથાને જરા ટેકો મળે છે.

માત્થીની સુવાર્તા. આ સુવાર્તા લખનાર માત્થી જે ખ્રીસ્તનો શિષ્ય હતો તેજ છે, એવું ઉતરી આવેલી સઘળી વાત ઉપરથી માલુમ પડે છે. પણ આ સુવાર્તા તેણે કઇ સાલમાં લખી તે વાતની પુરી ખાત્રી નથી. પણ આ સુવાર્તામાં જે બીના લખવામાં આવી છે, તે બીના બન્યા પછી લાંબી મુદતે આ સુવાર્તા રચવામાં આવી હોય એમ દેખાય છે (માત્થી ૨૭; ૮ઃ ૨૮; ૧૫). તેમાં 'આજ સુધી' એવા જે શબ્દો આવે છે તે પરથી જણાય છે કે આ સુવાર્તામાં જે બીના લખવામાં આવી છે, તે બીના બન્યા પછી લાંબી મુદતે લખવામાં આવી છે. વળી ઇ. સ. ૬૬ માં યરૂશાલેમમાં રૂમીઓ અને યહુદીઓની વચ્ચે મોટી લડાઇ ઉભી થઇ હતી કે જેમાં વિધર્મીઓનાં અપકૃત્યોથી યરૂશાલેમ નગર અપવિત્ર જેવું થઇ ગયું. હવે તે લડાઇ ઉભી થઇ તે પહેલાં આ સુવાર્તા રચવામાં આવી હતી એમ દેખાય છે. માત્થી ૪; ૫ અને ૨૭; ૫૩ માં યરૂશાલેમને 'પવિત્ર નગર' કહે છે, તેમજ ૨૪; ૧૫ માં તેને 'પવિત્ર જગ્યા' કહે છે, અને ૫; ૩૫ માં તેને 'મોટા રાજાનું નગર' કહે છે. હવે જો આ સુવાર્તા પ્રસિદ્ધ થયાં પહેલાં યરૂશાલેમ શહેરમાંની પવિત્ર જગ્યાઓ અશુદ્ધ કરવામાં આવી હોત તો ઉપલાં નામ ઘણું કરીને વાપરી શકે નહિ. વળી અધ્યાય ૨૪ માં યરૂશાલેમના નાશ વિષે ઇસુનાં કેટલાંક ભવિષ્યવચનો લખવામાં આવ્યા છે, પણ તે પુરાં પડ્યાં એવો એક શબ્દ લખ્યો નથી. માટે યરૂશાલેમનો નાસ થયા પેહેલાં ઇ. સ. ૭૦ પેહેલાં આ સુવાર્તા લખવામાં આવી હશે અને એને મળતી વાત. ધર્મપીતૃ ઇરેનેઅસ (૨૦૨) અને યુસેબીઅસ (૩૩૮) પણ કહે છે. આ સુવાર્તા ખ્રીસ્તી થએલા યહુદીઓને વાસ્તે અને વિશેષે કરીને પાલેસ્તાઇનમાં રહેનારા ખ્રીસ્તી યહુદીઓને માટે લખવામાં આવી છે. તેનાં પ્રમાણ: (૧) આ સુવાર્તામાં કેટલાક હેબ્રી શબ્દો લખવામાં આવ્યા છે, અને તેનો અર્થ કરવામાં આવ્યો નથી. જેવા કે 'બાલઝબુલ' (માત્થી ૧૨; ૨૪). 'રાકા' (=પાજી) ૫; ૨૨. 'મોરે' (=મૂર્ખ) ૫; ૨૩. 'મામોન' (=દ્રવ્ય) ૬; ૨૪. 'ગેહેન્ના' ૫; ૨૨. 'ગલગથા' ૨૭; ૩૩. 'કોરબાન' (=અર્પિતદાન) ૧૫; ૫. 'રાબ્બી' (૨૩; ૭). 'હોસાન્ના' (૨૧; ૧૫). આમેન (૫; ૧૮). (૨) સુવાર્તાની શરૂઆતે હેબ્રી રીત પ્રમાણે વંશાવળી દાખલ કરી છે. વળી વંશાવળી આદમથી નહિ પણ યહુદીઓના પૂર્વજ ઇબ્રાહીમથી લખવામાં આવી

છે. (૩) આ સુવાર્તામાં મસીહને લગતાં ઓછામાં ઓછાં ૬૦ વાક્યો જુના કરારમાંથી ઉતારેલાં છે. (૪) યહુદીઓમાં ચાલતા રીતરીવાજનો ખુલાસો કરવામાં આવ્યો નથી (માત્થી ૧૫; ૧, ૨. માર્ક ૭; ૩, ૪). (૫) આ સુવાર્તામાં હેબ્રી રૂઢી પ્રમાણે આકાશનું રાજ્ય એવા શબ્દો ૩૨ વખત લખવામાં આવ્યા છે. (૬) યાકુબનો પત્ર જે વેરાઇ ગએલા યહુદીઓ પર લખવામાં આવ્યો તેની સાથે આ સુવાર્તા બંધબેસતી દેખાય છે. વળી આ સુવાર્તામાં બતાવવામાં આવ્યું છે કે, નિયમશાસ્ત્રના ભવિષ્યપુસ્તકોમાં મસીહ વિષે જે વાત આવે છે તે ખ્રીસ્ત ઇસુમાં પૂર્ણ થઇ છે. વળી આ મસીહ તે આખા જગતના ત્રાતા દાખલ પ્રગટ થવાનો છે એવું બતાવવામાં આવ્યું છે, વિગેરે વાતો પરથી જણાય છે કે આ સુવાર્તા ખ્રીસ્તી થએલા યહુદીઓને માટે રચવામાં આવી છે. નવા કરારમાં માત્થીની સુવાર્તાની અસલ ભાષા હેબ્રી નહિ પણ યુનાની હતી; પણ કેટલાક ધર્મપિતૃઓ, જેવા કે યુસેબીયસ (૩૩૮) પાપીઅસ (૧૫૦) ઇરેનેઅસ (૨૦૨) જેરોમ (૪૨૦) એમનાં લખાણો પરથી સાબીત થાય છે કે કેટલાક ખ્રીસ્તી પંથીઓ હેબ્રી ભાષામાં લખેલી એક સુવાર્તાનો ઉપયોગ કરતા અને તેને માત્થીની સુવાર્તા કહેતા; પરંતુ નવા કરારમાં સમાએલી માત્થીની સુવાર્તા અને ધર્મપિતૃ જે વાપરતા તે બન્ને એકજ નથી. હેબ્રીમાં લખેલી જે સુવાર્તા છે તેમાંનું લખાણ ગંભીર કે બોધદાયક નથી, પણ તેથી ઉલટું તેમાંની વાતો આપોક્રીફાને મળતી છે. **જે વાતો કેવળ માત્થીની સુવાર્તામાં આવે છે તે. (૧) ત્રણ ચમત્કાર.** માછલીના મોંમાંથી કરનો રૂપિયો મળ્યો (૧૭; ૨૪–૨૭). બે આંધળાને દેખતા કર્યા (૯; ૨૭–૩૧). ભૂતવળગેલા મુંગા માણસને સાજો કર્યો (૯; ૩૨-૩૪). **(૨) અગીઆર દૃષ્ટાંત.** (૧) સંતાડેલું દ્રવ્ય (૧૩; ૪૪). (૨) મૂલ્યવાન મોતી (૨૩; ૪૫, ૪૬). (૩) નિર્દય ચાકર (૧૮; ૨૩–૩૫). (૪) દ્રાક્ષવાડીના મજુર (૨૦; ૧–૧૬). (૫) દસ કુંવારીઓ (૨૫; ૧–૧૩). (૬) દસ તાલંત (૨૫; ૧૪–૩૦). (૭) કડવા દાણાનું (૧૩; ૨૪–૩૦). (૮) જાળનું (૧૩; ૪૭–૫૦). (૯) બે દીકરાનું (૨૧; ૨૮–૩૨). (૧૦) રાજકુંવરનું લગ્નજમણ (૨૨; ૧–૧૪). (૧૧) બકરાંઘેટાંનું (૨૫; ૩૧–૪૬). **(૩) નવ ભાષણો કે બોધવચનો.** (૧) પહાડ પરના ભાષણનો ઘણો ભાગ (૫: ૬: ૭). (૨) વેતરૂં કરનારાને નોતરૂં (૧૧; ૨૮-૩૨). (૩) નકામા શબ્દો વિષે (૧૨; ૩૬, ૩૭). (૪) પીતરને આપેલો આશીર્વાદ (૧૬; ૧૭-૧૯). (૫) નમ્રતા તથા માફી વિષેનાં ભાષણનો ઘણો ભાગ (માત્થી ૧૮). (૬) યહુદીઓ નકારવામાં આવશે (૨૧; ૪૩). (૭) શાસ્ત્રીઓ તથા ફરોશીઓને અફસોસ (૨૩). (૮) છેલ્લા ન્યાયચુકાદાની હકીકત (૨૫; ૩૧–૪૬). (૯) છેલ્લી આજ્ઞા તથા વચન (૨૮; ૧૮–૨૦). **(૪) કેટલીક બીજી બિનાની હકીકત.** (૧) માગી લોક ભજન કરવા આવ્યા (૨; ૧–૧૧). (૨) બેથલેહેમનાં બાળકોની કતલ (૨; ૧૬-૧૮). (૩) મિસરમાં નાસવું (૨; ૧૩–૧૫). (૪) નાઝારેથમાં પાછાં આવ્યાં (૨; ૧૯–૨૩). (૫) ફરોશીઓ તથા સાદુકીઓ યોહાનની પાસે આવ્યા (૩; ૭). (૬) પીતર પાણી પર પગે ચાલ્યો (૧૪; ૨૮, ૨૯). (૭) પીલાતની વહુનું સ્વપ્ન (૨૭; ૧૯). (૮) મુએલા સંતો સજીવ થઇ યરૂશાલેમમાં આવ્યા (૨૭; ૫૨). (૯) ઇસુની કબર પાસે ચોકીદારોને રાખવામાં આવ્યા (૨૭; ૬૨–૬૬). (૧૦) પુનરૂત્થાનના દિવસની સવારે ધરતીકંપ થયો (૨૮; ૩). આ સુવાર્તાના સાત ભાગ પાડી શકાય:—(૧) ૧–૨. ખ્રીસ્ત જે રાજા તેનો જન્મ તથા બાલ્યાવસ્થા. (૨) ૩–૪; ૧૧. રાજ્ય સ્થાપવાની શરૂઆતે જે બન્યું તે. (૩) ૪; ૧૨–૧૬;

૧૨. આકાશનું રાજ્ય સ્થાપવામાં જે કામોની નિશાણીઓ કરાઇ તે વિષે. (૪) ૧૬ ; ૧૩-૨૦ ; ૩૪. મરણદુઃખ સહન કરવા વિષે અગમવાણીઓ. (૫) ૨૧ ; ૧-૨૫. રાજાની ફતેહમંદી. (૬) ૨૬, ૨૭. મરણ-દુઃખ સહન. (૭) ૨૮. પુનરૂત્થાન.

માત્થીઅસ = દેવની બક્ષીસ. યહુદા ઇશ્કારીઓતની જગ્યા ઉપર નિમણુક કરવાને જે બે માણસોને પસંદ કરવામાં આવ્યા હતા તેમાં માત્થીઅસની ચિઠ્ઠી નીકળતાં બીજા અગીઆર પ્રેરિતોની સાથે તે ગણાયો (પ્રે. કૃ. ૧ ; ૨૩, ૨૬).

માથ = નાનો. માતાથિયાસનો પુત્ર (લુક ૩ ; ૨૬).

માદમાન્નાહ = ઉકરડો. (૧) આ નામનું એક શહેર જે યહુદાહના નેગેબમાં આવેલું હતું (યહો. ૧૫ ; ૩૧). હાલ તેને 'એલ-મીનીયાઇ' કહે છે, જે યહુદાહની દક્ષિણમાં ગાઝ્ઝાહની નૈરૂત્ય કોણમાં પંદર માઇલ પર આવેલ છે. (૨) કાલેબની ઉપપત્નિના વંશમાંના શાઆફનો પુત્ર (૧ કાળ. ૨ ; ૪૯).

માદમેન = ઉકરડો. એક મોઆબી શહેર હતું, કે જેને બાબેલના લોકે તરવારની ધારથી માર્યું (યિર્મે. ૪૮ ; ૨).

માદમેનાહ = ઉકરડો. યરૂશાલેમની પાસે ઉત્તર ગમ એક બિન્યામીની શહેર હતું (યશા. ૧૦ ; ૩૧). ઉપલોજ હેબ્રી શબ્દ યશા. ૨૫ ; ૧૦ માં વાપરવામાં આવ્યો છે, જેનો તરજુમો ઉકરડો કરવામાં આવ્યો છે.

માદાય = મધ્યભૂમિ. યાફેથનો ત્રીજો પુત્ર (ઉત્પ. ૧૦ ; ૨. ૧ કાળ. ૧ ; ૫). ઉત્પ. ૧૦ ; ૨ માં જો કે યાફેથપુત્રોની ટીપમાં આ નામ દાખલ કરવામાં આવ્યું છે તો પણ કેટલાક આશ્શૂરી લેખો ઉપરથી એમ દેખાય છે કે માદાય એ કોઇ ખાસ નામ નથી, પણ માદાય નામની આખી કોમનું નામ છે, એટલે માદીઓ (૨ રા. ૧૭ ; ૬ : ૧૮ ; ૧૧). અને તેઓ જે દેશમાં વસ્યા તેને 'માદાય' કહે છે (એસ્ત. ૧ ; ૩ : ૧૦ ; ૨. યશા. ૨૧ ; ૨. દાની. ૮ ; ૨૦). વળી દાની. ૧૧ ; ૧ માં તેને માદી કહે છે. આ દેશ કાસ્પીઅન સમુદ્રની દક્ષિણ હદ પર આવેલો છે. સીમા : ઉત્તરે કાસ્પીઅન સમુદ્ર, પૂર્વે પાર્થીઆ, દક્ષિણે ઇરાન અને પશ્ચિમ આશ્શૂર દેશ છે. માદીઓ તે આર્ય કોમની એક શાખા હોય એમ જણાય છે. ત્રણ ચાર સૈકામાં આ કોમની ઘણી શાખાઓ થઇ ગઇ, અને દરેક શાખાકોમનો એક મુખ્ય માણસ તેમનો અધિકારી હતો. આખરે તેઓ આશ્શૂરના રાજ્યને તાબે થયા (૨ રા. ૧૭ ; ૬). અને તે તાબેદારીથી છુટવા માટે તેઓ સિઆક્ષરેસ (ઇ. સ. પૂ. ૬૩૩) ના તાબેદાર થયા. પછી સિઆક્ષરેસ બાદશાહે બાબેલાના રાજા સાથે સંપ કરી આશ્શૂર રાજ્ય સામે લડાઇ જોડી નીનવેહ શહેરને ઘેરો ઘાલ્યો અને તેનો નાશ કીધો (ઇ. સ. પૂ. ૬૨૫ ?); અને એમ આશ્શૂરી રાજ્યનો અંત આણ્યો (નાહૂ. ૧ ; ૮ : ૨ ; ૫, ૬ : ૩ ; ૧૩, ૧૪). હવે માદાય દેશ ઘણો જોર પર આવ્યો, પણ લાંબા વખત સુધી સ્વતંત્ર રાજ્ય રહ્યું નહિ, પણ સિઆક્ષરેસને પોતાનો રાજા કીધો, અને એમ બન્ને રાજ્ય મળી ગયાં. ત્યાર પછી સિઆક્ષરેસના પુત્ર આસ્તીઆજીસના વખતમાં ઇરાનનો રાજા કોરેશ ચઢી આવ્યો અને માદીઓને તાબે કીધા, અને એમ બન્ને રાજ્ય જોડાઇ 'માદી ઇરાની' રાજ્ય બન્યું. માદીઓ સંબંધી ભવિષ્ય (યશા. ૧૩ ; ૧૭, ૧૮ : ૨૧ ; ૨. યિર્મે. ૧૫ ; ૨૫ : ૫૧ ; ૧૧, ૨૮. દાની. ૫ ; ૨૮, ૩૧ : ૬ ; ૮, ૧૫ : ૮ ; ૨૦). જુઓ દાર્યાવેશ. તેમનાં નગરો : આહમથા કે એકબાતાના (૨ રા. ૧૭ ; ૬ : ૧૮ ; ૧૧. એઝ. ૬ ; ૨).

માદોન = સ્પર્ધા. પાલેસ્તાઇનની ઉત્તરે આવેલું એક કનાની શહેર હતું (યહો. ૧૧ ; ૧ : ૧૨ ; ૧૯). ત્યાંના રાજા યોઆબને યહોશુઆએ તલવારની ધારથી માર્યો. કદાચ તિબેરિયસ સમુદ્રની પશ્ચિમે પાંચ મેલ ઉપર

'યાદીન' નામનું જે ખંડિયેર હાલ જોવામાં આવે છે તે પુરાતન માદોન હશે.

માનાહાથ = આરામ. (૧) આ નામની એક જગ્યા હતી (૧ કાળ. ૮; ૬). (૨) હોરી-સેઇરના દીકરા શોલાલનો પુત્ર (ઉત્પ. ૩૬; ૨૩. ૧ કાળ. ૧; ૪૦).

માનોઆહ = વિશ્રામ. શામશૂનનો પિતા તે દાનકુળનો હતો. એસોરાહનો વતની હતો. તેની સ્ત્રી વાંઝણી હતી (ન્યાય. ૧૩; ૨, ૮, ૯, ૧૧-૧૩, ૧૫-૧૭, ૧૯-૨૨: ૧૬; ૩૧).

મામરે = જબરૂં. (૧) એક આમોરી મુખ્ય માણસ હતો જેણે ઇબ્રાહીમ સાથે સંપ કર્યો હતો (ઉત્પ. ૧૪; ૧૩, ૨૪). (૨) હેબ્રોનની પાસે આ નામની એક જગ્યા આવેલી હતી, જ્યાં ઇબ્રાહીમે વાસો કીધો હતો (ઉત્પ. ૨૩; ૧૭, ૧૯: ૩૫; ૨૭). "મામરેનાં એલોનવૃક્ષો" (ઉત્પ. ૧૩; ૧૮) એવું નામ આ જગ્યાને આપવામાં આવ્યું છે; એમાં આપણે સમજવું કે મામરેનું જંગલ, અને એ જગ્યામાં ઇબ્રાહીમનું એલોનવૃક્ષ આવેલું હશે. હાલ હેબ્રોનની પાસે આરામના "એલોન-વૃક્ષો" નામની એક જગ્યા આવેલી છે, અને તેમાં ઇબ્રાહીમનુ એલોનવૃક્ષ દેખાડવામાં આવે છે. એજ જગ્યા પુરાતન મામરે હશે. બીજા કેટલાએક એમ ધારે છે કે હેબ્રોનની બે મૈલ ઉત્તરમાં એર-રામેહ નામની જગ્યા જે આવેલ છે તે પુરાતન મામરે હશે. મામરે (ઉત્પ. ૧૩; ૧૮: ૧૪; ૧૩: ૧૮; ૧: ૨૩; ૧૭, ૧૯: ૨૫; ૯: ૩૫; ૨૭: ૪૯; ૩૦: ૫૦; ૧૩).

માર-અલાહ = ધ્રુજારી. મારઅલાહ નામની એક જગ્યા હતી (યહો. ૧૯; ૧૧). હાલ તે નાઝરેથની નૈરૃત્ય કોણમાં ૪ માઇલ દૂર 'માલૂલ' નામથી ઓળખાય છે.

મારા = કડવી. નાઓમીએ પોતાપર આવેલાં દુઃખ બતાવતાં પોતાને ઉપલું લાક્ષણિક નામ આપવામાં આવ્યું છે (રૂથ. ૧; ૨૦).

મારાહ = કડવાસ. અરણ્યમાં આ નામનો એક ઝરો આવેલો હતો કે જ્યાં ઇસ્રાએલીઓએ પોતાની છઠ્ઠી છાવણી નાખી હતી. આ ઝરાનાં પાણી એવાં કડવાં હતાં કે કોઇ માણસ તેનો ઉપયોગ કરી શકયું નહિ (નિર્ગ. ૧૧; ૨૩, ૨૪. ગણ. ૩૩; ૮). આ કારણ માટે ઇસ્રાએલીઓએ મુસાની સામે કચકચ કીધી, તેથી મુસાએ પ્રભુના બતાવ્યા મુજબ એક વૃક્ષ પાણીમાં નાખ્યું અને બધું પાણી મીઠું થઇ ગયું અને બધા લોકે તે પીધું (નિર્ગ. ૧૫; ૨૨-૨૫. ગણ. ૩૩; ૮, ૯). હાલ "આયન-મૌસા" થી ૪૭ માઇલ ઉપર કેટલાક કડવા ઝરા આવેલા છે તે જગ્યાને "આઇન-હવારાહ" કહે છે, અને કદાચ ત્યાંજ ઉપલો મારાહનો ઝરો આવેલો હશે.

મારેશાહ = કબજો. (૧) યહુદાહના નીચ પ્રદેશમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૪૪). અહિં આસા રાજાએ ઝેરાહ કુશીને દસ લાખ માણસના સૈન્ય સાથે સખત હાર ખવાડી હતી (૨ કાળ. ૧૪; ૯, ૧૦). હાલ આ જગ્યા "એલ-મરેશાહ" નામના ખંડિયેરથી ઓળખાય છે. તે 'બેત-ઇબ્રી-ન'ની દક્ષિણમાં દોઢ માઇલ ઉપર આવેલ છે. રહાબઆમ રાજાએ આ શહેરને કિલ્લા-બંધ કીધું હતું (૨ કાળ. ૧૧; ૮: ૧૪; ૯: ૨૦; ૩૭. મીખા. ૧; ૧૫). (૨) હેબ્રોનનો પિતા (૧ કાળ. ૨; ૪૨). (૩) યહુદાહના પુત્ર શેલાહના પુત્રોને એ નામ આપવામાં આવેલ છે (૧ કાળ. ૪; ૨૧).

મારોથ = દિલગીરી. યહુદાહમાં યરૂશાલેમની પાસે આ નામની જગ્યા આવેલી હતી. બાબેલની ફોજે ચઢાઇ કરી તે સંબંધે આ નામ આપવામાં આવે છે (મીખા. ૧; ૧૨).

માર્ક = યોહાન માર્ક. સુવાર્તિક માર્ક તે ઇસુ ખ્રીસ્તનો શિષ્ય નહોતો, તો પણ જે પ્રેરિત ખ્રીસ્તનાં સેવાકૃત્યો વિષે ઘણોજ માહિતગાર હતો તેની, એટલે પીતરની સાથે તેનો નિકટ સંબંધ કે પરિચય હતો. માર્ક આ નામ લાટીન ભાષાનું છે, પણ તે ઉપરાંત માર્કને એક હેબ્રી નામ યોહાન, જેનો અર્થ 'યહોવાહ

રહેમી' એવું પણ આપવામાં આવ્યું છે. જ્યારે યોહાન પાલેસ્તાઇનમાંથી નીકળી દૂર દેશમાં પર્યટન કરવા લાગ્યો ત્યારે તેણે વિદેશીઓમાં ચાલે એવું લાટીન નામ ઘણું કરીને સ્વીકાર્યું હશે. શાસ્ત્રમાં એનાં નામ નીચે પ્રમાણે છે 'યોહાન જેની અટક માર્ક' (પ્રે. કૃ. ૧૨; ૧૨, ૧૫: ૧૫; ૩૭). 'યોહાન' (પ્રે. કૃ ૧૩; ૫, ૧૩). 'માર્ક' (પ્રે કૃ. ૧૫; ૩૯. કલો. ૪; ૧૦. ફિલે. ૨૪. ૨ તીમો. ૪; ૧૧. ૧ પીત. ૫; ૧૩). માર્કની મા મરિયમ નામની યહુદેણ બાઇ હતી (પ્રે. કૃ. ૧૨; ૧૨). એવું દેખાય છે કે યરૂશાલેમમાં તેમનું એક વિશાળ ઘર હતું કે જ્યાં ઘણા ખ્રીસ્તીઓ એકઠા થઇને ભજન કરતા હતા. ત્યાં યરૂશાલેમમાંજ માર્ક જન્મ્યો હશે. તેના પિતાનું નામ શાસ્ત્રમાં આપવામાં આવ્યું નથી. બાર્નાબાસનો તે પિતરાઇ ભાઇ થતો હતો (કલો. ૪; ૧૦). ઇ. સ. ૪૪માં પીતર ચમત્કારિક રીતે કેદમાંથી મુક્ત થયો તે વખતે માર્કની મા મરિયમના ઘરમાં કેટલાંક માણસો પ્રાર્થના કરતાં હતાં. તેમના એકઠા મળવા વિષે પીતરને કાંઇ ખબર ન હતી, એમ છતાં પણ પોતાની મેળે આ ઘર તરફ ચાલતો થયો, તે ઉપરથી એવું અનુમાન થાય છે કે મરિયમ યરૂશાલેમની મંડળીમાં વજનદાર સભાસદ તરીકે ગણાતી હશે. આ વખતે પીતરને માર્ક સાથે પિછાન થઇ હશે. ૧ પી. ૫; ૧૩ માં લખ્યું છે કે "મારો દીકરો માર્ક તમને સલામ કહે છે" એ ઉપરથી અનુમાન કરી શકીએ કે માર્કનો ધર્મપિતા કદાપિ પીતર હશે. વળી પીતરે આશરે ૬૫–૬૬ માં પહેલો પત્ર લખ્યો ત્યારે તેની સાથે માર્ક પણ હતો એવું દેખાય છે. હવે એ પત્ર બાબેલોનમાં રચાયો હતો (૧ પીત. ૫; ૧૩) પણ આ કલમમાં બાબેલોન ઘણું કરીને રૂમનું લાક્ષણિક નામ હશે. માર્ક ૧૪; ૫૧, ૫૨ માં 'એક જુવાન' એવા શબ્દ લખેલા છે તેમાં આપણે માર્ક સમજવો (પ્ર. કૃ. ૧૨; ૨૫.) જ્યારે પાઉલ તથા બાર્નાબાસ યરૂશાલેમથી અંત્યોખ જવા નીકળ્યા ત્યારે માર્ક પણ તેમની સાથે હતો (ઇ. સ. ૪૪). પછી ઇ. સ. ૪૫ માં પાઉલ તથા બાર્નાબાસ ધર્મપ્રસારક પહેલી મુસાફરી કરવાને અંત્યોખથી નીકળ્યા, તે વખતે માર્ક તેમનો 'સેવક' હતો અને તેમની સાથે સલુકિયા, સાલામીસ, પાફસ અને પેર્ગા સુધી મુસાફરી કીધી. અને પેર્ગા પહોંચ્યા પછી કોઇ કારણ સર માર્ક તેમને મુકીને યરૂશાલેમ પાછો ગયો (પ્રે. કૃ. ૧૩; ૧૩). ઇ. સ. ૫૧–૫૪ માં પાઉલ ધર્મપ્રસારને સારૂ બીજી મુસાફરીમાં નીકળ્યો ત્યારે નીકળતી વખતે (ઇ. સ. ૫૧) બાર્નાબાસની સાથે એવો ટંટો થયો કે તેઓ એક બીજાથી જુદા પડ્યા. ટંટાનું કારણ એ હતું કે બાર્નાબાસ પોતાના ભાઇ માર્કને સાથે લેવાને ઇચ્છતો હતો, પણ પાઉલે એમ કહ્યું કે જે આપણને પામ્ફુલ્યાના પેર્ગામાં મુકીને ગયો હતો અને કામ કરવાને સાથે નહિ આવ્યો તેને ફરીથી તેડી જવો તે યોગ્ય નથી. તે તકરારનો નિકાલ એવો થયો કે પાઉલ સીલાસને પસંદ કરીને સુરિયામાં તથા કીલકીઆમાં ફર્યો, પણ બાર્નાબાસ પોતાના પિત્રાઇ ભાઇ માર્કને લઇને પોતાના વતન કુપ્રસમાં ગયો. વળી પાઉલ જ્યારે રૂમમાં બે વર્ષ સુધી કેદી હતો (ઇ. સ. ૬૧-૬૩) તે વખતે માર્ક તેની સાથે હતો, એ કારણ માટે પાઉલ તેને "સાથી કામ કરનાર" કહે છે, અને "દેવના રાજ્યને સારૂ મારી સાથે કામ કરનારો તથા દિલાસો દેનારો થયો છે" એવી સાક્ષી માર્ક વિષે પુરે છે. તે વખતે રૂમથી કલોસે સુધી જવાનું માર્કનું મન હતું, માટે પાઉલ પ્રેરિત કલોસેની મંડળીને ભલામણ કરી કે માર્ક તમારી પાસે આવે તો તેનો અંગીકાર કરજો (કલો. ૪; ૧૦, ૧૧. ફિલે. ૨૪). પછી આપણે (ઇ. સ. ૬૫-૬૬) પીતર જ્યારે બાબેલોન એટલે ઘણું કરીને રૂમમાં મંડળીની સેવા કરતો હતો તે વખતે માર્ક પોતાના ધર્મપિતા પીતરનો મદદગાર હતો (૧ પીત. ૫; ૧૩).

પછી પાઉલ ઈ. સ. ૬૭માં રૂમમાં ફરીને કેદી થયો ત્યારે પાઉલ તીમોથીને એવી વિનંતિ કરે છે કે "માર્કને તારી સાથે લેતો આવ, કેમકે સેવાને સારૂ તે મને ઉપયોગી છે" (૨ તીમો. ૪; ૧૧). જે એક વખત પાઉલનો ત્યાગ કરનાર સેવક (પ્રે. કૃ. ૧૩; ૧૩) હતો, તેનાજ વિષે પાઉલ છેલ્લામાં છેલ્લી એવી સારી સાક્ષી પુરે છે તે કેટલી ખુશીની વાત! માર્ક વિષે દંતકથાની એવી વાત ચાલે છે કે પીતર તથા પાઉલ રૂમમાં માર્યા ગયા, ત્યાર પછી માર્ક રૂમથી નીકળીને મિસર દેશમાં રહેવા ગયો. આલેકસાંદ્રીઆ શહેરમાં ખ્રીસ્તી મંડળી તથા પાઠશાળા તેણે સ્થાપી, પછી તેજ શહેરમાં ખ્રીસ્ત વિષે સાક્ષી પુરતાં તેણે પ્રાણાર્પણ કીધું. ઈ. સ. ૮૨૭માં તેનું મુડદું આલેકસાંદ્રીઆમાંથી લઇ જઇને વેનીસ નગરમાં દાટયું, અને ત્યાર પછી તે શહેર જાણે કે માર્કના આસરા નીચે આવેલું ગણાયું. હવે માર્કને હઝ. ૧; ૨૦માં સિંહની ઉપમા આપેલી છે, તેથી વેનીસની રાજધ્વજા ઉપર આજ સુધી સિંહની છબી ચીતરવામાં આવે છે.

માર્કની સુવાર્તા.—માર્કની સુવાર્તા લખનાર માર્ક પોતે હતો પણ તે ખ્રીસ્તનો શિષ્ય ન હતો, પણ પ્રેરિત પીતર પાસેથી તેને જે જે મળ્યું તે લખ્યું છે. એ વાતને ઘણાએ ધર્મપિતૃઓ મળતા છે. આ સુવાર્તા લખવાની સાલ ઇ. સ. ૬૩–૭૦ હશે, કેમકે ઇ. સ. ૬૨–૬૩ની સાલમાં પાઉલે કલોસીઓને અને ફિલેમોનને પત્ર લખ્યા, અને તેમાં આ તેની ભારે સેવા વિષે જરા પણ સૂચના કરવામાં આવી નથી. માત્ર એથી ઉલટું એટલુંજ બતાવે છે કે તે 'મારો સાથી કામદાર તથા દિલાસો' દેનાર છે. અને ઇ. સ. ૭૦ પછી આ પુસ્તક રચાયું નથી કેમકે તે સાલમાં યરૂશાલેમનો નાશ થયો હતો; પણ આ સુવાર્તામાં તેના નાશ વિષે કશી વાત લખવામાં આવી નથી. આ સુવાર્તા ઘણું કરીને રૂમમાં લખવામાં આવી છે, કેમકે માર્કની સુવાર્તામાં કેટલાક લાટીન શબ્દો મળે છે (૧૨; ૧૫: ૫; ૯, ૧૫: ૨; ૪, ૯, ૧૧: ૧૨; ૪૨: ૧૫; ૧૬); વળી તે ઉપરાંત કેટલાક લાટીન શબ્દો કેવળ આજ સુવાર્તામાં મળી આવે છે (૬; ૨૭: ૭; ૪: ૧૫; ૩૪). એ શિવાય બીજાં કેટલાંક કારણો છે કે જે પરથી જણાય છે કે આ સુવાર્તા રૂમમાં લખવામાં આવી છે. આ સુવાર્તા વિદેશી ખ્રીસ્તીઓને માટે અને મુખ્યત્વે કરીને રૂમમાં વસતા ખ્રીસ્તીઓને માટે રચવામાં આવી છે. આ સુવાર્તામાં સમાએલી ખાસ બિના. (૧) ઇસુ વિષે તેનાં સગાંના મનમાં ધાસ્તી (૩; ૨૧). (૨) જુવાન માણસ વિષે (૧૪; ૫૧, ૫૨). ખાસ દૃષ્ટાંતઃ (૧) ગુપ્તમાં ઉગેલું બી (૪; ૨૬-૨૯). (૨) ઘરબારી અને ચાકર (૧૩; ૩૪-૩૭). ખાસ ચમત્કારઃ (૧) બહેરો તથા મુંગો (૭; ૩૧-૩૭). (૨) બેથસૈદાનો આંધળો (૮; ૨૨-૨૬). ખાસ ખુલાસોઃ (૧) યરદન વિષે (૧; ૫). (૨) જૈતુન પહાડ વિષે (૧૩; ૩). (૩) યહુદી રીત રીવાજ વિષે (૭; ૩: ૧૪; ૧૨: ૧૫; ૪૨). ખાસ કે મુખ્ય શબ્દ 'તરત' ૩૮ વખત. **પુસ્તકનું પૃથક્કરણ.**—(અ) ગાલીલમાં કરેલી ધર્મસેવા (અધ્યાય ૧–૯). (૧) ભૂત, તાવ, કોઢ. (૨) પક્ષઘાતી. (૩) સુકાયલો હાથ. (૪) તોફાન શાંત. (૫) સેના, લોહીવા, યાઐરસ. (૬) પાંચ હજાર. (૭) કનાની સ્ત્રી. (૮) ચાર હજાર. (૯) રૂપાંતર. (આ) પેરીઆ તથા યહુદાહમાં કરેલી ધર્મસેવા (અ. ૧૦–૧૬). (૧૦) બારતીમાય. (૧૧) યરૂશાલેમમાં પ્રવેશ. (૧૨) દુષ્ટ ખેડુતો. (૧૩) અંત વિષે. (૧૪) કાયાફાની કચેરી. (૧૫) પીલાતની કચેરી. (૧૬) પુનરૂત્થાન. આ સુવાર્તાનાં છેલ્લાં બાર વાક્યો (૧૬; ૯–૨૦) અસલ સુવાર્તામાં હતાં કે નહિ તે વિષે જે તકરાર અને ખુલાસો તે વિષે ડૉ. ટેલર સાહેબના પ્રવેશક બોધના પૃષ્ટ ૩૮-૪૦માં જુઓ.

માર્થા = કડવાસ. લાજરસ અને મરિયમની બહેન, જે ઘણું કરીને બન્ને કરતાં મોટી હતી. આ કુટુંબ યરૂશાલેમની પાસે બેથાનીઆમાં રહેતું હતું (લુક ૧૦; ૩૮, ૪૦, ૪૧. યોહા. ૧૧; ૧-૩૯). લુક ૧૦; ૩૮ માં લખ્યું છે કે માર્થાએ ઇસુને 'પોતાને ઘેર' પરોણો રાખ્યો. તે પરથી કેટલાએક એવું ધારે છે કે માર્થા તે વિધવા સ્ત્રી હતી અને તેણીનું ઘર બેથાનીઆમાં હતું, અને લાજરસ તથા તેની બહેન મરિયમ તેની સાથે રહેતાં હતાં. જ્યારે ઇસુ તેને ત્યાં જતો ત્યારે મરિયમ ઇસુના પગ આગળ બેસીને તેની વાત સાંભળતી હતી, પણ માર્થા ઇસુને વાસ્તે રસોઇની તૈયારી કરવાના કામમાં ગુંથાતી હતી. લાજરસ મરણમાંથી ઉઠયો ત્યાર પછી ઇસુ તથા તેના શિષ્યોને માર્થાએ જમણ આપ્યું હતું, તે વખતે માર્થા જમણ પીરસતી દેખાય છે (યોહા. ૧૨; ૨). ત્યાર પછી તેના વિષે કંઇ બીજી વાત લખવામાં આવી નથી (જુઓ મરિયમ નંબર ૩).

માર્સના (એસ્તે. ૧; ૧૪). ઇરાની સાત સરદારોમાંનો એક હતો.

માલાખી = ખેપીઓ; દૂત. આ નામ મેલઅખી-યાહ (= યહોવાહનો દૂત) નું સંક્ષિપ્ત નામ છે. બાર નાના ભવિષ્યવાદીઓમાંનો માલાખી તે છેલ્લો છે. અને જુના કરારના નિયમગણનું છેલ્લું પુસ્તક લખનાર છે (માલા. ૪; ૪, ૫, ૬). પુસ્તકમાં તેના વિષે જે લખવામાં આવ્યું છે તે શિવાય વધુ આપણે તેના વિષે કંઇ જાણતા નથી. કેટલાએક વિદ્વાનોનો મત એવો છે કે આ કોઇ માલાખી નામનો ખાસ પુરૂષ ન હતો, પણ આ પુસ્તકના લખનારે નહિ જાણતાં અ. ૩; ૧ માંથી પુસ્તકને માટે એક સાર્થક નામ શોધી કાઢયું છે. ત્યાં લખ્યું છે કે "જુઓ હું મારો એલચી મોકલું છું" એટલે માલાખી મોકલું છું. એ પરથી આ પુસ્તકને એજ નામ આપવામાં આવ્યું હશે. વળી બીજા કેટલાએક યહુદી, રાબી અને અર્વાચીન વિદ્વાનો એવું ધારે છે કે આ પુસ્તકનો રચનાર તે એઝરા શાસ્ત્રી હશે. એઝરાને શાસ્ત્રી એટલુંજ નહિ પણ ભવિષ્યવાદી પણ કહે છે અને એમ તેનું ભવિષ્યપુસ્તક તે માલાખીનું પુસ્તક હશે. હવે માલાખી જો એક ભવિષ્યવાદી હતો એમ માનીએ તો આપણે કબૂલ કરવું જોઇએ કે તેના જીવનચરિત્ર સંબંધી આપણે કશું જાણતા નથી, માત્ર તેનું નામ પુસ્તકની પહેલી કલમમાં આખા શાસ્ત્રમાં એકવાર આવે છે. ઐતિહાસિક યુસેબિયસે ઇ. સ. પૂ. પાંચમા સૈકા સંબંધીનો સવિસ્તર ઇતિહાસ આપ્યો છે, એમ છતાં માલાખી વિષે બીલકુલ વાત લખવામાં આવી નથી. માલાખીનો સમકાલિક નહેમ્યાહ હતો અને નહેમ્યાહ જ્યારે બીજે ફેરે યરૂશાલેમ આવ્યો ત્યારે ચાર વાતનો ભારે બીગાડ ફેલાયો હતો. (૧) યાજકો બેદરકાર થયા હતા. (૨) દશાંશ પડતો મુકવામાં આવ્યો હતો. (૩) સાબ્બાથ દિવસ પાળવાનું બંધ કર્યું હતું. (૪) યહુદીઓ મૂર્તિપૂજકોની સાથે લગ્ન કરતાં. હવે ઉપરની ચાર અનિતી વિષે આ પુસ્તકમાં ઠપકો આપવામાં આવે છે તે ઉપરથી અનુમાન થઇ શકે છે કે, નહેમ્યાહ યરૂશાલેમમાં બીજે ફેરે પાછો આવ્યો તે વખતે આ પુસ્તક લખવામાં આવ્યું હશે (ઇ. સ. પૂ. ૪૩૨) ખરેખર આ પુસ્તક બીજાં બધાં ભવિષ્યપુસ્તકોની પછી લખવામાં આવ્યું છે, એ કારણ માટે આ પુસ્તકને 'ભવિષ્યવાદીઓની મહોર' એવું નામ પણ આપવામાં આવે છે.
પુસ્તકનું પૃથક્કરણ. (૧) ૧; ૬–૨; ૯. યાજકોનાં પાપ. (૨) ૨; ૧૦–૩; ૧૫. લોકોનાં પાપ. (૩) ૩; ૧૬–૪; ૩. યહોવાહનો દિવસ. (૪) ૪; ૪–૬. વિનંતિરૂપી બોધ ને વચન.

માલ્કામ = 'તેઓનો રાજા.' (૧) બિન્યામીની મુખ્ય પુરૂષોમાંનો એક હતો (૧ કાળ. ૮; ૯). (૨) આમ્મોનીઓની એક મૂર્તિ હતી (યિર્મ. ૪૯; ૧, ૩. સફ. ૧; ૫.

આમો. ૧ ; ૧૫). ૨ શમૂ. ૧૨ ; ૩૦ માં "તેઓનો રાજા" એવું નામ તેને આપવામાં આવ્યું છે. જ્યારે દાઉદે આમ્મોનપુત્રોનું રાબ્બાહ શહેર લઇ લીધું, ત્યારે આ મૂર્તિનો મુગટ પણ લૂટમાં મળ્યો હતો, તેમાં મૂલ્યવાન રત્નો જડેલાં હતાં. (જુઓ ‡મલ્કોમ).

માલ્કીએલ=પ્રભુ મારો રાજા. આશેરનો પૌત્ર (ઉત્પ. ૪૬ ; ૧૭. ગણ. ૨૬ ; ૪૫. ૧ કાળ. ૭ ; ૩૧). તેના કુટુંબને માલ્કીએલીઓનું કુટુંબ કહે છે (ગણ. ૨૬ ; ૪૫).

માલ્કીયાહ=યહોવાહ મારો રાજા. (૧) દાઉદ રાજાના વખતમાં યાજકોની પાંચમી વારાટોળીમાંનો મુખ્ય પુરૂષ હતો (૧ કાળ. ૨૪ ; ૯). (૨) પાશહૂરનો પિતા જે યાજક હતો (૧ કાળ. ૯ ; ૧૨. યિર્મે. ૨૧ ; ૧). (૩) જેના ટાંકામાં યિર્મેયાહને નાખવામાં આવ્યો હતો તે (યિર્મે. ૩૮ ; ૬). (૪) યરૂશાલેમના કોટની પ્રતિષ્ઠા વખતે જે ગવૈયા નિમાયા હતા તેમાંનો એક (નહે. ૧૨ ; ૪૨). (૫) (૧ કાળ. ૬ ; ૪૦). (૬) એઝરા નિયમશાસ્ત્રનું પુસ્તક વાંચતો હતો ત્યારે તેને ડાબે હાથે આ યાજક ઉભો હતો (નહે. ૮ ; ૪). (૭) (એઝ. ૧૦ ; ૩૧). (૮) (નહે. ૩ ; ૧૪). (૯) (નહે. ૩ ; ૩૧). (૧૦) (નહે. ૩ ; ૧૧). (૧૧) (એઝ. ૧૦ ; ૨૫).

માલ્કીરામ = મોટો રાજા. યખોન્યાહનો પુત્ર (૧ કાળ. ૩ ; ૧૮).

માલ્કી-શુઆ = મદદનો રાજા. શાઉલના ચાર પુત્રોમાંનો એક હતો. તે ગીલ્બોઆની લડાઇમાં કતલ થયો હતો (૨ કાળ. ૮ ; ૩૩. ૧ શમૂ. ૩૧ ; ૨ : ૧૪ ; ૪૯. ૧ કાળ. ૯ ; ૩૯ : ૧૦ ; ૨).

માલ્ખસ = આગળ પડતો. પ્રમુખ યાજક કાયાફાનો ચાકર હતો જેનું નામ માત્ર યોહા. ૧૮ ; ૧૦માં આવે છે. પીતરે તરવાર કાઢીને ગેથસેમાનેની વાડીમાં તેનો જમણો કાન કાપી નાખ્યો (માત્થી ૨૬ ; ૫૧. માર્ક. ૧૪ ; ૪૭). પણ ઇસુએ પીતરને વાર્યો અને તેના કાનને અડકીને તેને સારો કર્યો (લુક. ૨૨ ; ૫૧). સાજા કરવા સંબંધી જે છેલ્લો ચમત્કાર આપણા પ્રભુ ઇસુએ કર્યો તે આજ હતો, પણ યોહાન તે વિષે કંઇજ લખતો નથી.

માલ્લૂખ = બળવાન, રાજ્ય કરનાર. (૧) મરારીના કુટુંબનો એક લેવી હતો (૧ કાળ. ૬ ; ૪૪). (૨) જે યાજકો બંદિપ્રવાસથી પાછા આવ્યા તેમાંનો એક હતો (નહે. ૧૨ ; ૨). (૩) (એઝ. ૧૦ ; ૨૯). (૪) (૧૦ ; ૩૨). (૫) (નહે. ૧૦ ; ૪).

માલ્લૂખી = બળવાન. જે લેવીઓ ઝરૂબ્બાબેલ તથા યેશૂઆની સાથે બંદિપ્રવાસથી પાછા આવ્યા તેમાંનો એક યોનાથાનનો પિતા માલ્લૂખી હતો (નહે. ૧૨ ; ૧૪).

માલ્લોથી = મારી તૃપ્તિ. કોહાથી હેમાનપુત્રોમાંનો એક (૧ કાળ. ૨૫ ; ૪) અને ગાનારાઓની ઓગણીસમી ટોળીનો ઉપરી હતો (૧ કાળ. ૨૫ ; ૨૬).

માશ = મેશેખ (૧ કાળ. ૪ ; ૧૭). શેમના પુત્ર અરામના ચાર પુત્રોમાંનો એક હતો અને તેના વંશજો તેના નામથી ઓળખાય છે (ઉત્પ. ૧૦ ; ૨૩). મેસોપતામીઆના કોઇ ભાગમાં તેઓ રહેતા હતા. પણ કેટલાએક એમ ધારે છે કે તેઓ 'માસિયુસ' પહાડના રહીશો હશે (જુઓ મેશેખ).

માશાલ = દૃષ્ટાંત. આશેરના ભાગમાં આવેલું એક લેવીઓનું શહેર હતું (૧ કાળ. ૬ ; ૭૪). યહો. ૧૯ ; ૨૬ : ૨૧ ; ૩૦ માં તેને 'મિશાલ' કહે છે.

માસરેકાહ = ઉત્તમ દ્રાક્ષનો બગીચો. અદોમ દેશમાં આ નામની જગ્યા આવેલી હતી, જે અદોમી શામ્લાહ રાજાની વતનભૂમિ હતી (ઉત્પ. ૩૬ ; ૩૬. ૧ કાળ. ૧ ; ૪૭).

માસ્સા = બોજો. એક ઇસ્રાએલી જે અરબ કોમનો સ્થાપનાર હતો. આ કોમ બાબેલ તરફ આવેલ અરબસ્તાનના અરણ્યમાં રહેતી હતી (ઉત્પ. ૨૫ ; ૧૪. ૧ કાળ. ૧ ; ૩૦).

માસ્સાહ = પરીક્ષા. રફીદીમમાં ઇસ્રાએલીઓએ પાણીની કચકચ કીધી, અને મુસાએ

યહોવાહના હુકમ મુજબ તેમને હોરેબ ખડકમાંથી પાણી પાયું. આ જગ્યાનું નામ મુસાએ માસ્સાહ પાડયું. તેને મરીબાહ પણ કહે છે (નિર્ગ. ૧૭; ૭. પુન. ૬; ૧૬: ૯; ૨૨: ૩૩; ૮. ગીત. ૯૫; ૮. હેબ્રી. ૩; ૮).

માહઝીઓથ = દર્શનો. એક કોહાથી લેવી કે જે ગાયક ગણની ટોળીનો મુખ્ય માણસ હતો (૧ કાળ. ૨૫; ૪, ૩૦).

માહનાઇમ = બે સૈન્ય. યાકુબ જ્યારે પાદ્દાનારામથી પાછો આવતો હતો (ઉત્પ. ૩૨; ૨) ત્યારે યાબ્બોક નાળાની પાસે કે જ્યાં યાકુબે દેવના દૂતોનું દર્શન દીઠું અને પોતાના ટોળાના બે ભાગ પાડયા, તે જગ્યાનું નામ યાકુબે માહનાઇમ પાડયું હતું. આગળ જતાં તે જગ્યાએ એક શહેર બાંધવામાં આવ્યું, અને તે શહેરને તે જગ્યાનું નામ એટલે માહનાઇમ આપવામાં આવ્યું. તે બાશાનની દક્ષિણ સિમા ઉપર આવેલું હતું (યહો. ૧૩; ૨૬, ૩૦). આગળ જતાં તે શહેર લેવીઓને આપવામાં આવ્યું (યહો. ૨૧; ૩૮). અહિં શાઉલના પુત્ર ઇશ-બોશેથે રાજ્ય કીધું કે જે વખતે દાઉદ રાજા હેબ્રોનમાં રાજ્ય કરતો હતો (૨ શમૂ. ૨; ૮, ૧૨). આજ શહેરમાં ઇશ-બોશેથને તેના બે અંગરક્ષકોએ એટલે બાઆનાહ તથા રેખાબે મારી નાખ્યો અને તેનું માથું કાપી લઇને હેબ્રોનમાં દાઉદ પાસે લઇ ગયા હતા. દાઉદે તેમને ભારે અપમાન સાથે મારી નાખ્યા અને ઇશ-બોશેથનું માથું હેબ્રોનમાં આબ્નેરની કબરમાં માન સાથે મુક્યું (૨ શમૂ. ૪; ૫-૭). આ બનાવ પછી ઘણાં વર્ષે દાઉદ જ્યારે આબ્શાલોમથી નાસતો હતો ત્યારે તેણે માહનાઇમમાં મુખ્ય મથક રાખ્યું હતું. અહિં શોબી, માખીર અને બાર્ઝિલ્લાએ દાઉદને સારી મદદ આપી હતી (૨ શમૂ. ૧૭; ૨૭. અને ૧૮). આજ શહેરના દરવાજા ઉપર દાઉદે પોતાના દીકરા આબ્શાલોમના મરણના માઠા સમાચાર સાંભળ્યા હતા. ત્યાર પછી રાજા સુલેમાનના વખતમાં મોદીખાનાના સંબંધે આ શહેરનું નામ આવે છે (૧ રા. ૪; ૧૪). હાલ આ શહેરની જગ્યા ઉપર 'મુખુમાહ' નામે ખંડિયેર જોવામાં આવે છે, જે યાબ્બોક નાળાની દક્ષિણે પનુએલની પાસે આવેલ છે.

માહનેહ-દાન = દાનની છાવણી. સોરાહ તથા એશતાઓલમાંથી દાનના કુટુંબના છસેં માણસ યુદ્ધશસ્ત્ર સજીને 'લાઇશ' ઉપર ચઢાઇ કરી રસ્તામાં તેઓએ કિર્યાથ-યઆરીમની પશ્ચિમે (તેની પાછળ) છાવણી કરી અને આ છાવણીની જગ્યાને માહનેહ-દાન એવું નામ આપ્યું (ન્યા. ૧૮; ૧૨). પછી તેઓએ આગળ વધી લાઇશ જીતી લીધું અને અગ્નિથી બાળી તેનો વિનાશ કીધો અને શહેરને ફરી બાંધી તેઓ ત્યાં વસ્યા અને પોતાના પૂર્વજ દાનના નામ પરથી શહેરનું નામ દાન પાડયું. હાલ તેને બદલે ઓળખાતું 'એરમા' નામનું ખંડિયેર શામશૂનના વતનની પૂર્વે ત્રણ માઇલ ઉપર આવેલ છે (ન્યા. ૧૩; ૨૫).

માહલાલએલ = દેવની સ્તુતિ. (૧) શેથવંશી કેનાનનો પુત્ર (ઉત્પ. ૫; ૧૨-૧૭. ૧ કાળ. ૧; ૨. લુક. ૩; ૩૭). (૨) પેરેસવંશી એક પુરૂષ (નહે. ૧૧; ૪).

માહલાહ = રોગ. (૧) મનાશ્શેહ વંશના માખીરના પુત્ર ગિલઆદની બહેનથી માહલાહ (સ્ત્રી?) થયો (૧ કાળ. ૭; ૧૮). (૨) સલોફહાદની પાંચ પુત્રીઓમાંની એક (ગણ. ૨૬; ૩૩).

માહલી = મંદવાડવાળો. (૧) મરારીપુત્ર (નિર્ગ. ૬; ૧૯. ગણ. ૩; ૨૦, ૩૩: ૨૬; ૫૮. ૧ કાળ. ૬; ૧૯, ૨૯: ૨૩; ૨૧: ૨૪; ૨૬, ૨૮). (૨) મરારીનો પૌત્ર (૧ કાળ. ૬; ૪૭: ૨૩; ૨૩: ૨૪; ૩૦). તેના વંશજોને માહલીઓ કહે છે (ગણ. ૩; ૩૩: ૨૬; ૫૮).

માહલોન = રોગીષ્ટ. અબીમેલેખ તથા નાઓમીથી થએલા બે પુત્રોમાંનો વડો પુત્ર.

તેણે રૂથની સાથે લગ્ન કીધું હતું અને નિઃસંતાન મરણ પામ્યો (રૂથ ૧ ; ૨, ૫ : ૪ ; ૯, ૧૦).

માહવી (૧ કાળ. ૧૧ ; ૪૬). દાઉદના સૈન્ય યોદ્ધાઓમાંનો એક અલીએલ નામનો હતો તે માહવી કહેવાતો હતો. શા કારણ માટે તેને આ ઉપનામ આપવામાં આવ્યું હશે તે માલમ નથી, કદાપિ કોઇ ગામનું નામ હશે.

માહાથ = પકડવું. (૧) કહાથી લેવી એલ્કાનાહનો પિતા (૧ કાળ. ૬ ; ૩૫). (૨) હિઝકીયાહ રાજાના વખતમાં એક બીજો કહાથી લેવી હતો (૨ કાળ. ૨૯ ; ૧૨).

માહાલાથ = એક જાતનું વાજું. (૧) ઇશ્માએલની દીકરી અને એસાવની ત્રીજી સ્ત્રી (ઉત્પ. ૨૮ ; ૯). ઉત્પ. ૩૬ ; ૩ માં તેને બાસમાથ કહે છે. (૨) દાઉદના દીકરા યરીમોથની દીકરી અને રહાબઆમની સ્ત્રીઓમાંની એક હતી (૨ કાળ. ૧૧ ; ૧૮). (૩) ગીત ૫૩ અને ૮૮ ના મથાળામાં આ રાગનું નામ છે.

માહેર-શાલાલ-હાશ-બાઝ = ઉતાવળથી છીનવી લે. યશાયાહને પ્રથમ હુકમ થયો કે એક મોટી પાટી લઇ આ નામ લખ અને પછીથી તેને જે છોકરો થયો તેનું આ લાક્ષણિક નામ પાડ્યું (યશા. ૮ ; ૧-૩. સફ. ૧ ; ૧૪). તેમાં બતાવવામાં આવ્યું હતું કે દમસ્કનું દ્રવ્ય તથા સમારીઆની લૂટ આશ્શૂરના રાજા પાસે લઇ જવામાં આવશે.

માહોલ = નાચ. હેમાન, કાલ્કોલ તથા દાર્દાનો પિતા જે પોતાના જ્ઞાનને માટે પ્રસિદ્ધ હતો (૧ રા. ૪ ; ૩૧).

મિકનેયાહુ = યહોવાહનો કબજો (૧ કાળ. ૧૫ ; ૧૮) એક દ્વારપાળ.

મિકલોથ = ઢગલેઢગલા. (૧) યેઇલનો પુત્ર (૧ કાળ. ૮ ; ૩૨ : ૯ ; ૩૭, ૩૮). (૨) દાઉદના સૈન્યનો નાયક (૧ કાળ. ૨૭ ; ૪).

મિખ્તામ (ગીત. ૧૬ નું મથાળું).

મિખ્મથાથ = સંતાવાની જગ્યા. એફ્રાઇમ અને મનાશ્શેહની ઉત્તર સરહદ ઉપર આ નામનું એક શહેર આવેલું હતું, જે યરદન નદીની પશ્ચિમે બહુ દૂર ન હતું (યહો. ૧૬ ; ૬ : ૧૭ ; ૭).

મિખ્માશ = કંઇ સંતાડેલું. (મિખ્માસ. એઝ. ૨ ; ૨૭). યરૂશાલેમ જવાના રસ્તા ઉપર મિગ્રોનની દક્ષિણમાં અને બેથેલની પૂર્વે બિન્યામીનનું એક શહેર હતું (એઝ. ૨ ; ૨૭. અને યશા. ૧૦ ; ૨૮). ઘણું કરીને આ જગ્યા રણસંગ્રામને માટે અગત્યની હતી (૧ શમૂ. ૧૩ ; ૨, ૫, ૧૧, ૧૬). બે પહાડની વચ્ચે આવેલી સાંકડી જગ્યા આ હતી જેમાં થઇને માર્ગ જતો હતો (૧ શમૂ. ૧૪ ; ૪, ૫, ૩૧). હાલનું મિખ્માશ યરૂશાલેમથી સાત માઇલ દૂર આવેલ છે અને ગેબા તેની સામી બાજુમાં આવેલ છે. આ બે શહેરની વચ્ચે મોટી ખાઇ આવેલ હતી તેને 'એસ-સુવૈનિત' કહે છે (એટલે કાંટાવાળી ખાઇ) અને હાલ તેને મિખ્માસ કહે છે. ૧ શમૂ. ૧૩ ; ૨૩ માં તેને 'મિખ્માશનો ઘાટ' એવું નામ આપવામાં આવ્યું છે. ખાઇ કે ખીણના બન્ને બાજુના કરાડા બોસેસ તથા સેનેહ નામથી ઓળખાતા હતા (૧ શમૂ. ૧૪ ; ૪). આ ખીણમાં શાઉલ અને પલિસ્તીઓના સૈન્ય વચ્ચે ભારે લડાઇ થઇ હતી (૧ શમૂ. ૧૪) જેમાં પલિસ્તીઓનો ભારે સંહાર થયો હતો. બાબેલ બંદિપ્રવાસમાંથી પાછા આવેલામાં આ મિખ્માશનાં ૧૨૨ માણસ હતાં (એઝ. ૨ ; ૨૭). યોનાથાન મકાબીએ આ શહેરને પોતાની રાજધાનીનું શહેર બનાવ્યું હતું. (જુઓ શાઉલ).

મિખ્રી = યહોવાહનું ઇનામ. બિન્યામીની ઉઝઝીનો પિતા (૧ કાળ. ૯ ; ૮).

મિગ્દાલ-એલ = દેવનો બુરૂજ. નાફતાલીનું એક કિલ્લાદાર શહેર હતું (યહો. ૧૯ ; ૩૮). કેટલાક એવું ધારે છે કે તે માગદાન (માત્થી ૧૫ ; ૩૯) હશે.

મિગ્દાલ-ગાદ = ગાદનો બુરૂજ. યહુદાહના

મેદાનમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૩૭). તે ઘણું કરીને હાલનું 'એલ-મેજદેલ' કે જે આસ્કેલોનની ઇશાન કોણમાં આવેલ છે.

મિગ્દોલ = બુરૂજ. (૧) મિસરની ઉત્તરમાં પેલુસીયુમ (Pelusium) થી ૧૨ માઇલ ઉપર આ નામની મજબૂત કિલ્લાબંધ જગ્યા આવેલી હતી (યિર્મે. ૪૪; ૧ : ૪૬; ૧૪). હઝ. ૨૯; ૧૦ માં મિગ્દોલ શબ્દ પડતો મુકવામાં આવ્યો છે, પણ હાંસીઆમાં લખ્યું છે કે 'મિગ્દોલથી તે સવેનેહ' સુધી; તેમાં સમજવું કે ઉત્તરના મિગ્દોલથી તે દક્ષિણના સવેનેહ સુધી, એટલે આખા "મિસરને હું વેરાન કરીશ." (૨) લાલ-સમુદ્રના ઉત્તર કિનારા ઉપર આ નામની એક જગ્યા આવેલી હતી (નિર્ગ. ૧૪; ૨. ગણ. ૩૩; ૭, ૮). હાલ તેને 'બીર-સુવેઇસ' કહે છે જે આશરે સૂએઝથી બે માઇલ પર આવેલ છે.

મિગ્રોન = ઉભી ભેખડ. આયાથ અને મિખ્માશની વચ્ચે આવેલી એક જગ્યા હતી (યશા. ૧૦; ૨૮). એજ નામના એક શહેર વિષે ૧ શમૂ. ૧૪; ૨ માં વાત આવે છે. તે મિગ્રોનથી દક્ષિણમાં આવેલું હતું (યશા. ૧૦; ૨૮).

મિઝાર = નાનું. લબાનોન પર્વતની પશ્ચિમ ધારનું એક શિખર હતું. આ જગ્યા પાસે દાઉદે આબ્શાલોમથી ન્હાસીને આશ્રો લીધો હતો (ગીત. ૪૨; ૬). કદાચ મિઝાર તે હાલનું "યાએલ આજામુન" હશે. તેને લબાનોન અને હેર્મોન સાથે સરખાવતાં નાનું શિખર કહેતા હશે, કેમકે નામનો અર્થ નાનું એવો થાય છે.

મિઝ્ઝાહ=નિરાશા. રેઉએલના ચાર પુત્રોમાંનો એક હતો, તે એસાવનો પૌત્ર થાય (ઉત્પ. ૩૬; ૧૩, ૧૭ ની સાથે ૧ કાળ. ૧; ૩૭ સરખાવો).

મિથકાહ = મિઠાશ. ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનો એક મુકામ હતો, તેરાહથી નીકળીને ત્યાં છાવણી કરી હતી (ગણ. ૩૩; ૨૮, ૨૯).

મિથની (૧ કાળ. ૧૧ : ૪૩). દાઉદના સૈન્યયોદ્ધાઓમાંનો એક યોશાફાટ કરીને હતો, તેને મિથ્ની કહે છે.

મિથ્રદાથ = મિથ્રાએ આપ્યો. (૧) રાજા કોરેશનો તે ખજાનચી હતો (એઝ. ૧; ૮). તેની મારફતે મંદિરનાં પવિત્ર પાત્રો શેશ્બાસ્સારને આપવામાં આવ્યાં હતાં. હેબ્રી ભાષામાં મિથ્રા એટલે સૂર્ય. (૨) સમારીઆનો એક ઇરાની સરદાર હતો (એઝ. ૪; ૭).

મિદ્દીન = પ્રમાણ. મૃત સમુદ્રની પશ્ચિમે અરણ્યમાં આવેલાં દસ નગરોમાંનું એક હતું (યહો. ૧૫; ૬૧).

મિદ્યાન = સ્પર્ધા. ઇબ્રાહીમને કટૂરાહને પેટે જે પુત્રો થયા તેમાંનો ચોથો પુત્ર મિદ્યાન હતો. (ઉત્પ. ૨૫; ૨. ૧ કાળ. ૧; ૩૧). તે મિદ્યાનીઓનો પૂર્વજ હતો તેથી તેના વંશજોને મિદ્યાનીઓ કહે છે.

મિદ્યાનીઓ = મિદ્યાનના વંશજો. મિદ્યાનીઓ તે મિદ્યાનના વંશનાં અરબ લોકની એક કોમ હતી. આ મિદ્યાન તે ઇબ્રાહીમનો કટૂરાહથી થએલો ચોથો પુત્ર હતો. આ કોમ અરબસ્તાનની ઉતરે આવેલા અરણ્યમાં રહેતી હતી. સિનાય તે તેમનાં ઘેટાંબકરાંને માટે ચારાની જગ્યા હતી. ખરૂં કહીએ તો તેઓ અરબસ્તાના સરદારો હતા, કેમકે તેઓ તો રાજકર્ત્તા કોમ હતી. બધા અરબોની માફક આ કોમ પણ ઘેટાંબકરાંને પાળનાર હતી. તેઓએ પહેલાંથીજ વેપાર-રોજગારનું કામ હાથ લીધું હતું. યુસફને જે વેપારીઓને વેચ્યો તે ઇશ્માએલીઓ હતા, અને તે ઇશ્માએલીઓ તે મિદ્યાનીઓનો એક સંઘ હતો (ઉત્પ. ૩૭; ૨૫, ૨૭). ત્યાર પછી મુસા મિસરમાંથી નાઠો તે સંબંધે આ લોકની વાત જોડાયલી છે. એટલે મુસા મિસર દેશમાંથી મિદ્યાન દેશમાં નાસી ગયો અને ત્યાં એક મિદ્યાનીને ત્યાં નોકર, અને

ત્યાર પછી એક મિદ્યાની યાજક રેઉએલ કે યિથ્રોની દીકરી સાથે લગ્ન કીધાં. નિર્ગમન પછી ઇસ્રાએલીઓની સાથે કેટલોક વખત દોસ્તી દેખાડી, પણ જ્યારે ઇસ્રાએલીઓ તેમના દેશમાં થઇ જવા લાગ્યા ત્યારે તેઓએ મોઆબના રાજા બાલાકની સાથે મળીને તેમને અટકાવ્યા (ગણ. ૨૨; ૪-૭). ઇસ્રાએલીઓને શાપ આપવાને તેઓએ બલઆમને બોલાવ્યો, પણ તેમ કરવાને પ્રભુએ તેને અટકાવ્યો અને તેમાં તેઓ નાશીપાસ થયા. તો'પણ બલઆમે મિદ્યાનીઓને એવી કુયુક્તિ શિખાડી કે તેવું કરતાં ઇસ્રાએલીઓ તેમની સાથે ભળી ગયા અને તેમના પાપના ભાગીદાર થયા, અને એથી કરીને ઇશ્વરની ભારે શિક્ષા ઇસ્રાએલીઓ પર આવી પડી અને મરકીથી ચોવીસ હજાર કરતાં વધારે માણસો મરણ પામ્યાં (ગણ. ૨૫; ૯). મિદ્યાનીઓ પણ શિક્ષા પામ્યા વગર રહ્યા નહિ. મુસાએ યહોવાહના હુકમ પ્રમાણે મિદ્યાનીઓની પાસેથી ઇસ્રાએલીઓનો બદલો લેવાને ૧૨ હજાર માણસની ફોજ સાથે એલઆઝારના દીકરા ફીનહાસને મોકલ્યો. તેણે મિદ્યાનીઓ પર ચઢાઇ કરી તેમના પાંચ રાજાઓને માર્યા, બલઆમને તરવારની ધારથી માર્યા અને મિદ્યાની સ્ત્રી છોકરાંને કબજે કરી તેમની બધી પ્રકારની મિલકત લૂટી લઇ તેમનાં નગરો અને છાવણીના અગ્નિથી બાળી નાશ કીધો (ગણ. ૩૧; ૮-૧૨. યહો. ૧૩; ૨૨-૩૫). એમ મિદ્યાનીઓની પુરી હાર થઇ અને તેમનો યરદનની પૂર્વનો બધો મુલક જીતી લઇ રેઉબેન, ગાદ અને મનાશ્શેહના અર્ધ કુળને વહેંચી આપ્યો. ત્યાર પછી ૨૫૦ મિદ્યાનીઓ, અમાલેકીઓ તથા 'પૂર્વ દિશાના લોકો' સાથે સંપ કરી પોતાના જુના શત્રુ ઇસ્રાએલીઓની સામે થયા. તેમને હરાવી સાત વર્ષ સુધી તેમને દબાવ્યા. પણ આખરે ગિદઓને એરદ્રાએલોનના મેદાનમાં મિદ્યાનીઓને સખત હાર ખવાડી, ઇસ્રાએલીઓને તેમના તાબામાંથી છોડાવ્યા (ન્યા. ૬-૭), અને એમ મિદ્યાનીઓનો સંપૂર્ણ વિનાશ કરવામાં આવ્યો. ત્યાર પછી વખતો વખત તેમનો નાશ દૃષ્ટાંતિક રીતે યાદ કરવામાં આવે છે (ગીત. ૮૩; ૧૦, ૧૨. યશા. ૯; ૪: ૧૦; ૬). હવે પછી તેમનો કોઇ પણ જાતનો ઇતિહાસ હાથ આવનો નથી. મિદ્યાનીઓ—ઇબ્રાહીમના પુત્રના વંશજ (ઉત્પ. ૨૫; ૨, ૪. ૧ કાળ. ૧; ૩૨, ૩૩). યુસફને વેચ્યો (ઉત્પ. ૩૭; ૨૮, ૩૬). મુસા મિદ્યાનમાં (નિર્ગ. ૨; ૧૫: ૩; ૧: ૪; ૧૯: ૧૮; ૧. પ્રે. કૃ. ૭; ૨૯). મિદ્યાન અને મોઆબે બલઆમને બોલાવ્યો (ગણ. ૨૨; ૪, ૭). મિદ્યાની સ્ત્રી અને મરકી (ગણ. ૨૫; ૧-૧૫). ઇસ્રાએલીઓને તેમના પાપમાં ફસાવ્યા (ગણ. ૨૫; ૧૬-૧૮). ઇસ્રાએલીઓએ હરાવ્યા (ગણ. ૩૧; ૧-૧૨. યહો. ૧૩; ૨૧). તેમની લૂટ (ગણ. ૩૧; ૧૩-૫૪). ગિદઓને નસાડયા (ન્યાયા. ૬; ૭, ૮: ૯; ૧૭. ગીત. ૮૩; ૯, ૧૧. યશા. ૯; ૪: ૧૦; ૨૬). મોઆબના મેદાનમાં હાર (ઉત્પ. ૩૬; ૩૫. ૧ કાળ. ૧; ૪૬). બીજી જગ્યાઓમાં (ગણ. ૧૦; ૨૯. ૧ રા. ૧૧; ૧૮. યશા. ૬૦; ૬. હબા. ૩; ૭).

મિન્ની = આર્મેનિયા. આર્મિનીઆ પ્રાંતનું એક પ્રગણું હતું (યિર્મે. ૫૧; ૨૭). આ વખતમાં તે માદી રાજ્યને કબજે હતું. આર્મિનીઆને કેટલાક લોક "હાર-મિન્ની" કહે છે, એટલે મિન્નીઓનો પહાડી મુલક.

મિન્નીથ = વહેંચણ. આમ્મોનીઓનું એક શહેર હતું (ન્યાયા. ૧૧; ૩૩). આ શહેરમાં ઘઉં બહુ સારા પાકતા હશે, કેમકે અહિંથી વેપારીઓ તેને સૂર લઇ જતા હતા (હઝ. ૨૭; ૧૭). યરદન નદીની પૂર્વમાં ઘણું કરીને તે આવેલ હતું. યિફ્તાહે આમ્મોનીઓના અરોએરથી મિન્નીથ સુધીનાં વીસ નગરોનો સંહાર કીધો હતો. મિન્નીથ વિષે કેટલાએક એવું ધારે છે કે તે કોઇ શહેર ન હતું, પણ

તે એક દ્રાક્ષવાડી હતી. મિન્નીથ ક્યાં આવેલું હતું તે શાબિત થઇ શકતું નથી.

મિન્યામીન = મિયામીનનું પુરૂં નામ. (૧) રાજા હિઝકીયાહના વખતમાં એક લેવી હતો (૨ કાળ. ૩૧; ૧૫). (૨) ઝરૂબ્બાબેલની સાથે જે યાજકો બંદિપ્રવાસથી પાછા આવ્યા તેમાંના પિલ્ટાય યાજકનો ઘરડો બાપ (નહે. ૧૨; ૧૭). (૩) કોટની પ્રતિષ્ઠા વખતે જે યાજકો રણશિંગડાં વગાવાપર નિમાયા હતા તેમાંનો એક (નહે. ૧૨; ૪૧).

મિબ્સામ = સુવાસ. (૧) ઇશ્માએલના બાર પુત્રોમાંનો એક, જે અરબકુળનો મુખ્ય પુરૂષ હતો (ઉત્પ. ૨૫; ૧૩. ૧ કાળ. ૧; ૨૯). (૨) શિમઓનપુત્રોમાંનો એક (૧ કાળ. ૪; ૨૫).

મિબ્સાર = કિલ્લો. અદોમ કે એસાવનો સરદાર (ઉત્પ ૩૬; ૪૨. ૧ કાળ. ૧; ૫૩).

મિબ્હાર = દિલપસંદ. દાઉદના શૂરવીરોમાંનો એક હાગ્રીનો પુત્ર (૧ કાળ. ૧૧; ૩૮). ૨ શમૂ. ૨૩; ૩૬ માં તેને બાનીગાદી કહે છે.

મિર્માહ = કપટ. બિન્યામીની એક પુરૂષ (૧ કાળ. ૮; ૧૦).

મિલ્કાહ = રાણી. (૧) હારાનની દીકરી, લોટની બહેન, અને ઇબ્રાહીમના ભાઇ નાહોરની સ્ત્રી (ઉત્પ. ૧૧; ૨૯: ૨૨; ૨૦, ૨૩: ૨૪; ૧૫, ૨૪, ૩૭). તેને પેટે બથુએલ જન્મ્યો, જે રિબ્કાહનો પિતા થાય (ઉત્પ. ૨૨; ૨૨).

મિલ્કોમ = માલિક; રાજા. આમ્મોનીઓનો આ લોકપ્રિય દેવતા હતો. આ દેવતા શાસ્ત્રમાં જુદાં જુદાં નામથી ઓળખાય છે. 'મિલ્કોમ' (૧ રા. ૧૧; ૫, ૩૩. ૨. રા. ૨૩; ૧૩). 'મોલેક' (લેવી. ૧૮; ૨૧: ૨૦; ૨, ૫). 'મલખ' (પ્રે. કૃ. ૭; ૨૩). 'માલ્કામ' (સફા. ૧; ૫). 'મોલેખ' (યિર્મે. ૩૨; ૩૫). આ દેવતાને બાળકો અને માણસોનું અર્પણ ચઢાવવામાં આવતું હતું યિર્મે. ૪૯; ૧, ૩ માં 'તેઓનો રાજા' એમાં આપણે સમજવું કે તેઓનો આ દેવતા મિલ્કોમ છે. આમ્મોનીઓના આ દેવતા અને બઆલ દેવતા એ બેની વચ્ચે ઘણો સંબંધ હતો. આ દેવતાનો અર્થ માલીક અને બઆલનો અર્થ ધણી કે રાજા એવો થાય છે (૧ રા. ૧૭; ૧૬, ૧૭. યિર્મે. ૧૯; ૫: ૩૨; ૩૫). ઇસ્રાએલીઓને આ દેવતાની સેવા કરવાની સખત મના હતી (લેવી. ૧૮; ૨૧: ૨૦; ૨, ૫). તો પણ ઇસ્રાએલીઓ એજ સેવામાં અરણ્યની ચાળીસ વર્ષની મુસાફરીમાં ફસાઇ ગયા હતા (આમો. ૨; ૨૫, ૨૬. પ્રે. કૃ. ૭; ૪૩). અને વળી એટલુંજ નહિ પણ કનાનમાં પેઠા પછી પણ તેઓએ આ દેવતાને છોડયો નહિ, કેમકે બઆલની પૂજા જારી હતી. અફસોસની વાત છે કે રાજા સુલેમાને આંધળો બની પવિત્ર શહેરમાં જૈતુન પહાડની ઉપર આ દેવતાનું દેવસ્થાન બંધાવ્યું (૨ રા. ૨૩; ૧૦. ૧ રા. ૧૧; ૫, ૭, ૩૩). અને ત્યારથી માંડી રાજા યોશીયાહના વખત સુધી તેની પૂજા ચાલુ રહી (૨ રા. ૨૩; ૧૦, ૧૩). એજ પાપમાં રાજા આહાઝ ફસાયો (૨ કાળ. ૨૮; ૩), અને કેવળ જૈતુન પહાડ પરજ નહિ પણ હિન્નોમની ખીણમાં 'તોફેથ' ની આગળ પણ તેઓ આ દેવતાના જેવી પૂજા કરતા હતા. વળી રાજા મનાશ્શેહે બઆલનાં ઉચસ્થાનો ફરી બંધાવ્યાં અને પોતાના પુત્રને અગ્નિમાં ચલાવ્યો (૨ રા. ૧૧; ૫, ૬). ત્યાર પછી ખુશીની વાત કે રાજા યોશીયાહે ઉપલાં ઉચસ્થાનો અશુદ્ધ કરી ભાંગી નાખ્યાં (૨ રાજા. ૨૩; ૧૦, ૧૩, ૧૪) અને ત્યારથી માંડીને યરૂશાલેમના લોકો હિન્નોમની ખીણમાં કચરો નાખવા લાગ્યા (જુઓ હિન્નોમ). ત્યાર પછી આપણે જોઇએ છીએ કે આ તિરસ્કારપાત્ર દેવતાની પૂજા બાબેલમાં પણ કરતા દેખાય છે, જે વિષે ભવિષ્યવાદી હિઝકીયાહ તેમને ઠપકો આપે છે (હિઝ. ૧૬; ૨૦, ૨૧: ૨૦; ૩૧: ૨૩; ૩૭). ઇસ્રાએલે કરેલાં આ દેવતા આગળનાં ખૂન, ગીત ૧૦૬; ૩૭, ૩૮ માં

યાદ કરવામાં આવે છે. બંદિપ્રવાસ પછી તેઓ ઉપલા કંટાળવા યોગ્ય દેવતાથી ફરી ગયા એમ લાગે છે, કેમકે ત્યાર પછી એ દેવતાની વાત આવતી નથી. આજ દેવતા તે મોઆબીઓનો કામોસ દેવતા હશે (જુઓ કામોસ). યહુદીઓમાં એવી દંતકથા ચાલે છે કે આ દેવતાનો આકાર માણુસના જેવો પિત્તળનો બનાવવામાં આવ્યો હતો. તેની આગળ મોટો અગ્નિ સળગાવવામાં આવતો હતો. અને પછી દેવતાના પ્રસારેલા હાથમાં બાળકને મુકવામાં આવતું હતું. ત્યાંથી આ નિરપરાધી બાળક તેના હાથમાંથી નીચે આગના તંદુરમાં પડી જઇ ભસ્મ થઇ જતું હતું. આ ક્રિયા થતાં ઢોલ અને વાજાં વગાડવામાં આવતાં હતાં કે માબાપ કે બીજાં માણુસ બિચારા બાળકની બૂમો સાંભળી શકે નહિ.

મિલ્લાય = સુભાષિત (?). યરૂશાલેમના કોટની પ્રતિષ્ઠા ક્રિયામાં જે લોકો વાજાં વગાડવા પર હતા તેમાંનો એક (નહે. ૧૨ ; ૩૬).

મિલ્લો = કિલ્લો, બુરૂજ. યરૂશાલેમની ઉત્તર ગમના બહારના કોટના કોઇ કિલ્લાને કનાની લોકોએ આ નામ આપેલું દેખાય છે. આ કિલ્લો આજુબાજુ ભીંતો ચણી માટી અને પથરા પુરી બાંધવામાં આવ્યો હતો. આ કિલ્લામાં રહીને યબૂશીઓ બહારના દુશ્મનોને હરાવી અંદર આવવા દેતા ન હતા. જ્યારે દાઉદે આ શહેર જીતી લીધું ત્યારે આ કિલ્લો બાંધેલો હતો. દાઉદે આ મિલ્લોથી માંડીને અંદરની તમામ જગ્યામાં ઇમારતો બંધાવી (૨ શમૂ. ૫; ૯. ૧ કાળ. ૨ ; ૮). આ કિલ્લાને સુલેમાન રાજાએ ફરીને બંધાવ્યો (૧ રા. ૯; ૧૫, ૨૪: ૧૧; ૨૭). આજ કિલ્લા આગળ યોઆશને કાપી નાખવામાં આવ્યો હતો (૨ રા. ૧૨; ૨૦). રાજા હિઝકીયાહે આ કિલ્લાને, રાજા સાન્હેરીબ ચઢી આવ્યો ત્યારે સમારી મજબૂત કીધો હતો (૨ કાળ. ૩૨; ૫). (૨) શખેમના કોટના કોઇ બુરૂજને પણ આ નામ આપવામાં આવ્યું છે (ન્યા. ૯; ૬, ૨૦ની સાથે ૯; ૪૬, ૪૯ સરખાવી સરખાવી જુઓ).

મિશઆમ = તેઓની સફાઇ. બિન્યામીના એલ્પાઆલના પુત્રોમાંનો એક (૧ કાળ. ૮; ૧૨).

મિશઆલ = પ્રાર્થના. આશેરના ભાગમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૯; ૨૬: ૨૧; ૩૦), અને ૧ કાળ. ૬; ૭૪ માં તેને 'માશાલ' કહે છે. તે ગેર્શોમપુત્રોને આપવામાં આવ્યું હતું. ઘણું કરીને આ શહેર તે હાલનું "મિસાલી" જે કાર્મેલની પાસે કાંઠા ઉપર આવેલું છે તેજ હશે.

મિશમા = ખબર (૧) ઇશ્માએલના પુત્રોમાંનો એક હતો, જેણે અરબોની એક કોમ સ્થાપી (ઉત્પ. ૨૫; ૧૪. ૧ કાળ. ૧; ૩૦). (૨) શિમઓનપુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૪; ૨૫, ૨૬. અહિં તેને મિશ્મા કહે છે).

મિશ્માન્નાહ = પુષ્ટ. ગાદીઓમાંનો એક શૂરવીર જે સિકલાગમાં આવી દાઉદને મળ્યો (૧ કાળ. ૧૨; ૧૦).

મિશ્રાઇઓ (૧ કાળ ૨; ૫૩). કિર્યાથયઆરીમનાં કુટુંબોમાંનું એક હતું (૧ કાળ. ૨; ૫૩).

મિસર = કાળી ભૂમિ. દુનિયાનાં પ્રાચીન રાજ્યોમાંનું એક મિસરનું રાજ્ય છે. તેનાં ખંડિયેરો, પિરામીડ, સ્તંભો, મંદિરો અને પુરાતન લીપી વિગેરે જેવાજોગ દેખાવો માટે, દુનિયામાં તે પ્રખ્યાત છે. મિસર દેશ પવિત્ર શાસ્ત્રમાં ઘણો પ્રસિદ્ધ છે, હેબ્રી ભાષામાં તેને મિસરાઇમ કહે છે. તે દ્વિવચનનું નામ છે, તેમાં મિસર દેશના બે ભાગ એટલે ઉંચ પ્રદેશ અને નીચ પ્રદેશ, અથવા તો નીલ નદીના બે બાજુના ફળદ્રુપ પ્રદેશ દર્શાવવામાં આવ્યા છે. દેશની જમીન કાળી હોવાથી તેને 'કોપ્ટીક' ભાષામાં 'કેમે' અથવા 'કામ' (=કાળી ભૂમિ) કહે છે. શાસ્ત્રમાં તેને હામનો દેશ (ગીત. ૧૦૫; ૨૩, ૨૭: ૭૮; ૫૧)

અને 'રાહાબ' (ગીત ૮૭; ૪: ૮૯; ૧૦) કહે છે. આ દેશમાં જો મોટી નીલ નદી ન હોત તો આખો દેશ ઉજડ અરણ્ય જેવો દેખાત, કેમકે દર વર્ષ અજાયબ જેવું નિયમીત રીતે જુલાઇ માસથી નદીનાં પાણી વધવા માંડે છે અને સપ્ટેમ્બર અક્ટોબરમાં પાણી સૌથી વધારે ભરાવાનું હોય તેટલું ભરાઇ જાય છે; ત્યાર પછી પાણી ઓસરવા લાગે છે અને એપ્રીલ અને મે માસમાં પાણી છેક ઓછાં થઇ જાય છે. જ્યારે પાણી પુષ્કળ ચઢે છે ત્યારે નદી કાદવ કચરાનું કાળું ખાતર આખા પ્રદેશ પર નાખે છે જેથી આસપાસનો આખો પ્રદેશ ફળદ્રુપ બને છે. આ દેશમાં આવેલ નીલ નદીની લંબાઇ ૬૦૦ માઇલ અને તેના પટની પહોળાઇ ૧૦-૩૦ માઇલ સુધીની છે અને તેનું ક્ષેત્રફળ ૯૬૦૦ ચો. માઇલનું છે. મિસર દેશની હાલની સીમા—ઉત્તરે ભૂમધ્ય સમુદ્ર, દક્ષિણે ન્યુબિઆ, પૂર્વે રાતો સમુદ્ર અને પશ્ચિમે મોટું અરણ્ય આવેલ છે. એશિઆ ખંડમાંથી હામના બીજા પુત્ર મિસરાઇમના વંશજોએ સુએઝની સંયોગીભૂમિ ઓળંગી આ દેશમાં આવીને વાસો કીધો. આ દેશમાં જે જે રાજાઓ રાજ્ય કરી ગયા તેમણે પોતાની પાછળ ઘણી ઘણી અજાયબી ભરેલી યાદગારીઓ મુકી છે કે જે આજદીનના વિદ્વાનોને પણ હેરત પમાડે છે. મિસર દેશની પ્રાચીન બાદશાહત સ્થાપનાર મેનેસ રાજા હતો અને તેની રાજધાનીનું શહેર 'મેમ્ફેસ' હતું; ત્યાર પછી જે નવી બાદશાહત થઇ તેની રાજધાનીનું શહેર 'થેબ્સ' હતું. કેટલાંક વર્ષો બાદ ભરવાડ અથવા 'હિકસોસ' રાજાઓએ આવીને દેશ જીતી લીધો, અને 'સોઆન'ને પોતાની રાજધાની કીધું. ત્યાર પછી અરાઢમા વંશના પહેલા રાજા આમોસીસ કે આહમેસે હિકસોસ રાજ્યવંશનો અંત આણ્યો; ત્યાર પછી ઓગણીસમા વંશની સ્થાપના શેતી પહેલાએ કીધી. આ રાજા યુસફને ઓળખતો ન હતો, એના પછી એનો પુત્ર રામસેસ બીજો ગાદીએ બેઠો. ઇ. સ. પૂ. ૩૪૩ માં કામ્બુસેસની સરદારી તળે ઇરાનીઓએ દેશ જીતી લીધો. ઇ. સ. પૂ. ૩૩૨ માં મહાન સિકંદરે આ દેશ જીતી યુનાની રાજ્યની સ્થાપના કીધી. ૩૦૦ વર્ષ સુધી ટોલેમીએ દેશ પર રાજ્ય કીધું અને વિદ્યાકળા તથા વેપારવણજમાં દેશને આબાદ કીધો. ઇ. સ. ૩૦ માં 'એક્ટયુમ'ની લડાઇ થઇ ત્યારથી મિસર દેશ રૂમી રાજ્યમાં ગણાયો, અને ઇ. સ. ૩૩૭માં રૂમી રાજ્યના વિભાગ થયા ત્યારે તે કોન્સ્ટાન્ટીનોપલને તાબે થયો. ઇ. સ. ૬૩૮ માં દેશ મુસલમાનોના હાથમાં આવ્યો, અને ઇ. સ. ૧૫૧૭ થી આજદીન સુધી તે તુર્ક સરકારનો દેશ ગણાય છે. જ્યારે ઇબ્રાહીમ તથા સારા મિસર દેશમાં આવ્યાં (ઇ. સ. પૂ. ૧૯૨૦) ત્યારે હિકસોસ વંશના રાજાઓ રાજ્ય કરતા હતા. તેઓએ પોતાને માટે ફારૂન નામનો ઇલકાબ રાખ્યો હતો અને સોઆન શહેરને રાજધાનીનું શહેર કીધું હતું. તે વખતે તેઓ શેમેટિક ભાષા વાપરતા હતા તેથી ઇબ્રાહીમ દુભાષ્યાની મદદ વગર વાતચીત કરી શકતો હતો. યુસફ રાજ્યમાં દિવાન થયો ત્યાર પછી યાકુબ અને તેનું કુટુંબ મિસર દેશમાં આવ્યું, અને આવ્યા પછી તેઓ ગોશેન પ્રાંતમાં વસ્યા અને રહેતાં રહેતાં પુષ્કળ વધ્યા. પાછળથી તેમના ઉપર કેવો જુલમ ગુજારવામાં આવ્યો તેનું વર્ણન નિર્ગમનના પહેલા અધ્યાયમાં આપવામાં આવ્યું છે: અને એજ પુસ્તકમાં રામસેસ બીજાનો જુલમ અને ઇસ્રાએલપુત્રોના નિર્ગમનનું વર્ણન કરવામાં આવ્યું છે. આ દેશ તે પ્રાચીન લેખોનો ભંડાર છે; કેટલાક લેખો માટીનાં મોટાં મોટાં ચોસલાં પર લખેલા છે, અને તે જોતાં એવું દેખાય છે કે તે લેખો આસપાસના દેશોમાંથી આવેલા સરકારી હુકમો અને પત્રો છે. યહોશુઆએ જે રાજાઓને માર્યા તેમાંના ત્રણ રાજાઓનાં નામ તેમાં મળી આવે છે; એટલે યરૂશાલેમનો રાજા અદોનીસેદેક, લાખીશનો રાજા યાફીઆ

(યહો. ૧૦; ૧-૩) અને હાસોરનો રાજા યાબીન (યહો. ૧૧; ૧); અને એમજ યહોશુઆના પુસ્તકમાં લખેલી ઐતિહાસિક બિનાની સત્યતાને ટેકો મળે છે, અને વળી તે જમાનામાં વિદ્યાકળામાં દેશ કેવો પ્રવીણ હતો તેની શાબિતી પણ મળે છે. મિસર દેશ વિષે નીચે પ્રમાણે ખાસ ભવિષ્યો લખેલાં છે (યશા. ૧૯. યિર્મે. ૪૩; ૮-૧૩: ૪૪; ૩૦-૪૬. હિઝ. ૨૯; ૩૨) અને તે ભવિષ્યો પુરાં પડેલાં માલમ પડે છે. યિર્મે. ૪૬; ૧૯. અને હિઝ. ૩૦; ૧૩ મુજબ નોફ કે 'મેમ્ફીસ' શહેરનો આજે તદન નાશ થએલો જોવામાં આવે છે. મિસર દેશના ત્રણ મુખ્ય ભાગ હતા. (૧) ઉંચ પ્રદેશ (દક્ષિણમાં). થેબ્સ આ ભાગની રાજધાનીનું શહેર હતું. 'નોઆમોન' (નાહુ. ૩; ૮. યિર્મે. ૪૬; ૨૫, ૨૬). (૨) મધ્ય પ્રદેશ. આ ભાગની રાજધાનીનું શહેર મેમ્ફીસ કે નોફ હતું (હિઝ. ૩૦; ૧૩). (૩) નીચ પ્રદેશ (ઉત્તરમાં). આ ભાગમાં ગોશેન પ્રાંત આવેલો હતો અને મુસાના વખતમાં આ ભાગની રાજધાની તાનીસ કે સોઆન હતી. મિસર અને મિસરીઓ વિષે શાસ્ત્રવચનો. ઇબ્રાહીમ મિસરમાં આવ્યો (ઉત્પ. ૧૨; ૧૦—૧૩; ૧: ૨૬; ૨: ૧૩; ૧૦: ૨૫; ૧૮: ૨૬; ૨: ૩૭; ૨૫). યુસફ વેચાયો (૩૭; ૨૮). યાકુબનું મરણ તથા દફન (૫૦). ઇસ્રાએલીઓ વસ્યા (૪૫; ૧૮: ૪૭; ૬, ૧૧; નિર્ગ. ૧; ૧ ૭). એમના ઉપર જુલમ (૧; ૮: ૨; ૨૩). હેબ્રીને માર્યો (૨; ૧૧). છૂટકારાનું વચન (૩; ૭-૨૨: ૬; ૫-૧૨). અનર્થ (૭-૧૧: ૧૨; ૨૯). ઇસ્રાએલને છૂટકો (૧૨; ૩૦-૪૨: ૧૩). મિસરી પુઠે લાગ્યા (૧૪). સમુદ્રમાં ડુબી મુઆ (નિર્ગ. ૧૪: ૧૫; ૧૯). મિસરીઓ (નિર્ગ. ૧-૨૦). છૂટકારા વિષે નિર્ગમન, લેવી, ગણના અને પુનર્નિયમમાં પણ વિશેષે કરી નિર્ગ. ૧૩; ૩૨. લેવી ૨૫. ગણ. ૨૦ અને ૩૩. પુન. ૪: ૬: ૧૬: ૨૬: ૨૯ અધ્યાયોમાં આવે છે. બલઆમની સૂચના (ગણ. ૨૩; ૨૨: ૨૪; ૮. વળી જુઓ યહો. ૨૪. ન્યા. ૨; ૧, ૧૨: ૬; ૮, ૧૩: ૧૦; ૧૧: ૧૧; ૧૩, ૧૬: ૧૯; ૩૦. ૧ શમૂ. ૨; ૨૭: ૮; ૮: ૧૦; ૧૮: ૧૨; ૬, ૮. ૨ શમૂ. ૭; ૬, ૨૩. ૧ રા. ૮: ૯; ૯: ૧૨; ૨૮. ૨ રા. ૧૭; ૭, ૩૬. ૧ કાળ. ૧૭; ૨૧. નહે. ૯; ૯, ૧૮. ગીત. ૮૦; ૮: ૮૧; ૧૦: ૧૦૫; ૨૩, ૩૮: ૧૦૬; ૭-૧૨: ૧૧૪; ૧. યશા. ૧૦; ૨૪: ૧૧; ૧૬. યિર્મે. ૨; ૬: ૭; ૨૨, ૨૫: ૧૧; ૪, ૭: ૧૬; ૧૪: ૨૩; ૭: ૩૧; ૩૨: ૩૨; ૨૧. હિઝ. ૨૦. દાની. ૯; ૧૫. હોશી. ૨; ૧૫: ૧૧; ૧. માત્થી ૨; ૧૫. હોશી. ૧૨; ૯, ૧૩: ૧૩; ૪. આમો. ૨; ૧૦: ૩; ૧: ૯; ૭. મીખા. ૬; ૪: ૭; ૧૫. હાગા. ૨; ૫). નીચલાં વાક્યોમાં સૂચના આપવામાં આવી છે. અનર્થો (યહો. ૯; ૯. ૧ શમૂ. ૪; ૮. આમો. ૪; ૧૦. ગીત. ૭૮: ૮૧; ૫: ૧૦૫). પ્રથમજનિતનું મરણ (ગણ. ૩; ૧૩: ૮; ૧૭. ગીત. ૧૩૫; ૮: ૧૩૬; ૧૦). ઇસ્રાએલીઓ અબીબ માસમાં નીકળ્યા (નિર્ગ. ૧૩; ૪: ૨૩; ૧૫: ૩૪; ૧૮. પુન. ૧૬; ૧). ઇસ્રાએલ મિસરમાં પરદેશી (નિર્ગ. ૨૨; ૨૧: ૨૩; ૯. લેવી. ૧૯; ૩૪. પુન. ૧૦; ૧૯: ૨૩; ૭. લેવી. ૧૮; ૩: ૨૪; ૧૦. ગણ. ૧૩; ૨૨: ૧૪; ૧૩. યહો. ૫; ૪-૯. ૧ શમૂ. ૩૦; ૧૧. ૨ શમૂ. ૨૩; ૨૧. ૧ રા. ૪; ૩૦. ૨ રા. ૭; ૬. ૧ કાળ. ૨; ૩૪). સુલેમાનની મિત્રતા (૧ રા. ૩; ૧: ૯; ૧૬: ૧૦; ૨૮). સુલેમાનના દુશ્મન મિસર નાઠા (૧ રા. ૧૧; ૧૭, ૪૦: ૧૨; ૨). ફારૂન નકો (૨ રા. ૨૩; ૨૯, ૩૩). યહુદીઓ મિસરમાં આવ્યા (૨ રા. ૨૫; ૨૬. યિર્મે. ૪૧; ૧૭). યિર્મેયાહની સાથે આવ્યા (યિર્મે. ૪૨-

૪૪). નાશ વિષે ભવિષ્ય (૨૪; ૮: ૪૨; ૧૫: ૪૪; ૧૧). (જુઓ યશા. ૭; ૧૮: ૨૩; ૫: ૪૩; ૩: ૫૨; ૪. યિર્મે. ૨; ૧૮, ૩૬: ૨૬; ૨૧. વિ. ૫; ૬. હઝ. ૧૭; ૧૫: ૧૯; ૪: ૨૩: ૨૭; ૭. હોશી. ૭; ૧૧, ૧૬: ૮; ૧૩: ૯; ૩, ૬: ૧૧; ૫, ૧૧: ૧૨; ૧. આમો. ૩; ૯: ૮; ૮: ૯; ૫. નાહુ. ૩; ૯). મિસરીઓનો ત્રીજી પઢીએ અંગીકાર કરવો (પુન. ૨૩; ૭. એઝ. ૯; ૧). મિસરની નદી (ઉત્પ. ૧૫; ૧૮). રેલ (ગણ. ૩૪; ૫. યહો. ૧૫; ૪, ૪૭. ૧ રા. ૮; ૬૫. ૨ રા. ૨૪; ૭. ૨ કાળ. ૭; ૮. યશા. ૨૭; ૧૨). મિસર વિષે ભવિષ્ય (ઉત્પ. ૧૫; ૧૩. ગીત. ૬૮; ૩૧. યશા. ૧૧; ૧૧: ૧૯; ૨૦: ૨૭; ૧૨: ૪૫; ૧૪. યિર્મે. ૯; ૨૬: ૨૫; ૧૯). નબૂખાદ-નેસ્સારના હાથમાં (યિર્મે. ૪૩; ૨-૧૮: ૩૨. દાની. ૧૧; ૮, ૪૩. ઝખ ૧૦; ૧૦: ૧૪; ૧૮). નવા કરારમાં સૂચના. ઇસુના મિસરમાં જવા વિષે (માત્થી ૨; ૧૩-૨૦. વળી જુઓ પ્રે. કૃ. ૨; ૧૦: ૭; ૯-૪૦: ૧૩; ૧૭: ૨૧; ૩૮ હેબ્રી. ૩; ૧૬: ૮; ૯: ૧૧; ૨૬-૨૯. યહુદા ૫. પ્રક. ૧૧; ૮).

મિસરાઇમ = ગઢ; કિલ્લો. હામના વંશને આ નામ આપવામાં આવ્યું છે (ઉત્પ. ૧૦; ૬, ૧૩. ૧ કાળ. ૧; ૮, ૧૧). હેબ્રી લોકો ઘણું કરીને આ નામ મિસર દેશને આપતા હતા, અને તેમાં ઉપલો અને નીચલો મિસર દર્શાવવામાં આવ્યો છે. (જુઓ મિસર) હાલમાં મિસરને અરબ લોક 'મુઝર' કહે છે.

મિસ્ગાબ = ઉંચો બુરજ. મોઆબનું કોઇ શહેર કે કોઇ કિલ્લાને આ નામ આપવામાં આવ્યું હતું. કેટલાકનું ધારવું એવું છે કે, આ શબ્દમાં કેવળ એટલોજ અર્થ છે કે "મોઆબ દેશનો ઉંચપ્રદેશ" (યિર્મે. ૪૮; ૧). યશા. ૨૫; ૧૨ માં આ શબ્દ 'ઉંચા કિલ્લા' ને બદલે વાપરવામાં આવ્યો છે.

મિસ્પાર = ગણના (?). બંદિપ્રવાસથી જેઓ પાછા આવ્યા તેમાંનો એક (એઝ. ૨; ૨. નહે. ૭; ૭).

મિસ્પાહ, મિસ્પેહ = પહેરગીરનો બુરજ. (૧) આ નામની એક જગ્યા ગિલઆદમાં આવેલી હતી. તેનું નામ મિસ્પાહ પાડવાનું કારણ એ હતું કે, યાકુબ જ્યારે પાદ્દાનારામમાંથી પાલેસ્તાઇન પાછો આવતો હતો ત્યારે લાબાને તેને આ જગ્યાએ પકડી પાડયો હતો (ઉત્પ. ૩૧; ૪૯). આ જગ્યાએ તેઓએ પરસ્પર કરાર કર્યો અને કરારની સાક્ષીરૂપ પત્થરનો એક ઢગલો ઉભો કીધો અને તેઓએ આ ઢગલા પાસે ખાધું. લાબાને તે ઢગલાને યગાર-સાહદૂથા (= અરામી ભાષામાં સાક્ષીરૂપ ઢગલો), અને યાકુબે તેને ગાલએદ (= હેબ્રી ભાષામાં સાક્ષીરૂપ ઢગલો) કહ્યો. વળી તેઓએ જુદા પડતાં તેનું નામ મિસ્પેહ (= ચોકીનો બુરજ) એવું નામ આપ્યું કે "યહોવાહ મારી ને તારી વચ્ચે ચોકસાઇ કરે." યહો. ૧૩; ૨૬ માં જે 'રામાથ-મિસ્પેહ' આવે છે તે અને આ એક ને એકજ છે. (૨) આ નામનું એક શહેર ગિલઆદમાં આવેલું હતું, અહિં યિફતાહ રહેતો હતો. ઇસ્રાએલીઓ જ્યારે ભયમાં હતા ત્યારે આમ્મોનપુત્રોની સામે લડાઇ કરવાને તે અહિં સેનાપતિ થયો અને આમ્મોનીઓનો મોટો સંહાર કીધો. આજ શહેરમાં તેણે અવિચાર્યું વ્રત લીધું અને તે વ્રત મુજબ આમ્મોનીઓને જીતી પાછો ફર્યો ત્યારે પોતાની એકની એક દીકરી મિસ્પેહથી નીકળી તેને મળવા આવી તે વિષે તેણે લીધેલું વ્રત પુરું કર્યું (ન્યાય. ૧૦; ૧૭: ૧૧; ૧૧, ૩૪) આ શહેર અને રામોથ-ગિલઆદ (યહો. ૨૦; ૮) તે બંન્ને એક ને એકજ હશે, પણ ઘણું કરીને આ શહેર તે ઉત્પ. ૩૧; ૨૩, ૩૫, ૪૮, ૪૯ માં આવતા મિસ્પેહ સાથે સંબંધ રાખે છે. (૩) આ નામની એક ત્રીજી જગ્યા ગિલઆદમાં હેર્મોન પહાડની તળેટીમાં આવેલી

હતી. ત્યાં હિવ્વીઓ વસતા હતા (યહો. ૧૧; ૩, ૮). (૪) 'મોઆબનું મિસ્પેહ' તે મોઆબનું એક શહેર હતું. દાઉદ જ્યારે શાઉલથી નાસતો હતો ત્યારે પોતાનાં માબાપને તેણે અહિં મુક્યાં હતાં (૧ શમૂ. ૨૨; ૩). આજ શહેર તે ઘણું કરીને 'કીર-મોઆબ' (મોઆબનો મજબૂત ગઢ) હશે. તેને હાલ 'કેરાક' કહે છે (યશા. ૧૫; ૧). આજ શહેરમાં દાઉદ પાસે ગાદ ભવિષ્યવાદી આવ્યો અને તેને મોઆબ મુકી યહુદાહમાં જવાનું કહ્યું. અને એ વાત મુજબ દાઉદ ત્યાંથી નીકળીને હેબ્રોનના પહાડી મુલકમાં એટલે હારેથ વનમાં ગયો. (૫) બિન્યામીની એક શહેર હતું. ઇસ્રાએલીઓમાં એવી રીત હતી કે કોઇ અગત્યનું સામાન્ય કામ કરવું હોય ત્યારે તેઓ બધા આ જગ્યાએ એકઠા મળતા હતા (યહો. ૧૮; ૨૬. ન્યા. ૨૦; ૧. ૩: ૨૧; ૧, ૫. ૧ શમૂ. ૭; ૫-૧૬). આ મિસ્પેહ અને નોબ (૧ શમૂ. ૨૧; ૧: ૨૨; ૯-૧૯) તે કદાપિ એક ને એકજ હશે એવું ધારવામાં આવે છે. નોબ યરૂશાલેમથી ચાર માઇલ ઉપર ગીબઓનના મેદાનથી ૬૦૦ ફુટની ઉંચાઇમાં એક ટેકરી ઉપર આવેલું હતું. આ શહેરનું હાલનું નામ 'નેબી-સામવીલ' (=શમૂએલ ભવિષ્યવાદી) છે. દંતકથા એવી છે કે શમૂએલ ભવિષ્યવાદીની કબર આ જગ્યાએ હતી. ઇસ્રાએલીઓમાં ધર્મજાગૃતિ કરવા માટે શમૂએલ ભવિષ્યવાદીએ આ જગ્યાએ ઇસ્રાએલીઓની આખી જમાતને બોલાવી હતી. અહિં તેઓએ પોતાનાં પાપ કબૂલ કીધાં અને દેવની સેવા કરવાનો ઇકરાર કીધો, અને એમ મિસ્પેહ ધર્મજાગૃતિનું મધ્યબિંદુ થયું હતું. પલિસ્તીઓએ જ્યારે સાંભળ્યું કે ઇસ્રાએલીઓની આખી જમાત મિસ્પેહમાં ભેગી થઇ છે ત્યારે તેઓના સરદારો ઇસ્રાએલીઓ પર ચઢી આવ્યા, પણ ઇસ્રાએલીઓએ તેમને સખત હાર ખવાડી એટલુંજ નહિ પણ પલિસ્તીઓએ ઇસ્રાએલીઓનાં લીધેલાં સઘળાં નગરો પાછાં આપ્યાં અને પલિસ્તીઓ હાર ખાઇ ઇસ્રાએલીઓની સીમમાં ફરીને આવ્યા નહિ. શમૂએલે અહિં મિસ્પાહ તથા શેનની વચ્ચે ઇસ્રાએલીઓની થએલી જીત માટે એક સ્મરણસ્તંભ ઉભો કીધો અને તેનું નામ 'એબેન-એઝેર' પાડીને કહ્યું કે, "અત્યાર સુધી યહોવાહે આપણી સહાય કીધી છે" (૧ શમૂ. ૭; ૧-૧૩). અહિં શાઉલ અભિષિક્ત થયો હતો (૧ શમૂ. ૧૦; ૧૭-૨૫). ત્યાર પછી લાંબી મુદતે રામાહ શહેરનાં લાકડાં તથા પત્થરો લાવી રાજા આસાએ મિસ્પાહને મજબૂત કીધું (૧ રા. ૧૫; ૨૨. ૨ કાળ. ૧૬; ૬. યિર્મે. ૪૧; ૧૦). આખરે યહુદીઓ બંદિપ્રવાસમાં ગયા ત્યારે બાબેલના રાજાએ આ શહેરમાં ગદાલ્યાહ સુબાને મુક્યો (૨ રા. ૨૫; ૨૨-૨૫. યિર્મે. ૪૦; ૬: ૪૧; ૧૮. નહે. ૩; ૭. હોશી. ૫; ૧). પણ તે ત્યાં ઇશ્માએલને હાથે કતલ થયો. મિસ્પાહના કેટલાક માણસો બંદિપ્રવાસથી પાછા આવ્યા હતા અને યરૂશાલેમના કોટની મરામત કરવામાં સામેલ થયા હતા (નહે. ૩; ૭, ૧૯). યોસેફસની વાત ઉપરની માલમ પડે છે કે મિસ્પાહ તે જૈતુન પહાડ પર હતું. ઇસ્રાએલીઓ મુશીબતીના વખતમાં અહિં એકઠા થઇ વિનંતિ કરતા, અને ભવિષ્યવાદી તેમને આશિર્વાદ આપતો.

મિસ્પેરેથ = ગણના. જુઓ મિસ્પાર (એઝ. ૨; ૨. નહે. ૭; ૭).

મિસ્રફોથ-માઇમ = પાણીનું બળતું (?). યહોશુઆએ યાબીન અને તેની સાથેના રાજાઓને હરાવીને કનાનીઓને આ જગ્યા સુધી નસાડ્યા (યહો. ૧૧; ૮: ૧૩; ૬). કેટલાએક એમ ધારે છે કે તે કાચનું કારખાનું કે મીઠાનું અગર કે ચુનાની ભઠ્ઠી હશે. 'એકેર'ની ઉત્તરમાં અગીઆર માઇલ ઉપર આ નામની એક જગ્યા હાલ ઓળખાય છે.

મીખા = મીખાયાહનું ટુંકુ નામ. યહોવાહના જેવો કોણ છે? (૧) યોનાથાનના પુત્ર

મરીબેશેથનો પુત્ર (૨ શમૂ. ૯; ૧૨). (૨) (નહે. ૧૦; ૧૧). (૩) ઝિખ્રીનો પુત્ર માત્તાન્યાહનો પિતા (૧ કાળ. ૯; ૧૫. નહે. ૧૧; ૧૭, ૨૨).

મીખાએલ = દેવના જેવો કોણ છે? (૧) દૂતોમાંના એક મુખ્ય દૂતને આ પદવી આપવામાં આવી છે (દાની. ૧૦; ૧૩, ૨૧: ૧૨; ૧). આ દૂતને ઇસ્રાએલીઓની સંભાળ અને રક્ષા કરવાનું મુખ્ય કામ હતું. તેણે મુસાના શબને માટે 'સેતાન સાથે વિવાદ' કીધો હતો (યહુદા ૯). શેતાને શબ ઉપર દાવો કીધો તેનું કારણ એ ધારવામાં આવે છે કે મુસાએ એક મિસરી માણસનું ખૂન કીધું હતું. વળી આ મુખ્ય દૂત "જુનો સાપ જે અ઼ાા મુકનાર તથા શેતાન કહેવાય છે, જે આખા જગતને ભૂલાવે છે" (પ્રક. ૧૨; ૭-૯) તેની સામે લડનાર પણ હતો બધી જગ્યામાં તેનું વર્ણન એક લડવૈયા તરીકે કરવામાં આવ્યું છે. યહુદી લોકોમાં દેવદૂતોનું જે વર્ણન કરવામાં આવ્યું છે તેમાં બતાવવામાં આવ્યું છે કે યહોવાહના મુખ્ય ચાર દૂત છે, એટલે મીખાએલ, ગાબ્રીએલ, રાફાએલ અને ઉરીએલ. તે ચારેમાં મીખાએલ તે બહુ માનવંતો દૂત છે અને તેને ઉત્તમ કોમનો રક્ષક નીમવામાં આવ્યો છે. (૨) મુસાએ કનાન દેશની જાસુસી કરવાને જે બાર માણસો મોકલ્યા હતા તેમાંનો એક સથૂર નામનો હતો, તેના પિતાનું નામ મીખાએલ હતું, તે આશેર કુળનો હતો (ગણ. ૧૩; ૧૩). (૩) ગાદપુત્રોમાંનો એક જે પોતાના બાપના ઘરનો મુખ્ય હતો (૧ કાળ. ૫; ૧૩). (૪) (૧ કાળ. ૫; ૧૪). (૫) ગેર્શોમી આસાફનો પૂર્વજ (૧ કાળ. ૬; ૪૦). (૬) યિસ્સાખારપુત્રોમાંનો એક મુખ્ય માણસ (૧ કાળ. ૭; ૩). (૭) એક બિન્યામીની (૧ કાળ. ૮; ૧૬). (૮) દાઉદ રાજાને સિકલાગમાં મનાશ્શેહના જે સહસ્રાધિપતીઓ ફુટીને દાઉદ પાસે આવ્યા તેમાંનો એક હતો (૧ કાળ. ૧૨; ૨૦). (૯) યિસ્સાખારકુળનો અમલદાર મીખાએલનો પુત્ર ઓમ્રી હતો (૧ કાળ. ૨૭; ૧૮). (૧૦) યહોશાફાટ રાજાના પુત્રોમાંનો એક હતો; તેને તેના ભાઇ યહોરામે મારી નાખ્યો (૨ કાળ. ૨૧; ૨, ૪). (૧૧) એઝરાની સાથે જેઓ બંદિપ્રવાસથી પાછા આવ્યા તેમાં મીખાએલનો પુત્ર ઝબાદ્યાહ હતો (એઝ. ૮; ૮).

મીખાયાહ = યહોવાહ જેવો કોણ છે? (૧) યિમ્લાહનો દીકરો મીખાયાહ સમરૂનમાં વિશ્વાસુ ભવિષ્યવાદી ગણાતો હતો (૧ રા. ૨૨; ૮-૨૮). યહુદાહના રાજા યહોશાફાટે ઇસ્રાએલના રાજા આહાબની સાથે સંપ કરી અરામના રાજા બેન-હદાદ ઉપર ચઢાઇ કરી રામોથ-ગિલઆદ તેના હાથમાંથી છીનવી લેવાનો ઠરાવ કર્યો. આ પ્રસંગે યહોશાફાટે ઇસ્રાએલના રાજાને કહ્યું કે "કૃપા કરીને આજ યહોવાહની વાણીની સલાહ પૂછ." ત્યારે ઇસ્રાએલના રાજાએ ચારસેં જુઠા ભવિષ્યવાદીઓને એકઠા કરી તેમની સલાહ પૂછી. પછી યહોશાફાટે કહ્યું કે "એઓ શિવાય યહોવાહનો કોઇ ભવિષ્યવાદી અત્રે નથી કે આપણે તેની સલાહ પૂછીએ?" ત્યારે ઇસ્રાએલના રાજા આહાબે મીખાયાહને બોલાવ્યો, પણ તેના વિષે રાજાએ અગાઉથી જણાવ્યું કે "તે મારા વિષે શુભ નહિ પણ અશુભ ભવિષ્ય કહે છે." પછી તેણે પેલા ચારસેં વિરૂદ્ધ ભવિષ્ય કહીને જણાવ્યું કે, આ લડાઇમાં ભારે હાર થશે અને રાજા આહાબ માર્યો જશે; અને તેના ભવિષ્ય મુજબ આહાબ મરાયો અને ભારે હાર થઇ. ઉપલું ભવિષ્ય કહેવાને લીધે આહાબે તેને કેદમાં નાખ્યો હતો, ત્યાર પછી આ ભવિષ્યવાદીનું શું થયું હશે તે માલમ નથી. કેટલાકનું ધારવું એવું છે કે ૧ રા. ૨૦; ૩૫-૪૨ માં જે નનામા ભવિષ્યવાદી વિષે વાત આવે છે તે એજ હશે. (૨) યહુદાહના રાજા અબીયાહની

માતુશ્રી. તેના પિતાનું નામ ઉરીએલ હતું (૨ કાળ. ૧૩ ; ૨). (૩) યહુદાહના રાજા યહોશાફાટે યહુદાહનાં નગરોમાં લોકોને બોધ કરવાને જે અમલદારોને નીમ્યા તેમાંનો એક હતો (૨ કાળ. ૧૭; ૭). (૪) રાજા યોશીયાહના વખતમાં જે પુસ્તક જડયું તે વિષે યહોવાહના સલાહ લેવાને માટે જે માણસો રાજાએ નીમ્યા તેમાં એક આ માણસનો પુત્ર આખ્બોર કરીને હતો (૨ રા. ૨૨ ; ૧૨). (૫) બારૂખે યિર્મેયાહનાં જે ભવિષ્યો લોકોને વાંચી સંભળાવ્યાં (યિર્મે. ૩૬ ; ૧૦, ૧૧) તે વિષે આ માણસે તે વચનો સાંભળી રાજ્યના સઘળા કામદારોને ખબર આપી. તેના પિતાનું નામ ગમાર્યાહ હતું, તે મંદિરની કોટડીમાં રહેતો હતો. (૬) એક લેવી (નહે. ૧૨ ; ૩૫). (૭) એક યાજક (નહે. ૧૨ ; ૪૧.

મીખાલ = દેવના જેવો કોણ ? શાઉલની બે દીકરીઓમાંની આ નાની દીકરી હતી. તેની માનું નામ અહીનોઆમ હતું. જે અહીમાઆસની દીકરી થાય (૧ શમૂ. ૧૪; ૪૯, ૫૦). શાઉલે દાઉદને તેણી ફાંદારૂપ થાય માટે તેની સાથે પરણાવવાને ઠરાવ્યું, અને મીખાલની દાઉદ સાથે પ્રીતિ લાગી (૧ શમૂ. ૧૮; ૨૦-૨૮) અને તેની સ્ત્રી થઇ. આ તેની પ્રીતિ ખરી હતી તે તેણીએ દાઉદને જ્યારે શાઉલ મારી નાખવાના હતા ત્યારે યુક્તિથી બચાવા નાયોથ નસાડી મુક્યો તેમાં દેખાડી આપી (૧ શમૂ. ૧૯; ૧૨-૧૭. ગીત. ૫૯). આ બનાવ પછી ઘણાં વર્ષ સુધી મીખાલે દાઉદને જોયો નહિ, અને થોડા વખત પછી શાઉલે પોતાની દીકરી મીખાલને ગાલ્લીમવાળા લાઇશના દીકરા પાલ્ટીને પરણાવી દાધી (૧ શમૂ. ૨૫; ૪૪). પછી દાઉદે જ્યારે આબ્નેર સાથે સલાહ કીધી ત્યારે મીખાલ, જેના વિષે દાઉદ હકદાર હતો, તેને પોતાની પાસે લાવવાને દાઉદે માગ્યું (૨ શમૂ. ૩ ; ૧૨-૧૬), અને એમ મિખાલને તેના આગલા ધણી લાઇશના દીકરા પાલ્ટીએલ પાસેથી મંગાવી દાઉદને સોંપવામાં આવી; પણ દાઉદ અને મીખાલનો પરસ્પરનો પ્રેમ થોડા વખતમાં બદલાયો. તેનું કારણ એ થયું કે, જ્યારે દેવનો કોશ પવિત્ર નગરમાં લાવવામાં આવ્યો ત્યારે મીખાલે દાઉદ રાજાને કૂદતો તથા ઉત્સવ કરતો જોયો ને તેણીએ પોતાના મનમાં તેને તુચ્છકાર્યો. મીખાલ સંતાન રહિત મરણ પામી, અને એમ દાઉદ અને શાઉલનો વંશ મિશ્ર થયો નહિ (૧ કાળ. ૧૫ ; ૨૭). ૨ શમૂ. ૨૧ ; ૮ માં મીખાલના પાંચ પુત્રોની વાત આવે છે, પણ ઘણું કરીને ત્યાં મીખાલને બદલે તેની બહેન મેરાબનું નામ જોઇએ (૧ શમૂ. ૧૮ ; ૧૯ સરખાવો. અથવા તો એમ હોય કે મેરાબ મરણ પામી હોય અને તેનાં છોકરાં તેની બહેન મીખાલના હવાલામાં સોંપવામાં આવ્યાં હશે. મિખાલ (૧ શમૂ. ૧૪; ૪૯: ૧૮; ૨૦, ૨૭, ૨૮: ૧૯; ૧૧-૧૩, ૧૭: ૨૫; ૪૪. ૨ શમૂ. ૩; ૧૩, ૧૪: ૬; ૧૬, ૨૦, ૨૧, ૨૩. ૧ કાળ. ૧૫; ૨૭, ૨૯. ૨ શમૂ. ૨૧ ; ૮).

મીખાહ = મીખાયાહનું ટુંકું નામ. (૧) એફ્રાઇમી પહાડી મુલકનો એક પુરૂષ હતો. તેણે પોતાના ઘરમાં એક દેવસ્થાન સ્થાપ્યું હતું, અને તેમાં એફોદ, તરાફીમ તથા કોરેલી અને ગાળેલી મૂર્તિ રાખી હતી (ન્યા. ૧૭). આ દેવસ્થાનમાં પૂજા કરવાને યહુદાહના કુટુંબના એક જુવાન લેવીને પગાર પટ્ટી રાખ્યો હતો. ત્યાર પછી દાનપુત્રોએ આ મૂર્તિઓ છીનવી લઇ જઇને લાઇશમાં તેનું સ્થાપન કીધું, અને લાઇશ જીતી લઇ નવું નગર વસાવી પોતાના પૂર્વજ દાનના નામ પ્રમાણે તે નગરનું નામ દાન પાડયું. તે પાલેસ્તાઇનની ઉત્તર સરહદ પર આવેલું છે (ન્યા. ૧૭; ૧, ૫, ૮-૧૦, ૧૨, ૧૩: ૧૮; ૨-૪, ૧૩, ૧૫, ૧૮, ૨૨, ૨૩, ૨૬, ૨૭, ૩૧). (૨) યોનાથાનના પુત્ર મરીબ-

બઆલનો પુત્ર (૧ કાળ. ૮; ૩૪, ૩૫: ૯; ૪૦, ૪૧). (૩) કોહાથીકુટુંબનો યાજકોમાં મુખ્ય (૧ કાળ. ૨૩; ૨૦: ૨૪; ૨૪, ૨૫). (૪) બિન્યામીની યોએલવંશી એક પુરૂષ (૧ કાળ. ૫: ૫). (૫) આબ્દોનનો પિતા જે યોશીયાના વખતમાં હતો (૨ કાળ. ૩૪; ૨૦). (૬) મીખાહ ભવિષ્યવાદી મોરેશેથ ગામનો વતની હતો (૧; ૧૪). એ ઉપરથી તેને મીખાહ મોરાસ્તી કહે છે. આ અટકથી ઓળખાવાનું કારણ એ હશે કે, યિમ્લાહના પુત્ર મીખાહથી તે જુદો પડે. આ ભવિષ્યવાદી પોતાના વતનમાં રહીને ઇસ્રાએલ તથા યહુદાહને ચેતવણી આપતો હતો, ત્યારે યશાયાહ ભવિષ્યવાદી યરૂશાલેમમાં રહીને યહુદાહ આગળ પોતાનો સંદેશો પ્રગટ કરતો હતો. યશાયાહ જ્યારે બળવાન દેશજાતિઓ વિષે બોલતો હતો ત્યારે મીખાહ ગરીબ લોકો પર થતો જુલમ જાહેર કરતો હતો (૨; ૨-૫: ૮-૧૦: ૩; ૧-૩: ૬; ૧૨). મીખાહ જાહેર કરતો હતો કે યહુદાહ તથા ઇસ્રાએલનાં પાપને લીધે તેમના ઉપર આશ્શૂરી લોક ચઢી આવશે, અને એ વચનો સાંભળીને યહુદાહ ચેત્યું અને બચાવ પામ્યું (યિર્મે. ૨૬; ૧૭-૧૯); પણ ઇસ્રાએલે ધ્યાન આપ્યું નહિ તેથી તેઓ બંદિપ્રવાસમાં લઇ જવાયા. મીખાહના જમાનામાં યહુદાહમાં ત્રણ રાજા થયા, એટલે યોથામ, આહાઝ અને હિઝકીયાહ. અને મીખાહનો સમકાળિક ભવિષ્યવાદી યશાયાહ હતો (૭૪૦-૬૯૫). મીખાહ પોતે ઇ. સ. પૂ. ૭૩૫-૭૨૫ સુધી હતો. તે બાર નાના ભવિષ્યવાદીઓમાંનો એક હતો. તેની ભવિષ્યવાતનું જે પુસ્તક તે તેના નામથી ઓળખાય છે. યહુદાહના રાજા હિઝકીયાહના જમાનામાં તેને દેહાંતદંડની શિક્ષા માફ કરવામાં આવી હતી, તે દાખલાને અનુસરીને યિર્મેયાહ ભવિષ્યવાદીને છુટો કરવામાં આવ્યો હતો (યિર્મે. ૨૬; ૯-૨૪).

મીખાહનું પુસ્તક. આ પુસ્તકના ત્રણ ભાગ પાડી શકાય. દરેક ભાગની શરૂઆતમાં 'તમે સાંભળો' એમ લખવામાં આવ્યું છે. અને દરેક ભાગ પુરો કરતાં ખાસ વચન આપવામાં આવ્યું છે. (૧) ૧, ૨ યહુદાહ દેશને તથા તેના ઇતિહાસના સંબંધે લખેલી ભવિષ્યવાત. (૨) ૩-૫ અધિકારીઓ અને મુખ્ય માણસોની આગળ આખી દુનિયા તથા મશીહના સંબંધે કહેલાં ભવિષ્યો. (૩) ૬, ૭ વર્તમાનને લગતી વાત જે ભવિષ્યમાં થનાર છે તેની સાથે સરખાવતાં યહોવાહ નિરાશ થાય છે, અને ઇસ્રાએલ ઉપર તહોમત મુકી યહોવાહ મુકદ્દમો ચલાવવા ઉભો થાય છે. મીખા. ૪; ૧-૪ અને યશા. ૨; ૨-૪ તદન મળતાં છે. વળી યશા. ૪૧; ૧૫. હઝ. ૨૨; ૨૭. સફ. ૩; ૧૯ માં પણ મીખાહની ભવિષ્યવાતનો ઉપયોગ કીધો છે. મશીહ વિષે સ્પષ્ટ સૂચના ૪; ૧-૫: ૫; ૨-૪: ૭; ૧૮-૨૦).

મીતૂલેને (પ્રે. કૃ. ૨૦; ૧૪). ઇજીપન સમુદ્રમાં લેસબોસ ટાપુના પૂર્વ કિનારા પર આ નામનું એક મુખ્ય શહેર આવેલું હતું. પાઉલ પોતાની ત્રીજી મુસાફરીમાં કરીંથથી યહુદાહમાં જતાં ત્યાં એક રાત રોકાયો હતો. શહેર આસોસ અને કીઓસ ટાપુની વચ્ચે આવેલું છે અને હાલ તે તુર્કી સરકારના તાબામાં છે, અને 'મેતેલીન' નામથી તે ઓળખાય છે. હાલ ત્યાં આગળ આવેલા બધા ટાપુઓને મીતૂલેનેના ટાપુ કહે છે. લઘુ એશિયાની પશ્ચિમ તરફ આવેલા છે અને ઘેરાવામાં ૧૭૦ માઇલ છે અને લગભગ ૨૫,૦૦૦ માણસની વસ્તી છે.

મીયામીન = જમણા હાથથી. (૧) યાજકોની વારાટોળીઓમાંનો એક મુખ્ય હતો (૧ કાળ. ૨૪; ૯). (૨) બંદિપ્રવાસથી પાછા આવેલા મુખ્ય યાજકોમાંનો એક હતો (નહે. ૧૨; ૫, ૧૦, ૭: ૧૨; ૧૭. મીન્યામીન).

મીલેતસ (પ્રે. કૃ. ૨૦; ૧૫. ૨ તિમો. ૪; ૨૦). ઇઓનિયા પ્રાંતનું પુરાતન મુખ્ય શહેર અને

બંદર હતું. એફેસસથી દક્ષિણમાં ૩૬ માઇલ ઉપર તે આવેલું હતું. પાઉલ પોતાની ત્રીજી મુસાફરીમાં ગ્રીસથી સીરીઆ જતાં આ શહેરમાં ઉતર્યો હતો, અને ત્યાં આગળ એફેસસના વડીલોને બોલાવીને એક ઉમદા ભાષણ આપ્યું હતું, જે પ્ર. કૃ. ૨૦ ; ૧૫–૩૨ માં લખેલું છે. પાઉલની પહેલાં ૫૦૦ વર્ષ અગાઉ આ શહેર યુનાનીઓના તાબામાં હતું, ત્યાંથી જે વહાણો રવાના થતાં તે દૂર દેશોમાં જતાં હતાં. રૂમીઓના વખતમાં પણ તે મશહૂર શહેર ગણાતું. અપોલો દેવતાનું એક પ્રસિદ્ધ મંદિર ત્યાં હતું અને કેટલાએક પ્રસિદ્ધ પુરૂષોની તે જન્મભૂમિ ગણાએલી છે. પાઉલે ત્રોફીમસને ત્યાં ક્યારે મુક્યો તે માલમ નથી (૨ તિમો. ૪ ; ૨૦).

મીશાએલ = દેવના જેવો કોણ છે ? (૧) ઉઝીએલના ત્રણ પુત્રોમાંનો જ્યેષ્ઠ પુત્ર (નિર્ગ. ૬ ; ૨૨. લેવી. ૧૦ ; ૪, ૫). (૨) એઝરા જ્યારે નિયમશાસ્ત્રનું પુસ્તક વાંચી સંભળાવતો હતો ત્યારે તેને ટેકો આપવાને તેની ડાબી ગમ જે ઉભા તેમાંનો એક (નહે. ૮ ; ૪). (૩) જે ત્રણ હેબ્રી જુવાને દાનીયેલની સાથે અભ્યાસ કરતા હતા તેમાંનો તે એક હતો. તેનું નામ પછીથી મેશાખ પાડવામાં આવ્યું છે (દાની. ૧ ; ૧૧, ૧૯). તેને તથા તેના મિત્રોને ત્યાર પછી અગ્નિની ભઠ્ઠિમાં નાખવામાં આવ્યા હતા, ત્યાં તેમનો અજાયબ રીતે બચાવ થયો હતો (દાની. ૩ ; ૧૩–૩૦). મીશાએલ એ હેબ્રી નામ અને મેશાખ તે ખાલ્દી નામ છે.

મુપ્પીમ (ઉત્પ. ૪૬ ; ૨૧). બિન્યામીનને મિસરમાં પ્રાપ્ત થએલા દીકરાઓમાંનો એક. તેને ૧ કાળ. ૭ ; ૧૨, ૧૫ઃ ૨૬ ; ૧૬ માં શુપ્પીમ અને ૧ કાળ. ૮ ; ૫ માં શફૂફાન અને ગણ. ૨૬ ; ૩૯માં તેને શફૂફામ કહે છે.

મુરા = સુગંધી રસ. ભૂમધ્ય સમુદ્રના કિનારાથી આશરે બે અઢી માઇલ દૂર લઘુ એશિયાના લુકીઆ પ્રાંતનાં મુખ્ય શહેરોમાંનું એક હતું (પ્રે. કૃ. ૨૭ ; ૫). અહિં પાઉલ આદ્રામીતિયમના વહાણમાંથી ઉતરીને આલેકસાંદ્રીઆના વહાણમાં બેઠો, કે જે આગળ જતાં મેલિટા આગળ ભંગ થયું (પ્રે. કૃ. ૨૭ ; ૩૯–૪૪).

મુસયા (પ્રે. કૃ. ૧૬ ; ૭). લઘુ એશિયાની વાયવ્ય કોણમાં આવેલો એક પ્રાંત હતો. પાઉલ પોતાની યુરોપના પહેલી મુસાફરીમાં આ પ્રાંતમાં થઇ ગયો હતો, અને આ પ્રાંતના મુખ્ય શહેર ત્રોઆસથી તે વહાણે બેસીને માકેદોનિયા ગયો હતો (પ્રે. કૃ. ૧૬ ; ૭, ૮).

મુસા = પાણીમાંથી બચાવેલો. મુસાના જન્મ પહેલાં આશરે ૨૫૦ વર્ષ અગાઉ યાકુબ અને તેનું કુટુંબ મિસર દેશમાં ફારૂન રાજાના આમંત્રણથી ગોશેન પ્રાંતમાં આવી વસ્યું (ઉત્પ. ૪૫ ; ૧૭–૨૫). યુસફ પહેલાં કેટલાક સૈકાપર મિસર દેશ પર હિક્સોસ વંશના રાજાઓએ જીત મેળવી હતી. તેઓ પોતે ભરવાડ હતા અને યાકુબનું કુટુંબ પણ તેજ કામ કરતું હતું, માટે આ વખતે રાજાએ તેમના ઉપર મહેરબાની દેખાડી. યુસફ અને તના કુટુંબ પર જે રાજાએ મહેરબાની દેખાડી તે ઘણું કરીને ફારૂન–આપેપી (અથવા આપોફિસ) હતો. હવે હિકસોસ રાજ્યવંશનો અંત આવતાં નવા વંશના રાજા થયા તેમણે ઇસ્રાએલીઓને ગોશેન પ્રાંતમાં રહેવા દીધા ખરા, પણ તેઓની આબાદી જોઇને તેમને દુઃખ દેવા માંડયું. ત્યાર પછી એક એવો રાજા થયો કે જે યુસફને ઓળખતો ન હતો. તે રાજા ઘણું કરીને સેતી પહેલો હશે. તેણે પોતાના રાજ્યને આબાદ કરવા સારૂ ઇસ્રાએલી પ્રજાની સંખ્યા ઘટતી જાય એવી યોજના કરવા માંડી. તેમને ગુલામ જેવા ગણીને કોઠારો, મહેલો અને મંદિર જેવાં જાહેર મકાનો બાંધવાને કામે લગાડ્યા. "મિસરીઓએ ઇસ્રાએલપુત્રો પાસે સખત વેઠ કરાવી, અને ચુનો તથા ઈંટો પાડવાના કામમાં તથા ખેતરોમાં સર્વ પ્રકારની મજુરી કરવામાં તેમની પાસે સખત ચાકરી કરાવીને

તેઓએ તેમની જીંદગી કષ્ટભરેલી કીધી. તેમની પાસે તેઓ જે જે ચાકરી કરાવતા હતા તે બધી સખત વેઠ હતી" (નિર્ગ. ૧; ૧૩, ૧૪) પરંતુ તેમની ધારણા નિષ્ફળ ગઇ. "જેમ જેમ તેઓ તેમને વિશેષ દુઃખ દેતા ગયા તેમ તેમ તેઓ વિશેષ વધતા ગયા અને બહોળો વિસ્તાર પામતા ગયા" (નિર્ગ. ૧; ૧૨). ત્યાર પછી રાજાએ હેબ્રી દાઇઓને હુકમ કીધો કે, હેબ્રી સ્ત્રીઓને જેટલાં બધાં નર બાળક જન્મે તેમને મારી નાખવાં, પણ તે યુક્તિમાં પણ તે નિષ્ફળ ગયો; ત્યારે રાજાએ જાહેર ઢંઢેરો પીટાવીને જાહેર કર્યું કે, કોઇ પણ હેબ્રી સ્ત્રીને નર બાળક જન્મે તેને નદીમાં ફેંકી દેવું; પણ આ વાતમાં પણ તે નિષ્ફળ નિવડયો. ઉપલા સંજોગોમાં કોહાથી વંશનો આમરામ નામનો એક માણસ, પોતાની સ્ત્રી યોખેબેદ તથા પોતાનાં બે બાળક, એટલે મરિયમ જે આશરે પંદર વર્ષની હતી અને હારૂન જે આશરે ત્રણ વર્ષનો હતો તેમની સાથે તે વખતની પુરાતન રાજધાનીના શહેર મેમ્ફીસમાં કે મેમ્ફીસની પાસે રહેતો હતો. આ વખતે એટલે આશરે ઇ. સ. પૂ. ૧૫૭૧ માં તેમના ઘરમાં એક નર બાળકનો જન્મ થયો. તેને ત્રણ માસ સુધી સંતાડી રાખ્યા બાદ એક પેટીમાં બંધ કરી નીલ નદીમાં કે જ્યાં ફારૂનની રાજકુંવરી નહાવા જતી હતી તે બરૂની જગ્યાએ બાળકની બહેન મરિયમ તે પેટી મુકી આવી. પછીથી ફારૂનની પુત્રી નદીમાં સ્નાન કરવાને આવી, અને તેની દાસીઓ નદીને તીરે ચાલતી હતી તેવામાં તે રાજકુંવરીએ ઉપલી પેટી જોઇ, અને દાસીઓને તે પેટી બહાર કાઢવાને હુકમ આપ્યો. પેટીને ઉઘાડી માંહે જોતાં એક સુંદર નર બાળક નજરે પડયું. તે બાળકને બહાર કાઢીને તેને મુસા નામ આપ્યું, કેમકે તેને પાણીમાંથી બહાર કાઢયો હતો. ત્યાર પછી રાજકુંવરીએ બાળકની માનેજ બાળકની ધાવ તરીકે અજાણપણે નોકર રાખી. જ્યારે ધાવણ મુકાવવાનો વખત આવ્યો ત્યારે યોખેબેદ આ નાના બાળકને પોતાને ઘેરથી રાજકુંવરીના મહેલમાં લઇ ગઇ. ત્યાર પછી લગભગ વીસેક વર્ષની ઉમર સુધી તેણે પાઠશાળામાં અભ્યાસ કર્યો (પ્રે. કૃ. ૭; ૨૨). અને ત્યાર પછીનાં વીસ વર્ષ કદાપિ તેણે લડાઇમાં ગુજાર્યાં હશે. દંતકથા એવી ચાલે છે કે, તે વખતે મિસર અને કુશ દેશ વચ્ચે લડાઇ ચાલતી હતી અને તેમાં મુસાએ સેનાધિપતિનું કામ બહાદુરી ભર્યું બજાવ્યું હતું. આ લડાઇ પુરી થતાં ઘેર પાછો આવ્યો હશે ત્યારે ત્યાં તેને સારી માન આબરૂ મળી હશે, અને એમજ મુસાની જીંદગીનો આ વખત સારો મોજશોખ ભોગવી શકાય તેવો હતો; એમ છતાં "પાપનો સુખભોગ કંઇ વાર ભોગવવા કરતાં દેવના લોકની સાથે દુઃખ ભોગવવું તેણે વધતું પસંદ કીધું. મિસરમાંના દ્રવ્ય કરતાં ખ્રીસ્ત સંબંધીની નિંદા વધતી સંપત છે એમ તેણે ગણ્યું; કેમકે તેણે ફળરૂપ બદલા ભણી જોયું" (હેબ્રી. ૧૧; ૨૫–૨૭). તેથી કરીને પોતાના ભાઇઓ, જેઓ દુઃખમાં હતા, તેઓની મદદે ગયો. ત્યાં ગયા બાદ પહેલે દિવસે તેણે પોતાના ભાઇની મદદ કરતાં એક મિસરીને ઠેર મારી નાખ્યો. આ ખબર રાજા (રામસેસ બીજા) ને કાને આવતાં તેણે મુસાને મારી નાખવાનો ઠરાવ કીધો (નિર્ગ. ૨; ૧૫). આ તો તેનાં પહેલાં ચાળીસ વર્ષ હતાં. પછી મારી નાખવાની બીકને લીધે મિદ્યાન દેશમાં તે નાસી ગયો અને ત્યાં રેઉએલ કે યિથ્રો નામના યાજકને ત્યાં રહ્યો, અને અહિં તેણે બીજાં ૪૦ વર્ષ ગાળ્યાં (પ્રે. કૃ. ૭; ૩૦). ત્યાં તેણે સિપ્પોરાહની સાથે લગ્ન કીધાં અને તેથી ગેર્શોમ નામનો પુત્ર જન્મ્યો (નિર્ગ. ૨; ૨૧, ૨૨). જ્યારે મુસા મિદ્યાન દેશમાં હતો ત્યારે તેને બળતા ઝાડવાનું દર્શન થયું (નિર્ગ. ૩), જે પરથી પ્રભુએ તેને ઇસ્રાએલીઓને મિસ-

રની ગુલામીમાંથી છોડાવવાનું કામ સોંપ્યું. મિદ્યાન છોડી જવાનું તેનું મન પ્રથમ ન હતું, પણ આખરે આકાશી દર્શનને તાબે થઇ મિદ્યાન છોડી ત્યાં જવા નીકળ્યો (નિર્ગ. ૪; ૧૮-૨૬). જતાં રસ્તામાં તે તેના ભાઇ હારૂનને તથા ઇસ્રાએલના વડિલોને મળ્યો (૪; ૨૭-૩૧). મુસા અને તેના ભાઇ હારૂનને આ કામ કરવું ઘણું કઠણ હતું, પણ પ્રભુ તેમની સાથે હતો (૭; ૧૨) માટે તેઓ તે કામમાં ફતેહમંદ થયા, અને ફારૂન સન્મુખ ઘણા અનર્થો કર્યા બાદ ઇસ્રાએલીઓને મિસરની ગુલામીમાંથી મુક્ત કીધા. તેમને કનાન દેશમાં લઇ જતાં અરણ્યમાં ૪૦ વર્ષ રખડવું પડયું. આખરે તેઓ રખડતા રખડતા મોઆબના અરણ્યમાં આવી પહોંચ્યા, જ્યાં મુસાએ પોતાનાં છેલ્લાં ભાષણો આપ્યાં. પુન. ૧; ૧-૪; ૪૦: ૫; ૧-૨૬: ૧૯: ૨૭; ૧૧-૩૦; ૨૦. અને પુન. ૩૨ પ્રમાણે તેમની આગળ એક મોટું ગીત ગાયું, અધ્યાય ૩૩ પ્રમાણે કુળોને આશીર્વાદ આપ્યો, અને ત્યાર પછી યરેખોની સામે નબો પર્વતના પિસ્ગાહ શિખર પર ગયો (પુન. ૩૪; ૧), અને ત્યાંથી તેણે કનાન દેશ જોયો, પરંતુ પોતાના અપરાધને લીધે તે અંદર જઇ શક્યો નહિ. ત્યાં શિખર પર મરણ પામ્યો અને પ્રભુએ તેને દાટયો. મુસા મરણ પામ્યો ત્યારે તે ૧૨૦ વર્ષની ઉમરનો હતો. છતાં તેની આંખ ઝાંખી પડી ન હતી અને તેના અંગનું કૌવત ઘટયું ન હતું. મુસા કે "જેને યહોવાહ મ્હોડે મ્હોડ ઓળખતો હતો, તેના જેવો ભવિષ્યવાદી હજી સુધી ઇસ્રાએલમાં ઉઠયો નથી" (પુન. ૩૪; ૧૦). મુસા મરણ પામ્યો ને તેને લીધે લોકોએ ત્રીસ દિવસ શોક કીધો. મુસા જે 'ઇશ્વરભક્ત' (પુન. ૩૩; ૧. યહો. ૧૪; ૬) તે તેની નમ્રતા, ધૈર્યતા અને સ્થિરતાને માટે પ્રસિદ્ધ હતો. મુસાનું નામ ગીતશાસ્ત્રમાં અને ભવિષ્યવાદીઓના પુસ્તકમાં વારંવાર આવે છે. નવા કરારમાં નિયમશાસ્ત્રના પ્રતિનિધિ અને મશીહના નિદર્શન તરીકે આવે છે (યોહા. ૧; ૧૭. ૨ કરીં. ૩; ૧૩-૧૮. હેબ્રી. ૩; ૫, ૬). જુના કરારમાં સમાયલા ઘણા માણસોમાં કેવળ મુસા સાથે પ્રભુ ઇસુ ખ્રીસ્ત પોતાનો મુકાબલો કરે છે (યોહા. ૫; ૪૬. સરખાવો પુન. ૧૮; ૧૫, ૧૮, ૧૯. પ્રે. કૃ. ૭; ૩૭. હેબ્રી. ૩; ૧-૧૯). ખ્રીસ્ત અને મુસાનો મુકાબલો વિસ્તારથી કરવામાં આવ્યો છે. મુસાના શબ વિષે મીખાએલ દૂત અને શેતાન વચ્ચે તકરાર થઇ હતી (યહુદા ૯). આ શબ મીખાએલ ગુપ્ત રાખવાને માગતો હતો, રખેને તે શબની પૂજા થાય. મુસાએ જુના કરારનાં પહેલાં પાંચ પુસ્તક અને ૯૦ મું ગીત રચેલું છે. મુસા આમ્રામનો પુત્ર (નિર્ગ. ૬; ૧૮, ૨૮. ૧ કાળ. ૬; ૧-૩). મુસાનું કુટુંબ (૧ કાળ. ૨૩; ૧૪-૧૭: ૨૬; ૨૪, ૨૫). તેનો જન્મ અને ફારૂનની દીકરીનો દત્તક (નિર્ગ. ૨; ૧-૧૦. પ્રે. કૃ. ૭; ૨૦, ૨૧. હેબ્રી. ૧૧; ૨૩). ફારૂનની દીકરીનો પુત્ર કહેવડાવવા નાપસંદ કીધું (હેબ્રી. ૧૧; ૨૪). મિદ્યાનમાં નાઠો (નિર્ગ. ૨; ૧૦-૨૦. પ્રે. કૃ. ૭; ૨૪-૨૯). તેનું લગ્ન ને ગેર્શોમનો જન્મ (નિર્ગ. ૨; ૨૧, ૨૨. પ્રે. કૃ. ૭; ૨૯). બળતા ઝાડવાનું દર્શન (નિર્ગ. ૩). અને મિસરમાં મોકલ્યો (ગીત. ૧૦૫; ૨૬. પ્રે. કૃ. ૭; ૩૦-૩૫). ત્રણ ચિન્હ (નિર્ગ. ૪; ૧-૯: ૨૧; ૨૩). હારૂન બોલનાર (નિર્ગ. ૪; ૧૦-૧૬). મિસર જવા નીકળ્યો (નિર્ગ. ૪; ૧૯, ૨૦). ગેર્શોમની સુન્નત (નિર્ગ. ૪; ૨૪-૨૬). હારૂનની મુલાકાત (નિર્ગ. ૪; ૨૭, ૨૮). ઇસ્રાએલપુત્રોને એકઠા કીધા (નિર્ગ. ૪; ૨૯-૩૧). ફારૂનની મુલાકાત (નિર્ગ. ૫; ૧-૫). ઇસ્રાએલપુત્રને ઠપકો (નિર્ગ. ૫; ૨૦, ૨૧). દેવની આગળ ફરીઆદ (નિર્ગ. ૫; ૨૨, ૨૩). યહોવાહનું વચન તથા હુકમ (નિર્ગ. ૬; ૧-૯, ૨૮-૩૦: ૭; ૧-૯). ચિન્હો કર્યાં (નિર્ગ. ૭; ૧૦, ૧૧). દસ અનર્થ

(નિર્ગ. ૭; ૨૯-૧૧; ૧૦:૧૨; ૨૯, ૩૦). લાલ સમુદ્ર ઓળંગ્યો (નિર્ગ. ૧૪. પ્રે. કૃ. ૭; ૩૬). લોકોએ મુસા પર વિશ્વાસ કીધો (નિર્ગ. ૧૪; ૩૧. યેહો. ૪; ૧૪). મુસાનું ગીત (નિર્ગ. ૧૫; ૧-૧૯). લોકોએ મારાહમાં કચકચ કીધી (નિર્ગ. ૧૫; ૨૪). સીનની કચકચ (નિર્ગ. ૧૬; ૨, ૩). રફીદીમ આગળ કચકચ (નિર્ગ. ૧૭; ૨, ૩). જાસુસો પાછા આવ્યા ત્યારે કચકચ (ગણ. ૧૪; ૨). કોરાહના બંડ વખતે કચકચ (૧૬; ૪૧). કાદેશમાં કચકચ (૨૦; ૨, ૩). અદોમ દેશ આગળ કચકચ (૨૧; ૫). પાણી મીઠાં કર્યાં (નિર્ગ. ૧૫; ૨૫). ખડકમાંથી પાણી કાઢ્યું (૨૦; ૭-૧૧). લાવરીઓ આવી (નિર્ગ. ૧૬; ૧૩). કિબ્રોથ-હાત્તાવાહ (ગણ. ૧૧; ૩૧-૩૪. ગીત. ૧૦૫; ૪૦). માન્ના (નિર્ગ. ૧૬; ૧૪-૩૬. ગણ. ૧૧; ૬-૯. પુન. ૮; ૩. નહે. ૯; ૧૫. ગીત. ૭૮; ૨૪: ૧૦૫; ૪૦. યોહા. ૬; ૩૧, ૩૨). અમાલેકીઓ સાથે લડાઇ (નિર્ગ. ૧૭; ૯-૧૨). પ્રભુ પાસે ગયો અને નિયમશાસ્ત્ર આપ્યું (નિર્ગ. ૧૯. હેબ્રી. ૧૨; ૨૧). પત્થરની પાટીઓ લઇ પાછો આવ્યો (નિર્ગ. ૩૧; ૧૮: ૩૨; ૭, ૧૫, ૧૬). મુસાથી નવી દેશજાતિ બનાવવાની પ્રભુની ઇચ્છા (નિર્ગ. ૩૨; ૯, ૧૦. ગણ. ૧૪; ૧૨). મુસાની મધ્યસ્થી (નિર્ગ. ૩૨; ૧૧-૧૩, ૩૦-૩૪: ૩૪; ૮, ૯. ગીત. ૧૦૬; ૨૩). તાબોર આગળ મધ્યસ્થી (ગણ. ૧૪; ૧૩-૧૯). કોરાહના બંડ વખતે કરેલી મધ્યસ્થી (ગણ. ૧૬; ૨૨). પત્થરની પાટીઓ ભાંગી નાખી (નિર્ગ. ૩૨; ૧૯). સોનાનું વાછરડું ભાંગી નાખ્યું (નિર્ગ. ૩૨; ૨૦). મૂર્તિપૂજકોનો નાશ કીધો (નિર્ગ. ૩૨; ૨૫-૨૯). યહોવાહને બદલે દોરનાર (નિર્ગ. ૩૩; ૧-૩). યહોવાહની સાથે મ્હોડેમ્હોડ વાતચીત (નિર્ગ. ૩૩; ૭-૧૧). યહોવાહનો મહિમા દીઠો (નિર્ગ. ૩૩; ૧૨-૨૩). પત્થરની બે નવી પાટીઓ (નિર્ગ. ૩૪; ૧-૪). ચાળીસ દિવસ પ્રભુની પાસે બીજી વાર રહ્યો (નિર્ગ. ૩૪; ૨૮). મ્હો પ્રકાશિત થયું (નિર્ગ. ૩૪; ૨૯-૩૫. ૨ કરીં. ૩; ૭-૧૩). મંડપ ઉભો કીધો (નિર્ગ. ૪૦; ૧૭-૩૮). હારૂન તથા તેના પુત્રોને દિક્ષિત કીધા (લેવી. ૮). ઇસ્રાએલપુત્રોની પહેલી ગણના (ગણ. ૧). મોઆબના અરણ્યમાં બીજી ગણના (ગણ. ૨૬). જાસુસોને મોકલ્યા (ગણ. ૧૩). કોરાહનું બંડ (ગણ. ૧૬. ગીત. ૧૦૬; ૧૬). મુસા કનાનમાં પ્રવેશ નહિ પામે (ગણ. ૨૦; ૧૨, ૧૩. ગીત. ૧૦૬; ૩૨). અદોમપુત્રો પાસે માણસ મોકલ્યાં (ગણ. ૨૦; ૧૪). પિત્તળનો સર્પ (ગણ. ૨૧; ૮, ૯. યોહા. ૩; ૧૪). કુવા આગળ ગીત (ગણ. ૨૧; ૧૭, ૧૮). કનાન દેશ દીઠો (ગણ. ૨૭; ૧૨-૧૪. પુન. ૩૪; ૧-૪). યહોશુઆની નિમણુક (ગણ. ૨૭; ૧૫-૨૬). અઢી કુળને વારસો આપ્યો (ગણ. ૩૨). એના જેવો ભવિષ્યવાદી ઉભો થશે (પુન. ૧૮; ૧૫-૧૯. પ્રે. કૃ. ૩; ૨૨: ૭; ૩૭). એબાલ અને ગેરેઝીમ (પુન. ૨૭: ૨૮). સુબોધ વચનો (પુન. ૨૯-૩૧). વડીલોને ભેગા કર્યા (પુન. ૩૧; ૨૮). એનું ગીત (પુન. ૩૨). ઇસ્રાએલપુત્રોને આશીર્વાદ (પુન. ૩૩). એનું મરણ તથા દફન (પુન. ૩૪; ૧-૮). એની મહત્વતા (પુન. ૩૪; ૧૦-૧૨). એની નમ્રતા (ગણ. ૧૨; ૩). એનું વિશ્વાસુપણું (ગણ. ૧૨; ૭. હેબ્રી. ૩; ૨, ૫). ઇસુના રૂપાંતર વખતે મુસા (માત્થી ૧૭; ૩, ૪. માર્ક ૯; ૪, ૯. લુક ૯; ૩૦). શાસ્ત્રીઓ અને ફરોશીઓ મુસાના આસન પર બેસતા (માત્થી ૨૩; ૨). મુસા પર વિશ્વાસ કર્યો હોત તો ઇસુ કહે છે કે તમો મારા પર પણ કરત (યોહા. ૫; ૪૬). મુસાને અર્થે બાપ્તિસ્મા (૧ કરીં. ૧૦; ૨). જાન્નેસ તથા જામ્બ્રેસ મુસાની સામે (૨ તીમો. ૩; ૮). મુસાના શબ વિષે વાંધો (યહુદા ૯). મુસાનું

તથા હલવાનનું ગીત (પ્રક. ૧૫; ૩. વળી જુઓ ગીત. ૧૦૩; ૭. યશા. ૬૩; ૧૨. યિર્મે. ૧૫; ૧. માલા. ૪; ૪. લુક ૧૬; ૨૯, ૩૧. યોહા. ૧; ૧૭).

મૂશી = પાછા હઠવું. મરારીના બે પુત્રોમાંનો બીજો (નિર્ગ. ૬; ૧૯. ગણ. ૩; ૨૦. ૧ કાળ. ૬; ૧૯, ૪૭: ૨૩; ૨૧, ૨૩: ૨૪; ૨૬, ૩૦). તેના વંશજોને મૂશીઓ કહે છે (ગણ. ૩; ૩૩: ૨૬; ૫૮).

મેઉનીમ = રહેઠાણ. ૨ કાળ. ૨૬; ૭ માં મેઉનીમ તે મેઉનીઓને બદલે હેબ્રી ભાષાના શાસ્ત્રમાં લખવામાં આવ્યો છે. હવે મેઉનીમ તે 'માઓન' નું બહુવચન છે, અને એ પરથી અનુમાન થાય છે કે માઓનના રહેવાસીઓને મેઉનીમ એવું નામ આપવામાં આવ્યું હશે. 'એલ-અરાબાહ'ની ખીણની પૂર્વ બાજુ પર આવેલ મુલકને 'માઓન' કહેતા હતા. મેઉનીમ સંબંધીની વાત ઉઝઝીયાહ રાજાની સાથે જોડાયલી છે (૨ કાળ. ૨૬; ૭), ત્યાર પછી રાજા હિઝકીયાહના વખતમાં ફરી તેમની વાત આવે છે (૧ કાળ. ૪; ૪૧). વળી એઝ. ૨; ૫૦. નહે. ૭; ૫૨ માં આપેલી ટીપમાં પણ આ નામ જોવામાં આવે છે.

મેઓનનીમ = જાદુગર. 'મેઓનનીમ'ના આલોનવૃક્ષ (ન્યા. ૯; ૩૭), એટલે જાદુગરોનું આલોનવૃક્ષ (પુન. ૧૮; ૧૦, ૧૪. ૨ રા. ૨૧; ૬. મીખા. ૫; ૧૨). આ આલોન વૃક્ષ તે કદાચ શખેમમાંનું આલોનવૃક્ષ હશે કે જેની નીચે ઇબ્રાહીમે પોતાનો તંબુ ઠોક્યો હતો. તેને જાદુગરોનું આલોનવૃક્ષ કહેવાનું કારણ કદાચ એ હોય કે, યાકુબે 'અન્યદેવો' અહિં આ ઝાડ નીચે દાટયા હતા (ઉત્પ. ૩૫; ૪).

મેઝાહાબ = સોનાનો ઝરો. અદોમના છેલ્લા રાજા હદારની રાણી મહેટાબએલનો ઘરડો બાપ (ઉત્પ. ૩૬; ૩૯. ૧ કાળ. ૧; ૫૦).

મેથેગ-આમ્માહ = માનો અંકુશ. પલિસ્તીઓના મુખ્ય શહેર ગાથનું આ લાક્ષણિક નામ છે (૨ શમૂ. ૮; ૧). પલિસ્તીઓ પાસેથી દાઉદે આ શહેર જીતી લીધું. તેને આવું નામ આપવાનું કારણ એ છે કે પલિસ્તીઓનું મોટું અને મજબૂત શહેર એ હતું (૧ કાળ. ૧૮; ૧).

મેદાદ = પ્રીતિ. મુસાની સાથે ભવિષ્ય કહેવાને જે સિત્તેર વડિલોની નિમણુક થઇ તેમાંનો એક. એ શિવાય, બીજાઓ પરથી ભવિષ્ય કહેવાનો આત્મા લઇ લેવામાં આવ્યો ત્યારે છાવણીમાં એલ્દાદ તથા મેદાદ ભવિષ્ય કહેતા હતા (ગણ. ૧૧; ૨૬, ૨૭).

મેદબા = સ્થિર પાણીઓ. પુરાતન મોઆબી શહેર હતું (ગણ. ૨૧; ૩૦). તે યરદન નદીની પૂર્વમાં રેઉબેનના ભાગમાં આવેલું હતું (યહો. ૧૩; ૧૬). આ શહેર આગળ આમ્મોનપુત્રો અને તેમના ભાડુતી લશ્કરને, દાઉદના સેનાપતિ યોઆબે સખત હાર ખવડાવી હતી (૧ કાળ. ૧૯; ૭-૧૫. તેની સાથે ૨ શમૂ. ૧૦; ૬-૧૪ સરખાવો). યશાયાહના વખતમાં (યશા. ૧૫; ૨) મોઆબીઓએ આમ્મોનીઓ પાસેથી આ શહેર ફરી જીતી લીધું. આ પુરાતન પ્રસિદ્ધ શહેરનું ખંડિયેર મૃતસમુદ્રની પૂર્વમાં ૧૪ માઇલ ઉપર અને હેશ્બોનની નૈરૃત્ય કોણમાં આશરે ૮ માઇલ ઉપર 'માદેબા' નામથી ઓળખાય છે. (જુઓ ઓમ્રી).

મેને-મેને-તકેલ-ઉફાર્સીન (દાની. ૫; ૨૫, ૨૬). મેને=ગણના કરી. તકેલ=તોળાયો. પરેસ = ભાગ પાડ્યા. ઉપરનો આશ્ચર્યકારક લેખ બાબેલમાં બેલ્શાસ્સારના મહેલની ભીંત ઉપર લખવામાં આવ્યો હતો અને તેનો ખુલાસો દાનીયેલે કીધો હતો.

મેન્ના. યુસફનો પૂર્વજ (લુક ૩; ૩૧).

મેફાઆથ = તેજ. રેઉબેનના ભાગમાં આવેલું લેવીઓનું એક શહેર હતું (યહો. ૨૧; ૩૭. ૧ કાળ. ૬; ૭૯. યિર્મે. ૪૮; ૨૧. યહો. ૧૩; ૧૮).

મે-યાર્કોન = પીળાં પાણી. દાનકુળના ભાગમાં આવેલી એક નદી હતી (યહો. ૧૯; ૪૬). હાલ તે 'આયુજેહ' નામથી ઓળખાય છે.

મેરાબ = વધવું. શાઉલની બે કુંવરીઓમાંની વડી મેરાબ હતી. (૧ શમૂ. ૧૪; ૪૯). શાઉલે, જ્યારે દાઉદ ગોલ્યાથ ઉપર જય પામીને આવ્યો ત્યારે તેની સાથે પરણાવવાનું વચન આપ્યું હતું (૧ શમૂ. ૧૭; ૨૫). પણ એમ જણાય છે કે તે ગોઠવણ પુરી પડી નહિ (૧ શમૂ. ૧૮; ૨, ૧૭), પણ તેને આબેલ-મહોલાથ શહેર જે યરદન નદીની દક્ષિણમાં દસ મૈલ ઉપર આવેલું હતું, ત્યાંના આદ્રીએલ નામના એક પુરૂષ સાથે પરણાવી દીધી. તેથી તેને પાંચ પુત્ર થયા, જે પાંચેને ગિબઓનીઓએ ગિબઆહ પહાડ ઉપર ફાંસી દઇને મારી નાખ્યા (૨ શમૂ. ૨૧; ૮). જુઓ મીખાલ.

મેરેદ = બળવો. યહુદાહપુત્રોમાંના એઝરાહનો પુત્ર (૧ કાળ. ૪; ૧૭, ૧૮).

મેરેસ = લાયક (?). રાજા અહાશ્વેરોશના સાત ગ્નાની સરદારોમાંનો એક (એસ્તે. ૧; ૧૪).

મેરોઝ = નકારવું (?). પાલેસ્તાઇનની ઉત્તરે આવેલું એક મેદાન હતું. ત્યાંના લોકો, સીસેરા વિરૂદ્ધ જ્યારે બારાક લડતો હતો ત્યારે તેઓ મદદે આવ્યા નહિ, માટે યહોવાહના દૂતે તેમને સખત શાપ આપ્યો હતો (ન્યા. ૫; ૨૩: ૨૧; ૮-૧૦. ૧ શમૂ. ૧૧; ૭). આ જગ્યા વિષે ખાતરીપૂર્વક કહેવામાં આવતું નથી કે તે કયાં હતી, કેમકે દૂતના કહેવા પ્રમાણે થયું.

મેરોનાથી = મેરોનોથનો વતની. (૧) દાઉદ અને સુલેમાન રાજાના વખતમાં ગધેડાંનાં ટોળાં ઉપર આ માણસ, એટલે યેહદયાહ જે મેરોનાથી તે અધિકારી હતો (૧ કાળ. ૨૭; ૩૦). તે મેરોનોથ નામના ગામનો કદાચ વતની હશે, એ પરથી તેને મેરોનાથી કહેતા હશે. (૨) આ માણસે યરૂશાલેમના કોટની મરામત કરવામાં ભાગ લીધો હતો (નહે. ૩; ૭).

મેરોમ = ઉંચાણ. પાલેસ્તાઇનના ઉત્તર ભાગમાં આવેલું એક સરોવર છે, જેમાં હાર્મોન પહાડ તથા ગાલીલ પહાડમાંથી નાની મોટી નદીઓ નીકળીને પડે છે. અને તે સરોવરમાંથી ત્યાર પછી એક ધોધ નીકળી યરદન નામ ધરી દક્ષિણમાં માર્ગ લઇ ગેન્નેસારેત સરોવર તરફ જાય છે. કનાનીઓ પર યહોશુઆએ આ સરોવર આગળ ત્રીજી અને છેલ્લી મોટી જીત મેળવી હતી (યહો. ૧૧; ૫-૭). ત્યાર પછી પવિત્ર શાસ્ત્રમાં આ સરોવર વિષે બીજી કંઇ વાત જોડાયલી નથી. સરોવરને હાલ 'એલ-હુલેહ' કહે છે. ઉનાળાના દિવસોમાં તેમાંનું પાણી ઘણું સુકાઇ જાય છે. આ સરોવરની પશ્ચિમે કાદેશ-નાફતાલીના ડુંગરા અને પૂર્વમાં બાશાનના ડુંગરા, ઉત્તરે હાર્મોન પહાડ અને દક્ષિણે ડુંગરાવાળી ખડબચડી અને ગાળાવાળી જગ્યા આવેલી છે. તે ગાળામાં થઇ યરદન નદી આ સરોવરમાંથી નીકળી ગેન્નેસારેત સરોવર તરફ ઝડપથી વહે છે. સરોવરની લંબાઇ સાડા ચાર માઇલ અને પહોળાઇ સાડા ત્રણ માઇલની છે, અને ગેન્નેસારેત સરોવરથી તે બાર માઇલ દૂર છે. ભૂમધ્યસમુદ્રની સપાટીથી ૧૨૦ ફુટ ઉંચાઇમાં છે. તેની આજુબાજુની જમીન ભીનાસવાળી અને નેતરના છોડોથી ભરપુર જોવામાં આવે છે.

મેલીટા (પ્રે. કૃ. ૨૮; ૧). ભૂમધ્યસમુદ્રમાં સિસિલીની દક્ષિણમાં આવેલો એક ટાપુ છે જેને હાલ માલ્ટા કહે છે. પાઉલને જ્યારે બંધવો કરી રૂમ શહેરમાં લઇ જતા હતા (પ્રે. કૃ. ૨૭: ૨૮) ત્યારે પાઉલનું વહાણ આ બેટ આગળ ભાંગ્યું હતું. જે અખાતમાં પાઉલનું વહાણ ભંગ થયું હતું તેને (પ્રે. કૃ. ૨૭; ૩૯) હાલ 'પાઉલનો અખાત' એવું નામ કાંઠાના લોકો આપે છે. આ અખાત કે ખાડી બે માઇલ લાંબી અને એક માઇલ પહોળી છે. આ મેલીટા બેટના અસલ વતનીઓ ફેનીકીઓ હતા (બરબરીઓ). જો કે આ બેટ બહુ મોટો નથી પણ ઇતિહાસમાં તે ઘણો નામવાર ગણાય છે. ઇ. સ. પૂ. ૧૫૦૦ માં ફિનીકીઓએ આ બેટનો કબજો લીધો હતો. ઇ. સ. પૂ. ૭૩૬ માં ગ્રીક

લોકના કબજામાં તે આવ્યો. ઇ. સ. પૂ. ૫૨૮ માં કાર્થેજના લોકોના હાથમાં આવ્યો; અને ત્યાર પછી ઇ. સ. પૂ. ૨૪૨ માં આ બેટ રૂમીઓએ જીતી લીધો. જ્યારે પાઉલનું વહાણ ભાંગ્યું ત્યારે આ બેટ રૂમી સરકારને તાબે હતો (પ્રે. કૃ. ૨૮; ૭), અને બેટનો રૂમી અધિકારી પબ્લિયસ નામનો હતો. ત્યાર પછી તે ફ્રેંચ લોકોના કબજામાં આવ્યો. અને આખરે ઇ. સ. ૧૮૧૪ માં તે આપણા અંગ્રેજ સરકારના હાથમાં આવ્યો. બેટ આશરે ૧૭ માઇલ લાંબો અને ૯ માઇલ પહોળો છે. તેનો ઘેરાવો આશરે ૬૦ માઇલનો છે. તે સિસિલીથી દક્ષિણમાં ૬૦ માઇલ દૂર અને આફ્રિકાના તુનીસ શહેરથી આશરે ૨૮૦ માઇલ દૂર આવેલ છે. માલ્ટા ઘણા વખતથી બહુ આબાદ ટાપુ છે, અને હાલ કોઇ જંગલ તેમાં જોવામાં આવતું નથી. પહેલાંના વખતમાં જંગલોમાં જે ઝેરી જાનવરો અને સર્પ દેખાતા હતા, તે હાલ બહુ કમી થઇ ગયા છે. આજ બેટમાં પાઉલને સર્પ કરડયો હતો, પણ કંઇ ઇજા થઇ ન હતી. અહિંના અધિકારી પબ્લિયસને આમ લોહીના મંદવાડથી સાજો કીધો હતો, તેમજ બીજા માંદાઓને પણ સારા કર્યા હતા. પાઉલ અને તેના સાથીઓ આ બેટમાં ત્રણ માસ રહ્યા અને ત્યાર પછી એક બીજું વહાણ જેને 'આલેકસાંદ્રિયા' કહેતા હતા, તેમાં બેસીને પાઉલ તથા જમાદાર જુલ્યસ અને તેના સાથીઓ રૂમ ગયા (પ્રે. કૃ. ૨૭; ૧ : ૨૮; ૧૩, ૧૪).

મેલેચ્આ = સંપૂર્ણ. મેન્નાનો પુત્ર અને યુસફનો પૂર્વજ (લુક ૩; ૩૧).

મેલેખ = માલીક. મીખાહના ચાર પુત્રોમાંનો બીજો પુત્ર મેલેખ નામનો હતો (૧ કાળ. ૮; ૩૫). આ મીખાહ તે શાઉલ રાજાના વંશનો હતો.

મેલ્ખીસેદેક=ન્યાયીપણાનો રાજા. તે પરાત્પર દેવના યાજક અને સાલેમનો રાજા હતો. આપણે જાણીએ છીએ કે તેના વિષેની નોંધ ઉત્પ. ૧૪; ૧૮–૨૦ માં લેવામાં આવી છે, ત્યાર પછી જુના કરારમાં તેનું નામ એકજ વખત, એટલે ગીત. ૧૧૦; ૪ માં આવે છે. અને નવા કરારમાં હેબ્રીઓના પત્રના અધ્યા. ૭ માં તેનો લાક્ષણિક અર્થદર્શક ઇતિહાસ નોંધતાં પ્રેરિત નીચેની બાબતો બતાવી તેનું યાજકપણું હારૂનના યાજકપણા કરતાં કેટલું ચઢીઆતું છે તે બતાવે છે. (૧) ઇબ્રાહીમે દશાંશ આપ્યો (૭; ૨). (૨) ઇબ્રાહીમને આશીર્વાદ આપ્યો (૭; ૧). (૩) 'અક્ષય જીવન'ના યાજકની ઉપમા તેને આપેલી છે (૭; ૧૬). (૪) લેવીકુળના યાજકો પ્રમાણે વંશપરંપરાનું યાજકપણું તેનું હતું એમ નહિ, પણ તેનું યાજકપણું સમસહિત પ્રવેશ પામ્યું. અને એમ તેનું યાજકપણું તે સદાકાળિક કરારરૂપ યાજકપણું હતું (૭; ૨૦–૨૨). (૫) લેવીઓ દસમો ભાગ લેતા પણ તેથી ઉલટું આ માણસને ઇબ્રાહીમની મારફતે તેઓએ દશમો ભાગ આપ્યો (૭; ૯). (૬) લેવીઓનું યાજકપણું મરણે કરી બદલાતું પણ આ યાજકપણું અધિકારયુક્ત હતું (૭; ૨૪). (૭) ખ્રીસ્ત જેમ લેવીકુળનો નહિ તેમ આ મેલ્ખીસેદેક પણ લેવીકુળનો ન હતો, અને એ બાબતમાં પણ તે ખ્રીસ્તની ઉપમારૂપ હતો. આ પુરૂષ કોણ હશે એ વિષે જુદા જુદા વિચારો, વિદ્વાન વર્ગમાં ચાલે છે. યહુદી લોકમાં એવી એક દંતકથા પુરાતન વખતમાં ચાલતી હતી કે, આ પુરૂષ તે નુહનો પુત્ર શેમ હશે, કેમકે એ વખતમાં તે જીવતો હશે. આ વાત માર્ટિન લુથર અને બીજા કેટલાક માન્ય કરતા હતા. બીજા કેટલાક કહે છે કે એક દૂત અથવા તો પવિત્ર આત્માનો અવતાર થોડા વખતને માટે તે હતો, પણ તે વાતો માની શકાય તેમ નથી. મેલ્ખીસેદેક તે એક કનાની રાજા હતો, અને તેના જમાનામાં ચાલતા ભ્રષ્ટાચાર અને મૂર્તિપૂજા વિરૂદ્ધ થઇ તે એકજ સત્ય અને જીવતા દેવને ભજનાર પુરૂષ હતો.

અને તેનો ખાસ ઇતિહાસ અને વર્તણુક તે આપણા પ્રભુ ઇસુના મહાન યાજકપણાનું ચિન્હરૂપ હતો (હેબ્રી. ૫ ; ૬, ૭ : ૬ ; ૨૦).

મેશા = મધ્ય પ્રાંત. (૧) અરબસ્તાનની જે સરહદ ઉપર યોકટાનના વંશજો રહેતા હતા તે ભાગના એક મેદાનને ઉપલું નામ આપવામાં આવ્યું હતું (ઉત્પ. ૧૦ ; ૩૦). (૨) કાલેબનો જેષ્ઠ પુત્ર કે જે કાલેબ યરાહમએલનો ભાઇ હતો (હેબ્રીમાં આ નામનો અર્થ છૂટકારો એવો છે) (૧ કાળ. ૨ ; ૧૨). (૩) બિન્યામીની એક પુરૂષ હતો (૧ કાળ. ૮ ; ૯). (૪) કેમોસ-ગાદનો પુત્ર અને મોઆબનો રાજા, જે ઘણો દ્રવ્યવાન અને ઘણાં ઘેટાંનો માલીક હતો. તે એક લાખ હલવાનનું તથા એક લાખ ઘેટાંનું ઉન ઇસ્રાએલના રાજાને ખંડણી દાખલ આપતો હતો. પણ ઇસ્રાએલના રાજા આહાબના મરણ પછી તેણે ખંડણી આપવી બંધ કરી દંગો કીધો, તેથી આહાબપુત્ર યહોરામે યહુદાહના રાજા યહોશાફાટ સાથે સંપ કરી મોઆબ ઉપર ચઢાઇ કરી. આ વખતે સંપીલા સૈન્યે મોઆબના રાજાને બહુ સહેલ રીતે કબજે કીધો, અને દેશની બધી ફળદ્રુપ જમીન અને પાણીના પ્રત્યેક ઝરા પત્થરો નાખી પુરી નાખ્યા. મેશા ‘ કિર-હરેશેથ ’ ના કિલ્લામાં ભરાઇ ગયો અને શહેરના કિલ્લા ઉપર ચઢીને પોતાના વડા દીકરાનો કેમોસ દેવતાની આગળ યજ્ઞ કીધો, આથી કરીને જોનારાઓને ભારે કમકમાટ છૂટયો અને શહેરનો ઘેરો ઉઠાવી લીધો, અને લૂટ સાથે માત્ર પાછા ફર્યા (૨ રા. ૩ ; ૨૫-૨૭).

મેશાખ = ચંદ્રદેવ અકુના સંબંધેનું નામ (?). જે ત્રણ હેબ્રી જુવાનોને બાબેલમાંથી લાવી કાસ્દીઓની વિદ્યામાં પ્રવિણ કીધા તેમાંનો એક મિશાએલ (દેવના જેવો કોણ છે ?) હતો. તેનું નામ બદલી મેશાખ નામ પાડવામાં આવ્યું હતું (દાની. ૧ ; ૭ : ૩ ; ૧૨-૩૦). આ નામ તે ઘણું કરીને ખાલ્દીના કોઇ દેવતાનું હશે.

મેશેખ = બહાર કાઢવું. યાફેથનો છઠ્ઠો પુત્ર (ઉત્પ. ૧૦ ; ૨). તે પોતાના વંશનો પૂર્વજ ગણાય છે (૧ કાળ. ૧ ; ૫. હિઝ. ૨૭ ; ૧૩ : ૩૮ ; ૨, ૩ : ૩૯ ; ૧). આ લોકો તે ઘણું કરીને મોસ્ખી (=Moschi) લોક હશે, કે જેઓ કાળાસમુદ્ર અને કારપીઅન સમુદ્રની વચ્ચે રહેતા હતા. ગીત. ૧૨૦ ; ૫ માં આ શબ્દ પરદેશી કે બરબરીઓને બદલે વાપરવામાં આવ્યો છે. જ્યાં સુધી પશ્ચિમ આશિયા ઉપર બાબેલ અને ઇરાનની સત્તા ચાલતી રહી ત્યાં સુધી આ કોમ તેમને તાબે રહી, પણ ત્યાર પછી એમ દેખાય છે કે આ કોમ કાકેસસ પર્વત ઓળંગી આગળ વધી, અને સ્કુથીઅન લોકોમાં ભળી ગઇ. ત્યાં તેઓ “ મુસ્કોવસ ” નામથી ઓળખાવા લાગી. ૧ કાળ. ૧ ; ૧૭માં શેમના પુત્રોમા તેનું નામ આપવામાં આવ્યું છે.

મેસોપોટામ્યા = બે નદી વચ્ચેનો પ્રદેશ. હેબ્રી ભાષામાં તેને ‘ અરામ-નાહરાઇમ ’ (= બે નદી વચ્ચેનો અરામ) કહે છે. યૂનાનીઓ અને રૂમીઓ ફ્રાત અને તિગ્રીસ નદીની વચ્ચેના પ્રદેશને ઉપલું નામ આપતા હતા (ઉત્પ. ૨૪ ; ૧૦. પુન. ૨૩ ; ૪. ન્યા. ૩ ; ૮, ૧૦). જુના કરારમાં મેસોપોટામ્યાને પાદાનારામ (=અરામનું મેદાન) કહે છે (ઉત્પ. ૨૫ ; ૨૦). મેસોપોટામ્યાનો ઉત્તર પ્રદેશ તે હેબ્રી પૂર્વજોનું અસલ વતન હતું એમ દેખાય છે (ઉત્પ. ૧૧. પ્રે. કૃ. ૭ ; ૨). અહિંથી ઇસ્હાક પોતાને સારૂ સ્ત્રી થવાને રિબ્કાહને લાવ્યો (ઉત્પ. ૨૪ ; ૧૦, ૧૫). વળી અહિંથી યાકુબે પોતાની બે સ્ત્રી અને બે ઉપપત્નિઓને પસંદ કરી. અને યાકુબના ઘણાખરા છોકરાનો જન્મ પણ અહિં થયો (૩૫ ; ૨૬ : ૪૬ ; ૧૫). આ પ્રદેશમાં વસતી કોમો પોતામાં એક મુખ્ય નિમીને તેના હાથ નીચે સ્વતંત્રતામાં રહેલી હતી. દાઉદના વખત સુધી તેમણે પોતાનું સ્વતંત્રપણું જાળવી રાખ્યું હતું, પણ આખરે તેઓ આશ્શૂરને તાબે થયા (૨ રા. ૧૯ ; ૧૩).

મોઆદ્યાહ = યહોવાહનો સણગાર. યોયાકીમના દિવસોમાં જે યાજકો બાપોના ઘરોના મુખ્ય હતા, તેમાંનો એક પિલ્ટાયનો પિતા (નહે. ૧૨; ૧૭).

મોઆબ = બાપનાં છોકરાં, દિલપસંદ ભૂમિ. (૧) ઇબ્રાહીમના ભત્રિજા લોટનો પોતાની મોટી દીકરીને પેટે જન્મેલો જેષ્ઠ પુત્ર (ઉત્પ. ૧૯; ૩૭). (૨) મોઆબી કોમને દર્શાવતાં આ નામનો ઉપયોગ કરેલો દેખાય છે (ગણ. ૨૨; ૩–૧૪. ન્યા. ૩; ૩૦. ૨ શમૂ. ૮; ૨. યિર્મે ૪૮; ૧૧, ૧૩). (૩) 'મોઆબ દેશ' ને મોઆબ નામ આપવામાં આવ્યું છે (રૂથ. ૧; ૨, ૬: ૨; ૬. યિર્મે. ૪૮; ૨૪). આ દેશ યરદન અને મૃતસમુદ્રની પૂર્વમાં અને આર્નોન નદીની દક્ષિણમાં આવેલો હતો (ગણ. ૨૧; ૧૩, ૨૬). સાધારણ રીતે બોલતાં અમોરીઓના આખા પ્રદેશને મોઆબ કહેતા હતા, હાલ તેને 'કેરાક' નામ આપવામાં આવે છે. આર (= રાબ્બાહ) અને કીર–મોઆબ તે આ દેશનાં મુખ્ય શહેરો હતાં (પુન. ૨; ૯: ૩; ૧૧. યશા. ૧૫; ૧). (૪) 'મોઆબના મેદાન' માં યરેખોની સામે ઇસ્રાએલપુત્રોએ કનાન દેશમાં પેઠા તે પહેલાં છાવણી કરી હતી (ગણ. ૨૨; ૧: ૨૬; ૬૩. યહો. ૧૩; ૩૨). આ વખતે મોઆબ અમોરીઓના કબજામાં હતું. "મુસા મોઆબના નીચાણથી નબો પર્વતનું પિસ્ગાહ શિખર જે યરેખોની સામે હતું તે પર ગયો" અને "મોઆબ દેશમાં યહોવાહના વચન પ્રમાણે મરી ગયો અને તેણે મોઆબ દેશના નીચાણમાં બેથ–પેઓરની સામે તેને દાટયો" (પુન. ૩૪; ૧, ૫, ૬). વળી આજ શિખર ઉપરથી કનાન દેશ પ્રભુએ મુસાને દૂરથી દેખાડયો હતો.

મોઆબ, લોટનો પુત્ર (ઉત્પ. ૧૯; ૩૭). મોઆબીઓ મોઆબના વંશના (પુન. ૨; ૯-૧૧. ગણ. ૨૧; ૧૬-૩૦. પુન. ૨૮; ૧૮. ન્યા. ૧૧; ૧૮). મોઆબે ઇસ્રાએલને જવા દીધા નહિ (ન્યા. ૧૧; ૧૭). મોઆબ ઇસ્રાએલીઓની વચ્ચે આવ્યો નહિ (પુન. ૨; ૯. ગણ. ૨૧; ૧૩-૨૦. ન્યા. ૧૧; ૧૫, ૧૮). ઇસ્રાએલીઓએ મોઆબનાં મેદાનમાં છાવણી કરી (ગણ. ૨૨; ૧). બાલાક અને બલઆમ (ગણ. ૨૨: ૨૩: ૨૪). યાકુબમાંથી તારો ઝબકી નીકળશે (ગણ. ૨૪; ૧૭). ઇસ્રાએલને ફસાવ્યા (ગણ. ૨૫). દસમી પેઢી સુધી તેઓ મંડળીમાં ન આવે (પુન. ૨૩; ૩). મોઆબનો રાજા એગ્લોન અને એહૂદ (ન્યા. ૩; ૧૨-૩૦). મોઆબના દેવોની સેવા (ન્યા. ૧૦; ૬). અલીમેલેખ તથા તેનું કુટુંબ મોઆબ દેશમાં (રૂથ ૧; ૧-૪). હદાદે મોઆબના મેદાનમાં મિદ્યાનને માર્યો (ઉત્પ. ૩૬; ૩૫. ૧ કાળ. ૧; ૪૬). શાઉલે તેમને હરાવ્યા (૧ શમૂ. ૧૪; ૪૭). દાઉદે પોતાનાં માબાપને ત્યાં મિસ્પેહમાં મુક્યાં (૧ શમૂ. ૨૨; ૩, ૪). દાઉદે તેમને જીત્યા (૨ શમૂ. ૮; ૨. ૧ કાળ. ૧૮; ૨. ગીત. ૬૦; ૮: ૧૦૮; ૯). સુલેમાનની સ્ત્રીઓમાંની એક મોઆબેણ (૧ રા. ૧૧; ૧). મોઆબનો દેવ (૧ રા. ૭; ૩૩). મેશા આહાબને ખંડણી આપતો (૨ રા. ૩; ૪). યહોરામ સાથે બળવો (૨ રા. ૧; ૧: ૩; ૫). યહુદાહ પર ચઢાઇ (૨ કાળ. ૨૦; ૧). મોઆબ ને યહુદાહ, ઇસ્રાએલ અને અદોમે હરાવ્યો (૨ રા. ૩; ૬-૨૭. ૨ કાળ. ૨૦; ૧-૧૫. ગીત. ૮૩; ૬). મોઆબી ટોળીએ ઇસ્રાએલ ઉપર ચઢાઇ કરી (૨ રા. ૧૩; ૨૦). મોઆબ યશીના થડને આધીન થશે (યશા. ૨; ૧૪). તેની દંડાજ્ઞા (યશા. ૧૫; ૧૬: ૨૫; ૧૦-૧૨. યિર્મે. ૯; ૨૬: ૨૫; ૯-૨૧, ૪૮. હિઝ. ૨૫; ૮-૧૧. આમો. ૨; ૨. સફ. ૨; ૮-૧૧). યહુદાહ વિરૂદ્ધ નબુખાદનેસ્સારને મદદ (૨ રા. ૨૪; ૪). યિર્મેયાહે મોઆબ ઉપર જુંસરી મોકલી (યિર્મે. ૨૭; ૧). જે યહુદીઓ મોઆબમાં હતા (યિર્મે. ૪૦; ૧૧). મોઆબી લગ્ન

(એઝ. ૯; ૧, ૨. નહે. ૧૩; ૨૩). બીજી જગ્યાઓ (૨ શમૂ. ૨૩; ૨૦. ૧ કાળ. ૪; ૨૨: ૧૮; ૧૧).

મોઆબનો લેખ. મોઆબના રાજા મેશા સંબંધીનો એક લેખનો પત્થર દીબોન શહેરના ખંડિયેરમાંથી એક જર્મન મિશનેરીને હાથ આવેલો છે. ઇ. સ. ૧૮૬૮. તે પત્થર સાડાત્રણ ફુટ લાંબો અને બે ફુટ જાડો છે. આ પુરાતન લેખ ઇ. સ. પૂ. ૯૦૦માં ઉભો કરવામાં આવ્યો હશે. લેખ ઉપર ચોત્રીસ લીટી હેબ્રી ફેનીકે લીપીમાં લખેલી છે, અને રાજા મેશાએ પોતાની જીતની યાદગીરીમાં તે ઉભો કર્યો હશે. આ લેખમાં ઓમ્રી અને હોરોનાઇમ સાથેની મેશાની લડાઇ વિષે તથા જાહેર બાંધકામ વિષે લખવામાં આવ્યું છે, અને તે ૨ રા. ૩; ૪-૨૭માં લખેલા ઇતિહાસને ટેકો આપે છે.

મોઆબીઓ. આ કોમનો આદિપિતા લોટનો મોઆબ નામનો પુત્ર હતો. આ પુત્રને લોટની દીકરી સોઆરમાં જણી હતી (ઉત્પ. ૧૯; ૩૭). ત્યાંથી તેઓ વધીને યરદનના પૂર્વ પ્રદેશમાં ફેલાયા. નિર્ગમન પહેલાં થોડા વખત પર અમોરીઓ તેમના રાજા સિહોનની સરદારી નીચે મોઆબીઓ પર ચઢી આવ્યા (ગણ. ૨૧; ૨૬-૩૦). અને આર્નોન અને યાબ્બોક વચ્ચેના પ્રદેશમાંથી તેમને હાંકી કાઢયા, અને દેશ પોતાના તાબામાં કરી હેશ્બોન શહેરને પોતાની રાજધાનીનું શહેર બનાવ્યું. ઇસ્રાએલીઓ તેમની અરણ્યની મુસાફરીમાં મોઆબ દેશમાં થઇને ગયા નહિ, પણ "મોઆબ દેશના અરણ્યમાં" થઇને તેઓ ગયા (પુન ૨; ૮. ન્યા. ૧૧; ૧૮), અને આર્નોનને પેલે પાર તેઓએ છાવણી નાખી. એ પ્રમાણે ઇસ્રાએલીઓ "મોઆબની સરહદની અંદર આવ્યા ન હતા." અહિં કેટલોક વખત ઇસ્રાએલીઓ રોકાયા અને બાશાન તેઓએ જીતી લીધું (જુઓ સિહોન અને ઓગ). આથી કરીને મોઆબીઓને ભય ઉત્પન્ન થયો અને તેમના રાજા બાલાકે મિદ્યાનીઓની મદદ માગી (ગણ. ૨૨; ૨-૪). જ્યારે બલઆમ બાલાકને આવી મળ્યો ત્યારે ઇસ્રાએલીઓ અહિંજ હતા. (જુઓ મુસા). આ વખતે મોઆબનો રાજા પોતાના જેષ્ઠ પુત્રનું અર્પણ કરવા તૈયાર થયો (ગલા. ૬; ૭ સરખાવો). જેમ તે પછી ૫૦૦ વર્ષ બાદ મોઆબી એક રાજાએ કીધું હતું. મિદ્યાનીઓ અને મોઆબીઓમાં આ વખતમાં સારો સંપ દેખાય છે, કેમકે મિદ્યાનીઓની કુયુક્તિથી ઇસ્રાએલીઓ પર માર આવ્યો હતો (ગણ. ૨૫; ૧૭). આ વખતથી ઇસ્રાએલીઓ અને મોઆબીઓ વચ્ચે અણબનાવ ઉત્પન્ન થયો અને વખતો વખત તેમની વચ્ચે લડાઇ ઉત્પન્ન થઇ (ન્યા. ૩; ૧૨-૩૦. ૧ શમૂ. ૧૧). તો પણ રૂથની વાત ઉપરથી જણાય છે કે મોઆબ અને બેથલેહેમ વચ્ચે મિત્રાચારી હતી. દાઉદના પોતામાં મોઆબી લોહી હતું એમ કહેવાય, એમ છતાં મોઆબ અને દાઉદ વચ્ચે લડાઇ હતી (૨ શમૂ. ૮; ૨: ૨૩; ૨૦. ૧ કાળ. ૧૮; ૨). અને દાઉદે તેમની પાસેથી મોટી લૂટ મેળવી હતી (૨ શમૂ. ૮; ૨, ૧૧, ૧૨. ૧ કાળ. ૧૧; ૨૨: ૧૮; ૧૧). આહાબના મરણ પછી (જુઓ મેશા) મોઆબીઓએ ઇસ્રાએલને ખંડણી આપવી બંધ કરી બંડ ઉઠાવ્યું તેથી આહાબનો પુત્ર તેની ઉપર મોટી ચઢાઇ લઇ ગયો, અને ઇસ્રાએલે મોઆબને સખત હાર ખવડાવી. જે વખતે મોઆબ ચઢતીમાં આવી જઇ ફુલાસ મારતો હતો અને ખંડણી આપવાનું બંધ કરવાનું વિચાર્યું, તે વખતે યશાયાહ ભવિષ્યવાદીએ મોઆબ વિષે ભારવચન કહ્યું હતું (યશા. ૧૫; ૧) અને તે કેવી રીતે પુરૂં પડયું? (સરખાવો ૨ રા. ૧૭; ૩: ૧૮; ૯. ૧ કાળ. ૫; ૨૫, ૨૬). મોઆબ વિષે યશાયાહ અને બાબેલ બંદિપ્રવાસ એ બેની વચ્ચે ભાગ્યેજ કંઇ વાત આવે છે (યિર્મે. ૨૫; ૨૧: ૨૭; ૩: ૪૦; ૧૧. સફ. ૨;

૮-૧૦). બંદિપ્રવાસ પછી યહુદીઓ પાછા આવ્યા અને યરૂશાલેમનો કોટ બાંધતા હતા ત્યારે તે કામ અટકાવનારામાં મુખ્ય સાન્બાલ્લાટ મોઆબી હતો (નહે. ૨; ૧૯: ૪; ૧ : ૬; ૧). આ પ્રમાણે મોઆબીઓ અને ઇસ્રાએલીઓને કાયમ દુશ્મનાઇ જારી રહેલી દેખાય છે. હાલ મોઆબ દેશમાં મુસાફરી કરવી બહુ મુશ્કેલ છે, એમ છતાં કેટલાક મુસાફરો ત્યાં જઇ આવ્યા છે અને તેઓ ભવિષ્યવાદીઓની વાતને ટેકો આપે છે.

મોફ (જુઓ નોફ). આ શહેર ઉપલા મિસરની રાજધાનીનું શહેર હતું, જે મિસર દેશનું બહુ પુરાતન અને મુખ્ય શહેર હતું, ને નીલ નદીના પશ્ચિમ કિનારા પર કાયરો શહેરની પાસે દક્ષિણમાં થોડે દૂર આવેલું હતું. હાલ આ શહેર બીલકુલ જમીનદોસ્ત થઇ ગયું છે. હેબ્રીમાં હોશી. ૯; ૬ માં તેને મોફ કહે છે અને તેનો તરજુમો ગ્રીકમાં 'મેમ્ફીસ' કરવામાં આવ્યો છે (જુઓ નોફ).

મોરાશ્તી = મોરેશેથનો વતની.

મોરીયાહ = યહોવાહનો પસંદ કરેલો. ઇબ્રાહીમને પોતાના પુત્ર ઇસ્હાકનું દહનીયાર્પણ કરવાને જે દેશમાં જવાનો હુકમ થયો હતો તે દેશનું નામ મોરીયાહ હતું. તે દેશના કોઇ એક પર્વત ઉપર ઇબ્રાહીમે પોતાના દીકરા ઇસ્હાકનું અર્પણ ચઢાવવાનું કીધું હતું (ઉત્પ. ૨૨; ૨). આજ જગ્યા ઉપર સુલેમાને યહોવાહનું ઘર બાંધ્યું. વળી અહિં યબૂસી ઓર્નાનની ખળી પણ હતી (૨ શમૂ. ૨૪; ૨૪, ૨૫. ૨ કાળ. ૩; ૧). એ પરથી જણાય છે કે યરૂશાલેમના કોઇ એક ડુંગરાને મોરીયાહ નામ આપવામાં આવેલું છે. તે સિયોન પહાડની ઇશાન કોણમાં આવેલો હતો. મોરીયાહ અને સિયોનની વચ્ચે 'તીરોપીઅન' નામની ખીણ આવેલી હતી તેજ જગ્યાએ મોરીયાહ દેશ પણ ઉત્પ. ૨૨; ૨ માં કહેતા હશે. એવું ધારવામાં આવે છે કે જે શિખરો પર યરૂશાલેમ બાંધવામાં આવ્યું હતુ તેમાંનું સૌથી ઉંચું શિખર તે મોરીયાહ હતું. ઇબ્રાહીમ પછી આશરે એક હજાર વર્ષે દાઉદે અહિંજ વેદી બાંધીને દહનીયાર્પણ ચઢાવ્યાં હતાં (૨ શમૂ. ૨૪; ૨૪). જુઓ યરૂશાલેમ.

મોરેશેથ-ગાથ = ભવિષ્યવાદી મીખાહની જન્મભૂમિ હતી. તેથી મીખાહને મીખાહ મોરાશ્તી કહે છે (મીખા. ૧; ૧૪ની સાથે યિર્મે. ૨૬; ૧૮ સરખાવો). આ મોરેશેથ તે ગાથનું એક પ્રગણું હશે.

મોરેશેથ-ગાથ = ગાથના તાબાનું. ભવિષ્યવાદી મીખાહની જન્મભૂમિ. (મીખા. ૧; ૧૪). જુઓ મોરાસ્તી.

મોરેહ = ફળદ્રુપ. શખેમની દક્ષિણમાં આવેલું એક પ્રગણું હતું. તેમાં ઘણું કરીને કનાનીઓ વસતા હતા. આ પ્રગણું મોઆબ અને ગરીઝીમ પર્વતની વચ્ચે આવેલું હતું. અહિં મોરેહના એલોન ઝાડ નીચે ઇબ્રાહીમે પાલેસ્તાઇન દેશમાં પહેલામાં પહેલી વેદી બાંધી (ઉત્પ. ૧૨; ૬) અને પ્રભુએ તેને દર્શન દીધું. અહિંથી નીકળી તે દક્ષિણમાં બેથેલની પૂર્વગમ અને આયની પશ્ચિમે એક પર્વત હતો ત્યાં ગયો (ઉત્પ. ૧૨; ૭, ૮).

મોર્દખાય = મોરોદાકનો પૂજારી (?). મોર્દખાય તે બિન્યામીની કુળના યાઇરનો પુત્ર હતો. તે યહુદાહના રાજા યખોન્યાહની સાથે બાબેલના બંદિપ્રવાસમાં લઇ જવાયો, તેથી કરીને જ્યારે તે અહાશ્વેરોશ રાજાના વીસમા વર્ષે તેની ઉમર ૧૨૯ વર્ષની હોવી જોઇએ; પણ એસ્તે. ૨; ૧૯માં જે વાત લખવામાં આવી છે તે આ બનાવને બંધબેસતી નથી, માટે બંદિપ્રવાસમાં જે લઇ જવાયો તે મોર્દખાયને બદલે કીશ હોવો જોઇએ, કે જેના વિષે ૨; ૬ માં લખવામાં આવ્યું છે કે, "તેમની સાથે યરૂશાલેમ લઇ જવાયો હતો." મોર્દખાય તે ઇરાનની રાજધાની શુશાનમાં રહેતો હતો. તેણે પોતાની ભત્રીજી હદાસ્સાહ (એસ્તેર) ને પોતાની દીકરીની માફક ઉછેરી; કેમકે તેણીને માબાપ ન હતાં ને તે કુમારિકા સુંદર કાંતિની તથા ફુટડી હતી. માબાપના મુઆ પછી મોર્દખાયે તેણીને પોતાની દીકરી

કરી લીધી હતી. જ્યારે રાણી વાસ્તીને પદભ્રષ્ટ કરી તેની જગ્યાએ મોર્દખાયની દત્તકપુત્રી એસ્તેરને રાણી ઠરાવી ત્યારે મોર્દખાયને અહાશ્વેરોશના દરબારમાં લેવામાં આવ્યો અને "રાજાના દરવાજાનો દરવાન" ઠરાવવામાં આવ્યો (એસ્તે. ૨; ૨૧). જ્યારે તે આ પદવીમાં હતો ત્યારે દરવાનોમાંના બે માણસોએ રાજાને મારી નાખવાને કુયુક્તિ રચી. તે વાત મોર્દખાયના જાણવામાં આવતાં એસ્તેરની મારફતે તે ગુપ્ત વાત રાજાને જણાવી અને તપાસ કરતાં તે વાત ખરી માલમ પડી. પછી તે વાત યોગ્ય રીતે રાજાની સમક્ષ સરકારી કાળવૃત્તાંતના પુસ્તકમાં નોંધાઇ. આ બનાવ બન્યા પછી અહાશ્વેરોશ રાજાએ હામાન અગાગીને રાજ્યમાં સૌથી મોટી જગ્યાએ નિમ્યો, અને એવું બન્યું કે રાજાના દરવાજાના સર્વ સેવકો હામાનને નમસ્કાર કરીને માન આપતા હતા પણ મોર્દખાય નમસ્કાર કરતો નહિ, તેથી હામાન જે એક મોટો પદવીજન અમલદાર હતો તેણે મોર્દખાયને તથા તેની કોમના સર્વ યહુદીઓ જે રાજા અહાશ્વેરોશના રાજ્યમાં રહેતા હતા, તેમને મારી નાખવાનો ઠરાવ કર્યો (એસ્તે. ૩; ૮–૧૫). આ ખબર મોર્દખાયને મળતાં તેણે રાણી એસ્તેરને હામાનનો ઉપલો ઇરાદો જાહેર કર્યો અને તેણીના ડહાપણ અને હિમ્મત ભરેલી યુક્તિથી યહુદીઓનો બચાવ થયો. અને મોર્દખાયને માટે જે ફાંસી હામાને ઉભી કરી હતી, તે ઉપર હામાનને લટકાવી દીધો, અને મોર્દખાયની હામાનની જગ્યા ઉપર નિમણુક કરવામાં આવી (એસ્તે. ૬; ૨–૧૧). આ મોટા છૂટકારાની યાદગીરીમાં યહુદી લોકો પૂરીમ પર્વ પાળે છે (એસ્તે. ૯; ૨૬–૩૨. જુઓ પૂરીમ). મોર્દખાયે શા માટે હામાનને નમસ્કાર કરવાને ના પાડયું હશે તે લખવામાં આવ્યું નથી, પણ કેટલાક એમ ધારે છે કે હામાન અમાલકી હતો માટે મોર્દખાયે તેને શાપિત ગણ્યો હશે. ઘણું કરીને રાજા અહાશ્વેરોશના મરણ પછી મોર્દખાય પોતાના વતનમાં પાછો ગયો હશે. બંદિપ્રવાસથી જે લોકો ઝરુબ્બાબેલની સાથે પાછા આવ્યા તેમાંનો એક શખ્સ આજ નામનો હતો (એઝ. ૨; ૨. નહે. ૭; ૭), પણ તે આજ મોર્દખાય એટલે એસ્તેરનો કાકો હશે તે વિષે શક છે મોર્દખાય (એસ્તે. ૨; ૫, ૧૦, ૧૫, ૧૯, ૨૦–૨૨: ૩; ૨–૬: ૪; ૧, ૪-૭, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૫, ૧૭: ૫; ૯, ૧૩, ૧૪: ૬; ૨–૪, ૧૦–૧૩: ૭; ૧૦: ૮; ૧, ૨, ૭, ૯, ૧૫: ૯; ૩, ૪, ૨૦, ૨૩, ૨૯, ૩૧: ૧૦; ૨, ૩. એઝ. ૨; ૨. નહે. ૭; ૭).

મોલાદાહ = જન્મ. યહુદાહની દક્ષિણ સરહદ પર આવેલું એક શહેર હતું. તે શિમઓનપુત્રોને આપવામાં આવ્યું હતું (યહો. ૧૫; ૨૧–૨૬: ૧૯; ૨). તે પુરાતન શહેર હાલ 'એલ–મીલહ' નામથી ઓળખાય છે. જે બેરશેબાથી પૂર્વમાં ૧૦ માઇલ ઉપર આવેલું છે (૧ કાળ. ૪; ૨૮. નહે. ૨; ૨૬).

મોલીદ = મેળવનાર. યહુદાહપુત્રોમાંના અબીશૂરનો પુત્ર (૧ કાળ. ૨; ૨૯).

મોલેક = માલીક. (લેવી ૧૮; ૨૧: ૨૦; ૨, ૩, ૪. યિર્મે. ૩૨; ૩૫. ૧ રા. ૨; ૭. ૨ રા. ૨૩; ૧૦). જુઓ મિલ્કોમ.

મોસા = આગળ વધનાર. (૧) કાલેબની ઉપપત્નિ એફાહને પેટે જે ત્રણ પુત્રો થયા તેમાંનો બીજો (૧ કાળ. ૨; ૪૬). (૨) શાઉલવંશી ઝીમ્રીનો પુત્ર (૧ કાળ. ૮; ૩૬, ૩૭: ૯; ૪૨, ૪૩),

મોસાહ = પાણીનું ટપકવું. બિન્યામીની એક શહેર હતું (યહો. ૧૮; ૨૬).

મોસેરાહ = બંધન. ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનું એક રહેઠાણ હતું (પુન. ૧૦; ૬). તે હોર પર્વતની તળેટીમાં આવેલું હતું (ગણ. ૩૩; ૩૦, ૩૮ સરખાવો). હાલ હોર પર્વતની તળેટીમાં પહાડ પર ચઢવાના રસ્તા ઉપર એક ઝરો આવેલો

છે, તેને 'એલ–તાઇએહ' કહે છે. તેને પુરાતન મોસેરાહ ધારવામાં આવે છે.

મોસેરોથ = બંધનો. મોસેરોથ અને મોસેરાહ તે બન્ને એક ને એકજ હશે (ગણ. ૩૩; ૩૦. પુન. ૧૦; ૬).

મૃતસમુદ્ર = શાસ્ત્રમાં તેને 'ખારો સમુદ્ર' (ઉત્પ. ૧૪; ૩. ગણ. ૩૪; ૧૨), 'પૂર્વનો સમુદ્ર' (હઝ. ૪૭; ૧૮. યોએ. ૨; ૨૦) અને 'સમુદ્ર' (હઝ. ૪૭; ૮) કહે છે. અરબ લોક તેને લોતનો સમુદ્ર કહે છે. યરૂશાલેમથી પૂર્વમાં ૧૬ માઇલ પર તે આવેલો છે. ભૂમધ્ય સમુદ્રની સપાટીથી ૧,૩૦૦ ફુટ નીચાણમાં છે. ક્ષેત્રફળ ૩૦૦ ચોરસ માઇલ છે. ઉંડાઇ ૧,૩૧૦ ફુટથી તે ૧૧ ફુટ સુધીની છે. ૪૬ માઇલ લાંબો અને સરાસરી ૧૦ માઇલ પહોળો છે. યરદન નદી તેમાં પડે છે. કોઇ પણ જીવ આ પાણીમાં રહી શકતો કે જીવી શકતો નથી. જે માછલીઓ યરદન નદીમાંથી આ સમુદ્રમાં પડે છે તે તરત ત્યાં મરણ પામે છે. કોઇ કોઇ જાતના બગલા ત્યાં નજરે પડે છે. તેઓ જે માછલીઓ નદીનાં પાણીમાંથી ત્યાં આવતા મરણ પામે છે તે ખાઇને જીવે છે. ગ્રીક લોકોએ આશરે બીજા સૈકામાં આ સમુદ્રને "મૃતસમુદ્ર" એવું નામ આપ્યું છે.

ય

યઅઝીએલ = યહોવાહનો દિલાસો. દાઉદના વખતમાં એક લેવી દ્વારપાળ હતો (૧ કાળ. ૧૫; ૧૮). કલમ વીસમાં તેજ માણસને અઝીએલ નામ આપવામાં આવ્યું છે.

યઆરીમ = જંગલો. યહુદાહની સરહદ પર આવેલો એક પર્વત હતો. તેને કસાલોન પણ કહે છે (યહો. ૧૫; ૧૦).

યકાબ્સએલ = પરમેશ્વર એકઠું કરે છે. બાબેલના બંદિપ્રવાસ પહેલાં આ શહેરને લોકો કાબ્સએલ કહેતા હતા (યહો. ૧૫; ૨૧), પણ પછીથી તેને યકાબ્સએલ કહેવામાં આવે છે (નહે. ૧૧; ૨૫).

યકામઆમ = જેને માણસ ઉભો કરે છે. હેબ્રોનના ચાર પુત્રોમાંનો તે ચોથો પુત્ર હતો (૧ કાળ. ૨૩; ૧૯: ૨૪; ૨૩).

યકામ્યાહ. (૧) યહુદાહપુત્ર શાલ્લૂમનો પુત્ર (૧ કાળ. ૨; ૪૧). (૨) સુલેમાનના વંશનો એક માણસ (૧ કાળ. ૩; ૧૮).

યકૂથીએલ = પ્રભુનો ભય. યહુદાહપુત્રોમાંના ઝાનોઆહનો પિતા (૧ કાળ. ૪; ૧૮).

યખીલ્યાહ = યહોવાહ બળવાન છે. યહુદાહના રાજા ઉઝીયાહની મા અને રાજા અમાસ્યાહની રાણી (૨ કાળ. ૨૬; ૩). તેને ૨ રા. ૧૫; ૨ માં યખોલ્યાહ કહે છે.

યખોન્યાહ = યહોવાહ સ્થાપે છે. (૧) યોશીયાહનો પુત્ર અને શલથાઇલનો પિતા (માત્થી ૧; ૧૧, ૧૨). (૨) આ નામનો એક યહુદાહનો રાજા હતો. તેના પિતાનું નામ યહોવાકીમ અને તેની માતું નામ નહુસ્તા હતું. તે યરૂશાલેમના એલ્નાથાનની દીકરી હતી (જુઓ નહુસ્તા). (૧ કાળ. ૩; ૧૬, ૧૭. એસ્તે. ૨; ૬. યિર્મે. ૨૪; ૧: ૨૭; ૨૦: ૨૮; ૪: ૨૯; ૨). બીજી જગ્યામાં યખોન્યાહને યહોયાખીન કહે છે (૨ રા. ૨૪; ૬, ૮, ૧૨, ૧૫: ૨૫; ૨૭. ૨ કાળ. ૩૬; ૮, ૯. યિર્મે. ૫૨; ૩૧. હઝ. ૧; ૨), અને ત્રીજી જગ્યામાં તેને કોન્યાહ કહે છે (યિર્મે. ૨૨; ૨૪, ૨૮: ૩૭; ૧. જુઓ કોન્યાહ). યખોન્યાહ જ્યારે ૧૮ વર્ષની ઉમરનો હતો ત્યારે તેના પિતા પછી (ઇ. સ. પૂ. ૫૯૯) ગાદીએ બેઠો. તેણે માત્ર ૧૦૦ દિવસ રાજ્ય કર્યું (૨ કાળ. ૩૬; ૯). તેના પછી તેનો કાકો માત્તાન્યાહ ગાદીએ બેઠો. યહુદાહના રાજાઓમાંનો છેલ્લો વારસ રાજા તે યખોન્યાહ હતો. તેને તથા તેની માને તથા તેના ચાકરોને તથા બીજા દસ હજાર બંદિવાનોને (બધા મળી ૩૦ હજાર માણસોને) કેદ કરીને બાબેલનો રાજા નબુખાદનેસ્સાર બાબેલ લઇ ગયો અને મંદિરનાં સઘળાં પાત્રોને ભાંગી નાખ્યાં (૨ રા. ૨૪; ૧૨-૧૬. યિર્મે. ૫૨; ૨૮). સાડત્રીસ વર્ષ સુધી બાબેલમાં તે કેદી રખાયો ત્યાર

પછી (યિર્મે. પર ; ૩૧, ૩૩) બાબેલના રાજા 'એવીલ-મરોદાખે' પોતાની કાર્કીર્દીના પહેલે વર્ષે તેનું સન્માન કરી બંદિખાનામાંથી બહાર કઢયો, અને પોતાના ઘરમાં તેને જગ્યા આપી અને "જીવન પર્યંત નિત્યે તેની સન્મુખ રોટલી ખાતો રહ્યો" (યિર્મે. પર ; ૩૨-૩૪).

યખોલ્યાહુ = યહોવાહની શક્તિ. યહુદાહના રાજા અમારયાહની સ્ત્રી અને રાજા ઉઝ્ઝીયાહની મા (૨ રા. ૧૫ ; ૨). ૨ કાળ. ૨૬ ; ૩ માં તેને યખીલ્યાહ કહે છે.

યગાર-સાહદૂથા = સાક્ષ્યનો ઢગલો. લાબાન તથા યાકુબ વચ્ચે કરાર થતાં સાક્ષીને સારૂ પત્થરનો જે ઢગલો ઉભો કરવામાં આવ્યો, તેનું નામ લાબાને આર્મીની ભાષામાં "યગાર-સાહદૂથા" પાડયું (ઉત્પ. ૩૧ ; ૪૭). અને યાકુબે એજ અર્થનું હેબ્રી નામ 'ગાલએદ' પાડયું, અને તેનું નામ મિસ્પેહ (=ચોકીનો બુરૂજ) પણ પાડયું, કેમકે તેઓ એક બીજાથી જુદા થાય ત્યારે યહોવાહ બન્ને વચ્ચે ચોકસાઇ કરે.

યઝાન્યાહુ = યહોવાહનો શણગાર (?). (૧) હોશીયાહનો પુત્ર (યિર્મે. ૪૨ ; ૧). તેને યિર્મે. ૪૩ ; ૨ માં અઝાર્યાહ કહે છે. (૨) જ્યારે ગદાલ્યાહને યહુદાહ પર હાકેમ ઠરાવ્યો ત્યારે જે માણસો ગદાલ્યાહની પાસે મિસ્પાહમાં આવ્યા તેમાંનો એક માઅખાથીના એક વતનીનો પુત્ર યઝાન્યાહ પણ હતો (યિર્મે. ૪૦ ; ૮).

યઝીએલ = દેવની સભા. બિન્યામીની એક શૂરવીરને આ નામ આપવામાં આવ્યું હતું, જે દાઉદને સિક્લાગમાં આવી મળ્યો (૧ કાળ. ૧૨ ; ૩).

યટુર = ઘેરી લેવું. ઇશ્માએલના બાર પુત્રોમાંનો એક હતો (ઉત્પ. ૨૫ ; ૧૫. ૧ કાળ. ૧ ; ૩૧ : ૫ ; ૧૯).

યથેથ = મેખ. સેઇર પર્વતનો અદોમી (એસાવવંશી) સરદારોમાંનો એક હતો (ઉત્પ. ૩૬ ; ૪૦. ૧ કાળ. ૧ ; ૫૧).

યદાયાહુ = યહોવાહનું સ્મરણ કરનાર. (૧) બંદિપ્રવાસ પછી યરૂશાલેમમાં જે યાજકો રહ્યા હતા તેમાંના કેટલાક યાજકો આ નામના હતા (૧ કાળ. ૯ ; ૧૦ : ૨૪ ; ૭. એઝ. ૨ ; ૩૬. નહે. ૭ ; ૩૯ : ૧૧ ; ૧૦ : ૧૨ ; ૬, ૭ : ૧૯ ; ૨૧). (૨) શિમઓનપુત્રોમાંનો એક મુખ્ય માણસ (૧ કાળ. ૪ ; ૩૭). (૩) બાબેલથી પાછા આવ્યા પછી જે માણસોએ યરૂશાલેમનો કોટ સમારવાને સાહ્ય કરી તેમાંનો એક હતો (નહે. ૩ ; ૧૦).

યદીઅએલ = પ્રભુ જાણે છે. (૧) બિન્યામીનના ત્રણ પુત્રોમાંનો ત્રીજો પુત્ર હતો, જેના વંશમાં લડવૈયા પુરૂષોની ગણના ૧૭,૨૦૦ માણુસની હતી (૧ કાળ. ૭ ; ૬, ૧૦, ૧૧). (૨) દાઉદના અંગરક્ષક શૂરવીરોમાંનો એક હતો (૧ કાળ. ૧૧ ; ૪૫). એજ માણસનું ઘણું કરીને ૧ કાળ. ૧૨ ; ૨૦ માં નામ આવે છે. (૩) આસાફપુત્રોમાંનો એક કોરાહી મંદિરનો દ્વારપાળક હતો (૧ કાળ. ૨૬ ; ૨).

યદીદયાહુ = યહોવાહનો વહાલો. દાઉદ રાજાને બાથ-શેબાને પેટે જે દીકરો જન્મ્યો, તેનું નામ નાથાન ભવિષ્યવાદીની મારફતે યદીદયાહ પાડયું (૨ શમૂ. ૧૨ ; ૨૫). તેનું બીજું નામ સુલેમાન હતું (જુઓ સુલેમાન).

યદીદાહુ = દેવની વહાલી. યહુદાહના રાજા યોશીયાહની માનું નામ. તે બોસ્કાથના અદાયાહની દીકરી હતી (૨ રા. ૨૨ ; ૧).

યદૂથૂન = મોટેથી બોલનાર, વખાણ કરનાર. મરારી કુટુંબનો એક લેવી હતો, તે દાઉદ રાજાના ત્રણ ગવૈયામાંનો એક હતો (૧ કાળ. ૧૬ ; ૪૧ : ૨૫ ; ૧-૬). તેને ૨ કાળ. ૩૫ ; ૧૫ માં "રાજાનો ભવિષ્યદર્શક" કહે છે. તેના પુત્રો પ્રાર્થનામાં ઉપકારસ્તુતિનો આરંભ કરવામાં મુખ્ય હતા (નહે. ૧૧ ; ૧૭). યદૂથૂન અને ૧ કાળ. ૧૫ ; ૧૭, ૧૯ માં આવેલો 'એથાન' તે બન્ને ઘણું કરીને એક ને એકજ હશે. ગીત. ૩૯ : ૬૨ : ૭૭ ના મથાળામાં 'યદૂથૂનને' સારૂ

એવા શબ્દો આવે છે, તો તેમાં આપણે એમ નહિ સમજવું કે સદરહુ ગીતોનો રચનાર યદૂથૂન હતો, પણ તેમાં એટલુંજ સમજવું કે યદૂથૂનની ગાવાની રીત પ્રમાણે અથવા તો યદૂથૂનની ગીત રચવાની રીત પ્રમાણે ઉપલાં ગીત રચાયલાં છે. યદૂથૂન (૧ કાળ. ૯; ૧૬ : ૧૬; ૪૧, ૪૨ : ૨૫; ૧, ૩, ૬. ૨ કાળ. ૫; ૧૨ : ૨૯; ૧૪ : ૩૫; ૧૫. નહે. ૧૧; ૧૭. ગીત. ૩૯ : ૬૨ : ૭૭ ના મથાળામાં).

યફુન્નેહ = ચાલાક. (૧) કાલેબ કે જે યહોશુઆની સાથે કનાન દેશની જાસુસી કરવાને ગયો હતો તેના પિતાનું નામ યફુન્નેહ હતું (ગણ. ૧૩; ૬ : ૧૪; ૬, ૩૦, ૩૮ : ૨૬; ૬૫ : ૩૨; ૧૨ : ૩૪; ૧૯. પુન. ૧; ૩૬. યહો. ૧૪; ૬, ૧૩, ૧૪ : ૧૫; ૧૩ : ૨૧; ૧૨. ૧ કાળ. ૪; ૧૫ : ૬; ૫૬). (૨) (૧ કાળ. ૭; ૩૮). આશેર-પુત્રોમાંનો એક.

યબૂસ = પાણી વિનાની ટેકરી, છૂંદી નાખેલી જગ્યા. સિયોન પહાડ ઉપર આવેલું કનાનીઓનું શહેર હતું (યહો. ૧૫; ૮ : ૧૮; ૧૬, ૨૮). યરૂશાલેમનું પુરાતન નામ યબૂસ છે (ન્યા. ૧૯; ૧૦). વળી તેને 'દાઉદનું નગર), અને 'સિયોનનો કિલ્લો' એવું નામ પણ આપવામાં આવ્યું છે (૧ કાળ. ૧૧; ૪, ૫). આ શહેર ઘણી મજબૂત રીતે બાંધવામાં આવ્યું હતું એટલુંજ નહિ પણ કુદરતી રીતે શહેર એવી જગ્યામાં આવેલું હતું કે તેને જીતી લેવું શત્રુને બહુજ મુશ્કેલ હતું (૨ શમૂ. ૫; ૮). લખ્યું છે કે 'આંધળા તથા લંગડા' પણ શત્રુને હાંકી કાઢી શહેરનો બચાવ કરે એમ હતું.

યબૂસી = યબૂસના અસલ વતનીઓ. યબૂસી આ નામ યરૂશાલેમ કે યબૂસના અસલ વતનીઓને આપવામાં આવ્યું છે. કનાનમાં રહેનાર સાત કોમમાંની આ એક હતી. તેમનું વર્ણન શાસ્ત્રમાં હમેશાં હિત્તીઓ તથા અમોરીઓની સાથે કરવામાં આવ્યું છે. યબૂસી કોમ યરૂશાલેમ અને તેની આસપાસના પહાડી પ્રદેશમાં રહેતી હતી, અને તેમની રાજધાનીનું શહેર યબૂસ હતું (ગણ. ૧૩; ૨૯. યહો. ૧૧; ૩. અને ન્યા. ૧૯; ૧૦, ૧૧). તેમની પડોસમાં હિત્તીઓ અને અમોરીઓ પાસેના પ્રદેશમાં એટલે કનાનના પહાડોમાં વસતા હતા. આ વાતની યાદ કરીને ભવિષ્યવાદી યરૂશાલેમ વિષે બોલતાં જણાવે છે કે, "તારો જન્મ કનાનીઓના દેશમાં થએલો છે, અમોરી તારો બાપ હતો અને તારી મા હિત્તી હતી" (હિઝ. ૧૬; ૩). જ્યારે ઇસ્રાએલીઓ પાલેસ્તાઇનમાં આવ્યા ત્યારે તેઓનો રાજા અદોની-સેદેક યરૂશાલેમમાં રાજ્ય કરતો હતો. યહોશુઆની સામે લડતાં યબૂસી લોક હારી ગયા અને તેમનો રાજા કતલ થયો હતો (યહો. ૧૦; ૧, ૨૩). તો પણ યબૂસી લોકે કિલ્લો ફરી મજબૂત કરી, દાઉદના વખત સુધી તાબે થયા નહિ. દાઉદ રાજાએ જ્યારે શહેર પર હલ્લો કીધો ત્યારે પણ શહેર ઘણું મજબૂત અને જીતી લેવાને ઘણું કઠણ હતું; પણ આખરે દાઉદે તે શહેર લીધું અને શહેરના કિલ્લામાં દાઉદ પોતે રહ્યો અને શહેરનું નામ દાઉદે "દાઉદનું નગર" (૨ શમૂ. ૫; ૬–૮. ૧ કાળ. ૧૧; ૪–૬) એવું પાડયું, ત્યાર પછી ઇસ્રાએલીઓની સામે તેઓ કદી થયા નહિ. કદાચ તેઓમાંના કેટલાએક યરૂશાલેમમાં દાઉદ રાજાને તાબે રહ્યા હશે, જેમાંના એકનું ખાસ બ્યાન ૨ શમૂ. ૨૪; ૧૮–૨૪ માં આવે છે. ઇસ્રાએલીઓ પાલેસ્તાઇનમાં દાખલ થયા ત્યારે યબૂસી નામ બહુ હલકુ ગણાતું પણ આગળ જતાં તે નામ બહુ માનવંતુ કર્યું (ઝખા. ૯; ૭). યબૂસી (ઉત્પ. ૧૦; ૧૬ : ૧૫; ૨૧. નિર્ગ. ૩; ૮, ૧૭ : ૧૩; ૫ : ૨૩; ૨૩ : ૩૩; ૨ : ૩૪; ૧૧. ગણ. ૧૩; ૨૯. પુન. ૭; ૧ : ૨૦; ૧૭. યહો. ૩; ૧૦ : ૯; ૧ : ૧૧; ૩ : ૧૨; ૮ : ૧૫; ૮ : ૧૮; ૧૬, ૨૮ : ૨૪;

૧૧. ન્યા. ૧; ૨૧: ૩; ૫: ૧૯; ૧૧. ૨ શમૂ. ૫; ૬, ૮: ૨૪; ૧૬. ૧ રા. ૪; ૨૦. ૧ કાળ. ૧; ૧૪. ૨ કાળ. ૮; ૭. એઝ. ૯; ૧. નહે. ૯; ૮. ઝખા. ૯; ૭).

યએરેઝ્યાહ = જેને યહોવાહ આશીર્વાદ આપે છે. ઝખાર્યાહનો પિતા (યશા. ૮; ૨).

યમીમાહ = હોલા જેવી. અયૂબની ત્રણ પુત્રીઓમાંની સૌથી મોટીનું નામ આ હતું. જે ત્રણે દીકરીઓ અયૂબને પરીક્ષણ પછી જન્મી હતી (અયૂ. ૪૨; ૧૪).

યમૂએલ = પ્રભુનો દિવસ. જે ઇસ્રાએલીઓ મિસરમાં આવ્યા તેમાં શિમઓનના પુત્રોમાંનો એક યમૂએલ હતો (ઉત્પ. ૪૬; ૧૦. નિર્ગ. ૬; ૧૫). તેને ગણ. ૨૬; ૧૨. ૧ કાળ. ૪; ૨૪ માં નમૂએલ કહે છે. વળી ગણ. ૨૬; ૯ માં પણ એજ નામ આવે છે (જુઓ નમૂએલ).

યરદન = નીચે ઉતરનાર. યરદન એ હેબ્રી નામ છે, જેનો અર્થ નીચે વહેનાર એવો થાય છે. અરબ લોકો તેને 'નહેર-એસ-શેરીઆહ' (= પાણીનો પ્રદેશ) એવું નામ આપે છે. નદી દેશના મધ્ય ભાગમાં ઉત્તરથી નીકળી દક્ષિણમાં વહે છે. પાલેસ્તાઇન દેશમાં નદી એવું નામ માત્ર યરદનનેજ આપવું ઘટે છે, કેમકે બાકી જે છે તે માત્ર નાળાં કે વહેળાંઓ છે. તેઓ માત્ર શિયાળામાં વહે છે અને ઉનાળાના દિવસોમાં સુકાઇ જાય છે. યરદનનો અર્થ નીચે ઉતરનાર તે બરોબર બંધ બેસ્તો છે, કેમકે નદીનું આખું પાત્ર નદીના મૂળથી માંડીને તે તેના મુખ સુધી નીચે અને નીચે જતું જાય છે. નદી જો કે એવડી બધી મોટી નથી તો પણ આખી દુનિયામાં તે મશહૂર થએલી છે. નદીની પૂર્વમાં બાશાન અને ઓગનો પ્રદેશ કે જેમાં અઢી કુળો રહેતાં હતાં તે આવેલો છે. યરદન નદીની ઉત્પત્તિ હેર્મોન પહાડના બરફમાંથી છે, જ્યાં નિરંતર બરફ રહે છે. ઘણું કરીને આ નદીનાં બે મૂળ કહેવાય છે. (૧) પાલેસ્તાઇનની છેક ઉત્તરે સરહદ પર જ્યાં દાન શહેર આવેલું છે ત્યાં હેર્મોન પહાડની પશ્ચિમ તળેટી પર 'લેદ્દાન' (Ledvan) નામનો એક જાણીતો ઝરો કે જે આખા સિરિયામાં મોટો ગણાય છે, તેમાંથી મુખ્યત્વે કરીને આ નદી જન્મ પામે છે. (૨) પુરાતન કાઇસારીઆ ફિલીપી અને બનીઆસનાં પુરાતન ખંડિયેરો પાસે ચુનાના પત્થરની એક ઉભી પહાડની ધાર આવેલી છે, ત્યાં એક બીજો ઝરો છે તેમાં આ નદીનું બીજું મૂળ કહેવાય છે. યહુદીઓનું કહેવું એવું છે કે નદીની ખરેખરી ઉત્પત્તિ આ ઝરામાંથી છે, ત્યાંથી પાણી સપાટી પર જોસબંધ વહીને દાન (= ટેલ-એલ-કાદી) ની દક્ષિણે આશરે પાંચ માઇલ ઉપર આવેલા 'લેદ્દાન'ના ઝરામાં પડે છે. વળી આ બે ઇતિહાસિક ઝરા શિવાય નદીનું એક ત્રીજું મૂળ કહેવાય છે. તે ઝરાને 'હાસ્બાની' કહે છે. તે હેર્મોન પહાડની પશ્ચિમ તળેટીમાં દાનથી આશરે બાર માઇલ ઉત્તરે આવેલો છે. આ ઝરામાંથી પાણી વહીને 'લેદ્દાન' અને બનીઆસનાં પાણીના સંગમ પછી આશરે એક માઇલ ઉપર આવી મળે છે, ત્યાંથી આ પ્રવાહ નદીનું રૂપ ધારણ કરે છે. આ જગ્યાએ નદી ૪૫ ફુટ પહોળી બને છે અને ત્યાર પછી મેદાનની સપાટીથી ૧૨–૨૦ ફુટના નીચાણમાં આવેલ નાળામાં પડે છે. ત્યાંથી નદી વાંકો ચુંકો માર્ગ લઇ છ માઇલ દૂર આવેલ 'હુલેહ' (મેરોમ) સરોવરમાં પડે છે. નદીનું ઉપલું પાત્ર ૧,૧૦૦ ફુટના ઢોળાવનું છે. બનીઆસ આગળ સમુદ્રની સપાટીથી નદી ૧,૦૮૦ ફુટની ઉંચાઇમાં આવેલ હતી ત્યારે મેરોમ સરોવર કે જેમાં નદી પડે છે ત્યાં આગળ તે સમુદ્રની સરખી સપાટીમાં બને છે. પછી મેરોમ સરોવરમાંથી નીકળીને આ નદી બાર માઇલ દૂર દક્ષિણમાં આવેલ ગાલીલ સમુદ્રને મળે છે. મેરોમ સરોવરથી માંડી ગાલીલ સમુદ્ર સુધીની આખી યરદન ખીણુ ઉજડ અને બિલકુલ વસ્તીહીન છે. હેર્મોન પહાડથી માંડીને તે યારમુક નાળાં સુધીનો

પૂર્વ કિનારાનો પ્રદેશ આશરે ૩૦ માઇલ લાંબો અને ૭ માઇલ પહોળો છે, અને તે ફળદ્રુપ છે છતાં કેવળ તેમાં ત્રણ વસ્તીવાળાં ગામ જોવામાં આવે છે; પણ પશ્ચિમ કિનારો તો લગભગ વેરાન અને ઉજડ જોવામાં આવે છે, તેમાં એક એક માઇલને અંતરે કોઇ પુરાતન શહેર કે ગામનાં દટાઇ ગએલાં ખંડિયેરો કાંઠાની ધીચ ઝાડીમાં નજરે પડે છે. અહિં પ્રભુનું વચન પુરૂં પડેલું દેખાય છે, "હું તમારાં નગરોને વેરાન કરીશ, ને તમારાં પવિત્રસ્થાન ઉજડ કરીશ, અને તમારી સુગંધી વસ્તુઓનો સુવાસ હું નહિ સુંઘીશ અને હું દેશને ઉજડ કરીશ, અને તમારા શત્રુઓ જે તેમાં રહેશે તેઓ એ જોઇને વિસ્મિત થશે" (લેવી. ૨૬; ૩૧-૩૪). ગાલીલ સમુદ્રથી નીકળી આ નદી ભૂમધ્ય સમુદ્રની સપાટીથી ૬૦૨ ફુટના નીચાણમાં દક્ષિણ તરફ આગળ માર્ગે લઇ જોસભેર વહેતાં મૃત સમુદ્રમાં પડે છે. આ નીચ પ્રદેશને શાસ્ત્રમાં યરદનનો પ્રદેશ કહે છે (માત્થી ૩; ૫). શાસ્ત્રમાં ખરૂં જોતાં નદીના આજ ભાગને યરદન નદી એવું નામ આપવામાં આવે છે. ગાલીલ સમુદ્રથી મૃત સમુદ્ર સુધીની નદીની સીધી લંબાઇ ૬૫ માઇલની છે પણ વાંકા ચુંકા માર્ગની લંબાઇ આશરે ૨૦૦ માઇલની છે, અને જ્યાં તે નદી મૃત સમુદ્રમાં પડે છે ત્યાં તેના મૂળ કરતાં ૨૨૯૨ ફુટનું નીચાણ છે. આ પરથી વાંચનાર સહેજ સમજી શકશે કે નદી કેટલા જોસમાં વહેતી હશે. ગાલીલ સમુદ્ર અને મૃત સમુદ્રની વચ્ચે પૂર્વમાંથી આવનાર બે વહેળા આ નદીને મળે છે. (૧) યારમુક, જે બાશાન અને ગીલઆદની વચ્ચે આવેલ છે. (૨) યાબોક કે ઝેરકાની નહેર, તે આમ્મોનની ઉત્તર સરહદ પર આવેલ છે. તે યરેખોથી ઉત્તરમાં ૨૦ માઇલ ઉપર યરદન નદીને મળે છે. પવિત્ર શાસ્ત્રમાં આ નદી સાથે જે પહેલામાં પહેલી વાત જોડાયલી છે તે લોટ અને ઇબ્રાહીમના જુદા પડવા સંબંધી છે.

"લોટે પોતાની આંખો ઉંચી કરીને યરદનનો આખો પ્રદેશ સોઆર લગી જોયો કે તેમાં બધે પાણી પુષ્કળ છે; કેમકે યહોવાહે સદોમ તથા ગમોરાહનો નાશ કર્યા અગાઉ તે દેશ તો યહોવાહની વાડીના જેવો તથા મિસર દેશના જેવો હતો" (ઉત્પ. ૧૩; ૧૦). યાકુબ બે વખત આ નદી ઓળગ્યો હતો (ઉત્પ. ૩૨; ૧૦). ઇસ્રાએલીઓ 'યરેખોની સામે' આ નદીમાં ખુશ્કી માર્ગે પાર ઉતર્યા હતા (યહો. ૩; ૧૭. ગીત. ૧૧૪; ૩). વળી એલીયાહ તથા એલીશાએ આ નદીના ચમત્કારીક રીતે બે ભાગ કર્યા અને કોરી જમીન પર ચાલીને પાર ગયા હતા (૨ રા. ૨; ૮, ૧૪). જુના કરારમાં આ નદીનું નામ ૧૮૦ વખત અને નવા કરારમાં ૧૫ વખત આવે છે. સુવાર્તામાં આ નદીની સાથે મુખ્યત્વે કરીને બે વાત જોડાયલી છે. (૧) યોહાન બાપ્તિસ્મા કરનારની જાહેર ધર્મસેવા. "યરૂશાલેમના તથા યહુદાહના સર્વ લોક તથા યરદનની ચારોગમના લોક તેની પાસે બહાર ગયા (માત્થી ૩; ૬). (૨) ઇસુનું બાપ્તિસ્મા, "અને તે દહાડાઓમાં એમ થયું કે, ઇસુ ગાલીલના નાઝારેથથી આવ્યો ને યરદનમાં યોહાનથી બાપ્તિસ્મા પામ્યો" (માર્ક ૧; ૯). યરદન (ઉત્પ. ૧૩; ૧૦, ૧૧ : ૩૨; ૧૦ : ૫૦; ૧૦, ૧૧. ગણ. ૧૩; ૨૯ : ૨૨; ૧ : ૨૬; ૩, ૬૩ : ૩૧; ૧૨ : ૩૨; ૫, ૧૯, ૨૧, ૨૯, ૩૨ : ૩૩; ૪૮-૫૧ : ૩૪; ૧૨, ૧૫ : ૩૫; ૧, ૧૦, ૧૪ : ૩૬; ૧૩. પુન. ૧; ૧, ૫ : ૨; ૨૯ : ૩; ૮, ૧૭, ૨૫, ૨૭ : ૪; ૨૧, ૨૨, ૨૬, ૪૧, ૪૬, ૪૭, ૪૯ : ૯; ૧ : ૧૧; ૩૦, ૩૧ : ૧૨; ૧૦ : ૨૭; ૨, ૪, ૧૨ : ૩૦; ૧૮ : ૩૧; ૨, ૧૩ : ૩૨; ૪૭. યહોશુઆના પુસ્તકમાં ઘણી જગ્યાએ (ન્યા. ૩; ૨૮ : ૫; ૧૭ : ૭; ૨૪, ૨૫ : ૧૦; ૮, ૯ : ૧૧; ૧૩, ૨૨ : ૧૨; ૫, ૬. ૧ શમૂ. ૧૩; ૭ : ૩૧; ૭. ૨ શમૂ. ૨; ૨૯ : ૧૦; ૧૭ : ૧૭; ૨૨, ૨૪ : ૧૯; ૧૫, ૧૭, ૧૮,

૩૧, ૩૬, ૩૯, ૪૧ : ૨૦; ૨ : ૨૪; ૫. ૧ રા. ૨; ૮ : ૭; ૪૬ : ૧૭; ૩, ૫. ૨ રા. ૨; ૬, ૭, ૧૩ : ૫; ૧૦, ૧૪ : ૬; ૨, ૪ : ૭; ૧૫ : ૧૦; ૩૩. ૧ કાળ. ૬; ૭૮ : ૧૨; ૧૫, ૩૭ : ૧૯; ૧૭ : ૨૬; ૩૦. ૨ કાળ. ૪; ૧૭. અયૂ. ૪૦; ૨૩. ગીત. ૪૨; ૬ : ૧૧૪; ૩, ૫. યશા. ૯; ૧. યિર્મે. ૧૨; ૫ : ૪૯; ૧૯ : ૫૦; ૪૪. હઝ. ૪૭; ૧૮. ઝખ. ૧૧; ૩. માત્થી ૩; ૫, ૬. માર્ક ૧; ૫, ૯. લુક ૩; ૩. યોહા. ૧; ૨૮ : ૩; ૨૬).

યરાહમએલ = દેવનો વહાલો. (૧) કાલેબનો ભાઇ હેસ્રોન, તેનો પુત્ર (૧ કાળ. ૨; ૯, ૨૫, ૨૭, ૩૩, ૪૨). (૨) દાઉદના વખતનો એક લેવી હતો, તેના પિતાનું નામ કીશ હતું (૧ કાળ. ૨૪; ૨૯). (૩) હામેલેકનો પુત્ર; તેને યિર્મે. ૩૬; ૨૬ માં "રાજાનો પુત્ર" કહે છે. યરાહમએલના વંશજોને યરાહમએલીઓ કહે છે (૧ શમૂ. ૨૭; ૧૦ : ૩૦; ૨૯).

યરીએલ = દેવનો શોધેલો. તોલાના ઘરનો એક મુખ્ય પુરૂષ (૧ કાળ. ૭; ૨).

યરીઓથ = પડદા. કાલેબની સ્ત્રીઓમાંની એક (૧ કાળ. ૨; ૧૮).

યરીબાય = કજીયો. દાઉદના અંગરક્ષકોમાંનો એક શૂરવીર હતો (૧ કાળ. ૧૧; ૪૬).

યરીમોથ = ઉંચ જગ્યા. (૧) બિન્યામીની બેલાનો પુત્ર (૧ કાળ. ૭; ૭). (૨) મૂશીના ત્રણ પુત્રોમાંનો એક (૧ કાળ. ૨૩; ૨૩ : ૨૪; ૩૦). (૩) નાફતાલીનો સરદાર (૧ કાળ. ૨૭; ૧૯). (૪) બિન્યામીની ધનુર્ધારી (૧ કાળ. ૧૨; ૫). (૫) હેમાન-પુત્રોમાંનો એક ગવૈયો (૧ કાળ. ૨૫; ૪). (૬) દાઉદપુત્રોમાંનો એક (૨ કાળ. ૧૧; ૧૮). (૭) રાજા હિઝકીયાહના વખતમાં શિમઇના હાથ નીચે મુકાદમ હતો (૨ કાળ. ૩૧; ૧૩).

યરીયાહ = યહોવાહે શોધ્યો. હેબ્રોનનો વડો પુત્ર (૧ કાળ. ૨૩; ૧૯ : ૨૪; ૨૩ : ૨૬; ૩૧).

યરૂએલ = જે યહોવાહને જડયો. આ નામનું એક અરણ્ય યરૂશાલેમ ભણી મૃત સમુદ્રની ખીણના ઉંચાણ ઉપર તકોઆના અરણ્યની પેલીગમ એન-ગેદી તરફ આવેલું હતું (૨ કાળ. ૨૦; ૧૬, ૨૦).

યરૂબ્બઆલ = બઆલને પાડી નાખનાર. આ તો ગિદઓનનું સંજ્ઞાસૂચક નામ છે, કેમકે તેણે બઆલની વેદી તોડી પાડી હતી (ન્યાયા. ૬; ૩૨ : ૭; ૧ : ૮; ૨૯, ૩૫ : ૯; ૧, ૨, ૧૬, ૨૪, ૨૮, ૫૭. ૧ શમૂ. ૧૨; ૧૧).

યરૂબ્બેશેથ = બઆલને ભાંગી નાખનાર. ગિદઓનનું સંજ્ઞાસૂચક નામ (૨ શમૂ. ૧૧; ૨૧).

યરૂશા = કબજો. રાજા ઉઝ્ઝીયાહની રાણી અને રાજા યોથામની મા થાય; તે સાદોકની દીકરી હતી (૨ રા. ૧૫; ૩૩). અને ૨ કાળ. ૨૭; ૧ માં તેને યરૂશાહ કહે છે.

યરૂશાલેમ = શાન્તિનું રહેઠાણ. આ પ્રખ્યાત શહેર શાસ્ત્રમાં જૂદાં જૂદાં નામથી ઓળખાય છે. જેમકે 'સાલેમ' (ગીત. ૭૬; ૨), 'યબૂસ' (ન્યા. ૧૯; ૧૦), 'અરીએલ' (યશા. ૨૯; ૧), 'પવિત્ર નગર' (માત્થી ૪; ૫ : ૨૭; ૫૩), 'યહૂદાહનું નગર' (૨ કાળ. ૨૫; ૨૮). વળી 'દેવનું નગર' 'દાઉદનું નગર' એલકુદસ વિગેરે નામ પણ તેને આપવામાં આવ્યાં છે. યરૂશાલેમ આ નામ અસલ બે શબ્દની સંધીથી થએલું નામ છે અને તેનો અર્થ શાંતિનું રહેઠાણ અથવા શાંતિનો પાયો એવો થાય છે. અને આ બે શબ્દ તે જે બે પહાડ પર યરૂશાલેમ બંધાયલું છે તે હશે, એટલે સિયોન અને મોરીયાહ. શહેર પહાડોના મજબુત કિલ્લા પર બંધાયલું હતું (ગીત. ૬૮; ૧૫, ૧૬ : ૮૭; ૧ : ૧૨૫; ૧ : ૭૬; ૧, ૨ : ૬૬; ૪). શહેરની દક્ષિણ અને પૂર્વમાં ઉંડાં કોતરો અને ટેકરા આવેલા છે. પવિત્ર શાસ્ત્રમાં આ શહેર પહેલામાં પહેલું શાલેમ નામથી ઓળખાય છે. (ઉત્પ. ૧૪; ૧૮. ગીત. ૭૬; ૨. સરખાવો). અને જ્યારે તેનું

પ્રથમ નામ યરૂશાલેમ વાંચવામાં આવે છે ત્યાં એમ દેખાય છે કે તેનો રાજા અદોની-સેદેક હતો (યહો. ૧૦; ૧), ત્યાર પછી બિન્યામીની શહેરોમાં આ શહેરનું નામ ગણવામાં આવે છે (ન્યા. ૧૯; ૧૦. ૧ કાળ. ૧૧; ૪); પણ દાઉદના વખતમાં આ શહેર બિન્યામીન અને યહુદાહની વચ્ચે વહેંચાયલું દેખાય છે યહોશુઆના મરણ પછી યહુદાહપુત્રોએ શહેર જીતી લીધું અને તરવારની ધારથી મારી શહેરને બાળી મુક્યું (ન્યા. ૧; ૧–૮), પણ યહુદાહપુત્રોથી યબૂસીઓનો સંપૂર્ણ નાશ થયો નહિ. ત્યાર પછી ગોલ્યાથ જે પલિસ્તી યોદ્ધા તેનું માથું દાઉદે યરૂશાલેમમાં લાવીને મુક્યું ત્યાં સુધી યરૂશાલેમ વિષેની કશી વાત લખવામાં આવી નથી (૧ શમૂ. ૧૭; ૫૪). ત્યાર પછી દાઉદે સઘળા યબૂસીઓને જડમૂળથી કાઢી નાખવાને સઘળું સૈન્ય ભેગું કરી યરૂશાલેમ ઉપર ચઢાઇ કરી. અને આ વખતે દાઉદે યબૂસીઓનો સંપૂર્ણ સંહાર કરી દાઉદ તે કિલ્લામાં રહ્યો અને તેણે તેનું નામ "દાઉદનું નગર પાડયું" એટલુંજ નહિ, પણ દાઉદે મીલ્લોથી માંડીને અંદરની તમામ જગ્યામાં ઇમારતો ઉઠાવી (૨ શમૂ. ૫; ૫–૯. ૧ કાળ. ૧૨; ૪–૮). વળી અહિં દાઉદે અરાવ્નાહ યબૂસીની ખળીમાં યહોવાહને સારૂ વેદી બાંધી (૨ શમૂ. ૨૪; ૧૫–૨૫). અને ત્યાર પછી દાઉદે દેવનો કરારકોશ લાવીને તૈયાર કરેલા નવા મંડપમાં મુક્યો અને એમ યરૂશાલેમ હવે રાજ્યનું પાયતખ્ત શહેર થયું. દાઉદ રાજાના મરણ પછી તેના પુત્ર સુલેમાને ઇ. સ. પૂ. ૧૦૧૦માં મોરીયાહ પહાડ ઉપર પ્રભુને માટે મંદિર બાંધ્યું, અને શહેરને ઘણું સણગારી મજબૂત અને આબાદ કર્યું; તે વખતમાં શહેર દેશજાતિઓને માટે રાજ-સ્થાન તથા ધર્મસ્થાનનું મધ્યબિંદુ ગણાયું હતું (પુન. ૧૨; ૫ સાથે ૧૩; ૧૪: ૧૪; ૨૩: ૧૬; ૧૧–૧૬. ગીત. ૧૨૨ સર-ખાવો). ત્યાર પછી રાજ્યના જ્યારે બે ભાગ પડ્યા, ત્યારે સુલેમાનના પુત્ર રહાબ-આમના વખતમાં યરૂશાલેમ તે યહુદાહ અને ઇસ્રાએલ બન્નેની રાજ્યધાની થયું. બાબે-લનો મહાન રાજા નબૂખાદનેસ્સાર મોટું સૈન્ય લઇને યરૂશાલેમ ઉપર ચઢી આવ્યો. ત્રણ વર્ષ સુધી શહેરને ઘેરો ઘાલ્યો અને ત્યાર પછી શહેર જીતી લીધું અને તેનો નાશ કીધો. શહેરને તથા શહેરના ફરતા મજબૂત કિલ્લાને પાડી જમીનદોસ્ત કીધાં; પવિત્ર મંદિર તથા શહેરને આગ મુકી સળગાવી દીધાં ઇ. સ. પૂ. ૫૮૮. (૨ રા. ૨૫. ૨ કાળ. ૩૬. યિર્મે. ૩૯). પણ આ પ્રમાણે બાબેલના રાજાએ શહેરનો સંપૂર્ણ નાશ કર્યો તે પહેલાં, મિસર, આશ્શૂર તથા ઇસ્રાએલના રાજાઓ શહેર પર વખતો વખત ચઢી આવી શહેરને જીતી લઇ, પુષ્કળ લૂટ પણ મેળવી હતી (૨ રા. ૧૪; ૧૩, ૧૪: ૧૮; ૧૫, ૧૬: ૨૩; ૩૨—૩૫: ૨૪; ૧૪. ૨ કાળ. ૧૨; ૯: ૨૬; ૯; ૨૭; ૩, ૪: ૨૯; ૩: ૩૨; ૩૦: ૩૩: ૧૧). નબૂખાદનેસ્સારે શહેરનો નાશ કર્યો તે વખતે કેટલાક યહુદીઓ મિસર દેશમાં નાસી ગયા (યિર્મે. ૪૦–૪૪) અને બાકીના જે શહેરમાં રહ્યા તેમને બાબેલ બંદિપ્ર-વાસમાં લઇ જવામાં આવ્યા (યિર્મે. ૫૨; ૩), અને એથી કરીને શહેર વસ્તી વિનાનું ખંડિયેર હાલતમાં આવી પડયું. એ વાતની સાથે પુન. ૨૮. લેવી. ૨૬; ૧૪–૩૯માં કહેલી ભવિષ્યવાત સરખાવો. પણ ત્યાર પછી યહુદીઓનાં બાબેલ બંદિપ્રવાસનાં ૭૦ વર્ષ પુરાં થયા પછી, ઇરાનના રાજા કોરે-શની કારકીર્દીને પહેલે વર્ષે યરૂશાલેમનો કોટ અને મહોલ્લાઓ ફરી બાંધવામાં આવ્યાં (દાની. ૯; ૧૬, ૧૯, ૨૫. એઝ. ૧; ૨, ૩, ૫–૧૧). શહેરની પુનઃસ્થાપ-નાની શરૂઆત ઇ. સ. પૂ. ૫૩૬ માં થઇ. આ પુનઃસ્થાપનાની વાત એઝરા અને નહે-મ્યાહના પુસ્તકમાં સમાએલી છે. ઇસ્રા-

એલીઓનું રાજ્ય ત્યાર પછી બે સેકા સુધી ઇરાનને તાબે રહ્યું, અને ત્યાર પછી ઇ. સ. પૂ. ૧૬૭ સુધી આશરે દોઢસો વર્ષ ઇસ્રાએલીઓ યૂનાની બાદશાહતને તાબે થયા. પછી એક સૈકા સુધી તેઓ પોતાના દેશી આરમોનીઅન સરદારોના હાથ નીચે સ્વતંત્ર થયા, અને ત્યાર પછી તેઓ રૂમી હાકેમ હેરોદના તાબામાં આવ્યા, અને શહેરનો ઇ. સ. ૭૦ માં નાશ થયો ત્યાં સુધી તેઓ રૂમી સરકારના અધિકાર નીચે હતા. હાલનું યરૂશાલેમ તે ધીમે ધીમે અસલ શહેરના ખંડિયેર ઉપર ફરી બાંધવામાં આવ્યું છે. તો પણ અસલ મહોલ્લા અને અસલ ઘાટ પ્રમાણે તે બાંધવામાં આવ્યું છે તેનો કંઇ ખાસ પુરાવો નથી. યહુદીઓ કે જેઓ હજી સુધી યરૂશાલેમ શહેર જોવાને તલપી રહ્યા હતા, તેઓએ ઇ. સ. ૧૩૧ માં રૂમી સરકારની સત્તા માન્ય કરી તેને તાબે થયા. અને તે વખતના બાદશાહે (આદ્રિઅન) તેજ સાલમાં તાબે થએલા યહુદીઓને વસવાને અને શહેરને ફરી આબાદ કરવાને તથા ફરી બાંધવાને હુકમ આપ્યો. પણ તાબે થએલા યહુદીઓએ બારખોહબા (=તારાનો દીકરો) ની સરદારી નીચે બળવો ઉઠાવી શહેરનો કબજો લીધો. પણ ત્યાર પછી ચારેક વર્ષ બાદ (ઇ. સ. ૧૩૫) રૂમી સરકારે તેમના ઉપર ચઢાઇ કરી તેમને હરાવી ભારે કતલ સાથે તેમને શહેર બહાર કર્યા અને એમ યરૂશાલેમ ફરીને વેરાન થયું. ત્યાર પછી શહેરનાં ખંડિયેર ઉપર રૂમીઓએ એક શહેર વસાવ્યું અને તેને "એલીમા-કાપીટોલીના" એવું નામ આપ્યું, અને શહેર મુસલમાનોના હાથમાં આવ્યું ત્યાં સુધી આ નામ જારી રહ્યું હતું. પણ મુસલમાનોએ ત્યાર પછી તેનું નામ 'એલ-કુદસ' (=પવિત્ર) એવું પાડયું. ઇ. સ. ૩૨૬ માં કૉન્સ્ટાન્ટીન બાદશાહની મા હેલીનાએ યરૂશાલેમની મુસાફરી કરી આપણા પ્રભુ ઇસુની જીંદગી સાથે જે જે જગ્યાઓ સંબંધ ધરાવતી હતી તે શોધી કાઢવાનો યત્ન કર્યો. અને જે જગ્યામાં આપણા પ્રભુ ઇસુનો જન્મ થયો હતો તે જગ્યા ઉપર તેણે એક મંદિર બંધાવ્યું. ત્યાર પછી પોતાની માનું અનુકરણ કરી બાદશાહ કૉન્સટાન્ટીને ઇસુની કબર શોધી કાઢી તે ઉપર એક ભવ્ય મંદિર બંધાવ્યું (ઇ. સ. ૩૩૫), અને યહુદીઓ વિરૂદ્ધ જે કાયદા હતા તે બાતલ કર્યા. વળી આ પવિત્ર શહેરની મુલાકાતે વર્ષમાં એક વાર આવવાની પરવાનગી આપી. ઇ. સ. ૬૧૪ માં ઇરાનીઓએ રૂમી બાદશાહ હેરાકલીઅસના સૈન્યને હરાવી યરૂશાલેમ જીતી લીધું. પણ ત્યાર પછી ઇ. સ. ૬૩૭ માં અરબ લોકે ખલીફ ઓમરની સરદારી નીચે લડીને શહેરનો કબજો લીધો, જે ઇ. સ. ૯૬૦ સુધી તેમના કબજામાં રહ્યું, ત્યાર પછી મિસરના ખલીફના કબજામાં ગયું, અને ૧૦૭૩ માં તુર્કોમાનના હાથમાં ગયું. ઇ. સ. ૧૦૯૯ માં બોઇલ્લોનના ગોડફ્રેએ ઘણી કતલ સાથે મુસલમાનો પાસેથી યરૂશાલેમ જીતી લીધું અને ત્યાર પછી પોતે યરૂશાલેમનો રાજા થયો. તેણે ઓમર ખલીફની મસજીદને ખ્રીસ્તી દેવળ તરીકે ઉપયોગમાં લીધી. ત્યાર પછી ૮૮ વર્ષ સુધી નવાં નવાં મંદિર અને સુંદર ઇમારતો ઉભી કરવામાં આવી. એ અરસામાં કૉન્સટાન્ટીનનું મંદિર ફરી બાંધવામાં આવ્યું જે મંદિર આજ સુધી છે. ઇ. સ. ૧૧૮૭ માં સુલતાન સલાદીને ફરીને શહેર ખ્રીસ્તીઓ પાસેથી છીનવી લીધું, ત્યારથી તે આજ સુધી શહેર મુસલમાનોના હાથમાં આવેલું છે. દુનિયામાં એવું કોઇ શહેર નથી કે જેની એટલી બધી ઉથલપાથલ થઇ હોય! ઇ. સ. ૧૮૫૦ માં ગ્રીક અને લેટીન મઠવાસીઓ તેમાં મઠ બાંધીને રહ્યા, અને જે જે સ્થળો પવિત્ર ગણાતાં હતાં તેના ઉપર પોતપોતાનો કબજો બેસાડવા માટે માહોમાંહે લડવા લાગ્યા. આ તકરારમાં રૂસિયાનો નિકોલસ બાદશાહ ગ્રીક મઠવાસીઓના પક્ષનો થયો ત્યારે ફ્રાન્સનો લુઇ-નપોલીઅન બાદશાહ

લાટીન મહવાસીઓના પક્ષમાં ઉતર્યા; એ કારણ માટે તેમનો નિવેડો કાઢવાને તુર્કી સરકારને અંદર પડવાની જરૂર પડી. પણ રૂસિયાને થએલો નિવેડો બંધબેસ્તો આવ્યો નહિ તેથી કરીને 'ક્રિમિયન વૉર' (ક્રિમીઆની લડાઇ) જાગી, જે ઘણી લાંબી અને લોહીઆળ ચાલી હતી. તેમાં તુર્ક રાજ્યની સરહદ્દ બહારના મુલકોના કિલ્લા તોડી પાડવામાં આવ્યા હતા. હાલનું યરૂશાલેમ તે એક નાનું શહેર છે જેના કિલ્લાનો ઘેરાવો માત્ર પોણા ત્રણ માઇલનો છે, તો પણ એટલી જગ્યામાં આશરે ૪૫ હજાર માણસ વસે છે. શહેરમાં જૂદા જૂદા દસ ધર્મ અને ૨૪ પંથો છે, જેમાંના અર્ધા કરતાં વધારે ખ્રીસ્તી પંથો છે. દરેક પંથના ઉપદેશકો અને સાધુઓ આ શહેરમાં મળી આવે છે. સામટી રીતે જોતાં હાલ શહેર બહુ સુંદર દેખાતું નથી. ઘરોનાં ધાબાં તથા મેલી ગલીઓ મનોરંજક તેમ સુખાકારી પણ નથી. વળી શહેરની આસપાસ આવેલી સફેદ ટેકરીઓ ઉજાડ અને બેડોળ દેખાય છે. જ્યારે શખેમ તે એક સુંદર અને પાણીથી ભરપૂર શહેર, અને દમસ્કસ, જે વાડીઓથી સુશોભિત શહેર, ત્યારે યરૂશાલેમ ઉજાડ જેવું જોવામાં આવે છે. અને એમ ભવિષ્યવાત પુરી પડી છે કે "વિદેશીઓના સમયો પુરા થશે ત્યાં લગી યરૂશાલેમ વિદેશીઓથી છુંદી નંખાશે" (લુક ૨૧; ૨૪). **નવું યરૂશાલેમ.** યરૂશાલેમ શહેર કોઇ વખતે આકાશી યરૂશાલેમની ઉપમારૂપે ગણાય છે. પાઉલ કહે છે કે "સિનાય પહાડ તે હાલના યરૂશાલેમને અનુરૂપ છે... પણ ઉપરનું યરૂશાલેમ સ્વતંત્ર છે, તે આપણુ સઘળાની મા છે" (ગલ. ૪; ૨૬). એમાં બતાવવામાં આવ્યું છે કે આકાશી મંડળી તે સ્વતંત્ર અને આશીર્વાદિત છે, અને આત્મિક રીતે આપણી માતા છે. વળી આ નવું યરૂશાલેમ જે આકાશી યરૂશાલેમ તે કોઇ વખતે "જીવતા દેવનું શહેર" કહેવાય છે (હેબ્રી. ૧૨). ત્યાંનું ઘર આનંદી ઘર છે. વળી ભવિષ્યવાદી હિઝકીએલ જ્યારે ઇસ્રાએલીઓની પુનઃસ્થાપના વિષે લાક્ષણિક રીતે બોલે છે ત્યારે કહે છે કે, "તે દિવસથી તે નગરનું નામ એ કહેવાય કે, "યહોવાહ ત્યાં છે?" (હઝ. ૪૮; ૪૫). પ્રેરિત યોહાન જ્યારે આ નવા યરૂશાલેમ વિષે લખે છે ત્યારે ભવિષ્યવાદી હઝકીએલની વાતને અનુસરી કહે છે કે "જે જીતે છે તેને હું મારા દેવના મંદિરમાં થંભ કરીશ ... મારા દેવના શહેરનું નામ, એટલે જે નવું યરૂશાલેમ મારા દેવ પાસેથી આકાશમાંથી ઉતરે છે તે" (પ્રક. ૩; ૧૨). વળી યોહાન આ નવું યરૂશાલેમ તે કેવું અને તેમાં કોણ પેસશે અને ત્યાંનું સુખ કેવું છે તે બધી વાતનું વર્ણન પ્રક. ૨૧; ૧૦-૨૭ સુધીમાં કરે છે. આ શહેરને વળી "કન્યા હલવાનની વહુ" (પ્રક. ૨૧; ૯) એવું નામ પણ આપે છે. યરૂશાલેમ (ઉત્પ. ૧૪; ૧૮. ગીત. ૭૬; ૨). અદોનીસેદેક ત્યાંનો રાજા (યહો. ૧૦; ૧: ૧૫; ૮: ૧૮; ૧૬, ૨૮. ન્યા. ૧; ૭, ૮: ૧૯; ૧૦. ૧ શમૂ. ૧૭; ૫૪). યરૂશાલેમ લઇ લેવામાં આવ્યું (૨ શમૂ. ૫; ૬: ૨૪; ૧૬. ૧ કાળ. ૨૧; ૧૫). મંદિર બંધાયું (૧ રા. ૬; ૭, ૮. ૨ કાળ. ૩-૭). શીશાકે લૂટયું (૧ રા. ૧૪; ૨૫). મંદિર સમારવામાં આવ્યું (૨ રા. ૧૨. ૨ કાળ. ૨૪). હઝાએલ ચઢી આવ્યો (૨ રા. ૧૨; ૧૭, ૧૮). ઇસ્રાએલના રાજા યહોઆશે કોટ તોડી પાડયો (૨ રા. ૧૪; ૧૩). ઇસ્રાએલના પેકાહ અને અરામના રસીન રાજાએ શહેરને ઘેરો ઘાલ્યો (૨ રા. ૧૬; ૫. યશા. ૭; ૧). આહાઝનું પાપ (૨ રા. ૧૬; ૧૦). સાન્હેરીબનો હુમલો (૨ રા. ૧૮; ૧૯. ૨ કાળ. ૩૨. યશા. ૩૬: ૩૭). યોશીયાહનો સુધારો (૨ રા. ૨૩). યહોયાખીનના વખતમાં શહેર લઇ લેવામાં આવ્યું (૨ રા. ૨૪; ૧૦). તેમજ

વળી સિદકીયાહના વખતમાં (૨ રા. ૨૫. યિર્મ. ૫૨. ૨ કાળ. ૩૬) ફરી બંધાયું (એઝ. ૧ ; ૩, ૫. નહે. ૩ ; ૪). તેના વિષે ભવિષ્ય (હઝ. ૪ ; ૮, ૯, ૪૦–૪૮. હાગ. ૧ ; ૨. ઝખ. ૨). ખ્રીસ્તની મુલાકાત (લુક ૨ ; ૨૨ : ૨ ; ૪૨. યોહા. ૨ ; ૧૩ : ૫ ; ૧ : ૭ ; ૧૪ : ૧૨ ; ૧૨. માત્થી ૨૧ ; ૮. માર્ક ૧૧ ; ૮. લુક ૧૯ ; ૩૫). આત્મા ઉતર્યો (પ્રે. કૃ. ૨). સ્તેફનનું મરણ (પ્રે. કૃ. ૭). મહાસભા (પ્રે. કૃ. ૧૫). પાઉલ યરૂશાલેમમાં (પ્રે. કૃ. ૨૧. ગલા. ૪ ; ૨૫, ૨૬). નવું યરૂશાલેમ (પ્રક. ૨૧ ; ૨ : ૩ ; ૧૨). ખ્રીસ્તે વિલાપ કીધો (માત્થી ૨૩ ; ૨૭. લુક ૧૩ ; ૩૪ : ૧૯ ; ૪૧). નાશ વિષે ભવિષ્ય (માત્થી ૨૪. માર્ક ૧૩. લુક ૧૩ ; ૩૪ : ૧૭ ; ૨૩ : ૧૯ ; ૪૧ : ૨૧).

યરૂશાહ = કબજો. રાજા ઉઝઝીયાહની રાણી અને રાજા યોથામની મા. તે સાદોકની દીકરી હતી (૨ કાળ. ૨૭ ; ૧).

યરેખો = સુગંધી જગ્યા. આ કિલ્લાબંધ નગર, ઇસ્રાએલીઓ જે જગ્યાએ યરદન નદી ઓળંગ્યા હતા, તેની સામે યરદન નદીના મેદાનમાં ખજુરીઓની ઘટામાં આવેલું હતું (યહો. ૩ ; ૧૬). તેની પાસે યરદન નદીની પશ્ચિમે પાંચ માઇલ ઉપર 'એલીશાનો ઝરો' (આઇન–એસ–સુલતાન) આવેલો હતો. આ ઝરાનાં પાણી એલીશાએ મીઠાં કીધાં હતાં (૨ રા. ૨ ; ૧૯–૨૨). યરદનની ખીણમાં આવેલાં નગરોમાં યરેખો સૌથી વધારે અગત્યનું નગર ગણાતું હતું (ગણ. ૨૨ ; ૧ : ૩૪ ; ૧૫). અને આખા કનાન દેશમાં સૌથી મજબૂત કિલ્લો આ હતો, અને પશ્ચિમ પાલેસ્તાઇનનું તે નાકું હતું. આ નગર ઇસ્રાએલીઓના હાથમાં બહુ અજાયબ રીતે આવેલું છે (યહો. ૬). પ્રભુએ પોતે આ શહેર ઇસ્રાએલીઓના હાથમાં સોંપ્યું હતું (લેવી. ૨૭ ; ૨૮, ૨૯. પુન. ૧૩ ; ૧૬), અને તેની સાથે યહો. ૬ ; ૧૭ સરખાવતાં માલમ પડે છે કે આ શહેર યહોવાહને માટે સમર્પિત હતું. તે માટે "તે નગરને તથા જે સર્વે તેમાં હતું તેને અગ્નિથી બાળી નાખ્યાં" પણ માત્ર "રૂપું અને સોનું, ને પિત્તળનાં તથા લોઢાનાં પાત્રો" તેઓએ બચાવ્યાં અને તેમને "યહોવાહના ઘરના ભંડારમાં મુક્યાં" (યહો. ૬ ; ૨૪ સાથે ગણ. ૩૧ ; ૨૨, ૨૩, ૫૦–૫૪ સરખાવો). વળી તે શિવાય રાહાબ કસબેણને અને તેના બાપના કુટુંબ કબીલાને અને તેના સર્વસ્વને યહો. ૨ ; ૧૪ માં જાસુસોના આપેલા વચન પ્રમાણે તેમનો બચાવ કીધો. યહોશુઆએ ત્યાર પછી આ શહેરને શાપ દીધો કે, હવે જે કોઇ "યરેખો નગર બાંધે તે યહોવાહની આગળ શાપિત થાય ; તેનો પાયો તે પોતાના જ્યેષ્ઠ પુત્રના જીવને સાટે નાખે, અને પોતાના સૌથી નાના પુત્રના જીવને માટે તેની ભાગળો ઉભી કરે" (યહો. ૬ ; ૨૬). આ શાપ ખરી રીતે જોઇએ તો શહેર ફરી બાંધનારને લાગુ પડે એમ નહિ, પણ જે કોઇ ફરીને આ શહેરને કિલ્લાબંધ અને આબાદ કરવા જાય તેને ઉપલો શાપ લાગુ પડે છે. દેશની વહેંચણ કરતાં આ શહેર બિન્યામીનના ભાગમાં આવ્યું (યહો. ૧૮ ; ૨૧) અને ન્યાયાધીશોના જમાના સુધી તેમાં વસ્તી દેખાય છે (ન્યા. ૩ ; ૧૩. ૨ શમૂ. ૧૦ ; ૫), ત્યારથી માંડીને દાઉદના વખત સુધી આ શહેરનું નામ આવતું નથી (૨ શમૂ. ૧૦ ; ૫). ત્યાર પછી એઝ. ૨ ; ૩૪. નહે. ૭ ; ૩૬ પરથી દેખાય છે કે, ઝરૂબ્બાબેલની સરદારી તળે જે ઇસ્રાએલીઓ બંદિપ્રવાસથી પાછા આવ્યા તેમાં "યરેખોના પુત્રો" પણ હતા. બેથેલી હીએલે યરેખો શહેર ફરી કિલ્લાબંધ કરાવ્યું અને યહોશુઆના વચન પ્રમાણે શહેરનો પાયો નાખતાં તેનો વડો પુત્ર અબીરામ અને ભાગળના દરવાજા ઉભા કરતાં તેનો નાનામાં નાનો પુત્ર સગૂબ મરણ પામ્યો અને યહોવાહનું જે વચન યહોશુઆની મારફતે આવ્યું

હતું તેમ શહેરને શરૂ કરી પુરૂં થતાં તેનાં સર્વે છોકરાં અકાળ મૃત્યુ પામ્યાં. નવા કરારના જમાનામાં યરેખો આખોરની ખીણના નાકા પાસે પુરાતન યરેખોથી અગ્નિકોણમાં થોડે દૂર આવેલું હતું. આ વખતે, વેપારરોજગાર તેમાં સારી રીતે ચાલતો અને શહેર એમ આબાદ અને ધનવાન હતું. વળી તેની આસપાસ પુષ્કળ ખજુરીનાં ઝાડ આવેલાં હતાં, અને એજ કારણ માટે તે શહેર 'ખજુરીઓનું શહેર' એ નામથી પ્રસિદ્ધ હતું. આપણો પ્રભુ ઇસુ યરૂશાલેમની છેલ્લી મુસાફરીમાં આ શહેર આગળ થઇને ગયો હતો. આ જગ્યાએ તેણે બે આંધળા માણસને દેખતા કીધા હતા (માત્થી ૨૦; ૨૯–૩૪. માર્ક ૧૦; ૪૬–૫૨). જાખી જે દાણી તેના ઘરનાંને તેણે તારણ આપ્યું (લુક ૧૯; ૨–૧૦). 'એર-રીહા' નામનું એક નાનું ગામડું પુરાતન યરેખોના નામથી ઓળખાય છે. તે ખંડિયેરાવસ્થામાં છે, કેમકે ઇ. સ. ૧૮૪૦માં તુર્ક લોકે તેનો નાશ કીધો હતો, પણ જે ખંડિયેર ત્યાં હાલ જોવામાં આવે છે તેની વચ્ચે યરેખો શહેર હતું એવું કેટલાકનું માનવું છે. સમુદ્રની સપાટીથી ઉપલું ખંડિયેર થએલું મેદાન ૧,૨૦૦ ફૂટ નીચાણમાં આવેલું છે. (ગણ. ૨૨; ૧: ૨૬; ૩, ૬૩: ૩૧; ૧૨: ૩૩; ૪૮, ૫૦: ૩૪; ૧૫: ૩૫; ૧: ૩૬; ૧૩. પુન. ૩૨; ૪૯: ૩૪; ૧, ૩. યહો. ૨; ૧–૩: ૩; ૧૬: ૪; ૧૩, ૧૯: ૫; ૧૦, ૧૩: ૬; ૧, ૨, ૨૬: ૭; ૨: ૮; ૨: ૯; ૩: ૧૦; ૧, ૨૮, ૩૦: ૧૨; ૯: ૧૩; ૩૨: ૧૬; ૧, ૭: ૧૮; ૧૨, ૨૧: ૨૦; ૮: ૨૪; ૧૧. ૨ શમૂ. ૧૦; ૫. ૧ રા. ૧૬; ૩૪. ૨ રા. ૨; ૪, ૫, ૧૫, ૧૮: ૨૫; ૫. ૧ કાળ. ૬; ૭૮: ૧૯; ૫. ૨ કાળ. ૨૮; ૧૫. એઝ. ૨; ૩૪. નહે. ૩; ૨: ૭; ૩૬. યિર્મે. ૩૯; ૫: ૫૨; ૮. લુક ૧૦; ૩૦: ૧૮; ૩૫: ૧૯; ૧. હેબ્રી. ૧૧; ૩૦).

યરેમાથ=ઉંચ દરજ્જે પહોંચેલો (એઝ. ૧૦; ૩૩).

યરેમોથ=ઉંચસ્થાન. બિન્યામીની બરીઆહનો પુત્ર (૧ કાળ. ૮; ૧૪).

યરોબઆમ=જેના માણસો ઘણા છે. (૧) ઇસ્રાએલી દસ કુળનો પહેલો રાજા કે જેણે ઇસ્રાએલ ઉપર બાવીસ વર્ષ રાજ્ય કર્યું (ઇ. સ. પૂ. ૯૭૬–૯૫૪). તે એફ્રાઇમી નબાટનો પુત્ર અને રાજા સુલેમાનનો ચાકર હતો. તેની મા સરૂઆહ નામની વિધવા સ્ત્રી હતી. તેના બાળપણમાં કોઇએ એવું નહિ ધાર્યું હોય કે યરોબઆમ તે ઇસ્રાએલનો રાજા થાય! પણ તે નાનપણથી બહાદૂર અને ચાલાક જુવાન હોવાથી સુલેમાન રાજાએ તેની જુવાનીમાં જોયું કે તે એક ઉદ્યોગી જુવાન છે, તેથી તેને યુસફના ઘર પર મુકાદમ ઠરાવ્યો. પણ સુલેમાન પોતે પ્રભુના માર્ગમાં ચાલ્યો નહિ, માટે શીલોની અહીયાહ ભવિષ્યવાદીની મારફતે યરોબઆમને દસ કુળ ઉપર રાજા ઠરાવવાનું પ્રગટ થયું. આ કારણને માટે સુલેમાને યરોબઆમને મારી નાખવાનું કીધું, તેથી તે નાસીને મિસરના રાજા શીશાક પહેલાની પાસે મિસર દેશમાં નાસી ગયો (૧ રા. ૧૧; ૨૯–૪૦) અને રાજા સુલેમાનના મરણ પર્યંત ત્યાંજ રહ્યો. સુલેમાનના મરણ પછી દસ કુળે યરોબઆમને મિસરથી બોલાવી ઇસ્રાએલ ઉપર રાજા ઠરાવ્યો. યરોબઆમની વર્તણુક લોકપ્રિય હતી તેથી કરીને લોકની ચાહના તેની પ્રત્યે ઘણી થઇ (૧ રા. ૧૨; ૧–૨૦). તેણે શખેમ શહેર ફરી બાંધી આબાદ કીધું અને પોતાની રાજધાનીનું શહેર બનાવ્યું. આ વખતે રાજાના મનમાં આવ્યું કે જેટલું બધું મારે માટે બન્યું છે અને બને છે, તે મારી પોતાની હુશિયારીનું પરિણામ છે, તેથી તેણે પોતાની હુશિયારી મુજબ વિચાર કીધો કે જો આ લોકો યરૂશાલેમમાં યહોવાહના ઘરમાં યજ્ઞ કરવા સારૂ જશે, તો આ લોકનું મન યહુદાહના રાજા રહાબઆમની ગમ પાછાં વળી જશે, માટે તેણે પોતાના રાજ્યમાં દાન

તથા બેથેલ આ બે પવિત્રસ્થાન ઠરાવી સોનાના વાછરડાની પૂજા સ્થાપી, અને તેણે ઉચસ્થાનો બંધાવ્યાં. અને લેવીઓ શિવાયના બીજા સર્વ લોકમાંથી યાજકો ઠરાવ્યા, અને પોતાના મનગમતાં પર્વો સ્થાપ્યાં, અને એમ આ વાતો "ઇસ્રાએલીઓમાં એક પાપરૂપ થઇ પડી." અને આ ભુંડાઇ તેના પછી ઇસ્રાએલની ગાદીએ બેસનાર બધા રાજાઓને ફાંદારૂપ થઇ પડી. એમ છતાં પ્રભુએ તેને આ પાપ વિષે ચેતાવી પોતાની ગમ ફેરવવાનું કર્યું. જ્યારે બેથેલમાં તે પોતે ધૂપ બાળવા માટે વેદીની પાસે ઉભો હતો, ત્યારે યહુદાહમાંથી એક ઇશ્વરભક્ત તેની પાસે સખત સંદેશો લઇને આવ્યો; અને જ્યારે ઇશ્વરભક્તની સખત વાણી રાજાએ સાંભળી ત્યારે તેણે પોતાનો હાથ વેદી પરથી લાંબો કરીને કહ્યું કે 'એને પકડો,' અને એમ થયું કે તેનો લાંબો કરેલો હાથ સુકાઇ ગયો અને પાછો વળ્યો નહિ. વળી "વેદી ફાટી ગઇ ને રાખ વેદી ઉપરથી ઢળી પડી." પછી ઇશ્વરભક્તની વિનંતિ પ્રમાણે હાથ ફરી સાજો થયો, ને અગાઉ જેવો હતો તેવો થયો (૧ રા. ૧૩; ૧–૬, ૯. અને સરખાવો ૨ રા. ૨૩; ૧૫). પણ ઉપલા ચમત્કારિક બનાવથી રાજાનું મન ફર્યું નહિ. રહાબઆમ તથા યરોબઆમની વચ્ચે જાથુ વિગ્રહ ચાલતો રહ્યો (૧ રા. ૧૪; ૩૦). તેના પુત્ર અબીયાહના મરણ પછી થોડીજ મુદતમાં તે મરણ પામ્યો, અને તેના પુત્ર નાદાબે તે જગ્યાએ રાજ્ય કીધું (૧ રા. ૧૪; ૨૦). યરોબઆમ—(૧ રા. ૧૧; ૨૬, ૨૮, ૨૯, ૩૧, ૪૦: અધ્યા. ૧૨–૧૬: ૨૧; ૨૨. ૨ રા. ૩; ૩: ૯; ૯: ૧૦; ૨૯, ૩૧: ૧૩; ૨, ૬, ૧૧: ૧૪; ૨૪: ૧૫; ૯, ૧૮, ૨૪, ૨૮: ૧૭; ૨૧, ૨૨: ૨૩; ૧૫. ૨ કાળ. ૯; ૨૯: ૧૦; ૨, ૩, ૧૫: ૧૧; ૪, ૧૪: ૧૨; ૧૫: ૧૩; ૧–૪, ૬, ૧૩, ૧૫, ૧૯, ૨૦). (૨) યરોબઆમ બીજો. ઇસ્રાએલના રાજા યોઆશનો પુત્ર જે પોતાના પિતા પછી ગાદીનશીન થયો તે ઇસ્રાએલની ગાદી ઉપર ૧૪ મો રાજા હતો, અને ૪૧ વર્ષ ઇસ્રાએલની ગાદી પર રાજ્ય કર્યું (ઇ. સ. પૂ. ૮૨૫-૭૮૪). તેણે નબાટના પુત્ર યરોબઆમ પહેલાના માર્ગમાં ચાલી સોનાના વાછરડાની પૂજા જારી રાખી ઇસ્રાએલ પાસે પાપ કરાવ્યું (૨ રા. ૧૪; ૨૪). યહુદાહના રાજા અમાસ્યાહ તથા અઝાર્યાહ તેના સમકાળિક રાજાઓ હતા. તેણે ઇસ્રાએલીઓને અરામીઓના હાથથી છોડાવ્યા અને હમાથના નાકાથી તે અરાબાહના સમુદ્ર સુધીની સીમા પાછી સ્વાધીન કરી (૨ રા. ૧૩; ૪: ૧૪; ૨૫. આમો. ૬; ૧૪). તેની ૪૧ વર્ષની રાજકારકીર્દીમાં જુલમ, લાંચ, અન્યાય અને મૂર્તિપૂજા તમામ મુલકમાં ફેલાઇ હતી (આમો. ૨; ૬-૮: ૪; ૧: ૬; ૬. હોશી. ૪; ૧૨–૧૪). તેની રાજકારકીર્દીમાં હોશીઆ, યોએલ, આમોસ તથા યૂના એ ચાર ભવિષ્યવાદીઓ હતા. તે મરણ પામ્યો અને પોતાના પિતૃઓની સાથે ઉંઘી ગયો (૨ રા. ૧૪; ૨૯) અને તેની પછી તેની જગ્યાએ તેનો પુત્ર ઝખાર્યાહ ગાદીએ બેઠો. તેનું નામ પવિત્ર શાસ્ત્રમાં કેવળ ૨ રા. ૧૩; ૧૩: ૧૪; ૧૬, ૨૩, ૨૮, ૨૯: ૧૫; ૧, ૮. ૧ કાળ. ૫; ૧૭. હોશી. ૧; ૧. આમો. ૧; ૧: ૭; ૯, ૧૦, ૧૧ માં આવે છે. ત્યાં યરોબઆમ બીજો સમજવું અને બીજી બધી આ નામની ટીકામાં નબાટનો દીકરો યરોબઆમ પહેલો સમજવો.

યરોહામ = જે દયા શોધે છે. (૧) શમૂએલ ભવિષ્યવાદીનો ઘરડો બાપ (૧ શમૂ. ૧; ૧. ૧ કાળ. ૬; ૨૭, ૩૪). (૨) અઝારએલ જે દાન કુળનો સરદાર તેનો પિતા (૧ કાળ. ૨૭; ૨૨). (૩) બિન્યામીની ગદોરનો યરોહામ (૧ કાળ. ૧૨; ૭). (૪) યોઆશને રાજા ઠરાવવામાં જે અઝાર્યાહે બીજાઓની સાથે મળી મદદ આપી હતી તેનો પિતા (૨ કાળ. ૨૩; ૧). (૫) બિન્યામીની યિબ્નયાહનો પિતા (૧ કાળ. ૯; ૮). (૬) અદાયાહનો પિતા જે યાજક હતો (૧ કાળ.

૯; ૧૨). અને કદાપિ એજ યાજકની વાત નહે. ૧૧; ૧૨ માં આવે છે. (૭) એક બિન્યામીની (૧ કાળ. ૮; ૨૭).

યશાઇ = દ્દઢ, જીવતો. બોઆઝ અને રૂથથી ઓબેદ જન્મ્યો અને ઓબેદને પેટે યશાઇ થયો (રૂથ ૪; ૧૭, ૨૨. માત્થી ૧; ૫, ૬. લુક. ૩; ૩૨). તે આઠ પુત્રોનો પિતા હતો. સૌથી નાનો પુત્ર તે દાઉદ હતો (૧ શમૂ. ૧૭; ૧૨). યશા. ૧૧; ૧ માં 'દાઉદનું ઠુંઠું' એવા શબ્દો દાઉદના કુટુંબને માટે વાપરેલા છે, અને યશા. ૧૧; ૧૦. પ્રક. ૫; ૫ માં 'યિશાઇનું થડ' એવા શબ્દો જે વાપરેલા છે તે મસીહને માટે છે. યિશાઇ તે બેથલેહેમનો ધનવાન અને સંભાવિત ગૃહસ્થ હતો (૧ શમૂ. ૧૭; ૧૭, ૧૮, ૨૦. ગીત. ૭૮; ૭૧). યિશાઇ વિષે છેલ્લી વાત દાઉદના બારવટીઆ સંબંધે આવે છે, એટલે દાઉદ જ્યારે આમતેમ રખડતો હતો ત્યારે પોતાના પિતા યિશાઇ તથા પોતાની માને તેણે મોઆબના રાજા પાસે મુક્યાં (૧ શમૂ. ૨૨; ૩). યશાઇ કે યિશાઇ—(રૂથ ૪; ૧૭, ૨૨. ૧ શમૂ. ૧૬; ૧, ૩, ૫, ૮–૧૦, ૧૧, ૧૮–૨૦, ૨૨: ૧૭; ૧૨, ૧૩, ૨૦, ૫૮: ૨૦; ૨૭, ૩૦, ૩૧: ૨૨; ૭, ૮, ૯, ૧૩: ૨૫; ૧૦. ૨ શમૂ. ૨૦; ૧: ૨૩; ૧. ૧ રા. ૧૨; ૧૬. ૧ કાળ. ૨; ૧૨, ૧૩: ૧૦; ૧૪: ૧૨; ૧૮: ૨૯; ૨૬. ૨ કાળ. ૧૦; ૧૬: ૧૧; ૧૮. યશા. ૧૧; ૧, ૧૦. માત્થી ૧; ૫, ૬. લુક ૩; ૩૨. પ્રે. કૃ. ૧૩; ૨૨. રૂમી ૧૫; ૧૨).

યશાનાહ (૨ કાળ. ૧૩; ૧૯). ઇસ્રાએલી રાજ્યનું એક શહેર હતું, જે અબીયાહે યરોબઆમ પાસેથી તેના કસ્બાઓ સુદ્ધાં લઇ લીધું હતું.

યશાયાહ = યહોવાહનું તારણ. (૧) યશાયાહને હેબ્રી ભાષામાં 'યશા-યાહુ' એટલે યહોવાહનું તારણ કહે છે, અને એ નામ યશાયાહ ભવિષ્યવાદીને ઘણું શોભતું નામ છે, કેમકે તેણે જે ભવિષ્યો પ્રગટ કર્યાં છે તેનો સાર એજ છે કે, યહોવાહ વચમાં આવી અમને તારશે. યશાયાહ ભવિષ્યવાદીના પિતાનું નામ આમોસ છે (યશા. ૧; ૧: ૨; ૧). બાર નાના ભવિષ્યવાદીઓમાં એક આમોસ નામનો માણસ છે, પણ તે યશાયાહના પિતાથી જુદો માણસ છે. જો કે બન્ને નામના ઉચ્ચારો સરખાજ છે તો પણ જોડણીમાં થોડો ફેર છે. યહુદી લોકની દંતકથા ઉપરથી જણાય છે કે યશાયાહનો પિતા આમોસ કુલીન વર્ગનો માણસ હતો એટલુંજ નહિ, પણ યહુદાહના રાજા અમાસ્યાહનો ભાઇ હતો (ઇ. સ. પૂ. ૭૯૭–૭૯૨). હવે જો એમ હોય તો યહુદાહના રાજા યહોઆશને બ પુત્રો હશે, એક અમાસ્યાહ અને બીજો આમોસ. અને અમાસ્યાહનો પુત્ર ઉઝ્ઝીયાહ અને આમોસનો પુત્ર યશાયાહ. પરંતુ દંતકથા ઉપર બહુ ભરોસો રાખી શકાય નહિ. પણ એટલું તો ખાસ જણાય છે કે યશાયાહ ખરેખર એક કુલીન વંશનો માણસ હતો. કેમકે યહુદાહના રાજા આહાઝ (૭૩૪–૭૨૮) તથા હિઝકીયાહ (૭૨૮–૬૯૭) ના દરબારમાં યશાયાહને મોટી પદવી આપવામાં આવી હતી. અને એમજ વળી તેની આખી ભવિષ્યવાતથી જણાય છે કે તે ઉંચ પદવીનો અમીર જેવો માણસ હતો (યશા. ૩૧; ૨૧–૩૧: ૩૮; ૧–૨૨: ૩૯; ૩–૮). તેના લખેલા ભવિષ્ય પુસ્તકથી જણાય છે કે જે વખતે તેને ભવિષ્યવાદીનો હોદ્દો મળ્યો, તે વખત યહુદાહના રાજા ઉઝ્ઝીયાહની રાજ્યકારકીર્દીની છેલ્લી સાલ હતી, એટલે ઇ. સ. પૂ. ૭૪૦. અને એ વખતે યશાયાહની ઉમર ૨૦ કે ૨૧ વર્ષની હશે. માટે યશાયાહની જન્મસાલ આશરે ઇ. સ. પૂ. ૭૬૦ ગણી શકાય (યશા. ૬). યશા. ૮; ૩ પરથી જણાય છે કે યશાયાહ પરણેલો હતો અને તેની સ્ત્રી તે ભવિષ્યવાદેણ હતી. જેમ હુલ્દાહ (૨ રા. ૨૨; ૧૪–૨૦) તથા દબોરાહ (ન્યા. ૪; ૪) ભવિષ્યવાદેણો હતી તેમ. આ સ્ત્રીથી ભવિષ્યવાદી યશા-

યાહને બે પુત્રો થયા હતા (યશા. ૭; ૩ : ૮; ૩), જેઓને લાક્ષણિક નામ આપવામાં આવેલાં હતાં. પહેલાનું નામ 'શઆર-યાશૂબ' (= શેષ રહેલો ભાગ પાછો આવશે), 'સીરો-એફ્રાઇમી' લડાઇ (૭૩૪-૭૩૨) ચાલતી હતી તે વખતે યશાયાહ યહુદાહના રાજા આહાઝને મળવાને "ધોબીના ખેતરની સડકે, ઉપલા કુંડના નાળાના છેડા" આગળ ગયો હતો ત્યારે આ શઆર-યાશૂબ યશાયાહની સાથે હતો. એ પરથી જણાય છે કે એ વખતે શઆર-યાશૂબ છેક છોકરો નહિ હશે. ત્યાર પછી યશાયાહને બીજો પુત્ર થયો તેનું નામ તેણે 'માહેર-શાલાલ-હાશ-બાઝ (= ઉતાવળ કરીને લૂટી લે) પાડયું. યહુદાહના રાજા આહાઝની સાથે ઉપલી મુલાકાત થયા પછી આશરે એક વર્ષે આ બીજો પુત્ર જન્મ્યો. ઉપલા બે પુત્ર શિવાય કેટલાએક વિદ્વાનો એમ સમજે છે કે યશા. ૭; ૧૪માં ઇમ્માનૂએલ નામ આવે છે તે યશાયાહનો ત્રીજો પુત્ર છે, જેનો અર્થ દેવ આપણી સાથે. યશાયાહ, યરૂશાલેમ શહેરમાં રહેતો હતો અને યહુદાહના ચાર રાજાની રાજ્યકારકીર્દીમાં તેણે ભવિષ્ય કહ્યાં હતાં. ચાર રાજા (૧) ઉઝીયાહ (૭૫૨-૭૪૦), (૨) યોથામ (૭૪૦-૭૩૪), (૩) આહાઝ (૭૩૪-૭૨૮), (૪) હિઝકીયાહ (૭૨૮-૬૯૭). આપણે આગળ જોયું કે ઇ. સ. પૂ. ૭૪૦ માં તેને ભવિષ્યવાદીનો હોદ્દો મળ્યો અને ત્યાંથી માંડીને આશ્શૂરના રાજા સાન્હેરીબની સેનાનો ચમત્કારિક રીતે સંહાર થયો (૭૦૧), ત્યાં સુધી (યશા. ૩૭; ૩૩) તેણે ભવિષ્ય કહ્યાં, તેથી ઓછામાં ઓછાં ૩૯ વર્ષ તેણે ભવિષ્યવાદીનું કામ કીધું. પણ પ્રાચીન કાળના ઘણાએક યહુદીઓ તેમ ખ્રીસ્તી લખનારા સાફ રીતે જણાવે છે કે, રાજા હિઝકીયાહના પછી મનાશ્શેહ ગાદીપતિ થયો (૬૯૭-૬૪૨), અને તેની રાજ્યકારકીર્દીમાં ધર્મભ્રષ્ટતા ઘણી વધી ગઇ અને પ્રભુના લોકોની ભારે ક્રૂર સતાવણી ચાલી તે પ્રસંગે યશાયાહ ભવિષ્ય કહેતો હતો. એવામાં તેને પકડવામાં આવ્યો, અને બે પાટીઆંની વચ્ચે બાંધીને કરવતથી તેને વહેરી નાખવામાં આવ્યો. અને એમજ કદાચ હેબ્રી. ૧૧; ૩૭ માં કરવત વિષેની કરેલી સૂચના યશાયાહને વાસ્તે હોય! ઉપલી બધી વિગત "યશાયાહનું સ્વર્ગારોહણ" નામનું એક આપોક્રિફાનું બીજા સૈકાની શરૂઆતનું પુસ્તક છે તેમાં આપવામાં આવી છે. ૨ કાળ. ૩૨; ૩૨ પરથી જણાય છે કે, યશાયાહે રાજા હિઝકીયાહની કારકીર્દીનો ઇતિહાસ લખ્યો છે, એ પરથી એવું અનુમાન કરી શકાય કે હિઝકીયાહ મરણ પામ્યો ત્યાર પછી યશાયાહ હૈયાતીમાં હતો, અને એમ જો મનાશ્શેહની રાજ્યકારકીર્દીનાં બે ત્રણ વર્ષ જો તે હૈયાત હતો તો તેની મરણ સાલ ઇ. સ. પૂ. ૬૯૫ ની હશે. અને જો એ વાત ખરી હોય તો મરણ વખતે તેની ઉમ્મર ૬૫ વર્ષની હોવી જોઇએ, એટલે ૭૬૦-૬૯૫ સુધી. યશાયાહ ભવિષ્યવાદીએ ભવિષ્યપુસ્તક લખ્યું એટલુંજ નહિ, પણ ઉઝીયાહની કારકીર્દીનો તથા હિઝકીયાહના સંદર્શનનો ઇતિહાસ તેણે લખ્યો છે (૨ કાળ. ૨૬; ૨૨ : ૩૨; ૩૨). બીજા બધા ભવિષ્યવાદીઓ કરતાં યશાયાહે ઇસુ ખ્રીસ્તનાં દુઃખસહન વિષે બહુ સ્પષ્ટતાથી અને ચિત્તવેધક રીતે બયાન કરેલું છે (યશા. ૫૩). યશાયાહ = આમોસનો પુત્ર (૨ રા. ૧૯; ૨, ૫, ૬, ૨૦ : ૨૦; ૧, ૪, ૮, ૧૧, ૧૪, ૧૬, ૧૯. ૨ કાળ. ૨૬; ૨૨ : ૩૨; ૨૦, ૩૨. યશા. ૧; ૧ : ૨; ૧ : ૭; ૩ : ૮; ૩ : ૧૩; ૧ : ૨૦; ૨૩ : ૩૭; ૨, ૫, ૬, ૨૧ : ૩૮; ૧, ૪, ૨૧ : ૩૯; ૩, ૫, ૮). નવા કરારમાં (માત્થી ૩; ૩ : ૪; ૧૪ : ૮; ૧૭ : ૧૨; ૧૭ : ૧૩; ૧૪ : ૧૫; ૭. માર્ક ૭; ૬. લુક ૩; ૪ : ૪; ૧૭. યોહા. ૧; ૨૩ : ૧૨; ૩૮-૪૧. પ્રે. કૃ. ૮; ૨૮, ૩૦ : ૨૮; ૨૫. રૂમી. ૯; ૨૭, ૨૯ : ૧૦; ૧૬, ૨૦ : ૧૫; ૧૨). (૨) કોહાથી લેવી,

યોરામનો પિતા (૧ કાળ. ૨૬ ; ૨૫). તેને ૧ કાળ. ૨૪ ; ૨૧ માં યિશ્શીયાહ કહે છે. (૩) અનાન્યાહના ત્રણ પુત્રોમાંનો એક (૧ કાળ. ૩ ; ૨૧). (૪) યદુથૂનના પુત્રોમાંનો એક (૧ કાળ. ૨૫ ; ૩–૧૫). (૫) મરારીપુત્રો-માંનો એક (એઝ. ૮ ; ૭). (૬) બિન્યા-મીની ઇથીએલનો પિતા. (નહે. ૧૧ ; ૭).

યશારએલાહ = પ્રભુ તરફ ઉંચો કરાએલો. વાજીંત્રોવાળી લેવીઓની સાતમી ટોળીનો તે મુખ્ય માણસ હતો (૧ કાળ. ૨૫ ; ૧૪).

યશીમોન = ઉજાડ ; અરણ્ય. એમ દેખાય છે કે મૃતસમુદ્રની દક્ષિણ દિશા પર આવેલી ઉંચી અને ઉજાડ જગ્યાને આ નામ આપ-વામાં આવ્યું છે (ગણ. ૨૧ ; ૨૦ : ૨૩ ; ૨૮. ૧ શમૂ. ૨૩ ; ૧૯, ૨૪). કેટલીક જગ્યાએ તેને અરણ્ય એટલુંજ કહે છે (ગીત. ૭૮ ; ૪૦ : ૧૦૬ ; ૧૪. યશા. ૪૩ ; ૧૯, ૨૦). હેબ્રી ભાષામાં અરણ્યને માટે આ નામ છે તેમાંનું એક નામ યશીમોન છે. આ અરણ્યના સંબંધે એવી વાત જોડાએલી છે કે પ્રભુ ઇસુને આત્મ પરીક્ષણ કરવાને આ રાનમાં લઇ ગયો હતો (માત્થી ૪ ; ૧. માર્ક ૧ ; ૧૨, ૧૩).

યશીશાય (૧ કાળ. ૫ ; ૧૪). એક ગાદપુત્ર.

યશુરૂન = ઇસ્રાએલ. ઇસ્રાએલીઓને આ નામ આપવામાં આવ્યું છે (પુન. ૩૨ ; ૧૫ : ૩૩ ; ૫, ૨૬. યશા. ૪૪ ; ૨). ઇસ્રાએલીઓને પ્યારથી બોલાવતાં આ નામનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એનો અર્થ "પ્રભુના પસંદ કરેલા લોક" (યશા. ૪૪ ; ૨).

યશોહાયાહ = પ્રભુ નમ્ર કરે છે. શિમઓન કુટુંબનો એક મુખ્ય પુરૂષ (૧ કાળ. ૪ ; ૩૬).

યસીમીએલ = જેને પ્રભુએ શોધ્યો. શિમ-ઓન પુત્રોમાંનો એક (૧ કાળ. ૪ ; ૩૬).

યહાલ્લેલએલ = દેવની સ્તુતિ કરનાર. (૧) યહુદાહ પુત્રોમાંનો એક (૧ કાળ. ૪ ; ૧૬). (૨) મરારી વંશનો લેવી (૨ કાળ. ૨૯ ; ૧૨).

યહિઝકીયાહ = પ્રભુ શક્તિવાન છે. એફ્રાઇમ પુત્રોમાંના મુખ્ય પુરૂષોમાંનો એક શાલ્લૂમનો પુત્ર (૨ કાળ. ૨૮ ; ૧૨).

યહીએલ = પ્રભુ જીવતો છે. (૧) પ્રભુના કરાર-કોષને યરૂશાલેમમાં ફરીને લાવવા માટે જે લેવીઓને દાઉદે ઠરાવ્યા તેમાંનો એક લેવી (૧ કાળ. ૧૫ ; ૧૮, ૨૦ : ૧૬ ; ૫). (૨) યહોવાહની સ્તુતિ કરવાને જે લેવીઓની વારા-ટોળીઓ ઠરાવી હતી તેમાં લાઅદાનના પુત્રોમાં મુખ્ય માણસ હતો (૧ કાળ. ૨૩ ; ૮ : ૨૯ ; ૮). (૩) હાખ્મોનીનો પુત્ર જે દાઉદના ઘરમાં છોકરાંનો શિક્ષક હતો (૧ કાળ. ૨૭ ; ૩૨). (૪) યહોશાફાટના છ પુત્રોમાંનો બીજો (૨ કાળ. ૨૧ ; ૨). (૫) રાજા હિઝકીયાહના વખતમાં હામાનના કુટુંબનો એક લેવી હતો (૧ કાળ. ૨૯ ; ૧૪). (૬) રાજા હિઝકીયાહના વખતમાં દેવના ઘરના કારભારી અઝાર્યાહના ઠરાવથી કેટલાએક મુકાદમ ઠરાવવામાં આવ્યા હતા તેમાંનો એક હતો (૨ કાળ. ૩૧ ; ૧૩). (૭) રાજા યોશીયાહના વખતમાં દેવના ઘરના કારભા-રીઓમાંનો એક હતો (૨ કાળ. ૩૫ ; ૮). (૮) જેઓ એઝરાની સાથે બંદિપ્રવાસથી પાછા આવ્યા તેમાંનો એક હતો (એઝ. ૮ ; ૯). (૯) જ્યારે એઝરા દેવના ઘરની આગળ રડીને પ્રાર્થના કરતો હતો ત્યારે જેઓએ પોતાનાં પાપ કબુલ કીધાં તેમાંનો આ એક હતો (એઝ. ૧૦ ; ૨). (૧૦) (એઝ. ૧૦ ; ૨૧). (૧૧) (એઝ. ૧૦ ; ૨૬). (૧૨) (૧ કાળ. ૯ ; ૩૫). (૧૩) (૧ કાળ. ૧૧ ; ૪૪).

યહીયાહ = પ્રભું જીવે છે. એક દ્વારપાળ હતો (૧ કાળ. ૧૫ ; ૨૪).

યહુદ = વખાણ. દાન પ્રાંતમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૯ ; ૪૫).

યહુદા = પ્રશંસિત. (૧) સીમેઓન જે ખ્રીસ્તની વંશાવળીમાં આવે છે તેનો પિતા (લુક. ૩ ; ૩૦). (૨) આપણા પ્રભુ ઇસુના ચાર ભાઇઓમાંનો એક (માર્ક ૬ ; ૩. માત્થી ૧૩ ; ૫૫). આ ભાઇઓ ઇસુના સગા

ભાઇઓ ન હતા. કેટલાક વિદ્વાનો એમ ધારે છે કે મરિયમ સાથે યુસફનાં લગ્ન થયાં તે પહેલાં બીજાં લગ્ન થએલાં હતાં, અને તેથી કરીને આગલી સ્ત્રીને પેટે આ છોકરાં થયાં હશે. મરિયમ માત્ર ઇસુને જણી. વળી બીજા કેટલાએક એવું ધારે છે કે કુંવારી મરિયમની બહેન ક્લીઓપાસની વહુ તેનાં તે છોકરાં છે. મતલબ કે, કેટલાએક કહે છે કે આ ભાઇઓ તે ઇસુના ઓરમાન ભાઇઓ હતા અને બીજા કેટલાક કહે છે કે મસીઆઇ ભાઇઓ હતા, પણ ઓરમાન ભાઇઓની વાત માન્ય કરવા જેવી છે (જુઓ મરિયમ). (૩) યાકુબના બાર પુત્રોમાંનો એક જેના વંશમાં ખ્રીસ્ત જન્મ્યો. માત્થી ૧; ૨, ૩ માં યહુદાહની ગ્રીક જોડણી યહુદા કરી છે (જુઓ યહુદાહ). (૪) સીમોનનો પુત્ર (યોહા. ૬; ૭૧ : ૧૩; ૨, ૨૬). તેને યહુદા ઇસ્કારીઓત કહે છે, કેમકે તે કરીયોથનો વતની હતો (યહો. ૧૫; ૨૫). તેનું નામ પહેલી ત્રણ સુવાર્તાના શિષ્યોની ટીપમાં હમેશાં છેલ્લું આવે છે. આ માણસની દુષ્ટતા 'તેનામાં શેતાન પેઠો' ત્યાં સુધી ઢંકાયલી હતી (યોહા. ૧૩; ૨૭), પણ જ્યારે શેતાન પેઠો ત્યારે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને પરસ્વાધીન કીધો (યોહા. ૧૮; ૩). પછીથી તેને પસ્તાવો થયો, અને જાણ્યું કે નિરપરાધી લોહી પરસ્વાધીન કર્યાથી મેં પાપ કીધું છે. પછી પરસ્વાધીન કરવાને જે રૂપીઆ ત્રીસ તેણે લાંચના લીધા હતા તે મંદિરમાં ફેંકી દીધા અને ત્યાંથી "નીકળી જઇને ફાંસી ખાધી" (માત્થી. ૨૭; ૫), અને "પોતાની જગ્યાએ ગયો" (પ્રે. કૃ. ૧; ૨૫). હવે માત્થી ૨૭; ૫ની સાથે પ્રે. કૃ. ૧; ૧૮ સરખાવીએ તો બંને વાત એક બીજાથી જુદી માલમ પડે છે. પ્રે. કૃ. ૧; ૧૮ માં લખ્યું છે કે "ઉંધો પડીને તે વચમાંથી ફાટી ગયો ને તેનાં સર્વ આંતરડાં નીકળી પડ્યાં." તો તેનો ખુલાસો એમ હોય કે આપઘાત કરવાને તેણે પ્રથમ ફાંસી ખાધી, અને ત્યાર પછી દોરડું તુટી ગયું હોય અથવા તો જે ડાળીએ તેણે ફાંસો ખાધો તે ભાંગી ગઇ હોય, અને નીચે ઉંડી ખીણમાં (કદાપિ હિન્નોમની ખીણ) ઉંધે માથે પડયો હોય તો પ્રે. કૃ. માં કહેલી વાત પ્રમાણે થાય એમાં નવાઇ નથી. આવા માણસને ઇસુએ શિષ્ય થવાને કેમ પસંદ કર્યો હશે તે આપણે જાણતા નથી, પણ એટલું તો જાણીએ છીએ કે "કોણ તેને પરસ્વાધીન કરવાનો છે એ ઇસુ પ્રથમથી જાણતો હતો" (યોહા. ૬; ૬૪). (૫) દમસ્કનો એક યહુદી હતો, જેને ત્યાં અનાનિયાને મોકલવામાં આવ્યો હતો (પ્રે. કૃ. ૯; ૧૧). દમસ્કમાં તે જે શેરીમાં રહેતો હતો તે "પાધરા" નામના રસ્તાથી શાસ્ત્રમાં ઓળખાય છે. હાલ તેને 'બઝારની શેરી' એવું નામ આપે છે અને ત્યાં હજી સુધી યહુદાનું ઘર બતાવવામાં આવે છે. (૬) આ નામનો એક ખ્રીસ્તી શિક્ષક હતો તેની અટક બાર્સાબાસ હતી. તેને યરૂશાલેમથી પાઉલ અને બાર્નાબાસ સાથે અંત્યોખ મોકલવામાં આવ્યો હતો (પ્રે. કૃ. ૧૫; ૨૨, ૨૭, ૩૨). તે 'ભવિષ્યવાદી' અને 'ભાઇઓમાં મુખ્ય માણસ' હતો. (૭) ખ્રીસ્તના બાર શિષ્યોમાંના બે જણ આ નામના હતા. (અ) યહુદા (યહુદા ૧. માત્થી ૧૩; ૫૫. યોહા. ૧૪; ૨૨. પ્રે. કૃ. ૧; ૧૩. લુક ૬; ૧૬). તેને થાદી પણ કહે છે (માત્થી ૧૦; ૩. માર્ક ૩; ૧૮). (આ) યહુદા ઇસ્કારીઓત (માત્થી ૧૦; ૪. માર્ક ૩; ૧૯). યહુદા જે યાકુબનો ભાઇ કહેવાય છે (લુક ૬; ૧૬) તે અને જે યહુદાની અટક થાદી છે તે બન્ને એક ને એકજ હશે. તેના વિષે માત્ર યોહા. ૧૪; ૨૨ માં જે નોંધ લેવામાં આવી છે તે શિવાય આપણે બીજું કશું જાણતા નથી. (૮) યહુદા જે પ્રેરિત ન હતો (યહુદા ૧૭) પણ પ્રભુના ભાઇ યાકુબનો ભાઇ થતો હતો (નંબર ૩ જુઓ) (યહુદા ૧. માત્થી ૧૩; ૫૫. માર્ક ૬; ૩. યોહા. ૭; ૩-૫. પ્રે. કૃ. ૧; ૧૩). યહુદાનો પત્ર જે નવા કરારમાં

સમાએલો છે તે પત્રનો લખનાર આ માણસ છે. જ્યારે પીતર પોતાનો પત્ર લખે છે ત્યારે પોતાને યહુદાની માફક 'ઇસુ ખ્રીસ્તનો સેવક' કહે છે, પણ એવું લખ્યા પછી પોતાની પ્રેરિતની અટક પણ ઉમેરે છે, તો એજ પ્રમાણે યહુદા જે યહુદાના પત્રનો લખનાર તે પણ જો પ્રેરિતોમાંનો એક હોત તો "ઇસુ ખ્રીસ્તનો સેવક, જે યાકુબનો ભાઇ યહુદા" તેની સાથે પોતાની પ્રેરિતની અટક પણ દાખલ કરત; પણ પત્ર વાંચતાં જણાય છે કે એવું કંઇ કરેલ નથી માટે જણાય છે કે, આ પત્ર એટલે યહુદાનો પત્ર લખનાર તે બાર પ્રેરિતોમાંનો એક ન હતો પણ ઇસુના ભાઇ યાકુબનો ભાઇ હતો. બાર પ્રેરિતોમાં (નંબર સાત જુઓ) એક આ નામનો છે ખરો, પણ તે યાકુબનો ભાઇ નહિ પણ યાકુબનો પુત્ર હતો એવું સંભવે છે (અંગ્રેજી સુધારેલી આવૃતિમાં લુક ૬; ૧૬. પ્રે. કૃ. ૧; ૧૩). પ્રેરિત યાકુબ સીરીના મુખ્ય શહેર એદેસ્સામાં ધર્મ પ્રસાર કરતો હતો, એવી દંતકથા બધે ફેલી ગએલ છે. હવે સીરી દેશમાં પેશીટો તરજુમો વિશેષ લોકપ્રિય હતો પણ તે તરજુમામાં યહુદાનો પત્ર નથી. હવે જો આ પત્ર ત્યાંની મંડળીના સ્થાપનારથી અને તે પ્રદેશમાં ધર્મ પ્રસાર કરનારથી લખાયો હોય, તો તે પત્ર પેશીટો તરજુમામાં બેશક દાખલ થાત; માટે આ પત્ર લખનાર તે પ્રેરિત યહુદા જે યાકુબનો પુત્ર તે નહિ પણ ઇસુના ભાઇ યાકુબનો ભાઇ યહુદા આ પત્રનો લખનાર છે.

યહુદાનો પત્ર. સામાન્ય પત્રોમાંનો એક યહુદાનો પત્ર છે. પાલેસ્તાઇનના ખ્રીસ્તી થએલા જે યહુદીઓ તેમના ઉપર આ પત્ર પહેલવહેલો મોકલવામાં આવ્યો હશે. કેટલાક એવો મત ધરાવે છે કે જેમ યાકુબનો પત્ર તેમ યાકુબના ભાઇ યહુદાનો પત્ર પણ વેરાઇ ગએલાં બારે કુળ ઉપર લખવામાં આવ્યો હશે. પત્રમાં કોઇ પણ અમુક માણસને કુશળતા, તેમજ કોઇ ખાસ વિનંતિ કે સંદેશો નથી. કદાપિ ૬૭-૭૦ ની વચમાં આ પત્ર લખાયો હશે. પીતરે આ પત્ર વાંચીને પોતાનો બીજો પત્ર લખ્યો હોય એમ દેખાય છે અને તેથી કરીને બન્નેમાં ઘણું મળતાપણું છે (યહુદા કલ. ૪. ૨ પીત. ૨; ૧. યહુદા કલ. ૭. ૨ પીત. ૨; ૬. યહુદા કલ. ૬. ૨ પીત. ૨; ૪. યહુદા કલ. ૮, ૯. ૨ પીત. ૨; ૧૦, ૧૧). જેમ પાઉલે શાસ્ત્ર બહારનાં ત્રણ વાક્યો વાપર્યાં છે (પ્રે. કૃ. ૧૭; ૨૮. ૨ તીમો. ૩; ૮. તીત. ૧; ૧૨) તેમ આ પત્રમાં યહુદાએ 'મુસાનું સ્વર્ગારોહણ' (કલ. ૯) અને "હનોખનું પુસ્તક" (કલ. ૧૪) એ બેમાંનાં વાક્યોનો ઉપયોગ કર્યો છે.

યહુદાહ = યહોવાહની સ્તુતિ. યાકુબનો ચોથો પુત્ર જે લેઆહને પેટે જન્મ્યો તેનું નામ યહુદાહ હતું. જ્યારે લેઆહ આ દીકરો જણી ત્યારે કહ્યું "હવે હું યહોવાહની સ્તુતિ કરીશ" માટે તેણે તેનું નામ યહુદાહ પાડયું (ઉત્પ. ૨૯; ૩૫). યહુદાહ પોતાના ભાઇઓમાં પરાક્રમી થયો અને તેના વંશમાં અધિકાર પ્રગટ થયો (૧ કાળ. ૫; ૨). તેણે પોતાના ભાઇ યુસફને મરણથી બચાવ્યો (ઉત્પ. ૩૭; ૨૬, ૨૭). પોતાના પિતાની આગળ, બિન્યામીન માટે જામીન થયો અને બિન્યામીન માટે યુસફની આગળ કેદી થવાને તૈયાર થયો (ઉત્પ. ૪૩ : ૪૪). ઇશ્માએલી વેપારીઓને યુસફને વેચ્યા પછી યહુદાહ અદુલ્લામમાં રહેવા ગયો, ત્યાં એક કનાની સ્ત્રી સાથે તેણે લગ્ન કીધાં અને તેથી એર, ઓનાન તથા શેલાહ નામના ત્રણ પુત્રો થયા (ઉત્પ. ૩૮; ૧-૩). તેમની માનું નામ બાથ-શુઆ હતું. (જુઓ તામાર). પોતાની સ્ત્રી બાથ-શુઆના મરણ પછી યહુદાહ પોતાના પિતાને ઘેર પાછો આવ્યો, અને પોતાના પિતાને કુટુંબ-કબીલા સાથે મિસરમાં લઇ જવાને આગળ પડતો ભાગ લીધો. ત્યાર પછી તેના પિતાએ તેને જે આશીર્વાદ આપ્યો તે શિવાય આપણે બીજું કંઇ તેના વિષે વાંચતા નથી. તેના

પિતાએ મરતી વખતે તેનું નામ યાદ કરીને ખાસ આશીર્વાદ આપ્યો કે, ફક્ત તેના ભાઇઓ નહિ પણ સઘળા લોક તેને આધીન રહેશે અને "શિલોહ આવે ત્યાં સુધી યહુદાહમાંથી રાજદંડ જતો રહેશે નહિ" (ઉત્પ. ૪૯ ; ૮-૧૨).

યહુદાહનું કુળ. યહુદાહ જ્યારે મિસર દેશમાં પોતાના પિતાની સાથે ગયો ત્યારે તેના ત્રણ પુત્રો જીવતા હતા તેમને લઇને તે મિસર દેશમાં ગયો (ઉત્પ. ૪૬ ; ૧૨). ત્યાં મિસર દેશમાં પરમેશ્વરના આશીર્વાદથી તેઓ ઘણા વધી ગયા, એટલે સુધી કે મિસરમાંથી નીકળતી વખતે આ કુળમાં ૭૪,૦૦૦ પુરૂષો હતા (ગણ. ૧ ; ૨૬, ૨૭) અને અરણ્યમાં તેમની સંખ્યામાં વધારો થએલો દેખાય છે (ગણ. ૨૬ ; ૨૨). યફુન્નેહનો પુત્ર કાલેબ આ કુળનો મુખ્ય પુરૂષ હતો. કનાન દેશની જાસુસી કરવાને જે માણસોને મોકલવામાં આવ્યા તેમાં આ કુળમાંથી કાલેબ હતો. (ગણ. ૧૩ ; ૬ : ૩૪ ; ૧૯). અરણ્યની મુસાફરીમાં આ કુળની છાવણી મુલાકાત મંડપની પૂર્વગમ નાખવામાં આવતી હતી (ગણ. ૨ ; ૩-૯ : ૧૦ ; ૧૪). કુચ કરતાં તેઓ સૌની આગળ ચાલતા હતા. યહુદી લોક કહે છે કે તેમના સૈન્યની ધ્વજા ઉપર સિંહનું બચ્ચું ચિતરવામાં આવ્યું હતું અને એમ લખવામાં આવ્યું હતું કે, "હે પરાત્પર, ઉઠ, તારા દુશ્મનો છિન્નભિન્ન થઇ જાય." કાલેબે લડાઇઓ કરીને ઘણોએક મુલક જીતી લીધો, જે તેમને વતન તરીકે મળ્યો. આ પ્રમાણે જેમને વતન મળ્યું તે કેવળ આજ કુળ છે (યહો. ૧૪ ; ૬-૧૫ : ૧૫ ; ૧૩-૧૯). આ કુળને પ્રથમ યરદન નદીની પશ્ચિમ તરફના આખા પ્રદેશનો ત્રીજો ભાગ એટલે આશરે ૨૩૦૦ ચોરસ માઇલ પ્રદેશ વતન તરીકે મળ્યો (યહો. ૧૫), પણ ત્યાર પછી જે બીજું વહેંચણ થયું તેમાં આ કુળના ભાગમાંથી શિમઓન કુળને ૧૦૦૦ ચોરસ માઇલ ભૂમિ આપવામાં આવી (યહો. ૧૯ ; ૯). તો પણ બીજાં બધાં કુળો કરતાં યહુદાહના હાથમાં જે ભાગ રહ્યો હતો તે સૌથી મોટો હતો. આ કુળનું વતન યહો. ૧૫ ; ૨૦-૬૩ માં દર્શાવામાં આવ્યું છે. યહુદાહ કુળને જે દેશ મળ્યો તેમાં ચાર મુખ્ય ભાગ હતા. (૧) 'દક્ષિણનો' (નેગેબ). આ ભાગ ચારાને માટે (યહો. ૧૫ ; ૨૧). (૨) 'નીચ પ્રદેશ' (યહો. ૧૫ ; ૩૩). હેબ્રીમાં તેને શેફેલાહ કહે છે. આ ભાગ ઘણો ફળદ્રુપ અને બગીચા સમાન હતો. (૩) 'પહાડી મુલક' કે યહુદાહના પહાડો. આ ભાગમાં આવેલાં શહેર અને ગામો ટેકરાઓ પર કે પહાડોના ઢોળાવ પર બાંધેલાં હતાં. અનાજ, દ્રાક્ષરસ, તેલ અને ફળફળાદિને માટે દેશ મૂલ્યવાન ગણાતો હતો. આ ભાગમાં ૩૮ શહેર આવેલાં હતાં (યહો. ૧૫ ; ૪૮-૬૦). (૪) 'અરણ્ય.' આ સૌથી નાનો ભાગ હતો, તેમાં ફક્ત છ નગરો હતાં. આ ભાગ દસ માઇલ પહોળો હતો. દેશ ઉજ્જડ અને વેરાન હતો, અને જંગલી બકરાંનું તથા ચિત્તા અને રીંછ વિગેરે શિકારી જાનવરોનું સ્થાન હતું (૧ શમૂ. ૧૭; ૩૪ : ૨૨ ; ૧. માર્ક ૧ ; ૧૩). આ ભાગમાં બે પેટાભાગ પાડવામાં આવેલા હતા. (અ) એનગેદીનું અરણ્ય (૧ શમૂ. ૨૪ ; ૧). (આ) યહુદાહનું અરણ્ય (ન્યાયા. ૧ ; ૧૬. માત્થી ૩ ; ૧). હેબ્રોનનો પહાડી પ્રદેશ અને મૃત સમુદ્રની વચ્ચે 'માઓનનું અરણ્ય' (૧ શમૂ. ૨૩ ; ૨૪) આવેલું છે. આ કુળના ભાગમાંથી નવ નગર યાજકોને આપવામાં આવ્યાં હતાં (યહો. ૨૧ ; ૯-૧૯).

યહુદાહ, યાકુબનો પુત્ર (ઉત્પ. ૨૯ ; ૩૫). એના વંશજ (ઉત્પ. ૩૮ : ૪૬ ; ૧૨. ગણ. ૧ ; ૨૬ : ૨૬ ; ૧૯. ૧ કાળ. ૨-૪). યુસફને મોતથી બચાવ્યો (ઉત્પ. ૩૭ ; ૨૬, ૨૭). બિન્યામીનનો જામીન થયો (ઉત્પ. ૪૩ : ૪૪). તેને આપેલો આશીર્વાદ (૪૯ ; ૮. પુન. ૩૩ ; ૭). યહુદાહનો આખાન (યહો. ૭ ; ૧૭). તેમનું

વતન (યહો. ૧૫. ન્યા. ૧ ; ૨). તેના વંશનો દાઉદ (રૂથ ૪; ૧૨, ૧૭-૨૨). તેમના પર દાઉદે રાજ્ય કર્યું (૨ શમૂ. ૫; ૫). આ કુળ દાઉદની કુમકે વિશ્વાસુપણે રહ્યું (૧ રા. ૧૨ ; ૨૦. બીજાં 'રેફરન્સ' (ઉત્પ. ૩૫; ૨૩ઃ ૪૬; ૨૮. ગીત. ૬૦; ૭ઃ ૧૦૮; ૮ઃ ૧૧૪; ૨. યશા. ૭; ૧૩. યિર્મે. ૩; ૭ઃ ૯; ૨૬ઃ ૧૭; ૧ : ૫૦; ૨૦. હઝ. ૩૭; ૧૬. હોશી. ૪; ૧૫ઃ ૫; ૧૩ઃ ૬; ૪ઃ ૧૦; ૧૧ઃ ૧૧; ૧૨ઃ ૧૨; ૨. આમો. ૨; ૪, ૫. મીખા. ૫; ૨. માત્થી ૧; ૨, ૩ : ૨ ; ૬. લુક ૩ ; ૩૩. હેબ્રી. ૭; ૧૪. પ્રક. ૫; ૫ : ૭; ૫. વિગેરે).

યહુદાહ દેશ. બંદિપ્રવાસ પછી યરદન નદીના પશ્ચિમ ભાગમાં આવેલા આખા મુલકને આ નામ આપવામાં આવેલ હતું (હાગા. ૧; ૧, ૧૪:૨; ૨). પણ ઇસુ ખ્રીસ્તના વખતમાં રૂમી રાજ્યના જમાનામાં પાલેસ્તાઇન દેશના ત્રણ ભાગ પાડવામાં આવ્યા હતા, જેમાંના દક્ષિણ ભાગને યહુદાહ કહેતા હતા (માત્થી ૨ ; ૧, ૫ : ૩ ; ૧ : ૪; ૨૫). તોપણ કોઇ કોઇ વખત આખા પાલેસ્તાઇન દેશને આ નામ આપવામાં આવે છે (પ્રે. કૃ. ૨૮ ; ૨૧). પણ ખરી રીતે જોતાં કનાનનો દક્ષિણ ભાગ જે સમારીઆની દક્ષિણે ૧૦૦ માઇલ લાંબો અને ૬૦ માઇલ પહોળો આવેલ છે તેને યહુદાહ નામ આપવામાં આવ્યું છે. આ ભાગમાં યહુદાહ, બિન્યામીન, દાન, શિમઓન અને એફ્રાઇમના અર્ધકુળને વતન આપવામાં આવ્યું હતું (યહો. ૪; ૩, ૪). કનાનના ઉત્તર ભાગને ગાલીલ અને મધ્ય ભાગને સમારીઆ કહે છે. યહુદાહ દેશનો પહેલો ગવર્નર (પ્રોક્યુરેટર) કોપોનિયસ હતો (ઇ. સ. ૬-૯), અને પિલાત તે પાંચમો હતો (ઇ. સ. ૨૬-૩૬).

યહુદાહનું રાજ્ય. જ્યારે સુલેમાનના પુત્ર રહાબઆમની નાદાનીથી શખેમમાં બળવો ઉઠ્યો, ત્યારે યહુદાહના કુળ શિવાય કોઇ દાઉદના ઘરની કુમકે રહ્યું નહિ, પણ થોડા વખત પછી બિન્યામીન કુળ યહુદાહ કુળની સાથે સંપીલું થઇ યરૂશાલેમને યહુદાહનું પાયતખ્ત શહેર કરી બન્ને કુળમાંથી ૧,૮૦,૦૦૦ લડવૈયા ઉભા થયા. આ રાજ્યનું નામ ત્યારે "યહુદાહનું રાજ્ય" એવું પડયું. શરૂઆતમાં આ રાજ્ય ઘણું નાનું હતું, કેમકે બાકીનાં બીજાં બધાં કુળે યરોબઆમને રાજા ઠરાવી શખેમને રાજધાનીનું શહેર ઠરાવ્યું. આ રાજ્યનું "ઇસ્રાએલી રાજ્ય" એવું નામ પડયું. પહેલાં ૬૦ વર્ષ સુધી યહુદાહ રાજ્યે જુદાં પડેલાં દસ કુળો ઉપર પોતાની સત્તા બેસાડવાની ચાહના રાખી તેથી કરીને પરસ્પર કાયમ લડાઇ ચાલતી, પણ ત્યાર પછીનાં ૮૦ વર્ષમાં કંઇ જાહેર લડાઇ તેઓની વચમાં થઇ નહિ પણ પરસ્પર મિત્રચારી જોવામાં આવે છે અને એક પક્ષના થઇ તેમના દુશ્મનના રાજ્ય દમસ્કની સામે લડતા હતા. ત્યાર પછી આશરે દોઢસો વર્ષ સુધી, એટલે ઇસ્રાએલી રાજ્યની સમાપ્તિથી તે યરૂશાલેમના નાશ સુધી યહુદાહનું રાજ અવ્યવસ્થિત રહ્યું (૨ રા. ૨૫; ૮-૨૧). આ રાજ્યની સ્થાપના ઇ. સ. પૂ. ૯૭૫ માં થઇ અને ઇ. સ. પૂ. ૫૮૬ માં તેનો અંત આવ્યો તેથી આ રાજ્ય કુલ્લે ૩૮૯ વર્ષ સુધી ચાલ્યું. ત્યાર પછી તેમની ભુંડાઇને લીધે તેઓ ૭૦ વર્ષ સુધી બાબેલના બંદિપ્રવાસમાં લઇ જવાયા અને સિત્તેર વર્ષ પુરા થયા પછી તેઓ ત્યાંથી પાછા આવ્યા. આ રાજ્યનો વિસ્તાર ૩૪૩૫ ચોરસ મૈલનો હતો. રાજ્યમાં બધા મળીને જુદા જુદા વીસ રાજાઓ થયા, તેઓમાં આશા, યહોશાફાટ, ઉઝ્ઝીયાહ, યોથામ, હિઝકીયાહ અને યોશીયાહ તેઓ સારા રાજા ગણાય છે. આ રાજ્યમાં યશાયાહ તથા યિર્મેયાહ, મીખાહ, સફાનીયાહ અને હબાક્કૂક વિગેરે ભવિષ્યવાદીઓ થયા હતા (જુઓ ઇસ્રાએલી બાદશાહત).

યહુદી (યિર્મે. ૩૬ ; ૧૪).

યહુદીઓ. આ નામ યાકુબના પુત્ર યહુદાહથી પ્રથમ તેના વંશજોને આપવામાં આવેલું હતું

અને ત્યાર પછી દસ કુળથી જે કુળ જુદું પડયું તેને આ નામ આપવામાં આવ્યું (૨ રા. ૧૬; ૬ઃ૨૫; ૨૫. યિર્મે. ૩૨; ૧૨ઃ૩૮; ૧૯ઃ૪૦; ૧૧ઃ૪૧; ૩. જુઓ યહુદાહનું રાજ્ય). બંદિપ્રવાસ દરમિયાન અને ત્યાંથી પાછા આવ્યા બાદ કંઇ પણ ભેદ વગર બધા હેબ્રીઓને આ નામ આપવામાં આવ્યું છે (એસ્તે. ૩; ૬, ૧૦. દાની. ૩; ૮, ૧૨. એઝ. ૪; ૧૨ઃ૫; ૧, ૫). પુરાતન વખતમાં આ લોકને હેબ્રી કહેતા હતા (ઉત્પ. ૩૯; ૧૪ઃ૪૦; ૧૫. નિર્ગ. ૨; ૭ઃ૩; ૧૮ઃ૫; ૩. ૧ શમૂ. ૪; ૬, ૯), પણ દેશનિકાલ પછી આ નામ વપરાતું ઘણે ભાગે બંધ પડયું, પણ પાઉલ પોતાને હેબ્રી નામથી ઓળખાવે છે (૨ કરીં. ૧૧; ૨૨. ફિલી. ૩; ૫). યહુદીઓનો ઇતિહાસ પાલેસ્તાઇન અને તેના સરદારો અને મુખ્ય પુરૂષોની સાથે જોડાયલો છે. હાલ તેઓ જગતના જુદા જુદા ભાગમાં વેરાઇ ગયા છે અને હજી સુધી તેઓ રાજારહિત, યજ્ઞરહિત, ભજનસ્તંભરહિત, એફોદ તથા તરાફીમરહિત બીજી દેશજાતિઓથી જુદા રહ્યા છે (હોશી. ૩; ૪ સરખાવો). આ સૈકાની શરૂઆતથી માંડીને આજ સુધી તેઓની ઘણી રીતે સતાવણી થઇ છે અને ઘણા ઘણા પ્રકારની મુશીબતો તેઓ પર આવી પડી છે, એમ છતાં હાલ તેઓની સ્થિતિમાં ઘણો સુધારો થતો જાય છે અને ઘણાંએક યુરોપનાં રાજ્યોમાં તેમને સારા હક મળ્યા છે. ઇ. સ. ૧૮૬૦ માં યહુદીઓનો ભેદ નહિ રાખતાં તેમને ‘બ્રિટિશ પાર્લામેન્ટ’ માં દાખલ કરવામાં આવ્યા. આશરે ૬૦ લાખ યહુદીઓ દુનિયામાં હશે જેમાંના ૪૦ લાખ યુરોપ ખંડમાં હશે. નવા કરારમાં આ લોક ત્રણ નામથી ઓળખાય છે. (૧) વિદેશીઓથી જુદા પાડતાં તેમને યહુદીઓ કહે છે. (૨) હેલેનીઓથી જુદા પાડતાં તેમને યહુદીઓ કહે છે. (૩) પ્રભુના પસંદ કરેલા લોક ઇસ્રાએલીઓને પણ યહુદીઓ કહેવામાં આવ્યા છે.

યહુદેણુ = હેબ્રી સ્ત્રી. તીમોથીની મા યુનીકેને (પ્રે. કૃ. ૧૬; ૧. ૨ તીમો. ૧; ૫) યહુદેણુ કહે છે, તેમજ ફેલીક્સની સ્ત્રી દ્રુસીલા જે હેરોદ આગ્રીપા પહેલાની દીકરી હતી તેને યહુદેણુ કહે છે (પ્રે. કૃ. ૨૪; ૨૪).

યહુબ્બાહ = ગુપ્ત. આશેરવંશી એક પુરૂષ હતો તેના પિતાનું નામ શેમેર હતું (૧ કાળ. ૭; ૩૪).

યહૂખાલ = શક્તિવાન. શેલેમ્યાહનો પુત્ર હતો (યિર્મે. ૩૭; ૩), તેને યિર્મે. ૩૮; ૩ માં યુખાલ કહે છે. રાજા સિદકીયાહે જે બે માણસોને યિર્મેયાહ પાસે મોકલ્યા હતા તેમાંનો એક આ માણસ હતો. આ વખતે રાજ ઉપર રાજા નબૂખાદનેસ્સારે ચઢી આવી ઘેરો ઘાલ્યો હતો, માટે તે બે માણસો યિર્મેયાહ પ્રભુની પ્રાર્થના કરે એવું સુચવવાને રાજા પાસેથી ત્યાં ગયા હતા.

યહુદીથ = યહુદેણુ. હિત્તી બએરીની પુત્રી, જે એસાવની સ્ત્રીઓમાંની એક હતી તે (ઉત્પ. ૨૬; ૩૪) તેને કોઇ જગ્યાએ ઓહલીબામાહ પણ કહે છે (ઉત્પ. ૩૬; ૨–૧૪).

યહૂશાહ. એક યહુદાહવંશી પુરૂષ (૧ કાળ. ૪; ૪).

યહેઝકેલ. હારૂનપુત્રોની વારાટોળીઓમાંની વીસમી વારાટોળી યહેઝકેલની હતી (૧ કાળ. ૨૪; ૧૬).

યહોઆદાહ. બિન્યામીની શાઉલના વંશનો એક પુરૂષ હતો, તેના પિતાનું નામ આહાઝ હતું (૧ કાળ. ૮; ૩૬).

યહોઆદ્દીન = યહોવાહ જેનો સણગાર. રાજા યોઆશની રાણી અને રાજા અમાસ્યાહની મા હતી (૨ રા. ૧૪; ૨ઃ ૨૫; ૧).

યહોઆશ = યહોવાહ જેનું પાળણપોષણ છે. (૧) યહુદાહના રાજા અહાઝયાહનો પુત્ર હતો, તેનું ટુંકું નામ યોઆશ હતું (૨ કાળ. ૨૨; ૧૧). યોઆશ જ્યારે નાનો છોકરો હતો ત્યારે તેની ફોઇ યહોશેબાએ રાજાના જે પુત્રો માર્યા ગયા તેઓની અંદરથી ચોરી લઇને તેને તથા તેની દાસીને શયનગૃહમાં સંતાડયાં

(૨ રા. ૧૧; ૨-૩), અને એમ રાજા અહાઝયાહની મા અથાલ્યાહના હાથથી તેનો બચાવ થયો. જ્યારે તે આઠ વર્ષની ઉમરનો હતો ત્યારે યહોયાદા યાજકે તેનો રાજ્યાભિષેક કીધો અને કહ્યું કે, "ઇશ્વર રાજાનું રક્ષણ કરો." ઉપલી વાત સાંભળતાં રાણી અથાલ્યા બોલી ઉઠી કે, 'ફિતુર! ફિતુર.' એટલામાં યહોયાદા યાજકે સૈન્યના ઉપરી સત્તાધિપતિઓને એવી આજ્ઞા કીધી કે તેને બહાર કાઢી મારી નાખો. અને એમ થયું કે રાજાના ઘર આગળ તેને મારી નાખી (૨ રા. ૧૧; ૧૩-૨૦). જ્યાં સુધી યહોયાદા યાજક તેને બોધ કરતો રહ્યો, ત્યાં સુધી તેણે પ્રભુની નજરમાં જે સારૂં તે કીધું, પણ તેના મરણ પછી તે ભુંડાઇમાં પડયો. આ યહોયાદા યાજકના મરણ પછી તેનો પુત્ર ઝખાર્યાહ યાજક થયો, તેને રાજાએ મારી નાંખ્યો. આ કૃત્યથી તેના દેશ પર ભારે આફતો આવી પડી. અરામના રાજા હઝાએલે તેને ઘણો દબાવ્યો. માત્થીની સુવાર્તામાં ઇસુની વંશાવળી આપતાં જે ત્રણ રાજાઓને પડતા મુકવામાં આવ્યા છે તેમાંનો એક યહોઆશ છે (માત્થી ૧; ૮). અને બીજા એનાં નામ અહાઝયાહ તથા અમાઝયાહ છે (માત્થી ૧;). યહોઆશે યરૂશાલેમમાં ૪૦ વર્ષ રાજ્ય કીધું, અને તેના ચાકરોએ "સિલ્લાના રસ્તા ઉપર મિલ્લોના ઘરમાં" તેને મારી નાખ્યો અને તેના પિતૃઓની સાથે દાઉદના નગરમાં તેને દાટયો, અને તેની જગ્યાએ તેના પુત્ર અમાસ્યાહે રાજ્ય કીધું (૨ રા. ૧૧; ૨૧: ૧૨; ૧, ૨, ૪, ૬, ૭, ૧૮: ૧૪; ૧૩). (૨) ઇસ્રાએલના રાજા યેહોઆહાઝનો પુત્ર. પોતાના પિતાના મરણ પછી તે ગાદીનશીન થયો (૨ રા. ૧૪; ૧ તેની સાથે ૧૨; ૧: ૧૩; ૧૦ સરખાવો). તેણે ૧૬ વર્ષ ઇસ્રાએલ ઉપર રાજ્ય કીધું. જ્યારે તે ગાદી ઉપર બેઠો ત્યારે જે નગરો અરામના રાજાએ જીતી લીધાં હતાં તે પાછાં મેળવ્યાં. એ સંબંધી એલીશાએ તેને ભવિષ્ય કહેલું હતું. એલીશા જ્યારે મરણના ખાટલામાં પડયો હતો ત્યારે રાજા તેને મળવાને ગયો, તે વખતે ઉપલું ભવિષ્ય તેને કહેવામાં આવ્યું હતું કે તું "ત્રણવાર અરામને મારશે" (૨ રા. ૧૪; ૧૯). ત્યાર પછી તેણે યહુદાહના રાજા અમાસ્યાહ ઉપર ચઢાઇ કરીને તેને જબરી હાર ખવાડી (૨ કાળ. ૨૫; ૨૩-૩૪). બેથશેમેશ આગળ તેને પકડી લીધો અને ત્યાંથી યરૂશાલેમ આણ્યો. વળી ૪૦૦ હાથ યરૂશાલેમનો કોટ પાડી નાખ્યો અને દેવના ઘરનાં સઘળાં સોના રૂપાનાં પાત્રો તથા રાજ્યમહેલની સઘળી મિલ્કત લઇને તે સમરૂન પાછો આવ્યો. આ બનાવ પછી થોડા વખતમાં તે મરણ પામ્યો (ઇ. સ. પૂ. ૮૨૫) અને સમરૂનમાં દટાયો, અને તેની જગ્યાએ તેનો પુત્ર ગાદીએ બેઠો (૨ રા. ૧૪; ૧-૧૭, ૧૯, ૨૦). યહુદાહ અને ઇસ્રાએલ બાદશાહતમાં એક ને એકજ નામના કયા કયા બાદશાહો થયા તે નીચેના કોષ્ટકથી માલમ પડે છે:—

એકજ નામના રાજા.	કુલ્લે કેટલા?	યહુદા-હના કેટલા?	ઇસ્રાએ-લના કેટલા?	યહુદાહમાં-નાનો પિતા.	ઇસ્રાએલમાં-નાનો પિતા.	યહુદાહમાંનાની ટીકા.	ઇસ્રાએલમાં-નાની ટીકા.
યહોરામ કે યોરામ ...	૨	૧	૧	યહોશાફાટ	આહાબ	૨ રા. ૮; ૧૬. ૨ કાળ. ૨૧; ૧૧, ૧૩.	૨ રા. ૩; ૨: ૯; ૧-૨૩.
અહાઝયાહ	૨	૧	૧	યહોરામ	આહાબ	૨ રા. ૮; ૨૫. ૨ કાળ. ૨૨; ૧-૩. ૨ રા. ૯; ૨૪.	૧ રા. ૨૨; ૫૧, ૫૨.
શાલ્લૂમ કે યહોઆહાઝ	૨	૧	૧	યોશીયાહ	યાબેશ	૧ કાળ. ૩; ૧૫. ૨ રા. ૨૩; ૩૩.	૨ રા. ૧૫; ૧૮.
યહોઆશ કે યોઆશ...	૨	૧	૧	અહાઝયાહ	યહોઆહાઝ	૨ રા. ૧૧; ૪: ૧૨; ૧.	૨ રા. ૧૩; ૧૦, ૧૪.
અઝાર્યાહ કે ઊઝીયા...	૨	૨	×	અમાસ્યાહ યહોરામ	×	૨ રા. ૧૫; ૧, ૨: ૮; ૨૫. ૨ કા. ૨૨; ૬.	×
યરોબઆમ	૨	×	૨	×	નબાટ યહોઆશ	×	૧ રા. ૧૨; ૧૫. ૨ કાળ. ૧૩.
યહોઆહાઝ	૩	૨	૧	યહોરામ યોશીયાહ	યેહૂ	૨ રા. ૨૩; ૩૩.	૨ રા. ૧૩.

યહોઆહાઝ = જેને યહોવાહ ધરી રાખે છે. (૧) યહુદાહના રાજા યહોરામનો સૌથી નાનો પુત્ર હતો. તેને વખતો વખત પવિત્રશાસ્ત્રમાં અહાઝયાહ કહે છે (૨ કાળ. ૨૧; ૧૭: ૨૫; ૧૭, ૨૩, ૨૫: ૩૬; ૧, ૨, ૪). વળી તેને ૨ કાળ. ૨૨; ૬ માં અઝાર્યાહ કહે છે. તેના વિષે ૨ રા. ૮; ૨૬ માં લખ્યું છે કે, જ્યારે તે ગાદીએ બેઠો ત્યારે તે ૨૨ વર્ષનો હતો, અને ૨ કાળ. ૨૨; ૨ માં લખ્યું છે કે તે ૪૨ વર્ષનો હતો, પણ ૨૨ વર્ષ તે બરોબર હશે. તેની માનું નામ અથાલ્યાહ હતું, તે ઇસ્રાએલના રાજા ઓમ્રીની દીકરી હતી. રાજા યહોઆહાઝ આહાબના ઘરનાંની પાછળ ચાલ્યો. તે સાધારણ મરણે મરી ગયો નહિ, પણ કતલ કરવામાં આવ્યો હતો (જુઓ અહાઝયાહ, વળી જુઓ યહોઆશ સાથે જોડેલું કોષ્ટક). (૨) ઇસ્રાએલના રાજા યેહૂનો પુત્ર. પિતાના મરણ પછી તે ઇસ્રાએલની ગાદીએ બેઠો (૨ રાજા. ૧૦; ૩૫). તેણે યરોબઆમનાં પાપોનું અનુસરણ કીધું, તે કારણ માટે પ્રભુએ તેને અરામના રાજા હઝાએલના તથા બેન-હદાદના હાથમાં વારંવાર સોંપવામાં આવ્યો. પણ પછીથી તેણે પસ્તાવો કીધો અને તેના મરણ પછી તેના પુત્ર યોઆશે ત્રણ વાર અરામીઓને હરાવ્યા (૨ રા. ૧૩; ૧-૯). તેણે ૧૭ વર્ષ રાજ્ય કીધું (૨ રા. ૧૦: ૧૩: ૧૪). (૩) યહુદાહના રાજા યોશીયાહનો ચોથો પુત્ર. તેને શાલ્લૂમ પણ કહે છે (૧ કાળ. ૩; ૧૫. ૨ રા. ૨૩; ૩૦, ૩૧). પોતાના પિતા પછી તે ગાદીએ બેઠો. તેણે માત્ર ત્રણ માસ રાજ્ય કીધું. તેની માનું નામ હમૂટાલ

હતું. તેણે યહોવાહની દૃષ્ટિમાં જે ભુંડું તે કીધું. તેને મિસરના રાજા ફારૂન નકો ગાદી ઉપરથી ઉઠાડી મુકીને કેદ કરી મિસર દેશમાં લઇ ગયો, ને ત્યાં તે કેદખાનામાં મરણ પામ્યો. ત્યાર પછી ગાદી ઉપર તેના ભાઇ એલ્યાકીમને બેસાડી દેશ ખંડિયો કર્યો (૧ રા. ૨૩; ૨૩, ૩૪. યિર્મે. ૨૨; ૧૦, ૧૨. ૨ કાળ. ૩૬; ૧-૪).

યહોઝાબાદ = યહોવાહનો આપેલો. (૧) એક દ્વારપાળ લેવી હતો (૧ કાળ. ૨૬; ૪). (૨) યહુદાહના રાજા યોઆશને પોતાના બે ચાકરોએ દંગો કરી મારી નાખ્યો તેમાંનો એક શોમેરનો દીકરો આ નામનો હતો. તેઓએ તેને "સિલ્લાના રસ્તા પર મિલ્લોના ઘરમાં મારી નાખ્યો" (૨ રા. ૧૨; ૨૧. ૨ કાળ. ૨૪; ૬). (૩) રાજા યહોશાફાટના વખતમાં એક પરાક્રમી યોદ્ધો હતો (૨ કાળ. ૧૭; ૧૮).

યહોનાથાન = યહોવાહ આપે છે. (૧) દાઉદના રાજ્યમાં સીમમાંના, નગરોમાંના, ગામોમાંના તથા કિલ્લાઓમાંના ભંડારો ઉપર યહોનાથાન ઉપરી હતો. તેના પિતાનું નામ ઉઝ્ઝીયાહ (૧ કાળ. ૨૭; ૨૫). (૨) રાજા યહોશાફાટે યહુદાહનાં નગરોમાં બોધ આપવાને જે લેવીઓને મોકલ્યા હતા તેમાંનો એક (૨ કાળ. ૧૭; ૮). (૩) જે યાજકો તથા લેવીઓ શઆલ્તીએલની સાથે બંદિપ્રવાસથી પાછા ફર્યા તેમાંનો એક શમાયાહનો યહોનાથાન કરીને હતો (નહે. ૧૨; ૧૮).

યહોનાદાબ = યહોવાહ ચલાવે છે. (યિર્મે. ૩૫; ૬, ૮, ૧૦, ૧૪, ૧૬, ૧૮, ૧૯. ૨ રા. ૧૦; ૧૫). જુઓ યોનાદાબ.

યહોયાકીમ = યહોવાહનો ઉચો કરેલો. યહુદાહના રાજા યોશીયાહનો બીજો પુત્ર અને યહુદાહની ગાદી પર જે રાજાઓ થઇ ગયા તેમાંનો ૧૮ મો રાજા હતો. જ્યારે તે ગાદીએ બેઠો ત્યારે તેની ઉમર ૨૫ વર્ષની હતી. તેણે યરૂશાલેમમાં ૧૧ વર્ષ (ઇ. સ. પૂ. ૬૧૦–૫૯૯) રાજ્ય કર્યું. તેનું જુનું નામ એલ્યાકીમ હતું, પણ મિસરના રાજાએ જ્યારે તેને તખ્તનશીન કીધો ત્યારે તેનું નામ બદલીને યહોયાકીમ પાડયું (૨ રા. ૨૩; ૩૪. ૨ કાળ. ૩૬; ૪). તેની માનું નામ ઝબીદાહ હતું, તે રૂમાહના પેદાયાહની પુત્રી હતી. જ્યારે પોતાના ભાઇ યહોઆહાઝને પદભ્રષ્ટ કરીને મિસરનો રાજા ફારૂન–નકોહ તેને કેદ કરી મિસરમાં લઇ ગયો ત્યારે મિસરના રાજાએ યહોયાકીમને તેના ભાઇની જગ્યાએ ખંડિયો રાજા ઠરાવ્યો (૨ રા. ૨૩; ૩૩, ૩૪. યિર્મે. ૨૧; ૧૦–૧૨). પછી તેણે મિસરના રાજાને ખંડણી ભરવાને લોકો ઉપર ભારે જુલમ ગુજાર્યો એટલુંજ નહિ, પણ તેણે મૂર્તિપૂજા ફરીને સ્થાપી. ત્યાર પછી બાબેલના રાજા નબૂખાદનેસ્સારે કાર્કેમીશની લડાઇમાં મિસરના રાજા ફારૂન–નકોહને હરાવ્યો (૨ રા. ૨૪; ૭. યિર્મે. ૪૬; ૨) અને પાલેસ્તાઇન ઉપર ચઢાઇ કરી તે પણ જીતી લીધું. આ વખતે રાજા યહોયાકીમ કેદી કરાયો અને બાબેલમાં લઇ જવા સારૂ તેને બેડીઓ પહેરાવવામાં આવી (૨ કાળ. ૩૬; ૬, ૭). આજ વખતે દાનીયેલ તથા તેના ત્રણ મિત્રોને પણ કેદ કરી બાબેલ લઇ ગયા (દાની. ૧; ૧, ૨). ત્યાર પછી એમ જણાય છે કે નબૂખાદનેસ્સારે યહોયાકીમને ફરી પોતાનો તાબેદાર રાજા ઠરાવ્યો. ત્યાર પછી યિર્મે. ૩૬; ૨૩ માં લખેલી બિના બની. ત્રણ વર્ષ સુધી રાજાએ બાબેલને ખંડણી ભરી પણ ચોથે વર્ષે તેણે બાબેલ વિરૂદ્ધ બંડ કરી ખંડણી આપવી બંધ કરી (૨ રા. ૨૪; ૨), તેથી કરીને બાબેલના રાજા નબૂખાદનેસ્સારે કાસ્દીઓ, અરામીઓ અને મોઆબીની લશ્કરી ટુકડીઓ તેના ઉપર મોકલી (૨ રા. ૨૪; ૭). દેશ ઉપર ભારે દુઃખ આવી પડયું અને રાજા કમોતે મુઓ અને તેનું શબ યરૂશાલેમના કોટ બહાર ફેંકી દેવામાં આવ્યું અને ગધેડાની માફક તેનું દફન થયું (ઇ. સ. પૂ. ૫૯૯. યિર્મે. ૨૨; ૧૮, ૧૯: ૩૬; ૩૦). બાબેલના રાજા નબૂખાદનેસ્સારે ત્યાર પછી તેની જગ્યા

ઉપર તેના દીકરા યહોયાખીનને યહુદાહની ગાદી ઉપર બેસાડયો. યહોયાકીમ (૨ રા. ૨૩; ૩૪–૩૬: ૨૪; ૧, ૫, ૬, ૧૯. ૧ કાળ. ૩; ૧૫, ૧૬. ૨ કાળ. ૩૬; ૪, ૫, ૮. યિર્મે. ૧; ૩: ૨૨; ૧૮, ૨૪: ૨૪; ૧: ૨૫; ૧: ૨૬; ૧, ૨૧–૨૩: ૨૭; ૧, ૨૦: ૨૮; ૪: ૩૫; ૧: ૩૬; ૧, ૯, ૨૮–૩૦: ૩૭; ૧: ૪૫; ૧: ૪૬; ૨: ૫૨; ૨. દાની. ૧; ૧, ૨).

યહોયાખીન = યહોવાહનો સ્થાપેલો. યહુદાહના રાજા યહોયાકીમનો પુત્ર, જે પોતાના પિતા પછી ગાદી ઉપર બેઠો. રાજ્ય કરવા લાગ્યો ત્યારે ૧૮ વર્ષની ઉમરનો હતો અને તેણે યરૂશાલેમમાં કેવળ ત્રણ માસ રાજ્ય કર્યું. તેની માનું નામ નહુશ્તા હતું કે જે યરૂશાલેમના એલ્નાથાનની દીકરી હતી. આ રાજાનાં જુદાં જુદાં ત્રણ નામ આવે છે જુઓ યખોન્યાહ (યહોયાખીન, ૨ રા. ૨૪; ૬, ૮, ૧૨, ૧૫: ૨૫; ૨૭. ૨ કાળ. ૩૬; ૮, ૯. યિર્મે. ૫૨; ૩૧. હઝ. ૧; ૨).

યહોયાદા = જેને યહોવાહ જાણે છે. (૧) અહાઝયાહની મા અથાલ્યાહના રાજ્યમાં જ્યારે બળાત્કાર ચાલતો હતો ત્યારે આ માણસ પ્રમુખ યાજક હતો. તેની સ્ત્રીનું નામ યહોશાબઆથ હતું. તે રાજા યહોરામની દીકરી હતી (૨ રા. ૨૨; ૧૧). અથાલ્યાહે જ્યારે યહુદાહનાં ઘરનાં સઘળાં રાજ્યવંશીઓને મારી નાખ્યાં ત્યારે યહોઆશને સંતાડી રાખી તેને બચાવ્યો અને ઉછેર્યો, અને તેણે તથા તેના ધણીએ મળી તેને ગાદી ઉપર બેસાડયો (૧ રા. ૧૪; ૨૬, ૨૭. ૧ કાળ. ૧૮). યહોયાદા વૃદ્ધ વયે એટલે ૧૩૦ વર્ષે મરણ પામ્યો અને તેને રાજ–કબરસ્થાનમાં દાઉદના નગરમાં દાટયો, કેમકે દેવની તથા તેના ઘર પ્રત્યે તેણે સારૂં કીધું હતું (૨ કાળ. ૨૪; ૧૫, ૧૬). તેના મરણ પછી રાજા યોઆશે યહોવાહના ઘરને તજ્યું હતું. યહોયાદા પ્રમુખ યાજક (૨ રાજા. ૧૧; ૪, ૯, ૧૫, ૧૭: ૧૨; ૨, ૭, ૯. ૨ કાળ. ૨૨; ૧૧: ૨૩; ૧, ૮, ૯, ૧૧, ૧૪, ૧૬, ૧૮: ૨૪; ૨, ૩, ૬, ૧૨, ૧૪, ૧૫, ૧૭, ૨૦, ૨૨, ૨૫). (૨) દાઉદ રાજાના રાજ્યમાં એક મુખ્ય અમલદાર બનાયાહ કરીને હતો, તેના પિતાનું નામ યહોયાદા હતું (૨ શમૂ. ૮; ૧૮: ૨૦; ૨૩: ૨૩; ૨૦, ૨૨. ૧ રાજા. ૧; ૮, ૨૬, ૩૬, ૩૮, ૪૪: ૨; ૧૫, ૨૯, ૩૪, ૩૫, ૪૬: ૪; ૪. ૧ કાળ. ૧૧; ૨૨, ૨૪: ૧૮; ૧૭: ૨૭; ૫). (૩) દાઉદ રાજાના સૈન્યમાં હારૂનના ઘરનો આગેવાન આ નામનો માણસ હતો, જે ત્રણ હજાર ને સાતસેંનો અધિકારી હતો (૧ કાળ. ૧૨; ૨૭). (૪) દાઉદ રાજાનો મંત્રી હતો અને તેના પિતાનું નામ બનાયાહ હતું (૧ કાળ. ૨૭; ૩૪). (૫) મંદિરની મરામતમાં જે લોકોએ ભાગ લીધો હતો તેમાંનો એક હતો, તેને યોયાદા કહે છે (નહે. ૩; ૬). (૬) એક યાજક હતો (યિર્મ. ૨૯; ૨૬).

યહોયારીબ = જેનું રક્ષણ યહોવાહ છે. યરૂશાલેમનો એક યાજક હતો, તે યાજક ટોળીમાંનો મુખ્ય હતો (૧ કાળ. ૯; ૧૦: ૨૪; ૭).

યહોરામ = યહોવાહે ઉંચ પદે પહોંચાડયો. (૧) તે ઇસ્રાએલનો એક રાજા હતો. પોતાના ભાઇ અહાઝયાહની પછી તે ગાદીનશીન થયો. તેનું બીજું નામ યોરામ હતું (૨ રા. ૯; ૧૪-૧૭: ૮; ૨૫). તેના પિતાનું નામ આહાબ અને માનું નામ ઇઝેબેલ હતું. તેણે સમરૂનમાં ૧૨ વર્ષ રાજ્ય કર્યું (ઇ. સ. પૂ. ૮૯૬-૮૮૪. ૨ રા. ૧; ૧૭: ૩; ૧). ગાદીએ બેઠા પછી તેને પહેલું કામ કરવાનું જે હતું તે એ હતું કે, મોઆબના રાજા મેશાને તાબેદાર કરવો, કેમકે ઇસ્રાએલના રાજાને એક લાખ હલવાનનું તથા એક લાખ મેંઢાનું ઉન ખંડણી દાખલ આપતો, પણ પોતાના પિતાના મરણ પછી તેના ભાઇ અહાઝયાહને તેણે ખંડણી આપવી બંધ કરી હતી, માટે તેને તાબેદાર કરવાની જરૂર હતી.

આ કામમાં યહુદાહના રાજા યહોશાફાટે તથા અદોમના રાજાએ યહોરામને મદદ આપી હતી. આ લડાઇમાં એલીશાએ ભવિષ્ય કહ્યું કે મોઆબીઓની સખત હાર થશે (૨ રા. ૩). મોઆબનો રાજા મેશા ભારે ખુવારી સાથે તેમની આગળથી નાઠો અને ઇસ્રાએલીઓએ તેમની પાછળ પડી નગરોને પાડી નાખ્યાં અને ફળદ્રુપ જમીનને તથા પાણીના ઝરાઓને બગાડી નાખ્યા. આખરે 'કીર-હરેશેથ' આગળ મોઆબના રાજા મેશાએ પોતાની પછી ગાદીએ બેસનાર જ્યેષ્ટ પુત્રને લઇને કોટ પર તેનું બળિદાન આપ્યું તેથી ઇસ્રાએલીઓ ત્યાંથી પાછા ફર્યા. એલીશાએ ઉપલી લડાઇમાં ભાગ લીધો એટલુંજ નહિ પણ એક બીજી વખતે જ્યારે અરામના રાજાએ ઇસ્રાએલ ઉપર ચઢાઇ કરી હતી ત્યારે એલીશાએ અરામી ફોજને આંધળી કરી હતી (૨ રા. ૬; ૨૩), તેમજ જ્યારે અરામી બેન-હદાદે સમરૂન શહેરને ઘેરો ઘાલ્યો હતો ત્યારે સમરૂનમાં લોકો ભૂખે મરતા હતા, એવા કે મા પોતાનાં બાળકોને બાફીને ખાતી હતી; એવામાં એલીશાએ પુષ્કળ ખોરાક મળવાનું ભવિષ્ય કહ્યું (૨ રા. ૬). એ પ્રમાણે આશ્ચર્યકારક રીતે સમરૂન શહેરનો બચાવ કરવામાં આવ્યો અને અરામીઓને નાસી જવું પડયું (૨ રા. ૭; ૬-૧૫). યહોરામ રામાહ આગળ અરામી રાજા હઝાએલની સામે લડતાં ઘાયલ થયો અને તેથી કરીને તેને યિઝ્રએલમાં પાછું ફરવાની જરૂર પડી (૨ રા. ૮; ૨૯ : ૯; ૧૪, ૧૫). એટલામાં ઇસ્રાએલ ફોજે તેમના સરદાર યહોશાફાટના દીકરા યેહૂને રણશિંગડું વગાડીને રાજા જાહેર કીધો. એ વાત યહોવાહની મરજી પ્રમાણે છે એવું એલીશાએ જણાવ્યું હતું (૨ રા. ૯). પછી યેહૂ યિઝ્રએલમાં રાજાને મળવા ગયો ત્યારે યહોરામ તેની સામે આવ્યો અને નાબોથના વાંટા આગળ યેહૂએ તેને તીરથી માર્યો અને યેહૂના હુકમ પ્રમાણે યિઝ્રએલી નાબોથના ખેતરમાં તેને નાખ્યો (૨ રા. ૯) અને ત્યાં તે મરણ પામ્યો (યહોરામ, ૨ રા. ૧; ૧૭ : ૩; ૧, ૬ : ૮; ૧૬, ૨૫, ૨૯ : ૯; ૧૪-૧૭, ૨૧-૨૩, ૨૯. ૨ કાળ. ૨૨; ૫-૭). (૨) આજ નામનો યહુદાહનો પણ એક રાજા હતો, તે યહોશાફાટનો વડો પુત્ર થાય. તેના પિતાની હૈયાતીમાં તે રાજ કરવા લાગ્યો. તે રાજા થયો ત્યારે ૩૨ વર્ષનો હતો, અને યરૂશાલેમમાં તેણે આઠ વર્ષ રાજ્ય કર્યું (ઇ. સ. પૂ. ૮૯૨-૮૮૫). પોતાના પિતાની હૈયાતીમાં રાજ કરનાર યહુદાહ રાજ્યમાં આ એકજ રાજા હતો (૨ કાળ. ૨૧; ૫, ૨૦. ૨ રા. ૮; ૧૬). તેની સ્ત્રીનું નામ અથાલ્યાહ હતું, તે આહાબ તથા ઇઝેબેલની દીકરી હતી. અથાલ્યાહને પેટે થએલી યહોરામની દીકરી યહોશાબઆથ હતી, જે યહોયાદા યાજકની સ્ત્રી હતી. યહોરામ પોતાની સ્ત્રીના કહેવા પ્રમાણે ચાલી યહોવાહની દૃષ્ટિમાં જે ભુંડું હતું તે કર્યું. તેણે યહુદાહના ડુંગરોમાં ઉંચસ્થાનો બંધાવ્યાં અને યરૂશાલેમ તથા યહુદાહની પ્રજાને જોરજુલમથી મૂર્તિપૂજા પાછળ દોર્યા, અને એવું કરતાં પોતા પર તેમજ પોતાના રાજ્ય પર ઇશ્વરનો કોપ આણ્યો. અદોમે રાજા વિરૂદ્ધ દંગો કરી યહોરામની ઝુસરી ભાંગી નાખી, અને પલિસ્તીઓ, કૂશીઓ અને અરબો યહુદાહ પર ચઢી આવ્યા અને રાજાના ઘરની સર્વે સંપત તથા રાજકુંવરોને તથા યહોરામની રાણીને હરી ગયા, માત્ર રાજકુંવરોમાંથી સૌથી નાનો કુંવર યહોઆહાઝ બચી ગયો. વળી તે સર્વે ઉપરાંત યહોવાહે રાજાનાં આંતરડાંમાં અસાધ્ય રોગ ઉત્પન્ન કર્યો, અને લગભગ બે વર્ષ ભારે પીડા પામી આંતરડાં તુટી પડવાથી તે મરણ પામ્યો. રાજા લોકોમાં અળખામણો થઇ મરણ પામ્યો અને તેને રાજ્યના કબરસ્તાનમાં દાટવાની પરવાનગી મળી નહિ (૨ રા. ૮; ૧૬-૨૪. ૨ કાળ. ૨૧). યહુદાહનો રાજા (૧ રા. ૨૨; ૫૦. ૨ રા. ૮; ૧૬, ૨૧, ૨૩-૨૫, ૨૯ : ૧૧; ૨ : ૧૨; ૧૮. ૧ કાળ. ૩; ૧૧.

૨ કાળ. ૨૧ ; ૧, ૩-૫, ૯, ૧૬ : ૨૨ ; ૧, ૬, ૧૧). (૩) યહોરામ ટોઇનો દીકરો, કે જેને પોતાના પિતાએ દાઉદ રાજા જ્યારે હદાદએઝેરને હરાવી આવ્યો, ત્યારે સોના રૂપા સાથે દાઉદ પાસે અર્પણ લઇને મોકલ્યો હતો (૨ શમુ. ૮ ; ૧૦). (૪) ગેર્શોમવંશી એક લેવી હતો (૧ કાળ. ૨૬ ; ૨૫). (૫) યહુદાહનાં માણસોને ચેતવણી આપવાને યહોશાફાટે એક યાજકને યહુદાહમાં મોકલ્યો હતો (૨ કાળ. ૧૭ ; ૮).

યહોવાહ = "હું જે છું તે છું" (નિર્ગ. ૩; ૧૪). પુરાતન હેબ્રી લોકને પરમેશ્વરે ઉપલા ખાસ માર્મિક નામથી પોતાનું પ્રકટીકરણ કીધું (નિર્ગ. ૬ ; ૨, ૩). યહુદી લોકમાં આ નામ એવું ગંભીર હતું કે, પ્રાયશ્ચિત્તને મોટે દિવસે જ્યારે પ્રમુખ યાજક પરમ પવિત્રસ્થાનમાં પ્રવેશ કરે ત્યારેજ પ્રભુનું આ નામ વાપરતો હતો, તે શિવાય ઉપલું નામ કદી બોલતા નહિ. યહોવાહ નામની સાથે બીજાં બે નામ પણ જોડાયલાં છે, એટલે 'એલોહીમ' તથા 'અદોનાય.' ગીતશાસ્ત્રમાં 'એલોહીમ' નામ ૨૨૪ વખત અને 'યહોવાહ' ૬૮૫ વખત અને 'અદોનાય' ૪૯ વખત વાપરવામાં આવેલ છે. જે કોઇ યહોવાહના નામનું દુર્ભાષણ કરે તે માર્યો જાય એવો નિયમ હતો (લેવી. ૨૪; ૧૬). યહોવાહ "જે છે, ને જે હતો ને જે આવનાર છે" તે (પ્રક. ૧ ; ૪, ૮. મલા. ૩ ; ૬. હોશી. ૧૨ ; ૬). આપોક્રિફાનાં પુસ્તકોમાં તેમજ નવા કરારમાં આ નામ બીલકુલ વાપરવામાં આવ્યું નથી. એમ છતાં પણ 'મોઆબી સ્મારકસ્તંભો' ઉપર આ નામ જોવામાં આવે છે.

યહોવાહ-નિસ્સી = યહોવાહ મારી ધ્વજા. અમાલેકે જ્યારે રફીદીમ આગળ ઇસ્રાએલ સાથે યુદ્ધ કીધું ત્યારે મુસા યહોશુઆને સૈન્ય સોંપી એક પર્વતના શિખર ઉપર પ્રાર્થના કરવા ગયો. મુસાના હાથ જ્યાં સુધી ઉંચા રહ્યા ત્યાં સુધી ઇસ્રાએલીઓની જીત થઇ. આ વખતે થાકને લીધે મુસાના હાથ જ્યારે નીચે પડવા લાગ્યા ત્યારે હારૂન તથા હૂરે તેના હાથને ટેકો આપ્યો. આ જગ્યા પર મુસાએ એક વેદી બાંધી અને તેને ઉપલું નામ આપવામાં આવ્યું હતું (નિર્ગ. ૧૭ ; ૧૫).

યહોવાહ-યિરેહ = યહોવાહ જોશે કે પુરૂં પાડશે. ઇબ્રાહીમ જ્યારે ઇસ્હાકનું દહનીયાર્પણ મોરિયાહ પહાડ પર ચઢાવતો હતો, ત્યારે ઝાડીમાં શીંગડાંએ ભરાએલો એક ઘેટો તેને પ્રભુએ આપ્યો; તે પરથી ઇબ્રાહીમે તે જગ્યાનું નામ 'યહોવાહ-યિરેહ' પાડ્યું. તે વિષે ઉત્પ. ૨૨; ૧૪ માં આ પ્રમાણે લખવામાં આવ્યું છે કે "જેમ આજ લગી કહેવાય છે તેમ કે યહોવાહના પહાડ પર પુરૂં પાડવામાં આવશે." જ્યારે માણસને દુઃખમાં કોઇની પણ મદદ મળતી નથી ત્યારે પ્રભુ તેને મદદ આપે છે.

[યહોવાહ-શામ્માહ] = 'યહોવાહ ત્યાં છે.' હઝકીએલ ભવિષ્યવાદીએ યરૂશાલેમ શહેરને દર્શનમાં જોઇને આ શહેરને ઉપલું લાક્ષણિક નામ આપ્યું છે. આ નામ તે હાલની મંડળીને માટે પણ ચિન્હરૂપ હતું (હઝ. ૪૮ ; ૩૫). ગુજરાતી તરજુમામાં ઉપલા હેબ્રી શબ્દો નહિ લખતાં તેનો તરજુમો માત્ર લખ્યો છે.

યહોવાહ-શાલોમ = યહોવાહે શાંતિ આપી. ઓફ્રાહમાં ગિદઓનને જે જગ્યાએ યહોવાહનો દૂત દેખાયો તે જગ્યાએ ગિદઓને એક વેદી બાંધી અને તેને 'યહોવાહ-શાલોમ' નામ આપ્યું હતું (ન્યાયા. ૬ ; ૨૪).

[યહોવાહ-ત્સિદકેનુ] = "યહોવાહ અમારૂં ન્યાયીપણું." ઉપલું નામ અંગ્રેજી શાસ્ત્રમાં મારજીનમાં લખવામાં આવ્યું છે અને ગુજરાતી તરજુમામાં ઉપલા શબ્દો નહિ લખતાં તેનો અર્થ માત્ર લખવામાં આવ્યો છે (યિર્મે. ૨૩ ; ૬). આ પદવી મસીહને આપવામાં આવી છે.

યહોશાફાટ = યહોવાહે ન્યાય કીધો, યહોવાહની અદાલત. (૧) યહુદાહની ગાદી ઉપર બેસનાર

ચોથો રાજા યહોશાફાટ હતો. તે ભક્તિશીળ રાજા હતો. તેણે યહુદાહની ગાદી ઉપર ૨૫ વર્ષ રાજ્ય કર્યું તેના પિતાનું નામ આસા હતું, અને પિતાના મરણ પછી તે ગાદીએ બેઠો. યહોવાહ યહોશાફાટની સાથે હતો, કેમકે તે તેની આજ્ઞાઓમાં ચાલ્યો. તેણે ઇસ્રાએલની સામે પોતાનું રાજ્ય મજબુત કરી (૨ કાળ. ૧૭; ૧, ૨) દેશને મૂર્તિપૂજાથી શુદ્ધ કરવાનો ઠરાવ કર્યો (૧ રા. ૨૨; ૪૩). એ ઠરાવ પુરો પાડવાને યહુદાહના નગરોમાં બોધ કરવાને યાજકોને તથા લેવીઓને મોકલ્યા (૨ કાળ. ૧૭; ૭-૯). વળી તેણે પોતાના દેશમાંથી ઉંચસ્થાનો તથા અશેરીમ મૂર્તિઓ કાઢી નાખી અને દેશમાં શાંતિ અને આબાદી ફેલાઇ ગઇ, અને એમ "યહોશાફાટ અતિશય મોટો થતો ગયો." પણ અફસોસની વાત એ છે કે તેણે ઇસ્રાએલી દુષ્ટ રાજા આહાબની સાથે સલાહ કરી અને જે યહોવાહનો શત્રુ તેને મિત્ર ગણીને કહ્યું કે, "હું તે જાણે તુંજ ને મારા લોક તે જાણે તારાજ લોક છે" એવો સંપ કરીને ઇસ્રાએલના રાજા આહાબની સાથે ભવિષ્યવાદી મીખાયાહની દેવવાણી નહિ સાંભળતાં "રામોથ-ગિલઆદ" ની લડાઇમાં ગયો. આ લડાઇમાં ઇસ્રાએલનો રાજા આહાબ બાણુથી મરાયો, પણ યહોશાફાટે દેવની વિનંતિ કરી અને 'યહોવાહે તેને સાહ્ય કરી' મરણના ભયમાંથી તેનો બચાવ કર્યો અને સહીસલામતીએ તે યરૂશાલેમ પાછો આવ્યો. આ વખતે ભવિષ્યદર્શક હનાનીના પુત્ર યેહૂએ તેને ઠપકો દીધો, ત્યારથી પાછો તેણે દેશમાં અગાઉની માફક મોટો સુધારો કીધો, અને મૂર્તિપૂજાની સામે થઇ લોકોને "તેમના પિતૃઓના દેવ યહોવાહની ગમ પાછા આણ્યા" (૨ કાળ. ૧૯; ૪-૧૧). ત્યાર પછી તેણે વળી એક બીજું ભુંડું કીધું, એટલે આહાબના પુત્ર અહાઝ્યાહ જે ઘણો દુરાચારી હતો તેની સાથે સંપ કરી ઓફીરથી સોનું મંગાવવા માટે તાર્શીશ વહાણ બનાવ્યાં; પણ એસ્યોન-ગેબેર પાસે વહાણ ભંગ થયું. આ વખતે પણ યહોવાહે દોદાવાહુના પુત્ર અલીએઝરની મારફતે જણાવ્યું કે, "તેં અહાઝ્યાહની સાથે સંપ કીધો છે માટે યહોવાહે તારાં કામોનો નાશ કીધો છે" (૧ રા. ૨૨; ૪૮, ૪૯. ૨ કાળ. ૨૦; ૩૫-૩૭). વળી તેણે ઇસ્રાએલના રાજા યહોરામ સાથે સંપ કર્યો અને ઇસ્રાએલની સાથે મોઆબના રાજા મેશાની સામે લડાઇ કરવાને ઉતર્યો. આ વખતે પણ યહોવાહે યહોશાફાટની ખાતર ચમત્કારિક રીતે સૈન્યને અને જાનવરને પાણી આપી બચાવ કર્યો હતો, અને એલીશા ભવિષ્યવાદીની મારફતે જાહેર કર્યું કે, "જો યહુદાહના રાજા યહોશાફાટના મ્હોની શરમ મને ન પડતી હોત તો હું તારી તરફ નજર પણ ન કરત." આ લડાઇમાં યહોવાહની સાહ્યથી મોઆબીઓનો પૂર્ણ સંહાર થયો અને મોઆબના રાજાએ પોતાના વડા પુત્રનો યજ્ઞ કીધો (૨ રા. ૩; ૪-૨૭. જુઓ યહોરામ). યહોશાફાટના રાજ્યમાં જાણવા લાયક એક છેલ્લી બીના બની તે બહુ પ્રખ્યાત છે, તે ૨ કાળ. ૨૦ માં લખવામાં આવી છે. મોઆબીઓ, આમ્મોનપુત્રો અને આસપાસની દેશજાતિઓ સાથે સંપ કરીને મોટા લશ્કર સાથે યહોશાફાટ સામે ચઢી આવી હાસસોન-તામાર (એન-ગેદી) આગળ છાવણી કીધી. આ વખતે રાજા અને પ્રજા ઘણાં ભયભિત થઇ ગયાં અને યહોવાહની સાહ્ય માગવા સારૂ યહુદાહનાં સર્વ નગરોમાંથી માણસોને એકઠાં કીધાં અને યહોવાહની સાહ્ય મેળવવાને વિનંતિ કરી. આ બારીક પ્રસંગે યહોવાહે રાજા યહોશાફાટની વિનંતિ સાંભળી અને યાહઝીએલની (ઝખાર્યાહનો પુત્ર) મારફતે યહોવાહે જણાવ્યું કે, "યહોવાહ તમને એમ કહે છે કે, આ મોટા દળના કારણથી બીવું નહિ તથા ગભરાવું નહિ, કેમકે એ યુદ્ધ તમારૂં નથી પણ દેવનું છે." પછી શત્રુના સૈન્યમાં એકબીજામાં કાપાકાપી ચાલી, અને શત્રુનો સંપૂર્ણ સંહાર થયો, અને બારાખની

ખીણમાં યહુદીઓને ભારે લૂટ મળી, ત્યાર પછી યહોવાહની સ્તુતિ કરતાં સૈન્ય યરૂશાલેમ ભણી પાછું ફર્યું. યહોવાહ પોતાના લોકના શત્રુ સામે લડયો ત્યારે તેઓ સર્વ પર દેવનો ધાક બેઠો, અને યહોશાફાટના રાજ્યમાં શાંતિ થઇ (ઇ. સ. પૂ. ૮૫૦). ત્યાર પછી થોડા વખતમાં રાજા યહોશાફાટ ૨૫ વર્ષ રાજ્ય કરી ૬૦ વર્ષની ઉમરે મરણ પામ્યો, અને તેની પછી તેનો પુત્ર યહોરામ ગાદી ઉપર બેઠો (૧ રા. ૨૨; ૫૦). તેના મરણ પછી આ ભક્તિશીળ રાજા વિષે એવી સાક્ષી પુરવામાં આવી છે કે, "તે પોતાના સઘળા અંતઃકરણથી યહોવાહની શોધ કરતો હતો" (૨ કાળ. ૨૨; ૯). યહુદાહના રાજ્યમાં સૌથી સુખી અને આબાદ રાજા યહોશાફાટ હતો. યહોશાફાટ (૧ રા. ૧૫; ૨૪: ૨૨; ૧–૪૯. ૨ રા. ૧; ૧૭: ૩; ૧–૧૪: ૮; ૧૬: ૧૨; ૧૮. ૧ કાળ. ૩; ૧૦. ૨ કાળ. ૧૭; ૧–૧૨: ૧૮: ૧૯: ૨૦: ૨૧: ૨૨; ૯. માત્થી ૧; ૮). (૨) દાઉદ રાજાના અંગરક્ષકોમાંનો એક હતો (૧ કાળ. ૧૧; ૨૪), તેને યોશાફાટ મિથ્ની કહે છે. (૩) પ્રભુનો કરારકોષ યરૂશાલેમ લાવતાં જે યાજકોની નિમણુક કરવામાં આવી હતી તેમાંનો એક યાજક યોશાફાટ નામનો હતો (૧ કાળ. ૧૫; ૨૪). (૪) દાઉદ અને સુલેમાનના રાજ્યમાં અહીલૂદનો પુત્ર યહોશાફાટ 'ઇતિહાસક' હતો અને તે પદવી બીજા અમલદારોથી ચઢઆતી હતી (૨ શમૂ. ૮; ૧૬: ૨૦; ૨૪. ૧ રા. ૪; ૩. ૧ કાળ. ૧૮; ૧૫). (૫) સુલેમાન રાજાનો યિસ્સાખાર પ્રાંતનો મોદી હતો (૧ રા. ૪; ૧૭), તેને પારૂઆહનો પુત્ર યહોશાફાટ કહે છે. (૬) નિમ્શીનો પુત્ર અને રાજા યેહૂનો પિતા આ નામનો હતો (૨ રા. ૯; ૨, ૧૪).

યહોશાફાટની ખીણ (યોએ. ૩; ૨, ૧૩). આ ખીણનું નામ પવિત્ર શાસ્ત્રમાં કેવળ યોએલના પુસ્તકમાં આવે છે. જૈતુન પહાડ અને યરૂશાલેમની વચ્ચે જે ખીણ આવેલી છે અને જેમાં કિદ્રોનનું નાળું વહે છે તેને યહોશાફાટની ખીણ એવું નામ આપવામાં આવ્યું છે. આ ખીણમાં યહોશાફાટ રાજાએ (જુઓ યહોશાફાટ નંબર ૧) ઇસ્રાએલના સંપીલા સૈન્યને ભારે હાર ખવાડી હતી (ગીત. ૮૩; ૬–૮). હવે આ જીતની વાત યોએલના જમાનામાં પણ તાજી હતી, અને એને એજ નીચાણમાં યોએલના કહ્યા પ્રમાણે ઇસ્રાએલના શત્રુઓનો છેવટનો ન્યાયચુકાદો કરવામાં આવશે. વિદ્વાનો યોએલના પુસ્તકની ઉપલી કલમના જુદા જુદા ખુલાસા કરે છે. યહુદી લોક એમ ધારતા હતા કે એજ ખીણમાં છેલ્લો ન્યાયચુકાદો પણ કરવામાં આવશે. મુસલમાન લોક પણ એમજ સમજીને આ ખીણમાં આવેલા એક પત્થરને બતાવતાં કહે છે કે એ પત્થર પર છેલ્લે દિવસે મહમદ પેગંબર સાહેબ બેસશે, પણ બીજા લોક તેથી ઉલટી વાત બતાવે છે કે તેમાં છેલ્લા ન્યાયચુકાદાને લગતી વાત નથી પણ યરૂશાલેમના શત્રુઓ જેવા કે સૂર તથા સીદોન વિગેરેને એજ ખીણમાં હરાવવામાં આવશે; અને આ ભવિષ્યવાત પુરી પડી છે. વળી બીજા કેટલાક કહે છે કે યહોશાફાટના નામનો અર્થ યહોવાહની અદાલત એવો થાય છે, તો યહોશાફાટની ખીણ (યહોવાહની અદાલતમાં ઉપલો ન્યાયચુકાદો કરવામાં આવશે). યુસેબીયસ અને જેરોમના લેખોમાં તેને યહોશાફાટની ખીણ એવું નામ આપે છે, પણ હાલના વખતમાં કિદ્રોન નાળાને યહોશાફાટની ખીણ કહે છે. પુરાતન વખતથી આ ખીણમાં યહુદીઓ તેમજ મુસલમાનોનું કબરસ્તાન છે. ખીણના બન્ને કિનારા ઉંચા અને ઉભા છે, તો પણ સૈંકડો કબરો ખીણની અંદર જોવામાં આવે છે. રાજા યહોશાફાટના વખતમાં આ જગ્યા પર સાધારણ વર્ગના માણસોને ત્યાં દાટવામાં આવતા હતા.

યહોશાબઆથ = યહોવાહના સમ. ઇસ્રાએલના રાજા યહોરામની પુત્રી અને અહાઝયાહની બહેન હતી, તેને પ્રમુખ યાજક યહોયાદા

સાથે પરણાવી હતી. તેણીએ અહાઝયાહના દીકરા જે માર્યા ગયા હતા તેમાંથી યહોઆશ કે યોઆશને સંતાડી રાખી બચાવ્યો હતો, અને ત્યાર પછી આઠમે વર્ષે તેને રાજા ઠરાવ્યો હતો, અને એજ અરસામાં અથાલ્યાહને મારી નંખાવી (૨ કાળ. ૨૨; ૧૧). ૨ રા. ૧૧; ૨ માં તેને યહોશેબા કહે છે.

યહોશુઆ=જેની સાહ્ય યહોવાહ છે; યહોવાહ મારૂં તારણ. (૧) આ મહાન પુરૂષ મુસા પછી ઇસ્રાએલીઓનો દોરનાર કે આગેવાન થયો. તે એફ્રાઇમ કુળના અધિપતિ એલીશામાનો પૌત્ર અને નૂનનો પુત્ર હતો (ગણ. ૨; ૧૮. ૧ કાળ. ૭; ૨૬) અને ઘણું કરીને યુસફથી સાતમી પેઢીમાં એ પ્રખ્યાત પુરૂષ થયો. તેનું જુનું નામ હોશીઆ હતું, (ગણ. ૧૩; ૮, ૧૬. ૧ કાળ. ૭; ૨૭) અને મુસાએ તે નામ બદલીને યહોશુઆ પાડયું. ગ્રીક ભાષામાં પ્રે. કૃ. ૭; ૪૫. હેબ્રી ૪; ૮ માં તેનો તરજુમો ઇસુ કરવામાં આવ્યો છે, પણ ગુજરાતી શાસ્ત્રમાં યહોશુઆ લખવામાં આવેલ છે. કનાન દેશની જાસુસી કરવાને જે બાર માણસોને મોકલવામાં આવ્યા હતા તેમાંનો એક યહોશુઆ હતો (ગણ. ૧૩). યહોશુઆ મિસર દેશમાં જન્મ્યો હતો અને ઘણું કરીને નિર્ગમન વખતે તેની ઉમર કાલેબના જેટલી હશે. ઇસ્રાએલીઓના નિર્ગમનમાં બન્નેના બધા બનાવોમાં તે સાથે હતો. તેના વિષે પ્રથમ નોંધ અમલેકની સાથે રફીદીમમાં જે લડાઇ થઇ તે સંબંધે લેવામાં આવી છે. મુસાએ આ લડાઇમાં યહોશુઆને ઇસ્રાએલી સૈન્યનો સેનાપતિ ઠરાવ્યો. આ લડાઇમાં યહોશુઆએ તરવારની ધારથી અમલેકનો તથા તેના લોકનો પરાજય કીધો. આ જયની વાત યહોવાહે મુસાની મારફતે યાદગારી સારૂ પુસ્તકમાં લખાવી (નિર્ગ. ૧૭; ૮-૧૬); અને કદાચ આજ વખતે મુસાએ તેનું હોશીઆ નામ બદલીને (હોશીઆ = સાહ્ય. યહોશુઆ = પ્રભુ મારી સાહ્ય) પાડયું અને આ નામ તેની આખી જીંદગીમાં ચિન્હરૂપ થયું, ત્યાર પછી મુસાનો મંત્રી કે સેવક થએલો દેખાય છે (નિર્ગ. ૨૪; ૧૩: ૩૨; ૧૭: ૩૩; ૧૧. ગણ. ૧૧; ૨૮). જ્યારે મુસા પર્વત પરથી બે સાક્ષ્યપાટી લઇને ઉતરતો હતો ત્યારે યહોશુઆ તેની સાથે હતો (નિર્ગ. ૩૨; ૧૭). ત્યાર પછી કનાનની જાસુસી કરવાને બીજા સાથે તેને મોકલવામાં આવ્યો, અને યહોશુઆ તથા કાલેબ શિવાય બીજા બધા જુઠું બોલ્યા (ગણ. ૧૩). ત્યાર પછી મુસાએ મરીબાહ આગળ કરેલા પાપને લીધે યરદન નદી ઓળંગી કનાનમાં જવાની તેને મના થવાને લીધે મુસાએ પ્રભુના હુકમ મુજબ પોતાના મરણ પહેલાં યહોશુઆને પોતાની જગ્યાએ ઇસ્રાએલીઓને સત્તાધારી આગેવાન ઠરાવ્યો (પુન. ૩; ૨૮). અને યહોવાહે તેને જણાવ્યું કે "તારા આયુષ્યના સર્વે દિવસ સુધી કોઇ માણસ તારી આગળ ટકી શકશે નહિ. હું જેમ મુસા સાથે હતો તેમ તારી સાથે હોઇશ. હું તને તજીશ નહિ, ને તને મુકી દઇશ નહિ, બળવાન તથા હિમતવાન થા" (યહો. ૧; ૫, ૬). ત્યાર પછી તેઓએ યરદન નદી ઓળંગી ગિલ્ગાલમાં છાવણી કરી. આ વખતે યરદન નદીના બે ભાગ થઇ ગયા અને કોરી જમીન પર તેઓ પાર ગયા (યહો. ૩). યરદન નદીની પાર ગયા પછી ઇસ્રાએલીઓની સુન્નત કરવામાં આવી અને યરેખોના મેદાનમાં પાસ્ખા પર્વ પાળવામાં આવ્યું. વળી અહિં "યહોવાહના સૈન્યના સરદાર"નું દર્શન યહોશુઆને થયું (યહો. ૫). કદાપિ આ કોઇ ઉત્પન્ન કરેલો માણસ કે દેવદૂત ન હતો પણ પુત્ર પોતે હતો. પ્રભુએ યરેખોનો અજાયબ રીતે સંહાર કીધો (ન્યાયા. ૬) ત્યારથી યહોશુઆને ઘણી લડાઇઓ કરવી પડી, જે બધાનું બ્યાન યહોશુઆના પુસ્તકમાં કરવામાં આવ્યું છે. ૭ કોમને તથા ૩૧ રાજાઓને યહોશુઆએ જીત્યા (યહો. ૧૧; ૧૮-૨૩: ૧૨; ૨૪), અને એ પ્રમાણે

યહોશુઆએ કનાન દેશ જીતીને કુળો પ્રમાણે દેશની વહેંચણી કરી આપી. ૭ આશ્રયનગર ઠરાવ્યાં; ૪૮ નગરો લેવીઓને તથા યાજકોને આપ્યાં, અને એફ્રાઇમના પહાડી મુલકનું 'તિમ્નાથ-સેરાહ' નામનું નગર યહોશુઆએ પોતાને માટે વતન તરીકે લીધું. અને શીલોહમાં મુલાકાતમંડપ ઉભો કીધો. તેને સોંપેલું કામ પુરૂં થતાં ૧૧૦ વર્ષની ઉમરે મરણ પામ્યો, એટલે યરદન નદી ઓળંગ્યા પછી તે ૨૫ વર્ષ જીવ્યો. તેના શબને તેના પોતાના વતનમાં, એટલે 'તિમ્નાથ-સેરાહ'ના ગાઆશ ડુંગરની ઉત્તરે દફનાવ્યું. યહોશુઆ મુસાનો વહાલો સેવક અને દેવ પ્રત્યે પુરો વિશ્વાસુ સેવક હતો. તે બહાદૂર અને બીક વગરનો હતો. પ્રભુ ઇસુનું નામ જેઓ ધરે છે તેઓને માટે તે નમુનારૂપ હતો. તે કહે છે કે "હું અને મારા ઘરના તો યહોવાહની સેવા કરીશું" (યહો. ૨૪; ૧૫). યહોશુઆ બીજા બધા કરતાં બહુ બંધ બેસતી રીતે નીચેની ત્રણ બાબતોમાં ઇસુ ખ્રીસ્તનો ચિન્હરૂપ છે (હેબ્રી. ૪; ૮). (૧) યહોશુઆ અને ઇસુનું નામ સરખાં છે. (૨) યહોશુઆ જેમ પોતાના લોકને કનાન દેશમાં લાવ્યો તેમ ઇસુ પોતાના લોકને આકાશી કનાનમાં લઇ જાય છે. (૩) જેમ મુસા પછી યહોશુઆ થયો અને તેણે ઇસ્રાએલીઓને કનાનમાં પહોંચાડ્યા તેમ નિયમશાસ્ત્ર પ્રભુના લોકને માટે બાળશિક્ષકનું કામ કર્યા બાદ ખ્રીસ્ત ઇસુની સુવાર્તા તેમને આકાશી કનાનમાં પહોંચાડે છે.

યહોશુઆનું પુસ્તક. આ પુસ્તકમાં મુસાના મરણથી માંડીને તે યહોશુઆ સુધીનો ઇસ્રાએલીઓનો ઇતિહાસ આવે છે. આ પુસ્તકમાં સમાએલી વાતો આશરે ૨૫ વર્ષ સુધીની છે, એટલે ઇ.સ.પૂ. ૧૪૫૧–૧૪૨૬. પુસ્તકનો રચનાર પોતેજ છે (૩; ૧૫ : ૧૬; ૬ : ૨૫; ૨૪), પણ થોડાંએક વાક્યો પાછળથી ઉમેરવામાં આવ્યાં છે (૪; ૯ : ૬; ૨૫ : ૧૦; ૧૩ : ૧૫; ૧૩-૧૯, ૬૩ : ૧૬; ૧૦ : ૧૫; ૪૭ : ૨૪; ૨૯–૩૩). યહો. ૧૦; ૧૨–૧૫ સુધીમાં જે ચમત્કાર આવે છે તે વાત આશેરના પુસ્તકમાંથી લીધેલ છે. એ વિષે માણસ ગમે તે વાંધો લે પણ પ્રભુને એવો ચમત્કાર કરવાને પણ શક્તિ છે. **પૃથક્કરણ.** મુખ્ય ત્રણ ભાગ છે. (૧) ૧–૧૨. પાલેસ્તાઇન દેશ જીતવાની ઐતિહાસિક વાત. (૨) ૧૩–૨૨. ભૂગોળ સંબંધી વાત, એટલે દેશનું કુળોમાં વહેંચણ. (૩) ૨૩, ૨૪. યહોશુઆનાં છેલ્લાં બે સુંદર ભાષણો અને તેના મરણ વિષે. યહોશુઆ–મુસાનો ઉત્તરાધિકારી, અમલેકની સામે લડ્યો (નિર્ગ. ૧૭; ૧૩, ૧૪). મુસાનો સેવક (૨૪; ૧૩ : ૩૨; ૧૭ : ૩૩; ૧૧). બાર જાસુસોમાંનો એક (ગણ. ૧૩; ૮). વિશ્વાસુ (૧૪; ૬, ૩૦, ૩૮ : ૨૬; ૬૫ : ૩૨; ૧૨). મુસાની જગ્યા પર તેની નિમણુક (૨૭; ૧૮ : ૩૪; ૧૭. પુન. ૧; ૩૮ : ૩; ૨૮ : ૩૧; ૩, ૨૩ : ૩૪; ૯). યરદન ઓળંગી (યહો. ૩, ૪). બળવાન થા (યહો. ૧; ૭). તેણે જાસુસો મોકલ્યા (૨; ૧). પાસ્ખા પાળ્યું (૫; ૧૧). દૂત દેખાયો (૫; ૧૩). યરેખો લીધું (૬;). આખાનનું પાપ (૭;). આય જીત્યું (૮;). ગિબઓનીઓ સાથે સંપ (૯;). દક્ષિણ તરફની સેનાને હરાવી (૧૦;). ઉત્તર તરફની સેનાને હરાવી (૧૧;). દેશનું વહેંચણ (૧૪–૨૧). તેનાં ભાષણ (૨૩ : ૨૪). મરણ (૨૪; ૨૯). વળી (ન્યા. ૧; ૧ : ૨; ૬, ૭, ૮, ૨૧-૨૩. ૧ રા. ૧૬; ૩૪. ૧ કાળ. ૭; ૨૭). (૨) યહોશુઆ બેથશેમેશી. જે ગાડું પલિસ્તીઓના દેશમાંથી કોશ લઇને આવ્યું તે આ માણસના ખેતરમાં થોભ્યું હતું. ત્યાં ગાડાનાં લાકડાં ચીરીને રથે જોડેલી ગાયોને કાપી દહનીયાર્પણ ચઢાવ્યું હતું (૧ શમૂ. ૬; ૧૪, ૧૮). (૩) યરૂશાલેમ શહેરનો એક સુબો હતો (૨ રા. ૨૩; ૮). (૪) યહોસાદાકનો પુત્ર યહોશુઆ. ઝરૂબ્બાબેલની સરદારી નીચે જે યહુદીઓ બંદિ-

પ્રવાસથી આવેલા હતા તેમનો પ્રમુખ યાજક હતો (હાગા. ૧ ; ૧, ૧૨, ૧૪ : ૨ ; ૨, ૪. ઝખા. ૩ ; ૧ : ૬ ; ૧૧). તેને નહે. ૭ ; ૭ : ૧૨ ; ૧, ૭, ૧૦, ૨૬ માં 'યેશુઆ' કહે છે.

યહોશેબા (૨ રા. ૧૧ ; ૨). જુઓ યહોશાબઆથ (૨ કાળ. ૨૨ ; ૧૧).

યહોસાદાક = યહોવાહે ન્યાય કર્યો. ઝરૂબ્બાબેલની સરદારી નીચે જે યહુદીઓ દેશમાં પાછા આવ્યા તેમાં પ્રમુખ યાજક યહોશુઆ (જુઓ યહોશુઆ નંબર ૪) હતો તેનો પિતા. તે પ્રમુખ યાજક સરાયાહનો પુત્ર (૧ કાળ. ૬ ; ૧૪, ૧૫). તેને ઘણું કરીને નબૂખાદનેસ્સાર કેદ કરીને બાબેલ લઇ ગયો અને ત્યાંજ મરણ પામ્યો. તેને યોસાદાક પણ કહે છે (એઝ. ૩ ; ૨, ૮ : ૫ ; ૨ : ૧૦ ; ૧૮. નહે. ૧૨ ; ૨૬).

યહોહાનાન = યહોવાહની બક્ષીસ. (૧) મંદિરની વારાટોળીનો એક કોરાહી (૧ કાળ. ૨૬ ; ૩). (૨) યહોશાફાટના સૈન્યના અમલદારોમાંનો એક હતો. તેની સાથે બે લાખ અને એંસી હજાર લડવૈયા હતા (૨ કાળ. ૧૭ ; ૧૫). (૩) પ્રમુખ યાજક યહોયાદાએ યહોઆશને રાજા ઠરાવતાં રાજ્યના જે શતાધિપતિઓ હતા તેમની સાથે કોલકરાર કર્યો. આ શતાધિપતિઓમાં એક ઇશ્માએલ નામનો હતો, તેના પિતાનું નામ યહોહાનાન હતું (૨ કાળ. ૨૩ ; ૧). (૪) (એઝ. ૧૦ ; ૬). (૫) (એઝ. ૧૦ ; ૨૮). (૬) (નહે. ૬ ; ૧૮). (૭) (નહે. ૧૨ ; ૧૩). (૮) (નહે. ૧૨ ; ૪૨).

યાઅકાન = તે મરડે છે. (૧) ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીમાં છાવણીની એક જગ્યાને આ નામ આપવામાં આવેલ છે. તેને હાલ 'એલ-મેઇન' કહે છે, જે હોર પર્વતની પશ્ચિમે ૬૦ માઇલ ઉપર આવેલ છે (પુન. ૧૦ ; ૬). (૨) એસાવવંશી એસેરના પુત્રોમાંનો એક (૧ કાળ. ૧ ; ૪૨).

યાઅકોબાહ = એડી પકડનાર. શિમઓનના કુટુંબોનો એક મુખ્ય પુરૂષ (૧ કાળ. ૪ ; ૩૬).

યાઅઝાન્યાહ = યહોવાહને સાંભળ્યો. (૧) જ્યારે બાબેલના રાજાએ ગદાલ્યાહને યરૂશાલેમનો સુબો ઠરાવ્યો ત્યારે પ્રજા વર્ગમાંના પ્રસિદ્ધ પુરૂષોમાંનો એક માઅખાથીનો દીકરો યાઅઝાન્યાહ નામનો હતો (૨ રા. ૨૫ ; ૨૩. યિર્મે. ૪૦ ; ૮ : ૪૨ ; ૧). તેને યિર્મે. ૪૩ ; ૨ માં અઝાર્યાહ કહે છે. (૨) રેખાબી ગોત્રનો મુખ્ય પુરૂષ હતો, તેના પિતાનું નામ યિર્મેયાહ હતું (યિર્મે. ૩૫ ; ૩). (૩) ભવિષ્યવાદી હઝકીએલે પોતાના દર્શનમાં યરૂશાલેમના મંદિરમાં ચાલતી અમંગળ પૂજા જોઇ, તે પૂજામાંના ૭૦ વડીલોમાંનો એક શાફાનનો પુત્ર યાઅઝાન્યાહ નામનો હતો (હઝ. ૮ ; ૧૧). (૪) ભવિષ્યવાદી હઝકીએલે યહોવાહના ઘરના પૂર્વ દરવાજા આગળ જે પચ્ચીસ માણસનું દર્શન દીઠું તેમાંનો એક લોકોનો સરદાર આઝ્ઝૂરનો પુત્ર યાઅઝાન્યાહ હતો (હઝ. ૧૧ ; ૧).

યાઅઝીએલ = પ્રભુએ બનાવ્યો. એક દ્વારપાળ (૧ કાળ. ૧૫ ; ૧૮).

યાઅઝીયાહ = યહોવાહથી દિલાસો પામેલ. લેવી મરારીના પુત્રોમાંનો એક (૧ કાળ. ૨૪ ; ૨૬, ૨૭).

યાઅરે-ઓરગીમ = વણકરનું અરણ્ય. આ નામનો એક બેથલેહેમી માણસ હતો તેના પુત્ર એલ્હાનાને ગોલ્યાથ ગિત્તીને માર્યો હતો ; તેના ભાલાનો દાંડો વણકરના તોર જેવો હતો (૨ શમૂ. ૨૧ ; ૧૯). તેને ૧ કાળ. ૨૦ ; ૫ માં 'યાઇર' કહે છે.

યાઅરેશ્યાહ (૧ કાળ. ૮ ; ૨૭).

યાઅલા (નહે. ૭ ; ૫૮).

યાઅલાહ = જંગલી બકરી. સુલેમાનના સેવકોના પુત્રોમાંનો એક, જે બંદિપ્રવાસથી પાછો આવ્યો હતો (એઝ. ૨ ; ૫૬. નહે. ૭ ; ૫૮).

યાઅશાવ = બનાવટ કરનાર. જે ઇસ્રાએલીઓ બંદિપ્રવાસથી પાછા આવ્યા અને જેઓ પરદેશી સ્ત્રીઓ પરણ્યા તેમાંનો એક માણસ આ નામનો હતો (એઝ. ૧૦ ; ૩૭).

યાઅસીએલ = પ્રભુએ બનાવ્યો. દાઉદ રાજાના અંગરક્ષક સિપાઇઓમાંનો એક હતો તેના પિતાનું નામ આબ્નેર હતું (૧ કાળ. ૨૭; ૨૧: ૧૧; ૪૭).

યાઇર–પ્રકાશક. (૧) સગૂબનો પુત્ર કે જેને ગિલઆદ દેશમાં ત્રેવીસ નગરો હતાં (૧ કાળ. ૨; ૨૨). તેણે આર્ગોબ પ્રાંત જીતી લઇને બાશાનને પોતાના નામ પરથી 'હાવ્વોથ-યાઇર' નામ આપ્યું (પુન. ૩; ૧૪. યહો. ૧૩; ૩૦. ગણ. ૩૨; ૪૧). (૨) ઇસ્રાએલીઓનો આઠમો ન્યાયાધીશ હતો. તેણે બાવીસ વર્ષ સુધી ઇસ્રાએલીઓનો ન્યાય કીધો (ન્યા. ૧૦; ૩–૫). તેને ત્રીસ પુત્ર હતા, તેઓ "ગધેડાના વછેરા પર સ્વારી કરનાર હતા." તેમને ત્રીસ નગર હતાં, જેને પુરાતન 'હાવ્વોથયાઇર' કહેતા હતા. તે ગિલઆદ દેશમાં હતું. યાઇર મરણ પામ્યો અને કામોનમાં દટાયો. (૩) એસ્તેરના કાકા મોર્દખાયનો પિતા એજ નામનો હતો, તે બિન્યામીની હતો (એસ્તે. ૨; ૫). (૪) એલ્હાનાનનો પિતા, જેણે ગોલ્યાથ ગિત્તીના ભાઇ લાહમીને માર્યો. તેના ભાલાનો દાંડો વણકરના તોર જેવો હતો (૧ કાળ. ૨૦; ૫). યાઇરના વંશજોને યાઇરી કહે છે. દાઉદ રાજાનો એક મુખ્ય કારભારી ઇરા તે યાઇર વંશનો હતો (૨ શમૂ. ૨૦; ૨૬).

યાએલ = પહાડી બકરી. દબોરાહ ભવિષ્યવાદેણ આત્માથી ચેતાઇને ગાયન ગાઇને કહે છે કે, "હેબેર કેનીની સ્ત્રી યાએલ બીજી સ્ત્રીઓ કરતાં આશીર્વાદિત થશે; તે તંબુમાંની સ્ત્રીઓ કરતાં આશીર્વાદિત થશે" (ન્યાયા. ૫; ૨૪-૨૭). ઇસ્રાએલીઓ દબોરાહનું આ ગીત આનંદથી ગાય તેમાં નવાઇ જેવું નથી, કેમકે પ્રભુએ ઇસ્રાએલીઓને આ બાઇની હસ્તક બચાવ્યા હતા. જ્યારે કનાની રાજા યાબીનનો સરદાર સીસરા ઇસ્રાએલી સરદાર બારાક સામે લડતાં હાર પામી નાઠો ત્યારે નાસીને આ બાઇના તંબુમાં સંતાઇ ગયો; કેમકે હેબેર કેનીના વંશની સાથે યાબીન રાજાને સલાહ સંપ હતો. જ્યારે સીસરાને તંબુમાં આવતો તેણીએ જોયો ત્યારે યાએલે તેનો આવકાર કીધો અને તેને મળવા બહાર જઇ કહ્યું કે, "માંહે પધારો, મારા મુરબ્બી; મારી પાસે માંહે આવો, બીહો મા," ને સીસરા તેની પાસે અંદર ગયો. યાએલે તેને ધાબળીમાં સંતાડયો ને પાણી માગતાં દૂધ પીવાને આપ્યું. પછી સીસરા ઉંઘી ગયો, ને યાએલે તેના લમણામાં મેખ મારી તેને ઠેર મારી નાખ્યો. આજકાલ જેઓ સુવાર્તાના પ્રકાશીત અજવાળામાં રહે છે તેઓને દબોરાહે યાએલ વિષે ન્યાયા. ૫; ૨૪ માં જે આશીર્વાદિત વાત કરી તે અજાયબ જેવી લાગે કે પરમેશ્વર એક સ્ત્રી જે ઠગાઇ કરી બીજાને મારી નાખે તેને આશીર્વાદિત ગણે છે? આપણે તો જાણીએ છીએ કે ભુંડાને નહિ પણ ભલાને અનુસરવું. યાએલની વાત વાંચતાં એટલું તો જાણવું જરૂરનું છે કે જેટલું જ્ઞાન તેને હતું તેટલાનો તેણે ઉપયોગ કીધો. "જે કોઇને ઘણું આપેલું છે, તેના પાસેથી ઘણું મંગાશે" (લુક ૧૨; ૪૮). યાએલને બહુ આપવામાં આવ્યું ન હતું માટે તેની પાસે બહુ લેવામાં આવશે નહિ. કદાસ સીસરાને જ્યારે તેણે પોતાના તંબુમાં લીધો હશે ત્યારે તેને મારી નાખવાનો વિચાર તેના મનમાં નહિ હોય, પણ જ્યારે તે ભર નિદ્રામાં પડયો હશે ત્યારે કદાચ તેના મનમાં એવો વિચાર ઉત્પન્ન થયો હોય કે 'મેં કર્યું તે બહુ ખોટું કર્યું, શું પરમેશ્વર આ વખતે પોતાના લોકને વીસ વર્ષની ગુલામીમાંથી છોડાવશે નહિ? શું તેના લોક પર જુલમ કરનારને હું બચાવું? તેને બચાવવો તે પરમેશ્વરને સામા થવા જેવું નથી શું"? એવા વિચારોથી ઉશ્કેરાઇ જઇને સીસરાને મારી નાખવાને તે હિમ્મતવાન થઇ હશે, અને એમ પરમેશ્વરે એક અબળાના હાથે ઇસ્રાએલીઓનો છુટકારો કીધો.

યાઐરસ—યાઇરનું ગ્રીક ભાષાંતર. કાપર-

નાહુમ શહેરના સભાસ્થાનનો અધિકારી હતો. તેની એકની એક દીકરી જે આસરે બાર વર્ષની ઉમરની હતી, તેને ઇસુએ મરણમાંથી સજીવન કરી હતી (માર્ક ૫; ૨૨. લુક ૮; ૪૧). આ વખતે ઇસુની સાથે તેના ત્રણ શિષ્યો એટલે પીતર, યાકુબ અને યોહાન હતા. પોતાની સાથે તેમને મરણના ઘરમાં લઇ જઇ છોડીના માબાપને ઘરમાં રાખી બીજા બધાંને બહાર કાઢયાં. ઇસુ છોડીનો હાથ પકડીને કહે છે કે, "તાબીથા-કુમી" (દીકરી ઉઠ), અને તરત છોડી ઉઠીને ચાલી અને આથી તેઓ ઘણાં વિસ્મીત થયાં. પછીથી ઇસુએ તેને કંઇ ખાવાનું આપવાને હુકમ આપ્યો. ઇસુએ જે ત્રણ મરેલાંને સજીવન કર્યાં તેમાં એક યાઐરસની દીકરી છે, જે મરણ પામી હતી પણ ઘરમાંથી બહાર કાઢવામાં આવી ન હતી (માર્ક ૫; ૩૫-૪૩).

યાકાન = શોક કરનાર. ગાદપુત્રોમાંનો એક મુખ્ય પુરૂષ (૧ કાળ. ૫; ૧૩).

યાકીમ = સ્થાપક. (૧) યાજકોની બારમી વારાટોળીનો મુખ્ય (૧ કાળ. ૨૪; ૧૨). (૨) બિન્યામીની એક પુરૂષ (૧ કાળ. ૮; ૧૯).

યાકુબ = યુક્તિ કરી આગળ આવનાર, ઠગ. યાકુબનો પિતા ઇસ્હાક જ્યારે ૬૦ વર્ષની ઉમરનો હતો ત્યારે ઇસ્હાકની સ્ત્રી રિબ્કાહ એ જોડ દીકરા જણી, તેમાં જે પાછળથી આવ્યો તેનું નામ યાકુબ હતું. આ વખતે યાકુબના દાદા ઇબ્રાહીમની ઉમર ૧૬૦ વર્ષની હતી. યાકુબનો જન્મ ઘણું કરીને 'લાહાય-રોય' આગળ થયો (ઉત્પ. ૨૫; ૨૬: ૨૭; ૩૬. હોશી. ૧૨; ૨-૪. વળી ઉત્પ. ૨૪; ૬૨). યાકુબ ગરીબ સ્વભાવનો, શરીરે સુંવાળો અને માંડવામાં વાસો કરનાર ભરવાડ હતો. પણ તેનો જોડ ભાઇ એસાવ ચતુર, શિકારી, શરીરે ખડતલ અને જંગલમાં ફરનાર માણસ હતો. ઇસ્હાકનો જ્યારે એસાવ પર પ્યાર હતો ત્યારે રિબ્કાહ યાકુબને એસાવ કરતાં વધારે ચહાતી હતી. યાકુબે ઠગાઇ અને આપસ્વાર્થ વાપરી પોતાના ભાઇનું જ્યેષ્ઠપણું છીનવી લીધું (ઉત્પ. ૨૫; ૨૯-૩૪). જ્યારે યાકુબનો પિતા ઘરડો થયો અને તેની આંખનું તેજ ઓછું થયું, ત્યારે યાકુબની મા રિબ્કાહે ઠગાઇ કરી એસાવનો આશીર્વાદ યાકુબને અપાવ્યો (ઉત્પ. ૨૭), અને એમ એસાવના જ્યેષ્ઠપણાનો હક યાકુબને આપવામાં આવ્યો. આ જ્યેષ્ઠપણામાં નીચેના ચાર મોટા આશીર્વાદો સમાએલા હતા જે એસાવે ખાવાની લાલચમાં ખોઇ નાખ્યા. (૧) પોતાના કુટુંબમાં બીજા કરતાં ચઢતી પદવી તેની ગણાતી હતી (ઉત્પ. ૪૯; ૩). (૨) બાપથી ઉતરેલા વારસાનો બમણો હિસ્સો તેને મળે (પુન. ૨૧; ૧૭). (૩) આ કુટુંબમાં યાજકપદની સ્થાપના થવાની હતી (ગણ. ૮; ૧૭-૧૯). (૪) તેના બીજમાં પૃથ્વીના સર્વ લોક આશીર્વાદ પામવાના હતા (ઉત્પ. ૨૨; ૧૮). પિતા પાસેથી યાકુબ ઉપર પ્રમાણે આશીર્વાદ પામીને ઘેર આવ્યો, પણ એસાવે જ્યારે યાકુબની ઉપલી ઠગાઇની વાત જાણી ત્યારે યાકુબનો દ્વેષ કીધો ને યાકુબને મારી નાખવાનું મનમાં વિચાર્યું. જ્યારે આ વાત રિબ્કાહના જાણવામાં આવી ત્યારે યાકુબને બોલાવીને રિબ્કાહે સમજાવ્યું કે, તું તારા ભાઇનો ક્રોધ સમી જાય ને તેં જે કીધું છે તે તે વીસરી જાય ત્યાં સુધી મારા ભાઇ લાબાનની પાસે હારાનમાં નાસી જા, અને રિબ્કાહની સલાહ મુજબ ઇસ્હાકે પણ યાકુબને ત્યાં જવાને ફરમાવ્યું. અને કહ્યું કે, "કનાન દેશની દીકરીઓમાંથી તું બાયડી ન લે, પણ પાદ્દાનારામમાં તારી માના બાપ બથુએલને ઘેર જા, ને ત્યાંથી તારા મામા લાબાનની દીકરીઓમાંથી તું પોતાને સારૂં બાયડી લે" (૨૮). તે પરથી યાકુબ પોતાના પિતાનું ઘર છોડી ૪૦૦ માઇલ દૂર આવેલ પાદ્દાનારામમાં પોતાના મામાને ત્યાં ગયો. રસ્તે જતાં લૂઝમાં તેને સ્વર્ગની સીડીનું દર્શન થયું કે, જે ઉપર દેવના દૂતો ચઢતા ઉતરતા હતા. આ જગ્યાએ યાકુબે એક પત્થર

સ્તંભને સારૂ ઉભો કીધો ને તેને માથે તેલ રેડયું અને તેણે તે જગ્યાનું નામ 'બેથેલ' પાડયું (૨૮;૧૨). આ વખતે યાકુબની ઉમર ૭૦ વર્ષની હતી. આતો પહેલું દર્શન હતું. ત્યાંથી નીકળી યાકુબ પોતાના મામા લાબાન પાસે ગયો. અને ત્યાં તેની દીકરી રાહેલને મળ્યો (૨૯). મોટી દીકરી લેઆહ કરીને હતી, પણ તેની આંખ જરા નબળી હતી તેથી યાકુબે રાહેલ જે સુંદર તથા રૂપાળી હતી તેની ઉપર પ્રીતિ કરી. અને તેને પોતાની સ્ત્રી કરવાને માટે યાકુબે સાત વર્ષ સુધી લાબાનની નોકરી બજાવવાનો કરાર કર્યો. સાત વર્ષ પુરાં થયાં ત્યારે જેમ યાકુબે પોતાના પિતાને ઠગ્યો હતો તેમ લાબાને તેને ઠગ્યો. એટલે રાહેલને બદલે લેઆહને યાકુબ સાથે પરણાવી. પછી રાહેલ સાથે પરણવાને માટે બીજાં સાત વર્ષ લાબાનની નોકરી કરવાની યાકુબને જરૂર પડી. આ પ્રમાણે નોકરીના ચૌદ વર્ષ પુરાં થયાં ત્યારે યાકુબે પોતાનાં માબાપ પાસે જવાનો વિચાર કર્યો. પણ લાબાનની વિનંતિથી તે બીજાં છ વર્ષ તેના ઢોરને વાસ્તે રહ્યો (ઉત્પ. ૩૧; ૪૧). ત્યાર પછી લાંબી મુદતે યાકુબ પોતાના માબાપ પાસે જવાને પોતાના સઘળા પરિવાર સાથે નીકળ્યો. (૩૧) આ ખબર સાંભળતાં લાબાન ગુસ્સે થયો ને તેની પાછળ પડીને સાત દિવસની મુસાફરીમાં તેને પકડી પાડયો. અહિં ઘણી રકઝક થયા પછી તેઓએ કરાર કીધો. અને તે જગ્યાએ એક પત્થરનો ઢગ ઉભો કીધો. તેને લાબાને યગાર–સાહદૂથા (અરામીમાં સાક્ષીરૂપી ઢગલો), અને યાકુબે તેને ગાલએદ (હેબ્રીમાં સાક્ષીરૂપી ઢગલો) કહ્યો (૩૧; ૪૭). ત્યાર પછી તેઓ એક બીજાને મળીને સલાહ સંપથી જૂદા પડ્યા. લાબાનથી જૂદા પડ્યા પછી થોડી વારમાં યાકુબને દેવના દૂતો મળ્યા. યાકુબ સહીસલામત વચનના દેશમાં પાછો આવ્યો તેથી કરીને જાણે કે દૂતોએ યાકુબનો આવકાર કીધો. આ જગ્યાનું નામ યાકુબે માહનાઇમ (બેવડી છાવણી) પાડયું (૩૨; ૧, ૨). આ તો યાકુબને થએલું બીજું દર્શન હતું. વીસ વર્ષ ઉપર બેથેલમાં થએલું પહેલું દર્શન તે આ દર્શનનો એક ભાગ હતો (૨૮; ૧૨). ત્યાર પછી યાકુબે સાંભળ્યું કે મારો ભાઇ એસાવ ૪૦૦ માણસ સાથે મને મળવાને આવે છે ત્યારે તે ઘણોજ બીધો ને ભયભિત થયો. આ ભારે દુ:ખમાં તેણે વિચાર કર્યો કે પ્રભુ શિવાય હવે મારો બીજો કોઇ મદદગાર નથી. તેથી પ્રભુની આગ્રહતાથી પ્રાર્થના કરવી, એસાવના કાલાવાલા કરવા અને તેને માટે સારી ભેટ મોકલવી. પછી પોતાનાં ઢોર તથા ઘેટાંનાં તેણે બે ભાગ પાડ્યા અને યાબ્બોક નાળાની પાર તેમને તથા પોતાની બે સ્ત્રીઓ તથા પોતાની બે દાસીઓ તથા પોતાના અગીઆર દીકરાઓને ઉતાર્યા. અને પોતે પરમેશ્વરનો સમાગમ કરવાને પાછળ રહી ગયો. અને જુઓ આખી રાત પ્રભાત સુધી એક પુરૂષે તેની સાથે મલયુદ્ધ કીધું. આ વખતે તે પુરૂષથી યાકુબનું નામ બદલી તેનું નામ ઇસ્રાએલ પાડવામાં આવ્યું. (ઇસ્રાએલ= દેવની સાથે સાથે મલયુદ્ધ કરનાર). કેમકે "દેવની તથા માણસોની સાથે તેં યુદ્ધ કીધું છે ને જય પામ્યો છે." એમ તેણે કહ્યું, પછીથી યાકુબે તે જગ્યાનું નામ પનીએલ (= દેવનું મ્હો) પાડયું. કેમકે તેણે કહ્યું કે "મેં દેવને મ્હોડેમ્હોડ દીઠો છે, તો પણ મારો જીવ બચ્યો છે" (૩૨; ૩૦). આ પ્રમાણે પ્રભુએ યાકુબની પ્રાર્થના સાંભળી અને તેને આ ત્રીજું દર્શન આપ્યું. ચિંતાતુર રાત પુરી થઇ પ્રભાત થતાં તેણે એસાવને ચારસેં માણસ સાથે આવતાં જોયો. એસાવ આગળ નીકળી પોતાના ભાઇ યાકુબને મળ્યો. અને ત્યાર પછી તેમની જીંદગીમાં તેઓ એક બીજાની સાથે ભાઇના સંબંધે વર્તવા લાગ્યા. યાકુબ પોતાનાં ઢોર તથા નાનાં બાળકો સાથે ચાલતાં પાછળ રહ્યો અને એસાવ આગળ ગયો. સુક્કોથમાં આવીને યાકુબે મુકામ નાંખ્યો ને

ત્યાં પોતાને સારૂ તથા ઢોરને સારૂ ડેહાણુ કીધું. ત્યાર પછી ત્યાંથી નીકળીને કનાન દેશના શખેમમાં મુકામ કીધો (૩૩; ૧૮). ત્યાં દીનાહની ખાતર મોટી કતલ ચાલી, ને શખેમના ઘણા માણસોને કતલ કરવામાં આવ્યા (ઉત્પ. ૩૪). ત્યાર પછી યાકુબને ચોથું દર્શન થયું, અને તેને બેથેલ જવાનું અને ત્યાં વેદી બાંધવાનું ફરમાવવામાં આવ્યું. અને યાકુબ પોતાના ભાઇ એસાવથી નાઠો ત્યારે જે દેવે તેને દર્શન આપ્યું હતું, ત્યાં આવીને એટલે બેથેલમાં તેણે વેદી બાંધી, ને તે જગ્યાનું નામ 'એલ-બેથેલ' પાડયું (૩૫; ૬, ૭). અહિં દબોરાહ રિબ્કાહની દાઇ મરણ પામી, ને તેને બેથેલ પાસે આલોન વૃક્ષ તળે દાટી, અને તે વૃક્ષનું નામ 'આલોન-બાખૂથ' (વિલાપનું વૃક્ષ) પાડયું. અહિં પ્રભુએ યાકુબને પાંચમું દર્શન આપ્યું અને ઇબ્રાહીમ તથા ઇસ્હાકને આપેલું વચન દૃઢ કીધું (૩૫; ૧૧-૧૩). અત્રે યાકુબે પત્થરનો એક સ્તંભ ઉભો કીધો અને તેનું નામ યાકુબે બેથલ પાડયું. પછી યાકુબ જ્યારે બેથેલથી નીકળી એફ્રાથ (કનાની નામ બેથલેહેમ) જતો હતો ત્યારે રસ્તામાં રાહેલ પ્રસુત થઇ, બીજા દીકરા બિન્યામીનને જણી પણ તે પ્રસંગે રાહેલ મરણ પામી (૩૫; ૧૬-૨૦). યુસફ પછી પંદર કે સોળ વર્ષે બિન્યામીન જન્મ્યો. રાહેલના શબને એફ્રાથ જે બેથ-લેહેમ તેને રસ્તે દાટવામાં આવ્યું, અને તે ઉપર યાકુબે કબર બંધાવી. ત્યાર પછી મામરે એટલે કિર્યાથ-આર્બા જે હેબ્રોન કહેવાય છે જે પોતાના બાપદાદાની જુની જગ્યા છે ત્યાં પોતાના પિતા ઇસ્હાક પાસે આવ્યો. આ વખતે ઇસ્હાક ઘરડો તથા દહાડાઓમાં પરિપુર્ણ થઇ મરણ પામ્યો અને એસાવ તથા યાકુબે તેને દફનાવ્યો (ઉત્પ. ૩૫; ૨૭-૨૯). આ વખતે યાકુબ ૧૨૦ વર્ષની ઉમરનો હતો. આ બનાવ પછી થોડા દિવસમાં યાકુબને માથે પોતાના દીકરા યુસફના મરણ વિષે તેના ભાઇઓએ જે ઠગાઇ કરી તેને ખોટી ખબર આપી તેથી ભારે દુઃખ આવી પડયું (૩૭; ૩૩). ત્યાર પછી દુકાળની વાત આવે છે, જેમાં યાકુબના દીકરાઓ મિસર દેશમાં અનાજને વાસ્તે જાય છે (૪૨), જ્યાં યુસફની લાંબી મુદતે શોધ લાગે છે, અને ત્યાર પછી યાકુબ પોતાના આખા કુટુંબ સાથે એટલે લગભગ ૭૦ માણસો સાથે મિસર દેશમાં જાય છે (નિર્ગ. ૧; ૫. ગણ. ૨૬; ૨૮-૩૭). રસ્તે ચાલતાં બેરશેબા આગળ આવે છે અને દેવ તેને છઠ્ઠું દર્શન આપીને કહે છે કે, "મિસર દેશમાં જતાં બીશ મા, કેમકે ત્યાં હું તારાથી મોટી પ્રજા ઉત્પન્ન કરીશ, હું તારી સાથે મિસર દેશમાં આવીશ, ને હું તને નિશ્ચે પાછો લાવીશ, ને યુસફ તેનો હાથ તારી આંખ પર મુકશે." પછી યાકુબ ત્યાંથી નીકળીને ગોશેન પ્રાંતમાં જઇ રહ્યો. જ્યારે યાકુબ ફારૂન રૂબરૂ હાજર થયો ત્યારે તેની ઉમર ૧૩૦ વર્ષની હતી. આ વખતે યાકુબે પોતાની જીંદગી ઉપર આવી પડેલી મુસીબતીઓ યાદ કરતાં ફારૂનને કહ્યું કે, "મારી વયના દીવસ થોડા તથા વ્યર્થ ગયા છે." ત્યાર પછી યાકુબ ૧૭ વર્ષ જીવ્યો. પછી જ્યારે ઇસ્રાએલનો મરણ સમય પાસે આવ્યો ત્યારે પોતાના દીકરા યુસફને બોલાવીને પોતાના શબને પોતાના પિતૃઓના કબ્રસ્તાનમાં દાટવાની ભલામણ કરી. અને પોતાના દીકરાઓને બોલાવી આશીર્વાદ આપ્યો. અને ત્યાર પછી ૧૪૭ વર્ષની વયે યાકુબ મરણ પામ્યો. તેના મરણને લીધે મિસરીઓએ સિત્તેર દિવસ શોક પાળ્યો. અને તેના શબને લઇ જઇને માખ્પેલાહની ગુફામાં દાટયું (૪૯; ૩૩: ૫૦; ૧-૧૩). ભવિષ્યવાદીઓ ઇસ્રાએલીઓને નસીયત આપતાં તથા તેઓ ઉપરનો પ્રેમ સાબીત કરતાં હોશીઆ અને માલાખી (હોશી. ૧૨; ૩, ૪, ૧૨. મલા. ૧; ૧, ૨) યાકુબના ઇતિહાસની નોંધ લે છે. મીખા. ૧; ૫ માં યાકુબનું નામ લાક્ષણિક રીતે ઇસ્રાએલીઓને

તેમજ ઇસ્રાએલી રાજ્યને આપવામાં આવ્યું છે (હેબ્રી ૧૨; ૧૬ : ૧૧; ૨૧. રૂમી. ૯; ૧૧-૧૩). વળી બેથેલમાં થએલા દર્શન સાથે તથા શખેમમાં કરેલા તેના મુકામ સાથે અને દુકાળ સાથે (યોહા. ૧; ૫૧ : ૪; ૫, ૧૨. પ્રે. કૃ. ૭; ૧૨ સરખાવો). યાકુબને આપેલા પદવીસુચક નામ 'ઇસ્રાએલ' પરથી તેની આખી કોમને ઇસ્રાએલ એવું નામ આપવામાં આવે છે (પુન. ૩૪; ૧૦. ગીત. ૧૪; ૭. યશા. ૧૪; ૧, ૨. મીખા. ૭; ૨૦). તેની તથા તેના બાપદાદાઓની પ્રભુ ઇસુ સાક્ષી પુરે છે કે તેઓ સ્વર્ગમાં છે (માત્થી ૮; ૧૧). યાકુબ—તેનો જન્મ (૨૫; ૨૪). જ્યેષ્ઠપણું ખરીદે છે (૨૫; ૨૯-૩૩). ઇસ્હાકને ઠગ્યો (૨૭;). નાઠો (૨૭; ૪૩ : ૨૮). દર્શન (૨૮;). લગ્ન (૨૯;). કુટુંબ (૨૯; ૩૧ : ૩૦). વેતન (૩૦; ૨૮). લાબાનથી નાઠો (૩૧;). એસાવની બીક (૩૨;). ઇસ્રાએલ કહેવાયો (૩૨; ૨૪). એસાવ યાકુબ સાથે મળી ગયો (૩૩;). શખેમની વાત (૩૩; ૧૮ : ૩૪;). બેથેલ જાય છે અને રાહેલનું મરણ (૩૫;). યાકુબના દીકરા યુસફનું વેચાણ (૩૭;). મિસરમાં જાય છે (૪૫; ૨૫ : ૪૬; ૧). ફારૂનની આગળ (૪૭; ૭). યુસફના પુત્રોને આશીર્વાદ (૪૮;). તેના બધા પુત્રોને આશીર્વાદ (૪૯;). મરણ અને દફન (૫૦;). (યાકુબ ૧૮૩૭–૧૬૯૦ =૧૪૭ વર્ષ). તેનું જીવનચરિત્ર (ઉત્પ. ૨૫–૫૦) સુધીમાં આપવામાં આવ્યું છે.

યાકુબનો કુવો (યોહા. ૪; ૫, ૬). પાલેસ્તાઇન દેશમાં એવી જગ્યા બહુ થોડી છે કે જે વિષે કશી તકરાર ન હોય. આ કુવો યાકુબે જે જમીનનો ટુકડો હામોરના દીકરાઓ પાસેથી વેચાતો લીધો હતો તેમાં ખોદાવ્યો હતો. આ કુવો યાકુબે પોતે ખોદાવ્યો હતો માટે તેનું નામ 'યાકુબનો કુવો' એવું પડયું (ઉત્પ. ૩૩; ૧૯). હજી સુધી આ કુવો હૈયાત છે પણ તેમાં પાણી નથી. આ કુવો શખેમની અગ્નિકોણમાં એબાલ અને ગરીઝીમ પર્વતોની ખીણમાં પેસતાં નાકામાં આવેલ છે. તેની મધ્ય રેખા ૯ ફુટની તથા ઉંડાઇ ૭૫ ફુટની છે, એ ઉપરથી જણાય છે કે અસલના વખતમાં હાલના કરતાં આ કુવો બમણો ઉંડો હશે. આવો કુવો ખોદતાં ખરેખર ઘણી મહેનત તથા ખરચ થયો હશે. આ કુવાના સંબંધે નવા કરારમાં સમરૂની સ્ત્રીની વાત જોડાએલી છે કે જ્યાં ઇસુએ 'જીવનના પાણીનો' મધુર બોધ આપ્યો હતો. (૨) કુંવારી મરિયમના ધણી યુસફના પિતાનું નામ યાકુબ હતું કે જેણે યુસફને દત્તક લીધો હતો (માત્થી ૧; ૧૫, ૧૬). (૩) ઝબદીનો દીકરો. તેની માનું નામ શાલોમી અને તેના મોટા ભાઇનું નામ યોહાન પ્રેરિત હતું. તે ઇસુના બાર શિષ્યોમાંનો એક હતો. એમ લાગે છે કે ઇ. સ. ૩૦ માં તે પ્રભુ ઇસુનો શિષ્ય થયો. યાકુબ તથા તેનો ભાઇ યોહાન માછીનો ધંધો કરતા હતા અને પીતરની સાથે ભાગમાં કામ કરતા હતા (લુક ૫; ૧૦. માત્થી ૨૦; ૨૦ : ૨૭; ૫૬). પીતર યાકુબ અને યોહાનની પદવી બીજા શિષ્યો કરતાં વધારે દેખાય છે. આ ત્રણ શિષ્યોને ત્રણ ખાસ પ્રસંગે ઇસુએ બીજા શિષ્યોથી જુદા પાડયા હતા. યાઐરસની દીકરીને સજીવન કરી ત્યારે (લુક ૮; ૫૧) તથા રૂપાંતરના પહાડ પર (માત્થી ૧૭; ૧) અને ગેથસેમાનેની વાડીમાં (માત્થી ૨૬; ૩૭). વળી ઇસુ જ્યારે મંદિરને પાડી નાખવાની વાત કરતો હતો ત્યારે આ ત્રણ અને તે ઉપરાંત એક ચોથો શિષ્ય એટલે આંદ્રયા હાજર હતો (માર્ક ૧૩; ૩). આ યાકુબ તથા તેના ભાઇ યોહાનની અટક 'બોઅનેર-ગેસ' એટલે ગર્જનાના દીકરા એવી પાડી હતી. પ્રેરિત મંડળમાં પહેલો શાહેદ થનાર આ યાકુબ હતો. જેને હેરોદ આગ્રીપાએ (પ્રે. કૃ. ૧૨; ૧, ૨) ઇ. સ. ૪૪ માં તરવારની ધારથી કાપી નાખ્યો (માત્થી ૪; ૨૧ : ૨૦; ૨૦–૨૩. સરખાવો), જુઓ

પ્રેરિત યેહાન. યાકુબ ઝબદીનો દીકરો (માત્થી ૪; ૨૧: ૨૦; ૨૦-૨૩. માર્ક ૧; ૧૯. લુક ૫; ૧૦). બારમાંનો એક (માત્થી ૧૦; ૨. માર્ક ૩; ૧૭. લુક ૬; ૧૪. પ્રે. કૃ. ૧; ૧૩. માત્થી ૧૭; ૧. માર્ક ૯; ૨. લુક ૯; ૨૮. માત્થી ૨૬; ૩૭ માર્ક. ૧૪; ૩૩). હેરોદે મારી નાખ્યો (પ્રે. કૃ. ૧૨; ૨). તે શિવાય (માર્ક ૫; ૩૭: ૧૦; ૩૫, ૪૧: ૧૩; ૩. લુક ૮; ૫૧: ૯; ૫૪). (૪) અલફીનો દીકરો અને આપણા પ્રભુ ઇસુનો ઓરમાન ભાઇ (ગલા. ૧; ૧૮, ૧૯). તેને 'યાકુબ નાનો' કહેતા હતા, અને તેનું કારણ કદાપિ તેના શરીરનો બાંધો એવો હતો. ઇસુના ચાર ભાઇઓ હતા એટલે યાકુબ, યોસે, યહુદા તથા સીમોન અને તે ઉપરાંત બહેનો પણ હતી. યાકુબ તે યાકુબના પત્રનો રચનાર, અને યહુદા તે યહુદાના પત્રનો રચનાર હતો (જુઓ યહુદા). ૧ કરીં. ૯; ૫ પરથી જણાય છે કે ઇસુના ભાઇઓ પરણેલા હતા એટલુંજ નહિ, પણ તેઓ ઇસુથી મોટી ઉમરના હતા. ઇસુ સજીવન થઇને ઉઠયો ત્યારે યાકુબને પણ દેખાયો. એ વિષે જેરોમની મંડળીમાં એવી દંતકથા ચાલે છે કે, ઇસુના મરણ વખતે યાકુબે એવું વ્રત લીધું હતું કે, "ખ્રીસ્ત મરણમાંથી ઉઠે તોજ હું ખાઇશ તથા પીશ." અને એમજ જ્યારે ઇસુ કબરમાંથી ઉઠયો ત્યારે ઇસુએ રોટલી લઇને સ્તુતિ કરીને તેને આપી ને ત્યાર પછી તેણે ખાધું પીધું હતું. આજ વખતે યાકુબ ખ્રીસ્તી થઇને મંડળીમાં મેળવાયો, અને ત્યાર પછી આપણે શાસ્ત્રમાં વાંચીએ છીએ કે (ગલા. ૧; ૧૮, ૧૯) ઇ. સ. ૩૯ માં પાઉલ પહેલવહેલો યરૂશાલેમમાં ગયો ત્યારે ત્યાં તેણે યાકુબની તથા પીતરની મુલાકાત કીધી હતી. ઇ. સ. ૪૫ કે ૪૬ માં યાકુબે પોતાનો પત્ર લખ્યો, અને ઇ. સ. ૫૦ માં તે યરૂશાલેમની મહાસભામાં પ્રમુખ હતો (પ્રે. કૃ. ૧૫; ૧૩). અને ઇ. સ. ૫૪ માં જ્યારે પાઉલ ચોથે ફેરે યરૂશાલેમ ગયો ત્યારે યાકુબ, કેફા અને યોહાન મંડળીના થંભ જેવા માલમ પડ્યા હતા. પછી ઇ. સ. ૫૮ માં પાઉલ જ્યારે પાંચમી વખતે યરૂશાલેમ આવ્યો ત્યારે પણ તે યાકુબને મળ્યો (પ્રે. કૃ. ૨૧; ૧૮). અને એમજ ઝબદીનો દીકરો યાકુબ તરવારની ધારથી કપાઇ મુઓ, ત્યાર પછી આ અલફીનો દીકરો યાકુબ યરૂશાલેમ મંડળીનો આગેવાન થયો હશે. તેના મરણ વિષે જુદી જુદી વાતો ઉતરેલી છે. યુસેફસના ઇતિહાસમાં એમ જણાવવામાં આવે છે કે, જ્યારે રૂમી હાકેમ ફેસ્તસ (૬૦-૬૨) પાલેસ્તાઇન દેશમાંથી નીકળ્યો અને તેને બદલે તેનો ઉત્તરાધિકારી આલ્બીનસે (૬૨-૬૪) હજી તેની જગા પર આવી ચાર્જ લીધો ન હતો. પ્રમુખ યાજક આન્નાસે (લુક ૩; ૨. યોહા. ૧૮; ૧૩ માં આવેલા આન્નાસનો પુત્ર) સાન્હેદ્રિમ સભા ભેગી કરીને સભાની આગળ ઇસુના ભાઇ યાકુબને તથા બીજા કેટલાએક ખ્રીસ્તી ભાઇઓને મુસાના નિયમ તોડવા વિષે દોષિત ઠરાવી પત્થરે મરાવ્યા (ઇ. સ. ૬૨). યુસેબીયસ (૩૩૮) ના પુસ્તકમાં હેગેસિયસ (૧૮૦) નીચે પ્રમાણે વર્ણન કરે છે:—યાકુબ દેવની એટલી બધી પ્રાર્થના કરતો કે તેના ઢીંચણ ઉંટના જેવા કઠણ થઇ ગયા હતા. એના એવા વિશેષ ધર્માચારને લીધે તેને 'યાકુબ ન્યાયી' કહેતા હતા. વળી કોઇ વખતે તેને 'ઓબ્લીઆસ' (લોકનો બુરૂજ) પણ કહેતા હતા. તે દ્રાક્ષરસ પીતો નહિ, તેમજ માંસ ખાતો નહિ, અને સુગંધી તેલ માથામાં નાખતો નહિ, તેમજ હમામખાનાનો ઉપયોગ કરતો નહિ, અને ઉનનાં વસ્ત્ર પહેરતો નહિ. કેવળ એકલા તેનેજ પરમપવિત્રસ્થાનમાં પેસવાનો હક હતો. એક વખતે એવું બન્યું કે, યહુદી લોકે' યાકુબ પાસે આવીને તેને કહ્યું કે, "ઇસુની પાછળ ચાલતાં સઘળાં માણસો થાકી ગએલાં દેખાય છે માટે તું પણ પાસ્ખા પર્વને દિવસે મંદિરના બુરૂજ પર ચઢીને ઇસુની વિરૂદ્ધ સાક્ષી પુર." ત્યારે યાકુબ બુરૂજ ઉપર

ચઢીને મોટે ઘાંટે સાક્ષી પુરતાં કહેવા લાગ્યો કે, "માણુસનો પુત્ર જે ઇસુ તેના વિષે તમે મને કેમ પુછો છો?" તેજ ઇસુ મહા પરાક્રમને જમણે હાથે આકાશમાં બિરાજેલો છે અને આકાશનાં વાદળાંમાં તે ફરી પાછો આવવાનો છે. ત્યારે યહુદીઓ ઘણા ગુસ્સે થયા અને બોલ્યા કે અરેરે, જે ન્યાયી તે પણ બીજાઓની માફક ભટકી ગયો છે! માટે બુરૂજ પરથી તેને પાડી નાખીને પત્થરે મારવા લાગ્યા; આ પ્રસંગે યાકુબે ઘુંટણે પડીને પરમેશ્વરની પ્રાર્થના કરતાં કહ્યું કે, "હે પ્રભુ પિતા, એઓ જે કરે છે તે તેઓ જાણુતા નથી, માટે તેઓને માફ કર," એમ છતાં તેઓ હજી પત્થરે મારતા હતા. ત્યારે રેખાબી પંથના એક યાજકે બૂમ પાડીને કહ્યું કે અરે, તમે પત્થરે મારવાનું બંધ કરો, કેમકે તે ન્યાયી તમારે માટે પ્રાર્થના કરે છે! એટલામાં એક રંગારો આવ્યો અને તેણે પોતાનો ડંગોરો બિચારા ન્યાયી યાકુબના માથામાં મારી તેનું માથું ફોડી નાખ્યું. પછી યાકુબના શબને લઇ જઇ મંદિર આગળ દાટવામાં આવ્યું, જ્યાં તેની કબર આજ દીન સુધી જોવામાં આવે છે. હવે જો યુસેફસનું કરેલું બ્યાન ખરૂં હોય તો તે ઇ. સ. ૬૨ માં મરણ પામ્યો હશે; પણ બીજા કેટલાક કહે છે કે તે ઇ. સ. ૬૯ માં મરણ પામ્યો. અને એમજ યહુદીઓનો જે બુરૂજ તે પડી ગયો ત્યાર પછી એક વર્ષ યરૂશાલેમ શહેરનો નાશ થયો. યાકુબ, અલફીનો દીકરો (માત્થી ૧૦; ૩. માર્ક ૩; ૧૮. લુક ૬; ૧૫. પ્રે. કૃ. ૧; ૧૩). યાકુબ નાનો (માર્ક ૧૫; ૪૦). મરિયમનો દીકરો (માત્થી ૨૭; ૫૬. લુક ૨૪; ૧૦). પ્રભુ ઇસુનો ભાઇ (માત્થી ૧૩; ૫. માર્ક ૬; ૩. ગલા. ૧; ૧૯. વળી પ્રે. કૃ. ૧૨; ૧૭: ૧૫; ૧૩: ૨૧; ૧૮. ૧ કરીં. ૧૫; ૭. ગલા. ૨; ૯, ૧૨. લુક ૬; ૧૬. પ્રે. કૃ. ૧; ૧૩. યહુદા ૧. યાકુબ ૧; ૧.

યાકુબનો પત્ર = ઝબદીનો દીકરો યાકુબ મરાયો ત્યાર પછી બીજો યાકુબ, એટલે ઇસુનો ભાઇ યાકુબ તે યરૂશાલેમની મંડળીનો આગેવાન થયો હોય તે વાત સંભવિત જેવી છે, અને જેમ જેમ ત્યાંની સતાવણી ભારે થતી ગઇ તેમ તેમ ત્યાંના યહુદી ખ્રીસ્તીઓ વેરાઇ જવા લાગ્યા. પીતરને પણ યરૂશાલેમથી નાસવું પડયું (પ્રે. કૃ. ૧૨; ૩-૧૭). તેથી કરીને હવે યરૂશાલેમની મંડળીમાં યાકુબ એકલો આગેવાન રહ્યો હતો. આવા બારીક પ્રસંગે ઉપલા વેરાઇ ગએલાની પ્રેમી યાદ કરીને એમના ઉપર સામાન્ય કે સાર્વજનિક પત્ર યાકુબે લખ્યો હશે (ઇ. સ. ૪૫ કે ૪૬). નવા કરારમાં 'સામાન્ય' નામે ઓળખાતા સાત પત્રો છે એટલે યાકુબનો એક, પીતરના બે, યોહાનના ત્રણ અને યહુદાનો પત્ર એક. આ સાતમાંના ચાર કોઇ પણ અમુક મંડળી પણ લખાયલા ન હતા પણ અનેક મંડળીઓ પર, નહિ તો આખી મંડળી પર, સામાન્ય બોધ આપવાને લખાયલા જણાય છે. એ કારણ માટે તેમને 'કાથોલિક' કે સામાન્ય નામ આપવામાં આવેલ છે (યાકુ. ૧; ૧. ૧ પીત. ૧; ૧. ૨ પીત. ૧; ૧. યહુદા ૧). આ સાતેમાં યાકુબના પત્રને પહેલી જગ્યા આપવામાં આવી છે તેનું કારણ કદાપિ એ હોય કે, પત્રનો રચનાર યાકુબ મંડળીનો અધ્યક્ષ કે વડીલ હતો, અને બીજું તેનો પત્ર વેરાઇ ગએલાં બારે કુળ ઉપર લખવામાં આવ્યો છે. આ પત્રના અધ્યાય ૨; ૧૪–૨૬ સુધીમાં જે નિર્જીવ વિશ્વાસની વાત આવે છે તે પરથી ધર્મપિતૃ લુથરની સમજમાં એમ આવ્યું કે, આ પત્રમાં કરણીઓથી તારણ બતાવવામાં આવ્યું છે અને તે મતબોધ પાઉલના મતબોધથી વિરૂદ્ધ છે; પણ એમાં લુથરની ભૂલ દેખાય છે, કેમકે યાકુબનો મત પાઉલથી જુદો નથી. પાઉલ પોતાના પત્રોમાં સજીવ વિશ્વાસની વાત કરે છે કે જે વિશ્વાસ કરણીકારક છે. આવો વિશ્વાસ તે જીવતો વિશ્વાસ કહેવાય, પણ યાકુબ પોતાના પત્રમાં મૃત

વિશ્વાસ વિષે બોલે છે કે જે વિશ્વાસ માત્ર ઉપર ઉપરનો છે. વેરાઇ ગએલા યહુદીઓ જેઓ ઉપર આ પત્ર લખવામાં આવ્યો છે તેઓ તો એમ માનતા કે, અમો તો ઇબ્રાહીમના સંતાન છીએ (માત્થી ૩; ૯. યોહા. ૮; ૩૩, ૩૯). વળી પરમેશ્વર એકજ છે એવો અમારો વિશ્વાસ છે (પુન. ૬; ૪) એ વાસ્તે અમો તો તારણ પામનારા છીએ, તેઓને યાકુબ સમજાવવા માગે છે કે મત ગમે તો સત્ય માન્ય કરીએ પણ જો આપણો વિશ્વાસ મૃત હોય, એટલે ફક્ત સંપ્રદાયયુક્ત હોય તો તેથી તારણ નથી, અને એ વાતની સાથે પાઉલના પત્રોમાં બતાવેલું વિશ્વાસનું મતબોધ પ્રકરણ મળતું છે. પાઉલ કહે છે કે ખરો વિશ્વાસ તે કાર્યકારક છે. આ પત્રનું પહાડ પરના ભાષણ સાથે ઘણું મળતાપણું છે. લગભગ ચૌદ વાક્યો ઇસુના બોધ સાથે મળતાં છે. અધ્યાય (૧) સંકટમાં ધીરજ, પરીક્ષણ, ઉત્તમદાન, ધર્માચાર. (૨) પક્ષપાત, વિશ્વાસ તથા કરણી. (૩) જીભ, ખરૂં તથા ખોટું જ્ઞાન. (૪) ચેતવણી, ઝઘડા, જગતની મિત્રાઇ, ઇશ્વરેચ્છા. (૫) દોલતવાનને ચેતવણી, દરિદ્રીને દિલાસો, પ્રાર્થના

યાકેહ = ભક્ત. આગૂરનો પિતા (દ્દષ્ટાં. ૩૦; ૧).

યાખીન = મજબૂત. (૧) શિમઓનનો ચોથો પુત્ર (ઉત્પ. ૪૬; ૧૦). તેને ૧ કાળ. ૪; ૨૪ માં 'યારીબ' કહે છે, (વળી નિર્ગ. ૬; ૧૫. ગણ. ૨૬; ૧૨). (૨) યાજકોની વારાટોળીઓમાંનો એક મુખ્ય પુરૂષ (૧ કાળ. ૨૪; ૧૭). (૩) બંદિપ્રવાસથી જે યાજકો પાછા આવ્યા તેમાંનો એક (૧ કાળ. ૯; ૧૦. નહે. ૧૧; ૧૦) (૪) સુલેમાનના મંદિરમાં પરસાળ આગળ જે બે થાંભલા ઉભા કરવામાં આવ્યા હતા તેમાંના એકનું નામ યાખીન અને બીજાનું નામ બોઆઝ હતું (૧ રા. ૭; ૧૫-૨૨. ૨ કાળ. ૩; ૧૭). આ સ્તંભોની લંબાઇ ૧૮ ફુટ અને પરિઘ ૧૨ ફુટનો હતો. સ્તંભો ઉત્તમ કોતરણીથી કોતરેલા તથા પિત્તળથી મઢેલા હતા (યિર્મે. ૫૨; ૨૧, ૨૩). આ નામો ખરાં નહિ પણ લાક્ષણિક હતાં તે વિષે શક છે.

યાગૂર = થોડા વખતના ઉતારાની જગ્યા. યહુદાહપુત્રોના કુળોનાં છેવાડાં નગરોમાંનું એક યહુદાહની છેક દક્ષિણ સીમા ઉપર આવેલું હતું (યહો. ૧૫; ૨૧).

યાઝીઝ = અજાયબી પમાડનાર (?) દાઉદ રાજાનો તે ઘેટાં બકરાંનો રક્ષક હતો જેને હાગ્રી યાઝીઝ કહે છે (૧ કાળ. ૨૭; ૩૧).

યાઝેર = તેની (દેવની) મદદ. યરદન નદીની પૂર્વમાં આવેલું અમોરીઓનું એક શહેર હતું. ઇસ્રાએલીઓએ તેને જીતી લીધું અને તેની પાસેની ગિલઆદમાંની જમીન સુદ્ધાં તે ગાદ કુળને આપવામાં આવ્યું (ગણ. ૩૨; ૧, ૩, ૩૫. યહો. ૧૩; ૨૫). અને ત્યાર પછી મરારીપુત્રોનાં કુટુંબોને આપવામાં આવ્યું (યહો. ૨૧; ૩૯). દાઉદ રાજાના જમાનામાં તે શહેર હેબ્રોનીઓના હાથમાં આવ્યું હતું. આ હેબ્રોનીઓ કોહાથના વંશના હતા (૧ કાળ. ૨૬; ૩૧). આ શહેરમાં દ્રાક્ષ ઘણી પાકતી હતી પણ યહોવાહના શાપથી તે જગ્યા ઉજડ થઇ, એટલે સુધી કે "યાઝેરનું રૂદન" એવી વાત કહેવતરૂપે ફેલાઇ (યશા. ૧૬; ૮, ૯. યિર્મે. ૪૮; ૩૨). આ શહેર હાલ ક્યાં હતું તે ખરી ખાતરીથી કહેવાય તેમ નથી, તો પણ વિદ્વાનો આમાનની પશ્ચિમે ૧૨ માઇલ ઉપર તથા હેશ્બોનથી ૧૨ માઇલ ઉપર 'સાર કે સેઇર' નામનાં ખંડિયેરને પુરાતન યાઝેર ધારે છે.

યાત્તીર = પહેલા દરજ્જાનું. યહુદાહના પહાડી મુલકમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૪૮: ૨૧; ૧૪. ૧ શમૂ. ૩૦; ૨૭. ૧ કાળ. ૬; ૫૭).

યાથ્નીએલ = પ્રભુ આપે છે. આ નામનો એક લેવી હતો (૧ કાળ. ૨૬; ૨).

યાદા = જાણીને. ઓનામના પુત્રોમાંનો એક (૧ કાળ. ૨; ૨૮, ૩૨).

યાદોન (નહે. ૩ ; ૭). યરૂશાલેમના કોટની મરામત કરનારાઓમાંનો એક હતો (નહે. ૩ ; ૭).

યાદૂઆ = જાણીને. (૧) જેઓએ કરાર ઉપર સહી કરી તેઓમાંનો એક (નહે. ૧૦; ૨૧). (૨) પ્રમુખ યાજક યેશૂઆની સાથે જેઓ પાછા આવ્યા તેમાંનો એક યાજક હતો (નહે. ૧૨ ; ૧૧, ૧૨). આ યાજક તે જુના કરારમાં સૌથી છેલ્લો યાજક છે.

યાનાઇ = જેનો જવાબ યહોવાહ છે. (૧) ગાદનો ત્રીજો પુત્ર. જે બાશાનમાં વસતો હતો (૧ કાળ. ૫ ; ૧૨). (૨) ઇસુની વંશાવળી આપતાં આ નામ આપવામાં આવ્યું છે (લુક ૩ ; ૨૪).

યાનીમ = ઝોકું ખાવું. યહુદાહના પહાડી મુલકમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૫૩).

યાનોઆહ = વિશ્રામ. (૧) યરદન નદીની ખીણમાં એફ્રાઇમની સરહદ ઉપર ઉત્તર-પૂર્વમાં આ શહેર આવેલું હતું (યહો. ૧૬ ; ૬, ૭). હાલ તેને 'યાનુન' કહે છે જે નાબ્લુસથી આઠ માઇલ પર આવેલ છે. (૨) નાફતાલીની સરહદ ઉપર આ નામનું એક શહેર પાલેસ્તાઇનની ઉત્તર હદ પર આવેલું હતું. આ શહેર આશૂરના રાજા તિગ્લાથ-પિલેસેરે લઇ લીધું હતું (૨ રા. ૧૫; ૨૯).

યાફલેટ = છોડાવશે. હેબેર જે આશેરવંશી તેનો પુત્ર (૧ કાળ. ૭ ; ૩૨, ૩૩). તેના વંશના લોકને યાફલેટીઓ કહે છે (યહો. ૧૬ ; ૩).

યાફીઆ = સુશોભિત, પ્રખ્યાત. (૧) ઝબુલૂન કુળની છેક દક્ષિણ સરહદ પર આવેલું એક શહેર હતું (યહો. ૧૯ ; ૧૨). હાલ તેને 'યાફા' કહે છે જે નાઝારેથથી નૈરૃત્ય કોણમાં બે માઇલ પર આવેલ છે. (૨) લાખીશનો રાજા જે યહોશુઆની સામે લડતાં હારી ગયો અને કપાઇ મુઓ (યહો. ૧૦ ; ૩). (૩) દાઉદને યરૂશાલેમમાં જે છોકરા થયા તેમાંનો આ એક હતો (૨ શમૂ. ૫ ; ૧૫. ૧ કાળ. ૩ ; ૭ : ૪ ; ૬).

યાફેથ = વિશાળ. નુહના ત્રણ પુત્રોમાંનો બીજો હતો, કેમકે સૌથી નાનો હામ હતો (ઉત્પ. ૯ ; ૨૪ ની સાથે ૧૦ ; ૨૧ સરખાવો). ત્રણ દીકરાના નામના લીસ્ટમાં યાફેથનું નામ હમેશાં છેલ્લું આપવામાં આવ્યું છે (ઉત્પ. ૫ ; ૩૨ : ૬ ; ૧૦ : ૭ ; ૧૩ : ૯ ; ૧૮, ૨૩). યાફેથને દેવે આશીર્વાદ આપીને કહ્યું કે યાફેથને દેવ વધારો, ને તે શેમના મંડપમાં રહો, ને કનાન તેનો દાસ થાઓ.' યાફેથ તથા તેની સ્ત્રી બીજાં છ માણસની સાથે જળપ્રલયમાં બચાવ પામ્યાં (૧ પીત. ૩ ; ૨૦). યૂરોપની પૂર્વ અને એશિયાની ઉત્તર ગમમાં વસનાર ઘણી એક કોમનો પૂર્વજ યાફેથ છે (ઉત્પ. ૧૦ ; ૨, ૫). આ કોમના લોક ભવિષ્ય પ્રમાણે સર્વ જગ્યાએ વધી ગયા છે (ઉત્પ. ૯ ; ૨૭). દસમાં અધ્યાયની વંશાવળીમાં જે કોમનાં નામ આવે છે તે શિવાય દુનિયામાં બીજા લોક પણ વસે છે, જેમકે કેતુરી, અદુમી વિગેરે. યાફેથની વંશાવળી (ઉત્પ. ૧૦; ૧-૫, ૨૧. ૧ કાળ. ૧ ; ૪, ૫).

યાફો (યહો. ૧૯ ; ૪૬). જુઓ જોપ્પા.

યાબાલ = ઝરો. કાઇનવંશી લામેખનો પુત્ર કે જે "તંબુમાં રહેનારાઓનો તથા ઢોર રાખનારાનો બાપ હતો" તેની માનું નામ આદાહ અને તેના પિતાનું નામ લામેખ અને ભાઇનું નામ યૂબાલ હતું (ઉત્પ. ૪; ૨૦).

યાબીન = અક્કલથી શોધી કાઢનાર, ડાહ્યો. (૧) ઇસ્રાએલીઓ કનાન દેશમાં પેસવા લાગ્યા ત્યારે હાસોરના રાજા યાબીને મુલકોના સઘળા રાજાઓને તથા કોમોને ઇસ્રાએલીઓની સામે લડવાને એકઠા કીધા, કેમકે હાસોર તે વખતનાં સઘળાં રાજ્યોમાં મુખ્ય હતું. ઇસ્રાએલીઓ સામે, હાસોરના રાજા યાબીનનું સૈન્ય ગણતરીમાં સમુદ્રની રેતી જેટલું ઘણું હતું. ઇસ્રાએલી ફોજનો આગેવાન આ વખતે યહોશુઆ હતો અને યહોવાહ તેમનો સાહાયક હતો. મેરોમ સરોવરની આગળ મોટું યુદ્ધ થયું (યહો. ૧૧ ; ૨૧-૨૩

સાથે ૧૪; ૬-૧૫ સરખાવો). આ યુદ્ધમાં યાબીનની સંપૂર્ણ હાર થઇ, અને યહોશુઆએ ઠરાવ પ્રમાણે યાબીનને તરવારની ધારથી માર્યો, અને શહેરનો સંપૂર્ણ વિનાશ કીધો અને અગ્નિથી બાળ્યું. આ વખતે ઇસ્રાએલીઓને લોઢાના રથો તથા ઘોડા લૂટમાં મળ્યા. (૨) ઉપલા બનાવ પછી આશરે ૧૫૦ વર્ષે ન્યાયાધીશોના જમાનામાં હાસોર ઇસ્રાએલીઓને ફરીથી ત્રાસદાયક થઇ પડયું, કેમકે હાસોરમાં રાજ્ય કરનાર 'કનાનના રાજા યાબીને' ઇસ્રાએલીઓને ૨૦ વર્ષ સુધી દુઃખ દઇ રિબાવ્યા. તેની ફોજનો સેનાપતિ સીસરા હતો. આખરે દબોરાહ ભવિષ્યવાદેણે અબીનોઆમના દીકરા બારાકને સીસરાની સામે દસ હજાર માણસની ફોજ સાથે મોકલ્યો. એસ્ટ્રાએલોનના મેદાનમાં મોટી લડાઇ થઇ. સીસરાનું સૈન્ય તરવારની ધારથી માર્યું ગયું (જુઓ સીસરા). અને સીસરા પોતે નાસી છૂટી હેબેરની સ્ત્રી યાએલના તંબુમાં સંતાઇ ગયો અને તે વખતે યાએલે છળ કરી તેના માથામાં મેખ મારી તેને મારી નાખ્યો (ન્યા. ૪; ૧૦-૧૬. ગીત. ૮૩; ૯ સરખાવો). યહોશુઆના મરણ પછી ઇસ્રાએલીઓની આ પહેલી મોટી ફતેહ હતી, તે પછી ૪૦ વર્ષ સુધી દેશમાં શાંતિ રહી.

યાબેશ = સૂકું. (૧) યાબેશ ગિલઆદનું ટુંકું નામ છે (૧ શમૂ. ૧૧; ૩, ૫, ૯, ૧૦: ૩૧; ૧૨, ૧૩. ૧ કાળ. ૧૦; ૧૨). (૨) શાલ્લૂમ રાજાનો પિતા. આ શાલ્લૂમ, રાજા ઝખાર્યાહને મારી નાખીને ઇસ્રાએલની ગાદી પર આવ્યો (૨ રા. ૧૫; ૧૦, ૧૩, ૧૪).

યાબેશ-ગિલઆદ = ગિલઆદનું યાશ.એ યરદન નદીની પશ્ચિમે આવેલ મનાશ્શેહના અર્ધ ભાગની પૂર્વે સરહદ પર યરદન નદીની પૂર્વે ગિલઆદ પહાડની એક લીલી ટેકરી ઉપર આ શહેર આવેલું હતું. આ ભાગમાં આવેલાં બીજા બધાં શહેરો કરતાં આ શહેર નામવાર ગણાતું હતું. જ્યારે ઇસ્રાએલીઓએ આ શહેરના રહેવાસીઓને બિન્યામીની પુત્રો સામે લડવાને મિસ્પાહમાં બોલાવ્યા ત્યારે તેઓએ ત્યાં આવવાની ના પાડી હતી (ન્યા. ૨૧; ૮-૧૪); તેથી કરીને ત્યાંની ચારસો કુંવારીઓ શિવાય સઘળાનો વિનાશ કરવામાં આવ્યો હતો. પછીથી બિન્યામીનપુત્રો સાથે સલાહ થતાં રિમ્મોન ગઢમાંના બિન્યામીનપુત્રોને પેલી ચારસેં કુંવારીઓ પરણાવી આપી, ને એમ છતાં જે પુરૂષ લગ્ન કર્યા વગર વધ્યા તેમણે સીલોહની દીકરીઓને લીધી (ન્યા. ૨૧). ત્યાર પછી ૩૦૦ વર્ષ બાદ આ શહેર પર આમ્મોની રાજા નાહાશ ચઢી આવ્યો અને ત્યાંના લોકો સાથે સલાહની શરત એવી કરવા માગી કે, "હું તમ બધાઓની જમણી આંખ ફોડી નાખીને સર્વ ઇસ્રાએલને બટ્ટો લગાડું" ને ત્યાર પછી તમે મારા તાબેદાર થાઓ. યાબેશ-ગિલઆદના લોકોએ, આ વાત ગિબઆહમાં શાઉલ રાજાને જાહેર કરી. શાઉલે અજાયબ બહાદુરીથી તથા ચાલાકીથી નહાશને મારી નસાડયો. અને યાબેશ-ગિલઆદના લોકોનો બચાવ કીધો. આ વાતનો યાબેશ-ગિલઆદના લોકો શાઉલનો થએલો ઉપકાર ભુલી ગયા નહિ. પણ ચાળીસ વર્ષ બાદ શાઉલ રાજા પલિસ્તીઓની સાથે લડતાં જ્યારે હાર્યો ગયો ત્યારે પલિસ્તીઓએ તેને તથા તેના ત્રણ પુત્રોને મારી તેમના શબનું અપમાન કરવાને બેથશાનના કોટ ઉપર અપમાનીક રીતે લટકાવ્યાં ત્યારે યાબેશ-ગિલઆદના બહાદુર પુરૂષો ઉઠીને રાતની રાતમાં પેલાં મુડદાં બેથશાન જઇને લઇ આવ્યા. ને ત્યાં તેઓએ તેમના શબને માન સાથે બાળીને તેમનાં હાડકાં શહેર પાસેના એશેલવૃક્ષની તળે દાટયાં ને સાત દિવસ સુધી ઉપવાસ કીધો (૧ શમૂ. ૩૧; ૧૧-૧૩). જ્યારે મજકુર ખબર દાઉદ રાજાને મળી ત્યારે યાબેશ-ગિલઆદના લોકને ધન્યવાદ આપતાં આશીર્વાદ આપ્યો (૨ શમૂ. ૨;

૪, ૫). અને ત્યાર પછી દાઉદ રાજાએ યાબેશ-ગિલઆદથી તેમનાં હાડકાં મંગાવી બાદશાહી કબરસ્તાનમાં એટલે શેલાહ મધ્યે તેના પિતા કિશની કબરમાં દાટયાં (૨ શમૂ. ૨૧ ; ૧૪). હાલનાં 'એદ-દેઇર' નામનાં ખંડિયેર જે "પેલા" થી દક્ષિણે આશરે ૬ માઇલ ઉપર આવેલ છે, તેને પુરાતન યાબેશ-ગિલઆદ કહે છે.

યાબેસ કે યાબ્બેસ = ખેદ. (૧) યહુદાહના વંશનો એક માણુસ હતો તેને જણતાં તેની મા પિડીત થઇ હતી માટે તેનું નામ યાબેસ પાડયું તેના વિષે લખવામાં આવ્યું છે કે "તેણે જે માગ્યું તે દેવે તેને આપ્યું" (૧ કાળ. ૪ ; ૯, ૧૦). (૨) આ નામની એક જગ્યા હતી, જ્યાં ઘણાએક શાસ્ત્રીઓનાં કુટુંબો આવીને વસ્યાં હતાં. તેમને "યાબ્બેસવાસી લહિઆઓનાં કુટુંબો કહે છે" (૧ કાળ. ૨ ; ૫૫).

યાબ્નએલ = દેવે બાંધ્યું. (૧) યહુદાહની ઉત્તર સરહદ પર આવેલું એક શહેર હતું (યહો. ૧૫ ; ૧૧). ઘણું કરીને કુળોને દેશની વહેંચણુ કરી આપી તે વખતે આ શહેર પલિસ્તીઓના હાથમાંથી કદાપિ જીતી શકાયું નહિ હોય, પણ યહુદાહના રાજા ઉઝીયાહે આ શહેર જીતી લીધું અને તેનો કોટ ફરીથી બંધાવ્યો. એ વખતમાં આ શહેર યાબ્નેહ નામથી ઓળખાતું હતું (૨ કાળ. ૨૬ ; ૬), અને યુનાની લોકો તેને 'તામ્નીયા' કહેતા હતા. યરૂશાલેમના નાશ પછી (૭૦) આ શહેર બહુ પ્રસિદ્ધ અને આબાદ ગણાતું હતું અને ત્યાં પ્રખ્યાત નિશાળ હતી. યહુદી લોકો કહે છે કે નામદાર ગમાલિયલની કબર આ શહેરમાં છે. હાલ તે કેવળ એક ગામ છે કે જેને 'યાબ્ના' કહે છે, તે સમુદ્રથી બે માઇલ તથા જોપ્પાથી ૧૧ માઇલ અને એક્રોનથી ચાર માઇલ દૂર આવેલ છે. (૨) આજ નામનું એક બીજું શહેર નાફતાલીની સરહદ પર આવેલું હતું (યહો. ૧૯ ; ૩૩). પાછળથી તે શહેરનું નામ 'કેફ્ર-યેમ્માહ' (સમુદ્ર પરનું ગામ) પડયું, કે જે મેરોમ સરોવરની દક્ષિણ કિનારે આવેલું હતું.

યાબ્નેહ = બાંધણી (૨ કાળ. ૨૬ ; ૬). જુઓ યાબ્નએલ (યહો. ૧૫ ; ૧૧).

યાબ્બોક = ઝડપથી ધસી આવવું. યરદન નદીની પૂર્વમાં આવેલું એક પાણીનું નાળું છે, જે ગિલઆદ પર્વતમાંથી ઉત્પન્ન થઇ ૬૫ માઇલને અંતરે ગાલિલ સમુદ્ર અને મૃત-સમુદ્રની વચ્ચે યરદન નદીને મળે છે. આ નાળું જે જગ્યાએ યરદન નદીને મળે છે તે જગ્યા ઉજ્જડ અને ગાલિલ સમુદ્રથી ૪૫ માઇલ દૂર છે. કેટલીએક જગ્યાએ આ નાળાના કિનારા ૫૦૦ ફીટની ઉંચાઇમાં આવેલા છે, નાળાનું પાણી ઘણી ઝડપથી વહે છે. પાણી નિર્મળ તથા મીઠું છે અને કાંઠો ઝાડીથી ભરપુર છે, અને એથી કરીને નાળાની આસપાસનો પ્રદેશ ઘણો રળિયામણો લાગે છે. બાશાન અને આમ્મોનીઓની પુરાતન સરહદ પર (યહો. ૧૨ ; ૧-૫. ગણુ. ૨૧ ; ૨૪) તેમજ રેઉબેન તથા મનાશ્શેહના અર્ધ કુળની વચ્ચે (ગણુ. ૨૧ ; ૨૪. પુન. ૩ ; ૧૬). આ નાળું આવેલું છે. આ નાળાની ઉપર યાકુબ જ્યારે મેસોપતામીયાથી પાછો આવતો હતો ત્યારે "દેવની સાથે મલયુદ્ધ કીધું" હતું. આ વખતે યાકુબનું નામ ઇસ્રાએલ પાડવામાં આવ્યું હતું (ઉત્પ. ૩૨ ; ૨૮). હાલ આ નાળું 'ઝેરકા' (લીલા પાણી) નામથી ઓળખાય છે (યાબ્બોક ગિલઆદની નદી (ઉત્પ. ૩૨ ; ૨૨. ગણુ. ૨૧ ; ૨૪. પુન. ૨ ; ૩૭ : ૩ ; ૧૬. યહો. ૧૨ ; ૨. ન્યા. ૧૧ ; ૧૩, ૨૨).

યામીન = જમણો હાથ. (૧) શિમઓનના કુટુંબોમાંનું એક કુટુંબ હતું. યામીનથી યામીનીઓનું કુટુંબ થયું (ગણુ. ૨૬ ; ૧૨). વળી (ઉત્પ. ૪૬ ; ૧૦. નિર્ગ. ૬ ; ૧૫. ૧ કાળ. ૪ ; ૨૪ જુઓ). (૨) રામના ત્રણ પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૨ ; ૨૭). (૩) (નહે. ૮ ; ૭).

યામ્લેખ (૧ કાળ. ૪; ૩૪). શિમઓની કુળમાં એક મુખ્ય પુરૂષ હતો.

યારાહ = જંગલ. કીશવંશી આહાઝથી યારાહ થયો (૧ કાળ ૯; ૪૨).

યારીબ = પ્રતિ પક્ષી. (૧) શિમઓનના દીકરાઓમાંનો એક હતો (૧ કાળ. ૪; ૨૪). (૨) બાબેલથી જે લોકો પાછા આવ્યા તેમાંનો એમ મુખ્ય પુરૂષ હતો (એઝ. ૮; ૧૬). (૩) (એઝ. ૧૦; ૧૮).

યારેદ = વંશ. (૧) શેથવંશી હનોખનો પિતા (ઉત્પે. ૫; ૧૫, ૨૦. લુક ૩; ૩૭. ૧ કાળ. ૧; ૨). તે ૯૬૨ વર્ષ જીવ્યો. (૨) (૧ કાળ. ૪; ૧૮).

યારેબ = કજીઆખોર. ઘણું કરીને આશ્શૂરના રાજાનું તે ખેતાબદર્શક લાક્ષણિક નામ છે (હોશી. ૫; ૧૩: ૧૦; ૬).

યારોઆહ (૧ કાળ. ૫; ૧૪). ગાદ પુત્રોમાંનો એક મુખ્ય માણસ.

યાર્મૂથ = ઉંચાણ. (૧) યહુદાહના પ્રદેશમાં આ નામનું શહેર આવેલું હતું (યહો. ૧૫; ૩૬). પુરાતન વખતમાં આ શહેર એક કનાની રાજાની રાજ્યધાનીનું શહેર હતું (યહો. ૧૦; ૩, ૫, ૨૩: ૧૨; ૧૧: ૧૫; ૩૫. નહે. ૧૧; ૨૯). હાલ 'યારમૂક' નામના ગામડાથી તે ઓળખાય છે. જે 'બેત-યાશ્રીન'થી ઇશાન કોણમાં ૭ માઇલ દૂર આવેલ છે. (૨) યિસ્સાખારે કુળમાં આવેલું લેવીઓનું એક શહેર હતું (યહો. ૨૧; ૨૯). કેટલાક એમ ધારે છે કે આ શહેર તેજ શમૂએલનું રામાહ હશે (૧ શમૂ. ૧૯; ૨૨).

યાર્હા (૧ કાળ. ૨; ૩૪, ૩૫). શેશાનનો એક મિસરી ચાકર હતો તેનું નામ યાર્હા હતું. જેને શેશાને પોતાની પુત્રી પરણાવીને તેનાથી આત્તાય થયો (૧ કાળ. ૨; ૩૪, ૩૫).

યાલામ = જેને પ્રભુ સંતાડે છે. એસાવનો ઓહલીબામાને પેટ થએલો બીજો પુત્ર હતો (ઉત્પ. ૩૬; ૫, ૧૪, ૧૮. ૧ કાળ. ૧; ૩૫).

યાલોન = ઉતારૂ. યહુદાહના વંશમાંના એઝ્રાહના ચાર પુત્રોમાંનો ચોથો પુત્ર હતો (૧ કાળ. ૪; ૧૭).

યાવાન = દ્રાક્ષરસ (?). (૧) યાફેથના સાત દીકરામાંનો ચોથો દીકરો તે હતો (ઉત્પ. ૧૦; ૨, ૪. ૧ કાળ. ૧; ૫, ૭). તેના વંશના ગ્રીસમાં વસ્યા. એટલે 'ઇઓનિયા'માં કે જેને હેબ્રી ભાષામાં 'યાવાન' કહે છે. આલેકઝાંદર મોટાને "યાવાનનો રાજા" કહેવામાં આવ્યો છે (યશા. ૬૬; ૧૯. દાની. ૮; ૨૧: ૧૦; ૨૦: ૧૧; ૨. ઝખા. ૯; ૧૩). ઉપલાં વાક્યોમાં આ નામ ગ્રીસ દેશને કે લોકને આપવામાં આવ્યું છે. (૨) આ નામનું એક શહેર કે પ્રગણું અરબસ્તાનના ફેલિક્સ પ્રાંતમાં આવેલ હતું. તેની સાથે સિરિયાના લોકનો વેપાર ચાલતો હતો (હઝ. ૨૭; ૧૩, ૧૯).

યાશાર = સીધું ઉભું. 'યાશારનું પુસ્તક' વલગેટ તરજુમામાં આ પુસ્તકને "એક ન્યાયીનું પુસ્તક" એવું નામ આપવામાં આવ્યું છે. આ પુસ્તકમાં ૨૬ વર્ષની વાત સમાયલી છે. એટલે ઇ. સ. પૂ. ૧૪૫૧ થી ૧૪૨૭ સુધીની. પવિત્રશાસ્ત્રમાં આ પુસ્તક સંબંધે બે વાત જોડાયલી છે. એટલે (યહો. ૧૦; ૧૩ અને ૨ શમૂ. ૧; ૧૮).

યાશુબીલેહેમ = આ નામનો કોઇ પ્રાંત કે શહેર હતું. ત્યાં આગળ યોઆશ તથા સારાફ જે યહુદાહ પુત્રોમાંના હતા. તેમનાં કુટુંબો રહેતાં હતાં (૧ કાળ. ૪; ૨૨).

યાશૂબ = પાછું મોકલનાર. (૧) યિસ્સાખારના ચાર પુત્રોમાંનો ત્રીજો હતો (ગણ. ૨૬; ૨૪. ૧ કાળ. ૭; ૧). તેને ઉત્પ. ૪૬; ૧૩ માં 'યોબ' કહે છે. તેની કોમને 'યાશૂબીઓ'નું કુટુંબ કહે છે (ગણ. ૨૬; ૨૪). (૨) એઝરાની સાથે જે બંદિપ્રવાસીઓ આવ્યા તેમાંનો એક આ નામનો હતો (એઝ. ૧૦; ૨૯).

યાશેન = ઉંઘ. દાઉદના શૂરવીરોમાંનો એક હતો તેના કેટલાક છોકરા દાઉદના અંગરક્ષક

સિપાઇઓમાં હતા (૨ શમૂ. ૨૩; ૩૨). ૧ કાળ. ૧૧; ૩૪ માં તેને હાશેમ કહે છે,

યાશોબઆમ = માણસોમાં વસનાર. દાઉદના મુખ્ય યોદ્ધાઓમાંનો એક હતો તે ત્રીસનો મુખ્ય હતો. જે દાઉદને સિકલાગમાં આવી મળ્યો (૧ કાળ. ૧૧; ૧૧: ૧૨; ૬: ૨૭; ૨). વળી દાઉદે જે ત્રણ યોદ્ધાઓને બેથલહેમના કુવાનું પાણી લેવા મોકલ્યા તેમાંનો તે એક હતો (૨ શમૂ. ૨૩; ૧૩–૧૭). વળી તેને ૨ શમૂ. ૨૩; ૮, ૮ માં અદીનો કહે છે.

યાસન = તે સમો કરશે. પાઉલ તથા સીલાસ પોતાની બીજી મુસાફરીમાં થેસ્સાલોનીકીમાં ગયા ત્યારે યાસનને ત્યાં ઉતારો લીધો હતો. અવિશ્વાસી યહુદીઓએ પાઉલ તથા સીલાસને પકડવાને યાસનના ઘર પર હૂમલો કીધો પણ તેઓ જડ્યા નહિ ત્યારે યાસને શહેરના અધિકારી પાસે ઘસડી ગયા ને ત્યાં તેને જામીન પર છોડયો (પ્રે. કૃ. ૧૭; ૫–૯). ઘણું કરીને યાસન, તે પાઉલનો કોઇ સગપણ સંબંધીનો માણસ હતો (રૂમી. ૧૬; ૨૧). તે થેસ્સાલોનીકેથી કરીંથ સુધી પાઉલની સાથે ગયો હતો.

યાહ (ગીત. ૬૮; ૪). યહોવાહનું સંક્ષિપ્ત નામ છે.

યાહઝયાહ = જેના પર યહોવાહની નજર છે. પરદેશી સ્ત્રીઓ મુકી દેવાની સામે માત્ર બે માણસ થયા તેમાંનો એક તિકવાહનો પુત્ર યાહઝયાહ હતો (એઝ. ૧૦; ૧૫).

યાહઝીએલ = દેવથી જોવાયલો. (૧) બિન્યામીની મુખ્ય પુરૂષ હતો કે જે સિક્લાગમાં દાઉદ રાજાને આવી મળ્યો (૧ કાળ. ૧૨; ૪). (૨) યરૂશાલેમના મંડપમાં યહોવાહના કોશની આગળ સેવા કરવા સારૂ નિમાયલા યાજકોમાંનો એક હતો (૧ કાળ. ૧૬; ૬). (૩) હેબ્રોનનો ત્રીજો પુત્ર (૧ કાળ. ૨૩; ૧૯: ૨૪; ૨૩). (૪) આસાફ પુત્રોમાંના ઝખાર્યાહનો પુત્ર હતો મોઆબ તથા આમ્મોન પુત્રો સામે યહોશાફાટ રાજાને તેણે ભવિષ્ય કહી હિંમત આપી હતી (૨ કાળ. ૨૦; ૧૪ ૨૧). (૫) એઝરાની સાથે જેઓ બંદિપ્રવાસથી પાછા આવ્યા તેઓમાંનો એક શખાન્યાહના પુત્રોમાંનો મુખ્ય પુરૂષ હતો (એઝ. ૮; ૫).

યાહઝેરાહ = પાછું લાવનાર. આ નામનો એક યાજક હતો. તેના પિતાનું નામ મશુલ્લામ અને પુત્રનું નામ અદીએલ હતું (૧ કાળ. ૯; ૧૨).

યાહદીએલ = જેને પ્રભુ આનંદિત કરે છે. મનાશ્શેહ કુળના નામાંકિત પુરૂષોમાંનો એક હતો (૧ કાળ. ૫; ૨૪).

યાહદો = ભેગું. એક ગાદી (૧ કાળ. ૫; ૧૪).

યાહબએલ (ગણ. ૨૬; ૧૬). પ્રભુમાં આશા.

યાહમાય (૧ કાળ. ૭; ૨).

યાહસએલ = દેવે વહેંચી આપ્યું. નાફતાલીનો પ્રથમ પુત્ર (ઉત્પ. ૪૬; ૧૪. ગણ. ૨૬; ૨૬. ૧ કાળ. ૭; ૧૨). તેના વંશને યાહસએલીઓનું કુટુંબ કહે છે (ગણ. ૨૬; ૨૬–૨૮).

યાહસાહ = ખુંદેલી જગ્યા (૧ કાળ. ૬; ૩૮).

યાહસીએલ = જેને પ્રભુએ વહેંચ્યો છે (?) નાફતાલી બિલ્હાહના પુત્રોમાંનો એક (૧ કાળ. ૭: ૧૩).

યાહાથ = જોડાયલું. (૧) શિમઇ પુત્રોમાંનો એક જે ગેર્શોમનો પોત્ર (૧ કાળ. ૨૩; ૧૦. અને ૬; ૨૦, ૪૩). (૨) યહુદાહનો પોત્ર અને રઆયાથી યાહાથ થયો (૧ કાળ. ૪; ૨). (૩) યોશીયાહના વખતમાં મંદિર સમારતાં મરારીના પુત્રોમાંનો એક લેવી દેખરેખ રાખનાર હતો (૨ કાળ. ૩૪; ૧૨). (૪) લેવી શલોમોથના પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૨૪; ૨૨). (૫) લેવી પુત્રોમાંનો એક (૧ કાળ. ૬; ૨૦).

યાહાસ = જમીન દોસ્ત થવું. અમોરીઓના દેશમાં મોઆબની સરહદ પર યરદન નદીની પેલીગમ આર્નોન નદીની ઉત્તરે આ શહેર આવેલું હતું (ગણ. ૨૧; ૨૩. પુન.

૨; ૩૧). અહિં અમોરીઓના રાજા સીહોને, ઇસ્રાએલીઓને દેશ પર નહિ જવા દેવાને લીધે લડાઇ થઇ અને તેમાં સીહોન હાર્યો. ત્યાર પછી આ શહેર રેઉએન પુત્રોના ભાગમાં આવ્યું અને ત્યાર પછી આ નગર રેઉએન કુળમાંથી મરારી પુત્રોના કુટુંબને આપવામાં આવ્યુ (યહો. ૧૩; ૧૮: ૨૧; ૩૬). ત્યાર પછી આ શહેર મોઆબી-ઓના હાથમાં ગયું મોઆબી લોકો એટલા બધા ખરાબ હતા કે તેમના મુલકનાં તમામ શહેરો પર ભારે આફત આવી પડી. અને યાહાસ શહેર અને તેની આસપાસના મુલકમાં રોવાકુટવા શિવાય બીજું કંઇ સંભળાતું નહિ (યશા. ૧૫; ૪. યિર્મે. ૪૮; ૨૧, ૩૪). આ શહેરને કેટલીક જગ્યાએ "યાહાસ" (યિર્મે. ૪૮; ૨૧. અને ૧ કાળ. ૬; ૭૮). કહે છે આ શહેરનું કંઇ નામ નીશાન હાલના વખતમાં ખાતરી પૂર્વક બતાવી શકાય તેમ નથી. (યાહાસ ગણ. ૨૧; ૨૩. પુન. ૨; ૩૨. યહો. ૧૩; ૧૮: ૨૧; ૩૬. ન્યા. ૧૧; ૨૦. યશા. ૧૫; ૪. યિર્મે. ૪૮; ૩૪).

યિગઆલ = બદલો વાળનાર. (૧) કનના દેશ જોવાને જે જાસુસો મોકલવામાં આવ્યા, તેમાં યિસ્સાખારના કુળમાંથી યુસફનો પુત્ર યિગઆલ હતો (ગણ. ૧૩; ૭). ભૂલથી ગુજરાતી શાસ્ત્રમાં ગણ. ૧૩; ૭ માં યિગ-આલને બદલે પિગઆલ લખવામાં આવ્યું છે. (૨) દાઉદ રાજાના શૂરવીરોમાંનો એક હતો (૨ શમૂ. ૨૩; ૩૬). (૩) (૧ કાળ. ૩; ૨૨).

યિગ્દાલ્યાહુ = પ્રભુ મોટો છે. હાનાનનો પિતા (યિર્મે ૩૫; ૪).

યિઝઝીયાહુ = જેને યહોવાહ ભેગો કરે છે (એઝ. ૧૦; ૨૫).

યિઝ્રએલનો કોટ (૧ રા. ૨૧; ૧૩ સાથે ૨૧; ૨૩ સરખાવો). આ શહેરના કોટ બહાર નાબોથને મારી નાખવામાં આવ્યો હતો.

યિઝ્રએલની ખીણ = યિઝ્રએલ શહેરની ઉત્તરે ગિલ્બોઆ અને મોરેહ પહાડની વચ્ચે આ ખીણ આવેલી હતી. તેની એક શાખા આગળ વધીને યરદનની પૂર્વ તરફ ગઇ છે, તેને એસ્દ્રાએલોન કહે છે (યહો. ૧૭; ૧૬. ન્યા. ૬; ૩૩. હોશી. ૧; ૫). આ ખીણને યુનાનીઓ એસ્દ્રાએલોનનું મેદાન પણ કહેતા હતા. આ ખીણ તે જેમ હિંદુસ્તાનમાં 'પાણીપત' તેમ કનાન દેશમાં યિઝ્રએલની ખીણ તે સંગ્રામભૂમિ ગણાતી હતી, કેમકે શરૂઆતથી ત્યાં ઘણી લડાઇઓ થતી હતી. શાસ્ત્રમાંની ઘણીએક લડાઇઓ તેમજ પારસી, તુર્કી અને અરબી લોકની લડાઇઓ પણ આજ મેદાનમાં થતી હતી. અહિં ઇસ્રાએ-લીઓએ ગિદઓનની સરદારી નીચે મિદ્યા-નીઓ, અમાલેકીઓ અને પૂર્વ દિશાના લોકોને હરાવ્યા હતા (ન્યા. ૬; ૩). અને ત્યાર પછી ૨૦૦ વર્ષ બાદ પલિસ્તીઓએ ઇસ્રાએલીઓને સખત હાર ખવાડી શાઉલ તથા તેના ત્રણ પુત્રોનો અંત આણ્યો હતો (૧ શમૂ. ૩૧; ૧ ૬).

યિઝ્રએલનો ઝરો = આ ઝરાની આગળ ગિલ્બોઆની લડાઇમાં શાઉલે છાવણી નાખી હતી (૧ શમૂ. ૨૯; ૧). 'ઝરીન' (જુઓ યિઝ્રએલ નં. ૧). શહેરની ખીણમાં બે પ્રખ્યાત પાણીના ઝરા આવેલા છે, જેમાંના એક ઝરાની વાત ૧ શમૂ. ૨૯; ૧ માં આવે છે. ડૉ. રોબીન્સન સાહેબ કહે છે કે, પાણી ઝરામાંથી એટલું બધું જોરથી આવે છે કે ચાળીસ પચાસ ફુટના ઘેરાવાનો એક કુંડ ત્યાં બનેલો છે. આ ઝરામાં માછલી પુષ્કળ જોવામાં આવે છે. આજ ઝરાને 'હેરોદનો ઝરો' કહેતા હશે (ન્યા. ૭; ૧ સરખાવો ૨ શમૂ. ૨૩; ૨૫). ઘણું કરીને અરબ લોક હાલ આ ઝરાને "યાઇન–જાલુદ" એટલે ગોલ્યાથનો ઝરો કહે છે, એમ સમજીને કે અહિં દાઉદે ગોલ્યાથને માર્યો.

યિઝ્રએલનો બુરૂજ = શહેરમાં પેસવાના દરવાજાને લગતા જે બુરૂજો રક્ષણાર્થે હતા તેમાંના એક બુરૂજને આ નામ આપતા હતા (૨ રા. ૯; ૧૭).

યિઝ્રએલનો વાંટો = યિઝ્રએલ શહેરને લગતું એક ખેતર હતું (૨ રા. ૯; ૧૦, ૨૧, ૩૫, ૩૭) જેમાં નાબોથને પત્થરે માર્યો હતો (૧ રા. ૨૧; ૧૩).

યિઝ્રએલ શહેર = પ્રભુ વિખેરે છે. (૧) આ શહેર યિસ્સાખારના ભાગમાં આવેલું હતું (યહો. ૧૯; ૧૮). શાઉલના વખતમાં આ શહેર મશહૂર ગણાતું હતું, કેમકે તેનો પુત્ર ઇશ-બોશેથ, આ શહેર તથા તેને લગતાં બીજાં કેટલાંએક શહેરો પર રાજા નિમાયો હતો (૨ શમૂ. ૨; ૯: ૪; ૪). આ જગ્યા આહાબ અને તેના કુટુંબને બહુ પ્રિય હતી. આહાબનો કાયમ મુકામ અહિં હોવાને લીધે, જ્યારે નાબોથે પોતાની દ્રાક્ષવાડી આહાબને કોઇ પણ રીતે આપવાને ના પાડી ત્યારે તે ઘણો દિલગીર થયો (૧ રા. ૨૧; ૧-૩). આહાબ પછી કોઇ પણ ઇસ્રાએલી રાજાએ તે જગ્યા રહેવાને પસંદ કરી ન હતી. તેના મહેલમાં કોણ રહે? ઇઝેબેલનું ભયાનક મરણ આ જગ્યાએ થયું હતું, તેમજ યેહૂનો આહાબના ઘર વિષે કીધેલો ન્યાયચુકાદો અહિંયાજ પુરો થયો હતો. ઇસ્રાએલનો રાજા યોરામ અરામના રાજા સામે લડતાં ઘાયલ થયો હતો ત્યારે આ શહેરમાં સાજો થવાને માટે આવ્યો હતો, ત્યાં નિમ્શીના પુત્ર યેહૂએ આવીને તેને મારી નાખ્યો હતો (૨ રા. ૯; ૧૪-૩૭: ૧૦; ૧-૧૧). આ શહેર હાલ 'ઝેરીન' નામથી ઓળખાય છે, જે ગિલ્બોઆ પર્વત અને હેર્મોન પર્વતની વચ્ચે આવેલ છે. આ જગ્યા હરકોઇ મુસાફરને રાજગાદીને માટે લાયક જગ્યા લાગે છે. આ જગ્યામાં હાલ ૩૦ કે ૩૫ ઘર દેખાય છે. વળી ત્યાં એક પુરાતન બુરૂજ છે. જે આગલા દિવસોના બુરૂજની યાદ દેવડાવે છે. અને શહેરની પશ્ચિમ બાજુએ પાણીના બે ઝરા નજરે આવે છે. (૨) હેબ્રોનની અગ્નિકોણમાં યહુદાહમાં આ શહેર આવેલું હતું (યહો. ૧૫; ૫૬). અહીનોઆમ નામની દાઉદની એક સ્ત્રી તે ઘણું કરીને આજ શહેરની હતી (૧ શમૂ. ૨૭; ૩). (૩) હોશીઆએ પોતાના જ્યેષ્ઠ પુત્રને આ અલંકારિક નામ આપ્યું હતું (હોશી. ૧; ૪). આ નામનાં વેર લેવાની સૂચના કરવામાં આવી છે, કેમકે એજ નામની ખીણમાં ઇસ્રાએલના યેહૂ રાજાએ પુષ્કળ રક્ત વહેવડાવ્યું હતું, માટે તેના સંતાનનું વેર લેવામાં આવશે, (સરખાવો હોશી. ૨, ૨, ૩) એમ દેખાડવામાં આવ્યું છે.

યિઝ્રએલી = યિઝ્રએલ જેનું વતન (૧ શમૂ. ૧૭; ૩: ૩૦; ૫. ૨ શમૂ. ૨; ૨. ૧ રા. ૨૧; ૧: ૪; ૬: ૭; ૧૫, ૧૬. ૨ રા. ૯; ૨૫).

યિઝ્રાહયાહ = જેને પ્રભુ અજવાળામાં લાવ્યો છે. યિસ્સાખાર વંશનો એક માણસ હતો, જે પોતાના ઘરનો મુખ્ય હતો (૧ કાળ. ૭; ૩). નહે. ૧૨; ૪૨ માં યિઝ્રાહ્યાહ નામનો એક ગવૈયાનો ઉપરી હતો.

યિઝ્રાહી (૧ કાળ. ૨૭; ૮). ઘણું કરીને ગણ. ૨૬; ૧૩ માં ઝેરાહીઓ આવે છે તે અને આ એકજ હશે; એટલે ઝેરાહના વંશજો.

યિઝલીઆહ = છૂટકારો (?). યહુદાહ પુત્રોમાંનો એક (૧ કાળ. ૮; ૧૮).

યિથનાન = બળવાન. નેગેબમાં અદોમની સરહદ ગમ યહુદાહપુત્રોનાં કુળનાં છેવાડાં નગરોમાંનું આ એક હતું (યહો. ૧૫; ૨૩).

યિથમાહ (૧ કાળ. ૧૧; ૪૬). યિથ્માહ-મોઆબી દાઉદ રાજાના સૈન્યયોદ્ધાઓમાંનો એક હતો.

યિથ્રઆમ = લોકનો શેષ. હેબ્રોનમાં એગ્લાહને પેટે થએલો દાઉદ રાજાનો છઠ્ઠો પુત્ર હતો (૨ શમૂ. ૩; ૫. ૧ કાળ. ૩; ૩).

યિથ્રા = ઉત્તમતા. યોઆબ સેનાપતિની જગ્યા ઉપર આબ્શાલોમે અમાસાને ઠરાવ્યો. આ અમાસાનો પિતા યિથ્રા નામનો હતો અને તેની માનું નામ અબીગાલ હતું (૨ શમૂ. ૧૭; ૨૫). ૧ કાળ. ૨; ૧૭ માં તેને ઇશ્માએલી 'યેથેર' કહે છે.

યિથ્રાન = ઉત્તમ. (૧) દીશોનના પુત્રોમાંનો એક હોરી સરદાર હતો (ઉત્પ. ૩૬; ૨૬. ૧ કાળ. ૧; ૪૧). (૨) આશેરપુત્રોમાંનો એક સોફાહનો પુત્ર (૧ કાળ. ૭; ૩૭).

યિથ્રી = યિથ્રાના વંશજ (૨ શમૂ. ૨૩; ૩૮. ૧ કાળ. ૨; ૫૩ : ૧૧; ૪૦).

યિથ્રો = ઉત્કૃષ્ટ; માનવંતો. મિદ્યાનનો યાજક તથા રાજકુંવર હતો. તેના પિતા પછી તે યાજક પદવી પામ્યો હતો. મુસા મિસર દેશમાંથી નાસીને મિદ્યાન દેશમાં ગયો ત્યારે આ કુટુંબની સાથે ચાળીસ વર્ષ સુધી રહ્યો હતો (પ્રે. કૃ. ૭; ૨૯, ૩૦). મુસાએ યિથ્રોની દીકરી સિપ્પોરાહની સાથે લગ્ન કીધાં અને તેથી તેને બે પુત્રો, એટલે ગેર્શોમ તથા અલીએઝેર થયા (નિર્ગ. ૨; ૨૧ : ૪; ૨૪). મુસા મિદ્યાનમાં હતો ત્યારે ઘેટાં ચારવાનું કામ કરતો હતો. મુસાએ જ્યારે ઇસ્રાએલીઓને મિસરમાંથી છોડાવી અરણ્યમાં સિનાય પર્વત (= દેવનો પર્વત) આગળ છાવણી કીધી હતી ત્યારે મુસાનો સસરો યિથ્રો સિપ્પોરાહ તથા તેના બે પુત્રોને લઇને મુસા પાસે આવ્યો હતો. આ વખતે મુસાએ "યહોવાહે કેવી રીતે તેઓનો બચાવ કીધો હતો તે સઘળું પોતાના સસરાને કહી સંભળાવ્યું" (નિર્ગ. ૧૮; ૮). ત્યાર પછી બીજે દિવસે યિથ્રોએ લોકોનો ન્યાય કરવાને માટે હજાર પર, સો પર, પચાસ પર તથા દસ પર અધિકારીઓ ઠરાવવાને સલાહ આપી, એ કારણ માટે કે નાની વાતોના ફેંસલા તેઓ કરે, અને કેવળ મોટી મોટી વાતોજ મુસાની પાસે આવે. આ સલાહ મુસાએ માન્ય કરી (નિર્ગ. ૧૮). યિથ્રોનું પોતાનું ખાસ નામ ઘણું કરીને હોબાબ હશે (ગણ. ૧૦; ૨૯), અને યિથ્રો એ તેનું પદવીસૂચક નામ હશે. પણ ન્યા. ૪; ૧૧ માં લખ્યું છે કે 'મુસાનો સાળો હોબાબ' અને ગણ. ૧૦; ૨૯ માં લખ્યું છે કે 'મુસાના સસરા મિદ્યાની રેઉએલના દીકરા હોબાબ.' એ ઉપરથી કેટલાક વિદ્વાનો એવો ખુલાસો કરે છે કે, યિથ્રો કે હોબાબ તે રેઉએલનો પુત્ર છે અને આ યિથ્રોને સાત દીકરીઓ હતી, જેમાંની એક સિપ્પોરાહ હતી. જો એ વાત ખરી માનીએ તો નિર્ગ. ૨; ૧૮-૨૩ સુધીમાં જે વાત આવે છે તેમાં રેઉએલને, હેબ્રીઓના નિયમ પ્રમાણે દાદાને બદલે પિતા લખ્યો હશે અને પૌત્રીને બદલે પુત્રી લખી હશે.

યિથ્લાહ = મુલ્તવી રાખવું. દાનપુત્રોના મુલકની સરહદ પર આવેલું એક શહેર હતું (યહો. ૧૯; ૪૨).

યિદઅલાહ = ઉંચ પદવીએ પહોંચેલ. ઝબુલૂનની પશ્ચિમ સરહદ પર આવેલું એક શહેર હતું. હાલ તેને 'યેઇદા' કહે છે, તે કીશોનની ખીણમાં આવેલ છે.

યિદબાશ = મધુમય. યહુદાહપુત્રોમાંનો એક (૧ કાળ. ૪; ૩).

યિદલાફ = રડતો. નાહોરપુત્રોમાંનો એક (ઉત્પ. ૨૨; ૨૨).

યિદ્દો = પ્યારો. (૧) લેવી ગેર્શોમના પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૬; ૨૧). (૨) દાઉદ રાજાના વખતમાં મનાશ્શેહ કુળનો એક અમલદાર હતો. તેના પિતાનું નામ ઝખાર્યાહ હતું (૧ કાળ. ૨૭; ૨૧). (૩) નબોના પુત્રોમાંનો એક (એઝ. ૧૦; ૪૩).

યિફ્તાહ = છોડાવનાર. (૧) યિફ્તાહ ઇસ્રાએલનો નવમો ન્યાયાધીશ અને પરાક્રમી યોદ્ધો હતો. તેણે ઇસ્રાએલીઓને આમ્મોનીઓના હાથથી છોડાવી (ન્યા. ૧૧; ૧–૩૩) છ વર્ષ સુધી તેમનો ન્યાયાધીશ રહ્યો (ન્યા. ૧૨; ૭), યિફ્તાહ વેશ્યાનો પુત્ર હતો. એ માટે તેના ભાઇઓએ પોતાના બાપના વતનમાંથી તેને કંઇ પણ આપવાને ના કહ્યું. માટે તે પોતાના ભાઇઓથી અલગ થઇ ટોબ દેશમાં જઇ રહ્યો (ન્યા. ૧૧; ૧–૩). આમ્મોનીઓએ જ્યારે ગિલઆદ દેશમાં આવીને ઇસ્રાએલીઓ સામે લડવાને છાવણી કરી ત્યારે ઇસ્રાએલીઓ ગભરાયા અને કહેવા લાગ્યા કે આપણામાંથી તેમની સામે લડવાને કોણ જશે? પછી

યિફ્તાહને બોલાવવાને વડિલો મોકલ્યા, ત્યારે યિફ્તાહે એવી સરતે આવવાનું કબૂલ કીધું કે, જો હું આમ્મોનપુત્રો પર જય મેળવું તો તમારો હું સેનાપતિ એટલુંજ નહિ પણ સરદાર થાઉં. તેઓએ એ વાત કબૂલ કરી, અને યિફ્તાહ લડવાને આવ્યો. યિફ્તાહે આમ્મોનપુત્રોના રાજા ઉપર બેવાર સલાહનું કેણુ મોકલાવ્યું પણ તેમ થયું નહિ, પછી "યહોવાહનો આત્મા યિફ્તાહ ઉપર આવ્યો" આમ્મોનપુત્રોની સાથે યુદ્ધ થતાં યહોવાહે આમ્મોનીઓને તેના હાથમાં સોંપ્યા અને તેઓનો મોટો સંહાર થયો (૧૧; ૩૩). લડાઇમાં ઉતરતા પહેલાં યિફ્તાહે એવી માનતા લીધી હતી કે, જો હું આમ્મોનપુત્ર પર જીત મેળવીશ તો પાછા વળતાં જે કોઇ મને પ્રથમ મળવા આવશે "તે યહોવાહનું થશે અને હું તેનું દહનીયાર્પણ કરીશ" ઇસ્રાએલીઓની જીતની વાત જ્યારે એફ્રાઇમના માણસોએ સાંભળી ત્યારે તેમને બહુ ખરાબ લાગ્યું ને કહેવા લાગ્યા કે અમને નહિ બોલાવી અમારૂં અપમાન કીધું. આથી કરીને ગિલઆદમાં માણસો અને એફ્રાઇમ વચ્ચે લડાઇ જાગી. આ વખતે પણ યિફ્તાહ ગિલઆદીઓનો આગેવાન થયો (૧૨; ૪). આ લડાઇમાં એફ્રાઇમીઓના ૪૨ હજાર માણસ માર્યા ગયા (જુઓ શિબ્બોલેથ). યિફ્તાહની માનતા—યિફ્તાહે જે માનતા યહોવાહની આગળ આમ્મોનપુત્રોની સામે લડવા જવા અગાઉ લીધી હતી (૧૧; ૩૦), કે જે કોઇ લડાઇમાંથી પાછા આવ્યા પછી ઘરમાંથી મને પ્રથમ મળવા નીકળે તેનું દહનીયાર્પણ ચઢાવીશ. હવે આમ્મોનીઓ પર જીત મેળવી જ્યારે પોતાને ઘેર તે પાછો આવતો હતો ત્યારે તેની દીકરી જે એકની એક હતી તે ડફ તથા નૃત્યસહિત તેને મળવા સારૂ બહાર આવી. આ જોઇ યિફ્તાહે પોતાનાં વસ્ત્ર ફાડ્યાં ને કહ્યું કે, "હાય, મારી દીકરી, તેં મને બહુ નમાવ્યો છે, કેમકે યહોવાહની આગળ મેં મારૂં મુખ ઉઘાડયું છે." છોડીએ જવાબ આપ્યો કે, "મારા બાપ, તારા મુખમાંથી જે નીકળ્યું હોય તે પ્રમાણે મને કર." પછી તેણીએ બે માસની રજા માગી, કે તે પોતાની સખીઓ સાથે પર્વતો પર જઇને પોતાના કુંવારાપણાનો શોક કરે. વખત પુરો થતાં આજ્ઞાંકિત પુત્રી પાછી આવી અને "યિફ્તાહે પોતાની માનેલી માનતા પ્રમાણે તેને કર્યું" (૧૨). હવે આ સંબંધી ઘણાએક વિદ્વાનો એમ માને છે કે, યિફ્તાહે પોતાની દીકરીનું દહનીયાર્પણ કીધું અને પોતાની માનતા પુરી કરી; પણ બીજા કેટલાએક વિદ્વાનો એ વાતની વિરૂદ્ધ છે. તેઓ એવું કહે છે કે, યિફ્તાહ પરમેશ્વરનો ખરો સેવક હતો અને વળી મુસાના નિયમશાસ્ત્રથી તે વાકેફગાર હતો (લેવી. ૧૮; ૨૧: ૨૦; ૨-૫. પુન. ૧૨; ૩૧). તેમજ વળી હેબ્રીઓના પત્રમાં વિશ્વાસુ શૂરવીરોની ટીપમાં યિફ્તાહનું નામ પણ દાખલ કરવામાં આવ્યું છે (૧૧; ૩૨). તો શું એવો માણસ એવું અર્પણ ચઢાવી પરમેશ્વર આગળ આવો મોટો ગુન્હો કરે? પણ તેથી ઉલટું નિર્ગ. ૧૩; ૧૩: ૩૪; ૨૦. ગણ. ૧૮; ૧૫, ૧૬ પ્રમાણે તેણે તેણીની ખંડણી ભરીને છોડાવી હશે અને ત્યાર પછી તે કાયમ કુંવારી રહી હશે (ગણ. ૬; ૧) કેમકે જેમ પુરૂષો તેમ સ્ત્રીઓ પણ નાઝીરવ્રત લઇ શકતી હતી. (૨) યહુદાહના ભાગમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૪૩).

યિફ્તાહ-એલ = પ્રભુ ઉઘાડે છે. યિસ્સાખારમાં આવેલી એક ખીણ હતી (યહો. ૧૯; ૧૪, ૨૭).

યિફ્દયાહ = દેવ છોડાવે છે. શાશાકપુત્રોમાંનો એક બિન્યામીની (૧ કાળ. ૮; ૨૫).

યિબ્નયાહ = પ્રભુ બાંધે છે. બિન્યામીનપુત્રોમાંનો એક (૧ કાળ. ૯; ૮).

યિબ્લઆમ = માણસનો નાશ કરનાર. આ શહેર મનાશ્શેહના ભાગમાં આવેલું હતું. આ શહેરમાંથી ઇસ્રાએલીઓ કનાનીઓને

છેક નાબૂદ કરી શક્યા નહિ (યહો. ૧૭; ૧૧. ન્યા. ૧; ૨૭). ૧ કાળ. ૬; ૭૦ માં તેને બિલઆમ કહે છે. આ શહેરના 'ગૂર-ઘાટ' આગળ યહુદાહના રાજા અહાઝયાહને યેહૂના હુકમ મુજબ મારવામાં આવ્યો હતો (૨ રા. ૯; ૨૭). આ શહેર તે હાલનું 'યેલામાહ' હશે, કે જે યેનિનની ઉત્તરમાં અઢી માઇલ ઉપર આવેલું છે.

યિબ્સામ = ખુશબોદાર. તોલાના પુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૨).

યિબ્હાર = પસંદ કરેલો. હેબ્રોનથી યરૂશાલેમ આવ્યા પછી દાઉદ રાજાને જે પુત્રો થયા તેમાંનો આ એક હતો (૨ શમૂ. ૫; ૧૫. ૧ કાળ. ૩; ૬ : ૧૪; ૫).

યિમ્ના = પાછું ખેંચી લેવું. આશેરપુત્રોમાંના હેલેમના પુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૩૫).

યિમ્નાહ = પાછળ રાખવું. (૧) આશેરનો પુત્ર (ઉત્પ. ૪૬; ૧૭). તેના કુટુંબને 'યિમ્નીઓનું કુટુંબ' કહે છે (ગણ. ૨૬; ૪૪. ૧ કાળ. ૭; ૩૦). (૨) લેવી કોરે જે 'દેવનાં ઐચ્છિકાર્પણો' પર હતો તેનો પિતા (૨ કાળ. ૩૧; ૧૪).

યિમ્રાહ = નક્કી. આશેરવંશી સોફાહના પુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૩૬).

યિમ્લા = તે પુરૂં પાડશે. ભવિષ્યવાદી મીખાયાહનો પિતા (૧ રા. ૨૨; ૮, ૯. ૨ કાળ. ૧૮; ૭, ૮).

યિરઇયાહ = પ્રભુ જુએ છે. બિન્યામીની ભાગોળનો નાયક હતો, જેણે ભવિષ્યવાદી યિર્મેયાહને, તે કાસ્દીઓના ભણી નાસી જાય છે એવું તોહોમત મુકીને પકડી લીધો અને સરદારોની આગળ લઇ ગયો, જેમણે ભવિષ્યવાદીને યહોનાથાન ચિટણીસના ઘરમાં જે કારાગૃહ હતું તેમાંના ભોંયરામાં ઘાલ્યો, જ્યાં ઘણા દિવસ સુધી તે રહ્યો (યિર્મે. ૩૭; ૧૩, ૧૪).

યિરઓન = પૂજ્ય બુદ્ધિ. નાફતાલીના ભાગમાં આવેલાં કોટવાળાં ૧૯ નગરોમાંનું એક હતું (યહો. ૧૯; ૩૮).

યિર્પએલ = દેવ સમો કરે છે. બિન્યામીનનાં ૧૪ નગરોમાંનું એક (યહો. ૧૮; ૨૭).

યિર્મેયાહ = યહોવાહે ઉંચો કીધો. આ નામના જુદા જુદા આઠ માણસની વાત આવે છે. (૧) પવિત્ર કરાર પર મુદ્રા કીધી તેમાંનો એક (નહે. ૧૦; ૨ : ૧૨; ૧, ૧૨, ૩૪). (૨) ગાદપુત્રોમાંનો એક શૂરવીર પુરૂષ હતો, જે દાઉદને સિકલાગમાં આવી મળ્યો (૧ કાળ. ૧૨; ૧૩). (૩) જેઓ અરણ્યના ગઢમાં દાઉદને આવીને મળ્યા તેમાંનો એક ગાદપુત્ર (૧ કાળ. ૧૨; ૧૦). (૪) બન્ને હાથે જેઓ ગોફણ ફેંકવાને હુશિયાર હતા તેમાંનો એક દાઉદનો શૂરવીર યિર્મેયાહ નામનો હતો, તે બિન્યામીની હતો, અને સિકલાગમાં બીજાઓ સાથે દાઉદને આવીને મળ્યો હતો (૧ કાળ. ૧૨; ૪). (૫) મનાશ્શેહવંશી પરાક્રમી તથા નામાંકિત પુરૂષો જે બાપોના ઘરોના મુખ્ય હતા તેમાંનો એક (૧ કાળ. ૫; ૨૪). (૬) રાજા યોશીયાહનો સસરો અને રાણી હમૂટાલનો પિતા, જેને લિબ્નાહનો યિર્મેયાહ કહે છે (૨ રા. ૨૩; ૩૧ : ૨૪; ૧૮. યિર્મે. ૫૨; ૧). (૭) રાજા યહોયાકીમના વખતમાં રેખાબી ગોત્રમાંનો એક આ નામનો હતો (યિર્મે. ૩૫; ૩). (૮) જુના કરારના મોટા ભવિષ્યવાદીઓમાંનો એક યિર્મેયાહ કરીને હતો. તેનો પિતા અનાથોથનો યાજક હતો (યિર્મે. ૧; ૧ : ૩૨; ૬). ૨ રા. ૨૨; ૮ માં દર્શાવ્યા પ્રમાણે યોશીયાહ રાજાના વખતમાં પ્રમુખ યાજક હિલ્કીયાહ જેને પ્રભુના ઘરમાંથી નિયમશાસ્ત્રનું પુસ્તક જડયું તેજ હિલ્કીયાહ યિર્મેયાહ ભવિષ્યવાદીનો પિતા હતો તે ખાતરીની વાત નથી, કેમકે હિલ્કીયાહ આ નામ યહુદીઓમાં બહુ સાધારણ નામ હતું. તો પણ એટલું તો ખરૂં કે યિર્મેયાહ કુલીન વર્ગનો ને વગવસીલાવાળો માણસ હતો, કેમકે યહુદાહના કેટલાક રાજાઓ તથા રાજકુંવરો તેની સાથે સન્માનપૂર્વક વર્તતા હતા એમ દેખાય છે. યિર્મેયાહનો પિતા અનાથોથમાં રહેતો હતો જે

બિન્યામીનના ભાગમાં આવેલું હતું. સાંપ્રતકાળમાં તેને 'અનાથ' કહે છે, જે યરૂશાલેમ શહેરથી ઇશાન કોણમાં આશરે પાંચ માઇલ દૂર આવેલ છે. યહુદાહના રાજા યોશિયાહની રાજકારકીર્દીને તેરમે વર્ષે યિર્મેયાહને ભવિષ્યવાદીનો હોદ્દો મળ્યો (ઇ. સ. પૂ. ૬૨૭), પણ (યિર્મે. ૧; ૬, ૭) પરથી માલમ પડે છે કે, આ પ્રસંગે યિર્મેયાહ કેવળ એક છોકરા જેવો હતો, અને એમ હોય તો તેની ઉમર આશરે ૧૮ કે ૨૦ વર્ષની હશે. આ ઉમર પ્રમાણે તેની જન્મસાલ ઇ. સ. પૂ. ૬૪૫ કે ૬૪૭ની હોવી જોઇએ. યિર્મેયાહને તેના જન્મ પહેલાં પ્રભુએ પસંદ કર્યો હતો (૧; ૫). "ઉખેડવા તથા પાડી નાખવા, અને વિનાશ કરવા તથા ખંડન કરવા, બાંધવા તથા રોપવા સારૂ મેં આજ તને પ્રજાઓ તથા રાજ્યો પર નિમ્યો છે" (૧; ૧૦). પ્રભુએ આ ભવિષ્યવાદીનું તેડું કરતાં ત્રણ દર્શન દીધાં હતાં. (૧) પોતાના હાથનું. (૨) બદામડીની લાકડીનું. (૩) ઉકળતા હાંલ્લાનું. આ ત્રણ દર્શનની મારફતે ભવિષ્યવાદીને જે કામ સોંપવામાં આવનાર હતું તે જણાવવામાં આવ્યું અને તે સાથે તેને હિમ્મત આપવામાં આવી. યિર્મેયાહનું તેડું થતાં તે વતનગામ અનાથોથ મુકીને યરૂશાલેમ રહેવા ગયો. આ પહેલાં એક વર્ષ અગાઉ યોશિયાહ રાજાના અમલમાં દેશમાં ધર્મસુધારો કરવાની શરૂઆત થઇ હતી. અને ત્યાર પછી પાંચમા વર્ષમાં એટલે રાજા યોશિયાહને ૧૮ મે વર્ષે (૬૨૨) મંદિરની અંદરથી નિયમશાસ્ત્રની નકલ જડી આવી. ત્યાર પછી ઇ. સ. પૂ. ૬૦૯ માં આ સાધુશીલ રાજા યોશિયાહ મરણ પામ્યો અને તેને માટે ભવિષ્યવાદીએ વિલાપ કીધો, જે વિલાપગીત ગવૈયાઓ હમેશાં ગાતા હતા (૨ કાળ. ૩૫; ૨૫). આ ભવિષ્યવાદીનું જીવનચરિત્ર લખતાં તેના ઇતિહાસનાં નવ પ્રકરણ પાડી શકાય. (૧) ઇ. સ. પૂ. ૬૨૭-૬૦૯. આ પ્રકરણમાં ભવિષ્યવાદીનો બહુ થોડો ઇતિહાસ હાથ આવ્યો છે. ભવિષ્યવાદીનું તેડું ઇ. સ. પૂ. ૬૨૭ માં થયું. વળી તે કાયમ કુંવારો રહ્યો હોય એમ ૧૬; ૧-૩ પરથી જણાય છે. તેનું ભવિષ્યવાદ કરવાનું તેડું થયું ત્યારે દેશમાં બઆલ અને અશેરાથની પૂજા ઘણી ચાલતી હતી. યિર્મેયાહ તેને માટે ઘણી રડાપીટ કર્યા કરતો હતો અને તેમને સખત ઠપકો પણ આપતો હતો. આખો દિવસ પ્રભુનાં વચન પ્રગટ કર્યાને લીધે થાક, નિંદા અને તિરસ્કાર તેને ભોગવવાં પડતાં હતાં એટલુંજ નહિ, પણ તેનાં સગાં અને સ્નેહીઓ પણ તેનાથી કંટાળી તેને મારી નાખવાને માગતાં હતાં. રાજા યોશિયાહના મરણ પછી તેનો પુત્ર સાલૂમ કે યહોઆહાઝ બીજો ગાદીપતિ થયો, પણ તે પોતાના પિતાને પગલે નહિ ચાલતાં પ્રભુની નજરમાં જે ભુંડું તે કરવા લાગ્યો. ત્રણ વર્ષ રાજ કર્યા બાદ મિસરનો રાજા ફારૂન નકોહ તેને કેદ કરીને મિસર દેશમાં લઇ ગયો. આ વખતે યિર્મેયાહ ખેદિત થઇને બોલ્યો કે, "મુએલાને લીધે રડો મા, ને તેને લીધે શોક ન કરો; પણ જે નીકળી જાય છે તેને લીધે બહુ રડો, કેમકે તે પાછો આવશે નહિ, પણ બંદિપ્રવાસમાંજ મરણ પામશે" (યિર્મે. ૨૨; ૧૦). (૨) ૬૦૯. યહોઆહાઝ બીજાને ફારૂન નકોહ કેદ કરીને લઇ ગયો અને તેની જગ્યાએ યોશિયાહના બીજા દીકરા એલ્યાકીમને યહોયાકીમ નામ આપી ગાદીનશીન કીધો (૨ રા. ૨૩; ૩૪). રાજા યહોયાકીમે સુલેમાન રાજાની માફક મહા મોટા થઇ ભવ્ય રાજ્યમહેલો બાંધવાનું ધાર્યું અને એવું કરતાં યહોવાહની નજરમાં જે ભુંડું તે તેણે કીધું. ગરીબો પર જુલમ કરી વેઠનું કામ કરાવ્યું. આ વિષે યિર્મેયાહ ભવિષ્યવાદીએ ૨૨ અને ૨૬ અધ્યાયમાં ગરીબો પર જુલમ કરવા સંબંધી ભારે ઠપકો આપેલો દેખાય છે. એ કારણ માટે યાજકો અને જુઠા ભવિષ્યવાદીઓ યિર્મેયાહ ઉપર બહુ ગુસ્સે થયા અને તેના ઉપર રાજદ્રોહનું

ભારે તહોમત મૂકી તેને દેહાંતદંડની શિક્ષા આપવા પરવાનગી મેળવવાને કોશિશ કીધી. પણ તે વખતના જે રાજકારભારીઓ અને અધિકારીઓ તે મરહૂમ રાજા યોશિયાહના વખતના હોવાથી યિર્મેયાહને બરોબર ઓળખતા હતા, માટે યિર્મેયાહને નિરપરાધી ઠરાવ્યો; અને તેના નિરપરાધી ઠરવામાં મીખાહ ભવિષ્યવાદીનો દાખલો અગત્યનો થઇ પડયો. એ કારણ માટે ભવિષ્યવાદીનો બચાવ થયો. આ વખતે શાફાનના પુત્ર અહીકામે યિર્મેયાહનો પક્ષ લીધો હતો (યિર્મે. ૨૬; ૨૪). (૩) ૬૦૯–૬૦૭. આ બે વર્ષની અંદર યહોયાકીમના દરબારમાં પ્રધાન મંડળનો વિચાર એવો હતો કે મિસર દેશની સાથે સંપ કરવો. પણ આ પ્રધાનમંડળ સામે યિર્મેયાહે પ્રગટ કીધું કે મિસરનું તો નહિ પણ બાબેલનું રાજ્ય ખરેખરૂં પ્રબળ થનાર છે, અને બધો દેશ નબૂખાદનેસ્સારને હાથ સોંપવામાં આવશે. અને પોતાના આ ભવિષ્યને મજબુત કરવાને 'કુંભારના ગારાની' તથા 'કુંભારની કુડીની' કૃત ઉપમા કરી બતાવી (અ. ૧૮: ૧૯). આ જોઇને યહોવાહના ઘરનો મુખ્યાધિકારી પાશહૂર–બેન–ઇમ્મેર કરીને જુઠો ભવિષ્યવાદી હતો તેણે યિર્મેયાહને માર્યો અને તેના પગ હેડમાં ઠોકયા. આ વખતે ફરીને યિર્મેયાહે ભવિષ્ય કહ્યું કે તારૂં નામ પાશહૂર નહિ પણ માગોર-મિસ્સાબીબ છે, કેમકે યહોવાહ એમ કહે છે કે આખો યહુદાહ બાબેલ બંદિપ્રવાસમાં લઇ જવાશે અને યહુદાહના રાજાઓનો સર્વ ખજાનો શત્રુના હાથમાં સોંપાશે; અને હે પાશહૂર, તું તથા તારા ઘરનાં સર્વ તથા તારા મિત્રો બંદિપ્રવાસમાં જશો અને ત્યાંજ મરણ પામશો (યિર્મે. ૨૦; ૧–૬). (૪) ૬૦૬–૬૦૫ આ વર્ષમાં નબૂખાદનેસ્સારે યહુદાહ દેશ ઉપર હુમલો કીધો. આ વખતે આસપાસનાં ઘણાં માણુસો યરૂશાલેમમાં એકઠાં થયાં હતા. તેઓમાંના કેટલાએક રેખાબી પંથના હતા. તેઓમાંના કેટલાએક કોઇ વખતે યિર્મેયાહની ભવિષ્યવાત સાંભળવાને આવતા હતા. તેમના ઉપરથી યિર્મેયાહે ઇસ્રાએલીઓને બોધ આપ્યો કે જુઓ, આ લોકો પોતાના માનવી પૂર્વજની આજ્ઞા પાળતા આવ્યા છે પણ તમો ઇશ્વર, જે આપણો આકાશી ધણી તેની આજ્ઞાઓ તોડયા કરો છો (અધ્યા. ૩૫). આ તો યિર્મેયાહની ત્રીજી કૃત ઉપમા હતી. (૫) ૬૦૪ ૫૯૮. આ સાલમાં (૬૦૪) યિર્મેયાહે આગલાં ત્રેવીસ વર્ષ સુધીની ભવિષ્યવાત લપેટામાં લખી અને ત્યાર પછી પોતાના શાસ્ત્રી બારૂખને લપેટો આપીને ઉપવાસપર્વને દિવસે મંદિરમાં વાંચી સંભળાવવાનું ફરમાવ્યું. યિર્મેયાહને માલમ હતું કે જ્યારે યહોયાકીમ ઉપલાં મારા લખેલાં યહોવાહનાં વચનો સાંભળશે ત્યારે મારા ઉપર બહુ ગુસ્સે થશે, તેથી તે પોતે લપેટો બારૂખને આપીને સંતાઇ ગયો. પછી યહોયાકીમના પાંચમા વર્ષના નવમા માસમાં જ્યારે યરૂશાલેમના સર્વ લોકો તથા યહુદાહના નગરોમાંથી લોકો યરૂશાલેમ આવ્યા તે દિવસે બારૂખે ઉપલો ભવિષ્યવાતનો લપેટો (ટીપણું) લોકોને વાંચી સંભળાવ્યો. હવે જ્યારે આ લપેટામાં લખેલી ભવિષ્યવાતોનો સાર રાજા યહોયાકીમના સાંભળવામાં આવ્યો ત્યારે તે ખરેખર તપી ગયો, અને જો કે કેટલાએકનો મત તેનાથી વિરૂદ્ધ હતો તો પણ રાજાએ ઉપલો લપેટો સીગડીના અગ્નિમાં નાખી બાળી નાખ્યો (૩૬). ત્યાર પછી પ્રભુના હુકમ મુજબ યિર્મેયાહે આખો લપેટો ફરીને લખ્યો અને તેમાં પહેલાં જે વાતો લખી હતી તે ઉપરાંત રાજા યહોયાકીમે લપેટો બાળી નાખવાનું જે અઘોર કૃત્ય કર્યું હતું તેને માટે ભારે ઠપકો લખ્યો અને જણાવ્યું કે યહોવાહ થોડી વારમાં વેર વાળવાને આવે છે. વળી તે ઉપરાંત નવા લપેટામાં ઇસ્રાએલીઓની પુનઃસ્થાપના વિષે ભવિષ્યો લખ્યાં (૩૦-૩૩). રાજા યહોયાકીમના જીવતાં ભવિષ્યવાદી યિર્મેયાહ તથા તેનો લહિયો બારૂખ યરૂશાલેમમાં પાછા આવી શક્યા નહિ એવું

સંભવિત જણાય છે, તો આ ૭ વર્ષમાં તેણે શું શું કીધું તે સાફ લખેલું નથી, પણ આજ વખતમાં યિર્મેયાહે ફ્રાત નદી સુધીની લાંબી મુસાફરી કરી અને 'કમરબંધ'ની ચોથી કૃત ઉપમા પરથી શિખાડયું કે, આજ પ્રમાણે યહુદાહનો અને યરૂશાલેમનો ગર્વ નષ્ટ થશે (૧૩; ૧-૧૧). (૬) ૫૯૮-૫૯૪. ઈ. સ. પૂ. ૫૯૮ માં રાજા યહોયાકીમ મરણ પામ્યો અને તેનો પુત્ર કોન્યાહ કે યહોયાખીન યહુદાહનો ત્રણ માસ લગી રાજા થયો. તેના ઉપર આવનાર દંડાજ્ઞા યિર્મેયાહે ૨૨ ; ૨૪-૩૦ માં કહી બતાવી છે. ત્યાર પછી યોશિયાહનો પુત્ર માથાનીયા કે સિદકીયાહ યહુદાહનો ગાદીપતિ થયો (૫૯૮-૫૮૬). તેની રાજકારકીર્દીમાં કેટલાએક સરદારો બહુ પ્રબળ થવા લાગ્યા અને સિદકીયાહને પણ દબાવવા લાગ્યા. સિદકીયાહે તેમના દબાણથી નીકળવાનું ઘણું કર્યું પણ તેનું કંઇ ચાલ્યું નહિ. આ વખતે ભવિષ્યવાદીએ અંજીરની બે ટોપલીનું દર્શન દીઠું અને તે પરથી બતાવવામાં આવ્યું કે, દેશમાંના જે સૌથી સારા તથા નઠારા તેઓ બાબેલ બંદિપ્રવાસમાં લઇ જવાશે. જેઓ સારા છે તેઓ આશીર્વાદિત થશે, પણ જે ખરાબ તેઓનો બંદિપ્રવાસમાં નાશ થશે. આ વખતે યિર્મેયાહે બાબેલના બંદિપ્રવાસીઓ ઉપર બોધપત્ર લખીને જણાવ્યું કે હાલનું સંકટ ધીરજતાથી સહેતાં સ્વદેશમાં પાછા આવવાની વાટ આતુરતાથી જુઓ (૨૯). પણ જેમ યરૂશાલેમમાં તેમજ બાબેલમાં પણ જુઠા ભવિષ્યવાદીઓ હતા. તેઓમાંના શેમાયા, સિદકીયાહ અને આહાબ નામના ત્રણ વિરૂદ્ધ યિર્મેયાહે દંડાજ્ઞા પ્રગટ કરી. વળી આ વખતમાં (૫૯૪) માં યિર્મેયાહ લાકડાની એક ઝુંસરી ગરદન ઉપર મુકીને યરૂશાલેમના સરીયામ રસ્તાઓમાં ફરતો હતો. અને એમાં એમ દર્શાવવા માગતો હતો કે આ દેશની પ્રજા થોડાજ વખતમાં બંદિપ્રવાસમાં લઇ જવાશે. એવામાં હનાનીયાહ નામનો જૂઠો ભવિષ્યવાદી યિર્મેયાહ પાસે આવ્યો અને તેની ઝુસરી ભાંગી નાખી, અને ભવિષ્ય કહ્યું કે, યહુદાહ દેશનો છુટકો વહેલો થશે અને પ્રભુના મંદિરમાંથી જે પાત્રો બાબેલ લઇ ગયા છે તે તથા યહુદી બંદિપ્રવાસીઓ બે વર્ષની અંદર પાછા આવશે. ત્યાર પછી યિર્મેયાહે પ્રત્યત્તર આપી જણાવ્યું કે, બાબેલની સરકાર યહુદીઓની ગરદન ઉપર લાકડાની નહિ પણ લોઢાની ઝુસરી મુકશે, અને આ જુઠો ભવિષ્યવાદી હનાનીયાહ મરશેજ મરશે; ને ભવિષ્ય પ્રમાણે બીજે દિવસે તે મરણ પામ્યો (૨૮). આજ વખતે સિદકીયાહ રાજાએ બાબેલ સુધી મુસાફરી કરી (કદાચ ખંડણી ભરવા) હતી. આ વખતે શાસ્ત્રી બારૂખના ભાઇ સેરાયાહને રાજા પોતાની સાથે લઇ ગયો હતો, અને આ સેરાયાહની સાથે યિર્મેયાહે બાબેલ સંબંધીનાં ભવિષ્યનો લપેટો મોકલાવી કહ્યું કે, લપેટાની બધી વાત જાહેરમાં વાંચી સંભળાવ્યા બાદ લપેટો ફ્રાત નદીમાં ડુબાડવો. અને તે કૃત ઉપમાથી યિર્મેયાહ એ કહેવા માગતો હતો કે, બાબેલ પણ ડુબી જશે ને પાછું તરી આવશે નહિ. (૭) ઈ. સ. પૂ. ૫૮૮. આ સાલમાં યરૂસાલેમના ગુલામોને છુટા કરવામાં આવ્યા, પણ બાબેલની ફોજે થોડી વાર સુધી ઘેરો ઉઠાવી લીધો એટલે તેઓને પાછા ગુલામીમાં રાખ્યા. એમાં રાજા પોતે નાખુશ હતો, પણ કંઇ કરી શક્યો નહિ. એ કારણ માટે યિર્મેયાહ ભવિષ્યવાદીએ આ ક્રૂર કામની વિરૂદ્ધ સખત ભવિષ્ય કહ્યું (૩૪). જે વખતે મિસરના રાજા હૉફ્રાની સામે લડવાને થોડો વખત બાબેલની ફોજે ઘેરો ઉઠાવ્યો, ત્યારે તે પ્રસંગનો લાભ લઇ ભવિષ્યવાદી ઘરખરચનો સામાન લેવા માટે અનાથોથ ગયો. ત્યારે તેના શત્રુઓએ એ વાતનો લાભ લઇ તે નાસી ગયો છે એવું તહોમત તેના ઉપર મુકી તેને પકડી ભોંયરાના ઘરમાં નાખ્યો. પણ કેટલાક દિવસ પછી રાજા સિદકીયાહે તેને બહાર કઢાવી ખાવાપીવાનો બંદોબસ્ત

કરી આપવાની મહેરબાની કરી (૩૭). યિર્મેયાહ હજી સુધી યરૂશાલેમના નાશ વિષે ભવિષ્યો પ્રગટ કરતો, પણ હવે તેની સાથે યરૂશાલેમની પુનઃસ્થાપનાની વાત પણ પ્રગટ કરવા લાગ્યો, અને તે સંબંધીની ખાતરી ઉપજાવવા તેણે અનાથોથમાં પોતાને વાસ્તે ખેતરની જમીન ખરીદ કરી. તો પણ યહુદી સરદારોએ તેને પકડીને એક બીના કાદવવાળા ભોંયરામાં (ટાઇખાના) ઉતાર્યો, એવો વિચાર કરીને કે ત્યાં તે મરી જશે; પણ એબેદ-મેલેખ નામના હબશી ખોજાએ તેના ઉપર દયા કરી તેને બહાર કાઢ્યો. (૮) ૫૮૬. બાબેલના નબુખાદનેસ્સારના સેનાપતિ નબૂઝારઅદાને યરૂશાલેમ જીતી લીધું. આ વખતે તેણે ભવિષ્યવાદી યિર્મેયાહને કંઇ પણ નુકસાન કીધું નહિ, પણ કહ્યું કે, જો તારી ઇચ્છા હોય તો સન્માન સહિત અમારી સાથે રહે; નહિ તો તારી મરજી એમ ન હોય તો આ યહુદાહ દેશનો નવો હાકેમ (ગદાલ્યાહ) તેની સાથે રહે. ત્યારે ભવિષ્યવાદીએ કહ્યું કે મારા જુના રક્ષક અહીકામનો પુત્ર ગદાલ્યાહ છે, તેની સાથે આ દેશમાં રહેવાની મારી મરજી છે; પણ ત્યાર પછી આશરે બે માસની અંદર ગદાલ્યાહ માર્યો ગયો. એથી કરીને કેટલાએકને લાગ્યું કે બાબેલનો રાજા આવી આપણું વેર લેશે, તેથી અમુક માણસોએ મિસર દેશમાં નાસી જવાનું ઠરાવ્યું. યિર્મેયાહે તેમને તેમ કરવાની મના કરી પણ તેનું માન્યું નહિ, અને તે લોકો યિર્મેયાહને પણ પોતાની સાથે મિસર દેશમાં લઇ ગયા, કેમકે તેમનું એવું માનવું હતું કે યિર્મેયાહના શાસ્ત્રી બારૂખના કહેવાથી યિર્મેયાહે આપણને મિસરમાં જવાની મના કરી છે, માટે યિર્મેયાહનું કહેવું નહિ ગણકારતાં તેને પણ પોતાની સાથે લીધો, કે પ્રભુનો આશીર્વાદ તેને લીધે આપણા પર આવે (૪૩; ૧-૩). મિસર દેશના તાહપાન્હેસ ગામમાં જઇને તેઓએ વાસો કીધો. અહિં યિર્મેયાહે ભવિષ્ય કહ્યું કે બાબેલનો રાજા નબુખાદનેસ્સાર મિસર દેશને હેરાન કરી, ફારૂન-નકોહના મહેલને દ્વારે પોતાની ગાદી ઉભી કરશે. એ બતાવવાને તેણે મોટા પત્થરો લઇને કૃત ઉપમા કરી બતાવી (૪૩). અહિં મિસર દેશમાં નાસી આવેલા યહુદીઓ થોડી મુદતમાં મૂર્તિપૂજા કરવા લાગ્યા અને ચંદ્રને આકાશની રાણી માની તેના નામમાં વિલાસક્રિયા કરવા લાગ્યા (૪૪). (૯) ૫૭૭. દંતકથા એવી ઉતરી છે કે યિર્મેયાહે પોતાના સ્વદેશીઓને મૂર્તિપૂજા કરતાં જોઇ સખત ધમકી આપી. એથી તેઓ ઘણા તપી ગયા અને મિસર દેશના ડારૂને ગામમાં તેને પત્થરે મારી મારી નાખ્યો. આ પુસ્તકનો છેલ્લો અધ્યાય યિર્મેયાહનો રચેલો નહિ હશે. જુઓ ૫૧; ૬૪ માં લખ્યું છે કે "અહિં સુધી યિર્મેયાહનાં વચનો છે." પણ જો છેલ્લો અધ્યાય, એટલે ૫૨ મો અધ્યાય યિર્મેયાહનોજ રચેલો ગણીએ તો કબૂલ કરવું જોઇએ કે, એવીલ-મરોદાખ (૫૬૧-૫૫૯) બાબેલનો ગાદીપતિ થયો ત્યારે યિર્મેયાહ જીવતો હતો; કેમકે લખ્યું છે કે તેણે પોતાની કારકીર્દીના પહેલા વર્ષમાં યહોયાખીનનું સન્માન કરીને તેને બંદિખાનામાંથી બહાર કાઢ્યો. હવે ઉપલી વાત ખરી માનીએ તો યિર્મેયાહ ઇ. સ. પૂ. ૫૬૦ સુધી જીવતો રહ્યો અને એમ ઓછામાં ઓછી ૮૫ કે ૮૭ વર્ષની ઉમરે તે મરણ પામ્યો. (૬૪૫ કે ૬૪૭-૫૬૦). હવે ૩૯-૪૪ અધ્યાયોમાં બતાવવામાં આવ્યું છે કે, મિસરમાં પોતાની સાથે આવેલા યહુદીઓ મૂર્તિપૂજામાં ગરક થઇ ગયા. હવે જો એમ હોય તો મિસરમાં આવ્યાને યહુદીઓને જરા લાંબો વખત થયો હશે. હવે જો એ વખત નવ દસ વર્ષનો ગણીએ તો ઇ. સ. પૂ. ૫૭૭ થાય; એટલે ૫૮૬ માં તેઓ ત્યાંથી નાઠા હતા. હવે એ અટકળ ખરી હોય તો ભવિષ્યવાદીએ બધાં મળીને ૫૦ વર્ષ સુધી ભવિષ્યવાદીનું કામ કીધું (૬૨૭-૫૭૭). યિર્મે. વિલાપ

૩; ૧ માં બતાવવામાં આવ્યું છે કે, "જેણે દુઃખ ભોગવ્યું છે તે પુરૂષ હુંજ છું," હા, જેઓ પ્રભુની ખાતર નિંદા અને સતાવણી પામે છે તેને ધન્ય છે (માત્થી ૫; ૧૧, ૧૨). બંદિપ્રવાસનાં સિત્તેર વર્ષ બાદ ભવિષ્યવાદીની વાતોનો લોક વિચાર કરવા લાગ્યા (દાની. ૯; ૨) અને કહેવા લાગ્યા કે, ભવિષ્યવાદીનું કામ તમામ હજી પૂર્ણ થયું નથી, માટે પરમેશ્વર તેને ફરીને આ દુનિયામાં મોકલશે અને એમ પ્રભુ ઇસુના પ્રગટ થવામાં કેટલાક લોક એવા હતા કે મસીહને યિર્મેયાહ ધારતા હતા (માત્થી ૧૬; ૧૪). વળી કેટલાક યોહાન બાપ્તિસ્મા કરનારને પુછતા કે, "આવનાર જે ભવિષ્યવાદી તે શું તું છે? મતલબ કે, શું તું યિર્મેયાહ છે? (યોહા. ૧; ૨૧). યરૂશાલેમના કોટની પશ્ચિમ બાજુએ દમસ્ક નામનો દરવાજો આવેલો છે, તે દરવાજાની પાસે શહેર બહાર યિર્મેયાહની 'ખો' આજ દિન સુધી બતાવવામાં આવે છે, અને કદાચ એવું હોય કે એજ ખોમાં જઇને મનની કડવાસ જાણીને યિર્મેયાહે પોતાના દેશની પડતી દશા વિલાપમાં વર્ણવી હોય, કે જેને યિર્મેયાહનો વિલાપ કહે છે. યિર્મેયાહ ભવિષ્યવાદી (૨ કાળ. ૩૫; ૨૫: ૩૬; ૧૨, ૨૧, ૨૨. એઝ. ૧; ૧. યિર્મે. ૧; ૧: ૭; ૧: ૧૧; ૧: ૧૪; ૧: ૧૮; ૧, ૧૮: ૧૯; ૧૪: ૨૦; ૧–૩: ૨૧; ૧, ૩: ૨૪; ૩: ૨૫; ૧, ૨, ૧૩: ૨૬; ૭, ૯, ૧૨, ૨૦, ૨૪: ૨૭; ૧: ૨૮; ૫, ૬, ૧૦—૧૨, ૧૫: ૨૯; ૧, ૨૭, ૨૯, ૩૦: ૩૦; ૧: ૩૨; ૧, ૨, ૬, ૨૬: ૩૩; ૧, ૧૯, ૨૩: ૩૪; ૧, ૬, ૮, ૧૨: ૩૫; ૧, ૩, ૧૨, ૧૮: ૩૬; ૧, ૪, ૫, ૮, ૧૦, ૧૯, ૨૬, ૨૭, ૩૨: ૩૭; ૨–૪, ૬, ૧૨–૧૪, ૧૬–૧૮, ૨૧: ૩૮; ૧, ૬, ૭, ૯–૧૭, ૨૦, ૨૪, ૨૭, ૨૮: ૩૯; ૧૧, ૧૪, ૧૫: ૪૦; ૧, ૨, ૬: ૪૨; ૨, ૪, ૫, ૭: ૪૩; ૧, ૨, ૬, ૮: ૪૪; ૧, ૧૫, ૨૦, ૨૪: ૪૫; ૧: ૪૬; ૧, ૧૩: ૪૭; ૧: ૪૯; ૩૪: ૫૦; ૧: ૫૧; ૫૯–૬૧, ૬૪: ૫૨; ૧. દાની. ૯; ૨ ઇત્યા. યિર્મેયાહનું પુસ્તક—આ પુસ્તકમાં બાવન અધ્યાય સમાયલા છે. દરેક અધ્યાય કયારે લખવામાં આવ્યો તે સ્પષ્ટ માલમ પડતું નથી, માટે આ પુસ્તકમાં કયા ધોરણે અધ્યાયનો અનુક્રમ કરવામાં આવ્યો હશે તે વિષે ઘણો સંદેહ છે. અધ્યા. ૩૫ ને ૩૬ સાથે ૩૪ અને ૩૭ સરખાવો. (૧) ૧–૨૦. યહુદીઓની ભુંડાઇ દર્શાવવામાં આવી છે. (૨) ૨૧–૨૫. યહુદાહના રાજા અને ત્યાંના જુઠા ભવિષ્યવાદીઓની સામે જુદે જુદે પ્રસંગે કહેલાં ભવિષ્યો. (૩) ૨૬–૨૮. યરૂશાલેમના થનાર નાશ વિષે ભવિષ્યો. (૪) ૨૯–૩૧. બાબેલ બંદિપ્રવાસીઓ ઉપર પત્ર અને દિલાસો તથા આશા ઉપજાવનાર ભવિષ્યો. (૫) ૩૨–૪૪. યરૂશાલેમને ઘેરો ઘાલી જીતી લીધું તે અરાઢ માસની હકીકત અને તે વિષેનાં ભવિષ્ય. (૬) ૪૫. જે વચનો બારૂખ શાસ્ત્રીને કહેવામાં આવ્યાં તે. (૭) ૪૬–૫૧. પરદેશીઓને લગતાં ભવિષ્યો. (૮) ૫૨. ઇતિહાસિક પરિશિષ્ટરૂપી વાત. આ પુસ્તકમાં ૧૦; ૧૧મું વાક્ય અરામી ભાષામાં લખવામાં આવ્યું છે. સમકાળિક ભવિષ્યવાદીઓ સફાન્યાહ, હબાક્કૂક, હઝકીએલ અને દાનીએલ.

યિર્મેયાહનો વિલાપ = હેબ્રી ભાષામાં આ પુસ્તકનું નામ 'એખા' (= કેવું) આપવામાં આવ્યું છે, આ શબ્દ અ. ૧; ૨; ૪; ના મથાળામાં આવે છે. યહુદી લોકમાં એવી રીત હતી કે પુસ્તકના આદી વાક્યનો કોઇ મુખ્ય શબ્દ પસંદ કરી પુસ્તકને નામ આપતા હતા. પણ સપ્તતિના પુસ્તકમાં તેને 'વિલાપ' નામ આપવામાં આવ્યું છે, કેમકે વિલાપરૂપી ઘણી વાત આ પુસ્તકમાં સમાયલી છે. એજ અર્થ બતાવતાં સપ્તતિમાં કોઇ વાર 'થ્રેનૉય,' હેબ્રીમાં 'કીનોથ' અને અંગ્રેજીમાં 'લેમેનટેશન' એવું નામ આપવામાં આવ્યું છે. સુ. ગીત, રૂથ, વિલાપ, સભાશિક્ષક

અને એસ્તેર આ પાંચે પુસ્તકોને 'લખોટાનાં પુસ્તક' એવું નામ આપવામાં આવ્યું છે. ઉપલાં પુસ્તકોનું વાંચન અમુક પર્વે થતું હતું. એ પ્રમાણે વિલાપનું પુસ્તક પાંચમા માસની નવમી તારીખે, એટલે યરૂશાલેમના મંદિરનો નાશ થયો હતો તે તારીખે ઘણા રૂદન અને વિલાપ સાથે દર વર્ષે વાંચવામાં આવતું હતું. યરૂશાલેમમાં વિલાપસ્થાન નામની એક જગ્યા છે ત્યાં કેટલાક યહુદીઓ દર શુક્રવારે તેમજ કેટલાંક પર્વને દિવસે ત્યાં જઇ વિલાપના પુસ્તકનું વાંચન કરે છે, અને તેની સાથે ગીતશાસ્ત્રમાં કેટલાંક ગીતો વિલાપ સાથે ગાય છે. છેક પ્રાચીનકાળથી એવી દંતકથા ઉતરેલી છે કે આ પુસ્તકનો કર્તા યિર્મેયાહ ભવિષ્યવાદી છે, પણ કોઇ કોઇ કારણોને લીધે કેટલાએક વિદ્વાનો તેથી વિરૂદ્ધ છે. પુસ્તકમાં પાંચ અધ્યાય છે. આ પાંચે અધ્યાયો પદ્યમાં લખેલા છે, પહેલા બે અધ્યાયોમાં હેબ્રી મૂળાક્ષર પ્રમાણે ૨૨ પદ છે, અને દરેક પદમાં ત્રણ ત્રણ ઉપપદ સમાયલાં છે. ત્રીજા અધ્યાયમાં અક્ષરાનુક્રમ પ્રમાણે જુદા જુદા બાવીસ ભાગ કરેલા છે, અને ત્રણ ત્રણ વાક્યોનો આદિ અક્ષર એક ને એકજ છે, અને દર વાક્યમાં બે ઉપવાક્યો છે. ચોથો અધ્યાય પણ અક્ષરાનુક્રમે ગોઠવેલો છે અને વાક્યો બાવીસ છે, પણ ઉપવાક્ય દરેકમાં બબે છે. પાંચમો અધ્યાય અક્ષરાનુક્રમવાળો નથી પણ અક્ષરાનુક્રમ જેવો દેખાય છે. પુસ્તકમાં આવો અક્ષરાનુક્રમ કરવાનું કારણ એ હશે કે ગાનારાને ગીતનું સ્મરણ બરાબર રહે. દરેક અધ્યાયને મથાળે આખા અધ્યાયનું આધારવચન લખવામાં આવેલું છે. **પૃથક્કરણ**—અ. (૧) દુર્દશાનું વર્ણન. (૨) દુર્દશાનું કારણ. (૩) દિલાસો પમાડનાર સાધન. (૪) ગતકાળ તથા વર્તમાનકાળની સ્થિતિનો મુકાબલો. (૫) ઇશ્વરની મહેરબાનીની વિષે વિનય. પુસ્તકમાં સમાયલો બોધ—પ્રભુની શિક્ષા હલકી ગણવી નહિ, તેની સોટીનો માર જોઇને નિર્ગત થવું નહિ, પણ પસ્તાવો કરીને પ્રભુની ગમ ફરવું અને માફી તથા ઉદ્ધારને સારૂ કેવળ તેની તરફ નમ્રતાથી દૃષ્ટિ રાખવી.

યિશાઇ = મારો ધણી. (૧) આથ્થાઇમનો પુત્ર (૧ કાળ. ૨; ૩૧). (૨) ઝોહેથનો પિતા (૧ કાળ. ૪; ૨૦). (૩) શિમઓનના પુત્રોમાંનો એક (૧ કાળ. ૪; ૪૨). (૪) મનાશ્શેહના બાપોના ઘરોના મુખ્યોમાંનો એક (૧ કાળ. ૫; ૨૪).

યિશ્પાન—બિન્યામીની શિમકનો પુત્ર, જે બાપોના ઘરના મુખ્ય પુરૂષો યરૂશાલેમમાં રહેતા હતા તેમાંનો એક (૧ કાળ. ૮; ૨૨).

યિશ્પાહ—બિન્યામીની બરીઆહનો પુત્ર (૧ કાળ. ૮; ૧૬).

યિશ્બાક = છુટું કરવું. ઇબ્રાહીમનો કટૂરાહને પેટે થએલો પાંચમો પુત્ર (ઉત્પ. ૨૫; ૨. ૧ કાળ. ૧; ૩૨).

યિશ્બાહ = શાંત પાડનાર. યહુદાહપુત્રોમાંના એસ્તમોઆબનો પિતા (૧ કાળ. ૪; ૧૭).

યિશ્બી-બનોબ = મારૂં રહેઠાણ નોબ છે. વિરપુત્રોમાંનો (રફાઇમ) એક હતો, જેના ભાલાનું વજન પિત્તળના ત્રણસેં શેકેલ હતું. તેણે દાઉદને મારી નાખવાનો વિચાર કીધો, એટલામાં સરૂયાહના પુત્ર અબીશાયે દાઉદની વારે ધાઇને વિરપુત્રને મારી નાખ્યો (૨ શમૂ. ૨૧; ૧૬, ૧૭).

યિશ્મરાય = પ્રભુ રાખે છે. એલ્પાઆલના પુત્રોમાંનો એક હતો. તે બિન્યામીની હતો (૧ કાળ. ૮; ૧૮).

યિશ્મા—(૧ કાળ. ૪; ૩).

યિશ્માયાહ = યહોવાહ સંભાળે છે. (૧) દાઉદ અને સુલેમાન રાજાના વખતમાં તે ઝબુલૂન કુળનો સરદાર હતો, તેના પિતાનું નામ ઓબાદ્યાહ હતું (૧ કાળ. ૨૭; ૧૯). (૨) ગિબઓની યિશ્માયાહ દાઉદને સિકલાગમાં આવી મળ્યો, "જે ત્રીસમાં પરાક્રમી તથા ત્રીસનો ઉપરી હતો" (૧ કાળ. ૧૨; ૪).

યિશ્વાહ = સપાટી. જે ઇસ્રાએલપુત્રો મિસર દેશમાં આવ્યા તેમાંનો એક આશેરનો પુત્ર આ નામનો હતો (ઉત્પ. ૩૬; ૧૭. ૧ કાળ. ૭; ૩૦).

યિશ્વી = સરખી સપાટી. (૧) આશેરના પુત્રોમાંનો એક (ઉત્પ ૪૬; ૧૭). તેના કુટુંબને યિશ્વીઓનું કુટુંબ કહે છે (ગણ. ૨૬; ૪૪). (૨) શાઉલના ત્રણ દીકરાઓમાંનો બીજો દીકરો (૧ શમૂ. ૧૪; ૪૯).

યિશ્શીયાહ = જેને પ્રભુ ઉછીતું આપે છે. (૧) યિસ્સાખારપુત્રોમાંનો યિઝ્રાહયાહના પાંચ પુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૩). (૨) લેવી રહાબ્યાહના પુત્રોમાંનો મુખ્ય (૧ કાળ. ૨૪; ૨૧, ૨૫). (૩) (એઝ. ૧૦; ૩૧). (૪) દાઉદના શૂરવીરોમાંનો એક (૧ કાળ. ૧૨; ૬). (૫) ઉઝ્ઝીએલના પુત્રોમાંનો બીજો (૧ કાળ. ૨૩; ૨૦). (૬) (૧ કાળ. ૨૬; ૨૫. સરખાવો ૨૪; ૨૧).

યિસ્કાહ = જાસુસ. હારાનની દીકરી અને મિલ્કાહ અને લોટની બહેન થાય (ઉત્પ. ૧૧; ૨૯, ૩૧).

યિસ્માખ્યાહ = પ્રભુ પુરૂં પાડે છે. આ નામનો એક લેવી કોનાન્યાહ તથા તેના ભાઇ શિમઇના હાથ નીચે મુકાદમ હતો (૨ કાળ. ૩૧; ૧૩).

યિસ્રી—દાઉદ રાજાના વખતનો એક લેવી હતો (૧ કાળ. ૨૫; ૧૧).

યિસ્સાખાર = ભાડુત; બળવાન ગધેડો. (૧) યાકુબનો લેઆહથી થએલો નવમો પુત્ર, જે પાદ્દાનારામમાં જન્મ્યો હતો (ઉત્પ. ૩૦; ૧૮ સરખાવો ૨૯; ૩૫). મિસર દેશમાં જતાં તેને ચાર પુત્રો થયા; એટલે તોલા, પુવાહ, યોબ તથા શિમ્રોન (ઉત્પ. ૪૬; ૧૩. ગણ. ૨૬; ૨૩, ૨૫). યિસ્સાખારનો ખાસ ઇતિહાસ બીજો કંઇ નોંધવામાં આવ્યો નથી. યિસ્સાખારનું કુળ—અરણ્યની મુસાફરીમાં મુલાકાતમંડપની પૂર્વ બાજુમાં યહુદાહ તથા ઝબુલૂન કુળની સાથે તેમની છાવણી નાખવામાં આવતી હતી. આ વખતે તે કુળનો અધિપતિ નથાનએલ હતો. સિનાય પહાડ આગળ જ્યારે ઇસ્રાએલીઓની પહેલી ગણના થઇ ત્યારે આ કુળમાં ૫૪,૪૦૦ લડવૈયા હતા અને મોઆબના મેદાનમાં બીજી ગણના થઇ ત્યારે આ કુળના ૬૪,૩૦૦ થયા (ઉત્પ. ૪૬; ૧૩. ગણ. ૨; ૬: ૨૬; ૨૫). કનાન દેશમાં પેસતી વખતે જે છ કુળ ગરિઝીમ પર્વત ઉપર આશીર્વાદ દેવા સારૂ ઉભાં રહ્યાં તેમાંનું એક આ કુળ હતું (પુન. ૨૭; ૧૨). આ કુળને જે વતન કનાન દેશમાં મળ્યું તે યહો. ૧૯; ૧૭–૨૩ માં બતાવવામાં આવ્યું છે. આ ભાગમાં એસ્ડ્રાએલોનનું મેદાન આવેલું હતું. આ જમીન આજ સુધી પાલેસ્તાઇનમાં ફળદ્રુપ ગણાય છે (પુન. ૩૩; ૧૮, ૧૯. ૧ કાળ. ૧૨; ૪૦). તેના પિતા યાકુબે આપેલો આશીર્વાદ, મુસાના આશીર્વાદ સાથે મળતો છે (ઉત્પ. ૪૯; ૧૪, ૧૫ સરખાવો. પુન. ૩૩; ૧૮, ૧૯). ન્યાયાધીશ તોલા (ન્યા. ૧૦; ૧) અને ઇસ્રાએલનો રાજા બાઅશા (૧ રા. ૧૫; ૨૭) તેઓ આ કુળના હતા. આ કુળનો છેવટ હાલ આનંદકારક છે, કેમકે ઘણાં વર્ષો સુધી તેમણે ઇસ્રાએલી રાજાઓએ સ્થાપેલી મૂર્તિપૂજા કીધી, પણ પછી રાજા હિઝ્કીયાહના કરેલા સુધારામાં તેઓ સામેલ થયા. ઇસ્રાએલનાં બીજાં કુળ સાથે આ કુળ પણ બંદિપ્રવાસમાં લઇ જવાયું, ત્યારથી તેના વિષે કશું જાણવામાં નથી. યિસ્સાખાર—આ કુળનો પુત્ર (ઉત્પ. ૩૦; ૧૮: ૩૫; ૨૩: ૪૬; ૧૩: ૪૯; ૧૪. નિર્ગ. ૧; ૩. ૧ કાળ. ૨; ૧: ૭; ૧). તેનું કુળ (ગણ. ૧; ૮–૨૮, ૨૯: ૨; ૫: ૭; ૧૮: ૧૦; ૧૫: ૧૩; ૭: ૨૬; ૨૩, ૨૫: ૩૪; ૨૬. પુન. ૨૭; ૧૨: ૩૩; ૧૮. યહો. ૧૭; ૧૦, ૧૧: ૧૯; ૧૭, ૨૩: ૨૧; ૬, ૨૮. ન્યા. ૫; ૧૫: ૧૦; ૧. ૧ રા. ૪; ૧૭: ૧૫; ૨૭. ૧ કાળ. ૬; ૬૨, ૭૨: ૭; ૫: ૧૨; ૩૨, ૪૦: ૨૭; ૧૮. ૨ કાળ. ૩૦;

૧૮. હઝ. ૪૮; ૨૫, ૨૬, ૩૩. પ્રક. ૭; ૭). (૨) એક કોરાહી લેવી (૧ કાળ. ૨૬; ૫).

યિસ્હાર = તેલ. (૧) કહાથનો બીજો પુત્ર, અને લેવીનો પૌત્ર. (નિર્ગ. ૬; ૧૮, ૨૧. ગણ. ૩; ૧૯: ૧૬; ૧. ૧ કાળ. ૬; ૨, ૧૮, ૩૮: ૨૩; ૧૨, ૧૮). (૨) યહુદાહના વંશમાંનો એક (૧ કાળ. ૪; ૭). (૩) યિસ્હારીઓ (૧ કાળ. ૨૬; ૨૩).

યુઓદિયા = સારી મુસાફરી. ફિલીપી શહેરની મંડળીની એક ખ્રીસ્તી બાઇ હતી. જેઓએ પાઉલની સાથે સુવાર્તાને માટે મહેનત ઉઠાવી તેમાંની આ બાઇ તે એક હતી. પાઉલ તેણીની વિનંતિ કરે છે કે, સુનતુખેની સાથે તે એકચિત્તની થાય (ફિલી. ૪; ૨). આ વિનંતિથી જણાય છે કે તે બે બાઇઓને એક બીજા સાથે અણબનાવ જેવું હતું.

યુખાલ = શક્તિવાન. શેલેમ્યાહનો પુત્ર (યિર્મે. ૩૮; ૧). તેને યિર્મે. ૩૭; ૩ માં યહૂખાલ કહે છે.

યુતુખસ = દૈવયોગે. પાઉલ જ્યારે ઉપદેશ કરતો હતો ત્યારે ત્રોઆસનો આ જુવાન ભરઉંઘમાં હતો, ને ઉંઘમાં ત્રીજા માળની બારીમાંથી પડી ગયો, ને તેને "મુએલો ઉપાડ્યો" (પ્રે. કૃ. ૨૦; ૯–૨૧). હવાને લીધે બારી ઉઘડી ગઇ અને આ જુવાન નીચે પડયો. પાઉલે તેને જીવતો કીધો (૧ રા. ૧૭; ૨૧. ૨ રા. ૪; ૩૪ સાથે સરખાવો).

યુનીકે = જીતનાર. તીમોથીની મા તે યહુદેણ હતી, પણ યુનાની સાથે લગ્ન કીધાં હતાં (પ્રે. કૃ. ૧૬; ૧). તેણીએ પોતાના દીકરા તીમોથીને નાનપણથી શાસ્ત્રનું જ્ઞાન આપ્યું હતું (૨ તીમો. ૩; ૧૫). તેણી પોતાના 'નિષ્કપટ વિશ્વાસ' ને માટે પ્રસિદ્ધિમાં આવી હતી. જેમ આ બાઇને તેમ ફેલિક્સની સ્ત્રી દ્રુસિલા, જે હેરોદ આગ્રીપા પહેલાની દીકરી હતી તેને પણ યહુદેણ કહે છે (પ્રે. કૃ. ૨૪; ૨૪).

યુબુલસ = સારો મંત્રિ. તીમોથીને પાઉલ પોતાનો બીજો પત્ર લખતાં તેને કુશળતા મોકલે છે (૨ તીમો. ૪; ૨૧).

યુરાકુલોન = પૂર્વનો તોફાની પવન. ક્રેતના કિનારા ઉપર પાઉલના વહાણને આ તોફાની પવન લાગ્યો હતો (પ્રે. કૃ. ૨૭; ૧૪).

યુસફ = વધારો; ફળવંત. (૧) રાહેલને પેટે યાકુબને જે બે પુત્રો થયા તેમાંનો વડો પુત્ર યુસફ હતો (ઉત્પ. ૩૦; ૨૩, ૨૪). તેના જન્મ વખતે તેની મા બોલી કે, "દેવે મારૂં અપમાન ટાળ્યું છે. અને તેણે તેનું નામ યુસફ પાડયું ને બોલી કે યહોવાહ એક બીજો દીકરો પણ મને આપો" (ઉત્પ. ૩૦; ૨૪). જ્યારે યાકુબ હારાનથી કનાન દેશ પાછો આવ્યો ત્યારે યુસફ ઘણું કરીને એક છ વર્ષનો છોકરો હતો. "હવે ઇસ્રાએલ પોતાના સર્વ પુત્રો કરતાં યુસફ પર વધારે પ્રીતિ કરતો હતો, કેમકે તે તેના ઘડપણનો દીકરો હતો." વળી તેણે તેને સારૂ એક 'રંગબેરંગી' અંગરખો સીવડાવ્યો હતો (૩૭; ૩). આવો અંગરખો ગૃહસ્થ વર્ગના લોકનાં છોકરાં પહેરતાં હતાં. જ્યારે યુસફ આશરે સત્તર વર્ષની વયનો હતો ત્યારે તેના ભાઇઓના મનમાં યુસફ વિષે મોટો અણગમો ઉત્પન્ન થયો (૩૭; ૪). "તેઓ તેનો દ્વેષ કરતા અને તેની સાથે મિઠાસથી વાત કરી શકતા નહોતા." એનું કારણ એ હતું કે તેમનો પિતા બીજા બધા ભાઇઓ કરતાં તેના ઉપર વિશેષ પ્રીતિ કરતો હતો. અને વળી યુસફને જે સ્વપ્ન આવ્યાં તે જ્યારે તેણે પોતાના ભાઇઓને કહી બતાવ્યાં ત્યારે ઉપલી અદેખાઇમાં વિશેષ વધારો થયો (૩૭; ૧૧). એક વખતે યાકુબ જ્યાં રહેતો હતો ત્યાંથી, એટલે હેબ્રોનથી ૬૦ માઇલ ઉપર શખેમમાં તેના દીકરા પોતાનાં ઘેટાંનાં ટોળાંને ચરાવવા ગયા. યાકુબ તેમના વિષે ફિકરમાં પડયો અને તેમની ખબર કાઢવાને યુસફને યાકુબે મોકલ્યો. યુસફ ત્યાં ગયો ત્યારે તેના ભાઇઓ ત્યાંથી નીકળીને દોથાનની સીમમાં ગયા હતા,

તેથી યુસફ ત્યાંથી નીકળીને દોથાન ગયો. યુસફના ભાઇઓએ દૂરથી તેને જોયો કે તે આપણી પાસે આવે છે ત્યારે તેઓએ ઠરાવ કર્યો કે આપણે તેને મારી નાખીએ. પણ રેઉબેન એ વાતથી વિરૂદ્ધ હતો, અને તેણે કહ્યું કે, "રક્ત ન પાડો" પણ રાનમાં આ જે ખાડો છે તેમાં તેને નાખી દો. અને તેઓએ યુસફ વિષે એમ કીધું. પણ એટલામાં ઇશ્માએલી વેપારીઓ ત્યાં થઇને મિસર દેશમાં, સુગંધીઓ, લોબાન અને બોળથી લાદેલાં ઉંટો સાથે મિસર દેશમાં જતા હતા તે તેઓના જોવામાં આવ્યા, ત્યારે યહુદાહની સૂચનાથી તેઓએ તે વેપારીઓને વીસ રૂપિએ યુસફને વેચ્યો. પછી પેલો અંગરખો જે યુસફને તેના બાપે સીવડાવ્યો હતો, તે બકરાના લોહીમાં બોળીને તેઓ તેમના બાપ પાસે આવ્યા અને કહ્યું કે, યુસફને કોઇ રાની પશુએ ફાડી ખાધો છે. તેના બાપે આ વાત સાચી માની ને ઘણો દુઃખી થયો અને ઘણા દિવસ સુધી શોક કીધો. પછી ઉપલા વેપારીઓ મિસર દેશમાં ગયા અને ફારૂન રાજાના સરદાર પોટીફાર જે રક્ષકોનો અધિકારી હતો તેને ત્યાં તેઓએ તેને વેચ્યો (૩૭; ૩૬). યહોવાહે યુસફને લીધે તે મિસરીના ઘરને આશીર્વાદ દીધો (૩૯; ૫) અને પોટીફારે પોતાના ઘર પર તથા જે સર્વે પોતાનું હતું તે પર તેને કારભારી ઠરાવ્યો હતો. યુસફ દેખાવમાં 'સુંદર તથા રૂપાળો' હતો તેથી પોટીફારની બાયડીએ યુસફ ઉપર કુદૃષ્ટિ કરી. અને એ કામમાં યુસફ સપડાયો નહિ ત્યારે તેણીએ તેના ઉપર જુઠું તહોમત મૂકયું. અને જ્યારે પોટીફારે આ વાત સાંભળી ત્યારે તેનો કોપ સળગી ઉઠયો, અને જે જગ્યાએ રાજાના બંદિવાન કેદ કરાતા હતા તે કેદખાનામાં બિચારા નિર્દોષ યુસફને નાખવામાં આવ્યો. પણ યુસફ 'ભાગ્યવાન' હતો અને 'યહોવાહ યુસફની સાથે હતો' તેથી દરોગાની દૃષ્ટિમાં યુસફ કૃપા પામ્યો. યુસફ કેદખાનામાં બે વર્ષ રહ્યો ત્યાર પછી એવું બન્યું કે, મિસરના રાજાનો મુખ્ય ભઠિયારો તથા મુખ્ય પાત્રવાહક કંઇ અપરાધને લીધે જે કેદખાનામાં યુસફ હતો તેજ કેદખાનામાં નંખાયા (૪૦; ૨). પણ તેજ રાત્રે તેઓને એક સ્વપ્ન આવ્યું, અને સ્વપ્નનો અર્થ યુસફે તેમને કહ્યો અને તે પ્રમાણે તેમને થયું. થોડા વખત પછી રાજાને પોતાને સ્વપ્ન આવ્યું અને કોઇ માણસ તેનો અર્થ બતાવી શકયું નહિ, ત્યારે પેલો ભઠિયારો જે કેદખાનામાંથી છુટી હાલ રાજાની હજુરમાં રહેતો હતો તેને યુસફ યાદ આવ્યો, અને રાજાને તેના વિષે વાત કરી. એ પરથી યુસફને બંદિખાનામાંથી બહાર કઢાવ્યો અને યુસફે રાજાના સ્વપ્નનો ખુલાસો કીધો. રાજા તેથી ઘણો ખુશી થયો અને કહ્યું કે, 'તારા સરખો બુદ્ધિવાન અને જ્ઞાની બીજો કોઇ નથી.' અને રાજાએ તેને ઘણું માન આપી આખા મિસર દેશનો અધિકારી ઠરાવ્યો (૪૧; ૪૬). અને તેણે તેનું નામ બદલી "સાફ્નાથ-પાનેઆહ" નામ પાડયું, અને ઓનના યાજક પોટીફેરાની દીકરી આસનાથ સાથે તેનું લગ્ન કરાવી આપ્યું, અને આ લગ્ને કરીને તે યાજકવર્ગમાં દાખલ થયો. આ વખતે યુસફની ઉમર આશરે ત્રીસ વર્ષની હતી. રાજાને આવેલા સ્વપ્ન મુજબ પુષ્કળતાનાં સાત વર્ષ આવ્યાં. યુસફે મિસર દેશમાંથી સઘળું અનાજ એકઠું કીધું અને નગરોમાં તે ભરી મુકયું. અનાજ તેણે એટલું બધું એકઠું કીધું કે તેનો સુમાર પણ કાઢી શકાય નહિ. પુષ્કળતાનાં સાત વર્ષ પુરાં થતાં દુકાળનાં સાત વર્ષ પણ આવ્યાં. સાત વર્ષનો ભારે દુકાળ 'સર્વ દેશોમાં થયો' અને 'સર્વ દેશોના લોકો મિસર દેશમાં યુસફની પાસે અનાજ વેચાતું લેવાને માટે આવ્યા, કેમકે આખી પૃથ્વી પર દુકાળ ભારે હતો" (ઉત્પ. ૪૧; ૫૬, ૫૭: ૪૭; ૧૩, ૧૪). "અને યુસફે જે અન્ન લોકોએ વેચાતું લીધું તેને બદલે જે નાણું મિસર દેશમાંથી તથા

કનાન દેશમાંથી મળ્યું તે સર્વ એકઠું કર્યું" ને રાજા પાસે લાવ્યો. અને નાણું દેશમાંથી ખુટી ગયું ત્યારે જાનવરો, જમીન, તથા મિસરીઓ માટે ફારૂનની મિલકત ગણાઇ ને જીવતા રહ્યા (૪૭; ૧૩-૨૧). આ વખતમાં યુસફના ભાઇઓ પણ કનાન દેશ-માંથી મિસર દેશમાં અનાજ ખરીદવાને યુસફ પાસે આવ્યા. અને ત્યાં યુસફની સાથે તેઓની જે વાતચિત થઇ તેનો રમુજી ચિતાર ઉત્પ. ૪૨-૪૪ માં આપવામાં આવ્યો છે. યુસફે તેના ભાઇઓને કહ્યું કે તમારા બાપને તથા કુટુંબને લઇને મારી પાસે આવો, "તમારા માલ મિલકતની ચિંતા ન કરો, કેમકે આખા મિસર દેશમાં જે ઉત્તમ તે તમારૂં છે." અને ઇસ્રાએલ પોતાનું સર્વસ્વ લઇને બેરશેબા આવ્યો અને ત્યાં તેણે "પોતાના બાપ ઇસ્હાકના દેવને યજ્ઞ ચઢાવ્યો." અને દેવે ઇસ્રાએલની સાથે સ્વપ્નમાં વાત કરીને કહ્યું કે, "હું દેવ તારા બાપનો દેવ છું, મિસરમાં જતાં બીશ મા; કેમકે હું તારાથી મોટી પ્રજા ઉત્પન્ન કરીશ. હું તારી સાથે મિસરમાં આવીશ ને હું નીશ્ચે તને પાછો લાવીશ" (૪૬; ૩, ૪). અને ઇસ્રાએલ ત્યાંથી નીકળીને પોતાના ૭૦ માણસના પરિવાર સાથે મિસર દેશમાં આવ્યો, અને ગોશેન પ્રાંત તેમને રહેવાને આપવામાં આવ્યો. પછી યુસફ પોતાનો રથ જોડીને ગોશેન પ્રાંતમાં પોતાના વહાલા પિતાને મળવા ગયો, ને પોતાના પિતાને જોઇ "ઘણી વાર લગી તેની કોટે બાઝીને રડયો" (૪૬; ૨૯). પછી ઇસ્રાએલ આ દેશમાં કેટલાંક વર્ષ રહ્યા બાદ મરણ પામ્યો (જુઓ યાકુબ). આ વખતે તેની ઉમર ૧૪૭ વર્ષની હતી. અને યુસફે પોતાના પિતાને આપેલા વચન મુજબ મિસર દેશમાં નહિ પણ કનાન દેશમાં પોતાના પિતૃઓની સાથે માખ્પેલાહની ગુફામાં દાટયો; અને પોતાના પિતાને માટે આ છેલ્લું કામ કરીને યુસફ મિસર દેશમાં પાછો ગયો (૪૭; ૨૯-૩૧: ૫૦; ૧-૧૪).

યુસફને તેની સ્ત્રી આસનાથને પેટે મનાશ્શેહ તથા એફ્રાઇમ નામના બે પુત્રો જન્મ્યા (૪૧; ૫૦). યુસફ ૧૧૦ વર્ષનો થઇને મરી ગયો ને તેના ભાઇઓએ યુસફના શબમાં સુગં-ધીઓ ભરીને તેને મિસર દેશમાં શબ કોશમાં મૂકયું. મરતાં પહેલાં યુસફે તેના ભાઇઓને જણાવ્યું હતું કે "દેવ તમારી પાસે ખચીત આવશે અને તેણે જે દેશ સંબંધી ઇબ્રાહીમ તથા ઇસ્હાક તથા યાકુબની આગળ સમ ખાધા હતા તે દેશમાં, આ દેશમાંથી તમને લઇ જશે. અને વળી યુસફે પોતાના ભાઇ-ઓને સમ ખવડાવીને કહ્યું કે, તમે મારાં હાડકાં અહિંથી લઇ જજો. અને એ પ્રમાણે બહુ લાંબી મુદતે તેના વંશજોએ યુસફનાં હાડકાં કનાન દેશમાં લઇ જઇ માખ્પેલાહની ગુફામાં મુકયાં. ઇસ્રાએલીઓ અરણ્યની મુસાફરીમાં હતા ત્યારે આ હાડકાં તેમની સાથે હતાં (યહો. ૨૪; ૩૨ ની સાથે ઉત્પ. ૩૩; ૧૯ સરખાવો). મિસર દેશમાં યુસફને ઉંચ પદે પહોંચાડનાર ઘણું કરીને આપેપી કે આપોપીસ નામનો હીકસૉસ વંશનો છેલ્લો રાજા હતો. પણ કેટલાક એવું ધારે છે કે હીક-સૉસ વંશ પછી લાંબી મુદત પર થોથમસ ત્રીજો જ્યારે મિસરમાં રાજ્ય કરતો હતો ત્યારે યુસફ આ સ્થિતિએ પહોંચ્યો હતો. પુન. ૩૩; ૧-૧૩ માં યુસફ નામમાં મનાશ્શેહ અને એફ્રાઇમ કુળ દર્શાવવામાં આવ્યાં છે. વળી યુસફ નામમાં ઇસ્રાએલી રાજ્ય દર્શા-વવામાં આવ્યું છે (હઝ. ૩૭; ૧૬, ૧૯. આમો. ૫; ૬). યુસફ—માબાપ (ઉત્પ. ૩૦; ૨૪: ૩૭; ૩). સ્વપ્ન (૩૭; ૫, ૯). ભાઇઓનો અણગમો (૩૭; ૪, ૮, ૧૧). ખાડામાં (૩૭; ૨૦, ૨૪). વેચ્યો (૩૭; ૨૭, ૨૮). યાકુબનો શોક (૩૭; ૩૧, ૩૫). પોટીફારની સ્ત્રી (૩૯) કેદખાનામાં (૩૯; ૨૦). બટલર અને ભીસ્તી (૪૦). ફારૂનનું સ્વપ્ન (૪૧). યુસફ ઉંચ પદે (૪૧; ૩૭). તેના દીકરા (૪૧; ૫૦). તેના ભાઇઓ અનાજ લેવા આવ્યા (૪૨;

૪૩). બિન્યામીન (૪૨; ૧૫, ૨૦, ૩૪, ૩૬: ૪૩; ૮, ૧૩, ૧૪, ૨૯). રૂપાનું પ્યાલું (૪૪; ૨, ૧૨). યહુદાહની વિનંતિ (૪૪; ૧૮). યુસફે પોતાને ઓળખાવ્યો (૪૫). ઇસ્રાએલ મિસરમાં (૪૫-૪૬). તેને તથા તેના દીકરાઓને મળેલો આશીર્વાદ (૪૮). તેના પિતાના શબમાં સુગંધિઓ ભરી (૫૦). તેનાં હાડકાં (૫૦; ૨૫). નિર્ગ. ૧૩; ૧૯. યહો. ૨૪; ૩૨ પ્રે. કૃ. ૭; ૧૬). તેનું મરણ (૫૦; ૨૬. નિર્ગ. ૧; ૬). યાકુબનો આશીર્વાદ (૪૯; ૨૨). મુસાનો આશીર્વાદ (પુન. ૩૩; ૧૩). વળી જુઓ (નિર્ગ. ૧; ૮. યહો. ૧૬; ૧: ૧૭; ૧૪. ૧ કાળ. ૫; ૨. ગીત. ૭૭; ૧૫: ૭૮; ૬૭: ૮૦; ૧: ૮૧; ૫: ૧૦૫; ૧૭. નિર્ગ. ૩૭; ૧૬, ૧૯. આમો. ૫; ૧૫: ૬; ૬. યોહા. ૪; ૫. પ્રે. કૃ. ૭; ૯. હેબ્રી. ૧૧; ૨૧, ૨૨. પ્રક. ૭; ૮). (૨) આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તનો પાળક પિતા (માત્થી ૧; ૧૬. લુક ૩; ૨૩). તેનું વતન તે ગાલીલનું નાઝારેથ શહેર હતું (લુક ૨; ૪) અને ધંધો સુથારનો હતો (માત્થી ૧૩; ૫૫). જ્યારે ઇસુ બાર વર્ષનો થયો ત્યારે પોતાનાં માબાપની સાથે તે યરૂશાલેમમાં પર્વ પાળવા ગયો, તે વખતે યુસફનું નામ છેલ્લામાં છેલ્લું નોંધવામાં આવ્યું છે. અને ઘણું કરીને ઇસુ જાહેર ધર્મસેવા કરવા લાગ્યો તે પહેલાં તે મરણ પામ્યો હશે. જુઓ ગાલીલના કાના ગામમાં ઇસુએ પોતાનો પહેલો ચમત્કાર કીધો; ત્યાં તેમને આમંત્રણ થતાં મરિયમ અને ઇસુ હાજર થયાં હતાં, પણ યુસફ ત્યાં ન હતો. વળી વધસ્તંભના સંબંધે મરિયમની વાત આવે છે, પણ યુસફ તે વખતે હાજર ન હતો (યોહા. ૧૯; ૨૫). આ યુસફને માત્થી ૧; ૧૬ માં યાકુબનો પુત્ર કહે છે, અને લુક ૩; ૨૩ માં તેને હેલીનો પુત્ર કહે છે. તેનો ખુલાસો એવો કરવામાં આવે છે કે, યાકુબ અને હેલી તે માત્થાત કે માત્થાનના પુત્ર હતા. યાકુબને પેટે એકે દીકરો ન હતો પણ એક દીકરી મરિયમ હતી. તેથી યાકુબે પોતાના ભાઇ હેલીના દીકરા યુસફને દત્તક લીધો, માટે માત્થીની સુવાર્તામાં તેને યાકુબનો પુત્ર અને લુકમાં તેને હેલીનો પુત્ર કહે છે ને બન્ને બરાબર છે. (૩) આરીમથાઇનો એક દ્રવ્યવાન માણસ આજ નામનો હતો. આરીમથાઇ તે ઘણું કરીને જુના કરારમાં આવેલું 'રામાહ' શહેર હશે (૧ શમૂ. ૧; ૧૯). આ માણસ ગૃહસ્થ વર્ગનો અને સાન્હેદ્રિમ સભાનો સભાસદ પણ હતો (માત્થી ૨૭; ૫૭. લુક ૨૩; ૫૦). તે દેવના રાજ્યની વાટ જોનાર 'સારો તથા ન્યાયી' માણસ હતો. જ્યારે તેણે ઇસુના મરણની ખબર સાંભળી કે તરતજ હિમ્મતથી પીલાતની પાસે જઇને તેનું શબ માગ્યું, ને 'શણને લુગડે વીંટાળ્યું' અને તેનો સાથી જે નીકોદેમસ, તે સો શેર સુગંધિ લાવ્યો હતો તે શબ ઉપર નાખી યુસફે પોતાની વાડીમાં ખોદેલી પોતાની નવી કબરમાં ઇસુને મૂકયો (યોહા. ૧૯; ૩૯). આ વખતે ઇસુની મા મરિયમ અને મરિયમ માગદાલેણ તથા બીજી બાયડીઓ કબર પાસે ઉભી હતી (લુક ૨૩; ૫૩, ૫૪). ઇસુની દફનક્રિયા બહુ ઝડપથી કરવામાં આવી હતી, કેમકે સાબ્બાથ દિવસ બેસવાની તૈયારી હતી. એટલા માટે ઇસુનું શબ જ્યાં તે વધસ્તંભે જડાયો તેની પાસે જે વાડી હતી તેમાં મૂકવામાં આવ્યું. અને ભવિષ્યવાદીનું ભવિષ્ય પુરૂં પડયું કે, 'તેની કબર દુષ્ટોની સાથે ઠરાવેલી હતી, પણ તેની મરણાવસ્થામાં તે દ્રવ્યવાનની સંઘાતે હતા' (યશા. ૫૩; ૯). (૪) યુસફ બાર્સાબાસ. તેની અટક યુસતસ પણ હતી. તે, યોહાન બાપ્તિસ્મા કરનારથી માંડીને પ્રભુ ઇસુ તેમની પાસેથી ઉપર લેવાયો ત્યાં સુધી શિષ્યોનો સાથી હતો (પ્રે. કૃ. ૧; ૨૧). વળી યહુદાહની ખાલી પડેલી જગ્યાને માટે તે પણ માત્થીઅસની સાથે ઉમેદવાર હતો (પ્રે. કૃ. ૧; ૨૫).

(૫) કનાન દેશની જાસુસી કરવાને જે બાર માણસોને મોકલવામાં આવ્યા હતા તેમાંનો એક યિગઆલ જે યિસ્સાખાર કુળનો હતો તેનો પિતા (ગણ. ૧૩; ૭). (૬) આસાફના પુત્રોમાંનો એક અને વાજીંત્રોની પહેલી ટોળીનો તે મુખ્ય હતો (૧ કાળ. ૨૫; ૨, ૯). (૭) (લુક ૩; ૩૦). (૮) યોસેફ (એઝ. ૧૦; ૪૨). (૯) (નહે. ૧૨; ૧૪).

યુસ્તસ = પ્રમાણિક. (૧) તેનું બીજું નામ યુસફ બાર્સાબાસ હતું. તેનું અને માત્થીઅસનું નામ માત્ર પ્રે. કૃ. ૧; ૨૩ માં આવે છે. તેઓ ઇસુ ખ્રીસ્તના જુના શિષ્યોમાંના હોવા જોઇએ. અને ઘણું કરીને અંત સુધી વિશ્વાસુ રહ્યા. તેઓ તો ભાઇઓમાં સારૂં માન પામેલા હતા. ત્યાર પછી આ શિષ્યોનું શું થયું અને તેમણે શું કીધું, તે બીલકુલ માલમ નથી. (૨) એક યહુદી ખ્રીસ્તી, જેને ઇસુ કહે છે, તે પાઉલનો રૂમમાં સાથીકામદાર હતો. કલોસીઓને પત્ર લખતાં પાઉલ તેને સલામ મોકલાવે છે. (૩) કરીંથ શહેરમાં આ નામનો એક દેવભક્ત માણુસ હતો. તેનું ઘર સભાસ્થાનની જોડે આવેલું હતું. ત્યાં જઇને પાઉલે ભાષણ આપ્યું. એથી ક્રિસ્પસે પોતાના ઘર સુદ્ધાં વિશ્વાસ કીધો અને ઘણા કરીંથીઓ બાપ્તિસ્મા પામ્યા (પ્રે. કૃ. ૧૮; ૭).

યૂટ્ટાહ = વધારવું. યહુદાહના પહાડી મુલકમાં આવેલું લેવીઓનું એક શહેર હતું (યહો. ૧૫; ૫૫: ૨૧; ૧૬). હાલ તેને 'યુત્તા' કહે છે, જે હેબ્રોનથી દક્ષિણમાં સાડા પાંચ માઇલ ઉપર આવેલ છે. એવું ધારવામાં આવે છે કે ઝખાર્યાહ તથા એલિસાબેત ત્યાં રહેતાં હતાં. વળી યોહાન બાપ્તિસ્મા કરનારની જન્મભૂમિ તે પણ આજ હતી. તે કારણ માટે ગ્રીક મંડળીના હજારો માણુસો દર વર્ષે ત્યાં જાત્રા કરવાને જાય છે (લુક ૧; ૩૯ સરખાવો).

યૂના = ખપૂતર. બાર નાના ભવિષ્યવાદીઓમાંનો એક યૂના નામનો ઇસ્રાએલનો ભવિષ્યવાદી હતો. તેના પિતાનું નામ અમિત્તાય હતું જે ગાલીલ પ્રાંતના ગાથ–હેફેર ગામમાં રહેતો હતો (૨ રા. ૧૪; ૨૫–૨૭). ઇસ્રાએલના રાજા યરોબઆમ બીજાના વખતમાં તેણે ભવિષ્ય કહીને જણાવ્યું કે દમસ્કની ફોજે ઇસ્રાએલની જે જમીન જીતી લીધી છે તે ઇસ્રાએલ રાજ્યમાં પાછી મેળવાશે. યહુદીઓમાં એવી દંતકથા ચાલે છે કે સારાફાથની વિધવાના જે દીકરાને એલીયાહે જીવતો કીધો હતો અને જે જુવાનને એલીશાએ યેહૂનો અભિષેક કરવા સારૂ મોકલ્યો હતો તેજ આ ભવિષ્યવાદી હતો. યૂના વિદેશીઓની ગમ પહેલો પ્રેરિત હતો. અને આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તને માટે ચિન્હરૂપ હતો.

યૂનાનું પુસ્તક. યૂના નામનું જે પુસ્તક જુના કરારમાં સમાએલું છે તેનો કર્તા યૂના છે એવો દાવો તેમાં બીલકુલ કરેલો નથી, પણ યૂના પછીના કોઇ ગ્રંથકર્તાએ તેના ચરિત્રમાંથી એક ભારે બીના શોધી કાઢી તેનું સ્પષ્ટિકરણ આ પુસ્તકમાં કરવામાં આવ્યું છે. પુસ્તક લખવાનો હેતુ—કોઇ પણ ખાસ ભૂલ કે ખોટા દુરાચાર સુધારવાનો હેતુ ન હતો, તેમજ ખાસ જમાનાને માટે તેમાં ખાસ બોધ લખવો એવો હેતુ કર્તાનો જણાતો નથી, પણ હેતુ એ દેખાય છે કે દેવ સઘળી મનુષ્ય જાત ઉપર પ્રેમ રાખે છે અને માણસમાં પસ્તાવો કરવાનું મન દેખાય તો પ્રભુ તેના ઉપર દયા દર્શાવનાર છે, એવો બોધ સઘળા જમાનામાં લાગુ પડે એવું સામાન્ય રીતે લખવામાં આવ્યું છે. વળી પ્રભુને નામે જે ભવિષ્ય કહેવામાં આવે છે તે શરત યુક્ત છે, એટલે પાપને માટે સજા ઠરાવવામાં આવી છે તે ભોગવવી પડશે, પણ જો માણુસ પાપ વિષે પસ્તાવો કરે તો ઠરાવેલી સજા પાછી ખેંચી લેવામાં આવશે. વળી પ્રભુનાં કૃપાદાનો આપવાની જે ઇશ્વરી પ્રધારણા છે તે કેવળ ઇસ્રાએલીઓને માટેજ નથી પણ મનુષ્યજાતનાં સઘળાં માણુસોને તે લાગુ પડે છે. અને એમ પુસ્તકમાં દર્શાવવામાં આવ્યું

છે કે ઇશ્વરી કૃપાદાનો તે સાર્વજનિક કૃપાદાનો છે. પુસ્તકની સાલ—યૂના પંડે આશરે ઇ. સ. પૂ. ૭૮૦ માં હૈયાત હતો, પણ તેના નામનું પુસ્તક ત્યાર પછી ઘણી લાંબી મુદતે આશરે ઇ. સ. પૂ. પાંચમા સૈકામાં રચેલું હશે. યૂનાનાં પ્રગટ કરેલાં ભવિષ્યોનું આ સંક્ષિપ્ત ઇતિહાસિક પુસ્તક છે. નવા કરારમાં ઉતારેલાં વાક્યો (માત્થી ૧૨; ૩૮-૪૧ : ૧૬; ૪. લુક ૧૧; ૨૯-૩૨). **પૃથક્કરણ**—(૧, ૨) યૂનાનું તેડું અને તેની પ્રાર્થના. (૩, ૪) યૂનાનું બીજું તેડું, તેનો ઉપદેશ, તેનો ક્રોધ અને દેવની કૃપા.

યૂનાની—જુઓ હેલેની.

યૂબાલ = વાજીંત્ર. કાઇનની પેઢીમાં લામેખનો આદાહને પેટે જન્મેલો બીજો પુત્ર, જે તારનાં અને પવનનાં વાજાં વગાડનારનો બાપ હતો (ઉત્પ. ૪; ૨૧).

યૂશાબ-હેસેદ = જેનો પ્યાર પાછો ફરે છે. ઝરૂબ્બાબેલના પુત્રોમાંનો પાંચમો (૧ કાળ ૩; ૨૦).

યેઆથરાય (૧ કાળ. ૬; ૨૧). એક લેવી.

યેઇએલ = પ્રભુથી ખુંચી લેવાયલો. (૧) રેઉબેનીઓમાંનો એક મુખ્ય માણસ (૧ કાળ. ૫; ૭). (૨) બિન્યામીની પુત્રોમાંનો એક જે શાઉલનો પૂર્વજ (૧ કાળ. ૮; ૨૯ : ૯; ૩૫). (૩) દાઉદના સૈન્ય યોદ્ધાઓમાંનો એક (૧ કાળ. ૧૧; ૪૪). (૪) યહોવાહના કોષની સેવા કરવા જે લેવીઓ નીમાયા હતા તેમાંનો એક (૧ કાળ. ૧૬; ૫. ૨ કાળ. ૨૦; ૧૪). (૫) રાજા ઉઝ્ઝીયાહના વખતમાં એક ચિટણીસ હતો (૨ કાળ. ૨૬; ૧૧). (૬) આસાફપુત્રોમાંનો એક લેવી (૨ કાળ. ૨૯; ૧૩). (૭) રાજા યોશીયાહના વખતમાં એક મુખ્ય લેવી હતો, જેણે પાસ્ખા પર્વમાં યજ્ઞો ચઢાવવામાં ભાગ લીધો હતો (૨ કાળ. ૩૫; ૯). (૮) અદોનીકામના પુત્રોમાંનો એક (એઝ. ૮; ૧૩). (૯) નબોના પુત્રોમાંનો એક (એઝ. ૧૦; ૪૩).

યેદીએલ = દેવથી ખુંચી લીધેલો. ઝેરાહના પુત્રોમાંનો એક (૧ કાળ. ૯; ૬).

યેઉશ = એકઠું કરનાર. (૧) એસાવની સ્ત્રી ઓહલીબામાહને પેટે જે ત્રણ પુત્રો થયા તેમાંનો જયેષ્ઠ (ઉત્પ. ૩૬; ૫, ૧૪, ૧૮. ૧ કાળ. ૧; ૩૫). (૨) બિન્યામીનનો પૌત્ર અને બિલ્હાનનો પુત્ર (૧ કાળ. ૭; ૧૦). (૩) એક લેવી (૧ કાળ. ૨૩; ૧૦, ૧૧). (૪) રહાબઆમે માહલાથની સાથે લગ્ન કીધું અને તેથી જે ત્રણ પુત્રો થયા તેમાંનો એક (૨ કાળ. ૧૧; ૧૯). (૫) બિન્યામીની એસેકના પુત્રોમાંનો એક (૧ કાળ. ૮; ૩૯).

યેથેર = ઉત્તમતા. (૧) ગિદઓનના સિત્તેર પુત્રોમાંનો વડો પુત્ર (ન્યા. ૮; ૨૦). (૨) અમાસાનો પિતા (૧ રા. ૨; ૫, ૩૨). તેને ૨ શમૂ. ૧૭; ૨૫ માં યિથ્રા કહે છે. તેણે નાહાશની દીકરી અબીગાઇલ સાથે વહેવાર કીધો અને તેથી અમાસા થયો (૧ કાળ. ૨; ૧૭). (૩) યહુદાહપુત્રોમાંના યાદાનો પુત્ર, જે નિઃસંતાન મરણ પામ્યો (૧ કાળ. ૨; ૩૨). (૪) એઝ્રાહનો વડો પુત્ર (૧ કાળ. ૪; ૧૭). (૫) (૧ કાળ. ૭; ૩૮).

યેરાહ = ચંદ્ર. યોકટાનના પુત્રોમાંનો એક (ઉત્પ. ૧૦; ૨૬. ૨ કાળ. ૧; ૨૦).

યેશુ = યહોવાહ મદદ કરે છે. અલીઆજરનો પુત્ર (લુક ૩; ૨૯). ખ્રીસ્તની વંશાવળીમાં આવે છે.

યેશૂઆ = પ્રભુ મારૂં તારણ. (૧) યાજકોની વારાટોળીઓમાંની નવમી વારાટોળીનો મુખ્ય માણસ (૧ કાળ. ૨૪; ૧૧. એઝ. ૨; ૩૬. નહે. ૭; ૩૯). (૨) રાજા હિઝકીયાહે યહોવાહનાં અર્પણો યાજકોનાં નગરોમાં વહેંચવા માટે જે લેવીઓની નિમણુક કરી, તેમાંનો એક હતો (૨ કાળ. ૩૧; ૧૫. એઝ. ૨; ૪૦. નહે. ૭; ૪૩). (૩) ઝરૂબ્બાબેલની સરદારી નીચે જે યહુદીઓ બંદિપ્રવાસમાંથી પાછા આવ્યા તેઓનો તે પ્રમુખ્ય યાજક હતો. તેના પિતાનું નામ

યેસાદાક હતું (એઝ. ૨ ; ૨ : ૩ ; ૨ : ૮ ; ૯ : ૪ ; ૩ : ૫ ; ૨ : ૧૦ ; ૧૮. નહે. ૭ ; ૭ : ૧૨ ; ૧, ૭, ૧૦, ૨૬). (૪) આ નામનો એક લેવી હતો તેના પુત્રનું નામ યોઝાબાદ (એઝ. ૮ ; ૩૩). (૫) યાહાથ-મોઆબના પુત્રોમાંનો એક (એઝ. ૨ ; ૬. નહે. ૭ ; ૧૧). (૬) (નહે. ૩ ; ૧૯). (૭) (નહે. ૮ ; ૭ : ૯ ; ૪૫). (૮) અઝાન્યાહનો પુત્ર (નહે, ૧૦ ; ૯). (૯) આ નામનું યહુદાહમાં એક શહેર હતું (નહે. ૧૧ ; ૨૬). (૧૦) (નહે. ૧૨ ; ૨૪). (૧૧) નૂનનો પુત્ર યેશૂઆ (નહે. ૮ ; ૧૭). જુઓ યહોશુઆ.

યેશેબઆબ = પોતાના બાપની જગ્યા. યાજકોની ચૌદમી વારાટોળીનો નાયક (૧ કાળ. ૨૪; ૧૩).

યેશેર = ઉભું. કાલેબની સ્ત્રી અઝૂબાહથી થએલા ત્રણ દીકરાઓમાંનો પ્રથમ દીકરો (૧ કાળ. ૨ ; ૧૮).

યેસેર = રચના. નાફતાલીનો પુત્ર (ઉત્પ. ૪૬ ; ૧૪. ગણ. ૨૬ ; ૪૯. ૧ કાળ. ૭ ; ૧૩). તેના વંશજોને યેસેરીઓ કહે છે (ગણ. ૨૬ ; ૪૯).

યેહદયાહ = યહોવાહમાં હરખાનાર. (૧) લેવી શૂબાએલનો પુત્ર (૧ કાળ. ૨૪; ૨૦). (૨) દાઉદ રાજાનાં ગધેડાં પર જે અધિકારી હતો (૧ કાળ. ૨૭; ૩૦).

યેહદાય = છીનવી લેનાર. કાલેબવંશી હેઝરોનના કુટુંબનો એક માણસ હતો (૧ કાળ. ૨ ; ૪૭).

યેહૂ = યહોવાહ છે. (૧) ઓબેદનો પુત્ર અને આઝાર્યાહનો પિતા (૧ કાળ. ૨ ; ૩૮). (૨) યેહૂ આનથોથી નામનો એક બિન્યામીની શૂરવીર હતો કે જે દાઉદને સિકલાગમાં આવી મળ્યો (૧ કાળ. ૧૨ ; ૩). (૩) શિમઓન પુત્રોમાંનો એક હતો તેના પિતાનું નામ યોશિબ્યાહ હતું (૧ કાળ. ૪ ; ૩૫). (૪) આ નામનો એક યહુદાહનો ભવિષ્યવાદી હતો. તેના પિતાનું નામ હનાની હતું, તેણે ઇસ્રાએલના રાજા બાઅશા વિરૂદ્ધ ભવિષ્ય કહ્યું હતું. અને રાજાએ તેની વાત નહિ સાંભળી માટે તેના ઘરની વિરૂદ્ધ તેણે ભવિષ્ય કહ્યું (૧ રા. ૧૬ ; ૧, ૭). ત્યાર પછી આશરે ૩૦ વર્ષ બાદ યહુદાહના રાજા યહોશાફાટ પાસે તેણે પ્રભુનું વચન કહી સંભળાવ્યું પણ તે બાઅશા જેવો ન હતો, પણ તેણે તેની વાત સાંભળી તે ઉપર વિચાર કરી પ્રભુ તરફ ફર્યો (૨ કાળ. ૧૯ ; ૧, ૪). આ ભવિષ્યવાદી ઘણાં વર્ષ જીવ્યો હશે કેમકે તેના મરણ પહેલાં ધાર્મિક રાજા યહોશાફાટની તવારીખ તેણે લખી છે (૨ કાળ. ૧૯; ૨ : ૨૦ ; ૩૪). (૫) તે ઇસ્રાએલનો એક રાજા હતો. તેના પિતાનું નામ નિમ્શીનો પુત્ર યહોશાફાટ હતો (૨ રા. ૯; ૨). રાજા યેહૂને ઇસ્રાએલની ગાદી કેવી રીતે મળી, તે વાત જાણવાજોગ છે. રામોથ-ગિલઆદ આગળ ઇસ્રાએલનો રાજા યહોરામ (યેરામ) જ્યારે આરામીઓની સામે લડાઇમાં હતો ત્યારે તે ઘાયલ થયો, એથી કરીને લશ્કરને લડાઇમાં મૂકી પોતે આરામ લેવાને યિઝએલમાં આવ્યો. આ વખતે તેનો સંપીલો યહુદાહનો રાજા અહાઝયાહ તેને મળવાને આવ્યો (૨ રા. ૮; ૨૮, ૨૯). હવે ફોજ અરામીઓ સામે લડતી હતી એટલામાં એલીશા ભવિષ્યવાદી તરફથી એક ગાંડા જેવો માણસ એકાએક સૈન્યમાં દાખલ થયો અને યેહૂને ખાનગી કોટડીમાં એકાંત બોલાવી, તેને "ઇસ્રાએલ પર રાજા તરીકે અભિષિકત કીધો." અને આહાબના ઘર વિરૂદ્ધ સખત ભવિષ્ય કહ્યું. એટલું કરી પેલો માણસ સૈન્યમાંથી એકાએક અલોપ થઇ ગયો (૨ રા ૯; ૫, ૬). યેહૂને જ્યારે તેના મિત્રોએ તે માણસને આવવાનું કારણ પુછ્યું ત્યારે યેહૂએ જણાવ્યું કે તેણે મને કહ્યું, "યહોવાહ એમ કહે છે કે મેં તને ઇસ્રાએલ પર રાજા તરીકે અભિષિકત કીધો છે." આ સાંભળીને તેઓએ રણશીંગડું વગાડીને કહ્યું કે, "યેહૂ રાજા છે." પછી

યેહૂ એક ટુકડી સાથે યિઝ્રએલ જ્યાં રાજા યહોરામ સારો થવાને ગયો હતો, ત્યાં ગયો. જ્યારે રાજા યહોરામ તથા તેને મળવા આવેલ યહુદાહના રાજે અહાઝયાહે સાંભળ્યું કે યેહૂ આપણી પાસે આવે છે ત્યારે તેઓ બન્ને પોતપોતાના રથમાં બેસીને નિકળ્યા, ને યેહૂની સામા ગયા. આ વખતે પાસે આવતાં યેહૂએ "પોતાના સઘળા બળથી ધનુષ્ય ખેંચીને યોરામને ખભાઓની વચમાં માર્યો, અને બાણ તેના હૃદયમાં થઈને પાર ફુટયું; ને તે રથમાં ઢળી પડયો" (૨ રા. ૯; ૨૪). અને યહુદાહનો રાજા અહાઝયાહ જે યોરામની સાથે હતો તેને પણ યેહૂના એક સરદારને હુકમ મળતાં યિબ્લઆમ પાસેના ગુરઘાટ આગળ માર્યો. અને ત્યાર પછી યેહૂ પાછો ફરી શહેરમાં પેસતો હતો ત્યારે રાણી ઇઝેબેલ, આંખમાં અંજન આંજી, માથું ઓળાવી મહેલની બારીએ ડોકીયાં કરતી બેઠી હતી, તેને યેહૂએ દરવાજામાં પેસતાં જોઇ ત્યારે ખોજાઓને હુકમ મળતાં તરત તેને નીચે ફેંકી દીધી અને તેનું રક્ત ભીંત પર તથા ઘોડાઓ ઉપર છાંટયું; અને યેહૂએ તેણીને ઘોડાના પગતળે છૂંદી. અને એમ તિસ્બી એલીયાહનું ભવિષ્ય પુરૂં પડયું કે "ઇઝેબેલનું માંસ યિઝ્રએલના વાંટામાં કુતરાં ખાશે." પછી યેહૂએ આહાબના સિત્તેર દીકરાઓ જે સમરૂનમા હતા તેઓને મરાવી નંખાવ્યા અને તેમનાં શીર યિઝ્રએલમાં મંગાવ્યાં (૨ રા. ૧૦; ૧૨–૧૪). વળી એટલુંજ નહિ પણ સમરૂન જતાં માર્ગમાં આહાબના ઘરના સંબંધીઓ એટલે અહાઝયાહના ૪૨ ભાઇઓને કાતરણીના ઘરના ટાંકા આગળ તેણે મારી નાખ્યા પછી માર્ગમાં તેને રેખાબનો દીકરો યહોનાદાબ મળ્યો તેની સાથે રથમાં બેસીને યેહૂ સમરૂનમાં ગયો. પછી ત્યાં બઆલના સઘળા પૂજારીઓને તથા યાજકોને એકઠા કરી બધાને એકે ફેરે મારી નંખાવ્યા. અને બઆલનું મંદિર તોડી ફોડી જમીનદોસ્ત કરી ત્યાં સંડાસખાનું બનાવ્યું (૨ રા. ૧૦; ૨૭). એમ યેહૂએ ઇસ્રાએલમાંથી બઆલનો વિનાશ કીધો. ખરી વાત છે કે તે પરમેશ્વરના શત્રુઓનો વિનાશ કરવાને રાજી હતો પણ ખરૂં જોતાં તેઓ તેના પોતાના પણ શત્રુ હતા. તેણે જો કે યહોવાહની મરજી આહાબના ઘર વિષે પુરી કરી તો પણ નબાટના દીકરા યરોબઆમના પાપનું અનુકરણ કરીને બેથેલ તથા દાનમાં સોનાના વાછરડાની પૂજા કરવા લાગ્યો. અને યહોવાહના નિયમમાં ચાલવાની કાળજી રાખી નહિ ને તેના રાજ્ય પર દુઃખ આવી પડયું (૨ રા. ૧૦; ૨૯–૩૩). તો પણ આહાબના ઘર વિષે તેણે યહોવાહની મરજી પુરી કરી માટે તેના ચોથી પેઢી સુધી ઇસ્રાએલ રાજ્ય તેના વંશમાં રહ્યું. તેણે સમરૂનમાં ૨૮ વર્ષ રાજ્ય કીધું (૮૮૪–૮૫૬) પછી મરણ પામ્યો. તેને સમરૂનમાં દાટયો અને તેના દીકરા યહોઆહાઝે તેની જગ્યાએ રાજ્ય કીધું. અરામી રાજાઓ સામે ઉભો થનાર યહુદી રાજ્યમાં યેહૂ તે પહેલો રાજા હતો. યેહૂનો દાદો નિમ્શી તે યેહૂના પિતા કરતાં વધારે નામવાર હશે એમ દેખાય છે કેમકે ઘણી જગ્યાએ પવિત્ર શાસ્ત્રમાં નિમ્શીનો દીકરો એટલુંજ લખવામાં આવ્યું છે. એટલુંજ નહિ પણ વળી યેહૂનાં પિતા યહોશાફાટની સાથે યેહૂના દાદાનું નામ ઘણું કરીને હમેશાં જોડવામાં આવ્યું છે. કેટલાંક વર્ષ ઉપર આશ્શૂર મૂલકના ખંડિયેરમાંથી એક લાકડી હાથ આવી છે કે જે લંડનના સંગ્રહસ્થાનમાં રાખવામાં આવેલ છે. તેના ઉપર યેહૂ રાજા વિષે એમ લખવામાં આવ્યુ છે કે, "તે અરામી રાજાઓને હરાવનાર હતો." યેહૂ ઇસ્રાએલનો રાજા—૧ રા. ૧૯; ૧૬, ૧૭. ૨ રા. ૯; ૨, ૫, ૧૧, ૧૩–૨૨, ૨૪, ૨૭, ૩૦, ૩૧ : ૧૦; ૧, ૫, ૧૧, ૧૩, ૧૮–૨૧, ૨૩–૨૫, ૨૮–૩૧, ૩૪–૩ : ૧૨; ૧ : ૧૩; ૧ : ૧૪; ૮ : ૧૫; ૧૨. ૨ કાળ. ૨૨; ૭–૯ : ૨૫; ૧૭.

યોઆબ = યહોવાહ તેનો બાપ છે. (૧) દાઉદ રાજાની બહેન સરૂયાહના ત્રણ પુત્રોમાંનો યોઆબ બીજો હતો દાઉદની આખી રાજકારકીર્દીમાં યોઆબ સેનાપતિ હતો (૨ શમૂ. ૨; ૧૩ : ૧૦; ૭; ૧૧ : ૧. ૧ રા. ૧૧; ૧૫). તેના પિતાનું નામ લખવામાં આવ્યું નથી. કદાચ એમ હોય કે તે વહેલો મરણ પામ્યો હશે. તેની કબરની વાત કરતાં એવું લખવામાં આવ્યું છે કે તે બેથલેહેમમાં હતી (૨ શમૂ. ૨; ૩૨). યોઆબના બે ભાઇઓ અબીશાય તથા અસાહેલ કરીને હતા. અસાહેલ દોડવામાં પંકાયલો હતો તેને આબ્નેરે ભાલો મારીને મારી નાખ્યો પણ યોઆબે ત્યાર પછી તેનું વેર લીધું (૨ શમૂ. ૨; ૨૩–૩૨). દાઉદ રાજાએ જ્યારે યબૂસ (યરૂશાલેમ) ઉપર ચઢાઇ કરી, તે વખતે દાઉદે કહ્યું હતું કે જે કોઇ યબૂસીઓને પ્રથમ મારશે તે મુખ્ય તથા સેનાપતિ થશે. અને એ કામ યોઆબે પ્રથમ કીધું અને તેથી કરીને સેનાપતિની પદવી તેને આપવામાં આવી (૨ શમૂ. ૫; ૬, ૭. ૧ કાળ. ૨૭; ૩૪). યોઆબ બધી રીતે દાઉદને આજ્ઞાંકિત રહેતો હતો. જુઓ તેણે દાઉદને ખુશી કરી, પોતાની મતલબ પુરી પાડવાને, બાથશેબાના ધણી હિત્તી ઉરીયાહનું લોહી વહેવડાવવામાં પણ ભાગ લીધો હતો (૨ શમૂ. ૧૧; ૧૫–૨૫). તેણે મુખ્યેત્વે કરી ત્રણ વખત લશ્કરી પરાક્રમ કીધું હતું. (૧) અરામીઓ તથા આમ્મોનીઓના સંપીલા સૈન્ય સામે. (૨) અદોમીઓ સામે (૧ રા. ૧૧; ૧૫–૧૯). અદોમના પ્રત્યેક પુરૂષનો વિનાશ કીધો. અદોમનો રાજા હદાદ મિસર દેશમાં નાસી ગયો અને યોઆબથી તે એવો બીધો કે જ્યાં સુધી તેણે એવું સાંભળ્યું નહિ કે યોઆબ મરણ પામ્યો છે, ત્યાં સુધી તે અદોમમાં આવ્યો નહિ. (૩) આમ્મોન પુત્રો સામે. રાબ્બાહને ઘેરો ઘાલી તેણે જીતી લીધું. પણ આ વખતે આમ્મોનીઓની રાજધાની રાબ્બાહને પોતે નહિ લેતાં, એ માન દાઉદને તેણે આપ્યું (૨ શમૂ. ૧૦; ૭–૧૯ : ૧૧; ૧, ૧૧, ૮–૧૪: ૧૨; ૨૬–૩૧). વળી તેણે દાઉદના હકમાં બેહતર ગણી દાઉદનો હુકમ તોડી અણકહાગરા દીકરા આબ્શાલોમને મારી નાખ્યો. અને દાઉદ જ્યારે પોતાના દીકરા આબ્શાલોમ માટે શોક કરતો હતો ત્યારે તેણે તેને સખત ઠપકો આપ્યો (૨ શમૂ. ૧૯; ૫–૯). યોઆબ, આ બળવામાં દાઉદનો વિશ્વાસુ હતો પણ તેણે તેનો હુકમ માન્યો નહિ. અને ઉલટો દાઉદને ઠપકો આપ્યો તેથી દાઉદે યોઆબની જગ્યાએ અમાસાને સેનાધિપતિ ઠરાવ્યો (૨ શમૂ. ૧૯; ૧૩ : ૨૦; ૧–૧૩). પણ યોઆબે પછીથી તેના પેટમાં તરવાર ભોકી મારી નાખ્યો (૨ શમૂ. ૨૦; ૧૦). પછી યહુદાહ તથા ઇસ્રાએલની ગણત્રી કરવાનો રાજાએ ઠરાવ કીધો તેમાં પણ યોઆબે સલાહ આપી કે એ કૃત્ય તું નહિ કર. પછી દાઉદ રાજા જ્યારે વૃદ્ધ અને પાકી ઉમરનો થયો ત્યારે અદોનીયાહે રાજા થવાની મોટાઇ કરી આ કામમાં યોઆબ તથા અબ્યાથાર યાજક અદોન્યાહના મદદગાર હતા. કોઇ કદાપિ કહે કે દાઉદનો આવો વફાદાર સેનાપતિ થઇને દાઉદના ઘડપણમાં તેની કૂમકેથી કેમ ફરી ગયો હશે? પણ કદાચ દાઉદનો વફાદાર રહીને તેણે એ કામ કીધું હશે. તેણે એમ ધાર્યું હોય કે અદોનીયાહ સૌથી મોટો છે અને ગાદી ઉપર બેસવાનો હક તેનોજ છે. અને વળી સુલેમાનના ધાર્મિકપણા ઉપર સંદેહ હોવાને લીધે સુલેમાનની બાબતમાં પ્રભુનો હુકમ કબૂલ કરવાને તે રાજી નહિ હશે (૧ રા. ૧; ૭, ૪૧). માટે તેને દાઉદ પછી અદોનીયાહ ગાદી ઉપર બેસે તે વ્યાજબી લાગ્યું હશે. જો કે યોઆબે દાઉદની ઘણી ઉત્તમ સેવા બજાવી હતી તો પણ નેરના દીકરા આબ્નેરને તથા યેથેરના દીકરા અમાસાને તેણે મારી નાખ્યા. તે નિર્દોષ લોહીને લીધે જો કે દાઉદે તેને મારી નાખ્યો નહિ પણ મરતાં વખતે સુલે-

માનને હુકમ આપ્યો કે, "તેનું પળિયાંવાળું માથું તું શાંતિએ કબરમાં ઉતરવા ન દેતો," અને એમ સુલેમાનના હુકમથી યહોયાદાના દીકરા બનાયાહે, યોઆબને વેદી આગલ મારી નાખ્યો. અને પછી તેની પોતાની ભૂમિ જે યરૂશાલેમની ઇશાન કોણના જંગલમાં આવેલી હતી ત્યાં તેને દાટયો (૧ રા. ૨; ૫, ૨૮–૩૪). અને તેની જગ્યાએ બનાયાહને સેનાપતિ ઠરાવવામાં આવ્યો. યોઆબ–દાઊદનો સેનાધિપતિ (૨ શમૂ. ૮; ૧૬). સરૂયાહનો દીકરો (૧ શમૂ. ૨૬; ૬). આબનેરને માર્યો (૨ શમૂ. ૩; ૨૩). આબ્શાલોમ માટે અરજ (૧૪;). આબ્શાલોમને માર્યો (૧૮; ૧૪). દાઊદને ઠપકો (૧૯; ૫). અમાસાને માર્યો (૨૦; ૯). લોકોની ગણુત્રી (૨૪; ૩) (૧ કાળ. ૨૧; ૩). અદોન્યાહને મદદ (૧ રા. ૧; ૭). સુલેમાનના હુકમથી મરણ (૧ રા. ૨; ૫, ૨૮). વળી જુઓ (૧ રા. ૧૧; ૧૫, ૧૬, ૨૧. ગીત. ૬૦ નું મથાળું). (૨) યહુદાહ પુત્રોમાંના સરાયાહનો દીકરો (૧ કાળ. ૪; ૧૪). (૩) ઝરૂબ્બાબેલની સરદારી નીચે જેઓ બંદિપ્રવાસથી પાછા આવ્યા તેઓમાં યોઆબના પુત્રોમાં ૨,૮૧૨ માણસો હતા (એઝ. ૨; ૬).

યોઆશ = જેને યહોવાહે આપ્યો. (૧) યહોઆશનું ટુંકું નામ યોઆશ છે. ગિદઓનનો પિતા (ન્યા. ૬; ૧૧, ૨૯–૩૧: ૭; ૧૪: ૮; ૧૩, ૨૯, ૩૨). (૨) દાઊદને સિકલાગમાં જે શૂરવીરો આવી મળ્યા તેઓમાં યોઆશ તે મુખ્ય ધનુર્ધારી હતો (૧ કાળ. ૧૨; ૩). (૩) રાજા આહાબના રાજકુંવરોમાંનો એક હતો (૧ રા. ૨૨; ૨૬. ૨ કાળ. ૧૮; ૨૫: ૨૫; ૨૩). (૪) યહુદાહનો રાજા અને રાજા અહાઝયાહનો પુત્ર (૨ રા. ૧૧; ૨: ૧૨; ૧૯, ૨૦: ૧૩; ૧, ૧૦: ૧૪; ૧, ૩, ૧૭, ૩૩. ૧ કાળ. ૩; ૧૧). તેને યહોઆશ કહે છે, જુઓ યહોઆશ. (૫) ઇસ્રાએલી રાજા યહોઆહાઝનો પુત્ર, જે ઇસ્રાએલની ગાદી ઉપર હતો. (જુઓ યહોઆશ) (૨ રા. ૧૩; ૯, ૧૨–૧૪, ૨૫: ૧૪; ૧, ૨૩, ૨૭. ૨ કાળ. ૨૫; ૧૭, ૧૮, ૨૧, ૨૩, ૨૫. હોશી. ૧; ૧). (૬) (૧ કાળ. ૪; ૨૨). (૭) (૧ કાળ. ૭; ૮). (૮) સુલેમાન અને દાઊદ રાજાના રાજ્યમાં, તેલના ભંડાર ઉપર અધિકારી હતો (૧ કાળ. ૨૭; ૨૮).

યોઆહ = જેનો મદદગાર યહોવાહ છે. (૧) હિઝકીયાહ રાજાના રાજ્યમાં તે ઇતિહાસક હતો. તેના પિતાનું નામ આસાફ હતું (૨ રા. ૧૮; ૧૮, ૨૬, ૩૭. યશા. ૩૬; ૩, ૧૧, ૨૨). (૨) ગેર્શોમવંશી લેવી ઝિમ્હાનો પુત્ર (૧ કાળ. ૬; ૨૧. ૨ કાળ. ૨૯; ૧૨). તેને ૧ કાળ. ૬; ૪૨ માં યેથાન કહે છે. (૩) તે કોરાહી દ્વારપાળ હતો. અને ઓબેદ અદોમના આઠ પુત્રોમાંનો ત્રીજો હતો (૧ કાળ. ૨૬; ૪). (૪) રાજા યોશીયાહના રાજ્યમાં તેનો પિતા યોઆહાઝ ઇતિહાસક અને દફતરી હતો (૨ કાલ. ૩૪; ૮).

યોઆહાઝ = જેને યહોવાહ ધરી રાખે છે. રાજા યોશીયાહના રાજ્યમાં તે એક ઇતિહાસક હતો (૨ કાળ. ૩૪; ૮). યહોઆહાઝ નામની ટુંકી જોડણી યોઆહાઝ છે.

યોએઝેર = જેની મદદ યહોવાહ છે. કોરાહી યોએઝેર દાઊદના અંગરક્ષક સિપાઇઓમાંનો એક હતો (૧ કાળ. ૧૨; ૬).

યોએદ (નહે. ૧૧; ૭).

યોએલ = તેનો દેવ યહોવાહ છે. (૧) શમૂએલના બે પુત્રો જેઓ બેરશેબામાં ન્યાયાધિશ હતા તેમાંનો જ્યેષ્ઠ પુત્ર (૧ શમૂ. ૮; ૨) ૧ કાળ. ૬; ૨૮: ૬; ૩૩ માં તેને વાશ્ની કહે છે. (૨) દાઊદના પ્રખ્યાત યોદ્ધાઓમાંનો એક (૧ કાળ. ૧૧; ૯). (૩) શિમઓન પુત્રોમાંનો એક (૧ કાળ. ૪; ૩૫). (૪) રેઉબેન પુત્રોમાંનો એક (૧ કાળ. ૫; ૪, ૮). (૫) ગાદ પુત્રોમાંનો એક

(૧ કાળ. ૫; ૧૨). (૬) યિસ્સાખારના પરપૌત્ર (૧ કાળ. ૭; ૩). (૭) ગેર્શોમ પુત્રોમાંનો એક મુખ્ય માણસ (૧ કાળ. ૧૫; ૭, ૧૧, ૧૭). (૮) ગેર્શોની લાઅ-દાનના પુત્રોમાંનો એક (૧ કાળ. ૨૩; ૮: ૨૬; ૨૨). (૯) મનાશ્શેહના અર્ધકુળનો અધિપતી (૧ કાળ. ૨૭; ૨૦). (૧૦) કહાથી અઝાર્યાહનો પુત્ર (૨ કાળ. ૨૯; ૧૨). (૧૧) નબોના પુત્રામાંનો એક (એઝ. ૧૦; ૪૩). (૧૨) ઝીખ્રીનો પુત્ર (નહે. ૧૧; ૯). (૧૩) યોએલ ભવિષ્યવાદી—હેબ્રી શાસ્ત્રમાં ઉપરના બાર માણુસ આ નામના હતા પણ તેમાંનો એક યોએલ ભવિષ્યવાદી હતો એવું સાબીત થતું નથી. યોએલ તે શાસ્ત્રમાં આવતા બાર નાના ભવિષ્યવાદીઓમાંનો એક હતો. તે યરૂશાલેમના રહીશ પથુ-એલનો દીકરો હતો (૧; ૧), અને એનાં ભવિષ્યવચનો યહુદાહના રાજ્ય સંબંધીનાં છે (૧; ૧૩, ૧૪: ૨; ૧૭). તેના પુસ્તક પરથી જણાય છે કે કદાસ યોઆશ રાજા બાલ્યાવસ્થામાં હતો અને જ્યારે યહોયાદા રાજ્યકારભાર ચલાવતો હતો ત્યારે આ ભવિષ્યવાદી ઉભો થયો હશે (ઇ.સ.પૂ. ૮૫૦). ૨ રા. ૧૧; ૧–૩ સરખાવી જુઓ, અથવા તો ઉઝ્ઝીયાહના વખતમાં હશે, અને આમોશ અને યશાયાહનો સમકાળીક હશે. આ ભવિષ્યવાદી વિષે તેના પુસ્તકમાં લખવામાં આવ્યું છે તે સિવાય તેના જીવન ચરિત્ર વિષે બીજું કશું હાથ આવ્યું નથી.

યોએલનું પુસ્તક. આ પુસ્તક કદાપી યહુદાહના રાજા યોઆશની રાજકારકીર્દીના પહેલા ભાગમાં રચવામાં આવ્યું હશે (ઇ. સ. પૂ. ૮૩૭–૮૧૭). આ વખતમાં ચાર દેશજાતીઓની સાથે વહેવાર ચાલતો હતો, અને તે ચારે વિષે પુસ્તકમાં વાત આવે છે. (૧) 'મિસર વેરાન થશે' (૩; ૧૯). (૨) 'અદોમ ઉજડ થશે' (૩; ૧૯). (૩) 'હે સૂર તથા સીદોન' (૩; ૪). (૪) 'પલેશેથ' (૩; ૪). આ પુસ્તકમાં ત્રણ અધ્યાયો સમાયલા છે, તેમાંની પહેલી ૩૬ કલમોમાં યોએલનાં કરેલાં જાહેર ભાષણો આવે છે (૧; ૨–૩; ૧૭). અને બાકીની ૩૬ કલમોમાં યહોવાહનો આપેલો જવાબ વર્ણવેલો છે (૨; ૧૮-૩; ૨૧). **પૃથકકરણ.** (૧) ૧; ૨-૨; ૧૭. યોએલનાં ભાષણઃ—(અ) દેશ ઉપર ભારે આફત આવી પડશે. એના જેવી આફત ગતકાળમાં કદી આવી નથી. તીડોનાં ચાર સૈન્ય આવી દેશને ઉજડ કરી નાખશે. (આ) યહોવાહનો દિવસ પાસે છે માટે પસ્તાવો કરો. (આ ભાષણ મુજબ લોકે પસ્તાવો કર્યો હોય એમ દેખાય છે). (૨) ૨; ૧૮-૩; ૨૧ યહોવાહનો પ્રત્યુત્તરઃ—(અ) સંસારી ન્યાયશાસન દૂર કરાશે (૨; ૧૮-૨૭). (આ) દૈહિકની સાથે આગળ ઉપર આત્મિક આશીર્વાદો મળશે (૨; ૨૮-૩૨). (ઇ) યહોવાહનો દિવસ તે ન્યાય કરવાનો દિવસ થશે (૩; ૧-૧૫). (ઈ) યહોવાહનો દિવસ તે તારણનો દિવસ થશે (૩; ૧૬-૨૧). નવા કરારમાં ઉતારેલાં વાક્યો પ્રે. કૃ. ૨; ૨૭. રૂમી. ૧૦; ૧૩.

યોએલાહ (૧ કાળ. ૧૨; ૭). યહોરામના પુત્રોમાંનો એક, જે દાઉદને સિકલાગમાં આવી મળ્યો હતો.

યોકટાન = નાનું એબેરના બે પુત્રોમાંનો બીજો (ઉત્પ. ૧૦; ૨૫, ૨૬, ૨૯. ૧ કાળ. ૧; ૧૯, ૨૦, ૨૩). યોકટાન વિષે આરબ લોકમાં એવી દંતકથા ચાલે છે કે દક્ષિણ અને મધ્ય અરબસ્તાનની કોમોનો તેજ પૂર્વજ હતો.

યોક્તએલ = દેવનો તાબેદાર. (૧) યહુદાહ પ્રાંતમાં લાખીશની પાસે આ નામનું એક શહેર આવેલું હતું અને કદાસ ગેઝરની દક્ષિણે 'કુટલાનેહ' નામનું ખંડિયેર જે હાલ જોવામાં આવે છે તે એજ હશે (યહો. ૧૫; ૩૮). (૨) યહુદાહના રાજા અમાસ્યાહે અદોમીઓની મીઠાની ખીણમાં ભારે કતલ કરી અને દેવના પરાક્રમથી તેમનો સંપૂર્ણ

સંહાર કર્યો. આ વખતે અદોમીઓનો જે મજબુત કીલ્લો સેલા હતો હતો તે તેણે સર કર્યો, અને તે શહેરનું નામ બદલીને તેણે યોક્તએલ પાડયું (જુઓ સેલા. ૨ રાજા. ૧૪; ૭. ૨ કાળ. ૨૫; ૫-૧૦).

યોકદઆમ—યહુદાહના પહાડી પ્રદેશમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૫૬).

યોકનઆમ=માણુસોએ ભેગો કીધો. કાર્મેલનું એક શહેર હતું (યહો. ૧૨; ૨૨). તે લેવીઓને આપેલું હતું. કિશોર નદીની દક્ષિણમાં નાઝારેથની નૈઋત્ય કોણમાં બાર માઇલ ઉપર 'ટેલ-કાઇમોન' નામની જગ્યાને પુરાતન યોકનઆમ ધારે છે (યહો. ૧૯; ૧૧: ૨૧; ૩૪).

યોકમઆમ=માણુસોનું ટોળું. એફ્રાઇમના પહાડી મુલકમાં આવેલું એક શહેર હતું (૧ રાજા. ૪; ૧૨. ૧ કાળ. ૬; ૩૮).

યોકશાન=ફાંદો માંડનાર. ઇબ્રાહીમની બીજી સ્ત્રી કતૂરાહને પેટે જે છ દીકરા થયા તેમાંનો તે એક હતો (ઉત્પ. ૨૮; ૨. ૧ કાળ. ૧; ૩૨).

યોકીમ—યહુદાહપુત્રોમાંના શેલાહનો પુત્ર (૧ કાળ. ૪; ૨૨).

યોખેબેદ = જેનો મહિમા યહોવાહ છે. આમ્રામની સ્ત્રી અને હારૂન, મુસા અને મરિયમની મા (ગણુ. ૨૬; ૫૯. નિર્ગ. ૬; ૨૦). તેણીને આમ્રામના પિતા કહાથની બહેન કહેવામાં આવે છે (નિર્ગ. ૬; ૨૦ની સાથે ૬; ૧૬, ૧૮: ૨; ૧-૧૦ સરખાવો).

યોગ્બહાહ—યરદન નદીની પૂર્વમાં આવેલું એક શહેર હતું (ગણુ. ૩૨; ૩૫. ન્યાયા. ૮; ૧૧).

યોગ્લી—દાન કુળનો અધિપતી બુક્કીનો પુત્ર હતો. આ માણુસ દેશનો વારસો વહેંચી આપવામાં હતો (ગણુ. ૩૪; ૨૨).

યોઝાખાર=યહોવાહે સ્મરણ કીધું. યહુદાહના રાજા યોઆશ કે યહોઆશના જે બે ચાકરોએ સિલ્લાના રસ્તા ઉપર મિલ્લોના ઘરમાં રાજાનું ખૂન કીધું તેમાંનો એક આ શિમઆથનો પુત્ર હતો (૨ રાજા. ૧૨; ૨૧). ૨ કાળ. ૨૬; ૨૬ માં તેને 'ઝબાદ' કહે છે.

યોઝાબાદ=યહોવાહે આપ્યો. આ નામના આઠ નવ માણુસની વાત શાસ્ત્રમાં છે. (૧) યહુદાહના રાજા યહોઆશ કે યોઆશનો ખુની (૨ રાજા. ૧૨; ૨૧. ૨ કાળ. ૨૬; ૨૬). (૨) યોઝાબાદ ગદેરાથી (૧ કાળ. ૧૨; ૪). (૩) સિક્લાગમાં દાઉદને મળનાર (૧ કાળ. ૧૨; ૨૦). (૪) (૧ કાળ. ૧૨; ૨૦). આજ નામનો બીજો સિક્લાગ ગયો. (૫) (૨ કાળ. ૩૧; ૧૩). એક મુકાદમ હતો. (૬) (૨ કાળ. ૩૫; ૯). (૭) (એઝ. ૮; ૩૩). (૮) (એઝ. ૧૦; ૨૨, ૨૩). (૯) (નહે. ૮; ૭: ૧૧; ૧૬).

યોટબાથાહ = ભલાઇ. ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનું એક છાવણીનું મુકામ હતું (ગણુ. ૩૩; ૩૩, ૩૪. પુન. ૧૦; ૭). આ પ્રદેશ તે પાણીના નાળાવાળો હતો.

યોટબાહ=ભલાઇ. યહુદાહમાં આ નામનું એક શહેર આવેલું હતું. તે હારૂસનું વતન હતું. આ હારૂસની દીકરી મશુલ્લેમેથ, મનાશ્શેહ રાજાની રાણી અને રાજા આમોનની મા થાય (૨ રાજા. ૨૧; ૧૯).

યોથામ=યહોવાહ પ્રમાણિક છે. (૧) ગિદઓના સિતેર દીકરાઓમાંનો સૌથી નહાનો દીકરો હતો. જ્યારે ગિદઓનની દાસીના દીકરા અબીમેલેખે યોથામના ૬૯ ભાઇઓને એક પત્થર પર મારી નાખ્યા ત્યારે યોથામ તે વખતે સંતાઇ ગયો અને એમ તેનો બચાવ થયો (ન્યાયા. ૯; ૧-૫). આ વખતે શખેમના સર્વ માણુસો તથા મિલ્લોનું આખું ઘર એકઠું થઇ શખેમમાં જે સ્તંભ હતો (આ સ્તંભ યહોશુઆએ ઉભો કીધો હતો યહો. ૨૪; ૨૬. ઉત્પ. ૩૫; ૪). તેની પાસેના એલોનવૃક્ષ આગળ અબીમેલેખને તેઓએ રાજા ઠરાવ્યો. આ ખબર યોથામને મળતાં ગરીઝીમ પર્વતના શિખર પર જઇને

ત્યાં ઉભા રહી શખેમના માણસોને વૃક્ષોના દૃષ્ટાંતથી ચેતવણી આપી. આ વખતનું તેનું ભાષણ આગળ જતાં ખરૂં પડયું. એટલે શખેમના માણસોએ તેની વિરૂદ્ધ બળવો કર્યો અને આ દુષ્ટ વિશ્વાસઘાતી શહેરનો નાશ થયો (ન્યાયા. ૯; ૪૫), અને અબીમેલેખ પોતે 'તેબેસ' શહેરને ઘેરો ઘાલતાં એક સ્ત્રીથી માર્યો ગયો. યોથામે પોતાની ભવિષ્ય પુરી પડી છે તે તેણે બએરમાં સાંભળ્યું હશે (ન્યાયા. ૯; ૭-૨૧). (૨) ઉઝઝીયાહ કે આઝાર્યાહ જે યહુદાહનો રાજા તેનો પુત્ર જે તેની પછી યહુદાહની ગાદીએ બેઠો. ઉઝઝીયાહ પોતાના મરણના દિવસ સુધી કહોડીઓ રહ્યો હતો તેથી યોથામે પોતાના પિતાની હૈયાતીમાં સાત વર્ષ સુધી તેની સાથે રાજ કીધું. જ્યારે તે રાજ્યનું કામ કરવા લાગ્યો ત્યારે તે ૨૫ વર્ષની ઉમરનો હતો (૨ કાળ. ૨૬; ૨૧: ૨૭; ૧). પિતાના મરણ પછી તે સ્વતંત્ર રાજા થયો, તેણે સોળ વર્ષ (૭૫૮-૭૪૨) રાજ્ય કીધું. અને પોતાની રાજકારકીર્દીમાં પ્રભુનું ભય રાખીને તેણે રાજ ચલાવ્યું હતું. તેણે યહોવાહના ઘરનો ઉપલો દરવાજો બંધાવ્યો અને શહેરનું ઘણુંએક મરામતી કામ તેણે કરાવ્યું (૨ કાળ. ૨૭). તે યશાયાહ, હોશીઆ અને મીખાહ ભવિષ્યવાદીઓનો સમકાળીક રાજા હતો. તે મરણ પામ્યો અને રાજકબરસ્તાનમાં તેને દાટયો, અને લોકોએ તેને માટે ઘણો શોક કીધો (૨ રા. ૧૫; ૩૮. ૨ કાળ. ૧૭; ૩-૯). યોથામ યહુદાહનો રાજા (૨ રા. ૧૫; ૫-૧૬; ૧. ૧ કાળ. ૩; ૧૨: ૫; ૧૭. ૨ કાળ. ૨૬; ૨૧, ૨૩: ૨૭; ૬, ૭, ૯. યશા. ૧; ૧: ૭; ૧. હોશી. ૧; ૧. મીખા. ૧; ૧. માત્થી ૧; ૯). (૩) યહુદાહપુત્રોમાંનો એક આ નામનો હતો (૧ કાળ. ૨; ૪૭).

યોના = જુઓ યૂના.

યોનાથ-એલમ-રહોકીમ = શાંત ખબુતર. ગીત ૫૬ના મથાળામાં કોઇ રાગનું નામ લખવામાં આવ્યું છે કે જે રાગપર આ ગીત ગાવામાં આવતું હશે.

યોનાથાન = પ્રભુનો આપેલો. આ નામના પંદર કે તેથી વધારે માણસની વાત શાસ્ત્રમાં આવે છે, જેમાંના ચાર પ્રસિદ્ધ માણસોની વાત નીચે આપવામાં આવી છે. (૧) મુસાના દીકરા ગેર્શોમના વંશનો એક માણસ આ નામનો હતો (ન્યાયા. ૧૮; ૩૦). તેનો ઇતિહાસ ન્યાયા. ૧૭; ૭-૧૩: ૧૮; ૩૦ માં આપવામાં આવ્યો છે. આ લેવી દાન શહેરમાં મીખાહના ઘરમાં ખાવાપીવા તથા એક જોડ લુગડાં અને વાર્ષિક રૂ. ૧૦ના પગારે યાજક રહ્યો હતો. આ મૂર્તિપૂજાનું યાજકપદ તેના વંશમાં બંદિપ્રવાસ સુધી ટકી રહ્યું હતું. એવું કહેવામાં આવે છે કે યોનાથાનના આ બદકારી કામને લીધે મુસાના નામનું અપમાન થાય નહિ માટે કેટલીએક હેબ્રી નકલોમાં મુસાને બદલે રાબી લોકે મનાશ્શેહ નામ દાખલ કર્યું હોય એમ લાગે છે (ન્યાયા. ૧૮; ૩૦). (૨) શાઉલનો સૌથી વડો પુત્ર યોનાથાન નામનો હતો. તે દાઉદનો દિલોજાન દોસ્ત હતો. તેના પિતાના ગાદીએ બેઠા પછી થોડા વખત બાદ તેનું પ્રથમ નામ આપવામાં આવ્યું છે. આ વખતે યોનાથાનની ઉમર ત્રીસ વર્ષની હતી (૧ શમૂ. ૧૩; ૨). યોનાથાન પોતાના પિતાના જેવો બળવાન હતો (૨ શમૂ. ૧; ૨૩). વળી માર્યા જનારનું લોહી વહેવડાવવાથી તથા બળવંતોના મેદથી યોનાથાનનું ધનુષ્ય પાછું પડતું નહિ (૨ શમૂ. ૧; ૨૨. ૧ કાળ. ૧૨; ૨). એક વખતે શાઉલ પલિસ્તીઓની સામે લડવા નીકળ્યો પણ તેને જીત પામવાની આશા ન હતી (૧ શમૂ. ૧૩), પણ યોનાથાન તથા તેના શસ્ત્રધારના વિશ્વાસ તથા યુક્તિથી પલિસ્તીઓ હાર્યા ગયા. આ વખતે તેના પિતાની નાદાનીથી યોનાથાન કતલ થતાં બચી ગયો (૧ શમૂ. ૧૪). શાઉલ રાજાની ગાંડાઇને મુર્ખાઇને લીધે બાપ દીકરા વચ્ચે અપ્રેમ ઉભો થયો. પછી એક વખત દાઉદ પલિસ્તી

ગોલ્યાથને મારી પાછો આવ્યો ત્યારે સેનાપતી આબ્નેર તેને શાઉલ રાજાની રૂબરૂમાં લાવ્યો અને દાઉદ જ્યારે શાઉલ સાથે વાત કરતો હતો ત્યારે યેનાથાનનો જીવ દાઉદના જીવ સાથે ગાંઠ થઇ ગયો અને ત્યારથી યેનાથાન પોતાના જીવના જેવી પ્રીતિ દાઉદ ઉપર રાખવા લાગ્યો (૧ શમૂ. ૧૮). શાઉલ દાઉદને મારી નાખવા લાગ શોધતો હતો અને પોતાના પિતાની મૂર્ખાઇને લીધે યેનાથાન આખરે ક્રોધાયમાન થઇ ખાણા ઉપરથી એક વખતે ઉઠી ગયો હતો (૨૦; ૩૪). યેનાથાન તથા દાઉદ વચ્ચે ત્રણ વખત કરાર થયો હતો. પ્રથમ જ્યારે યેનાથાને દાઉદને કપડાં પહેરાવ્યાં ત્યારે (૧ શમૂ. ૧૮). બીજો, એઝેલ પત્થર પાસે (૧ શમૂ. ૨૦). અને ત્રીજો છેલ્લી મુલાકાતમાં. આ વખતે યેનાથાને દાઉદને કહ્યું કે મારા પિતાના પછી તું રાજા થઇશ ને હું તારાથી બીજે દરજ્જે હોઇશ (૧ શમૂ. ૨૩; ૧૬-૧૮). પછી ગીલ્બોઆ આગળ પલિસ્તીઓની સામે લડતાં પોતાના બે ભાઇ અને પિતા સાથે તે કતલ થયો (૧ શમૂ. ૩૧; ૨, ૮). પલિસ્તીઓએ આ શુરવીરોની લાસનું ભારે અપમાન કીધું પણ યાબેશ-ગિલઆદના રહેવાસીઓએ બહાદુરી કરી શાઉલ તથા તેના ત્રણ દીકરાની લાસ જઇને લઇ આવ્યા અને યાબેશમાં તેને બાળી (૧ શમૂ. ૩૧. ૨ શમૂ. ૨૧; ૧૨-૧૪), એ કારણ માટે દાઉદે યાબેશ-ગિલઆદના માણસોનો મોટો ઉપકાર માન્યો અને તેનો બદલો આપવાનું તેણે વચન આપ્યું (૨ શમૂ. ૨; ૫-૭), અને ત્યાર પછી વખત મળે દાઉદ રાજાએ ઉપલાં રાજવંશીઓના હાડકાં મંગાવી બિન્યામીન દેશના શેલાહ મધ્યે તેના બાપ કીશની કબરમાં ઘણા માન સાથે દફનાવ્યા (૨ શમૂ. ૨૧; ૧૨-૧૪). દાઉદે શાઉલ તથા તેના પુત્ર યેનાથાનના મરણ પ્રસંગે જે શોક કીધો તે જાણવાજોગ છે (૨ શમૂ. ૧; ૧૭-૨૭). દાઉદ તેમાં પોતાના પ્યારા મિત્ર વિષે કહે છે કે "હે મારા બંધવ યેનાથાન, તારે લીધે મને ખેદ થાય છે. તું મને પ્રિય હતો, મારા પર તારો પ્યાર આશ્ચર્યકારક હતો, સ્ત્રીઓના પ્યારથી વિશેષ હતો" (૨ શમૂ. ૧; ૨૬). યેનાથાનના ફક્ત એક પુત્રનું બ્યાન શાસ્ત્રમાં કરવામાં આવ્યું છે. તે યેનાથાનના મરણ વખતે પાંચ વર્ષનો હતો. તે પગે લંગડો હતો. તેનું નામ 'મફીબોશેથ' હતું (૨ શમૂ. ૪; ૪). તેનું બીજું નામ 'મરીબ-બઆલ' હતું (૧ કાળ. ૮; ૩૪). (૩) પ્રમુખ્ય યાજક અબ્યાથારનો પુત્ર હતો. આબ્શાલોમે જ્યારે બળવો ઉઠાવ્યો ત્યારે તે દાઉદના પક્ષમાં હતો (૨ શમૂ. ૧૫; ૨૭, ૩૬: ૧૭; ૧૭, ૨૭). તે એલીના વંશનો છેલ્લો પુરૂષ હતો. (૪) દાઉદના ભાઇ શિમાયનો પુત્ર, કે જે દાઉદના શુરવીરોમાંનો એક હતો (૨ શમૂ. ૨૧; ૨૧). તે ગાથમાં મરાયો (૧ કાળ. ૨૦; ૭: ૨૭; ૩૨). (૫) (૨ શમૂ. ૨૩; ૩૨. ૧ કાળ. ૧૧; ૩૪). (૬) (૧ કાળ. ૨; ૩૨, ૩૩). (૭) (૧ કાળ. ૨૭; ૩૨). (૮) (એઝ. ૮; ૬). (૯) (એઝ. ૧૦; ૧૫). (૧૦) (નહે. ૧૨; ૧૧). (૧૧) (નહે. ૧૨; ૧૪). (૧૨) (નહે. ૧૨; ૧૮). (૧૩) (યિર્મે. ૩૭; ૧૫, ૨૦: ૩૮; ૨૬. (૧૪) (યિર્મે. ૪૦; ૮) ઇત્યા.

યેનાદાબ = યહોવાહ દાતા. (૧) દાઉદના ભાઇ શિમઆહનો દીકરો અને આમ્નોનનો મિત્ર હતો. તે ઘણો પક્કો માણસ હતો (૨ શમૂ. ૧૩; ૩, ૫, ૩૨, ૩૫). (૨) રેખાબનો પુત્ર યહોનાદાબ નામનો હતો જે રેખાબીઓનો પૂર્વજ હતો (યિર્મે. ૩૫; ૬, ૮, ૧૦, ૧૪, ૧૬, ૧૮, ૧૯. ૨ રા. ૧૦; ૧૫).

યેનામ = યહોવાહની મહેરબાની. યેહાનાનનું સંક્ષિપ્ત નામ છે (લુક ૩; ૩૦). એ નામ પ્રભુ ઇસુ ખ્રીસ્તની વંશાવળીમાં આવે છે.

યેનાહ = જુઓ યૂના. (૨ રા. ૧૪; ૨૫).

યોબ = પાછું વાળવું. ઈસ્સાખારના ચાર પુત્રોમાંનો ત્રીજો હતો (ઉત્પ. ૪૬; ૧૩). ગણ. ૨૬; ૨૪ માં તેને યાશૂબ કહે છે.

યોબાબ = અરણ્યવાસી. (૧) યોક્ટાનના પુત્રોમાંનો એક જે આરબ કોમનો સ્થાપનાર હતો (ઉત્પ. ૧૦; ૨૯. ૧ કાળ. ૧; ૨૩). (૨) રાજા બેલાના મરણ પછી તેને ઠેકાણે ઝેરાહના દીકરા યોબાબે અદોમ દેશમાં રાજ્ય કીધું (ઉત્પ. ૩૬; ૩૩, ૩૪. ૧ કાળ. ૧; ૪૪, ૪૫). (૩) કનાની માદોનનો રાજા યોબાબ જે બીજા રાજાઓની સાથે મળી યહોશુઆની સામે થયો છે (યહો. ૧૧; ૧). (૪) બિન્યામીની પુત્રોમાંનો એક (૧ કાળ. ૮; ૯). (૫) બિન્યામીની પુત્રોમાંના એલ્પાઆલનો પુત્ર જે ઘરોનો મુખ્ય પુરૂષ હતો (૧ કાળ. ૮; ૧૮).

યોયાકીમ = જેને યહોવાહે સ્થાપ્યો (નહે.. ૧૨; ૧૦, ૧૨, ૨૬).

યોયાદા = યહોવાહનો માનીતો. (૧) મંદિરની મરામત કરનારામાંનો એક (નહે. ૩. ૬). (૨) ઝરૂબ્બાબેલની સરદારી નીચે જે યાજકો તથા લેવીઓ બંદિપ્રવાસથી પાછા ફર્યા તેમાંનો એલીયાસીબનો દીકરો યોયાદા હતો. તે પ્રમુખ્ય યાજકોમાંનો એક હતો (નહે. ૧૨; ૧૦, ૧૧, ૨૨, ૨૮).

યોયારીબ = યહોવાહનો વિરોધી. (૧) એઝ્રાએ દેવના ઘરને સારૂ સેવકો લાવવા માટે જે મુખ્ય માણસોને મોકલ્યા હતા તેમાંનો એક (એઝ. ૮; ૧૬). (૨) (નહે. ૧૧; ૫). (૩) (નહે. ૧૧; ૧૦: ૧૨; ૬, ૧૯).

યોર્કઆમ (૧ કાળ. ૨; ૪૪).

યોરામ = યહોરામ. (૧) યહુદાહનો રાજા (૨ રા. ૮; ૨૧). જુઓ યહોરામ નં. ૨. (૨) ઇસ્રાએલનો રાજા. જુઓ યહોરામ નં. ૧. (૨ રા. ૮; ૧૬). (૩) હામાથના રાજા ટોઇનો પુત્ર. જુઓ યહોરામ નં. ૩. (૨ શમૂ. ૮; ૧૦).

યોરાય (૧ કાળ. ૫; ૧૩).

યોરાહ—(એઝ. ૨; ૧૮). તેને નહે. ૭; ૨૪માં હારીફ કહે છે.

યોરીમ—(લુક ૩; ૨૯).

યોશ્બકાશાહ = મુશ્કેલીની જગ્યા. હેમાનના પુત્રોમાંનો એક. તે મંદિરની ગાયક ગણુની ટુકડીનો આગેવાન હતો (૧ કાળ. ૨૫; ૪, ૨૪).

યોશાફાટ = જુઓ યહોશાફાટ (૧ કાળ. ૧૧; ૪૩: ૧૫; ૨૪).

યોશાવ્યાહ = યહોવાહ પુરતો છે. દાઉદના અંગરક્ષકમાંનો એક (૧ કાળ. ૧૧; ૪૬).

યોશાહ—(૧ કાળ. ૪; ૩૪).

યોશિબ્યાહ = જેને પ્રભુએ રહેવાનું આપ્યું છે. શિમઓનના કુટુંબનો એક મુખ્ય માણસ હતો, તેના પુત્રનું નામ યેહૂ હતો (૧ કાળ. ૪; ૩૫).

યોશીયાહ = યહોવાહ સમો કરશે. (૧) યહુદાહના રાજા આમોનનો પુત્ર, તે પોતાના પિતાના મરણ પછી યહુદાહની ગાદીએ બેઠો (૨ રા. ૨૨; ૧. ૨ કાળ. ૩૪; ૧). તેનો પોતાનો ઇતિહાસ ૨ રા. ૨૨–૨૪ સુધીમાં આપવામાં આવ્યો છે. આ રાજા બહુ ધાર્મિક અને સારો હતો, "તેણે યહોવાહની દૃષ્ટિમાં જે સારૂં તે કીધું," અને વળી "તે પોતાના પિતા દાઉદના સઘળા માર્ગોમાં ચાલ્યો." તેના વિષે લખવામાં આવ્યું છે કે, "તેનાથી અગાઉ તેના જેવો કોઇ રાજા થયો ન હતો કે જે સંપુર્ણ મનથી તથા પોતાના સંપુર્ણ બળથી મુસાના સઘળા નિયમશાસ્ત્ર પ્રમાણે યહોવાહની ગમ ફર્યો હોય, અને તેના પછી પણ કોઇ તેના જેવો ઉઠયો નથી" (૨ રા. ૨૩; ૨૫). આ ધાર્મિક રાજાના જન્મ વિષે આશરે ૩૦૦ વર્ષ અગાઉ ભવિષ્ય કહેવામાં આવી હતી. લખ્યું છે કે એક ઇશ્વરભક્ત યહુદાહમાંથી બેથેલ આવ્યો એને યરોબઆમ વેદી આગળ ધુપ બાળતો હતો ત્યારે ઇશ્વરભક્તે પોકારીને પોકારીને કહ્યું કે, "હે વેદી, વેદી, યહોવાહ એમ કહે છે કે, જો, દાઉદના ઘરમાં યોશીયાહ નામે એક પુત્ર જન્મશે! ને તે તારા પર ધુપ બાળનાર ઉંચસ્થાનના યાજકોનો યજ્ઞ

તારીજ ઉપર કરશે, ને લોકો તારા પર માણસનાં હાડકાં બાળશે" (૧ રા. ૧૩; ૨). યોશીયાહ રાજ કરવા લાગ્યો ત્યારે તે આઠ વર્ષની ઉમરનો હતો, અને નાનપણથીજ તેણે પોતાના પિતા દાઉદના દેવને શોધ્યો. અને એ કામમાં મદદ આપવાને પ્રમુખ્ય યાજક હિલ્કીયાહ તથા ભવિષ્યવાદી યિર્મેયાહને પ્રભુએ ઉભા કીધા હતા. તેના રાજ્યને બારમે વર્ષે અશેરીમ મૂર્તિઓ, કોતરેલી મૂર્તિઓ, ઢાળેલી મૂર્તિઓ અને સૂર્ય મૂર્તિઓ તથા ઉંચસ્થાનોને તોડી ફોડી તેમનો નાશ કીધો, અને દેશને શુદ્ધ કીધો (૨ કાળ. ૩૪; ૧-૭. સરખાવો યિર્મે ૨૫; ૩, ૧૧, ૨૯). તેની રાજકારકીર્દીને અરાઢમે વર્ષે મંદિરને સમારવાનું અને શણગારવાનું કામ તેણે હાથમાં લીધું (૨ રા. ૨૨; ૩, ૫, ૬: ૨૩; ૨૩. ૨ કાળ. ૩૪; ૧૧). અને વળી આ વર્ષે યહોવાહને સારૂ યરૂશાલેમમાં પાસ્ખા પર્વ પાળવામાં આવ્યું જે વખતે મંદિર સમારવાનું કામ ચાલતું હતું તે વખતે મુખ્ય યાજક હિલ્કીયાહને નિયમશાસ્ત્રની એક નકલ મળી આવી મુસાનાં આ પાંચ પુસ્તક ઘણું કરીને મનાશ્શેહ રાજાના વખતમાં તેનો શત્રુઓથી નાશ ન થાય માટે કોઇ ઇશ્વરભક્તે મંદિરના કોઇ છુપા ભાગમાં કે મંદિરની ભીંતમાં સંતાડેલું હશે. આ પુસ્તક જ્યારે યોશીયાહ રાજાની રૂબરૂમાં વાંચવામાં આવ્યું ત્યારે એમ થયું કે રાજા ભયભીત થયો અને પોતાનાં વસ્ત્ર ફાડ્યાં, અને એ પુસ્તક વિષે યહોવાહને પુછવા સારૂ હુલ્દાહ ભવિષ્યવાદેણની પાસે પુછવાને મોકલાવ્યું તેણીએ રાજાને હિમત આપતાં પ્રત્યુત્તરમાં જણાવ્યું કે જે સઘળી વિપત્તિ હું આ જગ્યા ઉપર લાવીશ તે તું પોતાની આંખે નહિ જોશે, પણ તે પહેલાં તું શાંતિએ પોતાની કબરમાં મુકાશે, એવું પ્રભુ કહે છે. રાજાએ ઉપલી વાત સાંભળી દેશમાંથી સઘળા લોકોને એકઠા કરી સઘળી અશુદ્ધ જગ્યાઓનો નાશ કીધો. અને ન્યાયાધીશોના દિવસોથી જે પાસ્ખા પર્વ બંધ પડયું હતું તે પર્વ પાળવામાં આવ્યું. ઉપલા બધા ધર્મસુધારામાં યિર્મેયાહે બહુ સારી મદદ આપી હતી (૨ રા. ૨૨; ૩-૨૦: ૨૩; ૨૧-૨૭. ૨ કાળ. ૩૫; ૧-૧૯). આ ધર્મસુધારા પછી થોડા વખત પર મિસરનો રાજા ફારો-નખો બીજો (ફારૂન નકોહ) આશ્શૂરના રાજા સામે કાર્કમીશ વિરૂદ્ધ યુદ્ધ કરવા ચઢી આવ્યો. મિસરની ફોજને યહુદાહની હદમાં થઇ જવાનો માર્ગ હતો, પણ રાજા યોશીયાહે પોતાની હદમાં થઇ જવાની પરવાનગી આપી નહિ. ઘણું કરીને આશ્શૂર સાથે યોશીયાહે કંઇ સલાહ કરી હશે, અને તે કારણ માટે તેણે આશ્શૂરનો પક્ષ ધર્યો. યોશીયાહ એદ્રાએલોનના મેદાનની સીમા ઉપર આવેલ મગિદ્દો આગળ મિસરના રાજા સામે આવી મળ્યો અને એવું બન્યું કે ધનુર્ધારીઓએ યોશીયાહ રાજાને બાણ માર્યું ને રાજા પોતે મરણતોલ ઘાયલ થયો. તેના ચાકરો તેને રથમાં ઘાલીને યરૂશાલેમ લઇ જતા હતા એટલામાં મગિદ્દોથી થોડા માઇલ ઉપર હદાદરિમ્મોનમાં તે મરણ પામ્યો (૨ રાજા. ૨૩, ૨૮, ૩૦. સરખાવો, ૨ કાળ. ૩૫; ૨૦-૨૭). તેણે યહુદાહની ગાદી ઉપર એકત્રીસ વર્ષ રાજ્ય કર્યું (ઇ. સ. પૂ. ૬૪૧-૬૧૦). તેનું દફન બહુ માન સાથે કરવામાં આવ્યું (૨ રાજા. ૨૨; ૨૦. યિર્મે. ૩૪; ૫). યિર્મેયાહ ભવિષ્યવાદીએ તેને માટે ખાસ વિલાપ કીધો (વિલા. ૪; ૨૦. ૨ કાળ. ૩૫; ૨૫). અને પ્રજા વર્ગે કરેલો ભારે વિલાપ તે કહેવતરૂપ થયો (ઝખ. ૧૨; ૧૧. સરખાવો, પ્રક. ૧૬; ૧૬). યોશીયાહ (૧ રાજા. ૧૩; ૨. ૨ રાજા. ૨૧; ૨૪, ૨૬: ૨૨; ૧, ૩: ૨૩; ૧૬. ૧ કાળ. ૩; ૧૪, ૧૫. ૨ કાળ. ૩૩; ૨૫: ૩૪; ૧, ૩૩: ૩૫; ૧. યિર્મે. ૧; ૨, ૩: ૩; ૬: ૨૨; ૧૧, ૧૮: ૨૬; ૧: ૨૭; ૧: ૩૫; ૧: ૩૬; ૩૧: ૩૭; ૧: ૪૫; ૧: ૪૬; ૨. સફ. ૧; ૧. માત્થી ૧; ૧૦,

૧૧). (૨) સફાન્યાહનો પુત્ર જે બંદિપ્રવાસ પછી યરૂશાલેમનો 'રેસીડેન્ટ' હતો (ઝખ. ૬; ૧૦).

યોસાદાક—જુઓ યહોસાદાક (એઝ. ૩; ૨).

યોસિફ્યાહ = જેને પ્રભુ વધારશે. સલોમીથનો પુત્ર જે પોતાના ઘરનો મુખ્ય હતો (એઝ. ૮; ૧૦).

યોસી = જેની મદદે યહોવાહ છે. (૧) આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના ભાઇઓમાંને તે એક હતો (જુઓ યાકુબ). માત્થી ૧૩; ૫૫. માર્ક ૬; ૩. માત્થી ૨૭; ૫૬. માર્ક ૧૫; ૪૦, ૪૭).

યોસે—આ નામનો એક લેવી કુપ્રસનો વતની હતો તેની અટક પ્રેરિતોએ બાર્નાબાસ એટલે દિલાસાનો દીકરો એવી પાડી હતી (જુઓ બાર્નાબાસ. પ્રે. કૃ. ૪; ૩૬).

યોસેખ (લુક ૩; ૨૬).

યોહા—(૧ કાળ. ૮; ૧૬). (૧) બિન્યામીની બરીઆહનો પુત્ર (૧ કાળ. ૮; ૧૬). (૨) દાઉદના શુરવીરોમાંનો એક (૧ કાળ. ૧૧; ૪૫).

યોહાન = દેવની કૃપા. (૧) પ્રેરિત પીતર અને યોહાન ઇસુના પુનરૂત્થાન વિષે ઉપદેશ કરતા હતા ત્યારે પ્રમુખ્ય યાજક હનાનિયા તથા કાયાફાની સાથે બીજા કેટલાએક પ્રેરિતોનો ન્યાય કરવાને એકઠા થયા હતા તેમાંનો એક યોહાન નામનો હતો (પ્રે. કૃ. ૪; ૬). કદાચ પ્રમુખ્ય યાજકના સગામાંનો તે હશે. (૨) માર્કનું લેખી નામ યોહાન છે. પ્રેરિતોના કૃત્યોમાં તે હમેશાં યોહાન નામથી ઓળખાય છે (પ્રે. કૃ. ૧૨; ૧૨, ૨૫: ૧૩; ૫, ૧૩: ૧૫; ૩૭). (૩) પ્રેરિત યોહાન. જે શિષ્ય પર ઇસુ પ્રેમ કરતો હતો અને જે શિષ્ય ઇસુની છાતી ઉપર અઢેલનો હતો તે પ્રેરિત યોહાન છે. આ સુવાર્તિકની જન્મ સાલ માલમ નથી પણ એવું સંભવેછે કે ખ્રીસ્તના શિષ્યોમાં યોહાન સૌથી નાની ઉમરનો હતો. તેના પિતાનું નામ ઝબદી અને તેના મોટા ભાઇનું નામ યાકુબ હતું. તેનો પિતા ઝબદી ગાલીલ સમુદ્રને કાંઠે રહીને માછીનો ધંધો કરતો હતો અને યોહાન તથા યાકુબ પણ એજ ધંધો કરતા હતા. વળી તેમના આ ધંધામાં સીમોન તથા આંદ્રિયા ભાગીદાર હતા (લુક ૫; ૧૦). ઝબદી પોતાના કુટુંબ સાથે બેથસાઇદા (બેથ-સાઇદા = માછલાનું ઘર) ગામમાં રહેતો હતો. આ કુટુંબ છેક ગરીબ સ્થિતિમાં ન હતું એમ દેખાય છે પણ તે ગૃહસ્થ વર્ગનું કુટુંબ હતું. માર્ક ૧; ૨૦ પરથી જણાય છે કે તેઓના ઘરમાં કામ કરવાને નોકરો પણ રાખવામાં આવતા હતા. યોહાનની માનું નામ સાલોમે હતું, અને તે મરિયમ કુંવારીની બહેન હતી એમ દેખાય છે, અને એમ હોય તો પ્રેરિત યોહાન ઇસુનો મસિયાઇ ભાઇ થાય. યોહા. ૧૯; ૨૫. માર્ક ૧૫; ૪૦. આ બે વાક્યોને સરખાવતાં તેઓ એક બીજાની સાથે મળતાં આવે તો કબુલ કરવું જોઇએ કે સાલોમે ખરેખર ઇસુની માસી એટલે મરિયમની બહેન હતી, અને એ પ્રમાણે ત્રણ મુખ્ય શિષ્ય પીતર, યાકુબ અને યોહાન તેમાંના છેલ્લા બે ઇસુના મસિયાઇ ભાઇ હતા. તો એજ યોહાનને હવાલે ઇસુ પોતાના અંતકાળે પોતાની માને સોંપે એમાં નવાઇ જેવું લાગતું નથી (યોહા. ૧૯; ૨૬, ૨૭). તેમજ જેના પર ઇસુ પ્રેમ કરતો હતો તે તેનો મસિયાઇ ભાઇ હતો. ઝબદીના મરણ પછી સાલોમે ઇસુની પાછળ ચાલીને તેની સેવા કરતી રહી હશે (માર્ક ૧૫; ૪૧. લુક ૮; ૩. માત્થી ૨૭; ૫૫, ૫૬). યોહાન પોતે પણ સ્થિતમાં ઠીક માણુસ હતો, નહિતો ઇસુ પોતાની માને તેને સોંપત નહિ તેમજ વળી પદ્દિજન માણુસો સાથે યોહાન પોતે સારી ઓળખાણ ધરાવતો હતો જુઓ તે પ્રમુખ્ય યાજકને ઓળખતો હતો (યોહા. ૧૮; ૧૫). યોહાન તથા યાકુબ બંને જણુમાં ઉતાવળીઓ સ્વભાવ જોવામાં આવે છે, અને કદાસ એજ કારણુ માટે ઇસુએ તેમને 'બોઅનેરગેસ' (=ગર્જનાના દીકરા)

ની અટક આપી હશે (માર્ક ૩; ૧૭). એમના ઉતાવળા સ્વભાવના ત્રણ દાખલા સુવાર્તામાં મળી આવે છે. (૧) માર્ક ૯; ૩૯. લુક ૯; ૪૯). (૨) (લુક ૯; ૫૪). (૩) (માર્ક ૧૦; ૩૫). યોહાન વિષે જોઇએ છીએ તો તે બહુ કેળવાયલો શિષ્ય ન હતો. તિબેરિયસ શહેરમાં વિદ્યાશાળા હતી તે ખરી વાત પણ માછી માણસ પોતાના દિકરાને અભ્યાસ કરાવે એ ઓછું સંભવિત છે. પ્રે. કૃ. ૪; ૧૩ માં પીતર તથા યોહાન વિષે સાફ લખવામાં આવ્યું છે કે, અધિકારીઓએ જોયું કે તેઓ બંને અભણ તથા અજ્ઞાની માણસ હતા. તો પણ બીજાઓના કરતાં મસિહના આવવા સંબંધી તે વધારે ફિકરમાં હતો. સુવાર્તામાં તે પોતાનું નામ આપતો નથી પણ એમ દેખાય છે કે જ્યારે યોહાન બાપ્તિસ્મા કરનાર ઇસુના રાજ્ય વિષે યહુદાહના રાનમાં ઉપદેશ કરતો હતો ત્યારે યોહાન બીજા ઘણાઓની સાથે તેની પાસે જઇને ધ્યાનથી સાંભળતો હતો, અને પ્રથમ તે યોહાન બાપ્તિસ્મીનો શિષ્ય થયો. પણ જ્યારે યોહાન બાપ્તિસ્મીએ ઇસુ વિષે એવી સાહેદી આપી કે, "જુઓ દેવનું હલવાન જે જગતનું પાપ હરણ કરે છે," ત્યારે તેના બે શિષ્યો પોતાના આગલા ગુરૂ યોહાન બપ્તિસ્મા કરનારને મુકીને ઇસુની પાછળ ગયા (યોહા. ૧; ૪૦-૪૨). આ બેમાંનો એક તો આંદ્રિયા હતો અને સંભવિત જણાય છે કે બીજો શિષ્ય યોહાન હતો. જેમ આંદ્રિયા પોતાના ભાઇ સીમોનને પહેલો મળ્યો તેમ યોહાન પોતાના ભાઇ યાકુબને પછી તેડી લાવ્યો. તેજ દિવસથી યોહાન બાપ્તિસ્મા કરનારનો શિષ્ય મટી ઇસુનો શિષ્ય થઇ રહ્યો. ખ્રીસ્તની સાથે થોડો વખત રહ્યા પછી યોહાન માછીનો ધંધો કરવાને સારૂ પાછો ગયો એમ દેખાય છે. પણ બીજે ફેરે ઇસુએ તેને તેડયો, એ માટે કે હવે પછી તે માછલાંનો પકડનાર નહિ પણ માણસોનો પકડનાર થાય (માત્થી ૪; ૧૮-૨૧. લુક ૫; ૧-૧૧). આ વખતે યોહાન પોતાનું બધું મુકીને શિષ્ય મંડળમાં મેળવાયો અને ઇસુના ત્રણ પસંદ કરેલા શિષ્યમાં તે એક ગણાયો (માર્ક ૫; ૩૭. માત્થી ૧૭; ૧:૨૬; ૩૭. માર્ક ૧૩; ૩). યાઐરસની દીકરીને જીવતી કરી, ઇસુનું રૂપાંતર થયું અને ગેથસેમાને વાડીમાં પ્રાર્થના કરવા સારૂ આ ત્રણ શિષ્યોને ત્રણ વખત બીજા શિષ્યોથી પસંદ કરી અલગ કર્યા. અને માર્ક ૧૩; ૩ પરથી જણાય છે એક બીજે પ્રસંગે તેઓની સાથે આંદ્રિયાને સાથે રાખવામાં આવ્યો હતો. પારખાની તૈયારી કરવાને જે બે શિષ્યોને મોકલ્યા તેમાંનો એક યોહાન હતો. વળી છેલ્લું વાળું કરતી વખતે યોહાને ઇસુને પુછ્યું હતું કે તને પરસ્વાધિન કરનાર કોણ છે (યોહા. ૧૩; ૨૩-૨૫)? વળી ભાલદારો પ્રમુખ્ય યાજકના ઘરમાં ઇસુને લઇ ગયા ત્યારે યોહાનની ભલામણથી પીતરને પણ ઘરમાં પેસવાની પરવાનગી મળી (યોહા. ૧૮; ૧૬). વધસ્તંભની પાસે પણ યોહાન હાજર હતો અને ઇસુએ તેની માને તેના હવાલામાં સોંપી (યોહા. ૧૮; ૧૫:૧૯; ૨૬, ૨૭). ત્યાર પછી પુનરૂત્થાનના દિવસની સવારમાં પીતર તથા યોહાન કબર જોવાને ગયા. તેમણે ખાલી કબરમાં શણનાં લુગડાં પડેલાં દીઠાં, પણ યોહાન માંહે પેઠો નહિ (યોહા. ૨૦; ૨-૯), પણ પીતર તેની પછવાડે આવ્યો અને કબરમાં ઉતર્યો અને યોહાન પછીથી ઉતર્યો. પુનરૂત્થાન પછી સાત શિષ્યો ગાલીલ સમુદ્રમાં માછલાં પકડવાને ગયા, તેજ વખતે ઇસુના પરાક્રમથી ૧૫૩ માછલાં ચમત્કારીક રીતે પકડાયા. હવે તે સાત શિષ્યોમાંનો એક પ્રેરિત યોહાન હતો (યોહા. ૨૧; ૧-૧૪). આજ પ્રસંગે જ્યારે તેઓ ઇસુની સાથે વાતચીત કરતા હતા ત્યારે પીતરે પુછ્યું હતું કે યોહાનનો અંત કેવો થશે? ઇસુએ એવો માર્મિક જવાબ આપ્યો કે "હું આવું ત્યાં સુધી તે રહે એવી મારી ઇચ્છા હોય તો તેમાં તારે શું?" (યોહા. ૨૧; ૨૩).

ઉપલી વાત તો સુવાર્તામાં હાથ આવે છે પણ હવે તે ઉપરાંત નવા કરારનાં બીજાં પુસ્તકોમાં પ્રેરિત યોહાન વિષે જે લખવામાં આવ્યું છે તે નીચે મુજબ છે. મેડી ઉપર ૧૨૦ શિષ્યો હાજર થયા ત્યારે યોહાન પણ તેમની સાથે હતો (પ્રે. કૃ. ૧; ૧૩). પચાસી પર્વને દિવસે પવિત્ર આત્માની વૃષ્ટિ થઇ ત્યારે પણ આ યોહાન હતો (૨; ૧૪). મંદિરના સુંદર કહેવાયલા દરવાજાની પાસે લંગડા માણસને પીતર તથા યોહાને સાજો કર્યો (૩; ૧-૧૦). પીતર તથા યોહાનને મંદિરના અધિકારીઓએ બંદીખાનામાં નાખ્યા (૪; ૧-૧૨). સાન્હેદ્રિમ સભાની આગળ પીતરે જવાબ આપ્યો ત્યારે બન્નેને છોડી મુક્યા (૪; ૧૩-૨૨). યોહાન તથા બીજા કેટલાએક શિષ્યોને પકડીને કેદ કરવામાં આવ્યા ત્યારે દૂતે તેઓને છોડાવ્યા (૫; ૧૭-૨૩). ફરીને યોહાન તથા બીજા પ્રેરિતો મંદિરમાં ઉપદેશ કરતા હતા ત્યારે તેઓને પકડીને કેદ કર્યા, પણ ગમાલીયલના સમજાવવાથી તેઓને કોરડા મારી છોડી મુક્યા (૫; ૨૫-૪૨). સમારીઆમાં પ્રભુની વાત માન્ય કરવામાં આવી ત્યારે યરૂશાલેમમાંના પ્રેરિતોએ પીતર તથા યોહાનને ત્યાં મોકલ્યા, ને ત્યાં કામ કરી તેઓ યરૂશાલેમ પાછા આવ્યા (૮; ૧૪-૨૫). પાઉલ જ્યારે ખ્રીસ્તી થઇ યરૂશાલેમમાં આવ્યો ત્યારે યોહાન ત્યાં હાજર ન હતો (ગલા. ૧; ૧૮, ૧૯). પણ જ્યારે પાઉલ બીજી વખતે યરૂશાલેમ આવ્યો ત્યારે યોહાન ત્યાં હાજર દેખાય છે, અને યાકુબ તથા કેફા ત્યાંની મંડળીના “થંભ જેવા દેખાતા હતા” (ગલા. ૨; ૯). પ્રક. ૧; ૯ માં યોહાન પોતા વિષે જણાવે છે કે, “હું તમારો ભાઇ અને વિપત્તિમાં તથા ઇસુના રાજ્ય તથા સહનતામાં ભાગિયો, દેવની વાતને લીધે તથા ઇસુની સાક્ષીને લીધે પાત્મસ કહેવાયલા બેટમાં હતો.” હવે એ વિષે એવું સંભવે છે કે ડોમીશાઅન પાદશાહની કારકીર્દીમાં (ઇ. સ. ૮૧-૯૬) યોહાનને દેશનિકાલ કરીને પાત્મસ બેટમાં મોકલ્યો, પણ થોડાં વર્ષ પછી તેને છોડી મુક્યો અને ત્યાર બાદ ત્રાજનની કારકીર્દીમાં (ઇ. સ. ૯૮-૧૧૭) તે આસરે ૯૫ કે ૧૦૦ વર્ષની ઉમરે મરણ પામ્યો. મે. ડૉ. જી. પી. ટેલર સાહેબના ‘પ્રવેશક બોધ’ નામના પુસ્તકના પૃષ્ટ ૮૩ માં પ્રેરિત યોહાન વિષે નીચે પ્રમાણેની દંતકથાની વાતો ટાંકવામાં આવી છે, જે ઉપયોગી ધારી અત્રે ટાંકવામાં આવી છે.—ખ્રીસ્તના સ્વર્ગારોહણથી તે યરૂશાલેમમાં મહા સભા ભરાઇ ત્યાં સુધી યોહાન ઘણું કરીને યરૂશાલેમમાં રહેતો હતો, અને ત્યાંની મંડળીના થંભ જેવો ગણાતો હતો (ગલા. ૨; ૯). હવે દંતકથામાં એવી વાત આવે છે કે ઇ. સ. ૬૭ માં રૂમમાં પીતરનો જ્યારે શિરચ્છેદ કરાયો ત્યારે યોહાન તેની સાથે હતો એ વાત ખરી હોય તો યોહાન વિષે તર્તલીઅને (ઇ. સ. ૨૦૦) જે લખ્યું તે આ વખતે બન્યું હશે. આ ધર્મપિતૃ કહે છે કે યોહાનને ઉકળતી તેલની કઢાઇમાં નાખવામાં આવ્યો તો પણ તેથી તેને કશી ઇજા થઇ નહિ. વળી નેરો બાદશાહની સતાવણી ચાલતી હતી ત્યારે જો યોહાન રૂમમાં ખરેખર વસતો હતો તો તેના વિષે ઉતરી આવેલી બીજી એક વાત તે આ વેળાએ બની હશે, એટલે યોહાનને ઇંદ્રવરણીનો ઝેરી રસ પાવામાં આવ્યો છતાં તેથી તેને કશું નુકશાન થયું નહિ. દંતકથા ઉપરથી એવું અનુમાન કરી શકીએ છીએ કે રૂમથી નીકળીને યોહાન યરૂશાલેમમાં ફરી આવી રહ્યો, અને યરૂશાલેમને ઘેરો ઘાલવામાં આવ્યો (ઇ. સ. ૭૦) ત્યાં સુધી તે ત્યાંજ રહ્યો હતો. પણ તે સાલમાં ઘણા યહુદીઓ શહેરમાંથી નાસી ગયા ત્યારે યોહાન પણ ત્યાંથી નીકળીને પરદેશમાં રહેવા ગયો. કદાસ ઇરાન દેશમાં ગયો, પણ એ બાબતને લગતી દંતકથા બહુ શક ભરેલી છે. ઘણું કરીને એફેસસ શહેરમાં રહીને તે ત્યાંની તથા પાસેની બીજી મંડળીઓની દેખરેખ કરતો હતો. પછી

ડોમીશીઅનની કારકીર્દીમાં (ઇ.સ. ૮૧-૯૬) કદાચ ૮૫ મી સાલે યોહાનને દેશનિકાલ કર્યો અને તેને પાત્મસ બેટમાં મોકલ્યો. દેશનિકાલનાં વર્ષો પુરાં થયા પછી યોહાન એફેસસમાં પાછો આવ્યો અને આસરે ઇ. સ. ૧૦૦ માં સ્વર્ગવાસી થયો. ઇરનેઅસની (†૨૦૨) સાહેદી એવી છે કે ત્રાજન પાદશાહના અમલના દિવસો સુધી (ઇ. સ. ૯૮-૧૧૭) યોહાન હયાતીમાં હતો. પાત્મસ બેટમાં યોહાન રહેતો હતો ત્યારે તેણે પ્રકટીકરણનું પુસ્તક લખ્યું હશે (પ્રક. ૧ ; ૯). એ વાત ખરી હોય કે ન હોય તો પણ ત્યાંજ તેણે પ્રકટીકરણમાં દર્શાવેલું દર્શન દીઠું એ વિષે પુરી ખાત્રી છે. વળી તેની રચેલી સુવાર્તા તથા ત્રણ પત્રો ત્યાર પછી લખવામાં આવ્યાં હશે. એટલે એફેસસમાં પાછા આવ્યા પછી (ઇ. સ. ૮૫ થી ૯૫ સુધીમાં) ઉપલાં ચારે પુસ્તકો રચેલાં જણાય છે. બીજી દંતકથાઓ—પોલીક્રાટેસ એફેસસનો અધ્યક્ષ હતો ; તેણે જણાવ્યું કે યોહાન પ્રેરિત પોતાના શિરબંધમાં સોનાનું પત્ર રાખતો હતો. એ પરથી એવું સુચવેલું છે કે, તેને પ્રમુખ્ય યાજક જેટલું માન આપવામાં આવ્યું હતું. આપોલોનીઅસે કહ્યું કે, એફેસસ શહેરમાં યોહાને એક મુએલા માણસને જીવતો કર્યો હતો. જુવાન લુટારા વિષે દંતકથા—આશિયામૈનરમાંની મંડળીઓમાં મુસાફરીઓ કરતાં એક પ્રસંગે યોહાનને એક સુંદર છોકરો મળ્યો, તેને યોહાને ત્યાંના એક વડિલના હવાલામાં ઉછેરવા સારૂ સોંપ્યો, આગળ જતાં તે છોકરો બાપ્તિસ્મા પામ્યો, એમ છતાં કોઇ કારણને લીધે છોકરો કંટાળીને મંડળીમાંથી જતો રહ્યો ; અને લુટારાની ટોળીમાં જઇને થોડી વારમાં ટોળીનો આગેવાન થયો. હવે કાળાંતરે યોહાન પ્રેરિત પેલા વડિલની પાસે પાછો આવ્યો, ત્યારે સલામ કર્યા બાદ બોલ્યો કે, તારા હાથમાં મુકેલી મારી મૂલ્યવાન અનામત મને પાછી આપ. ત્યારે શરમીંદા થઇને તે વડિલે છોકરા વિષેની બધી વાત કહી સંભળાવી. એ પરથી યોહાન તરત ઘોડેસ્વાર થયો, અને હઠી ગએલા જુવાનને શોધવા નિકળ્યો. પછી લુટારાની ગુફામાં જઇને તેને મળ્યો, અને ત્યાં પ્રીતિપૂર્વક વચનો બોલીને તેને મંડળીમાં પાછો લઇ આવ્યો. એક વખતે યોહાન હમામખાનામાં નહાવા ગયો હતો, ત્યાં પેસતાં દુર્મતીઓ કેરીન્થસ જોવામાં આવ્યો. તે પરથી યોહાન બોલી ઉઠયો કે, "અરે, અહીંથી નાસવું જોઇએ ; જુઓ સત્ય વિરોધી કેરીન્થસ આ રહ્યો. ખબરદાર થાઓ, રખેને હમામખાનાનું છાપરૂં આપણા ઉપર તુટી પડે." ૧ કરી. ૯ ; ૫ પરથી એવું લાગે છે કે, ઘણાખરા પ્રેરિતો પરણેલા હતા. પરંતુ યોહાન વિષે અસલ વખતથી એવી દંતકથા બધે ફેલી ગઇ છે કે તે આયુષ્ય પર્યંત કુંવારો રહ્યો. એ વાતને અનુસરીને જેરોમ (†૪૨૦) લખે છે કે, "કુંવારા પ્રેરિતના હાથમાં કુંવારી મા સોંપવામાં આવી" (યોહા. ૧૯ ; ૨૬, ૨૭). કાસીઅન કહે છે કે, યાહાન એક તીતર પાળીને કોઇ વાર તેની સાથે રમતો હતો. એક દિવસે એક શિકારીએ તને રમતા જોઇને કહ્યું કે, "આપને આમ રમતા દેખીને મને બહુ નવાઇ લાગે છે," હવ તે શિકારીના હાથમાં પણછ ચઢાવેલું એક કામઠું હતું, માટે યોહાને જવાબમાં એટલુંજ કહ્યું કે, "શું કામઠાની આ તણછ તમે નિત્ય તાણેલી ને તાણેલી રાખો છો ?" જેરોમ કહે છે કે યોહાન છેક વૃદ્ધાવસ્થાએ પહોંચ્યા ત્યારે ભરસભામાં લાંબુ ભાષણ કરવા અશક્ત હોવાથી એવો હુકમ આપ્યો કે મને ઉંચકીને દેવળમાં લઇ જાઓ, પછી ત્યાં બોધાસન પર બેસીને એટલોજ ઉપદેશ કરતો કે, મારાં બાળકો, માહોમાંહે પ્રીતિ કરો, પ્રીતિ કરો (૨ યોહા. ૫). અને જ્યારે સાંભળનારાઓએ તેને પુછયું કે, સ્વામી, આવો બોધ આપ કેમ નિત્ય કરો છો ? ત્યારે તેણે કહ્યું કે, ખ્રીસ્તની આપેલી નવી આજ્ઞા એજ છે ; તે આજ્ઞા પાળતાં તમે ખ્રીસ્તની બધી આજ્ઞા

પાળ્યા વિના રહેશે નહિ (યોહા. ૧૩; ૩૪, અને ૧૫; ૧૨). ઑગસ્ટીન (†૪૩૦) કહે છે કે, યોહાનનું મુડદું કબરમાં દાટયું ત્યાર પછી તેની છાતી હાલતી હતી; અને તેની સાથે કબરની મટોડી પણ હાલતી જણાતી હતી. એ પરથી યોહાનના મિત્રોને એવી ખાતરી થઇ કે અમારો બોધક ખરેખરો મરી નથી ગયો પણ માત્ર ઉંઘી ગયો છે. યોહા. ૨૧; ૨૦-૨૪ માં લખ્યું છે કે, "હું આવું ત્યાં સુધી તે રહે તો તેમાં તારે શું" એ વચન ઉપરથી ઉપલી દંતકથા ઉત્પન્ન થઇ હશે, અથવા બીજું કારણ એ હોય કે, તે વખતના લોક એવું ધારતા હતા કે નેરો પાદશાહ ખ્રીસ્ત વિરોધી થઇને ખ્રીસ્તી મંડળીને ફરી હેરાન કરવાને મુએલામાંથી ઉઠવાનો છે. હવે જો ખ્રીસ્ત વિરોધી ખરેખર મરી ગયો નહિ હોય તો જે શિષ્ય પર ઇસુ પ્રેમ રાખતો હતો તે કેમ મરણને તાબે રહી શકે? હાલ તે કબરમાં મુકેલો છે ખરો, પણ ત્યાં તે માત્ર ઉંઘે છે; પરંતુ તે ઠરાવેલે દિવસે ત્યાંથી નીકળીને ખ્રીસ્ત વિરોધીને દબાવશે. એવી વાત બોલીને ખ્રીસ્તી ભાઇઓ એક બીજાને દિલાસો દેતા હતા. **યોહાનની સુવાર્તા.**—આ સુવાર્તાનો લખનાર ઘણાંએક પ્રમાણો તથા દલીલ પરથી પ્રરિત યોહાન ઠરે છે. ખરી વાત છે કે પુસ્તકમાં લખનારે પોતાનું નામ આપ્યું નથી, પણ જે "શિષ્ય પર ઇસુ પ્રેમ રાખતો હતો" તેજ શિષ્ય ચોથી સુવાર્તાનો લખનાર હતો (જુઓ ૨૧, ૨૪). હવે ઉપલા 'પ્રેમ રાખનાર શિષ્ય' વિષે સુવાર્તાનાં ત્રણ વાક્યોમાં ખાસ ખબર આપી છે; ૧૩; ૨૩: ૧૯; ૨૬: ૨૧; ૭ એ વાક્યો વાંચવાથી સાફ જણાઇ આવે છે કે જે શિષ્ય ઉપર ઇસુ પ્રેમ કરતો હતો તે શિષ્યને પીતરની સાથે નિકટ મિત્રાચારી હતી (૧૩; ૨૪: ૧૮; ૧૫: ૨૧; ૭: ૨૦; ૨ જુઓ). હવે પહેલી ત્રણ સુવાર્તા તપાસીએ તો ખુલ્લી રીતે માલમ પડે છે કે પીતરની સાથે નિકટ સંબંધમાં આવેલો જે શિષ્ય તે યોહાનજ હતો. વળી ૨૧; ૨૪ મું વાક્ય આ પુસ્તક લખનાર કોણ હતો તે જણાવવા દાખલ કરેલું છે. હવે ૨૧; ૨૪ ની સાથે ૨૧; ૧, ૨ સરખાવીએ તો માલમ પડે છે કે આ સુવાર્તા રચનાર તિબેરીઅસ સમુદ્રને કાંઠે ગએલા સાત શિષ્યોમાંનો એક હતો, અને તે સાતમાં સુવાર્તા લખી શકે એવો દલીલ કરતાં યોહાન માલમ પડે છે. પુસ્તક રચનાર પોતાનું નામ પોતાની મર્યાદા સાચવી જણાવતો નથી. જ્યારે ઝબદીના દીકરા વિષે વાત કરે છે ત્યારે શિષ્યોની ટીપમાં તેઓની જગ્યા છેલ્લી રાખે છે પણ બીજી સુવાર્તામાં તેમની જગ્યા ઉપર દેખાય છે. વળી પોતાની મા સાલોમેનું નામ નહિ લખતાં કેવળ ઇસુની માસી એટલુંજ લખે છે. આ સુવાર્તા ઇ. સ. ૮૦-૯૫ સાલ વચ્ચે એફેસસ શહેરમાં રહીને ઘણું કરીને લખવામાં આવી હશે. બધી દંતકથાઓ ઉપલી વાતને ટેકો આપતી જણાય છે. **સુવાર્તા લખવાનો હેતુ.**—યોહાન પોતેજ દર્શાવે છે કે "ઇસુ તે ખ્રીસ્ત દેવનો દીકરો છે એવો તમે વિશ્વાસ કરો ને વિશ્વાસ કરીને તેના નામથી તમે જીવન પામો માટે આ લખેલાં છે" (૨૦; ૩૧). આ સુવાર્તાને આલેકસાંદ્રિયાનો ક્લેમેંટ (†૨૦૨) આત્મિક સુવાર્તા કહે છે, કેમકે સંદર્શક પહેલી ત્રણ સુવાર્તામાં ઇસુનાં બાહ્ય કૃત્યોનું બ્યાન કરવામાં આવ્યું છે પણ આ સુવાર્તામાં દેવના દીકરાના મનનો ભાવ અને તેના અંતઃકરણની લાગણી પ્રગટ કરેલી છે. પહેલી ત્રણ સુવાર્તામાં ઇસુનો માણસો સાથે કેવો સંબંધ હતો તે જ્યારે બતાવવામાં આવ્યું છે ત્યારે આ સુવાર્તામાં તેના આકાશી પિતાની સાથેનો નિકટ સંબંધ કેવો તે દર્શાવવામાં આવ્યું છે. વળી પહેલી ત્રણ સુવાર્તામા આકાશી વાનાં પર સંસારી વાનાંની છાયા પડેલી દેખાય છે, પણ આ ચોથી સુવાર્તામાં આકાશી વાનાં પર ખુલ્લો પ્રકાશ પાડવામાં આવ્યો છે. યોહા. ૨૦; ૩૦, ૩૧ વાક્યો

સમાપ્તિસૂચક જેવાં જણાય છે, તેમ છતાં તે બે વાક્યો પછી આખો ૨૧ મો અધ્યાય ઉમેરેલો છે, અને ૨૧ મા અધ્યાયનાં લક્ષણો યોહાનના લખાણની સાથે બરાબર મળતાં આવે છે. જેણે પહેલા ૨૦ અધ્યાય લખ્યા તેણેજ ૨૧ મો અધ્યાય પણ લખ્યો, પરંતુ યોહા. ૨૧ ; ૨૪ મું વાક્ય ખરેખર વિચીત્ર છે. "જે શિષ્યે આ વાતો લખી તે એજ છે એ અમે જાણીએ છીએ." એવું વાક્ય શું અસલ રચનાર લખે? "અમે જાણીએ છીએ," એ શબ્દોમાં એ સુચવેલું છે કે આ વાક્યની નીચે કેટલાક માણસોની સહી કરવામાં આવી હતી. વળી ૨૫ મા વાક્યમાં 'અમે' ને બદલે 'હું' સર્વનામ વાપર્યું છે તો કલમ ૨૪ માં 'અમે' અને કલમ ૨૫ માં 'હું' વાપરવાનું શું કારણ? તેનો ખુલાસો એવો થઇ શકે કે પહેલાં તો યોહાનની સુવાર્તાનું અંતવાક્ય ૨૦ ; ૩૧ હતું, અને ૨૧ ; ૨૫ મું વાક્ય તે પછી સમાપ્તિ દાખલ હતું. પણ કાળાંતરે યોહાન વિષે એવી ચર્ચા મંડળીમાં ફેલી ગઇ કે યોહાન તો કદી મરવાનો નથી. હવે તે ઉડેલી ચર્ચાનું ધ્યાન આપવાનું યોહાનને ઠીક લાગ્યું, અને વળી તે ઉપરાંત એફેસસના વડીલોએ તેનો ખુલાસો કરવાને યોહાન પાસે માગણી કરી તેથા યોહાને ઉપલી ચરચાનો ખુલાસો આપવાને અ. ૨૧ મો લખીને ઉમેર્યો, અને એફેસસની મંડળીના વડીલોએ તે ભાગને અંતે 'અમે જાણીએ છીએ' એ ૨૧ ; ૨૪ મું વાક્ય પોતાને હાથે ઉમેર્યું. પછી અસલ સુવાર્તાનું સમાપ્તિ ૨૫ છેલ્લામાં છેલ્લું વાક્ય યોહાને લઇને આ ઉમેરેલા ભાગને અંતે મુક્યું. ઉપરનું બધું કામ પૂર્ણ થયા પછી આ સુવાર્તા પ્રસિદ્ધીમાં આવી. સુવાર્તાના ખાસ કે મુખ્ય શબ્દો— "હું જીવનની રોટલી છું," "હું ઉત્તમ ઘેટાંપાળક છું," "રસ્તો, સત્ય તથા જીવન હું છું." 'અજવાળું' ૧૮ વખત, 'મહિમા' ૪૦ વખત, 'જગત' ૭૯ વખત, 'વિશ્વાસ' ૯૮ વખત, 'સત્ય' ૨૫ વખત, 'સંબોધક' ૪ વખત, 'ન્યાયી ઠરાવવો' ૨૯ વખત, 'ખચીત ખચીત' ૨૫ વખત, વિગેરે. **પૃથક્કરણ.** (I) ૧-૧૨. ખ્રીસ્તની જાહેર ધર્મસેવા. (૧) શિષ્યોનું તેડું. (૨) કાના. (૩) નીકોદેમસ. (૪) સમરૂની સ્ત્રી. (૫) બેથેસ્દાનો અશક્ત. (૬) જીવનની રોટલી. (૭) તરસ્યાને આમંત્રણ. (૮) જગતનું અજવાળું. (૯) જન્મનો આંધળો. (૧૦) ઉત્તમ ઘેટાંપાળક. (૧૧) લાજરસ. (૧૨) હેલેનીઓ. (II) ૧૩-૨૦. ખ્રીસ્તની એકાંત ધર્મસેવા. (૧૩) પ્રભુ ભોજન. (૧૪-૧૬) ભાષણ. (૧૭) પ્રાર્થના. (૧૮) ગેથસેમાને. (૧૯) ગલગથા. (૨૦) પુનરૂત્થાન. (III) ૨૧. પરિશિષ્ટ.—સાત શિષ્યોને દર્શન. યોહાને ચોથી સુવાર્તા તથા ત્રણ પત્રો અને પ્રકટીકરણનું પુસ્તક લખ્યું છે.

યોહાનનો પહેલો પત્ર.—આ પત્ર સામાન્ય પત્ર છે, જુના કરારમાંથી આ પુસ્તકમાં એકે વાક્ય ઉતારેલું નથી, અને મૂર્તિપૂજા કરવા વિષે આ પત્રમાં ભારે ચેતવણી આપેલી છે (૫ ; ૨૧). જેમ સુવાર્તા તેમ આ પત્ર પણ ઘણું કરીને એફેસસ શહેરમાં લખવામાં આવ્યો છે. અને તે લખવાની સાલ કદાચ ૮૫-૯૫ ની વચ્ચે હશે. કેમકે આ પત્રનો લખનાર વૃદ્ધ વયનો દેખાય છે. આ પત્રમાં ગ્નોસ્ટીક મત વિરૂદ્ધ સખત બોધ આપેલો છે. કેમકે ગ્નોસ્ટીક કે જ્ઞાન પંથીઓનો પાખંડી મત સર્વત્ર ફેલાવ પામ્યો હતો. આ પાખંડી મતમાં માન્ય કરેલાં બે મોટાં સિદ્ધાંત હતાં. (૧) જ્ઞાન એજ સર્વોત્તમ છે. વિશ્વાસ અને સદાચાર કરતાં પણ જ્ઞાનને શ્રેષ્ઠ ગણવું જોઇએ. (૨) અચેતન જડ પદાર્થ તદન ભ્રષ્ટ છે. ઉપલા પહેલા સિદ્ધાંતથી ચાર ખોટા મત ઉત્પન્ન થયા, એટલે (૧) સદ્ગુણી માણસ કરતાં જ્ઞાની માણસને શ્રેષ્ઠ ગણવો જોઇએ. (૨) સત્ય શાસ્ત્રમાં કેટલુંક જ્ઞાન મળી આવે છે પણ તે સાધારણ ખ્રીસ્તીઓને વાસ્તે બસ પડે. પણ જે જ્ઞાન સર્વોત્તમ કહેવાય તેનો

કેટલોક ભાગ શાસ્ત્રમાં મળતો નથી, અને એમ સર્વોત્તમ જ્ઞાન સંપાદન કરવાને શાસ્ત્ર અધુરૂં છે. (૩) એ કારણ માટે ઇશ્વરજ્ઞાન અને તેથી થતાં શુભ ફળ માત્ર થોડાએક તત્વવેત્તાઓને પ્રાપ્ત થઇ શકે. (૪) અભણ દરિદ્રી લોકોને ઇશ્વરજ્ઞાનમય સંપૂર્ણ સુવાર્તા કદી પ્રગટ કરવામાં આવે એ અશક્ય છે. વળી બીજા સિદ્ધાંતમાંથી ત્રણ ખોટા મત નીકળ્યા. (૧) જેણે આ સ્થૂળસૃષ્ટિ સૃજી તે તો પરાત્પર પરમેશ્વર નથી પણ તેનાથી ઘણો ઉતરતો પ્રાણી છે. પરિશુદ્ધ પરમાત્મા અને સૃષ્ટિ સૃજનારં દેવ એ બન્ને વચ્ચે એક બીજાથી ઉતરતી પંક્તીનાં એવાં અસંખ્ય દેવ દેવીઓ કલ્પી કાઢવામાં આવ્યાં. (૨) જે સૃષ્ટિકર્ત્તા વિષે જુના કરારમાં વાત સમાયલી છે તે તો પરમેશ્વરથી જુદો છે એટલુંજ નહિ પણ તેને અશુદ્ધ તથા અશુભ પ્રાણી ગણવો જોઇએ. (૩) તમામ સ્થૂળ સૃષ્ટિ અશુદ્ધ છે માટે માનવનો ધૂળનો બનાવેલો દેહ પણ અશુદ્ધ છે અને વળી પવિત્ર પ્રભુ અવતાર ધરીને આવો અશુદ્ધ દેહ કદી ધારણ કરે નહિ તેથી કરીને જે શબ્દ સદેહ થયો (યોહા. ૧; ૧૪), તેને પરમેશ્વર ગણવો તે તો અનુચિત છે. ઉપલા મત માન્ય કરીને જ્ઞાનપંથીઓ કહેતા હતા કે ઇસુ ખ્રીસ્તમાં ઇશ્વરીપણું હતું, પણ તેનું શરીર વાસ્તવિક માનવપણાનું શરીર ન હતું; માત્ર તે તો આભાસરૂપ હતું. ઉપલા પાખંડી મતનું ખંડન કરતાં યોહાન પોતાના પત્રમાં નીચેના વાક્યો લખે છે. ૧ યોહા. ૫; ૨૦ : ૨; ૨૧, ૨૨ : ૪; ૨, ૩ : ૫; ૬ : ૧; ૧-૩ : ૫; ૨૧ : ૪; ૧૮ : ૩; ૧૦-૧૨. **પુસ્તક લખવાનો હેતુ.**—સુવાર્તા લખવાનો હેતુ એ હતો કે "ખ્રીસ્તના નામથી તમે જીવન પામો." પણ પત્ર લખવાનો હેતુ એ હતો કે "અમારો આનંદ સંપુર્ણ થાય." માટે જીવનની પ્રાપ્તી થાય માટે સુવાર્તા લખવામાં આવી છે પણ જીવન પ્રાપ્તી થએલી છે એ તમે જાણો માટે પત્ર લખવામાં આવ્યો છે. જીવનદાયક વિશ્વાસ ઉપજાવવાને માટે સુવાર્તા લખવામાં આવી પણ વિશ્વાસનાં ફળ તમારા જાણવામાં તથા અનુભવવામાં આવે માટે આ પત્ર લખવામાં આવ્યો છે. આ પત્ર યોહાનની સુવાર્તાનું સાથી પત્ર જેવું છે. કેમકે સુવાર્તામાં ઇશ્વરનું જીવન દર્શાવવામાં આવ્યું છે પણ પત્રમાં ખ્રીસ્તી ભાઇઓમાં ઇશ્વરી જીવન કેવું દેખાવું જોઇએ તે દર્શાવવામાં આવ્યું છે. યોહાનના પહેલા પત્રનું પૃથક્કરણ:—

I. ૧–૨. દેવ અજવાળું છે. (*a*) ૧; ૫–૨; ૧૪. અજવાળામાં ચાલવાનાં પરિણામ. (૧) દેવની તથા ભાઇઓની સાથે સંગત. (૨) પાપની જાણ અને કબુલાત. (૩) ખ્રીસ્તાનુકરણ દ્વારે દેવને આજ્ઞાંકિત થવું. (૪) આ આજ્ઞાંકિતપણું ભાઇ પરની પ્રીતિમાં છે. (*b*) ૨; ૧૫-૨૯. અજવાળામાં ચાલનારે શું ત્યાગવું. (૧) જગત અને તેમાંનાં વાનાં. (૨) ખ્રીસ્ત વિરોધી. (જેઓ ઇશ્વરનું ઇશ્વરત્વ નકારતા હતા તે).

II. ૩-૫, દેવ પ્રીતિ છે. (૧) ૩; ૧, ૨. દેવની પ્રીતિ ઉપર પુનર્જન્મનો આધાર. (૨) ૩; ૩–૧૩ પુનર્જન્મની આપણી જીવર્વૃત્ત પર અસર. (૩) ૩; ૧૪–૨૪. પુનર્જન્મનું ફળ. દેવ પર અને ભાઇઓ પર પ્રીતિ અને સુકૃત્ય. (૪) ૪; ૧-૬. [આત્માને પારખવાની અગત્ય]. (૫) ૪; ૭–૨૧. બોધ. પરસ્પર પ્રીતિ રાખો અને તમે દેવના જેવા થાઓ. (૬) ૫; ૧–૨૧. ખ્રીસ્તથી જગત ઉપર જીત અને અનંતજીવન.

યોહાનનો બીજો પત્ર.—આ પત્રનો પણ રચનાર યોહાન પોતે છે. પત્ર રચનાર પોતાને વડિલ એટલુંજ કહે છે. અને ઘણાખરા વિદ્વાનો એવો મત ધરાવે છે કે વડિલ યોહાન અને પ્રેરિત યોહાન તે બંને એક ને એકજ માણસ છે. બીજું અને ત્રીજું પત્ર બંને ઘણીએક બાબતમાં મળતાં છે. તેથી કરીને કેટલાએક માણસો તે બંને પત્રને 'જોડભાઇ પત્રો' એવું નામ આપે છે. જે જે ધર્મપિતૃઓ

યોહાન પ્રેરિતના જમાનાની પાસેના હતા તેઓ સઘળા માન્ય કરે છે કે આ પત્ર યોહાનકૃત છે. આ પત્ર પસંદ કરેલી બાઇ ઉપર લખવામાં આવ્યું છે અને તેરમા વાક્યમાં પસંદ કરેલી બહેનનાં છોકરાંની સલામ મોકલે છે. કેટલાએક કહે છે કે પસંદ કરેલી બાઇ, એ કીરીયા નામની એક ખાસ બાઇ હતી. અને એમ જેમ ત્રીજું પત્ર તથા ફિલેમોનનું પત્ર ખાસ અમુક માણસો પર, તેમજ આ યોહાનનું બીજું પત્ર પણ કીરીયા નામની બાઇ ઉપર મોકલવામાં આવ્યું હશે. અને તે બાઇ કોણ હતી તે માલમ નથી. પણ કેટલાક વિદ્વાનો કહે છે કે આ પત્રમાં મંડળીનો અર્થ લાક્ષણિક રીતે બતાવવામાં આવ્યો છે. માટે પસંદ કરેલી બાઇ તેમાં આપણે સમજવું કે પસંદ કરેલી મંડળી અને કલમ ૨, ૪, ૫, ૧૦, ૧૩ થી એ વાતને ટેકો મળે છે. પત્રમાં આવતા મુખ્ય શબ્દો. (૧) પ્રીતિ, ૪ વખત. (૨) સત્ય, ૫ વખત. (૩) આજ્ઞા, ૪ વખત. (૪) ચાલવું, ત્રણ વખત. આ શબ્દો યોહાનના લખાણમાં સામાન્ય જેવા જણાય છે. પૃથક્કરણ. (૧) ૨ યોહા. ૧; ૧–૩. સરનામુ. (૨) ૨ યોહા. ૧; ૪–૧૧. **બોધ.** પ્રીતિ તથા આજ્ઞાંકિતપણા વિષે. અને **ચેતવણી.** દુર્મત તથા નાલાયક ઉદારતા વિષે. (૩) ૧; ૧૨, ૧૩, સમાપ્તિ વચન. ભાણેજોની સલામ.

યોહાનનો ત્રીજો પત્ર.—આ પત્ર પણ એક ખાનગી કાગળ જેવું છે. અને લખનાર યોહાન પ્રેરિત પોતેજ છે. પત્ર "વહાલા ગાયા" ઉપર લખવામાં આવ્યું છે. આ પત્ર અને ત્રીજું એકજ વખતે લખવામાં આવ્યાં છે. નવા કરારમાં ગાયા નામના બીજા ત્રણ માણસની વાત આવે છે. (૧) માકેદોનિયાનો ગાયા. (પ્રે. કૃ. ૧૯; ૨૯). (૨) કરીંથનો ગાયસ. (રૂમી. ૧૬; ૨૩. ૧ કરીં. ૧; ૧૪). (૩) દેરબેનો ગાયસ. (પ્રે. કૃ. ૨૦; ૪, ૫). ઉપલા બીજા અને ત્રીજા નંબરમાં બતાવેલા શખસ કદાચ એકને એક હશે. પરંતુ તે સંભવિત નથી. યાદ રાખવું જોઇએ કે રૂમી રાજ્યની પ્રજામાં ગાયસ નામ બહુજ સાધારણ હતું, અને જે 'વહાલા ગાયા' પર આ ત્રીજો પત્ર લખવામાં આવ્યો છે તે ઉપલા ત્રણમાંનો એક હશે એ વિષે કશી ખાતરી નથી. પ્રેરિતોના "વ્યવસ્થા વિધિઓ" નામનું પુસ્તક છે (ઇ. સ. ૩૫૦ પછીનું) તેમાં બતાવ્યું છે કે, પેરગામસમાંની મંડળીનો જેને પહેલો વડીલ નીમ્યો તે ગાયસ નામનો હતો. જો એ વાત ખરી હોય તો એજ ગાયસ પર યોહાન પ્રેરિતે આ ત્રીજો પત્ર લખ્યો હશે. **પ્રથક્કરણ.** (૧) પ્રસ્તાવના. કુશળતા ઇચ્છે છે. (૨) પત્રની બીના. (અ) ગાયસનાં લખાણ. તેના આતિથ્યપણાને લીધે. (આ) દિયત્રેફેની વખોડ. તેની વિરોધતાને લીધે. (ઇ) દેમેત્રીઅસ વિષે સાક્ષી. (૩) સમાપ્તિ વચન. પવિત્ર શાસ્ત્રમાંનાં બધાં પુસ્તકોમાં આ પુસ્તક સૌથી છેલ્લું લખાયલું દેખાય છે. અને આ પત્ર વાંચતાં જણાય છે કે, પહેલા સૈકાને અંતે મંડળીમાં કેવી ઉત્તમતા, કેવી ખામી તથા કેવાં દુર્મત હતાં. આજ પ્રેરિત યોહાનના હાથે પ્રકટીકરણનું પુસ્તક લખવામાં આવ્યું છે. (જુઓ પ્રકટીકરણ).

(૪) યોહાન બાપ્તિસ્મી. આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની આગળ આવી તેનો માર્ગ તૈયાર કરનાર યોહાન બાપ્તિસ્મી હતો. (માત્થી ૩; ૧૧, ૧૨: માર્ક ૧; ૭, ૮. લુક ૩; ૧૬, ૧૭. યોહા. ૧; ૨૬, ૨૭); તે યાજક વંશમાં જન્મ્યો હતો. તેના પિતાનું નામ ઝખાર્યાહ હતું જે અબિયાહના વર્ગમાંનો એક યાજક હતો. (૧ કાળ. ૨૪; ૧૦. લુક ૧; ૫). તેની મા એલીસાબેત હતી, તે પણ હારૂનની દિકરીઓમાંની હતી (લુક ૧; ૫). તેનું કામ ભવિષ્ય વાત પ્રમાણે હતું (માત્થી ૩; ૩. યશા. ૪૦; ૩. ગલા. ૩; ૧). ઇસુ ખ્રીસ્તના જન્મ પહેલાં છ માસ અગાઉ તેનો જન્મ થયો. તેનો જન્મ થયો ત્યાર પછી યોહાનની સુનત

વખને તેના બાપ ઝખાર્યાહનું મ્હો ઉઘડયું ત્યાં સુધી તે મુંગો રહ્યો હતો (લુક ૧; ૨૨, ૨૩ ની સાથે ૧; ૬૪ સરખાવો). ત્યાર પછી લુક ૧; ૮૦ માં લખવામાં આવ્યું છે કે, "છોકરો મોટો થયો ને આત્મામાં બળવાન થતો ગયો અને ઇસ્રાએલમાં તેના પ્રગટ થવાના દિવસ સુધી તે રાનમાં રહ્યો." ત્યારથી ૩૦ વર્ષનો તે થયો ત્યાં સુધી યોહાન વિષે કંઇ લખવામાં આવ્યું નથી. યોહાન જન્મથીજ નાઝારી હતો, એટલે નાજીરવ્રત કે વૈરાગવ્રત પ્રમાણે ચાલનાર હતો. તેના જન્મ પહેલાં એ વિષે દૂતે જણાવ્યું હતું (લુક ૧; ૧૫. ગણ. ૬; ૧–૧૨). તેણે પોતાની જાહેર ધર્મસેવાની શરૂઆત યરૂશાલેમ અને મૃત સમુદ્રની વચ્ચે આવેલા યહુદાહના રાનમાં કરી હતી (માત્થી ૩; ૧–૧૨). તે પહેલાંનાં વર્ષો પણ તેણે ત્યાંજ ગાળ્યાં હશે. જ્યારે તે જાહેર ધર્મસેવામાં બહાર પડ્યો ત્યારે તેનો ઉપદેશ સાંભળવાને દરેક જગ્યામાંથી ઘણાં માણસો તેની પાસે આવતા. તેનો ઉપદેશ તે 'પસ્તાવા' વિષેનો હતો (માત્થી ૪; ૧. માર્ક ૧; ૨. લુક ૩; ૨. યોહા. ૧; ૬, ૧૯, ૨૮: ૩; ૨૩). "તમે પસ્તાવો કરો કેમકે આકાશનું રાજ્ય પાસે આવ્યું છે." જે જુદા જુદા વર્ગના માણસો યોહાન પાસે આવતા તેઓને તેઓનું પાપ બતાવતાં ભારે ઠપકો આપતો હતો (લુક ૩; ૮). અને એમ "યરૂશાલેમના તથા યહુદાહના તથા યરદનની આસપાસના સર્વ લોક તેની પાસે બહાર ગયા, અને પોતાનાં પાપ કબુલ કરીને યરદન નદીમાં તેનાથી બાપ્તિસ્મા પામ્યા." આ ઇસુ ખ્રીસ્તનો અગ્રગામી ખ્રીસ્ત વિષે સાક્ષી પુરતાં જણાવતો કે "જે મારી પાછળ આવનાર છે તે મારા કરતાં સમર્થ છે, હું તેના ચંપલ ઉંચકવા યોગ્ય નથી. તે પવિત્ર આત્માએ તથા અગ્નિએ તમારૂં બાપ્તિસ્મા કરશે." જ્યારે નાઝારેથમાં ઇસુએ યોહાનની કીર્તિ સાંભળી ત્યારે તેનાથી બાપ્તિસ્મા પામવા સારૂ ગાલીલથી યરદન નદી પર તેની પાસે આવ્યો. યોહાને તે વિષે વાંધો કાઢતાં જણાવ્યું કે તારાથી મારે બાપ્તિસ્મા પામવું જોઇએ અને શું તું મારી પાસે આવે છે? પણ ઇસુએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, 'હમણાં એમ થવા દે, કેમકે સઘળું ન્યાયીપણું એમ પુરૂં કરવું આપણને ઘટારે છે" (માત્થી ૩; ૧૫). અને એમ યોહાને ઇસુનું બાપ્તિસ્મા કીધું, અને ત્યારથી યોહાનનો ખાસ અધિકાર બંધ થાય છે, કેમકે જે રાજ્ય વિષે તે પ્રગટ કરતો હતો તે રાજ્યનો રાજા હવે આવ્યો હતો. તો પણ હજી યોહાને ઇસુ ખ્રીસ્ત તે આવનાર મસિહ છે એવી શાક્ષી પુરવી કેટલોક વખત જારી રાખી. જ્યારે ઇસુને તેણે પોતાની પાસે આવતો જોયો ત્યારે તેના શિષ્યોને ઇસુ તરફ આંગળી કરીને કહ્યું કે, "જુઓ દેવનું હલવાન જે જગતનું પાપ હરણ કરે છે, તેણે વધતા જવું પણ મારે ઘટતા જવું." ત્યાર પછી (કદાસ છ માસ પછી) યોહાનને હેરોદ આન્ટીપાસે કેદમાં ઘાલ્યો, કેમકે તેણે તેને પોતાના ભાઇ હેરોદની વહુને રાખ્યાને લીધે યોહાને ઠપકો આપ્યો હતો (લુક ૩; ૧૯). માખીરસનો કિલ્લો જે પરીઆની દક્ષિણ સરહદ પર મૃત સમુદ્રની પૂર્વે નવ માઇલ ઉપર આવેલો હતો ત્યાં; યોહાનને હેરોદે કેદ કીધો હતો. આ વખતે યોહાનના શિષ્યો બહુ ગભરાયા હશે, એ કારણ માટે તથા તેઓનો વિશ્વાસ દૃઢ કરવા માટે શિષ્યોમાંના બેને ઇસુ પાસે મોકલીને પુછાવ્યું કે, "જે આવનાર તે તુંજ કે અમે બીજાની વાટ જોઇએ" (માત્થી ૧૧; ૩). હેરોદે કેવળ તેને કેદખાનામાં નાખીને સંતોષ થયો એમ નહિ પણ હેરોદિયાની કુયુક્તિથી તેણે તેજ કિલ્લામાં યોહાનનું માથું કપાવી નંખાવ્યું. અને ત્યાર પછી તેના શિષ્યોએ તેનું ધડ લઇ જઇને દફનાવ્યું અને ઇસુને ખબર આપી (માત્થી ૧૪; ૩–૧૨). યોહાનનું મરણ આપણા

પ્રભુ ઇસુ ખ્રીસ્તની જાહેર ધર્મસેવાના ત્રાજા પારખા પહેલાં થયું. ઇસુ ખ્રીસ્તે તેના વિષે સાક્ષી પુરતાં કહ્યું કે, 'તે સળગતો તથા પ્રકાશતો દીવો હતો" (યોહા. ૫ ; ૩૫). રાજા હેરોદના મનમાં ઘણા લાંબા વખત સુધી યોહાનને મારી નંખાવવાનું પાપ ખુંચતું હતું. એમ લાગે છે કે જ્યારે ઇસુની કીર્ત્તિ વિષે તેણે સાંભળ્યું ત્યારે તેણે કહ્યું કે, "આ તો યોહાન બાપ્તિસ્મા કરનાર છે જે મુએલામાંથી ઉઠયો છે." યોહાન બાપ્તિસ્મીનો જન્મ (લુક ૧ ; ૫, ૫૭). પસ્તાવાનું બાપ્તિસ્મા (માત્થી ૪ ; ૧. માર્ક ૧ ; ૨. લુક ૩ ; ૨. યોહા. ૧ ; ૬, ૧૯, ૨૮ : ૩ ; ૨૩). ખ્રીસ્તની આગળ આવનાર (માત્થી ૩ ; ૧૧, ૧૨. માર્ક ૧ ; ૭, ૮. લુક ૩ ; ૧૬, ૧૭. યોહા. ૧ ; ૨૬, ૨૭). ઇસુનું બાપ્તિસ્મા (માત્થી ૩ ; ૧૩. માર્ક ૧ ; ૯. લુક ૩ ; ૨૧. યોહા. ૧ ; ૩૨). ઇસુ વિષે સાહેદી (યોહા. ૩ ; ૨૫). તેનો ઇસુને પુછાવેલો સવાલ (માત્થી ૧૧ ; ૨. લુક ૭ ; ૧૮). કેદી થયો અને મરણ (માત્થી ૧૪ ; ૩. માર્ક ૬ ; ૧૭. લુક ૩ ; ૧૯, ૨૦. યોહા. ૩ ; ૨૪). તેના વિષે ખ્રીસ્તની સાક્ષી (માત્થી ૨૧ ; ૨૩. યોહા. ૩ ; ૨૫ : ૪ ; ૧. માત્થી ૧૪ ; ૧૨. માર્ક ૬ ; ૨૯). આપોલોસ યોહાનનું બાપ્તિસ્મા જાણતો હતો (પ્રે. કૃ. ૧૮ ; ૨૫). યોહાનનું બાપ્તિસ્મા (પ્રે. કૃ. ૧૯ ; ૧ : ૧૪ ; ૨. માર્ક ૬ ; ૧૪. લુક ૯ ; ૭, ૧૯. યોહા. ૫ ; ૩૩, ૩૬ : ૧૦ ; ૪૧. પ્રે. કૃ. ૧ ; ૫ : ૧૧ ; ૧૬ : ૧૩ ; ૨૪, ૨૫).

યોહાન્ના = યહોવાહ કૃપાવાન. (૧) હેરોદ આંતીપાસના કારભારી ખૌજાની વહુ હતી (લુક ૮ ; ૩). જે બાઇડીઓ પોતાની પુંજીમાંથી આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની સેવા કરતી હતી, તેમાંની તે એક હતી. પુનરૂત્થાન પછી જે સ્ત્રીઓને ઇસુ દેખાયો તેમાંની એક યોહાન્ના હતી (લુક ૨૪ ; ૧૦). (૨) ઇસુ ખ્રીસ્તની વંશાવળીમાં આ નામનો એક પુરૂષ આવે છે જેને લુક ૩ ; ૨૭ માં યોહાનાન કહે છે. અને (૧ કાળ. ૩ ; ૧૯) માં હનાન્યાહ કહે છે.

યોહાનાન = યહોવાહની મહેરબાનીથી મળેલો. (૧) જે યહુદીઓ બાબેલના બંદિપ્રવાસ પછી યહુદાહમાં બાકી રહ્યા હતા તેમાંનો આ એક કારેઆહનો પુત્ર યોહાનાન મુખ્ય પુરૂષ હતો. જ્યારે બાબેલના રાજાએ ગદાલ્યાહને યહુદાહનો સુબો ઠરાવ્યો ત્યારે યોહાનાન તથા બીજા કેટલાએક ગદાલ્યાહની પાસે મિસ્પાહમાં આવ્યા અને તેમની આગળ આ નવા હાકેમે સમ ખાઇને કહ્યું કે તમે બિહીશો નહિ, દેશમાં વસો અને બાબેલના રાજાને તાબે રહો (૨ રા. ૨૫ ; ૨૩. યિર્મે. ૪૦ ; ૮). આ માણસે ગદાલ્યાહને ખબર આપી હતી કે તને નથાન્યાહનો પુત્ર ઇશ્માએલ મારીનાખવાનો છે પણ ગદાલ્યાહે તેની વાત માની નહતી (યિર્મે. ૪૦ ; ૧૩, ૧૬). પણ ત્યાર પછી તેના કહેવા પ્રમાણે ઇશ્માએલે ગદાલ્યાહને મારી નાંખ્યો. અને એ ઉપરાંત બીજા ૮૦ માણસોને તેણે મારી નાંખ્યાં. આ વાત જ્યારે કારેઆહના પુત્ર યોહાનાને સાંભળી ત્યારે કેટલાંક માણસ સાથે ઇશ્માએલની સામે લડવા ગયો. અને જે માણસોને ઇશ્માએલ કેદી કરીને લઇ ગયો હતો તેમને પાછા લાવ્યો (યિર્મે. ૪૧ ; ૮, ૧૩, ૧૫, ૧૬). પછી યોહાનાન તથા તેની સાથેના માણસો બાબેલના રાજાની બીકને લીધે મિસર જવા તૈયાર થયાં. આ વખતે યિર્મેયાહે તેમને સલાહ આપી કે તમારે ત્યાં નાસી જવું નહિ, પણ તેઓએ યિર્મેયાહની વાત અસત્ય છે એમ માની યોહાનાન પોતાના આખા મંડળને લઇને મિસર દેશના તાહપાન્હેસમાં જઇ રહ્યો. આ વખતે તેઓ યિર્મેયાહને પણ સાથે લઇ ગયા હતા. આ વખતે યિર્મેયાહે તાહપાન્હેસમાં રહીને મિસરના નાશ વિષે તેણે તેઓની આગળ ભવિષ્ય કહ્યું હતું (યિર્મે. ૪૩ ; ૧૦, ૧૧). (૨) રાજા યોશીયાહનો જ્યેષ્ઠ પુત્ર (૧ કાળ. ૩ ; ૧૫). (૩) એલ્યોએનાયના સાત પુત્રોમાંનો એક

(૧ કાળ. ૩ ; ૨૪). (૪) લેવી અઝાર્યાહનો પુત્ર (૧ કાળ. ૬ ; ૯, ૧૦). (૫) દાઉદને જે શુરવિરો સિકલાગમાં આવી મળ્યા તેમાંનો એક (૧ કાળ. ૧૨ ; ૧૨). (૬). એફ્રાઇમના પુત્ર અઝાર્યાહનો પિતા (૨ કાળ. ૨૮ ; ૧૨). (૭) એઝરાની સાથે જેઓ બંદીપ્રવાસથી પાછા આવ્યા તેમાં યોહાનાન અને તેની સાથે ૧૧૦ માણુસ હતા (એઝ. ૮ ; ૧૨).

ર

રઆયાહ = પ્રભુએ જોયો. (૧) યહુદાહપુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૪ ; ૨). કદાપી એજ ૧ કાળ. ૨ ; ૫૨ માં બતાવેલો હારોએહ હશે. (૨) રેઉબેનપુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૫ ; ૫). (૩) (એઝ. ૨ ; ૪૭ તથા નહે. ૭ ; ૫૦). બંને એકજ માણુસ હશે.

રઉમાહ = ઉંચ પદ્વીએ પહોંચેલ. નાહોરની સ્ત્રી મીલ્કાહની દાસી (ઉત્પ. ૨૨ ; ૨૪).

રઝોન = સરદાર, કુંવર. એલ્યાદાનો પુત્ર જે સોહાબના રાજા હદાદ એઝેરની પાસેથી નાઠો હતો. અને હદાદ એઝેર જે વખતે દાઉદથી હાર્યો તે વખતે રઝોને પોતાની સાથે માણુસો એકઠાં કરીને ટુકડીનો નાયક થયો, અને દમસ્ક જીતી લીધું અને ત્યાં જઇ વસ્યો અને આરામનો રાજા થયો (૧ રા. ૧૧ ; ૨૩–૨૫. ૨ શમૂ. ૮ ; ૩–૮). આ પછી કેટલાંક વર્ષ સુધી આરામી લોક ઇસ્રાએલના શત્રુ રહ્યા, અને રઝોન "સુલેમાનના સર્વ દિવસો પર્યંત ઇસ્રાએલનો શત્રુ હતો."

રફાઇઓ = વિર, રાક્ષસ. પાલેસ્તાઇન દેશના મુળ વતનીઓને આ નામ આપવામાં આવેલું છે (ઉત્પ. ૧૪ ; ૫ : ૧૫ ; ૨૦. પુન. ૨ ; ૧૧ : ૩ ; ૧૧. યહો. ૧૨ ; ૪). કનાનીઓએ તેમને જીતીને તેમની માલ મિલકત લુટી લીધી. પછીથી આ કોમ રફાઇઓ નામથી ઓળખાય છે.

રફાઇમની ખીણ. (યહો. ૧૫ ; ૮ : ૧૮ ; ૧૬). જ્યારે દાઉદ બધા ઇસ્રાએલ પર રાજા થયો ત્યારે પલિસ્તીઓએ રફાઇમના નીચાણમાં છાવણી કીધી. આ વખતે દાઉદે યહોવાહની સલાહ પુછીને તેઓ ઉપર ચઢાઇ કરી, અને તેઓને પુરી હાર ખવાડી. અને દાઉદે કહ્યું કે, "જેમ પાણી ધસી નીકળે છે તેમ યહોવાહ મારી આગળ મારા શત્રુઓ પર ધસી પડયો છે." એ માટે તેણે તે જગ્યાને "બઆલ-પરાસીમ" નામ આપ્યું. ફરીને પલિસ્તીઓ રફાઇમની ખીણમાં દાઉદની સામા લડવા આવ્યા. આ વખતે દાઉદ યહોવાહની સલાહથી તેમની સામે લડવા ગયો નહિ. પણ ચકર ખાઇને તેમની પુઠ પાછળ જઇને તેઓ પર હલ્લો કીધો. આ વખતે પણ દાઉદ જીત્યો (૨ શમૂ. ૫ ; ૧૭ ૨૫). યરૂશાલેમની નૈરૂત્ય કોણમાં આ ખીણ આવેલી હતી. હાલ તેને "એલ-બુકેઇઆ" કહે છે. જ્યારે પલિસ્તીઓની ફોજે રફાઇમના નીચાણમાં છાવણી નાખી હતી, અને દાઉદ ગઢમાં હતો, અને બેથલેહેમમાં પલિસ્તીઓનું થાણું હતું તો પણ બેથલેહેમના દરવાજા પાસેના કુવાનું પાણી ત્રણ યોદ્ધાઓ જઇને દાઉદને માટે પાણી લઇ આવ્યા હતા (૨ શમૂ. ૨૩ ; ૧૩–૧૬). રફાઇમની ખીણ (યહો. ૧૫ ; ૮ : ૧૮ ; ૧૬. ૨ શમૂ. ૫ ; ૧૮, ૨૨ : ૨૩ ; ૧૩. ૧ કાળ. ૧૧ ; ૧૫. યશા. ૧૭ ; ૫).

રફાએલ = પ્રભુએ સાજો કીધો. સમાયાહના પુત્રોમાંનો એક માણુસ હતો (૧ કાળ. ૨૬ ; ૭, ૮). તે અને તેના ભાઇઓ શૂરવિર પુરૂષો હતા. તેઓ મંદિરના દ્વારપાળોની વારાટોળીમાં નિમાયા.

રફાયાહ = પ્રભુએ જેને સાજો કીધો. (૧) યિશઇના દીકરામાંનો એક (૧ કાળ. ૪ ; ૪૨). (૨) બિનઆનો પુત્ર (૧ કાળ. ૯ ; ૪૩). (૩) હુરનો પુત્ર (નહે. ૩ ; ૯). (૪) બીજા માણુસો (૧ કાળ. ૩ ; ૨૧ : ૭ ; ૨).

રફીદીમ = આરામની જગ્યા. ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનો એક મુકામ "રફીદીમ"ની ખીણ આગળ આવેલો હતો. અહિં

લોકને પીવાનું પાણી મળ્યું નહિ, તેથી મુસા સામે કચકચ કરવા લાગ્યા તથા મુસાને પત્થરે મારવાની તૈયારીમાં આવ્યા. યહોવાહના હુકમથી હોરેબના ખડકમાંથી પાણી આપવામાં આવ્યું. ત્યાં ઇસ્રાએલે છાવણી કરી હતી. એટલામાં અમલેકે ઇસ્રાએલીઓ સામે યુદ્ધ કીધું. પણ મુસાએ યહોશુઆની મારફતે તેમનો પરાજય કીધો (નિર્ગ. ૧૭; ૧, ૮-૧૬). ઇસ્રાએલીઓને લડાઇની શરૂઆત આ કોમ વડેજ થઇ હતી. આ લડાઇમાં યહોવાહે ઇસ્રાએલીઓને અજાયબ રીતે જીત પમાડી. મુસાએ આ જગ્યા પર એક વેદી બંધાવી. અને તેનું નામ યહોવાહનિસ્સી પાડયું (ગણ. ૨૪; ૨૦. નિર્ગ. ૧૭). ઇસ્રાએલીઓ રફીદીમથી ઉપડીને સિનાયના અરણ્યમાં આવ્યા. (જુઓ સિનાય). રફીદીમ (નિર્ગ. ૧૭; ૧, ૮: ૧૯; ૨. ગણ ૨૩; ૧૪, ૧૫).

રમાલ્યાહ = દેવનો શણગારેલો. પેકાહ કે જેણે પકાહ્યાહ વિરૂદ્ધ દંગો કરી તેને મારી નાખીને સમરૂનમાં રાજા થયો તેનો બાપ. (૨ રાજા. ૧૫; ૨૫-૩૭: ૧૬; ૧, ૫: ૨ કાળ. ૨૮; ૬. યશા ૭; ૧-૯: ૮; ૬).

રસીન = દઢ, રાજકુંવર. અરામનો રાજા જેણે પેકાહની સાથે મળીને યહુદાહના રાજ્ય ઉપર ચડાઇ કરી. (૨ રાજા. ૧૫; ૩૭: ૧૬; ૫-૯. યશા. ૭; ૧-૮) આ વખતે અહાઝે આશુરના રાજા તિગ્લાથ પિલેસર બીજાની મદદ માગી. તેથી તેણે દમસ્ક ઉપર સ્વારી કરી, જેથી રસીનને પોતાના રાજ્યનો બચાવ કરવાને પાછા ફરવું પડયું. દમસ્ક લઇ લેવામાં આવ્યું અને રસીન પોતે મરાયો. અને તેનાં માણસોને આશુરનો રાજા કેદ કરીને લઇ ગયો. રસીન અરામનો રાજા. (૨ રાજા. ૧૫; ૩૭). આહાઝ પર હુમલો (૨ રાજા. ૧૬; ૫, ૬, ૯. યશા. ૭; ૧, ૪, ૮: ૮; ૬: ૯; ૧૧).

રહાબઆમ = કોમનો વધારનાર. સુલેમાનનો પુત્ર જે સુલેમાન પછી ગાદીએ બેઠો. તેની માનું નામ નાઅમાહ હતું કે જે આમ્મોનેણ હતી (૧ રાજા. ૧૪; ૨૧. ૨ કાળ. ૧૨; ૧૩). જ્યારે તેને ગાદી મળી ત્યારે તેની ઉમર ૪૧ વર્ષની હતી. તેણે ઇ. સ. પૂ. ૯૭૫-૯૫૮ સુધી ૧૭ વર્ષ રાજ્ય કીધું. જો કે રહાબઆમ એકદમ રાજા તરીકે માન્ય કરવામાં આવ્યો, પણ ગાદીનસીન થયા પછી ઇસ્રાએલની સઘળી જમાતે એક વિનંતી કીધી કે, "તારા બાપની સખત ચાકરી તથા અમારા પર મુકેલી ભારે ઝુંસરી તું હલકી કર અને અમે તારે તાબે ખુશીથી રહીશું." રહાબઆમે કહ્યું કે, ત્રણ દિવસ પછી તમારી અરજ સાંભળવામાં આવશે. રહાબઆમે તેના બાપની હજુરના વડીલોની સલાહ નહિ માનતાં પોતાની સાથે ઉછરેલ જુવાનોની સલાહ માની. તેમની અરજનો શેખેમમાં જઇને નીચે પ્રમાણે ધીક્કારયુક્ત જવાબ આપ્યો કે, "મારા બાપે તમારા પર ભારે ઝુંસરી લાદી તો તેને હું વધારીશ; મારા બાપે તમને ચાબકાથી શીક્ષા કરી, તો હું વીંછુઓથી શિક્ષા કરીશ." આ જવાબથી લોકો ઘણા નારાજ થયા. થયા. તેથી રાજાને ઉત્તર આપતાં કહ્યું કે, "દાઉદમાં અમારો શો ભાગ છે, ને યિશાઇના પુત્રમાં અમારો વારસો નથી. હે ઇસ્રાએલ, તમારા તંબુઓએ જાઓ. હવે હે દાઉદ, તારૂં ઘર તું સંભાળજે" (૧ રાજા. ૧૨). અને એમ એકલા યહુદાહ કુળ સિવાય દાઉદના ઘરની કુમકે કોઇ ન રહ્યું. અહીયાહ ભવિષ્યવાદીએ યરોબઆમને ભવિષ્ય કહ્યું હતું તે પ્રમાણે થયું (૧ રાજા. ૧૧; ૩૧). રાજ્યના બે ભાગ થયા પછી રહાબઆમે સલાહ કરવાનું કર્યું, પણ તેમ બન્યું નહિ (૧ રાજા. ૧૨; ૧૮). બેન્યામીનનું કુળ યહુદાહમાં ગણાયું, તેથી બે કુળનો રાજા રહાબઆમ થયો. તેમનું રાજ્યધાનીનું શહેર યરૂશાલેમ થયું. પણ બાકીનાં દશ કુળે જુદું રાજ્ય સ્થાપ્યું તે ઇસ્રાએલી રાજ્ય કહેવાયું. તેનો પહેલો રાજા યરોબઆમ થયો. દશ

કુળને જીતી તાબે કરવાને રહાબઆમે લડાઇ કરવાનો ઠરાવ કર્યો, પણ શમાયાહ ભવિષ્યવાદીની મારફતે યહોવાહે યુદ્ધ કરવાની મના કીધી, અને જણાવ્યું કે, "એ કામ મારા તરફથી બન્યું છે" (૧ રા. ૧૨; ૨૪. ૨ કાળ. ૧૧; ૧-૪). રહાબઆમના રાજ્યને પાંચમે વર્ષે યરોબઆમે મિસરના રાજા શિશાક પહેલાને યરૂશાલેમ પર ચઢાઇ કરવાને ઉશ્કેર્યો, કેમકે યહુદાહ તથા ઇસ્રાએલ વચ્ચે લડાઇ જારી હતી. શિશાક યરૂશાલેમ પર ચઢાઇ કરીને રાજાનો તથા મંદિરનો ખજાનો હરી ગયો, અને સુલેમાનની બનાવેલી સોનાની ઢાલો પણ લઇ ગયો (૧ રા. ૧૪; ૨૫, ૨૬. ૨ કાળ. ૧૨; ૮). આ ભારે જીતની યાદ મિસર દેશના "કારનાક" શહેરમાં એક નાનું મંદિર છે તે પરની કોતરણીમાં દેખાડવામાં આવી છે. આ કોતરણીમાં રાજા શિશાક અને તેની પાછળ બંદિવાન કરેલ કેદીઓનું લશ્કર બતાવવામાં આવ્યું છે. વળી બીજી એક કોતરણીમાં નીચે આ પ્રમાણે લખવામાં આવ્યું છે કે, "રહાબઆમે જે શહેરો યહુદાહમાં વસાવ્યાં તેની જીત" (૨ કાળ. ૧૧; ૫-૧૨). રહાબઆમના વખતમાં રાજ્યની સંસારિક તથા આત્મિક સ્થિતિ નબળી થતી ગઇ. અને "રહાબઆમ તથા યરોબઆમ વચ્ચે જાથુ વિગ્રહ ચાલતો હતો." હવે રહાબઆમ મરી ગયો ને પોતાના પિતૃઓની સાથે દાઉદના નગરમાં દટાયો (૧ કાળ. ૧૪; ૩૧). અને તેની જગ્યાએ તેનો પુત્ર અબીઆમ રાજા થયો (જુઓ મિસર). રહાબઆમ સુલેમાનનો પુત્ર (૧ રા. ૧૧; ૪૩). દશ કુળે તેની સામું બંડ કર્યું (૧ રા. ૧૨;). તેનું રાજ્ય અને શિશાકની લુટ (૧ રા. ૧૪; ૨૧-૩૧: ૧૫; ૬. ૧ કાળ ૩; ૧૦. ૨ કાળ. ૯; ૩૧: ૧૦-૧૨: ૧૩; ૭. માત્થી ૧; ૭).

રહાબ્યાહ = પ્રભુની વૃદ્ધિ. અલીએઝેરનો પુત્ર અને મુસાનો પૌત્ર (૧ કાળ. ૨૩; ૧૭: ૨૪; ૨૧: ૨૬; ૨૫).

રહૂમ = દયાળુ. (૧) પ્રાંતનાં જે માણસો ગુલામગીરીમાંથી પાછા આવ્યા તેમાંનો એક હતો (એઝ. ૨; ૨). આ માણસ નહે. ૭; ૭ માં કહેલો "નહૂમ" હશે. (૨) ન્યાય ખાતાનો વડો અમલદાર હતો, જેણે રાજા આર્તાહશાસ્તા ઉપર યરૂશાલેમ વિરૂદ્ધ પત્ર લખવામાં ભાગ લીધો હતો. પત્રના જવાબમાં યરૂશાલેમનો કોટ બાંધવાનું અટકાવવામાં આવ્યું (એઝ. ૪; ૮-૨૪). (૩) આ નામનો એક લેવી હતો (નહે. ૩; ૧૦). (૪) આ નામનો બીજો માણસ હતો (નહે. ૧૦; ૨૫). (૫) આ નામનો એક યાજક હતો (નહે. ૧૨; ૩).

રહોબ = શેરી. (૧) સોબાહના રાજા હદાદએઝેરનો બાપ (૨ શમૂ. ૮; ૩, ૧૨). (૨) આ નામનો એક લેવી હતો (નહે. ૧૦; ૧૧). (૩) પાલેસ્તાઇનની ઉત્તરે આ નામની એક જગ્યા આવેલી હતી (ગણ. ૧૩; ૨૧). રહોબ અને બેથ-રહોબ બંને એકજ નામ હશે (૨ શમૂ ૧૦; ૬, ૮. ન્યા. ૧૮; ૨૮). હાલ દાનની નૈરૂત્ય કોણમાં "હુનીનનો કિલ્લો" આવેલો છે, તે પુરાતન રહોબ ધારવામાં આવે છે. (૪) આશેરના ભાગમાં સીદોનની પૂર્વમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૯; ૨૮). (૫) આશેર પ્રાંતમાં આ નામનું એક બીજું શહેર આવેલું હતું. ત્યાંના રહેવાસીઓને કાઢી મુકયા નહિ, પણ તેઓ કનાનીઓની સાથે રહ્યા (ન્યા. ૧; ૩૧. ૧ કાળ. ૬; ૭૫).

રહોબોથ = બહોળો પ્રદેશ. (૧) ઇસ્હાકે ગેરારમાં એક કુવો ખોદ્યો તેને આ નામ આપવામાં આવ્યું (ઉત્પ. ૨૬; ૨૨). બેરશેબાથી દક્ષિણમાં આશરે ૨૦ માઇલ ઉપર આવેલો હતો. (૨) રહોબોથ-ઇર આશ્શૂરમાં આવેલું એક શહેર હતું. "શહેર (નીનવેહ) ની શેરીઓ" એવો અર્થ ઘણું કરીને આ શબ્દમાં છે (ઉત્પ. ૧૦; ૧૧). (૨) ફ્રાત નદી ઉપર આવેલું એક પુરાતન શહેર છે. લખ્યું છે કે "નદી પાસેના

રહોબોથ" એ નદી ઘણું કરીને ફ્રાત છે (ઉત્પ. ૩૬; ૩૭. ૧ કાળ. ૧; ૪૮).

રાઅમાહ = ગર્જના. (૧) કુશના પુત્રોમાંનો એક હતો (ઉત્પ. ૧૦; ૭. ૧ કાળ. ૧; ૯). (૨) એક પ્રાંતનું નામ છે. તેનો વેપાર તુર સાથે હતો (હઝ. ૨૭; ૨૨).

રાઆમ્યાહ = દેવની ગર્જના. બાબેલના બંદીપ્રવાસથી જેઓ પાછા આવ્યા તેમાંનો એક સરદાર હતો (નહે. ૭; ૭). એઝરા. ૨; ૨ માં તેને રએલાયાહ કહે છે.

રાક્કાથ = કિનારો. નાફતાલી પુત્રોનાં કોટવાળાં નગરોમાંનું એક નગર હતું (યહો. ૧૯; ૩૫). કહે છે કે તેનું પુરાતન નામ તીબેરીઅસ હતું.

રાક્કોન = કિનારા પરની જમીન. દાન પ્રાંતમાં આવેલુ એક શહેર હતું (યહો. ૧૯; ૪૬). આઉજે (=લીલાં પાણી) નદીના મુખ પાસે દરિયા કિનારા પર જોપ્પાથી ઉત્તરે ૬ મૈલ ઉપર "તેલ–એર–રાક્કેઇટ" નામની જગ્યા જે હાલ કહેવાય છે, તે રાક્કોન હશે.

રાખાલ = વેપાર. યહુદાહ કુળનું એક શહેર હતું જેના પર દાઉદે શત્રુઓ પાસેથી લીધેલી લૂટમાંથી ભેટ મોકલી હતી (૧ શમૂ. ૩૦; ૨૯).

રાદ્દાય = જીતવું કે હરાવવું. યહુદાહના પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૨; ૧૪).

રાફા = રાક્ષસ. (૧) બિન્યામીનનો પાંચમો પુત્ર (૧ કાળ. ૮; ૨). (૨) રાફાનો અર્થ વીર કરવામાં આવ્યો છે (૨ શમૂ. ૨૧; ૧૬, ૧૮, ૨૦. ૧ કાળ. ૨૦; ૪, ૬, ૮).

રાફાહ = કદાવર. બિન્યામીન કુળના બિનઆનો પુત્ર (૧ કાળ. ૮; ૩૭), અને ૧ કાળ. ૯; ૪૩ માં તેને રફાયાહ કહે છે. તેના વંશમાં શાઉલ જન્મ્યો હતો.

રાફુ = સાજો કરાયો. બિન્યામીની પુત્રોમાંનો એક પાલ્ટી નામનો માણસ હતો, કે જે બાર જાસુસોમાંનો હતો તેનો બાપ (ગણ. ૧૩; ૯).

રાબ-માગ = મુખ્ય સરદાર. આ પદ્દીસૂચક આરામી ભાષાનો શબ્દ છે. અને એ પદ્દી શાન્હેરીબ રાજાના અમલદારોમાંના એકને આપવામાં આવી હતી. જે અમલદારોને યરૂશાલેમનાં માણસોની પાસે તથા રાજા હિઝકીયાહની પાસે મોકલવામાં આવ્યા હતા તેમાંનો એક રાબ-માગ હતો (યિર્મે. ૩૯; ૩, ૧૩ સાથે ૨ રા. ૧૮; ૧૭–૧૯; ૧૩. યશા. ૩૬; ૧૨–૩૭; ૧૩).

રાબશાકેહ = પ્રધાન. આરામી ભાષામાં આ પદ્દીને "રાબસાકી" કહેતા. આ પદ્દી મુખ્ય પાત્રવાહકને કે વજીર કે પ્રધાનને આપવામાં આવતી હતી. હિઝકીયાહ રાજાની પાસે આશ્શૂરના રાજા પાસેથી જે સરદારો સંદેશો લઇને આવ્યા તેમાંનો એક હતો. તેણે હેબ્રી ભાષામાં યરૂશાલેમના માણસો સન્મુખ સંદેશો કહી સંભળાવ્યો (૨ રા. ૧૮. યશા. ૩૬).

રાબસારીસ = મુખ્ય ખોજો. આશ્શૂરના રાજા શાન્હેરીબે જે ત્રણ સરદારોને લાખીશથી યરૂશાલેમમાં ચોંકાવનારો સંદેશો લઇને મોકલ્યા તેમાંનો એક હતો (૨ રા. ૧૮; ૧૭. યિર્મે. ૩૯; ૩, ૧૩).

રાબી = મારા સ્વામી, ગુરૂ. હેબ્રી ભાષામાં રબનો અર્થ મોટો કે વૃદ્ધ છે, તે કારણ માટે યહુદીઓમાં જે શિક્ષક પહેલો દરજ્જો ધરાવતો હતો તેને રબ કહેતા, અને તે પછીનો દરજ્જો ધરાવનારને રાબી કહેતા. પણ સહુથી મોટી પદ્દી ધરાવનારને રાબ્બોની કહેતા (યોહા. ૨૦; ૧૬). હેરોદ મોટાના વખતથી આ રીવાજ દાખલ થયો છે. ફરોશી લોક જેઓ માણસોથી ઘણું માન ચહાતા હતા તેઓને ઉપલાં નામ બહુ પસંદ હતાં. કોઇ કોઇ વખતે આ પદ્દી ઇસુ ખ્રીસ્તને આપવામાં આવી છે (માત્થી ૨૬; ૨૫, ૪૯. માર્ક ૧૪; ૪૫. યોહા. ૧; ૩૮, ૪૯: ૩; ૨: ૬; ૨૫: ૪; ૩૧: ૯; ૨: ૧૧; ૮). તેમજ યોહાનને પણ એ નામ આપવામાં આવે છે (યોહા. ૩; ૨૬). ઇસુએ પોતે એવું નામ પસંદ નહિ કર્યું, પણ તેને એવું નામ આપવું તે ખરેખર ઉચીત હતું, કેમકે તે ઇશ્વર તરફથી આવેલો બોધક હતો (માર્ક ૯; ૫).

રાબ્બાહ = પ્રખ્યાત. (૧) આ શહેરનું નામ ઘણી વખતે એકલું નહિ, પણ આમ્મોન-પુત્રોનું રાબ્બાહ એ પ્રમાણે લખવામાં આવે છે કેમકે આ મુખ્ય શહેર સિવાય તે લોકોનું બીજું કોઇ નામવાર શહેર નહોતું. આમોનીઓનું આ શહેર યરદનની પૂર્વમાં ૨૦ મેલ ઉપર યાબોક નાળાની પાસે આવેલું હતું, તેમાં બાશાનના રાજા ઓગનો લોઢીઆળ પલંગ રાખવામાં આવેલ હતો. કદાપી એમ હોય કે બાશાનના રાજા ઉપર આમ્મોનીઓએ કોઇ જીત મેળવી હોય તે જયની યાદગીરીમાં આ પલંગ ત્યાં રાખવામાં આવ્યો હોય એવું સંભવિત છે. આમ્મોનીઓ સાથે લડવાનો ઇસ્રાએલીઓનો ઇરાદો નહોતો, પણ તેઓ ઇસ્રાએલીઓને સતાવવા લાગ્યા (પુન. ૨; ૧૯. યહો. ૧૩; ૨૫. ન્યા. ૧૦; ૧૧: ૧૧; ૪, ૧૫). તેથી યિફ્તાહ અને શાઉલે તેઓને ઘણીવાર હરાવ્યા. અને ફરી દાઉદના વખતમાં જોર ઉપર આવી ઇસ્રાએલીઓને સતાવવા લાગ્યા, તેથી દાઉદે તેઓની સામે લડાઇ કરી. તે પહેલાં આ લોક સાથે દાઉદને મિત્રાઇ હતી (ન્યા. ૧૧; ૩૨, ૩૩. ૧ શમૂ. ૧૧; ૧૮: ૧૪; ૪૭. ૨ શમૂ. ૧૧). દાઉદે આ લોકોની સામે લડવાને યોઆબ સેનાપતીને યોદ્ધાઓનાં સઘળાં સૈન્ય સાથે મોકલ્યો. સંપીલી કોમની સામે બે વર્ષ ભારે લડાઇ ચાલી. યોઆબે તેમની રાજધાનીના શહેર રાબ્બાહ પર ચઢાઇ કરી ઘેરો ઘાલ્યો. અને મુખ્ય નગર કે "પાણીનું નગર" સર કીધું (૨ શમૂ. ૧૨; ૨૭). શહેરના આ ભાગને પાણીનું નગર કહેવાનું કારણ એ હતું કે, એક નહેર કિલ્લાની બહાર ઘણા જોરથી વહેતી હતી, અને એક ઝરાનું પાણી તેમાં વાળેલું હોવાથી દરેક મોસમમાં પાણી તેમાં ભરપુર હતું. આ પાણીવાળો ભાગ સર કર્યા બાદ કિલ્લા ઉપર ચઢાઇ થાય એમ હતું. આ પ્રમાણે શહેરને જીતવું બહુ મુશ્કેલ હતું. પણ યુસેફસના બ્યાનથી માલમ પડે છે કે શહેરમાં એકજ કુવો હોવાથી લોકો તરસે મરણ પામ્યા અને શહેર કબજે થયું. આ લડાઇમાં ભારે જીતથી તથા લુટથી દાઉદનું નામ ઘણું માનવંતું થયું, પણ તેની સાથે આમ્મોનીઓની તરવારથી ઉરિયાહનું ખુન બદ દાનતથી દાઉદે કરાવ્યું. તે વાત દાઉદ પોતાની જીંદગીમાં કદી ભુલી ગયો નહિ હશે. રાબ્બાહ તથા આમ્મોન-પુત્રોનાં સઘળાં નગરોનો નાશ કીધો. રાબ્બાહનો નાશ તે દાઉદની છેલ્લી જીત હતી. હમણાં દાઉદના રાજ્યની હદ ઘણી ફેલાઇ હતી (૨ શમૂ. ૮; ૧-૧૫ ૧ કાળ. ૧૮; ૧-૧૫). આ શહેરના નાશ વિષે આમોસે (૧; ૧૪) તથા યિર્મેયાહે (૪૯; ૨, ૩) તથા હઝકીએલે (૨૧; ૨૦: ૨૫; ૫) ભવિષ્ય કહેલું છે. નબુખાદરેઝરે તે ભવિષ્ય પુરૂં પાડ્યું. તો પણ ફરીવાર રાબ્બાહ શહેર આબાદ કરવામાં આવ્યું. ઇ. સ. પૂર્વેમાં આ શહેર અરબ લોકના કબજામાં આવ્યું. આ શહેરના ખંડિયેરમાં એક પડીભાગેલ ખ્રીસ્તી મંદિર જોવામાં આવે છે. હાલ હઝકીએલ ભવિષ્યવાદીના કહેવા મુજબ રાબ્બાહ ઉંટનો તબેલો તથા ઘેટાં બકરાંની બેસવાની જગ્યા જોવામાં આવે છે. રાબ્બાહ આમ્મોનીઓનું રાજ્યધાનીનું શહેર (પુન. ૩; ૧૧. યહો. ૨૩; ૨૫). દાઉદે તેને જીત્યું (૨ શમૂ. ૧૧; ૧: ૧૨; ૨૬, ૨૭, ૨૯: ૧૭; ૨૭. ૧ કાળ. ૨૦; ૧. હઝ. ૨૧; ૨૦). તેના વિષે ભવિષ્ય (યિર્મે. ૪૯; ૨, ૩. હઝ. ૨૧; ૨૦: ૨૫; ૫. આમો. ૧; ૧૪). (૨) યહુદાહના પહાડી પ્રદેશમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૬૦).

રાબ્બીથ = ધાડી વસ્તીવાળું. આ નામનું એક શહેર યિસ્સાખારની હદ ઉપર આવેલું હતું (યહો. ૧૯; ૨૦).

રાબ્બોની = ગુરૂ, સ્વામી. નવા કરારમાં માત્ર બે વાર આ શબ્દ આવે છે, અને તેમાં માર્ક ૧૦; ૫૧ માં સ્વામી એવો તરજુમો કર્યો છે, યોહા. ૨૦; ૧૬ માં ગુરૂ એવો તરજુમો

કર્યો છે. યહુદીઓમાં આ સૌથી માનવંતો હોદ્દો ગણાતો હતો. (જુઓ રાબી).

રામ = માન પામેલો. (૧) દાઉદનો પૂર્વજ. (રૂથ. ૪; ૧૯. ૧ કાળ. ૨; ૯, ૧). માત્થી ૧; ૩ માં તેને આરામ કહેલો છે. (૨) જ્યારે અયુબના મિત્રોએ ઉત્તર આપવાનું બંધ કર્યું ત્યારે અલીહૂ સવાલ પુછવાને વચમાં આવ્યો, તે રામના કુટુંબનો હતો. (અયૂ. ૩૨; ૨). ઉત્પ. ૨૨; ૨૧ માં તેને અરામ કહે છે. (૩) યરાહમએલનો પુત્ર. (૧ કાળ. ૨; ૨૫, ૨૭).

રામસેસ = સૂર્ય દેવતાનો પુત્ર. ગોશેન દેશનું બીજું નામ રામસેસ છે (ઉત્પ. ૪૭; ૧૧ સાથે ઉત્પ. ૪૫; ૧૦ સરખાવો). આ દેશમાં રાજાની વખારોને માટે હેબ્રી લોક પાસે જે શહેર બંધાવ્યું તેને રામસેસ એવું નામ આપવામાં આવ્યું. (નિર્ગ. ૧; ૧૧). મીસર દેશમાં આ નામના ઘણાક બાદશાહ થયા. તેઓમાંના કોઇએકે પોતાના નામ પરથી આ શહેર બંધાવ્યું હશે. એવું કહેવાય છે કે રામસેસ બીજાએ આ શહેર બંધાવ્યું. અને ત્યાં પોતાનો ખાસ ઉતારો બંધાવ્યો હતો. અને તેથી કરીને રાજધાનીના શહેર થેબ્સથી તે બીજે નંબરે ગણાતું હતું. આ શહેર હેબ્રી લોક પાસે બંધાવ્યું તેનાં કેટલાંએક ચીન્હો હજી સુધી દેખાય છે. આ શહેર ગોશેન પ્રાંતની પશ્ચિમ ગમ આવેલું હશે. કેમકે ત્યાંથી ઇસ્રાએલીઓ કુચ કરી લાલ સમુદ્ર ઓળંગ્યા હતા. ઇસ્રાએલીઓની મુસાફરીની શરૂઆત આ શહેરથી થઇ છે. (ગણ. ૩૩; ૩-૮). રામસેસ (ઉત્પ. ૪૭; ૧૧. નિર્ગ. ૧; ૧૧: ૧૨; ૩૭. ગણ. ૩૩; ૩-૮).

રામાથ-મિસ્પેહ=પહેરેગીરનો બુરજ. ગાદની સરહદ બતાવતાં આ જગ્યાનું નામ એકજ વખત લખવામાં આવ્યું છે (યહો. ૧૩; ૨૬); પણ યર્દન નદીની પૂર્વમાં એ મિસ્પેહ આવેલાં હતાં. આ મિસ્પેહ આગળ યાકુબ અને લાબાને કરાર કીધો હતો. તેને "મિસ્પેહ-ગીલઆદ" તેમજ યગારસાહદુતા તથા ગાલીદ પણ કહે છે. હાલ તેને "એસ-સાલ્ટ" કહે છે. જે યાબોકની દક્ષિણે ૧૩ મૈલ ઉપર તથા યર્દનની પૂર્વમાં આશરે ૨૫ મૈલ ઉપર જ્યાં શખેમ તથા યરેખોના દમસ્ક જવાના માર્ગ મળે છે ત્યાં આવેલું છે.

રામાથ-લહી = જડબાની જગ્યા. લહીનો ઉંચપ્રદેશ. પલિસ્તીઓની સરહદ પર આ જગ્યા આવેલી હતી. અહિં શામશૂને ગધેડાના જડબાથી હજાર માણસને માર્યા હતા (ન્યા. ૧૫; ૧૫-૧૭).

રામાથાઇમ-સોફીમ=પહેરેગીરના બે બુરજ. "સૂફ દેશમાં" આ શહેર આવેલું હતું (૧ શમુ. ૯; ૫), જેનું બીજું નામ રામાહ છે (જુઓ રામાહ (૪) ૧ શમુ. ૧; ૧, ૧૯). કોહાથવંશી એક લેવી સોફાય નામનો હતો. (૧ કાળ. ૬; ૨૬, ૩૫). તેના વંશજો એફ્રાઇમના પહાડી મુલકમાં જઇ વસ્યા. આ કારણથી તે દેશને સૂફ દેશ, અને શહેરને સોફીમ કહે છે. આ શહેર શમૂએલની જન્મભૂમી, અને ઇસ્રાએલીઓની ન્યાય કરવાની જગ્યા હતી (૧ શમૂ. ૨; ૧૧: ૭; ૧૭). શાસ્ત્રના ઇતિહાસમાં શમૂએલ તથા દાઉદ સાથે આ શહેરનો સંબંધ વિશેષ જણાય છે. (૧ શમૂ. ૧૫; ૩૪: ૧૬; ૧૩, ૧૮-૨૨). અહિં શમૂએલ મરણ પામ્યો અને દટાયો (૧ શમૂ. ૨૫; ૧). હાલ આ શહેર "નબી શામવીલ" (= શમૂએલ ભવિષ્યવાદી) નામથી ઓળખાય છે. તે યરૂશાલેમથી વાયવ્યકોણમાં ૪ કે ૫ મૈલ પર આવેલું છે, પણ તેની જગ્યા વિષે ખાતરીની વાત નથી. કેટલાએક કહે છે કે તે નવા કરારનું આરમીથીઆ છે.

રામાથી = ૧ કાળ. ૨૭; ૨૭. દાઉદની દ્રાક્ષવાડીઓનો જે મુખ્ય માળી હતો કે જેનું નામ શિમય હતું, તેની ઓળખાણના સંબંધમાં ઉપલું નામ આવે છે.

રામાહ = ઉંચી જગ્યા. (૧) આ શહેર બિન્યામીનના ભાગમાં ગિબઓનની પાસે આવેલું

હતું. તે ઇસ્રાએલના રાજા બાશાએ બંધાવ્યું હતું (૧ રાજા. ૧૫; ૧૭-૨૨, ૨ કાળ. ૧૬; ૧-૬). એ માટે કે યહુદાહના રાજા આશાની તરફ તે કોઇને આવ જા કરવા દે નહિ. પણ આશાએ આરામના રાજા બેન-હદાદની સાથે સંપ કરી રામાહ બાંધવાનું અટકાવ્યું, તેથી બાઅશા બાંધવાનું કામ પડતું મુકી તિર્સાહમાં રહ્યો. અને આશાએ રામાહના પત્થર તથા લાકડાં વડે બિન્યામીનનું ગેબા તથા મિસ્પાહ બંધાવ્યાં (૧ રા. ૧૫; ૧૮-૨૫). યશાયાહ ભવિષ્યવાદી આ શહેર વિષે બોલતાં કહે છે કે "રામાહ થરથરે છે, શાઉલનું ગિબઆહ ન્હાસાન્હાસ કરે છે" (યશા. ૧૦; ૨૯). વળી જ્યારે બાબેલના રાજા નબૂખાદરેસ્સારે યરૂશાલેમને જીતી લીધું ત્યારે યરૂશાલેમના કેટલાક કેદીઓને તેણે રામાહમાં વસાવ્યા. આ વખતે યિર્મેયાહ ભવિષ્યવાદી પણ રામાહમાં કેદ કરાયો હતો (યિર્મે. ૩૯; ૮-૧૨: ૪૭; ૧). આ વખતે રાહેલ કે જેની કબર બેથલેહેમની છેક પાસે આવેલી હતી, તે વિષે યિર્મેયાહ લાક્ષણિક રીતે બોલે છે કે, રાહેલ પોતાના બાળકો (રામાહના રહેવાસી) માટે રડે છે (યિર્મે. ૩૧; ૧૫). આ ભવિષ્યવાતની સંપૂર્ણતા બેથલેહેમમાં થએલી કતલ વખતે દર્શાવતાં માત્થી ઉતારો કરે છે (માત્થી ૨; ૧૮). (૨) આ શહેરની સરહદ પર એક શહેર આ નામનું આવેલું હતું જે તુરથી અગ્નિકોણ તરફ ૧૩ મૈલ પર આવેલું હતું (યહો. ૧૯; ૨૯). હાલ આ રામાહને "એર-રામા" કહે છે, જે યરૂશાલેમની ઉત્તરે પાંચ મૈલ પર એક ગામડું છે (જુઓ શમૂએલ). બિન્યામીની રામાહ (યહો. ૧૮; ૨૫. ન્યા. ૪; ૫: ૧૯; ૧૩). શમૂએલનું ઘર ત્યાં હતું (૧ શમૂ. ૧; ૧૯: ૨; ૧૧: ૭; ૧૭: ૮; ૪: ૧૫; ૩૪: ૧૬; ૧૩: ૧૯; ૧૮-૨૩: ૨૦; ૧: ૨૨; ૬: ૨૫; ૧: ૨૮; ૩). બાઅશાએ બંધાવ્યું (૧ રા. ૧૫; ૧૭, ૨૧, ૨૨. ૨ કાળ. ૧૬; ૧, ૫, ૬. એઝ. ૨; ૧૬. નહે. ૭; ૩૦: ૧૧; ૩૩. યશા. ૧૦; ૨૯. યિર્મે. ૨૬; ૧૫: ૪૦; ૧. હોશી. ૫; ૮. માત્થી ૨; ૧૮. (૩) નાફતાલીનું કોટવાળું નગર હતું (યહો. ૧૯; ૩૬). આ શહેર સાફેદની નૈરૂત્યમાં ૭ મૈલ ઉપર તથા ગાલીલ સમુદ્રની પશ્ચિમે ૧૫ મૈલ ઉપર પહાડની તળેટીમાં આવેલું છે. હાલ રામેહ નામથી ઓળખાય છે, ને સારી બાંધણીનું આબાદ ગામ છે. (૪) રામાથાઇમ —સોફીમને આ નામ આપવામાં આવ્યું છે. તે એફ્રાઇમના પહાડમાં આવેલું છે (૧ શમૂ. ૧: ૧, ૧૯). (૫) રામોથ ગિલઆદ નામ પણ તેને આપવામાં આવે છે (૨ રા. ૮; ૨૮. ૨ કાળ. ૨૨; ૫).

રામોથ. હિબ્રીમાં રામાથ—નેગેબ. નેગેબ એટલે યહુદાહની દક્ષિણે ઉજાડ જેવો ભાગ હતો તે (યહો. ૧૯; ૮). તેજ ૧ શમૂ. ૩૦; ૨૭ માં છે.

રામોથ = ઉંચાણ. યિસ્સાખારના ભાગમાં આવેલું એક લેવીઓનું શહેર હતું. (૧ શમૂ. ૩૦; ૨૭. ૧ કાળ. ૬; ૭૩). તેજ યહો. ૨૧; ૨૯ માં બતાવેલું યાર્મૂથ અને યહો. ૧૯; ૨૧ માં બતાવેલું રેમેથ છે.

રામોથ-ગિલઆદ = ગિલઆદનાં ઉંચાણ. યર્દન નદીની પૂર્વમાં ઠરાવેલું એક આશ્રયસ્થાન હતું. તેને "ગિલઆદનું રામોથ" કહે છે (પુન. ૪; ૪૩. યહો. ૨૦; ૮: ૨૧; ૩૮. ૧ રા. ૨૨; ૩. ૧ કાળ. ૬; ૮૦). આ શહેર અરામના રાજાના હાથમાંથી જીતી લેવાને ઇસ્રાએલના રાજા આહાબ, અને યહુદાહના રાજા યહોશાફાટ વચ્ચે સંધી થઇ. આ લડાઇમાં અહાબ મરાયો (૧ રા. ૨૨; ૧-૩૬). પછી બીજી વાર યોરામ તથા અહાઝયાહના સંપીલા સૈન્યે રામોથ-ગિલઆદ આગળ અરામના રાજા સામે યુદ્ધ કીધું. આ વખતે યોરામ ઘાએલ થયો (૧ રા. ૮; ૨૮); વળી આ શહેરમાં ભવિષ્યવાદીઓના પુત્રોમાંના એકે યહોશાફાટના પુત્ર યેહૂનો અભિષિક્ત કીધો (૨ રા.

૯; ૧, ૪). હાલ આ નામની જગ્યા જુદાં જુદાં નામથી ઓળખાય છે. વિદ્વાનો તે વિષે એક મતના નથી. કેટલાક ધારે છે કે દીકાપોલીસના એક શહેર ગેરેસાની પશ્ચિમે યાબ્બોક નાળા ઉપર "રે-ઇમુન" નામનું જે ગામ છે તે હશે. બીજા કેટલાક કહે છે કે તે એસ-સાલ્ટની ઇશાન કોણમાં ૨૫ મૈલ ઉપર આવેલું "ગેરાશ" હશે. (જુઓ રામોથ-મિસ્પેહ). રામોથ-ગિલઆદ (૧ રા. ૪; ૧૩: ૨૨; ૩. ૨ રા. ૮; ૨૮: ૯; ૧, ૪. ૨ કાળ. ૧૮: ૨૨, ૫).

રૂમ્યાહ = યહોવાહ મોટો છે. યારોશના પુત્રોમાંનો એક હતો. (એઝ. ૧૦, ૨૫).

રાહાબ = અહંકાર. (૧) કાવ્યને લગતું આ નામ મિસર દેશને આપવામાં આવ્યું છે (ગીત. ૮૭; ૪: ૮૯; ૧૦. યશા. ૩૦; ૭: ૫૧; ૯). અહિં તેનો અર્થ મગરૂર કે અભીમાની કરવામાં આવ્યો છે. વળી યૂબ. ૨૬; ૧૨. (૨) જ્યારે ઇસ્રાએલ લોક યર્દન નદી ઓળંગવાની તૈયારીમાં હતા, અને જ્યારે અરાબાહમાં સિટ્ટિમ આગળ તેઓએ છાવણી કીધી હતી, ત્યારે યહોશુઆએ બે માણસોને નદીની પેલી પાર યરેખો શહેરની જાસુસી કરવાને મોકલ્યા. યરેખોમાં તેઓ રાહાબ નામે કસબેણને ત્યાં ઉતર્યા. પણ ત્યાંના રાજાએ જ્યારે એ વાત જાણી, ત્યારે તેણે રાહાબને કહેવડાવી મોકલ્યું કે જે માણસો તારે ત્યાં ઉતરેલા છે, "તેઓને બહાર કાઢ, કેમકે તેઓ આખા દેશની બાતમી કાઢવાને આવ્યા છે" માટે રાહાબે તેમને ઘરના ધાબા પર શણની સાંઠીઓમાં સંતાડ્યા અને શોધવા આવેલા માણસોને બીજે માર્ગે તપાસ કરવા મોકલ્યા. ત્રણ દિવસ જાસુસોને પોતાના ઘરમાં સંતાડી રાખી ચોથે દિવસે તેમને બારીએથી ઉતારી વિદાય કર્યા. આ વખતે જાસુસોએ વચન આપ્યું કે અમે જ્યારે યરેખોનો નાશ કરીશું ત્યારે તારા ઘરનો તારા કુટુંબ સાથે બચાવ કરીશું (યહો. ૨; ૧-૭). જાસુસો યર્દન નદી ઉતરીને પાછા આવ્યા; ને યહોશુઆને ખબર આપી કે "યહોવાહે આખો દેશ આપણા હાથમાં આપ્યો છે અને વળી દેશના સઘળા રહેવાસીઓ આપણી આગળ લોપ થઇ જાય છે." પછી તેઓએ યર્દન નદી ઓળંગી યરેખો ઉપર ચઢાઇ કરી, તેને ઘેરો ઘાલ્યો. અને પ્રભુએ ચમત્કારીક રીતે યરેખો ઇસ્રાએલીઓના હાથમાં સોંપ્યું. (યહો. ૬; ૧૭-૨૫). આ વખતે રાહાબ અને તેના કુટુંબકબીલાનો શરત પ્રમાણે બચાવ કર્યો, અને યહુદી લોક સાથે તેમને મોકલી દીધાં. આ રાહાબનું લગ્ન સાલ્મોન નામના યહુદી સરદાર સાથે થયું (રૂથ ૪; ૨૧. ૧ કાળ. ૨; ૧૧. માત્થી. ૧; ૫). એ પ્રમાણે આ સ્ત્રીની મારફતે પરમેશ્વરે જાહેર કર્યું કે, કસબણો પણ આકાશના રાજ્યમાં દાખલ થઇ શકે છે (માત્થી ૨૧; ૩૧). જાસુસો યરેખો ગયા તે પહેલાં તેનો વિશ્વાસ હતો કે, "યહોવાહ તમારો દેવ તેજ ઉપર આકાશમાં તથા નીચે પૃથ્વી ઉપર દેવ છે," એવું સમજીને તે ભુંડાઇથી દૂર થવા અને પોતાનું તેમજ પોતાના ઘરનાંનું કલ્યાણ કરવ ચહાતી હતી. અને એમ "વિશ્વાસથી રાહાબ વેશ્યા જાસુસોનો સુખરૂપે અંગીકાર કરવાથી અવિશ્વાસીઓની સાથે નાશ ન પામી" (હેબ્રી. ૧૧; ૩૧. યાકુ. ૨; ૨૫). માત્થીની સુવાર્તામાં ખ્રીસ્તની વંશાવળીમાં ચાર સ્ત્રીઓની વાત આવે છે તેમાંની એક રાહાબ છે, તે દાઉદની પરદાદીની મા થઇ. અને ઇસુ જે હરેક કોમ તથા હરકોઇ સ્થિતિમાં આવેલાં માણસોને બચાવવાને આવ્યો તે આ સ્ત્રીના વંશમાં જનમ્યો. એવું કહે છે કે જે બે જાસુસો યરેખો ગયા હતા તેમાંનોજ એક સાલ્મોન હતો. રાહાબ, વિસ્તાર પામેલ, તેણે જાસુસોને સંતાડ્યા (યહો. ૨; ૧-૩: ૬; ૧૭, ૨૩, ૨૫. માત્થી ૧; ૫. હેબ્રી. ૧૧; ૩૧. યાકુ. ૨; ૨૫).

રાહામ = દયાળુ. શેમાનો પુત્ર (૧ કાળ. ૨; ૪૪).

રાહેલ = ઘેટી. યાકુબની સ્ત્રી, અને લાબાનની ખુબસુરત પુત્રી (ઉત્પ. ૨૯; ૬, ૨૮). યાકુબ તેણીની સાથે એવો પ્રેમવશ થયો હતો કે તેણીને માટે ૧૪ વર્ષ લાબાનની નોકરી કરી હતી. તે યુસફ તથા બિન્યામીનની મા થાય (ઉત્પ. ૩૦; ૨૨-૪૪). યાકુબ મેસોપોતામીઆમાંથી લાબાનને ત્યાં નીકળ્યો ત્યારે રાહેલે પોતાના બાપની ધર મૂર્તિઓ ચોરી લીધી હતી (ઉત્પ. ૩૧; ૩૪, ૩૫). બેથેલથી આગળ જતાં એફ્રાથ જવાનો થોડો માર્ગ બાકી રહ્યો ત્યાં આગળ રાહેલ બીજે દીકરે જણી પ્રસુતી કાળમાં તે મરણ પામી. મરતી વેળા તેણીએ પોતાના દીકરાનું નામ બેનોની પાડ્યું, પણ યાકુબે તેનું નામ બિન્યામીન પાડ્યું (ઉત્પ. ૩૫; ૧૮, ૧૯). રાહેલના શબને "એફ્રાથ" જે બેથલેહેમ છે ત્યાં દાટયું, અને યાકુબે તેની કબર ઉપર એક સ્તંભ ઉભો કીધો. આ કબર આજ સુધી બતાવવામાં આવે છે. તે યરૂશાલેમથી આસરે એકાદ મૈલ ઉપર બેથલેહેમની પાસે આવેલી છે. જો કે યાકુબે તેના ઉપર સ્તંભ ઉભો કીધો હતો, પણ હાલ જે કબર બતાવવામાં આવે છે તે ચારે બાજુથી બાંધેલી ઘુમટદાર ઘર જેવી છે. આ જગ્યા દર જમાનામાં નામવાર ગણાઇ છે (૧ શમૂ. ૧૦; ૨). હાલના વખતમાં પણ યહુદી, મુસલમાન અને ખ્રીસ્તી લોકો આ કબર તરફ માનની નજરે જુએ છે. જે વખતે યહુદી લોક બાબેલના બંદીપ્રવાસમાં લઇ જવામાં આવ્યા, ત્યારે યિર્મેયાહ ભવિષ્યવાદી કાવ્યનાં લાક્ષણિક રીતે કહે છે કે આ કોમની વહાલી મા પોતાનાં વહાલાં બાળકોને માટે રડે છે (યિર્મે. ૩૧; ૧૫). બેથલેહેમનાં બાળકોની ભારે કતલ થઇ, ત્યારે ભવિષ્યવાદીની કહેલી એ વાત પુરી થઇ છે. એમ જણાવતાં માત્થી તેનો ઉતારો કરે છે (માત્થી ૨; ૧૭, ૧૮). રાહેલને લાંબા વખત સુધી કંઇ બાળક થયું નહિ ત્યારે અધીરી થવા લાગી, અને પોતાના બાપની ધરમૂર્તિઓ ચોરી લાવી તે ખરી વાત, પણ એ કરતાં ઘણી બાબતોમાં આ બાઇ સારી હતી અને તેનો સ્વભાવ પણ ઉમદા હોવો જોઇએ, નહિ તો યાકુબ તેણીના ઉપર એટલો બધો પ્યાર કરત નહિ, અને મરતાં સુધી તેના મરણ તથા દફનને યાદ કરત નહિ. અને યહુદી કોમમાં એટલી બધી માનવંત ગણાત નહિ. રાહેલ યાકુબની સ્ત્રી (ઉત્પ. ૨૯-૩૧: ૩૩; ૧, ૨, ૭: ૩૫: ૩૬. રૂથ ૪; ૧૧). તેનાં બાળકો (ઉત્પ. ૩૫; ૨૪, ૨૫: ૪૬; ૧૯, ૨૨, ૨૫). તેની કબર (ઉત્પ. ૩૫; ૧૯, ૨૦: ૪૮; ૭. ૧ શમૂ. ૧૦; ૨. બાળકો માટે રડે છે (યિર્મે. ૩૧; ૧૫. માત્થી ૨; ૧૮).

રિથ્માહ = સાવરણી. ઇસ્રાએલીઓની મુસાફરીનું એક સ્થળ હતું (ગણ. ૩૩; ૧૮, ૧૯).

રિન્નાહ = બુમ, પોકાર. યહુદાહપુત્રોમાંનો એક (૧ કાળ. ૪; ૨૦).

રિબ્કાહ = ફાંસો કે ગાળો. બથુએલની દીકરી અને ઇસ્હાકની સ્ત્રી (ઉત્પ ૨૨; ૨૩: ૨૪; ૬૭), અને યાકુબ તથા એસાવની મા થાય. ઇબ્રાહીમના ઘરનો જુનો ચાકર જે તેના "સર્વસ્વનો કારભારી" હતો, તેને ઇબ્રાહીમે પાદ્દાનારામમાં નાહોરને શહેર પોતાના દીકરા ઇસ્હાકને માટે સ્ત્રી પસંદ કરવાને મોકલ્યો. તે વિષેની બધી હકીકત ઉત્પ. ૨૪--૨૭ અધ્યાયમાં આપવામાં આવી છે. તેનું લગ્ન બધાંને માટે નમુનારૂપ છે. તેણે પરમેશ્વરની મરજી જાણીને લગ્ન કીધું. વીસ વર્ષ સુધી તેને કંઇ બાળક થયું નહિ, તો પણ તેણે ધીરજ છોડી નહિ, અને જે વખતે તેનું મન ગભરાવા લાગ્યું ત્યારે તેણે પરમેશ્વરની આગળ અરજ કરી અને તેની અરજ સાંભળવામાં આવી. પણ દુઃખની વાત કે પાછળથી તેણે એસાવ કરતાં યાકુબ પર વધારે પ્રીતિ કરી, ઠગાઇ કરવામાં આગેવાન થઇ. પણ ઇસ્હાકને ઠગવાથી તથા યાકુબને જુઠું શીખવવાથી તેને કેટલું દુઃખ વેઠવું પડયું. પોતાનો વહાલો પુત્ર પોતાથી હમેશને માટે દૂર થયો, અને એસાવ જેને

તે ચહાતી નહોતી તે તેની પાસે રહ્યો. એમ દેખાય છે કે યાકુબ પાછો આવ્યો તે પહેલાં તે મરણ પામી હતી. તે ક્યારે મરણ પામી તે વિષે કંઇ લખવામાં આવ્યું નથી, પણ લખ્યું છે કે માક્પેલાહની ગુફામાં તેને દફનાવવામાં આવી હતી (ઉત્પ. ૪૯; ૩૧). રિબ્કાહ ઇસ્હાકની સ્ત્રી (ઉત્પ. ૨૨; ૨૩, ૨૪). યાકુબ તથા એસાવની મા (ઉત્પ. ૨૫; ૨૦, ૨૧, ૨૮). અબીમેલેખ પલિસ્તીઓના રાજા આગળ ઇસ્હાકે તેને બેન કહી (ઉત્પ. ૨૬; ૭, ૮). એસાવની સ્ત્રીઓ ઇસ્હાક તથા રિબ્કાહને કડવાસરૂપ હતી (ઉત્પ. ૨૬; ૩૫). તેની મદદથી યાકુબ આશીર્વાદ પામ્યો (ઉત્પ. ૨૭: ૨૮; ૫: ૨૯; ૧૨). તેની કબર (ઉત્પ. ૪૯; ૩૧). તેની દાઇ (ઉત્પ. ૨૪; ૫૯: ૩૫; ૮. રૂમી. ૯; ૧૦).

રિબ્લાહ = ફળદ્રુપ. પાલેસ્તાઇનની ઉત્તર સરહદ પર આવેલું એક પુરાતન શહેર હતું. બાલએકની ઇશાન કોણમાં ૩૫ માઇલ દૂર અને હુમ્સ સરોવરની દક્ષિણે ૧૦ કે ૧૨ માઇલ ઉપર "ઓરોન્ટસ" નદીના પૂર્વ કાંઠા પર એક મોટા ફળદ્રુપ મેદાનમાં આવેલું હતું. આ મેદાન ઘાસપાણી માટે બહુ ઉત્તમ મેદાન હતું, એ કારણ માટે બાબેલનો રાજા નબુખાદનેસ્સાર જ્યારે યરૂશાલેમ પર ચઢી આવતો ત્યારે આ મેદાનમાં પોતાનું મુખ્ય મથક રાખતો. વળી મિસરના રાજા ફારૂન નકોહે મગિદ્દોમાં યોશીયાહ રાજાને તથા તેના લશ્કરને વીખેરી નાખ્યું ત્યારે તેણે પણ પોતાનો મુકામ રિબ્લાહમાં કીધો હતો (૨ રા. ૨૩; ૨૯–૩૫: ૧૫; ૬, ૨૦, ૨૧. યિર્મે. ૩૯; ૫: ૩૨; ૧૦). પાલેસ્તાઇનથી કાર્કેમિશ જવાનો ધોરી માર્ગ ફ્રાત નદી ઉપર હતો, તેમજ નિનવેહ તથા બાબેલનો અને મિસરનો માર્ગ પણ અહિંથી હતો, તેથી ફોજને રોકાવવાને અનુકુળ પડે એવી આ જગ્યા હતી. બિચારા યહુદીઓ પર તે વખતમાં કેટલો બધો જુલમ અહિં ગુજારવામાં આવતો હતો!! કેટલાકની આંખો ફોડી, કેટલાકને બેડીઓ પહેરાવી, કેટલાકને બંદીવાન કર્યા, અને કેટલાકને કાપી નાખ્યા. આવું કામ રોજ રોજ ચાલતું હતું! કેમકે શત્રુનો મુખ્ય મુકામ રિબ્લાહમાં હતો (૨ રા. ૨૫; ૬, ૭, ૧૮–૨૧). હઝ. ૬; ૧૪માં તેને દિબ્લાહ કહે છે. હાલમાં એ નામનું કોઇ શહેર એ તરફ માલમ પડતું નથી. રિબ્લાહ (ગણ. ૩૪; ૧૧. ૨ રા. ૨૩; ૩૩). નબુખાદનેસ્સાર રિબ્લાહમાં (૨ રા. ૨૫; ૬, ૨૦, ૨૧. યિર્મે. ૩૯; ૫, ૬: ૫૨; ૯). દિબ્લાહ (હઝ. ૬; ૧૪).

રિમ્મોન = દાડમ. (૧) ઝબુલુન પ્રાંતની હદ પર આવેલ એક જગ્યા છે (યહો. ૧૯; ૧૩. ૧ કાળ. ૬; ૭૭). (૨) યહુદાહપુત્રોના કુળનાં "છેવાડાં નગરો" માંનું એક હતું, કે જે પછી શીમઓનને આપવામાં આવ્યું (યહો. ૧૫; ૩૨: ૧૯; ૭. ૧ કાળ. ૪; ૩૨. ઝખ. ૧૧; ૧૦). ઉપલાં વાક્યોમાં આયિન અને રિમ્મોન બંને શબ્દો છુટા લખવામાં આવ્યા છે, પણ નહે. ૧૧; ૨૯ માં ભેગા લખવામાં આવ્યા છે (એન-રિમ્મોન = દાડમનો ઝરો). હાલ તે ઉમ-એર-રામામીન નામથી ઓળખાય છે, કે જે હેબ્રોનથી નૈરૃત્યમાં ૧૩ માઇલ ઉપર આવેલું છે. (૩) બએરોથનો બિન્યામીની એક માણસ ઉપલા ગામનો હતો (૨ શમૂ. ૪; ૨). આ બએરોથ ગિબઓનીનાં ચાર શહેરોમાંનું એક હતું (યહો. ૯; ૧૭). (૪) આ નામનો એક ગઢ હતો, કે જ્યારે ઇસ્રાએલીઓની સામે ગિબઆહની લડાઇમાં બિન્યામીનીઓની હાર થઇ ત્યાં ભરાઇ બેઠા હતા. આ ગઢમાં બિન્યામીનીઓ ચાર માસ સુધી રહ્યા હતા. આ લડાઇમાં ૨૭ હજાર માણસોમાંથી માત્ર ૬૦૦ માણસ બચ્યાં હતાં. જ્યારે આખી જમાતે સલાહનો ઢંઢેરો પીટાવ્યો ત્યારે તેઓ ત્યાંથી નીકળ્યા. હાલ "રૂમોન" નામના એક ગામથી તે ઓળખાય

છે (ન્યા. ૨૦; ૪૫, ૪૭: ૨૧; ૧૩) જે યરૂશાલેમથી ૧૫ મૈલ ઉપર આવેલું છે. કિલ્લો ખડક ઉપર સફેત પત્થરથી બાંધેલો છે, તેથી ઘણા દૂરથી નજરે પડે છે. આ જગ્યા જોતાંજ ખ્યાલ આવે છે કે શત્રુથી બચાવ કરવાની આ મજબૂત જગ્યા છે. રિમ્મોનનો અર્થ દાડમ છે એ પરથી કેટલાક એમ ધારે છે કે એની આસપાસ દાડમીઓ બહુ થતી હતી. (૫) આ નામનો એક અરામ દેશનો દેવતા હતો, જેના વિષે માત્ર ૨ રા. ૫; ૧૮ માં વાત આવે છે, એટલે આ દેવતાની પુજા અરામનો રાજા તથા નાઅમાન કરતા હતા એમ દેખાય છે. (૬) રેમ્મોન-પેરેસ ઇસ્રાએલીઓની મુસાફરીનું એક સ્થળ હતું (ગણ. ૩૩; ૧૯, ૨૦).

રિમ્મોનો. ૧ કાળ. ૬; ૭૭. યહો. ૧૯; ૭, ૧૩ માં જે રિમ્મોન આવે છે, તેનેજ ૧ કાળ. ૬; ૭૭ માં રિમ્મોનો કહે છે.

રિસ્પાહ = કોલસો. શાઉલની ઉપપત્ની અને આયાહની દીકરી, તે આર્મોની તથા મફીબોસેથની મા થાય (૨ શમૂ. ૩; ૭: ૨૧; ૮, ૧૦, ૧૧). દાઉદની કારકીર્દીના પહેલા અર્ધ ભાગમાં લાગલાગટ ત્રણ વર્ષ ભારે દુકાળ પડ્યો, ત્યારે દાઉદે યહોવાહને તેનું કારણ પુછ્યું. ત્યારે યહોવાહે જણાવ્યું કે શાઉલ તથા તેના ખુની શહેરને લીધે છે, કેમકે તેણે ગિબઓનીઓને મારી નાખ્યા હતા. તેથી દાઉદે ગિબઓનીઓને પુછ્યું કે, "હું તમારે સારૂં શું કરૂં?" તેઓએ માગણી કરી કે, "શાઉલના દીકરાઓમાંથી સાત માણસો અમારે સ્વાધીન કરવામાં આવે." દાઉદે તે વાત માન્ય કરી, અને રિસ્પાહના બે તથા શાઉલની જ્યેષ્ટ પુત્રી મીખાલ તથા આદ્રીએલથી થએલા પાંચ પુત્રો તેઓને સ્વાધીન કીધા. તેમને ગિબઓનીઓએ ગિબઆહમાં ફાંસીએ દીધા. આ વખતે રિસ્પાહે પોતાના પુત્રોને માટે જે પ્રેમ બતાવ્યો તે યાદ રાખવા જોગ છે (૨ શમૂ. ૨૧; ૧૦, ૧૧). પાંચ માસ સુધી તેણે ગિબઆહના ખડક પર વાસો કરી પોતાના પુત્રોનાં શબ સાચવ્યાં, પછી તેમનાં હાડકાં દાઉદે મંગાવીને બિન્યામીન દેશના સેલાહ મધ્યે કીશની કબરમાં દટાવ્યાં (૨ શમૂ. ૨૧).

રિસ્યા = ખુશી. આશેરપુત્રોમાંનો ઉલ્લાનો પુત્ર (૧ કાળ. ૭; ૩૯).

રિસ્સાહ = ખંડીયેરનો ઢગલો. ઇસ્રાએલીઓની મુસાફરીનો એક મુકામ હતો (ગણ. ૩૩; ૨૧, ૨૨).

રીફાથ = કચરી નાખનાર, છુંદનાર. ગોમેરનો દીકરો (ઉત્પ. ૧૦; ૩). ૧ કાળ. ૧; ૬ માં તેને "દીફાથ" કહે છે.

રીબાય = કજીઓ. ઇત્તાયનો બાપ જે બિન્યામીની હતો તે (૨ શમૂ. ૨૩; ૨૯. ૧ કાળ. ૧૧; ૩૧).

રૂથ = મિત્ર, રૂપાળી. આ સ્ત્રી મોઆબેણ હતી કે જે કોમ વિષે પરમેશ્વરે કહ્યું હતું કે દસમી પેઢી સુધી તેઓમાંનું કોઇ યહોવાહની મંડળીમાં પ્રવેશ ન કરે (પુન. ૨૩; ૩), પણ રૂથના હેવાલથી સાબીત થાય છે કે, હરેક દેશમાં જે કોઇ તેથી બીહે છે, તથા ન્યાયીપણું કરે છે તથા રૂથની માફક કહે છે કે તારા લોક તે મારા લોક ને તારો દેવ તે મારો દેવ, તે તેને માન્ય છે (પ્રે. કૃ. ૧૦; ૩૫. રૂથ. ૧; ૧૬). અબીમેલેખના પુત્ર માહલોન સાથે આ મોઆબી સ્ત્રીનું લગ્ન થયું હતું. અને મોઆબ દેશમાં દસ વર્ષ રહ્યા પછી નાઓમી પોતાના ભરથાર તથા બે પુત્રોના મરણને લીધે દુઃખી થઇ પોતાના દેશ તરફ જવા નીકળી. બંને પુત્રવધુઓ તેણીની સાથે જવા તૈયાર થઇ. નાઓમીના સમજાવ્યાથી ઓર્પાહ પાછી ગઇ પણ રૂથ તેની સાથે આવી. દેશમાં આવ્યા પછી નાઓમીના પાસેના સગા બોઆઝની સાથે તેનું લગન થયું, અને એમ રૂથ દાઉદના દાદા ઓબેદની મા થઇ. માત્થીની વંશાવળીમાં જે ચાર સ્ત્રીઓનાં નામ આવે છે, એટલે રાહાબ, રૂથ, બાથ-

શોભા અને તામાર, તેમાં રૂથ એકલી નિર્દોષ હતી. પોતાનાં માબાપ, સગાંવહાલાં અને વતન મુકી પરમેશ્વરના લોકોમાં જઇ વસવાનો તથા તેને આધીન રહેવાનો પરમેશ્વરે તેને કેવો સારો બદલો આપ્યો. રૂથની વાત રૂથના પુસ્તકમાં સવિસ્તર આપવામાં આવી છે.

રૂથનું પુસ્તક. આ પુસ્તક પહેલાં ન્યાયાધીશોના પુસ્તકનો એક ભાગ હતો, પણ હાલ હેબ્રી શાસ્ત્રમાં તેને જુદું પાડવામાં આવ્યું છે. આ પુસ્તકમાં લખેલા ઇતિહાસ ઉપરથી કેટલાક કહે છે કે દાઉદના પહેલાં ૧૨૦ વર્ષ અગાઉ આ પુસ્તક લખવામાં આવ્યું છે. પણ શમૂએલના પુસ્તક પરથી તથા આ પુસ્તક પરથી એવું અનુમાન કરી શકાય છે કે દાઉદની કારકીર્દીના છેલ્લા ભાગમાં ઇ. સ. પૂ. ૧૦૩૫–૧૦૧૫ સુધીમાં આ પુસ્તક રચવામાં આવ્યું હશે. આ પુસ્તકનો રચનાર કોણ હશે તે વિષે પુરી ખાતરી નથી. દંતકથા એવી છે કે શમૂએલે આ પુસ્તક રચ્યું છે. બેથલેહેમમાં જુના વખતથી ઉતરી આવેલી વાર્તા આ પુસ્તકમાં દાખલ કરેલી છે. અધ્ય. ૧. અબીમેલેખ, તેની સ્ત્રી તથા તેના બે દીકરા મોઆબ દેશમાં ગયા અને ત્યાં તેમનો આવકાર થયો. અધ્ય. ૨. રૂથ બોઆઝ પાસેથી કૃપા પામી. અધ્ય. ૩. રૂથ બોઆઝ પાસે ગઇ ને બોઆઝે તેણીનો દાવો કબુલ કર્યો. અધ્ય. ૪. રૂથ સાથે બોઆઝનું લગ્ન.

રૂફસ = લાલ. સીમોન કુરેનીનો પુત્ર કે જે સીમોન પાસે રૂમી સીપાઇઓએ આપણા પ્રભુ ઇસુનો વધસ્તંભ ઉંચકાવ્યો હતો (માર્ક ૧૫; ૨૧). માર્ક તેના ભાઇ આલેક્સાંદરનું નામ પણ સાથે આપે છે, તે પરથી જણાય છે કે લોકોમાં તેઓ પ્રસિદ્ધ હશે. ઘણું કરીને આજ માણસનું નામ રૂમી. ૧૬; ૧૩ માં આવે છે. તેની મા પણ ખ્રીસ્તી હશે, પાઉલ પર દીકરાના જેવો પ્રેમ રાખતી હતી.

રૂમ = બળ, જોર. ઇસુના જમાનામાં આ શહેર આખી દુનિયામાં સહુથી પ્રખ્યાત ગણાતું હતું. કહે છે કે આ શહેર ઇ. સ. પૂ. ૭૫૩ માં બાંધવામાં આવ્યું કે જે વખતે યોથામ યહુદાહનો રાજા તથા પેકાહ ઇસ્રાએલનો રાજા હતો. આ શહેર ટાઇબર નદીને કિનારે સાત ટેકરીઓ ઉપર સમુદ્રથી ૧૫ માઇલ દૂર બાંધવામાં આવેલું છે. બાદશાહ ઑગસ્તસ કાઇસારના વખતમાં આ શહેરની શોભા તથા આબાદી ઘણી વધારવામાં આવી હતી (ઇ. સ. પૂ. ૩૦). જ્યારે નવો કરાર લખવામાં આવ્યો ત્યારે આ શહેર ઘણું ધનવાન અને દુનિયાની લુટથી પુરૂં શણગારવામાં આવેલું હતું. આ વખતે આસરે ૧૨,૦૦,૦૦૦ માણસની વસ્તી શહેરમાં હતી. તેમાંના લગભગ અર્ધા ગુલામ હતા. આ વખતે શહેર ધનદોલતમાં, વૈભવમાં તેમજ દુરાચારમાં પુરૂં પ્રખ્યાતી પામ્યું હતું. આ શહેરની નીચે કેટલાક માઇલ સુધી એક ભોંયરૂં આવેલું છે, જે આશરે ૧૦ ફુટ ઉંચુ અને ૫ કે ૬ ફુટ પહોળું છે. તેને "કેટાકોમ્બ્સ" કહે છે. આ જગ્યામાં તે જમાનાના ખ્રીસ્તીઓ સતાવણીના વખતમાં આસરો લેતા, અને એકઠા થઇ પ્રાર્થના પણ કરતા, એટલુંજ નહિ પણ ખ્રીસ્તીઓની તે દફનભૂમિ પણ હતી. ઉપલી વપરાસમાં આ જગ્યા આસરે ૩૦૦ વર્ષ સુધી રહી. આજકાલ આ જગ્યામાં જઇને જોતાં મુસાફરોને ઘણી અજાયબી ઉપજે છે. વળી એક બીજી જગ્યા વિષે પણ જાણવાજોગ વાત છે, તે એક કેદખાનું છે, તેનું નામ "મામેર્ટાઇન" કહેવાય છે. આ કેદખાનું રૂમના ચોથા બાદશાહે બંધાવેલું કહેવાય છે. આ કેદખાનામાં એટલું અંધારૂં છે કે મશાલ સુદ્ધાં તેમાં ઉતરવું જોઇએ. આ કેદખાનામાં જેઓને નાખવામાં આવતા હતા તેઓ ભુખથી મરી જતા હતા. દુઃખની વાત કે કેટલા બધા માણસોએ આ સજા ભોગવી હશે. એવી દંતકથા ચાલે છે કે આ કેદ-

ખાનામાં પાઊલ તથા પીતરને નાખવામાં આવ્યા હતા. એ કારણ માટે ઘણા મુસાફરો આ કેદખાનું જોવા જાય છે. હાલના વખતમાં પાપાનું મુખ્ય મથક હોવાથી આ શહેર પ્રસિદ્ધ છે. ઇ. સ. ૧૮૩૦ માં ૧,૫૦,૦૦૦ ને આસરે તેમાં વસ્તી હતી, જેમાં ૧૦,૦૦૦ યહુદીઓ હતા. ઉપલા શહેર નીચેના ભોંયરામાંથી આસરે ૪૦૦૦ પુરાતન લેખો હાથ આવ્યા છે, જેમાંનો એક ઇ. સ. ૭૧ ની સાલનો છે. આ લેખો જોતાં રૂમની મંડળીનો રમુજી ભરેલો ઇતિહાસ હાથ આવે છે. ઇ. સ. ૧૮૭૧ માં આ શહેર પરથી પાપાનો અધિકાર રદ કરવામાં આવ્યો છે. અને રૂમ શહેર તે સંયુક્ત ઇટાલીનું મુખ્ય શહેર થયું છે. અને ઇટાલી સરકારના અધિકાર નીચે આવી ખ્રીસ્તી ધર્મને માટે દ્વાર પણ ઉઘડ્યું છે. પેન્ટીકોષ્ટ (પચાસમો દિવસ) ને દિવસે યરૂશાલેમમાં "રૂમી પ્રવાસીઓ" પણ આવ્યા હતા. અને તેઓએ પાછા જઇ સુવાર્તા પ્રગટ કરી હશે. તેથી ત્યાં મંડળી બંધાઇ હશે. (પ્રે. કૃ. ૨; ૧૦). પાઊલ રૂમમાં કેદી કરાયો અને બે વર્ષ સુધી ભાડાના ઘરમાં રહ્યો હતો (પ્રે. કૃ. ૨૮; ૩૦, ૩૧). આ વખતે પાઊલે ફીલીપીઓને, એફેસીઓને, કલોસીઓને તથા ફિલેમોનને પત્ર લખ્યા. અને કદાપી હેબ્રીઓને પણ (લખનાર પાઊલ હોય તો) એજ વખતમાં પત્ર લખ્યો હશે. જ્યારે પાઊલ રૂમમાં હતો ત્યારે લુક, આરીસ્તાર્ખસ (પ્રે. કૃ. ૨૭; ૧), તીમોથી (ફિલી. ૧; ૧ કલો. ૧; ૧), તુખીકસ (એફે. ૬; ૨૧), એપાફ્રોદીત (ફિલી. ૪; ૧૮) અને યોહાન માર્ક (કલો. ૪; ૧૦) તેના સાથી હતા. આ શહેરને પ્રકટીકરણમાં બાબેલોન કહેવામાં આવ્યું છે એમ કેટલાક માને છે (પ્રક. ૧૪; ૮: ૧૬; ૧૭: ૧૭; ૫, ૯: ૧૮; ૨, ૨૧).

રૂમીઓને પત્ર. પચાસી પર્વને દિવસે યરૂશાલેમ કેટલાક રૂમીઓ આવ્યા હતા. તેમણે પાછા જઇને ત્યાં નાની સરખી મંડળી સ્થાપન કરી હોય. વળી કલાદીયસ કાઇસાર (ઇ. સ. ૪૧-૫૪) રૂમનો બાદશાહ હતો. તેણે (ઇ. સ. ૫૨ માં રૂમમાંથી બધા યહુદીઓને નીકળી જવાનો હુકમ આપ્યો હતો. પણ પાછળથી આ હુકમ રદ જેવો થવાથી વેરાએલા યહુદીઓ રૂમમાં પાછા આવવા લાગ્યા. હવે વીખરાયલા યહુદીઓમાંના કેટલાકને પાઊલ મુસાફરીમાં મળ્યો હશે. તેની પાસેથી ખ્રીસ્તી ધર્મની વાત શિખીને તથા સ્વીકારીને તેઓએ રૂમમાં પાછા જઇને ત્યાં મંડળી સ્થાપન કરી હશે. રૂમી. ૧૬ માં મંડળીના ઘણાએક સભાસદોને ક્ષેમ કુશળ કહેવામાં આવે છે. એ પ્રમાણે રૂમની મંડળીના અસલ સભાસદો યહુદી હશે, અને આગળ જતાં આસપાસના વિદેશીઓમાં સુવાર્તા પ્રગટ થઇ હશે. અને તેથી કરીને યહુદીઓ તેમ વિદેશીઓ મંડળીના સભાસદ થયા. અને આગળ જતાં તેમની સંખ્યા પહેલાંના કરતાં વધેલી માલૂમ પડે છે. તેમના ઉપર પાઊલે કરીંથ શહેરથી ઇ. સ. ૫૭ કે ૫૮ માં પત્ર લખ્યો, જે રૂમીઓને પત્ર કહેવાય છે. રૂમીઓના પત્રમાં ખ્રીસ્તી ધર્મના ધર્મ સિધાંતો સમાયલા છે. તેમાં સમાયલી મુખ્ય વાતો નીચે પ્રમાણે અધ્ય. ૧-૮ ખ્રીસ્તી ધર્મ સાર્વજનીક ધર્મ છે, માટે શુભ સમાચાર સર્વત્ર પ્રગટ કરવા જોઇએ. ૯-૧૧. ઇસ્રાએલી ભાસ હક વિષે બોધ, અને તે વિષેનો ખુલાસો. ૧૨-૧૬. નિતી વ્યવહારને લગતો બોધ, તથા ખાનગી જેવી ખબરો.

રૂમાહ = ટેકરી કે ડુંગર. ન્યા. ૯; ૪૧ માં અરૂમાહ નામ આવે છે તે અને આ રૂમાહ (૨ રા. ૨૩; ૩૬) તે બન્ને એક ને એકજ નામ હશે, જે શખેમની પાસે આવેલું હતું. બીજા કેટલાક ધારે છે કે ગાલીલમાં નાઝારેથની ઉત્તરે ૬ મૈલ ઉપર "ટેલ-રૂમેહ" નામનું ગામ છે, તે આ રૂમાહ હશે.

રૂહામાહ = દયા કરવી. હોશીઆની દીકરીને આ લાક્ષણિક નામ આપવામાં આવ્યું છે

(હોશી. ૨ ; ૧). હોશીઆ ૧ ; ૬, ૮ માં તેણીને લો-રૂહામાહ (દયા ન કરવી) એવું નામ આપ્યું છે.

રેઈ = મિત્રતા. દાઉદનાં જે માણસો આદોનિયાહની કુમકે ગયાં નહિ તેમાંનો એક આ માણસ હતો (૧ રા. ૧ ; ૮).

રેઉ = મિત્ર. શેમવંશી પેલેગનો પુત્ર (લુક ૩ ; ૩૫. ઉત્પ. ૧૧ ; ૧૮–૨૧. ૧ કાળ. ૧ ; ૨૫).

રેઉએલ = દેવનો મિત્ર. (૧) એસાવનો બાસમાથથી થએલો પુત્ર (ઉત્પ. ૩૬ ; ૪, ૧૦. ૧ કાળ. ૧ ; ૩૫). (૨) મીદ્યાનનો યાજક અને મુસાનો સસરો (નિર્ગ. ૨ ; ૧૮. ગણ. ૧૦ ; ૨૯). તેને યિથ્રો પણ કહે છે. જો રેઉએલ અને યિથ્રો તે એકજ નામ છે તો રેઉએલ તેનું ખરૂં નામ છે અને યિથ્રો તેનું પદ્વીસુચક નામ હશે (જુઓ યિથ્રો). (૩) ગાદપુત્રોની છાવણીનો અધીપતિ, એલ્યાશાફનો બાપ (ગણ. ૨ ; ૧૪). તેને ગણ. ૧ ; ૧૪ : ૭ ; ૪૨ માં દેઉએલ કહે છે. (૪) યિબ્નીયાહનો પુત્ર રેઉએલ (૧ કાળ. ૯ ; ૮).

રેઉબેન. ઉત્પ. ૨૯ ; ૩૨. યાકુબને લેઆહથી થએલો જેષ્ટપુત્ર. તેનું કરેલું પાપ ઉત્પ. ૩૫ ; ૨૨ માં બતાવવામાં આવ્યું છે, તેથી તેના બાપે એને શ્રાપ દીધો (ઉત્પ. ૪૯ ; ૪). તેણે યુસફની બાબતમાં પ્રેમ બતાવ્યો. યુસફને તેના ભાઇઓ મારી નાખવાનું કરતા હતા ત્યારે તેણે ખાડામાં નાખવાને અને તેનો જીવ બચાવવાને સલાહ આપી (ઉત્પ. ૩૭ ; ૨૧-૨૩). પોતાના બાપની પાસે બિન્યામીનને માટે તે જામીન થયો. અને પોતાના બે દીકરાના જીવ બિન્યામીનના જીવના જવાબમાં સોંપ્યા (ઉત્પ. ૪૨ ; ૩૭). તે પછી યાકુબ અને તેનું કુટુંબ મીસર દેશમાં ગયું (ઉત્પ. ૪૬ ; ૮ અને ઉત્પ. ૪૯ ; ૩, ૪) માં રેઉબેન વિષે જે લખવામાં આવ્યું તે પછી તેના વિષે કંઇ લખવામાં આવ્યું નથી. રેઉબેન યાકુબનો જેષ્ટપુત્ર (ઉત્પ. ૨૯ ; ૩૨ : ૩૦ ; ૧૪ : ૩૫ ; ૨૨, ૨૩ : ૩૭ ; ૨૧, ૨૨, ૨૯ : ૪૨ ; ૨૨, ૩૭. ગણ. ૨૬ ; ૫.

રેઉબેનીઓ. યાકુબના જેષ્ટપુત્રના વંશજો. જ્યારે યાકુબ પોતાના પરિવારને લઇને મીસર દેશમાં ગયો ત્યારે રેઉબેનને ચાર પુત્ર હતા (ઉત્પ. ૪૬ ; ૯). અને મીસરથી ઇસ્રાએલીઓ કનાન તરફ જવા નીકળ્યા ત્યારે રેઉબેનના કુટુંબો તથા તેઓનાં બાપોનાં ઘર પ્રમાણે તેઓની વીસ તથા તેથી વધારે વર્ષની ઉમરના બધા પુરૂષોની સંખ્યા ૪૬,૫૦૦ ની હતી. પણ અરણ્યમાં જ્યારે ઇસ્રાએલીઓની ગણતરી કરવામાં આવી ત્યારે તેઓ ઓછા થઇ ગયા હતા. તે વખતે આ વંશની સંખ્યા ૪૩,૭૩૦ ની થઇ હતી (ગણ. ૨૬ ; ૭). જ્યારે ઇસ્રાએલીઓએ યર્દનનો પૂર્વ ભાગ જીતી લીધો ત્યારે આ કુળે તથા ગાદ કુળે મુસાની વિનંતી કરી કે અમારે ઢોરઢાંક વધારે છે, અને ચારાને માટે અનુકુળ છે માટે અમને આ જગ્યા વતનને માટે આપો (ગણ. ૩૨). ત્યારે મુસાએ કહ્યું કે તમારામાંના લડવૈયા પુરૂષો અમારી સાથે યર્દનની પશ્ચિમે લડાઇ માટે આવો, અને જ્યારે તે દેશ જીતી લેવામાં આવે, ત્યારે તમે પાછા આવીને પૂર્વમાં વતન કરો. આ કુળને યર્દનની પૂર્વમાં બહુ નાનો ભાગ મળેલો છે, એટલે દક્ષિણે આર્નોન નાળાથી તે ઉત્તરે મૃત સમુદ્રની સીમા સુધીનો પ્રદેશ (યહો. ૧૩ ; ૧૫-૨૧, ૨૩) એટલે અમોરીઓના રાજા સીહોનનું સઘળું રાજ્ય. જેમ યર્દનની પશ્ચિમ બાજુ શિમઓન દક્ષિણમાં વસ્યો, તેમ પૂર્વ બાજુમાં રેઉબેન પણ દક્ષિણમાં વસ્યો. પૂર્વમાં રહેનાર અઢી કુળોએ હાગ્રીઓની, યટુરની, નાફીશની અને નોદાબની સાથે યુદ્ધ કીધું. અને તેઓની પાસેથી ૫૦ હજાર ઉંટ તથા ૨,૫૦,૦૦૦ ઘેટાં તથા બે હજાર ગધેડાં, અને એક લાખ માણસ લૂટમાંથી લીધાં, અને તેઓ ગિલઆદની પૂર્વે

બાજુના સઘળા પ્રદેશમાં તેઓની જગ્યામાં તંબુઓમાં વસ્યા (૧ કાળ. ૫; ૧૯). અરણ્યમાં રેઉબેનીઓની છાવણી દક્ષિણ બાજુએ થતી; અને તેની સાથે શિમઓન તથા ગાદ કુળની છાવણી થતી, અને તેઓના સૈન્યો પ્રમાણે તેમની ગણના ૧,૫૧,૪૫૦ની હતી (ગણ. ૨; ૧૦-૧૪: ૨૬; ૭-૧૦). દાથાન તથા અબીરામ એ બે મોટા પુરૂષો આ કુળમાં પેદા થયા. આખરે આ કુળે પોતાના દેવની વિરૂદ્ધ ઉલ્લંઘન કીધું. અને તેઓની મારફતે દેવે જે લોકોનો વિનાશ કરાવ્યો, તેઓના દેવોની પાછળ વંઠી ગયા. તે માટે પરમેશ્વરે તેઓની વિરૂદ્ધ આશ્શૂરના રાજા પુલનું તથા તિગ્લાથ પિલેસરનું મન ઉશ્કેર્યું. તેથી આ અઢી કુળોને પકડીને આશ્શૂર લઇ ગયો. આ તો કુળોનો પહેલો બંદિપ્રવાસ છે (૧ કાળ. ૫; ૨૫, ૨૬). રેઉબેનીઓ (ઉત્પ. ૪૮; ૫: ૪૯; ૩. પુન. ૩૩; ૬). પૂર્વમાં વસ્યા (ગણ. ૩૨. યહો. ૪; ૧૨: ૧૩; ૧૫-૨૩. ૧૮; ૭, ૨૨. ન્યા. ૫; ૧૫, ૧૬. ૧ કાળ. ૫; ૧૩, ૧૮. હઝ. ૪૮; ૬, ૭, ૩૧. પ્રક. ૭; ૫.) લેવીઓનાં શહેર (યહો. ૨૦; ૮: ૨૧; ૭, ૩૬. ૧ કાળ. ૬; ૩૩, ૭૮). દાથાન તથા અબીરામ આ કુળના હતા (ગણ. ૧૬; ૧. પુન. ૧૧; ૬). રેઉબેન-પુત્રો (યહો. ૧૫; ૬: ૧૮; ૧૭. ગણ. ૨૬; ૭. ૧ કાળ. ૫; ૬: ૧૧; ૪૨: ૨૭; ૧૬). રેઉબેનીઓ અને ગાદ (પુન. ૩; ૧૨, ૧૬: ૪; ૪૩: ૨૯; ૮. યહો. ૧; ૧૨: ૧૨; ૬: ૧૩; ૮: ૨૨; ૧. ૧ કાળ. ૧૨; ૩૭: ૨૬; ૩૨). દેશનીકાલ. (૨ રા. ૧૦; ૩૩. ૧ કાળ. ૫; ૨૫, ૨૬).

રેકેમ = ભરતકામ. (૧) જે પાંચ મીધાની સુજાઓને ઇસ્રાએલીઓએ મારી નાખ્યા તેમાંનો એક હતો (ગણ. ૩૧; ૮. યહો. ૧૩; ૨૧). (૨) હેબ્રોનપુત્રોમાંનો એક (૧ કાળ. ૨; ૪૩, ૪૪). (૩) બિન્યામીનના ભાગમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૮; ૨૭). (૪) મનાશ્શેહપુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૧૬).

રેખાબ = ઘોડેશ્વાર. (૧) બિન્યામીની રિમ્મોન બએરોથીનો દીકરો, અને ઇશ-બોશેથની ટોળીનો નાયક હતો. રેખાબ તથા બાઅનાહે મળી ઇશ-બોશેથને તેના પલંગ પર ઉંઘમાં હતો ત્યારે મારી નાખ્યો (૨ શમૂ. ૪; ૨-૯). (૨) યહોનાદાબ જે રેખાબીઓનો પિતૃ હતો તેનો બાપ (યિર્મે. ૩૫; ૨, ૩, ૫, ૧૮). ૨ રા. ૧૦; ૧૫, ૨૩. યિર્મે. ૩૫. નહે. ૩; ૧૪ માં જે રેખાબનું નામ આવે છે તે પણ ઘણું કરીને આજ રેખાબ હશે.

રેખાબીઓ. રેખાબના પુત્ર યહોનાદાબથી જે સંતાન થયું તેને રેખાબીઓ કહે છે. તેમનો સંબંધ કેનીઓની સાથે હતો, કેમકે રેખાબના પિતા હામ્માથથી કેનીઓ થએલા છે (૧ કાળ. ૨; ૫૫). આ લોકો ઇસ્રાએલીઓની સાથે પાલેસ્તાઇનમાં રહેતા હતા, ને તેઓમાં મળી ગયા હતા. મુસાએ એક કેની સ્ત્રી સાથે લગ્ન કર્યું હતું (ન્યા. ૧; ૧૬). વળી યાએલ હેબેર કેનીની સ્ત્રી હતી (ન્યા. ૪; ૧૭). શાઉલ રાજાએ પણ કેનીઓ ઉપર મહેરબાની દેખાડી હતી (૧ શમૂ. ૧૫; ૬). કેનીઓ ઘર અને ગામ વસાવી રહેતા હતા (૧ શમૂ. ૩૦; ૨૯), પણ રેખાબીઓ તેમના પિતા યહોનાદાબની આજ્ઞા માની શહેર બાંધી રહેતા નહિ, તેમજ દ્રાક્ષારસ કે દારૂ પીતા નહિ. તેઓને હુકમ હતો કે તંબુમાં આમતેમ રખડીને જીંદગી ગાળવી (યિર્મે. ૩૫; ૭). તેઓ પોતાના પિતા યોનાદાબની આજ્ઞા પાળતા. યિર્મેયાહના વખતમાં પણ તેઓ એજ નિયમ પ્રમાણે ચાલતા દેખાય છે (યિર્મે. ૩૫). ડૉ. વૉલ્ફ સાહેબ કહે છે કે અરબસ્તાનમાં મક્કાની પાસે ખૈબર નામની એક કોમ રહે છે, તે લોકો એમ કહે છે કે અમે એજ લોક છીએ કે જેના વિષે યિર્મેયાહ ભવિષ્યવાદી બોલે છે (યિર્મે. ૩૫), અને અમારામાં

પરમેશ્વરનાં વચનોની સાબીતી પુરી થાય છે. તેઓ કહે છે કે અમારી કોમમાં હાલ ૬૦ હજાર માણસ છે. મૃત સમુદ્ર પાસે એક કોમ દેખાય છે તેઓ એમ કહે છે કે અમે હામ્માથથી થએલા કેનીઓ છીએ. એક રેખાબી વિષે નહે. ૩ ; ૧૪ માં લખવામાં આવ્યું છે કે તેણે યરૂશાલેમના કોટની દીવાલો બનાવવાને પોતાનો હાથ ધાલ્યો.

રેખાહ = બાજુ. યહુદાહના પુત્રોમાંનો એક મુખ્ય માણસ (૧ કાળ. ૨ ; ૪૭).

રેગીઅમ = બાકોરૂં. ઇટાલીની દક્ષિણમાં મેસીનાની પાસે આવેલ એક શહેર હતું. પાઉલ રૂમ જતાં એક દિવસ ત્યાં રોકાયો હતો (પ્રે. કૃ. ૨૮ ; ૧૩). હાલ તેને તોગ્ગીઓ કહે છે.

રેગેમ = મિત્ર. ૧ કાળ. ૨ ; ૪૭.

રેગેમ-મેલેખ = રાજાનો મિત્ર. રાજા દાર્યાવેશના વખતમાં બંદીપ્રવાસમાંથી જે એ માણસોને યહુદીઓએ યરૂશાલેમમાં મંદિરની તપાસ કરવાને મોકલ્યા તેમાંનો એક હતો (ઝખા. ૭ ; ૨).

રેફાહ = દ્રવ્ય. આ નામનો એક માણસ હતો (૧ કાળ. ૭ ; ૨૫).

રેબા = ચોથો. મીદ્યાની જે પાંચ રાજાઓને ઇસ્રાએલીઓએ મારી નાખ્યા તેમાંનો એક (ગણ. ૩૧ ; ૮. યહો. ૧૩ ; ૨૧).

રેમફાન. આ નામનો શની ગ્રહને લગતો મિસરીઓનો એક દેવતા હતો. એમ દેખાય છે કે મિસરી લોક કેવળ પોતાનાજ દેવતાને માનતા એમ નહિ, પણ પરદેશી કોમના દેવતાઓને પણ માનતા હતા. આમોસ પોતાના પુસ્તકમાં આ દેવતાનું અરબી નામ કીયુન આપે છે (આમો. ૫ ; ૨૬). નવા કરારમાં તેને રેફાન કહે છે (પ્રે. કૃ. ૭ ; ૪૨). પરમેશ્વરે ઇસ્રાએલીઓ ઉપર કેટલી બધી મહેરબાની દેખાડી, તોપણ મિસરની મૂર્તિઓને મુકવા રાજી નહોતા (હઝ. ૨૦ ; ૭, ૮ : ૨૩ ; ૩).

રેમેથ = ઉંચી જગ્યા. રામાહ કે રામોથનું બીજું નામ રેમેથ છે (૧ કાળ. ૬ ; ૭૩. યહો. ૧૯ ; ૨૧). અને ઘણું કરીને યહો. ૨૧ ; ૨૯ માં તેને યાર્મુથ કહે છે.

રેશેફ = વિજળીનો ચમકારો. એફ્રાઇમી એક પુરૂષ હતો (૧ કાળ. ૭ ; ૨૫).

રેસા = પ્યાર. આપણા પ્રભુ ઇસુની વંશાવળીમાં આ નામ આવે છે તે ઝરૂબ્બાબેલનો પુત્ર હતો (લુક ૩ ; ૨૭).

રેસેન = ઝરાનું મુખ. નિમરોદે જે શહેરો બાંધ્યાં તેમાંનું આ એક પુરાતન શહેર હતું (ઉત્પ. ૧૦ ; ૧૨), જે નિનવેહ અને કાલાહની વચ્ચે આવેલું હતું. રેસેન તિગ્રીસ નદીની પૂર્વ ગમ આવેલું હતું. ઘણું કરીને "કરામલેસ્સ" નામના ખંડીએરને રેસેન ગણે છે.

રેસેફ = પત્થર. હારાન પાસે એક કિલ્લો હતો. ઘણું કરી તે ફ્રાત નદીની પશ્ચિમ બાજુ પર આવેલો હતો, જે સાન્હેરીબે જીતી લીધો (૨ રા. ૧૯ ; ૧૨. યશા. ૩૭ ; ૧૨).

રોગલીમ = ધોબીઓ. ગિલઆદમાં આવેલું એક શહેર હતું. અને બાર્ઝિલ્લાય ગિલઆદી ત્યાંનો રહીશ હતો (૨ શમૂ. ૧૭ ; ૨૭ : ૧૯ ; ૨૧). આ શહેર ઘણું કરીને માહનાઇમની પાસે હતું.

રોદસ = ગુલાબ. આશીયા મૈનરની નૈરૂત્યકોણમાં આવેલો એક ટાપુ છે. પાતારા અને કુશની વચ્ચે ૪૬ મૈલની લંબાઇ અને ૧૮ મૈલની પહોળાઇમાં આવે છે. પાઉલે પોતાની ત્રીજી મુસાફરીમાંથી પાછા ફરતાં ગ્રીસથી સુરિયા જતાં અહિં ઉતર્યો હતો (પ્રે. કૃ. ૨૧ ; ૧)

રોદા = ગુલાબ. યોહાન માર્કની મા મરિયમના ઘરમાં આ જુવાન છોડી રહેતી હતી. પીતર કેદખાનામાંથી છુટીને તે ઘેર ગયો, અને દરવાજો ખખડાવ્યો, તે સાંભળી રોદાએ દરવાજો ઉઘાડયો (પ્રે. કૃ. ૧૨ ; ૧૨–૧૫).

રોશ = શીર. (૧) બિન્યામીનના દીકરાઓમાંનો એક હતો (ઉત્પ. ૪૬ ; ૨૧). (૨) હઝ. ૩૮ ; ૨, ૩ : ૩૯ ; ૧. આ વાક્યોમાં જે ત્રણ નામ આવે છે તે વિષે કેટલાક ધારે છે કે આ ત્રણે સરદારો ત્રણ સ્કુથીઅન કોમના

છે, અને રોશ એ ત્રણમાંની એક કોમ છે, અને તેનો સરદાર માગોગ છે. યોશીયાહ રાજાના વખતમાં તેમણે યહુદાહ ઉપર ચઢાઇ કરી હતી. ગ્રીક ઇતિહાસક હેરોડોટસ કહે છે કે, સ્કુથીઓએ ૨૮ વર્ષ આશીઆ પર અધિકાર ચલાવ્યો.

રોહગાહ = બુમરાણ. આશેરપુત્રોમાંનો એક માણસ હતો (૧ કાળ. ૭ ; ૩૪).

લ

લટૂશીમ = હથોડાવાળો. આ નામનો અર્થ હથોડાવાળો એવો થાય છે, જે પરથી કેટલાએક એમ ધારે છે કે દદાનીઓમાં તેઓ હથીઆર બનાવવાનું કામ કરતા હશે. દદાનના ત્રણ પુત્રોમાંનો આ બીજો પુત્ર હતો. એ તો ઇબ્રાહીમનો પરપૌત્ર થાય (ઉત્પ. ૨૫; ૩).

લબાઓથ = સિંહણો. નેગબમાં યહુદાહ કુળનાં છેવાડે, ૨૯ નગરોમાંનું એક હતું. (યહો. ૧૫; ૩૨).

લબાનાહ = ચંદ્ર. નથીનીમ પુત્રોમાંનો એક હતો. (એઝ. ૨ ; ૪૫). તેને નહે. ૭. ૪૮ માં ‘લબાના’ કહે છે.

લબાનોન = સફેત. પાલેસ્ટાઇનની ઉત્તરમાં, સૌથી ઉંચા અને પ્રખ્યાત પહોડોની હારને લબાનોન કે “સિરિયાનો શ્વેત પર્વત” એવું નામ આપવામાં આવ્યું છે. કાકેસસ પર્વતથી દક્ષિણમાં આ પહાડોની બે હારો બની છે, પૂર્વ હારને આંટીલબાનોન અને પશ્ચિમ તરફની હારને લબાનોન કહે છે. બન્ને હારની વચ્ચે એક મોટી ખીણ બની છે (યહો. ૧૧ ; ૧૭), જે પાંચથી આઠ માઇલની પહોળી છે. તેને હાલ “એલ-બુકાઆ” કહે છે. આ ખીણનો પ્રદેશ બહુ ફળદ્રુપ છે. (૧) લબાનોન, જે પશ્ચિમ તરફની પહાડોની હાર, તેને ‘યાબેલ-એસ-શારકી’ કહે છે. પહાડોની આ હાર, લીઓનટેસ (Leontes) નદી જે લબાનોનની ખીણમાંથી નીકળી ભુમધ્ય સમુદ્ર તરફ પશ્ચિમમાં વળે છે, ત્યાંથી શરૂ થઇ ઇશાન કોણમાં આગળ વધી ‘એમેસા’ ના મેદાન કે હમાથના નાકા સુધી તેનો વિસ્તાર છે (ગણ. ૩૪ ; ૮. ૧ રા. ૮ ; ૬૫). અને એમ લબાનોન જે પશ્ચિમ હાર તેની કુલ લંબાઇ ૯૦ માઇલની છે. આ પશ્ચિમ હાર કે લબાનોન પર્વતની સરાસરી ઉંચાઇ ૬૦૦૦ થી ૮૦૦૦ ફુટની ગણવામાં આવે છે. તેનું એક ‘યાબેલ-મુખમેલ’ નામનું શિખર છે. તેની ઉંચાઇ ૧૦,૨૦૦ ફુટની અને બીજું એક ‘સાન્નીન’ નામનું શિખર છે, તેની ઉંચાઇ ૯,૦૦૦ ફુટની છે. સૌથી ઉંચું શિખર નિરંતર હિમ અને બરફથી ઢંકાએલું રહે છે. શિકારી જંગલી જનાવરો ત્યાં વસતાં હતાં (૨ રા. ૧૪; ૯. સુ. ગી. ૪ ; ૮). આ પર્વતની પૌઢતા અને સુંદરતા સાથે શાસ્ત્રની ઘણી વાતો જોડાએલી છે (ગીત. ૨૯ ; ૫, ૬ : ૭૨ ; ૧૬ : ૧૦૪ ; ૧૬-૧૮. સુ. ગી. ૪ ; ૧૫. યશા. ૨ ; ૧૩ : ૩૫ ; ૨ : ૬૦ ; ૧૩. હોશી. ૧૪; ૫). પહાડો, ત્યાંનાં એરેજવૃક્ષો (સુ. ગી. ૫ ; ૧૫), દ્રાક્ષરસ (હોશી. ૧૪ ; ૭), અને થંડાં પાણી (યર્મે. ૧૮ ; ૧૪) ને માટે પ્રખ્યાત હતાં. ત્યાંના અસલ વતનીઓ ગબાલીઓ (યહો. ૧૩ ; ૫) અને હિવ્વીઓ (ન્યાય. ૩ ; ૩) હતા, અને તેમના ઉપર સીદોનીઓનો અમલ હતો (૧ રા. ૫ ; ૨-૬). આ પહાડોમાં લોઢું અને કોલસા કેટલાક પ્રમાણમાં છે (સરખાવો પુન. ૮ ; ૯ : ૩૩ ; ૨૫) ; વળી પહાડ સફેત પત્થરોનો બનેલો છે, તેથી દુરથી તે ઘણો સુંદર દેખાય છે. લબાનોન પર્વત વિષેની પ્રથમ વાત પાલેસ્તાઇનની સીમા બતાવતાં શાસ્ત્રમાં આવે છે (પુન. ૧ ; ૭ : ૧૧ ; ૨૪). આ પ્રદેશ ઇસ્રાએલીઓને વતનમાં વહેંચી આપવામાં આવ્યો હતો, પણ કદી તેઓ તેને જીતીને તાબે કરી શકયા નહિ (યહો. ૧૩ ; ૨-૬. ન્યાય. ૩ ; ૧-૧૩). હાલ લબાનોનમાં, ૩,૦૦,૦૦૦ ખ્રીસ્તીઓ રહે છે અને તેઓ ઉપર ખ્રીસ્તી હાકેમ છે. (૨) પહાડોની પૂર્વ હારને આન્ટીલબાનોન કે ‘ઉગમણી તરફનો લબાનોન’

કહે છે (યહો. ૧૩; ૫). એમેસાના મેદાન કે હામાથના નાકાથી માંડી દક્ષિણમાં ગાલીલના પહાડો સુધી આ હાર જાય છે. આ પહાડોની ઉંચાઇ આસરે ૫૦૦૦ ફુટની છે, તેમાં સૌથી ઉંચુ શિખર હેર્મોન છે (સુ. ગી. ૭; ૪). આન્ટીલબાનોનમાં જે લોકો વસે છે તેઓ મુસલમાન છે અને તેઓ ઉપર તુર્કી સરકારનો અધિકાર છે. પહાડોની આ હારમાં જંગલી જનાવરો ઘણાં રહે છે. લબાનોન (પુન. ૧; ૭: ૩; ૨૫: ૧૧; ૨૪. યહો. ૧; ૪: ૯; ૧: ૧૧; ૧૭: ૧૨; ૭: ૧૩; ૫, ૬. ન્યા. ૩; ૩: ૯; ૧૫. ૧ રા. ૫; ૬, ૯, ૧૪: ૯; ૧૯: ૨ કાળ. ૨; ૮, ૧૬: ૮; ૬: ૯; ૧૬, ૨૦. એઝ. ૩; ૭). લબાનોનના અરણ્યનું ઘર (૧ રા. ૭; ૨: ૧૦; ૧૭, ૨૧). લબાનોનના ઉંટકંટા (૨ રા. ૧૪; ૯. ૨ કાળ. ૨૫; ૧૮). લબાનોનને કુદાવે છે (ગીત. ૨૯; ૬). લબાનોનનાં એરેજ વૃક્ષો (ગીત. ૨૯; ૫: ૧૦૪; ૧૬. યશા. ૨; ૧૩: ૧૪; ૮. નિર્ગ. ૨૭; ૫). લબાનોનનું બરફ (યિર્મે. ૧૮; ૧૪). લબાનોનની સુંદરતા (ગીત. ૭૨; ૧૬: ૯૨; ૧૨. યશા. ૩૫; ૨: ૬૦; ૧૩. હોશી. ૧૪; ૫ ૭). લબાનોનનો પરાજય (યશા. ૧૦; ૩૪: ૩૩; ૯. યિર્મે. ૨૨; ૨૩. હઝ. ૩૧; ૩, ૧૫, ૧૬. નાહૂ. ૧; ૪. ઝખ. ૧૧; ૧). તે સિવાય જુઓ (૨ રા. ૧૯; ૨૩. સુ. ગી. ૩; ૯: ૪; ૮, ૧૧, ૧૫: ૫; ૧૫. યશા. ૨૯; ૧૭: ૩૭; ૨૪: ૪૦; ૧૬. યિર્મે. ૨૨; ૬, ૨૦. હઝ. ૧૭; ૩. હબા. ૨; ૧૭. ઝખ. ૧૦; ૧૦. વળી સુ. ગીત. ૭; ૪).

લમૂએલ = દેવઅર્પિત. આ નામનો એક રાજા હતો કે જેને તેની માએ દેવવાણી શિખવી હતી (દૃષ્ટાં. ૩૧; ૧). લમૂએલ તથા તેની મા વિષે આપણે ઇતિહાસમાં કશું શિખતા નથી. પણ યહુદી લોક કહે છે કે લમૂએલ તેમાં સુલેમાન સમજવો. વળી ઉપલા વાક્યનો તરજુમો બીજી રીતે પણ થઇ શકે, એટલે "માસાનો રાજા લમૂએલ તેની વાતો."

લહાબીમ (ઉત્પ. ૧૦; ૧૩. ૧ કાળ. ૧; ૧૧). મીસરાઇમપુત્રોમાંનો એક.

લહી = જડબાનું હાડકું. યહુદાહમાં આ નામની એક જગ્યા આવેલી હતી, ત્યાં આગળ શામશૂને પલિસ્તીઓને હરાવ્યા હતા ને ગધેડાના જડબાથી એક હજાર માણસોને માર્યા હતા (ન્યા. ૧૫; ૯, ૧૪, ૧૬). આ વખતે શામશૂન બહુ તરસ્યો થયો ત્યારે યહોવાહે લહીમાં એક ખાડો હતો ત્યાં ફાટ પાડીને શામશૂનને પાણી પાયું હતું, તેથી કરીને તે જગ્યાનું નામ "એન-હાક્કોરે" પાડયું (= હાંક મારનારનો ઝરો).

લાઅડાહ = નિયમ (?). યહુદાહપુત્રોમાંનો શેલાહનો પુત્ર (૧ કાળ. ૪; ૨૧).

લાઅદાન = નિયમમાં મુકવું. (૧) આ નામનો એક એફ્રાઇમી પુરૂષ હતો. તેનો પૂર્વજ યહોશુઆ હતો (૧ કાળ. ૭; ૨૬). (૨) લેવી ગેર્શોની (૧ કાળ. ૨૩; ૭-૯: ૨૬; ૨૧). તેને નિર્ગ. ૬; ૧૭ માં લિબ્ની કહે છે.

લાઇશ = સિંહ. (૧) પાલેસ્તાઇનની ઉત્તરે સિદોનીઓનું આ શહેર આવેલું હતું (ન્યા. ૧૮; ૭, ૧૪). તેને યહો. ૧૯; ૪૭ માં 'લેશેમ,' અને ન્યા. ૧૮; ૭, ૨૯. યિર્મે. ૮; ૧૬ માં 'દાન' કહે છે. આ શહેર યરદન નદીના મુળ પાસે કાઇસારીઆ ફિલીપીથી આસરે ૪ માઇલ દૂર આવેલું હતું. જે અરસામાં ઇસ્રાએલમાં કોઇ રાજા ન હતો તે વખતમાં દાન કુળનાં છસેં માણસ યુદ્ધશસ્ત્ર સજીને આ શહેર ઉપર ચઢી ગયા અને તેને જીતી લીધું, અને તેઓએ પોતાના પૂર્વજના નામ પ્રમાણે તેનું નામ દાન પાડ્યું. જ્યાં સુધી દેવનું ઘર સિલોહમાં રહ્યું ત્યાં સુધી તેઓએ મિખાહની કોરેલી મૂર્ત્તિને પોતાને સારૂ સ્થાપિત કરી. આ લાઇશ અને તેની આજુબાજુનો પ્રદેશ બહુ ફળદ્રુપ હતો. હાલ તેના ખંડિ-

ચેરને 'તેલ-એલ-કાદી' (ન્યાયાધીશોનો ટેકરો) કહે છે, તે મેરોમના સરોવરની ઉત્તરમાં આવેલ છે (ન્યાય. ૧૧; ૫). (૨) લાઇશાહ નામની એક જગ્યા કે શહેરનું નામ આપવામાં આવ્યું છે. તે ઘણું કરીને હાલનું 'એલ-ઇસાવીયેહ' હશે. તે યરૂશાલેમથી ઇશાન કોણમાં એક માઇલ દૂર આવેલ છે (યશા. ૧૦; ૩૦). (૩) શાઉલની દીકરી અને દાઉદની વહુ મીખાલના વર પાલ્ટીનો પિતા આજ નામનો હતો (૧ શમૂ. ૨૫; ૪૪. ૨ શમૂ. ૩; ૧૫).

લાએલ = પ્રભુ સંબંધીનું. ગેર્શોનીઓના બાપોના ઘરનો અધિપતિ એલ્યાસાફના પિતાનું નામ લાએલ હતું (ગણ. ૩; ૨૪).

લાઓદીકીઆ. એ શહેર ફ્રુગીઆ અને લુદીઆ પ્રાંતની સરહદ પર એફેસસ શહેરની પૂર્વમાં ૪૦ માઇલ ઉપર 'લીકસ' ના કિનારા ઉપર આવેલું હતું (પ્રક. ૩; ૧૪). એશીઆ માઇનરની પુરાતન સાત મંડળીઓમાંની એક આ શહેરમાં હતી. પ્રથમ આ શહેરનું નામ દીઓસપોલીસ અને ત્યાર પછી હોસ હતું. પણ ત્યાર પછી સિરીયાના રાજા આન્ટિઓખસ બીજાએ આ શહેરને ફરી બંધાવ્યું અને પહેલાંના કરતાં તેને વધારે સણગાર્યું, અને ત્યાર પછી શહેરનું નામ બદલી પોતાની રાણી 'લાઓદીસ' (Laodice) ના નામ પરથી તેનું નામ લાઓદીકીઆ પાડ્યું. પુરાતન વખતમાં એશીઆમાઇનરનાં પ્રખ્યાત શહેરોમાંનું એક શહેર આ હતું, અને ખ્રીસ્તી ધર્મપ્રસારની શરૂઆતમાં ત્યાં મંડળી સ્થાપન થઇ હતી (કલો. ૨; ૧: ૪; ૧૫. પ્રક. ૧; ૧૧: ૩; ૧૪). હાલ આ જગ્યા ખંડિયેર અવસ્થામાં છે, અને તુર્ક લોકો તેને "એસ્કીહીસ્સાર" (પુરાતન ગઢ) એવું નામ આપે છે. એમ દેખાય છે કે પાઉલ જ્યારે એફેસસ શહેરમાં હતો ત્યારે અહીંના લોકોને તેણે સુવાર્તાની વાત જણાવી હશે, (પ્રે. કૃ. ૧૯; ૧૦), પણ પાઉલ પોતે કદાપી ત્યાં ગયો નહિ હશે. ત્યાંના ભાઇઓ ઉપર પાઉલે એક પત્ર લખેલો છે એમ કલો. ૪; ૧૬ પરથી જણાય છે, પણ તે ખોવાઇ ગયું છે. કેટલાએક ધારે છે કે 'લાઓદીકીઆથી જે પત્ર' તેમાં એફેસીઓનો પત્ર આપણે સમજવું.

લાક્કૂમ = ફળદ્રુપ ભૂમિ. આ જગ્યા નાફતાલીની ઇશાન સરહદ ઉપર મેરોમ સરોવરની દક્ષિણમાં થોડે દૂર આવેલી હતી (યહો. ૧૯; ૩૩).

લાખીશ = અજીત. પાલેસ્તાઇનના 'શેફેલાહ' ના મેદાનમાં આવેલું કનાનીઓની રાજધાનીનું મુખ્ય શહેર હતું (યહો. ૧૦; ૩, ૫: ૧૨; ૧૧). આ શહેર ઇસ્રાએલીઓએ જીતી લીધું અને તેનો નાશ કીધો (યહો. ૧૦; ૩૧-૩૫). ત્યાર પછી ૪૭૬ વર્ષ બાદ રહાબઆમે યહુદાહના રક્ષણાર્થે તેને કિલ્લાબંધ નગર કીધું (૨ કાળ. ૧૧; ૯). ત્યાર પછી આસરે ૧૬૫ વર્ષ બાદ યહુદાહના રાજા અમાસ્યાહની વિરૂદ્ધ યરૂશાલેમના લોકે બળવો કીધો, ત્યારે અમાસ્યાહે લાખીશમાં ભરાઇ આશરો લીધો હતો, અને ત્યાં તેઓએ તેને કતલ કીધો હતો (૨ રા. ૧૪; ૧૯). ત્યાર પછી આશૂરના રાજા સાન્હેરીબે યહુદાહના રાજા હિઝકીયાહના વખતમાં ઘણું કરીને લાખીશ શહેર જીતી લીધું (૨ રા. ૧૮; ૧૪, ૧૭: ૧૯; ૮. યશા. ૩૬; ૨). આ વિષેની નોંધ 'કોયુનજીક' (Kouyunjik) ના મહેલમાંથી મળી આવેલી પત્થરની પાટો પર લીવેલી છે. તે પાટો હાલ 'બ્રીટીશ મ્યુઝીઅમ' માં રાખવામાં આવી છે. તે લેખમાં લખવામાં આવ્યું છે કે, "આશૂરના મહાન રાજા સાન્હેરીબે લાખીશની સામે ઇન્સાફની ગાદી ઉપર બેસી એમ કહ્યું કે, હું અહીંના લોકોની કતલ કરવાની રજા આપું છું." બાબેલના રાજા નબૂખાદનેસ્સારના વખતમાં લાખીશ શહેર યહુદાહના કિલ્લાબંધ નગરોમાંનું એક હતું. બંદિપ્રવા-

સના વખત પછી યહુદીઓએ આ શહેરને ફરી વસાવ્યું એમ લાગે છે (નહે. ૧૧; ૩૦). હાલ તે શહેરનું ખંડિયેર, ટેલ-એલ-હેસી' નામથી ઓળખાય છે. કેટલાક લોકો એમ કહે છે કે મિસરની સડક પર ઐજલુનથી બે મૈલ ઉપર એક શહેરનો ખરાબો જોવામાં આવે છે, તે પુરાતન લાખીશ હશે. અમોરીઓનું શહેર (યહો. ૧૦; ૩, ૫, ૨૩, ૩૧–૩૫: ૧૨; ૧૧). યહુદાહને આપવામાં આવ્યું (યહો. ૧૫; ૩૯. ૨ રા. ૧૪; ૧૯: ૧૮; ૧૪, ૧૭: ૧૯; ૮. ૨ કાળ. ૧૧; ૯: ૨૫; ૨૭: ૩૨; ૯. નહે. ૧૧; ૩૦. યશા. ૩૬; ૨: ૩૭; ૮. યિર્મે. ૩૪; ૭. મીખા. ૧; ૧૩).

લાજરસ = યહોવાહની સાહ્ય. (૧) લાજરસનું હેબ્રી નામ એલઆઝાર છે, જેનો અર્થ યહોવાહની સહાય એવો થાય છે. લાજરસ અને તેની બહેનો માર્થા તથા મરિયમ બેથાનીઆમાં રહેતાં હતાં. તેમના વિષે લખવામાં આવ્યું છે કે, "તેમના ઉપર ઇસુ પ્રેમ કરતો હતો." ઇસુ ખ્રીસ્તે મરણમાંથી જે ત્રણને જીવતાં કીધાં તેમાંનો એક લાજરસ હતો. ત્રણ મરેલાં મુડદાંને ઇસુએ સજીવન કર્યાં પણ ત્રણેમાં થોડો ફેર દેખાય છે. યાઐરસની દીકરી મરી ગઇ અને તેને જીવતી કરી. વિધવાનો દીકરો મરી ગયો અને તેને ઠાઠડીમાં ઘાલી લઇ જતા હતા અને તેને જીવતો કર્યો. અને લાજરસ મરણ પામ્યો એટલુંજ નહિ પણ તેને કબરમાં મુક્યાને ચાર દિવસ થયા, અને તેને જીવતો કીધો. એજ પ્રમાણે ઇસુ ત્રણ પ્રકારના આત્મિક મરણથી પણ પાપીને જીવતા કરે છે. ઇસુ લાજરસ પર એટલો પ્યાર રાખતો હતો કે તેની કબરે 'ઇસુ રડ્યો.' આ ચમત્કારથી, એટલે લાજરસને જીવતો કરવાથી યહુદીઓમાં સારી અસર ફેલાવાને બદલે તેઓ ઇસુને તથા લાજરસને મારી નાખવાનો મનસુબો કરવા લાગ્યા. લાજરસ તેની બે બહેનોથી ઘણું કરીને નાનો દેખાય છે, કેમકે તેના કરતાં તેની બહેનોનો અખત્યાર વધારે જણાય છે (યોહા. ૧૧; ૧: ૧૨; ૨). સીમોન કોઢીયો લાજરસનો મિત્ર જણાય છે (માત્થી ૬; ૬). લાજરસ અને તેની બહેનોનાં નામ માત્ર યોહાનની સુવાર્તામાં આવે છે, તેનું કારણ એ હશે કે માત્થી તથા માર્કની સુવાર્તા લખવામાં આવી ત્યારે લાજરસ અને તેની બહેનો જીવતાં હશે, માટે લખનારના મનમાં એવી બીક હોય કે જો યહુદી લોકો તે વાત જાણશે તો તેમને મારી નાખશે; પણ યોહાનની સુવાર્તા લખતાં એવી બીક દૂર થઇ હશે, એટલે તેઓ મરણ પામ્યાં હશે, માટે તે પોતાની સુવાર્તામાં ત્રણેનાં નામ આપે છે. ઉપલી વાત સંભવિત દેખાય છે. લાજરસ વિષે યહુદી લોકોમાં એવી દંતકથા ચાલતી હતી કે લાજરસ જયારે ત્રીસ વર્ષની ઉમરનો હતો ત્યારે મરણ પામ્યો, અને ખ્રીસ્તના જીવતા કીધા પછી પણ તે ત્રીસ વર્ષ જીવ્યો, એટલે કુલ્લે ૬૦ વર્ષ લાજરસ જીવ્યો. (૨) શ્રીમંત અને ગરીબ લાજરસ (લુક ૧૬; ૧૯–૨૫).

લાપીદોથ = મશાલ. દબોરાહ ભવિષ્યવાદેણ 'લાપીદોથની વહુ' કહેવાય છે (ન્યાય. ૪; ૪). કેટલાક માણસો ધારે છે કે લાપીદોથ તે વિશેષ નામ નથી પણ એક લાક્ષણિક નામ છે.

લાબાન = સફેદ; ગોરૂં. (૧) ઇબ્રાહીમના ભાઇ નાહોરના પુત્ર બથુએલનો પુત્ર લાબાન હતો. તે ઇસ્હાકની સ્ત્રી રિબ્કાહનો ભાઇ અને રાહેલ અને લેઆહનો પિતા થાય. લાબાન મેસોપતામીઆના હારાનમાં રહેતો હતો (ઉત્પ. ૨૪). તેણે જો કે ઇબ્રાહીમના ચાકરનો તથા યાકુબનો પ્રથમ સારો આવકાર કીધો હતો તો પણ લાબાન સ્વાર્થી, લોભી, અને ચંચળ સ્વભાવનો દેખાઇ આવે છે. યાકુબ લાબાન પાસે નાસી જઇ તેને ત્યાં રહ્યો હતો (ઉત્પ. ૨૭; ૪૩: ૨૮; ૨, ૫: ૨૯; ૫–૨૯: ૩૦; ૨૫–૪૨: ૩૧; ૧–૨૪), અને લાબાને યાકુબ સાથે ઠગાઇ કરી હતી (ઉત્પ. ૩૧; ૨૫–૫૫).

(૨) આજ નામનું અરબસ્તાનમાં એક શહેર હતું (પુન. ૧ ; ૧). ઘણું કરીને તે 'લિબ્નાહ' હશે (ગણુ. ૩૩ ; ૨૦).

લામેખ = જંગલી માણુસ ; બળવાન. (૧) કાઇનની પાંચમી પેઢીમાં લામેખ જન્મ્યો. તેના પિતાનું નામ મથૂશાએલ હતું. લામેખ ત્રણ વાતને માટે પ્રસિદ્ધ છે: (૧) દુનિયામાં પ્રથમ જેણે બે સ્ત્રીઓ કરી તે લામેખ હતો (ઉત્પ. ૪; ૧૯). (૨) તેના બે પુત્રોમાંનો જ્યેષ્ઠ યાબાલ તે પ્રથમ ઘેટાંપાળક હતો, અને બીજો પુત્ર તૂબાલ-કાઇન તે ત્રાંબા તથા લોઢાનાં હથિયાર બનાવનાર પ્રથમ કારીગર હતો. તેમને એક બહેન હતી, તેનું નામ નાઅમાહ હતું. (૩) તેણે પોતાના બચાવને અર્થે એક માણુસને મારી નાખ્યો. જળપ્રલયની પહેલાં હવા શિવાય જે ત્રણ સ્ત્રીઓની હકીકત શાસ્ત્રમાં આવે છે તે લામેખની બે સ્ત્રીઓ આદાહ તથા સિલ્લાહ અને એક દીકરી નાઅમાહ વિષે છે (ઉત્પ. ૪ ; ૧૮–૨૪). લામેખે જે ગીત તેની સ્ત્રીઓની આગળ ગાયું તે સૌથી પુરાતન ગીત કહેવાય. "આદાહ તથા સિલ્લાહ, તમે મારી વાણી સાંભળો ; લામેખની સ્ત્રીઓ, મારી વાતને કાન ધરો ; કેમકે મને ઘાયલ કરવાના બદલામાં માણુસને, તથા મને વ્યથા કરવાના બદલામાં જુવાનને, મેં મારી નાખ્યો છે ; જો કાઇનનો (મારવાનો) બદલો સાતગણો લેવાશે, તો જરૂર લામેખનો સિત્તોતેરગણો લેવાશે." આ ગીતનો અર્થ વિદ્વાન લોકો જૂદી જૂદી રીતે કરે છે. તાલમૂદમાં આ ગીતને લગતી એવી દંતકથા ઉતરેલી છે કે, તૂબાલકાઇન ઘણો નાનો હતો ત્યારે એકવાર પોતાના પિતાની સાથે શિકાર કરવા ગયો, અને ત્યાર પછી એક શ્વાપદને બાણુ મારવાનું તેણે પોતાના પિતાને કહ્યું. પણુ લામેખ વૃદ્ધાવસ્થાને લીધે જોઇ શકતો ન હતો માટે જે તરફ પોતાના પુત્રે બતાવ્યું તે તરફ બાણુ છોડ્યું. પણુ એવું બન્યું કે કાઇન ત્યાંથી કેટલેક અંતરે ચાલતો હતો તેને આ બાણુ જઇ વાગ્યું અને તેથી તે મરણુ પામ્યો. પછી બન્ને બાપદીકરો ત્યાં ગયા તો માલમ પડ્યું કે શ્વાપદને બદલે કાઇન મરણુ પામ્યો છે, આ જોઇ લામેખ આશ્ચર્ય પામી હાથપર હાથ પછાડવા લાગ્યો, પણુ એવામાં તૂબાલ-કાઇન બે હાથની વચ્ચે આવી ગયો અને લામેખનો હાથ તેની ગરદન પર સખત વાગતાં તે પણુ ત્યાંજ મરણુ પામ્યો. પુત્રના મરણુની ખબર જ્યારે માતાઓને મળી, ત્યારે તેઓ લામેખનો ધિક્કાર કરવા લાગી. આ વખતે લામેખે ઉપલું ગીત ગાયું. હવે ઉપરની વાત સંભવીત દેખાય છે, કેમકે. ઉપલા ગીતમાં લામેખના હાથથી બે જીવની ખુઆરી થઇ એમ દેખાય છે. વળી બીજી તરફ જોતાં કાઇન સંબંધી કેટલાક ઉત્કૃષ્ટ લેખકો એવું લખે છે કે, તેનું સ્વરૂપ એવું ઉગ્ર હતું કે જેને જોવાથી હરકોઇને બીક લાગે. તો એવો શ્વાપદ જેવો માણુસ અજાણુપણે માર્યો જાય તે અસંભવિત નથી. (૨) આદમના પુત્ર શેથની સાતમી પેઢીમાં લામેખ જન્મ્યો. તના પિતાનું નામ મથૂશેલાહ હતું. તે એનો એકનોએક પુત્ર હતો. તેના દીકરાઓમાં નુહ સર્વેથી મોટો હતો (ઉત્પ. ૫ ; ૨૫–૩૧. લુક ૩ ; ૩૬. ૧ કાળ. ૧ ; ૩).

લાલ સમુદ્ર = સૂફ સમુદ્ર. ઘણું કરીને હેબ્રી ભાષામાં આ સમુદ્રને 'યામસૂફ' નામ આપવામાં આવ્યું છે. 'સૂફ' આ નામ લાલ સમુદ્રને કાંઠે ઉગતા જથાબંધ એક જાતના ઉન જેવા ઘાસને આપવામાં આવ્યું હતું. (નિર્ગ. ૧૦; ૧૯: ૧૩; ૧૮: ૧૫; ૪, ૨૨ : ૨૩ ; ૩૧. ગણુ. ૧૪; ૨૫ વિગેરે ઠેકાણાંમાં આ હેબ્રી નામનો તરજુમો કેટલીક આવૃત્તિમાં લાલ સમુદ્ર કરવામાં આવ્યો છે. લાલ સમુદ્ર, આ નામ યુનાનીઓએ આપેલું અર્વાચિન નામ છે, પણુ તનું પુરાતન નામ લાલ સમુદ્ર હતું એ નક્કી વાત નથી). કેટલાક ધારે છે કે સમુદ્રને લાલ

સમુદ્ર કહેવાનું કારણ એ હશે કે, સમુદ્રના પશ્ચિમ કાંઠા ઉપર જે પર્વતો આવેલા છે તેમના રંગ પરથી સમુદ્રને લાલ સમુદ્ર કહેતા હશે. બીજા કેટલાક એવું ધારે છે કે, સમુદ્રમાં લાલ રંગનાં પરવાળાં મળી આવે છે તેથી અથવા તો કોઇ વખતે સમુદ્રનાં પાણીનો રંગ લાલ જોવામાં આવે છે તેથી સમુદ્રને એ નામ આપવામાં આવ્યું હશે. નવા કરારમાં આ નામ સુએઝના અખાતને આપવામાં આવ્યું છે (પ્રે. કૃ. ૭; ૩૬. હેબ્રી. ૧૧; ૨૯). આ સમુદ્રને હેબ્રી લોકો "યામ મીસરાઇમ" (મિસરનો સમુદ્ર) કહેતા હતા (યશા. ૧૧; ૧૫), અને માત્ર 'સમુદ્ર' (હા-યામ) પણ કહેતા હતા (નિર્ગ. ૧૪; ૨, ૯, ૧૬, ૨૧, ૨૮. યહો. ૨૪; ૬, ૭. યશા. ૧૦; ૨૬. ઇત્ય.). આ સમુદ્ર આફ્રીકા ખંડથી એશિયા ખંડને જુદો પાડે છે. તે હિંદી મહાસાગરને જોડાયલો છે. બાબએલ-મંડબથી છેક ઉત્તરે સુએઝ સુધી સમુદ્રની લંબાઇ ૧૪૦૦ માઇલ અને પહોળાઇ આસરે ૨૦૦ માઇલની છે. વળી 'રાસ-મહમ્મદ' આગળથી સમુદ્રના બે ફાંટા કે અખાત થાય છે. પૂર્વના અખાતને અકાબાહનો અખાત કહે છે, જે આસરે ૧૦૦ માઇલ લાંબો અને ૧૫ માઇલ પહોળો છે. અને પશ્ચિમ ગમના ફાંટા કે અખાતને 'હેરૂપોલીટીકસ' કે સુએઝનો અખાત કહે છે, જે આસરે ૧૫૦ માઇલ લાંબો અને ૨૦ માઇલ પહોળો છે. આ અખાતનો સંબંધ સુએઝની સામુદ્રધુનીની મારફતે ભૂમધ્ય સમુદ્રની સાથે થયો છે. આ બે અખાતની વચ્ચે સિનાયનો દ્વિપકલ્પ આવેલો છે. પુરાતન વખતમાં આ સુએઝનો અખાત ઉત્તરમાં વધુ આગળ વધેલો હોવો જોઇએ. લાલ સમુદ્રનું કુલ ક્ષેત્રફળ ૧,૮૦,૦૦૦ ચોરસ માઇલનું છે. આ સમુદ્રના સંબંધમાં શાસ્ત્રમાં એક પ્રખ્યાત બિના આવે છે, એટલે ઇસ્રાએલીઓ આ સમુદ્રમાં ખુશ્કી માર્ગે પાર ગયા, પણ મિસરીઓ તેમ કરતાં ડુબી નાશ પામ્યા (નિર્ગ. ૧૪-૧૬. ગણ. ૩૩; ૮. પુન. ૧૧; ૪. યહો. ૨; ૧૦. ન્યા. ૧૧; ૧૬. ૧ રાજા. ૨૨; ૧૬. નહે. ૯; ૯-૧૧. ગીત. ૬૬; ૬. યશા. ૧૦; ૨૬. પ્રે. કૃ. ૭; ૩૬. ઇત્ય.).

લાશા = ફાટ. મૃત સમુદ્રની પૂર્વમાં આ જગ્યા આવેલી હતી (ઉત્પ. ૧૦; ૧૯). તેને ત્યાર પછી "કાલીરોહી" એવું નામ આપવામાં આવેલું છે. આ જગ્યા ત્યાંના ગરમ પાણીના ઝરાને માટે વખણાય છે. કનાનીઓની સીમ બતાવતાં પવિત્ર શાસ્ત્રમાં આ નામ આવે છે.

લાશ્શારોન. યહોશુઆએ જે ૩૧ રાજાઓને માર્યા તેમાંનો એક લાશ્શારોનનો રાજા હતો (યહો. ૧૨; ૧૮).

લાસાયા. ક્રેત ટાપુમાં આ નામનું એક શહેર આવેલું હતું. લીઓન્ડા ભૂશીરની પાસે 'સુંદર બંદર' ની પૂર્વમાં પાંચ માઇલ ઉપર હજી સુધી આ શહેરનું ખંડિયેર જોવામાં આવે છે (પ્રે. કૃ. ૨૭; ૮).

લાહમામ = તેઓનું શીર. યહુદાહના પ્રદેશમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૪૦). ઘણું કરીને તે હાલનું 'એલ-લાહમ' નું ખંડિયેર કે જે 'બૈત-જિબ્રીન' ની પાસે છે, તેજ હશે.

લાહમી = મારી રોટલી. લાહમી તે ગોલ્યાથનો ભાઇ હતો કે જેણે એલ્હાનાને કાપી નાખ્યો (૧ કાળ. ૨૦; ૫). તેના ભાલાનો દાંડો વણકરના તોર જેવો હતો.

લાહાદ = પીડવું. યહુદાહપુત્રોમાંનો યાહાથનો પુત્ર (૧ કાળ. ૪; ૨).

લિકહી = વિદ્યાનો શોખીલો (?). મનાશ્શેહના પુત્રોમાંના શમીદાના ચાર પુત્રોમાંનો ત્રીજો પુત્ર (૧ કાળ. ૭; ૧૯).

લિબ્નાહ = ધોળાશ. (૧) ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનું એક સ્થળ હતું (ગણ. ૩૩; ૨૦, ૨૧), પણ આ જગ્યા ક્યાં હતી તે માલમ નથી. (૨) યહોશુઆએ કનાનીઓનાં જે રાજકીય શહેરો લઇ લીધાં તેમાંનું આ એક હતું (યહો. ૧૦; ૨૯, ૩૨: ૧૫; ૪૨: ૨૧; ૧૩. ૧ કાળ. ૬; ૫૭). ત્યાર પછી

યહુદાહ કુળમાંથી જે નગરો યાજકપુત્રોને આપવામાં આવ્યાં તેમાંનું એક લિબ્નાહ હતું (યહો. ૨૧; ૧૩), જે કિલ્લાબંધ નગર બન્યું. યહુદાહના રાજા યહોરામના વખતમાં લિબ્નાહે દંગો કીધો (૨ રા. ૮; ૨૨. ૨ કાળ. ૨૧; ૧૦) પણ પછી થોડા વખતમાં લિબ્નાહ યહુદાહના કબજામાં આવ્યું એમ લાગે છે. આશ્શૂરના રાજા સાન્હેરીબે આ શહેરને ઘેરો ઘાલ્યો હતો પણ યહોવાહે અજાયબ રીતે શહેરનો બચાવ કીધો હતો (૨ રા. ૧૯; ૮. યશા. ૩૭; ૮). વળી રાજા યોશીયાહની રાણી હમૂટાલ તે આ શહેરની વતની હતી (૨ રા. ૨૩; ૩૧). આ શહેર લાખીશની પાસે આવેલું હતું, અને હાલ 'આરાક એલ-મેનશીયેહ' નામથી ઓળખાય છે.

લિબ્ની = શ્વેત. લેવી ગેર્શોનના પુત્રોમાંનો એક (નિર્ગ. ૬; ૧૭. ગણ. ૩; ૧૮. ૧ કાળ. ૬; ૧૭, ૨૦). જુઓ લાઅદાન.

લીનસ = સણનો છોડ. રૂમનો એક ખ્રીસ્તી સભાસદ હશે. પાઉલ પ્રેરિત રૂમથી તીમોથી ઉપર પત્ર લખે છે ત્યારે તેની સલામ મોકલે છે (૨ તીમો. ૪; ૨૧).

લીબયા = ઉજાડ ભૂમિ (પ્રે. કૃ. ૨; ૧૦). લૂબીઓનો દેશ (૨ કાળ. ૧૨; ૩: ૧૬; ૮. દાની. ૧૧; ૪૩). આ લૂબીઓ તે મિસરાઇમના વંશના હતા (ઉત્પ. ૧૦; ૧૩). લીબયા દેશ ભૂમધ્ય સમુદ્ર ઉપર મિસર દેશની પશ્ચિમમાં આવેલો હતો. પચાસી પર્વને દિવસે ત્યાંથી પણ માણસો યરૂશાલેમમાં આવેલા હતા (પ્રે. કૃ. ૨; ૧૦). કુરેની શહેર તેનાં પાંચ મુખ્ય શહેરોમાંનું એક હતું. જુના કરારમાં આ દેશને 'પૂટ' પણ કહે છે (હિઝ. ૩૦; ૫: ૩૮; ૫), અને ત્યાંના રહીશોને 'પૂટી' કહે છે.

લીબેરતીની = ગુલામીમાંથી છૂટેલાં માણસો. આ નામ શાસ્ત્રમાં માત્ર પ્રે. કૃ ૬; ૯ માં આવે છે. જે યહુદીઓ 'સિરિયન વૉર' માં રૂમ શહેરમાં કેદી કરાયા હતા અને ત્યાર પછી ઇ. સ. ૧૯ માં તેઓ છૂટકારો પામ્યા તેમાંના કેટલાએક યરૂશાલેમમાં આવીને વસ્યા અને તેઓએ પોતાની એક સમાજ સ્થાપી. આ સમાજને પોતાના છૂટકારાની યાદ ખાતર ઉપલું નામ આપ્યું છે. નહિ સમજવું કે લીબેરતીની નામનું કોઇ ગામ કે શહેર હતું.

લીવયાથાન = મગરમચ્છ. એ નામ એક મોટા ભયંકર જાનવરને આપવામાં આવે છે, પણ તે કયું જાનવર હશે તે વિદ્વાનોએ હજી નક્કી કર્યું નથી. કદાપિ તે મગરમચ્છ કે વ્હેલ નામની મોટી માછલી હોય. અયૂબના પુસ્તકમાં એ મોટા જબરા જનાવરનો તરજુમો મગરમચ્છ કીધો છે (અયૂ. ૪૧; ૧. ગીત. ૭૪; ૧૪: ૧૦૪; ૨૬). કોઇ વખતે મોટા અજગરને એ નામ આપવામાં આવ્યું છે (અયૂ. ૩; ૮); અને યશા. ૨૭; ૧ માં બે રાજ્યોને એ નામ આપવામાં આવ્યું છે, એટલે આશ્શૂરી અને બાબેલોનિયન.

લુઇસ. તીમોથીની વડીઆઇ માનું નામ લુઇસ હતું. પાઉલ તેના નિષ્કપટ વિશ્વાસ સંબંધી સાક્ષી આપે છે (૨ તીમો. ૧; ૫).

લુક (૨ તીમો. ૪; ૧૧). લુકને યુનાની ભાષામાં 'લુકાસ' કે 'લુકાનસ' કહે છે. (પ્રે. કૃ. ૧૩; ૧), અને રૂમી. ૧૬; ૨૧ માં જે 'લુકીઅસ' નામ આવે છે તે લુકથી જુદાં નામ છે. નવા કરારમાં લુકનું નામ માત્ર ત્રણજ વાર આવે છે, એટલે (કલો. ૪; ૧૪. ઇ. સ. ૬૨) 'વહાલા વૈદ.' (ફિલે. ૨૪) "માર્ક, આરીસ્તાર્ખસ, દેમાસ, લુક, મારા સાથી કામ કરનાર તને ક્ષેમકુશળ કહે છે" (ઇ. સ. ૬૨). (૨ તીમો. ૪; ૧૨. ઇ. સ. ૬૭) "એકલો લુક મારી સાથે છે." બીજાં કેટલાંક વાક્યોમાં લુકની સુચના કરવામાં આવી છે. પ્રે. કૃત્યમાં 'અમે' શબ્દમાં લુકની સુચના કરવામાં આવી છે. જેમકે (પ્રે. કૃ. ૧૬; ૧૦-૧૭: ૨૦; ૫-૧૫: ૨૧; ૧-૧૮: ૨૭; ૧-૩૭: ૨૮; ૧૦-૧૬). વળી એટલુંજ નહિ પણ બીજાં ત્રણ વાક્યોમાં

લુકની સુચના છે એમ લાગે છે, પણ તે ખાતરીની વાત નથી. (૨ કરીં. ૮; ૧૮-૨૨) "જેની કીર્ત્તિ સુવાર્તા વિષે સર્વ મંડળીઓમાં છે." (ફિલિ. ૪; ૩) "ખરો સોબતી." (લુક ૨૪; ૧૩-૩૫) "તેઓમાંના બે." લુક ૧; ૨ માં લુક પોતે બતાવે છે કે આરંભથી જે નજરે જોનારા તથા વચનના સેવકો હતા તેમાંનો પોતે નથી. આ તો વિદેશી સુવાર્તિક હતો, કદાપિ તે અંત્યોખમાં જન્મ્યો હોય (ઇ. સ. ૧-૨૦), અને તારસસમાં વૈદ વિદ્યાનો અભ્યાસ કર્યો હોય, અને ત્યાર પછી ત્રોઆસમાં તે પોતાનો વૈદનો ધંધો કરતો હશે. આ વખતે તેની પાઉલ સાથે મુલાકાત થઇ (ઇ. સ. ૫૨), અને તે ખ્રીસ્તી થયો હશે. પછી પાઉલ સાથે તે ફિલિપી સુધી ગયો. આ વખતે પાઉલ બંદિખાનામાં પડયો પણ લુક તેની સાથે બંધનમાં નહોતો, તેમજ બંધનમાંથી છૂટયા બાદ પણ આ વખતે લુક તેની સાથે મુસાફરીમાં આગળ ગયો નહિ (પ્રે. કૃ. ૧૭; ૧). પણ એમ લાગે છે કે લુક અહીં ફિલિપીમાંજ સાત આઠ વર્ષ રહ્યો, અને પાઉલ જ્યારે ત્રીજી વખતે ફિલિપીમાં આવ્યો (૨૦; ૫, ૬) ત્યારે લુક તેને મળ્યો અને આ વખતે પાઉલ મંદવાડમાં આવી પડ્યો (૨ કરીં. ૧; ૯, ૧૦ : ૪; ૧૦-૧૨, ૧૬. ૨ કરીં. ૫; ૨-૪), અને તેથી કરીને લુક વૈદ ફરીને તેનો સાથી થયો અને ત્યાર પછીની બધી મુસાફરીમાં લુક પાઉલનો સાથી થયો (૨૦; ૬-૨૧; ૧૮). ત્યાર પછી કાઇસારીઆ અને યરૂશાલેમમાં પાઉલ કેદી થયો ત્યારે લુક દેખાતો નથી, પણ રૂમ જવાને નીકળે છે ત્યારે ફરી લુક પાઉલની સાથે થાય છે (૨૮; ૨ : ૨૭; ૧) ને ત્યારથી અંત સુધી તે પાઉલની સાથે રહ્યો. પાઉલ અને લુક વચ્ચે પરસ્પર સારો પ્રેમ હતો એમ દેખાય છે. દંતકથા એવી ચાલે છે કે લુક વૈદ હતો એટલુંજ નહિ પણ તે ઉપરાંત ચિતારાનું કામ કરતો હતો અને એમ મરિયમ કુંવારીના સાત ચિત્રો તૈયાર કર્યાને લીધે તે વિશેષ પ્રખ્યાતી પામ્યો. ૮૪ વર્ષની ઉમરે ગ્રીસ દેશમાં જૈતુન ઝાડ પર ટાંગીને તેને મારી નાંખવામાં આવ્યો, તે શિવાય પ્રાચીનકાળથી એક એવી વાત ઉતરી છે કે લુક કમોતે મરણ પામ્યો નથી, પણ બિથુનીઆ પ્રાંતમાં સાધારણ રીતે મંદવાડથી મરણ પામ્યો હતો.

લુકની સુવાર્તા. સુવાર્તિક લુકે લુકની સુવાર્તા તથા પ્રેરિતોનાં કૃત્યનું પુસ્તક લખ્યું છે. પ્રેરિતોનાં કૃત્ય ઇ. સ. ૬૩ માં લખવામાં આવ્યાં છે, તો લુકની સુવાર્તા તે પહેલાં લખવામાં આવી હશે. બન્ને પુસ્તક 'શ્રેષ્ઠ થેઓફીલ' ઉપર લખવામાં આવ્યાં છે. કેટલાક ધર્મશાસ્ત્રીઓનો મત એવો છે કે, થેઓફીલ નામનો કોઇ અમુક માણસ ન હતો, પણ જે જે 'દેવના મિત્ર' છે તેમને થેઓફીલ નામ આપીને તેમના ઉપયોગને અર્થે આ બન્ને પુસ્તક રચવામાં આવ્યાં છે. **પૃથક્કરણ.** ૧-૨. ઇસુનો જન્મ તથા બાલ્યાવસ્થા. ૩-૪. ઇસુનું બાપ્તિસ્મા તથા પરીક્ષણ. ૫-૮. ગાલીલમાં ધર્મસેવા. ૯-૧૮. પેરીઆ અને ઉત્તર પ્રાંતમાં ધર્મસેવા. ૧૯-૨૩. દુ:ખ સહન, મરણ, દફન. ૨૪. પુનરૂત્થાન, સ્વર્ગારોહણ. સરખાવો—

લુક. ૪; ૨૨ = કલો. ૪; ૬.
" ૪; ૩૨ = ૧ કરીં. ૨; ૪.
" ૬; ૩૬ = ૨ કરીં. ૧; ૩.
" ૬; ૩૯ = રૂમી. ૨; ૧૯.
" ૯; ૫૬ = ૨ કરીં. ૧૦; ૮.
" ૧૦; ૮ = ૧ કરીં. ૧૦; ૨૭.
" ૧૧; ૪૧ = તીત. ૧; ૧૫.
" ૧૮; ૧ = ૨ થેસ. ૧; ૧૧.
" ૨૧; ૩૬ = એફે. ૬; ૧૮.
" ૨૨; ૧૯, ૨૦ = ૧ કરીં. ૧૧; ૨૩-૨૯.
" ૨૪; ૪૬ = પ્રે. કૃ. ૧૭; ૩.
" ૨૪; ૩૪ = ૧ કરીં. ૧૫; ૫.

લુકાની. એશીઆમૈનરનું એક રૂમી પ્રગણું હતું. તે કાપાદોકીઆની પશ્ચિમે અને ગલા-

તીઆની દક્ષિણમાં આવેલું હતું. તેનાં મુખ્ય શહેરો ઇકોની (પ્રે. કૃ. ૧૪.), લુસ્ત્રા (પ્રે. કૃ. ૧૪; ૬, ૧૯: ૧૬; ૧), અને દેરબે (પ્રે કૃ. ૧૪; ૨૦: ૨૦; ૪) હતા. પ્રે. કૃ. ૧૪; ૧૧ માં 'લુકાની ભાષા' ની વાત આવે છે, તે ભાષા ઘણું કરીને પુરાતન આશ્શૂરી ભાષા છે, અથવા તો સિરીયાની ભાષામાં ભેળ થએલી અપભ્રંશ યુનાની હશે. પાઉલે આ દેશમાં ફરીને બે ત્રણ વાર સુવાર્તા પ્રગટ કરી હતી (પ્રે. કૃ. ૧૬; ૧-૬: ૧૮; ૨૩: ૧૯; ૧). આ પ્રાંત વીસ બાવીસ માઇલ લાંબો, અને ૧૩-૧૫ માઇલ પહોળો હતો. ઇ.સ.પૂ. ૩૬ માં આ પ્રાંત આન્ટોનીએ ગલાતીઆના રાજાને આપ્યો હતો અને ઇ. સ. પૂ. ૨૫ માં ત પ્રાંત રૂમી રાજ્યમાં આવ્યો.

લુકીઅસ = અમીર (?). (લુક્યિસ). લુકીઅસ કુરેની તે અંત્યોખનો ઉપદેશક (પ્રે. કૃ. ૧૩; ૧) અને પાઉલનો સગો હતો (રૂમી. ૧૬; ૨૧). તેનું નામ લેટીન છે પણ તેની જન્મભૂમિ આફ્રિકાની ઉત્તરમાં આવેલા કુરેની શહેરમાં હશે, કેમકે તેને લુકીઅસ કુરેની કહે છે. (જુઓ કુરેની).

લુકીઆ = વરૂ. એશીઆમૈનરની નૈરૂત્ય કોણમાં રોદસ ટાપુની સામે આ પ્રાંત આવેલો હતો. પ્રેરિત પાઉલ આ પ્રાંતમાં ગયો હતો ત્યારે ત્યાં રૂમી સરકારનો અમલ હતો (પ્રે. કૃ. ૨૧; ૧: ૨૭; ૫). આ પ્રાંતનાં પાતારા અને મુરા શહેરો વિષે શાસ્ત્રમાં વાત આવે છે. અહીં પાઉલે વહાણ બદલ્યું હતું.

લુદ્દા. જોપ્પાથી પૂર્વમાં દરિયાકિનારાથી યરૂશાલેમ જવાના માર્ગ ઉપર આ શહેર આવેલું છે. તે એફ્રાઇમના ભાગમાં આવેલું હતું, અને શાસ્ત્રમાં માત્ર નવા કરારમાં તેનું નામ આવે છે (પ્રે. કૃ. ૯; ૩૨, ૩૫, ૩૮). આ શહેરમાં પીતરે એનયસ નામના પક્ષઘાતીને સારો કીધો હતો. જુના કરારમાં આ શહેરને લોદ નામ આપવામાં આવ્યું છે (૧ કાળ. ૮; ૧૨). આ શહેરને એક વખતે રૂમીઓએ બાળી મુક્યું હતું, પણ પછીથી તેને ફરી બંધાવી 'દીઓસપોલીશ' નામ આપ્યું. શહેરને હાલ લુદ કહે છે, જે જોપ્પાથી પૂર્વમાં નવ માઇલ ઉપર આવેલું છે. એવું કહેવાય છે કે ઈંગ્લાંડનો ધર્મપિતૃ સેન્ટ જયોર્જ ત્યાં જન્મ્યો હતો.

લુદીઆ = લુદ્દાની વતની (?). થુઆતીરા શહેરની દેવને ભજનારી એક સ્ત્રી હતી. તે ફિલીપી શહેરમાં જાંબુઆં વસ્ત્ર વેચવાનો ધંધો કરતી હતી (પ્રે. કૃ. ૧૬; ૧૪, ૧૫). આ બાઇ યહુદી ન હતી પણ અન્ય ધર્મી હતી. પાઉલ અને તેના સાથીઓ વિશ્રામવારને દિવસે શહેર બહાર નદી કાંઠે જ્યાં પ્રાર્થના થતી હતી ત્યાં ગયા, અને ત્યાં જે બાયડીઓ બેસીને સાંભળતી હતી તેમને પ્રભુની વાત કહી. અને એમ થયું કે પ્રભુએ લુદીઆનું અંતઃકરણ ઉઘાડ્યું અને પાઉલથી કહેવાયલી વાતો તે ધ્યાનમાં લાવી, અને તેણે ખ્રીસ્તનો સ્વીકાર કર્યો. એ પ્રમાણે યુરોપ ખંડમાં તેણે ખ્રીસ્તી ધર્મનો પહેલો સ્વીકાર કર્યો. અને વળી તેની સાધુશીલ વર્તણુકથી તેના ઘરનાં માણસો પણ ધર્મમાં મેળવાયાં, અને પાઉલ તથા તેના સાથીઓની પરેણાગત કરી. એમ પણ હોય કે લુદીઆ ખ્રીસ્તી થઇ ત્યાર પછી ફિલિપીમાં થોડો વખત રહી, પછી પોતાના વતન થુઆતીરામાં રહેવા ગઇ હોય, અને ત્યાંના રહેવાસીઓને સુવાર્તા જણાવી. ત્યાંની પ્રસિદ્ધ મંડળીનો પાયો નાખનાર કદાપિ આ બાઇ થઇ હશે (પ્રે. કૃ. ૨; ૧૮). પાઉલ ફિલિપીમાં આવ્યો તે પહેલાં થુઆતીરા તરફ જવાની તેની ઇચ્છા હતી, પણ પવિત્ર આત્માએ તેને ત્યાં જવાને રોક્યો હતો (પ્રે. કૃ. ૧૬; ૬). એમાં કદાચ ઇશ્વરની એવી ઇચ્છા હશે કે વૃદ્ધ પાઉલથી નહિ પણ આ એક અબળાથી એ મંડળીનો પાયો નંખાય.

લુસયસ = લુસીઆનો માણસ (?). લુસયસ ઘણું કરીને યુનાની હતો, પણ તેણે ઘણું

ફરી 'રૂમી' હક વેચાતો લીધો હશે. જ્યારે પ્રેરિત પાઉલના ઉપર યરૂશાલેમના યહુદીઓએ હલ્લો કીધો ત્યારે લુસયસ યરૂશાલેમના રૂમી લશ્કરનો સરદાર હતો. ત્રણ વખત તેણે પાઉલનો બચાવ કીધો, અને જ્યારે ચાળીસ માણસોએ પાઉલને મારી નાખવાનો ઠરાવ કીધો ત્યારે તેણે અમુક ટુકડીની સંભાળ નીચે પાઉલને રાજમાન ફેલીક્સ અધિકારી પાસે કાઇસારીઆ મોકલી દીધો (પ્રે. કૃ. ૨૩; ૧૦, ૧૫, ૧૭, ૨૫-૩૦: ૨૨; ૨૪-૩૦. જુઓ કલાદીઅસ).

લુસાનયસ = શોકનો અંત. આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના વખતમાં લુસાનયસ આબિલેનેનો રાજા કે સુબો હતો. આ આબિલેને પરગણું આન્ટીલબાનોનની પૂર્વમાં દમસ્કની પાસે આવેલું હતું (જુઓ આબિલેને લુક ૩; ૧). આ પ્રાંતનું મુખ્ય શહેર અબિલા હતું, કે જે પછીથી આગ્રીપા પહેલાને અને ત્યાર પછી આગ્રીપા બીજાને આપવામાં આવ્યું હતું.

લુસ્ત્રા. એશિયા માઇનરના લુકાની પ્રાંતનું એક શહેર હતું (પ્રે. કૃ. ૧૪; ૬). ઇકોનીના અવિશ્વાસી યહુદીઓએ પાઉલ વિરૂદ્ધ હુલ્લડ કર્યું ત્યારે પાઉલે લુકાની પ્રાંતનાં શહેરોમાં એટલે લુસ્ત્રા તથા દેરબેમાં સુવાર્તા પ્રગટ કીધી (પ્રે. કૃ. ૧૪; ૨-૭). વળી અહીં પોતાની માના પેટથી લંગડો એવો એક માણસ હતો, તેનો વિશ્વાસ જોઇને પાઉલે તેને સાજો કીધો. આ જોઇને લોકોએ લુકાની ભાષામાં બારનાબાસને ઝુસ કહ્યો, અને પાઉલ જે મુખ્ય બોલનાર જેવો હતો તેને હેરમેસ કહ્યો, એટલુંજ નહિ, પણ તેમની આગળ બળિદાન કરવાને ચાહ્યું (પ્રે. કૃ. ૧૪; ૨-૭: ૧૪; ૮-૧૮), પણ પાઉલે તેમને મુશ્કેલીથી વાર્યા; પણ અજાયબ જેવી વાત એ બની કે જે લોકોએ પાઉલ તથા બારનાબાસને દેવો કહ્યા તેજ લોકોએ અંત્યોખ તથા ઇકોનીના યહુદીઓના સમજાવ્યાથી પાઉલને પત્થરે માર્યો, અને તે મરી ગયો છે એવું ધારી તેને શહેર બહાર ઘસડી કહાડ્યો (પ્રે. કૃ. ૧૪; ૧૯, ૨૦). પાઉલ ત્યાર પછી દેરબે ગયો અને ફરીને શિષ્યોનાં મન સ્થિર કરવાને તે લુસ્ત્રામાં ફર્યો. ત્યાર પછી પાઉલ પોતાની ત્રીજી મુસાફરીમાં ફરીને આ પ્રાંતોમાં ફર્યો હતો (પ્રે. કૃ. ૧૮; ૨૩). તીમોથી પોતે આ શહેરમાં જન્મ્યો હતો, અને પાઉલને માથે લુસ્ત્રામાં જે આવી પડ્યું તથા જે બધું તેણે પ્રભુને લીધે સહન કીધું તે બધું તેણે જોયું હશે. અને જ્યારે તે બીજી વખતે લુસ્ત્રામાં આવ્યો ત્યારે તીમોથી પાઉલનો સાથી થયો, અને ત્યારથી પાઉલ તેને પુત્રની માફક ચહાતો હતો (૨ તીમો. ૩; ૧૧. પ્રે. કૃ. ૧૬; ૧-૩).

લૂઝ = બદામનું ઝાડ. (૧) બિન્યામીનની સરહદ ઉપર બેથેલની પાસે કનાનીઓનું પુરાતન રાજકીય નગર હતું (ઉત્પ. ૨૮; ૧૯: ૩૫; ૬: ૪૮; ૧૩. યહો. ૧૬; ૨: ૧૮; ૧૩). આ જગ્યાએ યાકુબે વેદી બાંધી હતી અને તે જગ્યાનું નામ 'એલ-બેથેલ' પાડ્યું હતું, કેમકે દેવે તેને અહીં દર્શન દીધું હતું (જુઓ બેથેલ). (૨) યુસફના ઘરનાંઓએ બેથેલની સામે ચઢાઇ કરી તરવારની ધારથી તે નગર માર્યું, પણ તેમાંથી એક માણસનો બચાવ કર્યો. તેણે હિત્તીઓના દેશમાં જઇને એક નગર વસાવ્યું, અને તેનું નામ તેણે લૂઝ પાડ્યું (ન્યા. ૧; ૨૨-૨૬). હાલ તે 'લુવેઇઝીયાહ' નામથી ઓળખાય છે.

લૂદ = સ્પર્ધા. (૧) શેમનો ચોથો પુત્ર લૂદ હતો (ઉત્પ. ૧૦; ૨૨. ૧ કાળ. ૧; ૧૭). લૂદીમ લોકનો પૂર્વજ (ઉત્પ. ૧૦; ૧૩). (૨) હામવંશી મિસરાઇમના વંશજોને આ નામ આપવામાં આવ્યું છે (ઉત્પ. ૧૦; ૧૩). આ કોમ આફ્રિકાની ઉત્તરે મિસર દેશની પશ્ચિમે રહેતી હતી (હિઝ. ૨૭; ૧૦: ૩૦; ૫). આ કોમ ધનુર્વિદ્યામાં કુશળ હતી (યશા. ૬૬; ૧૯. સરખાવો યિર્મે. ૪૬; ૯). ઘણું કરીને આજ કોમને લૂદીમ કહે છે (ઉત્પ. ૧૦; ૧૩).

લૂદીમ = લૂદના વંશજો (ઉત્પ. ૧૦; ૧૩).

લૂબીઓ = સુકી જમીનના વતની. મિસર

દેશની પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર ઉપર આવેલા એક દેશના તેઓ વતનીઓ હતા (૨ કાળ. ૧૨; ૩: ૧૬; ૮. નાહૂ. ૩; ૯). આ નામ દાની. ૧૧; ૪૩ માં લહાબીમ (ઉત્પ. ૧૦; ૧૩) ને ઠેકાણે મુકવામાં આવ્યું છે. લૂબીઓ ઘણું કરીને મિસરાઇમ વંશી છે. (જુઓ લીબયા).

લૂહીથ = પાટીયાંનું બનેલું. સોઆર અને હોરોનાયિમની વચ્ચે આવેલી એક મોઆબી જગ્યાને ઉપલું નામ આપવામાં આવ્યું હતું (યશા. ૧૫; ૫. યિર્મે. ૪૮; ૫).

લેઆહ = થાકી ગએલ. લાબાનની બે પુત્રીઓમાંની લેઆહ વડી પુત્રી હતી, તેની આંખો નાનપણથી નબળી હતી. એજ કારણ માટે યાકુબે તેની બ્હેન રાહેલને પસંદ કરી હશે (ઉત્પ. ૨૯; ૧૬, ૧૭). પણ લાબાને પોતાના દેશની રીત બતાવતાં લેઆહને પ્રથમ અને ત્યાર પછી રાહેલને યાકુબ સાથે પરણાવી (ઉત્પ. ૨૯). યહોવાહે જોયું કે લેઆહ યાકુબને પસંદ નથી માટે તેણે તેનું ગર્ભસ્થાન ઉઘાડ્યું, અને તેને પેટે યાકુબને છ પુત્ર અને દીનાહ નામની એક પુત્રી થયાં (ઉત્પ. ૨૯; ૩૨-૩૫: ૩૦; ૩૧). તે યાકુબની સાથે કનાન દેશમાં ગઇ અને મિસરમાં જવા પહેલાં મરણ પામી, અને કનાન દેશમાં મામરેની સામેની માખ્પેલાહની ગુફામાં તેને દાટવામાં આવી (ઉત્પ. ૪૯; ૩૧).

લેઆહ—(ઉત્પ. ૨૯; ૧૬, ૧૭, ૨૩-૩૫: ૩૦; ૧૭: ૩૧; ૪, ૧૪, ૩૩: ૩૩; ૧, ૨, ૭: ૩૪; ૧: ૩૫; ૨૩, ૨૬: ૪૬; ૧૫, ૧૮: ૪૯; ૩૧. રૂથ. ૪; ૧૧).

લેવી = જોડાવવું. (૧) યાકુબનો લેઆહને પેટે થએલો આ ત્રીજો દીકરો હતો. આ પુત્ર થતાં લેઆહે વિચાર્યું કે હવે મારો ભરથાર મારી સાથે પ્રીતિએ બંધાશે, માટે તેણે તેનું નામ લેવી પાડ્યું (ઉત્પ. ૨૯; ૩૪). તે તથા તેનો ભાઇ શિમઓન પોતાની બ્હેન દીનાહની ખાતર શખેમ શહેર પર તુટી પડ્યા, અને તેનો વિનાશ કીધો (ઉત્પ. ૩૪; ૨૫-૩૧). એ કારણ માટે તેમના પિતા યાકુબે તેમની દંડાજ્ઞા સંબંધી બોલતાં કહ્યું કે, "હું તેઓને યાકુબમાં જુદા પાડીશ, ને ઇસ્રાએલમાં તેઓને વિખેરી નાખીશ" (ઉત્પ. ૪૯: ૫-૭). લેવી અને તેના ત્રણ દીકરા ગેર્શોન, કહાથ તથા મરારી તેના પિતા સાથે મિસર દેશમાં ગયા (ઉત્પ. ૪૬; ૧૧), અને ત્યાં લેવી ૧૩૭ વર્ષની ઉમરે મરણ પામ્યો (નિર્ગ. ૬; ૧૬). તેના વંશજોને લેવીઓ કહે છે.

લેવીની વંશાવળી—(નિર્ગ. ૬; ૧૪-૧૮).

- લેવી
  - ગેર્શોન
    - લિબ્ની
    - શિમઇ
  - કહાથ
    - આમ્રામ
      - મરિયમ
      - હારૂન
        - નાદાબ
        - અબીહૂ
        - એલઆઝાર — તેના વંશમાં સોળ યાજક થયા.
        - ઇથામાર — તેના વંશમાં આઠ યાજક થયા.
      - મુસા
  - મરારી
    - મહાલી
    - મૂશી

લેવીઓ. લેવીના વંશજોને આ નામ શાસ્ત્રમાં આપવામાં આવ્યું છે (નિર્ગ. ૬; ૨૫. લેવી. ૨૫; ૩૨. ગણ. ૩૫; ૨. યહો. ૨૧; ૩, ૪૧). જ્યારે ઇસ્રાએલીઓ મિસર દેશમાંથી નીકળ્યા ત્યારે જુની રીત પ્રમાણે દરેક ઘરનો વડો દીકરો યાજકનું કામ કરતો હતો, પણ જ્યારે ઇસ્રાએલીઓ સિનાય પર્વત આગળ આવ્યા ત્યારે યહોવાહે ઉપલો નિયમ બદલીને હારૂન તથા તેના દીકરાઓને યાજકપદ સોંપ્યું (નિર્ગ. ૨૮; ૧). પણ હજી સુધી લેવીઓને મંડપની પવિત્ર સેવામાં હિસ્સો મળ્યો ન હતો, પણ જ્યારે સોનાના વાછરડાની પુજાને લીધે, લેવીઓ યહોવાહના પક્ષના થઇ મુસાના હુકમને આધીન થઇ, આશરે ત્રણ હજાર માણસને મારી દેવનો મહિમા કીધો (નિર્ગ. ૩૨; ૨૬) ત્યારે લેવીઓને માથે શખેમના નાશ સંબંધી જે દંડાજ્ઞા થઇ હતી, તે બદલીને યહોવાહે તેમને આશીર્વાદ દેતાં કહ્યું કે, "ઇસ્રાએલપુત્રોમાંથી પ્રથમ જન્મેલાંને બદલે મેં લેવીઓને લીધા છે" (ગણ. ૩; ૧૧-૧૩). અને એમજ યાજકોની તથા મંડપને લગતી બધી પવિત્ર સેવા લેવી કોમને સોંપવામાં આવી (ગણ. ૩; ૫-૧૦). લેવીઓને સોંપાયલું કામ તથા તેમના કુટુંબોની ગણના ગણ. ૩ અને ૪ માં આપવામાં આવી છે. ઇસ્રાએલપુત્રોમાંના જે સર્વની ગણના થઇ તેમાં લેવીઓની ગણના કરવામાં આવી નહિ, પણ તેમને લડાઇમાં નહિ ઉતરતાં મંડપ તથા તેનો સર્વ સરસામાન ઉંચકી લેવાનું અને તેની સંભાળ કરવાનું ખાસ કામ સોંપવામાં આવ્યું હતું (ગણ. ૧; ૪૭: ૨; ૩૩: ૨૬; ૬૨; ૧; ૫૧: ૧૮; ૨૨-૨૪). જ્યારે ઇસ્રાએલીઓ કૂચ કરતાં છાવણી કરે ત્યારે મંડપની આજુબાજુ લેવીઓ છાવણી કરતા હતા. મંડપની ઉત્તરે મરારી, દક્ષિણે કહાથી, પૂર્વે મુસા તથા હારૂન અને તેના દીકરા, પશ્ચિમે ગેર્શોની અને ત્યારબાદ ઉત્તરે દાનની છાવણી, દક્ષિણે રેઉબેનની છાવણી, પૂર્વે યહુદાહની છાવણી અને પશ્ચિમે એફ્રાઇમની છાવણી નાખવામાં આવતી હતી (ગણ. ૩; ૨૩, ૨૯, ૩૫, ૩૮. લેવીઓની છાવણી). લેવીઓને ઇસ્રાએલપુત્રોમાં કંઇ વારસો અપાયો ન હતો, પણ તેમનો ભાગ તથા વતન યહોવાહ હતો (ગણ. ૧૮; ૨૦: ૨૬; ૬૨. પુન. ૧૦; ૯: ૧૮; ૧, ૨). તેઓના ગુજરાનને અર્થે બધાં કુળમાંથી ૪૮ નગરો તેઓનાં પાદરો સહિત તેમને મળ્યાં, તેમાં છ આશ્રયનગર અને તેર બીજાં નગરો યાજકોને સારૂ હતાં (ગણ. ૩૫; ૬). તે શિવાય બધા અનાજનો, ફળનો, અને ઢોરનો દશાંશ લેવીઓને મળતો હતો. બાબેલના બંદિપ્રવાસમાંથી ફક્ત ૩૪૧ લેવીઓ પાછા આવ્યા અને પોતાના મુલકમાં વસ્યા (એઝ. ૨; ૪૦-૪૨). ઇસુ ખ્રીસ્તના વખતમાં લેવીઓ સંબંધી કંઇ વાત મળી આવે છે. તેઓ તેના આવવાની વાટ જોતા હતા, પણ જ્યારે તે આવ્યો ત્યારે તેમણે તેની કદર જાણી નહિ (યહો. ૧; ૧૯). બાર્નાબાસ, જેણે પોતાની ભોંય વેચી નાણું લાવી પ્રેરિતોના પગ પાસે મુક્યું, તે માણસ લેવી કુળનો હતો (પ્રે. કૃ. ૪; ૩૬).

લેવીનું પુસ્તક. મુસાના પાંચ પુસ્તકમાં ત્રીજું પુસ્તક લેવીનું છે. તેને એ નામ આપવાનું કારણ એ છે કે, તેમાં લેવીઓ અને તેમની કર્મક્રિયાની વાત આવે છે. નિર્ગ. ૧૯; ૧-૬ માં જે હેતુ બતાવવામાં આવ્યો છે તેનો સવિસ્તર ખુલાસો આ પુસ્તકમાં કરેલો દેખાય છે, એટલે "તમે પવિત્ર થાઓ, કેમકે હું યહોવાહ તમારો દેવ પવિત્ર છું" (લેવી. ૧૯; ૨). આ પુસ્તકમાં વર્ણવેલા બધા નિયમો અને વિધીઓનો મુખ્ય હેતુ એ હતો કે, (૧) યહુદીઓ અલગ થઇ પ્રભુની ખાસ પ્રજા બને. (૨) તેમને ઇશ્વર વિષેનું ખરૂં જ્ઞાન પ્રાપ્ત થાય. (૩) આવનાર મશીહ પર તેઓ આશા રાખે (રૂમી. ૧૦; ૪. ગલા. ૩; ૨૪. કલો. ૨; ૧૭. હેબ્રી. ૯; ૯-૧૪:

૧૦; ૪). યજ્ઞયાગના નિયમોથી તેમને શિખાડવામાં આવ્યું કે, (૧) દેવ પવિત્ર છે ને પવિત્રાઇ વગર તેને કોઇ જોઇ શકશે નહિ. (૨) માણસ સાથે સંબંધ જોડવા પરમેશ્વર ચાહે છે, પણ પાપી માણસનો તેની સાથે સંબંધ જોડાય એવો કોઇ માર્ગ હોવો જોઇએ. (૩) નિયમભંગ તે મરણદંડ છે એ કારણ માટે લોહી વહેવડાવ્યા વગર પાપની માફી મળી શકે નહિ. (૪) પરમેશ્વર પોતાની મુક્ત કૃપાને યોગે પાપીના મરણને બદલે યજ્ઞપશુનું મરણ માન્ય કરે છે (લેવી. ૧૬. યોહા. ૧; ૨૯). લેવી—યાકુબનો ત્રીજો પુત્ર (ઉત્પ. ૨૯; ૩૪: ૩૫; ૨૩. નિર્ગ. ૧; ૨: ૨; ૧). તેના પુત્રો (૪૬; ૧૧ નિર્ગ. ૬; ૧૬, ૧૯. ગણ. ૩; ૧૭). શખેમની કતલ (૩૪; ૨૫–૩૦). યાકુબનો શાપ (૪૯; ૫). લેવીઓ—લેવીના વંશજો. કોઇ વખતે યાજકોને અંદર ગણવામાં આવ્યા નથી (૧ રા. ૮; ૪. એઝ. ૨; ૭૦. યોહા. ૧; ૧૯). કોઇ વખત તેમને સાથે ગણવામાં આવે છે (નિર્ગ. ૬; ૨૫. લેવી ૨૫; ૩૨. ગણ. ૩૫; ૨. યહો. ૨૧; ૩, ૪૧). કોઇ વખતે લેવી યાજકો એ પ્રમાણે લખે છે (યહો. ૩; ૩. હિઝ. ૪૪; ૧૫). લેવીઓએ સિનાય આગળ કરેલી કતલ (નિર્ગ. ૩૨; ૨૮). મંડપની સેવા (૩૮; ૨૧. ગણ. ૧; ૫૦-૫૩: ૩; ૫-૧૦: ૧૮; ૨૩. પુન. ૧૦; ૮). પ્રથમજનિતને બદલે (ગણ. ૩; ૧૨, ૧૩, ૪૦-૪૫: ૮; ૧૬–૧૮). ખંડી લેવાયા તે ઉપરાંતની ખંડણી (૩; ૪૬-૫૧). વતન મળ્યું નહિ (ગણ. ૧૮; ૨૦. પુન. ૧૦; ૯: ૧૪; ૨૯: ૧૮; ૧, ૨. યહો. ૧૩; ૧૪, ૩૩: ૧૪; ૩). ઉડતાળીસ નગરો (ગણ. ૩૩; ૨–૫. યહો. ૨૧; ૧–૪૨). દશાંશ (ગણ. ૧૮; ૨૧, ૨૪. ૨ કાળ. ૩૧; ૪. નહે. ૧૦; ૩૭, ૩૮: ૧૨; ૪૪: ૨૩; ૧૦, ૧૨. હેબ્રી. ૭; ૯). ત્રીજા વર્ષનો દશાંશ (પુન. ૧૪; ૨૮, ૨૯: ૨૬; ૧૨). ત્રીસ વર્ષની ઉમરના સેવકપદને લાયક (ગણ. ૪; ૩, ૨૩, ૩૦, ૩૫, ૪૭. ૧ કાળ. ૨૩; ૩). પચાસ વર્ષની ઉમર થયે કામથી મુક્ત (ગણ. ૨૮; ૨૪–૨૬). બીજાની સાથે તેમની ગણના ના થઇ (૧; ૪૭, ૪૯: ૨; ૩૩. ૧ કાળ. ૨૧; ૬). તેઓની સંખ્યા (૩; ૧૫: ૪. ૧ કાળ. ૨૩). તેમને સોંપેલી ચીજો (ગણ. ૩; ૮: ૭; ૫–૯: ૧૮; ૨–૭. પુન. ૧૬; ૧૧, ૧૪: ૨૬; ૧૧, ૧૩). તેમનું શુદ્ધિકરણ (ગણ. ૮; ૫–૨૨). ગામડાથી લેવી આવે (પુન. ૧૮; ૬-૮). લેવીઓ પોતાનાં ઘરો અને નગરો છોડાવી શકે (લેવી. ૨૫; ૩૨). મુકદ્દમાનો ફેંસલો કરે (પુન. ૧૭; ૯-૧૨: ૩૧; ૨૫, ૨૬). મુસા તેમને આશીર્વાદ આપે (પુન. ૩૩; ૮–૧૧). યાજકો અને લેવીઓ કોષ ઉંચકી યરદન સુધી ગયા (યહો. ૩; ૩). યહુદાહ બેથલેહેમનો લેવી (ન્યા. ૧૭; ૭-૧૩: ૧૮; ૩-૬, ૧૭-૨૦, ૨૪, ૩૦, ૩૧). એક બીજો બેથલેહેમ યહુદાહનો (લેવી. ૧૯; ૧: ૨૦; ૪-૭). શમૂએલ લેવી (૧ કાળ. ૬; ૨૮). કોષને બેથ-શેમેશ લઇ ગયા (૧ શમૂ. ૬; ૧૫). પછી સિયોન સુધી (૧ કાળ. ૧૫; ૨-૨૪, ૨૭). આબ્શાલોમના બળવામાં (૨ શમૂ. ૧૫; ૨૪). કામ કરવાના દાઉદે વર્ગ પાડ્યા (૧ કાળ. ૨૩). ગવૈયા (૨૫). દ્વારપાળો (૨૬). કોષને મંદિરમાં લઇ ગયા (૧ રા. ૮; ૪. ૨ કાળ. ૫; ૪-૧૦). યરોબઆમના યાજકો લેવીઓ ન હતા (૧ રા. ૧૨; ૩૧). યરોબઆમે તેમને બરતરફ કર્યા (૨ કાળ. ૧૧; ૧૩, ૧૪: ૧૩; ૯-૧૨: ૧૯; ૮-૧૧. યોઆશના વખતમાં મંદિરના સમાર કામમાં (૨૪; ૫, ૬). હિઝકીયાહના વખતમાં (૨૯; ૩-૩૬). પાસ્ખા પાળ્યું (૩૦; ૧૫-૨૭). તેમની વારાટોળી (૩૧; ૨). દશાંશ (૩૧; ૪-૬). તેમની વંશાવળી (૩૧; ૧૭). યોશીયાહના કરેલા સુધારા વખતના લેવીઓ (૩૪; ૮-૧૩: ૩૫; ૩-૧૯). બાબેલથી પાછા આવ્યા (એઝ. ૨; ૪૦-૪૨, ૭૦: ૩; ૧૦: ૬; ૧૬–૨૦: ૭; ૭: ૮; ૧૮. નહે.

૩ ; ૧૭ : ૮ ; ૭-૧૧ : ૯ ; ૪, ૩૮ : ૧૨ ; ૨૭-૩૦). પરદેશી સ્ત્રીઓ (એઝ. ૯ ; ૧ : ૧૦ ; ૫, ૨૩. નહે. ૧૩ ; ૨૯). લેવીનું ઘર (ગીત. ૧૩૫ ; ૨૦). લેવીના પુત્રો (મલા. ૩ ; ૩). દૃષ્ટાંતમાંનો લેવી (લુક ૧૦ ; ૩૨). બારનાબાસ લેવી (પ્રે. કૃ. ૪ ; ૩૬). મુદ્રિત થએલા લેવીઓ (પ્રક. ૭ ; ૭). વળી જુઓ (પુન. ૨૧ ; ૫ : ૨૪ ; ૮. ૧ કાળ. ૨૪ ; ૬. ૨ કાળ. ૨૦ ; ૧૪ : ૩૧ ; ૧૨, ૧૪. એઝ. ૧૦ ; ૧૫. નહે. ૧૦ ; ૩૪ : ૧૧ ; ૨૨. યિર્મે. ૩૩ ; ૧૮, ૨૧, ૨૨. હિઝ. ૪૦ ; ૪૬ : ૪૪ ; ૧૦, ૧૫ : ૪૮ ; ૧૧, ૩૧. ઝખ. ૧૨ ; ૧૩. મલા. ૨ ; ૪, ૮. વિગેરે). (૨) (લુક ૩ ; ૨૪). (૩) (લુક ૩ ; ૨૯). (૪) બાર શિષ્યોમાંનો એક આલ્ફીનો દીકરો (માર્ક ૨ ; ૧૪. લુક ૫ ; ૨૭, ૨૯). તેને માત્થી કહે છે (માત્થી ૯ ; ૯).

લેશેમ = મૂલ્યવાન પત્થર. તેનું બીજું નામ લાઇશ છે (ન્યા. ૩૮ ; ૭, ૧૪). દાનપુત્રોએ આ શહેર જીતી લઇને પોતાના પૂર્વજના નામ પ્રમાણે તે શહેરનું નામ 'દાન' પાડ્યું (ન્યા. ૧૮ ; ૨૯. યિર્મે. ૮ ; ૧૬).

લો-આમ્મી = 'મારા લોક નહિ.' ભવિષ્યવાદી હોશીઆએ યહોવાહના હુકમથી આ લાક્ષણિક નામ પોતાના બીજા પુત્રને આપ્યું હતું, જેનો અર્થ યહોવાહે એવો બતાવ્યો કે, "તમે મારા લોક નથી ને હું તમારો દેવ નહિ થઇશ" (હોશી. ૧ ; ૯ : ૨ ; ૨૩ : ૧ પીત. ૨ ; ૧૦). આ નામ પરથી યહોવાહે જણાવ્યું કે ઇસ્રાએલીઓનો પહેલાંનો જે ખાસ હક તે હાલ ડુબી ગયો છે.

લોટ = ઢાંકણ. લોટ હારાનનો પુત્ર અને ઇબ્રાહીમનો ભત્રિજો થાય (ઉત્પ. ૧૧ ; ૨૭, ૩૧ : ૧૨ ; ૪, ૫ : ૧૩ ; ૧, ૫). પોતાના પિતાના મરણ પછી તેના દાદા તેરાહના હાથમાં રહ્યો (ઉત્પ. ૧૧ ; ૩૧), પણ તેરાહ જ્યારે હારાનમાં મરણ પામ્યો ત્યારે લોટ પોતાના કાકા ઇબ્રાહીમની સાથે રહ્યો. પછી ઇબ્રાહીમ તેને લઇને હારાનથી કનાન દેશમાં ગયો (ઉત્પ. ૧૨ ; ૫), પણ ત્યાં દુકાળ પડવાથી ઇબ્રાહીમ તેને લઇને મિસર દેશમાં રહેવા ગયો (૧૨ ; ૧૦). ત્યાં ઇબ્રાહીમની માલમિલકત ઘણી વધી એટલુંજ નહિ, પણ તેની સાથે તેના ભત્રિજાને પણ ઢોરઢાંક વધ્યાં (૧૩ ; ૫), તેથી કરીને મિસર દેશથી પાછા આવતાં કાકા ભત્રીજાને જુદા પડવાની જરૂર જણાઇ. તેથી ઇબ્રાહીમે લોટને કહ્યું કે તું પ્રથમ પસંદ કર કે તારે ક્યાં રહેવું, તે પરથી લોટે મિસર દેશની માફક યરદન કાંઠો ફળદ્રુપ જોયો, ત્યારે કાકાથી જુદા થઇ સદોમના લોકોની ભુંડાઇની બેદરકારી કરી સારો નફો મેળવવા ઇચ્છી આખો યરદન કાંઠો પસંદ કર્યો (૧૩ ; ૧૦-૧૩). અલબત તેણે પોતાને બહુ બુદ્ધિવાન ધાર્યો હશે ને એમ માનતો હશે કે મેં મારી માલમિલકતનો બહુ સારો બંદોબસ્ત કર્યો છે. લોટને વાસ્તે બેહેતર હતું કે પ્રથમ પોતાના કાકાને પસંદગી આપવી હતી, પણ તેમ તેણે કીધું નથી. ઇબ્રાહીમ તેના વિષે જે પ્રથમ ખબર સાંભળે છે તે એ હતી કે લોટ કેદી થયો છે, તેનું સર્વસ્વ લૂટી લેવામાં આવ્યું છે (૧૪). આખરે સપાટીનાં પાંચ શહેરોનો નાશ થયો (૧૯ ; ૧-૨૦), પણ લોટ ચમત્કારિક રીતે બચાવ પામ્યો. લોટ તથા તેની સ્ત્રી અને બે દીકરીઓ બળતા શહેરથી નાસતાં હતાં ત્યારે લોટની વહુએ હુકમ તોડીને પાછું જોયું અને તે ખારનો થાંભલો થઇ ગઇ. જે દોલતને વાસ્તે ફાંફાં મારે છે તેઓએ લોટની વહુની વાત યાદ રાખવી. લોટની વાત પરથી શીખવું કે જે જુવાનો પોતાનાં સગાંસબંધીને મુકીને પોતાનો બંદોબસ્ત પોતાની મેળે કરે છે તેઓએ લોટની વાત યાદ કરવી. આજ દિન સુધી અરબ લોકો મૃત સમુદ્રની દક્ષિણે કુમરાનની પાસે આવેલા ખારના એક થાંભલાને 'લોટની વહુનો થાંભલો' એવું નામ આપે છે. લોટ અને તેની બે દીકરીઓ પ્રથમ સોઆરમાં ગયાં, પણ ત્યાં રહેવાને

બીધાં, માટે ગુફામાં જઈ રહ્યાં (૧૯; ૩૦), અને ત્યાં તેઓને દુષ્ટપણે બે પુત્રો થયા. એકનું નામ મોઆબ અને બીજાનું નામ બેનઆમ્મી. મોઆબ મોઆબીઓનો અને બેનઆમ્મી આમ્મોનપુત્રોનો પૂર્વજ થાય ૧૯; ૩૧-૩૮). લોટ ઇબ્રાહીમનો ભત્રીજો (ઉત્પ. ૧૧; ૨૭, ૩૧ : ૧૨; ૪, ૫ : ૧૩; ૧, ૫). સદોમ ગયો (૧૩; ૬-૧૩). ચાર રાજાઓના હાથમાં પડ્યો (૧૪; ૧-૧૬). દૂતોનું દર્શન (૧૯; ૧-૨૩, ૨૯. લુક ૧૭; ૨૯. ૨ પીત. ૨; ૭). લોટની વહુનું પાછું જોવું (૧૯; ૨૯. લુક ૧૭; ૩૨). લોટનું ગુફામાં રહેવું (૧૯; ૩૦-૩૮). આરમાં લોટપુત્રો (પુન. ૨; ૯, ૧૯). લોટના પુત્રોની સાહ્ય (ગીત. ૮૩; ૮). લોટના દિવસોમાં થયું તેમ (લુક ૧૭; ૨૮).

લોટાન = ઢાંકનાર. હોરી સેઇરના પુત્રોમાંનો એક (ઉત્પ. ૩૬; ૨૦, ૨૨, ૨૯. ૧ કાળ. ૧; ૩૮, ૩૯).

લોદ = હરીફાઇ (?). એફ્રાઇમમાં આવેલું એક શહેર (૧ કાળ. ૮; ૧૨. એઝ. ૨; ૩૩. નહે. ૭; ૩૭ : ૧૧; ૩૫), તે જોપ્પાથી અગ્નિકોણમાં ૯ માઇલ ઉપર આવેલું છે. નવા કરારમાં લોટને લુદા કહે છે (પ્રે. કૃ. ૯; ૩૨, ૩૫, ૩૮. જુઓ લુદા).

લો-દબાર = ઉજડ જગ્યા. યાબ્બોક નાળાની ઉત્તરે ગિલઆદમાં માહનાઇમની પાસે આ નામનું શહેર આવેલું હતું (૨ શમૂ. ૧૭; ૨૭ : ૯; ૪, ૫). ઘણું કરીને આ શહેર અને ગાદમાં આવેલું દબીર તે એક ને એકજ હશે (યહો. ૧૩; ૨૬).

લો-રૂહામાહ = 'દયા નહિ પામેલી.' ભવિષ્યવાદી હોશીઆની પ્રથમ દીકરીનું આ નામ હતું. એ નામ પરથી યહોવાહે દર્શાવ્યું કે, ઇસ્રાએલને સારૂ ઠરાવેલો કૃપાનો દિવસ વહેલો બંધ થશે, અને ત્યાર પછી યહોવાહ તરફથી ઇસ્રાએલીઓને દયા મળશે નહિ, અને તેઓનાં પાપની માફી થશે નહિ (હોશી. ૧; ૬, ૮ : ૨; ૨૩).

વ

વદાન. આ નામનું અરબ લોકનું એક શહેર હતું. આ શહેરનું નામ માત્ર હઝ. ૨૭; ૧૯ માંજ આવે છે. ત્યાંના લોઢાનો, તજનો તથા દાલચિનીનો વેપાર સૂર સાથે ચાલતો હતો. કેટલાક વિદ્વાનો આ શહેરને હાલનું 'આદન' ધારે છે. કેમકે ભવિષ્યવાદી હઝકીએલ જે વેપારનું વર્ણન કરે છે તે હાલ આદનમાં મળી શકે છે. આદન (Aden) હાલ બ્રિટિશ સરકારને તાબે છે, ને તે અરબસ્તાનના યમન પ્રાંતનું એક પરગણું ગણાય છે.

વાન્યાહ = નમ્રતા. બાનીના પુત્રોમાંનો એક (એઝ. ૧૦; ૩૬).

વાયઝાથા = શુદ્ધતા, માનયોગ્ય. હામાનના દસ પુત્રોમાંનો એક હતો, કે જેને શૂશાનના મહેલમાં યહુદીઓએ કતલ કર્યો હતો (એસ્ત. ૯; ૯).

વાશ્તી = ખુબસુરત. રાજા અહાશ્વેરોશની રાણી હતી. શૂશાન મહેલમાં મોટી મીજબાની થઇ ત્યાં આવી હાજર થવાને રાજાએ તેને હુકમ આપ્યો, પણ તે હુકમ તેણે અમલમાં નહિ આણ્યો, માટે રાજાએ તેને પદભ્રષ્ટ કરી, અને તેને બદલે યહુદી બાઇ એસ્તેરની સાથે લગ્ન કરી તેને રાણી ઠરાવી (એસ્તે. ૧; ૧૦-૧૨ : ૨; ૧૭). જુઓ એસ્તેર.

વાશ્ની = કૃપા. તે શમૂએલનો જ્યેષ્ઠ પુત્ર હતો (૧ કાળ. ૬; ૨૮). તેને ૧ શમૂ. ૮; ૨ માં 'યોએલ' કહે છે. એવું અનુમાન કરવામાં આવે છે કે એ વિષે લહીયાની તેમાં નજરચૂક થએલી હશે.

વાહેબ (ગણ. ૨૧; ૧૪). આ શબ્દ "યહોવાહના યુદ્ધગ્રંથ" માંથી ઉતારવામાં આવ્યો છે. એટલે સૂફાહમાં વાહેબ અને આર્નોનની ખીણો. કદાચ તે વિશેષ નામ હશે, એટલે કોઇ જગ્યાનું નામ હશે, જે મોઆબ અને આર્નોનની સરહદમાં આવેલું હશે.

વિદેશીઓ. ઘણું કરીને યહુદી કોમ શિવાય બીજી દેશજાતિઓને આ નામ શાસ્ત્રમાં આપવામાં આવે છે (ઉત્પ. ૧૦ ; ૫). હેબ્રીમાં હમેશાં તેને બહુવચનમાં લખતાં 'ગોઇમ' કહે છે. યહુદી લોકો વખત જતાં જેમ જેમ અધિકારયુક્ત પ્રજા થઇ તેમ તેમ વિદેશી લોકોને હલકા ગણતાં તેઓ અભિમાન કરવા લાગ્યા. ઇસ્રાએલી લોકોમાં તેમનો કંઇ ભાગ કે હિસ્સો ન હતો. ઘણું કરીને એ શબ્દમાં સામાન્ય રીતે એવું દર્શાવવામાં આવ્યું છે કે, જે કોઇ યહુદી નથી એવી દેશજાતિ કે કોમ. વિદેશીઓ—જુઓ (યશા. ૪૨ ; ૧. માત્થી ૧૨ ; ૧૮. યશા. ૬૦ ; ૩. માત્થી ૪ ; ૧૫ : ૧૦ ; ૫ : ૧૨ ; ૨૧. રૂમી. ૧૫ ; ૧૨. પ્રે. કૃ. ૯ ; ૧૫ : ૧૮ ; ૬. રૂમી. ૨ ; ૯ : ૯ ; ૩૦ : ૧૧ ; ૧૩ : ૧૫ ; ૧૦. ૧ તીમો. ૨ ; ૭. ન્યાય. ૪ ; ૨. યશા. ૫૪ ; ૩. મલા. ૧ ; ૧૧. પ્રે. કૃ. ૧૩ ; ૪૨. રૂમી. ૨ ; ૧૪ : ૧૫ ; ૧૧. ગલા. ૨ ; ૧૨ : ૩ ; ૧૪. ૧ પી. ૪ ; ૩).

વોફસી. નાફતાલી કુળમાંથી જે જાસુસ મોકલવામાં આવ્યો, એટલે નાહબી, તેનો પિતા (ગણ. ૧૪ ; ૧૪).

શ

શઆર-યાશૂબ = શેષ રહેલો ભાગ પાછો આવશે. યશાયાહ ભવિષ્યવાદીએ પોતાના દીકરાને (કદાપિ જ્યેષ્ટ પુત્રને) ઉપલું અલંકારિક નામ આપેલું છે (યશા. ૭ ; ૩).

શઆર્યાહુ = યહોવાહનો દરવાજો. બિન્યામીની આશેલના પુત્રોમાંનો એક (૧ કાળ. ૮ ; ૩૮ : ૯ ; ૪૪).

શઆલ્તીએલ = જેને મેં પ્રભુ પાસે માગ્યો. યખોન્યાહનો પુત્ર અને ઝરૂબ્બાબેલનો પિતા (માત્થી ૧ ; ૧૨. ૧ કાળ. ૩ ; ૧૭). લુક ૩ ; ૨૭ માં તેને નેરીનો પુત્ર કહે છે. એ વાતનો એવો ખુલાસો થઇ શકે કે સુલેમાનના વંશમાં યખોન્યાહ થયો, તેણે પોતાના સગા નેરીના દીકરા શઆલ્તીએલને દત્તક કરી લીધો, અને તેથી કરીને માત્થીની સુવાર્તામાં યખોન્યાહનો પુત્ર શઆલ્તીએલ, એમ લખવામાં આવ્યું છે.

શખાન્યાહુ = યહોવાહનો પ્રિય. (૧) દાઉદ રાજાએ જ્યારે યાજકોના વર્ગ પાડ્યા ત્યારે દસમી વારાટોળી શખાન્યાહની હતી (૧ કાળ. ૨૪ ; ૧૧). (૨) રાજા હીઝકીયાહના વખતમાં એક યાજક હતો (૨ કાળ. ૩૧ ; ૧૫, ૧૬). (૩) ઝરૂબ્બાબેલ વંશનો એક યાજક હતો (૧ કાળ. ૩ ; ૨૧, ૨૨). (૪), (૫), (૬) આર્તાહશાસ્તા રાજાના વખતમાં જેઓ બાબેલથી આવ્યા તેઓમાંના (એઝ. ૮ ; ૩, ૫ : ૧૦ ; ૨). (૭) શમાયાહનો પિતા જેણે યરૂશાલેમના કોટની મરામત કરવામાં ભાગ લીધો હતો (નહે. ૩ ; ૨૯). (૮) ટોબીયાહનો જમાઇ (નહે. ૬ ; ૧૮). (૯) ઝરૂબ્બાબેલની સાથે બંદિપ્રવાસથી જેઓ પાછા ફર્યા તેઓમાંનો એક યાજક (નહે. ૧૨ ; ૩). નહે. ૧૦ ; ૪ : ૧૨ ; ૧૪ માં તેને શબાન્યાહ કહે છે.

શખેમ = ખભો. (૧) હમોર હીવીનો પુત્ર, જે હમોરના દીકરાઓ પાસેથી યાકુબે પાદાનારામમાંથી આવતાં પોતે જે તંબુ તાણ્યો હતો તે જમીનનો ટુકડો વેચાતો લીધો હતે (ઉત્પ. ૩૩ ; ૧૯, ૩૪. યહો. ૨૪ ; ૩૨. ન્યા. ૯ ; ૨૮). (૨) મનાશ્શેહવંશી એક પુરૂષ હતો. તેના કુટુંબને શખેમીઓ કહે છે (ગણ. ૨૬ ; ૩૧. યહો. ૧૭ ; ૨). (૩) નાફતાલીપુત્રોમાંનો એક (૧ કાળ. ૭ ; ૧૯). (૪) શખેમ નામનું એક શહેર હતું, જેને હાલ 'નાબ્લુશ' કહે છે. તે યરૂશાલેમથી ૩૪ માઇલ અને સમરૂનથી ૭ માઇલ દૂર એબાલ અને ગરીઝીમ પહાડની વચ્ચે આવેલું છે. ત્યાંના રહેવાશીઓ કહે છે કે ૮૦ ઉત્તમ ઝરાઓનું પાણી શહેરને આનંદ અને શોભા આપે છે. શહેરની પૂર્વમાં એક નાળું આવેલું છે, જે યરદન નદીને મળે છે. તે શિવાય પશ્ચિમમાં એક બીજું નાળું આવેલું છે, જે ભૂમધ્ય સમુદ્રને મળે છે. એબાલ અને ગરીઝીમ વચ્ચે જે ખીણ ઉપર આ

શહેર આવેલું છે તે ખીણુની પહેળાઇ ૫૦૦ વાર અને દરીઆની સપાટીથી તેની ઉંચાઇ ૧૮૦૦ ફુટની છે, અને જે ઉંચાઇ ઉપર શહેર બાંધવામાં આવ્યું છે તેની ઉંચાઇ ૮૦૦ ફુટની છે. શહેરની જગ્યા દેખાવમાં ઘણી ખુશનુમા અને સુંદર છે. 'મહમદે આ જોઇને કહ્યું કે, બધા મુલકોમાં દેવે સિરિયા ઉપર વધારે પ્રેમ કીધો છે, અને તે મુલકોના બધા સુબાઓમાંથી યરૂશાલેમ સર્વથી વધારે પ્રિય છે, અને એ સુબામાં સર્વથી અતિ પ્રિય જગ્યા તે નાબ્લુસનો પહાડ છે.' અને એ શિવાય બીજા વિદ્વાન શોધકો કહે છે કે મધ્યપાલેસ્તાઇનમાં સૌથી સુંદર જગ્યા તે આ છે. એ પ્રમાણે આ જગ્યાનાં વખાણ છે.

શથાર-બોઝનાય = તારાનો ચળકાટ. એક ઇરાની સરદાર હતો, કે જેણે ઇસ્રાએલીઓ મંદિર બાંધતા હતા ત્યારે ખાલી અટકાવ કર્યો (એઝ. ૫ ; ૩, ૬ : ૬ ; ૬, ૧૩).

શદેઉર = પ્રકાશ આપનાર. રેઉબેનવંશી અલીસૂરનો પિતા (ગણ. ૧ ; ૫ : ૨ ; ૧૦ : ૭ ; ૩૦, ૩૫ : ૧૦ ; ૧૮).

શફાટયાહ = યહોવાહનો ન્યાય. (૧) દાઉદનો અબીટાલથી થએલો પાંચમો પુત્ર (૨ શમૂ. ૩ ; ૪. ૧ કાળ. ૩ ; ૩). (૨) શફાટયાહનું કુટુંબ જે બાબેલથી પાછું આવ્યું તે (એઝ. ૨ ; ૪ : ૮ ; ૮. નહે. ૭ ; ૯). (૩) બીજું કુટુંબ (એઝ. ૨ ; ૫૭. નહે. ૭ ; ૫૯). (૪) પ્રાંતના જે સરદારો યરૂશાલેમમાં વસ્યા તેઓમાંનો એક (નહે. ૧૧ ; ૪). (૫) આ નામનો બીજો માણસ (૧ કાળ. ૧૨ ; ૫). (૬) એક સરદાર હતો કે જેણે યિર્મેયાહને મારી નાખવાને અભિપ્રાય આપ્યો (યિર્મે. ૩૮ ; ૧-૪). (૭) દાઉદના વખતમાં કુળોના અમલદારોમાંનો શિમઓનીઓનો અમલદાર આ હતો (૧ કાળ. ૨૭ ; ૧૬). (૮) યહોશાફાટના પુત્રોમાંનો એક (૨ કાળ. ૨૧ ; ૨).

શફામ = નાગો. પાલેસ્ટાઇનની પૂર્વ હદ પર આવેલું એક શહેર (ગણ. ૩૪ ; ૧૦, ૧૧).

શફી = વિશોભિત. એસાવપુત્રોમાંનો એક (૧ કાળ. ૧ ; ૪૦. ઉત્પ. ૩૬ ; ૨૩).

શફૂફાન = સર્પ. બિન્યામીની બેલાનો પુત્ર (૧ કાળ. ૮ ; ૫). તેને ગણ. ૨૬ ; ૩૯ માં શફૂફામ કહે છે, તેથી શફામીઓનું કુટુંબ થયું.

શફો. સેઇર હોરીના પુત્ર શોબાલનો પુત્ર (ઉત્પ. ૩૬ ; ૨૩).

શબા = સમ. (૧) હામના દીકરા કૂશનો પુત્ર (ઉત્પ. ૧૦ ; ૭. ૧ કાળ. ૧ ; ૯). તેનો દેશ (ગીત ૭૨ ; ૧૦. યશા. ૪૩ ; ૩). તેના વંશજોને શબાઇમ કહે છે (યશા. ૪૫ ; ૧૪). (૨) કૂશનો પૌત્ર, તેના વંશજોએ ઇરાની અખાત ઉપર 'દેદાન' વસાવ્યો (ઉત્પ. ૧૦ ; ૭). (૩) યોકટાનનો પુત્ર (ઉત્પ. ૧૦ ; ૨૮. ૧ કાળ. ૧ ; ૨૨). કેટલાક ધારે છે કે શબાઇમ લોકનો પૂર્વજ આ છે. જુઓ શેબા. (૪) યોકશાનનો પુત્ર. આ યોકશાન ઇબ્રાહીમની સ્ત્રી કટૂરાહથી થએલો પુત્ર છે (ઉત્પ. ૨૫ ; ૩. ૧ કાળ. ૧ ; ૨૨).

શબાઇમ = શબાના વંશજો. શેબાના વંશના લોક (ઉત્પ. ૧૦ ; ૭). તેઓ મોટા કદના અને વેપાર કરનારા માણસો હતા (યશા. ૪૫ ; ૧૮). કેટલાક ધારે છે કે આ લોક આફ્રિકાના છે, અને જે મુલકમાં તેઓ વસ્યા તેને હેબ્રી લોકો 'કૂશદેશ' કહેતા હતા (યશા. ૪૩ ; ૩. યોએ. ૩ ; ૮). તેઓનાં નજરાણાં વિષે ગીત. ૭૨ ; ૧૦, ૧૫ માં ભવિષ્ય કહેવામાં આવ્યું છે. હઝ. ૨૩ ; ૪૨ માં જુની અંગ્રેજી આવૃત્તિમાં આ શબ્દ મારજીનમાં લખવામાં આવ્યો છે, અને નવી આવૃત્તિમાં તેને બદલે 'છાકટા' એવો તરજુમો કર્યો છે. બીજા કેટલાક વિદ્વાનો કહે છે કે કૂશની આ કોમ ફ્રાત નદી આગળ રહેતી હતી. એમનો મુલક ગમે ત્યાં હોય, પણ તેઓ મોટા વેપારી હોઇ સૂરની બજારમાં સોના તથા હીરા માણેકનો વેપાર કરતા હતા (હઝ. ૨૭ ; ૨૨). એક બીજી કોમ આ નામની હતી કે જેનાં માણસો લડવૈયાં હતાં (અયૂ. ૧ ; ૧૫).

શબાટ. હેબ્રી લોકના વર્ષનો અગિયારમો માસ, જે ફેબ્રુઆરી અને માર્ચમાં આવતો હતો. આશ્શુરી લોક તેને શબાટુ (તુફાન) કહેતા હતા (ઝખા. ૧; ૭).

શબાન્યાહ = જેને યહોવાહ વધારે છે. (૧) યહોવાહના કોષ આગળ વાજું વગાડનાર એક લેવી હતો (૧ કાળ. ૧૫; ૧૭, ૨૪). (૨) બીજો એક લેવી હતો (નહે. ૯; ૪, ૫: ૧૦; ૧૦). (૩) એક યાજક હતો (નહે. ૧૦; ૪: ૧૨; ૧૪). તેને નહે. ૧૨; ૩ માં 'શખાન્યાહ' કહે છે. (૪) એક લેવી હતો (નહે. ૧૦; ૧૨).

શબારીમ = નાશ કરે છે. આયની પાસે આવેલી એક જગ્યા હતી (યહો. ૭; ૫).

શબુએલ = દેવનો કેદી. (૧) ગેર્શોમના પુત્રોમાંનો એક હતો. દાઉદના વખતમાં તે મંદિરના ભંડારો પર કારભારી હતો (૧ કાળ. ૨૩; ૧૬: ૨૬; ૨૪). ૧ કાળ. ૨૪; ૨૦ માં તેને શૂબાએલ કહે છે. (૨) હેમાનના પુત્રોમાંનો એક માણસ હતો, તેનું કામ એ હતું કે મંદિરમાં સેવા પ્રસંગમાં વાજું વગાડવું (૧ કાળ. ૨૫; ૪). ૧ કાળ. ૨૫; ૨૦ માં તેને શૂબાએલ કહે છે.

શમા = રિપોર્ટ. આ નામનું એક શહેર યહુદાહમાં હતું (યહો. ૧૫; ૨૬). ઘણું કરીને એજ શહેર યહો. ૧૯; ૨ માં આવેલું શેબા હશે.

શમાઆહ = રિપોર્ટ. એક બિન્યામીની કે જે દાઉદને સિકલાગમાં આવી મળ્યો હતો તે (૧ કાળ. ૧૨; ૩).

શમાયાહ = જેનું યહોવાહ સાંભળે છે. (૧) રહાબઆમ રાજાના વખતનો એક ભવિષ્યવાદી હતો, જેણે ઇસ્રાએલનાં દસ કુળ સામે લડાઇ કરવાને રહાબઆમને ભવિષ્ય કહ્યું હતું (૧રા. ૧૨; ૨૨. ૧ કાળ. ૧૧; ૨). વળી તેણે જણાવ્યું કે મિસરનો રાજા શીશાક રહાબઆમને કેવી રીતે તાબે કરશે (૨ રા. ૧૨; ૫, ૭). તેણે રહાબઆમનાં કૃત્યો પોતાની તવારીખમાં લખ્યાં (૧ કાળ. ૧૨; ૧૫). (૨) શખાન્યાહનો પુત્ર (૧ કાળ. ૩; ૨૨. નહે. ૩; ૨૯). (૩) શિમઓની (૧ કાળ. ૪; ૩૭) તેજ શિમઇ હશે. (૪) (૧ કાળ. ૫; ૪). ઘણું કરીને તે શેમા હશે. (૫) હાશ્શૂબનો પુત્ર (૧ કાળ. ૯; ૧૪. નહે. ૧૧; ૧૫). (૬) ગાલાલનો પુત્ર (૧ કાળ. ૯; ૧૬). (૭) દાઉદના વખતમાં એક લેવી હતો. તેને ૨૦૦ સંબંધીઓ કે ભાઇઓ હતા. તેમણે યહોવાહનો કરારકોષ ઓબેદ-અદોમને ત્યાંથી હેબ્રોનમાં લઇ જવામાં ભાગ લીધો (૧ કાળ. ૧૫; ૮, ૧૧). (૮) દાઉદના વખતમાં ચિટણીસ હતો (૧ કાળ. ૨૪; ૬). (૯) ઓબેદ-અદોમનો પુત્ર (૧ કાળ. ૨૪; ૪, ૬, ૭). (૧૦) યદુથૂનનો પુત્ર (૨ કાળ. ૨૯; ૧૪). (૧૧) અદોનીકામનો પુત્ર (એઝ. ૮; ૧૩). (૧૨) (એઝ. ૮; ૧૬). (૧૩) (એઝ. ૧૦; ૨૧). (૧૪) (એઝ. ૧૦; ૩૧). (૧૫) (નહે. ૬; ૧૦. જુઠો ભવિષ્યવાદી). (૧૬) (નહે. ૧૦; ૮: ૧૨; ૬, ૧૮). (૧૭) (નહે. ૧૨; ૩૪). (૧૮) (નહે. ૧૨; ૩૬). (૧૯) (નહે. ૧૨; ૪૨). (૨૦) જુઠો ભવિષ્યવાદી (યિર્મે. ૨૯; ૨૪–૩૨). (૨૧) (૨ કાળ. ૧૭; ૮). (૨૨) (૨ કાળ. ૩૧; ૧૫). (૨૩) (૨ કાળ. ૩૫; ૯). (૨૪) ઉરીયાહ જે યશાયાહને નામે ભવિષ્ય કહેનાર હતો તેનો બાપ (યિર્મે. ૨૬; ૨૦). (૨૫) બારૂખે જેઓની આગળ પુસ્તક (લપેટો) વાંચી સંભળાવ્યું તેમાંનો એક (યિર્મે. ૩૬; ૧૨).

શમાર્યાહ = જેની સંભાળ યહોવાહથી છે. (૧) દાઉદને સિક્લાગમાં આવી મળ્યો (૧ કાળ. ૧૨; ૫). (૨) રહાબઆમની સ્ત્રી માહલાથથી થએલો પુત્ર (૨ કાળ. ૧૧; ૧૯). (૩) (એઝ. ૧૦; ૩૨). (૪) (એઝ. ૧૦; ૪૧).

શમીદા = ડહાપણની કીર્ત્તિ. ગિલઆદનો પુત્ર (ગણ. ૨૬; ૩૨. યહો. ૧૭; ૨. ૧ કાળ. ૭; ૧૯). તેના વંશજોને 'શમીદાઇઓ' કહે છે.

શમીનીથ = આઠમો (૧ કાળ. ૧૫; ૨૧).

શમીરામોથ = સૌથી મોટું નામ. દાઉદના ગવૈયામાંનો એક હતો (૧ કાળ. ૧૫; ૧૮, ૨૦: ૧૬; ૫). (૨) (૨ કાળ. ૧૭; ૮).

શમૂએલ = દેવ પાસે માગેલો. (૧) શમૂએલના જન્મ વખતે એલીના દીકરાઓની ભુંડાઇને લીધે ઇસ્રાએલીઓની હાલત ઘણી બગડી ગઇ હતી. એવા વખતમાં એક નવા ભવિષ્યવાદીનું હસ્તીમાં આવવું કે જે લગભગ મુસા પેગંબરની બરોબર હતો, તે કેવી મોટી વાત કહેવાય! તેનો જન્મ કેવા સંજોગમાં થયો તે ૧ શમૂ. ૧; ૨૦ માં બતાવવામાં આવ્યું છે. રામાથાઇમ શોફીમનો રહીશ એલ્કાનાહ નામનો એક માણસ હતો, તેની બે સ્ત્રીઓમાંની એક હાન્ના નામની હતી. તેના પર તેનો ધણી પ્રીતિ રાખતો હતો. "પણ યહોવાહે તેનું ગર્ભસ્થાન બંધ કર્યું હતું." એક વખતે તે શીલોહમાં પરમેશ્વરનું ભજન કરવા ગઇ, અને ત્યાં મંદિરમાં "યહોવાહની વિનંતિ કરીને બહુ રડી," અને પરમેશ્વરની પાસે પુત્ર માગ્યો. તેની પ્રાર્થના દેવે દયા કરીને સાંભળી, તેને પુત્ર થયો, અને ધાવણ છોડાવ્યા બાદ શીલોહ મધ્યે યહોવાહના ઘરમાં તેને આણ્યો, અને તેણે તેને યહોવાહને નાઝારી થવાને આપ્યો (૧ શમૂ. ૧; ૨૩–૨; ૧૧). અહીં છોકરાનું ખાવાપીવાનું ખરચ હાન્ના પુરૂં પાડતી, અને એલી તેને ધર્મ વિષયનું જ્ઞાન આપતો. આ પ્રમાણે શમૂએલ ઘણું કરીને બાર વર્ષનો થયો ત્યારે તેના વિષે લખ્યું છે કે, "શમૂએલ છોકરો મોટો થતો ગયો, ને યહોવાહની તથા માણસોની કૃપા તેના પર હતી" (૧ શમૂ. ૨; ૨૬ સાથે લુક ૨; ૫૨ સરખાવો). ત્યાર પછી એલીના આશીર્વાદ મુજબ યહોવાહે હાન્નાને ત્રણ દીકરા અને બે દીકરીઓ આપ્યાં. હવે ઇસ્રાએલીઓ ઉપર એલીના દીકરાઓની ભુંડાઇને લીધે ઘણું દુઃખ આવી પડ્યું (ન્યા. ૨૧; ૧૯-૨૧. ૧ શમૂ. ૨; ૧૨–૧૭, ૨૨). પલિસ્તીઓ જેઓ ઘણા વધી જઇ બળવાન થયા હતા, તેઓએ દેશને વશ કીધો હતો અને થાણાં બેસાડ્યાં હતાં (૧ શમૂ. ૧૦; ૫–૧૩, ૩). એવા વખતમાં યહોવાહ તરફથી શમૂએલ પાસે સંદેશો આવ્યો. રાત્રીના વખતમાં ગૂઢ વાણીએ શમૂએલને નામ દઇને બોલાવ્યો, અને એલીના શીખવ્યા પ્રમાણે શમૂએલે જવાબ આપ્યો કે, "બોલ યહોવાહ, કેમકે તારો સેવક સાંભળે છે." ત્યાર પછી યહોવાહે શમૂએલને એલીની વિરૂદ્ધ તેના ઘર સંબંધી જે કરવાનો હતો તે કહી સંભળાવ્યું. શમૂએલે એ બધી વાત એલીને જાહેર કીધી. (૧ શમૂ. ૩; ૧૧–૧૮). ત્યારે એલીએ કહ્યું કે, "તે યહોવાહ છે, તેની નજરમાં જે સારૂં લાગે તે તે કરે." એ રીતે યહોવાહે શમૂએલને ભવિષ્યવાદી તરીકે પસંદ કીધો છે એમ જાહેર કીધું. અને શમૂએલની કીર્ત્તિ તથા ભવિષ્યવાદી તરીકે તેને જે તેડું થયું તે વાત ફેલાઇ ગઇ. પલિસ્તીઓ ઇસ્રાએલીઓ પર ભારે જુલમ ગુજારવા લાગ્યા, તેથી ઇસ્રાએલીઓ પલિસ્તીઓ સામે યુદ્ધ કરવાને ગયા. એબેન-એઝેરની પાસે અફેકમાં ભારે લડાઇ થઇ (૧ શમૂ. ૪; ૧, ૨). ઇસ્રાએલીઓએ સખત હાર ખાધી, અને રણક્ષેત્રમાં ૪ હજાર માણસ માર્યાં ગયાં. ઇસ્રાએલીઓના સરદારોએ વિચાર કીધો કે યહોવાહની ગેરહાજરીને લીધે આપણે આ હાર ખાધી છે, માટે શીલોહમાંથી યહોવાહનો કરારકોશ મંગાવીને ફરીથી લડાઇમાં ઉતરવું. માટે કરારકોશ મંગાવ્યો, અને કોશ છાવણીમાં આવ્યો ત્યારે ઇસ્રાએલીઓએ "એવો મોટો હોકારો કીધો કે પૃથ્વીમાંથી પડઘા પડ્યા," અને પલિસ્તીઓને ભય લાગ્યો. બીજી લડાઇ શરૂ થઇ અને એમાં પણ ઇસ્રાએલીઓની હાર થઇ, અને ત્રણ હજાર માણસ માર્યાં ગયાં એટલુંજ નહિ, પરંતુ યહોવાહનો કરારકોશ શત્રુઓના હાથમાં ગયો. આ ખબર શીલોહમાં પહોંચી. એલી તે સાંભળીને આસન પરથી નીચે પડી ગયો, અને તેની

ગરદન ભાંગી ગઇ. એમ એલી મરણ પામ્યો. ત્યાર પછી પલિસ્તીઓએ કરારકોષને સાત મહિના પછી પાછો મોકલાવ્યો, અને શમૂએલની સલાહ મુજબ કરારકોષ તથા તેને લગનો સામાન શીલોહથી ફેરવીને કોઇ સલામતીની જગ્યાએ મુક્યો અને એ સ્પષ્ટ છે કે નોબમાં તે ઘણાં વર્ષ સુધી રહ્યો. આ વખતે શમૂએલની ઉમર આશરે ૨૦ વર્ષની હશે. પલિસ્તીઓએ ત્યાર પછી શીલોહ ઉપર ચઢાઇ કરી અને તેને લૂટી લઇને તેનો નાશ કર્યો (યિર્મે. ૭; ૧૨). ઇસ્રાએલના ઇતિહાસમાં આ બનાવ ઘણો જાણવાજોગ છે. આ લડાઇ પછીનાં ૨૦ વર્ષ સુધી પલિસ્તીઓએ આખા દેશ પર ઘણો જુલમ કીધો. ઇસ્રાએલીઓનાં ઉપલાં દુઃખનાં વર્ષોમાં શમૂએલ આ લોકમાં ધર્મનું કામ કરતો હતો. જો કે પોતે રામાહમાં રહેતો હતો, તો પણ ત્યાંથી વખતો વખત અહીં તહીં ફરીને ઇસ્રાએલીઓને તેઓનાં પાપ જણાવતાં ઠપકો દેતો, અને પ્રભુની ગમ પસ્તાવો કરવાને તેમનાં મન ખેંચતો, અને તેની મહેનત એટલે સુધી સફળ થઇ કે, “ઇસ્રાએલના ઘરમાં સઘળાંએ યહોવાહ વિષે વિલાપ કર્યો.” શમૂએલે બધા ઇસ્રાએલીઓને પાલેસ્તાઇનના મધ્ય ભાગમાં, એટલે મિસ્પાહમાં એકઠા કર્યા, અને ત્યાં ઉપવાસ તથા પ્રાર્થના કીધી, ને મિસ્પાહમાં શમૂએલે ઇસ્રાએલીઓનો ન્યાય કીધો. ઇસ્રાએલીઓ મિસ્પાહમાં છે એવું પલિસ્તીઓએ સાંભળ્યું ત્યારે તેઓ મિસ્પાહ ઉપર ચઢી આવ્યા. આ વખતે યહોવાહ ઇસ્રાએલીઓના પક્ષમાં થયો. શમૂએલે ઇસ્રાએલીઓને માટે યહોવાહની વિનંતિ કીધી, અને તેણે તે સાંભળી. આ વખતે પલિસ્તીઓ ઇસ્રાએલીઓ આગળથી માર્યા ગયા. યહોવાહે આપણી સહાય કીધી છે, તેની યાદ ખાતર આ જગ્યાએ શમૂએલે એક પત્થર ઉભો કીધો અને તેને એબેન-એઝેર નામ આપ્યું. આ લડાઇમાં શમૂએલ પોતે સૈન્યનો સરદાર થયો, બીજી કોઇ વખતે તે લડાઇમાં ઉતર્યો નથી. આ લડાઇ ઘણું કરીને ઇ. સ. પૂ. ૧૦૯૫ માં થઇ. પલિસ્તીઓની પુરી હાર થઇ, અને જે જે નગરો ઇસ્રાએલીઓ પાસેથી તેઓએ લઇ લીધાં હતાં તે બધાં પાછાં મેળવ્યાં. જે જગ્યાએ ઇસ્રાએલીઓ પલિસ્તીઓ સામે લડતાં હાર ખાઇ કરારકોષ ગુમાવ્યો હતો તેજ જગ્યા પર આ વખતે શમૂએલની સરદારી નીચે ઇસ્રાએલીઓની પુરી જીત થઇ (૧ શમૂ. ૭). શમૂએલે પોતાના આયુષ્યના સર્વે દિવસ ઇસ્રાએલીઓનો ન્યાય કીધો, અને ઇસ્રાએલીઓને પલિસ્તીઓના જુલમથી મુક્ત કીધા, ને લાંબો વખત તેઓ શાંતિમાં રહ્યા. શમૂએલ પોતાનું કામ બહુ નિયમીત રીતે કરતો હતો. વર્ષો વર્ષ બેથેલ તથા ગિલ્ગાલ તથા મિસ્પાહમાં તે અનુક્રમે જતો ને ઇસ્રાએલીઓનો ન્યાય કરતો (૧ શમૂ. ૭; ૧૬), અને શીલોહમાં તે કાયમ કામ ચલાવતો. ત્યાં તેણે એક વેદી બંધાવી હતી. વળી રામાહમાં જુવાનોને એકઠા કરીને ભવિષ્યવાદીઓની એક શાળા સ્થાપી, જે સૌથી જુની કહેવાય. ત્યાર પછી ગિબઆહ, બેથેલ અને ગિલ્ગાલ તથા યરેખોમાં એવી શાળાઓ સ્થાપવામાં આવી હતી. શમૂએલે ઘણાં વર્ષ સુધી પ્રભુના ભવિષ્યવાદી તથા ન્યાયાધીશનું, અને જો કે પોતે યાજકવર્ગનો ન હતો પણ લેવી હતો, તો પણ યાજકનું કામ કીધું. શમૂએલ લૂથરના જેવો ધર્મસુધારો કરનાર હતો. ઉપલો સમય પુરો થવા આવ્યો, અને શમૂએલ વૃદ્ધ વયે પહોંચ્યો ત્યારે તેણે પોતાના દીકરાઓને ઇસ્રાએલ ઉપર ન્યાયાધીશ કીધા, એટલે યોએલ તથા અબીયાહ. તેઓ બેરશેબામાં ન્યાયાધીશ હતા. શમૂએલ જ્યારે ન્યાય તથા સત્યતાથી કામ કરનાર ઇસ્રાએલીઓથી વખણાયલો (૧ શમૂ. ૧૨; ૩, ૫) એવો હતો, ત્યારે તેના પુત્રો દ્રવ્યલોભી અને લાંચીઆ હતા (૧ શમૂ. ૮; ૨, ૩). આથી કરીને ઇસ્રાએલના સર્વે વડીલો રામાહ મધ્યે શમૂએલ પાસે એકઠા થયા અને પોતાને

વાસ્તે રાજા ઠરાવવાની માગણી કીધી. આ માગણીથી શમૂએલને ઘણું ખોટું લાગ્યું અને તેમને સમજાવ્યા, પણ તેમણે જ્યારે ન માન્યું ત્યારે શમૂએલે આ વાત પરમેશ્વર આગળ વિદિત કરી અને પરમેશ્વરના હુકમ મુજબ કીશના દીકરા શાઉલને તેમને માટે રાજા ઠરાવી આપ્યો (૧ શમૂ. ૧૧; ૧૫). અને ગિલ્ગાલમાં ઇસ્રાએલીઓની આખી જમાત આગળ પોતે કરેલા અધિકાર વિષે તથા નવા રાજાની સાથે તમારે કેવી રીતે વર્તવું તે બતાવ્યું, અને તેમને જણાવ્યું કે, તમે યહોવાહનો ભય રાખો, તેની સેવા કરો, તેની વાણી સાંભળો, આજ્ઞાંકિત થાઓ અને ફિતુર નહિ કરો તો પ્રભુ તમારા ઉપર મહેરબાની રાખશે (૧ શમૂ. ૧૨). આ ગંભીર ભાષણ પછી શમૂએલની જાહેર જીંદગી બંધ થાય છે. પોતાની જીંદગીનો બાકીનો વખત તેણે રામાહમાં ગાળ્યો માત્ર એકજ વખતે ફરીને આપણે તેને જાહેરમાં જોઇએ છીએ (૧ શમૂ. ૧૩. ૧ કાળ. ૧૫). ત્યાર પછી શાઉલે પ્રભુની આજ્ઞા નહિ માની માટે નકારાયો, અને દાઉદને અભિષિક્ત કરવાને શમૂએલને આજ્ઞા આપવામાં આવી (૧ શમૂ. ૧૬). ત્યાર પછી તેના મરણ સુધી તેના જીવનના ઇતિહાસ વિષે બહુજ ઓછું જાણવામાં આવે છે. રામાહમાં તે આશરે જ્યારે ૮૦ વર્ષની વયનો હતો ત્યારે મરણ પામ્યો, ને "સર્વ ઇસ્રાએલે એકઠા થઇને તેને સારૂ શોક કીધો, ને તેને રામાહમાં તેના ઘરમાં દાટયો" (૧ શમૂ. ૨૫; ૧ સાથે ૨ રા. ૨૧; ૧૮. ૨ કાળ. ૩૩; ૨૦. ૧ રા. ૨; ૩૪. યોહા. ૧૯; ૪૧ સરખાવો). શમૂએલ હાન્નાહનો પુત્ર (૧ શમૂ. ૧; ૨૦). યહોવાહની સેવા કરનાર (૨; ૧૧: ૩; ૧). યહોવાહ તથા માણસની કૃપા તેના પર હતી (૨; ૧૬). યહોવાહથી બોલાવાયો (૩; ૪ ૧૪). ભવિષ્યવાદી નિમાયો (૩; ૨૦). મિસ્પાહમાં ઇસ્રાએલીઓ ભેગા થયા (૭; ૫, ૬). એબેન-એઝેર (૭; ૧૨). મુસાફરીમાં ફરતો (૭; ૧૬). તેના છોકરા ન્યાયાધીશ (૮; ૧-૩). લોક પોતાને માટે રાજા માગે છે (૭; ૪-૨૨). શાઉલ વિષે ખબર (૯; ૧૪-૨૭). શાઉલનો અભિષેક (૧૦; ૧). માણસોને સાક્ષીને અર્થે બોલાવ્યા (૧૨). શમૂએલ સાત દિવસ સુધી ગયો નહિ (૧૩; ૮). શાઉલ નકારાયો (૧૩; ૧૪). અમાલેકીઓનો શાઉલે સંહાર કીધો (૧૫; ૧-૩). શાઉલનો ફરીથી નકાર (૧૫; ૨૨, ૨૩). દાઉદનો અભિષેક (૧૬; ૧૩). દાઉદ નાયોથમાં (૧૯; ૧૮). શમૂએલનું મરણ (૨૫; ૧). ભૂતવૈદ સ્ત્રીએ શમૂએલને ઉપર બોલાવ્યો (૨૮; ૧૪). બીજી કેટલીક જગ્યાઓ (૧ કાળ. ૬; ૨૮: ૯; ૨૨: ૧૧; ૩: ૨૬; ૨૮: ૨૯; ૨૯. ૨ કાળ. ૩૫; ૧૮. ગીત. ૯૯; ૬. યિર્મે. ૧૫; ૧. પ્રે. કૃ. ૩; ૨૪: ૧૩; ૨૦. હેબ્રી. ૧૧; ૩૨).

શમૂએલનાં પુસ્તક.—હેબ્રી શાસ્ત્રમાં બન્ને પુસ્તકને એકજ ગણેલું છે. શમૂએલના મરણની વાત ૧ શમૂ. ૨૫; ૧ માં આવે છે, છતાં આ બન્ને પુસ્તકને શમૂએલનું નામ આપવામાં આવ્યું છે, કારણ કે તેઓમાં જે રાજ્યની ચઢતી તથા ગૌરવનું વર્ણન લખેલું છે તેની સ્થાપના તથા વ્યવસ્થા એને હાથે થઇ હતી, પણ પુસ્તક લખનાર તો શમૂએલ, નાથાન, ગાદ તથા એમના જેવા બીજા લેખકો હશે. બન્ને પુસ્તકનો સાર.—(૧) એલીના વખતમાં સર્વ પ્રકારની અબળતા ઇસ્રાએલીઓમાં પ્રવેશ પામી હતી, તેઓમાં ધર્મસુધારો કરવા માટે પ્રભુએ શમૂએલને ઉભો કીધો. (૨) લોકોને અણદીઠ પ્રભુની સત્તામાં રહેવું ઠીક લાગ્યું નહિ, તેથી લોકોએ રાજાની માગણી કરી. પ્રભુની નામરજી છતાં શાઉલને રાજા નિમ્યો. તેણે આસપાસના વિદેશીઓને અનુસરી રાજ્ય ચલાવવા માંડ્યું, માટે તે નકારવામાં આવ્યો. (૩) આખરે દાઉદને પસંદ કરવામાં આવ્યો ને તેને અસાધારણ વચન આપ્યું (૧ શમૂ. ૫; ૧૭: ૭; ૨૯), કે જેમાં યાકુબનું

ભવિષ્ય પુરૂં થયું (ઉત્પ. ૪૯; ૮-૧૨). રાજ્ય મજબુત કરવા દાઉદે યરૂશાલેમને રાજ્યનગર બનાવ્યું. ગિલ્ગાલ, તાબોર તથા બેથેલની વેદીઓ કાઢી નાખી, અને યરૂશાલેમને ભજનસ્થાન કીધું, અને આમ્મોની, મોઆબી, અદોમી, સ્કુથી તથા અમાલેકીઓને હરાવીને ખંડણી આપતા કર્યા. એના વખતમાં રાજ્યની હદ્દ પશ્ચિમમાં ભૂમધ્ય સમુદ્રથી તે પૂર્વમાં મહા નદી ફ્રાત સુધી હતી. પહેલા પુસ્તકમાં આશરે સો વર્ષનો ઇતિહાસ સમાયલો છે, ત્યારે બીજા પુસ્તકમાં આશરે ૫૦ વર્ષનો ઇતિહાસ દેખાય છે. શમૂએલના પુસ્તકમાં કેટલાંક કાવ્યો જોવામાં આવે છે. (૧) હાન્નાહનું ગીત (૧ શમૂ. ૨; ૧-૧૦). (૨) શાઉલ તથા યોનાથાન માટે દાઉદનો વિલાપ (૨ શમૂ. ૧; ૧૭-૨૭). (૩) આબ્નેર માટે દાઉદનો વિલાપ (૨ શમૂ. ૩; ૩૩, ૩૪). દાઉદની ઉપકારસ્તુતિ (૨ શમૂ. ૨૨). દાઉદનાં છેલ્લાં વચનો (૨ શમૂ. ૨૩; ૧-૭).

૧ શમૂએલનું પૃથક્કરણ.—(અ) ૧-૭. એલી ન્યાયાધીશ, શમૂએલનો જન્મ, નીમણુક અને કોષનું હરણ. (આ) ૮-૩૧. શાઉલ રાજા, શાઉલની નીમણુક, નકાર, દાઉદ પર સતાવણી, શાઉલનો અંત.

૨ શમૂએલનું પૃથક્કરણ.—(અ) ૧-૯. દાઉદની રાજ્યવૃત્તિ, દાઉદ હેબ્રોનમાં રાજા. (આ) ૧૦-૨૦. દાઉદનું પાપ તથા પરિણામ. (ઇ) ૨૧-૨૪. પરચુરણ બિના. (૨) શમૂએલ શિમઓનપુત્રોમાંનો એક આમ્મીહુદનો દીકરો, જે દેશની વહેંચણી કરી આપવામાં બીજાં કુળોના મુખ્યો સાથે હતો (ગણ. ૩૪; ૨૦). (૩) તોલાનો પુત્ર (૧ કાળ. ૭; ૨).

શલુમીએલ = દેવનો મિત્ર. શિમઓન કુળનો મુખ્ય પુરૂષ (ગણ. ૧; ૬: ૨; ૧૨: ૭; ૩૬: ૧૦; ૧૯).

શલોમી = મારી શાંતિ. આશેર કુળના અધિપતિ અહીહૂદની મા (ગણ. ૩૪; ૨૭).

શલોમીથ = શાંતિવાળી. (૧) એક ઇસ્રાએલી સ્ત્રીના દીકરાએ યહોવાહના નામનું દુર્ભાષણ કર્યું અને તેને પત્થરે મારવામાં આવ્યો તેની મા. તે દિબ્રીની દીકરી દાન કુળની હતી (લેવી. ૨૪; ૧૧). (૨) ઝરૂબ્બાબેલની દીકરી (૧ કાળ. ૩; ૧૯). (૩) (એઝ. ૮; ૧૦). (૪) (૧ કાળ. ૨૩; ૧૮).

શલોમોથ = શાંતિવાળો. (૧) ઝીખ્રીનો પુત્ર (૧ કાળ. ૨૬; ૨૫-૨૮). (૨) શિમઇનો પુત્ર (૧ કાળ. ૨૩; ૯). (૩) (૧ કાળ. ૨૪; ૨૨).

શવા = યહોવાહ લડે છે. (૧) કાલેબનો પુત્ર (૧ કાળ. ૨; ૪૯). (૨) દાઉદનો ચિટણીશ (૨ શમૂ. ૨૦; ૨૫). તેને ૨ શમૂ. ૮; ૧૭ માં સરૂયાહ કહે છે.

શહાર્યાહ = યહોવાહ મારો પ્રકાશ. બિન્યામીની યરોહામના પુત્રોમાંનો એક હતો, જે પોતાના બાપના ઘરનો મુખ્ય હતો (૧ કાળ. ૮; ૨૬).

શાઅરાઇમ = બે દરવાજા. યહુદાહના મેદાનમાં આવેલું એક શહેર હતું (૧ શમૂ. ૧૭; ૫૨. યહો. ૧૫; ૩૬), જે એલાહની ખીણમાં આવેલું હતું.

શાઅલાબ્બીન (યહો. ૧૯; ૪૨).

શાઅલીમ = શિઆળની જગ્યા. યરૂશાલેમની વાયવ્ય કોણમાં આવેલી એક જગ્યા હતી (૧ શમૂ. ૯; ૪), અને કદાચ દાનમાં આવેલ શાઅલાબ્બીનની પાસે તે જગ્યા હતી (યહો. ૧૯; ૪૨). શાઉલ પોતાના બાપનાં ગધેડાંની શોધમાં ત્યાં થઇને બિન્યામીન દેશમાં ગયો હતો.

શાઆફ = ગુસ્સો. (૧) યહુદાહ પુત્રોમાંના યેહદાયના પુત્રોમાંનો એક (૧ કાળ. ૨; ૪૭). (૧) કાલેબની ઉપપત્નીના પુત્રોમાંનો એક (૧ કાળ. ૨; ૪૯).

શાઆલ્બીમ (ન્યા. ૧; ૩૫. જુઓ શાઅલાબ્બીન).

શાઆલ્બોની = શાઆલ્બીમનો રહીશ. દાઉદના યોદ્ધામાંનો એક હતો (૨ શમૂ. ૨૩; ૩૨. ૧ કાળ. ૧૧; ૩૩).

શાઆશ્ગાઝ = સુંદરતાનો સેવક. રાજા આહાશ્વેરોશના બીજા ઝનાનખાનાની ઉપપત્નીઓનો રક્ષક હતો (એસ્તે. ૨ ; ૧૪).

શાઉલ = માગેલો. (૧) અદોમનો રાજા (ઉત્પ. ૩૬ ; ૩૭, ૩૮. ૧ કાળ. ૧ ; ૪૮), જે રહોબોથનો વતની હતો. તેના પછી બઆલ-હાનાને રાજ્ય કર્યું. (૨) પાઉલનું સુનતી નામ છે, અને કદાચ શાઉલ રાજાની યાદગીરીમાં આ નામ આપ્યું હોય (પ્રે. કૃ. ૭ ; ૫૮ : ૮ ; ૧ : ૯ ; ૧). (૩) ઇસ્રાએલીઓનો પહેલો રાજા, તે કીશનો પુત્ર હતો (અને ઘણું કરીને તેના બાપનો તે એકનો એક હતો, એટલુંજ નહિ પણ શમૂએલની માફક તે પરમેશ્વર પાસે માગેલો હતો). કીશ બિન્યામીની કુળનો હતો. "તે જુવાન અને સુંદર પુરૂષ હતો ને ઇસ્રાએલપુત્રોમાં તેના કરતાં કોઇ સુંદર ન હતો." એક વખતે શાઉલના બાપ કીશનાં ગધેડાં ખોવાઇ ગયાં હતાં, ત્યારે શાઉલ પોતાની સાથે એક નોકર લઇને તેમનો શોધ કરવા નીકળ્યો. એફ્રાઇમના પહાડી મુલકમાં તપાસ કર્યા બાદ શાલીશાહમાં ગયા, અને ત્યાંથી શાઅલીમ દેશ ઓળંગી બિન્યામીન દેશમાં ફર્યા. ત્યાં પણ જડ્યાં નહિ. ત્યારે શમૂએલના ઘર પાસે, એટલે રામાહ પાસે સૂફ દેશમાં આવ્યા. ત્યાંથી શાઉલ પાછા જવાનો વિચાર કરે છે, એટલામાં તેના ચાકરે કહ્યું કે આ નગરમાં દેવનો એક ભક્ત છે, અને તે આબરૂદાર માણસ છે, અને જે સર્વ તે કહે છે તે પુરૂં થાય છે, માટે આપણે ત્યાં જઇને તેને પુછીએ. તેથી શાઉલ અને તેનો ચાકર ઇશ્વરભક્તની પાસે ગયા, અને નગરમાં પેસતાં શમૂએલ તેમને મળ્યો (૧ શમૂ. ૯). શાઉલે શમૂએલનેજ પુછ્યું કે, ભવિષ્યવાદીનું ઘર ક્યાં છે? શમૂએલે કહ્યું કે, હુંજ ભવિષ્યદર્શક છું. આ મુલાકાત પહેલાં પરમેશ્વરે શમૂએલને શાઉલનો અભિષેક કરવા કહ્યું હતું. શમૂએલે જણાવ્યું કે "તારાં ગધેડાં જે ત્રણ દિવસ ઉપર ખોવાઇ ગયાં હતાં તેની કાળજી કરીશ મા, કેમકે તે મળ્યાં છે." પછી શમૂએલે તેમને પોતાને ત્યાં પરોણા રાખ્યા, અને બીજે દિવસે શમૂએલે તેલની કુપ્પી લઇને, ખાનગીમાં તેનો અભિષેક કીધો, અને ચુંબન કરીને કહ્યું કે, "શું યહોવાહે પોતાના વતન ઉપર અધિકારી થવા સારૂ તને અભિષિક્ત કર્યો નથી?" ત્યાર પછી શમૂએલે શાઉલને તેના ઘર ગિબઆહમાં જવાને વિદાય કરતાં તેને કહેલી વાતની ખાતરી કરાવવાને ત્રણ ચિન્હો જણાવ્યાં. તે ત્રણે ચિન્હો રસ્તે જતાં તેજ દિવસે પુરાં થયાં, "અને શાઉલને દેવે જુદું હૃદય આપ્યું." શમૂએલ સાથે શાઉલની મુલાકાતમાં થએલી વાતચીત ખાનગી હતી. દેશનો એક સાધારણ વર્ગનો માણસ બદલાઇને ઇસ્રાએલનો રાજા થયો, તેથી જાણવાજોગ ફેરફાર તેનામાં થાય તે સ્વાભાવીક છે. લોકો પોતાની અજાયબીમાં કહેવા લાગ્યા કે "શું શાઉલ પણ ભવિષ્યવાદીઓમાં છે??" (૧ શમૂ. ૧૯ ; ૧૪). શાઉલ સાથે થએલી ખાનગી વાત લોકોમાં બહાર પાડવાને આખી જમાતને શમૂએલે મિસ્પાહમાં યહોવાહ પાસે ભેગી કીધી, અને રાજા પસંદ કરવા માટે ચિઠ્ઠીઓ નાખવામાં આવી. અને ચિઠ્ઠીઓથી શાઉલ પસંદ કરવામાં આવ્યો. અને લોકોના સમુદાય વચ્ચે તેને ઉભો કરવામાં આવ્યો, ને "સર્વ લોકોએ ઘાંટો પાડીને કહ્યું કે, ઇશ્વર રાજાની રક્ષા કરો." ત્યાર પછી શાઉલ પોતાને ઘેર ગિબઆહમાં પાછો ગયો, અને તેની સાથે "જે શૂરવીરોનાં હૃદય પર દેવે અસર કીધી હતી તેઓ" તેના અંગરક્ષક તરીકે તેની સાથે ગયા; પણ કેટલાક હલકા માણસોએ તેનો નકાર કર્યો, પણ શાઉલ તેઓ વિષે કંઇ બોલ્યો નહિ. ઘેર પહોંચ્યા પછી સાથે ગએલા શૂરવીર પુરૂષોને રજા આપી, અને પોતે પહેલાંની માફક સાદી જીંદગી ભોગવવા લાગ્યો. આ બનાવ પછી થોડા વખતમાં યાબેશ-ગિલઆદ સામે

નાહાશ આમ્મોની ચઢી આવ્યો અને યાબેશનાં સર્વ માણસોનો ભારે તુચ્છકાર બતાવવામાં આવ્યો, તેથી આ ખબર ગિબઆહમાં શાઉલને આપવામાં આવી. શાઉલ ઇસ્રાએલનું મહાન સૈન્ય એકઠું કરીને તેમની સામે લડવાને નીકળ્યો. બેઝેક આગળ ભારે લડાઇ થઇ, અને આમ્મોનીઓની પુરી હાર થઇ. આથી કરીને બધા ઇસ્રાએલીઓ શાઉલને રાજા તરીકે બહુ માનપૂર્વક જોવા લાગ્યા. આ સારા પ્રસંગનો લાભ લઇ શમૂએલે બધા ઇસ્રાએલીઓને ગિલ્ગાલમાં એકઠા કીધા, અને "ત્યાં યહોવાહ આગળ શાઉલને તેઓએ રાજા નીમ્યો," અને બધાને તેથી ઘણો આનંદ થયો (૧ શમૂ. ૧૧). હવે શાઉલને પલિસ્તીઓના હાથથી ઇસ્રાએલીઓને છોડાવવાનું ભારે કામ હાથ ધરવાનું હતું. તે કારણ માટે શાઉલે ઇસ્રાએલીઓમાંથી ૩,૦૦૦ માણસ ચુંટી કાઢયાં, જેમાંનાં ૨,૦૦૦ શાઉલની સાથે મિખ્માશમાં તથા બેથેલ પર્વતમાં હતાં, અને ૧,૦૦૦ શાઉલના દીકરા યોનાથાન પાસે બિન્યામીની ગિબઆહમાં હતાં. યોનાથાને પલિસ્તીઓનું ગેબાહનું થાણું માર્યું. પલિસ્તીઓને એ વાતની ખબર પડતાં ૩૦,૦૦૦ રથ, ૬,૦૦૦ સ્વાર ને "સમુદ્રની રેતી પ્રમાણે લોકોને લઇને" પલિસ્તીઓ ઇસ્રાએલીઓ સામે લડવાને એકઠા થયા; અને શાઉલ જ્યારે ગિલ્ગાલમાં હતો ત્યારે પલિસ્તીઓએ મિખ્માશમાં છાવણી કીધી. શાઉલ શમૂએલની સલાહની વાટ જોતાં ગિલ્ગાલમાં સાત દિવસ રહ્યો, પણ શમૂએલ આવ્યો નહિ (૧ શમૂ. ૧૦; ૮), ત્યારે શાઉલે ઉતાવળા થઇ પોતે દહનીયાર્પણ તથા શાંત્યાર્પણ ચઢાવ્યાં (૧૩; ૯), અને તે કાર્ય કરી રહ્યો એટલે શમૂએલ આવ્યો અને શાઉલને ઠપકો આપતાં કહ્યું કે, "યહોવાહે જે આજ્ઞા તને આપી તે તેં પાળી નથી" (૧૩; ૧૩, ૧૪). ત્યાર બાદ શમૂએલના ગયા પછી શાઉલ ૬૦૦ માણસ સાથે ગિલ્ગાલથી નીકળી બિન્યામીની ગિબઆહમાં ગયો, ને શાઉલે ગિબઆહના છેક છેવાડા ભાગમાં, એટલે મિખ્માશની સામે છાવણી કીધી. અહીં હવે શું કરવું તેનો વિચાર કરતાં શાઉલ અને તેનું લશ્કર આરામ લેતું હતું. એવામાં યોનાથાન અધીરો બની પોતાની સાથે પોતાના શસ્ત્રધાર જુવાનને લઇ કોઇ ન જાણે એવી રીતે પલિસ્તીઓની છાવણીમાં પેલીગમ ગયો, અને એકાએક તુટી પડીને ૨૦ માણસોની કતલ કરી. આ જોઇને છાવણીમાં તથા રણક્ષેત્રમાં તથા સર્વ પલિસ્તીઓમાં મોટો કંપારો થયો, અને લશ્કર બધું અવ્યવસ્થિત થઇ નાસવા લાગ્યું. એનો લાભ લઇ શાઉલ પોતાના લશ્કર સાથે તેમની પૂઠે પડ્યો અને બેથ-આવેન સુધી તેમને માર્યા. પલિસ્તીઓની પુરી હાર થઇ, અને તે દિવસે ઇસ્રાએલનો યહોવાહે બચાવ કીધો (૧૪). તે દિવસે લોકો ઘણા થાકી ગયા હતા, પણ શાઉલે લોકોને સોગન દઇને કહ્યું કે સાંજ પડે ત્યાં સુધી કોઇ માણસ કંઇ પણ ખોરાક ખાય તો તે શાપિત થાય, અને એવા હુકમ સાથે પલિસ્તીઓની પૂઠ પકડવાનું ફરમાવ્યું, અને એમ મિખ્માશથી ૧૫ કે ૨૦ માઇલ દૂર આવેલ આયાલોન સુધી ઇસ્રાએલીઓ પલિસ્તીઓને મારતા ગયા. આ વખતે તેના દીકરા યોનાથાને રસ્તામાં જે ઘણું મધ હતું તેમાંથી થોડું ચાખ્યું હતું. આ વાત પાછળથી માલમ પડતાં શાઉલે પોતાના દીકરાને મરણદંડની આજ્ઞા ફરમાવી. પણ ઇસ્રાએલી માણસો તે વાતની સામે થયા, અને કહ્યું કે, "શું યોનાથાન જેણે ઇસ્રાએલ મધ્યે આ મોટો ઉદ્ધાર કીધો છે તે મરશે? એવું ન થાઓ." એમ લોકોએ યોનાથાનને મોતથી ઉગાર્યો. પછી શાઉલ પલિસ્તીઓનો કેડો છોડીને ચાલ્યો ગયો, અને પલિસ્તીઓ પોતાને ઠેકાણે ગયા (૧ શમૂ. ૧૪; ૨૪-૪૬). આ તો શાઉલની બીજી જીત હતી. આરોગમના શત્રુઓની સામે લડવામાં શાઉલની રાજ્યકારકીર્દીનો બધો વખત ગયો છે.

અને જ્યાં જ્યાં તે ફર્યો ત્યાં ત્યાં તેણે શત્રુઓને ત્રાસ પમાડ્યો, અને ઇસ્રાએલને પલિસ્તી વિગેરે શત્રુઓના જુલમથી છોડાવ્યા. છેલ્લે અમાલેકીઓની સામે લડી તેમનો સંપૂર્ણ સંહાર કરવાનો પ્રભુનો હુકમ શમૂએલની મારફતે આવ્યો, જે લડાઇનું બ્યાન ૧ શમૂ. ૧૫ મા અધ્યાયમાં આપવામાં આવ્યું છે. આ લોકો તો ઇસ્રાએલના જુના અને વંશપરંપરાના શત્રુ હતા (નિર્ગ. ૧૭; ૮. ગણ. ૧૪; ૪૩–૪૫). તેઓએ પાલેસ્તાઇનનો દક્ષિણ ભાગ કબજે કર્યો હતો, તેઓ પર શાઉલે માણસ એકઠાં કરીને ટલાઇમથી ઉપડી ચઢાઇ કરી, અને હવીલાહથી તે મિસર સામેના સૂર સુધી અમાલેકીઓને માર્યા, અને તેમનો પુરો વિનાશ કીધો; પણ આ લડાઇમાં પ્રભુની આજ્ઞા એવી હતી કે, તેમનો સંપૂર્ણ વિનાશ કરવો, એમ છતાં શાઉલે તેઓના રાજા અગાગને તથા સિપાઇઓએ ઘેટાં, બકરાં, બળદો, વિગેરે પુષ્ટ જાનવરો બચાવ્યાં (૧ શમૂ. ૧૫; ૮). આ જીત પુરી કરી શાઉલ પાછો ગિલ્ગાલમાં આવ્યો, ત્યારે શમૂએલે ત્યાં જઇ તેને ભારે ઠપકો આપ્યો. એ સાથે તેને જણાવ્યું કે "તેં યહોવાહનો શબ્દ નકાર્યો છે, માટે તેણે પણ તને રાજા હોવાથી નકાર્યો છે" (૧ શમૂ. ૧૫; ૨૩). વળી જણાવ્યું કે, "યહોવાહે આજ ઇસ્રાએલનું રાજ્ય તારી પાસેથી ફાડી લીધું છે, ને તારો પડોશી જે તારા કરતાં સારો છે, તેને આપ્યું છે." ત્યાર બાદ શમૂએલે દાઉદનો અભિષેક કીધો (૧૬; ૧–૩). "તે દિવસથી યહોવાહનો આત્મા શાઉલ પાસેથી જતો રહ્યો હતો, અને યહોવાહ તરફથી એક દુષ્ટ આત્મા તેને હેરાન કરતો હતો." આ પછી શમૂએલ અને શાઉલ બીજી એકજ વખત ફરી મળ્યા હતા (ભવિષ્યવાદીઓની શાળામાં). હવે દાઉદ વીણા વગાડવામાં પ્રવીણ હતો, તેથી શાઉલ પાસે તેને બોલાવવામાં આવ્યો. "અને જ્યારે દુષ્ટ આત્મા શાઉલ પર આવતો, ત્યારે એમ થતું કે, દાઉદ વીણા લઇને પોતાના હાથથી વગાડતો તેથી શાઉલ સાજોતાજો થઇ જતો," તેથી તે રાજાને ઘણો પ્રિય થઇ પડ્યો. ત્યાર પછી કદાપિ દાઉદ પાછો પોતાને ઘેર ગયો, અને પોતાનો આગલો ધંધો એટલે ઘેટાંપાળકનો ધંધો કરવા લાગ્યો. આ કામ તેણે આશરે ત્રણેક વર્ષ કીધું. એ અરસામાં પલિસ્તીઓ ફરીને ઇસ્રાએલીઓને હેરાન કરવા લાગ્યા, અને પલિસ્તીઓ મોટા સૈન્ય સાથે આવી, સોખોહ અને અઝેકાહની વચ્ચે એફેસ–દામ્મીમમાં છાવણી કીધી. તેઓની સામે થવાને શાઉલ તથા ઇસ્રાએલી માણસો નીકળી આવ્યા, અને ખીણની સામી બાજુએ પર્વત ઉપર ઉભા રહ્યા (૧૭; ૧–૪). આ લડાઇમાં દાઉદે ગોલ્યાથ નામના પલિસ્તી યોદ્ધાને માર્યો (૧૭; ૩૨–૪૦), તેથી પલિસ્તીઓની પુરી હાર થઇ (૧૭; ૫૨–૫૪). ત્યાર પછી શાઉલે દાઉદને રાજ્યમાં કાયમની નોકરી આપી (૧૮; ૧, ૨). પણ દાઉદની કરેલી મજકુર જીતને માટે શાઉલ તના પર બળવા લાગ્યો, અને પોતાની શત્રુવટ અનેક વખત દાઉદ પર બતાવી (૧૮; ૧૦). ત્યાર બાદ પલિસ્તીઓ ફરી ચઢી આવ્યા, અને એસ્ડ્રાએલોનના મેદાનમાં સુનેમ પાસે છાવણી કીધી, અને નાના હેર્મોનના ઢોળાવ પર શાઉલે સર્વ ઇસ્રાએલીઓને એકઠા કરી ગિલ્બોઆમાં છાવણી કીધી (૧ શમૂ. ૨૩; ૩–૧૪). આ વખતે શાઉલે યહોવાહની સલાહ પુછી, પણ સ્વપ્નથી કે ઉરીમથી કે ભવિષ્યવાદીઓથી, તેને કંઇ પણ સલાહ મળી નાહ, ત્યારે ત્યાંથી સાતેક માઇલ દૂર આવેલા એન્દોરમાં ભૂતવેદ સ્ત્રી પાસે ગયો, અને તેણીએ શમૂએલને તેને માટે બોલાવ્યો. શાઉલ જ્યારે શમૂએલને જુએ છે ત્યારે "પોતાનું મુખ ભૂમિ સુધી નમાવી પ્રણામ કરે છે." શમૂએલે જણાવ્યું કે, "યહોવાહે તનેતજી દીધો છે, તથા તારો શત્રુ થયો છે, તેમ છતાં તું શા માટે મને પુછે છે?" પછી પલિસ્તીઓ ઇસ્રાએલીઓ

સાથે લડ્યા, અને ઇસ્રાએલીઓ તેમની આગળથી નાઠા, અને ગિલ્બોઆ પર્વત પર કતલ થઇ પડ્યા (૩૧). આ હાર જોઇ શાઉલ પોતાની તરવાર પર પડી મરણ પામ્યો, અને તેના ત્રણે દીકરાઓ માર્યા ગયા. બીજે દિવસે પલિસ્તીઓ મુએલાનાં વસ્ત્રાદિ ઉતારી લેવાને રણક્ષેત્રમાં આવ્યા ત્યારે શાઉલ અને તેના ત્રણ દીકરાઓ ગિલ્બોઆ પર્વત પર પડેલા મળ્યા, શાઉલનું માથું કાપી લઇ ગયા, અને આશ્દોદમાં દાગોન દેવતાના મંદિરમાં તેને લટકાવ્યું, અને શબ બીજા ત્રણ પુત્રોની સાથે બેથશાનના કોટે લટકાવ્યું. વળી શાઉલનાં વસ્ત્રો ઉતારી લઇ આશ્તારોથના ઘરમાં મુક્યાં. ઉપલી ખબર જ્યારે યાબેશ-ગિલઆદનાં માણસોએ સાંભળી ત્યારે બહાદુર પુરૂષો આખી રાત ચાલીને ત્યાં ગયા અને શાઉલ તથા તેના ત્રણે દીકરાઓની લાસ યાબેશ લાવીને રીતસર બાળી, અને તેમનાં હાડકાં એશેલવૃક્ષ તળે દાટયાં, અને સાત દિવસ ઉપવાસ કીધો (૩૧). પાછળથી તે હાડકાં ત્યાંથી મંગાવી બિન્યામીન દેશના શેલાહ મધ્યે, તેમના બાપ કીશની કબરમાં મૂક્યાં (૨ શમૂ. ૨૧; ૧૩, ૧૪). શાઉલ–કીશનો પુત્ર. ગધેડાં શોધવાને મોકલ્યો (૯; ૧–૭). અભિષેક કર્યો (૧૦; ૧). ભવિષ્યવાદીઓની ટોળીમાં (૧૦; ૧૧). રાજા તરીકે સ્વીકાર થયો (૧૧; ૧૭-૨૭). નાહાશની સામે લડાઇ (૧૧; ૨). જાહેર રાજા થયો (૧૧; ૧૫). યજ્ઞાર્પણ કીધું (૧૩; ૯). સોગન તથા પરિણામ (૧૪; ૨૪–૪૫). તેના પુત્ર (૧૪; ૪૯). અમાલેકી સાથે લડાઇ (૧૫; ૧–૯). રાજાનો નોકર (૧૫; ૨૩). દુષ્ટ આત્માએ હેરાન થયો (૧૬; ૧૪). દાઉદ હજુરમાં વાજું વગાડતો (૧૬; ૨૩). દાઉદ પર શાઉલની ઇતરાજી (૧૮; ૮). એ વિષે દાઉદની જાણ (૧૯; ૭). દાઉદ જોખમમાં (૧૯; ૧૦). નોબ તથા ૮૫ યાજકોનો નાશ કીધો (૨૨; ૬–૧૯). દાઉદની શોધ કરવા ઝીફમાં (૨૩; ૨૪). માઓનના રાનમાં (૨૩; ૨૫). એનગેદીમાં (૨૪). હખીલાહ પર્વત પર (૨૬). શોધ કરવી બંધ (૨૭; ૪). ભૂતવૈદ્ય સ્ત્રી પાસે (૨૮). ગિલ્બોઆ પર આપઘાત (૩૧; ૧–૬. ૨ શમૂ. ૧; ૧–૧૨). તેને માટે દાઉદનો વિલાપ (૨ શમૂ. ૧; ૧૭–૨૭). દાઉદે તેનાં હાડકાં દફનાવ્યાં (૨ શમૂ. ૨૧; ૧૨–૧૪). (૪) ઇસ્રાએલપુત્રો મિસર દેશમાં યુસફ પાસે ગયા તેમાંનો એક શિમઓનનો પુત્ર હતો તેનું નામ શાઉલ હતું (ઉત્પ. ૪૬; ૧૦. નિર્ગ. ૬; ૧૫. ગણ. ૨૬; ૧૩. ૧ કાળ. ૪; ૨૪). (૫) કહાથપુત્રોમાંનો એક (૧ કાળ. ૬; ૨૪).

શાખ્યાહ = કામી. બિન્યામીની શાહરાઇમનો પુત્ર, જે પોતાના કુટુંબનો મુખ્ય માણસ હતો (૧ કાળ. ૮; ૧૦).

શાગે = ભટકનારો. દાઉદના યોદ્ધામાંનો એક યોનાથાન હતો, તેનો બાપ શાગે હતો (૧ કાળ. ૧૧; ૩૪). ૨ શમૂ. ૨૩; ૩૩ માં તેને શામ્માહ કહે છે.

શાદ્રાખ = બાદશાહી. જે જુવાનોને નબૂખાદનેસ્સાર બાબેલમાં બંદિવાન કરીને લઇ ગયો તેઓમાંનો એક હતો. તેનું હેબ્રી નામ હનાન્યાહ હતું, તે બદલીને ઉપલું ખાલ્દી નામ તેને આપવામાં આવ્યું છે (દાની. ૧; ૬, ૭ : ૩; ૧૨–૩૦ : ૨ ; ૪૯). તેણે અને તેના બે મિત્રોએ નબૂખાદનેસ્સારે ઉભી કરેલી મૂર્તિ આગળ નમવાને નકાર્યું. તે કારણ માટે તેઓને આગની ભઠ્ઠીમાં નાખવામાં આવ્યા, પણ પ્રભુએ તેમનો અજાયબ રીતે બચાવ કર્યો અને તેમના એક વાળને પણ હરકત પહોંચી નહિ. આથી નબૂખાદનેસ્સાર ઇસ્રાએલીઓનો દેવ કેવો શક્તિવાન છે તે શીખ્યો.

શાફાટ = ન્યાયાધીશ. (૧) શિમઓની હોરીનો દીકરો, જે કનાન દેશની જાસુસી કરવાને બીજાઓ સાથે ગયો હતો (ગણ. ૧૩; ૫). (૨) એલીશા ભવિષ્યવાદીનો પિતા (૧ રા.

૧૯ : ૧૬, ૧૯. ૨ રા. ૩ ; ૧૧ : ૬ : ૩૧). (૩) સમાયાહના છ પુત્રોમાંનો એક (૧ કાળ. ૩ ; ૨૨). (૪) ગાદપુત્રોમાંનો એક (૧ કાળ. ૫ ; ૧૨). (૫) ઢોરનો ઉપરી આદલાયનો પુત્ર (૧ કાળ. ૨૭ ; ૨૯).

શાફાન = એક જાતનું સસલા જેવું જાનવર. રાજા યોશીયાહનો એક શાસ્ત્રી હતો (૨ રા. ૨૨ ; ૩. ૨ કાળ. ૩૪ ; ૮). હિલ્કીયાહ યાજકને યહોવાહના ઘરમાંથી નિયમશાસ્ત્રનું પુસ્તક મળ્યું હતું તે શાફાનને આપ્યું, અને તેણે યોશીયાહ રાજાની આગળ વાંચી સંભળાવ્યું હતું (૨ રા. ૨૨ ; ૮–૧૪). આ શાફાનનો પૌત્ર ગદાલ્યાહ હતો, કે જેને નબૂખાદનેસ્સારે યહુદાહનો હાકેમ નીમ્યો હતો (૨ રા. ૨૫ ; ૨૨), અને તેનો પુત્ર યાઅઝાન્યાહ હતો (હઝ. ૮ ; ૧૧). શાફાન યોશીયાહનો ચિટણીસ હતો (૨ રા. ૨૨ ; ૩. ૨ કાળ. ૩૪ ; ૮). નિયમશાસ્ત્ર વાંચ્યું (૨ રા. ૨૨ ; ૮. ૨ કાળ. ૩૪ ; ૧૫). અહીકામ તથા યાઅઝાન્યાહ તથા ગમાર્યાહનો પિતા (૨ રા. ૨૨ ; ૧૨. હઝ. ૮ ; ૧૧. યિર્મે. ૩૬ ; ૧૦). ગદાલ્યાહનો ઘરડો બાપ (યિર્મે. ૩૯ ; ૧૪ : ૪૧ ; ૨ : ૪૩ ; ૬)-

શાફામ = વિશોભિત. ગાદપુત્રોમાંનો એક (૧ કાળ. ૫ ; ૧૨).

શાફીર = સુંદર. યહુદાહમાં આવેલું એક શહેર હતું. હાલ આશ્દોદથી પાંચ માઇલ ઉપર આવેલું 'એસ-સુઆફીર' ઉપલા નામથી ઓળખાય છે (મીખા. ૧ ; ૧૧).

શાબ્બથાય = સાબ્બાથે જન્મેલો. પરદેશી સ્ત્રીઓ સાથે લગ્ન કરીને ઇસ્રાએલે જે ગુન્હો કર્યો હતો તે વાતનું નિરાકરણ કરવાને માટે આ નામના એક લેવીએ મદદ કીધી હતી (એઝ. ૧૦ ; ૧૫. નહે. ૮ ; ૭ : ૧૧ ; ૩૬).

શામશૂન = નાશ કરનાર. દાન કુળનો માનોઆહ નામનો માણસ હતો. તેને સોરાહમાં એક પુત્ર થયો, તેનું નામ શામશૂન પાડ્યું. તેનું જીવનચરિત્ર ન્યા. ૧૩–૧૬ સુધીમાં આપવામાં આવ્યું છે. તે જન્મથી નાઝીરી હતો. પવિત્ર શાસ્ત્રમાં પહેલામાં પહેલો નાઝીરી જેને બતાવવામાં આવ્યો છે તે શામશૂન છે (ન્યા. ૧૩ ; ૫. સાથે ગણ. ૬ ; ૧–૨૧ સરખાવો). શામશૂનનું બયાન કરતાં પહેલામાં પહેલી જે નોંધ લેવામાં આવેલી છે તે તિમ્નાહની એક પલિસ્તી સ્ત્રી સાથે તેના લગ્ન સંબંધે છે (ન્યા. ૧૪ ; ૧–૪). આવું લગ્ન મુસાના નિયમશાસ્ત્રથી મના કરવામાં આવ્યું નહોતું, કેમકે કનાનની સાત કોમમાંની આ કોમ નહોતી (નિર્ગ. ૩૪ ; ૧૧–૧૬. પુન. ૭ ; ૧–૪), પણ આવું લગ્ન અનાશીર્વાદિત હતું. થોડી વાર પછી આ સ્ત્રી શામશૂન પાસેથી લઇને શામશૂનના એક મિત્રને આપી (ન્યા. ૧૪ ; ૨૦). શામશૂને તે કામનું વેર લેતાં પલિસ્તીઓના ઉભા અનાજમાં આગ મુકી (ન્યા. ૧૫ ; ૧–૮). એ જોઇ પલિસ્તીઓએ શામશૂનને પકડવાને યહુદાહના માણસ ઉપર ચઢાઇ કરી. યહુદીઓએ શામશૂનને પકડી પલિસ્તીઓની પાસે લહીમાં લાવ્યા. શામશૂનને જોઇ પલિસ્તીઓએ પોકાર કીધો. એવામાં યહોવાહનો આત્મા શામશૂન પર પરાક્રમસહિત આવ્યો, જેથી શામશૂનનાં બંધન તુટી ગયાં અને એક ગધેડાના તાજા જડબાથી તેણે એક હજાર પલિસ્તીઓને જમીનદોસ્ત કર્યા (ન્યા. ૧૫ ; ૭–૧૯). આ બનાવ પછી શામશૂન ૨૦ વર્ષ સુધી ઇસ્રાએલીઓનો ન્યાયાધીશ થયો, પણ તે પ્રકરણનો ઇતિહાસ આપણને માલમ નથી. તે પછી ગાઝાહમાં તેના પરાક્રમ વિષે (ન્યા. ૧૬ ; ૧–૩), તથા દલીલાહને માટે કરેલી મૂર્ખાઇ વિષે (ન્યા. ૧૬ ; ૪-૨૦), તથા તેણીના વિશ્વાસઘાત વિષે (ન્યા. ૧૬ ; ૨૧–૩૧), આપણે વાંચીએ છીએ. તેનું મરણ તેના શત્રુઓના સંહાર સાથે થએલું છે. અને " એમ મરતી વખતે જેઓને તેણે માર્યા તેઓની સંખ્યા પોતાની હયાતીમાં તેણે મારેલા તેઓના કરતાં વધારે હતી." વિશ્વાસથી શામશૂન પરાક્રમી થયો, ને વિદેશી-

ઓની ફોજોને નસાડી (હેબ્રી. ૧૧; ૩૨-૩૪). તેના જન્મ પહેલાં દૂતથી કહેવામાં આવ્યું હતું કે પલિસ્તીઓના હાથમાંથી તે ઇસ્રાએલીઓને ઉગારવા માંડશે. અને મુસાના નિયમશાસ્ત્રમાં લખ્યા મુજબ એક પ્રભુભક્ત હજાર દુશ્મનને માટે અને બે દસ હજારને માટે બસ છે. તે પ્રમાણે પલિસ્તીઓની આગળ ઇસ્રાએલીઓ પોતાની ભુંડાઇને લીધે ગુલામ થયા, પણ પ્રભુભક્ત શામશૂનની મારફતે તેમનો છુટકારો કીધો (પુન. ૩૨; ૩૦). શામશૂન (ન્યા. ૧૩; ૨૪: ૧૪; ૧-૨૦: ૧૫; ૧-૧૯: ૧૬; ૧-૩૦. હેબ્રી. ૧૧; ૩૨).

શામા = સાંભળીને. દાઉદના યોદ્ધામાંનો એક હતો (૧ કાળ. ૧૧; ૪૪).

શામીર = અણીદાર કાંટો. (૧) લેવી મીખાહના પુત્રોમાંનો એક (૧ કાળ. ૨૪; ૨૪). (૨) યહુદાહના પહાડી મુલકમાં હેબ્રોનની દક્ષિણે આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૪૮). કદાપિ દબીરથી બે માઇલ દૂર આવેલું 'શોમેરાહ' તે એજ હશે. (૩) એફ્રાઇમના પહાડી મુલકનું એક શહેર કે જ્યાં તોલા ન્યાયાધીશ રહેતો હતો (ન્યા. ૧૦; ૧,૨).

શામ્ગાર = નાશ કરનાર. ઇસ્રાએલીઓને પલિસ્તીઓના ત્રાસથી છોડાવનાર ત્રીજો ન્યાયાધીશ હતો. તેના બાપનું નામ અનાથ. તેણે બળદ હાંકવાના પરોણીથી ૬૦૦ પલિસ્તીઓને મારી નાખ્યા; એમ તેણે ઇસ્રાએલીઓનો બચાવ કીધો. ઘણું કરીને તે દબોરાહ તથા બારાકનો કેટલાક વખત સુધી સમકાળિક ન્યાયાધીશ હતો. તેણે કેટલાં વર્ષ ન્યાયાધીશનું કામ કર્યું તે બતાવ્યું નથી (ન્યા. ૩; ૩૧: ૫; ૬, ૭).

શામ્મા = રણ. આશેરપુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૩૭).

શામ્માય = ખોઇ નાખવું. (૧) (૧ કાળ. ૨; ૨૮-૩૨). (૨) (૧ કાળ. ૨; ૪૪, ૪૫). (૩) (૧ કાળ. ૪; ૧૭).

શામ્માહ = અરણ્ય. (૧) અદોમ દેશનો એક સરદાર હતો (ઉત્પ. ૧૩; ૧૭. ૧ કાળ. ૧; ૩૭). (૨) યિશાઇના દીકરાઓમાંનો એક દાઉદનો ભાઇ હતો (૧ શમૂ. ૧૬; ૯: ૧૭; ૧૩). તેને ૨ શમૂ. ૧૩; ૩ માં શિમઆહ અને ૧ કાળ. ૨; ૧૩: ૨૦; ૭ માં શિમઆ અને ૨ શમૂ. ૨૧; ૨૧ માં શિમાય કહે છે. (૩) દાઉદના ત્રણ શૂરવીરોમાંનો એક હતો (૨ શમૂ. ૨૩; ૧૧, ૧૨. ૧ કાળ. ૧૧; ૧૨-૧૪). (૪) દાઉદના યોદ્ધામાંનો એક હતો (૨ શમૂ. ૨૩; ૨૫). તેને ૧ કાળ. ૧૧; ૨૭ માં શામ્મોથ અને ૧ કાળ. ૨૭; ૮ માં શામ્હૂથ કહે છે.

શામ્મૂઆ = કીર્તિવંત. (૧) મુસાએ દેશની જાસુસી કરવાને જે માણસ મોકલ્યા તેમાં રેઉબેન કુળમાંનો ઝાક્કૂરનો પુત્ર શામ્મૂઆ હતો (ગણ. ૧૩; ૪). (૨) દાઉદના પુત્રોમાંનો એક (૧ કાળ. ૧૪; ૪. ૨ શમૂ. ૫; ૧૪). તેને ૧ કાળ. ૩; ૫ માં શિમઆ કહે છે. (૩) નહેમ્યાહના વખતમાં એક લેવી હતો (નહે. ૧૧; ૧૭). (૪) (નહે. ૧૨; ૧૮).

શામ્મોથ = અરણ્ય. દાઉદના યોદ્ધામાંનો એક (૧ કાળ. ૧૧; ૧૭).

શામ્લાય (એઝ. ૨; ૪૬). જુઓ શાલ્માય.

શામ્શરાય. એક બિન્યામીની (૧ કાળ. ૮; ૨૬).

શારએસેર = અગ્નિનો સરદાર. (૧) આશ્શૂરના રાજા સાન્હેરીબના બે પુત્રો, એટલે આદ્રામ્મેલેખ તથા શારએસેર હતા. તેઓએ પોતાના બાપને તરવારથી મારી નાખ્યો અને આર્મેનીયાના અરારાટમાં નાસી ગયા. અને તેના બાપના મરી ગયા પછી બીજા ભાઇ એસાર-હાદ્દોને તેની જગ્યાએ રાજ્ય કર્યું (૨ રા. ૧૯; ૩૭). (૨) બંદિપ્રવાસથી જે માણસોને યહોવાહની કૃપા વિનવવા સારૂ મોકલવામાં આવ્યા, તેમાંનો એક હતો (ઝખા. ૭; ૨).

શારાય = સ્વતંત્ર. (એઝ. ૧૦; ૪૦).

શારાર = દઢ. (૨ શમૂ. ૨૩; ૩૩). તેને ૧ કાળ. ૧૧; ૩૫ માં શાખાર કહે છે.

શારૂહેન (યહો. ૧૯; ૬).

શારોન = સપાટ. આ સુંદર મેદાન ભૂમધ્ય સમુદ્રથી પૂર્વમાં યરૂશાલેમના ઉંચ પ્રદેશ સુધીમાં આવેલું છે, જે આશરે ૩૦ માઇલ પહોળું અને ૮ થી ૧૫ માઇલ લાંબું છે. તે તેની ફળદ્રુપતા અને સુંદરતાને માટે પ્રસિદ્ધ છે (૧ કાળ. ૫; ૧૬ : ૨૭; ૨૯. યશા. ૩૩; ૯ : ૩૫; ૨ : ૬૫; ૧૦). શારોનનું ગુલાબ વખણાતું હતું, જેના વિષે ગીતોના ગીત ૨ ; ૧૦ માં લખવામાં આવ્યુ છે. યહો. ૧૨; ૧૮ માં તેને લાશ્શારોન કહે છે.

શાલીશાહ (૧ શમૂ. ૯ ; ૪).

શાલેમ = શાન્તિ. યરૂશાલેમનું બીજું નામ છે એમ સાધારણ રીતે મનાય છે. મેલ્ખી-સેદેક શાલેમના રાજા (ઉત્પ. ૧૪; ૧૮. હેબ્રી. ૭; ૧, ૨. ગીત. ૭૬; ૨). જુઓ યરૂશાલેમ.

શાલ્માન = શાલ્માનેસેરનું ટુંકું નામ. (હોશી. ૧૦ ; ૧૪).

શાલ્માય = શાંતિવાળો. નથીનીમમાંનો એક (એઝ. ૨ ; ૪૬. નહે. ૭ ; ૪૮).

શાલ્માનેસેર = શાલ્માનની પ્રસન્નતા. આશ્શૂરના રાજા પૂલની પછી આશ્શૂરની ગાદી ઉપર શાલ્માનેસેર બીજો બેઠો (ઇ. સ. ૭૨૭). તેણે ઇસ્રાએલના રાજા હોશીઆ ઉપર ચઢાઇ કરી તેને ખંડિયો કર્યો, પણ થોડી વારમાં હોશીઆએ આશ્શૂર સામે દંગો કરી ખંડણી ભરવા બંધ કરી; તેથી શાલ્માનેસર ફરીને ચઢી આવ્યો ને સમરૂનને ઘેરો ઘાલ્યો. ત્રણ વર્ષના ઘેરા બાદ શાર્ગોને તે જીતી લીધું (૨ રા. ૧૭; ૩-૫ : ૧૮ ; ૯) અને ઇસ્રાએલને પકડી આશ્શૂર લઇ જઇ ત્યાં વસાવ્યા. પછી આશ્શૂરમાં બળવો ઉઠયો અને શાલ્માનેસેરને પદભ્રષ્ટ કીધો, અને શાર્ગોન ગાદીએ બેઠો.

શાલ્લૂન = લૂટી લેનું. ઝરાની ભાગળની મરામત કરનાર મિસ્પાહના જીલ્લાનો અધિકારી હતો (નહે. ૩ ; ૧૫).

શાલ્લૂમ = બદલો. (૧) ઇસ્રાએલનો ૧૫ મો રાજા, તેના પિતાનું નામ યાબેશ હતું (૨ રા. ૧૫ ; ૧૦). તેણે યરોબઆમના દીકરા ઝખાર્યાહ સામે દંગો કરી લોકોની સામે તેને કતલ કર્યો અને પોતે ગાદીએ બેઠો. તેણે માત્ર એક મહિનો સમરૂનમાં રાજ્ય કર્યું. એવામાં ગાદીના વારસ મનાહેમે તેના પર ચઢી આવીને તેને મારી નાખ્યો અને પોતે રાજ્ય લીધું (૧ રા. ૧૪; ૧૭ : ૧૬ ; ૬, ૯, ૨૩. ૨ રા. ૧૫ ; ૧૪).

શાલ્લેખેથ = પાડી નાખવું. યહોવાહના ઘરના દરવાનોમાં એક હતો (૧ કાળ. ૨૬ ; ૧૬).

શાવેહ = મેદાન. શાવેહનું નીચાણ એટલે મેદાનની ખાડી, જેને "રાજાનું નીચાણ" એવું નામ પુરાતન વખતમાં આપવામાં આવેલું છે. યરૂશાલેમની ઉત્તરમાં આવેલા કિદ્રોન નાળાને પુરાતન વખતમાં આ નામ આપવામાં આવેલું છે (ઉત્પ. ૧૪ ; ૧૭).

શાવેહ-કિર્યાથાઇમ = કિર્યાથાઇમનું મેદાન. આ જગાએ એમીઓ રહેતા હતા. તેમને પુરાતન વખતમાં કદોરલાઓમેરે હરાવ્યા. હાલ 'કરેઇયાત' જે દીબોનની ઉત્તરે મોઆબ દેશમાં આવેલ છે, તે ઉપલા મેદાનને નામે ઓળખાય છે (ઉત્પ. ૧૪ ; ૫).

શાવ્શા. સરૂયાહનું બીજું નામ (૧ કાળ. ૧૮ ; ૧૬). દાઉદ રાજાનો ચિટણીસ હતો (૧ કાળ. ૧૮; ૧૬ સાથે ૨ શમૂ. ૮ ; ૧૭ સરખાવો). ૨ શમૂ. ૨૦ ; ૨૫ માં તેને 'શવા' કહે છે, અને ૧ રા. ૪; ૩ માં તેને 'શીશા' કહે છે.

શાશાક = ચંચળાઇ (૧ કાળ. ૮; ૧૪-૨૫).

શાશાય = ફીકો (એઝ. ૧૦ ; ૪૦).

શાહરાઇમ = બે પ્રભાત (૧ કાળ. ૮; ૮).

શાહસુમાહ = ઉચ્ચસ્થાન. યિસ્સાખારના મુલકની સરહદ પર આવેલું એક ગામ હતું (યહો. ૧૯ ; ૨૨).

શિક્કરોન = દારૂની નિશા. યહુદાહની ઉત્તર સરહદ પર આવેલું એક ગામ હતું (ગણ. ૩૨ ; ૨૮).

શિટ્ટીમ = બાવળનું ઝાડ. મોઆબ દેશમાં આવેલું એક મેદાન હતું (ગણ. ૨૫ ; ૧).

તેને ગણુ. ૩૩ ; ૪૯ માં આબેલ-શિટ્ટીમ કહે છે. અહીં ઇસ્રાએલીઓની મુસાફરી પુરી થવા પર આવી હતી. અહીં ઇસ્રાએલીઓએ સીહોન તથા ઓગને હરાવી છાવણી કીધી હતી. આ જગ્યાએથી યહોશુઆએ બે માણસોને યરેખોની જાસુસી કરવા મોકલ્યા હતા (યહો. ૨ ; ૧). શિટ્ટીમ—(ગણુ. ૨૫ ; ૧ : ૩૩ ; ૪૯. યહો. ૨ ; ૧).

શિટ્રાય (૧ કાળ. ૨૭ ; ૨૯).

શિનઆર (ઉત્પ. ૧૦ ; ૧૦). પુરાતન વખતમાં બાબેલને અથવા મેસોપોતામ્યાના દક્ષિણ ભાગને શિનઆર દેશ કહેતા હતા. અહીં બાબેલનો બુરૂજ બાંધવામાં આવ્યો હતો (ઉત્પ. ૧૦ ; ૧૦ : ૧૧ ; ૧–૯), અને ત્યાં હામના પૌત્ર નીમરૂદે બાબેલ શહેર બાંધ્યું હતું. યહુદી ઇતિહાસમાં તે નામ આવે છે (યશા. ૧૧ ; ૧૧. ઝખા. ૫ ; ૧૧). શિનઆરનો રાજા આમ્રાફેલ હતો (ઉત્પ. ૧૪ ; ૧). શિનઆર પ્રદેશમાં પહેલવહેલી તુરાનીઅન કોમે વસ્તી કીધી. તેઓએ ત્યાંની જમીન ખેડી અને ઇંટો પાડીને શહેરો બાંધ્યાં. પછી શેમીઓએ તેઓને ખદેડી મુકી પોતે વસ્યા અને તેના ધણી થયા. ત્યાર પછીથી એલામીઓના હાથમાં દેશ આવ્યો અને તેમની પાસેથી આમ્રાફેલના દીકરા હામુરાબીએ દેશ જીતી લીધો (શિનઆરનો રાજા આમ્રાફેલ), અને ખાલ્દી કે બાબેલના નવા રાજ્યની સ્થાપના કીધી. શિનઆર (ઉત્પ. ૧૦ ; ૧૦). બાબેલનો બુરૂજ (ઉત્પ. ૧૧ ; ૨). આમ્રાફેલ (ઉત્પ. ૧૪ ; ૧). યહુદીઓ ત્યાં બંદિવાન કરાયા હતા (દાની. ૧૦ ; ૨. યહો. ૭ ; ૨૧. યશા. ૧૧ ; ૧૧. ઝખા. ૫ ; ૧૧).

શિનઆરી (યહો. ૭ ; ૨૧).

શિનાબ. આદમાહનો રાજા, જેણે બીજા ચાર રાજા સાથે સંપ કરી કદોરલાઓમેરની સામે શિટ્ટીમની ખીણમાં લડાઇ કરી અને તેમાં તેઓ હારી ગયા (ઉત્પ. ૧૪ ; ૨).

શિફ્ઇ = પુષ્કળ. (૧ કાળ. ૪ ; ૩૭).

શિફ્ટાન = ન્યાયાધીશ. કનાનના ભાગ પાડતી વખતે એક એફ્રાઇમી અધિપતિ હતો, તેના પુત્રનું નામ કમૂએલ હતું (ગણુ. ૩૪ ; ૨૪).

શિફ્મી—ઘણું કરીને ઝબ્દી જે દ્રાક્ષવાડીનો ઉપરી હતો તેનું સંજ્ઞાસૂચક નામ છે (૧ કાળ. ૨૭ ; ૨૭).

શિફ્રાહ = સુંદરતા. એક મિસરી દાઇ હતી કે જે જાતે હેબ્રી હતી (નિર્ગ. ૧ ; ૧૫).

શિબાહ = સમ. ઇસ્હાકના દાસોએ જે કુવો ખોદ્યો તેનું નામ હતું. આ નામ ઉપરથી બેર-શેબા નામ પડ્યું હશે (ઉત્પ. ૨૬ ; ૩૩). અને ઉત્પ. ૨૧ ; ૩૨ પરથી જણાય છે કે તે કુવો ઇબ્રાહીમે ખોદાવ્યો, અને ત્યાં અબીમેલેખની સાથે તેણે સમ ખાધા.

શિબ્બોલેથ = ભરતી. યરદનની પૂર્વમાં જે કુળ રહેતાં હતાં તેઓ યરદનની પશ્ચિમનાં કુળોથી યરદન નદીથી જુદાં પાડવામાં આવ્યાં હતાં એટલુંજ નહિ, પણ તેઓની ભાષામાં પણ થોડો ઘણો ફેર પડયો હતો. મોઆબીઓ તથા આમ્મોનીઓની સાથેના પરિચયને લીધે કેટલાક શબ્દના ઉચ્ચારમાં ફેર માલમ પડતો હતો. જેમ ગુજરાતનો માણુસ કાઠીઆવાડમાં જાય અથવા કાઠીઆવાડનો ગુજરાતમાં જાય તો તેની બોલી પરથી તરત ઓળખાય છે, તેજ પ્રમાણે આ કુળો વિષે પણ વાત હતી. એક વખતે પશ્ચિમના એફ્રાઇમીઓ ગિલઆદ ઉપર ચઢી આવ્યા, પણ ગિલઆદીઓ યિફ્તાહની આગેવાની નીચે તેમની સામે લડ્યા, ને એફ્રાઇમીઓ હાર્યા. ગિલઆદીઓએ એફ્રાઇમીઓની સામેના આરા કબજે કર્યા, અને જે કોઇ આરો ઉતરી જવા માગતો તેની પાસે "શિબ્બોલેથ" શબ્દ બોલાવતા હતા. એફ્રાઇમીઓ તે શબ્દનો ઉચ્ચાર બરાબર કરી શકતા નહોતા, પણ તેને બદલે "સિબ્બોલેથ" બોલતા, એથી કરીને જે એફ્રાઇમી પકડાતો તેને યર્દનના આરા આગળ કાપી નાખતા. એ પ્રમાણે એફ્રાએમીઓના ૪૨ હજાર માણુસ પકડાઇ માર્યાં ગયાં (ન્યા. ૧૨ ; ૬).

શિમઆ = પ્રાર્થના સાંભળનાર. (૧) બાથ-શેબા (બાથ-શુઆ) થી દાઉદને જે છોકરા થયા તેમાંનો એક હતો (૧ કાળ. ૩ ; ૫). તેને ૧ કાળ. ૧૪; ૪ માં શામ્મૂઆ કહે છે. (૨) મરારી કુટુંબનો એક લેવી હતો (૧ કાળ. ૬ ; ૩૦). (૩) ગેર્શોમવંશી બીજો લેવી હતો (૧ કાળ. ૬ ; ૩૯), તેને ૧ કાળ. ૯ ; ૩૮ માં 'શિમઆમ' કહે છે. (૪) યહુદાહવંશી વિશાઇનો પુત્ર (૧ કાળ. ૨ ; ૧૩). (૫) દાઉદનો ભાઇ ને યોનાથાનનો પિતા (૧ કાળ. ૨૦ ; ૭). ૨ શમૂ. ૨૧ ; ૨૧ માં તેને 'શિમાય' કહે છે (૨ શમૂ. ૧૩ ; ૩, ૩૨).

શિમઆથ = કીર્ત્તિ. રાજા યોઆશના ખુની-ઓમાંનો એક યોઝખાર હતો, તેના બાપનું નામ શિમઆથ હતું. બીજો ખુની યહોઝા-બાદ નામનો હતો (૨ રા. ૧૨ ; ૨૧. ૨ કાળ. ૨૪ ; ૨૬).

શિમઆથી. કેનીઓના યાબ્બેશવાસી લહી-આઓના કુટુંબોમાંનું એક કુટુંબ (૧ કાળ. ૨ ; ૫૫).

શિમઆમ. જુઓ શિમઆહ નંબર ૧ લો.

શિમઆહ = પ્રાર્થના સાંભળનાર. (૧) ગિબ-ઓનવંશી એક બિન્યામીની હતો (૧ કાળ. ૮ ; ૩૧). ૧ કાળ. ૯ ; ૩૮ માં તેને શિમઆમ કહે છે. (૨) જુઓ શિમઆ, નંબર ૫ મો.

શિમઇ = પ્રખ્યાત. (૧) ગેર્શોનનો પુત્ર અને લેવીનો પૌત્ર (નિર્ગ. ૬ ; ૧૭. ગણ. ૩ ; ૧૮. ૧ કાળ. ૬ ; ૧૭, ૨૯ : ૨૩ ; ૭, ૯, ૧૦. ઝખ. ૧૨ ; ૧૩). (૨) શાઉલના ઘરના કુટુંબનો એક બિન્યામીની માણસ ગેરાનો દીકરો હતો. દાઉદ જ્યારે પોતાના પુત્ર આબ્શાલોમને લીધે યરૂશાલેમથી નાસીને બાહૂરીમ પહોંચ્યો, ત્યારે આ માણસે દાઉદ તથા તેના માણસો પર પથરા નાખી શાપ આપ્યો હતો (૨ શમૂ. ૧૬ ; ૫-૧૩). પણ આબ્શાલોમ હારી ગયો, અને દાઉદ ઘેર પાછો આવ્યો, ત્યારે શિમઇ તેની આગળ નમન કરતો માફી મેળવવાને આવ્યો, અને કહેવા લાગ્યો કે, "મારા મુરબ્બીએ મારો દોષ ન ગણવો, ને જે દિવસે મારો મુરબ્બી રાજા યરૂશાલેમથી નીકળ્યો, ત્યારે જે દુષ્ટ-પણું તારા ચાકરે કીધું, તેનું સ્મરણ કરીને રાજાએ પોતાના મનમાં ખોટું ન લગાડવું... જો, યુસફના આખા ઘરમાંથી પહેલો હું મારા મુરબ્બીને મળવા સારૂ નીચે આવ્યો છું" (૨ શમૂ. ૧૯ ; ૧૬-૨૩). દાઉદે તેને તસ્ત તો માફ કીધું, પણ જ્યારે તે મરણને ખાટલે સુતો ત્યારે પોતાના દીકરા સુલેમાનને હુકમ આપ્યો કે તેને મારી નાખજે (૧ રા. ૨ ; ૮, ૯), તે પ્રમાણે સુલેમાને તેને મારી નંખાવ્યો. સુલેમાને તેને કહ્યું હતું કે તારે યરૂશાલેમમાંજ રહેવું, તે હુકમ તેણે તોડ્યો, માટે યહોયાદાના દીકરા બનાયાહે તેને મારી નાખ્યો (૧ રા ૨ ; ૩૬). (૩) દાઉદના યોદ્ધાઓમાંનો એક હતો, જે અદોનીયાહની કુમકે ગયો નહિ (૧ રા. ૧ ; ૮). ૧ રા. ૪ ; ૧૮ માં જેને એલાનો દીકરો શિમઇ કહે છે તે આ હશે. (૪) ઝરૂબ્બાબેલના ભાઇ યદાયાહના પુત્રોમાંનો એક (૧ કાળ. ૩ ; ૧૯). (૫) એક શિમઓની હતો (૧ કાળ. ૪ ; ૨૬, ૨૭). (૬) એક રેઉબેની માણસ (૧ કાળ. ૫ ; ૪). (૭) ગેર્શોનના કુટુંબનો એક લેવી (૧ કાળ. ૬ ; ૪૨). (૮) દસમી ગાયનટોળીનો મુખ્ય (૧ કાળ. ૨૫ ; ૧૭). (૯) શિમઇ-રામાથી દ્રાક્ષ-વાડીનો ઉપરી હતો (૧ કાળ. ૨૭ ; ૨૭). (૧૦) હેમાનપુત્રોમાંનો એક લેવી (૧ કાળ. ૨૯ ; ૧૪). (૧૧) એક લેવી હતો (૨ કાળ. ૩૧ ; ૧૨, ૧૩). (૧૨) (એઝરા ૧૦ ; ૨૩, ૩૯). (૧૩) બિન્યામીની મોર્દ-ખાય તેના વંશનો હતો (એસ્તે. ૨ ; ૫). (૧૪) શિમઇઓનું કુટુંબ (ઝખા. ૧૨ ; ૧૩).

શિમઓન = સાંભળ્યું. (૧) યાકુબનો લેઆ-હથી થએલો બીજો પુત્ર (ઉત્પ. ૨૯ ; ૩૩). તેણે પોતાના ભાઇ લેવીની સાથે મળી પોતાની બહેન દીનાહનું વૈર લેવા માટે હમોર

તથા શખેમને કતલ કર્યા, તથા શખેમના તમામ પુરૂષોને કતલ કર્યા (ઉત્પ. ૩૪; ૨૫, ૨૬). પોતાના ભાઇ યુસફને ખાડામાં નંખાવવામાં તેના જીવના રક્ષણ તરીકે શિમઓન હતો. મિસર દેશમાં બિન્યામીનને તેડી લાવવાના સાટામાં યુસફે તેને કેદ કર્યો હતો (ઉત્પ. ૪૨; ૨૪). તેના બાપે મરતી વખતે તેને શાપ આપ્યો (ઉત્પ. ૪૯; ૫-૭). યાકુબ મિસરમાં ગયો ત્યારે શિમઓનને છ પુત્ર હતા, અને કનાનમાં પાછા ફરતી વખતે તેનાં ૫૯,૩૦૦ માણુસ હતા, અને શિટ્ટીમમાં ફરી ગણુના થઇ ત્યારે શિમઓનીઓની સંખ્યા ૨૨,૨૦૦ ની હતી (ઉત્પ. ૪૬; ૧૦. ગણુ. ૧; ૨૩: ૨૬; ૧૪). શિમઓનનો સંબંધ મૂર્તિપૂજક લોક સાથે જોવામાં આવે છે. શિમઓને પોતે એક કનાની સ્ત્રી સાથે લગ્ન કીધું હતું. આ કુળમાંથી જે જાસુસ મોકલવામાં આવ્યો તેનો બાપ હોરી હતો. હવે આ હોરી નામ તો મૂર્તિપૂજક કોમ હોરીઓ પરથી આવેલું હશે (ગણુ. ૧૩; ૫: ૪૬; ૧૦). એ કારણુ માટે શિમઓન કુળનાં માણુસ ઘટતાં ગયાં (ઉત્પ. ૪૯; ૭). દેશની વહેંચણીમાં તેમનું વતન યહુદાહપુત્રોના વતન મધ્યે હતું (યહો. ૧૯; ૧). ત્યાર પછી યહુદાહનાં માણુસો વધતાં ગયાં ત્યારે શિમઓન કુળે આમતેમ ફરીને બીજી જગ્યા કબજે કરી (૧ કાળ. ૪; ૩૯-૪૩. ૨ કાળ. ૧૫; ૯: ૩૪; ૬). પલિસ્તીઓએ આ કુળનાં કેટલાંક શહેર લઇ લીધાં (૧ શમૂ. ૨૭; ૬). આ કુળના ભક્તિભાવ વિષે બહુ થોડી વાત હાથ આવે છે, તો પણ આસા રાજાના વખતમાં તેઓ યહોવાહના પક્ષના થયા. હઝકીએલ ભવિષ્યવાદી પણુ પવિત્ર નગરમાં શિમઓનનો ભાગ બતાવે છે (હઝ. ૪૮; ૨૪). વળી પ્રકટીકરણુમાં ઇસ્રાએલપુત્રોમાંના મુદ્રિત કરેલાઓમાં શિમઓન કુળમાંના ૧૨,૦૦૦ હતા. શિમઓન—યાકુબનો બીજો પુત્ર, તેનો જન્મ (ઉત્પ. ૨૯; ૩૩: ૩૫; ૨૩. નિર્ગ. ૧; ૨). શખેમીઓનો નાશ કરવાને લેવીની સાથે મળ્યો (ઉત્પ. ૩૪; ૨૫). મિસરમાં કેદ (ઉત્પ. ૪૨; ૨૪, ૩૬: ૪૩; ૨૩). રેઉબેન તથા શિમઓન મારા છે (ઉત્પ. ૪૮; ૫). યાકુબનું તેના વિષે ભવિષ્ય (ઉત્પ. ૪૯; ૫-૭). તેના વંશજો (ઉત્પ. ૪૬; ૧૦. નિર્ગ. ૬; ૧૫. ગણુ. ૨૬; ૧૨-૧૪. ૧ કાળ. ૪; ૨૪-૪૩). શિમઓનનું કુળ, શિમઓનનો સરદાર (ગણુ. ૧; ૬: ૭; ૩૬: ૧૦; ૧૯: ૩૪; ૨૦). સિનાય આગળ તેઓની સંખ્યા (ગણુ. ૧; ૨૨,૨૩). શિટ્ટીમ આગળ (ગણુ. ૨૬; ૧૪). રેઉબેન અને ગાદ સાથે તેમની છાવણી દક્ષિણુમાં. આ કુળમાંનો જાસુસ (ગણુ. ૧૩; ૫). આશીર્વાદ માટે ગરિઝીમ પર્વત ઉપર (ગણુ. ૨૭; ૧૨). યહુદાહપુત્રોના ભાગમાં તેમને જમીન મળી (યહો. ૧૯; ૧-૯. ૧ કાળ. ૪; ૨૮-૩૩). કનાનીઓ સામે લડવાને યહુદાહ સાથે ભાગ લીધો (ન્યા. ૧; ૩, ૧૭). દાઉદની સાથે મળ્યા (૧ કાળ. ૧૨; ૨૫). દાઉદના વખતમાં તેમનાં નગરો (૧ કાળ. ૪; ૩૧). હિઝકીયાહના વખતમાં (૧ કાળ. ૪; ૪૧-૪૩). આસાના વખતમાં (૨ કાળ. ૧૫; ૯). યોશીયાહના વખતમાં (૨ કાળ. ૩૪; ૬). શિમઓનનો ભાગ પવિત્ર નગરમાં (હઝ. ૪૮; ૨૪, ૩૩. પ્રક. ૭; ૭). (૨) યરૂશાલેમનો પવિત્ર વૃદ્ધ શિમઓન, કે જે ઇસ્રાએલના દિલાસાની વાટ જોતો હતો. તેણે પ્રભુ ઇસુને પોતાના હાથોમાં લઇને ઉમદા શબ્દોમાં સ્તુતિ કરી (લુક ૨; ૨૯-૩૫). (૩) ઇસુની વંશાવળીમાં આ નામનો માણુસ આવે છે (લુક ૩; ૩૦). (૪) (એઝ. ૧૦; ૩૧).

શિમ્રાથ = રક્ષક (૧ કાળ. ૮; ૨૧).

શિમ્રી = તપાસ કરનાર. (૧) શિમઓની (૧ કાળ. ૪; ૩૭). (૨) દાઉદના યોદ્ધા યદીએલનો પિતા (૧ કાળ. ૧૧; ૪૫). (૩) હિઝકીયાહના વખતમાં લેવી અલી-

શાફાનનો એક પુત્ર હતો (૨ કાળ. ૨૯; ૧૩). (૪) મરારીપુત્રોમાંનો એક લેવી હતો (૧ કાળ. ૨૬; ૧૦).

શિમ્રીથ = કીર્તિ. યહોઆશ જે રાજા યોઆશનો ખૂની તેનો બાપ, જેને શોમેર કહે છે તે (૨ રા. ૧૨; ૨૧). તેજ ૨ કાળ. ૨૪; ૨૬ માં આવેલો શિમ્રીથ હશે.

શિમ્રોન = સાવધાન. (૧) યિસ્સાખારનો ચોથો પુત્ર (૧ કાળ. ૭; ૧. ઉત્પ. ૪૬; ૧૩. ગણ. ૨૬; ૧૪). તેના કુટુંબને શિમ્રોનીઓ કહે છે. (૨) કનાનીઓનું એક પુરાતન શહેર હતું, તેને લગતાં ગામો સુદ્ધાં ઝબુલૂન પ્રાંતમાં આવેલું હતું. હાલમાં 'શેમુનેઇહ' નામથી ઓળખાતું એસ્ડ્રાએલોનની ઉત્તર સરહદ પર નાઝરેથથી પાંચ માઇલ પશ્ચિમ પર આવેલું છે (યહો. ૧૯; ૧૨: ૧૧; ૧).

શિમ્રોન-મરોન. યહોશુઆએ જે ૩૧ રાજાઓને માર્યા તેમાંનો એક શિમ્રોન-મરોનનો રાજા હતો (યહો. ૧૨; ૨૦). આ શહેર તે શિમ્રોન હશે (યહો. ૧૯; ૨૪).

શિમ્શાય = પ્રકાશિત. રહૂમનો ચિટણીસ હતો, તેણે યરૂશાલેમ ફરીને બાંધવા વિરૂદ્ધ બીજાઓની સાથે પત્ર લખવામાં ભાગ લીધો હતો (એઝ. ૪; ૮, ૯, ૧૭, ૨૩).

શિલ્લેમ = બદલો. નાફતાલીપુત્રોમાંનો એક (ઉત્પ. ૪૬; ૨૪).

શિલ્શાહ = ત્રણનું જોડું. આશેરપુત્રોમાંના શોફાહના પુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૩૭).

શિલ્હી = ભાલા ફેંકનાર. યહોશાફાટની માનો બાપ (૧ રા. ૨૨; ૪૨. ૨ કાળ. ૨૦; ૩૧).

શિલ્હીમ = હથીઆર સહિત. યહુદાહમાં એક શહેર હતું કે જે દક્ષિણમાં આયિનની પાસે આવેલું હતું (યહો. ૧૫; ૩૨). યહો. ૧૯; ૬ માં તેને 'સારૂહેન' અને ૧ કાળ. ૪; ૩૧ માં તેને 'શાઅરાઇમ' કહે છે.

શીઓન = નાશ કરવો. યિસ્સાખારનું એક શહેર (યહો. ૧૯; ૧૯).

શીઝા = આનંદી. રેઉબેની (૧ કાળ. ૧૧; ૪૨).

શીમોન = સાંભળનાર. (૧ કાળ. ૪; ૨૦).

શીલોઆહ = મોકલાયલો. આ નામનો એક કુંડ યરૂશાલેમની અગ્નિકોણમાં કોટ બહાર આવેલો હતો. આ કુંડ ૫૩ ફુટ લાંબો, ૧૮ ફુટ પહોળો અને ૧૯ ફુટ ઉંડો હતો. આ કુંડમાં 'કુંવારીઓનો ઝરો' એ નામના એક ઝરામાંથી પાણી આવે છે, તે ઝરાથી માંડીને શીલોઆહના કુંડ સુધી પાણીની જે નીક તેની લંબાઇ ૧૧,૭૫૦ ફુટની છે, પણ જો શીલોઆહના કુંડથી તે ઝરાની સીધી લીટીમાં અંતર ગણીએ તો ૧,૧૦૦ ફુટ છે. ઝરામાંથી આ નહેરનું પાણી નીકળી શીલોઆહના કુંડમાં પડે છે, તે દરમિયાન ઘણાએક બગીચાને આ નહેર પાણી પુરૂં પાડે છે. આ કુંડને હેબ્રીમાં શેલાહ કહે છે (નહે. ૩; ૧૫). આ કુંડ જે જગ્યામાં આવેલો છે તે જગ્યાને તથા તેની આસપાસની જગ્યાને એજ નામ આપવામાં આવ્યું હતું. હાલ કિદ્રોન નાળાની પૂર્વમાં આ જગ્યા ઉપર એક ગામ આવેલું છે તેને શીલોઆમ કે શીલવાન કહે છે. અહીં સીલોઆમનો બુરજ આવેલો હતો (જુઓ સીલોઆમ). શીલોઆહના કુંડનું પાણી માંડવા પર્વને દિવસે એક યાજક આવી સોનાના વાસણમાં ભરી જતો, અને જ્યારે તે આ પાણી લઇને મંદિરમાં હાજર થતો ત્યારે રણશિંગડાં વગાડવામાં આવતાં, પછી યાજક અંદર જઇ વેદીની પાસે ઉભો રહી પાણી સાથે દ્રાક્ષરસ ભેળવી કુરબાની ઉપર છાંટતો હતો. આ વખતે પણ રણશિંગડા સાથે ખુશીનો પોકાર પાડવામાં આવતો હતો. એમ આ કુંડનાં પાણી પવિત્ર ગણાતાં હતાં. યશા. ૮; ૬: ૭; ૩ માં આ કુંડને લગતી વાત આવે છે. આ કુંડ આગળ આપણા પ્રભુ ઇસુએ એક પ્રસિદ્ધ ચમત્કાર કીધો હતો, એટલે જન્મના આંધળાને દેખતો કીધો હતો (યોહા. ૯; ૭-૧૧). આ કુંડને લગતા

કેટલાએક લેખ હાથ આવ્યા છે, જે ઘણા પુરાતન વખતના, એટલે સુલેમાન અને હિઝકીયાહના વખતના કહેવાય છે.

શીલોની = શીલોહનો વતની. (૧) અહીયાહ ભવિષ્યવાદીનું વતન શીલોહ હતું, તેથી તેને શીલોની કહે છે (૧ રા. ૧૧; ૨૯: ૧૫; ૨૯). (૨) ૧ કાળ. ૯; ૫ માં શીલોનીઓ શબ્દ આવે છે, તેમાં યહુદાહના સૌથી નાના પુત્ર શેલાહના વંશજો સમજવા. અને નહે. ૧૧; ૫ માં 'શીલોની' યહુદાહવંશી ઝખાર્યાહનો બાપ સમજવો.

શીલોહ = શાંતિદાયક. (૧) ઉત્પ. ૪૯; ૧૦ માં લખેલા શબ્દો એવા છે કે 'શીલોહ આવે ત્યાં સુધી' એમાં એ અર્થ છે કે મશીહ આવે ત્યાં સુધી, અને ત્યાં ખાસ નામ તરીકે શીલોહ આવે છે. યશા. ૯; ૫ સાથે સરખાવો. (૨) શીલોહ—શાંતિની જગ્યા. બેથેલની ઉત્તરમાં દસ માઇલ ઉપર એફ્રાઇમના ભાગમાં આ શહેર આવેલું હતું. હાલ તેને 'સેઇલૂન' (ખંડિયેરનો ઢગલો) કહે છે. ઇસ્રાએલીઓની જીત થયા પછી શીલોહમાં તેમણે મંડપ ઉભો કીધો (યહો. ૧૮; ૧-૧૦), અને અહીં કરારકોષ પલિસ્તીઓના હાથમાં ગયો ત્યાં સુધી લાંબો વખત રહ્યો. મધ્ય પાલેસ્તાઇનમાં આ જગ્યા બીજી બધી જગ્યા કરતાં વધારે અજાણમાં રહી. ધર્મપિતૃ જેરોમના વખતથી તે ડૉ. રોબીન્સને ઇ. સ. ૧૮૩૮માં તેની ફરી શોધ કરી ત્યાં સુધી તે વિષે આપણે અજાણ હતા. યિર્મેયાહ ભવિષ્યવાદી તેના નાશ થયા પછી ૫૦૦ વર્ષે તે વિષે બોલે છે (યિર્મે. ૭; ૧૨: ૨૬; ૪-૯). શીલોહ—એફ્રાઇમના ભાગમાં (યહો. ૧૮; ૧. ન્યા. ૧૮; ૩૧) જમીનની તપાસ કરવા ત્યાંથી માણસને મોકલવામાં આવ્યા. ત્યાર પછી વહેંચણી (યહો. ૧૮; ૮-૧૦: ૧૯; ૫૧). ૪૦૦ કુંવારિકાને ત્યાં લાવવામાં આવી (ન્યા. ૨૧; ૧૨). શીલોહની દીકરીઓ પકડાઇ (ન્યા. ૨૧; ૧૯-૨૩). શમૂએલ ત્યાં રહ્યો (૧ શમૂ. ૧; ૨૪: ૩; ૨૧). કોષ ત્યાંથી એબેન-એઝેરમાં લાવ્યા (ન્યા. ૪; ૩, ૪). નાશ થયો (ગીત. ૭૮; ૬૦. યિર્મે. ૭; ૧૨-૧૪: ૨૬; ૬. વળી યહો. ૨૨; ૯, ૧૨. ૧ શમૂ. ૧૪; ૩. ૧ રા. ૨; ૨૭: ૧૪; ૨, ૪).

શીશા = ચળકાટ. સુલેમાનના અમલદારોમાંનો એક (૧ રા. ૪; ૩).

શીશાક = કીર્તિવંત. શીશાક મિસરની ૨૨ મી રાજ્યપેઢીનો પહેલો રાજા (ઇ. સ. પૂ. ૯૭૦). આ રાજાની પાસે યરોબઆમ નાસી ગયો હતો (૧ રા. ૧૧; ૪૦), અને કદાપિ એવું હોય કે યરોબઆમની સલાહ પ્રમાણે શીશાકે રહાબઆમ રાજા ઉપર ચઢાઇ કરી (૧ રા. ૧૪; ૨૫, ૨૬). યહુદાહના મહાન ગુન્હાને લીધે પરમેશ્વરે તેમના દુશ્મનોની યુક્તિઓ તોડી પાડી નહિ. રહબઆમ રાજાને પાંચમે વર્ષે એમ થયું કે મિસરના રાજા શીશાકે યરૂશાલેમ ઉપર ચઢાઇ કરી. આ વખતે તેણે કિલ્લાબંધ નગરો જીતી લીધાં અને મંદિરનો તથા રાજ્યમહેલનો સઘળો ખજાનો લૂટી લીધો અને સુલેમાન રાજાએ મુકેલી સઘળી સોનાની ઢાલો તે હરી ગયો (૧ રા. ૧૪; ૨૬). ઉપલી જીત પુરી કરી પોતાના દેશમાં જઇ મિસરી રાજાઓના નમુના પ્રમાણે પોતાના "કારના" કે પુરાતન થેબ્સના રાજ્યમહેલની દીવાલો પર તથા થાંભલાઓ પર પોતાની ફતેહની છબીઓ બીજી છબીઓ સાથે ચીતરાવી. અને યહુદાહમાં જે શહેરો તેણે કબજે કર્યાં તે બધાંનાં નામ તેણે લખાવ્યાં. ખરી વાત છે કે પવિત્ર શાસ્ત્રમાં તે શહેરોનાં નામ લખવામાં આવ્યાં નથી (૨ કાળ. ૧૨; ૪), પણ વિદ્વાન શોધકો જેઓ ત્યાંના ખંડિયેરો જોવા જાય છે તેઓ ૨૮૦૦ વર્ષ પર લખાયલી અને ચીતરાએલી બાબત જોઇ શકે છે.

શીહોર = અંધારૂં. (૧) કનાનની નૈરૂત્ય કોણમાં આવેલું એક મિસરનું શહેર હતું (૧ કાળ. ૧૩; ૫. યહો. ૧૩; ૩. યશા.

૨૩ ; ૩). (૨) શીહોરનાં પાણી એટલે નીલ નદીનાં પાણી યિર્મે. ૨ ; ૧૮).

શીહોર-લિબ્નાથ = કાળાશ પડતું. આશેરની સરહદ પર આવેલું એક પાણીનું નાળું હતું. ઘણું કરીને તે હાલની "નહેર-ઝેરકા' (આસમાની નદી) છે, જે કાર્મેલ પહાડમાંથી નીકળીને ભૂમધ્ય સમુદ્રને મળે છે. આ નદીમાં મગર રહે છે (યહો. ૧૩ ; ૩. ૧ કાળ. ૧૩ ; ૫). મિસરની નીલ નદીને આ નામ આપવામાં આવ્યું છે (યશા. ૨૩; ૩. યિર્મે. ૨ ; ૧૮).

શુપ્પીમ. બિન્યામીની પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૭; ૧૨).

શુમાથી. કિર્યાથ-યઆરીમથી જે ચાર કુટુંબ આવ્યાં તેમાંનું એક કુટુંબ (૧ કાળ. ૨ ; ૫૩).

શૂઆ = દોલત. (૧) યહુદાહ એક કનાની શૂઆ નામના માણસની દીકરી સાથે પરણ્યો હતો અને તેથી તેને ત્રણ પુત્ર, એટલે એર, ઓનાન અને શેલાહ થયા (ઉત્પ. ૩૮; ૨–૬). ૧ કાળ. ૨ ; ૩ માં તેને બાથ-શૂઆ કહે છે. (૨) હેબેરની પુત્રી (૧ કાળ. ૭; ૩૨).

શૂઆલ = શિઆળ. (૧) (૧ કાળ. ૭ ; ૩૬). (૨) બિન્યામીનના ભાગમાં આવેલા એક પરગણાને આ નામ આપવામાં આવ્યું હતું (૧ શમૂ. ૧૩ ; ૧૭). કદાપિ ૧ શમૂ. ૯ ; ૪ માં આવેલ જે 'શાઅલીમ' તે આજ હશે. તે શાઅલાબ્બીનની પાસે આવેલ હતું (યહો. ૧૯ ; ૪૨).

શૂઆહ = શક્તિહીન. (૧) ઇબ્રાહીમની સ્ત્રી કટૂરાહને પેટે જે પુત્રો થયા હતા તેમાંનો એક આ નામનો હતો (ઉત્પ. ૨૫; ૨. ૧ કાળ. ૧ ; ૩૨). (૨) (શૂહાહ) (૧ કાળ. ૪ ; ૧૧).

શૂથેલાહ = વાવણી. એફ્રાઇમી યહોશુઆનો પૂર્વજ (૧ કાળ. ૭; ૨૦–૨૭). તેના વંશજોને શૂથેલાહીઓનું કુટુંબ કહે છે (ગણ. ૨૬ ; ૩૫).

શૂનામ્મી = શૂનેમની વતની. દાઉદ રાજાને માટે જે એક જુવાન સ્ત્રી શોધી કાઢવામાં આવી હતી તે તથા એલીશાએ જેણીના પુત્રને જીવતો કીધો હતો, એ બન્ને સ્ત્રીઓ શૂનેમની વતની હોવાથી તેમને શૂનામ્મી કહેવામાં આવેલ છે (૧ રા. ૧ ; ૩. ૨ રા. ૪ ; ૧૨, ૨૫).

શૂની = તદન. ગાદપુત્રોમાંનો એક (ઉત્પ. ૪૬ ; ૧૬. અને ગણ. ૨૬ ; ૧૫). તેના કુટુંબને શૂનીઓનું કુટુંબ કહે છે.

શૂનેમ = આરામ લેવાની બે જગ્યા. યિસ્સાખારના ભાગમાં આવેલ પ્રદેશમાં આ નામનું એક નાનું ગામ હતું, તે યિઝ્રએલની ઉત્તરમાં આશરે ત્રણ માઇલ ઉપર કાર્મેલ પહાડની પાસે ગિલ્બોઆની સામે આવેલું હતું (યહો. ૧૯; ૧૮. ૧ શમૂ. ૨૮; ૪. ૧ રા. ૪; ૨૪). અબીશાગ જે કુંવારી છોડીને દાઉદ પાસે 'નર્સ' તરીકે રાખવામાં આવી હતી તેનું તથા એલીશાએ જેના પુત્રને મરણમાંથી જીવતો કર્યો હતો તે બાઇનું તે વતનગામ હતું (૧ રા. ૧ ; ૩, ૧૫ : ૨ ; ૧૭. ૨ રા. ૪ ; ૮ : ૮ ; ૧). વળી ગીતોના ગીતમાં શૂલામ્મી નામની જે સ્ત્રીની વાત આવે છે તે પણ ઘણું કરીને આજ ગામની વતની હતી (૬ ; ૧૩). (માત્ર નજર ચુકથી 'ન' ને બદલે 'લ' લખાયો છે). વળી પલિસ્તીઓ જ્યારે શાઉલ સામે ચઢી આવ્યા ત્યારે પલિસ્તીઓએ આ જગ્યાએ છાવણી કરી હતી (૧ શમૂ. ૨૮ ; ૪). હાલ આ જગ્યાને 'સુલેમ' કહે છે, જે ગિલ્બોઆથી પાંચ માઇલ દૂર આવેલ છે. તેની આસપાસનાં ખેતરોમાં બહુ સારો પાક થાય છે.

શૂબાએલ (જુઓ શબૂએલ). (૧) (૧ કાળ. ૨૪ ; ૨૦). (૨) (૧ કાળ. ૨૫ ; ૨૦).

શૂર = કોટબંધ. મિસરની ઇશાન કોણની સરહદ ઉપર આવેલા અરબસ્તાનના રણના એક ભાગને શાસ્ત્રમાં શૂરનું અરણ્ય કહેવામાં આવ્યું છે (ઉત્પ. ૧૬ ; ૭ : ૨૦ ; ૧ : ૨૫; ૧૮. નિર્ગ. ૧૫; ૨૨). અરણ્યવાસી કોમોના હુમલાથી બચાવ પામવા માટે મિસ-

રીઓએ જે એક મોટી ભીંત ઉભી કરી હતી તે પરથી આ અરણ્યને ઉપલું નામ આપવામાં આવ્યું હશે. આ અરણ્યમાં થોડા શહેર આવેલાં હતાં અને લંબાઇમાં સાત દિવસની મુસાફરી જેટલું હતું. અહીં ઇબ્રાહીમની દાસી હાગારને ઝરા પાસે યહોવાહના દૂતનું દર્શન થયું હતું (ઉત્પ. ૧૬; ૭). ઇસ્રાએલીઓ લાલ સમુદ્ર ઓળંગી આ અરણ્યમાં થઇ આગળ વધ્યા હતા (નિર્ગ. ૧૫; ૨૨). અહીં કેટલીએક શૂરવીર કોમ વસ્તી હતી; જેમકે અમાલેકી (૧ શમૂ. ૧૫; ૭: ૨૭; ૮). ઇબ્રાહીમ મિસર ગયો અને ત્યાંથી પાછો આવ્યો ત્યારે તેનો રસ્તો આ અરણ્યમાં થઇને ઘણું કરીને હોવો જોઇએ (ઉત્પ. ૧૨; ૯: ૧૩; ૩). શૂર (ઉત્પ. ૧૬; ૭: ૨૦; ૧: ૨૫; ૧૮. નિર્ગ. ૧૫; ૨૨. ૧ શમૂ. ૧૫; ૭: ૨૭; ૮), અને ગણ. ૩૩; ૮ માં તેને એથામનું અરણ્ય કહે છે.

શૂલામ્મી = શાંતિદાયક. કેટલાએક એવું ધારે છે કે શૂલામ્મી અને શૂનામ્મી એક ને એકજ છે. શૂનામ્મી એટલે શૂનેમનો વતની. જુઓ શૂનામ્મી (સુ. ગી. ૬; ૧૩).

શૂશાન = એક જાતનું ફૂલ. શૂશાન નામનું એક શહેર હતું. ગ્રીક અને રૂમી લખનારા તેને સુસા નામ આપે છે. આ શહેર એક વખતે એલામની રાજધાનીનું શહેર હતું. સુસિયા પ્રાંતમાં તિગ્રીસ નદીની પૂર્વમાં ઇરાની અખાતના મથાળાથી આશરે ૧૫૦ માઇલ દૂર આ શહેર આવેલું હતું. હાલનું 'શૂશ' જે સુસ્ટરની વાયવ્ય કોણમાં આવેલ છે તેજ પુરાતન શૂશાન છે. વિદ્વાનોની સમજમાં આ શહેર ઘણું પુરાતન છે. એલામના રાજા કદોરલાઓમેર (ઉત્પ. ૧૪; ૧) ની કારકીર્દી પૂર્વે આ શહેર બાંધવામાં આવેલું હતું. વળી શહેરનાં ખંડિયેરોમાંથી જે લેખો મળી આવે છે તે ઉપરથી એમ જણાય છે કે દારીયુસ હિસ્તાસ્પસે તેમાં મહેલ બંધાવ્યો અને આર્તાહશાસ્તાએ તે પુરો કરાવ્યો. આ મહેલને શાસ્ત્રમાં શૂશાન મહેલ કહે છે. આ શહેરમાં દાનીયેલને બે શિંગવાળા ઘેટાનું દર્શન થયું હતું (દાની. ૮). અહીં નહેમ્યાહની જાહેર જીંદગીની શરૂઆત થઇ હતી (નહે. ૧). એસ્તેરના પુસ્તકમાં લખવામાં આવેલ ઘણીએક હકીકત આ શહેરની સાથે સંબંધ ધરાવે છે. છેલ્લામાં છેલ્લું મુસલમાનોએ તે જીતી લીધું (ઇ. સ. પૂ. ૬૪૦). ત્યાર પછી તે ક્ષીણાવસ્થામાં આવી પડ્યું, અને હાલ માત્ર ત્યાં ખંડિયેરોનો ઢગલો જોવામાં આવે છે, અને તે 'શૂશ' નામથી ઓળખાય છે. આ શહેરમાં દાનીયેલનું નામ હજી સુધી યાદ રાખવામાં આવ્યું છે. ખંડિયેરોમાં એક કબર છે, તેને દાનીયેલની કબર કહે છે, અને તે સંભવિત પણ હોય, કેમકે દાનીયેલ ત્યાં મરણ પામ્યો હતો એવું કેટલાએક માને છે. શૂશાન (નહે. ૧; ૧. એસ્તે. ૧; ૨, ૫: ૨; ૩, ૫, ૮: ૩; ૧૫: ૪; ૧૬: ૮; ૧૪, ૧૫: ૯; ૬–૧૮. દાની. ૮; ૨).

શૂશાન-એદૂથ. આ નામનું એક વાજું હતું ગીત. ૬૦ નું મથાળું.

શૂશાન્ખાયેઓ (એઝ. ૪; ૯).

શૂહામ = દ્રવ્ય. દાનકુળનો એક માણસ હતો, તેના કુટુંબને શૂહામીઓ નામ આપવામાં આવ્યું છે (ગણ. ૨૬; ૪૨). તેને ઉત્પ. ૪૬; ૨૩ માં હુશીમ કહે છે (જુઓ હુશીમ).

શૂહી. બિલ્દાદ અયૂબના ત્રણ મિત્રોમાંનો એક હતો, તેને શૂહી કહેવામાં આવે છે. શૂહી કહેવાનું કારણ એ હશે કે બિલ્દાદ તે શૂઆહના વંશનો હશે (અયૂ. ૨; ૧૧: ૮; ૧: ૧૮; ૧: ૨૫; ૧: ૪૨; ૯).

શેઅરાહ. એફ્રાઇમની એક દીકરીને આ નામ આપવામાં આવ્યું છે (૧ કાળ. ૭; ૨૪).

શેઆલ = પ્રાર્થના. બાનીના પુત્રોમાંનો એક (એઝ. ૧૦; ૨૯).

શેથ = નીમાયલો, બદલો. આદમ તથા હવાથી થએલ ત્રીજો પુત્ર શેથ હતો (ઉત્પ. ૪;

૨૫:૫; ૩. ૧ કાળ. ૧; ૧. લુક ૩; ૩૮). આદમ જ્યારે ૧૩૦ વર્ષનો હતો ત્યારે શેથ જન્મ્યો. હવાએ તેનું નામ શેથ પાડ્યું, કારણ કે તે જન્મ્યો ત્યારે હવા બોલી કે "હાબેલ જેને કાઇને મારી નાખ્યો, તેને ઠેકાણે દેવે મને બીજો દીકરો આપ્યો છે." ગણ. ૩૪; ૧૭ માં વિશેષ નામ નહિ સમજવું (સરખાવો યિર્મે. ૪૮; ૪૫).

શેથાર = તારો. ઇરાન તથા માદાયના સાત સરદારોમાંનો એક હતો (એસ્તે. ૧; ૧૪).

શેન = દાંત. આ નામનો દાંતના આકારનો કોઇ ખડક હશે (૧ શમૂ. ૭; ૧૨). શમૂએલે મિસ્પાહ તથા શેનની વચ્ચે જે પત્થર ઉભો કરવામાં આવ્યો હતો તેનું નામ એબેન-એઝેર પાડ્યું હતું.

શેનઆસ્સાર—યખોન્યાહનો પુત્ર (૧ કાળ. ૩; ૧૮).

શેફેર. ઇસ્રાએલીઓએ અરણ્યની મુસાફરીમાં આ પર્વત આગળ છાવણી કીધી હતી, અને ત્યાંથી ઉપડી તેઓ હરાદાહમાં ગયા હતા. (ગણ. ૩૩; ૨૩, ૨૪).

શેબા = સમ, સાત. (૧) અરબસ્તાનના ફેલિક્સ પ્રાંતમાં આ નામનું એક રાજ્ય આવેલું હતું. આ રાજ્યની રાણી અતિ ઘણું સોનું તથા મૂલ્યવાન હીરા માણેકની ભેટ લઇ રાજા સુલેમાન પાસે આવી હતી. આ શેબામાં જે કોમ વસ્તી હતી તે વિષે વિદ્વાનો એમ માને છે કે તે શેમવંશી યોક્ટાનના વંશની એક કોમ હતી, તે બહુ બહાદુર અને આબાદ હતી (૧ રા. ૧૦; ૧, ૨). આપણો પ્રભુ ઇસુ આ રાણીને દક્ષિણની રાણી કહે છે (માત્થી ૧૨; ૪૨). દક્ષિણની રાણી કહેવાનું કારણ એ હતું કે વસ્તી કરવા જોગ પ્રદેશની છેક દક્ષિણમાં આ દેશ આવેલો હતો. જુઓ ૧ રા. ૧૦; ૧-૧૩. ૨ કાળ. ૯; ૧-૧૨. અયૂ. ૬; ૧૯. ગીત. ૭૨; ૧૦, ૧૫. યશા. ૪૦; ૬. યિર્મે. ૬; ૨૦. હઝ. ૨૭; ૨૨, ૨૩: ૩૮; ૧૩. માત્થી ૧૨; ૪૨. લુક ૧૧; ૩૧. (૨) શિમઓનના ભાગમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૯; ૨). (૩) ગાદપુત્રોમાંનો એક મુખ્ય માણસ હતો (૧ કાળ. ૫; ૧૩). (૪) બિન્યામીની બિખ્રીનો પુત્ર, તેણે દાઉદની સામે બળવો ઉઠાવ્યો હતો (૨ શમૂ. ૨૦; ૧-૨૨). જ્યારે દાઉદ આબ્શાલોમને હરાવી યરૂશાલેમ આવ્યો ત્યારે દસ કુળ અને યહુદાહ વચ્ચે તકરાર ઉઠી, અને આ વખતે શેબા યહુદાહનો આગેવાન થઇ તેમને દાઉદ વિરૂદ્ધ ફેરવી નાખ્યા. શેબાને દબાવવાને યોઆબ તથા તેના ભાઇ અબીશાયને દાઉદે મોકલ્યા, તેની પૂંઠે લાગતાં રસ્તામાં અમાસા મળ્યો, તેને યોઆબે ઠગાઇ કરીને તરવાર ભોંકી મારી નાખ્યો, અને આગળ વધીને મોટું સૈન્ય એકઠું કરી શેબાની પાછળ તેઓ પડયા. શેબાને આબેલ-બેથ-માઅખાહમાં ઘેર્યો. આ વખતે એક શાણી સ્ત્રીએ કોટ પરથી યોઆબને બોલાવી ઘેરો ઘાલવાનું કારણ પુછ્યું, પછી આ સ્ત્રીએ શહેરનાં બધાં માણસોને બોલાવી શેબા વિષેની વાત જણાવી અને શેબાનું માથું કપાવી કોટ ઉપરથી યોઆબ આગળ નાખ્યું, અને એવું થતાં યોઆબ ઘેરો ઉઠાવી ચાલતો થયો અને એ મુજબ બળવાનો અંત આવ્યો.

શેબેર = ભાંગી નાખતાં. કાલેબની સ્ત્રી (ઉપ-પત્ની) માઅખાહને પેટે જે પુત્રો થયા તેમાંનો એક (૧ કાળ. ૨; ૪૮).

શેબ્ના = સુકુમાર. રાજા હિઝકીયાહના રાજ્ય-મહેલનો કારભારી કે ગવર્નર જેવો આ માણસ હતો. તે ઘણો અહંકારી થયો માટે તેની વિરૂદ્ધ ભવિષ્ય કહેવામાં આવ્યું અને તેને પદભ્રષ્ટ કરી તેની જગ્યાએ હિલ્કીયાહના પુત્ર એલ્યાકીમને ઠરાવવામાં આવ્યો (યશા. ૨૨; ૧૫-૨૫). આ માણસ મિસર સાથે દોસ્તી કરીને આશ્શૂરની સામે થવા જે મંડળ ઉભું થયું હતું તેનો આગેવાન હતો. આ માણસના અહંકારી સ્વભાવ તરફ જોતાં એમ દેખાય છે કે તે કોઇ અમીર વર્ગનો માણસ ન હતો પણ કોઇ હલકી કોમમાંથી

તે એકદમ આટલી ઉંચી પદવીએ ચઢી ગયો. હશે અને એથી કરીને તે એકદમ ફુલી ગયો એ વાતના ટેકામાં એક બીજી અટકળ તરફ આપણું ધ્યાન ખેંચાય છે, તે એ કે યહુદી લોકમાં એવો રીવાજ હતો કે જ્યારે કોઇ મોટા માણસ કે વડીલનું બ્યાન આપે ત્યારે તેની સાથે તેના પિતાનું નામ પણ જોડવામાં આવતું હતું, પણ આ માણસ વિષે એવું કંઇ દેખાતું નથી, એ પરથી પણ ઉપલા અનુમાનને ટેકો મળે છે. વળી એવું અનુમાન કરવામાં આવે છે કે, આ માણસ તે શેબ્નાહ ચિટણીસથી જુદો છે (૨ રા. ૧૮; ૧૮, ૨૬, ૩૭: ૧૯; ૨. યશા. ૩૬; ૩, ૧૧, ૨૨: ૩૭; ૨. જુઓ શેબ્નાહ).

શેબ્નાહ = જુવાન. આ નામનો રાજા હિઝકીયાહનો એક ચિટણીસ હતો. જ્યારે આશ્શૂરનો રાજા યરૂશાલેમ ઉપર ચઢી આવ્યો ત્યારે આશ્શૂરના રાજાના પ્રતિનિધિઓ કે સંદેશિયાઓને જવાબ આપવાને રાજા હિઝકીયાહ તરફથી એલ્યાકીમ રાજાના ઘરનો કારભારી તથા શેબ્નાહ ચિટણીસ અને આસાફનો દીકરો યોઆહ ઇતિહાસક તેમની પાસે ગયા હતા (૨ રા. ૧૮; ૧૮, ૨૬, ૩૭: ૧૯; ૨. યશા. ૩૬; ૩, ૧૧, ૨૨: ૩૭; ૨). હવે શેબ્ના પ્રધાન અને શેબ્નાહ ચિટણીસ એ બન્ને જો એક ને એક માણસ હોય તો યશા. ૨૨; ૧૫-૨૫માં કહેલું ભવિષ્ય ૨ રા. ૧૮; ૧૮માં લખેલી બિના પછી પુરૂં પડેલું હોવું જોઇએ. પણ આપણે તેથી ઉલટું એવું જોઇએ છીએ કે આશ્શૂરનો રાજા યરૂશાલેમ પર ચઢી આવ્યો ત્યારે શેબ્ના પ્રધાનને બદલે ભવિષ્યવાતમાં (યશા. ૨૨; ૧૫-૨૫) બતાવેલા એલ્યાકીમની તેની જગ્યાએ નીમણુક થએલી જોવામાં આવે છે. એ પરથી જણાય છે કે આ શેબ્નાહ ચિટણીસ અને પ્રધાન શેબ્ના તે બંને જુદા જુદા માણસ હતા.

શેમ = કીર્તિ. નુહના પુત્રોમાં તેનું નામ પહેલું આપવામાં આવ્યું છે અને એમ ઘણું કરીને તે નુહાનો જયેષ્ઠ પુત્ર હશે (ઉત્પ. ૫; ૩૨: ૬; ૧૦). તે યાફેથનો વડો ભાઇ થાય (ઉત્પ. ૧૦; ૨૧). શેમ અને તેની સ્ત્રી જળપ્રલયના વખતમાં વહાણમાં બચ્યાં હતાં. નુહાએ તેના વિષે ભવિષ્ય કહ્યું હતું કે કનાન શેમનો દાસ થાઓ, યાફેથને દેવ વધારો ને તે શેમના મંડપમાં રહો ને કનાન તેનો દાસ થાઓ (ઉત્પ. ૯; ૨૬). શેમ ૬૦૦ વર્ષ જીવ્યો; ઇસ્રાએલીઓ તેના વંશના છે (ઉત્પ. ૧૧; ૧૦-૨૬. ૧ કાળ. ૧; ૨૪-૨૭). તેના વંશજો (ઉત્પ. ૧૦; ૨૧-૩૨: ૧૧; ૧૦-૩૨. ૧ કાળ. ૧; ૧૭. લુક ૩; ૩૬).

શેમા = રિપોર્ટ. (૧) (૧ કાળ. ૫; ૮). (૨) (૧ કાળ. ૮; ૧૩) તે ૧ કાળ. ૮; ૨૧ માંનો શિમઇ હશે. (૩) એઝરા શાસ્ત્રીના સિંહાસનની જમણી બાજુમાં જે શખ્સો ઉભા રહ્યા હતા તેમાંનો એક (નહે. ૮; ૪).

શેમેદ = નાશ કરનાર. બિન્યામીની એલ્પાઆલના પુત્રોમાંનો એક (૧ કાળ. ૮; ૧૨).

શેમેબર = ઉંચે ચઢતો (?). સબોઇમનો રાજા કે જેણે કદોરલાઓમેરની સામે બીજા રાજાઓ સાથે સંપ કીધો (ઉત્પ. ૧૪; ૨).

શેમેર = તપાસ, સાંભળનાર. (૧) રાજા ઓમ્રીએ જે ઉપર સમરૂન શહેર બંધાવ્યું હતું તે પર્વત બે તાલંત રૂપાને માટે રાજાએ શેમેર પાસેથી ખરીદ કર્યો હતો (૧ રાજા. ૧૬; ૨૪). (૨) મરારીપુત્રોમાંનો એક (૧ કાળ. ૬; ૪૬). (૩) આશેરપુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૩૪).

શેરેબ્યાહ = યહોવાહનો ભડકો (એઝ. ૮; ૧૮).

શેરેશ = મૂળ. મનાશ્શેહ કુળનો એક માણસ હતો (૧ કાળ. ૭; ૧૬).

શેલાહ = અરજ. (૧) યહુદાહનો ત્રીજો પુત્ર (ઉત્પ. ૩૮; ૨, ૫, ૧૧, ૧૪, ૨૬: ૪૬; ૧૨. ગણ. ૨૬; ૨૦. ૧ કાળ. ૨; ૩: ૪; ૨૧. (૨) આર્પાકશાદનો પુત્ર (૧ કાળ. ૧; ૧૮, ૨૪).

શેલેફ = બહાર ખેંચી કાઢવું. યોક્ટાનનો પુત્ર (ઉત્પ. ૧૦; ૨૬. ૧ કાળ. ૧; ૨૦).

શેલેમ્યાહ = જેને યહોવાહ પાછું આપે છે.

(૧) (એઝ. ૧૦; ૩૯). (૨) હનાન્યાહનો પિતા (નહે. ૩; ૩૦). (૩) નહેમ્યાહના વખતનો એક યાજક (નહે. ૧૩; ૧૩). (૪) સિદકીયાહ રાજાએ જે બે માણસોને યિર્મેયાહ ભવિષ્યવાદી પાસે મોકલ્યા હતા, તેમાંના યહૂખાલ યાજકનો પિતા (યિર્મે. ૩૭; ૩). (૫) યિર્મેયાહને જે નાયકે પકડ્યો હતો તે નાયકનો પિતા (યિર્મે. ૩૭; ૧૩). (૬) દ્વારપાળોની વારાટોળીઓમાંનો એક (૧ કાળ. ૨૬; ૧૪). નવમી કલમમાં બતાવેલો મશેલેમ્યાહ તે એ ને એજ માણસ હશે. (૭) (એઝ. ૧૦; ૪૧). (૮) નથાન્યાહનો પિતા (યિર્મે. ૩૬; ૧૪). (૯) બારૂખ લેખકને તથા યિર્મેયાહને પકડવાને જે ત્રણ પુરૂષને રાજાએ આજ્ઞા આપી હતી તેમાંનો એક માણસ આ હતો (યિર્મે. ૩૬; ૨૬).

શેલેશ = થાકી જવું (૧ કાળ. ૭; ૩૫).

શેશાખ = બાબેલ. યિર્મે. ૨૫; ૨૬: ૫૧; ૪૧ માં શેશાખ નામ તે બાબેલ નામને બદલે વાપરવામાં આવ્યું છે. શેશાખની હેબ્રી જોડણીમાં અક્ષરો આગળ પાછળ મુકીએ તો બાબેલ વંચાય એવું છે.

શેશાન = નરગેશ (?). (૧ કાળ. ૨; ૩૧, ૩૪, ૩૫).

શેશાય = ધોળાશ પર. અનાકપુત્રોમાંનો એક. અનાકનો બાપ આર્બા હતો. જ્યારે ઇસ્રાએલીઓએ કનાન દેશનો કબજો લીધો ત્યારે તેઓ હાર્યા ગયા અને કતલ થયા (યહો. ૧૫; ૧૪. ન્યાયા. ૧; ૧૦).

શેશ્બાસ્સાર = પાંચ ભજનાર. (એઝ. ૧; ૮, ૧૧). ઘણું કરીને ઝરૂબ્બાબેલનું ફારસી નામ હતું (એઝ. ૨; ૨. હાગ. ૧; ૧૨, ૧૪. ઝખ. ૪; ૬, ૧૦).

શોઆ = ધનવાન (હઝ. ૨૩; ૨૩).

શોફાખ (૧ કાળ. ૯; ૧૬).

શોફાન = બહાદુરી. યરદન નદીની પૂર્વમાં આવેલ એક શહેર હતું (ગણ. ૩૨; ૩૫).

શોબાખ = વહી જવું. હદારએઝેરનો સેનાપતિ હતો. અરામીઓ તેની સરદારી નીચે દાઉદ સામે લડવાને હેલામમાં આવ્યા હતા. આ વખતે અરામીઓ ઇસ્રાએલીઓ સાથે લડતાં હાર્યા (૨ શમૂ. ૧૦; ૧૫-૧૮). ૧ કાળ. ૧૯; ૧૮ માં તેને શોફાખ કહે છે.

શોબાબ = સ્વધર્મત્યાગી. (૧) દાઉદને બાથશેબાથી જે છોકરા થયા તેમાંનો એક (૨ શમૂ. ૫; ૧૪. ૧ કાળ. ૩; ૫: ૧૪; ૪). (૨) કાલેબપુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૨; ૧૮).

શોબાય = બંદિવાન કરતાં. મંદિરના દ્વારપાળોના પુત્રોમાંનો એક (એઝ. ૨; ૪૨. નહે. ૭; ૪૫).

શોબાલ = યાત્રિક. (૧) હોરી સેઇરના પુત્રોમાંનો એક હોરી સરદાર હતો (ઉત્પ. ૩૬; ૨૦, ૨૯. ૧ કાળ. ૧; ૩૮). (૨) કાલેબના પુત્રોમાંનો એક જે કિર્યાથ-યઆરીમનો બાપ (૧ કાળ. ૨; ૫૦, ૫૨: ૪; ૧, ૨૭).

શોબી = બંદિવાન થવું. નાહાશનો પુત્ર (૨ શમૂ. ૧૭; ૨૭).

શોબેક = ત્યાગી (નહે. ૧૦; ૨૪).

શોમેર = પહેરેગીર. (૧) આશેરપુત્રોમાંના હેબેરનો પુત્ર (૧ કાળ. ૭; ૩૨, ૩૪). (૨) યહોઝાબાદનો પિતા. આ યહોઝાબાદે યોઆશ રાજાને મારી નાખ્યો હતો (૨ રા. ૧૨; ૨૧). ૨ કાળ. ૨૪; ૨૬ માં તેને શિમ્રીથ કહે છે.

શોશાન્નીમ = એક જાતનું ફુલ. આ નામના ફુલના આકારનું એક તારનું વાજું હતું, જેને ૭ તાર હતા, ગીત ૪૫; ૬૯ના મથાળામાં આ નામ આવે છે.

શોશાન્નીમ-એદુથ. ગીત ૮૦નું મથાળું. ઘણું કરીને તે રાગનું નામ છે, કે જે રાગે આ ગીત ગાવામાં આવતું હતું.

શોહામ = ગોમેદ. મરારીપુત્રોમાંનો એક (૧ કાળ. ૨૪; ૨૭).

સ

સખાખાહ = વાડ. યહુદાહના અરણ્યમાં ૭ નગરોમાંનું એક હતું. બેથાનીની પૂર્વમાં સીકેહ નામનું ખંડિયેર ઉપલા નામથી ઓળખાય છે (યહો. ૧૫; ૬૧).

સગૂબ = ચઢેલો. (૧) બેથેલી હીએલનો જ્યેષ્ઠ પુત્ર અબીરામ હતો અને સૌથી નાનો સગૂબ હતો. આ સગૂબનો ભોગ આપી યરેખોના દરવાજા ઉભા કરવામાં આવ્યા હતા (૧ રા. ૧૬; ૩૪. યહો. ૬; ૨૬). (૨) યહુદાહ-વંશી એક માણસ હતો (૧ કાળ. ૨; ૨૧, ૨૨).

સથૂર = સંતાડેલો. આશેરકુળનો એક માણસ, જે વચનના દેશની જાસુસી કરવાને બીજા સાથે મોકલવામાં આવ્યો હતો તે (ગણ. ૧૩; ૧૩).

સદાદ = પર્વતની બાજુ. પાલેસ્તાઇનની ઉત્તર સરહદ ઉપર આ નામની જગ્યા આવેલી હતી (ગણ. ૩૪; ૮. હઝ. ૪૭; ૧૫). ઘણું કરીને દમસ્કના માર્ગ ઉપર આવેલું મોટું ગામ જે સુદુદ કહેવાય છે તે એ હશે.

સદોમ = બળતું, કિલ્લાબંધ. સિદ્દીમના નીચાણમાં આવેલું એક પુરાતન શહેર હતું (ઉત્પ. ૧૪; ૧-૧૦: ૧૩; ૧૦). ત્યાંના લોકોની ભુંડાઇને લીધે પરમેશ્વરે આકાશથી આગ વરસાવી તેનો સમૂળગો નાશ કર્યો હતો (ઉત્પ. ૧૮; ૧૬-૩૩: ૧૯; ૧-૨૯. પુન. ૨૩; ૧૭). આ શહેર અને તેના સંપૂર્ણ નાશ વિષે શાસ્ત્રમાં ઘણી વાત આવે છે (પુન. ૨૯; ૨૩: ૩૨; ૩૨. યશા. ૧; ૯, ૧૦: ૩; ૯: ૧૩; ૧૯. વિર્મે. ૨૩; ૧૪. હઝ. ૧૬; ૪૬–૫૬. સફા. ૨; ૯. માત્થી ૧૦; ૧૫. રૂમી. ૯; ૨૯. ૨ પીત. ૨; ૬. ઇત્ય.). આ શહેર તેમજ સપાટીનાં બીજાં શહેરોનું નામ નિશાન હાલ જોવામાં આવતું નથી, તેથી તેનો સંપૂર્ણ નાશ થએલો જોવામાં આવે છે. મૃત સમુદ્રની નૈઋત્ય કોણમાં ખારનો એક મોટો થાંભલો (ઢગલો) દેખાય છે, જેને "યાબેલ-ઉસદુમ" (સદોમનો પહાડ કે ઢગલો) કહે છે. વિદ્વાનો એવું ધારે છે કે સદોમ અને સપાટીનાં બીજાં શહેરો મૃત સમુદ્રના ઉત્તર છેડા ઉપર આવેલાં હતાં. સદોમનું નામ હમેશાં ગમોરાહની સાથે આવે છે (જુઓ ગમોરાહ). આ શહેરના રહીશોની ભુંડાઇના નમુના પ્રમાણે જેઓ ચાલે છે, તેઓ કેવા કંટાળવા યોગ્ય છે (પુન. ૨૩; ૧૭. ૧ રા. ૧૪; ૨૪: ૧૫; ૨૨: ૨૨; ૪૬. ૨ રા. ૨૩; ૭. અયૂ. ૩૬; ૧૪. રૂમી. ૯; ૨૯: ૧; ૨૬, ૨૭). આસાએ એવા ભુંડાઓને દેશપાર કર્યા (૧ રા. ૧૫; ૧૨). અને તેના પુત્ર યહોશાફાટે પણ તેમજ કીધું (૧ રા. ૨૨; ૪૬). ત્યાંની ભુંડાઇનો નાશ, દુષ્ટોને માટે ચેતવણીરૂપ છે. સદોમ (ઉત્પ. ૧૦; ૧૯: ૧૩; ૧૦: ૧૪; ૨–૧૧: ૧૮; ૨૦). અગ્નિથી નાશ (૧૯; ૧૪, ૨૮. પુન. ૨૯; ૨૩: ૩૨; ૩૨. યશા. ૧; ૯, ૧૦: ૧૩; ૧૯. વિર્મે. ૨૩; ૧૪: ૪૯; ૧૮: ૫૦; ૪૦. આમો. ૪; ૧૧. સફા. ૨; ૯. માત્થી ૧૦; ૧૫. માર્ક ૬; ૧૧. રૂમી. ૯; ૨૯. ૨ પીત. ૨; ૬. યહુદા ૭. લુક ૧૭; ૨૯. પ્રક. ૧૧; ૮. વિર્મે. વિ. ૪; ૬).

સનાઆહ = કાંટાવાળું. ઝરૂબ્બાબેલની સરદારી નીચે બાબેલના બંદિપ્રવાસથી સનાઆહના ૩૬૩૦ માણસો પાછા આવ્યા (એઝ. ૨; ૩૫. નહે. ૭; ૩૮). નહે. ૩; ૩: ૧૧; ૯ તેને હસ્સનાઆહ કહે છે.

સનાન = ટોળાંની જગ્યા. આ જગ્યાનું નામ મીખા. ૧; ૧૧ માં આવે છે, ત્યાં તેને સાઅનાન કહે છે. તેજ યહો. ૧૫; ૩૭માં આવતું યહુદાહના મેદાનનું 'સનાન' શહેર હશે.

સનીર = બખતર. હેર્મોન પર્વતને અમોરીઓ સનીર કહેતા હતા અને સીદોનીઓ સીર્યોન કહેતા હતા. કેટલાએક આ શબ્દોનો અર્થ પ્રસિદ્ધ કે બરફવાળો પહાડ એવો કરે છે. હેર્મોન પહાડનાં ત્રણ શિખરોમાંના વચલા શિખરને આ નામ આપવામાં આવ્યું છે (પુન. ૩; ૯. સુ. ગીત. ૪; ૮. ૧ કાળ. ૫; ૨૩. હઝ. ૨૭; ૫).

સપ્તઋષિ (અયૂ. ૯; ૯: ૩૮; ૩૨).

સફાથ = પહેરેગીરનો બુરૂજ.

સફાથાહ. યહુદાહની પશ્ચિમે આવેલું આ નામનું એક મેદાન હતું (૨ કાળ. ૧૪;

૧૦); તે મારેશાહની પાસે આવેલું હતું. અહીં આસા અને ઝેરાહ કૂશીની વચ્ચે યુદ્ધ-વ્યૂહ રચાયો હતો.

સફાન્યાહ=યહોવાહ સંતાડે છે. (૧) નાના બાર ભવિષ્યવાદીઓમાંનો નવમો ભવિષ્યવાદી આ નામનો હતો. તે હિઝકીયાહના દીકરા અમાર્યાહના દીકરા ગદાલ્યાહના દીકરા કૂશીનો દીકરો હતો (સફ. ૧ : ૧). તેણે યહુદાહના રાજા આમોનના દીકરા યોશીયાહ (ઇ. સ. પૂ. ૬૪૦–૬૦૮) ના દિવસોમાં (૨ રા. ૨૨. ૨ કાળ. ૩૪) ભવિષ્ય પ્રગટ કર્યાં (સફ. ૧ ; ૧). આ ભવિષ્યવાદી યિર્મેયાહ ભવિષ્યવાદીનો સમકાળિક ભવિષ્યવાદી હતો. યોશીયાહના વખતમાં ધર્મસુધારો થયો હતો તો પણ કેટલાએક બઆલને (૧ ; ૪), આકાશના સૈન્યને તથા મિલ્કોમ કે મોલેખને માનતા હતા (૧ ; ૫). એવે પ્રસંગે વળી સ્કૂથી લોક યહુદાહ પર ચઢી આવી તેમને ઘણું નુકસાન કર્યું હતું (૧; ૨, ૩, ૭, ૧૩, ૧૬, ૧૭). તે પ્રસંગે આ ભવિષ્યવાદીએ ઉભા થઇ ભવિષ્ય કહી જણાવ્યું કે સર્વ દેશજાતિઓ પર તેમના પાપનું શાસન આવશે. (૧ ; ૨—૩ ; ૮) અને સર્વને માટે ઉદ્ધારનો માર્ગ ખુલ્લો થશે (૩ ; ૯-૨૦). આ પુસ્તકમાં સમાએલી વાતોના બે મુખ્ય ભાગ પાડી શકાય.

(૧) ૧—૩ ; ૮. સર્વકાળિક ન્યાયી ચુકાદો.
- (૧) સર્વ સૃષ્ટ જંતુનો.
- (૨) યહુદાહ દેશનો.
- (૩) દેશજાતિઓનો.
- (૪) યરૂશાલેમનો.

(૨) ૩ ; ૯-૨૦. સાર્વત્રિક ઉદ્ધાર.
- (૧) દેશજાતિઓ યહોવાહને જાણશે.
- (૨) શેષ રહેલા યહુદીઓ શાંતિ પામશે.
- (૩) જો કે સિયોન હાલમાં અપમાનિત છે તો પણ પુનર્સ્થાપના વખતે વખાણપાત્ર થશે.

(૨) સિદકીયાહ રાજાના વખતમાં માઅસેયાહનો પુત્ર સફાન્યાહ નામનો એક યાજક હતો (યિર્મે. ૨૧ ; ૧. ૨ રા. ૨૫ ; ૧૮). યિર્મેયાહ ભવિષ્યવાદીના પુસ્તકમાં તેનું નામ વખતો વખત આપવામાં આવે છે (યિર્મે. ૨૯; ૨૫, ૨૬, ૨૯ : ૩૭ ; ૩ : ૩૮ ; ૧, ૪ : ૫૨ ; ૨૪). તેને બીજા યહુદી બંદિવાનોની સાથે "હમાથ દેશમાંના રિબ્લાહમાં મારી નાખ્યો" (૨ રા. ૨૫ ; ૨૧). (૩) એક લેવી કહાથી આ નામનો હતો (૧ કાળ. ૬ ; ૩૬). (૪) યોશીયાહ યાજક જે યરૂશાલેમમાં રહેતો હતો તેનો પિતા આ નામનો હતો (ઝખ. ૬ ; ૧૦).

સફાર=ગણતરી. આ શહેરને હાલ 'ઝાફાર' કહે છે, હિંદી મહાસાગરના કિનારા પર ઇરાની અખાત અને લાલ સમુદ્રની વચ્ચે આવેલ છે. તેના વિષે એવું બ્યાન કરવામાં આવ્યું છે કે, તે ઉંચા પહાડ પાસે બંધાયલું હતું (ઉત્પ. ૧૦ ; ૩૦). આ પહાડ પરથી લોક લોબાન લાવતા હતા, અને એજ વેપાર હજી સુધી પણ ચાલતો દેખાય છે.

સફારાદ. (ઓબા. ૨૦). આ નામની એક અજાણ જગ્યા હતી, વિદ્વાનોમાં એ વિષે જુદા જુદા વિચાર છે. કેટલાએક યહુદીઓનું સમજવું એવું છે કે તે સ્પેન દેશ હશે. જે યહુદી લોકો હાલ સ્પેન દેશમાં રહે છે તેમને સફારાદ કહે છે, પણ બીજા કેટલાએક કહે છે કે લુદીઆ પ્રાંતનું સાર્દીસ શહેર છે. ધર્મપિતૃ જેરોમ કહે છે કે આ શબ્દનો અર્થ આસૂરી ભાષામાં 'હદ' થાય છે; માટે આ વાક્યમાં સમાએલો અર્થ એવો છે કે પૃથ્વીની હદમાં આવેલા બધા ગુલામગીરીમાં ગએલા યહુદીઓ પાછા આવશે.

સફાર્વાઇમ—આસૂરના રાજા સાર્ગોને આ શહેર જીતી લીધું (૨ રા. ૧૭; ૨૪ : ૧૮; ૩૪ : ૧૯; ૧૩. યશા. ૩૬; ૧૯ : ૩૭; ૧૩). તે ફ્રાત નદીના બન્ને કિનારા પર આવેલું હતું. તેની પાસે નબૂખાદનેસ્સારે એક ખીણ ખોદાવી હતી. શહેર બાબેલની ઉત્તર ગમ આશરે ૨૦ માઇલ ઉપર આવેલું હતું. તેનાં ખંડિયેર પાસે 'મોસાઇબ'

નામનું એક ગામ વસાવવામાં આવ્યું છે. આ શહેરમાં સાર્ગોન ૧ લાએ એક પુસ્તકાલય બંધાવ્યું હતું. (જુઓ કિર્યાથ-સેફેર).

સફી = પહેરેગીરનો બુરૂજ. એશાવના જયેષ્ટ પુત્ર અલીફાઝનો પુત્ર (૧ કાળ. ૧; ૩૬). ઉત્પ. ૩૬; ૧૧, ૧૫ માં તેને 'સફો' કહે છે.

સફો (ઉત્પ. ૩૬; ૧૧). જુઓ સફી.

સફોન = બહાર જોવું. ગાદપુત્રોમાંનો એક. તેના સંતાનને સફોનીઓ કહે છે (ગણ. ૨૬; ૧૫. ઉત્પ. ૪૬; ૧૬).

સબા = સમ, માણસ. (૧) હામના પુત્ર કૂશનો પુત્ર (ઉત્પ. ૧૦; ૭. ૧ કાળ. ૧; ૯). તેનો દેશ (ગીત. ૭૨; ૧૦. યશા. ૪૩; ૩). તેના વંશજોને સબાઇમ કહે છે (યશા. ૪૫; ૧૪). (૨) કૂશનો પૌત્ર, તેના વંશજોએ ઇરાની અખાત પર 'દેદાન' વસાવ્યો (ઉત્પ. ૧૦; ૭). (૩) યોક્ટાનનો પુત્ર (ઉત્પ. ૧૦; ૨૮. ૧ કાળ. ૧; ૨૨). કેટલાએક ધારે છે સબાઇમ લોકનો પૂર્વજ આ છે. (૪) યોક્શાનનો પુત્ર. આ યોક્શાન ઇબ્રાહીમની સ્ત્રી કટૂરાહથી થએલો પુત્ર છે (ઉત્પ. ૨૫; ૩. ૧ કાળ. ૧; ૩૨).

સબામ = સુગંધ. યરદન નદીની પૂર્વમાં આ નામનું એક શહેર આવેલું હતું (ગણ. ૩૨; ૩), અને કદાપિ આજ શહેરને ગણ. ૩૨; ૩૮ માં સિબ્માહ નામ આપવામાં આવ્યું છે.

સબોઇમ = સાબરીનાં બચ્ચાં. (૧) સદોમની સપાટીમાં આવેલાં પાંચ શહેરોમાંનું આ એક હતું, અને આ નામ ઘણું કરીને આદમાહની સાથે આપવામાં આવેલું છે (ઉત્પ. ૧૦; ૧૯: ૧૪; ૨. પુન. ૨૯; ૨૩. હોશી. ૧૧; ૮). સપાટીના દરેક શહેરનો જુદો જુદો રાજા હતો અને એમ આ શહેરનો પણ ખાસ રાજા હતો. સપાટીનાં બીજાં શહેરોની સાથે આ શહેરનો પણ સંપૂર્ણ નાશ થયો છે. (૨) બિન્યામીની ગિબઆહમાં આવેલ કોઇ ખીણને આ નામ આપવામાં આવ્યું હતું. આ જગ્યા હાલ યરેખોની ઉત્તરમાં આવેલ "હીએનાનું કોતર" એ નામથી ઓળખાય છે (૧ શમૂ. ૧૩; ૧૮). (૩) આ નામની એક ત્રીજી જગ્યા હતી, જ્યાં ગુલામગીરી પછી બિન્યામીનીઓ વસ્યા. શાસ્ત્રમાં તેનું નામ આ એકજ વખત આવે છે (નહે. ૧૧; ૩૪).

સમઈન (લુક ૩; ૨૬).

સમરૂન = પહેરેગીરનો બુરૂજ. શખેમથી વાયવ્ય કોણમાં છ માઇલ દૂર 'શોમેરોન' નામનો એક પર્વત જે ઇસ્રાએલી પર્વતોનું હૃદય કહેવાતો. તેને ઇસ્રાએલના રાજા ઓમ્રીએ શેમેર નામના માણસ પાસેથી 'બે તાલંત રૂપા'માં એટલે આસરે છ હજાર રૂપીઆમાં ખરીદ્યો અને આ પર્વતની સપાટી ઉપર તેણે નગર બંધાવ્યું અને તે નગરનું નામ પર્વતના માલીકના નામ પરથી સમરૂન પાડ્યું (૧ રા. ૧૬; ૨૩, ૨૪). આ પર્વત બીજા પહાડોથી અલાયદો અને એકાંત છે. પર્વત બહુ ઉંચો નથી તેની ટોચ ઉપર સપાટ મેદાન આવેલું હોવાથી શહેર બાંધવાને માટે બહુ સારી જગ્યા હતી. વળી શહેરના રક્ષણાર્થે પર્વતને ફરતી એક ખીણ આવેલી હતી, અને તે ખીણથી શહેર ૬૦૦ ફુટ ઉંચાઇમાં બાંધવામાં આવ્યું હતું. ઓમ્રીએ અસલ રાજધાની તિર્સાહને આગ મૂકી બાળી મુક્યું ત્યારે ઓમ્રીએ સમરૂન વસાવીને તેમાં પોતાની રાજ્યધાની કરી. અને પોતાની રાજકાર્કીર્દીનાં છેલ્લાં છ વર્ષ ત્યાં રહ્યો. ઇસ્રાએલી રાજાઓની શરૂઆતમાં પોતાની રાજધાની શખેમમાં હતી, પણ ત્યાર પછી તિર્સાહમાં રાજધાની કરી. અને બાવન વર્ષ તિર્સાહમાં ઇસ્રાએલી રાજ્યની રાજધાની રહી, અને ત્યાર પછી છેલ્લું સમરૂન ઇસ્રાએલી રાજ્યની રાજધાનીનું શહેર થયું. ૨૦૦ વર્ષ સુધી સમરૂનમાં ઇસ્રાએલીઓની ગાદી રહી, એટલે આશ્શૂરના રાજા શાલ્માનેસેરે સમરૂનનો ઇ. સ. પૂ. ૭૨૧ માં નાશ કર્યો, ત્યાં સુધી સમરૂનમાં ઇસ્રાએલી બાદશાહત ચાલતી હતી. શહેર જેમ દેખાવમાં સુંદર હતું તેમ ઘણું મજબૂત પણ હતું. રાજા આહાબે

સમરૂનમાં બઆલ દેવતાની પૂજા સ્થાપન કરી. તેણે બઆલને માટે ઉચ્ચસ્થાનો બંધાવ્યાં હતાં (૧ રા. ૧૬ ; ૩૨), પણ યેહૂએ તેનો નાશ કીધો (૨ રા. ૧૦; ૧૮–૨૮). સમરૂન શહેર પર ઘણી ઘણી આફતો આવેલી હતી. ઘણી વાર તેને ઘેરવામાં પણ આવ્યું હતું. ઇસ્રાએલી રાજા આહાબના વખતમાં અરામનો રાજા બેન-હદાદ ૨ જો, પોતાનું સઘળું સૈન્ય તથા બત્રીસ રાજાનું સંપીલું સૈન્ય લઇને સમરૂન ઉપર ચઢી આવ્યો, અને શહેરને ઘેરો ઘાલ્યો, પણ આ વખતે મહા મોટી કતલ સાથે તેને હાર ખાઇ પાછું ફરવું પડયું, પણ ત્યાર પછી બીજે વર્ષે ફરીને ચઢી આવ્યો. આ વખતે પણ તેની ભારે હાર થઇ, એક લાખ પાયદળ માર્યું ગયું, સત્તાવીસ હજાર ઉપર કોટ પડ્યો, આવી મોટી ખુવારી સાથે બેન-હદાદને પાછા નાસવું પડ્યું (૧ રા. ૨૦ ; ૧–૨૨ : ૨૦ ; ૨૮–૩૪). રાજા યહોરામના વખતમાં બેન-હદાદ ફરીને ચઢી આવ્યો અને સમરૂનને ઘેરો ઘાલ્યો, પણ એલીશાના કહેવા મુજબ અરામીઓ આ વખતે પણ હાર્યા અને સમરૂનનો બચાવ થયો (૨ રા. ૭ ; ૧–૨૦). ઇસ્રાએલના રાજા હોશીયાના વખતમાં શાલ્માનેસેર ચઢી આવ્યો અને સમરૂન શહેરને ઘેરો ઘાલ્યો (ઇ. સ. પૂ. ૭૨૩). ઘેરો ત્રણ વર્ષ સુધી ચાલ્યો, અને અંતે સાર્ગોને તે સર કર્યું, અને ત્યાર પછી આસ્શૂરનો રાજા ઇસ્રાએલીઓને પકડીને આસ્શૂર લઇ ગયો "કેમકે તેમણે યહોવાહની વાણી સાંભળી નહિ" (૨ રા. ૧૮ ; ૯-૧૨ : ૧૭ ; ૩). ત્યાર પછી ઇતિહાસ તરફ જોઇએ તો આ શહેરની ઘણી ફેરે ઉથલપાથલ થએલી જોવામાં આવે છે. કેટલાંક વર્ષ સુધી સારી રીતે વેપારરોજગારનું શહેર ગણાતું, પણ ત્યાર પછી મહાન આલેકઝાંદરના હાથમાં તે આવ્યું (ઇ. સ. પૂ. ૩૩૧). ત્યાર પછી તેનો જોન હીરકાનુસે નાશ કીધો (ઇ. સ. પૂ. ૧૨૦). ત્યાર પછી પોમ્પેના હાથમાં આવ્યું અને તેના વખતમાં તેને ફરી વસાવ્યું. ત્યાર પછી ગાબીનીયુસે તેને કિલ્લાબંધ કીધું. ત્યાર પછી ઓગસ્તસે આ શહેર મહાન હેરોદને આપ્યું. હેરોદ મોટાએ તેને ફરીને બંધાવ્યું અને કાઇસાર ઓગસ્તસના નામમાં તે શહેરને 'સેબાસ્ટે' નામ આપ્યું. નવા કરારમાં પ્રે. કૃ. ૮ ; ૫-૧૩ માં આ શહેરનું નામ આવે છે, અને ત્યાં લખવામાં આવ્યું છે કે "ફિલીપે સમારીઆ શહેરમાં જઇને તેઓને ખ્રીસ્ત પ્રગટ કર્યો." હાલ તેને 'સેબુસ્ટીએહ' કહે છે, અને તેમાં આશરે હાલ ૩૦૦ માણસની વસ્તી દેખાય છે. પુરાતન ભવ્ય શહેર તેનાં ખાંડયરો જોઇને યાદ આવે છે. આ વાતની સાથે મીખા. ૧ ; ૬ સરખાવીએ તો પ્રભુનાં વચનો કેવાં પુરાં થાય છે તેની શાબિતી મળે છે. ઇસુ ખ્રીસ્તના જમાનામાં પાલેસ્તાઇન દેશ ત્રણ ભાગમાં વહેંચાયલો હતો. ઉત્તરમાં ગાલીલ, દક્ષિણમાં યહુદાહ અને મધ્યમાં સમરૂન આવેલો હતો (યોહા. ૪ ; ૪). તાલ્મુદમાં તેને "કુથાઅન લોકનો દેશ" કહે છે, અને પવિત્રભૂમિનો ભાગ તેને ગણ્યો નથી. સીધી લીટીમાં, યરૂશાલેમ અને સમરૂન આ બંને રાજધાનીનાં શહેરનું અંતર ૩૫ માઇલનું હતું. સમરૂન (૧ રા. ૧૬ ; ૨૪, ૩૨ : ૧૮ ; ૨ : ૨૦ ; ૧–૪૩ : ૨૧ ; ૧–૧૮ : ૨૨ ; ૧૦–૫૩. ૨ રા. ૧ ; ૨ : ૨ ; ૨૫ : ૩ ; ૬ : ૫ ; ૩ : ૬ ; ૧૮–૭ : ૨૦ : ૧૦. યશા. ૭ ; ૯ : ૮ ; ૪ : ૩૬ ; ૧૯. યિર્મે. ૨૩ ; ૧૩ : ૪૧ ; ૫. હઝ. ૨૩ ; ૪. હોશી. ૭ ; ૧ : ૮ ; ૫ : ૧૦ : ૫, ૭ : ૧૩ ; ૧૬. આમો. ૩ ; ૯, ૧૨ ; ૪ ; ૧ : ૬ ; ૧ : ૮ ; ૧૪. મીખા. ૧ ; ૫, ૬). શાલ્માનેસેરે લીધું (૨ રા. ૧૭ ; ૬ : ૧૮ ; ૯). સમરૂનની બાપદોરી (૨ રા. ૨૧ ; ૧૩). તારી મોટી બહેન સમરૂન (હઝ. ૧૬ ; ૪૬, ૫૫). સમરૂનનું રાજ્ય (૧ રા. ૧૩ ; ૩૨. ૨ રા. ૧૭; ૬, ૨૪). ઇસુ સમરૂનમાં થઇને ગયો (લુક ૧૭ ; ૧૧). સમરૂનમાં થઇ જવાની જરૂર

(યોહા. ૪ ; ૯). સમરૂનમાં મારા સાક્ષી થશો (પ્રે. કૃ. ૧ . ૮). સમરૂનમાં સુવાર્તા પ્રગટ કરી (પ્રે. કૃ. ૮ ; ૧, ૫, ૧૪ઃ ૯ ; ૩૧ઃ ૧૫ ; ૩). (જુઓ ઇસ્રાએલી રાજ્ય).

સમરૂનીઓ. સમરૂનના અસલ રહેવાસીઓને આશ્શૂરનો રાજા સાર્ગોન બંદિપ્રવાસમાં લઇ ગયો હતો (ઇ. સ. પૂ. ૭૨૧). તેમને બદલે આશ્શૂરના રાજા એસારહાદ્દોને બાબેલમાંથી તેમજ બીજી જગ્યાઓમાંથી કેટલીક વસ્તી આણી સમરૂન શહેરમાં વસાવી. આ સેળભેળ કોમને સમરૂનીઓ એવું નામ આપવામાં આવ્યું છે (૨ રા. ૧૭ ; ૨૪. એઝ. ૪ ; ૨, ૯, ૧૦). યહુદીઓ બાબેલના બંદિપ્રવાસથી પાછા ફર્યા અને મંદિર ફરી બાંધવા લાગ્યા ત્યારે. તેઓએ તેમાં મદદ કરવાનુ માગ્યું, પણ તે વાત યહુદીઓએ માની નહિ અને કહ્યું કે, “ અમારા દેવને સારૂ ઘર બાંધવામાં અમારી સાથે તમારે કંઇ લાગભાગ નથી ” (૨ રા. ૧૭ ; ૨૪-૪૧. એઝ. ૪). એ ઉપરથી બન્ને કોમ વચ્ચે દુશ્મનાઇ શરૂ થઇ, અને સમરૂનીઓ મંદિર બાંધવાને (યહુદીઓને) ગેરવાજબી અટકાવ કરવા લાગ્યા. અને ત્યાર પછી ઇ. સ. પૂ. ૪૦૯ માં તેમણે પોતાને માટે સમરૂનમાં ગરિઝીમ પર્વત ઉપર એક મંદિર બાંધ્યું, અને ત્યારથી તે મંદિર પર તથા મુસાના નિયમશાસ્ત્રની એક નકલ જે તેમની પાસે હતી તે પર વધારે ચિંતાની નજરે જોવા લાગ્યા. ઉપરનાં ગરિઝીમના મંદિરનો યોહાન હીરકાનસે ઇ. સ. પૂ. ૧૧૦માં નાશ કીધો. પછીથી તેઓએ એક બીજું મંદિર શખેમમાં ઉભું કર્યું, અને એમ યહુદી અને સમરૂની બન્ને કોમ વચ્ચે આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના વખત સુધી અણબનાવ જોવામાં આવે છે. યહુદીઓ તેમને હલકા ગણી તેમની સાથે કોઇ પણ વહેવાર રાખતા નહિ (યોહા. ૪ ; ૯. લુક ૯ ; ૫૨, ૫૩). આપણા પ્રભુ ઇસુને યહુદીઓએ સમરૂની કહ્યો હતો (યોહા. ૮ ; ૪૮). સમરૂનમાંના ઘણાએ શરૂઆતમાં સુવાર્તાનો અંગીકાર કર્યો હતો. ઇસુએ જીવતા પાણી સંબંધે જેને વાત કરી હતી તે સમરૂની સ્ત્રી હતી (યોહા. ૪ ; ૫-૪૨. પ્રે. કૃ. ૮ ; ૨૫ઃ ૯ ; ૩૧ઃ ૧૫ ; ૩). આ સમરૂનીઓમાંનાં હજુ સુધી આશરે ૧૫૦ માણસ શખેમમાં રહે છે, અને પોતાના બાપદાદાનો ધર્મ ઘણો ચોકસાઇથી પાળતાં તેનાં ફરમાનો પ્રમાણે ચાલે છે. દુનિયામાં “ સૌથી નાનો અને સૌથી જુનો સંપ્રદાય ” આ સમરૂની લોકનો છે. યહુદીઓ પાસે જે નિયમશાસ્ત્રની નકલ યરૂશાલેમમાં હતી તે કરતાં કેટલાંક વાક્યમાં ફેરવાળી નકલ સમરૂનીઓ પાસે હતી. જુના કરારમાંથી આજ પુસ્તક એટલે મુસાનાં પાંચ પુસ્તક તેમણે ઇશ્વરપ્રેરિત ગણ્યાં હતાં. આ પાંચે પુસ્તકને તેઓ એક પુસ્તકની માફક ગણતા હતા. નિયમશાસ્ત્રની આ નકલ વિષે તેઓ એવો દાવો કરતા હતા કે એ નકલ મુસાના હાથમાંથી અમને મળેલી છે. આ પુસ્તકનાં બે ભાષાંતર કરવામાં આવ્યાં છે, એક સમરૂની ભાષામાં જે પહેલા સૈકામાં, અને બીજું અરબી ભાષામાં જે આશરે અગીઆરમા કે બારમા સૈકામાં કરવામાં આવ્યું છે. તેઓ યહુદીઓનાં પર્વો પાળતા અને સાબ્બાથવારને પણ પવિત્ર ગણી પાળતા. સમરૂની (એઝ. ૪ ; ૧-૧૦. નહે. ૪ ; ૨. માત્થી ૧૦; ૫. લુક ૯ ; ૫૨ઃ ૧૦ ; ૩૩ઃ ૧૭ ; ૧૬. યોહા. ૪ ; ૯, ૩૯ : ૮ ; ૪૮).

સમાખ્યાહુ = જેનું યહોવાહ પોષણ કરે છે. ઓબેદ-અદોમના પુત્રોમાંનો એક જે દ્વારપાળોની વારાટોળીઓમાંનો એક ‘ સેવા કરવાને સારૂ ’ બળવાન પુરૂષ હતો તે (૧ કાળ. ૨૬ ; ૭).

સમારાઇમ = એકજ વખતે કાતરેલું મેંઢાનું ઉન. (૧) બિન્યામીનના ભાગમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૮ ; ૨૨). હાલ તેનું ખંડિયેર યરેખોની ઉત્તરે ચાર માઇલ ઉપર ‘ એસ-સુમરાહ ’ નામથી ઓળખાય છે. (૨) આ નામનો એક પર્વત એફ્રાઇમના પહાડી મુલકમાં આવેલો હતો (૨ કાળ.

૧૩; ૪-૨૦). અહીં અબીયાહ અને યરોબઆમના સૈન્ય વચ્ચે દારૂણ યુદ્ધ થયું હતું. અબીયાહ અને તેનાં માણસોએ ઇસ્રાએલના પાંચ લાખ માણસોને કતલ કર્યાં. અને એમ અબીયાહના દિવસોમાં યરોબઆમને ફરીથી ધાવ વળી નહિ.

સમારી. ફેનીકીઓની એક કોમ આ નામથી ઓળખાતી હતી (ઉત્પ. ૧૦; ૧૮. ૧ કાળ. ૧; ૧૬). લબાનોનની પશ્ચિમગમ 'સુમરા' શહેરમાં તેઓ રહેતા હતા.

સરજીઅસ પાઉલ = સમજુક માણુસ. સુબો સરજીઅસ તે પાઉલનું હોદ્દાસૂચક નામ હતું, એટલે કુપ્રસ બેટનો સુબો પાઉલ હતો માટે તેને સરજીઅસ પાઉલ કહે છે. પાઉલ પ્રેરિત પોતાની પહેલી મુસાફરીમાં આ બેટમાં જઇ આ અધિકારીને મળ્યો હતો (પ્રે. કૃ. ૧૩; ૬-૧૩), ને તેના મળ્યા પછી તે ખ્રીસ્તી થયો. કુપ્રસ બેટ તે વખત રૂમી રાજ્યને કબજે હતો તેથી સરજીઅસ પાઉલ તે રૂમી હાકેમ હતો. ઇ. સ. ૧૮૮૭ માં રૂમમાં એક લેખ મળી આવ્યો છે જે પરથી તેના વિષે કહેવાય કે ઇ. સ. ૪૭ માં તે ત્યાંનો હાકેમ થયો હશે, અને ત્રણ વર્ષ હાકેમી કર્યા બાદ તે રૂમમાં પાછો આવ્યો. પાઉલ રૂમીઓને પત્ર લખે છે તેમાં તેનું નામ આવતું નથી, તેથી માલમ પડે છે કે તે પહેલાં તે મરણ પામ્યો હશે.

સરાયાહ = યહોવાહનો સિપાઇ. (૧) યોઆબનો પિતા (૧ કાળ. ૪; ૧૩, ૧૪). (૨) યેહૂની પૌત્રી (૧ કાળ. ૪; ૩૫). (૩) દાઉદનો ચિટણીસ (૨ શમૂ. ૮; ૧૭). (૪) નટોફાથીના પુત્રોમાંનો એક (૨ રા. ૨૫; ૮. યિર્મે. ૪૦; ૮). (૫) એઝ. ૨; ૨. (૬) એઝરા શાસ્ત્રીનો પિતા (એઝ. ૭; ૧). (૭) મંદિરનો અધિકારી (નહે. ૧૧; ૧૧). (૮) (નહે. ૧૦; ૨). (૯) યેયાકીમના વખતમાં એક યાજક હતો (નહે. ૧૨; ૧, ૧૨). (૧૦) રાજા સિદકીયાહના વખતમાં એક પ્રમુખ યાજક હતો (૨ રા. ૨૫; ૧૮. ૧ કાળ. ૬; ૧૪. યિર્મે. ૫૨; ૨૪). (૧૧) ગદાલ્યાહની પાસે મિસ્પાહમાં જે આગેવાનો આવ્યા હતા તેઓમાંનો એક (૨ રા. ૨૫; ૨૩. યિર્મે. ૪૦; ૮). (૧૨) નેરીયાહનો પુત્ર અને બારૂખનો ભાઇ, જે રાજા સિદકીયાહ સાથે બાબેલ ગયો હતો, અને તેની સાથે યિર્મેયાહે બાબેલ વિષેનાં ભવિષ્યવચનનો બીડો મોકલાવ્યો કે જેમાં યિર્મે. ૫૦; ૧-૮. સમાયલું હતું. બંદિપ્રવાસમાં સરાયાહે બાબેલમાં તે બીડો વાંચી સંભળાવ્યો અને ત્યાર બાદ બીડા સાથે એક પત્થર બાંધીને ફ્રાત નદીમાં તે ડુબાવી દીધો (યિર્મે. ૫૧; ૫૯-૬૪). બાબેલ આ વખતમાં જગતમાં બહુ પરાક્રમી અને નામીચું શહેર ગણાતું હતું, પણ આશરે ૭૦ વર્ષ બાદ યિર્મેયાહ ભવિષ્યવાદીનું વચન પુરૂં પડ્યું.

સરી (૧ કાળ. ૨૫; ૩). ૧ કાળ. ૨૫; ૧૧ માં આવેલ 'યિસ્ત્રી' અને સરી તે બંને એકજ હશે.

સરૂઆહ = કોઢિયું (?). દસકુળનો જે પહેલો રાજા યરોબઆમ તેની માનું નામ સરૂઆહ હતું. (૧ રા. ૧૧; ૨૬).

સરૂગ = ડાળી; ફાંટો. નાહોરનો પિતા (ઉત્પ. ૧૧; ૨૦-૨૩). જ્યારે સરૂગ ત્રીસ વર્ષનો હતો ત્યારે તેણે નાહોરને જન્માવ્યો, લુક ૩; ૩૫ માં પણ તેનું નામ આવે છે.

સરૂયાહ = પ્રભુનો મારેલો. આ સ્ત્રીના ત્રણ પુત્રો હતા જે ઘણા પ્રસિદ્ધ હતા, એટલે અબીશાય, યોઆબ તથા અસાહેલ. આ ત્રણે દાઉદ રાજાના સૈન્યમાં મુખ્ય શૂરવીર પુરૂષો હતા. આ બાઇ બીજી સ્ત્રીઓના મુકાબલે ઘણી હોશિયાર અને લાયક હતી, એ કારણથી કેટલાએક ધારે છે કે તેના છોકરાઓના બાપનું બ્યાન આપવામાં આવ્યું નથી. પણ હમેશાં સરૂયાહના દીકરા એવું લખવામાં આવે છે (૨ શમૂ. ૨; ૧૮: ૩; ૩૯: ૮; ૧૬: ૧૬; ૯). વળી તેમના પિતાનું નામ લખવામાં આવ્યું નથી તેનું બીજું કારણ એ હશે કે સરૂયાહ દાઉદ

રાજાની બહેન હતી (૧ કાળ. ૨; ૧૬). સરૂયાહ દાઉદની બહેન કહેવાય છે પણ તે સગી બહેન હતી કે કેમ તે જણાતું નથી. ૨ શમૂ. ૧૭; ૨૫ માં બતાવ્યું છે કે 'સરૂયાહની દીકરી, નાહાશની દીકરી,' પણ નાહાશ કોણ હતો તે સાફ માલમ પડતું નથી. કેટલાક એવું ધારે છે કે દાઉદનો પિતા યશાઇ નાહાશ પણ કહેવાય છે. સરૂયાહ (૧ શમૂ. ૨૬; ૬. ૨ શમૂ. ૨; ૧૩, ૧૮: ૩; ૩૯: ૮; ૧૬: ૧૪; ૧: ૧૬; ૯, ૧૦: ૧૭; ૨૫: ૧૮; ૨: ૧૯; ૨૧, ૨૨: ૨૧; ૧૭: ૨૩; ૧૮, ૩૭. ૧ રા. ૧; ૭: ૨; ૫, ૨૨. ૧ કાળ. ૨; ૧૬: ૧૧; ૬, ૩૯: ૧૮; ૧૨, ૧૫: ૨૬; ૨૮: ૨૭; ૨૪).

સરેદાહ = ફિલ્લો. એફ્રાઇમના પહાડી પ્રદેશની ઉત્તર ગમ આવેલું એક શહેર હતું. તે રાજા યરોબઆમની જન્મભૂમિ હતી (૧ રા. ૧૧; ૨૬). ઘણું કરીને આ શહેર તે યહો. ૩; ૧૬ માંનું સારેથાન અને ન્યા. ૭; ૨૨ માંનું સરેરાહ અને ૧ રા. ૪; ૧૨ માંનું સારથાન હશે. વળી એજ શહેર તે ૨ કાળ. ૪; ૧૭. ૧ રા. ૭; ૪૬ માં આવતું સરેદાહ હશે. અહીં સુલેમાન રાજાએ ધાતુ ગાળવાનું કારખાનું ઉઘાડયું હતું (જુઓ સારથાન).

સરેરાહ (ન્યા. ૭; ૨૨). જુઓ સરેદાહ.

સરોર = બચકો. બિન્યામીની કીશનો પૂર્વજ (૧ શમૂ. ૯; ૧).

સલુકિયા. ઓરૉન્ટસ નદીના મુખ ઉપર આવેલ અંત્યોખનું એક બંદર હતું. પાઉલ અને તેના સાથીઓ પોતાની પહેલી મુસાફરીમાં અહીંથી સફર કરીને કુપરસમાં ગયા હતા (પ્રે. કૃ. ૧૩; ૪). આ શહેર સિરિયાના રાજા સેલ્યુકસ નિકાટોરે બંધાવ્યું હતું. આ સેલ્યુકસ સિકંદર પછી ગાદીનશીન થયો હતો, તેનું દફન પણ આજ શહેરમાં થયું હતું. સલુકિયા ઘણું ઉપયોગી બંદર ગણાતું હતું. હજુ સુધી શહેરનાં ખંડિયેર જોવામાં આવે છે. અને જો કે ૨૦૦૦ વર્ષ પર આ શહેર બાંધવામાં આવ્યું હતું તોપણ તેનું ખંડિયેર ઉપયોગમાં લઇ શકાય એવી હાલતમાં જોવામાં આવે છે. હાલ આ ખંડિયેર 'એલ-કાલુસી' નામના નાના ગામડાથી ઓળખાય છે.

સલોફહાદ = પ્રથમ જનિત. મનાશ્શેહ કુળના ગિલઆદના દીકરા હેફેરનો પુત્ર સલોફહાદ હતો. તેને પેટે એકે પુત્ર ન હતો પણ પાંચ દીકરીઓ હતી. દીકરીઓએ વિચાર કર્યો કે અમારા બાપને દીકરો નથી તેથી અમારા બાપનું નામ અમારા કુળમાંથી નીકળી જશે, કેમકે તેમનો પિતા અરણ્યમાં મરણ પામ્યો હતો. તેથી દીકરીઓએ મુસા આગળ પોતાની વાત રજુ કરી, ત્યાં યહોવાહે મુસાની મારફતે જણાવ્યું કે તેમની માગણી વાજબી છે; 'તેઓને પોતાના બાપનો વારસો તું અપાવ.' ને ત્યારથી ઇસ્રાએલપુત્રોમાં આ નિયમ દાખલ થયો કે, "જો માણુસ મરે ને તેને પુત્ર ન હોય તો તમે તેની દીકરીઓને તેનો વારસો અપાવો" (ગણ. ૨૭; ૧-૧૧). પણ આ ઠરાવનો અમલ જુબીલીના વરસ સુધી થયો નહિ, પણ ત્યાર પછી થયો. અને એ સાથે ઠરાવ કરવામાં આવ્યો કે, "વારસો પામેલી પ્રત્યેક દીકરી પોતાના બાપના કુટુંબમાંના કોઇની સાથે પરણે" પણ બીજા કુળ સાથે નહિ, કે જેથી કરીને વારસો બીજા કુળની સાથે જોડાઇ જાય નહિ (ગણ. ૩૬. યહો. ૧૭; ૩. ૧ કાળ. ૭; ૧૫).

સવેનેહ = દરવાજો. મિસર દેશમાં આ નામનું એક શહેર આવેલું હતું. જેમ મિગદોલ મિસરની ઇશાન હદ હતી તેમ સવેનેહ તેની દક્ષિણ હદ હતી (હઝ. ૨૯; ૧૦: ૩૦; ૬). પુરાતન વખતમાં ત્યાં ઉમદા મહેલો, મંદિરો અને મિનારાઓ બાંધવામાં આવ્યાં હતાં, પણ હાલ ભવિષ્યવાદીના કહેવા મુજબ તેનો નાશ થયો છે અને શહેરના ખંડિયેર પાસે એક નાનું ગામ વસેલું છે તેને અરબ લોકો 'આસ્સોવાન' કહે છે, જે નીલ નદીના જમણા કાંઠા ઉપર ઇથીઓપીઆ દેશની સરહદ ઉપર આવેલ છે.

સાઅનાન = ટોળાની જગ્યા. આ જગ્યાનું નામ માત્ર મીખ. ૧ ; ૧૧ માં આવે છે. તે યહો. ૧૫ ; ૩૭ માં આવતું યહુદાહના મેદાનમાં આવેલું 'સનાન' શહેર હશે.

સાઅનાન્નીમ = ભટકવું. નાફતાલીની સરહદ ઉપર આવેલું એક શહેર હતું (યહો. ૧૯ ; ૩૩). તે કાદેશની પાસે આવેલું હતું. અહીં મેદાનમાં હેબેર કેનીએ પોતાનો તંબુ તાણ્યો હતો (ન્યા. ૪ ; ૧૧). અહીં હેબેર કેનીની સ્ત્રી યાએલે સીસરાને માથામાં મેખ મારી મારી નાખ્યો હતો. હાલ આ જગ્યા 'બેસ્સુમ' નામથી ઓળખાય છે, જે તાબોર પહાડની ઇશાન કોણમાં પાંચ માઇલ ઉપર આવેલ છે.

સાઈર = નાનું. (૨ રા. ૮ ; ૨૧).

સાખાર=મુસારો ; બદલો. (૧) દાઉદના સૈન્ય યોદ્ધાઓમાંનો એક અહીઆમ નામનો હતો તેનો પિતા (૧ કાળ. ૧૧ ; ૩૫). ૨ શમૂ. ૨૩ ; ૩૩ માં તેને 'શામ્માહ' કહે છે. (૨) ઓબેદ–અદોમ જે ગિત્તી તેનો પુત્ર (૧ કાળ. ૨૬ ; ૪).

સાદુકીઓ (સાદોક પરથી). આ નામનો યહુદીઓમાં ચાલતો એક પંથ હતો, અને એ નામ સાદોક નામના પ્રમુખ યાજક જે દાઉદ તથા સુલેમાનના જમાનામાં હતો (૨ શમૂ. ૨૦ ; ૨૫. ૧ રા. ૪ ; ૪) તેના ઉપરથી કે ત્યાર પછી આન્ટીગોનસ સોક્કો નામનો જે સાનેદ્રીમ સભાનો પ્રમુખ અને ન્યાયી સીમોનનો શિષ્ય હતો (ઇ. સ. પૂ. ૨૬૩ માં મરણ પામ્યો) તેના પરથી પડ્યું હશે, એટલે તે આ પંથનો સ્થાપક હશે, પણ તે વિષે કંઇ નક્કી વાત નથી. આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના વખતમાં આ પંથમાં ઘણાએક વિદ્વાન વર્ગના તથા ધનવાન માણસો હતા, અને સાનેદ્રીમ સભાના સભાસદો પણ હતા. આ લોકો ફરોશીઓના જેવા ન હતા અને તેમના કાયદા પ્રમાણે ચાલનારા ન હતા, તો પણ તેમના શિક્ષણમાં એવી ભુંડાઇ રહેલી હતી કે જ્યારે તેઓ યોહાન બાપ્તિસ્મી પાસે આવ્યા ત્યારે યોહાને તેમને 'સર્પોના વંશ' કહ્યા, અને ઇસુએ તેમના વિષે ચેતવણી આપતાં જણાવ્યું કે "સાદુકીઓના મત વિષે ખબરદાર રહો" (માત્થી ૩ ; ૭ : ૧૬ ; ૧–૧૨). મુસા અને ભવિષ્યવાદીઓનાં પુસ્તકોને તેઓ ઇશ્વરદત્ત ગણતા હતા, તો પણ તેમાં સમાએલી વાતોની તેઓએ મોટી ભૂલ ખાધી હતી. આ લોકો જો કે ફરોશીઓના મતના ન હતા તો પણ ઇસુની તથા તેના શિષ્યોની સામે થવામાં તેઓ ફરોશીઓની સાથે સામેલ થતા હતા. ફરોશીઓ પુનરૂત્થાન, દૂતો અને આત્માને માન્ય કરતા હતા (પ્રે. કૃ. ૨૩ ; ૮), પણ સાદુકીઓ તે વાતમાં તેમનાથી ઉલટા હોઇ એવું માનતા કે પુનરૂત્થાન નથી અને શરીરની સાથે આત્મા પણ નાશ પામે છે (માત્થી ૨૨ ; ૨૯–૩૨. પ્રે. કૃ. ૨૩ ; ૮. પ્રે. કૃ. ૨ ; ૨૪, ૩૧, ૩૨ : ૪ ; ૧, ૨ : ૫ ; ૧૭, ૨૪–૨૮). યરૂશાલેમના નાશ થયા પછી આ પંથના લોકો દેખાતા બંધ થાય છે. સાદુકીઓ (માત્થી ૩ ; ૭ : ૧૬ ; ૧–૧૨ : ૨૨ ; ૨૩. માર્ક. ૧૨ ; ૧૮–૨૭. લુક ૨૦ ; ૨૭-૩૮. માત્થી ૨૬ ; ૧, ૩, ૫૯. માર્ક ૮ ; ૩૧ : ૧૫ ; ૧. લુક ૯ ; ૨૨ : ૨૨ ; ૬૬. પ્રે. કૃ. ૨ ; ૨૪, ૩૧, ૩૨ : ૪ ; ૧, ૨ : ૫ ; ૧૭, ૨૪–૨૮). યોહાનની સુવાર્તામાં સાદુકીઓનું નામ બીલકુલ આવતું નથી.

સાદોક = ન્યાયી. (૧) એલઆઝારના વંશનો અહીટૂબનો પુત્ર હતો (૨ શમૂ. ૮ ; ૧૭. ૧ કાળ. ૨૪ ; ૩. માત્થી ૧ ; ૧૪). દાઉદ રાજાના જમાનામાં (૨ શમૂ. ૨૦ ; ૨૫) તેમજ રાજા સુલેમાનના જમાનામાં (૧ રા. ૪ ; ૪) તે મુખ્ય યાજક હતો. તેનું પ્રથમ નામ દાઉદની પાસે હેબ્રોનમાં જે લોકો શાઉલનું રાજ્ય દાઉદની તરફ ફેરવી નાખવાને એકઠા થયા હતા તે સંબંધે આવે છે (૧ કાળ. ૧૨ ; ૨૭, ૨૮). અને કદાપિ એજ કારણ માટે આગળ ઉપર તે હારૂનીઓનો અમલદાર

નીમાયો (૧ કાળ. ૨૭; ૧૭). સાદોક અને અબ્યાથાર મુખ્ય યાજકોએ કેટલાંએક પ્રસિદ્ધ કામોમાં ભાગ લીધો હતો (૧ કાળ. ૧૫; ૧૧. ૨ શમૂ. ૧૫; ૨૪-૨૯, ૩૫, ૩૬). હાગ્ગીથના પુત્ર અદોનીયાહે જ્યારે રાજ્ય મેળવવાની કોશિષ કીધી ત્યારે અબ્યાથાર તેની સાથે ગયો તેથી કરીને સુલેમાન રાજાએ તેને "યહોવાહના યાજકપદમાંથી બરતરફ કીધો;" પણ સાદોક દાઉદ પ્રત્યે વિશ્વાસુપણે રહ્યો (૧ રા. ૨; ૨૭, ૩૫. ૧ કાળ. ૨૯; ૨૨). સુલેમાનને રાજ્ય અપાવવા તેણે આગેવાની ભાગ લીધો હતો, ત્યાર પછી તેના વિષે કંઇ હકીકત હાથ આવતી નથી. તેની પછી તેની જગ્યાએ તેનો પુત્ર અઝાર્યાહ યાજક થયો (૧ રા. ૪; ૨. સરખાવો ૧ કાળ. ૬; ૩-૧૪). સાદોક—યાજક (૨ શમૂ. ૮; ૧૭: ૧૫; ૨૪-૩૬: ૧૭; ૧૫: ૧૮; ૧૯, ૨૭: ૧૯; ૧૧: ૨૦; ૨૫). દાઉદ પ્રત્યે વિશ્વાસુ (૧ રા. ૧; ૮, ૨૬). સુલેમાનને અભિષિક્ત કીધો (૧ રા. ૧; ૩૨-૪૬). અબ્યાથારની જગ્યા તેને મળી (૧ રા. ૨; ૩૫: ૪; ૨, ૪. ૧ કાળ. ૬; ૮, ૫૩: ૧૨; ૨૮: ૧૫; ૧૧: ૧૬; ૩૯: ૧૮; ૧૬: ૨૪; ૩, ૬, ૩૧: ૨૭; ૧૭: ૨૯; ૨૨. ૨ કાળ. ૩૧; ૧૦. એઝ. ૭; ૨. હઝ. ૪૦; ૪૬: ૪૩; ૧૯: ૪૪; ૧૫: ૪૮; ૧૧), અને કદાપિ એજ માણસ ૧ કાળ. ૬; ૧૩: ૯; ૧૧. નહે. ૧૧; ૧૧ માં બતાવેલો હશે. (૨) યહુદાહના રાજા ઉઝીયાહના દીકરા યોથામની માનો પિતા આ નામનો હતો (૨ રા. ૧૫; ૩૨. ૨ કાળ. ૨૭; ૧). (૩) આ નામના એક માણસને નહેમ્યાહે મંદિરના ભંડારનો ચિટણીસ ઠરાવ્યો (નહે. ૧૩; ૧૩). (૪) બાઆનાનો પુત્ર, જેણે યરૂશાલેમનો કોટ બાંધતાં ભાગ લીધો હતો (નહે. ૩; ૪, ૨૯). (૫) (નહે. ૧૦; ૨૧).

સાન્બાલ્લાટ = પાપ. જ્યારે નહેમ્યાહ યરૂશાલેમનું ખંડિયેર થઇ ગએલો કોટ ફરી બાંધવા ગયો ત્યારે સમરૂનમાં કોઇ અધિકારી વર્ગની પદવી તે ધરાવતો હતો, અને આ કામની સામે થયો હતો (નહે. ૨; ૧૦, ૧૯: ૪; ૧-૧૨: ૬). તેની દીકરી યોયાદા (કે જે મુખ્ય યાજકનો દીકરો હતો) તેના પુત્રોમાંના એકની સ્ત્રી હતી (નહે. ૧૩; ૨૮).

સાન્સાન્નાહ = ખજુરીની ડાળી. યહુદાહની દક્ષિણ સીમા ઉપર આવેલ એક શહેર હતું (યહો. ૧૫; ૩૧), જેને હાસાર-સૂસાહ પણ કહે છે (યહો. ૧૯; ૫), અને ૧ કાળ. ૪; ૩૧ માં હસારસૂસીમ કહે છે.

સાન્હેરીબ = સૈન્યોનો જીતનાર; ચંદ્ર. આશ્શૂરના રાજા સાર્ગોનનો ઘણું કરીને તે જ્યેષ્ઠ પુત્ર હતો, જે રાજા હિઝકીયાહને પચ્ચીસમે વર્ષે તેના પિતાની પછી આશ્શૂરની ગાદીએ બેઠો (ઇ. સ. પૂ. ૭૦૫). આશ્શૂરી રાજ્યના જે લેખો અને શાસ્ત્રમાં તે વિષે જે વાત લખવામાં આવી છે, તે બેમાં મુખ્ય ફેર કાળ કે તારીખ વિષે છે અને વિદ્વાનો તેના જુદા જુદા ખુલાસા આપે છે. સાન્હેરીબ ઇરાનના રાજા ક્ષેર્ક્ષેસ જેવો નબળો, પતરાજીખોર, ઘાતકી અને શેખીખોર હતો. રાજ્યના આરંભમાં પોતાની સામે થનારાં સંયુક્ત રાજાઓને દબાવી દેવાનો તેણે ઠરાવ કર્યો, તેઓમાંનો એક હિઝકીયાહ હતો. તે મિસર સાથે દોસ્તી કરી આશ્શૂર વિરૂદ્ધ થયો. આથી કરીને બે લાખ માણસનું બળવાન લશ્કર લઇને યહુદાહના રાજા હિઝકીયાહ ઉપર ચઢી આવ્યો અને યહુદાહ દેશને ચારે ગમથી ધૂળધાણી કરી નાખ્યો અને ઘણાં શહેરોનો નાશ કર્યો (૨ રા. ૧૮; ૧૩-૧૬. સરખાવો યશા. ૨૨; ૨૪. ૨ કાળ. ૩૨; ૧-૮); ઘણાઓને કેદ કરી સાથે લઇ ગયો અને હિઝકીયાહ ઉપર ભારે ખંડણી નાખી. આ લડાઇ વિષે તેનું કરેલું પોતાનું બયાન જે આશ્શૂર તવારીખમાં મળે છે તે આ પ્રમાણે છે. "કેમકે યહુદાહનો રાજા હિઝકીયાહ મારે શરણે થયો નહિ, માટે હું તેના ઉપર

ચઢી આવ્યો અને મારા પરાક્રમથી તથા હથિયારથી તેનાં છેંતાળીસ કિલ્લાબંધ નગરો અને તેની આસપાસનાં ગામગામડાં વેરાન કરી નાખ્યાં, અને પુષ્કળ લૂટ લીધી. ૨,૦૦,૧૫૬ સ્ત્રી પુરૂષ તથા છોકરાંને કેદ કર્યાં અને તે સાથે અસંખ્ય ઘોડા, ગધેડાં, ઉંટ, બળદો અને ઘેટાં લીધાં, અને રાજા હિઝકીયાહને પોતાને જેમ પક્ષીને પાંજરામાં બંધ કરે તેમ રાજ્યધાનીના શહેર યરૂશાલેમમાં બંધ કીધો. નાસી છૂટવાનો કોઇ પણ માર્ગ રહ્યો નહિ ત્યારે રાજા હિઝકીયાહને મારાં શસ્ત્રોની બીક લાગી, તેથી યરૂશાલેમનાં મુખ્ય માણસોને તથા વડીલોને મારી પાસે ત્રણસો તાલંત સોના તથા આઠસો તાલંત રૂપા સાથે અને તે ઉપરાંત ઉત્તમ ઉત્તમ ભેટો સાથે તેઓને મારા રાજ્યની રાજધાની નીનવેહમાં તેણે મોકલ્યા" (યશા. ૨૨ ; ૧–૧૩). તો પણ હિઝકીયાહ આશ્શૂરનો તાબેદાર નહિ રહેતાં મિસરની મદદ માગી (૨ રા. ૧૮ ; ૨૦–૨૪). આશ્શૂરના રાજા સાન્હેરીબે આ વાત જાણી ત્યારે તે બીજી વાર યહુદાહ દેશ ઉપર ચઢી આવ્યો (૨ રા. ૧૮ ; ૧૭–૩૭ : ૧૯. ૨ કાળ. ૩૨ ; ૯–૨૩. યશા. ૩૬ ; ૨–૨૨ : ૩૭. ગીત. ૭૬). પણ આ બારીક વખતમાં રાજા હિઝકીયાહે પરમેશ્વરની ગમ ફરીને તેની સહાય માગી. આ વખતે યશાયાહ ભવિષ્યવાદીની મારફતે પ્રભુએ હિઝકીયાહ રાજાને જણાવ્યું કે હું આશ્શૂરથી તારો છૂટકો કરીશ, માટે તારે બીવું નહિ (૨ રા. ૧૯ ; ૬, ૭). આશ્શૂરના રાજાએ પ્રથમ હિઝકીયાહ ઉપર સંદેશો મોકલી તાબે થવાને ફરમાવ્યું પણ તે ફોકટ ગયું. ત્યારે ફરીને તેણે ધિક્કાર તથા તુચ્છકાર ભરેલો એક બીજો પત્ર હિઝકીયાહ ઉપર મોકલાવ્યો. આ પત્ર હિઝકીયાહે મંદિરમાં પ્રભુની આગળ જઇને વાંચી સંભળાવ્યો (૨ રા. ૧૯ ; ૨૦–૩૪). અને એમ થયું કે તેજ રાત્રે "યહોવાહના દૂતે આવીને આશ્શૂરની છાવણીમાંના એક લાખ અને પંચ્યાસી હજાર માણસોને માર્યાં અને લોકો મોટી સવારે ઉઠયા ત્યારે સઘળા મળીને લાસો થઇ ગયા હતા." આ વિપત્તિ પછી સાન્હેરીબ વીસ વર્ષ જીવ્યો, પણ દરમિયાનમાં તે યરૂશાલેમ પર કદી ચઢી આવ્યો નહિ. તે પોતાના બે પુત્રોથી આખરે માર્યો ગયો (૨ રા. ૧૯ ; ૩૭), ને તેના પછી તેનો બીજો પુત્ર એસાર-હાદ્દોન ગાદીએ બેઠો (ઇ. સ. પૂ. ૬૮૧). સાન્હેરીબ ચોવીસ વર્ષ રાજ્ય કરી મરણ પામ્યો. સાન્હેરીબ–યહુદાહનાં કિલ્લાબંધ શહેરો તેણે જીતી લીધાં (૨ રા. ૧૮ ; ૧૩. ૨ કાળ. ૩૨ ; ૧. યશા. ૩૬ ; ૧). લાખીશ સંદેશો મોકલાવ્યો (૨ રા. ૧૯ ; ૧૭. ૨ કાળ. ૩૨ ; ૯. યશા. ૩૬ ; ૨). બીજો પત્ર હિઝકીયાહ ઉપર મોકલાવ્યો (૨ રા. ૧૯ ; ૯. ૨ કાળ. ૩૨ ૧૭. યશા. ૩૭ ; ૯). દૂતથી તેના લશ્કરનો નાશ (૨ રા. ૧૯ ; ૩૫. ૨ કાળ. ૩૨ ; ૨૧. યશા. ૩૭ ; ૩૬). તેના પુત્રોએ તેને મારી નાખ્યો (૨ રા. ૧૯ ; ૩૭. ૨ કાળ. ૩૨ ; ૨૧. યશા. ૩૭ ; ૧૮).

સાફ = આરંભ. વીર પુત્રોમાંનો એક, કે જેને હુશાથી સિબ્બખાયે માર્યો (૨ શમૂ. ૨૧ ; ૧૮). તેને ૧ કાળ. ૨૦ ; ૪ માં 'સિપ્પાય' કહે છે.

સાફનાથ-પાનેઆહ = આયુષ્યનો સરદાર. યુસફ જ્યારે મિસર દેશનો અધિકારી થયો ત્યારે ફારૂન રાજાએ તેને આ નામ આપ્યું હતું (ઉત્પ. ૪૧ ; ૪૫). આ ચોક્ખો મિસરી ભાષાનો શબ્દ છે, અને તેનો જુદા જુદા અર્થ થઇ શકે છે. કેટલાક ધારે છે કે તેનો અર્થ 'ઉત્પન્નકર્ત્તા' એવો થાય છે. બીજા કેટલાએક કહે છે કે, 'ગુપ્ત વાતનો પ્રગટ કરનાર' એવો થાય છે.

સાફીરા = ખુબસુરત. અનાન્યાની સ્ત્રી કે જેણી પોતાના ધણીના ગુન્હામાં તેમજ શિક્ષામાં ભાગીદાર થઇ (પ્રે. કૃ. ૫ ; ૧–૧૧).

સાફોન = સંતાડેલું. ગાદપુત્રોના વતનમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૩ ; ૨૭).

સાબ્તાહ = આરામ (?). કૂશનો ત્રીજો પુત્ર. (ઉત્પ. ૧૦ ; ૭. ૧ કાળ. ૧ ; ૯).

સાબ્તેકા = વિશ્રામ (?). કૂશનો પાંચમો પુત્ર (ઉત્પ. ૧૦; ૭. ૧ કાળ. ૧; ૯).

સામોથ્રાકી (પ્રે. કૃ. ૨૦; ૧૫). ઇજીઅન સમુદ્રમાં આવેલો એક બેટ છે. આ બેટ થ્રાકીઆના કિનારાથી ૩૨ માઇલ દૂર આવેલો છે. પાઉલ પોતાની પહેલી મુસાફરીમાં ત્રોઆસથી ઉપડીને સામોથ્રાકી બેટમાં થઇ નેઆપોલીસમાં ગયો હતો. આ બેટ આશરે ૮ માઇલ લાંબો અને ૬ માઇલ પહોળો છે. હજી સુધી તે એ ને એજ નામથી ઓળખાય છે.

સામોસ = ઉંચાણુ (?). ઇજીઅન સમુદ્રમાં આવેલો એક ટાપુ હતો. પાઉલ પોતાની ત્રીજી મુસાફરી વખતે આ બેટમાં ગયો હતો ને ત્યાંથી ઉપડી મીલેતસમાં ગયો હતો (પ્રે. કૃ. ૨૦; ૧૫). આ બેટ ૨૭ માઇલ લાંબો અને ૨૦ માઇલ પહોળો સ્મિર્ણાની નૈઋત્ય કોણુમાં ૪૨ માઇલ પર આવેલો છે.

સામ્ગાર-નબૂ = નબોનો પ્યાલો ધરનાર. ઘણું કરીને નેર્ગાલ-શારએસેરનું પદવિસૂચક નામ હશે. તે બાબેલનો એક સરદાર હતો (યિર્મે. ૩૯; ૩).

સામ્લાહ = ઝભ્ભો. અદોમ દેશનો એક રાજા હતો (ઉત્પ. ૩૬; ૩૬, ૩૭. ૧ કાળ. ૧; ૪૭, ૪૮).

સારથાન (યહો. ૩; ૧૬. ૧ રા. ૪; ૧૨: ૭; ૪૬). જ્યારે ઇસ્રાએલીઓ યરદન નદી ઓળંગવાને પોતાના તંબુઓમાંથી નીકળીને આગળ વધ્યા અને કરારકોષ ઉંચકનારા યાજકોના પગ યરદન નદીના પાણીને અડકયા કે બન્ને કાંઠા ઉપર વહેતી ભરપુર નદી એકદમ ઉપરથી બંધ થઇ ગઇ, અને ઘણે દૂર એટલે સારથાન પાસેના આદામ નગર સુધી એક ઢગલો થઇ ગઇ, અને નદીનું નીચલું પાણી વહી ગયું અને એથી કરીને આશરે ૩૦ માઇલનો માર્ગે નદીએ કોરો ખુલ્લો મુકયો, અને ઇસ્રાએલીઓ યરેખોની પાસે કોરી જમીનમાં થઇ પેલે પાર ગયા (યહો. ૮; ૧૬, ૧૭. સરખાવો ગીત. ૧૦૪; ૩). સારથાન સુક્કોથની પાસે આવેલું હતું (૨ કાળ. ૪; ૧૭).

સારફાથ = ધાતુ શુદ્ધ કરવાનું કારખાનું. સીદોનીઓનું એક નાનું સરખું ગામ હતું. હાલ તેને 'સુરાફેન્ડ' કહે છે. તે સૂર અને સીદોનના માર્ગે વચ્ચે દરિયા કિનારાથી આશરે એક માઇલ દૂર આવેલ છે. એલીયાહના વખતમાં જ્યારે સાડા ત્રણ વર્ષનો આખા દેશમાં મોટો દુકાળ પડયો ત્યારે સારફાથની વિધવાને ત્યાં એલીયાહ થોડા દિવસ રહ્યો હતો, તે વખતે એલીયાહે તેને માટે ખોરાક વિષે તથા પુત્ર વિષે ચમત્કાર કર્યો હતો (૧ રા. ૧૭; ૯-૨૪). નવા કરારમાં તેને 'સરેપ્તા' કહેવામાં આવે છે (લુક ૪; ૨૬). વળી જુઓ (ઓબા. ૨૦. યોએ. ૩; ૫, ૬).

સારાફ = બળતું. યહુદાહવંશી એક પુરૂષ (૧ કાળ. ૪; ૨૨).

સારાય = જુઓ સારાહ (ઉત્પ. ૧૧; ૩૧: ૧૭; ૧૫).

સારાહ = શાહજાદી. ઇબ્રાહીમની સ્ત્રી અને સાવકી બહેન હતી (ઉત્પ. ૧૧; ૨૯: ૨૦; ૧૨). વચનના દીકરા ઇસ્હાક વિષે ઇબ્રાહીમને જ્યારે પુત્ર થવાનું વચન આપવામાં આવ્યું ત્યારે તેને આ નામ આપવામાં આવ્યું હતું, તે પહેલાં તેણીનું નામ સારાય હતું (ઉત્પ. ૧૧; ૩૧: ૧૭; ૧૫). સારાહનું જીવનચરિત્ર ઇબ્રાહીમના જીવનચરિત્ર સાથે જોડાયલું છે. (જુઓ ઇબ્રાહીમ). સારાહ ૧૨૭ વર્ષની ઉમરે હેબ્રોનમાં મરણ પામી. (સ્ત્રીઓની ઉમરમાં કેવળ સારાહની ઉમર શાસ્ત્રમાં દર્શાવવામાં આવી છે). અને ઇબ્રાહીમે તેને માખ્પેલાહની ગુફામાં દફનાવી (ઉત્પ. ૨૩). નવા કરારમાં સારાહને વચનનાં છોકરાંની માતુ કહેવામાં આવી છે (ગલા. ૪; ૨૨-૩૧). હેબ્રી. ૧૧; ૧૧ માં દર્શાવવામાં આવ્યું છે કે જેઓ સઘળા વિશ્વાસમાં મરી ગયા તેઓમાંની એક સારાહ પણ હતી. ખ્રીસ્તી સ્ત્રીઓને માટે

પોતાના ધણીઓને આધીન રહેવામાં સારાહ તેમનો નમુનો છે (૧ પીત. ૩ ; ૫, ૬).

સારીદ = બચેલું. ઝબુલૂનપુત્રોના વતનની સરહદ પર આવેલું એક શહેર હતું (યહો. ૧૯ ; ૧૦, ૧૨).

સાર્ગોન = (પ્રભુ) રાજાને નીમે છે. આશ્શૂરના પરાક્રમી રાજાઓમાંનો તે એક હતો. શાલ્માનેસેર ચોથા પછી તે ગાદીએ બેઠો. તેના જન્મ વિષે એક વિચિત્ર વાત હાથ આવી છે, જે તેણે પોતે એક માટીની ઈંટ ઉપર લખી છે. આ ઈંટ બાદશાહી લાયબ્રેરીના ખંડિયેરમાંથી હાથ આવી છે. તે લેખ નીચે મુજબ છે. "હું સાર્ગોન, આગાનાનો રાજા, મહાન શહેનશાહ છું. મારી માતુશ્રી દેશની રાણી હતી પણ મારા પિતાને હું જાણતો નથી. મારો જન્મ 'આટઝુપીરાની' શહેર જે ફ્રાત નદીને કાંઠે છે ત્યાં ગુપ્ત રીતે થયો હતો. અને મારી માતુશ્રીએ એક પેટી બનાવી તેમાં મને મુકી પેટી નદીમાં વહેતી મુકી હતી. નદીમાં આ પેટી તણાતી 'આક્કી' મુકામે પહોંચી, ત્યાં એક પાણી ભરનારે મને બહાર કાઢયો, અને મારા ઉપર દયા કરી તેણે પોતાના છોકરાના જેવો મને ગણ્યો. તેણે મને એક બગીચા ઉપર નીમ્યો અને ત્યાર પછી કેટલેક વર્ષે હું રાજા થયો." આ રાજાનું નામ માત્ર શાસ્ત્રમાં યશા. ૨૦ ; ૧ માંજ આવે છે, જેમાં લખવામાં આવ્યું છે કે "જે સાલે તાર્તાન, આશ્શૂરના રાજા સાર્ગોને મોકલ્યાથી, આશ્દોદ આવ્યો અને આશ્દોદની સામે લડીને તેણે એને જીતી લીધું, તેજ વેળાએ યહોવાહ આમોસના દીકરા યશાયાહની હસ્તક આ પ્રમાણે બોલ્યો." તેણે એક પછી એક જીત કરીને પોતાનું રાજ્ય ઘણું વધારી દીધું હતું. ભૂમધ્ય સમુદ્રથી માંડીને એલામના પહાડો સુધી તેના રાજ્યનો વિસ્તાર હતો. તેણે સમરૂન શહેર જીતી લીધું (૨ રા. ૧૭ ; ૬ : ૧૮ ; ૯-૨૧), અને ૨૭,૨૮૦ માણસોને બંદિવાન કરી આશ્શૂર લઇ ગયો. ત્યાર પછી તેણે મરોદાખ-બાલઅદાનને હરાવ્યો. એવું કહેવાય છે કે આવા પરાક્રમી રાજાને પોતાના સિપાઇઓમાંના એકે તેના નવા વસાવેલા શહેર 'ખોરસાબાદ' માં મારી નાખ્યો (ઇ. સ. પૂ. ૭૦૫). તેણે ૧૬ વર્ષ રાજ્ય કર્યું. તેના પછી તેનો પુત્ર સાન્હેરીબ આશ્શૂરની ગાદીએ બેઠો.

સાર્દિસ = લાલ (?). આશિયામૈનરમાં આવેલા લુદીયા પ્રાંતની રાજધાની આ શહેરમાં હતી. તે મોલુસ પહાડની તળેટીમાં પેક્ટોલુસ નદી ઉપર આવેલું હતું. અહીં આશિયાની સાત મંડળીઓમાંની એક સ્થાપવામાં આવી હતી (પ્રક. ૧ ; ૧૧ : ૩ ; ૧, ૪). હાલ તેના ખંડિયેરને સાટકાલાસી કહે છે. સાર્દિસ ધરતીકંપને લીધે તિબેરીયસ કાઇસારના વખતમાં નાશ પામ્યું હતું, પણ પાદશાહની મદદથી તે ફરી બંધાયું હતું. તેરમા સૈકામાં તીમુર્લંગે સાર્દિસનો નાશ કીધો અને હાલ એક નાનું ગામડું ત્યાં છે.

સાર્સખીમ (યિર્મે. ૩૯ ; ૩). બાબેલના સરદારોમાંનો એક હતો.

સાલખાહ = ભટકવું. મનાશ્શેહના અર્ધભાગનું બાશાનમાં આવેલ એક શહેર હતું (પુન. ૩ ; ૧૦. યહો. ૧૨ ; ૫ : ૧૩ ; ૧૧. ૧ કાળ. ૫ ; ૧૧). હાલ તે 'સાલખાદ' નામથી ઓળખાય છે. યરદન નદીની પૂર્વમાં ૫૬ માઇલ ઉપર તે આવેલ છે.

સાલાફ = ઘા (?). યરૂશાલેમના કોટની મરામત કરનારામાંનો એક હતો (નહે. ૩ ; ૩૦).

સાલામીસ (પ્રે. કૃ. ૧૩ ; ૧૫). કુપરસ બેટની અગ્નિકોણમાં આવેલ એક શહેર હતું (પ્રે. કૃ. ૧૩ ; ૫), જ્યાં પાઉલ અને બાર્નાબાસ પોતાની પહેલી મુસાફરીમાં ગયા હતા, અને યહુદીઓનાં સભાસ્થાનોમાં દેવની વાત પ્રગટ કીધી હતી. હાલ તેને 'ફામાગુસ્તા' કહે છે.

સાલીમ = શાંતિદાયક. એનોનની પાસે યરદનની પશ્ચિમે આ જગ્યા આવેલી હતી, જ્યાં યોહાન બાપ્તિસ્મા કરતો હતો (યોહા. ૩ ;

૨૩). ઘણું કરીને આ સાલીમ તે ઉત્પ. ૩૩; ૧૮ માં આવેલું શખેમ હશે, જે એનોનની દક્ષિણમાં ૭ માઇલ ઉપર આવેલું હતું.

સાલૂ = જોખાયું. શિમઓનીઓ મધ્યે બાપોના ઘરનો અધિપતિ સાલૂનો દીકરો હતો (ગણ. ૨૫; ૧૪).

સાલોમે = પરીપુર્ણ. (૧) ઝબદીની સ્ત્રી અને યાકુબ તથા યોહાનની મા (માત્થી ૨૭; ૫૬). અને આ સાલોમે ઘણું કરીને આપણા પ્રભુ ઇસુની માની બહેન થાય (યોહા. ૧૯; ૨૫). તેણીએ ઇસુ પાસે આવીને પોતાના દીકરાઓ વિષે માગણી કરી કે "તારા રાજ્યમાં મારા બે દીકરાને, એકને તારી જમણીગમ ને બીજાને તારી ડાબીગમ બેસવાનું કહે" (માત્થી ૧૯; ૨૮ સાથે સરખાવો માત્થી ૨૦; ૨૦, ૨૧). વધસ્તંભ આગળ જે ચાર સ્ત્રીઓ વેગળેથી જોતી હતી તેમાંની એક સાલોમે હતી (માર્ક ૧૫; ૪૦). વળી કબર ઉપર પણ બીજી સ્ત્રીઓની સાથે તે પણ હતી (માત્થી ૨૭; ૫૬). (૨) હેરોદિયાસની દીકરી, નવા કરારમાં તેનું નામ આપવામાં આવ્યું નથી. હેરોદ આન્તિપાસ રાજાની જન્મગાંઠને દિવસે માખીરસ કિલ્લામાં મોટી બાદશાહી મીજબાની હતી, તે વખતે સાલોમેએ આવીને રાજા આગળ નાચ કીધો અને રાજાને તથા મેમાન વર્ગને ખુશી કીધા. આ વખતે રાજા ઘણો ખુશી થયો અને અવિચારી વચન એકદમ આપી દીધું. જે પરથી સાલોમેએ પોતાની માના શિખવ્યા મુજબ યોહાન બાપ્તિસ્મી કે જે તે વખતે કિલ્લાની નીચે બંદિખાનામાં હતો તેનું માથું કથરોટમાં હમણાં મને આપ એવું માગ્યું, અને તેના માગ્યા પ્રમાણે રાજાએ કીધું (માર્ક ૬; ૧૪–૨૯). આ સાલોમે હેરોદ આન્તિપાસની ભત્રીજી અને હેરોદ ફિલીપની દીકરી હતી. તેની માનું નામ હેરોદિયાસ હતું. આ હેરોદિયાસ તે હેરોદ આરિસ્તોબુલસની દીકરી હતી. (જુઓ હેરોદની વંશાવળી).

સાલ્મા = કપડાં પહેરેલો. નાહશોનનો પુત્ર સાલ્મા (૧ કાળ. ૨; ૧૧, ૫૧, ૫૪), જેને રૂથ. ૪; ૨૦, ૨૧. માત્થી ૧; ૪, ૫. લુક ૩; ૩૨ માં સાલ્મોન કે સાલમોન કહે છે.

સાલ્મુન્ના = આશરો તજી દેનાર (?). મદીનાના બે રાજકુંવરોમાંનો એક હતો, તેને પ્રભુએ ગિદઓનના હાથમાં સોંપ્યો, અને પછી ઝેબાહની સાથે તેને મારી નાખવામાં આવ્યો (ન્યા. ૮; ૫–૨૧. ગીત. ૮૩; ૧૧).

સાલ્મોન = છાંયાવાળું; પહેરેલો. (૧) દાઉદના યોદ્ધાઓમાંનો એક હતો (૨ શમૂ. ૨૩; ૨૮). તેને ૧ કાળ. ૧૧; ૨૯ માં ઇલાય-અહોહી કહે છે. (૨) નાહશોનનો પુત્ર (રૂથ ૪; ૨૦, ૨૧. માત્થી ૧; ૪, ૫. લુક ૩; ૩૨). તેને ૧ કાળ. ૨; ૧૧, ૫૧, ૫૪ માં સાલ્મા કહે છે. (૩) શખેમની દક્ષિણમાં આવેલ એક પર્વત હતો. આ પર્વત ઝાડીથી ભરપુર હતો. અબીમેલેખ અને તેના માણસોએ અહીંથી લાકડાં લઇ શખેમ શહેરને સળગાવી દીધું હતું (ન્યા. ૯; ૪૮). ગીત. ૬૮; ૧૪ માં લાક્ષણીક રીતે કહે છે કે "સાલ્મોનમાં હીમ પડ્યા જેવું થયું છે" મતલબ કે ઇસ્રાએલીઓ સામે લડતાં તેના શત્રુ હારી ગયા છે. યહો. ૧૧ અને યહો. ૧૨ ની વાત તેમાં સમાયલી છે. કેટલાએક ધારે છે કે લોકોની કતલ થવાથી લોકોનાં હાડકાંમાંથી પર્વત ભરાઇ ગયો હતો અને દૂરથી હાડકાંને લીધે જાણે બરફ પડયું હોય તેમ સફેત લાગતો હતો. હાલ આ પર્વત યાબેલ–સુલેમાન નામથી ઓળખાય છે. (૪) ક્રેત ટાપુની પૂર્વનાં આવેલ એક ભૂશિર હતી. ત્યાં થઇ પાઉલ પોતાની મુસાફરીમાં વહાણે રૂમ શહેર ગયો હતો (પ્રે. કૃ. ૨૭; ૭). હાલ આ ભૂશિરને 'કેપ-સીડ્રા કહે છે.

સાલ્મોનાહ = છાયાવાળું. અરણ્યની મુસાફરીનું ઇસ્રાએલીઓનું એક સ્થળ હતું (ગણ. ૩૩; ૪૧).

સાલ્લાય = ટોપીઓ બનાવનાર. (૧) એક

બિન્યામીની (નહે. ૧૧; ૮). (૨) યેશૂઆ અને ઝરૂબ્બાબેલના વખતમાં એક યાજક હતો (નહે. ૧૨; ૨૦).

સાલ્લૂ = જોખવું. (૧) આ નામનો એક યાજક હતો (નહે. ૧૨; ૭). (૨) એક બિન્યામીની (૧ કાળ. ૯; ૭. નહે. ૧૧; ૭).

સિઆહા (એઝ. ૨; ૪૪).

સિકલાગ (યહો. ૧૫; ૩૧: ૧૯; ૫). યહુદાહની દક્ષિણમાં આવેલું એક શહેર કે જે નેગેબમાં આવેલું હતું. જ્યારે દાઉદ તેનાં માણસો સાથે ઝીફથી નીકળીને ગાથ નાસી ગયો ત્યારે આ શહેર પલિસ્તીઓના હાથમાં હતું. પછી ગાથના રાજા આખીશે દાઉદને રહેવાને માટે તે શહેર આપ્યું. આ શહેરમાં દાઉદ સવા વર્ષ રહ્યો, "એ માટે સિકલાગ આજ સુધી યહુદાહના રાજાઓની માલિકીનું છે" (૧ શમૂ. ૨૭; ૬, ૭). દાઉદ પોતાના માણસો સાથે પોતાના શહેર બહાર આખીશ તથા તેના સૈન્ય સાથે હતો (૧ શમૂ. ૨૯; ૧૧), ત્યારે અમાલેકીઓએ સિકલાગ ઉપર હલ્લો કરીને આગથી તેને બાળી નાખ્યું, અને શહેરની સ્ત્રીઓને તથા નાનાં મોટાં સર્વને કેદ કર્યાં (૧ શમૂ. ૩૦; ૧, ૨). દાઉદ તથા તેનાં માણસો જ્યારે શહેરમાં આવી જુએ છે તો અમાલેકીઓએ તેનો નાશ કર્યો છે. આ જોઇ તેઓ ઘણું રડ્યા, પણ દાઉદ "યહોવાહમાં હિમ્મતવાન થયો," અને તેણે પ્રભુની સલાહ પુછી અમાલેકીઓની પાછળ પડ્યો. તેમને નાસતાં પકડી પાડ્યા, અમાલેકીઓના ૪૦૦ જુવાનો ઉંટ ઉપર બેસીને નાસી ગયા, તે શિવાય તેઓમાંનો એકે બચવા પામ્યો નહિ, અને જે સઘળું તેઓ લઇ ગયા હતા તે દાઉદે પાછું મેળવ્યું (૧ શમૂ. ૩૦; ૨૬–૩૧). દાઉદ અમાલેકીઓને કતલ કરી સિકલાગમાં પાછો આવ્યો ત્યાર બાદ ત્રીજે દિવસે તેણે ગિલ્બોઆની લડાઇની ભારે હાર તથા શાઉલ અને તેના પુત્રોના મરણ સમાચાર સાંભળ્યા. હવે તે સિકલાગ મુકીને યહોવાહની મરજી મુજબ પોતાની બે સ્ત્રીઓ એટલે અહીનોઆમ તથા અબીગાઇલ અને ૬૦૦ માણસ સાથે હેબ્રોનમાં આવ્યો અને ત્યાં રહ્યો. આ પ્રસિદ્ધ શહેર સિકલાગ કઇ જગ્યામાં આવેલું હતું તે હાલ નક્કી કરી શકાતું નથી. કહે છે કે બેરશેબાની દક્ષિણમાં 'આસ્લુજ' નામનું એક ખંડિયેર આવેલું છે તે સિકલાગનું ખંડિયેર હશે. સિકલાગ (યહો. ૧૫; ૩૧: ૧૯; ૫. ૧ શમૂ. ૨૭; ૬: ૩૦; ૧–૨૬. ૨ શમૂ. ૧; ૧: ૪; ૧૦. ૧ કાળ. ૪; ૩૦: ૧૨; ૧, ૨૦. નહે. ૧૧; ૨૮).

સિટનાહ = શત્રુવટ. ઇસ્હાકે ખોદેલો બીજો કુવો, તેને આ નામ આપવામાં આવ્યું હતું. આ કુવાને લીધે પણ ગરારના ભરવાડો ઇસ્હાકના ભરવાડો સાથે લડ્યા (ઉત્પ. ૨૬; ૨૧). હાલ તે ગરારના નીચાણમાં બેરશેબાની ઉત્તરમાં ૨૦ માઇલ ઉપર સુટનેહ નામથી ઓળખાય છે.

સિથ્રી = પ્રભુ બચાવે છે. લેવી ઉઝ્ઝીએલનો પુત્ર (નિર્ગ. ૬; ૨૨).

સિદકીયાહ = યહોવાહ અમારૂં ન્યાયીપણું (યિર્મે. ૨૩; ૬: ૩૩; ૧૬). (૧) યહુદી રાજ્યનો છેલ્લો રાજા સિદકીયાહ હતો. રાજા યોશીયાહનો તે ત્રીજો પુત્ર હતો, તેની માનું નામ હમૂટાલ હતું. તે લિબ્નાહના યિર્મેયાહની દીકરી હતી, તેનો ભાઇ યહોઆહાઝ કરીને હતો (૨ રા. ૨૩; ૩૧: ૨૪; ૧૭, ૧૮). તેનું પ્રથમ નામ માત્તાન્યાહ કરીને હતું, પણ બાબેલના રાજા નબૂખાદનેસ્સારે જ્યારે તેના ભત્રીજા યહોયાખીનને બદલે તેને રાજા ઠરાવ્યો ત્યારે તેનું નામ તેણે સિદકીયાહ પાડ્યું (૨ રા. ૨૪; ૧૭). યિર્મેયાહ ભવિષ્યવાદીનો તે સલાહકાર હતો, પણ તેણે 'યહોવાહની દૃષ્ટિમાં જે ભુંડું તે કીધું' (૨ રા. ૨૪; ૧૯, ૨૦. યિર્મે. ૫૨; ૨, ૩). રાજા સિદકીયાહ જ્યારે રાજ્ય કરવા લાગ્યો ત્યારે તે ૨૧ વર્ષની ઉમરનો હતો. આ વખતે સિદકીયાહ બાબેલના રાજાને ખંડણી આપતો હતો, પણ ત્યાર પછી મિસરના

રાજા હોફ્રાની સાથે મળી જઇ બાબેલના રાજાની જુસરી ભાંગી નાખવાને તેણે બંડ કીધું. આથી કરીને બાબેલનો રાજા નબૂખાદનેસ્સાર પોતાનું સઘળું સૈન્ય લઇને યરૂશાલેમ ઉપર ચઢી આવ્યો (૨ રા. ૨૫; ૧), અને શહેરને ઘેરો ઘાલ્યો. ઘેરો લગભગ ૧૮ માસ સુધી ચાલુ રાખ્યો. શહેરમાં ભારે દુકાળ પડયો, એટલે સુધી કે અન્નપાણીની અછત પડી કે "દયાળુ સ્ત્રીઓએ પોતાને હાથે પોતાનાં છોકરાંને બાફ્યાં" (૨ રા. ૨૫; ૩. યિર્મે. વિ. ૪; ૪, ૫, ૧૦). શહેર આખરે લૂટી લેવામાં આવ્યું અને ખંડિયેર કીધું. રાજા સિદકીયાહ અને તેના સાથી માણસો નાસતાં પકડાઇ ગયાં, તેમને કેદ કરીને રિબ્લાહમાં લઇ ગયા. ત્યાં રાજાના દેખતાં તેના કુંવરોને મારી નાખ્યા અને રાજાની આંખો ફોડી આંધળો કરી બેડીઓ પહેરાવીને બાબેલ લઇ ગયા (ઇ. સ. પૂ. ૫૮૮), અને ત્યાં તે મરણ પર્યંત કેદમાં રહ્યો (૨ રા. ૨૫; ૧–૭. ૨ કાળ. ૩૬; ૧૨. યિર્મે. ૩૨; ૪, ૫ : ૩૪; ૨, ૩ : ૩૯; ૧, ૭ : ૫૨; ૪, ૧૧. હઝ. ૧૨; ૧૨). યરૂશાલેમને ખંડિયેર કર્યા પછી નબૂખાદનેસ્સારના સેનાપતિ નબૂઝારઅદાનને ફરીને યરૂશાલેમ મોકલવામાં આવ્યો એ માટે કે શહેરનો તે સંપૂર્ણ સંહાર કરે. તેણે શહેર જમીનદોસ્ત કીધું, અને કેટલાએક દરિદ્રીઓ, માછીઓ અને ખેડુતો શિવાય પહેલી વખતે જેઓ બાકી રહ્યા હતા તે બધાને કેદી કરીને તે બાબેલ લઇ ગયો (યિર્મે. ૫૨; ૧૬). હવે જે થોડા લોકોને બાબેલના રાજાએ દેશમાં રહેવા દીધા તેઓ ઉપર શાફાનના દીકરા અહીકામના દીકરા ગદાલ્યાહને હાકેમ કે સુબો ઠરાવ્યો (૨ રા. ૨૫; ૨૨, ૨૩. યિર્મે. ૪૦; ૧, ૨, ૫, ૬). સિદકીયાહ (૨ રા. ૨૪; ૧૭–૨૦ : ૨૫; ૨–૭. ૧ કાળ. ૩; ૧૫. ૨ કાળ. ૩૬; ૧૦. યિર્મે. ૧; ૩ : ૨૧; ૧–૭ : ૨૪; ૮ : ૨૭; ૩, ૧૨ : ૨૮; ૧ : ૨૯; ૩ : ૩૨; ૧–૫ : ૩૪; ૨–૮, ૨૧ : ૩૭–૩૯ : ૪૪; ૩૦ : ૪૯; ૩૪ : ૫૧; ૫૯ : ૫૨). (૨) આહાબ રાજાના દિવસોમાં કનાઅનાહનો પુત્ર સિદકીયાહ જુઠો ભવિષ્યવાદી ઉભો થયો હતો (૧ રા. ૨૨; ૧૧, ૨૪. ૨ કાળ. ૧૮; ૧૦, ૨૩). (૩) રાજા યહોયાકીમના વખતમાં હનાન્યાહનો પુત્ર યહુદાહનો સરદાર હતો (યિર્મે. ૩૬; ૧૨). (૪) સુલેમાનના વંશમાં યખોન્યાહનો પુત્ર આ નામનો હતો (૧ કાળ. ૩; ૧૬). (૫) યિર્મેયાહની જગ્યાએ જુઠું ભવિષ્ય બોલનાર માઅસેયાહનો પુત્ર સિદકીયાહ જુઠો ભવિષ્યવાદી હતો. અને તેનો સાથી કોલાયાહનો પુત્ર આહાબ હતો (યિર્મે. ૨૯; ૨૧). (૬) (નહે. ૧૦; ૧).

સિદ્દીમ = મેદાનો. (૧) આ નામનો એક નીચાણ પ્રદેશ હતો, ત્યાં હાલ ખારો સમુદ્ર છે (ઉત્પ. ૧૪; ૩, ૮, ૧૦). તે એન-ગેદી અને મૃત સમુદ્રના દક્ષિણ છેડા પર આવેલાં સપાટીનાં શહેરોની વચ્ચે આવેલું હતું. આ મેદાન સિલાજીતને માટે પ્રસિદ્ધ હતું. અહીં કદોરલાઓમેર તથા તેના સંપીલા રાજાઓએ સદોમ તથા સપાટીનાં શહેરો સાથે લડાઇ કરી હતી. ત્યાર પછી તેમની ભુંડાઇને લીધે પરમેશ્વરે નીચાણના પ્રદેશનો તથા તેમાં આવેલાં શહેરોનો આગ તથા ગંધકથી નાશ કીધો અને ભઠ્ઠીના ધુમાડા સરખો તે દેશનો ધુમાડો આકાશમાં ચઢતો દેખાયો (ઉત્પ. ૧૯; ૨૪–૨૮). કેટલાક એવું ધારે છે કે સપાટીનાં શહેરો મૃત સમુદ્રની ઉત્તરમાં આવેલાં હતાં. (જુઓ સદોમ). (૨) નાફતાલી પુત્રોના કુળના વતનમાં જે ૧૯ નગરો તેમને આપવામાં આવ્યાં તેમાંનું એક હતું. હાલ તે તીબેરીયસની પશ્ચિમે પાંચ માઇલ ઉપર 'હિત્તીઓનું ગામ' એ નામથી ઓળખાય છે (યહો. ૧૯; ૩૫).

સિનાય = ખડકની ઉભી ધાર; કાંટાવાળું. ઇસ્રાએલીઓ મિસરમાંથી નીકળ્યા પછી ત્રીજે માસે આ પહાડના પ્રદેશમાં આવી પહોંચ્યા હતા. આ પહાડને શાસ્ત્રમાં હોરેબ

પહાડ પણ કહેવામાં આવ્યો છે. (જુઓ હોરેબ). આ પહાડની તળેટીમાં ઇસ્રાએલીઓ આશરે એક વર્ષ ભર રહ્યા હતા. લાલ સમુદ્રથી માંડીને અહીં સુધીની તેમની મુસાફરી કુલ્લે ૧૫૦ માઇલની થઇ હતી. નિર્ગ.ના છેલ્લા ૨૦ અધ્યાય, લેવીનું આખું પુસ્તક, અને ગણ. ૧–૧૦; ૧૨ માં લખેલી બાબત તે આ મુકામે બનેલી છે. મુખ્ય બિનાઓ:—૧. દસ આજ્ઞા આપવામાં આવી (નિર્ગ. ૨૦). ૨. મુસા પહાડ પર ગયો (૨૪). ૩. મંડપ બાંધવા વિષે (૨૫–૨૭). ૪. હારૂન તથા તેના પુત્રો સેવા માટે જુદા કરાયા (૨૮–૩૧). ૫. સોનાનો વાછરડો, પાટીઓ ભાંગી (૩૨, ૩૩). ૬. પત્થરની પાટીઓ બીજીવાર અપાઇ (૩૪). ૭. મંડપ તૈયાર થયો (૩૫–૪૦). ૮. યજ્ઞના નિયમો અપાયા (લેવી. ૧–૭). ૯. હારૂન તથા તેના પુત્રોનું શુદ્ધિકરણ (૮, ૯). ૧૦. નાદાબ તથા અબીહૂનું મરણ (૧૦; ૧–૭). ૧૧. લોકોની ગણના કરવામાં આવી (ગણ. ૧–૩). ૧૨. લેવીઓની સેવા વિષે (૪). ૧૩. બીજું પારખા પાળવામાં આવ્યું (ઇ. સ. પૂ. ૧૪૯૦). ૧૪. વિદ્રોની મુલાકાત (નિર્ગ. ૧૮; ૧–૨૬). રફીદીમથી ઉપડીને (નિર્ગ. ૧૯; ૨). 'સોલાફ' અને 'એશ-શેઇખ'ના નીચાણમાં થઇ 'એર–રાહાહ' (સિનાયનું અરણ્ય)ના મેદાનમાં ઇસ્રાએલીઓએ છાવણી કીધી. આ મેદાન આશરે બે માઇલ લાંબું અને અર્ધો માઇલ પહોળું હતું. ત્યાં પર્વત આગળ ઇસ્રાએલીઓએ છાવણી કીધી હતી. આ પહાડની હાર સૂએઝની સામુદ્રધુની અને અકાબાના અખાતની વચ્ચે આવેલી છે. પહાડની આખી હારની કુલ લંબાઇ ૪૦ માઇલની છે, તેમાં નાનાં મોટાં ઘણાંએક શિખરો આવેલાં છે, તેમાં ત્રણ મુખ્ય ગણાય છે. (૧) સેરબાલ જે આશરે ૬૩૪૨ ફુટ ઉંચું છે. (૨) યાબેલ–કાથરીન ૮૦૬૩ ફુટ ઉંચું છે. (૩) યાબેલ મુસા ૭૦૩૩ ફૂટ ઉંચું છે. આખી હારને કેટલાએક વિદ્વાનોને હોરેબ નામ આપવું વધારે ઠીક લાગે છે અને સિનાય તેમાંનું એક શિખર ગણવામાં આવે છે, કે જ્યાં પરમેશ્વરની ખાસ હાજરી થઇ હતી. એજ કારણ માટે આ સિનાયને 'દેવનો પર્વત' એવું નામ આપવામાં આવ્યું છે (નિર્ગ. ૩; ૧). જે મેદાનમાં ઇસ્રાએલીઓએ છાવણી કરી હતી તેની પડખે 'રાસ–સાસાફેહ' નામનો પહાડ આવેલો હતો તેને કદાપિ સિનાય કહેવામાં આવ્યો હશે. કેમકે આ પહાડ અને તેને લગતા મેદાન તરફ જોતાં, ઇસ્રાએલીઓ છાવણી કરી શકે તેવી આજ જગ્યા અનુકુળ પડતી દેખાય છે. અને આજ પહાડની સાથે પવિત્રશાસ્ત્રમાં લખેલી વાતો સંબંધ ધરાવતી હશે. અહીં નિયમશાસ્ત્ર નીચેના મેદાનમાં આવેલા ઇસ્રાએલીઓને જાહેર કરવામાં આવ્યું હશે. ઇસ્રાએલીઓ આ મુકામેથી આખરે બીજા વર્ષના બીજા માસની તા. ૨૦ મીએ ઉપડીને ત્રીજે દિવસે પારાનના અરણ્યમાં (એટ–તીહ) આવી ત્યાં પહેલો મુકામ કીધો. અહીં આવ્યા પછી ઇસ્રાએલીઓએ કચકચ કીધી તેથી યહોવાહનો કોપ સળગી ઉઠયો અને યહોવાહનો અગ્નિ તેઓ મધ્યે પ્રગટ થયો ને છાવણીના સૌથી દૂરના છેડા સુધી બાળી ભસ્મ કીધું, અને મુસાએ તે જગ્યાનું નામ તાબ–એરાહ પાડયું (ગણ. ૧૧; ૧–૩). સિનાય પહાડ અને વચન ભૂમિની સરહદ વચ્ચે હવે ૧૫૦ માઇલની મુસાફરી બાકી રહી હતી. આ પર્વતના સંબંધે મુસલમાનોમાં અનેક વાતો ચાલે છે, અને મુસાને લગતી ઐતિહાસિક વાત તેઓ પોતાના પેગંબર સાહેબને લગાડે છે. અરબ લોકો આજ દીન સુધી ઐતિહાસિક બધી જગ્યાઓ બતાવે છે. નવા કરારમાં સિનાય પર્વતને ઉપમારૂપે હાગાર નામ આપવામાં આવ્યું છે (ગલા. ૪; ૨૫). અને હેબ્રીઓના પત્રમાં જણાવ્યું છે કે તમો સિનાય પહાડની પાસે નહિ પણ સિયોન પહાડની પાસે આવ્યા છો. સિનાય–

દેવનો પર્વત (નિર્ગ. ૧૬; ૧ : ૧૯; ૧, ૨, ૧૧, ૧૬, ૨૦, ૨૩ : ૨૪; ૧૬ : ૩૧; ૧૮ : ૩૪; ૨, ૪, ૨૯, ૩૨. લેવી. ૭; ૩૮ : ૨૫; ૧ : ૨૬; ૪૬ : ૨૭; ૩૪. ગણ. ૧; ૧, ૧૯ : ૩; ૧, ૪, ૧૪ : ૯; ૧ : ૨૬; ૬૪ : ૨૮; ૬ : ૩૩; ૧૫. ગીત. ૬૮; ૮, ૧૭. નહે. ૯; ૧૩. ગલા. ૪; ૨૪, ૨૫. પુન. ૩૩; ૨. ન્યા. ૫; ૫. પ્રે. કૃ. ૭; ૩૦).

સિપ્પાય = પગથીઆંને લગતું. વીર પુત્રોમાંનો એક (૧ કાળ. ૨૦; ૪), તેને ૨ શમૂ. ૨૧; ૧૮ માં સાફ કહે છે.

સિપ્પોર = નાનું પક્ષી. મોઆબના રાજા બાલાકનો પિતા (ગણ. ૨૨; ૨, ૪ : ૨૩; ૧૮. યહો. ૨૪; ૯. ન્યા. ૧૧; ૨૫).

સિપ્પોરાહ = નારી જાતિનું એક પક્ષી. રેઉએલની દીકરી જે મુસાની સ્ત્રી થઇ હતી (નિર્ગ. ૨; ૨૧), તેણીને પેટે મુસાને બે પુત્રો થયા. એકનું નામ ગેર્શોમ અને બીજાનું નામ અલીએઝેર હતું. મુસાને જ્યારે ઇસ્રાએલીઓને મિસરમાંથી છોડાવવાને માટે તેના સસરા પાસેથી જવાનું પરમેશ્વરે ફરમાવ્યું ત્યારે સિપ્પોરાહ પણ પોતાના બે દીકરા સાથે તેની સાથે જવા નીકળી (નિર્ગ. ૪; ૨૦–૨૬). પણ જતાં ઉતારાની જગ્યા પર એક ચમત્કારી બનાવ બન્યો, જ્યાંથી સિપ્પોરાહ મિદ્યાન દેશમાં પોતાના બાપને ત્યાં પાછી આવી. મુસા ઇસ્રાએલીઓને મિસરમાંથી છોડાવી અરણ્યની મુસાફરીમાં હતો ત્યારે સિપ્પોરાહ પોતાના પુત્રો સાથે મુસાને મળવા આવી (નિર્ગ. ૧૮; ૨–૬).

સિફમોથ = વિશ્વાસુ જગ્યા. પાલેસ્તાઇનની દક્ષિણમાં આવેલી કોઇ અજાણ જગ્યાનું આ નામ છે; દાઉદ જ્યારે શાઉલથી નાઠો ત્યારે ત્યાં તેને આસરો મળ્યો હતો (૧ શમૂ. ૩૦; ૨૮).

સિફયોન = બહાર જોવું. (૧) ગાદપુત્રોમાંનો એક હતો (ઉત્પ. ૪૬; ૧૬) ગણ. ૨૬; ૧૫માં તેને સફોન કહે છે. જુઓ સફોન. સિફયોનના વંશજોને સફોનીઓ કહે છે (ગણ. ૨૬; ૧૫).

સિબઓન = ચોર (?). (૧) એશાવની સ્ત્રી ઓહલીબામાહ જે હીવ્વી હતી તેનો ઘરડો બાપ (ઉત્પ. ૩૬; ૨). (૨) હોરી સેઇરના દીકરાઓમાંનો એક (ઉત્પ. ૩૬; ૨૦. જુઓ ૧ કાળ. ૧; ૩૮–૪૦).

સિબ્બખાય = પરમેશ્વર નિભાવે છે. દાઉદના શૂરવીરોમાંનો એક હતો (૧ કાળ. ૧૧; ૨૯). આઠમી વારાટોળીનો સરદાર હતો, (૨૭; ૧૧), તેણે વીર પુત્રોમાંના સાફને માર્યો (૨ શમૂ. ૨૧; ૧૮); તેને ૨૩; ૨૭ માં મબુન્નાય કહે છે.

સિબ્બોલેથ—શિબ્બોલેથ, (જુઓ ન્યા. ૧૨; ૬).

સિબ્માહ = સુગંધી, ઠંડી. રેઉબેન પ્રાંતમાં આવેલું એક શહેર હતું જે યરદન નદીની પૂર્વમાં મોઆબ દેશમાં આવેલું હતું (યહો. ૧૩; ૧૯), તેને સબામ પણ કહે છે (ગણ. ૩૨; ૩, ૩૮). સિબ્માહ ત્યાંની દ્રાક્ષોને માટે પ્રસિદ્ધ હતું (યશા. ૧૬; ૮, ૯. યિર્મે. ૪૮; ૩૨). તેના ખાંડિયેરને 'સુમીએહ' કહે છે. ત્યાં ખડકો ખોદીને દ્રાક્ષકુંડ બાંધવામાં આવ્યા હતા, એવું ખાંડિયેરો જોતાં જણાય છે. સુમીએહ હેશ્બોનની પૂર્વમાં આસરે ૫ માઇલ ઉપર આવેલ છે.

સિબ્યા = હરણનું બચ્ચું. બિન્યામીની (૧ કાળ. ૮; ૯).

સિબ્યાહ = હરણનું બચ્ચું. રાજા યેઆશ કે યહોઆશની મા, જે બેરશેબાની હતી (૨ રા. ૧૨; ૧. ૨ કાળ. ૨૪; ૧).

સિબ્રાઇમ = બે ટેકરા. પાલેસ્તાઇનની ઉત્તર સરહદ ઉપર આવેલ એક શહેર હતું (હઝ. ૪૭; ૧૬).

સિલ્લા = ઉંચ માર્ગ, ડાળી. ૨ રા. ૧૨; ૨૦ માંજ આ નામ આવે છે. આ નામનો એક માર્ગ કે રસ્તો હતો, જે રસ્તા ઉપર મિલ્લોના ઘરમાં રાજા યેઆશને તેના ચાકરોએ મારી નાખ્યો હતો.

સિલ્લાથાય = યહોવાહનું રક્ષણ. (૧) આ નામનો એક બિન્યામીની હતો (૧ કાળ. ૮; ૨૦). (૨) મનાશ્શેહ કુળનો એક મુખ્ય પુરૂષ હતો, જે દાઉદને સિકલાગમાં આવી મળ્યો હતો (૧ કાળ. ૧૨; ૨૦).

સિલ્લાહ = છાંયો. લામેખની બે સ્ત્રીઓમાંની એક હતી, જે તુબાલ કાઇનની મા હતી (ઉત્પ. ૪; ૧૯, ૨૨).

સિસ્માય = સુવાસિત (?). (૧ કાળ. ૨; ૪૦).

સીઆ = સભા. (નહે. ૭; ૪૭. એઝ. ૨; ૪૪).

સીઓર = નાનપણું. યહુદાહના પહાડોમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૫૪). હાલ હેબ્રોનની ઉત્તર ગમ ચાર સાડાચાર માઇલ ઉપર 'સિ-આઇર' નામનું ગામ પુરાતન સીઓર હશે એવું મનાય છે.

સીદોન = માછલી મારવાની જગ્યા. (૧) કનાનનો જ્યેષ્ઠ પુત્ર (ઉત્પ. ૧૦; ૧૫). (૨) સૂરની ઉત્તરમાં આશરે ૨૫ માઇલ ઉપર ભૂમધ્ય સમુદ્રના કિનારા પર આ શહેર આવેલું હતું. ઘણાએકનું એવું ધારવું છે કે કનાનનો પુત્ર સીદોન કે જે નુહનો પૌત્ર તેના નામ પરથી આ શહેરનું નામ પડ્યું હશે (ઉત્પ. ૧૦; ૧૫-૧૯), પણ બીજા કેટલાકનું એવું માનવું છે કે આ જગ્યા માછલી પકડવાની જગ્યા હતી તે પરથી આ જગ્યાને ઉપલું નામ આપવામાં આવ્યું હશે. ફેનીકીઓ પ્રથમ તેમાં વસતા હતા, અને ત્યાંના ચાલતા વેપાર રોજગારથી તે ઘણું પ્રસિદ્ધિમાં આવ્યું હતું. યહો. ૧૧; ૮: ૧૯; ૨૮ માં તેને 'મોટું સીદોન' કહે છે. આ શહેર સૂર (Tyre) જે ત્યાંથી આશરે ૨૫ માઇલ દૂર હતું તેની માતુ સમાન હતું. પાલેસ્તાઇન દેશની વહેંચણમાં તે આશેરના ભાગમાં આવ્યું હતું. તેને તેઓ પોતાને તાબે કરી શક્યા નહિ (ન્યા. ૧; ૩૧), પણ તેથી ઉલટું ઘણા વખત સુધી ઇસ્રાએલીઓને તેઓએ દબાવ્યા હતા (ન્યા. ૧૦; ૧૨), પણ દાઉદ રાજાના વખતથી તેની કીર્ત્તિ ઓછી થવા લાગી, અને તેને બદલે સૂર જે તેની પુત્રી સમાન હતું તેની ખ્યાતી અને આબાદી વધવા લાગી (યશા. ૨૩; ૧૨). સુલેમાને સીદોનીઓ સાથે લગ્નસંબંધ કીધો હતો અને તેથી કરીને સીદોનીઓની મૂર્ત્તિપૂજા ઇસ્રાએલીઓમાં દાખલ થએલી જોવામાં આવે છે (૧ રા. ૧૧; ૧, ૩૩). આ શહેર ચાલતા વેપાર રોજગારને માટે ઘણું પ્રખ્યાત થતું હતું (૧ રા. ૫; ૬. ૧ કાળ. ૨૨; ૪. હઝ. ૨૭; ૮). સુલેમાનનું મંદિર તથા ઝરૂબ્બાબેલનું મંદિર બાંધવામાં સૂર તથા સીદોનથી મદદ મળી હતી. સૂર અને સિદોનનું બયાન લગભગ શાસ્ત્રમાં એક સાથે કરવામાં આવે છે. તેમના નાશ વિષે ભવિષ્યવાદીઓ ઘણીએક વખત ભવિષ્ય બોલ્યા છે (યશા. ૨૩; ૨, ૪, ૧૨. યિર્મે. ૨૫; ૨૨: ૨૭; ૩: ૪૭; ૪. હઝ. ૨૭; ૮: ૨૮; ૨૧, ૨૨: ૩૨; ૩૦. યોએ. ૩; ૪). સિદોનીઓ ઘણા પૈસાદાર હોઇ, ઘણા સુખચેનમાં રહેતા હતા અને બીજા તેઓ ઉપર ચઢાઇ લઇ જતા બીતા હતા. લાઇસ શહેર તેની પાસે આવેલું હતું તોપણ દાન લોક તે ઉપર ચઢાઇ કરવાને ડરતા હતા. વહાણ બનાવવામાં આ શહેરના જેવા બીજા થોડાજ હોશિયાર કારીગરો હતા. રાજા અહાશ્વેરોશ જ્યારે યુનાનીઓની સામે લડયો ત્યારે સિદોનનાં વહાણોમાં પોતે મુસાફરી કરતો હતો અને બધા અમલદારોમાં સિદોનના રાજાને તે વધારે માન આપતો હતો. જ્યાં સુધી સિદોન ઇરાનના બાદશાહને તાબે રહ્યું ત્યાં સુધી તેની રોનક જારી રહી હતી, પણ જ્યારે તેઓ ઇરાની બાદશાહતની સામે થયા ત્યારથી તેની પડતી આવી. કોઇ ખાસ જુલમને લીધે ત્યાંનો રાજા ઇરાનથી અલગ થવા લાગ્યો (ઇ. સ. ૩૫૧), તેથી કરીને ઇરાનીઓએ સિદોનના સૌથી પ્રખ્યાત ૬૦૦ આગેવાનોને કતલ કર્યા અને શહેર પર ચઢાઇ કરી, પણ સિદોનનો રાજા શત્રુ સામે થવાને

અશક્ત હોવાથી તેણે શહેરને આખી વસ્તી સાથે બાળી મુક્યું. એવું કહેવાય છે કે ૪૦ હજાર માણસોનો એ રીતે નાશ થયો. શહેરનો એવો ભયંકર નાશ થયો તોપણ ૧૮ વર્ષ પછી શહેર ફરીને આબાદ થયું અને બાદશાહ સિકંદરને તાબે તેઓ ખુશીથી થયા. ત્યાર પછી શહેરનો હાલ રૂમીઓના વખત સુધી એવો ને એવોજ રહ્યો. ત્યાર પછી સૂર અને સિદોન એક સરખી હાલતમાં હતાં. જો દુશ્મન આવી એક ઉપર ચઢાઇ કરે તો બીજા પર પણ ચઢાઇ કરતો હતો, પણ આખરે સૂરનો છેક નાશ થયો ત્યારે સિદોન બચી ગયું અને આજ સુધી પણ તે બચેલું છે. હાલ આશરે ૫૦૦૦ માણસની વસ્તી ત્યાં છે. એવાં શહેર બહુજ થોડાં છે કે ૩૦૦૦ વર્ષ થયાં હજી એ ને એજ નામે મોજુદ છે. લબાનોન પર્વતથી તે આશરે બે માઇલ દૂર છે અને તેની આસપાસની જમીન ફળદ્રુપ છે. તુર્ક લોકના હુમલાની બીકથી ઇ. સ. ૧૫૯૪ માં બંદર પત્થર વિગેરે નાખી પુરી દીધું છે, તેથી કરીને વહાણો હાલ ત્યાં જઇ શકતાં નથી. ઇ. સ. ૧૮૫૫ માં એક ઘર ખોદતાં માલમ પડયું કે તે જગ્યા એક કબરસ્તાન છે. ખોદતાં એક ઉમદા પત્થરની પેટી હાથ આવી છે, જે ફ્રાન્સ દેશમાં રાખવામાં આવેલ છે. પેટીના ઢાકણા ઉપર લખેલા લેખનો ખુલાસો પુસ્તકો પરથી એવો કરવામાં આવે છે કે સિદોનના એક બાદશાહની લાસ તેની અંદર મુકી હતી અને તેની મા બઆલ દેવતાની પુજારી હતી. ખુશીની વાત છે કે આપણા પ્રભુ ઇસુના જમાનામાં આ તરફના માણસો તેની વાત સાંભળવાને આવ્યા હતા. અને જ્યારે તે પોતે ત્યાં ગયો ત્યારે એક સ્ત્રીએ તેના ઉપર કેવો ભારે વિશ્વાસ કીધો તે દેખાડવામાં આવ્યું છે (માર્ક ૩; ૮. લુક ૬; ૧૭. માત્થી ૧૫; ૨૧. માર્ક ૭; ૨૪. લુક ૪; ૨૬). વળી અહીં પાઉલનો એક મિત્ર રહેતો હતો તેને ત્યાં પાઉલ રૂમ જતાં ઉતર્યો હતો (પ્રે. કૃ. ૨૭; ૩). સિદોનીઓનો દેવ બઆલ હતો અને રાણી ઇઝેબેલ ત્યાંના કોઇ ઉમરાવની દીકરી હશે. સિદોન (ઉત્પ. ૧૦; ૧૫:૪૯; ૧૩. ન્યાયા. ૧; ૩૧:૧૦; ૬:૧૮; ૨૮. ૨ શમૂ. ૨૪; ૬. ૧ રાજા. ૧૭; ૯. ૧ કાળ. ૧; ૧૩. યશા. ૨૪; ૨, ૪, ૧૨. યિર્મે. ૨૫; ૨૨: ૨૭; ૩ : ૪૭; ૪. હઝ. ૨૭; ૮: ૨૮; ૨૧, ૨૨. યોએ. ૩; ૪. ઝખ. ૯; ૨. ન્યા. ૧૦; ૧૨. પુન. ૩; ૯. યહો. ૧૩; ૪, ૬. ન્યા. ૩; ૩. ૧ રા. ૫; ૬. માત્થી ૧૧; ૨૧, ૨૨: ૧૫; ૨૧. માર્ક ૩; ૮: ૭; ૨૪, ૩૧. લુક ૪; ૨૬:૬; ૧૭:૧૦; ૧૩, ૧૪. પ્રે. કૃ. ૧૨; ૨૦:૨૭; ૩).

સીન = કાદવની જગ્યા. (૧) યુનાનીઓ તેને 'પેલુસીઉમ' (Pelusium) અને હેબ્રી લોકો 'કાદવવાળી જગ્યા' કહેતા હતા, કારણ કે ત્યાં કાદવ ઘણો હતો. આ શહેર મિસર દેશમાં સમુદ્રથી બે ત્રણ માઇલ દૂર આવેલું હતું. તેને હઝકીએલ ભવિષ્યવાદી 'મિસરનો કિલ્લો' એવું નામ આપે છે (હઝ. ૩૦; ૧૫). એ પરથી જણાય છે કે તે કિલ્લાબંધ નગર હતું. હાલ તે 'ટીનેહ' નામથી ઓળખાય છે. ત્યાં પુરાતન સીનનાં ખંડિયેર જોવામાં આવે છે. (૨) એલામ અને સિનાયની વચ્ચે આ નામનું એક અરણ્ય આવેલું હતું (નિર્ગ. ૧૬; ૧. સાથે ગણ. ૩૩; ૧૧, ૧૨ સરખાવો). મિસર દેશમાંથી નીકળ્યા બાદ ઇસ્રાએલીઓ બીજા મહિનાના પંદરમે દિવસે અહીં આવી પહોંચ્યા હતા (નિર્ગ. ૧૭; ૧: ૧૬; ૧). ઇસ્રાએલીઓએ આ અરણ્યમાં આવ્યા પછી થોડા દિવસમાં પોતા પાસેનો સઘળો ખોરાક થઇ રહ્યો ત્યારે ખોરાકને માટે મુસા સામે કચકચ કરી. આ વખતે યહોવાહે તેમના ઉપર મહેરબાની કરીને આકાશી અન્ન, એટલે 'માણા' ખાવાને આપ્યું, તેમજ માંસને બદલે પુષ્કળ લાવરીઓ મોકલી હતી. (૩) આજ નામનું એક બીજું અરણ્ય હતું, જે કનાન અને મૃત

સમુદ્રની દક્ષિણમાં અકાબાહના અખાત અને ગુરાઇયેહની ખીણ વચ્ચે આવેલ હતું (ગણ. ૧૩ ; ૨૧ : ૨૦ ; ૧ : ૨૭ ; ૧૪ : ૩૩ ; ૩૬ : ૩૪ ; ૩, ૪. પુન. ૩૨ ; ૫૧. યહો. ૧૫ ; ૧, ૩). આ અરણ્યના કિનારા પર એક મશહુર શહેર કાદેશ આવેલું હતું (ગણ. ૨૦ ; ૧). કોઇ વખત એ કારણ માટે આ અરણ્યને કાદેશનું અરણ્ય એવું નામ પણ આપવામાં આવે છે (ગીત ૨૯ ; ૮). ઘણું કરીને આ અરણ્ય તે પારાનના અરણ્યનો એક ભાગ છે.

સીની = સીનના રહેવાસીઓ. (ઉત્પ. ૧૦ ; ૧૭. ૧ કાળ. ૧ ; ૧૫).

સીનીમ = ચીન (?). કેટલાએક ધારે છે કે તે ચીન દેશ હશે, પણ તે ફેનીકી દેશ હશે એ વાત વધારે સંભવિત છે (યશા. ૪૯ ; ૧૨. ઉત્પ. ૧૦ ; ૧૭).

સીબા = પુતળું. શાઉલના ઘરનો એક જુનો ચાકર હતો (૨ શમૂ. ૯ ; ૨). તેણે દાઉદ રાજાને જણાવ્યું કે, શાઉલના દીકરા યોનાથાનનો એક દીકરો મરીબોશેથ, જે પગે અપંગ છે તે હજી જીવતો છે. સીબાને પંદર દીકરા તથા વીસ ચાકર હતા. જુઓ (૨ શમૂ. ૯ ; ૨-૧૨ : ૧૬ ; ૧-૪ : ૧૯ ; ૧૭, ૨૯).

સીમેઓન (લુક ૩ ; ૩૦). ખ્રીસ્ત ઇસુની વંશાવળીમાં આવતો એક માણસ.

સીમોન = શિમઓનનું સંક્ષિપ્ત નામ. (૧) પ્રેરિત પીતરનું બીજું નામ સીમોન છે (પ્રે. કૃ. ૧૫ ; ૧૪). જુઓ પીતર. (૨) સીમોન જે નીગેર કહેવાય છે તે. તે અંત્યોખની મંડળીનો એક શિક્ષક હતો (પ્રે. કૃ. ૧૩ ; ૧-૩). એવું કહેવાય છે કે જે માણસે ઇસુનો વધસ્તંભ વેઠે ઉંચક્યો તે સીમોન કુરેની કદાપિ આજ હશે. (૩) ઇસુના ચાર ભાઇઓમાંનો એક સીમોન હતો (માત્થી ૧૩ ; ૫૫. માર્ક ૬ ; ૩). (૪) સીમોન કનાની બાર શિષ્યોમાંનો એક (માત્થી ૧૦ ; ૪. માર્ક ૩ ; ૧૮). કનાની એ શબ્દમાં એમ નહિ સમજવું કે તે કનાનનો વતની હશે માટે તેને કનાની કહેતા હશે, પણ કનાની તે યહુદીઓમાં ચાલતો એક મત હતો. વળી આ શિષ્યને 'જેલોટીસ' નામ આપવામાં આવ્યું છે (લુક ૧ ; ૧૫. પ્રે. કૃ. ૧ ; ૧૩). સબબ કે તે શિષ્ય થયો તે પહેલાં 'ઝીલોટ' નામના એક યહુદી પંથનો માણસ હતો. (૫) સીમોન કુરેની (કદાપિ નંબર ૨) જેની પાસે ઇસુનો વધસ્તંભ વેઠે ઉંચકાવ્યો હતો તે (માત્થી ૨૭ ; ૩૨. માર્ક ૧૫ ; ૨૧. લુક ૨૩ ; ૨૬). તેને કુરેની કહે છે કેમકે તે મિસર દેશના લીબીયા પ્રાંતમાં આવેલ એક કુરેની પરગણાનો રહીશ હતો. ૧,૦૦,૦૦૦ યહુદીઓને ટાલેમી સોટરે (ઇ. સ. પૂ. ૩૨૩-૨૮૫) પાલેસ્તાઇનથી લાવી અહીં મિસરમાં વસાવ્યા હતા, અને આ વખતમાં તેઓ ઘણા વધી ગયા હતા. તેમનું એક સભાસ્થાન યરૂશાલેમમાં હતું, અને વાર્ષિક પર્વમાં તેઓ યરૂશાલેમ આવતા પણ હતા. સીમોન એ પ્રમાણે ત્યાંથી આવેલ હોય કે યરૂશાલેમમાં રહેતો હોય, ગમે તેમ હોય, પણ જ્યારે ઇસુને વધસ્તંભે જડવાને લઇ જતા હતા ત્યારે તે સામો મળ્યો હતો. સિપાઇઓએ તેને વેઠે પકડીને વધસ્તંભનો એક છેડો તેના ખભા ઉપર મુક્યો. આગલી રાત્રે દુશ્મનોએ ઇસુને એટલો બધો હેરાન કર્યો હતો કે સવારે તે તદન નિર્ગત થઇ ગયો હતો, તેથી આ ભારે વધસ્તંભ તે એકલો ઉંચકી શક્યો નહિ. આ સીમોન તે આલેકસાંદર અને રૂફસનો બાપ હતો. જેઓએ અંત્યોખમાં હેલેનીઓને સુવાર્તા પ્રગટ કરી તેઓમાંનો એક સીમોન પણ કદાપિ હોય (પ્રે. કૃ. ૧૧ ; ૨૦). (૬) બેથાનીઆનો સીમોન કોઢીઓ, જેણે ઇસુને પોતાને ત્યાં જમવા નોતર્યો હતો. આ વખતે મરિયમે ઇસુના માથા પર અત્તર રેડયું હતું (માત્થી ૨૬ ; ૬. માર્ક ૧૪ ; ૩). (૭) સીમોન જાદુગર. આ નામનો એક માણસ સમરૂનમાં રહેતો હતો, તેના વિષે લોકોમાં એવી માન્યતા ચાલી હતી કે

"એ માણસ દેવનો મોટો પરાક્રમ છે." આ માણસ આગળ જતાં ફિલીપ સુવાર્તિકના બોધથી ખ્રીસ્તી થયો (પ્રે. કૃ. ૮; ૯-૧૩). તેણે દેવનું દાન નાણાથી વેચાતું લેવા ઇચ્છયું, જેને માટે પીતરે તેને ભારે ઠપકો આપ્યો. ત્યાર પછી તેના વિષેની કંઇ વાત ઇતિહાસમાં આવતી નથી. (૮) સીમોન ફરોશી. તેણે ઇસુને પોતાને ત્યાં જમવા બોલાવ્યો હતો, અને તેને ત્યાં "શહેરમાંની એક સ્ત્રી જે પાપણી હતી" તેણે ઇસુને અત્તર ચોળ્યું અને પોતાનાં આંસુએ તેના પગ ધોયા હતા (લુક ૭; ૩૬-૩૮). (૯) સીમોન ચમાર. આ તો જોપ્પાનો એક ખ્રીસ્તીભાઇ હતો, પ્રેરિત પીતર તેને ત્યાં એક વખતે ઉતર્યો હતો (પ્રે. કૃ. ૯; ૪૩ઃ ૧૦; ૬, ૧૭, ૩૨). (૧૦) યહુદા ઇસકારીઓતનો પિતા (યોહા. ૬; ૭૧ઃ ૧૩; ૨,૬).

સીયોન = ઉંચું કરાયલું. (૧) પુન. ૪; ૪૮ માં હેર્મોન પર્વતને આ નામ આપવામાં આવ્યું છે. સીદોનીઓ તેને સીર્યોન અને અમોરીઓ તેને સનીર કહેતા હતા (પુન. ૩; ૯). જુઓ હેર્મોન. (૨) સીઓન (ઝીહોન = ચળકતું). આ નામનો એક પહાડ હતો કે જેના ઉપર યબૂસીઓનો મજબૂત કિલ્લો હતો. દાઉદે યબૂસીઓ પાસેથી તે કિલ્લો લઇ લીધો અને તે પર કિલ્લો અને મેહેલ બંધાવ્યાં (યહો. ૧૫; ૫૩. ૨ શમૂ. ૫; ૭), અને તે 'દાઉદનું શહેર' ગણાયું (૧ રા. ૮; ૧. ૨ રા. ૧૯; ૨૧, ૩૧. ૧ કાળ. ૧૧; ૫). યરૂશાલેમ શહેરના બે ભાગ ગણવામાં આવતા હતા, એક ઉપલું શહેર અને બીજું નીચલું શહેર (મિલ્લો?). હવે સિયોન તે ઉપલું શહેર હતું. ભૂમધ્ય સમુદ્રની સપાટીથી સિયોન ૨૫૩૭ ફુટ ઉંચો હતો. જુના કરારનાં પાછલાં પુસ્તકોમાં પણ આ નામ કોઇ કોઇ વખતે આપવામાં આવે છે (ગીત. ૮૭; ૨ઃ ૧૪૯; ૨. યશા. ૩૩; ૧૪. યોએ. ૨; ૧). સિયોન નામ આ પર્વતને એટલુંજ નહિ પણ યરૂશાલેમ શહેર અને મંદિર અને કોઇ વખતે પસંદ કરેલા ઇસ્રાએલીઓને પણ લાક્ષણિક રીતે સિયોન નામ આપે છે (ગીત. ૫૧; ૧૮ઃ ૪૭; ૫). વળી કોઇ વખતે યરૂશાલેમની તમામ વસ્તીને સિયોનનાં છોકરાં અને શહેરને સિયોનની દીકરી એવું નામ પણ આપે છે (યશા. ૧; ૮. યોએ. ૨; ૨૩. ઝખ. ૯; ૧૩) નવા કરારમાં મંડળીને આ નામ આપવામાં આવ્યું છે (હેબ્રી. ૧૨; ૨૨), અને કોઇ વખતે આકાશી શહેરને પણ આ નામ આપવામાં આવ્યું છે (પ્રક. ૧૪; ૧). સીઓન (માત્થી. ૨૧; ૫. યોહા. ૧૨; ૧૫. હેબ્રી. ૧૨; ૨૨. ૧ પીત. ૨; ૬. પ્રક. ૧૪; ૧. ૨ શમૂ. ૫; ૭. ૧ રા. ૮; ૧. ૨ રા. ૧૯; ૨૧, ૩૧. ૧ કાળ. ૧૧; ૫. ૨ કાળ. ૫; ૨. સુ. ગી. ૩; ૧૧. યોએ. ૨; ૧, ૧૫, ૨૩, ૩૨ઃ ૩; ૧૬, ૧૭ઃ ૪; ૨, ૭, ૧૩. સફ. ૩; ૧૪, ૧૬. ઝખ. ૧; ૧૪, ૧૭ઃ ૨; ૭, ૧૦ઃ ૮; ૨ઃ ૯; ૯, ૧૩). અને વખતો વખત યશાયાહ અને યિર્મેયાહ અને ગીતના પુસ્તકમાં આ નામ આવે છે.

સીર્યોન = ઉરપત્ર. સીદોનીઓ હેર્મોન પર્વતને આ નામ આપતા હતા (પુન. ૩; ૯. ગીત. ૨૯; ૬).

સીરાહ = પાછા વળવું. આ નામનો એક કુવો હતો કે જ્યાંથી યોઆબના માણસો આબ્નેરને પાછા લઇ ગયા હતા (૨ શમૂ. ૩; ૨૬). હાલ તેને 'એઇન-સારાહ' કહે છે, કે જે હેબ્રોનથી આશરે એક માઇલ ઉપર આવેલ છે.

સીલવાનસ. જુઓ સીલાસ.

સીલાસ = જંગલ. યરૂશાલેમની મંડળીનો એક મુખ્ય સભાસદ હતો (પ્રે. કૃ. ૧૫; ૨૨). ૨ કરીં. ૧; ૧૯ માં તેને સીલવાનસ કહે છે. તેને તથા યહુદા જેની અટક બાર્સાબાસ હતી તેમને મંડળીએ પસંદ કરીને પાઉલ તથા બાર્નાબાસની સાથે યરૂશાલેમથી અંત્યોખ મોકલવામાં આવ્યા, એ માટે કે તેઓ ત્યાં જઇને મહાસભામાં થએલો ઠરાવ

લોકોને જાહેર કરે. પાઉલે પોતાની બીજી મુસાફરીમાં જવાને સીલાસને પોતાનો સાથી પસંદ કર્યો હતો (પ્રે. કૃ. ૧૬; ૧૯–૨૪). તેના મરણ વિષે કંઇ વાત લખવામાં આવી નથી. પત્રોમાં તે સીલવાનસ કે સીલ્વાનસ નામથી ઓળખાય છે (૨ કરીં. ૧; ૧૯. ૧ થેસ્સા. ૧; ૧. ૨ થેસ્સા. ૧; ૧. ૧ પીત. ૫; ૧૨).

સીલોઆમનો બુરૂજ. આ નામ માત્ર લુક ૧૩; ૪ માંજ આપવામાં આવ્યું છે. સીલોહના હોજની પાસે આજુબાજુ આવેલા પ્રદેશને પણ એજ નામ આપવામાં આવેલું દેખાય છે. આ કુંડની પાસે પુરાતન વખતમાં કોઇ બાદશાહે મોટી ઇમારતો બંધાવી હતી (૨ કાળ. ૨૭; ૩: ૩૩; ૧૪. નહે. ૩; ૨૬), તેમાંના એક બુરૂજને ઘણું કરીને ઉપલું નામ આપવામાં અવ્યું છે. એ નામનું એક ગામ હતું એમ કેટલાક ધારે છે, અને તેને હાલ સીલવાન કહે છે, જે કિદ્રોનની પૂર્વમાં જેતુન પહાડના પશ્ચિમ ઢોળાવ પર આવેલું છે. કહે છે કે પુરાતન વખતની આફક તે ગામમાં હાલ પણ ભુંડાઇ ચાલે છે (૨ રા. ૨૩; ૧૩ ની સાથે સરખાવો).

સીવાન = ચળકતું. આ ફારસી શબ્દ છે. બંદિપ્રવાસ પછી આ નામ યહુદી વર્ષના ત્રીજા માસને આપવામાં આવ્યું છે, જે જ્યુન અને જુલાઇમાં આવે છે (એસ્તે. ૮; ૯).

સીસ = ફુલ. રાજા યહોશાફાટને યાહઝીએલે ભવિષ્ય કહ્યું હતું કે મોઆબીઓ તથા આમ્મોનીઓ સીસના ઘાટ આગળ તમને મળશે, અને તમે વગર લડાઇએ જીત પામશો. સીસ, આ નામનો એક ઢોળાવ કે ટેકરો હતો, જે એન-ગેદી પાસે આવેલ હતો. હાલ તેને 'તેલ-હાસાસાહ' કહે છે (૨ કાળ. ૨૦; ૧૬).

સીસરા = લડાઇની રચના. (૧) આ નામનો કનાનના રાજા યાબીનનો સેનાપતિ હતો (ન્યા. ૪; ૨). તે વિદેશીઓના હરોશેથનો રહેવાસી હતો. અબીનોઆમના દીકરા બારાકે એસ્ડ્રાએલોનના મેદાનમાં તેને પુરી હાર ખવાડી, તેના સર્વે રથોનો તથા તેના સર્વ સૈન્યનો તરવારની ધારથી વિનાશ કીધો. સર્વેનો નાશ થએલો જોઇને સીસરો નાઠો અને નાસીને હેબેર કેનીની સ્ત્રી યાએલના તંબુમાં ભરાઇ ગયો, કેમકે રાજા યાબીન અને હેબેર કેનીના વંશ વચ્ચે સલાહ ચાલતી હતી. યાએલે સીસરાનો સારો આવકાર કર્યો, તેની સાથે તેણે ઘણી સભ્યતા બતાવી અને ઉત્તમ પ્રકારનું દૂધ તેને પીવાને આપ્યું, અને ત્યાર પછી ધાબળીમાં સંતાડીને સુવાડયો. સીસરો થાકને લીધે ઉંઘી ગયો ત્યારે યાએલ તંબુની એક મેખ લઇને તથા હાથમાં મોગરી લઇને ધીમેથી તેની પાસે ગઇ, અને તેના લમણામાં પેલી મેખ મારીને આરપાર કાઢી અને સીસરાનો એ પ્રમાણે વિનાશ કીધો. સીસરાના મરણ વિષે દબોરાહ ભવિષ્યવાદેણુ પોતાના (ન્યા. ૫; ૨૪–૨૭) ગીતમાં તેનું બ્યાન દર્શાવે છે. જુઓ યાએલ. સીસરા (ન્યાયા. ૪. ૧ શમૂ. ૧૨; ૯. ગીત. ૮૩; ૯). (૨) ઝરૂબ્બાબેલની સરદારી નીચે જેઓ પાછા આવ્યા તેમાં સીસરાના પુત્રો પણ હતા (એઝ. ૨; ૫૩. નહે. ૭; ૫૫).

સીહા = સુકું. (૧) (એઝ. ૨; ૪૩. નહે. ૭; ૪૬). (૨) (૧૧; ૨૧).

સીહોન = જમીનદોસ્ત કરવું. આર્નોનથી યાબ્બોક નાળા સુધીનો યરદન નદીની પૂર્વેનો આખો પ્રદેશ જે અમોરીઓના કબજામાં હતો તેનો રાજા સીહોન હતો. તેણે ઇસ્રાએલીઓને પોતાના દેશમાં થઇને જવા દીધા નહિ, એટલુંજ નહિ પણ તેમની સામે લડવાને સૈન્ય મોકલ્યું. ઇસ્રાએલીઓ તેઓ સામે લડ્યા અને જીત પામ્યા. અમોરીઓ હાર્યા એટલુંજ નહિ પણ તેમનો રાજા સીહોન, તેના પુત્રો અને પોતાના બધા માણસ સાથે ઇસ્રાએલની તરવારથી કતલ થયા. અને તેમનો આખો દેશ અને કિલ્લાવાળાં નગરો ઇસ્રાએલીઓએ તાબે કર્યાં

(ગણ. ૨૧ ; ૨૧–૩૦. પુન. ૨ ; ૨૪–૩૭). અને વળી જે પ્રમાણે અમોરીઓને કીધું, તેજ પ્રમાણે બાશાનના રાજા ઓગને પણ મારી તેમનો આખો દેશ એટલે યાબ્બોક નાળાથી હેર્મોન સુધીનો કબજો કીધો (ગણ. ૨૧ ; ૩૪. પુન. ૩ ; ૩, ૪, ૧૪. ગીત. ૧૩૫ ; ૧૦-૧૨ :૧૩૬ ; ૧૫-૨૧). સીહોનનું રાજ્ય ૧,૫૦૦ ચોરસ માઇલનું, અને ઓગનું ૩,૦૦૦ ચોરસ માઇલનું હતું. તેઓ બન્નેની હાર થતાં યરદનની પૂર્વનો આખો પ્રદેશ આર્નોનથી તે હેર્મોન પહાડની તળેટી સુધીનો ઇસ્રાએલીઓના કબજામાં આવ્યો. સીહોન—અમોરીઓનો રાજા (ગણ. ૨૧ ; ૨૬–૩૦). મુસાએ તેને હરાવ્યો (૨૧ ; ૨૧–૩૫. પુન. ૧ ; ૪ : ૨ ; ૨૬–૩૭ : ૩ ; ૨. યહો. ૯ ; ૧૦ : ૧૨ ; ૨ : ૧૩ ; ૧૦, ૨૧. ન્યા. ૧૧ ; ૧૯–૨૨. નહે. ૯ ; ૨૨. ગીત. ૧૩૫ ; ૧૧ : ૧૩૬ ; ૧૯. વળી ગણ. ૩૨ ; ૩૩. યહો. ૨ ; ૧૦. ૧ રા. ૪ ; ૧૯). દેશ તરીકે યિર્મે. ૪૮ ; ૪૫માં તેનું નામ આવે છે.

સુક્કીઈઓ = તંબુમાં રહેનારા. શીશાકનું સૈન્ય યરૂશાલેમ ઉપર ચઢી આવ્યું, તે સૈન્યમાંના કેટલાએક આ કોમના માણસો હતા. આ કોમ લાલ સમુદ્ર પાસેના પહાડોની ખોમાં રહેતી હતી (૨ કાળ. ૧૨ ; ૩).

સુક્કોથ = તંબુઓ, માંડવા. (૧) રામસેસથી ઉપડ્યા પછી ઇસ્રાએલીઓએ અહીં પહેલો મુકામ કીધો (નિર્ગ. ૧૨ ; ૩૭ : ૧૩ ; ૨૦. ગણ. ૩૩ ; ૫, ૬. જુઓ પીથોમ). (૨) પાદ્દાનારામથી યાકુબ જ્યારે પાછો આવ્યો ત્યારે પોતાના ભાઇ એશાવની મુલાકાત પછી તે અહીં રોકાયો હતો, અને પોતાને માટે તથા પોતાનાં ઢોરઢાંકને માટે માંડવા બંધાવ્યા, એ કારણ માટે એ જગ્યાનું નામ સુક્કોથ (માંડવા) પાડ્યું (ઉત્પ. ૩૩ ; ૧૭ : ૩૨ ; ૧૭, ૩૦). હાલ 'ટેલ-દાર-આલા' નામનો એક ટેકરો એ નામથી ઓળખાય છે. આ સુક્કોથ ઘણું કરીને યરદન નદીની પૂર્વમાં યાબ્બોક નાળાની દક્ષિણમાં આવેલું હતું (યહો. ૧૩ ; ૨૭). જ્યારે ગિદઓન અને તેનાં ચુંટી કાઢેલાં ત્રણસો માણસો ગિલ્બોઆની લડાઇ પછી નાસી ગએલા મિદ્યાનીઓની પાછળ પડ્યા હતા ત્યારે સુક્કોથના માણસોએ ગિદઓનને મદદ નહિ કરતાં ઉલટો તિરસ્કાર કર્યો હતો, માટે પાછા વળતાં તેણે સુક્કોથના સરદારો તથા વડીલોને જંગલના કાંટા તથા ઘણી બોરડીથી શિક્ષા કરી હતી (ન્યા. ૮ ; ૧૩–૧૭). વળી આ જગ્યા પર રાજા સુલેમાને મંદિરનાં સઘળાં પિત્તળનાં પવિત્ર પાત્રો ઢાળવાને એક કારખાનું બંધાવ્યું હતું (૧ રા. ૭ ; ૪૬). દાઉદે પોતાની હારનું બ્યાન કરતાં સુક્કોથનું બ્યાન પણ ૬૦મા ગીતમાં કર્યું છે. સુક્કોથ, જે જગ્યા પર યાકુબે તંબુ તાણ્યો તે જગ્યા (ઉત્પ. ૩૩ ; ૧૭. યહો. ૧૩ ; ૨૭. ન્યા. ૮ ; ૫–૧૬. ૧ રા. ૭ ; ૪૬. ૨ કાળ. ૪ ; ૧૭. ગીત. ૬૦ ; ૬ : ૧૦૮ ; ૭).

સુક્કોથ-બનોથ=દીકરીઓના માંડવા. આશૂરના રાજાએ બાબેલમાંથી કેટલીએક વસ્તી લાવીને સમરૂનમાં વસાવી હતી. તેઓ સમરૂનમાં એક દેવી ઉભી કરી તેની પૂજા કરતા હતા. આ દેવીને ઉપલું નામ આપવામાં આવ્યું છે (૨ રા. ૧૭ ; ૩૦). કદાપિ આ દેવી તે મેરોદાખ દેવતાની સ્ત્રી 'ઝીરબાનીટ' દેવી હશે. કેટલાએક ધારે છે કે ઘાસનો એક માંડવો બાંધી તેને ઉપલું નામ આપી પૂજતા હતા.

સુંદરબંદર (પ્રે. કૃ. ૨૭ ; ૮). ક્રેત ટાપુની દક્ષિણમાં આ નામનું એક બંદર આવેલું હતું, ત્યાંથી લાસાયા પૂર્વમાં પાંચ માઇલ ઉપર હતું. પાઉલ રૂમ જતાં આલેક્સાંદ્રીઆના વહાણમાં મુસાફરી કરતો અત્રે આવ્યો હતો.

સુનતુખે = મિલનસાર. આ બાઇ ફિલિપી મંડળીની એક સભાસદ હતી. પાઉલ તેના વિષે ચાહે છે કે તે તથા યુઓદીઆ પ્રભુમાં એકચિત્તનાં થાય. કદાપિ એ બે જણ વચ્ચે કંઇ તકરાર પડી હશે (ફિલિ. ૪ ; ૨, ૩).

સુરફૈનીકી. સૂરિયાના ફૈનીકી પ્રાંતમાં જન્મેલી એક વિદેશી બાઇ હતી (માર્ક ૭; ૨૬). જ્યારે આપણો પ્રભુ ઇસુ સૂર તથા સિદોનની સીમમાં ગયો (માત્થી ૧૫; ૨૧) ત્યારે આ બાઇ તેની પાસે આવી અને પોતાની દીકરી જે ભૂતથી પીડા પામતી હતી તેને માટે આગ્રહથી કાલાવાલા કર્યા. ઇસુના બંધ રહેવાથી (માત્થી ૧૫; ૨૩) કે ના પાડવાથી (માત્થી ૧૫; ૨૪) કે 'છૈયાંની રોટલી લઇને કૂતરાંને નાખવી ઠીક નથી,' તે અપમાનિક શબ્દો સાંભળવાથી તેનો વિશ્વાસ ડગ્યો નહિ, અને તેના મોટા વિશ્વાસથી તેની દીકરી સાજી થઇ. અને ઇસુએ તેના વિશ્વાસ વિષે કહ્યું કે, "બાઇ, તારો વિશ્વાસ મોટો છે" (માત્થી ૧૫; ૨૮). એ પરથી શીખીએ કે ખરો વિશ્વાસ છૂપો રહી શકતો નથી.

સુરાકુશ. સિસિલી બેટની અગ્નિકોણમાં આવેલ એક શહેર હતું. જ્યાં પાઉલ રૂમ જતાં ત્રણ દિવસ રોકાયો હતો, તેના વિસ્તાર તથા સુંદરતાને લીધે તે પ્રખ્યાત હતું. હાલ તે એક નાનું ગામ છે કે જેની વસ્તી ૧૩,૦૦૦ માણસની છે (પ્રે. કૃ. ૨૮; ૧૨).

સુલેમાન = શાંતિદાયક. દાઉદ રાજાનો બાથ-શેબાથી થએલો બીજો પુત્ર સુલેમાન હતો. બાદશાહી વૈભવમાં જન્મેલો તથા ઉછરેલો ઇસ્રાએલીઓનો આ પહેલો રાજા હતો (૨ શમૂ. ૧૨). સુલેમાનનો જન્મ આશરે ઇ. સ. પૂ. ૧૦૩૫ માં થયો હતો (૧ કાળ. ૨૨; ૫: ૨૯; ૧). પોતાના પિતાના મરણ પછી આશરે ૧૬ કે ૧૮ વર્ષની વયે ગાદીએ બેઠો હતો. નાથાન ભવિષ્યવાદીએ તેનું નામ 'યદીદયાહ' (દેવનો વહાલો) પાડ્યું હતું (૨ શમૂ. ૧૨; ૨૪, ૨૫). દાઉદ રાજાએ પોતા પછી પોતાના દીકરા સુલેમા-નને ગાદી આપવાનું ઠરાવ્યું હતું, છતાં દાઉ-દનો એક બીજો દીકરો અદોનીયાહ પોતાને રાજા જાહેર કરવા લાગ્યો. પણ સાદોક યાજક, નાથાન ભવિષ્યવાદી અને યહોયાદાના દીકરા બનાયાહે દાઉદની સલાહ મુજબ ગીહોનમાં સુલેમાનને ઇસ્રાએલ પર રાજા તરીકેનો અભિષેક કર્યો, અને એમ સુલેમાન ઇસ્રાએલ પર રાજા મુકરર થયો. ત્યાર પછી અદોનીયાહે નમી જઇને સુલેમાન પાસે આવીને નમસ્કાર કર્યા, ત્યારે સુલેમાને તેને કહ્યું કે "જો તું લાયક વર્તણુક બતાવશે તો તને કંઇ હરકત નથી, પણ દુષ્ટતા માલમ પડશે તો માર્યો જશે." રાજા સુલેમાનનો ઇતિહાસ ૧ રા. ૧—૧૧ સુધીમાં અને ૨ કાળ. ૧—૯ સુધીમાં આપવામાં આવ્યો છે. સુલેમાને ઇ. સ. પૂ. ૧૦૧૫—૯૭૫ સુધી એટલે ૪૦ વર્ષ રાજ્ય કીધું. તેની રાજ્ય કારકીર્દીનો પહેલો અર્ધો ભાગ આબાદી ભરેલો અને યશસ્વી હતો પણ પાછલો અર્ધો ભાગ મૂર્તિપૂજક સ્ત્રીઓની સાથે લગ્ન સંબંધે જોડાવાથી લાંછન ભરેલો હતો. લખ્યું છે કે આ અરસામાં સુલેમાને યહોવાહની દૃષ્ટિમાં જે ભુંડું તે કર્યું (૧ રા. ૧૧; ૧–૮: ૧૪; ૨૧–૩૧). દાઉદે પોતાના મરણ પહેલાં પોતાના પુત્ર સુલેમાનને બોલાવીને પોતાની પછી જે કામ કરવાનાં હતાં તે વિષે સૂચના અને ઉત્તમ સલાહ આપી. આ બધી વાતો ૧ રા. ૨. ૧ કાળ. ૨૨: ૨૮: ૨૯. અધ્યાયોમાં વર્ણવેલી છે. સુલેમાને રાજ્યગાદી ઉપર આવ્યા પછી વિસ્તાર પામેલા બહોળા રાજ્યની ગોઠવણ કરી મિસરના રાજા સાથે દોસ્તી કરી તેની દીકરી સાથે લગ્ન કીધાં (૧ રા. ૩), જે વિષે ત્યાર પછી કંઇ બયાન કરવામાં આવ્યું નથી. સુલેમાનનો વૈભવ અને ખ્યાતી બધે પ્રસરી ગઇ, અને તેનું રાજ્ય ઘણું વિસ્તાર પામ્યું. તુરના રાજા હીરામની સાથે તેણે દોસ્તી કરી અને તેણે સુલેમાનને ઘણી બાબતમાં મદદ આપી. (જુઓ હીરામ). દાઉદ પોતાના મરણ પહેલાં કેટલાંક વર્ષોથી યરૂશાલેમમાં મંદિર બાંધવા સારૂ, તેનો સરસામાન એકઠો કરવાને લાગેલો હતો, એ કારણ માટે કે કરારકોષને માટે મંદિર કાયમનું સ્થાન થાય. તેની

હૈયાતીમાં મંદિર બાંધવાની રજા ઇશ્વર તરફથી તેને મળી નહિ (૧ કાળ. ૨૨; ૮), પણ મંદિર બાંધવાનું તે માન તેના પુત્ર સુલેમાનને આપવામાં આવ્યું હતું (૧ કાળ. ૨૯; ૫-૯. ૨ કાળ. ૨; ૩-૭). મંદિર બાંધવાનું કામ સાડાસાત વર્ષ સુધી ચાલ્યું. તેની પહોળાઇ તથા લંબાઇ અને સરસામાનની હકીકત ૨ કાળ. અધ્યાય ૩ : ૪ અને ૧ રા. ૬ માં આપવામાં આવી છે. મંદિરની પ્રતિષ્ઠા સાતમા મહિનામાં માંડવાપર્વ વખતે થઇ હતી. આ વખતે સુલેમાને શાંત્યાર્પણમાં ૨૨ હજાર ગોધા અને એક લાખ ને બાર હજાર ઘેટાં આપ્યાં હતાં. મંદિરનું કામ પૂર્ણ કરી સુલેમાને યરૂશાલેમમાં તેમજ તેના રાજ્યના બીજા ભાગોમાં ઘણાંએક બાંધકામો કરાવ્યાં. ઓફેલમાં પોતાને માટે રાજ્યમેહેલ બંધાવ્યો, જેને બાંધતાં તેર વર્ષ થયાં હતાં (૧ રા. ૭; ૧-૧૨). મેહેલની લંબાઇ ૧૦૦ હાથ, પહોળાઇ ૫૦ હાથ અને ઉંચાઇ ૩૦ હાથની હતી. તેનું ભવ્ય છાપરૂં ૪૫ એરેજ-કાષ્ટના સ્તંભ ઉપર ઉભું કરવામાં આવ્યું હતું, તેથી કરીને અંદરનો દેખાવ એરેજ-કાષ્ટના જંગલના જેવો દેખાતો હતો, અને વળી એથી કરીને તે મહેલને 'લબાનોનના વનનું ઘર' એવું નામ આપવામાં આવ્યું હતું. આ ઘરના આગલા ભાગમાં એક બીજી બાંધણી આવેલી હતી, તેને પરશાળ કહેતા હતા. અને ત્યાર પછી પરશાળની આગળ એક બીજી બાંધણી ઉભી કરવામાં આવી હતી તેને "ન્યાયીની પરશાળ" કહેતા હતા (૧ રા. ૭; ૭ : ૧૦; ૧૮-૨૦. ૨ કાળ. ૯; ૧૭-૧૯), જ્યાં લોકોનો ન્યાય કરવામાં આવતો હતો. એ પ્રમાણે ઉપલો રાજ્ય-મેહેલ ઘણો ભવ્ય અને દેખાવમાં ઘણો સુંદર હતો. (તે શિવાય યરૂશાલેમમાં તેણે ઘણાં બાંધકામ કરાવ્યાં હતાં). આ બાંધેલા નવા રાજ્યમેહેલનો અમુક ભાગ પોતાની રાણી (ફારૂનની દીકરી) ને રહેવાને અલગ કરી આપ્યો હતો. આ રાજ્યમેહેલથી મંદિરમાં જવા માટે એક ખાનગી માર્ગ કરવામાં આવ્યો હતો. એ પ્રમાણે સુલેમાને યહોવાહનું ઘર, પોતાનું ઘર, મિલ્લો, યરૂશાલેમનો કોટ, હાસોર, મગિદ્દો તથા ગેઝેર બંધાવ્યાં (૧ રા. ૯; ૧૫-૧૯. ૨ કાળ. ૮; ૨-૬). તેમજ અરણ્યમાં તાદમોર અને ભંડારના તથા રથોના તથા સ્વારોના સર્વ નગરો સુલેમાને બંધાવ્યાં અને શહેરને તથા બગીચાઓને પાણી પુરૂં પાડવા માટે ઘણાં જળાશયો ખોદાવ્યાં હતાં (સભા. ૨; ૪-૬). તેની રાજ્ય કારકીર્દીમાં પાલેસ્તાઇન દેશ વેપાર રોજગારમાં ઘણો આબાદ હતો. તુર, મિસર, અરબસ્તાન, સ્પેન, હિંદુસ્તાન અને આફ્રિકા ખંડના કિનારા સાથે સુલેમાનનો વેપાર ચાલતો હતો, અને એમ દ્રવ્ય તથા જ્ઞાનમાં પૃથ્વીના સર્વ રાજાઓ કરતાં સુલેમાન રાજા વિશેષ હતો. સોના રૂપા તથા મૂલ્યવાન ચીજોથી સુલેમાનનો ભંડાર ભરપુર હતો (૧ રા. ૯; ૨૬-૨૮ : ૧૦; ૧૧, ૧૨. ૨ કાળ. ૮; ૧૭, ૧૮ : ૯; ૨૧). ઇસ્રાએલીઓનો આ ચઢતીનો વખત તે સોનાની તક કહેવાય. સુલેમાનને ૭૦૦ સ્ત્રીઓ અને ૩૦૦ ઉપપત્નિઓ હતી, એ ઉપરથી એકદમ દેખાઇ આવે છે કે તે કેવો મગરૂર, ધનવાન અને વિષયાધીન માણસ હતો. સુલેમાનની એક દિવસની ખોરાકીમાં ૩૦ માપ મેંદો, ૬૦ માપ લોટ, ૧૦ પુષ્ટ ગોધા, બીડમાં ચરતાં ૨૦ ગોધા અને ૧૦૦ ઘેટાં અને વળી તે ઉપરાંત સાબર, હરણ, કાળીયાર તથા ચરબીદાર પક્ષીઓ હતાં (૧ રા. ૪; ૨૨, ૨૩). સુલેમાનનું રાજ્ય જેમ ઘણું આબાદ હતું તેમ તેના ડહાપણ તથા જ્ઞાન વિષે પણ પ્રખ્યાતી પામ્યું હતું અને સુલેમાન તે વિષયમાં આગેવાન હતો. સુલેમાને ૩૦૦૦ દૃષ્ટાંતો કહ્યાં અને ૧૦૦૫ ગીત તેણે રચ્યાં. વળી તેણે વનસ્પતિનું બ્યાન કર્યું, એટલે લબાનોનના એરેજવૃક્ષથી માંડીને તે ભીંત ઉપર ઉગી નીકળનાર ઝુફા સુધીનું તેણે બ્યાન આપ્યું. વળી પશુઓનું

તથા પક્ષીઓનું, પેટે ચાલનાર પ્રાણીઓનું તથા માછલીઓનું બ્યાન પણ તેણે કીધું (૧ રા. ૪; ૩૨, ૩૩). એમ દરેક બાબતનો સુલેમાને અભ્યાસ કીધો. સઘળા દેશોમાં સુલેમાનની ખ્યાતી ફેલાઇ ગઇ અને તેઓમાંના કેટલાએક સુલેમાનનું જ્ઞાન સાંભળવા સારૂ આવતા. એક વખતે એવાઓની સાથે 'દક્ષિણની રાણી' એટલે શેબાની રાણી (શેબા અરબસ્તાનના ફેલીકસ પ્રાંતમાં આવેલો એક દેશ હતો, જુઓ શેબા) યરૂશાલેમમાં સુલેમાનની પસે, મુશ્કેલ પ્રશ્ના વડે તેની પરીક્ષા કરવા સારૂ આવી. રાણીએ સુલેમાન પાસે આવીને જે સાંભળ્યું તથા જોયું તેથી સાનંદાશ્ચર્ય પામી બોલી ઉઠી કે "ભાગ્યશાળી છે તારા લોક! ભાગ્યશાળી છે આ તારા ચાકરો! કે તેઓ નિત્ય તારી સન્મુખ ઉભા રહીને તારૂં જ્ઞાન સાંભળે છે." પછી જે ભેટ સુલેમાન રાજાને માટે લાવી હતી તે તેને આપીને પોતાના દેશમાં પાછી ગઇ. પણ હવે ઇસ્રાએલી લોકના ઇતિહાસનો ઉમદા યુગ વીતી ગયો. સુલેમાનના કીર્ત્તિમય દિવસોનો પ્રકાશ અસ્ત થયો! ખરેખર ઉત્તમાવસ્થામાંથી દિનાવસ્થામાં આવી પડવું તે સુલેમાનના ઇતિહાસમાં દિલગીરી ભરેલો બનાવ કહેવાય. તેની પડતીનાં મુખ્ય બે કારણો જોવામાં આવે છે, એટલે (૧) અનેક સ્ત્રી; (૨) પુષ્કળ દોલત. જેમ જેમ તે વૃદ્ધવયે પહોંચતો ગયો તેમ તેમ તે મોજમઝામાં ઉતરતો ગયો. અને મોઆબી, આમ્મોની, અદોમી, સીદોની તથા હિત્તી સ્ત્રીઓ જે બધી મળી ૧૦૦૦ હતી તેમની સાથે સુલેમાન પ્યારના કારણથી વળગી રહ્યો, એટલુંજ નહિ પણ તેમની મૂર્તિપૂજા પાછળ પણ સ્ત્રીઓએ સુલેમાનનું હૃદય ફેરવી નાખ્યું. જો કે સુલેમાને ખરા મનથી પરમેશ્વરને મુકી દીધો નહિ, અને મંદિરનાં અર્પણો બંધ કરી નાખ્યાં નહિ, તો પણ તે સઘળું મન વગરનું ઠરાવેલા નિયમ જેવું થઇ ગયું. અને સુલેમાનનું મન પરમેશ્વરની ગમ સીધું ન હતું. તેણે ગિદ્દઓનની માફક (ન્યા. ૮; ૨૭) કે દાનપુત્રોની માફક (ન્યા. ૧૮; ૩૦, ૩૧) બિગાડના પર્વત ઉપર સીદોનીઓના આસ્તોરેથ માટે, મોઆબીઓના કમોશ માટે, અને આમ્મોનીઓના મિલ્કોમ માટે ઉચ્ચસ્થાનો બંધાવ્યાં (૧ રા. ૧૧; ૭. ૨ રા. ૨૩; ૧૩). આથી કરીને યહોવાહ સુલેમાન ઉપર ઘણો ગુસ્સે થયો, અને તેના ઉપર આવી પડનાર શિક્ષા ફરમાવી (૧ રા. ૧૧; ૯-૧૩). તેના શત્રુઓ તેની સામે ફાવી જવા લાગ્યા અને એક પછી એક આફત દેશ ઉપર આવી પડી (૧ રા. ૧૧; ૧૪-૨૨, ૨૩-૨૫, ૨૬-૪૦). સુલેમાન ૪૦ વર્ષ રાજ્ય ભોગવી મરણ પામ્યો, અને પોતાના પિતા દાઉદના નગરમાં દટાયો, ને તેની જગ્યાએ તેનો પુત્ર રહાબઆમ રાજા થયો. (જુઓ રહાબઆમ). સુલેમાનની રાજ્યકારકીર્દીના મુખ્યત્વે કરીને છ ભાગ પાડી શકાય; (૧) વેપાર અને ધનદોલત. (૨) બાંધકામો. (૩) ધર્મવ્યવસ્થા. (૪) સામાન્યકારભાર. (૫) ઝનાનખાનું. (૬) શત્રુઓ. સુલેમાન—જન્મ (૨ શમૂ. ૫; ૧૪: ૧૨; ૨૪. ૧ કાળ. ૩; ૫: ૧૪; ૪. માત્થી ૧; ૬). અદોનીયાહનો બળવો (૧ રા. ૧; ૧૦-૫૩. ૧ કાળ. ૨૩; ૧). સુલેમાનને આપેલી સલાહ (૧ રા. ૨; ૧-૯. ૧ કાળ. ૨૨; ૬-૧૯: ૨૮; ૯-૨૧). સુલેમાન દાઉદ પછી ગાદીએ બેઠો (૧ રા. ૨; ૧૨. ૧ કાળ. ૨૯; ૨૨, ૨૩). ફારૂન સાથે દોસ્તી (૧ રા. ૩; ૧). ઉચ્ચસ્થાનો પર યજ્ઞો. ગિબઓનમાં દર્શન (૧ રા. ૩; ૫-૧૫: ૯; ૨. ૨ કાળ. ૧; ૭-૧૨: ૭; ૧૨). બે સ્ત્રીઓને આપેલો ફેંસલો (૧ રા. ૩; ૧૬-૨૮). તેના કારભારીઓ (૨ રા. ૪; ૧-૧૯. તેનું રાજ્ય (૧ રા. ૪; ૨૧). તેનું ડહાપણ તથા જ્ઞાન (૧ રા. ૪; ૨૯: ૫; ૧૨). તેનાં દૃષ્ટાંત (૧ રા. ૪; ૩૨). હીરામ સાથેનો સંબંધ (૧ રા. ૫. ૨ કાળ.

૨.) મંદિર બાંધ્યું (૧ રા. ૬ : ૭; ૧૩-૫૧. ૨ કાળ. ૩; ૪. પ્રે. કૃ. ૭; ૪૭). તેનું ઘર (૧ રા. ૭; ૧-૮). મંદિરની પ્રતિષ્ઠા (૧ રા. ૮. ૨ કાળ. ૫ : ૬ : ૭; ૧-૧૧). ગિબઓનમાં બીજું દર્શન (૧ રા. ૯; ૧-૯. ૨ કાળ. ૭; ૧૨-૨૨). તેનાં પહેલાં અર્પણો (૧ રા. ૯; ૨૫. ૨ કાળ. ૮; ૧૨). શેબાની રાણીની મુલાકાત (૧ રા. ૧૦; ૧-૧૩. ૨ કાળ. ૯; ૧-૧૨. માત્થી ૧૨; ૪૨. લુક ૧૧; ૩૧). પરદેશી સ્ત્રીઓ અને પરદેશી દેવો પર પ્યાર (૧ રા. ૧૧; ૧-૮). પ્રભુ તેની પાસેથી રાજ્ય લઇ લેશે (૧ રા. ૧૧; ૯-૧૩). તેના દુશ્મનો (૧ રા. ૧૧; ૧૪-૨૮). અહીયાહની ભવિષ્યવાત (૧ રા. ૧૧; ૩૦-૩૯). સુલેમાનનાં કૃત્યોનું પુસ્તક (૧ રા. ૧૧; ૪૧). તેનું મરણ (૧ રા. ૧૧; ૪૩. ૨ કાળ. ૯; ૩૧). શું સુલેમાને એ બાબત પાપ નહિ કર્યું? (નહે. ૧૩; ૨૬). સુલેમાનનાં દૃષ્ટાંત (દૃષ્ટાં. ૧; ૧. સુ. ગી. ૧; ૧). સુલેમાન પોતાના બધા વૈભવમાં (માત્થી ૬; ૨૯. લુક ૧૨; ૨૭). સુલેમાન કરતાં મોટો (માત્થી ૧૨; ૪૨. લુક ૧૧; ૩૧).

સુલેમાનનું ગીત—જેને ગીતોનું ગીત એવું નામ આપવામાં આવ્યું છે, એટલે બધા કરતાં ઉત્તમ કે શ્રેષ્ઠ ગીત. સુલેમાને ૧૦૦૫ ગીત રચ્યાં હતાં (૧ રા. ૪; ૩૨), તેમાં આ ગીત સૌથી શ્રેષ્ઠ હશે. આ ગીતમાં ઇશ્વરનું નામ આવતું નથી, પણ ઇશ્વર અને તેના વચ્ચે અને ખ્રીસ્ત તથા તેની મંડળી વચ્ચે કેવો શુદ્ધ સંબંધ અને પ્રેમ હોવો જોઇએ તેનો આબેહુબ ચિતાર ધણીધણીઆણીની પ્રીતિનું વર્ણન કરી દર્શાવવામાં આવ્યો છે. પવિત્ર શાસ્ત્રમાં પ્રભુ તેના લોકોનો ધણી, મંડળી ખ્રીસ્તની કન્યા, એવી વાત લખવામાં આવી છે (માત્થી ૯; ૧૫. એફે. ૫; ૨૩, ૨૭, ૨૯. પ્રક. ૧૯; ૭-૯: ૨૧; ૨: ૨૨; ૧૭), તેજ પ્રમાણે આ ગીતમાં પણ બતાવવામાં આવ્યું છે કે ખ્રીસ્ત અને તેની મંડળીમાં પરસ્પર આવો ગાઢો પ્રેમ હોવો જોઇએ (સરખાવો ગીત. ૪૫. યશા. ૫૪; ૪-૬૨; ૪, ૫. યિર્મે. ૨; ૨. હઝ. ૧૬. હોશી. ૨). અયૂબનું પુસ્તક દેખાડે છે કે સંકટ આવે ત્યારે પ્રભુને વળગી રહેવું, ત્યારે આ પુસ્તક એવું શીખવે છે કે જગતની સૌંદર્યતાથી મોહિત થઇ ખ્રીસ્તનો ત્યાગ કરવો નહિ. આ પુસ્તકનો જુવાન વર્ગમાં ગેરઉપયોગ ન થાય માટે યહુદીઓ ૩૦ વર્ષથી નાની વયના માણસોને વાંચવા દેતા ન હતા. એમાં મિસરના નિર્ગમનનું લાક્ષણિક રીતે વર્ણન કર્યું છે, એમ સમજીને પાસ્ખા પર્વને આઠમે દિવસે આ પુસ્તકને જાહેર સભામાં વાંચતા હતા.

સુલેમાનની પરશાળ (યોહા. ૧૦; ૨૩. પ્રે. કૃ. ૩; ૧૧: ૫; ૧૨). ઘણું કરીને મંદિરની પૂર્વમાં આ પરશાળ આવેલી હતી. તે પહેલા મંદિરના સંબંધે નહિ પણ હેરોદના મંદિરના સંબંધે અત્રે નોંધવામાં આવેલ છે.

સુસાન્ના = કમળ. જે સ્ત્રીઓ ઇસુની સેવા કરતી હતી તેમાંની એક હતી (લુક ૮; ૩).

સૂઆર = નાનું. યિસ્સાખાર કુળનો નથાનએલ સરદારનો પિતા (ગણ. ૧; ૮: ૨; ૫: ૭; ૧૮, ૨૩: ૧૦; ૧૫).

સૂઆહ = કચરો. (૧ કાળ. ૭; ૩૬).

સૂખાથી (૧ કાળ. ૨; ૫૫).

સૂફ = એક જાતનું ઘાસ. (૧) પુન. ૧; ૧ માં લાલ સમુદ્રને આ નામ આપવામાં આવ્યું છે (જુઓ લાલ સમુદ્ર). કેટલાકનું ધારવું એવું છે કે તે સમુદ્રની વાત નથી પણ જગ્યાની વાત છે (ગણ. ૨૧; ૧૪). બીજા કેટલાએક યહો. ૧૫; ૩ માં આક્રાબ્બીમ જેને એસ-સુફાહ કહે છે તેને સૂફ ધારે છે, અને બીજા કેટલાએક ૧ શમૂ. ૯; ૫ માં સમાયલું સૂફ ધારે છે, પણ હેબ્રીમાં યામ-સૂફ, એટલે લાલ સમુદ્ર અને તેનું ટુંકુ રૂપ સૂફ = સમુદ્ર છે; માટે તેમાં આપણે લાલ સમુદ્ર સમજવું. (૨) એક કહાથી લેવી આ નામનો હતો જે શમૂએલ અને એલ્કાનાહનો પૂર્વજ થાય

(૧ શમૂ. ૧; ૧. ૧ કાળ. ૬; ૩૫). (૩) શમૂએલનું વતનગામ રામાહ, જે પ્રદેશમાં તે આવેલું હતું તેને શમૂએલના પૂર્વજના નામ પરથી સૂફ નામ આપવામાં આવ્યું હશે (૧ શમૂ. ૯; ૫, ૬).

સૂફાહ (ગણ. ૨૧; ૧૪). મૃત સમુદ્રની અગ્નિકોણના ખુણા પર આ નામની કોઇ જગ્યા આવેલી હતી. આ નામ "યહોવાહના યુદ્ધગ્રંથ" માંથી ચુંટી કાઢેલા એક ગીતમાં દેખાય છે. ઘણું કરીને પ્રભુના લોકની જીતની યાદગીરીનાં કેટલાએક ગીતનો સંગ્રહ કરવામાં આવ્યો હશે (સરખાવો ગણ. ૨૧; ૧૪, ૧૭, ૧૮, ૨૭-૩૦).

સૂર = ખડક. (૧) હેબ્રી ભાષામાં તેને ત્સોર અને અંગ્રેજીમાં તેને ટાયર (Tyre) અને ગુજરાતીમાં તેને સૂર, સોર અને તૂર કહે છે. હાલ આ શહેરને એસ-સૂર કહે છે. સૂર એ ફેનીકીઓનું એક પુરાતન નગર હતું, જે આકરેની ઉત્તરમાં સીધી લીટીમાં ૨૩ માઇલ ઉપર અને સીદોનની દક્ષિણમાં ૨૦ માઇલ ઉપર આવેલું છે. પુરાતન વખતમાં આખી દુનિયાનું વેપારરોજગારનું મુખ્ય મથક આ શહેર ગણાતું હતું, જે વિષે કહેવામાં આવ્યું છે કે "મુગટ પહેરાવનાર સૂર, જેના વેપારીઓ સરદાર હોય છે, અને જેના સોદાગરો પૃથ્વીના માનવંતા હોય છે." સીદોન જો કે ફેનીકીઓનું સૌથી પ્રાચીન શહેર હતું પણ સૂર ઇતિહાસ પ્રકરણમાં જાણવાજોગ શહેર હતું. સૂરના વેપારીઓએ પહેલવહેલાં ભૂમધ્ય સમુદ્રમાં મુસાફરી કરી ઇજીઅન સમુદ્રના કાંઠા ઉપર આવેલા સંસ્થાનો તથા ટાપુઓ, આફ્રિકા ખંડના ઉત્તર કિનારા પરનાં કાર્થેજ તથા બીજી જગ્યાઓ અને સિસિલી, સ્પેન વિગેરે જગ્યાઓમાં પોતાનાં થાણા સ્થાપ્યાં. યુરોપ ખંડ કેટલીએક અગત્યની બાબતમાં ફેનીકીઓનો દેવાદાર છે. જેમકે હુન્નરકળા વિષે તથા મૂળાક્ષરો વિષે. દાઉદ અને સુલેમાનના વખતમાં સૂરના રહેવાસીઓને ઇસ્રાએલીઓ વચ્ચે મિત્રચારી ચાલતી હતી, કેમકે ફેનીકીઓનો રાજા હીરામ તે દાઉદ અને સુલેમાન રાજાનો દોસ્ત હતો (૨ શમૂ. ૫; ૧૧. ૧ રા. ૫; ૧. ૨ કાળ. ૨; ૩). શહેર બે ભાગમાં વહેંચાયલું હતું, એક ભાગ જમીન ઉપર આવેલો હતો અને ત્યાં મજબુત કિલ્લો હતો, અને બીજો ભાગ કિનારા પરના એક ટાપુ ઉપર બાંધવામાં આવ્યો હતો, જે કિનારાથી આશરે અર્ધો માઇલ દૂર હતો. જમીન પર આવેલા શહેરના ભાગને પુરાતન સૂર કહેતા હતા. ટાપુ પર બાંધવામાં આવેલ શહેર અને કિનારા પરના શહેર વચ્ચે સીધો વહેવાર ચલાવવાને હીરામ રાજાએ એક પૂલ બાંધ્યો હતો, અને એમ આખા શહેરનો ઘેરાવો આશરે પાંચ માઇલનો હતો. કિનારા પર આવેલા શહેરને આશ્શૂરના રાજા શાલ્માનેસેરે પાંચ વર્ષ ઘેરો ઘાલ્યો પણ તેમાં તેને જાહેર ફતેહ મળી નહિ. આ શાલ્માનેસેરને ફેનીકીઓ, જેઓ દરિયા કાંઠાની જમીન પરના શહેરમાં રહેતા હતા તેઓએ પાંચ વર્ષ અને નબૂખાદનેસ્સારે તેર વર્ષ મદદ આપી હતી. તોપણ તે ફેનીકીઓ પર પુરી રીતે જય પામ્યો નહિ. પણ ત્યાર પછી સાત માસનો ઘેરો ઘાલ્યા પછી મહાન સિકંદરે તે શહેર જીતી લીધું, તોપણ ખ્રીસ્તી સન સુધી વેપારરોજગારમાં આ શહેર આબાદ હતું (માત્થી ૧૧; ૨૧. પ્રે. કૃ. ૧૨; ૨૦). આખરે ઇ. સ. ૧૨૯૧ માં તેનો નાશ કરવામાં આવ્યો, અને ત્યારથી ખંડિયેરાવસ્થામાં આવી પડયું. સૂર એ ફેનીકીઓના હેરક્યુલસ દેવતાનું મુખ્ય સ્થાન હતું. ત્યાંની મૂર્તિપૂજા અને ભુંડાઇ વિષે ભવિષ્યવાદીઓ વખતો વખત ઠપકો આપે છે; અને આખરે તેના સંપૂર્ણ નાશ વિષે પણ ભવિષ્ય કહેવામાં આવ્યું (યશા. ૨૩; ૧. યિર્મે. ૨૫; ૨૨. હઝ. ૨૬; ૭-૪: ૨૭; ૨: ૨૮; ૨. આમો. ૧; ૯, ૧૦. ઝખ. ૯; ૨-૪). હાલ શહેરના ખંડિયેર આગળ ૩,૫૦૦ માણસ રહે છે, જેઓ વેપારરોજગારમાં તથા વિદ્યાકળામાં પછાત પડેલા દેખાય છે. મિસરની સાથે તમાકુ વિગેરેનો

નાના પાયા ઉપર કેટલોક વેપાર ચાલે છે. હાલ શહેર એસ-સૂર નામથી ઓળખાય છે. બંદર પુરાતન શહેરના ખડિયેરથી બધું પુરાઇ ગયું છે. અને નવા એસ-સૂર શહેરથી આશરે એએક માઇલ ઉપર પુરાતન સૂર શહેરનાં ખડિયેરો જોવામાં આવે છે. સ્તેફનના મરણ પછી આ શહેરમાં મંડળી સ્થાપન થઇ હતી, અને પાઉલ પોતાની ત્રીજી મુસાફરીમાં વહાણનો માલ ત્યાં ઉતારવાનો હતો માટે તુર (સૂર) માં ઉતર્યો. અને પાઉલ કહે છે કે અમને શિષ્યો મળ્યા માટે સાત દિવસ ત્યાં રહ્યા (પ્રે. કૃ. ૨૧; ૪). અને અમને વિદાય કરવાને "સર્વ બાયડી છોકરાં સુદ્ધાં, શહેર બહાર સુધી અમને વળાવવા આવ્યાં અને અમે સમુદ્રકાંઠે ઘૂંટણ ટેકવીને પ્રાર્થના કરી અને એક બીજાને ભેટીને અમે વહાણમાં બેઠા." સૂર-મજબૂત શહેર (યહો. ૧૯; ૨૯). સૂરનો રાજા (૨ શમૂ. ૫; ૧૧. ૧ કાળ. ૧૪; ૧). હીરામ સાથે સુલેમાનની મિત્રાચારી (૧ રા. ૫; ૧. ૨ કાળ. ૨; ૩). સૂરના મજબૂત કિલ્લા (૨ શમૂ. ૨૪; ૭). તેનો ઘેરો (યશા. ૨૩). હેબ્રાં ગુલામો (યોએ. ૩; ૪-૮. આમો. ૧; ૯). તેનો નાશ (યિર્મ. ૨૫; ૨૨: ૨૭; ૩: ૪૭; ૪. હઝ. ૨૬: ૨૭; ૨, ૩, ૮, ૩૨: ૨૮; ૨, ૧૨: ૨૯; ૧૮. ઝખ. ૯; ૨, ૩. જુઓ એઝ. ૩; ૭. નહે. ૧૩; ૧૬. ૧ રા. ૭; ૧૩, ૧૪: ૯; ૧૧, ૧૨. ગીત. ૪૫; ૧૨: ૮૩; ૭: ૮૭; ૪. હોશિ. ૯; ૧૩. ઝખ. ૯; ૨, ૩. માત્થી ૧૧; ૨૨. માર્ક ૩; ૮: ૭; ૨૪, ૩૧. લુક ૬; ૧૭: ૧૦; ૧૩, ૧૪. પ્રે. કૃ. ૧૧; ૨૦: ૨૧; ૩, ૭). (૨) સૂર = ખસેડવું. (૨ રા. ૧૧; ૬). આ નામનો ઘણું કરીને મંદિરનો એક દરવાજો હતો. (૩) મિદ્યાની પાંચ રાજાઓમાંનો એક કોઝબીનો પિતા (ગણ. ૩૧; ૮: ૨૫; ૧૫. યહો. ૧૩; ૨૧). (૪) યેઇએલના પુત્રોમાંનો એક (૧ કાળ. ૮; ૩૦: ૯; ૩૬).

સૂરીએલ = દેવનો પર્વત. નિર્ગમનના વખતમાં મરારી કુટુંબનો એક મુખ્ય પુરૂષ હતો (ગણ. ૩; ૩૫).

સૂરીશાદાય = સર્વશકિતવાનનો ખડક. ઇસ્રાએલીઓએ જ્યારે સિનાય આગળ છાવણી કરી ત્યારે શિમઓનીઓનો મુખ્ય સૂરીશાદાયનો પુત્ર શલુમીએલ હતો (ગણ. ૧૬; ૨-૧૨: ૭; ૩૬, ૪૧: ૧૦; ૧૯).

સૂસી = સ્વાર. બાર જાસુસોમાંના એક ગાદીનો પિતા. તે મનાશ્શેહ કુળનો હતો (ગણ. ૧૩; ૧૧).

સેઇર = ખરબચડું. (૧) અદોમનો એક સરદાર જે હોરી હતો (ઉત્પ. ૩૬; ૨૦, ૨૧. ૧ કાળ. ૧; ૩૮). (૨) અદોમીઓના એક પહાડી પ્રદેશને આ નામ આપવામાં આવ્યું હતું. અરાબાહની પૂર્વે મૃત સમુદ્રની દક્ષિણ સરહદથી તે અકાબાહના અખાત સુધીના પ્રદેશને એ નામ આપવામાં આવ્યું હતું. પુરાતન વખતમાં તે દેશ હોરીઓના કબજામાં હતો (ઉત્પ. ૧૪; ૬), પણ પાછળથી અદોમીઓએ તેમને હાંકી કાઢયા અને દેશ પોતાને કબજે કીધો (ઉત્પ. ૩૨; ૩: ૩૩; ૧૪, ૧૬), અને ત્યાર પછી તે દેશ એસાવપુત્રોને આપવામાં આવ્યો. હતો (પુન. ૨; ૪, ૨૨. યહો. ૨૪; ૪. ૨ કાળ. ૨૦; ૧૦. યશા. ૨૧; ૧૧. હઝ. ૨૫; ૮). આ દેશની રાજધાનીનું શહેર સેલા હતું. સેઇર—હોરીઓ ત્યાં રહેતા હતા (ઉત્પ. ૧૪; ૬). સેઇર એસાવના વંશજોને અપાયો (ઉત્પ. ૩૬; ૮, ૯, ૩૦. પુન. ૨; ૫. યહો. ૨૪; ૪). યાકુબ તેમાં થઇને ગયો (ઉત્પ. ૩૨; ૩: ૩૩; ૧૪, ૧૬). ઇસ્રાએલીઓ તેમાં થઇને ગયા (પુન. ૧; ૪૪: ૨; ૧. ૨ કાળ. ૨૦; ૧૦). જુઓ ગણ. ૨૪; ૧૮. પુન. ૧; ૨: ૩૩; ૨. યહો. ૧૧; ૧૭: ૧૨; ૭. ન્યા. ૫; ૪. ૧ કાળ. ૪; ૪૨. ૨ કાળ. ૨૦; ૨૨, ૨૩: ૨૫; ૧૧. યશા. ૨૧; ૧૧. તે વિષે ભવિષ્ય (હઝ. ૨૫; ૮: ૩૫). (૩) આ

નામની પહાડોની એક ધાર આવેલી હતી (ઉત્પ. ૩૨ ; ૩ માં આવે છે તે નહિ), જે આલી અને ધુરાબ નહેરતી વચ્ચે આવેલ છે (યહો. ૧૫ ; ૧૦).

સેઇરાહ = ખરબચડો પ્રદેશ. એફ્રાઇમના પહાડી મુલકમાં આવેલ એક જગ્યા હતી. એહૂદે મોઆબના રાજા એગ્લોનને મારી નાખ્યો ત્યારે એહૂદ નાસીને અહીં ભરાયો હતો (ન્યા. ૩ ; ૨૬, ૨૭).

સેઓરીમ = જવ. યાજકોની ચોથી વારાટોળીનો મુખ્ય માણસ હતો (૧ કાળ. ૨૪ ; ૮).

સેકુંદસ = બીજો. થેસ્સાલોનીકીનો ખ્રીસ્તી કે જે પાઉલની સાથે બીજા ભાઇઓ સાથે મળી આશીઆ લગી આવ્યો હતો (પ્રે. કૃ. ૨૦ ; ૪).

સેનેહ = પહાડના કાંટા. મિખ્માશ ખીણની એક કઢણને આ નામ આપવામાં આવ્યું છે, કે જે ઉપર થઇને યોનાથાન તેના શસ્ત્રધાર સાથે પલિસ્તીઓની છાવણીમાં ગયો હતો (૧ શમૂ. ૧૪ ; ૪). ખાઇની સામી બાજુ બોસેસની કઢણ આવેલી હતી (જુઓ મિખ્માશ).

સેમઇન = સારી કીર્ત્તિ. આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તની વંશાવળીમાં આ નામ આપવામાં આવ્યું છે (લુક ૩ ; ૨૬).

સેર = ચકમકનો પત્થર (?). નાફતાલીપુત્રોનાં ૧૯ નગરોમાંનું એક હતું (યહો. ૧૯ ; ૩૫).

સેરાહ = શાહજાદી. યાકુબના પુત્ર આશેરની દીકરી (ઉત્પ. ૪૬ ; ૧૭. ગણ. ૨૬ ; ૪૬. ૧ કાળ. ૭ ; ૩૦).

સેરેથ = સોનું (?). (૧ કાળ. ૪ ; ૭).

સેરેથ-શાહાર = પ્રભાતનો પ્રકાશ. રેઉબેનપુત્રોના વતનની સરહદ પરનું "ખીણના પર્વત પરનું" શહેર હતું (યહો. ૧૩ ; ૧૯). હાલ તે 'ઝારા'ના ખંડિયેરથી ઓળખાય છે, જે મૃત સમુદ્રના પૂર્વ કિનારા પર આવેલ છે.

સેરેદ = બીક. ઝબુલૂનના દીકરાઓમાંનો એક સેરેદ હતો, અને તેના કુટુંબને સેરેદીઓ કહેતા હતા (ઉત્પ. ૪૬ ; ૧૪. ગણ. ૨૬ ; ૨૬).

સેલા = ખડક. અદોમની રાજધાનીનું શહેર હતું. તે એક મોટી ખીણ જે મૃત સમુદ્રથી લાલ સમુદ્ર સુધી ગએલ હતી તે ઉપર વસાવેલું હતું (૨ રા. ૧૪ ; ૭). ન્યા. ૧ ; ૩૬ માં તેને ખડક નામ આપવામાં આવ્યું છે. સેલાને હાલ 'પેતરા' કહે છે, અને તેનો અર્થ પણ ખડક એવો થાય છે. આ શહેર ખડકમાં બાંધેલું હોવાથી ઘણું મજબૂત હતું, તોપણ અમાસ્યાહે પરમેશ્વરની મદદથી તેને જીતી લીધું અને તેનું નામ યોક્તએલ એટલે પરમેશ્વરે દબાવ્યું એવું પાડયું (૨ રા. ૧૪ ; ૭). તેના નાશ વિષે ભવિષ્યવાત (યશા. ૧૬ ; ૧. ઓબા. ૩.). સિકંદર પછી ગાદીએ બેસનાર આન્ટિગોનસે આ શહેર પર બે ત્રણ વાર ચઢાઇ કરી હતી પણ તેમાં તે હારી ગયો હતો. ત્યાર પછી ૩૦૦ વર્ષ બાદ આ શહેર રૂમીઓને તાબે થયું હતું. શહેરના રહીશો વેપારી વર્ગના હોઇ ઘણા દોલતમંદ હતા. ઇ. સ. ૧૮૧૨ અને ૧૮૨૮ માં શોધ કરનાર વિદ્વાનો ત્યાં ગયા અને તે શહેરની ગુપ્ત રહેલી વાત તેમણે આ પ્રમાણે પ્રગટ કરી છે. "અરણ્યમાં મુસાફરી કરી પહાડની એક સાંકડી ગલીમાં થઇને આ શહેરનાં અજાયબ જેવાં ખંડિયેરોમાં દાખલ થવાય છે. પત્થરોમાં ખોદી કાઢેલાં મકાનો તથા મંદિરો જોનારને હેરત પમાડે છે. બીજું, ખડકના પત્થરો રંગબેરંગી હોવાથી શહેરનો દેખાવ એક બગીચા સમાન સુંદર દેખાય છે."

સેલાહ (૧) આ શબ્દ વખતો વખત ગીતશાસ્ત્રમાં તથા હબા. ૩ ; ૯, ૧૩ માં આવે છે, અને એ પ્રમાણે શાસ્ત્રમાં આશરે ૭૪ વખત આ શબ્દ વાપરવામાં આવ્યો છે. તેના અર્થ વિષે વિદ્વાનોમાં જુદા જુદા વિચાર ચાલે છે. કદાપિ વાજું વગાડનારને માટે હુકમ હતો કે, તેઓ જોરથી વગાડે કે થોડી વાર થોભે કે બંધ રાખે. (૨) બિન્યામીનપુત્રોના વતનમાં આ નામનું એક શહેર આવેલું હતું (યહો. ૧૮ ; ૨૮).

સેલા-હામ્માહલકોથ = બચાવનો ખડક. હખીલાહ તથા માઓનની વચ્ચે આવેલી એક સાંકડી ગલીને આ નામ આપવામાં આવ્યું છે, જે હેબ્રાનની અગ્નિકોણમાં આવેલ છે. હાલમાં આ ગલી 'મલાકી' નામથી ઓળખાય છે. આ ખીણની એક બાજુ દાઉદ અને બીજી બાજુ શાઉલે ઉભા રહી જે વાત કરી તે ૧ શમૂ. ૨૬; ૧૩ માં આવે છે.

સેલેક. સેલેક આમ્મોની દાઉદના ૩૭ યોદ્ધાઓમાંનો એક હતો (૨ શમૂ. ૨૩; ૩૭).

સેલેદ = અત્યાનંદ. યહુદાહવંશી નાદાબનો પુત્ર (૧ કાળ. ૨; ૩૦).

સેલ્સાહ = છાંયો. શમૂએલે શાઉલનો જેમ રીતે અભિષેક કરી જ્યારે તેને વિદાય કર્યો ત્યારે પહેલી નિશાણી એ બતાવવામાં આવી કે બિન્યામીનની સીમમાં સેલ્સાહ પાસે રાહેલની કબર નજદીક તને બે માણસ મળશે (૧ શમૂ. ૧૦; ૨), એ પરથી જણાય છે કે આ જગ્યા બિન્યામીનના વતનમાં આવેલી હતી.

સૈખાર = જુઠો કે છાકટો (યશા. ૨૮; ૧,૭). સૈખાર તે શખેમ છે (જુઓ શખેમ). હાંસિયામાં શખેમને સૈખાર નામ આપવામાં આવ્યું છે, પણ કોઇ વિદ્વાનો એમ ધારે છે કે શખેમમાં પાણીના પુષ્કળ ઝરા આવેલા હતા, અને સમરૂની સ્ત્રી એટલે દૂર એવા ઉંડા કુવામાં પાણી ભરવા ગઇ હોય તે બહુ સંભવિત નથી, તેથી કરીને એવો ખુલાસો કરે છે કે હાલ 'આસ્ખાર' નામનું એક અમોરીઓનું નાનું ગામ એબાલની દક્ષિણ ગમ, સરહદ પર યાકુબના કુવાની ઉત્તરમાં, આશરે એક માઇલ પર આવેલ છે તે પુરાતન સૈખાર હશે (યોહા. ૪; ૫).

સો = મિસરી ભાષાના સાવાક (મગરના માથા વાળો દેવતા) શબ્દને હેબ્રીમાં સો કહે છે. આ નામનો મિસરનો એક રાજા હતો. ઇસ્રાએલના રાજા હોશીઆએ જ્યારે આશૂરના રાજા શાલ્માનેસેર સામે દંગો કર્યો ત્યારે તેણે મિસરના રાજા સોની મદદ માગી હતી (૨ રા. ૧૭; ૪). આશૂરી લેખોમાં તેને બાદશાહ નહિ પણ સરદાર કહે છે, અને જે વખતે હોશીઆએ તેની મદદ માગી તે વખતે માત્ર તે ઇથિઓપીઆનો રાજા હતો, પણ ત્યાર પછી તે આખા મિસર દેશનો બાદશાહ થયો.

સોઆન = નીચ પ્રદેશ. ઇબ્રાહીમના વખતમાં ઇ. સ. પૂ. ૧૫૦૦ માં હેબ્રાન મશહુર શહેર ગણાતું હતું (ઉત્પ ૧૩; ૧૮), અને આ શહેર બંધાયા પછી સાત વર્ષે મિસર દેશમાં નીલ નદીની પૂર્વ શાખા ઉપર આ શહેર બાંધવામાં આવ્યું. તેને યુનાનીઓ 'તાનીસ' કહેતા હતા (ગણ. ૧૩; ૨૨). આ શહેર તે ભરવાડ વંશના હિકસોસ બાદશાહો કે જેઓએ મિસર દેશ ઉપર ૫૦૦ વર્ષ રાજ્ય કીધું તે વંશની રાજધાનીનું શહેર હતું. તે ગોશાન પ્રાંતની સરહદ પર આવેલું હતું. મુસા તથા હારૂનના વખતમાં આ શહેરમાં ફારૂન રાજાની કચેરી હતી. આજ સુધી સોઆન શહેરની કંઇ નિશાણી જોવામાં આવતી નથી, કારણ કે એક પછી એક શહેર ઉપલા શહેરના ખંડિયેર ઉપર બાંધવામાં આવ્યાં છે. ખંડિયેરનો એક ઢગ હજી સુધી જોવામાં આવે છે, તે પુરાતન સોઆન હશે (યશા. ૧૯; ૧૧, ૧૩: ૩૦; ૪. હઝ. ૩૦; ૧૪). સોઆનનું ક્ષેત્ર (ગીત. ૭૮; ૧૨, ૪૩), કે જે એક વખતે એવું ફળદ્રુપ મેદાન ગણાતું કે જેને યહોવાહની વાડી કહેતા, તે હાલ વેરાન થઇ તે ઉપર એક સરોવર આવેલું છે.

સોઆર = નાનું. મૃત સમુદ્રની પૂર્વમાં આવેલું એક શહેર હતું. લોટ તથા તેની દીકરીઓ સદોમથી નાસીને આ શહેરમાં ગયાં હતાં (ઉત્પ. ૧૯; ૨૨, ૨૩. પુન. ૩૪; ૩). તેનું પુરાતન નામ બેલા હતું (ઉત્પ. ૧૪; ૨.૮). તેના વિષે યશા. ૧૫; ૫ અને યિર્મે. ૪૮; ૩૪ માં ભવિષ્ય કહે છે. હાલ આ શહેરનું ખંડિયેર કેરાકના કોતરના મુખ પાસે જોવામાં આવે છે. ૨ રા. ૩ માં કીર-

મોઅબ વિષે જે વાત આવે છે તે હાલનું 'ટેલ-એશ-શાઘુર' હશે.

સોખો = કિલ્લાબંધ. યહુદાહપુત્રોમાંના હેબેરનો પિતા (૧ કાળ. ૪; ૧૮).

સોખોહ = કિલ્લાબંધ. સોખોહ (યહો. ૧૫; ૩૬. ૧ શમૂ. ૧૭; ૧. ૧ રા. ૪; ૧૦). સોખો (૨ કાળ. ૧૧; ૭: ૨૮; ૧૮). આ નામનું યહુદાહના નીચાણમાં એક શહેર આવેલું હતું. પલિસ્તીઓએ યહુદાહ વિરૂદ્ધ મિખ્માશની લડાઇ કરી તે પહેલાં ત્યાં છાવણી કરી હતી, તેમાં ગોલ્યાથ કતલ થયો હતો. એલાહના નીચાણની ઉત્તર સરહદ પર તે આવેલ હતું. હાલ તે 'ખુરએત-શુવેઇકેહ' નામથી યરૂશાલેમથી આશરે ૧૪ માઇલ દૂર પુરાતન સોખોહ નામથી ઓળખાય છે.

સોટાય = રસ્તેથી ખસી જનાર. (એઝ. ૨; ૫૫. નહે. ૭; ૫૭).

સોદી = ઓળખાણ. ઝબુલૂનકુળમાંથી જાસુસ તરીકે જેને પસંદ કરવામાં આવ્યો હતો તે ગાદીએલનો પિતા (ગણ. ૧૩; ૧૦).

સોપાતર = બચાવનાર બાપ. ઘણું કરીને રૂમી. ૧૬; ૨૧ માં જે સોસીપાતર નામનો પાઉલનો સંબંધી હતો, તેજ આ સોપાતર હશે (પ્રે. કૃ. ૨૦; ૪, ૬). બેરીઆના એક શહેરનો ખ્રીસ્તી હતો. તે પાઉલની સાથે આશીઆ સુધી ગયો હતો.

સોફાય = મધપુડો. લેવીપુત્રોમાંનો એક (૧ કાળ. ૬; ૨૬).

સોફાર = બકનાર. અયૂબના ત્રણ મિત્રોમાંનો એક હતો, તે નાઅમાથી કહેવાય છે (અયૂ. ૨; ૧૧: ૧૧; ૧: ૨૦; ૧: ૪૨; ૯), એટલે નાઅમાનો રહીશ. પણ આ નાઅમા નામની જગ્યા ક્યાં હતી તે માલમ નથી, પણ યરદનના પૂર્વ કાંઠા ઉપર કોઇ જગ્યાએ તે આવેલ હશે. યહો. ૧૫; ૪૧ માં આ નામની એક જગ્યાનું નામ આવે છે, જ્યાં તેને નાઅમાહ કહે છે, પણ તે અયૂબના મિત્રનું ગામ નહિ હોય. આ માણસે અયૂબ સાથે બે વાર ભાષણ કીધું, પણ ત્રીજીવાર તે બીજા બેની સાથે હાજર ન હતો (અયૂ. ૯; ૧-૨૦: ૨૦; ૧-૨૯).

સોફાહ = ફેલાવવું. આશેરપુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૩૫, ૩૬).

સોફીમ = તપાસ રાખનારનું ખેતર. મોઆબમાં પિસ્ગાહના શિખર ઉપર આવેલી એક જગ્યાને આ નામ આપવામાં આવ્યું છે (ગણ. ૨૩; ૧૪). અહીં બાલાકે બલઆમને ઇસ્રાએલીઓને શાપ દેવા ઉભો કીધો પણ તેણે તેમને આશીર્વાદ દીધો. હાલ આ જગ્યાને 'તાલાત-એસ્સ-સફા' કહે છે.

સોફેરેથ = શાસ્ત્રી. ગુલામગીરીમાંથી જેઓ પાછા આવ્યા તેઓમાંનું એક કુટુંબ (નહે. ૭; ૫૭. એઝ. ૨; ૫૫).

સોબાહ = વાવણી (?). પાલેસ્તાઇનની ઇશાન કોણમાં સીરીયાની ઉત્તરગમ આ નામનું એક નાનું અરામી રાજ્ય આવેલું હતું. દાઉદ અને શાઉલ આ રાજ્યના રાજા સામે લડ્યા હતા (૧ શમૂ. ૧૪; ૪૭. ૨ શમૂ. ૮; ૩: ૧૦; ૬: ૨૩; ૩૬. ૧ રા. ૧૧; ૨૩. ૧ કાળ. ૧૮; ૫, ૯: ૧૫; ૬. ૨ કાળ. ૮; ૩). આ વખતે હદાદએઝેરને બારે હાર ખવાડી તેને હરાવ્યો હતો, અને એ વખતે લૂંટમાં ૭૦૦ સ્વારો અને ૨૦ હજાર પાયદળ લીધા હતા. દમસ્કના અરામીઓ તેને મદદ કરવા આવ્યા ત્યારે દાઉદે તેમનાં ૨૨ હજાર માણસ માર્યાં અને હદાદએઝેરના ચાકરોની સોનાની ઢાલો લઇને દાઉદ યરૂશાલેમ આવ્યો હતો (૨ શમૂ. ૮).

સોબેબાહ = ધીમે ધીમે ચાલવું. યહુદાહપુત્રોમાંનો એક (૧ કાળ. ૪; ૮).

સોરઆથી. યહુદાહનું કુટુંબ જે ઘણું કરીને સોરાહમાં રહેતું હતું તે (૧ કાળ. ૨; ૫૩).

સોરઇઓ. સોરાહના રહીશ (?). (૧ કાળ. ૨; ૫૪).

સોરાહ = પ્રમાણિકનો માળો. યહુદાહના નીચ પ્રદેશમાં આવેલું એક શહેર હતું. તે દાન કુળને આપવામાં આવ્યું હતું (યહો. ૧૯; ૪૧. ન્યા. ૧૮; ૨. યહો. ૧૫; ૩૩. નહે.

૧૧ ; ૨૯). સોરાહ શામશૂનની જન્મભૂમિ હતી (ન્યાયા. ૧૩ ; ૨, ૨૫). વળી દાનકુળના માણસોએ અહીંથી જાસુસો મોકલ્યા હતા (ન્યા. ૧૮ ; ૨, ૮, ૧૧). આ શહેર રહોબઆમે આબાદ અને કિલ્લાબંધ કીધું હતું (૨ કાળ. ૧૧ ; ૧૦), અને બંદિવાસથી પાછા આવેલાઓ આ શહેરમાં વસ્યા હતા (નહે. ૧૧ ; ૨૯). હજી સુધી આ શહેર હેયાત છે, તે યરૂશાલેમથી આઠ માઇલ પશ્ચિમમાં આવેલું છે અને 'સુરાહ' નામથી ઓળખાય છે.

સોરેક = મનપસંદ દ્રાક્ષરસ.

સોસીપાતર. જુઓ સોપાતર (રૂમી.૧૬;૨૧).

સોસ્થેનેસ = બળમાં નિપુણ. કરીંથના સભાસ્થાનનો તે આગેવાન હતો. જ્યારે રૂમી હાકેમ ગાલીઓએ પાઉલને છોડી મૂક્યો (પ્રે. કૃ. ૧૮ ; ૧૨–૧૭) ત્યારે તે માણસોએ સોસ્થેનેસને કહ્યું કે તું આગળ કેસ ચલાવ, પણ તેણે માન્યું નહિ માટે ન્યાયાસન આગળ તેને માર્યો. આ સોસ્થેનેસ અને ૧ કરીં. ૧ ; ૨ માં પાઉલ જેને "ભાઇ સોસ્થેનેસ" કહે છે તે બન્ને એક ને એકજ માણસ હતા એવું માનવાને કંઇ કારણ હાથમાં આવતું નથી.

સોહાર = પ્રકાશિત. (૧) હિત્તી એફ્રોનનો પિતા, જે એફ્રોન પાસેથી ઇબ્રાહીમે માખ્પેલાહની ગુફા વેચાતી લીધી હતી (ઉત્પ. ૨૩ ; ૮ : ૨૫ ; ૯). (૨) શિમઓનનો પુત્ર (ઉત્પ. ૪૬ ; ૧૦. નિર્ગ. ૬ ; ૧૫).

સ્કુથી (કલો. ૩ ; ૧૧). પુરાતન વખતમાં આશીઆમાં કાળા સમુદ્ર અને કાસ્પીઅન સમુદ્રની ઉત્તર ગમ આમતેમ ભટકનારી કેટલીએક કોમ રહેતી હતી, તેમને ઘણું કરીને સ્કુથી લોક ધારવામાં આવે છે. તેઓ યાફેથ વંશના લોક હતા (ઉત્પ. ૯ ; ૨૭). પ્રેરિતોના જમાનામાં તેઓમાંના કેટલાએક ખ્રીસ્તી મંડળીમાં દાખલ થયા હતા (કલો. ૩ ; ૧૧). યુસેફસ ઇતિહાસકના ધારવા પ્રમાણે તેઓ માગોગ કોમ છે (હઝ. ૩૮ ; ૨ : ૩૯ ; ૬. જુઓ માગોગ). હીરોડોટસના બ્યાનથી માલમ પડે છે કે ઇ. સ. પૂ. ૬૦૦ માં આ બળવાન કોમે મિસર દેશ પર હુમલો કીધો પણ તેમાં તેઓ હારી ગયા, અને દંતકથા એવી છે કે મિસર દેશથી પાછા વળતાં તેઓએ કનાન દેશને વેરાન કર્યો, અને બેથશાન શહેરને તેઓએ આબાદ કર્યું. અને કેટલાક વિદ્વાનો માને છે કે તેઓએ ત્યાર પછી પોતાના નામ પરથી તે શહેરનું નામ 'સ્કીથીઓપોલીસ' પાડ્યું.

સ્કેવા = સાધન. એફેસસમાં એક યહુદી મુખ્ય યાજક હતો. લેવીના ઘરની ચોવીસ વારાટોળીઓમાંની એકનો તે મુખ્ય હતો, તેને સાત છોકરા હતા (પ્રે. કૃ. ૧૯ ; ૧૩–૧૬). તેઓ અશુદ્ધ આત્માઓને ઇસુ કે જેને પાઉલ પ્રગટ કરે છે તેના નામથી દુવાઇ દેવા લાગ્યા. તેમાં તેઓ નિષ્ફળ થયા અને ઉલટું અશુદ્ધ આત્મા કહેવા લાગ્યો કે, "ઇસુને હું જાણું છું ને પાઉલને હું ઓળખું છું પણ તમે કોણ છો?" અને ઉલટા અશુદ્ધ આત્માએ તેમને પોતાને હેરાન કર્યા (પ્રે. કૃ. ૧૯ ; ૧૩–૨૦).

સ્તખુસ = કણસલું. રૂમનો ખ્રીસ્તી જેને પાઉલ સલામ મોકલે છે (રૂમી. ૧૬ ; ૯).

સ્તેફન = મુગટ. (૧) કરીંથની મંડળીનો એક સભાસદ હતો, તેનું તથા તેના કુટુંબનું બાપ્તિસ્મા પાઉલથી થયું હતું (૧ કરીં. ૧ ; ૧૬ : ૧૬ ; ૧૫, ૧૭). કેટલાએક એના વિષે એવું ધારે છે કે તે ફિલિપીનો દારોગો હશે (પ્રે. કૃ. ૧૬ ; ૩૩). કરીંથીઓનો પહેલો પત્ર ફિલીપીથી દારોગાના ખ્રીસ્તી થયા પછી છ વર્ષે લખવામાં આવ્યો છે, અને તે વખતે ફિલીપીનો દરોગો પાઉલની સાથે ફિલીપી શહેરમાં હતો, તેથી ઉપલી વાતને આ વાત ટેકો આપે છે. (૨) સાત સેવકોમાંનો એક હતો. ખ્રીસ્તને માટે પહેલામાં પહેલો જીવાર્પણ કરનાર તે હતો. તેનું અંગત જીવનચરિત્ર અને ઇતિહાસ પ્રે. કૃ. ૬ ઠા અધ્યાયમાં આપવામાં આવ્યું છે.

પોતાના સતાવનારાઓને માટે પ્રાર્થનાના શબ્દો તેના મુખમાં હતા, એવામાં સતાવનારાઓએ તેને મારી નાખ્યો (પ્રે. કૃ. ૭; ૬૦); અને ત્યાર પછી ધાર્મિક પુરૂષોએ સ્તેફનના શબને દાટી તેને માટે ઘણો વિલાપ કીધો (પ્રે. કૃ. ૮; ૨). જે લોકો સ્તેફનને મારવાનું ઘાતકી કામ કરતા હતા તેમના લુગડાં સાચવવાનું કામ તે વખતે તાર્શીશના શાઉલે કર્યું હતું (સરખાવો પુન. ૧૭; ૫–૭). અને તે વાત શાઉલ ખ્રીસ્તી થયા પછી પોતે કબુલ કરે છે (પ્રે. કૃ. ૨૨; ૧૯, ૨૦). સુવાર્તા તે સાર્વજનિક છે એવું પહેલામાં પહેલું ભાષણ તે સ્તેફનનું છે, જે લાંબું ભાષણ પ્રેરિતોના કૃત્યમાં આપવામાં આવ્યું છે. તેના શબને ક્યાં દાટવામાં આવ્યું તે માલમ નથી; એમ છતાં પાંચમા સૈકામાં તે વિષે કેટલીક દંતકથા ચાલવા લાગી અને તેની કબરની માટી વહેમી લોકમાં ઘણીજ પવિત્ર ગણાવા લાગી. યહુદીઓને કોઇ પણ માણસને મારી નાખવાની સત્તા ન હતી, પણ હાકેમની ગેરહાજરીમાં યહુદીઓએ હુલ્લડ કરી આ ખુન કીધું હતું એવું સાફ જણાય છે. સ્તેફન પોતે હેલેની હતો અને સાત સેવકોમાંનો એક છતાં સુવાર્તા પ્રગટ કરવાનું કામ પણ કરતો હતો. સ્તેફન સેવક – સાતમાંનો એક (પ્રે. કૃ. ૬; ૫). તેણે અદ્દભૂત કામો તથા ચમત્કારો કર્યા (૬; ૮). લીબેરતીઓ વિગેરે સાથે વાદવિવાદ (૬; ૯–૧૪). તેનું ભાષણ (૬; ૫૪–૬૦). શાઉલના પગ આગળ કપડાં મુકવામાં આવ્યાં (૬; ૫૮: ૨૨; ૨૦). તેનું દફન (૮; ૨). તે વખતની સતાવણીથી વેરાઇ ગએલા (૧૧; ૧૯).

સ્તોઇકી = પરસાળ. આથેન્સના યુનાની તત્ત્વવેત્તાઓના એક પંથને આ નામ આપવામાં આવ્યું છે. જે મકાન કે પરસાળમાં આ ધર્મવિદ્યા શીખાડવામાં આવતી હતી તેને યુનાનીમાં 'સ્તોઆ' કહેતા હતા અને તે ઉપરથી આ પંથને સ્તોઇકી કહે છે (પ્રે. કૃ. ૧૭; ૧૮). તેમને યુનાની મૂર્તિપૂજક ફીલોશીઓ કહેવામાં આવતા હતા. આ પંથનો સ્થાપક 'ઝેનો' નામનો એક માણસ હતો અને તે ઇ. સ. પૂ. ત્રીજા સૈકામાં હૈયાત હતો. યુનાનીઓ તેમજ રૂમીઓમાંના ઘણાએક આ પંથમાં દાખલ થયા હતા. રૂમી બાદશાહ મારકસ ઓરેલિઅસ પણ સ્તોઇકી હતો. તેઓ સુખ અને દુઃખને સમાન ગણતા હતા અને સૃષ્ટિકર્ત્તા ઇશ્વરને તેઓ માનતા નહિ. આત્માને કેવળ સ્થૂલ તત્ત્વ જેવો સમજીને અમર ગણતા નહિ અને તેથી કરીને તેઓને શરીરના પુનરૂત્થાનની વાત પાઉલ કરે તે તેમને કેમ ગમે? એપીકુરી મત ઉપલા મતથી વિરૂદ્ધ હતો, પણ તેઓ બંને મત પાઉલના મતથી વિરૂદ્ધ હતા (પ્રે. કૃ. ૧૭; ૧૮).

સ્પાનિયા (રૂમી. ૧૫; ૨૪, ૨૮). સ્પાનિયા, એ યૂરોપ ખંડમાં આવેલો સ્પેન દેશ છે. પાઉલ ત્યાં જવાની ઇચ્છા રાખતો હતો (રૂમી. ૧૫; ૨૪, ૨૮). અને કદાચ રૂમના કેદખાનામાંથી પહેલીવાર છૂટયો, ત્યારે તે ત્યાં ગયો હશે. ઇ. સ. પૂ. ૧૯ સુધી તે રૂમીઓના કબજામાં આવ્યો ન હતો.

સ્મિર્ણા = બોળ (પ્રક. ૨; ૮–૧૧). સ્મિર્ણા આ પુરાતન શહેર આશિયા માઇનરના પશ્ચિમ કાંઠા ઉપર (નવા કરારમાં આશિયામાઇનરનો પશ્ચિમ ભાગ જ્યાં પ્રક. ૧; ૪ માંની સાત મંડળીઓ આવેલી હતી તેને આશિયા કહે છે). એફેસસની ઉત્તરે આશરે ૪૦ માઇલ ઉપર, ઇઓનીઆ પ્રાંતમાં આવેલ છે. આ શહેર ઘણું પુરાતન છે અને એવું કહેવાય છે કે હોમરની તે જન્મભૂમિ છે, અને થેશયસ કે ટાન્ટાલસ તેનો સ્થાપનાર છે. ઇ. સ. પૂ. ૧૩૩ માં તે રૂમી રાજ્યમાં આવ્યું. આશિયામાં તે પહેલા નંબરનું શહેર ગણાયું છે એટલુંજ નહિ, પણ આશિયાની આંખ અને તાજ કહેવાયું છે. પાઉલે એફેસસમાં ત્રણ વર્ષ કામ કર્યું તે દરમિયાનમાં અહીં મંડળી સ્થાપન થઇ હશે (ઇ. સ. ૫૪–૫૭); (પ્રે. કૃ. ૧૯; ૧૦, ૨૬). શહેર પહાડના

કરાડા પર બાંધવામાં આવ્યું છે તેથી તે ઘણું સુંદર તેમજ મજબૂત છે. પહેલાંના વખતમાં શહેર વેપારરોજગારને માટે પ્રસિદ્ધ હતું. વહાણો શહેરમાં આવી માલ કિનારા ઉપર ઉતારી શકાય એવી ગોઠવણ કરવામાં આવી હતી. પુરાતન એવી એક દંતકથા ચાલે છે કે આ શહેરમાં સ્થપાયલી મંડળીનો પહેલો અધ્યક્ષ તીમોથીનો ભાઇ સ્ટ્રૂટિઆસ હતો. બીજા સૈકામાં પ્રેરિત યોહાનનો શિષ્ય પોલીકાર્પ આ મંડળીનો પ્રસિદ્ધ આગેવાન હતો, અને આજ શહેરમાં ઇ. સ. ૧૫૫ માં તે શાહેદ થયો. હાલ તે આનાટોલીઆનું મુખ્ય શહેર છે, અને કુલ્લે બે લાખ માણસની વસ્તી છે; તેમાંનો ત્રીજો ભાગ ખ્રીસ્તીધર્મ પાળે છે. આશિયામૈનરની સાત મંડળીઓમાંની એક સ્મિર્ણાની મંડળી છે (પ્રક. ૨; ૮-૧૧).

હ.

હખાલ્યાહ = જેને યહોવાહ ધ્રુજાવે છે. નહેમ્યાહનો પિતા (નહે. ૧; ૧: ૧૦; ૧).

હખીલાહ = કાળું શિખર. ઝીફથી રાન જવાના માર્ગની દક્ષિણ ગમ એલ-કોલાહ નામના પહાડની ધારનું એક શિખર હતું. દાઉદ જ્યારે શાઉલના ભયથી નાસતો હતો ત્યારે 'હખીલાહ ડુંગરની ઝાડીમાં' સંતાઇ રહ્યો હતો (૧ શમૂ. ૨૩; ૧૯). એન-ગેદીના રાનમાં દાઉદે શાઉલના ઝભાની કોર કાપી લીધી અને શાઉલને બચાવ્યો (૧ શમૂ. ૨૪; ૪) ત્યાર પછી દાઉદ એન-ગેદીમાંથી નીકળીને પાછો હખીલાહ પર્વતમાં આવ્યો. ઝીફીઓએ ગિબઆહમાં આવી શાઉલને દાઉદ વિષેની ખબર આપી (૧ શમૂ. ૨૬; ૧-૪), તે પરથી શાઉલ એકદમ લશ્કર લઇ ઝીફના રાનમાં ઉતરી પડ્યો અને હખીલાહ પર્વત ઉપર માર્ગની પાસે છાવણી કીધી. આ વખતે દાઉદ તથા અબીશાય રાત્રે શાઉલની છાવણીમાં ગયા અને રાજાનો પોતાનો ભાલો અને પાણી પીવાનો ચંબુ છાની રીતે લઇને છાવણી બહાર નીકળી ગયા. અને ખીણની સામી બાજુના પર્વતના શિખર ઉપર દૂર ઉભા રહીને દાઉદે લોકોને તથા નેરના પુત્ર આબ્નેરને હાંક મારી, ને શાઉલ જાગી ઉઠ્યો ને દાઉદ સાથે વાત કરી (૧ શમૂ. ૨૬). આ વખતે શાઉલને પસ્તાવો થયો પણ દાઉદે તેના ઉપર ભરોસો કીધો નહિ. ત્યાર પછી દાઉદ અહિંથી નીકળીને સિકલાગમાં રહ્યો, અને શાઉલ પોતાને ઘેર આવ્યો. આ મુલાકાત થયા પછી શાઉલ અને દાઉદ ફરી મળ્યા નહિ.

હગાબાહ. નથીનીમ પુત્રોમાંનો એક. તેના વંશજો બંદિપ્રવાસ પછી પાછા આવ્યા (એઝ. ૨; ૪૫. નહે. ૧; ૪૮).

હઝકીએલ = પ્રભુ બળવાન કરશે. હેબ્રી ભાષામાં આ નામનો અર્થ એવો થાય છે કે 'ઇશ્વર મને બળ આપશે.' હઝકીએલ મોટા ભવિષ્યવાદીઓમાંનો એક હતો. તેના પિતાનું નામ બૂઝી હતું. પોતે યાજક પદવીનો અને યરૂશાલેમના લોકોમાં ઉંચ વર્ગનો માણસ હતો. બાબેલના રાજા નબૂખાદનેસ્સારે જ્યારે યરૂશાલેમ શહેરને ઘેરો ઘાલી જીતી લીધું, ત્યારે "મંદિરના સઘળાં સોનાનાં પાત્રો......તથા સઘળા યરૂશાલેમવાસીઓને તથા સઘળા અમલદારોને તથા સઘળા પરાક્રમી યોદ્ધાઓને, એટલે દસ હજાર બંદિવાનોને ... એટલુંજ નહિ પણ રાજા યહોયાખીનને તથા તેની મા નહુસ્તાને" તે કેદ કરીને બાબેલ લઇ ગયો (ઇ. સ. પૂ. ૫૯૭), અને ઘણું કરીને આજ વખતે તેઓની સાથે આ જુવાન યાજક હઝકીએલને પણ બંદિવાન કરીને નબૂખાદનેસ્સાર બાબેલ લઇ ગયો (૨ રા. ૨૪; ૧૪-૧૬). હઝ. ૧; ૩ માં લખ્યા પ્રમાણે 'કાસ્દીઓના દેશમાં કબાર નદીની પાસે' તેને બીજા બંદિવાનોની સાથે રાખવામાં આવ્યો હતો. હઝ. ૧; ૧ માં તે પોતે બતાવે છે કે ત્રીસમે વર્ષે હું બીજા બંદિપ્રવાસીઓની સાથે કબાર

નદી ઉપર આવી રહ્યા હતા. હવે આ ત્રીસ વર્ષ ક્યાંથી ગણવાં તે સાફ રીતે કહી શકાય નહિ, પણ કદાચ હઝકીએલના જન્મથી માંડી આ ત્રીસ વર્ષ તેણે ગણ્યાં હશે. અને જો એ અનુમાન ખરૂં હોય તો તેની જન્મસાલ ઈ. સ. પૂ. ૬૨૨ ગણવી જોઇએ. અને જ્યારે તે બંદિપ્રવાસમાં લઇ જવાયો ત્યારે તેની ઉમર પચીસ વર્ષની હશે, કેમકે ઈ. સ. પૂ. ૫૯૭માં તે બંદિપ્રવાસમાં લઇ જવાયો. કેબાર નદીની પાસે 'તેલ-આબીબ' ગામમાં ભવિષ્યવાદી રહેતો હતો (હઝ. ૩; ૧૫). અહિ જે બંદિવાનોને રાખવામાં આવ્યા હતા તેમને રાજ્યરાષ્ટ્ર સંબંધી તથા મંડળી સંબંધીની કેટલીએક છૂટ હતી. અહીંના લોક છેક ગરીબ નહોતા, તેમનો વ્યવહાર યરૂશાલેમમાં જે કોઇ બાકી રહ્યા હતા તેમની સાથે ચાલતો હતો, તેથી કરીને જે કંઇ બિના યરૂશાલેમમાં બને તે 'તેલ-આબીબ' માં હઝકીએલને માલમ પડતી હતી (હઝ. ૧૭; ૧૧-૨૨). વળી આ ગામમાં હઝકીએલનું પોતાનું ઘર પણ હતું (હઝ. ૮; ૧), અને તે પોતે પરણેલો હતો (હઝ. ૨૪; ૧૮). યહોયાખીન રાજાના બંદિપ્રવાસને પાંચમે વર્ષે ભવિષ્યવાદીનું કામ કરવાને હઝકીએલનું તેડું થયું (ઈ. સ. પૂ. ૫૯૨). અને પોતાના ભવિષ્યપુસ્તકમાં જે છેલ્લામાં છેલ્લું ભવિષ્ય, સાલ સાથે લખવામાં આવ્યું છે, તે બંદિપ્રવાસના ૨૭ મે વર્ષે છે (૨૯; ૧૭). એ પરથી જણાય છે કે તેણે બધાં મળીને ૨૨ વર્ષ, એટલે ઈ. સ. પૂ. ૫૯૨-૫૭૦ સુધી ભવિષ્યવાદીનું કામ કીધું. હઝકીએલ ભવિષ્યવાદી યિર્મેયાહ (તથા દાનીયેલ) ભવિષ્યવાદીનો સમકાળિક ભવિષ્યવાદી હતો. જુની હેબ્રી દંતકથા એવી ઉતરેલી છે કે, જો કે બન્ને એક બીજાથી અલગ રહેતા હતા, એટલે યિર્મેયાહ યરૂશાલેમમાં અને હઝકીએલ બાબેલમાં તો પણ તેઓ પોતાનાં ભવિષ્યવચનો એક બીજા ઉપર મોકલાવતા હતા. અને જો એ વાત ખરી હોય તો બન્નેનાં ભવિષ્યોમાં ખાસ મળતાપણું જણાય છે તેનો ખુલાસો હાથ આવે છે એમ કહેવાય; કેમકે તેમનાં પોતાનાં લક્ષણોમાં મોટો ફેર માલમ પડે છે, પણ તેમની ભવિષ્યવાતમાં ઘણું મળતાપણું દેખાય છે. ભવિષ્યવાદી હઝકીએલ પોતાનાં ભાષણો કેવળ મ્હોડે આપતો એટલુંજ નહિ પણ તેને પુસ્તકમાં લખતો હતો, કેમકે તેનાં પોતાનાં ભાષણ જે યહુદીઓ યરૂશાલેમમાં હતા તેમને માટે પણ હતાં, એ કારણથી તેનાં ભાષણો બહુ ઉંડા વિચાર અને મનન સાથે લખવામાં આવ્યાં છે. વળી પોતાનાં ભવિષ્યભાષણોનો અનુક્રમ પણ નિયમસર ગોઠવેલો જણાય છે, અને આ ગોઠવણ તેણે પોતાનાજ હાથથી કરેલી છે, એ બાબતમાં તે યશાયાહ તથા યિર્મેયાહ ભવિષ્યવાદીથી જુદો જણાય છે. કેટલાંક ભવિષ્યોને મથાળે તેણે સાલ, માસ અને તારીખ પણ નોંધી છે. તેના બોધની ઢબ તરફ જોઇએ તો તેમાં વિચિત્રપણું માલમ પડે છે. તેની બોધ આપવાની રીતી ત્રણ પ્રકારની જણાય છે. (૧) સ્વપ્ન દ્વારે, (૨) દૃષ્ટાંત દ્વારે, (૩) કૃત ઉપમા દ્વારે. હઝકીએલને તેના પુસ્તકમાં મનુષ્યપુત્ર (આદમપુત્ર) એવું નામ ૯૦ વખત આપવામાં આવે છે અને તેમાં ગૌરવી ઇશ્વરના મહત્વની આગળ મનુષ્યજાતિનું અધમપણું દર્શાવવામાં આવ્યું છે. તોપણ ભવિષ્યવાદી હઝકીએલને સોંપાયલો ભવિષ્યવાદીનો હોદ્દો હલકો નથી એ દર્શાવતાં 'ધણી પ્રભુ' અથવા 'યહોવાહ ધણી' એમ કહે છે. એ શબ્દો તેના પુસ્તકમાં ૧૧૭ વખત નોંધવામાં આવ્યા છે. વળી પુસ્તકના છેલ્લા શબ્દો એવા છે કે 'યહોવાહ-સામા' (=પ્રભુ ત્યાં છે). દંતકથા એવી ચાલે છે કે, એણે એક યહુદી સરદારને મૂર્તિપૂજા સંબંધી ઠપકો દીધો, માટે તેને બાબેલમાં કતલ કરાવ્યો. તેની કબર ફ્રાત નદી ઉપર બગદાદની પાસે બતાવવામાં આવે છે. હઝકીએલ – ઇસ્રા-

એલનાં ઘર પાસે મોકલાયો (૨; ૩ઃ ૩૩; ૭). તેને યહોવાહનું ગૌરવી દર્શન (૧; ૮ઃ ૧૦; ૧૧, ૨૨). યહુદીઓની અમંગળ સેવા (૮; ૫). તેમની શિક્ષા (૯; ૧૧). સુકાએલાં હાડકાંનું દર્શન (૩૭). મંદિરનું માપ (૪૦). યહુદીઓ સારૂ વિનંતિ (૯; ૮ઃ ૧૧; ૧૩). તેનું મુગાપણું (૩; ૨૬ઃ ૨૪; ૨૬ઃ ૩૩; ૨૨). તેનાં દૃષ્ટાંતો (૧૫-૧૯ઃ ૨૩ઃ ૨૪). ઇસ્રાએલ સામે મૂર્તિપૂજા વિષે (૧૪; ૧ઃ ૨૦; ૧ઃ ૩૩; ૩૦). ઇસ્રાએલીઓનો યહોવાહ વિરૂદ્ધ દંગો (૨૦). યરૂશાલેમના અધિકારીઓ તથા લોકોનું પાપ (૨૨ઃ ૨૩ઃ ૨૪). ઇસ્રાએલ અને અદોમ વિરૂદ્ધ ભવિષ્ય (૨૧; ૨૫).

હઝકીએલનું પુસ્તક. આ પુસ્તકમાં દર્શનો અને કૃત ઉપમા ઘણી સમાએલી છે, અને તેનો ખરો અર્થ નક્કી કરવો કઠણ છે. વળી આ પુસ્તકમાં મુસાનાં પુસ્તકોમાં સમાયલો જે બોધ છે તેથી થોડો ફેર માલમ પડે છે. સરખાવો (પુન. ૨૪; ૧૬. સાથે હઝ. ૧૮; ૨૦. નિર્ગ. ૨૦; ૫). આ બન્ને કારણને લીધે યહુદી શાસ્ત્રીઓએ આ પુસ્તકને 'ખજાનાનાં પુસ્તકો' માં દાખલ કર્યું હતું. એટલે જ્યાં સુધી માણસ ત્રીસ વર્ષની ઉમરનો થાય નહિ ત્યાં સુધી તેને ખજાનાનાં પુસ્તકો વાંચવા દેતા નહિ, અને તે કારણ માટે જે જે પુસ્તકોનું સભાસ્થાનમાં જાહેર વાંચન થતું હતું, તેમાં સાન્હેદ્રીમ સભાએ આ પુસ્તકને ગણ્યું ન હતું. તે શિવાય આ પુસ્તક ઇશ્વરપ્રેરિત છેને તેનો લખનાર હઝકીએલ છે તે વિષે બીલકુલ કોઇ પ્રકારનો વાંધો ઉઠાવવામાં આવ્યો નથી. આદિથી તે અંત સુધી એકજ લેખકની કલમથી લખાયલું આ પુસ્તક માલમ પડે છે. પુસ્તકમાં મુખ્યત્વે કરીને બે ભાગ આવે છે. દરેક ભાગમાં ચોવીસ ચોવીસ અધ્યાય સમાયલા છે. બન્નેનો મુકાબલો.—

(૧) હઝ. ૧-૨૪.	(૨) ૨૫-૪૮.
(અ) યરૂશાલેમના નાશ પહેલાં.	(અ) યરૂશાલેમના નાશ પછી.
(આ) ધમકી તથા ઠપકો.	(આ) દિલાસાદાયક વચનો.
(ઇ) નાશ વિષે ખબર.	(ઇ) પુનર્સ્થાપના વિષે ખબર.
(ઈ) જુના યરૂશાલેમમાંથી યહોવાહ વિદાય થયો.	(ઈ) નવા યરૂશાલેમમાં યહોવાહે વાસો કીધો.

મિ. હાવેરનીક સાહેબે આ પુસ્તકના નવ ભાગ પાડ્યા છે અને તે પસંદ કરવા યોગ્ય ધારી અત્રે ટાંક્યા છે. (૧) (૧-૩). હઝકીએલને મુકરર કર્યો. (૨) (૪-૭). પ્રભુનું કામ કરવાને કબુલાત અને કેટલાક હુકમોનો સ્વીકાર. (૩) (૮—૧૧). મૂર્તિપૂજાને લીધે, પ્રભુ પોતાના લોકને રદ કરે છે. (૪) (૧૨—૧૯). તે વખતના ગુન્હાઓનું બ્યાન. (૫) (૨૦—૨૩). તેમની સજા અને સજાનું કારણ. (૬) (૨૪). સજાની શરૂઆત. (૭) (૨૫—૩૨). સાત ગેર-કોમ ઉપર આવનાર આફત. (૮) (૩૩—૩૯). પુનર્સ્થાપિત ઇસ્રાએલીઓની સ્થિતિ. (૯) (૪૦—૪૮). મંડળીનો છેવટનો સંપૂર્ણ હાલ. આ પુસ્તક અને પ્રકટીકરણનું ઘણુંએક મળતાપણું છે.

હઝ. ૩૮.—	પ્રક. ૨૦; ૮.
,, ૪૭; ૧-૮.	,, ૨૨; ૧, ૨.
,, ૧; ૫, ૬, ૧૦, ૧૮.	,, ૪; ૬, ૮.
,, ૧; ૨૩.	,, ૪; ૩.
,, ૪૭ઃ ૪૮.	,, ૨૧ઃ ૨૨.
,, ૩૯; ૭, ૧૮, ૨૦.	,, ૧૯.
,, ૩૭; ૧૦.	,, ૧૧; ૧૧.
,, ૨૬; ૧૩.	,, ૧૮; ૨૨. ઇત્યા.
વળી હઝ. ૩; ૨૭.	માત્થી ૧૧; ૧૫.
હઝ. ૯; ૬.	૧ પીત. ૪; ૧૭.
,, ૩૭; ૨૪.	યોહા. ૧૦; ૧૬.

હઝાએલ = જેને પ્રભુ જુએ છે. અરામના રાજા બેન-હદાદ બીજાનો તે એક અમલદાર

હતો, અને આખરે એલીયાહની મારફતે જેમ યહોવાહ બોલ્યો હતો તેમ હઝાએલ અરામના રાજાને મારીને તેની પછી ગાદીએ બેઠો (૧ રા. ૧૫; ૧૯. ૨ રા. ૮; ૧૫). તેની એલીશા સાથે જે વાતચીત થઇ તે ૨ રા. ૮ માં લખવામાં આવી છે. હઝાએલ ગાદી ઉપર બેઠો ત્યાર પછી આશ્શૂરીઓ તેની સામે ચઢી આવ્યા અને હઝાએલને ભારે હાર ખવાડી. આ લડાઇમાં અરામીઓમાંથી ૧૬,૦૦૦ માણુસ કતલ થયાં અને આશ્શૂરીઓએ ભારે લૂટ મેળવી. ત્યાર પછી આશરે ત્રણુ વર્ષ બાદ ફરીને આશ્શૂરી ફોજ અરામ ઉપર ચઢી આવી, પણુ આ વખતે હઝાએલ તેને તાબે થયો, ત્યાર પછી તેણે પોતાના હાથ ઇસ્રાએલીઓ અને યહુદીઓનો નાશ કરવાને લંબાવ્યા. હઝાએલે ઇસ્રાએલીઓને તેમની સઘળી સીમોમાંથી મારી કાઢયા (૨ રા. ૧૦; ૩૨, ૩૩), અને યહુદાહ ઉપર ચઢાઇ કરી. આ વખતે યહોઆશ રાજા યહુદાહમાં રાજ્ય કરતો હતો. તેણે યહોવાહના ઘરમાંથી તથા રાજાના ઘરના ભંડારમાંથી જે સઘળું હતું તે અરામના રાજા હઝાએલને આપી વિદાય કર્યો (૨ રા. ૧૨; ૧૮. ૨ કાળ. ૨૪; ૨૪). તેણે ૪૬ વર્ષ રાજ્ય કર્યું (ઇ. સ. પૂ. ૮૮૬-૮૪૦). લખ્યું છે કે 'અરામના રાજા હઝાએલે...સર્વ દિવસો પર્યંત ઇસ્રાએલ પર જુલમ કીધો" (૨ રા. ૧૩; ૨૨). તેના મરણુ પછી તેનો દીકરો બેન-હદાદ ગાદી ઉપર બેઠો (૨ રા. ૧૩; ૨૨-૨૫). ઇસ્રાએલના રાજા યોઆશે તેને ઘણી વખતે હરાવ્યો અને તેના પિતા હઝાએલે જે મુલકો ઇસ્રાએલના પડાવી લીધા હતા તે પાછા મેળવ્યા. હઝાએલ (૧ રા. ૧૯; ૧૫, ૧૭. ૨ રા. ૮; ૮, ૯, ૧૨, ૧૩, ૧૫, ૨૮, ૨૯: ૯; ૧૪, ૧૫: ૧૨; ૧૭, ૧૮: ૧૩; ૩, ૨૨, ૨૪, ૨૫. ૨ કાળ. ૨૨; ૫, ૬. આમો. ૧; ૪).

હઝાયાહુ = જેને યહોવાહ તપાસે છે. પ્રાંતના જે આગેવાનો યરૂશાલેમમાં રહ્યા તેમાંનો એક તે હતો. તેના પિતાનું નામ અદાયાહ હતું (નહે. ૧૧; ૫).

હઝીએલ = દેવનું સ્વપ્ન. યહોવાહના ઘરના કામ પર દેખરેખ રાખનાર લેવીઓમાંનો એક હતો. તેના પિતાનું નામ શિમઇ હતું (૧ કાળ. ૨૩; ૯).

હઝો = સ્વપ્ન. નાહોરથી મિલ્કાહને પેટે જે દીકરા થયા તેમાંનો તે એક હતો (ઉત્પ. ૨૨; ૨૨).

હટીટા = તપાસ. હટાટીના પુત્રો કે જેઓ બંદિપ્રવાસથી પાછા આવ્યા તેઓ દ્વારપાળો હતા (એઝ. ૨; ૫૭. નહે. ૭; ૫૯).

હટીફા = પકડાવવું. નથીનીમના પુત્રોમાંના જે બંદિપ્રવાસથી પાછા આવ્યા તે (એઝ. ૨; ૫૪. નહે. ૭; ૫૬).

હથાક = સત્યતા. રાજા અહાશ્વેરોશના ખવાસોમાંનો એક, જે એસ્તેરની ખિજમતમાં રાખવામાં આવ્યો હતો (એસ્તે. ૪; ૫, ૬, ૯, ૧૦).

હથાથ = ભય. ઓથ્નીએલનો દીકરો (૧ કાળ. ૪; ૧૩).

હદાદ = પોકાર. અરામી (સીરિયન) ભાષામાં સૂરજને હદાદ નામ આપેલ છે, અને એ તરફના લોકો એજ નામથી એક દેવતાને પૂજતા હતા. વળી પોતાના રાજાને બહુ માનવંતો ગણીને તેમને પણુ હદાદનો ખિતાબ આપતા હતા. (૧) અદોમી રાજા હતો, તેના પિતાનું નામ બદાદ હતું. આ અદોમી રાજા હદાદે મોઆબના મેદાનમાં મિદ્યાનીઓને હરાવ્યા હતા. તેના મરણુ પછી તે જગ્યાએ માસરેકાહમાંના સામ્લાહે રાજ્ય કીધું (ઉત્પ. ૩૬; ૩૫. ૧ કાળ. ૧; ૪૬). (૨) આ નામનો એક બીજો અદોમી રાજા હતો (૧ કાળ. ૧; ૫૦, ૫૧). તેને ઉત્પ. ૩૬; ૩૯. ૧ કાળ. ૧; ૫૧ માં હદાર પણુ કહે છે. તેના નગરનું નામ પાઇ હતું, અને તેની સ્ત્રીનું નામ મહેટાબએલ હતું (૧ કાળ. ૧; ૫૦). (૩) તે અદોમી રાજવંશી પુરૂષ હતો. દાઉદના સેનાપતિ યોઆબે જ્યારે

અદોમના પ્રત્યેક પુરૂષનો નાશ કીધો ત્યારે હદાદ કેટલાંક માણુસો સાથે મિસર દેશમાં નાસી ગયો, અને ત્યાં મિસરના રાજા ફારૂનની દૃષ્ટિમાં એટલી બધી કૃપા પામ્યો કે પોતાની સાળી એટલે તાહપનેસની બહેનને તેની સાથે પરણાવી, તો પણ હદાદ તેથી સંતોષ નહિ પામતાં પોતાના દેશમાં જવા સારૂ ચહાતો હતો. પછી તે પોતાના દેશમાં ગયો કે નહિ તે માલૂમ નથી (૧ રા. ૧૧; ૧૪-૨૨). (૪) આ નામનો એક બીજો માણુસ હતો. તેને અરામીમાં નહિ પણ હેબ્રીમાં હદાદ (તેજ, પાણીદાર) નામ આપે છે. તે ઇશ્માએલના પુત્રોમાંનો એક હતો (ઉત્પ. ૨૫; ૧૫ અને ૧ કાળ. ૧; ૩૦).

હદાદએઝેર = જેની સાહ્ય હદાદ છે. હદાદ-એઝેર કે જેની સાહ્ય હદાદ દેવતા (સૂર્ય દેવતા) ની છે. તેને ૧ કાળ. ૧૮; ૩ માં હદારએઝેર (સાહ્યનો શણુગાર) પણ કહે છે. તે સોબાહનો રાજા હતો, તેના પિતાનું નામ રહોબ હતું (૨ શમૂ. ૮; ૩-૧૨. ૧ રા. ૧૧; ૨૩). તે ફ્રાત નદીની પાસે પોતાનું રાજ્ય પાછું મેળવવા જતો હતો ત્યારે દાઉદે તેને હરાવ્યો. એ ઉપરથી દમસ્કના અરામીઓ તેને સહાય કરવા સારૂ લશ્કર સાથે આવ્યા, પણ અરામીઓનો પરાજય થયો અને અરામમાં દાઉદે થાણાં બેસાડ્યાં અને તેઓ દાઉદને ખંડણી આપવા લાગ્યા. આ વખતે દાઉદે પુષ્કળ લૂટ લીધી, હદાદએઝેરના ચાકરોની સોનાની ઢાલો તથા બેટાહ તથા બરોથાય નગરોમાંથી પુષ્કળ પિત્તળ તેણે લૂટી આણ્યું, અને યહોવાહને તે અર્પણ કર્યું. તે વડે સુલેમાને પિત્તળનો હોજ તથા સ્તંભો તથા પિત્તળનાં વાસણો બનાવ્યાં. આ મોટી હારથી પણ હદાદએઝેર નહિ દબાતાં આમ્મોનપુત્રોના રાજા હાનુન તથા અરામીઓની મદદ મેળવી દાઉદ સામે લડવાને આવ્યો, તેમાં પણ તે હાર્યો. ફરી અરામીઓને બોલાવી દાઉદ સામે લડ્યો, પણ આખરે તેમાં પણ હાર્યો. અરામીઓનો સેનાપતિ શોબાખ માર્યો ગયો અને જે સઘળા રાજાઓ હદાદએઝેરના તાબેદાર હતા તેઓ સર્વે દાઉદના તાબેદાર થયા, અને એમ લડાઇ બંધ થઇ, અને દાઉદનું રાજ્ય ફ્રાત સુધી વધ્યું (૨ શમૂ. ૧૦; ૧૫-૧૯. ૨ કાળ. ૧૯; ૧૫-૧૯).

હદાદરિમ્મોન = હદાદ અને રિમ્મોન દેવતા. મગિદ્દોના મેદાનમાં આ નામની એક જગ્યા આવેલી છે. યહુદાહના રાજા યોશીયાહને મિસરના રાજા ફારૂન-નકોહે (નખો) મગિદ્દોનની ખીણમાં બાણથી માર્યો હતો અને તે માટે યહુદાહે તથા યરૂશાલેમે હદાદ-રિમ્મોનમાં યોશીયાહને માટે મોટો શોક કીધો હતો, તે વાત લોકોમાં કહેતીરૂપે ગણાઇ. અને ઝખ. ૧૨; ૧૧ માં એજ રૂપે લખવામાં આવ્યું છે કે "મગિદ્દોનની ખીણમાં હદાદરિમ્મોનના વિલાપના જેવો ભારે વિલાપ તે દિવસે યરૂશાલેમમાં થશે." હાલ આ જગ્યા 'રૂમ્માનેહ' નામથી ઓળખાય છે, જે મગિદ્દોના ડુંગરોના નીચાણમાં 'ટેલ-મેટઝેલીમ' ની દક્ષિણમાં આવેલ છે (ઝખ. ૧૨; ૧૧ સાથે ૨ કાળ. ૩૫; ૨૨-૨૫. ૨ રા. ૨૩; ૨૯ સરખાવો).

હદાશાહ = નવીન. યહુદાહની ખીણમાં આ નામનું એક શહેર આવેલું હતું (યહો. ૧૫; ૩૭).

હદાસ્સાહ = મેંદી. રાણી એસ્તેરનું યહુદી નામ હતું (એસ્તેર ૨; ૭).

હદોરામ = માનવંતો; ઉંચો થએલો. (૧) હામાથના રાજા તોઉનો દીકરો (૧ કાળ. ૧૮; ૧૦). તેને ૨ શમૂ. ૮; ૧૦ માં 'યોરામ' અને તેના બાપને તોઇ કહે છે. જ્યારે રાજા દાઉદ અરામના રાજા હદાદ-એઝેરનો પરાજય કરીને આવ્યો ત્યારે તોઉએ પોતાના દીકરા હદોરામને સોના રૂપાની કેટલીએક ભેટ સાથે દાઉદ રાજાને મુબારકબાદી આપવાને મોકલ્યો હતો. (૨) શેમ-વંશી યોકટાનનો પાંચમો પુત્ર, જે અરબ કોમનો સ્થાપનાર ગણાય છે (ઉત્પ. ૧૦;

૨૭. ૧ કાળ. ૧; ૨૧). (૩) ઇસ્રાએલે દાઉદના ઘર વિરૂદ્ધ બળવો કીધો ત્યારે હદોરામ જે વસુલાત પર હતો તેને ઇસ્રાએલીઓએ મારી નાખ્યો (૨ કાળ. ૧૦; ૧૮). ૨ શમૂ. ૧૦; ૨૪ માં તેને અદોરામ અને ૧ રા. ૪; ૬ માં તેને અદોનીરામ કહે છે.

હનાનએલ = દેવની કૃપા. આ નામનો યરૂશાલેમના કોટમાં એક બુરૂજ હતો (નહે. ૩; ૧: ૧૨; ૩૯. યિર્મે. ૩૧; ૩૮. ઝખ. ૧૪; ૧૦).

હનાન્યાહ = દેવબક્ષ. (૧) યિર્મેયાહ ભવિષ્યવાદીની સામે આ નામનો એક જુઠો ભવિષ્યવાદી ઉભો થયો હતો. તેણે યિર્મેયાહ વિરૂદ્ધ એવું ભવિષ્ય કહ્યું હતું કે યહોવાહના ઘરનાં પાત્રો, તથા જેઓ બંદિપ્રવાસમાં ગયા છે તેઓ બે વર્ષની અંદર પાછા આવશે એમ કહીને ભવિષ્યવાદી યિર્મેયાહની ગરદન ઉપરથી લાકડાની જુસરી લઇને ભાંગી નાખી (યિર્મે. ૨૮; ૩, ૧૭). (૨) સુલેમાન પુત્રોમાંના ઝરૂબ્બાબેલનો દીકરો અને શલોમીથનો ભાઇ (૧ કાળ. ૩; ૧૯, ૨૧). (૩) બિન્યામીની કુળનો એક મુખ્ય પુરૂષ (૧ કાળ. ૮; ૨૪). (૪) રાજા ઉઝીયાહના સૈન્યમાં એક અમલદાર હતો (૨ કાળ. ૨૬; ૧૧). (૫) હેમાનપુત્રોમાંનો એક (૧ કાળ. ૨૫; ૪, ૨૩). (૬) (એઝ. ૧૦; ૨૮). (૭) (નહે. ૩; ૮). (૮) (નહે. ૩; ૩૦). (૯) (નહે. ૭; ૨). (૧૦) (નહે. ૧૦; ૨૩). (૧૧) (નહે. ૧૨; ૧૨, ૪૧). (૧૨) ત્રણ હેબ્રી જુવાનોમાંના શાદ્રાખનું જુનું નામ (દાની. ૧; ૬, ૭). (૧૩) રાજા યહોયાકીમના સરદારોમાંનો એક (યિર્મે. ૩૬; ૧૨). (૧૪) યિરઇયાહ નામનો એક માણુસ હતો, તેણે ભવિષ્યવાદી યિર્મેયાહ ઉપર તહોમત મુકીને કેદખાનામાં નંખાવ્યો હતો. તે માણુસના ઘરડા બાપનું નામ હનાન્યાહ હતું (યિર્મે. ૩૭; ૧૩).

હનાની = દેવની કૃપા પામેલો. (૧) ભવિષ્યવાદી યેહૂનો પિતા (૧ રા. ૧૬; ૧. ૨ કાળ. ૧૯; ૨: ૨૦; ૩૪). (૨) આ નામનો એક ભવિષ્યવાદી હતો, જેણે રાજા આસાની પાસે જઇને કહ્યું કે "અરામના રાજા ઉપર તેં ભરોસો રાખ્યો છે ને તેં પોતાના દેવ યહોવાહ પર ભરોસો રાખ્યો નથી એ માટે અરામના રાજાનું સૈન્ય તારા હાથમાંથી બચી ગયું છે" (૨ કાળ. ૧૬; ૭). કદાચ આ હનાની ભવિષ્યદર્શક અને યેહૂનો બાપ તે એક ને એકજ હશે. (૩) નહેમ્યાહનો ભાઇ (નહે. ૧; ૨: ૭; ૨), તેણે યરૂશાલેમની સંકટ ભરેલી અવસ્થાનું વર્ણન કર્યું છે. તેને નહેમ્યાહે યરૂશાલેમના કોટના દરવાજાનો અધિકાર આપ્યો હતો. વળી જુઓ (૧ કાળ. ૨૫; ૪, ૨૫. એઝ. ૧૦; ૨૦. નહે. ૧૨; ૩૬).

હનામએલ = દેવની કૃપાથી અપાયલો. ભવિષ્યવાદી યિર્મેયાહનો તે ભત્રીજો હતો. યરૂશાલેમનો ઘેરો ઘાલ્યા અગાઉ યિર્મેયાહે તેની પાસેથી એક ખેતર જે બિન્યામીન દેશમાંના અનાથોથમાં આવેલું હતું તે રૂપાના સત્તર શેકેલે વેચાતું લીધું હતું, જે પરથી યિર્મેયાહે બતાવ્યું કે "ઘરો તથા ખેતરો તથા દ્રાક્ષવાડીઓ આ દેશમાં ફરીથી વેચાતાં લેવામાં આવશે (યિર્મે. ૩૨; ૬-૧૨).

હનોખ = દિક્ષિત. (૧) કાઇનનો જ્યેષ્ટ પુત્ર અને ઇરાદનો પિતા. વળી કાઇને એક નગર બાંધ્યું અને તે નગરનું નામ પોતાના દીકરાના નામ પરથી હનોખ પાડયું. આ નગર નોદ દેશમાં એદનની પૂર્વમાં આવેલું હતું. પવિત્ર શાસ્ત્રમાં પહેલામાં પહેલું આવતું શહેરનું નામ તે આજ છે (ઉત્પ. ૪; ૧૬-૧૮). (૨) યારેદનો પુત્ર અને મથુશેલાહનો પિતા (ઉત્પ. ૫; ૨૧. લુક ૩; ૩૭). જ્યારે હનોખ જન્મ્યો ત્યારે તેના પિતાની ઉમર ૧૬૨ વર્ષની હતી, અને તેના જન્મ પછી યારેદ ૮૦૦ વર્ષ જીવ્યો. વળી હનોખ ૬૫ વર્ષનો થયો ત્યારે તેણે મથુશેલાહને જન્માવ્યો (ઉત્પ. ૫; ૧૮-૨૧. લુક ૩; ૩૭. ૧ કાળ.

૧ ; ૩). મથુશેલાહના જન્મ પછી હનોખ ૩૦૦ વર્ષ દેવની સંઘાતે ચાલ્યો (ઉત્પ. ૫ ; ૨૨-૨૪). તે આદમથી સાતમો પુરૂષ હતો (યહુદા ૧૪). તેના વિશ્વાસ સંબંધી લખતાં એવું કહેવામાં આવ્યું છે કે "વિશ્વાસથી હનોખ ઉપર લઇ જવાયો કે તે મરણ ન જુએ, ને તે જડયો નહિ કેમકે દેવ તેને ઉપર લઇ ગયો, કાંજે તેના ઉપર લઇ જવાયા પહેલાં તે સંબંધી એ શાહેદી થઇ કે તેનામાં દેવ પ્રસન્ન થયો હતો" (હેબ્રી. ૧૧ ; ૫), હનોખ નામનું એક આપોક્રિફાનું પુસ્તક હતું, જેમાંથી યહુદાના પત્રમાંની ૧૪ મી અને ૧૫મી કલમ ઉતારવામાં આવી છે. આબિસીનીઆના લોકો આ પુસ્તક વિષે એમ ધારતા હતા કે તે ઇશ્વરપ્રેરિત છે એમ માનીને પવિત્ર શાસ્ત્રમાં અયૂબના પુસ્તકની પહેલાં તેને દાખલ કરતા હતા. (૩) તે મિધાનનો પુત્ર અને ઇબ્રાહીમનો પૌત્ર (ઉત્પ. ૨૫ ; ૪. ૧ કાળ. ૧ ; ૩૩). (૪) રેઉબેનનો પુત્ર અને યાકુબનો પૌત્ર. જે પરિવારને યાકુબ મિસર દેશમાં લઇ ગયો તેમાં હનોખ પણ હતો, તેનાથી હનોખીઓનું કુટુંબ થયું (ગણ. ૨૬ ; ૫. ઉત્પ. ૪૬ ; ૯. નિર્ગ. ૬ ; ૧૪. ૧ કાળ. ૫ ; ૩).

હફ્રાઈમ = બે ખાઇ. વિસ્સાખારના ભાગમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૯ ; ૧૯).

હબસી દેશ. (પ્રે. કૃ. ૮ ; ૨૭). આ દેશને હેબ્રી ભાષામાં કુશ દેશ કહે છે (ઉત્પ. ૨ ; ૧૩. ૨ રા. ૧૯ ; ૯. એસ્તે. ૧ ; ૧. અયૂ. ૨૮ ; ૧૯. ગીત. ૬૮ ; ૩૧ : ૮૭ ; ૪). આ દેશ મિસર દેશની દક્ષિણમાં આવેલો હતો. અહીંના વતનીઓ તે હામવંશીઓ હતા (ઉત્પ. ૧૦ ; ૬. યિર્મે. ૧૩ ; ૨૩. યશા. ૧૮ ; ૨). આ દેશ વિષે ભવિષ્ય (ગીત. ૬૮ ; ૩૧ : ૮૭ ; ૪. યશા. ૪૫ ; ૧૪ : ૧૮ ; ૧ : ૨૦ : ૪૩ ; ૩. યિર્મે. ૪૬ ; ૯. હઝ. ૩૦ ; ૪–૯ : ૩૮ ; ૫. સફ. ૨ ; ૧૨ : ૩ ; ૧૦. હબા. ૩ ; ૭. જુઓ કૂશ દેશ).

હબાક્કૂક = આલિંગન. ઘણું કરીને લાડકવાયા દીકરાને એવું નામ આપવામાં આવતું હતું. હબાક્કૂક બાર નાના ભવિષ્યવાદીઓમાં આઠમો હતો. આ ભવિષ્યવાદીના જીવનચરિત્ર વિષે કશી વાત હાથ આવતી નથી. ત્રીજા અધ્યાયની ૧, ૩, ૯, ૧૩, ૧૯ મી કલમોમાં રાગ સંબંધી કેટલીક સૂચના મળે છે, એ પરથી એટલી અટકળ કરી શકાય કે હબાક્કૂક લેવી કુળનો હશે. તેનાં માબાપ વિષે તથા તે ક્યારે અને ક્યાં જાહેર થયો, અને ક્યાં ને ક્યારે મરણ પામ્યો તે જણાતું નથી. માત્ર તેનાં ભવિષ્યવચનો વાંચીને તેની સાલ વિષે માત્ર થોડું અનુમાન કરી શકાય. ખાલદી લોક વિષે જે સચિત્ર હકીકત આ પુસ્તકમાં આવે છે તે પરથી જણાય છે કે ભવિષ્યવાદીના દિવસોમાં બાબેલ રાજ્ય તરફથી હુમલો થવાનું જોખમ હતું, અને તેથી બહુ ધાસ્તી ફેલાઇ ગઇ હતી. હવે બાબેલના લોક તો ખરેખર ઇ. સ. પૂ. ૬૦૬ માં પહેલવહેલાં આવ્યા, તેથી જો આ ભવિષ્યવાત લખવાની સાલ ઇ. સ. પૂ. ૬૦૯–૬૦૭ સુધીની ગણીએ તો તેમાં બહુ મોટી ભૂલ નહિ હશે. રાજા યોશીયાહ ૬૦૯ માં મરણ પામ્યો, ત્યાર પછી થોડી મુદતમાં આ ભવિષ્યવાત લખવામાં આવી હશે. યિર્મેયાહ તથા સફાન્યાહ આ ભવિષ્યવાદીના સમકાળિક હશે. પ્રભુની પસંદ કરેલી દેશજાતિને સતાવનાર અદોમી, આશ્શૂરી તથા કાસ્દી પ્રજા હતી. અદોમના નાશ વિષે ઓબાદ્યાહે, આશ્શૂર કે નીનવેહના નાશ વિષે નાહૂમે અને કાસ્દી (કે ખાલ્દી) ના નાશ વિષે હબાક્કૂકે ભવિષ્યવચન લખ્યાં હતાં, અને આજે આપણે તે ત્રણેનો અંત આવેલો જોઇએ છીએ. આ ભવિષ્યપુસ્તકમાં ત્રણ અધ્યાય છે, તેમાં મુખ્યત્વે કરીને જોરજુલમ અને ભ્રષ્ટાચાર સર્વત્ર પ્રબળ થએલો જણાય છે ; એમ છતાં નિયંતા પ્રભુ કેમ સર્વસમર્થ તથા ન્યાયી ઠરે ? એ બારે સવાલનો જવાબ આપવા સારૂ લગભગ આખું પુસ્તક રચેલું છે.

હબાયાહ = જેને યહોવાહ સંતાડે છે. બાબેલ

બંદિપ્રવાસથી જે લોકો ઝરૂબ્બાબેલની સરદારી નીચે પાછા આવ્યા તેમાંના જે લોકો પોતાની વંશાવળી બતાવી શક્યા નહિ તેમાંના કેટલાએક હબાયાહના પુત્રો હતા કે જે યાજકોના પુત્રોમાંના હતા (એઝ. ૨; ૬૧. નહે. ૭; ૬૩).

હશાબીન્યાહ = યહોવાહનો દીવો (?). રેખાબીપુત્રોમાંના યિર્મેયાહનો પિતા (યિર્મે. ૩૫; ૩).

હમાથ = કિલ્લો. સિરીઆના ઉત્તર ભાગમાં આવેલું એક મુખ્ય શહેર હતું. તે લબાનોન પહાડના પ્રદેશમાં પાલેસ્તાઇનની ઉત્તર સરહદ પર (ગણ. ૧૩; ૨૧: ૩૪; ૮) હેર્મોન પહાડની તળેટીમાં (યહો. ૧૩; ૫) દમસ્ક ભણી (ઝખ. ૯; ૨. યિર્મે. ૪૯; ૨૦) ઓરોન્ટીસ નદી ઉપર આવેલું હતું. આમો. ૬; ૨ માં તેને 'મોટું હમાથ" અને ૨ કાળ. ૮; ૩ માં તેને 'હમાથ-સોબાહ' કહે છે. દુનિયાનાં પુરાતન શહેરોમાંનું તે એક હતું જયારે ઇસ્રાએલીઓ કનાન દેશમાં પેસીને તેનો કબજો કરવા લાગ્યા ત્યારે આ શહેર તે વખતે એક અગત્યનું શહેર ગણાતું હતું. દાઉદ રાજાના વખતમાં તોઇ કરીને એક હમાથનો રાજા હતો. તેણે જયારે સાંભળ્યું કે દાઉદ રાજાએ સોબાહના રાજા હદારએઝરનું સઘળું સૈન્ય મારીને જીત પામી આવ્યો છે ત્યારે તેણે પોતાના પુત્રની મારફતે દાઉદ રાજા ઉપર સોના રૂપાની ભેટ મોકલી તેને મુબારકબાદી આપી હતી (૨ શમૂ. ૮; ૯, ૧૦. ૧ કાળ. ૧૮; ૯-૧૨). રાજા સુલેમાને આ શહેર જીતી લીધું હતું (૨ કાળ. ૮; ૩), પણ સુલેમાનના મરણ પછી તે પાછું સ્વતંત્ર થયું હતું. રાજા હિઝકીયાહના વખતમાં આશ્શૂરીઓએ તેને જીતી લીધું હતું (૨ રા. ૧૭; ૨૪: ૧૮; ૩૪: ૧૯; ૧૩. યશા. ૧૦; ૯: ૧૧; ૧૧) અને મહાન આલેક્સાંદરના વખત સુધી તે આશ્શૂરના તાબામાં રહ્યું હતું. યૂનાનીઓ આ શહેરને આંટિઓકસ એપિફાનસના માન ખાતર તેને એપિફાનસ કહે છે. આ શહેરને હાલ 'હમાહ' કહે છે જે એમેસાની ઉત્તરે ૩૨ માઇલ ઉપર ઓરોન્ટીસ નદી ઉપર આવેલ છે. 'હમાથનું રાજ્ય' તે સિરીઆના ઉત્તર ભાગમાં, ઓરોન્ટીસ નદીની બન્ને બાજુના પ્રદેશમાં આવેલું હતું. તેજ રાજ્યની રાજધાનીનું શહેર 'હમાથ' હતું. આ રાજ્યની સીમા—દક્ષિણમાં રિબ્લાથી તે ઉત્તરમાં આસ્સામીઆ સુધી, અને પશ્ચિમે લબાનોનથી તે પૂર્વમાં રણ સુધી હતી. "હમાથનું નાકું" તેમાં પાલેસ્તાઇનની ઉત્તર સરહદ બતાવવામાં આવી છે (ગણ. ૩૪; ૮. યહો. ૧૩; ૫. ૨ કાળ. ૭; ૮). ઇ. સ. ૧૮૧૨ માં હમાથ જેને હાલ 'હમાહ' કહે છે તેમાં ત્રીસ હજાર માણસની વસ્તી હતી. શહેરનો કોઇ ભાગ ટેકરા ઉપર અને કોઇ ભાગ મેદાન પર બંધાયલો જોવામાં આવ્યો. તે વખતે વળી આ પ્રાંતમાં ૧૨૦ આબાદ ગામ હતાં અને ૭૦ કે ૮૦ ગામ ખંડિયેરાવસ્થામાં જોવામાં આવ્યાં હતાં.

હમાથ-સોબાહ = સોબાહનો કિલ્લો. (૨ કાળ. ૮; ૩). કેટલાક એમ ધારે છે કે આ શહેર તે હમાથ (ગણ. ૧૩; ૨૧: ૩૪; ૮) થી જુદું છે. પણ તે વાત તદન અસંભવિત દેખાય છે. હમાથ-સોબાહ અને હમાથ તે એક ને એકજ છે. જુઓ હમાથ.

હમાથી = હામના દીકરા કનાનની એક કોમને આ નામ આપવામાં આવ્યું છે.

હમૂટાલ = ઝાકળના જેવું તાજું. રાજા સિદકીયાહ તથા રાજા યહોઆહાઝની માનું નામ હમૂટાલ હતું (૨ રા. ૨૪; ૧૮). તે લિબ્નાહના યિર્મેયાહની દીકરી અને યોશીયાહ રાજાની સ્ત્રી થાય (યિર્મે. ૫૨; ૧).

હમોન-ગોગ = ગોગનો સમુદાય. આ નામની એક ખીણ હતી, જેમાં ગોગ તથા તેનો સર્વે સમુદાય દાટવામાં આવ્યો હતો (હઝ. ૩૯; ૧૧, ૧૫). તેને "સમુદ્રને પૂર્વ કાંઠે થઇને જનારાઓની ખીણ" પણ કહેતા હતા.

હમોનાહ=ટોળું. ગોગ તથા તેના સર્વ સમુદાયનો જે જગ્યાએ નાશ થયો તે જગ્યાનું નામ હમોનાહ પાડવામાં આવ્યું હતું (હઝ. (૩૯; ૧૬).

હમોર=ગધેડો. હિવ્વી હમોર કે જેની પાસેથી યાકુબે જમીનનો એક કકડો સો રૂપીએ વેચાતો લીધો હતો (ઉત્પ. ૩૩; ૧૯). પ્રે. કૃ. ૭; ૧૬ માં તેને અમોર કહે છે. હમોરના દીકરા શખેમે પોતાના નામ પર એક શહેર વસાવ્યું, જેને શખેમ કહેતા હતા. આ શખેમ શહેરનો યાકુબના દીકરા શિમઓન તથા લેવીએ પોતાની બહેન દીનાહને અશુદ્ધ કર્યાને લીધે તે નગરનો તથા હમોર અને તેના દીકરા શખેમનો નાશ કર્યો હતો (ઉત્પ. ૩૪; ૨૫-૩૧. જુઓ શખેમ). હમોર (ઉત્પ. ૩૩; ૧૯: ૩૪. યહો. ૨૪; ૩૨. ન્યા. ૩; ૨૮. પ્રે. કૃ. ૭; ૧૬).

હમ્માથ=ગરમ પાણીનો ઝરો. આ શહેર નાફતાલીના ભાગમાં આવેલું હતું (યહો. ૧૯; ૩૫). એમ ધારવામાં આવે છે કે હમ્માથ અને હામ્મોથદોર (યહો. ૨૧; ૩૨), અને હામ્મોન (૧ કાળ ૬; ૭૬), તે ત્રણે એક ને એકજ શહેરનાં જુદાં જુદાં નામ હતાં. યુસેફસના બ્યાનથી એમ માલમ પડે છે કે આ ગામ તિબેરિયસ સમુદ્રથી થોડે દૂર દક્ષિણ ગમ આવેલું હતું. અહીં વેશપેસિયને પોતાની છાવણી કીધી હતી, અને તે વખતે તેણે જે ભીંત ઉભી કરી હતી તે ભાંગી તુટી હાલતમાં હજી સુધી નજરે પડે છે. આ ગામ ત્યાંના ગરમ પાણીના ઝરાને માટે મશહૂર હતું. હાલ તિબેરિયસ સમુદ્રની દક્ષિણ ગમ કિનારા ઉપર થોડે દૂર એક ગરમ પાણીનો ઝરો આવેલો છે કે જે 'હમામ-તબેરિયહ' એટલે તિબેરિયસની નહાવાની જગ્યા, એ નામથી તે ઓળખાય છે.

હરાદાહ=બીક. ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનો પચીસમો મુકામ હતો (ગણ. ૩૩; ૨૪, ૨૫).

હરૂફી. જેઓ દાઉદને સિકલાગમાં આવી મળ્યા તેઓમાં એક શફાટયાહ હરૂફી કરીને હતો. (૧ કાળ. ૧૨; ૫). તે હારીફનો વતની હતો (૧ કાળ. ૧૨; ૬).

હરૂમાફ=ચીબો. યરૂશાલેમના કોટની મરામત કરનારાઓમાંનો એક યદાયાહનો બાપ હરૂમાફ કરીને હતો (નહે. ૩; ૧૦).

હરોએહ (૧ કાળ. ૨; ૫૨).

હરોદી. દાઉદ રાજાના સાડત્રીસ શૂરવીરોમાંના બેને હરોદી કહેવામાં આવે છે (૨ શમૂ. ૨૩; ૫), પણ ૧ કાળ. ૧૧; ૨૭ માં તેમને 'હરોરી' કહે છે. હેરોદ નામના ઝરા પાસેના કોઇ પરગણામાંથી ઉપરના શખ્સો આવેલા હશે, તે પરથી તેઓને હરોદી કહેતા હશે.

હરોરી. જુઓ હરોદી (૧ કાળ. ૧૧; ૨૭).

હરોશેથ=કાપીને અલગ કરવું. તેને વિદેશીઓનું હરોશેથ કહેતા હતા. હાસોરના રાજા યાબીનનો સસરો આ શહેરમાં રહેતો હતો (ન્યા. ૪; ૨ : ૧૩; ૧૬). આ શહેર પાલેસ્તાઇનની ઉત્તરે વિદેશીઓના ગાલીલમાં હાસોર શહેરની પાસે આવેલું હતું. અહીં સીસરાનું લશ્કર ઇસ્રાએલીઓની સામે એસ્ડ્રાએલોનની લડાઇમાં ઉતર્યા પહેલાં ગોઠવવામાં આવ્યું હતું. આ શહેર એક્કેના મેદાનથી એસ્ડ્રાએલોન જવાના માર્ગના નાકા ઉપર આવેલું હતું. હેબ્રી ભાષામાં તેને 'હરોશેથ-હા-ગોઝીમ.' એટલે દેશજાતિઓનું લુહારખાનું. એ નામ પરથી એમ ધારવામાં આવે છે કે યાબીન રાજાના રથ અને લડાઇનાં હથિયારો આ શહેરમાં બન્યાં હશે. ગાલીલના ઉપલા ભાગને વિદેશીઓનું ગાલીલ કહેતા હતા, કેમકે ઘણી એક અન્ય કોમો ત્યાં આવીને વસી હતી. તેજ પ્રમાણે હરોશેથને પણ વિદેશીઓનું હરોશેથ કહેતા હતા.

હલાહ—(૨ રા. ૧૭; ૬). માદાય પ્રાંતમાં આવેલું એક પરગણું હતું. આશ્શૂરના રાજા શાલ્માનેસેર ઇસ્રાએલીઓને કેદ કરીને

આશ્શૂર લઇ ગયો ત્યારે આ જગ્યામાં તેમને રાખવામાં આવ્યા હતા (૨ રા. ૧૭; ૬: ૧૮; ૧૧. ૧ કાળ. ૫; ૨૬). ખાબુર નદીના મૂળથી માંડી યેરૂયેરના સંગમ સુધીના ખાબુર નદીના પ્રદેશને હલાહ નામ ઘણું કરીને આપવામાં આવ્યું હતું. આ પરગણાને ટોલેમીએ ઘણું કરીને કાલ્કીટીસ નામ આપેલું છે.

હલી (યહો. ૧૯; ૨૫). આશેરપુત્રોના વતનની સરહદ પર આ જગ્યા આવેલી હતી.

હવા = સજીવ. આદમે પોતાની વહુનું નામ હવા પાડ્યું (ઉત્પ. ૩; ૨૦: ૪; ૧), કેમકે તે સર્વ સજીવની મા હતી. જગતની આ પહેલી સ્ત્રીની ઉત્પત્તિ વિષે ઉત્પ. ૨; ૧૮, ૨૧, ૨૨ માં વાત આવે છે. "યહોવાહ દેવે કહ્યું કે માણસ એકલો રહે તે સારૂં નથી, હું તેને યોગ્ય એક સહાયકારી સૃજાવીશ." અને કર્ત્તાએ આદમની એક પાંસળીમાંથી સ્ત્રી બનાવી અને તેને સારૂ યોગ્ય સહાયકારી કીધી. આ સહાયકારી તેના માથામાંથી નહિ રખેને તે તેના ઉપર અધિકાર ચલાવે; તેમજ તેના પગમાંથી નહિ રખેને પુરૂષ તેને પગ નીચે રાખે; પણ યહોવાહ દેવે તેની પાંસળીમાંથી હવાને બનાવી, એ માટે લગ્ને કરીને તેઓ એક બીજાને સરખી રીતે સહાયકારી થાય. વળી સ્ત્રીને પુરૂષના માંસમાંથી બનાવવામાં આવી, એટલુંજ નહિ પણ આદમને દેવની ખાસ કૃપાથી આ સહાયકારી મળી, માટે પુરૂષે જેવો પોતાપર તેવો પોતાની સ્ત્રી પર પ્યાર કરવો જોઇએ. કેટલાએક લોકમાં પહેલાંના જમાનામાં કામકાજ કરવાને સ્ત્રીઓને ગુલામ તરીકે રાખવામાં આવતી હતી. પણ પ્રભુના નામને ધન્ય હોજો કે સ્ત્રીઓ પણ સુબુદ્ધિ સુદ્ધાં વિશ્વાસ તથા પ્રેમ તથા પવિત્રાઇમાં રહે તો તે મશીહના જન્મથી તારણ પામે છે. જ્યાં જ્યાં ખ્રીસ્તનું રાજ્ય ફેલાવો પામે છે ત્યાં ત્યાં સ્ત્રી પુરૂષ સરખા હક ભોગવે છે, કેમકે ત્યાં નથી હેલેની કે નથી યહુદી, કોઇ દાસ નથી કે સ્વતંત્ર નથી, કોઇ પુરૂષ નથી ને બાયડી નથી, કેમકે તેઓ બધા ખ્રીસ્તમાં એક છે (ગલા. ૩; ૨૮). જગતમાં પાપનો પ્રવેશ સ્ત્રી દ્વારે થયો તેમજ જગતમાં તારણનો પ્રવેશ પણ એક રીતે સ્ત્રીદ્વારા થયો. હવાએ શેતાનથી લલચાઇ મના કરેલા ઝાડનું ફળ ખાધું અને પોતાના ધણીને પણ આપ્યું, અને બન્ને પાપી થયાં (૧ તીમો. ૨; ૧૩. ૨ કરીં. ૧૧; ૩). અને વળી સ્ત્રીથી એટલે મરિયમ કુંવારીથી તારનાર ખ્રીસ્ત જન્મ્યો તેથી જગતનું તારણ થયું (ઉત્પ. ૩; ૧૫ સરખાવો). હવા પોતાનો પ્રથમ દીકરો કાઇન જણી ત્યારે તે બોલી કે "યહોવાહની (કૃપાથી) મને પુત્ર મળ્યો છે" (ઉત્પ. ૪; ૧). ત્યાર પછી તેણે હાબેલ તથા શેથને જન્માવ્યા. હવાએ પરીક્ષણમાં પડીને પાપ કીધું માટે તેને શિક્ષા કરવામાં આવી કે "હું તારો શોક તથા તારા ગરોદરપણાનું દુઃખ ઘણુંજ વધારીશ, તું દુઃખે બાળક જણશે, ને તું તારા વરને આધીન થશે, ને તે તારા પર ધણીપણું કરશે (ઉત્પ. ૩; ૧૬ સાથે ૨ તીમો. ૨; ૧૩-૧૫ સરખાવો).

હવીલાહ = રેતાળ પ્રદેશ. (૧) એદન વાડીનું વર્ણન કરતાં આ દેશનું નામ આવે છે (ઉત્પ. ૨; ૧૧). લખ્યું છે કે ત્યાં સોનું તથા બદોલાખ અને અકીક પાષાણ થતા હતા. આ દેશ પીશોન નદીથી ઘેરાયલો હતો. આ દેશ તે બાબેલની પૂર્વ હદ પર આવેલો હશે. (૨) અરબસ્તાનના ફેલીક્સ પ્રાંતમાં આ નામનું એક પરગણું આવેલું હતું (ઉત્પ. ૨૫; ૧૮). આ પ્રદેશ, ઇશ્માએલીઓ તેમજ અમાલેકીઓની સરહદ હતી (૧ શમૂ. ૧૫; ૧). કૂશના એક દીકરાનું નામ (ઉત્પ. ૧૦; ૭), તેમજ યોક્ટાનના એક દીકરાનું નામ (ઉત્પ. ૧૦; ૨૯) હવીલાહ હતું. હવે કદાચ આ કોમમાંની એક અથવા બન્ને કોમ ત્યાં ગઇ હોય અને તેમના નામ પરથી આ પ્રદેશનું નામ હવીલાહ પડ્યું હોય અથવા

તો તેઓએ પોતાના નામ પરથી પોતાના દેશને આ નામ આપ્યું હોય, પણ તે ખાતરીની વાત નથી. (૩) કૂશનો પુત્ર હવીલાહ (ઉત્પ. ૧૦; ૭). (૪) યોકટાનનો પુત્ર (ઉત્પ. ૧૦; ૨૯. ૧ કાળ. ૧; ૨૩).

હશાબ્નયાહ = જેને યહોવાહ ગણકારે છે. એઝરાના વખતમાં એક લેવી હતો (નહે. ૯; ૫). (૨) (નહે. ૩; ૧૦).

હશાબ્નાહ = ઉપર મુજબ. જે લેવીઓએ કરાર ઉપર સહી કરી તેમાંનો તે એક હતો (નહે. ૧૦; ૨૫).

હશાબ્યાહ = ઉપર મુજબ. યાજકો અને લેવીઓમાં આ નામ બહુ સાધારણ હતું. પવિત્ર શાસ્ત્રમાં, તેથી કરીને આ નામ ઘણાં માણસોને આપવામાં આવેલું દેખાય છે. (૧) લેવી અમાસ્યાહનો પુત્ર (૧ કાળ. ૬; ૪૫). (૨) મરારી પુત્રોમાંનો એક (૧ કાળ. ૯; ૧૪). (૩) હેબ્રોનીઓમાંનો એક હતો. તેના ભાઇઓ ૧,૭૦૦ શૂરવીર પુરૂષો ગણાતા હતા (૧ કાળ. ૨૬; ૩૦). (૪) યદૂથૂન પુત્રોમાંનો એક (૧ કાળ. ૨૫; ૩, ૧૯). (૫) કમૂએલનો પુત્ર (૧ કાળ. ૨૭; ૧૭). (૬) યોશીયાહ રાજાના વખતે એક લેવી હતો (૨ કાળ. ૩૫; ૯). (૭) એઝરાની સાથે આવનાર એક લેવી હતો (એઝ. ૮; ૧૯). (૮) એઝરાની સાથે આવનારાઓમાંના યાજકોનો સરદાર હતો (એઝ. ૮; ૨૪). (૯) કઇલાહના અર્ધ જીલ્લાનો અધિકારી જે યરૂશાલેમના કોટની મરામત કરવામાં હતો (નહે. ૩; ૧૭). (૧૦) કરાર ઉપર જેઓએ મુદ્રા કરી તેમાંનો એક લેવી હતો (નહે. ૧૦; ૧૧). (૧૧) લેવી બુન્નીનો પુત્ર (નહે. ૧૧; ૧૫). (૧૨) ગવૈયા માત્તાન્યાહના પુત્રો (નહે. ૧૧; ૨૨). (૧૩) હલ્કીયાહના વંશનો એક યાજક હતો (નહે. ૧૨; ૨૧). ઉપરનાં નામોમાં કોઇ એક ને એકજ હશે.

હશુબાહ = તેજ જગ્યા. દાઉદના વંશનો એક માણસ (૧ કાળ. ૩; ૨૦).

હસાદ્યાહ = યહોવાહ ચાહે છે. ઝરૂબ્બાબેલના પુત્રો (૧ કાળ. ૩; ૨૦).

હસાર-આદ્દાર = આદ્દારનું ગામ. પાલેસ્તાઇનની છેક દક્ષિણ સરહદમાં આવેલી એક જગ્યા હતી (ગણ. ૩૪; ૪).

હસાર-એનાન = ઝરાઓનું ગામ. પાલેસ્તાઇનની ઇશાન કોણની સરહદ ઉપર આવેલી એક જગ્યા હતી (ગણ. ૩૪; ૯, ૧૦). કેટલાક માણસો તેને 'આયૂન-એદ-દારા' સમજે છે, જે આન્ટિલબાનોનની મધ્ય હારમાં આવેલ છે. પણ ઘણું કરીને ઉપલી જગ્યા તે 'કુરીએટીન' હશે, જે દમસ્કથી ૬૦ માઇલ દૂર આવેલ છે. (સરખાવો હઝ. ૪૭; ૧૭: ૪૮; ૧).

હસાર-ગાદ્દાહ = નસીબનું ગામ. યહુદાહ પ્રાંતની દક્ષિણ સરહદ ઉપર, ભૂમધ્ય સમુદ્ર અને મૃત સમુદ્રના મધ્ય માર્ગમાં આવેલું હતું (યહો. ૧૫; ૨૭).

હસાર્માવેથ = મરણ ભૂમિ. એ શેમવંશી યોક્ટાનનો ત્રીજો પુત્ર હતો અને તેણે અરબસ્તાનના ફેલિક્સમાં એક પરગણું વસાવ્યું (ઉત્પ. ૧૦; ૨૬. ૧ કાળ. ૧; ૨૦). આ પરગણું કે પ્રાંત તે હાલનો હૈદ્રામૌત પ્રાંત કદાપિ હશે. તે હાલના યમન પ્રાંતની પૂર્વમાં હિંદી મહાસાગર પર આવેલો છે.

હસાર-શૂઆલ = શિયાળવાનું શહેર. યહુદાહની દક્ષિણ સરહદ ઉપર આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૨૮: ૧૯; ૩. ૧ કાળ. ૪; ૨૮. નહે. ૧૧; ૨૭). હાલ તે 'સાવેહ' નાં પડી ગએલાં ખંડિયેરથી ઓળખાય છે, જે બેર-શેબાથી મોલાડાહના મધ્ય માર્ગમાં આવેલ છે.

હસાર-સૂસાહ = ઘોડાનું ગામ. શિમઓનનું એક શહેર હતું, જે યહુદાહની દક્ષિણ સરહદ પર આવેલું હતું (યહો. ૧૯; ૫), તેને ૧ કાળ. ૪; ૩૧ માં હસાર-સૂસીમ કહે છે. આ શહેર અને યહો. ૧૫; ૩૧ માં આવતું સાન્સાન્નાહ શહેર તે બન્ને એક ને એકજ હશે.

હસૂફા = ઉઘાડો. નથીનીમ પુત્રોમાંના હસૂફાના પુત્રો બાબેલ બંદિપ્રવાસથી પાછા આવ્યા હતા (નહે. ૭; ૪૬).

હસેરોથ = ગામ ગામડાં. ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનું એક સ્થળ હતું. સિનાય પર્વતથી ઉપડ્યા પછી ઇસ્રાએલીઓની આ બીજી છાવણી હતી. આ જગ્યા છાવણીને માટે બહુ વ્યવસ્થિત હતી, કેમકે તંબુને માટે તથા જાનવરોને માટે અહીં ઝાડોની સારી છાયા હતી (ગણ. ૧૧; ૩૫: ૧૨; ૧૬: ૩૩; ૧૭, ૧૮. પુન. ૧; ૧). આ જગ્યાએ મુસા એક કુશી સ્ત્રી સાથે પરણ્યો, માટે મુસાની બેન મરિયમ તથા હારૂને મુસા વિરૂદ્ધ બંડ કીધું. આ વખતે મરિયમને કોઢ વળગ્યો પણ મુસાની વિનંતિથી તે સારી થઇ. ત્યાર પછી ઇસ્રાએલીઓએ અહીંથી ઉપડી પારાનના અરણ્યમાં છાવણી કીધી.

હસ્સનાઆહ = કાંટાવાળી. જેઓએ યરૂશાલેમના કોટની મચ્છી ભાગળની મરામત કરી તેઓ હસ્સનાઆહના પુત્રો હતા (નહે. ૩; ૩).

હાઅહાશ્તારી = ખચ્ચર હાંકનાર (?). યહુદાહપુત્રોમાંનો એક માણસ હતો. તકોઆના પિતા આશ્હૂરને બે સ્ત્રીઓ હતી, જેમાંની નાઅરાહને પેટે જે ચાર પુત્રો થયા તેમાંનો આ ચોથો હતો (૧ કાળ. ૪; ૬).

હાકૂફા. ઝરૂબ્બાબેલની સરદારી નીચે જેઓ બંદિપ્રવાસથી પાછા આવ્યા તેમાં હાકૂફાના પુત્રો પણ હતા (એઝ. ૨; ૫૧. નહે. ૭; ૫૩).

હાક્કાટાન = પદવી. રાજા આર્તાહશાસ્તાના વખતમાં જેઓ એઝરાની સાથે બાબેલથી પાછા આવ્યા તેમાં આઝગાદના પુત્રોમાંનો હાક્કાટાનનો પુત્ર યોહાનાન અને તેની સાથે બીજા ૧૧૦ પુરૂષો આવ્યા હતા (એઝ. ૮; ૧૨).

હાકકોસ = કાંટો. યાજકોની વારાટોળીઓમાંનો એક મુખ્ય હતો (૧ કાળ. ૨૪; ૧૦: ૪; ૮. એઝ. ૨; ૬૧. નહે ૩; ૪, ૨૧).

હાખ્મોની = ડાહ્યો. (૧) દાઉદ રાજાના યોદ્ધાઓમાંનો એક યાશોબઆમ નામનો હતો તેનો પિતા (૧ કાળ. ૧૧; ૧૧). (૨) દાઉદ રાજાના અધિકારીઓમાંનો એક યહીએલ કરીને હતો, તે રાજાના પુત્રોની સાથે હતો તેનો પિતા (૧ કાળ. ૨૭; ૩૨).

હાગાબ. બાબેલ બંદિપ્રવાસથી જેઓ પાછા આવ્યા તેઓમાં હાગાબના પુત્રો પણ હતા (એઝ. ૨; ૪૬).

હાગાર = નાસભાગ; પરદેશી. ઇબ્રાહીમની સ્ત્રી સારાયની એક મિસરી દાસી હતી (ઉત્પ. ૧૬; ૧: ૨૧; ૯-૨૧). તેને સારાયે પોતાના વર ઇબ્રાહીમને બાયડી થવા આપી (ઉત્પ. ૧૬; ૩). હાગાર પોતાના દીકરા ઇશ્માએલને જણવાની હતી એવામાં તે પોતાની શેઠાણી સારાયને મુકીને પોતાના દેશમાં, એટલે મિસર દેશમાં પોતાનાં સગાં પાસે નાસી જવા સારૂ નીકળી. નાસતાં નાસતાં તે સૂર અરણ્યમાં પાણીના એક ઝરા પાસે આવી. ત્યાં તેને યહોવાહના દૂતનું દર્શન થયું. "દૂતે કહ્યું કે તું ક્યાંથી આવી અને ક્યાં જાય છે? હાગારે જવાબ આપ્યો કે મારી શેઠાણી સારાયની પાસેથી હું નાસી જાઉં છું. દૂતે તેને કહ્યું કે તું પોતાની શેઠાણી પાસે પાછી જા, ને તેના હાથ તળે રહે." હાગાર જ્યારે નાસતી હતી ત્યારે તેના મનમાં કદાપિ એમ આવ્યું હશે કે, અહીં મારો કોઇ મદદગાર કે જોનાર નથી, પણ દૂતના દર્શનથી તેને ખાતરી થઇ કે, 'દેવ મને દેખે છે.' એ ઉપરથી જે ઝરા પાસે યહોવાહના દૂતનું દર્શન થયું તે ઝરાનું નામ હાગારે બેર-લાહાય-રોઇ (જે જીવતો દેવ મને જુએ છે તેનો કુવો) પાડ્યું. આ વખતે વળી દૂતે ઇશ્માએલના જન્મ વિષે જણાવતાં કહ્યું કે, તું દીકરો જણશે અને તેનું નામ ઇશ્માએલ (દેવ સંભાળનાર છે) પાડશે. પછી ઇશ્વરની આજ્ઞા પ્રમાણે હાગાર પાછી ફરી અને પોતાની શેઠાણી પાસે ગઇ. ખરી વાત છે કે સારાયે પોતાની દાસી

હાગારને દુઃખ દીધું, પણ હાગારે પ્રભુથી બીહીને તે સહન કરવું જોઇતું હતું. "કેમકે જેઓ સારા અને નમ્ર છે કેવળ તેઓનેજ નહિ પણ કઠોરોને પણ" આપણે આધીન થવું જોઇએ. હાગાર ઇબ્રાહીમને ત્યાં પાછી આવી, અને ત્યાં દૂતના કહેવા પ્રમાણે તેને દીકરો જન્મ્યો અને તેનું નામ ઇશ્માએલ પાડવામાં આવ્યું. ત્યાર પછી હાગાર ઇસહાકના જન્મ સુધી, એટલે ૧૪ વર્ષ સુધી ઇબ્રાહીમના ઘરમાં રહી, પણ ત્યાર પછી સારાય અને ઇશ્માએલ વચ્ચે વાંધો ઉઠયો. સારાયને હાગાર અને ઇશ્માએલની વર્તણુક ચેષ્ટા ભરેલી લાગી તેથી સારાયે ઇબ્રાહીમને કહ્યું કે હાગાર તથા તેના દીકરાને તું કાઢી મુક. પણ ઇબ્રાહીમને તે વાત પ્રથમ ગમી નહિ, પણ પ્રભુનો વિચાર જાણીને ઇબ્રાહીમે હાગાર તથા તેના દીકરાને પોતાના ઘેરથી વિદાય કીધાં (ઉત્પ. ૨૧; ૧૪). હાગાર તથા તેનો દીકરો ઇશ્માએલ ઇબ્રાહીમના ઘરમાંથી નીકળીને બેર-શેબાના અરણ્યમાં ભટકતાં હતાં. લાંબી રખડામણને લીધે ઇશ્માએલ થાકી ગયો અને થાક અને તરસથી પીડાતો મરણની અણી પર આવી પહોંચ્યો. તેની મા હાગાર નાઇલાજ થઇ "છોકરાનું મરણ હું ન જોઉં" એમ ધારીને એક તીરવા જેટલે છેટે જઇ બેઠી 'ને પોક મુકીને રડી.' આ વખતે જેમ પહેલી વખતે તેમ આ બીજી વખતે પણ યહોવાહે તેને મદદ કીધી. દૂતનું દર્શન તેને થયું અને દેવે હાગારની આંખ ઉઘાડી અને તેણે એક પાણીનો કુવો દીઠો, ને છોકરાને તેમાંથી પાયું. "દેવ છોકરાની સાથે હતો ને તે વધ્યો ને અરણ્યમાં રહીને તીરંદાજ થયો. અને તે પારાનના અરણ્યમાં રહ્યો અને તેની માએ તેને સારૂ મિસર દેશમાંથી એક બાયડી લીધી" (ઉત્પ. ૨૧), અને તે જોડાથી એક મોટી કોમ ઉત્પન્ન થઇ. હાગાર તે યહુદી મંડળીની ઉપમા છે (ગલા. ૪; ૨૪) કે જેઓ નિયમને તાબે છે, પણ તેથી ઉલટું સારાહ ખ્રીસ્તી મંડળીની ઉપમા છે કે જેઓ વચનના વારસ છે. કદાપિ એમ હોય કે મિસરના રાજા ફારૂને સારાયના બદલામાં જે દાસદાસીઓ ઇબ્રાહીમને બક્ષીસ તરીકે આપ્યાં હતાં, તેમાંની એક હાગાર હોય (ઉત્પ. ૧૨; ૧૬).

હાગ્ગાય = મંગળ. બાર નાના ભવિષ્યવાદીઓમાંનો દસમો હાગ્ગાય ભવિષ્યવાદી છે. હાગ્ગાય આ હેબ્રી નામનો ધાતુ હાગ છે અને તેનો અર્થ મિજબાની એવો થાય છે. લાટીન ભાષામાં તેને મળતું નામ ફેસ્તસ છે. એ પરથી ભવિષ્યવાદી હાગ્ગાયનો જન્મ કોઇ ખાસ પર્વને દિવસે થયો હશે, અને એજ કારણ માટે તેને આ નામ આપવામાં આવ્યું હશે. વળી તેની ભવિષ્યવાત પણ તેના નામના અર્થ સાથે મળતી આવે છે. એઝ. ૫; ૧ઃ ૬; ૧૪ પરથી જણાય છે કે બાબેલનો રાજા નબૂખાદનેસ્સાર જે લોકોને બંદિપ્રવાસમાં લઇ ગયો તેમાંનો એક હાગ્ગાય હતો. આ વાક્યોમાં તેના નામની સાથે ઝખાર્યાહનું નામ આવે છે, તો પણ ઝખાર્યાહ હાગ્ગાયનો સમકાળિક ભવિષ્યવાદી છતાં હાગ્ગાય તેથી ઘરડો દેખાય છે. ઇ. સ. પૂ. ૫૮૬ માં સુલેમાનના મંદિરનો નાશ થયો, તે પહેલાં હાગ્ગાયે સુલેમાનના મંદિરનો ગૌરવ જોયો હોય એમ દેખાઇ આવે છે. બંદિપ્રવાસ પછી જે ત્રણ ભવિષ્યવાદી થયા, એટલે હાગ્ગાય, ઝખાર્યાહ અને માલાખી, તેઓ ત્રણેમાં હાગ્ગાય સૌથી મોટો અને જુનો જણાય છે. પાછા આવેલા યહુદીઓએ બાબેલથી આવી તરત વેદી સમારી અને ત્યાર પછી બે વર્ષમાં મંદિર બાંધવાનું કામ શરૂ કર્યું, પણ આસપાસની દેશજાતિઓનાં વિઘ્નોને લીધે ચૌદ વર્ષ સુધી કામ બંધ રહ્યું. એ અરસામાં યહુદીઓ પોતાનાં ઘર, વાડીઓ તથા ઢોરઢાંકને આબાદ હાલતમાં લાવવા સારૂ પ્રયત્ન કરવા લાગ્યા. પણ મંદિર વિષે એવું કહેતા હતા કે પ્રભુનું ઘર બાંધવાનો સમય હજી આવ્યો નથી. એથી

કરીને આબાદ હાલતને બદલે દુકાળ તથા દરિદ્રતાએ તેઓમાં પ્રવેશ કીધો. ત્યારે હાગ્ગાયે ઉઠીને આ પુસ્તકમાં વર્ણવેલાં ચાર ભાષણ તેઓની આગળ પ્રગટ કીધાં, અને એથી ઉત્તેજન પામીને લોકો ફરી મંદિર બાંધવા મંડ્યા, અને ચાર વર્ષમાં એ કામ પુરૂં થયું. (જુઓ એઝ. ૩–૬. યિર્મે. ૨૯; ૧૦, ૧૧). ૧ લું ભાષણ—ઇ. સ. પૂ. ૫૨૦. છઠ્ઠો માસ અને પહેલી તારીખ ઉઠીને બાંધો. અને યહોવાહે લોકોનાં મન ઉશ્કેર્યાં, અને તેઓએ ભાષણ સાંભળ્યા પછી ચોવીસમે દિવસે કામ શરૂ કીધું. (અધ્યાય ૧). ૨ જું ભાષણ—ઇ. સ. પૂ. ૫૨૦ના સાતમા માસની એકવીસમી તારીખ, એટલે માંડવા પર્વને સાતમે દિવસે. આ ઘરનું પાછળનું ગૌરવ અગાઉના કરતાં વિશેષ થશે. એ ભાષણ આપવાનું કારણ એ હતું કે પહેલાંના મંદિર કરતાં આ મંદિરની શોભા કેટલીએક બાબતમાં પહેલાંના મંદિર કરતાં ઓછી હતી, તેથી બાંધનારા નાઉમેદ થઇ ગયા હતા, તેથી આ ભાષણમાં તેમને દિલાસો, હિમ્મત તથા વચન આપવામાં આવ્યું છે, અને એ વચન પ્રભુ ઇસુ જ્યારે મંદિરમાં પ્રવેશ પામ્યો ત્યારે પુરૂં પડયું (અધ્યા. ૨; ૧–૯). ૩ જું ભાષણ—ઇ. સ. પૂ. ૫૨૦. નવમા માસની ચોવીસમી તારીખ. જે કોઇ પોતાને માથે મુકેલી ફરજ પુરી પાડશે તેના ઉપર ઇશ્વરનો આશીર્વાદ જરૂર આવશે. આ ભાષણ આપવાનું કારણ એ હતું કે ઇ. સ. પૂ. ૫૩૫–૫૨૦ આ પંદર વર્ષ સમરૂનીઓના અટકાવને લીધે મંદિર બાંધવાનું કામ બંધ રહ્યું હતું, માટે ફરી બાંધવું જોઇએ એમ ભવિષ્યવાદી જણાવે છે (અધ્યાય ૨; ૧૦-૧૯). ૪ થું ભાષણ, જે દિવસે ત્રીજું ભાષણ આપ્યું તેજ દિવસે ચોથું ભાષણ પણ આપવામાં આવ્યું છે. આ ભાષણમાં ભવિષ્યવાતની ટોચ જણાય છે. યહુદીઓનો ખરો રાજા જે ખ્રીસ્ત તેની ઉપમા ઝરૂબ્બાબેલમાં દર્શાવી છે (અધ્યા. ૨; ૨૦-૨૩).

આ ભવિષ્યવાદીની પછી બીજે મહિને ઝખાર્યાહ ભવિષ્યવાદી ભવિષ્ય કહેવા લાગ્યો.

હાગ્ગી. ગાદના સાત પુત્રોમાંનો બીજો, જે પોતાના પિતાની સાથે મિસર દેશમાં આવ્યો (ઉત્પ. ૪૬; ૧૬. ગણ. ૨૬; ૧૫).

હાગ્ગીથ = આનંદી. દાઉદ રાજાની સ્ત્રી અને અદોનીયાહની માતુ (૨ શમૂ. ૩; ૪. ૧ રા. ૧; ૫, ૧૧: ૨; ૧૩. ૧ કાળ. ૩; ૨). દાઉદને જે છ દીકરા હેબ્રોનમાં થયા તેમાંનો ચોથો દીકરો અદોનિયાહ હતો, તેણે રાજા થવાની કોશિશ કીધી.

હાગ્ગીયાહ = યહોવાહનું પર્વ. લેવી મરારીના પુત્રોમાંના શિમઆનો પુત્ર (૧ કાળ. ૬; ૩૦).

હાગ્રી (૧ કાળ. ૫; ૧૦, ૧૯, ૨૦). (૧) આ કોમ તે ઇશ્માએલી કોમથી જુદી જણાય છે (ગીત ૮૬; ૬). તે યરદનની પૂર્વમાં રહેતી હતી અને રેઉબેન, ગાદ તથા મનાશ્શેહના કુળ સાથે લડનારી કોમ હતી. આ કોમ તે કઇ કોમ હતી તે કહેવું મુશ્કેલ છે. તેઓ અરબસ્તાનની ઇશાન કોણમાં ઇરાની અખાતની સરહદ પર વસનાર એક કોમ હતી એમ લાગે છે. (૨) દાઉદના સૈન્ય-યોદ્ધાઓમાંનો એક હાગ્રી હતો (૧ કાળ. ૧૧; ૩૮). (૩) દાઉદ રાજાનાં ઘેટાં બકરાં ઉપર જે અમલદાર હતો તેનું નામ યાઝીઝ હાગ્રી હતું (૧ કાળ. ૨૭; ૩૧).

હાટ્ટીલ = અસ્થિર. સુલેમાનના સેવકો જેઓ બંદિપ્રવાસથી પાછા આવ્યા તેમાં હાટ્ટીલના પુત્રો પણ હતા (એઝ. ૨; ૫૭. નહે. ૭; ૫૯).

હાટ્ટુશ = ભેગા થવું. (૧) શખાન્યાહના પુત્રો (૧ કાળ. ૩; ૨૨. એઝ. ૮; ૨. નહે. ૧૦; ૪: ૧૨; ૨). (૨) હાશાબ્નયાહનો પુત્ર યરૂશાલેમના કોટની મરામત કરવામાં હતો (નહે. ૩; ૧૦).

હાદરીઆ (આદરીઆ); આદ્રીઆનો સમુદ્ર. પાઉલના વખતમાં ક્રેત ટાપુથી તે સીસીલી ટાપુ સુધીના ભૂમધ્ય સમુદ્રને આદ્રીઆ (આદ્રીઆટીક) સમુદ્ર કહેતા હતા. હાલ

તેને વેનીસનો અખાત કહે છે. પાઉલને રૂમ જતાં આ દરિયામાં તોફાન લાગ્યું હતું (પ્રે. કૃ. ૨૭ ; ૨૭).

હાદલાય = વિશ્રામ. એફ્રાઇમપુત્રોમાંનો એક હતો. તે અમાસાનો પિતા હતો (૨ કાળ. ૨૮ ; ૧૨).

હાદીદ = જલદ. બિન્યામીનના ભાગમાં આ નામની એક જગ્યા લીદા અને ઓનોનની પાસે આવેલી હતી (એઝ. ૨ ; ૩૩. નહે. ૭ ; ૩૭).

હાદ્રાખ—આ નામનો એક પ્રાંત હતો જે સીરીયામાં આવેલો હશે, પણ તે વિષે કંઇ વાત વધુ જાણવામાં આવી નથી (ઝખ. ૯ ; ૧). રોબીન્સન સાહેબ તેને હાલનું એડેસ્સા ધારે છે, અને તે કહે છે કે કેટલાક આશ્શૂરી લેખોમાં એવી નોંધ લેવામાં આવેલી છે કે શાલ્માનેસેર ત્રીજાએ બે ચઢાઇઓ કરી, એક દમસ્ક ઉપર (ઇ. સ. પૂ. ૭૭૩), અને બીજી હાદ્રાખ ઉપર (ઇ. સ. પૂ. ૭૭૨). વળી એવું જણાય છે કે આશ્શૂર દાન ત્રીજાએ હાદ્રાખ ઉપર ત્રણ ચઢાઇઓ કરી, એટલે ઇ. સ. પૂ. ૭૭૨, ૭૬૫, અને ૭૫૫.

હાનાન = કૃપાળુ. (૧) બિન્યામીનપુત્રોમાંનો એક (૧ કાળ. ૮ ; ૨૩). તેના પિતાનું નામ શાશાક હતું. (૨) બિન્યામીની આસેલના છ પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૮ ; ૩૮ : ૯ ; ૪૪). (૩) દાઉદના શૂરવીરોમાંનો એક (૧ કાળ. ૧૧ ; ૪૩). (૪) જેઓ બંદિપ્રવાસથી પાછા આવ્યા તેમાંનો એક (એઝ. ૨ ; ૪૬). (૫) આ નામનો એક લેવી હતો (નહે. ૭ ; ૪૯). (૬) આ નામનો એક બીજો લેવી હતો કે જે લોકોને નિયમશાસ્ત્ર સમજાવતો (નહે. ૮ ; ૭). વળી તે શિવાય જુઓ (નહે. ૧૦ ; ૧૦, ૨૨, ૨૬ : ૧૩ ; ૧૩. યિર્મે. ૩૫ ; ૪).

હાનૂન = કૃપાથી અપાયલો. (૧) આમ્મોનપુત્રોનો રાજા નાહાશ મરણ પામ્યો, ત્યારે તેનો પુત્ર હાનૂન ગાદીનશીન થયો. દાઉદે વિચાર કર્યો કે હાનૂનનો પિતા મારી સાથે મિત્રાચારી રાખતો હતો માટે તેના મરણ પ્રસંગે દાઉદે તેના પુત્ર ઉપર દિલાસાપત્ર લખી મોકલ્યો. પણ આમ્મોનીઓના સરદારોએ પોતાના રાજાને દાઉદ વિષે સમજાવ્યું કે દાઉદે તને દિલાસો દેવાને પત્ર મોકલ્યો નથી પણ તારા દેશની જાસુસી કરવાને દાઉદે માણસો મોકલ્યા છે. તેથી હાનૂને દાઉદ રાજાના સંદેશિયાઓને પકડી મંગાવી તેમની અડધી અડધી દાઢીઓ મુંડાવી નાખી અને તેમનાં વસ્ત્ર ફાડી તેમનું ભારે અપમાન કર્યું ; આથી દાઉદ ઘણો ગુસ્સે થયો અને તેમની સામે લડાઇ જોડી. દાઉદે સેનાપતિ યોઆબને તેઓ સામે લડવાને મોકલ્યો. આ વખતે આમ્મોનીઓએ બાર હજાર અરામીઓને ભાડે રાખ્યા, તો પણ યોઆબ સામે તેમણે સખત હાર ખાધી. યોઆબે તેમના મુખ્ય શહેર રાબ્બાહને ઘેરો ઘાલ્યો (૨ શમૂ. ૧૦ ; ૨, ૩, ૪. ૧ કાળ. ૧૯ ; ૨, ૩, ૪). (૨) યરૂશાલેમના કોટમાં 'ખીણની ભાગોળ'ની મરામત કરવામાં આ પુરૂષ હતો (નહે. ૩ ; ૧૩). (૩) તે શિવાય બીજી એક ભાગોળની મરામત કરવામાં આ નામનો એક પુરૂષ હતે (નહે. ૩ ; ૩૦).

હાનેસ = આ નામનું મિસર દેશમાં આવેલું એક શહેર હતું, માત્ર યશા. ૩૦ ; ૪ માંજ તેનું નામ આવે છે. વિદ્વાનો ધારે છે કે તાહપાન્હેસ અને આ શહેર તે એકને એકજ હશે (યિર્મે. ૨ ; ૧૬ : ૪૬ ; ૧૪). આ શહેર મિસર દેશની પૂર્વ ગમ આવેલું હતું, અને આજદીન સુધી તેનાં ખંડિયરો જોવામાં આવે છે. ગદાલ્યાહના વખતમાં જ્યારે પ્રભુએ બાકી રહેલા યહુદીઓને મિસરમાં જવાની મના કરી, ત્યારે તેઓ તે વાતને નહિ માનતાં યિર્મેયાહને પણ સાથે લઇને આ શહેરમાં ગયા હતાં, ત્યાં ભવિષ્યવાદી યિર્મેયાહે જણાવ્યું હતું કે મિસર દેશને પણ નબૂખાદનેસ્સાર લઇ લેશે અને તેનું રાજ્યાસન આ પત્થરો પર થશે (યિર્મે. ૪૩ ;

૫–૧૩ : ૪૪ ; ૧. ઇઝ. ૩૦ ; ૧૮). હાલ કેરા શહેરથી ૭૦ માઇલ દૂર 'આનાસ-એલ-મેદીનેહ' નામથી ઉપલું શહેર ઓળખાય છે. (જુઓ તાહપાન્હેસ).

હાન્નાથોન—ઝબુલૂનપુત્રોના ભાગમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૯ ; ૧૪).

હાન્નાહ = મહેરબાની, કૃપા. રામાથાઇમ-સોફીમના એક લેવી એલ્કાનાહ નામનો હતો, તેને બે સ્ત્રીઓ હતી તેમાંની એક હાન્નાહ હતી, તે શમૂએલ ભવિષ્યવાદીની મા થાય (૧ શમૂ. ૧ ; ૨). જ્યારે હાન્નાહ તથા તેનો ધણી રામાથાઇમ-સોફીમમાં રહેતાં હતાં ત્યારે નિયમશાસ્ત્ર પ્રમાણે દર વર્ષે શીલોહમાં સૈન્યના યહોવાહનું ભજન કરવા તથા યજ્ઞ ચઢાવવા સારૂ જતાં હતાં, કેમકે ત્યાં યહોશુઆએ મંડપ ઉભો કીધો હતો (નિર્ગ. ૨૩ ; ૧૫ : ૩૪ ; ૨૦. પુન. ૧૬ ; ૧૬. નિર્ગ. ૧૩ ; ૧૦). આ વખતે શીલોહમાં એલી પ્રમુખ યાજક હતો. યહોવાહે હાન્નાહનું ગર્ભસ્થાન બંધ કર્યું હતું, પણ એલ્કાનાહની બીજી સ્ત્રી પનિન્નાહને દીકરા દીકરીઓ હતાં, આથી કરીને બીચારી હાન્નાહને પનિન્નાહ બહુ ચીડવતી હતી. એક વખતે રિવાજ મુજબ જ્યારે તે શીલોહમાં ગયાં ત્યારે હાન્નાહ મંદિરમાં એકલી જઇ પ્રભુની આગળ આગ્રહથી વિનંતિ કરવા લાગી, અને બહુ રડીને યહોવાહની આગળ પુત્રદાનની યાચના કરી. આ વખતે એલી પ્રમુખ યાજક યહોવાહના મંદિરની બારશાખ પાસે પોતાના આસન ઉપર બેઠેલો હતો. તેણે હાન્નાહના હોઠ માત્ર હાલતા જોયા, પણ તેની વાણી સાંભળી નહિ, ત્યારે તેને લાગ્યું કે તે પીધેલી છે. પણ પછીથી હાન્નાહના આપેલા ખુલાસાથી વાકેફ થઇ એલી બોલ્યો કે "શાંતિએ જા, તારી વિનંતિ તે સાર્થક કરે." કદાચ હાન્નાહ માનોઆહની સ્ત્રી જે શામશૂનની મા તેની વાત જાણતી હશે (ન્યા. ૧૩ ; ૨). ત્યાર પછી હાન્નાહ અને તેનો ધણી એલ્કાનાહ પોતાના નગરમાં પાછાં ગયાં, અને એલીના આપેલા આશીર્વાદ મુજબ બીજા પાસ્ખા પર્વની અગાઉ હાન્નાહને પુત્ર જન્મ્યો, અને તેનું નામ તેણે યહોવાહ પાસેથી માગી લીધેલો એટલે શમૂએલ પાડયું. છોકરાએ ધાવણ છોડયું ત્યાર પછી (આશરે ત્રણ વર્ષ પછી) હાન્નાહ પોતાના બાળકને લઇને શીલોહમાં દેવના ઘરમાં ગઇ. અને વૃદ્ધ યાજક એલીને કહ્યું કે "ઓ મારા મુરબ્બી, તારા જીવના સમ, જે સ્ત્રી યહોવાહની પ્રાર્થના કરતી અહીં તારી પાસે ઉભી હતી તે હું છું. જે વિનંતિ મેં કીધી તે તેણે ફલિભૂત કીધી છે માટે મેં પણ તેને યહોવાહને આપ્યો છે. તે જીવે ત્યાં સુધી યહોવાહને અર્પેલો છે" (૧ શમૂ. ૧ ; ૭–૨૮). ત્યાર પછી હાન્નાહે મનના પુરા આવેશથી ૧ શમૂ. ૨ ; ૧–૧૧ માં સમાએલું પ્રખ્યાત ગીત ગાયું, જેમાં મશીહની પદવી બતાવવામાં આવી છે (૧ શમૂ. ૨ ; ૧૦). "તે પોતાના અભિષિક્તનું શિંગ ઉંચું કરશે." કદાચ ઇસુની મા મરિયમ કુંવારીને (લુક ૧ ; ૪૬–૫૫) તથા ૧૧૩ મા ગીતના કર્ત્તાને હાન્નાહનું આ ગીત યાદ હશે. ત્યાર પછી હાન્નાહ પોતાના દીકરા શમૂએલને પ્રભુના ઘરમાં એલીની પાસે મુકીને પોતાને ઘેર ગઇ. પણ જ્યારે હાન્નાહ પોતાની રીત મુજબ દર વર્ષે પાસ્ખા પર્વ વખતે શીલોહમાં આવતી ત્યારે શમૂએલને સારૂ એક નાનો એફોદ (જામો) બનાવી લાવતી હતી (નિર્ગ. ૨૮ ; ૩૧. ૧ કાળ. ૧૫ ; ૨૭). "શમૂએલ બાળક યહોવાહની હજુરમાં રહીને મોટો થયો" અને હાન્નાહે જે દાન યહોવાહને ધીર્યું હતું તેના બદલામાં તેને બીજા ત્રણ પુત્રો અને બે પુત્રીઓ થઇ. આ વખતે હાન્નાહને કેટલો આનંદ થયો હશે, તેનો ખ્યાલ વાંચનારને સહેજ આવ્યા વગર રહેશે નહિ. આ દુનિયામાં સ્ત્રીઓને ઘણા પ્રકારની મુશીબતીઓ અને દુઃખો છે, પણ તેમણે પોતાનો વિશ્વાસ વધારવા તથા દુઃખમાં હિમ્મત પકડવા હાન્નાહના દુઃખનો તથા સુખનો વિચાર કરવો જોઇએ. હાન્નાહની

વાતનો વિચાર કરવો સ્ત્રીઓને માટે બહુ અગત્યનો છે.

હાન્નીએલ = દેવ દયાળુ. (૧) મનાશ્શેહના પુત્રોના કુળનો અધિપતિ એફોદનો પુત્ર (ગણ. ૩૪; ૨૩). (૨) આશ્શેરના પુત્રોનો અધિપતિ ઉલ્લાનો પુત્ર (૧ કાળ ૭; ૩૯).

હાર્નેફેર—આશેરના પુત્રોમાંના સોફીહના પુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૩૬).

હાપ્પિસ્સેસ—યહોવાહના ઘરમાં આવવા માટે વારાટોળીઓમાંની અઢારમી ટોળી હાપ્પિસ્સેસની હતી (૧ કાળ. ૨૪; ૧૫).

હાબેલ=વ્યર્થતા. આદમ તથા હવાનો જે બીજો પુત્ર થયો તેનું નામ હાબેલ હતું. તે પોતે ઘેટાંપાળક હતો પણ તેનો વડો ભાઇ કાઇન ખેડુત હતો (ઉત્પ. ૪; ૨). આ બન્ને ભાઇઓને પોતાના પિતાએ યહોવાહની સેવા કરવાને શીખવ્યું હતું. અને એમ થયું કે (સાબ્બાથ દીને) બન્ને ભાઇઓ યહોવાહની આગળ અર્પણ લાવ્યા. હાબેલ પોતાનાં ઘેટાં બકરામાંના પહેલાં જન્મેલાં તથા પુષ્ટ લાવ્યો અને કાઇન ભૂમિનાં ફળમાંથી કંઇ અર્પણ લાવ્યો, અને એમ થયું કે, યહોવાહે હાબેલને તથા તેના અર્પણને માન્ય કીધાં, પણ કાઇન તથા તેનું અર્પણ અમાન્ય થયું (ઉત્પ. ૪; ૩-૫). હાબેલનું અર્પણ માન્ય થયું "કેમકે વિશ્વાસથી હાબેલે કાઇનના કરતાં વધતો સારો યજ્ઞ દેવને અર્પણ કીધો" (હેબ્રી. ૧૧; ૪). આ કારણથી કાઇનના મનમાં પોતાના ભાઇ વિષે અદેખાઇ ઉત્પન્ન થઇ, અને એમ થયું કે જ્યારે તેઓ બન્ને ખેતરમાં હતા ત્યારે કાઇને ઉઠીને પોતાના ભાઇ હાબેલને મારી નાખ્યો (ઉત્પ. ૪; ૮. સરખાવો ૧ યોહા. ૩; ૧૨). આ પ્રમાણે માણસ જાતમાં પહેલું મરણ ખૂન કરવાથી થાય છે, અને એ ખૂન પોતાનો સગો ભાઇ ધાર્મિકપણાની અદેખાઇને લીધે કરે છે. હાબેલ તે પ્રભુના લોકોમાં ધર્મને માટે પ્રાણ આપનાર પહેલો ગણાય. નવા કરારમાં હાબેલ વિષે કેટલીએક વાત આવે છે. આપણો પ્રભુ ઇસુ તેને "ન્યાયી હાબેલ" કહે છે (માત્થી ૨૩; ૩૫). વળી 'છાંટવાનું લોહી' વિષે કહેવાય છે કે, "હાબેલના કરતાં સારૂં બોલે છે." હાબેલનું લોહી તો ઇસુ ખ્રીસ્તના ખરેખરા અર્પણદાયક લોહીની નિશાણી હતું. હાબેલનું લોહી બદલો માગે છે, પણ ઇસુનું લોહી દયા માગે છે. વળી કાઇનના કરતાં હાબેલે વિશ્વાસથી વધતો સારો યજ્ઞ દેવને અર્પણ કીધો (હેબ્રી. ૧૧; ૪). આ વિશ્વાસ તે પરમેશ્વર જે ઉત્પન્ન કરનાર અને નિયંતા છે, એટલુંજ નહિ પણ જે મહાન ત્રાતા છે એવો વિશ્વાસ હતો, એટલે ભવિષ્યના પાપનિવારણ માટે થનાર મહાન યજ્ઞ તરફ જોઇને હાબેલે યજ્ઞ કીધો, અને તેનો યજ્ઞ પરમેશ્વરે માન્ય કીધો, પણ કાઇનનું અર્પણ એવા વિશ્વાસથી ન હતું માટે અમાન્ય થયું.

હાબોર = સંગમ. આશ્શૂર દેશમાં આવેલી એક નદી હતી (જુઓ કબાર). વળી આ નદી જે પરગણામાં થઇને વહે છે તેને પણ એજ નામ આપવામાં આવેલું છે (૨ રા. ૧૭; ૬: ૧૮; ૧૧. ૧ કાળ. ૫; ૨૬).

હાબોનાહ = ગધેડાં હાંકનાર. રાજા અહાશ્વેરોશના સાત ખવાસ જે હજુરિયા ચાકર હતા તેમાંનો એક (એસ્તેર ૧; ૧૦: ૭; ૯).

હામ = ગરમ. (૧) નુહનો સૌથી નાનો પુત્ર હામ હતો (ઉત્પ. ૫; ૩૨ સાથે ૯; ૨૨, ૨૪ સરખાવો). મિસર દેશની ભાષામાં હામ નામનો અર્થ કાળો એવો થાય છે. હામ વિષે ફક્ત એટલુંજ લખ્યું છે કે તેણે પોતાના બાપનું નાગાપણું જોયું (૯; ૨૨). અને તેથી કરીને નુહાએ હામના ચોથા પુત્ર કનાનદ્વારે તેને શાપિત કીધો. હામને ચાર પુત્ર હતા, એટલે કૂશ, મિસરાઇમ, પૂટ અને કનાન. કૂશના વંશજો અરબસ્તાનની દક્ષિણમાં એટલે આફ્રિકામાં વસ્યા. મિસરાઇમ તે મિસરીઓ તથા પલિસ્તીઓનો બાપ હતો. પૂટના વંશજો પણ

હામની વંશાવળી. (ઉત્પ. ૧૦; ૬-૧૪).

- હામ
  - કુશ
    - સબા, હવીલાહ, સાબ્તાહ, રાઅમાહ, અને સાબ્તેકા.
      - (રાઅમાહ) શબા. દદાન.
  - મિસરાઇમ
    - લૂદીમ, અનામીમ, લહાબીમ, નાફ્તુહીમ, પાથ્રુસીમ, કાસ્લુહીમ, કાફ્તોરીમ (૧ કાળ. ૧; ૧૨).
      - (કાસ્લુહીમ) પલિસ્તીઓ.
  - પૂટ
  - કનાન
    - સીદોન, હેથ, યબૂસી, અમોરી, ગિરગાશી, હિવ્વી, આરકી, સીની, આરવાદી, સમારી અને હમાથી.

આફ્રિકામાં ગયા. અને કનાન તે કનાનીઓ તથા ફેનીકીઓનો બાપ થાય. ત્રણ કોમ બીજા બધા કરતાં પ્રસિદ્ધ થઇ, એટલે કૂશી, ફેનીકી અને મિસરી. એ કોમમાં એક ખાસ ગુણ રહેલો હતો કે બીજી અન્ય કોમો સાથે એકદમ મળી જતી હતી. ઇસ્રાએલીઓની સમજમાં એમ હતું કે કનાનીઓ કદમાં ઉંચા તથા કદાવર, તેમનાં નગરો મોટાં ને તેમના કોટ ગગનમાં પહોંચે છે (પુન. ૧; ૨૭, ૨૮). પણ શેમવંશીઓએ એટલે ઇસ્રાએલીઓએ કનાનીઓને કતલ કરી તેમને ગુલામ કીધા (૨ કાળ. ૮; ૭, ૮). તેમજ પલિસ્તીઓ જેઓની બહાદુરી વિષે ઘણી વાત આવે છે, એમ છતાં દાઉદ રાજાએ તેમને વશ કીધા (૨ શમૂ. ૮; ૧). તેમજ હામની બધી કોમ એક પછી એક વશ થઇ ગઇ, અને એમ નુહની ભવિષ્ય વાત હાલ પુરી પડી છે; એટલે— "કનાન શાપિત હો, તે પોતાના ભાઇઓને સારૂ દાસનો દાસ થશે. યહોવાહ શેમનો દેવ, તેની સ્તુતિ થાઓ; ને કનાન શેમનો દાસ થશે. યાફેથને દેવ વધારો ને તે શેમના મંડપમાં રહો, ને કનાન તેનો દાસ થાઓ." ઉત્પ. ૧૦ માં બતાવ્યું છે કે હામના પૌત્ર નિમ્રોદે પુરાતન નીનવેહનું રાજ્ય સ્થાપ્યું. એ પરથી જણાય છે કે પુરાતન નીનવેહનું રાજ્ય હામવંશીઓનું હતું, અને એમજ અરબસ્તાન અને ઇથિઓપીઆના અસલ વતનીઓ તે હામવંશના સગાસંબંધી હતા. જળપ્રલય પછીના વખતમાં નુહના વંશજોમાં સૌથી બળવાન અને જબરી કોમ તે હામવંશી હતી. (જુઓ આક્કાદ). (૨) આ નામના એક દેશની વાત ઉત્પ. ૧૪; ૫ માં આવે છે કે જ્યાં ઝુઝીઓ રહેતા હતા. ઘણું કરીને આ દેશ આમ્મોનની પાસે કે આમ્મોનમાં આવેલો હતો. ગીત. ૧૦૫; ૨૩, ૨૭: ૧૦૬; ૨૧ માં મિસર દેશને હામનો દેશ કહે છે. (સરખાવો ગીત. ૭૮; ૫૧).

હામાન = ભપકો; ઠાઠમાઠ. તે ઇરાની રાજા અહાશ્વેરોશનો વજીર હતો. તેને અગાગી હામાન કહે છે (એસ્તેર ૩; ૧૯). એ પરથી જણાય છે કે તે અમાલેકી રાજવંશી માણસ હતો. એ લોકો યહુદીઓના કટ્ટા શત્રુ હતા. અમાલેકી રાજાઓના હોદ્દાઓ-

માંનો એક હોદ્દો અગાગ હતો તેને, નહિ તો તેનાં માબાપને કોઇ લડાઇમાં ઇરાન દેશમાં ગુલામ કરીને આણ્યાં હશે. આ હામાનને એસ્તેરનો કાકો મોર્દખાય રાજાના સર્વ સેવકોની માફક નમીને નમસ્કાર કરતો ન હતો. માટે હામાન વજીરે મોર્દખાય તથા તેની જ્ઞાતિના સર્વ યહુદીઓને, એટલે જેઓ અહાશ્વેરોશના રાજ્યમાં રહેતા હતા, તેમને મારી નાખવાનો ક્રૂર ઠરાવ કર્યો. અને રાજાની મંજુરી મેળવવા દસ હજાર તાલંત રૂપું ભંડારમાં નાખવાનું કહ્યું. પણ પ્રભુએ એસ્તેરની મારફતે તેનો મનસુબો રદ કીધો એટલુંજ નહિ, પણ દુષ્ટ હામાને જે ફાંસી મોર્દખાયને માટે ઉભી કીધી હતી તેજ ફાંસી ઉપર તેને લટકાવીને મારી નાખ્યો, ને હામાનની પદવી મોર્દખાયને આપવામાં આવી (એસ્તેર અ. ૩—૯).

હામૂલ = દયાનો અનુભવી. યહુદાહ પુત્રોમાંનો પેરેસનો પુત્ર હામૂલ હતો (૧ કાળ. ૨ ; ૨૫). હામૂલના વંશજોને હામૂલીઓ કહે છે (ઉત્પ. ૪૬ ; ૧૨. ગણ. ૨૬ ; ૨૧).

હામ્મદાથા = ચંદ્રથી આપેલો (?). ઇરાની અહાશ્વેરોશ રાજાના વજીર હામાનનો પિતા. આ હામાનને પાછળથી મારી નાખવામાં આવ્યો અને તેની જગ્યા એસ્તેરના સગા મોર્દખાયને આપવામાં આવી હતી (એસ્તેર ૩ ; ૧, ૧૦ : ૮ ; ૫ : ૯ ; ૧૦, ૨૪).

હામ્માથ. રેખાબના ઘરનો બાપ, જેનાથી કેનીઓ થયા (૧ કાળ. ૨ ; ૫૫).

હામ્મિફ્કાદ = સ્થાપના. યરૂશાલેમના કોટના દરવાજાઓમાંનો એક દરવાજો (નહે. ૩ ; ૩૧).

હામ્મૂએલ = યહોવાહનો કોપ. ૧ કાળ. ૪ ; ૨૬ માં શિમઓનની વંશાવળી આપતાં આ નામ આવે છે. તેના બાપનું નામ 'મિશ્મા' હતું.

હામ્મેઆહ. યરૂશાલેમના કોટના એક બુરૂજનું નામ છે (નહે. ૩ ; ૧).

હામ્મોથ-દોર. જુઓ હમ્માથ (યહો. ૨૧ ; ૩૨).

હામ્મોન = ગરમ પાણીનો ઝરો. (૧) આ નામનું એક શહેર હતું, જે આશેરના ભાગમાં સીદોનની પાસે આવેલું હતું (યહો. ૧૯ ; ૨૮). તે હાલ આઇન-હામુલ નામથી ઓળખાય છે. (૨) નાફ્તાલીના ભાગમાંથી હામ્મોન તથા તેનાં પાદરો લેવી કુળને આપવામાં આવ્યાં હતાં (૧ કાળ. ૬ ; ૭૬). જુઓ હમ્માથ.

હામ્મોલેખેથ. મનાશ્શેહપુત્ર ઇશ્હોદ તથા અબીએઝેર તથા માહલાની મા થાય (૧ કાળ. ૭ ; ૧૮).

હામ્રાન. એશાવપુત્રોની વંશાવળી આપતાં આ નામ આપવામાં છે (૧ કાળ. ૧ ; ૪૧). ઉત્પ. ૩૬ ; ૨૬ માં તેને હેમ્દાન કહે છે.

હારમાગેદોન = મગિદ્દોનો પહાડ. આ નામ કેવળ પ્રક. ૧૬ ; ૧૬ માં આવે છે. "સર્વ સમર્થ દેવના મોટા દિવસની લડાઇને સારૂ" આ જગ્યા લાક્ષણિક રીતે બતાવવામાં આવી છે. આ શબ્દનો ખરો અર્થ મગિદ્દોનો પહાડ એવો થાય છે. ખ્રીસ્ત અને ખ્રીસ્તવિરોધીની વચ્ચે જે લડાઇ થશે તેની સંગ્રામભૂમિને આ નામ આપવામાં આવ્યું છે. જુના કરારમાં એસ્ડ્રાએલોનનું મેદાન, સંગ્રામભૂમિને માટે પ્રસિદ્ધ હતું. આ મેદાનના એક ભાગને મગિદ્દોનું મેદાન કહેતા હતા એ ઉપરથી લાક્ષણિક રીતે ખ્રીસ્ત અને ખ્રીસ્તવિરોધી વચ્ચે જે મોટી લડાઇ થનાર છે તેની સંગ્રામભૂમિને હારમાગેદોન નામ આપવામાં આવ્યું છે (જુઓ મગિદ્દો). 'દેવના મોટા દિવસની લડાઇ' દુનિયાની આખરે આ મેદાનમાં થશે. એ વાત લાક્ષણિક હોય કે વાસ્તવિક હોય, તોપણ યાદ રાખીએ કે, પ્રભુ કહે છે કે હું ચોરની પેઠે આવું છું. જે જાગૃત રહે છે ને તેના આવવાની વાટ જુએ છે તેને ધન્ય છે.

હારા = પહાડી પ્રદેશ. આશ્શૂર દેશમાં આવેલું એક પરગણું હતું, જે તિગ્રિસ અને ફ્રાત

નદીની વચ્ચે ખાબૂર નદીના પ્રદેશમાં આવેલું હતું. અહીં કેટલાએક ઇસ્રાએલી કેદીઓને રાખવામાં આવ્યા હતા. કેટલાએક વિદ્વાનો એમ ધારે છે કે હારા તે હારાનનું રૂપાંતર થયલું છે (૧ કાળ. ૫; ૨૬). ત્યાંના વતનીઓને હારારી કહે છે (૨ શમૂ. ૨૩; ૨૩).

હારાન = પર્વતવાસી. (૧) તેરાહનો મોટો પુત્ર અને નાહોર અને ઇબ્રાહીમનો ભાઇ, અને લોટ, મિલ્કાહ અને યિસ્કાહનો બાપ હારાન હતો. તે પોતાના પિતાની પહેલાં ખાલ્દીઓના ઊરમાં મરણ પામ્યો (ઉત્પ. ૧૧; ૨૭). જુઓ તેરાહની વંશાવળી. (૨) આ નામનું પશ્ચિમ આશિયામાં આવેલું એક શહેર હતું, જ્યાં ઇબ્રાહીમે કાસ્દીઓના ઉરમાંથી નીકળ્યા પછી પ્રથમ મુકામ કીધો અને પોતાના પિતા તેરાહના મરણ સુધી ત્યાં રહ્યો હતો (ઉત્પ. ૧૧; ૩૧, ૩૮). આ શહેરને પ્રે. કૃ. ૭; ૨ માં 'ખારાન' કહે છે, અને ઉત્પ. ૨૪; ૧૦ માં તેને 'નાહોરનું શહેર' કહે છે. અને યાકુબ અહીં પોતાના મામા લાબાન સાથે ૨૦ વર્ષ રહ્યો હતો (ઉત્પ. ૨૭; ૪૩). તે બેલીક નદી ઉપર આવેલું હતું. ઉરથી વાયવ્ય કોણમાં સીધી લીટીમાં ગણીએ તો ૬૦૦ માઇલ દૂર છે. આશૂરના રાજાએ જે શહેરો જીતી લીધાં તેમાં તેનું નામ પણ આપવામાં આવ્યું છે (૨ રા. ૧૯; ૧૨. યશા. ૩૭; ૧૨). આ શહેરના લોકો જ્યારે સૂરની સાથે વેપાર રોજગાર ચલાવતા હતા ત્યારે આ શહેર બહુ પ્રસિદ્ધ હશે (હઝ. ૨૭; ૨૩), પણ હાલ તો તે ફકત એક ગામડું છે, જેમાંનાં કેટલાંક ઘરોમાં અરબ લોક રહે છે, પણ આ શહેરનું નામ પહેલેથી તે આજ દીન સુધી એ ને એજ ઉતરી આવ્યું છે. હારાન (ઉત્પ. ૧૧; ૩૧, ૩૨ : ૧૨; ૪, ૫ : ૨૭; ૪૩ : ૨૮; ૧૦ : ૨૯; ૪. ૨ રા. ૧૯; ૧૨. યશા. ૩૭; ૧૨. હઝ. ૨૭; ૪૩. પ્રે. કૃ. ૭; ૨, ૪. (૩) શિમઇના ત્રણ પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૨૩; ૯). (૪) કાલેબની ઉપપત્નિ એફાહને પેટે હારાન જન્મ્યો, અને એ હારાનથી ગાઝેઝ થયો (૧ કાળ. ૨; ૪૬).

હારારી = પર્વતવાસી (?). આ અટક દાઉદના ત્રણ શૂરવીરોને આપવામાં આવી છે (૨ શમૂ. ૨૩; ૧૧, ૩૩. ૧ કાળ. ૧૧; ૩૪, ૩૫). હારારી એટલે હારા કે હારાનના રહીશો.

હારીફ = વરસાદ (?). બાબેલથી જે બંદિપ્રવાસીઓ પાછા આવ્યા તેમાં હારીફના પુત્રો ૧૧૨ હતા (નહે. ૭; ૨૪). આ હારીફને એઝ. ૨; ૧૮ માં યોરાહ કહે છે. (૨) જેઓએ કરાર ઉપર મુદ્રા કરી તેમાંનો એક હારીફ હતો (નહે. ૧૦; ૧૯).

હારીમ = ચીબો. (૧) યાજકોની બીજી ટોળીમાંનો મુખ્ય (૧ કાળ. ૨૪; ૮). (૨) (એઝ. ૨; ૩૨, ૩૯. નહે. ૭; ૩૫, ૪૨). (૩) (નહે. ૧૨; ૩, ૧૫.). (૪) (નહે. ૩; ૧૧). (૫) (નહે. ૧૦; ૫). (૬) (એઝ. ૧૦; ૨૧, ૩૧).

હારૂન = પ્રૌઢ; પ્રકાશ. આમ્રામ જે કહાથનો પુત્ર તે પોતાની ફુઇ યોખેબેદની સાથે પરણ્યો, અને તેને પેટે હારૂન જન્મ્યો. (જુઓ લેવીની વંશાવળી ઇ. સ. પૂ. ૧૫૭૪). હારૂન તે આમ્રામનો જ્યેષ્ઠ પુત્ર હતો (નિર્ગ. ૬; ૨૦). તેનો જન્મ પોતાની બહેન મરિયમની પહેલાં કેટલાંક વર્ષ ઉપર અને પોતાના ભાઇ મુસાની પહેલાં ત્રણ વર્ષ ઉપર મિસર દેશમાં થયો હતો (નિર્ગ. ૨; ૧, ૪: ૭; ૭). હારૂન આમ્મીનાદાબની પુત્રી નાહશોનની બહેન અલીશેબા સાથે પરણ્યો, ને તેણીને પેટે ચાર પુત્ર થયા. એટલે નાદાબ, અબીહૂ, એલઆઝાર તથા ઇથામાર થયા (નિર્ગ. ૬; ૨૩. ૧ કાળ. ૨; ૧૦). જ્યારે ઇસ્રાએલીઓને મિસરની ગુલામીમાંથી છોડાવવાનો વખત આવ્યો ત્યારે યહોવાહે હારૂનને મુસાનું 'મુખ' તથા 'ભવિષ્યવાદી' થવાને મુસાની સાથે મિસર દેશમાં ઇસ્રાએલીઓને છોડાવવાને મોકલ્યો (નિર્ગ. ૭;

૧, ૨, ૯, ૧૦, ૧૯), કારણ કે તે વિશ્વાસુ અને બોલવામાં હોંશિયાર હતો. મુસાની ફારૂન સાથેની બધી વાતચીતમાં હારૂન તેની સાથે હતો. મિસરથી મુક્ત થઇ ઇસ્રાએલીઓ 'રફીદીમ' આગળ આવ્યા ત્યારે તેઓએ અમાલેકીઓની સાથે પહેલી લડાઇ કરી. આ પ્રસંગે મુસા દેવની લાકડી લઇને પર્વતના શિખર પર પોતાના હાથ ઉંચા કરીને ઉભો રહ્યો. જ્યારે મુસાના હાથ નીચે પડતા ત્યારે અમાલેક જીત પામતા હતા. આ પ્રસંગે મુસાની સાથે હારૂન તથા મુસાનો બનેવી હૂર ગયા હતા. તેઓએ મુસાના હાથને ટેકો આપ્યો, અને આ વખતે યહોશુઆએ અમાલેકનો પુરો પરાજય કીધો (નિર્ગ. ૧૭ ; ૮–૧૩). ત્યાર પછી ઇસ્રાએલીઓએ સિનાય પર્વત આગળ છાવણી કીધી, અને યહોવાહના હુકમ મુજબ મુસા દેવની હજુરમાં પર્વત ઉપર ચઢયો. આ વખતે દસ હુકમથી બે પાટીઓ આપવામાં આવી. આ વખતે હારૂન તથા તેના બે પુત્રો નાદાબ તથા અબીહૂને તેમજ તેમની સાથે ઇસ્રાએલના બીજા સિત્તેર વડીલોને પર્વત ઉપર થોડે સુધી ચઢવાની રજા મળી હતી, જે વખતે તેઓએ 'ઇસ્રાએલના દેવને દીઠો.' મુસા પર્વત ઉપર રહ્યો અને હારૂન ઇસ્રાએલીઓની પાસે નીચે આવ્યો. આ વખતે ઇસ્રાએલીઓ અધીરા થઇને હારૂન પાસે આવ્યા, અને કહેવા લાગ્યા કે, "ઉઠ, અમારી આગળ ચાલવા સારૂ અમારે કાજે દેવ બનાવ કેમકે જે માણસ અમને મિસર દેશમાંથી કાઢી લાવ્યો તે મુસાને શું થયું, તે અમે જાણતા નથી." તે ઉપરથી હારૂને તેઓની બીકને લીધે કે અજ્ઞાનપણાને લીધે તેઓનાં સોનાનાં ઘરેણાં મંગાવી સોનાનું વાછરડું બનાવ્યું (નિર્ગ. ૩૨ ; ૧–૬. ગીત. ૧૦૬ ; ૧૯), અને લોકો યહોવાહનો થએલો ઉપકાર ભુલી જઇ વાછરડાની પૂજા કરવા લાગ્યા. આ બનાવ જ્યારે મુસા પર્વત પરથી ઉતરી તેમની પાસે આવ્યો ત્યારે નજરે જોયો, અને તે ઘણો ગુસ્સે થયો અને હારૂનને બહુ ભારે ઠપકો આપ્યો. આ કૃત્યને માટે યહોવાહ હારૂન પર એટલો બધો નાખુશ થયો કે જો મુસાએ હારૂનને સારૂ પ્રાર્થના કીધી ન હોત તો તેનો નાશ થાત (પુન. ૯ ; ૨૦). આ બનાવ બન્યા પછી મુસા ફરીને પર્વત ઉપર ગયો, દરમિયાનમાં ઇસ્રાએલીઓએ કેવી રીતે સેવા ભક્તિ કરવી તે મુસાએ તેમને બતાવ્યું, અને હારૂન તથા તેના દીકરાઓને યાજક થવા દિક્ષિત કીધા (લેવી. ૮ ; ૯). મુસા હારૂનનો નાનો ભાઇ હતો તો પણ મરિયમ તથા હારૂનથી તે માનવંતો ગણાતો હતો, એ માટે ઘણી વખતે મરિયમ તથા હારૂનને તેવું માન રાખવું મુશ્કેલ પડતું હતું. જ્યારે અરણ્યની મુસાફરીમાં તેઓ હશેરોથમાં આવ્યા ત્યારે મુસાએ કૂશી સ્ત્રીની સાથે લગ્ન કીધાં. આ વાત હારૂન તથા મરિયમને ઠીક નહિ લાગવાથી તેઓ બંને મુસાની વિરૂદ્ધ થયાં, પણ તે વખતે પ્રભુએ મુસા વિષે સાક્ષી આપતાં જણાવ્યું કે, "તે મારા આખા ઘરમાં વિશ્વાસુ છે." ઉપલી વાતથી મરિયમને કોઢ થયો અને હારૂન તેથી પોતાનો અને પોતાની બહેનનો ગુન્હો સમજ્યો, અને મુસાની વિનંતિથી તેમના ગુન્હાની માફી મળી, અને મરિયમ સારી થઇ (ગણ. ૧૨). આ બનાવ બન્યા પછી વીસ વર્ષે કોરાહ, દાથાન અને અબીરામે જમાતના અઢીસે અધિપતિઓ સાથે ઉભા થઇ હારૂન તથા મુસાના અધિકાર સામે દંગો કીધો, પણ પૃથ્વી પોતાનું મ્હો ઉઘાડીને તેમને ગળી ગઇ અને બીજે દિવસે તેઓમાંના ૧૪,૭૦૦ માણસ મરકીથી માર્યા ગયા (ગણ. ૧૬). વળી હારૂનના પવિત્ર યાજકપણા સંબધી યહોવાહે ફરી સાબિત કરી બતાવ્યું, એટલે પ્રત્યેક બાપના ઘરદીઠ એક એક લાકડી લેવાનું અને તે દરેક ઉપર પ્રત્યેક બાપનું નામ લખવાનું અને શાક્ષ્યની સામે મુલાકાત મંડપમાં મુકવાનું મુસાને ફરમાવ્યું. અને એમ થયું કે, જુઓ સવારે મુસા શાક્ષ્યમંડપમાં ગયો ત્યારે

બાર લાકડીઓમાંની હારૂનની લાકડી જે લેવીના ઘરને સારૂ હતી તેને કળીઓ ફુટી અને પાકી બદામો લાગી. આ લાકડી શાક્ષ્યની સામે ત્યાર પછીથી પણ રાખી મુકવામાં આવી (હેબ્રી. ૯; ૪), એવું દર્શાવવા માટે કે હારૂનનું યાજકપદ પ્રભુથી આપવામાં આવ્યું છે. મરીબાહની આગળ હારૂન પોતાના ભાઇ મુસાના પાપમાં ભાગીદાર થયો માટે તેને વચનના દેશમાં જવાની રજા મળી નહિ. પછી ઇસ્રાએલી જમાત હોર પર્વતની પાસે અદોમની સરહદ પર આવ્યા, ત્યારે યહોવાહે મુસા તથા હારૂનને બોલતાં કહ્યું કે "હારૂન પોતાના લોકમાં મળી જશે માટે હારૂનનાં વસ્ત્ર તેના પુત્ર એલઆઝારને પહેરાવ." એ પ્રમાણે યહોવાહની આજ્ઞા પ્રમાણે હારૂન તથા તેના પુત્રને લઇને મુસા હોર પર્વતની ટોચ પર ગયો અને લોકોના દેખતાં યહોવાહની આજ્ઞા પ્રમાણે મુસાએ કીધું. હોર પર્વત ઉપર હારૂન ૧૨૩ વર્ષની ઉમરે મરણ પામ્યો (ગણ. ૨૦; ૨૩-૨૯ સરખાવો પુન. ૧૦; ૬ : ૩૩; ૫૦), અને ઇસ્રાએલનાં આખા ઘરનાએ હારૂનને લીધે ત્રીસ દિવસ સુધી શોક પાળ્યો. હારૂનના પુત્ર એલઆઝારના કુટુંબે એલીના વખત સુધી પ્રમુખ યાજકપદ ચલાવ્યું, અને બીજા પુત્ર ઇથામારના કુટુંબે એલીના વખતથી શરૂ કરી સુલેમાનના વખત સુધી પ્રમુખ યાજકપદ ચલાવ્યું. હારૂનના બીજા બે પુત્ર નાદાબ તથા અબીહૂએ પારકો અગ્નિ ચઢાવ્યો માટે યહોવાહના અગ્નિએ તેમને બાળીને ભસ્મ કીધા (લેવી. ૧૦; ૧, ૨). અરબ લોકો હજી સુધી હોર પર્વતનાં બે શિખર વચ્ચે હારૂનની કબર બતાવે છે. કુરાનમાં હારૂનનું નામ આવે છે અને ઘણીએક દંતકથા સાથે તેનું વર્ણન કીધું છે. હારૂન તે ઇસ્રાએલીઓનો પહેલો યાજક હતો. તેના વંશજોને 'હારૂનનું ઘર' કહે છે (૧ કાળ. ૧૨; ૨૭). હારૂન આપણા પ્રભુ ઇસુ ખ્રીસ્તના પ્રમુખ યાજકપણાના ચિન્હરૂપે છે, કે જે અગ્રેસર ઇસુ… મેલ્ખીસેદેકના ધારા પ્રમાણે સદા પ્રમુખ યાજક થયો છે (હેબ્રી. ૬; ૨૦). જુઓ મુસા. હારૂન—મુસાનો ભાઇ (નિર્ગ. ૪). મુસાની મદદ કરવા નિમાયો (૪; ૧૪). મુસાનો વડો ભાઇ (૭; ૭). ફારૂન આગળ મુસા સાથે (૫; ૧-૭). મિસરમાં થએલા અનર્થો વખતે તે મુસા સાથે (૭; ૮-૧૨, ૫૦). માણા તથા લાવાની વૃષ્ટિ થઇ ત્યારે મુસાની સાથે (૧૬; ૨, ૬, ૯, ૧૦, ૩૩, ૩૪). મુસાના હાથને ટેકો આપ્યો (૧૭; ૧૦). પર્વત નીચે હારૂન તથા હૂર (૨૪; ૧૪). મુસાના સસરા યિથ્રા સાથે રોટલી ખાધી (૧૮; ૧૨). સિત્તેર વડિલો સાથે પર્વત ઉપર (૨૪; ૧, ૯:૧૯; ૨૪). તેના પુત્રો સાથે અભિષિક્ત થયો (૪૦; ૧૨-૧૫). સોનાનો વાછરડો (૩૨; ૧, ૬, ૨૧, ૨૫, ૩૫. પુન. ૯; ૨૦). મરિયમ સાથે મળી મુસા સામે બંડ (ગણ. ૧૨; ૧-૧૨). કોરાહના બળવા વખતે તેણે પ્રાયશ્ચિત્ત કીધું (ગણ. ૧૬). તેની લાકડીને પીલા ફુટયા (ગણ. ૧૭). મરીબાહ આગળ તેનું આજ્ઞાભંજન (ગણ. ૨૦; ૨-૧૨). મરણ તથા દફન (ગણ. ૨૦; ૨૩-૨૯ : ૩૩; ૩૮. પુન. ૧૦; ૬ : ૩૨; ૫૦. ૧૨૩ વર્ષની ઉમર (ગણ. ૩૩; ૩૯). માબાપ અને કુટુંબ (નિર્ગ. ૬; ૨૦, ૨૩. ગણ. ૩; ૨ : ૨૬; ૫૯. ૧ કાળ. ૬; ૩, ૪, ૫૦ : ૨૩; ૧૩ : ૨૪; ૧). વળી જુઓ (નિર્ગ. ૨૯. ગીત. ૭૭; ૨૦ : ૧૦૫; ૨૬ : ૧૦૬; ૧૬ : ૧૩૫; ૧૯ : ૯૯; ૬ : ૧૧૫; ૧૦, ૧૨ : ૧૧૮; ૩ : ૧૩૩; ૨). મીખા. ૬; ૪. લુક ૧; ૫. પ્રે. કૃ. ૭; ૪૦. હેબ્રી. ૫; ૪ : ૭; ૧૧ : ૯; ૪. ૧ કાળ. ૧૨; ૨૭ : ૨૭; ૧૭).

હારૂમ = ઉંચો (?). યહુદાહપુત્રોમાંનો એક (૧ કાળ. ૪; ૮).

હારૂસ = ક્રોધ. યહુદાહના રાજા આમ્મોનની મા મશુલ્લેમેથ, જે રાજા મનાશ્શેહની રાણી

તેનો પિતા (૨ રા. ૨૧ ; ૧૯).

હારેફ = કાઢી નાખવું. કાલેબવંશી બેથ-ગાદેરના પિતાનું નામ (૧ કાળ. ૨ ; ૫૧).

હારેએહ. કિર્યાથ-યઆરીમના બાપ શોબાલના પુત્રોમાંનો એક (૧ કાળ. ૨ ; ૫૨).

હાર્શા = જાદુગર. નથીનીમના વંશમાંના હાર્શાના પુત્રોને આ નામ આપવામાં આવ્યું છે (એઝ. ૨ ; ૫૨. નહે. ૭ ; ૫૪).

હાર્સીથ—આ નામની એક ભાગળ હતી કે જે હિન્નોમના પુત્રની ખીણુ પાસે આવેલી હતી (યિર્મે. ૧૯ ; ૨).

હાર્હયાહ = યહોવાહની આસ્થા. આ નામનો એક સોની હતો, જેનો દીકરો ઉઝ્ઝીએલ યરૂશાલેમના કોટની મરામત કરવામાં હતો (નહે. ૩ ; ૮).

હાર્હસ. રાજા યોશીયાહના વખતમાં એક પોશાકખાતાનો ઉપરી હતો. તે હુલ્દાહ ભવિષ્યવાદિણુના ધણી શાલ્લુમનો દાદો થાય (૨ રા. ૨૨ ; ૧૪).

હાર્હૂર=બળવું. (એઝ. ૨ ; ૫૧. નહે. ૭ ; ૫૩).

હાલાક = લીસું. કનાન દેશની દક્ષિણ સીમા ઉપર આ નામનો એક પર્વત સેઇરની પાસે આવેલો છે (યહો. ૧૧ ; ૧૭). હાલ તેને 'ગેબેલ-એલ-મદુરા' નામથી કેટલાએક ઓળખે છે, ને મૃત સમુદ્રની દક્ષિણ છેડાની તથા ગોઆન ખીણુની વચ્ચે આવેલ છે. યહોશુઆએ દેશના જે રાજાઓને માર્યા તેઓનો દેશ બઆલ-ગાદથી માંડીને સેઇર પાસે હાલાક પર્વત સુધી હતો (યહો. ૧૨ ; ૭).

હાલ્લોહેશ = નવા મંદિરની મરામત કરવામાં જેઓ કામે લાગ્યા હતા, તેઓમાં શાલ્લુમ જે યરૂશાલેમના અર્ધ ભાગનો અધિકારી હતો તેના પિતાનું નામ હરોએહ હતું (નહે. ૩ ; ૧૨ : ૧૦ ; ૨૪).

હાલ્હૂલ = નીચ પ્રદેશ. યહુદાહના પહાડી મુલકનું એક શહેર હતું. એજ નામથી હાલ એક નાનું ગામડું ઓળખાય છે. તે યરૂશાલેમ જવાના રસ્તા ઉપર હેબ્રોનની ઇશાન કોણુમાં પાંચ માઇલ ઉપર આવેલ છે. યહુદી લોકોમાં એવી પુરાતન દંતકથા ચાલે છે કે, દાઉદ રાજાનો ભવિષ્યવાદી આ ગામમાં દટાયો હતો (૨ શમૂ. ૨૪ ; ૧૧).

હાવ્રાન = ગુફાવાળી જગ્યા. બાબેલ બંદિપ્રવાસ પછી બાશાનના ચાર પ્રાંત થયા, એટલે (૧) ગોલાન (પુન. ૪ ; ૪૩). (૨) હાવ્રાન (હઝ. ૪૭ ; ૧૬). (૩) આર્ગોબ (પુન. ૩ ; ૪) કે ત્રાખોનીતી (લુક ૩ ; ૧). (૪) બેથાનાઇ. હવે ઉપલા બાર પ્રાંતમાંનો એક હાવ્રાન હતો. સિરિયામાં આ પ્રાંત સૌથી ફળદ્રુપ છે. આજ સુધી આ પ્રાંતમાં આવેલાં ખંડિયેરો જોવામાં આવે છે. યુનાની તથા રૂમી લોકો 'ઓરોનીટસ' નામથી તેને ઓળખતા હતા. આ નામ પવિત્ર શાસ્ત્રમાં કેવળ એકજ વખત પાલેસ્તાઇન દેશની હદ બતાવતાં લખવામાં આવ્યું છે (હઝ. ૪૭ ; ૧૬, ૧૮).

હાવ્વોથ-યાઇર = યાઇરનાં ગામ. યરદન નદીની પૂર્વમાં આવેલું એક પરગણું હતું. મનાશ્શેહના દીકરા યાઇરે ગિલઆદમાંનાં કેટલાંએક શહેરો લઇ લીધાં અને તેઓને પોતાનું નામ આપ્યું (ગણુ. ૩૨ ; ૪૧. જુઓ ન્યા. ૧૦ ; ૪. પુન. ૩ ; ૧૪. યહો. ૧૩ ; ૩૦. ૧ રા. ૪ ; ૧૩. ૧ કાળ. ૨ ; ૨૩).

હાશાબ્નયાહ (નહે. ૩ ; ૧૦ : ૯ ; ૫). (૧) હાટૂશ જે કોટની મરામત કરવા પર હતો તેનો પિતા (નહે. ૩ ; ૧૦). (૨) એઝરાના વખતમાં એક લેવી હતો (નહે. ૯ ; ૫).

હાશુમ = ધનવાન. (૧) ઝરૂબ્બાબેલની સરદારી નીચે જેઓ બંદિપ્રવાસથી પાછા આવ્યા તેમાં હાશુમના પુત્રો ૨૨૩ હતા (એઝ. ૨ ; ૧૯ : ૧૦ ; ૩૩. નહે. ૭ ; ૨૨ : ૧૦ ; ૧૮. (૨) એઝરા શાસ્ત્રી જ્યારે નિયમશાસ્ત્ર વાંચી સંભળાવતો હતો ત્યારે તેને ડાબે હાથે જે ઉભા હતા તેમાંનો એક હાશુમ હતો (નહે. ૮ ; ૪).

હાશેમ = પુષ્ટ. દાઉદના સૈન્ય યોદ્ધાઓમાંનો એક (૧ કાળ. ૧૧; ૩૪). ૨ શમૂ. ૨૩; ૩૨ માં તેને 'યાશેન' કહે છે

હાશ્બાદ્દાનાહ.—એઝરા જ્યારે જાહેર રીતે નિયમશાસ્ત્ર વાંચી સંભળાવતો હતો ત્યારે તેને ડાબે હાથે તે ઉભો હતો (નહે. ૮; ૪).

હાશ્મોનાહ = પુષ્ટપણું. હોર પર્વતની પાસે આવેલો, ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનો ત્રીસમો મુકામ હતો (ગણ. ૩૩; ૨૯, ૩૦).

હાશ્શૂબ = બુદ્ધિસંપન્ન. (૧) યરૂશાલેમના કોટની મરામત કરનારાઓમાંનો એક હતો, તેના પિતાનું નામ પાહાથ-મોઆબ હતું (નહે. ૩; ૧૧). (૨) એજ કામ ઉપર એક બીજો માણસ હતો (નહે. ૩; ૨૩). (૩) કરાર ઉપર જેઓએ મુદ્રા કીધી તેમાંનો એક (નહે. ૧૦; ૨૩). (૪) (૧ કાળ. ૯; ૧૪).

હાસસોન-તામાર = ખજુરીની કલમ કરવી. એન-ગેદીનું જુનું નામ છે. તે યહુદાહના અરણ્યમાં આવેલ હતું. તે અમોરીઓનું શહેર કહેવાય છે (ઉત્પ. ૧૪; ૭. ૨ કાળ. ૨૦; ૨ જુઓ એન-ગેદી).

હાસેર-હાત્તીખોન = માર્ગ મધ્યેનું ગામ. હાવ્રાનની સરહદ ઉપર હામાથની પાસે હેર્મોન પહાડની ઉત્તર ધાર ઉપર ઘણું કરીને આ નામની જગ્યા આવેલી હતી (હઝ. ૪૭; ૧૬).

હાસોર = કિલ્લો. (૧) મેરોમ સરોવરની ઉત્તરે પહાડી મુલકમાં કનાનીઓના એક મજબૂત કિલ્લારૂપ આ શહેર હતું. હાસોરનો રાજા યાબીન પોતાની સાથે કેટલાએક રાજાઓને તથા સંપીલી કોમોને લઇને આ જગ્યાએ મોટી લડાઇ લડયો હતો. તેનું સૈન્ય જો કે સંખ્યામાં સમુદ્ર કાંઠાની રેતી જેટલું ઘણું તથા બહુ ઘોડા અને રથો હતા, તોપણ ઇશ્વર-ભક્ત યહોશુઆએ તેમને સખત હાર ખવાડી અને તેમાંના એકેને પણ જીવતો જવા દીધો નહિ. વળી યહોશુઆએ હાસોર અગ્નિથી બાળ્યું અને તેનો સંપૂર્ણ વિનાશ કીધો, અને એમજ યહોશુઆએ તેની સાથે આવેલા સઘળા રાજાઓનાં નગરો લીધાં ને કનાન દેશ કબજે કીધો (યહો. ૧૧; ૧૦-૧૩). એમ દેખાય છે કે આ શહેર કનાનીઓએ ફરી બાંધ્યું અને યાબીન નામનો બીજો રાજા ગાદીએ બેઠો. તેનો પ્રસિદ્ધ સેનાપતિ હરોશેથનો રહેવાસી સીસરા હતો. તેણે ઇસ્રાએલીઓ સાથે લડાઇ જોડી, પણ ભવિષ્યવાદેણ દબોરાહની સલાહથી અબીનોઆમના દીકરા બારાકે સીસરાને સખત હાર ખવાડી. સીસરાનું સર્વ સૈન્ય તરવારની ધારથી પડયું ને એકે માણસ બચવા પામ્યું નહિ (ન્યાયા. ૪). ઇસ્રાએલીઓના ઇતિહાસમાં જુના કરારમાં તેમની મોટી જીત નોંધવામાં આવી છે. ઇસ્રાએલીઓએ હાસોર જીતી લીધું અને તેને ફરી કબજે કીધું. સુલેમાન રાજાએ બાંધેલ અને આશ્શૂર સામે તેને મજબુત કિલ્લારૂપ કીધું, પણ ત્યાર પછી અઢીસો વર્ષ બાદ જ્યારે આશ્શૂરનો રાજા તિગ્લાથ પિલેસેર આ દેશ ઉપર ચઢી આવ્યો, ત્યારે પહેલામાં પહેલું તેણે હાસોર શહેર લીધું અને ત્યાંના રહેવાસીઓને પકડી આશ્શૂર લઇ ગયો (૨ રા. ૧૫; ૨૯). હાલ તે 'ખુરબેત-હારાહ' નામથી ઓળખાય છે, જે કાદેશથી દક્ષિણ-પૂર્વમાં અઢી માઇલ ઉપર આવેલ છે. હાસોર—(યહો. ૧૧; ૧, ૧૦, ૧૧, ૧૩: ૧૨; ૧૯: ૧૫; ૨૫: ૧૯; ૩૬. ન્યા. ૪; ૨, ૧૭. ૧ શમૂ. ૧૨; ૯. ૧ રા. ૯; ૧૫. ૨ રા. ૧૫; ૨૯. યિર્મે. ૪૯; ૨૮, ૩૦, ૩૩). (૨) અદોમની સરહદ ગમ યહુદાહપુત્રોના કુળનાં છેવાડાં નગરોમાંનું એક હતું (યહો. ૧૫; ૨૩). (૩) ભવિષ્યવાદી યિર્મેયાહ આ શહેરનું વર્ણન કેદાની સાથે કરે છે, એ પરથી એમ લાગે છે કે તે અરબસ્તાનનો એક પ્રાંત હશે (યિર્મે. ૪૯; ૨૮-૩૩). તેના વિષે એમ કહેવામાં આવ્યું હતું કે, "હાસોર શિયાળોનું રહેઠાણ તથા ઉજાડ સ્થળ સદાને માટે થશે, ત્યાં કોઇ

વસશે નહિ, ને માણુસનો પુત્ર તેમાં પ્રવાસ કરશે નહિ." તેજ પ્રમાણે આજ સુધી તેના વિષે કશી જાણ્યુ પડેલી નથી. (૪) હાસોર—કરીયોથ-હેસ્રોન (યહો. ૧૫ ; ૨૫). જેમ કિર્યાથ-યઆરીમ એ બે નામ એક જગ્યાને લાગુ પડે છે તેમ આ બે નામ એક જગ્યાને દર્શાવે છે, એટલે હાસોર. હાલ તેને "એલ-કુરીયેટીન" કહે છે. અને કેટલાક એમ ધારે છે કે આ જગ્યા તે યહુદા ઇસકારીઓથની વતનભૂમિ હશે. (૫) બંદિપ્રવાસથી પાછા આવ્યા પછી બિન્યામીનપુત્રોએ જે શહેરો વસાવ્યાં તેમાંનું એક આ હતું (નહે. ૧૧ ; ૩૩).

હાસોર-હદાત્તાહ = નવું હાસોર. યહુદાહની દક્ષિણમાં આ શહેર આવેલું હતું. તે હાલ "એલ-હાઝારાહ" નાં ખંડિયેરથી ઓળખાય છે (યહો. ૧૫ ; ૨૫).

હાસ્રાહ = ગરીબાઇ. રાજા યોશીયાહના ઘરમાં તે વસ્ત્રરક્ષક હતો. તેનો પૌત્ર શાલ્લુમ તે હુલ્દાહ ભવિષ્યવાદિણુનો ધણી થાય (૨ કાળ. ૩૪ ; ૨૨). તેને ૨ રાજા ૨૨ ; ૧૪ માં હાર્હાસ કહે છે.

હાસ્સનૂઆહ.—પ્રાંતના જે આગેવાનો યરૂશાલેમમાં વસ્યા તેમાં હાસ્સનૂઆહનો પુત્ર યહૂદાહ એક હતો (નહે. ૧૧ ; ૩).

હાસ્સલ-એલ્પોની = મારા ઉપર છાયા છે. એટામપુત્રોની બહેનનું નામ (૧ કાળ. ૪ ; ૩).

હાસ્સેનુઆહ = ધિક્કારાએલી. બિન્યામીન પુત્રોમાંનો એક (૧ કાળ ૯ ; ૭).

હાસ્સોફેરેથ (એઝ. ૨ ; ૫૫).

હિગ્ગાયોન (ગીત. ૯ ; ૧૭). ગીત. ૯૨ ; ૩ માં આ શબ્દનો અર્થ 'મધુર સ્વર' એવો કીધો છે. ગીત. ૯૨ ; ૧૩ માં ગીતની રચનાનું ખાસ ચિન્હ છે. ગીત. ૧૯ ; ૧૪ માં આ શબ્દનો અર્થ 'વિચાર' કરવામાં આવ્યો છે. વિલા. ૩ ; ૬૨ માં એનો અર્થ 'કલ્પના' કરવામાં આવ્યો છે.

હિઝકી = દેવનું પરાક્રમ. બિન્યામીનપુત્રોમાંનો એક (૧ કાળ. ૮ ; ૧૭).

હિઝકીયાહ = જેને યહોવાહ બળવાન કરે છે. (૧) યહુદાહના રાજવંશી કુટુંબનો નઆર્યાહનો પુત્ર (૧ કાળ. ૩ ; ૨૩). (૨) જે લોકો બાબેલથી પાછા આવ્યા તેમાં હિઝકીયાહના આટેરના પુત્રો ૯૮ હતા (નહે. ૭ ; ૨૧). (૩) જેઓએ કરાર પર મુદ્રા કીધી તેમાંનો એક (નહે. ૧૦ ; ૧૭). (૪) ભવિષ્યવાદી સફાન્યાહનો પૂર્વજ (સફ. ૧ ; ૧). (૫) યહુદાહના રાજા આહાઝનો પુત્ર (૨ રા. ૧૮ ; ૨. ૨ કાળ. ૨૯ ; ૧), જે પોતાના પિતાના મરણ પછી યહુદાહની ગાદીએ બેઠો. તેની માનું નામ અબી હતું, જે ઝખાર્યાહની દીકરી હતી. રાજ્ય કરવા લાગ્યો ત્યારે તે ૨૫ વર્ષની ઉમરનો હતો, અને તેણે ૨૯ વર્ષ યરૂશાલેમમાં રાજ્ય કર્યું (ઇ. સ. પૂ. ૭૨૬–૬૯૭). આ રાજા ઘણો સારો હતો, યહોવાહના દૃષ્ટિમાં જે સારૂં તે તેણે કીધું. એટલા માટે તેના વિષે એમ લખવામાં આવ્યું છે કે, "યહુદાહના જે સર્વ રાજાએ તેની પાછળ અને તેની અગાઉ થયા તેઓમાં કોઇ પણ તેના જેવો નહોતો" (૨ રા. ૧૮ ; ૫). આ રાજા વિષેનો બધો ઇતિહાસ ૨ રા. ૧૮ ; ૨૦. યશા. ૩૬—૩૯. ૨ કાળ. ૨૯—૩૨ માં સમાએલો છે. રાજ્યાસન ઉપર બેસતાંજ તેણે સઘળાં ઉચ્ચસ્થાનો કાઢી નાખ્યાં, સ્તંભો ભાંગી નાંખ્યા અને અશેરાહ મૂર્તિ કાઢી નાખી, એટલુંજ નહિ પણ મુસાના બનાવેલા પિત્તળના સર્પની લોકો પૂજા કરતા હતા તેના ટુકડે ટુકડા કરી નાખ્યા, અને તેણે તેનું નામ 'નહુસ્તા' પાડયું અને એ પ્રમાણે તેણે ઘણો ધર્મસુધારો કીધો (૨ રા. ૧૮ ; ૪. ૨ કાળ. ૨૯ ; ૨૦–૩૬). પ્રભુના મંદિરને શુદ્ધ કીધું અને યાજકો તથા લેવીઓને પોતપોતાને શુદ્ધ કરવાને હુકમ આપ્યો. વળી મંદિરને શુદ્ધ કીધા પછી લોકોને વાસ્તે પ્રાયશ્ચિત્ત કરવા સારૂ યાજકો રાજાના હુકમથી દહનીયાર્પણ તથા પાપાર્થાર્પણ ચઢાવવા લાગ્યા. વળી યરૂશાલેમમાં પાસ્ખા પર્વ પાળવાનું શરૂ કીધું

અને દાનથી બેર-શેબા લગી સર્વ ઇસ્રાએલી-ઓને ખબર આપી. કેટલાએક એ વાત સાંભળી ઠઠ્ઠા મશ્કરી કરવા લાગ્યા, પણ ઘણા લોક ઇસ્રાએલના જુદા જુદા કુળમાંથી આવીને પાસ્ખા પર્વ પાળવા લાગ્યા, અને એથી સર્વ લોકને ભારે આનંદ થયો એટલુંજ નહિ પણ રાજાની પેઠે તેમને પણ મૂર્તિપૂજા ઉપર કંટાળો ઉત્પન્ન થયો (૨ કાળ. ૩૦). એમાં શક નથી કે હિઝકીયાહ રાત દિવસ પ્રભુના નિયમશાસ્ત્રનું મનન કરતો હતો (ગીત. ૧; ૨). પ્રભુના સુચવ્યાથી તેણે સુલેમાનનાં દૃષ્ટાંતવચનોનો ઉતારો કર્યો (દૃષ્ટાં. ૨૫; ૧). વળી તેણે પલિસ્તીઓની સામે લડાઇ કરી પોતાના પિતાના અપરાધને લીધે જે નગરો તેણે ખોયાં હતાં તે તેણે પાછા મેળવ્યાં (૨ કાળ. ૨૮; ૧૮, ૧૯). વળી તે શિવાય જ્યારે આશ્શૂરનો રાજા સારગોન મરણ પામ્યો અને ત્યાર પછી તેનો કુંવર સાન્હેરીબ ગાદીનશીન થયો, ત્યારે હિઝકીયાહે જેમ તેનો પિતા આશ્શૂરને ખંડણી આપતો હતો તેમ આપવાને ના કહી અને એમ આશ્શૂર સામે દંગો કરી મિસરની મદદ માગી (યશા. ૩૦; ૩૧: ૩૬; ૬-૯). આ કારણ માટે યહોવાહ હિઝકીયાહ ઉપર નાખુશ થયો, કેમકે તેણે સર્વસમર્થ યહોવાહ ઉપર નહિ પણ મિસર જે ભાંગેલા બરૂ સમાન હતું તેના ઉપર ભરોસો કીધો. આશ્શૂરનો રાજા સાન્હેરીબ યહુદાહ પર ચઢી આવ્યો અને દેશનાં ૪૦ નગરો હસ્તગત કરી યરૂશાલેમ ઉપર ઘેરો ઘાલ્યો. આથી રાજા હિઝકીયાહ નમી ગયો અને આશ્શૂરને ખંડણી ભરવાનું કબૂલ કીધું. આ સલાહ વખતે આશ્શૂરના રાજાએ ૩૦૦ તાલંત રૂપું અને ૩૦ તાલંત સોનું તેને આપ્યું, પણ આશ્શૂરના રાજાએ હિઝકી-યાહ સાથે ઠગાઇ કરી, કેમકે ખંડણીથી તે સંતુષ્ટ નહિ થતાં, પણ યહુદાહનું રાજ્ય જીતી લેવું સહેલ છે એમ ધારી યહુદાહ ઉપર તેણે પછીથી ચઢાઇ કરી; પણ આ વખતે હિઝકી-યાહે યહોવાહ ઉપર ભરોસો રાખ્યો હતો, અને ભવિષ્યવાદી યશાયાહ તેને દિલાસો આપતો હતો. આશ્શૂરના રાજાએ તુચ્છકાર ભરેલી ખબર રાબશાકેહ (મુખ્ય વજીર) ની મારફતે મોકલી. આ વખતે હિઝકીયાહે યહોવાહની મદદ માગી અને તેની પ્રાર્થના કરી અને એમ થયું કે "યહોવાહના દૂતે રાત્રે નીકળી આવીને આશ્શૂરની છાવણીમાંના એક લાખ અને પંચાસી હજાર માણસોને માર્યા (૨ રા. ૧૯; ૩૫. ૨ કાળ. ૩૨; ૨૧). ત્યાર પછી સાન્હેરીબ નાશીપાસ થઇને પોતાના દેશમાં પાછો ગયો અને પછીથી તેને પોતાના બે પુત્રોએ મારી નાખ્યો, અને ત્યાર પછી એસારહાદ્દોન આશ્શૂરનો રાજા થયો (૨ રા. ૧૯; ૩૬, ૩૭). પછીથી યહો-વાહે રાજા હિઝકીયાહને જણાવ્યું કે "ન્યાયી માણસનાં દુઃખ ઘણાં છે પણ યહોવાહ તે સર્વમાંથી તેને છોડાવે છે" (ગીત. ૩૪; ૧૯). આ લડાઇ પછી હિઝકીયાહ મરણતોલ માંદો પડયો અને તેથી તે ઘણો ગભરાયો, પણ તેણે યહોવાહની વિનંતિ કરી અને તેની પ્રાર્થના સાંભળવામાં આવી; અને એમ થયું કે તેની આવરદામાં પંદર વર્ષ વધારવામાં આવ્યાં. આ વખતે હિઝકીયાહે દેવનો મોટો ઉપકાર માન્યો (૨ રા. ૨૦; ૧. ૨ કાળ. ૩૨; ૨૪. યશા. ૩૮; ૧). તેના સાજા થવાથી ઘણા-એક ખુશીના સંદેશા આવ્યા, તેમાં બાબેલના રાજા બરોદાખ-બાલઅદાને હિઝકીયાહ ઉપર પત્રો તથા ભેટ મોકલ્યાં. આ વખતે રાજા હિઝકીયાહે પોતાની દોલતનો અભિમાન કરી પોતાનું સર્વસ્વ ભેટ લાવનારને બતાવ્યું. એથી યહોવાહે નારાજ થઇ યશાયાહની મારફતે તેને ઠપકો આપ્યો, અને યહુદાહની પ્રજા બાબેલ બંદિપ્રવાસમાં જશે એવું ભવિષ્ય કહેવામાં આવ્યું (૨ રા. ૨૦; ૧૨-૧૯. ૨ કાળ. ૩૨; ૩૧), અને એવું તેના દીક-રાઓના દિવસમાં બન્યું. તેણે પોતે શાંતિ તથા સત્યતાથી પોતાની જીંદગી પુરી કરી, અને તેના મરણ પછી તેના દીકરા મનાશ્શેહે તેની જગ્યાએ રાજ્ય કીધું (૨ રા. ૨૦; ૨૧).

તેણે પોતાના રાજ્યમાં જે જે બાંધકામો કીધાં તે ૨ કાળ. ૩૨; ૨૭-૩૦ સુધીમાં બતાવવામાં આવેલ છે. તેણે યરૂશાલેમના લોકોને સારૂ એક 'તળાવ' બંધાવ્યું (૨ રા. ૨૦; ૨૦), અને આજ સુધી શહેરનાં તળાવોમાંનું એક તળાવ હિઝકીયાહના નામથી ઓળખાય છે. આ તળાવ ૨૪૦ ફુટ લાંબું અને ૧૫૦ ફુટ પહોળું છે. રાજા હિઝકીયાહે ઘણાંએક નવાણ ગળાવ્યાં છે કે પોતાની પ્રજાને પાણીની તંગાસ પડે નહિ. રાજા હિઝકીયાહ ૨૯ વર્ષ રાજ્ય કરી ૫૪ વર્ષની ઉમરે મરણ પામ્યો. તેને ઘણા માન સાથે 'દાઉદપુત્રોના કબરસ્તાનમાં' દાટવામાં આવ્યો (૨ રા. ૨૦; ૨૦, ૨૧. ૨ કાળ. ૩૨; ૩૩. જુઓ યશાયાહ). હિઝકીયાહ (૨ રા. ૧૬; ૨૦: ૧૮; ૧-૩૭: ૧૯; ૧-૨૦: ૨૦; ૧-૨૧: ૨૧; ૩. ૧ કાળ. ૩; ૧૩: ૪; ૪૧. ૨ કાળ. ૨૮; ૨૭: ૨૯; ૧-૩૬: ૩૦; ૧-૨૪: ૩૧; ૨-૨૦: ૩૨; ૨-૩૩: ૩૩; ૩. યશા. ૧; ૧: ૩૬; ૧-૨૨: ૩૭; ૧-૨૧: ૩૮; ૧-૨૨. યિર્મે. ૧૫; ૪: ૨૬; ૧૮, ૧૯. હોશી. ૧; ૧. મીખા. ૧; ૧. દષ્ટાં. ૨૫; ૧. માત્થી ૧; ૯, ૧૦).

હિત્તીઓ = હેથના વંશજ. પાલેસ્તાઇન અને સિરીઆમાં અસલ ત્રણ કોમ વસતી હતી. (૧) સેમિટી, તેઓ સુએઝની સંયોગાભૂમિની પૂર્વના પ્રદેશમાં વસતા હતા, અને પોતાનાં ઢોરઢાંકને લઇને ચારાને માટે આમતેમ ભટકનારી કોમ હતી. (૨) ફેનિકી, તેઓ વેપારી અને ધંધો રોજગાર કરનાર હતા. (૩) હિત્તી, આ તો સંપીલી અને લડનારી કોમ હતી. તેઓ દમરક અને ફ્રાત નદીના આખા પ્રદેશમાં રહેતા હતા. તેઓનાં મુખ્ય શહેરો કાર્કેમિસ જે ફ્રાત નદી ઉપર હતું તે તથા કાદેશ હતાં. હિત્તીઓ ઘણા બહાદુર અને જોરાવર હતા. ઘણા લાંબા વખત સુધી તેઓ મિસરના તથા આશ્શૂરના રાજ્ય સાથે હરીફાઇ કરનારા હતા. યહોશુઆના પુસ્તકમાં આ કોમ ઉત્તરે ગાલીલમાં હકુમત કરનાર વખતો વખત દેખાય છે. ઇ. સ. પૂ. ૨૩ મા સૈકામાં આ કોમે સિરીઆના લોકો સાથે સંપ કરી નીચલા મિસર ઉપર ચઢાઇ કરી, અને તેઓની રાજધાની 'જોઆન' શહેર જીતી લીધું. તેઓના સરદારો કે અધિકારીઓને 'હિક્સોસ' (ભરવાડ વંશના રાજા) કહેતા હતા, પણ આખરે તેઓને મિસરમાંથી ખદેડી કાઢયા. મિસરના રાજા રામસેસ બીજાએ ઇબ્રાહીમની પછી ચારસેં વર્ષ બાદ કાદેશની લડાઇમાં તેમને હરાવ્યા હતા, અને તે વખતે તેણે આ કોમને 'અધમ-ખેતા' એવું નામ આપ્યું હતું. કેટલાએક એવું કહે છે કે ખેતા પરથી ખાતી અને તે પરથી કાઠી નામ ઉતરેલું છે; માટે એ કોમના લોક તે હાલના કાઠિયાવાડમાં વસતા કાઠી લોક હશે. આ હિત્તીઓનું પહેલવહેલું નામ ઇબ્રાહીમના ઇતિહાસ સાથે જોડાયલું છે, એટલે ઇબ્રાહીમે એફ્રોન હિત્તીની પાસેથી માખ્પેલાહનું ખેતર વેચાતું લીધું (ઉત્પ. ૧૫; ૨૦: ૨૩; ૩-૧૮). પછીથી તેઓ ક્રિયાર્થ-આર્બા આગળ જઇ રહ્યા. આ કોમમાંથી એસાવે પોતાને સારૂ પહેલી બે સ્ત્રીઓ લીધી (ઉત્પ. ૨૬; ૩૪: ૩૬; ૧). ત્યાર પછી તેમનું નામ પવિત્ર-શાસ્ત્રમાં કનાનના વતનીઓ તરીકે આવે છે (નિર્ગ. ૨૩; ૨૮). તે અમોરીઓ સાથે સંબંધ ધરાવનારી અને પહાડોમાં વસનારી કોમ જણાય છે. જ્યારે કનાન દેશની તપાસ કરવાને જાસુસોને મોકલવામાં આવ્યા ત્યારે તેઓ અમોરીઓની સાથે યહુદાહના પહાડોમાં વસતા હતા (ગણ. ૧૩; ૨૯). ઇસ્રાએલીઓની સામે થવાને બીજી કનાની કોમોની સાથે આ કોમે પણ ભાગ લીધો હતો (યહો. ૯; ૧: ૧૧; ૩), પછી પવિત્ર શાસ્ત્રમાં તેમની બહુ થોડી વાત આવે છે. અહીમેલેખ હિત્તી (૧ શમૂ. ૨૬; ૬) અને દાઉદના મુખ્ય અમલદારોમાંનો એક ઉરીયાહ તે હિત્તી હતો (૨ શમૂ. ૨૩; ૩૯.

૧ કાળ. ૧૧; ૪૧). બંદિપ્રવાસ પછી આ કોમ બીજી કોમોની સાથે ઇસ્રાએલથી અલગ દેખાય છે (એઝ. ૯; ૧. નહે. ૧૩; ૨૩–૨૮). મિસરના લેખો પરથી એમ દેખાય છે કે અમોરીઓ દેખાવમાં ઉંચા, કદાવર અને સુંદર દેખાવના હતા; અને હિત્તીઓ રંગે પીળા, ચેહેરાના દેખાવે મુગલોને મળતા. તેમનું કપાળ અંદર ગએલું અને લાંબી આંખોવાળા તેઓ હતા. હિત્તીઓનું અસલ વતન લઘુ એશિયામાં તૌરસ પહાડનો પ્રદેશ હતો, અને પછીથી તેઓ દક્ષિણમાં ગયા. અને એ પ્રમાણે સિરીયા અને પાલેસ્તાઇનમાં તેઓ પછીથી દેખાય છે. (જુઓ હેથ).

હિંદ = સિંધુ નદીનો પ્રદેશ. આ નામ શાસ્ત્રમાં કેવળ બેજ વખત આવે છે, એટલે (એસ્તેર ૧; ૧ : ૮; ૯). ઇરાની રાજા અહાશ્વેરોશના રાજ્યની હદ બતાવતાં આ નામ લખવામાં આવ્યું છે. તેના રાજ્યનો વિસ્તાર પૂર્વમાં કૂશથી માંડીને પશ્ચિમે હિંદ સુધી હતો. અહીં જે હિંદ નામ લખવામાં આવ્યું છે તેમાં આપણે હિંદુસ્તાન દેશ સમજવો નહિ પણ સિંધુ નદીનો પ્રદેશ કે માત્ર પંજાબ સમજવો. યહુદી લોક હિંદુસ્તાનના માણસો તથા તેની નીકાસ વિષે સારી પેઠે જાણીતા હતા, અને તેમનો હિંદુસ્તાન સાથે વેપાર પણ ચાલતો હતો (હઝ. ૨૭; ૧૫, ૨૪. સરખાવો).

હિદાય = શક્તિવાન. દાઉદના ૩૭ યોદ્ધાઓમાંનો એક હતો (૨ શમૂ. ૨૩; ૩૦). ૧ કાળ. ૧૧; ૩૨ માં તેને હૂરાય કહે છે.

હિન્નોમ = આ નામની એક ખીણ હતી. તેને કોઇ પુરાતન શૂરવીર હિન્નોમના નામ પરથી 'હિન્નોમના પુત્રની ખીણ' એવું નામ આપવામાં આવેલું હતું (યહો. ૧૫; ૮). જ્યારે બિન્યામીન અને યહુદાહપુત્રોની સરહદો ઠરાવવામાં આવી ત્યારે તે સંબંધે તેનું નામ પ્રથમ શાસ્ત્રમાં આપવામાં આવે છે. આ ખીણ યરૂશાલેમની પશ્ચિમ તરફથી શરૂ થઇ પૂર્વ દિશામાં જાય છે, અને કેટલીક જગ્યામાં ખીણ દેખાતી બંધ થાય છે. આખરે તે ખીણ કિદ્રોન નાળાને મળે છે, પણ મળતાં પહેલાં તેના કિનારા ઉપર 'તોફેથ' નામની જગ્યા આવેલી છે કે જે પુરાતન વખતમાં ત્યાંની ભુંડાઇને માટે પ્રસિદ્ધ હતી (યિર્મે. ૭; ૩૧). મૂર્તિપૂજક અજ્ઞાન યહુદીઓ સુલેમાન રાજાએ બાંધેલાં 'મોલેખ'ના દેવસ્થાનો આગળ પોતાનાં બાળકોનું દહનીયાર્પણ કરતા હતા, એટલે મોલેખ દેવતાના ધગધગતા હાથમાં પોતાનાં નિર્દોષ કોમળ બાળકોને મુકીને બાળી નાખતા હતા. એ વિષે યહોવાહે કહ્યું કે "પોતાના દીકરા તથા દીકરીઓને અગ્નિમાં બાળવા સારૂ હિન્નોમના પુત્રની ખીણમાં જે તોફેથ છે, ત્યાં ઉંચસ્થાનો બાંધ્યાં છે એવું મેં ફરમાવ્યું નહિ" (૧ રા. ૧૧; ૭, ૮. યિર્મે. ૨; ૨૩ઃ ૭; ૩૧). આ નીચ પૂજા કેવળ નીચ લોક કરતા હતા, એટલુંજ નહિ પણ રાજા આહાઝે તથા મનાશ્શેહે પોતાનાં સંતાનોને આગમાં નાખ્યાં હતાં (૨ કાળ. ૨૮; ૩ઃ ૩૩; ૬). પણ બહુ ખુશીની વાત છે કે રાજા યોશીયાહે આ જગ્યા ભાંગી નાખી અને તેને તદન અશુદ્ધ કીધી, કે ફરીને તે તેવા કામમાં આવે નહિ (૨ રા. ૨૩; ૧૦, ૧૩, ૧૪). ત્યારથી યરૂશાલેમના લોક શહેરની સઘળી ગંદકી તેમાં નાખવા લાગ્યા અને તેને આગ સળગાવી બાળી મુકતા. આ જગ્યામાં ભારે ગંદકી થવાથી તેમાં અસંખ્ય કીડા પડતા. ભવિષ્યવાદી યિર્મેયાહ યરૂશાલેમ પર આવનાર આફતો સંબંધી બોલતાં એમ કહે છે કે આ ખીણ હવે હિન્નોમની ખીણ નહિ કહેવાશે, પણ તેને 'ઘાતની ખીણ' કહેવામાં આવશે, અને "કશી ખાલી જગ્યા રહે નહિ, ત્યાં સુધી તેઓ તોફેથમાં મુડદાં દાટશે" (યિર્મે. ૭; ૩૧-૩૪ઃ ૧૯; ૨, ૬, ૧૩, ૧૪). યહુદીઓના બંદિપ્રવાસ પછી પણ આ જગ્યા એવી ને એવીજ ખરાબ રહી, કેમકે કેદીઓનાં મુડદાં,

કચરો અને ગંદકી વિગેરે આ જગ્યામાં નાખવામાં આવતાં હતાં. એ ઉપરથી યહુદી લોકના મનમાં એવો વિચાર ઉભો થયો કે અહીંની આગ કદી હોલવાતી નથી અને અહીંનો કીડો કદી મરતો નથી. એ જગ્યા મરણ પછી ભુંડા આત્માઓ જ્યાં નંખાય છે તે દર્શાવવાને બહુ સારૂં ને બંધબેસ્તું નામ છે એમ ધારી નર્કને ગેહેન્ના કહેતા હતા; કેમકે હિન્નોમની ખીણને ગ્રીક ભાષામાં ગેહેન્ના કહેતા હતા, એ કારણ માટે નવા કરારમાં ભવિષ્યની ભુંડા લોકની સજા પામવાની જગ્યાને ગેહેન્ના નામ આપવામાં આવેલ છે. (માત્થી ૫; ૨૨), અને તારનારની વાતચીતમાં એજ અર્થમાં એ શબ્દ લગભગ અગીઆર વખત વાપરવામાં આવ્યો છે. ગુજરાતી શાસ્ત્રમાં તેનો તરજુમો નર્ક કરવામાં આવ્યો છે.

હિલ્કીયાહુ = યહોવાહ મારો હિસ્સો. (૧) યહુદાહના રાજા હિઝકીયાહના કારભારી એલ્યાકીમનો બાપ (૨ રા. ૧૮; ૧૮, ૨૬, ૩૭. યશા. ૨૨; ૨૦: ૩૬; ૩, ૨૨). (૨) રાજા યોશીયાહના વખતમાં તે મુખ્ય યાજક હતો (૨ રા. ૨૨; ૪, ૮, ૧૦, ૧૨, ૧૪: ૨૩; ૪. ૧ કાળ. ૬; ૧૩: ૯; ૧૧. એઝ. ૭; ૧. નહે. ૧૧; ૧૧. ૨ કાળ. ૩૪; ૯, ૧૪, ૧૫, ૧૮, ૨૦, ૨૨: ૩૫; ૮). તેને યોશીયાહ રાજાને અરાઢમે વર્ષે યહોવાહના ઘરમાંથી નિયમશાસ્ત્રનું પુસ્તક મળી આવ્યું હતું (૨ રા. ૨૨; ૮: ૨૩; ૨. ઇ. સ. પૂ. ૬૨૪. જુઓ યોશીયાહ). (૩) એક લેવી હતો (૧ કાળ. ૬; ૪૫). (૪) વારાટોળીમાંનો એક લેવી (૧ કાળ. ૨૬; ૧૧). (૫) એઝરા શાસ્ત્રી નિયમશાસ્ત્રનું પુસ્તક લોકોને વાંચી સંભળાવતો હતો ત્યારે તેને જમણે હાથે જે લોકો ઉભા હતા તેમાંનો એક (નહે. ૮; ૪). કદાચ તેજ માણસનું નામ નહે. ૧૨; ૭, ૨૧ માં આવે છે. (૬) ભવિષ્યવાદી યિર્મેયાહનો પિતા (યિર્મે. ૧; ૧). (૭) ગમાર્યાહનો પિતા (યિર્મે. ૨૯; ૯). (૮) (નહે. ૧૨; ૭).

હિલ્લેલ = વખાણ. ઇસ્રાએલી ન્યાયાધીશ આબ્દોનનો પિતા. તેને હિલ્લેલ પિરઆથોની કહે છે (ન્યા. ૧૨; ૧૩, ૧૫).

હિવ્વી = ગામડીઆ. કનાન દેશની પુરાતન સાત કોમમાંની આ એક હતી. તે હેર્મોનથી દક્ષિણમાં ગિબઓન સુધી પ્રસરેલી હતી (ઉત્પ. ૧૦; ૧૭. ૧ કાળ. ૧; ૧૫). તે હામના પુત્ર કનાનના વંશજ હતા. તેઓ ઘણું કરીને હિત્તીઓની એક શાખાકોમ હોય એમ લાગે છે. આ કોમ વિષે પ્રથમ વાત યાકુબના ઇતિહાસ સાથે સંબંધ ધરાવે છે. યાકુબ જ્યારે કનાન દેશમાં પાછો આવતો હતો ત્યારે હિવ્વી હામોર દેશનો સરદાર હતો (ઉત્પ. ૩૪; ૨, ૨૦–૨૪). એસાવની એક સ્ત્રી હિવ્વી કોમની હતી (ઉત્પ. ૩૬; ૨). ત્યાર પછી તેઓ વિષેની વાત યહોશુઆના સંબંધે આવે છે, જેમણે ગિબઓનમાંથી આવી યહોશુઆની સાથે સલાહ કીધી (યહો. ૯; ૭: ૧૧; ૧૯). દાઉદે જ્યારે ગણત્રી કરી ત્યારે હિવ્વીઓનાં નગરો પણ હતાં (૨ શમૂ. ૨૪; ૭). કોઇ વખતે આ કોમને બદલે અમોરીઓ લખવામાં આવેલ છે (ઉત્પ. ૪૮; ૨૨. ૨ શમૂ. ૨૧; ૨). તેમના ઉપર વેઠનો વારો સુલેમાનના વખતમાં નાખવામાં આવ્યો હતો (૧ રા. ૯; ૨૦. ૨ કાળ. ૮; ૭). હિવ્વી—(ઉત્પ. ૧૦; ૧૭: ૩૪; ૨: ૩૬; ૨. નિર્ગ. ૩; ૮, ૧૭: ૧૩; ૫: ૨૩; ૨૩, ૨૮: ૩૩; ૨: ૩૪; ૧૧. પુન. ૭; ૧: ૨૦; ૧૭. યહો. ૩; ૧૦: ૯; ૧, ૭: ૧૧; ૩: ૧૨; ૮: ૨૪; ૧૧. ન્યા. ૩; ૩, ૫. ૨ શમૂ. ૨૪; ૭. ૧ રા. ૯; ૨૦. ૧ કાળ. ૧; ૧૫. ૨ કાળ. ૮; ૭).

હીએલ = દેવનું જીવન. તે બેથેલનો વતની હતો. તેણે યરેખો શહેર ઇસ્રાએલીઓએ નાશ કર્યા પછી સાતમેં વર્ષે બાંધ્યું. "તેણે પોતાના જયેષ્ઠ પુત્ર અબીરામનો ભોગ આપીને તેનો પાયો નાખ્યો અને પોતાના નાનામાં નાના પુત્ર સગૂબનો ભોગ આપીને

તેના દરવાજા ઉભા કીધા." અને એમાં નૂનના દીકરા યહોશુઆની હસ્તક યહોવાહ જે વચન બોલ્યો હતો તે પુરૂં થયું (૧ રા. ૧૬; ૩૪). એટલે તેના મોટાથી નાના છોકરા સુધીનાં બધાં છોકરાં મરણ પામ્યાં (યહો. ૬; ૨૬. જુઓ યરેખો).

હીદ્દેકેલ = એદન વાડીના સંબંધે ચાર નદીઓની વાત આવે છે, તેમાંની આ ત્રીજી નદી છે (ઉત્પ. ૨; ૧૪). જે આશ્શૂર દેશની પૂર્વે તરફ વહે છે તેને અક્કાદીઓ હીદ્દેકેલ કહેતા હતા. આ હીદ્દેકેલ તે હાલની તીગ્રિસ નદી છે, જે ફ્રાત નદીના મૂળની દક્ષિણમાં પંદર માઇલ દૂર છે, ને તે ફ્રાત નદીને 'કુરનાહ' આગળ મળે છે. આ નદીનું નામ બીજી એક વખતે દાની. ૧૦; ૪માં આવે છે ત્યાં તેને 'મહા નદી' હિદ્દેકેલ નામ આપવામાં આવ્યું છે. નદીની કુલ લંબાઇ આશરે ૧,૧૫૦ માઇલની છે.

હીયરાપોલીસ = પવિત્ર શહેર. જે વખતે કલોસી શહેરમાં મંડળી સ્થાપવામાં આવી તેજ વખતે આ શહેરમાં પણ એક મંડળી સ્થાપવામાં આવી હતી (કલો. ૪; ૧૩), અને તે મંડળી એપાફ્રાની દેખરેખ નીચે મુકવામાં આવી હતી. આ શહેર આશિયા મૈનરના ફ્રુગિયા પ્રાંતમાં આવેલું હતું. હાલ તેને "પામબુક-કાલેક" (સુતરનો મહેલ) નામ આપવામાં આવ્યું છે. હીયરાપોલીસ તથા લાઓદીકીઆ બન્ને પાસે પાસે આવેલાં હતાં.

હીરામ = ઉમદા. (૧) એ સૂરનો રાજા હતો અને દાઉદ તથા સુલેમાન રાજાનો મિત્ર હતો. તેણે દાઉદને માટે મહેલ બાંધવાને એરેજવૃક્ષો, સુથારો, સલાટો અને કડિયાઓ પુરા પાડ્યા હતા (૨ શમૂ. ૫; ૧૧. ૧ કાળ. ૧૪; ૧). દાઉદ રાજાના મરણ પછી તેણે તેના દીકરા સુલેમાન સાથે મિત્રાચારી બાંધી, અને સુલેમાનને મંદિર બાંધવાને માટે કાષ્ટ, પત્થર અને સોનું વિગેરે મોકલાવ્યું, એટલુંજ નહિ પણ હોશિયાર કારીગરોને પણ મોકલાવ્યા હતા. એ પ્રમાણે સુલેમાનને મંદિર બાંધવાની જોઇતી બધી મદદ સૂરના રાજા હીરામે આપી હતી (૧ રા. ૫; ૧ : ૯; ૧૦. ૧ કાળ. ૨; ૩), એટલુંજ નહિ પણ ઓફીરથી સોનું લાવવાને માટે પણ હીરામે પોતાના સમુદ્રના ભોમિયા માણસોને સુલેમાનના ચાકરો સાથે મોકલ્યા હતા (૧ રા. ૯; ૨૭: ૧૦; ૧૧. ૨ કાળ. ૮; ૧૮ : ૯; ૧૦). રાજા સુલેમાને ઉપલી મદદને માટે હીરામને ગાલીલ પ્રાંતના ૨૦ નગરો આપ્યાં. જો કે હીરામને ઉપલાં નગરો પસંદ પડ્યાં નહિ એમ છતાં દોસ્તીનો હક તેણે જારી રાખ્યો હતો. હીરામને જે નગરો પસંદ પડ્યાં નહિ, તેનું નામ તેણે "કાબૂલ દેશ" પાડયું (૧ રા. ૯; ૧૦-૧૫). હીરામને કાળવૃત્તાંતના પુસ્તકમાં 'હૂરામ' કહે છે (૨ કાળ. ૨; ૩). કહે છે કે તેનું રાજ્ય ૩૪ વર્ષ ચાલ્યું (ઇ. સ. પૂ. ૧૦૨૩-૯૯૦). (૨) આજ નામનો એક હોશિયાર કારીગર હતો, તેને સૂરના રાજા હીરામે મંદિર બનાવવાને માટે સુલેમાન પાસે મોકલ્યો હતો. આ માણસ સર્વ પ્રકારની કોતરણી કામમાં નિપુણ હતો. તેનો પિતા સૂરનો રહીશ હતો પણ તેની મા દાનપુત્રોમાંની હતી (૨ કાળ. ૨; ૧૩). તે વિશ્વાસુ તથા ઇજ્જતદાર હોવાને લીધે 'હીરામ-આબી' એટલે હીરામ બાપ કહેવાતો હતો. જે જે કામ સુલેમાને આ મિસ્ત્રીને સોંપ્યાં, તે સઘળાં રાજાની ઇચ્છા પ્રમાણે તેણે પુરાં કીધાં. મંદિરના પિત્તળને લગતાં સઘળાં પાત્રો પણ તેણેજ બનાવ્યાં (૧ રા. ૭; ૧૩, ૪૦, ૪૫. ૨ કાળ. ૨; ૧૩ : ૪; ૧૧, ૧૬). (૩) બિન્યામીનનો પૌત્ર (૧ કાળ. ૮; ૫).

હીરાહ—તે યહુદાહનો મિત્ર હતો તેને "હીરાહ-અદુલ્લામી" કહે છે (ઉત્પ. ૩૮; ૧, ૧૨). તેને ત્યાં યહુદાએ ઉતારો લઇને કનાની સ્ત્રી શુઆની દીકરી સાથે લગ્ન કીધું હતું.

હીલેન—આ નામનું એક શહેર યહુદાહમાં આવેલું હતું તે યાજકોને આપવામાં આવ્યું હતું (૧ કાળ. ૬; ૫૮). યહો. ૨૧; ૧૫ માં તેને હોલોન કહે છે.

હુક્કોક = કાપી નાખવું. નાફતાલીની સરહદ ઉપર યરદન નદીની પૂર્વ બાજુએ ઝબુલૂનની પાસે આ શહેર આવેલું હતું (યહો. ૧૯; ૩૪. જુઓ હેલ્કાથ).

હુપ્પાહ = ઢાંકણ. દાઉદના વખતમાં આ નામનો એક યાજક હતો (૧ કાળ. ૨૪; ૧૩).

હુપ્પીમ = ઢાંકણ. આ નામનો એક બીન્યામીની હતો (ઉત્પ. ૪૬; ૨૧. ૧ કાળ. ૭; ૧૨, ૧૫).

હુમનાય = લગ્ન સંબંધીનું. ખ્રીસ્તી માણસે સારી લડાઇ લડવી અને વિશ્વાસ તથા સારૂં અંતઃકરણ રાખવું. એ વાત તુચ્છકારીને એફેસસની મંડળીમાં કેટલાએક ઉભા થઇ એમ કહેવા લાગ્યા કે "પુનરૂત્થાન થઇ ગયું છે" અને હવે ન્યાયચુકાદો થવાનો નથી. એઓમાં હુમનાય તથા અલેકસાંદર હતા. તેઓએ પોતે સત્ય વિષે ભૂલ ખાધી એટલુંજ નહિ, પણ કેટલાએકનો વિશ્વાસ ઉલટાવી નાખ્યો (૧ તીમો. ૧; ૧૮-૨૦. ૨ તીમો. ૨; ૧૬-૧૮). પ્રેરિત પાઉલ પોતાના અધિકારનો ઉપયોગ કરી હુમનાય તથા આલેકસાંદરને શેતાનના હાથમાં સોંપે છે. એવી સજા પાઉલ કદી કરતો ન હતો, તેમજ મંડળીમાં જો કોઇ દુષ્ટ હોય તો તેની સજા પણ હલકી હતી (૧ કરીં. ૫; ૧૧–૧૩), પણ જ્યારે આ લોકો વિષે જરૂર જાણી ત્યારે આ ભારે સજા પ્રભુના નામે તેમને કરી અને મંડળીમાં તે લખી જણાવી, એ કારણ માટે કે તેઓ સુધરી જાય અને ફરીથી એવું ન બોલે (૧ કરીં. ૫; ૩-૫).

હુમ્ટાહ—યહુદાહના પહાડી પ્રદેશમાં આવેલું એક શહેર હતું (યહો. ૧૫; ૫૪).

હુલ્દાહ = નોળીઓ. શાલ્લૂમની સ્ત્રી, જે ભવિષ્યવાદેણ હતી. યોશીયાહ રાજાના વખતમાં મંદિરમાંથી જે નિયમશાસ્ત્રની નકલ જડી આવી હતી તે વિષે પુછવાને તેની પાસે માણસો મોકલવામાં આવ્યાં હતાં (૨ રા. ૨૨; ૧૪, ૨૦. ૨ કાળ. ૩૪; ૨૨-૨૮). યરૂશાલેમના જે ભાગમાં તે રહેતી હતી તેને મિસ્નેહ કહેતા હતા. હુલ્દાહ તથા મુસાની બહેન મરિયમ (નિર્ગ. ૧૫; ૨૦), અને લાપીદોથની સ્ત્રી દબોરાહ (ન્યા. ૪; ૪), એ ત્રણ શિવાય બીજી કોઇ સ્ત્રીને ભવિષ્યવાદેણની પદ્વિ પવિત્ર શાસ્ત્રમાં આપવામાં આવી નથી. યશા. ૮; ૩ માં લખ્યું છે કે "યશાયાહ ભવિષ્યવાદેણની પાસે ગયો," પણ ત્યાં કેવળ યશાયાહ ભવિષ્યવાદીની સ્ત્રી એવો અર્થ રહેલો છે.

હુશાથી = હુશાના વતનીઓ. આ કોમના બે માણસોનાં નામ પવિત્ર શાસ્ત્રમાં આવે છે. (૧) દાઉદના શૂરવીરોમાંનો એક હુશાથી સિબ્બખાય નામનો હતો (૨ શમૂ. ૨૧; ૧૮. ૧ કાળ. ૧૧; ૨૯: ૨૦; ૪). (૨) મબુન્નાય હુશાથી દાઉદના યોદ્ધાઓમાંનો એક હતો (૨ શમૂ. ૨૩; ૨૭).

હુશીમ = જેઓ ઉતાવળ કરે છે. (૧) દાનનો પુત્ર (ઉત્પ. ૪૬; ૨૩). તેને ગણ. ૨૬; ૪૨ માં શૂહામ કહે છે, અને તેથી શૂહામીઓનું કુટુંબ થયું. (૨) બિન્યામીની વંશમાંના આહેરપુત્રોમાંનો એક (૧ કાળ. ૭; ૧૨). (૩) શાહરાઇમની સ્ત્રીઓમાંની એક હતી (૧ કાળ. ૮; ૮, ૧૧).

હુસ્સાબ = નિવેડો. નીનવેહના નાશ સંબંધી બોલતાં નાહૂમ ભવિષ્યવાદી કહે છે કે, "હુસ્સાબ નગ્ન કરાઇ છે" (નાહૂ. ૨; ૭). ઘણું કરીને તે નીનવેહની રાણી હશે. તેના વિષે બીજી કંઇ જાણ મળતી નથી.

હૂકોક (૧ કાળ. ૬; ૭૫. જુઓ હેલ્કાથ યહો. ૨૧; ૩૧).

હૂફામ = સમુદ્રકાંઠાનો વતની. બિન્યામીનના કુટુંબનો એક માણસ હતો, તેનાથી હૂફામીઓનું કુટુંબ થયું (ગણ. ૨૬; ૩૯).

હૂર = ભોંયરૂં. (૧) કાલેબે એફ્રાથ સાથે લગ્ન કીધું અને તેને પેટે હૂર જન્મ્યો. તે બસાલએલનો દાદો થાય (નિર્ગ. ૩૧; ૨: ૩૫; ૩૦: ૩૮; ૨૨. ૧ કાળ. ૨; ૧૯, ૨૦, ૫૦: ૪; ૧, ૪. ૨ કાળ. ૧; ૫). (૨) મિદ્યાનના પાંચ રાજાઓમાંનો એક હતો.

આ પાંચે રાજાઓને મુસાએ મારી નંખાવ્યા (ગણુ. ૩૧ ; ૮. યહો. ૧૩ ; ૨૧). (૩) રફાયાહનો પિતા જે કોટની મરામત કરનારાઓમાંનો એક હતો (નહે. ૩ ; ૯). (૪) મુસાની બહેન મરિયમનો વર. જ્યારે ઇસ્રાએલીઓને અમલેકની સાથે લડાઇ થઇ ત્યારે હારૂન તથા હૂર પહાડ પર મુસાની સાથે રહી તેના હાથને ટેકો આપનાર હતા (નિર્ગ. ૧૭ ; ૧૦–૧૨). વળી મુસા જ્યારે સિનાય પર્વત પર ચઢયો ત્યારે હારૂનની સાથે હૂર પણ હતો (નિર્ગ. ૨૪ ; ૧૪). આ હૂર તે ઘણું કરીને યહુદાહના વંશનો અને બસાલએલનો દાદો હશે (નિર્ગ. ૩૧ ; ૨ : ૩૫ ; ૩૦. ૧ કાળ. ૨ ; ૧૯, ૨૦, ૫૦. ઇત્યા.). (૫) સુલેમાન રાજાના કારભારીઓમાંનો એક હતો.

હૂરામ = હીરામની જુની જોડણી. (૧) બેલાનો પુત્ર અને બિન્યામીનનો પૌત્ર (૧ કાળ. ૮ ; ૫). (૨) સૂરનો રાજા (જુઓ હીરામ). (૩) સૂરનો પ્રખ્યાત કારીગર (૨ કાળ. ૨ ; ૧૩).

હૂરાય (૨ શમૂ. ૨૩ ; ૩૦. ૧ કાળ. ૧૧ ; ૩૨). દાઉદના મુખ્ય યોદ્ધાઓમાંનો એક (૧ કાળ. ૧૧ ; ૩૨). તેને હિદાય પણ કહે છે (૨ શમૂ. ૨૩ ; ૩૦).

હૂરી = સણુનો કારીગર (?). ગાદવંશી યારોઆહનો પુત્ર (૧ કાળ. ૫ ; ૧૪).

હૂલ = ચક્ર. અરામનો બીજો પુત્ર, અને શેમનો પૌત્ર થાય (ઉત્પ. ૧૦ ; ૨૩. ૧ કાળ. ૧ ; ૧૭).

હૂશામ = ઉતાવળ. અદોમ દેશના રાજાઓમાંનો એક તેમાન દેશનો હૂશામ રાજા હતો. તેણે હદાદ રાજાની પહેલાં અને યોઆબની પછી અદોમ દેશમાં રાજ્ય કીધું (ઉત્પ. ૩૬ ; ૩૪, ૩૫. ૧ કાળ. ૧ ; ૪૫, ૪૬).

હૂશાય = ઝડપ. (૧) તેને હૂશાય 'આર્કી' કહે છે, તે દાઉદનો મિત્ર હતો (૧ કાળ. ૨૭ ; ૩૩). જ્યારે દાઉદ રાજાને યરૂશાલેમમાંથી આબ્શાલોમના બળવા વખતે નાસીને નીકળી જવું પડયું તે વખતે દાઉદ જ્યારે જૈતુન પહાડના ઢોળાવ પર રડતો રડતો ચઢતો હતો ત્યારે હૂશાય આર્કી તેને મળવા સારૂ આવ્યો. તે વખતે તેનો ઝભ્ભો ફાટેલો અને તેના માથા ઉપર ધૂળ હતી. દાઉદ રાજાએ તેને યરૂશાલેમમાં અહીથોફેલની મસલત રદ કરવાને આબ્શાલોમ પાસે મોકલ્યો હતો અને તેણે દાઉદની સલાહ પ્રમાણે અહીથોફેલની મસલહત રદ કરી અને આબ્શાલોમને દાઉદ ઉપર ચઢાઇ કરતાં રોકયો, એટલામાં દાઉદે લશ્કરની તૈયારી કરી. અહીથોફેલની સલાહ નામંજુર થવાથી તે ફાંસો ખાઇને મરી ગયો. હૂશાય— (૨ શમૂ. ૧૫ ; ૩૨, ૩૭ : ૧૬ ; ૧૬–૧૮ : ૧૭ : ૫–૮. ૧ કાળ. ૨૭ ; ૩૩). (૨) બાઅનાનો પિતા (૧ રા. ૪ ; ૧૬). પણ કદાપિ હૂશાય આર્કી અને આ માણસ એક ને એકજ હશે.

હેગે–હેગાય = રાજા અહાશ્વેરોશના ઝનાનખાનામાં આ નામનો એક ખવાસ સ્ત્રીરક્ષક હતો (એસ્તે. ૨ ; ૮, ૧૫) તેના હવાલામાં એસ્તેરને રાખવામાં આવી હતી. કલમ ૩, તેને હેગે કહે છે, અને ૨ ; ૮, ૧૫ માં હેગાય કહે છે.

હેઝીર = જોરાવર. (૧) સત્તરમી વારાટોળીમાં મુખ્ય યાજક હતો (૧ કાળ. ૨૪ ; ૧૫). (૨) કરાર ઉપર જેઓએ સહી કરી તેઓમાંનો એક (નહે. ૧૦ ; ૨૦).

હેઝયોન = દર્શન. આશ્શૂરનો રાજા બેનહદાદનો દાદો અને ટાબ્રિમ્મોનનો પિતા (૧ રા. ૧૫ ; ૧૮).

હેથ = ધાસ્તી. કનાનપુત્રોમાંનો એક હિત્તીઓનો પૂર્વજ હતો. તે હેબ્રોન સમીપના પ્રદેશમાં રહેતો હતો. હિત્તીઓને હેથીઓ કે હેથના દીકરા કહે છે (ઉત્પ. ૨૩ ; ૫, ૭, ૧૦, ૧૬, ૧૮, ૨૦). તેમની પાસેથી ઇબ્રાહીમે માખ્પેલાહના ખેતરની ગુફા વેચાતી રાખી હતી (ઉત્પ. ૨૩ ; ૧૯, ૨૦). હેથ—(ઉત્પ. ૧૦ ; ૧૫ : ૨૭ ; ૪૬. ૧ કાળ. ૧ ; ૧૩. ઉત્પ. ૨૩).

હેથ્લોન = વીંટાળી લેવું. પાલેસ્ટાઇનની ઉત્તર સરહદ ઉપર આ નામની જગ્યા આવેલી હતી (હઝ. ૪૭; ૧૫: ૪૮; ૧). 'હેથ્લોનનો માર્ગ' એટલે ભૂમધ્ય સમુદ્રથી તે હમાથના મેદાન સુધીનો માર્ગ, જે લબાનોનના છેડા આગળ આવેલો હતો.

હેન = મમતાળુ. સફાન્યાહનો પુત્ર (ઝખ. ૬; ૧૪).

હેના (૨ રા. ૧૮; ૩૪). મેસોપટામ્યાના શહેરોમાંનું આ એક હતું (૨ રા. ૧૮; ૧૪: ૧૯; ૧૩. યશા. ૩૭; ૧૩). આ શહેરનો આશ્શૂરના રાજા સાન્હેરીબે નાશ કીધો. આ શહેર હાલ 'અનાક' નામથી ઓળખાય છે. તે ફ્રાત નદીને જમણે કાંઠે સફાર્વાઇમની પાસે આવેલ છે.

હેનાદાદ = હાદાદની મહેરબાની. જે લેવીઓ ગુલામગીરીથી પાછા આવ્યા તેમાંનો તે એક હતો (એઝ. ૩; ૯. નહે. ૩; ૧૮, ૨૪: ૧૦; ૯).

હેફ્સી-બાહ = તેના ઉપર મારી પ્રસનતા. (૧) હિઝકીયાહ રાજાની રાણી અને રાજા મનાશ્શેહની મા થાય (૨ રા. ૨૧; ૧). (૨) યરૂશાલેમનું એક લાક્ષણિક નામ છે (યશા. ૬૨; ૪).

હેફેર = કુવો કે ઝરો. (૧) સલોફહાદનો પિતા અને ગિલઆદનો સૌથી નાનો પુત્ર (ગણ. ૨૬; ૩૨: ૨૭; ૧. યહો. ૧૭; ૨, ૩). (૨) આશ્હૂરની સ્ત્રી નાઅરાહને પેટે હેફેર જન્મ્યો (૧ કાળ. ૪; ૬). (૩) દાઉદના યોદ્ધાઓમાંનો એક (૧ કાળ. ૧૧; ૩૬). (૪) કનાનીઓનું પાયતખ્ત શહેર હતું, જેને યહોશુઆએ જીતી લીધું હતું (યહો. ૧૨; ૧૭). (૫) 'હેફેરનો દેશ' (૧ રા. ૪; ૧૦). હેફેરથી હેફેરીઓનું કુટુંબ ઉત્પન્ન થયું (ગણ. ૨૬; ૩૨).

હેબેર = જમાત. (૧) આશેરનો પૌત્ર (ઉત્પ. ૪૬; ૧૭. ૧ કાળ. ૭; ૩૧, ૩૨. ગણ. ૨૬; ૪૫). (૨) યહુદાહપુત્રોમાંનો એક (૧ કાળ. ૪; ૧૮). (૩) ગાદપુત્રોમાંનો એક (૧ કાળ. ૫; ૧૩). (૪) એક બિન્યામીની (૧ કાળ. ૮; ૧૭) તેને ૧ કાળ. ૮; ૨૨ માં 'એબેર' કહે છે. (૫) કેની હેબેર તે મુસાના સાળા હોબાબના વંશનો હતો. તેની સ્ત્રી યાએલ કરીને હતી. તેણે સેનાપતિ સીસરાને પોતાના તંબુમાં બોલાવી તેના લમણામાં મેખ મારી મારી નાખ્યો હતો (ન્યા. ૪; ૧૧, ૧૭, ૨૧: ૫; ૨૪). (૬) શેમવંશી એક, જેના વિષે એમ ધારવામાં આવે છે કે તેના નામ પરથી તેના વંશજોને હેબ્રીઓ કહે છે (ઉત્પ. ૧૦; ૨૪).

હેબ્રી કે હેબ્રીઓ કે હિબ્રરી = પેલી ગમથી આવનાર. શાસ્ત્રમાં આ નામ ઇસ્રાએલીઓને આપવામાં આવ્યું છે. ઇબ્રાહીમને પોતાને પણ આ નામ આપવામાં આવ્યું છે (ઉત્પ. ૧૪; ૧૩). અન્ય કોમના લોકો ઇસ્રાએલીઓને પરદેશી ગણી તેમને આ નામ આપતા હતા (ઉત્પ. ૩૯; ૧૪, ૧૭: ૪૧; ૧૨). અને વળી ઇસ્રાએલીઓ જ્યારે અન્ય કોમના લોકની સાથે બોલે છે ત્યારે આ નામ આપે છે (ઉત્પ. ૪૦; ૧૫. નિર્ગ. ૧; ૧૯). તેમજ બીજા લોક સાથે પોતાનો મુકાબલો કરતાં પણ ઇસ્રાએલીઓ પોતાને હેબ્રીઓ કહે છે (ઉત્પ. ૪૩; ૩૨. નિર્ગ. ૧; ૩, ૭, ૧૫. પુન. ૧૫; ૧૨). નવા કરારમાં પણ અન્ય કોમ સાથે તેમનો મુકાબલો કરતાં તેઓ પોતાને આ નામથી ઓળખાવે છે (પ્રે. કૃ. ૬; ૧. ફિલી. ૩; ૫). આ નામની ઉત્પત્તિ વિષે ત્રણ વાત ચાલે છે. (૧) ઇબ્રાહીમનો પૂર્વજ, શેમવંશી હેબેર નામનો હતો (ઉત્પ. ૧૦; ૨૪) અને તેના નામ પરથી આ કોમનું નામ હેબ્રી ઉતર્યું હશે (ઉત્પ. ૧૦; ૨૧). (૨) હેબ્રી આ શબ્દના મૂળ ધાતુ ઉપરથી થતો અર્થ 'ઉતરીને આવવું' એવો થાય છે, અને એ કારણથી જે માણુસ ઉતરીને પેલી ગમથી આવ્યો કે પેલે પારના દેશથી આવ્યો તે. હવે ઇબ્રાહીમ ફ્રાત નદી ઓળંગીને ખાલ્દી દેશમાંથી આવ્યો માટે તેને અને તેના

વંશજોને આ નામ આપવામાં આવ્યું. (૩) 'આબ્હાર' = પેલી ગમથી આવવું, પણ 'એબ્હાર' = પરદેશી કે મુસાફર, અને એ અર્થ ઇબ્રાહીમને હેબ્રી કહેવામાં આવ્યો હોય, કેમકે ઇબ્રાહીમ પરમુલકમાંથી આવનાર પરદેશી તથા મુસાફર જેવો હતો (હેબ્રી. ૧૧ ; ૧૩).

હેબ્રી ભાષા—હેબ્રી કોમ જે ભાષા બોલતી હતી તેને એ નામ આપવામાં આવ્યું છે. જુના કરારના કેટલાક ભાગ શિવાય, એટલે એઝ. ૪ ; ૭-૬ ; ૧૮ : ૭ ; ૧૨-૨૬. યિર્મે. ૧૦ ; ૧૧. દાની. ૨ ; ૪-૭ ; ૨૮માં તે ખાલ્દી ભાષામાં લખવામાં આવેલ છે. તે શિવાય આખો જુનો કરાર હેબ્રી ભાષામાં લખવામાં આવ્યો છે. હેબ્રી ભાષા તે સૌથી પુરાતન ભાષા છે. ૨ રા. ૧૮ ; ૨૬, ૨૮. યશા. ૩૬ ; ૧૧, ૧૩. ૨ કાળ. ૩૨ ; ૧૮માં આ ભાષાને 'યહુદી ભાષા' કહેવામાં આવી છે ; અને યશા. ૧૯ ; ૧૮ માં તેને કનાની ભાષા પણ કહે છે. સેમીટિક ભાષા કે જે હેબ્રીઓ અને ફેનીશીઓ બોલતા હતા તે ભાષા બાબેલ, મેસોપટામ્યા, અરામ, પાલેસ્તાઇન અને અરબસ્તાનના લોકોમાં પણ બોલાતી હતી. અને આ હેબ્રી ભાષા તે સેમીટિક (શેમ વંશમાં બોલાતી ભાષા) ની એક શાખા છે. પુરાતન હેબ્રી ભાષા અને ત્યાર પછી થએલી અપભ્રંશ પામેલી હેબ્રી ભાષા એ બેમાં તફાવત છે (પ્રે. કૃ. ૨૧ ; ૪૦. માત્થી ૨૬ ; ૭૩ સરખાવો). હેબ્રી કે હેબ્રીઓ (ઉત્પ. ૧૪ ; ૧૩ : ૧૯ ; ૧૪, ૧૭ : ૪૧ ; ૧૨ : ૪૦ ; ૧૫ : ૪૩ ; ૩૨. નિર્ગ. ૧ ; ૧૫, ૧૬, ૧૯ : ૨ ; ૬, ૭, ૧૧, ૧૩ : ૩ ; ૧૮ : ૫ ; ૩ : ૭ ; ૧૬ : ૯ ; ૧, ૧૩ : ૧૦ ; ૩ : ૨૧ ; ૨. પુન. ૧૫ ; ૧૨. ૧ શમૂ. ૪ ; ૬, ૯ : ૧૩ ; ૩, ૭, ૧૯ : ૧૪ ; ૧૧, ૨૧ : ૨૯ ; ૩. યિર્મે. ૩૪ ; ૯. યૂના. ૧ ; ૯. પ્રે. કૃ. ૬ ; ૧. ૨ કરીં. ૧૧ ; ૨૨. ફિલી. ૩ ; ૫. હેબ્રીઓને પત્ર વિષે જાણવા જોગ મુખ્ય વાતો--

તેના કર્તા વિષે--આ પુસ્તકનો લખનાર કોણ હતો તે નક્કીપણે કહી શકાય તેમ નથી. તે વિષે ઘણાં નામ આપવામાં આવે છે ; કેટલાક કહે છે કે આ પુસ્તકનો લખનાર પાઉલનો સાથી સીલાસ હતો, બીજા કહે છે કે લુક હતો ; વળી તે શિવાય બાર્નાબાસ, અપોલસ અને પાઉલનાં નામ પણ આપવામાં આવે છે. પત્રમાં અપોલસનું જ્ઞાન, પાઉલના વિચારો અને લુકની ભાષા દેખાય છે, પણ એ લખવામાં પવિત્ર આત્માએ કઇ લેખણનો ઉપયોગ કર્યો છે તે માલમ પડતું નથી. લખવાની સાલ અને ઠામ.--ઘણું કરીને આ પુસ્તક રૂમ શહેરમાંથી લખવામાં આવ્યું હશે, અને લખવાની સાલ ઇ. સ. ૬૭ ને અંતે, નહિ તો ૬૮ ની શરૂઆતમાં હશે. યરૂશાલેમના નાશ પહેલાં આ પુસ્તક લખવામાં આવ્યું છે એમાં કશો શક નથી (હેબ્રી. ૧૩ ; ૧૦). કોને લખવામાં આવ્યું ?—પૂર્વ દિશાની કોઇ ખાસ હેબ્રી કોમની ખ્રીસ્તી મંડળી ઉપર આ પુસ્તક લખવામાં આવ્યું હોય એમ દેખાય છે. લખવાનો હેતુ—હેબ્રી ખ્રીસ્તીઓને ઇસુનું ઇશ્વરત્વ તથા શ્રેષ્ઠતા જણાવવા સારૂ આ પુસ્તક લખવામાં આવ્યું છે. એજ વાત યોહાન પ્રેરિત સાર્વત્રિક મંડળીને પોતાનાં પુસ્તકોદ્વારા જાહેર કરે છે. આ વેળા મંદિર હયાત હતું અને તેમાંનાં યજ્ઞાર્પણો ચાલુ હતાં. પુસ્તકમાં બતાવવામાં આવ્યું છે કે લેવીઓના યજ્ઞો બધા ઇસુ ખ્રીસ્તના ચિન્હરૂપે હતા, અને ઇસુના યજ્ઞથી સાર્વકાળિક ખંડણી ભરી આપવામાં આવી છે. **પુસ્તકનું પૃથક્કરણ.**—પુસ્તકના મુખ્ય બે ભાગ થઇ શકે. (I) ૧-૧૦. મત પ્રકરણ. (અ) ૧-૭ ખ્રીસ્ત શ્રેષ્ઠ છે. (૧) દૂતો કરતાં. (૨) મુસા કરતાં. (૩) યહોશુઆ કરતાં. (૪) પ્રમુખયાજક કરતાં. (આ) ૮-૧૦. નવો કરાર જુના કરતાં શ્રેષ્ઠ છે. (II) ૧૦-૧૩ કર્તવ્ય પ્રકરણ.--(૧) વિશ્વાસ (૧૦ ; ૧૯-૧૧ ; ૪૦). (૨) સતાવણીમાં સ્થિર

(૧૨ ; ૧-૧૩). (૩) સુકૃત્યો (૧૨ ; ૧૪-૧૩ ; ૧૭). (૪) પ્રાર્થના માટે અરજ (૧૩ ; ૧૮-૨૫).

હેબ્રોન = કોમ, મંડળી. (૧) આ શહેર યરૂશાલેમ અને બેરશેબાની વચ્ચે એસ્કોલની દક્ષિણે આવેલું હતું. મિસર દેશના સોઆનથી સાત વર્ષ અગાઉ તે બંધાયું હતું (ઉત્પ. ૧૩ ; ૧૮. ગણ. ૧૩ ; ૨૨). દુનિયાનાં સૌથી પુરાતન શહેરોમાંનું આ એક છે, અને એજ નામથી આજ સુધી હયાત છે. ઇબ્રાહીમ આ શહેરમાં આવીને રહ્યો ત્યાં સુધી તેનું નામ હેબ્રોન હતું, પણ ત્યાર પછી તેનું નામ કિર્યાથ આર્બા પાડવામાં આવ્યું, કેમકે અનાકીઓ પાસેથી આર્બાએ તે શહેર જીતી લીધું અને પોતાના નામ પરથી તેને કિર્યાથ-આર્બા નામ આપ્યું (ઉત્પ. ૨૩ ; ૨. યહો. ૧૪ ; ૧૫ : ૧૫ ; ૩). ત્યાર પછી યહોશુઆએ આ શહેર જીતી લીધું અને ત્યાંના રાજા હોહામને તરવારની ધારથી માર્યો (યહો. ૧૦ ; ૩ : ૧૨ ; ૧૦), અને ત્યાર પછી આ શહેર કાલેબને આપ્યું (યહો. ૧૪ ; ૧૩), ત્યાં સુધી તેનું નામ કિર્યાથ-આર્બા હતું, પણ ત્યાર પછી તેનું કિર્યાથ-આર્બા નામ બદલીને તેનું અસલ નામ હેબ્રોન રાખવામાં આવ્યું. આ શહેરનું નામ નવા કરારમાં તેમજ કોઇ ભવિષ્યવાદીના ભવિષ્યમાં બીલકુલ આવતું નથી, પણ જુના કરારમાં લગભગ ૪૦ વખત આ નામ લખવામાં આવ્યું છે. ઇબ્રાહીમનું આ શહેર બહુ વહાલું વતન હતું. આ જગ્યાએ ઇબ્રાહીમે મામરેના એલોન ઝાડો તળે પોતાનો તંબુ માર્યો હતો. વળી આ જગ્યાએ ઇબ્રાહીમની સ્ત્રી સારાહ મરણ પામી અને માખ્પેલાહની ગુફામાં તેને દફનાવવામાં આવી (ઉત્પ. ૨૩ ; ૧૭-૨૦). આ ગુફા તેને લગતા ખેતર સાથે ઇબ્રાહીમે એફ્રોન હિત્તી પાસેથી વેચાતી લીધી હતી. આ જગ્યાથી યાકુબ પોતાનાં બધાંને લઇને બેરશેબાને માર્ગે મિસર દેશ જવાને નીકળ્યો હતો (ઉત્પ. ૩૭ ; ૧૪ : ૪૬ ; ૧). આગળ જતાં આ શહેર છ આશ્રયનગરોમાંનું એક યહુદાહના પહાડી મુલકમાં ઠરાવવામાં આવ્યું, તેમજ લેવીઓનું શહેર પણ ગણાયું (યહો. ૨૦ ; ૭ : ૨૧ ; ૧૧). દાઉદ રાજા જ્યારે યહુદાહનો ગાદીપતિ થયો ત્યારે હેબ્રોન શહેર તેણે પોતાની રાજધાનીનું શહેર કીધું. અહીં દાઉદ સાડા સાત વર્ષ સુધી રહ્યો (૨ શમૂ. ૫ ; ૫), અને અહીંજ હતો એટલામાં તે આખી ઇસ્રાએલ કોમ પર રાજા થવાને અભિષિક્ત થયો (૨ શમૂ. ૨ ; ૧-૪. ૧ રા. ૨ ; ૧૧). વળી આબ્શાલોમની દાઉદ વિરૂદ્ધ દંગો કરવાની જગ્યા પણ આજ હતી (૨ શમૂ. ૧૫ ; ૧૦). તેની ધારણા એવી હતી કે યહુદાહ કુળમાંથી મને મદદ મળશે. હાલમાં શહેરના એક ભાગમાં માખ્પેલાહની ગુફા ઉપર એક મહા મોટી મસ્જીદ બાંધવામાં આવી છે. આ મસ્જીદમાં પહેલામાં પહેલાં જે યૂરોપીઅનને જવાની પરવાનગી મળી તે આપણા મહુમ નામદાર શહેનશાહ એડવર્ડ સાતમા હતા ઇ. સ. ૧૮૬૨. શહેરની ઉત્તર ગમ આશરે ત્રણેક માઇલ ઉપર એસ્કોલની ખીણમાં પાલેસ્તાઇનમાં સૌથી ઉંચામાં ઉંચું ગણાતું ઓકનું એક ઝાડ આવેલું છે. કેટલાએકનું એવું ધારવું છે કે જે ઝાડની નીચે ઇબ્રાહીમે તંબુ તાણ્યો હતો તે આજ ઝાડ હશે. આ ઝાડ 'ઇબ્રાહીમનું ઓક' એ નામથી ઓળખાય છે. ઇ. સ. ૧૮૭૫ માં આ શહેરની વસ્તી ૫૦૦૦ માણસની હતી. હેબ્રોન જે કિર્યાથ-આર્બા (ઉત્પ. ૧૩ ; ૧૮ : ૨૩ ; ૨, ૧૯ : ૩૫ ; ૩૭ : ૩૭ ; ૧૪. ગણ. ૧૩ ; ૨૨. યહો. ૧૦ ; ૩, ૫, ૨૩, ૩૬, ૩૯ : ૧૧ ; ૨૧ : ૧૨ ; ૧૦ : ૧૪ ; ૧૩-૧૫ : ૧૫ ; ૧૩, ૫૪ : ૨૦ ; ૭ : ૨૧ ; ૧૧, ૧૩. ન્યાયા. ૧ ; ૧૦, ૨૦ : ૧૬ ; ૩. ૧ શમૂ. ૩૦ ; ૩૧. ૨ શમૂ. ૨ ; ૧, ૩, ૧૧, ૩૨ : ૩ ; ૨, ૫, ૧૯, ૨૦, ૨૨, ૨૭, ૩૨ : ૪ ; ૧, ૮, ૧૨ : ૫ ; ૧, ૩, ૫, ૧૩ : ૧૫ ; ૭, ૯, ૧૦. ૧ રા. ૨ ;

૧૧. ૧ કાળ. ૩; ૧, ૪: ૬; ૫૫, ૫૭: ૧૧; ૧, ૩: ૧૨; ૨૩, ૩૮: ૨૯; ૨૭. ૨ કાળ. ૧૧; ૧૦). (૨) લેવી કહાથનો ત્રીજો પુત્ર (નિર્ગ. ૬; ૧૮. ગણ. ૩; ૧૯. ૧ કાળ. ૬; ૨, ૧૮: ૧૫; ૯: ૨૩; ૧૨, ૧૯). (૩) યહુદાહ પુત્રોમાંનો એક (૧ કાળ. ૨; ૪૨, ૪૩. ગણ. ૩; ૨૭. ૧ કાળ. ૨૬; ૨૩, ૩૦, ૩૧). (૪) (એબ્રાન) (યહો. ૧૯; ૨૮).

હેમાન=વિશ્વાસુ. (૧) ઝેરાહનો પુત્ર. તે જ્ઞાની પુરૂષોમાંનો એક હતો (૧ રા. ૪; ૩૧. ૧ કાળ. ૨; ૬). ૧ રા. ૪; ૩૧ માં તેના પિતાનું નામ માહોલ લખ્યું છે. (૨) કહાથ-પુત્રોમાં એક ગવૈયો હતો, તેના દાદાનું નામ શમૂએલ હતું. ૮૮ મું ગીત આ ગવૈયાનું રચેલું છે (૧ કાળ. ૬; ૩૩: ૧૫; ૧૭, ૧૯: ૧૬; ૪૧, ૪૨: ૨૫; ૧, ૪-૬. ૨ કાળ. ૫; ૧૨: ૨૯; ૧૪: ૩૫; ૧૫).

હેમામ.-લોટાનનો પુત્ર, જે હોરીઓમાંનો એક હતો (ઉત્પ. ૩૬; ૨૨), તેને ૧ કાળ. ૧; ૩૯ માં હોમામ કહે છે.

હેમ્દાન=આનંદી. હોરી દીશોનનો પુત્ર (ઉત્પ. ૩૬; ૨૬). તેને ૧ કાળ. ૧; ૪૧ માં હામ્રાન કહે છે.

હેરમોગેનેસ. બુધ દેવતાનો વહાલો પુત્ર. એક વખતે આ માણસ આશિયામૈનરમાં પાઉલનો સાથી કામદાર હતો. પણ ત્યાર પછી જાહેર નુકસાન આવી પડવાને લીધે તેણે તથા ફુગેલસે પાઉલને મુકી દીધો (૨ તીમો. ૧; ૧૫). એવાઓ વિષે પાઉલે આ પહેલાં ભવિષ્ય કહ્યું હતું (પ્રે. કૃ. ૨૦; ૩૦).

હેરેથ=ગીચ. યહુદાહના પહાડોમાં આવેલું એક જંગલ હતું. દાઉદ જ્યારે શાઉલ રાજાથી નાસતો હતો ત્યારે આ વનમાં સંતાયો હતો (૧ શમૂ. ૨૨; ૫). કદાચ એમ હોય કે, દાઉદે અહીં રહીને બેથલેહેમના કુવામાંથી પીવાનું પાણી મંગાવ્યું હશે (૨ શમૂ. ૨૩; ૧૪, ૧૭. ૧ કાળ. ૧૧; ૧૬-૧૯). હાલ આ વન વિષે કંઇ જાણવામાં આવ્યું નથી, તો પણ કદાચ કઇલાહની પૂર્વમાં આશરે ત્રણેક માઇલ દૂર અર્વાચીન જે 'ખારાસ' તે હેરેથ હશે.

હેરેશ=કારીગર. (૧ કાળ. ૯; ૧૫).

હેરેસ=સૂરજ. આનામનો એક પહાડ હતો (ન્યા. ૧; ૩૫). કદાચ યહો. ૧૯; ૪૧માં આવતું ઇર-શેમેશ અને હેરેસ તે બંને એકજ હશે.


હેરોદ.—(૧) મહાન હેરોદ (માત્થી ૨; ૧-૨૨. લુક ૧; ૫. પ્રે. કૃ. ૨૩; ૩૫). તેના પિતાનું નામ આન્તિપાતર હતું, તે અદોમી હતો. ઇ. સ. પૂ. ૪૭ માં જુલીયસ કાઇસારે આ કાવત્રાખોર આન્તિપાતરને યહુદાહનો હાકેમ (પ્રોક્યુરેટર) ઠરાવ્યો. તેણે પોતાનો મુલક પોતાના ચાર દીકરાઓને વહેંચી આપ્યો. તેમાં હેરોદ મોટાના ભાગમાં ગાલીલ પ્રાંત આવ્યો. ત્યાર પછી રૂમી બાદશાહ માર્ક આન્ટોનીએ હેરોદ મોટાને યહુદાહ પ્રાંતનો તેત્રાખ (સુબો) ઠરાવ્યો (ઇ. સ. પૂ. ૪૦). અને ત્યાર પછી એક વર્ષ બાદ યહુદાહના રાજાની પદવી પણ તેને આપવામાં આવી. તેણે ઇ. સ. ૪ સુધી યહુદાહ ઉપર અમલ ચલાવ્યો. હેરોદ મોટો કઠોર અને ઘાતકી હતો. "યહુદીઓનો રાજા જન્મ્યો છે," એ ખબર જ્યારે હેરોદે સાંભળી ત્યારે ભય-ભીત થયો, અને બે વર્ષ તથા તેથી નાનાં સઘળાં નર બાળકોને, બેથલેહેમમાં તથા તેની સઘળી સીમમાં હુકમ મોકલીને મારી નંખાવ્યાં (માથી ૨; ૧૬). બેથલેહેમ નાનું ગામ હોવાથી ૩૫-૪૦ નર બાળકોને કતલ કર્યાં હશે. તેને પોતાના રાજ્યનાં શહેરોને સણગારવાનો, ફરીને બાંધવાનો અને શોભા વધારવાનો શોખ હતો, તેથી તેણે રાજ્યનાં શહેરોને ફરીને બાંધવા તથા સણગારવામાં પુષ્કળ પૈસા ખરચ્યા હતા. કાઇસારીઆ શહેર તેણે ફરી બંધાવ્યું અને સમરૂન શહેર ફરી બંધાવી તેની આસપાસ કોટ કીધો, અને પાદશાહ ઓગસ્તસના માન ખાતર તેને 'સેબાસ્ટે' નામ આપ્યું. તેણે યરૂશાલેમનું મંદિર ફરીને ઉભું કરવાનો આરંભ કીધો

(ઈ. સ. પૂ. ૨૦) પણ તેની હયાતીમાં તે પુરૂં થયું નહિ, પણ ઈ. સ. ૫૦ માં તે પુરૂં થયું (યોહા. ૨; ૨૦). મહાન હેરોદને દસ સ્ત્રીઓ હતી, તેમાં સૌથી વધારે મરિયમ નામની જે પ્રમુખ યાજક હિરકાનસની દીકરી હતી, તેને ચાહતો હતો. તેણે તેણીને ઈ. સ. પૂ. ૨૯ માં મારી નંખાવી. વળી તેણે પોતાનાં કેટલાંક છોકરાંઓને તથા નીકટ સંબંધીઓને મારી નંખાવ્યાં હતાં. આ માણસ એટલે સુધી ઘાતકી હતો કે એવું કહેવાય છે કે, જ્યારે તે મરણને ખાટલે પડ્યો, અને છેલ્લો શ્વાસ લેવાની તૈયારીમાં હતો, ત્યારે તેણે જે પ્રમાણે અગાઉથી હુકમ કીધો હતો તે પ્રમાણે તેના એક અમીરને, જે તેના મરણ પર્યંત તેની હજુરમાં સેવા કરતો હતો, તેને મારી નંખાવ્યો. ૩૭ વર્ષની સંતાપી રાજ્યકારકીર્દી પૂર્ણ કરી ઈ. સ. પૂ. ૪ માં, એટલે ખ્રીસ્ત ઇસુના સાધારણ ગણત્રી પ્રમાણે જન્મ વખતે આત્મિક તેમજ શારીરિક પીડા ભોગવી જમદૂતોને આધીન થયો. કેટલી ખુશીની વાત કે આ વિનાશક યહુદીઓનો રાજા મરણ પામ્યો ત્યારે તેમને સારૂ બીજો એક મહાન તારણદાયક રાજા ઇમાનુએલ ઉભો થયો! હેરોદના મરણ પછી તેનું રાજ્ય તેના પુત્રોમાં વહેંચાઇ ગયું.

(૨) હેરોદ આન્તિપાસ. તે હેરોદ મોટાનો પુત્ર હતો. તેની મા માલ્થેશ સમરૂની હતી. પોતાના પિતાના મરણ પછી તે ગાલીલનો અને પેરિયાનો સુબો ઠર્યો. આપણા પ્રભુ ઇસુની આ જગીક જીંદગીના આખા વખતમાં તે ગાલીલનો તથા પેરિયાનો તેત્રાખ (સુબો) હતો (લુક ૨૩; ૭). પવિત્ર શાસ્ત્રમાં તેનું નામ ઘણીએક પ્રખ્યાત વાતો સાથે જોડાયલું છે (માત્થી ૧૪; ૩, ૬. માર્ક ૬; ૧૭: ૨૦; ૨૧: ૮; ૧૫. લુક ૩; ૧, ૧૯: ૯; ૭: ૧૩; ૩૧: ૨૩; ૭, ૮, ૧૧, ૧૨, ૧૫. પ્રે. કૃ. ૪; ૪૭). તેણે અરબ બાદશાહ આરેતસની પુત્રી સાથે લગ્ન કીધાં, પણ થોડા વખત પછી પોતાના સાવકા ભાઇ ફિલીપની વહુ હેરોદીઆને તેણે રાખી. એ ઉપરથી અરબ રાજા આરેતસને ગુસ્સો ચઢયો અને તેની સાથે મોટા લશ્કર સાથે ચઢી આવ્યો અને ભારે હાર ખવડાવી; એટલે સુધી કે તેને રૂમી ફોજની મદદ મંગાવવાની જરૂર પડી. એ ઉપરથી લોકોમાં એવી વાત ચાલી કે તેણે યોહાન બાપ્તિસ્મીને મારી નંખાવ્યો તેનું આ પરિણામ છે. આપણે જાણીએ છીએ કે યોહાન બાપ્તિસ્મા કરનારે, હેરોદ આન્તિપાસને આ બાબત ભારે ઠપકો આપ્યો હતો, અને એજ રાખેલી સ્ત્રીની દીકરીની માગણીથી યોહાનનું માથું કાપી નંખાવ્યું હતું (માત્થી ૧૪; ૧-૧૨). જ્યારે આપણો પ્રભુ ઇસુ પાસ્ખા પર્વને વખતે યરૂશાલેમમાં આવ્યો, ત્યારે લોકોના સમુદાયે તેને પકડીને પિલાતને સ્વાધીન કીધો. પણ પ્રભુ ઇસુ ગાલીલનો વતની હતો માટે પિલાતે ગાલીલના અધિકારી હેરોદ આન્તિપાસ પાસે ખ્રીસ્તને મોકલાવ્યો હતો. આ બનાવ પહેલાં આ બન્ને હાકેમો વચ્ચે અણબનાવ ચાલતો હતો (લુક ૧૩; ૧), પણ ત્યાર પછી આ બનાવથી બન્ને વચ્ચે મિત્રાચારી થઇ (લુક ૨૩; ૭-૧૨). હેરોદ આન્તિપાસ પાસે ઇસુને લાવવામાં આવ્યો ત્યારે તેનો તુચ્છકાર કરીને તથા ઠઠ્ઠા કરીને ઉજળું વસ્ત્ર તેને પહેરાવીને પીલાત હાકેમની પાસે તેને પાછો મોકલ્યો (લુક ૨૩; ૧૧). હેરોદ આન્તિપાસ પોતાના પિતાની માફક જુલમી હતો (માત્થી ૧૪; ૧૦. લુક ૧૩; ૩૧), તેમજ બાયલો હતો (માત્થી ૧૪; ૯). યોહાનને મારી નાખવાથી તે નિર્દોષિના લોહી વિષે તેને હમેશાં ગભરાટ રહેતો હતો (માર્ક ૬; ૧૪, ૨૦. હેબ્રી. ૧૩; ૩. સરખાવો). હેરોદ આન્તિપાસના એક કારભારી ખુઝાની વહુ યોહાન્ના પ્રભુ ઇસુ ખ્રીસ્તની શિષ્યેણ થઇ હતી (લુક ૮; ૩). આખરે હેરોદ આન્તિપાસ પદભ્રષ્ટ થયો અને તેને ગાલ (ફ્રાન્સ) દેશમાંના 'લીઓન્સ'માં દેશનિકાલ કરવામાં આવ્યો (ઈ. સ. ૩૯),

અને ત્યાં તે મરણ પામ્યો. (૩) હેરોદ આર્ખેલાઉસ—તે હેરોદ મોટાનો પુત્ર અને હેરોદ આન્તિપાસનો સગો ભાઇ હતો. તે પોતાના પિતાના રાજ્યનો ત્રીજા ભાગનો, એટલે અદોમ, યહુદાહ તથા સમરૂનનો રાજા થયો (માત્થી ૨ ; ૨૨), જુઓ આર્ખેલાઉસ. (૪) હેરોદ ફિલીપ ૧ લો (માત્થી ૧૪; ૩. માર્ક ૬ ; ૧૭). તે હેરોદ મોટાનો દીકરો હતો. તેની માનું નામ મરિયમ હતું. તે પ્રમુખ યાજક સીમોનની પુત્રી હતી. આ હેરોદે પોતાની ભત્રીજી હેરોદીઆ સાથે લગ્ન કીધું. પણ પછીથી તેણી પોતાના ધણી ફીલીપને છોડીને પોતાના ભરથારના ભાઇ હેરોદ આન્તિપાસની સાથે લાગુ થઇ હતી. આ હેરોદ ફીલીપને હેરોદીઆને પેટે એક છોડી જન્મી હતી, તેનું નામ સાલોમે હતું (જુઓ હેરોદની વંશાવળી). આ માણસ રૂમમાં કોઇ પણ અધિકારરહિત સાધારણ માણસની માફક રહેતો હતો. આ ફીલીપ તે ફીલીપ તેત્રાખથી જુદો હતો. (૫) હેરોદ ફીલીપ બીજો—તે હેરોદ મોટાનો પુત્ર અને તેની માનું નામ ક્લેઓપાત્રા હતું. તે બટાનિયા, ઇતુરાઇ, ત્રાખોનીતી અને ઔરાનીટસનો તેત્રાર્ખ હતો (લુક ૩ ; ૧). તેણે એક શહેર ફરીને વસાવ્યું અને પોતાના નામ પરથી તેનું નામ 'કાઇસારીઆ ફિલીપી' રાખ્યું (માર્ક ૮ ; ૨૭). તેણે પોતાના ભાઇ હેરોદ ફિલીપ પહેલાની દીકરી સાલોમે સાથે લગ્ન કીધું. આ સાલોમેએ યોહાન બાપ્તિસ્મિકનું માથું માગ્યું હતું (માત્થી ૧૪; ૮). (૬) હેરોદ આગ્રિપા પહેલો—હેરોદ મોટાનો પૌત્ર અને આરિસ્તોબુલસનો જયેષ્ઠ પુત્ર હતો. તેની માનું નામ બેરનીકે હતું. તેણે રૂમમાં અભ્યાસ કર્યો હતો. જ્યારે તે રૂમમાં હતો ત્યારે તીબેરિયસ કાઇસારે તેને કેદ કર્યો હતો, પણ જ્યારે કાલિગુલા કાઇસાર થયો ત્યારે તેણે તેના ઉપર મહેરબાની દેખાડી એટલુંજ નહિ, પણ રાજ્યાધિકાર તથા રાજાની પદવી પણ આપવામાં આવી. લુસાનિયસ બીજાના હાથમાં જે રાજ્ય હતું તેનો તેને તેત્રાખ બનાવ્યો, અને આગળ જતાં બીજા મુલકો પણ તેને આપવામાં આવ્યા. અને એમજ તેના દાદા હેરોદ મોટાના હાથમાં જે પ્રાન્તો હતા તે પણ તેને મળ્યા. યહુદીઓના નિયમશાસ્ત્રનું તે ઘણું માન રાખતો હતો તે કારણ માટે હરકોઇ રીતે યહુદીઓને ખુશ કરવાને યત્ન કરતો હતો, અને એજ કારણથી તેણે ખ્રીસ્તીઓની ભારે સતાવણી કીધી અને ઇસુના ભાઇ યાકુબને મારી નાખ્યો (ઇ. સ. ૪૪), અને પ્રેરિત પીતરને કેદ કર્યો (પ્રે. કૃ. ૧૨ ; ૧-૩ : ૧૩ ; ૧). બીજે દિવસે કાઇસારીઆમાં ખાસ રાજા કાઇસારના માનાર્થે મોટો મેળાવડો થયો હતો, તેમાં હેરોદ આગ્રીપા પહેલો રાજપોષાક પહેરીને મોટા ઠાઠમાઠથી સભામાં ગયો. આ વખતે તેનો પોષાક બહુ ચકચકીત હતો, તેમજ પોતે સોનારૂપાનાં ઘરેણાંથી ભરેલો હતો. સભાનો વખત સવારનો હોવાથી સૂર્યનાં કીરણો તેના ઉપર પડતાં જોનારાઓની આંખો ઝંખવાઇ જતી હતી. વળી આ વખતે સૂર તથા સીદોનના લોકો, જેઓનો દેશ રાજાના દેશથી પળાતો હતો તેઓ પણ રાજા સાથે મિલાપ કરવાને અહીં આવ્યા હતા. રાજાનો ઉપલો બધો ભપકો જોઇને લોકો કહેતા હતા કે આ તો કોઇ દેવદૂત છે, અને જ્યારે સભામાં બેસીને ભાષણ આપવા લાગ્યો ત્યારે લોકો બૂમ પાડી ઉઠયા કે, 'આ વાણી દેવની છે.' અને એ મહિમા તેણે દેવને આપ્યો નહિ (યશા. ૪૨ ; ૮). ત્યારે તેજ વખતે પ્રભુના દૂતે તેને માર્યો, અને તેને ભારે દર્દ થયું, એટલે સુધી કે તમાશાના ઘરમાંથી તેને મુએલા માણસની માફક લઇ ગયા, અને પાંચ છ દિવસમાં તે કીડાથી ચવાઇને મરણ પામ્યો (ઇ. સ. ૪૪. પ્રે. કૃ. ૧૨ ; ૨૧-૨૩). ચાર વર્ષ તેત્રાખ તરીકે અને ત્રણ વર્ષ રાજા તરીકે તેણે આખા પાલેસ્તાઇન ઉપર રાજ્ય કરી ચોપન વર્ષની ઉમરે તે મરણ પામ્યો.

મહાન હેરોદની વંશાવળી.



(૧) માત્થી ૨; ૧–૨૨. લુક ૧; ૫.
(૨) માત્થી ૧૪; ૩.
(૩) માત્થી ૧૪; ૧–૧૨. માર્ક ૬; ૧૪–૨૯: ૮; ૧૫. લુક ૩; ૧, ૧૯, ૨૦: ૯; ૭–૯: ૧૩; ૩૧: ૨૩; ૭–૧૫. પ્રે. કૃ. ૪; ૨૭: ૧૩; ૧.
(૪) માત્થી ૨; ૨૨.
(૫) માત્થી ૧૪; ૬. માર્ક ૬; ૨૧. લુક ૩; ૧.
(૬) પ્રે. કૃ. ૧૨; ૧–૨૩.
(૭) માત્થી ૧૪; ૩–૧૨. માર્ક ૬; ૧૭–૨૮. લુક ૩; ૧૯.
(૮) માત્થી ૧૪; ૬. માર્ક ૬; ૨૨.
(૯) પ્રે. કૃ. ૨૫; ૧૩–૨૬; ૩૨.
(૧૦) પ્રે. કૃ. ૨૫; ૧૩, ૨૩ : ૨૬; ૩૦.
(૧૧) પ્રે. કૃ. ૨૪; ૨૪.

(+ આ ચિન્હ લગ્નનું ગણવું).

(૭) હેરોદ આગ્રીપા બીજો—તે હેરોદ આગ્રીપા પહેલાનો પુત્ર હતો. તેની માનું નામ સિપ્રોસ હતું. કાઇસાર ક્લાદિયસે તેને ફિલીપ અને લુસાનિયસનાં પરગણાં ઉપર રાજાની પદવી સાથે તેત્રાખ ઠરાવ્યો હતો (પ્રે. કૃ. ૨૫; ૧૩ : ૨૬; ૨, ૭). તેણે કાઇસારીઆ ફિલિપી શહેરને વધારી આબાદ કર્યું, અને કાઇસાર નેરોના માન ખાતર તેને 'નેરોનિયાસ' નામ આપ્યું. કાઇસારીઆમાં તે તથા તેની બહેન બેરનીકે ફેસતસને મળવાને ગયાં હતાં, જ્યાં પાઉલે તેમની આગળ ભાષણ આપ્યું હતું. ત્રાજન બાદશાહની કારકીર્દીને ત્રીજે વર્ષે ઇ. સ. ૧૦૦ માં રૂમ શહેરમાં તે મરણ પામ્યો. (૮) આ

નામનો એક ઝરો હતો (ન્યા. ૭; ૧). તે મોરેહ પહાડની દક્ષિણમાં આવેલો હતો. અહીં ગિદઓન તથા તેની સાથેના સર્વે લોકોએ મિદ્યાનીઓની સામે છાવણી કરી હતી. હેરોદ નામનો અર્થ ધ્રુજવું એવો થાય છે, અને ગિદઓને જ્યારે આ ઝરા આગળ લોકોને જાહેર કર્યું કે જે કોઇ ભયભીત થઇ ધ્રુજતા હોય તેઓ પાછા જાય: ત્યારે ગિદઓનને આ ઝરાના નામનો અર્થ યાદ આવ્યો હશે. વળી આ જગ્યાએ શાઉલ પલિસ્તીઓનું સૈન્ય જોઇને બીધો હતો, અને જેમ ઝરાનું પાણી જોસ મારતું તથા થરથરતું વહેતું હતું, તેમ શાઉલનું હૈયું બીવા તથા થરથરવા લાગ્યું (૧ શમૂ. ૨૮). હાલ આ ઝરાને 'આઇન-જાલૂદ' એટલે ગોલ્યાથનો ઝરો કહે છે, ને યિઝ્રએલની દક્ષિણે લગભગ શૂનેમની સામે આવેલો છે. વળી ન્યા. ૭; ૪, ૫. ૧ શમૂ. ૨૯; ૧ માં જે પાણીની વાત આવે છે તે ઘણું કરીને એજ ઝરો છે.

હેરોદિયાસ (માત્થી ૧૪; ૧-૧૧. માર્ક ૬; ૧૪-૧૬. લુક ૩; ૧૯). આરિસ્તોબુલસ અને બેરનિકેની દીકરી. જ્યારે તેનો ધણી હેરોદ ફિલીપ પહેલો રૂમમાં રહેતો હતો ત્યારે હેરોદિયાસ હેરોદ આન્તિપાસના પ્યારમાં પડી અને આખરે પોતાના ધણીને મુકીને તેની સ્ત્રી થઇ. આ કામને માટે યોહાન બાપ્તિસ્મીએ હેરોદ આન્તિપાસને ભારે ઠપકો આપ્યો, પણ એથી કંઇ ફાયદો થયો નહિ. હેરોદ યોહાનથી બહુ ડરતો હતો, અને તેના મરણથી તે દિલગીર હતો. પણ આ બદમાશ સ્ત્રીએ ઉપલી વાતનો કીનો એટલે સુધી રાખ્યો કે તેને મારી નંખાવ્યો ત્યારે તે ખુશી થઇ.

હેરોદીઓ (માર્ક ૩; ૬: ૧૨; ૧૩. માત્થી ૨૨; ૧૬. લુક ૨૦; ૨૦). જે યહુદી મંડળ રાજકીય બાબતોમાં હેરોદી રાજ્યાધિકારીઓને આધીન રહી તેની મદદ કરતું હતું તેવા યહુદીઓને હેરોદીઓ કહેતા હતા. તેઓ રૂમી રાજ્યને તાબે રહી હેરોદીઓને ગાદીએ બેસાડવામાં સાદુકીઓના મતને મળતા હતા (માર્ક ૮; ૧૫. માત્થી ૧૬; ૬. સરખાવો). તેઓનું ધારવું એવું હતું કે હેરોદ વંશના રાજાઓના વસીલાથી આપણે રૂમી રાજ્યથી મુક્ત થઇશું, માટે હેરોદી રાજ્યાધિકારીઓને આધીન રહી રૂમી રાજ્યને ખુશ કરતા હતા,

હેરોદીઓન. રૂમની ખ્રીસ્તી મંડળીનો એક સભાસદ હતો, અને પાઉલ રૂમીઓને લખતાં તેને સલામ મોકલે છે (રૂમી. ૧૬; ૧૧). પાઉલ તેને સલામ મોકલતાં 'મારો સગો' કહે છે.

હેર્માસ = બોલનાર. આ નામનો એક રૂમી ખ્રીસ્તી હતો, તેના ઉપર પાઉલ રૂમીઓને પત્ર લખતાં સલામ મોકલે છે (રૂમી. ૧૬; ૧૪). કેટલાએકનું એવું છે કે, "હેર્માસકૃત ઘેટાંપાળક" નામનું પુસ્તક તેણે લખ્યું છે, પણ તેમાં તેમની ભૂલ છે. પણ તે આપાકીફાનો લખનાર, તે રૂમના ધર્માધ્યક્ષ પાયુસ પહેલાનો ભાઇ હતો. અને બીજું સૈકું અધવાર્યા પહેલાં તે પુસ્તક રચવામાં આવેલું છે.

હેર્મેસ (રૂમી. ૧૬; ૧૪). (૧) રૂમની મંડળીનો એક ખ્રીસ્તી ભાઇ હતો, તેને પાઉલ સલામ મોકલાવે છે. દંતકથા એવી ચાલે છે કે 'દલમાથીઆ'નો આગળ જતાં તે ધર્માધ્યક્ષ થયો. (૨) પાઉલ અને બાર્નાબાસ જ્યારે લુસ્ત્રામાં ગયા ત્યારે તેઓએ લુકાની ભાષામાં બાર્નાબાસને ઝુસ કહ્યા અને પાઉલને હેર્મેસ કહ્યા (પ્રે. કૃ. ૧૪; ૧૨). જુપીટર દેવતાની ખિદમતમાં રહી સ્થિરતાથી સાંભળનાર અને વાક્ચાતુર્યથી બોલનાર દેવતાને તેઓ હેર્મેસ કહેતા હતા, એ કારણ માટે પાઉલ જે મુખ્ય બોલનાર તેને તેઓએ ઉપલું નામ આપ્યું.

હેર્મોન = શિખર, પ્રૌઢ. પાલેસ્તાઇનની ઉત્તર સરહદ ઉપર આવેલા આન્ટિ-લેબનન પર્વતના ઇશાન કોણ તરફના શિખરને

હેર્મોન પર્વત કહે છે. આ શિખર ભૂમધ્ય સમુદ્રની સપાટીથી ૯,૨૦૦ ફૂટ ઉંચું છે, તેથી પાલેસ્તાઇન દેશની ઉત્તર સીમા થાય છે (પુન. ૩; ૮: ૪; ૪૮. યહો. ૧૧; ૩, ૧૭: ૧૩; ૧૧: ૧૨; ૧). આ પર્વત પાલેસ્તાઇનના કોઇ પણ દૂરના ભાગથી જોવામાં આવે છે, કેમકે તે બરફથી ઢંકાયલો રહે છે અને ચુનાના પત્થરોથી બનેલો છે. ગાલીલ સમુદ્રથી ઉત્તરમાં આ પર્વત ૪૦ માઇલ ઉપર આવેલો છે. સીદોનીઓ આ પર્વતને 'સીર્યોન' (પ્રકાશિત) કહે છે, અને અમોરીઓ તેને 'સનીર' (ખડખડનાર) કહે છે (પુન. ૩; ૯. સુ. ગી. ૪; ૮). વળી ન્યા. ૩; ૩. ૧ કાળ. ૫; ૨૩ માં તેને 'બઆલ-હેર્મોન' અને પુન. ૪; ૪૮ માં તેને સિયોન પર્વત પણ કહે છે. બઆલ-હેર્મોન નામ તેને આપવામાં આવ્યું છે તે ઉપરથી એમ દેખાય છે કે, આ પર્વત ઉપર બઆલ દેવતાની પૂજા થતી હશે. વળી તેને લગતાં કેટલાંક પુરાતન ખંડિયેરો પણ ત્યાં જોવામાં આવે છે. આ પર્વતને લગતાં ત્રણ શિખરો છે, જેમાંના એક ઉપર આપણા પ્રભુ ઇસુનું રૂપાંતર થયું હતું એમ ધારવામાં આવે છે. આ ત્રણે શિખર એક બીજાથી પા પા માઇલને અંતરે દૂર આવેલાં છે. આ પર્વતનું હાલનું નામ 'યાબેલ-એશ-શેખ' એટલે બરફવાળો પહાડ અથવા શેખની સફેત દાઢી. સીરીયામાં આ પહાડ એક પ્રખ્યાત પહાડ ગણાય છે. આ પર્વત એરેજ વૃક્ષને માટે પ્રસિદ્ધ હતો. ત્યાંથી પુરાતન વખતમાં સૂરના લોકો વહાણ બનાવવાનાં લાકડાં મંગાવતા હતા (હિઝ. ૨૭; ૬). આ પર્વત ઉપર દાઉદને કોઇ ખાસ આશીર્વાદ મળ્યો હશે, કેમકે તે દાઉદને વહાલો હતો (ગીત. ૪૨; ૬). હેર્મોન (પુન. ૩; ૮, ૯: ૪; ૪૮. યહો. ૧૧; ૩, ૧૭: ૧૨; ૧, ૫: ૧૩; ૫, ૧૧. ૧ કાળ. ૫; ૨૩. ગીત. ૮૯; ૧૨: ૧૩૩; ૩. સુ. ગી. ૪; ૮: ૪૨; ૬).

હેલઆહ. તકોઆહના પિતા આશ્હૂરને બે સ્ત્રીઓ હતી, તેમાંની એક હેલઆહ હતી (૧ કાળ, ૪; ૫, ૭).

હેલામ = પુષ્કળતાની જગ્યા. આ નામની જગ્યા યરદનની પૂર્વમાં અને ફ્રાત નદીની પશ્ચિમમાં આવેલી હતી. આ જગ્યાએ દાઉદ રાજા અરામીઓ ઉપર મોટી ફતેહ પામ્યો હતો. આ વખતે અરામીઓનો સરદાર શોબાખ હતો (૨ શમૂ. ૧૦; ૧૬) કેટલાએક તેને હાલ 'અલામટા' નામથી ઓળખે છે.

હેલાસ.—ગ્રીસ દેશના માકેદોનિયા પ્રાંતના એક ભાગને હેલાસ નામ આપવામાં આવ્યું હતું (પ્રે. કૃ. ૨૦; ૨). એના વિષે ભવિષ્ય (યાવાન) (દાની. ૮; ૨૧: ૧૦; ૨૦: ૧૧; ૨. ઝખ. ૯; ૧૩). પાઉલનો ઉપદેશ (પ્રે. કૃ. ૧૬; ૨૦).

હેલી = ઉંચી જગ્યા. કુંવારી મરિયમના વેવીશાળ ધણી યુસફના પિતાનું નામ હેલી હતું (લુક ૩; ૨૩).

હેલેક = ભાગ. મનાશ્શેહપુત્રોમાંનો એક (ગણ. ૨૬; ૩૦. યહો. ૧૭; ૨).

હેલેદ (૧ કાળ. ૧૧; ૩૦).

હેલેનીઓ = ગ્રીસ દેશના યહુદીઓ. જુના કરારમાં તેમને 'યાવાનપુત્રો' (યોએ. ૩; ૬) કહેવામાં આવ્યા છે, અને નવા કરારમાં તેમને 'હેલેનીઓ' કહે છે (પ્રે. કૃ. ૬; ૧: ૯; ૨૯: ૧૧; ૨૦). જે યહુદીઓ પરદેશમાં જન્મ્યા હતા અને હેબ્રી ભાષા બોલતા ન હતા, તેમને હેલેનીઓ કહેતા હતા. આ હેલેનીઓનું ખાસ સભાસ્થાન યરૂશાલેમમાં આવેલું હતું. ગ્રીસ દેશના માકેદોનિયા પ્રાંતના એક ભાગને હેલાસ કહેતા હતા (પ્રે. કૃ. ૨૦; ૨). ગ્રીસ દેશના રહેવાસીઓને હેલેનીઓ કહે છે (યોહા. ૧૨; ૨૦. પ્રે. કૃ. ૧૪; ૧: ૧૬; ૧, ૩: ૧૭; ૪, ૧૨: ૧૮; ૪, ૧૭: ૧૯; ૧૦, ૧૭: ૨૦; ૨૧: ૨૧; ૧૮, ૩૭. રૂમી. ૧; ૧૪: ૧૬; ૧૦, ૧૨. ૧ કરીં. ૧; ૨૨,

૨૩). વિદેશીઓને બદલે હેલેની શબ્દ વાપરવામાં આવ્યો છે (માર્ક ૭; ૨૬. રૂમી. ૧; ૨૪. ગલા. ૨; ૩: ૩; ૨૮. કલો. ૩; ૧૧). ગ્રીક લોકને બદલે હેલેની શબ્દ વાપર્યો છે (યોહા. ૭; ૩૫. રૂમી. ૨; ૯, ૧૦: ૩; ૯. ૧ કરીં. ૧૦; ૩૨: ૧૨; ૧૩). ગ્રીક ભાષાને બદલે કોઇ વખતે હેલેની ભાષા એમ લખ્યું છે (લુક ૨૩; ૩૭. પ્રેક. ૯; ૧૧).

હેલેફ્ = બદલાણ. નાફતાલીની ઉત્તર સરહદ ઉપર આવેલું એક શહેર હતું (યહો. ૧૯; ૩૩).

હેલેબ = પુષ્કળતા. દાઉદના શૂરવીરોમાંનો એક હતો (૨ શમૂ. ૨૩; ૨૯). ૧ કાળ. ૧૧; ૩૦ માં તેને હેલેદ કહે છે.

હેલેમ = ફટકો. (૧) આશેરપુત્રોમાંનો એક હતો, તેના ભાઇનું નામ શેમેર હતું (૧ કાળ. ૭; ૩૫). (૨) ઝખ. ૬; ૧૪ માં આ નામનો એક બીજો પુરૂષ આવે છે, તેને ૬; ૧૦ માં હેલ્દાય કહે છે.

હેલેસ = મજબૂત. (૧) દાઉદના યોદ્ધાઓમાંનો એક. તેને હેલેસ-પાલટી કહે છે (૨ શમૂ. ૨૩; ૨૬). ૧ કાળ. ૧૧; ૨૭ અને ૨૭; ૧૦ માં તેને 'હેલેસ-પલોની' કહે છે. (૨) યહુદાહપુત્રોમાંનો એક (૧ કાળ. ૨; ૩૯).

હેલોન = મજબૂત. તે અલીઆબનો પિતા અને ઝબુલૂન પુત્રોના ઘરનો મુખ્ય પુરૂષ હતો (ગણ. ૧; ૯: ૨; ૭: ૭; ૨૪, ૨૯: ૧૦; ૧૬).

હેલ્કાથ = સફાઇ. આશેરપુત્રોના કુળની પૂર્વ સરહદ પર આવેલું એક શહેર હતું (યહો. ૧૯; ૨૫: ૨૧; ૩૧). ૧ કાળ. ૬; ૭૫ માં તેને હૂકોક કહે છે.

હેલ્કાથ-હાસ્સુરીમ=યોદ્ધાઓનું ક્ષેત્ર. ગિબ્યોઆની મોટી લડાઇ પછી દાઉદ હેબ્રોનમાં ગયો, અને યહુદાહના માણસોએ દાઉદને યહુદાહના કુળ ઉપર રાજા થવાને અભિષિક્ત કીધો. અને શાઉલના મરણ પછી સેનાપતિ આબ્નેર શાઉલના દીકરા ઇશ-બોશેથને લઇને માહનાઇમમાં ગયો અને ત્યાં તેને સર્વ ઇસ્રાએલ પર રાજા ઠરાવ્યો. ત્યાર પછી આબ્નેર સઘળું સૈન્ય એકઠું કરી બાકીનો યહુદાહ પ્રાંત દાઉદ પાસેથી લઇ લેવાને માટે ગિબ્યોનમાં ગયો, જ્યાં દાઉદના સેનાપતિ યોઆબે પોતાના લશ્કરની છાવણી ગિબ્યોનના તળાવની દક્ષિણ ગમ કરી. આ તળાવ ગિબ્યોન શહેર જે ખડક પર બાંધવામાં આવ્યું હતું તે પર્વતની પૂર્વ બાજુ પર આવેલું હતું. આબ્નેરે પોતાની છાવણી તળાવની ઉત્તર બાજુ પર કરી હતી, એટલે બંને લશ્કરની વચ્ચે તળાવ આવેલું હતું. એવામાં સેનાપતિ આબ્નેરે યોબાબને કહ્યું કે કૃપા કરીને બંને પક્ષમાંના સરખી સંખ્યાના જુવાનોને દ્વંદ્વયુદ્ધ કરવા દે. યોઆબે તે વાત માન્ય કરી. બંને પક્ષમાંથી બાર બાર શૂરવીરો દ્વંદ્વયુદ્ધ કરવાને નીકળી આવ્યા, અને "પ્રત્યેક માણસે પોતાના સાથીનું ડોકું પકડીને પોતાની તરવાર પોતાના સાથીની કૂખમાં ભોકી દીધી અને તે બધા સાથે નીચે ઢળી પડ્યા. માટે તે જગ્યાનું નામ 'હેલ્કાથ-હાસ્સુરીમ' પાડયું," અને તે ગિબ્યોનમાં છે (૨ શમૂ. ૨; ૧૬). એમ શાઉલના ઘર તથા દાઉદના ઘર વચ્ચે લાંબી મુદ્દત સુધી વિગ્રહ ચાલુ રહ્યો, અને દાઉદ અધિકાધિક બળવાન થતો ગયો, પણ શાઉલનું ઘર નબળું થવા લાગ્યું (૨ શમૂ. ૩; ૧).

હેલ્કાય = યહોવાહ તેનો છે. યોયાકીમના વખતમાં મુખ્ય યાજકોમાંનો એક હતો (નહે. ૧૨; ૧૫).

હેલ્દાય = જગીક. (૧) દાઉદના સરદારોમાંનો એક હતો, જે ઓથ્નીએલવંશનો હતો (૧ કાળ. ૨૭; ૧૫). (૨) બાબેલથી જેઓ પાછા આવ્યા તેઓમાંનો એક હતો. ઝખ. ૬; ૧૦ કલમ ૧૪ માં તેને 'હેલેમ' કહે છે.

હેલ્બાહ = જબરૂં. આશેર કોમનું ફિનિકીયાના મેદાનમાં આવેલું એક શહેર હતું (ન્યા. ૧; ૩૧).

હેલ્બોન = ફળદ્રુપ. આ જગ્યા સાથે સૂરના

મોટા બજારના દ્રાક્ષરસનો વેપાર ચાલતો હતો (હઝ. ૨૭; ૧૮). આ જગ્યાને ઘણું કરીને હાલ 'આલેપ્પો' કહે છે, અને અરબ લોક તેને 'હાલેબ' કહે છે. હાલની શોધ પ્રમાણે હાલ્બોનની ખીણમાં આવેલાં ગામડાંમાંનું તે એક હતું; જે આન્ટીલબાનોન પહાડના પૂર્વ ઢોળાવ ઉપર અબાના નદીની ઉત્તરે આવેલ છે. ત્યાં મોટી મોટી ઇમારતોનાં ખંડિયેર હજી સુધી જોવામાં આવે છે, એટલુંજ નહિ પણ આ જગ્યા દ્રાક્ષરસને માટે પ્રસિદ્ધ છે.

હેશ્બોન = જ્ઞાન. આ શહેર ઉપર અમોરીઓનો રાજા સીહોન રાજ્ય કરતો હતો (યહો. ૯; ૧૦: ૧૩; ૧૭). ઇસ્રાએલીઓ જ્યારે કનાન દેશ તરફ જતા હતા ત્યારે અમોરીઓનો રાજા સિહોને પોતાના દેશમાં થઇને ઇસ્રાએલીઓને જવાની મના કરી હતી, તેથી મુસાએ તેમની સામે લડાઇ કરી તેમને હરાવ્યા. અને ઇસ્રાએલીઓએ તેના સઘળા પ્રાંતો, તેના તાબાનાં નગરો સુદ્ધાં લીધાં (ગણ. ૨૧; ૨૩-૨૬). ત્યાર પછી આ શહેર લેવીઓને આપવામાં આવ્યું (યહો. ૨૧; ૩૯). આ રેઉબેનપુત્રોના ભાગમાં આવેલું હતું (ગણ. ૩૨; ૨૭). બંદિપ્રવાસ પછી આ શહેર મોઆબીઓના હાથમાં આવ્યું (યશા. ૧૫; ૪. યિર્મે. ૪૮; ૨, ૩૪, ૪૫). આ શહેરનાં પુરાતન ખંડિયેર, મૃત સમુદ્રને ઉત્તર છેડે યરદન નદીની પૂર્વમાં ૨૦ માઇલ દૂર હાલ જોવામાં આવે છે. આ શહેરમાં ઘણાએક હોજ હતા જેમાંનો એક કિલ્લા નીચે શહેરની દક્ષિણ તરફ બાથરાબ્બીમ ભાગળની પાસે આવેલ હતો, જેનું બયાન સુ. ગીત. ૭; ૪ માં કરેલું છે. અમોરીઓનું શહેર હેશ્બોન (ગણ. ૨૧; ૨૫-૨૮, ૩૦, ૩૪: ૩૨; ૩, ૩૭. પુન. ૧; ૪: ૨; ૨૪, ૨૬, ૩૦: ૩; ૨, ૬: ૪; ૩૬: ૨૯; ૭. યહો. ૯; ૧૦: ૧૨; ૨, ૫: ૧૩; ૧૦, ૧૭, ૨૧, ૨૬, ૨૭: ૨૧; ૩૯. ન્યા. ૧૧; ૧૯, ૨૬. નહે. ૯; ૨૨. સુ. ગીત. ૭; ૪. યશા. ૧૫; ૪: ૧૬; ૮, ૯. યિર્મે. ૪૮; ૨, ૩૪, ૪૫: ૪૯; ૩).

હેશ્મોન = પુષ્ટ. અદોમની સરહદ ઉપર યહુદાહની દક્ષિણે આ શહેર આવેલું હતું (યહો. ૧૫; ૨૭).

હેસ્રો (૧ કાળ. ૧૧; ૩૭). દાઉદના યોદ્ધાઓમાંનો એક (૨ શમૂ. ૨૩; ૩૫).

હેસ્રોન = બંધ કરવું. (૧) રેઉબેનનો પુત્ર જે તેની સાથે મિસર દેશમાં લઇ જવામાં આવ્યો હતો (ઉત્પ. ૪૬; ૯. નિર્ગ. ૬; ૧૪. ગણ. ૨૬; ૬. ૧ કાળ. ૫; ૩). તેના કુટુંબને હેસ્રોનીઓ કહે છે (ગણ. ૨૬; ૬, ૨૧). (૨) પેરેસના બે પુત્રોમાંનો એક (ઉત્પ. ૪૬; ૧૨. ગણ. ૨૬; ૨૧. રૂથ. ૪; ૧૮, ૧૯. ૧ કાળ. ૨; ૫, ૯, ૧૮, ૨૧, ૨૪, ૨૫: ૪; ૧. માત્થી ૧; ૩. લુક ૩; ૩૩). (૩) આ નામનું એક મેદાન યહુદાહની દક્ષિણે અને કાદેશબાર્નેઆની પશ્ચિમે આવેલું હતું (યહો. ૧૫; ૩, ૨૫). કલમ ૨૫ માં તેને કરીયોથ-હેસ્રોન કહે છે.

હોગ્લાહ = તીતર જેવું પ્રાણી. ગિલઆદના પૌત્ર સલોફહાદની પુત્રીઓમાંની આ એક હતી, જેઓને મુસાએ તેમના બાપનો વારસો આપ્યો. તેમનાથી ઇસ્રાએલીઓમાં ઠરાવ થયો કે, જો કોઇ બાપને પેટે પુત્ર ન હોય તો તેની પુત્રીઓને વારસો આપવો (ગણ. ૨૬; ૩૩: ૨૭; ૧: ૩૬; ૧૧).

હોશાય (૨ કાળ. ૩૩; ૧૯).

હોથામ.—(૧) આશેરપુત્રોમાંનો એક. તેના પિતાનું હેબેર હતું (૧ કાળ. ૭; ૩૨). (૨) દાઉદના સૈન્યયોદ્ધાઓમાંનો એક અરોએરી હોથામ હતો (૧ કાળ. ૧૧; ૪૪).

હોથીર.—હેમાનપુત્રોમાંનો એક (૧ કાળ. ૨૫; ૪).

હોદ.—આશેરપુત્રોમાંના સોફાહનો પુત્ર (૧ કાળ. ૭; ૩૭).

હોદવ્યાહ.—(૧) એલ્યોએનાયનો પુત્ર (૧ કાળ. ૩; ૨૪). (૨) મનાશ્શેહ કુળનો

એક શૂરવીર (૧ કાળ. ૫; ૨૪). (૩) બિન્યામીની હાસ્સેનુઆહનો પુત્ર (૧ કાળ. ૯; ૭). (૪) બંદિપ્રવાસથી પાછો આવેલ એક લેવી (એઝ. ૨; ૪૦). નહે. ૭; ૪૩ માં તેને હોદવાહ કહે છે.

હોદીયાહ = યહોવાહનો મહિમા. (૧) નાહામની બહેન (૧ કાળ. ૪; ૧૯). (૨) આ નામનો એક લેવી હતો, જેણે એઝરાને નિયમશાસ્ત્રનું જાહેર વાંચન કરવાને મદદ કીધી હતી (નહે. ૮; ૭ : ૯; ૫ : ૧૦; ૧૦). (૩) (નહે. ૧૦; ૧૩). (૪) જેણે કરાર પર મુદ્રા કીધી (નહે. ૧૦; ૧૮).

હોદેશ.—બિન્યામીની શાહરાઇમની સ્ત્રીઓમાંની એક હતી (૧ કાળ. ૮; ૯).

હોફની = આશ્રિત કે અસીલ. પ્રમુખ યાજક એલીના બે પુત્રોમાંનો એક હોફની નામનો હતો (૧ શમૂ. ૧; ૩ : ૨; ૩૪). એલીની વૃદ્ધાવસ્થાને લીધે તેણે પોતાનું કામ પોતાના જુવાન દીકરાઓને સોંપ્યું હતું. પણ દુઃખની વાત કે તેઓની ભુંડી વર્તણુકને લીધે એલીના ઘર પર યહોવાહનો શાપ આવી પડ્યો, (૧ શમૂ. ૨; ૨૨–૨૭ : ૨; ૧૨–૧૭ : ૩; ૧૧–૧૪). તેઓની ભુંડાઇને લીધે તેઓને 'બલીયઆલપુત્રો' (નકામા માણસો) કહે છે (૧ શમૂ. ૨; ૧૨). એલી પ્રમુખ યાજકના બન્ને પુત્રો હોફની તથા ફીનહાસ અફેકની લડાઇમાં પલિસ્તીઓની સામે લડતાં કતલ થયા (૧ શમૂ. ૪; ૧૧) અને તેજ દિવસે તેમનો પિતા તેઓની કતલ થવાની ખબર સાંભળી ૯૮ વર્ષની ઉમરે આસન પરથી પડીને મરણ પામ્યો. યહોવાહનો કરારકોશ પલિસ્તીઓના હાથમાં ગયો, ફીનહાસની સ્ત્રી જે ગર્ભવંતી હતી તેણી ખબર સાંભળી કષ્ટાઇને પુત્ર જણી. તેનું નામ તેણે ઇખાબોદ (ઇસ્રાએલ મધ્યેથી ગૌરવ ગયો છે) પાડ્યું (૧ શમૂ. ૪; ૨૧). (જુઓ ફીનહાસ).

હોફ્રા = સૂર્ય દેવતાનો પુજારી. ફારૂન હોફ્રા (યિર્મે. ૪૪; ૩૦) જે યહુદાહના રાજા સિદકીયાહના વખતમાં મિસર દેશનો રાજા હતો (ઇ. સ. પૂ. ૫૯૧–૫૭૨) તેના પિતાનું નામ સામેટીક્સ બીજો હતું (યિર્મે. ૪૪; ૩૦ : ૩૭; ૫).

હોબાબ = વહાલો. તેનું બીજું નામ યિથ્રો છે (નિર્ગ. ૧૮; ૫, ૨૭. ગણ. ૧૦; ૨૯, ૩૦ સરખાવો). તે મુસાનો સસરો હતો. ન્યા. ૪; ૧૧ માં તેને મુસાનો સાળો કહેવામાં આવ્યો છે. પણ ત્યાં એટલોજ અર્થ રહેલો છે કે લગ્ને કરીને જે પુરૂષ સંબંધમાં આવે તે. હોબાબના વંશજો ઇસ્રાએલીઓની સાથે કનાન દેશમાં ગયા (ગણ. ૧૦; ૨૯. ન્યાય. ૪; ૧૧), અને તેઓએ પોતાનો પહેલો તંબુ યરેખોની પાસે માર્યો, અને ત્યાર પછી અરાદની દક્ષિણ ગમ વાસો કીધો (ન્યા. ૧; ૮–૧૧, ૧૬. જુઓ યિથ્રો).

હોબાહ = સંતાવાની જગ્યા. દમસ્કની ઉત્તરમાં આ નામની એક જગ્યા આવેલી હતી. ઇબ્રાહીમ, કદોરલાઓમેર તથા તેની સાથેના સંપીલા રાજાઓની પાછળ અહીં સુધી લાગ્યો હતો.

હોમામ = સંહાર. એસાવપુત્રોમાંનો લોટાનનો પુત્ર (૧ કાળ. ૧; ૩૯). તેને ઉત્પ. ૩૬; ૨૨ માં હેમામ કહે છે.

હોર = પર્વત. (૧) અદોમ દેશની સરહદ ઉપર સેઇર કે અદોમ પહાડની ધારમાં આવેલું એક શિખર હતું (ગણ. ૨૦; ૨૨–૨૯ : ૩૩; ૩૭, ૩૯). ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીનો છાવણીનો એક મુકામ હતો. અદોમે ઇસ્રાએલીઓને પોતાના દેશમાં થઇને જવાની મના કરી, માટે તેઓએ હોર પર્વત આગળ છાવણી કરી (ગણ. ૨૦; ૧૪–૨૨). અહીં યહોવાહના હુકમ મુજબ હારૂન હોર પર્વત ઉપર ચઢયો અને પોતાનાં વસ્ત્ર ઉતારી પોતાના પુત્ર એલઆઝારને પહેરાવ્યાં અને પોતે ત્યાં મરણ પામ્યો (ગણ. ૩૩; ૩૭-૪૧. જુઓ હારૂન). ઇસ્રાએલીઓનું આ પર્વતની પાસે ઘણી વખત ભટકવું થયું હતું. આ પર્વતને હાલ યાબેલ-હારૂન એવું નામ આપ-

વામાં આવ્યું છે. સેઇર પર્વતનાં બીજાં બધાં શિખરો કરતાં આ શિખર સૌથી વધારે ઉંચું અને પ્રખ્યાત થએલું છે. ભૂમધ્ય સમુદ્રની સપાટીથી આ શિખર ૪,૮૦૦ ફુટ અને મૃત સમુદ્રની સપાટીથી ૬,૦૦૦ ફુટ ઉંચું છે. આ પર્વત મૃત સમુદ્ર અને એલાનીટીક અખાતની વચ્ચે આવેલો છે. એવું ધારવામાં આવે છે કે, આ પર્વતનાં બે શિખરોની વચ્ચે હારૂન મરણ પામ્યો, અને બીજા કેટલાએક એવું ધારે છે કે હારૂન જે પર્વત ઉપર મરણ પામ્યો તે હાલનો 'યાબેલ-મદુરાહ' હશે, જે અરાબાહની પશ્ચિમ બાજુ પર આવેલ છે. (૨) પાલેસ્તાઇનની ઉત્તર સરહદોમાંની એક હતી. કદાચ તે લબાનોન પહાડના શિખરોમાંનું એક હશે (ગણુ. ૩૪ ; ૭, ૮).

હોર-હાગિદગાદ. ઇસ્રાએલીઓની અરણ્યની મુસાફરીની છાવણીનો એક મુકામ હતો. આ જગ્યા તે કદાચ ગુદ-ગોદાહનો પહાડ હશે (ગણુ. ૩૩ ; ૩૨, ૩૩).

હોરામ. તે ગેઝેરનો રાજા હતો. તેણે લાખીશના રાજાને યહોશુઆ વિરૂદ્ધ સાહ્ય કરી હતી, પણ યહોશુઆએ તેઓનો સંપૂર્ણ વિનાશ કીધો હતો (યહો. ૧૦ ; ૩૩).

હોરી = ગુફામાં રહેનાર. (૧) અદોમના પહાડી પ્રદેશમાં આ લોકો ચુનાના પત્થરોમાં ઘરો ખોદી કાઢી તેમાં વસતા હતા. તેમનો પૂર્વજ સેઇર નામનો હતો. તેણે પોતાના નામ પરથી જે જગ્યામાં આ કોમ રહેતી હતી તે જગ્યાને સેઇર નામ આપ્યું. આ કોમ તે હિવ્વીઓની એક શાખા હતી (ઉત્પ. ૧૪ ; ૬ : ૩૬ ; ૨૦-૩૬. ૧ કાળ. ૩૮ ; ૪૨). આ હોરીઓને એસાવપુત્રોએ તેમની જગ્યાએથી ખસેડી કાઢી પોતે વસ્યા. જેમ ઇસ્રાએલપુત્રોએ વચનના દેશ વિષે કીધું તેમ તેઓએ હોરીઓ વિષે કીધું (પુન. ૨ ; ૧૨-૨૨). અદોમના પહાડોમાં તેમનાં ખોદી કાઢેલાં હજારો ઘર આજ સુધી નજરે પડે છે. (૨) લોટાનના બે દીકરાઓમાંના એકનું નામ હોરી હતું (ઉત્પ. ૩૬ ; ૨૨. ૧ કાળ. ૧ ; ૩૯). (૩) કનાન દેશની જાસુસી કરવા માટે જે માણસોને મોકલવામાં આવ્યા, તેમાં શિમઓનના કુળમાંથી હોરીનો દીકરો શાફાટ હતો (ગણુ. ૧૩ ; ૫).

હોરેબ = રણ. હોરેબ, તે પહાડની આખી ધારનું સામાન્ય નામ છે, અને સિનાય પર્વત કે જેના ઉપર યહોવાહ ઉતર્યો, તે હોરેબ પહાડનું એક શિખર છે (નિર્ગ. ૩ ; ૧ : ૧૭ ; ૬ : ૩૩ ; ૬. ગીત. ૧૦૬ ; ૧૯). હોરેબની આખી ધારને હાલ 'યાબેલ-મુસા' કહે છે. પર્વતની ઇશાન કોણના છેડા ઉપર બે માઇલ લાંબું અને એક માઇલ પહોળું મેદાન આવેલું છે જેને 'એર-રાહાહ' કહે છે. અહીં ઇસ્રાએલીઓ લગભગ આખું વર્ષ રહ્યા હતા. ઇસ્રાએલીઓની છાવણીને માટે આ જગ્યા સૌથી સારી જગ્યા હતી (જુઓ સિનાય). સૂએજની સામુદ્રધુની અને અક્કાબાના અખાતની વચ્ચે આ પર્વત આવેલો છે. હોરેબ (નિર્ગ. ૩ ; ૧ : ૧૭ ; ૬ : ૩૩ ; ૬. પુન. ૧ ; ૨, ૬, ૧૯ : ૪ ; ૧૦, ૧૫ : ૫ ; ૨ : ૯ ; ૮ : ૧૮ ; ૧૬ : ૨૯ ; ૧. ૧ રા. ૮ ; ૯ : ૧૫ ; ૮. ૨ કાળ. ૫ ; ૧૦. ગીત. ૧૦૬ ; ૧૯. મલા. ૪ ; ૪).

હોરેમ.—નાફતાલીપુત્રોના કુળનાં ઓગણીસ નગરોમાંનું એક આ હતું (યહો. ૧૯ ; ૩૮).

હોરોનાયિમ = બે ગુફા. મોઆબનું એક શહેર હતું, જે આર્નોનની દક્ષિણે ઉંચી જગ્યા ઉપર ખુલ્લી રીતે બાંધવામાં આવ્યું હતું. પવિત્ર શાસ્ત્રની કેટલીએક બાબતો સાથે આ નામ જોડાએલું છે (યશા. ૧૫ ; ૫. યિર્મે. ૪૮ ; ૩, ૫, ૩૪).

હોરોની (નહે. ૨ ; ૧૦). સાન્બાલ્લાટ અધિકારીની આ અટક હતી (નહે. ૨ ; ૧૦, ૧૯ : ૧૩ ; ૨૮). એ ઉપરથી જણાય છે કે આ માણસ હોરોનાયિમનો વતની હતો. અથવા તો યહો. ૧૬ ; ૩, ૫ માં જે નીચલું અને ઉપલું બેથહોરોન આવે છે તેમાંના એકનો તે વતની હશે.

હોર્માહ = સંહાર. મુસાએ પારાન અરણ્યથી કનાન દેશની જાસુસી કરવા સારૂ બાર માણસોને મોકલ્યા હતા. તેઓ જ્યારે દેશ વિષે માઠો સંદેશો લઇને પાછા કાદેશમાં આવ્યા ત્યારે આખી જમાતે યહોવાહ વિરૂદ્ધ તથા મુસા વિરૂદ્ધ કચકચ કીધી. આ વખતે બાર જાસુસોમાંથી યહોશુઆ તથા કાલેબ શિવાય બીજા માર્યા ગયા. ઇસ્રાએલીઓએ પસ્તાવો કીધો અને કનાન દેશમાં પેસવાની જગ્યા જોવા માટે તેઓ કરારકોષ રહિત તથા મુસા રહિત એકલા અભિમાન કરીને પર્વતના શિખર ઉપર ચઢયા. અને એમ થયું કે અમાલેકીઓ તથા કનાનીઓ જેઓ તે પર્વતમાં રહેતા હતા તેઓ ઉતરી આવ્યા ને તેઓને માર્યા ને હોર્માહ સુધી તેઓને નસાડ્યા (ગણ. ૧૪; ૪૫). આ જગ્યાને આ પહેલાં સફાથ કહેતા હતા (ન્યા. ૧; ૧૭). ત્યાર પછી ઇસ્રાએલીઓ અરણ્યની મુસાફરીને અંતે કાદેશ આગળ ફરીને બીજી વાર છાવણી કીધી, ત્યારે કનાની રાજા અરાદ જે નેગેબમાં રહેતો હતો તેણે ઇસ્રાએલ વિરૂદ્ધ લડાઇ કરી, અને કેટલાએકને કેદી કર્યા. પણ આ વખતે ઇસ્રાએલે યહોવાહ આગળ પસ્તાવો કરી માનતા લીધી અને યહોવાહે તેમની વાણી સાંભળી અને કનાનીઓને ઇસ્રાએલીઓના હાથમાં સોંપી દીધા. અને ઇસ્રાએલીઓએ તેમનો તથા તેમનાં નગરોનો પુરો નાશ કીધો. અને ત્યારથી તે જગ્યાનું નામ હોર્માહ કહેવાયું. પણ યહોશુઆના વખત સુધી હોર્માહનો સંપૂર્ણ કબજો ઇસ્રાએલીઓના હાથમાં આવ્યો ન હતો. પણ યહોશુઆએ હોર્માહના રાજાને સંપૂર્ણ રીતે હરાવી તેનો પુરો કબજો લીધો, ત્યારે સફાથ નામ બદલાઇ હોર્માહ નામ પડ્યું (યહો. ૧૨; ૧૪. ન્યા. ૧; ૧૭). હોર્માહ (ગણ. ૧૪; ૪૫: ૨૧; ૩. પુન. ૧; ૪૪. યહો. ૧૨; ૧૪: ૧૫; ૩૦: ૧૯; ૪. ન્યા. ૧; ૧૭. ૧ શમૂ. ૩૦; ૩૦. ૧ કાળ. ૪; ૩૦).

હોલોન.—(૧) યહુદાહપુત્રોના કુળના વતનમાં પહાડી મુલકના અગિયાર નગરોમાંનું એક હતું (યહો. ૧૫; ૫૧). (૨) (યિર્મે. ૪૮; ૨૧).

હોશાના = બચાવ. પ્રભુને નામે જે આવે છે તેને ધન્ય છે (માત્થી ૨૧; ૯, ૧૫. માર્ક ૧૧; ૯. યોહા. ૧૨; ૧૩. ગીત. ૧૧૮; ૨૫, ૨૬). હોશાના, ધન્યવાદ આપવાનો શબ્દ. માંડવા પર્વને વખતે આ શબ્દ વાપરવાનો નિયમ હતો. તેજ પ્રમાણે સુવાર્તામાં ઇસુ ખ્રીસ્તનો આવકાર કરતાં આ શબ્દ વાપરવામાં આવ્યો છે.

હોશામા.—યહુદાહના રાજા યખોન્યાહના પુત્રોમાંનો એક હતો (૧ કાળ. ૩; ૧૮).

હોશાયાહ = જેને યહોવાહ મુક્ત કરે છે. (૧) યરૂશાલેમના કોટની પ્રતિષ્ટા પ્રસંગે, જે યાજકોએ તેમાં ભાગ લીધો હતો તેમાંનો એક હતો (નહે. ૧૨; ૩૨). (૨) યિર્મેયાહ ભવિષ્યવાદીના વખતમાં એક મુખ્ય માણસ યઝાન્યાહ નામનો હતો તેનો પિતા (યિર્મે. ૪૨; ૧: ૪૩; ૨).

હોશીઆ = તારણ. (૧) હોશીઆ તે યહોશુઆનું સંક્ષિપ્ત નામ છે, ને તેનો અર્થ "યહોવાહ મારૂં તારણ" એવો થાય છે. બાર નાના ભવિષ્યવાદીઓમાંનો એક હોશીઆ હતો. તેના નામથી ઓળખાતું એક ભવિષ્યપુસ્તક પવિત્ર શાસ્ત્રમાં દાનીયેલના પુસ્તકની પછીથી દાખલ કરવામાં આવ્યું છે. પુસ્તકની પહેલી કલમ ઉપરથી જણાય છે કે હોશીઆએ યહુદાહના ચાર રાજા, એટલે ઉઝ્ઝીયાહ, યોથામ, આહાઝ તથા હિઝકીયાહના વખતમાં અને ઇસ્રાએલના એક રાજા યરોબઆમના વખતમાં તેણે ભવિષ્યવાદીનું કામ કીધું હતું. તે ઇસ્રાએલનો ભવિષ્યવાદી હતો, અને ઇ. સ. પૂ. ૭૫૫–૭૪૦ સુધી તેણે ભવિષ્ય કહ્યાં. કેટલાએક એમ માને છે કે તેણે ૬૦ વર્ષ સુધી ભવિષ્યવાદીનું કામ કીધું. ભવિષ્યવાદીના પિતાનું નામ બએરી હતું. યહોવાહે હોશીઆના કુટુંબ ઉપરથી પોતે ઇસ્રાએલ પ્રત્યે કેવો અતૃપ્ત પ્રેમ રાખે છે તે હોશીઆને શિખાડયું. હોશીઆને કહ્યું કે

"જા અને વેશ્યા સ્ત્રી સાથે પરણ, ને વ્યભિચારથી થએલાં છોકરાંને પોતાનાં કરી લે; કેમકે દેશ યહોવાહનો ત્યાગ કરીને મહા વ્યભિચાર કરે છે." તે પરથી હોશીઆ ગયો અને દિબ્લાઇમની દીકરી ગોમેર સાથે પરણ્યો. કેટલાક એમ ધારે છે કે હોશીઆને પરણવા સંબંધી જે હુકમ થયો ને પોતે પરણ્યો તે બધી વાત લાક્ષણિક છે; પણ ઘણું કરીને તેમ નથી, તે ખરેખર પરણ્યો ને બાલબચ્ચાં થયાં. એટલું યાદ રાખવા જેવું છે કે ઘણું કરીને ગોમેર વ્યભિચારી વેશ્યા સ્ત્રી ન હતી, પણ તેનામાં વધતું ઓછું ભુંડાઇ તરફ વલણ હતું અને ભવિષ્યવાદીની સાથે લગ્ન કર્યાબાદ તે વલણે તેણીની ઉપર જય મેળવ્યો. ભવિષ્યવાદીએ તેની સાથે લગ્ન કર્યાં, ત્યાર પછી તેને ત્રણ છોકરાં એટલે બે છોકરા અને એક છોડી થયાં; તેમને પણ પ્રભુના હુકમ મુજબ ખાસ નામ આપવામાં આવ્યાં. પહેલા પુત્રનું નામ યિઝ્રએલ પાડવામાં આવ્યું, જેનો અર્થ દેવ વેર લેશે. આ નામ પરથી યેહૂ રાજાએ વહેવડાવેલા લોહીનો બદલો લેવાની વાત મુકરર કરવામાં આવી. બીજો પુત્ર થયો તેનું નામ લો-આમ્મી, એટલે મારા લોક નહિ, એવું નામ આપી દર્શાવવામાં આવ્યું કે ઇસ્રાએલનો ખાસ હક હવે તુટી ગયો છે. ત્રીજી છોડી જન્મી તેનું નામ લો રૂહામાહ એટલે, જેના ઉપર દયા કરવામાં નહિ આવે. એ નામ આપતાં તેમાં દર્શાવ્યું કે ઇસ્રાએલીઓને સારૂ ઠરાવેલો કૃપાનો દિવસ વહેલો બંધ થશે, અને હવે પછી તેઓ દયા નહિ પામે. ગોમેરે લગ્ન કર્યા બાદ પોતાનું પતિવ્રતપણું ભંગ કરી પોતાના વહાલા સ્વામીને છોડીને વ્યભિચારમાં પડી, અને છેવટે ગુલામગીરીમાં આવી પડી. તો પણ હોશીઆએ તેને ત્યાગી દીધી નથી, પણ તેને ઘેર પાછી લાવીને પોતાની પરણેલી સ્ત્રીના સઘળા હક તેને આપ્યા નહિ, પણ પોતાના પતિ પ્રત્યે ખરો પ્યાર તે ફરી કરે ત્યાં સુધી તેને ઘરની એકાંત જગ્યામાં રાખી. ઉપલી વાતથી હોશીઆને બે બાબતનો ભારે બોધ મળ્યો. (૧) યહોવાહ પોતાની પત્નિ પ્રત્યે (ઇસ્રાએલ) કેવો અતૃપ્ત પ્રેમ રાખે છે! (૨) ઇસ્રાએલ જે યહોવાહની પત્નિ તેણે પોતાનું પતિવ્રતપણું ભંગ કરવાથી પોતાના સ્વામી યહોવાહને કેટલું બધું માઠું લાગ્યું છે! (અધ્યા. ૧-૩). હોશીઆના પુસ્તકમાં બે મુખ્ય ભાગ આવે છે. અધ્યા. ૧-૩. હોશીઆના ઘરકુટુંબથી જે બોધ મળે છે તે (ઇ. સ. પૂ. ૭૫૫-૭૪૦ વચ્ચે). (૨) ૪-૧૪. ઇસ્રાએલીઓના અપરાધ અને તેથી આવનાર સજાની અવશ્યકતા; તેમનો વિશ્વાસઘાત અને પસ્તાવો, ને ત્યાર પછી તેઓ પુનર્સ્થાપિત થશે એ વિષેનું ભવિષ્ય. પુસ્તકમાં સમાયલો મુખ્ય વિષય દેવની પ્રીતિ વિષે છે. (૧) દેવે પોતાની પ્રીતિને લીધે ઇસ્રાએલપુત્રોને મિસર દેશમાંથી છોડાવ્યા હતા (૧૧; ૧). (૨) ઇસ્રાએલની આખી તવારીખમાં દેવની પ્રીતિ વર્ણવેલી છે (૧૧-૧૩). (૩) પ્રભુ જે શિક્ષા કરે છે તે પોતાની તેઓ પ્રત્યેની પ્રીતિને લીધે કરે છે (૨: ૧૪; ૩). (૪) ઇસ્રાએલીઓની પુનર્સ્થાપના દેવની પ્રીતિને લીધેજ થશે (૨; ૧૯: ૧૪; ૪). પુસ્તકમાંથી નવા કરારમાં ઉતારેલાં વાક્યોઃ—

હોશી. ૧; ૧૦: } = { રૂમી. ૯; ૨૫.
,, ૨; ૧૩. } { માત્થી ૯; ૧૩.
,, ૧૦; ૮. = લુક ૨૩; ૩૦. પ્રક. ૬; ૧૬.
,, ૬; ૬. = માત્થી ૯; ૧૩.
,, ૧૧; ૧. = ,, ૨; ૧૫.
,, ૬; ૨. = ૧ કરી. ૧૫; ૪.
,, ૧૩; ૧૪. = ,, ૧૫; ૫૫.

આ પુસ્તકને નાનાં બાર ભવિષ્યપુસ્તકોમાં પહેલી જગ્યા આપવામાં આવી છે, કારણ કે બીજાં અગીઆર પુસ્તકો કરતાં આ પુસ્તક મોટું છે. નહિ તો આ પુસ્તકની પહેલાં યોએલ, આમોસ તથા ઓબાદ્યાહ રચાયલાં છે, તો પણ હોશીઆનું પુસ્તક મોટું હોવાથી

તેને પહેલી જગ્યા આપવામાં આવી છે. કાળ અનુક્રમની વાત તેમાં નથી. (૨) એફ્રાઇમ કુળનો નૂનનો દીકરો હોશીઆ નામનો હતો. તેનું નામ પછીથી મુસાએ યહોશુઆ પાડયું (ગણ. ૧૩; ૮, ૧૬. પુન. ૩૨; ૪૪. જુઓ યહોશુઆ). (૩) ઇસ્રાએલનો છેલ્લો રાજા હોશીઆ નામનો હતો. તેના પિતાનું નામ એલાહ હતું. તેણે ૯ વર્ષ રાજ્ય કીધું (ઇ. સ. પૂ. ૭૩૦–૭૨૧). તેણે પોતાની આગળ ગાદીએ બેસનાર પેકાહ સામે બળવો કરી તેને મારી નાખ્યો, તોપણ આઠ વર્ષ સુધી તેને ગાદી મળી નહિ (૨ રા. ૧૭; ૧, ૨). ગાદીએ બેઠા પછી થોડા વખતમાં આશ્શૂરનો રાજા શાલ્માનેસેર ચઢી આવ્યો. આ વખતે હોશીઆએ તેના તાબેદાર થઇ ખંડણી આપવાનું કબુલ કીધું. પણ પછીથી હોશીઆએ આશ્શૂરના રાજાને ખંડણી ભરવી બંધ કરી અને મિસરના રાજા સાથે સંપ કીધો. એ કારણ માટે આશ્શૂરના રાજા શાલ્માનેસેર ચોથો ફરીને હોશીઆ ઉપર ચઢી આવ્યો. સમરૂન શહેરને ઘેરો ઘાલ્યો પણ એટલામાં શાલ્માનેસેર ચોથો મરણ પામ્યો, માટે સરદાર શારગોને સમરૂન શહેર જીતી લીધું અને તેમાંની સઘળી વસ્તીને, એટલે દસે કુળને ફ્રાત નદીની પેલી ગમ કેદ કરીને લઇ ગયો, અને એમ ઇસ્રાએલી રાજ્યનો અંત આવ્યો (ઇ. સ. પૂ. ૭૨૦. ૨ રા. ૧૭; ૫, ૬ : ૧૮; ૯–૧૨). રાજા હોશીઆ વિષે ત્યાર પછી કંઇ વાત હાથ આવતી નથી. પણ "પાણી પરના ફીણની માફક" તેનું નામ દેખાતું બંધ થાય છે (હોશી. ૧૦; ૭ : ૧૩; ૧૧). (૪) દાઉદના વખતમાં એફ્રાઇમપુત્રોનો એક અધિકારી હતો (૧ કાળ. ૨૭; ૨૦). (૫) જેઓએ કરાર ઉપર મુદ્રા કીધી તેમાંનો એક (નહે. ૧૦; ૨૩).

હોસાહ = આશ્રય. (૧) આશેરપુત્રોના મુલકની સરહ ઉપર આવેલું એક શહેર હતું (યહો. ૧૯; ૨૯), જે સીદોનથી દક્ષિણમાં હતું. (૨) એક લેવી દ્વારપાળ હતો (૧ કાળ. ૧૬; ૩૮ : ૨૬; ૧૦, ૧૧, ૧૬).

હોહામ = યહોવાહ આગળ ચલાવે છે. તે હેબ્રોનનો રાજા હતો. તેણે બીજા રાજાઓ સાથે મળીને ગિબઓન સામે લડાઇ જોડી, પણ તેમાં તે તથા તેની સાથેના રાજાઓ હારી ગયા (યહો. ૧૦; ૩, ૫, ૬, ૨૭).

સમાપ્ત.